૧૯૭૨

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ જાન્યુઆરી ૧, ૧૯૭૨ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ યુદ્ધવિરામ પછી ☆

૧૬મી ડિસેમ્બર ૪.૩૧ કલાકે બંગલા દેશના પાકિસ્તાની સેનાપતિ લે. જ. નિયાઝીએ બિનશરતી શરણાગતિ સ્વીકારી. ચાર દિવસ મોડું કર્યું. ૧૨ મી ડિસેમ્બરે જનરલ માણેકશાહે વિનાકારણ ખાનાખરાબી બચાવવા, શરણે આવવા હાકલ કરી હતી. યાહ્યાખાને હુકમ મોકલાવ્યો કે છેવટ સુધી લડી લેવું. આ ચાર દિવસમાં યાહ્યાખાનના મદદનીશો, અમેરિકા અને ચીને કાંઈક ધમપછાડા કર્યા, ધાકધમકીઓ આપી. ગમે ત્યારે આપણા ઉપર આક્રમણ થશે એવો ભય પેદા કર્યો. પ્રજાના શ્વાસ થંભી ગયા. પ્રતિક્ષણ ચિન્તા અને આતુરતાની ગઈ. પડદા પાછળ શું રમતો રમાઈ, ગણતરીઓ થઈ, ચૂહો રચાયા, આ બધું તો બહાર આવે ત્યારે ખરું. અનેક અટકળો અને અનુમાનો થાય છે. આપણને નિર્બળ માન્યા હોય, પાકિસ્તાની સૈન્યની (બ્રિન) તાકાતની ખોટી માહિતી હોય; ગમે તેમ, છેવટ નિયાઝીની હિમત તૂટી, ધીરજ ખૂટી અને સાચી પરિસ્થિતિનું ભાન થયું. ૧૪ દિવસનું આ યુદ્ધ દુનિયાની તવારીખમાં યાદગાર રહેશે.

શરણાગતિ પછી, શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ઝડપી પગલાં લીધાં. તેમાં રહેલ પૂર્વ તૈયારી, પરિપક્વ દૃષ્ટિ, રાજદ્વારી કુનેહ અને આદર્શની ભાવનાથી જગતને આશ્ચર્યચકિત કર્યું. થોડા કલાકમાં જ પશ્ચિમ મોરચે એકપક્ષી યુદ્ધવિરામની જાહેરાત કરી, યુદ્ધ ચાલુ રાખવાની બધી જવાબદારી યાહ્યાખાનને શીરે નાખી. પાકિસ્તાનને યુદ્ધવિરામનો સ્વીકાર કર્યા સિવાય કોઈ માર્ગ હતો જ નહિ. આ એક જ પગલાથી આપણી શુભ નિષ્ઠાનો પુરાવો આપ્યો. બંગલા દેશની મુક્તિ સિવાય આપણો કોઈ આશય ન હતો અને પાકિસ્તાનને ખતમ કરવા આપણે આક્રમણ કર્યું છે એવો પ્રચાર સર્વથા જૂઠો હતો, તે સાબિત કર્યું.

બીજું અદ્‌ભુત પગલું નિક્સનને લખેલ પત્ર, જે આ અંકમાં પ્રકટ કર્યો છે.

શ્રીમતી ઈન્દિરા ગાંધીના પ્રભાવશાળી નેતૃત્વની પ્રજાએ કૃતજ્ઞતાપૂર્વક પ્રશંસા અને કદર કરી, જેના પ્રતીક રૂપે, રાષ્ટ્રપતિએ તેમને ભારતરત્નની પદવી આપી.

યુદ્ધવિરામ પછીના પ્રશ્નો અતિ વિકટ અને જટીલ છે. બંગલા દેશને મુક્તિ મળી એ મહાન બનાવ છે પણ ત્યાંની પરિસ્થિતિ અત્યંત કરુણ અને ગંભીર છે. પાકિસ્તાની લશ્કરના આક્રમ્ય અને પાશવી અત્યાચારો ભયાનક ઓળાઓ મૂકી ગયા છે. વેરની જવાળા ભભૂકી ઊઠે તેમાં આશ્ચર્ય નથી. તેને કાબૂમાં રાખવાનો બોજો અત્યારે તો ઘણે દરજજે આપણા સૈન્ય ઉપર આવી પડયો છે. આ કાર્ય અતિ નાજુક અને જવાબદારીભર્યું છે. બંગલા દેશની પ્રજામાં કાંઈ પણ અસંતોષ કે ગેરસમજણ પેદા કર્યા વિના, કાયદો અને વ્યવસ્થા સ્થાપી શાન્તિનું વાતાવરણ ઉત્પન્ન કરવું એ પ્રાથમિક જરૂરિયાત છે. શેખ મુજીબુર રહેમાનની મુક્તિ આ માટે અનિવાર્ય આવશ્યકતા છે. તે એક જ વ્યક્તિ પ્રભાવશાળી નેતૃત્વ પૂરું પાડી શકે તેવી છે. તેમની મુક્તિ માટે આપણે જોરદાર માગણી કરી છે. પણ દુનિયાના દેશો તરફથી પાકિસ્તાન ઉપર આ માટે હજી સુધી દબાણ આવ્યું નથી. જગતનો આત્મા જ મરી ગયો છે એમ લાગે. આપણે સર્વ પ્રકારની સહાય બંગલા દેશને આપવાનું જાહેર કર્યું છે.

પાકિસ્તાનમાં યાહ્યાખાન અને તેમના લશ્કરી સાથીઓ સામે પ્રજાનો રોષ ફાટી નીકળ્યો અને તે બધાને જવું પડયું. પણ યાહ્યાખાનને સ્થાને ભૂતો આવ્યા તેથી ત્યાંની પરિસ્થિતિમાં બહુ ફેર પડતો નથી. તેમનાં પ્રવચનો શાન્તિની કોઈ આશા અત્યારે આપતાં નથી. વેરઝેરની જવાળાઓ ઠારવાની તેમની મનોવૃત્તિ નથી. સંભવ છે કે પાકિસ્તાનની પ્રજાને પરાજયનો જે મોટો આઘાત લાગ્યો છે તે કોઠે ન પડે ત્યાં સુધી કદાચ ભૂતો માટે, વાસ્તવિકતા સ્વીકારી, વાજબી વલણ લેવું શકય ન હોય. અમેરિકા અને ચીનની ચાલુ ઉશ્કેરણી પણ ભૂતોના આક્રમક વલણ માટે કારણભૂત છે.

આપણી નીતિ વડા પ્રધાને અસંદિગ્ધપણે જાહેર કરી છે. (૧) બંગલા દેશ સ્વતંત્ર દેશ છે, તેને બધા દેશોની અને રાષ્ટ્રસંઘની માન્યતા મળવી જોઈએ, (૨) પશ્ચિમ પાકિસ્તાનનો કોઈ પ્રદેશ આપણે ઝૂંટવી લેવો નથી. પણ પશ્ચિમની સરહદ, જે ૧૯૪૮માં ઉતાવળમાં જાહેર થઈ છે, તે, ભૌગોલિક અને સંરક્ષણની દૃષ્ટિએ, બરાબર થવી જોઈએ અને તેથી તેમાં ઘટતા ફેરફાર કરી, કાયમી આંતરરાષ્ટ્રીય સરહદ છેવટ નક્કી થવી જોઈએ. (૩) પાકિસ્તાન સાથે શાન્તિમંત્રણા કરવા આપણે તૈયાર છીએ. આ મંત્રણાઓ પાકિસ્તાન અને ભારત સાથે સીધી રીતે (Bilateral) થવી જોઈએ. તેમાં કોઈ ત્રીજા પક્ષની દરમિયાનગીરીની જરૂર નથી અને આપણે સહન કરીશું નહિ. (૪) શેખ મુજીબુર રહેમાનની તાત્કાલિક મુક્તિ થવી જોઈએ.

ઝુલ્ફીકાર અલી ભૂતો અન્તરંગી વ્યક્તિ છે. Bathos, Bluff, Bluster, Bunkum, Brilliance આ બધું તેનામાં છે. અમેરિકા અને ચીન તેની પડખે હશે ત્યાં સુધી ભૂતો આપણને જંપવા નહિ દે. કયાં સુધી તે પોતે ટકશે તે કહેવાય નહિ. દુર્ભાગ્યે પશ્ચિમ પાકિસ્તાનમાં બીજી કોઈ નેતાગીરી હાલ નથી. ભૂતોએ ભારત પ્રત્યે વેરઝેરની આગ સળગતી રાખી છે. કદાચ તેને ટકી રહેવા અત્યારે જરૂરનું હશે. સંભવ છે, પાકિસ્તાનની પ્રજાને વાસ્તવિક પરિસ્થિતિનું પૂરું ભાન થશે ત્યારે તેમનો બધો ભ્રમ ભાંગી જશે અને શાન્તિને માર્ગે વળશે.

દુનિયાના દેશો પોતાનું વલણ ધીમે ધીમે બદલાવશે. સિક્યુરિટી કાઉન્સિલ અને જનરલ એસેમ્બ્લીમાં શ્રી સ્વર્ણસિંહે સંયમ, ગૌરવ અને દૃઢતાથી કામ લીધું છે તેની સારી અસર થવાની જ. નિક્સન અને તેના સલાહકાર કિસિન્જર ઉપર ટીકાની ઝડીઓ, અમેરિકામાં અને દુનિયાના બીજા દેશોમાં વરસી રહી છે. બ્રિટન અને ફ્રાન્સે નિક્સનને સ્પષ્ટ જણાવી દીધું છે કે તેમની નીતિ ગેરવાજબી છે. અમેરિકા છેવટ લોકશાહી દેશ છે. જાહેર મતને નમવું જ પડશે. ચીન વિશે તેમ કહી શકાય તેવું નથી. ત્યાં કોઈ જાહેર ચર્ચા નથી. અંદર શું ચાલી રહ્યું છે તેની બહારની દુનિયાને માહિતી નથી. અમેરિકા કરતાં ચીન તરફની વધારે ચિન્તા કરવી પડે તેમ છે. આપણા પ્રત્યે ચીનના પ્રકોપનાં ઘણાં કારણો છે. ચીનની બધી બાજી ઊંધી વળી. ભારતનો આટલો મોટો વિજય ચીન માટે અસહ્ય છે. તેનું અભિમાન ઘવાયું છે. તેણે એશિયામાં અને દુનિયામાં પ્રતિષ્ઠા ગુમાવી છે. એશિયામાં ચીન એક જ મહાસત્તા હોવી જોઈએ

ઓવો તેનો ગર્વ હેઠો પડયો છે. હવે ભારતની અવગણના થઈ શકે તેમ નથી. ચીનની નેતાગીરીમાં આંતરિક ખટપટ અને મતભેદો ઘણા છે. રાષ્ટ્ર સંઘમાં સ્થાન પ્રાપ્ત કરી મહાસત્તાનું સ્થાન લેવાનાં તેનાં સ્વપ્નોને આંચકો લાગ્યો છે. પણ સૌથી વિશેષ, સોવિયેટ રશિયા સાથેના તેના સંઘર્ષમાં મોટો ધક્કો પહોંચ્યો છે. શરૂઆતમાં ભારત-રશિયા સંધિ પ્રત્યે ચીને કાંઈક ઉપેક્ષા કરી, તેને મહત્ત્વ ન આપ્યું. પણ તે સંધિથી જે પરિણામો આવ્યાં તેથી ચીન ભડકી ઊઠયું છે. ચીન સાથે આપણા સંબંધો સુધારવા શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ઘણા પ્રયત્નો કર્યા પણ ચીનની ગણતરી કાંઈ જુદી હતી તેમ જણાય છે. નિક્સને નમતું મૂક્યું એટલે આપણી ઉપેક્ષા કરવાનું ચીન માટે સહેલું બન્યું.

યુદ્ધવિરામ થયો છે પણ શાન્તિ થઈ નથી. અત્યારે એમ લાગે છે કે આવી યુદ્ધવિરામની સ્થિતિ લાંબો સમય ચાલુ રહેશે. પશ્ચિમમાં પાકિસ્તાનનો કેટલોક પ્રદેશ, લગભગ ૧,૫૦૦ ચોરસ માઈલ, આપણે કબજે કર્યો છે તે આપણી પાસે રહેશે. છમ્બ વિસ્તારમાં લગભગ ૫૦ ચોરસ માઈલ આપણો પ્રદેશ પાકિસ્તાને કબજે કર્યો છે તે તેની પાસે રહેશે. ૧૯૪૮માં યુદ્ધવિરામ હદ નક્કી થઈ હતી. હવે નવી હદ થઈ. પણ તે આંતરરાષ્ટ્રીય સરહદ, કાયમી શાન્તિ સંધિથી થાય, તેવી નથી. પરિણામે ઈઝરાયલ અને ઈજિપ્ત તથા બીજા આરબ દેશો વચ્ચે તંગદિલીની પરિસ્થિતિ વર્ષોથી ચાલુ છે, તેવું કદાચ આપણે ત્યાં પણ રહેશે. પાકિસ્તાનમાં શું થાય છે અને અમેરિકા તથા ચીન શું કરવા ઈચ્છે છે તેના ઉપર આધાર રહેશે. કોઈ પણ પરિસ્થિતિ માટે આપણે તૈયાર અને સજાગ રહેવું પડશે. દુનિયા બળ અને સામર્થ્યને જ નમે છે. આપણા પગ ઉપર ઊભા રહેવાની આપણી શકિત જેટલી કેળવાશે તેટલે દરજજે બીજા નમશે અને આપણા પ્રત્યે માનપૂર્વક જોશે. વિદેશી સહાય બંધ થાય કે ઓછી થાય તે આવકારપાત્ર થશે. આપણી મર્યાદાનું ભાન થતાં, પારકા પૈસે પહોળા થતા અટકશું અને પેટે પાટા બાંધી, કમર કસી, સુદૃઢ થવા તૈયાર થશું, સદ્‌ભાગ્યે પ્રજામાં ખૂબ જાગૃતિ આવી છે. ઈન્દિરા ગાંધીની નીતિ સ્પષ્ટ, મક્કમ અને ન્યાયી છે. આ ૧૪ દિવસનું યુદ્ધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ ખરેખર ઐતિહાસિક છે. ભૂતકાળનાં ઘણાં જાળાં સાફ થાય છે. વર્તમાન વેગ પકડે છે, ભવિષ્ય ઉજજવળ હશે એવી આશા બંધાય છે.

૨૫-૧૨-'૭૧. —ચીમનલાલ ચકુભાઈ

ફરી એક વાર

અંધકારનાં વાદળ ચીરીને
ફરી એક વાર
કિરણની એક સળી
પોતાનું માથું ઊંચકે છે.
માંડ ઊભેલાં વૃક્ષની કાળી ડાળ ઉપર પણ
કોયલ ટહુકો ઊઠશે ફરીથી.
કેટલાયે દિવસો સુધી
માના પાલવમાં લપાઈ બેઠેલું શિશુ
દોડી જશે કીડાંગણે.
બેહોશ થઈ સૂતેલી રણાંગણની ધરતી
કળ ખાઈને ઊભી થશે
ચારે બાજુ જોશે
અને રકતથી ભીની માટી ઉપર પણ
લીલાશને ફૂટતી જોઈ
હરખાઈ ઊઠશે.
અને
વળી પાછો શેષનાગ જંપી જશે—
થોડોક સમય?

— વિપિન પરીખ

શ્રીમતો ઈન્દિરા ગાંધીનો નિક્સનને પત્ર

[આ ઐતિહાસિક પત્ર પ્રકટ કરતાં મને ઘણો આનંદ થાય છે. આ પત્ર મનન કરવા યોગ્ય છે. પાકિસ્તાનની બિનશરતી શરણાગતિ પછી થોડા કલાકમાં આવો પત્ર લખવાનો નિર્ણય કર્યો તેમાં ઈન્દિરા ગાંધીની દીર્ઘદૃષ્ટિ અને મહાનુભાવ વ્યકત થાય છે. તેની ભાષા, હકીકતોની રજૂઆત, પત્ર લખવાનો સમય આ બધું, તેને વિશેષ મહત્ત્વ આપે છે. આપણો મોટો વિજય થયો, નિક્સનની નીતિનો પરાજય થયો, તેવે સમયે, અભિમાન, પૂર્વગ્રહ કે, રાગદ્વેષ (Pride, prejudice and passion) ને દૂર રાખી, સ્વસ્થ ચિત્તે બનેલ કરુણ ઘટનાઓનું વિશ્લેષણ કરવું, એ વિરલ વ્યકિતઓ કરી શકે. (Whole letter has a Gandhian approach) અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધો બગડયા છે તેના તીવ્ર આઘાત (Deep anguish) ના ઉલ્લેખથી પત્ર શરૂ થાય છે. આ સંબંધો બગડવાનું કોઈ કારણ ભારતના પક્ષે નથી તે સ્પષ્ટપણે બતાવવાનો તેનો ઉદ્દેશ છે. અમેરિકાની મુકિતઘોષણા (Declaration of Independence) ના આદર્શને યાદ કરી, બંગલા દેશમાં બનેલ ઘોર અત્યાચારો અને ભારતનો ધર્મ બતાવ્યો છે. યુદ્ધ આપણા ઉપર આવી પડયું છે અને ભારતને આક્રમક કહેવામાં અમેરિકા મોટો અન્યાય કરે છે તે બતાવ્યું છે. ભારતે કોઈ પગલું ઉતાવળમાં અથવા ખોટી રીતે ભર્યું નથી. તેની યાદ આપી આપણા માટે કઠોર ભાષા વાપરતાં પહેલાં, અમે કયાં ભૂલ કરી છે એટલું તો બતાવો એમ પૂછ્યું છે.

ભાષામાં સંયમ છે, નમ્રતા છે, ઉપાલંભ છે, દૃઢતા છે, આદર્શ અને વાસ્તવિકતાનો સુમેળ છે. પત્ર નિક્સનને લખ્યો છે પણ અમેરિકાની પ્રજાને અને દુનિયાના દેશોને ઉદ્દેશીને લખાયો છે. નિક્સને જવાબ આપ્યો છે પણ તે હજી પ્રકટ થયો નથી. —ચીમનલાલ]

વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ અમેરિકાના પ્રમુખ નિકસન પર ભારત - પાકિસ્તાન સંઘર્ષના સંદર્ભમાં લખેલો પત્ર અક્ષરશ: નીચે મુજબ છે:

વહાલા પ્રમુખ,

આપણા બંને દેશોના સંબંધોએ જે દુ:ખદ વળાંક લીધો છે એ સંજોગોમાં ઘેરો વિષાદ અનુભવતી હું આપને આ પત્ર લખી રહી છું.

બધી જ લાગણીઓ અને પૂર્વગ્રહોને અળગાં કરી ફરી એકવાર જે કરુણતા સર્જાઈ છે તેનાં મૂળનું સ્વસ્થ ચિત્તે વિશ્લેષણ કરવા પ્રયાસ કરું છું.

ઘેરી કટોકટી અને તેના કારમા ઓળાઓને ભૂતકાળની કોઈ મહત્ત્વની પળોને જીવંત કરી વિદારી શકાય એવી પળો ઈતિહાસમાં આલેખાઈ છે. આવી મહત્ત્વની પળ જેણે લાખો માણસોને મુકિત અર્થે મૃત્યુને ભેટવાની પ્રેરણા આપી એ હતી અમેરિકાની સ્વાતંત્ર્ય-ઘોષણા. અમેરિકાના એ જાહેરનામાએ પડકાર કર્યો કે, જ્યારે કોઈ પણ પદ્ધતિની સરકાર માનવીના અનિવાર્ય હકકો, માગણીઓ અને સુખ સલામતી પર તરાપ મારે ત્યારે તેમાં પરિવર્તન આણવાનો કે તેનો અંત લાવવાનો પ્રજાને હક્ક છે.

૨૫મી માર્ચથી બંગલા દેશમાં ઊભી થયેલી તીવ્ર કટોકટીના મૂળનો સાચો ખ્યાલ બધા જ પૂર્વગ્રહરહિત લોકોને આવ્યો છે. પોતાની જિંદગી, સ્વાતંત્ર્ય, સુખ કે સલામતી, ટૂંકમાં કશું જ પોતાનું નથી રહ્યું એ કઠોર વાસ્તવિકતાથી અકળાઈ ૭૫ લાખ માણસોએ નિરુપાય બની બળવો પોકાર્યો. દુનિયાનાં વર્તમાનપત્રો, રેડિયો અને ટેલિવિઝને આ કરુણતાનો સાચો ચિતાર આપ્યો. એ ઉપખંડ

વિષયક જ્ઞાન ધરાવતા અમેરિકન અભ્યાસીઓએ પૂર્વ પાકિસ્તાનની હતાશ દશાની વિગત બહાર પાડી.

ડિસેમ્બરની ૩જીથી પાકિસ્તાને અમારા પર જે આક્રમણ કર્યું છે અને હજી પણ ચાલુ છે તે અગાઉ નવ માસના ગાળા દરમ્યાન દુનિયાના મહાન નેતાઓએ આ બળવાનાં કારણો જાણવા પ્રયત્ન કર્યો હોત, પરિસ્થિતિને સાચી રીતે સમજવા થોડું ધ્યાન આપ્યું હોત અને સમાધાન માટે અસરકારક ઉપાયો શોધ્યા હોત તો આ યુદ્ધ કદાપિ ન થાત. આ અંગેના મેં પત્રો લખ્યા. દેશમાં મારી હાજરીની ખાસ જરૂર હતી એવા સમયે પણ મેં નિહાળેલી કરુણતાનો દુનિયાના અમુક નેતાઓને ખ્યાલ આપવા સમાધાનની આશા સાથે હું પરદેશમાં ગઈ. અલબત્ત! અસહાય નિર્વાસિતો માટે ઘણી સહાનુભૂતિ હતી પરંતુ આ દારુણ દાવાનળના મૂળ તરફ જે ઉપેક્ષા અને આંખમીંચામણાં સેવાઈ રહ્યાં હતાં તે તો દિલને ચોટ લાગે તેવી વાત હતી.

અન્ય દેશો અને ખાસ કરીને અમેરિકાની શક્તિ, સત્તા અને પ્રભાવ મુજીબુરને મુક્ત કરવા તત્પર થયાં હોત તો આ યુદ્ધ પણ ન થાત. ઊલટાનું લોકતંત્રની સ્થાપના થઈ છે એવું અમને કહેવામાં આવ્યું. આ લોકતંત્ર એક તમાશો હતો એ તો દરેક જાણે છે અને આજે એ તમાશો કરુણતામાં પલટાયો છે.

રાજકીય ઉકેલની જરૂર ઉપર મોઢેથી તો ઘણું ઘણું કહેવાયું, પરંતુ એમાંનું એક પણ પગલું અમલમાં મૂકવામાં ન આવ્યું. ઊલટાનું જે બેઠકો જીતાઈ ગઈ હતી તેને મનસ્વી રીતે રદબાતલ કરી એક હાસ્યાસ્પદ ચૂંટણી લડવા સુધી પશ્ચિમ પાકિસ્તાનના શાસકો ગયા.

આંતરરાષ્ટ્રીય જગતમાંથી કોઈએ મુજીબુર રહેમાનની મુલાકાત લેવા પ્રયત્ન કર્યો નથી. આ બાબતમાં કોઈએ હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નથી. અમારી શીઘ્ર અને મહત્ત્વની માગણી હતી કે મુજીબુરને છોડી મૂકવામાં આવે. તેમને જો વધુ સમય અટકાયતમાં રાખવામાં આવે તો તેમના માણસોનો સંપર્ક સાધવામાં આવે. પરંતુ અમારી આ માગણીને વ્યવહારુ લેખવામાં ન આવી. પ્રમુખ યાહ્યાખાન ફેંકાઈ જાય એવી રાજકીય નીતિને અખત્યાર કરવા અમેરિકા તૈયાર હતું નહિ.

અમેરિકાએ જોયું કે, આ પરિસ્થિતિના કેન્દ્રમાં મુજીબુર રહેમાન છે અને શંકા વગરની વાત હતી કે લાંબા ગાળે પૂર્વ પાકિસ્તાનની સ્વશાસનની દિશામાં પાકિસ્તાને નમતું જોખવું જ પડશે એટલે પરિસ્થિતિની પોકળતા અને યાહ્યાખાનની મુશ્કેલીઓને બતાવતી દલીલો આગળ ધરવામાં આવી.

પ્રમુખશ્રી, પાકિસ્તાનની રોજની દાદાગીરી, માનવજીવનની ઉપેક્ષા, ધાકધમકી આ બધું હોવા છતાં નવ મહિના અમે જે ખામોશી રાખી તે હજી પણ જાળવી રાખત અને યુદ્ધ ન થાત. પરંતુ પાકિસ્તાને ૧૯૭૧ના ડિસેમ્બરની ૩જીએ ધોળા દિવસે અમૃતસર, પઠાણકોટ, શ્રીનગર, અવંતિપુર, ઉત્તરલાઈ, જોધપુર, અંબાલા અને આગ્રાનાં હવાઈ મથકો પર બૉમ્બમારો ચલાવ્યો. જે વખતે હું કલકત્તા હતી; અમારા સંરક્ષણપ્રધાન પટણા હતા અને ત્યાંથી દક્ષિણમાં બેંગલોર જવાના હતા અને નાણાપ્રધાન મુંબઈ હતા.

નોંધપાત્ર બાબત છે કે અમે ગેરહાજર હતા એ વખતે જ મોકો સાધીને અખત્યાર કરવામાં આવેલો આ પ્રારંભ પૂર્વયોજિત ઈરાદો હતો. આમ જ વાત હોય ત્યાં અમે હાથ જોડીને કઈ રીતે બેસી રહીએ? કઈ રીતે વિશ્વાસ રાખીએ કે પાકિસ્તાનના રાજકર્તાઓ અને તેના સલાહકારો શાણું, સમાધાનકારક અને વાજબી વલણ ધરાવે છે!

અમારે શું જોઈએ છે એવો અમને સવાલ કરવામાં આવ્યો છે. અંગત હેતુ સાધવા અમે કંઈ જ કરતા નથી; કશું જ અમારે જોઈતું નથી. પૂર્વ પાકિસ્તાન જે હાલ બંગલા દેશ છે તેમાંથી કોઈ જમીન અમારે જોઈતી નથી, નથી અમારે પશ્ચિમ પાકિસ્તાનનો કોઈ પ્રદેશ જોઈતો. અમારે એક જ વસ્તુ જોઈએ છે; અને તે છે પાકિસ્તાન સાથે અંતિમ સમાધાન.

પરંતુ પાકિસ્તાન છેલ્લાં ૨૪ વર્ષથી કાશ્મીર અંગે મુદ્દા વગરનો જે સતત ઉકળાટ કાઢી રહ્યું છે તે બંધ કરશે ખરું? ભારત પ્રત્યે ધિક્કાર, આવળો પ્રચાર અને કડવાશ દાખવવાનું છોડશે? છેલ્લાં ૨૪ વર્ષ દરમ્યાન મારા પિતાએ અને મેં કેટલી વાર યુદ્ધ ન કરવાના કરારો માટે પાકિસ્તાન પાસે માગણી મૂકી છે? ઈતિહાસ નોંધ લે તેવી વાત છે કે દરેક વખતે અમે માગણી કરી છે અને પાકિસ્તાને તે ફગાવી દીધી છે.

આ કટોકટી ઊભી કરવા માટે અમે જ જવાબદાર અને દોષિત છીએ; અને એના શીઘ્ર ઉકેલ સામે અમે જ વાંધો લીધો છે એવા આક્ષેપથી અમને ઘણું દુ:ખ થયું છે. આ આરોપ માટે સાચી રીતે કોણ જવાબદાર છે તે ખરેખર મારી સમજમાં આવતું નથી.

અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાંન્સ, જર્મની, ઓસ્ટ્રીયા અને બેલ્જિયમની મારી મુલાકાત દરમ્યાન જાહેરમાં તેમ જ ખાનગી મુલાકાત વખતે શીઘ્ર રાજકીય ઉકેલ લાવવાની જરૂર ઉપર ભાર મૂકીને મેં કહ્યું છે. નવ મહિના સુધી અમે રાહ જોઈ. ડૉ. કિસિન્જર જ્યારે ૧૯૭૧ના ઓગસ્ટમાં ભારત આવ્યા ત્યારે આ પ્રશ્નનો જલદી ઉકેલ લાવવાની અગત્ય માટે મેં તેમને ખાસ કહ્યું હતું પરંતુ આજની ઘડી સુધી અમારી કલ્પના મુજબની નહિ, પરંતુ જે હકીકત છે તેને આવરી લેતી આ સમસ્યાના ઉકેલની કોઈ આછી પાતળી રૂપરેખા પણ અમને મળી નથી.

ભલે, જેમ હોય તેમ, પરંતુ રાજકીય પ્રજાકીય પ્રશ્નોની ઊંડી સમજ અને જાણકારી ધરાવનાર, વિશાળ અમેરિકન પ્રજાની ઈચ્છાઓ, આવશ્યકતાઓ અને આદર્શોને વાચા આપનાર એવા અમેરિકાના પ્રમુખ, હું કંઈ નહિ તો આપની પાસે એટલું જ જાણવા ઈચ્છું છું કે, અમે કઈ જગ્યાએ એવી ભૂલ કરી છે કે આપના પ્રતિનિધિઓ અને રાજદૂતો આવી કઠોર ભાષા વાપરે છે?

આપ કુશળ હશો.

આપની સ્નેહાધિન,

ઈન્દિરા ગાંધી

ચિરસુંદર દર્શન

આજે આપણું સત્યમાં જાગવાનું સંપૂર્ણ હો, આ પ્રભાતનો પ્રકાશ આજ આપણું આવરણ ન બનો, આજ ચિરજ્યોતિ પ્રકાશિત થાઓ, ધરણીની શ્યામલ યવનિકા કશું ગુપ્ત ન રાખો - આજે ચિરસુંદર દર્શન દો. શિશુ જેમ માને સંપૂર્ણપણે આલિંગન કરે છે તે જ રીતે આજે તે પરમ ચૈતન્ય સાથે આપણા ચૈતન્યનું મિલન હો. જેમ કવિના કાવ્યનો પાઠ કરતી વખતે તેના છંદ અને ભાષા મારફતે કવિના આનંદની અંદર આપણું ચિત્ત પહોંચી જાય છે તે જ રીતે આજે આ શિશિર સ્નાનથી સ્નિગ્ધ થયેલી નિર્મળ વિશ્વશોભાના અંતરમાં તે વિશ્વના આનંદનો સમસ્ત હૃદય-મન વડે પ્રત્યક્ષ અનુભવ કરીએ.

-રવીન્દ્રનાથ ટાગોર

વિનમ્ર વિજ્ઞપ્તિ

૧૯૭૧નું વર્ષ પૂરું થઈ ગયું હોવા છતાં હજુ સંઘના ઘણા સભ્યોનાં લવાજમો બાકી છે. જેમનાં લવાજમો બાકી છે તેમને યાદી માટેના કાર્ડો પણ મોકલવામાં આવ્યા છે. તો જે સભ્યોનાં લવાજમો બાકી હોય તેમને ૧૯૭૧ના વર્ષના રૂા. ૧૦) તેમ જ ચાલુ વર્ષ ૧૯૭૨ના રૂપિયા ૧૦) એમ એકંદર રૂા. ૨૦) સત્વર સંઘના કાર્યાલય પર મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

☆ ભારત અને બંગલા દેશની આર્થિક-ત્રેવડ ☆

બંગલા દેશની આર્થિક-ક્ષમતા અગર તો તેની આર્થિક ત્રેવડની વાત કરીએ તો કોઈ પણ અર્થશાસ્ત્રી પટોપટ પશ્ચિમ પાકિસ્તાને કરેલા આર્થિક શોષણના આંકડા બોલી જશે. સામાન્યજન આંકડાથી મૂંઝાય છે. અંગ્રેજીમાં જેને ઈકોનોમિક-વાયેબિલીટી કહે છે તેને આપણે આર્થિક ત્રેવડનું દેશી નામ આપીને બંગલા દેશ આપણે માટે કે ખુદ પોતાના માટે બોજારૂપ છે કે નહિ તે જોઈશું. જો અત્યારે સોળમી સદીનો જમાનો હોય તો બંગલા દેશ જેવા વિપૂલ માનવબળ, ત્રણ સુંદર બંદર, આંતરિક જળવ્યવહાર, કાચા માલના ભંડાર અને તૈયાર માલની જંગી બજાર ધરાવતા પ્રદેશને પોતાની પાંખમાં લઈ લેવા કોઈ પણ શકિતશાળી દેશની દાઢ સળ-વળતી હોત પણ હવે સ્વાધીનતાનો જમાનો છે એટલે ૫,૦૦૦ જેટલા શહીદોનો ભોગ આપનાર ભારતે પણ બંગલા દેશની નાજુક રાજકીય સ્થિતિ જોઈને તેની આર્થિક નવરચનામાં નિસ્વાર્થભાવે મદદ કરવી પડશે. કરુણતા એ છે કે માત્ર ભાવનાની દૃષ્ટિએ નિસ્વાર્થ રહેવું પડશે એટલું જ નહિ પણ ભારતે પુરવાર પણ કરવું પડશે કે બંગલા દેશની આર્થિક સદ્ધરતામાં ભારતની બીજી કોઈ મેલી મુરાદ નથી.

"બંગલા દેશમાં ઈકોનોમિક વાયેબીલીટી છે કે નહિ?" એટલે કે બંગલા દેશની આર્થિક ત્રેવડ ઊભી થઈ શકે તેમ છે કે નહિ? એ પ્રશ્ન શુષ્ક છે પણ તેનો જવાબ ઘણો રસપ્રદ માહિતીથી ભરી શકાય તેવો છે. બંગલા દેશ ભારતની મદદથી સ્વાધીન થશે તેવો સ્વપ્નેય કોઈને ખ્યાલ ન હતો એટલે બંગલા દેશનું અર્થતંત્ર એકા-એક ભારતના અર્થતંત્ર સાથે છેડાછેડી બાંધશે તે સ્થિતિ ખરેખર તો મુંઝવનારી નહિ પણ આનંદદાયક નીવડવી જોઈએ. ભારતના હાલના નાણાપ્રધાનની આપણા દેશના અર્થતંત્ર માટે પણ જ્યારે અંગત સૂઝ ટાંચી પડે છે ત્યારે બંગલા દેશ જેવા જંગી આર્થિક પ્રશ્નો ધરાવતા પ્રદેશની સર્વગ્રાહી વિગતો સંભાળવા શ્રી સિદ્ધાર્થ શંકર રેને પશ્ચિમ બંગાળની રાજકીય વગેરે બાબતો માટે ફાજલ પાડયા છે તેમ બંગલા દેશના નવનિર્માણ માટે કોઈ આર્થિક સૂઝવાળા પ્રધાન નિયુકત કરવા જોઈશે.

ભારત જેવો દેશ સ્વાધીનતાને ૨૪મે વર્ષે અનાજની બાબતમાં પગભર થવાની વાતો માંડ કરી શકે છે ત્યારે બંગલા દેશ જેનો મુખ્ય ખોરાક ચોખા છે તે નવ મહિના પહેલા યાહ્યાખાને લશ્કર ઉતાર્યું ત્યાં સુધી અનાજની બાબતમાં સ્વાવલંબી હતો. ૩·૫૩ કરોડ એકર જમીનનો વિસ્તાર ધરાવતા બંગલા દેશની લગભગ ૨·૨૪ કરોડ એકર જમીન એટલે કે ૬૩ ટકા જમીન ખેતી-લાયક છે. ૧ કરોડ ટન ચોખાનો પાક હાલની ૭ કરોડની વસતિ માટે પૂરતો છે. છતાં તોફાનને કારણે પાકમાં જરૂર પહોંચી છે એટલે તેને તત્કાળ ભારતે રૂ. ૪૦૦ કરોડના અનાજની મદદ કરવાની રહેશે. રાજકીય સ્થિતિ થાળે પડવા માંડી છે એટલે થોડા વખતમાં ભાંગી ગયેલા ખેડૂતો પોતાના ખેતર સંભાળશે અને ભારતની કૃષિ સંશોધન સંસ્થાઓએ ડાંગરની જે નવી નવી સંકરણ જાતો વિકસાવી છે તેનો લાભ બંગલા દેશને મળશે એટલે માત્ર એક વરસના ટૂંકા ગાળામાં બંગલા દેશ અનાજમાં સ્વાવલંબી થવા ઉપરાંત આપણને ચોખા આપતો થઈ જશે.

અર્થશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે કોઈ પણ દેશે ઉત્પાદન માટે લેન્ડ, લેબર અને કેપિટલ એટલે કે જમીન, શ્રમ અને મૂડીની વ્યવસ્થા કરવી પડે છે. બંગલા દેશ પાસે જમીન અને શ્રમની-ટંચાઈ નથી. જ્યાં સુધી બીજા દેશો બંગલા દેશને માન્ય ન કરે અને તે પછી આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ અને વિશ્વબેંકની માન્યતા સાથે પુનર્રચના માટેની મદદ ન મળે ત્યાં સુધી ભારતે બંગલા દેશને મૂડી પણ આપવી જોઈશે. જ્યારે પોતાના માટે જ વિદેશી સહાય બંધ થવાની નોબત વાગે છે ત્યારે ભારતે આપણી પંચ-વર્ષીય યોજના માટે પૂરતું પોષણ આપતી મૂડી ઊભી કરતાં કરતાં બંગલા દેશને પણ મૂડી પૂરી પાડવાની રહેશે. ઉપર કહ્યું તેમ અનાજની તત્કાળ માંગ સંતોષાઈ જાય એટલે કાપડ, દવા, તૂટેલા રેલવે અને જળવ્યવહારને સાંધવો અને વહીવટી તેમજ નાણાંકીય તંત્ર બેસાડવા માટેના નાણાં ઊભા કરવાં પડશે. એક અંદાજ મુજબ આ માટે બીજા રૂ. ૨૦૦ કરોડની વ્યવસ્થા આપણે કરવાની રહેશે.

આપણા લશ્કરીશાસ્ત્રના નિષ્ણાતો જ્યારે બંગલા દેશના નિરાશ્રિતોના જંગી ખર્ચ અને યુદ્ધના ખર્ચના આંકડા માંડતા હતા ત્યારે યુદ્ધ કરીને બંગલા દેશની અમુક ભૂમિ નિરાશ્રિતો માટે લઈ લેવાની વાત થઈ હતી. પણ હવે જ્યારે સંપૂર્ણ બંગલા દેશ સ્વાધીન થયો છે ત્યારે ૧ કરોડ નિરાશ્રિતો માટેનો રોજનો સરેરાશ વ્યકિતદીઠ રૂ. ૨-૭૦ નો ખર્ચ ગણીએ તો આપણે રૂ. ૨.૭૦ કરોડનો રોજનો ખર્ચ ટળ્યો છે. જો કે હાલ તુરત આ ખર્ચ નિરાશ્રિતોને નિભાવવા માટે થતો હતો તે હવે નિરાશ્રિતો સ્વગૃહે પાછા જાય છે એટલે બંગલા દેશના અર્થતંત્ર માટે ફાજલ પડશે. ઉપર મુજબ આપણે તત્કાળ રૂ. ૬૦૦ કરોડની સહાય બંગલા દેશ માટે તૈયાર રાખવાનો અડસટો મૂકયો તે કહી આપે છે કે, નિરાશ્રિતોને ૩૦૦ દિવસ રાખવા પડત અને બોજારૂપ બનત તેને બદલે બંગલા દેશના નવનિર્માણમાં ઠેલા રૂપે એ રકમ આપણે આપી શકીશું.

ગુજરાતીમાં કહેવત છે કે, "એક તાવડી તેર વાનાં માંગે" એ હિસાબે બંગલા દેશ માટે નવી ચલણી નોટો છાપવી પડશે. નવા સિક્કા તૈયાર કરવા પડશે અને યુદ્ધ દરમિયાન તૂટેલા નદીના પૂલો અને ભાંગેલી રેલવે લાઈનો સાંધવી પડશે. શરૂમાં તો બંગલા દેશની સરકારને ચલણી નોટો એ સો ટકાના નફા જેવો મામલો લાગશે પણ એ નવી નોટોનો ફેલાવો ત્યાંની વપરાશી ચીજો જેવી કે ખાંડ, કેરોસીન, ચોખા અને કાપડ વગેરેના ભાવ અસાધારણ રીતે વધારી ન દે તે જોવાનું રહેશે. કોલસા જેવી ચીજ જે પશ્ચિમ બંગાળમાંથી અત્યંત સહેલાઈથી આવી શકતી હતી તે પણ પાકિસ્તાનના અવળચંડા શાસકો ચીનથી આઠગણા દામ આપીને મંગાવતા હતા. ભારતનો કોલસો હવે બંગલા દેશને સસ્તો મળશે. નમક તો છેક કરાંચીથી આવતું હતું તે પણ ભારત આપી શકશે. શણનો કાચો સોના જેવો પાક બંગલા દેશના ખેડૂતો પાસેથી સસ્તા ભાવે પડાવતા પશ્ચિમ પાકિસ્તાનના કારખાનાવાળા હવે ખેડૂતોનું શોષણ કરી શકશે નહીં. કસવાળા ભાવ મેળવવા બંગલા દેશના ખેડૂતો માટે ટ્વાર ખુલ્લાં થયા છે. ૧૨ લાખ ટન જેટલા શણના ઉત્પાદનમાંથી ૨ લાખ ટન જેટલું કાચું શણ ભારતમાં નિયમિત રીતે દાણચોરીથી આવતું હતું. આ ઉપરાંત વિદેશમાં શણના તૈયાર માલો નિકાસ થતા તેની નફાખોરીનો હિસ્સો પશ્ચિમ પાકિસ્તાનને મળતો હતો એટલું જ નહિ પણ અન્ડર-ઈનવોઈસીંગ દ્વારા લાખો રૂપિયાનું હૂંડિયામણ કાળા બજારમાં ચાલ્યું જતું હતું. મને બરાબર ખ્યાલ છે કે હું મલાયા હતો ત્યારે બંગલા દેશની ગુણીઓની આયાતના સોદા ચટગાંવના વેપારીને બદલે કરાંચી બેઠેલો વેપારી કરતો અને શણનો માલ ચટગાંવથી ચડે ત્યારે ગુણીદીઠ દાખલા તરીકે રૂ. ૨ ના ભાવ હોય તો ભરતીયામાં રૂ. ૧૦।। ના ભાવ ચડાવીને સિંગાપોર ખાતે ચાર આના જમા કરાવીને તેનું હૂંડિયામણ કાળા બજારમાં વેચી નાંખવામાં આવતું હતું. એક દૃષ્ટિએ તો લાંબે ગાળે કાચા શણ અને શણ ઉદ્યોગનું આખું તંત્ર

જ બંગલા દેશના ચોથા ભાગના નિકાસ ખર્ચને પહોંચી શકે તેમ છે. રંગપુર, સિલ્હટ, સૈદાપુર અને જમાલપુર ક્ષેત્રના બંગલા દેશના ચાના બગીચાવાળા અત્યાર સુધી અત્યંત મૂંઝવણમાં હતા. લડાઈની અનિશ્ચિતતાને કારણે ૧૯૭૧નો ચાનો પાક રઝળતો હતો તે હજી નિકાસ થયો નથી. બંદરો ઉપર પડી રહેલો ચાનો પાક નિકાસ થતાં બંગલા દેશને રૂા. ૨૦ થી રૂા. ૨૫ કરોડનું તત્કાળ હૂંડિયામણ કમાવી આપે તેમ છે. ચાની આંતરરાષ્ટ્રીય હરીફાઈને નિવારવા ભારત અને સિલોન સંયુકત પ્રયાસ કરે છે. તેમાં હવે બ્રિટિશ હિતવાળા બંગલા દેશના ચાના બગીચાના માલિકોને પણ જોડી શકાશે. આ બ્રિટિશ હિતો જો લંડનની ચાના લિલામમાં થતાં શોષણમાં ભાગીદાર બનશે તો સ્વાધીન બંગલા સરકારે એ દિશામાં કડક પગલાં ભરવાનાં રહેશે.

બંગલા દેશ અત્યારે તો એક વિજેતા દેશ ગણી શકાય. એ દષ્ટિએ છેલ્લા ૨૪ વર્ષમાં પશ્ચિમ પાકિસ્તાને જે શોષણ કરીને તેના લગભગ રૂા. ૧૫૦૦ કરોડ ચાવી ગયું છે તે પાછા માંગી શકાય છે. રૂા. ૩૫૦૦ કરોડની વિદેશી સહાય પાકિસ્તાને મેળવી હતી તેમાંથી માત્ર વીસમો ભાગ જ બંગલા દેશને આપ્યો હતો. ૧૮૭૧ માં ફ્રાંસ અને જર્મની વચ્ચે લડાઈ થઈ અને ફ્રાંસ હાર્યું ત્યારે જર્મનીએ ફ્રાંસ પાસેથી મોટો દંડ વસૂલ કર્યો હતો. બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીએ યહૂદીઓ ઉપર જુલમ ગુજારીને માલ મિલ્કત લૂંટી હતી. જર્મની હારી ગયા પછી હજી પણ બદલા રૂપે ઈઝરાયલને રોકડ રકમ દર વર્ષે આપે છે. પાકિસ્તાન તો આ બદલો આપી શકશે કે કેમ તે શંકા છે પણ બંગલા દેશના સત્તાવાળાઓએ એક અંદાજ મુજબ રૂા. ૧૦૦૦ કરોડનો બદલો માંગવાનું નક્કી કર્યું છે. આ રકમમાં અત્યાર સુધીનું આર્થિક શોષણ વિદેશી સહાયમાં પાકિસ્તાને કરેલું બહારવટું અને છેલ્લે નવ મહિનામાં કરેલા માનવસંહાર દ્વારા બંગલા દેશના અર્થતંત્રને પહોંચેલી આર્થિક જફાની અંદાજી રકમો આવી જાય છે.

એમ માનીએ કે ભારત સિવાય તત્કાળ વિદેશની મદદ ન આવે તો વિદેશી હૂંડિયામણ અંગે બંગલા દેશની શું સ્થિતિ થાય? એ સ્થિતિનો અડસટો કાઢતાં ખાસ નિરાશાજનક ચિત્ર મળતું નથી. પાન, સોપારી, તેજાના, ઈમારતી લાકડું, જંગલની પેદાશો, ચા, શણના માલો, કાગળ, દિવાસળી, ચામડું અને બીજી ચીજોની નિકાસ દ્વારા બંગલા દેશને વરસે રૂા. ૯૦ કરોડની 'હૂંડિયામણ'ની કમાણી થતી હતી. આ તમામ નિકાસ પશ્ચિમ પાકિસ્તાન સાથે થતી હતી અને ચોક્કસપણે કહી શકાય કે તેમાં બંગલા દેશને ૧૦ થી ૧૫ ટકાનો માર ભાવમાં પડતો હતો. એટલે ખરી રીતે તો બંગલા દેશની નિકાસક્ષમતા રૂા. ૧૦૦ થી ૧૨૫ કરોડની ગણી શકાય.

નિકાસની સામે લગભગ તમામ આયાત પશ્ચિમ પાકિસ્તાનથી થતી હતી. તેમાં કોલસો, નિમક, તેલિબિયાં, તમાકુ, અનાજ, કાપડ, મશીનરી, દવાઓ, ધાતુ, રબરના માલો વેજીટેબલ તેલ અને સિમેન્ટ વગેરેનો સમાવેશ થતો હતો. લગભગ રૂા. ૧૩૦ કરોડની આ આયાતો પાકિસ્તાનમાંથી થતી તે ઉપરાંત માત્ર રૂા. ૪ કરોડની આયાતો પરદેશથી કરવા દેવામાં આવતી હતી એટલે રૂા. ૧૩૪ કરોડની આયાત અને રૂા. ૯૦ કરોડની નિકાસના આંકડાને લક્ષ્યમાં લેતાં એમ કહી શકાય કે બંગલા દેશને રૂા. ૪૪ કરોડની વેપારખાધ રહેતી. પરંતુ આ આંકડો અત્યંત કૃત્રિમ, અધૂરો અને શોષણખોરીના વાતાવરણનો હોઈને આવતા બે વર્ષમાં આ ચિત્ર સાવ પલટાઈને બંગલા દેશને રૂા. ૨૫ થી ૫૦ કરોડનું અનુકૂળ વિદેશ વેપાર પાસુ કરી આપશે તેમાં લવલેશ શંકા નથી. કારણ કે કાપડ, તમાકુ, સિમેન્ટ, અને મશીનરીના ભાવો પશ્ચિમ પાકિસ્તાનના વેપારી એટલા બધા વધુ લગાવતા હતા કે રૂા. ૧૩૦ કરોડની આયાતોમાં લગભગ ૨૦ થી ૨૫ ટકા જેટલો ગાળો નફાખોરીના કારણે જ રહેતો હતો. એ હિસાબે વિદેશ વેપારમાં બંગલા દેશની આર્થિક ત્રેવડ અત્યંત ઊજળી બાજુ રજુ કરી દેશે.

આપણને એ વાત યાદ હશે કે ભાગલા પછી તુરત જ પશ્ચિમ બંગાળ અને આસામ-ત્રિપુરા વચ્ચેનો રેલવે માર્ગ જે બંગલા દેશમાં થઈને જતો હતો તે તૂટી ગયો હતો. પાકિસ્તાનના આસહકારને કારણે પૂર્વમાં આપણે નવેસર તાબડતોબ રેલવે લાઈનો નાંખીને જંગી ખર્ચ કરવો પડ્યો હતો. પાકિસ્તાનની આ આડોડાઈને કારણે એક તો માલ પહોંચાડવામાં વિલંબ થતો હતો અને વાહનખર્ચ પણ વધ્યો હતો. હવે પછી જો કલકત્તા, ચટગાંવ અને આસામ સાથેની રેલવે લાઈન સંધાઈ જાય તો બન્ને દેશ વચ્ચેના વ્યવહારથી લાભ થાય એટલું જ નહિ પણ આસામ અને ત્રિપુરાથી આવતા ચા, લાકડા, કાગળ અને તેજાના વગેરે માલોનો વાહનખર્ચ ઘણો જ ઓછો થઈ જાય. સરહદના સીલ આ રીતે ઊઘડતાં બીજો એક રસપ્રદ કૂણગો એ ફૂટે છે કે, બંગલા દેશને માન્યતા આપવામાં આનાકાની કરતા નેપાળનો દાણચોરીનો ધંધો પશ્ચિમ પાકિસ્તાનના વેપારીઓની દુવાથી ચાલતો તે હવે બંધ થઈ જશે. જો કે દાણચોરી ચાલુ રહેશે પણ તેમાંથી મળતી મલાઈ હવે નેપાળને ભાગે ઓછી આવશે!

આમ શરૂમાં ભારતે રૂા. ૬૦૦ કરોડથી રૂા. ૭૦૦ કરોડનો બોજો ઉપાડતા તૈયાર રહેવું પડશે. પણ તેની સાથે લાંબે ગાળે બંગલા દેશની રાજકીય સ્થિરતા જળવાય તો કાચું શણ અને કાગળ મેળવીને તેની સામે ભારતના કાપડ, દવા, ઈજનેરી માલ, સામાન, તેમજ ઘણી વપરાશની ચીજોનો વેપાર વધશે. એકંદર આશાનું ચિત્ર દેખાય છે. ૧૬ મી ડિસેમ્બરે બંગલા દેશને માન્યતા આપી ત્યારે મુંબઈની શેર બજારે પણ તેજી બતાવીને આ આશાના પડઘા પાડ્યા હતા.

ક્રાન્તિ ભટ્ટ

હું સત્યનો વટેમાર્ગુ છું....

હું સત્યનો એક વટેમાર્ગુ માત્ર છું. એ સત્યનો માર્ગ મને જડ્યો છે એમ કહું છું અને તેને શોધી વળવાને હું સતત પ્રયત્ન કરી રહ્યો છું એટલો જ દાવો કરું છું. હું એ પણ કબૂલ કરું છું કે હજુ એ સત્ય મને સાંપડ્યું નથી. પૂર્ણ સત્ય સાંપડવું એટલે આત્મસાક્ષાત્કાર કરવો અને પોતાના જીવનનું નિર્માણ લાધવું, એટલે કે, પૂર્ણાવસ્થાએ પહોંચવું. મારી અપૂર્ણતાઓનું મને દુઃખદ ભાન છે, અને એમાં જ મારું બધું બળ સમાયેલું છે, કારણ કે પોતાની અપૂર્ણતા અને પોતાની ત્રુટીઓ જાણવી એ આ દુનિયામાં દુર્લભ વસ્તુ છે.

* * *

જો હું પૂર્ણતા પ્રાપ્ત કરી ચૂકેલો હોત તો મારા પાડોશીનાં દુઃખ જોઈ અત્યારે જે રીતે દુઃખી થાઉં છું તેવો દુઃખી થાત નહીં. પૂર્ણ મનુષ્ય તરીકે હું તે ધ્યાનમાં લેત, તેનો ઉપાય બતાવત અને મારામાંના અજેય સત્યના સામર્થ્ય વડે હું તે ઉપાય બીજાઓની પાસે લેવડાવત. પણ હજી તો હું કાચમાંથી જોતો હોઉં તેમ ઝાંખું ઝાંખું જ જોઈ શકું છું અને તેથી ધીરજપૂર્વક અને મહેનતપૂર્વકની રીતોથી મને સૂઝે છે તે વસ્તુ મારે ગળે ઉતારવી પડે છે. આવી સ્થિતિ હોવાથી આજે મટાડી શકાય તેવા આધિવ્યાધિઓમાં દેશ આખાને ડૂબેલો જાણવા છતાં અને પ્રત્યક્ષ જગન્નાથની છાયા હેઠળ સુદ્ધાં હાડપિંજર બનેલા હજારો–લાખો દેશબાંધવોને જોવા છતાં જો હું એ બધાના દુઃખથી દુઃખી ન થાઉં તો મારી માણસાઈ લાજે.

* * *

જ્ઞાન જ્યારે એટલું ઘમંડી બની જાય કે એ રડી પણ ન શકે, એટલું ગંભીર બની જાય કે એનાથી હસી પણ ન શકાય અને એટલું આત્મકેન્દ્રી બની જાય કે બીજા વિશે કશી ચિન્તા જ ન કરે ત્યારે એ જ્ઞાન અજ્ઞાન કરતાં વધારે ભયંકર બની જાય છે.

–ગાંધીજી

મુનશીનું જાહેર જીવન

મુનશીના પરિચયમાં આવનાર કોઈ પણ વ્યક્તિને તેમની બહુમુખી પ્રતિભા ((versatility of talents)નો અનુભવ થયા વિના રહે નહિ. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં મુનશીનો મહત્ત્વનો ફાળો છે. સાહિત્ય, શિક્ષણ, રાજકારણ, કાયદો, વહીવટી ક્ષેત્ર, ધર્મ અને તત્ત્વજ્ઞાન, ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત વિશ્વપરિષદ—આ બધામાં મુનશી અગ્રસ્થાને રહ્યા છે. નાજુક તબિયત છતાં—એમનામાં અથાગ પરિશ્રમ કરવાની શકિત હતી. Genius is defined as 90 percent industry and 10 percent intuition. Munshi was a genius. મુનશીમાં મૌલિક કલ્પના હતી. મહત્ત્વાકાંક્ષા હતી. તે સ્વપ્નદ્રષ્ટા હતા. તેમનામાં કલાકારની દૃષ્ટિ હતી. અત્રે મુનશીના જાહેર જીવન વિશે સંક્ષેપમાં નિર્દેશ કરીશ.

૧૯૧૩માં વકીલાત શરૂ કરી. શરૂઆતનાં વર્ષો દરેક વકીલને મુસીબતનાં જાય છે તેમાં મુનશી અપવાદ ન હતા. સદ્‌ભાગ્યે, ભુલાભાઈ દેસાઈની ચેમ્બરમાં સ્થાન મળ્યું, ત્યાં ઘણો અનુભવ મળ્યો. બુદ્ધિની તીક્ષ્ણતામાં, પૃથક્કરણ શકિતમાં મુનશી કોઈથી ઊતરે એવા ન હતા. ટૂંક સમયમાં જ વકીલ તરીકે મુનશીએ નામના મેળવી અને અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું. વકીલ તરીકે મુનશીનો પ્રથમ પરિચય લગભગ મને ૧૯૩૦માં થયો. ઘણા મોટા અને પ્રસિદ્ધ વકીલો સાથે કામ કરવાની મને તક મળી છે. હું વિના સંકોચ કહી શકું છું કે મુનશી પ્રથમ પંકિતનાં વકીલ હતા એટલું જ નહિ પણ મારા નમ્ર મત મુજબ મુનશીમાં વકીલ તરીકે જે મૌલિકતા (originality) હતી તે બીજા બહુ થોડામાં મેં જોઈ છે. તેમને કેસ સોંપ્યો હોય તો સોલિસિટરે તૈયાર કરીને આપ્યું હોય તેટલું સરસ રીતે રજૂ થાય, એટલું જ નહિ પણ કાંઈક નવું જ શોધી કાઢે. કેસની સાથે તાદાત્મ્ય અદ્‌ભુત રહેતું. બે જ દાખલા આપીશ. ૧૯૪૬માં સરકારે હજાર રૂપિયાની અને તેની ઉપરની નોટો ચલણમાંથી ખેંચી લીધી (demonetisation કર્યું). ફ્રી પ્રેસના તંત્રી સદાનંદને થયું કે સરકારે આ ખોટું કર્યું છે અને લડવું જોઈએ. તેમની પાસે તો હજાર રૂપિયાની એક નોટ પણ નહોતી. પણ બીજાની લઈને પોતાને અન્યાય થયો છે એવી રીતે હાઈકોર્ટમાં કેસ કર્યો. હું સદાનંદનો સોલિસિટર હતો. મેં મુનશીને બ્રીફ આપી. કેસ તદ્દન નવા પ્રકારનો જ હતો. મુનશીની રજૂઆત, સૂક્ષ્મ દલીલો (subtlety of arguments) અટપટા અને ગહન મુદ્દાઓને સરળતાથી અને આકર્ષક રીતે રજૂ કરવાની તેમની શકિત બીજા બહુ ઓછામાં મેં જોઈ છે. બીજો અગત્યનો કેસ હતો ૧૯૫૮ માં. વ્યવસાયી પત્રકારો માટે સરકારે નવો કાયદો કર્યો હતો. તે મુજબ વેતન પંચ હરસિદ્ધભાઈ દીવેટિયાના પ્રમુખપદે નિયુક્ત થયું હતું. તે પંચે ચુકાદો (award) આપ્યો તેથી વર્તમાપત્રો ઉપર બહુ મોટો આર્થિક બોજો પડતો હતો. ઘણાને ધંધો બંધ કરવાનો વખત આવે એમ હતો. અખિલ ભારતીય પ્રશ્ન હતો એટલે ન્યૂસ પેપર સોસાયટીએ એ ઉપાડી લીધો અને તે સુપ્રીમ કોર્ટમાં ચુકાદા વિરુદ્ધ અરજીઓ કરી. સોસાયટી તરફથી હું સોલિસિટર હતો. બીજાં કેટલાંક વર્તમાનપત્રોએ પણ આવી અરજીઓ કરી હતી તેમાં એક ઈન્ડિયન એકસપ્રેસની હતી. સોસાયટી તરફથી ૪-૫ અરજીઓ કરી હતી તેમાં એક હતી જન્મભૂમિ તરફથી. આ પણ એક નવા પ્રકારનો જ કેસ હતો. દેશનાં બધાં વર્તમાનપત્રોને એની ભારે અસર થતી હોવાથી મારી જવાબદારી મોટી હતી. વકીલ તરીકે કોને રોકવા એ પ્રશ્ન હતો. મને જુદાં જુદાં સૂચનો થતાં. કોઈ બંગાળના, તો કોઈ બિહાર કે ઉત્તર પ્રદેશના આગેવાન અને પ્રખ્યાત વકીલોનાં નામો મને આપવામાં આવતાં. મેં સાફ કહ્યું કે મને જેનામાં પૂરો વિશ્વાસ હોય અને જેની સાથે કામ કરવાનું મને બરાબર ફાવે એવાને જ હું રોકીશ, અને મેં મુનશીનું નામ સૂચવ્યું. મુનશીએ આ સમયે દસ વર્ષથી વકીલાત છોડી દીધેલી. ૧૯૪૮માં બંધારણ સભાના સભ્ય થયા ત્યારથી બંધારણ ઘડવામાં રોકાયા. પછી કેન્દ્રમાં પ્રધાન થયા અને ૧૯૫૨થી ઉત્તર પ્રદેશના ગવર્નર પાંચ વર્ષ રહ્યા. એટલે બધાએ મને કહ્યું કે, મુનશી is out of practice અને તેમને રોકવામાં જોખમ છે. પણ મને વિશ્વાસ હતો અને હું મક્કમ રહ્યો. મુનશીને જ રોકયા. અકસ્માત એવું બન્યું કે, ઈન્ડિયન એકસપ્રેસનો કેસ પહેલો હતો. મદ્રાસના જાણીતા વકીલ નામ્બિયાર તેમાં હતા. તેઓએ છ દિવસ દલીલો કરી પણ સુપ્રીમ કોર્ટના પાંચે જજો પૂર્ણપણે વિરુદ્ધ હતા. અમે ભારે ચિન્તામાં હતા. મુનશીએ અથાગ પરિશ્રમ લઈ ખૂબ તૈયારી કરેલી. લગભગ ૯ દિવસ સુધી હું, મુનશી અને બીજા બે જુનિયર વકીલો રોજ ૮-૧૦ કલાક સાથે બેસી તૈયારી કરતા. ૫-૬ હજાર પાનાંનો રેકોર્ડ હતો. મુખ્ય મુદ્દા freedom of the press અને principles of wage fixationના હતા. મુનશીએ કેટલાય બ્રિટિશ, અમેરિકન અને બીજા દેશોના કેસોનો અભ્યાસ કરી, મુદ્દાઓ તારવ્યા હતા. મુનશીનો વારો આવ્યો. જરા પણ અતિશયોકિત વિના હું કહું છું કે માત્ર ત્રણ કલાકમાં, વીજળીની અસર થાય તેમ, મુનશીએ રજૂઆત કરી અને જજો વિરુદ્ધ હતા તેમને ધ્યાનપૂર્વક સાંભળવાની ફરજ પાડી અને પછી ત્રીજા દિવસ સુધી મુનશીએ દલીલો કરી તે ખરેખર ચમત્કારિક હતી. મુનશી માત્ર વકીલ ન હતા. He was an artist. અને તેમની રજૂઆતમાં સૂક્ષ્મતા, બુદ્ધિચાતુર્ય અને ભાષા ઉપરનું પ્રભુત્વ અપ્રતિમ હતાં. એ કેસ અમે જીત્યા. સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં ૪૫ દિવસ લાગલાગટ ચાલ્યો હોય તેવો આ પ્રથમ કેસ હતો અને એ ૨૫૦ પાનાંનો ચુકાદો આજે પણ આવા કેસ માટે પ્રમાણભૂત રહ્યો છે.

વકીલાત શરૂ કરી પછી ૨-૩ વર્ષમાં જ મુનશીએ રાજકારણમાં પ્રવેશ કર્યો. એની બિસેન્ટની હોમ રૂલ લીગમાં સક્રિય ભાગ લેતા થયા. ઈન્દુલાલ યાજ્ઞિક, જમનાદાસ દ્વારકાદાસ, ઉમર સોબાની, શંકરલાલ બૅંકર-બધા મિત્રો સાથે કામ કરતા. ઈન્દુલાલ સાથે મળી 'નવજીવન અને સત્ય' અને પછી 'યંગ ઈન્ડિયા' શરૂ કર્યાં, જે છેવટ ગાંધીજીના હાથમાં ગયાં. ગાંધીજી ૧૯૧૫માં ભારત આવ્યા. ચાર વર્ષમાં તો દેશનું રાજકારણ પલટાઈ ગયું અને કૉંગ્રેસનું સુકાન ગાંધીજીના હાથમાં આવ્યું. ઝીણા, મુનશી અને બીજા ઘણા કૉંગ્રેસમાંથી છૂટા થયા. મુનશી લગભગ ૧૦ વર્ષ સુધી ગાંધીજીથી દૂર રહ્યા. એમનો મત એવો કે બંધારણીય ધોરણે (constitutional methodsથી) ચળવળ કરવી. અસહકાર અને સત્યાગ્રહનું આ સમયે મુનશીને આકર્ષણ ન હતું. ૧૯૨૬માં મુંબઈ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે લેજિસ્લેટિવ કાઉન્સિલમાં દાખલ થયા. યુનિવર્સિટીને નવું સ્વરૂપ આપવા કાયદો થયો તેમાં એમણે મહત્ત્વનો ભાગ લીધો. ફેબ્રુઆરી ૧૯૨૬માં લીલાવતીબહેન સાથે લગ્ન થયું અને મુનશીના જીવનમાં પલટો આવ્યો. લીલાવતીબહેનને ગાંધીજીનું આકર્ષણ હતું. મુનશી દંપતી ગાંધીજીના રાજકારણમાં ઝંપલાવવા તૈયાર થયું. બારડોલીએ આ તક આપી. બારડોલીની લડતનો સુખદ અંત લાવવામાં આવ્યો અને ત્યાર પછી જે તપાસ થઈ તેમાં મુનશીનો મહત્ત્વનો ફાળો હતો. બારડોલીથી સરદારનો સંપર્ક થયો. ૧૯૨૦માં નાગપુરમાં કૉંગ્રેસ છોડી હતી. ૧૯૩૦માં ફરી દાખલ થયા. ગાંધીજીને લખેલ એક પત્રમાં મુનશીએ લખ્યું:

"In 1920, I left the Congress because at Nagpur

you changed its creed; today in 1930, I rejoin it because I have come to believe that outside that creed there is no honest political life. For long I disapproved your methods; today, except through them, I cannot visualise a free India".

નાજુક તબિયતને કારણે આરામનું જીવન ગાળેલું, પણ ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહમાં જોડાયા અને જેલ ગયા. ગાંધીજી સાથેના પોતાના સંબંધો વિશે મુનશીએ પોતે I Follow the Mahatma પુસ્તકમાં વિગતથી લખ્યું છે. મુનશી દંપતી ગાંધીજીને પૂર્ણ સમર્પણ કોઈ દિવસ કરી ન શકયા. પણ ગાંધીજીનું આકર્ષણ કાયમ રહ્યું. ૧૯૩૧ ના સત્યાગ્રહમાં ફરી બે વર્ષની જેલ મળી. ૮ મી ડિસેમ્બર ૧૯૩૩ ના દિવસે રોજનીશીમાં નોંધ્યું.

"Tell him (Gandhiji) I am not offering CD again; I mean to go back to the Bar. Reasons :

(a) health will not permit;

(b) the welfare of the family makes it necessary".

ગાંધીજી ઈચ્છતા હતા કે મુનશી વકીલાત છોડી, બધો સમય સેવામાં આપે. મુનશીને એ માન્ય ન હતું. મુનશીએ રોજનીશીમાં લખ્યું છે. :

"We are birds of the spring. We will sing while it lasts and then will disappear to be heard no more".

મુનશી અને ગાંધીજીની જીવનદૃષ્ટિમાં મોટું અંતર હતું. પણ ગાંધીજીની, અને તેથી ય વિશેષ સરદારની પ્રીતિ તેમના પર સદા રહી. તેમની શકિતનો પૂરો ઉપયોગ થયો, પણ અંતર રહ્યું. અહિંસા, અપરિગ્રહ, સાદાઈ, સ્વૈચ્છિક ગરીબાઈ - આ બધું મુનશીને અધિકાંશે માન્ય ન હતું. ૧૯૩૭માં કૉંગ્રેસે ધારાસભાપ્રવેશ કર્યો ત્યારે મુનશી ગૃહપ્રધાન થયા અને પોતાની શકિતનો પૂરો પરિચય આપ્યો. ૧૯૪૨ ની લડતમાં ભાગ ન લીધો. અખંડ હિન્દુસ્તાનના મુદ્દા ઉપર ફરી ગાંધીજીથી છૂટા થયા. અખાડા પ્રવૃત્તિ, તોફાનોના બચાવ માટે હિંસક સામનો, આવાં મતભેદનાં કારણો હતાં. નેહરુને પણ ગાંધીજી સાથે તીવ્ર મતભેદો હતા. પણ નેહરુએ પૂર્ણ સમર્પણ કર્યું હતું. મુનશી માટે તે શકય ન હતું. પોતાથી બને તેટલી સેવા આપતા. ૧૯૪૫ સુધી કૉંગ્રેસથી છૂટા રહ્યા. ગાંધીજી સાથે લાંબો પત્રવ્યવહાર થયો. મુનશી ઉપર શંકાનાં વાદળો હતાં. Munshi has always remained a controversial figure. બાપુ આમંત્રણ આપે તો કૉંગ્રેસમાં જોડાવું એમ મુનશીની ઈચ્છા હતી. બાપુનું આવું આમંત્રણ ન આવ્યું. છેવટ ૧૯૪૬માં કૉંગ્રેસમાં ફરી દાખલ થયા. દેશમાં પરિસ્થિતિ પલ્ટાઈ ગઈ. દેશના ભાગલા થયા અને કેન્દ્રમાં કૉંગ્રેસ સત્તાસ્થાને આવી. હૈદ્રાબાદનો વિકટ પ્રશ્ન ઊભો થયો. સરદારે મુનશીને માથે જવાબદારી નાખી. હૈદ્રાબાદમાં એજન્ટ નીમ્યા. કામ અતિ વિકટ અને નાજુક હતું અને જીવનું જોખમ હતું. મુનશીએ ઘણી કુશળતાથી કામગીરી બજાવી છતાં કેટલીક ગેરસમજ પણ ઊભી થઈ. છેવટે Police action થી હૈદ્રાબાદના પ્રશ્નનો અંત આવ્યો.

૧૯૪૮માં બંધારણસભા (Constituent Assembly) થઈ ત્યારે બંધારણના ઘડતરમાં મુનશી અગ્રસ્થાને હતા. હું બંધારણસભાનો સભ્ય હતો અને મુનશીના કામનો સાક્ષી રહ્યો. બંધારણ અમલમાં આવ્યું ત્યારે કેન્દ્રના પ્રધાનમંડળમાં તેમને સ્થાન મળ્યું. પણ આશ્ચર્યની વાત એ હતી કે તેમને અન્ન અને ખેતીવાડી ખાતું સોંપવામાં આવ્યું. અન્નની બાબતમાં આ વખતે દેશની સ્થિતિ સારી ન હતી. મુનશીએ કાંઈક નવી યોજનાઓ કરી. વનમહોત્સવ શરૂ કર્યો. પણ નેહરુ સાથે મુનશીને બહુ ફાવતું નહિ. ૧૯૫૨ની ચૂંટણી પછી એમને ઉત્તર પ્રદેશના ગવર્નરપદે મૂકયા. મુનશી મહાલી શકે એવું આ સ્થાન હતું. આ પદેથી નિવૃત્ત થયા પછી કૉંગ્રેસમાં મુનશીનું અસરકારક સ્થાન ન રહ્યું. મુનશીથી પ્રવૃત્તિ વિના બેસી રહેવાય નહિ. છેવટ સ્વતંત્ર પક્ષમાં જોડાયા. મારા નમ્ર મત મુજબ મુનશીના જીવનની આ એક કરુણ ઘટના હતી. સ્વતંત્ર પક્ષમાં મુનશી જોડાવાના હતા તેના થોડા દિવસ પહેલાં મેં ડૉ. બાલિગાની હોસ્પિટલમાં ઑપરેશન કરાવેલું અને તેઓ મને જોવા આવ્યા હતા. ત્યારે મેં પૂછયું અને આગ્રહપૂર્વક વિનંતી કરી તેમણે આવું ન કરવું. મને કહે. "કૉંગ્રેસમાં મારો કોણ ભાવ પૂછે છે?" મેં કહ્યું. "આટલા માટે વિરોધ પક્ષમાં જવાય?" પણ સ્વતંત્ર પક્ષમાં તેમને ચેન ન હતું. ઘણા મતભેદ હતા અને છેવટ લગભગ તેમાં નિષ્ક્રિય અને નિવૃત્ત થયા.

જીવનનાં છેલ્લાં ૧૦–૧૨ વર્ષ તેમણે સંપૂર્ણપણે ભારતીય વિદ્યાભવનને આપ્યાં. તેમણે પોતે પણ આ કાર્યમાં જીવનની સાર્થકતા અનુભવી. ખૂબ સફળતા અને યશ મળ્યાં. એ તેમનું ચિરકાળનું સ્મારક થયું. તેમના સ્વપ્નની સિદ્ધિ થઈ. તેમના જીવનમાં છેલ્લાં ૧૦–૧૨ વર્ષ પરિવર્તનનાં હતાં. પૃથ્વીવલ્લભ, બ્રહ્મચર્યાશ્રમ, કાકાની શશી વગેરેના લેખક, પ્રણાલિકાભંજક, જીવનના ઉલ્લાસના પ્રેરક મુનશી, ભારતીય સંસ્કૃતિના સંયમ, ત્યાગ અને તપશ્ચર્યાના પ્રખર હિમાયતી બન્યા. મુનશીના જીવનનું આ પરિવર્તન ઊંડો અભ્યાસ માગે છે. મને કોઈ વખત આમાં revivalism જેવું લાગ્યું છે. મુનશીના ઘડતરમાં ઘણાં તત્ત્વો–કેટલાંક પરસ્પર વિરોધી–જણાતાં હતાં. મુનશીને નિત્શેનું આકર્ષણ હતું. નેપોલિયન, પરશુરામ, સીઝર Men of Power નાં તેમનાં સ્વપ્નો હતાં. કેટલીય બાબતોમાં ખાસ કરી સ્ત્રીપુરુષ સંબંધોની બાબતમાં તેમના વિચારોમાં પશ્ચિમની પૂરી અસર હતી. તે સાથે ગીતા, યોગસૂત્રો, શ્રીકૃષ્ણ, વસિષ્ઠ આ બધું પણ તેમના જીવનમાં વણાયેલું હતું.

મુનશીએ પોતાના જીવન વિષે કહેવાનું બધું કહ્યું છે. અડધે રસ્તે, સીધાં ચઢાણ, સ્વપ્નસિદ્ધિની શોધમાં, સ્વપ્નદૃષ્ટા, I Follow the Mahatma, કુલપતિના પત્રો–વગેરેમાં પુષ્કળ સામગ્રી છે. તેમના વિશે બીજાઓએ પણ સારી પેઠે લખ્યું છે. આ બધું મોટે ભાગે અને યોગ્ય રીતે પ્રશંસાત્મક છે. પણ મુનશીના જીવન અને તેમના જીવનદર્શનનો તટસ્થ, objective અભ્યાસ અને મૂલ્યાંકન થવાં બાકી છે.

મુનશી સાથે મને લાંબા સમયનો ઠીકઠીક પરિચય હતો– ૧૯૩૮માં મને આગ્રહ કરી સરકારી સૉલિસિટર બનાવ્યો. સેક્રેટેરિયટમાં પહેલે દિવસે ગયો ત્યારે મને રડવું આવ્યું. મુનશી ત્યારે પૂના હતા. લાંબો કાગળ લખી નાખ્યો. મુનશીએ આશ્વાસનનો પત્ર લખ્યો અને ઈશ્વર પ્રણિધાન સ્વીકારવા સૂચવ્યું. ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રીપદે મને ૧૫ વર્ષ રાખ્યો. શરૂઆતમાં તેમના વિરોધમાં હું બેઠો હતો. પોતાનો કર્યો. He was a very warm-hearted person. તેમની સાથે અને તેમના હાથ નીચે કામ કરવું લહાવો હતો. તણાઈને પણ બીજાનું કામ થતું હોય તો કરવા સદા તત્પર રહેતા.

His was a life rich and full, ever dynamic, imaginative and inspiring.

[ગ્રન્થમાંથી સાભાર] –ચીમનલાલ ચકુભાઈ શાહ

કેવળ કાળો ડાઘ જ જોઈશું?

માણસના વ્યક્તિત્વનાં એકથી વધુ પાસાં હોય છે. માણસ અરીસામાં પોતાનો ચહેરો જુએ તો એને એમાં પોતાનો એક જ ચહેરો દેખાય છે પણ એ એક ચહેરાની પાછળ બીજા ચહેરા છુપાયેલા હોય છે. માણસમાં કમસે કમ આવા બે ચહેરા–બે વ્યક્તિત્વ તો હોય જ છે. એક નકારાત્મક અને બીજું વિધાયક.

માણસમાં આ બેમાંથી શાનું પ્રભુત્વ વધારે છે એના પર જીવનમાં એ શું પ્રાપ્ત કરશે કે પછી કશું પ્રાપ્ત કરશે કે નહિ એનો આધાર હોય છે.

આનું એક દૃષ્ટાંત જોઈએ. ભયંકર આર્થિક મંદીનો સમય હતો એવે વખતે એક કારખાનાદારે પોતાના બધા માણસોને એકઠા કર્યા. આ કારખાનાદારમાં તો પોતાના પર આવેલી આફતને પાર કરી શકવાનો વિશ્વાસ હતો અને પોતે મંદીના આ ઝંઝાવાતમાં ટકી રહેશે એવી એને પાકી ખાતરી હતી, પણ પોતાના કારખાનામાં કામ કરતા માણસોનું આ વિશેનું કેવું વલણ છે એ જાણવાની એની ઈચ્છા હતી. એટલે એણે પોતાના બધા માણસોને એક હોલમાં એકઠા કર્યા. હોલમાં મોટા સફેદ પડદા પર એક કાળું ધાબું હતું. કારખાનાદારે બધાને તેઓ શું જુએ છે એવો પ્રશ્ન કર્યો. મોટા ભાગના માણસોએ તેઓ પડદા પર કાળો ડાઘ જુએ છે એવો જવાબ આપ્યો. થોડા માણસો એવા નીકળ્યા કે જેમણે એમ કહ્યું કે એમને મોટો સફેદ પડદો દેખાય છે જેમાં એક નાનકડો કાળો ડાઘ છે.

આ પ્રસંગ શું બતાવે છે? જીવનમાં કાળા ડાઘ પ્રત્યે એટલે કે જીવનમાં આવતી મુશ્કેલીઓ, તકલીફો પ્રત્યે માણસનું ધ્યાન તરત જ કેન્દ્રિત થઈ જાય છે, એમને પછી પોતાની આસપાસ બીજું કંઈ દેખાતું નથી. આવા લોકોનું જીવન પ્રત્યેનું વલણ નકારાત્મક હોય છે એટલે એમને મોટો સફેદ પડદો નહિ પણ નાનો કાળો ડાઘ જ દેખાય છે.

આવા લોકોને પછી જીવનમાં કંઈ સિદ્ધિ મેળવવામાં મુશ્કેલી પડે છે, એમને જીવનમાં 'કાળો ડાઘ' નિષ્ફળતાઓ જ દેખાય છે અને આ નિષ્ફળતાઓ એની અંદર રહેલાં નકારાત્મક વ્યક્તિત્વને પુષ્ટિ આપે છે. જીવનનાં દુઃખદ સંજોગો પર એમની દૃષ્ટિ મંડાયેલી રહે છે.

પરન્તુ જે લોકો 'કાળા ડાઘ' ને નહિ પણ પ્રથમ સફેદ પડદાને જુએ છે એમનું જીવન પ્રત્યેનું વલણ વિધાયક હોય છે. એમનું વ્યક્તિત્વ જ એવું ઘડાયું હોય છે કે એમને નિષ્ફળતાના નહિ પણ સફળતાના વિચારો જ આવે છે. એમને ખાતરી હોય છે કે, ગમે તેવી આર્થિક મંદીમાંથી, જીવનની ગમે તેવી મુશ્કેલીમાંથી છેવટે બહાર આવી જ શકાશે. નિષ્ફળતા મળે તો એ એથી ભાંગી પડતો નથી કે પોતે જે કરવા ધાર્યું હોય એમાંથી એ પીછેહઠ કરતો નથી.

એટલે માણસના વ્યક્તિત્વનાં જે નકારાત્મક અને વિધાયક એવાં બે પાસાં છે એમાંથી વિધાયક વ્યક્તિત્વનું પાસું પ્રબળ રહે અને નકારાત્મક વ્યક્તિત્વનો હાથ ઉપર ન આવે એ જોવું જોઈએ. માણસ વિચારપૂર્વક જાગૃતિથી અને સંકલ્પથી પોતાનાં વ્યક્તિત્વને વિધાયક બનાવી શકે છે. જીવનને સરસ–સુંદર બનાવી શકે છે.

આપણે પણ આપણા જીવનને સમગ્ર રીતે જોઈશું તો લાગશે કે જીવનમાં એવું ઘણું બધું બને છે કે જે આપણા જીવનને રસકસવાળું, સમૃદ્ધ અને સુંદર બનાવી શકે છે. આ દુનિયામાં માત્ર ખરાબ વસ્તુઓ જ નથી બનતી, માત્ર 'કાળા ડાઘ' જ નથી પડતા, ઘણી સારી વસ્તુઓ પણ બને છે અને એમાંથી આપણને પણ આપણો હિસ્સો મળે જ છે. મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓની પાર આપણે જોઈશું તો આપણને ઘણું બધું એવું મળશે જેણે આપણા જીવનને જીવવા જેવું બનાવ્યું છે.

આપણા પ્રિયજનો, આપણી આસપાસનું સુંદર વાતાવરણ, આપણા જીવનને અર્થ આપતી નાની મોટી અનેકવિધ વસ્તુઓ, આપણને મળેલા સારા સાથીઓ, મિત્રો અને સંબંધીઓ–આ બધું જ આપણને આપણું જીવન જીવવા યોગ્ય બનાવવામાં સહાય કરે છે. આપણે જીવનના વિશાળ શ્વેત પડદા પરના નાના કાળા ડાઘને માત્ર જોવાને બદલે શ્વેત પડદા પર દેખાતા અનેકવિધ સોનેરી તારકો પર મીટ માંડીશું તો આપણને આપણું જીવન અર્થપ્રદ જીવવા માણવા યોગ્ય લાગશે.

– ચં. મ.

જવાન ફંડ

તા. ૧૯-૧૨-૭૧ રવિવારના રોજ સંઘના આશ્રયે શ્રીયુત્ ચીમનલાલ ચકુભાઈ શાહનું 'રાષ્ટ્રીય કટોકટી' ઉપર જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. એ વ્યાખ્યાનના અંતે શ્રીયુત્ રસિકભાઈ ઝવેરી તરફથી દરખાસ્ત આવી કે યુદ્ધમાં ઘાયલ થયેલા તેમજ માર્યા ગયેલા જવાનો તેમ જ તેના કુટુંબ માટે આપણે આપણી ફરજ વ્યક્ત કરવા માટે કંઈક કરવું જોઈએ. આ તેમના વિચારને આવકારવામાં આવ્યો અને એ સભામાં જ 'જવાન ફંડ'ની શરૂઆત કરવામાં આવી, તેમાં ભરાયલી રકમોની યાદી નીચે આપવામાં આવી છે અને પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો, સંઘના સભ્યો તેમ જ પ્રશંસકોને પોતાની શક્તિ પ્રમાણે આ ફંડમાં પોતાની રકમ સત્વર મોકલી આપવા આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે. આ ફંડમાં નાણાં ભરનારને કરમુક્તિનો લાભ મળે એ માટે એની પહોંચો શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિમાંથી આપવામાં આવશે. એટલે જે ગૃહસ્થો ચેક મોકલે તેમને PARMANAND KAPADIA SMARAK NIDHI એ નામનો ચેક મોકલવા વિનંતી છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

૨૫૦૧	શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી	૨૫૧	શ્રી ચીમનલાલ જે. શાહ	૫૧	શ્રી દીપચંદ ત્રી. શાહ
૧૦૦૧	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	૨૫૧	શ્રી ભવાનજી મુ. ભોજાણી	૫૧	શ્રી જસુદબેન રમણીકલાલ શાહ
૧૦૦૧	શ્રી સુબોધભાઈ એમ. શાહ	૧૦૧	શ્રી પ્રભુદાસ લીલાધર	૫૧	શ્રી ઈન્દ્રકુમારભાઈ
૧૦૦૧	શ્રી. એ. જે. શાહ	૧૦૧	શ્રી વીસનજી વેલજી	૫૧	શ્રી રમણીકલાલ દલીચંદ શાહ
૧૦૦૧	શ્રી ચીમનલાલ પી. શાહ	૧૦૧	શ્રી અમર જરીવાળા	૫૧	શ્રી હીરાલાલ અનોપચંદ
૧૦૦૧	શ્રી. કે. એમ. દીવાનજી	૧૦૧	શ્રી જશવંતભાઈ	૫૧	મે. એચ. દીપચંદ એન્ડ કું.
૧૦૦૧	શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી	૧૦૧	શ્રી અજિતભાઈ દેસાઈ	૫૧	શ્રી તલોપચંદ હજારીમલ
૫૦૧	શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરી	૧૦૧	શ્રી નંદલાલ તારાચંદ વોરા	૫૧	શ્રી વાડીલાલ નંદલાલ કારભારી
૫૦૧	શ્રી કુવાડિયા	૧૦૧	શ્રી કલ્યાણજી ઠાકરસી તલસાણિયા	૫૧	શ્રી સેવંતીભાઈ શાહ
૫૦૧	શ્રી ઈન્દુમતિબહેન મુનસીફ	૧૦૧	શ્રી દિલીપકુમારભાઈ	૫૧	શ્રી જયંતીલાલ જે. ગાંધી
૨૫૧	શ્રી કાન્તિભાઈ વોરા	૧૦૧	પ્રો. રમણલાલ ચી. શાહ	૫૧	શ્રી મણિલાલ કે. સંઘવી
૨૫૧	શ્રી ટોકરસી કે. શાહ	૧૦૧	શ્રી ઘેલા કુરપાળ શાહ	૨૫	શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૨૫૧	શ્રી ફતેહચંદ લલ્લુભાઈ શાહ	૧૦૧	શ્રી ભટ્ટીકલાલ શાહ	૨૫	શ્રી પોપટલાલ પ્રેમજી
૨૫૧	શ્રી દામજીભાઈ વેલજી શાહ	૧૦૧	શ્રી શાંતિલાલ મગનલાલ શાહ	૨૫	શ્રી પ્રભુદાસ પુંજાણી
૨૫૧	શ્રી દેવચંદ રવજી ગાલા	૧૦૧	શ્રી નીરૂ એન્ડ કું.	૨૫	શ્રી જયંતીલાલ તુરખિયા
૨૫૧	શ્રી બાબુભાઈ જી. શાહ	૧૦૧	શ્રી રાયચંદ કોરશી	૧૧	શ્રી સુશીલાબહેન ઝવેરી
૨૫૧	શ્રી દામજી શામજી	૧૦૧	શ્રી નેમચંદ નાથાલાલ	૧૧	શ્રી ખેતસી માલસી સાવલા
		૧૦૧	શ્રી મોહનલાલ કે. શાહ		
		૧૦૧	શ્રી તારાબહેન સી. પારેખ	૧૪૯૨૦	

☆ સામાજિક ન્યાયની દિશામાં ☆

[મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે યોજાયલી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી ભોગીલાલ ગાંધીએ આપેલું વ્યાખ્યાન નીચે પ્રગટ કરવામાં આવ્યું છે]

પ્રવર્તમાન સમાજોમાં એકેય સમાજ એવો નથી કે જેણે મૂડીવાદ, સમાજવાદ કે સામ્યવાદના રાહે પોતાના આદર્શો સિદ્ધ કર્યા હોય, અથવા જ્યાં આદિ મૂડીવાદ, આદિ સમાજવાદ કે આદિ સામ્યવાદનાં સ્વરૂપો ટકી રહ્યાં હોય. બધાં રાષ્ટ્રો અને બધા વાદો ક્યાંક ને ક્યાંક અટવાતા રહ્યા છે. આ અટપટી પ્રક્રિયા જેટલી રસપ્રદ છે એટલી બોધક પણ છે.

પહેલાં જોઈએ મૂડીવાદની સિકલ અને તેના રૂપાંતરની પ્રક્રિયા.

મૂડીવાદે તેના આરંભમાં (૧૮મી સદી) ભૌતિક અને આર્થિક ક્ષેત્રે ચમત્કારિક કહી શકાય તેવી શકયતાઓ પ્રગટાવી, અને ઈતિહાસકારોએ - અરે, કાર્લ માર્ક્સ જેવા ક્રાંતિકારી ચિંતકે પણ - એને બિરદાવતાં લખ્યું: "ઈતિહાસના એક તબક્કે મૂડીવાદે અત્યંત ક્રાંતિકારી ભાગ ભજવ્યો છે."

પરંતુ મૂડીવાદનું પ્રભુત્વ સ્થપાતાં, ૧૯મી સદીમાં લેસે ફેરનો સિદ્ધાન્ત જડબેસલાખ સ્થાપિત થયો. આ સિદ્ધાંતનાં મૂળિયાં તો ૧૭-૧૮મી સદીમાં વિકસેલા ભૌતિક - વિજ્ઞાનવાદમાં જોવા મળે છે. ભૌતિક વિજ્ઞાનીઓના કાનૂનોની અસર સામાજિક - ખાસ કરીને આર્થિક - ક્ષેત્ર પર પડવા લાગી હતી. તે મુજબ, જેમ કુદરતી કાનૂનો કોઈની દખલ વિના ભૌતિક ઘટનાઓનું સંચાલન કરે છે, તે જ રીતે કોઈની કશી દખલ વિના મુક્ત હરીફાઈના 'અદશ્ય હાથ'માં આર્થિક તંત્રનું સંચાલન છોડી દેવામાં આવે તો વ્યકિત, અને સમાજ સૌનું હિત આપોઆપ સધાયા વિના ન રહે, એવી શ્રદ્ધા લાંબા કાળ સુધી પ્રવર્તી હતી.

લેસે ફૅરના આ સિદ્ધાંત દ્વારા અર્થશાસ્ત્રીઓએ એવું પ્રતિપાદન કર્યું કે સરકારે આર્થિક તંત્રમાં કશી દખલ ન કરવી અને મુક્ત હરીફાઈના ધોરણે મુક્ત વ્યાપાર તથા મુક્ત ઉદ્યોગોને પૂરો અવકાશ આપવો. સરકારે તટસ્થતાના આ અંચળા હેઠળ હળાહળ અન્યાયને એક બાજુ રક્ષણ આપ્યું. બીજી બાજુ પ્રચલિત સ્થિતિને પડકારનારાઓ ઉપર દમન-અત્યાચારોની ઝડી વરસાવી. પરિણામે, સ્વાભાવિક રીતે જ શોષકો અને શોષિતો વચ્ચેનો સંઘર્ષ ઉગ્ર રૂપ ધારણ કરી રહ્યો. આ સંઘર્ષને નૈતિક રાજકારણી સંદર્ભમાં રજૂ કર્યો વિલિયમ ગૉડવિને Enquiry Concerning Political Justice (૧૭૯૩) દ્વારા. એમાંથી પ્રેરણા લઈને વડઝવર્થ, કૉલરિજ, સાઉથે અને શેલી જેવા કવિઓએ માનવીય રુંધામણને વાચા આપી. ચાર્ટિસ્ટ આંદોલનના નેતા ઓકોનોર અને પત્રકાર કૉબેટે એને પુષ્ટિ આપી. આશ્ચર્ય તો એ વાતનું છે કે રોશડેલનો ઉદ્યોગપતિ જૉન બ્રાઈટ, બર્મિંગહામનો બૅંકર વેપારી ટૉમ્સ અૅટવુડ, કૉન્ઝર્વેટિવ નેતા રૉબર્ટ પીલ અને બૅન્જમિન ડિઝરાયલી, તથા લૉર્ડ શેફ્ટસબરી જેવો ઉમરાવ પણ મૂંગો ન રહી શકયો. અલબત્ત, 'લટ્ટાઈટ' કહેવાતા કામદાર જૂથે તો આવેશમાં આવીને સંચા અને યંત્રોની ભાંગફોડ આદરી; અન્ય કામદાર જૂથોએ સભા-સરઘસો દ્વારા રાજ્યસત્તાને સીધો પડકાર ફેંકયો. ખાસ ઉલ્લેખ કરવા જેવી હકીકત એ છે કે બ્રિટનના મહિલા મહામંડળે પાર્લામેન્ટ પાસે પરિસ્થિતિમાં સુધારા કરાવવા અને પુખ્ત વયનો મતાધિકાર સ્વીકારવા ઝુંબેશ ઉપાડી.

ટૂંકમાં 'લેસે ફૅર' ના સિદ્ધાંતનું બિહામણું અને દંભી રૂપ ખુલ્લું પડ્યું: રાજ્યની પાસે તેનું ઈન્સાફી કર્તવ્ય બજાવરાવવા માટેનું દબાણ કારગત બનતું ગયું. એક પછી એક કાયદા દ્વારા, એક બાજુ કામદારોને રાંરક્ષણ અપાતું ગયું; બીજી બાજુ કરોડપતિઓના મનસ્વી શોષણ ઉપર કાપ મુકાતો ગયો. રાજ્યની દખલ શોષકોને બદલે શોષિતોના પક્ષે વધારે વધતી ગઈ...

આ જ અરસામાં દૂરંદેશી ચિંતકોએ એવી ય આગાહી કરી કે જો રાજ્યના હાથે અર્થતંત્રમાં અત્યધિક દખલ થશે તો પણ મહાહાનિ થવા પામશે. માર્કિવસ દ. આર્ગુસોનાના ઈ. સ. ૧૭૫૩ના કથન મુજબ; "વધારે સારા રાજ્યશાસન માટે અલ્પ શાસન હોવું આવશ્યક છે." જૅફર્સનના શબ્દોમાં "શાણપણ એ વાતમાં છે કે જે પ્રજા ઉપર ઓછામાં ઓછું રાજ્યશાસન હશે તે શ્રેષ્ઠ શાસિત પ્રજા હશે." [૧]

ઈતિહાસ સાક્ષી પૂરે છે કે, પશ્ચિમના દેશોનો પ્રશિષ્ટ મૂડીવાદ રૂપાંતરની પ્રક્રિયામાં આગળ વધતો રહ્યો છે. ૨૦મી સદીની ત્રીસી પછીના દાયકાઓમાં સામાજિક ન્યાયની દિશામાં તેની પ્રતિમા "કલ્યાણ રાજ્ય" (વેલ્ફેર સ્ટેટ) રૂપે વિકસવા લાગી. ૨૦મી સદીના પૂર્વાર્ધના અંત સુધીમાં તેણે ખાસી હરણફાળ ભરી, જેમાં શોષણની નાબૂદી નહિ, શોષણ ઉપર ખાસું નિયંત્રણ શકય બન્યું. વધતા પગારો - વેતન ઉપરાંત ઘણી બધી સામાજિક સેવાઓ (સગવડો) નો લાભ શ્રમજીવીઓને મળતો થયો. બેકારોને પોષણ - ભથ્થું આપીને રાજ્યે એક મોટી જવાબદારી સ્વીકારી લીધી. નાણાકીય વ્યૂહ અને કરવેરાના માળખા દ્વારા વ્યકિતગત આવકની ટોચ અને ભોંય વચ્ચેનું અંતર ઘટાડાતું રહ્યું. જો કે, આ બધા છતાં મૂડીવાદનું મૂળ થડિયું તે મિલકત ઉપરની થોડાંક સ્થાપિત હિતોની પકડ. મૂડીવાદી, 'કલ્યાણ રાજ્ય' હજી એને નહિ જેવી અસર પહોંચાડી શકયું છે.

મૂડીવાદના આ મર્યાદિત રૂપાંતરનું શ્રેય કામદાર અને મધ્યમ વર્ગનાં વ્યાવસાયિક સંગઠનો અને આંદોલનો તથા પ્રજાની લોકશાહી જાગૃતિની વધતી જતી માત્રા ઉપરાંત મૂડીવાદી કહેવાતી સરકારોનાં પોતાનાં સામાજિક સમતુલા જાળવવા માટેનાં, અનિવાર્ય પગલાં,- આ સૌ પરિબળોને છે. આ અને ઈતર રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય પરિબળો હવે પછી આ દિશામાં કેવો અને કેટલો નિર્ણાયક ફાળો આપે છે તે તો ઈતિહાસ જ કહેશે. પરંતુ, એટલું નિશ્ચિત છે કે ૧૮ મી - ૧૯ મી સદીના 'લેસે ફૅર' મૂડીવાદની સિકલ ન ઓળખાય એટલી હદે ફેરવાઈ રહી છે; અલબત્ત, આ પરિવર્તન કાયાકલ્પની કક્ષાનું નથી જ.

સામાજિક ન્યાયની દિશામાં, મૂડીવાદથી સર્વથા વિરોધી પ્રયોગ તે માર્ક્સવાદી સમાજવાદ, જે ક્રાંતિકારી વિપ્લવના એકમાત્ર વૈજ્ઞાનિક માર્ગ તરીકે પોતાને ઓળખાવે છે તેણે મૂડીવાદના મૃત્યુ-ઘંટની આગાહી કરી છે. ખાનગી મિલકત અને શોષણની સંપૂર્ણ નાબૂદીનો તે ઈરાદો સેવે છે.

આ માર્ક્સવાદી સમાજવાદ, જ્યાં ક્રાંતિ થઈ નથી ત્યાં પ્રચલિત વર્ગવિગ્રહને બહેકાવીને (Accentuating) [૨] તેને ક્રાંતિના સાધન તરીકે વાપરવા મથે છે અને રાજ્યસત્તા પ્રાપ્ત થતાં જ ક્રાંતિદ્રોહીઓના તમામ હલ્લાઓને ધરમૂળથી ખતમ કરવા સારું કામદાર વર્ગની (એટલે કે વ્યવહારમાં કમ્યુ. પાર્ટીની) સરમુખત્યારીનો

---

૧. આ પછી ઍકટનનું સૂત્ર: "એ સરકાર ઉત્તમ છે જે ઓછામાં ઓછું શાસન કરે છે."

૨. માર્ક્સવાદી સિદ્ધાંત અનુસાર 'વર્ગવિગ્રહ' નો સ્વીકાર કરવો એ કંઈ ક્રાંતિનું લક્ષણ નથી. એ તો હકીકત છે, જે મૂડીવાદી વિચારકો પણ સ્વીકારે છે. ક્રાંતિકારી નીતિનું લક્ષણ તેને ધાર ચડાવીને તેનો ઉપયોગ ક્રાંતિ સિદ્ધ કરવામાં છે ...

અમલ શરૂ કરી દે છે. આ સરમુખત્યારીને 'વચગાળાના સમય માટેની અનિવાર્ય આવશ્યકતા' તરીકે પુરસ્કારવામાં આવે છે. પરંતુ જ્યાં સુધી વર્ગવિહીન સમાજ સ્થપાય નહિ, અને રાજ્યના વિલિનીકરણની કક્ષાએ સમાજ પહોંચે નહિ ત્યાં લગી (!) એટલે કે કલ્પી ન શકાય એટલા લાંબા કાળ સુધી, આ સરમુખત્યારશાહીનો 'વચગાળો' ચાલુ રહેવાનો!

આવા એકલક્ષ્યુ સર્વસત્તાવાદી શાસનને હસ્તક ઉત્પાદનમાં અને વિતરણનાં તમામ સાધનો તથા મિલકતો રહે છે ત્યાં મિશ્ર અર્થતંત્રને કે મુકત હરીફાઈનાં તત્ત્વને કે વ્યકિતગત માલિકીના શોષણને અવકાશ નથી. પરંતુ જેમ જેમ જૂના શોષક વર્ગની નાબૂદી થતી જાય છે તેમતેમ નોકરશાહો - મેનેજરો - ટેકનોક્રેટ્સ અને પાર્ટી - આગેવાનોનો એક નવો જ વર્ગ ઊભો થાય છે. તેમના હાથમાં કશી મિલકતની માલિકી ન હોવા છતાં, તેઓ વર્તમાનયુગી માલિકો અને મેનેજરો - ટેક્નિશિયનો કરતાં વધુ સત્તા અને ઘણો બધો વૈભવ ભોગવતા થાય છે.

જે પ્રજાજનો આ સત્તાધારીઓની માન્યતા, ઈચ્છા અને આજ્ઞાને વશવર્તી ચીંધ્યાં કામ શિસ્તબદ્ધ રીતે પાર પાડે છે, તેમના ઉપર શાષકોની મહેર વરસે છે અને ત્યાં મોટા ભાગની પ્રજા આમ જ વર્તે છે; કેમ કે સમસ્ત જીવનવ્યવહાર ઉપર (રોજી - રોટીથી શરૂ કરી માનસિક-બૌદ્ધિક અને સર્જનાત્મક સહિત તમામ માનવ-વ્યાપારો ઉપર) એકાકી પાર્ટીશાસકોની આણ પ્રવર્તતી હોઈને બીજા કશા માટે અવકાશ જ રહેતો નથી! આવા ચોકઠાની અંદરની માનવ-જીવનની પરિપાટીને કેવળ આર્થિક - ભૌતિક સગવડની કસોટીએ 'સમાજવાદ' નામ આપી શકાય. બહુ બહુ તો આપણે એને 'સર્વસત્તાવાદી સમાજવાદ' કહી શકીએ.

પરંતુ આનો અર્થ એવો નથી કે સામ્યવાદના આ આદિ રૂપમાં કયાંય કશો ગોબો પડયો નથી; અથવા તો અખંડિત રહી શકયું છે. સ્તાલિનના મૃત્યુ બાદ (૧૯૫૩થી) દુનિયાભરનાં સામ્યવાદી આંદોલનોમાં 'પુનર્વિચાર'નું પૂર આવીને થોડુંક ધોવાણ કરી, પસાર થઈ ગયું છે. છતાં, પૂર્વ યુરોપના દેશોમાં ખાસ કરીને ચેકોસ્લોવાકિયા, પોલાંડ અને હંગેરી જેવા દેશોમાં રાજકીય શૈલીમાં અને યુગોસ્લાવિયા જેવામાં આર્થિક શૈલીમાં પરિવર્તનો ડોકાયાં છે. ખુદ રશિયા પણ એનાથી બાકાત નથી. છતાં એકપક્ષી સરમુખત્યારી નીચે જ આ પ્રયોગો થતા રહ્યા હોઈને પરિવર્તનો પ્રભાવક બન્યાં નથી. એકમાત્ર ચેકોસ્લોવાકિયા અપવાદરૂપ ગણાય. ત્યાં સામ્યવાદી સત્તાના મૂળભૂત માળખામાં જ ફેરફાર કરવાની હિમત થઈ, પણ તેનું ગળું ઘોંટી દેવાયું ...!

સામાજિક ન્યાયની અભિપ્સાએ જન્માવેલો ત્રીજો વિચાર છે: સમાજવાદ અથવા પ્રશિષ્ટ સમાજવાદ. આ સમાજવાદ, એક બાજુ, મૂડીવાદી કલ્યાણરાજ્યની પાયાની ક્ષતિને પકડીને આગળ ચાલે છે. દા. ત. ખાનગી મિલકત અને ઉત્પાદનનાં સાધનો ઉપરની ખાનગી માલિકીને કારણે શોષણને નાથવાનું નહિવત્ બને છે, એમ સમજીને તે આવકની અને મિલકતની અસમાનતાને એકીસાથે નાથવા મથે છે. બીજી બાજુ, તે માર્કસ્વાદી સમાજવાદના માર્ગને સ્થાને લોકશાહી માર્ગને પસંદગી આપે છે અને સત્તા પ્રાપ્ત કર્યા પછી સામ્યવાદની 'વચગાળાની સરમુખત્યારશાહી'ને સ્થાને પાર્લમેન્ટરી પદ્ધતિ અને બંધારણીય માર્ગે આગળ વધવા માગે છે. આમ છતાં, ક્રાંતિના સાધનરૂપે સામ્યવાદીઓ જેને ચાવીરૂપ લેખે છે ને વર્ગવિગ્રહમાં આ સમાજવાદીઓની શ્રદ્ધા ટકી રહી હોઈને તેમની ક્રાંતિપૂર્વેની કારવાઈ દુષિત રહે છે. પરિણામે આર્થિક ક્ષેત્રે મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કરવા છતાં, તે અર્થતંત્રનાં મુખ્ય અને મોટા ભાગનાં ઘટકો ઉપર રાજ્યની માલિકી અથવા નિયંત્રણનો આગ્રહ રાખે છે; સહકારી પદ્ધતિને બીજું સ્થાન આપે છે; અને 'ખાનગી' ઉદ્યોગ - વ્યવસાયો નાછૂટકે નભાવી લે છે.

આ પ્રશિષ્ટ સમાજવાદ લોકશાહી ચૂંટણીઓ દ્વારા સત્તામાં આવે છે એ સાચું, અને સમાજવાદની સ્થાપના માટે લોકશાહી બંધારણનો ઉપયોગ કરે છે તેય સાચું; પરંતુ તેનો મુખ્ય ઝોક રાજ્યસત્તાના વધુમાં વધુ વિનિયોગ દ્વારા સમાજવાદને ઉપરથી ઠોકી બેસાડવાનો હોઈને, રાજ્યસત્તા પ્રાપ્ત કરવા સુધી જ, અથવા બીજાં કેટલાંક વરસો લગી તે લોકશાહીના બંધનમાં રહે છે. દરેક નવું ડગલું ભરવા માટે તેને સત્તા - ઑર્ડિનન્સ જેવી આપખુદ સત્તા - ની ગરજ દેખાય છે... પરિણામે ઈચ્છાએ કરીને અથવા તો બાહ્ય ધક્કાને કારણે, સામ્યવાદી અગર બીજા પ્રકારની આપખુદી સુધી તે ઘસડાઈ જાય, છે; અથવા એવો ભય તો રહે જ છે.

આ પ્રશિષ્ટ સમાજવાદનું રૂપાંતર, એક બાજુ સામ્યવાદી સમાજવાદમાં થાય છે; તો બીજી બાજુ ક્વચિત્ તેની ગતિ લોકશાહી સમાજવાદની દિશામાં થાય છે.

'લોકશાહી સમાજવાદ' નો આ પંથ સામ્યવાદની ત્રણે શ્રદ્ધાઓ (વર્ગ - વિગ્રહ, હિંસક માર્ગ, સરમુખત્યારશાહી)થી સર્વથા વિરોધી છે. વર્ગવિગ્રહનો ઉપયોગ સામાજિક ન્યાયની સિદ્ધિ માટે કરવામાં તે ગંભીર જોખમ જુએ છે. લોકશાહી માળખા કરતાં તેનું સત્ત્વ, તેનો સ્પિરિટ, તેની પ્રક્રિયા વિશે જાગ્રત રહીને, બંધારણીય માળખામાંની અંતિમ સત્તાઓનો ઉપયોગ અત્યંત સાવધાનીપૂર્વક અને નાછૂટકે કરવામાં તે શાણપણ લેખે છે. કેમકે તે એને ભાવિ સ્વસ્થ સમાજના ઉદયની સાચી ચાવી સમજે છે.

અર્થતંત્રમાં ય તે વિકેન્દ્રિત અને વ્યકિતગત અભિક્રમ ઉપર ભાર મૂકે છે. જ્યાં વ્યકિતગત ધટકોનું સંચાલન સામાજિક હિત વિરોધી નીવડે ત્યાં અથવા જે ઉદ્યોગોમાં ખાનગી ઉદ્યમ અશકય હોય ત્યાં તે સામાજિક પ્રતિનિધિઓના કાબૂ નીચે તેનું સામાજિકરણ અથવા 'રાષ્ટ્રીયકરણ' આવકારે છે.; નાછૂટકે રાજ્ય હસ્તકના 'રાજ્યીકરણ'ને બહાલી આપે છે. મધ્યમ કક્ષાનાં ઘટકોમાં તે 'સહકારીકરણનો પુરસ્કાર કરે છે.[૩] અને ખેતી તથા નાના ઉદ્યોગોને વૈયકિતક માલિકીમાં રહેવા દેવામાં વ્યકિત અને સમાજનું શ્રેય સમજે છે.

આમ, લોકશાહી સમાજવાદ રાજકીય ક્ષેત્રની લોકશાહીના જેટલું જ પ્રાધાન્ય આર્થિક ક્ષેત્રની લોકશાહીને આપે છે. આથી તે વિકેન્દ્રીકરણ અને વૈયકિતક અભિક્રમને પાયાની વાત લેખે છે.

સામાજિક ન્યાયની દિશાના આ ચાર પ્રયોગો છે. (ગાંધીના સર્વોદયી અને વિનોબાના સામ્યયોગી પ્રયોગોનો અહીં સમાવેશ નથી કર્યો). મૂલ્ય દષ્ટિએ અહીં તેમનું પૃથક્કરણ કર્યું છે. પરંતુ અનેકવાર એવું બને છે કે કદી નહિ ઈચ્છેલી એવી પરિસ્થિતિમાં રાષ્ટ્ર ફંગોળાઈ જાય છે અને ત્યારે, તે કોઈ એક જ માર્ગને જળોની જેમ પકડી રાખી શકતું નથી. પોતાની પરિસ્થિતિ અને શકિત તથા જાગૃતિના જોરે તે સંકટમાંથી બહાર આવવાના પુરુષાર્થમાં Isms (વાદો) ને ઓળાંડીને, સૂત્રો અને લેબલોને ગૌણ ગણીને, અવનવા સાહસપૂર્ણ અખતરા કરે છે. અલબત્ત, કેવળ તકવાદી, તાત્કાલિક લાભની આ વાત નથી; બાહ્ય પરિસ્થિતિમાં આમથી તેમ ફંગોળાતા રહીને અનાયાસે બચી જવાની વાત નથી. અહીં તો મૂળભૂત મૂલ્યોને લક્ષમાં રાખીને જ, સાચી દિશા ચૂકી ન જવાય એટલી સ્વસ્થતા સાથે જ, કદમ ઉઠાવવાની - બદલવાની લવચીકતાનો ઈશારો છે ...

આવા જાગ્રત પુરુષાર્થ દરમ્યાન - બલ્કે એની તાવણીમાં - 'ઈઝમ્સ' પણ રૂપાંતર પામતાં રહી સામાજિક ન્યાયની દિશાને અનુસરે છે.

—ભોગીલાલ ગાંધી

---

૩. પ્રશિષ્ટ સમાજવાદમાં સામાજિકીકરણ (Socialization), રાષ્ટ્રીયકરણ (Nationalization), રાજ્યીકરણ (Statization) અને સહકારીકરણ (Co-operativization)ના ભેદો મોટે ભાગે ભૂંસાઈ ગયા હતા તે લોકશાહી સમાજવાદમાં સ્પષ્ટ બને છે.

☆ મોટો સમ્રાટ આવે તો પણ.... ☆

વખત ઘણો ઓછો હતો અને કામ હજી ઠીકઠીક બાકી હતું. મહેમાનોને આવવાની હવે બહુ ઝાઝી વાર નહોતી. ફૂલદાનીમાં તાજાં ફૂલો ગોઠવ્યાં. કાચના કબાટમાં ગોઠવેલાં પુસ્તકો ઠીકઠાક કરી લીધાં અને તેમાંથી વીણીને થોડી સાહિત્યસામગ્રી દીવાનખાનાની ટિપૉય પર મૂકી. ખૂણામાં મૂકેલી સિતારને બરાબર સાફ કરી ઉપરના કમરાના ગાલીચા પર ગોઠવી અને બાજુમાં ધૂપસળી પ્રગટાવી.

ખાસ કરવાનું હવે કંઈ યાદ આવતું નહોતું. છેલ્લે અગાશી જોવા ગઈ તો ત્યાં પણ બધું બરાબર જ હતું. છેડા પરના ફ્લાવર-બેડમાં જાંબલી રંગના ફૂલો હારબંધ શોભી રહ્યા હતાં. ફૂલોથી જ અગાશી મજાની ભરીભરી લાગતી હતી. નાની હતી ત્યારે આવા જ જાંબલી રંગનો ચાંલ્લો કરવાનો ખૂબ શોખ હતો એનું સ્મરણ થતાં દાદીમા પણ યાદ આવ્યા. કપાળમાં જાંબલી રંગનો ચાંલ્લો જોઈ તેઓ ભારે ખીજવાઈ જતાં: "એ ય મજાનો લાલ રંગનો ચાંદલો કરતી હોય તો! જાંબલી રંગનો તે વળી ચાંદલો હોતો હશે?"

આછા રંગના ચાંલ્લાની આજની ફેશન અને વિવિધ રંગોમાં કાળાનો પણ સમાવેશ થયેલો આજે દાદીમા જુએ તો શું કહે એ વિચારે ચડી ગઈ. ત્યાં એકાએક એક વાતનો ખ્યાલ આવતાં ચમકી. અરેરે! જાંબલી રંગનાં ફૂલોની આ શોભા મહેમાનો નહીં જ જોઈ શકે! એક ઉપાય વિચારી ફૂલોની ક્યારી પાસે જઈ નરમાશથી બોલી: 'આમ તો તમે દિવસના અમુક કલાક ખીલીને તમારી સુંદર પાંખડીઓને સમેટી લો છો પરંતુ આજે, કેવળ આજના દિવસ પૂરતું જ... કંઈ નહીં તો મહેમાનો આવી જાય એટલો જ વખત થોભી જશો તો બહુ મજાનું લાગશે. એ લોકો જાય પછી તો કંઈ વાંધો ન... મારું કહેવાનું પૂરું થાય એ પહેલાં તો બધાં જ ફૂલો ખડખડાટ હસી પડ્યાં. "આ શું? આટલું બધું હસવાનું? એવું તે હું શું બોલી છું?"

શાન્ત દેખાતા એક મોટા ફૂલે બધાને ઈશારો કરી ચૂપ રહેવા સમજાવ્યું ને જવાબ આપવા પોતાની પાંખડીઓ હલાવી. પણ હજી કેટલાંક નાનાં ફૂલો રહીરહીને હસતાં જ હતાં. એમનો અવાજ સાંભળી મોટા ફૂલે દૃઢતાપૂર્વક તેમના તરફ નજર સ્થિર કરી કે તેઓ એકદમ ચૂપ થઈ નીચું જોઈ ગયાં.

"મહેમાનોને સત્કારવા તું જે જહેમત ઉઠાવી રહી છે તે અમે સૌ કયારનાં જોઈ રહ્યાં છીએ. સરસ વાચનસામગ્રી મહેમાનની દૃષ્ટિ પડે એ રીતે તેં ટિપૉય પર મૂકી, પરંતુ તમારા આચારમાં એ સરસતા અમે નિહાળી નથી. સિતારને પણ તેં ગાલીચા પર ગોઠવીને એ રીતનું વાતાવરણ ઊભું કર્યું કે જાણે નિત્ય સંગીતનો કોઈ અભ્યાસ ન કરતું હોય! આ સિવાય તારા સાહિત્યનો ખજાનો મહેમાનોને બતાવવા પુસ્તકોનાં અને તેના ખ્યાતનામ લેખકોનાં નામ બરાબર વંચાય છે કે કેમ એ જોવા બે વાર તેં ત્રણ-ચાર ડગલાં હઠીને દૂરથી જોઈ ખાતરી કરી. કોઈ આવવાનું હોય ત્યારે ઘરને સ્વચ્છ વ્યવસ્થિત કરવામાં આવે એ ઠીક છે, પણ ખરેખર જે નથી તેનો દેખાવ કરવો એ અમારે મન તો ગુનો જ છે. તારી અંગત વાત હોઈ જો કે અમારે તો કંઈ બોલવું જ નહોતું, પરંતુ મહેમાન ખાતર અમને પણ થોભી જવાનું તેં કહ્યું એટલે અત્યાર સુધી માંડમાંડ હસવું દબાવીને બેઠેલાં આ બધાં ફૂલોથી રહેવાયું નહિ. માઠું ન લગાડીશ, પણ તારે ત્યાં મોટો સમ્રાટ આવે તો પણ અમે તો જે છીએ તે જ રહેવાનાં. આમ તો રોજ બે-ચાર કલાક અમે ખીલીએ છીએ તો પછી અમારા સ્વભાવમાં ખરેખર જે નથી તે શીદને બતા.....?

આટલું કહેતાં તો પોતાનો સમય થઈ જતાં ટપોટપ બધાં જ ફૂલો પાંખડી સંકોરી સૂઈ ગયાં. હું સ્તબ્ધ બની ગઈ. ઘડી પહેલાંની જાંબુડી રંગથી શોભતી ભરીભરી ક્યારીમાં રહ્યો કેવળ લીલો રંગ.....!

"કેટલું હસ્યાં એ બધાં? અને મોટા ફૂલે તો કેવું કેવું કીધું?" આકરું, પણ સાચું તો ખરું...સાજીનરવી હતી તોય જાણે નબળાઈ વરતાવા લાગી. પગમાં જાણે ઝમઝમાટી થતી હતી. ધરતી પર જડાયેલાં પોપચાં ઉઠાવી આંગણામાં અને આજુબાજુ નજર કરી તો સૂર્ય સામે તાકી રહેલું પેલું સૂર્યમુખી વળીવળીને ત્રાંસી નજરે મને જોઈ લેતું જણાયું. દિવસ આખો ભારમાં રહેતી રાતરાણી પણ પોતાના બીડેલા હોઠને મરડી છાનું છાનું હસી રહી હતી. અરે! અરે! પણ આ શું?... ચીકુ, પપૈયાં, ઊગીને ઊભા થતા હમણાંનો જ આ આસોપાલવ અને બે બદામનો પેલો આકડો બધાં જ એકસાથે કહી રહ્યાં હતાં:" You have to be you... You have to be you... જે છો તે જ બતાવો... તે જ બતાવો ...આંખ આગળ અંધારું ફરીવળ્યું. ચક્કર આવી ગયાં...જાંબલી ફૂલ સાથે સામટી કુદરત ભળીને જાણે પોકારી રહી હતી: "મોટો સમ્રાટ આવે તો પણ જે છો તે જ બતાવો...તેજ બ...તા...!"

—શારદાબેન બાબુભાઈ શાહ.

ઝૂમી નાચી ગાઓ

માનવમહેરામણના મનમાં ઊમટ્યો હર્ષ અનંત;
ઝૂમી નાચી ગાઓ આજે કરો સહુ આનંદ –
કરો સહુ આનંદ.

સ્વતંત્રતાની સરગમ ગાતી તર્જ જય બંગાલ;
દેશભકત લાલોના ખૂને ઉષા આભની લાલ.
વાયુએ સંદેશો દીધો વનરાજીએ ઝીલી લીધો –
ઝૂમી નાચી ગાઓ આજે ...

બંધનમુકત મા કરવા વીરે દીધી નીજ આહુતિ;
પ્રાણથી પ્રગટેલા એ નાદે ઝંકૃત થઈ સંસ્કૃતિ.
કર્ણામૃત કાનોને લાધ્યું હૈયુ નવ બંધાયે બાંધ્યું –
ઝૂમી નાચી ગાઓ આજે ...

નિસર્ગ નર્તને પ્રગટયા સ્વર, મા અમર હો એવાતન;
ચહેરા ખીલ્યા ફૂલ સરીખા પામી પ્યારું વતન.
પ્રભાતની રૂપેરી પાજે ભાનુ ભાગ્યનો ઊગ્યો આજે –
ઝૂમી નાચી ગાઓ આજે ...

ગુરુદેવ શો દીપ પ્રગટાવી સુવર્ણ ભૂમિ ઝળકી;
નુર ગયેલું પાછું મળતાં મુખ રહ્યાં સૌ મલકી.
અમરાઈથી રંગીત સુણાણું ગાવાનું અદ્‌ભુત આ ટાણું -
ઝૂમી નાચી ગાઓ આજે ...

બત્રીસલક્ષણા બલી હોમાયા મા તુજ ખપ્પરમાં;
પ્રચંડ શકિતનો સિંધુ મા હાથો વજજરના.
મહાકાળના તાંડવમાંથી નવનિર્માણ - સંદેશ ઝીલો –
ઝૂમી નાચી ગાઓ આજે ...

—સુશીલા ઝવેરી

સમયનું ગણિત

'જેનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગણિત છે, છતાં જે બધાં જ ગણિતથી પર છે એવો પદાર્થ કયો?' એવો પ્રશ્ન એક ફિલસૂફ - પ્રાધ્યાપકે વર્ગમાં પૂછ્યો.

જાતજાતના ઉત્તરો મળવા લાગ્યા. પ્રાધ્યાપક એ દરેક ઉત્તર આગળ એક ક્ષણ અટકતો અને પછી કહેતો, 'ના'.

એક વિદ્યાર્થીએ ઊભા થઈને કહ્યું: 'મને લાગે છે કે, - સમય.'

'વેટ્સ રાઈટ...' પ્રાધ્યાપકે કહ્યું, "મને પણ એમ જ લાગે છે.'

એક બીજા વિદ્યાર્થીએ તરત જ શંકા કરી: 'તમને લાગે છે એમ કેમ કહો છો? તમે તો પ્રશ્ન પૂછ્યો હતો, એટલે તમને ઉત્તરની જાણ હશે જ ...'

'પ્રશ્ન પૂછનારા જવાબ જાણતા જ હોય છે એવું કયારેય માનતા નહીં, મેં આ પ્રશ્ન પૂછ્યો ત્યારે એનો કોઈ જવાબ મારા મનમાં ન હતો. તમારી સાથે જ મેં પણ એના જવાબો વિચાર્યા, અને મને લાગ્યું કે, બધા જ જવાબોમાં આ 'સમય' સૌથી ઉત્તમ છે...' પ્રાધ્યાપકે ઉત્તર આપ્યો.

પ્રાધ્યાપકે પછી એ ઉત્તરને કઈ રીતે યથાર્થ ઠરાવ્યો તેની વિગતોમાં આપણે ઊંડા ઊતરવાની જરૂર નથી. પણ સમય વિશે જેટલાં ગણિત ગણાય છે, એટલાં કદાચ બીજા કોઈ જ વિષય પર ગણાયાં નથી. ખગોળશાસ્ત્રમાં, ઈતિહાસમાં, જ્યોતિષમાં, ફિલસૂફીમાં, ધ્યાન કે યોગમાં સમયનાં એટલાં તો ગણિતોને કામે લગાડયાં છે કે, એ વિશે ગ્રંથોના ગ્રંથો લખાય તો પણ ઓછા પડે.

સમયનાં બે પરિમાણો છે. એક ગતિનું પરિમાણ છે, બીજું સ્થિરતાનું. બંને એકમેકના તદ્દન જુદા છેડે આવેલાં પરિમાણો છે, છતાં બંને એટલા જ સાચાં છે.

આપણે જેને આલેખી શકીએ છીએ, ગણી શકીએ છીએ કે આંકારી શકીએ છીએ એ ગતિનું જ પરિમાણ છે. ઈસુની બીજી સદીમાં ચોક્કસ ઘટના બની હતી, એ વાત ગતિપ્રવાહમાં એ આગાઉ એ ઘટનાનો અભાવ, અને એ પછીથી એ ઘટનાના સમાવેશનો સૂચક છે.

સમયને આપણે વિગત, સાંપ્રત અને આનાગતના આપણી સગવડતા માટે બનાવેલા વિભાગો દ્વારા ઓળખીએ છીએ. મૌલાના આઝાદે એકવાર એમ પણ કહ્યું હતું કે, વિગત અને આનાગત એ બે જ ખંડો છે અને સાંપ્રત એ તો એક અદશ્ય સમતુલાનું બિન્દુ છે, કારણ કે સાંપ્રતની કોઈ હયાતી જ નથી.

અસ્તિત્વવાદીઓ એથી બીજા અંતિમ પર જાય છે; એ વિગત અને આનાગત બંનેનો કાંકરો કાઢી નાખે છે. સાંપ્રતમાં જ જીવવાની વાત તેઓ કરે છે; એક ક્ષણના ટાપુ પરથી બીજી ક્ષણના ટાપુ પર જવાની તેઓની ફિલસૂફી સમયને કોઈક જુદા જ સંદર્ભમાં જોવા પ્રેરે છે.

પરંતુ આ બંને સમયની ગતિ સાથે સંકળાયેલાં રૂપો છે. શંકરની પરિભાષામાં આ માયાનાં રૂપો છે. ગતિ એ દશ્ય પરિમાણ છે, છતાં માયા છે. સ્થિરતા એ જોઈ શકાતી નથી, છતાં સત્ય છે એવો પણ મત, સમય વિશે ચિંતન કરનારાઓ રજૂ કરે છે.

કાફકાએ એક સરસ બોધકથા કહી છે: એનો નાયક પણ ફિલસૂફ છે અને એને એવી આદત પડી હતી કે ભમરડે રમતાં બાળકોને જોઈ એ દોડતો અને બાળક જેવું ભમરડો ફેરવે કે તરત જ તેને હાથમાં પકડવા દોડતો; પણ હાથમાં ભમરડો પકડાતો ત્યારે જે જોઈને એ દોડતો એ ગતિ નહોતી રહેતી; એના હાથમાં માત્ર લાકડાનો ટુકડો જ આવતો હતો. એને રસ ગતિમાં જ હતો અને ગતિ એને કયારેય મળતી ન હતી. દશ્ય ગતિ પાછળની અદશ્ય સ્થિરતા જ મોટું સત્ય છે, એ વાત અહીં ઉપસાવાઈ છે.

બ્રહ્માંડ પણ જાણે કોઈક લીલાગરે એકી સાથે ફરતા મૂકેલા ભમરડાઓનું જ બનેલું હોય એવી કલ્પના કરવાનું મન થઈ આવે છે! ગતિ એ એનો બાહ્ય પરિવેશ છે - સ્થિરતા એનું કાયમી લક્ષણ છે.

આ છતાં સમયને હળવી રીતે જોતાં ન શીખીએ તો કદાચ આપણે જીવી જ ન શકીએ અને એટલા માટે જ માણસે સમયનાં ગણિતો રચ્યાં છે. આપણે રોજ કૅલેન્ડરનું પાનું ફાડિયે છીએ ત્યારે સમયને ખતમ કરતા હોવાનો સંતોષ મેળવતા હોઈએ છીએ. સમય આપણને નથી ગ્રસતો પણ આપણે સમયને ગ્રસીએ છીએ એવો આભાસ ઊભો કરવા માટેની આપણી આ લીલા માત્ર છે?

તારીખો, ઈતિહાસો, ઘટનાઓ - આ બધાનું મહત્ત્વ કેટલું? નોહાને પેલો મહાન પ્રલય દેખાયો હતો કે પુરાણોમાં જે પ્રલય પછી રચાતાં મન્વંતરોની વાત છે તેને ધ્યાનમાં લઈએ તો આ બધું બાળકોની રમત જેવું લાગે છે. માણસની ઉત્પત્તિને લાખો વરસ થયાં હોવાનું કહેવાય છે, પણ માણસનો ઈતિહાસ તો પૂરાં પાંચ હજાર વરસનો ય મળતો નથી! અને પછી ઈતિહાસ, એના બોધપાઠો, એ બધું સમયનાં કૃત્રિમ રમકડાં જેવું લાગે છે. ગાલિબને કદાચ એટલે જ આ રચના સૂઝી હશે:

બાઝી ચ એ એતફાલ હૈ દુનિયા મેરે આગે,
હોતા હૈ શબોરોઝ તમાશા મેરે આગે.

આ આખું યે જગત મારી સમક્ષ રમતાં બાળકોના ખેલ જેવું છે: મારી સામે રાતદિવસ જાણે કોઈ તમાશો રચાતો હોય એવું લાગે છે.

જો આમ ન હોત તો ૧૫૮૨માં પોપ ગ્રેગરી તેરમાએ કૅલેન્ડરમાંથી દસ દિવસને કમી કરવા સૂચના કરી હતી, એને કૅથોલિક જગતે તત્કાલ સ્વીકારી લીધી ન હોત; અને એ પછી ૧૭૦ દિવસ બાદ બ્રિટનને લાગ્યું કે હવે કૅલેન્ડરમાંથી અગિયાર દિવસ કમી કરવા પડશે! એટલે જે ઈ. સ. ૧૭૫૨ની બીજી સપ્ટેમ્બરની રાત્રિએ સૂતેલો 'સ્કૉટ્સ મેગેઝિન' નો રમૂજી કટારનો લેખક જાગ્યો ત્યારે ૧૪મી સપ્ટેમ્બર હતી; અને છતાં એણે કયારેય કોઈ તપ કરી કુંભકર્ણનું નિદ્રાસન માગ્યું ન હતું. બલ્કે એણે તો લખ્યું 'અગિયાર દિવસની નિદ્રાનો આ ભ્રમ જ હતો; હું જાગ્યો ત્યારે માત્ર સાત કલાકની નિદ્રા પછી મળે એટલી જ તાજગી હતી.'

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન આપણે સમયને એક કલાક આગળ મૂકી દીધો ત્યારે જેમ 'આમને એક કલાક પાછો આપો' એવો અવાજ ઊઠયો હતો. સમયની સાથે જો માણસને જરાસરખી પણ સગાઈ હોત, તો આ એક કલાક પાછો મળ્યા પછી એણે શું કર્યું એનો હિસાબ આપ્યો હોત!

સમયનું ગણિત આમ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે: છતાં એનું કોઈ ગણિત કયારે ય ગંભીર અધ્યયનમાં કામ લાગે છે ખરું?

-હરીન્દ્ર દવે

પ્રજાસત્તાક દિન નિમિત્તે સ્નેહસંમેલન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તેમ જ શુભેચ્છકો માટેનું એક સ્નેહસંમેલન મંગળવાર તા. ૨૫-૧-૭૨, સાંજના ૬-૩૦ વાગ્યે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪.) યોજવામાં આવ્યું છે. આ સ્નેહસંમેલનમાં બુફે ડીનર તથા સુગમ સંગીતનો કાર્યક્રમ રાખેલો હોઈ-સ્નેહસંમેલનમાં જોડાનાર માટે વ્યકિત દીઠ રૂપિયા પાંચ ફાળો રાખવામાં આવ્યો છે. તો આપનાં પ્રવેશપત્રો સંઘના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતિ છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ જાન્યુઆરી ૧૬, ૧૯૭૨ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ શેખ મુજીબુર રહેમાન ☆

શેખસાહેબની બિનશરતી મુક્તિ થયા પછી તેમને લંડન લઈ જવામાં આવ્યા. ઢાકા પહોંચવાની ખૂબ તાલાવેલી હતી છતાં, ત્રણ કલાક દિલ્હી રોકાણ કર્યું એ ઘણું સૂચક છે અને બે દેશો વચ્ચેની ગાઢ મૈત્રીની આગાહી છે. પાલમ વિમાની મથકે સ્વતંત્ર બંગલા દેશના રાષ્ટ્રપતિ તરીકે તેમનું ભવ્ય સ્વાગત કર્યું તે સમયે, ટૂંકું પણ અર્થગંભીર પ્રવચન તેમણે કર્યું તે મનનીય હોઈ અહીં પૂરું આપવામાં આવે છે.

"માન્યવરો અને મિત્રો, મારે માટે આ સંતર્પક ક્ષણ છે. બંગલા દેશ જતાં મેં અહીં તમારા મહાન દેશની આ ઐતિહાસિક રાજધાનીમાં રોકાવાનો નિર્ણય કર્યો, કારણકે મારા લોકોના શ્રેષ્ઠ મિત્ર ભારતના લોકો અને તમારાં જાજવલ્યમાન વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની આગેવાની હેઠળ તમારી સરકાર પ્રત્યે વ્યકિતગત રીતે મારી કૃતજ્ઞતાની લાગણી દર્શાવવા મારે કમમાં કમ આટલું તો કરવું જ જોઈએ. શ્રીમતી ઈન્દિરા ગાંધી કેવળ માનવીના નેતા નથી પણ સમગ્ર માનવજાતના નેતા છે. આ યાત્રાને શકય બનાવવા માટે તમે અથાકપણે કામ કર્યું છે અને વીરતાપૂર્વક ભોગ આપ્યા છે.

"આ યાત્રા અંધકારમાંથી પ્રકાશ પ્રતિની, બંધનમાંથી મુકિતની અને નિરાશામાંથી આશાની યાત્રા છે. છેવટે હું સોનાર બાંગલા, મારી સ્વપ્નભૂમિમાં નવ મહિના બાદ પાછો જઈ રહ્યો છું. આ નવ મહિનામાં મારા લોકોએ જાણે કે સદીઓની કૂચ કરી છે. મને જ્યારે મારા લોકો પાસેથી લઈ જવામાં આવ્યો ત્યારે એમણે આંસુ સાર્યાં હતાં, હું બંધનમાં - કેદમાં હતો ત્યારે તેઓ લડયા અને હવે હું જ્યારે તેમની વચ્ચે પાછો જઈ રહ્યો છું ત્યારે તેઓ વિજયી બન્યા છે.

"હું કરોડો પ્રજાજનોના વિજય-સ્મિતના તેજરાશિમાં પાછો જઈ રહ્યો છું. હવે હું સ્વાધીન, સ્વતંત્ર અને સાર્વભૌમ બાંગલા દેશમાં પાછો ફરી રહ્યો છું. અમારા વિજયને શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિના માર્ગે વાળવાનું જે ભગીરથ કાર્ય અમારા સમક્ષ છે એમાં મારા દેશબાંધવો સાથે જોડાવા માટે હું પાછો ફરી રહ્યો છું.

"હું પાછો જઈ રહ્યો છું ત્યારે મારા મનમાં કોઈના પ્રત્યે ધિક્કારની લાગણી નથી પણ સત્યનો અસત્ય પર વિજય થયો છે, ગાંડપણ પર ડહાપણનો વિજય થયો છે અને કાયરતા પર હિંમતનો વિજય થયો છે—એના સંતોષ સાથે હું પાછો જઈ રહ્યો છું."

આ પ્રવચનમાં શેખસાહેબનું વ્યકિતત્વ પ્રકટે છે. ભાવના અને આદર્શ તરી આવે છે. નવ મહિનાના એકાંત કારાવાસ અને પ્રતિક્ષણ મૃત્યુના ઓળા નીચે રહી, સ્વતંત્ર, સ્વાધીન અને સાર્વભૌમ બાંગલા દેશની યાત્રાએ જાય છે ત્યારે તે યાત્રાને અંધકારમાંથી પ્રકાશ, પરાધીનતામાંથી સ્વાધીનતા અને વિનાશમાંથી આશાની યાત્રા ગણે છે. આ યાત્રાને જેણે ફળીભૂત કરી તેવા ભારત દેશ, તેની પ્રજા અને તેના મહાન નેતા શ્રીમતી ઈન્દિરા ગાંધી પ્રત્યે પૂર્ણ કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરી છે. પોતાની પ્રજા વચ્ચેથી તેમને ઉપાડી લીધા ત્યારે, પ્રજા રડી, પોતે બંધનમાં હતા ત્યારે પ્રજા લડી, અને હવે ફરી મિલન થાય છે ત્યારે પ્રજા મુકત થઈ છે તેનો આનંદ અંતરમાં ઊભરાય છે. નવ મહિનાના ટૂંક સમયમાં બાંગલા દેશની પ્રજાએ સદીઓની કૂચ કરી છે એમ લાગે છે. પોતાની સમક્ષ ભગીરથ કાર્યો પડયાં છે, અને વિજયમાંથી શાન્તિ, પ્રગતિ અને સમૃદ્ધિને માર્ગે જવું છે. કોઈના પ્રત્યે અંતરમાં વેરભાવ નથી પણ પરમ સંતોષ છે કે, અંતે અસત્ય ઉપર સત્યનો અને અનિષ્ટ ઉપર ઈષ્ટનો વિજય થયો છે. આ શ્રદ્ધા તેમનું બળ છે.

શેખ મુજીબુરની બિનશરતી મુક્તિ કરવામાં ઝુલ્ફિકારઅલી ભૂતોએ ડહાપણ બતાવ્યું છે. બીજા દેશોનું દબાણ હશે પણ યાહ્યાખાન અને ભૂતો વચ્ચેનો ફરક દેખાઈ આવે છે. શેખ બચી ગયા, જેલરના માયાળુ અને સમયસૂચક વર્તનથી. જેલર પણ અંતે માનવી છે. આપણા સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન કેટલાય જેલરોની આવી માનવતાનો આપણને પરિચય થયો છે પણ બીજી આશ્ચર્યજનક હકીકત બહાર આવી છે. યાહ્યાખાને ભૂતોને કહ્યું કે, શેખને ફાંસીએ ચડાવી દેવા અને ઘણા દિવસ પહેલા ફાંસી આપી દીધી છે એવું લખાણ કરી આપવા યાહ્યાખાન તૈયાર છે. પણ ભૂતોએ આ વાત ધુત્કારી કાઢી. આ વાત સાચી હોય તો ભૂતોનું મન કઈ દિશામાં કામ કરી રહ્યું છે તેનો ઈશારો મળે છે.

વ્યકિત ઈતિહાસને ઘડે છે અને સમય વ્યકિતને પ્રકટાવે છે. બાંગલા દેશનું ભાવિ ઘડવામાં શેખ મુજીબુર રહેમાન અગ્રસ્થાને રહેશે. શેખસાહેબે જાહેર કર્યું છે કે બાંગલા દેશ, લોકશાહી, બિનસામ્પ્રદાયિકતા અને સમાજવાદના સિદ્ધાંતો સ્વીકારે છે. બધા દેશો સાથે મૈત્રીભર્યા સંબંધો રાખશે. તેમના સ્વાગત માટે દિલ્હી અને ઢાકામાં વિદેશી પ્રતિનિધિઓની મોટી સંખ્યામાં હાજરી હતી તે બતાવે છે કે, સ્વતંત્ર બાંગલા દેશ સ્વીકૃત હકીકત છે. ટર્કી કે ઈરાન જવાની ના પાડી અને બ્રિટન ગયા તે પણ સારું થયું. મુસ્લિમ દેશોને કળ વળતાં કાંઈક વાર લાગશે. ચીન અને અમેરિકા પણ વિલંબ કરશે. પણ દુનિયાના ઘણા દેશો ટૂંક સમયમાં બાંગલા દેશને સ્વીકૃતિ આપશે તેમાં શંકા નથી. બાંગલા દેશને ભારતની પૂરી સહાય તો રહેશે જ, પણ બીજા દેશોની સહાનુભૂતિ અને સક્રિય મદદ પણ મળશે જ.

ઈન્દિરા ગાંધીએ કહ્યું કે તેમણે પોતાની ત્રણ પ્રતિજ્ઞાઓ—શેખ મુજીબુર રહેમાનની મુકિત, મુકિતવાહિનીને સહાય કરી બાંગલા દેશની મુકિત અને ૯૦ લાખ નિર્વાસિતોને તેમના સ્વદેશ મોકલવા—પૂર્ણ કરી છે. આ સિદ્ધિમાં ભારત અને બાંગલા દેશની પ્રજાએ સાથે લોહી રેડયું છે. શેખ મુજીબુરે કહ્યું તેમ બન્ને દેશની મૈત્રી ગાઢ અને કાયમની રહેશે.

—ચીમનલાલ ચકુભાઈ

☆ ભારત–પાકિસ્તાન યુદ્ધનાં પરિણામો ☆

યુદ્ધ બધી રીતે ભયંકર વસ્તુ છે, અતિ વિનાશકારી છે. છતાં માણસમાં જ્યાં સુધી સ્વાર્થ, લોભ અને સત્તાલોલુપતા છે ત્યાં સુધી, યુદ્ધ કેટલીક વખત અનિવાર્ય બને છે. યુદ્ધના અનિષ્ટમાંથી ઈષ્ટ પરિણામો પણ આવે છે. God fulfils himself in many ways. ઈશ્વરની અકળ લીલામાં સંહારથી પણ સર્જન થાય છે: પ્રથમ વિશ્વયુદ્ધને પરિણામે જુલમી ઝારશાહીનો અંત આવ્યો; ઓસ્ટ્રિલિયન સામ્રાજ્ય ગયું અને પૂર્વ યુરોપના દેશો સ્વતંત્ર થયા, ઓટોમન (ટર્કી) સામ્રાજ્ય ગયું અને આરબ દેશો સ્વતંત્ર થયા. બીજા વિશ્વયુદ્ધને ટાળવા નેવિલ ચેમ્બરલેને મ્યુનિકમાં હિટલરને લગભગ શરણાગતિ કરી પણ ટાળી ન શકાયું. નાઝીવાદ અને ફાસીવાદનો અંત લાવવા કદાચ બીજો કોઈ માર્ગ ન હતો. બીજા વિશ્વયુદ્ધથી બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને બીજી યુરોપીય સત્તાઓના સામ્રાજ્યો ખતમ થયા અને સંસ્થાનવાદનો નાશ થતા, એશિયા - આફ્રિકાના દેશો મુકત થયા.

૧૪ દિવસનું ભારત - પાકિસ્તાન યુદ્ધ, માત્ર ભારત, પાકિસ્તાન અને બંગલા દેશ માટે જ નહિ પણ દુનિયા માટે ઈતિહાસનું એક સીમાચિહ્ન છે. ૧૯૪૭ અને ૧૯૬૫ માં પાકિસ્તાની આક્રમણને આપણે નિષ્ફળ બનાવ્યું. આ યુદ્ધથી માત્ર પાકિસ્તાનની હાર થઈ એટલું જ નહિ પણ બીજા ઘણાં વ્યાપક અને દૂરગામી પરિણામો નિપજશે. બંગલા દેશને મુકિત મળી અને ૯૦ લાખ શરણાર્થીઓનો બોજો આપણા ઉપરથી ઓછો થયો તે તાત્કાલિક પરિણામ છે. આ યુદ્ધનું બીજ તો દેશના ભાગલા થયા ત્યારે રોપાયેલું એમ કહેવાય. હિન્દુ અને મુસલમાન બે ભિન્ન પ્રજા છે અને સાથે રહી જ ન શકે એવા ખોટા પાયા ઉપર પાકિસ્તાનનો જન્મ થયો. એક જ ધર્મના લોકો સાથે રહી શકે એવી માન્યતા ફેલાવી, ધર્મઝનૂન પેદા કર્યું. બ્રિટનની Divide and rule ની નીતિએ આ ઝનૂનને પોષણ આપ્યું. આઝાદી પ્રાપ્ત કરવા આ માન્યતાઓ ખોટી છે એમ જાણવા છતાં ભાગલા સ્વીકારવા સિવાય માર્ગ ન હતો. વેરઝેરમાં જન્મેલ પાકિસ્તાને વેરઝેરની જવાળાઓ બીજા ૨૫ વર્ષ સુધી ભભૂકતી રાખી. આ આગ બુઝાવવા ભારત, બંગલા દેશ અને પાકિસ્તાનને એક વખત ભારે કિંમત ચૂકવ્યા વિના છૂટકો ન હતો. લૉર્ડ માઉન્ટબેટને ૧૧મી જાન્યુઆરીએ એક સમારંભમાં લંડનમાં કહ્યું:

We accepted partition rather than go on without transfer of Power but I always regretted it and never more so than at this moment.

આપણે બિન-સાંપ્રદાયિકતાનો સિદ્ધાંત હંમેશ સ્વીકાર્યો છે. બંગલા દેશે હવે સ્વીકાર્યો છે. આશા રાખીએ કે પાકિસ્તાનની પ્રજાને પણ ભાન આવશે અને સ્વીકારશે અને કાયમી શાન્તિ થશે.

દેશના ભાગલા પછી પણ ભારતમાં છ કરોડ મુસલમાનો રહ્યા. હિન્દુ–મુસ્લિમ પ્રશ્ન સળગતો રહ્યો. કોમી રમખાણો વખતો વખત થતા રહ્યા. મુસ્લિમ કોમવાદ અને હિન્દુ કોમવાદ પોષાતા રહ્યા. ભારતના મુસલમાનો પ્રત્યે શંકાની દષ્ટિ રહેતી. તેમાંના કેટલાકની વફાદારી અન્યત્ર હતી. બંગલા દેશમાં લગભગ એક કરોડ હિન્દુઓ સલામત ન હતા. આ યુદ્ધને પરિણામે ભારત, પાકિસ્તાન અને બંગલા દેશની પ્રજાના માનસમાં પાયાનો ફેરફાર થશે. રાષ્ટ્રીય એકતા સુદઢ થશે. ભૂલ સમજાશે.

કાશ્મીરનો પ્રશ્ન પણ આ માન્યતા ઉપર સળગતો રહ્યો હતો. મુસ્લિમ બહુમતિ છે માટે કાશ્મીર પાકિસ્તાનમાં જવું જોઈતું હતું. દુનિયાના ઘણાં દેશો પણ એમ માનતા અને કાશ્મીર અંગે આપણને ટેકો મળતો નહિ. કાશ્મીરના મુસલમાનોમાં પણ પાકિસ્તાન તરફી વલણ સારા પ્રમાણમાં હતું. હવે એમ માનવાને કારણ છે કે કાશ્મીરના પ્રશ્નનો કાયમી ઉકેલ આવવો જોઈએ. પશ્ચિમ પાકિસ્તાનનો કોઈ ભાગ આપણને જોતો નથી. પણ પશ્ચિમની સરહદ હવે છેવટ નક્કી થઈ જવી જોઈએ. પાકિસ્તાન કે દુનિયાના બીજા દેશો વાસ્તવિકતાની અવગણના હવે કરી નહિ શકે.

આ રીતે ૨૫ વર્ષથી સતાવતી આંતરિક અને બાહ્ય યાતનાઓનો અંત આવશે એવી આશા બંધાય છે.

રાષ્ટ્રીય સુદઢતા ઉપરાંત, આ યુદ્ધનાં આંતરરાષ્ટ્રીય પરિણામો પણ અતિ મહત્ત્વનાં છે. આપણો દેશ એશિયામાં અને દુનિયામાં તેને હોવું જોઈએ તેવું અગ્રસ્થાન પ્રાપ્ત કરે છે. આપણા પડોશી નેપાલના રાજા મહેન્દ્ર પોતાની મહત્ત્વાકાંક્ષામાં ભારત સાથેના નેપાલના સદીઓના સંબંધો અને ભૌગોલિક પરિસ્થિતિને અવગણી, ચીન, પાકિસ્તાન અને અમેરિકા સાથે રમત રમી રહ્યા હતા. નેપાલ સાથે આપણે મૈત્રીભર્યા સંબંધો રાખવા બધા પ્રયત્નો કર્યા છે. નેપાલની પ્રજા અને રાજા મહેન્દ્ર પલટાયેલા સંજોગો બરાબર સમજશે એમ આશા રાખીએ. આપણા બીજા પડોશી રાજ્યો સિલોન અને બર્મા તથા આફ્રિકા તથા મધ્ય પૂર્વના દેશોએ પોતાની વિદેશ નીતિની પુનર્વિચારણા કરવી પડશે.

અમેરિકાની વિદેશ નીતિમાં મોટો પલટો આવી રહ્યો છે. નિક્સને ભારતને અવગણી ચીન સાથે મૈત્રીભર્યા સંબંધો કરવાનું નક્કી કર્યું. છે. આ યુદ્ધને પરિણામે હવે ભારતની અવગણના થઈ શકે તેમ નથી. એશિયામાં ચીન એકજ મહાસત્તા નથી. એશિયાના દેશો આ હકીકતની નોંધ લીધા વિના રહી શકે નહિ.

આ રીતે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ યુદ્ધની અસર વ્યાપક છે. આઝાદી પછી ૨૫ વર્ષ કસોટીના કઠયા. હવે એક નવો યુગ શરૂ થાય છે. દેશભરમાં ઉત્સાહ અને વિશ્વાસનું વાતાવરણ છે.

૧૨-૧-૭૨ **ચીમનલાલ ચકુભાઈ**

☆ પ્રકીર્ણ નોંધ ☆

આગામી ચૂંટણીઓ

રાજ્યોની ધારાસભાઓની ચૂંટણીઓ ફેબ્રુઆરી માસમાં કરવાનું જાહેર થયું હતું. ત્યાર પછી ત્રીજી ડિસેમ્બરે પાકિસ્તાને યુદ્ધ શરૂ કર્યું. અને દેશમાં કટોકટી જાહેર થઈ એટલે આ ચૂંટણીઓ, બધા રાજકીય પક્ષોની સંમતિથી, એક વર્ષ મુલતવી રાખવાનું નક્કી થયું. યુદ્ધ ધાર્યા કરતાં વહેલું પૂરું થયું અને શિયાળામાં ચૂંટણીઓ કરવાનો હજી સમય હતો એટલે માર્ચ મહિનામાં ચૂંટણીઓ કરવાનો ફરી નિર્ણય થયો. યુદ્ધ શરૂ થયું તે પહેલાં શાસક કોંગ્રેસની સ્થિતિ સબળ થતી રહી હતી. યુદ્ધમાં થયેલ અપૂર્વ વિજયથી શાસક કૉંગ્રેસની સ્થિતિ લગભગ બિનહરીફ બની છે. પણ એ યાદ રાખવું જોઈએ કે આ વિજય કોઈ એક રાજકીય પક્ષનો નથી, સમસ્ત પ્રજાનો છે. શ્રીમતી ઈંદિરા ગાંધીનું અપ્રતિમ નેતૃત્વ છે, તેનો લાભ શાસક કૉંગ્રેસને મળશે. બીજા રાજકીય પક્ષો વામણાં થયા છે. સંસ્થા કૉંગ્રેસ લગભગ ભૂંસાઈ ગઈ. સ્વતંત્ર પક્ષ નામનો રહ્યો છે. કાંઈ પણ હરીફાઈ કરી શકે એવા પક્ષો હોય તો જનસંઘ અને સામ્યવાદી. સંજોગો એવા ઉત્પન્ન થાય કે જ્યાં પ્રભાવશાળી અને આંજી નાખે એવું નેતૃત્વ હોય અને તેને કારણે એક પક્ષનું જ અથવા એક વ્યકિતનું જ શાસન થાય અને તે શાસન પ્રજાહિતકારી હોય તો, અનિવાર્ય હોય ત્યાં સુધી સહી લેવું પડે. રામને નામે પત્થર તરે ત્યારે પણ પત્થર એ તો પત્થર જ રહે. શાસક કૉંગ્રેસની જવાબ-

દારી એવા સંજોગોમાં ઘણી વધે છે કે લાયક ઉમેદવારોની પસંદગી કરે. લોકશાહીમાં વિરોધ પક્ષ હોય તે જરૂરનું છે, આવકારદાયક છે. લાયક વ્યક્તિઓ સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઊભા રહે તો તેવાને ચૂંટવામાં પણ પ્રજાને લાભ છે.

ગુજરાતમાં સંસ્થા કૉંગ્રેસમાંથી શાસક કૉંગ્રેસ પ્રત્યેના પ્રવાહે વેગ પકડયો. હકીકતમાં સંસ્થા કૉંગ્રેસ હવે શાસક કૉંગ્રેસ કહેવાય અને વધારામાં પોતાની જાતને સમાજવાદી ગણાવતા કેટલાક ઉમેરાયા. શું મહારાષ્ટ્ર કે શું ગુજરાત, અંતિમ નિર્ણય દિલ્હીમાં જ લેવાય છે અને બધાને વાત વાતમાં ત્યાં દોડવું પડે છે.

નિક્સન અને ભારત

એન્ડરસને ખાનગી દસ્તાવેજો બહાર પાડયા તે પુરવાર કરે છે કે નિક્સન કટ્ટર ભારત વિરોધી છે અને નિક્સન તથા તેના સલાહકાર કિસિન્જરે જુઠાણાં ચલાવ્યાં છે. નિક્સનના આટલી હદે ભારત વિરોધી થવાનાં સાચાં કારણો હજુ સુધી જાણી શકાયાં નથી, અનુમાનો ઘણાં થાય છે. ભારતના અમેરિકન એલચી કીટીંગે નિક્સનને ગંભીર ચેતવણી આપી હતી. તેને સર્વથા અવગણવામાં આવી. 'ગાર્ડીય'ન અખબારે તંત્રીલેખમાં કહ્યું છે:

The main reasons for the President's policy probably were his planned visit to Peking and that he and Mrs. Gandhi failed abysmally to understand each other.

ચીન સાથેની મંત્રણાઓ સફળ થાય તે આશાએ ૬૦ કરોડ ભારતવાસી અને ૭૫ કરોડ બંગલા દેશવાસીની દુશ્મનાવટ વહોરવા નિક્સન તૈયાર થયા. ચીનની મૈત્રીથી શું એવો લાભ પ્રાપ્ત કરવાની ઉમેદ છે? વિયેટનામ યુદ્ધમાંથી તેને છોડાવે? 'ટાઈમ' મૅગેઝિનમાં એક પત્રલેખકે કહ્યું છે:

Nixon will soon find that China is his best friend in Asia and then he will not need an enemy. By antagonizing 550 million Indians and 75 million East Bengalis, he lost the goodwill of most of South Asia.

U.S.A., if you had no dollars, you will find the moon the only friendly territorry in the neighbourhood.

સવાલ એ થાય છે કે અમેરિકન પ્રજાનો આટલો વિરોધ છતાં, એક વ્યક્તિ આવા મહત્વના નિર્ણયો લઈ શકે છે. અમેરિકાની વિદેશ નીતિ, જેની અસર આખી દુનિયા ઉપર પડે તેનો નિર્ણય એક જ વ્યક્તિ લે એ કઈ જાતની લોકશાહી? 'ગાર્ડીયને' કહ્યું છે:

If this is a true interpretation of the way in which forengh policy is made, the world should tremble a little.

અને છતાં એમ માનવામાં આવે છે કે નિક્સન બીજી વખત પ્રમુખ તરીકે ચૂંટાવામાં સફળ થશે. અમેરિકાની પ્રજા આત્મા ગુમાવી બેઠી છે?

બંગલા દેશના હત્યારાઓને સજા કરવી?

બંગલા દેશની પ્રજા ઉપર જે અમાનુષી અત્યાચારો થયા છે તે હિટલર કે સ્ટેલીનને પણ શરમાવે એવા છે. તેની દિલ કંપાવનારી કથનીઓ બહાર આવતી જાય છે. પાકિસ્તાની લશ્કરે શરણાગતિ કરી તે પહેલા બે દિવસે ફક્ત ઢાકામાં જ લગભગ ૨૦૦ વિદ્વાનો, પ્રોફેસરો, એન્જિનિયરોની કતલ કરી. આવા આતતાયીઓને કાંઈ દંડ કે સજા કરવી કે નહિ? અલબત્ત આવી સજા રાજ્ય તરફથી તપાસ પછી થવી જોઈએ. વ્યક્તિગત રીતે કોઈને અધિકાર નથી. બંગલા સરકાર અને શેખ મુજીબુર રહેમાને મુક્તિવાહિનીને આગ્રહપૂર્વક ભલામણ કરી છે કે યુદ્ધ દરમિયાન અત્યાચાર કરનારાઓને સરકારને હવાલે કરવા. સાથે જાહેર કર્યું છે કે, સરકાર તરફથી તપાસ પંચ નીમી આવી વ્યક્તિઓને સજા કરવામાં આવશે. પ્રજામાં ભારે રોષ હોય તે સ્વાભાવિક છે. તેમાં વેરવૃત્તિ નથી પણ ન્યાયની માંગણી છે. યુદ્ધ દરમ્યાન હિંસક કૃત્યો અનિવાર્ય બને છે પણ તેની મર્યાદા હોય છે. મહાભારતના કાળથી માણસ યુદ્ધ કરતો આવ્યો છે, ત્યારે પણ તેમાં મર્યાદા જળવાય તેની ચિન્તા રાખી છે. વર્તમાનમાં આંતરરાષ્ટ્રીય ધોરણ (Geneva Conventons) સ્વીકારવામાં આવેલ છે. બીજા વિશ્વયુદ્ધ પછી, જર્મની અને જાપાનમાં War Criminals ની અદાલતી તપાસ થઈ હતી અને કેટલાયને દેહાંત દંડની સજા થઈ હતી. બંગલા દેશમાં અત્યાચારો કરનાર ઘણી વ્યક્તિઓ બંગલા સરકારને કબજે છે અથવા ભારતમાં કેદી છે. યાહ્યાખાન, ટીકાખાન કે નીયાઝી જેવા તેમના પાપનો કોઈ દંડ ભોગવ્યા વિના રહે તેમાં બંગલા દેશની પ્રજાને ભારે અન્યાય છે. વેરવૃત્તિ ન હોવી તેનો અર્થ એમ નથી કે ન્યાય ન કરવો.

વર્તમાનપત્રો અને સરકાર

દેશના વર્તમાનપત્રો માટે જોઈતા કાગળો મોટે ભાગે આયાત કરવા પડે છે. આવા કાગળો (Newsprint) ના ઉત્પાદન માટે દેશમાં એક જ કારખાનું સરકારી માલિકીનું છે. તેનું ઉત્પાદન ઘણું ઓછું અને વહીવટ ઘણો અસંતોષકારક છે. વિદેશી હુંડિયામણની અછતના નામે આવા કાગળોની આયાત ઉપર સરકારે અંકુશો મૂકયા છે. પરિણામે વર્તમાનપત્રોને પૂરતો કાગળ મળતો નથી અને તેથી જે વર્તમાનપત્રોની બહોળા પ્રમાણમાં માંગ છે તેને તેઓ પહોંચી શકતા નથી. લોકશાહીમાં પ્રજાશિક્ષણ માટે વર્તમાનપત્રો સબળ સાધન છે. શિક્ષણ વધે તેમ તેની માંગ વધે, અને વધતી રહી છે. બીજા દેશોમાં વર્તમાનપત્રોનો ફેલાવો છે તેનાં પ્રમાણમાં આપણા દેશમાં ઘણો ઓછો છે. કરોડો રૂપિયાની આયાત થાય છે તેમાં ન્યૂઝ પ્રિન્ટ અતિ અલ્પ - માત્ર બે કરોડ રૂપિયાની–જરૂર રહે. લોકજીવનમાં વર્તમાનપત્રોનું મહત્ત્વ જોતાં, વર્તમાનપત્રોના ફેલાવાનો અવરોધ થાય તેવું કોઈ પગલું સરકારે લેવું ન જોઈએ. તેથી આશ્ચર્ય થાય છે કે સરકારે હમણાં એક હુકમ બહાર પાડયો છે કે હવે પછીના ત્રણ માસ માટે કોઈ વર્તમાનપત્રને રોજ ૧૦ પાનાંથી વધારે ન્યૂઝપ્રિન્ટ આપવામાં આવશે નહિ. અને તે પણ જ્યારે ચૂંટણીઓ આવી રહી છે તેવે સમયે. વર્તમાનપત્રો ઉપર બીજા પણ અંકુશો લાવવા સરકાર વિચારી રહી છે. જાહેરખબર ઉપર કર નાખવો, ઈજારાશાહી હટાવવાને નામે વર્તમાનપત્રોની માલિકી અને વહીવટમાં ફેરફાર કરવા, એવા પગલાં લેવાશે એમ જાહેર થયું છે. દેશમાં કેટલાક - માત્ર પાંચ છ - અંગ્રેજી વર્તમાનપત્રો એવા છે કે જે સારો નફો કરે છે અને જેની માલિકી કેટલાક ઉદ્યોગપતિઓની છે. આવા વર્તમાનપત્રોની નીતિ કેટલેક દરજ્જે સરકારી નીતિને અનુકૂળ નથી રહી. પણ લોકશાહીમાં આવું અનિવાર્ય છે એટલું જ નહિ પણ આવકારપાત્ર લેખાવું જોઈએ. Freedom of the Press અતિ મૂલ્યવાન વસ્તુ છે. અમેરિકામાં 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ' કે 'વૉશિંગ્ટન પોસ્ટ' નિક્સનની આકરી ટીકાઓ કરે છે તેથી તેના ઉપર સરકારી અંકુશો લાદવામાં નથી આવતાં. સાધન–સંપન્ન વર્તમાનપત્રો જે વાંચનસામગ્રી આપી શકે છે તે સામાન્ય વર્તમાનપત્રો નહિ આપી શકે. વર્તમાનપત્ર અતિ ખર્ચાળ છે. શક્તિશાળી પત્રકારોને મોટાં વેતન આપવા પડે છે. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' કે 'હિન્દુ' અથવા 'હિન્દુસ્તાન ટાઈમ્સ'ના ખાસ ખબરપત્રીઓ અને તે તેના સમાચાર તંત્રો (News Services) પ્રજાની સેવા કરે છે. Freedom of the Press ઘણી નાજુક વસ્તુ છે. તેમાં સરકારી દખલગીરી ઓછામાં ઓછી હોવી જોઈએ. અને ખાસ કરી રાજકીય હેતુથી તો નહિ જ.

I would prefer even some abuse of the freedom of the press than undue government interference and control of the press. નાના વર્તમાનપત્રોને મદદ કરવાને

બહાને પણ આવા અંકુશ હોવા ન જોઈએ એમ હું માનું છું. નાના વર્તમાનપત્રોને મદદ કરવાની બીજી ઘણી રીત છે.

શ્રી એમ. એમ. ધ્રુવ

શ્રી. એમ. એમ. ધ્રુવને મહારાષ્ટ્ર સરકારે ૧લી જાન્યુઆરી ૧૯૭૨ થી બૃહદ્ મુંબઈના ચીફ પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ તરીકે નિયુકત કર્યા તે માટે તેમને આપણાં સૌના હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ છે. શ્રી ધ્રુવ વઢવાણ પાસે રાજપર ગામના વતની છે અને સ્થાનકવાસી જૈન છે. આવા ઉચ્ચ હોદ્દા પર નિયુકત થનાર તેઓ પ્રથમ જૈન છે. તેમની વિદ્યાર્થી કારકીર્દિ ઘણી ઉજ્જવળ હતી. એલ. એલ. બી. ની છેલ્લી પરીક્ષામાં તેઓ પ્રથમ વર્ગમાં પહેલે નંબરે પાસ થયા અને પૂના કૉલેજમાં લૉ ના ફેલો થયા. ઈતિહાસ અને રાજકારણનો વિષય લઈ એમ. એ. થયાં. પાંચ વર્ષ અમદાવાદમાં પ્રેકટીસ કર્યા પછી ૧૯૪૫ માં સિવિલ જજ નીમાયા અને ૧૯૫૩ માં મુંબઈમાં પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ નીમાયા. ૧૯૬૬માં વધારાના ચીફ પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ નીમાયા. મેજિસ્ટ્રેટ તરીકે તેમણે સારી ખ્યાતિ મેળવી છે. નિડર અને સ્વતંત્ર ન્યાયાધિશ તરીકે તેમનું માન છે. ચીફ પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટનો હોદ્દો ઘણો મહત્ત્વનો અને જવાબદારી-ભર્યો છે. મુંબઈની ૫૫ લાખની વસતી માટે ૩૫ પ્રેસિડન્સી મેજિ-સ્ટ્રેટોની કોર્ટો છે. તે બધાના તેઓ વડા છે અને તેની દેખરેખ રાખવી તેમની જવાબદારી છે. મુંબઈ જેવા દેશના મુખ્ય શહેરમાં પચરંગી પ્રજા છે. તેનું ફોજદારી ન્યાયતંત્ર સંભાળવું એ વિકટ કાર્ય છે. દીવાની દાવા કરતાં પણ ફોજદારી કેસમાં ન્યાય મળે તે મહત્વનું છે. નાગ-રિકની સ્વતંત્રતા અને ન્યાયની તુલા સાચવવાના રહે છે. આબરૂ-દાર માણસ માટે ફોજદારી કેસ એ મોટો ભય છે. નિર્દોષને દંડ ન થાય અને દોષિત ગમે તેવો પૈસાદાર હોય તો પણ છૂટી ન જાય એ જોવાનું રહે છે. શ્રી ધ્રુવ, કુશળ, વ્યવહારુ અને ન્યાયબુદ્ધિ વાળા છે. તેમના આ કાર્યમાં તેમને સફળતા મળે એવી આપણા સૌની સદ્‌ભાવના છે.

૧૨-૧-૭૨ ચીમનલાલ ચકુભાઈ

બે શોક પ્રસ્તાવો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ ડૉ. વિક્રમ સારાભાઈ અને પ્રૉ. ઝાલાસાહેબને શોકાંજલિ અર્પતા પસાર કરેલા ઠરાવો નીચે મુજબ છે:

ઠરાવ–૧

પ્રસન્નચિત્ત ડૉ. ઝાલાની ખ્યાતિ સંસ્કૃતના પ્રખર વિદ્વાન તરીકે ભારતભરના વિદ્વાનોમાં પ્રસરેલી છે. એમની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી અત્યંત તેજસ્વી હતી. ફાધર ઝીમરમેન જેવા યુરોપીય સ્કૉલરના હાથ નીચે સેંટ ઝેવિયર્સ કૉલેજમાં સંસ્કૃતનો અભ્યાસ કરવાની એમને તક મળી હતી. વિદ્યાભ્યાસ પૂરો કરી પ્રૉ. ઝાલા એ જ કૉલેજમાં સંસ્કૃત અને ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા અને અન્ય ઘણાં મોટાં સ્થાનોનાં પ્રલોભનો મળવા છતાં તેમણે જીવનપર્યંત ચાલીસ વર્ષના દીર્ઘકાળ સુધી એ જ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું હતું. વિદ્વત્તા અને સૌજન્ય વડે તેઓ વિદ્યાર્થીઓનાં આદર અને પ્રીતિનાં પાત્ર બન્યા હતા અને 'ઝાલાસાહેબ' ના નામથી સુખ્યાત થયા હતા. આટલા લાંબા અધ્યાપકીય જીવન દરમિયાન સેંકડો વિદ્યાર્થીઓએ એમની પાસેથી પ્રેરણા અને માર્ગદર્શન, જીવનઘડતરનું શિક્ષણ મેળવ્યાં હતાં.

પ્રૉ. ઝાલા ઘણી શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે તેઓ ઘણાં વર્ષોથી સંકળાયેલા હતા અને છેલ્લાં દસેક વર્ષથી પંડિત સુખલાલજીના અનુગામી તરીકે પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખપદને શોભાવતા હતા. એ વ્યાખ્યાનોની એમની માર્મિક અને જીવનલક્ષી આલોચનાની સ્મૃતિ અનેક શ્રોતાઓના ચિત્તમાં ચિરકાળ તાજી રહેશે. સંઘ એ માટે પ્રૉ. ઝાલાનો સવિશેષ ઋણી છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા. ૧૪-૧-૭૨-ના રોજ મળેલી આ સભા પ્રૉ. ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલાના મંગળવાર તા. ૧૧ મી જાન્યુઆરીએ સવારે હૃદયરોગના હુમલાથી અચાનક થયેલા અવસાન બદલ ઊંડા ખેદની લાગણી વ્યકત કરે છે તેમ જ તેમનાં કુટુંબીઓ પ્રત્યે સહાનુભૂતિ વ્યકત કરે છે અને સદ્‌ગતના આત્માને ચિરશાંતિ મળે એવી પ્રાર્થના કરે છે.

ઠરાવ–૨

ભારતના મહાન વૈજ્ઞાનિક અને આણુશકિત પંચના અધ્યક્ષ ડૉ. વિક્રમ સારાભાઈના તા ૩૦-૧૨-૭૧ના રોજ ત્રિવેન્દ્રમ ખાતે બાવન વર્ષની વયે થયેલા અકાળ અવસાનથી ભારતે એક સંપ્રજ્ઞ ભદ્રપુરુષ ગુમાવ્યો છે. આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતા વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈએ છેલ્લાં છ વર્ષમાં આણુસંશોધન ક્ષેત્રે ભારતને વિશ્વમાં ઉચ્ચ સ્થાન અપાવીને તથા આણુસંશોધન અંગે વિસ્તૃત અને વિશદ કાર્યક્રમને અમલમાં મૂકીને ડૉ. ભાભાના સમર્થ અનુગામી તરીકે પોતાની જાતને પુરવાર કરી હતી.

તેમણે ભારતમાં અવકાશવિજ્ઞાનનો પાયો નાખ્યો અને તેના વિકાસનાં દ્વાર ઉઘડ્યાં. થુમ્બાનું વિષુવવૃત્તીય રૉકેટ ઉડ્ડયન મથક અને શ્રી હરિકોટાનું અવકાશ–મથક, એમનાં જીવંત સ્મારક બની રહેશે.

વિવિધ સિદ્ધિઓને વરેલા ડૉ. વિક્રમભાઈ સ્વભાવે શાંત, વિનમ્ર અને હસમુખા હતા. શ્રી અને સરસ્વતીનો સંયોગ દુર્લભ મનાય છે. પરંતુ તેમના જીવનમાં એનું સુન્દર સખ્ય સર્જાયું હતું.

અમદાવાદના કાપડઉદ્યોગના શાહસોદાગર સ્વ. અંબાલાલ સારાભાઈના પુત્ર ડૉ. વિક્રમે તેમના જીવનકાળ દરમિયાન અનેક વિક્રમો નોંધાવી ગુજરાત અને ભારતની કૂંખ દીપાવી છે. ભારતને આ ક્ષેત્રે ન પૂરી શકાય એવી ખોટ પડી છે. તેમના અચાનક અવસાનથી ગુજરાત જેના વિશે ગૌરવ લઈ શકે તેવો પનોતો પુત્ર આપણા દેશે ગુમાવ્યો છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા. ૧૪-૧-'૭૨ ના રોજ મળેલી સભા સદ્‌ગતના અવસાન અંગે પોતાનો ઊંડો શોક પ્રદર્શિત કરે છે અને તેમના કુટુંબીજનો પર આવી પડેલ આવી અણધારી આપત્તિ બદલ સહાનુભૂતિ વ્યકત કરે છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

મંત્રીઓ,

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

વિપશ્યના સાધના

'વિપશ્યના સાધના' અંગેની દરેક જાતની માહિતી માટે નીચેના સરનામે સંપર્ક સાધો: **શ્રી દયાનંદ એમ અડુકિયા, A1,** કૉ.–ઑપરેટિવ હાઉસિંગ સોસાયટી, વાલકેશ્વર રોડ, મુંબઈ-૬. ટે. નં. ૩૬૩૫૭૫.

સન્નિષ્ઠ વિદ્યાવ્યાસંગી અને આર્યચિત્ત સજ્જન ઝાલાસાહેબ

તા. ૧૧-૧-૧૯૭૨ની સવારે સ્મશાનમાં હું ઝાલાસાહેબના દેહ પાસે ઊભો છું. પોતાને આ જગતમાં જે કર્તવ્યો મળ્યાં હતાં તે યથાશક્ય ઉત્તમ રીતે પૂર્ણ કરીને ઝાલાસાહેબ ચિર શાન્તિના ધામમાં વિદાય થઈ ગયા છે. મુખ પર પ્રગાઢ નિદ્રામાં પડયા હોય તેવી શાન્તિ અને સ્વાભાવિકતા છે. અમે સૌ સ્વજનો, સાથીઓ, મિત્રો અને પ્રશંસકો તેમના દેહ પાસે શોક–ગંભીર ભાવે ઊભા છીએ. અન્ત્યેષ્ટિ સંસ્કારનો વિધિ શરૂ થઈ ગયો છે ને એક સ્વમાનશીલ, વિદ્યાવ્યાસંગી, અભિજાત સજ્જનના પાર્થિવ અવશેષોને અગ્નિને અર્પણ કરવાની તૈયારી થઈ રહી છે.

ઝાલાસાહેબના જીવન પર મૃત્યુનો પડદો પડયો છે ને મારી સ્મૃતિનો પડદો ઊપડે છે.

પિસ્તાળીસ-સુડતાળીસ વર્ષ પહેલાંનું જામનગર ને જામનગરની નવાનગર હાઈસ્કૂલ, તેના ફોર્થ, ફિફ્થ, સિક્સ્થ અને મેટ્રિકના વર્ગોમાં હું, ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા* નામના વિદ્યાર્થીને જોઉં છું. મધ્યમ કદ, ઊંચું કપાળ; ઊંડી ને વેધક આંખો; ગંભીર મુખચ્છવિ. તેણે ચાર છેડે ધોતિયું, હાફકોટ અને ઊંચી દીવાલની ચિનાઈ ટોપી પહેર્યાં છે, એની ગણના વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓમાં થતી હોય છે. નાની મોટી દરેક પરીક્ષામાં એનું સ્થાન પહેલા બેત્રણ વિદ્યાર્થીઓમાં જ હોય, રસમાં રસ માત્ર વિદ્યાનો. અને સંસ્કૃત તો જાણે તેનું પોતાનું જ! સાદું, એકધારું ને નિયમિત જીવન. મિત્રો ઓછા ને બીજાઓ સાથે ભળવાનું ને ટોળટપ્પા કરવાનું એથી પણ ઓછું. અભ્યાસેતર રમતગમતની પ્રવૃત્તિઓ તો ઠીક પણ વાર્ષિક રસોત્સવો–આમારે ત્યાં તેને (Re itations) કહેવામાં આવતા, તેમાં પણ ભાગ લેવાનો નહિ. એ વયે પણ પોતાના ગૌરવ અને ગાંભીર્યથી તેઓ પોતાના સમવયસ્ક સહાધ્યાયીઓથી જુદા તરી આવે.

૧૯૨૪માં એ મેટ્રિક થાય છે ને આગળ અભ્યાસ કરવા માટે મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થાય છે. વેદવિદ્યાના નામાંકિત વિદ્વાન ફાધર ઝિમરમન પાસે સંસ્કૃતનો અભ્યાસ કરીને એ ૧૯૨૮માં બી. એ. થાય છે. એમના જ માર્ગદર્શન નીચે થીસિસ લખીને ૧૯૩૦માં એમ. એ. થાય છે. અસ્વસ્થ તબિયતને કારણે ફાધર ઝિમરમન નિવૃત્ત થતાં, એમની જ ભલામણથી તેઓ સેંટ ઝેવિયર્સ કોલેજમાં સંસ્કૃતના લેક્ચરર નિમાય છે.

૧૯૩૧માં, ફર્સ્ટ ઈયર આર્ટ્સમાં હું તેમનો વિદ્યાર્થી બનું છું. એ વખતે તેઓ હજી ઝાલાસાહેબ નથી બન્યા; પ્રો. ઝાલા જ છે. સૂટ અને કાળી ટોપી પહેરીને તેઓ અમને સંસ્કૃત સિલેકશન્સ શીખવે છે. ઠીકઠીક મોટા વર્ગો ને વિદ્યાર્થીઓ એમનાથી વયમાં બહું નાના નહિ અને વિદ્યાર્થીઓ શું આજના કે શું ત્યારના, પણ વિદ્યાર્થીઓ જ રહેવાના. એટલે ક્યારેક વર્ગ પોતાના વ્યક્તિત્વનો પ્રભાવ અધ્યાપક પર પાડવાનો પ્રયત્ન પણ કરે. પણ એવે વખતે પ્રૉ. ઝાલા બોલતાં અટકી જાય. ડાબા હાથથી જમણા હાથનું કાંડું પકડીને મૂંગા મૂંગા જોયા કરે. સોનેરી ફ્રેમનાં ચશ્માં પાછળથી ડોકાતી આંખમાં ન હોય ક્રોધ, ન હોય ગભરાટ, ન હોય અકળામણ: હોય માત્ર ઠપકો: 'કેવી નાદાનિયત કરી રહ્યા છો તમે?' ઘડી અર્ધી ઘડીમાં વર્ગ શાન્ત થઈ જાય ને વ્યાખ્યાન આગળ ચાલે.

૧૯૪૫માં હું એમનો સહયોગી બન્યો. એ વખતે એ પ્રો. ઝાલા મટીને ઝાલાસાહેબ થઈ ચૂક્યા હતા. એમનું અંગ્રેજી પુસ્તક 'કાલિદાસ-એક અધ્યયન' પ્રકટ થઈ ચૂક્યું હતું અને સંસ્કૃતના એક આગેવાન વિદ્વાન તરીકે એમની પ્રતિષ્ઠા જામી ચૂકી હતી. સેંટ ઝેવિયર્સ કોલેજના ગુજરાતી સાહિત્ય મંડળની પ્રવૃત્તિ શરૂ થઈ ચૂકી હતી. મંડળના મુખપત્ર જેવા 'રશ્મિ'નું પ્રકાશન થઈ રહ્યું હતું. મંડળની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મુંબઈના સંસ્કાર-રસિક વર્ગની પ્રીતિને પાત્ર બની હતી ને ઝાલાસાહેબ સેંટ ઝેવિયર્સ કોલેજના વિદ્યાર્થીઓની અસાધારણ પ્રેમભક્તિનું ભાજન થઈ ચૂક્યા હતા. એ વખતે પણ એમના સાદા, નિયમિત અને એકધારા જીવનની ઘરેડમાં કશો ફેરફાર થયો નહોતો, સિવાય કે ઘેરથી એ ટોપી પહેરીને આવતા, પણ વર્ગમાં ઉઘાડે માથે જતા. બાકી, એમનો આવવા-જવાનો સમય નિશ્ચિત; પ્રોફેસરોના કૉમન રૂમમાં બેસવાનું સ્થાન નિશ્ચિત, એમની ખુરશીની પાછળના ટેબલ પર ટોપી મૂકવાનો ખૂણો નિશ્ચિત ને ટોપી મૂકવાની રીત પણ નિશ્ચિત. ઝાલાસાહેબની ખુરશી અને ઝાલાસાહેબ એકબીજા સાથે એવા તો અવિયોજ્ય થઈ ગયા હતા કે ઝાલાસાહેબની ખુરશી પર કોઈ બીજું બેઠું હોય અને ઝાલાસાહેબ આવી ચડે તો તે તરત ઊભું થઈ જાય અને ખુરશી ખાલી કરી દે.

ઝાલાસાહેબ એટલે નિયમિતતા, વ્યવસ્થા, ગૌરવ અને ગાંભીર્ય. એમનામાં વિનોદવૃત્તિ ખૂટતી હતી એમ નહિ; એમણે સંસ્કૃતમાં લખેલું (બૃહ દિગ્વિજયમ્) એમની માર્મિક વિનોદવૃત્તિનું પ્રસિદ્ધ ઉદાહરણ છે. પણ એમના વ્યક્તિત્વનો પ્રભાવ જ એવો હતો કે ગમે તે માણસ તેમની સાથે બોલવા બેસવામાં છૂટ જ ન લઈ શકે; ને તરતમનો એમનો વિવેક પણ એવો સૂક્ષ્મ હતો કે તેઓ જેને તેને પોતાની સાથે છૂટ જ ન લેવા દે. તેઓ સંસ્કૃતના વિદ્વાન હતા અને વર્ષો સુધી મુંબઈ જેવા શહેરમાં સંસ્કૃતના વ્યુત્પન્ન પ્રાધ્યાપકોમાં સ્થાન પામનાર એકમાત્ર ગુજરાતી હતા. પણ તેઓ વેદોભ્યાર જડ નહોતા બની ગયા. તેમના રસનું વિશ્વ ઘણું વ્યાપક હતું. રાષ્ટ્રીય અને આન્તરરાષ્ટ્રીય રાજકારણ, રમતગમત, અર્થવ્યવસ્થા, સામાજિક સમસ્યાઓ વગેરે અનેક વિષયોમાં એમને રસ પણ હતો અને સમજદારી પણ હતી. એમની બુદ્ધિ એવી સૂક્ષ્મ હતી કે કોઈપણ વિષયના મર્મને તરત પકડી શકતી; અને તેની આમૂલાગ્ર છણાવટ કરી શકતી.

ઝાલાસાહેબ Intell ctual Ari ocr.t હતા; પણ અતડા નહોતા. ક્ષુદ્રતા, સામાન્યતા કે on-s nse ને તેઓ સહન કરી શકતા નહોતા; પણ તેમનામાં ઉદારતા પાર વિનાની હતી. સિદ્ધાંતનિષ્ઠા તેમની પ્રબળ હતી; પણ કુનેહનો તેમનામાં અભાવ નહોતો. તેઓ આમજનતાના આદમી નહોતા; પણ લોક-વ્યવહારની તેમની સમજણ પૂરેપૂરી હતી. જાહેર જીવન પ્રત્યે તેમને અરુચિ નહોતી; પણ પ્રજાની આંખમાં ને આંખમાં રહ્યાં કરવા માટે તેઓ કદી ફાંફાં મારતા નહોતા. પ્રવૃત્તિ તેઓ જાતે કદી શોધવા કે ઊભી કરવા જતા નહોતા; પણ પ્રવાહપ્રાપ્ત કર્તવ્યને તેમણે કદી ટાળ્યું નથી.

ઝાલાસાહેબ, આન્તતોગત્વા, વિદ્વાનો જીવ હતા. કાલિદાસ તેમનો સવિશેષ સ્વાધ્યાય વિષય હતો. ભામિની વિલાસ, ૧ થી ૪ અને રઘુવંશનું એમણે સટીક સંપાદન કર્યું છે. અને નૈષધનું તેમનું સંપાદન અત્યારે છપાઈ રહ્યું છે. એમની સંસ્કૃત રચનાઓનો સંગ્રહ 'સુષમા પ્રકટ થયો છે, અને કાન્તના અમર કાવ્ય 'વસંત વિજય'નું એમનું સંસ્કૃત ભાષાંતર 'સંસ્કૃતિ'માં પ્રકટ થયું છે. વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિર તરફથી તૈયાર થતી રામાયણની અધિકૃત વાચનાના સંપાદક મંડળમાં તેમણે કામ કર્યું છે અને સુન્દર કાણ્ડ નું સંપાદન પણ કર્યું છે. ગુજરાતીમાં તેમણે પ્રમાણમાં, ઓછું લખ્યું છે. પણ એમણે જે કંઈ લખ્યું છે તેમાં તેમની વ્યુત્પત્તિ, મર્મજ્ઞતા અને thr ghness પદે પદે પ્રકટ થાય છે.

ઝાલાસાહેબ ફોબર્સ ગુજરાતી સભા, એશિયાટિક સોસાઈટી, ભાંડારકર ઓરિયેન્ટલ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, વડોદરા પ્રાચ્યવિદ્યા મંદિર, અને મુંબઈ, એસ. એન. ડી. ટી. અને વડોદરા યુનિવર્સિટીઓની કેટલીક અભ્યાસ સમિતિઓ સાથે સંકળાયેલા હતા. ફિલ્મ સેન્સર બોર્ડમાં પણ એમણે કામ કર્યું હતું; અને જૈન યુવક સંઘ તરફથી પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે પણ છેલ્લાં દસ વર્ષોથી તેઓ બિરાજતા હતા.

એમની ચિરવિદાયથી ગુજરાતને એક સન્નિષ્ઠ વિદ્યાવ્યાસંગી અને આર્યચિત્ત સજ્જનની ખોટ પડી છે. નહિ કલ્યાણકૃત્ કશ્ચિદ દુર્ગતિં તાત ગચ્છતિ એ ભગવદ્ વાક્ય છે; અને ઝાલાસાહેબે કલ્યાણકાર્યો કરવામાં કચાશ કે કમીના રાખી નથી.

મનસુખલાલ ઝવેરી

* જન્મ તા. ૨૬-૪-૧૯૦૭

મહાન વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈ

ડૉ. વિક્રમ અંબાલાલ સારાભાઈના અવસાન સાથે અણુ અને અવકાશ - વિજ્ઞાનને ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા એક પ્રતિભાશાળી વિજ્ઞાનીની ભારતને ખોટ પડી છે. વિજ્ઞાન અને યંત્ર-વિદ્યામાં હરણફાળને આરે ઊભેલા આપણા દેશને એમની સેવા-ઓની ખૂબ જ જરૂર હતી તેવા સમયે જ મૃત્યુએ એમને આપણી વચ્ચેથી ઉપાડી લીધા! ૧૯૭૧નું વર્ષ અસ્ત પામતાં પામતાં શોકની ઘેરી કાલિમા પ્રસારતું ગયું.

ડૉ. વિક્રમ સારાભાઈના ગઈ તા. ૨૯મીની મધરાત અને તા. ૩૦મીના પ્રભાત વચ્ચે કોઈક સમયે નીપજેલા અવસાનના સમાચારે પાકિસ્તાન સાથેના યુદ્ધમાં સાંપડેલા વિજયનો આનંદ મનાવી રહેલા રાષ્ટ્રને એક ભારે આંચકો આપ્યો. વિધિનો એ કોઈ કારમો કટાક્ષ જ ગણવો જોઈએ કે ૧૯૬૫ ના યુદ્ધ પછી આપણા પ્રખર વિજ્ઞાની ડૉ. ભાભાને આપણે ગુમાવ્યા હતા, જ્યારે વર્તમાન યુદ્ધ પછી તરત જ ડૉ. ભાભાના સમર્થ અનુગામીને આપણે ગુમાવી બેઠા છીએ. છ વર્ષ જેટલા ટૂંકા ગાળામાં વિજ્ઞાનના આવા બે ઝળ-હળતા સિતારા ખરી પડતાં ભારત તેટલા પ્રમાણમાં દરિદ્ર બન્યું છે. ડૉ. ભાભાની ખોટ વિક્રમભાઈએ જણાવા દીધી ન હતી, પણ હવે એમનું સ્થાન પૂરવાનું ઘણું કઠિન બનશે.

ડૉ. વિક્રમ સારાભાઈ હવામાન અને વાતાવરણના સંશોધન અર્થે નાં રૉકેટો છોડવાના મથક થુમ્બા ખાતે રેલવે સ્ટેશનના શિલા-રોપણ પ્રસંગે ત્રિવેન્દ્રમ ગયેલા. થુમ્બા નજીક ટુરિસ્ટો માટેની કૉવા-લમ્ પૅલેસ હૉટેલ ખાતે બુધવાર તા. ૨૯ ડિસેમ્બરની મધરાત સુધી બે સાથીઓ સાથે થુમ્બા નજીક વીજાણુ યંત્રસાધનો અને પ્લાસ્ટિકસને લગતા બે પ્રોજેક્ટોને આકાર આપવાની મંત્રણાઓમાં તેઓ ગુંથાયેલા રહ્યા હતા. "આગળ વધો—ગો એહેડ" એવા ઉદ્‌ગારો સાથે સાથીઓને વિદાય કરી તેઓ નિદ્રાધીન થયા તે ફરી જાગ્યા જ નહિ! મધરાત પછી કોઈક સમયે હૃદયરોગના હુમલાએ એમના પ્રાણ હરી લીધા હશે એમ જ માનવું રહ્યું. 'આગળ ધપો' એ એમના શબ્દો જાણે ભાવિના સૂચક બની રહ્યા. ભારત અણુ અને અવકાશ વિજ્ઞાનને ક્ષેત્રે વિકાસની ગતિ જાળવી રાખે એવો સંદેશો અજ્ઞાતપણે જાણે તેઓ આપી ગયા છે.

ડૉ. વિક્રમભાઈ કામનો જબરદસ્ત બોજ વહેતા હતા. ઘણાં બધાં કામ ત્વરાથી પૂરાં કરવા કાળ સાથે તેઓ હોડમાં ઊતર્યા હતા કે શું એવી શંકા જાય એટલી હદે તેઓ દેશ અને દુનિયાની વિજ્ઞાનની અગણિત સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા હતા.

દેશમાં અણુવિદ્યુત મથકોના કાર્યક્રમને આગળ ધપાવવા સાથે અવકાશ સંશોધનના નવા ક્ષેત્રનો વિસ્તાર પણ તેઓ ક્રમશ: સાધતા જતા હતા. '૭૪ સુધીમાં તો ભારત પોતાનાં સંશોધન રૉકેટો ઉડાડતું થઈ જશે એવા કાર્યક્રમની હજી થોડા સમય પહેલાં જ તેમણે માહિતી આપી હતી.

ગુજરાતના તો તેઓ પનોતા પુત્ર હતા. ગુજરાતને તેમની ખોટ વધુ સાલશે. અમદાવાદની વિવિધ સંસ્થાઓમાં એમણે પ્રાણ પૂર્યા હતા. અમદાવાદની સામાન્ય છાપ એક ભૌતિકવાદી - સુખવાદી શહેરની રહી છે. ડૉ. વિક્રમભાઈએ છેલ્લા બે ત્રણ દાયકાઓ દર-મિયાન ત્યાં વિવિધ સંશોધન સંસ્થાઓનું નિર્માણ કરીને શહેરના જીવનને વિજ્ઞાનનો નવો સંદર્ભ આપ્યો છે ને તેના ચહેરાને નવું પરિમાણ બક્ષ્યું છે. જગતના વિજ્ઞાનના નકશા પર અમદાવાદને એમણે માનભર્યું સ્થાન અપાવ્યું છે.

ગુજરાત યુનિવર્સિટી સ્થપાયા પછી તેના વિકાસમાં તેમણે ઊંડો રસ લીધો હતો. ઉપગ્રહો સાથે સંપર્કનું પ્રાયોગિક ભૂમિમથક ઊભું કરાવીને અમદાવાદને એમણે વિજ્ઞાનની અદ્યતન ક્ષિતિજરેખા પર મૂકી દીધું હતું. કાપડ મિલઉદ્યોગના કેન્દ્ર તરીકેની શહેરની પ્રતિષ્ઠાને નવો ઓપ આપે તેવી સંશોધન સંસ્થા 'અહમેદાબાદ ટેકસ્ટા-ઈલ રિસર્ચ એસોસીએશન'—'અટિરા'—ની સ્થાપના એ ડૉ. વિક્રમભાઈના સંશોધન—રસનું જીવંત પ્રતીક છે. કાપડ મિલઉદ્યોગને સંશોધનના અદ્યતન લાભો પ્રાપ્ત કરાવવામાં આ સંસ્થા નમૂનેદાર કામ કરી રહી છે. એવી જ બીજી સંસ્થા 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિકલ રિસર્ચ' - ભૌતિક વિજ્ઞાન સંશોધનની છે. આ સંસ્થાનો આરંભ તેમના ઘરના એક ખંડમાં બે ત્રણ વિજ્ઞાનીઓના સાથમાં તેમણે કર્યો હતો. સંસ્થામાં તેમણે વિશ્વકિરણોના પ્રોફેસર તરીકે કામ કર્યું હતું.

એવી જ બીજી ખ્યાતનામ સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ છે. વ્યવસ્થાપનને ક્ષેત્રે તાલીમ પામેલા માણસોની આપણા દેશને ખૂબ જ જરૂર છે એવી ડૉ. વિક્રમભાઈની પ્રતીતિ આ અદ્યતન સંસ્થાની સ્થાપના પાછળનું પ્રેરક બળ હતી.

છેલ્લે છેલ્લે વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય જનસમૂહમાં વિજ્ઞા-નની જાણકારી તેમજ તે વિશેનો રસ પ્રસરે તેવા સ્તુત્ય ઉદ્દેશ સાથે તેમણે કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરની સ્થાપના કરી હતી.

અમદાવાદ આજે જેને માટે ગૌરવ અનુભવી શકે છે તે તાલીમ અને સંશોધનની કામગીરી માટે જાણીતી બનેલી આ સંસ્થા-ઓની સ્થાપનાના પાયામાં ડૉ. વિક્રમભાઈનાં ધગશ અને પરિશ્રમ રહેલાં છે એ ગુજરાતની જનતાએ ભૂલવું ન જોઈએ.

અગ્રગણ્ય મિલમાલિક શેઠ અંબાલાલ સારાભાઈને ત્યાં એમનો જન્મ ઓગસ્ટ ૧૨, ૧૯૧૯ના રોજ અમદાવાદમાં થયો હતો. એમનું યૌવન આઝાદી જંગના જાગૃતિ—જુવાળના કાળમાં વીત્યું હતું. ગાંધીજીના પ્રભાવ હેઠળ એમના ઉચ્ચ સંસ્કારી જીવનને સાદગીનો ઓપ-સાંપડયો. એમનો સોહામણો દેહ ખાદીથી વધુ વિમળ અને મોહક બન્યો હતો. મુંબઈમાં શિક્ષણ લઈ વિજ્ઞાનના ઉચ્ચ અભ્યાસાર્થે તેઓ કૅમ્બ્રિજ ગયા. ત્યાં ૧૯૩૯ માં ઉચ્ચ ડિગ્રી મેળવી તેઓ ભારત પાછા ફર્યા હતા અને બેંગ્લોરના ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ્ા સાયન્સ ખાતે ડૉ. સી. વી. રામનના હાથ હેઠળ સંશોધન કાર્ય કર્યું હતું. વિશ્વકિરણો—એ સંશોધનનો એમનો પ્રિય વિષય હતો.

વિજ્ઞાનનો તેમનો રસ અદ્‌ભુત હતો. ટ્રોમ્બે અણુસંશોધન કેન્દ્રની મુલાકાતે જતા વિદ્યાર્થીઓને તેઓ બધે ફેરવતા એટલું જ નહિ વિજ્ઞાનના પાયાના સિદ્ધાંતો તેમ જ ભાવિ મહત્ત્વાકાંક્ષી યોજનાઓ વિદ્યાર્થીઓને તેઓ રસપૂર્વક અને વિગતથી સમજાવતા. વિજ્ઞાનની પ્રયોગશાળા એમને માટે સાચે જ જીવનની પ્રયોગશાળા બની ગઈ હતી!

ડૉ. વિક્રમભાઈનું જીવન આમ છતાં એકાંગી ન હતું. વિજ્ઞા-નની સાથે જેનો મેળ નથી એમ મનાય છે તે લલિતકલાઓમાં પણ તેઓ ઊંડો રસ લેતા હતા. તેમનાં પત્ની મૃણાલિનીબહેન ભરત-નાટયમ્ના ખ્યાતનામ કળાકાર છે. તેમને એક પુત્ર અને એક પુત્રી છે. પુત્ર કાર્તિકેય અમેરિકામાં અભ્યાસ કરે છે અને પુત્રી મલ્લિકા ફિલ્મક્ષેત્રમાં પડવાનું વિચારે છે.

સાદી અને સુન્દર વસ્તુઓ એમને ગમતી. મુંબઈમાંની પોતાની ઓફિસની બારીમાંથી સંધ્યાકાળે બંદરના ઝગી ઊઠતા દીવાઓ જોતા તેઓ કયારેક બેસી રહેતા. તેમની આંખોને એ દૃશ્ય આરામ-દાયી લાગતું. કામના ગમે તેવા બોજ વચ્ચે ય એમના ચહેરા પર સ્મિત સદાય રમતું રહેતું. મુલાકાતીઓને તેઓ ઉમળકાથી ધ્યાનપૂર્વક સાંભળતા. સાથીઓમાં તેઓ પૂરો વિશ્વાસ મૂકતા અને તેમને વધુ ને વધુ જવાબદારીનાં કામ સોંપતા.

શાંત અને મૃદુભાષી ડૉ. વિક્રમભાઈનું વ્યક્તિત્વ મોહક હતું. શ્રી અને સરસ્વતીનો પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ - સભ્યતાનો વિરલ અને સુભગ એવો સમન્વય એમના વ્યક્તિત્વને એક અનેરી આભાથી અજવાળતો હતો. યુવાન વિજ્ઞાનીઓના તેઓ પ્રેરણા-મૂર્તિ હતા.

ભૌતિક વિજ્ઞાનને ક્ષેત્રે તેમના અર્પણની કદર લેખે ભૌતિક વિજ્ઞાન માટેનું ૧૯૬૨ નું "શાંતિસ્વરૂપ ભાટનાગર સ્મારક પારિ-તોષિક' તેમને એનાયત થયું હતું. ભારત સરકારે ૧૯૬૬માં એમને પદ્મભૂષણનું પદક આપી એમનું બહુમાન કર્યું હતું.

થુમ્બા ખાતે ૧૯૬૩ માં રૉકેટમથકની સ્થાપના પાછળ પ્રેરક બળ તેઓ જ હતા. યોગાનુયોગ પણ કેવો કે થુમ્બા મથકની છાયા-માં જ એમણે છેલ્લા શ્વાસ લીધા!

" અવિરત કામ તેઓ કરતા રહ્યા અને એમ જ કામ કરતાં કરતાં 'શહીદ' થયા..." એવા શબ્દોમાં એમના એક વેળાના ગુરુ વયોવૃદ્ધ વિજ્ઞાની અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના માનદ્ પ્રાધ્યાપક ડૉ. કે. આર. રામનાથને અર્પેલી નિવાપાંજલિ કેટલી યથાર્થ છે!

— હિંમતલાલ મહેતા

કોણ ?

સમીપ એટલે સગપણ ફાટયાં : એને બખિયાં મારે કોણ ?
શઢ ફાટયાં ને વહાણો ડૂબ્યાં : તાણે પછી કિનારે કોણ ?

એક પાંખથી આભે ઊડે એવું પંખી હજી અજાણ્યું :
અને પવનને પૂરવા માટે કોઈએ કદીએ પીંજર આણ્યું ?

ખરી પડેલાં ફૂલમાં આંસુ મૂકી ચાલો છૂટાં પડીએ;
ઠંડી ઉષ્મા ભૂલવા માટે અંગારાને જઈને અડીએ.

સમીપ એટલે સગપણ ફાટયાં : એને બખિયાં મારે કોણ ?
દવ લાગેલા ઘરનું છપ્પર નળિયાં મૂકી સમારે કોણ ?

–સુરેશ દલાલ

અસમાનતા કેવી રીતે મિટાવશો ?

આર્થિક સમાનતાનો મુદ્દો અહિંસક પૂર્ણ સ્વરાજ્યની ચાવી છે. આર્થિક સમાનતાને માટે કાર્ય કરવું એટલે મૂડી ને મજૂરી વચ્ચેના કાયમના ઝઘડાને મિટાવવો. એનો અર્થ એવો થાય છે કે એક બાજુથી જે થોડા પૈસાવાળા લોકોના હાથમાં રાષ્ટ્રની સંપત્તિનો મુખ્ય ભાગ એકઠો થયો છે તેમની સંપત્તિ કમી કરવી અને બીજી બાજુથી અર્ધા ભૂખ્યા અને નાગા રહેતા કરોડોની સંપત્તિ વધારવી. જ્યાં સુધી ખોબા જેટલા પૈસાવાળાઓ અને ભૂખ્યા રહેતા કરોડો વચ્ચેનું અંતર ચાલુ રહે ત્યાં લગી અહિંસાના પાયા ઉપર ચાલતો રાજ્ય-વહીવટ સંભવિત નથી. જે સ્વતંત્ર હિંદુસ્તાનમાં દેશના સૌથી તવંગર માણસો જેટલી સત્તા ભોગવતા હશે તેટલી જ ગરીબોની હશે, તેમાં નવી દિલ્હીના મહેલોને તેમની પડખે જ આવેલા ગરીબ મજૂર વસતિના કંગાળ ઘોલકાઓની વચ્ચે જે કારમો તફાવત આજે દેખાય છે તે એક દિવસ પણ નહીં નભે. પૈસાવાળાઓ પોતાનો પૈસો અને તેને લીધે મળતી સત્તા, એ બંને આપમેળે રાજીખુશીથી છોડી દઈ સર્વના કલ્યાણને માટે બધાંની સાથે મળીને વાપરવાને તૈયાર નહીં થાય તો હિંસક તેમ જ ખૂનખાર ક્રાંતિ અહીં થયા વિના રહેવાની નથી. એમ ચોકકસ સમજવું.

(સંગ્રાહક : શાંતિલાલ ટી. શેઠ) –ગાંધીજી

સમર્પણ

ટપક ટપક કરતાં ટીપાંએ ખાલી વાસણને પોતા થકી ભરી દીધું, ને સૌએ કહ્યું, વાસણમાં પાણી છે. કોઈ કરતા કોઈએ એમ ન કહ્યું કે અનેક જલબિંદુઓ વાસણમાં છે. છતાંય એમને જરાપણ માઠું લાગ્યું નહિ. પોતાનો જરા જેટલો અણસાર આપવા ન તો એક પણ બિંદુ છૂટું પડીને બહાર આવ્યું; ન તો એકમેકને ફરિયાદ કરી.

પોતાનું અલગ વ્યકિતત્વ મિટાવી દઈ સર્વમાં સમાઈ શૂન્ય બની જવામાં જ તેમણે ધન્યતા અનુભવી.

શારદાબેન બાબુભાઈ શાહ.

પ્રજાસત્તાક દિન નિમિત્તે સ્નેહસંમેલન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તેમ જ શુભેચ્છકો માટેનું એક સ્નેહસંમેલન મંગળવાર તા. ૨૫-૧-૭૨, સાંજના ૬-૩૦ વાગે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪) યોજવામાં આવ્યું છે આ સ્નેહ સંમેલનમાં બુફે ડીનર તથા સુગમ સંગીતનો કાર્યક્રમ રાખેલો હોઈ - સ્નેહસંમેલનમાં જોડાનાર માટે વ્યકિત દીઠ રૂપિયા પાંચ ફાળો રાખવામાં આવ્યો છે. તો આપનાં પ્રવેશપત્રો સંઘના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતિ છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ.શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

કીર્તિનો શાંત પ્રકાશ

જીવનમાં કીર્તિ અને શાંતિ તો કોઈ વિરલ વ્યકિતને જ પ્રાપ્ત થાય છે. કરોડમાં એકાદ માનવી એવો મળે જે કીર્તિના શિખર પર પહોંચ્યો હોય અને જેના ચિત્તમાં પણ અપાર શાંતિ હોય. સામાન્ય રીતે તો જ્યાં કીર્તિ ત્યાં શાંતિનું સુખ નહિ અને જ્યાં શાંતિ ત્યાં કીર્તિનો ઝળહળાટ નહિ. કુદરતે જીવનની સાથે જ પ્રગતિની વાંછના જોડી દીધી છે. પ્રગતિનું માપ મનની શાંતિ પરથી નહિ પરંતુ કીર્તિ પરથી કાઢવામાં આવે છે. દુનિયામાં કોણે પ્રગતિ કરી છે તે શોધવું હોય તો કોણે કીર્તિ પ્રાપ્ત કરી છે તે શોધવા તરફ આપણી નજર જાય છે. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં નિજાનંદમાં મસ્ત હોય કે શાંત હોય એવા માનવીનું કોઈ વિરલ વ્યકિતને જ ખેંચાણ થશે. વેપારી ને મજૂરથી માંડી સાધુ ને સેનાપતિ સુધીના માણસોમાં શાંતિથી જીવન ગુજારનારા ઘણા હશે, પરંતુ એમની ઈર્ષા કોઈકને જ થતી હશે; પરંતુ જેણે કીર્તિ હાંસલ કરી હશે - દા. ત. જે વેપારી અમુક કે અનેક બજારનો 'રાજા' બન્યો હશે અને પોતાની શકિતથી તેને નચાવતો હશે એવા વેપારી થવાનાં સ્વપ્નાં એ ક્ષેત્રના હજારો - લાખો માણસો સેવતા હશે! ખેડૂતો કે મજૂરોના જીવનમાં તો આવો ઝળહળાટ મળે નહિ, પરંતુ સાધુઓ, મઠધારીઓ, મહંતો, સેનાપતિઓ, વિજ્ઞાનીઓ, કલાકારો, રાજપુરુષો, વગેરેમાં જે લોકોએ પોતાનાં ક્ષેત્રોમાં નામના મેળવી હશે ત્યાં એવું સ્થાન પ્રાપ્ત કરવા માટે અનેક પતંગિયાં ફના થઈ જવા માટે ઘૂમતાં હશે. ખેડૂતો, મજૂરો ને કારીગરો કે અન્ય ક્ષેત્રોના સામાન્ય લોકોમાં પણ આગળ કોણ વધ્યું છે તેનો અંદાજ તેણે કેટલી પ્રતિષ્ઠા મેળવી છે તે પરથી કરવામાં આવે છે ને એવી સિદ્ધિ મેળવવા બીજા લોકો લલચાય છે.

કીર્તિની પરવા ન કરે તે તો સાચા અર્થમાં સાધુ ને સંન્યાસી ગણાય. માત્ર એવો વેશ પહેરનારાઓ તો બીજા સામાન્ય લોકોની પેઠે જ કીર્તિ મેળવવા આકાશ – પાતાળ એક કરતા હોય છે. આમ છતાં સ્થૂળ રીતે પણ સંસાર જેમણે છોડયો છે તેઓ કીર્તિની વાંછના રાખે નહિ તો તેમાં કશું અયોગ્ય ગણાતું નથી, પરંતુ સંસારના કોઈ પણ પ્રકારના વ્યવહારમાં પડેલા માણસ માટે તો કીર્તિની ઝંખના જીવનનું બળ અને પુરુષાર્થની પ્રેરણા બની જાય છે. દરેક માતા–પિતા એના બાળકમાં સદ્‌ગુણ સીંચવા માટે કે એનામાં શકિત પ્રેરવા કીર્તિની લાલચ આગળ ધરે છે. મહાપુરુષોએ પણ આવી જ વાણી ઉચ્ચારી છે. શ્રી કૃષ્ણે પણ અર્જુન સમક્ષ ઊંડા તત્ત્વજ્ઞાનની વાતો કરતાં ક્ષત્રિયના જીવનમાં કીર્તિનું કેવું મૂલ્ય છે તે સમજાવ્યું છે! જીવનમાંથી ધન, સત્તા, સ્થાન બધું ભલે જાય; પરંતુ, પ્રતિષ્ઠા ન જાય, કીર્તિને ઝાંખપ ન લાગે તેનું બહુ મહત્ત્વ ગવાયું છે. દરેક માનવી પોતાના ક્ષેત્રમાં કીર્તિની પાછળ દોડે છે. તેમાં તેની સામાન્ય પ્રકૃતિ સાથે બાળપણથી જે સંસ્કારો એણે ઝીલ્યા છે તેની પણ અસર હોય છે.

કવિઓ, કલાકારો, લેખકો વગેરેને મસ્ત ને બેપરવા માનવીઓ તરીકે ઓળખવામાં આવે છે; પરંતુ ભગવાં વસ્ત્રો ધારણ કરનારા લાખોમાં જેમ એકાદ માનવી જ સાચો સન્યાસી હોય છે તેમ આ કલાકારોમાં પણ લોકનિંદા ને લોકપ્રશંસાથી અલિપ્ત રહી પોતાની કલાસાધનામાં મસ્ત રહેનાર કોઈક જ હોય છે. જો વર્ગ તરીકે તુલના કરવી હોય તો એમ કહેવું પડે છે કે નિંદા ને પ્રશંસાની વધુ અસર તો આ કલાકારોને જ થાય છે. પ્રશંસાથી કેટલાકને બળ મળે છે ને કેટલાકનો શકિતપ્રવાહ સ્થગિત થઈ જાય છે. એ જ રીતે નિંદાથી કોઈને જોશ ચડે છે તો કોઈ ત્યાં ને ત્યાં કરમાઈ જાય છે. રાજકીય ક્ષેત્રે મહત્ત્વાકાંક્ષા સ્પષ્ટ રીતે જોઈ શકાય છે; છતાં

કેટલાક રીઢા મુત્સદ્દીઓ કીર્તિની પરવા ન કરતા હોય, ઉચ્ચ સ્થાન પર જવાને બદલે પાછળ રહી દોરીસંચાર કરી સત્તાનાં સારાં સૂત્રો પોતાના હાથમાં રાખવામાં સંતોષ માનતા હોય એમ દેખાય છે. પરંતુ આવા લોકો પણ એક નાના વર્તુળમાં તો કીર્તિની અપેક્ષા રાખતા જ હોય છે અને જ્યારે તેની પ્રાપ્તિ થતી નથી ત્યારે તેઓ ઠંડી ક્રૂરતાનો ભોગ પણ બની જાય છે.

આનો અર્થ એ થયો કે કીર્તિ મેળવવા મથવું એ માનવીનો સ્વભાવ છે; પરંતુ પ્રશ્ન એ છે કે શાંતિ મેળવવાનો પણ શું માનવીનો સ્વભાવ નથી? કોઈ પણ વ્યક્તિને પૂછીએ કે અમુક સ્થાન, માન, પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યા પછી એ કરવા શું માગે છે, તો શાંતિ સિવાય બીજો જવાબ મળશે નહિ. જો સૂક્ષ્મ અવલોકન કરવામાં આવશે તો એમ પણ જણાશે કે કીર્તિ પાછળની દોટનું એક કારણ અશાંતિમાંથી છૂટવાનું પણ હોય છે. મનુષ્યને પોતાની વર્તમાન સ્થિતિમાં સુખ નથી, શાંતિ નથી. એ માને છે કે જેઓએ આગળ વધી નામના મેળવી છે તેઓ પોતાથી વધુ સુખી છે ને વધુ શાંતિ ભોગવે છે. અસંતોષ ને અશાંતિ એને કોરી ખાય છે ને આગળ વધવા એ પણ કદમ ઉઠાવે છે. બહારથી જોનારને આવા માનવીના જીવનમાં જોશ દેખાય છે પરંતુ એની પાછળ સ્થિતિ નિરાળી હોય છે. કીર્તિની દિશામાં જોશભેર આગળ ધપતા માનવીના જીવનમાં શાંતિની આશા કયાંથી રાખી શકાય? હવે પ્રશ્ન એ થાય છે કે કીર્તિ અને શાંતિ છે શું? એ બેમાંથી એકની જ પ્રાપ્તિ થઈ શકે એમ હોય, દા. ત. કોઈ વરદાન આપે કે કીર્તિ અથવા તો શાંતિ બેમાંથી એક મેળવી લો તો શું માગવું જોઈએ, શું મેળવવું જોઈએ? કીર્તિ અને શાંતિમાં પસંદગી કરવા યોગ્ય શું શાંતિ જ છે?

કીર્તિ સંબંધમાં તો એમ સ્પષ્ટ જોઈ શકાય છે કે જેમને અનાયાસે, સહજ રીતે અથવા તો પોતાની કોઈ સાધનાના સ્વાભાવિક ને વણમાગ્યા ફળ તરીકે તે મળી હોય છે તેમના જીવનમાં સાધારણ રીતે કીર્તિને કારણે શાંતિ જોખમાતી નથી; પરંતુ જેઓ સમજબૂજીને પ્રયત્નપૂર્વક કીર્તિ માટે મથતા હોય છે તેવા લોકો શાંતિ ગુમાવે છે. આરંભમાં એમને એવું લાગે છે કે, અમુક કક્ષાએ પહોંચ્યા પછી એમને શાંતિ મળશે; પરંતુ એ કક્ષાએ પહોંચતાં જ આગળનો માર્ગ ખુલ્લો થાય છે ને શાંતિ દૂર ને દૂર ચાલી જાય છે. કેટલીક વાર તો એવું બને છે કે કીર્તિ જ શાંતિની ઘાતક બની જાય છે. કીર્તિ મેળવવા જે કંઈ કર્યું હોય છે તે બધું જીવનમાર્ગમાં આડું આવે છે, ને અમુક સ્થાન મળ્યા પછી આગળ વધવાનું શક્ય ન હોય તો મૂળની અશાંતિ વધુ ઘેરી બને છે, ને એ સ્થાન પણ જોખમમાં જણાય તો તેને જાળવી રાખવા માટે સર્વ પ્રકારનું સુખ ગુમાવવું પડે છે. એમાં યે કીર્તિ જો અપકીર્તિમાં પલટાઈ જવાનો ભય પ્રગટે તો સમાજથી, સંસારથી કે છેવટે જીવનથી દૂર નાસી જવાની ભાગણી પેદા થાય છે. આવી સ્થિતિમાં કીર્તિની પ્રાપ્તિનો માર્ગ મૃત્યુની પ્રાપ્તિનો એટલે કે અશાંતિની પરાકાષ્ઠાનો બની જાય છે.

ત્યારે શું શાંતિ જ પસંદ કરવાને યોગ્ય છે? એમાં તો શંકા જ નથી કે કીર્તિ અને શાંતિમાં એકની જ પસંદગી કરવાનું આવે તો આપણે શાંતિની પસંદગી કરવી જોઈએ, પરંતુ આવો નિર્ણય ઉચ્ચારતાં પહેલાં શાંતિનો આપણે શો અર્થ કરીએ છીએ તે સમજી લેવાની જરૂર છે. કીર્તિની પાછળ પડવામાં કેવાં ભયસ્થાનો છે તેની આપણે કલ્પના કરી લીધી. કેટલીક વાર તો કીર્તિની ઝંખના એવી પ્રબળ બની જાય છે કે માનવી ધર્મ, કર્તવ્ય, જીવનનાં મૂલ્યો વગેરે ભૂલી જાય છે. બીજાઓ પ્રત્યે પણ તે બેદરકાર બને છે ને સ્વજનો-પ્રિયજનોને પણ વીસરી જાય છે. કોઈક વાર તો કીર્તિનું સિંહાસન બીજાની છાતી પર ગોઠવતાં પણ તે અચકાતો નથી. આવી કીર્તિને અંગનગોળાની જ ઉપમા આપવી જોઈએ. એના માર્ગમાં જે આવે તે ભસ્મસાત્ થાય અને એ પોતે પણ સદાસર્વદા જલતો જ રહે! શાંતિ વિશે પણ જો તેનો સાચો મર્મ ન સમજાય તો આવો ભય છે ખરો. આવો ભય શાંતિમાં શૂન્યતાનો, જડતાનો, નિષ્ક્રિયતાનો, જીવનના જ અભાવનો ભય રહ્યો છે. જીવન એટલે ગતિ, વિકાસ, પ્રકાશ. જે શાંતિ ગતિને રોકે, વિકાસને રૂંધે પ્રકાશને અટકાવે તે શાંતિ કરતાં કીર્તિની આંધળી દોટ ઘણી સારી છે, કારણ કે એમાં ગતિ, વિકાસ ને પ્રકાશની અતિશયતા છે, વિકૃતિ છે, પણ અભાવ નથી. સંભવ છે કે કીર્તિની પાછળ દોડનાર એકાદબે પછડાટથી સાવધ પણ બની જાય, પરંતુ જડ શાંતિમાં સુખ માનનાર માટે તો કશી આશા જ રહે નહિ. એવું જીવન એ મૃત્યુનું જ બીજું નામ ગણાય.

આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે શાંતિ એ ચિત્તની એક અવસ્થાનું સૂચન કરે છે. શાંતિ એ કંઈ જીવનની નિશાની નથી, જીવનનું સર્વસ્વ તો નથી જ. જીવનને જાળવવા માટે શાંતિનો ભોગ આપવો જરૂરી નથી, પરંતુ જરૂર હોય તો તેવો ભોગ આપવો પણ જોઈએ. જીવન ગતિશીલ, વિકાસશીલ ને પ્રકાશમય રહે એ દૃષ્ટિએ જ શાંતિનો વિચાર થવો જોઈએ. આનો અર્થ એ થયો કે સ્થિરતા, જડતા ને અંધકારને ભેદી વિકાસ સાધવાની ક્રિયા છે તે શાંતિપૂર્વક કરવાની કલા આપણે પ્રાપ્ત કરવી જોઈએ. માત્ર કીર્તિની ઝંખના જો રાખીએ તો આમ બની શકે નહિ. એ જ રીતે શાંતિનો અર્થ શૂન્યતા ને જડતા ઘટાવીએ તો યે આવું થઈ શકે નહિ. જીવનનો જે હેતુ સિદ્ધ કરવો છે તે ચોક્કસ પ્રકારનો પુરુષાર્થ માગે છે. કીર્તિ માટે પણ તેની જરૂર છે, પરંતુ જ્યાં પ્રેરક બળ કીર્તિ છે ત્યાં અશાંતિ છે અને જ્યાં જીવનનો કોઈ ઉચ્ચ હેતુ જ પ્રેરક છે ત્યાં શાંતિ છે. આ પરથી સમજાશે કે જેને આપણે શાંતિ તરીકે ઓળખીએ છીએ તે વાસ્તવિક અર્થમાં છે ચિત્તની સ્વસ્થતા અને પ્રસન્નતા. જે મનથી સ્વસ્થ અને પ્રસન્ન છે તે કદી જડતાને, શૂન્યતાને, અંધકારને પસંદ કરશે નહિ; જીવન તરફ એ દુર્લક્ષ કરશે નહિ. કીર્તિનો ઝળહળાટ ક્ષણિક હોય કે ન હોય, પરંતુ જ્યારે જીવન પોતે જ શાંત તેજથી ઝળહળવા લાગે છે ત્યારે એવા કૃત્રિમ પ્રકાશની જરૂર રહેતી નથી. આવી સ્થિતિમાં શાંતિ અને કીર્તિ બંને સહજ રીતે પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિએ જોઈએ તો જીવનનો સર્વતોમુખી વિકાસ ચાહનારે કીર્તિથી ડરવાનું રહેતું નથી પરંતુ જીવનમાં કલ્યાણકારી ધ્યેયમાં જ મગ્ન રહેવાની જરૂર છે.

આ જ વિચારમાં આગળ વધતાં કીર્તિ અને શાંતિની ઊંચેરી અવસ્થા પણ કલ્પી શકાય છે. જેમને જીવનનું અને જગતનું જ્ઞાન લાધ્યું હોય છે તેમને, દુનિયા જેને કીર્તિ તરીકે ઓળખે છે તેની અસારતાનું બરાબર ભાન હોય છે. એવી કીર્તિ માટે પુરુષાર્થ કરવાની વૃત્તિ એમના ચિત્તમાં કદી પ્રગટતી નથી. કીર્તિનો આધાર જ્યાં પરિસ્થિતિ પર હોય અથવા તો બીજા સાથેની તુલના દ્વારા જ તેનું મૂલ્ય થતું હોય ત્યાં કીર્તિનું આયુષ્ય મર્યાદિત હોય એ સમજવાનું અઘરું નથી. કીર્તિનો ધ્વજ અનંતકાળ અથવા તો ચિરકાળ સુધી ફરકતો રાખવાનો પ્રયાસ કોઈ જ્ઞાની તો કરે જ નહિ, કારણ કે સ્વપ્રયત્ને એવો ધ્વજ ફરકતો નથી ને જ્યાં એવો પ્રયાસ થાય છે ત્યાં તે અંતે અભિમાનનો અળખામણો ધ્વજ બની જાય છે. કોઈ મહાપુરુષના અનુયાયીઓ કીર્તિસ્તંભો ને કીર્તિમંદિરો રચે છે ત્યાં પણ કાળના પ્રહારો તો તેના પર થતા જ રહે છે ને અંતે એમ સાબિત થાય છે કે માનવીના હૃદયમાં જે પ્રતિષ્ઠા થઈ હોય છે તે જ ચિરકાળ ટકી શકે છે.

શાંતિ વિશે એમ કહી શકાય કે જ્ઞાન અને ભક્તિનો ઉદય થતાં સાચી શાંતિનો અનુભવ કરી શકાય છે. એ પછી વિકાસને માર્ગે ગતિ થાય છે છતાં તેમાં 'પ્રયત્ન' જેવું કંઈ રહેતું નથી. જીવનની સર્વ ક્રિયાઓ શ્વાસોચ્છ્વાસની પેઠે સહજ બની જાય છે. કાર્ય-કારણનું તત્ત્વજ્ઞાન આત્મસાત્ થયા પછી સહજભાવે ને શ્રદ્ધાપૂર્વક બધી પ્રવૃત્તિ થવા માંડે છે. આવી પ્રવૃત્તિથી કીર્તિ મળે જ, પરંતુ તે ન મળે તોયે તેની ચિન્તા રહેતી નથી. કીર્તિની ઝંખના આવા ભક્ત-હૃદયમાં કદી પ્રગટે નહિ. જીવન હેતુમય હોય છતાં તેનું અભિમાન ન હોય એ અવસ્થા વિરલ છે. આવી અવસ્થા કીર્તિ ને શાંતિના સામાન્ય અર્થો જ પલટાઈ જાય છે. અવિચલ શાંતિની એ મૂર્તિની આસપાસ જે પ્રકાશ પથરાય છે તેની પાસે કીર્તિનો ઝળહળાટ તુચ્છ લાગે છે. એ શાંત પ્રકાશ કોઈને આંજતો નથી, કોઈ દિલમાં ઈર્ષા પ્રગટાવતો નથી, કોઈ એથી નાનપ અનુભવતું નથી. એ પ્રકાશ તો એના સંપર્કમાં આવનાર સૌ કોઈના જીવનના અંધારા ખૂણાને અજવાળી ત્યાં પણ પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લે છે. આવી શાંતિ ને કીર્તિ માટે મથવું એ જ જીવનનો પરમ પુરુષાર્થ ગણાય. શ્રી.

સંસ્કૃતિની બુનિયાદ

અનેક સભાઓમાં મારાં પ્રવચન બાદ પ્રશ્નોત્તર થાય છે. મુખ્ય પ્રવચન કરતાં આવી પ્રશ્નોત્તરીનું મહત્ત્વ કેટલીકવાર સવિશેષ હોય છે. આમાંથી થોડાક પ્રશ્નો અને એનાં મેં આપેલા ઉત્તરો લોકોના મનમાં જ નહિ પણ મારા મનમાં પણ કાયમ માટે અંકિત થઈ જાય છે અને વારંવાર એનો ઉલ્લેખ કરવાની ઈચ્છા થતી રહે છે. આવો જ એક અનુભવ અમેરિકાનો છે. કયા સ્થાને આ બન્યું હતું એ ચોક્કસ યાદ નથી. સભામાં ભારતીઓની સંખ્યા સ્વાભાવિક રીતે જ વધારે હતી. પરન્તુ એ સભામાં ગોરા અમેરિકનો પણ ઠીક સંખ્યામાં હાજર હતા એટલું જ નહિ પણ કાળા લોકો-ત્યાંના મૂળ વતની નિગ્રો—પણ ઠીક ઠીક સંખ્યામાં હતા.

પ્રવચનને અંતે એક આર્યસમાજીએ હેતુપૂર્વક એક પ્રશ્ન પૂછ્યો: 'કાકાસાહેબ, તમે તો આખી દુનિયામાં અનેકવાર યાત્રા કરી છે. દુનિયાની સર્વ સંસ્કૃતિઓનો તમને ખ્યાલ છે. તો પછી Which is the best cultur in the world? દુનિયામાં સૌથી શ્રેષ્ઠ સંસ્કૃતિ કઈ છે એ કહો?' હું જોઈ શક્યો હતો કે પ્રશ્ન પૂછનાર આર્યસમાજી છે. એને હું જાણી ગયો. વિદેશમાં જઈને ભારતીય આર્ય સંસ્કૃતિના ગુણગાન કરવાનું મારે માટે શોભાસ્પદ ન જ ગણાય. મેં એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના જવાબ આપ્યો: 'ઓગ્રિકલ્ચર-કૃષિસંસ્કૃતિ.' મારા આવા જવાબની કોઈને અપેક્ષા નહોતી, બધા હસી પડ્યા. થોડી વાર પછી મેં મારા ઉત્તરનું સમર્થન કરતાં કહ્યું કે 'બધી સંસ્કૃતિઓ પ્રારંભિક સમયમાં જંગમ સંસ્કૃતિ હતી. જ્યાંથી ગમે તે ખાવાનું મળ્યું, કન્દમૂળ, ફળ અથવા શિકાર, કુદરત પાસેથી લૂંટીને લઈ લેવામાં આવતું હતું. એક જંગલ ખાલી થઈ જાય તો બધા એ ખાલી જંગલને છોડીને બીજા જંગલમાં જઈને વસતા હતા. આવી સ્થિતિમાં સંસ્કૃતિનો વિકાસ કઈ રીતે થાય? એ પછી હળ ચલાવીને એક જ સમથળ જમીનમાં વારંવાર અનાજનો પાક લેવાવા લાગ્યો અને ખાતર નાખીને જમીનનો કસ જમીનને પાછો આપવા સમર્થ બન્યા ત્યારે માણસને ભટકવાની જરૂર ન રહી, એ સ્થાયી થયો અને ધીરેધીરે દરેક પ્રકારની સંસ્કૃતિનો વિકાસ થયો. જુદીજુદી જાતિઓએ અંદરઅંદર લડવાનું છોડીને સહકાર વધાર્યો. શ્રમવિભાગનું તત્ત્વ મનુષ્યને સૂજ્યું અને સંસ્કૃતિનો વિકાસ થયો. 'હળ અને ખાદ-મૂલક' ખેતી વિના સંસ્કૃતિનો વિકાસ થવાનું અશક્ય હતું. પછી તો ગામ અને શહેર પણ બન્યાં. માર્ગો બંધાયા. એના દ્વારા પણ સંસ્કૃતિના વિકાસમાં સહાય થઈ.

"હવે યુરોપના પુરુષાર્થી લોકો ભારતને નીચોવીને ધન કમાયા. એ સોનાની મદદથી આફ્રિકાના કાળા લોકોને ગુલામ તરીકે ખરીદવામાં આવ્યા અને અમેરિકા જઈને ત્યાંના રેડ ઈન્ડિયન લોકો પાસેથી જમીન લઈ લઈને અનાજ, કપાસ, તમાકુ વગેરેની મોટા પાયા પર ખેતી કરી. આ રીતે ત્રિખંડ-વ્યાપી સહયોગ કહો કે અન્યાય કહો એની બુનિયાદ પર અમેરિકાની સંસ્કૃતિ ઊભી છે-જે અત્યારે આખી દુનિયાનું નેતૃત્વ કરવા ધારે છે. એટલા માટે જ કહું છું કે The best culture is agriculture.

એક મામૂલી સવાલમાંથી આ રીતે મેં સભામાં હાજર રહેલા વિવિધ જાતિના લોકોને એક નવી જાગતિક વાત સમજાવી.

આપણા દેશમાં પણ ભારતીય સંસ્કૃતિનો આધાર જ્ઞાનોપાસના-મૂલક ધર્મ અને જમીનની ઉપાસનામાંથી થતી ખેતી, એ બાબતો પર રહ્યો છે. આ જ વસ્તુને સમજાવતાં આપણા પુરોહિતોએ પોતપોતાના રાજાઓને સમજાવ્યું કે ગો-બ્રાહ્મણ-પ્રતિપાલક હોય એ જ સારો રાજા છે. ગાય ખેતીનું પ્રતીક છે. ગાય દૂધ આપે છે અને અનાજ, કપાસ વગેરે ઉગાડવા માટે હળ ચલાવવા વાછડો-બળદ પણ આપે છે. અને બ્રાહ્મણ તો જ્ઞાનોપાસના અને તપસ્યા દ્વારા સમાજ-કલ્યાણકારી સંસ્કૃતિની બુનિયાદ તૈયાર કરે છે.

આપણા ઋષિમુનિઓએ જોયું કે જેનાં બાવડાંમાં શકિત હોય છે તેઓ સંગઠિત થઈ શકે છે. તેઓ જ જમીન પોતાના કબજામાં લે છે અને ભૂમિપતિ બને છે. 'સત્તા અને સંપત્તિ' બંને એમના હાથમાં જાય છે અને એટલે તેઓ બાકીની જનતાને નીચોવી શકે છે. આનો ઈલાજ ધર્મદ્વારા જ થઈ શકે છે. એમણે જબરજસ્ત જોરાવર લોકોને ક્ષત્રિય નામ આપ્યું અને એમને ધર્મ શીખવ્યો.

(ક્ષતાત્ કિલ ત્રાયતે ઈતિ ક્ષત્રિય!) જનતાની બધાં સંકટોથી જે રક્ષણ-ત્રાણ કરે છે એ જ ક્ષત્રિય છે. સામાન્ય પ્રજા તો વૈશ્ય છે. ક્ષત્રિયોનું ગાય અને બ્રાહ્મણનું પ્રતિપાલન કરવાનું ખાસ કર્તવ્ય હતું.

આ દીર્ઘદર્શી ઋષિઓએ જોયું કે વૈશ્ય લોકો ખેતી કરશે, ગોપાલન કરશે, હસ્તોદ્યોગનો વિકાસ કરશે. ક્ષત્રિયો બધાની રક્ષા કરશે અને રાજ્ય ચલાવશે. પરન્તુ લોકોને એમનો ધર્મ સમજાવવાનું કામ તો બુદ્ધિશાળી લોકો જ કરશે. જ્ઞાન અને કૌશલ્ય એક જબરજસ્ત શકિત છે. આ જ્ઞાનશકિત જો જબરજસ્ત બની જાય તો લોકોને બહેકાવીને એમને અંદરઅંદર લડાવી પણ શકે છે અને પછી જોત-જોતામાં એ પોતે જ રાજ્યકર્તા બની જશે. આમ થાય તો સર્વ કલ્યાણકારી ધર્મ નિસ્તેજ બની જશે અને સમગ્ર સમાજમાં વિકૃતિ આવી જશે.

એટલા માટે એમણે સમાજના સાંસ્કૃતિક નેતા બ્રાહ્મણોને માટે નિયમ બનાવ્યો કે તેઓ 'સત્તા અને સંપત્તિ' પોતાના હાથમાં લેશે નહિ, રાજ્યકર્તા બનશે નહિ, રાજાના સલાહકાર અને બુદ્ધિદાતા બનીને પણ કેવળ સમાજની દયા પર જ જીવશે. લોકો પોતપોતાની શ્રદ્ધા અનુસાર બ્રાહ્મણોને ખવડાવશે, પીવડાવશે, એમને દક્ષિણા આપશે અને એમની શીખામણને માનશે અને સત્તાસંપત્તિ પ્રતિથી મોઢું ફેરવી લઈને આ તપસ્વી બ્રાહ્મણો સર્વહિતકારી વાતો જ સમાજને સમજાવશે. કોઈક અંગ્રેજે બ્રાહ્મણ જાતિ માટે કહ્યું છે કે Intellectual aristocr..sy of beggers. આ વર્ણન સાવ સાચું છે. બ્રાહ્મણ રાજ્યાધિશ નહોતા કે નહોતા લક્ષાધિશ—તેઓ તો કેવળ ભિક્ષાધીશ હતા. એમનું તો કેવળ તટસ્થ સાંસ્કૃતિક નેતૃત્વ હતું.

પણ બ્રાહ્મણ જ્યારે મહત્ત્વાકાંક્ષી અને લોભી બને છે ત્યારે સમાજ-હિત અને રાષ્ટ્રહિત એ બધું ભૂલીને સ્વજનોનો પણ દ્રોહ કરવા તૈયાર થાય છે. આજ પણ ચારિત્યહીન નેતાઓ લોકોને બહેકાવીને 'સત્તા અને સંપત્તિ' પોતાના હાથમાં લઈ લે છે. આવા લોકોના હાથમાં રાષ્ટ્રની એકતા અને સ્વતંત્રતા ખતરામાં આવી જાય છે અને સર્વનાશનું દર્શન થવા લાગે છે. ભારતના ઈતિહાસનો આ નીચોડ છે.

આપણી સંસ્કૃતિમાં ગૌ અને બ્રાહ્મણને પ્રધાનતા આપવામાં આવી હતી. બ્રાહ્મણ શબ્દને કોઈ વંશપરંપરાગત નીતિ સાથે સંબંધ નહોતો અને ગાય શબ્દથી કેવળ ગાય-બળદની રક્ષા કરવાની વાત નહોતી. હકીકતમાં, સઘળી કૃષિવિદ્યા અને એને માટે જરૂરી બધાં પશુઓનો સમાવેશ આ 'ગાય' શબ્દમાં થતો હતો.

બ્રાહ્મણ શબ્દનો સંકુચિત અર્થ કરીને એક હોંશિયાર જાતિનું મહત્ત્વ આપણે વધાર્યું અને ગૌરક્ષાનો જે વ્યાપક અર્થ હતો—ખેતીનો વિકાસ—એને પણ સંકુચિત બનાવીને આપણે લોકોએ ગૌરક્ષાના નામે ગાયોનાં અનાથાલયો જ ખોલ્યાં. આમ કરી લોકો માનવા લાગ્યા કે આપણે ધર્મનું ઉત્તમ રીતે પાલન કર્યું છે. થોડાક કિસાનોએ પોતાના તાત્કાલિક સ્વાર્થને ધ્યાનમાં રાખીને ગાય-બળદની ઉપેક્ષા કરી અને ભેંસને એનું સ્થાન આપ્યું. આથી જે નુકસાન થાય તેમ હતું એ તરફ ધ્યાન જવામાં બહુ સમય લાગ્યો નહિ. પરંતુ દેશમાં એવાં સ્થાનો છે જ્યાં અતિ વૃષ્ટિને લીધે ગાયનું પાલન થઈ શકતું નથી અને બળદ પણ ખેતીકામમાં બરાબર આવી શકતા નથી. આવા સ્થાનો પર ભેંસ અને પાડાનો ઉપયોગ કરવો જોઈએ. ગૌ—બ્રાહ્મણ પ્રતિપાલનમાં ગાયની સાથે યોગ્ય સ્થળોએ ભેંસ, ઘોડા, વગેરેને પણ લેવાં જોઈએ. મૂળ ઉદ્દેશ કોઈ જાતિની પૂજા કરવાનો નથી પણ ખેતી અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાનો છે.

('મંગળ પ્રભાત' માંથી સાભાર) —કાકાસાહેબ કાલેલકર

જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ

જીવન પ્રત્યેનો આપણો દૃષ્ટિકોણ કેવો છે? આપણા વિચારો કેવા છે? જીવન પ્રત્યેનો આપણો દૃષ્ટિકોણ વિધાયક હશે, આપણામાં નકારાત્મક વિચારો ઘર કરીને બેઠા નહિ હોય તો આપણે આપણા જીવનમાં આવતી મુશ્કેલીઓ અને સમસ્યાઓનું છેવટે નિરાકરણ કરી શકીશું. આપણી સમક્ષ ઊભી થતી ઘણી મુશ્કેલીઓ અને સમસ્યાઓ તો આપણા નકારાત્મક વલણોને લીધે હોય છે. આપણે આપણા દૃષ્ટિકોણમાં, આપણા નકારાત્મક વલણોમાં પરિવર્તન ન આણીએ ત્યાં સુધી આપણી મુશ્કેલીઓનું નિવારણ કરી શકતા નથી, એટલું જ નહિ, આપણે એમ માનવા લાગીએ છીએ કે આપણી મુશ્કેલીઓ અને સમસ્યાઓ ઊકલી શકે એમ નથી અને જીવનમાં આપણે બસ સહન જ કરવાનું છે. જીવનના નાનામોટા પ્રશ્નોને પહોંચીવળવા આપણે સમર્થ નથી એવી ભાવના જ આપણામાં ઘર કરી બેસે છે.

પરન્તુ આપણે જો સુખ-શાંતિ મેળવવા અને જીવનમાં ઊભી થતી સમસ્યાઓને પહોંચીવળવાની આપણી શક્તિમાં વિશ્વાસ કેળવવા માગતા હોઈએ તો આપણે વિધાયક દૃષ્ટિકોણ કેળવવાનું અત્યંત મહત્ત્વનું છે.

વિધાયક દૃષ્ટિકોણ આપણે કઈ રીતે કેળવી શકીએ? એ માટે કેવાં પગલાં લેવાં જોઈએ?

વિધાયક દૃષ્ટિકોણ કેળવવા માગનારે સૌ પ્રથમ તો પોતાના વિશેનો યોગ્ય-સાચો ખ્યાલ બાંધવો જોઈએ. આપણે આપણા વિશે શું માનીએ છીએ? બીજાઓ આપણા સંબંધમાં ગમે તે ધારતા-વિચારતા હોય, મહત્ત્વની બાબત તો આપણો આપણા વિશેનો ખ્યાલ કેવો છે, એ છે.

એટલે પ્રથમ તો માણસે પોતાનું બરોબર અવલોકન કરવું જોઈએ. તમે અજોડ-અનોખા છો સાંગોપાંગ તમારા જેવું બીજું કોઈ આ અગાઉ થયું નથી અને ભવિષ્યમાં થવાનું નથી!

તમને જે બક્ષિસો મળી છે એનો વિચાર કરો. તમે જોઈ શકો છો, સાંભળી શકો છો અને બોલી શકો છો. બીજા કોઈ કરતાં તમારો અવાજ ભિન્ન છે. તમે બીજાઓને સાંભળીને કે એમણે લખેલાં પુસ્તકો વાંચીને એમના મનોજગતમાં પ્રવેશ મેળવી શકો છો.

આ બધી વસ્તુઓમાં તમે બીજાઓ સાથે સહભાગી છો. પણ તમારી અંદર તમારું પોતાનું જે વ્યક્તિત્વ છે તે અજોડ છે.

તમે બીજાથી ભિન્ન છો એટલે જ તમારી પાસે તમારા કુટુંબને, તમારા મિત્રોને અને તમારા સમાજને આપવા માટે કશુંક વિશિષ્ટ એવું છે, જે બીજાઓ પાસે નથી અને એટલે તેઓ એ આપી શકે તેમ નથી, તમે જ આપી શકો તેમ છો. આ રીતે તમારું મન, તમારું શરીર, તમારું વ્યક્તિત્વ અત્યંત મહત્ત્વનું છે. તમારા મહત્ત્વ વિશેનો આવો ખ્યાલ જો તમે બાંધી શકશો તો તમારામાં આત્મ-વિશ્વાસ આવશે.

હવે તમારી જાતને એક પ્રશ્ન પૂછો: આ મન, આ શરીર અને આ અનોખા વ્યક્તિત્વ પર કોનો અંકુશ છે? એનો જવાબ મળશે: તમારો ને તમારો જ, બીજા કોઈનો નહિ. તમારું શરીર ક્યાં જશે એ તમે નક્કી કરો છો. તમારા મનમાં કેવા વિચારો આવશે એ પણ તમે જ નક્કી કરો છો. તમારું મન અને શરીર એક જટિલ યંત્ર જેવું છે, જેનું તમે નિયમન કરો છો. આ વિચાર સત્યથી ઘણો નજીક છે.

આપણે જે કંઈ વિચારીએ છીએ એ મુજબ જ આપણા જીવનનું સંચાલન થાય છે. આ વિચારો અને આ વસ્તુઓ કઈ છે એ તમારે પોતે જ નક્કી કરવાનું છે. તમારું મન અને શરીર તમે નક્કી કરેલી દિશા જ પકડે છે. તમે જો અયોગ્ય નકારાત્મક વિચારો કરો તો તમે એ દિશામાં યાત્રા આરંભો છો. આને પરિણામે જીવનમાં તમારે તકલીફો અને નિષ્ફળતાઓ જ જોવાની આવે છે. આની સામે જો તમે વિધાયક વિચારો કરો તો જીવનમાં સફળતા મેળવવા માટેનો માર્ગ ખુલ્લો થાય છે અને મુશ્કેલીઓ તમને હરાવી શકતી નથી.

એ પછી આપણે આપણા જીવનનું ચોક્કસ ધ્યેય નક્કી કરવું જોઈએ.

આપણે આપણી શક્તિ-અશક્તિનો અંદાજ કાઢીને આપણે માટે યોગ્ય જીવનધ્યેય નક્કી કરવું જોઈએ. આપણે આપણા જીવનને કેવો આકાર આપવા માગીએ છીએ એના અસ્પષ્ટ જવાબથી આપણે સંતોષ નહિ માનવો જોઈએ. આપણે આપણું ધ્યેય સિદ્ધ કરી રહ્યા છીએ એવું ચિત્ર આપણી સમક્ષ ઊભું કરવું જોઈએ. આપણું સમગ્ર ધ્યાન એના પર કેન્દ્રિત કરવું જોઈએ.

દરરોજ રાત્રે સૂતીવખતે, દિવસ દરમિયાન અને સવારે તમારો દૈનિક ક્રમ શરૂ કરતાં પહેલાં 'હું મારું ધ્યેય સિદ્ધ કરીશ, હું લક્ષ્યસ્થાને પહોંચીશ'-એવો મનોમન સંકલ્પ કરો-દરરોજ રાત્રે તમે તમારા ધ્યેયની નજીક પહોંચી રહ્યા છો એ માટે ઈશ્વરનો આભાર માનો-આ જાતના વિધાયક નિર્દેશો અને ધ્યેયસિદ્ધિનાં કલ્પના-ચિત્રો તમારા મન અને શરીરને ચોક્કસ સંદેશાઓ આપ્યા જ કરે છે અને એ રીતે કયા માર્ગે જવું એનું દિશાસૂચન એ આપે છે.

કેટલીકવાર મનને વિધાયક દિશામાં વાળવાનું મુશ્કેલ હોય છે, કેમ કે ભૂતકાળમાં નકારાત્મક રીતે વિચાર કરવાની જે ટેવ પડી હોય છે એથી ચિત્તતંત્ર ખોટી રીતે કામ કરતું થઈ ગયું હોય છે. આવી સ્થિતિમાં વિધાયક દૃષ્ટિકોણ કેળવવા માટે તમારે જાગ્રત પ્રયાસો કરવા પડશે. મનમાં નકારાત્મક વિચાર ઉદ્‌ભવે કે તરત જ એને દૂર હાંકી કાઢીને એના સ્થાને વિધાયક વિચારને મૂકી દેવાની તકેદારી રાખવી જોઈશે.

એ જ રીતે બીજાઓની ટીકા કરવી અને એમાં આનંદ લેવો એ ખોટું છે. એ પણ નકારાત્મક વલણની સરજત છે. આવી હાનિ-કારક વૃત્તિને મનમાંથી દેશવટો દેવો જોઈએ. બીજા લોકોની નિંદા કરવાથી એમને તો જે થતું હોય તે, પણ આપણને એથી કંઈ લાભ થતો જ નથી. એટલે બીજાઓનો ન્યાય તોલવા બેસવાનું વલણ પણ છોડવું જોઈએ.

આપણી લાગણીઓ-ઊર્મિઓ પર પણ આપણે બરાબર નજર રાખવી જોઈએ. આપણે ઘણીવાર ભય કે ધિક્કારને લીધે તર્કહીન પૂર્વગ્રહો બાંધીએ અને આ પૂર્વગ્રહોને આધારે અમુક વલણ રાખતા થઈએ છીએ આ પણ નકારાત્મક માનસનું જ પરિણામ છે. એને સ્થાને પ્રેમ, સમભાવ અને સમજદારીના વિધાયક ગુણો આપણે અપનાવવા જોઈએ.

વિધાયક દૃષ્ટિકોણ અપનાવ્યા બાદ, ધ્યેય પર સ્થિર નજર રાખવી જોઈએ. તમારું જીવન બહારની દુનિયા પ્રતિ વહે એવું કરવું જોઈએ-ખાસ કરીને જેમને મદદની જરૂર છે એવા લોકો તરફ તમારું જીવન વહેતું થવું જોઈએ. તમે આવા લોકોને સહાયભૂત થઈને વસ્તુતઃ તમારી જાતને જ સહાયભૂત થાઓ છો.

એટલે વિધાયક મનોવલણની બક્ષિસ મેળવવા માટે (૧) તમારી જાતને સમજો અને તમારા વિશેનું સાચું કલ્પનાચિત્ર અંકિત કરો, (૨) મન-શરીર રૂપી જટિલ યંત્રનું નિયમન કરવાને સમર્થ બનો, (૩) જીવનધ્યેય નક્કી કરો અને સતત એને તમારી નજર સમક્ષ રાખો, (૪) નકારાત્મક વલણ પ્રત્યે જાગ્રત રહો અને એનું સ્થાન વિધાયક વલણ લે એવું કરો, (૫) તમારા જીવનને બહારની દુનિયા તરફ વહેવા દો.

આ રીતે તમારું માનસ વિધાયક બનતા જીવનના પડકારને તમે ઝીલી શકશો. જીવનની સમૃદ્ધિને મેળવી શકશો અને જીવનમાં આનંદ, સંતોષ અને સફળતા મળવાનો માર્ગ મોકળો થશે.

—અં. મ.

ધર્મનું સર્વહિતકારી સ્વરૂપ

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. સમાજથી અળગા રહેવાનું એને માટે અસંભવ અને અનુચિત છે. સમાજમાં રહીને પોતે સમાજને માટે કેટલો સ્વસ્થ સહયોગી બની રહે છે તેમાં જ તેના જીવનની ઉપાદેયતા અને સાર્થકતા છે. સ્વસ્થ વ્યકિતઓથી જ સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે. અસ્વસ્થ વ્યકિત સ્વયં તો દુ:ખી રહે જ છે, પણ પોતાના સંપર્કમાં આવતા સમાજના અન્ય લોકોને પણ ઉત્તાપિત કરી મૂકે છે. એટલા માટે સુખી અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે પ્રત્યેક વ્યકિતને સુખ અને સ્વાસ્થ્યથી ભરપૂર બની જવાનું નિતાંત આવશ્યક બની રહે છે. પ્રત્યેક વ્યકિત સ્વચ્છચિત્ત હોય, શાંત હોય, તો જ સમગ્ર સમાજની શાંતિ બની રહે છે. ધર્મ તે આ વ્યકિતગત શાંતિ માટેનું અનુપમ સાધન છે અને એટલે જ વિશ્વશાંતિ માટેનું પણ આ એકમાત્ર સાધન છે તેમ કહી શકાય.

ધર્મનો અર્થ સંપ્રદાય નથી. સંપ્રદાય તો માણસ માણસની વચ્ચે, વર્ગવર્ગની વચ્ચે દીવાલો ઊભી કરીને વિભાજનની આશંકા પેદા કરે છે. જ્યારે સાચો ધર્મ તો દીવાલોને તોડે છે અને વિભાજનના વિચારને દૂર કરે છે. સાચો ધર્મ મનુષ્યની અંદર રહેલા અહંભાવ અને હીનભાવને જડમૂળથી ઉખાડીને ફેંકી દે છે. માનવમાનવની આશંકાઓ, ઉત્તેજનાઓ, ઉદ્વિગ્નતાઓ દૂર કરે છે અને તેને સ્વચ્છતા અને નિર્મળતાનાં એવા ધરાતલ પર પ્રતિષ્ઠિત કરે છે કે જ્યાં અહંકાર તો ટકી શકતો જ નથી પરંતુ હીનભાવની ગ્રંથિઓથી ગ્રસ્ત દૈન્યભાવ પણ પાંગરી શકતો નથી. જીવનમાં સમત્વભાવ આવે છે ત્યારે હવા, વસ્તુ, વ્યકિત અને સ્થિતિને તેનાં યથાર્થ સ્વરૂપમાં જોઈ શકવાની નિર્મલ પ્રજ્ઞા જાગે છે. અતિરંજના અને અતિશયોકિતઓમાં ડૂબેલો ભકિતભાવાવેશ દૂર થાય છે. જ્ઞાન-વિવેક અને બોધિનાં અંત:ચક્ષુ વિરજ-વિમલ બની જાય છે. અંત:દૃષ્ટિ પારદર્શી બની જાય છે. અંતરની આંખોની સામેથી તમામ ધુમ્મસ અને અંધકાર દૂર થાય છે. આપણે જે સાંભળેલી અને વાંચેલી વાતોથી આપણું મન વિકૃત બનાવી દીધું છે, એ જ પૂર્વગ્રહરૂપી વિકૃતિઓ સત્યદર્શનમાં બાધા પેદા કરે છે. પૂર્વનિશ્ચિત ધારણાઓ અને માન્યતાઓ આપણી આંખો પર રંગીન ચશ્માની માફક ચઢી જાય છે અને વાસ્તવિક સત્યને ચશ્માના રંગ પ્રમાણે જ જોવાને માટે બાધ્ય કરે છે. ધર્મને નામે આપણે આ જંજીરોને સુંદર આભૂષણોની માફક પહેરી રાખી છે. સાચી મુકિતને મેળવવા માટે આ જંજીરો તોડવાનું બહુ જરૂરનું છે.

ચિત્તને રાગદ્વેષ, મોહ, ઈર્ષ્યા, મત્સર દુર્ભાવના, વૈમનસ્ય, ભય, આશંકા, મિથ્યા કાલ્પનિક દૃષ્ટિઓ, માન્યતાઓ અને રૂઢિઓની પકડમાંથી મુકત કરવાને માટે તમામ પૂર્વ-પરંપરાઓને એક બાજુ પર રાખીને, ભાવુકતાને દૂર હઠાવીને આપણે યથાર્થમાં જીવતા શીખવાનું બહુ આવશ્યક છે. યથાર્થમાં જીવવું એટલે વર્તમાનમાં જીવવું,-આ જ ક્ષણમાં જીવવું તે છે. કારણ કે વીતી ગયેલી ક્ષણો યથાર્થ નથી, એ તો સમાપ્ત થઈ ગઈ, હવે તો માત્ર એનું સ્મરણ જ રહી શકે છે. પણ પેલી ક્ષણ નહીં. એ જ પ્રમાણે હવે આગળ આવનારી ક્ષણ પણ હમણાં હાલ ઉપસ્થિત નથી. એની તો માત્ર કલ્પના અને કામના જ થઈ શકે છે, તેનું યથાર્થ દર્શન નથી થઈ શકતું.

વર્તમાનમાં જીવવાનો અર્થ એ છે કે આ ક્ષણમાં જે કંઈ અનુભૂત થઈ રહ્યું છે તેના પ્રત્યે જાગ્રત રહીને જીવવું. ભૂતકાળની સુખદ્ યા દુ:ખદ્ સ્મૃતિઓ અથવા ભવિષ્યકાળની સુખદ્ આશાઓ અને દુ:ખદ્ આશંકાઓ આપણને વર્તમાનથી દૂર દૂર લઈ જાય છે; અને સાચા જીવનથી વિમુખ બનાવે છે. વર્તમાનથી વિમુખ આ થોથું નિસ્સાર જીવન જ આપણે માટે અનેક કલેશોનું કારણ બને છે. અશાંતિ, અસંતોષ, આકુલતા, વ્યથા અને પીડાને જ તે જન્મ આપે છે પણ જેવા આપણે આ ક્ષણનું યથાભૂત દર્શન કરીને જીવવા માંડીએ છીએ કે તરત જ પેલા બધા કલેશોમાંથી સ્વાભાવિક રીતે જ મુકિત મળવા લાગે છે.

આ દેશના એક મહાપુરુષ ભગવાન તથાગત બુદ્ધને આવી સમ્યક્-સંબોધિ પ્રાપ્ત થઈ હતી. તેમણે વર્તમાન ક્ષણમાં જીવવાનું શીખીને ચિત્તને તમામ સંસ્કારોથી વિહીન કરીને તેને પરમ પરિશુદ્ધ કરીને, બંધનમુકત કરવાની કળા પ્રાપ્ત કરી હતી. તેમણે જીવનભર લોકોને આ જ કલ્યાણકારી કળાનો અભ્યાસ કરાવ્યો. આ જ મંગલમય વિધિનું નામ "વિપશ્યના સાધના" છે. સાધક વર્તમાન ક્ષણમાં જે કંઈ અનુભૂત કરી રહ્યો છે, તેનાં પ્રતિ જ જાગ્રત રહે છે. આવી રીતે પોતાની કાયા પ્રતિ જાગ્રત રહીને કાયાનુપશ્યના કરે છે. પોતાનાં ચિત્તમાં અનુભૂત થતી સમસ્ત સુખદ્ અને દુ:ખદ્ અથવા અસુખદ્ અને અદુ:ખદ્ સંવેદનાઓ પ્રતિ જાગ્રત રહીને વેદનાનુપશ્યના કરે છે. પોતાના ચિત્ત પ્રતિ જાગ્રત રહીને ચિત્તનું પશ્યના કરે છે. પોતાના ચિત્તમાં ઉત્પન્ન થતી વિભિન્ન સારીમાઠી વૃત્તિઓ પ્રતિ અને તેનાં ગુણ, ધર્મ અને સ્વભાવ પ્રતિ જાગ્રત રહીને ધર્માનુપશ્યના કરે છે. આ પ્રકારની જાગરુકતાનો અભ્યાસ કરીને ચિત્ત ઉપર પડેલા વિકારોનું અને સંસ્કારોનું તે ઉચ્છેદન કરી શકે છે. અસકિતથી આશ્રવથી ચિત્ત ધીરે ધીરે વ્યસનોની ખેંચતાણથી તૃષ્ણાઓ અને તીવ્ર લાલસાઓનાં બંધનથી, અતીતનાં સુખદ્ યા દુ:ખદ્ સ્મરણોની નિરર્થક ઉલઝનોથી, ભાવિ આશંકાઓનાં ભયભીતિજન્ય માનસિક ઉત્પીડનથી, ભવિષ્યનાં સોનેરી સ્વપ્નાઓની કાલ્પનિક ગડમથલોથી વિમુકત થઈને પોતાની સ્વાભાવિક અને નૈસર્ગિક સ્વચ્છતાને પ્રાપ્ત કરે છે.

પોતાનું સમસ્ત અક્કડપણું, જિદ્દભરી ગ્રંથિઓ અને તાણખેંચવાળી માનસિક પીડાઓને દૂર કરવાનો આ એક સરલ સહજ ઉપાય છે, જે માનવમનને માટે સમાનરૂપે કલ્યાણકારી છે. આ અભ્યાસ કરવાને માટે બૌદ્ધ સંપ્રદાયમાં દીક્ષિત થવાની કોઈ જરૂર નથી. તેમ જ ન તો આ પદ્ધતિનાં આદિ પ્રવર્તક ભગવાન બુદ્ધની મૂર્તિને નમન કરવાની પણ તથા તેમની સામે ધૂપદીપ નૈવેદ્ય અને આરતી કરીને પૂજવાની પણ જરૂર નથી. સાધકે તો આદિગુરુનાં રૂપ યા આકારનું ધ્યાન કરવું; તેમ જ તેમનું નામસ્મરણ અથવા મંત્રનો જાપ કરવાની પણ આવશ્યકતા નથી. એવું કંઈ પણ કરવાનું નથી કે જેથી તેમનું શરણ ગ્રહણ કરીને અથવા તો તેમનાં નામપર એવું અંધ આત્મસમર્પણ કરીને પોતે કશું પણ કર્યા વિના કેવળ તેમની કૃપામાત્રથી તરી જવાની મિથ્યા ભ્રાંતિ માથાપર સવાર થઈ જાય.

આ વિધિથી સ્વયં લાભાન્વિત થયા પછી અથવા અન્ય લોકોને લાભાન્વિત થયેલા જોઈને જો કોઈ સાધક યા સાધિકા તે મહાકારુણિક મહાપ્રજ્ઞાવાન ભગવાન તથાગત પ્રતિ કૃતજ્ઞતાથી વિભોર થઈને તેમની કરુણા અને પ્રજ્ઞા પ્રતિ પોતાની શ્રદ્ધા પ્રગટ કરે તો તેમાં કંઈ દોષ પણ નથી. ગુણો પ્રતિ પ્રગટ કરેલી શ્રદ્ધા તે તે ગુણોને સ્વયં આપણાં જીવનમાં ધારણ કરવાની પ્રેરણા પ્રદાન કરે છે અને ખરી રીતે આ શ્રદ્ધા જ કામની છે. એ જ પ્રમાણે કતજ્ઞતા ચિત્તની એક સદ્વૃત્તિ છે. આ શ્રદ્ધા અને કૃતજ્ઞતાની ભાવના ચિત્તને મૃદુલ બનાવે છે. જે "વિપશ્યના સાધના"નાં ચિત્તવિશુદ્ધિકરણના પ્રયાસમાં સહાયક બને છે પરંતુ આ "વિપશ્યના સાધના"નાં અભ્યાસનું આલંબન તેનાં આદિગુરુ ભગવાન બુદ્ધનું ધ્યાન કરવું તે નથી. એનું આલંબન તો સ્વયં આપણી ક્ષણ ક્ષણમાં બદલાતી રહેતી મનોસ્થિતિ છે. જેના પ્રતિ સાધકે સતત જાગ્રત રહેવું પડે છે. આ અભ્યાસ પ્રકૃતિના યથાર્થ સ્વરૂપના પ્રતિ જાગ્રત રહેવાનું શીખવે છે. પ્રકૃતિના આ યથાર્થ દર્શનનો અભ્યાસ કરવામાં કોઈ પણ વર્ગ, સંપ્રદાય, જાતિ, દેશ, કાલ અને બોલી-ભાષાની વ્યકિત માટે જરા પણ કઠિનાઈ પેદા થતી નથી. મનુષ્ય પોતાની જ માનવીય પ્રકૃતિનું સ્વયં અધ્યયન કરે છે, આત્મદર્શન કરે છે. પોતાના જ મનોવિકારોનું યથાર્થ અવલોકન કરે છે. આ રીતે જોતાં જોતાં જ મનોવિકારો વિલીન થવા માંડે છે અને સાધક એક ભલો, સરલ, નિર્મલ અને શુદ્ધ મનુષ્ય બનીને સાચા માનવધર્મમાં સંસ્થાપિત થાય છે. આવો નિર્મલ મનુષ્ય કોઈ પણ જાતિ, વર્ગ અથવા સંપ્રદાયનો કેમ ન હોય તે સમસ્ત સમાજને માટે લાભપ્રદ જ નીવડે છે. તે પોતે તો સુખશાતાથી રહે જ છે, પણ પોતાના સંપર્કમાં આવનારા બીજા બધા લોકોની સુખશાંતિ વધારવામાં પણ તે સહાયક સિદ્ધ થાય છે.

સદ્ધર્મનું આ સાર્વજનિક, સાર્વદેશિક, સાર્વકાલિક અને સર્વહિતકારી સ્વરૂપ વધારેમાં વધારે લોકોને ઉપલબ્ધ થાય, અને તેમનાં હિત સુખનું કારણ બને એ જ મંગલકામના.

"ભવતુ સબ્બ મંગલમ્"

: લેખક :

સત્યનારાયણ ગોયન્કા

અનુ: પૂર્ણિમાબેન પકવાસા

☆ તામેં દો ન સમાઈ ☆

એક વખત પરમાત્મા પોતાના પરમ ભક્ત પર પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું. ભક્તને તો પરમાત્માનાં ચરણોમાં લીન થવાની જ ઈચ્છા હતી પણ પરમાત્માએ વરદાન માગવા આગ્રહ કર્યો ત્યારે ભક્તને થયું કે પ્રભુ પાસે તસુ જેટલી જમીન માગું. તેણે પરમાત્માને કહ્યું: મારે કંઈક માગવું એવો આગ્રહ છે તો તસુ જેટલી જમીન આપો. પરમાત્મા 'તથાસ્તુ' કહી અદશ્ય થઈ ગયા. ભક્તને વિચાર આવ્યો કે ઈશ્વરની આ પરમ ભેટનો કંઈક ઉપયોગ કરવો જોઈએ. વિચાર કરતાં કરતાં તેને લાગ્યું કે એ સ્થળે વડનું બી રોપી દઉં. બી તદ્દન નાનું, પણ તેમાંથી વિશાળ વટવૃક્ષ ફાલશે; પંખીઓ કલરવ કરતાં થશે. ઘર જેવડો છાંયો થશે અને થાકયાપાકયા વટેમાર્ગુઓનો વિસામો થશે. વડ નીચે કોઈ સાધુ-સન્તની ઝૂંપડી થશે, હરિનાં નામ જપાશે, સત્સંગની સરવાણીઓ ફૂટશે અને પાણીની પરબો મંડાશે.

ભક્તે તો જમીન પોચી કરી બી જમીનમાં દાટયું અને ખાતર-પાણીની વ્યવસ્થા કરી. પ્રભુએ આપેલી જગ્યામાં વડ ઉછેરવાનો હતો. એ સામાન્ય વડ થાય તો તો ભક્તની નિષ્ઠા લાજે. એણે તો ત્યાં ધૂણું ધખાવી. પરમાત્માનું સ્મરણ અને વડનો ઊછેર એની સાધનાનાં પ્રધાન અંગો બની ગયાં. એનું હૃદય પ્રભુનાં સ્મરણથી પહોળું પડતું ગયું. દિવસે દિવસે બીજનો અંકુર વિકસતો ગયો. સરિતા પોતાનું વ્યકિતત્વ ત્યજી સાગરમાં લીન થઈ જાય તેમ ભક્ત પોતાનું અસ્તિત્વ ભૂલી પરમાત્મામાં એકરૂપ થવા લાગ્યો. એ સમજતો હતો કે પરમાત્મા તો પરમકૃપાળુ છે, એની પરમકૃપાનાં કિરણો ઝીલવા માટે 'સ્વ' ને ઓગાળી દઈએ તો પરમ તત્ત્વને સતત પ્રગટ થવાનો અવકાશ રહે.

સંત કબીરે કહ્યું છે:

"જબ મૈં થા તબ ગુરુ નાહીં, અબ ગુરુ હૈ મૈં નાહીં;
પ્રેમગલી અતિ સાંકરી, તામેં દો ન સમાઈ."

મનુષ્યમાં જ્યારે અહંકાર ગોરંભાતો હોય ત્યારે પરમાત્માને પ્રવેશવા માટે અવકાશ રહેતો નથી. અહંકારના અભાવે પરમાત્મા વિલસતો હોય છે. ધરતી પોચી પડે ત્યારે તેમાં મુકાયેલા બીજને વિકસવાની તક મળે છે. કઠણ ધરતીમાં - આણખેડાયેલી ધરતીમાં બીજ પાંગરવાને બદલે કાળાંતરે સુકાઈને ખતમ થઈ જાય છે.

મનુષ્ય પોતાના નામની દાંડી પીટયા કરે ત્યારે અંદરથી પરમાત્માનો ગુંજારવ ભાગ્યે જ સંભળાય છે. એને ચૂપ થયા વિના સાંભળી શકાતો નથી. અહંકારના આચ્છાદનને સરી જવા દીધા વિના પરમ તત્ત્વની ઝાંખી થતી નથી. એક મ્યાનમાં જેમ બે તલવાર સમાવિષ્ટ થતી નથી, તેમ અહંકાર અને ઈશ્વર સાથે રહી શકતા નથી. એકને અભાવે જ અન્ય પોતાને વિશેષરૂપે પ્રગટ કરી શકે છે.

પ્રેમની ગલીમાં પ્રવેશ કરતાં પહેલાં એકનિષ્ઠા અનિવાર્ય બને છે. મન વેરવિખેર હોય, સાગરજળના તરંગોની માફક વૃત્તિઓ ડોલાયમાન હોય, ત્યાં પરમાત્માનો સમાવેશ થતો નથી.

ભક્તજનો 'હું'કારથી જાગ્રત હોય છે. દયારામના જીવનચરિત્રમાં એક પ્રસંગ નોંધાયો છે. દયારામ પહેલે માળે આવેલા ઓરડામાં બેઠા છે. નીચે ખડકી બંધ છે. એમને મળવા આવનાર ખડકીની સાંકળ ખખડાવે છે. દયારામ ઓરડામાં બેઠાં બેઠાં જ પૂછે છે, 'કોણ છે ભાઈ? આગંતુક કહે છે: 'હું છું.' દયારામ પ્રત્યુત્તર પાઠવે છે: 'ભાઈ, 'હું' ને બહાર મૂકીને ઉપર ચાલ્યા આવો.' 'હું' ને અળગા કરવાનું કે 'સ્વ' ને ભૂંસી જવાનું કામ પ્રેમ વિના ભાગ્યે જ થતું હોય છે. માતા આ બાબતમાં ઉત્તમ દષ્ટાંતરૂપ છે. તે પોતાની જાતને બાળકોની સેવામાં ઓગાળી નાખે છે. તે બાળકોના સ્વાદમાં પોતાનો આસ્વાદ અને બાળકોની ઈચ્છાઓમાં પોતાની ઈચ્છાઓનો લય કરી દે છે. બાળકોને એ બધું અર્પણ કરી દે છે. પરમાત્મા પ્રત્યે આવી નિષ્ઠા જાગે ત્યારે 'સ્વ'નો મહિમા કરવાનો રહેતો નથી. પણ 'સ્વ'ની પ્રશંસા કરનારા અને અન્યને સામાન્ય ગણી તુચ્છકાર કરનારાની અછત નથી.

વિદ્યા વિનયથી શોભે છે એ વિદિત છે, પણ વિદ્યાવાનો પાસે પણ અહં ડોકાયા વિના રહેતો નથી. એવો એક પ્રસંગ બુદ્ધ અને માછીમારની કથામાં આવે છે. એક માછીમારે માછલી પકડી હોય છે. તે માછલીને સો મુખ છે. અનેક પ્રાણીઓનાં મુખ વ્યકત થતાં જોઈને માછીમાર ઊંડા વિચારમાં પડે છે અને ભગવાન બુદ્ધને તેનો ખુલાસો પૂછે છે. શતમુખી માછલીને જોઈ બુદ્ધ કહે છે કે આ તો કપિલ બ્રાહ્મણ છે. ગયા જન્મમાં એને ત્યાં અનેક વિદ્યાર્થીઓ વિદ્યા સંપાદન કરવા આવતા. એમાં એ કોઈને કાંઈ શીખવાડે અને આવડે નહીં તેને ભિન્ન ભિન્ન પ્રાણીઓનું નામ આપી સંબોધતા. કોઈને ગધેડો કહેતા તો કોઈને વાંદરો, કોઈને શિયાળ કહેતા તો કોઈને ઊંટ, કોઈને ભૂંડ તો કોઈને કૂતરો ઈત્યાદિ. એ બધાં સ્વરૂપો આ જન્મે આવીને ઊભાં રહ્યાં છે. માછલીને આવાં સો માથાં હોય છે કે નહીં તે મહત્ત્વનું નથી, પણ મનુષ્યના વ્યકિતત્વમાં આવા વિવિધ ચહેરાઓને સમાવિષ્ટ થવાનો અવકાશ મળતો હોય છે.

અહં અનેક રીતે પ્રગટતો હોય છે. દ્રૌપદીના વસ્ત્રહરણ પ્રસંગે એનામાં સૂક્ષ્મ અહં હતો એમ કહેવાય છે. દુ:શાસન વસ્ત્રહરણ કરવા તૈયાર થયો ત્યારે શીલની રક્ષા કાજે દ્રૌપદી સાડીનો છેડો બે દાઢની વચ્ચે દબાવે છે. કોઈ પણ ક્ષણે એની આબરૂ નષ્ટ થાય તેવી ઘડી નિર્માણ થઈ છે.

તે જ ઘડીએ દ્વારકાના રાજમહેલમાં જમતાં જમતાં કૃષ્ણનો કોળિયો હાથમાં રહી જાય છે. બહેનને મદદ કરવી છે, પણ કરી શકતા નથી. કશાકની વાટ જોતા હોય તેમ બારીમાંથી ભૂરા આકાશમાં નજર રાખી રહ્યા છે. કૌરવની સભામાં દ્રુપદતનયાને લાગે છે કે કૃષ્ણના સહારા વિના પોતાનું શીલ સચવાશે નહીં. પાકી ખાતરી થઈ જતાં 'હે કૃષ્ણ' એવો આર્તનાદ તેમના મુખમાંથી સરી પડે છે અને મોમાં પકડી રાખેલો સાડીનો છેડો સરી પડે છે. કોઈ અદશ્ય સ્થળેથી વસ્ત્ર આવવા માંડે છે. દુ:શાસન દ્રૌપદીને નિર્વસ્ત્ર કરવામાં સફળ થતો નથી. અહં જતાં દ્રૌપદી દ્રૌપદી મટી કૃષ્ણા થઈ જાય છે.

બરફને વહેવા માટે પીગળવું પડે છે, પાણીને ઊંચે ચડવા માટે વરાળ બનવું પડે છે, મનુષ્યે પરમ તત્ત્વને પામવા 'સ્વ'માંથી મુકત બનવું પડે છે. કબીરે પ્રેમગલીને સાંકડી કહી છે - પ્રેમ આમ તો પારાવારને સમાવી લે છે, અને છતાં માત્ર 'સ્વ' માટેનો પ્રેમ એમાં આવે તો પારાવારનો પ્રેમ એમાં પ્રવેશ કરી શકતો નથી. મનુષ્ય કાં સ્વ-અર્થે જીવી શકે અથવા પર-અર્થે. આ બે તો બે ધ્રુવ જેવા છે; એ બંને એક બિંદુ પર કયારેય ન મળી શકે તેમ તમે તમારી જાતને ચાહો તો દુનિયાને ચાહી શકો, અને દુનિયાને ચાહો તો તમારે જાતને ચાહવાની રહે નહીં - દુનિયા જ તમારી સંભાળ લઈ લેશે.

—કાન્તિલાલ કાલાણી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ ફેબ્રુઆરી ૧, ૧૯૭૨ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિએ.... ☆

[ગઈ તા. ૩૦મી જાન્યુઆરીએ ગાંધીજીની પુણ્યતિથિ હતી. એના સંદર્ભમાં મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને પંડિત જવાહરલાલ નહેરુના ગાંધીજી વિશેના વિચારો અહીં પ્રગટ કરીએ છીએ અને એ સાથે ગાંધીજીના વિચારોની ઝાંખી પણ રજૂ કરાઈ છે એ પ્રાસંગિક બની રહેશે.–તંત્રી]

માનવજાતને વધુ સારું ભવિષ્ય મળે એવી ખેવના રાખનાર સૌ કોઈને ગાંધીજીના દુ:ખદ અવસાનથી ઊંડો આઘાત લાગશે. તેઓ એમના પોતાના જ સિદ્ધાન્ત-અહિંસાના સિદ્ધાન્તનો ભોગ બનીને મૃત્યુને ભેટયા. તેઓ મૃત્યુ પામ્યા કારણ કે એમના દેશમાં અવ્યવસ્થા અને અશાન્તિના સમયમાં પણ એમણે પોતાને માટે સશસ્ત્ર રક્ષણનો ઈન્કાર કર્યો. એમની એવી અટલ માન્યતા હતી કે બળનો ઉપયોગ એ એક અનિષ્ઠ છે અને જેઓ પૂર્ણ ન્યાય માટે મથે છે એમણે એનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

આ માન્યતા-શ્રદ્ધાને એમણે એમનું સમગ્ર જીવન સમર્પણ કર્યું હતું. અને એમનાં મન તેમજ હૃદયમાં આ શ્રદ્ધા રાખીને એમણે એક મહાન રાષ્ટ્રને મુક્તિ ભણી દોર્યું હતું. માણસોની વફાદારી, રાજકીય કાવાદાવા અને છેતરપીંડીની ચાલાકીભરી રમત દ્વારા જ મળી શકે છે એવું નથી; જીવનનો નૈતિક રીતે ઉન્નત એવો માર્ગ અપનાવીને પણ એ મેળવી શકાય છે એ એમણે સિદ્ધ કરી આપ્યું હતું.

આપણા આ નૈતિક સડાના જમાનામાં રાજકીય ક્ષેત્રમાં માનવ સંબંધોના વધુ ઉન્નત એવા વિચાર-ખ્યાલનું પ્રતિનિધિત્વ કરતા હોય તેવા તેઓ એકમેવ મુત્સદ્દી હતા. આ હકીકતનો મહદ્અંશે સ્વીકાર થતો હતો અને એટલે જ દુનિયાભરમાં એમને માટે આદર હતો. માનવજાતનું ભાવિ, અત્યાર સુધી બન્યું છે એ રીતે વિશ્વ બાબતોમાં નગ્ન બળનો નહિ પણ, ન્યાય અને કાનૂનનો માર્ગ અખત્યાર કરીશું ત્યારે સહી શકાય એવું બનશે એવો મુશ્કેલ બોધપાઠ આપણે શીખવો જોઈશે.

આપણા યુગની સૌથી મહાન વિભૂતિ ગાંધીજીએ આપણે લેવાના માર્ગનો સંકેત કરેલો જ છે. માણસને યોગ્ય–સાચો માર્ગ મળે પછી એ કેવા ભોગ આપી શકવા સમર્થ છે એ એમણે સિદ્ધ કર્યું છે. ભારતની મુક્તિ માટે એમણે કરેલું કામ એ અદમ્ય શ્રદ્ધાથી પોષાતી માણસની પ્રબળ ઈચ્છાશક્તિ અનઉલ્લંઘનીય જણાતાં ભૌતિક પરિબળોથી વધારે શક્તિશાળી છે એ હકીકતનું જીવતું-જાગતું દૃષ્ટાંત છે.

હું એમ માનું છું કે, આપણા જમાનાના સર્વ રાજકીય અગ્રણીઓમાં ગાંધીજી સૌથી પ્રબુદ્ધ વિચારો ધરાવતા હતા. આપણે એમની ભાવના મુજબ કામ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણા ધ્યેય માટે લડતી વખતે આપણે હિંસાનો ઉપયોગ નહિ કરવો જોઈએ અને આપણે જેને અનિષ્ટ ગણતા હોઈએ એનાથી આપણે દૂર રહેવું જોઈએ.

હિંસાના ઉપયોગ વિના ક્રાંતિ કરવાની પદ્ધતિને અપનાવીને ગાંધીજીએ ભારતની સ્વતંત્રતા મેળવી. ગાંધીજીની આ પદ્ધતિનો મોટા પાયા પર ઉપયોગ કરીને જ જગતમાં રાષ્ટ્રીય સીમાડાઓથી પર હોય એવા ધોરણે શાંતિ સિદ્ધ કરવાની સમસ્યાનો ઉકેલ આણી શકાશે એવી મારી માન્યતા છે.

... મારા સમગ્ર જીવન દરમિયાન હું શાંતિવાદી રહ્યો છું અને ગાંધીજીને આપણા યુગના એકમેવ સાચા મહાન રાજકીય નેતા તરીકે હું ગણું છું.

મેં થૉરોનું કંઈ સાહિત્ય વાંચ્યું નથી કે એની જીવનકથાથી હું પરિચિત નથી. આમ છતાં પણ સ્વતંત્ર નૈતિક દૃષ્ટિ ધરાવતા એવા ઘણા લોકો થઈ ગયા અને હજુ યે છે–જો કે પૂરતી સંખ્યામાં નથી - જેઓ રાજ્યના કાનૂનોએ જેને પ્રમાણિત ગણ્યા હોય એવા અનિષ્ટોનો પણ પ્રતિકાર કરવાની પોતાની ફરજ માને છે. થૉરોએ કદાચ અમુક અંશે ગાંધીજીના વિચારો પર અસર કરી હશે પણ આપણે એ ન ભૂલવું જોઈએ કે રાજકીય પ્રતિભા અને એક વિશિષ્ટ પરિસ્થિતિની સાથે અસાધારણ બૌદ્ધિક અને નૈતિક પરિબળોના સુમેળમાંથી ગાંધીવિચારોનો વિકાસ થયો છે. થોરો અને ટોલ્સ્ટોય વિના પણ ગાંધી ગાંધીજી બની શકયા હોત!

આવતી પેઢીઓ તો એમના જેવો માનવી સદેહે આ પૃથ્વી પર વિચર્યો હશે એ ભાગ્યે જ માની શકશે!

– આલ્બર્ટ આઈન્સ્ટાઈન

* * *

... ગાંધીજી ... હિંદની ખેડૂત જનતાના સાચા પ્રતિનિધિ છે, એ કરોડોની જનતાની જાગ્રત અને સુપ્ત ઈચ્છાના તેઓ અર્ક છે. ગાંધીજી માત્ર તેમની આશાઓ અને આકાંક્ષાઓના પ્રતિનિધિ જ નથી એથી પણ તેઓ વિશેષ છે; એ કરોડોની વિરાટ જનસંખ્યા તેમનામાં મૂર્તિમંત થઈને આદર્શભાવને પામી છે ... લોહચુંબકની જેમ પોતાના તરફ લોકોને આકર્ષી લેનાર, તેમજ ઉગ્ર નિષ્ઠા અને ભકિત જાગ્રત કરનાર એ એક પ્રચંડ વિભૂતિ છે ... હિંદ કિસાનોનું હિંદ છે. એટલે ગાંધીજી હિંદને બરાબર ઓળખે છે, તેજ તેના ઝીણામાં ઝીણા કામને ઝીલે છે, બરાબર ચોકસાઈથી અને લગભગ અંત:પ્રેરણાથી કોઈ પણ પરિસ્થિતિનું માપ તે મેળવી લે છે. અને ખરે ચોઘડિયે ખરું પગલું લેવાની તેમની હથોટી અજબ છે ...

... ખરે જ જગતની સામાન્ય માટીમાંથી ગાંધીજી ઘડાયા નથી. કોઈ ભિન્ન અને વિરલ પદાર્થમાં તેમનું ઘડતર થયું છે અને અનેક પ્રસંગોએ તેમની આંખોમાંથી કોઈ અજ્ઞાત મૂર્તિનું આપણને દર્શન થાય છે.

* * *

અમે ગાંધીજી સાથે શી રીતે જોડાયા? અને અમારામાંના ઘણા તેમના એકનિષ્ઠ અનુયાયીઓ શી રીતે બન્યા? આ પ્રશ્નનો ઉત્તર આપવાનું કઠણ છે અને ગાંધીજીનો જેમને પરિચય નથી તેમનું કોઈ પણ પ્રકારના ઉત્તરથી સમાધાન કરી શકાય તેમ નથી. વ્યક્તિત્વ એ એક એવી વસ્તુ છે કે જેની વ્યાખ્યા કરવી અશક્ય છે. માણસના હૃદયને વશ કરનાર એ એક અજબ શક્તિ છે અને ગાંધીજીમાં એ શક્તિ ભરપૂર છે. તેમના સંપર્કમાં આવનાર દરેકને તેમનું ભિન્નભિન્ન દર્શન થાય છે. ગાંધીજી લોકોને આકર્ષે છે ખરા, પરંતુ એટલું ખરું કે આખરે લોકોની બુદ્ધિમાં અમુક વાત ઠસે છે ત્યારે જ તેઓ બધા તેમની પાસે આવે છે અને આવ્યા પછી ટકી રહે છે. આવી રીતે તેમના તરફ આકર્ષનારાઓ બધા જ તેમની જીવનની ફિલસૂફી અથવા તેમના ઘણા આદર્શો સ્વીકારતા હતા એમ નહિ. ઘણી વાર તો તેઓ તેમને સમજતા પણ નહિ પરંતુ ગાંધીજી જે કાર્ય કરવાનું સૂચવતા તે કાંઈક પ્રત્યક્ષ હતું અને બુદ્ધિ જેને સમજી શકે અને સ્વીકારી શકે એવું હતું. આપણા ઢીલાપોચા રાજકારણે પોષેલી નિષ્ક્રિયતાની દીર્ઘ પરંપરા પછી કોઈ પણ પ્રકારના કાર્યનો હોંશથી સ્વીકાર થાય એમ હતું; પછી આ કાર્ય બહાદુરીનું અને અસરકારક હોય અને તેની ઉપર નીતિનો ઓપ હોય એટલે તો તેનું પૂછવું જ શું? તે તો બુદ્ધિ અને હૃદય બન્ને બેધડક કબૂલ કરી લે છે. ક્રમશ: તેમણે તેમના કાર્યના સાચાપણાની અમને ખાતરી કરાવી અને અમે તેમની સાથે ચાલ્યા ....

... અમને હંમેશાં એમ લાગતું કે, અમારી વિચારસરણી તર્કશુદ્ધ ભલે હોય પણ ગાંધીજી હિંદને અમારા કરતાં વધારે સારી રીતે ઓળખે છે, વળી અમને એમ પણ લાગતું કે જે પુરુષ આટલી અગાધ ભક્તિ અને નિષ્ઠા જાગ્રત કરી શકે છે, તેનામાં આમજનતાની આવશ્યકતાઓ અને અભિલાષાઓને અનુરૂપ કંઈક હોવું જ જોઈએ. અમને એવો ભરોસો હતો કે જો ગાંધીજીને અમે સમજાવી શકીએ તો આમવર્ગને પણ અમારા વિચારના કરી શકીશું. અને ગાંધીજીની બુદ્ધિને અમારા માર્ગના સાચાપણા વિશે ખાતરી કરાવવાનું શક્ય લાગતું હતું કારણ કે તેમની દૃષ્ટિ ખેડૂતની હોવા છતાં તેમનું હાડ બંડખોરનું છે, પરિણામ ગમે તે આવે તેની દરકાર વિના સમાજમાં જબરદસ્ત ઊથલપાથલ કરવા ઈચ્છનાર ક્રાંતિકારનું છે એવી અમારી ખાતરી હતી. – જવાહરલાલ નેહરુ

['મારી જીવનકથા' - જવાહરલાલ નેહરુ: અનુ. મહાદેવ દેસાઈ]

☆ ગાંધીવાણી ☆

જેમ જેમ હું વિચાર કરતો જાઉં છું, મારા ભૂતકાળના જીવન ઉપર દૃષ્ટિ નાખતો જાઉં છું, તેમ તેમ મારું અલ્પપણું હું શુદ્ધ રીતે જોઈ શકું છું. મારે જે કરવું છે, જેની હું ૩૦ વર્ષ થયા ઝંખના કરી રહ્યો છું તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું હલનચલન બધું એ જ દૃષ્ટિએ થાય છે, મારું લખાણ બધું એ જ દૃષ્ટિએ છે અને મારું રાજપ્રકરણી ક્ષેત્રની અંદર ઝંપલાવવું પણ એ જ વસ્તુને આધિન છે ...

પરમેશ્વરની વ્યાખ્યા અગણિત છે કેમ કે તેની વિભૂતિઓ પણ અગણિત છે. તે વિભૂતિઓ મને આશ્ચર્યચકિત કરે છે, એ મને ક્ષણવાર મુગ્ધ પણ કરે છે પણ હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ એક જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. એ સત્ય મને જડતું નથી, પણ એનો હું શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય તેનો ત્યાગ કરવા હું તૈયાર છું અને એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને પણ હોમવાની મારી તૈયારી છે અને શક્તિ છે એવો મને વિશ્વાસ છે પણ એ સત્યનો હું સાક્ષાત્કાર ન કરું ત્યાં લગી મારો અંતરાત્મા જેને સત્ય ગણે છે તે કાલ્પનિક સત્યને મારો આધાર ગણી, મારી દીવાદાંડી ગણી, તેને આશ્રયે મારું જીવન હું વ્યતિત કરું છું.

આ માર્ગ જો કે ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને એ સહેલામાં સહેલો લાગ્યો છે. એ માર્ગે જતાં મારી ભયંકર ભૂલો પણ મને નજીવી જેવી લાગી છે કારણ કે એ ભૂલો કરવાં છતાં હું બચી ગયો છું અને મારી સમજણ પ્રમાણે, આગળ વધ્યો છું. દૂર દૂરથી વિશુદ્ધ સત્યની - ઈશ્વરની ઝાંખી - પણ કરી રહ્યો છું. સત્ય જ છે એ સિવાય બીજું કંઈ આ જગતમાં નથી, એવો મારો વિશ્વાસ દિન પ્રતિદિન વધતો જાય છે ... સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે પણ સત્યનો પૂજારી તો રજકણ સુદ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે...

... ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને મળવાને સારું સત્યનો ગજ કદી ટૂંકો ન બનો.

[સત્યના પ્રયોગો - આત્મકથામાંથી]

* * *

સોનેરી નિયમ તો એ છે કે ક્રોડોને મળી શકે એમ નથી તે મેળવવાની ઘસીને ના પાડવી. જ્યાં સુધી એક પણ સશક્ત પુરુષ કે સ્ત્રીને કામ કે અન્ન વગર રહેવું પડતું હોય ત્યાં સુધી આપણને આરામ ભોગવતાં કે ભર્યે ભાણે ભોજન કરતાં શરમ આવવી જોઈએ.

એક જ રસ્તો છે અને તે એ કે લોકોની વચ્ચે જઈને બેસવાનો અને અડગ શ્રદ્ધાથી તેમના શેઠો તરીકે નહીં પણ તેમના ભંગીઓ, ઘરદાસીઓ, નોકરો તરીકે કામ કર્યે જવાનો...

પોતાના વરંડા ઉપર સૂર્યનો બળબળતો તડકો ઝીલીને વૈતરું કરતા ગામડાના લોકો સાથે આપણે આત્મીયતા સાધવી જોઈએ અને જે ખાબોચિયામાં એ ગામડાના લોકો નહાતા હોય છે, વાસણો અને કપડાં ધોતાં હોય છે, અને જેમાં ઢોર પાણી પીતાં અને આળોટતાં હોય છે તેમાંથી પાણી પીવાનું આપણને કેટલું ગમે એ જોવું જોઈએ. આ પછી જ, પહેલાં નહીં, આપણે જનતાના સાચા પ્રતિનિધિઓ બની શકીએ; અને તો તેઓ આપણી હાકલનો જવાબ આપશે એ વિષે મારા મનમાં લગીરે શંકા નથી.

* * * *

'ગાંધીવાદ' જેવી કોઈ વસ્તુ છે જ નહિ; અને મારે મારી પાછળ કોઈ સંપ્રદાય મૂકી જવો નથી. મેં કંઈ નવું તત્ત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢયો છે એવો મારો દાવો નથી. મેં તો માત્ર જે શાશ્વત સત્યો છે તેને આપણા નિત્યના જીવન અને પ્રશ્નોને લાગુ પાડવાનો મારી ઢબે પ્રયાસ કર્યો છે. સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યાં આવે છે. મેં તો મારાથી બન્યું એટલા વિશાળ પ્રમાણમાં એ બંનેના પ્રયોગો કર્યા છે. એમ કરવામાં મેં કેટલીક વાર ભૂલો કરી છે ને એ ભૂલોમાથી હું શીખ્યો છું. એટલે જીવન અને એના પ્રશ્નોમાંથી મને તો સત્ય અને અહિંસાના આચરણના પ્રયોગો કરવાનો અવકાશ મળી ગયો છે.

* * * * *

શક્ય તેટલા નવયુવાનોને લોકશાહીમા તંત્રમાં રસ લેતા કરવા માટે તેઓ ઉપર જવાબદારી નાખીને આગેવાનોએ યોગ્ય દોરવણી આપ્યા કરવી એ વધારે ફાયદાકારક નીવડશે.

* * * *

મારી આશા દેશના યુવાનોમાં રહેલી છે. તેઓએ એટલું સમજવું રહ્યું કે, તેમને અને દેશને ઘોર વિનાશમાંથી માત્ર એક ભારે શિસ્તબદ્ધ જીવન સિવાય બીજી કોઈ બાબત બચાવી શકશે નહીં.

"મુક્તિ અપાવે એનું નામ જ શિક્ષણ" એ જૂની શિખામણ આજે પણ અગાઉના જેટલી જ સાચી છે. એક વિદ્યાર્થીની ફરજ ઉકેલ માગતા વિવિધ પ્રશ્નોનો અભ્યાસ કરવાની છે. તેને માટે કાર્યનો સમય તે પોતાનો અભ્યાસ પૂરો કરે પછી આવે છે.

વિદ્યાર્થીઓએ આંતરખોજ કરી પોતાના અંગત ચારિત્ર્યની સંભાળ રાખવાની છે. બધા જ જ્ઞાનનો અંત ચારિત્ર્યશીલ બનવામાં હોવો જોઈએ. વેદોનો આપણે અભ્યાસ કે પારાયણ, સંસ્કૃત, લેટિન, ગ્રીક ભાષા અને બીજી ગમે તેટલી બાબતોની જાણકારી, જો તે આપણને હૃદયની સંપૂર્ણ શુદ્ધિ કેળવવા શક્તિમાન કરે તો તે કાંઈ કામની નથી.

તમારી બધી જ વિદ્વત્તા અને શેક્સપિયર અને વર્ડઝવર્થનો તમારો અભ્યાસ, જો તમે એની સાથોસાથ તમારું ચારિત્ર્ય ન બાંધો અને તમારાં વાણી અને વિચાર પર પ્રભુત્વ ન મેળવો તો નિરર્થક છે. આત્મસંયમ કેળવ્યા પછી અને તમારા આવેગને નિયંત્રણમાં રાખવાનું શીખ્યા પછી તમે નિરાશાના સૂર નહીં કાઢો. કોઈ કામમાં હૃદય લગાવ્યા પછી તમે નિષ્ક્રિયતા ન કેળવી શકો.

* * *

મારું તત્ત્વજ્ઞાન–મારા વિચારોને માટે એવું નામ વાપરી શકાય તો મેં જે કહ્યું એટલામાં મળી જાય છે. તમે એને 'ગાંધીવાદ' ન કહેશો. એમાં 'વાદ' જેવું કશું નથી અને એને માટે મોટા સાહિત્યની કે પ્રચારની જરૂર નથી. મારા વિચારો સામે શાસ્ત્રવચનો ટાંકવામાં આવ્યાં છે. છતાં કોઈ પણ વસ્તુને ખાતર સત્યનો ભોગ આપવો ન જોઈએ એ મારા વિચારને હું હમેશના કરતાં વધારે દૃઢતાથી વળગી રહ્યો છું. મેં કહેલાં સાદાં સત્ય ઉપર જેમનો વિશ્વાસ હોય તેઓ તેમને આચરણમાં ઉતારીને તેમનો પ્રચાર કરી શકશે.

* * * *

સંગઠન ચલાવવાનો અર્થ એ છે કે કોઈ કાયમી માણસ નહીં પણ નિત્ય નવા તૈયાર થતા માણસો મારફત કામ ચાલે. આપણી બધી જ સંસ્થાઓ માટે આ નિયમ હોવો ઘટે. કોઈ પણ કામ એક જ વ્યક્તિ ઉપર આધાર રાખનારું ન હોવું જોઈએ. એટલે આપણે જેઓ કામ કરનારા છીએ તેમણે બીજા કાર્યકરો તૈયાર કરવા જ રહ્યા.

– ગાંધીજી

☆ પ્રકીર્ણ નોંધ ☆

દારૂની એક વિશેષ દુર્ઘટના

થોડા મહિના પહેલાં ખાપોલીમાં ઝેરી દારૂ પીવાથી લગભગ ૭૦ માનવીઓનો ભોગ લેવાયો હતો. તામિલનાડુમાં એવો બનાવ બન્યો હતો, જેમાં લગભગ ૪૫ માનવીઓનાં મૃત્યુ થયાં હતાં. હવે દિલ્હીમાં એવી ભયંકર દુર્ઘટના બની છે. જેને પરિણામે લગભગ ૯૦ વ્યકિતઓનાં મોત થયાં છે. આવો ઝેરી દારૂ છૂટથી, પોલીસની જાણમાં ઉઘાડેછોગ વેચાય છે. આનો ભોગ બનનારા મોટે ભાગે ગરીબ માણસો છે. ગેરકાયદે વેચાતા આવા દારૂ પ્રત્યે સરકારની ગુનાહિત બેદરકારી છે. તેના ઉપાય તરીકે દારૂબંધી રદ કરવાનું વિચારાય છે. આટલો મોટો વિનાશ સર્જાય તે માટે અરેરાટી પણ નથી. જાણે દારૂબંધી તેને માટે જવાબદાર હોય એવું વલણ જોવામાં આવે છે. ગરીબોનો મોટામાં મોટો દુશ્મન - દારૂનું વ્યસન - તેમાંથી તેમને બચાવવાની કોઈ ચિન્તા હોય એમ જણાતું નથી. ગરીબી હઠાવવાની મોટી વાત થાય છે પણ જેમાં ગરીબનું નિકંદન નીકળી જાય છે તે પ્રત્યે કોઈ લક્ષ્ય નથી. માત્ર કાયદાના જોરથી ન થાય તે સાચું છે. જ્યાં પ્રધાનો, પોલીસ, ન્યાયાધિશો પણ, દારૂને અનિષ્ટ માનતા ન હોય ત્યાં શું આશા રાખી શકાય? એ ખરું છે કે, માણસને આવા વ્યસનમાંથી છોડાવવો સહેલું નથી. પણ ચારિત્ર્યવાન વ્યકિતઓ જરૂર અસરકારક પરિણામ લાવી શકે છે. સ્વામી સહજાનંદનું એક મહાન કાર્ય એ છે કે કહેવાતી નીચલા થરની કોમોને દારૂ અને માંસના વ્યસનમાંથી મુકિત અપાવી. હમણાં શ્રી ગીરધરભાઈ કોટકે મને કહ્યું કે, મધ્ય પ્રદેશના જૂના બસ્તર રાજ્યનાં આદિવાસી વિસ્તારમાં સદ્‌ગુરૂ સેવા સંઘ તરફથી નેત્રયજ્ઞ હતો. ત્યાં એક ઓલિયા સંતનો પરિચય થયો. પોતે આદિવાસી અને બાબાને નામે ઓળખાય. હજારો આદિવાસીઓને દારૂ - માંસ છોડાવ્યા. દારૂબંધીની નિષ્ફળતા માટે સૌથી વધારે જવાબદાર શિક્ષિત વર્ગ છે. તેણે દારૂને પ્રતિષ્ઠા આપી છે અને 'ફેશન' બનાવ્યો છે. પોતે તે વ્યસનના ભોગ બન્યા છે અને ગરીબોને બનાવે છે. મને કેટલાક દુ:ખદ અનુભવો થયા છે. વકીલોમાં આ વ્યસન વ્યાપક છે એમ મને જણાયું છે. કોઈ કેસને અંગે મુંબઈથી વકીલો લઈ બહારગામ જવું પડે ત્યારે મને ખબર પડે કે લગભગ દરેકને દારૂ પીવા જોઈએ - કેટલાકના કુટુંબને હું ઓળખું છું અને તેનામાં આવા વિપરીત સંસ્કારો કયાંથી પડયા હશે તેનું આશ્ચર્ય થાય છે. ત્રણેક વર્ષ પહેલા સુપ્રીમ કોર્ટમાં મારે એક મોટો કેસ હતો. ત્યાંના એક આગેવાન સરકારી વકીલને મેં રોકેલ, સાંજે તેમને ત્યાં કોન્ફરન્સ કરવા જાઉં ત્યાં સાહેબ પીને બેઠા હોય. અરધો કલાક ન થાય ત્યાં હું જોઉં કે તેમનું મગજ ભમતું હોય અને હું કહું તેની કોઈ અસર ન હોય - પછી હું ઊઠી જાઉં. બીજે દિવસે જાઉં તો એ જ હાલ. આગલે દિવસે કહેલી બધી વાત ભૂલી ગયા હોય. ૮-૧૦ દિવસ આમ ચાલ્યું અને કેસ નીકળ્યો. આ વકીલ સાહેબ અરધો કલાક પણ દલીલ કરી ન શકયા.-સદ્‌ભાગ્યે જજો પોતે સારી પેઠે વાંચીને આવેલા અને ચુકાદો અમારી તરફેણમાં આપ્યો. આ વકીલના છેવટ શું હાલ થયા તે અત્યારે નહિ કહું. દારૂ પીવાની આદતનો બચાવ થાય છે ત્યારે મારો જીવ ઊકળી ઊઠે છે. હું પ્રાર્થના કરું છું કે સરકારને કોરે મૂકી, ભારતના સંત પુરુષો, સાધુઓ, સંન્યાસીઓ, નિષ્ઠાવાન કાર્યકરો આ કામ ઉપાડી લે અને સરકારના વલણથી નિરાશ ન થાય. આધ્યાત્મના પ્રવચનોનો રાફડો ફાટયો છે. આ પ્રવચનકારો આવું કાંઈક કલ્યાણ કાર્ય કરી બતાવે તો તેમની પછવાડે હજારો માણસો દોડે છે તે કાંઈક સાર્થક લેખાશે.

* * *

મુસલમાનોમાં બહુપત્નીત્વ

હિન્દુઓમાં બહુપત્નીત્વ હતું તે કાયદાથી બંધ કર્યું. બંધારણમાં પ્રબંધ છે કે, દેશના બધા નાગરિકો માટે એક જ પ્રકારનો કાયદો હશે. (uniform civil code) પણ મુસલમાનો માટે એવો કાયદો હજી કરી શકયા નથી. પ્રગતિશીલ વિચારો ધરાવતા મુસલમાનો–સ્ત્રી અને પુરુષ–આવા કાયદાની માગણી કરે છે પણ તેમની સંખ્યા અલ્પ છે અને સરકાર ડરે છે. હમણાં પૂનામાં એક મુસ્લિમ પરિષદ થયેલ તેમાં મુસ્લિમ કાયદાના નિષ્ણાત

પ્રોફેસર ફૈઝી અધ્યક્ષસ્થાને હતા. આ પરિષદમાં બહુપત્નીત્વ રદ કરવાની માગણી થઈ. પ્રો. ફૈઝીએ જણાવ્યું કે સદીઓ પહેલા રચાયેલા શરીઅત પ્રમાણે આજે પણ લગ્નવ્યવસ્થા ચાલુ રહેવી જોઈએ એવી અપેક્ષા અયોગ્ય છે અને તેમાં સ્ત્રીઓને ભારે અન્યાય છે. આશ્ચર્ય તો એ છે કે આ પરિષદમાં ભાગ લીધો એવી કેટલીક વ્યક્તિઓને ધાકધમકી આપવામાં આવી છે. મુંબઈમાં મુસ્લિમ સ્ત્રીઓની એક સભા થઈ તેમાં પૂના પરિષદના ઠરાવનો વિરોધ થયો અને બહુપત્નીત્વ ચાલુ રાખવું અને તેમાં સ્ત્રીને કોઈ અન્યાય નથી એમ કહ્યું. અહેવાલ મુજબ આ પરિષદમાં કેટલીક શિક્ષિત સ્ત્રીઓ અને કૉલેજ કન્યાઓએ પણ ભાગ લીધો. ધર્મને નામે સામાજિક અનિષ્ટોને પોષણ અને રક્ષણ મળે તેમાં નવાઈ નથી.

લગ્નનું સ્વરૂપ મુખ્યત્વે સામાજિક અને આર્થિક પરિસ્થિતિ ઉપર આધાર રાખે છે. હિંદુ સમાજમાં લગ્નનું સ્વરૂપ બે મુખ્ય વસ્તુઓ ઉપર ઘડાયું, એક આર્યો ભારતમાં આવ્યા ત્યારે તેમનામાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઘણી ઓછી હતી અને બીજું જાતિ અભિમાન હતું. - પોતાની સંખ્યા વધારવા અનુલોમ લગ્નની છૂટ આપી અને પ્રતિલોમ લગ્ન માટે ભારે દંડ – દેહાંત સુધીનો– રાખ્યો. પલટાતી સામાજિક અને આર્થિક પરિસ્થિતિમાં લગ્નનું સ્વરૂપ પણ પલટાતું રહ્યું. આદર્શ તો એકપત્નીત્વનો જ રહ્યો. પરિણીત જીવનનો આવો સંયમ છે. સ્ત્રી - પુરુષો લગ્નગ્રંથીથી જોડાયા પછી પરસ્પરને વફાદાર રહેવું અને અન્યનો વિચાર ન કરવો. ભટકતા મનને બાંધવાનો આ એક માર્ગ છે. તેમાં સામાજિક સ્વાસ્થ્ય અને નૈતિક વિકાસ છે. હિન્દુ સમાજમાં જૂનવાણી વર્ગનો વિરોધ છતાં નેહરુએ હિંમત કરી. લગ્ન, વારસાહકો, વગેરે ઘણા ફેરફારો કર્યા. મુસલમાનો માટે આવા જરૂરી ફેરફારો કરવા જૂનવાણી માનસનો ડર રાખવાની જરૂર નથી.

* * *

ધારાસભાના ઉમેદવારો

રાજ્ય ધારાસભાઓના ઉમેદવારોનો અંતિમ નિર્ણય દિલ્હીમાં થઈ નામાવલિઓ બહાર પડી રહી છે. કેટલોક અસંતોષ જાગે તે સ્વાભાવિક છે. પણ શ્રીમતી ઈંદિરા ગાંધીએ એક ચોક્કસ નીતિ અખત્યાર કરી હોય તેમ જણાય છે. દરેક રાજ્યમાં ઈરાદાપૂર્વક ખળભળાટ ઉત્પન્ન કર્યો છે જેથી એવી પરિસ્થિતિ પેદા થઈ છે કે, ઉમેદવારો અને આગેવાનોએ દિલ્હી ઉપર મીટ માંડવી પડે અને ત્યાં જ ભાવિ નક્કી થશે એમ સ્વીકારવું પડે. પોતાનું અપ્રતીમ અને બીનહરીફ નેતૃત્વ દૃઢ કરવા, સ્થાપિત હિતો અને પેધી ગયેલ પટલાઈને ઉખેડી, પોતાના પ્રત્યે જેની વફાદારી વિશે શંકાનું કોઈ કારણ ન રહે એવી નવી રચના થઈ રહી છે. નહેરુએ પણ આવી પકડ જમાવી ન હતી. તેમની પ્રકૃતિમાં ન હતું. વર્તમાન સંજોગો શ્રીમતી ઈન્દિરા ગાંધીને પૂરા અનુકૂળ છે. અત્યારે કદાચ આ અનિવાર્ય છે અને કોઈ હાનિ નહિ પહોંચે એમ માનીએ પણ તેના ભયસ્થાન તરફ દુર્લક્ષ કરી ન શકીએ. મુંબઈ શહેરમાં પ્રદેશ સમિતિની નવી રચના થઈ તેમાં જો ભાવિના કાંઈ એંધાણ હોય તો ચિન્તા આસ્થાને નથી. છેવટનું ચિત્ર તો ચૂંટણીઓ થઈ ગયા પછી માલુમ પડશે. કેટલુંક ગણતરીપૂર્વકનું જોખમ ખેડયું છે.

ગુજરાતમાં પ્રદેશ સમિતિની ભલામણો એકંદરે માન્ય રહી છે. નેતાનો પ્રશ્ન આણ ઉકેલ્યો રહ્યો છે. ઘણી અફવાઓ સંભળાતી તે અત્યારે તો લટકતી રહી છે. આ લખાય છે ત્યારે વિરોધના વાદળો શરૂ થયા છે. સૌરાષ્ટ્રમાં પટેલજૂથ, ગુજરાતમાં સમાજવાદી ફોરમ અને રજપુતો, કચ્છમાં સંસ્થા કોંગ્રેસમાંથી તાજેતરમાં શાસક કોંગ્રેસમાં જોડાયેલી મંડળી, આ બધા સંયુકત વિરોધમાં મોરચા રચશે અને પ્રયત્ન કરે તો ય કેટલા સફળ થશે તે જોવાનું રહે છે. જે મોટા ફેરફારો કર્યા છે અને તેમાંના કેટલાક આવકારદાયક છે તે જોતાં શાસક કોંગ્રેસનું કામ સાવ સરળ નથી.

મહારાષ્ટ્રમાં મોટો ખળભળાટ મચાવ્યો છે. માલેતુજાર ખેડૂતો અને સહકારી મંડળીઓ તથા અન્ય સંસ્થાઓના આગેવાનોને દૂર કર્યા છે. શ્રી નાઈક સામે હરીફ ઊભા કરી તેને પ્રોત્સાહન આપ્યું. હવે પાછી હવા બદલાઈ હોય તેમ લાગે છે. એમ કહેવાય છે કે, શ્રી નાઈકે વફાદારીની ખાત્રી આપી છે. શ્રી. ચવ્હાણનું વર્ચસ ઓછું કરવાના સક્રિય પ્રયત્ન થયા છે. શ્રી ચવ્હાણ કયાં સુધી સહન કરશે તે જોવાનું રહે છે. મહારાષ્ટ્રમાં શાસક કોંગ્રેસની અજેય સ્થિતિ ગણાતી તેમાં તિરાડો દેખાય છે.

ધરમૂળના પરિવર્તન કરવા હોય ત્યારે આવો વંટોળ અનિવાર્ય છે. સાનુકૂળ સંજોગોનો લાભ લઈ, જોખમ ખેડી લેવું પડે.

૨૭-૧-૭૨ –ચીમનલાલ ચકુભાઈ

ચિત્તની શુદ્ધિ

ચિત્તની શાંતિથી વધારે કોઈ
તપ નથી; સંતોષથી વધારે બીજું
કોઈ સુખ નથી; તૃષ્ણાથી વધારે
મોટી કોઈ વ્યાધિ નથી; અને
દયા સમાન કોઈ ધર્મ નથી.

* * *

વિદ્યા સમાન કોઈ સહાયક
નથી; મુકિતથી ઊંચી કોઈ ગતિ
નથી; વૈરાગ્ય આવવાથી વધારે
કોઈ મોટું ભાગ્ય નથી અને
ત્યાગ સમાન કોઈ સુખ નથી.

* * *

જીવનનો રંગ રાખીશું. હૃદયનો રંગ ઘોળીને;
મરણનો પણ રંગ આપીશું, સમર્પણમાં ઝબોળીને.
ઉદય ને અસ્ત બંનેમાં કસબ એવો કરીશું કે
શહાદત શીખશે દુનિયા, અમારી રાખ ચોળીને.

–'વિશ્વરથ'

* * *

અતિ પ્રેમી ને બહુ ઋણી, જેને વેર ઘણાંય,
સુખે ન સુએ કોઈ દી,' તે તો ત્રણ જણાય.

* * *

ગરીબ માણસને ભવિષ્યનો વિચાર
આનંદપ્રેરક હોય છે કે કોઈક દિવસે પણ આપણે
પૈસાદાર થઈશું; જ્યારે શ્રીમંતને ભવિષ્યનો
વિચાર હંમેશાં ચિન્તાથી બાળતો જ હોય છે
કે રખેને હું ગરીબ બની જાઉં!

સંગ્રાહક : શાંતિલાલ ટી. શેઠ

★ પ્રજાસત્તાક દિન ★

આજના પ્રજાસત્તાક દિનના શુભ પ્રસંગે દેશમાં સૌને સુખ, સંપત્તિ અને શાંતિ પ્રાપ્ત થાય એવી મંગળ કામના હું વ્યકત કરું છું. આ વર્ષે પ્રજાસત્તાક દિનનું વિશેષ મહત્ત્વ છે. આપણો દેશ ગંભીર કટોકટીમાંથી પસાર થયો છે. ઈશ્વરકૃપાથી આ મહાન આપત્તિમાંથી આપણે સફળતાપૂર્વક પાર ઊતર્યા છીએ. ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ને દિને રાજકીય સ્વતંત્રતા મળી. પણ સાથે દેશના ભાગલા થયા તેનો કારી જખમ પડયો અને ૨૫ વર્ષ તેનાં વિપરીત પરિણામો ભોગવવાં પડયાં. આઝાદી સાથે દેશને આબાદ બનાવવાનાં આપણાં સ્વપ્નોમાં ભારે વિઘ્નો અને રુકાવટ રહ્યાં. હવે એવી આશા બંધાય છે કે આપણી એ આબાદી પ્રત્યેની યાત્રા વેગથી ચાલશે અને જે આદર્શો આપણે સેવ્યા છે તેની સિદ્ધિમાં આગળ વધીશું. એ આદર્શો શું છે?

સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી દેશનું વિધાન ઘડવાનું કાર્ય આપણે હાથ ધર્યું. દેશની શ્રેષ્ઠ અને બુદ્ધિશાળી વ્યકિતઓએ લગભગ ત્રણ વર્ષ સુધી સતત વિચારણા કરી ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ ના દિને એ વિધાન ઉપર વિધાનસભાના બધા સભ્યોએ પોતાની સહી કરી સંમતિ આપી અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ને દિને તે વિધાન અમલમાં આવ્યું. તેથી આજનો દિન પ્રજાસત્તાક દિન આપણે માનીએ છીએ.

આ વિધાનમાં દેશનું રાજ્યતંત્ર કેવા પ્રકારનું હોય અને કેવી રીતે ચલાવવું એટલું જ માત્ર નથી. આ વિધાનમાં આપણા આદર્શો આપણે વ્યકત કર્યા છે. આપણું સમગ્ર રાષ્ટ્રીય જીવન, રાજકીય, સામાજિક અને આર્થિક કેવા પ્રકારનું હશે અને તેના ઘડતરમાં કયા સિદ્ધાંતો આપણે સ્વીકારીશું તેનું સ્પષ્ટ ચિત્ર વિધાનમાં રજૂ કર્યું છે. આ વિધાન જીવંત દસ્તાવેજ છે અને તેનો અગત્યનો ભાગ દરેક નાગરિકે જાણવાની જરૂર છે. તેમાં રજૂ કરેલ આદર્શોની સિદ્ધિમાં આપણે કેટલી કૂચ કરી, હજી તેનાથી કેટલા દૂર છીએ અને કેટલી લાંબી અને વિકટ મંઝિલ આપણે કાપવાની છે તે આપણા લક્ષમાં રહે તે હકીકત સતત આપણી સમક્ષ રહેવી જોઈએ.

આ દૃષ્ટિએ બંધારણના ત્રણ ભાગ અગત્યના છે. તેની પ્રસ્તાવના તથા દરેક નાગરિકને પ્રાપ્ત થતા મૂળભૂત અધિકારો અને રાજનીતિના નિર્દેશક સિદ્ધાંતોનાં પ્રકરણો ફરી ફરી યાદ કરવા જેવા છે. એક રીતે પ્રસ્તાવનામાં આપણો આદર્શ પૂરી રીતે મૂકી દીધો છે અને તેની વિગતો મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોવાળા વિભાગોમાં આપવામાં આવેલ છે. તે પ્રસ્તાવના આ પ્રમાણે છે:

અમે, ભારતના લોક, ભારતને એક સંપૂર્ણ, પ્રભુત્વસંપન્ન, લોકતંત્રાત્મક ગણરાજ્ય બનાવવા માટે, તથા તેના સમસ્ત નાગરિકોને:

સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય મળે, વિચાર, અભિવ્યકિત, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા મળે, પ્રતિષ્ઠા અને તકની સમાનતા મળે તે માટે, અને તે સૌમાં વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા સિદ્ધ કરવા માટે, બંધુતા વધે તે માટે,

દૃઢ સંકલ્પ થઈને, આ સંવિધાનસભામાં અને તે દ્વારા આ સંવિધાન અંગીકાર અને આત્મસમર્પિત કરીએ છીએ.

રાજ્યતંત્રમાં આપણે લોકશાહીનો સિદ્ધાંત સ્વીકાર્યો છે. આ ૨૫ વર્ષમાં તેનો અમલ કરવા યથાશકિત પ્રયત્ન કર્યો છે. લોકશાહીનાં મૂળ પ્રજાજીવનમાં ઉત્તરોત્તર દૃઢ થતાં રહ્યાં છે. સંસદીય લોકશાહીની ઘણી અપૂર્ણતાઓ છતાં, વર્તમાન રાજકીય પદ્ધતિઓમાં, તે વિશેષ આવકારપાત્ર છે. છેલ્લાં ૨૫ વર્ષમાં આપણા દેશ ઉપર જ્યારે જ્યારે આક્રમણ થયું છે ત્યારે ત્યારે પ્રજાએ સંગઠનથી તેનો સામનો કર્યો છે. તેનો સૌથી સબળ પુરાવો પાકિસ્તાનના છેલ્લા આક્રમણ સમયે મળ્યો. સમસ્ત પ્રજાનો સરકારને પૂર્ણ સહકાર રહ્યો. વર્તમાન યુદ્ધ માત્ર લશ્કર ઉપર જ નિર્ભર નથી. પ્રજાના સંપૂર્ણ ટેકા વિના સફળતા મળે નહિ. પાકિસ્તાનની લશ્કરી સરમુખત્યારશાહીને પ્રજાના બળનો અભાવ હતો. તેના પરાજયનું આ એક મુખ્ય કારણ હતું. લોકશાહી તત્ત્વોને સમજણપૂર્વક આપણા જીવનનું અંગ બનાવીશું તેટલે દરજજે પ્રજાજીવન સમૃદ્ધ થશે.

બંધારણમાં બીજો પાયાનો સિદ્ધાંત આપણે સ્વીકાર્યો તે માન્યતા, ધર્મ અને ઉપાસના: Belief, faith and worshipની સ્વતંત્રતાનો. બિન સાંપ્રદાયિકતા અથવા સર્વધર્મસમભાવ ભારતીય સંસ્કૃતિનું અંગ રહ્યું છે. દુર્ભાગ્યે બ્રિટિશ નીતિને પરિણામે, હિન્દુ–મુસ્લિમ એ ભિન્ન પ્રજા છે અને સાથે રહી ન શકે એવો વાદ-વંટોળ જાગ્યો. આ માન્યતા સર્વથા ખોટી છે અને ભાગલા કરવાથી, આ પ્રશ્નનો નિકાલ નથી થતો એવું જાણવા છતાં, નિરુપાયે આપણે, આઝાદી પ્રાપ્ત કરવા, ભાગલા સ્વીકારવા પડયા. ૨૫ વર્ષના કસોટીકાળ પછી, આ માન્યતા ઉપર રચાયેલ રાજ્ય તૂટી પડયું છે. આ સમય દરમિયાન, કેટલીક વખત આપણે પણ ભાન ભૂલી ગયા છીએ. હિન્દુ-મુસ્લિમ એકતા માટે ગાંધીજીએ પ્રાણ આપ્યા. તેમની શહાદત કદી નિષ્ફળ ન જાય. દુનિયાના બીજા નંબરના મુસ્લિમ દેશ–બાંગલા દેશે – લોકશાહી અને બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતો હવે સ્વીકાર્યા છે. આપણે આશા રાખીએ કે પાકિસ્તાનની પ્રજાને પણ આ વાતની પ્રતીતિ થશે અને બે દેશ વચ્ચે મૈત્રી અને શાંતિ થશે.

ત્રીજો પાયાનો સિદ્ધાંત વિધાનમાં આપણે સ્વીકાર્યો છે તે છે સામાજિક અને આર્થિક ન્યાય તથા પ્રતિષ્ઠા અને તક (Status and opportunity) ની સમાનતા તથા વ્યકિતના ગૌરવનો (Dignity of the individual). આ સિદ્ધાંતના અમલ માટે રાજનીતિનાં નિર્દેશક તત્ત્વો વિગતથી વિધાનમાં આપ્યાં છે. આ નિર્દેશક સિદ્ધાંતો દેશના વહીવટના પાયામાં રહેલ હોઈ, કાયદા ઘડતી વેળા તેને અમલમાં મૂકવાની રાજ્યની ફરજ છે. રાજ્યે એવી સામાજિક વ્યવસ્થા નિર્માણ કરવી અને ટકાવવી કે જેમાં રાષ્ટ્રીય જીવનના દરેક અંગમાં રાજકીય, સામાજિક અને આર્થિક ન્યાય ભરપૂર હોય અને લોકકલ્યાણની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય. તે માટે રાજ્યે પોતાની નીતિ એવી રીતે ઘડવી કે જેથી (અ) સૌ નાગરિકો,-સ્ત્રી અને પુરુષ-ને સમાન રીતે જીવનનિર્વાહ માટે પૂરતા સાધન પ્રાપ્ત કરવાનો અધિકાર મળે. (બ) દેશની ભૌતિક સંપત્તિની માલિકી અને નિયંત્રણ એવી રીતે યોજાય કે જેમાં બહુજનકલ્યાણ સર્વ પ્રકારે સિદ્ધ થાય. (ક) આર્થિક વ્યવસ્થા એવી રીતે ચાલે કે જેથી જનહિતને હાનિ પહોંચે તેવી રીતે થોડી વ્યકિતઓના હાથમાં ધન અને ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ ન થાય. આ બધાંને આપણે સમાજવાદ એવું ટૂંકું નામ આપ્યું છે. ૨૫ વર્ષના ગાળામાં આ દિશામાં પ્રયાણ કરવાનો આપણે પ્રયત્ન કર્યો છે, પણ દેશની વિકરાળ ગરીબાઈ અને અન્યાયી આસમાનતાઓ કોઈ રીતે ઓછી થઈ નથી. આ આદર્શની સિદ્ધિ માટે હવે જોરદાર પગલાં લેવાં શરૂ થયાં છે. તેમાં નડતા અવરોધો હટાવવા બંધારણમાં ફેરફારો કર્યા છે. પણ આ ભગીરથ કાર્ય માત્ર કાયદાના ભય કે દબાણથી સફળ થાય તેવું નથી. તેને માટે જરૂર છે પ્રજાના દરેક વર્ગના માનસપરિવર્તનની. ભારતીય સંસ્કૃતિની ભાવના સદા, બહુજનસુખાય, બહુજનહિતાય રહી છે. સંતપુરુષોએ આ ભાવનાનું સીંચન કર્યું છે. વર્તમાન સમયમાં સ્વાર્થ અને પરિગ્રહલાલસા ખૂબ વધ્યાં છે. માત્ર કાયદાના જોરે કે નારા લગાવવાથી આ અનિષ્ટો દૂર કરી શકાશે નહિ. ઉપરથી માંડી નીચે સુધી દરેક વ્યકિતમાં નૈતિકતાનાં મૂલ્યોની થોડે અંશે પણ પ્રતિષ્ઠા થાય અને જીવનદૃષ્ટિ બદલાય ત્યારે જ સાચું લોકકલ્યાણ સાધી શકાય.

દેશમાં ઉત્સાહ અને વિશ્વાસ તેમ જ એકતાનું વાતાવરણ છે. દેશની પ્રતિષ્ઠા વધી છે. આગેવાનો પ્રજાને સન્માર્ગે દોરે તો દેશની સમક્ષ જે વિકટ પ્રશ્નો પડયા છે તેનો ઉકેલ આણવાની તક છે. ભારતવર્ષની સદા એ પ્રાર્થના રહી છે કે:

सर्वे जनाः सुखिनो भवन्तु, सर्वे सन्तु निरामया ।
सर्वे भद्राणि पश्यन्तु, न कश्चित् दुःखमाप्नुयात् ॥

આજનો દિન આત્મનિરીક્ષણનો છે. ફરી દૃઢસંકલ્પ થઈએ કે આ આદર્શોને મૂર્તિમંત કરવા પુરુષાર્થ અને સમર્પણ કરીશું.

('આકાશવાણી'ના સૌજન્યથી) ચીમનલાલ ચકુભાઈ

બહેનોને....

[નાગપુરમાં તા. ૨૧ થી ૨૬ નવેમ્બર દરમિયાન યોજાયેલ અ. ભા. યુવતી સ્નેહ સંમેલનમાં દાદા ધર્માધિકારીએ આપેલ પ્રવચન 'ભૂમિપુત્ર'ના તા. ૧૬-૧-'૭૨ના અંકમાં પ્રકટ થયું છે તે નીચે આપવામાં આવે છે. દાદા ધર્માધિકારી સમર્થ ચિનક છે અને તેમના વિચારોથી ઘણા લોકો યોગ્ય રીતે પ્રભાવિત છે. આ પ્રવચનમાં વ્યકત થયેલ તેમનાં કેટલાંક વિધાનો મને આશ્ચર્યજનક લાગ્યાં છે તે પ્રત્યે અતિ સંક્ષેપમાં ધ્યાન દોરું છે.

સ્ત્રીપુરુષ સંબંધ સદા વિવાદનો વિષય રહ્યો છે. દાદા ધર્માધિકારી કહે છે, સ્ત્રી એક મૂર્તિમંત સમસ્યા છે. તેમના પ્રવચનનો સાર એ જણાય છે કે સ્ત્રી વસ્તુ નથી પણ વ્યકિત છે અને તેને પોતાનું સ્વાયત્ત જીવન અને અસ્તિત્વ હોવાં જોઈએ. સ્ત્રી નિર્ભય હોવી જોઈએ, પરાવલંબી, પુરુષઆક્રિત નહિ - સ્ત્રી માત્ર ઉપભોગનું સાધન નથી. આ વિચારોમાં કોઈ મતભેદ ન હોય. પ્રશ્ન એ છે કે સ્ત્રીનું સ્વાયત્ત અને નિર્ભય જીવન કેવા પ્રકારનું અને કેવી રીતે હોઈ શકે?

દાદા ધર્માધિકારી માતૃત્વને સ્ત્રીજીવનનો અભિશાપ માને છે. સ્ત્રીને વીરમાતા કહેવી તેમાં બીજા દરજ્જાનું મનુષ્યત્વ રહેલું છે એમ કહે છે. સ્ત્રીએ પુરુષ સિવાય જીવવાની હિંમત બતાવવી અને પુરુષનિરપેક્ષ જીવન જીવવું, પુરુષના ભરોસા ઉપર નહિ; કારણ કે, પુરુષ સ્ત્રી માટે લડશે, તેનું રક્ષણ કરશે પણ તેનું ભક્ષણ પણ કરશે. સ્ત્રીનું-ફકત સ્ત્રી એવું-સ્વત: જુદું જીવન હોવું જોઈએ. પશુજીવનમાં નરનિરપેક્ષ માતૃત્વ છે તેવો દિવસ હવે માનવજીવનમાં પણ દૂર નથી. શરીર ભ્રષ્ટ થવાથી ચારિત્ર્ય ભ્રષ્ટ થતું નથી. માત્ર ઈચ્છા વિરુદ્ધ શરીરનો ઉપયોગ થવા ન દેવો. માનવસમાજને બચાવવા મહિલા-મુકિતના રૂપે નવી સંસ્કૃતિમાં આગળ પગલાં માંડવાં પડશે. આવતી કાલનું જગત સ્ત્રીનું છે.

આ વિધાન ઉપર વિચાર કરીશું તો લાગશે કે જે ભયમાંથી સ્ત્રીની મુકિત ઈચ્છે છે તે ભય ઉપર જ આ વલણ રચાયેલું છે. પુરુષથી ચેતતા રહેવું, તેનો વિશ્વાસ ન કરવો, પોતાનું સ્વતંત્ર વ્યકિતત્વ છે એમ સતત સભાન રહેવું એવા વલણનો પાયો ભય છે. શાસ્ત્રકારો અને સંતપુરુષો સ્ત્રીથી હમેશ ચેતતા રહેલા અને તેનાથી દૂર રહેવાનો ઉપદેશ આપ્યો છે. સ્ત્રી દુનિયાની માયા છે અને પુરુષને ફસાવશે. હવે બીજા છેડે જવાનું શરૂ થયું. બન્ને દ્રષ્ટિબિંદુ અધૂરાં અને ખોટાં છે. પુરુષનિરપેક્ષ, માતૃત્વવિહોણું, ફકત સ્ત્રી એવું જુદું જીવન કેવું હશે? તેમાં સ્ત્રીજીવનની કૃતાર્થતા કે પૂર્ણતા છે? તેમાં તેના વ્યકિતત્વનો પૂર્ણ વિકાસ છે? સમાનતાથી સહજીવન સામાજિક વ્યવસ્થાનો પાયો છે અને સ્ત્રી-પુરુષના વિકાસનું સાધન છે. એ સમાનતા એટલે અલગતા નહિ પણ સહકાર અને પ્રેમ. આવતી કાલનું જગત માત્ર સ્ત્રીનું છે? પુરુષોનું શું સ્થાન હશે?

માતૃત્વ સ્ત્રીજીવનનો અભિશાપ છે કે ધન્યતા? સ્ત્રી સ્ત્રી છે ત્યાં સુધી માતૃત્વમાંથી કાયમ મુકિત મેળવવાની? દાદા ધર્માધિકારી, પુરુષનિરપેક્ષ અથવા પરિણીત જીવન સિવાયના માતૃત્વને ઈષ્ટ માને છે?

દાદા ધર્માધિકારીએ મહિલામુકિતરૂપે નવી સંસ્કૃતિમાં આગળ પગલાં માંડવાનું કહ્યું છે. પુરુષે સ્ત્રી ઉપર ઘણો અન્યાય કર્યો છે અને તેમાં પોતે જ ગુમાવ્યું છે. પણ મહિલામુકિત એટલે સર્વ પ્રકારે પુરુષનો વિરોધ અને અણવિશ્વાસ? પશ્ચિમમાં Womens' Liberation Movement ચાલે છે તેના પડઘા આ પ્રવચનમાં જણાય છે. આવા એકપક્ષી અંતિમ છેડાના વલણથી નથી સ્ત્રીની મુકિત થવાની કે નથી સમાજનું કલ્યાણ થવાનું. પરસ્પરના વિશ્વાસ, પ્રેમ અને સહકારનું સહજીવન સ્ત્રી-પુરુષ બન્ને માટે હિતકારી છે. -તંત્રી]

આમ તો હું બડબડ કરનાર તરીકે પ્રસિદ્ધ છું; પણ કેટલાક એવા પ્રસંગ આવે છે જ્યારે મારી જીભ થોથવાય છે, સ્તબ્ધ થઈ જાય છે. તરુણ છોકરીઓ સામે બોલતાં મારી એ દશા થાય છે. છોકરીઓને જોઈને આનંદ થાય છે, પણ ક્યારેક તીવ્ર વેદના પણ થાય છે. એવું કેમ થાય છે તે જ તમને સ્પષ્ટપણે કહેવાનો છું.

સ્ત્રી એ પોતે જ એક સમસ્યા છે. મનુષ્ય સમાજમાં છોકરી જ મૂર્તિમંત સમસ્યા છે. હું કાંઈ તમને ઉપદેશ આપવા આવ્યો નથી! મારું દુ:ખ તમારી સમક્ષ નિવેદન કરવા આવ્યો છું.

આજે સ્ત્રી પ્રધાનમંત્રી થઈ શકે છે - થઈ છે, છતાં સ્ત્રી આજે પણ ભયગ્રસ્ત છે. તે લપાઈને, ગભરાઈને, થોભીને ચાલે છે. તે જેની આકાંક્ષા કરે છે તેનાથી જ ગભરાય છે. જગતના તરુણોની બે દિશામાં શોધ ચાલુ છે. અમેરિકા, યુરોપ, ચીન, કોંગો, વિયેતનામ - સર્વત્ર તરુણોની જીવનની શોધ ચાલુ છે. જ્યારે ભારતીય તરુણ જીવિકાની, ઉપજીવિકાની શોધમાં છે ને તરુણીઓ શેની પાછળ છે? તરુણોની, પુરુષોની! તમે ક્યારેય પોતાના અંત:કરણમાં ડૂબકી મારી તેનો તાગ કાઢયો છે?

સ્ત્રી આજે પણ એક વસ્તુ છે, વ્યકિત નથી અને જે મનુષ્ય જ નથી તે સમાજ - પરિવર્તન કેવી રીતે કરશે? ૧૯૪૭ની સાલમાં દેશના ભાગલા થયા. પહેલો પ્રશ્ન સ્ત્રીઓનો આવ્યો. મૃદુલાબહેન, સુચિતા કૃપલાની વગેરે કેટલીયે મહિલાઓ છોકરીઓના પ્રશ્ન ઉકેલવા આગળ આવી. સમસ્યા હતી ઈચ્છાવિરુદ્ધ માતા બનેલી છોકરીઓની! આજે બાંગલા દેશના સંદર્ભમાં દશ હજાર છોકરીઓનો સવાલ પેદા થયો છે.

સ્ત્રી પ્રધાનમંત્રી, ડાયરેકટર, અરે! કાલે ઊઠીને સેનાપતિ પણ થઈ શકશે. તો યે તેને ઉપાડી જવાની ભીતિ તો રહેશે જ! આ સમસ્યાનો ઉકેલ છોકરીઓ પાસે નહીં હોય તો સમજી લેજો કે ફરીથી ઘર અને ચૂલા પાસે ગયા વિના તમારો છૂટકો નથી.

પુરુષ તમારે માટે લડશે, તમારું સંરક્ષણ કરશે; પણ તે જ તમારું ભક્ષણ કરી શકશે. તરુણ છોકરીઓ કહેવા લાગી છે: 'We are not sex objects-અમે લિંગિક વસ્તુ; ઉપભોગની વસ્તુ નથી!' તો કોણ છો? માણસ છો? આખું જીવન તમારું લગ્ન માટેની ઉમેદવારીમાં જાય છે! પુરુષ સિવાય પણ અમે જીવી શકીશું એમ કહેવાની હિંમત છે? એકવાર મને એક કૉલેજમાં બોલાવેલો હતો. એક વકતા બોલતા હતા - "છોકરીઓ, તમારે વીરમાતા બનવું જોઈએ!" મેં કહ્યું કે આવો ઉપદેશ હું છોકરીઓને ન આપી શકું. તિલક, ગાંધીજીનું કોઈએ વીરોના બાપ તરીકે ગૌરવ કર્યું છે? પણ કૌશલ્યા અને જીજાબાઈ, 'વીર-માતા' તરીકે જ પૂજનીય! આ તો બીજા દરજ્જાનું મનુષ્યત્વ! કૉલેજમાં જઈને છોકરાઓને આવો ઉપદેશ કોઈ આપશે કે?

સ્ત્રીનું - ફકત સ્ત્રી એવું - સ્વત:એવું જુદું જીવન છે ખરું? માતૃત્વ ખૂબ મોટું વરદાન ગણાય છે. હું તેને સ્ત્રીજીવનનો અભિશાપ કહું છું. કારણ માતૃત્વ સિવાય સ્ત્રીજીવનની સાર્થકતા જ નથી એવું મનાય છે. સ્ત્રીનું મનુષ્ય તરીકે સ્વતંત્ર વ્યકિતત્વ છે? સ્વાયત્ત જીવન છે? નથી તો તમે શું કરવાના છો? સમાજ-પરિવર્તન માટે તમને ઉત્કંઠા હોવી જોઈએ એમ તમને કહે છે! પણ હું કોને કહું? જે સ્વત: જ એક ઉપભોગની વસ્તુ બની છે તેને? તરુણોને લગ્ન વિશે પૂછશો તો તે ના પાડશે. કારણ તેને માટે લગ્ન એટલે બેના ચાર હાથ નહીં, ચાર પગ જ થાય છે. લગ્ન થયા ને તેની જવાબદારી શરૂ થાય છે, જ્યારે છોકરીઓની જવાબદારી સમાપ્ત થાય છે. લગ્ન એટલે રિક્ષાનો ધંધો! પુરુષોએ રિક્ષા ચલાવવાની અને સ્ત્રીને પટકવાની સવારીની જગ્યાએ!

બધું જ કર્તૃત્વ પુરુષોનું! શૉએ આને ધક્કો આપવા માટે પુસ્તક લખ્યું - ઈન્ટેલિજેન્ટ વિમેન્સ ગાઈડ ટુ સોશિયાલિઝમ!

જ્યાં જ્યાં! 'he' હતું ત્યાં 'she' વાપર્યું! 'બૉયકોટ' નું 'ગર્લકોટ' કરો ને 'હિસ્ટરી'નું 'હરસ્ટોરી' કરો પણ પ્રત્યક્ષ માત્ર 'હીઝ સ્ટોરી' જ છે. 'હર સ્ટોરી' આજે પણ શરૂ થવાની બાકી છે. આની યાદ આપવા હું આવ્યો છું. આવતી કાલનું જગત તમારું છે.

તરુણ છોકરા-છોકરી મળીને શું કરે છે તેની ચિંતા નથી. તમે ઉભય મળીને નંદનવન બનાવો કે સ્મશાન. આવતી કાલનું જગત તમારું છે. પેલી ઑસ્ટ્રેલિયન છોકરીએ કહ્યું ને કે 'હું આ છોકરીની મા છું પણ કોઈની પત્ની નથી એય કબૂલ કરું છું.' ગર્ભપાતનો કાયદો કરીને તો તમે ગમે તે પ્રમાણે વર્તો. પણ ઈચ્છાવિરુદ્ધ પોતાના શરીરનો ઉપભોગ ન થવો જોઈએ, આ માટે તમે શું કરશો? છોકરીઓ અમને જ પૂછશે શું કરીએ? પુરુષો પાસેથી જવાબ ઉધાર લેશો નહીં. શું તમારા પોતાના જીવનનું અસ્તિત્વ જ નથી! અસ્સલ નાણું હશે તે ખણખાણશે!

પાકિસ્તાન સાથે યુદ્ધની કલ્પના આવી કે તરત કહેવાયું, 'જમીન, સંપત્તિ અને સ્ત્રીઓનું સંરક્ષણ કરવાનું છે.' સ્ત્રી શું કાચનું વાસણ છે કે તેને તડ ન પડે તે માટે આખો વખત તેની સંભાળ રાખવી? એકવાર પ્રવાસમાં છોકરી સાથે હતી. માએ કહ્યું, 'સંભાળજે, છોકરી સાથે છે!' એવું ન કહ્યું કે નિર્ભયપણે પ્રવાસ કર, છોકરી સાથે છે! રોટલે બાકી તો હવે એટલું જ રહે છે કે પેટીમાં ભૂસું ભરી તેમાં તેને બંધ કરીને ઉપર સૂચવવું-'ગ્લાસ! વિથ કેર!' આજની ઘડી આત્મનિરીક્ષણની છે! આજ એ નિર્ણય લેવો જોઈએ કે સાથે રહીશું, પ્રેમથી રહીશું, પણ બીજાના આધાર પર જીવવાના નથી! આજે સામાજિક જીવનમાં Sex explosion જાતીયતાનો વિસ્ફોટ થયો છે. આજ સુધી દેખાઈ રહેલ 'સપ્રેસ્ડ સેક્સ' હવે ઉછળી આવી છે. મને તેનો ડર લાગતો નથી. પણ સહજીવનમાં સ્ત્રી પર આક્રમણ ન થાય તેવા રસ્તા નવા લોકોએ શોધવા જોઈએ.

મનુષ્ય પ્રકૃતિનો અનુગામી નથી. પ્રાણીઓને શિંગડાં, નખ, દાંત હોય છે-સ્વરક્ષણ માટે. માણસ પાસે એવું કશું ન હોવા છતાંય સિંહને તે નચાવી શકે છે. માણસ પાસે એવી કેટલીક ચીજ છે કે જેને લીધે તે બીજાં પ્રાણીઓ કરતાં જુદો બન્યો છે. તેનું હૃદય અને બુદ્ધિ એ છે તેની તાકાત અને એ તાકાત પુરુષો જેટલી જ સ્ત્રીઓમાં પણ છે. યુનિવર્સિટીની પરીક્ષામાં પહેલા નંબરની ગુણવત્તા મેળવનાર છોકરીઓ છે. તોયે સ્ત્રી બીજા દરજ્જાની મનુષ્ય શા સારુ? આની પ્રતિક્રિયા ઘણે ઠેકાણે દેખાય છે. આજે પશુજીવનમાં નરનિરપેક્ષ માતૃત્વ છે. તેવો દિવસ હવે માનવજીવનમાં પણ દૂર નથી; પતિ સિવાય જ માતૃત્વ-કૃત્રિમ ગર્ભધારણને આધારે આવી શકે! પણ એનો અર્થ શું? સ્ત્રી-પુરુષોનાં જુદાં જુદાં જગત થશે? શું માનવસમાજ બે ગોળાર્ધમાં વહેંચાઈ જશે? એટલું તો અવશ્ય સમજી લેવું જોઈએ કે સ્ત્રી-પુરુષ એકબીજાની સાથે રહેશે તો એકમેકની વિરુદ્ધ ભૂમિકા લઈને રહી શકશે નહીં.

એક વાત તો નિશ્ચિત છે કે મનુષ્યની શકિત તે શરીર-શકિત નથી. આંતર-ભારતીના નેતા (સાને ગુરુજી) દુર્બળ હતા. ગાંધી શું કે વિનોબા શું, શરીરથી સબળ હોવાને કારણે નેતા બન્યા નથી. મહાયુદ્ધમાં ઈંગ્લૅન્ડના નેતા ૯૦ વર્ષના બુઢ્ઢા ચર્ચિલ હતા! શરીરની તાકાત અધિક મહત્ત્વની બને તો કિંગકોંગને નેતા બનાવવો પડે! તો પછી છોકરી શરીરથી કમજોર છે માટે તે સ્વતંત્ર રહી શકે નહીં તેવું માનવાને શું કારણ છે? આ એક પારંપરિક સંસ્કાર છે. એને ચિત્તમાંથી દૂર કરવો જોઈએ.

બીજી પણ એક વાત હિંમતથી માન્ય કરવી જોઈએ. શરીર ભ્રષ્ટ થવા છતાં મનુષ્ય ભ્રષ્ટ થતો નથી. મારા મોંમાં કોઈ જબરજસ્તીથી ગોમાંસ નાખે તો પણ મને ભ્રષ્ટ માનવાનું કારણ શું છે? શું છોકરી શરીર સિવાય બીજું કશું જ નથી? કેવળ શરીર જ છે? આ ગેરસમજને કારણે જ તરુણ-સ્ત્રી રૂપનિષ્ઠ, શરીરનિષ્ઠ બની છે! એટલે જ 'વહુ જોઈએ રૂપવાન ને જમાઈ જોઈએ ગુણવાન!' પણ છોકરીના હાથમાં સોય અને તરુણના હાથમાં તલવાર! આનો ઉપાય શો? જે જે પુરુષ કરે તે બધું સ્ત્રીએ કરવું? પુરુષની કાર્બન કોપી બનાવવી છે સ્ત્રીને? પુરુષોએ ચોટલા વાળવા અને સ્ત્રીઓએ વાળ કપાવવા માંડવા એવી ફેશન આવે જ છે. ફાવે તે શરૂ કરો, પણ છેવટે સ્ત્રી જીવે છે પુરુષોના ભરોસા પર! કારણ કે પોતાના ભરોસા પર જીવવાની તેની હિંમત નથી!

આવા હજારો શિબિરો થાય તો પણ છોકરીઓમાં આત્મપ્રત્યય જાગ્રત નહીં થાય તો બધા ફ્રોકટ જવાના. 'ધે વિલ ઑલ એન્ડ ઈન સ્મોક!' આજે પણ છોકરીનાં લગ્ન કરવા માટે અખિલ ભારતની યાત્રા કરવી પડે છે. આવાં લગ્ન જ નહીં જોઈએ એમ કહેવાની હિંમત કોઈ છોકરીની નથી. શું એવો દિવસ ઊગશે ખરો કે જ્યારે છોકરા-છોકરીઓ સમાન દરજ્જાનું જીવન જીવતાં હશે! તમે હમેશાં બીજાના પ્રકાશમાં જીવતા આવ્યા છો. સ્વાયત્ત જીવનનો આસ્વાદ ક્યારેય લીધો નથી.

હું અહીં શિક્ષણની વાત કરતો નથી. આર્થિક સ્વતંત્રતા માટે બોલતો નથી. તમે નાગરિક બન્યાં, ગૃહિણી બન્યાં, બહેનમાં સર્વ કાંઈ બન્યાં પણ મનુષ્ય માત્ર હજી થયાં નથી! મુખ્ય વાત જ રહી ગઈ! એ મનુષ્યતા કેવી રીતે આવશે? અંતઃકરણમાં જે પુરુષનો ડર છે તેના પર પ્રેમ કરવો શકય નથી, કથાવાર્તામાં પ્રેમ હશે, પણ જીવનમાં ક્યારેય નહીં આવી શકે. પ્રેમ માટે જુદું હૃદય જોઈએ! તમારા પર-નવી પેઢી પર-હજી મને આશા છે!

રામ નાજુક હતા, જ્યારે રાવણ બલાઢ્ય. રામને બે જ હાથ હતા, રાવણને વીસ. ઈંગ્લૅંડ બળવાન રાષ્ટ્ર હતું જ્યારે અમેરિકા કમતાકાતવાન નવું રાષ્ટ્ર હતું. પણ વૉશિંગ્ટન જીતી શકયા! ઝારશાહી-વિરોધી ક્રાંતિકારીઓ દુર્બળ હતા, ચાંગ-કાઈ-શેકને અમેરિકાનો ટેકો હતો. માઓ ફકત દેશવાસીઓના ટેકાથી લડયા. માઓને પૂછયું, 'તમે કેવી રીતે જીત્યા?' તેણે કહ્યું, 'મારા સિપાઈઓ પાસે આત્માધુનિક હથિયારો નહોતાં, પણ અંતઃકરણની તાકાત હતી!' મનુષ્યના હૃદયમાં બુદ્ધિ નિર્માણ કરનાર સંકલ્પની ખરી શકિત હોય છે. આજે માનવ સમાજને બચાવવો હશે તો મહિલામુકિતના રૂપે નવી સંસ્કૃતિમાં આગળ પગલાં માંડવાં પડશે. આને માટે કેટલાક સંકલ્પ કરવા પડશે:

૧. હવે સ્ત્રી મનુષ્ય બનશે. તે વસ્તુ નથી, વ્યકિત તરીકે જીવશે. સ્ત્રી એ કોઈને બક્ષિસ આપવાની કે ચોરી લાવવાની ચીજ નથી!

૨. તે પુરુષની સાથે જીવશે, પ્રેમથી રહેશે. ડર કે સાવધાની રાખીને જીવનાર નથી. પુરુષ-નિરપેક્ષ જીવન જીવશે; આનો અર્થ એ કે તે એના પર બોજો બનીને રહેશે નહિ. આનોજ અર્થ એવો કે માતૃત્વ એ સ્ત્રીજીવનનું ગૌરીશંકર નથી. તે એક આનુષંગિક વાત છે. સ્ત્રીનું જીવન સ્વાયત્ત અને સ્વતંત્ર હશે; એટલે જ માતૃત્વનિરપેક્ષ તેનું વ્યકિતત્વ હશે.

૩. મનુષ્યની વાસ્તવિક શકિત શરીરમાં નથી; હૃદય અને બુદ્ધિમાં છે. અને તે બધા માનવમાં સમાન છે.

૪. શરીર ભ્રષ્ટ થવાથી ચારિત્ર્ય નષ્ટ થતું નથી; સતીત્વ નષ્ટ થતું નથી. હિમાલયની ગુફાઓમાં મોકળાશથી ફરવામાં હિંમતની આવશ્યકતા નથી. બજારમાં, રોજના જગતમાં નિર્ભયતાથી રહેવું આવશ્યક છે.

૫. ચારિત્ર્ય બાબત પુરુષો માટે સ્ત્રીઓ જેટલી મક્કમતા અનિવાર્ય નથી ગણાઈ. વિશ્વામિત્રે હજારો વર્ષ તપ કર્યું-પણ મેનકાના દર્શનથી બધી તપસ્યા રસાતળ ગઈ! એ તો 'ઓબ્જેક્ટેડ સેક્સ' છે. ઊલટાની લિંગિકતા છે એ! પુરુષોનો ભય પણ નહીં, જુગુપ્સા પણ નહીં! અભિમુખતા જોઈએ. તો જ પ્રેમમાં એકાત્મતા આવશે.

તો શું અર્ધનારી-નટેશ્વરનો આદર્શ હોવો જોઈએ? સ્ત્રીપુરુષ શું અર્ધી અર્ધી વિશેષતાને મેળવીને વ્યકિતત્વ બનાવી શકશે? તેમ પણ નહીં. પ્રત્યેક માણસ-સ્ત્રીપુરુષ બન્ને-સંપૂર્ણ નારી-નરેશ્વર હશે. ઉભયના સત્ત્વનું એકીકરણ થઈ સમગ્ર વ્યકિતત્વ ખીલશે. બન્નેની ઉત્કૃષ્ટતાનો તે સંયોગ હશે. એવો સમગ્ર-સંપૂર્ણ માનવજન્મ પામશે ત્યારે માનવજાતિ ધન્ય થશે.

એને માટે પ્રત્યક્ષ કૃષ્ણ-દ્રૌપદી-યોગ કરવો જોઈએ. પવિત્રતા તો રહેશે પણ પડદો નહીં રહે. અને લિંગિકતા તો નહીં જ નહીં! કૌરવોના દરબારમાં દ્રૌપદીની લજ્જાનું રક્ષણ કરવા કૃષ્ણ પોતે વસ્ત્ર બન્યા! કૃષ્ણની સાથે રાધાનું નામ બોલાય છે, રુકિમણી-સત્યભામાનું નહીં! વૈવાહિક સંબંધ ન હોવા છતાં રાધા-કૃષ્ણ એક નિકટ સંબંધનું પ્રતીક છે. પણ આ સંબંધ સામાજિક થઈ શકતો નથી. કૃષ્ણ-દ્રૌપદી સંબંધ સામાજિક થઈ શકે છે!

તમારી પાસેથી આવા સત્ત્વયુકત, સ્વાયત્ત જીવનની સમગ્ર-મનુષ્યત્વની અપેક્ષા છે!

['ભૂમિપુત્ર'માંથી સાભાર] દાદા ધર્માધિકારી

સહાય એટલે ધીરધાર: અમેરિકાને એ બંધ કરવી પોસાય?

અમેરિકા કે કોઈ પણ દેશ તરફથી મળતી 'સહાય'નાં નાણાં ભેટ-રૂપે મળતાં નથી. પંદર કે પચીસ વર્ષે એ નાણાં વ્યાજસહિત દૂધે ધોઈને આપવાં પડે છે. આ વાત થોડા દિવસ પહેલાં આપણાં વડા પ્રધાને ભારતના અજ્ઞાન લોકોને સમજાવવા માટે સ્પષ્ટ કરવી પડી હતી. વાસ્તવમાં તો સહાય એ ધીરધાર છે. શરાફ માણસો ધીરધારનો ધંધો કરે અને નજીવી વાતમાં તેના આસામી સાથે ઝઘડો કરીને ધીરધાર બંધ કરે તો તેનો ધંધો અટકી પડે. અમેરિકા એક પ્રકારનો આંતરરાષ્ટ્રીય શરાફ દેશ છે. તેને સહાય એટલે ધીર-ધાર બંધ કરવી પોસાય નહિ. ભારતને સહાય બંધ કરે તો બીજા દેશને વધારવી પડે. વળી ભારત જેવો પાકો આસામી અમેરિકાને મળે નહિ. અમેરિકા વારંવાર કહે છે કે તેની વિદેશી સહાયમાં સૌથી મોટો હિસ્સો ભારતને મળે છે. પણ એ વાત ખોટી છે. અમેરિકન સરકાર ભલે તેના આંકડાઓમાં દર્શાવે નહિ પણ યુરોપ અને અમે-રિકાના અર્થકારણને લગતાં ચોપાનિયાં અમેરિકાની વિદેશી સહાયનાં જે ચીતર ચીતરે છે તેમાં સૌથી વધુ સહાય મેળવનાર તરીકે દક્ષિણ વિયેતનામનું નામ લખે છે. તે પછી ભારતનો ક્રમ આવે છે. પરંતુ દક્ષિણ વિયેતનામને અપાતી સહાય એ કાણા ઘડામાં પાણી ભરવા જેવું છે. જ્યારે ભારત જેવા દેશને અપાયેલી સહાયમાં કોઈ દિવસ 'આસામી ખાધ' લાગવાની નથી. પાકિસ્તાને હજી હમણાં જ લોનના હપ્તા ચૂકવવામાં લબાડી કરી હતી. ભારત કોઈ દિવસ મુદત ચૂક્યું નથી.

અમેરિકાએ સહાય સ્થગિત કરી તેના પાણીનો રેલો ભારતના પગ તળે ઓછો આવશે છતાંય હાલ તુરત ભારતને અતિ આવશ્યક જણાય તેવી રૂ. ૧૧ કરોડની ચીજોની આયાત અમેરિકાને બદલે બીજા દેશોમાંથી કરીને તેનું હૂંડિયામણ ચૂકવવું પડશે. ખાસ કરીને (૧) ખાતર, (૨) ઍલ્યુમિનિયમ, (૩) જસત, (૪) સ્પેર્સ અને કોમ્પોનન્ટ, (૫) ખાદ્ય તેલો અને (૬) રૂની આયાત ઉપર અસર પડશે. અમેરિકાએ ૧૧૫ કરોડ ડૉલર એટલે લગભગ રૂ. ૧૧ કરોડની ચીજવસ્તુ પેટેની સહાયનું વચન આપેલું તેમાંથી આપણે આ બધી ચીજો આયાત કરનાર હતા. પણ અમેરિકાએ આ સહાય પાછી ખેંચતાં આ ચીજોની આયાતની વ્યવસ્થા તત્કાળ અન્ય માર્ગોથી કરવાની રહેશે.

આ ચીજોનો કરકસરભર્યો ઉપયોગ તેમ જ ઓછી સંઘરાખોરી કરીને ભારતના વેપારીઓ અને ઉદ્યોગપતિઓ ભારત સરકારના સ્વાવલંબન માટેના પ્રયાસને ટેકો આપી શકે છે.

આપણે નક્કર વાત ઉપર આવીએ અને અમેરિકા સહાય બંધ કરવામાં મક્કમ રહે તો ભારતને શું તકલીફ આવે એ પ્રશ્ન વિચારીએ. બહુ જ સરળ રીતે વાત સમજવા માટે આપણે કહી શકીએ કે દર વર્ષે આપણને અમેરિકા તરફથી ૧૫ કરોડ ડૉલરની સહાય મળતી બંધ થાય એટલે આપણે રૂ. ૧૦૫ કરોડની વ્યવસ્થા કરવી પડે. બીજા અર્થમાં આપણે રૂ. ૧૦૫ કરોડનો વધુ માલ નિકાસ કરીને તેટલું હૂંડીયામણ કમાવું પડે. એ ઉપરાંત હવે અમેરિકાએ આપેલી અગાઉની લોનોના હપ્તા પણ દર વર્ષે ચૂકવવાના થાય છે. તે હપ્તા પણ જંગી રકમના છે. આવતે વર્ષે ૧૨ કરોડ ડૉલર એટલે કે રૂ. ૮૫ કરોડનો હપ્તો આપણે ચૂકવવાનો છે. આ દૃષ્ટિએ આપણે માનીએ કે અમેરિકા આપણને બિલકુલ સહાય બંધ કરી દે અને આપણે અમેરિકાની લોનોના હપ્તા ચૂકવવામાં આનાકાની ન કરીએ તો દર વર્ષે આપણે કુલ રૂ. ૧૯૦ કરોડથી રૂ. ૨૦૦ કરોડનું હૂંડિયામણ કમાવા કમર કસવી પડે. તો ભારત જેવો દેશ જે તેની પંચવર્ષીય યોજનામાં રૂ. ૧૮૦૦૦ કરોડનાં રોકાણોના જંગી આંકડાઓ માંડે છે તેને માટે આટલી રકમની વ્યવસ્થા ન થાય તો આસમાન તૂટી પડે? આવો પ્રશ્ન આપણે કરીએ તો તે પ્રશ્નનો જવાબ ગંભીર રીતે આપવાનો રહે, પણ રૂ. ૨૦૦ કરોડની રકમ આપણા વિકસતા અર્થતંત્રની સ્થિતિમાં આપણી છાતી બેસાડી દે તેવી નથી.

સામી બાજુ અમેરિકાએ દર વર્ષે રૂ. ૨૦૦ કરોડનો વેપાર ભારત પાસેથી ગુમાવવો પડે. કદાચ પ્રમુખ નિક્સન અને તેના સલાહકાર શ્રી કિસિન્ગરને વટ ખાતર આ વેપાર ખોવો પડે તેનો અફસોસ ન હોય. પરંતુ અમેરિકન સરકાર અને અમેરિકન વેપારી એકસરખી રીતે વિચારતા નથી. ભારત ગરીબ દેશ હોય તો પણ ગરીબ લોકો પાસેથી ધીરધાર કરનારા દેશો કમાઈને તરબતર બન્યા છે. હું બાળક હતો ત્યારે સૌરાષ્ટ્રના ગામડામાં મારા પિતા શિક્ષકના વ્યવસાય સાથે નાની દુકાન ચલાવીને ખેડૂતોને ધીરધાર પણ કરતા હતા. મને નવાઈ લાગતી કે મારા ગામના ચીંથરેહાલ ખેડૂતો પાસેથી કઈ રીતે નાણા કમાઈ શકાતાં હશે? મહારાષ્ટ્રના ઉરુલીકાંચન, જુન્નર અને બીજા ગામડાંઓમાં સો સો વર્ષથી ઘણા મારવાડી કુટુંબો વસી ગયાં છે. સાવ ભૂખડીબારસ જેવાં આ ગામોમાં મારવાડીઓ માલદાર થઈ ગયા છે. ખેડૂતો પાસે બાવડાનું બળ છે, જમીન છે અને ખેતીની નીપજ વધારવાની સૂઝ પણ છે, પરંતુ તે માટે જોઈતી મૂડી હોતી નથી. આ મૂડી વાણિયો પૂરી પાડે છે અને ગરીબ ખેડૂતને કરેલી ધીરધારથી ખેડૂતની નીપજમાં ૫૦ ટકા વધારો થાય તો તેમાંથી ૪૦ ટકા લાભ વાણિયાને પહોંચી જાય છે અને ૧૦ ટકા લાભ ખેડૂત પાસે રહે છે. એક ખેડૂત પાસે રૂ. ૧૦૦૦ બાકી લેણા રહેતા હતા છતાંય મારા પિતા તે ખેડૂતને નાણાં ધીરતા હતા. મેં વાંધો ઉપાડયો કે શું કામ આવા અશકત માણસને નાણા ધીરો છો? ત્યારે મારા પિતાએ કહ્યું કે જો બાકીના ૧૦૦૦ વસૂલ લેવા હોય તો થોડી થોડી ધીરધાર કરીને તેને શકિતશાળી બનાવવો જોઈએ.

ઉપરનું દૃષ્ટાંત ટાંકીને અમેરિકાની સહાયના પ્રશ્નને વધુ પડતો સરળ કરી નાખવાનો આશય નથી. પરંતુ સહાયની પાછળનો હેતુ હમેશાં સ્વાર્થી અને વ્યાપારી હિત સાથે જોડાયો હોય છે. ભારતે સિલોનને રૂ. ૫ કરોડની લોનો બે વખત આપી હતી. તે લોનો વડે સિલોને આપણી પાસેથી વીજળીનો સામાન, કેમિકલ્સ અને દવાઓ વગરે ખરીદ્યાં હતાં. એને કારણે આપણા વીજળીનાં સાધનો પેદા કરતા ઉદ્યોગો અને રસાયણ ઉદ્યોગને સારી ઘરાકી રહી હતી. એ રીતે અમેરિકાએ કરેલી રાનાજની સહાયથી તેના વધારાના નકામા ઘઉં ભારત પચાવતું ગયું અને અમેરિકન ખેડૂ-તની પ્રવૃત્તિ ધમધમતી રહી હતી. ભારતના એર ઈન્ડિયા ઈન્ટર-નેશનલને રૂ. ૪ કરોડની કિંમતનાં ચાર જંબો જેટ વિમાનો લેવાની ઈચ્છા હતી, પરંતુ આટલી રકમ ખર્ચવાની એર-ઈન્ડિયાની ત્રેવડ હતી નહિ. વળી જંબો જેટ બનાવતી અમેરિકાની બોઈંગ કંપનીને જંબો જેટ વિમાનો વેચ્યા વગર છૂટકો નહોતો. જંગી કારખાનું કામ વગરનું પડયું રહે અને તૈયાર વિમાનો ન વેચાય તો પણ કંપની ચાલુ રહી શકે તેટલી ત્રેવડ બોઈંગ કંપનીની ન હતી. આ સ્થિતિમાં બોઈંગ કંપનીએ પોતે જ એર-ઈન્ડિયાને રૂ. ૨ થી રૂ. ૩ કરોડની લોન અમેરિકન એક્સપોર્ટ - ઈમ્પોર્ટ બૅંક પાસેથી મળે તેવી વ્યવસ્થા કરી આપી. બોઈંગ કંપનીને વિમાનનો ઘરાક મળી ગયો અને એક્સપોર્ટ - ઈમ્પોર્ટ બૅંકને નાણાંનું વ્યાજ આપનાર ઘરાક મળી ગયો. ગામડામાં જ્યારે પણ વાણિયાની લોનના હપ્તા ચૂકવવામાં

ખેડૂત મોડો પડે એટલે તે ખેડૂતને સરકારની તગાવી કે સહકારી મંડળી કે સહકારી બૅંકની લોન મળે તે માટે ધીરધાર કરતો વાણિયો જ બધી તરખડ કરતો હોય છે!

આમ એકંદરે સહાય એ કંઈ અમેરિકા કે કોઈ પણ દેશના ઉપકારરૂપે મળતી નથી, ચોખ્ખા વેપારની વાત છે. એમાં ભારતને થોડો લાભ થાય છે અને એ સહાય ન મળે તો થોડી તકલીફ પણ ઊભી થાય છે. પણ ઉપર કહ્યું તેમ એ તકલીફને નક્કર સ્વરૂપે મૂકીએ તો તે રૂ. ૧૫૦ થી ૨૦૦ કરોડની મામલત રહે છે. જ્યારે નિરાશ્રિતોનો બોજ આવી પડયો ત્યારે પણ વાર્ષિક ખર્ચ માટે આટલા જ આંકડાની આપણે જોગવાઈ કરી હતી. એ જોગવાઈ રૂપિયા સ્વરૂપની હતી, પરંતુ સહાય બંધ થાય તો આપણે એટલું હૂંડિયામણ કમાવું પડે એટલે કે તેટલો વધુ માલ નિકાસ કરવો પડે. હાલમાં આપણે જે નિકાસ કરીએ છીએ તેના કરતાં માત્ર ૧૦ થી ૧૨॥ ટકા જેટલી વધુ નિકાસ કરવી પડે. તો આટલી નિકાસ વધારવા ભારતનો વેપારી શક્તિમાન નથી? જો જનતા કમર કસે તો આ વાત અશક્ય નથી. જ્યારે આપણાં વડા પ્રધાન કહે છે કે અમેરિકાની સહાય વગર આપણે ચલાવી શકીશું ત્યારે તેમાં માત્ર ગરાસિયા છાપનો એકલો વટ નથી. તેની પાછળ નક્કર ગણતરી પણ છે. એવી ઘણી જીવન–જરૂરિયાતની અતિ આવશ્યક ચીજો આપણે ઘરઆંગણે તંગી પડે તે માટે નિકાસ કરતા નથી. પોલાદ જેવી ચીજો વધુ આયાત કરવી પડે છે. આવશ્યક ચીજોની આપણી વપરાશ ઓછી કરીને અને પોલાદ જેવી ચીજોની વપરાશમાં કરકસર કરીને તેની આયાત ઓછી કરીને આપણે અમેરિકાએ ઊભો કરેલો પડકાર સારી રીતે ઝીલી શકીયે છીએ અને જ્યારે કોઈ રાષ્ટ્રના સ્વમાન ઉપર સીધો ઘા આવે ત્યારે તે રાષ્ટ્ર જો રૂપિયા–આના–પાઈની ગણતરી કરીને લાચાર મોઢું કરી જાય તો તે રાષ્ટ્રને આ સ્વાર્થી જગતમાં જીવવાનો હક રહેતો નથી. ભારત એવો દેશ નથી કે તે અમેરિકાની નગદનારાયણની વાતોથી મૂંઝાઈ જાય. વળી હવે સદ્ધરતાનાં સરવૈયાં બદલાતાં જાય છે. જર્મની, જાપાન અને બ્રિટન જેવા દેશો પાસે પડેલા લાખો ડૉલરનું મૂલ્ય અત્યારે તો કાગળથી વધુ નથી, કારણ કે અમેરિકા તે ડૉલર સામે સોનું આપતું નથી. માત્ર પંદર જ વર્ષમાં સરવૈયાનું આ સ્વરૂપ બદલાયું છે. પંદર વર્ષ પહેલાં જર્મની અને જાપાન અમેરિકા પાસેથી અઢળક પ્રમાણમાં મૂડીની સહાય લેતું હતું. ભારત પાસે પણ તેની લેવડદેવડનું સરવૈયું બદલવાનો આ સુંદર મોકો આવ્યો છે. તે મોકાને આપણે પડકાર તરીકે ઝીલી લઈએ.

કાન્તિ ભટ્ટ

ધન પરત્વે અનાસક્તિ

કાંચન તરફ શ્રી રામકૃષ્ણ પરમહંસની જે નફરત હતી તેવું વલણ ને તેવા જ સ્વરૂપે લક્ષ્મી પ્રતિની દૃષ્ટિ, અનાસક્ત દરેક સત્પુરુષમાં પ્રકટવી જોઈએ એવું કશું નથી; એટલું જ નહિ પણ કથામાંથી ઊઠી જવાને બદલે પૂરેપૂરા ઠંડા કલેજે પોતાના મહેલને બળવા દેવાની જનક રાજાના જેવી, તે જ સ્વરૂપે અનાસક્ત વ્યક્ત થવી જોઈએ એમ પણ આગ્રહ કે સમજણ ન રાખી શકાય.

કાળે કાળે ને સૌ સૌની ઢબે રીતો જુદી હોવાની. અનાસક્ત વ્યક્ત થવાના પ્રકારો અમુક જ હોય અને અમુક રીતે જ તે વ્યક્ત થાય તો તે સાચું અને બાકીનું બધું ખોટું એવી માન્યતા કે સમજણ યથાર્થ નથી.

ધનનો પરિગ્રહ ન સેવીને, બીજાંને સુપરત કરી દઈને કે દાનમાં વાપરી નાંખીને અકિંચન થઈ રહેવાને સ્થાને વ્યવસ્થિત હિસાબ રાખીને યોગ્ય ઉપયોગ, સાધનાના વિકાસાર્થે ને પ્રભુના હેતુ અર્થે સમર્પણ ભાવે, થાય એવી જ્ઞાનયુક્ત જાગૃતિ રાખીને પણ સાધક ધન પરત્વે સંપૂર્ણ અનાસક્ત રાખી શકે છે યા કેળવી શકે છે.

શ્રી મોટા

કેમ, શું, અને શા માટે?

ખાંડનો ટાપુ

જે બ્રિટિશ જમાનામાં હિંદુસ્તાનમાં ખાંડ ચીન અને મોરેશિયસથી આવતી હતી. તે જમાનામાં ખાંડનાં બીજાં નામ ચીની અને મોરસ હતાં. હજી મોરેશિયસ ટાપુની મુખ્ય પેદાશ ખાંડ છે. મોરેશિયસના વડા પ્રધાન શ્રી શિવસાગર રામગુલામ ગયે પખવાડિયે ભારતમાં હતા. તેઓ ભારતની મુલાકાતે ઘણી વાર આવ્યા છે અને આવશે, કારણ કે ભારત - બિહાર - તેમના પૂર્વજોનું વતન છે. તેમના દાદા ગિરમિટિયા મજૂર તરીકે મોરસ ગયા હતા.

૭૨૦ ચો. મા.નો વિસ્તાર ધરાવતા ડુંગરાળ મોરેશિયસ ટાપુઓ મહાસાગરનું તળિયું ફાડીને ઊભરેલા લાવારસ વડે બન્યા હોવાથી અને પુષ્કળ વરસાદ મેળવતા હોવાથી ખૂબ જ ફળદ્રુપ છે. આઠ લાખ જેટલી વસતિમાંથી ૫૦ ટકા કરતાં વધારે હિંદુ છે, સવા બે લાખ મિશ્ર જાતના છે ૧,૩૦,૦૦૦ મુસ્લિમ છે, અને ૨૧,૦૦૦ ચીના છે. એક દાયકા પહેલાં કેટલાક બ્રિટિશ સામ્રાજ્યવાદીઓમાં પેટ બળતરા હતી કે જો બ્રિટન મોરેશિયસ ટાપુને સ્વતંત્રતા આપશે તો તેના હિંદુઓ "હિંદુ" ભારત સાથે એ ટાપુનું જોડાણ કરી દેશે. હા જોડાણ થયું છે ખરું, પણ તે સમાન હિતો, સદ્‌ભાવ અને સંસ્કૃતિ પર આધારિત મૈત્રી વડે જ થયું છે.

ડોડો નામના કદાવર, ભારેખમ અને ઊડી નહિ શકતાં કબૂતરોનું વતન મોરેશિયસ હતું. જ્યારે ભરત ખંડ અને યુરોપ વચ્ચે યુરોપી વહાણોની અવરજવર શરૂ થઈ ત્યારે યુરોપી વહાણવટીઓ આ નિર્જન ટાપુમાંથી પાણી અને ખોરાક મેળવવા અહીં લંગર નાખતા હતા. તેઓ ધોકા મારીને ડોડોને ખોરાક માટે મારી નાખતા હતા. એ રીતે ડોડોનું નિકંદન નીકળી ગયું. નામશેષ થઈ ગયેલી વસ્તુ માટે અંગ્રેજીમાં આજે કહેવાય છે કે It is as dead as dodo.

મોરસના જ્વાળામુખી દૂરના ભૂતકાળમાં ઠરી ગયા છે, પણ ભવિષ્યમાં નહિ ફાટે એમ કહી શકાય નહિ.

* * *

ઉત્તર આયર્લૅન્ડનું રક્તસ્નાન

ઉત્તર આયર્લૅન્ડમાં ચાર વર્ષથી આગ ભભૂકે છે અને રક્તપાત થાય છે. શા માટે?

બ્રિટને જ્યાં રાજ કર્યું છે અને પછી સત્તા છોડવી પડી છે ત્યાં તેણે લડાવી મારી, ભાગલા પાડીને રાજ કર્યું છે અને વારસામાં ભાગલા અને સંઘર્ષણ આપતું ગયું છે. હિંદુસ્તાન અને પૅલેસ્ટાઈન તેનાં દૃષ્ટાંત છે.

આયર્લૅન્ડના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન બ્રિટને ઉત્તર આયર્લૅન્ડનું અંગ્રેજકરણ કર્યું. પછી જ્યારે આયર્લૅન્ડને સ્વતંત્રતા આપવી પડી ત્યારે ભાગલા પાડીને ઉત્તર આયર્લૅન્ડ પોતે રાખ્યું. આયર્લૅન્ડ રોમન કૅથોલિક સંપ્રદાય પાળે છે. ઉત્તર આયર્લૅન્ડ બ્રિટનની જેમ પ્રોટેસ્ટંટ છે, અંગ્રેજીભાષી પણ છે. પણ બ્રિટનમાં લોકશાહી છે તેવી લોકશાહી ઉત્તર આયર્લૅન્ડમાં નથી. અહીં ધર્મના નામે ભેદભાવ રાખવામાં આવે છે, અન્યાય થાય છે. આશરે ૩૩ ટકા પ્રજા રોમન કૅથોલિક છે, અને તેની માગણી સમાન અધિકારોની છે. પણ પ્રોટેસ્ટંટ બહુમતી તેમને સમાન અધિકારો આપવા માગતી નથી. આથી રોમન કૅથોલિકો આયર્લૅન્ડની પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ વડે લડે છે અને બ્રિટિશ લશ્કર બ્રિટિશ સામ્રાજ્યની છેલ્લી લડાઈ ઉત્તર આયર્લૅન્ડની અન્યાયી સરકારના રક્ષણ માટે લડી રહેલ છે.

* * *

બાંગલા દેશના બિહારીઓ

બાંગલા દેશની એક કરુણતા તેના ૧૪ લાખ જેટલા બિહારી પાકિસ્તાનીઓ છે જે બાંગલા દેશને જોઈતા નથી અને પાકિસ્તાન

પણ તેમને સ્વીકારવા તૈયાર થાય તેવી વકી નથી. આ બધા બિહારીઓ આપણી સહાનુભૂતિને પાત્ર નથી, કારણ કે તેમાંથી ઘણાએ બંગાળીઓ પર અમાનુષી અત્યાચારો ગુજાર્યા છે અને પાકિસ્તાની સૈન્યને અત્યાચારો ગુજારવામાં સાથ આપ્યો છે. પરંતુ જે સ્ત્રીઓ, બાળકો અને પુરુષો નિર્દોષ છે એમનું શું? તા. ૨૪/૨૫ માર્ચ ૧૯૭૧ની રાતે યાહ્યાખાને બંગાળીઓની કતલ શરૂ કરી તેમાં બિહારી પાકિસ્તાનીઓએ પણ લશ્કરને સાથ આપ્યો હતો. પરિણામે બંગાળી - બિહારી મુસ્લિમો વચ્ચે હુલ્લડ ફાટી નીકળ્યાં હતાં, જેમાં ઘણા બિહારી પાકિસ્તાનીઓ પણ માર્યા ગયા હતા. પાછળથી બિહારી પાકિસ્તાનીઓમાંથી ઘણા લોકો ઢાકામાં આવીને ભરાયા. અહીં મેહમુદપુર અને મીરપુરમાં મેં નિરાશ્રિત બિહારી પાકિસ્તાનીઓને બેહાલ પણ ભારતીય સૈન્ય વડે સુરક્ષિત પડેલા જોયા ત્યારે મને વિચાર આવ્યો કે આ લોકોનું ભવિષ્ય શું? પાછળથી મુજીબુર રહેમાને છૂટયા પછી માગણી કરી છે કે પાકિસ્તાન અમારા ચાર લાખ જેટલા બંગાળી નાગરિકો અમને સોંપી દે અને આ બિહારી પાકિસ્તાનીઓને લઈ જાય. પરંતુ પાકિસ્તાનના પ્રમુખ ભુટ્ટોએ જવાબ આપ્યો નથી.

* * *

ઝેરી દારૂ ઝેરી કેમ?

આપણા દેશમાં ઝેરી દારૂ પીને દર વર્ષે કેટલી વ્યકિતઓ મરે છે અને ઝેર જેવો દારૂ પીને કેટલી વ્યકિતઓ પોતાનું જીવન ટૂંકાવે છે તેના આંકડા તો કોઈ એકઠા કરી શકે નહિ. પણ જ્યારે સામુદાયિક મૃત્યુ નીપજે છે ત્યારે તેના સમાચાર વર્તમાનપત્રોમાં ચડે છે અને પછી થોડા જ દિવસમાં ભુલાઈ જાય છે. તામિલનાડુમાં એક ઉત્સવમાં સો જેટલા માણસો રિબાઈ રિબાઈને મરી ગયા પછી આજથી ચારેક માસ પહેલાં મુંબઈ–પૂના માર્ગ પર ખોપોલીમાં ૬૦થી વધુ માણસો મરી ગયા હતા. હવે ગયે પખવાડિયે દિલ્હીમાં ૩૫થી વધુ માણસો મર્યા છે.

અહીં મેં ગેરકાયદે ગળાતા દારૂને બે ભાગમાં વહેંચી નાખ્યો છે: ઝેરી અને ઝેર જેવો. ઝેરી દારૂમાં મેથીલ આલ્કોહોલ, વાર્નિશ, ટિંકચર આયોડાઈન વગેરે મેળવવામાં આવે છે, જે બધાં ઝેર છે. મેથીલ આલ્કોહોલ લાકડાના બાષ્પીભવનથી બનાવવામાં આવે છે. એથીલ આલ્કોહોલ એવું ઝેરી નથી. પણ તેમાં પાંચ ટકા મેથીલ આલ્કોહોલ મેળવો તો પણ તે ઝેરી બની જાય છે. એવી રીતે મેથીલેટેડ સ્પિરિટ બનાવવામાં આવે છે અને બળતણમાં તેમ જ ઉદ્યોગોમાં વપરાય છે.

ઍથીલ આલ્કોહોલ મિષ્ટ પદાર્થોમાં આથો લાવી તેના બાષ્પીભવન વડે બનાવવામાં આવે છે. દરેક પીવાયોગ્ય મદિરામાં - બીઅર અને આસવ - અરિષ્ટથી માંડીને બ્રાન્ડી, વ્હીસ્કી, શેમ્પેઈન અને વોદકા સુધીનાં બધાં મદ્યોમાં ઓછા - વધુ પ્રમાણમાં એથીલ આલ્કોહોલ છે.

વાર્નિશમાં અને ટિંકચર આયોડાઈનમાં ઝેરી સ્પિરિટ હોય છે. મેથીલેટેડ સ્પિરિટ બળતણ અને ઉદ્યોગો માટે વેચવામાં આવે છે. તેના બાટલા પર ખોપરી અને બે હાડકાંની ચોકડી મૂકીને ચેતવણી આપવામાં આવે છે કે આ સ્પિરિટ ઝેરી છે. તેમ છતાં પીવાના દારૂમાં સત્વર ઉત્તેજના લાવવા માટે તે ઉમેરવામાં આવે છે અને આવો દારૂ મહારાષ્ટ્રમાં ખોપડી (ખોપરી છાપ દારૂ) તરીકે ઓળખાય છે!

હવે ઝેરી નહિ પણ ઝેર જેવા દારૂની વાત કરીએ તો વિવિધ પ્રકારનાં મદ્યો બનાવવાં એ એક વિજ્ઞાન અને કળા છે, જે ગેરકાયદે દારૂ ગાળનારાઓનાં જ્ઞાન અને શકિતની બહાર છે. આથી તેઓ હલકો ગોળ, સડેલાં ફળો કે કોઈ પણ જાતના ફેંકી દેવા યોગ્ય મિષ્ટ પદાર્થોમાં આથો લાવી બાષ્પીભવન વડે તેમાંથી આલ્કોહોલ કાઢે છે. તેમાં પાણી પણ સાથે આવી જાય તેથી બીજી વાર બાષ્પીભવનથી 'બેવડો' બનાવે છે. તે સત્વર ઉત્તેજના આપે એવો થાય છે. તેની ખાતરી કરવા માટે થોડો દારૂ ઢોળીને, દૂર દીવાસળી સળગાવે છે. આલ્કોહોલ પેટ્રોલની જેમ ઉડ્ડયનશીલ હોવાથી તે વરાળરૂપે હવામાં પ્રસરી જાય છે. તેથી દીવાસળી સળગતાં જ આલ્કોહોલ દૂરથી સળગી ઊઠે છે. મુંબઈ શહેરમાં આથો લાવવા માટે મિષ્ટ પદાર્થો પાણીમાં ભેળવીને ગટરોના મુખમાં 'છુપાવી' રાખવામાં આવે છે, જ્યાં મળ-મૂત્ર અને ગામની ગંદકી વહેતાં હોય છે.

આથો લાવવો કે આથો લાવીને બાષ્પીભવન કરવું એ ખરેખર નથી. આથો યોગ્ય સંવિધાન વડે લાવવો જોઈએ અને મદ્ય બન્યા પછી તેને યોગ્ય સમય સુધી યોગ્ય વાસણમાં, યોગ્ય વાતાવરણમાં રાખીને દારૂને 'પકાવવો જોઈએ.' પરંતુ ગેરકાયદે દારૂ ગાળનારાઓ મિષ્ટ પદાર્થોને પાણીમાં ભેળવ્યા પછી ત્રણ દિવસની અંદર તેનો દારૂ બનાવીને બજારમાં વેચવા કાઢે છે, જે પીવાની આદત તરત પડી જાય છે અને ઝેર જેવી અસર કરે છે, તંદુરસ્તીને ભારે નુકસાન કરે છે. શ્રેષ્ઠ મદિરાઓ દાયકાઓ સુધી 'પકાવવામાં' આવે છે.

પોલીસ ખાતાના તેમજ આબકારી ખાતાના માણસોને આ ગેરકાયદે પ્રવૃત્તિમાંથી અઢળક કમાણી થાય છે. કેટલાક રાજકીય આગેવાનો અને અમલદારો પણ તેમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગેરલાભ ઉઠાવે છે. આથી આ દુશ્ચક્રનો અંત આવતો નથી. સરકારો આ બધું જાણતી હોવા છતાં કંઈ કરતી નથી તેનું એક કારણ આ પણ છે. આથી હજી વધુ માણસો મર્યા કરે છે, કારણ કે તેમાંથી ઘણાને મોટી કમાણી થાય છે.

– વિજયગુપ્ત મૌર્ય

યુદ્ધગુનેગારો: ઈકમેનને પંદર વર્ષે કેવી રીતે પકડયો?

ઈ. સ. ૧૯૩૯ થી ૧૯૪૫ સુધી યુરોપમાં ખેલાયેલા છ વર્ષના બીજા વિશ્વયુદ્ધ પહેલાં યુદ્ધગુનેગારોને નસિયતે પહોંચાડવાનો કોઈ આંતરરાષ્ટ્રીય શીરસ્તો નહોતો, કોઈ ધારાધોરણ–કાયદાકાનૂનો નહોતાં, કોઈ વ્યવસ્થિત વિધિ નહોતી. પણ હિટલરનાં નાઝી દળોએ યુદ્ધ લડતાં લડતાં પણ યુદ્ધ લડનારાઓ અને યુદ્ધ ન લડનારી જીતેલા રાજ્યોની પ્રજા પર એવા અત્યાચારો ગુજારેલા, એવી કત્લેઆમ ચલાવેલી તથા ખાસ કરીને જર્મનીના અને જે જે વિસ્તારો પર નાઝીઓએ કબજો જમાવ્યો હતો તેની યહુદી પ્રજાની જે સામૂહિક કતલ ચલાવી હતી તે એવી વ્યાપક હતી કે યુદ્ધ જીતવાની આશા ઊભી થતાં વાર સાથી રાજ્યોએ આવા જુલમો તથા આવી કતલ માટે જવાબદાર નાઝી નેતાઓને યુદ્ધ બાદ તેઓનાં દુષ્કૃત્યો માટે ન્યાયની અદાલત સમક્ષ કેમ ખડા કરવા તેની વિચારણા કરવા માંડી હતી અને યુદ્ધ પૂરું થતાં વાર તેઓને માટે સાથી રાજ્યોની બનેલી એક સંયુક્ત યુદ્ધ અદાલત સમક્ષ ખડા કરવાની તૈયારી રાખી હતી. યુદ્ધ પૂરું થયું ત્યારે હિટલર તેની પ્રેમિકા તથા આખરના ત્રણ ચાર દહાડા પહેલાં પત્ની બનેલી ઈવા બ્રોને આત્મહત્યા કરી. હિટલર પકડાયો ત્યારે કાંતીલ ઝેરની ગોળી બે દાઢ વચ્ચે કચડીને મૃત્યુનું શરણું શોધ્યું. ગોબેલ્સ પોતાનું રક્ષણ કરતાં સૈનિકોને જ હાથે ચાર બાળકોને ઝેર દઈ પોતાની પત્ની સાથે ગોળીથી ઠાર થયો. ગોરીંગ નાસતાં નાસતાં પકડાઈ ગયો અને ઓળખાઈ ગયો તથા તેની સહિત બાવીસ નાઝી નેતાઓ પર આ સંયુક્ત અદાલતમાં કામ ચાલ્યું તથા તેમાંના બારને મૃત્યુદંડની સજા થઈ. એ પછી બીજા ઘણા નાઝી નેતાઓ પર સાથી રાજ્યોની પોતપોતાની અદા-

લતોમાં કામ ચાલ્યું તથા પાછળથી જર્મનીના પ્રજાસત્તાક રાજ્યની સરકારે પણ યુદ્ધગુનેગારો પર કામ ચલાવવા પોતાની લશ્કરી અદાલતની સ્થાપના કરી અને લગભગ બે હજાર ઉપરાંત નાઝી નેતાઓને આમ મૃત્યુદંડની સજા કરવામાં આવેલી.

યુદ્ધગુનેગારોને પોતાનાં દુષ્કૃત્યો માટે ન્યાયની અદાલતમાં ખડા કરવા માટેની આમ વ્યાપક પ્રવૃત્તિ હાથ ધરાયેલી હોવા છતાં કેટલાએક નામચીન નાઝીઓ નાસી છૂટ્યા જેમાં એક એડોલ્ફ ઈકમેન કરીને નાઝી પક્ષના રઝાકારોના જેવા ખાનગી સૈન્યનો સરદાર પણ હતો. નાઝીઓના હાથ હેઠા પડ્યા નહોતા ત્યાં સુધી તો ઈકમેન પોતાને 'યહુદીઓના યમરાજ" તરીકે ઓળખાવવામાં ગર્વ અનુભવતો. પણ યુદ્ધમાં જર્મની હાર્યું એટલે એને પોતાના કેવા હાલ થશે તેનો પૂરો અંદેશો આવી ગયો અને એક મરેલા સૈનિકનો ગણવેશ તથા ઓળખપત્ર ઉઠાવી લઈને તે ભાગ્યો. અમેરિકી દળોને હાથે પકડાયો પણ ખરો પણ ખોટાં ઓળખપત્રને કારણે ઓળખાયો નહિ અને ફરી ભાગી છૂટ્યો અને યહુદીઓએ તેને શોધવા માટે આકાશ પાતાળ એક કરવા માંડ્યા.

સર્વ પ્રથમ તો ઈકમેન જે શહેરનો વતની હતો તથા જ્યાં તેની પત્ની રહેતી હતી તે ઑસ્ટ્રીઆમાં આવેલા તેના ઘરની બાજુમાં એક ઘર ભાડે રાખી તેમાં યહુદીઓએ પોતાના છૂપા જાસૂસો ગોઠવી દીધા. એ પછી ઈકમેન વિષે જુદી જુદી અફવાઓ આવવા લાગી. આજે તે સ્પેનમાં છે તો વળી ફરી એમ સાંભળવા મળે કે તે સીરિયામાં છે, તુર્કીમાં છે. ઈજિપ્તમાં છે જ્યાં જ્યાં તેના વિષે સાંભળવા મળે ત્યાં યહુદીઓ પોતાના માણસો તપાસ માટે મોકલાવે પણ ઈકમેનનો પત્તો લાગ્યો નહિ.

દરમિયાન ૧૯૪૭માં ઈઝરાયલનું સ્વતંત્ર રાજ્ય બન્યું અને યહુદીઓ બે હજાર વર્ષ ફરી પેલેસ્ટાઈનની ધરતી પર પોતાની સ્વાધીન સત્તાની સ્થાપના કરી એટલે રાજધાની તેલઅવીવમાં નાસતા ફરતા જર્મનીના યુદ્ધગુનેગારોને જેર કરવા એક કેન્દ્રિય જાસૂસી તંત્રની રચના થઈ તથા ઈકમેનને શોધવાની પ્રવૃત્તિ તેમને સુપરત કરવામાં આવી. લગભગ દસ વર્ષના સતત પ્રયાસો બાદ ૧૯૫૭માં એક દહાડો આ તંત્રને ખબર મળી કે ઈકમેન દક્ષિણ અમેરિકાના આરજેન્ટાઈન દેશની રાજધાની બુએનોસઓર્સમાં છે. યહુદી જાસૂસો ત્યાં દોડ્યા. તેમાંના એકે ઈકમેનને જોયો પણ ખરો અને તેની પાછળ પડ્યો. પણ ઈકમેન નજર બહાર થઈ ગયો. અને પછી વીસ માણસોના ત્રણ મહિનાના સતત પ્રયાસો છતાં તે પાછો નજરે ચડ્યો નહિ. અને આ પ્રયાસ પણ નિષ્ફળ નીવડ્યો.

દરમિયાનમાં જર્મનીમાં પગભર બનતી જતી બોનની યુદ્ધોત્તર પ્રજાસત્તાક સરકારે હજી સુધી નાસતા ફરતા તથા સંતાઈ રહેલ નાઝી યુદ્ધગુનેગારોને પકડવા પોતાના જ એક કેન્દ્રવર્તી તંત્રની સ્થાપના કરી અને આ તંત્રની સહાયને આધારે યહુદીઓએ ઈકમેનને પકડવાના પ્રયાસો જોરદાર બનાવ્યા. ૧૯૫૯માં આ તંત્રને ચોક્કસ બાતમી મળી કે ઈકમેન હજી બુએનોસઓર્સમાં હતો અને યહુદીઓએ, પોતાના સગાંવહાલાં તથા આપ્તજનોના મોતનો બદલો લેવા માટે તલસી રહેલા ચુનંદા માણસોને ફરી દક્ષિણ અમેરિકાના આ શહેર તરફ રવાના કર્યા. આ સમયે તેઓએ ઈકમેનને શોધવાના વ્યવસ્થિત પ્રયાસો કર્યા. તેઓ પણ યુરોપમાંથી ભાગી છૂટેલા નાઝીઓ હતા એવી પોતાની ઓળખ આપીને બુએનોસઓર્સમાં એકત્ર થયેલા ભૂતપૂર્વ નાઝીઓના મોટા સમુદાયમાં ભળવા લાગ્યા તથા ઈકમેન વિષે ઈતેજારીથી જે કાંઈ સાંભળવા મળે તેની રાહ જોવા લાગ્યા. પણ મહિનાઓ સુધી તેઓને કાંઈ સાંભળવા મળ્યું નહિ. ચાર પાંચ દિવસ બાદ એક જલસામાં એક માણસે વાતચીતમાં અમસ્થું જ કહી દીધું કે, " ઈકમેન બીચારાને હવે મોટરના ભાગો બનાવવાના એક કારખાનામાં મજૂરીનું કામ કરવું પડે છે." યહુદી જાસૂસ આ સાંભળી ગયો અને તે દિવસથી ઈકમેનના ભાવીનો નિશ્ચિત ફેંસલો થઈ ગયો.

ઈકમેન માટેની આ આટલી જ માહિતી યહુદીઓ માટે બસ હતી. હવે ઈકમેન માટે માત્ર મોટરના કારખાનાઓમાં જ તપાસ કરવાની રહી અને શહેરમાં જે જે કારખાનાંઓ હતાં ત્યાં સવાર-સાંજ કામદારોના આવવાના કે છૂટવાના સમયે યહુદી જાસૂસો ગોઠવાઈ ગયા. તેમાંના ઘણાખરાએ ઈકમેનને નજરે જોયેલો. તેના ફોટોગ્રાફો બધાની પાસે હતા. આ ઉપરાંત ઈકમેનની ઓળખતી એક મોટી નિશાની એ હતી કે તેના કાન બહુ જ મોટા હતા અને એક દહાડો સાંજે એક જાસૂસે ઈકમેનને મર્સીડીઝ બેન્ઝના કારખાનામાંથી બહાર નીકળતો જોયો. તે એક બસમાં ચડ્યો. જાસૂસ તેની પાછળ ગયો અને તે ક્યાં ઊતર્યો તે તેણે જોયું. તેણે તરત જ ઈઝરાયલ સરકારને તારથી ખબર આપી વધુ માણસો મંગાવ્યા તથા શોધ ઉગ્ર બની. ઈકમેન જ્યાં પોતાની પત્ની સાથે ક્લેમેન્ટના ભળતા નામથી રહેતો હતો તે ઘરની ભાળ મેળવી, તેની પત્નીના ફોટોગ્રાફો હતા તે યહુદી જાસૂસોએ આજુબાજુમાં બતાવ્યા તથા તે ફોટોગ્રાફો યહુદી તે શ્રીમતી ક્લેમેન્ટના હતા તેની ખાત્રી કરી લીધી અને કંઈ જ ભૂલ ન થાય તે માટે બુએનોસઓર્સના પોલીસ ખાતાના એક અગાઉના મોટા અમલદારોને મોટી લાંચ આપી ક્લેમેન્ટ નામનો મર્સીડીઝ બેન્ઝના મોટરના કારખાનાનો કામદાર જર્મનીનો નાઝી નેતા ઓડોલ્ફ ઈકમેનજ હતો તેની ખાત્રી કરી લીધી અને પછી તેઓએ આ પરાયા દેશમાંથી તેને જીવતો હાથ કરી ઈઝરાઈલ પહોંચતો કરવાની કારવાઈ હાથ ધરી.

ઈકમેનની ભાળ લાગી ત્યારે ૧૯૬૦નો જાન્યુઆરી મહિનો પૂરો થવા આવ્યો હતો. તેની તપાસ પૂરી થઈ ત્યારે બીજો મહિનો માસ નીકળી ગયો અને એટલે હવે એ માસમાં આરજન્ટાઈનના સ્વાતંત્ર્ય દિને જ્યારે પ્રવાસીઓને આકર્ષવા વિમાન વ્યવહારમાં છૂટછાટ આપાય ત્યારે ઈકમેનને વિમાન માર્ગે ઈઝરાઈલ જીવતો જાગતો ઉપાડી જવાની યોજના તૈયાર થઈ. એટલે મે માસની અગ્યારમી તારીખે ઈકમેન કામમાંથી છૂટી બસમાં બેઠો અને બસમાંથી ઊતરી પોતાને ઘેર જવા એક ગલીને નાકે વળ્યો કે એક મોટરે ઓચિંતો તેને આંતર્યો. ચાર માણસ તેમાંથી ઊતર્યા. તે બૂમ બરાડા ન કરી શકે તે માટે તેમાંના એકે તેના મોં પર કપડું દાબી દીધું. બીજાએ તેના માથા પર એક ફટકો મારી તેને બેશુદ્ધ બનાવ્યો અને બાકીના બેએ તેને ઉપાડીને મોટર ભેગો કર્યો તથા મોટર હંકારી મૂકી. વિમાન ઉપડવાને હજી છ સાત દહાડાની વાર હતી ત્યાં સુધી શહેરથી છ સાત માઈલ દૂર એક નિર્જન વિસ્તારમાં આવેલા મકાનમાં તેને રાખ્યો અને જ્યારે તેણે પોતાને જીવતો રહેવા દેવાની વિનવણી કરી ત્યારે તેઓએ તેની પાસેથી લખાવી લીધું કે "હું મારી સંમતિથી જાણીબુજીને ઈઝરાઈલ જઈ રહ્યો છું." અને પછી આઠ દહાડા રહીને તેઓએ ખાસ ભાડે રાખીને મોકલાવાયેલા એક વિમાનમાં તેને તેલઅવીવ ખાતે ઉતાર્યો.

અહીં તેના પર અદાલતી ખટલો ચાલ્યો. તેણે બચાવ કર્યો કે "હું તો માત્ર હુકમનો ચાકર હતો. મારા ઉપરી અધિકારીઓએ જે હુકમો કર્યા તેનું મેં પાલન કર્યું તેથી વિશેષ મેં કાંઈ કર્યું નથી." વિશ્વયુદ્ધ બાદ જર્મનીના સર્વોચ્ચ નાઝી નેતાઓએ પણ સાથી રાજ્યોની સંયુક્ત લશ્કરી સરકારી અદાલત સમક્ષ આ જ બચાવ રજૂ કરેલો અને તે નામંજૂર રહેલો. ઈકમેન વિષે પણ તેમ જ બન્યું. તેના બચાવનો અસ્વીકાર થયો અને તેને દેહાંત દંડની સજા કરવામાં આવી.

મોહનલાલ પી. ગાંધી

☆ એથી કાર્યશક્તિ હણાય છે! ☆

કેટલાક લોકો એવા હોય છે જેઓ કંઈક સારી પ્રવૃત્તિ ઉપાડવાનો વિચાર કરે છે, કોઈક કામ કરવા જેવું છે એમ એમને લાગે છે. પણ આવા વિચારની સાથોસાથ એમની એવી પ્રકૃતિ પણ તરત જ બહાર આવે છે જે દરેક નાની-મોટી વાતમાં શંકા કુશંકા કરવા પ્રેરાય છે. એમના મનમાં તત્કાલ એવો પ્રશ્ન ઉદ્‌ભવે છે કે, આ કામ કરવા જેવું છે પણ એ થઈ શકશે? જો આ કામ ન થઈ શકે તેમ હોય તો પછી એ કામનો પ્રારંભ કરવાથી શું ફાયદો? આવા તર્કવિતર્ક કરવાની એમને ટેવ પડી હોય છે. આનું કારણ એ છે કે એમનામાં કોઈ પણ કામ કરવા માટે કે કોઈ પણ પ્રવૃત્તિ ઉપાડવા માટે આવશ્યક આત્મવિશ્વાસ અને સંકલ્પશક્તિની ખામી હોય છે.

આવા લોકો જીવનમાં જે કંઈ પગલું ભરવાનો વિચાર કરે છે એ સાથે જ એમનામાં એ પગલાંની યોગ્યતા વિશે તર્કવિતર્ક થાય છે. આથી તેઓ ગૂંચવાઈ જાય છે, મૂંઝાઈ જાય છે અને ધારેલું કામ કરી શકતા નથી. તેઓ કાંતો પોતે વિચારેલું કામ ઉપાડતા નથી અને ઉપાડે તો એમણે પછી પોતાના તર્કવિતર્કથી એને એવું જટિલ બનાવી દીધું હોય છે કે એમને એમાં નિષ્ફળતા મળે છે. આ ઉપરાંત અયોગ્ય શંકાઓ અને તર્કો આપણી કાર્યશક્તિને હણી નાખે છે.

અલબત્ત, જીવનમાં આપણે જ્યારે કોઈ પણ પ્રવૃત્તિ શરૂ કરવાનો વિચાર કરીએ, જીવનમાં કંઈક સારું કરી જવાના ધ્યેય સાથે જીવનમાં સુખ, સંતોષ, આનંદ, શાંતિ અને સ્થિરતા મેળવવા માટે આપણે જે કંઈ કરીએ છીએ ત્યારે સૌ પ્રથમ આપણે એમાં કેટલે અંશે સફળ થઈ શકીએ તેમ છીએ? કેટલે અંશે આ કામ આપણા જીવનને અર્થપ્રદ બનાવી શકે તેમ છે એ બધાનો અંદાજ બાંધીએ અને પછી આગળ વધીએ એ સ્વાભાવિક છે પણ એ અંગે સર્વગ્રાહી વિચારણા કર્યા બાદ પણ જો આપણે તર્કવિતર્ક અને શંકાથી મુક્ત ન થઈ શકીએ તો એ આપણી નબળાઈ જ ગણાય અને આ નબળાઈમાંથી આપણે બહાર આવવું જ જોઈએ.

આવી શંકાઓ અને અયોગ્ય તર્કવિતર્કને નિર્મૂળ કઈ રીતે કરવાં એ પણ વિચારવા જેવું છે. સૌ પ્રથમ તો આપણે જે કંઈ પ્રવૃત્તિ કે કામ કરવા માગતા હોઈએ એનાં સઘળાં પાસાંનો સંપૂર્ણ રીતે વિગતવાર વિચાર કરવો જોઈએ. આપણે જે કંઈ કરવા-માગીએ છીએ એ કામ માટે આપણામાં પૂરતી શક્તિ છે, એ કામ કરવા માટે સાધન-સગવડો જોઈએ એ આપણે મેળવી શકીએ તેમ છીએ, આપણે એમાં જેનો સાથ લેવા ઈચ્છીએ છીએ એમનો સાથ અને સહકાર આપણને મળી રહે તેમ છે એ બધા પ્રશ્નોની વિગતે વિચારણા કરવી જોઈએ. આટલી વિગતપૂર્ણ વિચારણા બાદ અને એ સંબંધમાં જે કંઈ મુશ્કેલી તેમજ અવરોધો આવે એમ હોય એને ધ્યાનમાં લીધા બાદ આપણે આપણા કામની બરાબર યોજના કરવી જોઈએ. આવી યોજના કર્યા બાદ સઘળા તર્કવિતર્કને દૂર કરી શકાશે.

એ પછી કામની સફળતા વિશે આપણામાં અયોગ્ય શંકા નહિ જાગવી જોઈએ. આ પ્રકારની શંકા પછી ઉદ્‌ભવે તો આપણે શ્રદ્ધા અને વિશ્વાસથી એને દૂર કરીને આપણે કરવા ધારેલા કામમાં આગળ વધવું જોઈએ.

એવું બનવાનો સંભવ છે કે, આપણે જે વિચાર્યું હોય એથી ઊલટી પરિસ્થિતિ ઊભી થાય અને ધાર્યા પ્રમાણેના સંજોગો ન રહે પણ જો આપણે ઉપાડેલું કામ કરવા જેવું છે, આપણા જીવનને આગળ લઈ જવા માટે, આપણા જીવનને અર્થમય બનાવવા માટે આપણે અમુક પ્રવૃત્તિ કરવી જ જોઈએ એવી પ્રતીતિ આપણને થઈ હોય તો પછી ગમે તેવી પરિસ્થિતિ અને સંજોગોમાં પણ એની યથાર્થતા વિશે આપણામાં શંકા નહિ જ જાગવી જોઈએ. આપણામાં આપણે એટલો આત્મવિશ્વાસ કેળવવો જોઈએ કે આપણે ઉપાડેલું કામ પૂરું થવાનું જ છે અને આપણને એમાં સફળતા મળવાની જ છે.

એટલે શંકા અને ખોટા તર્કવિતર્ક આપણા પર વર્ચસ્ જમાવીને આપણા જીવનકાર્યને છિન્નભિન્ન ન કરી નાખે, આપણને નિષ્ક્રિય ન બનાવી દે, આપણા જીવનની ગુલાબીને, શાંતિને, આનંદને-ખતમ ન કરી નાખે એની આપણે ખાસ તકેદારી રાખવી જોઈએ. આપણને આપણી પ્રવૃત્તિમાં શ્રદ્ધા હોય, આપણામાં નિષ્ફળતા, અવરોધોને ગણકાર્યા વિના આપણા જીવનધ્યેયમાં અટલ રહેવા માટેનો સંકલ્પ હોય અને આત્મવિશ્વાસ હોય તો આપણે જીવનમાં સિદ્ધિ મેળવી જ શકીશું.

ર્ય. મ.

પ્રજાસત્તાક દિન નિમિત્તે સંઘે યોજેલું સ્નેહસંમેલન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શનિવાર, તા ૨૫-૧-૭૨ના સાંજના ૬-૩૦ વાગ્યે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે સ્નેહસંમેલનનું એક સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શરૂઆતમાં સંગીતકાર શ્રી લલિત સોઢા અને એમના ક્લાવૃંદે ભજનો અને ગીતો રજૂ કર્યા હતાં. ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈએ પ્રજાસત્તાક દિનનું મહત્ત્વ સમજાવતાં કહ્યું –

"આપણે ત્યાં લોકશાહી સુદૃઢ થઈ છે અને જનતા જાગ્રત છે. આપણે ત્યાં સ્થિર રાજ્યતંત્ર સાથે લોકશાહીનાં મૂલ્યો જળવાઈ રહે એ એટલું જ જરૂરી છે. દેશમાં આઝાદી પછીનાં પચ્ચીસ વર્ષો કસોટીનાં રહ્યાં. હવે નવા યુગની શરૂઆત થાય છે. આપણી નેતાગીરી આગળની પરંપરાથી બંધાય એમ નથી. આપણને જે નેતાગીરી મળી છે એ Bold અને Dyanamic છે. આજે દુનિયામાં એક મોટું પરિવર્તન થઈ રહ્યું છે. આ પરિવર્તનમાં ભારતનું નિશ્ચિત સ્થાન નક્કી થયું છે. એશિયામાં ચીન માત્ર એક મહાસત્તા એવું હવે રહ્યું નથી. અમેરિકાનું વર્ચસ્વ દુનિયામાં ઓછું થતું જાય છે. આજે પ્રજાસત્તાક દિને આપણે પ્રાર્થીએ દેશનું નવું પ્રસ્થાન સૌને માટે કલ્યાણકારી બની રહો."

ત્યાર બાદ શ્રી મોહનલાલ મહેતા–સોપાને, આઝાદી પછી દેશમાં જે રાજકારણનું અતિશય મહત્ત્વ વધી ગયું છે એ સામે લાલ-બત્તી ધરતાં કહ્યું: 'રાજકારણ સર્વ પ્રવૃત્તિને એટલું બધું છાયી ગયું છે અને વ્યક્તિપૂજા એટલી બધી વધી ગઈ છે કે, આપણો બીજો કોઈ વિકાસ જ થતો નથી. તલવારથી મેળવેલું તલવારથી જ ટકાવવું પડે છે એમ આપણે જે કંઈ કુરબાનીથી મેળવ્યું છે એ કુરબાનીથી ટકાવી શકાય. આપણે દેશ માટે કુરબાની કરવા હંમેશ તૈયાર રહીએ.'

શ્રી સોપાનના પ્રવચનને અંતે સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આભારદર્શન કર્યું હતું.

ત્યાર બાદ ઉપસ્થિત થયેલા ભાઈ-બહેનોએ બૂફે ડીનર લીધું હતું અને સૌ પ્રસન્ન વાતાવરણમાં છૂટા પડ્યા હતા. આ સ્નેહસંમેલનમાં સારુંય સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયું હતું.

મંત્રીઓ,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પાપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ ફેબ્રુઆરી ૧૬, ૧૯૭૨ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

જૈનો અને કરવેરાના કાયદા

અંગ્રેજી હકૂમત ભારતમાં કાયમ થઈ ત્યારે અંગ્રેજોએ નિર્ણય કર્યો કે લગ્ન, વારસાહક, વગેરે અંગત બાબતોમાં હિન્દુઓ અને મુસલમાનો માટે તેમના પરંપરાગત કાયદાઓ, સ્મૃતિઓ કે કુરાન પ્રમાણે હોય તે, ચાલુ રહેશે. પરિણામે, અંગત બાબતોમાં હિન્દુ લૉ, મુસ્લિમ લૉ રોમ રહ્યું છે. પ્રશ્ન થયો કે જૈનોને કયો કાયદો લાગુ પાડવો. જૈન લૉ એવું કાંઈ છે? હિન્દુ સ્મૃતિઓ પૈકે જૈન લૉ કોઈ સ્વતંત્ર હોય તેવું કોર્ટોને માલૂમ ન પડ્યું અથવા કોઈએ એવું પ્રતિપાદન ન કર્યું. શરૂઆતમાં કોર્ટો અને પ્રિવી કાઉન્સિલે એમ માન્યું અને સ્વીકાર્યું કે જૈનો હિન્દુ ધર્મ માંથી જુદી પડેલી એક શાખા છે (Hindu Dissenters). ઐતિહાસિક સંશોધન અને વિદ્વાનોનાં લખાણોને પરિણામે આ માન્યતા બરાબર નથી અને જૈન ધર્મ એક ધર્મ તરીકે સ્વતંત્ર છે એમ ધીમે ધીમે સ્વીકારાયું. છતાં કાયદાને લાગેવળગે છે ત્યાં સુધી તો હિન્દુ લૉ જ જૈનોને પણ લાગુ પડતો. આ સંબંધે સુપ્રીમ કોર્ટનો એક ઘણો અગત્યનો ચુકાદો તા. ૧૯ જાનેવારી ૧૯૭૨ને રોજ આવ્યો છે.

કેસની વિગત સંક્ષેપમાં એમ છે કે કલકત્તાના એક જૈન કુટુમ્બના મિલકતવેરાની આકરણીમાં પ્રશ્ન ઊભો થયો કે હિન્દુ અવિભકત કુટુમ્બની જે રીતે મિલકતવેરામાં આકરણી થાય છે તેવી રીતે જૈન અવિભકત કુટુમ્બની પણ થાય કે નહિ? અથવા જૈન અવિભકત કુટુમ્બ જેવું કાંઈ છે? મિલકતવેરાના કાયદામાં હિન્દુ અવિભકત કુટુમ્બનો ઉલ્લેખ છે પણ તેમાં જૈન શબ્દ નથી. આકરણી અધિકારીએ એમ ઠરાવ્યું કે હિન્દુ શબ્દમાં જૈનનો સમાવેશ થાય છે. ઈન્કમટેક્સ ટ્રાઈબ્યુનલે ઠરાવ્યું અને કલકત્તા હાઈકોર્ટે માન્ય રાખ્યું કે હિન્દુ અવિભકત કુટુમ્બ શબ્દમાં જૈનનો સમાવેશ નથી થતો. આવા પ્રકારનો ચુકાદો આ પહેલવહેલો જ હતો. કેસ સુપ્રીમ કોર્ટ સુધી ગયો અને સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે કાયદાને લાગેવળગે છે ત્યાં સુધી હિન્દુ શબ્દમાં જૈનનો સમાવેશ થાય છે. આ ચુકાદામાં અગાઉના છેક ૧૮૭૩થી અપાયેલ આ સંબંધના જુદી જુદી હાઈકોર્ટો અને પ્રિવી કાઉન્સિલના ચુકાદાઓ અને હિન્દુઓના જુદા જુદા કાયદાઓની સમીક્ષા કરી છે.

આ ચુકાદામાં કહ્યું છે :-

For a long time the courts and particularly the Privy Council seem to have taken the view that Jains are of Hindu origin; they are Hindu dissenters. But the modern trend of authority is against the view that Jains are Hindu dissenters.

છતાં કોઈ સ્વતંત્ર જૈન લૉ છે એવું કોર્ટોએ સ્વીકાર્યું નથી અને હિન્દુ લૉ જૈનોને લાગુ પડે છે. લગ્ન, વારસાહક, વગેરે બાબતોના જે કાયદાઓ થયા છે તેમાં કેટલાકમાં માત્ર હિન્દુ શબ્દ વાપર્યો છે, કેટલાકમાં હિન્દુ જેમાં જૈનનો સમાવેશ થાય છે ((Hindus including Jains)) એવો ખુલાસો કર્યો છે તો વળી કેટલાકમાં જૈન નામનો હિન્દુ શબ્દથી જુદો ઉલ્લેખ કરી જણાવ્યું છે કે આ કાયદો હિન્દુ અને જૈનને લાગુ પડે છે. પણ જ્યાં આવો ખુલાસો નથી અથવા જૈન શબ્દનો જુદો ઉલ્લેખ નથી ત્યાં પણ કોર્ટોએ ઠરાવ્યું છે કે હિન્દુ શબ્દમાં જૈનનો સમાવેશ થાય છે અને તે તે કાયદાઓ જૈનોને લાગુ પડે છે.

પૂર્વના બધા ચુકાદાઓ અને સંબંધિત કાયદાઓની આલોચના કરી સુપ્રીમ કોર્ટે છેવટ કહ્યું છે :

We are not concerned with the question whether Jains are a sect of Hindus or Hindu dissenters. Even if the religions are different, what is common is that all those who are to be governed by the provisions of these enactments are included in the term 'Hindu.' They are to be governed by the same rules relating to marriage, succession, minority, guardianship, adoption and maintenance as Hindus. The Statutes thus accord legislative recognition to the fact that even though Jains may not be Hindus by religion, they are to be governed by the same laws as Hindus. Jains are governed by all the incidents relating to the Hindu joint family.

આ ચુકાદો બધી રીતે વાજબી છે. સુપ્રીમ કોર્ટનો આવો નિર્ણયાત્મક સ્પષ્ટ ચુકાદો આવી ગયો તે સારું થયું છે. ગયા વર્ષે જનગણના થઈ ત્યારે જૈનોએ જૈન લખાવવું એવી સૂચનાઓ ભારત જૈન મહામંડળ અને અન્ય સંસ્થાઓ તરફથી થઈ હતી ત્યારે કેટલાકને ભય હતો કે જૈન લખાવવાથી અવિભકત કુટુમ્બ તરીકે કરવેરામાં ફાયદો થાય છે તે નહિ મળે. આ સંબંધે કેટલીક જાહેર ચર્ચા પણ થઈ હતી. ત્યારે મેં જણાવ્યું હતું કે કલકત્તા હાઈકોર્ટનો ચુકાદો સાવ ખોટો છે અને પૂર્વેના બધા ચુકાદાઓ અને કાયદાઓથી વિરુદ્ધ હોઈ, સુપ્રીમ કોર્ટમાં તે ચુકાદો ટકશે નહિ.

૯-૨-'૭૨. ચીમનલાલ ચકુભાઈ

USIS ની પહેલા માળની લાયબ્રેરીમાંથી

કાચની બારીમાંથી
જોઉં છું ઝાડનો વચલો ભાગ
વાળેલી કોણી હોય એવી શાખા.
એના પોલાણમાંથી દેખાતું સામેની ઑફિસનું
ચાડી ખાતું એર કન્ડીશનર.
જાણે કે ફૂટપાથ ઠંખી ગઈ હોય એમ
ઝાડ ખલાસ થઈ ગયું છે
રસ્તા પરથી પસાર થતી કારનું હૉર્ન
હવે પંખી થઈને
વૃક્ષ પર ટહૉકે તો છે!
કવિતાને બાજુ પર મૂકી
હું લાયબ્રેરીમાં Trees નાં પુસ્તકો શોધું છું
અને એકાદમાં જોઉં છું
ઝાડનું રંગીન ચિત્ર.
ઘરમાં જેમ
દીવાલ પર લટકતી
પૂર્વજની છબિ જોતો હોઉં, એમ ...

સુરેશ દલાલ

☆ પ્રકીર્ણ નોંધ ☆

મહાવીર નિર્વાણ મહોત્સવ અને રાષ્ટ્રીય સમિતિ

ભગવાન મહાવીરનો ૨૫૦૦ વર્ષ નિર્વાણ મહોત્સવનો અપૂર્વ અવસર બે વર્ષ પછી આવી રહ્યો છે. આ ભવ્ય પ્રસંગને ઉચિત રીતે ઊજવવા બે વર્ષ પહેલાં શેઠ કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે જૈનોના બધા ફિરકાના આગેવાનોની એક સમિતિ નિયુક્ત થઈ છે. મહોત્સવનો કાર્યક્રમ અને યોજના ઘડવાનું કામ થઈ રહ્યું છે. તેમાં એક મુખ્ય કાર્ય સાહિત્ય પ્રકાશનનું છે. Jainism through the Ages. યુગયુગમાં જૈન ધર્મ-સાહિત્ય, તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ વગેરે વિવિધ ક્ષેત્રોમાં જૈનોનું યોગદાન. ડૉ. આદિનાથ ઉપાધ્યાયના પ્રમુખપદે વિદ્વાનોનું તંત્રીમંડળ આ કાર્ય કરી રહ્યું છે. એક સ્મૃતિ-ગ્રંથ-Com nemoration Volume જેમાં દેશવિદેશના વિદ્વાનોનો લેખસંગ્રહ હશે.

ભગવાન મહાવીરનો સંદેશ માત્ર જૈનો માટે જ નથી, સમસ્ત વિશ્વ માટે છે. રાષ્ટ્રીય સ્તર પર વ્યાપક રીતે આ પ્રસંગનું આયોજન થાય તે માટે ખાસ સમિતિ તરફથી શ્રીમતી ઈન્દિરા ગાંધીને વિનતિ કરવામાં આવી હતી કે એક રાષ્ટ્રીય સમિતિ નિયુક્ત કરવી અને ભગવાન બુદ્ધની જયન્તી જે રીતે મોટા પાયા ઉપર ભારતમાં અને દુનિયાના બીજા દેશોમાં ઊજવવામાં આવી હતી તેવી રીતે ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ પણ ઊજવવો. કેન્દ્ર સરકારે આ વિનતિ માન્ય રાખી છે અને હમણાં જ રાષ્ટ્રીય સમિતિની જાહેરાત કરી છે તે ઘણી આનંદની વાત છે. રાષ્ટ્રપતિ શ્રી ગિરિ આ સમિતિના પેટ્રન છે, વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી પ્રમુખ છે, કેન્દ્રના શિક્ષામંત્રી શ્રી સિદ્ધાર્થ શંકર રે કાર્યાધ્યક્ષ છે. આ સમિતિના ૫૮ સભ્યો છે, જેમાં ૪૨ જૈન આગેવાનો છે. ચારે ફિરકાના આગેવાનો અને વિદ્વાનો સભ્યો છે. આગેવાનોમાં મુખ્ય છે શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શ્રી જીવતલાલ પરતાપશી, શ્રી ચંદ્રકાન્ત બાકુભાઈ, શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી, શ્રી જે. આર. શાહ, શ્રી શાન્તિપ્રસાદ જૈન, શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી લાલચંદ હીરાચંદ, શ્રી ભાગચંદ સોની, શ્રી મોહનમલજી ચોરડિયા, શ્રી અચલસિંહ, શ્રી આનંદરાજ સુરાણા, શ્રી ચીમનલાલ ચકુભાઈ, શ્રી શાદીલાલજી જૈન, શ્રી ગોવિન્દલાલ સરાવગી, શ્રી મોહનલાલ કઠોતિયા, શ્રી શ્રીચંદ રામપુરિયા, શ્રી પ્રભુદયાળ ટાબ્રીવાલ વગેરે.

વિદ્વાનોમાં ડૉ. આદિનાથ ઉપાધ્યાય, ડૉ. નથમલ ટાટિયા, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ચેરમેન ડૉ. દૌલતસિંહજી કોઠારી, શ્રી અક્ષયકુમાર જૈન, વગેરે છે. તદુપરાંત ચારે ફિરકાના ચાર આચાર્યો અને ચાર મુનિવરો વિશેષ અતિથિ છે. દેશના જૈનેતર વિદ્વાનો અને પાર્લામેંટના કેટલાક સદસ્યોની સમિતિમાં નિયુક્તિ કરી છે, જેમાં મુખ્ય છે શ્રી ઉમાશંકર જોષી, કવિશ્રી શંકર કુરુપ, શ્રી ભક્તદર્શન, શ્રી જોઆકીમ આલ્વા, ગુરુમુખસિંગ મુસાફિર, પ્રો. રાશીદીનખાન, શ્રીમતી જ્યોત્સ્ના ચંદ, ભદન્ત આનંદ કૌશલ્યાયન, ભિખ્ખુ જગદીશ કાશ્યપ વગેરે. કેન્દ્ર સરકારના કેટલાક પ્રધાનો પણ સમિતિના સભ્ય છે.

આ સમિતિની પ્રથમ બેઠક ટૂંક સમયમાં બોલાવવામાં આવશે, જ્યારે પ્રાથમિક વિચારણા અને કાર્યક્રમની રૂપરેખા ઘડવામાં આવશે.

જૈન સમાજ માટે આ મહાન ગૌરવનો પ્રસંગ છે અને સમસ્ત સમાજ સંયુક્ત રીતે રાષ્ટ્રીય સમિતિને પૂર્ણ સહકાર આપી જૈન ધર્મને દીપાવશે; તે માટે સ્થળે સ્થળે સ્થાનિક સમિતિઓ રચાશે, જેમાં જૈન સંઘો, આચાર્યો અને મુનિવરો તથા જૈનેતર વિદ્વાનો અને આગેવાનોનો સહકાર રહેશે.

ખેદની વાત એ છે કે શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના કેટલાક આચાર્યો અને તેમના અનુયાયીઓ તરફથી કાંઈક વિરોધનો સૂર નીકળે છે. તેમના તરફથી પ્રકટ થતાં લખાણો જોતાં એમ જણાય છે કે ગેરસમજૂતી છે. "જૈન" સાપ્તાહિકના બે અંકોના અગ્રલેખોમાં આ બાબત વિસ્તારથી વિવેચન કર્યું છે અને સરસ રીતે સમજાવ્યું છે કે મતભેદનું કોઈ કારણ નથી, ન હોવું જોઈએ. આ લખાણો સમજવા કાંઈક મુશ્કેલ પડે છે. તેમાં કહેવામાં આવે છે કે રાષ્ટ્રીય સમિતિ રચવા પાછળ વિદેશીઓનો કાંઈક હાથ જણાય છે, ખ્રિસ્તી લોકોની ચાલ છે, શાસ્ત્રમાં આવા મહોત્સવ માટે આદેશ નથી, તેમાં આશાતના છે, જૈનેતરોને વચ્ચે લાવવા ન જોઈએ વગેરે આવાં "કારણો" ના જવાબના વિવાદમાં ઊતરવું ઉચિત નથી. મને ખાતરી છે કે જૈન સમાજ એક અવાજે આ અપૂર્વ અવસરને આવકારશે અને ભગવાન મહાવીરનો સંદેશ સંતપ્ત જગતને પહોંચાડશે.

જંતરમંતર રોડની કૉંગ્રેસ કચેરી

અવિભક્ત કૉંગ્રેસને દિલ્હીમાં જંતરમંતર રોડ ઉપર લાખો રૂપિયાની કિંમતનું કચેરીનું મકાન છે. કૉંગ્રેસનું વિભાજન થયા પછી આ મકાનનો કબજો સંસ્થા કૉંગ્રેસ પાસે રહ્યો. કૉંગ્રેસના ચૂંટણી-પ્રતીકનો ઉપયોગ કરવાનો શાસક કૉંગ્રેસનો અધિકાર છે એવો સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા પછી, શાસક કૉંગ્રેસે આ મકાનનો કબજો લેવા પ્રયત્ન કર્યો. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં મિલકત વિશે કોઈ નિર્ણય નથી. બે પક્ષો વચ્ચે તકરાર થઈ. પરિણામે પોલીસે મકાનનો કબજો લીધો અને મામલો કોર્ટે ગયો. મેજિસ્ટ્રેટે હવે ચુકાદો આપ્યો છે કે આ મકાનનો કબજો સંસ્થા કૉંગ્રેસનો રહેવો જોઈએ અને શાસક કૉંગ્રેસને હક હોય તો તેણે કોર્ટ મારફત કબજો મેળવવો. આ ચુકાદો સર્વથા યોગ્ય છે. પોતાની માલેકીના મકાનનો કબજો કોઈ બીજી વ્યક્તિ ગેરકાયદે પચાવી પાડે તો પણ બળજબરીથી કબજો લેવાનો સાચા માલેકોને અધિકાર નથી. કોર્ટ મારફત પોતાનો હક પુરવાર કરી કબજો મેળવવો જોઈએ. મેજિસ્ટ્રેટ સમક્ષ માલેકી-હકનો પ્રશ્ન ન હતો. પ્રશ્ન માત્ર હતો કે તકરાર થઈ ત્યારે કબજો કોનો હતો; અને એ હકીકત નિર્વિવાદ હતી કે કબજો સંસ્થા કૉંગ્રેસનો હતો. શાસક કૉંગ્રેસે બળજબરીથી કબજો મેળવવા પ્રયત્ન કર્યો તે ખોટું કર્યું હતું.

આ બનાવમાં બે હકીકતો ધ્યાન ખેંચે તેવી છે: એક તો, એ ગૌરવની વાત છે કે એક મેજિસ્ટ્રેટ નિર્ભયતાપૂર્વક શાસક કૉંગ્રેસની વિરુદ્ધ ચુકાદો આપે છે. આ દેશમાં સ્વતંત્ર ન્યાયતંત્ર છે અને કાયદાનું રાજ્ય છે તેનો પુરાવો મળે છે.

બીજું, સંસ્થા કૉંગ્રેસ ક્યાં સુધી આ કબજો પકડી રાખશે? અવિભક્ત કૉંગ્રેસનો બહુ મોટો ભાગ શાસક કૉંગ્રેસમાં છે. સંસ્થા કૉંગ્રેસ અલ્પ લઘુમતીમાં છે. આ ધોરણે જ સુપ્રીમ કોર્ટે ચૂંટણી-પ્રતીક ઉપર શાસક કૉંગ્રેસનો હક સ્વીકાર્યો. અવિભક્ત કૉંગ્રેસની મિલકતને પણ એ જ નિયમ લાગુ પડે છે. સંસ્થા કૉંગ્રેસના કેટલાક આગેવાનો શિસ્ત અને નીતિનિયમ વિશે ઘણું કહે છે. તેમને એમ કેમ નથી થતું કે ગેરવાજબી રીતે મિલકતનો કબજો રાખી લેવામાં જરાય શોભા નથી. કોર્ટ હુકમ કરે તો જ વાજબી હોય તે કરવું?

કાયદાની બલિહારી

કોઈ સ્ત્રીનો પતિ મોટર અકસ્માતમાં મૃત્યુ પામે તો નુકસાની મેળવવાનો તેને અધિકાર છે. ૧લી ઑગસ્ટ ૧૯૭૧ પહેલાં, ઈંગ્લાન્ડમાં એવો કાયદો હતો કે આવી નુકસાનીની રકમ નક્કી કરતાં, તે સ્ત્રીને પુનર્લગ્ન કરવાની કેટલી શક્યતા છે તે લક્ષમાં લેવું. નાની ઉંમરની સ્ત્રી હોય, જે સહેલાઈથી પુનર્લગ્ન કરી શકે, તેને નુકસાનીની રકમ ઓછી મળે. જિંદગીભર વિધવા રહેવું પડે તેમ હોય તેને વધારે મળે. પાર્લામેન્ટે બીજો કાયદો કર્યો કે પુનર્લગ્નની શક્યતા નુકસાનીની રકમ નક્કી કરવામાં ગણતરીમાં ન લેવી. આ કાયદો પસાર થઈ ગયો હતો અને ૧લી ઑગસ્ટ ૧૯૭૧થી અમલમાં આવતો હતો. તે પહેલાં આવો એક કેસ કોર્ટ સમક્ષ આવ્યો જેનો ચુકાદો કોર્ટે ૨૭મી જુલાઈએ આપ્યો. ચુકાદો આપવામાં જજે પુનર્લગ્નની શક્યતા લક્ષમાં ન લીધી. સ્ત્રી ૨૧ વર્ષની ઉંમરની હતી. તેને ૧૦૩૫૦ પાઉન્ડ નુકસાનીના આપાવ્યા. તે સામે અપીલ થઈ. અપીલ કોર્ટના ત્રણ જજોમાં મોટો ભેદ થયો. બે જજોએ ઠરાવ્યું કે પુનર્લગ્નની શક્યતા લક્ષમાં લેવી જોઈતી હતી. ચુકાદો આવ્યો ત્યારે આ શક્યતા

લક્ષમાં લેવી જોઈએ એવો કાયદો હતો અને જજે કાયદા પ્રમાણે ચુકાદો આપવો જોઈતો હતો. ત્રીજા જજ–લોર્ડ ડેનિંગે–મત આપ્યો કે પુનર્લગ્નની શક્યતા લક્ષમાં લેવી જોઈએ તે વસ્તુ ગેરવાજબી છે, જે પાર્લામેન્ટે કરેલ નવા કાયદાથી પુરવાર થાય છે. આ કાયદો પસાર થઈ ગયો હતો, માત્ર અમલમાં આવ્યો ન હતો. તેથી નીચલી કોર્ટે ચુકાદો આપ્યો તે વાજબી છે. બે જજોની બહુમતી પ્રમાણે નુકસાનીની રકમ ૧૩૫૦ પાઉન્ડ ઓછી કરવામાં આવી.

નીચલી કોર્ટે ચાર દિવસ મોડો ચુકાદો આપ્યો હોત તો? કાયદાના શબ્દને વળગી રહેવું કે તેના ધ્યેયને? પણ સંભવ છે કે અપીલ કોર્ટના બે જજોને એમ લાગતું હશે કે નવો કાયદો કર્યો તે જ ગેરવાજબી છે, પણ એવું તો કહેવાય નહિ એટલે આ કેસમાં તો કાયદાના શબ્દને વળગી રહી નીચલી કોર્ટનો ચુકાદો ફેરવવાની તક હતી. જજોએ કાયદા પ્રમાણે ચુકાદો આપવો પડે, પણ કાયદાના વાજબી, ગેરવાજબીપણા વિશે પોતાનો મત આપ્યો હોય તો, તેનો અમલ અથવા અર્થ કરવામાં પોતાના મતનો પડઘો પડ્યા વિના રહે નહિ.

ચીમનલાલ ચકુભાઈ

યુરોપની મજિયારી બજાર : બ્રિટને બાંધેલું નવું સગપણ

બીજા વિશ્વયુદ્ધમાં જીત થયા પછી બ્રિટનને ફ્રાંસે પૂછ્યું હતું કે "તમે યુરોપને પસંદ કરશો કે દરિયામાં પડવાનું પસંદ કરશો ?" તેના જવાબમાં તે વખતના વડા પ્રધાન ચર્ચિલે કહ્યું હતું કે અમે દરિયામાં પડવાનું પસંદ કરીશું. તે પછી યુરોપના છ દેશોની મજિયારી બજારની રચના થઈ અને તેમાં બ્રિટન જોડાયું નહિ. છ દેશોએ બ્રિટનને મજિયારી બજારમાં જોડાવા આમંત્રણ આપ્યું ત્યારે બ્રિટનને તેના રાષ્ટ્રકુટુંબના દેશો અને તાબાના આફ્રિકન દેશો સાથેનું વેપારી સગપણ દૂઝતું હતું એટલે બન્ને વખત બ્રિટને ના પાડી. પણ તે પછી બ્રિટને પોતે બે વખત મજિયારી બજારમાં પ્રવેશ માટે અરજી કરી તેને ફ્રેન્ચ પ્રમુખ દ'ગોલે વીટો વાપરીને ફગાવી દીધી.

હવે જ્યારે આર્થિક અને રાજકીય તખતો પલટાય છે અને રાષ્ટ્રકુટુંબના દેશોને એક કોર મૂકીને યુરોપમાં જોડાવાથી બ્રિટનને આર્થિક લાભ થાય તેમ છે તેવું જણાતાં બ્રિટને ત્રીજી વાર મજિયારી બજારમાં પ્રવેશ માટે અરજી કરી ત્યારે ફ્રાંસે તેલ જોયું અને તેલની ધાર જોઈ. એક બાજુ મજિયારી બજારનો એક ભાગીદાર પશ્ચિમ જર્મની આર્થિક દૃષ્ટિએ વધુ તગડો થતો જાય છે અને બીજી બાજુ અમેરિકા પણ તેનું અર્થતંત્ર સ્વાર્થ પ્રમાણે ચલાવે છે ત્યારે બ્રિટનને દાખલ કરવાથી મજિયારી બજાર વધુ મજબૂત બનશે તેવું લાગવાથી ફ્રાંસે આ વખતે વાંધો ન ઉઠાવ્યો.

૨૨મી જાન્યુઆરી ૧૯૭૨ના રોજ બેલ્જિયમમાં બ્રસેલ્સ ખાતે બ્રિટનના વડા પ્રધાન શ્રી હીથે મજિયારી બજારમાં પ્રવેશ માટેના કરારમાં સહી કરી એટલું જ નહિ પણ ડેનમાર્ક, નોર્વે અને આયરલેન્ડે પણ એ કરારમાં સહીઓ કરી. આમ અત્યાર સુધી ફ્રાંસ, પશ્ચિમ જર્મની, ઈટાલી, બેલ્જિયમ, નેધરલેન્ડ અને લક્ઝમ્બર્ગ એ છ દેશોની જ મજિયારી બજાર હતી તે હવે દસ દેશોની બની છે.

ઉપરના સમાચાર કોઈ સામાન્ય માનવીને આપીએ તો તે "ગાંગલા ગેરુ આવ્યો તો ભલે આવ્યો" એ કહેવત મુજબની નિરપેક્ષતા બતાવશે. શિયાળામાં ઘઉંના પાકમાં ગેરુ આવે તો ખેડૂતને મૂંઝવણ થાય છે; પરંતુ ઘાણી ફેરવતા ગાંગલા ઘાંચીને જમીન હોતી નથી એટલે ઘઉંમાં ગેરુ નામનો રોગ આવે તો તેને કોઈ નિસ્બત હોતી નથી. યુરોપની મજિયારી બજાર, જેને અંગ્રેજીમાં યુરોપિયન કોમન માર્કેટ કહે છે તેમાં બ્રિટન સભ્ય બને તો આપણને બિલકુલ લેવાદેવા નથી એમ કહી શકાય નહિ. યુરોપની આ મજિયારી બજાર શું છે તે જો સમજીએ તો ગાંગલા ઘાંચીની જેવી નિરપેક્ષતા કદાચ આપણે ન બતાવીએ.

અંગ્રેજીમાં ઈ. સી. એમ. કે ઈ. ઈ. સી.ના ટૂંકા નામે ઓળખાતું યુરોપિયન કોમન માર્કેટ અગર તો યુરોપિયન ઈકોનોમિક કોમ્યુનિટી તે યુરોપના દેશોનું બનેલું વ્યાપારિક અને વ્યાવહારિક સહકાર માટેનું તંત્ર છે. ગુજરાતમાં તેને ઘણાં વર્તમાનપત્રો યુરોપની મજિયારી બજાર અગર તો સહિયારી બજાર કે સમાન બજારને નામે ઓળખાવે છે.

બીજા વિશ્વયુદ્ધ પછી ભીડને વખતે ભેગા થયેલા અગાઉના દુશ્મન દેશો વચ્ચે વધુ ને વધુ વેપાર કરવાની ગરજ સૌને ઊભી થઈ. બ્રિટન તો તેના આફ્રિકા અને એશિયાનાં સંસ્થાનો સાથેના વેપારી બળ ઉપર મુસ્તાક હતું. ફ્રાંસ અને પશ્ચિમ જર્મનીએ બીજા વિશ્વયુદ્ધમાં એકબીજાનાં ગળાં કાપ્યાં પછી નવેસર દોસ્તી બાંધવાની હતી. વેપારમાં સહકાર કર્યા વગર જીવી શકાય તેમ ન હતું. તે વખતના મહત્ત્વના ઉદ્યોગોમાં કોલસાની ખાણ અને પોલાદ ઉદ્યોગનો સમાવેશ થતો હતો. પશ્ચિમ યુરોપના ઉત્તર-પશ્ચિમ દિશાના ખૂણામાં જ કોલસાની ખાણો અને પોલાદના ઉદ્યોગો પથરાઈને પડ્યા હતા; અને એ ખૂણાને અડીને બેલ્જિયમ, ફ્રાંસ, જર્મની, લક્ઝમ્બર્ગ અને નેધરલેન્ડના સીમાડા ઊભા હતા. દરેક દેશમાં પોલાદ અને કોલસાના અલગ અલગ ઉદ્યોગો હતા અને હરીફાઈ કરીને એકબીજાની ગરદન તોડી શકે તેવી સ્થિતિ પણ નિર્માણ થાય તેમ હતી. ૧૯૫૦ની સાલમાં ફ્રાંસના વિદેશપ્રધાન શ્રી રોબર્ટ શુમેને, કોલસા અને પોલાદ ઉદ્યોગને ત્રેવડવાળા બનાવવા એક યોજના ઘડી. તેની પાછળનો હેતુ એ હતો કે જર્મની અને ફ્રાંસે સમજૂતી સાધીને કોલસા અને પોલાદની જરૂરિયાતો માટે એકબીજા ઉપર મદાર રાખવો. એમ થાય તો બન્ને વચ્ચેની સદીઓજૂની યુદ્ધની પરંપરાઓ કાયમ માટે અટકી જાય અને દુશ્મનાવટ ઉપર છીણી લાગી જાય, એટલું જ નહિ પણ જે ઉદ્યોગોમાં જર્મની વધુમાં વધુ ઉત્પાદન કરીને માલને સસ્તામાં સસ્તો બનાવી શકે તે ઉદ્યોગ ઉપર જર્મની ધ્યાન કેન્દ્રિત કરે અને બાકીના ઉદ્યોગ જેમાં ફ્રાંસ ઊજળું બતાવી શકે તેને ફ્રાંસ વિકસાવે. આમ થતાં કોલસાનું સસ્તું ઉત્પાદન કરી શકે તે કોલસો પેદા કરે અને પોલાદમાં શકિત અને નાણાં ન વેડફે અને પોલાદને સસ્તું બનાવી શકે તે પોલાદ જ બનાવે.

ઉપરની સાદી સમજૂતીએ યુરોપની મજિયારી બજારનો પાયાનો સિદ્ધાંત બની રહે છે. એ દૃષ્ટિએ મજિયારી બજારના હાલના સ્વરૂપના પાયામાં સૌપ્રથમ તો કોલસા અને પોલાદના ઉદ્યોગો અંગેનો સહકાર પડ્યો છે. ૧૯૫૨ની સાલમાં ફ્રાંસ, પ. જર્મની અને ઈટાલી એ ત્રણ દેશોએ મળીને "યુરોપિયન કોલ એન્ડ સ્ટીલ કોમ્યુનિટી"ની રચના કરી. આ પ્રકારના સંગઠનને કારણે ત્રણેય દેશોમાં વધીને પોલાદનું ઉત્પાદન ૪.૨ કરોડથી વધીને ૫.૩ કરોડ સુધી થવા લાગ્યું. પોલાદની બાબતમાં સફળતા મળતાં યુરોપના બીજા દેશો વચ્ચેના તમામ વેપાર, ઉદ્યોગ અને ખેતીને ઉપરનો વિચાર લાગુ કરવાથી બધા દેશોને માલ સસ્તો મળી શકે અને ઓછી મહેનતે વધુ ઉત્પાદન મળશે તેવી અપેક્ષા ઊભી થઈ. ૧૯૫૫ની સાલમાં છ દેશોના પ્રધાનો સિસિલી ટાપુના મેસિના ગામે મળ્યા અને ત્યાંની ઠંડકવાળી હવા ખાતાં ખાતાં નક્કી કર્યું કે યુરોપની મજિયારી બજાર રચવી. આ મજિયારી બજાર માટેના કરાર ઘડવામાં આવ્યા અને ૨૫મી માર્ચ ૧૯૫૭ના રોજ રોમ ખાતે તેમાં સહીઓ થઈ. એટલે ઘણી વખત મજિયારી બજાર માટે "રોમ ટ્રીટી" એવું પણ નામ આપવામાં આવે છે. કરારોમાં છ દેશોએ સહીઓ કરી તે પછી તે દરેકની પાર્લામેન્ટે એ કરારને મંજૂર કરવાના હતા. તે મંજૂરી મળી ગઈ એટલે આખરે ૧લી જાન્યુઆરી ૧૯૫૮માં

યુરોપના છ દેશોની મજિયારી બજારનું તંત્ર કામ કરતું થયું. આમ મજિયારી બજારની પ્રવૃત્તિનો ઈતિહાસ માત્ર ૧૪ વર્ષનો છે અને એટલા ટૂંકા ગાળામાં મજિયારી બજારના છ દેશોએ ઘણી આર્થિક પ્રગતિ સાધી અને ધીરે ધીરે સભ્ય થવા બ્રિટનની દાઢ ગળવા લાગી.

મજિયારી બજારના છ દેશોના સંગઠન અંગેના જે નવ જેટલા મૂળભૂત હેતુ છે તે પણ ટૂંકમાં જોઈ લઈએ :

(૧) છ દેશો વચ્ચેના વેપાર આડેના તમામ અંતરાયો દૂર કરવા. દા.ત. ફ્રાંસ એવો કાયદો કરી શકતું નથી કે પ. જર્મનીના કોઈ માલની આયાત ઉપર પ્રતિબંધ આવે.

(૨) બની શકે ત્યાં સુધી એકબીજાના માલો ઉપરની જકાત નાબૂદ કરવી અને ત્રીજા દેશોમાંથી આવતા માલો ઉપરની જકાત છ દેશોએ સમાન ધોરણે નાખવી. ૧૯૭૦ પછી છ દેશોના માલો એકબીજા ઉપર આયાત-નિકાસ થાય છે તેના ઉપર કોઈ પ્રકારની રક્ષણાત્મક જકાત લેવાતી નથી.

(૩) ખેતીને લગતી સમાન નીતિ અપનાવવી. મજિયારી બજારના બીજા દેશોને પૂછ્યા વગર કોઈ દેશ પોતાના ખેડૂતને સબસીડી કે બીજું રક્ષણ આપી શકતો નથી.

(૪) છ દેશોના નાગરિકો, સેવાઓ અને મૂડીની મુક્ત હેરફેર થવા દેવી.

(૫) વાહનવ્યવહારને લગતી સમાન નીતિ અપનાવવી, એટલી હદ સુધી કે એક લોરીમાં કુલ કેટલો ભાર ઉપાડી શકાય તેને લગતા નિયમો પણ છ દેશમાં સરખા રહ્યા છે.

(૬) આર્થિક નીતિમાં સંકલન.

(૭) જે માલોની મુક્ત હેરફેર અને વેપાર થતો હોય તેમાં ગેર-વાજબી હરીફાઈ ટાળવી.

(૮) સામાજિક નીતિ પણ સંકલિત રાખવી. દા.ત. આરોગ્ય અને બેરોજગારીના જે લાભો કામદારોને આપવા હોય તે બધા દેશોએ સમાન રીતે નક્કી કરવા.

(૯) જે દેશોના વિદેશોમાં પોતાનાં સંસ્થાનો હોય તેની સાથેના વેપારનાં હિત જાળવવામાં એકબીજાને સહકાર આપવો.

બ્રિટને પણ ઉપરના મૂળભૂત સિદ્ધાંતોને સ્વીકારવા પડ્યા છે અને તેથી ભારત અને પાકિસ્તાન સહિતના રાષ્ટ્રકુટુંબના દેશોના માલોની આયાત જકાતમાં બ્રિટન જે ખાસ પસંદગી આપે છે તે પ્રથીથી આપી શકશે નહિ. ૧૯૭૧ના મે માસમાં બ્રિટિશ વડા પ્રધાન શ્રી હીથ પેરિસ ગયા અને ત્યાં ફ્રાંસના વડા પ્રધાન શ્રી પોમ્પિદુ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે "અમે મજિયારી બજારના આર્થિક હિતને સર્વોપરી માનીશું અને બ્રિટને અન્ય દેશો સાથે વેપારની જે ખાસ ગોઠવણો કરી હશે તે ગૌણ બની જશે." એટલું જ નહિ પણ શ્રી હીથે ત્યાં સુધી કહેલું કે "રાષ્ટ્રકુટુંબના દેશો સાથેની આછી-પાતળી સંબંધની દોરી તોડીને બ્રિટન મજિયારી બજાર સાથેના રાજકીય સંબંધોને અગ્રતા આપશે."

અહીં એક રસપ્રદ હકીકત નોંધવા જેવી છે કે ભારતના સંખ્યા-બંધ માલને બ્રિટનમાં ખાસ નીચા દરની જકાત લાગે છે તેને અંગ્રેજીમાં પ્રેફરેન્શિયલ ટ્રીટમેન્ટ કહે છે અને તે પસંદગીની જકાતની ગોઠવણ કરનાર એક ગુજરાતી મેમણ હતા. ઝુલ્ફીકારઅલી ભુટ્ટોએ જે ૨૨ સિમુદ્ધ કુટુંબની માલમિલકત ઉપર નજર નાખી છે તેમાં હારૂન કુટુંબનું પણ નામ છે. આ હારૂન કુટુંબના વડા સર અબદુલ્લા હારૂન એક કાપડના વેપારીમાંથી શેઠ બન્યા અને બિઝારમાં ખાંડનાં કારખાનાં પણ ચલાવતા હતા. ૧૯૩૨ની સાલમાં જ્યારે ઓટાવા ખાતે બ્રિટનના શાસન હેઠળના દેશો વચ્ચે વ્યાપારી ગોઠવણો નક્કી કરવા એક પરિષદ ભરાઈ ત્યારે ત્યાં હિન્દુસ્તાનના પ્રતિનિધિ તરીકે અબદુલ્લા હારૂન ગયા હતા. "ઈમ્પિરિયલ પ્રેફરન્સ" ને નામે પ્રચલિત બનેલી આ પરિષદમાં જ બ્રિટનનાં સંસ્થાનોના માલને આપાતી ખાસ જકાતી સગવડોની વિગતો નક્કી થઈ હતી.

બ્રિટનને મજિયારી બજારમાં પ્રવેશ મળતાં ભારતનો બ્રિટન ખાતે લગભગ વરસે રૂા. ૧૭૦ કરોડ જેટલો માલ નિકાસ થાય છે તેમાંથી રૂા. ૧૩૩ કરોડના માલને જકાતી પસંદગી મળતી બંધ થશે. આમાંના ઘણા માલો એવા છે કે જેને બ્રિટનમાં બિલકુલ જકાત લાગતી નથી. આ માલોને પ્રથમ વાર બ્રિટનમાં જકાત લાગુ પડશે. આ ચીજોમાંથી કાજુ, અખરોટ, ડબ્બાપેક દરિયાઈ પેદાશો, ચામડાં કમાવવાનો પદાર્થ, હળદર, મચ્છી, કેરી, કેટલાંક કરિયાણાં, પાપડ અને તાજાં શાકભાજીનો સમાવેશ થાય છે. આ બધી ચીજોને પહેલાં જકાતમુક્ત પ્રવેશ મળતો અને ૧૯૭૩થી બ્રિટનમાં તેના ઉપર જકાત પડવી શરૂ થશે.

ઓઈલ કેઈક એટલે કે સીંગખોળની નિકાસમાં પણ ભારતને ગેરલાભ પહોંચશે. આ ગેરલાભ એ દૃષ્ટિએ કે યુરોપની મજિયારી બજારમાં સીંગખોળ ઉપર જકાત નથી પણ બ્રિટનમાં સીંગખોળની આયાત જકાત ઉપર ભારતને ખાસ નીચા દરનો લાભ મળે છે અને તેથી આર્જેન્ટીના વગેરે દેશોના સીંગખોળ જેના ઉપર બ્રિટન પૂરી જકાત લે છે તેની સામે ભારત સ્પર્ધા કરી શકે છે. બ્રિટનના પ્રવેશ પછી સીંગખોળ ઉપરથી જકાત ચાલી જતાં આર્જેન્ટીના સાથે ભારતના સીંગખોળે સીધી સ્પર્ધામાં ઊતરવું પડશે.

શણ, કાથીના માલો, તમાકુ અને કોફીની બાબતમાં પણ બ્રિટનમાં મળતી પસંદગીની જકાત બંધ થશે અને આ માલો ઉપર ઊંચા દરની જકાત લાગશે. ફ્રેરો એલોય્ઝની તમામ ચીજો ઉપર પણ જકાત લાગશે.

મજિયારી બજારના નિયમ મુજબ બ્રિટને પણ ખેતીની પેદાશો અંગે યુરોપના દેશો જેવી નીતિ અખત્યાર કરવી પડશે એટલે ખેતપેદાશોની ચીજો પ્રથમ યુરોપમાંથી ખરીદવાની રહેશે અને તેથી ભારતમાંથી આવી ચીજોની આયાત ઘટશે.

અમુક આફ્રિકન દેશો જેનાં હિતો રક્ષવા માટે બ્રિટને તેમ જ યુરોપના દેશોએ ખાસ જોગવાઈ રાખી છે તેના માલો સામે ભારતના માલને શોષવું પડશે.

જ્યારે બધા દેશો પોતપોતાનાં હિતો રક્ષવા માટે જ સોદાબાજી કરે છે ત્યારે ભારતે પણ બ્રિટન અને મજિયારી બજારના દેશો સાથે વાટાઘાટો કરીને બ્રિટનના પ્રવેશથી ભારતના નિકાસ વેપારને લાગતા ઘાની અસર ઓછામાં ઓછી થાય તેવો પ્રયાસ કરવો જોઈએ. બધા પ્રયાસો કરવા છતાંય ભારતની નિકાસ ઉપર અસર પડે તો ભારતીય નિકાસકારોએ વૈકલ્પિક બજારો શોધવા માટે અને વિસ્તૃત બનેલી મજિયારી બજારમાં ભારતનો માલ સ્પર્ધાત્મક બની શકે તે માટે અત્યારથી જ પ્રયાસ કરવા જોઈએ, કારણ કે નિકાસ વેપારમાં આગર કોઈપણ વેપારમાં કોઈની મહેરબાની ઉપર જીવી શકાય નહિ.

કાંતિ ભટ્ટ

મુક્તિમાર્ગ

ભગવાન બુદ્ધ બોલ્યા, "હે બ્રાહ્મણ, શ્રદ્ધા એ મારું બીજ છે. તેના ઉપર સદાચરણરૂપી વરસાદ પડે છે. પ્રજ્ઞા મારું હળ છે. પાપ કરવામાં રહેલી શરમ તે હળનો વચલો દાંડો છે. મનરૂપી દોરડાથી તે હળ બાંધેલું છે. સ્મૃતિ એ મારા હળનું ફાળું અને એ જ મારી ચાબુક છે. સત્ય મારી દાતરડી છે. શાંતિ એ મારો આરામ છે. મારો ઉત્સાહ એ મારો બળદ છે. મારી આ ખેડ નિર્વાણની દશામાં થઈ રહી છે. આ પ્રમાણે કરેલી ખેતી અમૃતફળ આપનારી થાય છે. આ પ્રકારની ખેતી કરનારો માણસ સર્વ દુઃખોમાંથી મુક્ત થાય છે."

સં. ફ્રિશેળ ડી. ગાર્ડ

જાહેર જીવનની શુચિતા

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૧ ઑગસ્ટ ૧૯૭૧ના રોજ આપાયેલ વ્યાખ્યાનનો મહત્ત્વનો સારભાગ]

આજની પ્રક્ષોભક પળે ભારતમાં આપણે સહુએ જાહેર જીવનની શુચિતા પર સવિશેષ ભાર મૂકવાની જરૂર છે. શુચિતા એટલે શુદ્ધતા (purity), પવિત્રતા (sanctity). સ્વાભાવિક જ આ બાબત ગંભીર અને અર્થસભર છે. પ્રભુની પ્રાર્થના અને પૂજા જેમ નાહીધોઈને, ઊંડાણમાં ઊતરીને, બને તેટલા શુદ્ધ થઈને આપણે કરીએ છીએ, તેવી જ રીતે જાહેર કાર્ય અને જીવનમાં પ્રવેશતી વખતે આપણે શુદ્ધ અને પવિત્ર બનીને પ્રવૃત્ત થવું જરૂરી છે.

પરંતુ, આજે દેશની પરિસ્થિતિ શી છે? સ્વાતંત્ર્યોત્તર ભારતીય સમાજનું ચિત્ર આપણને ચિંતા-ચિંતન કરાવે તેવું છે. એક તરફથી એ અકળામણ-અસ્વસ્થતા પ્રગટાવે છે તો બીજી તરફ એ અનેક આશા-અપેક્ષાઓ પણ પેદા કરે છે. જાહેર જીવનમાં આજે શુચિતા-પવિત્રતા ક્યાં છે? જાહેર જીવનની સફળતા માટે શુચિભૂત બનવું ખાસ આવશ્યક છે. આપણા પ્રજાસત્તાકનાં અને સ્વરાજનાં વીતેલાં પચીસેક વર્ષમાં ખરેખર જોઈએ તો જાહેર જીવન જેવું છે જ ક્યાં? હવે, જાહેર જીવન જ મૂળમાં જ્યાં કશું ન હોય ત્યાં પછી તેની શુચિતા અને પવિત્રતાની તો વાત જ શી કરવી? જાહેર પ્રશ્નોની પારખ અને સમજ આપણે ત્યાં કોને અને કેટલી છે?

ગોપાળકૃષ્ણ ગોખલે કહેતા: "Public life must be spiritualised" રાષ્ટ્રના જીવન-વ્યવહારને આધ્યાત્મિકતાથી રંગવાની વાત ગોખલેજીએ ભારત પરતંત્ર હતું ત્યારે કરેલી. પરંતુ આજે સ્વતંત્ર ભારતમાં જાહેર જીવનની શુચિતા વિશે કેટલા લોકો ફિકર અને દરકાર રાખે છે?

લોકશાહીમાં જાહેર જીવનની અગત્ય સવિશેષ છે. દેશમાં જો લોકશાહી પ્રજાસત્તાક ન હોય તો જાહેર જીવનની ભાગ્યે જ કશી જરૂર રહે. જ્યાં સરમુખત્યારશાહી કે એકાધિકાર તંત્ર છે ત્યાં જાહેર જીવન શક્ય નથી. આપખુદશાહીમાં અગર એકશાહીમાં પ્રજા લાચાર રહે છે, ત્યાં પ્રજા બિચારી હોય છે; જ્યારે લોકશાહીમાં તો પ્રજાનાં પ્રાણ અને સામર્થ્ય પર જ તંત્રનો મદાર હોય છે. લોકશાહીમાં પ્રજાની શક્તિ મહત્ત્વની છે. પ્રજાની સંમતિથી જ સરકારો રચાય છે, ચાલે છે, બદલાય છે. લોકશાહીના મૂળમાં પ્રજા છે તેમ તેના શિખર પર પણ પ્રજા જ અધિષ્ઠિત છે. આથી જ લોકશાહી પ્રજાસત્તાક માટે જાહેર જીવનની ચિંતા અને ચર્ચા કરવી ખાસ જરૂરની બને છે.

આજના આપણા લોકશાહી પ્રજાસત્તાકમાં દંભવિહીન સાર્વજનિક જીવનવ્યવહાર ક્યાંય દેખાય છે ખરો? સમાજના કોઈપણ ક્ષેત્રમાં પ્રતિભાશાળી અને આદર્શોથી રંગાયેલા કાર્યકરો અને નેતાઓ જણાય છે ખરા? વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા અને છતાં સામાન્ય પ્રજાજનોની આશા-આકાંક્ષાઓ સમજનારા નેતાઓ વિવિધ ક્ષેત્રે આજે કેટલા જોવા મળે છે? તેમાંય રાજકીય ક્ષેત્રે તો આજના નેતાઓ અને પદધારીઓનું વર્તન ઘણી રીતે વિકૃત અને વિચિત્ર એવું જોવા મળે છે. ધમાલ મચાવીને અને ગમેતેમ કરીને પણ મતો મેળવવા, ચૂંટાઈ આવવું અને પછી સત્તા ભોગવવી એટલું જ ઘણાખરા જાણે સમજ્યા છે. મત આપનાર પ્રજાજનોના પોતે પ્રતિનિધિ છે તે તેઓ ભૂલી જાય છે. ચૂંટાયા પછી તેઓ પ્રજાની ઈચ્છાઓ અને અપેક્ષાઓ સાંભળવા-સમજવાની ફુરસદ પણ ધરાવતા નથી.

આજે તો નેતાઓ લોકોને કહે છે: તમારે આમ કરવાનું અને આમ નહિ કરવાનું! પોતે સાચો વ્યવહાર કરવો નહિ અને પ્રજાને છાશવારે સલાહો-સૂચનો આપ્યાં કરવાં એ આજની નેતાગીરીની એકમેવ નહિ તોય મુખ્ય કામગીરી બની રહી છે. આવા વાતાવરણમાં જાહેર જીવનનો લગભગ સમૂળગો અભાવ વરતાય છે. રાજકીય જ નહિ પણ અન્ય અનેક ક્ષેત્રોમાં અવારનવાર જે પ્રસંગો અને સમારંભો ગોઠવાય છે તેમાં વ્યાસપીઠ ઉપર શોભે અને વ્યાસપીઠને ગૌરવાન્વિત બનાવે તેવા નેતાઓ અગર તેવી વ્યક્તિઓ આપણી પાસે દરેક મોટા શહેરમાં પણ આંગળીને વેઢે ગણાય તેટલી છે. સ્વરાજ પહેલાના જમાનામાં એક સામાન્ય ઉદ્‌ઘાટન કે અન્ય પ્રસંગે આપણી સમક્ષ દસ, પંદર, વીસ મહાનુભાવોનાં નામો તરી આવતાં, અને તેમાં વધુ ગૌરવશીલ તથા પ્રસંગને યોગ્ય કોણ બની રહેશે એ વિચારવું પડતું. જુદાં જુદાં ક્ષેત્રોમાંની વિવિધ પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ તે સમયના જાહેર જીવનને ઓપ આપતી મળી રહેતી. પણ આજે તો ચિત્ર તદ્દન ઊલટું બની ગયું છે. કોઈપણ સમાજ-સમારંભમાં તમે જાવ ને જુઓ તો મંચ ઉપર ભીડ હશે પણ ભરાવદાર વ્યક્તિ ભાગ્યે જ જોવા મળશે. દરેક પ્રસંગે આપણને એ નેએ જ ચહેરાઓ નજરે ચઢે અને દરેક વખતે લગભગ એ ને એ જ નિરાશા ને નિસાસા વ્યક્ત કરવાનો વારો આવે.

પહેલાના નેતાઓ અને આગેવાનો પોતે જે ન જાણતા–સમજતા હોય, પોતાને જે વિશેનું જ્ઞાન ન હોય તે અંગે તદ્‌વિદો પાસેથી જરૂરી મુદ્દાઓ સમજી લઈને તેને ગ્રહણ કરતા અને જાહેરમાં તેની નમ્રતાથી રજૂઆત કરતા. જ્યારે આજે પ્રધાનો અને નેતાઓ દરેક વિષયમાં પોતાને અધિકારી સમજે છે અને પોતે બધું જ સમજતા હોવાનો દાવો કરીને પ્રવચનોની લાંબી વ્યર્થ લહાણી પીરસતા રહે છે.

પણ, જાહેર જીવન એટલે માત્ર રાજકીય જીવન નહિ એ વિશે પણ આપણા મનમાં પૂરી સ્પષ્ટતા હોવી જોઈએ. કમભાગ્યે, આજે જાહેર જીવન અને રાજકીય જીવન એ બેનું જાણે સમીકરણ થઈ ગયું છે. પણ ખરેખર તો જાહેર જીવન રાજકીય જીવન કરતાં વધારે ઊંડું અને વ્યાપક છે. રાજકીય જીવન તો જાહેર જીવનનો એક ભાગ છે. સમાજજીવનને સ્પર્શતાં તમામ ક્ષેત્રો, પરિબળો, વ્યવહારોનો જાહેર જીવનમાં સમાવેશ કરવો રહ્યો. રાજકીય ઉપરાંત કૌટુમ્બિક, સામાજિક, આર્થિક, ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક ઈત્યાદિ તમામ ક્ષેત્રોમાં વ્યક્તિઓની વ્યક્તિગત અને સામૂહિક વાણી-વર્તણૂક કેવી છે તેના પર જાહેર જીવનનો આકાર અવલંબે છે.

અંગત જીવન અને જાહેર જીવન જુદાં હોવા છતાં એકમેક પર નિર્ભર છે એ પણ રખે ભુલાય. સુઘડ વ્યક્તિગત જીવનથી જાહેર જીવન ઘડાય છે, અને સુરેખ જાહેર જીવનથી વ્યક્તિત્વને ઘાટ અપાય છે.

જાહેર જીવન એટલે સમાજમાંનાં વિવિધ ક્ષેત્રોમાંના નાના–મોટા કાર્યકરોનો સાર્વજનિક વ્યવહાર. લોકશાહીમાં આવા સાર્વજનિક જીવનની સ્વાભાવિક જ સતત જરૂરિયાત રહે છે. લોકતંત્રની જરૂરિયાતો અને જાહેર જીવનની વિવિધ જોગવાઈઓ એકમેકને પૂરક અને પોષક છે. કોઈપણ લોકશાહી દેશના રાજકીય અગ્રણીઓ જાહેર જીવનમાં મહત્ત્વનો ભાગ તો ભજવવાના જ, પણ તેઓ દરેક વખતે અને દરેક બાબતમાં મોખરે જ રહે કે હોય એવું જરા પણ નહિ, બલકે, રાજકારણીઓ અમુક અંશે પાછળ રહે અને એમની હેસિયત ઠીક ઠીક નમ્ર પણ હોય, એ જાહેર જીવનની તંદુરસ્તી માટે લગભગ આવશ્યક શરતરૂપ છે.

આજના સંજોગોમાં આપણે જાહેર જીવનની નિરોગી તરાહ ઉપસાવવા માટે ખાસ મથામણ કરવી પડશે. એને માટે મત માગનારાઓની ભીડ કરતાં મત ઘડનારાઓની ફોજ સવિશેષ ઉત્સાહથી અને ચીવટથી આપણે ઊભી કરવી પડશે. બંધારણે આપણા દરેક પુખ્ત વયના નાગરિક ભાઈબહેનને મતાધિકાર આપ્યો છે. પણ વિનોબાજી કહે છે તેમ, મતસ્વાતંત્ર્ય હોવા છતાં મનનસ્વાતંત્ર્ય ક્યાં અને કેટલું છે? તેમાંય આપણી તરુણ પેઢીને મોકળાશ મળે અને મુક્ત મને તેઓ અભ્યાસ, ચિંતન, વિચાર, અભિપ્રાય-દર્શન કરી શકે એવું વાતાવરણ ક્યાં છે? આજની આબોહવા તો ઉપર કહ્યું તેમ, તરેહ-તરેહની સ્વાર્થી અને દંભી રીતરસમોથી સભર છે.

લોકશાહીના વિકાસ માટે અને જાહેર જીવનના ઘડતરમાં પ્રત્યેક સુજનશીલ નાગરિકના સક્રિયપણાની આપણને જરૂર છે. ઈંગ્લૅન્ડના પ્રસિદ્ધ રૂઢિચુસ્ત રાજકારણી તત્ત્વચિંતક એડમંડ બર્કે એકવાર કહેલું કે "All that is necessary for the triumph of evil is that good men do nothing". નાગરિકો સૌજન્યભર્યા હોય, નિષ્ઠાવાન હોય, પાપભીરુ હોય એ સારું છે, પણ એ પૂરતું

નથી. ઘણીવાર તો આવા બધા good men વાસ્તવમાં good for nothing જેવા હોય છે. લોકશાહીમાં આવી નિષ્ક્રિય અને નમાલી સુજનતાનો કશો અર્થ નથી. એવા 'સારા' પણ કશું ન કરી શકનારા માણસોથી તો લોકશાહી અને જાહેર જીવનમાં જાતજાતનાં અનિષ્ટો પેસે છે. કોઈ અનિષ્ટ રોકદમ દૂર નહિ થાય રાને કોઈ એક જ વ્યક્તિના પુરુષાર્થથી એ આખું ખતમ નહિ થાય તે સાચું, પણ કાર્યારંભ અને શુભ શરૂઆત વ્યક્તિઓની વ્યક્તિગત સ્પષ્ટ અને મક્કમ વર્તણૂકથી જ થઈ શકે એમ છે અને એ માર્ગે જ જાહેર જીવનને ઓપ આપી શકાય તેમ છે. ઉદાહરણ તરીકે સંસદમાં અને વિધાનસભાઓમાં આવતાં ૨૫-૫૦ વર્ષમાં પણ જો સારા અને સમર્થ લોકપ્રતિનિધિઓને જોવાની પ્રજાની ઉમેદ હોય તો પ્રજાએ તે માટે અત્યારથી જ, આ ક્ષણેથી જ, એ દિશામાં શ્રદ્ધાપૂર્વક કામગીરી બજાવવાનું શરૂ કરી દેવું જોઈએ. આપણી સમક્ષ કાર્યના તો અનેક ડુંગર પડેલા છે અને લોકશાહી પ્રજાસત્તાક રચીને આપણે આગેકૂચ કરી રહ્યા છીએ ત્યારે અક્ષરશ: આકાશ સાથે આપણે બાથ ભીડી છે, પણ તેથી ગભરાઈ જઈને કે દિગ્મૂઢ બનીને કેવી રીતે ચાલે? અમેરિકાના પ્રમુખ જૉન કેનેડીએ પોતાના પ્રારંભિક મંગલ પ્રવચનમાં કહ્યું હતું તેમ "Let us begin"! શરૂઆત કરવાનું આપણે માથે રાખીએ; ફળ ચાખવાનું ભાવિ પ્રજા માટે છોડીએ!

લોકશાહીમાં કેવળ વ્યક્તિનું ચલણ ન હોઈ શકે તેમ લોક-સમુદાયનું કોઈ વ્યક્તિ પર દમન પણ ન ચાલી શકે. પક્ષનું અને સંગઠનનું મહત્ત્વ અવશ્ય સ્વીકારવું રહ્યું પણ લોકશાહીમાં અને જાહેર જીવનમાં આખરે તો દરેક નાગરિકની વ્યક્તિગત હેસિયત કેટલી પાકી, પરિપક્વ અને પરિપૂર્ણ છે એના પર સમગ્ર પ્રજાજીવનની સફળતાનો આધાર છે. પદને કારણે વ્યક્તિ વિશેષત્વ પામે પણ ખરેખર તો વિશેષત્વવાળી વ્યક્તિઓને ભાગે પદ લગભગ આપોઆપ જાય અને એવાં પદો પછી સવિશેષ આભૂષિત બની રહે ત્યારે જાહેર જીવન અનેરું આકર્ષક અને સુપ્રતિષ્ઠિત બની રહે છે. આ કે તે પદ ઉપર વ્યક્તિ હોય તો જ એ જાહેર જીવનમાં પ્રવૃત્ત રહી શકે, એવું જરા પણ નથી. વ્યક્તિનું પોતાનું વ્યક્તિત્વ એ જ એનું સાચું પદ છે. અને તેથી જાહેર જીવનમાં દરેકને એનાં નામ અને કામથી વધારે ઓળખવાનો છે અને બિરદાવવાનો છે, નહિ કે એના નાના-મોટા સત્તાપદ કે પ્રતિષ્ઠાસન વડે!

પરદેશોમાં આપણે જોઈશું તો વિવિધ ક્ષેત્રોમાંના નેતાઓ ઓચા તો સત્ત્વશીલ અને સમર્થ હોય છે કે તેમની વાણી—વર્તણૂકની સરસ અસર સીધી કે પરોક્ષ રીતે રાજકારણ પર પણ પડતી હોય છે. આલબત્ત, હું લોકશાહી સમાજોની વાત કરી રહ્યો છું. બ્રિટન, સ્વિટ્ઝર્લેન્ડ, સ્કેન્ડિનેવિયન દેશો, અમેરિકા, કેનેડા, આદિ દેશોમાં શિક્ષણ અને અન્ય ક્ષેત્રના માણસો રાજકારણના માણસો કરતાં જરાય ઊતરતા નથી, બલ્કે એનાથી વધુ સારા છે અને તેથી જ તેમનો પરોક્ષ પ્રભાવ રાજકીય પક્ષો, પ્રણાલીઓ ઉપર પણ પડતો હોય છે, અને સુશિક્ષિત પ્રજાજનોનો અને નેતાઓનો અંકુશ પણ રાજકીય ક્ષેત્રે ઠીક ઠીક જોવા મળે છે, અને એ રીતે જાહેર જીવનનો સર્વાંગી વિકાસ થતો રહે છે.

દુનિયાનું કોઈ પણ લોકશાહી કે અન્ય પ્રકારનું રાષ્ટ્ર લો: રાજકીય ક્ષેત્રે લગભગ દરેક સ્થળે આપણને વચલી અને સામાન્ય કક્ષાના ધુરંધરો જ જોવા મળશે. રાષ્ટ્ર નસીબવંત હોય તો કોઈ કોઈ વાર એને એકલદોકલ અસાધારણ રાજપુરુષો જરૂર મળે છે. પણ સર્વસામાન્યપણે રાજ્યતંત્ર સર્વત્ર mediocre લોકો વડે ચાલતું હોય છે. પરંતુ જ્યાં લોકશાહી છે અને જાહેર જીવન ઠીક ઠીક ઘડાયેલું છે ત્યાં આવા mediocre રાજ્યકર્તાઓને એક પ્રકારનું બળ મળતું હોય છે. બ્રિટન-અમેરિકા જેવા દેશો પણ આમાં બાકાત નથી, ન જ હોઈ શકે. પણ હાલને તબક્કે આપણી કમનસીબી એ છે કે આપણા દેશના રાજકારણમાં mediocreથી પણ ઊતરતા માણસોનો સળવળાટ આપણને જોવો અને સહેવો પડે છે. પરંતુ આવી લાચારીના મૂળમાં જાહેર જીવનનો અભાવ કારણરૂપ છે અને જાહેર જીવન જરા જેટલું હોય તો એ ગણનાપાત્ર માત્રામાં સ્વસ્થ અને સ્વચ્છ નથી એનો દોષ રાજકીય માણસોને માથે તો છે જ, પણ એનાથી વિશેષ, બિનરાજકીય એવાં અનેક ક્ષેત્રોમાંના પ્રજા-સેવકો, આગેવાનો તેમ જ છૂટાછવાયા પ્રબુદ્ધ નાગરિકોને માથે પણ ઓછો નથી!

શિક્ષણક્ષેત્રની જ વાત ઉદાહરણ તરીકે કરું તો આજે એ ક્ષેત્રમાં સન્નિષ્ઠ અધ્યાપકો અને સુયોગ્ય આચાર્યો કેટલા? જાહેર જીવન ઘડવાનું અને તેમાં સતત શુચિતા જાળવવાનું પુણ્યકાર્ય સવિશેષ પ્રભાવથી શિક્ષણક્ષેત્રમાંના માણસોએ કરવાનું છે. પણ આજે તો કમભાગ્યે ભારતમાં શિક્ષણની ભારે બેહાલી છે. ઉપલક રીતે શિક્ષણનો વિસ્ફોટ વ્યાપક છે—શાળાઓ, કૉલેજો, વિશ્વવિદ્યાલયો વધતાં જાય છે, પ્રાધ્યાપકોમાં ઝડપથી ઉમેરો થતો રહે છે, સાધન-સગવડો વિકસતાં રહ્યાં છે અને છતાં શિક્ષણની મૂળ માત્રા મંદ છે અને ગુણવત્તા હજી નહિવત્ છે. આમાં બીજાઓનો દોષ કાઢવા કરતાં આપણો જ દોષ જોવો રહ્યો અને એ સુધારીને જવાબદારીપૂર્વક વ્યક્તિગત કામ-ગીરી કરવી રહી. આજની શાળા—કૉલેજોમાં ઘડી બેસાડવાનું કામ થતું જ નથી, વાતાવરણ સર્જાતું જ નથી, કોઈ સ્પષ્ટ તરાહ ઊપજતી જ નથી. કેવળ ઊભરો આવ્યા કરે છે અને તેને સહુ ચીલાચાલુ રીતે ઠાલવ્યા કરે છે. આવી પરિસ્થિતિમાં જાહેર જીવન કેવી રીતે વિકસી શકે?

જાહેર જીવનના પ્રશ્નો કયા કયા છે તેનો હિસાબ કોઈ વ્યવસ્થિત રીતે કરે છે અને રાખે છે ખરા? સાર્વજનિક હિતના સવાલોની સુયોગ્ય રજૂઆત ને છણાવટ ક્યાંય નજરે પડે છે ખરી? આપણાં હાલનાં અખબારો જુઓ: આ દેશના મૂળભૂત અને સળગતા સવાલો કયા અને કેવા છે તે અંગે એમાંથી કશી ભરોસાપાત્ર માહિતી મળે છે? કોઈ ચોટદાર મુદ્દાઓ તરી આવે છે? જાહેર જીવનની તરાહ અને શુચિતા સર્જવા માટે જાહેર જીવનના પ્રશ્નોને સ્પર્શતા મુદ્દાઓ અને આગ્રહો પણ સતત ઊભા કરતા રહેવું પડશે. જાહેર જીવનના ઘડતર માટે સુરેખ ધોરણો અને શાશ્વત મૂલ્યોને અંગીકાર કરવાં પડશે.

સાંપ્રત ભારતમાંના જાહેર જીવનના બગાડાનું એક મોટું કારણ એ છે કે કાર્યકરોના અને નેતાઓના કહેવા અને કરવા વચ્ચેનું અંતર ઝડપથી વધી રહ્યું છે. માનવી માત્ર અપૂર્ણ છે, જાહેર જીવનમાં કોઈ પુરુષોત્તમોની અપેક્ષા આપણે રાખતા નથી. પણ સંપૂર્ણ કે સર્વોત્તમ પુરુષ ન હોય તેથી બધા સક્રિય જણાતાં સ્ત્રી—પુરુષોએ અધકચરી ને નીચી ને અધમ કક્ષાએ પહોંચવાની તો જરૂર નથી જ!

વળી, વિદ્રોહી આત્માઓ આજે ક્યાં છે? વિદ્રોહી કે બંડખોર આત્માઓ જ્યાં હોય ત્યાં લોકશાહીની વેલ વિકસે છે. પણ આજે આપણા દેશમાં આવા સમર્થ અને નિ:સ્વાર્થી બંડખોરો ઝાઝા નજરે પડતા નથી એ કારણે પણ જાહેર જીવનને સુયોગ્ય વળાંક મળતો નથી. જાહેર જીવનની શુચિતા માટે નિર્ભય વાણી—વર્તન કરતી વ્યક્તિઓની વિશેષ જરૂર છે. એવા માણસો વિચારશીલ હોય અને નવા વિચારોને સતત આવકારતા હોય. પણ કમનસીબે આજનું આપણું જાહેર જીવન સંકુચિતતાથી સભર છે અને વ્યક્તિગત ગમા-અણગમા વડે ચાલે છે. વ્યક્તિગત રાગદ્વેષ અને ઈર્ષ્યા, અદેખા-ઈને કારણે શુચિતાભર્યા જાહેર જીવનની આશા ઓર આઘી ઠેલાય છે.

સ્વરાજ્ય મળ્યા બાદ અનાજ, કપડાં અને રહેઠાણની સવલતો સર્વ પ્રજાજનોને મળે એ માટેનો પુરુષાર્થ આપણી પ્રથમ અગ્રિમતા બની રહે એ અનિવાર્ય છે, પણ તેની સાથેસાથે શિક્ષણને આપવો જોઈતો અગ્રતાક્રમ છેલ્લી પા સદીમાં આપણે ત્યાં આપાયો જ નથી. શિક્ષણખાતું ગમે તેને આપી શકાય અને શિક્ષણપ્રધાન ગમે તે ચાલે: શિક્ષણ ખાતા માટે કોઈ આગ્રેસરને રસ ન હોય અને શિક્ષણ માટે ફાજલ કરાતી રકમ પણ હમેશ અલ્પ હોય. તેમાં ય જ્યારે કોઈ કટોકટી આવે ત્યારે કરકસર માટેનો પહેલો કાપ શિક્ષણ પર પડે. પણ આમાં ખરેખર તો કુહાડીનો ઘા પડે છે જાહેર જીવન પર અને લોકશાહી પર.

ફરી એકવાર રાજકીય ક્ષેત્ર તરફ વળું છું. આપણે શું જોઈ રહ્યા

છીએ? જે દેશમાં જીવનમર્યાદા માંડ ૪૦ વર્ષની હોય ત્યાં ૬૦, ૭૦, ૮૦ સુધી અનેક મોટાં પદો પર પ્રભાવશાળી વ્યક્તિઓ પહોંચી જ શકતી નથી, અને ૬૦, ૭૦, ૮૦વાળાઓ પણ જાત-જાતનાં પદો માટે પડાપડી કરતા જોવા મળે છે: આવો બધો તમાશો આપણે સાંખી લઈએ છીએ એ આપણા જાહેર જીવનની નિર્બળતાની નિશાની છે. આજે દરેક રાજકારણી અને નેતા પોતાની વાતમાં મુસ્તાક રહેલો જોવા મળે છે. એમને કોઈને બીજાની વાત સાંભળવી જ નથી, અને પોતે જે કાંઈ બોલે તે બીજા બધા સાંભળે એવી એમની સતત ઈચ્છા હોય છે. જાણે આ બધાંને પોતાનો જ અવાજ મીઠો અને સાંભળવા જેવો લાગતો ન હોય! હવે, જ્યારે રાજકારણીઓને અને નેતાઓને સમાજની વાત સાંભળવા-સમજવાની ચિંતા કે તમન્ના ન હોય, અન્ય પ્રત્યે અને અન્યની વાતો પ્રત્યે સહાનુભૂતિ ન હોય ત્યારે જાહેર જીવનના ઘડતર માટેના યોગ્ય વાતાવરણની આશા ફોગટ જ ઠરે.

જાહેર જીવનના ઘડતરની પ્રક્રિયા એ શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક વ્યવહાર છે. તેથી જ શિક્ષણક્ષેત્રે પડેલા માણસોની જવાબદારી સવિશેષ મોટી છે. ગોખલે, ગાંધી, ટિળક, આદિ મહાપુરુષોએ પોતાનાથી શરૂઆત કરી અને પ્રજાકીય શિક્ષણક્ષેત્રે પ્રયોગો આરંભ્યા. ગાંધીજીએ આશ્રમ સ્થાપીને લોકઘડતરનું કામ શરૂ કર્યું અને પોતે પહેલાં કર્યું અને પછી એ પ્રમાણેનો ઉપદેશ આપ્યો. પણ આજે તો આગેવાનો પહેલા, વચમાં અને છેલ્લે પ્રજાને જ આ કે તે બધું કરવાનું કહે છે અને પોતે લગભગ નિર્વિકારપણે અલિપ્ત રહે છે, એને કારણે પણ જાહેર જીવનની શુચિતા સિદ્ધ થવામાં આંચ અને અંતરાય આવે છે.

વ્યક્તિઓની વર્તણૂકો અને નેતાઓનો આચાર એના પર જાહેર જીવનની તરાહ અને શુચિતાનો આધાર રહેલો છે. શ્રેષ્ઠ જનોનું વર્તન 'પ્રમાણ' બની રહે એ રીતનું હોવું જોઈએ. એમ ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં કેવું સચોટ કહેવાયું છે! જાહેર જીવનની શુચિતા માટે એ જરૂરી છે કે કાર્યકરોમાં પરસ્પર વ્યક્તિગત રાગદ્વેષ ન હોય અને એકમેકની અણગમતી કે અણછાજતી ટીકાઓ પણ ન હોય. અનુદાર (uncharitable) ટીકાઓ તો ન જ હોય! મતભેદ હોય પણ મનભેદ ન હોય; ભિન્ન વિચાર છતાં મિલન-જુલન ચાલુ હોય. બ્રિટન જેવા દેશમાં એ સરસ જોવા મળે છે. ત્યાં રાજકીય મતભેદોની ઉપરવટ સંસદીય અને સંવાદમય જીવન જોવા મળે છે. જાહેર જીવનની શુચિતા માટે વિવિધતા અને પરસ્પર વિરોધી વિચારસરિતા જરૂર સતત વહેતી હોય પણ એમાં આક્ષેપબાજીને તથા બિનપાયાદાર આરોપોને જરા પણ સ્થાન ન હોય. પુરાવા વિના તો કોઈ કાળે ટીકા ન જ કરાય, એ જાહેર જીવનની શુચિતા રાખવા માટે ખાસ જરૂરી છે.

જાહેર જીવનના ઘડવૈયાઓ શિક્ષકો અને અધ્યાપકો છે, લેખકો અને બુદ્ધિજીવીઓ છે, અખબારો અને સામયિકોના સંપાદકો તથા વિવેચકો છે, રેડિયો તથા ટેલિવિઝન જેવા વ્યાપક પ્રચાર-સાધનોના તંત્રવાહકો છે. આ બધાનો ફાળો મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક છે. એ સહુમાં Intelligence, Imagination, Independence અને Integrity એમ ચાર પ્રકારના I જોઈએ. અને એ વડે વિભૂષિત નિરહંકારી I અનેરી વ્યક્તિગત છટાથી વર્તે છે ત્યારે જાહેર જીવનને સરસ ઘાટ મળે છે. જાહેર જીવનની ગુણવત્તા (Evality) એનો રણકો (tone) અને એની અસર (Impact) એ બધાનો આધાર જાહેર જીવનમાં પડેલા માણસો પર (એટલે કે કાર્યકરો, સુધારકો અને નેતાઓ) છે. એટલે આખરે તો આનો બધો આધાર સારા ચુનંદા માણસો પર, એમના શિક્ષણ પર, એમના ચારિત્ર્ય પર રહેલો છે. સ્વતંત્ર, સંયમી, સંસ્કારી સ્ત્રી-પુરુષોની નિઃસ્વાર્થી, નિર્ભય, નિરંતર વિચારશીલ અને નમ્ર વાણી વર્તાવ પર જાહેર જીવનની રચના અને શુચિતા અવલંબે છે.

કમભાગ્યે આજે આપણા જાહેર જીવનમાં હા જી હા કરનારાઓનો મેળો મળ્યો છે. ના પાડવાની કોઈની હિંમત નથી અને ફના થવાની કોઈની તૈયારી નથી. દરેક જણ બીજાને ધક્કો મારીને એને પાછળ હડસેલીને આગળ જવાનો કે ગયાનો હરખ માણતા દોડધામ કરે છે. પરિણામે, આપણું જાહેર જીવન રગદોળાતું રહ્યું છે. લગભગ ખલાસ થઈ ગયું છે. આવા અંધકારમાંથી અને આવી ઊંડી ખાઈમાંથી આપણે બહાર આવવું જ રહ્યું અને જાહેર જીવન સુઘડ તથા શુદ્ધ બનાવવું ને ટકાવવું જ રહ્યું. એને માટે આપણે આપણી પોતપોતાની શક્તિ-બુદ્ધિ મુજબ Selfcharged battery વડે કામ કરવાનું છે, અને સાને ગુરુજી કહેતા તેમ મીણબત્તીની માફક પોતે બળીને તથા ઓગળીને અન્યને ભલે મંદ પણ નિશ્ચિત પ્રકાશ આપતા રહેવાનું છે. આવી ચીવટવાળી અને ચિત્તશુદ્ધ વ્યક્તિઓથી જ આપણા જાહેર જીવનની શુચિતા એક દિવસ આકાર પામશે.

છેલ્લે અંગ્રેજી કવિ Josiah Gilbert Hollandની હૃદયસ્પર્શી પંક્તિઓ ટાંકું છું:

"God, give us men! A time like this demands
strong minds, great hearts, true faith and ready hands;
Men whom the lust of office does not kill;
Men whom the spoils of office cannot buy;
Men who possess opinions and a will;
Men who have honour; men who will not lie;
Men who can stand before a demagogue
And damn his treacherous flattering without winking.
Tall man, Sun-crowned, who live above the fog
in public duty and in private thinking;
For while the rabble, with their thumb-worn creeds!
Their large professions and their little deeds,
Mingle in selfish strife, Lo! Freedom weeps,
Wrong rules the land and waiting Justice sleeps."

પુરુષોત્તમ ગણેશ માવળંકર.

સંજોગો પર વિજય

આપણે બધા જ જીવનમાં નવાં નવાં શિખરો સર કરવા માગતા હોઈએ છીએ. કેવળ ભૌતિક સિદ્ધિઓ જ નહિ પણ જીવનમાં બીજી અનેકવિધ સિદ્ધિઓ મેળવવા પણ આપણે માગતા હોઈએ છીએ. આપણા જીવન પ્રત્યે આપણે રાખેલી અપેક્ષાઓ, મહત્ત્વાકાંક્ષાઓ અને જીવન પ્રત્યેના આપણા અભિગમનો આપણી વર્તમાન પરિસ્થિતિ સાથે મેળ ખાતો ન હોય ત્યારે ઘણીવાર આપણે જે રીતે જીવન જીવતા હોઈએ છીએ એ સંબંધમાં આપણામાં અરાંતોષ જાગે છે અને આપણે આંતરિક સ્વસ્થતા અને શાંતિ પણ કેટલીક વાર ગુમાવીએ બેસીએ છીએ.

આપણને એમ લાગે છે કે આપણું જીવન નિરર્થક વહી રહ્યું છે, જીવનમાં આપણે કદી જ પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શકીશું નહિ. આ અસંતોષ છેવટે એટલો તીવ્ર બની જાય છે કે આપણે આપણા જીવનમાં જે સિદ્ધ કરવા માગ્યું હોય છે એ કેન્દ્ર બનવાને બદલે આપણા જીવનવ્યવહારના કેન્દ્રમાં આ આકારહીન અસંતોષ જ રહી જાય છે.

આવા સંજોગોમાં યાદ રાખવા જેવું એ છે કે આપણે જીવનમાં જે કંઈ કરવા માગતા હોઈએ, આપણે જીવનને જે દિશા આપવા માગતા હોઈએ એનો આપણી પાસે વિચારેલો સ્પષ્ટ નકશો હોય એટલું પૂરતું નથી. આપણે જીવનમાં જે કંઈ પ્રાપ્ત કરવા માગતા હોઈએ એ માટે પરિશ્રમ કરવાની, એ માટે સમય અને શક્તિનો ભોગ આપવાની આપણી તૈયારી હોવી જોઈએ. કેવળ વિચારનો કશો અર્થ નથી. વિચારને મૂર્ત કરવાનો સંકલ્પ પણ આપણામાં હોવો જોઈએ.

આ કામ જે આપણે કરવાનું છે એનો આરંભ આપણે તત્કાળ જે સ્થિતિમાં હોઈએ, જે સંજોગોમાં હોઈએ ત્યાંથી જ કરવો જોઈએ. સૌપ્રથમ આપણે આપણા વિપરીત સંજોગો પાસે નમી જવાને બદલે એના પર વિજય મેળવવો જોઈએ અને સંજોગોને દોષ દઈને બેસી રહેવું ન જોઈએ.

આપણા જીવનપથમાં મુશ્કેલીઓ અને અવરોધો તો આવે જ છે, પણ અવરોધો સમક્ષ હારી જવાને બદલે એમાંથી બહાર નીકળીને, એને પાર કરવા માટે જે કરવું જોઈએ તે કરીને આપણે આગળ વધવું જોઈએ. આપણા જીવનના જટિલ સંજોગો સામે સ્વસ્થતા ગુમાવવાથી કશું વળતું નથી. એનો ઉકેલ કરવો જોઈએ અને ધ્યેય તેમ જ લક્ષ્ય પ્રતિની આપણી ગતિને ચાલુ રાખવી જોઈએ.

-પિનાકીન

કલકત્તા અને આધુનિક બંગાળ

[શ્રેષ્ઠ સાહિત્યકારો જીવનની સમસ્યાઓ અને જટિલતાને અસરકારક અને વેધક રીતે રજૂ કરી શકે છે. શ્રી બિમલ મિત્ર એક એવા સાહિત્યકાર છે. તેમની નવલકથાઓમાં બંગાળની સમસ્યાઓનું નિરૂપણ છે. તેમની છેલ્લી નવલકથા, 'ચલો કલકત્તા', ચીની આક્રમણ પછીના સમયને આવરી લે છે. આ નવલકથાની આલોચના શ્રી ચન્દ્રકાન્ત મહેતાએ સરસ કરી છે, જે 'ગ્રન્થ'ના જાન્યુઆરીના અંકમાં પ્રકટ થઈ છે. કલકત્તાના જીવનનું જે ચિત્ર આ નવલકથામાં રજૂ થયું છે તે દેશનાં બધાં મોટાં શહેરો અને આપણા જીવનને લાગુ પડે છે. આ આલોચના અહીં પ્રકટ કરતાં મને આનંદ થાય છે. –તંત્રી]

બંગાળના સાહિત્યકારોની એક વિશેષતા એ છે કે સમકાલીન સમસ્યાઓનું એમની કૃતિઓમાં એઓ તાબડતોબ નિરૂપણ કરે છે. સમરેશ બસુ, આશાપૂર્ણાદેવી, મતિ નંદી, સુનિલ ગંગોપાધ્યાય, પ્રતિભા બસુ, માયા બોઝ, શંકર, પ્રશાંત ચૌધરી, ઈત્યાદિ આ પ્રકારના સાહિત્યકારો છે. બિમલ મિત્રે પણ એમની 'સાહેબ બીબી ગુલામ' 'કડી દિયે કિનલામ' અને 'એકક દશક શતક' એ નવલત્રિપુટીમાં ૧૮૯૦ થી ૧૯૬૨ના ચીની આક્રમણ સુધીની બંગાળની સમસ્યાઓનું નિરૂપણ કરેલું છે. એમની આ કૃતિમાં એમણે ચીની આક્રમણ પછીના સમયને આવરી લીધો છે, જેમાં આપણને આધુનિક બંગાળનું અનેક ખૂણેથી જોવાયેલું ચિત્ર મળે છે.

એમની આ કૃતિના આરંભમાં કલકત્તા પુરાણા કાળમાં કેવું હતું તેનો પરિચય આપતાં એઓ કાપાલિકોની વાત કરે છે અને કહે છે: "તે સમયે કાપાલિકોથી બધા ડરતા હતા. તેઓ દેવીના મંદિરની સામે નરબલિ આપતા. કોઈ એમનો પ્રતિવાદ કરી શકતું નહિ. નરબલિ આપ્યા વિના કાપાલિકોની પૂજા પૂરી થતી નહિ." આટલું જણાવીને એઓ કહે છે કે આજે બધું બદલાયું છે અને કલકત્તામાં આજે કાપાલિકો નથી. પણ પછી આ નવલકથામાં પોતે જે પ્રતીકો યોજ્યાં છે, તેની પૂર્વભૂમિકા રૂપે આ જણાવ્યું છે તેનો ઈશારો કરતાં કહે છે: "ના, એ યુગનું હજુ બધું એમનું એમ જ છે, કશું બદલાયું નથી. એ કાલિક્ષેત્ર પણ છે, ને એ કાલિમન્દિર પણ છે. કાલિક્ષેત્રના કાપાલિકો આજે પણ એ જ રીતે મંદિરની દેવીની સામે નરબલિ આપે છે. એ રીતે નરબલિ આપીને પૂજાના નિયમનું યથાર્થ રીતે પાલન કરે છે. ફક્ત એમનો બહારનો પોશાક બદલાયો છે, નામો બદલાયાં છે."

આ રીતે ભૂમિકા બાંધીને નવલકથાના આરંભમાં એઓ દૂર દૂરને ગામડેથી, મા, વહુ તથા દીકરીને લઈને કાલિમાતાને બકરો ચઢાવવા આવતા બુધવારિનું ચિત્ર આપે છે. બુધવારિને દીકરો જોઈએ છે. એ માટે માતાને પ્રસન્ન કરવા બકરો ચઢાવવા એ આવ્યો છે. એ સ્ટેશનેથી ખભે બકરો લઈને માના મંદિર તરફ જાય છે. નવલકથાના અંતમાં એ મંદિરે પહોંચ્યો હોય છે, અને દેવીને બકરો ચઢાવતો હોય છે. આ એની સ્ટેશનેથી કાલિમંદિર સુધીની યાત્રામાં, એ જ સમયે કલકત્તાના અન્ય ભાગોમાં શું શું થઈ રહ્યું છે તેનો લેખકે અનેક દશ્યોમાં ચિતાર આપ્યો છે. એમાં એમણે વિવિધ સ્તરનાં ને વર્ગનાં પાત્રો લીધાં છે, અને વચ્ચે વચ્ચે પ્રવર્તમાન રાજકીય, સામાજિક, આર્થિક પરિસ્થિતિ પર કટાક્ષ અને વ્યંગ પણ સારા પ્રમાણમાં કર્યા છે. એમણે કલકત્તાના અનેકરંગી અને અનેક પાસાંવાળા જીવનનું રસપ્રદ અને વિગતપૂર્ણ ચિત્ર આપી, બુધવારિની જોડે આપણને પણ કલકત્તાની યાત્રા કરાવી છે. આ કથામાં કોઈ નાયક કે નાયિકા નથી, બધાં પાત્રોનું લગભગ સમાન મહત્ત્વ છે, કારણ કે આ કથામાં નાયકનું સ્થાન તો કલકત્તા શહેરે લીધું છે. એટલે કલકત્તાને લક્ષમાં રાખીને જ કથાનકની ગૂંથણી કરી છે.

આ બધાં દશ્યો કે કથાનકો કથાકારે અલગ અલગ રજૂ કર્યાં નથી, પરંતુ એકસાથે રજૂ કર્યાં છે. એટલે એક સ્થળે એક ઘટના બનતી હોય, તે જ સમયે કલકત્તાના અન્ય ભાગોમાં શું શું ચાલી રહ્યું છે તે બતાવવા માટે લેખક દશ્યપરિવર્તન કરે છે, અને એ કારણથી કથામાં તાળગી આવી છે.

બુધવારિ જતો હોય છે ત્યારે એને સામું સરઘસ મળે છે. એમાં સામેલ થનારા લોકો "ઈન્કિલાબ ઝિંદાબાદ" ની સાથેસાથે "સસ્તા ભાવે અનાજ આપો", "પ્રજાનો દ્રોહ કરનારને સજા આપો" "મુખ્ય મંત્રી જવાબ આપો, નહિ તો ગાદી છોડી દો" એવાં સૂત્રો જોરશોરથી બોલતા હતા. એમાં સરદાર હતો કાલો ફરિક નામનો એક નામીચો ગુંડો. એને લખતાં–વાંચતાં આવડતું નથી. પણ એને રાજકીય પક્ષે એવો તૈયાર કર્યો છે કે એ કૉંગ્રેસ સરકારના બધા દોષો કડકડાટ બોલી જાય છે ને અમેરિકા, રશિયા, ચીન, ભારત એ બધાનું રાજકારણ ચર્ચી શકે છે. રશિયા ભારતને મિગ વિમાન આપશે કે નહિ, પી. એલ. ૪૮૦ એટલે શું, પાકિસ્તાન અમેરિકાના જૂથમાં કે ચીનના - એ બધી વાતો એ કરે છે. સરઘસના લોકોને સમજાવે છે કે ભારત સ્વતંત્ર થયું નથી, અંગ્રેજો ગયા ને અમેરિકનો આવ્યા છે. એમાં અરવિન્દ નામનો એક મધ્યમ વર્ગનો બેકાર જે સરઘસમાં જોડાયો છે તે પૂછે છે: "ક્યાં આવ્યા છે? મને તો કાંઈ દેખાતા નથી." ત્યારે એ કહે છે: "પી. એલ. ૪૮૦ નો કાયદો એ અમેરિકાનો જ છે. આપણે માથે ૫૯૪ કરોડ રૂપિયાનું દેવું છે. માથાદીઠ ૮૦૦૦ રૂપિયાનું દેવું આપવાનું છે. એ આપણું માલિક છે." અરવિન્દ કહે છે કે "આ બધી તને ક્યાંથી ખબર?" ત્યારે કહે છે, "અમારી મીટિંગમાં આ બધું જ અમને સમજાવાય છે." સરઘસમાં ભાગ લેનાર દરેકને પાઉંરોટી મળે છે. સરઘસ રાજભવન તરફ ધસ્યું જાય છે. આ સરઘસને રોકવા માટે રાજભવન પર પોલીસનો પહેરો લાગી ગયો છે, અને આ લોકોના ચિત્કારમાંથી બચવા રાજભવનમાં શુભલક્ષ્મીનો જલસો ગોઠવ્યો છે. દેશમાં ખાદ્યનો અભાવ હોય, પણ તેથી સંગીત કાંઈ ગેરકાનૂની નથી. રાજપુરુષો અશાંતિ ભૂલવા ઈચ્છતા હતા. સરઘસમાં સૂત્રો ઉચ્ચારાય છે કે "દેશ તો અમેરિકાને વેચાયો છે. તમારે ચિંતા શાની? જોરથી પુકારો "ઈન્કિલાબ ઝિંદાબાદ."

આ સરઘસ જ્યું હોય છે તે વખતે કલકત્તામાં જુડી હડસન નામનો એક અંગ્રેજ એની નવવધૂ ક્લારા સાથે ભારત આવ્યો છે અને કલકત્તાની વિખ્યાત એવી સ્ટ્રેન્ડ હોટલમાં મધુરજની માણે છે. જુડી હડસનના કાકા અંગ્રેજોના જમાનામાં ભારતમાં લશ્કરમાં બહુ મોટા અમલદાર હતા. એ રજામાં ઈંગ્લૅન્ડ જતા ત્યારે પોતાના સગાંવહાલાં સમક્ષ ભારત વિશે વાત કરતા, એથી હડસનને માટે ભારત માનસિક રીતે નવું નથી. એના પ્રશ્નોને એ એના કાકાની દૃષ્ટિએ સમજ્યો છે, એથી સરઘસને જોઈને ક્લારા આશ્ચર્ય પામે છે ત્યારે જુડી એને બધી પરિસ્થિતિ સમજાવે છે. એ કહે છે: "This is India." પેલી પૂછે છે: "આ સરઘસ ક્યાં જાય છે?" જુડી કહે છે: "ગવર્નર હાઉસ". પેલી પૂછે છે: "ત્યાં જઈને એ શું કરશે?" એ કહે છે: "ત્યાં જઈને એ લોકો બેસી જશે, ને પછી બેઠા જ રહેશે." "પછી?" "પછી પોલીસ એ લોકોને આંતરશે." "પછી?" "પછી લાઠી મારશે, અશ્રુવાયુ છોડશે. પછી લડાઈ શરૂ થશે." "એટલે શું થશે?" "બસ અને ટ્રામને સળગાવશે. શહેરમાં ઠેર ઠેર આગ લગાડશે. ને આખું કલકત્તા શહેર એક રણમેદાન બની જશે." પછી એ સમજાવે છે કે એના કાકાના સમયમાં અંગ્રેજ જ્યારે રાજકર્તા હતા ત્યારે કૉંગ્રેસ વિરોધી પક્ષ હતો. તે આવી જ તરકીબ અજમાવતો. હવે કૉંગ્રેસ રાજકર્તા પક્ષ છે એટલે વિરોધીઓ પણ એની સામે એ જ તરકીબ અજમાવે છે. એ કહે છે કે

એના કાકા જાણતા હતા કે એક દિવસ ગવર્નર હાઉસની સામે ભારતની પોતાના દેશની સરકારને એમના જાતભાઈઓ સામે ગોળી ચલાવવી પડશે, કારણ ભારતની પ્રજા બહુ પછાત છે અને એ અંદર અંદર જ લડે છે. વળી બંગાળીની ખાસિયત વિશે જુડી કલારાને સમજાવે છે કે "બંગાળી કોઈની authority માનતા નથી; અંગ્રેજોની પણ નહિ, અને એમની પોતાની યે નહિ." સ્ટ્રેન્ડ હોટલની અગાસીમાંથી એક તરફ આ દંપતી સરઘસને જુએ છે, તો બીજી તરફ ખભે બકરો લઈ જતા બુધવારિ તથા એના પરિવારને પણ જુએ છે. એ અગાસી પરથી નીચે આવી એની તસવીર ખેંચે છે એટલે બુધવારિ પૈસા માગવા હાથ ધરે છે. તે વખતે જુડી એની પત્નીને કહે છે: "India is a race of beggers. એ અમેરિકા આગળ, બ્રિટન આગળ, રશિયા આગળ ભીખ માગી માગીને તો ઓનું પેટ ભરે છે." અંગ્રેજ આ બોલતો હોવાથી એના વક્તવ્યમાં સ્વાભાવિકતા લાગે છે.

આ સરઘસમાં એક અરવિન્દ નામનો બેકાર યુવક છે. એના ઘરમાં એની બુઢ્ઢી મા છે, માંદી પત્ની ગોપા છે, અને કૉલેજિયન બહેન સુસીમા છે. અરવિન્દને 'ભદ્રકાળી મિષ્ટાન્ન ભંડાર'નો માલિક દિલીપ બેરા પૈસા પૂરા પાડે છે, વિલાયતી સિગારેટ પૂરી પાડે છે. એ એક દિવસના બે હજાર રૂપિયા રેસમાં ગુમાવે છે તેનું એને દુઃખ નથી. દિલીપ સુસીમાને રેશમી સાડી, ઊંચી જાતનાં સેન્ટો આપે છે. એ અરવિન્દને કહે છે: "તારે નોકરી શું કરવા કરવી જોઈએ? તારે ઘરમાં આવી સરસ બહેન છે ને?" અરવિન્દ સરઘસની લાઈનમાં ઊભો રહે છે. લાઈન શાને માટે છે તે જાણતો નથી. દિલીપનો મિત્ર જાણીતો ઝવેરાતનો વેપારી. શિરીષ પૈસા ક્યાં વાપરવા તે જાણતો નથી. દિલીપ એને સમજાવી, અરવિન્દને ત્યાં સુસીમાનું પ્રલોભન આપીને મોકલે છે. અરવિન્દ એનું ભાવભીનું સ્વાગત કરે છે. સુસીમા માનતી નથી, કારણ કે એ હવે આવી રીતે કમાણી કરવાનું કામ સ્વતંત્ર રીતે કરે છે. આથી અરવિન્દ એની પત્ની ગોપા તથા શિરીષને એકલાં એક રૂમમાં મૂકી ચા બનાવવાને બહાને બહાર જતો રહે છે. શિરીષને તો સુસીમા જોઈતી હતી, ગોપા એને પસંદ ન પડી. એટલે એણે ગોપાની જોડે વાતોમાં જ સમય વિતાવ્યો. જ્યારે શિરીષ આવ્યો ત્યારે ગોપા 'શ્રીકાન્ત' વાંચતી હતી. તે વખતનો એ બન્નેનો સંવાદ, લેખકની કટાક્ષવૃત્તિનો સારો પરિચય આપે છે.

શિરીષ: "તમને વાંચવાનો ઘણો શોખ લાગે છે, નહિ? કઈ ચોપડી છે, જોઉં" ગોપાએ ચોપડી આપી અને કહ્યું, "શ્રીકાન્ત."

"શ્રીકાન્ત! ઈશ્વર વિશેની કોઈ ચોપડી લાગે છે."

"ના. શરદ્ ચટ્ટોપાધ્યાયે લખી છે."

"શરદ્ ચટ્ટોપાધ્યાય! એ ક્યાંનો લેખક છે? પૂર્વ બંગાળનો કે પશ્ચિમ બંગાળનો?"

"તમે શરદબાબુનું નામ સાંભળ્યું નથી?"

"ના, મને કંઈ ભક્તિબક્તિની વાત ગમતી નથી. એવું બધું તો ઘરડો થઈશ ત્યારે વાંચીશ, અત્યારે તો સિનેમા જોવાનો વખત છે."

પછી પોતાની દુર્દશા વર્ણવતાં કહે છે: "મહિને દસ હજાર રૂપિયાનો ખર્ચ કાઢતાં મારે નાકે દમ આવી જાય છે."

ગોપાએ આશ્ચર્યભાવે પૂછ્યું, "દસ હજાર?"

"એનાથી ઓછામાં તો ભદ્રભાવે રહી શકાય નહિ. ત્રણ ત્રણ ગાડીઓ માટે કંઈ ઓછું પેટ્રોલ જોઈએ!"

શિરીષ એ ધનિકવર્ગનો પ્રતિનિધિ છે. એ ગોપા જોડે બેઠો હોય છે ત્યારે સુસીમા ત્યાં આવીને ચાલી જાય છે. એને દાદ આપતી નથી. પછી એકવાર સ્ટ્રેન્ડ હોટેલમાં સુસીમા એક છોકરા જોડે બેઠી હોય છે. ત્યાં એને જોતાં શિરીષ એને બોલાવે છે, પણ એ જાણે એને ઓળખતી જ ન હોય તેમ વર્તે છે. પેલો એના ભાઈની ઓળખાણ આપે છે ત્યારે એનું અપમાન કરતાં કહે છે: "દારૂ પીને ગાંડપણ કરવા માટે તમને કોઈ બીજી જગ્યા ન મળી?" આનો બદલો લેવા એ એના મુનિમ ગોસ્વામીને કહીને પોલીસની મદદથી સુસીમાને ફસાવે છે. એની પાસે એક છોકરાને તાલીમ આપીને લાખોપતિ હોવાનો દેખાવ કરીને મોકલે છે અને જ્યારે એ બન્ને એકાંતમાં મોટરમાં પ્રેમચેષ્ટા કરતા હોય છે ત્યારે ચોકાઓક પોલીસ ત્યાં આવીને એને અનીતિનો ધંધો કરવા માટે પકડીને થાણામાં લઈ જાય છે. આખરે મહામહેનતે દિલીપ એનો જામીન થઈને છોડાવે છે, પણ સુસીમા ભાગી જાય છે. શિરીષને તો કાચનું કારખાનું ખોલવું છે, એટલે એ તપાસ કરનાર અમલદાર બાગચીને લાંચ આપે છે. ખૂબ દારૂ પિવડાવે છે ને છોકરીઓની દલાલી કરતી વેણુ મારફત બાગચી માટે સુસીમાને પણ રોકે છે. બાગચી છાકટો થઈને સુસીમા બેહોશ થાય ત્યાં સુધી એની પર અત્યાચાર કરે છે. પોતાને કારખાના માટે પરવાનો મેળવી આપનાર ભૂધરબાબુ કે જેનું કામ જ સરકારમાં જરૂર હોય ત્યાં, ને જરૂર હોય તેટલી રુશવત આપીને દલાલી મેળવી આપવાનું છે, તેને શિરીષ કહે છે: "હું નશો કરતો નથી. નાનો હતો ત્યારે દારૂના પીઠા પર હું પિકેટિંગ કરતો હતો. બૈરાનું તો મોઢું હું જોતો નથી." સુસીમાએ પણ પોતાના કાર્યને વ્યવસ્થિત બનાવ્યું છે. એ ઘેરથી ચોપડા લઈને જાય છે કૉલેજનું નામ લઈને, પણ કૉલેજમાં જવાને બદલે દલાલણ વેણુદિને ત્યાં જાય છે. એની સાથે સિનેમા જોવાના દસ રૂપિયા, હોટેલમાં જવાના દસ, સાથે સિગારેટ પીવાના પાંચ એમ એના ઠરાવેલા ભાવો છે. એ અંધારું થયા પછી ક્યાંય કોઈની જોડે ન જવાની શરત કરે છે. આ રીતે કમાણી કરીને પોતાનું નાનકડું ઘર બનાવવાનો ને થોડા પૈસા પાસે થાય પછી ઘર માંડવાનો મનસૂબો સેવે છે. એક છોકરો એને પોતાની જોડે લગ્ન કરવાનું કહે છે ત્યારે એ સ્પષ્ટ શબ્દમાં કહે છે: "લગ્ન કરવાં હોય તો તારા જેવા જોડે શા માટે કરું? હું તારા જેવા છોકરીઓ પાછળ પૈસા ઉડાવતા લંપટ છોકરા જોડે લગ્ન કરીને જિંદગી બરબાદ કરવા માગતી નથી".

એક રીતે કહીએ તો સુસીમા તથા શિરીષની પ્રકરી કલકત્તાના ભીતરી જીવનનું ઊંડાણથી આપણને દર્શન કરાવે છે. આ બધાં ચિત્રો કથાકારે અત્યંત કુશળતાથી ગૂંથ્યાં છે. એમણે ક્યારેક ચેતનાપ્રવાહ શૈલીનો ઉપયોગ કર્યો છે. અરવિન્દના ઘરમાં શિરીષ આવ્યો ત્યારે શી ઘટનાઓ બની તે સરઘસની લાઈનમાં ઊભેલા અરવિન્દના સ્મરણરૂપે આલેખાઈ છે. વળી ક્યારેક એક ચિત્રની થોડી રેખાઓ આલેખી, એ ચિત્ર પૂરું કર્યા વિના લેખક બીજા ચિત્રને રેખાંકિત કરવા માંડી જાય છે અને એ પૂરું થાય તે પૂર્વે ત્રીજું ચિત્ર આલેખે છે. પણ આ અધૂરી આંકેલી રેખાવાળાં ચિત્રો સમગ્રપણે કલકત્તાની સુરેખ આકૃતિ આપણી સમક્ષ રજૂ કરે છે. જોકે એ બધાં ચિત્રોને સાંકળતી કડીઓ ઘણી શિથિલ છે. ઘણી વાર લેખકને પુનરુક્તિ કરવી પડી છે. શિરીષની, સુસીમાની, દિલીપની કોઈની પણ વાત ચાલતી હોય ત્યાં વચ્ચે જ 'ઈન્કિલાબ ઝિન્દાબાદ'નાં સૂત્રો દ્વારા પાછા એઓ સરઘસ પાસે પહોંચી જાય છે. એટલે ક્યારેક આપણને કથામાં સળંગસૂત્રતા ન લાગે. પ્રકરીઓની ગૂંથણી ગૂંચ જેવી લાગે, એવું પણ બને છે.

આ કથામાં લેખકે પોતાનાં પાત્રો દ્વારા તો રાજકારણને ચર્ચ્યું છે, પણ એઓ પ્રત્યક્ષ રીતે પણ રાજકારણ પર ચર્ચા કરવાની વૃત્તિનું સંવરણ કરી શક્યા નથી. આમ છતાં એમણે એ ચર્ચા વ્યંગ્યપ્રધાન શૈલીમાં કરી હોવાથી અને સંક્ષિપ્તમાં વેરેલી હોવાથી, એ અનાસ્વાદ્ય નથી બનતી. એમનો મોટા ભાગનો કટાક્ષ અમેરિકા સામે છે.

વાર્તાના આરંભથી લેખકે દેવીને બકરો ચઢાવવા લઈ જતા બુધવારિનું ચિત્ર આપ્યું છે તે તો એક પ્રતીક છે. લેખક પોતે જ કહે છે કે "બુધવારિ કાંધ પર બકરો લઈને હાવડા મેદાનથી ચાલ્યો આવે છે, તે અનાદિકાળથી એમ જ ચાલ્યો આવે છે." અહીં લેખકે રૂઢિપરસ્ત, ધર્મભીરુ, અંધશ્રદ્ધાળુ ગ્રામવાસી તો હજી એ જ પરંપરાને અનુસરે છે એમ દર્શાવીને એવું પ્રતિપાદિત

કર્યું છે કે એ પ્રમાણિકપણે, કષાય દંભ વિના બકરાનું બલિદાન આપે છે. પણ લેખકે શરૂઆતમાં જ કહ્યું છે કે આજે પણ કલકત્તામાં આધુનિક કાપાલિકો નરબલિ આપે છે ને પોતાની પૂજા સિદ્ધ કરે છે. એ આધુનિક કાપાલિકો કયા અને નરબલિ કયા? એક કાપાલિક છે અણસમજુ પ્રજાજનને ઉશ્કેરી, એમને સરઘસમાં મોકલી, એમને ગોળી ખવડાવનાર કે ટ્રામબસ સળગાવરાવી નિર્દોષની હત્યા કરાવનાર રાજકીય પક્ષ, બીજા કાપાલિકો છે શિરીષ જેવા ધનપતિઓ, જે અનેક સુસીમાઓનું બલિદાન રોજ માગી લે છે. ત્રીજા કાપાલિક બાગચી જેવા અમલદારો, જેઓ સુસીમા જેવી અનેક સુંદરીઓનું બલિદાન લે છે. સુસીમા જેવી અનેક કુમળી છોકરીઓનાં જીવન બરબાદ કરીને રાચનારી વેણુ પણ કાપાલિક જ છે ને? પણ બુધવારિ મંદિરે જાય છે ને ખંડાઓ એને હેરાનપરેશાન કરે છે ત્યારે લેખક કહે છે કે "બુધવારિ મા કાલિનો ખોરાક, ખંડાઓનો ખોરાક, રશિયાનો ખોરાક, અમેરિકાનો ખોરાક, ને પી. એલ. ૪૮૦નો ખોરાક. બુધવારિયો છે એટલે તો એમનું પેટ ભરાય છે. એક જણ ભારતનું ગળું ભીંસે છે, બીજો એના બે પગ; એક તરફ અમેરિકા છે, બીજી તરફ રશિયા." અહીં લેખકે રશિયા ને અમેરિકાને પણ કાપાલિકો ગણ્યા છે, જે ભોળા ભારતવાસીઓનો નરબલિ આપે છે.

લેખકની આગલી રાજકીય નવલકથાઓની જેમ આ પણ બંગાળમાં ઘણી લોકપ્રિય થઈ છે, તે તો છેલ્લાં બે-અઢી વર્ષમાં એનાં છ મુદ્રણો થયાં તે દર્શાવે છે. એમની પાસે ગત્યાત્મક ચિત્રો રજૂ કરવાની મોહક શૈલી છે, જીવંત ને સુરેખ પાત્રોને તાદશ રીતે નિરૂપવાની કળા છે, જીવનને જોવાની સૂક્ષ્મ ને વેધક દૃષ્ટિ છે તથા કથાને અનુરૂપ વાતાવરણ સર્જવાનો ક્સબ છે. એથી જ કલકત્તાનાં કરુણ ચિત્રો તેઓ હસતાં હસતાં આંકી શકે છે.

'ગ્રંથ'માંથી સાભાર ચંદ્રકાન્ત મહેતા

મંગળના બે નાના ઉપગ્રહોની આગાહી પ્રથમ એક લેખકે કરી હતી

સૂર્યમાળામાં પૃથ્વીની ભ્રમણકક્ષાની બહાર સર્વથી પ્રથમ જે ગ્રહ છે તે મંગળ, યુદ્ધનો સ્વામી અને આંપણા જ્યોતિષશાસ્ત્રમાં જેની માનવીના લગ્નજીવન પર વધુમાં વધુ અસર હોવાનું મનાય છે તે રક્તવર્ણીય ગ્રહ. મંગળ અને પૃથ્વી વચ્ચે કેટલુંક સામ્ય છે; જો કે તેનું કદ પૃથ્વીના કરતાં નાનું છે. પૃથ્વી પર માનવીએ વિજ્ઞાનની ઉપાસના કરી દૂરદર્શક યંત્રની શોધ કરી ત્યારથી મંગળની ધરતી પર માનવજીવનની શક્યતાનું તેને કુતૂહલ થયું છે તથા તેના બિંબ પર દેખાતા લીટા જેવાં ચિહ્નોથી એ કુતૂહલે તેનામાં એવી કલ્પના સર્જાવી છે કે મંગળની ધરતી પર નહેરો છે તેના એ લીટા છે. વિજ્ઞાનસાહિત્યમાં તો માનવીએ આ કલ્પનાના ઘોડાની લગામ જ છૂટી મૂકી દીધી છે તથા મંગળના માનવીઓને પૃથ્વી પર ચડાઈ કરતા પણ ચીતર્યા છે અને માનવ જ્યારે કલ્પનામાં નહિ, ખરેખર અવકાશયાનમાં અવકાશયાત્રા કરતો થયો ત્યારે ચંદ્ર પર અવકાશયાનની સફરની સિદ્ધિ પ્રાપ્ત કરતાંવાર હવે તેણે મંગળની ધરતી પર માનવીને ઉતારવાની તૈયારી કરવા માંડી છે તથા છેલ્લાં ત્રણ વર્ષમાં ત્રણેક યાનોએ તેનું પરિભ્રમણ કરી તેના વિશેની માહિતી પોતાનાં યંત્રો વડે પૃથ્વી પર પહોંચાડેલી છે. છેલ્લું ત્રીજું અવકાશયાન મરીનર-૯ નું હજી મંગળનું પરિભ્રમણ ચાલુ છે.

પણ આ લેખ, મંગળ આસપાસ આપણી પૃથ્વી પરથી ઊડેલાં અવકાશયાનોના પરિભ્રમણ વિશે નથી, મંગળના બે ઉપગ્રહો વિશે છે. આપણી પૃથ્વીને જેમ એક ઉપગ્રહ ચંદ્ર છે તેમ મંગળને બે ઉપગ્રહો છે. આ ઉપગ્રહો અત્યંત નાના છે. ૧૮૭૭ માં એક શક્તિશાળી દૂરદર્શક યંત્રની સહાયથી એક અમેરિકન ખગોળશાસ્ત્રીએ તેની શોધ કરી અને તેને ગ્રીકની પુરાણકથાઓમાંના યુદ્ધદેવતાના રથના બે ઘોડાઓ ડેમોસ અને ફોબોસનાં નામો આપ્યાં. ડેમોસ મંગળથી ૨૩ હજાર કિલોમીટર દૂર છે, ફોબોસ તો માત્ર ૯,૩૦૦ કિલોમીટર દૂર છે. આ બન્ને ઉપગ્રહો ખૂબ જ નાના છે - અવકાશમાં તો માત્ર રજકણ ગણી શકાય તેવા. ડેમોસનો વ્યાસ માત્ર સાડા પાંચ માઈલનો છે, ફોબોસ દસ માઈલનો છે. ડેમોસ દર ૩૦ કલાક અને ૧૮ મિનિટે મંગળ ફરતી પોતાની પ્રદક્ષિણા પૂરી કરે છે જ્યારે ફોબોસ તો પવનવેગે દોડતો મંગળ ફરતો ફેરો કરતો જાય છે અને માત્ર ૭ કલાક ૩૯ મિનિટમાં લગભગ ચાલીસ હજાર માઈલનું ચક્કર પૂરું કરે છે. સૂર્યમાળામાં ઘણા ગ્રહો છે અને આ ગ્રહોને ઘણા ઉપગ્રહો છે. બધા ઉપગ્રહો ગ્રહોની પ્રદક્ષિણા કરતા જ હોય છે, પણ કોઈ ઉપગ્રહ જે ગ્રહની આસપાસ તે ફરતો હોય તેના ભ્રમણકાળ કરતાં જલદી તેની આસપાસની પ્રદક્ષિણા પૂરી કરતો નથી. માત્ર ફોબોસ એક જ ઉપગ્રહ આમાં અપવાદરૂપ છે. મંગળનો ભ્રમણકાળ ૨૪ કલાક ૩૭ મિનિટ અને ૨૩ સેકંડનો છે જ્યારે ફોબોસ ૭ કલાક અને ૩૯ મિનિટમાં મંગળ આસપાસની પોતાની પ્રદક્ષિણા પૂરી કરે છે. આમ મંગળની ધરતી પર એક દિવસ - રાત પૂરાં થાય ત્યાં સુધીમાં ફોબોસ તો તેની લગભગ ત્રણ પ્રદક્ષિણા પૂરી કરતો હોય.

મંગળના આ ઉપગ્રહો ડેમોસ તથા ફોબોસ વિશે જે એક રાજયબી પમાડે તેવી વાત છે તે એ છે કે ઈ. સ. ૧૮૭૭માં તેની શોધ થઈ તે આગાઉ લગભગ દોઢસો વર્ષ પહેલાં એક કલ્પનાશીલ લેખકે તેના બન્નેના અસ્તિત્વની આગાહી કરી. મંગળને બે ઉપગ્રહો છે એમ તો તેણે લખ્યું એટલું જ નહિ પણ તે નાના છે તથા બહુ જ વેગથી તેઓ તેની પ્રદક્ષિણા કરી રહ્યા છે તેમ પણ તેણે લખ્યું હતું. અંગ્રેજી સાહિત્યમાં જે કેટલાક આદરણીય તથા દીર્ઘજીવી ગ્રંથો છે તેમાં "ગુલિવર્સ ટ્રાવેલ્સ" નામનું એક પુસ્તક છે. જોનાથન સ્વીફ્ટ નામના એક લેખકની લખેલી આ એક કાલ્પનિક પ્રવાસકથા છે. અવકાશની પ્રવાસકથા. આકાશમાં લાપુટા નામનો એક દ્વીપ છે. અહીં પ્રગતિશીલ સમાજનો વાસ છે તથા તેના વતનીઓ વિજ્ઞાનના ઉપાસકો છે અને કથાલેખક કથાનાયક ગુલિવર પાસે એઓની વૈજ્ઞાનિક સિદ્ધિઓનું બયાન કરાવતાં કરાવતાં કહે છે કે:

"લાપુટાના ખગોળવેત્તાઓએ અવકાશમાં બે નાના તારકો, ઉપગ્રહો શોધ્યા છે, જે મંગળ ગ્રહની આસપાસ ફરે છે. આ બે ગ્રહોમાં જે અંદર છે તે મુખ્ય ગ્રહ મંગળના વ્યાસથી બરોબર ત્રણગણે અંતરે છે. જ્યારે બહારનો ઉપગ્રહ મુખ્ય ગ્રહ મંગળના વ્યાસથી પાંચગણે અંતરે છે. અંદરના ભાગમાં જે ઉપગ્રહ છે તે મંગળની આસપાસ દસ કલાકમાં પરિભ્રમણ કરે છે. જ્યારે બહારના ભાગના ઉપગ્રહને મંગળ ફરતું પરિભ્રમણ કરતાં સાડા એકવીસ કલાક લાગે છે. એટલે કે મંગળ ગ્રહનું પરિભ્રમણ કરતાં તેઓને જે સમય લાગે છે તે સમયના વર્ગનું પ્રમાણ, મંગળના કેન્દ્રથી તેઓનું જે અંતર છે તેની બરોબર છે."

જોનાથન સ્વીફ્ટે મંગળના આ બે ઉપગ્રહો વિશે પોતાના પુસ્તકમાં કરેલી આગાહીને પણ ફ્રાન્સના વિખ્યાત વિપ્લવકારી સાહિત્યકાર વોલ્ટેરે પણ પોતાની એક અવકાશપ્રવાસની નવલકથામાં ઉતારી લીધી છે.

જોનાથન સ્વીફ્ટે મંગળ ગ્રહના આવા અતિ નાના ઉપગ્રહોના અસ્તિત્વની આગાહી કઈ રીતે કરી? કેવળ કલ્પનાને આધારે જ કે પછી તેને માટે એની પાસે કાંઈ બીજો સબળ આધાર હતો તેને વિશે વૈજ્ઞાનિકોમાં હજુ પણ ચર્ચા ચાલ્યા જ કરે છે. કોઈ કાંઈ કહી શકતું નથી તથા જોનાથન સ્વીફ્ટની આવી સચોટ આગાહી હજી પણ એવા ને એવા કૌતુકનો વિષય ચાલુ રહેલ છે. તેના રહસ્ય પરથી હજી પડદો ઊંચકાયો નથી.

દરમિયાનમાં હાલ પૃથ્વી પરથી ઊડી મંગળની કક્ષામાં ભ્રમણ કરી રહેલા મરીનર-૯માના અવકાશયાને મંગળનું અવલોકન કરતાં કરતાં સમય મેળવી ડેમોસ તરફ પણ પોતાના કેમેરાને ફેરવ્યો છે અને તેના બિંબની છબિ માનવસમાજ પર મોકલાવી આપી છે.

મોહનલાલ પી. ગાંધી

☆ વિશ્વધર્મ ☆

(ગદ્યગીત)

હે અજ્ઞેય દેવ, કેટલા વાદોએ અને કેટલાય સંપ્રદાયોએ પોતપોતાના વાડામાં તને બાંધી લેવાનો પ્રયત્ન કર્યો, પણ વાહ રે ખેલાડી, તું સહેલાઈથી છટકી ગયો. આજ સુધી કોઈના બંધનમાં ન આવ્યો. તને બાંધતાં - બાંધતાં બુદ્ધિ સ્વયં બંધાઈ ગઈ, તને સ્પર્શ કરવા માટે તર્ક પણ દોડતા દોડતા લંગડાવા લાગ્યો. જ્ઞાનના હોશ - હવાસ જતા રહ્યા, દલીલો દળાઈ ગઈ, વાદો દાંતમાં આંગળાં દબાવીને રહી ગયા. બિચારા "નેતિ - નેતિ" જ કહેતા રહ્યા. શાસ્ત્રોને તો અનેક વાર હાર ખાવી પડી. સંપ્રદાયોની આંખો અંજાઈ ગઈ, ધર્મોનું તો તારી આગળ કાંઈ ન ચાલ્યું - આ બધાએ તારી નવી નવી શોધખોળ કરી. હજી પણ કરતા રહ્યા છે – પણ કાંઈ સફળતા ન મળી. જ્યારે કોઈ જાણકારને પૂછ્યું કે: "ઈશ્વરની બાબતમાં તેણે પોતાના જાદુથી શું જાણ્યું?" તો જવાબ મળ્યો: "એ જાણ્યું કે હજી સુધી કંઈ નથી જાણ્યું."

* * *

મારો આજ પણ કંઈક એવો વિશ્વાસ છે કે તારા દરબારમાં ગરીબ અને નિર્બળોનો જ આદર થાય છે. જ્યાં ગરીબ અને પીડિત તિરસ્કારાય છે ત્યાં તારો દરબાર જ નથી. પોતાની જબરજસ્તીથી દોલતના પૂતળાને સ્વર્ગના રાજ્યમાં ઘસડી ઘસડીને લઈ જવા ઈચ્છે છે, પણ તેઓ ત્યાં ઘૂસવા નહીં પામે તે નિશ્ચિત છે. કેવળ તેઓ જ ત્યાં પ્રવેશ પામી શકશે, જેઓને આજે રોકી રાખવામાં આવ્યા છે.

* * *

દિલમાં તને મળવા માટે તડપ હોય, લગન હોય તો કોઈ પણ રસ્તે તું મળી શકીશ. પરંતુ સારામાં સારા રસ્તામાં પણ જૂઠી બનાવટ છે. બધા જ સાચા છે અને બધા જ જૂઠા છે: તું મળી ગયો તો બધું જ સાચું અને પડદાની આડમાં રહ્યો તો પછી જૂઠો તો છે જ. જ્યાં દર્શન જ ન થયાં તે શોધ શું કામની? તે રસ્તાનો પણ શો અર્થ?

* * *

આ જગતવ્યાપી વૈરનો વિનાશ હવે મહાપ્રલયમાં થશે એવું લાગે છે. આ વૈરે કલ્યાણકારી ધર્મનો નાશ કર્યો. એણે જ સામાજિક સંગઠનને છિન્નભિન્ન કરી નાખ્યું અને એણે આપણી સ્વર્ગશ્રેષ્ઠ પૃથ્વીને નરકથી પણ નિકૃષ્ટ બનાવી દીધી. એણે દંભપૂર્ણ સ્વાર્થની સૃષ્ટિ પેદા કરી અને તેણે જ ઈશ્વરી સત્તાનો તિરસ્કાર કરી, આત્મપતન કરાવ્યું. આ દુષ્ટનાં અનેક રૂપ છે – ક્યાંક ધર્મ વૈર ફેલાવી રહ્યો છે, ક્યાંક વર્ગવિદ્વેષ ફાલી રહ્યો છે અને ક્યાંક વર્ણવિદ્વેષ ફાલી રહ્યો છે.

* * *

હું તે ખુદમસ્તો, યાને કે ઈશ્વરમાં લીન એવા ભક્તોના ચરણોની ધૂળ મારા મસ્તક પર ચઢાવવા ચાહું છું – કે જેની જાતિનું ઠેકાણું ન હોય, જે સમાજથી સજા પામેલા હોય, ધર્મથી ઠુકરાયેલા હોય. તે એવા 'વંઠેલા' હોય કે મંદિરમાં નમાઝ પઢતા હોય, મસ્જિદમાં કીર્તન કરતા હોય, ગિરજામાં આરતી ઉતારતા હોય! હું તો હવે એવા તુચ્છ લોકોની સેવા કરવા ચાહું છું, જે તારી શોધમાં શાસ્ત્રોને છોડી ચૂકયા હોય અને તર્ક-શૃંખલાને તોડી ચૂકયા હોય.

* * *

સંભવ છે, આ સદ્‌ધર્મ શૂન્યયુગમાં અમારી આ વિશ્વકાંતિ પણ અમને કોઈ ઉદ્ધારનો માર્ગ દેખાડી જાય. ધાર્મિક જગતમાં બળવો કરવો જ પડે, અથવા તે થઈને રહે.

* * *

અમે આજ સુધી અમારા જીવનનું જ અપમાન કર્યું છે. બુદ્ધિનું અપમાન કર્યું, હૃદયનું અપમાન અમે કર્યું અને આત્માનું પણ અપમાન અમે જ કર્યું. આ ઉપકરણોથી તો જીવનનું નિર્માણ થાય છે. આવા તુચ્છ ઉપકરણોના સમૂહને અમે ધાર્મિક જીવનનું નામ દઈ પરમાત્મા! તારી સત્તાનો કેવળ ઉપહાસ જ કર્યો છે.

* * *

જીવનસંગ્રામમાં અમે અમર વિજય ઈચ્છીએ તો એક જીવિત વિશ્વધર્મ શોધવો જ પડશે. રૂઠેલા દેવ! તે નવનીતનું નજરાણું દઈને અમે તને મનાવી શકીશું, રીઝાવી શકીશું. અમે એવી ભેટ તારાં ચરણો પર ચઢાવવા ઈચ્છીએ છીએ કે જે સામાન્ય માણસોએ તૈયાર કરી હોય. તે મનુષ્યનિર્મિત હોય, નહીં પશુનિર્મિત કે દેવનિર્મિત. અમને વિશ્વાસ છે, કે તું તારા મધુર હાસ્યનાં મોતી અમારી તે ભેટ પર જરૂર વેરી દઈશ...જો વિશ્વ યુગની અમારી આ નવી ભેટને હે સુંદરતમ! એકવાર પણ તારા મધુર હાસ્યથી તેને સ્પર્શ કર તો અમે ધર્મભ્રષ્ટ સામાન્ય સેવક કૃતકૃત્ય થઈ જાશું.

* * *

હે વિશ્વેશ! તારો સંકેત જે ધર્મ પ્રતિ થયો છે, તે વિશ્વધર્મ ન તો નવો હશે કે ન પ્રાચીન. વિશ્વ તે સામાન્ય ધર્મની સાધના કરતા નવીનતામાં અને પ્રાચીનતામાં નવીનતા જોશે.

* * *

બુદ્ધિથી પ્રાચીન બીજું શું હોઈ શકે? તે વિશ્વધર્મની સાધના અમે વિવેકથી જ કરીશું.

* * *

માન્યું કે ધર્મશાસ્ત્ર પ્રાચીન છે, પરંતુ શાસ્ત્રોની જનની પ્રજ્ઞા (બુદ્ધિ) તો તેનાથી પણ પ્રાચીન છે. એટલે વિશ્વધર્મમાં વિવેકને પહેલો આદર આપવો જોઈએ અને શાસ્ત્રોને પછી. આ તેની પુનિત પ્રાચીનતા હશે.

* * *

પ્રાણશક્તિ તેમાં ભાવનાની જ હશે – તે જ્ઞાન અને કર્મની, કોઈ પણ પ્રકારના વિરોધ વગરની ભક્તિભાવના. તે વાસનાને લાત મારીને સાધનાને આલિંગન દેવાવાળી આધ્યાત્મ ભાવના. ભાવના જ તે સત્યમાં અક્ષરસૌન્દર્યની સૃષ્ટિ રચશે.

* * *

તે મંદિર સાર્વજનિક હશે–બધાનું હશે. તે ભિન્નતામાં અભિન્નતાનું દર્શન કરાવશે. એનો આકાર પણ જુદો હશે; મંદિર પર શિખર હશે, ગુંબજ પણ હશે, તેના પર કળશ પણ હશે, ધ્વજા પણ હશે અને ક્રોસ પણ હશે. સત્યનો સર્વત્ર વાસ છે. ઉપાસનાના રામયે પૂર્વ - પશ્ચિમનો કોઈ ઝઘડો નહીં રહે. ખુદા કઈ તરફ નથી? --રામ-કૃષ્ણ-શંકર-ભગવાનની જ તો બધી દિશાઓ છે - મંદિરના દરેક ખૂણામાં કાશી હશે અને દરેક ખૂણામાં કાબા. ત્યાંના સાધક ખારા પુનિત પથ્થરને ચૂમશે અને દંડવત્ પ્રણામ પણ કરશે.

* * *

પ્રાર્થનાના મંત્ર સંસ્કૃત અને પ્રાકૃતમાં પણ હશે. અરબી અને ફારસીમાં અને લૅટિન, અંગ્રેજી, જર્મની અને બીજી બધી ભાષાઓમાં પણ તેવા જ છે – અરે! પ્રાર્થનાની ભાષા તો હૃદયની ભાષા છે. ત્યાં પોતપોતાના અંતઃસ્તલમાંથી નીકળેલી પ્રાર્થનાથી બધા તને મનાવશે – બધા તને રીઝવશે.

અર્થ, ધર્મ, કાળ અને મોક્ષના સમન્વયપથ પર જ હવે આપણે આપણો જીવનરથ લઈ જવો પડશે.

* * *

કર્મવાદનો આદર કરતાં પણ સાધક પોતાની કમજોરીના હિસાબ મારા ન્યાયાધીશ, તારા પગની પાસે રાખતા રહેશે. તારાથી કોઈ આવરણ નહીં રાખી શકે. સામર્થ્ય દે, કે અમે બધા અસમર્થ સાધક, પોતપોતાનું આવરણ હટાવીને, તારી સમક્ષ ક્ષમાની ભીખ માગી શકીએ.

મતવિદ્વેષી, વર્ણવિદ્વેષી અને વર્ગવિદ્વેષી ધાર્મિક અને સામાજિક કાયદા બનાવવાવાળા નહીં હોય. અદાલતમાં ધર્મની દુહાઈ નહીં દઈ શકાય, ઈમાનનો સોદો ત્યાં નક્કી નહીં કરી શકાય, મતભેદ તો થશે પણ પ્રેમભાવમાં કોઈ અંતર નહીં આવી શકે: આત્મ સમતાના સૂત્રમાં વિષમતાના વિવિધ મોતી ગુંથાયેલા રહેશે.

આપણે પ્રેમનું દર્શન કરવું છે; એટલે સંકુચિતતાની સીમા ઉલ્લંઘવી જ પડશે. ધર્મમાં આપણે સકળશક્તિની ઝાંખી જોવી છે. એટલે સહિષ્ણુતાનું અવલંબન લેવું જ પડશે. આપણો ભાવિ ધર્મ આર્ય ધર્મ, બૌદ્ધ ધર્મ, ઈસ્લામ ધર્મ અને ઈસાઈ ધર્મ સુધી જ સિમીત ન રહીને, વ્યાપક વિશ્વ ધર્મ થશે.

પરમ પ્રભુના ચરણોની પાસે આ વિશ્વધર્મ જ આપણને લઈ જશે.

મૂળ લેખક: **વિયોગી હરિ:** અનુ: **ગુણવંત ભટ્ટ**

જોગ એસા હોય

'જુગતસે નર જીવે જોગી,
મુગતસે પરમાણુ રે,
દયા કફની પેર બાવા, નામ હે નિર્વાણ જી,
ખમા ખલકો પેર અવધૂત, નામ હે આલેક જી.
એવા એવા ગુરુ મારા, ગગન સુધી જાય રે,
કોણ સીંચે, કોણ પીએ, કોણમાં સમાય જી?—
એવા ગુરુ મારા ચક્કર ભેદી, ગગન સુધી જાય રે,
નૂરતા સીંચે, સુરતા પીએ, સૂનમાં સમાય જી—
શૂરા માથે પૂરા આવ્યા, આવ્યા લડાઈ માંહ્યા રે,
જ્ઞાન હૂંદા ગોળા વરસે, રતનિયાં વેરાય જી—
તીન શોધો, પાંચ બાંધો, આઠ માંહ્યલો ઠાઠ રે,
આવો હંસા, પીઓ પાણી, ત્રિવેણીના ઘાટ જી—
મેલ માયા, મેલ મમતા, મેલ ડારો દોય રે,
મછંદરનો ચેલો બોલ્યા, જોગ એસા હોય જી.'

ભજનવાણી એકીસાથે બે કામ કરે છે. શબ્દના પ્રહારથી તે આપણા અહમ્‌નું કોચલું ભાંગી નાખે છે અને આત્મદર્શનનું અમૃતજળ પાય છે. ગોરખનાથ કહે છે તેમ 'સબદૈં મારી, સબદૈં જિલાઈ'- શબ્દથી મારવાની અને શબ્દથી જીવતા કરવાની આ ક્રિયા છે. ગોરખનાથના આ ભજનમાં એ કળાની ઝાંખી થાય છે. પહેલો પ્રશ્ન તો એ કે યોગી પુરુષ કેવી રીતે જીવે? અને એ જીવવાની કળા તેને કેવી રીતે પ્રાપ્ત થાય? આ ભજનમાં તેનું ચોટદાર વર્ણન છે. ભજન કહે છે કે યોગીનર જીવે 'જુગતસે,' યુકતપણે. ગીતામાં કહ્યું છે:

'યુકતાહારવિહારસ્ય યુકત ચેષ્ટસ્ય કર્મસુ,
યુકત સ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા.'

યુકત આહાર-વિહાર, યુકત પ્રવૃત્તિ, યુકત નિદ્રા અને જાગૃતિ રાખનારને દુઃખોનો નાશ કરનારો યોગ સિદ્ધ થાય છે. ગમે તેવી પરિસ્થિતિમાં યથાયોગ્ય રીતે વર્તે તે યોગી. પણ આ યોગ સિદ્ધ થયો છે તેનું પ્રમાણ શું? ભજન કહે છે: 'મુગતસે પરમાણુ,' યોગી કેટલો મુકત બન્યો એ તેનું પ્રમાણ. આપણાં કાર્યો તો ક્રિયા—પ્રતિક્રિયા અને આઘાત-પ્રત્યાઘાતના વિષચક્રમાંથી નીપજતાં હોય છે. પણ યોગીના વિચાર, વાણી અને કર્મ તો સ્વેચ્છાપૂર્વક, સ્વ- નિર્ણયમાંથી પાંગરે. તે યુકતપણે વર્તે છે કારણ કે બહારના પ્રભાવથી તે મુકત છે. મુકિતનો આ માપદંડ જ યોગી કેટલો યોગારૂઢ થયો તેનું પ્રમાણ છે.

સર્વ સાથે યુકત થવાના પ્રદેશમાં આ મુકિતનું ઝરણ વહે ત્યારે તેની ગતિ કેવી હોય?

સર્વ પ્રત્યે દયા-કરુણા એ પહેલો ભાવ અને બીજાઓ તરફથી અવરોધ કે આઘાત આવે ત્યારે ક્ષમા એ બીજો ભાવ. માણસ કેવો વહેતો રહે છે અને વિરોધને સમાવતો જાય છે તેમાં તેનું સામર્થ્ય છે. પણ પોતાની જાતનાં બંધનો તોડયા વિના એ નથી બનતું. ભજન કહે છે: સાધુ, કોઈ નામ-રૂપના અને વેશભૂષાના ઓળામાં તું બંધાઈ જા એ કેમ ચાલે? દયાની કફની પહેર, ક્ષમાનો આલખલો ધારણ કર, કારણ કે, તારું સાચું નામ તો નિર્વાણ છે, જ્યાં ઈચ્છામાત્રનું વિસર્જન થઈ જાય છે. તારું સાચું સ્વરૂપ તો અલખ છે, જ્યાં આંગળી ચીંધી શકાય એવા ઓળખ-પારખના સર્વ બિલ્લા સરી પડે છે.

દયાની કફની અને ક્ષમાના ખલકાની વાત ભજન કરે છે ત્યારે ક્રિએકેગાર્ડનાં વચનો યાદ આવે છે. તેણે 'વર્કર્સ ઑફ લવ'માં કહ્યું છે કે આપણે આપણાં નામ-રૂપનાં વસ્ત્રો બહુ ચુસ્ત રીતે પહેરીએ છીએ. પછી એ વસ્ત્રો ઉતારવાનો વારો આવે છે ત્યારે બહુ તકલીફ પડે છે. એટલે સમજીને આ વસ્ત્રો ઢીલાં પહેરીએ, ગાંઠ ઓછી વાળીએ તો આપણો પાઠ ભજવ્યા પછી આ વસ્ત્રો ઉતારતાં તકલીફ ઓછી પડે. પણ જેણે વસ્ત્રો તો ઢીલાં પહેર્યાં ને એ વળી દયાક્ષમાના તાણા-વાણાથી વણ્યાં એ તો આ વસ્ત્રો સાથે જ મુકત ગગનમાં વિહરી શકે છે.

'એવા એવા ગુરુ મારા, ગગન સુધી જાય રે.'

આ ગગન સુધી જવાની વાત શી છે? પંચ મહાભૂતના શરીર સાથે ચિત્તની જે એકતા વણાઈ ગઈ છે એ જ મૂળ ગ્રંથિ છે અને યૌગિક સાહિત્યમાં આ ગ્રંથિભેદ થતો આવે તેને ચક્રભેદનના નામે ઓળખવામાં આવે છે. પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુતત્ત્વ સુધી વિકારોનો સંભવ રહે છે. પણ આકાશ-તત્ત્વ સુધી પહોંચ્યા પછી ચિત્તની વિકૃતિ થતી નથી. એટલે જ એ ચક્રને વિશુદ્ધ ચક્ર નામ આપવામાં આવ્યું છે. પણ આ વિશુદ્ધિ એ છેલ્લો મુકામ નથી. 'નિત્ય સત્ત્વસ્થ'ની ભૂમિકા છે. ત્યાર પછી ભજન કહે છે તેમ 'સૂનમાં સમાય'—અહંનો સર્વથી લય થઈ જાય છે.

આવા નિર્મલ ચિત્તના નિર્માણ અને અહંને નામશેષ કરવા માટે કઈ વસ્તુઓ જરૂરની? ભજન કહે છે: નૂરતા અને સુરતા. નૂરતા એ નિઃસ્પૃહતા, વૈરાગ્યની સૂચક છે. સુરતા એ પ્રભુપ્રેમ અને તલ્લીનતા બતાવે છે. વાસનાની નિવૃત્તિ અને પરમાત્મ-પ્રેમની પ્રવૃત્તિ એ એકબીજાનાં પૂરક છે. આ બંને પાંખો દ્વારા જ માણસ આંતરિક મુકિતના આકાશમાં ઊંચે ચડે છે, પણ આ મુકિત સહેલાઈથી નથી મળતી. તીવ્ર ઝંખનાની આગથી ઈન્દ્રિય-મનનું પિંજર જલાવ્યા વિના કોઈ ગગનમાં ઘર કરી શકતું નથી. પ્રકૃતિનાં સર્વ અવલંબનોને દૂર કર્યા પછી જ નિરાલંબ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

ભજન કહે છે: 'શૂરા માથે પૂરા આવ્યા, આવ્યા લડાઈ માંહ્ય રે.' ઈન્દ્રિયો અને મન મહા બળવાન છે. પણ આ 'શૂરવીર' ઈન્દ્રિયોને વશ કરી શકે એવો 'પૂરો'—પૂર્ણ સમર્થ આત્મા પણ મનુષ્યના શરીરમાં જ રહ્યો છે. જ્યારે પોતાની પૂરી તાકાતથી આત્મા મેદાનમાં આવે છે ત્યારે ઈન્દ્રિયોનું તેની પાસે કાંઈ ચાલતું નથી. જ્ઞાનના ગોળા વછૂટે છે અને જડતાના કિલ્લા જમીનદોસ્ત થતા જાય છે. અને ખૂબી તો એ છે કે આ શૂરા અને પૂરાની લડાઈમાંથી ભંગાર હાથ લાગતો નથી પણ 'રતનિયાં વેરાય,' અત્યંત મૂલ્યવાન અનુભૂતિઓના ચમકારા મળે છે. પોતાની અંદર જ આત્માની વિવિધ વિભૂતિનાં દર્શન થતાં મનુષ્ય આનંદ માટે બહાર ભટકતો નથી પણ અંતરમાં જ આત્યંતિક સુખનો અનુભવ કરે છે.

ભજન કહે છે: 'તીન શોધો, પાંચ બાંધો, આઠ માંહ્યલો ઠાઠ જી.' આ માર્ગ અંદરની ખોજનો છે, અંદરના વિજયનો છે અને નાશવંત પ્રકૃતિના ઠાઠમાઠને નિહાળી તેમાંથી અવિનાશીને પામવાનો છે. સત્ત્વ-રજ-તમ એ ત્રણે ગુણો આપણા પર કેવી રીતે પોતાનો પ્રભાવ પાથરે છે અને તેનું પરિણામ શું આવે છે તેના પર વિચાર કરો. પાંચ જ્ઞાનેન્દ્રિયોને વશ કરો અને અષ્ટધા પ્રકૃતિનો આ બધો આડંબર કેવો પરિવર્તનશીલ છે તેને બરાબર તપાસી જુઓ. આવા આંતર-નિરીક્ષણથી વિશુદ્ધ થયેલી તમારી વિવેકશકિત વડે પછી નિર્મળ આનંદનું પાન કરો. 'ત્રિવેણીનો ઘાટ'—એ યૌગિક રૂપકમાં જ્યાં ઈડા, પિંગળા અને સુષુમ્ણા નાડી મળે છે તે ભ્રૂમધ્યનું સ્થાન છે તેને ત્રિકૂટિ પણ કહે છે. ત્યાં મન, બુદ્ધિ અને અહંકારના પ્રદેશની હદ છે. વિચાર, વાણી, કર્મની ત્યાં એકતા સધાય છે, અને તે શુદ્ધ જ્ઞાનનું કેન્દ્ર મનાય છે. 'આવો હંસા, પીઓ પાણી'—આપણો આતમહંસ ત્યાં નિર્ભેળ આનંદ પામે છે ને તેને પછી કશી તૃષા સતાવતી નથી.

મછંદરનો ચેલો, ગોરખ કહે છે કે માયાને પરહરો, મમતાને મૂકી દો અને દ્વૈત ભાવનો સદંતર ત્યાગ કરો. યોગ તો એવો હોય, જ્યાં પોતાની અસલ જાતથી જ વિખૂટો પડેલો મનુષ્ય પોતાને સાચી રીતે પામે. પોતાની જાતનું સંશોધન, પોતાની ક્રિયાઓનું નિરીક્ષણ અને અંતે આત્માનું શુદ્ધ દર્શન તે ગોરખનાથના ભજનનો સાર છે. સંત દરિયાસાહેબે આ સત્ય એક સાખીમાં જ કહી દીધું છે:

'જીવ જાત સે બિછુડા; ધર પંચતત કા ભેખ,
દરિયા નિજ ઘર આઈયા, પાયા બ્રહ્મ અલેખ.'

મકરન્દ દવે

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ માર્ચ ૧, ૧૯૭૨ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

અમેરિકા, ચીન અને રશિયા

આ લખાય છે ત્યારે પ્રેસિડન્ટ નિક્સનની ચીનની મુલાકાત શરૂ થાય છે. આ લખાણ પ્રકટ થશે ત્યારે તે મુલાકાત પૂરી થઈ હશે. નિક્સને આ મુલાકાતને શાન્તિયાત્રા તરીકે વર્ણવી છે. આ શિખર મંત્રણાની ફલશ્રુતિ વિશે હવે પછી ખબર પડશે. દુનિયાભરમાંથી લગભગ ૧૦૦ પત્રકારો ચીનમાં ઊતરી પડ્યા છે. ખાસ ટેલિવિઝનના કાફલાઓ ગયા છે. આ સપ્તાહ દરમ્યાન અને ત્યાર પછી લાંબા સમય સુધી આ મંત્રણાના અહેવાલો અને પરિણામો વિશે ખૂબ લખાશે. એક હકીકત સ્પષ્ટ છે કે આ બનાવ ખરેખર ઐતિહાસિક છે અને તેનાં પરિણામો દૂરગામી હશે. અમેરિકન પ્રેસિડન્ટ કોઈ વિદેશમાં સાત દિવસ રહે એ જ અસાધારણ છે. આ મુલાકાત જે ગુપ્તતાથી ગોઠવવામાં આવી અને અણધારી તેની જાહેરાત થઈ તે આશ્ચર્યજનક હતું. જરાસી ઢબે કિસિન્જર ચીન ગયા અને જે દેશો સાથે અમેરિકાને ગાઢ સંબંધ છે એવા બ્રિટન, ફ્રાન્સ કે જાપાનને કોઈ પણ જાણ કર્યા વિના નિક્સને પોતાના આવા મહત્ત્વના નિર્ણયની જાહેરાત કરી, તેમાંથી રહસ્યમય વાતાવરણ સર્જાયું છે. જુલાઈ મહિનામાં નિક્સને જાહેરાત કરી ત્યારથી નિક્સન અને માઓના હેતુઓ વિશે તર્કવિતર્કો થતા રહ્યા છે.

આવી શિખર મંત્રણાની ઉપયોગિતા અને સફળતા વિશે પણ ગંભીર શંકાઓ વ્યકત થઈ છે. જ્યાં પરસ્પરનાં હિતો સમાન હોય પણ અન્ય કારણોએ ગેરસમજૂતી અથવા મતભેદ ઉત્પન્ન થયા હોય ત્યારે અંગત વિચારવિનિમય ઉપયોગી થાય. પણ જ્યાં પાયાના વિરોધ હોય અને હિતોનો સંઘર્ષ હોય ત્યાં ચાલો, સાથે બેસી દિલ ખોલી વાતો કરી લઈએ, એવો વ્યવહાર રાજકારણમાં સફળ થવાનો સંભવ બહુ નથી. કદાચ મતભેદો વધે અથવા વધારે ઉગ્ર બને એવો સંભવ પણ અસ્થાને નથી. માનવમન ગૂઢ અને મોટે ભાગે અજ્ઞાત છે. કોઈ વ્યકિતને બીજા પ્રત્યે ક્યારે અને કયા કારણે ગમો કે અણગમો થશે તે કહેવું મુશ્કેલ છે. તદ્દન નજીવા કારણે–કે જે કહેવાય પણ નહિ– આકર્ષણ કે વિરોધ જન્મે. સરભરા બરાબર નથી થઈ કે માન જળવાયું નથી એમ લાગે ત્યાં આવું બની જાય અને અમાપ સત્તા ભોગવતા મહાન સત્તાઓના વડાઓ વચ્ચે આવો મતભેદ ઊભો થઈ જાય ત્યારે તેનાં પરિણામો બન્ને દેશોએ ભોગવવાનાં રહે છે. વળી આવી શિખર મંત્રણા ચેસની રમત છે. નિક્સન-કિસિન્જર માઓ-ચાઉ ઉપર સરસાઈ મેળવશે કે સામે પક્ષે એવું બનશે તેની સતત સાવચેતી રહેશે. જે હોય તે, મંત્રણા યોજાઈ છે ત્યારે પહેલાં તેની ભૂમિકા સમજવા પ્રયત્ન કરીએ.

એક હકીકત આંખે ઊડી બાઝે તેવી છે. ૨૨ વર્ષ પરસ્પરની દુશ્મનાવટ સેવ્યા પછી, નિક્સન અને માઓને મૈત્રી કરવાનું મન કેમ થયું? ચીન સામ્યવાદી મટી ગયું નથી અને અમેરિકા મૂડીવાદી મટી ગયું નથી. ૨૨ વર્ષ સુધી ચીનને રાષ્ટ્રસંઘ–યુનાટેડ નેશન્સ-ના સભ્ય થવા ન દીધું, એવું કારણ આપીને કે ચીન રાષ્ટ્રસંઘના સિદ્ધાંતો સ્વીકારતું નથી અને સભ્ય થવાને પાત્ર નથી. ૧૯૪૯માં સામ્યવાદી પક્ષ ચીનમાં સત્તારૂઢ થયો ત્યારથી મેકાર્થી-હોલેસનીતિ રહી છે. અમેરિકાને સદા સામ્યવાદનો ભય રહ્યો છે. સાથેસાથે પોતાની સલામતીનો ભય પણ રહ્યો છે. રશિયા ૧૯૧૭માં સામ્યવાદી થયું અને વખત જતાં અમેરિકાની બરોબરી કરી શકે એવી મહાસત્તા બન્યું. ૧૯૪૯માં ચીન સામ્યવાદી બન્યું ત્યારે આ ભય અનેક ગણો વધી પડ્યો. આવા મોટા બે દેશો સામ્યવાદી હોવાના કારણે એક થાય તો તેનો સામનો કરવો અતિ વિકટ થઈ પડે. શરૂઆતમાં ચીન અને રશિયા વચ્ચે સ્વાભાવિક પરસ્પર સહકાર અને સહાય રહ્યાં. રશિયાએ ચીનને ખૂબ મદદ કરી. ઓટલે ચીન-રશિયા તરફનો ભય વધતો રહ્યો. આ ભયને ઓછો કરવા ચીનનો સખત વિરોધ ચાલુ રાખ્યો અને રશિયા સાથેના સંબંધ સુધારવા પ્રયત્ન કર્યો. સ્ટેલિન પછી કુશ્ચેવની પણ અમેરિકા સાથે સહઅસ્તિત્વની નીતિ રહી. લગભગ ૧૯૫૮થી આ પરિસ્થિતિમાં પલટો આવ્યો. ચીન અને રશિયાના સંબંધો બગડ્યા અને તૂટ્યા અને આત્યારે ચીન અને રશિયા દુશ્મન બન્યા છે. બે સામ્યવાદી દેશો એકબીજાના દુશ્મન કેમ બન્યા તે ઈતિહાસનો એક કોયડો છે. સામ્યવાદ આંતરરાષ્ટ્રીય ગણાય છે. તેને સીમાડા નથી. રશિયા અને ચીનના સંબંધો કેમ બગડ્યા તે એક જુદો વિષય છે. તે વિશે ખૂબ અભ્યાસ થયો છે. કુશ્ચેવે પોતાના સંસ્મરણો લખ્યાં છે તેમાં આ વિશે એક પ્રકરણ છે. તેનો સાર આ અંકમાં અન્યત્ર આપ્યો છે. અહીં નોંધવા જેવી હકીકત એ છે કે અમેરિકાની વિદેશનીતિ ઘણાં વર્ષો સુધી એ માન્યતા ઉપર રચાયેલી હતી કે રશિયા અને ચીન સદા સાથે રહેશે. હવે કંઈક એવી માન્યતા જણાય છે કે રશિયા અને ચીન સદા દુશ્મન રહેશે. દુશ્મનનો દુશ્મન મિત્ર એ જાણીતા ધોરણ ઉપર હવે ચીન અને અમેરિકાની નીતિ રચાતી હોય તેમ લાગે છે. પહેલી માન્યતા ભૂલભરેલી નીકળી તેમ જ બીજી પણ ખોટી ઠરે તો નવાઈ નહિ. પણ વર્તમાનમાં આવી માન્યતાના ધોરણે ચીન અને અમેરિકા પોતાની વિદેશનીતિને પાયાનો પલટો આપી રહ્યા છે. નિક્સન એમ માને છે અને તે હકીકત છે કે રશિયા જેવી મહાસત્તા થતા ચીનને વર્ષો લાગશે, તેથી રશિયા તરફથી જે ભય છે તે ચીન તરફથી નથી, તેમ જ ચીન અને રશિયા વચ્ચેનો સંઘર્ષ જોતાં રશિયા તરફનો ભય ઓછો કરવામાં ચીન ઉપયોગી થાય.

બીજા વિશ્વયુદ્ધ પછી એશિયામાં બ્રિટન અને ફ્રાન્સનાં સામ્રાજ્યો વિલીન થયાં. બધા મોટા દેશો ખુવાર થયા. અમેરિકા એક જ સમૃદ્ધ દેશ રહ્યો. દુનિયાની આગેવાની અને ચોકી કરવાની જવાબદારી અમેરિકા ઉપર આવી પડી. દક્ષિણ–પૂર્વ એશિયામાંથી ફ્રેન્ચ સત્તા વિદાય થઈ ત્યારે ચીનનું વર્ચસ વધે નહિ અને સામ્યવાદને ફેલાતો અટકાવવા અમેરિકાએ દક્ષિણ–પૂર્વના દેશોમાં આઠેક લશ્કરી અને

આર્થિક સહાય કરી. તાઈવાન, થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા, વિયેટનામ, જાપાન વગેરે દેશોને અમેરિકાના વર્ચસ નીચે રાખવા બધા પ્રયત્નો કર્યા. ઉત્તર વિયેટનામમાં સામ્યવાદી સત્તા થઈ ત્યારે દક્ષિણ વિયેટનામનો કબજો કરી, પોતાનું લશ્કર મોકલ્યું અને યુદ્ધમાં સંડોવાયું. વિયેટનામની પ્રજાની ખાનાખરાબી કરી અને સત્યાનાશ વાળ્યું છતાં નામોશીભરી રીતે ત્યાંથી ભાગવું પડે એવી પરિસ્થિતિ થઈ. અમેરિકાની પ્રજા આ યુદ્ધથી ત્રાસી ગઈ. તેમાંથી કાંઈક આબરૂભેર છૂટવાના એક પ્રયત્ન તરીકે નિક્સન ચીનની મદદ લેવા ઈચ્છતા હોય તેમ જણાય છે. આ પ્રયત્નમાં તેમને સફળતા મળે એવાં ચિહ્નો દેખાતાં નથી. ઉત્તર વિયેટનામને ચીન કોઈ સંજોગોમાં નારાજ કરી શકે તેમ નથી. રશિયા ઉત્તર વિયેટનામને પુષ્કળ મદદ કરે છે. દક્ષિણ-પૂર્વ એશિયામાં રશિયાની અસર વધે તે ચીનને પોસાય તેમ નથી. વિયેટનામ સંબંધે કાંઈક ખાનગી સમજણ નિક્સન ચીન સાથે કરી શકશે કે નહિ તે જોવાનું રહે છે.

બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાનું સ્થાન અજોડ બન્યું હતું. દુનિયાના ઘણા દેશોને તેની સહાય ઉપર જીવવું પડે એવી સ્થિતિ હતી. ત્યાર પછીનાં ૨૫ વર્ષના ગાળામાં આ પરિસ્થિતિ પલટાઈ ગઈ છે. યુરોપના દેશો ભાંગી ગયા હતા તે સમૃદ્ધ થયા છે. અમેરિકાથી દબાઈ રહેવું પસંદ નથી. અમેરિકાનો પ્રભાવ ઓછો કરવાની પ્રક્રિયા દ'ગોલે શરૂ કરી. યુરોપની મજિયારી બજાર થઈ તેણે આ પ્રક્રિયાને વેગ આપ્યો. હવે બ્રિટન પણ તેમાં જોડાયું. બ્રિટન અને અમેરિકાના વિશિષ્ટ સંબંધોને કારણે ફ્રાન્સ બ્રિટનને મજિયારી બજારમાં દાખલ થવા દેવા ઈચ્છતું ન હતું. અમેરિકા સાથેના વિશિષ્ટ સંબંધો કરતાં યુરોપના દેશો સાથે આર્થિક સંબંધો જોડવામાં બ્રિટનને પોતાનું હિત જણાય છે. અમેરિકાની આર્થિક સ્થિતિ કથળતી રહી છે. ડૉલરનું અવમૂલ્યન કરવું પડ્યું. બેરોજગારીનું પ્રમાણ વધતું રહ્યું છે. ચીન સાથે સંબંધો સુધરે તો ૭૦ કરોડની પ્રજા સાથે વેપાર વધે તે પ્રલોભન અમેરિકાના ઉદ્યોગપતિઓને હોય તેમ જણાય છે.

અમેરિકન પ્રેસિડન્ટની આ વર્ષે ચૂંટણી છે. નિક્સન બીજી ટર્મ માટે આતુર છે. એમ કહેવાય છે કે ચીન સાથે મૈત્રીભર્યા સંબંધો થાય તો નિક્સનને ફરી ચૂંટાઈ આવવાના સંજોગો ઊજળા બને. અમેરિકાની પ્રજા ભાન ભૂલી હોય તો આવું બને. એમ માનવામાં આવે છે કે વિયેટનામના યુદ્ધમાંથી છુટાય અને આર્થિક સ્થિતિ સુધરે તો વિદેશો સાથેના સંબંધો કેવા રહે છે તેની અમેરિકન પ્રજાને પડી નથી. આ બે વસ્તુ પોતે કરી બતાવશે એવી હવા ઉત્પન્ન કરવા નિક્સનના બધા પ્રયત્નો છે.

ભારત-પાકિસ્તાન યુદ્ધમાં નિક્સને અવળચંડી નીતિ આદરી. પરિણામે ભારત અને રશિયા વધુ નજીક આવ્યા અને રશિયાનો પ્રભાવ વધ્યો તેથી નિક્સનની મૂંઝવણ વધી છે. ચીન સાથે સારા સંબંધો કરવામાં નિક્સનને ઘણો ભોગ આપવો પડશે. દક્ષિણ વિયેટનામ, દક્ષિણ કોરિયા, તાઈવાન, જાપાન—આ બધા દેશો અમેરિકાના જોર ઉપર નભે છે. હવે તેમણે ચીનને નમતું મૂકવું પડશે. અમેરિકા ઉપર વિશ્વાસ નહિ રહે.

બધા સંજોગો જોતાં ઓકંદરે એમ લાગે છે કે નિક્સનની આ નીતિથી ચીનને બધી રીતે લાભ થાય તેવો સંભવ છે. અમેરિકાને કાંઈ લાભ થાય કે નહિ તે ભવિષ્યમાં ખબર પડશે. ચીન-અમેરિકા વચ્ચે કેવા પ્રકારની સમજૂતી થાય છે તે ઉપર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નવી પરિસ્થિતિ ઉત્પન્ન થશે. ભારતને તેમાં આગત્યનો ભાગ ભજવવાનો રહેશે.

૨૧-૨-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

અમથું હું પૂછું

બંધ બંધ કળીઓમાં પૂરો જો આંખ : તો તો
કેટલીયે પાંદડીનાં તેજ!
મૂંગી વાણીને તીર સરવા જો કાન કરો,
તમને ના ભીંજવશે ભેજ?
આવું કે ના'વું, ને બોલું—ન બોલું : તમે
લેતાં આ રઢ શાને ખાલી?
વાયરાના આવવાનાં નહોયે એંધાણ :
એને પગલાંથી પારખ્યો તિતાલી.
આણજાણી દશથી જે આવે એ સૌરભમાં
લ્હેરખી તો સ્હેજે આમેજ!
રડવાનું રણમાં ને મળવાનું મેળામાં
ને ગીત વિના કોરો આ કંઠ :
આ રે વરદાન કિયા ભવનાં? કે અમરતના
અવરોધે હું તો નીલકંઠ!
"ભીડમાં મળ્યાંનો મને ખટકો : પણ તમને શું?"
અમથું હું પૂછું છું સ્હેજ.

જગદીશ જોષી

સંઘ સમાચાર

સ્વ. પરમાનંદભાઈની પ્રથમ પુણ્યતિથિ

સ્વ. પરમાનંદભાઈની પ્રથમ પુણ્યતિથિ આગામી ૧૭મી એપ્રિલના રોજ આવતી હોઈ તે દિવસે શ્રીમતી શારદાબહેન બાબુભાઈ શાહનાં ભજનો રાખવાનું નક્કી કરવામાં આવેલ છે. શ્રી. કિશનસિંહ ચાવડાને અહીં ઉપસ્થિત થવાની અનુકૂળતા હશે તો તેઓ સ્વ. પરમાનંદભાઈના જીવન અને કાર્ય વિષે બોલશે. આ માટે તેમને નિમંત્રણ આપવામાં આવેલ છે.

આ ઉપરાંત સ્વ. પરમાનંદભાઈની બીજી પુણ્યતિથિના રોજ તેમના પ્રગટ અને અપ્રગટ લેખોમાંથી સારા લેખો ચૂંટીને એક પુસ્તક પ્રગટ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે અને આ કાર્ય માટે નીચેની એક સબ-કમિટીની નિમણૂક કરવામાં આવી છે.

પ્રો. રમણલાલ ચી. શાહ, કન્વીનર.
શ્રી ગીતાબહેન પરીખ.
શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ.
શ્રી સુબોધભાઈ એમ. શાહ.

વસંત વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે પણ ફ્લોરા ફાઉન્ટન પર આવેલ બ્રુસ સ્ટ્રીટમાં - તાતા ઓડિટોરિયમમાં એપ્રિલ માસની ૩-૪-૫-૬ તારીખ - એમ ચાર દિવસ માટે વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવું અને તેમાં ચાર અલગ અલગ વકતાઓનાં ચાર વ્યાખ્યાનો રાખવાં એમ ઠરાવવામાં આવ્યું છે. વકતાઓનાં નામો નક્કી થયા પછી જાહેર કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

એકાગ્રતા

એક દિવસ એક સાધુપુરુષે જોયું કે, તળાવને કિનારે એક બગલો ચૂપચાપ ઊભો રહીને માછલીને પકડવા એકાગ્ર બનીને તાકી રહ્યો હતો. જ્યારે બીજી બાજુ એક શિકારી બગલાની ઉપર નિશાન તાકી રહ્યો હતો! પરંતુ બગલો માછલી પકડવામાં એટલો તો તલ્લીન બની ગયો હતો કે એને પેલા શિકારીનો ખ્યાલ જ આવતો ન હતો.

આ જોઈ પેલા સાધુપુરુષ તે બીજા કોઈ નહિ પરંતુ રામકૃષ્ણ પરમહંસે બગલાને નમસ્કાર કરતાં કહ્યું : "બગલાભાઈ, તું મારો ગુરુ છે. જ્યારે હું ધ્યાનમાં બેસું ત્યારે તારી માફક હું પણ એકાગ્રતાથી ધ્યાન કરી શકું તો કેવું સારું!"

—સં. ફ્રિચોઝ ડી. ગાર્ડ

❋ પુરુષ – નિરપેક્ષ સ્ત્રીજીવન ❋

[શ્રી કુન્દનિકાબહેન કાપડીઆનો આ લેખ સહર્ષ પ્રકટ કરું છું. મારા નિશ્ચિત થઈ ગયેલા વિચારો મને બદ્ધ બનાવતા હોય એવો મને ભય નથી. સ્ત્રી-પુરુષ સંબંધ સદા ચર્ચાનો વિષય રહેવાનો. –તંત્રી]

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૨-'૭૨ના અંકમાં, 'બહેનોને' શીર્ષક હેઠળ દાદા ધર્માધિકારીનું એક પ્રવચન ઉધ્ધૃત કરવામાં આવ્યું છે. તે આગેની નોંધમાં તંત્રીશ્રીએ દાદાનાં કેટલાંક વિધાનોને આશ્ચર્યજનક ગણાવ્યાં છે અને તેમાં સૂચવેલા વલણને એકપક્ષી, અંતિમ છેડાનું વલણ કહ્યું છે. તેથી સ્ત્રીની મુક્તિ કે સમાજનું કલ્યાણ નહિ થાય તેવી તેમની માન્યતા છે. પરસ્પરના વિશ્વાસ, પ્રેમ અને સહકારનું સહજીવન સ્ત્રી - પુરુષ બન્ને માટે હિતકારી છે, એમ તેમણે લખ્યું છે.

તંત્રીશ્રી વિદ્વાન વ્યક્તિ છે, પણ નિશ્ચિત થઈ ગયેલા વિચારો ગમે તેવા વિદ્વાનની દૃષ્ટિને પણ કેવી બદ્ધ બનાવી દઈ શકે છે, તેની એક ઝલક આ તંત્રી-નોંધમાંથી જોવા મળે છે. દાદા ધર્માધિકારીએ કયાંય વિશ્વાસ, પ્રેમ અને સહકારની ભાવનાનો ઈનકાર નથી કર્યો. સ્ત્રીએ પુરુષનો 'સર્વ પ્રકારે વિરોધ અને અણવિશ્વાસ' રાખવો જોઈએ તેમ કહ્યું નથી.

તંત્રી લખે છે: "પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે એમ સતત સભાન રહેવું, એવા વલણનો પ્રાયો ભય છે.'

દાદાનું કહેવું એમ નથી કે આજ સુધી એક ભય તળે જીવતા આવ્યાં છો, તો એ છોડી બીજા નવા ભયમાં જીવો. એક ભયમાંથી બીજા ભયમાં જવું તે કાંઈ મુક્તિ નથી. તેમનું તો કહેવું છે કે એ ભય જેમાંથી જન્મે છે, તે પુરુષ-આશ્રિત મનોવૃત્તિ ને મૂલ્યો બંનેમાંથી એકીવાર મુકત થઈ જવું જોઈએ, તેના અસ્તિત્વનું મૂલ્ય પુરુષથી નિરપેક્ષ રીતે સર્જાવું જોઈએ; સ્વતંત્ર વ્યક્તિત્વની સભાનતા નહિ, **સ્વતંત્ર વ્યક્તિત્વ સિદ્ધ થવું જોઈએ.**

સ્ત્રીની હીનતા શામાં રહેલી છે? તેના 'બીજા દરજ્જાના મનુષ્યત્વ'માં. સ્ત્રીનું હમેશાં પત્ની તરીકેની, માતા તરીકેની ભૂમિકામાં જ મૂલ્ય અંકાયું છે. એમાં જ તેની સાર્થકતા લેખવામાં આવી છે. પુરુષપ્રધાન સમાજમાં, કેવળ વ્યકિત તરીકે સ્ત્રીનું કદી સ્થાન રહ્યું નથી. મહાપુરુષોની જનેતા તરીકે તેનાં અઢળક ગુણગાન ગાવામાં આવ્યાં છે. પણ સ્ત્રી શું કેવળ માતા જ છે? એક સ્ત્રીએ કદાચ કોઈ બાળકને જન્મ ન આપ્યો હોય, તો પછી શું તેની કોઈ કિમત રહેશે નહિ? એક સ્ત્રી પત્ની ન બની શકી હોય તો પછી શું તેના જીવનમાં કશી સાર્થકતાને અવકાશ નહિ રહે?

પુરુષ કહે છે: ના. તારી બધી સાર્થકતા મારા સંબંધે કરીને જ છે. તેથી સ્તો, આપણા સમાજમાં વિધવાની શી સ્થિતિ બની રહી છે? પતિનું જો મૃત્યુ થાય તો ખલાસ, એક જીવતી સ્ત્રીની જીવંતતાનો, સુંદરતાનો, ઈચ્છા ને આનંદોનો અંત આવી જવો જોઈએ. વિધવા સ્ત્રી, પછી તે ગમે તેટલી સત્ત્વશીલ હોય તો પણ તે 'અપશુકન' ગણાય. હવે આ કેટલી અદ્‌ભુત અતાર્કિક વાત છે કે કોઈક માણસ મૃત્યુ પામે એટલે તેની સાથે જોડાયેલ સ્ત્રી 'અપશુકન' બની જાય, કોઈ મંગલ વિધિ તેના હાથે ના થઈ શકે— તેના પોતાનામાં કશી જ ખરાબી ન હોવા છતાં? અને પછી તે સંસારના બધા આનંદોથી નિર્વાસિત બની જાય. તેને કોઈ ઉપભોગ કરવાની છૂટ નહિ. પુરુષ વિધુર થાય તો તેથી તેના જીવનક્રમમાં કશો ફરક ન પડે. તેનાં વસ્ત્રોમાં ફરક ન પડે. તેના કામમાં ફરક ન પડે. તેની સામાજિક સ્થિતિમાં ફરક ન પડે. તે બીજી વાર, ત્રીજી વાર, ચોથી વાર પરણી શકે.

અને સ્ત્રીએ? તે વિધવા થાય તો તેણે પોતાના વિધવાપણાનું ચિહ્ન એકેએક અંગ પર લઈને ફરવાનું. કેટલાક પ્રદેશોમાં ને કેટલીક જ્ઞાતિઓમાં તો બહાર શેરીમાં સુદ્ધાં તેનાથી નીકળાય નહિ. (આ સ્થિતિની ભયંકરતાનો ખ્યાલ મેળવવા મદ્રાસનાં સામાજિક કાર્યકર્તા સિસ્ટર સુબ્બલક્ષ્મીની જીવનકથા વાંચવા જેવી છે.) પતિ જ તેના જીવનનું એકમાત્ર સૌભાગ્ય. પતિ જતાં એ સૌભાગ્ય સંપૂર્ણપણે આથમી જાય. તેના જીવનનો પ્રદેશ એકદમ સાંકડો બની જાય. પછી ત્યાગ અને તપ તે જ તેનો માર્ગ. તે સિવાયના સંસારના સેંકડો રાજમાર્ગ અને તેની ફૂલશોભા તેને માટે બંધ. સ્ત્રીની સઘળી શોભા - સુંદરતાનું કેન્દ્ર કેવળ પુરુષ.

તપ ને ત્યાગનો માર્ગ ખોટો છે એમ કહેવાનો લેશ પણ ઉદ્દેશ નથી. કદાચ અંતિમપણે તે જ સાચો માર્ગ છે. પણ અહીં તો, એવી મહાનતા, એક પરિસ્થિતિને કારણે સ્ત્રીને માટે જબરદસ્તીથી ઠોકી બેસાડવામાં આવે છે, તેની સામેનો વિરોધ છે.

આ થઈ સ્ત્રીના પત્નીત્વની વાત, જે કેટલું પુરુષ - આશ્રિત છે, તે આ દ્વારા પ્રગટ થાય છે.

તંત્રીનોંધ કહે છે: માતૃત્વ સ્ત્રીજીવનનો અભિશાપ છે કે ધન્યતા? માતૃત્વવિહોણું જીવન કેવું હશે?

માતૃત્વ વડે જ સ્ત્રીના જીવનનું મૂલ્ય નિર્ધારિત થવાને કારણે, બહુપત્નીત્વની મનાઈનો કાયદો અમલમાં આવ્યો તે અગાઉ શું થતું હતું? સ્ત્રી ગમે તેટલી સારી, સુશીલ હોય તો પણ, તેને બાળક ન હોય તો જાતે થઈને પતિને બીજાં લગ્ન કરવા માટે પ્રેરે, પોતે આગ્રહ કરીને પરણાવે. તેને એમ લાગે કે પોતામાં કશુંક ખૂટે છે, પોતે અપરાધી છે, લગ્નજીવનની શરતો પોતે પૂરી પાડી શકી નથી. આથી પત્ની તરીકે રહેવાનો પોતાને અધિકાર નથી. પોતાના હાથે તે પતિને બીજી સ્ત્રીને સોંપી દે. લગ્નજીવનનો ઉદ્દેશ જાણે સહચાર નહિ, પ્રેમ નહિ, એકતાનો અનુભવ નહિ, પરસ્પરના યોગે આનંદ ને વિકાસ નહિ–એકમાત્ર ઉદ્દેશ બાળક પેદા કરવું તે. વંધ્ય સ્ત્રીને માથે મહેણાંટોણાંનો પાર નહિ અને વંધ્યત્વનો સઘળો દોષ સ્ત્રીને માથે.

પુરુષને માટે આમાંનું કશું જ નહિ. તેના ઉદ્દેશો વિવિધ, તેના આનંદના સ્રોત સેંકડો. એક જગ્યાએથી ન મળે તો બીજી અનેક જગ્યાએથી તે લઈ શકે. અને આ અન્યાય (શું કહીશું એને? મને એ નરી સ્વાર્થપ્રેરિત બુદ્ધિહીનતા લાગે છે!) નું આ પાસું તો જુઓ, કે વંધ્યત્વની સઘળી જવાબદારી સ્ત્રીને શિરે. પુરુષની ખામીને લીધે પણ બાળક ન થાય તેવું કોઈ વિચારતું જ નથી. શહેરી સમાજમાં – કુલ વસતિના કદાચ પાંચ ટકામાં– કદાચ આ બાબતમાં હવે ફરક પડયો છે, પણ એવા થોડા elite વર્ગને બાદ કરતાં હજી આ જ મનોભાવ સર્વત્ર છે. આ જ વિષયમાં કામ કરતાં મુંબઈનાં એક મહિલા ડૉકટરે મને કહ્યું કે તેમના ક્લિનિકમાં આવતી સ્ત્રીઓમાંથી ૮૦ ટકા સ્ત્રીઓને જાણ નથી હોતી કે બાળક ન થવાની જવાબદારી પતિની પણ હોઈ શકે.

વળી સ્ત્રી કેવળ છોકરીઓને જન્મ આપે, છોકરાને જન્મ ન આપી શકે, તો તે માટે પણ તેના તરફ ઊતરતી નજરે જોવામાં આવે, તેમાં તેની જવાબદારી ગણવામાં આવે. જ્યારે હકીકતમાં, શરીરશાસ્ત્રની દૃષ્ટિએ, સંતાનની જાતિનું નિર્ધારણ કેવળ પુરુષના 'સ્પર્મ'ના 'સેલ'માં રહેલા 'ક્રોમોસોમ' પરથી જ થાય છે. વંધ્યત્વ માટે સ્ત્રી કે પુરુષ બન્ને જવાબદાર હોઈ શકે, પણ સંતાનની જાતિ માટે તો સોએ સો ટકા પુરુષ જ જવાબદાર હોય છે.

કદાચ એમ કારણ હશે, કે વંધ્યત્વ માટે પતિની જવાબદારી પુરવાર થાય તો પછી શું કરવું? સ્ત્રીની બાળક માટેની ઈચ્છા-ઝંખના પરંપરાગત છે તેથી વધુ પ્રકૃતિગત છે. તો શું, પતિની

ખામીને લીધે જ્યાં બાળક ન થતું હોય ત્યાં, પરિણીત સ્ત્રીને, ફરી પરણવાની છૂટ આપવાનો વિચાર તો આખા પુરુષ-સમાજને મૂળમાંથી હચમચાવી જ નાખે, નહિ?

સ્ત્રીઓને જ્યાંત્યાં ઉપદેશ શું આપવામાં આવે? "વીર પુરુષની જનની બનો." બહુ સારું. વીર પુરુષને જન્મ આપ્યો ને એ પુરુષો સ્વતંત્રપણે પોતાનો માર્ગ ઘડીને મહાન થયા. પછી? એમની માતાઓએ તો 'વીરમાતા' તરીકેનો ઈલકાબ પામી, જીવનની ધન્યતાની ટોચ આવી ગઈ માની, જીવનમાં બીજું કશું જ સિદ્ધ કરવાનું નહિ, એમ ને? સ્ત્રીને પોતાને કોઈ પારમિતા પામવાની કે પ્રગટ કરવાની નહિ. ઈતિહાસ, સંસ્કૃતિ, કલા, ધર્મ, ફિલસૂફી, ચિંતન- કોઈ પણ ક્ષેત્રે તેણે કશું પ્રદાન કરવાનું નહિ (તેનામાં એવું સામર્થ્ય જ ન હોય, નહિ?) તેનો પોતાનો મનુષ્ય તરીકેનો, પોતાના સ્વત્વનો, શક્યતાઓનો કશો વિકાસ કરવાનો નહિ, એમ ને? કોઈ કહે કે: એને વિકાસ કરવાની કોઈ ના નથી પાડતું. કબૂલ, પણ જો એ રીતે કરેલા વિકાસનું-મેળવેલી સિદ્ધિનું, પ્રદાનનું મહત્ત્વ હોય તો તેને કેવળ 'વીરમાતા' થવાનું શા માટે ઉપદેશવામાં આવે છે? શ્રેષ્ઠ મનુષ્ય બનો, તેમ કાં કહેવામાં નથી આવતું?

દાદા ધર્માધિકારીએ માતૃત્વવિહોણા જીવનની હિમાયત નથી કરી. તેમણે તો કહ્યું છે- સ્ત્રીનું મહત્ત્વ તેના માતૃત્વપદ કે પત્નીપદ પરથી ન અંકાય. સ્ત્રી સ્વાયત્ત અને સ્વતંત્ર બનશે. તેનું મૂલ્ય મા કે પત્ની તરીકે નહિ, સત્ત્વયુકત વ્યકિત તરીકે અંકાશે. તે વસ્તુ નહિ, મનુષ્ય બનશે.

સ્ત્રીને વસ્તુ માનવામાં આવી છે, તેનો સૌથી મોટો પુરાવો ક્યાં મળે છે? લગ્ન વખતે અપાતા કન્યાદાનમાં. આ 'દાન' શબ્દ શું સૂચવે છે? દાન વસ્તુનું થાય, નાણાં-સંપત્તિનું થાય. માણસનું તે કાંઈ દાન હોય? એક જીવતા, જાગતા, સ્વતંત્ર ઈચ્છાશકિત ને આત્મશકિત ધરાવતા માણસને બીજો કોઈ માણસ શું દાનમાં આપી શકે? એક પુરુષનું શું કદી કોઈએ દાન આપ્યું છે- સિવાય કે એક ગુલામ તરીકે? છતાં કન્યા 'દાન'માં અપાય છે. સ્ત્રીઓએ આ શબ્દને અપમાનજનક લેખવો જોઈએ. હું ઈચ્છું છું આ વિશે વધુ વિચારણા થાય અને લગ્નની વિધિમાંથી એ ભાગ કાઢી નાખવામાં આવે.

તંત્રીશ્રીને ભય છે કે નારીનું પુરુષ-નિરપેક્ષ જીવન કેવું હશે? આ કંઈક અંશે એના જેવો ભય છે કે હરિજનો કહેવાતા સવર્ણો જેવા થઈ જશે, તો શું થશે!

પુરુષ-નિરપેક્ષતાનો અર્થ એ નથી કે પુરુષ સાથે સંબંધ ન રાખવો, તેની સાથે વ્યવહાર ન કરવો, સહજીવન ન જીવવું, પત્ની કે મા ન બનવું.

તેનો અર્થ તો એટલો જ છે કે હવે પછી સ્ત્રીનું મૂલ્ય, પુરુષના સંબંધમાં તે શું છે, તે આધારે નક્કી ન થાય. પણ તેની પોતાની વ્યકિત તરીકેની ગુણવત્તા પરથી જ નક્કી થાય. "પુરુષ જેમ માત્ર સ્ત્રીના લાભ કે સુખ માટે સર્જાયો નથી, તેમ સ્ત્રી પણ માત્ર પુરુષના લાભ કે સુખ માટે સર્જાઈ નથી. ભિન્ન વ્યકિતત્વ છતાં સરખી શકિતઓ ધરાવનાર વ્યકિતઓ તરીકે ઉભયની ગણના થવી જોઈએ." (ગુરુપ્રસાદ) 'સ્ત્રી-પુરુષ સમાનતાનો ઘણી વાર એમ અર્થ કરવામાં આવે છે કે સ્ત્રી પુરુષનાં જે કામ છે તે બધાં કરે. આ અર્થ મૂળ ભાવનાથી સેંકડો જોજન દૂર છે. ખરો અર્થ તો એટલો જ છે કે તેની મૂલ્યવત્તાનો સ્વતંત્ર રીતે સ્વીકાર કરવામાં આવે, તેને પોતાના વિકાસ માટે પુરુષના જેટલી તક મળે. અમેરિકામાં ચાલી રહેલા 'નારી-મુકિત આંદોલન'ની શરૂઆત એ બાબતમાંથી થઈ હતી કે ત્યાં સ્ત્રીઓને, પુરુષ જેટલું જ કામ કરવા છતાં, પુરુષના કરતાં વેતન ઘણું ઓછું મળતું હતું.

પુરુષને જેમ કોઈ પણ કાર્યમાં સિદ્ધિ મેળવવા માટે યશ મળે છે, તે પતિ તરીકે કે પિતા તરીકે કેટલો સફળ છે, તે તો તેના સમગ્ર જીવનના માત્ર એક નાના અંશની જ વિચારણા છે, તેવી જ રીતે સ્ત્રી પણ, તે પત્ની કે માતા હોય કે ન હોય, સાર્થકતાનાં બીજાં અનેક શિખરોએ તે પહોંચી શકે છે. સ્ત્રીએ એ સ્વાયત્તતા, એ સાર્થકતા, પોતાના અસ્તિત્વનું એ મૂલ્યભાન મેળવવાનું છે. પુરુષ જ પોતાનું રક્ષણ કરી શકે, એવા ભયમાંથી તેણે નીકળવાનું છે. પોતાના હૃદયની ને માનસિક શકિતઓ ખીલવવાની છે. સમાજને એ માટે જાગૃત કરવાનો છે.

અત્યારે તો સ્ત્રીના એકેએક તબક્કે, તેની ઓળખ પુરુષ-આધારિત છે. કુમારી, મિસ કે મિસિસ કે નામની આગળ લગાડાતું સૌ. પુરુષ-સંબંધે સ્ત્રીનું સ્થાન શું છે તેની જ ઓળખ આપે છે. ગળાનું મંગળસૂત્ર, ઘણી વાર કપાળનો ચાંલ્લો (વિધવાને ચાંલ્લો કરવાની છૂટ નથી) પણ સ્ત્રીના પુરુષ-સંબંધે દરજ્જાનું જ સૂચન કરે છે. આશીર્વાદ અપાય છે તો-અખંડ સૌભાગ્યવતી થવાના. 'તું તારામાં સર્વોત્તમ છે તેને પામ'-તેવા નહિ. સ્ત્રીને ઘણી વાર તેના નામે નહિ, પતિના નામે જ ઓળખવામાં આવે છે, જેમ કે 'મિસિસ રમેશ દેસાઈ હવે ઈનામો વહેંચશે."

ટૂંકમાં કોઈ પણ સ્ત્રીની ઓળખ થતાં, હમેશાં એ સ્પષ્ટ થવાની અપેક્ષા રખાય છે કે તે પરિણીત છે કે નહિ. પુરુષ માટે તે કારખાનાનો મેનેજર છે કે કામદાર છે કે કવિ છે, તેટલી ઓળખ ચાલે. પણ સ્ત્રી માટે વધારામાં લગ્ન સંબંધે પોતાની સ્થિતિની ચોખવટ આપાવી જોઈએ. આની પાછળનું રહસ્ય કે કારણ કે પરંપરા શું હોઈ શકે? એ જ કે દરેક પુરુષ જાણવા માગે છે કે જાણ્યે -અજાણ્યે, પૂછ્યે-વગર-પૂછ્યે તેની ઓળખમાં આવતી સ્ત્રી પરિણીત છે કે નહિ. પણ આવી કુતૂહલભરી ઈચ્છા રાખવી તે શું તંદુરસ્ત મનની નિશાની છે? અને સ્ત્રીને મંગળસૂત્ર પ્રાણથી વહાલું કહેવાય. એક દોરામાં પરોવેલા થોડા કાચના ને થોડા સોનાના મણકા એ તેનું જાણે સમાજ-સ્વીકૃત જીવનસર્વસ્વ. તકલીફના સમયમાં એને વેચવું પડે તો જીવ કાઢવા જેવું લાગે.

તો પુરુષ-નિરપેક્ષતા એટલે આ બધા રૂઢિદત્ત, અર્થહીન, તર્કહીન પ્રતીકો, વળગણો, મૂલ્યોમાંથી મુકિત. પુરુષના આશ્રયે જ જીવનની સાર્થકતા પામી શકાય તેવી ભ્રામક માન્યતામાંથી મુકિત. સ્ત્રીને પોતાની રીતે પોતાની કિંમત ઊભી કરવાની મુકિત. કેટલાક લોકો આમાં કદાચ સ્વેચ્છાચારનો ભય જુએ, પણ પુરુષની બાબતમાં જો આ સ્વેચ્છાચાર ન કહેવાય તો સ્ત્રીની બાબતમાં તેવું શા માટે મનાવું જોઈએ?

સ્ત્રીની મુકિતની વિચારણાનાં હજુ બીજાં કેટલાંક મહત્ત્વનાં પાસાં છે, પણ તે વધારે મૂળભૂત ને વધારે ક્રાન્તિકારી છે, જેને હજુ વાંચવા-વિચારવા માટે પણ આપણો સમાજ તૈયાર ન હોય, તેથી તે વિશેની વાત હમણાં નહિ.

કુન્દનિકા કાપડીઆ

જન્મ અને મૃત્યુ

જન્મ અને મૃત્યુને મટાડવાનો બીજો કોઈ જ ઈલાજ નથી સિવાય કે એ બેની વચ્ચેનો ગાળો તમે સુખે ભોગવો.

—જ્યોર્જ સાન્તાયન

* * *

રોટીનો એક ટુકડો અને સૂવા માટે એક ખૂણો, એક મિનિટ સ્મિતની અને એક કલાક રુદનનો, એક ગેલન દુ:ખ અને એક ટીપું સુખ અને એક પણ હાસ્ય ન હોય. એ જ છે જીવન!

—પૉલ લૉરેન્સ ડનબાર

☆ આગામી ચૂંટણીઓ અને મતદાર ☆

વિવિધ રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારોની પસંદગી કરી, તેમાં શાસક કૉંગ્રેસને ત્યાં, ગ્લાનિ ઉપજાવે તેવી ભીડ જામી હતી, જ્યારે બીજા રાજકીય પક્ષોને ઉમેદવારો શોધવા જવા પડે તેવી સ્થિતિ હતી. શાસક કૉંગ્રેસ માટે ઉમેદવારોની પસંદગી શિરોવેદના હતી. ઈન્દિરા ગાંધીએ સાફસૂફી – કેટલેક ઠેકાણે વાળીઝૂડીને – માંડી છે તેથી અસંતોષ સ્વાભાવિક હતો. પણ એમ લાગે છે કે શાસક કૉંગ્રેસે ધારેલ તે કરતાં વધારે વિરોધ પેદા થયો અને દરેક રાજ્યમાં વધતાઓછા પ્રમાણમાં આવાં અસંતુષ્ટ તત્ત્વોએ બળવો કર્યો છે.

શાસક કૉંગ્રેસને નવું સ્વરૂપ આપવામાં ઈન્દિરા ગાંધી સમક્ષ ચોક્કસ ધ્યેય છે. જે વ્યકિતઓ લાંબા સમયથી રાજ્યોમાં સત્તાસ્થાને રહી છે અને જેમના વિશે પ્રજામાં અસંતોષ છે અથવા જેમની સામે આક્ષેપો છે તેવાને દૂર કરી કૉંગ્રેસની છાપ સુધારવી. રાજ્યોમાં એવી વ્યકિતઓને સત્તાસ્થાને મૂકવી જે નિષ્ઠાપૂર્વક કૉંગ્રેસની નવી નીતિનો અમલ કરે. યુવાન અને ખાસ કરીને બુદ્ધિશાળી વર્ગનું પ્રમાણ ધારાસભાઓમાં વધારવું. સૌથી મહત્ત્વનું લક્ષ કે રાજ્યો કેન્દ્રના અનુશાસનમાં રહે અને કેન્દ્રની નીતિને અનુરૂપ રાજ્યોની નીતિ રહે જેથી દેશમાં સમગ્રપણે આર્થિક નીતિની એકસૂત્રતા જળવાય. કેન્દ્રને મજબૂત બનાવવું અને રાજ્યોમાં સ્થિર રાજતંત્ર સ્થાપવું. કૉંગ્રેસ પક્ષમાં જૂથવાદ અને કોમવાદ છે તેને ઓછો કરવો.

૧૯૬૭ પછી રાજ્યોમાં જુદા જુદા પક્ષનાં મંત્રીમંડળો થયાં અથવા મિશ્ર મંત્રીમંડળો થયાં. પરિણામે રાજકીય અસ્થિરતા થઈ, કેન્દ્રનો કાબૂ ઓછો થયો અને કેટલાક રાજ્યના મુખ્ય પ્રધાનો સૂબા જેવા થઈ પડ્યા.

૧૯૬૨ સુધી કેન્દ્રનો રાજ્યો ઉપર પ્રભાવ હતો, કૉંગ્રેસ વરિષ્ઠમંડળ રાજ્યો ઉપર પણ કાબૂ ભોગવતું, અને રાજ્યોના શાસનમાં એકંદરે સમાન ધોરણ સચવાતું. ૧૯૬૨ પછી બધી કડીઓ નબળી પડતી ગઈ. ૧૯૭૧ની લોકસભાની મધ્યસત્રી ચૂંટણીથી ફરી પલટો આવ્યો.

ઈન્દિરા ગાંધીએ જે કર્યું છે અને કરવા ધારે છે તેને કેટલાક લોકો સરમુખત્યારશાહી માને છે. સ્થાપિત હિતો અને અસંતુષ્ટ તત્ત્વો સહેલાઈથી સહન કરે તેમ નથી. એ ખરું છે કે ઇંન્દિરા ગાંધીના હાથમાં સત્તાનાં સૂત્રો એકત્રિત થયાં છે. પણ તેને સરમુખત્યારશાહી કહેવું વાજબી નથી. લોકસંમતિ હોય તે સરમુખત્યારશાહી નથી. ઈન્દિરા ગાંધીનું નેતૃત્વ અત્યાર સુધી સફળ અને હિતકારી સાબિત થયું છે. લોકશાહીમાં પણ નેતૃત્વને મહત્ત્વનું સ્થાન છે.

શાસક કૉંગ્રેસે જે ઉમેદવારોની પસંદગી કરી છે તે બધા લાયક છે તેમ કોઈ નહિ કહે. ભૂલ થઈ હશે, બાંધછોડ કરવી પડી હશે, કેટલુંક અનિષ્ટ સહન પણ કરવું પડ્યું હશે.

ધારાસભાઓની ચૂંટણીમાં ઘણાં સ્થાનિક અને વ્યકિતગત પ્રશ્નો અને બાબતો આગળ આવે. લોકસભાની ચૂંટણીમાં રાષ્ટ્રીય પ્રશ્નો ઉપર પ્રજાનું લક્ષ કેન્દ્રિત થાય. પણ ધારાસભાની ચૂંટણીમાં રાષ્ટ્રીય પ્રશ્નો પ્રત્યે દુર્લક્ષ ન જ થાય. રાજ્યોના અને રાષ્ટ્રના પ્રશ્નો પરસ્પર અવલંબિત છે, ગૂંથાયેલા છે. ધારાસભાની ચૂંટણીમાં પણ છેવટ રાષ્ટ્રનું નેતૃત્વ કોને સોંપવું છે તે જ પસંદગી કરવાની છે.

આ દૃષ્ટિએ વિચારતાં, દરેક રાજ્યમાં શાસક કૉંગ્રેસની સ્પષ્ટ બહુમતી રહે તે દેશના હિતમાં છે. શાસક કૉંગ્રેસનો કોઈ ઉમેદવાર નિશ્ચિત રીતે અપાત્ર હોય તો મતદાર મતદાન ન કરે એમ બને. બીજા પક્ષનો અથવા અપક્ષ ઉમેદવાર સેવાભાવી, અને બીજી બધી રીતે પાત્ર હોય તો મતદાર તેવા ઉમેદવારને પણ મત આપે. પણ આવા અપવાદો પ્રમાણમાં બહુ ન હોય. શાસક કૉંગ્રેસની બહુમતી રહે અને સ્થિર રાજતંત્ર ઇચ્છતા હોઈએ તો આવા અપવાદ અલ્પ સંખ્યાના જ હોય. જૂથવાદ કે કોમવાદ કોઈને સ્થાન ન હોય. શાસક કૉંગ્રેસની ઉમેદવારી માટે અરજી કરી હોય અને પસંદગી ન થઈ હોય અને તેથી શાસક કૉંગ્રેસ છોડી બીજા પક્ષમાં અથવા અપક્ષ તરીકે ઉમેદવારી કરે તો તેવી વ્યકિત મતદારના વિશ્વાસને પાત્ર ન ગણાય.

સંજોગો એવા દેખાય છે કે જ્યાં ચૂંટણી છે તેવાં લગભગ બધાં રાજ્યોમાં શાસક કૉંગ્રેસને બહુમતી મળશે, કોઈ સ્થળે ઓછી તો કોઈ સ્થળે વધારે. શાસક કૉંગ્રેસની આંતરિક ફાટફૂટ અથવા ખૂટામણ તેની નિર્બળતાનું કારણ બને. શાસક કૉંગ્રેસમાં પણ શંભુમેળો ભેગો થયો છે. તેમાં દાખલ થવા ટોળે વળી ભાતભાતના લોકોએ દોટ મૂકી હતી. શાસક કૉંગ્રેસની નીતિમાં શ્રદ્ધાવાળા તે બધા નથી. પણ શાસક કૉંગ્રેસ તરફથી ચૂંટાઈ આવે તો તે નીતિથી બંધાયેલા રહે અને વર્તમાન નેતૃત્વ છે તે આ નીતિનો અમલ કરવા કૃતનિશ્ચય છે. શાસક કૉંગ્રેસમાં કેટલાક અતિ ઉદ્દામવાદી અને સામ્યવાદી ગણાય તેવાં તત્ત્વો પણ ઘૂસ્યાં છે. સામ્યવાદી પક્ષ સાથે શાસક કૉંગ્રેસે કેટલાંક રાજ્યોમાં સમજૂતી કરી છે. તેથી એવી શંકા પેદા થઈ છે કે શાસક કૉંગ્રેસ સામ્યવાદ તરફ ઢળી રહી છે. શાસક કૉંગ્રેસમાં દાખલ થયેલ આવી વ્યકિતઓએ પોતાનું વલણ બદલવું પડશે કે પછી શાસક કૉંગ્રેસનું સ્વરૂપ પલટાશે તે ભવિષ્યની વાત છે. શાસક કૉંગ્રેસનું વર્તમાન નેતૃત્વ શાસક ઉદ્દામ હોવા છતાં લોકશાહી મૂલ્યોમાં દઢપણે માનનારું છે અને તેનું ધ્યેય સામ્યવાદ નહિ, લોકશાહી સમાજવાદ છે તેમ સ્પષ્ટ જણાય છે.

૨૪–૨–'૭૨ ચીમનલાલ ચકુભાઈ શાહ

સાભાર સ્વીકાર

સુમનસંચય: લેખક : કપિલભાઈ તલકચંદ કોટડિયા; પ્રકાશક: સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ, સ્ટેશન રોડ, હિમતનગર; કિંમત રૂા. ૨-૦૦.

આસ્વાદન: લેખક : રમેશ મ. ભટ્ટ; પ્રકાશક: માનવમંદિર પ્રકાશન, ૧૦, માનવમંદિર રોડ, મુંબઈ - ૬; કિંમત રૂા. ૩-૦૦.

સંવેદન: લેખક: ગજાનન ભટ્ટ; પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૬૪, સામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ - ૨; કિંમત. ૨-૫૦.

સ્વર-સાધના: ગીતકાર : જાંતકુમાર 'શાહી'; પ્રકાશક: બાબુલાલ દલીચંદજી જૈન, ઠે. વિમલ વૉચ કું., ટેમ્બીનાકા, જૈન મંદિર પાસે, થાણા.

ધ્યેય ઔર પ્રયોગ: લેખક: પંડિત મુનિશ્રી નેમિચન્દ્રજી; પ્રકાશક: શ્રી અર્બુદ ગિરિરાજ શ્વે. જૈન તપાગચ્છ, ઉપાશ્રય ૪૨, પીપલી બજાર, ઈન્દોર; કિંમત. રૂા. ૨-૦૦.

સમતા - રસ-તરંગિણી: સંકલનકાર: મુનિશ્રી નેમિચન્દ્રજી; પ્રકાશન: વિશ્વવાત્સલ્ય પ્રકાશન સમિતિ, બ્યાવર (રાજસ્થાન) કિંમત પૈસા ૦-૬૦.

ધર્મ ઔર રાષ્ટ્રનિર્માણ– એક પ્રશ્નાવલી: લેખક: ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી; પ્રકાશક: સાર્વભૌમ સંસ્કૃતિ પીઠ, ૧૦/૧૭, શકિતનગર, દિલ્હી - ૭; કિંમત રૂા. ૧

શિશુવિહાર તરફથી મળેલાં પુસ્તકો:

પુરુષાર્થ પાઠાવલી		૦-૩૧
આંખના રોગો અને સંભાળ		૦-૧૫
સાઈકલ સંભાળ		૦-૨૫
વીજળી અને વપરાશ		૦-૨૫
નવધા ભકિત	(ટપાલ ખર્ચ)	૦-૧૦
સર - સંભાળ		૦-૨૫

દરેક પુસ્તકના પ્રકાશક: પ્રેમશંકર ન. ભટ્ટ,
સ્થળ: શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર

✻ ક્રુશ્ચેવની નજરે ચીન અને રશિયા ✻

[**Khrushchev Remembers** ગ્રન્થમાં ચીન–રશિયાના સંબંધો કેમ બગડયા તે સંબંધે એક પ્રકરણ છે. તેનો સાર અહીં આપવામાં આવે છે. સંબંધો બગડયા તેનાં કારણો અંગત તેમ જ વૈચારિક અને રાજકીય રીતે ગૂથાયેલાં છે. રશિયાનું ચીન તરફ મોટાભાઈ જેવું વલણ હતું. સ્ટેલિનની હયાતી સુધી માઓએ આ સહન કર્યું. પણ ક્રુશ્ચેવ પ્રત્યે આદર ન હતો, તેનો ભય પણ ન હતો. માઓ પોતે મહાન નેતા છે. રશિયા કરતાં પણ મોટા દેશના નેતા છે. ક્રુશ્ચેવ સામે આક્ષેપ છે કે તેના લીધે જ ચીન સાથેના સંબંધો બગડયા. અલબત્ત, ક્રુશ્ચેવ ભારપૂર્વક ઈનકાર કરે છે. ક્રુશ્ચેવને માઓ પ્રત્યે મહત્તા ગ્રન્થિ હતી. માઓ તે સહન કરે તેમ ન હતું. રશિયા એમ માનતું કે ચીને કાયમ રશિયાના દબાયેલા અને ઉપકારવશ રહેવું જોઈએ. વળી માર્ક્સ-લેનિન સિદ્ધાંતોના અમલમાં રશિયા માનતું કે ચીને રશિયાનું અનુકરણ કરવું જોઈએ. માઓ પોતે સમર્થ વિચારક છે અને ચીનની સંસ્કૃતિ અને પરિસ્થિતિને અનુરૂપ હોય તેવી રીતે સામ્યવાદી સામાજિક અને આર્થિક રચના કરવા ઈચ્છે છે. રશિયાએ ઘણી ભૂલો કરી છે તેમ પણ માઓ માને છે. માઓને લઘુતાગ્રન્થિ નથી, પણ સૌથી અગત્યનું કારણ તો ચીન અને રશિયાના રાજકીય અને આર્થિક હિતો વચ્ચેનો વિરોધ છે. સામ્યવાદ કરતાં રાષ્ટ્રવાદ વધારે મોટું બળ છે. જેમ બે દેશમાં એક ધર્મના માણસો હોય તો પણ રાષ્ટ્રહિત વધારે બળવાન રહે છે તેમ બે દેશ સામ્યવાદી હોય તો પણ દરેક પોતાના દેશનું હિત જ જુએ છે. ચીન-રશિયા વચ્ચેનો સરહદી ઝઘડો પણ શાન્તિથી પતાવી શકયા નથી. અંતમાં ક્રુશ્ચેવની એ સતત ફરિયાદ છે કે માઓને તેઓ સમજી શકતા નથી. માઓમાં Asiatic cunning છે એમ કહે છે. ચીનને હજારો વર્ષની સંસ્કૃતિ છે. પશ્ચિમના દેશો પૂર્વના દેશો ઉપર આધિપત્ય અને સરસાઈ ભોગવવાનો દાવો કરતા અને તેમને અભિમાન હતું. હવે તેમને સમજાય છે કે ભારત કે ચીન જેવા દેશનું ખમીર શું છે. નેહરુનું સ્વપ્ન હતું કે ચીન અને ભારત મિત્ર બને તો એશિયાનું વર્ચસ વધે અને યુરોપના દેશોને તેમની સાચી પરિસ્થિતિનું ભાન કરાવી શકાય. દુર્ભાગ્યે ચીનના અહંકારે આ મૈત્રીની ભાવના સફળ થવા ન દીધી. ચીનને પણ કોઈક દિવસ ભાન થશે કે ભારત સાથે મૈત્રી રાખવામાં જ તેનું હિત છે. –તંત્રી]

રાજકારણ એ એક રમત છે અને માઓ-ત્સે-તુંગ એક એશિયાઈ ખંધા ખેલાડીની અદાથી આ રમત રમે છે. તેઓ સમજાવવા-પટાવવાના, દગા-ફટકાના, દુષ્ટ વેરવૃત્તિના અને પ્રપંચના પોતાના જ નિયમોને અનુસરે છે.

હું નિવૃત્ત થયો એ પછી થોડાં વર્ષે એવી વાત ફેલાતી રહી કે ચીન અને સોવિયેટ રશિયા વચ્ચેનો ઝઘડો મેં શરૂ કરાવ્યો હતો. મારી આવી નિંદાનું ખંડન કરવાનું ય મેં મુનાસીબ માન્યું નથી.

માઓને હું સૌપ્રથમ મળ્યો ત્યારથી મને લાગતું જ હતું કે પોતાના સામ્યવાદી પક્ષથી બીજો કોઈ પણ સામ્યવાદી પક્ષ ચડિયાતો બની જાય એને માઓ કોઈ પણ રીતે સાંખી નહિ લે. જો સ્ટેલિન થોડુંક લાંબું જીવ્યા હોત તો ચીન સાથેનો અમારો અણબનાવ જરાક વહેલો છતો થાત, અને કદાચ ચીન સાથેના અમારા સંબંધો સાવ તૂટી જ ગયા હોત.

સ્ટેલિન માઓ-ત્સે-તુંગની હમેશાં આલોચના કરતા હતા. સ્ટેલિન કહેતા કે 'માઓ માર્ગરિન માર્ક્સવાદી' (ચીકણા માર્ક્સવાદી) છે.

માઓનું વિજેતા ક્રાંતિકારી સૈન્ય શાંઘાઈની નજીક આવી રહ્યું હતું ત્યારે એમણે સૈન્યની કૂચ અટકાવી દીધી અને શહેરને કબજે કરવાનો ઈનકાર કર્યો ત્યારે સ્ટેલિને માઓને પૂછયું હતું : 'તમે શાંઘાઈ કેમ ન લીધું ?'

'શાંઘાઈમાં સાઠ લાખ માણસોની વસતિ છે,' માઓએ જવાબ આપ્યો : 'અમે એ શહેરનો કબજો લીધો હોત તો આમારે એ બધાને ખવડાવવાની જવાબદારી લેવી પડત.'

હવે, હું પૂછું છું કે આ માર્ક્સવાદી વિચાર છે? માઓ કામદારોના કલ્યાણ અંગેની જવાબદારી સ્વીકારવા માગતા નહોતા. હકીકત એ છે કે માઓ કામદારોની અવગણના કરીને અને કિસાનો પર આધાર રાખીને જ વિજયી બન્યા હતા. માર્ક્સવાદી તત્ત્વજ્ઞાનને એમણે નવા પ્રકારનો વળાંક આપ્યો હતો. માઓ–ત્સે-તુંગ મધ્યમવર્ગી ભદ્રપુરુષ (પેટી બુર્ઝવા) છે. તેમનાં હિતો-હેતુઓ કામદારોનાં હિતોથી ભિન્ન જ રહ્યાં છે.

માઓ સત્તા પર આવ્યા ત્યાર પછી તરત જ વેપાર અને ઉદ્યોગોની બાબતમાં સહકાર કરવાની સપાટીએ તેમ જ વિચારધારાની સપાટીએ પણ સ્ટેલિન સાથેના એમના સંબંધો તંગ બન્યા હતા.

એકવાર સ્ટેલિનના નિવાસસ્થાને અમે મૂડીવાદીઓ પાસેથી કૂડ રબર ખરીદ્યા વિના અમારા રબર ઉદ્યોગની માગને પહોંચી વળવા કેવો માર્ગ લેવો જોઈએ એનો તોડ કાઢી રહ્યા હતા. ટેક્નિકલ સહાય અને ક્રેડિટ લોનના બદલામાં ચીનમાં રબરનું મોટા પાયા પર વાવેતર કરવાની સગવડ ચીન પાસેથી મેળવવાનું મેં સૂચવ્યું. માઓને અમે આ યોજના વિશે તારસંદેશો પાઠવ્યો. ચીનાઓએ જવાબ આપ્યો કે જો અમે એમને ક્રેડિટ આપીએ તો તેઓ અમને રબરના બગીચા માટે હેનાન ટાપુ વાપરવા આપશે. હેનાનમાં અમને જે જગ્યા આપવામાં આવી એ આવા વાવેતર માટે અત્યંત નાની હતી. પરિણામે આ વિચાર પડતો મૂકવો પડયો.

એ પછી સ્ટેલિનને એકદમ સીલબંધ ડબામાં અનનાસ પેક કરવાનો ઉદ્યોગ સ્થાપવાની ઈચ્છા થઈ આવી. એમણે માલેન્કોવને બોલાવીને કહ્યું કે અનનાસના ડબ્બાઓ પેક કરવા માટે એક કારખાનું બાંધી શકાય એટલો વિસ્તાર આપણને ચીન આપે એવો સંદેશો ચીનાઓને પાઠવી દો.'

મેં કહ્યું : 'કોમરેડ સ્ટેલિન, ચીનમાં સામ્યવાદીઓ હજુ હમણાં જ સત્તા પર આવ્યા છે. અત્યાર પૂર્વે ત્યાં ઘણાં વિદેશી કારખાનાંઓ સ્થપાયેલાં છે. માઓ–ત્સે-તુંગને આપણું આ સૂચન ગમશે નહિ.'

સ્ટેલિન મારા પર ગુસ્સે થઈ ગયા અને પછી હું પણ કંઈ વિશેષ બોલ્યો નહિ. એકાદબે દિવસ પછી અમને ચીનનો જવાબ મળ્યો. માઓ-ત્સે-તુંગે જણાવ્યું હતું કે 'તમને અનનાસના ડબ્બાઓ પેક કરવાના ઉદ્યોગમાં રસ હોય તો તમે અમને આવશ્યક ક્રેડિટ આપો. અમે અમારી જાતે એ માટેનું કારખાનું બાંધીશું. અમે પછી તમે આપેલાં નાણાં ઓની ઉત્પન્નના રૂપમાં પાછા આપીશું.'

સ્ટેલિન ધૂંઆપૂંઆ થઈ ગયા અને ચીનાઓને ભાંડવા લાગ્યા.

મારા શાસનકાળ દરમિયાન ચીનનું શોષણ કરવાના હેતુથી આવો કોઈ પણ સંદેશો મારી સહીથી કે સરકારના કોઈ અમલદારની સહીથી માઓને મોકલવામાં આવ્યો નહોતો. ચીનાઓએ અમારા પર પ્રહારો કર્યા નહિ ત્યાં સુધી ચીનને ખરાબ લાગે એવું કંઈ ન થાય એની અમે કાળજી રાખતા હતા. પણ ચીનાઓએ અમને હેરાન કરવા માંડયા ત્યારે અમે કંઈ ઈંધુપ્રિસ્ત નહોતા કે બીજો ગાલ ધરીએ.

માઓ સાથેના મારા સંબંધોને લાગેવળગે છે ત્યાં સુધી તો એમની સાથે ન્યાયી અને મૈત્રીભર્યો વ્યવહાર રાખવા માટે હું બધું જ કરી છૂટયો હતો. સ્ટેલિનની માફક મેં કદી માઓની સ્થિતિનો લાભ લેવાનો પ્રયાસ કર્યો નથી, વાસ્તવમાં, સ્થિતિ આથી ઊલટી જ બનતી હતી.

મને બરાબર યાદ છે કે હું ૧૯૫૪ માં ચીનથી પાછો ફર્યો ત્યારે મેં મારા સાથીદારોને કહ્યું હતું : 'ચીન સાથે સંઘર્ષ હવે અનિવાર્ય છે.' માઓએ જે કેટલાંક વિધાનો કર્યાં હતાં એના આધારે હું આ તારતમ્ય પર આવ્યો હતો. પેકિંગની મારી મુલાકાત દરમિયાન વાતાવરણ લાક્ષણિક રીતે પૌર્વાત્ય હતું. બધા લોકો માની ન શકાય એટલી હદે વિવેકી હતા પણ આ બધાની પાછળ એમનો જે દંભ હતો એ હું જોઈ શક્યો હતો. હું પેકિંગ પહોંચ્યો ત્યારે માઓ અને હું એકબીજાને ખૂબ જ ઉષ્માથી ભેટયા હતા. માઓ અને હું તરણહોજમાં પડયા પડયા શ્રેષ્ઠ મિત્રોની પેઠે વાતો કરતા હતા, પરન્તુ એમાં ચીતરી ચડે એવી મીઠાશ હતી. આખું વાતાવરણ તિરસ્કાર છૂટે એવું બની ગયું હતું. માઓ જે કંઈ કહેતા તે હું સમજી શકતો એવું મને કદી ચોક્કસપણે લાગ્યું નથી. મને કયારેક લાગતું હતું કે ચીનની જીવનરીતિ અને વિચારધારાની એ કાંય કોઈક ખાસ તાસીર હશે.

એક વખત માઓએ મને પૂછયું : 'સેંકડો ફૂલોને ખીલવા દો' ના અમારા સૂત્ર વિશે તમે શું વિચારો છો ?' મેં ઉત્તર વાળ્યો : 'તેનો શું અર્થ થાય તે અમે સમજી જ શકયા નથી. ઘણા પ્રકારનાં ફૂલો છે–સુંદર ફૂલો, અણગમતાં ફૂલો અને કેટલાંક તો પ્રાણઘાતક ફૂલો પણ હોય છે'. હવે અમને સમજાય છે કે આ સૂત્રનો હેતુ લોકોને પોતાના વિચારો વ્યકત કરવા માટે ઉત્તેજન આપવાનો હતો કે જેથી કરીને જે ફૂલોનો રંગ અને ગંધ પ્રતિકૂળ હોય એને તોડીને કાદવ-કીચડમાં ફેંકી દઈ શકાય.

માઓનું એક બીજું પણ જાણીતું સૂત્ર છે : 'શાહીવાદ એ તો કાગળનો વાઘ છે.' માઓ અમેરિકી શાહીવાદને 'કાગળનો વાઘ' ગણીને એની ઉપેક્ષા કરતા હતા પણ વાસ્તવમાં તો એ ભયંકર લૂંટફાટ કરનાર જ હતો. એટલે આ વાત સમજી શકાય એવી તો નહોતી જ. તરણહોજની બાજુમાં પડયા પડયા હું અને માઓ યુદ્ધ અને શાંતિના પ્રશ્નોની ચર્ચા કરી રહ્યા હતા. માઓએ મને કહ્યું : 'જો આપણે મૂડીવાદી જગત અને સમાજવાદી જગતની લશ્કરી તાકાતની તુલના કરીએ તો તમને જણાઈ આવશે કે આપણે લાભકારક સ્થિતિમાં છીએ. ચીન, સોવિયેટ રાંધ અને બીજા સમાજવાદી દેશો કેટલાં લશ્કરી ડિવિઝનો ઊભાં કરી શકે તેનો તમે વિચાર કરો.'

મેં કહ્યું : 'કોમરેડ માઓ ત્સે-તુંગ, આ વિચાર હવે જરીપુરાણો થઈ ગયો છે. કયા દેશ પાસે વધુ માનવબળ છે એના આધારે એની લશ્કરી-લડાયક તાકાતની ગણતરી હવે માંડી શકાય તેમ નથી. હવે તો આણુબૉમ્બની સામે જેટલું વધારે લશ્કર એટલા વધુ સૈનિકો એનો ભોગ બનવાના છે.'

'પણ સાંભળો તો ખરા, કોમરેડ ક્રુશ્ચેવ, તમારે તો માત્ર અમેરિકનોને લશ્કરી પગલું ભરવા માટે ઉશ્કેરવાના છે; અને એમને કચડી નાખવા માટે તમારે જોઈએ તેટલું લશ્કર – એકસો, બસો કે એક હજાર ડિવિઝનો હું તમને પૂરી પાડવા માટે તૈયાર છું.' મેં એમને સમજાવવાનો પ્રયાસ કર્યો કે એક-બે સ્વયંસંચાલિત ક્ષેપકાસ્ત્રો ચીનમાંની બધી જ લશ્કરી ડિવિઝનોને 'ભસ્મીભૂત' કરી નાખી શકે તેમ છે. પરંતુ તેઓ મારી વાત સાંભળવા તૈયાર નહોતા અને એ પણ દેખાઈ આવતું હતું કે તેઓ મને કાયર ગણતા હતા.

૧૯૫૭માં માઓએ પોતાનો સૂર બદલાવ્યો. સામ્યવાદી અને કામદાર પક્ષોની પરિષદમાં હાજરી આપવા તેઓ મોસ્કો આવ્યા ત્યારે એકવાર વાતચીત દરમિયાન એમણે મને કહ્યું કે 'કોઈ સમાજવાદી દેશ પર શાહીવાદી સત્તા હુમલો કરશે તો તમે તરત જ વળતું આક્રમણ કરશો એમ તમારા સંરક્ષણપ્રધાન માર્શલ ઝુકોવ કહે છે પણ શાહીવાદીઓ ચીન પર હુમલો કરે તો તમે વચ્ચે પડશો નહિ. અમે જ એમની સાથે લડી લઈશું. એવે વખતે તમારે માટે તો તમારું અસ્તિત્વ ટકાવી રાખવાની સમસ્યા જ ઊભી થશે.'

આમારી વચ્ચે મૂળભૂત-પાયાનો મતભેદ હતો એટલું તો સ્પષ્ટ થતું જ હતું. પણ ચીન સાથેનું અમારું ભંગાણ એથી વિશેષ ઊંડું હતું. પક્ષની વીસમી કૉંગ્રેસ પછી જગતના સામ્યવાદી આંદોલનમાં એમની ખરાબ સ્થિતિ હતી એ ચીનાઓ જાણતા હતા. વીસમી કૉંગ્રેસે વ્યકિતપૂજા, સરમુખત્યારશાહી, અને જીવનના સઘળા બિનલોકશાહી અને પક્ષવિરોધી વ્યવહારને વખોડી કાઢનું જે વલણ લીધું હતું તેના સૂચિતાર્થો ચીન બરાબર સમજતું હતું. કૉંગ્રેસે હજારો માનવીઓને ગોળીથી ઠાર મારવા માટે અને સત્તાનો દુરુપયોગ કરવા માટે સ્ટેલિનની પણ આલોચના કરી હતી. માઓ-ત્સે-તુંગ સ્ટેલિનના પગલે જ ચાલી રહ્યા છે.

૧૯૫૮માં જ્યારે અમે અમારી લાંબા અંતરે જનારી સબમરીનોને વહેતી મૂકી ત્યારે એની સાથે સંપર્ક રાખવા માટે અમારે ચીનમાં એક રેડિયોમથકની જરૂર ઊભી થઈ. ચીને અમને 'ના' માં જવાબ આપ્યો. મેં મારા સાથીદારોને કહ્યું કે : 'અહીં સત્તાવાર મુલાકાતે આવવાનો હવે માઓનો વારો છે પણ વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં આપણે જ ત્યાં જઈએ અને એમની સાથે વાત કરીએ કે જેથી કરીને આ બાબતમાં આપણી કેવી સ્થિતિ છે એ આપણે જાણી શકીએ.'

આ અમારી ચીનની છેલ્લી મુલાકાત હતી. ૧૯૫૯માં આ બન્યું. અમે રેડિયોમથક સંબંધમાં ચર્ચા કરી. મેં માઓને કહ્યું : 'રેડિયોમથક ઊભું કરવા માટે જોઈતાં જરૂરી નાણાં અમે આપીશું. એ રેડિયોમથક પર કોની માલિકી હશે એ પ્રશ્ન અમારે માટે મહત્ત્વનો નથી. અમારે તો અમારી સબમરીનો સાથે સંપર્ક રાખવા માટે એનો ઉપયોગ કરવાનો છે. અમારી સબમરીનો બળતણ લેવા, સમારકામ માટે તેમ જ એવા કામસર તમારા દેશમાં આવી શકે એ માટે અમે એક મથક સ્થાપી શકીએ એ સંબંધમાં કોઈક સમજૂતી પર પણ આપણે આવી શકીએ કે નહિ ?'

'છેલ્લી વખત હું કહી દઉં છું કે એ બધાનો જવાબ 'ના' છે. હું આ વિશે હવે વધુ કાંઈ સાંભળવા માગતો નથી.'

'આટલાંટિક કરારના દેશોને એકબીજાને સહકાર અને સલાહ આપવામાં કોઈ મુશ્કેલી નડતી નથી, ત્યારે આપણે આવી એક સામાન્ય બાબત વિશે સમજૂતી પર આવી શકતા નથી.'

'ના.'

મેં માઓને સમજાવવાનો એક છેલ્લો પ્રયાસ કર્યો : 'તમારી સબમરીનો માટે તમે ઈચ્છતા હો તો તમે મુર્મેન્સ્ક બંદરનો ઉપયોગ કરી શકો છો.'

'ના, અમારે મુર્મેન્સ્ક સાથે કંઈ લેવાદેવા નથી. તમે અહીં આવો એવું જ અમે ઈચ્છતા નથી. વર્ષો સુધી અમારે ત્યાં અંગ્રેજો અને બીજા વિદેશીઓ હતા. હવે અમે ફરી વાર કોઈને પણ પોતાના હેતુઓસર અમારી ધરતીનો ઉપયોગ કરવા દેવા માગતા નથી.' અમને સબમરીન મથક માટે છૂટ મળી જ નહિ.

ચીન પાંચ વર્ષમાં અમેરિકાને આંબી શકે તેમ છે એવા વિચારનો માઓએ પ્રસાર કરવા માંડયો ત્યારે એમણે અમારા પર પણ પ્રહારો કરવા માંડયા. આ પ્રહારો પણ તેઓ જાહેરમાં જ કરતા હતા. માઓની પ્રેરણાથી ચીનાઓ અમે ભદ્રવર્ગીય ખ્યાલ ધરાવીએ છીએ એમ પણ કહેવા લાગ્યા. આ રીતે અમારા સામ્યવાદી આંદોલનની ભાવિ દિશા સંબંધમાં સિદ્ધાંતને લગતા કેટલાક મૂળભૂત પ્રશ્નો ઊભા થયા અને આ રીતે અમે ચીનથી અલગ પડવાની હદે પહોંચી ગયા હતા.

માઓ-ત્સે-તુંગે એવી જાહેરાત પણ કરી હતી કે શાંતિમય સહઅસ્તિત્વ એ ભદ્રવર્ગીય શાંતિવાદી ખ્યાલ છે. એ પછી ચીને શાંતિમય સહઅસ્તિત્વની અમારી નીતિ માટે સોવિયેટ સંઘના સામ્યવાદી પક્ષની બેફામ નિંદા કરી છે. ચીનાઓ ખરેખર શું વિચારે

છે એ જાણવાનું મુશ્કેલ છે. ચીન ખરેખર શાંતિમય સહઅસ્તિત્વમાં માને છે કે એનું વિરોધી છે એ નક્કી કરવાનું પણ કઠિન છે. માઓ વિશે એક બાબત હું ચોક્કસપણે કહી શકું તેમ છું કે માઓ રાષ્ટ્રવાદી છે અને હું એમને જાણતો હતો ત્યારે તેઓ દુનિયા પર શાસન કરવાની પોતાની ઈચ્છા પૂરી કરવા માટે થનગની રહ્યા હતા. એમણે મને પૂછ્યું હતું : 'કેટલા વિજેતાઓએ ચીન પર આક્રમણો કર્યાં છે?' એ પ્રશ્નનો જવાબ પણ પછી એમણે જ આપ્યો હતો : 'ચીનને ઘણી વાર જીતી લેવામાં આવ્યું છે, પણ ચીને બધા જ વિજેતાઓને પોતાનામાં સમાવી લીધા છે.'

એમની મીટ ભાવિ પર મંડાયેલી હતી. એમણે કહ્યું હતું કે 'તમારી ૨૦ કરોડ માણસોની વસતિ છે ત્યારે અમારી વસતિ ૭૦ કરોડ માણસોની છે એનો જ વિચાર કરો.' એ પછી એમણે ચીન બીજાથી કેટલું ભિન્ન છે એના વિશે વાતો કરવા માંડી. એમની સંકુચિતતા અને ઘમંડ જોઈને મારા શરીરમાંથી એક ધ્રુજારી પસાર થઈ ગઈ.

એ પછી ચીનનાં અખબારોએ વ્લાડિવોસ્ટોક ચીનનો પ્રદેશ છે અને રશિયનોએ ચીન પાસેથી એ લઈ લીધો છે એવો દાવો કરવા માંડ્યો. અમે સીમા વિશે મંત્રણા કરવાની તૈયારી બતાવી. નકશો કઈ રીતે જોવો જોઈએ એ એમણે અમને એક નકશો મોકલીને જણાવ્યું. અમે એ નકશા પ્રત્યે એક દૃષ્ટિ નાખી અને એને એક બાજુ ફેંકી દીધો.

૧૯૬૧માં મળેલી પક્ષની ૨૨મી કૉંગ્રેસનો અહેવાલ તમે વાંચ્યો હશે તો જોયું હશે કે મેં ચીનના નામનો સીધો નિર્દેશ કર્યા વિના ચીન સાથેના પ્રશ્નો સંબંધમાં ઘણા વિચારો રજૂ કર્યા હતા. બાવીસમી કૉંગ્રેસમાં જ અમે માઓના વલણના મુખ્ય સિદ્ધાંતોનો અસ્વીકાર કર્યો હતો. એમના સંબંધમાં મારી ધીરજની હદ આવી ગઈ હતી.

માઓ-ત્સે-તુંગે એમની સત્તાનો દુરુપયોગ કર્યો હશે અને એમના પક્ષને ગેરમાર્ગે પણ દોર્યો હશે પણ તેઓ પાગલ નથી. તેઓ ખૂબ જ બુદ્ધિશાળી અને ખંધા છે. થોડાં વર્ષ પહેલાં લોકો એવી આગાહી કરતા હતા કે માઓને સત્તા માટેની એમની લડતમાં કદી વિજય નહિ મળે. મેં ત્યારે કહ્યું હતું : 'એ વાહિયાત વાત છે. માઓનો અચૂક વિજય થશે જ.' અને હું સાચો ઠર્યો હતો. પણ ચીનાઓ સત્તા અને શક્તિ સિવાય બીજા કોઈ પણ કાનૂનનો સ્વીકાર કરતા નથી. જો તમે એમને તાબે ન થાઓ તો તેઓ તમારું માથું ભાંગી નાખશે. કોઈ ચોકમાં હજારો લોકોની વચ્ચે તેઓ તમને ગળે ટૂંપો દેશે. આ કઈ જાતનું 'રાજકારણ' છે? તમે એને બર્બરતા નહિ કહી શકો. એનાથી પણ એ કંઈક વિશેષ છે.'

આમ છતાં યે હું માનું છું કે સોવિયેટ સંઘના અને બીજા સામ્યવાદી પક્ષો તેમ જ ચીનના સામ્યવાદી પક્ષ વચ્ચે આજ્યારે જે સંઘર્ષ છે એનું નિરાકરણ લાવવા માટે આપણે બધા જ પ્રયાસો કરવા જોઈએ. સામ્યવાદી આંદોલનમાં પુનઃ એક વાર એકતા સધાય એ માટે આપણાથી બનતું બધું જ આપણે કરી છૂટવું જોઈએ. આ લક્ષ્ય સિદ્ધ કરવું જ જોઈએ. એ સોવિયેટ સંઘના લોકોના હિતમાં છે, ચીનના લોકોના હિતમાં પણ એ છે, એટલું જ નહિ પણ દુનિયાના બધા જ શાંતિચાહક લોકોના હિતમાં પણ એ છે.

* કેમ? શું? અને શા માટે? *

આફ્રિકાની યાતના

આફ્રિકાના પરાધીન દેશોની સમસ્યાઓ ઉકેલવા યુનોની સલામતી સમિતિની બેઠક આફ્રિકામાં—એડીસઅબાબામાં—ભરવા પશ્ચિમી મહારાજ્યો સંમત તો થયાં, પણ જે સમસ્યાઓ તેઓ ન્યુ યૉર્કમાં નથી ઉકેલવા દેતાં તે એડીસઅબાબામાં કેમ ઉકેલવા દે? પરાધીન આફ્રિકામાં હવે પાંચ પ્રકારના પ્રદેશો છે : પોર્ટુગીઝ સંસ્થાનો, સ્પેનિશ સંસ્થાન, રહોડેશિયા, દક્ષિણ આફ્રિકાની બહુમતી દેશી પ્રજા અને દક્ષિણ આફ્રિકાના કબજાનું નામિબિયા (નૈઋત્ય આફ્રિકા). પશ્ચિમી દેશો, ખાસ કરીને અમેરિકા એ કોઈની મુક્તિ-ઝંખનાને ટેકો આપવા નથી માગતાં, કારણ કે તેમના સામ્રાજ્યવાદી સ્વાર્થ આડે આવે છે.

ખાસ કરીને રહોડેશિયા અને દક્ષિણ આફ્રિકામાં અમેરિકા અને બ્રિટને અબજો ડૉલર જેટલી મૂડીનું રોકાણ કર્યું છે. રહોડેશિયા સાથે વેપાર નહિ કરવાના યુનોના આદેશનો ભંગ કરીને પણ અમેરિકા વેપાર કરે છે. સ્પેન અને પોર્ટુગલ અમેરિકાની લશ્કરી છાવણીના સભ્ય છે. દક્ષિણ આફ્રિકા પણ. અહીં અમેરિકાનાં નૌકા-મથકો છે. રહોડેશિયાનાં ખનિજો અને દક્ષિણ આફ્રિકાના હીરા તથા સોનાનાં ગ્રાહક પશ્ચિમી મહારાજ્યો છે. સૌથી અધમ પ્રકારની સામ્રાજ્યવાદી નીતિ ધરાવતા પોર્ટુગલ સાથે અમેરિકાને એવી દોસ્તી છે કે આપણે જ્યારે દીવ-દમણ-ગોવાને પોર્ટુગલની નાગચૂડમાંથી મુક્ત કર્યાં ત્યારે અમેરિકાએ આપણને આક્રમક ગણવાની ગાળ આપી હતી!

રહોડેશિયામાં ૫૧ લાખ જેટલી પ્રજામાંથી ગોરા લોકો પૂરા અઢી લાખ પણ નથી. તેમ છતાં બ્રિટને તેમને વર્ષો દરમિયાન વધુ ને વધુ સ્વરાજ આપ્યા પછી ૧૯૬૫માં રહોડેશિયાની ગોરી સરકારે રહોડેશિયાને સ્વતંત્ર દેશ તરીકે જાહેર કરી દીધો. ગયે વર્ષે બ્રિટને, છેવટે દેશી પ્રજા સત્તામાં આવે એવી મધલાળ પીરસનારા કરાર કર્યા, પરંતુ ખરેખર તો કદી પણ એ કરાર નીચે દેશી પ્રજા સત્તામાં આવી શકે નહિ. એડીસઅબાબામાં સલામતી સમિતિમાં જ્યારે એ કરાર ફગાવી દેવાનો ઠરાવ આવ્યો ત્યારે બ્રિટને વીટો વાપરીને એ ઠરાવ ઠિકાવી દીધો.

દક્ષિણ આફ્રિકામાં લગભગ ૨૦૦ લાખ પ્રજામાંથી ગોરા પૂરા ૩૬ લાખ પણ નથી, ત્યાં રંગભેદનો વિરોધ કરે કે રંગભેદની નીતિનો ભંગ કરે એને સામ્યવાદી તરીકે ગણીને સજા થાય છે અને રંગભેદની નીતિ એવી છે કે ગોરા અને રંગીન એક લત્તામાં રહી શકે નહિ એટલું જ નહિ પણ એકબીજાને ઘેર મળવા જાય તો તે પણ સજાપાત્ર છે! અને ખરેખર સજા થાય છે!

નામિબિયા ભૂતપૂર્વ જર્મન સંસ્થાન હતું જેનો વહીવટ ટ્રસ્ટી તરીકે દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારને સોંપવામાં આવ્યો હતો. યુનોએ આ નિમણૂક રદ કરી છે, પણ દક્ષિણ આફ્રિકાની સરકાર એ પ્રદેશ છોડતી નથી. તેની સવા છ લાખ જેટલી વસતિમાં પૂરા એક લાખ પણ ગોરા નથી.

* * *

મુસ્લિમોનું પછાતપણું

તુર્કીને અપવાદ ગણો તો કોઈ મુસ્લિમ દેશે પ્રગતિ નથી કરી. મોટા ભાગના મુસ્લિમ દેશો પ્રમાણમાં વધુ પછાત છે. ભારતમાં પણ બીજી કોમોની સરખામણીમાં મુસ્લિમો પછાત અને ગરીબ છે. તેનું કારણ એ છે કે તેઓ હજાર-બારસો વર્ષ પહેલાંના કાળમાં અને અરબસ્તાનના વાતાવરણમાં જીવવાના આગ્રહી છે. તુર્કી અપવાદ બન્યું તેનું કારણ એ છે કે કમાલપાશાએ રાજ્યને અને જાહેર જીવનને ધર્મથી અળગાં કર્યાં, બિનસાંપ્રદાયિક નીતિ અપનાવી, અરબી પર આધારિત અવૈજ્ઞાનિક તુર્કી લિપિને ફેંકી દીધી અને રોમન લિપિ અપનાવી, અને ધર્મગુરુઓની સત્તા અને લાગવગને કાપી નાખી.

બંગલા દેશની મુસ્લિમ પ્રજા ક્રાન્તિ કરી રહી છે ત્યારે ભારતમાં વિચારવંત અને પ્રગતિશીલ મુસ્લિમો ધર્મની રૂઢિઓ-

માંથી અને અંધ માન્યતાઓમાંથી મુસ્લિમ સમાજને મુકત કરવા, સમાજસુધારણા કરવા અને હજાર-દોઢ હજાર વર્ષ પહેલાના આરબ સમાજ માટે ઘડાયેલા કાયદાને દેશ-કાળ પ્રમાણે ભારતને અનુકૂળ કાયદા મુસ્લિમો સહિત બધી કોમોને લાગુ પાડવાની હિમાયત કરે છે, પરંતુ, તેની સામે રૂઢિચુસ્ત મુસ્લિમો વિરોધ કરી રહ્યા છે, એટલે સુધી કે કેટલીક મુસ્લિમ સ્ત્રીઓ બહુપત્ની પ્રથાનો પણ બચાવ કરે છે!

જ્યાં સુધી કેળવણીને ધર્મથી મુકત કરીને નવયુગને અનુકૂળ કેળવણી આપવામાં ન આવે ત્યાં સુધી પ્રજા નવયુગના વિચારો આપનાવી શકે નહિ અને ધર્મ તથા રૂઢિની બેડીમાંથી મુકત થઈ શકે નહિ. ધર્મનો અર્થ સદાચાર પર આધારિત અને દેશકાળને અનુકૂળ સમાજરચનાના નિયમો છે. આજના હિંદુ સમાજ માટે હજારો કે વધુ વર્ષો પહેલાંના સમાજ માટે લખાયેલી સ્મૃતિઓ અનુકૂળ ન હતી, તેથી રાજ્યે અને સમાજે નવા રિવાજ પાડયા હતા, છેવટે, "આંબેડકર સ્મૃતિઓ" (નવા હિંદુ કોડ) મનુસ્મૃતિનું અને નારદસ્મૃતિનું સ્થાન લીધું. પણ બીજા મુસ્લિમ દેશોએ જે આધકચરા સુધારા સ્વીકાર્યા છે તે સ્વીકારવા પણ ભારતના મુસ્લિમો તૈયાર નથી!

ધર્મ અને જડ રૂઢિની શૃંખલામાંથી મુકત થયેલી આધુનિક કેળવણી મુસ્લિમોમાં પણ કેવી ક્રાંતિ કરે છે તેનું દૃષ્ટાંત સોવિયેટ સંઘનાં મુસ્લિમ પ્રજાસત્તાક રાજ્યો છે. અહીં ટચૂકડી વસતિ ધરાવતાં રાજ્યોમાં પણ સેંકડો વૈજ્ઞાનિક સંસ્થાઓ, કૉલેજો, શાળાઓ, વગેરે છે, હજારોની સંખ્યામાં વિજ્ઞાનશાસ્ત્રીઓ છે, હજારો તજ્જ્ઞો (ટેક્નિશિયનો) છે. આચારવિચાર અને પહેરવેશમાં આ મુસ્લિમો તદ્દન પલટાઈ ગયા છે. પોણો કરોડની વસતિ ધરાવનાર ઉઝબેકિસ્તાન ૧૯૭૨માં કેળવણી પાછળ એક અબજ રૂબલ ખર્ચ કરશે!

રશિયામાં, હું ભારતીય વિદ્યાઓના કેટલાક વિદ્વાનોને મળ્યો તેમાં આ એશિયાઈ રશિયાના મુસ્લિમો પણ હતા, સ્ત્રીઓ પણ હતી! આ બધાં મુસ્લિમ રાજ્યોએ પોતપોતાની ભાષાનો વિકાસ કર્યો છે, પણ અરબી પર આધારિત અવૈજ્ઞાનિક લિપિઓ તજીને રશિયન લિપિ અપનાવી છે. પરંતુ આપણા ભણેલા મુસ્લિમો પણ એમ માને છે કે કુરાનના અનુશાસન શરિયતમાં જે છે તેમાં કંઈ ફેરફાર થઈ શકે નહિ. સુધારક મુસ્લિમો અતિ નાની લઘુમતીમાં છે. આથી સામાજિક સુધારણા થઈ શકતી નથી. સરકાર હિંદુઓ માટે સામાજિક સુધારણા કરે છે, પણ મુસ્લિમો માટે સામાજિક સુધારણા કરે તો હુલ્લડો પણ થાય, મુસ્લિમ દેશો અને પાકિસ્તાન કાગારોળ કરી મૂકે. આથી પાકિસ્તાન અને જૉર્ડન જેવા પછાત અને ધર્મઝનૂની દેશોએ જે સામાજિક સુધારા કર્યા છે તે પણ ભારતમાં નથી થઈ શકતા.

* * *

દૂષિત વાતાવરણ

શહેરો અને ઉદ્યોગો હવાને, પાણીને અને ધરતીને દૂષિત કરી રહેલ છે એવો પોકાર દુનિયામાં વધતો જાય છે. થોડા દિવસ પહેલાં મુંબઈના સમુદ્રકાંઠે કરોડો માછલીઓ મરીને કાંઠા પર ધોવાઈ આવી, કારણ કે સમુદ્રમાં જતા ગટરના પાણીના કારણે સમુદ્રના પાણીમાંથી પ્રાણવાયુનો સદંતર લોપ થયો હતો, તેથી માછલીઓ ગૂંગળાઈને મરી ગઈ.

લક્ષ્મણઝૂલા પાસે ગંગા નદી હિમાલયમાંથી મેદાનમાં ઊતરે છે ત્યાં તેનું પાણી કેવું સ્વચ્છ છે તે ઘણાએ જોયું હશે. પણ કાશીમાં, ગંગામૈયાને પતિતપાવની ગણનારા હિંદુઓએ પણ તેને કેવી ગટર બનાવી છે તે નજરે જોવા ચાર માસ પહેલાં હું ગયો ત્યારે એ જોઈને આઘાત લાગ્યો. પ્રયાગ, વારાણસી અને પટણામાં ગંગાના પાણીને સ્પર્શ કરવાનું મન ન થાય!

પણ જો આપણે સમુદ્ર જેવા સમુદ્રને ઝેરી બનાવી શકીએ છીએ તો ગરીબ બિચારી ગંગાનું શું ગજું?

દૂષિત પાણીથી રોજ આટલાં માછલાં નથી મરતાં, તેનું કારણ એ છે કે કેટલીક જાતનાં માછલાં કરોડોની સંખ્યાના ટોળામાં ફરે છે. જ્યારે ટોળું પ્રાણવાયુ વિનાના પાણીમાં ફંસાઈ જાય ત્યારે તે ગૂંગળાઈ મરે. મુંબઈ કાંઠે છેલ્લા છ માસમાં આ બીજો બનાવ જોયો. ગટરના પાણીને શુદ્ધ કરવામાં આવે તો ખાતર અને ચોખ્ખું પાણી બંને મળે અને તેમાં નફો પણ થાય. વારાણસી સુધરાઈએ ગંગાકાંઠે આ કામ હાથ ધર્યું છે. પરંતુ દર વર્ષે હિંદુઓ હજારો શબ બાળીને કે બાળ્યા વિના ગંગામાં પધરાવે છે તેનું શું?

* * *

વિનાશક હિમપ્રપાત

થોડા દિવસ પહેલાં ઈરાનમાં હિમપ્રપાતથી બે હજાર માણસોની ખુવારી થઈ. આવી હોનારત યુરોપમાં આલ્પ્સ પર્વતમાળામાં અને દક્ષિણ અમેરિકામાં એન્ડીઝ પર્વતમાળામાં દર વર્ષે થાય છે અને વધુ-ઓછા માણસોની ખુવારી થાય છે. આપણા હિમાલયમાં ઘણા હિમપ્રપાત થાય છે, પરંતુ શિયાળામાં ત્યાં વસતિ નથી હોતી તેથી ખુવારી નથી થતી. ઘણા પર્વતારોહકો હિમપ્રપાતમાં માર્યા ગયા છે.

શિખર કે કરાડ પર હિમવર્ષાથી બરફની જમાવટ થાય છે. હિમકણીઓ એકબીજીને ચોંટી રહેવાની પ્રકૃતિ ધરાવે છે તેથી હિમરાશિ એકઠો થાય છે. પરંતુ જ્યારે તે સમતુલા ગુમાવે ત્યારે મોટા કડાકા અને ગડગડાટી કરતો તૂટી પડે છે. સાથે શિલાઓ, માટી અને કાંકરા પણ લઈ જાય છે. તેની હડફેટમાં જે આવે તેનું આવી બને. કોઈ વાર તો પવનની લહેર કે અવાજનું મોજું પણ હિમપ્રપાત માટે બસ થઈ પડે છે.

* * *

આ સરકારી 'સેવાઓ'!

લોકોનાં નાણાં, પારસલ અને કાગળો ચાંગડિયા પહોંચાડે છે અને વધુ ને વધુ લોકો ટપાલ કચેરીઓને બદલે આંગડિયાનો લાભ લે છે તેની સામે ટપાલ કચેરીના સત્તાવાળાઓએ એક વાર ફરીથી ઊહાપોહ મચાવ્યો છે. પરંતુ જો મર્યાદિત ક્ષેત્ર અને સાધનોવાળા આંગડિયા જનતાને ટપાલ કચેરી કરતાં ઓછા ભાવે વધુ ઝડપથી વધુ સારી સેવા આપી શકે તો સત્તાવાળાઓએ પોતાના અકુશળ ઈજારાની રક્ષા માટે ઊહાપોહ કરવાને બદલે પોતાની ગેરલાયકાત માટે શરમાવું જોઈએ.

એવી જ રીતે લોકો રેલવે કરતાં ખાનગી મોટર ટ્રાન્સપોર્ટથી માલ મોકલવાનું વધુ પસંદ કરે છે, પછી ભલે ભાડું વધારે પડે. કારણ કે રેલવે ચોરી, ભાંગફોડ અને અસાધારણ વિલંબથી માલધણીને ભારે નુકસાન પહોંચાડે છે. રેલવેએ નવ માસમાં ચોરાયેલા માલ માટે રૂ. ૧૩ કરોડ બદલા તરીકે ચૂકવ્યા (અલબત્ત, આ ભાર પણ પ્રજાની પીઠ પર જ છે.) કુસેવામાં આ નવો વિક્રમ છે.

ચાર માસ પહેલાં મેં મોગલસરાઈ સ્ટેશને જોયું. અહીં રોજ માલગાડીના ૧૦૦થી વધુ ડબ્બા તૂટીને, માલ ચોરાઈને આવે છે! આ નામચીન શહેરનો વેપાર મુખ્યત્વે ચોરાયેલા માલ પર ચાલે છે! આ લૂંટમાં રેલવેના નોકરો અને રેલવે સંરક્ષણદળ પણ સામેલ હોય છે!

માત્ર પ્રજાનો જ નહિ, રેલવેનો પોતાનો માલ પણ ચોરાય છે અને દર વર્ષે રેલવેને તેમાં કરોડો રૂપિયાની ખોટ જાય છે. રેલવેના પ્રવાસીઓના સામાનની ચોરી થતી હોય તે જુદી. જનસંઘના સ્વ. પ્રમુખ દીનદયાળ ઉપાધ્યાયનું મોગલસરાઈ સ્ટેશન નજીક પહેલા વર્ગના ડબામાં ખૂન થયું હતું તેની પાછળ પણ લૂંટનો હેતુ હતો.

સરકારી સેવાઓ ઓકહથ્થુ ઈજારાના કારણે કેવી કુસેવા બની છે તેનાં આ દૃષ્ટાંત છે. ટપાલ કચેરીઓ, તાર કચેરીઓ, રેલવે, વગેરે જે સેવાઓ આપે છે તે દિવસે દિવસે વધુ મોંઘી અને વધુ અસંતોષજનક બની રહી છે.

વિજયગુપ્ત મૌર્ય

એશિયાઈ સમાન બજારની રચના શક્ય છે?

સૈકાઓ જૂનું યુરોપનું એકીકરણ અંગેનું સ્વપ્ન હવે સાકાર બને છે. બીજા વિશ્વયુદ્ધ પછી પશ્ચિમ યુરોપના દેશો વધુ નજીક આવે એ અંગેના તમામ પ્રયાસો ફળદાયી નીવડી રહ્યા છે. સોવિયેટ રશિયા અને સાથી દેશો સાથે સંબંધો કેળવવા માટે પશ્ચિમના યુરોપીય દેશો પરિણામે હવે વધુ મજબૂત બન્યા છે. આ સમાન બજાર વિશ્વની સૌથી મોટી વ્યાપારી સત્તા બને છે એ પણ હવે નિર્વિવાદ છે.

આ કરારો અને સમજૂતીઓ હજુ સુધી તો આર્થિક ક્ષેત્રને જ સ્પર્શે છે. આ જૂથની અગત્ય નાનીસૂની નથી. અમેરિકી ડૉલરના વર્ચસને આ પહેલાં ફટકો લાગી ચૂક્યો છે. આંતરરાષ્ટ્રીય નાણા ક્ષેત્રે નવી વ્યવસ્થા દેખાઈ રહી છે એમાં આ જૂથનું સ્થાન હવે મોખરાનું બનશે. આટલું જ નહીં, આમાંથી એક પ્રભાવશાળી રાજકીય સંકુલ ઊભું થવાની શક્યતા પણ છે. પરિણામે આ જૂથની કાર્યવાહી પ્રત્યે વિશ્વ મીટ માંડીને બેઠું છે.

આ સંદર્ભમાં એશિયામાં આવા પ્રકારનો સંબંધ બંધાય કે આવી કોઈક રચના થાય એ વિશે સમય સમય પર વિચારો રજૂ થતા રહ્યા છે. એશિયાના દેશો વચ્ચે સહકાર અને સંકલન વધે તો આ દેશો વધુ આબાદ બને અને વિકાસ પામે એની અનેક શક્યતાઓ છે.

આર્થિક ક્ષેત્રે કે અન્ય કોઈ રીતે એશિયાના દેશો નજીક આવે એવા પ્રયાસો થતા રહ્યા છે. મધ્યપૂર્વમાં આરબ દેશો યહૂદી દેશ ઈઝરાયલને પછડાટ આપવા ધર્મને નામે નજીક આવ્યા છે, પરંતુ એમનો પાયો મજબૂત નથી. અંદર અંદર વિખવાદ, વિવાદ, અવિશ્વાસ અને ધમસાણ ચાલુ જ છે. અગ્નિ એશિયાના ઈન્ડોનેશિયા, મલયેશિયા, થાઈલેન્ડ, સિંગાપુર અને ફિલિપાઈન્સ જેવા દેશોએ પણ પ્રયાસ કર્યા છે. ASEAN તરીકે જાણીતા અગ્નિ એશિયાના આ જૂથ વચ્ચે સમય સમય પર વિચાર-વિનિમય થતો રહે છે. દેશના ઘડતર માટે રાજકીય પદ્ધતિ જુદી જુદી હોવા છતાં સહકાર અને સંકલન કરીને વિકાસ કરતા રહેવાનું એનું ધ્યેય છે. પરંતુ આ જૂથને સફળતા મળી હોય એવું ઝાઝું જોવા કે સાંભળવા મળતું નથી.

આ સિવાય રાષ્ટ્રકુળના એશિયા અને આ વિસ્તારના દેશો વચ્ચે કોલમ્બો યોજના સને ૧૯૫૦થી અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થા હેઠળ ઈકાફે (ECAFE)-એશિયા અને દૂરપૂર્વના દેશો માટેનું આર્થિક પંચ-સને ૧૯૪૭થી કામ કરે છે. પરંતુ આ સંસ્થાઓ મૂળભૂત રીતે આર્થિક સંસ્થાઓ છે અને એની શક્તિ અને વ્યાપ એથી સીમિત બની જાય છે.

ડિસેમ્બર, ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પછી એશિયામાં કહેવાતી સત્તાની સમતુલા બદલાઈ ગઈ છે. લોકશાહી સમાજવાદી બંગલા દેશનો ઉદય થયો છે. ભારતને એક મહત્ત્વનો મિત્રદેશ મળ્યો છે. પાકિસ્તાનનું મહત્ત્વ ઘણું ઘટ્યું છે. જ્યારે બ્રહ્મદેશ, નેપાળ, શ્રીલંકા જેવા પડોશી દેશો ભારત પ્રત્યે હવે આદરણીય - સલુકાઈભર્યા સંબંધો રાખતા થશે એમ લાગે છે. આ યુદ્ધના પરિણામોને લીધે અગ્નિ એશિયાના તમામ દેશોને ભારતમાં ફરીથી શ્રદ્ધા જાગી રહી છે.

યુદ્ધ પછી વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ભૂજ અને પૂનાની એમની જાહેર સભાઓમાં જે કંઈ કહ્યું તે ઘણું સૂચક છે. અંદર અંદરના ઝઘડાઓ દફનાવીને, આંતરિક વિખવાદોને સમજદારીપૂર્વક મિટાવી દઈને, તેમ જ સંપત્તિવાન દેશોના ખ્યાદા બન્યા વગર એશિયા ખંડના બધા દેશોને સંયુક્તપણે આત્મનિર્ભર બનવાની સલાહ આ સભાઓમાં ઈન્દિરાજીએ આપી હતી.

આ સલાહ અંગે એશિયાના દિલ્હીમાંના રાજદૂતોએ રસ દાખવ્યો હતો એવા અખબારી અહેવાલો પણ હતા. પાટનગરમાં માનવામાં આવી રહ્યું છે કે વડા પ્રધાન એશિયાઈ એકતાના આ વિચારને ચરિતાર્થ કરવા નક્કી કોઈ સમયોચિત પગલાં ભરશે.

એશિયા ખંડમાં શાંતિની પ્રસ્થાપના માટે આ વિચારનો એક મૂળભૂત હેતુ હોઈ શકે છે. આવી શાંતિ માટે બધા દેશો વચ્ચે કેવા પ્રકારના સહકાર-સંબંધો બંધાશે એ વિશે અત્યારે કહેવું કસમયનું થઈ પડશે, છતાં આવી ચર્ચા કેવો વળાંક લે છે એના પર પણ એનો આધાર છે. ઈન્દિરાજી પાસે આ અંગે અત્યારે કોઈ યોજના હોય એમ લાગતું નથી. પરંતુ સામાન્ય ચૂંટણી બાદ આ અંગે ઈન્દિરાજી વિચારણા કરે એવું લાગે છે, કેમકે એમણે મહાસત્તાઓને ચેતવણી આપતા કહ્યું છે કે એશિયા હવે કોઈનું પ્યાદું બનશે નહીં.

તદ્ઉપરાંત, આ યુદ્ધ દરમિયાન જાપાન અને અમેરિકા જેવા દેશોએ વિદેશી સહાય આપવાનું બંધ કર્યું હતું તેથી ઈન્દિરાજીએ આત્મનિર્ભર બનવાનો દેશને કૉલ આપ્યો હતો. દેશમાં કૃષિ તથા ઉદ્યોગક્ષેત્રે સબળ અર્થતંત્ર બનાવવા ઘરઆંગણે જ સાધન-સંપત્તિ શોધીને મંડી પડવાની આમાં ઝંખના દેખાય છે.

ટૂંકમાં આંતરિક ક્ષેત્રે ભારત આત્મનિર્ભર (Self-reliant) બનવા ઈચ્છે છે, જ્યારે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારત વિદેશી સત્તાના કોઈ પણ પ્રકારના વર્ચસ હેઠળ આવવા ઈચ્છતું જ નથી. ભૂજની સભામાં ઈન્દિરાજીએ કહ્યું હતું કે એશિયાના દેશોએ એક બનીને સહકારની ભાવના સાથે વિકાસ સાધવો જોઈએ. સૈકાઓ વર્ષોથી એશિયા ખંડને ચૂસતા રહેલા પશ્ચિમી દેશોની પકડમાંથી મુક્ત બનીને આત્મવિશ્વાસ કેળવીને સહકારથી આગળ વધવા અને નૂતન તથા સંયુક્ત એશિયા માટે સખત પરિશ્રમ કરવાનો એમણે આદેશ આપ્યો હતો.

એશિયાના વિકાસ માટે ભારત મહત્ત્વનું પ્રદાન કરે એ જરૂરી છે. ભારત લોકશાહી, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, સાર્વભૌમ રાષ્ટ્ર હોવા ઉપરાંત કુદરતી રીતે એશિયામાં કેન્દ્રસ્થાને છે. આમ ભૌગોલિક કારણ મહત્ત્વનું છે. પશ્ચિમ-ઉત્તર, પૂર્વ કે અગ્નિ એશિયામાં બધા જ વિસ્તારો માટે ભારત ત્રિભેટે આવેલો મહત્ત્વનો કેન્દ્રીય દેશ છે. ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે પ્રાચીન કાળથી આ બધા વિસ્તારોથી ભારત સંકળાયેલો રહ્યો છે.

આચાર્ય વિનોબાએ વર્ષો પહેલાં એ.બી.સી. ત્રિકોણ રચવાની હિમાયત કરી હતી. અફઘાનિસ્તાન, બ્રહ્મદેશ અને સિલોન વચ્ચેના દેશોનો મહાસંઘ રચવાનું એમણે ત્યારે સૂચન કર્યું હતું. યુરોપીય સમાન બજારને ધ્યાનમાં રાખીને ભારત, પાકિસ્તાન, લંકા, નેપાળ, ભૂતાન અને અન્ય પડોશી દેશોનો મહાસંઘ રચવાનું સૂચન સમાજવાદી નેતા શ્રી એસ. એમ. જોશીએ પણ હૈદરાબાદમાં સને ૧૯૬૫માં કર્યું હતું. બલૂચિસ્તાનના આગેવાન સરદાર અતાઉલ્લાખાં મેંગલે સહિત પાકિસ્તાનના બે-ત્રણ નેતાઓએ આવા વિચાર અંગે હમણાં હમણાં મંતવ્યો વ્યક્ત કર્યા છે. તેઓ કહે છે કે આ સ્વતંત્ર દેશોનો મહાસંઘ બનાવ્યા વિના એમનો ઉદ્ધાર શક્ય નથી; પરંતુ આ ગમે તેટલું જરૂરી અને મહત્ત્વનું હોય તો પણ અત્યારે વ્યવહારુ જણાતું નથી.

આપણા સદ્ગત રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસેને ૧૯૬૭ માં પાટનગરમાં એક મહત્ત્વનું સૂચન કર્યું હતું. વિકસતા દેશોના લાભાર્થે એશિયાઈ સમાન બજાર રચવાનું સૂચન એશિયાઈ કૃષિ સહકારની ત્રીજી પરિષદને સંબોધતાં એમણે કર્યું હતું.

કોલંબો યોજના હેઠળના દેશોએ નીમેલી તપાસ સમિતિના એક અહેવાલ પ્રમાણે દક્ષિણ અને અગ્નિ એશિયાના દેશોમાં સમાન બજારના વિચારને ચરિતાર્થ કરવાનું અત્યંત મુશ્કેલીભર્યું છે.

૧૯૬૯માં પ્રકાશિત થયેલા આ અહેવાલમાં કહેવાયું છે કે જુદા જુદા પ્રકારની રાજકીય નીતિને લીધે, વિસંગત અર્થતંત્ર

અને વિવિધ આર્થિક નીતિઓને પરિણામે સહકાર અને સંકલન આ વિસ્તારમાં શક્ય નથી.

પરંતુ સાંપ્રત કાળના સંદર્ભમાં આ અહેવાલ હવે પુરાણો થઈ ગયો છે. એશિયાના દેશો સ્વદેશી સહાય કરતાં આંતરિક વ્યાપાર-વિનમયથી વધારે સંપત્તિવાન બની શકે છે એ હકીકત છે. આ દેશો વચ્ચેના સંબંધો મજબૂત થવા જોઈએ. એ માટેના પ્રયાસો થાય તો આ શક્ય બને તેમ છે જ.

ભારત, બંગલા દેશ, પાકિસ્તાન, બ્રહ્મદેશ, શ્રીલંકા અને નેપાળની કુલ વસતિ ૭૫ કરોડ થવા જાય છે. આમ દુનિયાનો પાંચમો ભાગ અહીં વસે છે. ચીનની પણ આટલી જ વસતિ છે, પરંતુ ચીન એક પ્રકારની આગવી વિચારસરણીવાળી વ્યવસ્થા હેઠળ છે. દુનિયાના ગરીબ દેશોની વ્યક્તિદીઠ સરેરાશ આવક વરસે રૂ. ૧,૫૦૦ ગણાય છે, જ્યારે આ ક્ષેત્રમાં માત્ર રૂપિયા પાંચસો ! વરસમાં લગભગ બધાજ દિવસો એક જ ટંક ખાઈ શકતા લોકોમાંથી આશરે પોણા ભાગના લોકો આ વિસ્તારમાં છે. આ પરિસ્થિતિને સુધારવા આ બધા દેશોએ હવે કોઈક પ્રકારે નજીક આવી સહકાર સાધીને પ્રયાસ કરવા જોઈએ.

આ સંદર્ભમાં વિચારીએ તો ભારત અને બંગલા દેશ વચ્ચે શણ અંગે સમાનબજારની વાટાઘાટો ચાલુ છે. અત્યાર પૂર્વે શ્રીલંકા અને ભારત વચ્ચે આર્થિક સંબંધો વિકસાવવાના પ્રયાસ થયા હતા. ઈન્ડોનેશિયા સાથે વેપાર વધારવાની વાતો સતત ચાલુ રહી છે. મલેશિયા, સિંગાપુર અને હૉંગકૉંગ સાથે પણ આવા સંબંધો વધારવાના સજાગ પ્રયત્નો થતા રહ્યા છે. જો કે આનું કોઈ ચમત્કારિક પરિણામ આવ્યું નથી, કેમકે એ બધું પ્રારંભિક સ્વરૂપનું જ છે.

વધારે વ્યાપક સ્વરૂપે વાટાઘાટો કરવા માટે પેટ્રોલિયમ અને તેમાંથી ઊપજતા પદાર્થો અંગે ઈન્ડોનેશિયા સાથે સહકાર થઈ શકે છે. આણ્વશક્તિ અંગે જાપાન અને ભારત નજીક આવી શકે છે.

શણનો જ પ્રશ્ન લઈએ તો બંગલા દેશ ઉપરાંત થાઈલેન્ડ સાથે સંકલન, સહયોગ અને સહકાર આવશ્યક છે. આ માટે શ્રીલંકા અને બંગલા દેશ સાથે સંબંધ કેળવી શકાય છે. આવા તો અનેક ઉદાહરણો લઈ શકાય એમ છે, કારણકે અત્યાર સુધી ચાલુ રહેલી ગળાકાપ હરીફાઈથી કોઈને જ આ વિસ્તારમાં ફાયદો થયો નથી. એશિયાઈ દેશોને ભોગે અન્ય રાષ્ટ્રો મલાઈ જમી ગયા છે!

નવા સંદર્ભમાં, ભારત જ્યાં સામેલ હોય ત્યાં ચીન આવે તેમ નથી. જાપાન સામેલ થાય તો અગ્નિ એશિયાના દેશો જાપાનનો વિશ્વાસ કરવા કદાચ તૈયાર નહિ થાય, કેમકે બીજા વિશ્વયુદ્ધ પહેલાંની જાપાનની વર્તણૂક આ દેશો હજુ ભૂલ્યા નથી. અને ભારત અહીં ભૂલ કરે કે થાપ ખાય એ પાલવે તેમ નથી. માટે જ વિનોબાજીના સૂચનને જરાક ફેરવીને આર્થિક યોજનાને કોઈક પ્રકારનું નક્કર સ્વરૂપ આપવા માટે અને ધીમે ધીમે, યુરોપીય સમાન બજારની પેઠે, અહીં પણ એ. બી. સી. ના ત્રિકોણ વચ્ચેના દેશો એશિયાઈ સમાન બજાર માટે પહેલ કરે એ જ વ્યવહારુ છે. આ માટે આગળ કહેવાયું તેમ ભારતે આગળ આવવું જ પડશે, એ એના હિતમાં છે.

મહાસત્તાઓમાંથી રશિયા આ વિચારને માત્ર નૈતિક જ નહીં ભૌતિક પણ ટેકો આપશે. કેમકે આ વિસ્તારમાં ચીન અને અમેરિકાની વગ ઘટે એ એના લાભમાં જ છે. જ્યારે ફ્રાન્સ અને બ્રિટન, ટૂંકમાં, યુરોપીય સમાન બજારના દેશો આ વિચારને વધાવી લેવાના, કેમકે એમની ભૂંસાઈ ગયેલી વગ નવેસરથી પેદા થવાની એમાં ઊજળી તકો છે. આ બધું જોતાં ભારતે હવે મોડું કરવું નહીં જોઈએ.

ઈકાફેની વાર્ષિક બેઠક ૧૫મી માર્ચથી બેંગકોકમાં પખવાડિયા માટે મળી રહી છે. યુનોમાં ચીનને પ્રવેશ મળ્યો એ બાદ આ બેઠકમાં હવે ચીન પણ ભાગ લેશે. આ વિસ્તારમાં હવે એશિયાઈ સત્તાની સમતુલા બદલાઈ ગઈ છે. આના અનુસંધાનમાં હવે ભારતે એશિયાઈ રાષ્ટ્રવાદ અને સંસ્થાનવાદવિરોધી નેતાગીરી સ્વીકારીને બાંડુંગ પરિષદની જેમ આગળપડતો ભાગ ભજવવો પડશે.

ચીન, જાપાન અને અમેરિકાના પ્રભાવથી ડરતા અને તેમની મુરાદોથી તંગ આવી ગયેલા અગ્નિ એશિયાના દેશો ભારતની આવી નેતાગીરીને જરૂર આવકારશે. પરંતુ આ માટે ભારતે પોતાનું પ્રતિનિધિમંડળ મોકલવામાં દૂરંદેશીપણું વાપરવું પડશે, કેમકે ઈકાફે અને એની યોજનાઓ વધુ કાર્યક્ષમ અને વ્યવહારુ બને એ માટે અગ્નિ એશિયાના દેશોના મંતવ્યને સમજીને રજૂ કરીને ચીન-જાપાન જેવા દેશો સામે ટક્કર લેવાનો વખત આવે તો પણ ભારતે તૈયારી રાખવી પડશે.

ભારતને માટે આ એક આણમોલ તક છે. એણે આ બેઠકમાં બંગલા દેશના પ્રવેશનો પ્રશ્ન જોરશોરથી ઉઠાવવો પડશે. વળી આ બેઠક દરમિયાન ભારત સાંપ્રત પરિસ્થિતિને સમજીને આગળ પડતો ભાગ લેવાનું ચૂકી જશે તો આ વિસ્તારના દેશોનો રહ્યોસહ્યો વિશ્વાસ પણ તે ગુમાવી દેશે. ઉપરાંત, પેટા-ખંડ અને આસપાસના વિસ્તારમાં પણ પોતાનો પ્રભાવ ક્ષીણ થઈ જશે. પરિણામે ભારત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ફરી એકવાર નબળું રાષ્ટ્ર પુરવાર થશે. આ ભારતના રાષ્ટ્રીય હિતમાં લગીરે ય નથી જ નથી.

ઈકાફેની બેઠકમાં ભારત કેવો ભાગ ભજવે છે, આ વિસ્તારના દેશને કેટલે અંશે એ પોતાની સાથે લઈ શકે છે એના પરથી એશિયાના વિવિધ દેશો વચ્ચે આર્થિક અને બીજા પ્રકારનો સહકાર કેટલે અંશે વિકસી શકે તેમ છે એનો ખ્યાલ આવશે. એશિયાના પ્રશ્નો સંબંધે ભારતે પોતાની નવી પ્રતિભાનો પૂરેપૂરો ઉપયોગ કરવો જ જોઈએ.

–વિપુલ કલ્યાણી

રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝપેપર્સ (સેંટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે

'પ્રબુદ્ધજીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

ફૉર્મ નં. ૪.

૧.	પ્રસિદ્ધિસ્થળ	: ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪.
૨.	પ્રસિદ્ધિક્રમ	: દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ
૩.	મુદ્રકનું નામ	: શ્રી ચીમનલાલ જે. શાહ
	કયા દેશના	: ભારતીય
	ઠેકાણું	: ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪.
૪.	પ્રકાશકનું નામ	: શ્રી ચીમનલાલ જે. શાહ
	કયા દેશના	: ભારતીય
	ઠેકાણું	: ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪.
૫.	તંત્રીનું નામ	: શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
	કયા દેશના	: ભારતીય
	ઠેકાણું	: ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪.
૬.	માલિકનું નામ	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
	અને સરનામું	: ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪.

હું ચીમનલાલ ચકુભાઈ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧-૩-'૭૨. ચીમનલાલ ચકુભાઈ શાહ-તંત્રી

☆ 'પાની પિયે તો રતન કૂએં કા....' ☆

આપણો સંકલ્પ ઢીલો પડે છે ત્યારે આપણે મન સાથે બાંધ-છોડ કરવા માંડીએ છીએ, લક્ષ્ય ઉપરથી આપણું ધ્યાન ખસી જાય છે અને જે તે સ્થિતિમાં જે કંઈ મળે તે સ્વીકારી લઈએ છીએ ઓછી મહેનતે અને માથાકૂટ વિના કશુંક હાથ આવી જતું હોય તો પછી તપ કે સાધના શા માટે કરવાં? આ બંને શબ્દો સૌકાઓ પહેલાં ઘણું મહત્ત્વ ધરાવતા હતા. તે સમયે બાહ્ય આકર્ષણો પ્રમાણમાં એ છાં હતાં અને જીવનમાં સાદાઈનું પ્રાધાન્ય હતું. છતાં તે કાળે મન નિરુપદ્રવિક હતું એમ તો નહીં કહી શકાય. દરેક યુગને પોતાની આગવી કહી શકાય તેવી સંકુલતાઓ અને મુશ્કેલીઓ હોય છે. પણ પછીની પેઢીઓને ભૂતકાળ કદાચ બહુ ભારેખમ નથી લાગતો. મોટા થઈએ ત્યારે નાની વયે આપેલી પરીક્ષાઓ સરળ લાગતી હોય છે, અને કોઈને કશું ન આવડે તો નવાઈ પણ લાગે છે. એ રીતે વર્તમાનકાળ તકલીફવાળો લાગતો હોય છે, અને ભવિષ્યકાળ તો માથે આંચળો ઓઢીને ઊભો હોય છે, એટલે એ આંગે વિચાર કરતાં મનુષ્ય ક્યારેક થાક અથવા મૂંઝવણ અનુભવતો હોય છે.

વર્તમાન અને ભવિષ્યનો ભાર કેમ લાગતો હશે? વિચાર વગરનું, આયોજન વિનાનું જીવન જીવાતું હશે એટલે? સંભવ છે. સાગરમાં પડેલું લાકડું પવન અને મોજાંઓથી આમતેમ ફંગોળાઈને સાગરકાંઠે ક્યારે પહોંચશે તેનો કોઈ ધડો ખરો? એવું બને કે એ લાકડું ધરતીનું સુખ ક્યારેય ન માણી શકે અને મોજાંઓ દ્વારા આમતેમ અથડાઈને કહોવાઈ જાય અને નાના નાના ટુકડામાં વિભાજિત થઈ આખરે નષ્ટ થઈ જાય. કાષ્ઠની પોતાના હાથની બાજી નથી એટલે આવું ભાવિ તેને માટે નિર્માણ થાય તો નવાઈ નહીં. પણ માનવી માટે આપણે એવું કેમ કરી ધારી લઈએ? માનવી ધારે તો વર્તમાનને યથાતથ સ્વરૂપે જોઈ શકે છે અને ભાવિને આકાર આપી શકે છે. પણ ભૂતકાળ ઘણુંખરું કાચો ઘડાયો હોય છે ત્યારે વર્તમાનમાં માનવીનાં ચરણ સ્થિર નથી રહી શકતાં અને વર્તમાનની અકળામણ એનું ભાવિ ધૂંધળું કરી નાખે છે. પરિણામે ઉન્મન બની જવાય છે અને જીવન પરાણે કરેલો સોદો હોય તેવું ભારવલ્લું બની જાય છે. કદાચ બધાને એવો અનુભવ નહીં થતો હોય. સજાગ વ્યકિત અને જીવનમાં કંઈક કરી જવાની ઝંખના રાખતી વ્યકિત વર્તમાનને ઊજળો કરવા તનતોડ પુરુષાર્થ કરતી હોય છે. ભૂતકાળની ગૂંગળામણોમાં માથું ડુબાડી દેવાનો કે અગોચર ભાવિની દીવાલ સાથે શિર અથડાવવાનો વિચાર એને ન આવતો હોય. સંત કબીરની માફક કદાચ એને ખાતરી થઈ ગઈ હોય કે—

"સૌદા કરે તો યહિ જુગ કર લે,
આગે હાટ ન બનિયા.
પાની પિયે તો રતન કૂએં કા
આગે ઘાટ ન પનિયા."

વર્તમાનને જ ઉત્તમ રીતે ઘડવો જોઈએ. ફરીથી જીવનને પામવાની આવી તક મળશે કે નહીં તેની શી ખાતરી? કબીરે તો સ્પષ્ટપણે કહ્યું છે કે પછીથી સોદો કરવા માટે આગળ કોઈ બજાર પણ નથી અને વાણિયો પણ નથી. તૃષા લાગી હોય તો પાસે રહેલા રત્નસમા કૂવાનું પાણી પી લેવું જોઈએ, પછી ઘાટ કે પાણી નહીં મળે. એટલે ફિરસે લડેંગેની વાત નહીં. એવી વાત મનમાં ઘર કરી જાય તો પુરુષાર્થમાં ઊણપ આવે અને પરિણામ પાંગળું અને બોદું આવે એટલે તો—

"જો કાલ કરે સો આજ કર લે,
જો આજ કરે સો અબ કર લે;
જબ ચિડિયન ખેતી ચુગિ ડાલી,
ફિર પછતાયે ક્યા હોવત હૈ?"

એટલે ભવિષ્ય પર કશું છોડવાની વાત જાગૃત માનવીઓને અનુકૂળ નથી આવી. છતાં એમણે ભાવિને અવગણ્યું છે એમ નહીં કહીએ. એમણે વર્તમાનનો મહિમા ગાયો છે એમ કહેવું વિશેષ સાચું છે. વર્તમાન સાથે જેની સૂરતા સંધાણી છે તેને જવલ્લે જ પસ્તાવાનો વારો આવે છે. ઊલટું, એ તો કવિ આનંદઘનજીની માફક બોલી ઊઠે છે:

"અબ હમ અમર ભયે, ન મરેંગે."

આવું કહેવા માટે ગજું હાંસલ કરવું એ જ વ્યકિતના ચિંતનનો અને આચારનો વિષય રહેવો જોઈએ. ધ્યેય પ્રત્યેની એકાગ્રતા અને ધ્યેયને પામવાની તત્પરતા વિના એ શક્ય બનતું નથી. આપણા સંત-સાધુઓએ મનને ખીલે બાંધવાની વાત કરી છે તે ખોટી નથી. વેદ, ઉપનિષદો અને ભગવદ્‌ગીતાથી લઈને પ્રવર્તમાન સુધીના ચિંતકોએ મન ઉપર મનન કર્યું છે, તે પણ એ જ કારણે. મન સાથેની માનવીની સોબતનું ઊગમ-સ્થાન માનવીના આ ધરતી પરના જન્મની સાથે જ છે; કદાચ એ પહેલાં પણ. માનવીના અંત સાથે એની સાથેના સંબંધોનો ઘણુંખરું અંત આવતો નથી. એટલે તો આ દેહ છોડીને જવાનો સમય આવે છે ત્યારે પણ કવિ કહે છે:

"મનજી મુસાફર રે ચાલો નિજ દેશ ભણી."

મનને છોડીને જવાય તેમ નથી એવી ખાતરી થતાં મહાપુરુષોએ મનની પાસે પોતાની રીતે કામ લઈને જીવનપંથ પર પ્રયાણ કર્યું છે. મનની આ-માપ શકિતઓથી કોણ પરિચિત નથી? પણ મન ક્યારે શકિતશાળી બને છે? એ કોઈ લક્ષ્ય ઉપર યોગ્ય રીતે કેન્દ્રિત થયું હોય તો વિવેકાનન્દ સ્વામીએ કહ્યું છે કે તેની ગતિ nor right nor lest but to the goal હોવી જોઈએ. અર્જુનની માફક એને પંખીની આંખ જ દેખાવી જોઈએ; અથવા ટૉલ્સ્ટૉય કહેતા તેમ ઘોડાની માફક એણે દાબડા ચડાવવા જોઈએ, જેથી જરૂર વિના આજુબાજુ જોવા એ અધીરું બની ન જાય.

મનને સ્થિર કરવા આપણા ઋષિમુનિઓએ સાધના અથવા તપ પર ભાર મૂક્યો છે તે ઈષ્ટ જ છે. કારણ કે સાધના વિના મનની એકાગ્રતા આવતી નથી અને એકાગ્રતા વિના લક્ષ્ય સિદ્ધ થતું નથી. પાંચાલીના સ્વયંવર વખતે સામાન્ય ધનુર્ધારીઓ નહોતા એકત્રિત થયા, અને ત્યાં ક્યા પ્રકારનો મચ્છવેધ કરવાનો છે તે પણ સ્વયંવરમાં હાજરી આપનારની ધ્યાન બહાર નહોતું. પણ બે પલ્લાંમાં પગ મૂકી પલ્લાંને સ્થિર રાખવા અને જળમાં પ્રતિબિંબિત થતા મચ્છ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી અમુક ઊંચાઈએ લટકતા મચ્છને વીંધવાનું કામ અર્જુન સિવાય અન્ય કોઈ વીરપુરુષ કરી ન શક્યો. એ રીતે સાધના દ્વારા સિદ્ધ કરેલી એકાગ્રતાએ અર્જુનને યારી આપી અને દ્રુપદતનયાને મેળવવામાં એ સફળ થયો.

મનની આ સ્થિરતા ક્યારેક યોગની શિસ્તથી આવે છે, ક્યારેક ભકિતની તન્મયતાથી, તો ક્યારેક કર્તવ્યના એકલક્ષીત્વથી. પણ એ ન આવે ત્યાં સુધી કાળ સાથે અનુસંધાન સાધી શકાતું નથી. એટલે જાગૃત વ્યકિત કાળના ખંડો નથી પાડતી. એ અખંડ કાળમાં રમે છે; એનું કાળ સાથેનું અનુસંધાન તૂટતું નથી, કારણકે એ જીવન સાથેના અનુસંધાનને ક્ષણવાર પણ ચૂકતી નથી; અને જેનું જીવન સાથેનું સાન્નિધ્ય તૂટતું નથી એને માટે મૃત્યુ નથી.

કાન્તિલાલ કાલાણી

માલિક: શ્રી જૈન યુવક સંઘ મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ માર્ચ ૧૬, ૧૯૭૨ ગુરૂવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

ચૂંટણીનાં પરિણામો

શ્રીમતી ઈન્દિરા ગાંધી અને શાસક કૉંગ્રેસને રાજ્ય ધારાસભાઓની ચૂંટણીમાં જે વિજય મળ્યો છે તે કોઈની કલ્પનામાં ન હોય તેવો અભૂતપૂર્વ છે. લોકસભાની મધ્યસત્ર ચૂંટણીમાં સફળતા મળી હતી તેના કરતાં આ સફળતા ઘણી રીતે અદ્‌ભુત છે. ઉમેદવારોની પસંદગીમાં મોટા ફેરફારો કર્યા હતા અને તેને કારણે ઘણો અસંતોષ અને બળવો થયો હતો તે જોતાં એમ લાગતું હતું કે કેટલાંક રાજ્યોમાં શાસક કૉંગ્રેસને સ્પષ્ટ બહુમતી ન પણ મળે અથવા ઘણી જૂજ મળે. જે બન્યું છે તેથી એમ લાગે કે મોટું વાવાઝોડું આવ્યું, આંધી ચડી અને ઘણાને ઉખેડી નાખ્યા. વિરોધ પક્ષો, ડાબેરી કે જમણેરી, સંસ્થા કૉંગ્રેસ, જનસંઘ, સ્વતંત્ર કે સામ્યવાદી સાફ થઈ ગયા. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, બિહાર, બંગાળ અને પંજાબ, જ્યાં કૉંગ્રેસને સ્પષ્ટ બહુમતી નહિ મળે એવો ભય હતો ત્યાં પણ મોટી બહુમતી મળી છે. સૌથી આશ્ચર્યજનક અને આવકારપાત્ર પશ્ચિમ બંગાળનું પરિણામ છે. સામ્યવાદી પક્ષની ભારે હાર થઈ અને કેટલાંય વર્ષોથી અરાજકતા અનુભવતું રાજ્ય હવે સ્થિર તંત્ર પ્રાપ્ત કરશે. તેવું જ કેટલેક દરજ્જે બિહાર અને મધ્ય પ્રદેશનું છે.

આ ચમત્કાર કેમ બન્યો? તેનાં ઘણાં કારણો આપી શકાય તેમ છે, અને દરેક પોતાની રીતે અટકળો બાંધશે. પણ સૌ સંમત થશે કે આ વિજય શ્રીમતી ઈન્દિરા ગાંધીનો છે; તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વનો છે. (She has fired the imagination of the people and created immense confidence in her leadership) લોકસભાની મધ્યસત્ર ચૂંટણીમાં તેમની આર્થિક નીતિ, ગરીબી હટાવનું સૂત્ર અને નવી નેતાગીરીનું આકર્ષણ હતું. આ ચૂંટણીમાં બંગલા દેશનો તેમનો વિજય, દેશને મહાન કટોકટીમાંથી સાંગોપાંગ પાર ઉતાર્યો તેની ખુમારી, દેશનું ગૌરવ વધ્યું તેનું માન અને તેમણે લીધેલ દરેક પગલું, અત્યંત સમયસરનું અને નીડર, મોટી સત્તાઓની ધાકધમકીને વશ ન થયાં એટલું જ નહિ પણ સ્વમાનપૂર્વક એક મહાન દેશને છાજે તેવું વર્તન, આ બધાં કારણે તેમના નેતૃત્વમાં પ્રજાને ઊંડી શ્રદ્ધા પેદા થઈ. પ્રજાએ ઉમેદવારોની યોગ્યતા જોઈ નથી, ઈન્દિરા ગાંધીએ તેમને નિયુકત કર્યા છે એટલું જ જોયું છે. તેમની પસંદગી સામે બળવો કર્યો તેવાઓનો અસ્વીકાર કર્યો છે. સામા પક્ષે ઊભેલા સંખ્યાબંધ ઉમેદવારો – બળવાખોરને બાદ કરીએ તો પણ – લાયકાતની દૃષ્ટિએ અને પ્રજાસેવાની દૃષ્ટિએ શાસક કૉંગ્રેસના [ઉમેદવારો કરતાં] ચડિયાતા હતા. મતદારે આવી કોઈ ગણતરી કરી હોય તેમ જણાતું નથી. ઈન્દિરા ગાંધી દેશ આખો ઘૂમી વળ્યાં. તેમનાં દર્શન જ મતદારને માટે જાણે બસ એમ લાગે. શાસક કૉંગ્રેસના ઉમેદવારો બહુધા મોટી બહુમતીથી જીત્યા છે. આ ચૂંટણી જાણે ઈન્દિરા ગાંધીમાં પ્રજાનો વિશ્વાસ જાહેર કરવા અને તેમનું નેતૃત્વ પ્રજાને સ્વીકાર્ય છે તે અસંદિગ્ધપણે બતાવી દેવા જ હતી એમ લાગે.

ઈન્દિરા ગાંધીએ તેમના ચૂંટણીપ્રવાસમાં બે મુદ્દાઓ ઉપર ભાર મૂક્યો હતો. એક મુદ્દો એ હતો કે લોકસભાની ચૂંટણીથી કેન્દ્રમાં બન્યું તેમ દરેક રાજ્યમાં સ્થિર રાજતંત્ર હોવું જોઈએ. બિહાર, ઉત્તર પ્રદેશ, પંજાબ, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં છેલ્લાં પાંચ વર્ષમાં અસ્થિર તંત્રના અનેકવિધ દુષ્ટ પરિણામો પ્રજાએ ભોગવ્યાં છે. કેન્દ્રમાં મજબૂત સરકાર હતી તેનો લાભ યુદ્ધ વખતે દેખાઈ આવ્યો. રાજ્યમાં સ્થિર સરકાર હોય તો હવે પછીનાં પાંચ વર્ષમાં લાંબા ગાળાની યોજનાઓ અમલમાં મૂકી શકે અને પોતાની સત્તા ટકાવી રાખવા શકિત ખરચવી ન પડે.

બીજો મુદ્દો એ હતો કે કેન્દ્રની આર્થિક નીતિનો બધાં રાજ્યો નિષ્ઠાપૂર્વક અમલ કરે તો જ આ નીતિ કામયાબ થાય. પાયાની આર્થિક નીતિ દેશ માટે એક હોય તો જ સફળ થાય. રાજ્ય સરકારો બીજા રાજકીય પક્ષની હોય અને કેન્દ્રની નીતિને સમર્થન ન આપે અને કદાચ તેની વિરુદ્ધ વર્તવાનો પ્રયત્ન કરે તો દેશની એકતા જોખમાય, તેમ વિસંવાદી નીતિથી રાજ્યો વચ્ચે અને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંઘર્ષ થાય. દા.ત. પંજાબમાં અકાલી દળ, તામિલનાડુમાં ડી.એમ.કે., ઓરિસામાં સ્વતંત્ર પક્ષ, બંગાળમાં સામ્યવાદી પક્ષ, ભિન્નભિન્ન [આર્થિક નીતિ અખત્યાર કરે તો કેન્દ્રની સમાજવાદની નીતિ નિષ્ફળ જાય. સમવાયતંત્રમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સત્તાની વહેંચણી છે પણ તેમાં સંવાદિતા જળવાવી જોઈએ એ પાયાની વસ્તુ છે. નહિ તો સમવાયતંત્ર છિન્નભિન્ન થઈ જાય. ઈન્દિરા ગાંધીને પોતાની આર્થિક નીતિ સમસ્ત દેશમાં વેગપૂર્વક અમલમાં મૂકવી છે. પ્રજાએ તે નીતિ સ્વીકારી છે અને તેનો અમલ કરવા, દરેક રાજ્યમાં કૉંગ્રેસ સત્તાસ્થાને હોય તે અનિવાર્ય હોઈ, ઈન્દિરા ગાંધીએ માગ્યું તે પ્રજાએ ભારોભાર આપ્યું છે.

આ ચૂંટણીએ બતાવી આપ્યું છે કે દેશમાં લોકશાહીનાં બળો દૃઢ થતાં જાય છે. મતદારે પ્રૌઢતા દાખવી છે. સમજણપૂર્વક મતદાન કર્યું છે. સામાન્ય રીતે રાજ્ય ધારાસભાની ચૂંટણીમાં સ્થાનિક પ્રશ્નો અને પ્રવાહો અગત્યનો ભાગ ભજવે છે. આ ચૂંટણી ધારાસભાઓની હોવા છતાં, મતદારે રાષ્ટ્રીય દૃષ્ટિને વધારે મહત્ત્વ આપ્યું છે અને આ એક નવી દિશા અને આવકારપાત્ર લક્ષણ છે. આ ચૂંટણીમાં ઘણા નવા પ્રવાહો જોવા મળે છે. કોમવાદ અને જૂથવાદને ભારે ધક્કો પહોંચાડયો છે. મત મેળવી આપનાર નાતપટેલો અને દાદાઓ સ્થાનભ્રષ્ટ થયા છે. મત મેળવવા અનિષ્ટ તત્ત્વોનો સહારો લેવો પડતો તેવી પરવશતા ઘણી ઓછી થઈ છે. મતદાર સાથે સીધો

સંપર્ક બાંધ્યો છે અને કોઈની દલાલીની જરૂર ન પડે તેવી સુખદ પરિસ્થિતિની શરૂઆત થઈ છે.

૧૯૬૨ પછી રાજ્યના મુખ્ય પ્રધાનો સૂબાઓ જેવા થઈ ગયા હતા. વડા પ્રધાન તરીકે લાલબહાદુર શાસ્ત્રીની અને પહેલી વખત ઈન્દિરા ગાંધીની પસંદગી કરવામાં મુખ્ય પ્રધાનોએ અગત્યનો ભાગ ભજવ્યો હતો. હવે લગભગ બધાં રાજ્યના મુખ્ય પ્રધાનોનો નિર્ણય ઈન્દિરા ગાંધી કરે છે. આન્ધ્ર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં સારાં પરિણામો આવ્યાં તેનું એક કારણ એ પણ ગણાય છે કે ત્યાંના મુખ્ય પ્રધાનોમાં બદલી કરી. જે રીતે આ કર્યું હતું તે કેટલાકને ખૂંચતું હતું. પણ પરિણામ બતાવે છે કે આ ફેરફાર જરૂરનો હતો. તેવી જ રીતે, ૧૯૬૨ પછી રાજ્યોમાં રાજ્યકક્ષાઓ રાજકીય પક્ષો, પંજાબમાં અકાલી દળ, તામિલનાડુ, ડી. એમ. કે., ઓરિસામાં બિજુ પટનાયકનો પક્ષ, આન્ધ્રમાં તેલંગણ સમિતિ, મુંબઈમાં શિવસેના વગેરે જોર કરતાં હતાં. ડી. એમ. કે. સિવાયના બીજા પક્ષો સાફ થઈ ગયા. ડી. એમ. કે. ના વિસર્જનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. લોકસભાની ચૂંટણી વખતે ડી. એમ. કે. નો સાથ લેવો પડયો હતો અને તામિલનાડુનું રાજ્યતંત્ર ડી. એમ. કે. ને સુપરત કરવું પડયું હતું. પોન્ડિચેરીની પેટા-ચૂંટણી નવો વળાંક બતાવે છે. રાજ્યો વધારે સત્તા અને સ્વાયત્તતા માગતાં હતાં. હવે મજબૂત કેન્દ્ર રહે છે.

કૉંગ્રેસને મોટી બહુમતી મળવાનું એક બીજું કારણ પણ જણાય છે. અમેરિકા - ચીન અને પાકિસ્તાનની ધરી ભારત વિરુદ્ધ જોર પકડતી જાય છે અને દેશ ભયમુકત નથી તેવે પ્રસંગે ઈન્દિરા ગાંધીનું નેતૃત્વ પ્રજા પૂર્ણપણે સ્વીકારે છે તે ફરીથી પુરવાર કર્યું છે. ઈન્દિરા ગાંધી આ ભયનો નીડરતાથી સામનો કરી શકે તેમ છે એવો પ્રજાને વિશ્વાસ છે. આ ચૂંટણીથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઈન્દિરા ગાંધી અને દેશની શાન વધશે અને અમેરિકા - ચીન - પાકિસ્તાને કોઈ અવિચારી પગલું ભરતાં થંભી જવું પડશે. કેટલાક લોકો એવો ભય બતાવે છે કે એક નેતા અને એક રાજકીય પક્ષની સારા દેશમાં સત્તાથી લોકશાહી જોખમાય અને સરમુખત્યારશાહી આવે. પ્રજાના વિશ્વાસથી નેતૃત્વ મળે તેથી લોકશાહી જોખમાતી નથી. વર્તમાન અસાધારણ સંજોગોમાં, આવી એકતા અને સંગઠન જરૂરી છે. સામાન્ય રીતે, લોકશાહીમાં વિરોધ પક્ષ હોય તે આવકારદાયક છે. સત્તાનો મદ અને દુરુપયોગ સંભવિત છે. પ્રજાએ ઈન્દિરા ગાંધીમાં મૂકેલ વિશ્વાસનો તેઓ દુરુપયોગ કરશે એવા સંજોગો અત્યારે દેખાતા નથી. છ વર્ષની તેમની કામગીરી પ્રજાના હિતમાં રહી છે. હવે ઈન્દિરા ગાંધીની કસોટી છે. પ્રજાએ તેમણે માગ્યું તે બધું આપ્યું છે. પ્રજાની આકાંક્ષાઓ અને આપેલ વચનો પૂરાં કરવાની મોટી જવાબદારી તેમને શિરે છે. રાજ્યતંત્રમાં લાંચરુશવત અને ભ્રષ્ટાચાર ખૂબ છે. કાર્યક્ષમતાનો અભાવ છે. પ્રજાના કેટલાય વર્ગોને કઠવા લાગે તેવાં પગલાં લેવાં પડશે. ફુગાવો, મોંઘવારી, બેરોજગારી, ઉડાઉગીરી વ્યાપક છે. પ્રજાની ધીરજ લાંબો વખત ટકે તેમ નથી. ઈન્દિરા ગાંધી પોતે આ બાબતમાં પૂરાં જાગ્રત છે. પ્રજાએ પણ પૂરો સાથ અને સહકાર આપવો પડશે.

૧૪-૩-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

શ્રી ઘનશ્યામભાઈ ઓઝાને અભિનંદન

શ્રી ઘનશ્યામભાઈ ઓઝાની ગુજરાત વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વાનુમતે વરણી થઈ અને તેઓ ગુજરાતના મુખ્ય પ્રધાન નિયુકત થયા તે માટે તેમને આપણા સૌનાં હાર્દિક અભિનંદન છે. ગુજરાત વિધાનસભામાં શાસક કૉંગ્રેસને ૨/૩ ઉપર બહુમતી મળી એટલે પાંચ વર્ષ સુધી સ્થિર રાજ્યતંત્ર રહેશે અને લાંબા-ગાળાની યોજનાનો અમલ થઈ શકશે. શ્રી ઘનશ્યામભાઈ સન્નિષ્ઠ કાર્યકર્તા છે. તેમને વિશાળ અનુભવ છે. શાસક કૉંગ્રેસની આર્થિક નીતિ વેગથી કાર્યાન્વિત કરવાની મોટી જવાબદારી તેમના શીરે આવી છે તે પ્રસંગે આપણી સૌની તેમને શુભકામના છે.

ચીમનલાલ ચકુભાઈ

સમર્થ નાટયપ્રતિભાનું સન્માન

શ્રી ચન્દ્રવદન ચીમનલાલ મહેતા (ઉ. વ. ૭૧)ને તેમની કૃતિ 'નાટયગઠરિયાં'ને કેન્દ્ર સરકારની અકાદમી તરફથી રૂ. ૫૦૦૦ નું પારિતોષિક અર્પણ કરાયું તે તેમની જ જિન્દગીની એક મહત્ત્વની ઘટના નથી, ગુજરાતના સાંસ્કૃતિક જીવનની અને ગુજરાતી નાટય-જગતની પણ એક મહત્ત્વની ઘટના છે. રંગદેવતાના આજીવન સન્નિષ્ઠ ઉપાસક, એક સમર્થ નાટયકાર, એક પ્રતિભાશાલી અભિનેતા, ઊંડી સૂઝ ધરાવતા એક સફળ દિગ્દર્શક, એક કુશળ સંયોજક અને નેપથ્યવિધાયક એવા શ્રી ચન્દ્રવદન મહેતાએ ગુજરાતી નાટયક્ષેત્રે કરેલું પ્રદાન ઘણું મહત્ત્વનું અને મૂલ્યવાન છે. તેમના સર્જનના આરંભબિન્દુએ છે નાટક 'અખો'. '૭૦ ની સાલની તેમની આખરી કૃતિ છે 'નાટયગઠરિયાં.' આ બે બિન્દુને સાંકળતો તેમનો સર્જનપ્રવાહ કવિતા, નવલિકા, નવલકથા, પ્રવાસવર્ણન, આત્મકથા, નાટકો, નાટયવિવેચન, સંસ્કૃત તથા અંગ્રેજી ભાષાની ઉત્તમ નાટય-કૃતિઓના અનુવાદ તથા ભારતીય લેખકોએ અંગ્રેજી ભાષામાં લખેલાં નાટયોની વિગતવાર સૂચિ એમ સર્જન, સંપાદન અને વિવેચનના ત્રિવિધ પ્રવાહોથી સમૃદ્ધ છે. તેમણે પચાસ ઉપરાંત કૃતિઓ ગુજરાતને આપી છે, જેમાંની ૩૦ થી પણ અધિક કૃતિઓ નાટયસર્જન અનુવાદ અને સંપાદનને આવરી લે છે.

શ્રી ચન્દ્રવદન આપણા ગુજરાતી નાટયજગતની એક ખરેખર મહાન વ્યકિત છે. ભારતીય નાટયશાસ્ત્ર, ભારતીય નાટયકલા, ભારતીય નાટક અને જગતભરની નાટયપ્રવૃત્તિઓથી પ્રમાણભૂત કહી શકાય એવા અભિજ્ઞ આજે તો શ્રી ચન્દ્રવદન એકમેવાદ્વિતીયમ છે. ગુજરાતભરમાં ઉત્કટ ભકિતના સ્તર ઉપર રંગદેવતાની ઉપાસના સક્રિય રીતે કોઈની પણ પ્રવર્તતી હોય તો તે એકમાત્ર શ્રી ચન્દ્રવદનની. ગુજરાતની જૂની રંગભૂમિના સુવર્ણયુગના સાક્ષી એવા શ્રી ચન્દ્રવદને એ જૂની રંગભૂમિના સન્ધ્યાકાળે નાટકો લખી લખી, તેને તખ્તા ઉપર રજૂ કર્યાં જેને પરિણામે અર્વાચીન રંગભૂમિનો ઉદય થયો. આજે તેનો મધ્યાહ્ન તપે છે. તેનું શ્રેય એક શ્રી મુનશી-જીને અને બીજા શ્રી ચન્દ્રવદનને ઘટે છે.

જીવનની કારકિર્દીનો આરંભ શિક્ષક તરીકે કર્યા પછી શ્રી ચન્દ્રવદને વર્ષો સુધી આકાશવાણીનાં મુંબઈ, અમદાવાદ અને વડોદરા આ ત્રણ કેન્દ્રોમાં ઊંચા હોદ્દા પર રહીને પ્રોગ્રામ એક્ઝિ-કયુટિવ અને આસિસ્ટન્ટ સ્ટેશન ડિરેકટર તરીકેની કામગીરી બજાવી તે દરમિયાન સંખ્યાબંધ શ્રુતિકાઓ, ગદ્ય નાટકો અને સંગીતરૂપકો રજૂ કરી રેડિયો-નાટકનાં દ્વાર ઉઘાડી એ કલાસ્વરૂપની ક્ષિતિજ વિસ્તારી.

લોકશિક્ષણ અને લોકરંજનના આ સહુથી વધારેમાં વધારે સમર્થ અને આનુનેય એવા માધ્યમની શકિતનું સહુથી અધિક પ્રમાણમાં દર્શન કોઈએ પણ કરાવ્યું હોય તો તે શ્રી ચન્દ્રવદને કરાવ્યું છે. ગુજરાતી નાટકના ઈતિહાસમાં આમ શ્રી ચન્દ્રવદન એક મહત્ત્વના સીમાસ્તંભ છે.

શ્રી ચન્દ્રવદનની આ પારિતોષિક પ્રાપ્ત કૃતિ 'નાટયગઠરિયાં' આમ તો એમના યુરોપભ્રમણનું વિગતખચિત વર્ણન છે. પરન્તુ એના કેન્દ્રમાં છે યુરોપીય નાટય અને યુરોપની રંગભૂમિ. યુરોપના અનેક દેશોનાં મહત્ત્વનાં શહેરો અને તે તે શહેરનાં ગામડાંમાં ભ્રમણ કરતાં કરતાં શ્રી ચન્દ્રવદને એકએકથી ચડિયાતી નાટકશાળાઓ અવલોકી, અસંખ્ય નાટકો નિહાળ્યાં અને માણ્યાં, નાટયજગતની કંઈ કેટલીય વિભૂતિઓની સાથે તેમણે ભાવસંબંધ કેળવ્યો. યુરોપીય પ્રજાની નાટયભકિતનો સાક્ષાત્કાર કર્યો. એ સર્વ આત્મસંતર્પક સ્વાનુ-ભૂતિઓનું તેમણે પોતાની આગવી શૈલીમાં બ્યાન કર્યું છે. એ શૈલી વાર્તાલાપી તો છે જ કિન્તુ એમાં અવિરામ અને આનવરોધ વહેતી સરિતાનો આવેગ પણ છે અને વહનનો લય પણ છે. ગુજરાતી ભાષાનું 'જીનિયસ' અર્થાત્ એના ખમીરને લગભગ પૂર્ણ અને અભિનવ સ્વરૂપે વ્યકત કરતી એ સંમોહક શૈલી આ કૃતિનું પ્રાણવાન તત્ત્વ છે. એ તત્ત્વના બળ થકી ભાવકનું કૃતિ સાથે તાદાત્મ્ય તો સધાય જ છે, કિન્તુ વિશેષ ભાવે કૃતિ તેના સર્જક અને ભાવક વચ્ચે આત્મીયતાનો સેતુ પણ નિર્માણ કરે છે. શૈલીના સ્વામી અને રંગ-દેવતાના નિષ્ઠાવાન ભકત એવા શ્રી ચન્દ્રવદનના, નાટયભકિતના રસથી ઊછળતા અને ઊભરાતા હૃદયનો સાક્ષાત્કાર કરાવતી આ કૃતિ આપણા નાટયસાહિત્યની મૂલ્યવાન સંપત્તિ છે. એવી કૃતિ માટે શ્રી ચન્દ્રવદનને પારિતોષિક આપી અકાદમીએ એક જબરદસ્ત પ્રતિભાનું સમુચિત સન્માન કર્યું છે. કૃષ્ણવીર દીક્ષિત

☆ ચીન, અમેરિકા અને ભારત ☆

પ્રેસિડન્ટ નિક્સનની ચીનની મુલાકાત પૂરી થતાં, સંયુક્ત નિવેદન બહાર પડ્યું છે. દુનિયાના દેશો આ નિવેદનના અક્ષરેઅક્ષરનો અભ્યાસ કરવામાં પડ્યા છે. આ નિવેદનના સૂચિતાર્થો અને ગર્ભિત અર્થો વિશે રાજદ્વારી નિરીક્ષકો વિશ્લેષણ કરી રહ્યા છે. નિવેદનમાં આવી યાદીઓમાં હોય છે તેવું [કેટલુંક ઔપચારિક છે. એમ કહેવામાં આવે છે કે નિવેદનમાં કહ્યું છે તેના કરતાં વધારે છુપાવ્યું છે. પ્રેસિડન્ટ નિક્સને અને ત્યાર પછી ચાઉ એન-લાઈએ કહ્યું છે કે તેમણે કોઈ ખાનગી સમજૂતી કે કરાર કર્યા નથી. તે બંનેનું આ વિધાન દેખીતી રીતે સત્યથી વેગળું છે. દાખલા તરીકે રશિયા અને બંગલા દેશ વિશે તેમણે ચર્ચા કરી ન હોય અને કાંઈક સમજૂતી થઈ ન હોય એમ બનવું અશક્ય છે. એ સ્પષ્ટ છે કે બંને પક્ષે રાજકીય હેતુથી રશિયા અને બંગલા દેશ વિશે અત્યારે કાંઈ જ ન કહેવું તેવો નિર્ણય કર્યો છે. આવતા મે માસમાં નિક્સન રશિયાની મુલાકાત લેવાના છે. તે સમયે નિક્સન રશિયાને કાંઈક હૈયાધારણ આપવાની અપેક્ષા રાખે છે કે ચીન સાથે અમેરિકાએ કોઈ એવા કરાર કે સમજૂતી કરી નથી કે જેને પરિણામે રશિયા અને અમેરિકાના સંબંધોને કોઈ આંચ આવે. અમેરિકાને રશિયા સાથેના સંબંધો એટલી હદે બગાડવા પણ નથી કે ફરી કોઈ ઠંડા યુદ્ધનું વાતાવરણ સર્જાય. આ ત્રણે મહાસત્તાઓ ત્રણ પાંખિયાની રમત રમી રહી છે. અમેરિકા, ચીનને રશિયા સામે અને રશિયાને ચીન સામે ધરવા માગે છે. ચીન અને રશિયાનું પણ એવું જ છે.

મુલાકાતને અંતે નિક્સને કહ્યું, ચીનમાં એક અઠવાડિયું તેઓ રહ્યા તેનાથી દુનિયા પલટાઈ ગઈ છે. દુનિયા પલટાય કે નહિ, નિક્સન જરૂર પલટાયા છે. બંને દેશો વચ્ચે થયેલ સમજૂતીનો ધીમે ધીમે ઘટસ્ફોટ થશે તેમ તેનાં પરિણામો જણાશે.

નિવેદનમાં બધું ભલે કહ્યું ન હોય પણ જે કહ્યું છે તે પણ મહત્ત્વનું છે અને ગંભીર વિચારણા માગે છે. એક હકીકત સ્વીકારવી પડશે : અમેરિકામાં એકંદરે ચારે તરફથી આ નિવેદનને આવકાર મળ્યો છે અને નિક્સને મોટો વિજય મેળવ્યો હોય તેવું તેનું સ્વાગત થયું છે. આ નિવેદન સામાન્ય નિવેદનો કરતાં એક જુદી ભાત પાડે છે. બંને પક્ષે પોતાની નીતિની જુદી જુદી રજૂઆત કરી છે અને બંને વચ્ચે ગંભીર મતભેદો છે તેનો સ્વીકાર કર્યો છે. આ મુલાકાત અને નિવેદનનું મહત્ત્વ એ છે કે ૨૨ વર્ષના સતત સંઘર્ષ પછી બંને પક્ષે મતભેદો ઓછા કરી નજીક આવવાનો પ્રયત્ન કર્યો છે અને બંધ બારણાં ખૂલ્યાં છે. [પરસ્પર વિચારવિનિમય અને કેટલાંક ક્ષેત્રોમાં સંપર્ક વધારવાનો નિર્ણય કર્યો છે. વિજ્ઞાન, સંસ્કૃતિ, રમતો, પત્રકારિત્વ વગેરે ક્ષેત્રે વિશેષ પરિચય કેળવવો. વ્યાપારમાં પરસ્પરના હિતમાં અભિવૃદ્ધિ કરવી. વખતોવખત ઉચ્ચ કક્ષાની મંત્રણાઓ કરવી. તાઈવાનના અટપટા પ્રશ્નને કારણે બંને દેશો વચ્ચે હજી રાજદૂતો નિયુક્ત કરી રાજદ્વારી સંબંધો બાંધવાની શક્યતા થઈ નથી, પણ તેની ભૂમિકા તૈયાર કરી છે.

તાઈવાન, જાપાન, વિયેટનામ, કોરીઆ, આ બધા દેશો સાથે અમેરિકાના ગાઢ સંબંધો અને અમેરિકા જે રીતે આ દેશોમાં ખૂંચેલ છે અને ચીનના આ દેશોમાં તેથી વિરોધી હિતો જોતાં, પરસ્પર સમજૂતી શક્ય ન હતી. છતાં આ દરેક બાબતમાં બંને પક્ષે નમતું મુકાયું છે અને વિશેષ સમજૂતી માટેની ભૂમિકા તૈયાર થઈ છે. આ ચાર દેશોએ પણ હવે ચીન સાથેના પોતાના સંબંધોની પુનર્વિચારણા કરવી રહેશે. તેટલે દરજ્જે અમેરિકા સાથેના તેમના સંબંધો પલટાશે અને એશિયામાં સત્તાની સમતુલા નવું સ્વરૂપ લેશે.

ચીન-અમેરિકાના આ પગલાથી ભારત ઉપર શી અસર થાય છે? આ બાબત વિચાર કરીએ તે પહેલાં, બંને પક્ષે પાકિસ્તાન અને કાશ્મીર સંબંધે નિવેદનમાં શું કહ્યું છે તે તપાસીએ. ચીન-અમેરિકા બંનેએ કહ્યું છે કે સંયુક્ત રાષ્ટ્ર સંઘના ૨૧મી ડિસેમ્બર ૧૯૭૧ના ઠરાવ પ્રમાણે, પાકિસ્તાન અને ભારત વચ્ચે યુદ્ધ શરૂ થયું તે પહેલાં જે યુદ્ધવિરામ રેખા હતી તે કાયમ રહેવી જોઈએ અને ભારત અને પાકિસ્તાને પોતપોતાનાં લશ્કર પાછાં ખેંચી લઈ, જમ્મુ-કાશ્મીરની યુદ્ધ પહેલાંની પોતપોતાની હદમાં પાછા જવું જોઈએ. આવા પ્રકારની માગણી કરવામાં વાસ્તવિક પરિસ્થિતિની સર્વથા ઉપેક્ષા છે અને ભારત ઉપર દબાણ લાવવાનો પ્રયત્ન છે. બંને દેશો જાણે છે કે આ બનવું અશક્ય છે. ચીન આથી પણ આગળ જઈ જાહેર કરે છે કે જમ્મુ અને કાશ્મીરના લોકોના આત્મનિર્ણયના અધિકારનું ચીન પૂર્ણ સમર્થન કરે છે. આ બધું કહ્યું તેમાં કાંઈ નવું નથી. પણ કાશ્મીરનો પ્રશ્ન સળગતો રાખી ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી ચાલુ રાખી, કાયમી શાંતિ થવા ન દેવી એવી મુરાદ છે. બંને દેશોનું વલણ ભારતવિરોધી સ્પષ્ટ થાય છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે પરસ્પર સમજૂતીથી કાયમી શાન્તિ થવા ન દેવી અને ભારત સામે પાકિસ્તાનનું હથિયાર ઊભું રાખવું એવી દુષ્ટ ચાલ (sinister move) અમેરિકા અને ચીનની જણાઈ આવે છે. ભારતની અવગણના અને ભારતને શક્તિશાળી અને સમૃદ્ધ રાષ્ટ્ર બનતા અટકાવવું એવો વ્યૂહ આ સંયુક્ત નિવેદનમાં સ્પષ્ટ થાય છે.

આ સંયુક્ત નિવેદન બહાર પડ્યા પછી, વડા પ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીએ અનેક વખત કહ્યું છે કે દેશ ઉપર ભય ઝળૂમી રહ્યો છે અને એક વખત તો એમ પણ કહ્યું કે આપણે ધારીએ છીએ તે કરતાં બીજું યુદ્ધ વહેલું આવી પડે. ઈન્દિરા ગાંધીને ખોટી રીતે ભડકાવનારાં નિવેદનો કરવાની ટેવ નથી. પાકી માહિતી હોય ત્યારે જ તેઓ બોલે છે. થોડા દિવસ પહેલાં, ફરીથી અમેરિકાએ ખોટા આક્ષેપનું પુનરુચ્ચારણ કર્યું છે કે ભારત-પાકિસ્તાની યુદ્ધમાં ભારત આક્રમક હતું. આ આક્ષેપનો સચોટ રદિયો ફરીફરીને આપ્યો છે છતાં અમેરિકા તેનાં જુઠ્ઠાણાં છોડતું નથી.

તાજેતરમાં પાકિસ્તાનમાં જે બનાવો બન્યા છે તે આવા ભયનું સમર્થન કરે છે. ટીકાખાન પાકિસ્તાની લશ્કરના વડા નિમાયા તે બતાવે છે કે ભારત સાથે સંઘર્ષ ચાલુ રાખવો છે. પાકિસ્તાનની પ્રજા આ ક્યાં સુધી સહન કરશે તે જોવાનું રહે છે. ભૂતો ટકશે કે નહિ તે પણ શંકા છે. ૧૪મી ઑગસ્ટે લશ્કરી અમલનો અંત લાવવાનું ભૂતોએ જાહેર કર્યું છે, પણ લશ્કરી ફેરફાર થયા છે તેમાં લશ્કરનો દોર વધ્યો છે એમ સ્પષ્ટ થાય છે.

ભારતવિરોધી આવી નીતિ ચાલુ રાખતાં, અમેરિકન પ્રજા નિક્સનને રોકે એવાં કોઈ ચિહ્ન હાલ દેખાતાં નથી. પ્રમુખ તરીકે નિક્સન ફરીથી ચૂંટાઈ આવે–અત્યારે તેવા સંજોગો જણાય છે– તો આપણા દેશ માટે ચિન્તાનો વિષય રહે.

ગમે તેવાં કષ્ટ અને સંકટ સહન કરીને, ભારતે સ્વાયત્ત અને સ્વાવલંબી થવું રહ્યું. કોઈની ધાકધમકીથી દબાઈ જવાનું કારણ નથી. ઈઝરાયલ જેવા નાના દેશે પણ રાષ્ટ્ર સંઘના ઠરાવોને ઠોકરે માર્યા છે. અમેરિકાને વિનાશકાળે વિપરીત બુદ્ધિ સૂઝી છે. તેની સમૃદ્ધિનો અહંકાર પૂરો ગળ્યો નથી. નૈતિક મૂલ્યો ગુમાવી બેઠેલ પ્રજાનો સત્તાનો મદ, ગમે તેટલી ભૌતિક સમૃદ્ધિ હોય તો પણ, લાંબો વખત ટકે નહિ.

૯-૩-'૭૨ **ચીમનલાલ ચકુભાઈ**

★ અમે, તમે અને આપણે ★

ઈંગ્લાંડમાં, કોલસાના ખાણિયાઓની હડતાળ લગભગ છ અઠવાડિયાં ચાલી. પ્રજાને ઘણી પરેશાની ભોગવવી પડી. કોલસાને અભાવે ઈલેક્ટ્રિક પુરવઠો ઓછો થતાં, કારખાનાઓનું કામ ઘટયું અથવા બંધ પડયાં. પરિણામે, હજારો, લાખો કામદારોને છૂટા કરવા પડયા. ઘરમાં ઈલેક્ટ્રિકનો કાપ મૂકાતાં ટાઢમાં ઠૂંઠવાવું પડયું. ઈલેક્ટ્રિક ઉપર આધાર રાખતી રેલવે, કારખાનાઓ અને બીજો જીવનવ્યવહાર અટકી પડયો. કરોડો પાઉંડનું નુકસાન થયું. હડતાળ એક-બે અઠવાડિયાં વધારે ચાલી હોત તો જીવનવહેવાર થંભી જાત. ખાણિયાઓએ ૨૦ ટકા પગારવધારાની માગણી કરી હતી. સરકાર ૬-૮ ટકાથી વધારે આપવા તૈયાર ન હતી. છેવટ બંને પક્ષો આબરૂ રાખવા, સરકારે કમિટી નીમી. કમિટીએ ત્રણ દિવસમાં અહેવાલ આપી ૧૧થી ૧૩ ટકાના વધારાની ભલામણ કરી. બંને પક્ષે મંજૂર રાખી અને હડતાળ પાછી ખેંચી લેવાઈ. આ હડતાળની ખૂબી તો એ હતી કે તે સરકારને ખરચે ચાલુ રહી. ઈંગ્લાંડમાં બેકારીનિવારણ યોજના મુજબ બેકારને ચાર અઠવાડિયાં રાજય તરફથી રાહત આપવી પડે છે. સરકારે હડતાળિયાઓને લાખો પાઉન્ડ ચૂકવવા પડયા.

આ રૂઢિચુસ્ત સરકારની નીતિ એવી રહી છે કે મજૂરોની માંગણીને બનતા સુધી નમતું ન આપવું. કારણ એ આપવામાં આવે છે કે પગારવધારો થતાં, ફુગાવો વધે અને તેથી જીવનની જરૂરિયાતની ચીજવસ્તુના ભાવ વધે અને વળી પગારવધારાની માગણી થાય અને તેમ વિષચક્ર ચાલુ રહે. ખાણિયાઓની હડતાળમાં સરકારને છેવટ નમતું આપવું પડયું. તેથી ભય પેદા થયો છે કે બીજા મજૂરો પણ આવી માગણી કરશે. મજૂરસંગઠન જ્યાં મજબૂત હોય અને મોટી સંખ્યા હોય તો સરકારને નમાવે.

હડતાળ પાછી ખેંચાઈ પછી વડા પ્રધાન શ્રી હીથે પ્રજાજોગ એક વાયુપ્રવચન કર્યું. તેમાંના કેટલાક મુદ્દા વિચારવા જેવા છે.

શ્રી હીથે કહ્યું કે આ હડતાળથી કોઈને લાભ થયો નથી. કોઈ જીત્યું નથી, કોઈ હાર્યું નથી. મજૂરો જીત્યા અને સરકાર હારી એમ કહેવું ખોટું છે. સરકાર પ્રજાની ચૂંટાયેલ વ્યકિતઓની બનેલી છે. સરકારની હાર પ્રજાની હાર છે. અમે કે તમે જેવું કાંઈ નથી, આપણે છીએ. In the kind of country we live in, there cannot be any "we" or "they". There is only "us", all of us. વધતો જતો ફુગાવો અને મોંઘવારીનો ઉલ્લેખ કરી શ્રી હીથે કહ્યું કે પ્રજાના કોઈ વર્ગો પોતાના સ્વાર્થનો જ વિચાર કરી, સમગ્ર પ્રજાનું હિત ભૂલી જવું ન જોઈએ. મતભેદ હોય તો સાથે બેસી પતાવવા જોઈએ. After all, it is a governments job to see that the interests of all sectors of the Community are properly looked after. સરકારની ફરજ છે કે પ્રજાના બધા વર્ગોનું હિત જોવું.

શ્રી હીથે બીજો અગત્યનો મુદ્દો એ કહ્યો કે પ્રજાજીવનમાં હિંસાનું તત્ત્વ વધતું જાય છે. સભાસરઘસ હોય, પિકેટિંગ હોય, હડતાળ હોય, આ બધામાં બળજબરી અને હિંસા વધતી જાય છે. શ્રી હીથે કહ્યું કે પ્રજાનો કોઈ એક વર્ગ પ્રજાના બીજા વર્ગોનું શું થાય છે તેની પરવા કર્યા વિના, પોતાનું ધાર્યું કરાવવાનો જ આગ્રહ રાખે તો, આપણે કેવી દુનિયામાં રહેવું છે અને શાંતિમય માર્ગે જીવવું છે કે બળજબરીથી તે વિચારી લેવું જોઈએ. આપણી જીવનપદ્ધતિ traditional British way of doing things. લોકશાહી રીતે અને શાન્તિમય માર્ગે મતભેદોનું નિવારણ કરવાની રહી છે. હવે એક અદશ્ય ભય invisible danger બ્રિટિશ પ્રજાજીવનમાં દાખલ થતો દેખાય છે તે તરફ શ્રી હીથે ભારપૂર્વક ધ્યાન ખેંચ્યું છે.

સૌદ્ધાન્તિક રીતે વિચારીએ તો શ્રી હીથે કહ્યું તેમાં કોઈ વાંધો લેવા જેવું જણાતું નથી એટલું જ નહિ પણ તે સાચું છે. એમ લાગે કે જાણે ગાંધીજીના સર્વોદયની ભાષા બોલે છે. અમે અને તમે નહિ પણ આપણે એમ વિચારી વર્તીએ. કોઈ એક વર્ગનું નહિ પણ સમગ્ર પ્રજાનું હિત વિચારીએ. સૌના ભલામાં આપણું ભલું છે. હિંસા કે બળજબરીથી નહિ પણ સાથે બેસી શાન્તિમય માર્ગે નિર્ણયો કરીએ.

પણ 'માન્ચેસ્ટર ગાર્ડિયને' આ વાયુપ્રવચન ઉપર વિવેચન કર્યું તે વિચારવા જેવું છે. આ ઉપદેશ પ્રજાના એક વર્ગને જ—અને તે મજૂરોને જ—આપવાનો છે કે પ્રજાના બધા વર્ગોને? મજૂરો જ સ્વાર્થી છે કે માલેકો, મોટા પગારદારો પણ છે? મજૂરોએ હડતાળ કે પિકેટિંગ કરવાં પડે, તેમાં હિંસાના બનાવો બને તે માટે મજૂરો જ જવાબ-દાર છે? શ્રી હીથની સરકાર શું ખરેખર સમગ્ર પ્રજાનું હિત વિચારી વર્તે છે કે માત્ર એક વર્ગનું—મૂડીદાર કે માલેકનું. સરકારની હાર તે પ્રજાની હાર છે કે એક વર્ગની? ખરેખર સર્વોદય ભાવના હોય તો સરકારનું વર્તન કેવું હોય? શ્રી હીથ સ્વાર્થ કે હિંસા તજવાનું કહે છે— કોને? આ બધી સૂફિયાણી વાતો લાગે, જો તેનો પ્રમાણિકપણે અમલ ન થતો હોય તો.

ઈંગ્લાંડમાં જે બને છે તે વધતેઓછે અંશે આપણે ત્યાં પણ બની રહ્યું છે. તેથી મેં શ્રી હીથના વાયુપ્રવચન તરફ ધ્યાન ખેંચ્યું છે કે ગાંધીજીએ સર્વોદયનો માર્ગ બતાવ્યો તે માર્ગે જ જવું પડશે. આ બધું માત્ર કાયદાના જોરથી થાય તેમ નથી. તે માર્ગે તો વધારે ને વધારે કાયદા જ કરવા પડે. બ્રિટિશ સરકાર હવે વિચારી રહી છે કે પિકેટિંગ ઉપર અંકુશ કેમ મૂકવો. ઉત્તર આયર્લેન્ડમાં શ્રી હીથની સરકાર જ લશ્કર મારફત મોટા પાયા ઉપર હિંસા કરી રહી છે, અને કેથોલિક લઘુમતીના અન્યાયનું વાજબી નિવારણ થતું નથી. પરિણામે આયરિશ રિપબ્લિકન આર્મી પણ ખૂબ હિંસાના માર્ગે વળ્યું છે. શ્રી હીથનું વાયુપ્રવચન વાંચતાં મને થયું કે જાણેઅજાણે પણ, સ્વાર્થ અને હિંસાનાં પરિણામોમાંથી બચવું હોય તો ગાંધીજીનો માર્ગ જ વિચારવો પડશે અને શ્રી હીથ તેથી જ ગાંધીજીની ભાષા બોલ્યા છે પણ જે વર્ગનું તેઓ પ્રતિનિધિત્વ કહે છે તે વર્ગ પ્રમાણિકપણે એ માર્ગે જવા ઈચ્છતો નથી. નહિ તો રહોડેશિયામાં મૂઠીભર બ્રિટિશરોને ટકાવી રાખવા, આફ્રિકન પ્રજાની મોટી બહુમતી ઉપર અત્યાચારો અને અન્યાય કરનાર સ્મિથ સરકારને ટેકો ન આપે. શ્રી હીથની વાણી અને વર્તન વચ્ચેના મોટા અંતરને પરિણામે આવા વાયુપ્રવચનની કાંઈ અસર ન થાય. માત્ર તેનો દંભ જ ઉઘાડો પડે.

૯-૩-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

☆ જાણે ભર્યા નગરમાં નીરવતા ફરી વળે ☆

એ રીતે તારી યાદના રેલા ફરી વળે
જાણે ભર્યા નગરમાં નીરવતા ફરી વળે.

આંખોમાં રહી ગઈ છે અધૂરપ વિદાયની
આજે ય ત્યાં હું જોઉં તો રસ્તા ફરી વળે.

જેનાથી હું નજરને બચાવી ફર્યા કરું
પાંપણને મીંચતાં જ એ ચહેરા ફરી વળે.

જોઈ શકું જો ખીલતાં વન અંધકારનાં
શ્વાસોમાં તારા ફૂલની દુનિયા ફરી વળે.

અહીં તારા દૂર હોવાની ભીંતો ઊગે અને
રોમાવલિમાં સ્પર્શના પડઘા ફરી વળે.

જવાહર બક્ષી

કૃષિ–આવકવેરો નાખવાનું વ્યાજબી છે?

છેલ્લાં ચારેક વર્ષથી ખેતીની આવક ઉપર વેરો નાખવા માટે શહેરમાં વસતા અર્થશાસ્ત્રીઓ અને તસુયે જમીન ન ધરાવનારા લોકોનો અભિપ્રાય વધી ગયો છે. અત્યારે કૃષિ-આવકવેરો નાખવા માટે અર્થશાસ્ત્રીઓ આંકડા ટાંકીને, સોએક વર્ષથી મહદ્ અંશે આવકવેરાથી મુકત રહેલા ગ્રામવિસ્તારને પણ વેરાની આંટીમાં લેવા માગે છે ત્યારે મારા જેવા ખેડૂતના દીકરાનું હૃદય જરૂર દુભાય.

૧૮૬૦ની સાલમાં બ્રિટનના શાસન વખતે જેમ્સ વિલ્સને તેમના ભારત માટેના અંદાજપત્રમાં આવકવેરાની દરખાસ્ત મૂકી હતી અને તેમાં ખેતીની આવકને પણ સમાવી લેવામાં આવી હતી. તે પછી આવકવેરો પાછો પણ ખેંચી લેવાયો હતો અને આવકવેરાને બદલે પરવાનાવેરો નાખવામાં આવ્યો હતો. પણ તે પરવાનાવેરો બિનકૃષિક્ષેત્ર ઉપર નખાયો હતો. કૃષિ-આવકવેરાને બદલે ત્યારે જમીન-મહેસૂલ નાખવામાં આવી હતી. ૧૮૮૬ની સાલમાં ફરી પાછો આવકવેરો નખાયો ત્યારે ખેતીની આવકને આવકવેરાના ધારામાંથી મુકિત મળી હતી. ૮૬ વરસ પહેલાં અંગ્રેજોએ જે દીર્ઘદૃષ્ટિ વાપરીને અગર તો અજાણપણે ભારતના કૃષિક્ષેત્રને આવકવેરાની ચુંગાલમાંથી મુકત રાખવાનું ડહાપણ કર્યું હતું તે ડહાપણ આપણને અત્યારે યોગ્ય જણાતું નથી.

હરિયાળી ક્રાંતિને કારણે વિદેશી અનાજ મગાવવાનું આ વરસે જ બંધ થવાનું છે અને અનાજમાં સ્વાવલંબન અપાવનાર એ ક્ષેત્રને આ વરસે જ કૃષિ-આવકવેરામાં આવરી લેવાની વાતો થાય છે. લડાઈ જીતવી હોય ત્યારે જવાનોને જેમ ચડાવીને તેમજ અનેકવિધ આકર્ષણો અપાય છે. લડાઈ જિતાઈ જાય પછી એ જ જવાનોનાં ખાખી કપડાં ઉપર આપણે વેરો નાખવાની વાતો કરીએ તો એ વાતો કેવી લાગે? અત્યારે કેટલાક પછાત વિસ્તારોમાં ઉદ્યોગો સ્થાપનારને વેચાણવેરામાંથી મુકિત, મફત વીજળી કે સસ્તી જમીન વગેરે લાલચો અપાય છે. ખેતીવાડીમાંથી અઢળક આવક થાય છે તે સાચું, પણ અઢળક આવકના વિસ્તારમાં ડૉકટરો જવા તૈયાર થતા નથી. ઈજનેરોને શહેરની નોકરી જ ગમે છે. પછાત અગર ગ્રામવિસ્તારોમાં ઉદ્યોગો સ્થાપવા વેરાની મુકિતની લાલચ અપાય છે અને એ જ વિસ્તારમાં જમીનમાં નાણાં રોકવાનું સાહસ કરનાર ખેડૂતને નવેસર વેરાની ચુંગાલમાં લેવાની પેરવી થાય છે. આ પ્રકારનો વિરોધાભાસ ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં જ આપણને જોવા મળશે. હરિયાળી ક્રાંતિ આટલી બધી વહેલી આવી તે કૃષિક્ષેત્રને આવકવેરામાંથી મુકત રાખવાને કારણે આવી છે તે વાતનો કોઈએ વિચાર કર્યો જણાતો નથી. ૧૯૭૪-૭૫ સુધીમાં તો ભારત અતિ વિકટ એવી દુષ્કાળ અને અન્નસંકટની સમસ્યામાં સપડાઈ જશે તેવી કાળવાણી અમેરિકન કૃષિ-પંડિતોએ ચાર વર્ષ પહેલાં ઉચ્ચારી હતી. આ કાળવાણીને ભારતના ખેડૂતોએ ખોટી પાડી છે. આવકવેરામાંથી મુકત રહેવાને કારણે આમુક હદે આમ બન્યું હોય!

કૃષિ-આવકવેરાની તરફેણમાં જ્યારે દલીલ થાય છે ત્યારે કહેવામાં આવે છે કે દેશની કુલ ૩૦,૦૦૦ કરોડની રાષ્ટ્રીય આવકમાંથી અડધી આવક ખેતીવાડીમાંથી થાય છે. આમ લગભગ કુલ રૂા. ૧૫,૦૦૦ કરોડ જેટલી કૃષિ-આમદાની ઉપર માત્ર ગણ્યાંગાંઠ્યાં રાજ્યો કૃષિ-આવકવેરો નાખીને વરસે રૂા. ૧૨ કરોડની આવક ઊભી કરે છે. જમીન મહેસૂલ દ્વારા ખેડૂતો કુલ્લે રૂા. ૧૧૦ કરોડ સરકારોને ભરે છે. આમ લગભગ રૂા. ૧૨૨ કરોડનો કરબોજ ખેડૂતો ઉપર છે તેની સામે શહેરી વિસ્તાર અગર તો બિનકૃષિ વિસ્તારમાંથી (ઉદ્યોગો વગેરેમાંથી) સરકારને રૂા. ૬૮૮ કરોડનો આવકવેરો મળે છે.

શહેરી વિસ્તારમાં રહેતા માણસો ગામડાના માણસો કરતાં સીધી રીતે ચોથા ભાગનો જ વેરો ભરે છે, તેવી દલીલ ઉપરના આંકડા ટાંકીને થાય છે. વળી સરેરાશ મધ્યમ સ્થિતિના ખેડૂતોના રક્ષણ હેઠળ માલદાર ખેડૂતો આવકવેરો આપવામાંથી છટકેલા છે તેવી દલીલ પણ થાય છે.

શહેરી વિસ્તાર આવકવેરો ભરીને વધુ કરબોજ ઉઠાવતો હોય તો તેની સામે ખેડૂતો ઘણી દલીલ મૂકી શકે છે. કરોડોને ખર્ચે બંધાયેલી હોસ્પિટલોનો લાભ શહેરના માણસોને તત્કાળ મળે છે. ગામડાનો ખેડૂત માંદા માણસને હોસ્પિટલ સુધી મૂકવા જાય છે ત્યાં રસ્તામાં જ અવસાન થઈ ગયાના ઘણા કિસ્સા બને છે. શહેરના પરાંની રેલવેની સગવડો, તાર, ટેલિફોન, પાકા રસ્તા, મનોરંજનની અનેકવિધ સગવડો, આધુનિક તબીબી સેવા અને સમાજકલ્યાણને લગતી સગવડો જેટલા પ્રમાણમાં શહેરના માણસોને મળે છે તેનાથી દસમા પણ ભાગની ગામડાના માણસોને મળતી નથી. જો આ પ્રકારની દલીલ આપણે કરીએ તો તુરત જ એમ કહેવામાં આવશે કે કૃષિ-આવકવેરો માત્ર ભારતના મોટા ખેડૂતો ઉપર જ લાદવાની દરખાસ્ત છે. એટલે કે ભારતની કુલ જમીનમાંની ૬૫ ટકા જમીન મોટા ખેડૂતો ધરાવે છે. આ ખેડૂતોની વાર્ષિક આવક રૂા. ૬૦૦૦ કરોડ છે એમ શ્રી એન. એ. પાલખીવાલાનો અંદાજ છે. જો આટલી આવક ઉપર ૫ ટકા જેટલો વેરો નાખવામાં આવે તો પણ રૂા. ૩૦૦ કરોડની વાર્ષિક આવક થાય. આ આવકનો આંકડો તો રામરાજ્યની સ્થિતિમાં જ સિદ્ધ થાય. કારણ કે જે તવંગર વર્ગની વકીલાત શ્રી પાલખીવાલા કરે છે તે લોકો સરકારની ટકાવારી મુજબ જ પ્રમાણિકતાથી વેરો ભરી આપે તો આવકવેરાની રૂા. ૬૮૮ કરોડની આવકને બદલે સરકારને રૂા. ૩૦૦૦ કરોડની આવક થાય. પણ શ્રી પાલખીવાલા જેવા અર્થશાસ્ત્રીઓ અને કરવેરાના નિષ્ણાતોના સારા નસીબે ભારતના ઉદ્યોગપતિઓ આટલો વેરો ભરતા નથી. શ્રી પાલખીવાલા સૂચવે છે તેવો વેરો નાખવામાં આવે તો રૂા. ૩૦૦ કરોડની આવક સરકારને ન થાય અને મોટા ખેડૂતો આવકવેરામાંથી બચે તે માટે શ્રી પાલખીવાલા જેવી બુદ્ધિ ધરાવનારા ઈન્કમટેકસ કન્સલ્ટન્ટો જબરી ફી લેવા તુરત જ ગામડામાં દોડી જાય.

જો કે હાલમાં અર્થશાસ્ત્રીઓ અને સરકારના કેટલાક અધિકારીઓ કૃષિ-આવકવેરાની આવકનો જે અંદાજ કાઢે છે તે વાર્ષિક રૂા. ૫૦ કરોડથી રૂા. ૬૦ કરોડનો છે. અને રાજ્ય-બંધારણમાં કૃષિની આવક ઉપર વેરો નાખવાનો કેન્દ્રને અધિકાર નથી એટલે તેટલી રકમ કેન્દ્ર સરકારે રાજ્યોને વહેંચી દેવી પડે. એ હિસાબે ભારતનાં દરેક રાજ્યોને સરેરાશ રૂા. ૧૫ કરોડથી રૂા. ૨ કરોડનો ફાળો મળે.

પરંતુ આટલી વાર્ષિક આવક કરવા માટે વેરાઓની પળોજણ અને અધિકારીઓના ભ્રષ્ટાચારથી મુકત રહેલા કૃષિ-ક્ષેત્રને ભ્રષ્ટ કરવું જરૂરી છે ખરું? રૂા. ૬૦ કરોડની આવક ગામડાંમાંથી ઊભી કરવા બીજા વિકલ્પો નથી? જે નાણાશાસ્ત્રીઓ કરવેરાની તરફેણ કરતા નથી તે લોકો એમ કહે છે કે "નાણાંનો ક્રોષ્ઠ ઉપયોગ સરકાર કરતાં વ્યકિત વધુ કરી શકે છે." રૂા. ૧૫ કરોડથી રૂા. ૨૫ કરોડની આવક રાજ્યો પાસે જુદે જુદે માર્ગે વેડફાઈ જવાની છે. લોકસભાની મધ્યસત્ર ચૂંટણી વખતે રોજગારી આપવા મટેનો એક "જલદ કાર્યક્રમ" રજૂ થયો હતો અને તે માટે રૂા. ૫૮ કરોડ જુદાં જુદાં રાજ્યોને વહેંચવામાં આવ્યા હતા. રૂા. ૫૦ કરોડ જેવી જંગી રકમ ૨૧ જેટલાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચાઈને વામણી બની ગઈ હતી. એ રકમમાંથી કેટલી બેરોજગારી દૂર થઈ છે તે આપણે જાણીએ છીએ.

તાજેતરમાં કેરળના નાણાપ્રધાને ૧૯૭૨-૭૩ના નાણાવર્ષ માટે રજૂ કરેલા રાજ્યના બજેટમાં સિંચાઈવેરો વધારીને રૂા. ૧૫ કરોડની

આવક વધારી છે. સમૃદ્ધ ખેડૂતોને સિંચાઈ અને વીજળીની સગવડો વધુ મળે છે. આ સિંચાઈ અને વીજળીના દર અત્યારે ઘણા જ સસ્તા રખાયા છે. તો આવકવેરાની બદી ગામડામાં પહોંચાડવાને બદલે સિંચાઈનો વેરો ન હોય ત્યાં નાખવો જોઈએ અને વીજળીના દર વધારવા જોઈએ. વીજળીથી ચાલતા પંપો માત્ર સમૃદ્ધ ખેડૂતો જ વાપરે છે. તેના ઉપર વેરો નાખીને રૂા. ૨ કરોડની આવક દરેક રાજ્ય ઊભી કરી શકે છે. ઉપરાંત ગ્રામપંચાયતો અત્યારે નાકાવેરો કે બીજા વેરામાંથી બહુ જૂજ આવક કરે છે. સમૃદ્ધ ખેડૂતો જે ચીજવસ્તુ વાપરતા હોય તેમાંથી આવક કરવા ટ્રેક્ટર, ઓઈલ એન્જિનો, કુડતેલ, સિગારેટ કે બીજી ચીજો ઉપર પંચાયતો વેરો નાખીને સ્થાનિક આવક ઊભી કરી શકે છે. આવી આવક જે પંચાયતો ન કરતી હોય તેને તે માટે માર્ગદર્શન આપવું જોઈએ. સ્થાનિક વેરાથી બે હેતુ સિદ્ધ થશે. પૈસાદાર વર્ગ ઉપર વેરો નાખી શકાશે અને તેમાંથી થયેલી આવક સ્થાનિક રીતે જ સમાજકલ્યાણના કાર્યમાં, રસ્તા બંધાવવામાં કે દવાખાનાં ઊભાં કરવામાં વાપરી શકાશે. એ રીતે નાણાકીય સત્તાનું વિકેન્દ્રીકરણ થતાં ગામડાઓને કરવેરાની ફાળવણીમાં વધુ સક્રિય રીતે ભાગ લેતાં કરી શકાશે.

સમૃદ્ધ ખેડૂતોને જ આવકવેરામાં આંતરવાના છે તેવી દલીલ ખતરનાક છે. શ્રી મોરારજી દેસાઈએ કૃષિ-મિલકતવેરાના શ્રીગણેશ કર્યા પછી ગત વરસથી ગામડાના ઘણા નાના-મોટા ખેડૂતો ઉપર મિલકતવેરા માટેના અંગ્રેજી ભાષામાં લખેલાં ફોર્મ આવી ગયાં છે. સાવ અભણ ખેડૂતો આ ફોર્મ જોઈને જ ગભરાઈ જાય છે. મુંબઈની વિલ્સન કૉલેજ કે સિડ્નહામ કૉલેજમાં અર્થશાસ્ત્રનો વિષય લઈને ગ્રેજ્યુએટ થયેલો જુવાનિયો લાગવગને કારણે કે વગર લાગવગે આવકવેરા અધિકારી બની ગયો હોય તેને ખબર નથી હોતી કે ભારતમાં ૨૦૦ વીઘા જમીન ધરાવતો ખેડૂત દેવાદાર હોય છે અને તેની બેરી થીગડાંવાળો સાડલો પહેરીને માગેલી છાશ પીતી હોય છે. મારા ગામડામાં આવા એક "મોટા ખેડૂત" જેની પાસે ૨૨૦ વીઘા જમીન હતી તેના ઉપર મિલકતવેરા માટેનું ફોર્મ આવ્યું ત્યારે તે મૂંઝાઈ ગયો હતો. તે જાતે ખેતી કરતો હતો અને હળ છોડીને તાલુકાના શહેરમાં તેને ફોર્મ ભરાવવા ધક્કા ખાવા પડયા હતા. તેના ઉપર મિલકતવેરો તો લાગ્યો નહિ પણ તે ફોર્મ ભરનાર વકીલનો રૂા. ૨૦૦નો વેરો લાગી ગયો !

આવી જ રીતે જ્યારે કૃષિ-આવકવેરાની આફત આવી પડશે ત્યારે ડિગ્રીધારી અને પછી અનુભવે લાલચુ બનવાની સાથે જડ બની ગયેલા મોટા ભાગના આવકવેરા અધિકારી કોઈ પણ ખેડૂતને આવકવેરાની આકારણી માટે પરેશાન કરે એવું કદાચ બનશે.

આ જોતાં કૃષિ-આવકવેરાની વાત વહેલાસર પડતી મૂકવી જોઈએ અને સમૃદ્ધ ખેડૂતોની આવકને વેરાની આંટીમાં લેવા વૈકલ્પિક માર્ગો શોધવા જોઈએ.

આપણે સ્વીકારીએ છીએ કે કૃષિક્ષેત્ર આવકવેરાથી મુક્ત છે એટલે જ કેટલાક ઉદ્યોગપતિઓ જમીન ખરીદીને ખેતીની આવકને કરવેરામાંથી બચાવે છે. જો એમ હોય અને તેનાથી કૃષિક્ષેત્ર સમૃદ્ધ થતું હોય તો પણ શું ખોટું છે ? શહેરી વિસ્તારના વેરાઓથી ત્રાસીને ગ્રામવિસ્તારના ઉત્પાદનક્ષેત્રમાં ભાગીને આવનારો વર્ગ બતાવી આપે છે કે કરવેરાના સરકારી માળખામાં કશીક ખામી છે. તો શહેરની એ ખામી પાછી ગ્રામવિસ્તારને લાગુ કરવી છે ?

ગણ્યાગાંઠયા ઉદ્યોગપતિઓના આગમનને કારણે આખા ગ્રામવિસ્તારને વંઠેલ બનાવી દેવાની તજવીજ ઘૃણાપાત્ર છે. નાનો ખેડૂત મહેનત કરીને સમૃદ્ધ બની રહ્યો છે. ભારતમાં સમૃદ્ધ થવું તેનો ગુનો સમજવો ન જોઈએ. 'જગતના તાત'ની પદવી કવિ દલપતરામે ભારતના ખેડૂતોને આપી છે. એ જગતના તાત પર આ વેરો નાખવાની વિચારણા પડતી મૂકાય તે ભારતના કલ્યાણની વાત છે.

કાન્તિ ભટ્ટ

મુનિશ્રી યશોવિજયજીની નેશનલ કમિટીમાં થયેલી નિમણૂક

શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના જાણીતા સાહિત્યકલારત્ન પૂજ્ય મુનિપ્રવર શ્રીમદ્ યશોવિજયજી મહારાજ (પૂ. આ. શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજીના શિષ્ય)ને ભગવાન શ્રી મહાવીર નિર્વાણ શતાબ્દીની રાષ્ટ્રીય સમિતિમાં ખાસ આમંત્રિત તરીકે લેવામાં આવ્યા છે.

કેન્દ્રના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતાએ મુનિશ્રી યશોવિજયજી મહારાજને સમિતિનું સભ્યપદ સ્વીકારવા માટે એક વિનંતિ પત્ર લખ્યો છે.

મુનિજીએ પોતાનાં નિકટનાં વર્તુળો સાથે વિચારવિનિમય કર્યા બાદ સભ્યપદની સ્વીકૃતિનો પત્ર પણ લખી નાખ્યો છે.

ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દીના અનુસંધાનમાં મુનિજી, ભગવાન શ્રી મહાવીરના જીવનના વિશિષ્ટ પ્રસંગોને કલાત્મક રીતે રજૂ કરતો બેનમૂન એક રંગીન સચિત્ર ગ્રન્થ પોતાની નાદુરસ્ત તબિયત છતાં ભારે જહેમત ઉઠાવીને તૈયાર કરી રહ્યા છે. ૨૫૦૦ વરસના ઈતિહાસમાં જૈન સમાજમાં કલાના ક્ષેત્રમાં આ પ્રકારના ક્ષેત્રમાં આ પ્રકાશન એક સીમાચિહ્ન બની રહેશે. આનો પ્રકાશન સમારોહ દિલ્હી અને મુંબઈ બન્ને સ્થળે યોજવો એવું "જૈન ચિત્રકલા નિદર્શન સમિતિ"ના સંચાલકો વિચારી રહ્યા છે. આ ગ્રન્થ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ થનાર છે.

જે. દલાલ

[મુનિશ્રી યશોવિજયજી ઉપરાંત બીજા જે આચાર્યો અને મુનિઓ રાષ્ટ્રીય સમિતિમાં વિશિષ્ટ આમંત્રિત નિયુક્ત થયા છે તેમનાં નામો નીચે મુજબ છે:

(૧) આચાર્યશ્રી આનંદઋષિજી
(૨) આચાર્યશ્રી સમુદ્રવિજયજી
(૩) આચાર્યશ્રી તુલસીજી
(૪) આચાર્યશ્રી ધર્મસાગરજી
(૫) મુનિશ્રી મહેન્દ્રકુમારજી પ્રથમ
(૬) મુનિશ્રી સુશીલકુમારજી
(૭) મુનિશ્રી વિદ્યાનંદજી

દરેક ફિરકાના એક આચાર્ય અને એક મુનિની નિમણૂક કરી છે. મને આનંદ થાય છે કે મુનિશ્રી યશોવિજયજીએ આમંત્રણનો સ્વીકાર કર્યો છે. મને આશા છે કે બીજા આચાર્યો અને મુનિઓ પણ આમંત્રણ સ્વીકારશે.–તંત્રી]

બહેનો માટે ગ્રીષ્મ તાલીમ શિબિર

શકિતદળ - ઋતંભરા સંસ્થા તરફથી ૧૭ વર્ષથી પ્રતિવર્ષ ઉપર્યુકત શિબિરનું આયોજન મે માસના વેકેશન દરમ્યાન થાય છે. શારીરિક તાલીમ અને આધ્યાત્મિક સાધનાના શિક્ષણનો અભિનવ સમન્વય સાધીને આ શિબિરનો તાલીમક્રમ ગોઠવવામાં આવે છે અને તજજ્ઞ શિક્ષિકાઓ દ્વારા તાલીમ આપવામાં આવે છે.

આ વર્ષે ૧લી મેથી ૨૦ મે સુધી આ શિબિર કલ્યાણમા આવેલા નેશનલ રેયોન કોર્પોરેશન કોલોનીના શાંત સુરમ્ય વાતાવરણમાં યોજવાનું નક્કી થયું છે.

શિબિર અંગેની વિગતોનું સાહિત્ય અને પ્રવેશપત્રો તૈયાર થઈ ગયાં છે. જૈન યુવક સંઘની ઓફિસમાંથી તેમજ ઋતંભરા શકિતદળની ઓફિસ ૨૯, ડુંગરસી રોડ, મુંબઈ - ૬ પરથી આ સાહિત્ય મળી શકશે.

આ શિબિરમાં સ્કૂલની શિક્ષિકાબહેનો તેમજ માતાઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે. તદુપરાંત ૧૮ વર્ષ અને તે ઉપરની કન્યાઓને પણ પ્રવેશ મળી શકશે.

શિબિર દરમ્યાન એક વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં જીવન-ઉપયોગી વિવિધ વિષયો પર વિદ્વાન વકતાઓ તેમ જ સંતોનાં વ્યાખ્યાનો થશે. બહેનો આ અમૂલ્ય તકનો સારા પ્રમાણમાં લાભ ઉઠાવશે એવી અપેક્ષા છે. પ્રવેશપત્ર ભરીને પાછું મોકલવાની છેલ્લી તારીખ ૧૫મી એપ્રિલ છે.

૭૧મા વર્ષમાં પ્રવેશતા આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સિત્તેર વર્ષ પૂરાં કરી તા. ૧૧-૩-'૭૨ના દિવસે, આજે ૭૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ પ્રસંગે આપણા સંઘના સભ્યો, કાર્યવાહક સમિતિના સભ્યો, 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો અને મિત્રો–શુભેચ્છકો તરફથી અમે તેમનું અભિવાદન કરવા સાથે દીર્ઘાયુ ઈચ્છીએ છીએ અને પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે તેમનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને તેમના હાથે સમાજસેવાનાં હજી ઘણાં કામો થતાં રહે.

સમયને ગાળે ગાળે સમાજજીવનનાં ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં વ્યક્તિવિશેષો પેદા થયા કરે છે. પોતપોતાનાં ક્ષેત્રોમાં આ વ્યક્તિઓ જે જ્યોત પેદા કરે છે તેના પ્રકાશનો લાભ સમાજને અવિરત મળ્યા કરે છે. શ્રી ચીમનભાઈ આપણા સમાજની એક એવી વિભૂતિ છે. છેલ્લાં ૪૦થી વધુ વરસોથી તેઓ પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજની જે સતત સેવા કરતા રહ્યા છે, તેના માટે સમાજ ખરેખર ગૌરવ લઈ શકે તેમ છે.

મૂળ લીંબડીના, જન્મે સ્થાનકવાસી જૈન અને વ્યવસાયે સૉલિસિટર હોવા છતાં તેઓ ન તો માત્ર સૌરાષ્ટ્રના રહ્યા છે, ન તો માત્ર સ્થાનકવાસી સંપ્રદાયના રહ્યા છે, કે ન તેમણે માત્ર પોતાના વ્યવસાયનીજ ચિંતા કરી છે. વસ્તુતઃ તેઓ માત્ર જૈનસમાજના જ અગ્રણી પણ રહ્યા નથી; તેઓ ગુજરાતની જૈન-જૈનેતર સમગ્ર પ્રજાના નેતા બન્યા છે અને એક રીતે વિચારીએ તો, ખાસ કરીને બિહારના દુષ્કાળ વખતે, ઓરિસાના વાવાઝોડા પ્રસંગે તેમ જ બંગલા દેશના લાખો નિરાશ્રિતો ભારતમાં આવ્યા તે પ્રસંગે ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર દ્વારા પોતાની આગેવાની નીચે એમણે દીન-દુઃખીઓની, પીડિતોની જે સહાયતા કરી છે તે જોતાં, તેઓ સમગ્ર ભારતના બની રહ્યા છે.

તેમની પ્રતિભા બહુમુખી છે. અનેક સંસ્થાઓના તેઓ પ્રાણ છે. પોતાની સૂઝ અને કામ લેવાની શકિત વડે તેમણે અનેક સંસ્થાઓને વિકસાવી છે. પ્રત્યેક સંસ્થાના કાર્યકરો સાથે તેમનો સંબંધ અત્યંત મીઠો હોવા સાથે જ તેઓ તમામ સંસ્થાઓની કાર્યવાહીના કડક ચોકીદાર રહ્યા છે. ઝીણામાં ઝીણી કોઈ પણ બાબતથી તેઓ અજાણ હોતા નથી અને સંસ્થાનો વહીવટ કાર્યક્ષમ બને એ વિશેની સતત ચિંતા સેવતા હોય છે.

શિક્ષણના ક્ષેત્રે તેમણે અનેક સેવાઓ આપી છે. જૈન કેળવણી મંડળના રજત મહોત્સવ પ્રસંગે એમણે જે પુરુષાર્થ કરીને તેર લાખ રૂપિયા એકઠા કરી આપ્યા એ હકીકત તેમની શિક્ષણની સેવાઓમાં શિરમોરરૂપ છે. કેટલીયે કૉલેજો ઊભી કરાવી આપવામાં તેમ જ તેના વહીવટો બરાબર થાય એ જોવામાં પણ તેમનો ફાળો અત્યંત મહત્ત્વનો છે. સમાજે તેમની ટહેલ કદી પાછી વાળી નથી. લાખ રૂપિયાની જરૂર પડી હોય ત્યાં બેથી અઢી લાખ રૂપિયા તેમને મળ્યા છે. દાન આપવાવાળાઓને પણ શ્રી ચીમનભાઈમાં ખૂબ શ્રદ્ધા રહી છે. પોતે આપેલાં નાણાંનો સદ્‌વ્યય થશે જ એવા અતૂટ વિશ્વાસના કારણે જ કેટલાયે પ્રસંગોમાં માત્ર ફોન પર જ ઘેરે બેઠાબેઠા જ તેમણે લાખો રૂપિયા એકઠા કર્યા છે. સામાજિક ક્ષેત્રે મુંબઈમાં કાંદાવાડીમાં સને ૧૯૪૯માં ઊભી થયેલી અને છેલ્લાં કેટલાંક વરસોમાં વધુ ને વધુ વિકાસ પામી રહેલી હોસ્પિટલ "જૈન કિલનિક" એમનું મહત્ત્વનું સ્મારક છે.

બંધારણ અંગેના કાયદાઓના સર્વમાન્ય નિષ્ણાત હોવા ઉપરાંત રાજકારણના તેઓ વરસોથી પ્રખર અભ્યાસી રહ્યા છે. સંઘના ઉપક્રમે યોજાતી સભાઓમાં વરસોથી તેઓ અવારનવાર રાજકારણની નિષ્પક્ષ સમીક્ષા કરતા રહ્યા છે અને તેમનાં એ પ્રવચનો તેમ જ લેખો અત્યંત પ્રશંસા પામતાં રહ્યાં છે. ૧૯૪૮થી '૫૭ સુધી ભારતની બંધારણસભા અને પછી લોકસભાના તેઓ સભ્ય હતા. બંધારણસભાની અનેક અગત્યની સિલેકટ કમિટી પર હોઈને તેમણે બંધારણના સુધારા, કંપની લૉ વગેરે કાર્યમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. સન ૧૯૩૬માં તેમણે "સમાજવાદ" પર લખેલા એક નિબંધે સ્વ. શ્રી જવાહરલાલ નેહરુનું ધ્યાન ખેંચ્યું હતું અને ત્યાર બાદ તેમને એ અંગે નેહરુ સાથે પત્રવ્યવહાર પણ થયો હતો. સને ૧૯૫૩માં તેઓએ ભારતીય પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે યુનોમાં પણ સેવા આપી હતી. કીર્તિનો મોહ તેમને કદીયે સ્પર્શ્યો નથી. 'જન્મભૂમિ' પરિવારનાં વર્તમાનપત્રો જેના હસ્તક ચાલે છે તેવા સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમેન હોઈ તેઓ અખબારી જગત સાથે પણ ખૂબ નિકટથી સંકળાયેલા છે. તાજેતરમાં જ તેઓને ગુજરાત રાજ્યે ગુ. રા. ઔદ્યોગિક વિકાસ મંડળ જેવી માતબર સંસ્થાના અધ્યક્ષ બનાવ્યા એ હકીકત તેમની સફળતાની કલગીરૂપ છે.

સાહિત્યના ક્ષેત્રે પણ તેમનું પ્રદાન કાંઈ નાનુંસૂનું નથી. તેઓ ઘણીવાર કહે છે કે "હું સાહિત્યનો જીવ નથી". પણ આખરે સાહિત્ય શું છે? માનવીના મનના સંવેદનમાંથી સાહિત્ય સર્જાય છે અને એમના દિલમાં સંવેદન ભરેલું પડ્યું છે. 'પ્રબુદ્ધ જીવન' એમના તંત્રીપદે છેલ્લા બાર મહિનાથી જે રીતે ચાલે છે તે જ એની સાબિતી છે. ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓ સને ૧૯૩૯થી ૧૯૫૧ સુધી મંત્રીપદે હતા, એ વાતની તો કદાચ ઘણા લોકોને જાણ પણ નહીં હોય. સ્વ. પરમાનંદભાઈ ઘણી વાર કહેતા કે, "હું નહિ હોઉં ત્યારે ચીમનભાઈ જ 'પ્રબુદ્ધ જીવન' ચલાવશે એવો મને વિશ્વાસ છે," અને એમણે 'પ્રબુદ્ધ જીવન'ની જવાબદારી આનંદપૂર્વક ઉપાડી છે; અને સતત ચિંતા ને કાળજીપૂર્વક પણ પોતાની રીતે એને ઘાટ આપ્યો છે. આજે અમારું પ્ર.જી. સારું ચાલે છે અને વધારે સારું ચાલે છે એ વાતની પ્રતીતિ અમને અમારા સેંકડો વાચકોના અભિપ્રાયો પરથી મળી રહે છે. શ્રી ચીમનભાઈનું વાચન અત્યંત વિશાળ છે. તેમના ધંધાને લગતાં પુસ્તકો ઉપરાંત રાજકારણ, તત્ત્વજ્ઞાન, ધર્મ અને અધ્યાત્મને લગતાં અનેક પુસ્તકો તેઓ વાંચે છે. મોડી રાત સુધી આટલી ઉંમરે પણ તેઓ વાંચતા-લખતા હોય છે.

કાયદો અને રાજકારણથી તદ્દન ભિન્ન લાગે એવો પણ એમનો અંતરનો રસ તો ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં છે. એમણે જીવનની ફિલસૂફી વિશે જેટલું વાંચ્યું હશે તેથી વધારે વિચારેલું છે અને સૂક્ષ્મ મનન અને ચિંતનના નિચોડરૂપે તેમના વિચારો ઘણા બધા વિષયોમાં ગોઠવાઈ ગયા છે. તેઓ પોતાના અભિપ્રાયો જલદીથી બદલતા નથી તેમ છતાં પોતાથી વિરુદ્ધ મત વિશે જો તેમને convince કરાવવામાં આવે તો પોતાનો અભિપ્રાય બદલતાં તેઓ સંકોચ અનુભવતા નથી.

બહુ જ યુવાન વયે તેમના મન પર ઘેરી અસર પડી હતી પ્લેટોના એક પુસ્તક 'Plato's Republic'ની. ત્યાર બાદ તેમણે કાર્લ માર્ક્સનું 'Das Capital' વાંચ્યું તેમ જ સમાજવાદ પરના પં. નેહરુનાં ત્રણ વ્યાખ્યાનો તેમણે વાંચ્યાં તેની પણ તેમના પર ખૂબ છાપ રહી.

છેલ્લે તેમણે શ્રીમદ્ રાજચંદ્રના 'આત્મસિદ્ધિશાસ્ત્ર'નો ઝીણવટથી અભ્યાસ કર્યો ને તેની તેમના પર બહુ ઊંડી અસર પડી.આલ્બર્ટ સ્વાઈટ્‌ઝર વિશે તેમનું પ્રવચન નક્કી થયું તો તેમણે સ્વાઈટ્‌ઝર વિશે અનેક પુસ્તકો વાંચવા પડ્યાં. તેની પણ તેમના જીવન પર ઘેરી અસર પડી છે. ચારેક વર્ષ પર જ તેમણે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં "જૈન ધર્મ અને ગીતા" જેવા વિષય પર મનનીય પ્રવચન આપ્યું હતું

તે બતાવે છે કે જૈનેતર ધર્મોનો પણ તેમનો અભ્યાસ કેવો સૂક્ષ્મ હતો. છેલ્લાં ૩૬ વર્ષથી તો પર્યુષણ વ્યાખ્યાનમાળામાં દર વરસે એક પ્રવચન તો તેઓએ અચૂક આપ્યું છે. સ્વાઈટ્ઝર પરનાં તેમનાં પ્રવચનો ને લેખો તો એવા લોકપ્રિય બન્યાં છે કે અવારનવાર તેને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાની માગણી આવ્યા કરે છે.

તેમની સર્વતોમુખી પ્રતિભાનાં બધાં જ લક્ષણો આવરી લેવાનું આ લેખમાં શક્ય નથી. તેમના જીવન અને કવન વિશે હજી ઘણું લખવાનું રહી જાય છે. તેમ છતાં ટૂંકમાં કહીએ તો શ્રી ચીમનભાઈ એક ખરેખરા નિષ્કામ કર્મયોગી છે એમ અમને લાગે છે. સ્વભાવે તેઓ અત્યંત મિતભાષી સરળ, અને ઉપરથી વજ્ર જેવા કડક દેખાવા છતાં અંદરથી ફૂલ જેવા કોમળ છે.

અંતમાં, પ્રભુ તેમને સુસ્વાસ્થ્ય સાથે દીર્ઘાયુ આપે એવી આપણે ફરી વાર પ્રાર્થના કરીએ.

તા. ૧૧-૩-૭૨

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

સંઘ સમાચાર

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું બહુમાન

(૧)

આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તા. ૧૧-૩-'૭૨ ના રોજ એકોતેરમા વર્ષમાં પ્રવેશ કરતા હોઈ, એને અનુલક્ષીને સંઘના વર્ષોજૂના અગ્રગણ્ય સભ્ય શ્રી ચીમનલાલ પી. શાહ (ચીમનલાલ પેપર કું. વાળા)ના નિવાસસ્થાને સાન્તાક્રુઝમાં–સંઘના કાર્યવાહક સમિતિના સભ્યો તેમ જ 'પ્રબુદ્ધ જીવન'માં સહકાર આપતા લેખકોનું એક સીમિત આકારનું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. ત્યારે કાર્યવાહક સમિતિના સભ્યો ઉપરાંત, લેખકોમાંથી શ્રી મોહનલાલ મહેતા-સોપાન, શ્રી લાભુબહેન મહેતા, શ્રી સુરેશ દલાલ, શ્રી હરીન્દ્ર દવે તેમ જ શ્રીમતી કુન્દનિકાબહેન કાપડિયા વગેરે સાહિત્યકાર–મિત્રો હાજર રહ્યા હતા. આ મિલન જાણે એક કુટુંબના સભ્યોનું મિલન હોય એવું આત્મીયતાલક્ષી બન્યું હતું.

શરૂઆતમાં સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ શ્રી ચીમનભાઈની સેવાઓની કદર કરતું નિવેદન કર્યું હતું, ત્યારબાદ શ્રી ચીમનલાલ પી. શાહે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને આવકાર આપતાં પ્રેમના પ્રતીકરૂપે એક પુષ્પગુચ્છ તેમ જ હાર અર્પણ કર્યા હતા અને તેઓ ઘણા લાંબા કાળ સુધી સમાજની સેવા કરતા રહે અને તેઓ તંદુરસ્ત એવું લાંબું જીવન પ્રાપ્ત કરે એવી પરમાત્મા પાસે અંતઃકરણપૂર્વકની પ્રાર્થના કરી હતી.

ત્યારબાદ સંઘના મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ તથા શ્રી સુબોધભાઈ એમ. શાહે તેમ જ શ્રી સોપાને શુભકામનાઓ વ્યકત કરી હતી.

આના જવાબરૂપે શ્રી ચીમનભાઈએ કહ્યું હતું કે "હું જે સેવા કરી રહ્યો છું એથી સમાજને જે લાભ થતો હોય તે, પરંતુ મારા પોતાના વિકાસમાં આથી મને ખૂબ મદદ થાય છે અને સંઘ તેમ જ 'પ્રબુદ્ધ જીવન'ના સંચાલનના કારણે મને જે પ્રેરણા મળી રહી છે એને લીધે મારું ઘડતર થાય છે એમ હું સમજું છું, અને આ માટે ખરેખર હું સંઘનો ઋણી છું."

તેમના આ ટૂંકા વકતવ્ય બાદ આ સમારંભના યજમાન શ્રી ચીમનલાલ પી. શાહને પુષ્પગુચ્છ આપીને સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે તેમના પ્રત્યે સંઘ વતી આભારની લાગણી વ્યકત કરી હતી.

શ્રી ચીમનલાલ પી. શાહ શ્રી ચીમનલાલ ચકુભાઈને પુષ્પગુચ્છ અર્પણ કરી જન્મદિને એમનું અભિવાદન કરી રહ્યા છે.

ત્યાર બાદ શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ, શ્રી પૂર્ણિમાબહેન પકવાસા તેમ જ શ્રી ચીમનલાલ પી. શાહે શાસ્ત્રીય સંગીતના સૂરો રેલાવીને વાતાવરણને આહ્લાદક બનાવ્યું હતું. કવિઓએ કવિતાના નમૂનાઓ પીરસ્યા અને ઓળખવિધિ બાદ સૌએ ભજનના સ્પંદનોના પમરાટનાં તાજાં સ્મરણો સાથે સુસ્વાદુ ભોજન માણ્યું હતું અને બે કલાકના આનંદસભર વાતાવરણમાં રસતરબોળ બનીને સૌ વિખરાયા હતા.

(૨)

આપણા સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે ૧૧મી માર્ચે ૭૧મા વર્ષમાં પ્રવેશ કર્યો તેના અનુસંધાનમાં સ્થાનકવાસી જૈન સમાજની અગ્રગણ્ય સંસ્થાઓ તરફથી તા. ૨૬-૩-૭૨ ના રોજ તેમના માટે એક સન્માન સમારંભ યોજવામાં આવ્યો છે અને તેમાં ત્રણ લાખ આસપાસની રકમની થેલી તેમને અર્પણ કરવાનો નિર્ણય કર્યો છે - તે રકમ માનવરાહતને લગતા કાર્યોમાં વપરાવાની છે. તેઓ આપણા સંઘના પ્રમુખ હોઈ તેમની આ સન્માન થેલીમાં સંઘના કાર્યવાહક સમિતિના સભ્યો તેમજ શુભેચ્છકોએ પણ ફૂલપાંખડી રૂપે પોતાનો ફાળો આપવો એમ વિચાર્યું અને તેમાં રૂા. ૫૭૭૧ની રકમ એકઠી થઈ છે, તે સંઘ તરફથી એના કાર્યવાહકોને મોકલી આપવામાં આવશે.

સ્વ. પરમાનંદભાઈની પ્રથમ પૂણ્યતિથિ

આગામી એપ્રિલ માસની ૧૭ મી તારીખે સ્વ. પરમાનંદભાઈની પ્રથમ પૂણ્યતિથિ ઉજવવાને લગતી જાહેરાત ગતાંકમાં આપી હતી. તેમાં શ્રી કિશનસિંહ રાવડા આવશે એમ જણાવેલું, પરંતુ એ દિવસોમાં તેમને અન્ય રોકાણ હોઈ આવી શકે તેમ નથી અને જણાવતા આનંદ થાય છે કે પૂજ્ય કાકાસાહેબ કાલેલકરને આપણે વિનંતિ કરી અને તેઓ તે દિવસે આવવા સંમત થયા છે.

વસંત વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક આ વર્ષે પણ સંઘના આકાયે કોટમાં બ્રુસ સ્ટ્રીટમાં આવેલ તાતા ઓડિટોરિયમમાં, એપ્રિલ માસની ૩-૪-૫-૬ એમ ચાર દિવસ માટે વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ચાર વકતાઓમાંથી પ્રથમ દિવસે શ્રી મોરારજી દેસાઈ તથા છેલ્લે દિવસે શ્રી ફ્રેન્ક મોરાઈસ–એમ બે વકતાઓ નક્કી થઈ ગયા છે અને બાકીના બે વકતાઓ માટે પ્રયત્નો ચાલે છે.

મંત્રીઓ,
મુંબઈ જૈન યુવક સંઘ

☆ કાર્ય અને પરિણામ ☆

'કર્મ કરવું, ફળની અપેક્ષા ન રાખવી,' 'પ્રયત્નમાં આનંદ છે, પ્રાપ્તિમાં નથી,' વગેરે સૂત્રો ઉચ્ચારતી વખતે તેનો મર્મ અને નિત્ય જીવનના વ્યવહારમાં તેનો અર્થ આપણે સમજીએ છીએ ખરા? જો ફળની કલ્પના આપણી સમક્ષ ન હોય તો ક્રિયાનો ભાવ મનમાં જાગે ખરો? ચાલવાની જ ક્રિયા લઈએ. અમુક સ્થળે પહોંચવું છે એમ નક્કી ન કર્યું હોય તો એ દિશામાં પગલું પણ મંડાય નહિ. ગમે તેમ ને ગમે તે દિશામાં ચાલવાનો તો અર્થ જ ન હોઈ શકે. એ તો ગાંડપણ જ કહેવાય. જો સાચી દિશામાં ચાલવાનું હોય તો આખરી મુકામ નજર સામે હોય એ સ્વાભાવિક છે. માત્ર ભૌતિક અથવા દુન્યવી વ્યવહારમાં જ નહિ, આધ્યાત્મિક ક્ષેત્રે પણ સર્વ પ્રવૃત્તિ કોઈ હેતુને અનુલક્ષીને જ કરવામાં આવે છે. મોક્ષની-મુક્તિની આપણે ગમે તે કલ્પના કરીએ, પરંતુ એ હેતુ સિદ્ધ કરવો હોય તો જ તપ, જપ, સંયમ વગેરે હોઈ શકે. કોઈ એમ કહે કે સાધના કરો, સાધ્યનો વિચાર છોડી દો, તો એ કેવું લાગે? કંઈક સિદ્ધ કરવાના સંકલ્પ પછી જ સાધના શરૂ થઈ શકે એ સ્વાભાવિક છે. આનો અર્થ એ કે કર્મનો આરંભ ફળના જ્ઞાનમાંથી અને તે પ્રાપ્ત કરવાની અપેક્ષામાંથી જ થાય છે. ફળની કલ્પના વિના કર્મ પ્રગટી શકે નહિ. 'પ્રયત્નમાં આનંદ છે, પ્રાપ્તિમાં નથી' એ સૂત્ર પ્રયત્નમાં ઉત્સાહ પ્રગટાવવા માટે ઠીક છે. કોઈક દાખલામાં પ્રયત્નની કક્ષાએ આપણા મનમાં પરિણામની જે કલ્પના હોય તે 'પ્રાપ્તિ' વખતે ફળે નહિ એમ બને, પરંતુ 'પ્રાપ્તિ' થાય જ નહિ અને પ્રયત્ન જ કરવાનો હોય તો ગમે તેવો માણસ થાકી જાય, તૂટી જાય એમાં સંશય નથી. પ્રયત્નમાં આનંદ છે જ, પરંતુ પ્રાપ્તિની આશાનો એ આનંદ છે અને તેની પરાકાષ્ઠા તો પ્રાપ્તિમાં જ હોઈ શકે. જો એમ ન હોય તો કોઈ પણ સિદ્ધિનું કશું મૂલ્ય ગણાય નહિ. કોઈ વિજ્ઞાની શોધ કરવા લાગે ત્યારે તેના પ્રયત્નોમાં આનંદ લઈ શકે, પરંતુ શોધને અંતે સિદ્ધિ પ્રાપ્ત થાય ત્યારે તો જીવનની કૃતકૃત્યતા જ એ અનુભવે.

હવે વિચારવાનું એ રહે છે કે ત્યારે આ સૂત્રો કયા વિચારમાંથી ઉદ્‌ભવ્યાં હશે? પ્રયત્ન અને પ્રાપ્તિ વિશે એમ કહી શકાય કે આમુક જ વસ્તુ સિદ્ધ કરવી છે એવો મનમાં દૃઢ સંકલ્પ થઈ ગયો હોય તો પ્રયત્નમાં શરીર-મનની તમામ શક્તિઓ કામે લાગી જાય. આ ક્રિયા ખરેખર આનંદજનક હોય. પ્રયત્નને અંતે પ્રાપ્તિ થયા પછી કંઈ કરવાનું રહે નહિ તો એ આનંદ અવશ્ય લૂંટાઈ જાય. કેટલાક માણસોને વિશે એમ કહેવાય છે કે એણે પોતાની સર્વ શક્તિ ચોક્કસ ધ્યેયની પ્રાપ્તિ માટે કેન્દ્રિત કરી તેને ક્રિયાશીલ બનાવી હતી. એવી પ્રાપ્તિ મેળવ્યા પછી જીવવા માટે એને કશું કારણ રહ્યું નહિ. 'હવે શું?' એ પ્રશ્ન માણસનો જીવનરસ સૂકવી નાખે એ ખરું છે, પરંતુ જેનામાં વિવેકની જાગૃતિ હોય તેને એક વસ્તુની પ્રાપ્તિ પછી બીજી વસ્તુનું જ્ઞાન મળી જ રહે. એની પહેલી પ્રાપ્તિ બીજી પ્રાપ્તિનું પગથિયું બની જાય અને તેમાંથી પ્રયત્ન તથા પરિણામની સુખદ પરંપરા પણ સર્જાય. આમ ન હોય ત્યાં પણ પ્રાપ્તિનો આનંદ તો રહે જ. જીવનરસ સુકાઈ જવાનો અર્થ પણ અહીં તો અવતારકાર્ય પૂર્ણ થયા જેવો છે. એવા માનવીને પ્રાપ્તિ પછી જે શાંતિ થાય તેનું મૂલ્ય થઈ શકે નહિ. આ દૃષ્ટિએ વિચારતાં એમ લાગે છે કે પ્રયત્નનો કાળ જ્યારે ચાલતો હોય છે ત્યારે માણસ વિપરીત સંયોગોની સામે ક્યારેક થાકી જાય છે, હારી જાય છે. એ વખતે એનામાં છેતરામણી વૈરાગ્યવૃત્તિ પણ ક્યારેક જાગી જાય છે ને એને એમ લાગવા માંડે છે કે અંતે આ કે તે વસ્તુ કે સ્થિતિ પ્રાપ્ત કરીને કરવાનું શું છે? એ સિદ્ધ કર્યા પછી શું? સામાન્ય માનવીને આવી સ્થિતિમાંથી બચાવી લેવા માટે પ્રાપ્તિ કરતાં પ્રયત્નનો આનંદ વિશેષ છે એમ કહેવામાં આવે તો તે સ્વાભાવિક ગણાય. બીજું અને વધુ મહત્ત્વનું કારણ એ હોઈ શકે કે પ્રાપ્તિની કલ્પના સૌને માટે આનંદ-જનક હોય છે. એ પ્રાપ્તિ વિના-પ્રયત્ને અથવા તો બીજા કોઈના પ્રયત્ને થાય તો તે ઝડપી લેવા સૌ કોઈ તૈયાર હોય છે. પ્રયત્નમાં પણ આનંદ છે, હોઈ શકે, એવો ખ્યાલ બહુ ઓછા લોકોને આવે છે. માણસ દિલ લગાવીને કામ કરતો હોય તો કામ આનંદજનક બની જાય છે અને ક્યારેક તો એ આનંદનું પ્રમાણ એટલું બધું હોય છે કે પ્રાપ્તિ થાય કે ન થાય તેની ચિંતા એના મનમાંથી સરી જાય છે. આ સ્થિતિ ખરેખર ઈષ્ટ છે, પરંતુ તેનો અર્થ એ નહિ કે પ્રાપ્તિનો આનંદ તેને મળે નહિ અથવા તે એ માણી શકે નહિ.

કર્મ અને ફળની વાત કંઈક નિરાળી છે, ઊંડી છે. આ જગતમાં કશું જ આકસ્મિક કે અકારણ બનતું નથી, બધું જ નિયમાનુસાર બને છે. કાર્યકારણના સંબંધ સાથે સાચે છે. આનો અર્થ એ કે કોઈ પણ કર્મ ફળ વિનાનું હોઈ શકે જ નહિ. માણસ અપેક્ષા રાખે કે ન રાખે, પરન્તુ તેના કર્મનું ફળ તો આવે જ આવે, કારણ કે એ કુદરતનો નિયમ છે. ફળ વિશે માણસની ચિંતા કે ઝંખના ઓછી કરવા માટે તેને એમ કહી શકાય કે કર્મ કરતી વખતે તેના ફળ ઉપર નજર માંડી રાખવાની જરૂર નથી, એ તેને મળશે જ મળશે. આખરી મુકામનું નક્કી કરી લે અને સાચા રસ્તે ચાલવા માંડે એટલે વહેલોમોડો ત્યાં પહોંચશે જ. બીજી કલ્પના આમ થઈ શકે: ફળના-પરિણામના ખ્યાલ વિના માણસ કોઈ પણ કાર્યમાં પ્રવૃત્ત થતો નથી, થઈ શકતો નથી. પરિણામની કલ્પના કરી લીધા પછી તેને પ્રવૃત્તિની શોધ કરવી પડે છે. જ્યાં માણસના રાગદ્વેષ વચ્ચે આવે છે. પોતે ગમે તે કરે ને ગમે તેમ વર્તે તો પરિણામ સારું જ આવે એવી ઈચ્છા કોને નહિ થતી હોય? એ જ રીતે ફળ નજર સામે રાખ્યા પછી તેની પ્રાપ્તિ માટે ગમે તે માર્ગ લેવાની લાલચ પણ તેને થઈ જાય છે. આમુક વસ્તુ સિદ્ધ કરવી છે. સાચે માર્ગે ચાલતાં ઘણો પરિશ્રમ કરવો પડે ને વિલંબ થાય, ટૂંકો પણ ખોટા માર્ગે ત્યાં જલદી પહોંચાય, આ સ્થિતિમાં ફળપ્રાપ્તિનું જ એને મહત્ત્વ હોય તો એ ખોટો માર્ગ લેવા અવશ્ય લલચાશે. ફળને બદલે કર્મનું એ મહત્ત્વ સ્વીકારશે તો આવી ભૂલ નહિ થાય.

આમાંથી આપણે સ્વાભાવિક રીતે સાધ્ય-સાધનની વિચાર-ભૂમિકા પર પહોંચી જઈએ છીએ. જે લોકો પવિત્ર ને ઉચ્ચ જીવનની ઝંખના સેવતા નથી તે લોકો સાધ્ય-સાધનનો વિચાર કરે નહિ. 'કર્મ કરવું, ફળની અપેક્ષા ન રાખવી' એ સૂત્ર પણ એવા લોકો માટે તો નકામું જ છે. એમને ફળનું જ મહત્ત્વ હોય છે. ગમે તે ઉપાયે તે પ્રાપ્ત કરવા એ મથતા હોય છે, પરન્તુ જે લોકો ઉચ્ચ જીવન જીવવા માગે છે તે લોકો સાધ્ય-સાધનનો વિચાર છોડી શકે નહિ. તેઓ વિવેક દ્વારા એમ સમજી જાય છે. રસ્તો લાંબો છે કે ટૂંકો તેનું મહત્ત્વ નથી, એ સાચો છે કે નહિ, તે જ મહત્ત્વની બાબત છે. સાચા માર્ગો એકથી વધારે હોઈ શકે. એ પોતાની શક્તિ ને રુચિ અનુસાર અનેક સાચા માર્ગોમાંથી એકની પસંદગી કરવાને હકદાર છે. આવી પસંદગી થઈ ગયા પછી એણે સ્થિર પગલે આગળ વધવું જોઈએ, કર્મ કરવું જોઈએ. સાધ્ય અને સાધનનું જેમ મહત્ત્વ છે તેમ સત્ય પ્રત્યેની શ્રદ્ધાનું પણ છે. જેનામાં એવી શ્રદ્ધા ન હોય તે સાધ્ય-સાધનનો વિવેક કરી શકે નહિ. સાચે માર્ગે મુશ્કેલી આવતાં જ એનું મન વિચલિત બની જાય. અહીં સત્યનો અર્થ વિશ્વના સનાતન નિયમો. આવો માણસ વિવેકથી સમજી લે કે બાવળ વાવીને આંબાની અપેક્ષા રાખી શકાય નહિ. એ એમ પણ સમજી લે કે આંબાને કેરી લાગતાં આટલો સમય લાગે. આવું સમજવામાં કોઈ અસાધારણ બુદ્ધિશક્તિની જરૂર પડે છે એમ નથી. જરૂર રહે છે મનોબળની. કોઈના

હૃદય-પરિવર્તનની વાત લઈએ. પ્રેમથી, સમજાવટથી હૃદય પલટાવી શકાય. એમ ન બને તો તપનો આશ્રય લેવો પડે. અહીં વિવેકી માણસ ઓટલું પામી જાય કે અગ્નિથી કોઈ પણ વસ્તુને ગાળી શકાય. જો વસ્તુ કઠિન હોય તો અગ્નિ વિશેષ જોઈએ એટલું જ. તપ અને પ્રેમદ્વારા હૃદયનું પરિવર્તન થાય જ એવી શ્રદ્ધા હોય તો જ એ ફળની અપેક્ષા છોડી કર્મમાં રત રહી શકે, અન્યથા, બીજા ઉપાયો લેવાની લાલચ એનામાં જાગી પડે.

આ ઉપરાંત પણ એક બાબત વિચારવાની રહે છે. સાધ્ય ને સાધનનો વિવેક કર્યો ને સાચો માર્ગ ગ્રહણ પણ કર્યો, પરંતુ પરિણામ તે પછી પણ ન આવે તો ? અહીં માણસે પોતાની મર્યાદાનો ખ્યાલ કરી લેવાની જરૂર છે. આપણે ગમે તેટલા બુદ્ધિશાળી ને નિર્મળ દિલનાં હોઈએ, છતાં નિર્ભેળ સત્ય દરેક વખતે આપણને સૂઝે જ એવું બનતું નથી. સાચી રીતે વિચારીએ તો બુદ્ધિને અનેક મર્યાદાઓ હોય છે અને આપણી નિર્મળતા પણ સાપેક્ષ જ હોઈ શકે. વિશ્વાત્માની શક્તિ દેહધારી આત્મા ક્યાંથી પ્રાપ્ત કરી શકે? આ સ્થિતિમાં કુદરતનાં કોઈ બળો આપણા પ્રયત્નોને સાથ ન આપતાં હોય એમ બને અને તેને પરિણામે વિવેકયુક્ત કર્મનું ફળ પણ જોઈએ તેટલું ને જોઈએ તેવું ન આવે. આવી સ્થિતિમાં માણસે પોતાની શક્તિની મર્યાદા સમજી શાંતિ ધારણ કરવી જોઈએ અને ત્યારે પોતાના અંતરાત્માને કહેવું જોઈએ કે તારો અધિકાર સાધ્ય-સાધનના વિવેકયુક્ત કર્મનો જ છે, ફળનો નથી; ફળ તારે હરિને હાથ છોડવું જોઈએ. કર્મ કરતી વેળાએ ફળનું જ્ઞાન જોઈએ, અપેક્ષા હોય તો યે કંઈ ખોટું નથી, ફળ મળશે એવી શ્રદ્ધા તો જોઈએ જ જોઈએ, પરંતુ સૌથી છેલ્લે અનંત શક્તિના ને અનંત જ્ઞાનના સ્વામી એવા આ વિશ્વનિયમને-પરમાત્માને આધીન થઈ જવાની નમ્રતા પણ જોઈએ. આ જ અર્થ છે 'કર્મણ્યે વા ધિકારસ્તે મા ફલેષુ કદાચન'નો. આ અર્થ આપણે ગ્રહણ કરીએ તો ફળની અપેક્ષા ન રાખી હોય તો યે આપણા કાર્યમાં બેદરકારી આવે નહિ અને અપેક્ષા રાખી હોય તો તેનો ભાર પણ મન પર રહે નહિ. અંતરમાંથી એવી શ્રદ્ધા પ્રગટે કે ફળ મને દેખાય કે ન દેખાય પણ આવવાનું છે જ, કારણ કે કર્મ મિથ્યા થાય નહિ એવો કુદરતનો કાનૂન છે.

શ્રી

મારા પર કૃપા કરો, કરુણાનિધિ

ગદ્યગીત

મારું શરીર પાપોનો પુંજ છે. મારા હૃદયમાં અપાર અંધકાર છે. એ અંધકારમાં દીપકની ટમટમતી જ્યોતિ નથી, ત્યાં છુપાઈ જવાથી તમને કોઈ શોધી નહીં શકે-કોઈ મેળવી નહીં શકે.

તમે જે પોતાના ભક્તો પર અત્યાચાર કર્યા છે, તેનું સ્મરણ કરો. વિચારો તો ખરા, જો તમે એને મળી ગયા તો તેઓ તમારી દુર્દશા કર્યા વિના કદાપિ નહીં છોડે.

નાથ ! તે લોકો પોતાનાં આનંદાશ્રુઓથી તમને એટલા નવરાવશે કે તમે પણ કંટાળી જશો. તમારાં ચરણોની રજ લેતાં લેતાં તેઓ તમારા કોમળ ચરણને છોલી નાખશે. તમને તેઓ પોતાના પ્રેમપાશમાં એવા બાંધશે કે તેમાંથી છૂટવાનું અસંભવ થઈ પડશે.

બોલો, તમને તમારી આ બધી દુર્દશા સારી લાગે છે કે તમારા મનને અનુકૂળ સુંદર નિવાસસ્થાન ? હજી પણ મારું કહ્યું માનો.

મારા હૃદયમંદિરની અંધારી કોટડીમાં આવીને વસો. હું બધાં વિઘ્નો અને મુશ્કેલીઓથી તમારી રક્ષા કરીશ.

(૨)

મારું જીવન દુ:ખમય છે પરંતુ કરુણાનિધાન ! મારી તમને આ પ્રાર્થના છે કે મને સુખ ન દેતા.

દુ:ખમાં અમે તમારી દિવ્યમનોહારી કાંતિની એકૂ રેખાનો પણ કયારેક કયારેક આભાસ મેળવી શકીએ છીએ. કૃપાનિધે ! કૃપા કરીને અમારી આ રહીસહી વસ્તુ છીનવી ન લેશો.

મને મારી દરિદ્રતામાં પણ તમારી દયાપ્રાપ્તિની આશા તો છે જ. ભગવન્ ! આ નિરાશ હૃદયમાં આશાની આ ક્ષીણ જ્યોતિને બૂઝવવાની કોશિશ ન કરો.

નટનાગર ! તમારા પ્રયોગ માટે, આખો સંસાર પડયો છે, મારા આ ભગ્ન હૃદય પર પ્રયોગ કરીને તેના ટુકડેટુકડા ન કરો.

મારા આ હૃદયમાં ન જાણે ક્યારથી મેં તમારું ચિત્ર અંકિત કરી રાખ્યું છે. એમાં ચિત્રકારની કારીગરીનો કોઈ શ્રેષ્ઠ નમૂનો નથી. દયા કરીને અમારી પ્રેમની આ બેડોળ પ્રતિમાને સુરક્ષિત રહેવા દો.

(૩)

ન જાણે ક્યારથી હું હમેશાં મંદિરમાં તમારી પૂજા કરું છું. ન જાણે કયારથી ધૂપ-દીપ ને નૈવેદ્ય દ્વારા તમને પ્રસન્ન કરવાની ચેષ્ટા કરું છું. પરંતુ તમારી પાષાણમયી મૂર્તિને મારા પર દયા ન આવી. તમે અમારી સમસ્ત પૂજા-અર્ચનાને ધુત્કારી કાઢી.

મોટા માણસોનો દરબાર પણ મોટો હોય છે. ન જાણે કેટલીય વાર તમારા દ્વાર પર ત્રણ દોકડાના ચપરાશી દ્વારા અપમાનિત થયો છું-ન જાણે કેટલીય વાર તમારા દરવાનની પાખંડમયી પવિત્રતાને લીધે મારે ઘણું દુ:ખ ઉઠાવવું પડયું છે, પરંતુ મેં આ બધું જ સહન કર્યું છે.

મારા હૃદયાકાશમાં પ્રકાશની એક ક્ષીણ રેખા જોવામાં આવી છે. તે નિબિડ અંધકારમાં, તે નૈસર્ગિક પ્રકાશની ક્ષણિક પ્રભામાં મને ભાસ થયો કે તું મારા જ હૃદયમાં બિરાજમાન છે.

હવે હું અહીંતહીં નહીં ભટકું.

મેં તમારા સ્વાગતને માટે કયારથી પલકો બિછાવી રાખી છે. તમારા શુભ આગમનની પ્રતીક્ષામાં મેં આટલા દિવસ કેટલીય વ્યગ્રતાથી પસાર કર્યા છે. પરંતુ નાથ ! મને આજ સુધી એ ખબર ન પડી કે તમારો આવવાનો માર્ગ કયો છે.

હું જયારે વર્ષાઋતુમાં કાળી કાળી ઘટાઓ સામે જોઈને, ભ્રમરોને આનંદથી વિહ્વળ બનીને નાચતા જોઉં છું ત્યારે મને ખબર પડે છે કે તમે વાદળાંઓની રંગબેરંગી પાંખો ઉપર બેસીને આવી રહ્યા છો.

હું જયારે વસંતઋતુમાં પ્રકૃતિની લીલાઓનો વિસ્તાર જોઉં છું ત્યારે મને ભાસ થાય છે કે તમે પીતામ્બર ધારણ કરીને, સુગંધયુકત પવનને જ પોતાની યાત્રાનો માર્ગ બનાવી ચૂકયા છો.

હું જયારે સ્વચ્છ પ્રશાંત સાગરના તરલ તરંગોને જોઉં છું તો મને ખબર પડે છે કે તમારી જ દિવ્ય અનુભૂતિને કારણે આખો સમુદ્ર નાચી રહ્યો છે. તે સમયે મને એ જાણીને આનંદ થાય છે કે તમે જલમાર્ગેથી અમારી પાસે આવી રહ્યા છો.

પરંતુ નાથ ! તમે વાસ્તવમાં ઘણા કપટી છો. એક બાજુ મને ભુલાવામાં નાખો છો, અને બીજી બાજુ ચુપકીદીથી ન જાણે કયારે અજ્ઞાતભાવથી અલક્ષિત રૂપથી અવ્યકત માર્ગથી આવીને અમારા હૃદયમાં બેસી ગયા.

જે રીતે તમે મને ઠગો છો, તે રીતે નાથ ! હું તમને પણ ઠગીશ. મારા હૃદયના એક ખૂણામાંથી બીજા ખૂણામાં સંતાકૂકડી રમતાં તમને એવા ભુલામણા ચક્કરમાં નાખી દઈશ કે સર્વજ્ઞ સર્વશકિતમાન હોવા છતાં પણ તમે મારા પ્રેમના કારાગારમાંથી તમારી જાતને મુકત નહીં કરી શકો.

મૂળ લેખક: કુંવર રાજેન્દ્રસિંહ અનુ: ગુણવંત ભટ્ટ

હમણાં તો ધર્મ એ જ રાજનીતિ

[શ્રી રાજગોપાલાચારીનો આ લેખ 'સ્વરાજ્ય'ના તા. ૨૨-૧-૧૯૭૨ના અંકમાં પ્રકટ થયો છે. 'ભૂમિપુત્ર'માં આવેલ તેનો અનુવાદ અહીં આપ્યો છે. નીતિમત્તાનો રાષ્ટ્રવ્યાપી હ્રાસ અને સત્તાજન્ય ભ્રષ્ટાચારમાંથી બચવાના એકમાત્ર તરણોપાયરૂપે રાજકારણને છોડવાની અને તે જ્વાલાયક બને ત્યારે જ પાછા ફરવાની રાજાજીએ આ લેખમાં સૂચના કરી છે. સુધાર્યો ન સુધરે એવા રાજકારણના સડાને રેઢો મૂકી, તેને સ્થાને ધર્મ એ જ આપણું રાજકારણ બની રહેવું જોઈએ એમ રાજાજીનું કહેવું છે. આ સૂચના રાજકારણમાં ગળાબૂડ પડેલ લોકોને વિચિત્ર લાગશે તેમ જાણી, રાજાજીએ અસહકારના દિવસોની યાદ આપી છે. ધર્મવિહીન રાજકારણ પ્રજાને સર્વ સ્તરે ભ્રષ્ટ કરે છે તેથી આ દર્દનાક પરિસ્થિતિને આશાભરી બનાવવા ૫૦ વર્ષ પહેલાં સ્વરાજ માટે પુરુષાર્થ કર્યો હતો તેટલો જ ધર્મની પ્રતિષ્ઠા માટે કરવો જોઈએ. ધર્મ એટલે કોઈ સંપ્રદાય નહિ પણ સઘળા ધર્મના મૂળભૂત ઉપદેશરૂપ પાપભીરુતા અને ઈશ્વરશ્રદ્ધા. મા આનંદમયી માતાનો દાખલો આપી રાજાજી કહે છે: લોકમાનસમાં પાપભીરુતા અને ઈશ્વરશ્રદ્ધાના સંસ્કારોનું પુનઃ સિંચન કરવામાં રચ્યાપચ્યા રહેતા સુજનો અને સંસ્થાઓ હાલને તબક્કે મહામૂલું રાજકારણ ખેડી રહ્યા છે.

નીતિમત્તાનો હ્રાસ રાષ્ટ્રવ્યાપી છે એ ખરું છે. રાજકારણમાં જ નહિ પણ જીવનનાં બધાં ક્ષેત્રોમાં છે. ધર્મની પ્રતિષ્ઠા માત્ર રાજકારણમાં નહિ પણ જીવનનાં બધા વ્યવહારમાં થવાની જરૂર છે. ધર્મની પ્રતિષ્ઠા કેવી રીતે કરીશું અને કોણ કરશે? રાજાજી સૂચવે છે કે રાજકારણનો બહિષ્કાર કરવો. બહિષ્કાર કરવાથી ધર્મની પ્રતિષ્ઠા થશે? રાજકારણ છોડવું એટલે શું? ધારાસભાઓનો બહિષ્કાર કરવો? રાજતંત્રમાં સડો કયાં ઓછો છે? રાજતંત્રનો બહિષ્કાર કરવો? આવો કોઈ બહિષ્કાર શક્ય છે? રાજતંત્ર અને રાજકારણ જીવનવ્યાપી બન્યાં છે. હવે કોઈ વિદેશી સરકાર નથી કે તેનો બહિષ્કાર કરી બીજી સરકાર લાવીએ. રાજાજીએ અસહકારની યાદ દેવડાવી છે. કેવા પ્રકારનો અને કોનો અસહકાર? રાજાજીના અભિપ્રાય મુજબ રાજકારણમાં સડો એટલો ઊંડો છે કે સુધાર્યો સુધરે તેમ નથી. વર્તમાન રાજકારણી પુરુષો અને સ્ત્રીઓને સ્થાને સારા માણસો લાવવાની વાત સમજી શકાય. ગોખલે અને ગાંધીજીએ રાજકારણમાં અને જીવનના બધા વ્યવહારમાં નૈતિક મૂલ્યો જાળવવા આગ્રહ રાખ્યો અને પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન સદા ચાલુ રહેવો જોઈએ. ધર્મની પ્રતિષ્ઠા કોણ કરી શકે? રાજાજીએ મા આનંદમયીનો ઉલ્લેખ કર્યો છે. સાચા સંતો જરૂર આ કાર્ય કરી શકે. પણ ભારતવર્ષમાં અત્યારે સંતોનો પણ રાફડો ફાટયો છે. જ્ઞાનયજ્ઞો, ધ્યાનયજ્ઞો અને બીજા ઘણા યજ્ઞો કરાવવાવાળા નીકળી પડયા છે. ત્યાં પણ સડો છે, અને છૂપો હોઈ કદાચ વધારે હાનિકારક છે, સંભોગમાંથી સમાધિ સુધી લઈજવાવાળા 'ભગવાન' પણ છે. પ્રજાને આવા સડામાંથી બચાવવાની જરૂરિયાત પણ ઊભી થઈ છે. ભ્રષ્ટાચાર વ્યાપક છે. સાચા સંતોનો ભગીરથ પ્રયત્ન કાંઈક ફળદાયી થાય. વિનોબાજીએ આવો માર્ગ કાંઈક અંશે બતાવ્યો છે. રાજાજી પોતે રાજકારણમાં ગળાબૂડ છે. તેમાંથી નિવૃત્તિ લઈ, ધર્મની પ્રતિષ્ઠાના કાર્યમાં લાગશે? ખૂબ આવકારપાત્ર થશે. તંત્રી]

નીતિમત્તામાં અનુભવાતા રાષ્ટ્રવ્યાપી હ્રાસથી સહુ શોકમગ્ન છે. સારા માણસોને તો આ અનુભવે નિરાશામાં ગરકાવ કરી દીધા છે. લગભગ બધા જ નેતાઓને ને રાજકીય કાર્યકરોને સત્તાજન્ય ભ્રષ્ટાચારનો ચેપ લાગી ચૂક્યો છે. પાપભીરુતા લોપ પામી છે. અને ઈશ્વર? એ તો એક પવિત્ર વાસ્તવિકતા મટી જાણે ઠાલું સૂત્ર ન બની ગયો હોય!

તો, કરીશું શું? નિરાશાના કળણમાં ખૂંપતા જઈશું? અને ગમે ત્યારે તૂટી પડનારા મહાસંકટની રાહ જોતાં દિવસો ખુટાડયે જઈશું? જો એવું ન જ ઈચ્છતા હોઈએ, તો પરિસ્થિતિને સુધારવા આપણે કયે બિંદુએ પળીશું?

અકાર્ય પરત્વે ભીતિ અને નૈતિક મૂલ્યો પ્રત્યે આદરબુદ્ધિ એ બંનેની પુનઃપ્રતિષ્ઠાની કોઈ આશા નથી– સિવાય કે આપણે ધર્મનું પુનઃ આવાહન કરીએ. જેના પર પ્રગતિ ને સમૃદ્ધિની મહેલાત ચણી શકાય એવી એકમાત્ર આધારભૂમિ ધર્મ અને માત્ર ધર્મ જ છે. યોજનાઓ નિષ્ફળ જાય છે, કેમ કે તેમાં સંકળાયેલાઓમાં ચારિત્ર્યની ઊણપ છે. ધર્મનાં બે પાસાં છે: એક તો, ઈશ્વરની અપ્રતિહાર્ય વાસ્તવિકતાનું; અને બીજું ઉપયોગિતાનું. આ ઉપયોગિતાનો ઉલ્લેખ કરું છું તે એવી પ્રતીતિથી કે ધર્મ વિના રાજકારણ પોતે રાષ્ટ્રકલ્યાણ, પ્રગતિ કે સમૃદ્ધિ કશુંયે સિદ્ધ કરી શકે તેમ નથી. આપણે જોયું છે કે ધર્મવિહીન રાજકારણ પ્રજાને સર્વ સ્તરે ભ્રષ્ટ કરે છે–આરે ભોળા ગ્રામવાસીઓ પણ એના સપાટામાંથી બચી શકયા નથી.

આપણે રાજકારણને સુધારી ન શકીએ, એને સ્થાને બીજું કશુંક સ્થાપવું રહ્યું. આજની દર્દનાક પરિસ્થિતિને આશાભરી બનાવવા સારુ, આવતાં કેટલાંક વર્ષ લગી ધર્મ એ જ આપણું રાજકારણ બની રહેવું જોઈએ. જેમ મનસ્વી શાસનનું સ્થાન લોકશાસને લીધું તેમ આપણે રાજકારણને સ્થાને ધર્મની પ્રતિષ્ઠા કરવી જ રહી. ધર્મ માટે આપણે એવો ને એટલો પુરુષાર્થ કરવો જોઈએ, જેવો ને જેટલો પચાસ વર્ષ પૂર્વે સ્વરાજને માટે કર્યો હતો.

ધર્મની વાત કરું છું ત્યારે મારા મનમાં આ કે તે સંપ્રદાય નથી. ભારતમાં પ્રવર્તતા સઘળા ધર્મોના મૂળભૂત ઉપદેશરૂપ 'ભય' અને 'ભક્તિ' મને અભિપ્રેત છે. પાપનો ભય અને ઈશ્વરની કૃપામાં ઊંડી શ્રદ્ધા એ બે વાનાંથી કોઈ પણ ધર્મ પોતાના અનુયાયીઓને અધ્યાત્મરંગે રંગી દે છે. મને અભિપ્રેત છે તે સર્વ ધર્મસિદ્ધાંતોનું પ્રત્યક્ષ, વિધેયાત્મક એકત્વ; નહિ કે આપણા રાજકારણમાં રૂઢ બનેલ નિષેધાત્મક 'બિનસાંપ્રદાયિકતાવાદ.'

એટલે લોકમાનસમાં પાપભીરુતા ને ઈશ્વરશ્રદ્ધાના સંસ્કારોનું પુનઃ સિંચન કરવામાં રચ્યાપચ્યા રહેતા સુજનો ને સંસ્થાઓ હાલને તબક્કે મહામૂલું રાજકારણ ખેડી રહ્યા છે, એમ કહેતાં મને લગારે આનાકાની થતી નથી. એમની મથામણ આપણા રાજકારણના લુણાયેલ પાયાને નવસાધ્ય કરવાની છે.

થોડા દિવસો પર મા આનંદમયી એમના ભકતવૃંદ સાથે મદ્રાસમાં હતાં. દર્શને આવતાં સ્ત્રી-પુરુષો પર એમની સંનિધિથી થતી હૃદય સોંસરવી અસર જોવી એ એક લહાવો હતો. આવું જ પુણ્ય કાર્ય અદા કરતા અન્ય ધર્મપુરુષો ને સંસ્થાઓ પણ છે. એમને ફંડફાળાની કમીના વરતાતી નથી. ભારતવાસીઓની સહજ વૃત્તિ એમની સહાયે લગભગ વણનોતરી દોડી જાય છે.

તો, આપણે એટલું સમજી લઈએ કે ધર્મ–અર્થાત્ પાપભીરુતા ને ઈશ્વરશ્રદ્ધા–એ જ હવે તો આપણું રાજકારણ છે. રાજકારણના સડાને રેઢો મૂકો. આપણે બળતામાં ઘી નહિ હોમીએ તો એ આપમેળે ખાખ થઈ જશે.

આજના રાજકારણમાં ગળાબૂડ પડેલા ને એનાં દૂષણોમાંથી લાભ ઉઠાવતા લોકોની નજરમાં મારું સૂચન કદાચ વિચિત્ર લાગે. સંભવ છે કે એમને એવુંયે આશ્ચર્ય થાય કે આ ઘડાયેલ રાજકારણી પોતે ઊઠીને આવું સૂચન કરે છે! પચાસ વરસ પહેલાં અસહકારની હાકલ પડી ત્યારે પરદેશી શાસનથી નખશિખ ટેવાઈ ગયેલા અને એનો લાભ ઉઠાવતા લોકોને એ વિચિત્ર તેટલી જ મૂરખાઈભરી યોજના લાગેલી. પણ પાછળથી સાબિત થયું તેમ એ જ એકમાત્ર તરણોપાય હતો. મારું આ સૂચન નૈતિક સ્વશાસનના અભાવવાળા આપણા આત્યારના કહેવાતા સ્વશાસનમાં વ્યાપ્ત, સુધાર્યા ન સુધરે એવા સડામાંથી ઊગરવાનો એકમાત્ર અહિંસક માર્ગ છે. પ્લેગ ફાટી નીકળે ત્યારે આપણે શહેર ખાલી કરી જઈએ છીએ એ જ પ્રમાણે આપણે અત્યારે રાજકારણને છોડી દેવું જોઈએ અને એ જ્વાલાયક બને ત્યારે જ પાછા ફરવું જોઈએ.

('સ્વરાજ્ય' ૨૨-૧-'૭૨) અનુ. પ્રકાશ ન. શાહ

દર્દ, દુઃખ અને દવા

ગઈ કાલે 'ક'નું માથું દુખતું હતું.

આ દુખાવામાં રાહત મળે એ માટે દુખાવો ઘટાડે એ પ્રકારની દવા તેમણે લીધી; અને થોડી વારમાં દુખાવો દૂર થયો.

આજે એમ લાગે છે કે માથું ફરી દુખશે. ગઈ કાલ જેવી વેદના ફરી શરૂ થશે. એ ન થાય એ માટે એ જ દવા ફરીથી લઈ લઈએ તો ?

* * *

એક ડૉક્ટર પાસે એક બહેન આવ્યાં. તેમની તકલીફોનો પાર ન હતો. કુટુંબની અને અંગત જીવનની ચિંતાઓને કારણે તેમને ઊંઘ પણ આવતી નહોતી. ડૉક્ટરે તેમને થોડા દિવસ ટ્રાંક્વી-લાઈઝર લેવા કહ્યું.

ટ્રાંક્વીલાઈઝરથી તેમને ઘણું સારું લાગ્યું.

જ્યારે ડૉક્ટરે એ બંધ કરવા સૂચવ્યું ત્યારે તેમને પ્રથમ તો એમાં કોઈ તકલીફ પડી નહીં. પણ થોડા સમય પછી કોઈક ચિંતા તેમના મનમાં ઘેરાઈ ત્યારે તેમણે એક ટ્રાંક્વીલાઈઝર લઈ લીધી. આથી તેમને સારું લાગ્યું અને ઊંઘ આવી. પણ પછી જ્યારે ચિંતાનો પ્રશ્ન ન હોય ત્યારે પણ એ ચિંતિત થઈ ટ્રાંક્વીલાઈઝરની ઝંખના કરતાં રહ્યાં.

* * *

આ બે ઉદાહરણો આમ તો કલ્પિત છે, છતાં ભાગ્યે જ કોઈ એવું હશે કે જેણે આ પરિસ્થિતિ ઓછાવત્તા અંશે અનુભવી ન હોય, કે અનુભવાતા જોઈ ન હોય. કોઈ પણ પ્રકારના દર્દ માટે તૈયાર દવાઓ મળે છે. ડૉક્ટરની સલાહ વિના, અને પોતાની પ્રકૃતિની અનુકૂળતા - પ્રતિકૂળતાની ગણના કર્યા વિના તમે દવા લઈ શકો છો. માથું દુખવા માટે, સાંધા દુખવા માટે, અને જાત-જાતની તકલીફો માટે જાતે જ દવા લઈ શકે એટલું જ્ઞાન સામાન્ય જાણકારી ધરાવનારાઓમાં હોય છે.

પોતાના કોઈક દુખાવા માટે દવાઓની આદત પાડી દેનારા માણસોની સંખ્યા ઘણી મોટી છે અને મોટાં, નુકસાનકારક વ્યસનોની આદત અંગે સમાજ જેટલો જાગ્રત છે એટલો નાની નાની ટેવો માટે નથી.

આજે વૈજ્ઞાનિકો અને ડૉક્ટરો આ પ્રશ્ન અંગે વધુ ઊંડાણથી સંશોધન ચલાવી રહ્યા છે, અને ડૉ. હેન્રીકક્રિસ્ટલે હમણાં જ પ્રકટ કરેલા એક સંશોધન - નિબંધમાં પ્રથમ દૃષ્ટિએ ચોંકાવી દેનારી, છતાં કંઈક પ્રતીતિજનક વાત કરી છે.

એ કહે છે કે તમને થતી કોઈ પણ બીજા સંબંધ પીડા સાથે નહીં, ચિંતા સાથે છે.

તમે ટાંચણી લઈ તમારી આંગળીમાં ખૂંતાડો ત્યારે ટાંકણીથી પીડા થાય છે એ ભાનના કારણે ટાંકણી અડતાં જ પીડા થશે એવી ચિંતા શરૂ થઈ જાય છે.

સામાન્ય રીતે કોઈ માણસ પર ઓપરેશન થવાનું હોય ત્યારે એ ભાગ્યે જ પૂછે છે: 'તમે મને કેટલો ઊંડો જખમ કરશો?' એ તો એમ જ પૂછે છે: 'મને કેટલું દુખશે ? કેટલી પીડા થશે ?'

પીડા અંગેની આ ચિંતાને કારણે જ પીડા નીપજે છે, ઈજાને કારણે નહીં, એ વાતનું સમર્થન કરતાં ડૉ. ક્રિસ્ટલ એક પ્રસંગ આપે છે. એક તમાશબીને પોતાને જ વધસ્તંભ પર ચડાવવાનો એક પ્રયોગ રચ્યો. આ પ્રયોગમાં આ તમાશબીનના હાથે, પગે સોનાનો ઢોળ ચડાવેલા ખીલા ઠોકવાના હતા. હજી બે-ત્રણ ખીલા ઠોકવામાં આવ્યા ત્યાં જ ખેલ બંધ કરવો પડ્યો. પ્રેક્ષકોમાંના ઘણાને મૂર્છા આવી હતી.

પ્રેક્ષકોને આ ખીલા જડાતાં જે પ્રકારની પીડા થાય તેની ચિંતા થતી હતી, એટલે જ તેઓને મૂર્છા આવી.

આપણે ત્યાં પણ જીભ પર સોય ભોંકવાના કે એવા પ્રયોગો કરનારાઓ છે. કદાચ તેઓ ચિંતાની લાગણીને બધિર બનાવી શકતા હશે એટલે જ તેઓને પીડાનો અનુભવ એટલી ઉત્કટ હદે નહીં થતો હોય.

એટલે જ ઘણી વાર માણસ દવા લેવા પ્રેરાય ત્યારે તેનું કારણ તેના દર્દમાં નહીં, તેની ચિંતામાં હોય છે.

મનોવૈજ્ઞાનિકો આ આખાયે પ્રશ્નને બહુ જ જુદા સ્તર પર તપાસે છે. દવાના વ્યસનીઓની સંખ્યા વધતી જાય છે, ત્યારે તે અંગે લાલબત્તી બતાવવા તેઓ ઉત્સુક બન્યા છે. પણ તેઓ એક વાત જાણે છે કે આ દવાના વ્યસનીઓ ઘૃણાને પાત્ર નથી, સમભાવને પાત્ર છે.

કેલિફોર્નિયામાં એક ચૌદ વરસના છોકરાએ સોળમા માળેથી પડતું મૂક્યું. એણે ઓલએસડી લીધું હતું અને એની અસર તળે એને લાગ્યું કે ધારે તો પોતે ઊડી શકે એમ છે. એણે મુક્ત પંખીની માફક આકાશમાં તરવા પ્રયત્ન કર્યો અને એને આ જગ-તના બંધનમાંથી મુકિત અપાવી પ્રાણપંખી ઊડી ગયું.

આવી ઘટનાઓ હવે છૂટીછવાઈ નથી રહી. તો બીજે પક્ષે માણસ નાની નાની દવાઓના વ્યસનમાં પણ કેમ ફસાતો જાય છે તે વાત પણ હવે જાણીતી થઈ છે.

ડૉ. વેસ્લી સી. વેસ્ટમેને આવાં વ્યસનોનાં મૂળમાં જવાનો પ્રયત્ન તેમના પુસ્તક 'ધી ડ્રગ એપિડેમિક'માં કર્યો છે. દવાઓનો દુરુપયોગ કરવા માણસ કેમ પ્રેરાય છે તેનો અભ્યાસ તેમણે તેમાં રજૂ કર્યો છે. આ રહ્યાં તેનાં કેટલાંક તારણો:

૧. પહેલી વખત ચોક્કસ દવા લીધાથી ઘણીવાર સારું લાગે છે; સારા અનુભવો થાય છે; અથવા તો એથી અણગમતી લાગ-ણીઓ દૂર થાય છે, કે અણગમતા અનુભવો વીસરાઈ જાય છે.

૨. આ જે પ્રથમ અનુભવ છે એને ફરી મેળવવા માટે દવાનો દુરુપયોગ શરૂ થાય છે, એમાં નાણાં, સમય અને શકિત ખરચાય છે. પરંતુ પહેલી વખત જે અનુભવ થયો હોય તે પૂર્ણપણે ક્યારેય ફરી થતો નથી.

૩. જે દવાઓ કાયદાવિરોધી સાધનોમાંથી મેળવવી પડે એમાં છેતરપિંડી થાય છે; આ દવાઓ વિશે તેની શકયતાઓ કરતાં વધારે મોટા દાવાઓ કરવામાં આવે છે.

૪. અને છેલ્લે દવાનો ઉપયોગ કર્યા વિના પણ ભાવસ્થિતિમાં ફેરફાર થઈ શકે છે અને ચેતનાના સ્તરમાં પરિવર્તન કરી શકાય એવી પદ્ધતિઓ અસ્તિત્વ ધરાવે છે.

માણસ સાજો થતો નથી, કે દવાનો વ્યસની બને છે, એ વાત પાછળ આ મનની ચિંતા જ કામ કરે છે. એકવાર આ ચિંતા ઘટાડવામાં દવા કામ લાગી હતી, એટલે ફરી વાર તેનો ઉપયોગ કરવા એ પ્રેરાય છે. પણ એ અનુભવ એ જ સ્વરૂપે ફરી ક્યારેય આવતો નથી. કોઈ પણ અનુભવ એ વીતેલી ક્ષણ જેવો છે : નવી કોઈ પણ ક્ષણ આવી શકે છે, પણ વીતેલી ક્ષણને તમે એ જ રીતે ફરી ઝડપી શકતા નથી.

પછી એ અનુભવને ફરી મેળવવા માણસ દવાનું પ્રમાણ વધારતો જ જાય છે. અને ક્યારેક એ પ્રમાણ – વધારો જોખમી સપાટી પર પહોંચી જાય છે.

ડૉ. ક્રિસ્ટલ કે ડૉ. મેલ્ઝેક જેવા વિદ્વાનો તો માને છે કે ચૈતસિક વાસ્તવિકતા (Psychic reality) ભય કે દર્દથી પર હોય છે; તમને કોઈ પણ દર્દનો ભય લાગે, ત્યારે જ એ દર્દની લાગણી જન્મે છે. અને એ દર્દની લાગણી અનુભવાય એટલે દર્દ હોય કે ન હોય, એ થશે એની વ્યગ્રતા જ માણસને દવા લેવા પ્રેરે છે.

કોઈ પણ પ્રકારની ઈજા તમને ક્યારેય દુઃખ પહોંચાડી શકે એમ નથી, એમ મનમાં ઠસાવી ન શકાય, પણ જેટલું દુઃખ થાય છે એટલી મોટી ઈજા કે એટલો મોટો રોગ આપણને ક્યારેય છે કે નહીં એ વિચારીએ તો આપણી ઘણી બીમારીઓનો ઈલાજ આપોઆપ થઈ જાય છે.

હરીન્દ્ર દવે

માલિક : શ્રી જૈન યુવક સંઘ મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી રટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ એપ્રિલ ૧, ૧૯૭૨ શનીવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ ભગવાન મહાવીરનો સંદેશ ☆

આજે ૨૩-૩-૭૨ ભગવાન મહાવીરની જન્મજયંતી છે. મહાપુરુષોનો જન્મ જગતના કલ્યાણ માટે હોય છે. ૨૫૦૦ વર્ષ પૂર્વે મહાવીરે જીવનધર્મ બતાવ્યો તે વિચાર કરીશું તો આજે પણ સાચા સુખનો એકમાત્ર માર્ગ છે તેની પ્રતીતિ થશે. મહાવીર રાજપુત્ર હતા. પુરી સુખસમૃદ્ધિ હતી. તે બધાનો ત્યાગ કરી સાચા શાશ્વત સુખની શોધમાં નીકળ્યા. દીર્ઘકાળની કઠિન સાધના અને તપશ્ચર્યાને અંતે પૂર્ણજ્ઞાન પ્રાપ્ત થયું. ત્યાર પછી જ ઉપદેશ આપ્યો. મહાવીરનું જીવનદર્શન અંતરજ્ઞાન અને સ્વાનુભવનું પરિણામ છે. આ દર્શન વાસ્તવવાદી અને બુદ્ધિગમ્ય Realist અને Rational છે. અપૌરુષેય, ઈશ્વરની આજ્ઞારૂપ અથવા ગૂઢ રહસ્ય નથી. મહાવીર મહામાનવ હતા અને સ્વયંભૂ જ્ઞાનપ્રાપ્તિ કરી. મહાવીરના જીવનદર્શનની પાયાની માન્યતા છે કે દરેક આત્મા–કીડી અને કીટકથી માનવ સુધીનો–સમાન છે અને આવા જ્ઞાન અને મુક્તિનો અધિકારી છે. ભવઅટવીમાં પરિભ્રમણ કરતાં, અનેક યોનિમાં આત્મા ભટકે છે. માનવદેહે, અંતિમ મુક્તિ પ્રાપ્ત કરવાની તેને અપૂર્વ તક મળે છે. મહાવીરના ધર્મમાં, ઉચ્ચ - નીચ, જાતિ - પાતિ, કાળા - ગોરા, સ્ત્રી - પુરુષ એવા કોઈ ભેદ નથી. સર્વ જીવ સમાન છે. આ આત્મૌપમ્યની ભાવના જૈન ધર્મનું હાર્દ છે. જૈન ધર્મ કોઈ જાતિ કે કોમનો ધર્મ નથી. જન્મથી જૈન થવાતું નથી. આચરણથી, ગુણકર્મથી જૈન થાય છે, કોઈ પણ જાતિ કે વર્ણનો હોય. જૈનધર્મ, માનવધર્મ છે, વિશ્વધર્મ છે. તેથી મહાવીરે કહ્યું છે :

મિત્તી મે સવ્વ મૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ । સર્વ જીવ - માત્ર માનવ નહિ - પ્રત્યે મને મૈત્રીભાવના હો, કોઈ પ્રત્યે વેરભાવ ન હો, આત્માની આવી બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવાનો માર્ગ મહાવીરે બતાવ્યો છે.

દરેક ધર્મપ્રવર્તક સમક્ષ એક જ પ્રશ્ન હોય છે. દુ:ખથી ભરેલ આ સંસારમાં સાચું ચિરકાળનું સુખ કેમ પ્રાપ્ત થાય? દુ:ખનું મૂળ શું છે, તેને દૂર કરવાના ઉપાય શું? ઝાંઝવાના જળની પેઠે, માણસ સુખની શોધમાં અનેક દિશામાં દોડે છે. મહાવીર અને તેમના જેવા બીજા ધર્મપ્રવર્તકો ભાન ભૂલેલા માનવીને સાચો રાહ બતાવે છે.

દરેક ધર્મમાં બને છે તેમ વર્તમાનમાં જૈનધર્મ કહેવાય છે તેમાં પણ અનેક વિકૃતિઓ આવી છે. તેનું હાર્દ વિસારે પડે છે અને કલેવર ચૈતન્યનું સ્થાન લે છે. ક્રિયાજડતા, અસહિષ્ણુતા, આડંબર, અજ્ઞાનજન્ય અંધશ્રદ્ધા અને વેશપૂજા, સામાન્ય જનતાને ઘેરી લે છે. આવાં અનિષ્ટોથી કંટાળી, કેટલાય સાચી ધર્મશ્રદ્ધા ગુમાવે છે.

મહાવીરે બતાવેલ જીવનસાધના અને ધર્મમય માર્ગ ૨૫૦૦ વર્ષ પૂર્વે હતો તેટલો જ અને તેથી પણ વિશેષ આજના યુગમાં કલ્યાણકારી છે. સાચો ધર્મ સદા માણસનો માર્ગદર્શક, ભોમિયો અને દીવાદાંડી છે. જીવનના બધા વ્યવહારમાં ઉન્માર્ગે જતાં અટકાવે છે, સુપથગામી બને છે. વર્તમાન જીવનની જટિલ સમસ્યાઓના ઉકેલની ચાવી તેમાં રહેલી છે; તેમ ન હોય તો તેની ઉપયુક્તતા રહેતી નથી.

તો ભગવાન મહાવીરનો ધર્મ શું છે? ભગવાને એક હકીકત ભારપૂર્વક કહી છે: માણસના સુખદુ:ખનો કર્તા માણસ પોતે છે अप्पा कत्ता विकत्ताय, दुक्खाण य सुहाण य– બહારના સંજોગો અને પરિસ્થિતિ જરૂર માણસના સુખદુ:ખનું નિમિત્ત કેટલેક દરજ્જે બને છે. છતાં માણસના સુખદુ:ખનું મૂળ તેની પ્રકૃતિ અને સ્વભાવ છે. માણસમાં રહેલી વાસનાઓ, કામનાઓ, તૃષ્ણા, જૈન પરિભાષામાં કહીએ તો કષાયો તેના દુ:ખનું મુખ્ય કારણ છે. આ કષાયો વ્યકિતને પોતાને દુ:ખી કરે છે એટલું જ નથી– મોટી વાત તો એ છે કે બીજાને દુ:ખી કરે છે. જીગતમાં રહેલ સંઘર્ષ (Conflict) વ્યકિત - વ્યકિત વચ્ચે, કોમ - કોમ વચ્ચે, કે પ્રજા - પ્રજા વચ્ચે, બધાંનું મૂળ માણસની તૃષ્ણા અને સ્વાર્થમાં રહેલું છે. આવા કષાયો ઉપર કાબૂ અથવા વિજય મેળવવો તે જીવનનો પરમ પુરુષાર્થ છે. જૈન શબ્દનો અર્થ જ એ છે કે જેણે કષાયોને જીત્યા. જીવનના આ પરમ પુરુષાર્થ માટે મહાવીરે શું માર્ગ બતાવ્યો છે? અતિ સંક્ષેપમાં કહેવું હોય તો, અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહ. જીવનસાધનામાં આ સિદ્ધાંતો સનાતન સત્ય છે, માત્ર ભૂતકાળના નથી, વર્તમાન યુગમાં એટલા જ સત્ય અને કામયાબ છે. હવે આ ત્રણ સિદ્ધાંતો સંક્ષેપમાં સમજીએ.

આ ત્રણે સિદ્ધાંતો પરસ્પર ગૂંથાયેલ છે. હકીકતમાં એક છે. એકને સાચી રીતે સમજીએ અને સ્વીકારીએ તો બીજા આપોઆપ ફલિત થાય છે.

મહાવીરે અહિંસાને પરમધર્મ શા માટે કહ્યો? એક કારણ છે, મહાવીરનું તત્ત્વદર્શન, જેનો પાયો સર્વ જીવ સમાનતા છે. સર્વ જીવ મારા જેવા જ છે એવી દઢ પ્રતીતિ થાય તો દરેક પ્રત્યે મને મૈત્રીભાવ હોવો જ જોઈએ, કોઈ પ્રત્યે વેર ન હોય. મારામાં કોઈ પ્રત્યે વેરભાવ જન્મે તો તેનો પ્રત્યાઘાત એવો જ વિપરીત આવે. આવી દ્રઢ પ્રતીતિ થવી દુષ્કર છે. અનુભવથી જોઈએ તો પણ આ જ નિર્ણય ઉપર આવવું પડે. દરેક જીવ જીવવા ઈચ્છે છે, કોઈ મરવા ઈચ્છતું નથી. દરેકને સુખ ગમે છે, કોઈને દુ:ખ ગમતું નથી. તો મારાથી બીજાને દુ:ખ કેમ દેવાય? જીવો અને જીવવા દો એ સિદ્ધાંત નવો નથી. બધા ધર્મપ્રવર્તકોએ બતાવ્યો છે. પણ મહાવીરે અહિંસાને જેટલું પ્રાધાન્ય આપ્યું છે તેટલું બીજા ધર્મમાં નથી. વર્તમાન યુગમાં ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે પોતાના સ્વતંત્ર ચિંતનથી ફરીથી આ સિદ્ધાંતનું દઢ સમર્થન કર્યું છે. સંસ્કૃતિ અને જીવનનાં નૈતિક મૂલ્યોનો હ્રાસ કેમ થયો

(Decay of Civilisation) તેનું સંશોધન કરતાં ડૉ. સ્વાઈત્ઝર એ નિર્ણય ઉપર આવ્યા કે સજીવ સૃષ્ટિ પ્રત્યે માણસ આદર ગુમાવી બેઠો છે, Man has lost Reverence for life. તેની આધ્યાત્મિક અવનતિનું આ કારણ છે. ગાંધીજીએ અહિંસાનું રચનાત્મક અને વ્યાપક સ્વરૂપ બતાવ્યું અને જીવનનાં દરેક ક્ષેત્રમાં અને વ્યવહારમાં, રાજકારણથી માંડી સામાજિક અને કૌટુંબિક વ્યવહારમાં અહિંસાની સફળતા અને હિંસાની નિષ્ફળતા બતાવી. અણુબોમ્બની શોધ પછી માનવજાત માટે ઊગરવાનો તરણોપાય અહિંસા જ છે તે હકીકત જગતના સમર્થ વિચારકો અને વૈજ્ઞાનિકો પણ ભારપૂર્વક જણાવે છે. છતાં, દુર્ભાગ્યે એ હકીકત સ્વીકારવી પડે તેમ છે કે દુનિયામાં હિંસા અને હિંસક વાતાવરણનું પ્રમાણ વધતું રહ્યું છે. માણસ ઈતિહાસ કે સંતપુરુષો પાસેથી કાંઈ શીખતો નથી. અમેરિકા અને રશિયા જેવા સમૃદ્ધ દેશો પણ ભયભીત દશામાં જીવે છે છતાં વિવિધ શસ્ત્રાસ્ત્રો ખડકવા સિવાય બીજો માર્ગ સૂઝતો નથી. નિઃશસ્ત્રીકરણ પરિષદ વર્ષોથી ચાલે છે, પણ કોઈ શરૂઆત કરવા તૈયાર નથી. દુનિયાએ વિનાશમાંથી ઊગરવું હોય તો મહાવીર, બુદ્ધ અને ગાંધીજીની અહિંસા જ સાચો માર્ગ છે.

અનેકાંત જૈનધર્મની જગતને વિશિષ્ટ દેન છે. ટૂંકામાં કહેવું હોય તો અનેકાંત એટલે મતસહિષ્ણુતા, પરસ્પરના વિચારો માટે આદર, સમન્વય દૃષ્ટિ. સત્યને હીરાની પેઠે અનેક પાસાં છે. પૂર્ણ સત્ય કોઈ માનવી પામતો નથી. એવા સંજોગોમાં પોતે કહે છે તે જ સાચું છે એવો મતાગ્રહ સેવવો ઉચિત નથી. પોતાના અભિપ્રાયને વળગી રહીએ ત્યારે પણ બીજાના મતમાં સત્યનો અંશ હોવા સંભવ છે એટલી ઉદાર દૃષ્ટિ રાખવાથી જ સહકારથી કામ થઈ શકે. મતાગ્રહ અથવા દુરાગ્રહમાં વિચારની હિંસા છે. અનેકાંત વૈચારિક અહિંસા છે. વિચારમાં હિંસા, ક્રોધ કે આવેશ ભર્યો હોય તો વાણી અને વર્તનમાં જરૂર ઊતરે. વિચારમાં અહિંસા ન હોય તો વાણી અને વર્તનમાં અહિંસા ન આવે. મતાગ્રહ કે દુરાગ્રહ, દ્રવ્યના પરિગ્રહ કરતાં પણ વધારે ચીકણો પરિગ્રહ છે. અનેકાન્ત વિચારનો અપરિગ્રહ છે. ભૌતિક સંપત્તિનો અપરિગ્રહ આધ્યાત્મિક જીવનસાધનાનું મહત્ત્વનું અંગ છે. મનુષ્યને જીવન નિભાવવા કેટલીક વસ્તુઓની જરૂરિયાત રહે છે. પણ જરૂરિયાત કરતાં વધારે સંગ્રહ કરવો તે પરિગ્રહ છે. પરિગ્રહનું મૂળ તૃષ્ણા, લોભ કે ભવિષ્યના ભયમાં રહ્યું છે. અપરિગ્રહમાં ભૌતિક સંપત્તિની મર્યાદા કે પરિમાણ ઉપરાંત, મમત્વ, મોહ કે મૂર્છાનું વિસર્જન પ્રધાન વસ્તુ છે. અહિંસામાંથી અપરિગ્રહ ફલિત થાય છે. પરિગ્રહ મેળવવામાં અને મેળવેલ સાચવવામાં હિંસાનો આકાર લેવો પડે છે. આ આધ્યાત્મિક દૃષ્ટિએ અપરિગ્રહની વાત થઈ. પણ તેની સામાજિક જરૂરિયાત અને ઉપયોગિતા તેટલાં જ મહત્ત્વનાં છે. આર્થિક અસમાનતા અને તેમાંથી ઉત્પન્ન થતા સામાજિક અન્યાયો આપણા જીવનની વિષમતાઓ અને સંઘર્ષનું મુખ્ય કારણ છે. કરોડો માનવીઓને જીવનની સામાન્ય જરૂરિયાતો પણ મળતી ન હોય અને અપાર દુઃખ, યાતના વેઠતા હોય ત્યાં થોડી વ્યકિતઓ અનહદ સંગ્રહ કરે તે સામાજિક ગુનો છે. તેથી સમાજવાદનો નાદ જોરશોરથી સંભળાય છે. વર્તમાન સમાજવાદ અને ભગવાન મહાવીરના સમાજવાદમાં અગત્યનો અને પાયાનો ફેર છે. મહાવીરે એટલે સુધી કહ્યું છે કે असंविभागी नहु तस्स् मोक्खो અસંવિભાગીને મોક્ષ નથી. અસંવિભાગી એટલે પોતાનાં સાધનો, સંપત્તિ કે સામગ્રીનો જે સંવિભાગ કરતો નથી. સંવિભાગ એટલે સમ્યક્ વિભાગ–ઉચિત વહેંચણી; જેને જેટલી અને જેવી જરૂરિયાત છે તે પ્રમાણેની વહેંચણી. આ આદેશના પાયામાં એ વિચાર છે કે વ્યકિતને જે મળે છે તેમાં સમાજનો હિસ્સો છે અને કુટુંબ તરીકે વહેંચીને રહેવું જોઈએ તેમાં કોઈ દાનદયાનો પ્રશ્ન નથી. તેમાં ન્યાય છે. પ્રસન્ન ચિત્તે આનંદથી અર્પણ કરવું. જગતમાં સંઘર્ષ છે, દુઃખ છે તેનું કારણ અસંવિભાગ છે. ભગવાન મહાવીરનો આ સાચો અને સાત્ત્વિક સમાજવાદ છે. વર્તમાન સમાજવાદની દૃષ્ટિ ભૌતિક છે. ઉત્પાદન વધારવું અને તેની ન્યાયી વહેંચણી કરવી. મહાવીરે પરિગ્રહનો સંવિભાગ બતાવ્યો તે સાથે અપરિગ્રહની ભાવનાને પ્રાધાન્ય આપ્યું. જીવનની જરૂરિયાતો અમર્યાદપણે વધારવી અને તે મેળવવા ઉત્પાદન વધારવું તે વિષચક્ર છે. સંવિભાગ અને અપરિગ્રહ બન્ને સાથે હોય ત્યારે જ સમતુલા આવે. તેથી અપરિગ્રહ સાથે ભોગ-ઉપભોગની મર્યાદા અથવા પરિમાણ ઉપર મહાવીરે ભાર મૂક્યો છે. પરિગ્રહનું એક કારણ ભોગની લાલસા છે. સાચા સમાજવાદમાં માત્ર આર્થિક સમતુલાનું લક્ષ નથી, પણ પરિગ્રહનો મોહ છોડવો, તૃષ્ણા ત્યજવી, ભોગઉપભોગની મર્યાદા કરવી તે મુખ્ય વસ્તુ છે. આવી અપરિગ્રહ ભાવનામાં આધ્યાત્મિક ઉન્નતિ સાથે સામાજિક સમતા છે. સામાજિક વિષમતાઓ દૂર કરવાનો સાચો માર્ગ વ્યકિતનો સ્વૈચ્છિક સંયમ છે.

ભગવાન મહાવીરનો આ સંદેશ ૨૫૦૦ વર્ષ પૂર્વે જેટલો સાચો હતો તેટલો અને તેથી પણ વિશેષ વર્તમાનમાં સુખી થવાનો સાચો માર્ગ છે.

મુંબઈ, તા. ૨૪-૩-૧૯૭૨ [**ચીમનલાલ ચકુભાઈ**

(આકાશવાણીના સૌજન્યથી)

☆ પ્રકીર્ણ નોંધ ☆

ચિન્તાજનક ચિહ્નો ?

શ્રીમતી ઈન્દિરા ગાંધીએ, સત્તાનાં બધાં સૂત્રો પોતાના હાથમાં એકત્ર કર્યાં છે તે સંબંધે શંકા અને ભય વ્યકત કરતાં, સર્વોદય આગેવાન શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢા લખે છે કે ચૂંટણીઓમાં ખાસ કરીને શાસક કૉંગ્રેસે, જે કેટલીક રીતરસમો અખત્યાર કરી છે તે તરફ દુર્લક્ષ કરીશું તો લોકશાહીના પાયા જોખમાશે. તેમના જણાવવા મુજબ વર્તમાન લોકશાહી પક્ષીય લોકશાહી છે અને રાજકીય પક્ષો બધું નક્કી કરે છે તેમાં જનતાને સાચી રીતે પોતાનો અવાજ રજૂ કરવાની તક મળતી નથી; પણ શાસક કૉંગ્રેસમાં તો પક્ષમાં પણ લોકશાહી જેવું રહ્યું નથી અને એક જ વ્યકિતની સરમુખત્યારશાહી છે. તેઓ લખે છે :

By a series of foruitous circumstances, the follies of her opponents and not the least, through political skill, the present Prime Minister has come to acquire the position of a virtual dictator within the party.

ઉમેદવારોની પસંદગીમાં, મુખ્ય પ્રધાનોની નિમણૂક અને મંત્રીમંડળોની રચનામાં, અંતિમ નિર્ણય શ્રીમતી ઈન્દિરા ગાંધીનો જ રહ્યો છે. પ્રાદેશિક સમિતિઓ અથવા વિધાનસભાના શાસક કૉંગ્રેસ પક્ષને કોઈ અવાજ રહ્યો નથી. વળી સામ્યવાદી પક્ષ (સી. પી. આઈ.) સાથે શાસક કૉંગ્રેસે બંગાળ, બિહાર, રાજસ્થાન, કેરળ, વગેરે રાજ્યોમાં જે જોડાણો કર્યાં છે તે કારણે સામ્યવાદી પક્ષ આ રાજ્યોમાં સત્તા માગશે અને અંતે કેન્દ્રમાં પણ માગે. શ્રી ઢઢ્ઢા લખે છે, "He who thinks this will not cut at the roots of democracy will indeed be a knave or a...."

સ્થિર રાજતંત્રને નામે બધાં રાજ્યોમાં એક જ રાજકીય પક્ષની સત્તા હોવી જોઈએ તે માન્યતાને પણ શ્રી ઢઢ્ઢાજી ભૂલભરેલી માને છે. શ્રી ઢઢ્ઢાજી ઉમેરે છે કે આમાં ઈન્દિરા ગાંધીને દોષ દેવો નિરર્થક છે, કારણ કે, બીજા રાજકીય પક્ષોએ પણ સાચી લોકશાહી માટે જનતામાં કોઈ પ્રયત્ન કર્યો નથી. અને સર્વોદય

કાર્યકર્તાઓને જાગ્રત થવા તેમણે હાકલ કરી છે.

શ્રી ઢેબરભાઈએ જણાવેલ વિચારો નવા નથી તેમ જ તેમણે વ્યકત કરેલ ચિન્તા પાયા વગરની નથી. પોતાને પ્રાપ્ત થયેલ અમાપ સત્તાનો ઈન્દિરા ગાંધી કેવો ઉપયોગ કરે છે તે ઉપરથી જણાશે કે આ શંકાઓ અને ભય યોગ્ય છે કે નહિ. અત્યારે એ હકીકત છે કે કોઈ તેમનો વિરોધ કરી શકે તેમ નથી. ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓ પણ મનમાં, ગમે તે હોય છતાં બહારથી ઈન્દિરા ગાંધીની આર્થિક નીતિ સ્વીકારતા હોય તેવો દેખાવ કરે છે. તાજેતરમાં દિલ્હીમાં ફેડરેશનની બેઠક થઈ ત્યારે, પહેલાં નહેરુના વખતમાં બનતું તેમ, સરકાર અને ખાનગી સાહસના આગેવાનો વચ્ચે વિરોધ કે સંઘર્ષ થતો અને કોઈ વખત ચકમક ઝરતી તેને બદલે, આ વખતે સહકારની વાતો થઈ. ઈન્દિરા ગાંધી પોતાની સત્તા કેટલી હદે લઈ જવા ઈચ્છે છે તે તાજેતરમાં રાજ્યસભાના ઉમેદવારોની પસંદગી ઉપરથી દેખાયું. ગુજરાતમાંથી ચાર ઉમેદવારો પસંદ કરવાના હતા. તેને માટે પ્રદેશ સમિતિએ ૧૨ નામો સૂચવ્યાં હતાં. તેમાંથી માત્ર એક જ પસંદગી મળી અને બીજાં ત્રણ નવાં જ ઉમેરાયાં. તેવું બધાં રાજ્યોમાં બન્યું છે. રાજ્યો Glorified corporation બનવાનાં છે? દેશની સમગ્ર રાજકીય પરિસ્થિતિમાં મોટો પલટો આવી રહ્યો છે.

ભારત – પાકિસ્તાન – બંગલા દેશ

આ ત્રિકોણનો ઊકળતો ચરુ શાન્તિ તરફ લઈ જાય એવાં ચિહ્નો હજી દેખાતાં નથી. શ્રીમતી ઈન્દિરા ગાંધીની બંગલા દેશની મુલાકાતથી બન્ને દેશો વધારે નજીક આવ્યા છે અને લાંબા ગાળાના રાજકીય અને વ્યાપારી કરારો થયા છે. ભૂતોએ રશિયાની મુલાકાત લીધી અને ઈન્દિરા ગાંધી સાથે સીધી વાટાઘાટ કરવા રશિયાની દરમિયાનગીરી માગી હોય તેમ જણાય છે. ભૂતો રઘવાયા માણસની પેઠે, કેટલીક વખત પરસ્પરવિરોધી વિધાનો કર્યે જ જાય છે. તેની સ્થિતિ હાલકડોલક છે. એક તરફથી તેને પાકિસ્તાની લશ્કરનો ભય છે, બીજી તરફથી ત્યાંની પ્રજાનો. પોતાનું સ્થાન ટકાવવા તેઓ સંજોગો પ્રમાણે ફરતા રહે છે. પાકિસ્તાનને નેતાગીરી નથી, લશ્કરે પ્રતિષ્ઠા ગુમાવી છે, પ્રજામાં ભારે અસંતોષ છે. ૯૩,૦૦૦ યુદ્ધકેદીઓ આપણી પાસે છે, તે ગમે તે ભોગે પાછા મેળવવા તેના ધમપછાડા ચાલુ છે. આપણે સાફ કહ્યું છે કે યુદ્ધકેદીઓનો પ્રશ્ન માત્ર ભારતનો નહિ પણ બંગલા દેશનો પણ છે.

બંગલા દેશની સંમતિ વિના યુદ્ધકેદીઓ પાછા સોંપાય નહિ. બંગલા દેશને સ્વીકૃતિ ન આપે ત્યાં સુધી શેખ મુજીબુર રહેમાન પાકિસ્તાન સાથે કોઈ વાટાઘાટ કરવા તૈયાર નથી. ભૂતો સમજે છે કે સ્વીકૃતિ આપ્યા વિના છૂટકો નથી. તે માટે પાકિસ્તાનની પ્રજાને તે તૈયાર કરી રહ્યા છે. યુદ્ધગુનેગારો–War Criminals–નો પ્રશ્ન વિકટ છે. બંગલા દેશ યુદ્ધગુનેગારોને અદાલત સમક્ષ રજૂ કરવા ઈચ્છે છે. આપણા કબજામાં પાકિસ્તાની કેદીઓ છે તેમાંના યુદ્ધગુનેગારોને બંગલા દેશને સ્વાધીન કરવાની આપણે તૈયારી બતાવી છે. ભૂતોએ તેનો સખત વિરોધ કર્યો છે. બંગલા દેશે, માત્ર પાકિસ્તાની યુદ્ધ ગુનેગારો જ નહિ, પણ બંગલા દેશમાં પણ જે લોકોએ – અને તેની સંખ્યા હજારોની છે–પાકિસ્તાની લશ્કરને અત્યાચારો કરવામાં સહાય કરી હતી તેની સામે અદાલતી મુકદ્દમા ચલાવવાનો નિર્ણય કર્યો છે અને તે માટે ૭૩ ખાસ અદાલતો નિયુકત કરી છે. બંગલા દેશમાં રહેલ બિન-બંગાળી મુસ્લિમો ખાસ કરીને બિહારી, અને પાકિસ્તાનમાં રહેલ બંગાળી મુસલમાનોનો પણ વિકટ પ્રશ્ન છે. કાશ્મીર અંગે ભૂતોનું વલણ કાંઈક બદલાયું હોય તેમ જણાય છે. હવે એ પ્રશ્ન ભારત અને કાશ્મીરની પ્રજા વચ્ચેનો છે અને પાકિસ્તાન તેમાં વચ્ચે પડી શકતું નથી એવાં વિધાનો ભૂતોએ કર્યાં છે. છતાં તેના વચન ઉપર વિશ્વાસ રાખવો મુશ્કેલ છે. તેથી ઈન્દિરા ગાંધી ભૂતો સાથે વાટાઘાટો માટે બહુ ઈન્તેજાર હોય તેમ જણાતું નથી. બન્ને પક્ષે ઉચ્ચ અધિકારીઓ વચ્ચે પ્રારંભિક મંત્રણાઓ શરૂ થશે તેમ જણાય છે. ભૂતો અમેરિકા અને ચીનના કોઈ દબાણને વશ થાય તેના કરતાં પાકિસ્તાની પ્રજાનું હિત વધારે લક્ષમાં લે તેવાં ચિહ્નો છે.

ડાકુઓ અને હૃદયપલટો

ચંબલની ખીણ ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના કેટલાક વિભાગોની બનેલી છે. પર્વતો અને કોતરોને લીધે ખેડાણ જમીન બહુ ઓછી છે. સામાજિક અને આર્થિક પરિસ્થિતિને કારણે ડાકુગીરી લાંબા સમયથી આ પ્રદેશને સતાવી રહી છે. રાજ્ય સરકારો, પોલીસ અને લશ્કર પગલાં લે છે પણ બહુ સફળતા મળતી નથી. ૧૦ વર્ષ પહેલાં, પ્રખ્યાત ડાકુ માનસિંગ અને તેના સાથીઓ વિનોબાજીને શરણે આવ્યા. રાજ્ય સરકાર સાથે મળી તેમની શરણાગતિ સ્વીકારી અને તેમના ઉપર કેસ ચાલ્યા. પણ એમ કહેવાય છે કે પોલીસે આ ડાકુઓ પ્રત્યે સહાનુભૂતિભર્યું વલણ દર્શાવવાની ખાતરી આપી હતી તેનું પાલન ન થયું અને પ્રયાસ નિષ્ફળ ગયો. હવે ફરીથી લગભગ ૧૦૦ ડાકુઓ શરણે આવવા તૈયાર છે તેમ શ્રી જયપ્રકાશ નારાયણને સંદેશો મોકલાવ્યો છે. શ્રી જયપ્રકાશજી રાજ્ય સરકારો સાથે વાટાઘાટ કરી રહ્યા છે. એક તરફથી કાયદો અને વ્યવસ્થાની જરૂરિયાત અને બીજી તરફ પ્રેમથી હૃદયપલટો કરાવવાનો પ્રયોગ એ બે વચ્ચે મતભેદ રહે જ છે. મધ્ય પ્રદેશ સરકારે આ સમગ્ર પ્રશ્નની વિચારણા કરવા હાઈકોર્ટના નિવૃત્ત જજ શ્રી નેવરકરને નિયુકત કરેલા. તેમણે અહેવાલ રજૂ કર્યો છે. આ અહેવાલ સંબંધે લખતાં શ્રી પ્રભાસ જોશી જણાવે છે:

Shri Nevasker has praised Shri Vinoba's experiment of change of heart by love and persuation but he thinks, individual examples can not replace law. While such efforts should be made in a systematic way, to appeal to the good sense of the decoits, they should not be made heroes at the cost of law and order enforcing machinery. On the question of general amenesty, he was very clear and emphatic. He said, 'As long as you have the Indian penal code, you can not declare general amenesty for decoits.'

બધા સામાજિક પ્રશ્નોમાં આ વિરોધી દૃષ્ટિબિન્દુઓ જોવા મળશે. વેશ્યાઓની સુધારણાનો પ્રશ્ન હોય કે કાળાં નાણાંનો પ્રશ્ન હલ કરવાનો હોય, એક તરફ Law and order અને બીજી તરફ વિકટ સામાજિક સમસ્યાઓ પ્રત્યે સહાનુભૂતિભર્યું વલણ– આ બેનો સુમેળ કરવાનો રહે છે. એક વખત માફ કરશું તો બીજી વખત એ જ માર્ગે નહિ જાય તેની શી ખાતરી? ગુનો માફ કેમ થાય? એક વખત ઉકેલ શોધ્યા પછી પણ તેની તકેદારી રાખવી જોઈએ–Follow up action. તે થતું નથી અને ફરીથી એ જ સ્થિતિ ઊભી થાય છે. ભગવાન મહાવીરે અર્જુન માલી ડાકુને પ્રબોધ્યો અને સન્માર્ગે લઈ ગયા. ભગીરથ રાને સતત પ્રયત્ન હોય તો સંતપુરુષ માટે આવા પ્રયોગ અશકય નથી.

તા. ૨૯–૩–'૭૨ ચીમનલાલ ચકુભાઈ શાહ

સેવાવ્રતધારી ઉદ્યોગપતિ

દેશના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી અરવિંદભાઈ ન. મફતલાલને ત્યાં તાજેતરમાં એક લગ્નપ્રસંગ અનોખી રીતે ઊજવાઈ ગયો. તા. ૧૫-૩-'૭૨ના રોજ એમના પ્રથમ પુત્રનાં લગ્ન હતાં. પોતાના અને ભાઈઓના પરિવારમાં દીકરાના લગ્નનો આ પ્રથમ અવસર હતો. એક ઉદ્યોગપતિને ત્યાં આવો અવસર કેવી ભવ્ય રીતે ઊજવાય એ આપણે કલ્પી શકીએ છીએ. પરંતુ ભવ્યતા તો બાજુએ રહી, કોઈ જમણવાર કે સત્કાર સમારંભ પણ યોજાયો નહોતો એટલું જ નહિ, કંકોત્રી પણ છપાઈ નહોતી. એમના મોભા પ્રમાણે લગ્ન ઊજવાયાં હોત તો સારી એવી રકમ આ પ્રસંગે ખર્ચાઈ હોત. પરંતુ શ્રી અરવિંદભાઈ અનોખું દિલ ધરાવે છે. આ નિમિત્તે સત્કાર્યમાં તેમણે સારી રકમ વાપરી અનેક દીનદુઃખી લોકોને જે રાહત આપી તે તો કોઈ વિરલ વ્યકિત જ કરી શકે. શ્રી અરવિંદભાઈનું આ કાર્ય સમાજને ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે.

(૧) થોડા વખત પહેલાં શ્રી અરવિંદભાઈ ઓરિસા ગયેલા. કોરાપુટ બાજુના ફૂલબાણી જિલ્લામાં એક સ્વામીજી તેમને લઈ ગયેલા. આ વિસ્તાર જેવો પછાત અને ગરીબ વિસ્તાર દેશમાં ભાગ્યે જ બીજો હશે એમ એમને લાગ્યું. લગ્નપ્રસંગે તેમણે પ્રદેશના લોકોને પહેલા યાદ કર્યા. એ દિવસે ત્યાં એક લાખ માણસોને સુખડી વહેંચી; પાંચ હજાર સાડી, ત્રણ હજાર ધોતિયાં અને બાળકોને પાંચ હજાર તૈયાર કપડાં વહેંચ્યાં.

અપોષણનું મૂળ કારણ પ્રોટીનની ખામી છે એમ શ્રી

અરવિંદભાઈ માને છે. પ્રોટીનની ખામી દૂર કરવા તેમણે પ્રોટીન-યુક્ત આહાર-સુખડી - આપવાનો કાર્યક્રમ મોટા પાયા પર શરૂ કર્યો છે. એમને ત્યાં કારખાના અને મિલોમાં કાયમ કરનાર નાના-મોટા દરેકને સો ગ્રામ સુખડી રોજ અપાય છે. ફલબાણી જિલ્લામાં એક લાખ લોકોને સો ગ્રામ સુખડી આપી.

(૨) મુંબઈ અને અમદાવાદની અંધ, અનાથ અને રિમાન્ડ હોમ જેવી સંસ્થાઓમાં ચારેક હજાર નાનાં મોટાં છોકરા - છોકરીઓને લગ્નને દિવસે શ્રીખંડ-પૂરીનું જમણ આપ્યું હતું. લગ્નપ્રસંગે આવી સંસ્થાઓને યાદ કરવાની પદ્ધતિનો બહોળો ફેલાવો થાય એ ઈચ્છનીય છે.

શ્રી અરવિંદભાઈ પૂ. રણછોડદાસજી મહારાજે સ્થાપેલા સદ્‌-ગુરુ સેવા સંઘ ટ્રસ્ટના અધ્યક્ષ છે. દેશમાં જ્યારે પણ કંઈ કુદરતી આફત આવે ત્યારે લોકોને વિવિધ પ્રકારની રાહત પહોંચાડવા આ ટ્રસ્ટ અને એના અધ્યક્ષ શ્રી અરવિંદભાઈ તરત ત્યાં પહોંચી જાય છે. છેલ્લાં ચાર વરસ દરમ્યાન આ ટ્રસ્ટે જે રાહતકાર્ય કર્યું છે તે નમૂનેદાર છે. શ્રી અરવિંદભાઈએ હવે દેશના પછાત વિસ્તારો-માંથી ગરીબી નાબૂદ કરવા આર્થિક વિકાસનો કાર્યક્રમ હાથ ધર્યો છે. તેઓ જે જાહેર કાર્ય હાથ ધરે છે તેનાં આયોજન અને અમલ પાછળ એક મોટું કારખાનું ઊભું કરવા જેટલી ચોકસાઈ અને ખંત બતાવે છે અને એ પ્રમાણે સમય અને શક્તિ ખર્ચે છે.

આગેવાન ઉદ્યોગપતિ સમર્થ લોકસેવક પણ થઈ શકે છે એની સાબિતી એમનાં જાહેર કાર્યો અને એમની સાદાઈ તથા નમ્રતા પૂરી પાડે છે.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
સન્માન સમારંભ

આપણા સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તા. ૧૧ માર્ચ ૧૯૭૨ના રોજ ૭૧મા વર્ષમાં પ્રવેશ કર્યો તેના અનુસંધાનમાં તેમના પ્રત્યે મંગળ કામ-નાઓ વ્યક્ત કરવા તેમ જ તેમને થેલી અર્પણ કરવા માટેનો એક સન્માન સમારંભ, ખાદી બોર્ડના અધ્યક્ષ માનનીય શ્રી ઉછરંગરાય ઢેબર-ઢેબરભાઈ-ના પ્રમુખસ્થાને બિરલા માતુશ્રી સભા-ગારમાં સ્થાનકવાસી સમાજની સંસ્થાઓ દ્વારા તા. ૨૬ માર્ચ, ૧૯૭૨ના રોજ સવારના ભાગમાં યોજવામાં આવ્યો હતો.

આ સમારંભની શરૂઆતમાં શ્રી પિનાકીન શાહે તેમના બુલંદ અવાજ દ્વારા કાવ્યમય રીતે નૌકારમંત્રથી શરૂઆત કરીને થોડું સંગીત પીરસ્યું હતું.

આ સમારંભમાં લેડી ઠાકરસી, લીલાવતી મુનશી, ઢેબરભાઈ, ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, શ્રી રસિકલાલ પરીખ, શ્રી શાદીલાલજી જૈન તેમ જ અન્ય આગેવાન વ્યક્તિઓએ હાજરી આપી હતી.

માન્યવર ચીમનભાઈ જૈન તેમ જ જૈનેતર સમાજની ૪૦ થી ૪૫ વર્ષથી સેવા કરતા આવ્યા છે અને આજે ૭૧મા વર્ષે પણ તેઓ સમાજસેવા માટે સતત કાર્યરત રહે છે તે માટે વક્તાઓએ તેમને અંતરનાં અભિનંદન આપ્યાં હતાં અને તેમની કાર્યશક્તિ અને નિષ્ઠાની પ્રશસ્તિ કરતાં ભાષણો કર્યાં હતાં. જે જે સેવાસંસ્થાઓ સાથે તેમનો સંપર્ક છે તે તે સંસ્થાઓ દ્વારા તેમણે આજ સુધીમાં જે નાણાં મેળવ્યાં છે અને ખર્ચ્યાં છે તેનો સરવાળો લગભગ એક કરોડ રૂપિયાએ પહોંચે છે. આ રીતે દુષ્કાળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને ધરતીકંપ કે હિજરતના કારણે આપદગ્રસ્ત બનેલા માનવીઓની તેમણે સતત અને ભારે સેવા બજાવી છે તેની જાણકારી અલગ અલગ વક્તાઓના વક્તવ્યમાંથી જાણવા મળી. હાજર રહેલા શ્રોતા-ઓમાંથી શ્રી ગિજુભાઈ મહેતા, શ્રી દુર્લભજી ખેતાણી, શ્રી ઘનશ્યામ-ભાઈ ઓઝા, શ્રી જે. આર. શાહ, શ્રી મોહનલાલ મહેતા (સોપાન), શ્રી લીલાવતી મુનશી, શ્રી રસિકલાલ પરીખ, શ્રી શારદાબહેન દીવાનજી, શ્રી રમણીકલાલ કોઠારી, શ્રી ઢેબરભાઈ તેમ જ શ્રી ખીમચંદ મગનલાલ વોરાએ ચીમનભાઈ વિષેની તેમની સૌની જાણકારી રજૂ કરી હતી અને તેમને તંદુરસ્ત દીર્ઘાયુ જીવન ઈચ્છયું હતું અને સંસ્થાઓ તરફથી એકત્રિત કરવામાં આવેલ રૂ. ૩,૧૫,૦૦૦ ની થેલી ચેક-દ્વારા તેમને અર્પણ કરવામાં આવી હતી.

તેમના આ સન્માનના આયોજન માટે અને તેમના પર જનતાએ વર્ષાવેલા પ્રેમ માટે તેમણે અંતઃકરણપૂર્વકની પોતાના દિલની આભારની લાગણી વ્યક્ત કરી હતી અને તેમને અર્પણ થયેલી થેલીમાં તેમણે પોતા તરફથી રૂ. ૭૧,૦૦૦ ઉમેરવાની જાહેરાત કરી હતી અને આ રકમનું ટ્રસ્ટ કરીને તેમાં નવી રકમો ઉમેરાય તેવા પ્રયત્નો કરવાની અને એ આખી રકમનો માનવરાહતને લગતા કામમાં ઉપયોગ કરવાની જાહેરાત કરી હતી.

તેમની આટલી બધી પ્રગતિના કારણરૂપે તેમણે તેમનાં માતા-પિતાના ઊંડા ધાર્મિક સંસ્કારોને ગણાવ્યા હતા અને તેમણે જણાવ્યું હતું કે માણસે પ્રતિકૂળ સંજોગો પર કાબૂ મેળવતાં શીખવું જોઈએ. સ્વતંત્ર ચિન્તન કરી પોતાના જીવનનું ઘડતર કરવું જોઈએ. ચિત્તની સ્વસ્થતા અને પ્રસન્નતા કદી ન ગુમાવવી જોઈએ. કોઈ કામને નાનું ગણવું જોઈએ નહિ. જે કામ હાથમાં આવે તેને પૂરા દિલથી અપનાવવું જોઈએ, પોતે કરેલા કાર્ય માટે કદી અભિમાન ચિન્તવવું જોઈએ નહિ. અંતર - નિરીક્ષણ સતત કરવું જોઈએ. એક શિલ્પી ટાંકણાથી જેમ મૂર્તિને ઘડે છે એ રીતે માણસે પોતાના જીવનને ઘડવું જોઈએ. લોકોનો આદર અને વિશ્વાસ સંપાદન કરી શકાય તેવું સરળ જીવન જીવવું જોઈએ. આ બધું કરવાથી માણસ પોતાના જીવનનો વિકાસ સાધી શકે છે. સત્કાર્ય કદી નિષ્ફળ જતું નથી એ શ્રદ્ધા માણસને ટકાવી રાખે છે.

તેમણે જણાવ્યું કે હું દૃઢ રીતે માનું છું કે આ જગતમાં એક મંગળ શક્તિ પ્રવર્તમાન છે. આપણે તેના અંશ છીએ. તેનું આપણે કામ કરવાનું છે.

તેમના વક્તવ્યને અંતે તેમણે બોધિસત્ત્વનો તથા ઉપનિષદનો નીચે પ્રમાણેનો જીવનસંકલ્પ ટાંક્યો હતો.

બોધિસત્ત્વ: "જગતમાં રોગીઓનું હું ઔષધ બનું, તરસ્યા અને ભૂખ્યા જનો માટે હું અન્ન અને જળ બનું અને મારા જીવનનાં સત્કાર્યો હું તેમને અર્પણ કરું."

ઉપનિષદ: "હું નથી રાજ્યની ઈચ્છા કરતો, કે નથી સ્વર્ગની ઈચ્છા કરતો, અરે, મોક્ષનીયે મને ઈચ્છા નથી; દુઃખથી તવાયેલા પ્રાણીમાત્રની પીડા દૂર થાય એટલું જ હું ઈચ્છું છું."

આ ઉદાત્ત ભાવનાવાળા ઉપદેશોને ધ્યાનમાં લેતાં મને એમ લાગ્યું છે કે માનવરાહતનાં કામોમાં દરેકે ખૂંપી જવું જોઈએ એમ તેમણે જણાવ્યું.

આ તેમના વક્તવ્ય સાથે સમારંભની પૂર્ણાહુતિ થઈ હતી. ત્યાર બાદ મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જે એક વાગ્યા સુધી ચાલ્યો હતો. ત્યાર બાદ સૌ આનંદસભર વાતાવરણ વચ્ચે વિખરાયા હતા. સંકલન : **શાન્તિલાલ ટી. શેઠ**

ભરબપોરે

ભરબપોરે બાગમાં મારે
ફૂલ ગુલાબી થાવું,
તપતા કોઈ ઉરને મારે
મ્હેકનું પીણું પાવું.

રણ શા વેરાન બાગમાં ભર્યા
ઝાંખરા ચારેકોર,
કયાંય લીલુડો હોય તો એ તો
કેર કાંટાળો થોર;
એય વચાળે રંગભરી મમ
કુમાશ હું છલકાવું – તપતાં કોઈ.
કૂમળાં મારાં દલદલે હું
લય સુરીલ સજાવું,
સુરભી એની સમીર-પાંખે
આભમાં હે પ્રસરાવું;
પરાગ-રજે ધરણીખોળે
પ્રાણ નવો પ્રગટાવું – તપતાં કોઈ.

–ગીતા પરીખ

તીર્થંકર મહાવીર ક્રાંતિકારી હતા

તીર્થંકર મહાવીર ક્રાંતિકારી હતા. પ્રચલિત માન્યતાઓ, રૂઢિઓ, અંધવિશ્વાસોની સામે અવાજ ઉઠાવવો અને નવાં મૂલ્યોની સ્થાપના કરવી એવો જ ક્રાંતિનો અર્થ થાય છે. મહાવીરે વ્યક્તિગત અને સામાજિક જીવનમાં પ્રસરેલી બૂરાઈઓની સામે ચેતવણી આપી અને જે માર્ગ પર ચાલીને માનવી અને સમાજ શુદ્ધ અને પ્રબુદ્ધ બની શકે છે એ માર્ગની પ્રતિષ્ઠા કરી. એમણે સૌપ્રથમ ક્રાંતિકારી પગલું પોતાના જીવનમાં લીધું. તેઓ રાજપુત્ર હતા. એમની આસપાસ સમૃદ્ધિ અને વૈભવ ભરપૂર હતાં. સમાજમાં આ બંનેનું ઘણું માન હતું. માણસ પાસે કેટલું ધન છે અને એ કયા સ્થાન પર છે એના પર માણસ ઊંચો છે કે નીચો એનું માપ નીકળતું હતું. મહાવીરે રાજ્ય છોડ્યું, ધનનો ત્યાગ કર્યો, કેમકે એમની દ્રષ્ટિએ માનવીના માનદંડરૂપે આ વસ્તુઓ નહોતી. મહાવીરનું આ કામ અસામાન્ય હતું. કારણ કે સાંસારિક પ્રલોભનોને વીરલાઓ જ છોડી શકે છે. ખાસ કરીને યુવાનીમાં આ બધું છોડવાનું અત્યંત મુશ્કેલ હોય છે. મહાવીર એ વખતે ત્રીસ વર્ષના હતા. આ વયે માણસને ભૌતિક સાધન-સગવડોમાં રસ પડતો હોય છે. મહાવીર પર કોઈ બહારનું દબાણ નહોતું. એમણે સ્વેચ્છાથી સાધનોને તિલાંજલિ આપી અને સાધનાના કઠોર માર્ગ પર ચાલી નીકળ્યા. એમણે કોઈ પણ બંધન સ્વીકાર્યું નહિ – એટલે સુધી કે એમણે વસ્ત્રોનો પણ ત્યાગ કરી દીધો.

નાનપણથી જ એમનામાં સાહસવૃત્તિ અને ભારે આત્મ-વિશ્વાસ હતો. એમનામાં ધૈર્ય અને કષ્ટ સહન કરવાની શકિત હતી. ક્રાંતિ માટે આ બધા ગુણો હોય તે અનિવાર્ય છે. દુર્બળ માણસ લાંબો સમય સુધી સાધનાના માર્ગ પર ચાલી શકતો નથી અને જેનામાં આત્મવિશ્વાસનો અભાવ હોય તેઓ સમાજનું પરિવર્તન કરી શકતા નથી. મહાવીરે બાર વર્ષ સુધી સાધના કરી. શરદી, ગરમી, વરસાદ, તાપ-તડકો અને સમાજના અવાંછનીય તત્ત્વોનો ઉપસર્ગ એમને એમના માર્ગ પરથી વિચલિત કરી શકયો નહિ. મારી દઢ માન્યતા છે કે મહાવીરમાં અસાધારણ આત્મબળ અને માનસિક દ્રઢતા હશે એટલે જ તેઓ સાધનાને અંત સુધી નિભાવી શકયા હશે.

મહાવીરે ઘરબાર, રાજપાટ અને સાંસારિક સુખ-વૈભવનો પોતાની ઈચ્છાથી ત્યાગ કર્યો ત્યારે એમણે ક્રાંતિનો પ્રથમ વાર શંખ-નાદ કર્યો. એમનો ક્રાંતિકારી અવાજ એ પહેલાં પણ બે પ્રસંગોએ સંભાળાયો હતો. મા ત્રિશલાની સ્વાભાવિક રીતે જ એવી ઈચ્છા હતી કે પોતાનો પુત્ર ગૃહસ્થી બનીને રહે અને આ સંબંધમાં જ્યારે એમણે પોતાના પુત્રને વાત કરી ત્યારે મહાવીરે શું કહ્યું? એમણે કહ્યું: 'મા, સંસારમાં કેટલું દુ:ખ છે અને ધર્મનો કેટલો હ્રાસ થઈ રહ્યો છે એ તું જોતી નથી? લોકો મોહમાયામાં ફસાયેલા છે. લોકહિત માટે તો અત્યારે સૌથી વધુ જરૂર ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવાની છે.'

માએ સમજાવતાં કહ્યું: 'હું જાણું છું કે તારો જન્મ સંસા-રના કલ્યાણ માટે થયો છે પણ હજુ તારી ઉંમર ઘરગૃહસ્થીમાં રહેવાની છે.'

મહાવીરનો ક્રાંતિકારી અવાજ વધુ દ્રઢતાથી આવ્યો 'આ દેહનો શો ભરોસો છે? તમે ગમે તે કહો. મારાથી એવું હરગિઝ નહિ બને.'

આ ભાષા સામાન્ય માણસની નથી. આ અવાજ એવી વ્યકિતનો છે, જે જાણે છે કે આ નશ્વર જીવનની સાર્થકતા જગતની મોહમાયામાં લપેટાઈને, ભોગોમાં આસકત રહીને પોતાની શકિતને નષ્ટ કરવામાં નથી પણ જીવનના મર્મ અને ધર્મને સમજીને એ માર્ગ પર ચાલી પોતાને કૃતાર્થ કરવામાં જ જીવનની સાર્થકતા રહેલી છે.

મહાવીરની ક્રાંતિનું બીજું ક્ષેત્ર હતું સમાજ. અઢી હજાર વર્ષ પૂર્વેનો એ સમય હતો કે જ્યારે સમાજ ભ્રષ્ટાચાર અને અંધ-વિશ્વાસોની પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. સડેલી રૂઢિઓ સમાજમાં ઘર કરી ગઈ હતી, મનુષ્યના આચારને ઉન્નત કરે એવા નિયમો છિન્નભિન્ન થઈ ગયા હતા. માણસ સ્વાર્થવશ થઈને ખરાબમાં ખરાબ કામ કરતો થયો હતો. ધર્મની જડ હલી ગઈ હતી. માણસ સત્તાનો દાસ બની ગયો હતો, ભાઈચારાની ભાવના નષ્ટ થઈ હતી, ચાર વર્ણોના આધાર પર સમાજમાં ઊંચનીચના ભેદ પડી ગયા હતા. સ્ત્રીઓને મનુષ્યની સંપત્તિ ગણવામાં આવતી હતી. એમને આગળ વધવાની તક મળતી નહોતી. યજ્ઞોમાં પશુઓનું બલિદાન આપવામાં આવતું હતું. પશુઓની નિર્દય હત્યા કરવામાં આવતી હતી. હિંસાની સર્વત્ર બોલબાલા હતી. વાસ્તવમાં, લોકો ધર્મના બાહ્ય સ્વરૂપને વિશેષ મહત્ત્વ આપવા લાગ્યા હતા. ધર્મનો આત્મા રહ્યો નહોતો. કર્મકાંડમાં ફસાઈ જવાને લીધે લોકો ધર્મના વાસ્ત-વિક રૂપને ભૂલી ગયા હતા. તેઓ જાદુ-ચમત્કાર, ભૂત-પ્રેત આદિના અંધ વિશ્વાસોમાં ખરાબ રીતે જકડાઈ ગયા હતા.

મહાવીરે સમાજની આ દુર્દશા સામે વિદ્રોહ જગાવ્યો. જીવન પ્રત્યે એમનો રચનાત્મક દ્રષ્ટિકોણ હતો. તેઓ મોટી રેખા દોરીને નાની રેખાને નાની સિદ્ધ કરવાના પક્ષપાતી હતા. એમણે કોઈ પણ માન્યતાનું ખંડન કર્યું નથી, કોઈને પણ તર્ક દ્વારા પરાજય આપવાનો પ્રયત્ન કર્યો નથી. એમણે જીવનનાં યોગ્ય-સાચાં મૂલ્યોની સ્થાપના કરી. યુગપ્રવાહની વિરુદ્ધ તરવાનું સરળ નથી હોતું. ભયંકર હિંસાની વચ્ચે મહાવીરે ઉદ્‌ઘોષ કર્યો: 'અહિંસા પરમો ધર્મ:' વસ્તુત: આ મૂળભૂત પાયાની વાત હતી, કેમ કે જે વ્યકિત હિંસા કરે છે એ ઘણી વ્યાધિઓનો ભોગ બની જાય છે. એનામાં અસત્યાચરણ, અસંયમ, કાયરતા, દ્વેષ અને બીજા અનેક દુર્ગુણો આવી જાય છે. એટલા માટે મહાવીરે સૌથી વધુ ભાર અહિંસા ઉપર મૂક્યો. એમણે કહ્યું: 'અહિંસાથી જ માણસ સુખી થઈ શકે છે, સંસારમાં શાંતિ જળવાઈ રહે છે.'

એ સાથે એમણે સ્પષ્ટ કર્યું કે અહિંસા બહાદુરોનું શસ્ત્ર છે. કમજોર કે કાયર એનો ઉપયોગ કરી શકતો નથી. જેનામાં મારવાનું સામર્થ્ય છે છતાંયે હાથ નથી ઉગામતો એ અહિંસક છે. જેનામાં શકિત નથી એ હાથ નહિ ઉગામવાની વાત કરે એ તો અહિંસાની હાંસી કરવા બરાબર છે. એટલે મહાવીરે શસ્ત્રોના બળને આત્માના બળથી ઊતરતું બતાવીને રાષ્ટ્રની વીરતાને ક્ષીણ કરી, સમાજને નિર્વીર્ય બનાવ્યો એમ કહેવું ખોટું છે. મહાવીરની અહિંસા ખૂબ જ તેજસ્વી અહિંસા હતી. એ એવા પ્રકાશ-પુંજ જેવી હતી જેની સામે હિંસાનો અંધકાર એક ક્ષણ પણ ટકી શકે નહિ. જેનું અંત:કરણ નિર્મળ હોય, જે સત્યનો પૂજારી હોય, અપરિગ્રહી હોય, બધાને પ્રેમ કરતો હોય, સઘળાને સમાન ગણતો હોય, સામર્થ્યવાન હોય, નિર્ભીક હોય, એ જ અહિંસાના અમોઘ શસ્ત્રનો પ્રયોગ કરી શકે છે. આજે અહિં-સાની શકિત મંદ પડી ગઈ છે એનું મુખ્ય કારણ એ છે કે આપણે અહિંસાની તેજસ્વિતાને ભૂલી ગયા છીએ અને જૂઠી વિનમ્રતાને અહિંસા માની બેઠા છીએ. અહિંસા પર ચાલવું એ તો ખાંડાની ધાર પર ચાલવા બરાબર છે.

અહિંસાના મૂળ મંત્રની સાથે મહાવીરે એક બીજો સનાતન આદર્શ પણ જોડી દીધો: 'જીવો અને જીવવા દો.' જે રીતે તમે જીવવાની અને સુખી રહેવાની આકાંક્ષા રાખો છો એ રીતે બીજો માણસ પણ જીવવાની અને સુખી રહેવાની આકાંક્ષા રાખે છે. એટલે જો તમે જીવવા માગતા હો તો બીજાને પણ જીવવાની તક આપો. સમાજની સ્વાર્થપરાયણતા પર આથી મોટી ચોટ બીજી

કઈ હોઈ શકે. 'આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત.' જે પ્રકારનું વર્તન તમારા પ્રતિ રાખવામાં આવે એવું તમે પસંદ કરતા નથી એવું વર્તન બીજા પ્રત્યે પણ કરો નહિ.

મહાવીરની અહિંસાની પરિભાષા હતી : પોતાનાં કષાયોને જીતો, પોતાની ઈંદ્રિયોનું નિયંત્રણ કરો અને કોઈ પણ વસ્તુમાં આસક્તિ રાખો નહિ. આ રાજમાર્ગ કાયરોનો નથી, વીરોનો જ એ હોઈ શકે છે.

સમાજની અહિતકર રૂઢિઓનો અંત લાવવાની સાથોસાથ એમણે ધનિક-નિર્ધન, ઊંચ-નીચ આદિની વિષમતાઓ દૂર કરવાનો પ્રયત્ન કર્યો એટલું જ નહિ પણ 'અનેકાન્ત'નો વધુ ક્રાંતિકારી સિદ્ધાન્ત પણ આપ્યો. સમાજમાં તેમ જ સંસારમાં ઝઘડાનું સૌથી મોટું મૂળ આપણો અહંકાર, આપણો મતાગ્રહ છે. આપણે કહીએ તે સાચું, બીજા કહે તે ખોટું એવી સામાન્ય માન્યતા સર્વત્ર પ્રચલિત થયેલી જોવા મળે છે. મહાવીરે કહ્યું : 'આ બરાબર નથી. તમે જે કહો છો એ જ એકાન્તિક સત્ય નથી, બીજો જે કહે છે એમાં પણ સત્ય છે. સત્યના અનેક પાસાં હોય છે. તમને જે દેખાય છે એ સત્યનું એક પાસું છે. જે રીતે પાંચ અંધોએ હાથીનાં જુદાં જુદાં અંગોને સ્પર્શીને પોતે જેને સ્પર્શ કર્યો હતો એ અંગને જ હાથી માની લીધો - વાસ્તવમાં હાથી તો બધાં અંગો મળીને થતો હતો – એવું આપણા સંબંધમાં થાય છે. આપણે જો 'અનેકાન્ત'ના સિદ્ધાન્ત અનુસાર ચાલીએ તો આજના બધા સંઘર્ષનો અંત આવે અને આપણું જીવન ખૂબ જ શાંતિભર્યું બની જાય.

તીર્થંકર મહાવીરની બીજી બે વાતો પણ ક્રાંતિકારી છે એમ હું માનું છું. એક તો જાણે એમણે પોતાના ઉપદેશો અને સિદ્ધાન્તોને કોઈ ધર્મ-વિશેષની સીમામાં બાંધ્યો નથી. તેઓ જે કંઈ કહેતા હતા એ માનવમાત્ર માટે કહેતા હતા. એમના ઉપદેશનાં કેટલાંક સૂત્રો જોઈએ :

'જે માણસ પોતે પશુઓની હિંસા કરે છે, બીજા પાસે કરાવે છે અને હિંસા કરવાવાળાનું અનુમોદન કરે છે, એ સંસારમાં પોતાને માટે વેર વધારે છે.'

'જે માણસ મૂળગત રીતે અસત્ય, પણ ઉપરથી સત્ય લાગે એવી ભાષા બોલે છે, એ પણ પાપથી મુકત નથી રહેતો ત્યારે જાણીજોઈને અસત્ય બોલે છે એના પાપનું કહેવું જ શું!'

'જે રીતે ઝાકળનું બિંદુ ઘાસના તૃણ પર થોડી વાર જ રહી શકે છે એ રીતે મનુષ્યજીવન પણ ઘણું ટૂંકું છે, શીઘ્ર નાશ થવાવાળું છે. એટલે ક્ષણભર માટે પણ પ્રમાદ કરવો નહિ.'

શાંતિથી ક્રોધને મારો, નમ્રતાથી અધિકાર જીતો, સરળતાથી માયાનો નાશ કરો અને સંતોષથી લોભને કાબૂમાં રાખો.'

'સંસારમાં જેટલાં પ્રાણીઓ છે તેઓ બધાં પોતાનાં કર્મોને લીધે જ દુઃખી થાય છે. સારું કે ખરાબ, જે કંઈ કર્મ કરો, એનું ફળ ભોગવ્યા વિના છૂટકો નથી.'

'આપણા આત્માને જીતવો જોઈએ. એક આત્માને જીતીને બધું જ જીતી શકાય છે.'

'જે રીતે કમળ જળમાં ઊગીને પણ પાણી સાથે આસકત નથી રહેતું એ જ રીતે જે સંસારમાં રહીને પણ કામ-ભોગોથી અલિપ્ત રહે છે, એને આપણે બ્રાહ્મણ કહીએ છીએ.'

'ચાંદી અને સોનાના કૈલાસ જેવા મોટા અસંખ્ય પર્વત પોતાની પાસે હોય તો પણ લોભી માણસને સંતોષ થતો નથી, કારણ કે તૃષ્ણા આકાશની જેમ અનંત છે.'

એમનો ઉપદેશ સમસ્ત માનવજાત માટે હતો એટલા માટે જ એમનો ઉપદેશ સાંભળવા બધા ધર્મોના લોકો, એટલે સુધી કે જીવ-જંતુ પણ એકઠાં થતાં હતાં. મહાવીર જૈન હતા, કેમ કે એમણે આત્મવિજય કર્યો હતો. જૈન શબ્દ 'જીન'માંથી બન્યો છે, જેનો અર્થ પોતાની જાત પર વિજય મેળવવો એવો થાય છે.

હું વિભિન્ન સંપ્રદાયના લોકોને પૂછું છું કે મહાવીર કયા સંપ્રદાયના હતા? દિગમ્બર, શ્વેતામ્બર, સ્થાનકવાસી કે તેરાપંથી? સાચું તો એ છે કે તેઓ કોઈ પણ સંપ્રદાયના નહોતા. તેઓ બધાના હતા અને બધા એમના હતા.

બીજી વાત એ હતી કે ભાષાની બાબતમાં મહાવીરે ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું હતું. એમના જમાનામાં પ્રાકૃતનું જોર હતું. એ પરિષ્કૃત ભાષા હતી. પણ જનસામાન્યમાં અર્ધમાગધીનું ચલણ હતું. મહાવીર પોતાનો સંદેશ સામાન્ય લોકો સુધી પહોંચાડવા માગતા હતા એટલે એમણે અર્ધમાગધીને પોતાના ઉપદેશનું માધ્યમ બનાવી. તેઓ ધારત તો પ્રાકૃતનો ઉપયોગ કરી શકત, પણ એવી સ્થિતિમાં એમના વિચાર શિક્ષિત અને ઉચ્ચ વર્ગના લોકોમાં જ સીમિત રહેત.

આ રીતે આપણે જોઈએ છીએ કે મહાવીર એક ક્રાંતિકારી વ્યકિત હતા. એમણે એવા ઘણાં કામ કર્યાં જે એમના અદ્‌ભુત સાહસ અને પરાક્રમનાં દ્યોતક છે. ક્રાંતિકારી દ્રષ્ટા પણ હોય છે. મહાવીરની દષ્ટિ વર્તમાનને જુએ છે પણ ત્યાં જ અટકી નથી જતી. એ ભવિષ્યને પણ જુએ છે. મહાવીરના સિદ્ધાન્ત એટલા ક્રાંતિકારી છે કે એ હમેશાં પ્રેરણા આપ્યા કરશે. જરૂર તો આપણે એ અનુસાર આચરણ કરીએ એની છે.

યશપાલ જૈન

ચાલીસ પછી

માણસ જ્યારે ૫૦ વર્ષ પૂરાં કરીને એકાવનમાં પ્રવેશ કરે છે ત્યારે આપણે એને વનપ્રવેશ માનીએ છીએ. આપણે એમ પણ કહેતાં આવ્યા છીએ કે ૫૧ થી ૬૦ નો દશકો જો માણસ પાર કરી જાય તો પછી એને ૭૫ - ૮૦ સુધી પહોંચવાનો પરવાનો મળી ગયો ગણાય. પણ છેલ્લાં કેટલાંક વરસોમાં આપણા ઘણા મિત્રો-સંબંધીઓને અકાળે ૪૨ - ૪૫ કે ૪૮ - ૪૯ વર્ષે ચાલી જતાં જોયાં છે, ત્યારથી એમ લાગવા માંડયું છે કે વનપ્રવેશનો દસકો હવે જરા આગળ આવી ગયો છે. ચાલીશ પૂરાં થાય એટલે માણસે પોતાના શરીરની વનપ્રવેશ થયો હોય તેવી જ કાળજીભરી સંભાળ લેવી ઘટે છે.

મુંબઈ જેવાં શહેરોમાં કયારેક 'આફટર ફોર્ટી વોટ?' ના સેમિનારો પણ યોજાય છે, જેમાં જુદા જુદા વિષયના નિષ્ણાત એવા ખ્યાતનામ ડૉકટરો ચાલીશ વર્ષ પછી માણસે શું શું ખ્યાલ રાખવો જોઈએ તેના વિષે માર્ગદર્શન આપે છે.

મને લાગે છે કે ૪૦ વર્ષ પછી ખાસ કરીને બે વસ્તુ વધારે ધ્યાન રાખવા જેવી છે : આહાર અને કસરત.

આજે આપણી ખાન-પાનની ટેવો માત્ર સ્વાદ અને સગવડ પર આધારિત છે. પથ્યાપથ્યનો વિવેક આપણે તદ્‌ન ભૂલી ગયા છીએ. સાદો અને સુપાચ્ય ખોરાક છોડીને મીઠાઈ અને તીખાંતમતમતાં ફરસાણો પાછળ આપણે દોટ મૂકી છે. નાનપણથી આપણને જેવી ખાવાની ટેવ પડી હોય છે એ આપણે ૪૦ પછી પણ છોડી શકતા નથી. પરિણામે વજન જોઈએ એ કરતાં વધી જાય છે અને અનારોગ્યના ભોગ થઈ પડીએ છીએ. ખરી રીતે તો આપણાં બાળકોને આહારની ટેવ નાનપણથી જ પાડવી જોઈએ કે જેથી તેમનું આરોગ્ય મોટી ઉંમર સુધી બરોબર જળવાઈ રહે. ૪૦ પછી વજન તો એક રતલે વધવું ન જોઈએ. સવારે ૯-૯॥ વાગે જમીને પોતાના કામ પર જનારા માણસે - પરદેશમાં જેમ લોકો કરે છે તેમ - સવારે માત્ર નાસ્તો જ કરીને નીકળવું જોઈએ. બપોરે પણ આખું લંચ બહાર હોટેલમાં જઈને ખાવાને બદલે પોતાને અનુકૂળ એવું થોડું ઘરનું ખાવાનું પોતાની સાથે રાખવું જોઈએ. બે ભાખરી, બે સેન્ડવીચ કે બે ઈડલી-એટલું સામાન્ય રીતે પૂરતું થઈ પડવું જોઈએ. આમ કરવાથી ૨૪ કલાકમાં માત્ર બે જ વાર વધારે જમવાને બદલે થોડું થોડું જમવાનું ત્રણ કે ચાર કકડે વહેંચાઈ જાય છે. રાત્રે પણ પોતાની રુચિ કરતાં થોડું ઊણું પેટ રાખવું એ મોટી ઉંમરના માણસો માટે તો ખાસ અગત્યનું છે.

આહારની સાથે પોતાની તબિયતને અનુકૂળ હોય તેવી હલકીભારે કસરત દરેક જણે નિયમિત કરવી જોઈએ. ડાકતરી સલાહ મુજબ કસરત થાય તો વધારે સારું. ખાસ કરીને સ્ત્રીઓને માટે કસરત ખૂબ જ જરૂરી છે. સ્ત્રીઓએ કસરત વિષેનો અણગમો મનમાંથી કાઢી નાખવો જોઈએ. નિયમિત સવારસાંજ ફરવા જવાનું તો દરેક માણસે રાખવું જોઈએ. શક્ય હોય તેને માટે તરવાનું કે આસનો કરવાનું વધુ ઉપયોગી થઈ પડે છે.

સુબોધભાઈ એમ. શાહ

* ઈન્દિરાજીની સોનાની થાળીમાં લોઢાની મેખ મારનાર મણિપુર *

પૂરી થયેલી સામાન્ય ચૂંટણીમાં લગભગ બધે શ્રીમતી ઈન્દિરા ગાંધીની કોંગ્રેસને વિશાળ બહુમતી મળી. માત્ર ત્રણ ઠેકાણે બહુમતી ન મળી : મેઘાલયમાં, ગોવામાં અને મણિપુરમાં. મેઘાલયમાં તો પહાડી નેતાઓના પક્ષ સાથે કોંગ્રેસને સમજૂતી છે અને વિલિયમસન સંગમાની સરકાર વડા પ્રધાનની નીતિને જ અનુસરશે. ગોવામાં મહારાષ્ટ્રવાદી ગોમાંતક પક્ષ મેદાન મારી ગયો છે અને ગોવા તળપદમાં તો કોંગ્રેસને એક પણ બેઠક મળી નથી. એક કોંગ્રેસી સભ્ય ચૂંટાયેલ છે તે પણ દમણમાંથી.

રાજ્યનો દરજ્જો મેળવવાની મણિપુરની ઝંખના વડા પ્રધાને સંતોષી, તેમ છતાં વડા પ્રધાનની કોંગ્રેસને ચૂંટણીમાં ૬૦માંથી માત્ર ૧૭ બેઠક મળી.

ભારતના છેક પૂર્વ છેડે આવેલા મણિપુરને આપણે માત્ર તેના મણિપુરી નૃત્ય વડે જ ઓળખીએ છીએ એમ કહીએ તો ચાલે. ખરેખર તો એ પ્રદેશને તેની પ્રજા અને પ્રકૃતિની દૃષ્ટિથી ઓળખવામાં વધુ રસ પડે.

મણિપુર ૨૨,૩૪૬ ચોરસ કિલામીટરનો વિસ્તાર અને આશરે ૧૧ લાખ જેટલી વસતિ ધરાવે છે. પૂર્વ ભારતમાં વિદ્યા અને સંસ્કૃતિમાં મણિપુર મોખરે છે. ગુજરાત કરતાં મણિપુરમાં શિક્ષિતોનું પ્રમાણ વધુ છે : ૩૭ ટકાથી વધારે.

મણિપુરની પૂર્વમાં અને દક્ષિણમાં બ્રહ્મદેશ છે, ઉત્તરે નાગપ્રદેશ છે, પશ્ચિમે આસામનો કછાર જિલ્લો છે. આથી મણિપુરની પ્રજા મોંગોલવંશી પહાડી પ્રજાનો પ્રદેશ હોવો જોઈએ. પરંતુ તદ્દન એવું નથી. મણિપુરની મોટા ભાગની પ્રજા મોંગોલવંશ અને આર્યવંશની મિશ્ર પ્રજા છે, કેટલાક લોકો શુદ્ધ આર્યવંશના પણ છે, અને પહાડોમાં શુદ્ધ મોંગોલવંશી પહાડી લોકો પણ વસે છે.

આપણા દેશમાં દીર્ઘકાળ દરમ્યાન પ્રજાઓની ઘણી હરફર થઈ છે. દા. ત. મેઘાલયની ખાસી પ્રજા છેક હિંદી ચીનમાંથી આવી છે, અને આસામમાં આર્યો યુરોપ, પશ્ચિમ એશિયા અને ઉત્તર ભારતમાં થઈને આવ્યા છે. મણિપુરમાં આર્યો ક્યારે આવ્યા તે આપણે જાણતા નથી, પરંતુ ઈસ્વીસનના આરંભ પછી જેમ ભારતીઓ અગ્નિ એશિયામાં ધર્મ અને સંસ્કૃતિ ફેલાવવા ગયા અને લગ્નથી એ મલય અને મોંગોલવંશી પ્રજામાં ભળી ગયા, તેમ મણિપુર ગયેલા આર્યો પણ ત્યાંની મોંગોલવંશી પ્રજામાં લગ્નથી ભળી ગયા. આજે કોઈના ચહેરા વધુ મોંગોલ લાગે છે, તો કોઈના વધુ આર્ય લાગે છે. આ આર્યો ભારતમાંથી હિંદુ ધર્મ પણ લેતા ગયા હતા એટલું જ નહિ પણ હિંદુ ધર્મને વધુ સંસ્કારી બનાવનાર વૈશ્ણવ સંપ્રદાય પણ તેમણે મણિપુરમાં ફેલાવ્યો. વૈશ્ણવ સંપ્રદાય સાંપ્રતકાળમાં પ્રચલિત થયો છે. હિંદુ ધર્મ મુખ્યત્વે ખીણ વિસ્તારમાં વધુ પ્રચલિત છે. મણિપુરી નૃત્ય વૈશ્ણવ સંપ્રદાયનું નૃત્ય છે અને શ્રીકૃષ્ણની જીવનલીલા વ્યક્ત કરે છે.

સૈકાઓ સુધી મણિપુરી નૃત્ય મણિપુરમાં જ પુરાઈ રહ્યા પછી ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર તેને બહાર લાવ્યા. ૧૯૧૭માં તેમણે સિલહટની મુલાકાત લીધી ત્યારે ત્યાં તેઓ મણિપુરી નૃત્ય જોઈને ઘણા પ્રભાવિત થયા. તેઓ મણિપુરી નૃત્ય-ગુરુઓને શાન્તિ નિકેતન લાવ્યા અને આ નૃત્યકળાનો પ્રચાર કર્યો. અહીંથી આ નૃત્યકળા વિશ્વવિખ્યાત બની ગઈ. મણિપુરી નૃત્ય ભક્તિનૃત્ય છે, પણ સંસ્કૃત નાટ્યશાસ્ત્ર પર આધારિત છે.

મણિપુરી હિંદુઓ પોતાને મેઈથેઈ (મૈથેયી ?) તરીકે ઓળખે છે. હિંદુ આર્યો ત્યાં જઈને વસ્યા તે પહેલાં આ પ્રદેશમાં મોંગોલવંશી નાગ અને કુકી લોકો વસતા હતા. આજે પણ ખીણ બહાર પહાડોમાં આ જાતિઓની વસતિ વધારે છે. કોઈપણ ધર્મનો પ્રચાર રાજ્યાશ્રય વિના નથી થયો. મણિપુરના રાજાઓ હિંદુ હતા. આથી તેમણે મોંગોલવંશી પ્રજાઓથી ઘેરાયેલા અને નૈસર્ગિક ધર્મ પાળતા લોકોની વચ્ચે હિંદુ ધર્મ ફેલાવ્યો.

મેઈથેઈ પ્રજા ગોત્રોમાં વહેંચાયેલી છે અને ગોત્રાંતર લગ્ન કરે છે. રાજા એક ગોત્રના હોય, લગ્ન બીજા ગોત્રમાં કરે. રાજા પોતાને ક્ષત્રિય ગણાવે છે અને જનોઈ ધારણ કરે છે. વૈશ્ણવ સંપ્રદાયનો સ્વીકાર ૧૮મી સદીના પૂર્વાર્ધમાં થયો હતો. બંગાળમાંથી બ્રાહ્મણો અહીં આવીને રાજાના દરબારમાં વસ્યા હતા અને વૈશ્ણવ સંપ્રદાયના વ્રત, નિયમ અને પ્રણાલિકાઓ ફેલાવ્યાં હતાં. આથી મણિપુરી હિંદુઓ માંસ અને મદિરાને સ્પર્શ પણ નથી કરતા, ગાયને પવિત્ર ગણે છે, શ્રીકૃષ્ણને ઈશ્વર તરીકે પૂજે છે. પરંતુ અહીં હિંદુધર્મ ફેલાયો તે પહેલાં જે જંગલનો નૈસર્ગિક ધર્મ હતો તેનો પ્રભાવ હજી છે.

ધર્મ અને પ્રજા ભારતમાંથી આવ્યા છતાં સ્થાનિક ભાષા જ સર્વોપરી રહી. ભાષા કુકી ભાષાને લગતી છે અને તે તિબેટી-બ્રહ્મવંશની છે. આર્ય ભાષા (સંસ્કૃત) પર તે આધારિત નથી.

ઈ. સ. ૧૭૭૨ પહેલાં મણિપુર કેવું હતું, તેનો ઈતિહાસ શો હતો, એ કશું જાણવામાં નથી. બ્રહ્મીઓ મણિપુર પર આક્રમણો કર્યા કરતા હતા. તેથી રાજાએ અંગ્રેજોની મદદ માગી. અંગ્રેજોએ રાજા સાથે કરાર કરીને રક્ષણ આપ્યું. ૧૮૨૪માં અંગ્રેજો અને બ્રહ્મદેશ વચ્ચે પહેલો બ્રહ્મીવિગ્રહ થયો ત્યારે મણિપુરમાંથી બ્રહ્મીઓને હરાવીને હાંકી કાઢવામાં આવ્યા અને મણિપુર બ્રિટિશ હિંદનું એક દેશી રાજ્ય બન્યું.

રાજકુટુમ્બમાં ગાદી માટે કલહ થવાથી ઈ. સ. ૧૮૯૧માં અંગ્રેજોએ ચુડાચંદ્ર નામના પાંચ વર્ષના કુંવરને ગાદીએ બેસાડી મણિપુરને પોતાના વહીવટ નીચે રાખ્યું અને ૧૯૦૭માં તેને સત્તા સોંપી. ૧૯૧૭માં કુકી લોકોએ બળવો કર્યો તે અંગ્રેજોની મદદથી દાબી દેવામાં આવ્યો. બીજા વિશ્વવિગ્રહ દરમ્યાન જાપાનીઓએ અહીંથી હિંદુસ્તાન પર ચડાઈ કરી હતી. તા. ૧૫-૧૦-૧૯૪૯ના દિવસે મણિપુરના મહારાજાએ પોતાનું રાજ્ય ભારત સરકારને સોંપી દીધું.

કુકી અને નાગ લોકો મુખ્યત્વે ખીણની બહાર પહાડોમાં વસે છે. નાગ વસતિવાળા પ્રદેશ પર નાગ પ્રદેશનો દાવો છે.

મણિપુર નામની નદી ખીણપ્રદેશમાંથી વહે છે. આ ખીણપ્રદેશ સરેરાશ ૭૫૦ મીટર ઊંચો છે. બીજા પહાડો ૨૪૦૦ મીટર કરતાં પણ વધુ ઊંચાઈએ પહોંચે છે. આમ મણિપુર પહાડી પ્રદેશ છે અને જંગલથી સમૃદ્ધ છે. જંગલમાં હાથી, વાઘ, દીપડા, સાબર, જાતજાતનાં હરણ, ગેંડા, જંગલી ભેંસ અને તરેહતરેહનાં સુંદર પક્ષીઓ વસે છે. મણિપુર રાજ્ય તેના પ્રાકૃતિક સૌંદર્ય માટે પ્રખ્યાત છે. મણિપુર નદી બ્રહ્મદેશમાં દાખલ થઈને છિંદવિન નદીમાં ભળી જાય છે.

હિમાલય બહુધા પૂર્વ-પશ્ચિમ ફેલાયેલો છે, પણ આસામને ઈશાન છેડે તે અચાનક દક્ષિણે વળી જાય છે. આથી મણિપુરના પહાડો ઉત્તર-દક્ષિણ ફેલાયેલા છે. અહીં વરસાદનો ચેરાપૂંજી જેવો અતિરેક નથી અને હવામાન ખુશનુમા રહે છે.

મણિપુરની રાજધાની ઈમ્ફાલ છે. ખીણપ્રદેશમાં ૭૫૦ મીટર ઊંચે આવેલી આ રમણીય પર્વતનગરીમાં લગભગ એક લાખની વસતિ છે. સંગીત અને નૃત્ય માટે ખ્યાતનામ આ પર્વતનગરી તેની વસ્ત્રકળા અને ધાતુકળા માટે પણ પ્રખ્યાત છે. ઈમ્ફાલ પહોંચવા જમીનમાર્ગ તો ઘણો લાંબો અને પહાડી છે. પણ કલકત્તા તથા ગોહાટી સાથે વિમાન વડે ઈમ્ફાલ જોડાયેલ છે.

પ્રજા અને પ્રકૃતિની દૃષ્ટિએ મણિપુર મનોહર હોવા છતાં તેનું રાજકારણ ડહોળાઈ ગયું છે અને રાજકારણના પ્રવાહો તેનાં તોફાની નદી-નાળાં જેવાં જ સંક્ષુબ્ધ છે. મણિપુરને કેન્દ્રશાસિત

પ્રદેશનો દરજ્જો હતો, પણ નેતાઓ સંપૂર્ણ રાજ્યનો દરજ્જો માગતા હતા. ૧૯૭૦માં વડા પ્રધાને તે માગણી પણ માન્ય રાખી. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણીમાં મણિપુરમાં કૉંગ્રેસને ૩૦માંથી ૧૬ બેઠક મળી હતી. ચાર અપક્ષ સભ્યો કૉંગ્રેસમાં જોડાઈ જતાં ૩૦ સભ્યોની ધારાસભામાં કૉંગ્રેસની ૨૦ બેઠક થઈ. પરંતુ પક્ષપલટાનો પવન મણિપુર સુધી ફેલાયો અને કેટલાક કૉંગ્રેસીઓએ પાટલી બદલતાં મુખ્ય પ્રધાન કોઈરેંગસિંઘની સરકારે રાજીનામું આપ્યું. કૉંગ્રેસ છોડી ગયેલા અધ્યક્ષ સલામ તોમ્બીસિંઘે સરકાર રચી. તે પછી એટલા બધા પક્ષપલટા થયા કે આખરે મણિપુર પર રાષ્ટ્રપતિનું શાસન સ્થાપવામાં આવ્યું.

કેન્દ્ર સરકારે મણિપુરના વિકાસમાં ઉપેક્ષા સેવી છે એવા વિરોધ પક્ષોના પ્રચારના પરિણામે આ ચૂંટણીમાં પણ કૉંગ્રેસને ચોખ્ખી બહુમતી મળી નથી. ૬૦ સભ્યોની વિધાનસભામાં કૉંગ્રેસને ૧૭ બેઠકો મળી છે. બીજા ટચૂકડા પક્ષોને ૨૨ મળી છે અને અપક્ષોને ૧૫ બેઠક. આથી વિરોધ પક્ષો ભેગા મળીને કૉંગ્રેસને સત્તાથી દૂર રાખી શકે અને પોતે અંદરઅંદર લડીને વહીવટમાં અરાજકતા ફેલાવી શકે. સંસ્થા કૉંગ્રેસનો ૧ અને સમાજવાદી પક્ષના ૩ ઉમેદવારો જીત્યા છે. આથી મણિપુરને અસ્થિર સરકારોના કડવા અનુભવો થયા પછી નવી ચૂંટણી કરવી પડે તો નવાઈ નહિ.

પૂર્વ ભારતના પ્રદેશોમાં સ્ત્રીઓ સમાજમાં આગળ પડતું સ્થાન ભોગવે છે. તેથી દંતકથાઓમાં આ પ્રદેશો કામરૂપ - દેશ તરીકે ઓળખાય છે. મણિપુરમાં પણ એવું જ છે. અહીં પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ પણ વધુ છે. જીવનવ્યવહારમાં સ્ત્રીઓ ઘરમાં પુરાઈ રહેતી નથી, ઘણી જવાબદારીઓ ઉઠાવે છે. બધી પહાડી પ્રજાઓની જેમ આ પ્રજા પણ ઉત્સવપ્રેમી છે. ધાર્મિક ઉત્સવોમાં સ્ત્રીઓ અને પુરુષો સાથે મળી નૃત્ય અને સંગીતની મજા માણે છે. અહીં નૃત્યની જેમ શાસ્ત્રીય સંગીતનો પણ બહુ સારો વિકાસ થયો છે.

રાજ્યનો દરજ્જો પ્રાપ્ત કરીને આવી સરસ પ્રજા સંક્ષુબ્ધ રાજકારણની ગંદકીમાં અટવાઈ જશે તો તે એક કરુણતા ગણાશે. ભારતના છેક ઉગમણા છેડા પર આવેલું આ રાજ્ય ભારતના રાષ્ટ્રીય પ્રવાહમાં સામેલ થઈ જાય એ સંરક્ષણ અને રાષ્ટ્રીય રાજકારણ એમ બંને દૃષ્ટિએ આવશ્યક છે.

વિજયગુપ્ત મૌર્ય

સ્ત્રી-પુરુષ સમાજરથનાં બે ચક્રો છે!

['પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૨-૭૨ના અંકમાં દાદા ધર્માધિકારીના અને તા. ૧-૩-૭૨ના અંકમાં 'પુરુષ નિરપેક્ષ સ્ત્રી જીવન' એ વિશે પ્રગટ થયેલા કુન્દનિકા કાપડીઆના લેખના સંદર્ભમાં શ્રી શાંતિલાલ શેઠના આ લેખમાં કેટલાક મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા છે–તંત્રી]

સ્ત્રી અને પુરુષ એ સમાજ – રથનાં બે ચક્રો છે. બેમાંથી એકમાં જેટલી ક્ચાશ, તેટલો રથ ખામીવાળો. આ સાવ સાદી ને સીધી વાત છે. આમ છતાં દાદા ધર્માધિકારી જેવા સમર્થ ચિંતક અને વડીલ, સ્ત્રીને સલાહ આપે છે કે "સ્ત્રીએ પુરુષ સિવાય જીવવાની હિંમત બતાવવી અને પુરુષનિરપેક્ષ જીવન જીવવું; પુરુષના ભરોસા ઉપર નહિ, કારણ કે, પુરુષ સ્ત્રી માટે લડશે, તેનું રક્ષણ કરશે પણ તેનું ભક્ષણ પણ કરશે. સ્ત્રીનું–ફક્ત સ્ત્રી એવું–સ્વત: જુદું જીવન હોવું જોઈએ. પશુજીવનમાં નરનિરપેક્ષ માતૃત્વ છે તેવો દિવસ હવે માનવજીવનમાં પણ દૂર નથી. શરીર ભ્રષ્ટ થવાથી ચારિત્ર્ય ભ્રષ્ટ થતું નથી. માત્ર ઈચ્છા વિરુદ્ધ શરીરનો ઉપયોગ થવા ન દેવો. માનવસમાજને બચાવવા મહિલા-મુક્તિના રૂપે નવી સંસ્કૃતિમાં આગળ પગલાં માંડવા પડશે. આવતી કાલનું જગત સ્ત્રીનું છે."

દાદા ધર્માધિકારીએ વ્યક્ત કરેલા વિચારો પુરુષના છે, સ્ત્રીના નહિ. સ્ત્રીની શક્તિની ધૂનમાં વાસ્તવિકતાની હદની બહાર આ વિચારસરણી સમાજને દોરી જશે એવો ભય લાગે છે. "આવતી કાલનું જગત સ્ત્રીનું હશે" આમ કહીને દાદા શું કહેવા માગે છે તે સમજાતું નથી–એ શક્ય પણ નથી. સ્ત્રી અને પુરુષ એકબીજાના પૂરક છે. એકલી સ્ત્રી કે એકલો પુરુષ, અરસપરસના આધાર વિના આ જગતમાં જીવી શકે એ કલ્પના જ બિહામણી લાગે છે. સ્ત્રીઓને સમાનતા હોવી જોઈએ, સામાજિક બંધનોથી તેને મુક્ત કરવી જોઈએ, પુરુષનો વાંક હોય ત્યાં પણ સ્ત્રીઓ તરફ અન્યાયી રીતે વર્તીને જે ક્રૂરતાભર્યું વર્તન તેની સાથે આચરવામાં આવે છે એવી જડોને નેસ્તનાબૂદ કરવી જોઈએ. આવા પાયાના સુધારાઓને એક બાજુએ મૂકીને આવતી કાલના જગતને સ્ત્રીઓનું જગત કલ્પવું અને એમ વિચારીને ખુશ થવું તે કદાચ કલ્પના પૂરતું અમુક માણસો માટે બરાબર હશે પરંતુ આમ કહેવું એ વાસ્તવિકતાથી તો હજારો જોજન વેગળું કથન હોય એમ લાગે. આવા વિચારો વ્યક્ત કરવા તે સમાજ માટે તો હિતકર નથી જ નથી. કોઈ પણ ઉપદેશક ઉપદેશ આપે તો શ્રોતાગણને સુપાચ્ય હોય એ ધ્યાન રાખીને ઉપદેશ આપતો હોય છે. વકતા સિવાય કોઈ અન્યના ગળે ન ઊતરે એવી વાત સામાન્ય વકતા પણ કરતો નથી હોતો ત્યારે દાદા જેવા સમર્થ માણસ જે આપણા ગળે ઊતરે તેમ છે જ નહિ એવો પારા જેવો ભારે વિચાર રજૂ કરે તેથી ભારે આશ્ચર્ય થાય છે.

તેઓ કહે છે, "કૃષ્ણની સાથે રાધાનું નામ બોલાય છે, રુકિમણી–સત્યભામાનું નહીં! વૈવાહિક સંબંધ ન હોવા છતાં રાધા-કૃષ્ણ એક નિકટ સંબંધનું પ્રતીક છે. પણ આ સંબંધ સામાજિક થઈ શકતો નથી. કૃષ્ણ - દ્રૌપદી સંબંધ સામાજિક થઈ શકે છે!"

તેમણે રાધા-કૃષ્ણની વાત કરી તે તો એક અપવાદ ગણાય. આજની પ્રજાને શું તેનો દાખલો લઈને ચાલવાનું કહી શકાય? એ સંબંધ પાછળ છુપાયેલી ગૂઢતા આપણે જાણતા–સમજતા નથી. જેમ ગાંધીજી કસ્તુરબાને 'બા' કહીને સંબોધતા હતા. એમ કહેવા અને કરવાનો આખા સમાજને કેવી રીતે ઉપદેશ આપી શકાય? ઊંચા વિચારો અને ઊંચી કલ્પનાઓ લખવા-વાંચવામાં સારી લાગે, પરંતુ જે વાસ્તવિકતાથી પર છે એવા વિચારો સમાજ સમક્ષ રજૂ કરવાથી તો સમાજની તંદુરસ્તીને હાનિ જ પહોંચે એમ મારી નમ્ર સમજ પ્રમાણે મને લાગે છે. એટલે દાદા પ્રત્યે પૂરો પૂજ્યભાવ હોવા છતાં એમ કહેવાની ફરજ પડે છે કે તેમના આ વિચારો સાથે આજનો સમાજ સંમત ન જ થઈ શકે.

આ લેખના અનુસંધાનમાં 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સમાજ માટે સમધારણ એવા પોતાના વિચારો વ્યક્ત કરેલા, તેના અનુસંધાનમાં શ્રી કુન્દનિકાબહેન કાપડિયાએ પોતાના વિચારો લખી મોકલેલા. તેઓ શરૂઆતમાં જણાવે છે કે "તંત્રીશ્રી વિદ્વાન વ્યકિત છે, પણ નિશ્ચિત થઈ ગયેલા વિચારો ગમે તેવા વિદ્વાનની દૃષ્ટિને પણ કેવી બદ્ધ બનાવી દઈ શકે છે, તેની એક ઝલક આ તંત્રીનોંધમાંથી જોવા મળે છે." એમ કહીને સ્ત્રી પ્રત્યેના સામાજિક અન્યાયી વલણોની કડીબદ્ધ માહિતી તેમણે પેશ કરી છે. અને પુરુષ - સમાજ કેટલો બધો અન્યાયી છે તેના ટોપલો ભરીને દાખલાઓ તેમણે રજૂ કર્યા છે. લેખના અંતે તેઓ જણાવે છે કે "સ્ત્રીની મુકિતની વિચારણાનાં હજુ બીજાં કેટલાંક મહત્ત્વનાં પાસાં છે, પણ તે વધારે મૂળભૂત ને વધારે ક્રાન્તિકારી છે, જેને હજુ વાંચવા - વિચારવા માટે પણ આપણો સમાજ તૈયાર ન હોય, તેથી તે વિષેની વાત હમણાં નહિ."

તેમના મૂળભૂત અને વિશેષ ક્રાંતિકારી વિચારો તેઓ અવશ્ય પ્રગટ કરે તેમ આપણે ઈચ્છીએ. કેમકે સ્ત્રીજગતને અન્યાય કરનારા તેમના વિશેષ વિચારોના પ્રગટીકરણથી સમાજ તેનાથી જ્ઞાત થશે અને જાગૃત સમાજ જરૂર તેનું મૂલ્યાંકન કરશે.

બાકી આપણે સમાનતાની ગમે તેટલી વાતો કરીએ પરંતુ વાસ્તવિકતા ત્યાં છે કે સ્ત્રી એ સ્ત્રી છે અને પુરુષ એ પુરુષ છે. જેણે આવા મોટા બ્રહ્માંડની અને સાથે જગતની રચના કરી છે તે જગતરચયિતાએ સ્ત્રી-પુરુષના ભેદો પાડયા હશે તેને શું સર્જનહારની ભૂલ સમજવી? સ્ત્રીઓ પ્રત્યે સમાજ અન્યાયી રીતે ન વર્તે, તેને સમાજ સમાન હક્કો અને પ્રતિષ્ઠા આપે ત્યાં સુધીની વાત બરાબર છે, બાકી એથી આગળ વધવું એ તો અરીસાના ચન્દ્રમાને પકડવાનો પ્રયત્ન કરવા જેવી વાત લાગે છે.

શાન્તિલાલ ટી. શેઠ

ગાંધીચીંધ્યા માર્ગે ચાલવાનો પ્રયાસ કરતા શ્રી ઘનશ્યામભાઈ

શ્રી ઘનશ્યામભાઈ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે નિયુક્ત થયા અને તેમણે સાદાઈનો પદાર્થપાઠ આપનાવ્યો. પોતે મુખ્ય પ્રધાન હોવા છતાં વિમાનમાંથી વજનવાળી પોતાની બૅગ પોતે જ ઊંચકીને ચાલ્યા. નાના બંગલામાં રહેવાનું પસંદ કર્યું. નાની મોટર વાપરવાનું નક્કી કર્યું. કોઈ ખર્ચાળ એવા મોટા સમારંભોમાં પોતે ભાગ નહિ લે એવી જાહેરાત કરી. ગવર્નરના પ્રથમ વક્તવ્યના સમયે ગવર્નરના આગમન સમયે લાલ જાજમ પાથરવાની પ્રથાને બંધ કરી તેમ જ બીજા ઝાકઝમાળને ઓછો કર્યો. પ્રધાનોના બંગલા પર સંત્રીઓનો પહેરો નહિ રાખવાની જાહેરાત કરી. આ રીતે સાદી રીતે રહેવાનું તેમણે સ્વીકાર્યું છે એ કારણે તેમના ઑફિસરો અને નીચલા માણસો તેમ જ પ્રજા પણ તેનો દાખલો લેતી થાય એમ ઈચ્છીએ.

પરંતુ તેમના સાથી પ્રધાનો જો તેમની આ સાદાઈની રહેણી-કરણીમાં તેમને સહકાર આપે તો જ તેઓ તેમાં આગળ વધી શકે. આપણે ઈચ્છીએ કે તેમના સાથીઓ તેમને સહકાર આપે અને તેમના આ સાદાઈના સિદ્ધાંતો તેમના અમલ દરમિયાન કાયમ માટે ટકી રહે. એમ બને તો ભારતના દરેક રાજ્યના પ્રધાનો માટે ગુજરાતની આ પ્રણાલી માર્ગદર્શનરૂપ બને અને ગાંધીના ગુજરાતે ગાંધીચીંધ્યો માર્ગ અપનાવ્યો એનો સંતોષ ગુજ-રાતની પ્રજા લઈ શકે. આ વાતનું મહત્ત્વ પ્રથમ દૃષ્ટિએ બહુ નથી લાગતું પરંતુ આજના કાળમાં આ રસ્તે ચાલવું તે અતિઘણું કઠણ છે અને તેના સૂચિતાર્થો સમજીએ તો આ વાતનું મહત્ત્વ અતિઘણું છે.

ઘનશ્યામભાઈ વિષે મારી ખાસ કોઈ જાણકારી નહોતી, પરંતુ હમણાં તારીખ ૨૬ માર્ચના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો ૭૧મા વર્ષમાં તેઓ પ્રવેશ કરતા હોઈને તેને લગતો સન્માન સમારંભ યોજાયો ત્યારે તેઓ તેમાં ભાગ લેવા માટે મુંબઈ ખાસ આવ્યા. આમ તો તેમની પાસે સંદેશો માગવામાં આવ્યો હતો, પરંતુ તેમણે જણાવ્યું કે ગુજરાતના એક પ્રથમ કક્ષાના ગણાય એવા સાચા સેવક અને પનોતા પુત્રનું જાહેર સન્માન થતું હોય ત્યારે તેની સેવાને બિરદાવવા માટે સંદેશાથી જ સંતોષ નહિ માનતા મારે પોતે ત્યાં આવવું જોઈએ એને હું મારી પવિત્ર ફરજ સમજુ છું અને તેઓ આ સમારંભમાં ભાગ લેવા મુંબઈ ખાસ આવ્યા. એ સાવ સ્વાભાવિક છે કે ગુજરાતના મુખ્ય પ્રધાન બન્યા પછી ઘનશ્યામભાઈની આ મુંબઈની પ્રથમ મુલાકાત હતી એટલે તેમના મિત્રો, સ્નેહીઓ અને અમુક સંસ્થાઓ હારતોરા લઈને તેમનું સ્વાગત કરવા સ્ટેશને જાય. પરંતુ તેમણે સ્પષ્ટ જણાવી દીધું હતું કે મારા સ્વાગત માટે સ્ટેશને હારતોરા લઈને એક પણ માણસ આવશે તો હું આગલે સ્ટેશને ઊતરી જઈશ. અને તેઓ મુંબઈ આવે છે એને લગતી વર્તમાનપત્રોમાં જાહેરાત કરવાની પણ તેમણે મના ફરમાવી હતી. એટલે જે ચાલીશ-પચાસ મિત્રોએ તેમના સ્વાગત માટે જવાનો નિર્ણય કર્યો હતો તેઓ નિરાશ તો થયા પરંતુ તેમના મનમાં શ્રી ઘનશ્યામભાઈ વિષે ઊંચી છાપ અંકિત થઈ.

શ્રી ચીમનભાઈની સન્માનવિધિ પત્યા પછી અમુક મિત્રોને શ્રી નગીનભાઈને ત્યાં જમવા જવાનું નિમંત્રણ હતું ત્યાં શ્રી ઘનશ્યામ-ભાઈ પણ સાથે હતા. ત્યાં દોઢેક કલાક સાથે રહેવાનું બન્યું. પરંતુ આ ગુજરાતના મુખ્ય પ્રધાન છે માટે તેમને માટે ખાસ સગવડ-ખાસ ધ્યાન આપવું પડે એવી કોઈના મનમાં ચિંતા નહોતી. કારણ કે તેમનું વર્તન અને વાણી એવાં હતાં. જનતાની સાથે જનતાનો એક પ્રતિનિધિ દૂધમાં સાકર ભળે એવી રીતે ભળી ગયો હતો. એટલે કોઈને મોઢે સાંભળેલી કે વર્તમાનપત્રમાં વાંચેલી વાતોથી અહિ દોરવાવાનો કોઈ પ્રશ્ન નહોતો - આ તો જાતઅનુભવ થયો. આ બધા માટે શ્રી ઘનશ્યામભાઈ આપણા અંતરનાં અભિનંદનના અધિકારી બને છે.

પરંતુ આપણે ત્યાં એક એવું માનસ પ્રચલિત થયેલ છે કે પ્રધાનો ભપકાથી રહેતા હોય ત્યારે તેની પેટભરીને ટીકા કરવામાં આવતી હોય છે અને જ્યારે કોઈ ગવર્નર કે પ્રધાન સાદાઈ તરફ ડગ માંડતો હોય ત્યારે પણ તેના વિષે શંકાની દૃષ્ટિએ જોવામાં આવે છે. એમ કહીને કે આ તો તેની પ્રતિભાની ઊંચી છાપ પાડવા માટે આમ કરી રહેલ છે અને દૂધમાંથી પોરા કાઢવા જેવી વાતો કરવામાં આવે છે કે હજુ તેણે આ તો નથી છોડ્યું અને પેલાનો ત્યાગ નથી કર્યો! પરંતુ આપણી દૃષ્ટિ હમેશાં ગુણગ્રાહક હોવી જોઈએ એમ હું માનું છું.

આજના વિષમ કાળમાં જ્યાં પ્રલોભનોનો ઢગલો પડયો હોય, સગવડતાઓનો ખડકલો નજરની સામે હોય અને એનો ત્યાગ કરીને ચાલુ પ્રણાલીને તિલાંજલિ આપીને આગળ વધવું તે અતિ કઠણ કામ છે અને આવી ટોચે બેઠેલી વ્યકિત જ્યારે હિંમત દાખવીને એ રસ્તે ડગ ભરતી હોય—એક નવી જ કેડીએ પ્રસ્થાન કરીને બાકીના બધાને માટે માર્ગદર્શક બનવાનો પ્રયત્ન કરતી હોય ત્યારે એમ કરવામાં તેને પ્રોત્સાહન મળે, તેની હિંમત ન તૂટે, તેના માટે જનતાએ તેને અભિનંદન આપીને તેનો ઉત્સાહ વધારવો જોઈએ અને એ રસ્તે આગળ વધવામાં જે રીતે શક્ય હોય તે રીતે તેને સહકાર આપવો જોઈએ. તેની ટીકા તો કોઈ અંશમાં ન જ થવી જોઈએ એમ હું દૃઢપણે માનું છું. કેમકે આ પહેલાં મારે એક વખત ગુજરાતના ગવર્નરની સાદાઈ વિષે લખવાનો પ્રસંગ બન્યો ત્યારે શ્રી ઈશ્વર પેટલીકરે એક લેખ દ્વારા તેની બીજી બાજુ બતાવવા માટે પ્રયત્ન કરેલો અને તેના વિષે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીએ બહુ જ સચોટ રીતે જવાબ પણ આપ્યો હતો.

મારું કહેવાનું એટલું જ છે કે આપણે આપણી ગુણગ્રાહક દૃષ્ટિને વિકસાવવી જોઈએ. જો શ્રી ઘનશ્યામભાઈ તેમની નવી પ્રણા-લીમાં સફળતા પ્રાપ્ત કરશે તો તેમાં ગુજરાતનું ગૌરવ વધશે. ગુજ-રાતને એક સાદી રહેણીકરણીવાળા ગવર્નર મળ્યા ત્યાર બાદ એક આવા મુખ્ય પ્રધાન મળ્યા છે તેને ગુજરાતની ખુશનસીબી ગણવી જોઈએ. એટલે શ્રી ઘનશ્યામભાઈના આ નવા પ્રસ્થાનમાં આપણે તેમને અંતઃકરણપૂર્વકનો ટેકો આપીએ અને તેઓ આ બાબતમાં સફળ થાય એટલું તેમને બળ મળે એવી ઈશ્વરને પ્રાર્થના કરીએ. કારણ કે આજે તો એમ લાગે છે કે આ તેમના અંતઃકરણપૂર્વકના પ્રયાસો છે.

શાન્તિલાલ ટી. શેઠ

સંઘ સમાચાર

સ્વ. પરમાનંદભાઈની પ્રથમ પુણ્યતિથિ

ચાલુ એપ્રિલ માસની ૧૭મી તારીખે સ્વ. પરમાનંદ-ભાઈની પ્રથમ પુણ્યતિથિ ઊજવવાને લગતી જાહેરાત ગતાંકમાં આપી હતી. તેમાં શ્રી કિશનસિંહ ચાવડા આવશે એમ જણાવેલું પરંતુ એ દિવસોમાં તેમને અન્ય રોકાણ હોઈ આવી શકે તેમ નથી અને અમને જણાવતાં આનંદ થાય છે કે પૂજ્ય કાકાસાહેબ કાલેલકરને આપણે વિનંતિ કરી અને તેઓ તે દિવસે આવવા સંમત થયા છે.

વસંત વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક આ વર્ષે પણ સંઘના આશ્રયે કોટમાં બ્રુસ સ્ટ્રીટમાં આવેલ તાતા ઓડિટોરિયમમાં એપ્રિલ માસની ૩-૪-૫-૬ એમ ચાર દિવસ માટે વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ચાર વક્તાઓમાંથી પ્રથમ દિવસે શ્રી મોરારજી દેસાઈ; ત્રીજે દિવસે શ્રી અટલબિહારી વાજપેયી તથા છેલ્લે દિવસે ફ્રેન્ક મોરાઈસ - એમ ત્રણ વક્તાઓ નક્કી થઈ ગયા છે અને બાકીના એક વક્તા માટે પ્રયત્નો ચાલે છે.

મંત્રીઓ,
મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ૩૧મી ડીસેમ્બર ૧૯૭૧ સુધીનું સરવૈયું

ફંડો અને દેવું	રૂ. પૈ.	રૂ. પૈ.
રીઝર્વ ફંડ :–		
ગયા સરવૈયા મુજબ બાકી		૨૬૭૦૪-૮૯
શ્રી સંઘ હસ્તકના ફંડો:–		
શ્રી મકાન ફંડ:–		
ગયા સરવૈયા મુજબ બાકી	૨૫૪૬૭-૫૭	
બાદ: નવી ઓફિસમાં રીનોવેશન ખર્ચના આપ્યા	૧૪૪૮-૩૮	
	૨૪૦૧૯-૧૯	
પુસ્તક પ્રકાશન ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી	૨૧૮૩-૦૦	
ઉમેરો: વર્ષ દરમિયાન પુસ્તક વેચાણનાં	૧૪–૫૦	
	૨૧૯૭-૫૦	
શ્રી માવજત ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૬-૨૨	
ઉમેરો: માવજત ઘસારાનાં	૧-૧૫	
	૧૭-૩૭	
શ્રી વૈદ્યકીય રાહત ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી	૮૨૬-૧૫	
ઉમેરો: વર્ષ દરમિયાન ભેટનાં	૧૬૦૩-૦૦	
	૨૪૨૯-૧૫	
બાદ: વર્ષ દરમિયાનના ખર્ચનાં	૧૧૫૯-૨૫	
	૧૨૬૯-૯૦	૨૭૫૦૩-૯૬
દેવું :		
સ્ટાફ પ્રોવીડન્ટ ફંડના	૫૧૬૫-૭૨	
અગાઉથી આવેલા લવાજમનાં	૧૪૭૦-૦૦	
પરચુરણ દેવું	૧૧૫૨-૯૦	
રસધારા કો. ઓપ. હાઉસીંગ સો. લિ. ને	૧૧૫૨૦-૦૦	
		૧૯૩૦૮-૬૨
		૭૩,૫૧૭-૪૭
શ્રી જનરલ ફંડ : આવક ખર્ચ ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી	૨૪૧૭૧-૧૮	
ઉમેરો: આવક ખર્ચ ખાતેથી	૩૬૩૩-૪૯	
	૨૭૮૦૪-૬૭	
બાદ : પ્રબુદ્ધ જીવનનાં આવક ખર્ચ ખાતેથી ઘટના લાવ્યા	૬૦૯૧-૨૦	
		૨૧૭૧૩-૪૭
		૯૫,૨૩૦-૯૪

મિલકત અને લેણું	રૂ. પૈ.	રૂ. પૈ.
બ્લોક: (કરાર મુજબ) રસધારા કો. ઓપ. હા. સો. લિ. વર્ષ દરમિયાન ખરીદ કરતાં કિંમતના		૧૩૬૮૦-૦૦
ઈન્વેસ્ટમેન્ટસ: (ચોપડા પ્રમાણે)		
૭ ટકાના ઈન્ડીયન હ્યુમ પાઈપ કું. લિ.નાં ડીબેન્ચરો રૂ. ૫૦૦૦ નાં	૫૨૩૬-૩૯	
રસધારા કો. ઓ. હા. સો. લિ.નાં શેર પાંચ દરેક રૂ. ૫૦નો	૨૫૦-૦૦	૫૪૮૬-૩૯
ફરનીચર અને ફીકચર (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી	૮૪૫-૨૪	
બાદ: કુલ ઘસારાનાં લખીવાળ્યા	૫૮૯-૨૪	
		૨૫૬-૦૦
ડીપોઝીટ		
પોસ્ટ ઓફિસમાં	૭૫-૦૦,	
બી. ઈ. એસ. ટી. પાસે	૮૦-૦૦	
ટેલીફોન ડીપોઝીટ	૩૬૦-૦૦	
લોક મિલાપ ટ્રસ્ટ પાસે	૧૦૦-૦૦	
		૬૧૫-૦૦
લેણું: (સદ્ધર)		
શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયને	૬૯૭૫-૯૭	
બોમ્બે ટેલીફોન ખાતે	૨૦-૦૦	
ઈન્કમટેક્ષ રીફંડ આંગે લેણાં	૪૧૮-૨૩	
સભ્ય લવાજમ આંગે	૧૭૦૦-૦૦	
જ્ઞાનોદય ટ્રસ્ટ ખાતે	૨-૬૫	
સ્ટાફ પાસે	૧૪૦૧-૭૨	
સ્ટેટ પીપલ પ્રા. લિ. પાસે	૧૨૫-૨૮	
ડીબેન્ચરો ઉપર વ્યાજના બાકી	૧૭૫-૦૦	
		૧૦૮૧૮-૮૫
પ્રબુદ્ધ જીવન પેપર સ્ટોક:		૧૨૦-૦૦
રોકડ તથા બેંક બાકી:		
બેંક ઓફ ઈન્ડીયાનાં ચાલુ ખાતે	૧૩૫૭૧-૮૧	
„ „ „ ફીક્સ ડીપોઝીટ ખાતે	૫૦૬૭૨-૬૭	
રોકડ પુરાંત (ચોપડા પ્રમાણે)	૧૦-૨૨	
		૬૪,૨૫૪-૭૦
		૯,૫૨૩૦-૯૪

અમોએ શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈનું તા. ૩૧-૧૨-૭૧ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

મુંબઈ તા. ૯-૩-૧૯૭૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

તા. ૩૧–૧૨–૭૧ ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

	રૂ. પૈ.	રૂ. પૈ.
આવક		
ભેટનાં		૧૩૬૬૨-૧૬
લવાજમનાં	૫૯૯૦-૦૦	
બાદ:		
શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને પ્ર. જીવનની કોપી મફત મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા.	૩૫૯૪-૦૦	
		૨૩૯૬-૦૦
હોમીયોપેથીક ઉપચાર કેન્દ્રની ફીનાં	૩૧૯-૨૫	
હોમીયોપેથીક ઉપચાર કેન્દ્ર ભેટ	૨૫૧-૦૦	
		૫૭૦-૨૫
વ્યાજનાં:		
ડીબેન્ચરોનાં	૩૫૦-૦૦	
બેંકનાં ખાતાઓનાં	૩૯૭૬-૪૯	
		૪૩૨૬-૪૯
શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ ભાડાના		૯૫૮-૦૦
પરચુરણ આવક તથા સરવૈયા ફેરના વિગેરે		૨૭-૬૨
		૨૧૯૪૦-૫૨

ખર્ચ:-	રૂ. પૈ.	રૂ. પૈ.
માણસોને પગાર તથા બોનસ	૩૫૨૫-૦૦	
મકાનભાડું તથા વિજળી ખર્ચ	૭૨૬-૩૦	
પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી	૫૯૮-૮૪	
ટેલીફોન ખર્ચ	૬૮૧-૨૦	
પોસ્ટેજ ખર્ચ	૮૩૬-૧૫	
ઓડીટર્સને ઓનરેશીયમ	૧૫૧-૦૦	
સ્ટાફ પ્રોવીડન્ડ ફંડના ફાળાના	૪૭૦-૪૦	
પ્રો. ફંડ પર વ્યાજના	૧૨૨-૦૪	
પરચુરણ ખર્ચ	૧૯૦૧-૩૬	
સમારંભ તથા સભા સંમેલન ખર્ચ	૧૪૧૬-૩૫	
ફરનીચર ઉપર ઘસારાનાં	૩૨-૦૦	
મેમ્બરશીપ ફી ખાતે	૧૦-૦૦	
બ્લોક મેઈન્ટેનાન્સ અને રીપેરીંગ ખર્ચ (રસધારા કો. ઓ. હા. સો. લિ.)	૧૨૯૬-૦૦	
		૧૧૭૬૬-૬૪
ઉદ્દેશો અંગે ખર્ચ		
વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ	૫૭૯૦-૩૯	
હોમીયોપેથિક ઉપચાર કેન્દ્રનો ખર્ચ	૭૫૦-૦૦	
		૬૫૪૦-૩૯
વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા		૩૬૩૩-૪૯
		૨૧૯૪૦-૫૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

પ્રબુદ્ધ જીવનનો તા. ૩૧–૧૨–૭૧ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક	રૂ. પૈ.	રૂ. પૈ.
લવાજમના	૪૨૭૯-૫૦	
ઉમેરો: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત પ્રત મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા	૩૫૯૪-૦૦	
		૭૮૭૩-૫૦
ભેટના:		
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પાસેથી	૨૫૦૦-૦૦	
પરચુરણ ભેટ	૯૪૯-૦૦	
		૩૪૪૯-૦૦
વર્ષ દરમિયાન આવક કરતા ખર્ચનો વધારો		૬૦૯૧-૨૦
		૧૭૪૧૩-૭૦

ખર્ચ:	રૂ. પૈ.	રૂ. પૈ.
માણસોને પગાર તથા બોનસ	૩૯૭૫-૦૦	
પેપર ખર્ચ	૪૧૫૯-૪૦	
છપામણી ખર્ચ	૭૫૬૭-૦૮	
પોસ્ટેજ ખર્ચ	૧૦૧૩-૦૪	
પરચુરણ ખર્ચ	૬૩૯-૧૮	
પુરસ્કાર ખાતું	૬૦-૦૦	
		૧૭૪૧૩-૭૦

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઈ. તા. ૯-૩-૧૯૭૨

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડિટર્સ.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧-૧૨-૧૯૭૧ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું.	રૂ.	પૈ.	રૂ.	પૈ.
શ્રી સ્થાયી ફંડ				
ગયા સરવૈયા મુજબ બાકી			૨૪૫૬૧-૦૦	
શ્રી પુસ્તક ફંડ				
ગયા સરવૈયા મુજબ બાકી			૫૫૦૦-૦૦	
શ્રી ફરનીચર ફંડ:				
ગયા સરવૈયા મુજબ બાકી			૨૪૦૦-૦૦	
દેવું:				
પુસ્તકો અંગે ડીપોઝીટ	૮૫૨૧-૦૦			
માસિક અંગે ડીપોઝીટ	૨૧-૦૦			
			૮૫૪૨-૦૦	
પરચુરણ દેવું:				
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ	૬૯૭૫-૯૭			
સ્ટાફ પ્રો. ફંડના	૨૬૬૭-૨૪			
			૯૬૪૩-૨૧	
			૫૦૬૪૬-૨૧	

મિલકત અને લેણું :	રૂ.	પૈ.	રૂ.	પૈ.
ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે)				
૭ %ના રાવળગાંવ સુગર ફાર્મ કું. લિ.ના ડીબેન્ચર્સ	૧૦,૦૦૦-૦૦			
૭ ૧/૨ % ના તાતા લોકોમોટીવ એન્જી. કું. લિ. ના ડીબેન્ચર રૂ. ૬૦૦૦	૬૧૬૩-૫૦			
			૧૬૧૬૩-૫૦	
ફરનીચર (ચોપડા પ્રમાણે)				
ગયા સરવૈયા મુજબ બાકી	૩૩૧૦-૯૩			
બાદ: કુલ ઘસારાના લખીવાળ્યા	૧૯૭૪-૯૩			
			૧૩૩૬-૦૦	
પુસ્તકો: (ખરીદ કિંમતે)				
ગયા સરવૈયા મુજબ બાકી	૧૮૯૪૩-૮૨			
ઉમેરો: વર્ષ દરમ્યાન ખરીદીના	૧૧૪૩-૦૦			
	૨૦૦૮૬-૮૨			
બાદ: કુલ ઘસારાના લખીવાળ્યા	૧૪૨૯૭-૮૨			
			૫૭૮૯-૦૦	
લેણું:				
ઈન્કમટેક્ષ રીફંડના			૬૪૫-૭૦	
રોકડ તથા બેંક બાકી				
બેંક ઓફ ઈન્ડીયા સેન્ડહર્સ્ટ રોડ (ચાલુ ખાતું)	૩૩૬૩-૬૧			
રોકડ સિલક	૨૭-૦૨			
			૩૩૯૦-૬૩	
શ્રી આવક ખર્ચ ખાતું:				
ગયા સરવૈયા મુજબ બાકી	૧૬૦૪૩-૪૦			
ઉમેરો: વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો	૭૨૭૭-૯૮			
			૨૩૩૨૧-૩૮	
			કુલ રૂ. ૫૦૬૪૬-૨૧	

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય મુંબઈનું તા. ૩૧-૧૨-૭૧ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલૂમ પડ્યું છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

તારીખ. ૯-૩-૧૯૭૨

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧-૧૨-૭૧ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક:	રૂ.	પૈ.	રૂ.	પૈ.
ડીબેન્ચરોના વ્યાજના	૧૧૫૦-૦૦			
બેંકના વ્યાજના	૧૦૩-૫૯			
			૧૨૫૩-૫૯	
ભેટના:			૬૦૩-૦૦	
પુસ્તક લવાજમના:			૧૧૮૭-૦૦	
મ્યુનિસિપલ ગ્રાંટ:			૨૫૦૦-૦૦	
પરચુરણ આવક:				
પસ્તી વેચાણના	૧૪૩-૬૯			
પાસબુક વેચાણના	૯૩-૬૦			
દંડના	૯૫-૨૦			
			૩૩૨-૪૯	
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો			૭૨૭૭-૯૮	
			૧૩૧૫૪-૦૬	

ખર્ચ:	રૂ.	પૈ.	રૂ.	પૈ.
ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ કેળવણી અંગે				
પગાર તથા બોનસ	૯૭૫૫-૦૦			
પેપર્સ લવાજમ	૭૯૨-૧૮			
પુસ્તક રીપેર્સ તથા બાઈન્ડીંગ	૧૩૩-૫૦			
પ્રો. ફંડના ફાળાના	૩૨૧-૬૦			
પ્રો. ફંડના વ્યાજના	૮૬-૩૦			
છપામણી ખર્ચ	૩૭-૦૦			
			૧૧૧૨૫-૫૮	
વ્યવસ્થા ખર્ચ				
પરચુરણ ખર્ચ	૫૬૭-૪૮			
ઓડીટરોને ઓનરેરીયમ	૧૫૧-૦૦			
			૭૧૮-૪૮	
ઘસારાના				
ફરનીચરના	૧૪૯-૦૦			
પુસ્તકોના	૧૧૬૧-૦૦			
			૧૩૧૦-૦૦	
			૧૩૧૫૪-૦૬	

અમોએ ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

મુંબઈ. તા. ૯-૩-૧૯૭૨

માલિક : શ્રી જૈન યુવક સંઘ. મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુદ્રણસ્થાન : ધી રટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧

(આ અંક સાથે સ્વ. પરમાનંદ કાપડિયા-પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ૯ પાનાની ખાસ પૂર્તિ સામેલ કરી છે.)

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૩ : અંક ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ એપ્રિલ ૧૬, ૧૯૭૨ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

વસંત વ્યાખ્યાનમાળા

આ વર્ષની વસંત વ્યાખ્યાનમાળાને જનતાનો ખૂબ આવકાર મળ્યો. ચાર દિવસ ભરચક હાજરી રહી. ઘણા ભાઈઓને જગ્યાના અભાવે પાછા જવું પડ્યું. આથી વિશાળ જગ્યામાં આ વ્યાખ્યાનો યોજવા એવી માગણી થઈ. શ્રોતાગણ મોટે ભાગે શિક્ષિત, બુદ્ધિશાળી અને સારા પ્રમાણમાં યુવાન વર્ગ હતો. લોકોમાં ઘણી જિજ્ઞાસા છે. લોકો ખૂબ વિચારે છે. દરેક વ્યાખ્યાનને અંતે પ્રશ્નોની ઝડી વરસે તે ઉપરથી જણાઈ આવતું કે લોકો સ્વતંત્રપણે વિચારે છે, પોતાનાથી ભિન્ન અભિપ્રાયો સમજવા તૈયાર છે. હોલ ખીચોખીચ ભરાઈ ગયો હોય, સંખ્યાબંધ ભાઈઓ ચારે તરફ ઊભા રહે અથવા ભોંયે બેસી જાય છતાં, સંપૂર્ણ શાંતિ જળવાય અને વક્તાને પણ પ્રેરણા મળે એવું વાતાવરણ હતું.

વ્યાખ્યાનો માટે આકર્ષણનું એક કારણ વ્યાખ્યાતાઓની પસંદગી હતી. રાજકીય પક્ષોના અગ્રતમ આગેવાનો અને પીઢ સ્વતંત્ર પત્રકારો વ્યાખ્યાતાઓ હતા. શાસક પક્ષનું કોઈ ન હતું. બે વિરોધી પક્ષોના આગેવાનો હતા અને બે નિષ્પક્ષ વ્યક્તિઓ હતી. શાસક પક્ષને ચૂંટણીમાં ધારવા કરતાં પણ વધારે બહુમતી મળી તેથી એમ માનવું પડે કે મોટા ભાગના લોકોએ શાસક પક્ષના ઉમેદવારોને મત આપ્યો છે. અને શ્રોતા વર્ગમાં એવા મતદારો સારી સંખ્યામાં હાજર હશે. છતાં વિરોધ પક્ષના આગેવાનો અથવા તટસ્થ સમાલોચક વ્યક્તિઓને સાંભળવા અને તેમનો અભિપ્રાય જાણવા લોકો તૈયાર હતા એટલું જ નહિ પણ ઈંતેજાર હતા. લોકશાહી માટે હું આ શુભ ચિહ્ન માનું છું. શ્રી અટલબિહારી વાજપેયીએ તો સાશ્ચર્ય જાહેર કર્યું કે શાસક પક્ષ તરફ જેનું વલણ જાણીતું છે એવી વ્યક્તિઓ વિરોધી દળના આગેવાનોને આમંત્રણ આપે છે. મેં દરેક વ્યાખ્યાનમાં કહ્યું કે આ વ્યાખ્યાનો કોઈ એક રાજકીય પક્ષના પ્રચાર માટે નથી પણ લોકશિક્ષણ માટે છે. લોકો પાસે વિવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ થાય અને સ્વતંત્રપણે વિચાર કરવા લોકો પ્રેરાય એ જ આ વ્યાખ્યાનોનો ઉદ્દેશ છે. શાસક પક્ષના પ્રતિનિધિને ઈરાદાપૂર્વક દૂર રાખવાની કોઈ ઇચ્છા ન હતી એટલું જ નહિ પણ તે પક્ષના કોઈ એક અગ્રણીને વ્યાખ્યાતા તરીકે મેળવવા મેં દિલ્હી, મુંબઈ અને કલકત્તા ઘણા પ્રયત્નો કર્યા. પણ તેમાંના કોઈને સમય ન હતો અને તેથી છેલ્લી ઘડીએ ચોથું વ્યાખ્યાન મારે એક પત્રકારનું નક્કી કરવું પડ્યું. ચારે વ્યાખ્યાનોમાં, કેટલીક વખત શાસક પક્ષની કડક ટીકા હતી અને કોઈને કદાચ એવી છાપ પણ રહે કે શાસક પક્ષની એકપક્ષી ટીકા થાય છે અને શાસક પક્ષનું દૃષ્ટિબિંદુ યોગ્ય રીતે રજૂ નથી થતું. શ્રોતાઓના કેટલાક પ્રશ્નો ઉપરથી પણ આ લાગણી દેખાઈ આવતી. વક્તાઓનાં કેટલાંય વિધાનો સાથે હું પોતે પણ સંમત ન હતો. પણ હું ઈરાદાપૂર્વક તેના વિવાદમાં ન જ ઊતર્યો. શ્રોતાઓની સમજણ અને વિવેકદૃષ્ટિ ઉપર જ મેં છોડ્યું. છેલ્લા દિવસે થોડી સમાલોચના કરવાનો મારો ઈરાદો હતો પણ સમય ન રહ્યો.

ચારે વ્યાખ્યાનોનો અહેવાલ આ અંકમાં છેલ્લાં ત્રણ પાનાંમાં આપવામાં આવ્યો છે. વિષય હતો, "ચૂંટણીઓ અને ત્યાર પછી." અપેક્ષા એ હતી કે વ્યાખ્યાતાઓ ચૂંટણીનાં પરિણામોનાં કારણો અને હવે પછી રાજકીય પરિસ્થિતિ કેવી રહેશે તેની સમીક્ષા કરશે. શ્રી મોરારજીભાઈના વ્યાખ્યાનનો મહદ્ અંશ લોકશાહીમાં નીડરતાની આવશ્યકતા વિશે હતો. તેમનો અભિપ્રાય હતો કે અત્યારે ચારે તરફ ભયનું વાતાવરણ જામતું જાય છે અને શાસક પક્ષ અને ખાસ કરી ઈન્દિરા ગાંધી લોકો અને વિરોધી દળોને ભયભીત કરી રહ્યાં છે અને લોકો ડરી ગયા છે. તેમનો આરોપ હતો કે શાસક પક્ષે વિશાળ પાયા ઉપર સરકારી તંત્ર અને તેનાં સાધનોનો લાભ લીધો છે. ઈન્દિરા ગાંધીએ હેલિકોપ્ટરો વાપર્યાં, લખલૂટ કાળું નાણું એકઠું કર્યું અને વેર્યું, દારૂનો ઉપયોગ કર્યો અને બીજી ઘણી ગેરરીતિઓ આદરી. તેમણે કહ્યું The election was not fair & free. શાસક પક્ષની ચૂંટણીની સફળતાનાં આ કારણો તેમને મુખ્ય લાગ્યાં. તેમણે કહ્યું કે ૧૯૬૭ સુધી કોંગ્રેસ સત્તા ઉપર હતી ત્યારે સરકારી સાધનોનો તેણે ઉપયોગ કર્યો ન હતો અને તેના પુરાવામાં જણાવ્યું કે સત્તા ઉપર હોવા છતાં ૧૯૬૭માં કોંગ્રેસ ઘણાં રાજ્યોમાં હારી ગઈ. ભવિષ્ય વિશે તેમને લાગે છે કે દેશમાં લોકશાહી કદાચ ટકશે નહિ અને સરમુખત્યારશાહી આવી રહી છે. ભવિષ્ય વિશે તેઓમાં નિરાશા જણાઈ. ભારત - પાકિસ્તાની યુદ્ધમાં વિજય મળ્યો અને બંગલા દેશની મુક્તિ થઈ તેમાં ઈન્દિરા ગાંધીની શક્તિ કે કુનેહ કરતાં તેમનું સદ્‌ભાગ્ય (luck) વધારે ગણવું જોઈએ. તેમના પ્રવચનનો પ્રધાન સૂર નીડરતા માટે ઉપદેશ અને શાસક પક્ષનાં અનિષ્ટો સામે ચેતવણીનો હતો. પોતાના પક્ષે પણ કાંઈ દોષ કે ભૂલ હોવાનો સંભવ છે એવું આત્મનિરીક્ષણ તેમના પ્રવચનમાં જણાયું નહિ. એક ભાઈએ તેમને પૂછ્યું કે તેમના કહેવાનો અર્થ એમ થાય કે સત્તા ઉપર હોય તે પક્ષ જીતે તો એમ માનવું કે તેણે સરકારી સાધનોનો ઉપયોગ કર્યો છે અને હારી જાય તો નથી કર્યો. બીજા એક ભાઈએ ધ્યાન ખેંચ્યું કે તેમણે પોતે પણ ચૂંટણી માટે લાખો, કદાચ કરોડો રૂપિયા એકઠા કર્યા છે. આ બધું સર્વ રાજકીય પક્ષો માટે સામાન્ય છે.

શ્રી ખુશવંતસિંગનું વ્યાખ્યાન અભ્યાસપૂર્ણ હતું. આઝાદી પછીનાં ૨૫ વર્ષનો કોંગ્રેસનો ઈતિહાસ આલેખી તેમણે બતાવ્યું કે નહેરુના અવસાન પહેલાં અને ૧૯૬૭ સુધીમાં કોંગ્રેસ અને તેની નેતાગીરીમાંથી લોકોની શ્રદ્ધા ઊઠી ગઈ હતી. ઈન્દિરા ગાંધીને જે વારસો (legacy) મળ્યો તે જોતાં દેશવિદેશના રાજકીય નિરીક્ષકોને લાગતું હતું કે દેશમાં લોકશાહી ટકશે નહિ. આઝાદી પછીની નવી પેઢીને કોંગ્રેસે દેશને સ્વતંત્રતા આપાવી તે હકીકત તથા ગાંધી - નહેરુ - પટેલના આંજી નાખતા નેતૃત્વની અસર રહી ન હતી. ૧૯૬૭ની ચૂંટણીમાં પહેલી વખત જનસંઘ અને સ્વતંત્ર જેવા જબ્બર પક્ષો સબળ વિરોધ પક્ષ બન્યા અને કેટલાંક રાજ્યોમાં વિરોધી પક્ષો સત્તારૂઢ આવ્યા. આવા સંજોગોમાં કોંગ્રેસમાં

ભંગાણ પડ્યું અને ઈન્દિરા ગાંધીએ હિંમતપૂર્વક સમયાવધિ કરતાં ૧૪ મહિના વહેલા લોકસભાની મધ્યસત્રી ચૂંટણી કરાવી, મોટી બહુમતિ મેળવી. ધારાસભાના ઉમેદવારોની પસંદગીમાં જેમની સામે ભ્રષ્ટાચારના આરોપો હતા એવા ઘણા પ્રધાનો અને આગેવાન વ્યક્તિઓને હટાવી સાફસૂફી કરી. ખાસ કરી જેની પોતાને જાતમાહિતી હતી તેવા પંજાબના પ્રધાનોના કેવા હાલ થયા તેનો રમૂજી અને તાદશ ચિતાર આપ્યો. કેન્દ્ર કે રાજ્યોમાં અસ્થિર રાજતંત્રના દુષ્પરિણામો લોકોએ ભોગવ્યાં હતાં અને તેનાં ભયસ્થાનો સમજી ગયા હતા. વિરોધ પક્ષો પાસે 'ઈન્દિરા હટાવો' સિવાય કોઈ કાર્યક્રમ ન હતો. લોકસભા અને ધારાસભાઓની ચૂંટણીનાં પરિણામોનાં કારણોની તટસ્થ સમાલોચના શ્રી ખુશવંતસિંગે કરી. ભાવિ પરિસ્થિતિ વિશે તેમણે ચિન્તા વ્યકત કરી. એક જ વ્યક્તિના હાથમાં સર્વ સત્તા કેન્દ્રિત થતી જાય તેમાં લોકશાહી માટે તેમને જોખમ લાગ્યું. આપણું બંધારણ સમવાયતંત્રી છે અને રાજ્યોને નિશ્ચિત સત્તા છે. આપણી લોકશાહી બ્રિટિશ પદ્ધતિની, સમગ્ર કેબિનેટ પાર્લામેન્ટને જવાબદાર રહે તેવી છે. આ બન્ને લક્ષણો તેમને ભૂંસાતાં લાગે છે. કેબિનેટના પ્રધાનો પૂતળાં થતા જાય છે અને પાર્લામેન્ટને જવાબદાર ન હોય તેવી વ્યકિતઓ વડા પ્રધાનના સલાહકાર બની, સમાન્તર કેબિનેટ ઊભી થઈ છે અને અમેરિકન પ્રેસિડેન્ટિયલ ટાઈપનું તંત્ર રચાતું હોય તેવું તેમને લાગ્યું. રાજ્યો અને કેન્દ્રમાં સ્થિર રાજતંત્ર હોય તે આવકારપાત્ર હોવા છતાં, રાજ્યો અને તેના ગવર્નરો કેન્દ્રના તાબેદાર માત્ર રહે તે આપણા બંધારણને અનુરૂપ નથી. રાષ્ટ્રપતિ તરીકે શ્રી ગિરિ પદનું ગૌરવ કે સ્વતંત્રતા જાળવી શકયા નથી.

શ્રી અટલબિહારી વાજપેયીના પ્રવચનનો મોટો ભાગ વર્તમાન ચૂંટણીપદ્ધતિની અપૂર્ણતાઓ અને તેથી પરિણામનાં અનિષ્ટો પ્રત્યે ધ્યાન દોરવા ઉપર હતો. તેમના મતે આ ચૂંટણીપદ્ધતિ લોકમતનું સાચું પ્રતિબિમ્બ પાડતી નથી અને વિકૃત પરિણામ લાવે છે. તેમણે દાખલો આપ્યો કે દિલ્હીમાં શાસક પક્ષને દોઢ લાખ મત મળ્યા અને જનસંઘને પોણા લાખ મત મળ્યા છતાં બહુમતી બેઠકો શાસક પક્ષને ફાળે ગઈ. તેમણે સ્વીકાર્યું કે ચૂંટણીપદ્ધતિના આ દોષનો લાભ ૧૯૬૭ માં વિરોધ પક્ષોને મળ્યો હતો. તેથી તેમનો વિરોધ આ ચૂંટણીમાં શાસક પક્ષને મોટી બહુમતી મળી તેની સામે ન હતો પણ પદ્ધતિ સામે હતો. બીજું ચૂંટણી ખૂબ ખરચાળ થતી જાય છે, જેમાંથી કાળાં નાણાંના વ્યાપક ઉપયોગનું અનિષ્ટ જન્મે છે. કોઈ ઉમેદવાર સાચા હિસાબો રજૂ કરતો જ નથી, અને કાયદાની મર્યાદામાં ખર્ચ કરી ચૂંટણી જીતવી અશકય છે. રાજકીય પક્ષોએ પોતાના હિસાબો રજૂ કરવા જોઈએ. રાજ્ય ચૂંટણીખર્ચ ભોગવવો જોઈએ, વગેરે તેમની સૂચનાઓ હતી. વર્તમાન ચૂંટણીમાં સરકારી સાધનોનો અને કાળાંનાણાંનો શાસક કોંગ્રેસે બહોળો ઉપયોગ કર્યો છે અને તેથી ચૂંટણીમાં રાજકીય પક્ષો વચ્ચેસમાન ધોરણ ન હતું. It was an unequal fight. શાસક કોંગ્રેસની નીતિરીતિ સંબંધે તેમણે ઘણા પ્રહારો કર્યા, પણ તેમાં કડવાશ કરતાં વિનોદ વધારે હતો તેમ લાગે. હારી ગયા તેની નિરાશા નથી, ફિર લડેંગે એવી વૃત્તિ હતી. પોતાના પક્ષના દોષ પ્રત્યે સભાનતા હતી. આમારે કરવું જોઈએ તેટલું અમે કર્યું નથી એમ કહીને વધારે જાગ્રત રહેવા જણાવ્યું. ભારત-પાકિસ્તાની યુદ્ધ અને બંગલા દેશની મુકિતમાં ઈન્દિરા ગાંધીનાં નેતૃત્વ અને હિંમત મુકતકંઠે બિરદાવ્યાં. ભવિષ્ય વિશે કહેતાં તેમનો આગ્રહ હતો કે લોકશાહીમાં વિરોધ પક્ષ અને વિરોધી મતને પૂરું સ્થાન રહેવું જોઈએ. વર્તમાન પ્રવાહો વિશે ચિન્તા વ્યકત કરવા છતાં ભાવિ અંધકારમય ન ગણતાં Wait & Watch, એવું વલણ લાગ્યું. તેમણે કહ્યું કે આમારો Constructive approach રહેશે. ઈન્દિરા ગાંધીને હવે પાંચ વર્ષનો પૂરો સમય અને મોટી બહુમતી મળ્યાં છે. તેથી આપેલ વચનો પૂરાં ન કરવાનું કોઈ બહાનું રહેતું નથી. અટલબિહારી વાજપેયી યુવાન છે. જૂની પેઢીના વૃદ્ધ નેતા અને નવી પેઢીના, વિરોધ પક્ષના પણ, યુવાન નેતા વચ્ચે કેટલો ફેર હોય તે દેખાઈ આવ્યો.

છેલ્લું પ્રવચન ફ્રેંક મોરાયસનું હતું. મોરાઈસ દેશના એક શ્રેષ્ઠ પત્રકાર છે. દુનિયા ઘૂમી વળ્યા છે. લગભગ બધા દેશોની આગેવાન વ્યકિતઓનો તેમને અંગત પરિચય છે. નહેરુનો ગાઢ સંપર્ક હતો. તેમના પ્રવચનની શરૂઆતમાં જ એક હકીકત તેમણે ભારપૂર્વક જણાવી કે આપણો દેશ હવે દુનિયામાં અને ખાસ કરીને, એશિયામાં, નિર્ણયાત્મક સ્થાન (Pivotal Position) ભોગવે છે. રશિયા અને ચીન વચ્ચે આપણું મહત્ત્વનું સ્થાન છે. બંગલા દેશની મુકિતથી આપણી અગત્ય વધી છે. ઈન્દિરા ગાંધીના નેતૃત્વ અને રાજદ્વારી કુનેહને બિરદાવતાં તેમણે કહ્યું છે કે આટલી સત્તા નહેરુએ પણ પ્રાપ્ત કરી ન હતી. ૧૯૭૧ પહેલાં, પોતે ઈન્દિરા ગાંધીના સખત વિરોધી રહ્યા હતા તેનો ઉલ્લેખ કરી, પોતાનો અભિપ્રાય કેટલેક દરજજે તેમણે બદલાવ્યો છે તે જણાવ્યું. લાલબહાદુર શાસ્ત્રીને ભારોભાર અંજલિ આપી. તેમનું અવસાન આટલું અકસ્માત થયું ન હોત તો ભારતનો ઈતિહાસ કદાચ જુદો હોત.

નહેરુએ નવી પેઢી - ઈન્દિરા ગાંધીની પેઢીને – અવગણી હતી અને જનતા સાથેનો સંપર્ક ગુમાવ્યો હતો. ને નહેરુના સાથીદારોએ પણ નહેરુનું અનુકરણ કર્યું હતું. પરિણામે નહેરુના અને લાલબહાદુર શાસ્ત્રીના અવસાન પછી એ જ જૂની વૃદ્ધ નેતાગીરી (same old guard) પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠી. મોરારજી દેસાઈ દેશના વડા પ્રધાન ન થયા તેથી કોઈ અનિષ્ટ થયું નથી. It was not a tragedy.

ધારાસભાની ચૂંટણીઓમાં સરકારી સાધનોનો વ્યાપક ઉપયોગ અને બંગાળમાં ચૂંટણીઓ વિશે જ્યોતિ બસુ અને ગોપાલને કરેલ આક્ષેપો સંબંધે તેમનો અભિપ્રાય પૂછતાં તેમણે જણાવ્યું હતું કે એવી કોઈ માહિતી મારી પાસે નથી અને તેથી હું કોઈ અભિપ્રાય આપવા ઈચ્છતો નથી. પણ મતદારની સાન અને સમજણની તેમણે પ્રશંસા કરી.

આર્થિક વિકાસ અને સમાનતાના ભોગે લોકશાહી તત્ત્વ ઉપર વધારે પડતો ભાર મૂકવામાં આવે છે એવા એક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે એ હકીકત સાચી છે અને તેમણે પોતે પણ કેટલેક દરજજે એવી ભૂલ કરી હતી.

એક વ્યકિતના હાથમાં અમાપ સત્તા એકત્રિત થઈ છે તે વિષે તેમણે ચિન્તા વ્યકત કરી હતી. આ પાંચ વર્ષના ગાળામાં આ સત્તાનો ઈન્દિરા ગાંધી કેવો ઉપયોગ કરે છે તે જોવાનું રહે છે. ન્યાયતંત્ર અને વર્તમાનપત્રોની સ્વતંત્રતા અખંડ નહિ રાખે તો ભારે જોખમ છે. જે વિશાળ સત્તા ઈન્દિરા ગાંધીને પ્રાપ્ત થઈ છે તેને પરિણામે જુલ્મ જહાંગીરી (tyranny) આવશે કે નહિ એવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે ઈન્દિરા ગાંધીએ મધ્યમ માર્ગ સ્વીકાર્યો છે અને અત્યારે એવો ભય જણાતો નથી. ભારત-પાકિસ્તાન યુદ્ધમાં વિજય મળ્યો અને બંગલા દેશની મુકિત થઈ તે માટે ઈન્દિરા ગાંધીનાં શકિત અને નેતૃત્વની પ્રશંસા કરી. પણ ઉમેર્યું કે, she has the luck of a devil.

આ ચારે વ્યાખ્યાનો ખૂબ વિચારપ્રેરક Thought Provoking હતાં. લોકોએ ખૂબ રસ લીધો. દેશમાં નવી હવા નિર્માણ થઈ છે અને ખૂબ જાગૃતિ આવી છે. મારો દઢ મત છે કે ચૂંટણીમાં સરકારી સાધનોનો ઉપયોગ થયો હશે તેમ જ પુષ્કળ નાણાંનો વ્યય પણ થયો છે છતાં ચૂંટણીમાં એકંદરે લોકોએ ભય કે લાલચથી નહિ પણ સમજણપૂર્વક મતદાન કર્યું છે. હવે પછીનાં પાંચ વર્ષ લોકો ખૂબ જાગૃતિથી જોશે.

૯-૪-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

સ્વ. ડૉ. આંબેડકર

(તા. ૧૪મી એપ્રિલ ડૉ. આંબેડકરનો જન્મદિન હતો તે નિમિત્તે આ લેખ પ્રાસંગિક થશે. —તંત્રી)

ડૉક્ટર ભીમરાવ રામજી આંબેડકરનો જન્મ તા. ૧૪મી એપ્રિલ ૧૮૯૧ના દિને એક ગરીબ મહાર કુટુંબમાં થયો. તેમના પિતા લશ્કરમાં શિક્ષક હતા. લશ્કરી નોકરી અને મહાર, છતાં દારૂ-માંસનો સર્વથા ત્યાગ. ભીમરાવ ચૌદ બાળકોમાં છેલ્લા. ગરીબાઈ છતાં પિતાએ શિક્ષણ આપ્યું, અસ્પૃશ્ય હોવાને કારણે જિંદગીમાં ખૂબ સહન કરવું પડ્યું. તેની શરૂઆત શાળામાં જ થઈ. પિતા મુંબઈ આવ્યા અને પરેલમાં એક ઓરડીમાં રહેતા. શાળામાં અસ્પૃશ્ય હોવાને કારણે બીજી ભાષા તરીકે સંસ્કૃત લેવા ન દીધું. પરશિયન લેવું પડ્યું. પાછળના જીવનમાં સંસ્કૃતનો અભ્યાસ કરી પંડિત થયા. હિંદુ ધર્મ ઉપર પ્રખર પ્રહારો કરવા હિંદુ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ૧૬ વર્ષની ઉંમરે ૧૯૦૭માં મેટ્રિક પાસ થયા. ત્યાં નવ વર્ષની કન્યા સાથે લગ્ન થયું. પિતાએ કૉલેજનો અભ્યાસ કરવા માટે પ્રેરણા આપી. અલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. ઈન્ટર સુધી માંડ અભ્યાસ થયો, પછી પિતાની શકિત ખૂટી પડી. સદ્‌ભાગ્યે એક શુભેચ્છકે ગાયકવાડ સરકારની છાત્રવૃત્તિ મેળવી આપી અને ૧૯૧૨માં બી. એ. થયા. વડોદરા રાજ્યમાં નોકરી લીધી. મુંબઈમાં પિતાનું મૃત્યુ થયું. વડોદરાનો બહુ ટૂંકો અનુભવ પણ દુઃખદ હતો તેથી પાછા વડોદરા જવાનું મન ન થયું. સયાજીરાવ મહારાજને મુંબઈમાં મળી પોતાની સ્થિતિની જાણ કરી. એ ઉદારચરિત રાજવી કેટલાક વિદ્યાર્થીઓને વિશેષ અભ્યાસ અર્થે વિદેશ મોકલવાના હતા. આંબેડકરની પસંદગી થઈ અને એક ગરીબ અસ્પૃશ્ય કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ અર્થે જૂન ૧૯૧૩માં વિદેશ જવા નીકળ્યો. સયાજીરાવ ગાયકવાડ ન હોત તો ભારતવર્ષના ઈતિહાસમાં આંબેડકરે જે ભાગ ભજવ્યો અને ફાળો આપ્યો તે કદાચ ન બનત.

કોલંબિયા યુનિવર્સિટીમાં ૧૯૧૫માં એમ. એ. અને ૧૯૧૬માં ડૉક્ટર ઓફ ફિલોસોફીની પદવી મેળવી. અર્થશાસ્ત્ર અને સમાજ-શાસ્ત્રનો અભ્યાસ કર્યો, ત્યાંથી લંડન આવ્યા અને પ્રખ્યાત લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિકસમાં જોડાયા અને કાયદાનો અભ્યાસ પણ શરૂ કર્યો. પણ છાત્રવૃત્તિનો સમય પૂરો થયો અને અભ્યાસ અધૂરો મૂકી પાછા આવવું પડ્યું. ત્રણ વરસ પછી ફરીથી લંડન ગયા અને અભ્યાસ પૂરો કર્યો. ડી. એસ. સી. અને બાર-ઍટ-લૉ થયા. પ્રથમ વિશ્વયુદ્ધનો આ સમય હતો અને ગાંધીજી ભારત આવ્યા અને દેશના રાજકારણમાં નવા રંગ પુરાયા. આંબેડકર તેમાં ખેંચાયા. જીવનભર એક ધ્યેય રહ્યું હતું, દલિત વર્ગનો ઉદ્ધાર, જે તેમની બધી પ્રવૃત્તિનું મધ્યબિંદુ હતું.

૧૯૧૭માં લંડનમાંથી પાછા આવ્યા પછી, વડોદરા રાજ્ય સાથેના કરાર મુજબ, ત્યાં ૧૦ વર્ષ નોકરી કરવાની હતી, તે મુજબ વડોદરા ગયા. મહારાજની ઈચ્છા છેવટ તેમને નાણામંત્રી બનાવવાની હતી, પણ શરૂઆતમાં મિલિટરી સેક્રેટરીનું પદ આપ્યું. પણ હવે આંબેડકરની યાતનાઓ શરૂ થઈ. ક્યાંય રહેવા જગ્યા ન મળી. એક પારસી ધર્મશાળામાં રહ્યા, ત્યાંથી પણ કાઢયા. ઑફિસમાં કોઈ અડે નહિ. સિપાઈઓ પણ કાગળો ટેબલ પર ફેંકે, અપમાનનો પાર નહીં, હડધૂત થયા, કંટાળી પાછા આવ્યા; ફરી એકવાર ગયા, પણ એ જ હાલ - તેથી છોડી દીધું. મુંબઈ આવી સિડનહામ કૉલેજમાં પ્રૉફેસર થયા. પછી લૉ કૉલેજમાં પ્રિન્સિપાલ થયા. આ સમયે મોન્ટેગુ - ચેમ્સફોર્ડ ફોર્મની તૈયારી ચાલતી હતી. જુદી જુદી કોમો અને લઘુમતીઓ પોતાના દાવા રજૂ કરતા. દલિત વર્ગનું કોઈ સંગઠન કે પ્રતિનિધિ ન હતો, કેટલાક સવર્ણ હિંદુઓ જયકર, ચંદાવરકર, વગેરે દલિત વર્ગની પરિષદો ભરતા, ગાયકવાડ અને કોલ્હાપુરના મહારાજા પણ તેમાં ભાગ લેતા. પણ દલિત વર્ગને પોતાનો કોઈ આગેવાન ન હતો. આંબેડકરે એ ખોટ પૂરી પાડવાની હતી. પણ શરૂઆતથી સવર્ણ હિંદુઓ પ્રત્યે આંબેડકરને ઘણો અવિશ્વાસ અને કટુતા હતાં. દલિતોનું સંગઠન જુદું કરવું જોઈએ અને તેમનું પ્રતિનિધિત્વ અલગ હોવું જોઈએ, તેવી તેમની દૃઢ માન્યતા છેવટ સુધી રહી. ગાંધીજીએ અસ્પૃશ્યતાનિવારણનું કાર્ય ઉપાડ્યું હતું. આંબેડકર છેવટ સુધી ગાંધીજીના કટ્ટર વિરોધી રહ્યા હતા. ગાંધીજીના વિચારોને આંબેડકર પ્રત્યાઘાતી માનતા અને અસ્પૃશ્યોને હિંદુ સમાજમાં પૂરી રાખવાની એક તરકીબ છે એમ માનતા. આંબેડકર ઘણા શકિતશાળી અને વિદ્વાન. દલિત વર્ગમાં તેમની બરોબરી કરે તેવો કોઈ આગેવાન નહિ. તેમણે દલિત વર્ગનું સંગઠન શરૂ કર્યું અને છેવટે તે વર્ગના એકમાત્ર પ્રતિનિધિ હોવાનો દાવો કર્યો અને તે સ્થાન પ્રાપ્ત કર્યું.

બ્રિટિશ સરકારની આમાં મદદ હતી. તેની નીતિ હતી કે મુસલમાનો, શીખો. દલિત વર્ગો અને રાજાઓને પ્રોત્સાહન આપી, કૉંગ્રેસનું વર્ચસ ઘટાડવું. આંબેડકરે વંટોળિયા પેઠે પ્રચાર શરૂ કર્યો. સંમેલનો, વર્તમાનપત્રો, પુસ્તકો, પત્રિકાઓ, 'મૂક નાયક' અને 'બહિષ્કૃત ભારત' જેવાં પત્રો શરૂ કર્યાં...હિંદુ સમાજ અને હિંદુ ધર્મની વર્ણવ્યવસ્થા, જ્ઞાતિસંસ્થા અને તેમાં રહેલ અસમાનતા અને ઉચ્ચ-નીચના ભેદ, આ બધાં ઉપર ખૂબ પ્રહાર કર્યા. મનુસ્મૃતિ બાળી, ગીતાનો વિરોધ કર્યો. સાયમન કમિશનને સહકાર આપ્યો. પરિણામે પ્રથમ ગોળમેજી પરિષદમાં દલિત વર્ગના પ્રતિનિધિ તરીકે નિયુક્ત થયા; બીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસનાં એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજી ગયા. અસ્પૃશ્યો, હિંદુ ધર્મ અને હિંદુ સમાજના અવિભાજ્ય અંગ છે અને પ્રાણાન્તે પણ તેમને તેમાંથી અલગ ન થવા દેવા એ ગાંધીજીનો સિદ્ધાંત હતો. ગોળમેજી પરિષદમાં ગાંધીજી અને આંબેડકર વચ્ચે સંઘર્ષ થયો. આંબેડકરની પ્રકૃતિમાં આક્રમકતા હતી, નમ્રતા એમનો ગુણ ન હતો. યાતનાઓ ભોગવી હતી, તેની કડવાશ હૃદયમાં ભરી હતી. તેમને જીતી લેવાના ગાંધીજીના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. છેવટે મેકડોનલ્ડ ચુકાદો આવ્યો અને ગાંધીજીએ યરવડા જેલમાં આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. આનહદ પ્રયત્નોને અંતે પૂના કરાર થયા. ત્યાર પછી આંબેડકરનું ધ્યેય અસ્પૃશ્યો માટે રાજ્યક્ષેત્રે સ્થાન મેળવવા માટે રહ્યું, મંદિરપ્રવેશ, સહભોજન અને એકતા - એવા સામાજિક અથવા ધાર્મિક લાભો મેળવવામાં તેમને રસ ન હતો. ધારાસભાઓમાં અને પ્રધાનમંડળમાં વધુમાં વધુ સંખ્યા મેળવવી એ તેમનું ધ્યેય રહ્યું. સાથેસાથે દલિત વર્ગ માટે નાગરિક હકો, શાળામાં સહશિક્ષણ, એક કૂવેથી પાણી, આર્થિક ઉન્નતિ અને સામાજિક સમાનતા મેળવવા પ્રયત્નો આદર્યા, શિક્ષણસંસ્થાઓ શરૂ કરી, મજૂર પ્રવૃત્તિમાં ખૂબ રસ લીધો. કૉંગ્રેસ અને ગાંધીજી પ્રત્યેનો પ્રબળ વિરોધ ચાલુ રહ્યો, પાકિસ્તાનની હિમાયત કરી, બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટિશ સરકારને પૂરો સહકાર આપ્યો, પરિણામે ૧૯૪૨ માં વાઈસરોયે પોતાની કારોબારી વિસ્તૃત કરી ત્યારે આંબેડકરની નિયુક્તિ થઈ, અને મજૂર ખાતું તેમને સોંપાયું. ક્રિપ્સ મિશન, કેબિનેટ મિશન, ને બીજા રાજકારણના બનાવોમાં અગ્રસ્થાને રહ્યા. ચૂંટણીઓમાં તેમનો પક્ષ હાર્યો. ૧૯૪૬માં નહેરુએ વચગાળાની સરકાર રચી તેમાં આંબેડકરને સ્થાન ન મળ્યું. જગજીવનરામ, અને પછી જોગેન્દ્રનાથ મંડળ આવ્યા. કોન્સ્ટિટ્યૂટ એસેમ્બ્લીની રચના થઈ ત્યારે કયાંયથી ચૂંટાવાની શકયતા ન હોવાથી બંગાળમાંથી જોગેન્દ્રનાથ મંડળની મદદથી ચૂંટાયા. દેશના ભાગલા પડતાં, તે બેઠક પણ ગુમાવી. પણ મુંબઈમાંથી કૉંગ્રેસે તેમને ચૂંટયા. ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ પછી નહેરુએ નવું પ્રધાનમંડળ રચ્યું તેમાં આંબેડકરને લીધા અને લૉ મેમ્બર બનાવ્યા. જે કૉંગ્રેસ અને ગાંધીજીનો જીવનભર એમણે વિરોધ કર્યો તેણે જ તેમને માનભર્યું સ્થાન આપ્યું. તેમનું હૃદય જીતી લેવા કે

રાજકારણી જરૂરિયાત તરીકે પણ આ એક અદ્‌ભુત ઘટના હતી, જેણે આંબેડકરને દેશના બંધારણના મુખ્ય ઘડવૈયા બનાવ્યા અને ઈતિહાસમાં ચિરકાળ સુધી તેમને સ્થાન આપ્યું.

આ પછીનાં ૩ વર્ષો આંબેડકરના જીવનનો ઉત્તમ સમય કહેવાય. બંધારણનો ખરડો તૈયાર કરવા નિમાયેલ ૭ સભ્યોની સમિતિના તેઓ ચેરમેન હતા. બંધારણ તૈયાર કરવાનો ઘણો ભાર તેમને માથે પડયો. તેમની બધી શકિત અને બુદ્ધિ તેમણે તેમાં રેડી. ખરડો તૈયાર થયા પછી બે વર્ષ સુધી તેની છણાવટ વિધાનસભામાં ચાલી, તેમાં આંબેડકર અગ્રસ્થાને હતા. તે સમયે હું વિધાનસભાનો સભ્ય હતો ને આંબેડકરના મહાન કાર્યનો સાક્ષી હતો. દુનિયાના બધા દેશોનાં બંધારણોનો આંબેડકરે અભ્યાસ કર્યો અને ઘણાં ગૂંચવણભર્યા પ્રશ્નોની વિશદ રજૂઆત તેઓ કરતા. બંધારણનું કામ પૂરું થયું ત્યારે વિધાનસભાના પ્રમુખ રાજેન્દ્રબાબુ અને બીજા સભ્યોએ આંબેડકરને ધન્યવાદ અને અંજલિ આપ્યાં.

આ સમય દરમ્યાન બીજું મહાન કાર્ય આંબેડકરે Peoples Education Societyની સ્થાપનાનું કર્યું હતું. મુંબઈમાં સિદ્ધાર્થ કૉલેજ અને અન્ય બીજી કૉલેજો સ્થાપી, શિક્ષણના ક્ષેત્રે મોટો ફાળો આપ્યો.

દેશના ભાગલા પડયા ત્યારે પાકિસ્તાનમાં રહેલ હરિજનોની પરિસ્થિતિ ઘણી કફોડી થઈ. પણ આંબેડકરે દઢતાપૂર્વક સલાહ આપી કે કોઈ સંજોગોમાં ધર્માન્તર કરી ઈસ્લામનું શરણ ન જ લેવું. હિંદુ સમાજ અને હિંદુ ધર્મ સામે આંબેડકરનો પ્રબળ વિરોધ હોવા છતાં અને ઈસ્લામ, શીખ અથવા ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાનાં પ્રલોભનો છતાં આંબેડકર લલચાયા નહીં.

બૌદ્ધધર્મ પ્રત્યે તેમને શરૂઆતની જ આકર્ષણ હતું તે વધતું ગયું. તેનો ઊંડો અભ્યાસ પણ કર્યો. બૌદ્ધ ધર્મની પરિષદોમાં હાજરી આપવા સિલોન, બ્રહ્મદેશ, અને નેપાળ ગયા. અંતે ૧૪-૧૦-૧૯૫૬ને દિને નાગપુરમાં પોતાના લાખો અનુયાયીઓ સાથે ભગવાન બુદ્ધનું ત્રિવિધ શરણ સ્વીકાર્યું.

બંધારણનું કામ પૂરું થયા પછી બીજું મોટું કામ હિંદુ કોડનું હતું. આંબેડકર તે માટે બહુ ઈંતેજાર હતા. નહેરુ પણ ઈંતેજાર હતા પણ ઘણો વિરોધ હતો તેથી નહેરુ સાવચેતીથી કામ લેવા ઈચ્છતા. આંબેડકર બહુ અધીરા હતા, મનુસ્મૃતિ બાળી હતી તો બીજા સ્મૃતિકાર થવાની મહત્ત્વાકાંક્ષા હતી, છેવટ પૂરો કોડ એકસાથે થઈ ન શકે તેથી તેના જુદા જુદા વિભાગો ટુકડે ટુકડે લેવાનો નિર્ણય થયો. પ્રથમ લગ્ન અને લગ્નવિચ્છેદનો વિભાગ લીધો, પણ તેમાંય આંબેડકરે વિનાકારણે આક્રમક ભાષણો કરી, વિરોધ વધાર્યો. છેવટે તે ખરડો પણ તે વખતે પડયો મૂકવો પડયો. આંબેડકરનો પ્રકોપ ભભૂકી ઊઠયો અને પ્રધાનમંડળમાંથી ૧૯૫૧માં રાજીનામું આપ્યું. ૧૯૫૨ની ચૂંટણીમાં આંબેડકર અને તેમનો પક્ષ હારી ગયો. છેવટ રાજયસભામાં ચૂંટાયા અને ફરી ચાર વર્ષ કોંગ્રેસ અને નહેરુના વિરોધી થયા. આંબેડકરની તબિયત પણ લથડી હતી અને બગડતી ગઈ.

આંબેડકર ઘણા વિદ્વાન હતા. જ્ઞાન અને વાચન તથા જિજ્ઞાસા અમાપ હતી. ઢગલાબંધ પુસ્તકો જ્યાંથી મળે ત્યાંથી લાવતા. તેમનો ગ્રંથભંડાર સમૃદ્ધ અને વિશાળ હતો. સંજોગોએ તેમને રાજકારણમાં ધકેલ્યા ન હોત તો તેમના જ્ઞાનનો વારસો મોટો હોત. તેમના અભ્યાસખંડમાં વાંચતા-લખતાં આખી રાત વીતી જાય તો પણ એમને ખબર ન પડે, અને સવારે નોકર આવે ત્યારે પ્રભાત થયું છે એમ જાણે. આંબેડકરનું આખું જીવન એક મહાન સંઘર્ષ હતું. સંજોગો અને પ્રકૃતિએ તેમને ઘણી લડતો આપવાની ફરજ પાડી. તેઓ ઘણા નીડર હતા. લોકશાહીના સમર્થક અને સામ્યવાદના વિરોધી હતા. સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવ તેમના જીવનસિદ્ધાંતો હતા અને તેથી જ તેઓ બૌદ્ધ ધર્મ પ્રત્યે આકર્ષાયા. જીવનના અંત સુધી કામ કરતા રહ્યા. છઠ્ઠી ડિસેંબર ૧૯૫૬ને દિવસે તેમનું અવસાન થયું.

(આકાશવાણીના સૌજન્યથી) ચીમનલાલ ચકુભાઈ

સમ્યગ્‌દૃષ્ટિની વ્યાખ્યા

(સ્વ. પરમાનંદભાઈનાં લખાણોની ફાઈલો જોતાં જોતાં કી મુંબઈ જૈન યુવક સંઘના તે વખતના મુખપત્ર "તરુણ જૈન" ના ૧૯૩૬ના અંકમાંથી મળેલાં બે લખાણો ચિરંજીવ મૂલ્યવાળાં હોઈને નીચે પ્રગટ કરવામાં આવે છે. —તંત્રી)

સમ્યગ્‌દૃષ્ટિ. સર્વ બાબતોનું તારતમ્ય ઈતિહાસ અને વિજ્ઞાનને સમીપમાં રાખીને તારવે છે. મનુષ્યસમાજનો ઉત્તરોત્તર કેમ વિકાસ થયો. ઓજાર અને ખેતીની શોધથી માંડીને આજની એરોપ્લેન, રેડિયો, સુધીની શોધો કેમ થઈ. કેવળ જંગલી દશામાંથી અત્યારની જટિલ સમાજરચના કેમ ઊભી થવા પામી અને સ્થૂલ વિચારદશામાંથી નીતિ, ધર્મ અને અધ્યાત્મના સૂક્ષ્મ વિચારોનો કેમ વિકાસ થયો, તેનું ઉપલબ્ધ સાધનો વડે સંશોધન કરવું તે કાર્ય ઈતિહાસનું છે. આ રીતે વિચારતાં કોઈ પણ સમાજ-રચના અનાદિ સિદ્ધ હોઈ ન શકે; કોઈ પણ એક જ વ્યકિતના કથનમાં કે એક જ ગ્રંથની ઘટનામાં સર્વ સત્યોનો સમાવેશ થઈ ન શકે, કોઈ પણ ભાષાગ્રંથ કે ભાષામાં અવતરેલું સૂત્ર 'અનાદિ' હોઈ ન શકે. શોધની પાછળ નવા શાસ્ત્રો રચાય છે. સમાજની પરિસ્થિતિમાં ફેરફારો થતા જ ચાલે છે અને તે સાથે સમાજના પ્રશ્નો પણ રૂપાંતર પામતાં જ રહે છે અને તેના સમાધાનો કાળે કાળે નવાં સર્જાતાં રહે છે. સમયે સમયે, દેશે દેશે મહાન જ્યોતિર્ધરો જન્મે છે અને પ્રજામાનસને નવા પ્રકાશથી અજવાળે છે. આવા જ્યોતિર્ધર પુરુષો અવતાર, તીર્થંકર, બુદ્ધ, ક્રાઈસ્ટ કે પયગમ્બરના નામે ઓળખાય છે. આવા મહા પુરુષો સર્વ એક જ કોટિના હોય છે એમ નથી હોતું, તેમનો દરેકનો પરિપાક, આત્મીય વર્ચસ્વ અને જે જે દેશમાં તેઓ ઉત્પન્ન થયા હોય છે તે તે દેશકાળના ત્યાં સુધીના ખેડાણ ઉપર આધાર રાખે છે. પણ તેવા દરેક જ્યોતિર્ધર મહાપુરુષનું સામાન્ય કાર્ય જનતાને અસત્યમાંથી સત્ય તરફ, તમસ્‌માંથી જ્યોતિ તરફ લઈ જવાનું હોય છે. તેઓ ક્રાન્તદર્શી હોય છે. ભૂતકાળનો સર્વ અનુભવ તેમની પ્રજ્ઞામાં પ્રતિબિમ્બિત થાય છે, ભવિષ્યકાળના અભેદ્ય પ્રદેશને તેમની દૃષ્ટિ વીંધી શકે છે; અને તે ક્રાન્તદર્શનના યોગે વર્તમાનમાં વિચરતી જનતાને પરમ સત્યોના બોધપાઠો આપે છે અને મનુષ્યની સામાન્ય સ્થિતિ ઉપરથી લોકોત્તર સ્થિતિનો આદર્શ સર્જે છે. ભૂતકાળના પયગમ્બરો વિશે પ્રસ્તુત સમ્યગ્‌દૃષ્ટિ આ પ્રકારના ખ્યાલો ધરાવે છે. આ દૃષ્ટિ ભૂતકાળની મહત્તા સ્વીકારે છે; કાળે કાળે સર્જાયેલી સંસ્કૃતિના સૂત્રધારોને સત્કારે છે; અને પુરાણકાળથી આજ સુધી ખેડાયેલ જ્ઞાનપ્રદેશનું ગૌરવ કરે છે. આમ હોવા છતાં પણ તેનું સત્યદર્શન ભૂતકાળ સાથે જકડાઈ રહેવાની ના પાડે છે. તે ધર્મશાસ્ત્રોને પૂર્વકાળની વિજ્ઞાનવિષયક પ્રગતિના અનુમાપક તરીકે સ્વીકારે છે, પણ શાસ્ત્રસર્જન કાંઈ અમુક કાળ કે અમુક દેશ કે અમુક વ્યકિતઓનો ઈજારો છે એમ માનવાની તે બિલકુલ ના પાડે છે. શાસ્ત્ર હિમાલય ઉપર આવેલું કોઈ એક પરિમિત માનસસરોવર નથી, પણ જનપ્રદેશ વચ્ચે સદા વહેતી અને અનેક પ્રવાહોને સંધરતી જતી કલ્યાણવાહિની ગંગા છે.

(૧-૧૧-'૩૬ના અંકમાંથી) —પરમાનંદ

* * *

હું એમ માનું છું કે મૂર્તિ એવી હોવી જોઈએ કે જે તેની પાછળનો ભાવ સૂચવે. મહાવીર સ્વામીની મૂર્તિ ત્યાગીની છે તો પછી તેને અલંકારની શી જરૂર છે? મંદિરની શોભા પાછળ આટલો વ્યય બિનજરૂરી છે. કદાચ મહાવીર સ્વામી આવીને આજે પોતાની જ મૂર્તિ જુએ તો જરૂર તેમને પણ એમ થાય કે આ શું? જેનો મેં ત્યાગ કર્યો છે તેને જ તમે મારા ગળામાં પહેરાવો છો? અને આવી રીતે સાદાઈ લાવવાથી કદાચ દિગમ્બરો અને આપણે વધુ નજીક આવતા થઈશું. શણગાર એ તો રૂઢિની શૃંખલા છે.

(૧-૧૦-'૩૬ના અંકમાંથી) —પરમાનંદ

☆ સ્વ. પરમાનંદ કાપડિયા—પ્રથમ પુણ્યતિથિ : ખાસ પૂર્તિ ☆

પ્રથમ સંવત્સરીએ

શ્રી પરમાનંદભાઈના અવસાનને એક વર્ષ વીતી ગયું. સમયને જતાં વાર લાગતી નથી. પણ સ્મૃતિપટ પરનાં સ્મરણો એટલાં તાજાં અને ગાઢ છે કે જાણે ગઈ કાલે જ મળ્યા હોઈએ એવું જ મનને રહે છે. ગયા વર્ષની વસંત વ્યાખ્યાનમાળામાં ત્રણ વ્યાખ્યાનમાં તેઓ હાજર રહ્યા, અસ્વસ્થતાને કારણે ચોથા દિવસે હાજર રહી ન શકયા. આ વર્ષની વસંત વ્યાખ્યાનમાળામાં તેઓ હાજર હોત તો તેમને ખૂબ આનંદ થાત. ઉમર વધવા સાથે, સામાન્યપણે શારીરિક અને માનસિક મંદતા કે સ્થિતિસ્થાપકતા આવે છે. પરમાનંદભાઈમાં અંત સુધી જિજ્ઞાસાવૃત્તિ જાગ્રત રહી એટલું જ નહિ પણ પોતે સ્વયં વધારે વાચન કરી ન શકે એવી શારીરિક સ્થિતિ થતી ગઈ તેમ આંતરિક જિજ્ઞાસા વધતી ગઈ અને જ્યાંથી કોઈ પણ જ્ઞાનનો લાભ મળે એવી તકો વિશેષ કેળવતા રહ્યા. જિજ્ઞાસા સાથે સાચી નમ્રતા હતી, તેથી તેમના વ્યકિતગત સંબંધો ગાઢ અને સહૃદયી બનતા. મારી સાથે લગભગ ૩૫ વર્ષ સુધી એકધારો ગાઢ સંબંધ રહ્યો. મારી પ્રવૃત્તિઓ અને શારીરિક સ્થિતિને કારણે હું તેમને મળવા જઈ શકતો ન હતો. તે પોતે નિયમિત અઠવાડિયામાં બેત્રણ વખત મારે ત્યાં આવતા અને મારી અનુકૂળતા પ્રમાણે કલાક બે કલાક બેસે અને ઘણી વાતો થાય. મારામાં તેમને ઘણો વિશ્વાસ હતો. તત્ત્વજ્ઞાનથી માંડી, સામાજિક, રાજકીય સાહિત્ય એવા અનેક વિષયે અમારી ગોષ્ઠી ચાલતી. કોઈ વખત હું તેમને ત્યાં જઈ ચડું તો ખૂબ રાજી થતા અને હું પણ નિરાંતે બે કલાક બેસતો અને દિલ ખોલી વાતો કરતા.

આ અંકમાં મિત્રો તરફથી આવેલ કેટલીક સ્મરણાંજલિઓ, જે પહેલા સ્મૃતિ અંકમાં પ્રકટ થઈ શકી ન હતી તે પ્રકટ કરી છે. વિશેષમાં, પરમાનંદભાઈએ લખેલ કેટલાક પત્રો પ્રકટ કર્યા છે. પરમાનંદભાઈ સારા પ્રમાણમાં પત્રવ્યવહાર કરતા અને તેમણે લખેલ પત્રોની નકલો અને તેમના ઉપર આવેલ પત્રો સાચવી રાખ્યા છે. તેમાંના કેટલાક શ્રી ગીતાબહેને પસંદ કરી, સંકલિત કરી મોકલ્યા છે જે આ અંકમાં પ્રકટ થયા છે. ખાસ કરીને શ્રી નાનાભાઈ ભટ્ટ ઉપર લખેલ તા. ૨૫-૬-'૫૬નો પત્ર અને શ્રી હરભાઈ ત્રિવેદી ઉપર લખેલ તા. ૧૯-૧૧-૭૦નો પત્ર તેમના મનના આંતરિક પ્રવાહોનો ખ્યાલ આપે છે. ૧૯૫૬માં સુધારક વૃત્તિની તીવ્રતામાં મંદતા આવી અને કંઈક આંતરનિરીક્ષણ વધ્યું એમ જણાય છે. ત્યાર પછી તો ૧૫ વર્ષ વહી ગયા. માણસના વ્યકિતત્ત્વને અનેકવિધ પાસાઓ છે. તેનું બાહ્ય જીવન અને આંતરિક જીવન હમેશાં તાલબદ્ધ નથી હોતું, ખાસ કરી વિચારમાન વ્યકિત માટે. પરમાનંદભાઈએ કહ્યું છે તેમ તેમણે જીવનમાં સત્ય અને શિવનું ચિન્તન કર્યું છે પણ પ્રધાનપણે સૌન્દર્યની ઉપાસના કરી છે. તેમનો અભિગમ બૌદ્ધિક હતો અને સમાન કોટિની વ્યકિતઓમાં જ તેમનો રસ જામતો. મારી અને તેમની વચ્ચે પ્રકૃતિભેદ હોવા છતાં, આવી કાંઈક સમાનતા હતી. આર્થિક કે ભોગોપભોગની તૃષ્ણા તેમ જ સત્તાસ્થાન ઉપર આવવાની લોલુપતા તેમના મનને પીડતી નહિ. અભિમાન, ઈર્ષા, ક્રોધ યા લોભનો ચિત્ત ઉપર બહુ પ્રભાવ ન હતો. તેમના પ્રત્યે વિશાળ મિત્રસમુદાયના આકર્ષણનું આ મૂળ હતું. પારદર્શક પ્રમાણિકતા, આંતર - બાહ્ય, અને પોતાની મર્યાદાઓની સભાનતાથી મિત્રોના આદર અને પ્રેમ મેળવતા.

તેમની સ્મૃતિ ઘણાં ભાઈઓ અને બહેનોનાં અંતરમાં ચિરકાળ અંકિત રહેશે.

૭-૪-'૭૨ ચીમનલાલ ચકુભાઈ



ન ક્યારે હું મટ્યો તમારો
તમે મારા ન મટ્યા જરી
અને મારું તથા તમારું
વિશ્વ આ ન મટો કદી.

☆ અંજલિઓનો ધોધ ☆

[સ્વ. શ્રી પરમાનંદભાઈના તા. ૧૭-૪-'૭૧ના રોજ અવસાન થયા પછી તેમનાં પત્ની તથા પરિવાર પર શબ્દશ: અંજલિઓનો વરસાદ વરસ્યો હતો. સ્મૃતિઅંકમાં સ્થળસંકોચના કારણે કેટલાક અંજલિના પત્રો પ્રગટ કરી શકાયા ન હતા તે પૈકીના પત્રોમાંથી કેટલોક મહત્ત્વનો સારભાગ આજે રજૂ કરેલ છે. કેટલાક પત્રો તેમનાં પત્ની શ્રી વિજ્યાબહેનને તો કેટલાક પત્રો તેમનાં પુત્રી ગીતાબહેન પરીખને ઉદ્દેશીને લખાયેલા છે. –તંત્રી]

આપણે ત્યાં એક અભ્યાસી અને અનેક વિષયો ઉપર પોતાના અભિપ્રાયો હિંમતભેર આપનાર એક અચ્છા પત્રવિવેચકની એમના જવાથી ખોટ પડી ગઈ. એમણે 'પ્રબુદ્ધ જૈન'ને 'પ્રબુદ્ધ જીવન' સુધી પહોંચાડ્યું એવી એમની વ્યાપક દૃષ્ટિ હતી. મુંબઈ શહેરના લોકો તો એમને યાદ રાખશે પણ ગુજરાત પણ એમનું ઋણ નહિ ભૂલે.

તમારે તો પિતાની ખોટ ગઈ, કેવા પિતા? મિત્ર જેવા. એ વખતે તમે તો ભારે આઘાત અનુભવ્યો હશે. સૌ આપ્તજનોને હિંમત આપજો અને એમના જીવનમાંથી ઝીલાય એટલું ઝીલજો.
(આણંદ, તા. ૨૨-૪-'૭૧ના પત્રમાંથી) **બબલભાઈ મહેતા**

* * *

એ તો ભરપૂર જીવન જીવી ગયા. એમના જવાનો શોક ન હોય. એને માટે દિલાસાના શબ્દો લખવા તે પણ અર્થહીન લાગે છે. જીવનના સવાલોને વિચારપૂર્વક, રાગદ્વેષથી પર રહીને સમજવામાં ને નીરવૈર રીતે વ્યક્ત કરવામાં એમની બરોબરી કરવા આપણે સૌ મથીએ, એ જ એમને સાચી અંજલિ ગણાય.
(ભાવનગર, તા. ૧૮-૪-'૭૧ના પત્રમાંથી) **મહેન્દ્ર મેઘાણી**

* * *

મુરબ્બી શ્રી પરમાનંદભાઈ જેવા કર્મઠ તપસ્વી જતાં આપણે ખૂબ રંક થયા છીએ.
(અમદાવાદ, તા. ૩૦-૪-'૭૧ના પત્રમાંથી) **પ્રેમશંકર હ. ભટ્ટ**

* * *

એકવાર પેટભરીને ચર્ચાઓ કરવાનું મન થયું હતું, પણ હમેશની જેમ એ ખાળતો રહ્યો, ને આમ ધા રહી ગયો. તેઓ તો ગયા. આપણે દુ:ખ રડતાં રહ્યાં. સમય તેનો ઈલાજ કરશે. પણ 'પ્રબુદ્ધ જીવન'નું શું? જે ખબરદારીથી એમણે સમાજના જીવનને જાગતું રાખ્યું, તેનો નવો અવતાર થાય એવી ઈચ્છા અવશ્ય રહે.
(અમદાવાદ, તા. ૧૯-૪-'૭૧ના પત્રમાંથી) **પ્રબોધ**

* * *

ભાઈનું જવું એ અંગત ને કૌટુંબિક ખોટ તો છે જ, પણ એક મોટો 'પ્રબુદ્ધ જીવન' પરિવાર ગુજરાતમાં ને જ્યાં ગુજરાતીમાં વૈચારિક જાગૃતિ લાવનારું વાંચન પહોંચે છે ત્યાં, પથરાયેલો પડ્યો છે તેમને માટે પણ એક આઘાત છે... હજી હમણાં જ અહીં મળ્યા ત્યારે કહેતા હતા કે તમારાં બેય પુસ્તકો પર મારે લખવું છે પણ બાકી રહી જાય છે! કેટલો પ્રેમ!... તેઓ જતાં આજે કેટલી એકલતા! પણ ઈશ્વરેચ્છા ... કુટુંબમાં સૌને દિલસોજી સાથે.
(સણોસરા, તા. ૧૯-૪-'૭૧ના પત્રમાંથી) **ઈસ્માઈલભાઈ નાગોરી**

* * *

૨૫-૩૦ વર્ષથી એકધારી ઢબે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીપદે રહીને તેમણે તટસ્થતા, પ્રામાણિકતા અને નિર્ભયતાની છાપ ગુજરાતી પત્રકારત્વને ક્ષેત્રે ઉપસાવી છે. એમનું સ્નેહાળ, સહૃદયી અને સૌજન્યપૂર્ણ જીવન અનેકને માટે પ્રેરણાદાયી બન્યું છે. સમાજના વિચારઘડતરમાં ગાંધીજી - વિનોબાજીની સર્વોદય - દૃષ્ટિ પણ તેઓ પોતાની મૌલિક ઢબે નિરૂપતા રહ્યા છે. ચાલુ ઘટનાઓ – પછી ભલે તે ધર્મ, રાજકારણ કે સમાજકારણની હોય, તે વિશે તેઓ હિંમત, દૃઢતા અને સ્વસ્થતાથી પોતાના અભિપ્રાય જાહેર કરતા રહ્યા છે એટલું જ નહિ, પણ શ્રી પરમાનંદભાઈ અનેકવિધ બાહ્ય પ્રવૃત્તિઓ વચ્ચેય આધ્યાત્મિક સાધના માટે સક્રિય હતા, એ તેમની સાથે થયેલી વાતચીતો અને ચર્ચાઓમાં અનુભવવા મળ્યું છે.
(અમદાવાદ, તા. ૧૮-૪-'૭૧ના પત્રમાંથી) **હરીશ વ્યાસ**

* * *

તેઓશ્રી 'જન્મભૂમિ' સાથે સંકળાયેલા હતા ત્યારે હું પણ ત્યાં કામ કરતો હતો અને તેમના મમત્વ ને સ્નેહનો હમેશ અધિકારી બની શક્યો હતો. મારી સર્વ પ્રવૃત્તિઓમાં તેઓ સારો રસ લેતા અને જ્યાં જ્યાં કાંઈક સારું જોતાં ત્યાં હમેશ મુક્ત દિલે બિરદાવતા. એમને મળતો ત્યારે કુટુંબના વડીલને મળ્યાની હૂંફ પામતો. તેમની સાહિત્યપ્રીતિ, પત્રકારત્વને ક્ષેત્રે તેમનું પ્રદાન, તેમની ધર્મપરાયણતા અને ધર્મવિષયનું જ્ઞાન તથા પ્રભુત્વ અને સૌ ઉપર તેમની મીઠાશ અને તેમનું આભિજાત્ય હમેશ યાદ રહેશે.
(મુંબઈ, તા. ૧૯-૪-'૭૧ના પત્રમાંથી) **મધુકર રાંદેરિયા**

* * *

શ્રી વિમલાબહેન ઠકાર અને મને – બન્નેને અત્યંત દુ:ખ અને દિલગીરી થયાં. તમારું લાંબું – દીર્ઘજીવી સુખદ દામ્પત્ય આમ આ પાછલી ઉંમરે એકલું અને એકલવાયું થઈ ગયું એ પરિસ્થિતિ મિત્રોને દુ:ખી કરે તેવી છે. તમને શું આશ્વાસન આપવું એની સમજણ નથી પડતી. તમને કેટલી ને કેવી ખોટ એમની સાલશે એની કલ્પના આવતાં જ કંપ થાય છે. બહેન, તમે પહેલાં ગયાં હોત તો પરમાનંદભાઈની જે અપાર કરુણ દશા થાત તેમાંથી પ્રભુએ એમને બચાવી લીધા છે. તમે સ્ત્રી છો. દીકરીઓનાં વાત્સલ્ય અને ઓથની હેઠળ બાકીનું જીવન જીવી લેશો. પ્રભુ તમને એમનો વિયોગ સહન કરવાનું બળ આપો.

અમારી પણ લગભગ ૪૫ વરસની સ્વસ્થ અને નિ:સ્વાર્થ મૈત્રીનો અંત આવ્યો છે. એમનો સ્નેહ જે જે મિત્રો પામ્યા છે તેમને એમની ખોટ સાલ્યા વિના નહિ રહે. મુંબઈમાં પરમાનંદભાઈ નહીં મળે એ વાત મનાતી નથી. એમનું આવું અચાનક મૃત્યુ એ એમનું સૌભાગ્ય કહેવાય. માંદગીના બિછાનાથી એ ગભરાતા હતા. પ્રભુએ એમને એવી ગભરામણમાંથી ઉગારીને એનો અનુગ્રહ વરસાવ્યો છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપો. દીકરીઓને સાંત્વના અને સ્નેહ આપશો.
(વારાણસી, તા. ૨૦-૪-'૭૧ ના પત્રમાંથી) **કિશનસિંહ ચાવડા**

* * *

હું પણ તમારા કુટુંબમાંની એક જેવી છું. તમે વિવેકથી મનને વાર્યું હશે. તમારા ઉપર કાગળ લખવાનું મન હતું પણ કોઈ વાર મારી તબિયતના કારણે તો કોઈ વાર મારો કાગળ લખવા માટે કોઈ ગુજરાતી જાણકાર ન મળવાથી એ રહી જતું હતું. થોડા દિવસ પહેલાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે મારા ઉપર સ્મારક નિધિનો પરિપત્ર મોકલ્યો ત્યારથી વિચારને વધારે વેગ મળ્યો. આજે લખવાનો મોકો મળ્યો. હું 'પ્રબુદ્ધ જીવન' નિયમિત વાંચતી હતી અને તેમાં શ્રી. પરમાનંદભાઈના અને તેમના મિત્રોના ઉદાર વિચારો વાંચી મને આનંદ થતો હતો.
(કોસબાડ ટેકરી, તા. ૧૯-૪-'૭૧ના પત્રમાંથી) **તારાબહેન મોડક**

* * *

તમે જાણો છો તેમ અમારી મૈત્રી અરધી સદીથી વધુ જૂની હતી, એ વાતનું અમને બેઉને અભિમાન લાગતું. પોતાની કે સામાની યોગ્યતા કે સામાજિક દરજ્જાની મુદ્દલ પરવા ન કરતાં

અદનામાં અદના ઘરચાકર કે ચપરાશીથી માંડીને પંડિત સુખલાલજી, સ્વ. નાનાભાઈ, કે સર પ્રભાશંકર પટણી જેવી વિભૂતિઓ જોડે એક જ સરખી આત્મીયતાનો સંબંધ જાળવતા. આવી કમાણી ગાંઠે કરનાર બીજા કોઈ ગુજરાતીને મેં મારી લાંબી જિંદગીમાં જાણ્યો નથી.

તમારે તો આખર ઉંમરે લકવો થાય તેમ અરધું અંગ ગયું. પણ ભીંત ને કરો ભેગાં નથી પડતાં એવો સૃષ્ટિનો ક્રમ છે, અને આપણને બધાંને જ હવે મરણ હાથવેંતમાં કહેવાય. કોઈનેય બહુ છેટું પડવાનું નથી એમ સમજીને આશ્વાસન લેવું ને પ્રભુમાં ચિત્ત પરોવી બાકી રહેલા દહાડા પૂરા કરવાના.

આટલી જિંદગી 'વિજયાબહેન' હતાં. હવે ગંગાજી જેવાં પવિત્ર પૂજનીય થયાં તેથી આ પ્રસંગે તમને પ્રણામ કરું છું.

પરમાનંદભાઈ પૂરી ઉમ્મરે વગર માંદગીએ અને સેવાપ્રતિષ્ઠા માનપાનથી લદાઈને પળવારમાં સિધાવ્યા. આવા ધન્ય સુભાગી મરણનો શોક ન હોય. બહેનો તથા કુટુંબીઓને આશ્વાસન આપજો.

સ્વામી આનંદ

* * *

પરમાનંદભાઈના અવસાનનો આઘાત કુટુંબી અને સંબંધીઓને લાગે એ તો સહજ છે, પણ જ્યારે હું વિચારું છું ત્યારે મને સ્પષ્ટ લાગે છે કે પરમાનંદભાઈના અવસાનનો આઘાત હજારોના ચિત્તમાં એવો જ છે. જાણે કે તેમણે બ્રહ્મા વિષ્ણુ અને શંકરની ત્રિમૂર્તિનું જ સમાજ-જીવનમાં પ્રતિબિંબ પાડવાનો સતત પ્રયત્ન કર્યો હોય! એમનું એ મર્માળું હાસ્ય, વિનોદવૃત્તિ, ઊંડી જિજ્ઞાસા, સમાલોચક વૃત્તિ એ બધું હવે જોવું સરળ નથી. એમના જેવો પુરુષ ક્યારે સમાજના નસીબે હશે એની તો માત્ર કલ્પના જ કરવી રહી. પણ મોટું આશ્વાસન અમારા જેવા માટે એ છે કે અમે એવા એક ઉદાચરિત પુરુષના લાંબા કાળ સુધી સહવાસમાં રહ્યાં. હું તો ૬૩ વર્ષ જેટલા સમયથી તેમનો ઓછેવત્તે અંશે પરિચિત રહ્યો છું; અને અનેક વિચારો, સ્વપ્નો સાથે કર્યાં છે તેમ જ સેવ્યાં છે. છેલ્લે છેલ્લે અહીં જાણે કે છેલ્લી વિદાય લેવા જ ન આવ્યા હોય! તેમ ચાર વાર મળ્યા અને પ્રસન્નતા અનુભવી.

(અમદાવાદ, તા. ૨૨-૪-'૭૧ના પત્રમાંથી) **પંડિત સુખલાલજી**

* * *

અંગત પરિચય અલ્પ હતો છતાં તેમની ક્લમ એટલી પરિચિત હતી કે તે સ્વજન સમાન ભાસતા. ગુજરાતે એક અણમોલ વ્યક્તિ ગુમાવી. તેમની ઘણી ખોટ પડશે. માતુશ્રીને તથા સર્વે આપ્તજનોને આશ્વાસનના શબ્દો કહેવાનું મારું ગજું નથી.

તમે ખૂબ શાણા તથા સમજુ છો તેથી સૌને હિંમત આપશો જ.

(તીથલ, તા. ૨૪-૪-'૭૧ના પત્રમાંથી) **વિનોદિની નીલકંઠ**

* * *

અઠવાડિયા પહેલાં તો મુ. પરમાનંદભાઈ અહીં હતા, મને ફોન કર્યો, "ઘણા વખતથી મળ્યા નથી, તમે આત્યારે આવી શકો?" રાતના નવનો સમય હતો ને મારે એ જ વખતે બહાર જવાનું હતું, એટલે બીજે દિવસે સવારે અમે મળ્યાં. વાતો કરતાં જાણે ધરાતા ન હોય એવા ભાવથી એવી વહાલપથી તેમણે કંઈ કેટકેટલી વાતો કરી! એમને ઈન્દુબહેનને મળવું હતું. ભાવનગર જઈ આવ્યા પછી મળવાનું નક્કી કરી તે ગયા ને ભાવનગરથી આવી સવારે ફોન કરીને આવ્યા, અને ઈન્દુબહેન ઑફિસમાં આવ્યાં ત્યાં સુધી રોકાયા. જીવનભર તેમણે જાતના કરતાં અન્યની ચિન્તા વધુ કરી હતી, ને તે જ તેમની લાગણી આજની દેશ-પરિસ્થિતિ તેમ જ જગત-પરિસ્થિતિ પરત્વે વ્યકત થતી હતી. એમનું સંવેદનશીલ હૃદય જે વ્યથા અનુભવતું હતું તેની વ્યગ્રતા તેમના મુખ પરની રેખાઓમાં ને તેમની વાણીમાં અંકિત થતી હતી. ત્યારે ભાગ્યે જ મને ખ્યાલ હતો કે અન્યને દુ:ખે દુ:ખી ને અન્યનાં દુ:ખ નિવારવામાં જાતને સુખી લેખનાર મારા એ વડીલ ને સાધુચરિત મિત્ર સાથેની મારી એ અન્તિમ મુલાકાત હતી. વય થઈ હતી. ગમે તે પળે એવી વયમાં માણસે તૈયારી રાખવાની હોય છે ને તેઓ આ માટે વર્ષોથી માનસિક રીતે પૂરા સજ્જ હતા, એટલે એમણે તો એમની અન્તિમ પળોનું સ્વાગત કરતાં કહ્યું હશે, "સ્વાગતમ્! હું તૈયાર જ છું." હવે એ તે જગતમાં છે જ્યાં આપણે આશા રાખીએ, શ્રદ્ધા સેવીએ કે લઘુતા નથી, દ્વેષ નથી, હિંસા નથી, જ્યાં કેવળ પ્રેમ છે, - સત્ - ચિત્ત - આનન્દ છે, એમને માટે તો હવે ચેતનાનું આ ભવ્ય જગત છે - એટલે આપણે જે શોક કરવાનો છે તે તો આપણા માટે.

(અમદાવાદ, તા. ૧૯-૪-'૭૧ના પત્રમાંથી) **ઝીણાભાઈ દેસાઈ**

* * *

આપણા દેશ પાસેનો મુખ્ય પ્રશ્ન આપણા માનસપિંડને વ્યાપક કરી ભારતીય બનાવવાનું છે. નાના નાના વાડામાં ગૂંચવાયેલા આપણે ભારતમાં રહેવા છતાં ભારતીય બની શકતા નથી. શ્રી પરમાનંદભાઈનું એ મહાન કાર્ય છે કે તેમણે જૈન સમાજના ઉત્તમ જૈન બનતાં બનતાં ઉત્તમ ભારતીય થવા તરફ વળવાનો અખંડ પ્રયત્ન કર્યો. પોતાના મર્યાદિત ક્ષેત્રમાં પણ કેટલી મોટી સેવા થઈ શકે તેનું પરમાનંદભાઈ ઉદાહરણ હતા.

(ગાંધીનગર, તા. ૧૯-૪-૭૧ના પત્રમાંથી) **મનુભાઈ પંચોળી**

* * *

અમદાવાદથી ગઈ કાલે કાર્ડ મળ્યું તેમાં શ્રી પરમાનંદભાઈના અચાનક અવસાન થયાના દુ:ખદ સમાચાર મળ્યા. એક હિતૈષી, વિવેકી, ભાવનાશીલ, સૌમ્યમૂર્તિ, સમર્થ ચિંતક અને અનેકોના માર્ગદર્શક, પ્રશંસક, સદ્‌ભાવપ્રેરક, પુરુષોત્તમ જેવા એ મિત્ર અને સ્વજન ચાલ્યા ગયા. જૈન જનતાને પ્રબુદ્ધ જીવનની કલ્પના, ભાવના અને ચેતના આપનાર મિત્રાત્મા નિર્મળ ભાવે ચાલ્યો ગયો.

(ચંદેરિયા, તા. ૨૦-૪-'૭૧ના પત્રમાંથી) **મુનિ જિનવિજયજી**

* * *

તેઓ તમારા પિતા હતા પણ મારા જેવા અનેક કલાકારોના પરમ મિત્ર હતા. તેમની સજ્જનતા હવે અમોને ક્યાંય સાંપડશે નહીં. તમારાં પૂ. માતુશ્રી તથા અન્ય બહેનોને મારા તરફથી દિલાસો દેશો. હું ઝબ્બૂ તમારી પાસે ઈચ્છા હોવા છતાં આવી શકું તેમ નથી. હું હાઈ-બ્લડપ્રેશરના કારણે અહીં ખાટલામાં પડ્યો છું. પ્રભુ તમોને પિતૃવિયોગ સહન કરવાની શક્તિ આપે.

(બિરીવલી, તા. ૯-૪-'૭૧ના પત્રમાંથી) **જગન્નાથ અહિવાસી**

* * *

શ્રી પરમાનંદભાઈ ગયે, અકસ્માત ખબર મિલી, આઘાત લગા. આપ સબકે લિયે - પરિવાર કે લિયે ક્યા લિખૂં? સૂઝતા નહીં! આપ સબકે મનકી અવસ્થાકા વિચારસે મન અધિક વિહ્વલ હોતા હૈ. આજ ઈતનાહી લીખ સકતા હૂં. પરમાત્મા શ્રી પરમાનંદભાઈકો સદ્‌ગતિ દે. ઔર સબ પરિવારકો ઈસ કઠિન પ્રસંગમેં ઉચિત ધૈર્ય ઔર શાન્તિ દે! ઈતનાહી પ્રાર્થના!

(મુંબઈ ૫૦, તા. ૨૪-૪-'૭૧ના પત્રમાંથી) **કેદારનાથજી**

* * *

એ સ્ફૂર્તિભર્યા હતા. હમણાંના તો ઘરને વડીલ મળ્યા હોય એવા સામીપ્યનો લાભ અમને મળ્યો. હજી એમનો સાદ, એમની વાતો, એમની વત્સલ નજર, સામાના વિકાસમાં એમનો રસ બધું જ સાંભરે છે.

(ગાંધીનગર, તા. ૨૧-૪-'૭૧ના પત્રમાંથી) **હસિત બૂચ,**
જ્યોત્સ્ના બૂચ

મુ. પરમાનંદભાઈએ જાહેર જીવનમાં જે કાંઈ કર્યું છે, અને શોભાવ્યું છે, તે ગુજરાતી પ્રજા વિચારશે. પણ લગભગ ૧૯૩૮-૪૦થી તમને બન્નેને માતાપિતાની જેમ વડીલતુલ્ય જોયેલાં, તમારાં બન્નેનું વાત્સલ્ય મેળવેલું, અરે! મારાં વડીલો જતાં જે વેદના ભૂલવા હું તમારું સાન્નિધ્ય મેળવવા તમારે ત્યાં રવિવાર રવિવાર રાત્રે આવતી હતી તે હવે મેં ગુમાવ્યું છે એવું લાગતાં હૃદય ભારે થાય છે.

(અમદાવાદ, તા. ૨૦-૪-'૭૧ ના પત્રમાંથી) હીરાબહેન પાઠક

* * *

તમે બધા ભેગા મળીને સ્વ. ભાઈનું જીવનચરિત્ર આલેખો છો તે જાણીને મને સંતોષ થયો છે. એ નાનકડી જીવનકથાને ભૂમિકા તરીકે સ્વીકારીને લગ્ન પહેલાંના જીવન અંગે કાંઈ પણ નોંધવા જેવું હોય તો એમનામાં સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રીસંસ્કાર પરત્વે ઘણી ઉદાત્ત ભાવનાઓ ભરેલી હતી. એમની પ્રકૃતિ પ્રમાણે તમામ મિત્રોમાં પોતાના વિચારોનો પ્રચાર કરતા, એટલું જ નહિ પણ નજીકના મિત્રો પાસેથી તો કેટલા અંશે અમલ કર્યો છે તેનો હિસાબ માગતા. મારી પાસે પણ તેવો હિસાબ માગેલો અને હું તેમની પરીક્ષામાં સફળ થયો નહોતો!

બીજી અગત્યની નોંધવા જેવી બાબત એ છે કે ઉન્નત વિચારો કરવાની ટેવ દરેક જુવાનોને પડવી જોઈએ. વિચારો જેટલા ઉચ્ચ રહે તેટલો આચાર પણ ઉચ્ચ રહે. આ દૃષ્ટિએ તેમના વાર્તાલાપો તથા ચર્ચાસભાઓ માત્ર રસપ્રદ જ બની રહેતા નહોતા, પરંતુ વિચાર-પ્રેરક પણ બની રહેતા હતા.

ત્રીજી નોંધવા જેવી બાબત એ છે કે દરેક ગૃહસ્થીએ અમુક વર્ષે પહોંચ્યા પછી બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું જોઈએ.

આવી તો અનેક બાબતો છે તે યથા સમયે હું અને અન્ય મિત્રો નોંધીએ એટલે જીવનચરિત્ર ઘણું સમૃદ્ધ બનવાનું છે.

વિજયાબહેન હવે સ્વસ્થ રહે એવી વિનતિ છે.

(ભાવનગર તા. ૪-૫-૭૧ના પત્રમાંથી) હરભાઈ ત્રિવેદી

* * *

શ્રી પરમાનંદભાઈ જન્મે જૈન હતા પરંતુ હું માનું છું કે તે એક અકસ્માત હતો. વાસ્તવમાં તેઓ એક બ્રાહ્મણ અને જ્ઞાનકાંડી હતા. જૈન સમાજના તેઓ એક અગ્રેસર માનવરત્ન હતા એટલું જ નહીં પણ સમસ્ત સમાજના આભૂષણ હતા. જૈન સમાજ અને તેના પ્રશ્નો અને સમસ્યાઓ સાથે તેમણે તાદાત્મ્ય સાધવાનો આજીવન પ્રયત્ન કર્યો હતો. તો પણ તેઓ કેવળ જૈન સમાજની મૂડી નહોતા. સમસ્ત સમાજ, પ્રાન્ત અને રાષ્ટ્રના સ્પંદનો સાથે તેઓ સ્પંદન અનુભવતાં હતા. તેથી જ વ્યક્તિગત રીતે તેમ જ 'પ્રબુદ્ધ જીવન' દ્વારા તેમણે એક વિશાળ સમુદાય રચ્યો હતો જેમાં વિચારકો, ધર્મગુરુઓ, કવિઓ, લેખકો, કલાકારો, સામાજિક ને રાજકીય કાર્યકરો અને નેતાઓ સાથે તેમણે અણીશુદ્ધ હૃદયસંબંધનો પુલ રચ્યો હતો.

'પ્રબુદ્ધ જીવન' દ્વારા તેમણે વિધવિધ પ્રશ્નોની છણાવટ કરી છે, તેમાં તેમના અભ્યાસ, અવલોકન અને દર્શનની પ્રતીતિ આપણને થાય છે, તેઓ ક્રમે ક્રમે જેમ લખતા ગયા તેની સાથે જ તેમણે અનેક જણ પાસે કલમ પકડાવી છે અને વત્તેઓછે અંશે ઘણાને લખતા કર્યા છે. તેમનો આ ફાળો પણ નાનોસૂનો નથી.

(વિલેપાર્લે) રતુભાઈ દેસાઈ

* * *

મારા પરમ મિત્ર અને ૧૯૩૨-૩૩ ના નાસિક જેલના સાથીદાર પરમાનંદભાઈ ગયા! એ દિવસો મુશ્કેલીના હતા, તો પણ તેમનો ચહેરો સદૈવ હસતો રહેતો. શનિવારે મેં છાપામાં વાંચ્યું કે તરત હું સોનાપુર ગયો, પણ કોઈકે કહ્યું કે સ્મશાનયાત્રાને હજી વાર લાગશે. મેં વીસેક મિનિટ રાહ જોઈ. પછી હું નજીકના ચર્ચમાં ગયો ને ત્યાં મેં એમના માટે પ્રાર્થના કરી.

(મુંબઈ ૨૦, તા. ૧૯-૪-૭૧ના પત્રમાંથી) જોઆકીમ આલ્વા

* પિતાતુલ્ય શિરચ્છત્ર *

અપાત્ર અને અકિંચન એવા અમને - મને અને મારાં પત્નીને - શ્રી પરમાનંદભાઈએ જે સદ્‌ભાવ અને જે પ્રેમ આપ્યાં છે તેવો પ્રેમ અને તેવી મમતા, મને લાગે છે કે મુંબઈ જૈન યુવક સંઘના સમગ્ર પરિવારમાં કોઈને પણ તેમણે આપ્યાં નહીં હોય. કદાચ એમ પણ હોય કે તેમના નિકટના પરિચયમાં આવેલા ઘણા મિત્રોને એમના તરફથી એવી જ મમતા મળી હોય. શ્રી પરમાનંદ-ભાઈની સર્વતોમુખી પ્રતિભાનું પ્રધાન લક્ષણ જ આ હતું—નાનાં કે મોટાં સૌ પ્રત્યે પ્રેમભર્યો મૈત્રીભાવ. આપણે સૌએ તેમના જવાથી એક મૌલિક વિચારક અને નિર્ભીક પત્રકાર તો ગુમાવ્યો છે જ; પણ અમે તો એક પિતાતુલ્ય શિરચ્છત્ર ગુમાવ્યું છે.

લગભગ ૧૬ વર્ષ પહેલાં અમે અમદાવાદથી ધંધાર્થે મુંબઈ આવીને વસ્યા ત્યારથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું અમને ઘણું આકર્ષણ. અંધેરી રહેતાં હતાં ત્યારે પણ સવારે ઊઠીને, પરવારીને ૮ા-૮ાા વાગ્યે તો બ્લેવેટસ્કી લૉજ પર પહોંચી જ જઈએ. જ્ઞાનસત્રનો પૂરેપૂરો લાભ મેળવવાની અમારી વૃત્તિ રહેતી. એકાદ વાર વિલ્સન ડૅમના પર્યટનમાં જવાનું બન્યું, ત્યારે અમારો પરિચય વધ્યો. એમ કરતાં કરતાં અમે બીજા અનેક પ્રવાસ - પર્યટનો, સભાઓમાં જોડાતાં રહ્યાં અને એક દિવસ મારા જેવાને એમણે મુંબઈ જૈન યુવક સંઘનું મંત્રીપદ લેવાની વાત કરી ત્યારે હું ખરેખર જ નવાઈ પામી ગયો. મેં એમની વાતનો ઘણો વિરોધ પણ કર્યો, બીજાં નામો પણ સૂચવ્યાં; પરંતુ એમના આગ્રહ પાસે મારું ચાલ્યું નહીં.

૧૯૬૩-૬૪માં અમે બ્રીચકેન્ડી પરના નવા નિવાસસ્થાનમાં રહેવા આવ્યાં, ત્યારથી પરમાનંદભાઈ અમારે ત્યાં લગભગ નિયમિત આવતા.

યુવક સંઘની પ્રવૃત્તિઓ, પ્રબુદ્ધ જીવન, વ્યાખ્યાનમાળાઓ ઉપરાંત નાના-મોટા અનેક પ્રશ્નો વિષે અમે ચર્ચાઓ કરતા. ક્યારેક અમારી વચ્ચે મતભેદ પણ થતો. તેવા પ્રસંગે અચૂક તેઓ મારાં પત્નીનો અભિપ્રાય પોતાના પક્ષમાં મેળવી લેતા. પરિણામે હું મૌન રહેતો.

સવારે સાતેક વાગે અમે હંમેશાં અમારી બાલ્કનીમાં ચાપાણી પીતાં હોઈએ, ત્યાં જ નીચેથી તેઓ આવતા દેખાય. સફેદ લેંઘો, સફેદ ઝભ્ભો ને હાથમાં થેલી. ડોર - બેલ વાગે અને જો ઉપેન બારણું ખોલવા ગયો હોય તો અંદર પ્રવેશ કરતાં જ પૂછે: "બોલ, આજે તારો શું પ્રશ્ન છે?" એના પ્રશ્નો પણ વિવિધ પ્રકારના હોય. કોઈ વાર પૂછે કે "આત્મા કે પુનર્જન્મ છે જ, એની ખાતરી શું?" તો કોઈ વાર કહે કે "પરમાનંદભાઈ, અમારી નવી પેઢીને તમે લોકો જાતજાતનાં બંધનોમાં જકડી રાખો છો, અમને સ્વતંત્રપણે વિહરવું ગમે." અને પરમાનંદભાઈ નવી અને જૂની પેઢીના સમન્વય વિશે લંબાણ ચર્ચા કરે. એક વખત તો અમે અમારી ટી - સેશનમાં કોઈની ભૂલ વિશે વાત કરતાં હતાં ત્યાં પરમાનંદભાઈ આવ્યા તો અમે પૂછ્યું કે "પરમાનંદભાઈ, ભૂલ કોને કહેવાય?" જવાબમાં તેમણે ભૂલ, દોષ, ઈરાદાપૂર્વકની, ઈરાદા વગરની, એમ ભૂલ જેવા ક્ષુલ્લક વિષય પર પણ દાખલાદલીલો સાથે લાંબી ચર્ચા કરી.

અમને તેઓ ઘણી વાર લાગણીપૂર્વક કહેતાં: "હું છું ત્યાં સુધી મારી પાસેથી જે કાંઈ જાણવું હોય તે જાણી લો." મને એ વાતનો રંજ છે કે એમની આ સૂચનાનો અમે પૂરો લાભ ઉઠાવી ન શક્યાં.

એકવાર તેમની થેલીમાં એક અંગ્રેજી લેખ લઈને આવેલા. મને કહે, "તમે એનો ગુજરાતી અનુવાદ કરી આપો." મને પોતાને સાહિત્યનો ઘણો શોખ હતો, પરંતુ અંગ્રેજીનું ગુજરાતી હું કરી શકું એવો મને વિશ્વાસ ન હતો. પરમાનંદભાઈની પ્રેરણાથી મેં પહેલો જ અનુવાદ કર્યો. બીજે જ દિવસે એમનો અભિનંદનનો ટેલિફોન આવ્યો કે "તમે એકદમ સરસ કામ કર્યું છે, મારે ક્યાંય જોવાપાણું નથી, હવે તમારે આવું ઘણું કામ કરવું પડશે." ત્યારથી અંગ્રેજી લેખોનો અનુવાદ મારી પાસે કરાવતા. એ રીતે હું અંગ્રે-જીમાંથી અનુવાદ કરતાં શીખ્યો.

સદ્‌ગતના આત્માને હું એમની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે મારી નમ્ર નિવાપાંજલિ અર્પું છું.

૧૦-૪-'૭૨ સુબોધભાઈ એમ. શાહ

☆ સ્વ. પરમાનંદભાઈની પત્ર-પ્રસાદી ☆

[સ્વ. પરમાનંદભાઈએ એમના જીવનકાળ દરમિયાન અસંખ્ય વ્યક્તિઓ સાથે વિવિધ પ્રશ્નો વિશે પત્રવ્યવહાર કર્યો હતો. આ પત્રોમાંથી એમનો જીવન પ્રત્યેનો અભિગમ કેવો હતો તેમ જ સમાજ અને દેશને સ્પર્શતા વિધવિધ પ્રશ્નો વિષે તેઓ શું વિચારતા હતા એનો ખ્યાલ આવે છે. અહીં એમણે લખેલા કેટલાક પત્રોમાંથી મહત્ત્વની કંડિકાઓ સમયના અનુક્રમમાં ઉતારી છે –તંત્રી]

(તેમના પિતાશ્રી ઉપરના તા ૧૩-૧૨-'૩૦ના પત્રમાંથી)

અહીં પૂજ્ય લાભશ્રીજીએ આપેલી નવકારવાળી અવારનવાર ગણતો રહું છું. નિયમબદ્ધ થઈને કરવું મને ફાવતું નથી. એવી પ્રવૃત્તિ જ્યારે જ્યારે સ્વાભાવિક સ્ફુરણા થાય ત્યારે કરવાથી જેટલો લાભ થાય છે તેટલો નિયમ મુજબ કરવાથી લાભ થતો હોય એમ હું માનતો નથી. બાકી તો અમુક ક્રિયા કરીએ તે જ ધર્મ અને બાકી બધી પ્રવૃત્તિ અધર્મ–એ વિચાર જ ખોટો લાગે છે. જેમાં આવ્યા બાદ એવી થોડી થોડી જ ઘડીઓ જતી હશે કે જેને ધર્મા-તિરિક્ત લેખી શકાય. ચાલુ જીવનને ધર્મનું વિરોધી માનીને જ આપણે કેટલાય દંભોને ઉત્તેજન આપ્યું છે. આ દૃષ્ટિમાં ખૂબ ફેરફાર થવો જોઈએ.

આપનો પરમાનંદ

* * *

(પોતાની દીકરીનાં લગ્ન ઘોળ બહાર કરવા માટે જ્ઞાતિમાંથી રાજીનામું આપવાને લગતા શ્રી વીશા શ્રીમાળી નાત સમસ્તના મંત્રીજોગ લખેલો તા. ૬-૨-'૩૪નો પત્ર)

આ પત્ર લખું છું તેનું પ્રયોજન નીચેની વિગતોથી સ્પષ્ટ થશે.

આપણા દેશમાં એક કાળ એવો હતો કે જ્યારે રેલવે, તાર કે ટપાલની અત્યારે જેવી સગવડ વર્તે છે તેવી કોઈ પ્રકારની સગવડ નહોતી. એક સ્થળેથી અન્ય સ્થળે જવા–આવવાનો વ્યવહાર મુખ્યત્વે કરીને બળદગાડીમાં ચાલતો. સામાન્ય રીતે પ્રજા પોતપોતાના વતનને વીંટળાઈને જીવનનિર્વાહ કરતી. આવી પરિસ્થિતિ વચ્ચે સમાન સંસ્કારના ધોરણે રચાયેલાં જ્ઞાતિમંડળો મર્યાદિત ભૌગોલિક ક્ષેત્રમાં પોતપોતાનાં દીકરાદીકરીઓની આપલેનો વ્યવહાર કરતાં એ તદ્દન સ્વાભાવિક અને દેશકાળના સંયોગોને અનુરૂપ હતું.

આજે પૂર્વકાળની પરિસ્થિતિમાં અનેક પરિવર્તનો થઈ ગયાં છે. આજકાલ દિનપ્રતિદિન વધતી જતી રેલવે, તાર અને ટપાલની સગવડોથી કન્યાની લેવડદેવડને લગતાં ભૌગોલિક ટૂંકી મર્યાદા અર્થ–વિનાની બનતી જાય છે. ઉપર જણાવેલ જ્ઞાતિમંડળો એક કાળે સમાન સંસ્કાર, રૂઢિવ્યવહાર અને પરંપરાનાં ધોરણો ઉપર રચાતાં હતાં. આજે જે જ્ઞાતિમંડળોનાં જાળાં આખા દેશ ઉપર પથરાઈ પડ્યાં છે તે સર્વની બંધારણ આવા કોઈ પણ ધોરણ ઉપર અવલંબતી દેખાતી નથી. દાખલા તરીકે આજના દશા શ્રીમાળી, વીશા શ્રીમાળી, ઓશ-વાળ કે પોરવાડ વચ્ચે નામભેદ સિવાય બીજો કશો સંસ્કારભેદ દેખાતો નથી. બીજી બાજુએ એક જ જ્ઞાતિમાં ભિન્ન ભિન્ન ધર્મ અને સંપ્રદાયના માણસો પણ એકઠા થયેલા જોવામાં આવે છે. દાખલા તરીકે આપણે ત્યાંના દશા શ્રીમાળી વાણિયાઓમાં કેટલાક મૂર્તિપૂજક જૈન, કેટલાક સ્થાનકવાસી જૈન અને કેટલાક વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ માલૂમ પડે છે, અને એમ છતાં તેઓ અંદરઅંદર કન્યાની આપલે કરે છે. વળી એક કાળે સમાન વ્યવસાય, વ્યાપાર કે ઉદ્યોગના ધોરણે જ્ઞાતિઓનાં નિર્માણ થતાં, પણ આજે જ્ઞાતિજનોના વ્યવસાયમાં પણ એવી કશી એકરૂપતા દૃષ્ટિગોચર થતી નથી. તેથી ગુણલક્ષણના દૃષ્ટિબિંદુએ જ્ઞાતિજનોને પરસ્પર આકર્ષે અને જોડાયેલા રાખે એવું કશું તત્ત્વ હાલ રહ્યું નથી. કન્યાની લેવડદેવડમાં ધર્મ, ભાષા કે દેશની મર્યાદા સમજી શકાય છે, કારણ કે પ્રત્યેક ધર્મ, દેશ કે ભાષા ચોક્કસ સંસ્કારોનાં પ્રતીક હોય છે પણ આજની નજીક નજીકની જ્ઞાતિ-ઓમાં પરસ્પરનાં ભેદક આવાં કોઈ પણ લક્ષણો દેખાતાં નથી. આ કારણથી કન્યાની લેવડદેવડ અમુક જ્ઞાતિમાં જ થવી જોઈએ તે મંતવ્યમાં રૂઢિપરંપરા સિવાય બીજું કાંઈ પણ વાસ્તવિક કારણ મારા ધ્યાન ઉપર આવતું નથી અને તેથી પોતાનાં બાળકોને વરાવવા સંબંધમાં વર્તમાન જ્ઞાતિનું વર્તુલ સ્વીકારીને ચાલવાની મારી બુદ્ધિ ચોખ્ખી ના પાડે છે.

મુંબઈ જેવા પચરંગી શહેરનો વસવાટ પણ પોતપોતાના વતનને લગતી જ્ઞાતિ કે ઘોળનાં બંધનોની ઉપેક્ષા કરવા પ્રેરે છે. કન્યાની લેવડદેવડ સાધારણ રીતે પરસ્પર પરિચિત કુટુંબોમાં જ થઈ શકે છે. અમારી જેવાનાં પરિચિત કુટુંબો ઘણું ખરું આપણી જ્ઞાતિનાં હોતા નથી; અને આપણી જ્ઞાતિનાં કુટુંબો ઘણું ખરું વતનવાસી હોવાથી અમને પરિચિત હોતાં નથી. આ કારણે મુંબઈ જેવા મોટા શહેરમાં વસનારાને સ્વાભાવિક રીતે પોતપોતાનાં ઘોળ તોડવાનું વિશેષ પ્રલોભન રહે છે.

આજે વળી છોકરાછોકરીઓ મોટી ઉમ્મર સુધી કુંવારાં રહીને અભ્યાસ કરતાં હોય છે. આ છોકરાછોકરીના સંબંધો જોડવામાં કેવળ માબાપના અભિપ્રાયો કે વલણો કામ લાગતાં નથી. પોતાનાં બાળકોની ઈચ્છા અને વલણ ધ્યાનમાં રાખીને ચાલવું એ જે માબાપો પોતાના બાળકોને મોટી ઉમ્મર સુધી કુંવારા રાખીને ભણાવવા માગતાં હોય તેમનો ખાસ ધર્મ થઈ પડે છે. આ સંયોગોમાં માબાપની ઘોળના વર્તુલને વળગીને ચાલવાની ઈચ્છા હોય તો પણ તે પ્રમાણે વર્તવાનું તેમના માટે લગભગ અશક્ય થઈ પડે છે. કારણ કે મોટી ઉમ્મરનાં બાળકો ઉપર લગ્નવિષયમાં કદી પણ જબરજસ્તી થઈ શકતી જ નથી.

આવા મારા વિચારો અને આવા મારા સંયોગો હોઈને આપણી જ્ઞાતિની મર્યાદાના વર્તુલથી નિરપેક્ષ રીતે મારી દીકરીઓના યોગ્ય કાળે વિવાહસંબંધો યોજવાનો હું વિચાર ધરાવું છું. આજના કાળમાં કન્યાની આપલેની અમુક નક્કી કરેલી મર્યાદા ઉપર જ આખી જ્ઞાતિની ઈમારત ઊભેલી હોઈને આ પ્રકારની છૂટ જ્ઞાતિની અંદર રહીને લેવી તે કોઈ પણ રીતે ઉચિત ગણાય નહિ. હું તો ઈચ્છું કે આજના પરિવર્તન પામેલા કાળસંયોગોમાં ભિન્ન ભિન્ન જ્ઞાતિઓ કન્યાઓની લેવડદેવડને લગતા પ્રતિબંધો દૂર કરીને મારા જેવાનો માર્ગ સરળ કરે. પણ જ્ઞાતિઓની વર્તમાન મનોદશામાં આવી ઈચ્છા કેવળ આકાશકુસુમવત્ લેખાય. તેથી મારા માટે આજે એક જ માર્ગ છે કે મારી દીકરીઓનો જ્ઞાતિના વર્તુલથી નિરપેક્ષ રીતે વિવાહ-સંબંધ યોજવાની હું પ્રવૃત્તિ કરૂં તે પહેલાં મારે આપણી જ્ઞાતિમાંથી રાજીનામું આપવું.

આ મુજબ હું આપને વિનતિ કરું છું કે આ પત્ર મળતાં પંદર દિવસની અંદર આપણી જ્ઞાતિની સભા બોલાવવી અને આ મારું રાજીનામું આપે રજૂ કરવું અને જ્ઞાતિના એક સભ્ય તરીકેની સર્વ જવાબદારી અને અધિકારોથી મને મુક્ત કરવો. જો ઉપર જણાવેલ મુદત સુધીમાં મારું રાજીનામું મંજૂર કરવામાં નહિ આવે તો જાહેર જનતાને જાણ કરવા ખાતર આ પત્ર મારે છાપાઓમાં પ્રગટ કરવો પડશે અને હું તે દિવસથી મારી જાતને જ્ઞાતિને લગતાં સર્વ બંધનોથી મુક્ત થયેલી ગણીશ.

અહીં સ્પષ્ટ કરવાની જરૂર છે કે આ રાજીનામા સાથે મારા પિતા, ભાઈ કે અન્ય વડીલોને કશો પણ સંબંધ નથી અને તેથી

આ પત્ર આપને મળે ત્યારથી પંદર દિવસ બાદ હું જે કંઈ કરું તેની સર્વ જવાબદારી અને જોખમદારી મારે એકલાને શિર રહે છે.

પરમાનંદ કુંવરજી કાપડિયા

* * *

(શ્રી નાનાભાઈ ભટ્ટ પર તા. ૨૫-૬-'૫૬ના રોજ લખેલો પત્ર)

તમારો તા. ૧૧-૬-'૫૬નો કાગળ મળ્યો અને વાંચીને આનંદ થયો. આ પત્રમાં તમે આજે જે પ્રકારનાં માનસિક અને આધ્યાત્મિક સંવેદનોમાંથી પસાર થઈ રહ્યા છો તેનો ખ્યાલ આપવા તમે પ્રયત્ન કર્યો છે. આમાં કેટલુંક subjective છે એટલે આ ઉમ્મરે તમે જે Feel કરી રહ્યા છો એ feeling તમારી પોતાની જ હોય. બીજું કેટલુંક એવું છે કે જે અનુભવ તરફ મારી જેવા અનેક પુખ્ત ઉમ્મરના લેખાતા લોકો જઈ રહ્યા હોય. મને સમાનધર્મીના સ્થાને સ્થાપીને તમે ખુલ્લા દિલથી આ બધું લખ્યું તે રીતે તમે મારું ગૌરવ કર્યું છે એમ મને લાગે છે.

આજે મારો અનુભવ પણ કંઈક આવો છે. અંગત સંબંધોની આસક્તિ ઉત્તરોત્તર ઓછી થતી જતી લાગે છે. લાગણીઓની તીવ્રતા પણ હળવી બનતી જતી લાગે છે. જે અનેક બાબતોને મન ખૂબ મહત્ત્વ આપતું હતું તે બાબતો, તમે જણાવો છો તેમ મને પણ હવે બહુ નાની લાગે છે. ચિન્તનની દૃષ્ટિએ વર્તમાનકાળ અને સમીપના ક્ષેત્ર ઉપર ચિત્ત ગાઢપણે કેન્દ્રિત રહેતું હતું તેના બદલે ચિન્તન અથવા તો માનસિક દૃષ્ટિ હવે ઘણા વ્યાપક ક્ષેત્ર અને કાળપ્રદેશને સ્પર્શે છે અને તેથી આગળનાં વર્ષો દરમિયાન નિશ્ચિત માનેલાં મૂલ્યોમાં સતત પરિવર્તન થઈ રહેલું માલૂમ પડે છે. સમાજ-સુધારક તરીકેનો મનમાં જે આવેગ અને અભિમાન રહેતું હતું તે બન્ને ધીમે ધીમે શમી જતાં દીસે છે અને સમાજને માત્ર એક બાજુએથી જોવાને બદલે અનેક બાજુએથી જોવાની વૃત્તિ અને તાકાત ઉભય વધતી જાય છે. દેશમાં અને સમાજમાં બનતી અનેક બાબતો ચિત્તમાં અનુકૂળ યા પ્રતિકૂળ તીવ્ર પ્રત્યાઘાતો પાડતી અને તેથી દરેક બાબત ઉપર બોલવા અને લખવાનો મનમાં સળવળાટ રહ્યા કરતો. આજે એ પ્રત્યાઘાતો મંદ પડતા જાય છે. ઘણી વાર પેદા થતા જ નથી અને તેથી લખવાની બાબતમાં મન ઘણી વાર શૂન્યતા અનુભવે છે. પહેલાં એકની એક વાત દશવાર ઘૂંટતાં થાકતો નહીં. આજે એકની એક વાત ઉપર બીજી વાર લખતાં કલમ ચાલતી જ નથી. કોઈ પણ બાબત ઉપર લખવા બેસું તો પ્રારંભમાં મગજમાં શૂન્યતા અનુભવું છું અને કલમ વેગ પકડતી નથી, પછી વિચાર ધીમે ધીમે કાંઈક આકાર લેતો લાગે છે અને કલમ પણ ગતિ પકડે છે. આ પ્રમાણે તૈયાર થયેલા લખાણનું પ્રાથમિક સ્વરૂપ સંતોષ આપતું નથી અને તેમાં અનેક સુધારાવધારા કરવા પડે છે. આખરે અંદરના વિચારને સંતોષકારક આકાર આપાયો છે એમ અનુભવ થાય છે અને self-expressionનો જે એક વિશિષ્ટ આનંદ છે તે અનુભવું છું. પણ પ્રત્યેક લખાણ હવે ઘણો શ્રમ માગે છે અને તેનો થાક પણ લાગે છે. સમાજ અને દેશના અનેક પ્રશ્ન એવા છે કે જે વિષે મને કશી સ્પષ્ટ સૂઝ પડતી નથી. અને આ રીતના મારા અજ્ઞાનથી અથવા તો સૂઝના અભાવથી મને ઘણું દુ:ખ અને ગ્લાનિ થાય છે. કોઈ વાર આણધારી સૂઝ અંદરથી ઊગે છે અને મન પ્રસન્નતા અનુભવે છે.

વસ્તુસ્થિતિ એમ લાગે છે કે પહેલાં કોઈ પણ વિષય કે વસ્તુની ઉપરની ભૂમિકાનો સ્પર્શ સંતોષ આપતો હતો અને લખાણો પણ તેવાં જ નિર્માણ થતાં હતાં. હવે મન દરેક વસ્તુ અને વિષયને ઊંડાણથી સ્પર્શવા માગે છે અને શબ્દનિરૂપણ પણ કોઈ મૌલિક વિચારપ્રેરિત બને એમ મન ઝંખે છે. પણ એવો ઊંડો સ્પર્શ અને એવી મૌલિક વિચારણા ભાગ્યે જ અનુભવનો વિષય બને છે.

કોઈ આર્થિક કે ભોગોપભોગની તૃષ્ણા તેમ જ સત્તાસ્થાન ઉપર આવવાની લોલુપતા સાધારણ રીતે હવે મનને પીડતી નથી. આજ સુધીનું આખું જીવન-પરિભ્રમણ માનસિક ભૂમિકા ઉપર રહીને કર્યું છે. એથી ઉપરની જે કોઈ ભૂમિકા હોય તે પ્રાપ્ત કરવા હું ઝંખું છું. કોઈ નવા ચૈતન્યની સ્ફુરણા અંદરથી થાય એવી પ્રાર્થના મન અવારનવાર ચિન્તવે છે. પણ એવો કોઈ ઊર્ધ્વ ચેતનાનો ઉદય માનસિક ક્ષિતિજ ઉપર હજુ દેખાતો નથી. જ્ઞાન વધારે ઊંડાણ શોધે છે. પ્રેમભાવ વિશેષ અને વિશેષ વ્યાપ્તિ ઝંખે છે. બીજી બાજુએ વધતી જતી શારીરિક વિકળતા મનને નબળું પાડતી જતી લાગે છે અને મગજ અથવા તો જ્ઞાનશક્તિને પણ શિથિલ બનાવતી હોય એવો અનુભવ થાય છે. શારીરિક વિકળતાને જીતીને પણ મન અને મગજ આગળ ચાલવાં જોઈએ, પણ આગળ ચાલતાં નથી. તેનું કારણ અંદર ઘટ્ટ બનેલો શારીરિક અધ્યાસ હોય એમ હું ધારું છું.

મૃત્યુના બહુ વિચારો આવતા નથી, પણ એનો કોઈ ખાસ ભય નથી. એ નજીક આવી રહ્યું હોય એમ દેખાય અને એમ છતાં હજુ મારે ઘણું કામ કરવાનું છે એવી ઊર્મિ પણ અવારનવાર ચિત્તને સ્પર્શ્યા કરે છે.

પાછળ નજર કરતાં ઊંડો પશ્ચાત્તાપ કરવા જેવું કંઈ કર્યું હોય એમ તો નથી લાગતું, પણ વાતોમાં અને વ્યક્તિગત ધોલછાઓમાં મેં ઘણો સમય નિરર્થક ગાળ્યો છે એમ મનમાં લાગે છે અને તે કઠે છે અને 'આટલું તો મેં સાધ્યું છે' એવો કોઈ સંગીન સંતોષ અનુભવવા જેવું કશું દેખાતું નથી. એટલાં જ વર્ષો આ સમજણ સાથે ફરીને જીવવાનાં હોય તો ઘણી ભૂલોને સુધારીને જીવન વધારે અર્થપૂર્ણ બનાવી શકું એમ લાગે છે. પણ આ બધું રાંડ્યા પછીના ડહાપણ જેવું કહેવાય. મેં સત્ય અને શિવનું ચિન્તન કર્યું છે, પણ પ્રધાનપણે સૌન્દર્યની ઉપાસના કરી છે. સૌન્દર્યની પહેલાના ખ્યાલોમાં પણ આજે હું ઘણું પરિવર્તન થઈ રહેલું અનુભવું છું અને આસપાસની સૃષ્ટિમાં તમારી માફક હું અવનવું સૌન્દર્ય અનુભવું છું. નબળા પડતા શરીરને કારણે તેમ જ આર્થિક તંગીના કારણે કદાચ શક્ય નહિ બને પણ હિમાલયમાં દિલ ધરાય એવું પરિભ્રમણ કરવાની ઝંખના મનમાંથી ખસતી નથી.

ખાનપાનની મને કદી તીવ્ર વાસના હતી નહિ અને જે હતી તે પણ મંદ પડતી લાગે છે. અભિમાન, ઈર્ષ્યા, ક્રોધ યા લોભનો ચિત્ત ઉપર બહુ પ્રભાવ નથી દેખાતો. બીજી બાજુએ પ્રમાણમાં આજે પણ કામવૃત્તિ દુર્જેય લાગે છે. આના પૂર્વ સંસ્કારો ભૂંસાવા મુશ્કેલ લાગે છે. આમ છતાં સમભાવ તરફ ચિત્તની પ્રગતિ થઈ રહી હોય એવી પ્રતીતિ મન અનુભવે છે. સૌન્દર્યાનુભવની આજે પણ એટલી જ ભૂખ છે. જ્ઞાનના પ્રદેશમાં આજે પણ મારા મનની સ્થિતિ એકડા ઘૂંટતા અને આગળ વધવા મથતા વિદ્યાર્થી જેવી છે. સેવાની ભાવના મનમાં આજે પણ જીવતીજાગતી છે. પણ ઘણીખરી બાબતમાં મારો અભિગમ બૌદ્ધિક હોઈ સમાન કોટિની વ્યક્તિઓમાં જ મારો રસ જામે છે. વ્યાપક બંધુત્વ અને કરુણા હું સમજું છું પણ તેને અનુરૂપ કોમળતાનો મારા હૃદયમાં ઉદય થયો દેખાતો નથી. દીનદુ:ખ્યા, પીડિત વિષે આત્મીયતા અનુભવું છું, પણ તે હૃદય કરતાં બુદ્ધિથી વિશેષ પ્રેરિત હોય એમ લાગે છે.

આમ મારી જાત મને જેવી દેખાય છે તેનો નકશો જેવો સૂઝ્યો તેવો તમારી આગળ આલેખવા—એ જ સુહૃદ ભાવથી આકર્ષાઈને-મેં પ્રયત્ન કર્યો છે.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તમે અહીં આવી શકો? મનુભાઈ આવી શકે ખરા? જવાબ અને પહોંચ લખશો.

તમારો પરમાનંદ

તા. ક. આ પત્રના પાંચમા પાના ઉપરના બીજા પારીગ્રાફમાં જીવનનો ઘણોખરો સમય એક યા બીજી વ્યકિત પાછળની ઘેલછામાં નિરર્થક પસાર ક્યાંનો જે ઉલ્લેખ છે અને તે અંગે મનની જે ગ્લાનિ પ્રગટ કરી છે તેની બીજી બાજુ પણ છે અને તે એ કે દરેક માણસ પોતાના પ્રકૃતિધર્મને અનુસરે છે. પોતાનો પ્રકૃતિધર્મ એટલે પોતાના મનનાં વિશિષ્ટ વલણો. કર્મની પરિભાષામાં આપણે એમ કહીએ છીએ કે પ્રારબ્ધના ભોગ ભોગવ્યે જ છૂટકો છે. આ ભોગ માણસ બે રીતે ભોગવે છે; એક તો કેવળ અંધ બનીને, બીજું અમુક સમય કેવળ અસહાય બનીને. તો અન્ય સમયે તેનો સામનો કરતો કરતો. આ સામનો માનવીમાં રહેલી ઊર્ધ્વ દૃષ્ટિ-પ્રેરિત હોય છે. બીજી કોટિનો માનવી આખરે કાંઈક તૃપ્તિ અનુભવીને અને કાંઈક ઉન્મુખ બનીને જીવનને નિરર્થક બનાવતા પ્રાકૃતિક વલણમાંથી ધીમે ધીમે મુકિત મેળવે છે. આમ પ્રકૃતિના એક પછી એક એમ અનેક દુર્ગો સાધે છે અને આગળ વધે છે. આ રીતે જેને હું નિરર્થક જીવન તરીકે લેખું છું, તે મારા માટે કદાચ આગળ વધવાની સીડીરૂપ પણ બનેલ હોય કારણ કે ઊર્ધ્વ દૃષ્ટિથી તદ્દન વંચિત એવી કદી પણ મારી જીવન દશા હતી નહીં એમ હું માનું છું.

ઈશ્વર વિષે મને હજુ કોઈ સ્પષ્ટ ખ્યાલ નથી તેથી ઈશ્વરમાં આપૂર્ણ શ્રદ્ધા હોવાનો હું દાવો કરી શકું તેમ નથી. પણ સર્વવ્યાપક એવા ચૈતન્યના અસ્તિત્વને હું અવારનવાર strongly feel કરું છું. પૂર્વજન્મ – પુનર્જન્મની માન્યતા તરફ મારું મન હમેશાં ઢળતું રહ્યું છે અને ઐહિક જીવનના અન્ત સાથે જે પૂરી નથી થવાની એવી યાત્રાના લાંબા પંથ ઉપર દૃષ્ટિ અવારનવાર દોડયા કરે છે અને જે આજે અહીં સધાયું નથી તે આગળ અન્યત્ર અન્ય દેહે સધાવાનું છે એવી પ્રતીતિ અથવા તો શ્રદ્ધા મનને સતત પ્રોત્સાહિત રાખે છે. **તમારો પરમાનંદ**

* * *

(મુનિશ્રી મણિચન્દ્રજીને લખેલા તા. ૫-૪-'૫૬ના પત્રમાંથી)

ભગવાન મહાવીરના ચરિત્ર અને તત્ત્વજ્ઞાન વિષે દુનિયાનો મોટો ભાગ જરૂર અજાણ છે અને તેને પ્રસિદ્ધિ આપવા માટે ઉચિત સર્વ પ્રયત્નો જૈન સમાજે જરૂર કરવા જોઈએ. પણ સાથેસાથે મારે, આપે અને સૌએ સમજી લેવાની જરૂર છે કે ભગવાન બુદ્ધના ચરિત્રમાં જે Human અપીલ છે તે તેટલા પ્રમાણમાં મહાવીરના જીવનમાંથી કદી પણ ઊભી થઈ શકે તેમ નથી, અને તેથી આ દૃષ્ટિએ ભગવાન બુદ્ધનું સ્થાન વિશાળ જનતાના દિલમાં હમેશાં અનોખું અને ભગવાન મહાવીર કરતાં ચઢિયાતું રહેવાનું જ છે. તેથી ભગવાન બુદ્ધની જયન્તી ભારત સરકાર ઉજવે છે તો ભગવાન મહાવીરની જયન્તી ભારત સરકાર કેમ ઉજવતી નથી એવો પોકાર કર્યા કરવો અને ધોખો કર્યા કરવો એ ઉચિત નથી. એમ કરવામાં આપણી સાંપ્રદાયિક વૃત્તિ અને અન્ય વિષેનો તેજોદ્વેષ જ આપણે પ્રગટ કરીએ છીએ. **આપનો પરમાનંદ**

* * *

(શ્રી ઈશ્વર પેટલીકર ઉપરના તા. ૩૧-૧૨-'૫૭ના પત્રમાંથી)

મારે મન તો આ વાત સાવ સાદી અને સીધી છે. જ્યારે કોઈ પણ સ્ત્રી અને પુરુષ લગ્નથી જોડાય છે ત્યારે બન્નેએ જિંદગી સુધી અથવા તો આજના સમયમાં છૂટાછેડા લેવાનો પ્રસંગ ઊભો ન થાય ત્યાં સુધી એકમેકને વફાદાર રહેવું જોઈએ એ લગભગ સર્વસ્વીકૃત ખ્યાલ છે અને એના ઉપર જ ગૃહસ્થાશ્રમની સ્થિરતાનો આધાર છે. કોઈ પણ પરિણીત પુરુષે કે સ્ત્રીએ પરસ્પરને વફાદાર રહેવું એનો અર્થ એવો નથી કે તેણે અન્ય સ્ત્રી કે પુરુષ સાથે કશો પણ પ્રેમસંબંધ રાખવો નહિ કે કેળવવો નહિ. પણ આ પ્રેમસંબંધ, લગ્નસંબંધની પવિત્રતા અથવા તો નિશ્ચળતાનો ખ્યાલ રાખીને, એ હદ સુધી જવો ન જોઈએ કે જેમાં પુરુષ અથવા સ્ત્રીનું મન વિચલિત થાય અને જેની સાથે પોતે જોડાયેલ છે તેને છોડીને અન્ય સાથે લગ્નસંબંધથી જોડાવાનો પ્રસ્તુત પુરુષ અથવા સ્ત્રી વિચાર કરે. આ એક નૈતિક અથવા તો વ્યવહારગત વિચાર છે. આ સ્વીકારવામાં આવે તો પણ આપણા સમાજમાં એવા કિસ્સાઓ જરૂર બનવાના કે જેમાં કોઈ એક પુરુષ પોતાની પરિણીત સ્ત્રીને છોડીને અન્ય કોઈ સ્ત્રી સાથે લગ્નસંબંધથી જોડાવાનો વિચાર કરવાનો અને અન્ય અપરિણીત સ્ત્રી પહેલાની પરિણીત સ્ત્રીનું સ્થાન લેવાને તૈયાર થવાની. આ જેમ પરિણીત પુરુષની બાબતમાં બનવાનું તેવી જ રીતે પરિણીત સ્ત્રીની બાબતમાં પણ બનવાનું. આ પરિસ્થિતિને આપણે "ત્રણપત્રિકોણ"ના નામથી ઓળખીએ છીએ. આવા પ્રસંગે જેનું કાયદાથી અને વ્યવહારથી નિશ્ચિત સ્થાન છે તેવી પરિણીત સ્ત્રીને આપણે કેમ કહી શકીએ કે તું એ બેની વચ્ચે આડે ન આવતાં ખસી જા. આવી સ્ત્રી ઉદારતાથી અથવા તો અસહાયતાથી ખસી જાય એ જુદી વાત છે. નહિ તો પોતાને થતા અન્યાય સામે માથું ઊંચકવાનો તેને સર્વ હક્ક છે. આપણી સામાન્ય નીતિ, વ્યવહાર તથા ન્યાયના ખ્યાલો ધ્યાનમાં લેતાં કોઈ પણ પરણેલો પુરુષ આવું પગલું ભરવાનો વિચાર કરવામાં વાજબી છે એમ સામાન્યતઃ આપણે ન જ કહી શકીએ. જેના હક્ક ઉપર આક્રમણ થતું હોય એવી બહેનના પક્ષે તેના કુટુંબે તેમ જ સમાજે ઊભા રહેવું જોઈએ, અને એવું અઘટિત લગ્ન થતાં અટકાવવું જોઈએ. આમ છતાં પણ આવી લગ્નઘટનાઓ અવારનવાર બન્યા જ કરવાની એ પણ ચોક્કસ છે, કારણ કે આજના માનવીનાં વિચાર-વલણો એવાં છે કે જ્યાંથી તેનું મન ખરેખર ઊઠયું ત્યાં તેને કોઈ લાંબો વખત બાંધી રાખી શકે નહિ. પણ આવી પરિસ્થિતિમાં આપણી ફરજ તો એટલી જ હોઈ શકે કે જેના ઉપર આ પ્રકારનો અન્યાય આચરવામાં આવતો હોય તેની પડખે આપણે ઊભા રહેવું, તેના સમગ્ર હિતનો ઘાત કરે તેવી ઘટના અનિવાર્ય બને ત્યાં સુધી નીપજવા ન દેવી અને એવી ઘટના અનિવાર્ય હોય ત્યારે પણ ત્યકતા બનતી સ્ત્રીના અન્ય હિતો જેટલા વધારે જાળવી શકાય તેટલાં જાળવવા માટે ત્યાગ કરનાર પુરુષ ઉપર બને તેટલું દબાણ લાવવું. એક પરિણીત સ્ત્રીને છોડનાર પુરુષને લક્ષ્યમાં રાખીને આ ચર્ચા કરી તે તેટલાં જ અંશમાં પોતાના પુરુષને છોડવાને તત્પર બનતી અને અન્ય પુરુષ સાથે ઘરસંસાર માંડવા ઈચ્છતી સ્ત્રી વિષે પણ વિચારી શકાય. પણ આપણો સમાજ જે પ્રકારનો છે તેમાં આ રીતે પતિનો ત્યાગ કરવા નીકળતી સ્ત્રીના કિસ્સાઓ બહુ જ ઓછા બનવા સંભવ છે. **તમારો પરમાનંદ**

* * *

(પૂ. વિનોબાજી ઉપરના તા. ૩-૭-'૫૮ના પત્રમાંથી)

આપના અન્તરમનમાં બે પરસ્પરવિરોધી વૃત્તિઓ વચ્ચે કેટલાએક સમયથી ભારે ખેંચતાણ ચાલી રહી છે. એક વૃત્તિ આજે આપ જે કરી રહ્યા છો—ભૂદાન અર્થે સતત પરિભ્રમણ, પ્રવચન અને આન્દોલન પ્રચાર તે બરોબર છે એમ કહી રહી છે. બીજી બાજુએ આપનામાં કામ કરી રહેલી વૃત્તિ આપને એમ કહેતી લાગે છે કે "ઓ જીવ, આ બધો પથારો અને પ્રપંચજાળ તું શા માટે પાથરી રહ્યો છે અને આ બધી ધાંધલધમાલ અને ભટકવું શા માટે? દુનિયા આગળ તેં વિચાર મૂકી દીધો છે. દુનિયાને એ સંબંધમાં કરવું હોય તે કરે અને ન કરવું હોય તો ન કરે. તારા માથે જવાબદારીનો આવડો મોટો પોટલો ઉપાડીને શા માટે ભટકી રહ્યો છે? શું તને તારા વિચારમાં શ્રદ્ધા નથી? જો તે સાચો અને કલ્યાણકારી હશે તો પોતાની મેળે ફેલાતો જશે અને લોકજીવનમાં ક્રાન્તિ પેદા કરશે. શું તને ખબર નથી કે વાણી કરતાં મૌન વધારે કાર્યપરિણામી છે; કર્મ કરતાં અકર્મનું અનેકગણું મહત્ત્વ છે?" આ વૃત્તિ આપને પ્રવૃત્તિથી નિવૃત્તિ તરફ, કર્મથી અકર્મ તરફ, સમુદાયથી એકાન્ત તરફ અને સપાટ પ્રદેશો ઉપરથી હિમાલય તરફ આકર્ષી રહેલ છે. આ કારણે તા. ૧-૭-'૫૮ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવેલ પંઢરપુર સર્વોદય સંમેલનના આપના અન્તિમ ભાષણને મેં "વિનોબાજીનું મનોમન્થન" એવું મથાળું આપ્યું છે. એ 'પ્રબુદ્ધ જીવન'નો અંક આ સાથે બીડું છું. આપની વૃત્તિઓનું ઉપર જણાવેલ દ્વંદ્વ મારે મન આપણા દેશની દૃષ્ટિએ એક મોટી ચિન્તાનો વિષય છે અને તે એ રીતે કે આપનું અવલંબન સ્વીકારીને લાખો માણસો આપને આજે અનુસરી રહ્યા છે, અને આપના સતત માર્ગદર્શનને ઝંખી રહ્યા છે, વળી આપે બીડું ઝડપ્યું છે ભારતવ્યાપી—માત્ર આર્થિક

નહિ (અલબત્ત વિશેષતઃ આર્થિક) પણ આધ્યાત્મિક ક્રાન્તિનું અને તે માટે સતત પરિભ્રમણનો પુરુષાર્થ આપ ખેડી રહ્યા છો અને કામ મોટું છે અને હજુ પ્રારંભનું છે. પરિસ્થિતિ આવી હોવા છતાં કોઈ પણ ઘડીએ આપની તરફથી એવા જાહેરાત નીકળવાનો ભય રહે છે કે "મેં મારું કામ પૂરું કર્યું છે, વિચારો આપી દીધા છે, હવે તમે જાણો અને તમારું ભાવિ જાણે. હું તો હવે આ ચાલ્યો એકાન્તમાં, કોઈ અગોચર નિવાસમાં, મૌની જીવનમાં." અને એમ કહીને આપ કોઈ વખતે અકર્મની સમાધિ સ્વીકારી લ્યો એવું એક જોખમ મને દેખાયા કરે છે. ગાંધીજીમાં પરસ્પરવિરોધી વૃત્તિઓનું આવું દ્વંદ્વ નહોતું અને તેથી તેમની નેતાગીરી વિશ્વસનીય હતી. આ વિશ્વસનીયતા ઉપર જણાવ્યા મુજબના કારણે હું આપનામાં અનુભવતો નથી અને એ અમારા સૌ માટે-આખા દેશ માટે-મને એક મોટા ભયસ્થાનરૂપ લાગે છે.

આપનો,
પરમાનંદ કુંવરજી કાપડિયા

* * *

(શ્રી ચંદુભાઈ સારાભાઈ મોદીની ષષ્ટિપૂર્તિ પ્રસંગે તેમના પર લખેલા તા. ૧-૧-'૬૨ના પત્રમાંથી)

વિધિની બધી બાજુએથી જેને અનુકૂળતા હોય છે તેને જોખમ છે અભિમાનનું, શ્લાઘાપ્રિયતાનું, અન્ય પ્રત્યે અનમ્ર બનવાનું. આ સંબંધમાં સતત જાગૃત રહેશો.

જાહેર પ્રવૃત્તિઓ અંગે એક પ્રકારનું attachment અનાસક્તભાવ-કેળવશો. આપણે ગમે તે અને ગમે તેટલો પ્રયત્ન કરીએ તો પણ તેની સફળતા કે નિષ્ફળતાનો આધાર જેના ઉપર આપણો કાબૂ ન હોય એવા અનેક Factors-તત્ત્વો-ઉપર રહેલો છે. આ સમજીને સફળતાનું આપણને અભિમાન હોવું ન ઘટે, નિષ્ફળતાના કારણે નિરાશ બનવું ન ઘટે. કોઈ પણ મનદુઃખ થાય તેવી બીના બને, કોઈ કડવું વેણ બોલે, કોઈ તોછડાઈથી વર્તે-આવું જે કાંઈ બને તેને મન ઉપર બહુ ન લેશો અને તે કારણે ચિત્તને ક્ષુબ્ધ બનવા ન દેશો. સમાજની જવાબદારીઓ વહન કરનારને અનેક કડવા ઘૂંટડા ગળવાના હોય જ છે આમ સમજીને સમભાવ કેળવશો અને જેવા સાથે તેવા થવાની વૃત્તિના કદી પણ ભોગ ન બનશો.

* પોતાના હાથે થતી સેવાઓનું વધારે પડતું મૂલ્ય આંકવાના પ્રલોભનથી બચશો.

તમારો પરમાનંદ

* * *

(શ્રી હરભાઈ ત્રિવેદી પરના તા ૧૯-૧૧-'૭૦ના પત્રમાંથી)

તમારા મનમાં મારા વિશે જે image બંધાણી છે તેની સાથે મારી આજની અકળામણ બંધબેસતી નથી એ તમારું લખવું બરોબર છે. મારે અહીં કબૂલ કરવું જોઈએ કે મારામાં પ્રસુપ્ત રહેલી ત્રુટિઓ, સમગ્ર બાહ્ય પરિસ્થિતિમાં અમુક અંશે મોટો ફેરફાર આવતાં બહાર આવવા લાગી છે. મૃત્યુ અનિવાર્ય છે અને તે પ્રમાણમાં વધારે સમીપ છે એ હું જાણું છું, છતાં તેનાથી હું ડરતો નથી એમ હું મારા વિષે કહી શકતો નથી. મારા વિષે વધારે તો એ લાગે છે કે એક બાજુએ દુઃખનો સામનો કરવાનું મારું કૌવત ઘટી ગયું છે અને બીજી બાજુએ દુઃખ તેમ જ ઉપાધિનું પ્રમાણ તો વધતું જ જવાનું છે. મારી શારીરિક તાકાત ઘટી છે. આંખો પાસેથી ઓછું કામ લેવાય છે. રાત્રિના લગભગ વાંચવાનું બંધ કરવું પડ્યું છે અને તેથી રાત્રિ કેમ પસાર કરવી તે કદી કદી પ્રશ્ન થઈ પડે છે. આના ઉપાય તરીકે માળા કે પૂજાની મને કોઈ અપેક્ષા નથી પણ આજે મને એમ લાગે છે કે ધ્યાન તરફ હું ગયો હોત અને અંદરનું દ્વાર વધારે ખૂલ્યું હોત તો કદાચ એવી કોઈ આનંદની અનુભૂતિ સ્થાયી થઈ શકી હોત કે જે બહારના ફેરફારને પહોંચી વળવામાં મને વધારે મદદરૂપ થયેલ હોત. આજે પણ આજના depressionને દૂર કરવાની દિશાએ આ રીતનો મારો પ્રયત્ન ચાલુ છે પણ હજુ તેમાં સફળતા મળી નથી.

તમારો પરમાનંદ

હું શા માટે લખું છું ?

(તા. ૨૭-૧૧-'૬૦ના એક મિત્રને ઉદ્દેશીને લખેલા પત્રમાંથી.)

હું જે કાંઈ લખી રહ્યો છું તેથી હું ખરેખર અન્ય કોઈની સેવા કરી રહ્યો છું. એમ હું વિચારતો નથી. પણ તે પ્રવૃત્તિ self-expressionમાં મને મદદરૂપ થાય છે અને self-expression એ આંશિક self-realisation છે, અને તેનો કોઈ જુદો જ આનંદ હોય છે, જે આ લેખનપ્રવૃત્તિ દ્વારા હું અનુભવું છું. પણ આનો અર્થ અન્યની સેવા કરવાની વૃત્તિ મારી લેખનપ્રવૃત્તિ ચલાવવામાં કશો ભાગ ભજવતી નથી એમ કરવો ન ઘટે. એ વૃત્તિ ન હોત તો હું લખવાને પ્રેરાત જ નહિ. મારી લેખનવૃત્તિનો પ્રેરક હેતુ એ અન્યની સેવાની ભાવના જ છે. self expression એ તેનો અવાન્તર હેતુ તેમ જ પરિણામ છે. આમ છતાં મારા મનથી self-expressionને પ્રાધાન્ય એટલા માટે આપું છું કે મારા માટે તે નિશ્ચિત રૂપ છે; કાંઈ પણ લખીને અને તે પ્રગટ કરીને હું ખરેખર અન્યની સેવા કરું છું કે નહિ એ વિવાદાસ્પદ હોઈ શકે છે, કારણ કે હું માનતો હોઉં કે સેવા કરું છું અને છતાં મેં સેવા ન પણ કરી હોય અને કદી કદી કુસેવા પણ થતી હોય. વળી સેવા કર્યાનો ખ્યાલ ઘૂંટ્યા કરવાથી એ બાબતનું મનમાં અભિમાન કેળવાવાનું જોખમ રહે જ છે. આવી કેટલીક સમજણથી પ્રેરાઈને હું કાંઈ કરું છું તેથી કોઈની સેવા થતી હોય કે ન થતી હોય, પણ મારો પોતાનો વિકાસ તો થાય જ છે, અને આ મારા માટે ઘણો મોટો લાભ છે- આમ હું હમેશાં વિચારતો અને કહેતો રહ્યો છું.

આ તો મારી લેખન પ્રવૃત્તિ પૂરતી મેં વાત કરી. બાકી મારા મનનો ઝોક જેટલો આત્મવિકાસ ઉપર છે તેટલો જ જનસેવા-સમાજસેવા ઉપર છે, અને આ જનસેવાનો વિચાર તે આત્મ-વિકાસનો પૂરક છે એટલા માટે નહિ પણ સ્વતંત્ર રીતે આવે છે. મારા વ્યક્તિત્વમાં સામાજિક તત્ત્વ રહેલું છે તે જનસેવા દ્વારા તૃપ્તિ શોધે છે. વિશાળ સમાજ સાથે એક પ્રકારની આત્મીયતાનો અનુભવ સતત રહ્યા કરે છે અને તેથી વિશાળ સમાજનાં સુખ-દુઃખ મારા આન્તરતત્ત્વને સતત સ્પર્શતાં રહે છે અને તેથી વિશાળ સમાજના સુખની વૃદ્ધિ કરવામાં અને દુઃખ નિવારણ કરવામાં અને એવી જ રીતે તેના જ્ઞાનમાં વૃદ્ધિ કરવામાં અને અજ્ઞાનનું નિવારણ કરવામાં નિમિત્તભૂત બનતાં હું સહજ આનંદ અનુભવું છું.

-પરમાનંદના પ્રણામ

* * *

"હું અલ્પજ્ઞ છું"

(એક વિખ્યાત સાહિત્યકાર-કવિમિત્રને લખેલા તા. ૧૨-૭-'૭૨ ના પત્રમાંથી)

તમે લખ્યું છે કે: "મેં આપનો સદ્‌ભાવ ગુમાવ્યો હોય એવું મને લાગ્યું. આપ ગુણગ્રાહી છો અને મારા જેવા અનેકને સહેજે આપે સ્નેહભાજન બનાવ્યા છે. ગામમાં જરીક અમથી વિશેષતાવાળો માણસ આવ્યાનું જાણે ને પરમાનંદભાઈ એની પાસે દોડી જઈ એની - બલ્કે પરમાત્માની એ વિભૂતિનું સેવન - આસ્વાદન ન કરે એ બને જ નહીં." આમાં જરીક અમથી વિશેષતાવાળા માણસ પાછળ દોડવાની મારી વૃત્તિનો તમે ઉલ્લેખ કર્યો તે પાછળ તમારો મનોભાવ શું હશે એ મારી કલ્પનામાં જલદી આવતું નથી, પણ મારી વેવલી વૃત્તિનો હું ઈનકાર કરી શકતો નથી. અનેક વિષયમાં મારી અલ્પજ્ઞતા મને ખૂબ સાલે છે અને તે હળવી કરવાની-દૂર કરવાની ઈચ્છા મને અહીંતહીં ઘસડી જાય છે. હું આખરે નિમ્નકોટિનો એક સાધક છું, બહુ ઊંચાઈને આંબી ન શકતો અને છતાં આંબવા મથતો - આવો એક આરોહક છું. તેવા માણસ માટે આવી ચેષ્ટા સ્વાભાવિક છે.

-તમારો પરમાનંદ

* વર્ષ વીતી ગયું! *

હેં! શું! એક વર્ષ પસાર થઈ ગયું? જેમ વર્ષ વીતી ગયું તેમ વર્ષો વીતી જશે. કાળ ભગવાનના ચક્રની ગતિ ઘણી તેજ હોય છે. તેમાં એક વર્ષ શું વિસાતમાં! તા. ૧૭મી એપ્રિલનો એક વર્ષ પહેલાંનો એ દિવસ સ્મૃતિપટ પર ચકરાવો લ્યે છે. પાછી બધી જ સ્મૃતિઓ જીવંત બને છે - તાજી થાય છે. આ એક વર્ષના ગાળામાં એ ગંગાદાસવાડીના તેમના નિવાસસ્થાનનાં પગથિયાં માંડ ચાર-પાંચ વાર જ ચડ્યો હોઈશ. પરંતુ ૧૭ એપ્રિલ ૧૯૭૧ પહેલાં? મહિનામાં દસ - બાર દિવસ એ પગથિયાં ચડવાનું બનતું. બારણે બેલ મારું અને હાથમાં પેન હોય, લેંઘો પહેરેલો હોય. બાકી આખું શરીર ખુલ્લું હોય, છાતી પર વાળના ગુંચળાં હોય, સૌમ્યતાસભર જેમનું મુખ હોય એવી ૭૬ વર્ષની ખખડધજ કોઈ ઋષિનો આભાસ ઊભો કરતી વ્યક્તિ બારણું ખોલે, પાછી ખુરશી પર બેસીને પોતાનું અધૂરું લેખનકાર્ય પૂરું કરે, તે મને સોંપે - એક - બે ત્રણ વખત સૂચનાઓ આપે - અને કોઈ ખાનદાન કુટુંબના નબીરા પર બાપદાદાનું દેવું ચડેલું હોય અને તેની ચુકવણી કર્યા પછી જેવો તેને આત્મસંતોષ થાય અને તે હા ...આ...શ, એમ અંતરમાંથી સૂર કાઢે અને જેટલી તેને શાંતિ થાય, એવી શાંતિ અને તૃપ્તિ એ લેખો મને સોંપ્યા પછી, એ અંક પૂરતી પોતાની ફરજ પૂરી કરી હોય—એ અંક પૂરતું દેવું તેમણે ચૂકવી દીધું હોય – એનો અંતરનો સંતોષ તેમના દિલમાં અને મુખ પરના ભાવમાં દેખાય, અને કોઈ ચિત્રકાર, કોઈ શિલ્પી, કોઈ સંગીતકારને પોતાના કામમાં પૂરી સફળતા મળે અને તેને જેટલો આત્મસંતોષ થાય તેટલો આત્મસંતોષ તેમના મુખ-ભાવ તેમ જ વાણીદ્વારા વ્યક્ત થાય અને જાણે તેની ખુશાલીમાં તેઓ પૂજ્ય વિજયાબહેનને કહે કે "શાંતિલાલ માટે ચા બનાવ." ક્યારેક તેઓ ચા પીને બેઠા હોય. હું વિજયાબહેનને મારા માટે એવી તકલીફ નહિ ઉઠાવવા માટે વિનંતિ કરું, ત્યારે તેઓ કહે કે હું પણ થોડી પીશ-ચા બનાવ. એ દરમિયાન એ લખાણ મને વાંચી જવા કહે, મારો અભિપ્રાય માગે પણ મને કહે કે શાંતિલાલ, તમારા અભિપ્રાયની મારે મન કિંમત છે હોં! હું અભિપ્રાય આપું, ક્યાંક સૂચન કરું તે જો તેમને યોગ્ય લાગે તો તેમાં એ રીતે સુધારો કરે. સુધારા કરવાનું યોગ્ય ન લાગે તો મને એનો અર્થ વધારે સ્પષ્ટતાથી સમજાવે. ત્યાં ચા આવી જાય. અમે ત્રણે સાથે બેસીને ચાને ન્યાય આપીએ પછી બારણા સુધી સાથે આવે અને 'ઠીક ત્યારે આવજો' એમ કહીને મને વિદાય કરે અને બારણું બંધ થાય. મારા માટે આ ક્રમ ૩૨ વર્ષ સુધી ચાલ્યો. આજે 'શાંતિલાલ આવજો', કહેનાર એ ઋષિ-પુરુષ આપણી વચ્ચે નથી, પરંતુ તેમની સ્મૃતિ કોઈ કાળે ભુલાશે નહિ. આટલી મોટી પ્રતિભાવાળી સમાજની અગ્રગણ્ય વ્યક્તિનું તેના એક વ્યવસ્થાપક સાથેનું વલણ અને વર્તન કેટલું કુમાશભર્યું, કેટલું પ્રેમાળ અને કેટલું માર્ગદર્શક હતું એનો વિચાર કરું છું ત્યારે તેમની મહાનતાના કારણે તેમના પ્રત્યે મસ્તક ઝૂકી પડે છે. તેમની સાદાઈ, તેમની કરુણા, બીજાને ઉપયોગી થવાની વૃત્તિ, કોઈની પાસેથી ખોટી રીતે કામ કઢાવી લેવાની વૃત્તિનો બિલકુલ અભાવ, ઘરનો કે ઑફિસનો ઘાટી માંદો પડ્યો હોય તો તેની પણ જાતે સંભાળ રાખ-વાની અને મદદગાર થવાની વૃત્તિ, નાનાથી મોટા દરેક સાથે સંબંધ જાળવી રાખવાની અને વિકસાવવાની કલા, કોઈ પણ પ્રત્યે મનમાં ડંખ નહિ, હમેશાં હસતું મુખ, જેવું નામ - પરમાનંદ. એ જ રીતે પરમ આનંદમાં વ્યતીત કરતા પોતાનું જીવન. આવી વ્યક્તિ હતા—જે પરમ આનંદમાં લીન થઈ ગયા તે પૂજ્ય પરમાનંદ. આપણે સૌ તેમનામાંથી પ્રેરણા મેળવીએ અને તેમના જેવું ધન્ય જીવન અને ધન્ય મૃત્યુ મળે એવું જીવનઘડતર કરવામાં લાગી જઈએ. તો એ તેમને આપેલી સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

શાન્તિલાલ ટી. શેઠ

* પરલોકે પત્ર *

૧૬મી એપ્રિલ ૧૯૭૨

પૂજ્ય પરમાનંદભાઈ,

બાર બાર મહિના થયા તમારો નથી ફોન કે નથી કોઈ પત્ર. ૧૬મી એપ્રિલ ૧૯૭૧ ની રાતે તમે મારી સાથે છેલ્લી વાતો કરી. ત્યાર પછી તમારી મુખાકૃતિ – તમારો દેહ – સતત મારી સામે રહે છે. પણ તમે કશું બોલતા નથી. મોં બંધ છે અને આંખો હસે છે –કેમ જાણે તમે ન કહેતા હોવ – "જોયું ને, આજ રહસ્ય છે. ઈશ્વર જે ખેલ રમાડે છે એમાં ક્યારે કોને દાવ દેવો પડશે એનું કશું જ નક્કી નહિ. માટે કામ કરો. કામમાં પ્રસન્ન રહો."

...અને હા, તમારી એ ચિરવિદાય હતી ૧૭મી એપ્રિલ ૧૯૭૧ની સવારે. તમારો નથી હવે ફોન આવવાનો કે નથી આવ-વાનો કોઈ પત્ર. માત્ર તમારી ચેતનાની પ્રેમળ જ્યોત દેખાય છે. એમાંથી હું અને તમે તૈયાર કરી ગયેલા સાથીઓ પ્રેરણા લઈએ છીએ. જૈન યુવક સંઘ, પ્રબુદ્ધ જીવન અને વ્યાખ્યાનમાળાની "ત્રિવેણી સંગમ" સમી પ્રવૃત્તિઓ તમે જ્યાં વર્ષો સુધી કરી, એ સ્થળ -આજે એક તીર્થસમું પવિત્ર બન્યું છે. અહીં જ્ઞાનની પરબ સમું પુસ્તકાલય અને વાચનાલય પણ સરસ ચાલે છે. શૈક્ષણિક અને સંસ્કારસભર અનેક સભાઓ આ સુંદર સ્થળમાં થાય છે. અને... ...અને...આ શાંત, શીતલ, સુમધુર વાતાવરણમાં ખાદીનાં શ્વેત વસ્ત્રોમાં તમે નમતા બપોરના આવો છો. ચારે બાજુ તમારી ચકોર નજર ફરી વળે છે. તમે ઠપકો પણ આપો છો: "આ બારી બંધ કેમ છે? પ્રકાશને આવવા દો. આ કાગળિયાં ઊડે છે એનાં ઉપર 'પેપર વેઈટ' મૂકો; અને આ છાપાઓ વ્યવસ્થિત કેમ નથી?" ... અને પછી, તમારી એ જ જૂની ખુરશી ઉપર તમે બેસો છો અને પત્રો લખાવો છો ... અને તમે જાવ છો, જાવ છો, જાવ છો– દૂર - સુદૂર - ક્ષિતિજની પેલે પાર.

વિચાર આવે છે, તમારી પાસેથી અમે કેટલું બધું શીખ્યા? અમને લખવાનું અને બોલવાનું ભાન પણ ન હતું. અમે લખતા થયા - બોલતા થયા. સંસ્કાર, સેવા અને જીવનનાં ઉચ્ચ મૂલ્યોનું તમે અમને દર્શન કરાવ્યું. તમે અમને હસતાં કર્યાં - હસાવતાં કર્યાં. કુંઠિત થઈ ગયેલી અમારી વિચારશક્તિને જાગૃત કરી અમને સ્વતંત્ર રીતે વિચાર કરતા કર્યા. તમે અમને નિર્ભય કર્યા.

આજે બાર મહિના થયા – તમે અવિસ્મરણીય છો – અમર છો. મારા નતમસ્તકે તમને વંદન છે. સ્વીકારશોને?

ચીમનલાલ જે. શાહ

પરમાનંદભાઈએ મિત્રને ઉદ્દેશીને લખેલો કાવ્યપત્ર

છંદ હરિગીત

સ્વસ્તિક શ્રી શુભ ગામ રમણીક ધામ્ મિત્ર નિવાસ છે,
છે દેહ ભિન્ન તથાપિ આત્મા એક પ્યારા પાસ છે;
લિખિતંગ પરમાનંદના પ્રણામ વાંચો ચિત્તથી,
પ્રિય મિત્ર, પરમ પવિત્ર પ્રેરો પત્ર અત્રે પ્રીતથી.

છે કુશળ દેવકૃપાથી અત્રે આપની ઈચ્છું સદા,
દર્શન પધારી દ્યો વિયોગીમિત્રને વહેલા મુદા;
વળી કામ સેવા હોય તે ફરમાવજો શુભ રીતથી,
પ્રિય મિત્ર, પરમ પવિત્ર પ્રેરો પત્ર અત્રે પ્રીતથી.

છો મિત્ર સજ્જન સમૂળ સાદા સત્ય ને ગુણીયલ સદા
નિઃસ્વાર્થ કેવળ ગુણાનુરાગી દંભ જેને નહિ કદા;
માણસ વસે કંચન કસે શુભ થાય કિંમત વિત્તથી,
પ્રિય મિત્ર, પરમ પવિત્ર પ્રેરો પત્ર અત્રે પ્રીતથી.

સુખમાં ખુશામતખોર મિત્રો 'હાજી હા' કરીને અડે,
દુઃખમાં દિલાસો આપનારા મિત્ર જગવીરલા જડે;
હે મિત્ર, તારું ચિત્ર નિશદિન રમે હૃદય વિનિતથી,
પ્રિય મિત્ર, પરમ પવિત્ર પ્રેરો પત્ર અત્રે પ્રીતથી.

પરમાનંદ કાપડિયા

☆ ચૂંટણીઓ અને ત્યાર પછી ☆

[ગઈ તા. ૩, ૪, ૫, ૬ એપ્રિલે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે યોજેલી વસંત વ્યાખ્યાનમાળામાં પહેલે દિવસે સંસ્થા કૉંગ્રેસના અગ્રણી શ્રી મોરારજી દેસાઈ, બીજે દિવસે ઈલસ્ટ્રેટેડ વીકલીના તંત્રી શ્રી ખુશવંતસિંહ, ત્રીજે દિવસે જનસંઘના પ્રમુખ શ્રી અટલબિહારી વાજપેયી અને ચોથે દિવસે 'ઈન્ડિયન એક્સપ્રેસ' ના મુખ્ય તંત્રી શ્રી ફ્રેન્ક મોરેઈસે – 'ચૂંટણીઓ અને ત્યાર પછી' એ વિષય પર આપેલા વ્યાખ્યાનનો સારભાગ અહીં પ્રગટ કરવામાં આવ્યો છે. –તંત્રી]

[૧]

[શ્રી મોરારજીભાઈ દેસાઈના પ્રવચનનો સારભાગ]

ચૂંટણીઓ પછી હવે શું થશે એ તો કોઈ જ કહી શકે તેમ નથી. પરંતુ એક વાત ચોક્કસ છે કે આજે દેશમાં એક ખતરનાક પરિસ્થિતિ નિર્માણ થઈ છે. આગેવાનો જાહેરમાં સરકારની તમામ વાતો અને નીતિઓમાં હા જી હા પુરાવે છે, પણ ખાનગીમાં સખત ટીકા કરે છે. લોકશાહીમાં નાગરિકો નીડર હોય એ અત્યંત આવશ્યક છે. નાગરિકોની હિંમત જ લોકશાહીને ટકાવી શકે છે. સત્તા એવી ચીજ છે કે તે શોધનારા માણસોને એની પ્રાપ્તિનો નશો ચઢે છે. પરિણામે સત્તાનો મૂળ હેતુ માર્યો જાય છે. પછી તો માત્ર સત્તાનો ઉપભોગ જ તેમને મન મહત્ત્વની વાત બની રહે છે. સંપત્તિને તો સરકાર પણ અંકુશમાં લઈ શકે છે. પરંતુ સરકારને અંકુશમાં લેવાની એક જ પ્રવૃત્તિ છે અને તે લોકશાહી, જ્યારે ધારાસભ્યો ક્લુષિત બને છે ત્યારે લોકો તેમને ચૂંટણીમાં ફગાવી દે છે.

પરંતુ જેઓ સત્તા ઉપર હોય અને સત્તાસ્થાને ચોટકી રહેવા માગતા હોય તેઓ સત્તા સહેલાઈથી છોડતા નથી. આવે વખતે જેમને ખરીદી ન શકાય તેવા લોકો જ અસરકારક અવાજ ઉઠાવી શકે.

આપણને સરકાર કરતાં દેશમાં વધુ રસ હોવો જોઈએ. જો પ્રજા જરૂરી સમજદારી અને તાકાત હાંસલ નહિ કરે તો લોકશાહી બરાબર કામ કરી શકશે નહિ. આપણે ત્યાં ૧૯૪૮માં પ્રજાકીય સરકાર આવી. આજે ૨૪ વર્ષે પણ આપણે દેશપ્રેમની લાગણી કેળવી શક્યા નથી. સાચો કે ખોટો, આ મારો દેશ છે, એવી લાગણી આપણે હજી કેળવવાની છે. હું ભારતમાં જ ફરી વાર જન્મ લેવાનું પસંદ કરીશ. અન્ય દેશો ભલે શ્રીમંત રહ્યા, પણ હું તો ભારતમાં જ જન્મવા બદલ મગરૂર છું. આ લાગણી આઝાદીના આંદોલન વખતે કેળવાઈ હતી. પણ આપણને આઝાદી સહેલાઈથી મળી ગઈ. આઝાદી અને દેશપ્રેમ માટે કોઈ શૉર્ટ-કટ નથી. તેની પૂરી કિંમત ચૂકવવી જોઈએ.

ચૂંટણીઓ પછી શું? કદાચ બીજી ચૂંટણી થાય. ઘણા કહે છે કે હવે ચૂંટણી થશે જ નહિ. ઘણા કહે છે કે થશે તોય તે એવી હશે કે એમાં શાસક પક્ષ જ જીતે.

આજે સર્વત્ર સમાજવાદની વાતો સાંભળાય છે. લોકો કહે છે: અમારે કોઈપણ પ્રકારનું શોષણ નથી જોઈતું. માનવજીવન વ્યથાપૂર્ણ છે, કારણ કે કેટલાક લોકો પાસે બીજાઓનું શોષણ કરવાની તાકાત છે.

આપણે દરેક જણને તેની મરજી પ્રમાણે તેનું ભાવિ ઘડવા દેવું જોઈએ. પણ ચૂંટણીઓ પછી ડરની લાગણી ફેલાઈ છે. કૉંગ્રેસને લગભગ તમામ રાજ્યોમાં વ્યાપક બહુમતી સાંપડી છે. અવિભાજિત કૉંગ્રેસની બહુમતા આથીયે વ્યાપક હતી. ખરો વાંધો તો તાજેતરમાં જે રીતે આ બહુમતી મેળવાઈ છે તેની સામે હોવો ઘટે છે. અગાઉની ૪ ચૂંટણીઓમાં દરેક જણ કહેતું હતું કે ચૂંટણીઓ વાજબી અને ન્યાયી હતી. ૧૯૬૭માં કૉંગ્રેસે સંખ્યાબંધ રાજ્યોમાં બહુમતી ગુમાવી દીધી હતી. આનું કારણ એ હતું કે સરકારે પોતાનાં સાધનોનો ઉપયોગ કર્યો ન હતો. હવે પરિસ્થિતિ જુદી છે. દેશના ભાવિ વિશે ડરની લાગણી પ્રવર્તે છે. તાજેતરની ચૂંટણીમાં, સંખ્યાબંધ રાજ્યોમાં સરકારી સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો ચૂંટણીઓ ચુકત અને ન્યાયી હોત તો કોઈ વાંધો ન ઉઠાવત અને એ પ્રજાનો ચુકાદો બની રહેત.

અગાઉ શાસક પક્ષ મતદારોને ફોડવાનો કે ખરીદવાનો પ્રયાસ કરતો ન હતો. આજે તો આ માટે શરાબ પણ છૂટથી વપરાય છે. આ વખતે જે રીતે કાળા નાણાં એકત્ર કરાયાં છે તે અદ્‌ભુત છે. શાસક પક્ષ પાસે નાણાંની રેલમછેલ હતી. વિરોધ પક્ષો પાસે પૂરતાં સાધનો ન હતાં. દાતાઓનાં મનમાં ડર પેસી ગયો હતો.

દેશમાં ભયનું વ્યાપક સામ્રાજ્ય પ્રવર્તે છે. જો આ જ ચૂંટણી હોય તો ઈશ્વર બચાવે. કદાચ ઈશ્વરેય નહિ બચાવે, કારણ કે પહેલાં તો આપણે જ આપણી જાતને બચાવવાની છે. હિંમત એ સૌથી મહત્ત્વનો ગુણ છે.

આજે એમ કહેવાય છે કે રાજ્યોમાં સ્થિર સરકાર રચાઈ છે. પહેલાં પણ સ્થિર સરકારો હતી; અને માત્ર તાકાત પૂરતી નથી, તાકાત નૈતિક અને રચનાત્મક હોવી જોઈએ. સિદ્ધાંતોને અને મૂલ્યોને ફગાવી દઈને મેળવાયેલી તાકાત એ ખરી તાકાત નથી. આજે તો લોકો ડરથી ફફડી રહ્યા છે. તમામ ક્ષેત્રના લોકો, પ્રધાનો સુદ્ધાં-સતત ભય વચ્ચે જીવી રહ્યા છે. આજે પ્રધાનો તેમના કમરામાં પણ મારી સાથે વાત કરતાં ડરે છે. તેમને ભય છે કે ભીંતોમાં કદાચ વીજાણુ યંત્રો છુપાવેલાં હશે.

માણસો બીજાઓનાં ચિત્તમાં શા માટે ડરની લાગણી રોપતા હશે? મને સરમુખત્યારી પ્રત્યે ભારે સૂગ છે. સરમુખત્યારી માનવસમાજને માનવ રહેવા દેતી નથી. ભય એ તમામ મૂલ્યોનો હ્રાસ કરનાર ચીજ છે. સરકાર સત્તા ઉપર રહેવા માગતી હોય તો તેણે ભય સરજવો જ પડે. પણ લોકોએ પોતે નીડર બનવું જોઈશે.

લોકોનો ડર નાપાયાદાર નથી. દેશમાં સરમુખત્યારી આવી રહી છે. આજે ધારાસભા પક્ષ મુખ્ય પ્રધાનોને નથી ચૂંટતો. વડા પ્રધાન મુખ્ય પ્રધાનોને પસંદ કરે છે. ધારાસભ્યો નરમઘેંસ જેવા બની ગયા છે. તેમની ઉપર નેતાઓ લાદવામાં આવી રહ્યા છે.

ચૂંટણીમાં પક્ષને નામે નહિ પણ વડાપ્રધાનને નામે મતો માગવામાં આવ્યા છે. એક જ વ્યક્તિના હાથમાં આટલી અમર્યાદ સત્તાઓ હોય તે એક ખતરનાક વાત છે. દેશમાં દરેક જણે તેમની મંજૂરી લેવાની ! દરેક કાર્ય તેમને ઈશારે જ ચાલે! આ તે કેવું કહેવાય?

ભયનું વ્યાપક સામ્રાજ્ય ફેલાશે તો તરુણો કરશે શું? ભય એ સૌથી તર્કહીન વસ્તુ છે. આપણે પોતે ભય નાબૂદ કરવો જોઈએ. આખી દુનિયા આ બાબતમાં નિરાશાવાદી હશે તો પણ હું નથી.

આ ચૂંટણીનો એક બોધપાઠ એ છે કે લોકો ઘણી બધી વસ્તુઓ સહેલાઈથી માની લે છે. We are credulous.

પ્રશ્ન: ઈન્દિરા સમર્થ નથી?

મોરારજીભાઈ: મોર લક ધેન કેપેસિટી (સામર્થ્ય કમ, કિસ્મત ઝાઝું.)

[૨]

[શ્રી ખુશવંતસિંહના પ્રવચનનો સારભાગ]

છેલ્લી પાંચ ચૂંટણીનાં કેટલાંક મુખ્ય લક્ષણો જોઈએ તો તાજેતરની લોકસભાની અને વિધાનસભાની ચૂંટણીઓ પર એની પડેલી અસર સમજી શકાશે. ભારતમાં લોકશાહીની પહેલેથી કાંઈ પરંપરા ન હતી. ૧૯૧૯માં મોન્ટફર્ડ સુધારા સાથે આપણે ત્યાં પહેલ વહેલી લોકશાહી સંસ્થાઓ દાખલ થઈ. તે વખતે દેશના માત્ર ૩ ટકા લોકોને મતદાનનો હક હતો. ૧૯૩૫માં મતદાન વિસ્તૃત કરાયું પણ તેમાંય મિલકત તથા શિક્ષણની લાયકાતો જરૂરી હતી. એટલે એ વખતે પણ ૪૦ ટકાને જ મતદાનનો હક મળ્યો હતો.

નહેરુએ તમામ પુખ્ત વયના નાગરિકોને મતાધિકાર આપ્યો.

૧૯૫૨ની પ્રથમ ચૂંટણીમાં ૧૬ કરોડ ૨૦ લાખ મતદારો હતા. લોકસભામાં ૪૮૯ બેઠકો હતી તેમાંથી કૉંગ્રેસને ૩૬૪ બેઠકો મળી હતી. આમાં નવાઈ પામવા જેવું નથી, કારણ કે કૉંગ્રેસે લોકોના મનમાં

એમ ઠસાવી દીધું હતું કે એણે જ દેશને આઝાદી અપાવી છે. એ વખતે મૌલાના આઝાદ અને રાજેન્દ્રબાબુ જેવા નેતાઓ હજી મોજૂદ હતા. નહેરુએ પંચવર્ષીય યોજના ઘડી હતી. દરેક ચૂંટણીના એક વર્ષ અગાઉ જ યોજના રજૂ થતી હતી અને લોકો માનતા હતા કે આ તો કોંગ્રેસની જ યોજના છે.

૧૯૫૭માં ૧૯ કરોડ ૩૦ લાખ મતદારો હતા. લોકસભાની ૪૯૪ બેઠકો પૈકી કોંગ્રેસને ૩૭૧ બેઠકો મળી હતી.

૧૯૬૨માં ૨૧ કરોડ ૪૦ લાખ મતદારો હતા. લોકસભાની ૪૯૪ બેઠકોમાંથી કોંગ્રેસને ૩૬૧ બેઠકો મળી હતી. એ વખતે વિરોધ પક્ષો ડાબેરી (સામ્યવાદી) હતા.

કોંગ્રેસને હચમચાવનારી પ્રથમ ચૂંટણી હતી ૧૯૬૭ની. ત્યારે નહેરુ મોજૂદ ન હતા. ૧૯૬૭માં ૨૪ કરોડ ૭૦ લાખ મતદારો હતા. લોકસભાની ૫૨૦ બેઠકોમાંથી કોંગ્રેસને માત્ર ૨૮૩ બેઠકો જ મળી હતી.

વિવિધ કારણોને લીધે લોકો કોંગ્રેસને સત્તા પરથી દૂર કરવાના મિજાજમાં હતા. એટલે ૧૯૬૭માં કોંગ્રેસને ભારે પિછેહઠ કરવી પડી હતી. જમણેરી વિરોધ પક્ષો અસ્તિત્વમાં આવ્યા અને લોકસભામાં સ્વતંત્ર પક્ષને ૪૨, જનસંઘને ૩૫ તથા સમાજવાદીઓને ૨૩ બેઠકો મળી.

શ્રીમતી ગાંધીને મળેલો વારસો કંગાળ હતો.

૧૯૬૭માં બ્રિટિશ પત્રકારોએ એવી આગાહી કરી હતી કે આ ભારતની છેલ્લી ચૂંટણી છે.

પણ એ આગાહી ખોટી પડી.

૧૯૭૧માં યોજાયેલી લોકસભાની મધ્યસત્ર ચૂંટણીમાં ઘણી પ્રથમ બાબતો હતી. એક તો ૧૪ મહિના વહેલી ચૂંટણી યોજવામાં શ્રીમતી ગાંધીને વિશ્વાસ હતો. બીજું, આઝાદીની ચળવળ પછી જન્મ્યા હોય એવા વધુ અઢી કરોડ તરુણ મતદારો આ વખતે ચિત્રમાં હતા. તેઓ પહેલી જ વાર મતદાન કરતા હતા. શ્રીમતી ગાંધીએ આ નવા મતદારોને અગાઉથી ધ્યાનમાં રાખ્યા હતા. તેમને ખબર હતી કે આ યુવાનોને આઝાદીની ચળવળ સાથે કશી સીધી નિસબત નથી.

ત્રીજું, વડા પ્રધાન પાસે કંઈક કાર્યક્રમ પણ હતો. જ્યારે વિરોધ પક્ષો પાસે માત્ર નકારાત્મક કાર્યક્રમ જ હતો અને તે હતો "ઈન્દિરા હઠાવ."

ઈન્દિરા ગાંધીએ "ગરીબી હઠાવ"નું સૂત્ર આપ્યું. ઈન્દિરા ગાંધીએ લોકોના મનમાં એવું સફળ રીતે ઠસાવી દીધું કે પોતે ગરીબો-તરફી છે અને અન્ય પક્ષો શ્રીમંતો તરફી છે.

ઈન્દિરા ગાંધીએ લોકોને કહ્યું કે કેન્દ્રમાં રાજ્યો જેવી અનિશ્ચિતતા સરજાશે તો દેશમાં અંધાધૂંધી ફેલાશે, અને લોકો માની ગયા.

૧૯૭૧માં કાળા નાણાંએ પણ અગાઉની ચૂંટણીઓ કરતાં વધુ ભાગ ભજવ્યો હતો. કાળાં નાણાં જ શ્રીમતી ગાંધીને સત્તા ઉપર લાવ્યાં. ફિલ્મ–ઉદ્યોગ કાળાં નાણાં પર જ મંડાયેલો છે અને તેમણે પડદા ઉપર તેમ જ જાહેરમાં કોંગ્રેસને ટેકો આપ્યો છે.

દ્રમુક અને મુસ્લિમ લીગ સાથે વડાપ્રધાને કરેલું જોડાણ પણ ચતુરાઈભર્યું હતું. દ્રમુકને તેમણે કહ્યું: મદ્રાસ તમે રાખો, કેન્દ્ર મને આપો. ૧૯૭૧માં શ્રીમતી ગાંધીને જવલંત વિજય સાંપડ્યો.

૧૯૭૨ની વિધાનસભાઓની ચૂંટણીઓમાં પણ શ્રીમતી ગાંધીને અપૂર્વ સફળતા મળી. આ વખતે પણ તેમની પાસે કાર્યક્રમ હતો, રૂપાળી ભાષામાં મઢેલો ચૂંટણી–ઢંઢેરો હતો. સૌથી મહત્ત્વની વાત બંગલા દેશની ઘટનાઓ હતી. અલબત્ત, શ્રીમતી ગાંધીએ બરાબર યોગ્ય સમયે જ ઘા કરવામાં ગજબનું કૌશલ દાખવ્યું. સૈન્યને તેમણે સંપૂર્ણ સ્વતંત્રતા આપી એ પણ એમની એક ઉત્તમ કાર્ય-પદ્ધતિ હતી. આમ, અદ્યતન "ઝાંસીની રાણી" ફરી ચૂંટણીની લડાઈ જીતી ગઈ અને પછી તેણે પોતાના સાથીઓને છેક વામણા બનાવી દીધા. કઠપૂતળીનાં પૂતળાં જેવા નેતાઓ તેમણે સર્વત્ર ગોઠવી દીધા. મહારાષ્ટ્રમાં ગઈ કાલના મહાન છત્રપતિઓ ભોંય ચાટતા થઈ ગયા.

આ બધાને કારણે દેશ સમક્ષ મોટો ભય સર્જાયો છે. આપણું બંધારણ વેસ્ટ મિન્સ્ટરને આધારે રચાયું હતું. પણ હવે આપણે અમેરિકી પ્રમુખપદ્ધતિ ભણી ખસી રહ્યા છીએ. શ્રીમતી ગાંધી તેમની સત્તામાં (બ્રિટિશ વડા પ્રધાન કરે છે તેમ), એમના સાથીઓને હિસ્સેદાર નથી બનાવતાં. નિક્સન જેમ ગમે તેને મંત્રી બનાવી શકે, જે સેનેટને જવાબદાર ન હોય, પણ પ્રમુખને જ જવાબદાર હોય, તેમ શ્રીમતી ગાંધીના "બ્રાહ્મણ" સલાહકારો ધર, હકસર અને કૌલ–સંસદને જવાબદાર નથી. ચવ્હાણ નહિ પણ હકસર શ્રીમતી ગાંધીને સલાહ અને દોરવણી આપે છે.

આપણા અગાઉના ૩ રાષ્ટ્રપતિઓ મોભાદાર વ્યક્તિઓ હતા. આજે જ્યારે વડાં પ્રધાન ખૂબ શક્તિશાળી બન્યાં છે ત્યારે રાષ્ટ્રપતિ તેમને અંકુશમાં રાખી શકે તેવા નથી.

દેશમાં સમવાય સિદ્ધાંતને ઘસારો પહોંચી રહ્યો છે. રાજ્યોનું વ્યક્તિત્વ નાશ પામી રહ્યું છે. મૂળભૂત હકો સામે ખતરો ઊભો થયો છે. મિલકતના હકો ડૂબી રહ્યા છે. એવી હવા ઊભી કરાઈ રહી છે કે તમે વધુ કમાવ તો જાણે તમે લૂંટારા ગણાવ.

પ્રશ્ન: શ્રીમતી ગાંધી પોતે એક પ્રમાણમાં ઓછું અનિષ્ટ છે?

ખુશવંતસિંહ: તેમનો રેકોર્ડ વધુ ચોખ્ખો છે. તેઓ સમર્થ છે. બીજાઓ પાસે આ ગુણો નથી.

[૩]

[શ્રી અટલબિહારી વાજપેયીના પ્રવચનનો સારભાગ]

ચૂંટણી પછી દેશમાં સર્જાયેલી હવા ખતરાનો સંદેહ જન્માવી રહી છે. શું હવે દેશમાં મતભિન્નતાના સ્વરને રૂંધવામાં આવશે? શું જુદો મત ધરાવનારાઓને પ્રત્યાઘાતીઓ કહેવામાં આવશે?

આજે તો સરકાર સાથે સંમત ન હોય તે બધા પ્રત્યાઘાતી!

આજે ભારતમાં લોકશાહી ટકશે કે કેમ એવો ગંભીર સવાલ ઉપસ્થિત થયો છે. વિરોધ પક્ષો તંદુરસ્ત લોકશાહી માટે આવશ્યક છે. આ માટે દેશમાં યોગ્ય વાતાવરણ સર્જવું જોઈએ.

જ્યાં સુધી ચૂંટણીની લડાઈ બરોબરિયાઓની લડાઈ નહિ બને ત્યાં સુધી વિરોધ પક્ષો પાંગરી શકશે નહિ.

છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસને ધાર્યા કરતાં વધુ સફળતા મળી; અમને, ધાર્યા કરતાં વધુ નિષ્ફળતા.

એવી એક હવા ચાલી હતી, જે આંધીમાં ફેરવાઈ ગઈ. પણ તેણે સૌના પગ ઉખેડી નાખ્યા છે, એમ હું માનતો નથી.

બેઠકોની દૃષ્ટિએ થતી સફળતાની ગણતરી ઘણીવાર ભ્રામક હોય છે. લોકસભા અને વિધાનસભાની છેલ્લી ચૂંટણીઓની સરખામણી કરો તો એ હકીકત સ્પષ્ટ થશે કે ૧૯૭૧ની તુલનામાં કોંગ્રેસને એકંદર ઓછા મતો મળ્યા છે.

સ્પષ્ટ શબ્દોમાં કહું તો દેશના ૫૦ ટકાથી વધુ મતદારો કોંગ્રેસની સાથે નથી. દિલ્હીમાં કોંગ્રેસ જીતી ગઈ એ ખરું પણ બન્ને વચ્ચે માત્ર એક લાખ મતનો જ તફાવત છે. અમને સાડા પાંચ લાખ મત મળ્યા; કોંગ્રેસને સાડા છ લાખ. આમ છતાં, બન્નેને મળેલી બેઠકોમાં જંગી તફાવત હતો.

અમે કાલિકટમાં જાહેર કર્યું છે તેમ, કોંગ્રેસનો આ વિજય અર્થ-વિહોણો છે. ચૂંટણીની સમગ્ર પ્રથામાં આમૂલ પરિવર્તન કરવાની જરૂર છે.

બ્રિટન સિવાયના યુરોપના દેશોમાં એવો નિયમ છે કે પાર્ટી ઉમેદવારોની એક સર્વગ્રાહી યાદી રજૂ કરે છે અને મતદારો વ્યક્તિગત ઉમેદવારોને નહિ પણ પક્ષને મત આપે છે.

ચૂંટણીની પદ્ધતિ બદલવી જ રહી. આજે ચુનાવ ખૂબ મોંઘો થઈ ગયો છે. કાનૂનની મર્યાદાની અંદર કોઈ ચૂંટણી લડી શકતું નથી.

જીત મેળવ્યા પછી સંસદસભ્યો અને વિધાનસભ્યો સૌપ્રથમ કામ, જૂઠા હિસાબો રજૂ કરવાનું કરે છે. લોકશાહીનો પાયો જ આમ જૂઠ ઉપર આધારિત-બોદો હોય છે.

ચૂંટણી પરથી સ્વદેશી તેમ જ વિદેશી નાણાંનો પ્રભાવ ઓછો કરવો જોઈએ.

ચૂંટણીની સંધ્યાએ અમને રહસ્યભર્યા અનુભવો થયા. બે દિવસ પહેલાં જેઓ આમારી સાથે હતા તેઓ રાતોરાત ફરીબેઠા. શું રાતોરાત તેમની વિચારધારા બદલાઈ ગઈ? ના, રાતના અંધારામાં કંઈક બની ગયું.

જે કોઈ પૂંજીપતિઓ સરકારને નાણાં આપે છે તે બીજે હાથે દેશ પાસેથી પાછા પણ લે જ છે.

આ ચૂંટણી વખતે ધનવાનો આમારી સાથે વાતો કરતા પણ ગભરાતા હતા.

પશ્ચિમ જર્મનીમાં તમામ પક્ષોને ચૂંટણી લડવા માટે સરકારી તિજોરીમાંથી નાણાં આપાય છે. આપણે ત્યાં એમ થાય તો દેશે માત્ર

૨૦ કરોડ રૂપિયા ખર્ચવા પડે. લોકશાહીની તંદુરસ્તી માટે આ રકમ કુછ વિસાતમાં નથી.

લાઈસન્સો આપવાનું કાર્ય એક સ્વાયત્ત બોર્ડને સોંપાય અને વાંધુ સમિતિની ભલામણો સ્વીકારાય તથા નાણાંનું 'ડિમોનેટાઈઝેશન' થાય તો ચૂંટણી પરથી કાળાં નાણાંનો પ્રભાવ ઘટે.

ઉમેદવારની જેમ દરેક પક્ષે ચૂંટણીનો હિસાબ આપવો જોઈએ, એવી કાનૂની જોગવાઈ આવશ્યક છે.

આ વખતે ચૂંટણીને ટાંકણે જ ખાંડનું ગળપણ કમ થયું હતું અને જાન્યુઆરીમાં ટ્રેક્ટરના ભાવ વધારતાં ટ્રેક્ટર ઉત્પાદકોને ૧૦ કરોડ રૂપિયાનો વધારાનો નફો થયો હતો.

પહેલાં મને એમ થતું કે ટેલિવિઝન દેશભરમાં હોય તો કેવું સારું! પણ મેં ચૂંટણી વખતે દિલ્હીમાં તેનો જે પ્રચાર-ઉપયોગ જોયો તેથી હું હેબતાઈ જ ગયો. મને થયું ટી. વી. માત્ર દિલ્હીમાં જ છે એ ગનીમત છે.માત્ર ૧૦૦-૧૫૦ રૂપિયાને ભાડે વડા પ્રધાન સરકારી વિમાનમાં એક આખું રાજ્ય ઘૂમે છે, વાપરે છે આખું વિમાન. પૈસા માત્ર એક સીટના આપે છે.

નહેરુના વખતમાં પણ કોંગ્રેસની પ્રચંડ સત્તા હતી. પણ તેઓ મૂલ્યોને છોડતા ન હતા. આજે અમને હારનું દુ:ખ નથી. જે રીતે અમને હરાવાય છે તેનું દુ:ખ છે.

સરકારે ગરીબી હટાવવાનાં વચન આપ્યાં છે. પણ તે પાળી શકશે કે કેમ તે એક પ્રશ્ન છે. વડા પ્રધાને તાજેતરમાં જ કહ્યું હતું કે "આઈ મસ્ટ કન્ફેસ ધ પાથ ઈઝ નોટ એટ ઓલ કિલઅર'

લોકોને એક વર્ષમાં પરિણામ જોઈએ છે. હવે ઈન્દિરાજીનાં બહાનાં નહિ ચાલે. બંગલા દેશ વારંવાર નથી બનતો.

[૪]

[શ્રી ફ્રેન્ક મોરેઈસના પ્રવચનનો સારભાગ]

આજે શ્રીમતી ઈન્દિરા ગાંધી પાસે જેટલી વગ અને સત્તા છે એટલી આઝાદી પછીના ભારતના ઈતિહાસમાં, કદાચ, કોઈ પાસે ન હતી. નહેરુ પાસે પણ આવી સર્વોપરી સત્તા ન હતી. કેન્દ્ર અને રાજ્યો બન્નેનાં ઉચ્ચાલનો ઉપર નહેરુની પકડ ન હતી. એક જ વ્યક્તિને આટલી બધી અમર્યાદ સત્તા મળે એવું, સંભવત: ભવિષ્યમાં પણ નહિ બને.

આ ઘટના માત્ર શ્રીમતી ગાંધી માટે જ નહિ પણ ભારતની પ્રજાની વિવેકબુદ્ધિ માટે પણ આદર ઉપજાવે તેવી છે.

લોકસભાની મધ્યસત્ર ચૂંટણીમાં તથા ૧૯૭૨ની વિધાનસભાઓની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી પ્રાપ્ત કરીને, શ્રીમતી ગાંધીએ તેમની લોકપ્રિયતા સાબિત કરી છે. હવે બહારનાં તથા આંતરિક દબાણો સામે તેઓ કેવાં ટકી શકે છે તે જોવાનું રહેશે.

શ્રીમતી ગાંધીના નેતૃત્વ હેઠળ આપણે યુદ્ધ તો જીતી ગયા છીએ, પણ હવે જ ખરી કસોટી છે. મેં અગાઉ વારંવાર કહ્યું છે તેમ, આપણે શાંતિ પણ જીતીશું જ એવું કહી શકાય નહિ. શાંતિ જીતવાનું કામ બહુ કપરું છે.

અમેરિકનોએ એવો આક્ષેપ કર્યો છે કે શ્રીમતી ગાંધી રશિયનોના હાથમાં રમી રહ્યાં છે. હવે બન્યું છે એવું કે ઈન્દિરા ગાંધીને સાણસામાં લેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. એટલે વ્યવહારુ રીતે જ તેઓ રશિયનો ભણી વળ્યાં.

એથી ધારી અસર પણ થઈ છે.

આજે જગત જાણે છે કે ભારતના હાથમાં 'સત્તાની સમતુલા'– આ શબ્દને શ્રીમતી ગાંધી ધિક્કારે છે એની મને ખબર છે–આવી પડી છે.

દક્ષિણ એશિયામાં આજે ચીન કે રશિયા કરતાં ભારતનું સ્થાન વધુ દૃઢ છે. આઝાદી પછી પહેલી જ વાર આપણે આ વિસ્તારમાં વર્ચસ મેળવ્યું છે. અમેરિકનો બાજુએ રહી ગયા છે અને તેઓ અવરોધો ઊભા કરવા મથી રહ્યા છે.

રશિયા અને ચીન–થોડે ઘણે અંશે, અમેરિકા પણ–આ વિસ્તારમાં પગદંડો જમાવવાના પ્રયાસ કરી રહ્યા છે. પણ સૌથી મોખરાનું સ્થાન તો અહીં ભારતનું જ છે.

અધિકારોની સાથે જવાબદારીઓ પણ આવે છે. બંગલા દેશની ઘટનાને કારણે આકસ્મિક રીતે જ આપણી ઉપર નવી જવાબદારી આવી પડી છે.

તાજેતરની ચૂંટણીની તેમ જ યુદ્ધની ઘટનાઓમાં ભારતના લોકો, મેં ધાર્યું હતું તેના કરતાં ઘણા વધુ જાગ્રત નીવડ્યા છે.

મને ઘણી વાર એવો વિચાર આવે છે કે લાલબહાદુર લાંબું જીવ્યા હોત તો શું થાત? લાલબહાદુર અત્યંત સંસ્કારી માણસ હતા. તેઓ આટલા વહેલા મૃત્યુ પામ્યા તે એક કમનસીબી કહેવાય.

તેમની પછી તો ઘણું બેફામ રાજકારણ બન્યું. કેટલાક લોક સફળ થયા; કેટલાક, નિષ્ફળ.

મોરારજી દેસાઈ વડા પ્રધાન ન બની શક્યા તેને હું કોઈ મોટી આફત માનતો નથી. તેઓ જમાના સાથે કશો સંપર્ક ધરાવતા નથી.

નહેરુએ નેતૃત્વની બીજી હરોળ તૈયાર કરી જ નહિ. ગાંધીએ કરી હતી. પરિણામે નહેરુ પછી વૃદ્ધ નેતાઓ સત્તા ઉપર આવ્યા. શાસ્ત્રી પછી પણ આ જૂના જોગીઓના હાથમાં જ સત્તાની લગામ આવી.

નહેરુનું મૃત્યુ ૧૯૬૪ના મેમાં થયું. એ વખતે બે વિશ્વયુદ્ધો વચ્ચે જન્મેલા નાગરિકો ૨૫ થી ૫૦ વર્ષની વયના હતા. ૧૯૧૪ અને ૧૯૩૮ વચ્ચે જન્મેલી આ પેઢીમાં નહેરુની પુત્રી પણ હતી. નહેરુના મૃત્યુ વખતે ઈન્દિરાની ઉમ્મર ૪૬ વર્ષની હતી.

આથી 'જનરેશન ગેપ' સર્જાયો. બે પેઢી વચ્ચેની ખાઈ સર્જાઈ. ઈન્દિરા ગાંધીએ જૂની પેઢીના વર્ચસ સામે બંડ પોકાર્યું. આ સાથે જ તરુણ પેઢીના મનમાં પણ વીજળી જેવો ચમકારો થયો. જે યુવાન લોકોને સત્તાથી વેગળા રાખવામાં આવ્યા હતા તેઓ શ્રીમતી ગાંધીને પક્ષે ભળ્યા.

નહેરુએ જનતાની સાથે તાદાત્મ્ય સાધ્યું હતું. તેઓ પોતાના સાથીઓના માથા પર થઈને લોકો સાથે સંવાદ કરતા હતા. પરિણામે તેમણે પોતાના સહ-કાર્યકરો અને પ્રજા વચ્ચેની કડી તોડી નાખી હતી. નહેરુ માનતા હતા કે ખરું મહત્ત્વ જનતાનું જ છે. મારે સાથી પ્રધાનોની શી પરવા છે?

આજે પણ એમ જ બન્યું છે. ઈન્દિરા ગાંધી આભાનપણે પોતાને સરમુખત્યાર બનાવી રહ્યાં છે. તમામ પ્રધાનોને તેમણે વામણા બનાવી દીધા છે. ઈન્દિરાએ જનતા સાથે ઐક્ય સાધ્યું છે.

ઈન્દિરા માને છે કે આ લોકશાહી છે. હું એમ નથી માનતો. હું માનું છું કે આ ટોળાંશાહી છે. અન્ય નેતાઓના માથા ઉપર થઈને પ્રજા સાથે સંવાદ કરવો એ ઉચિત વાત નથી.

નહેરુ, તેમની તમામ નબળાઈઓ છતાં, લોકશાહીના પુરસ્કર્તા હતા. તેઓ પોતાના સાથીઓનાં મંતવ્યોનો આદર કરતા હતા. નહેરુએ અખબારોની અને ન્યાયતંત્રની સ્વતંત્રતા ઉપર અંકુશ મૂકવાનો પ્રયાસ કર્યો ન હતો.

વિરોધ પક્ષો માટેનું માન અને ન્યાયતંત્રની તથા અખબારોની સ્વતંત્રતા - આ ત્રણ પાયા તૂટી જાય તો લોકશાહી નબળી બને.

શ્રીમતી ગાંધી અખબારોની તથા ન્યાયતંત્રની સ્વતંત્રતાનો કઈ રીતે આદર કરે છે તેના પરથી જ તેમનું મૂલ્યાંકન થશે.

આજે સરકાર પક્ષની કેન્દ્રમાં તેમ જ રાજ્યોમાં પ્રચંડ બહુમતી છે. નહેરુના જમાનામાં મુખ્ય પ્રધાનો દિલ્હીમાં દર વર્ષમાં બે વખત મળતા અને નહેરુ જે કાંઈ કહે તેમાં હા જી હા કરતા હતા. પણ પોતપોતાનાં પાટનગરોમાં જઈને ફરી બેસતા અને 'ના, ના, ના,' કરતા હતા. આજે ઈન્દિરા ગાંધી મુખ્ય પ્રધાનોને એમ કહી શકવાની સ્થિતિમાં છે કે "ચૂપ રહો, નહિ તો ઉપાડીને ફેંકી દઈશ."

આમ છતાં, આજે તો ઈન્દિરા ગાંધી પોતાની સત્તાને જિરવી જાણે છે. તેઓ મધ્યમ માર્ગે ચાલી રહ્યાં છે. તેઓ અતિશય નસીબદાર છે. "She has the luck of the devil." બંગલા દેશ, નિરાશ્રિતો, યુદ્ધ - એમ એક પછી એક બહાનાં તેમને મળતાં ગયાં છે. હવે તેમણે કોઈ નવું બહાનું બતાવવું પડશે.

આખરે તો તેમને પરિણામો બતાવવાની ફરજ પડશે.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી રટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ મે ૧, ૧૯૭૨ સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

લોકશાહીનાં પ્રાણવાન મૂલ્યો

વર્તમાનમાં લોકશાહી શબ્દ, આપણા દેશમાં અને દુનિયાના દેશોમાં ખૂબ લોકજીભે ચડેલ છે. લોકશાહી શબ્દની આસપાસ ભાવનાના થર જામ્યા છે. સાચી લોકશાહીની પ્રતિષ્ઠા અને ગૌરવ એટલાં બધાં છે કે લોકશાહીમાં માનતા ન હોય અને લોકશાહી આચરણ કરવાની લેશમાત્ર ઈચ્છા ન હોય એવા લોકો અને દેશો પણ પોતે લોકશાહી ધોરણ સ્વીકાર્યું છે એવી જાહેરાતો ભારપૂર્વક કરે છે. પછી નવા નવા શબ્દો શોધી પોતાનો દંભ ઢાંકવા પ્રયત્ન કરે છે. People's Democracy, Real democracy, Democratic Centralism, Guided Democracy- આવા શબ્દોની છલના પાછળ લોકશાહીથી વિરોધી વર્તન ઢાંકવા પ્રયત્ન થાય છે.

સામાન્ય રીતે લોકશાહી કહીએ ત્યારે એક વિશિષ્ટ પ્રકારની રાજકીય પદ્ધતિ લક્ષમાં હોય છે. તેમાં પણ ખાસ કરીને બ્રિટનમાં જે પ્રકારની સંસદીય લોકશાહી – Parliamentary Democracy છે તેના ઉપલક્ષમાં બહુધા લોકશાહી શબ્દનો ઉપયોગ થાય છે. અમેરિકામાં પણ બ્રિટન જેવી, પણ તેના કરતાં થોડા ભિન્ન પ્રકારની, લોકશાહી વિકસી છે. બ્રિટન અને અમેરિકાની લોકશાહીને Atlantic Democracy – આટલાન્ટિક મહાસાગરની બન્ને બાજુ પ્રવર્તતી લોકશાહી તરીકે ઓળખવામાં આવે છે. યુરોપના કેટલાક દેશોએ ખાસ કરી ફ્રાન્સ, ઈટલી, ઉત્તર યુરોપના દેશો વગેરેમાં થોડા ફેરફાર સાથે આવી રાજકીય પદ્ધતિ અપનાવવામાં આવી છે. બીજા વિશ્વયુદ્ધ પછી, સંસ્થાનવાદમાંથી એશિયા, આફ્રિકાના દેશો મુકત થયા, તેમણે બ્રિટન અને ફ્રાન્સનું અનુકરણ કરી લોકશાહી પદ્ધતિનો અમલ કરવાનો પ્રયત્ન વધતેઓછે અંશે કર્યો છે. પણ ભારત સિવાય બીજા કોઈ દેશને સફળતા મળી નથી. આપણે બ્રિટિશ પદ્ધતિ સ્વીકારી છે અને એકંદરે ૨૫ વર્ષથી તેનો સફળ પ્રયોગ કર્યો છે. બ્રિટનની સંસદીય લોકશાહીને ઘણી સદીઓનો ઈતિહાસ છે. એમ પણ કહેવાય છે કે બ્રિટિશ પ્રજાની લાક્ષણિકતા અને દીર્ઘપરંપરાને કારણે બ્રિટનમાં લોકશાહી સફળ થઈ છે તેવી રીતે બીજા દેશોમાં સફળ ન થાય. દરેક દેશે પોતાની પરંપરા અને પ્રજાની પ્રકૃતિ પ્રમાણે રાજકીય પદ્ધતિ વિકસાવવી રહી. બ્રિટિશ લોકશાહી, જે આપણે સ્વીકારી છે તેમાં ઘણાં, અને કેટલાકને મતે, ગંભીર દૂષણો છે અને સાચી લોકશાહી તરીકે તેને સ્વીકારી ન શકાય એવો ઘણી વિચારવંત વ્યકિતઓનો મત છે. આપણા દેશમાં જ વિનોબાજી અને જયપ્રકાશ નારાયણ જેવા આવા પ્રકારની સંસદીય લોકશાહીને સાચી લોકશાહી માનવા તૈયાર નથી. એ વાત ખરી છે કે તેમાં ગંભીર દૂષણો છે, જેનો હવે પછી સંક્ષેપમાં નિર્દેશ કરીશ.

પણ એક રાજકીય પદ્ધતિ તરીકે લોકશાહીનું મૂલ્યાંકન કરીએ ત્યારે સાચી લોકશાહી શું છે તે સમજવાની જરૂર છે. લોકશાહી માત્ર એક રાજકીય પદ્ધતિ જ નથી. સાચી લોકશાહી જીવનવ્યાપી સમગ્ર વ્યવહારને આવરી લેતો જીવનમાર્ગ–Way of life–છે. આવી લોકશાહીનાં પ્રાણવાન મૂલ્યો શું છે?

લોકશાહીનો પાયો છે માનવીનું માનવ તરીકે ગૌરવ–Dignity of man–પછી તે ગરીબ હોય કે તવંગર, કાળો હોય કે ગોરો, સ્ત્રી હોય કે પુરુષ, દરેકનું ગૌરવ કરવું, તેની સાથે સમાન ભાવે વર્તવું, તેનો આદર કરવો, લોકશાહીનું હાર્દ છે. જીવનના બધા વ્યવહારમાં આવી દૃષ્ટિ સાચી લોકશાહી છે, પછી તે કૌટુંબિક વ્યવહાર હોય, ધંધાદારી હોય, સામાજિક હોય કે રાજકીય. આવી ભાવના ન હોય ત્યાં લોકશાહી નથી. મનુષ્યને સામાન્ય રીતે જ્યાં તક મળે ત્યાં બીજા ઉપર આધિપત્ય ભોગવવું ગમે છે. કુટુંબના વડા તરીકે, ધંધાના માલિક તરીકે, જ્ઞાતિ કે કોમના આગેવાન તરીકે, કે રાજા અથવા રાજકીય નેતા તરીકે, જાહેર અથવા સૂક્ષ્મ રીતે, પોતાનું વડીલપણું ભોગવવું એ માણસનો સ્વભાવ છે. પિતા પુત્ર ઉપર, પતિ પત્ની ઉપર, શિક્ષક શિષ્ય ઉપર, માલિક નોકર ઉપર, રાજા પ્રજા ઉપર બધા ક્ષેત્રે પોતે ડાહ્યા છે, બીજાઓ સમજતા નથી તેમ માની પોતાનું આધિપત્ય બીજા ઉપર જમાવવાનો પ્રયત્ન મનુષ્ય કરે છે. બહુ મોટા પાયા ઉપર પોલીસ કે લશ્કરની મદદથી આવા અધિકારો ભોગવવાનો પ્રયત્ન થાય ત્યારે આપણે તેને Tyranny–જુલ્મ કહીએ છીએ. આવી Tyranny જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સ્થૂળ કે સૂક્ષ્મ રીતે દષ્ટિગોચર થશે. આવી Tyranny-માંથી મુકિત મેળવવાનો માર્ગ લોકશાહી છે.

દરેક વ્યકિત સામાન્ય રીતે પોતાનું હિત સંભાળવા અને વધારવા પ્રયત્ન કરે છે. સમાન હિતવાળા એક થાય છે અને આવી રીતે સમાજમાં વિરોધી હિતો ધરાવતા વર્ગો જન્મે છે. પોતાના હિતના રક્ષણ માટે વ્યકિત કે વર્ગ રાજ્યનો અથવા સમાજનાં બીજાં બળો અને સંસ્થાઓનો આશ્રય લે છે. કોઈ વ્યકિત પોતાના જીવનમાં પોતાના હિત સાથે સામાજિક કલ્યાણ પણ લક્ષમાં રાખે ત્યારે બીજાનાં હિતોની અવગણના ન કરતાં, સમન્વય સાધવા પ્રયત્ન કરવો પડે. વિરોધી હિતોનો સંઘર્ષ સમાજમાં હમેશાં રહેવાનો. કેટલેક દરજ્જે રાજ્ય, સમસ્ત પ્રજાનું કલ્યાણ લક્ષમાં રાખી, વિરોધી હિતોને અંકુશમાં રાખે છે. પણ જ્યાં સુધી સમાજની દરેક વ્યકિત સ્વેચ્છાએ અને સમજણપૂર્વક આવો સંયમ સ્વીકારે નહીં ત્યાં સુધી રાજ્યનાં અંકુશો એટલા સફળ થાય નહિ. શાંતિમય માર્ગે, પરસ્પર વિચાર-વિનિમયથી, બાંધછોડ કરી, સહજીવન નિર્માણ કરવું તે લોકશાહી પદ્ધતિ છે. કોઈ વ્યકિત કે વર્ગ બળજબરીનો ઉપયોગ કરે ત્યારે પોતાનું અને સમાજનું અહિત કરે છે. આવી લોકશાહી પદ્ધતિ ખૂબ ધીરજ અને સહિષ્ણુતાની અપેક્ષા રાખે છે. બીજાનાં વિચારો અને માન્યતાઓને સમભાવપૂર્વક સમજવાં અને તેમાં રહેલ સત્યનો

અંશ સ્વીકારવો એ સહેલું નથી. પણ આવી સમતા વિના સાચી લોકશાહી અને સામાજિક શાંતિ શકય નથી.

લોકશાહીમાં સામાન્ય રીતે બહુમતીનો નિર્ણય સ્વીકારવો પડે છે. પણ બહુમતીનો નિર્ણય હમેશાં સાચો કે ડહાપણભર્યો હોય છે એવું નથી. અણસમજણથી અથવા લાગણીવશ થઈને અથવા વિશિષ્ટ સંજોગોને લીધે બહુમતી ઉતાવળિયો નિર્ણય કરે એવું બને છે. એવે સમયે લઘુમતીને અથવા કોઈ વ્યકિતને પોતાનો અભિપ્રાય વ્યકત કરવાની પૂરતી તક મળે તે લોકશાહીમાં અતિ મહત્ત્વનું છે. Right of Dissent એક રીતે લોકશાહીનો પાયો છે. આવા ભિન્ન મતનો અધિકાર બહુમતી નિર્ણય કરે તે પૂર્વે અને ત્યાર પછી પણ હોવો જોઈએ. એમ કહેવાય છે કે નિર્ણય થતા પહેલાં મુકત વિચારણા આવકારપાત્ર છે. પણ નિર્ણય થયા પછી બધાએ તેને સ્વીકારી તેનો અમલ કરવો જોઈએ. સિદ્ધાંતનો પ્રશ્ન ન હોય ત્યાં આ ધોરણ બરાબર છે. પણ એવા પ્રસંગો હોય છે કે જ્યારે વ્યકિતએ એકલા પણ પોતાના અભિપ્રાયમાં મક્કમ રહેવું પડે છે. આવા પ્રસંગે બન્ને પક્ષે ખૂબ સહિષ્ણુતા અને વિવેકની જરૂર રહે છે. લોકશાહીની તેમાં કસોટી છે. અસહિષ્ણુતા, લોકશાહીની દુશ્મન છે.

એવી એક માન્યતા થતી જાય છે કે લોકશાહીમાં આગેવાન કે નેતા ન હોય, સૌ સમાન છે. આ માન્યતા ભૂલભરેલી છે. Leadership has a definite place in Democracy. સૌની સમજણ કે શકિત સરખી નથી હોતી. ડાહ્યા માણસોનું માર્ગદર્શન સ્વેચ્છાએ સ્વીકારવું તેમાં લોકશાહીને આંચ આવતી નથી. લોકશાહી આગેવાન અને સરમુખત્યારમાં પાયાનો ફેર એ છે કે એકની આગેવાની સમાજ અથવા પ્રજા સ્વેચ્છાએ સ્વીકારે છે અને પોતાને ન રુચે તો આગેવાનની આજ્ઞામાં રહેવાની કોઈ ફરજ નથી. તેને દૂર કરી શકે છે. સરમુખત્યાર બળજબરીથી આગેવાન થાય છે અને પોતાની સત્તા ભય કે ધાકધમકીથી અથવા બીજાં એવાં સાધનોથી ટકાવી રાખે છે. લોકશાહીમાં આગેવાને પ્રજાના કહેવા પ્રમાણે જ વર્તવું એમ પણ નથી. પ્રજાને માર્ગદર્શન આપવાની તેની ફરજ છે. A leader is one who leads. તેનું માર્ગદર્શન પ્રજા કે સમાજ ન સ્વીકારે તો તેણે સ્વેચ્છાએ છૂટા થવું તેમાં સાચી લોકશાહી છે. ગાંધીજીએ આવો માર્ગ ઘણી વખત બતાવ્યો છે. ગાંધીજી કે નહેરુની આગેવાનીને સરમુખત્યારશાહી કહેવી તે શબ્દનો દુરુપયોગ છે.

સંસદીય લોકશાહી રાજતંત્રની એક વિશિષ્ટ પદ્ધતિ છે. બહુ નાના વિસ્તારમાં અથવા થોડી સંખ્યા હોય ત્યાં બધા લોકો ભેગા મળી નિર્ણયો કરી શકે. આથેન્સમાં એવી પદ્ધતિ હતી. આપણે ત્યાં પંચાયતો અથવા નાનાં ગણતંત્રો હતાં, જેમાં પણ ગામના અથવા મર્યાદિત વિસ્તારના બધા લોકો ભેગા મળી નિર્ણયો કરતા. બહુ મોટી સંખ્યા હોય ત્યાં આ શકય નથી. પરિણામે, પ્રતિનિધિત્વવાળી, ચૂંટણીપદ્ધતિની સંસદીય લોકશાહી વિકાસ પામી છે. રાજતંત્રમાં લોકોનો અસરકારક અવાજ હોય અને તેમાં લોકો ભાગ લઈ શકે એ તેનું ધ્યેય છે. અબ્રાહમ લિંકને લોકશાહીની પ્રખ્યાત વ્યાખ્યા આપી છે કે " Government of the People, by the People and for the People. આમાં અગત્યનું તત્ત્વ by the People છે. કોઈ પણ રાજતંત્ર of the People તો હોય જ, for the People હોવાનો દાવો કરે, પણ by the People હોય તેમાં જ લોકશાહી છે. વર્તમાન સંસદીય લોકશાહીમાં આ by the Peopleનું તત્ત્વ ઓછું થતું જાય છે. રાજકીય પક્ષો ઉમેદવારો નક્કી કરે તેમાં જ પસંદગી કરવાની રહે, ચૂંટણી અતિ ખરચાળ, મતદાન પદ્ધતિની વિચિત્રતાઓ—આ બધું જોતાં છેવટનું પરિણામ સંતોષકારક નથી રહેતું. સારા અથવા ખરેખર લાયક માણસોને બહુ અવકાશ નથી રહેતો. વર્તમાન સમસ્યાઓ પણ એટલી જટિલ થતી જાય છે કે સંસદ એક Talking machine સિવાય વિશેષ કાંઈ નથી એમ લાગે. અમેરિકન પ્રેસિડેન્ટ અને બ્રિટિશ પદ્ધતિમાં પ્રાઈમ મિનિસ્ટરની સત્તા એટલી બધી વધતી જાય છે કે પ્રજાનો અસરકારક અવાજ રાજતંત્રમાં હોય એવું લાગે નહિ. આ બધી ખામીઓ છતાં સંસદીય લોકશાહી પદ્ધતિ વર્તમાન રાજકીય પદ્ધતિઓમાં ઓછામાં ઓછી નુકસાનકારક—lesser evil—છે. રાજકીય આગેવાનોમાં પ્રામાણિકતા હોય અને સાચી લોકશાહી ભાવના હોય તો આ પદ્ધતિમાં લોકકલ્યાણનો અવકાશ છે. સત્તાનું કેન્દ્રીકરણ વધારે પડતું ન થાય અને લોકશિક્ષણથી લોકજાગૃતિ રાખી, પ્રજાનો અવાજ અસરકારક રીતે રજૂ કરવાનો અવકાશ રહે તેની સાવચેતી રાખવી રહે. ન્યાયતંત્ર, વર્તમાનપત્રો વગેરેની સ્વતંત્રતા જળવાઈ રહે, તેની કાળજી રાખવી. અંતે તો Eternal vigilance is the price of freedom.

મુંબઈ, તા. ૨૫-૪-'૭૨ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

આકાશવાણીના સૌજન્યથી

પ્રકીર્ણ નોંધ

સહાય કે લૂંટ?

વિદેશી સહાય આપણે બહુ મોટા પ્રમાણમાં લીધી છે; ખાસ કરી અમેરિકા પાસેથી. એમ કહેવામાં આવે છે કે આ સહાય બિનશરતી હોય છે અને વિકસતા દેશોને મદદ કરવાના હેતુથી જ આપવામાં આવે છે. અમેરિકાના પ્રમુખ અને બીજા આગેવાનો તેમની પરમાર્થવૃત્તિ વારંવાર ઉચ્ચારે છે. દુનિયાના બીજા ઘણા દેશોને અમેરિકા સહાય આપે છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અને વિશ્વબૅંક મારફત પણ મોટા પ્રમાણમાં આવી સહાય અપાય છે. દક્ષિણ (લૅટિન) અમેરિકાના દેશોને આવી સહાય આપી છે. આવી બધી સહાયથી તે દેશોને કેટલો લાભ થાય છે તેનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવા વિશ્વબૅંકની સહાયથી ઓવરસીઝ ડેવેલેપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ લંડન તરફથી ટેરેસા હેયટરની નિમણૂક કરવામાં આવી છે. હેયટરે તૈયાર કરેલ અહેવાલ તાજેતરમાં Aid Imperialism નામે પ્રકટ થયો છે જેમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. વિશ્વબૅંકે એવી આશા રાખી હશે કે તેનાં પરોપકારી કાર્યોની પ્રશંસા કરતો અહેવાલ બહાર પડશે. હેયટરે પોતાના અહેવાલનો ખરડો ઓવરસીઝને જોવા મોકલ્યો અને તેણે IMF અને વિશ્વબૅંકને બતાવ્યો. તે બન્ને ચોંકી ઊઠયાં અને અહેવાલ પ્રકટ કરવાની ના પાડી. હેયટરને અહેવાલ ફરી તપાસી જઈ તેમાંના કેટલાક ભાગો અને ખાસ કરી અંતિમ પરિણામો સૂચવતો ભાગ ફરી લખવા સૂચવ્યું. હેયટરે કેટલાક ફેરફાર પણ કર્યા છતાં IMF અને વિશ્વબૅંકને સંતોષ ન થયો. છેવટે હેયટરે પોતાને જ તે રિપોર્ટ પ્રકટ કરવાની વ્યવસ્થા કરવી પડી.

આ પુસ્તકનું નામ જ તેનો સાર સૂચવે છે. સહાયથી પોતાનું સામ્રાજ્ય (આર્થિક) જમાવવાનો અમેરિકાનો મનસૂબો તેમાં પ્રકટ થાય છે. આવી સહાયથી અમેરિકા પોતાનાં જ હિતો વધારવા, ખુલ્લી અને ખાનગી રીતે કેવી તરકીબો કરે છે તેના અનેક દાખલા આપ્યા છે. સંસ્થાનવાદ રાજકીય દૃષ્ટિએ નાબૂદ થયો પણ નવો આર્થિક સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ જન્મ્યો. IMF અને વિશ્વબૅંક દેખીતી રીતે સ્વતંત્ર સંસ્થાઓ જણાય પણ અમેરિકાની એડી નીચે એ કેટલાં દબાયેલ છે તેની પણ ભરપૂર વિગતો આપી છે. પેરુને સહાય કરવા અમેરિકાએ તૈયારી બતાવી પણ પેરુએ સહાય લેવાની ના પાડી, કારણ કે તેની શરત હતી કે ફ્રાન્સના ઉચ્ચ કોટિના અને ઓછી કિંમતનાં વિમાનો ન લેતાં, અમેરિકાનાં હલકી કોટિનાં અને વધારે ખરચાળ વિમાનો આ સહાયથી પેરુએ ખરીદવાં.

બીજી પણ ઘણી શરતો હતી જેમાં પેરુને મોટું આર્થિક નુકસાન હતું. તેવું જ કોલંબિયામાં થયું. કોલંબિયાના પ્રમુખે મક્કમપણે એવી સહાય લેવાનો ઇનકાર કર્યો. અમેરિકન સહાય મોટે ભાગે તેનો માલ કે વૈજ્ઞાનિક શોધખોળ (Technology)ના રૂપમાં આપાય છે. This helps in dumping second hand goods and Technology on others. To keep an industrial society going at a peak production level, you need to find new markets... વિશ્વબૅંક અથવા IMF કોઈ યોજના (Project) માટે સહાય કરે ત્યારે માત્ર યોજનાની આર્થિક ઉપયોગિતા તપાસે એટલું જ નહિ પણ તે દેશની સમગ્ર આર્થિક નીતિ તેને પસંદ હોય તો જ સહાય મળે. To qualify for aid, one must also accept the values and objectives of the Donors. એટલે કે ખાનગી સાહસ અને મુક્ત વ્યાપારની નીતિ એકંદરે સ્વીકારવી પડે. આવી સહાય આપવામાં આડકતરી રીતે ખૂબ રાજકીય દખલગીરી પણ રહે છે. લૅટિન અમેરિકાના કેટલાય દેશોમાં અમેરિકાએ રાજ્યપલટાઓ કરાવ્યા છે અને એકંદરે જમણેરી બળોને ટેકો આપ્યો છે. લશ્કરી સરમુખત્યારશાહી હોય ત્યાં મદદ કરવાનું અમેરિકાને વધારે અનુકૂળ પડે છે. They want a "right" Government and a "right" man within a Government. Social reform, educational changes, land tenure etc. did not bother U. S.

અમેરિકાએ આપણને સહાય આપવી બંધ કરી છે. તેને આફત ગણવાને બદલે ઇષ્ટાપત્તિ માનીએ અને સ્વાવલંબન સ્વીકારીએ તેમાં આપણું કલ્યાણ છે.

ઉપર કહ્યું તે માત્ર અમેરિકાને જ નહિ પણ બધી વિદેશી સહાયને લાગુ પડે છે, પછી તે રશિયા હોય, કે બીજા દેશો હોય. કષ્ટ અને હાડમારી વેઠીને પોતાના પગ ઉપર ઊભા રહી સ્વમાનપૂર્વક વિકાસ સાધવો તે જ રાજમાર્ગ છે.

કાળું નાણું અને ચૂંટણી ફંડો

કાળાં નાણાંનાં અનિષ્ટો ચારે તરફ અનુભવીએ છીએ. તેને ડામવા સરકાર સખત પગલાં લેવાની છે તેવી વખતોવખત જાહેરાતો થાય છે પણ શાસક પક્ષ પોતે મોટા પ્રમાણમાં કાળાં નાણાંનો ઉપયોગ કરતો હોય ત્યાં અસરકારક પગલાં લેવાની આશા કેમ રાખી શકીએ? ચૂંટણી માટે કરોડો રૂપિયા એકઠા થાય છે. ચૂંટણી માટે કંપનીઓ રાજકીય પક્ષોને સહાય કરી ન શકે એવો કાયદાનો પ્રતિબંધ છે. વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓ રાજકીય પક્ષોને સહાય આપી લાભ ઉઠાવે છે તે ગેરરીતિઓ અટકાવવા આવો પ્રતિબંધ મૂકયો અને રાજકીય પક્ષો શુદ્ધ અને પવિત્ર રહેશે એવો દેખાવ કર્યો. ૧૯૬૦ પહેલાં, કંપનીઓ, તેમના બંધારણમાં છૂટ હોય તો, રાજકીય પક્ષોને ગમે તેટલી સહાય આપી શકતી. બંધારણમાં આવો પ્રબંધ ન હતો તેવી કેટલીક મોટી કંપનીઓએ બંધારણમાં ફેરફાર કરી કોર્ટની મંજૂરી મેળવી. કોર્ટોએ અચકાતા મને પણ ધંધાના હિતમાં છે એમ માની આવી મંજૂરી આપી. આ બાબતના કોર્ટોના ચુકાદાઓ વાંચવા જેવા છે. ઘણું તાત્ત્વિક વિવેચન અને નીતિનો ઉપદેશ તેમાં મળે છે અને છેવટ કેટલીક મર્યાદાઓ મૂકી, વ્યાવહારિક દૃષ્ટિએ જરૂરી માની કોર્ટોએ અનુમતિ આપી. ૧૯૬૦માં કંપની ધારામાં ફેરફાર કરી, કંપનીઓ આવી મદદ આપે તેના ઉપર મર્યાદા મૂકી, ચોખ્ખા નફાના પાંચ ટકા અથવા રૂપિયા ૨૫,૦૦૦થી વધારે નહિ. ૧૯૬૯માં સર્વથા પ્રતિબંધ મૂક્યો. આ પ્રતિબંધ અવ્યવહારુ અને દંભ હતો તે સૌ જાણતા હતા પણ સુફિયાણી વાતો કરવાનું આપણને સુલભ છે. ત્રણ વર્ષના અનુભવે બતાવ્યું કે આ પ્રતિબંધથી ભ્રષ્ટાચાર અનેકગણો વધ્યો છે. ઉઘાડે છોગ, પ્રધાનો અને રાજકીય નેતાઓ લાખો રૂપિયા કાળાં નાણાંના લે છે. તેમાંના કેટલાક વચ્ચેથી જ ચવાઈ જાય. કોણે કેટલા કોને આપ્યા તે કોણ જાણે? કેન્દ્ર અને રાજ્યના પ્રધાનો, વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓ સાથે પૈસા મેળવવા સોદા કરે છે. ખાંડનાં કારખાનાંના માલિકો કે ટ્રૅક્ટરના કારખાનાવાળાને કે રૂના વેપારીને કરોડો રૂપિયાનો લાભ કરી આપી, લાખો રૂપિયા મેળવે અને ઊંચા ભાવના કરોડો રૂપિયાનો બોજો પ્રજા ઉપર લાદે. તાજેતરમાં વાંધુ કમિટીએ આ બાબત કેટલીક ભલામણો કરી છે. રાજકીય પક્ષોને ચૂંટણીમાં સરકારે મદદ કરવી, અથવા ચૂંટણી ફંડમાં ફાળો આપાય તેનો કેટલોક ભાગ ઇન્કમટેક્સમાં મજરે મળે વગેરે સૂચનાઓ કરી છે. સરકાર પોતે કાળાં નાણાંને આડકતરી રીતે ઉત્તેજન આપે ત્યાં સરકાર ભ્રષ્ટાચાર રોકશે એવી આશા કેમ રખાય? લાખો રૂપિયા કંપનીઓ કે વેપારીઓ હિસાબમાં લેવાય તેવી રીતે ક્યાંથી આપે? દંભ છોડીને કાંઇક વાસ્તવિક માર્ગ વિચારાય તો સારું.

ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ

નિર્વાણ મહોત્સવ માટે કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સમિતિની નિયુક્તિ કરી છે તેની પ્રથમ બેઠક શ્રીમતી ઈન્દિરા ગાંધીના પ્રમુખપદે ૧૨ એપ્રિલ ૧૯૭૨ ને દિને પાર્લામેન્ટ હાઉસમાં મળી હતી. લગભગ બધા સભ્યો, ૭૦ જેટલા મીટિંગ હાજર હતા. મુનિઓ પણ હતા. મીટિંગ ૧૧॥ ક્લાક ચાલી અને બધો સમય શ્રીમતી ઈન્દિરા ગાંધી હાજર રહ્યાં હતાં. પોતાના પ્રાથમિક પ્રવચનમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ કહ્યું કે ભગવાન મહાવીરના સિદ્ધાંતો, અહિંસા અને અપરિગ્રહ ૨૫૦૦ વર્ષ પૂર્વે હતા તેટલા જ અને તેથી વિશેષ કલ્યાણકારી વર્તમાન યુગમાં છે. આ પ્રસંગે મહાવીરનો સંદેશ જનતાને પહોંચાડવો. તે સાથે લોકકલ્યાણનાં કાર્યો પણ કરવાં જોઈએ. શિક્ષામંત્રીએ સૌને આવકાર આપતાં જાહેર કર્યું કે સરકારે આ મહોત્સવ માટે ૫૦ લાખ રૂપિયા મંજૂર કર્યા છે. શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ કેન્દ્ર સરકારનો આભાર માન્યો. ત્યાર પછી મુનિઓ અને અન્ય વક્તાઓ, ડૉ. આદિનાથ ઉપાધ્યે, શ્રી અક્ષયકુમાર જૈન, ડૉ. કલ્યાણમલ લોઢા, ડૉ. લક્ષ્મીમલ સિંઘવી, શ્રી યશપાલ જૈન, શ્રી શાન્તિપ્રસાદ જૈન, શ્રી જોઆકીમ આલ્વા અને ભદન્ત આનંદ કૌશલ્યાનંદના સંક્ષેપ પ્રવચનો થયાં.

આ બેઠકમાં મુખ્યત્વે મહોત્સવના કાર્યક્રમનો વિચાર કરવાનો હતો. સરકારની વિનતિથી ઘણાં ભાઈઓ અને બહેનોએ વિવિધ સૂચનો લખી મોકલ્યાં હતાં. સભાનો સમય વ્યર્થ ન જાય અને જૈનો તરફથી સંયુક્ત રીતે એકમતે કાર્યક્રમ રજૂ થાય તે હેતુથી, મીટિંગના આગલે દિવસે, સમિતિના બધા જૈન સભ્યો, લગભગ ૫૫, શ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે મળ્યા હતા. મુનિ નગરાજજી, મુનિ સુશીલકુમાર, આચાર્ય દેશભૂષણજી પણ તે મીટિંગમાં હાજર હતા. લગભગ છ ક્લાકની ચર્ચા પછી સર્વાનુમતે કાર્યક્રમ નક્કી કર્યો હતો. તે કાર્યક્રમ સમિતિની બેઠકમાં મેં રજૂ કર્યો અને તેનો હેતુ અને વિગતો સંક્ષેપમાં સમજાવ્યાં.

આ કાર્યક્રમ ઉપર વિચાર કરી અંતિમ નિર્ણયો લેવા તથા રાષ્ટ્રીય સમિતિના કાર્યના અમલ માટે ૨૧ સભ્યોની એક કાર્યવાહક સમિતિ નિયુક્ત થઈ. તેની પ્રથમ બેઠક થોડા દિવસમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીના પ્રમુખપદે મળશે.

જૈનો તરફથી સર્વાનુમતે કાર્યક્રમ રજૂ થયો તેની બહુ સારી છાપ પડી. આ કાર્યક્રમમાં સૂચવવામાં આવ્યું છે કે કેન્દ્ર સમિતિ પેઠે રાજ્ય સમિતિઓ અને જિલ્લા સમિતિઓ રચવી, જેમાં ગવર્નર પેટ્રન હોય, મુખ્ય મંત્રી પ્રમુખ હોય અને બીજા આગેવાન જૈન, જૈનેતર સભ્યો હોય અને જેમાં જૈનાચાર્યો અને સાધુ-સાધ્વીઓ

તથા આમ જનતાનો પૂરો સાથ અને સહકાર લેવાય. યોજનાઓમાં દિલ્હીમાં અને બને તો અન્ય મુખ્ય શહેરોમાં વિવિધલક્ષી ભગવાન મહાવીર સ્મારક રચવાં, જેમાં જૈનોલોજી (જૈન ધર્મ, દર્શન, સાહિત્ય વગેરે)નું ઉચ્ચતર અધ્યયન થાય, જૈન કલા, સ્થાપત્ય, હસ્તપ્રતો વગેરેનું સંગ્રહાલય હોય, સમૃદ્ધ પુસ્તકાલય અને દેશ-વિદેશના વિદ્વાનો અને વિદ્યાર્થીઓને જૈન ધર્મના સિદ્ધાંતોના તુલનાત્મક અભ્યાસ માટે બધી સગવડ હોય. દેશની યુનિવર્સિટીમાં જૈનચેર અથવા વિભાગ સ્થાપવા. આ પ્રસંગે ભગવાન મહાવીરનું જીવન અને ઉપદેશ તેમ જ જૈન ધર્મ વિષયક વિવિધ સાહિત્ય, લોકભોગ્ય અને દેશની ભાષાઓમાં વિપુલ પ્રમાણમાં બહાર પાડવું. નેશનલ બુક ટ્રસ્ટ અને સાહિત્ય અકાડમી તથા યુનેસ્કોનો તેમાં સહકાર લેવો. મહોત્સવ સમારોહમાં જાહેર સભાઓ, રેડિયો, ટેલિવિઝન, ડૉકયુમેન્ટરી ફિલ્મો, પરિસંવાદો, વગેરેનું આયોજન સૂચવવામાં આવ્યું છે.

મહોત્સવ ૧૩ નવેમ્બર ૧૯૭૪થી એક વર્ષ ચાલશે અને તે વર્ષ દરમિયાન અનેક સમારંભો, પરિસંવાદો, શૈક્ષણિક સંસ્થાઓ, સ્કૂલો અને કૉલેજોમાં કાર્યક્રમો, વ્યાખ્યાનો વગેરેનું આયોજન થશે.

સમસ્ત કાર્યક્રમનો હેતુ એ છે કે ભગવાન મહાવીરનો સંદેશ દેશ-વિદેશમાં પહોંચે, મહોત્સવ વર્ષ દરમિયાન અને ત્યાર પછી કાયમી વ્યવસ્થા તરીકે, તથા જૈન ધર્મના સિદ્ધાંતો અહિંસા અને-કાન્ત, અપરિગ્રહ, વગેરેની વર્તમાન જીવનની સમસ્યામાં ઉપયુકતતા બતાવવી.

જૈન સમાજને માટે આ અપૂર્વ અવસર છે અને ચતુર્વિધ શ્રી સંઘને પૂર્ણ સહકાર અને સાથ આપી જૈન ધર્મનું ગૌરવ વધારવાની તક મળે છે. —ચીમનલાલ ચકુભાઈ શાહ

સામાજિક ક્રાંતિ કયારે શકય બને?

શ્રી વિમલાબહેન ઠકાર તાજેતરમાં તા. ૧૫-૩-'૭૨ના રોજ ઑસ્ટ્રેલિયાના પ્રવાસેથી પાછાં ફર્યાં હતાં અને તા. ૧૭થી ૨૩ માર્ચ સુધી કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં તેમના સાન્નિધ્યમાં બનારસ હિંદુ યુનિ.ના સહકારથી ડૉ. શ્રી પ્રેમલતા શર્માએ છાત્ર સ્વાધ્યાય શિબિરનો કાર્યક્રમ યોજ્યો હતો.

રોજ સવારે ૮ થી ૯-૩૦ નિબંધ વાચન થતું. સાંજે એક કલાક તે જ નિબંધના વિષયો પર ચર્ચાવિચારણા અને મંતવ્યોની આપ-લે થતી. સવારે વંચાયેલા આ નિબંધના વિષયો પર અને ચર્ચાવિચારણા પર બહેનશ્રી પ્રવચન કરી દરેકની સમસ્યાઓ અંગે દિશાસૂચન કરતાં. આમ આ કાર્યક્રમ છ દિવસ ચાલ્યો.

આ વિષયમાં રસ ધરાવતી અને ગંભીરતા સમજતી વ્યકિતઓ ભાગ લે, અને શિબિરનો હેતુ, ચર્ચાવિચારણા બરાબર સમજે તો તેમના દ્વારા ઊંડાં બીજ રોપાશે. અને તેથી ખાસ અરજી દ્વારા છાત્રોને આ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવ્યા હતા, જેની સંખ્યા લગભગ ૬૦ની હતી.

બનારસ એટલે વિદ્વાનો, શાસ્ત્રીઓ, પંડિતો અને અભ્યાસીઓનું સ્થાન. એટલે આંતરિક, બાહ્ય, શાસ્ત્રીય, ભૌતિક અને આધ્યાત્મિક બધી જ રીતે વિષયોની છણાવટ થતી.

બનારસ યુનિવર્સિટીના છાત્રોના નિરાશાભર્યા વાતાવરણમાં આ વિષયોના અધ્યાપકો અને છાત્રોની પરિસ્થિતિની ક્ષતિઓ, તેના ઉકેલો અને ઉકેલની મુશ્કેલીઓ અંગે સૌએ ખુલ્લા દિલે સ્વતંત્રતાપૂર્ણ પોતાના વિચારો રજૂ કર્યા. આથી આ ક્ષેત્રમાં આ કાર્યક્રમથી યુવકોમાં કંઈક આશાનો સંચાર થતો જણાયો, એટલું જ નહિ પણ આની ફલશ્રુતિરૂપે એક નાનું મંડળ રચવાનું વિચાર્યું, જેથી જે કંઈ વિચારવિનિમય થાય તેની સક્રિયતા અને ગતિ જળવાઈ રહે. કારણ કે આ સ્વાધ્યાય શિબિરમાં કેવળ બાહ્ય રીતે ચર્ચાઓ નહોતી થઈ પરંતુ અંતરંગના પ્રવાહોને વેગ મળ્યો હતો. કેવળ ભૌતિકવાદ કે કેવળ અધ્યાત્મવાદ, બન્નેની ભિન્ન રીતે ચર્ચાઓ થઈ ન હતી. પરંતુ જીવનની સમગ્રતાને લક્ષમાં રાખી સૌ પોતાની શકિત અને બુદ્ધિને કસીને પોતાના નિબંધો તૈયાર કરી લાવ્યા હતા. દરેક વિષય પરના નિબંધો ખૂબ જ ઊંડાણથી અને વિશદતાથી લખાયા હતા. તેના વિષયો નીચે મુજબ હતા:

૧. જનતંત્રના સંદર્ભમાં શિક્ષણમાં સ્વાધીનતા વિરુદ્ધ અનુશાસન.

૨. વિજ્ઞાન તથા યંત્રવિજ્ઞાનના ફલસ્વરૂપ માનવને ઉપલબ્ધ થયેલી સરળતાઓ અને જવાબદારી.

૩. યુવક પેઢીની વિફળતા કેવી રીતે દૂર થાય?

૪. સંઘર્ષ, હિંસા અને અરાજકતાનાં કારણો અને ઉપાય.

૫. આત્મસાક્ષાત્કાર (સેલ્ફ રીઅલાઈઝેશન)

આ બધા વિષયોને વિવિધ દૃષ્ટિકોણથી જોઈ, અને જીવનની બધી સમસ્યાઓના ઉકેલની મૂળ ચાવી અગર ગુરુચાવી શોધવાની સૌની તીવ્ર જિજ્ઞાસા તરવરતી તાદશ થતી. તેથી તો આવા ગંભીર વિષયની ચર્ચા કરવા સવારે બે કલાક અને સાંજે બે કલાક દિવસના પોતાના વર્ગના અભ્યાસ પછી પણ સૌ છેક સુધી ખૂબ જ સ્વસ્થ ચિત્તે બેસતા.

બહેને તેમની સમક્ષ રજૂ કર્યું કે મનુષ્યના જીવનમાં અંતર વ્યવસ્થા નથી, સજીવ કે નિર્જીવ જીવન જીવવાની કળા નથી, પ્રાપ્ત કર્મ કે વસ્તુમાં પ્રાણપ્રેરક વાતાવરણ નથી. પ્રેમનો આધાર નથી અને આ બધાનો ઉકેલ બહારથી મળશે તેમ માનીને મનુષ્ય દોડયો જ જાય છે. આવું ખંડિત જીવન જીવતી વ્યકિતના બનેલા સમાજનું પરિવર્તન કે સમગ્ર ક્રાંતિ સંભવ નથી. એ માટે જેનું મન યુવા છે તેવા યુવકોએ સાહસ કરી આગળ આવવું પડશે. કિંમત ચૂકવવી પડશે. બીજાની ખુશામત પર નભનાર, ભલામણ પર આજીવિકા મેળવનાર યુવક સમાજને જીવિત નહિ રાખી શકે. બધા સંયોગોમાં ખુમારીથી જીવી જનાર, પરિશ્રમ વેઠનાર યુવક સમાજમાં નવસર્જન કરી શકશે. આની શરૂઆત દરેકે પોતાની જીવનશુદ્ધિ અને સુસંવાદિત જીવનથી કરવાની છે.

આ બધી ચર્ચાવિચારણાની સમગ્રતાને પરિણામે સદ્‌ભાગી બનેલા શિબિરાર્થી પૈકી થોડાંક સભ્યોએ આ વિચારવિનિમયની જ્યોત જલતી રાખવાની જવાબદારી સ્વીકારી અને માનવીનું જીવન વ્યવસ્થિત બને, સુસંવાદિત બને તેવું એક સંગઠન બળ ઊભું કરવા માટેનો કાર્યક્રમ વિચારી લીધો. આ રીતે મનુષ્યજીવનમાં ખાસ કરીને યુવાશકિત વેડફાઈ ન જાય અને સુસંગઠિત બને તે માટે આંતરિક અને બાહ્ય બંને રીતે શું થઈ શકે તેની પ્રાથમિક ભૂમિકા આ શિબિરમાં તૈયાર થઈ. તા. ૨૨-૩-'૭૨ના રોજ આ શિબિરની સમાલોચના અને પૂર્ણાહુતિ જાણીતા વ્યાખ્યાતા શ્રી રોહિતભાઈ મહેતાના સાન્નિધ્યમાં થઈ હતી.

આ શિબિરમાં ખરેખર તો ચાર વિષયોની છણાવટ થઈ તેમ હું સમજું છું. પાંચમો વિષય જે આત્મસાક્ષાત્કાર છે તે સમજાય તો બધા જ વિષયો સમજાય અને સંઘર્ષો શમે તેમાં કોઈ શંકા નથી.

આ દિવસો દરમ્યાન રવિવાર તા. ૧૯મીએ કાશીગીતા સ્વાધ્યાય સમિતિ તરફથી બહેનશ્રીનું જાહેર પ્રવચન માલવીય ભવનમાં થયું હતું. ગયે વર્ષે આ જ વિદ્યાલયમાં ધ્યાનશિબિર થઈ ત્યારે પણ આ જ સમિતિના ઉપક્રમે બહેનશ્રીએ ગીતાના પહેલા અધ્યાય વિષાદયોગ પર નવી દૃષ્ટિથી પ્રવચન કર્યું હતું અને વિષાદ જ્યારે સમગ્ર જીવનની સાથે અનુબદ્ધિત થાય છે ત્યારે તે કેવી રીતે વિષાદયોગ બને છે તેની સુંદર છણાવટ કરી હતી.

આ વખતે બીજા અધ્યાય પર સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વિશે એવી જ સમગ્ર દૃષ્ટિ વડે નવું દર્શન કરાવ્યું હતું. —સુનંદા વોહોરા

ઓળખવા જેવો લેખક, વાંચવા જેવી નવલકથા

એલેકઝાંડર સૉલ્ઝેનિટિસન નામના વિશ્વવિખ્યાત સાહિત્યકારને ૧૯૭૦ના વર્ષનું સાહિત્યનું નોબેલ પારિતોષિક પ્રદાન કરવાનું છે તેવી જાહેરાત થઈ ત્યારથી વિશ્વભરના સાહિત્યરસિકોને મન એ હકીકત જેટલી કુતૂહલપ્રેરક તેટલી જ અનેક જાતના તર્કવિતર્ક પેદા કરનારી બની ગઈ છે. એ પારિતોષિક મેળવવા માટે એ લેખક પૂરેપૂરા અધિકારી છે તે વિશે તો કોઈના મનમાં રજમાત્ર પણ સંદેહ નથી, પણ એ પારિતોષિક એમને એમના દેશની સરકાર લેવા દેશે કે નહિ એ વિશેનો સંદેહ જ આ કુતૂહલ અને તર્કવિતર્કનું કારણ બની જાય છે.

એ વિષય રસભર્યો છે. આપણા જેવા પ્રજાતંત્રમાં રહેનાર અને વ્યકિત અને લેખનસ્વાતંત્ર્યમાં માનનાર દેશો માટે તો આ જાતનો પ્રશ્ન ઊઠે જ નહિ. એની મરજી પડે તેવું માણસ લખે, અને એ લેખનમાં જો યોગ્ય સામર્થ્ય હોય તો તેનાં વાચકો તેને માનપાન આપે, હોંશે હોંશે વાંચે, અને પોતાની શકિત મુજબ તેને પ્રેમ અને પારિતોષિકોથી નવાજી દે. એ લેખકનાં લખાણો જો બીજા માણસોને યોગ્ય ન લાગતાં હોય–કલાદૃષ્ટિથી, સમાજદૃષ્ટિથી, સભ્યતાની દૃષ્ટિથી કે બીજા કોઈ પણ કારણથી–તો તે લોકો તેની ટીકા કરે, મશ્કરી કરે, તેને નિન્દે, નકામો નકામો આટલું માન ખાટી જાય છે તેમ કહે. પણ તેને એ માન મેળવવાનો અધિકાર છે, અને ખોટું તો ખોટું પણ તેને મળે તો તે એ લે જ, અને તેમાં કોઈને કશું કહેવા-પણું ન હોય, એ વાત આ દેશોના માણસોને મન, અને તેમની સરકારોને મન પણ, એવી સ્વયંસિદ્ધ જેવી હોય કે તે બાબતમાં કશી શંકા ન ઊઠે, કે કશો તર્કવિતર્ક થાય નહિ.

પણ જે દેશોની સરકાર આવી રીતરસમોમાં પૂરેપૂરી શ્રદ્ધા ન ધરાવતી હોય, અને સાચું કે ખોટું ગમે તે બીજાને લાગે, તો પણ પોતાની પ્રજાના હિતની દૃષ્ટિએ આ બધી વ્યકિત અને લેખન-સ્વાતંત્ર્યની વાતોમાં પણ પોતાને દખલ કરવાનો અધિકાર છે તેમ માનતી હોય, તેમાં આનાથી વિપરીત સ્થિતિ સર્જાય.

રશિયા એ બીજા પ્રકારના દેશોમાંનો એક છે, અને એટલે આપણે જેને લેખકનું સ્વાતંત્ર્ય કહીએ છીએ તે, આપણે માનીએ અને આવકારીએ તે રીતે, તેના બધાયે લેખકોને ન મળતું હોય તેવું વારંવાર બનતું લાગે છે. સૉલ્ઝેનિટિસનની બાબતમાં એ મનોદશાએ જરીક જુદી જાતનો વળાંક લીધો છે.

એ લેખકે કલા અને જીવનની સમૃદ્ધિથી ભર્યાંભર્યાં એવાં થોડાં ઉત્તમ પુસ્તકો લખ્યાં છે. બધાં પુસ્તકો નવલકથાનાં જ છે. એ નવલકથાઓ તેને ટોલ્સ્ટોય કે બાલ્ઝાક કે એવા સાહિત્ય સ્વામી-ઓના વર્ગમાં મૂકી દે તેવા ઊંચા પ્રકારની છે. એથી સહેજે જ જગતના સાહિત્યરસિક વર્ગનું ધ્યાન તેના તરફ દોરાય અને એવી ઊંચી કલાકારીગરીવાળી કૃતિઓને પોતાની માનાંજલિનો વિષય બનાવવાનું પણ તેને ગમે. તેણે, એટલે કે જગતના એવા જાગૃત સાહિત્યવર્ગના પ્રતિનિધિ જેવી સંસ્થાએ એથી, એને નોબેલ પારિતો-ષિક આપવાનું નક્કી કર્યું. કહ્યું કે આ નવલકથાઓએ જગતના સાહિત્યના ધનમાં ગૌરવ લઈ શકાય તેવો ઉમેરો કર્યો છે.

સામાન્ય રીતે તો કોઈ પણ દેશને પોતાના લેખક કે કલાકારને બાકીની દુનિયા માન આપે તે ગમે. પણ રશિયાને આ લેખકની બાબતમાં આ ગમતી વાત નથી. તે માને છે કે પોતાની નવલકથાઓ દ્વારા સૉલ્ઝેનિટિસન રશિયાના રાજ્યતંત્રને વગોવણી જેવું લાગે એવું ઘણું આખા જગતને કહી જવાનો યત્ન કરે છે, અને તેની એવી વગોવણીમાં રસ લેનારું પશ્ચિમી રાજ્યોનું જગત સૉલ્ઝેનિટિસનની કલાદૃષ્ટિએ એવી બધી અસામાન્ય નહિ એવી કૃતિઓને પોતાનું ઉત્તમ પારિતોષિક આપી પોતાની નિંદા કરી રહ્યું છે.

પણ આજકાલ રશિયાની નીતિ પણ પહેલાંના જેવી રહી નથી. પોતાને ત્યાં પણ કલાકારોને એવું અસ્વાતંત્ર્ય નથી એમ તે બતાવવા માગે છે. એટલે ચોરીછૂપીથી બહાર મોકલાયેલ અને પ્રસિદ્ધ થયેલ એવી સૉલ્ઝેનિટિસનની નવલકથાઓને આ પારિતોષિક મળે તે સામે તેણે વિરોધ નથી કર્યો, પણ તેની ગુણવત્તા વિશે પોતાની ગર્ભિત અસંમતિ દર્શાવી છે. છતાં સ્વીડન જઈને એ પારિતોષિક મેળવી લાવવાની તેણે લેખકને મનાઈ નથી કરી. નોબેલ પારિતોષિકનું વિતરણ સ્વીડનમાં, સામાન્ય રીતે થાય છે, એટલે એ વાત બરોબર પણ લાગે.

પણ દરેક લેખક ઝાઝે ભાગે પોતાની કલાને અને સ્વતંત્રતાને જેટલો ચાહતો હોય છે તેટલો જ પોતાની જન્મભૂમિને પણ ચાહતો હોય છે. સૉલ્ઝેનિટિસન સમજે છે કે આ પારિતોષિક લેવા એકવાર જો પોતે રશિયાની બહાર નીકળ્યો તો પાછો તેને રશિયામાં પ્રવેશ કરવો કદાચ મુશ્કેલ પડે. એટલે તેણે પારિતોષિક લેવા સ્વીડન જવાની ના પાડી. તો સ્વીડનવાળાઓએ કહ્યું કે તેઓ, સંજોગો જોતાં, રશિયા આવીને તેને પારિતોષિક આપી જશે.

સમાચાર આવે છે કે રશિયા એ લોકોને રશિયામાં આવવા પરવાનગી આપતું નથી.

આમ સાહિત્યના જગતમાં એક રસપ્રદ મડાગાંઠ ઊભી થઈ છે. અને રશિયામાં વાણીસ્વાતંત્ર્ય રાજ્યકર્તાઓને ખુશ રાખો ત્યાં સુધી જ ભોગવી શકાય છે એ વાત ફરી એકવાર તેનાં વિરોધીઓ જગત સમક્ષ મૂકી શકવામાં સફળ થયા છે.

આપણને એ બધી રાજદ્વારી આંટીઘૂંટીઓમાં રસ હોય કે નથે હોય પણ આમાંથી જે એક વાત સિદ્ધ થાય છે તે એ છે કે એલેક-ઝાંડર સૉલ્ઝેનિટિસન જાણવા, સમજવા, માણવા જેવો લેખક છે. માત્ર પોતાના રાજ્યની વિરુદ્ધ લખવાથી કોઈ પણ લેખકને આવી આંતરરાષ્ટ્રીય નામના મળે નહિ. એ માટે તો એના પોતામાં ઊંચી જાતની પ્રતિભા હોવી જોઈએ. તો જ એનો રાજદ્વારીઓ પણ ઉપયોગ કરી શકે.

એવું એનું કયું લખાણ હશે જે આપણે વાચક આ બધી રાજ-દ્વારી વાતોમાં સંડોવાવા ન ઇચ્છતો હોય તો યે માણી શકે એવો પ્રશ્ન પૂછનારને સહેલાઈથી અને કશીયે સંદિગ્ધતા વિના એક જ ઉત્તર આપી શકાય, "કેન્સર વૉર્ડ."

કેન્સરના દર્દીઓ અને તેમની હૉસ્પિટલ આજુબાજુ ગૂંથાયેલી આ નવલકથામાં માનવજીવન, માનવસ્વભાવ અને માનવપરિ-સ્થિતિનું જે ઊંડાણભર્યા નિરીક્ષણવાળું નિરૂપણ થયું છે તે જગતની ઉત્તમોત્તમ કૃતિઓમાં જ સંભવી શકે તેવું છે, અને રો નવલકથામાં રાજદ્વારી હેતુઓનું આરોપણ સહેલાઈથી થઈ શકે તેમ નથી. આપણા વાચકોએ એ વાર્તા વાંચવા જેવી છે. અત્યારના જમાનામાં નવી કલાને નામે ઘણું બધું અસ્પષ્ટ અને ન સમજાય તેવું જ્યારે લખાય છે ત્યારે આ કથામાં આપેલો કથારસ પણ માણવા જેવો લાગશે, અને તેનું ઊંડાણ સાહિત્યમાં અને જીવનમાં રસ લેનાર માણસને મુગ્ધ કરી દેશે.

એ વાંચી લીધા પછી જે વાચક એની બીજી સરસ નવલકથાઓ વાંચશે, તે પણ જો તેના કલા અને જીવનના તત્ત્વને જોશે તો પણ તેને પૂરો સંતોષ મળી રહેશે. એને પછી એનું રાજદ્વારી તત્ત્વ કશો અવરોધ પેદા નહિ કરે. એવી એની બીજી નવલકથાઓનાં નામ છે: "ધી ફર્સ્ટ સર્કલ" અને "વન ડે ઈન ધી લાઈફ ઑફ ઈવાન ડેનિસોવિચ."

ગુલાબદાસ બ્રોકર

* બાગીઓની શરણાગતિ અંગે શ્રી જયપ્રકાશ નારાયણનું પ્રવચન *

[ડાકુઓની શરણાગતિ વિશે શ્રી જયપ્રકાશજીએ આપેલ પ્રેરક પ્રવચનનો સારભાગ અહીં આપવામાં આવે છે. ડાકુઓ મૂળ બહારવટિયા, જેને ચંબલ ઘાટીમાં બાગી કહે છે. સામાજિક અને આર્થિક સમસ્યાઓને કારણે બહારવટે ચડયા પછી, તેમાંથી છૂટવું મુશ્કેલ પડે છે અને ગુનાની પરંપરા વધતી રહે છે. પછી તેની ટોળીઓ થાય છે. કેટલીક વીરતાની પરંપરા તેમાં હતી. સ્વેચ્છાએ સ્વીકારેલ કેટલીક મર્યાદાઓ પણ તેમાં હતી, જેવી કે સ્ત્રીઓની છેડતી કોઈ દિવસ ન કરવી. લૂંટથી પ્રાપ્ત થયેલ મિલકતમાંથી કેટલાંક લોકોપયોગી કાર્યો પણ થતાં, જેવાં કે સ્કૂલ, દવાખાનાં, ગરીબોને મદદ વગેરે. આ પરંપરા ધીમે ધીમે ભૂંસાતી રહી છે.

શ્રી જયપ્રકાશજીએ તેમના પ્રવચનમાં કેટલાક મુદ્દાઓ ઉપર ભાર મૂક્યો છે તે તરફ ધ્યાન ખેંચું છું. તેમણે નમ્રતાથી કહ્યું કે આ કામમાં પોતે નિમિત્ત માત્ર છે. તે માટેની નૈતિક અથવા આધ્યાત્મિક યોગ્યતા પોતાની નથી. આ કામને અત્યારે આટલી મોટી સફળતા મળવાનાં કારણોમાં તેમણે જણાવ્યું કે વિનોબાજીએ ૧૨ વર્ષ પહેલાં બીજ વાવેલું તે આજે ફળીભૂત થાય છે. બીજું, વિનોબાજી પાસે ૧૯૬૦ માં શરણાગતિ થઈ ત્યારે તેની શરૂઆત બાગીઓએ પોતે કરી હતી. તે વખતે તહેસીલદાર બાગીએ સ્વેચ્છાએ વિનોબાજી પાસે આવી શરણાગતિ સૂચવી હતી. તે જ રીતે આ વખતે પણ ડાકુઓના પ્રખ્યાત નેતા માધોસિંહે પોતે જયપ્રકાશજી પાસે આવી આગ્રહપૂર્વક આ કામ હાથ ધરવા વિનતિ કરી. જયપ્રકાશજીને ખાતરી થઈ કે બાગીઓમાં ખરેખર હૃદયપરિવર્તન થયું છે અને માત્ર થોડા બાગીઓ જ નહિ પણ લગભગ બધા શરણે આવવા તૈયાર થયા છે અને સદીઓજૂના [આ રોગનું કદાચ કાયમી નિવારણ થાય. તેમણે એ પણ કહ્યું કે આ વખતે વડા પ્રધાનથી માંડી, મુખ્ય મંત્રીઓ અને સરકારી તંત્રનો પૂરો સહકાર અને સહાનુભૂતિ રહ્યાં છે. સૌથી અગત્યની વાત તેમણે એ કહી કે ડાકુઓની આ જટિલ સમસ્યા હલ કરવામાં તેમની[શરણાગતિ તો માત્ર શરૂઆતની પ્રક્રિયા છે. આ સમસ્યા, માનસિક, સામાજિક, આર્થિક અને નૈતિક એવા અનેક પ્રશ્નોની બનેલી છે. ઘણું કામ હજી બાકી રહે છે, જેમાં સરકાર, સામાજિક કાર્યકરો અને પ્રજાનો પૂરો સહકાર જોઈશે. હવે પછીનું કાર્ય જો બરાબર સમજણપૂર્વક નહિ થાય તો, નવા ડાકુઓ પેદા થાય અને ઈતિહાસનું પુનરાવર્તન થશે. હિંસાના માર્ગમાંથી અહિંસા તરફ જવાનો આ અદ્‌ભુત પ્રયોગ છે. –તંત્રી]

તા. ૨૬-૪-'૭૨ બુધવારના રોજ સાંજના ૬-૦૦ વાગ્યે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સર્વોદયનેતા શ્રી જયપ્રકાશ નારાયણનો "ડાકુઓની શરણાગતિ" એ વિષય ઉપર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આક્રાય નીચે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના અધ્યક્ષસ્થાને એક જાહેર વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો.

શરૂઆતમાં શ્રી ચીમનભાઈએ શ્રી જયપ્રકાશજીને આવકાર આપતા જણાવ્યું કે જેમને કીર્તિ, સત્તા કે ધનનો કોઈ લોભ નથી સ્પર્શી શક્યો અને ગાંધીજીનો વારસો જેમણે સાચવી રાખ્યો છે એ પ્રકારની ભારતમાં ગણીગાંઠી વ્યક્તિઓ રહી છે તેમાં શ્રી જયપ્રકાશજી અગ્રસ્થાને ગણાય, એ કારણે આપણા દિલમાં તેમનું અનન્ય સ્થાન છે. દુનિયાના ઈતિહાસમાં અપૂર્વ ગણાય એવો બનાવ––ડાકુઓનું–બાગીઓનું આત્મસમર્પણ–તેમના પરના વિશ્વાસના કારણે બન્યો છે. આવા એક અભૂતપૂર્વ કાર્યના શ્રી જયપ્રકાશજી નિમિત્ત બન્યા છે તે એક ગૌરવપ્રદ બીના ગણાય. અને તેમની નબળી તબિયત હોવા છતાં આપણા નિમંત્રણને માન આપીને તેમણે તે સ્વીકાર્યું તે માટે ખરેખર આપણે તેમના ઋણી છીએ.

ત્યાર બાદ શ્રી જયપ્રકાશજીએ પોતાનું પ્રવચન શરૂ કરતાં પહેલાં જણાવ્યું કે આ સભાગૃહમાં હું પ્રથમ વખત જ આવ્યો છું એટલે સ્વ. પરમાનંદભાઈની યાદ તાજી થાય છે અને તેમને હું મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

'બાગીઓ'ના સમર્પણને ઘણા 'ચમત્કાર' એવા શબ્દપ્રયોગથી નવાજે છે, અને આ ચમત્કારમાં મારો હાથ છે એમ સૌ કહેતા હોય છે, પરંતુ હું એમ માનતો નથી. હું તો એમ માનું છું કે આની પાછળ કોઈ અદશ્ય શક્તિ કામ કરી રહી છે. આમાં હું તો નિમિત્ત માત્ર છું. આવી ડાકુગીરી, ખરી રીતે બહારવટાનો, ખાસ કરી ચંબલ ઘાટીમાં આપણા દેશનો જૂનો ઈતિહાસ છે. ચંબલના કોતરોની વિશેષતા એ છે કે ત્યાંના બાગીઓમાંના પોણોસો ટકા બાગીઓ જમીન અંગે તેમના પ્રત્યે થયેલા અન્યાયી વર્તાવને કારણે બાગીઓ બન્યા છે. તેમ કરવાની સમાજે તેમને ફરજ પાડી છે એમ કહીએ તો પણ અતિશયોક્તિ નહિ ગણાય. સર્વોદય કાર્યકરો જેમ જેમ તેમના સંપર્કમાં આવતા ગયા તેમ તેમ તેમની આ વાતોની જાણકારી થઈ–બાકી તેમાંના કેટલાક ઉમદા દિલના માણસો હોય એવી છાપ કાર્યકરોના મન પર પડી.

આપણે નૈતિક સાધનો અને ઉપાયોથી દેશમાં કામ કરવું જોઈએ, એને બદલે આખા દેશમાં દરેક ક્ષેત્રે અનૈતિકતા ફૂલીફાલી છે. સામાજિક ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે જે મોટા પ્રમાણમાં અન્યાયોની પરંપરા ચાલી રહી છે તેનાથી કંટાયેલો–હારેલો દુ:ખી દુ:ખી થઈ ગયેલા માણસો માટે જ્યારે એનો ત્રાસ અસહ્ય થઈ પડે છે ત્યારે તે પોતાના દિલના વૈરાગ્નિને સંતોષવા માટે ડાકુઓ કે બાગીઓ બને છે અને એવા વિસ્તારમાં વસતી આમજનતાને ત્રાહિમામ્ પોકારાવે છે. તેનો સાચો ઉપાય સમાજ કે સરકાર વિચારતાં નથી. તેઓને સમાજના દુશ્મનો ગણીને તેમને ખતમ કરવાનો ખોટો માર્ગ ગ્રહણ કરવામાં આવે છે એ કારણે આવા લોકોની ટોળીઓનો વધારો થતો રહે છે અને આમજનતાની મુશ્કેલીઓનો પણ.

આપણા સૌના અંતરમાં સારી અને બૂરી ઈચ્છાઓ ચાલતી હોય છે. વિનોબાજી તેને 'દેવ-અસુર સંગ્રામ' કહે છે. આ રીતે જે લોકોના ટોળીના એક માણસે આવીને એક વખત, વિનોબાજી એ વિસ્તારમાં વિચરતા હતા ત્યારે વિનતિ કરી કે આ બધાને બોલાવીને આપ સાચો રસ્તો બતાવો તો આત્મસમર્પણ કરવા તેઓ અવશ્ય તૈયાર થશે. ત્યારે વિનોબાજીએ પ્રયત્ન કરી જોયો. પરંતુ ત્યાર પછી સરકારી ક્ષેત્રે પૂરતો સાથ ન સાંપડયો. ત્યાર બાદ મેજર જનરલ યદુનાથસિંગના તેમ જ આઈ. જી. પી. રુસ્તમજીના પ્રયાસોથી અને રાજ્યપાલ શ્રી પાટસકરસાહેબની સહાનુભૂતિથી લુક્કા ડાકુની ૨૦ જણની ટોળીએ આત્મસમર્પણ કર્યું. પરંતુ યદુનાથસિંગનું ત્યાર બાદ અવસાન થયું. પોલીસને પોતાની પ્રતિષ્ઠા આડે આવી. સરકારે આપેલાં વચનોનું બરાબર પાલન ન થયું અને એ કામમાં મંદતા આવી. પરંતુ આત્મસમર્પણ કરેલ ડાકુઓની સજા પૂરી થયે તેમને ખેતી-નોકરી વગેરે જે જે કામો સોંપવામાં આવ્યા તેમાં તેઓ પ્રામાણિક રીતે વર્ત્યા હતા.

૧૯૬૦ થી ૭૨ સુધી આ કામ ઠંડું પડયું. બાગીઓ સાથેનો સંપર્ક તૂટી ગયો. સ્વામી કૃષ્ણાનંદજીના અધ્યક્ષપણા નીચે વિનોબાજીએ ત્યારે શાંતિ સમિતિની રચના કરેલી. પણ પછી બાગીઓ સાથેનો સંપર્ક તૂટી ગયો, અને પાછું એ પ્રવૃત્તિએ જોર પકડયું. સેંકડો માણસોની હત્યા થઈ–અપહરણો થયાં. સામે મોટી રકમોની માગણી થાય. આ બધાને ડામવા પાછળ મધ્ય પ્રદેશના પોલીસ ખાતાને આ કામ માટે જ પાંચથી સાત કરોડનો ખર્ચ થયો હતો. આમ છતાં એમાં પોલીસતંત્રને સફળતા ન સાંપડી, કેમકે આર્થિક અને સામાજિક કારણોને લીધે આ સમસ્યા ઊભી થયેલી હતી. સરકાર પક્ષે ઘણી સમિતિઓ સ્થપાઈ, રિપોર્ટો થયા અને એ અભરાઈ પર ચઢી ગયા.

થોડા સમય પહેલાં હું પટણામાં હતો ત્યારે એક વ્યક્તિ મને મળવા આવી. તેણે પોતાનું નામ રામસિંગ કહ્યું અને ચંબલ ઘાટીના બાગીઓ તરફથી તે આવેલ છે તેમ મને તેણે જણાવ્યું અને કહ્યું કે બધા બાગીઓની એવી ઈચ્છા છે કે આ સમસ્યા

આપ આપના હાથમાં લ્યો. એ માટે અમારે ત્રણ મહિનાનો સમય જોઈએ. બધા જ બાગીઓ આત્મસમર્પણ કરશે. દેશના વિકાસના કામમાં અમે બધા સહકાર આપીશું. આવા કામની મને કોઈ જાણકારી નહિ હોવાના કારણે મેં મારી અશકિત દર્શાવી. તેણે ફરી ફરી વિનતિ કરીને કહ્યું કે વિનોબાજીએ પણ આપનું નામ સૂચવ્યું છે અને અમો બધાને આપના ઉપર પૂરો વિશ્વાસ છે. પછી મને ખબર પડી કે આ વ્યકિત માધોસિંહ પોતે જ છે. તેણે મહોરસિંહ અને બીજા બાગીઓ સાથે ચર્ચા કરી હતી. આમેય બે - ત્રણ વર્ષથી માધોસિંહનું હૃદયપરિવર્તન થઈ રહ્યું હતું. તેણે સત્તાધારીઓ પર ઘણી ચિઠ્ઠીઓ લખેલી પરંતુ તેનો જવાબ નહિ મળેલો. એટલે તેણે ફરી મને આગ્રહ કર્યો. હું એ લોકો વિશે અજ્ઞાત હતો. તેમણે નિવેદન કર્યું કે અમારો અંતરાત્મા કહે છે કે અમે ખૂબ પાપ કર્યાં છે, હવે અમારે આ બંધ કરવું જોઈએ, એમ કહી તેમણે વિનતિ કરી કે અમારી શરણાગતિ બાદ (૧) કોઈને ફાંસી ન મળે; જો ફાંસીની સજા કરવામાં આવે તો તે રાષ્ટ્રપતિ માફ કરે; (૨) તેમની સામે કેસો કરવા હોય તો ૭ માસની અંદર શરૂ થઈ જાય અને ત્રણ વર્ષની અંદર તેનો ફેંસલો થઈ જાય; (૩) કોઈને હાથકડી પહેરાવવામાં ન આવે, મારપીટ ન થાય; (૫) અમારા પરિવારની જવાબદારી સરકાર લ્યે–આટલું કરવા માટે આપ પ્રયત્ન કરશો એવું મને આપના તરફથી વચન મળે. તેમના આ મુદ્દાઓ અને તેને લગતા મારા વિચારો મેં પ્રધાનશ્રી ઉપર મોકલી આપ્યા. તેમના તરફથી સાનુકૂળ જવાબ મળ્યો એટલે ચંબલ ઘાટીના શાંતિ સમિતિના મંત્રીને મેં પટણા બોલાવ્યા, બધાનો પરિચય કરાવ્યો અને સરકાર તરફથી સર્વોદય કાર્યકરોને પાસો મળ્યા કે જેથી એ લોકો બાગીઓને તેમનાં સ્થાનો પર જઈને મળી શકે. આ માટે શાંતિસેનાના અને સર્વોદયના ૨૫ કાર્યકરો જ કામ કરતા હતા, કેમ કે સરકાર પાસેથી બે જીપો જ મળી હતી. જો વધારે જીપોની સગવડ મળી હોત તો આટલા જ સમયના ગાળામાં ૪૦૦ જેટલા બાગીઓને આત્મસમર્પણ કરાવી શકાયું હોત. આ કામમાં અમને મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા રાજસ્થાનના મુખ્ય મંત્રીઓ અને ભારત સરકારનો સારો સહકાર મળ્યો છે.

આત્મસમર્પણનો વિધિ પગારાબંધના ગામમાં થયો–જ્યાં એ લોકોની ટોળીઓ અવારનવાર મળતી હતી. જ્યાં પોલીસ જવાની હિમત નહોતી કરતી. પ્રેસવાળા માટે આ વિસ્તાર પ્રતિબંધિત હતો અને અમે સરકાર સાથે આ બાબત બંધાયેલા હતા. છતાં પ્રેસવાળા ગમે તે રીતે આવ્યા અને ફોટાઓ લીધા–પ્રસિદ્ધિ કરી.

આત્મસમર્પણ વિધિનો એ ૧૪ તારીખનો દિવસ કદી ભુલાશે નહિ. આ લોકોને ગાંધીપરિવારમાં સંમિલિત કરવાને લગતું એક આયોજન ગોઠવાયું- જે ખૂબ ભાવનાપૂર્ણ હતું. બધા બાગીઓ ત્યાં હાજર થયા. પ્રભાદેવીએ સૌને તિલક કર્યાં. બીજી દસબાર બહેનો પણ હતી. તેમણે સૌને રક્ષાબંધન કર્યું. રક્ષાબંધનનું આ વિસ્તારમાં ખૂબ જ મહત્ત્વ છે. અહીં ખૂબીની વાત તો એ થઈ કે રક્ષાબંધન કરવામાં એ ડિવિઝનના કમિશનરનાં પત્ની પણ હતા. મેં એક એકને ગળે લગાવ્યા, ચા-પાણી થયાં, મીઠાઈ વહેંચાઈ, લોકોમાં અનેરો ઉત્સાહ હતો અને ત્યાર બાદ જાહેર રીતે સમર્પણ થયું. આ લોકો પાસે અદ્યતન શસ્ત્રો હતાં–મશીનગન, સ્ટેનગન, વગેરે. તેઓ મંચ પર આવે, ગાંધીજી અને વિનોબાજીની છબિને પ્રણામ કરે, હથિયારોનો ઢગલો કરે અને પગે પડે. આત્મસમર્પણ કરનાર દરેક બાગીને રામાયણની અને વિનોબાજીના ગીતા - પ્રવચનની એક એક પ્રત ભેટ આપવામાં આવી.

એ વિસ્તારના લોકો સાંજ નમ્યા પછી, અંધારું થયા પછી, બહાર નીકળવાની કદી હિમત નહોતા કરતા. એ લોકો હવે નિર્ભય રીતે હરીફરી શકે છે. એટલે ત્યાંની પ્રજા માટે તો આ એક મોટો બનાવ ગણાય. ત્યાં જે મકાન ૧૫ હજારમાં લેવા કોઈ તૈયાર નહોતું તેની કિમત આજે બે લાખ બોલાય છે–ભય ટળ્યો તે કારણે.

મને પોતાને એમ લાગે છે કે આ બાગીઓ પોતે જાણે છે કે એ લોકોના ગુનાઓ એવા છે કે તેમને ફાંસીની સજા પણ થાય. આ વાત તેઓ જાણતા હોવા છતાં, કોઈ લેખિત પૂર્વશરત વિના આટલી મોટી સંખ્યામાં એ લોકો આત્મસમર્પણ કરવા તૈયાર થાય એની કિમત ઓછી આંકવી ન જોઈએ. મને તો આ એક સંતનું પગલું લાગે છે.

આજ સુધીમાં મોટા ભાગના બાગીઓનું આત્મસમર્પણ થયું છે, બાકીના પણ લગભગ બધા જ આ પગલું ભરશે એવો મને પૂરો ભરોસો છે. એટલે એક પક્ષે તો મોટું કામ થયું છે અને બીજા પક્ષે, એટલે કે સરકાર પક્ષે કેવાં પગલાંઓ ભરવામાં આવે છે તે જોવાનું રહે છે. આ લોકોને જે અંતરપ્રેરણા થઈ તેને હું ઈશ્વરપ્રેરણા ગણું છું. ફકત અમારી પ્રેરણાથી જ આ બન્યું છે એમ અમે માનતા નથી.

છેલ્લે મેં મહોરસિંગને કહ્યું કે હવે તમારા પર કેસો ચાલશે ત્યારે જો તમારા ગુનાઓનો તમો ઈનકાર કરશો તો આ આત્મસમર્પણની કોઈ કિમત નહિ રહે. તેનો તેણે મરદાનગીભર્યો જવાબ આપ્યો કે ભલે અમને ફાંસીની સજા થાય, પરંતુ અમે આમારા ગુનાઓનો એકરાર કરીશું.

ત્યારે મને વિચાર આવ્યો કે જેઓએ અંતરના અવાજથી અપરાધોનો સ્વીકાર કરીને ક્રાંતિકારી પગલું ભર્યું છે તેવા લોકોને જેલમાં પૂરીને સમાજ કે સરકાર શું ફાયદો મેળવશે? મારી તો એવી ઈચ્છા છે કે સરકાર તેમને જમીન આપે. આને જાહેર રીતની ખુલ્લી જેલ ગણી શકાય. સર્વોદય કાર્યકરોને પણ તેમની સાથે રાખવામાં આવે અને ત્યાં પોલીસનો બંદોબસ્ત પણ રહે. તેમને તેમનાં બાલ–બચ્ચાંઓની સાથે રહેવા દેવામાં આવે. વિકાસ યોજનાઓમાં તેમનો સહકાર લેવામાં આવે. લીડરશિપ તો એ લોકો પાસે છે જ. તો ઘણું સુંદર કામ થાય. સરકાર પાસે મેં આ માગણી મૂકી છે.

હવે પછી શું કરવું એ વિશે પણ થોડાક મુદ્દાઓ વિચારણા માગી લ્યે છે:

(૧) જે બાગીઓ બાકી રહ્યા છે તેમનું સમર્પણ કરાવવું.

(૨) જેઓ બાગીઓ નથી પણ આજ દિન સુધી જેમણે છૂપી રીતે એ લોકોને ભયના માર્યા સહકાર આપ્યો છે એ લોકોને બચાવી લેવા, કેમ કે જો આવા લોકો પર કામ ચલાવવામાં આવશે તો બીજા હજાર બાગીઓ ઊભા થવાની શકયતા રહે છે.

(૩) બાગીઓના પરિવાર માટે ભરણપોષણની યોજના કરવી આવશ્યક છે કે જેથી કોઈ બદલો લેવાની ભાવનાથી તેમને હેરાન ન કરે.

(૪) બીકને લીધે ગામડાઓમાંથી જે લોકો ચાલ્યા ગયા છે તેમના પુનર્વસવાટ માટે આયોજન કરવું.

મને કહેતાં આનંદ થાય છે કે શેઠીજીએ જાહેર કર્યું છે કે બાગીઓનાં બચ્ચાં માટે ૫૦ થી ૧૦૦ રૂપિયા સુધીની છાત્રવૃત્તિ સરકાર આપશે. તેમનાં કુટુંબોનો પુનર્વસવાટ કરાવવામાં આવશે.

છેલ્લે આ લોકોની ભાવના વિશે કહેવાનું કે મહોરસિંહ સાવ અભણ માણસ છે, તેણે મને કહ્યું કે હું જેલમાંથી બહાર આવીશ ત્યારે આપની સામે આપે આપેલી રામાયણ વાંચી બતાવીશ.

દાદા ધર્માધિકારી આ ઉમ્મરે પણ હમણાં એ વિસ્તારની મુલાકાતે ગયા છે.

ડૉકટરોએ શ્રી જયપ્રકાશજીને ૨૦ મિનિટથી વધારે વાત કરવાની ના પાડી હોવા છતાં ૭૦ મિનિટ સુધી તેમણે પ્રવચન આપ્યું તે માટે સભા વતી શ્રી ચીમનભાઈએ તેમનો અંત:કરણપૂર્વક આભાર માન્યો. તેમણે કહ્યું કે આ બનાવમાં ભલે શ્રી જયપ્રકાશજી નિમિત્ત બન્યા હોય એમ કહે, પરંતુ ઈશ્વર નિમિત્ત પણ એવી વ્યકિતને બનાવે છે કે જેનામાં એ વિષેની લાયકાત – યોગ્યતા હોય. તેમના પર બાગીઓનો સંપૂર્ણ વિશ્વાસ છે અને સરકારનો પણ વિશ્વાસ છે. એમની પાસે એક દૃષ્ટિ છે. અને જે આવા બનાવને ચમત્કાર કહેવામાં ન આવે તો ચમત્કાર કહેવો કોને? ખરેખર આ બનાવથી શ્રી જયપ્રકાશજી અને સર્વોદય કાર્યકરોએ એક ચમત્કાર જ સર્જ્યો છે. આ માટે આ બધા આપણા અંતરનાં અભિનન્દનના અધિકારી બને છે. આવી નરમ તબિયતે પણ જયપ્રકાશજીએ આપણા માટે આટલી તકલીફ લીધી તે માટે આપણે સૌ તેમના ખરેખર ઋણી છીએ.

સંકલન : **શાંતિલાલ ટી. શેઠ**

(૪)

☆ મણિપુરી નૃત્યકલા ☆

["ઝવેરી સિસ્ટર્સ"ના નામે ભારતભરમાં અને ભારત બહારના અનેક દેશોમાં મણિપુરી નૃત્ય માટે ખૂબ જાણીતાં એવાં શ્રીમતી નયનાબહેન ઝવેરીએ 'સર્વોદય શિક્ષણ સંઘ'ના ઉપક્રમે તા. ૨૬-૯-૭૧'ના રોજ 'નૃત્યકલા અને શિક્ષણ' એ વિષય પર એક મનનીય પ્રવચન આપ્યું હતું, જેનો મહત્ત્વનો સારભાગ નીચે આપવામાં આવે છે. બ્લેવાટ્સ્કી લૉજના સ્ટેજ પર તેમના ટ્રુપની ત્રણ બહેનો રંજના, દર્શના અને કલાવતીએ મણિપુરી શૈલીના નૃત્યના તમામ પ્રકારોનું મૃદંગના તાલની સાથે એક સુંદર Demonstration પણ આપ્યું હતું.

છેક ૧૯૪૫થી આ બહેનોએ તેમના ગુરુ શ્રી બિપિનસિંગની સાથે રહીને અથાક પ્રયત્નો દ્વારા મણિપુરી નૃત્યકલામાં પ્રવીણતા પ્રાપ્ત કરી છે અને દેશપરદેશમાં તેના પ્રચાર અર્થે અત્યંત પરિશ્રમ કરીને ભારતનો આ સાંસ્કૃતિક વારસો જાળવી રાખ્યો છે. ગુજરાત આ બહેનો માટે અરેખર ગૌરવ લઈ શકે તેમ છે. —તંત્રી]

આનંદઉમંગમાંથી સહસા - માનવદેહમાંથી પ્રગટ થતું નૃત્ય ભાષાના ઉદ્‌ભવ કરતાં પણ પ્રાચીન છે. હસ્તમુદ્રા દ્વારા અર્થસૂચન અને મુખાભિનય દ્વારા ઊર્મિની અભિવ્યક્તિ માનવી આરંભથી કરતો રહ્યો છે. પ્રકૃતિનું અનુપમ સૌન્દર્ય નિહાળી તથા પ્રેમીઓનાં મિલનના હર્ષમાંથી સહજપણે અંગ નાચી ઊઠતું. આજે પણ વનમાં રહેતા આદિવાસીઓના નર્તનમાં તાલબદ્ધતા, ધીમા લયમાંથી ક્રમબદ્ધ ત્વરિત લય પર જતું, સમૂહમાં અમુક પ્રકારનાં પદચાલન અને અંગમરોડ નિહાળવા મળે છે. તેઓના જીવનનું પ્રતિબિંબ પાડતાં ભાલા - નૃત્ય કે શિકાર - નૃત્ય પણ હોય છે. ગ્રામજનોમાં પ્રચલિત લોકનૃત્યો કાપણીના આનંદમાં, દેવોને રીઝવવા કે સ્તુતિરૂપે કે સૃષ્ટિની ઉત્પત્તિની પ્રાચીને માન્યતા દર્શાવતા સમૂહમાં નર્તન થાય છે. ગુજરાતમાં દુર્ગામાતાના પૂજન માટે થતા નવરાત્ર ઉત્સવમાં ગરબા-ગરબી - તાળી સાથે ગોળાકારમાં થતું નર્તન, કે રાજસ્થાનમાં સામાજિક આનંદના પ્રસંગે થતું ઘુમ્મર, પંજાબનું ભાંગરા કે મહારાષ્ટ્રની લાવણી કે માછીમારોનું હલેસાં સૂચવતું નર્તન એમ વિવિધ પ્રદેશના ધાર્મિક અને સામાજિક જીવનનું પ્રતિબિંબ પાડતાં વિવિધ લોકનૃત્યો થાય છે. આમાં બાળકથી માંડીને વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓ બધાં જ આનંદોલ્લાસથી ક્લાકો સુધી મંદિરના મંડપમાં કે ખુલ્લા મેદાનમાં નૃત્યની રમઝટ માણે છે. ભૌતિક તથા આધ્યાત્મિક સંસ્કૃતિ વધતાં, સાહિત્ય, સંગીત, નૃત્ય, શિલ્પ, ચિત્ર એમ સહુ કલાઓમાં વિકાસ, સમૃદ્ધિ જણાવા લાગી. નૃત્યમાં તો સંગીત અને સાહિત્ય - કાવ્યનો સુભગ સમન્વય છે. વિવિધ તાલરચના અને તેના અલંકારરૂપ પ્રસ્તારોની છંદોલયયુક્ત રચના અને ઊર્મિપ્રધાન કાવ્યોથી નૃત્ય વધુ સમૃદ્ધ બન્યું છે. નૃત્યમાં વિવિધ અંગભંગિમા, પદચલનો, હસ્તકાભિનય, મુખાભિનય, હસ્તરેચક, ભ્રમરી ઈત્યાદિમાં ઉત્તરોત્તર વિવિધતા અને વિકાસ થતો ગયો. આ શાસ્ત્રીય નર્તન વિવિધ પ્રદેશમાં વિવિધ રીતે વિકાસ પામ્યાં - જેમ કે ઉત્તર ભારતમાં મણિપુરી, કથક અને દક્ષિણ ભારતમાં ભરતનાટયમ્, કથકલી, કુચીપુડી, ઓડિસી, મોહિની-અટ્ટમ્ ઈત્યાદિ. દેવને પ્રસન્ન કરવા માટે દક્ષિણના મંદિરોમાં દેવદાસીઓ નૃત્ય કરતી. ઉચ્ચ શાસ્ત્રીય પ્રકારે ખીલેલી એ નૃત્યકલાએ કાળક્રમે પડતીની દશા પણ નિહાળી. છેલ્લાં થોડાં વર્ષોમાં ક્લાક્ષેત્રે નવજાગૃતિ - નવચેતના આવવાથી ફરી એ શાસ્ત્રીયતાની સમૃદ્ધિ પામી શકી છે. આજે એ ભરતનાટયમ્ તરીકે પ્રસિદ્ધ છે. અંગભંગિમાનું મૂર્તિકલા જેવું સૌન્દર્ય, પદચલનની વિવિધતાયુક્ત 'અડાઉ' તાલ અને છંદોલયની અટપટી જટિલ રચના, દૈવી પાત્રોના શૃંગારરસપ્રધાન સૂક્ષ્મ ભાવોના નિરૂપણથી શૈલી કલામય-રસવાન બની છે.

ખુલ્લાં ચોગાનોમાં મોટા દીવડાની જ્યોતમાં કથકલી નૃત્યશૈલીમાં ભજવાતી મહાભારત, રામાયણની કથામાં અર્જુન, ભીમ, શ્રીકૃષ્ણ, રામ, સીતા, હનુમાન જીવંત પાત્રો બને છે. તેઓના ઉચ્ચ દૈવી રાજવી પ્રભાવશાળી ચરિત્ર અને વ્યક્તિત્વ, તેઓના કલાત્મક ભરાવદાર પહેરવેશ અને ગૌરવાન્વિત ચલનો દ્વારા અભિવ્યકત થાય છે. પાત્રોદ્વારા દીર્ઘવાર્તાલાપ અને વર્ણનો અભિવ્યકત કરતી હસ્તકાભિનયપૂર્ણ ભાષા તરીકે વિકસિત થયું છે. શૃંગાર, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, ઈત્યાદિ રસોના નિરૂપણમાં મુખાભિનયનો મહત્ત્વનો ફાળો રહે છે.

ઉત્તર ભારતમાં મોગલ રાજદરબારમાં વિકાસ પામેલું કથક નૃત્ય બાદમાં, લખનઉ ઘરાણા અને જયપુર ઘરાણાની શાખાઓ તરીકે પ્રસિદ્ધ થયું. લખનઉ ઘરાણાનું લક્ષ્ય ભાવાભિનયમય નૃત્ય પર રહ્યું જ્યારે જયપુરી શૈલીમાં તાલ - તોડા, પદચલનના તત્કાર અને ભ્રમરીઓ પર ધ્યાન કેન્દ્રિત થયું.

મણિપુરવાસીમાં ધર્મભાવના જેટલી પ્રબળ છે, એટલો જ ઊંડો ક્લાપ્રેમ છે. મણિપુરમાં ગૌડીય વૈષ્ણવધર્મ ૧૮મી સદીમાં અંગીકાર કરવામાં આવ્યો ત્યારથી ધાર્મિક સંકીર્તનમાં મૃદંગચલન તથા કરતાલચલન અને રાસલીલામાં તાંડવ અને લાસ્ય નર્તનનો વિનિયોગ થયો. ધર્મના આશ્રયે મણિપુરી નર્તન વિકાસ પામ્યું હોવાથી તે ભક્તિપૂર્ણ, ભાવનાશીલ તથા તેનું અંગચલન સંયમપૂર્ણ રહ્યું છે. પ્રજા સમૃદ્ધ અને ઊર્મિવંત હોવાથી સૌકાઓથી નર્તન - સંગીત તો તેમના જીવનનું મહત્ત્વનું અંગ બન્યાં છે. જાણે આ પ્રજા ગાંધર્વલોકની વંશજ ન હોય! આદિ નર્તન 'લાઈહરાવબા'માં તો નાના બાળકથી માંડીને વૃદ્ધ પણ જોડાય છે. 'માઈલી' (દેવોની આનંદક્રીડા)- પૂજારણ દેવદેવીઓનું આવાહન, સત્કાર, પૃથ્વી અને માનવનું સર્જન તથા માનવીની જીવન ક્રિયાઓ નર્તન દ્વારા પ્રદર્શિત કરે છે. નર્તન કીર્તન દ્વારા શ્રીકૃષ્ણની ભક્તિ કરનાર ગૌડીય વૈષ્ણવપંથ મણિપુરવાસીઓએ સહજ રીતે સ્વીકારી લીધો. શ્રીકૃષ્ણની ગોકુળ - વૃન્દાવન-લીલાના પ્રસંગો નર્તન - સંગીતની રમઝટથી ઊજવાય છે. શ્રીમદ્ ભાગવતના રાસપંચાધ્યાયમાં વર્ણવેલ રાસલીલા અત્યંત કલાત્મક રીતે મહારાસ નૃત્યનાટિકા રૂપે ભજવાય છે. ગોપીઓ તથા રાધાને કૃષ્ણભક્તિ માટે ગર્વ ઉદ્‌ભવતાં શ્રીકૃષ્ણ તેનું કઈ રીતે ખંડન કરે છે અને ત્યાર બાદ સર્વે અહંકાર ત્યજીને તેમની સ્તુતિ, પ્રશસ્તિ કરતાં વિરહવેદનાથી વ્યાકુળ બની કૃષ્ણમય બની, કૃષ્ણના જીવનપ્રસંગો નાટયરૂપે ભજવે છે ત્યારે કૃષ્ણજી સર્વ ગોપીઓ જોડે અનેક રૂપ ધારણ કરી સર્વેને ઈશ્વર-તાદાત્મ્યનો અનુભવ કરાવે છે. જાણે આત્માનું પરમાત્મા જોડે મિલન સધાય છે. હોળી ક્રીડાયુકત વસંતરાસ, કુંજરાસ તથા નિત્યરાસની નૃત્યનાટિકાઓનું ભક્તજન મંદિરના મંડપમાં રસદર્શન કરે છે. વૃન્દાવનમાં ગાયો ચરાવવા જતાં ગોપબાળ જોડે શ્રીકૃષ્ણની રમતે અને જન રંજાડતા ધેનુકાસુર, બકાસુર, કાલિયનાગ ઈત્યાદિ અસુરોના પરાક્રમપૂર્ણક સંહારનું વર્ણન કરતો રાખાલરાસ તથા માખણચોરી અને દામોદરલીલા વર્ણવતું ઉદુખલરાસ એટલી જ રસિક રીતે રજૂ થાય છે. જન્મ, લગ્ન કે જીવનના મહત્ત્વના પ્રસંગો નર્તન-કીર્તનથી ઊજવાય છે. શ્રાદ્ધક્રિયામાં થતાં સંકીર્તનમાં કરતાલચલન અને મૃદંગચલનનું મહત્ત્વ રહે છે. કંસના આમંત્રણથી શ્રીકૃષ્ણ અક્રૂર સાથે સોનાના રથમાં બેસીને મથુરા તરફ પ્રયાણ કરતાં રાધા અને ગોપીઓ કરુણ વિલાપ કરી રથને રોકવાનો પ્રયત્ન કરે છે. આ પ્રસંગનું વર્ણન રથયાત્રા ઉત્સવના સમયે કરુણરસપ્રધાન ગીત - નૃત્યાભિનય દ્વારા થતાં કરતાલી નર્તન કરવામાં આવે છે. ઝૂલન-યાત્રામાં રાધાકૃષ્ણની મૂર્તિને ઝુલાવતાં તેમનાં ગુણગાન અને વૃન્દા-

વનવર્ણન કરતાં મંજીરા-નર્તન કરવામાં આવે છે.

ભારતની પરંપરાગત શાસ્ત્રીય નૃત્યશૈલીઓમાં મણિપુરી નર્તન એની મૃદુતા અને લાવણ્યથી થતા અંગચલનથી ભિન્ન તરી આવે છે. મૂળ પ્રેરણા નાટયશાસ્ત્ર, અભિનય દર્પણ, સંગીતરત્નાકર જેવાં પ્રાચીન શાસ્ત્રોમાંથી હોવા છતાં મુખ્ય આધાર મહારાજા ભાગ્યચંદ્ર રચિત મણિપુરીશાસ્ત્ર ગોવિંદસંગીતલીલાવિલાસમાં જોવા મળે છે. મણિપુરી નર્તનમાં તાંડવ અને લાસ્ય સ્વતંત્રપણે વિકસેલાં છે. લાસ્ય સ્ત્રીસહજ કોમળ હોઈ તેમાં હલનચલન સંયમપૂર્ણ થાય છે. તાંડવ પૌરુષેય ઉગ્ર છે અને ઉત્પ્લવન સહિત જોસભેર કરવામાં આવે છે. મણિપુરી નર્તનના ગતિરેચક નદીના પ્રવાહની જેમ સ્નિગ્ધ અને ગોળાકૃતિમાં થાય છે, અને સાગરના તરંગની જેમ એકબીજામાં મળી જાય છે. શરીરના કોઈ પણ એક ભાગના ચલનનું મહત્ત્વ ન રહેતાં પૂરા અંગના હલનચલન દ્વારા સુશોભિત, કમનીય બને છે. (મણિપુરની નૃત્યનાટિકાઓમાં નવે રસની ઉત્પત્તિ થાય છે, પરંતુ શૃંગાર-રસ પ્રાધાન્ય ભોગવે છે.) મણિપુરી નર્તનનું સંગીત કીર્તનપદ્ધતિને મળતું હોવા છતાં એની ઢબમાં વ્યક્તિગત વિશિષ્ટતા તરી આવે છે. રાસલીલાનાં ગીતો ભક્તકવિ જયદેવ, વિદ્યાપતિ, ચંડીદાસ, જ્ઞાનદાસ ઈત્યાદિની પદાવલિઓમાંથી ચૂંટાય છે અને સંસ્કૃત, બંગાળી, વ્રજબલી તથા હવે વધુ મૈથેઈ ભાષામાં ગવાય છે. રાસ-લીલાની વેશભૂષા અત્યંત કલાત્મક અને આકર્ષક હોઈ ઘણી પ્રસિદ્ધિ પામી છે. પચીસથી ત્રીસ ગોપીઓ આ ભવ્ય વસ્ત્રાલંકારમાં સજજ થતાં દિવ્ય રાસલીલાનાં દર્શનનો અનુભવ કરાવે છે. રાસલીલા મંદિ-રોના મંડપોમાં રાતભર આઠથી દસ કલાક સુધી ભજવાય છે અને ભક્તજન રસતરબોળ બની જીવનની ધન્યતા અનુભવે છે. સૌકા-ઓથી મણિપુરી નર્તનદ્વારા વ્યક્તિને આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત થયો છે અને સમાજમાં આ શુદ્ધ આનંદદ્વારા સંઘટન થયું છે.

બાળકનું સર્વાંગી ઘડતર કરે, ઊંચું વ્યક્તિત્વ ખીલવે, આદર્શ અર્પે, ભાવનાશાળી બનાવે, તત્ત્વગામી કરે, માનવતાના ગુણો ખીલવે, સમાજ - દેશ પ્રત્યેની જવાબદારી તથા પ્રેમ કેળવે, વ્યાપક-અગમ્ય ચિરકાલીન તત્ત્વ—ઈશ્વર માટે ભક્તિ અને જ્ઞાન અર્પે. બાહ્ય પદાર્થવિજ્ઞાન સાથે આંતરિક આધ્યાત્મિક જ્ઞાન અને તેનું સાચું મૂલ્યાંકન આપે એ સાચું અને યથાર્થ શિક્ષણ કહેવાય. આજના ત્વરિતગતિયુક્ત, વૈજ્ઞાનિક પ્રગતિના યુગમાં માનવીનું લક્ષ્ય, ધ્યેય અને સુખની કલ્પના બાહ્ય પદાર્થ, ધન, કીર્તિ જોડે સંકળાયેલી છે તેથી તેના પ્રતિબિંબરૂપે શિક્ષણક્રમમાં પણ બુદ્ધિની ખિલવણી અને શારીરિક સૌષ્ઠવ ખીલવતી રમત - ગમત - પદાર્થવિજ્ઞાન, વિવિધ ભાષાઓ, અને સંગ્રહસ્થાનની જેમ હકીકતોનો સંગ્રહ કરવા ઉપર વધુ ભાર મુકાય છે. આપણા પ્રાચીન સમયમાં વૈજ્ઞાનિક જ્ઞાન ઉપ-રાંત ધર્મ, નીતિ, તત્ત્વજ્ઞાન અને આંતરિક ભાવોનું ઘડતર, આચાર, વિચાર, વર્તનમાં માન, મર્યાદા, વિવેકનું પણ શિક્ષણ મળતું. ગુરુશિષ્યનો પ્રેમ પિતાપુત્ર જેવો રહેતો - શિષ્ય, જ્ઞાનની જિજ્ઞાસા, પિપાસાથી ભક્તિપૂર્વક ગુરુસેવા કરતાં વિદ્યા ગ્રહણ કરતો અને ગુરુ પૂર્ણ પ્રેમથી, ઉત્સાહ, ઉમંગથી જ્ઞાનવિતરણ કરતા, ઈશ્વરની સેવાનો આનંદ માણતા. મણિપુરમાં ગુરુશિષ્ય પરં-પરાથી જ નૃત્યશિક્ષણ લેવાય છે. નૃત્ય દ્વારા શરીરસૌષ્ઠવ કલા-ત્મક અને સૌન્દર્યના માધ્યમથી જળવાય છે. અંગવિક્ષેપ, મરોડ, ભંગિમા, પાદ, હસ્ત અને અંગ, પ્રત્યાંગ, ઉપાંગના ગતિરેચક દ્વારા દેહને પૂરી કસરત મળે છે. આમાં તાલ - છંદોલયનું મહત્ત્વ રહેવાથી વિદ્યાર્થી એના સતત, પરિશ્રમ અને શિસ્ત સાથેના અભ્યાસથી જીવનમાં પણ નિયમ, બંધારણ, મર્યાદામાં રહી સુયોગ્ય આચરણ માટે ઘડાય છે. અભિનયાત્મક નર્તનમાં દૈવી પાત્રોના સૂક્ષ્મ ભાવોનું નિરૂપણ કરતાં તેની ઊર્મિ, લાગણી, મનોભાવ ઘડાઈને શુદ્ધ બને છે. આપણી શાસ્ત્રીય પરંપરાગત નૃત્યકલા ધર્મ સાથે એકરૂપ બનેલી હોવાથી અને ધર્મસંસ્થાનોની છત્રછાયા અને સહાયને કારણે તે સૌકાઓથી શુદ્ધ સ્વરૂપમાં વિકસી શકી અને આજ સુધી એ ટકી રહી છે. આધુનિક યુગમાં ધર્મ અને તેનાં સંસ્થાનો પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિ ઓસર્યાં હોવાથી જટિલ સમસ્યા ખડી થઈ છે. એનો વિકાસ અને સંરક્ષણ રૂંધાયાં છે. રાજ્ય અને થોડી સાંસ્કૃતિક સંસ્થાઓ એનું સંરક્ષણ કરવાનો પ્રયત્ન કરે, પરંતુ જ્યાં સુધી પૂરા સમાજમાં નૃત્યકલા પ્રત્યે પ્રેમ, માન, અને આત્મીયતા નહિ કેળવાય ત્યાં સુધી કોયડો અણઉકેલ રહેશે. આપણી શિક્ષણસંસ્થાઓએ તેની શક્તિ અને આવશ્યકતા ઓળખી શાસ્ત્રીય નૃત્યને શિક્ષણક્રમમાં દાખલ કરવું જોઈએ. યુનિવર્સિટીમાં એની ખાસ Faculty સ્થપાવી જોઈએ. અજ્ઞાનતામાં રત્નને પથ્થર ગણીને ફગાવી દેવાય તેમ આપણી ઉપેક્ષાથી આ સમૃદ્ધ નર્તનકલા લુપ્ત થશે. શાસ્ત્રીય નર્તન ભારતનું ગૌરવ, અણમોલ સમૃદ્ધિ તથા અમૂલ્ય વારસો છે!

નયના ઝવેરી

સ્ત્રી-પુરુષ સમાજરથનાં બે ચક્રો નથી!

['પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૨-૭૨, ૧-૩-૭૨ અને ૧-૪-૭૨ના અંકોમાં પ્રગટ થયેલી 'પુરુષ નિરપેક્ષ સ્ત્રીજીવન' વિશેની ચર્ચાના અનુસંધાનમાં એક વધુ મંતવ્ય અહીં પ્રગટ કરવામાં આવ્યું છે.—તંત્રી]

સ્ત્રી અને પુરુષ એ સમાજરથનાં બે ચક્રો છે એવું 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૪-'૭૨ ના અંકમાં શ્રી શાંતિલાલ ટી. શેઠનું મંતવ્ય છે. આ બાબતમાં મારે કહેવાનું છે કે આ માન્યતા અને આ વિધાન માત્ર કાલ્પનિક છે અને વાસ્તવિકતાને છુપાવ-નારું છે. સમાજરથનાં કહેવાતાં આ બે પૈડાં - બે ચક્રો - કોઈ કાળે સમાન સ્તર ઉપર હતાં જ નહિ. ભૂતકાળમાં પુરુષને જે સત્તા, જે છૂટછાટ અને અન્ય જે અધિકારો હતાં અને પુરુષોએ જે સ્વેચ્છાએ અપનાવેલાં - તે બધાં શું સ્ત્રીઓને હતાં ખરાં?...અને આજે આટલી બધી જ્ઞાન અને વિજ્ઞાનની પ્રગતિ પછી સ્ત્રીઓ શું માગે છે? માત્ર સમાનતા! પુરુષો જેટલા જ અધિકારો ! કે જેથી સમાજરથનાં બે ચક્રો સરખાં થઈ શકે. જો આજે સ્ત્રીઓ સમા-નતા માગતી હોય તો એ આપોઆપ પુરવાર થાય છે કે સ્ત્રી - પુરુષ સમાન હતાં નહિ - અને એથી સંસારના કે સમાજનાં બે પૈડાં સરખા કહેવાં એ અસત્ય છે અને માત્ર કાલ્પનિક છે. આજે છેલ્લાં પચાસ વર્ષમાં સ્ત્રીઓની સ્થિતિમાં ઘણો ફેર પડયો છે. આજે તેઓ જે રીતે રહે છે, છૂટછાટ ભોગવે છે એ પરિસ્થિતિની પચાસ વર્ષ પહેલાં જો કોઈએ વાત કરી હોત તો વાત તો શું, આવી કલ્પના કરવી પણ અસ્થાને હતી... આમ છતાંય, પરિવર્તન થયું છે, પ્રગતિ થઈ છે—અને કોઈ આકાશ તૂટી પણ નથી પડયું, કોઈ સમાજ વેરવિખેર થયેલો પણ દેખાતો નથી.

આપણે સૌએ એક વસ્તુ સમજી લેવી જોઈએ. all values are relative શિક્ષણના વિકાસ સાથે, અને આર્થિક સ્વાતંત્ર્ય સાથે સ્ત્રી-પુરુષના સંબંધો આજે છે એથી પચાસ વર્ષ પછી કંઈક જુદા જ હશે. સ્ત્રી પુરુષથી કેટલી સ્વતંત્ર હશે એ તે સમયે પ્રવર્તતી પરિ-સ્થિતિ નક્કી કરશે. પણ કોઈ તાકાત આ પરિવર્તનને અટકાવી નહિ શકે.

પુરુષોએ હજારો વર્ષોથી સ્ત્રીઓ ઉપર એક માલિકીહક્ક ભોગવ્યો છે. સ્ત્રીઓને પરાધીન અને ગુલામ જ રાખી છે. આજે જ્યારે સ્ત્રીજાગૃતિ આવી છે અને સમાન હક્કની માગણી થાય છે ત્યારે પુરુષજગતમાં એક ગભરાટ વ્યાપી ગયો છે. પરંતુ આ ગભરાટ અસ્થાને છે. કારણ સ્ત્રીઓએ તો હજુ માત્ર વિચાર જ મૂક્યો છે — એ સાકાર થતાં તો હજુ દાયકાઓ લાગશે. પુરુષો એક હકીકત ધ્યાનમાં રાખે અને એ વાતનો તેઓ વિનાસંકોચે સ્વીકાર કરે કે સ્ત્રી - પુરુષ સંબંધના નિયમો ઘડનાર કોઈ ભગવાન ન હતા, પણ તેઓ જ હતા.

એટલે, વાસ્તવિકતાનો સ્વીકાર કરીએ અને સ્ત્રી - પુરુષ સમાજરથનાં બે ચક્રો છે એવું કહીને આપણે ન સંતોષ લઈએ કે ન સ્ત્રીઓને એથી સારું લગાડવાનો પ્રયત્ન કરીએ.

ટોકરસી શાહ

☆ સ્વ. પરમાનંદભાઈની પ્રથમ પુણ્યતિથિ ☆

તા. ૧૭-૪-'૭૨ના રોજ સાંજના ભાગમાં શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સ્વ. પરમાનંદભાઈની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે એક પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પૂજ્ય કાકાસાહેબ કાલેલકર તથા શ્રી જોઆકીમ આલ્વા દિલ્હીથી અને શ્રી ગીતાબહેન પરીખ અમદાવાદથી આ પુણ્યતિથિ નિમિત્તે ખાસ આવ્યાં હતાં. આ ઉપરાંત શ્રી ગગનવિહારી મહેતા, શ્રી દુર્લભજીભાઈ પરીખ, શ્રી કરમસીભાઈ સોમૈયા, શ્રી ચૂનિમાબહેન પકવાસા, શ્રી રામુ પંડિત, શ્રી હર્ષિદાબહેન પંડિત, શ્રી ઉષાબહેન મહેતા તથા પરમાનંદભાઈનાં અન્ય કુટુંબીજનો, તેમના મિત્રો અને પ્રશંસકોની હાજરીથી સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયું હતું અને વાતાવરણમાં પવિત્રતાનો પમરાટ ફેલાઈ ગયો હતો. મોગરાની તથા અગરબત્તીની સુવાસ અને ઘીના દીવાની જ્યોતની પવિત્રતા અને સંપૂર્ણ શાન્તિસભર વાતાવરણ વચ્ચે શ્રી ગીતાબહેન તથા શ્રી નીરુબહેને પ્રાર્થનાની શરૂઆત કરી ત્યારે, ચાલુ દુનિયાની પેલે પાર કોઈ અગોચર સ્થળે બેઠા હોઈએ એવું માનસિક વાતાવરણ સર્જાઈ ગયું હતું અને હાજર શ્રોતાઓએ અંતરના ઊંડાણથી આ પ્રાર્થનામાં શામિલ થઈ સ્વ. પરમાનંદભાઈને શ્રદ્ધાંજલિ સમર્પિત કરી હતી.

ત્યાર બાદ પ્રથમ શ્રી નીરુબહેને એક અને શ્રી શારદાબહેન બાબુભાઈ શાહે બે, સુંદર સ્વરે ભજનો ગાયા હતાં. સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આજના પ્રસંગની ગંભીરતાનો ખ્યાલ આપી રૂપરેખા સમજાવી હતી અને સ્વ. પરમાનંદભાઈને અંતરના ઊંડાણથી ભાવભરી અંજલિ આપી હતી. ત્યાર બાદ સંસ્થાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે પ્રથમ કાકાસાહેબને આવકાર આપ્યો હતો અને તેઓ દિલ્હીથી ખાસ પધાર્યા તે માટે તેમનો આભાર માન્યો હતો, અને સ્વ. પરમાનંદભાઈની સ્મૃતિ તાજી કરતાં તેમણે જણાવ્યું કે માણસનું બહારનું કામ ગમે તેટલું મોટું હોય એમ છતાં તેનું આંતરિક જીવન કેવા પ્રકારનું છે તેની સમાજ ઉપર મોટી અસર પડતી હોય છે, અને સ્વ. પરમાનંદભાઈનું સમગ્ર જીવન સમાજ ઉપર સારી અસર પાડે એવું–સત્યની ઉપાસનાને વરેલું–હતું. તેમને ધનનો, કીર્તિનો, હોદ્દાનો–એવો કોઈ લોભ હતો નહિ, અને આટલા વિશાળ વર્તુળમાં તેઓનું કાર્યક્ષેત્ર હોવા છતાં પોતાની મર્યાદાનું તેમને પૂરેપૂરું ભાન હતું. તેમને નવું નવું જાણવાની હમેશાં જિજ્ઞાસા રહેતી અને તેમના મનના આંતરપ્રવાહો જાણવા હોય તો, તા. ૧૬-૪-'૭૨ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા શ્રી નાનાભાઈ ભટ્ટ તેમજ શ્રી હરભાઈ ત્રિવેદી પરના તેમના પત્રો વાંચવાથી તેની ઝાંખી થશે. તેઓ જાહેર ક્ષેત્રે ઓટલું કામ કરી શક્યા છતાં તેમને પોતાની ન્યૂનતા સાલતી હતી અને તેમનો મોટામાં મોટો ગુણ એ હતો કે તેઓ જેવા હતા તેવા જ દેખાવામાં માનતા હતા. હમણાં હું મુનિશ્રી જિનવિજયજીને મળ્યો હતો ત્યારે તેમની સાથેની વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે પરમાનંદભાઈનો તેમની સાથે થયેલ પત્રવ્યવહાર ખૂબ જ ઉચ્ચ કોટિનો હતો અને તે તેમણે સાચવી રાખ્યો છે. મેં તે પત્રો શ્રી ગીતાબહેનને મોકલી આપવા તેમને વિનતિ કરી છે. શ્રી પરમાનંદભાઈ જે પત્રો લખતા તેમાંના અગત્યના પત્રોની નકલ રાખતા અને તેમની પર આવેલા પત્રોમાંથી ઉપયોગી પત્રો પણ તેઓ સાચવી રાખતા. એવા તેમના પત્રોનો સંગ્રહ ગીતાબહેન પાસે છે. તેમાંથી ગીતાબહેને તારવણી કરીને મોકલેલા પત્રો ૧૬ એપ્રિલના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવેલ છે. તેમની પ્રથમ પુણ્યતિથિએ આજે હું તેમને મારી ભાવભરી અંજલિ અર્પું છું.

ત્યાર બાદ શ્રી ગગનવિહારી એલ. મહેતાએ બોલતાં જણાવ્યું કે પરમાનંદભાઈનું અવસાન ગઈ ૧૭મી એપ્રિલે થયું અને ૧૯મીએ મારે પરદેશ જવાનું હતું એટલે તેમની સ્મશાનયાત્રામાં હું ભાગ લઈ શક્યો નહોતો, તેનો મારા દિલમાં રંજ રહી ગયેલો. એટલે તેમની પ્રથમ પુણ્યતિથિના આયોજનની મને જાણ થતાં જ મેં શ્રી ચીમનભાઈને ફોન કર્યો કે તે દિવસે હાજર રહેવાની મારી ઉત્કટ ઈચ્છા છે અને એ રીતે આજે હું ઉપસ્થિત થયો છું. એટલે આજે મારે કાંઈક કહેવું એ પણ મારું કર્તવ્ય બને છે. તેમણે કહ્યું કે હું બાવન વર્ષથી તેમના પરિચયમાં હતો. પરંતુ હું અમેરિકાથી આવ્યા બાદ છેલ્લાં ૧૩ વર્ષથી તો અમારો પરિચય ખૂબ ગાઢ બન્યો હતો. તેમના પ્રત્યે હમેશાં મને સન્માન અને આદર રહ્યાં છે. એ ખરેખર મહાન વ્યકિત હતા. તેમનાં લખાણો ઉત્તમ કોટિનાં હતાં અને સમાજસુધારા વિશેની તેમની ઝુંબેશ પણ પ્રશંસનીય હતી. પરંતુ એ બધાં કરતાં તેઓ જે રીતનું જીવન જીવતા હતા તેનું મહત્ત્વ અતિઘણું હતું. તેઓ સેવાભાવી અને નિષ્ઠાવાન હતા. તેમની સેવામાં કોઈ પ્રકારનો સ્વાર્થ નહોતો, તેમને હોદ્દાની કોઈ અપેક્ષા કે મહત્ત્વાકાંક્ષા નહોતી. મારા ભાઈ વૈકુંઠભાઈ મને કહેતા હતા કે આવા બુદ્ધિવાદી અને ચારિત્ર્યવાન માણસની સમાજે કિંમત નથી કરી. તેમનો ઉપયોગ રાજદ્વારી ક્ષેત્રે પણ થઈ શકે એવી આ વ્યકિત છે. તેમની તે વાત ઘણે સાચી હતી. હું તો એમ કહું કે તોફાની સમુદ્રમાં તેઓ દીવાદાંડી-સમાન હતા. સમાજના અનિષ્ટો–ઢોંગ વગેરેની કટુતા વિના, નરમાશથી તેઓ ટીકા કરી શકતા હતા. મારે કહેવું જોઈએ કે 'પ્રબુદ્ધ જીવન' જેવું સાપ્તાહિક ભાગ્યે જ જોવા મળે. એ કક્ષાનું એક સાપ્તાહિક ગટુભાઇ ધ્રુવનું 'જ્યોતિર્ધર' પ્રગટ થતું હતું, પરંતુ તેમના અવસાન સાથે જ તે બંધ થયું. પરંતુ 'પ્રબુદ્ધ જીવન'ને ચીમનભાઈ જેવા તંત્રી સાંપડ્યા એટલે ચાલુ રહી શક્યું છે. એ રીતે તેમની સ્મૃતિ તાજી રહી છે. શ્રી પરમાનંદભાઈ પોતાના વિચારો વિસ્તારથી સ્પષ્ટપણે છતાં વિનયપૂર્વક રજૂ કરતાં–અંતર કહેતું તે જ લખતાં. આજનો જમાનો તો એવો છે કે સૌ ચાલતી ગાડીમાં બેસી જતા જોવા મળે છે, અને એ રીતે આગળ વધવા પ્રયત્ન કરતા હોય છે. પરમાનંદભાઈએ કોઈ દિવસ આ રીતે જાહેરમાં આવવાનો પ્રયત્ન કર્યો નથી. તેમના પ્રત્યે આદર એટલા માટે થતો કે તેઓ દરેક વસ્તુનો વિચાર બુદ્ધિની કસોટી દ્વારા કરતા. તેઓ પૂરા લાગણીશીલ હતા. આમ છતાં પોતાના ચોક્કસ વિચાર માટેનો આગ્રહ વજથી પણ કઠોર રાખી શકતા. માનવતા તેમનામાં ભરી પડી હતી. સહિષ્ણુ પણ તેઓ એટલા જ હતા. એ ઝવેરાત હતા–એક રત્ન હતા. આવા માણસનું ગમે તે ઉંમરે અવસાન થાય તો પણ સમાજને તે સાલનું હોય છે. તેઓ અવસાન પહેલાં આઠ દિવસ અગાઉ જ મને મળેલા. તેમણે જે કાર્ય કર્યું છે તેને મૃત્યુ કદી નહિ ભૂંસી શકે. શ્રી ગગનભાઈએ આવાં કેટલાંય સંસ્મરણો રજૂ કરીને પોતાની અંજલિ આપી હતી.

ત્યાર બાદ શ્રી જોઆકીમ આલ્વાએ અંતરના ઊંડાણથી તેમના વિશે પોતાના મન પરની છાપને લગતાં મંતવ્યો રજૂ કર્યાં હતાં અને ગદ્‌ગદ હૃદયે ભાવભરી અંજલિ આપી હતી.

ત્યાર બાદ પૂજ્ય કાકાસાહેબ કાલેલકરે બોલતાં જણાવ્યું કે હું આજે એક મારા અંગત મિત્રને શ્રદ્ધાંજલિ આપવા આવ્યો છું. મારે આજે કોઈ ઉપદેશ આપવો નથી. મારા કાને સંભળાતું નથી એટલે આગળના વકતાઓ શું બોલી ગયા તેની મને ખબર નથી.

સ્વ. પરમાનંદભાઈના સ્નેહીઓમાં હું સૌથી જૂનો અને સૌથી વૃદ્ધ છું. આમ છતાં મારા પહેલા તેઓ ચાલી ગયા તે સારું નથી થયું. તેમની સાથેનો મારો સંબંધ સ્વચ્છ અને લાંબો હતો. તેમની સાથે મારે પણ મતભેદ થતો, પરંતુ કદી અમારી વચ્ચે મનભેદ થયો

* જીવનયોગી પરમાનંદભાઈ *



(પરમાનંદ કાપડિયા સભાગૃહમાં પૂજ્ય શ્રી કાકાસાહેબ સ્વ. પરમાનંદભાઇને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.)

નથી. સમાજમાં આદર્શ ગૃહસ્થાશ્રમીઓ તો ઘણા જ હોય છે, પરંતુ પરમાનંદભાઈ તો 'જીવનયોગી' હતા. સાધુઓ તો જીવન-વિમુક્ત હોય છે, પરંતુ પરમાનંદભાઈને હું 'જીવનયોગી' કહેતો. માણસે જીવન એવી રીતે જીવવું જોઈએ કે સમાજને તે ઉપયોગી બને. પરમાનંદભાઈનું જીવન એવું હતું. તેમનામાં ઉત્તમ ચારિત્ર્ય અને નિર્ભયતા જેવા પાયાના ગુણો હતા. તેમનામાં કદી મેં ઝઘડો કરવાની વૃત્તિનાં દર્શન કર્યાં નથી. તેમની સામે ઝઘડો આવી પડે તો નીડર થઈને પોતાની વાત સાફ રીતે કહી દેવાની તેમનામાં તાકાત હતી, તેનો એક દાખલો તપાસીએ. સમાજે તેમને નાતબહાર મૂકયા, તો તેમણે વિરોધ ન કર્યો અને પોતે જ કહ્યું કે હું નાતબહાર રહેવા ખુશી છું, અને ઝઘડો ન થયો. તેમણે જીવનનો વિકાસ કેવો કર્યો? પ્રથમ તેમણે મૂર્તિપૂજકની સંસ્થા સ્થાપી, ત્યાર બાદ વ્યાખ્યાન-માળા શરૂ કરી, જેમાં બધા જ ધર્મના અને પ્રાંતોના વકતાઓને બોલાવે. પ્રથમ 'પ્રબુદ્ધ જૈન' શરૂ કર્યું. તેનું 'પ્રબુદ્ધ જીવન' કર્યું. ત્યારે મેં તેમને કહેલું કે તમે હવે ખરા જૈન બન્યા. જૈનોમાં અનેકાન્ત વૃત્તિ નથી તે ધાર્મિક નથી જ. ફકત જૈન ધર્મની જ નહિ પરંતુ દુનિયાને આજે જૈન સંસ્કૃતિની જરૂર છે. આખી દુનિયાના સંઘર્ષને ટાળીને સમન્વય કરવો તે જૈન સંસ્કૃતિ – અહિંસક સંસ્કૃતિ. આના માટે ગાંધીજીએ સર્વોદયની વાત કરી.

તેમના ઉદારમતવાદથી હું પ્રભાવિત હતો, પરંતુ કયારેક હું તેમને કહેતો કે તમો દીકરીઓના બાપ છો, જો લોકો તમારો બહિષ્કાર કરશે તો શું થશે? તમારે સમાજ સાથે સાચવીને ચાલવું જોઈએ. ત્યારે તેઓ નિર્ભીકતાથી કહેતા હતા કે સૌ સૌના નસીબ લઈને દુનિયામાં જન્મે છે. કોઇ કોઇનું ખરાબ કરી શકતું નથી.

હું એમ સમજ્યો છું કે તેમણે ઝવેરાતનો ધંધો સ્વીકારેલો તે પણ સહેતુક હતો. તેમાં ઓછો સમય આપવો પડે અને કમાણી સારી થાય. એટલે જીવનનિર્વાહ પૂરતું મેળવીને બાકીનો સમય સામાજિક કામોમાં આપી શકાય એવી દૃષ્ટિ તેમની હશે! તેઓ એવા વર્તુળમાં વસતા હતા અને એટલા બુદ્ધિવાદી હતા કે જો તેમણે ધાર્યું હોત તો રાજનીતિમાં દાખલ થઈ શકયા હોત. પરંતુ તે તેમણે પસંદ ન કર્યું. આજનો જમાનો તો ઈલેકશન-જીતવા માટેનો જમાનો છે.

તેમનું કાર્ય આગળ ચાલે એમ આપણે સૌ ઈચ્છતા હોઈએ તો 'વ્યાખ્યાનમાળા' અને 'પ્રબુદ્ધ જીવન' ગમે તેમ કરીને ચાલુ રાખવા જોઈએ.

માણસે બીજા માણસને પોતાથી ઊતરતો ન ગણવો જોઈએ. કોઈ કહે કે અમુક માણસ પાપી છે. આ વાત મારા ભેજામાં ઊતરતી નથી. દરેક માણસ સાથે આપણો સહયોગ સાધવો જોઈએ. દરેક પ્રત્યે આપણે આદર કેળવવો જોઇએ. ઘણી વખત હું પરમાનંદભાઇના ઘેર જઈ રહેતો હતો. તેમની પોતાની, તેમનાં પત્ની અને પુત્રી-ઓની મીઠાશ જોઈને હું ખૂબ પ્રસન્ન બનતો હતો. એટલે હું તેમને ત્યારથી 'જીવનયોગી' તરીકે સંબોધું છું.

તેમણે ઉત્પન્ન કરેલા વાતાવરણને આગળ વધારવું જોઈએ. જે માણસ નિસ્પૃહી છે તે નિર્ભય બની શકે છે. પરમાનંદભાઈ પાસેથી મેં ઘણું બધું મેળવ્યું છે, હું તેમની પાસેથી ઘણું બધું શીખ્યો છું. આવા મિત્રને અંજલિ આપતાં મારું હૃદય હર્ષઘેલું બને છે.

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચુનીભાઈએ આભારવિધિ કર્યો હતો અને શ્રી બટુકભાઇએ એક સુંદર ભજન તેમના બુલંદ સૂરથી ગાયું હતું અને શ્રોતાઓએ હૃદયથી કાંઈક મેળવ્યું હોય એવી ભાવના સાથે અને મનની તૃપ્તિ સાથે સૌ વિખરાયા હતા.

સંકલન: શાંતિલાલ ટી. શેઠ

ઋતંભરા વિશ્વવિદ્યાપીઠ તરફથી ગ્રીષ્મ શિબિર

છેલ્લાં સત્તર વર્ષથી પ્રથમનું 'શકિતદળ' અને હાલ 'ઋતંભરા વિશ્વવિદ્યાપીઠ'ના આશ્રયે ગ્રીષ્મ શિબિર યોજવામાં આવે છે, એ જ રીતે આ વર્ષે બહેનોને શારીરિક અને આધ્યાત્મિક તાલીમ મળે એ આશયથી કલ્યાણમાં નેશનલ રેયોન કોલોનીમાં તા. ૨-૫-'૭૨થી ૨૧-૫-'૭૨ સુધીના સમય માટે ગ્રીષ્મ શિબિર યોજવામાં આવી છે. આ ગ્રીષ્મ શિબિર વિષેની પત્રકાર પરિષદમાં વિસ્તૃત માહિતી આપતા સંસ્થાના સ્થાપક શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાએ વધુમાં જણાવ્યું કે, "આ પ્રસંગે યોજનારી 'તેજસ્વિની' વ્યાખ્યાનમાળામાં જુદા જુદા વકતાઓ ભિન્ન ભિન્ન વિષયો પર વ્યાખ્યાનો આપશે."

શ્રીમતી દામિનીબહેન જરીવાળાએ ઋતુંભરા વિશ્વવિદ્યાપીઠમાં બહેનોને શારીરિક અને આધ્યાત્મિક તાલીમ કેવી રીતે આપવામાં આવે છે તેને લગતી વિસ્તૃત સમજણ આપી હતી. બહેનોએ આ શિબિર વિષે વધારે માહિતી જાણવી હોય તો તેમણે ઋતંભરા વિશ્વવિદ્યાપીઠ ઓફિસ, ૨૯, ડુંગરસી રોડ, મુંબઈ-૬, એ સ્થળે સંપર્ક સાધવો. ટે. નં. ૩૬૪૨૫૧-૩૫૦૧૭૬.

મંત્રની શોધમાં

એક સાધુ હતો. રોજ એક માણસ તેની પાસે આવી કરગરતો કે મને ઈશ્વરનાં દર્શન થાય એવો મંત્ર આપો. સાધુ એને કંઈ જવાબ ન આપતો. એનું મૌન પેલા માણસને અજાયબીભર્યું લાગતું, છતાં એ નિયમિત રીતે સાધુ પાસે આવ્યા કરતો અને મંત્રની માગણી કર્યા કરતો. આગન્તુકની પારાવાર ધીરજ જોઈને સાધુને એક દિવસ થયું કે એને કંઈક જવાબ તો આપવો જોઈએ. તેણે એક દિવસ પેલા માણસને કહ્યું કે મારી સાથે નદીએ નાહવા ચાલ. આગન્તુક સાધુ સાથે નદીએ નાહવા ગયો. નદીકિનારે કપડાં ઉતારી બંને લંગોટભર નદીમાં ઊતર્યા. ઊંડા પાણીમાં ગયા એટલે બંનેએ પાણીમાં ડૂબકી મારી. સાધુએ પાણીમાં રહ્યાં રહ્યાં પેલા માણસનો પગ બરાબર પકડી લીધો. માણસ પાણી બહાર માથું કાઢવા ઘણી કોશિશ કરે, પણ સાધુએ એટલા જોરથી પગ પકડી રાખેલો કે પેલો બહાર માથું કાઢી શકે જ નહીં. પછી તો શ્વાસોચ્છ્વાસ લેવાની મુશ્કેલીને લીધે એ મૂંઝાવા લાગ્યો અને અકળાઈને તરડફડિયાં મારવાં લાગ્યો. એ સ્થિતિમાં સાધુએ એનો પગ છોડી દીધો. એટલે તે પાણીની બહાર આવ્યો અને થોડી વારે સ્વસ્થ થયો. સાધુએ નદીકાંઠે આવી પેલા માણસને પૂછ્યું કે 'ભાઈ, તને પાણીમાં શું થયું હતું?' પેલાએ જવાબ આપ્યો કે 'પાણીની અંદર જોઈતી હવા નહીં મળવાથી હું ખૂબ અકળાઈ ગયેલો અને મારો પ્રાણ કંઠે આવી ગયેલો; યમરાજા પાસે આવીને ઊભા હોય તેમ લાગેલું. એ પળ એવી આકરી અને ભયંકર હતી કે એની કલ્પના કરતાં જ મને શીત વળી જાય છે.' સાધુએ કહ્યું, 'ભાઈ, થોડી વારની ડૂબકીથી આટલો અકળાઈ ગયો તો પરમાત્મા મેળવવા માટે તો વધારે અકળામણ અનુભવવી પડશે. ઈશ્વર કંઈ માત્ર મંત્રનું રટણ કરવાથી નથી મળતો. એની પાછળ આકરી તપશ્ચર્યા કરવી પડે છે. તું આટલી પીડા સહન ન કરી શક્યો તો પરમાત્માને હાંસલ કરવા વેઠવી પડતી આંતર યાતનાઓને શી રીતે સહન કરી શકીશ? માટે તું માત્ર મંત્ર મેળવવાનો અને તેનું રટણ કરવાનો વિચાર છોડી દે. એ બાબત તને હું એક દૃષ્ટાંત કહું છું તે સાંભળ. સરોવરકાંઠે ઝૂંપડી બાંધી એક સંત રહેતા હતા. એમણે એક પોપટ પાળેલો. ત્રણ-ચાર વર્ષ સુધી એ પોપટને એમણે પાઠ ભણાવ્યો કે પારધી આવશે, ખાવાનું લાવશે, જાળ પાથરશે અને પકડી લેશે. આટલા ગાળામાં તો પોપટને એ પાઠ બરાબર કંઠસ્થ થઈ ગયો. પછી તો એ પોતાની મેળે એનું રટણ કર્યા કરતો.

સંતને એક સમયે વિચાર આવ્યો કે પોપટ ભલે હવે જંગલમાં મુક્તપણે હરેફરે અને આનંદ કરે. એમણે તો પોપટને છૂટો મૂકી દીધો. એ વાતને ચાર છ મહિના વીતી ગયા. તે દરમિયાન પોપટ જંગલનાં વૃક્ષે વૃક્ષે ફરી વળ્યો અને સંતે મોઢે કરાવેલો પાઠ બધાં પંખીઓને કહેવા લાગ્યો. ધીમે ધીમે પક્ષીઓ પોપટના પાઠનું રટણ કરતા થઈ ગયાં. પછી તો સારુંયે જંગલ એ પાઠના રટણથી ગુંજવા લાગ્યું.

ઝૂંપડીમાં બેસી પ્રભુભજન કરતાં કરતાં સંતને એક દિવસ વિચાર આવ્યો કે મારી વાત પોપટ બરાબર સમજ્યો છે કે નહીં તેની કસોટી કરું. બનવા કાળ છે તે એ જ વખતે એક પારધી પાણી પીવા સરોવરકાંઠે આવી ચડ્યો. સંતે પારધીને પાસે બોલાવી કહ્યું કે ભાઈ, મેં છએક મહિના પહેલાં એક પોપટને જંગલમાં છૂટો મૂકી દીધો છે. જા તો ખરો, એ શું કરે છે એ મારે જાણવું છે.

સંતની વાત સાંભળી પારધીને કૌતુક તો થયું, પણ પછી એને વિચાર આવ્યો કે સંતની વાતમાં કંઈક તથ્ય હશે, માટે લાવ જવા તો દે. એ તો ચાલતો ચાલતો અઘોર જંગલમાં પહોંચી ગયો. ત્યાં જઈને જોયું તો બધાં પંખીઓ એક જ વાતનું પઠન કરતાં હતાં: પારધી આવશે, ખાવાનું લાવશે, જાળ પાથરશે અને પકડી જશે. પારધીને મનોમન થયું કે આ પક્ષીઓ તો ભારે ઉસ્તાદ થઈ ગયાં લાગે છે. હું જે પ્રવૃત્તિ કરવા માગું છું તેનાથી તો આ બધાં પંખીઓ પૂરેપૂરાં જાણકાર બની ગયાં છે. હવે એ મારી જાળમાં શાનાં ફસાય! એ તો સંત પાસે પાછો ગયો, અને સંતને કહ્યું કે બધાં પંખીઓ પોપટની વાતનું બરાબર રટણ કરે છે અને એકેય મારી જાળમાં ફસાય તેમ લાગતું નથી.' સંતે કહ્યું: 'ભાઈ પારધી, તેં જાળ બિછાવીને આખતરો કર્યો હતો ખરો?' પારધીએ નકારમાં મસ્તક ધુણાવ્યું. 'તો જા ભાઈ, આખતરો તો કરી જો.' પારધી વળી જંગલમાં ઊપડ્યો.

ત્યાં પહોંચીને એણે સૌપ્રથમ ચણ અને થોડાં ફળ નાખી જાળ પાથરી દીધી. આશ્ચર્ય વચ્ચે પંખીઓ ચણ અને ફળ ખાવા માટે જાળ પાથરી હતી ત્યાં ઊતરવા માંડ્યાં. તેમાં પેલો પોપટ પણ હતો. પારધીનું તો કામ થઈ ગયું. પોપટ અને બીજાં ઘણાં પંખીઓ તેની જાળમાં ફસાઈ ગયાં. એ તો બધાંને ખભે નાખી ઊપડ્યો પેલા સંત પાસે. ત્યાં પહોંચી ઝૂંપડીના બારણે પંખીઓ સહિત જાળનો ઢગલો કરી દીધો.

સંતે જાળમાં ફસાયેલા પોતાના પોપટને ઓળખી કાઢ્યો ને તેને તોતારામ કહી બોલાવ્યો. પોપટ સંત સામે ટગર ટગર જોઈ રહ્યો. સંતે તેને પૂછ્યું કે મેં તને ત્રણ-ચાર વર્ષ સુધી કઈ વાત કહી હતી તે યાદ છે? પોપટને સંતની વાત અક્ષરશ: યાદ હતી. એટલે એક પણ ભૂલ કર્યા વિના એણે આખો પાઠ રટી બતાવ્યો. એની વાંસે વાંસે બીજાં પંખીઓ પણ એ જ વાતનું રટણ કરવા લાગ્યાં. સંત વિચારમાં પડી ગયા. આટઆટલા સમય સુધી મારા ઉપદેશનું રટણ કર્યું પણ એ ઉપદેશ આ પોપટના કે પંખીઓના હાડમાં બેઠો નથી. આ બધાંએ તદ્દન ઉપરચોટિયું જ રટણ કર્યા કર્યું છે, નહીંતર બધાં પંખીઓ આટલી સહેલાઈથી પારધીની જાળમાં શાનાં ફસાઈ જાય!

સાધુ પાસેથી મંત્રની અપેક્ષા રાખતો માણસ એકીટશે પોપટનું દૃષ્ટાંત સાંભળી રહ્યો હતો. એને થયું કે સાધુ હજી કંઈક આગળ વાત કહેશે. પણ સાધુ બોલતા અટકી ગયા હતા. એમના મુખ ઉપર ગહન ભાવો રમી રહ્યા હતા. તેઓ મંત્રનો મહિમા ઓછો આંકવા નહોતા ઇચ્છતા. મંત્રની શક્તિમાં તેમને પારાવાર શ્રદ્ધા હતી. પણ તેઓ પોપટિયા રટણનો છેદ ઉડાડી દેવા ઇચ્છતા હતા. એટલે તો આશ્ચર્યમુગ્ધ બની બેઠેલા પેલા માણસને તેમણે ખુલાસો કરતાં કહ્યું કે "ભાઈ, મંત્રમાં તો યંત્ર કરતાં પણ વિશેષ તાકાત છે. પાણી ગમે તેટલું જોશમાં વહેતું હોય તો પણ તે નીચાણ તરફ જ ગતિ કરે છે. નાયગ્રા ધોધનો પ્રવાહ કેટલો જબરો અને ગતિશીલ છે! પણ એ ધોધનું પાણી ઉપર જવાને બદલે નીચે જ પડે છે. નાયગ્રાના 'હોર્સ-શ્યુ' આગળ રોજનું સેંકડો ટન પાણી ઠલવાય છે. પાણીનો સ્વભાવ જ નીચાણ તરફ વહેવાનો છે. પણ પાણીમાં જો યંત્ર ગોઠવવામાં આવે તો? પમ્પ દ્વારા પાણીને ઘણે ઊંચે સુધી ચડાવી શકાય છે. પમ્પની કરામતથી પાણીને સ્વભાવ બદલવો પડ્યો. એ નીચે જવાને બદલે ઉપર જવા લાગ્યું. યંત્ર જો આટલું કરી શકે તો મંત્ર શું ન કરી શકે? ઇન્દ્રિયોને અંકુશમાં રાખી પરમાત્મા તરફ વાળવામાં મંત્ર મહત્ત્વનું કાર્ય કરે છે. મંત્રથી ચિત્તની એકાગ્રતા વધે છે અને વેરવિખેર થયેલી ઇન્દ્રિયોની શક્તિ શુભ તરફ પ્રયાણ કરે છે. મૂળ તો મંત્ર હાડમાં ઊતરી જવો જોઈએ. ઈશ્વરને પ્રાપ્ત કરવાની તીવ્રતમ તાલાવેલી તારા હૃદયમાં નહીં જાગે ત્યાં સુધી ભલે તું મંત્ર રટયા કરે, પણ પરમાત્માનો સાક્ષાત્કાર તને નહીં થાય."

સાધુની વાત સાંભળી મંત્રની શોધમાં નીકળેલા માણસને સાચું રહસ્ય સમજાયું.

કાંતિલાલ કાલાણી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી રટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ મે ૧૬, ૧૯૭૨ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

★ ભારતે અણુશસ્ત્રો બનાવવાં જોઈએ ? ★

સંરક્ષણમંત્રી શ્રી જગજીવનરામે થોડા દિવસ પહેલાં લોકસભામાં જાહેર કર્યું કે આપણે ભૂગર્ભમાં અણુશક્તિના પ્રયોગો કરવાનું વિચારી રહ્યા છીએ અને તે માટેની વૈજ્ઞાનિક પદ્ધતિનો અણુશક્તિ પંચ અભ્યાસ કરી રહેલ છે. આ મહત્ત્વની જાહેરાત પ્રત્યે જેટલું લક્ષ અપાવું જોઈએ તેટલું અપાયું નથી. આ જાહેરાતથી આપણા દેશની આણ્વનીતિમાં એક નવો વળાંક આવે છે અને તેનાં પરિણામો ગંભીર વિચારણા માગે છે. શ્રી જગજીવનરામે એ પણ કહ્યું છે કે ભૂગર્ભ પ્રયોગો અણુશક્તિના શાન્તિમય ઉપયોગ માટે કરવાના છે. શાન્તિમય ઉપયોગ અને આક્રમક ઉપયોગ એ બે વચ્ચેની ભેદરેખા પાતળી છે. એકમાંથી બીજા ઉપયોગ તરફ વળવું સહેલું છે.

અણુશક્તિના વિકાસની દિશામાં આપણે શરૂઆત કરી ત્યારથી વારંવાર ભારપૂર્વક જાહેર કર્યું છે કે ભારતવર્ષ અણુશક્તિના શાન્તિભર્યા ઉપયોગ (Peaceful purpose) માટે જ તેનો વિકાસ કરે છે. અણુશસ્ત્રોનો આપણે હમેશાં જોરશોરથી વિરોધ કર્યો છે. કોઈ પણ સંજોગોમાં અણુશસ્ત્રોનો ઉપયોગ યુદ્ધમાં થવો ન જોઈએ એ આપણી નીતિ રહી છે. જે મહાસત્તાઓએ અણુશસ્ત્રો સજ્જ કર્યાં છે તેનો વિનાશ કરવો જોઈએ અને નવાં અણુશસ્ત્રો બનાવવાં નહિ તેવી નીતિની આપણે હિમાયત કરી છે. આન્તરરાષ્ટ્રીય પરિષદોમાં, નિઃશસ્ત્રીકરણ પરિષદમાં અને અન્યથા આપણી નીતિ રહી છે કે યુદ્ધમાં અણુશસ્ત્રોનો ઉપયોગ અનૈતિક અને મહાવિનાશકારી હોઈ, તે સર્વથા તજવો જોઈએ.

સરકારી સ્તર ઉપર અને ખાસ કરીને નહેરુની આ નીતિ રહી છે. છતાં વખતોવખત અવાજ ઊઠ્યો છે કે ભારતે અણુશસ્ત્રો બનાવવાં જોઈએ. અણુશક્તિ પંચના પ્રમુખ અને આદ્યપ્રણેતા ડૉ. હોમી ભાભાના મનમાં Peaceful purpose સાથે Security, દેશના સંરક્ષણનું તત્ત્વ રહ્યું હતું. Potential Military use of atomic energy–જરૂર પડ્યે અણુશક્તિનો લશ્કરી ઉપયોગ ધ્યાનમાં રહ્યો જ છે. અણુશક્તિના વિકાસ માટે જે પગલાંઓ લેવાયાં છે તેમાં આ તત્ત્વે પણ ભાગ ભજવ્યો છે. અલબત્ત, સંરક્ષણ માટે જ, આક્રમણ માટે નહિ એ સ્પષ્ટ કર્યું છે; પણ સંરક્ષણ અને આક્રમણની રેખા પાતળી છે. હથિયાર હોય પછી સંરક્ષણ માટે વપરાય છે કે આક્રમણ માટે તે કહેવું મુશ્કેલ છે. Best form of defence is attack. ડૉ. હોમી ભાભાએ એક વખત એમ કહ્યું હતું કે આપણે ધારીએ તો ૧૮ મહિનામાં ઍટમબૉમ્બ બનાવી શકીએ એટલે દરજ્જે આપણી વૈજ્ઞાનિક પ્રગતિ થઈ છે.

શ્રી નહેરુએ આ નીતિ સ્વીકારી ત્યારે ગાંધીજીની અસર દેશ ઉપર હતી અને અહિંસા કે શાન્તિમય માર્ગના આપણે હિમાયતી હતા. હકીકતમાં આઝાદી પછીનાં પહેલાં દશ વર્ષ, નહેરુ દુનિયાને ઉપદેશ આપવામાં સંકોચ નહોતા રાખતા અને જગતની નૈતિક આગેવાની આપણે લેતા હોઈએ એમ લાગતું. અણુશસ્ત્રોનાં જેટલાં વિરોધી બળો જગતમાં હતાં તેને આપણો ટેકો હતો. બર્ટ્રાન્ડ રસેલની પુગવાશ કૉન્ફરન્સ અને અન્ય વૈજ્ઞાનિકો જેઓ અણુશસ્ત્રોનો વિરોધ કરતા તેમને આપણે આવકારતા. શરૂઆતમાં અમેરિકા પાસે જ અણુશસ્ત્રો હતાં ત્યારે આ વિરોધ સબળ હતો. પણ પછી તો રશિયા, બ્રિટન, ફ્રાન્સ વગેરે દેશોએ અણુબૉમ્બ બનાવવા શરૂ કર્યા અને તેમાં પણ અમેરિકા અને રશિયા વચ્ચેની હરીફાઈ અતિ તીવ્ર બની અને બન્ને દેશોએ અણુશસ્ત્રોની જંગી જમાવટ કરી ત્યારે પરિસ્થિતિ પલટાઈ ગઈ. આ બધા દેશો ભૂગર્ભ ધડાકા (underground test) કરતા થયા. તેને કારણે દુનિયામાં ઝેરી હવા ફેલાય અને બીજા દેશોને પણ ભારે નુકસાન થાય તે કારણે આવા ભૂગર્ભ ધડાકા સામે સખત વિરોધ થયો.

૧૯૬૨ના જૂન મહિનામાં, ગાંધી શાન્તિ સંસ્થાન – Gandhi Peace Foundation – તરફથી દિલ્હીમાં Anti-Nuclear Arms Convention યોજાયું. દેશ-વિદેશના વિચારકો અને વૈજ્ઞાનિકો તેમાં હાજર રહ્યા. આ પરિષદ બિનસરકારી હોવા છતાં, સરકારનું પૂરું પ્રતિનિધિત્વ તેમાં હતું. રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે તેનું ઉદ્‌ઘાટન કર્યું. ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્, વડા પ્રધાન નહેરુ અને કૉંગ્રેસના પ્રમુખ અને બીજા આગેવાનો તેમાં મોખરે હતા. ડૉ. રાજેન્દ્રપ્રસાદે તેમના ઉદ્‌ઘાટન–પ્રવચનમાં ગાંધીજીના અહિંસક પ્રતિકારનો ઉલ્લેખ કરી જણાવ્યું કે non-violence is the only safe defence, not only for the individual but also for nations. પણ આવી અંતિમ અહિંસાનો પ્રશ્ન બાજુએ રાખી, ડૉ. રાજેન્દ્રપ્રસાદે કહ્યું કે, આ સંમેલનનો ઉદ્દેશ કાંઈક મર્યાદિત છે અને તે ઉદ્દેશ છે :

"Our objective is a limited one, namely, the cessation of nuclear tests, banning of nuclear weapons and total disarmament. This should, of course, include the manufacture and use of nuclear weapons of any kind whatsoever and the destruction of existing nuclear stockpiles."

આ ઉદ્દેશના સમર્થનમાં ઘણાં વિદ્વત્તાભર્યાં પ્રવચનો થયાં. અણુશસ્ત્રોની ભયંકર વિનાશકતા, તેની અનૈતિકતા, તેની અંતિમ નિષ્ફળતા વગેરે બતાવતાં વ્યાખ્યાનો ફરીથી વાંચવા યોગ્ય છે. આ સંમેલનના પરિણામે આપણાં પ્રતિનિધિમંડળો વિદેશમાં - ખાસ કરી અમેરિકા અને રશિયા ગયાં, આ બન્ને મહાસત્તાઓને સમજાવવા માટે. શ્રી. રાજગોપાલાચારી અમેરિકા ગયા હતા અને તે વખતના પ્રમુખ કેનેડી ઉપર ઘણો પ્રભાવ પાડ્યો.

૧૯૬૨ના અંત ભાગમાં ચીની આક્રમણથી આપણા દેશમાં પરિસ્થિતિમાં પલટો આવ્યો. આપણી હાર થઈ તેને કારણે અણુ-

શસ્ત્રો માટેની માગણી જોરદાર બની ત્યારથી એક વર્ગ ભારપૂર્વક કહેતો રહ્યો છે કે આપણા દેશે અણુશસ્ત્રો બનાવવાં જ જોઈએ. તેમાં પણ ચીને અણુબૉમ્બ બનાવ્યા પછી દેશના સંરક્ષણ માટે આપણે ત્યાં પણ અણુશસ્ત્રો હોવાં અનિવાર્ય છે તેવી માન્યતા દઢ થતી જાય છે.

શ્રી જગજીવનરામની આ જાહેરાત સરકારી નીતિમાં કાંઈ ફેરફાર સૂચવે છે કે નહિ તે કહેવું મુશ્કેલ છે. આ કોઈ અછડતો ઉલ્લેખ છે કે સરકારી સ્તર ઉપર ગંભીર વિચારણા કરી, યોજિત પગલું છે તે ખબર નથી. પણ વર્તમાનપત્રોએ યોગ્ય રીતે કહ્યું છે કે Atomic options kept open. અણુશસ્ત્રોની સજાવટ માટે માર્ગ મોકળો છે. શ્રી જગજીવનરામની આ જાહેરાતના બીજે દિવસે Indian Institute of Defence Studies and Analysis ના ડાયરેક્ટર શ્રી સુબ્રહ્મણ્યમે જાહેર કર્યું કે ભૂગર્ભ પ્રયોગ માટેની વૈજ્ઞાનિક પદ્ધતિ-Technology અને અણુશસ્ત્રોની સંરક્ષણ માટેની વૈજ્ઞાનિક પદ્ધતિ એક જ છે. એનો અર્થ એ થયો કે શ્રી જગજીવનરામના કહેવા પ્રમાણે ભૂગર્ભ પ્રયોગ માટે વૈજ્ઞાનિક પદ્ધતિ વિકસાવવી એટલે અણુશસ્ત્રોના સંરક્ષણાત્મક ઉપયોગની પદ્ધતિ વિકસાવવી. શ્રી સુબ્રહ્મણ્યમે વિશેષમાં કહ્યું :

"India would use nuclear power for peaceful purposes including if necessary defence .. In the context of current situation and the power structure in this region, a review of the policy may become necessary. If we are able to acquire the technology necessary for underground nuclear explosion, it follows that we have acquired the nuclear technology necessary also for defence purposes and the decision to use this technology for building warheads in large numbers can be taken at a later stage. By then, we may also have acquired the technology necessary for developing a delivery system on the basis of our present space programme."

મેં આ અવતરણ પૂરું આપ્યું છે. એ બતાવવા માટે કે શ્રી જગજીવનરામની જાહેરાત દેખાય છે તેટલી નિર્દોષ નથી. કેટલા ઊંડા પાણીમાં ઊતરશું તે શ્રી સુબ્રહ્મણ્યમના કથનથી સ્પષ્ટ થાય છે. સરકાર આટલી હદે જવા તૈયાર છે કે નહિ તે અત્યારે કહેવાય નહિ પણ એ વાત નિશ્ચિત છે કે આ માર્ગે પ્રયાણ શરૂ કર્યા પછી, અંત સુધી આપણને ખેંચી જશે અને અરધે રસ્તે અટકી પડીએ તો બધું કર્યુંકારવ્યું નિષ્ફળ જાય. There is no half way house in the armament race.

અણુશસ્ત્રો બનાવવા માટે ત્રણ કારણો આપવામાં આવે છે: (૧) સંરક્ષણ - Security, (૨) અણુશસ્ત્રોના ભયથી આક્રમણ અટકાવવું - deterrent, (૩) મહાસત્તાનું પદ પ્રાપ્ત કરવું. સમર્થ વિદ્વાનોએ હકીકતો અને દલીલોથી બતાવ્યું છે કે આ ત્રણમાંથી એકેય કારણમાં વજૂદ નથી. ગાંધી શાન્તિ સંસ્થાન તરફથી ૧૯૬૨માં અણુશસ્ત્રવિરોધી સંમેલન થયું તેમાં શ્રી બી. એન. ગાંગુલીએ નિબંધ રજૂ કર્યો હતો. Nuclear Arms for Security જેમાં તેમણે બતાવ્યું હતું કે આઈન્સ્ટાઈનનું કથન કે Arms can bring no security કેટલું સાચું છે. અણુશસ્ત્રોનો હુમલો થાય ત્યારે અચાનક થવાનો અને એટલો ઝડપી હશે કે તેનો પ્રતિકાર કરવાનો સમય મળે તે પહેલાં વિનાશ થઈ ચૂક્યો હશે. કદાચ દેશનો કોઈ ભાગ બચી જાય અને પ્રતિહુમલો કરવાની શકિત રહે તો પણ આપણો બચાવ તો નથી જ, સામા દેશનો વિનાશ કદાચ કરી શકાય એટલે બન્નેનો પૂર્ણવિનાશ થાય.

અણુશસ્ત્રોના ભયથી હુમલો અટકાવી શકીએ તે માન્યતા કેટલી ભ્રામક છે તે હકીકત ડૉ. વી. કે. આર. વી. રાવે The Fallacy of Nuclear Deterrent માં બતાવ્યું છે. તેમણે કહ્યું છે : "So, consider nuclear arms as a national deterrent is only to invite a nuclear race. When nuclear weapons and the capacity to deliver them have both reached a certain level, deterrent has no meaning."

અણુશસ્ત્રો ન હોય તો મહાસત્તામાં ગણતરી ન થાય એ મોટો ભ્રમ છે. અણુશસ્ત્રોની દોટ ચાલુ રહી તો ઈઝરાયલ જેવો નાનો દેશ પણ અણુશસ્ત્રો બનાવી શકશે.

વૈજ્ઞાનિક શોધખોળ એટલી ઝડપથી આગળ વધે છે કે આજે બનાવેલ શસ્ત્રો ૬-૧૨ મહિના પછી નિરુપયોગી થાય છે. અણુશસ્ત્રો બનાવવાનું એટલું ખરચાળ છે કે દેશનું આર્થિક દેવાળું નીકળે. ખાસ કરીને ગરીબ દેશ માટે ગુનાહિત ગાંડપણ છે.

પણ આ બધી દલીલો ગળે ઊતરવી સહેલી નથી. ભય અને તેમાંથી નીપજતો હિંસક બળ ઉપર આધાર, મનુષ્ય માટે સ્વાભાવિક છે. આ લાલચ રોકવા જે ઊંડી શ્રદ્ધા જોઈએ (act of faith) તે વિરલ છે. બધા એક અવાજે કહેશે કે, અણુશસ્ત્રોમાં માનજાત અને તેની સંસ્કૃતિનો વિનાશ છે. પણ ભય અને અણવિશ્વાસ એટલા વ્યાપક છે કે સ્વેચ્છાએ અણુશસ્ત્રોનો ત્યાગ અતિ વિકટ છે. સાચા અને સારા માર્ગે જવા કોઈકે તો પહેલ કરવી જ પડશે, ગમે તે જોખમ હોય તો પણ. બધા કરે તો અમે કરીએ એવી વૃત્તિથી કોઈ સારું કામ થાય નહિ. નૈતિક અથવા આધ્યાત્મિક વિચારો એક બાજુ રાખીએ અને માત્ર વ્યાવહારિક દૃષ્ટિએ વિચારીએ તો પણ અણુશસ્ત્રો બનાવવાની નિરર્થકતા જણાઈ આવશે. કરોડો-અબજો રૂપિયાનો ધુમાડો કરી, નથી રક્ષણ થવાનું, નથી આક્રમણ અટકાવી શકવાના, જો આવવાનું હશે તો. નથી સત્તામાં વધારો થવાનો. અણુયુદ્ધ થવાનું જ હશે તો કોઈ બચવાના નથી, જેણે અણુશસ્ત્રો ખડકયા છે તે પણ નહિ. તેમનો વિનાશ પહેલો થશે. અણુશસ્ત્રો નહિ હોય તેના ઉપર કદાચ આક્રમણ કરવાનું મન કોઈને નહિ થાય.

બીજા દેશોને અણુશસ્ત્રો બનાવતા અને અણુધડાકાઓ કરતા અટકાવવા ગાંધી શાન્તિ સંસ્થાને સંમેલન કર્યું અને વિદેશમાં પ્રતિનિધિમંડળો મોકલ્યાં. હવે આપણો દેશ જ આ માર્ગે જઈ રહ્યો છે તો ગાંધીવાદી, અથવા સર્વોદય આગેવાનો મૌન બેસી રહેશે? બીજા દેશોમાં બન્યું છે તેમ આપણા દેશમાં પણ, વર્તમાન મનોદશા જોતાં અણુશસ્ત્રોનો વિરોધ કદાચ અરણ્યરુદન બની રહે. પણ કોઈકે તો ઊર્ધ્વબાહો પોકાર કર્યો હતો અને દેશનો આત્મા સાવ મરી ગયો નથી એટલું પણ થાય અને સાચી હકીકતો પ્રજા સમક્ષ રજૂ કરી, અનિષ્ટ પરિણામોની જાણ કરી, પ્રજામાં જાગૃતિ લાવવી એ વિચારવંત વ્યક્તિઓનો ધર્મ છે.

૧૦-૫-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

પ્રકીર્ણ નોંધ

એક જૈન મુનિની અહિંસા

અમદાવાદથી 'મુક્તિદૂત' નામે માસિક વિનામૂલ્યે પ્રકટ થાય છે. તેના ચિન્તક મુનિ ચન્દ્રશેખર વિજય છે. તેમાં પ્રશ્નોત્તરી આવે છે. જાન્યુઆરી માસના અંકમાં રેશમી વસ્ત્રના ઉપયોગ સંબંધે એક પ્રશ્નોત્તર નીચે મુજબ છે:

સવાલ : 'પ્રભુભક્તિમાં રેશમી વસ્ત્રનો ઉપયોગ કરી શકાય ખરો?'

જવાબ 'એમાં કશો વાંધો લાગતો નથી. કેટલાક બંધુઓને સ્થૂલ દૃષ્ટિથી એમ લાગે છે કે રેશમી વસ્ત્ર હિંસાથી ઉત્પન્ન થતું હોવાથી પ્રભુભક્તિમાં તેનો ઉપયોગ થઈ શકે નહિ, પરંતુ ધર્મ માત્ર સ્થૂલ બુદ્ધિથી થઈ શકે નહિ, એને જોવા માટે તો સૂક્ષ્મ દૃષ્ટિ જ જોઈએ.

'એક વાત સહુએ સમજી રાખવી પડશે કે જે ધર્મ કરીને

આપણને મોક્ષભાવ પામવો છે તે ધર્મ તેની બધી કક્ષાઓમાં સંપૂર્ણ રીતે અહિંસક ક્રિયામુક્ત જ હોય તેવું હોતું નથી. સામાન્યત: તો એમ જ કહી શકાય કે આપણી સાંસારિક કક્ષામાં આપણે જે ધર્મો કરીએ છીએ, તેમાં કોઈ ને કોઈ હિંસા રહેલી જ છે. સાધુજીવનના વિહારો, વ્યાખ્યાન–નદી ઉતાર વગેરે અંગેમાં શું હિંસા નથી? એટલે હવે એક જ વિકલ્પ બાકી રહે છે કે આવી સ્વરૂપહિંસાને નજરમાં ન લઈને શકય તેટલો વધુ અહિંસકભાવ આત્મામાં ઉત્પન્ન થાય તેમ કરવું. એ માટે ગૃહસ્થજીવનમાં પ્રભુભક્તિ જ ઉત્તમ ઉપાય છે, હૈયામાં જેટલો ભક્તિભાવ વધુ ઉછાળા મારશે, તેટલાં અશુભ કાર્યોનો વધુ ક્ષય થશે. તેમ થતાં આત્મા વધુ ને વધુ વિશુદ્ધ બનતાં સંસારત્યાગ કરીને એવું મોક્ષપદ પામશે જ્યાં સ્વરૂપહિંસાને પણ અવકાશ નહીં રહે.

'હવે મૂળ વાત ઉપર આવીએ. પ્રભુભક્તિમાં જો સુતરાઉ વસ્ત્ર પહેરવામાં આવશે તો તેમાંય હિંસા નથી? એટલે હિંસાની દષ્ટિએ રેશમી વસ્ત્ર ત્યાજ્ય બની જતું નથી. હવે બેયમાં હિંસાનું ઉધાર પાસું હોવા છતાં રેશમી વસ્ત્રનું એક મોટું જમા પાસું નજરમાં લાવીએ.

'રેશમી વસ્ત્ર પહેરવાથી જ આત્મામાં અમુક પ્રકારની ઉલ્લસિત લાગણીઓ આપમેળે ઉત્પન્ન (charged) થઈ જાય છે, જેના દ્વારા આત્માને પ્રભુભક્તિમાં એકરસ બનવામાં વધુ સુગમતા પ્રાપ્ત થાય છે. આ વાત સુતરાઉ વસ્ત્ર માટે સંભવિત નથી. તમને પણ અનુભવથી તરત જ સમજાઈ જાય તેવી આ હકીકત છે. આથી જ વધુ મોટા અહિંસક પરિણામને ઉત્પન્ન કરતો રેશમી વસ્ત્રનો લાભ જવા દેવો ન જોઈએ એમ લાગે છે.'

રેશમી વસ્ત્રોના ઉપયોગની હિમાયત અને સમર્થન કરતી બેહૂદી અને સુફિયાણી દલીલોની પોકળતા સ્વયં દેખાઈ આવે છે. પંચ-મહાવ્રતધારી જૈન મુનિ આવું કથન કરી શકે, તે હકીકત ન હોત તો, માનવામાં ન આવે. સુતરાઉ વસ્ત્રોમાં હિંસા છે માટે રેશમી વસ્ત્રોની અપાર હિંસા પણ ક્ષમ્ય બને છે તે કદાચ મુનિ ચંદ્રશેખરવિજયની સૂક્ષ્મ ધર્મબુદ્ધિ જોઈ શકે તે સ્થૂલ બુદ્ધિવાળા સંસારી જીવો જોઈ ન શકે. પણ તેમની સૌથી આશ્ચર્યકારક દલીલ તો રેશમી વસ્ત્રના મોટા જમા પાસાની છે. તેમના મતે (કે અનુભવે?) રેશમી વસ્ત્રો પહેરવાથી આત્મામાં અમુક પ્રકારની ઉલ્લસિત લાગણીઓ આપમેળે ઉત્પન્ન થઈ જાય છે જેના દ્વારા આત્માને પ્રભુભક્તિમાં એકરસ બનવામાં વધુ સુગમતા પ્રાપ્ત થાય છે, જે સુતરાઉ વસ્ત્રો માટે સંભવિત નથી. અનુભવ એવો છે કે રેશમી વસ્ત્રો કે સુગંધી દ્રવ્યો વગેરેના ઉપયોગથી ઈન્દ્રિયોને ઉત્તેજના મળે છે અને આ વસ્તુઓ ભોગવિલાસનાં સાધન છે. આવી વસ્તુઓથી શરીરને ગલગલિયાં થાય છે. આત્મામાં પ્રભુરસ જાગે તે કદાચ મુનિ ચન્દ્રશેખરવિજયનો અનુભવ હશે. એમ હોય તો બધાએ, ખાસ કરી બધાં સાધુ–સાધ્વીઓએ કાયમ રેશમી વસ્ત્રો જ પહેરવાં અને "મોટા અહિંસક પરિણામને ઉત્પન્ન કરતો રેશમી વસ્ત્રોનો લાભ જવા ન દેવો".

એ યાદ આપવું અસ્થાને નહિ ગણાય કે આ એ જ મુનિ ચન્દ્રશેખર વિજય છે જે શાસ્ત્રને નામે ભગવાન મહાવીરનો ૨૫૦૦ વર્ષ નિર્વાણ મહોત્સવનો જોરશોરથી વિરોધ કરે છે, અને જેમની પત્રિકાઓનાં લખાણો શાસ્ત્રોના જ્ઞાનથી ભરપૂર હોવાથી સમજવાં મુશ્કેલ થઈ પડે છે.

ગુજરાત રાજ્ય, દારૂબંધી અને લૉટરી

ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ચોખાવાળાના અમુક વિધાનથી એવી ગેરસમજણ ઊભી થઈ કે ગુજરાત રાજ્ય દારૂબંધી હળવી અથવા નાબૂદ કરવા ઈચ્છે છે. તેમનું વિધાન હું એમ સમજ્યો છું કે દારૂબંધીનો અમલ નિષ્ફળ ગયો છે અને તેથી વધારે કડક અમલ થવો જોઈએ. પણ નાણામંત્રી શ્રી કાન્તિલાલ ઘિયાનું વિધાન સ્પષ્ટ હતું કે રાજ્યને આવક થાય તે માટે દારૂબંધી હળવી કરવી જોઈએ અને રાજ્યે, બીજાં રાજ્યોની પેઠે, લૉટરી કાઢવી જોઈએ. મુખ્ય મંત્રી શ્રી ઘનશ્યામભાઈ દારૂબંધીના કડક અમલના હિમાયતી છે તેમ લાગે છે. દારૂબંધીનો અમલ નિષ્ફળ ગયો છે તે હકીકત છે. આ નિષ્ફળતાનાં ઘણાં કારણો છે, જેમાંનું, મારા નમ્ર મતે, મુખ્ય કારણ, આ અમલ કરવા'ની જેમની મુખ્ય જવાબદારી છે તે પ્રધાનો, મેજિસ્ટ્રેટો અને પોલીસની દારૂબંધીમાં અશ્રદ્ધા કે જેણે દારૂબંધીને એક મજાક બનાવી છે અને ભ્રષ્ટાચારનું સાધન બનાવ્યું છે. બીજું કારણ શિક્ષિત અને ધનિક વર્ગનો દારૂ માટે વધતો શોખ અને દારૂબંધીનો ઉપહાસ. ત્રીજું કારણ સામાજિક કાર્યકરો અને સરકાર, જેને પક્ષે દારૂબંધીની સફળતા માટે કરવું જોઈતું પ્રચાર અને શિક્ષણકાર્ય અને બીજા આનુષંગિક પગલાંઓનો સર્વથા અભાવ. ટેકચંદ કમિટીના અહેવાલે ભરપૂર હકીકતો આપી છે તેની ઉપેક્ષા થઈ છે. દેશની હવા જ એવી છે. આ સંબંધે શ્રી પ્રબોધ ચોકસીનો એક મુદ્દાસરનો લેખ આ અંકમાં અન્યત્ર પ્રકટ થાય છે.

દારૂબંધીનો અમલ નિષ્ફળ ગયો છે અને તેને કારણે ભ્રષ્ટાચાર વધ્યો છે અને રાજ્યને મોટું આર્થિક નુકસાન થાય છે તેવી દલીલમાં કાંઈક વજૂદ છે એમ કહેવાય. પણ રાજ્યે લૉટરી ચલાવવી તેનો કોઈ બચાવ કલ્પી શકાતો નથી. જુગારવૃત્તિ ઉત્તેજી આવક કરવી હોય તો મટકાના જુગારનો વિરોધ કેમ થાય? હું આશા રાખું છું કે આવક કરવાની આવી લાલચમાંથી ગુજરાત રાજ્ય બચી જશે.

ડૉ. વિનોદ શાહનું આત્મસમર્પણ

ખેતીવાડી સંશોધન કેન્દ્રના એક યુવાન અને બુદ્ધિશાળી વૈજ્ઞાનિકની આત્મહત્યાએ ખેદ અને રોષની લાગણી પ્રકટ કરી છે. ડૉ. વિનોદ શાહ એક અતિ સુખી કુટુમ્બના હતા. માત્ર ભરણપોષણ માટે તેમને નોકરી કરવી પડે તેમ ન હતું. પોતાના કુટુમ્બની ખેતીવાડી છે અને પોતે મોટા પાયા ઉપર પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી વિશાળ ખેતી વિકસાવી શકત અને કદાચ સારી કમાણી કરી શકત. પણ સંશોધનનો શોખ અને કાંઈક દેશસેવાની ભાવના ખેતીવાડી સંશોધન કેન્દ્રમાં તેમને ખેંચી ગઈ. દુર્ભાગ્યે અનુભવ બહુ કડવો થયો. તેમને અંગત હાનિ અતિ ગૌણ હતી. તેમને પ્રૉફેસર તરીકે નિયુક્ત કરવા જોઈતા હતા, પણ લાગવગશાહીથી તે ન બન્યું. જે પદ ઉપર તે હતા તેનો પગાર રૂા. ૧૧૦૦ થી ૧૪૦૦નો હતો. પ્રૉફેસરપદનો પગાર ૧૧૦૦ થી ૧૬૦૦ છે. આર્થિક લાભહાનિ નજીવી કહી શકાય. આવા અન્યાયો આ કેન્દ્રમાં ચાલ્યા જ કરે છે. પણ વધારે ગંભીર વસ્તુ તો સંશોધનની ગેરરીતિઓ બાબત હતી. ડાયરેકટરને પસંદ હોય તેવી હકીકતો ભેગી કરી તેમની માન્યતાઓ કે અભિપ્રાયોને પુષ્ટિ મળે એ બધું સંશોધનને નામે ચાલે. આ બધી હકીકતો પ્રત્યે ડૉ. વિનોદ શાહે પોતે ડાયરેકટર ઉપર લખેલ પત્રમાં ભારપૂર્વક ધ્યાન ખેંચ્યું છે.

ડૉ. વિનોદ શાહે આત્મહત્યા કરી તેમાં કેટલાકને કદાચ ઉતાવળિયું પગલું લાગે. પણ અન્યાયની વ્યાપકતા અને તે માટેનું તીવ્ર સંવેદન વ્યકિતની પોતાની ભાવના ઉપર આધાર રાખે છે. જીવ કાઢી નાખવો સહેલું નથી. અન્યાયના પ્રતિકારનો બીજો કોઈ માર્ગ ન સૂઝે ત્યારે વ્યકિત આવું અંતિમ પગલું લેવા પ્રેરાય છે. તેમાં પણ સ્વાર્થ ન હોય અથવા નજીવો હોય અને બલિદાન શુદ્ધ હોય ત્યારે આદરને પાત્ર બને છે. આ કેન્દ્રમાં આવા વૈજ્ઞાનિકનો આ ત્રીજો ભોગ હતો ને ડૉ. શાહે પોતાના પત્રમાં લખ્યું છે: વધુ એક બલિદાન અનિવાર્ય છે અને પોતાની પેઠે બીજા પણ જે અન્યાયના ભોગ થઈ રહ્યા છે તેવા વૈજ્ઞાનિકોનાં નામ આપી તેમને ન્યાય આપવા વિનતિ કરી છે.

ડૉ. સ્વામીનાથન ઉપરનો ડૉ. શાહનો પત્ર મુદ્દાસર, હકીકતભરપૂર અને ગૌરવપૂર્ણ છે. આ બનાવે પાર્લામેંટનું ધ્યાન સારી પેઠે ખેંચ્યું છે અને આપણે આશા રાખીએ કે આ બલિદાન નિષ્ફળ નહિ જાય. છેવટ તો Some body has to bear the cross.

—ચીમનલાલ ચકુભાઈ

બે સંમેલનો

[પ્રૉ. રમણલાલ શાહનો આ લેખ વાંચી કાંઈક ખેદ થાય એવું છે. આટલી મોટી સંખ્યામાં વિદ્વાનો ભેગા થાય, ત્યારે માત્ર મેળા જેવું બની રહે અને કાંઈ અગત્યનું કામ ન થાય તેવી પરિસ્થિતિ ગંભીર વિચારણા માગે છે. માત્ર સાહિત્ય પરિષદ વિષે આવું બન્યું છે એમ નથી. થોડા સમય પહેલા દિલ્હીમાં શિક્ષામંત્રાલય તરફથી વિશ્વસંસ્કૃત સંમેલન યોજાયેલું. વિદેશથી લગભગ ૨૦૦ વિદ્વાનો આવેલા અને આપણા દેશના લગભગ ૮૦૦ વિદ્વાનો હતા. રાષ્ટ્રપતિએ સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું અને ડૉ. કરણસિંહ પ્રમુખ હતા. કહે છે લગભગ ૫૦૦ જેટલા નિબંધો આવેલા. મને હતું કે આ સંમેલનમાં ઘણી રસપ્રદ ચર્ચાઓ થઈ હશે, તેથી શ્રી દલસુખભાઈ માલવણિયાને સંમેલનનો અહેવાલ લખી મોકલવા મેં વિનતિ કરેલી. તેમણે મોકલેલ અહેવાલ આ અંકમાં પ્રકટ થાય છે, તે ઉપરથી લાગે કે ઘણી અવ્યવસ્થા હતી અને કોઈ નોંધપાત્ર ચર્ચાઓ થઈ શકી નહિ. વધારે પડતા કાર્યક્રમો અને મનોરંજનમાં સમય ગયો. કેન્દ્ર સરકારે ખૂબ ખર્ચ કર્યું પણ કોઈ ફળદાયી પરિણામ ન આવ્યું. કદાચ આવેલ નિબંધોમાંથી ઉત્તમ નિબંધોની પસંદગી કરી પ્રકટ કરવામાં આવે તો સંમેલનની કાંઈક સાર્થકતા થશે.

આ બન્ને લેખો આગ્રહથી મંગાવેલા તેથી પરિસ્થિતિની જાણકારી માટે પ્રકટ કરવામાં આવે છે. –તંત્રી]

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૬મું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૬મું અધિવેશન શ્રી સ્નેહરશ્મિના પ્રમુખસ્થાને મદ્રાસ મુકામે તા. ૨૨, ૨૩ અને ૨૪મી એપ્રિલે યોજાઈ ગયું.

તા. ૨૧મીએ સવારથી ડેલિગેટોનું મદ્રાસમાં આગમન શરૂ થઈ ગયું હતું અને સાંજ સુધીમાં તો લગભગ સોએક જેટલા ડેલિગેટો આવી ગયા હતા. તા. ૨૨મીએ સવારે બીજા ત્રણસોથી વધુ ડેલિગેટો આવી પહોંચ્યા હતા. બીજા કેટલાક ડેલિગેટો ૨૨મીએ છેક સાંજે આવ્યા હતા, જ્યારે એમનું સ્વાગત કરવા માટે સ્ટેશન પર કોઈ જ નહોતું. એકંદરે ડેલિગેટોની સંખ્યા દિલ્હીના અધિવેશન કરતાં ઓછી હતી, પરંતુ મદ્રાસની સ્વાગત સમિતિ પહોંચી વળે તેના કરતાં વધુ હતી. (ડિસેમ્બરમાં અધિવેશન યોજાયું હોત અને એ સંખ્યા આથી ઘણી વધારે હોત તો શું થાત?) ઉતારા માટે જૂની અને નવી M. L. A. Hostelમાં સગવડ કરવામાં આવી હતી, પરંતુ એક M. L. A. માટેની રૂમમાં કોઈમાં છ, કોઈમાં સાત - આઠ, તો કોઈમાં દસ સુધી ડેલિગેટોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દિલ્હી, કલકત્તા કે દ્વારકામાં જોવા મળ્યા હતા તેવા જાત્રાળુ ડેલિગેટોની સંખ્યા મદ્રાસમાં ઓછી હતી. સ્વાગત સમિતિએ વ્યવસ્થા માટે ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો હતો અને એકંદરે વ્યવસ્થા સંતોષકારક ગણાય છતાં એક યા બીજી બાબતમાં ડેલિગેટોમાં અસંતોષ પ્રવર્તતો હતો, તો બીજી બાજુ ડેલિગેટો માટે સ્થાનિક કાર્યકર્તાઓમાં પણ અસંતોષ જણાતો હતો. આવડી મોટી સંખ્યામાં આવનાર ડેલિગેટોની વિશાળ પાયા પર વ્યવસ્થા કરવાનું કાર્ય માત્ર પૈસા જ નહિ, સૂઝ અને અનુભવ પણ માગી લે છે. છેલ્લાં કેટલાંક વર્ષથી સાહિત્ય પરિષદના અધિવેશનની બાબતમાં વ્યવસ્થાની જે ત્રુટિઓ રહ્યા કરે છે, અને સમય તથા પૈસાનો પુષ્કળ ભોગ આપવા છતાં સ્વાગત સમિતિને જે અપયશ મળ્યા કરે છે તે બાબતમાં પરિષદે હવે ગંભીર વિચારણા કરવાની જરૂર છે.

તા. ૨૨મીએ સવારે M. L. A. Hostelથી ત્રણેક ફર્લાંગ દૂર યુનિવર્સિટી સેન્ટેનરી હૉલ (જ્યાં બધા કાર્યક્રમો યોજવાના હતા) સુધી ઢોલ - શરણાઈ સાથે પ્રમુખ અને ડેલિગેટોની શોભાયાત્રા કાઢવામાં આવી હતી, અને હૉલ પર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સાહિત્ય પરિષદના અધિવેશનમાં પહેલે દિવસે પહેલી બેઠક ઘણી મહત્ત્વની હોય છે, કારણ કે અધિવેશનનું ઉદ્‌ઘાટન થાય છે અને પ્રમુખનું પ્રવચન હોય છે. પરંતુ અગાઉનાં અધિવેશનોમાં બની ચૂક્યું છે તેમ આ બેઠકમાં એક યા બીજા નિમિત્તે બોલવા માટે ઘણી વ્યક્તિઓ મંચ પર એકત્ર થઈ જાય છે. આ બેઠકમાં તામિલનાડુના રાજ્યપાલ શ્રી કે. કે. શાહ, મુખ્ય મંત્રી શ્રી કરુણાનિધિ, ગુજરાતના પ્રધાન શ્રી રતુભાઈ અદાણી, કાકા કાલેલકર, મદ્રાસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, નિવૃત્ત થતા પ્રમુખ શ્રી સુન્દરમ્ વગેરે ખાસ પધાર્યા હતા.

સ્વાગત–સમિતિના પ્રમુખ શ્રી ડી. સી. કોઠારીએ સ્વાગત-પ્રવચન કર્યું તે પછી સંદેશા - વાચન થયું. ત્યાર પછી માનનીય શ્રી કરુણાનિધિએ ઉદ્‌ઘાટન પ્રવચન-થોડું પ્રારંભિક તામિલમાં અને પછી અંગ્રેજીમાં – કર્યું. તેમણે તામિલનાડુના વિકાસમાં ગુજરાતીઓએ આપેલા ફાળાનો ઉલ્લેખ કર્યો, તામિલ અને ગુજરાતી સાહિત્ય વિશે નિર્દેશ કર્યો અને રાષ્ટ્રઘડતર માટે સાહિત્યના માધ્યમની શક્તિ પર ભાર મૂક્યો. શ્રી રતુભાઈ અદાણીએ પુસ્તક - પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે ગુજરાતના ઘડતરમાં સાહિત્ય પરિષદ જો સક્રિય કાર્ય કરશે તો ગુજરાત સરકાર એને જરૂર સહાય કરશે. સ્વાગત-સમિતિએ તૈયાર કરેલ 'સંભારણાં'નો પ્રકાશન વિધિ કરતાં કાકા કાલેલકરે મદ્રાસનાં સંભારણાં એ ગુજરાતનાં સંભારણાં છે એમ જણાવી ભારતની સાંસ્કૃતિક એકતા ઉપર ભાર મૂક્યો હતો. ઉદ્‌ઘાટન કાર્યક્રમના પ્રમુખ માનનીય રાજ્યપાલ શ્રી કે. કે. શાહે સાહિત્યકારોના કર્તવ્ય પર ભાર મૂક્યો હતો. શ્રી કે. કે. શાહનો શાયરી - શોખ કયારેક એમના વક્તવ્યને લોકપ્રિય બનાવતો હશે, પણ એકંદરે તો એથી એમનું વક્તવ્ય ગૌરવહીન બની જાય છે. એમનું પ્રવચન ઢંગધડા વગરનું, આડાઅવળા વિષય પર ચાલ્યું જતું, લાંબું અને સાહિત્યકારોના ચિત્ત ઉપર ખાસ કોઈ વિશિષ્ટ છાપ ન પાડે તેવું હતું.

નિવૃત્ત થતા પ્રમુખ શ્રી સુંદરમ્‌ના પ્રવચન બાદ વરાયેલા પ્રમુખ શ્રી સ્નેહરશ્મિ પોતાનું પ્રવચન કરવા ઊભા થયા ત્યારે બપોરના લગભગ સવા વાગી ગયો હતો. છેલ્લાં કેટલાંક વર્ષોથી સાહિત્ય પરિષદના પ્રમુખોની જે દશા થાય છે એવી દશા એમની થઈ હતી. સૌથી મહત્ત્વની વ્યક્તિ તે પરિષદના પ્રમુખ છે અને છતાં એ જ્યારે પોતાનું પ્રવચન કરવા ઊભા થાય ત્યારે અડધા કરતાંયે વધારે શ્રોતાઓ ચાલ્યા ગયા હોય અને બાકીના પણ ભૂખ અને થાકથી કંટાળ્યા હોય એ પરિસ્થિતિ ભવિષ્યમાં નિવારવા માટે હવે પ્રયત્નો થવા જ જોઈએ. વળી, રાજ્યપાલ બોલી રહ્યા એટલે જાણે કાર્યક્રમ પૂરો થયો હોય એમ શ્રોતાઓ અને સ્વયંસેવકો વાતે વળગે અને મંચ પર બેઠેલા પ્રતિષ્ઠિત સજ્જનો પણ વાતો કર્યા કરે તથા મંચ ઉપર સ્થાનિક કાર્યકર્તાઓ સ્વયંસેવકો સાથે ટોળે મળી વાતો કરે એ જરા પણ શોભાસ્પદ નહોતું. વળી, સાહિત્ય પરિષદના મહત્ત્વના પ્રારંભના કાર્યક્રમમાં બિનસાહિત્યકારો જ સમય લઈ લે એમાં ઔચિત્ય કેટલું? પરિષદે પોતાના પ્રમુખનું ગૌરવ વધારવા માટે હવે આ પહેલી બેઠકનું નવેસરથી આયોજન કરવાની જરૂર છે.

શ્રી સ્નેહરશ્મિ પોતાનું તૈયાર કરેલું પ્રવચન સમયના અભાવે વાંચી શક્યા નહિ. તેમણે એમાંથી 'સાહિત્ય અને લોકપ્રિયતા' તથા બીજા એક-બે મુદ્દા લઈ દસેક મિનિટમાં પોતાનું વક્તવ્ય પૂરું કર્યું.

આ સ્થિતિ વિભાગીય પ્રમુખોની નહોતી. તેઓએ પોતાનાં તૈયાર કરેલાં વ્યાખ્યાન વાંચ્યાં, કારણ કે એમાં ઈતર વ્યક્તિઓનો બોલવા માટે કંઈ ધસારો હતો જ નહિ. પણ બીજી બાજુ શ્રોતાઓની સંખ્યા પણ તેમાં ઘણી ઓછી હતી, ખાસ કરીને સંશોધન વિભાગની બેઠક વખતે. વળી ઉપસ્થિત શ્રોતાઓ (મંચ પર બેઠે-

લાઓના પણ અપવાદ વિના). એ ગંભીર વિષયના પ્રવચનનો, બપોરના ભોજન પછી એરકન્ડિશન્ડ હૉલમાં કેટલો આસ્વાદ લઈ શકે છે એ દેખાઈ આવતું હતું. વિવેચન વિભાગના પ્રમુખ ડૉ. જયંત પાઠકે તથા સંશોધન વિભાગના પ્રમુખ ડૉ. હરિવલ્લભ ભાયાણીએ આપેલાં અભ્યાસનિષ્ઠ પ્રવચનો, પ્રમુખના પ્રવચન સહિત, ખરેખર મૂલ્યવાન ગણાય.

સાહિત્ય પરિષદના અધિવેશનનું એક નબળું પડતું જતું અંગ તે અભ્યાસી નિબંધોનું છે. એનું કારણ નિબંધ-વાચનના કાર્યક્રમનું ક્રમેક્રમે અવમૂલ્યન થતું રહ્યું છે તે છે. આ ઓશિયાળો કાર્યક્રમ આગળપાછળ ઠેલાતો જાય, રદ થાય અને યોજાય ત્યારે નિબંધકારોને બે-પાંચ મિનિટમાં પોતાના નિબંધનો સાર બોલી જવાનું કહેવામાં આવે. પરિણામે ઓછા અને ઓછા નિબંધો સાહિત્ય પરિષદના અધિવેશન માટે રજૂ થતા આવ્યા છે. આ વખતે પણ બંને વિભાગોમાં નિબંધોની સંખ્યા નહિ જેવી જ હતી.

બીજે દિવસે સવારે શ્રી ચંદ્રવદન મહેતાના અધ્યક્ષસ્થાને 'સાહિત્ય-સંગમ'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં તામિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ અને સંસ્કૃત ભાષાના વિદ્વાન સાહિત્યકારોએ પોતપોતાની ભાષાના સાહિત્યનો અંગ્રેજીમાં પરિચય કરાવ્યો હતો. શ્રી ચંદ્રવદન મહેતાએ પોતાની લાક્ષણિક શૈલીમાં અધ્યક્ષસ્થાનેથી પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું અને આખાયે કાર્યક્રમનું કુશળ સંચાલન કર્યું હતું.

ત્રીજે દિવસે સવારે પરિચયવિધિ અને પ્રાસંગિક પ્રવચનો થયાં, કારણ કે કોઈ નિશ્ચિત કાર્યક્રમનું આયોજન થયું ન હતું. એ પ્રવચનોમાં શ્રી ઉમાશંકર જોષી તથા શ્રી ચંદ્રવદન મહેતાનાં પ્રવચનો શ્રોતાઓને સંતોષે એવાં બોધપાત્ર હતાં.

પરિષદના અધિવેશનમાં બીજા કેટલાક કાર્યક્રમો—ઉદ્ઘાટન, પ્રકાશનવિધિ, પારિતોષિક-વિતરણ વગેરે યોજાયા હતા, પણ એમાં પણ અધિવેશન અને એના મુખ્ય કાર્યક્રમોનું ગૌરવ સચવાય એ રીતે એ યોજવાની જરૂર છે. મનોરંજન-કાર્યક્રમો ભાડૂતી હતા, એથી વિશેષ એને માટે કહેવાની જરૂર નથી.

એકંદરે આ વખતના અધિવેશનનો અનુભવ સૌને એવો થયો છે કે જેથી સમગ્ર કાર્યક્રમનું નવેસરથી હવે આયોજન કરવાની જરૂર રહે છે.

પ્રો. રમણલાલ શાહ

વિશ્વ સંસ્કૃત સંમેલન

માર્ચ ૨૬ થી ૩૧ સુધી નવી દિલ્હીમાં વિશ્વસંસ્કૃત પરિષદનું આયોજન ભારત સરકાર તરફથી થયું હતું. તેમાં દેશ-વિદેશના હજાર ઉપરાંત સંસ્કૃતના વિદ્વાનો હાજર હતા. તેનું ઉદઘાટન રાષ્ટ્રપ્રમુખે કર્યું. પછી પાંચ વિભાગોમાં નિબંધવાચન થયું. લગભગ પાંચસો નિબંધો લખીને વિદ્વાનોએ મોકલ્યા હતા. લેખકોમાંથી બધા જ હાજર રહી શકયા ન હતા. પ્રથમ જાન્યુઆરીમાં આ પરિષદ થવાની હતી પરંતુ યુદ્ધને કારણે સ્થગિત થઈ હતી તે કારણે અમુક વિદેશી અને દેશી વિદ્વાનો હાજર રહી શકયા ન હતા.

સંસ્કૃત ભાષાનું વિવિધ વિષયોમાં વેદકાળથી માંડીને આજ સુધી જે ખેડાણ થયું છે તે બધું જ આવરી લેવાનો અહીં પ્રયત્ન થયો તેને બદલે જો વિષયમર્યાદા નક્કી થઈ હોત અથવા દિવસોની મર્યાદા વધારવામાં આવી હોત તો વિષયોને ન્યાય આપી શકાત. પણ તેમ ન થયું તેથી ચર્ચામાં જે અવકાશ મળવો જોઈએ તે મળ્યો નહિ.

વળી તે તે પ્રાન્તમાં સંસ્કૃતમાં શું પ્રદાન છે એ પ્રકારના વિભાગે તે પ્રાન્તવાદ વિદ્વાનોમાં પણ કેવો ઘર કરી ગયો છે તે બતાવી આપ્યું. જયદેવ કયાં થયો—આવા વિવાદો બહુ જાણીતા છે તે પુનઃ ચર્ચા પરિષદમાં પણ ચર્ચાયા.

આયુર્વેદમાં વૈજ્ઞાનિક રીતે જે કામ દક્ષિણમાં થઈ રહ્યું છે તે વિષેની ચર્ચામાં જ્યારે પૂછવામાં આવ્યું કે તમે કહો છો કે મેં આટલા રોગીઓનો મધુમેહ મટાડયો છે તો તમે કઈ દવા વાપરી? એનો યથાર્થ ઉત્તર ટાળવાનો જ પ્રયત્ન થયો તે બતાવતું હતું કે આમાં વૈજ્ઞાનિકનું વલણ ન હતું પરંતુ વિદ્યાને છુપાવવાનો આપણો જે પારંપારિક નિયમ છે તેનું જ અનુસરણ હતું.

વેદ અને તેના પાઠ માટેની સભામાં જે રસ વિદ્વાનોએ દાખવ્યો તે જોવા જેવો હતો. નવી વાત એ જાણાઈ કે હવે બહેનોને પણ વેદપાઠ કરવાની શિક્ષા આપવામાં આવે છે. આમ રૂઢિવાદના ગઢમાં ગાબડાં પડતાં જોઈ શકાય છે. પરંતુ હજી સંસ્કૃત સાથે પ્રાકૃત-અપભ્રંશને સમાવી લેવાની સંસ્કૃત કમિશને ભલામણ કરી હતી તેનો યથાર્થ અમલ બરાબર થતો નથી તે સ્પષ્ટ જણાઈ આવ્યું. આ સંસ્કૃત સંમેલનમાં પાલિ-પ્રાકૃતને કયું જ સ્થાન હતું નહિ તે ખેદનો વિષય છે.

આ ખામી નિવારવા જૈન વિદ્યાનું નાનકડું સંમેલન આ અવસરે વિજ્ઞાન ભવનમાં યોજવામાં આવ્યું, પરંતુ તેમાં સંસ્કૃતના દિગ્ગજો ગણાતા કોઈએ પણ હાજરી આપી નહિ. કેટલાક વિદેશી વિદ્વાનોની હાજરી આ સંમેલનમાં ધ્યાન ખેંચતી હતી પરંતુ સંસ્કૃતના વિદ્વાનોની ઉપેક્ષા તરી જ આવતી હતી.

તેરાપંથી સમાજના સાધુઓ પોતાની પ્રતિષ્ઠાના મોહમાં વિવેક ગુમાવે છે તેનું એક ઉદાહરણ અહીં જોવા મળ્યું. આ અવસરનો લાભ લઈ વિજ્ઞાન ભવનમાં જ અવધાનના પ્રયોગો થયા તે વિષે ટીકા કરવાનો આ અવસર નથી. પરંતુ તેરાપંથી સમાજ તરફથી અતિથિઓને ભોજન માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું તેમાં જે વિવેકરહિત દેખાવ કરવામાં આવ્યો તે ખરેખર શરમજનક હતો. પ્રારંભમાં વિદેશી વિદ્વાનોને બોલાવીને અમુક પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં. તે તો ઠીક પરંતુ પછી જે તેમની ભાષણપરંપરા શરૂ થઈ—લાઉડસ્પીકર દ્વારા—તે તો ખરેખર શરમજનક હતી. અમે અને અમારા આચાર્ય પદયાત્રા કરીને કેવો ધર્મપ્રચાર કરીએ છીએ અને આજે જ અમારામાંના એક મુનિ કલકત્તા તરફની પદયાત્રા શરૂ કરે છે તે આજનો શુભ અવસર છે—એવી એવી અસંબદ્ધ વાતોનાં ચૂંથણાં શરૂ થયાં તેમાં એ પણ ન જોવાયું કે આવા અતિથિઓને શાંતિથી ભોજન કરવા દઈએ. કાન ફાડી નાખે એવા અવાજ વચ્ચે ભોજનનો રસ વિદ્વાનો માણી શકયા નહિ અને આ આયોજનની ટીકા કરતા જોવા મળ્યા, ભોજનવ્યવસ્થા ઉત્તમ છતાં મુનિઓના અસંબદ્ધ ભાષણોએ તેના ઉપર પાણી ફેરવી વાળ્યું.

સરકારી વ્યવસ્થા વડે થતી આવી પરિષદોમાં ડોળદમામ ઝાઝો પણ વ્યવસ્થાની ખામી, એ હવે આપણી સરકારનું સામાન્ય લક્ષણ થઈ ગયું લાગે છે. લાગવગ જેની વધારે એ તેના તંત્રના સંચાલનમાં હોય એટલે વ્યવસ્થામાં શિથિલતા આવ્યા વિના ન જ રહે.

નિમંત્રણ આપીને લખાણ મગાવ્યાં એ તો ઠીક પણ તેને વાંચવા-વિચારવા-ચર્ચવાની સમયમર્યાદાનો વિચાર તંત્રવાહકોએ કર્યો ન હતો. એટલે મહિનો ગાળીને જેણે નિબંધ લખ્યો હોય તેને માત્ર પાંચ કે સાત મિનિટ પણ પૂરી વાંચવા માટે ન મળી અને પછી ચર્ચા માટે તો સમય શાનો રહે? આ બતાવે છે કે આયોજન વિનાનું બધું તંત્ર ગોઠવાયું હતું.

વિદેશી વિદ્વાનોમાં અમુક તો શ્રેષ્ઠ કહેવાય તેવા હતા અને તેથી તેમને સગવડ પૂરી અપાય તેમાં કોઈને વાંધો હોય નહિ પણ બધા જ વિદેશી અતિથિનો સમાન ભાવે સત્કાર થયો ત્યારે ભારતીય વિદ્વાનોનું વર્ગીકરણ કરવામાં આવ્યું અને તેમને વર્ગીકરણ પ્રમાણે સગવડ આપવામાં આવી તે તો ભારતીય વિદ્વાનોનું અપમાન જ હતું. શ્રેષ્ઠ ગણાય તેવા ભારતીય વિદ્વાનોને તંબૂમાં ઉતારવામાં આવ્યા

અને ખાવા-પીવાની પણ પૂરી સગવડ નહિ, આ અપમાન નહિ તો બીજું શું કહેવાય ?

કેટલાકને નિમંત્રણ આપવામાં આવ્યું છે અથવા તો કેટલા હાજર રહેવાના છે તેનો પણ અંદાજ વ્યવસ્થાતંત્રને હતો જ નહિ. બન્યું એમ કે જેણે પંદર રૂપિયા ભરીને હાજર રહેવા સ્વીકાર્યું હતું તેવા ઘણાને આવશ્યક સાહિત્યસામગ્રી પણ મળી નહિ. પછી બીજી સગવડો તો ક્યાંથી મળે ? દિલ્હી પ્રદેશના કે શહેરના વિદ્યાર્થી જેવા લાગતા યત્રતત્ર સાહિત્યસામગ્રી લઈ ફરતા જણાતા હતા જ્યારે દૂરદૂરથી આવનાર સદસ્યોને તે સામગ્રી માટે ફાંફાં માર્યા છતાં તે મળી નહિ – આ હતી વ્યવસ્થા!

સામગ્રી ન મળવાનું કારણ કયાં શું થઈ રહ્યું છે તેની પૂરી માહિતી સભ્યોને મળી નહિ અને વિશાળ વિજ્ઞાન ભવનમાં યત્રતત્ર આંટા મારવા પડ્યા.

રાત્રે નાટકો થયાં, અને તે સંસ્કૃતમાં. વળી સમાપનમાં શ્રી સુબ્બુલક્ષ્મીનાં સંસ્કૃત ગીતોનો કાર્યક્રમ હતો તે ઘણો જ રોચક બન્યો.

આમ રાસ્વાળે જોઈએ તો મોટે ખર્ચે એક મોટો મેળો ભરાયો અને અનેક દૂર-નજીકના મિત્રોને મળવાની સગવડ મળી ગઈ. ચર્ચા-વાર્તા થઈ એ લાભ ગણાય. વળી આ નિમિત્તે કેટલાક સારા નિબંધો પણ લખાયા. પરંતુ જો તેમાંથી ચૂંટીને તે છાપવામાં આવે તો સંસ્કૃત વિદ્યામાં એક સારું પ્રદાન થયાનો સંતોષ લઈ શકાશે.

આન્તરરાષ્ટ્રીય પ્રાચ્ય વિદ્યા સંમેલન અહીં આ જ વિજ્ઞાન ભવનમાં ભરાયું હતું. તેની જે વ્યવસ્થા હતી, તેના પ્રોગ્રામની જે નિયત વ્યવસ્થા હતી તેમાંથી આ સભાના આયોજકો કશું શીખ્યા હોય તેમ લાગતું નથી. અન્યથા એથી પણ સારી રીતે આ વિશ્વ સંસ્કૃત સંમેલન ભરી શકાયું હોત અને તેની નિષ્પત્તિ પણ લાભદાયક થઈ હોત. આપણા આયોજકો નવું શીખવામાં માનતા નહીં હોય તેમ જણાય છે.

વળી ઉત્તર–દક્ષિણનો સંઘર્ષ આ સંમેલનમાં પણ દેખાયો. ઘણા ઉત્તરના વિદ્વાનો દક્ષિણને મળતા પ્રાધાન્ય વિષે ટીકા કરી રહ્યા હતા. આમાં કેટલું યથાર્થ અને કેટલું અયથાર્થ તેની ચર્ચામાં ન પડીએ પણ આ ભાવનાનો પડઘો અહીં વિદ્વત્તાને ક્ષેત્રે પણ પડે છે તે હવે અખંડ ભારતના અવાજમાં નિરવકાશ બની જવો જોઈએ એ તરફ આયોજકોએ અવશ્ય ધ્યાન આપવું જોઈએ.

આ ટાંકણે નેશનલ મ્યુઝિયમમાં શિલાલેખો, ચિત્રકળા અને હસ્તપ્રતોનું ઘણું સારું પ્રદર્શન ગોઠવાયું હતું અને તેનો લાભ વિદ્વાનોએ લીધો. અમારા વિદ્યામંદિરમાંથી પણ સચિત્ર હસ્તપ્રતો એ પ્રદર્શનમાં મૂકવામાં આવી હતી.

આ જ દિવસોમાં દિલ્હીમાં આન્તરરાષ્ટ્રીય પુસ્તક–વર્ષના અનુસંધાનમાં યુનેસ્કોની સહાયથી દેશ-વિદેશનાં પુસ્તકોનું પણ પ્રદર્શન ભરાયું હતું. આયોજન સુંદર પણ આપણા દેશની પુસ્તક-સમૃદ્ધિનો ખ્યાલ દેવામાં નિષ્ફળ હતું તેમ કહી શકાય.

દલસુખ માલવણિયા

ભૂલ–સુધાર

તા. ૧-૪-૧૯૭૨ના અંકમાં પાના ૨૯૪ ઉપરના 'ભરબપોરે' કાવ્યમાં બીજી લીટીમાં 'ફૂ' અક્ષર છપાયો નથી એટલે પહેલો શબ્દ 'ફૂલ' વાંચવો.

એ જ કાવ્યમાં ૧૪મી લીટીમાં પહેલો શબ્દ 'આભમાં હૈ' છપાયો છે તે 'આભ માંહે' એમ વાંચવું.

તા. ૧૬-૪-૭૨ના અંકમાં પાના ૩૧૪ ઉપર "હું અલ્પજ્ઞ છું" એ મથાળાની નીચે પહેલી લીટીમાં તા. ૧૨-૭-'૭૨ છપાઈ છે તે '૧૨-૭-'૬૨' વાંચવી. –તંત્રી

વીસમી સદીના મહર્ષિ : ડૉ. પી. વી. કાણે

ભારત ઋષિઓની ભૂમિ ગણાય છે. પ્રાચીન કાળના ઋષિની યાદ જગાડે એવા એક ઋષિએ ગયે મહિને આપણી વચ્ચેથી વિદાય લીધી. ભારતીય ધર્મ–સંસ્કૃતિના વારસાનું નવસંસ્કરણ કરીને જગત સમક્ષ ભારતીય વિદ્યાઓની સમૃદ્ધિને યથાર્થ રૂપે રજૂ કરવાની નેત્રદીપક કામગીરી બજાવનાર મહામહોપાધ્યાય ડૉ. પાંડુરંગ વામન કાણેના ૯૨ વર્ષની પરિપક્વ વયે ૧૮ એપ્રિલ, ૧૯૭૨ના રોજ નીપજેલા અવસાન સાથે ઋષિપરંપરાનો એક તેજસ્વી તારલો ભારતીય નભોમંડળમાંથી જાણે લુપ્ત થયો છે.

મહામહોપાધ્યાયનું એક પ્રખર તેજરેખા સમું જીવનકાર્ય ભાવિ પેઢીઓને સદીઓ સુધી પ્રેરણા આપતું રહેશે. વર્તમાન સમયમાં વિરલ ગણાય એવું, એક તપસ્વીના જેવું કર્મઠ ને સાદું જીવન તેઓ જીવી ગયા. 'સાદી રહેણીકરણી અને ઉચ્ચ વિચાર'ના સૂત્રને તેઓ ચરિતાર્થ કરી ગયા.

ગિરગામના નીચલા મધ્યમ વર્ગીય લોકોના ગીચ વિસ્તારમાં આન્ગ્રેવાડીની આગલી ચાલના બીજા માળ પરની બે ઓરડાની ભાડાની ખોલીએ એમને માટે 'આકામ'ની ગરજ સારી. સાદી રીતે સજાવાયેલી પણ તદ્દન સ્વચ્છ અને સુઘડ એવી આ ખોલીમાં જ એમણે એમના મહાગ્રંથ 'હિસ્ટરી ઑફ ધર્મશાસ્ત્ર'નું સર્જન કર્યું. ટાઈપરાઈટર અને રટેનોગ્રાફરોના આ યુગમાં તેમણે વીસ હજાર જેટલાં પાનાંની હસ્તપ્રત ક્લમ અને ખડિયા વડે જાતે જ લખીને તૈયાર કરી હતી. કામ કરવા માટે તેમને એરકન્ડિશનિંગ કે અદ્યતન ખુરશીટેબલના વૈભવની જરૂર પડી ન હતી.

તેમના ખંડની બહાર ચાલીમાં બાળકો ક્રિકેટ રમતાં હોય, બૂમ-બરાડા પાડતાં હોય, મોટેરાંઓ ટોળટપ્પાં ને વાર્તાવિનોદ ચલાવતાં હોય, પણ ડૉ. કાણેને પોતાના કાર્યમાં તેથી ખલેલ પડતી નહિ. તેઓ એકચિત્તે પોતાનું લેખનકાર્ય ચલાવી શકતા. તેમનું ટેબલ તદ્દન જૂનું અને ઘસાઈ ગયેલું હતું. ખંડમાં સર્વત્ર ચોપડીઓ જ નજરે પડતી. હા, એક કબાટની ઉપર સરસ્વતીની એક છબિ ટીંગાતી રહેતી. પોતાના પુત્રના વિદ્યાવ્યાસંગ વિશે વિદ્યાદેવી સતત નજર રાખતાં હતાં!

૧૮૮૦ના મેની ૭મીએ જન્મેલા પાંડુરંગે શાળાનું શિક્ષણ દાપોલીમાં લીધું હતું. તેમના પિતા ત્યાં વકીલાત કરતા. ૧૮૯૭માં મેટ્રિકમાં ઉત્તીર્ણ થયા પછી ૧૯૦૩માં સંસ્કૃત અને અંગ્રેજી સાથે એમ. એ. થયા અને ઝાલા વેદાન્ત પારિતોષિક પ્રાપ્ત કર્યું.

નબળી આર્થિક સ્થિતિને કારણે ૧૯૦૪માં તેઓ રત્નાગિરિની સરકારી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. ત્રણ વર્ષ બાદ મુંબઈ ખાતે એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં સંસ્કૃતના મુખ્ય શિક્ષક તરીકે તેમની બદલી થતાં ૧૯૦૮માં એલએલ. બી. પૂરું કરવાની તેમને સુવિધા સાંપડી. બીજે વર્ષે તેઓ એલ્ફિન્સ્ટન કૉલેજમાં સંસ્કૃતના પ્રૉફેસર બન્યા, પણ ડેક્કન કૉલેજમાં એક નિમણૂક સંબંધમાં સ્વમાન ઘવાયા જેવી ઘટના બનતાં તેમણે શિક્ષણક્ષેત્ર છોડ્યું અને વડી અદાલતમાં વકીલાત શરૂ કરી.

વકીલ તરીકે હિન્દુ ધારાની બાબતોમાં તેમનો શબ્દ પ્રમાણભૂત મનાતો. મુંડન કરાવ્યા વિનાની વિધવા પંઢરપુરના મંદિરમાં વિઠોબાની મૂર્તિનો ચરણસ્પર્શ કરી શકે નહિ તેવી પુરોહિતોની જોહુકમીને તેમણે પડકારી હતી અને અદાલતમાં વેદિક સૂત્રો તથા સંસ્કૃતના પ્રખર જ્ઞાનના બળે તેમણે પુરોહિતોને પરાજય આપ્યો હતો. કાનૂની ક્ષેત્રે આવા ઘણા વિજયો તેમણે મેળવ્યા હતા.

જીવનમાં વણમાગ્યાં માન–અકરામ એમને મળતાં રહ્યાં.

૧૯૪૨માં એ મહામહોપાધ્યાય બન્યા. અલ્લાહાબાદ યુનિવર્સિટીએ એમને ડી. લિટ્.ની માનદ ઉપાધિ આપી. ૧૯૫૩થી ૧૯૫૯ સુધી તેઓ રાજ્યસભાના ખૂબ જ સન્માનિત સભ્ય હતા. ભારતીય વિદ્યાઓમાં એમના વિરલ અર્પણથી પ્રભાવિત થઈ સરકારે તેમને ૧૯૫૯માં 'નેશનલ રિસર્ચ પ્રોફેસર ઑફ ઈન્ડોલોજી' બનાવ્યા. ઘણી આંતરરાષ્ટ્રીય પરિષદોમાં પણ તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. 'ભારત-રત્ન'નું સર્વોચ્ચ રાષ્ટ્રીય પદક એમને ૧૯૬૩માં એનાયત થયું.

તેઓ માનતા કે માણસે ૪૦ની વયે પોતાના જીવનકાર્યને હાથ ધરવું જોઈએ. હિન્દુ ધર્મશાસ્ત્રના સંસ્કૃત સાહિત્ય વિશે પાશ્ચાત્ય વિદ્વાનોમાં પ્રવર્તતો પૂર્વગ્રહ તેમને હમેશાં કઠતો રહ્યો હતો. મેકોલે કહેતો કે એક અંગ્રેજ કવિનું એક કાવ્ય સમગ્ર સંસ્કૃત કવિતાથી ચઢિયાતું છે. સંસ્કૃતનો ક્કકોય નહિ જાણનાર મેકોલેની આ કેવી ધૃષ્ટતા!

આ ધોરણે વિચારતાં એમણે જે નિરધાર કર્યો તેના પરિણામ સ્વરૂપ એમને અમરતા બક્ષે એવો ગ્રંથ રચાયો. ત્રીસ વર્ષના સંશોધનનું પરિણત ફળ એટલે 'હિસ્ટરી ઑફ ધર્મશાસ્ત્ર.'

પૂનાની ભાંડારકર ઑરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ તરફથી ૧૯૩૦માં ૮૦૮ પાનાંનો તેનો પ્રથમ ગ્રંથ પ્રગટ થયો. બીજો ૧૩૬૮ પાનાંનો ૧૯૪૧માં, ત્રીજો ૧૦૮૮ પાનાંનો ૧૯૪૬માં, ચોથો ૯૨૬ પાનાંનો ૧૯૫૩માં અને છેલ્લો ગ્રંથ ૧૯૬૨માં પ્રગટ થયો. આજે આ ગ્રંથ આપણી પ્રજાનો એક સમૃદ્ધ વારસો બની રહ્યો છે. ડૉ. કાણેએ એના સર્જન માટે ૨૧૦ સંસ્કૃત ગ્રંથો તથા અંગ્રેજી અને બીજી ભાષાઓનાં બીજાં સેંકડો પુસ્તકો વાંચ્યાં હતાં.

નાણાંની ખોટ ને શારીરિક દરદોની પરવા કર્યા વિના ૩૦ વર્ષ સુધી તેમણે તેમનો બધો ફાજલ સમય આ કાર્યને આપ્યો હતો. સંશોધનકાર્ય માટેની આવી તપશ્ચર્યા આજે ક્યાં જોવા મળે છે?

૧૯૪૭માં મુંબઈ યુનિ.નું વાઈસ ચાન્સેલરપદ એમને અપાયું. બે વર્ષ સુધી એમણે એ ફરજ અદા કરી. મુંબઈ સરકાર એમની સેવાઓ ચાલુ રહે એમ ઈચ્છતી હતી અને એ માટે માસિક રૂ. ૨૦૦૦નો પગાર ઠરાવવા માગતી હતી, જેથી ડૉ. કાણે વકીલાત છોડીને પૂરો સમય યુનિ.ને આપી શકે, પણ ડૉ. કાણેએ લાક્ષણિક જવાબ આપ્યો: બે વર્ષ માટે વાઈસ ચાન્સેલર તરીકે કામ કરવાની તમારી વિનતિ મેં માન્ય રાખી હતી. હવે હું 'હિસ્ટરી ઑફ ધર્મશાસ્ત્ર'ના મારા કાર્યને આગળ ધપાવવા મુક્ત રહેવા ઈચ્છું છું.

મહાપુરુષોનાં વિચાર, વાણી ને વર્તનમાં સંપૂર્ણ સંવાદ હોય છે. ડૉ. કાણેની સાદગીની વાત તો જાણે કહેવતરૂપ બની ગઈ હતી. વાઈસ ચાન્સેલર હતા ત્યારે પણ તેઓ સામાન્ય માનવીના વાહન ટ્રામમાં બેસીને જ ગિરગામથી યુનિવર્સિટી સુધી જતા.

અને ૪૦ વર્ષ સુધી દરરોજ અચૂકપણે તેઓ હાઈકોર્ટમાંથી એશિયાટિક સોસાયટીમાં જતા અને ત્યાં મોડી સાંજના સાડા સાત સુધી કાળજીપૂર્વક નોંધ ઉતારતા રહેતા. સોસાયટીએ કૃતજ્ઞભાવે તેમના નામનો એક સુવર્ણચન્દ્રક સ્થાપ્યો છે જે સંશોધનમાં વિશિષ્ટતા દાખવનાર વિદ્યાર્થીને આપવામાં આવે છે.

ડૉ. કાણે રોજ અઢાર કલાક કામ કરતા. પાછલી વયે પણ કાર્યની તેમની શકિત વિસ્મયજનક હતી.

છ વર્ષ પહેલાં એક મુલાકાતમાં એમણે કહેલું કે 'સોળમા વર્ષથી મને પેટનો દુખાવો રહ્યો છે. હવે ટેવાઈ ગયો છું. (તેમને આંતરડાનાં ચાંદાંની બીમારી હતી.) હવે અનેક બીમારીઓ છે. એક આંખે દેખાતું નથી. દાકતરે વાંચવાની ના કહી છે, છતાં પાંચેક કલાક તો રોજ વાંચું જ છું. લખવાની પણ ટેવ છૂટતી નથી. બહુ લખવા જતાં આંખમાંથી પાણી આવે...હજીયે બધું લેખન અક્ષરેઅક્ષર હું જ મારી મેળે કરું છું.'

મહામહોપાધ્યાયને દુ:ખ એ વાતનું હતું કે ભારતીય વિદ્યા (Indology) વિશે સંશોધનકાર્ય આ દેશમાં નહિવત્ થાય છે. પશ્ચિમે ભગીરથ કાર્ય કર્યું છે. પણ આપણા સમૃદ્ધ વારસા તરફ વળી આપણી સંસ્કૃતિની કથાને આલેખવાનો ને જગત સમક્ષ રજૂ કરવાનો હવે આપણો વારો છે.

વીસમી સદીના આ ઋષિને નવી પેઢી વિશે ભારે નિરાશા ઊપજી હતી. તેમણે કહેલું: 'આજે નવી પેઢીમાં વાચન ઓછું, સાહસ ઓછું, મહેનત ઓછી છે. થોડી સિદ્ધિ મળી કે કૂદાકૂદ કરનારાની સંખ્યા ઘણી છે. કૉલેજો વધી છે પણ વિદ્વત્તા નથી. સૌ નોકરી માટે ભણે છે. નવી પેઢી આળસુ પણ છે. જેમને પગાર મળે છે તેમાંના અનેક જરાય કશું કરતા નથી હોતા. પ્રાધ્યાપકોને ત્રણ મારા ચાલુ પગારે રજા મળે છે પણ જ્ઞાનવૃદ્ધિ માટે તેઓ કશું કરતા નથી.'

નવી પેઢીને આપણા ભારતરત્ન ઋષિનું આ કેવું પ્રમાણપત્ર! અને કેટલું યથાર્થ!

ડૉ. કાણેએ તેમનો મહાગ્રંથ અંગ્રેજીમાં લખ્યો છે, કારણ તેમની એક નેમ પાશ્ચાત્ય વિદ્વાનોની ભારત વિશેની ગેરસમજ દૂર કરવાની હતી. ભારતમાં ખગોળ અને જ્યોતિષશાસ્ત્ર વિશે પ્રાચીન કાળમાં જે જ્ઞાન પ્રવર્તતું હતું તે વિશે કેટલાક વિદ્વાનોએ ભ્રામક ખ્યાલો ફેલાવ્યા છે. ડૉ. કાણેએ પશ્ચિમી વિદ્વાનોનાં મંતવ્યો સમજવા માટે જર્મન અને ફ્રેન્ચ ભાષાઓ પણ શીખી લીધી હતી.

તેમના 'હિસ્ટરી ઑફ ધર્મશાસ્ત્ર' એ મહાગ્રંથને સંસ્કૃત તેમ જ મરાઠીમાં પ્રગટ થયેલો જોવાની તેમની ઈચ્છા હતી. આ ગ્રંથ આ બે ઉપરાંત અન્ય પ્રાદેશિક ભાષાઓમાં પણ ઉતારવામાં આવે એ જ આ મહર્ષિની સેવાઓનું યોગ્ય તર્પણ ગણાશે. ગિરગામ ખાતેના એમના નિવાસસ્થાનને એક રાષ્ટ્રીય સ્મારકમાં ફેરવી નાખવાનું સૂચન થયું છે. એમ થશે તો આ મહાપુરુષનું એ એક ઉચિત સ્મારક બની રહેશે અને યુવાન સંશોધકોને એમાં એક અભ્યાસ-તીર્થ સાંપડશે.

હિંમતલાલ મહેતા

મહાવિનાશક રૉકેટ શસ્ત્રો

તા. ૨૨ મેથી નિક્સનની સોવિયેત યાત્રા શરૂ થાય છે, તે દરમિયાન વધુ વિનાશક શસ્ત્રો બનાવવાની પ્રવૃત્તિ થીજાવી દેવાના કરાર પર સહીઓ થાય એવી પૂરી વકી છે, સિવાય કે કંઈ વિઘ્ન નડે. આ શસ્ત્રોની આંખી કરવામાં આપણને રસ પડશે, કારણ કે જો આ બે મહારાજ્યો વચ્ચે વિગ્રહ થાય તો એ મહાવિનાશક શસ્ત્રો આપણા આકાશમાંથી, અથવા કહો કે અવકાશમાંથી પસાર થાય. અમેરિકાની આણુબૉમ્બરીનો અરબી સમુદ્રમાં, બંગાળના અખાતમાં અને હિંદી મહાસાગરમાં આણુબૉમ્બથી સજ્જ રૉકેટો ભરીને સમુદ્રની સપાટી નીચે દિવસ ને રાત સરકતી હોય છે. તેઓ બહાર ડોકાયા વિના પોતાનાં રૉકેટો છોડી શકે, જે ભરતખંડ અને હિમાલય પરથી રશિયામાં પહોંચી તેનાં લશ્કરી મહત્ત્વનાં મથકોને ફૂંકી દે. એવી રીતે રશિયાનાં અને ચીનનાં આણુશસ્ત્રસજ્જ રૉકેટો પણ આપણા દેશ ઉપરથી પસાર થઈ શકે તેમ છે. દુનિયાને એક જ આશ્વાસન છે કે બંનેમાંથી એકે પક્ષ યુદ્ધ સળગાવવાની મૂર્ખાઈ નહિ કરે, કારણ કે બંને સમાન બળ ધરાવે છે. એક પાસે થોડાં વધુ રૉકેટો હોય કે કોઈનાં રૉકેટશસ્ત્રો વધુ વિનાશક હોય તેનું મહત્ત્વ નથી, કારણ કે સમગ્ર દુનિયાનો નાશ કર્યા પછી પણ ઘણાં શસ્ત્રો વધી પડે એટલાં શસ્ત્રો દરેક પક્ષ પાસે છે અને દુનિયાના સર્વનાશમાં તેમના પોતાના સર્વનાશનો પણ સમાવેશ થઈ જાય છે! કોની પાસે વધુ વિનાશક શસ્ત્રો છે એ પ્રશ્ન પણ ગૌણ છે, કારણ કે વધારાની વિનાશક શકિત નકામી જ જવાની છે. તેમ છતાં બંને પક્ષો વધુ ને વધુ વિનાશક શસ્ત્રો બનાવ્યે જાય છે, કારણ કે સામો પક્ષ બનાવે છે. પરંતુ આવી શસ્ત્રસ્પર્ધાની નિરર્થકતા અને મૂર્ખાઈ વિશે બંને પક્ષો સભાન બન્યા પછી તેમણે વ્યૂહાત્મક શસ્ત્રો મર્યાદિત કરવાની વાટાઘાટ ("SALT") એટલે સ્ટ્રેટેજિક આર્મ્સ લિમિટેશન ટૉક્સ) શરૂ કરી. આ લખાય છે ત્યારે ફિનલૅન્ડના પાટનગર હેલસિંકીમાં આ વાટાઘાટ સફળ થવાની આણી પર છે.

બીજા વિશ્વવિગ્રહમાં હિટલરના રૉકેટવિજ્ઞાની ડૉ. બ્રાઉને ફ્રાન્સમાંથી બ્રિટન પર વિ-૨ નામનાં રૉકેટ ફેંકયાં હતાં. પરંતુ ત્યારે હજી અણુબૉમ્બનું માત્ર અમેરિકામાં ગુપ્ત રીતે સર્જન થઈ રહ્યું હતું, તેથી આ સાદાં રૉકેટ એવાં ભયંકર ન હતાં. વળી તેઓ આપમેળે નિશાન પણ લઈ શકતાં ન હતાં.

બીજા વિશ્વવિગ્રહ પછી પશ્ચિમી દેશો અને રશિયા વચ્ચે ઠંડો વિગ્રહ શરૂ થયો ત્યારે શસ્ત્રસ્પર્ધા શરૂ થઈ. રશિયાએ પણ અણુબૉમ્બ બનાવ્યા ત્યારે અમેરિકાનો ઈજારો તૂટી ગયો. પણ અણુબૉમ્બ ધરાવવા એ પૂરતું નથી; તે ફેંકી શકે તેવાં વિમાનો જોઈએ. અને હવે રૉકેટવિજ્ઞાન એટલું આગળ વધી ગયું હતું કે અણુ-હાઈડ્રોજન બૉમ્બ ફેંકવા માટે અમાનવ રૉકેટો જ વધુ ઉપયોગી ગણાય. આથી અમેરિકામાં અને સોવિયેત સંઘમાં વધુ વિનાશક અણુબૉમ્બ સાથે વધુ કાર્યક્ષમ રૉકેટો બનાવવાની પણ સ્પર્ધા ચાલી. અમેરિકામાં ત્યારે મૅકાર્થી અને ડલેસ જેવા જોખમી રાજપુરુષોનો જમાનો હતો અને વર્તમાન પ્રમુખ નિક્સન ત્યારે ઉપપ્રમુખ તરીકે તેમના કરતાં બહુ વધુ સારું માનસ ધરાવતા ન હતા તે વખતે કેટલાક જોજવાબદાર અમેરિકન નેતાઓ એવી પણ વાતો કરતા હતા કે રશિયા અણુશસ્ત્રો અને રૉકેટો વડે વધુ બળવાન બની જાય તે પહેલાં તેને ફટકો મારીને તેની કેડ ભાંગી નાખવી! આથી રશિયનો પણ પોતાની બધી તાકાત વાપરીને વધુ શસ્ત્રો અને વધુ ભયાનક શસ્ત્રો બનાવવાની શરતમાં ઊતર્યા. આમ બંને પક્ષો વધુ ને વધુ વિનાશક શસ્ત્રો બનાવવા લાગ્યા. રશિયનો ઓચિંતો ફટકો ન મારી દે તે માટે અમેરિકન વિમાનો અણુ-હાઈડ્રોજન બૉમ્બથી સજ્જ થઈને ચોવીસે કલાક વારા પ્રમાણે આકાશમાં ઊડતાં હતાં – બે દાયકાથી – હજી ઊડે છે!

રૉકેટોની નવી નવી પેઢી વિકસતી ગઈ તેમ વધુ અંતર કાપવાની, વધુ સચોટ નિશાન લેવાની, વધુ વિનાશ કરવાની તેમની શકિત વધતી ગઈ. પ્રતિસ્પર્ધીઓ લાંબા - ટૂંકા અંતરનાં રૉકેટો દુશ્મન દેશ સામે એવી રીતે ગોઠવતા ગયા કે હુકમ મળતાં જ દુશ્મન દેશનાં વ્યૂહાત્મક અને લશ્કરી લક્ષ્યો પર રૉકેટવર્ષા વરસાવી શકાય. દા. ત. અમેરિકાએ પોતાના દેશમાં, કેનેડામાં, યુરોપમાં, ગ્રીનલૅન્ડમાં, કેટલાક એશિયાઈ દેશોમાં અને પ્રશાન્ત મહાસાગરના ટાપુઓમાં રૉકેટો અથવા અણુશસ્ત્રધારી વિમાનો અથવા બંને ગોઠવી દીધાં છે. તદુપરાંત રશિયા અને ચીનને ફરતી અણુ-સબમરીનોને ગોઠવી દીધી છે. રૉકેટોથી સજ્જ મનવારો અને અણુશસ્ત્રો ફેંકી શકે એવાં વિમાનવાહક જહાજોને પણ ચોક્કસ સમુદ્રોમાં બારે માસ રાખવામાં આવે છે. ધ્રુવ પ્રદેશ પણ મુકત નથી રહ્યો. દા. ત. ગ્રીનલૅન્ડના વાયવ્ય કોઠે થુલ નામનું વિમાની મથક બાંધવામાં આવ્યું છે.

અણુ - હાઈડ્રોજન શસ્ત્રોથી સજ્જ થઈને ચોવીસે કલાક ઊડતાં રહેતાં વિમાનોમાંથી યાંત્રિક ખરાબી કે પ્રતિકૂળ હવામાનના કારણે કોઈ વિમાન તૂટી પડે તો શું થાય? આવી બીક વર્ષોથી વ્યકત કરવામાં આવે છે. આવાં વિમાન તૂટી પડવાના બનાવ બન્યા છે પણ ખરા, પરંતુ અણુ - હાઈડ્રોજન બૉમ્બ સામાન્ય બૉમ્બની જેમ પછડાવાથી ફાટી નથી પડતા. કોઈ વિમાની મગજની સમતુલા ગુમાવી બેસીને અણુબૉમ્બ ફેંકી ન બેસે તે માટે અણુબૉમ્બ ફેંકવા અને ફોડવા માટે કંઈ નહિ તો છ ક્રિયાઓ કરવી પડે છે અને તે કરવા બે માણસોની જરૂર પડે છે. એવી રીતે અણુ - હાઈડ્રોજન બૉમ્બધારી રૉકેટોને પણ કોઈ માણસ ભૂલથી કે મગજ ગુમાવીને છોડી શકે નહિ એવી જડબેસલાક જોગવાઈ હોય છે.

અણુશસ્ત્રો વડે આકમણ કરવાનો હુકમ અમેરિકામાં પ્રમુખ સિવાય બીજો કોઈ આપી શકે નહિ. વિમાનોને એવો કાયમી હુકમ હોય છે કે તમને હુમલો કરવા માટે ધસી જવાનો હુકમ મળ્યા પછી પણ સમર્થન માટે બીજો હુકમ ન મળે ત્યાં સુધી અણુશસ્ત્રો ફેંકવાં નહિ. કોઈની ગેરસમજૂતી ન થાય તે માટે આવી તકેદારી રાખવામાં આવી છે. આવી ગેરસમજૂતી એકવાર થઈ પણ હતી! કેનેડા અને ગ્રીનલૅન્ડની ઉત્તર સરહદે અમેરિકાએ શકિતશાળી રેડાર યંત્રોની હારમાળા ગોઠવી દીધી છે જેથી રશિયાની આકાશી હિલચાલ પર ચાંપતી નજર રાખી શકે. એક દિવસ એવું બન્યું કે રેડારના ચંદા પર ઋતુપ્રવાસી પક્ષીઓ દેખાયાં. રેડારના ચંદા પર આકૃતિઓ સ્પષ્ટ નથી દેખાતી, અને મનમાં શંકા કે બીક હોય તો સીંદરી પણ સાપ લાગે. આથી રેડારના સંચાલકોએ તેને આવી રહેલું રશિયન વિમાની આકમણ માની લીધું. તેમને વળતું આકમણ કરવાનો હુકમ પણ મળી ગયો. પરંતુ આકમણ કરવાના સમર્થનમાં બીજો હુકમ મળે તે પહેલાં આ ગેરસમજણ દૂર થઈ. રેડારના ચંદા પર ખંખીડાં ખંખી તરીકે વ્યકત થયાં અને વળતું આકમણ કરવાનો પહેલો હુકમ પાછો ખેંચી લેવામાં આવ્યો. તે પછી તો અમેરિકન પ્રમુખ અને રશિયાના વડા પ્રધાન વચ્ચે હૉટ લાઈન નામની સીધી સંદેશવ્યવસ્થા કરવામાં આવી છે.

રૉકેટશસ્ત્રો તરેહતરેહનાં હોય છે અને તે બધાં કંઈ અણુશસ્ત્રો નથી ધરાવતાં. રૉકેટના પ્રકાર આ પ્રમાણે હોય છે: (૧) વિમાનમાંથી દુશ્મન વિમાનને ફૂંકી દેનાર રૉકેટ, (૨) વિમાનમાંથી ધરતી કે સમુદ્ર પરનાં લક્ષ્યોને ફૂંકી દેનાર રૉકેટ, (૩) ધરતી પરથી વિમાનને ફૂંકી દેનાર રૉકેટ, (૪) ધરતી પરથી ધરતી પરનાં લક્ષ્યોને ફૂંકી દેનાર રોકેટ, (૫) મનવારમાંથી દુશ્મન જહાજને ફૂંકી દેનાર રૉકેટ, (૬) મનવારમાંથી કાંઠા પરનાં લક્ષ્યો ફૂંકી દેનાર રોકેટ.

અણુ-હાઈડ્રોજન શસ્ત્રોથી સજ્જ રૉકેટો ધરતી પરથી છોડવાનાં હોય છે, સબમરીનમાંથી છોડવાનાં હોય છે, સપાટી પરની મનવારમાંથી છોડવાનાં હોય છે અને વિમાનોમાંથી છોડવાનાં પણ હોય છે. ધરતી પરથી છોડવાનાં ટૂંકા ગાળાનાં હોય કે લાંબા ગાળાનાં એટલે આંતરખંડીય (એક ખંડમાંથી બીજા ખંડમાં પહોંચી શકે એવા) હોય. દા. ત. રશિયાના સાસિન નામનાં આંતરખંડીય રૉકેટ સાડા છ હજાર માઈલ છેટે પહોંચી શકે છે. અમેરિકન હવાઈ દળનું માઈન્યુટમેન રૉકેટ ૬૦ ફૂટ લાંબું છે, ૭૦,૦૦૦ રતલનું વજન ધરાવે છે, અને ૭,૦૦૦ માઈલ કરતાં વધુ દૂરના લક્ષ્ય પર પણ ત્રાટકી શકે છે. અમેરિકન હવાઈ દળનાં ટાઈટાન-૨ નામનાં રૉકેટ ૩,૩૦,૦૦૦ રતલ વજન ધરાવે છે, ૧૦૩ ફૂટ લાંબા છે, અને ૬,૫૦૦ માઈલ છેટે જઈ શકે છે.

અણુ–સબમરીનમાંથી છોડવા માટે અમેરિકાએ પહેલાં પોલારિસ નામનાં રૉકેટો બનાવ્યાં હતાં. હવે પૉસીડોન નામનાં વધુ સારાં રૉકેટો બનાવ્યાં છે. આ સબમરીનો સમુદ્રમાં ડૂબેલી રહીને રૉકેટો છોડે. સબમરીનથી સમુદ્રની સપાટી સુધી રૉકેટો હવાના દબાણ વડે પ્રવાસ કરે. પાણીમાંથી બહાર નીકળ્યા પછી તેમનું ઍન્જિન બળતણ બાળવું શરૂ કરે. આ બધાં રૉકેટો સ્વયંસંચાલિત (ગાઈડેડ મિસાઈલ) હોય છે. આથી તેઓ હજારો માઈલ છેટે આવેલાં લક્ષ્યો પણ શોધીને તેમની ઉપર ત્રાટકે છે

રશિયા અને અમેરિકા વચ્ચેનું અંતર કાપી નાખતાં રૉકેટને આશરે અરધો કલાક લાગે. આથી વળતો હુમલો કરવા પૂરતો સમય મેળવવા રેડાર પણ પૂરતાં નથી. તેથી બંને પક્ષોએ અવકાશમાં જાસૂસી ઉપગ્રહો રાખ્યા છે, જેમાં માણસ ન હોવા છતાં દુશ્મન દેશમાં શું થાય છે તેની તેઓ માહિતી આપે છે! પાકિસ્તાન સામેના વિગ્રહ સમયે વિયેટનામના સમુદ્રમાંથી અમેરિકાના સાતમા કાફલાનાં જહાજો પાકિસ્તાનની મદદે આવવા નીકળ્યાં તેની માહિતી તત્કાળ રશિયાને તેના ઉપગ્રહ દ્વારા મળી ગઈ હતી અને રશિયા દ્વારા આપણને મળી હતી.

દુશ્મનમાં આવી રહેલાં રૉકેટોને વચ્ચેથી આંતરી લે અને તેમનો નાશ કરે એવાં રૉકેટો પણ બનાવવામાં આવ્યાં છે, પરંતુ તે એવાં કાર્યક્ષમ નથી અને અતિ ખર્ચાળ છે. તેમની નિરર્થકતાનું ભાન થયા પછી જ અમેરિકાએ આ સ્પર્ધામાં મર્યાદા સ્વીકારવાની સમજૂતી પર આવવા વાટાઘાટ શરૂ કરી. રૉકેટશસ્ત્રોમાં રશિયા આગળ છે અને તે પોતાનાં અણુ - હાઈડ્રોજન શસ્ત્રોને પૃથ્વી આસપાસ અવકાશમાં ફરતાં પણ રાખી ગમે ત્યારે દુશ્મનનાં મથકો પર અવકાશમાંથી ફેંકી શકે છે એવા ભાનથી અમેરિકા અસ્વસ્થ બની ગયું. તેથી તેણે મર્યાદા માટે વાટાઘાટ શરૂ કરી. રશિયાને યુદ્ધ જોઈતું નથી, એટલું જ નહિ પણ દુનિયાના બીજા દેશો વચ્ચે યુદ્ધ થાય એની સામે પણ તેને વિરોધ છે. આથી વધુ વિનાશક શસ્ત્રો બનાવવા પર સંયમ રાખવા તે હમેશાં તૈયાર છે, પણ સ્પર્ધામાં હારી જવા તૈયાર નથી. આમ આ બે મહાસત્તાઓ વચ્ચે એક વધુ સમાધાન શકય બન્યું જણાય છે.

વિજયગુપ્ત મૌર્ય

☆ તો કંઈ આભ તૂટી પડવાનું નથી ☆

[અસાધ્ય રોગથી પીડાતા અને ભયંકર યાતના ભોગવતા માણસને આવી પીડામાંથી મુક્તિ મળે એ માટે એનું મૃત્યુ વહેલું થાય એવું કરવું જોઈએ કે નહિ? એ પ્રશ્ન ઠીક ઠીક ચર્ચાયો છે. બ્રિટિશ પાર્લમેન્ટમાં આ વિશે ખરડો પણ રજૂ થયો હતો પણ તે સ્વીકારાયો નહોતો. આ પ્રશ્નની ચર્ચા 'જન્મભૂમિ-પ્રવાસી' ના તા. ૧૯-૩-'૭૨ના અંકમાં શ્રી ગોપાલદાસ મોદીએ કરી છે. એમનો આ વિશેનો લેખ અને એના અનુસંધાનમાં બીજાં ત્રણ મંતવ્યો અહીં પ્રગટ કરવામાં આવ્યાં છે. –તંત્રી]

[૧]

હાથ - પગનાં આંગળાં ખવાઈ ગયાં હોય કે શરીરે મોટા ઊંડા ઘારાં પડયાં હોય અને એમાંથી દુર્ગંધ મારતાં લોહી - પરુ વહેતાં હોય, ઊંડી ઊતરી ગયેલી ટગર ટગર બે આંખો મૃત્યુ દ્વારા છુટકારો ઝંખતી હોય એવા ભૂખ અને રોગથી રિબાતા અધમૂઆ માનવદેહનું પોટલું રસ્તા પર કે ફૂટપાથ પર પડયું હોય તો આપણે મોં ફેરવી લઈ આગળ ચાલ્યા જઈએ છીએ અથવા બહુ બહુ તો 'અરરર, બિચારો' કહી આનો-બે આના ફેંકી સંતોષ માની લઈએ છીએ, પણ એ જ માનવી કે જેનાં દરદ, દુઃખ અને દારિદ્ર્ય દૂર થવાનો જીવનભર કોઈ સંભવ નથી તેની એક નાના ઈન્જેકશન (Hypodermic needle) દ્વારા પીડારહિત હત્યા કરવાની કોઈક વાત કરે તો આપણા નાકનું ટીચકું ચડી જાય છે, ભવાં ખેંચાય છે અને બોલી ઊઠીએ છીએ, "હાય, હાય, એને મારી નાખવો? એવું પાપ તે કેમ કરાય?"

સમાજનો આ એક નર્યો દંભ નથી શું? મટી ન શકે એવા દરદથી પીડાતા માનવીને મરવા ન દેવો એ એક ક્રૂરતા છે. આમાં આત્મા, અનુકંપા અને નીતિની વાતો વચ્ચે લાવીને આપણે આપણી જાતને જ છેતરતા હોઈએ છીએ. વાસ્તવમાં તો મૃત્યુ ઝંખતા માનવને ચાલુ રિબાવા દેવો એ એક પ્રકારનું પાપ છે. કાયદામાં દયાપ્રેરિત હત્યા (Euthanasia)ની જોગવાઈ હોવી ઘટે છે અને એના અમલ માટે નિષ્ણાત ડૉકટરોની એક પેનલ રચાવી ઘટે છે. સામાન્યતઃ માનવી મૃત્યુ ઈચ્છતો નથી અને એ મૃત્યુ ત્યારે જ ઝંખે છે જ્યારે એનું દરદ અસહ્ય હોય. તેથી જ્યારે તે પોતાની જિંદગીનો અંત આણવાનું નક્કી કરે ત્યારે તેને તેમ કરવા દેવો જોઈએ. સ્વૈચ્છિક મૃત્યુ એ માનવીનો એક મૂળભૂત અધિકાર મનાવો જોઈએ. દયાપ્રેરિત હત્યા નૈતિક દૃષ્ટિએ પણ યોગ્ય છે. હકીકતમાં તો એક દરદી કે જે કોઈ મટી ન શકે એવા ભયંકર રોગથી પીડાતો હોય તેની દયાપ્રેરિત પીડારહિત હત્યા કરવી એ એક સુકૃત્ય લેખાવું જોઈએ. એક માનવી કે જેણે પોતાનું સારું યે જીવન સુખમાં વિતાવ્યું હોય તેને અંત સમયે દુઃખ ભોગવવા શા માટે દેવો? વૃદ્ધાવસ્થામાં જેને માટે સુખ, શાંતિ અને આનંદનો કોઈ સંભવ ન હોય અને દરદ, દુઃખ અને દારિદ્ર્યને લીધે જેને જિંદગીનો એક એક દિવસ એક એક વરસ જેવો લાગતો હોય તેને સ્વેચ્છાએ મરવા શું કામ ન દેવો? યુવાનો પણ પોતાની વૃદ્ધાવસ્થામાં રિબાવું નહિ પડે એવી હૈયાધારણને લીધે પોતાનું યૌવન વધુ મોજથી માણી શકે. એક જીવન કે જે સુખમાં વીત્યું હોય તેનો અંત પણ સુખમાં જ શા માટે આવવા ન દેવો? અને આમેય પૈસાને અભાવે પોતાની અંધારી ઓરડીમાં કે ગંધાતા ઝૂંપડામાં તથા યોગ્ય સારવારને અભાવે કે બેદરકારીને લીધે આપણી જાહેર ઇસ્પિટલોમાં કેટલાય દરદીઓ રોજ મરતા જ હોય છે ને! આ પણ એક પ્રકારની, જો કે નકારાત્મક (negative) પણ હત્યા જ છે ને!

તો, આપણા દેશમાં કે જ્યાં આજે દરદ, દુઃખ અને દારિદ્ર્યને લીધે દિનપ્રતિદિન જીવન અસહ્ય બનતું જાય છે ત્યાં જીવનની આ કઠોર વાસ્તવિકતા આપણે સ્વીકારીએ અને લાગણીવેડા છોડી કરુણાપ્રેરિત હત્યાને આવકારીએ. અલબત્ત, એમાં અમુક શરતો આવશ્યક લેખાવી જોઈએ. એક તો આવી હત્યાની વિનંતિ દરદીએ પોતે અથવા દરદીનાં એવાં સગાંઓ કે મિત્રોએ કરી હોવી જોઈએ કે જેમને દરદીના મૃત્યુથી કોઈ પણ જાતનો, આર્થિક કે અન્ય લાભ થવાનો ન હોય; બીજું, જવાબદાર ડૉકટરોની પેનલ આ વિનંતિ સાથે સહમત થવી જોઈએ; અને ત્રીજું, આ નિર્ણય તો જ લેવાવો જોઈએ, જો દરદ અસહ્ય હોય અને દરદી માટે આમાંથી સાજા થવાની કોઈ શક્યતા ન હોય.

આ હત્યા મરજિયાત તો હોય જ, પણ એને ફરજિયાત બનાવીએ તો પણ કંઈ આભ તૂટી નથી પડવાનું!

ગોપાલદાસ મોદી

[૨]

અવાસ્તવિક સૂચન

'જન્મભૂમિ-પ્રવાસી'ના 'સંસારચક્ર' વિભાગમાં તા. ૧૯-૩-'૭૨ના અંકમાં જાણીતા ચર્ચાપત્રી શ્રી ગોપાલદાસ મોદીએ 'તો પણ કંઈ આભ તૂટી પડવાનું નથી!' એ મથાળા નીચેનું ચર્ચાપત્ર લખેલ તે પ્રગટ થયેલ તેની નકલ આ સાથે મોકલું છું અને તેના વિશે મારા જે વિચારો છે તેને પણ આ સાથે લખી મોકલું છું તો આ ભારે ચર્ચાસ્પદ અને સાથે રસપ્રદ વિષય હોઈ, તેમનું ચર્ચાપત્ર અને સાથે મેં મોકલેલા વિચારો પ્રગટ કરશો તો આભારી થઈશ.

તેમની વાત પર વિચાર કરતાં પહેલો પ્રશ્ન એ થાય છે કે ગમે તેવા સંજોગોમાં પણ માણસને માણસનો જીવ લેવાનો અધિકાર નથી. જે માણસને જીવ આપી શકે તેનો અધિકાર માણસનો જીવ લેવાનો રહે. એ રીતે વિચારતાં ફાંસી આપવાની પ્રથા પણ ઘણી જ અયોગ્ય છે, કેમકે માણસ હમેશાં ભૂલને પાત્ર છે, અને એવી ભૂલના કારણે ફાંસી આપ્યા પછી તે જીવંત થઈ શકતો નથી. એ જ રીતે દરદી ગમે તેટલો બીમાર હોય છતાં તે મૃત્યુને લાયક ઠરતો નથી. જો આપણે કર્મમાં માનતા હોઈએ તો કરેલાં કર્મ સૌએ ભોગવવાં પડે છે અને ત્યાર બાદ તેના કર્મનો ઉદય થવાનો હોય તો તે સાજો પણ થઈ જાય.

બીજી વાત એ છે કે માણસ પોતે મૃત્યુને આવકારે તે પણ મોટે ભાગે શક્ય નથી. એટલા માટે તો કહેવત છે કે "મરતો માણસ તણખલાને પણ પકડે." એ રીતે ગમે તેવો બીમાર માણસ પણ સ્વેચ્છાએ મૃત્યુને આવકારવા તૈયાર નથી થતો હોતો –અને જો આવા ખૂબ જ બીમાર માણસને મૃત્યુના હવાલે કરવાનો કાયદો કરવામાં આવે તો એમાં એવા પણ વિકલ્પોને સંભવ ખરો કે ચાર-પાંચ વરસની માંદગીથી તેના ઘરના માણસો કંટાળી ગયા હોય અને તેને વધારે હેરાન કરી તેના જ મોઢે કહેવરાવે કે મને મૃત્યુ મંજૂર છે.

આવા સ્વૈચ્છિક મૃત્યુને સ્વીકૃતિ આપવાને લગતો કાયદો પસાર કરાવવા માટેની હિલચાલ યુરોપમાં ચાલે છે ખરી, પરંતુ એની સંસ્કૃતિ આપણાથી સાવ ભિન્ન પ્રકારની હોવા છતાં, હજુ આજ સુધી ત્યાં પણ આવો કાયદો પસાર કરવામાં આવ્યો નથી, તો જ્યારે આપણી સંસ્કૃતિનો વિચાર કરીએ છીએ ત્યારે આવી ખંડનાત્મક વાત આપણે કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકીએ જ નહિ.

એક પ્રશ્ન એવો પણ ઉદ્‌ભવે છે કે શારીરિક રીતે કંટાળી ગયેલા માણસને સ્વૈચ્છિક મૃત્યુની જો પરવાનગી મળે તો, આજના યુગમાં સામાન્ય અને ગરીબ વર્ગના એવા કેટલાય માણસો છે કે જેઓ આર્થિક પરિસ્થિતિ તેમ જ સાંસારિક વિટંબણાઓને કારણે

માનસિક રીતે એટલા બધા તંગ થઈ ગયેલા હોય છે અને કેટલીયે બહેનો ઘરના અને સંસારિક તેમ જ સમાજના અન્યાયોના અસહ્ય ત્રાસથી એટલી બધી તંગ આવી ગઈ હોય છે કે તે સ્વૈચ્છિક મૃત્યુને આવકારે છે. માનસિક ત્રાસ તો ખૂબ અસહ્ય જ ગણાય, તો શું એ લોકોને પણ સ્વૈચ્છિક મૃત્યુ, એટલે કે આપઘાત કરવાની સમાજે અને સરકારે છૂટ આપવી? તે પણ શક્ય નથી જ.

ચોથો મુદ્દો ડૉકટરોની પેનલનો છે. એ કોણ રચે? કયાં કયા રચાય? આવડો મોટો દેશ, એમાં એની વ્યવસ્થા કેમ ઊભી થાય? અને એનો ખર્ચ કોણ ભોગવે? અને જો સરકાર એવડો મોટો ખર્ચ કરવા તૈયાર હોય તો તો એવા માણસો માટે ખાસ એક શુશ્રૂષાગૃહ જ કેમ નિર્માણ ન કરે? એમાં એવા માણસોને સારવાર મળે અને મૃત્યુ સુધીની જિંદગી શાન્તિથી પસાર કરે.

પાંચમો મુદ્દો એ છે કે આપણા બધામાં કરુણા ભરી છે એમ આપણે બોલીએ છીએ - લખીએ છીએ, પરંતુ તે સાવ ઉપરની જ વાત છે. હાથીના ચાવવાના અને બતાવવાના જુદા દાંત હોય છે એવી જ. કેમકે રસ્તામાં ફૂટપાથ પર ખૂબ જ બીમાર હાલતમાં અને મૃત્યુની નજીક પહોંચેલી વ્યકિતને જોવા છતાં આપણે નથી ઊભા રહેતા કે નથી તેના માટે કાંઈ કાર્યવાહી કરતા, અને ઉપરની કરુણાની છાંટ છાંટીને ચાલતા થઈ જઈએ છીએ. જો આપણામાં ખરેખર આંતરિક કરુણા હોય અને એવા-કરુણાનો દાવો કરનારની સંખ્યા તો ભારતમાં કરોડોની છે - તો એ કરોડો માણસો, આવા હજારો માણસો માટે શુશ્રૂષાની વ્યવસ્થા શું ઊભી ન કરી શકે? તો તો બહુ મોટું કામ થઈ જાય - પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે તેને પાયો જ નથી. એટલે આપણી કરુણા આંતરિક કરુણા નથી. એટલે આવો ખંડનાત્મક વિચાર કરવા કરતાં રચનાત્મક વિચાર કરવો વધારે જરૂરી લાગે છે કે એવા માણસો માટે શુશ્રૂષાની - રહેવાની સગવડ ઊભી કરવામાં આવે.

આપણા દેશમાં આવું આયોજન ઊભું કરવામાં આવેલ છે, પણ તે કોઈ ભારતીય નાગરિકે નથી કર્યું પરંતુ આપણા રૂઢિચુસ્તો જેને મલેચ્છ જાતિ ગણે છે એવી જાતિની એક આલ્બેનિયન સ્ત્રી મધર થેરીસાએ કલકત્તામાં, મૃત હાલતમાં સબડતાં દુ:ખીઓને આશ્રય આપવા માટે એક પડતર મકાનમાં પોતાનું કામ વર્ષો પહેલાં શરૂ કરેલું. જેનું મૃત્યુ નિશ્ચિત છે એવા રસ્તા પરના માણસોને ઉપાડી તેને લઈ જાય અને મૃત્યુ પર્યંત તેની સેવા કરે છે. ક્ષય, રક્તપીત કે કોઢ જેવા રોગોને કારણે ઉપેક્ષિત થઈ ફેંકાઈ ગયેલા માણસોને તેમને ત્યાં આશ્રય મળતો હોય છે અને તેની સેવા - શુશ્રૂષા કરવામાં આવે છે. આજે ભારતભરમાં તેની સંસ્થાઓની અનેક શાખાઓ છે અને આવી સેવા અર્થે યુરોપના વિવિધ ભાગોમાંથી ૪૦૦ જેટલી સેવિકાઓ ભારતમાં આવીને વસી છે અને મધર થેરીસાને તેના કામમાં મદદ કરે છે અને દર વર્ષે લગભગ પચાસ હજાર દર્દીઓની સેવાશુશ્રુષા આ સંસ્થા દ્વારા કરવામાં આવી રહી છે. આપણે તો ફકત વાતો કરતા હોઈએ છીએ, જ્યારે આ લોકો કામ કરી બતાવે છે, અને તે પણ તદ્દન નિસ્વાર્થ ભાવે. ધન્ય છે તેમની આવી સેવાવૃત્તિને.

બાકી જ્યાં સુધી સર્જનહારની ઈચ્છા નહિ હોય ત્યાં સુધી કોઈ કોઈને મારી શકતું નથી અને તેની મૃત્યુની પળ આવી જાય ત્યારે કરોડો પ્રયત્નો કરવા છતાં તે વ્યકિત જીવંત રહી શકતી નથી. એટલે કયાંક કવિના મોઢે ભગવાને કહેવરાવ્યું છે કે "મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય." અને આ સાવ સાચી વાત ધ્યાન પર આવે તો આપણે રચનાત્મક વિચાર તરફ વળવાને પ્રેરાઈશું. બાકી ઉપરની શ્રી ગોપાલદાસભાઈની વાત ગળે ઊતરતી નથી. તે વાસ્તવિક પણ નથી અને એટલે શક્ય પણ નથી.

શાન્તિલાલ ટી. શેઠ

[૩]

પ્રેમ જો નાશ પામે તો દયા ના જીવતી રહે

'સંસારચક્ર'માં, માથામાં વીજળી પડે એવું એક ચર્ચાપત્ર 'જન્મભૂમિ-પ્રવાસી'ના તા. ૧૯-૩-'૭૨ નાં અંકમાં વાંચવા મળ્યું. આ ચર્ચાપત્રના લેખક બહુ જાણીતાં ચર્ચાપત્રી છે. એમના લખાણોમાં હમેશ સંવેદન હોય છે. શ્રી ગોપાલદાસ મોદીની કલમ આ કારણે સૌનાં દિલ જીતી શકે છે. એમનાં લખાણો હું તો અચૂક વાંચું જ. 'પણ આભ તૂટી પડવાનું નથી' શીર્ષક હેઠળનું લખાણ એક સખત આંચકો આપી ગયું. મને લખાણ ન ગમ્યું.

મૃત્યુનું રહસ્ય કોઈ પામી શક્યું નથી. મૃત્યુની અનેક સુંદર વ્યાખ્યાઓ પણ થઈ છે અને મૃત્યુ એ મિત્ર છે-સખા છે-એવું કાકાસાહેબ જેવા લખી શકે છે. પરંતુ મૃત્યુનો વિચાર કરતાં જ એક ભય જાણે-અજાણ્યે વ્યકિત માત્રને થતો જ હોય છે. નારકીનું જીવન જીવતા લોકોને આપણે જિવાડવા અનેક સારવારકેન્દ્રો ઊભાં કરીએ છીએ. 'શ્વાસ છે ત્યાં સુધી આશ છે' એમ આપણે માનીએ છીએ અને છેલ્લી ઘડી સુધી પણ કેન્સરના દરદીને ય બચાવવાનો જ પ્રયત્ન, એ જ માણસાઈનું પ્રેમ કર્તવ્ય છે. જો પ્રેમ જ નાશ પામશે તો દયા જેવું કોઈ તત્ત્વ જ નહિ રહે. આથી શું ફૂટપાથ ઉપર કે શું મહેલમાં, અનંત પીડા ભોગવતા માનવીને ઈન્જેકશન આપી આ જગતમાંથી વિદાય આપવાનો આપણને કોઈ અધિકાર નથી. આ પ્રશ્ન આજે વિદેશમાં સારો એવો ચર્ચાઈ રહ્યો છે, પરંતુ ભારતીય સંસ્કૃતિનાં તત્ત્વોમાં આ દયાપ્રેરિત કતલની કલ્પના પણ ન થઈ શકે. દયાપ્રેરિત જીવતદાન હોઈ શકે, દયાપ્રેરિત ખૂન ન હોઈ શકે.

શ્રી ગોપાલદાસ મોદીની વાત ઉપર વિચાર કરી, એમનું સૂચન જો અમલી થયું તો સમાજમાંથી વિવેક-મર્યાદા-પ્રેમ-કરુણા તથા જીવનનાં બીજાં અનેક મંગલ તત્ત્વો લુપ્ત થશે-માટે એમના મંતવ્યનો-આભ ન તૂટી પડે તો ય અસ્વીકાર જ થવો ઘટે.

ચીમનલાલ જે. શાહ

[૪]

કેવા સંજોગોમાં આ થઈ શકે!

'પ્રવાસી'માં શ્રી ગોપાલદાસ મોદીનું લખાણ જોયું હતું. મરી ન શકે એવા દરદથી રિબાતા ને મૃત્યુને ઝંખતા માનવીને સ્વેચ્છાએ મરવા દેવો જ જોઈએ એ વિશે કોઈ શંકા નથી. પણ રિબાતો માનવી સાચેસાચ જ મૃત્યુને ઝંખે છે એ નક્કી કરશે કોણ? અસાધ્ય રોગથી પીડાતા માનવીની જિજીવિષા-પોતે ઉપરથી એમ કહેતો હોય કે "હવે તો મૃત્યુ આવે તો સારું" તો પણ-જરીકે ઓછી નથી થઈ હોતી એવો મારો અનુભવ છે. જવાબદાર ડૉકટરોની પેનલ સામાન્ય કોટિના માણસોને ઉપલબ્ધ ખરી? અને રસ્તા પર પડેલા અધમૂઆ ભિખારીઓની હત્યા કરવાનું કોણ માથે લેશે? શું મ્યુનિસિપાલિટી એ માટે ડૉકટરોને પગાર આપીને રોકશે? કે પછી આવા બધાને પકડી પકડીને મ્યુ. વાનમાં બેસાડી કયાંક દૂરદૂર લઈ જઈને હાઈપોડર્મિક નીડલ વડે મૃત્યુને શરણ કરવામાં આવશે? ઉપરાંત મૃત્યુશય્યા પર પડેલો માણસ સાજો નહીં જ થાય એવું કોણ સર્ટિફાય કરશે? શું જીવન અને મૃત્યુનો કસબ આપણે હસ્તગત કરી લીધો છે? મરણાસન્ન બનેલો દરદી જીવી જાય ને પછી દસ-વીસ વર્ષ જીવે એવા પ્રસંગો બનતા શું આપણે જોયા-જાણ્યા નથી?

ઉપસ્થિત કરેલા એક-બે મુદ્દાનું સંતોષકારક નિવારણ થઈ જાય તો દયાપ્રેરિત પીડારહિત મૃત્યુને Legalise કરવામાં કશો વાંધો નથી એવો મારો મત છે.

સુબોધભાઈ એમ. શાહ

દારૂબંધી ચાકડે ચડી છે....

શિક્ષણ અને સમાજકલ્યાણ માટેના મંત્રી શ્રી ચોખાવાળાએ દારૂબંધીનો અમલ સંતોષકારક રીતે થયો નથી પણ તેનો કડક હાથે અમલ થવો જોઈએ એવા આશયનું વિધાન કર્યું તેમાં પણ ટીકા-દૃષ્ટિવાળા બુદ્ધિજીવીઓએ "દારૂબંધીનો નિષ્ફળતાનો એકરાર" શોધ્યો, એ વાત આમ તો, ઊડતા તણખલા જેવી છે. પણ એ તણખલું પવન કઈ દિશામાં વાવા માંડયો છે તે દેખાડે છે. એ પવન દારૂબંધી માટે અનુકૂળ નથી અને એ તણખલું એકાકી પણ નથી. દારૂબંધી વિશે નવા યુગની નવી પરિસ્થિતિમાં તલસ્પર્શી અધ્યયન કરવું પડે એ જરૂરી થઈ પડયું છે. દારૂબંધીનો પાયો ફરીથી સુદૃઢ કરવા માગનારે નવી પેઢીમાં નવાં તપ તપવાં પડે એ અનિવાર્ય થતું જાય છે.

દારૂબંધી અંગે જૂના જોગીઓની શ્રદ્ધા અવિચળ છે, કારણ એમનાં દિલમાં પેઢીઓથી સીંચાયેલા જૈન-વૈષ્ણવ ધાર્મિક સંસ્કારોની ભૂમિ પર ગાંધીજીએ તર્કશુદ્ધ રીતે મદ્યનિષેધના વિચારોનું વાવેતર કર્યું હતું. પરંતુ ત્રીશી અને ચાળીશીમાં આવેલા નવા લોકોની ધાર્મિક લાગણીઓનું આધુનિક આચારવિચારનાં વહેણોમાં ઠીક ઠીક ધોવાણ થયું છે અને આર્થિક રીતે દારૂબંધી રાજ્ય-સરકારને ખોટના ખાડામાં ઉતારનારી છે એવી દલીલ એમનાં દિમાગ પર છેલ્લા બે દસકાથી અંગ્રેજી અખબારોના સતત પ્રચારથી હવે ઠસી ગઈ છે. તે કરતાં તામિલનાડુ કે મહારાષ્ટ્રની જેમ દારૂબંધીને દૂર કરીને કે મોળી પાડીને શિક્ષણ અને સમાજકલ્યાણ માટે જોઈતું નાણાં-સાધન ગુજરાતે પણ શા માટે ઊભું ન કરવું, એવો પ્રશ્ન તેઓના મનમાં ઘોળાય છે. કોંગ્રેસના ભાગલા અને જૂની નેતાગીરીના અસ્ત સાથે આ હવાની વાત હવે હોઠ પર આવવા માંડી છે. મોરારજીભાઈની અકારી નેતાગીરીને ફગાવી દેવાની સાથેસાથે 'ટબના પાણી ભેગો ટાબરિયો' પણ ફેંકી દેવા જેવું થતું હોય તોયે નવાઈ નહિ.

*

પરંતુ મનના ભાવા-અભાવાને કોરાણે મૂકીને તપાસી લેવા જેવી વાત એ છે કે શું દારૂબંધી ખરેખર નિષ્ફળ ગઈ છે? શું દારૂબંધીથી ગુજરાતના સામાન્ય માનવીને કશો ફાયદો નથી થયો? દારૂબંધી કરવા પાછળના મૂળ હેતુ શું તદ્દન માર્યા ગયા છે?

દારૂબંધી પાછળ ચાર હેતુ હતા: (૧) શારીરિક હાનિ અટકાવવી, (૨) માનસિક-નૈતિક હાનિ રોકવી, (૩) દારૂબંધીમાંથી પેદા થતા અન્ય સામાજિક અપરાધો અટકાવવા, (૪) આર્થિક બરબાદી રોકીને દારૂમાં વેડફાતી સંપત્તિ અને સમયને વધુ ઉત્પાદક અને સર્જનાત્મક કામોમાં વાળવાં. આ હેતુઓ શું સદંતર નિષ્ફળ ગયા છે?–કે અડધાપડધા સફળ થયા છે?–કે શરૂમાં થોડા સફળ થઈને હવે નિષ્ફળ જઈ રહ્યા છે?

સફળતા સો ટકા તો કાગળ પર જ મળતી હોય છે. બાકી વ્યવહારમાં તો કોઈ પણ પ્રયત્નનું પરિણામ સફળતા અને નિષ્ફળતાનું મિશ્રાણ જ હોય છે. એ મિશ્રાણમાં સફળતાનું પ્રમાણ કેટલું અને નિષ્ફળતાનું કેટલું તે જોઈને જ આપણે એ પ્રયત્ન સફળ થયો કે નિષ્ફળ ગયો તે નક્કી કરીએ છીએ. ચૂંટણીમાં સફળ ઉમેદવાર ૪૫ કે ૫૫ ટકા મતથી જીતે તોયે એ બેઠક તો સો ટકા જ જીતે છે, પણ વિરોધ પક્ષવાળા કહેવાના કે આ તો લઘુમતી વોટથી કે નજીવી બહુમતીથી જીત્યો માટે એની જીત નિષ્ફળ છે; નાલાયક છે. અડધો ખાલો પાણી જોઈને આશાવાદી ટેકેદાર કહેવાના કે હજી અડધો ખાલો ભરેલો છે! નિરાશાવાદી ટીકાકાર કહેવાના કે અડધો ખાલો તો ખાલી થઈ ગયો છે. હવે રહ્યું કેટલું?

પરંતુ આ બંને પક્ષ વચ્ચે એક વાત સમાન હોઈ શકે. ટેકેદારનો ટેકો અને ટીકાકારની ટીકા બંનેનો હેતુ એક હોય કે ખાલો પાણીથી ભરેલો હોવો જોઈએ. તો ટેકો અને ટીકા, પેડલ અને બ્રેક મળીને સાઈકલ આગળ ચાલે.

દારૂબંધીની બાબતમાં ટેકેદારો અને ટીકાકારોની ભૂમિકા પેડલ અને બ્રેક જેવી એક હેતુને વરેલી પરસ્પર પૂરક છે કે દારૂબંધીના મૃગને જિવાડવા માગતા ઋષિ અને ખતમ કરવા માગતા શિકારી જેવી પરસ્પર વિરોધી છે?

દારૂબંધીના પ્રખર પુરસ્કર્તા શ્રી પ્રભુદાસ પટવારી અને દારૂબંધીના વિરોધી તરીકે ખરીખોટી છબિ જેમની બંધાવા માંડી છે તે ડૉ. અમૂલ દેસાઈ, એ બંનેની સાથે કલાકોની વાતચીત પછી મારી પોતાની જે છાપ પડી છે તે અહીં રજૂ કરીશ.

*

દારૂથી શારીરિક નુકસાન થાય છે તે વિશે ટેકેદાર અને ટીકાકાર બંને પક્ષ સંમત છે. બલકે અમૂલભાઈનો દાવો છે કે એમણે નાનપણથી પડોશના જ પીઠામાં દારૂડિયાઓની દુર્દશા સગી આંખે જોઈ છે, પીઠા પર પિકેટિંગ કરીને તો એમની કારકિર્દી આરંભાઈ છે અને ડૉક્ટર તરીકે દારૂથી થતી તનમનની ખુવારી તેઓ જેટલી જાણે છે તેટલી તો દારૂબંધીના બિનતબીબી હિમાયતીઓ ન જ જાણી શકે.

પરંતુ તાડીની તેઓ તરફેણ કરે છે. કારણ એક તો કાંઠાની દરિયાપરજને પાણી સાથે રાતદિવસ જીવવામાં તાડીના ગરમાવાની જરૂર લાગે છે, તેમને તેની આદત છે, અને રાનીપરજમાં પણ તે ફેલાઈ છે. બીજું તાડીને કાયદાથી દબાવી દેવા જતાં ગોળ અને નવસારથી ઠેર ઠેર બનાવાતો ગંદો દારૂ અને ડિનેચર્ડ સ્પિરિટ બહુ મોટા પ્રમાણમાં વપરાવા લાગ્યાં છે અને તાડી તો નશાની સાથેસાથે થોડાં પોષક તત્ત્વો પૂરાં પાડે છે, જ્યારે લઠ્ઠો કે ડિનેચર્ડ સ્પિરિટ તો કેવળ નુકસાન જ નુકસાન કરે છે. અમૂલભાઈ માને છે અને આંકડા આપીને કહે છે કે નવસારની આયાત કલાઈકમની જરૂર કરતાં અનેક ગણી વધુ થાય છે અને જ્યાંથી ગોળ બહાર ચડતો તેવાં સ્ટેશનો પર ગોળ બહારથી પ્રમાણ બહાર આણાય છે. હોળી–ધુળેટી પહેલાં ડિનેચર્ડ સ્પિરિટ બનાવતાં કારખાનાં પર ઑર્ડરોનું દબાણ વધી પડે છે.

અમૂલભાઈની દલીલનો સારાંશ એ છે કે દારૂબંધીના કાયદાથી–

૧. વધુ હાનિકારક દારૂ પિવાય છે.
૨. મદ્યપાન ભૂગર્ભમાં જતું રહ્યું છે, ઉપર દેખાતું નથી, તેથી હાનિ વધી છે, ઘટી નથી.
૩. પોલીસ ખાતું જે એક કાળે કુશળતામાં ઈંગ્લૅંડના સ્કૉટલૅન્ડયાર્ડ પછી બીજે નંબરે આવતું, તેમાં દારૂબંધી નિમિત્તે બેહદ સડો ફેલાઈ ગયો છે ને તેની એકંદર કાર્યક્ષમતા ખતમ થઈ ગઈ છે,
૪. સમાજમાં ગેરકાયદેસર ચોરીછૂપીથી કામ કરવાનું વાતાવરણ વધ્યું છે.

*

આની સામે શ્રી પટવારી પણ દારૂબંધીની તરફેણનો કેસ મજબૂત દલીલો સહિત પેશ કરે છે.

શ્રી પટવારી આર્થિક કારણ પર સૌથી વધુ વજન આપે છે. કેવળ ગાંધીજીના નામને પ્રતાપે દારૂબંધીને બચાવી રાખવાની મનોવૃત્તિ હવે ગાંધીવાદી વર્તુળોમાં ઘટતી જાય છે, નવો બૌદ્ધિક અને તાર્કિક પ્રયત્ન શરૂ થઈ ચૂક્યો છે તેની પ્રતીતિ એમની સાથે વાત કરતાં થયા વિના રહેતી નથી.

તેમની મુખ્ય દલીલ સબળ છે. તેઓ કહે છે કે "ગરીબી હઠાવો" એ કૉંગ્રેસનો જ નહિ, સમસ્ત રાષ્ટ્રનો સંકલ્પ છે. દારૂબંધી

હડાવવાથી "ગરીબી હઠાવો" કાર્યક્રમના મૂળમાં ઘા થાય છે. કારણ, દારૂ ગરીબની જૂજ આવકને ભરખી જનારો સૌથી મોટો દૈત્ય છે.

તામિલનાડુ સરકારે દારૂનાં પીઠાંની હરાજી કરીને રૂા. ૪૧ કરોડ મેળવ્યા, જે શિક્ષણ માટે વાપરવાના છે. પણ એ ૪૧ કરોડ કયાંથી આવવાના?–લોકોનાં ખીસાંમાંથી. લોકો રૂા. ૨૨૧ કરોડનો દારૂ પીએ ત્યારે સરકારને રૂા. ૪૧ કરોડની આવક થાય. ગરીબ લોકો એમના રોટલા પર કાપ મૂકી પાંચ રૂપિયાનો દારૂ પીએ તેવી સરકાર જોગવાઈ કરે ત્યારે સરકાર એક રૂપિયો શિક્ષણ માટે મેળવે! રોટલો છીનવીને નિશાળ આપવાની આ રીત નિર્દય ન કહેવાય?

'બૂટલેગિંગ' ઉર્ફે ગેરકાયદે દારૂ વધી ગયો, માટે દારૂબંધી દૂર કરવી જોઈએ એ દલીલને મૂળમાંથી વાઢતાં શ્રી પટવારી કહે છે કે હકીકતો આથી ઊલટી જ છે.

–જસ્ટિસ ટેકચંદે નોંધ્યું છે કે દારૂબંધી વગરનાં 'ભીનાં' રાજ્યોમાં ગેરકાયદે ભઠ્ઠીઓ વધુ મોટા પ્રમાણમાં હતી.

–આજે પણ જ્યાં કાયદેસર દારૂનાં પીઠાં હોય છે ત્યાં નજીકમાં જ ગેરકાયદે દારૂના અડ્ડા હોય છે. કારણ 'સરકારી' દારૂની બાટલી પોણા બે રૂપિયે પડતી હોય ત્યારે ગેરકાયદે બાટલી દસ આને મળતી હોય છે. કાયદેસર દારૂ બનાવતી બ્રૂઅરીઓ પોતે જ મોટા પ્રમાણમાં ગેરકાયદેસર દારૂ બજારમાં સેરવી દઈ વેરામાંથી બચી જતી હોય છે.

–ઝેરી દારૂ પીને મોટી સંખ્યામાં માણસો મરવાના સૌથી ગમખ્વાર કિસ્સા 'ભીનાં' રાજ્યોમાં જ વધુ બન્યા છે. દિલ્હીમાં કૃષ્ણનગરમાં કાયદેસર પીઠાની નજીક જ વેચાતો ગેરકાયદે દારૂ પીને ૧૦૦ જેટલા માણસ મર્યા; મદ્રાસમાં ૧૬૦ જણ પીઠાની સામે જ ગેરકાયદે લઠ્ઠો પીને મર્યા; મુંબઈમાં ખોપોલીમાં ૧૩૦ જણ મર્યા તે પણ પીઠાને પડખે જ લઠ્ઠો ચડાવીને મર્યા (આ લખાતું હતું ત્યારે 'ભીના' દિલ્હીમાં જ ઝેરી લઠ્ઠો પીને બીજા ૨૫–૩૦ જણ મર્યા).

માટે 'બૂટલેગિંગ'ની બદી એ દારૂબંધીની નીપજ છે એમ માની લેવું અવાસ્તવિક છે. દારૂબંધી વિનાના અમેરિકામાં ૫૦ ટકા દારૂ ગેરકાદેસર ગળાય-પિવાય છે એમ પણ શ્રી પટવારી ચીંધી બતાવે છે.

દારૂને કારણે બજેટમાં કરની આવક થાય છે, પણ સામે પાસે બીજાં ખર્ચ ઘણાં વધી પડે છે. દારૂની આવક અને શિક્ષણનું દાન એ ચોરી કરીને સોયનું દાન કરવા બરાબર છે.

–ગુનાખોરી અને કોરટકજિયા વધે છે.

–અનીતિ અને જુગાર જેવી બદીઓ બહેકે છે.

–મજૂરોની કાર્યક્ષમતા ઘટે છે અને એમની ગેરહાજરીનું પ્રમાણ વધે છે.

સામે પાસે દારૂબંધીથી ગરીબો દૂધે વાળુ કરતાં થાય છે (અમૂલભાઈ તો કહે છે કે વલસાડના માછી-કોળી તો તાડીએ જ વાળુ કરે છે. રોટલા, વાલ અને તાડી એ એમનું સામાન્ય ભોજન છે.)

–લોકો બચત કરે છે. હરિજનો અને મજૂરો અમદાવાદમાં ૫૨,૦૦૦ અને ગુજરાતમાં અન્યત્ર ૩૭,૦૦૦ મકાનોના માલિક બન્યા છે તે માટે તેઓ દારૂબંધીને આંશિક શ્રેય આપે છે.

–લોકોના પૈસા દારૂમાં વેડફાતા બચે છે તેથી તેઓ કાપડ વગેરે બીજો માલ-સામાન ખરીદે છે અને સિનેમા જુએ છે. આને કારણે સરકારને મનોરંજનવેરો, વેચાણવેરો વગેરે આવકમાં વધારો થાય છે. ૧૯૬૦થી ૧૯૭૦ દરમિયાન ગુજરાત રાજ્યની આ પ્રકારની આવક ૧૯ ગણી થઈ ગઈ એમ કહી તેને માટેનાં કારણોમાં તેઓ દારૂબંધીની નીતિને બિરદાવે છે.

દારૂબંધીથી કમ-સે-કમ જુવાન પેઢીને તો દારૂની વારસાગત લતમાંથી બચાવી શકાઈ છે અને બીજા કોઈ રાજ્ય કરતાં ગુજરાતના રસ્તા લથડિયાં ખાતા દારૂડિયાના અનિષ્ટથી ચોખ્ખા રહ્યા છે. મદ્રાસ, દિલ્હી, બનારસ કરતાં અમદાવાદ-વડોદરા આ બાબતમાં ઘણું વધુ સ્વચ્છ અને સંસ્કારી તરીકેની છાપ પાડે છે.

વિશ્વના અગ્રણી ડૉક્ટર લૉરેન્સ એ. સેન્સમૅન ગુજરાતના દારૂબંધીના પ્રયોગથી એટલા પ્રભાવિત થયા છે કે તેઓ તે પછી દુનિયામાં જ્યાં ગયા છે ત્યાં તેમણે કહ્યું છે કે દારૂબંધીની સફળતા જોવી હોય તો ગાંધીની માતૃભૂમિ ગુજરાતમાં જઈને જોઈ આવો.

*

દારૂબંધીના લાભ એવા છે જેનો ઈનકાર કરી શકાય એમ નથી. દારૂબંધીનો અમલ શિથિલ પડયો છે તેની ના પાડી શકાય તેમ નથી. બંને બાજુની દલીલોમાં પૂરતું વજૂદ છે.

તો હકીકત શી છે? દારૂબંધી જો સારી હોય, તો તેનો સંકલ્પ કેમ ઢીલો પડતો જાય છે?

ગુજરાતનાં ગામડાગામમાં ગ્રામદાનકાર્ય અંગે નિરંતર ફરતા રહેતા બે મિત્રોને પૂછયું કે દારૂ વિશે શી હાલત છે? ત્યારે એ મિત્રોએ પોતાની છાપ આપતાં કહ્યું કે દારૂનો ચાળો વધતો જાય છે એ હકીકત છે. ૨૫૦થી ઓછી આવકવાળો તો શું પીએ? પણ તલાટી હોય તો જરૂર પીએ! કેમ કે એને 'ઉપરની આવક' હોય છે. 'ઉપરની આવક' (લાંચ કે જુગાર મટકાની કે કાળાં બજારની આવક) સાથે દારૂની લતનો સીધો સંબંધ જણાય છે. અવળે રસ્તે આવેલા પૈસા દારૂમાં અને વ્યભિચારમાં વાપરવાનું મન પહેલું થાય છે.

અમૂલભાઈએ પણ બીજી એક રીતે આ નિરીક્ષણને અનુમોદન આપ્યું હતું. મુંબઈની લાલબાગની ગંદી ચાલીમાં રહેતા મજૂરને મોંઘવારી મળી, વધારાની આવક જેવું બોનસ મળ્યું, પણ એનું રહેઠાણ તો એ જ ગંદી ચાલીમાં હતું તેવું રહ્યું. એ વધારાની આવક દારૂમાં ખર્ચે છે. સારાં ઘર અને નવી સ્વચ્છ રીતે જીવવાની તક ન મળે તો વધારાની આવક દારૂમાં જ જવાની.

ટૂંકમાં બંને પાસે સત્ય વહેંચાયેલું પડયું છે. આ દેવદાનવનો સામસામો સંગ્રામ નથી, બંનેના એકત્ર પુરુષાર્થથી થતું અમૃતમંથન છે. એને ગૂંચવતી કેટલીક રાજકીય હકીકતો પણ પડેલી છે, જે અમૂલભાઈ કે શ્રી પટવારીની અહીં રજૂ થયેલી વાતોમાં ઉપર આવી નથી, પણ આવવી જરૂરી છે.

આ પ્રશ્નની ભીતર પડેલી આર્થિક-સામાજિક હકીકતોને તારવી કાઢવા ગુજરાત સરકાર તટસ્થ વ્યક્તિઓ અને તજ્જ્ઞોની સમિતિ નીમશે તો જાહેર જીવનની સ્વચ્છતા વધારવામાં અને સત્યને પ્રકટ કરી ગુજરાતના શુભ પુરુષાર્થને પુષ્ટ કરવામાં તે અવશ્ય સહાયક થઈ પડશે. સરકાર આવો પ્રયત્ન ન કરે તો યુનિવર્સિટીઓ, ધારાસભ્યો અને જાગ્રત નાગરિકો મળીને ખાસ પંચ નીમે, ચર્ચાસભાઓ ગોઠવે. પ્રચાર કરતાં વિચાર વધુ જરૂરી જણાય છે. વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ।

('વિશ્વમાનવ'માંથી સાભાર) પ્રબોધ ચોકસી

કોઈ તો સમજાવે!!

("મૌન કે અનુનાદ" એ નામના હિંદી પુસ્તકમાંથી અનુવાદિત)

જિંદગી કઈ બલાનું નામ છે?
કોઈ શ્યાનો જરા અમને સમજાવે તો ખરો!
કદમ જ્યારથી મૂકયો છે આ દુનિયાની બજારમાં
મોતનો સોદો દીઠો છે અમે પ્રત્યેકની આંખમાં.
મોતથી બચવાના માર્ગો છે હરકોઈ શોધતા
મંદિરો ને મસ્જિદો તરફ છે હરકોઈ દોડતા.
ઈન્સાનને ઈન્સાનથી ડરતો સદા છે દીઠો
ઈશ્કને ખેંચાણથી કંપિત સદા છે દીઠો.
જૂઠને સાચના બુરખામાંથી ડોકાતું દીઠું
અહમ્‌ને જાદુઈ - હુનરને ઝરૂખેથી વંકાતું દીઠું.
શું બચતા રહેવાની આ કોશિશો જીવન છે?
કોઈ શ્યાનો જરા અમને સમજાવે તો ખરો!

મૂળ હિંદી
અનુ: સુબોધભાઈ એમ. શાહ –વિમલા ઠકાર

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ જૂન ૧, ૧૯૭૨ ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

★ શહેરી મિલકતની ટોચમર્યાદા ★

જ્યારથી શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ગરીબી હટાવના સૂત્રને ગાજતું કર્યું અને તેના આકર્ષણથી લોકસભાની અને પછી ધારાસભાઓની ચૂંટણીઓમાં જંગી બહુમતી મેળવી ત્યારથી લોકોમાં બહુ મોટી આશાઓ પેદા કરી છે અને આ વચનનો અમલ તુરતમાં કેવી રીતે કરવામાં આવે છે તે આતુરતાપૂર્વક લોકો જોઈ રહ્યા છે. બૅન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યું, વીમા કંપનીઓનો કબજો લીધો અને હવે રાષ્ટ્રીયકરણ થશે. રાજાઓનાં સાલિયાણાં રદ કર્યાં, ઉદ્યોગોમાં ઈજારાશાહીને તોડવા કાયદા કર્યા, વગેરે પગલાંઓની ગરીબી હટાવવામાં તાત્કાલિક અસર નથી, લાંબા ગાળે અસર જણાય ત્યારે ખરી. લોકોને ઝટ પરિણામ દેખાય એવાં કોઈ ઝડપી પગલાં લેવા માટે શાસક પક્ષ પ્રયત્નો કરી રહેલ છે. ઘણી ઉદ્દામ વાતો વહેતી થઈ છે. તેમાં હરીફાઈ ચાલી છે અને વધારે ઉદ્દામ સૂચનો કરે તે સાચા સમાજવાદી લેખાય એવું વાતાવરણ શાસક પક્ષમાં ઊભું થયું છે.

ગરીબી હટાવવાનો સાચો માર્ગ તો એ છે કે દરેક વ્યક્તિને જીવનની જરૂરિયાતો, અન્ન, વસ્ત્ર, રહેઠાણ વગેરે પૂરતા પ્રમાણમાં મળી રહે. તેને માટેનો ટૂંકો અને આકર્ષક ઉપાય એ જણાય છે કે જેની પાસે વધારે છે તે લઈ લેવું. આથી અસમાનતા કંઈક ઘટે અને સામાજિક ઈર્ષા ઓછી થાય. પણ કરોડો લોકોની ગરીબી હટવાની નહિ. અમીરી હટે અને ગરીબીમાં સમાનતા આવે. કાયમી ઉપાય તો ઉત્પાદન વધારવું અને તેની ન્યાયી વહેંચણી થાય તેવી વ્યવસ્થા કરવી એ છે.

ગરીબી હટાવનો કાર્યક્રમ અત્યારે બે મુદ્દા ઉપર કેન્દ્રિત થયો છે: જમીનની અને શહેરી મિલકતની ટોચમર્યાદા બાંધવી. આ મુદ્દાઓ ઉપર શાસક પક્ષમાં ભારે વિવાદ જાગ્યો છે. ખેતજમીનનો પ્રશ્ન હલ કરવા અને ભૂમિહીનોને જમીન આપવા કૉંગ્રેસ ૧૯૫૧થી કાયદાઓ કરતી આવી છે. તેને સફળતા નથી મળી એટલે હવે વધારે વેગથી આ દિશામાં પગલાં લેવાનું વિચારાય છે. જમીનની ટોચમર્યાદા ઘણાં રાજ્યોએ બાંધી છે તેને ઘટાડી, વધારાની જમીન ભૂમિહીનોને આપવી તે વાત સાદીસીધી લાગે છે. આવી રીતે કરવાથી કેટલી વધારાની જમીન મળશે, ઉત્પાદન વધશે કે ઘટશે, કેટલા ભૂમિહીનોને જમીન આપી શકાશે, કેટલે દરજ્જે બેકારી દૂર થશે, એ બધા વિવાદાસ્પદ પ્રશ્નો છે, જેને વિશે નિષ્ણાતોમાં પણ તીવ્ર મતભેદ છે. છતાં, આ કાર્યક્રમ એટલો મુશ્કેલીભર્યો કે અશક્ય નથી જણાતો કે તેનો અમલ ન થઈ શકે.

શહેરી મિલકતની ટોચમર્યાદાનો પ્રશ્ન વધારે અટપટો અને ગૂંચવણભર્યો છે અને તેનાં પરિણામો પણ ગરીબી હટાવવામાં સીધી રીતે કે તાત્કાલિક મદદરૂપ થાય તેવું જણાતું નથી. મિલકતની અસમાનતા દૂર કરવી અથવા ઓછી કરવી તે વિશે મતભેદ નથી. શહેરી મિલકતની ટોચમર્યાદા જે રીતે બાંધવાનું વિચારાય છે તેથી ઈચ્છિત પરિણામ આવશે કે નહિ તે પ્રશ્ન વિચારણા માગે છે.

એક દલીલ એમ જોરપૂર્વક થાય છે કે મોટા ખેડૂતોની જમીન લઈ લેવામાં આવે અને તે પણ બહુ ઓછા વળતરથી, તો શહેરોમાં મોટી મિલકતો ધરાવતા હોય તેવી મિલકતો કેમ રહેવા દેવાય? શહેરોમાં થોડી વ્યક્તિઓના હાથમાં મિલકતની જમાવટ હોય તે દૂર કરવાના ઘણા ઉપાયો છે. તેની ટોચમર્યાદા બાંધવાનો ઉપાય સાચો ઉપાય છે કે નહિ તે જ વિચારવાનું છે. તે વિશેના કેટલાક મુદ્દાઓનો અહીં સંક્ષેપમાં નિર્દેશ કરું છું.

પહેલાં તો એ સમજી લેવાની જરૂર છે કે ટોચમર્યાદા બાંધવાનું સ્થાવર મિલકતને જ લાગુ પડે છે. એક વ્યક્તિ પાસે દસ લાખની મિલકત હોય પણ ડહાપણથી તેણે આ બધી મિલકત જંગમ—રોકડ, શેર, ઝવેરાત, વગેરે—રાખી હોય તો તેની મિલકત અબાધિત રહે છે. કોઈએ મૂર્ખાઈથી પોતાની મિલકતના મોટા ભાગનું સ્થાવર મિલકતમાં રોકાણ કર્યું હોય તો તેની ટોચમર્યાદા બંધાશે. આથી શું, કોને અને કેટલો લાભ છે? આ કેટલે દરજ્જે ન્યાયી અથવા કાયદેસર છે તે પણ વિચારવા જેવું છે.

શહેરોમાં પણ કારખાનાઓ અથવા ધંધાને માટે સ્થાવર મિલકત હોય તેને આવી ટોચમર્યાદા લાગુ કરવાનો વિચાર નથી એમ જાહેર થયું છે. પરિણામે રહેણાકની સ્થાવર મિલકત હોય તેને જ આવી ટોચમર્યાદા લાગુ પડશે. તેમાં પણ ધર્માદા મિલકતો હોય કે સહકારી મંડળીઓની હોય તેને કદાચ ટોચમર્યાદા લાગુ નહિ પડે. પણ માલેકી ધોરણના ફ્લેટોને લાગુ પડશે તેમ જણાય છે.

રહેણાકની સ્થાવર મિલકત, કુટુમ્બ કે વ્યક્તિની હોય, તેને ટોચમર્યાદા લગાડી, સમાજને શું લાભ થવાનો અને ગરીબી કેટલી હટવાની તે જોવાનું રહે છે.

મોટા ભાગની રહેણાકની મિલકતમાં કાં તો માલિક પોતે રહેતો હોય અથવા ભાડે આપી હોય. એવી એક મિલકત, પાંચ, સાત કે દસ લાખની હોય તેની ટોચમર્યાદા બે કે ત્રણ લાખની બાંધવામાં આવે તો બાકીની મિલકત (તેનો વધારાનો હિસ્સો જ) કેવી રીતે લઈ લેવી, લઈ લીધા પછી તેનો ઉપયોગ શું કરવો અથવા કોને આપવી? વધારાની મિલકત લઈ લેવામાં આવે તો તેનું વળતર આપવામાં આવશે? અને તે કેટલું?

એક વાત એમ વહેતી મૂકી છે કે પૈસાદાર માણસો મોટા બંગલાઓમાં રહે છે અથવા મોટા ફ્લેટો વાપરે છે તે ગેરવાજબી છે. તેની મર્યાદા બાંધવી જોઈએ. Rationing of living space. એ યાદ રાખવું ઘટે કે આ પ્રશ્ન શહેરી મિલકતની ટોચમર્યાદા બાંધવી તેનાથી સાવ ભિન્ન છે અને જુદા પ્રકારનો છે. અનાજનું રેશનિંગ થાય તેમ રહેણાકની જગ્યાનું રેશનિંગ થાય તે મુદ્દો જુદી જ વિચારણા માગે છે. શહેરી મિલકતની ટોચમર્યાદા સાથે તેને ભેળવી દેવો ન જોઈએ. પ્રધાનો પોતે મોટા બંગલાઓમાં રહે છે અને મુંબઈમાં તેમને માટે ૩૦૦૦ સ્કવેર ફીટના ફ્લેટો નરીમાન પોઈન્ટ ઉપર બાંધ્યા છે તેમાં રહેવા જવા તેઓ તૈયાર નથી અને લગભગ રૂપિયા ૩૫ લાખને ખરચે બાંધેલ મકાન ખાલી પડ્યું છે તે પહેલાં વિચારે.

શહેરી મિલકતની ટોચમર્યાદા ગરીબી હટાવવા માટે છે કે મોટાં શહેરોમાં રહેણાકનો પ્રશ્ન હલ કરવા માટે? શહેરમાં ભાગ્યે જ કોઈ મકાન એવું હશે કે જે ખાલી હોય. શહેરમાં ખાલી જમીન પડી હોય અને માલિક તેનો કાંઈ ઉપયોગ કરતો ન હોય તે લઈ તેના ઉપર સરકાર મકાનો બાંધે તે સમજી શકાય. વસવાટ થયેલી મિલકતો અને તેમાં પણ તેનો અમુક વધારાનો હિસ્સો લઈ લેવાથી શું લાભ છે? એવી મિલકતમાં સરકાર ભાગીદાર થાય તેટલું જ પરિણામ આવે.

મિલકતની અસમાનતા દૂર કરવી હોય તો સીધો ઉપાય એ છે કે બધા પ્રકારની મિલકતની ટોચમર્યાદા બાંધવી અને વધારાની મિલકત, કરવેરા વધારી અથવા બીજી રીતે વળતર આપીને કે ઓછું આપીને કે બિલકુલ ન આપીને, લઈ લેવી. આમ કરવાથી ગરીબી કેટલી હટશે તે અલગ વાત છે, પણ આવો માર્ગ સીધો લેખાશે.

શહેરી મિલકતની ટોચમર્યાદા કેવાં શહેરોને લાગુ પડશે? દસ હજારની વસતિવાળાંને? એક લાખ કે પાંચ લાખની વસતિવાળાંને?

વધારાની મિલકત લઈ લેવાય તેનું વળતર આપવું હોય તો તેની કિંમત કેવી રીતે નક્કી થશે? એક જ ધોરણે? શહેરે શહેરે અને એક શહેરમાં પણ લત્તે લત્તે કિંમતમાં ફેર છે. કિંમત વધતી જ રહી છે. જુદાં જુદાં ધોરણ અપનાવાશે?

ટોચમર્યાદા બાંધતા કાયદાઓ કોણ કરશે? કેન્દ્ર સરકાર બધાં રાજ્યો માટે કે દરેક રાજ્ય પોતાને ફાવે તેમ? એક વિચારણા એમ છે કે કેન્દ્ર સરકાર જ કાયદો કરે. મિલકત સંબંધે કાયદા કરવાનો અધિકાર રાજ્યોનો છે, પણ રાજ્યો તે અધિકાર કેન્દ્રને સુપરત કરી શકે છે. કેટલાંક રાજ્યોએ તેમ કર્યું છે. જ્યારે કેટલાંક રાજ્યોએ આવા કાયદા કરવા શરૂ કર્યા છે. તામિલનાડુ કે ઓરિસ્સા જ્યાં કૉંગ્રેસ સરકાર નથી તે રાજ્યો આવા કાયદા ન કરે તો શું? દરેક રાજ્ય કાયદો કરે અને કોઈ વ્યક્તિને એકથી વિશેષ રાજ્યમાં મિલકત હોય તો ટોચમર્યાદા ગણવા બધાં રાજ્યોની મિલકત ભેગી ગણાશે કે દરેક રાજ્યમાંની મિલકત જુદી, ખાસ કરીને દરેક રાજ્યની ટોચમર્યાદા જુદી હોય તો?

મધ્ય પ્રદેશ રાજ્યે આવો કાયદો કર્યો છે એમ છાપામાં હતું. એમ પણ હતું કે કેન્દ્ર સરકારને આ કાયદામાં ઘણી ખામીઓ લાગી છે અને મંજૂરી આપતા પહેલાં આ ખામીઓ દૂર કરવાનું કહેવાશે. છાપામાં આવ્યું છે કે રાજસ્થાન ધારાસભામાં ટોચમર્યાદા માટે ખરડો દાખલ થશે છે, જ્યારે બિહારમાં થોડા વખતમાં દાખલ કરાશે. છાપાની વિગત પ્રમાણે રાજસ્થાને ત્રણ લાખની મર્યાદા બાંધી છે જ્યારે બિહાર બે લાખની મર્યાદા બાંધવા ઈચ્છે છે. રાજસ્થાનમાં આ મર્યાદા પાંચ વ્યક્તિના કુટુમ્બ માટે છે. તેથી વધારે સભ્યો હોય તો દરેક સભ્યદીઠ રૂ. ૨૫,૦૦૦ વધારે, પણ વધુમાં વધુ ચાર લાખની મર્યાદા રહેશે. બિહારમાં પતિ-પત્ની અને ત્રણ સગીર બાળકો માટે બે લાખની મર્યાદા હશે અને દરેક વધારાના સભ્યદીઠ રૂ. ૪૦,૦૦૦ની વધારે. રાજસ્થાનનો કાયદો ૧-૧-'૭૨ થી અને બિહારનો ૧-૯-'૭૦થી અમલમાં આવશે એટલે તે તારીખ પછી મિલકતમાં કરેલ હેરફેર રદબાતલ ગણાશે. રાજસ્થાનના ખરડામાં ટોચમર્યાદા દસ હજારથી વધારે વસતિનાં શહેરોને લાગુ પડે છે. વળતર સંબંધે એવી જોગવાઈ છે કે ટોચમર્યાદા કરતાં વધારે મિલકત હોય તો પહેલા એક લાખના પચીસ ટકા, બીજા એક લાખના વીસ ટકા અને ત્યાર પછી ત્રણ લાખના પંદર ટકા અને પછી દરેક લાખે દસ ટકા વળતર મળશે. આ ખરડો છેવટે શું સ્વરૂપ લેશે તે હજી જોવાનું રહે છે. છાપાના એવા સમાચાર છે કે ગુજરાતે શહેરી મિલકતની ટોચમર્યાદા સંબંધે નિર્ણય લેવાનું કેન્દ્ર સરકાર પર છોડ્યું છે.

ભાગ્યે જ કહેવાની જરૂર છે કે હું મિલકત અને આવકની અસમાનતાઓ દૂર કરવામાં અથવા બને તેટલી ઓછી કરવામાં દૃઢપણે માનું છું. હું લગભગ ૩૬ વર્ષથી સાચા સમાજવાદમાં શ્રદ્ધા ધરાવું છું. પણ હું માનું છું કે તે માટે સાચા ઉપાયો લેવા જોઈએ. અધકચરા, ઉતાવળિયા, ગરીબોને ખરેખર લાભ થવાને બદલે માત્ર કાંઈક કર્યું છે એવું બતાવી રાજી કરવા લીધેલ પગલાઓ, જેને પરિણામે ગેરવ્યવસ્થા અને અનિશ્ચિતતા વધે તેથી કલ્યાણ થવાનું નથી. આ સંબંધે ઉપલબ્ધ સરકારી નિવેદનો મેં કાળજીપૂર્વક વાંચ્યાં છે અને મને ખરેખર જે શંકાઓ થઈ છે તે રજૂ કરી છે. આ સંબંધે ઉચ્ચ કક્ષાએ હજી મંત્રણાઓ ચાલુ છે. હું આશા રાખું છું કે પરિપક્વ વિચારને પરિણામે ખરેખર અસરકારક અને લાભદાયી હોય તેવાં જ પગલાં લેવાશે.

૨૬-૫-'૭૨ ચીમનલાલ ચકુભાઈ શાહ

પૂરક નોંધ: આ લખ્યા પછી સમાચાર આવ્યા છે કે રાજસ્થાન ધારાસભાએ કેટલાક ફેરફારો સાથે ટોચમર્યાદાનો ખરડો પસાર કર્યો છે. મુખ્ય ફેરફારો આ પ્રમાણે છે:

(૧) આ કાયદાનો અમલ ૧-૧-'૭૨ને બદલે ૧૬-૮-'૭૧થી થશે. કારણ કે ૧૬-૮-'૭૧ ના રોજ મુખ્ય મંત્રીએ જાહેર કર્યું હતું કે આવો કાયદો કરવાનો સરકારનો ઈરાદો છે. પરિણામે ૧૬-૮-'૭૧ પછી થયેલ મિલકતની હેરફેર રદબાતલ ગણાશે. પૂરી કિંમત આપી કોઈએ મિલકત ખરીદી હોય તેનું શું? વેચાણ રદ ગણાશે? ખરીદનારે મકાન તોડી નાખ્યું હોય, નવું બાંધ્યું હોય, મોટા ફેરફાર કર્યા હોય તેનું શું? વેચાણ કાયમ રાખી, આવેલ રકમને સ્થાવર મિલકત ગણી, ટોચમર્યાદા લાગુ પાડશે? સરકાર કોઈ કાયદો કરવાનો "ઈરાદો" જાહેર કરે પછી, લોકોએ કોઈ વ્યવહાર કરવો જ નહિ? ઈરાદા એટલા બધા જાહેર થાય છે કે બધો વ્યવહાર થંભાવી દેવો પડે. Retrospective legislation is very rare, only when inevitable.

(૨) કુટુમ્બના જુદા જુદા સભ્યોની માલિકીની સ્થાવર મિલકત હોય તે ટોચમર્યાદા નક્કી કરવા કુટુમ્બની માલિકીની ગણાશે. કુટુમ્બની વ્યાખ્યા છે: પતિ-પત્ની અને તેનાં સંતાનો. માબાપ અને છ દીકરા હોય, બધા જુદા હોય, દરેક પરણેલ હોય અને સંતાનો હોય, દરેકને પોતાની સ્વતંત્ર મિલકત હોય, બધી ભેગી ગણાશે? સંતાનો સ્વકમાઈ કરતાં હોય, કોઈ પાસે ઓછી મિલકત હોય, કોઈ પાસે વધારે હોય, બધી ભેગી ગણાશે? સંયુક્ત કુટુંબ ન હોય, અથવા વર્ષોથી જુદા હોય, બધું ભેગું ગણાશે? અધકચરા (halfbaked) કાયદાનો આ કદાચ ઉત્તમ નમૂનો ગણાશે.

(૩) કેન્દ્ર સરકાર આ બાબત કાયદો કરશે તો રાજ્ય પોતાનો કાયદો રદ કરશે. કેન્દ્ર બે વરસ પછી કાયદો કરે ત્યાં સુધીમાં આ કાયદાનો અમલ થાય? બધાં રાજ્યોને એક ધોરણે લાગુ પડે એવો કાયદો કરવાનું કેન્દ્ર વિચારે છે અને તે જરૂરનું છે તો ઉતાવળ શું હતી?

(૪) જે કાંઈ વળતર આપાય છે તે ૧૫ વરસના બૉન્ડમાં અપાશે.

(૫) કાયદાનો ઉદ્દેશ સમજાવતાં, પ્રધાને કહ્યું કે થોડી વ્યક્તિઓના હાથમાં આ મિલકતની જમાવટ થતી અટકાવવા તથા રહેણાકના પ્રશ્નનો ઉકેલ લાવવા, તથા શહેરોમાં મિલકતની અસમાનતા દૂર કરી, સમાજવાદ લાવવાનો ઉદ્દેશ છે. વધુમાં તેમણે કહ્યું કે ગરીબાઈ અને પછાતપણું દૂર કરવાનો સરકારનો આ પ્રામાણિક પ્રયત્ન છે. વધારાની મિલકત, નજીવું વળતર આપી સરકાર લઈ લે એટલે મિલકતની જમાવટ અને અસમાનતા ઓછાં થશે. પણ તેથી સમાજવાદ આવે કે રહેણાકનો પ્રશ્ન ઊકલે એ કથન સત્યથી વેગળું છે. સરકારની પ્રામાણિકતાની શંકા ન કરીએ, પણ આ કાયદાથી ગરીબાઈ કે પછાતપણું અસરકારક રીતે દૂર થશે તેમ કહેવું વધારે પડતું છે.

૨૭-૫-'૭૨ ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ ધર્મમાં નવાં મૂલ્યોનું નિર્માણ થઈ રહ્યું છે ☆

[હિન્દી 'જૈન જગત'ના સમન્વય વિશેષાંકમાં પ્રગટ થયેલી શ્રી ચીમનલાલ ચકુભાઈએ આપેલી ખાસ મુલાકાતનો ગુજરાતી અનુવાદ અહીં પ્રગટ કરવામાં આવ્યો છે]

સામાજિક, સાહિત્યિક, સાંસ્કૃતિક અને રાજનૈતિક ક્ષેત્રના ખ્યાતનામ નેતા તથા ચિન્તક સૉલિસિટર શ્રી ચીમનલાલ સી. શાહના ધર્મ અને સમન્વય સંબંધી વિચારો જાણવા માટે ૨૫ માર્ચ, ૧૯૭૨ના રોજ સંધ્યાસમયે એમની કચેરીમાં હું પહોંચ્યો ત્યારે ભાવપૂર્ણ હાસ્ય સાથે એમણે મારું સ્વાગત કર્યું. ઑફિસના કામને લીધે લાગેલા થાકને ચાના ઘૂંટડાથી દૂર કરવાનો પ્રયત્ન કરતાં શ્રી ચીમનભાઈએ આંખના અણસારાથી જ પ્રશ્નોના ઉત્તર આપવાની પોતાની તૈયારીનો સંકેત કર્યો અને મેં તીરની માફક પ્રથમ પ્રશ્ન છોડ્યો!

'આધુનિક વૈજ્ઞાનિક યુગમાં ધર્મનો પ્રભાવ જનજીવન પર ઓછો થઈ રહ્યો છે અને વ્યકિત પર ધર્મની પકડ ઢીલી થઈ રહી છે, એ સંબંધમાં આપનું ચિન્તન શું છે?'

થોડીક ક્ષણો માટે મૌન છવાઈ ગયું. એ પછી પ્રત્યેક શબ્દ પર ભાર મૂકતાં ચીમનભાઈએ કહ્યું: 'ધર્મનો પ્રભાવ ઓછો થયો છે કે વ્યકિત પર એની પકડ ઢીલી થઈ છે એમ હું માનતો નથી. ધર્મનાં બે રૂપ છે: સ્થાપિત – એસ્ટાબ્લિશ્ડ ચર્ચ તેમ જ માનવજીવનનાં નૈતિક મૂલ્ય. વ્યકિત પર સ્થાપિત અર્થાત્ સાંપ્રદાયિક ધર્મની પકડ ઓછી થઈ રહી છે, બેઝિક - મૂળભૂત મૂલ્યોની વિચારવાન મનુષ્યો માટે પકડ ઢીલી થઈ જ શકે નહિ, માત્ર એનું સ્વરૂપ બદલાય છે. આ સમયમાં બુદ્ધિવાદી એપ્રોચ વધારે જોવા મળે છે. બુદ્ધિની મર્યાદા છે. જે અંતિમ પ્રશ્ન છે એનો આધાર શ્રદ્ધા પર છે. પણ આ શ્રદ્ધા બુદ્ધિથી પર છે, એટલે કે જ્યાં બુદ્ધિ નથી પહોંચી શકતી ત્યાં છે. લૉજિકનો સિદ્ધાંત–What must be and what can be, that is– જે હોવું જોઈએ અને જે થઈ શકે છે, એ એ છે. ત્યાં શ્રદ્ધા આવે છે. જે રીતે જગતમાં મંગલમય શકિત હોવી જ જોઈએ, ન હોય તો જગત ધારણ જ થઈ શકે નહિ, અને આવી શકિત હોય છે - એ અસંભવ ન હોય તો પછી એ 'છે' એવી શ્રદ્ધા બુદ્ધિગમ્ય શ્રદ્ધા છે. આમાં બુદ્ધિ અને શ્રદ્ધાનો સમન્વય છે. આવો બેઝિક ધર્મ વિચારવાન મનુષ્યના જીવનમાં તથા બીજા બધામાં આવે છે–આવવો જોઈએ.

પ્રશ્ન: પણ બેઝિક ધર્મ અથવા તો માનવજીવનનાં મૂલ્યોનો પણ હ્રાસ થઈ રહ્યો છે?

ઉત્તર: માનવીની પ્રવૃત્તિમાં બે તત્ત્વો રહેલાં છે - દૈવી અને આસુરી. ઈતિહાસનું પરિવર્તન સીધી લીટીમાં થતું નથી, હમેશાં ચક્રમાં થાય છે; જેમ કાલિદાસે કહ્યું છે કે 'નિચૈર્ગચ્છત્યુપરિ ચ દશા, ચક્રનેમિક્રમેણ.' ઈતિહાસની દશા ચક્રના જેવી હોય છે. જગતના ઈતિહાસમાં પણ ક્યારેક નૈતિક મૂલ્યોની અવનતિ સવિશેષ જોવા મળે છે અને ક્યારેક ઓછા પ્રમાણમાં એ દેખાય છે. પણ સત્ - અસત્નું દ્વંદ્વ સનાતન છે. ક્યારેય એવું જોવા નહિ મળે કે એક અથવા તો બીજા તત્ત્વનો સદંતર અભાવ હોય. માનવજીવનના અસ્તિત્વનો આધાર સદ્ પર છે, ભલે એનો કોઈક વાર હ્રાસ પણ દેખાતો હોય. અન્તિમ વિજય સત્નો જ થાય છે. અત્યારે નૈતિક મૂલ્યોનો હ્રાસ વધારે દેખાય છે કેમકે માનવજીવનની સમસ્યાઓ ઘણી જટિલ બની ગઈ છે; અને આ જટિલ સમસ્યાઓનું સમાધાન માનવીની બુદ્ધિને હજુ જડ્યું નથી. પણ જે બેઝિક – મૂળભૂત મૂલ્યો છે એનો પ્રભાવ ક્રમશ: વધવાનો જ છે. વિજ્ઞાને જે 'મીન્સ ઑફ કોમ્યુનિકેશન એન્ડ ટ્રાન્સપોર્ટ' આપ્યા છે એથી ભૌગોલિક દૃષ્ટિએ દુનિયા એક બની છે પણ ભાવનાની દૃષ્ટિએ માનવીની એકતાની વૃદ્ધિ જેટલી થવી જોઈએ એટલી થઈ નથી. આ કારણે નૈતિક મૂલ્યોનો હ્રાસ થતો દેખાય છે. હું તો એમ માનું છું કે નવાં મૂલ્યો આકાર લઈ રહ્યાં છે–નવી સંસ્કૃતિનું નિર્માણ થઈ રહ્યું છે, જેને વિશ્વસંસ્કૃતિ કહી શકાય છે.

પ્રશ્ન: ધર્મ ભિન્ન ભિન્ન સંપ્રદાયો અને વિચારધારાઓને લીધે વ્યકિતને ખંડિત નથી કરતો? ભૂતકાળમાં અને વર્તમાનમાં પણ આનાં ખરાબ પરિણામ યુદ્ધો અને સાંપ્રદાયિક ઝઘડાઓના રૂપમાં આવ્યાં છે એ આપણી સમક્ષ છે.

ઉત્તર: સ્થાપિત ધર્મનાં ખરેખર ઘણાં ખરાબ પરિણામ આવ્યાં છે. ચર્ચે ટૉલ્સ્ટોયનો જ્યારે બહિષ્કાર કર્યો ત્યારે ટૉલ્સ્ટોયે જે જવાબ આપ્યો હતો એમાં એસ્ટાબ્લિશ્ડ ક્રિશ્ચિયાનિટી - સ્થાપિત ધર્મનાં દૂષણો ભારપૂર્વક બતાવવામાં આવ્યાં હતાં. એમણે ક્રિશ્ચિયાનિટી વિશે જે કહ્યું હતું એ બીજા ધર્મોને પણ લાગુ પડે છે. ઓછા લોકોમાં સ્વતંત્ર વિચારશકિત હોય છે અને દરેક માણસને કંઈક આધારની જરૂર પડે છે. ધર્મના નામે એમને આ આધાર મળી જાય છે અને ધર્મની જે ક્રિયાઓ હોય છે એમાં તેઓ પોતાના વ્યકિતત્વને ડુબાડી દે છે અને એક પ્રકારની સંતોષની ભાવનાનો પોતાના હૃદયમાં અનુભવ કરે છે.

પ્રશ્ન: ધર્મના નામે આટલા બધા મતભેદ, સંપ્રદાય અને વાડાબંધી કેમ ઊભી થઈ? તમારી દૃષ્ટિએ આ સંઘર્ષ - વિગ્રહનું કારણ શું છે?

પ્રશ્નની ગંભીરતાને ધ્યાનમાં લઈને ચીમનભાઈએ ખુરશી પર પીઠ ટેકવીને એક ક્ષણ માટે આંખો બંધ કરી દીધી અને પછી ઉત્તર આપ્યો: પ્રીસ્ટહૂડ (Priesthood) આનું મૂળ કારણ છે. સાચા ધર્મમાં જે વિશાળતા છે એ પ્રીસ્ટહૂડને લીધે સંપ્રદાયોમાં રહેતી નથી; પરિણામે સંઘર્ષ વધે છે. બીજું કારણ મનુષ્યનો સ્વભાવ છે. મનુષ્યનું હૃદય અને દૃષ્ટિ એટલાં વિશાળ નથી હોતાં. એની દૃષ્ટિ ક્રમશ: પરિવાર, જાતિ અને દેશ સુધી સીમિત હોય છે, જેમાં એને પોતાનાપણું લાગે છે. આ બધું ધર્મના નામે સંપ્રદાયમાં જ થઈ શકે છે. સાચો ધર્મ તો ક્રાંતિકારી હોય છે. એ તો નિત્ય નવાં મૂલ્યોનું નિર્માણ કરે છે. એ રૂઢિ અને પરંપરાને દૂર કરવાવાળો હોય છે. વિશ્વના પ્રત્યેક અવતાર, તીર્થંકર અથવા તો પયગંબર ક્રાંતિકારી જ રહ્યા છે.

પ્રશ્ન: બધા ધર્મોનો એક મંચ બને એ રીતે એકતા સધાય એ શકય છે?

ઉત્તર: નહિ, વિભિન્ન ધર્મોની એકતા થઈ શકે નહિ. બધા ધર્મ સંપ્રદાય એક થઈ શકે તેમ નથી. સંપ્રદાયોમાં પરસ્પર વૈમનસ્ય ન હોય એવું બની શકે છે. સમભાવ કે સહિષ્ણુતા હોઈ શકે છે અને એ જરૂરનું છે. આખી દુનિયામાં એક જ ધર્મ હોય એ સંભવિત નથી, અને જરૂરી પણ નથી.

પ્રશ્ન: જૈન ધર્મ તો અનેકાન્તવાદી અને સ્યાદવાદી છે છતાં એમાં પણ આટલા સંપ્રદાય થવાનું તમારી દૃષ્ટિએ શું કારણ હોઈ શકે?

ઉત્તર: જ્યારે કોઈ પ્રભાવશાળી આચાર્ય થાય છે ત્યારે તેઓ પોતાનો સંપ્રદાય બનાવવા ઇચ્છે છે અને એમના અનુયાયીઓનું જૂથ પણ બની જાય છે. સાચી વાત તો એ છે કે જૈન ધર્મનો સ્યાદવાદનો સિદ્ધાંત જૈનોના વાસ્તવિક જીવનમાં ઊતર્યો જ નથી. દિગમ્બર, શ્વેતામ્બર પરંપરા કદાચ મહાવીરના સમયથી હશે પણ એ પછી જૈનોમાં જે સંપ્રદાયો થયા એ મહદ્ અંશે

પ્રભાવશાળી વ્યક્તિઓના સંઘર્ષને પરિણામે થયા છે. મનુષ્યની પ્રવૃત્તિઓમાં પણ પોતપોતાના સંપ્રદાય થાય એવી સહજ ભાવના હોય છે અને એટલે અનેક સંપ્રદાય બનતા જાય છે.

પ્રશ્ન: જૈનોમાં એકતા લાવવાનું શક્ય છે? જો થઈ શકે તેમ હોય તો કઈ રીતે એ થઈ શકે તેમ છે અને ન થાય તેમ હોય તો એનું કારણ શું?

ઉત્તર: એકતાનો અર્થ જો સંપ્રદાય જ ન રહે એવો કરવામાં આવતો હોય તો એવી એકતા સંભવિત નથી, કેમ કે સંપ્રદાયોનાં મૂળ ઘણાં ઊંડાં છે. માનવપ્રકૃતિ પણ એવી છે કે એ ધર્મને પણ પોતાની સીમામાં બાંધવા ઈચ્છે છે. કેવળ જૈન ધર્મમાં જ નહિ, બધા ધર્મોમાં સંપ્રદાય હોય છે.

પ્રશ્ન: બધા સંપ્રદાયો એક થઈ શકે નહિ પણ એની વચ્ચે સમન્વયનો સેતુ તો બાંધી શકાય ને?

ઉત્તર: એ અવશ્ય થઈ શકે છે. સંપ્રદાયોની વચ્ચે સમન્વયનો સેતુ બની શકે છે—બનવો જોઈએ. આ કામ આસાનીથી થઈ શકે તેમ છે. મારી દૃષ્ટિએ તો વર્તમાન સમયમાં વાતાવરણ સારું બની રહ્યું છે અને ૨૫-૫૦ વર્ષ પહેલાં જે કટ્ટરતા હતી એ ઠીક ઠીક ઓછી થઈ છે. એકતા થવી જોઈએ એવી ભાવના હવે પ્રબળ બની રહી છે. લોકોમાં સમન્વયની ભાવના ખૂબ જ પ્રબળ છે અને સમન્વય થઈ શકતો નથી એનું લોકોને દુ:ખ છે.

પ્રશ્ન: સમન્વયની દિશામાં કેવાં નક્કર પગલાં લઈ શકાય તેમ છે?

ઉત્તર: સાથે મળીને કામ કરવાના પ્રસંગો જેટલા વધારે આવે એટલા વધારવા જોઈએ. આ એક મહત્ત્વપૂર્ણ પગલું થશે. બીજું કાર્ય, જૈન સમાજની સાંપ્રદાયિક સંસ્થાઓને બદલે સમગ્ર જૈન સમાજની જેટલી સંસ્થાઓ સ્થાપી શકાય તેમ હોય એટલી એવી સંસ્થાઓ સ્થપાય તો સમન્વયની દિશાનું એ મહત્ત્વપૂર્ણ કામ થશે. એકતાનો ભંગ થાય એવો પ્રસંગ ઊભો થાય ત્યારે આગેવાન વ્યક્તિએ એનો હિમતથી સામનો કરીને સમન્વયની દિશામાં કદમ ઉઠાવવું જોઈએ. નાની નાની વાતોમાં કંઈ છોડવું પડે તેમ હોય તો સંપ્રદાયની આગેવાન વ્યક્તિએ પોતાના સંપ્રદાયના લોકોને માર્ગદર્શન આપીને એ માટે તૈયાર કરવા જોઈએ.

સમન્વયની દિશામાં સાધુઓ પણ મહત્ત્વપૂર્ણ ફાળો આપી શકે છે. ત્યાગ અને તપસ્યાને લીધે જૈન આચાર્યો, સાધુઓ અને સાધ્વીઓનો લોકો પર ઘણો પ્રભાવ છે. સાધુ-સાધ્વીઓનો સહકાર મળે તો સમન્વયની દિશામાં તરત સફળતા મળે તેમ છે. જો સાધુઓનો સહકાર ન હોય અથવા વિરોધ હોય તો તેઓ ઘણી બાધા નાખી શકે.

પ્રશ્ન: સમન્વય થવાથી કેટલાક સાધુઓ અને આચાર્યોનું મહત્ત્વ ઓછું નહિ થઈ જાય?

ઉત્તર: સાધુઓ જો એકતાની દિશામાં નિષ્ઠાપૂર્વક કામ કરે તો એમની પ્રતિષ્ઠા વધવાની છે. જેઓ એમ નહિ કરે એમની પકડ મર્યાદિત ક્ષેત્રમાં ભલે રહે પણ જનસમુદાય પર એમનો પ્રભાવ નહિ રહે. આ જમાનામાં લોકો એને સહન નહિ કરે.

પ્રશ્ન: છેલ્લાં કેટલાંક વર્ષોથી જૈન ધર્મના બધા સંપ્રદાયના સાધુઓ એક મંચ પર આવવા લાગ્યા છે, એથી સમન્વયની સંભાવનાઓ ઉજ્જવળ બની નથી?

ઉત્તર: આવા કાર્યક્રમોને લીધે વાતાવરણ સુધરી રહ્યું છે પણ ભાવના એટલી દૃઢ નથી થઈ. એક મંચ પર નહિ આવવું એ શરમજનક લાગવા માંડ્યું છે એટલે ભાવના હોય કે નહિ, એક મંચ પર આવવાનું જરૂરી બન્યું છે. પરંતુ નિષ્ઠાપૂર્વક જે કામ થવું જોઈએ એ હજુ સુધી થવા લાગ્યું નથી. પણ આવા એક મંચના કાર્યક્રમ અને પ્રયાસ થાય છે એ સારું છે અને એવા પ્રયાસ થવા જ જોઈએ.

પ્રશ્ન: જૈન ધર્મ ભારત પૂરતો જ મર્યાદિત રહ્યો અને વિદેશોમાં તો એ ગયો જ નહિ એનું કારણ શું?

ઉત્તર: આ ઊણપ જૈન સમાજની જ છે. જૈન સમાજે પોતાના ધર્મનો જેટલો પ્રચાર કરવો જોઈએ એટલો કર્યો નથી. સાધુ-સાધ્વીઓની મર્યાદાને લીધે પણ આ પ્રચાર થઈ શક્યો નથી. સદીઓ થયાં જૈન સમાજમાં તાત્ત્વિક દૃષ્ટિથી સ્વતંત્ર ચિંતન બહુ ઓછું થયું છે એ પણ આનું એક ઘણું મોટું કારણ છે. રૂઢિગ્રસ્ત જીવનને લીધે એમાં જે જાગૃતિ જોઈએ એ રહી નથી. હા, હવે આમાં કંઈક ફરક પડી રહ્યો છે, જાગૃતિ આવી રહી છે.

ઘડિયાળનો કાંટો ખૂબ ઝડપથી ચાલી રહ્યો હતો અને મુલાકાત માટેનો નિર્ધારિત અરધો કલાક પૂરો થવા આવ્યો હતો. શ્રી ચીમનભાઈને મળવા આવેલા બીજા લોકો બહાર રાહ જોઈને બેઠા હતા. એટલે મેં છેલ્લો પ્રશ્ન પૂછ્યો:

જૈન ધર્મ વિશ્વવ્યાપી બને એ માટે તમારી દૃષ્ટિએ કેવાં નક્કર પગલાં લેવાં જોઈએ?

ઉત્તર: વિશ્વવ્યાપીનો અર્થ એવો નથી કે જૈનોની સંખ્યા દુનિયામાં વધે. ધર્માન્તરની વૃત્તિ જૈન ધર્મમાં ક્યારેય રહી નથી. એના સિદ્ધાન્તની જગતને જાણકારી મળે અને વર્તમાન જીવનની સમસ્યાનો ઉકેલ કરવામાં એની યોગ્યતા છે—ઘણી બધી યોગ્યતા છે એ દર્શાવવામાં આવે એ અર્થમાં જૈન ધર્મ વિશ્વવ્યાપી બની શકે. દાખલા તરીકે, અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહ. આ ત્રણે સિદ્ધાન્ત એવા છે કે જેની જરૂરિયાત કે માનવસમાજ માટે એની યોગ્યતા મહાવીરના સમયમાં હતી એનાથી યે વધારે આજે છે. સમર્થ વિચારકો અને વિજ્ઞાનીઓ પણ અહિંસાની દિશામાં હવે વિચારી રહ્યા છે. સમાજવાદ એક રીતે જોઈએ તો વધુઓછે અંશે અપરિગ્રહની ભાવના જ છે. 'असंविभागी न हु तस्स मोक्खो'—असंविभાગીને મોક્ષ મળતો નથી. જે માણસ પોતાની સંપત્તિનો સંવિભાગ—સમ્યક્ વિભાગ કરતો નથી એ મોક્ષનો અધિકારી નથી. સ્વેચ્છાથી સંપત્તિનો સંવિભાગ કરવો રહે જ સાચો સમાજવાદ છે. સંવિભાગની સાથે અપરિગ્રહ હોય, સંગ્રહ નહિ. બંને સાથે રહેવાં જોઈએ. વર્તમાન સમાજવાદની દૃષ્ટિ ભૌતિક છે. જીવનની જરૂરિયાત ઓછી કરવી કે અપરિગ્રહ કરવો એ ભાવના એમાં નથી. ભાવના પરિગ્રહની અને જીવનની જરૂરિયાત વધારવાની છે—પણ થોડા લોકો માટે નહિ, સમગ્ર સમાજ માટે. જૈન ધર્મની દૃષ્ટિ સંવિભાગ, અપરિગ્રહ અને જરૂરિયાતો ઓછી કરવાની છે એમાં નૈતિક તેમ જ આધ્યાત્મિક દૃષ્ટિ છે અને એમાં અહિંસા છે. અનેકાન્ત વૈચારિક અપરિગ્રહ છે. આ સઘળા જૈન ધર્મના સિદ્ધાન્ત વર્તમાન સમસ્યાઓને કઈ રીતે ઉકેલી શકે તેમ છે એ સમજાવીને જગતની સમક્ષ જૈનોએ એ રજૂ કરવા જોઈએ. જૈન ધર્મ આ રીતે જ વિશ્વવ્યાપી બની શકશે.

લગભગ ૪૫ મિનિટનો આ વાર્તાલાપ અત્યન્ત મહત્ત્વપૂર્ણ રહ્યો અને શ્રી ચીમનભાઈનો આભાર માનીને હું ઊભો થયો.

ચન્દનમલ 'ચાંદ'

જોયો મેં કા'ન

જોયો મેં કાન મુને લાગ્યું
કે આંખોએ આખું યે વિશ્વ સખી
આકંઠ મન ભર પીધું
પીધું પીધું ને એના કેફમાં ને કેફમાં
દલને ચોરાઈ જવા દીધું —જોયો મેં
જોયો મેં કાન મુને લાગ્યું
કે કેસરનું વંન વંન કોયલ કુહુકારમાં
સાત સાત સૂર થઈ વે'તું
વે'તું વે'તું ને સખી બ્રહ્મસંગ મન માયું
રાસ રમઝટ લઈ લેતું – જોયો મેં
જોયો મેં કાન મુને લાગ્યું
કે ભવ ભવની વાંસળી કોરી કોરીને
એક ફૂંક દેવા શ્યામને કીધું
ફૂંકની ફોરમ જ્યાં પસરી તે પળ પછી
જગને વિસરાઈ જવા દીધું

હેમલતા ત્રિવેદી

☆ ડૉ. વિનોદભાઈ શાહનું આત્મબલિદાન ☆

પુસાને નામે ઓળખાતી હિંદની ખેતીવાડી સંશોધન સંસ્થા– ઈન્ડિયન એગ્રિકલ્ચરલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સિનિયર વૈજ્ઞાનિક સંશોધક ડાક્તર વિનોદભાઈ હરખચંદ શાહના આત્મઘાતને કેટલાંક અખબારોએ પ્રથમ તો હતાશ યુવાનના કરુણ પણ કેવળ સનસનાટીભર્યા સમાચાર (Sansational) તરીકે ચમકાવ્યા. પણ સદ્‌ગતે પોતાની સંસ્થાના વડાને લખેલ પત્રમાંની હકીકતો અને તેના ગંભીર સૂચિતાર્થો સમજાતાં સ્વાર્પણમય બલિદાનની ભવ્યતા પિછાણી દેશનાં નાનાં-મોટાં અનેક અખબારોએ તેમ જ પાર્લામેન્ટનાં બેઉ ગૃહોએ આ ઘટનાની ગંભીર નોંધ લીધી. વળી આ બનાવની પૂરી તપાસ માટે મધ્યસ્થ સરકારે જો કે સંસદની કે જ્યુડિશિયલ ઈન્કવાયરી નથી નીમી છતાં સરકારને આ બનાવ અંગે ઘણી નિસબત છે અને તેના તરફથી નીમવામાં આવનારી સમિતિ દ્વારા આ બાબતના સૂચિતાર્થોની તપાસ કરવાનું અને સંસ્થામાં વૈજ્ઞાનિકોની ભરતી અને બઢતીના યોગ્ય નિયમો ઘડવાનું જાહેર કરેલ છે. આપણે આશા રાખીએ કે આવી તપાસ પૂરી, ઊંડી અને નિષ્પક્ષ થઈ છે એવી પ્રજાને પ્રતીતિ થશે.

આમ અત્યારે તો આવા બુદ્ધિશાળી અને ઉચ્ચ ભાવનાવાળા એકનિષ્ઠ વૈજ્ઞાનિકોની સરકારી ખાતાંઓમાં થતી અવગણના અને તેથી વૈજ્ઞાનિક ક્ષેત્રે સંશોધનના કાર્યમાં થતા અવરોધો તરફ સરકારનું તેમ જ પ્રજાનું ધ્યાન કેન્દ્રિત કરવાના આશયથી પોતાના પ્રાણનું બલિદાન આપનાર વિનોદભાઈનો ઉદ્દેશ તાત્પૂરતો બર આવ્યો છે એમ લાગે છે. પણ શું વ્યક્તિગત કે શું સામુદાયિક રીતે આરંભે શૂરા તરીકે આપણે જે રીતે જાણીતા છીએ એ જોતાં સદ્‌ગતના ઉદ્દેશને પૂર્ણપણે સફળતા મળે એ માટે પ્રસ્તુત પ્રજામત લાંબો વખત સજાગ રહે અને સરકાર દ્વારા થનારી તપાસ ઉપર દર્શાવી એવી બની રહે એ ઘણું જરૂરી છે, ખાસ કરીને જ્યારે આ પ્રશ્ન પરત્વે આ પ્રકારનું વૈજ્ઞાનિકે આપેલું આ ત્રીજું બલિદાન છે. આ અગાઉ નિષ્ઠાવાળા અને મેધાવી વૈજ્ઞાનિકો પ્રત્યે ગેરવર્તાવ અને ભેદભાવની નીતિ સામે પુણ્યપ્રકોપ દર્શાવવા ડૉ. જોસેફ અને બીજા અન્ય વૈજ્ઞાનિકે પોતાના પ્રાણ હોમ્યા છે.

આ હેતુથી પ્રેરાઈને સામાન્ય રીતે ચર્ચાથી દૂર રહેવાની મારા સ્થાનની મર્યાદા સમજતો હોવા છતાં હું આ લખવા પ્રેરાયો છું.

તેમના કૃત્યને કોઈ વામણાએ બાયલાપણા (Cowardly) તરીકે ઓળખાવ્યું તો વળી બીજા કોઈએ માનસિક સમતુલા ગુમાવી બેઠેલ વ્યક્તિના અવિચારી કૃત્ય તરીકે ગણાવ્યું. પણ આવી ટીકા-ટિપ્પણીઓનો સચોટ જવાબ સદ્‌ગતે મૃત્યુ અગાઉ થોડી જ પળો પહેલાં સંસ્થાના વડાને અંગ્રેજીમાં લખેલ પત્ર પૂરો પાડે છે. એ પત્રમાં સંસ્થાના સમર્પણની ભાવનાવાળા (dedicated) અને બુદ્ધિશાળી વૈજ્ઞાનિકો પ્રત્યે કેવી રીતે અને કઈ જાતનો ગેરવર્તાવ બતાવવામાં આવે છે તેમ જ ખેતી સંશોધનની પ્રગતિ તેમ જ પરિણામો અંગે સંસ્થા વતી પૂર્વગ્રહયુક્ત મંતવ્ય સાથે બંધ બેસાડવા ખોટી સામગ્રી કે આંકડાઓ ક્રેમ પીરસવામાં આવે છે તે એમણે દાખલા - દલીલપૂર્વક રજૂ કર્યા છે. એક એવો દાખલો વારાફરતી ઉગાડવાના પાક (Relay cropping) ની યોજનામાં બટેટા અને વૈશાખી મુંગના ઉત્પાદન અંગે કેવી રીતે ભ્રામક માહિતી ફેલાવવામાં આવે છે તે તેમણે બતાવ્યું છે. એમ જણાય છે કે છેલ્લાં બે વર્ષથી સંસ્થા તરફથી એવો પ્રચાર કરવામાં આવે છે કે ઉત્તર હિન્દુસ્તાનની સિંચાઈવાળી જમીનમાં બટેટા, મકાઈ, મુંગ અને ઘઉંના ચાર પાકો વારાફરતી એક સાલમાં લઈ શકાય અને એ રીતે ઉત્પાદન બમણું થઈ શકે છે. હવે, જમીનના કુલ ઉત્પાદનને આજના ઊકળતા જમીનના ટોચમર્યાદાના પ્રશ્ન સાથે ઘનિષ્ઠ સંબંધ છે એ તો દેખીતું છે. આમ સદ્‌ગતના આત્મબલિદાનથી જમીનની ટોચમર્યાદાનો પ્રશ્ન પણ કેવી રીતે ઉદ્‌ભવે છે કે સંકળાયેલો છે તે મુંબઈના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના તા. ૧૧મીના અગ્ર-તંત્રીલેખમાં વિગતવાર બતાવવામાં આવ્યું છે. આમ એમની આહુતિના મૂળમાં કેવા ગંભીર પ્રશ્નો પડેલા છે તે સમજવા જેવું છે; જો કે પત્રમાંનાં એમનાં વિધાનો વિશે પૂરું સાચું ચિત્ર તો યોગ્ય અને પૂરી તપાસને અંતે પ્રજાને જાણવા મળી શકે.

પણ અગત્યની વાત એ છે કે સદ્‌ગતે જે ગેરવર્તાવની ફરિયાદ કરી છે તે પોતા પ્રત્યેના વ્યક્તિગત વર્તાવ પૂરતી જ મર્યાદિત નથી. એમના વડાને પત્રમાં એમણે એકમાત્ર વિનતિ કરી છે કે મારી પછવાડે ભલા થઈને સ્વાર્પણવાળા બુદ્ધિશાળી વૈજ્ઞાનિકોની – અને એવા પાંચ વૈજ્ઞાનિકોનાં નામ પણ આપ્યાં છે - સામેનાં મન – મગજ નીચોવી નાખનારાં સંસ્થાગત કે વહીવટી ખાતાંનાં આકરાં આક્રમણોથી તેમનું રક્ષણ કરજો. આ ઉપરથી શુદ્ધ સ્વાર્પણભાવે કામ કરનારા વૈજ્ઞાનિકોને ખાતા દ્વારા યોગ્ય વર્તાવ મેળવી આપવા માટેની તેમની તીવ્ર વેદના અને ઝંખનાનો આપણને ખ્યાલ આવવો જોઈએ. એ પણ ન ભૂલવું જોઈએ કે પત્રમાં કોઈ સામે અંગત કડવો શુકન એમણે કાઢ્યો નથી.

વળી એક હકીકત કે જેથી પ્રજા લગભગ અજાણી છે તેનો પણ ઉલ્લેખ કરવો જોઈએ તે એ છે કે વિનોદભાઈ ચોરવાડ (સૌરાષ્ટ્ર) ના એક સંસ્કારી, સેવાભાવી, શ્રીમંત કુટુંબના નબીરા હતા. ખેતી સંસ્થામાં જે પ્રોફેસરનું સ્થાન તેમને ન આપવામાં આવ્યું તે જગ્યાના પગાર, વગેરેની ગણતરીએ તો એમને ગ્રેડ પ્રમાણે બહુ બહુ તો અને તે પણ કારકિર્દીના છેવટના કાળમાં કેવળ આશરે રૂ. ૨૦૦ સુધીનો ફેર પડયો હોત, કે જે એમના ઘરની શ્રીમંતાઈ જોતાં કશી વિસાત વગરની વસ્તુ હતી. અને હકીકત તરીકે એ પણ નોંધવું જોઈએ કે વિજ્ઞાન સંશોધનના ક્ષેત્રમાં એમની હતી તેવી જબરી લગની તેમ જ નિષ્ઠા ન હોત તો કેવળ ધનઉપાર્જનની ગણતરીએ તો એમને એમના ઘરનાં ગણાય એવાં કારખાનાં, બાગબગીચા તેમ જ ખેતરોમાં સરકારી સંસ્થાઓનાં પગારધોરણ કરતાં ક્યાંયે વધુ મોટી તકો હથેળીમાં પડી હતી.

દુનિયાનાં ઘણાંખરાં ધર્મશાસ્ત્રોમાં સામાન્ય રીતે આત્મહત્યાનો નિષેધ કર્યો છે. આપણા દેશમાં કાયદાએ પણ આવા પ્રયત્નને ગુનો ગણેલ છે. આમ છતાં જ્યારે અધર્મ, અન્યાય કે અનિષ્ટના પ્રતિકારમાં બીજાં બધાં પગલાં અધૂરાં કે ટાંચાં નીવડતાં લાગે ત્યારે અંતિમ પગલારૂપે પોતાના પ્રાણની આહુતિ આપવી એને ઉપલી બ્રાન્ડની આત્મહત્યા ગણીને હીણવી ન જ શકાય. પ્રજા અને સરકારની શિથિલતાને ખંખેરવા અને સમાજના અંતઃકરણને જગાડવાના એકમાત્ર ઈલાજ તરીકે એવું અંતિમ પગલું અનિવાર્ય બની રહે. ગાંધીજીનું આખું જીવન અને આખો ગાંધીયુગ આના ટેકામાં પુરાવારૂપ છે. જાપાની પ્રજાની હારાકીરીની પ્રથા આવી જ રીતે કોઈ અન્યાય કે અનિષ્ટના પ્રતિકાર અગર તો કોઈ એક મહાન હેતુ ઉપર પ્રજાનું ધ્યાન કેન્દ્રિત કરવા બદલ વીરોચિત અને ગૌરવપ્રદ ગણવામાં આવે છે. વિનોદભાઈએ કરેલ પ્રાણની આહુતિ કેવળ વ્યક્તિગત કે ક્ષણિક હતાશમાં કરેલ આત્મહત્યા, અલબત્ત નથી જ, પણ સમર્પણવાળા વૈજ્ઞાનિકોને યોગ્ય વર્તાવ મળે અને જેથી વિજ્ઞાન-સંશોધન ક્ષેત્રે યોગ્ય પ્રગતિ થતી રહે એ માટે વિચારપૂર્વક, શુભનિષ્ઠા (Bonafide) થી અને અંતિમ ઈલાજ તરીકે આપેલ બલિદાનનું સર્વોચ્ચ (Supreme) કૃત્ય હોઈને આપણા બધા માટે માનાર્હ છે.

જસ્ટિસ નરેન્દ્ર નથવાણી

પૂરક નોંધ

ડૉ. વિનોદ શાહના આત્મબલિદાન સંબંધમાં તપાસ કરવા માટે ભારત સરકારે હવે ડૉ. ગજેન્દ્રગડકરના વડપણ હેઠળ તપાસ સમિતિ નીમી છે. પરન્તુ ડૉ. વિનોદ શાહના આત્મબલિદાન પછી દિલ્હીના 'મધરલેન્ડ' અખબારે ખેતીવાડી સંશોધન સંસ્થામાં જે ગેરરીતિઓ ચાલે છે એનો એક અહેવાલ તપાસ કરીને પ્રગટ કર્યો હતો. ડૉ. વિનોદ શાહને જે અન્યાય થયો એવી ઘટનાઓ તો આ સંસ્થામાં બનતી જ આવે છે. 'મધર-

લૅન્ડ' ના અહેવાલ મુજબ સંસ્થાના વડા ડૉ. સ્વામીનાથન જે સ્થાન ભોગવે છે એ સ્થાન ડૉ. એ. બી. જોશીને મળવું જોઈતું હતું. ડૉ. જોશી ૧૯૬૬થી કાર્યવાહક વડા તરીકે કામ કરતા હતા, પરંતુ ડૉ. સ્વામીનાથનના શ્વશુર અને નાણા ખાતાના ભૂતપૂર્વ મંત્રી શ્રી ભૂતલિંગમ્ અને આયોજનપ્રધાન (એ વેળાના કૃષિપ્રધાન) શ્રી સુબ્રહ્મણ્યમે એમને ટેકો આપ્યો અને તેથી જ ડૉ. જોશીને પાછળ રાખીને ડૉ. સ્વામીનાથનને સંસ્થાના વડા બનાવવામાં આવ્યા. એ જ રીતે બીજા એક ડૉ. દાસને જેમને માસિક ૪૦૦ રૂપિયા પગાર મળતો હતો એમને અચાનક સિનિયર બાયોકેમિસ્ટ બનાવી એમને ૧૧૦૦ થી ૧૪૦૦ રૂપિયાના પગારના ગ્રેડમાં મૂકી દેવામાં આવ્યા. એમની આગળ ઘણા અનુભવી અને નિષ્ણાત વિજ્ઞાનીઓ હતા તેમને પાછળ રાખી દેવામાં આવ્યા. આવી જ બઢતી માત્ર આઠ વરસના અનુભવવાળા ડૉ. એસ. એલ. મહેતાને મળી. જો કે બઢતીનો કાયદો ચોક્કસ કહે છે કે આવી બઢતી ૧૦ વરસના અનુભવ પછી જ મળે છે. ૨૧ વરસના અનુભવવાળા બાયોકેમિસ્ટ ડૉ. વાય. પી. ગુપ્તાને ત્રણ ત્રણ વાર પાછળ રાખી દેવામાં આવ્યા છે. પહેલીવાર ડૉ. એન. એસ. નાઈક, બીજીવાર ડૉ. એચ. કે દાસ અને છેલ્લે ડૉ. એસ. એલ. મહેતા એમને પાછળ રાખીને આગળ ગયા હતા. ડૉ. નાઈકને તો ત્રણ જ વર્ષમાં બાયોકેમિસ્ટ્રી વિભાગના વડા બનાવી દેવામાં આવ્યા હતા. એમને ૩૫૦ રૂપિયાનો પગાર મળતો હતો એમાંથી અત્યારે એમને ૧૩૦૦–૧૬૦૦ રૂપિયાના ગ્રેડમાં મૂકવામાં આવ્યા છે.

સાહિત્ય–શિખરોની તીર્થયાત્રા

વાચનનો આનંદ જેણે માણેલો છે તે દરેક પુસ્તકપ્રેમી પોતાના જીવનમાં અવિસ્મરણીય બનેલી કેટલીક એવી સાહિત્યકૃતિઓનાં નામ યાદ કરી શકશે કે જે ફરી ફરીને વાંચવાની ને બીજાઓને વંચાવવાની એને હોંશ થાય અને જે આપણે સહુ આપણાં સંતાનોને વારસામાં આપી જતાં ઊંડું સુખ પામીએ, ધન્યતા અનુભવીએ. આવો આપણો સાહિત્ય-વારસો લાખો ગુજરાતી કુટુંબો સુધી સાવ નજીવી કિંમતે પહોંચાડવાની એક યોજના લોકમિલાપ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય પુસ્તક-વર્ષના શુભ-મુહૂર્તે આ યોજનાનું મંગલાચરણ થાય છે. કાકાસાહેબ કાલેલકર અને પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી જેવા પ્રકાંડ વિદ્વાનોથી માંડીને સાહિત્ય, સંસ્કાર, કલા અને શિક્ષણ તેમ જ પત્રકારત્વ ક્ષેત્રના અનેક ધૂરિણોએ આ યોજનાને ઉમળકાથી વધાવી લઈ તે સફળ નીવડે તેવા આશીર્વાદ વરસાવ્યા છે તે જ તે યોજનાના મહત્ત્વ અને મૂલ્યની પ્રતીતિ માટે પર્યાપ્ત છે.

યોજના એવી છે કે તત્ત્વ અને સત્ત્વની દૃષ્ટિએ ચિરકાળ ટકી શકે અને પ્રજાને જેનાથી વિમુખ રાખવાનું કોઈ પણ રીતે ઈચ્છનીય ન જ લેખાય તેવા આપણા અમૂલ્ય સાહિત્યરાશિનો સંક્ષિપ્ત સ્વરૂપે અને સહુ કોઈને પરવડી શકે એટલી કિંમતે પ્રસાર કરવો અને તે ઉદાત્ત કાર્યમાં સાહિત્યની તથા શિક્ષણની સંસ્થાઓનો અને વ્યાપારઉદ્યોગ જગતનો સહયોગ પ્રાપ્ત કરવો જેથી કરીને યોજનાનું સાતત્ય જળવાઈ રહે અને સફળતાપૂર્વક તે સિદ્ધ થાય.

એ યોજનાનાં મંડાણ પાંચ પુસ્તકોથી થાય છે. શ્રી પ્રભુદાસ ગાંધી કૃત "જીવનનું પરોઢ", નહાનાલાલનાં કાવ્યો, ધૂમકેતુની વાર્તાઓ, ગિજુભાઈના લેખો તથા પન્નાલાલ પટેલ કૃત "માનવીની ભવાઈ" –આ પાંચ પુસ્તકોના સંક્ષેપ (ક્રમમાં કમ સૌથી વધુમાં વધુ ૨૫૦ પાનાં એટલે પાંચ પુસ્તકો મળીને કુલ ૭૫૦ પાનાં) પ્રજાને ઘેરબેઠાં માત્ર ૬ જ રૂપિયામાં રવાનગી ખર્ચ પણ વસૂલ કર્યા વિના પહોંચાડવાં એવી વ્યવસ્થા વિચારાઈ છે. લખી–વાંચી શકે તેવાં ૩૦ લાખ ગુજરાતી કુટુમ્બો હોવાનું અનુમાનીને લોકમિલાપ ટ્રસ્ટે પહેલે વરસે ફક્ત એક લાખ સુધી જ પહોંચવાની નેમ રાખીને આ યોજના ઉત્તરોત્તર વિસ્તારવાનું ધાર્યું છે.

ઉક્ત પાંચ પુસ્તકોનો પહેલો સેટ ૧૯૭૩ના પ્રજાસત્તાક દિને એટલે કે ૨૬ મી જાન્યુઆરીએ પ્રગટ થશે અને આવા ઓછામાં ઓછા એક લાખ સેટના આગોતરા ઘરાક ૧૫મી ઑગસ્ટ, ૧૯૭૨ સુધીમાં નોંધવાનો સંકલ્પ ટ્રસ્ટે કર્યો છે. દશથી ઓછા સેટ માટે આગોતરી વરદી નોંધવામાં નહીં આવે પરંતુ પ્રકાશન પછી આ પુસ્તક સેટ રૂા. ૧૦ ની કિંમતે છૂટક ખરીદનારને બજારમાંથી મળી શકશે.

વેપારી પેઢીઓ, ઉદ્યોગો, બૅન્કો, સરકારી કચેરીઓ વગેરેના કર્મચારીઓ પણ સાથે મળીને ૧૦-૨૦ સેટનું જૂથ રચીને સેટ મગાવે તો તેમને દર દશ સેટના રૂા. ૬૦ માંથી રૂા. ત્રણ લેખે વ્યવસ્થા-ખર્ચ મજરે આપવામાં આવશે. અનેક કુટુંબો પોતાને માટે તેમ જ સ્વજનોને શુભ પ્રસંગે ભેટ આપવા માટે આ સેટ ખરીદી શકશે. મિત્રો પણ જૂથ બનાવીને તેમ જ શાળા–કૉલેજોમાં પણ જૂથ બનાવીને સામટા સેટ ખરીદી શકાય છે.

આપણી વિવિધ જિલ્લા પંચાયતો, ગુજરાત રામાજ શિક્ષણ સમિતિ અને આવી રાજ્યવ્યાપી સંસ્થાઓ પણ સામટી મોટી સંખ્યામાં સેટની વરધી આપી શકે છે.

આ યોજના અંગેનાં નાણાં 'લોકમિલાપ ટ્રસ્ટ' ના નામના ડ્રાફ્ટ કે મનીઑર્ડરથી ૧૫ ઑગસ્ટ, ૧૯૭૨ સુધીમાં "લોકમિલાપ ટ્રસ્ટ, પોસ્ટ બૉક્સ ૨૩ (૧૧૬૫, સરદારનગર) ભાવનગર-૧" એ સરનામે મોકલવાનાં છે.

આ યોજનામાં ૮૬ ટકા જેટલો ખરચ તો માત્ર પુસ્તકોનાં કાગળ– છપાઈ પાછળ થવાનો છે. બાકીના ૧૪ ટકામાંથી અડધી રકમ લેખકોના પુરસ્કારમાં અને અરધી વ્યવસ્થા - ખરચમાં વપરાય એવો અંદાજ છે. આખીયે યોજના નહિ નફો, નહિ ખોટ એ ધોરણે કરવામાં આવી છે.

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં પણ આ સેટને માટે નામ નોંધવાની વ્યવસ્થા છે. ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ]

શ્રદ્ધા કેરી વાટખર્ચી

શ્રદ્ધા એ પુરુષાર્થીનું બખ્તર છે. બચવાને માટે મોટામાં મોટી ઢાલ છે. એ રક્ષણ થવા માટેનું જ નહિ, પણ રક્ષણ કરવા માટેનું પણ શસ્ત્ર છે. જીવનમાં સતત ચાલી રહેલા યુદ્ધમાં આપણે જો એનો પળેપળ અને દક્ષતાપૂર્વક ઉપયોગ નહિ કરીએ તો સંગ્રામમાં જીત મળતાં આપણને વાર લાગશે.

આત્માએ આત્માને ઓળખવો હોય તો શ્રદ્ધા એક એનું મોટામાં મોટું સાધન છે. શ્રદ્ધા માણસને શ્વાસની ગરજ સારે છે. બારે વાંસ ડૂબ્યા હોઈએ ત્યારે ડૂબતાને તારનારી તે પરમકલ્યાણમયી માતા છે. નદીના જોસમાં વહી જતા પાણીની વચમાં આવી ગયેલી હોડીને માટે સામે પ્રવાહે જવા માટેનો સાનુકૂળ પવન શ્રદ્ધા છે.

પુરુષાર્થીના પ્રયત્નદીપકનું તે તેલ છે. તપ્ત હૃદયનું ને ડામાડોલ મનનું તે શીતળ વિશ્રામસ્થાન છે. ચાલતાં શીખતા બાળકની તે ચાલણગાડી છે. બાળકને જીવન પાનાર માતાનું તે દૂધ છે.

ભૂલ્યા અથડાનારાઓનો તે ધ્રુવતારો છે. એના વડે તે પોતાના માર્ગનું નિશાન સાચવી રાખી શકે છે ને આગળ વધે છે. ગમે તેવા સંજોગોમાં જે કદી પણ શ્રદ્ધાને છોડતો નથી, તેના પર તે ન્યોછાવર થઈને પોતાના વરદ હસ્તે તેને સર્વ કાંઈ આપે છે. એના ચરણમાં જે પોતાનું સર્વસ્વ બલિદાન દે છે તેને યજ્ઞ પૂરો થતાં પોતે જાતે દર્શન આપે છે.

આ શ્રદ્ધાધનની અમૂલ્યતાને લીધે જ કોઈ કવિએ લખ્યું છે: "શ્રદ્ધાકેરી પણ ન ખૂટજો વાટમાં વાટખર્ચી." બીજું બધું થજો, પણ હે ભગવાન! અમારા પરમ પાથેયની વાટખર્ચીની શ્રદ્ધા કદી ન ખુટાડજો.

શ્રી મોટા

જીવનનાં મૂલ્યો

[મુંબઈ જૈન યુવક સંઘના આક્રાયે યોજાયેલી ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી ઉષાબહેન મહેતાએ 'જીવનનાં મૂલ્યો' એ વિશે આપેલું વ્યાખ્યાન નીચે પ્રગટ કરવામાં આવ્યું છે. –તંત્રી]

એક અંગ્રેજ લેખક જેમ્સ ક્રીમેન 'You have to be you' નામના એક લેખમાં લખે છે કે 'જગત મારું મૂલ્યાંકન કરે છે મારાં ખિતાબો અને પદવીઓ, મારાં કીમતી વસ્ત્રો કે મારી બુદ્ધિમત્તા, કે બૅંકમાં પડેલી મારી માલમત્તાને આધારે; પરંતુ સંધ્યાસમય થતાં બધું સંકેલાઈ જાય છે. બેંક બંધ થઈ જાય છે, ખિતાબો અને પદવીઓ વિસરાઈ જાય છે. હું પણ ઘરના એક ખૂણામાં પડી ઊંઘવા પ્રયત્ન કરું છું અને બીજે દિવસે સવારે સ્વપ્નો યાદ કરતો પથારીમાં બેઠો થાઉં છું ત્યારે... હું શું છું, કોણ છું, પ્રમુખ છું કે સૂબો કે ધર્મગુરુ, એનું કંઈ જ મહત્ત્વ નથી રહેતું. પણ હું ખરેખર શું છું, કોણ છું એ જ એકમાત્ર મહત્ત્વની વસ્તુ રહે છે. તમે ખરેખર જે છો તે જ તમારે થવાનું છે. આપણાં ખિતાબો, પદવીઓ, ભૌતિક સંપત્તિ વગેરે જેને આપણે આપણું માનીને બેઠાં છીએ તે બધું જ નટ-નટીઓનાં મહોરાં જેવું છે, જેના આવરણ નીચે આપણે આપણી અસલ જાતને છુપાવીએ છીએ. મહર્ષિપત્ની મૈત્રેયીએ પણ જ્યારે યાજ્ઞવલ્ક્યે એને જે જોઈએ તે માગવાનું કહ્યું, ત્યારે સર્વ ભૌતિક સંપત્તિનો અસ્વીકાર કરી, "મારે એ જોઈએ છે કે જે મેળવ્યા પછી કંઈ મેળવવાનું બાકી ન રહે, - જેને પામ્યા પછી કંઈ પામવાનું ન રહે" એમ કહી 'પરમ તત્ત્વ'ને પામવાની પ્રબળ ઈચ્છા બતાવી આપણી સમક્ષ આ જ આદર્શ રજૂ કર્યો છે. આજે જીવનનાં સર્વ ક્ષેત્રોમાં સાચાં મૂલ્યો વિસારે પડતાં જાય છે

ધાર્મિક ક્ષેત્રે ધર્મને નામે ઢોંગ અને પરમેશ્વરને નામે પાંડાઓ પૂજાય છે અને જીવનતત્ત્વને બદલે જડ વિધિઓ વધુ મહત્ત્વની બની છે. સસ્તા પ્રચાર માટે ભગવાન મહાવીરની પવિત્ર વાણીનું પણ લિલામ થઈ રહ્યું છે. અંતર્દૃષ્ટિને બદલે અહંકાર પોષાઈ રહ્યો છે.

આ સંદર્ભમાં ગુરુ - શિષ્યની એક વાત યાદ આવે છે. શિષ્ય ગુરુ પાસે રહ્યો, ભણીગણીને સૌ વિદ્યામાં પારંગત થયો. ગુરુની બધી પરીક્ષામાં પાર ઊતર્યો આથી એ અહંકારી બન્યો. એને થયું ગુરુએ મારી કસોટી તો કરી, હવે હું પણ ગુરુની કસોટી કરું, એમને મહાત કરું. એણે પોતાના હાથમાં એક પંખી રાખ્યું અને ગુરુને પ્રશ્ન કર્યો, "ગુરુદેવ, કહો! મારા હાથમાંનું પંખી જીવતું છે કે મરેલું?" એણે વિચાર કર્યો કે ગુરુદેવ જો કહે કે પક્ષી જીવતું છે તો પંખીને કચડી મારી નાખીશ અને જો એ કહેશે કે પંખી મરેલું છે તો મુઠ્ઠી ખોલીને એને ઉડાડી દઈશ. આમ એની ઈચ્છા ગુરુને કોઈ પણ સંજોગોમાં ખોટા પાડવાની હતી. પણ ગુરુ તો ઘણા જ્ઞાની. શિષ્યની મેલી મુરાદ સમજી ગયા હોય એમ એમણે જવાબ આપ્યો: "વત્સ! તારા પ્રશ્નનો જવાબ તારા હાથમાં જ છે." કેવી સાચી અને સચોટ વાત! માનવીના ઉદ્ધારની ચાવી એની પાસે જ છે. ફક્ત સુષુપ્ત આત્માને જગાડવાની આંતરદૃષ્ટિ કેળવવાની જ વાર અને માનવી માટે મુક્તિનાં દ્વાર જરૂર ખૂલવાનાં જ!

દાનવીરો તો દેશમાં ઘણા છે, પણ ઘણું ખરું દાનવીરોને દાન કરતાં નામ અને માનની જ વધુ પડી હોય છે. એટલે જ ઘણાં મંદિરોમાં પગથિયાં કરતાં નામની તખ્તીઓ વધુ જોવા મળે છે. ભગવાનને ધરાવવાની વસ્તુઓ કરતાં એ અંગેનાં વિજ્ઞાપનો વધુ જોવા મળે છે. આમ ઈશ્વરચરણે નિવેદન કરવા જતાં પણ આપણે અહંકારને ઓગાળી નથી શકતાં. પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણકર્માણિ સર્વશઃ એ ગીતાનો પાઠ રોજ કરવા છતાં અહંકારથી વિમૂઢ આત્મા 'હું કરું' 'હું કરું'ના અજ્ઞાનમાંથી મુક્તિ મેળવી શકતો નથી.

હિન્દુ ધર્મ અનેક દેવદેવીઓનો સ્વીકાર કરે છે. જૈન ધર્મ જીવદયાનો ઉપદેશ આપે છે. આનાથી સહિષ્ણુતા કેળવાય, સર્વ ભૂતોના હિતમાં રત થતાં શીખાય. પણ ઘણી વખત એવું જોવા મળે છે કે પથ્થરની મૂર્તિમાં પરમેશ્વરનાં દર્શન કરવાવાળી અને દયાભાવે રોજ કબૂતરને ચણ નાખવાવાળી સ્ત્રી ઘરમાં જ રહેતી વૃદ્ધ, અપંગ સાસુમાં દેવીનાં દર્શન નથી કરી શકતી, એટલું જ નહિ પણ એની સેવા કરવી એને મહાવેઠ સમાન લાગે છે. દર્શન કરવાનાં મંદિરમાં, પણ ધ્યાન હોય બહાર કાઢેલી ચંપલમાં; હાથમાં માળા ફરે પણ મનમાં બીજાનાં કાસળ કાઢવાના કુવિચારો ચાલે એવું પણ ઘણી વાર જોવા મળે છે. આમ આપણે માયામાં ભગવાનને ભૂલતા જઈએ છીએ અને પ્રકૃતિની આરાધનામાં આતમરામને...

આપણું બંધારણ સ્ત્રી–પુરુષને સમાન હક આપે છે. આજે સ્ત્રીઓ ઘણાં જવાબદારીભર્યાં પદો શોભાવે છે અને છતાં આજે પણ સમાજમાં કન્યાનું મૂલ્ય ક્રયવિક્રયની વસ્તુ કરતાં જરા જેટલું પણ વધુ નથી અંકાતું એટલું જ નહિ પણ પુત્ર-રત્નની પ્રાપ્તિ માટે ઘણો પુરુષાર્થ થાય છે, જ્યારે પુત્રીનો જન્મ થતાં, માબાપની મનોવ્યથા 'પુત્રીહિ જાતા મહતિ હિ ચિંતા' જેવાં સૂત્રો દ્વારા વ્યક્ત થાય છે. ભણેલાગણેલા યુવાનો પણ ભાવિ સસરા પાસે પહેલાંની માફક બસો પાંચસોના દાયજાની નહિ પણ ઈંગ્લૅન્ડ-અમેરિકા જેવા દેશમાં જઈ બે-ચાર વર્ષ રહેવાનો અને ભણવાનો પૂરો ખર્ચ આપે એવી અપેક્ષા રાખે છે.

લગ્નપ્રસંગે, ખાસ કરીને ધનિકોને ત્યાંના લગ્નપ્રસંગમાં એક બાજુ ચોરીનો ધુમાડો હોય છે અને બીજી બાજુ પૈસાનો. બેન્ડવાજાં, કપડાં, દાગીના, વીજળીના દીવાઓ, સુશોભનો વગેરે દ્વારા પૈસાનું સસ્તું પ્રદર્શન અને બીજા દેશો અને બીજાં કુટુંબોનું અંધ અનુકરણ થતું હોય છે. એક વખત એક અતિ સુંદર યુવતીની લગ્નવિધિ ચાલતી હતી. સદ્‌ભાગ્યે છોકરો પણ પૈસાદાર અને દેખાવડો. બન્ને કુટુંબો વચ્ચે લગ્નના સમારંભમાં કોણ વધુ પૈસો ખર્ચે છે એની ચડસાચડસી ચાલી ... આતશબાજી થઈ, ઢોલ વાગ્યાં, વાજાં વાગ્યાં, શહનાઈઓના સૂર સંભળાયા, તો યે સામા પક્ષને સંતોષ ન થયો. એટલે રેકોર્ડો માટે ઑર્ડર અપાયો. જોતજોતામાં રેકોર્ડોનો ઢગલો થઈ ગયો. એક પછી એક રેકોર્ડ વાગવા લાગી. બધાં ખુશ થયાં - ફક્ત વરવધૂ જ નાખુશ થયાં. કારણ એમના મિલન સમયે રેકોર્ડ વાગતી હતી, "મેં ક્યા કરું રામ, મુઝે બૂઢા મિલ ગયા!"

લગ્ન પછી પણ સ્ત્રી એ જીવનસખી કે સહધર્મચારિણી નહિ પણ પુરુષને પ્રસન્ન કરનાર પૂતળી જ માત્ર છે એમ માનવામાં આવે છે. ઘણી સાદી યુવતીઓને લગ્ન પછી સૌંદર્યનાં પ્રસાધનો વાપરવાની ફરજ પડે છે. કારણ એમ ન કરે તો પતિદેવ નારાજ થાય. સૌંદર્યનાં પ્રસાધનો વપરાય એની સામે કોઈને વાંધો ન હોઈ શકે. એક યુવતીને મન કોડ હોય ગૃહલક્ષ્મી કે સંસારલક્ષ્મી બનવાના, સંન્યાસિની બનવાના નહિ એ સમજી શકાય એવું છે. પણ એ પ્રસાધનો સાધન છે, સાધ્ય નહિ. સ્ત્રીનું સાચું ભૂષણ અને પતિદેવને પ્રસન્ન કરવાનું સાચું સાધન શીલ જ હોઈ શકે, કૃત્રિમ સાધનો નહિ એ વાત વિસારે ન પડે એ જોવું જરૂરી છે.

હવે સામાજિક ક્ષેત્રની બીજી બદી–ન્યાતજાતના સંકુચિત વાડાઓની.

આજથી વર્ષો પહેલાં મહારાષ્ટ્રમાં જાત - પાંત - તોડક મંડળ સ્થપાયું હતું. આજે આપણે એક ભારતની વાત કરીએ છીએ અને છતાં યે અભણ માબાપોની વાત તો જવા દો પણ સુશિક્ષિત માબાપો પણ દીકરી માટે વર શોધવા નીકળે ત્યારે એની ભાષા, પ્રાંત

અને ન્યાતજાત જ માત્ર નહિ પણ ન્યાતના વાડા અને તડોનો પણ વિચાર કરતાં હોય છે. આમ આપણે હિંદી જન કે ભારતના નાગરિક બનીને નહિ, અરે, ગુર્જરી, બંગાળી કે પંજાબી બનીને પણ નહિ પણ અમુક એક ગામના, અમુક ન્યાતના, અમુક વાડાના માનવી તરીકે રહેવામાં જ રાચતા હોઈએ છીએ. આમ આપણા નાગરિકત્વની શરૂઆત અને સમાપ્તિ સ્વ - સ્વહિતમાં જ થાય તો એનું પરિણામ એવું દુઃખદ આવે કે આપણે પણ કવિની માફક ગાવું પડે કે 'હું ભારતને ક્યાંય ન ભાળું'!

હરિજનો પાછળ, એમનાં હિત પાછળ સરકાર આજે ઘણો ખર્ચ કરે છે. છતાં યે આજે જ્યારે દેશમાં ઠેરઠેર હરિજનો પર જાતજાતના અત્યાચારો થતા હોવાની ખબર રોજ છાપામાં વાંચતા હોઈએ ત્યારે આપણે હરિજનો પ્રત્યેનું આપણું વર્તન ન્યાયભર્યું છે એમ કહી શકીએ એમ છીએ?

હવે આજના શિક્ષણક્ષેત્ર તરફ દૃષ્ટિપાત કરીએ. સરસ્વતીનાં મંદિરો સમી શાળા અને કૉલેજો પણ આજે સરસ્વતી કરતાં લક્ષ્મીની આરાધના અને વિદ્યાર્થીઓની વિવેકબુદ્ધિ વિકસાવવાને બદલે વેપારી ગણતરીને વધુ પ્રાધાન્ય આપતી નજરે પડે છે. અ જ પ્રમાણે એમાં અપાતું જ્ઞાન જીવનકેન્દ્રી નહિ પણ પુસ્તકકેન્દ્રી જ હોય છે અને પરીક્ષાઓ વિદ્યાર્થીની કુશાગ્ર બુદ્ધિ અથવા સમજની નહિ પણ એમની સ્મૃતિની કસોટી સમી જ બની રહી છે.

શિક્ષણને જીવનાભિમુખ બનાવવાના ધ્યેયને અનુલક્ષીને મહાત્મા ગાંધીએ પોતાની પાયાની કેળવણીની પદ્ધતિમાં શ્રમનું મૂલ્ય સ્વીકાર્યું હતું. આપણે શ્રમનું મૂલ્ય વિસાર્યું એટલું જ નહિ પણ શ્રમ કરવાને હીણું કામ માનવા લાગ્યા. આપણા વિદ્યાર્થીઓ અમેરિકા જેવા દેશમાં જઈ રસોઈ પણ કરે પણ સ્વદેશ પાછા ફર્યા પછી તો જાણે હાથ પરદેશમાં જ મૂકીને આવ્યા હોય એવું વર્તન કરે છે. એટલે જ એમનાથી નોકર ન આવ્યો હોય તો પણ ન પત્નીને ઘરકામમાં મદદ થાય કે ન નાનાં બાળકોને સચવાય, કે ન વૃદ્ધ માતાનો હાથ પકડાય. આમ જેની પાસેથી પ્રારબ્ધને પડકારવાની અપેક્ષા રાખી શકાય એવા નવજવાનો આજે પુરુષાર્થના પૂર્ણવિરામ સમા બની ગયા છે.

'આચાર્યં દેવો ભવ' એ જૂના જમાનાથી ચાલી આવેલું સૂત્ર છે અને છતાં યે આજે આપણા દેશમાં શિક્ષકોની પરિસ્થિતિ કેવી દયનીય છે એ સૌ કોઈ જાણે છે. એમને માટે આપણે ફાળો ઉઘરાવવો પડે છે, અમીરો આગળ ભિક્ષાપાત્ર ધરવું પડે છે. શિક્ષકને દેવ બનાવવો તો બાજુએ રહ્યું પણ એને માટે માણસ બનીને રહેવાનું પણ આપણે મુશ્કેલ બનાવ્યું. જે સમાજ શિક્ષક પાસે જ ગુલામી-ખત લખાવી લેવા માગે એ, જો શિક્ષક દ્વારા કેળવાયેલા નવજવાનો સ્વાભિમાની નાગરિક બને એવી અપેક્ષા શી રીતે રાખી શકે?

મૂડીવાદની અસરને લીધે આજે માણસ કરતાં મશીનનું અને નીતિ કરતાં નફાનું જ મૂલ્ય વધુ અંકાય છે. મૂડીવાદની ત્રણ નિશાનીઓ—સોદો, સટ્ટો અને સંગ્રહખોરી. આની ઉપર નિયંત્રણ લાવવા સરકાર કરવેરા વધાર્યે જાય છે. એટલે જ પૂંજીપતિ પહેલાં વધારે કમાવાની ચિંતામાં પડ્યો હોય છે, એ કમાયા પછી કરવેરા-માંથી કેમ બચવું એની યુક્તિપ્રયુક્તિ શોધવાની ચિંતામાં પડે છે. આમ થવાથી એક બાજુ કાળાં બજારના ડેરા વધે છે ને બીજી બાજુ કંગાલિયતનાં થાણાં.

એક વખત એક મિલમાલિકના ઘરમાં એક સુંદર પૂતળું જોયું. જોઈને એમની કલાપ્રિયતાની પ્રશંસા કર્યા વિના ન રહેવાયું, પણ સાથે જ એમના દંભ પ્રત્યે અણગમો વ્યક્ત કર્યા વિના પણ ન રહેવાયું. પૂતળું હતું એક મજૂર સ્ત્રીનું, જ્યારે મિલમાં કોઈ સ્ત્રી, તે પણ સગર્ભા સ્ત્રી, ફરિયાદ લઈને આવે ત્યારે શેઠજીને એની ફરિયાદ સાંભળવાનો સમય તો ન જ હોય. એમની ઑફિસ સુધી આવવાનું મળે તો યે એ અભાગિયણનાં અહોભાગ્ય! જો પહેરેગીરની નજર ચૂકવી એ આ લક્ષ્મીનંદનના અભેદ્ય દુર્ગ સુધી આવી શકે તો યે એની પ્રતિમાની પ્રશંસા કરતા આ પ્રતિષ્ઠિત શેઠ પાસેથી એને મળે કાં ગાળો, કાં હડહડતું અપમાન અને પહેરેગીરની લાતો.

આ જ પ્રમાણે કહેવાતા મજૂર - નેતાઓની ભ્રમજાળમાં ફસાઈ દલિત વર્ગના મજૂરો અને કારખાનામાં કામ કરતા કારીગરો સતત માગણી કરતા હોય છે શ્રમનો સમય ઓછો કરી ફુરસદનો સમય વધારવાની. આ માટે જાપાનનો એક દાખલો ઘણો બોધપ્રદ બની રહેશે. જાપાનમાં અનેક અમેરિકન કંપનીઓ અઠવાડિયામાં પાંચ જ દિવસ કામ કરે છે. ત્યાંના મજૂરોએ શેઠિયાઓને વિનતિ કરી કે અઠવાડિયાની બે રજાને બદલે એક જ દિવસની રજા આપે. કારણ બે દિવસની રજા મળતાં નવરા બેઠાં ઘરમાં કજિયા વધવા લાગ્યા. ફુરસદને કારણે 'શૉપિંગ' કરવાનો મોહ અને ખર્ચ વધવા માંડ્યા. પરિણામે માનસિક તાણ વરતાવા માંડી. આ ઉપરાંત બે રજાને કારણે રાષ્ટ્રીય સંપત્તિનું ઉત્પાદન પણ ઘટવા માંડ્યું. આનાથી જાપાનના મજૂરોમાં પોતાની ફરજનું અને રાષ્ટ્રીય જવાબદારીનું કેટલું ભાન છે એનો સહજ ખ્યાલ આવશે. યુદ્ધ પછી જમીનદોસ્ત થયેલું જાપાન ફરી પાછું સમૃદ્ધ બન્યું એની પાછળનું એક મોટું કારણ આ પણ હોઈ શકે.

આપણે ત્યાં સ્થિતિ આથી ઊલટી છે. શેઠિયાઓનો નફો વધતો જાય છે, મજૂરોની માગ વધતી જાય છે, અને વધુ ફુરસદ મળે તો એનો શો ઉપયોગ કરવો એ એમને સમજાતું નથી. પરિણામે ઓ અર્ધનગ્ન નટ-નટીઓનાં બીભત્સ નૃત્યો જોવા માટે ક્લાકોના ક્લાકો લાંબી કતારમાં ઊભા રહી સમયનો અપવ્યય કરે છે.

આવું થતું અટકાવવા માટે મુખ્ય ઉપાય એ છે કે શ્રમને કંટાળાજનક બનાવવાને બદલે રસપ્રદ બનાવવું. ફુરસદના સમયનો સદુપયોગ થાય એવી ટેવો લોકોને પાડવી અને શ્રમ કર્યા વિના કોઈને પણ રોજીરોટી ન મળે એ જોવું. ગાંધીજીએ Bread Labouro ના સિદ્ધાન્ત દ્વારા આ વાત સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ લોકોને આજે શ્રમથી કમાયેલું ધન નહિ, વિના શ્રમે સહેલાઈથી મળતો પૈસો મેળવવાની જ લગની લાગી છે. ક્રમભાગ્યે આપણી સરકારો પણ લૉટરીઓ કાઢી લોકોની આ વૃત્તિ દાબી દેવાને બદલે એને ઉત્તેજન આપે છે.

ગાંધીજી અને એમના ગુરુ ગોખલેજીએ જીવનભર ઓ પાઠ પઢાવ્યો કે નીતિ અને રાજનીતિમાં કોઈ ભેદ ન હોવો જોઈએ. આજે આપણે ગાંધીજીના આ ઉપદેશનું પગલે પગલે ખંડન કરી રહ્યા છીએ.

લોકોની સેવાના સાધનસમી રાજનીતિ આજે એમના શોષણ માટે વપરાઈ રહી છે. ભારતની આઝાદીના ઈતિહાસનો એક મોટો બોધપાઠ ઓ છે કે ક્રાંતિ ગતાનુગતિકતા અથવા અંધ અનુકરણ દ્વારા નથી આવતી તેમ જ નવી વાત, ફક્ત ઓ નવી છે એટલા માટે જ એનો સ્વીકાર કરવાથી પણ નથી આવતી. ઓ તોફાનથી પણ નથી આવતી કે ગાળાગાળીથી પણ નથી આવતી. એ આવે છે સાચાં મૂલ્યોની સમજથી, માનવીનું માનવી તરીકે ગૌરવ કરવાથી. પણ આજે તો જનતાની સુસ્તી અને હિંસક પદ્ધતિઓના સ્વીકારથી તેમ જ શાસનકર્તાઓની સત્તાપરસ્તીથી આવી ક્રાંતિ અદૃશ્ય થઈ ગઈ છે, ઈન્કિલાબ ઊંઘો થઈ ગયો છે, સત્યાગ્રહ હઠાગ્રહમાં પરિણમ્યો છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ આપણે જોઈએ છીએ કે વિશ્વશાંતિનાં સ્વપ્નાં સેવતી દુનિયા ભીષણ સંહારને આરે આવીને ઊભી છે. અત્યાચારો આચરતા નરરાક્ષસો મિજબાનીઓ ઉડાવે છે, જ્યારે નિર્દોષ પારેવાંના પ્રાણ સાથે ક્રૂર રમત ખેલાય છે. કવિ માણેકે કહ્યું છે એમ—

"હું તો દેખું એ જ દાનવરાજ ચાલે છે બધે
સંહારી કબૂતર, શિકારી બાજ મા'લે છે બધે"

આમ, સર્વ ક્ષેત્રે માનવ આજે ભાન ભૂલ્યો છે. માનવીય મૂલ્યો વિસારે પડ્યાં છે. માનવી અવકાશયાત્રી બન્યો છે, પણ ધરતી પર માનવી બનીને જીવતાં વીસર્યો છે. એણે ઉપગ્રહ પર વિજય મેળવ્યો છે, પણ પૂર્વગ્રહોના પાશમાંથી એ છૂટ્યો નથી.

માનવ ભલે ભગવાન ન બને પણ સાથેસાથે એ શયતાન પણ ન બને. સાચા માનવ તરીકે - ઈન્સાન તરીકે જીવતાં શીખે તો પણ આપણી દુર્ગતિ થતી અટકશે. દુર્ગતિ અટકાવવાના ઉપાયો છે ખોટી ભાવનાઓ, આડંબરો કે ખોટાં મૂલ્યોના ચકરાવામાં ન પડતાં બુદ્ધિનું પ્રાધાન્ય સ્વીકારી, બુદ્ધિગમ્ય વાતોનો પુરસ્કાર કરવો, સાથેસાથે કરુણાસભર હૃદયે માનવનિષ્ઠ ક્રાંતિનું નિર્માણ કરવું અને સર્વ સંસ્કૃતિઓનાં શ્રેષ્ઠ તત્ત્વોનો સમન્વય સાધવો. આ કામ આપણે જ કરવાનું છે. એ સરકાર ન કરી શકે. નાગરિક નૈતિક રીતે નબળો હોય છતાં યે સરકાર નૈતિક રહી લોકશાહીને સફળ બનાવે એમ ઈચ્છવું એ આકાશકુસુમવત્ વાત છે.

દરેક માનવી નૈતિક રીતે સબળ બની સાચો ઈન્સાન અને આદર્શ નાગરિક બનવાનો, ન્યાયપથથી ચલિત ન થવાનો સન્નિષ્ઠ પ્રયત્ન કરશે તો માણસાઈના ઓલવાતા દીવા ફરી પ્રજ્વલિત થશે એમાં શંકા નથી.

ઉષાબહેન મહેતા

એક પરંપરામુક્ત પરિવ્રાજક અને શ્રવણબેલ્ગોળાનો 'નિર્વાણાશ્રમ'

બેંગલોરમાં એક રવિવારની રાત્રિની 'ધ્યાન - સંગીત'ની અમારી બેઠકમાં એક વયોવૃદ્ધ વ્યક્તિ આવીને ચુપચાપ બેસી ગઈ. ધ્યાનાન્તે પ્રશ્નચર્ચામાં જાણવા મળ્યું કે આ વયોવૃદ્ધ - અનુભવવૃદ્ધ પુરુષ છે શ્રી એમ. એચ. શાહ: બુદ્ધિમાં જિજ્ઞાસાભાવ, વાણીમાં વિશાળ વાચનનો રણકો, વર્તનમાં નમ્રતા, ચહેરા પર અનુભવ-સંચયની રેખાઓ અને શરીર પર ખાદીનાં વસ્ત્રો. વાત આગળ વધતાં એ પણ જાણવા મળ્યું કે આ એ જ વ્યક્તિ છે કે જેમને મારું ગુજરાત છોડી બેંગલોર આવવાનું થયું ત્યારથી મારા સ્વ. મોટાભાઈ શ્રી ચંદુભાઈ મેળવવા માગતા હતા અને જેમનો ઘણો બધો ચિંતનસભર પત્રવ્યવહાર તેમણે મારા હાથમાં સોંપેલો. પરંતુ ભાઈની હયાતીમાં તેમને મળવાનું બનેલું નહીં, તે આજે અનાયાસે બન્યું અને આનંદ થયો.

પછી તો મુરબ્બીશ્રી શાહસાહેબ અમારી 'ધ્યાન - સંગીત' ની સાપ્તાહિક બેઠકોમાં આવવા લાગ્યા અને અમે મિત્રો તેમના વાર્તાલાપો પણ ગોઠવવા લાગ્યા. આ પછી તેમની સાથે સ્કૉટ-લૅન્ડના વિદ્વાન સંન્યાસી જહૉન સ્પાયરના 'નારાયણાશ્રમ' પર તેમ જ સ્વ. ભદ્રમુનિજી (સહજાનંદઘનજી) ના 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,' હંપીના તેમ જ વિજયનગરના ખંડેરોના પ્રવાસે પણ જવાનું થયું. પ્રવાસમાં અને સહવાસમાં માણસનો નિકટનો, અંતરંગ પરિચય થાય છે, એ ન્યાયે મુ. શ્રી શાહસાહેબનો મને ઉપાદેય પરિચય પ્રાપ્ત થયો.

જન્મે અને સંસ્કારે દિગંબર જૈન; કર્મશ્રદ્ધાએ ગાંધીવાદી સત્યાગ્રહી; જ્ઞાન - જિજ્ઞાસાએ બહુશ્રુત અભ્યાસી; માતૃભાષાએ મૂળ ગુજરાતી અને પછીથી મહારાષ્ટ્રીય; શૈક્ષણિક યોગ્યતાએ મિકે-નિકલ એન્જિનિયર; વ્યવસાયે તાતા, વાલચંદ હીરાચંદ વગેરે જૂથોના રાવળગાંવ, વાલચંદનગર, બેંગલોર એચ. એ. એલ., ઈ. પ્રતિષ્ઠાનોમાં અને મુંબઈના પ્રીમિયર ઑટોમોબાઈલ્સમાં ઉચ્ચ હોદ્દાઓ ધરા-વનાર તેમ જ સમાજક્ષેત્રે ખાદી, હરિજનોદ્ધાર, ગ્રામનિર્માણ, સર્વોદય, શાંતિસેનાની વિચારધારાઓના પ્રત્યક્ષ કાર્યકર્તા એવા શ્રી શાહ-સાહેબનો વિવિધ પરિચય મારે માટે આનંદદાતા બન્યો. ઑસ્ટ્રે-લિયા, જાવા, અમેરિકા, યુરોપ, બ્રસેલ્સ અને છેલ્લે જાપાનના તેમના પ્રવાસ - અનુભવો ને પરિચયો તેમના સ્વમુખે સાંભળવા એ મારે મન એક લહાવો બન્યો! પોતાની તત્ત્વજિજ્ઞાસા સંતોષવા અને સ્વાનુભવપૂર્વક વિવિધ સાધનાપદ્ધતિઓ અજમાવવા–શીખવા આ જ્ઞાનપિપાસુ પુરુષ આ પ્રવાસો દરમિયાન જે જે વ્યક્તિઓ અને આશ્રમો - સંસ્થાનો સુધી પહોંચ્યા તેનો ભારે રસપ્રદ ઈતિહાસ છે. આ ઉપક્રમમાં તેઓ જાપાનના 'ઍટ્ઝો-ઍન' (ગાંધી આશ્રમ)માં અને ત્રણ માસ સુધી 'ઝૅન–બુદ્ધિસ્ટ' આશ્રમમાં એક 'ઝૅન - બુદ્ધિસ્ટ' ભિક્ષુના જ વેશે પોતાનો સાંપ્રદાયિક અભિનિવેશ છોડીને (છતાં નિરામિષાહાર જેવા પોતાના નિયમોને ચુસ્તપણે વળગી રહીને) સત્યશોધનાર્થે રહ્યા તેના અનુભવો ભારે પ્રેરણાદાયક છે.

શ્રી શાહસાહેબ સાથેના હંપીના પ્રવાસ દરમિયાન તેમની સાથે અનેક વિષયો પર વિચારોના આદાન - પ્રદાનનો અવસર સાંપડ્યો અને અમારી આત્મીયતા વધી. પરિણામે એક સવારે તેમણે પોતાનો એક મહત્ત્વનો સંકલ્પ હંપીના એ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના આત્મજ્ઞ માતાજીને અને મને જણાવ્યો. તે જાણીને આ ઉમ્મરે પણ શરીરની ટેવો, મર્યાદાઓ અને પરાધીનતાઓની ઉપરવટ જઈને સત્યશોધન - આત્મસાધન - લોકકલ્યાણ માટેની તેમની પુરુષાર્થ-તત્પરતા અને સંકલ્પદૃઢતાને કારણે તેમના પ્રત્યે ભારે આશ્ચર્ય, આદર અને અનુમોદનના ભાવ ઊઠ્યા. પોતાના ૬૧મા જન્મદિને તા. ૨૬-૩-૧૯૬૨ના રોજ ભારતપ્રસિદ્ધ ધર્મ - કલાતીર્થ શ્રવણ - બેલ્ગોળામાં 'નિર્વાણાશ્રમ' સ્થાપીને પોતાની આધ્યાત્મિક સાધનાની દૃષ્ટિપૂર્વક સમાજસેવાની ભાવનાને સાકાર કરવા તેમણે પુરુષાર્થ શરૂ કર્યો હતો. આ આશ્રમમાં આજ સુધી સર્વોદય, શાંતિસેના, ધર્મચર્ચા, ઈત્યાદિનાં શિબિરો અને ગોશાળા, ખેતી, થોડો નિસર્ગોપચાર, ગ્રામસેવા, વગેરેનાં કાર્યો આકાર પામ્યાં હતાં. 'નિર્વાણાશ્રમ' ની સ્થાપનાનાં દસ વર્ષ પછી હવે શ્રી શાહસાહેબનો સંકલ્પ હતો-તેમના આગામી ૭૧મા જન્મદિન અને ભગવાન મહાવીરની જયંતીની પૂર્વસંધ્યા તા. ૨૬-૩-૧૯૭૨ના રોજ સંસારત્યાગ, ગૃહત્યાગ, પરિગ્રહત્યાગ કરી પ્રમુખત: આત્મ - સાધનાર્થ અને ગૌણત: લોકસેવાર્થ દીક્ષિત પરિવ્રાજક જીવન અંગીકાર કરવાનો. શ્રવણબેલ્ગોળામાં જ બાહુબલિજીની વિશાળકાય પ્રતિમા સમક્ષ આ શુભ પ્રસ્થાન કરવાની તેમની ભાવના હતી. આ માટે તેમણે હંપીના શ્રી માતાજીના અગાઉથી આશીર્વાદ લઈ લીધા અને આ પ્રસંગ પર હાજરી આપવા તેમણે મારી પાસેથી વચન લઈ લીધું.

તા. ૨૫મી માર્ચના બપોરે અમે બેંગલોરથી શ્રવણબેલ્ગોળા જવા નીકળ્યા. સાથે હતા - શ્રી શાહસાહેબના થોડા જ આપ્તજનો અને પુસ્તકો. "मनसा चिंतितं कार्यं, वचसा न प्रकाशयेत्" ની નીતિને અનુસરનારા શ્રી શાહસાહેબે પોતાના બાહ્યાંતર જીવન-પરિવર્તન વિશે પોતપોતાને સ્થાને ગોઠવાઈ ગયેલા એવા તેમનાં ચાર પુત્રીઓ, એક પુત્ર અને ધર્મપત્નીના સર્વ પરિવારજનોને અગાઉથી જણાવ્યું ન હતું.

રાત્રે શ્રવણબેલ્ગોળા પહોંચ્યા અને ત્યાં ગામમાં દિગંબર જૈન મંદિરમાં ચાલી રહેલ એક શુભ સભાપ્રસંગમાં હાજરી આપી અમે સૌ સવાર માટેની સામાન્ય તૈયારીઓ જોઈને નિદ્રા-ધીન થયા. ૨૬મી માર્ચની સવારે હું મારી યત્કિંચિત સાધના-માંથી પરવારીને જોઉં છું તો એક તરફથી સૂર્યનાં રક્તરંગી કિરણો ફેલાઈ રહ્યાં છે. બીજી તરફથી એ તીર્થભૂમિના આશ્રમમાંથી શ્રી ભક્તામરસ્તોત્રનાં ભક્તિસભર ગાનના મંજુલ સ્વરો રેલાઈ રહ્યાં છે અને ત્રીજી તરફ મુરબ્બી શ્રી શાહસાહેબ નવા રૂપે આવીને ઊભા છે - મસ્તક મૂંડાવેલું, શરીરે ખાદીનાં ભગવાં - સફેદ વસ્ત્રો ધારણ કરેલાં અને હાથમાં કોઈ પણ સાંપ્રદાયિક કે પારંપરિક ઉપકરણ કે ચિહ્નને બદલે શ્રીફળ અને પુસ્તકો ગ્રહણ કરેલાં! તુરત મને સ્મરણ તાજું થયું - તેઓ પરંપરાથી મુક્ત એક સમન્વયપૂર્ણ દીક્ષા અંગીકાર કરવા ઈચ્છતા હતા એ વાતનું. તેમનો વેશ અને વિચાર જૈન દૃષ્ટિએ દિગંબર - શ્વેતાંબરનો સમન્વય સૂચવતો હતો, તો સમગ્ર દૃષ્ટિએ નિવૃત્તિલક્ષી જૈનમાર્ગની સાથે ગાંધીજીના સેવામાર્ગ અને તથાગત બુદ્ધના મૈત્રી–કરુણાના માર્ગનું અનુસરણ સૂચવતો હતો. નામ પણ આ બધાને અનુરૂપ એવું તેમણે પોતે જ વિચારી રાખેલું–"બુદ્ધવીરાનંદ".

જીવનપરિવર્તનનો નિરાળો અને નિરવ એવો આ પ્રસંગ હતો. ન મોટી દોડધામ, ન વાજાં - વરઘોડા, ન ભભકો. અહીં નાનો એવો સમૂહ એકઠો થયો હતો: થોડા મિત્રો, થોડા આપ્ત-જનો, થોડા સ્થાનિક દિગંબર જૈનો અને ખાસ ધ્યાન ખેંચે તેવા શુદ્ધ ખાદીનાં વસ્ત્રોમાં સજ્જ થોડા હરિજનો! આ હરિજનોને તેમણે છેલ્લાં દસ વર્ષમાં ઘડ્યા હતા, સંસ્કાર્યા હતા, 'નિર્વાણાશ્રમ'માં ખેતી આપી-વસાવી ગાંધીચીંધ્યા માર્ગે લગાડ્યા હતા, એટલું જ નહીં, તેમને માંસાહાર, વ્યસનાદિથી મુક્ત કરી જૈનમાર્ગ પ્રબોધી શ્રી નવકાર મંત્રના આરાધક પણ બનાવ્યા હતા. આ જ દિશામાં વધુ આગળ વધવાની તેમની હવે ભાવના હતી.

આ સૌની સાથે શ્રી બુદ્ધવીરાનંદજીના દીક્ષાપ્રસંગની પ્રભાત-ફેરી શરૂ થઈ. ગામમાંથી માંગલિક અને શ્રી નવકાર મંત્રની મંગલ વાદ્યો સાથે ધૂન ગાતાં ગાતાં સૌ બાહુબલિજીની ટેકરી પર ચઢવા

લાગ્યા અને ઉપર પહોંચી એ વિશાળકાય ધ્યાનસ્થ પ્રતિમાજી સમક્ષ આવી ઊભા. પ્રસ્તુત દીક્ષા તેઓ મુનિશ્રી જિનવિજયજી જેવા ગાંધીવિચારના વિદ્વાન ને કર્મઠ સાધક પાસે લેવા ઈચ્છતા હતા, પરંતુ એવો યોગ ન મળતાં તેમણે જાતે જ એ ભાવપૂજાપૂર્વક સામાન્ય એવી જ વિધિ સાથે અંગીકાર કરી મારી પાસે સિતારવાદન સાથે મંગલ ગાન અને પ્રસંગકથન પણ કરાવ્યું. એ પછી પોતે અને ત્યાં ઉપસ્થિત હરિજન એમ. એલ. એ. શ્રી ગોવિંદદાસ પણ બોલ્યા. પછીથી ત્યાંના સ્થાનિક જૈન દિગંબર મઠના સ્વામીજી પણ આવી ગયા. પરંતુ શ્રી બુદ્ધવીરાનંદજીને પારંપરિક રીતરિવાજોનું મહત્ત્વ કે મૂલ્ય ન હતું. તેમને મન મહત્ત્વ અને આનંદ એ વાતનાં હતાં કે તેઓ વર્ષોની તેમની બાહ્યાંતર નિર્ગ્રંથ દશા ભણી લઈ જતા પરિવ્રાજક જીવનની ભાવના આજ સાકાર કરી રહ્યા છે.

દીક્ષાનો કાર્યક્રમ પત્યા પછી ટેકરી પરથી નીચે ઊતરી સૌ તેમના 'નિર્વાણાશ્રમ' પર પહોંચ્યા. બાહુબલિજીની પ્રતિમાવાળી ટેકરી નીચે જમણી બાજુની તળેટીના ઢોળાવ પર થોડી શિલાઓ, થોડી ખેડેલી જમીન, થોડાં વૃક્ષો અને થોડા શાહસાહેબના એન્જિનિયર-દિમાગના પરિચાયક એવા કુદરતી શિલાઓનો ઉપયોગ કરી બનાવેલાં સાદાં મકાનોથી નિરવ પ્રકૃતિની વચ્ચે ઊભેલો આ આશ્રમ જાણે તદ્દન નિઃસંગ જણાતો પોતાના 'નિર્વાણાશ્રમ' નામને સાર્થક કરી રહ્યો હતો અને છતાં અહીં નિષ્ક્રિયતા કે નકારાત્મકતાની નિવૃત્તિ ન હતી. અહીં આવતા અને રહેતા સાધક પાસે આત્મસાધના, જ્ઞાનસાધના, ધ્યાનસાધનાની સાથે જ શરીરશ્રમ, લોકસેવાદિ સક્રિય કર્મસાધના પણ અપેક્ષિત હતી. તેથી અહીં પ્રવૃત્તિપરકતા, તેના વાસ્તવિક અર્થમાં, હતી. આશ્રમમાં નાની એવી ગૌશાળા અને ત્યાં વસેલા હરિજન ખેડૂતો માટેનાં ઝૂંપડાં જેવાં પણ સુવ્યવસ્થિત મકાનો, પ્રાર્થના - ધ્યાનાદિ માટેનો ખુલ્લો પ્રાકૃતિક ચોક, નાનકડું પુસ્તકાલય વગેરે પણ ધ્યાન ખેંચતાં હતાં.

શ્રી બુદ્ધવીરાનંદજીએ હવે પોતાના પારિવ્રાજક જીવન દરમિયાન ચાતુર્માસ અહીં જ રહીને મુખ્યત્વે ભોજનશાળા, શિશુવિહાર અને નિસર્ગોપચારના લોકકલ્યાણનાં કાર્યો કરવા લક્ષ્યમાં રાખ્યાં છે, જેના કેન્દ્રમાં છે આત્મજ્ઞાનની સાધના - મુખ્યત્વે 'ધ્યાન' માર્ગે.

હાલ તેઓ ભિક્ષારૂપે જ બપોરે એક વખત આહાર લેવા ગામમાં જાય છે. સવારસાંજ ત્યાં સહજસુલભ એવા નાળિયેરના પાણીનો ઉપયોગ કરે છે. મોટા ભાગે પદયાત્રા કરે છે, પરંતુ વાહનનો બાધ નથી રાખ્યો. લોકોના અભિપ્રાયને બદલે પોતાના અંતરના વિવેક પર ચાલતા અને નિષ્ઠાપૂર્વક નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ આદરતા શ્રી બુદ્ધવીરાનંદજીને જોઈને મને સતત સ્મૃતિ થાય છે શ્રીમદ્ રાજચંદ્રજીના પેલા તત્ત્વ - વચનની : 'જાતિ, વેશનો બાધ નહીં, કહ્યો માર્ગ જો હોય.' ('આત્મસિદ્ધિ')

ભ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા

હિન્દી મહાસાગર : ભારત અને મહાસત્તાઓ

પાણીમાં કાંકરો ફેંકવાથી જેવી રીતે વમળ ઊભાં થાય છે, એ પ્રમાણે આંતરરાષ્ટ્રીય સંબંધ માટેના લેવાતા દરેક પગલાને કારણે શક્ય પરિણામો માટે ટીકા, અફવા અને અનુમાનોનાં વમળો ઊભાં થતાં હોય છે.

સમય પોતાનું કામ કરે જ છે. સમયના વહેણમાં ઉપરછલ્લા અને પાયા વગરના વિચારો અને મતમતાંતરો ધોવાઈ જાય છે. એને સ્થળે માત્ર નક્કર હકીકતો જ બાકી રહે છે. આના અનુસંધાનમાં એક ચીની કહેવત જોવા જેવી છે : " પાણી ઓછું થઈ જાય છે ત્યારે ખડકો દેખાય છે."

ગયા ડિસેમ્બરમાં જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે ઉપખંડના દેશો પ્રત્યે કટોકટીના સમયમાં કયો દેશ કેવી નીતિ અપનાવશે એનો ખ્યાલ આવ્યો. ભારત પ્રત્યે મૈત્રીભરી નીતિ રાખવાના દાવારૂપી પાણી દૂર થતાં નક્કર વાસ્તવિકતારૂપી ખડકો ભારતની નજરે ચડી આવ્યા હતા. ભારતની સલામતી માટે હિન્દી મહાસાગરના મહત્ત્વની ગંભીરતાનો આપણને ખ્યાલ આવ્યો હતો.

હિન્દી મહાસાગરમાંની મહાસત્તાઓની સાઠમારીનું પૃથક્કરણ કરીને, અને ભારતના સંદર્ભમાં ભારતની નીતિ અને કાર્ય કેવું હોવું જોઈએ એ જોવાનો પ્રયાસ કરીએ. હિંદી મહાસાગરમાં હમણાં અમેરિકા અને રશિયા બંનેના કાફલા હરીફાઈમાં ઊતર્યા છે.

પુરાણકાળમાં દેવો અને દાનવોએ જેવું સમુદ્રમંથન કર્યું હતું એના જેવું જ મંથન જાણે કે કેટલીક મહાસત્તાઓ હિન્દી મહાસાગરમાં કરી રહી છે. દેવો અને દાનવો ચૌદ રત્નો હાથ કરવા મથતા હતા, પરંતુ મહાસત્તાઓની સ્પર્ધાના પરિણામ અંગે નક્કર કશું કહેવું સહેલું નથી.

બંગલા દેશનો પ્રશ્ન અને ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન એક મહત્ત્વના સમાચારને જરૂરી અને પૂરતું મહત્ત્વ અપાયું ન હતું. અખબારોના પાને પણ એને નજીવું મહત્ત્વ મળ્યું હતું.

ડિસેમ્બરના બીજા સપ્તાહ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની મહાસભાએ હિન્દી મહાસાગરને શાંતિનો વિસ્તાર જાહેર કરવાના શ્રીલંકાના પ્રસ્તાવને સ્વીકાર્યો હતો. સાઠ દેશોએ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું. વિરોધમાં એક પણ મત પડ્યો ન હતો. પરંતુ બ્રિટન, ફ્રાંસ, અમેરિકા, સોવિયેટ રશિયા, ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા સહિતના પંચાવન દેશો આ મતદાનથી વેગળા રહ્યા હતા. ભારત અને ચીને ઠરાવની તરફેણમાં મતદાન કર્યું હતું. આ મતદાન પરથી એટલું સ્પષ્ટ થાય છે કે પાંચમાંની ચાર મહાસત્તાઓ ઉપરાંત અમેરિકા સાથે લશ્કરી કરારો ધરાવતા ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની લઘુમતી ગોરી સરકારને આ પ્રસ્તાવ અંગે શંકા-કુશંકા છે. માલાગાસી, સિંગાપુર અને થાઈલૅન્ડ પણ આ મતદાનથી વેગળા રહ્યા હતા એ સૂચક છે.

હિન્દી મહાસાગર વિસ્તારમાંથી લશ્કરી મથકો, અણુશસ્ત્રો અને મહાસત્તા વચ્ચેની સ્પર્ધા ખતમ કરવા માટે હિન્દી મહાસાગર વિસ્તારના દેશો સાથે ચર્ચાવિચારણા કરવાનો મહાસત્તાઓને આ પ્રસ્તાવમાં આદેશ અપાયો છે.

દેવો અને દાનવોના સમુદ્રમંથનને રૂપકાત્મક દૃષ્ટિએ જોઈએ તો કદાચ એમ કહી શકાય કે સમુદ્રની જે વિપુલ સમૃદ્ધિ અને સંપત્તિ છે તથા એના ઉપરના આધિપત્ય દ્વારા જે સવલતો પ્રાપ્ત થાય છે એ હાથ કરવાનો આશય દેવો અને દાનવોનો હોવો જોઈએ. મહાસત્તાઓનો આવો જ કંઈક આશય છે ને ? પરંતુ, આ સમુદ્રમંથનના પરિણામે એશિયાના દેશોના ભાગે તો ઝેર જ આવશે.

ભારતીય દ્વીપકલ્પ, વિયેટનામ અને પશ્ચિમ એશિયા આજે વિશ્વનાં મહત્ત્વનાં ત્રણ ફ્રૅક્ચર સ્થળો છે અને તે ત્રણેય હિન્દી મહાસાગર સાથે સંકળાયેલા છે. મોટા ભાગના એશિયાઈ દેશો પણ હિન્દી મહાસાગર સાથે સંકળાયેલા છે. કેટલાય નવાં અને જૂનાં કારણોને લીધે હિન્દી મહાસાગરનું મહત્ત્વ આજે વધી જાય છે.

હિન્દી મહાસાગર સહિત વિશ્વના બધા મહાસાગરોનું પ્રાથમિક સ્વરૂપે વિશ્વમાં સત્તાની સમતુલા જાળવવા માટે યુદ્ધની દૃષ્ટિએ મહત્ત્વ છે. મહાસત્તાઓના નૌકાકાફલાઓ અણુ-શસ્ત્રાસ્ત્રોથી સજ્જ બનીને આ વિસ્તારમાં ફરતા હોય છે. વળી હિન્દી મહાસાગર લશ્કરની દૃષ્ટિએ બહુવિધ ધ્રુવીકરણનો વિસ્તાર બની બેઠો હોવાથી અહીં બહુવિધ સ્પર્ધા ઊભી થાય એ કુદરતી છે. વિશ્વની તંગદિલી એશિયા ભણી ખેંચાતી હોય અને મહાસત્તાઓ અહીં આવતી જતી હોય એ સમજાય છે. જાપાન આર્થિક રીતે સમૃદ્ધ હોવા છતાં આ વિસ્તારમાં અન્ય આર્થિક ચૂસણનીતિને પૂરો અવકાશ છે. આ ઉપરાંત પૂર્વ અને પશ્ચિમ ગોળાર્ધ વચ્ચેનો મોટા

ભાગનો વ્યાપાર - વિનિમય હિન્દી મહાસાગર દ્વારા થાય છે. હિન્દી મહાસાગર પર પ્રભુત્વ જમાવવાની સ્પર્ધા જમે ઓમાં જ આ સત્તાઓ પોતાનું હિત માને છે.

આ કારણોને લીધે તેમ જ શક્તિશાળી એશિયાઈ નૌકાકાફલાની ગેરહાજરીને લીધે એશિયામાં સત્તાની સમતુલા વિદેશી સત્તાઓના હાથમાં જઈ પડી છે. હિન્દી મહાસાગરને કાંઠે આવેલા નાના - મોટા દેશો સંયુક્ત રીતે પણ સલામતી જાળવવા નજીક આવી શકયા નથી. પોતાનાં હિતો જાળવવા આ દેશો કોઈ પ્રકારની રાજકીય સંકલન વ્યવસ્થા ગોઠવવામાં પણ નિષ્ફળ નીવડયા છે. હિન્દી મહાસાગરમાંની મહાસત્તાઓની સાઠમારી નિર્મૂળ કરવા માટે ઉત્સુક હોવા છતાં આ દેશો કશું કરી શકે તેમ નથી.

હિન્દી મહાસાગરમાં અમેરિકાની સલામતી વ્યવસ્થામાં બ્રિટન, દક્ષિણ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા સામેલ છે. હિન્દી મહાસાગરની મધ્યમાં બ્રિટન હસ્તકના ચાગોસ ટાપુઓના સમૂહ (આર્ચીપેલગો)માં અમેરિકા અને બ્રિટન વચ્ચે ૧૯૬૬ના અંતે થયેલી સંધિ મુજબ કરોડો ડોલરને ખર્ચે રિયેગો ગારસિયા ખાતે લશ્કરી મથક અમેરિકા બાંધી રહ્યું છે. ઑસ્ટ્રેલિયાના વાયવ્ય કાંઠે અમેરિકાનું આવું એક સંદેશવ્યવહાર મથક કામ કરે છે. ઑસ્ટ્રેલિયાના કોકબર્નમાં બીજું મથક ઊભું કરવા બ્રિટન અને અમેરિકાને આમંત્રણ મળ્યું જ છે અને હવે તો અમેરિકાના સાતમા નૌકાકાફલાને હિન્દી મહાસાગરમાં પણ પ્રવૃત્તિ કરવા છૂટ મળી છે. આ નૌકાકાફલાના વડા હમણાં ત્રણેક દિવસ શ્રીલંકાની મુલાકાતે આવી ગયા હતા તે ખરેખર સૂચક છે.

ગયા ઑગસ્ટમાં એક યુગોસ્લાવ તંત્રી સાથેની મુલાકાતમાં ચીની વડા પ્રધાન ચાઉ એન-લાઈએ કહ્યું હતું કે મહાસત્તાની પકડમાંથી હિન્દી પેટાખંડ અને હિન્દી મહાસાગરને 'મુકત' કરવાના પ્રયાસો ચીન ચાલુ રાખશે. પાકિસ્તાનને મળતો રહેલો ચીનનો સતત ટેકો અને રહોડેશિયા તેમ જ દક્ષિણ આફ્રિકાની લઘુમતી ગોરી સરકારને મળતી પશ્ચિમી સરકારોની હૂંફ ઉપરાંત આફ્રિકામાંના પોર્ચુગાલનાં સંસ્થાનોની પરિસ્થિતિ જોતાં મહાસમિતિનો ઠરાવ કેટલે અંશે કાર્યાન્વિત કરી શકાશે એ શંકાસ્પદ છે. રશિયા સાથે ચીન સ્પર્ધા કરવા ઊતર્યું હોય એનાં અહીં અનેક દષ્ટાંતો પણ જોવા મળે છે.

આરબ-ઈઝરાયલ સંઘર્ષને નામે આરબ દેશોમાં અને ભૂમધ્ય સાગરમાં રશિયાનો પગદંડો જામી ગયો છે. હિંદી મહાસાગરમાં પેટાળના ભૂતળનું વૈજ્ઞાનિક માપ કાઢવાના બહાને રશિયન પનડૂબીઓ (સબમરીનો) હિન્દી મહાસાગરમાં હરીફરી રહી છે. સને ૧૯૬૮ થી રશિયન નૌકાકાફલો પણ આ વિસ્તારમાં જોર પકડતો જાય છે.

આ અધૂરું હતું તેમ માની ફ્રેન્ચ નૌકાકાફલો પણ હિન્દી મહાસાગર ભણી ધસી રહ્યો હોવાના અખબારી અહેવાલો હતા. માડાગાસ્કરના રિયેગો સુઆરેઝ મથકને મજબૂત કરવાનો એ પ્રયાસ કરશે.

હિન્દી મહાસાગરમાં ભારતનું ભૌગોલિક મહત્ત્વ છે. ભારત કેન્દ્રસ્થાને હોવા ઉપરાંત તેની આશરે ૩૫૦૦ માઈલની દરિયાઈ સરહદ છે. આ પરિસ્થિતિમાં ભારત જેવો દેશ શું કરી શકે છે? પોતાના સઘળા ઉદાત્ત સિદ્ધાન્તો હોવા છતાં તે હિન્દી મહાસાગરમાં અમેરિકા અને સાથી રાજ્યો તથા સોવિયેટ રશિયા વચ્ચેની સત્તા માટેની દરિયાઈ સ્પર્ધા માત્ર હાથ જોડીને નીરખી ન શકે. પઢાવેલા પોપટની પેઠે આ વિસ્તારમાં "શાંતિનો વિસ્તાર" સર્જવા અને જાળવવાની વાતો કર્યા કરવાથી પણ કશુંય વળવાનું નથી. ભારતને ગમે કે નહીં પરંતુ આ વિસ્તારની પરિસ્થિતિનો એણે નક્કર સામનો કરવાનો વખત આવી ગયો છે. આંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપ ટાપુઓનો વિકાસ સાધીને ભારતે સલામતી માટેનાં મથકોની ત્યાં નવરચના કરવી જોઈએ.

હિન્દી મહાસાગરનું ભારત ધ્યાન રાખે અને આ વિસ્તારમાંના દેશોનું ભારત સંરક્ષણ કરે એવા બ્રિટિશ વિદેશપ્રધાન સર એલેક ડગ્લાસ હ્યુમના દિલ્હીમાં કરેલા કથનથી ભારતના અહમ્‌ને પોષણ મળે છે એ સાચું, પરંતુ વિશ્વમાં એક મહાન રાષ્ટ્ર બીજા મહાન રાષ્ટ્રનાં પગલાં અને પ્રયાસો, હિતો અને વૃત્તિઓ સામે ગળાકાપ હરીફાઈ કરતું હોય ત્યારે આવું કહેવું વ્યવહારમાં નિરર્થક છે. બ્રિટનનો જ દાખલો લઈએ. દક્ષિણ આફ્રિકામાં રંગભેદ હોવા છતાં, હિન્દી મહાસાગરમાં રશિયાની વગ વધી ન જાય એથી તો બ્રિટને દક્ષિણ આફ્રિકાને શસ્ત્રસહાય આપવાનું ચાલુ કર્યું હતું. આ માટેનું કારણ કદાચ દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારને ખંપાળવાનું પણ હોય! એમાં ઊંડા ન ઊતરીએ તો પણ સાઈમન્સ ટાઉન કરાર પ્રમાણે તો એણે અમેરિકાના લઘુ સાથીદારનું જ કાર્ય બજાવવાનું રહે છે!

પશ્ચિમના દેશો અને એમાંય ખાસ કરીને અમેરિકાને ચિંતા છે કે ઊભી થતી કહેવાતી સત્તાની સમતુલાના શૂન્યાવકાશનું સ્થાન લેવા માટે રખે રશિયા દોટ મૂકે! પરિણામે ભૂમધ્ય સમુદ્રમાં રશિયા અને અમેરિકા વચ્ચે આવી સ્પર્ધા થતી રહી છે. પરંતુ એશિયા ખંડને સાંકળતા હિન્દી મહાસાગરમાં નૌકાકાફલાનો ધજાગરો ઊંચે રાખવાનો ધખારો અમેરિકાને છે એ અછાનું નથી. એથી તો સાતમો કાફલો અહીં પહેરો ભરતો હતો. આના પુરાવા જૅક ઍન્ડરસને એની કટારોમાં આપ્યા છે.

હવે પ્રશ્ન એ છે કે આવું થયા કરશે તો રશિયા શાંત રહેવાનું કે? ચોક્કસ નહીં જ. રશિયાના પૂર્વીય બંદર વ્લાડીવોસ્ટોકમાં નાંગરેલ રશિયન નૌકાકાફલામાંથી રશિયા પણ એનાં જહાજોને અહીં મોકલવાનું જ–અને આવા પ્રયાસો થયા પણ છે.

પરંતુ અહીંથી જ આ સ્પર્ધા અટકે એવું લાગતું નથી. રશિયાને દૂર રાખવા માટે અમેરિકા ચીન સાથે કોઈક પ્રકારની સોદાબાજી કરે એવું લાગે છે. જાપાને એના સંરક્ષણખર્ચમાં તાજેતરમાં ધરખમ ઉમેરો કર્યો છે. ઉત્તર પ્રશાંત મહાસાગરમાં જાપાન પોતાનો નૌકાકાફલો ઊભો નહીં જ કરે એની કોઈ ખાતરી નથી. અને પરિણામે અમેરિકા અને રશિયા ઉપરાંત હિન્દી મહાસાગરમાં ચીન અને જાપાન પણ પોતાનાં હિત જાળવવા અને હરીફ સત્તાની શક્તિને સીમિત કરવા આંટાફેરા કર્યા જ કરશે. આમાં અમેરિકાને બ્રિટન મદદ નહીં કરે એમ કેમ માની લેવું?

આ સંદર્ભમાં સર એલેક ડગ્લાસ હ્યુમનું સૂચન ગમે તેટલું મહત્ત્વનું અને જરૂરી હોય તો પણ એ કેટલું વ્યવહારુ છે?

તેમ છતાં એ જરૂરી છે કે કેટલીક મહાસત્તાઓના ધાકધમકીના રાજકારણનો પ્રતિકાર કરવા, આપણી દરિયાઈ સરહદોનું સંરક્ષણ કરવા અને આપણાં રાષ્ટ્રીય હિતોની સલામતી માટે ભારતે પોતાનો નૌકાકાફલો વધારવો જોઈએ, આપણાં મથકો વધુ અદ્યતન બનાવવાં જોઈએ. વિશાખાપટ્ટમ્‌ની યોજના આ દિશામાંનું એક મહાકાય પગલું જ છે. આપણાં વ્યાપારી જહાજોના કાફલાને પણ વિશાળ રીતે વિસ્તારવો જોઈએ, નહીં તો હિન્દી મહાસાગરનું 'હિન્દી' વિશેષણ આપણી મશ્કરીરૂપ બની રહેશે!

તાજેતરમાં પેટા ખંડની કટોકટીમાં એક વસ્તુ હવે સ્પષ્ટ દેખાય છે કે બીજી સત્તાઓના દબાણથી પર જઈને પણ ભારત પોતાની સ્વતંત્ર નીતિ અખત્યાર કરી શકે છે. જો કે ચીન અને અમેરિકા આનો પ્રતિકાર કર્યા વગર રહેશે પણ નહીં. ધાકધમકીના રાજકારણને વશ થયા વિના ભારત પોતાની નીતિ અમલમાં મૂકી શકે છે એ તાજેતરના યુદ્ધમાં પુરવાર થયું છે. ટૂંકમાં આપણા રાષ્ટ્રહિત ખાતર આવા પ્રકારના રાજકારણનો પડકાર ઝીલવામાં ભારત વધુ મજબૂત બને એ સમયનો તકાજો છે. આથી તો લાંબા ગાળાની યોજનાઓ હાથ ધરીને આ વિસ્તારમાં આપણી સલામતી માટે ભારતીય નૌકાદળે હવે તો વિકાસકાર્યનું મંડાણ કરી દેવું પડશે.

વિપુલ કલ્યાણી

☆ બે મિત્ર-પક્ષી ☆

મુંડક અને શ્વેતાશ્વતર, બંને ઉપનિષદમાં એક જ વૃક્ષ પર રહેતાં બે મિત્ર-પક્ષીઓનો મંત્ર આવે છે. એ મંત્ર પર મનન કરીએ તો આજે પણ આપણાં અંતરનું ઉદાસ પક્ષી ફરી આનંદથી કલશોર કરી શકે. મંત્ર છે:

'દ્વા સુપર્ણા સયુજા સખાયા
સમાનં વૃક્ષં પરિષસ્વજાતે,
તયોઃ અન્યઃ પિપ્પલં સ્વાદુ અત્તિ
અનશ્નન્ અન્યો અભિચાકશીતિ.'

'સદા સાથે રહેનારાં ને પરસ્પર સખ્યભાવ રાખનારાં બે પક્ષી એક જ વૃક્ષ પર રહે છે. તેમાંથી એક વૃક્ષનાં ફળોને આસ્વાદે છે, પણ બીજું તેનો ઉપભોગ કર્યા વિના માત્ર જોયા કરે છે.'

મનુષ્યમાં રહેલા જીવાત્મા અને પરમાત્મા તરીકે આ પક્ષીઓને લેવામાં આવે છે. જીવાત્મા કર્મફળો ભોગવે છે અને તે પ્રમાણે સુખી, દુઃખી થયા કરે છે. ત્યારે પરમાત્મા આવાં કર્મફળોમાં અટવાયા વિના મુક્ત રીતે દ્રષ્ટા બની જોયા કરે છે. પણ આ રૂપકને મનુષ્યમાં રહેલી બે વૃત્તિઓ તરીકે પણ જોઈ શકાય. સુખ-દુઃખમાં મનુષ્ય ખેંચાઈ જાય છે પણ સાથેસાથે સુખ-દુઃખને તટસ્થપણે નિહાળવાની પણ તેનામાં શક્તિ છે. એટલે જ સુખ-દુઃખના ચક્રાવાને તે ભેદી શકે છે. આધુનિક મનોવિજ્ઞાનમાં આલ્ફ્રેડ ઓડલર ('વ્હોટ લાઈફ શુડ મીન ટુ યુ' - પાનું - ૨૫) તેને મનની બે ગતિ કહે છે. એક તો કોઈ વસ્તુ પ્રાપ્ત કરવાની, એ જ વસ્તુને ધ્યેયમાં રાખી થતી આંશિક ગતિ છે. તેની સાથે સર્વ નાનાં-મોટાં ધ્યેયોને સમાવતી એકાગ્ર ગતિ છે. અને એ જ્યારે જીવનનું સુકાન હાથમાં લે છે ત્યારે બધાં જ વલણો ને ગતિઓ એકતા સાધે છે અને એક સંપૂર્ણ આદર્શ ધ્યેયને સિદ્ધ કરવા માટે મનની શક્તિઓ સુમેળ ને એકતા સાધે છે. ઉપનિષદે જેને દ્રષ્ટા પક્ષી કહ્યું છે તે આપણી આવી જ સમગ્રને અવલોકતી સૂક્ષ્મ દૃષ્ટિ છે.

પોતાના મનગમતા ફળમાં લુબ્ધ બની આપણું મન-પંખી તેને આરોગવામાં પડે છે ત્યારે આવી સમગ્રને આવરી લેતી દૃષ્ટિ તે ગુમાવી બેસે છે. આ ફળથી મારું હિત થશે કે અહિત? આ કાર્યથી મારું કલ્યાણ છે કે નહીં એ જોવાનું તે ભૂલી જાય છે અને ઘડીભરના લાગતા સુખ માટે તે દુઃખની વણઝાર નોતરી બેસે છે. એવી જ રીતે રોજિંદા જીવનથી વિમુખ બની કોઈ દ્રષ્ટા થવાને રવાડે ચડે છે તો આ સઘન વિશાળ જીવન - વૃક્ષની લીલામાંથી જ બહિષ્કૃત થઈ જાય છે. આપણે ત્યાં આવા ઉદાસીન વૃત્તિવાળાને આધ્યાત્મિક ગણવામાં આવે છે પણ ઘણી વાર તો જેનો જીવન-રસ સુકાઈ ગયો છે એવી જડતાનું જ એ લક્ષણ હોય છે. જેમ કેવળ ભોકતા મનની અને ઈન્દ્રિયોની ગુલામીમાં સરી પડે છે એમ માત્ર દ્રષ્ટાને ભાગે જીવનહીન અંધત્વ પણ આવી પડે છે. આ બંને વૃત્તિઓનો જ્યાં સમન્વય થાય છે ત્યાં માનવની મુક્તિનું દ્વાર છે અને તેના મુક્ત આનંદનું લીલાક્ષેત્ર પણ છે.

મારી સામે રહેલું આંશિક ધ્યેય અને તેને યોગ્ય સ્થાને ગોઠવી આપતી સમગ્ર દૃષ્ટિ એકબીજાનાં દુશ્મન નથી પણ સહાયક અને પૂરક છે. ઉપનિષદ પણ કહે છે કે એક જ વૃક્ષ પર રહેનારાં બંને પક્ષી એકબીજાનાં વિરોધી નથી પણ 'સયુજા સખાયા' - સાથે જોડાયેલાં ને મૈત્રીભાવ રાખનારાં છે. પણ એક પક્ષી એકલપેટું બની ફળને આરોગવામાં પડી જાય છે અને ફળના ગુણધર્મ જાણનારા પોતાના મિત્રની સલાહ લેતાં ભૂલી જાય છે ત્યારે જ સઘળાં ફળ અંતે બેસ્વાદ બની જાય છે. ઉપનિષદ આગળ કહે છે:

'સમાને વૃક્ષે પુરુષો નિમગ્નો
અનીશયા શોચતિ મુહ્યમાનઃ
જુષ્ટં યદા પશ્યતિ અન્યમ્ ઈશમ્
અસ્ય મહિમાનમ્ ઈતિ વીતશોકઃ'

'એક જ વૃક્ષમાં રહેતું તે નિમગ્ન - આસક્તિમાં ડૂબેલું પક્ષી અનીશયા - અસમર્થતાને લીધે મોહિત બનીને શોક કરે છે. પણ જો તે નિત્ય સેવિત, સમર્થ બીજા પક્ષીને અને તેના મહિમાને જુએ તો તે શોકરહિત બની જાય છે.'

આપણા ભોકતા પક્ષીએ સુંદર મજાનાં ફળો જોઈ આરોગવાનું શરૂ કર્યું અને ફળ પ્રત્યેની આ નિમગ્નતામાં, આસક્તિમાં જ તેની અનીશતા પ્રગટ થવા લાગી. ઈશ એટલે જેનામાં પ્રભુત્વ છે, સ્વામિત્વ છે. પણ લોલુપતા ને દીનતાથી જ્યારે માણસ કોઈ પણ વસ્તુ પાસે માથું નમાવે છે ત્યારે તેનું ઈશત્વ ચાલ્યું જાય છે. પરિણામે મોહનું દાસત્વ આવે છે. અને 'પરાધીન સપનેહુ સુખ નાહીં' - તેને સુખનો છાંટો યે મળતો નથી.

પણ આ ભોકતા પક્ષી મનગમતાં ફળમાંથી ચાંચ બહાર કાઢી જરા ઊંચે જુએ તો? ક્યાંય દૂર નહીં, બીજે નહીં પણ આ શરીરના વૃક્ષમાંથી, એક મહાશક્તિનાં તેને દર્શન થાય છે. આ શક્તિ તો એવી મહાન છે કે તે કોઈની દાસતા સ્વીકારતી નથી પણ સર્વથી સેવિત છે. તે ઈશ છે. સ્વાધીન સમર્થ છે. તેના મહિમાનો પાર નથી. આગળ જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ પુસ્તકમાં જ (પાનું ૨૭) આલ્ફ્રેડ એડલરે એક સૂચક વાક્ય કહ્યું છે: 'વ્યક્તિગત માનસશાસ્ત્રના દૃષ્ટિકોણમાં જે નવીન તત્ત્વ અમારા જોવામાં આવ્યું છે તે એ છે કે કોઈ પણ જીવન-પદ્ધતિ સામે લાગણીઓ વિરુદ્ધમાં નથી હોતી. જ્યાં નિશ્ચિત ધ્યેય હોય છે ત્યાં તેને પ્રાપ્ત કરવા માટે લાગણીઓ હમેશાં સાનુકૂળ બને છે.' એક સંતને મળવા ગયા ત્યારે મારા એક મિત્રે પ્રશ્ન પૂછ્યો હતો: 'મનની સ્થિરતા કેવી રીતે પ્રાપ્ત થાય?' તેમણે જવાબ આપ્યો હતો: 'ધ્યેયકી સુનિશ્ચિતતા હી મનકી સ્થિરતા હૈ.' ઉપનિષદ તેથી આગળ વધીને સ્વાધીન દૃષ્ટિની સ્વચ્છતા ભણી આંગળી ચીંધે છે. આવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યારે ભજનવાણીમાં કહે છે તેમ: 'મેરુ તો ડગે પણ જેનાં મન ના ડગે' એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. જ્યાં આવી સ્વસ્થ અને સ્વચ્છ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યાં ફળમાં આસ્વાદ રહે છે, પણ આસક્તિ નથી રહેતી. સંબંધો અક્ષુણ્ણ રહે છે, પણ સ્વતંત્રતાને ભોગે નહીં. આવા જ પુરુષને આગળ જતાં ઉપનિષદ કહે છે:

'આત્મક્રીડઃ આત્મરતિઃ ક્રિયાવાન્
એષ બ્રહ્મવિદાં વરિષ્ઠઃ'

કોઈ બહારના દબાણથી નહીં પણ આત્મવશ ખેલતો, આનંદ રેલાવતો, કાર્ય કરતો આવો પુરુષ બ્રહ્મજ્ઞાનીઓમાં પણ શ્રેષ્ઠ છે. આત્માના સહજ આનંદમાંથી કાર્યો થતાં જાય ત્યારે કાર્યનું સ્વરૂપ જ બદલી જાય છે. આપણાં સર્વ કાર્યો પાછળ આવી નિર્મળ દૃષ્ટિનું તેજ પરોવવાનું ઉપનિષદ કહે છે. તો જ આપણી અંતરતમ શક્તિનું સાયુજ્ય ને સખ્ય સાર્થક થશે.

મકરન્દ દવે

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ જૂન ૧૬, ૧૯૭૨ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

ડ્યુક ઑફ વિન્ડસર

થોડા દિવસ પહેલાં ડ્યુકનું અવસાન થયું ત્યારે ૩૬ વર્ષ પહેલાંના બનાવોની યાદ તાજી થઈ. ઇંગ્લાંડનો રાજા, છૂટાછેડા લીધેલ એક સ્ત્રીને, રાજકુટુંબની અને ચર્ચ ઑફ ઇંગ્લાંડની પરંપરા મુજબ પરણી ન શકે, એ કારણે તે વખતની મિસિસ સિમ્પસન સાથે તે વખતના એડવર્ડ ૮માના લગ્નનો બ્રિટનના વડા પ્રધાન બાલ્ડવિન અને આર્ચબિશપે સખત વિરોધ કર્યો. રાજાએ ધાર્યું હોત તો મોટી કટોકટી સરજી શકત. તેને સબળ ટેકો આપનાર એક પક્ષ હતો. એડવર્ડ સમક્ષ ત્રણ વિકલ્પ હતા : વિરોધ છતાં લગ્ન કરવા, લગ્નનો વિચાર છોડી દેવો, ગાદીત્યાગ કરવો. પહેલા વિકલ્પનો તેણે વિચાર પણ ન કર્યો. બીજો વિકલ્પ તેના કહેવા પ્રમાણે તેને માટે અશક્ય હતો. ત્રીજો વિકલ્પ તેણે સ્વેચ્છાએ સ્વીકાર્યો. ગાદીત્યાગ કરતાં નિવેદનમાં તેણે કહ્યું કે "જે સ્ત્રી સાથે તેને પ્રેમ છે તે તેની સંગાથી ન હોય તો રાજ્યધુરાનો ભાર સહન કરવાની પોતાની શકિત નથી." પોતાના ત્યાગથી રાજ્યની કટોકટી નિવારી. મહાન સામ્રાજ્યના આધિપત્ય કરતાં સ્ત્રીનો પ્રેમ પસંદ કર્યો. પરિણામે ઇંગ્લાંડમાંથી બન્ને બહિષ્કૃત થયાં. બન્નેએ વિદેશમાં ૩૬ વર્ષ એકલવાયું જીવન ગુજાર્યું. પરસ્પરનો પ્રેમ અંત સુધી અખંડ રહ્યો. બન્નેએ પોતાની પ્રણયકથા લખી. ડ્યુકના મૃત્યુના થોડા દિવસ પહેલાં ઇંગ્લાંડની રાણી તેમને પૅરિસ મળવા ગઈ. તેના મૃત્યુ પછી તેના મૃતદેહને શાહી માન મળ્યું અને તેની પત્ની ડચેસને પહેલી વખત રાજમહેલમાં પ્રવેશ મળ્યો. આમસભાએ ડ્યુકને અંજલિ અર્પી. તે ઠરાવમાં ડચેસ પ્રત્યે સહાનુભૂતિનો ઉલ્લેખ ન હતો તે ભૂલ એક સુધારાથી ટાળી.

૩૬ વર્ષ પહેલાં કેટલાકે કહ્યું હતું અને અત્યારે ઘણી મોટી સંખ્યાના લોકોએ કહ્યું કે એડવર્ડને ગાદીત્યાગ કરવાની ફરજ પાડી અને ત્યાર પછી તેનો બહિષ્કાર કર્યો તેમાં દંભ હતો, Hypocracy of the establishment. ડ્યુકને અમર પ્રેમી તરીકે બિરદાવ્યો.

ડ્યુકનું જીવન ખરેખર કૃતાર્થ કે ધન્ય લેખાય ? રાજા તરીકેનો પોતાનો ધર્મ કે ફરજ તજી, પ્રેમી તરીકે એકલવાયું જીવન સ્વીકાર્યું તેમાં ખરેખર સુખ હતું ? જીવનમાં Conflict of duties આવે છે. તેવે પ્રસંગે કયા ધર્મને વ્યકિત પ્રધાન ગણશે તે તેની પ્રવૃત્તિ ઉપર આધાર રાખે છે. આ વિષયમાં મતભેદને અવકાશ છે. આ પ્રસંગે રામ અને તેમણે કરેલ સીતાત્યાગ યાદ આવે. રામે સીતાને અન્યાય કર્યો, નિર્બળ મનના હતા એવા આક્ષેપો આજના જમાનામાં થાય છે. સીતા ખરેખર નિર્દોષ છે એવું જાણવા છતાં રાજા તરીકેનો પોતાનો ધર્મ અને કાલિદાસે રઘુવંશમાં કહ્યું છે તેમ લોકાપવાદો બલવાન્ મતોમે એ ન્યાયે તે વર્ત્યા. સીતા પ્રત્યે અગાધ પ્રેમ હતો અને ખૂબ દુ:ખી થયા છતાં આ જ ધર્મ ગણ્યો. જીવનની કૃતાર્થતા માત્ર પોતાનું સુખ જોવામાં જ છે કે સમાજ પ્રત્યેની પોતાની ફરજો અદા કરવામાં ? અલબત્ત, આવી Conflict of duties ના પ્રસંગો ઊભા થાય તેમાં જીવનની કરુણતા છે. ભાગ્યશાળી હોય તેને જ એવા પ્રસંગો ન આવે.

સ્ત્રી-પુરુષનો પ્રેમ પરસ્પરના સુખમાં જ સમાપ્ત થાય છે? એવા એકલાઅટૂલા જીવનમાં ખરેખર વ્યકિતનો વિકાસ છે ?

શાકુંતલ અને કુમારસંભવની સમાલોચના કરતાં રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે :

"ઉભય કાવ્યોમાં કવિએ બતાવ્યું છે કે મોહમય હોઈ જે અકૃતાર્થ છે તે જ મંગલમય થઈ કૃતાર્થ બને છે. તેમણે બતાવ્યું છે કે જે સૌંદર્ય ધર્મથી સંયત છે તે જ ધ્રુવ છે અને પ્રેમનું શાંત, સંયત કલ્યાણ રૂપ જ શ્રેષ્ઠ છે. સંયમમાં જ સૌંદર્યની ખરી શોભા છે. ઉચ્છૃંખલતામાં તેની તરત વિકૃતિ થાય છે. ભારતવર્ષના પુરાતન કવિએ પ્રેમને જ પ્રેમના અંતિમ ગૌરવ તરીકે સ્વીકાર્યો નથી; કલ્યાણ જ પ્રેમનું પરમ લક્ષ્ય છે એ પુકારીને કહ્યું છે. તેમને મતે સ્ત્રી - પુરુષનો પ્રેમ સુંદર નથી, સ્થાયી નથી - જો તે વંધ્ય હોય, જો તે પોતામાં જ મર્યાદિત થઈ રહે, કલ્યાણને જન્મ ન આપે અને સંસારમાં, પુત્રપુત્રીમાં, અતિથિમાં કે પડપડોશીમાં વિવિધ સૌભાગ્યરૂપે વ્યાપ્ત ન થાય."

દરેક વ્યકિતને, પોતાના સ્થાન પ્રમાણે, જીવનમાં નાનામોટા અનેક પ્રસંગો એવા આવે છે કે જ્યારે પોતાના સુખનો ભોગ આપી, સમાજ, રાષ્ટ્ર કે માનવકુળ પ્રત્યે, પોતાની ફરજ બજાવવાની રહે છે. પત્ની, સંતાનો કે કુટુંબના સુખની અવગણના કરી, સમાજ કે રાષ્ટ્રના કલ્યાણ માટે બલિદાન આપવું પડે છે. આવા ત્યાગ કે બલિદાનમાં જ જીવનની ધન્યતા છે, વ્યકિતનો નૈતિક વિકાસ છે, સમાજનું કલ્યાણ છે, લોકસંગ્રહ છે. પ્રેમ કલ્યાણને જન્મ આપે, મોહમય માટી મંગળમય થાય, અનેક સંબંધોથી વીંટળાય, બીજાનાં સુખ-દુ:ખનો ભાગીદાર થાય, ત્યારે કૃતાર્થ થાય છે. પોતાના જ સુખનો વિચાર કરે ત્યારે સાચું સુખ પ્રાપ્ત થતું નથી; એ નર્યો સ્વાર્થ છે.

મનુષ્યનું જીવન બાળકના જેવું સરળ સુંદર સદા નથી રહેતું. અનેક વિક્ષેપો અને વિક્ષોભ, આઘાત - પ્રત્યાઘાતના અનુભવથી જીવનનો વિકાસ થાય છે. સંસારના વિરોધવિપ્લવમાં ન પડીએ ત્યાં સુધી પરિણત વયની સંપૂર્ણ શાંતિની આશા વ્યર્થ છે. એકલા, એકાન્ત નિર્જનમાં રહી, માત્ર પરસ્પરના પ્રેમનો જ વિચાર કરતાં, સ્ત્રી-પુરુષ સાચા સુખને પ્રાપ્ત કરે છે એમ બનતું નથી.

ડ્યુક વિશે એમ કહી શકાય કે તેમણે ગાદીત્યાગ કર્યો તેથી ઇંગ્લાંડની પ્રજાને કાંઈ હાનિ થઈ નથી. તેમના ભાઈ રાજા થયા. ડ્યુક ગાદીએ ચાલુ રહ્યા હોત તો પ્રજાને મોટો લાભ થઈ જવાનો હતો તેમ પણ ન કહેવાય. તેથી ગાદીત્યાગ કરી તેમણે પોતાનું સુખ શોધ્યું તેમાં ખોટું નથી કર્યું એમ લાગે. ત્યાર પછી ડ્યુકે જે પ્રકારનું જીવન વિતાવ્યું તેમાં સાચું સુખ તેમને મળ્યું કે નહિ તે તેમનો આત્મા જાણે. સંસારના અનેક સંબંધોથી વીંટળાઈ, લોકકલ્યાણ માટે જીવ્યા હોત તો જીવન સમૃદ્ધ, સાર્થક બન્યું હોત.

ચીમનલાલ ચકુભાઈ શાહ

પ્રકૃતિના એ ચક્રની સાંકળ તોડશો નહિ

પ્રદૂષણ - Pollution.- અંગેની ચર્ચા કરવા હમણાં જ સ્વીડનમાં એક પરિષદ મળી ગઈ અને એ પરિષદ સમક્ષ, માપણા વડા પ્રધાન શ્રીમતી ગાંધીએ પ્રવચન પણ કર્યું. પ્રદૂષણ એટલે ઉદ્યોગીકરણ તથા નૈસર્ગિક સાધનોના ગેરઉપયોગભર્યા વપરાશને કારણે માનવી જે પરિસરમાં જીવે છે તે હવા, પાણી, જમીન વગેરેમાં ભારે બગાડો થવો તે. આ એક વૈજ્ઞાનિક વિષય છે અને એમાં વિજ્ઞાનની ઘણી શાખાઓ, જેવી કે ભૂસ્તરશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વગેરે આંતરંગ રીતે સંડોવાયેલી છે. એટલે, શ્રીમતી ગાંધી જેવા કેવળ રાજકારણી જીવો, આ પરિષદના અભિગમને આકાર આપવામાં કેવો ભાગ ભજવી શકે એમ છે તે જોવાનું રહે છે. ભારત સુદ્ધાં, દુનિયાના ઘણા અર્ધવિકસિત અને વિકાસશીલ દેશોએ પરિષદ સમક્ષ એવું પ્રતિપાદન કર્યું હતું કે પ્રદૂષણ ભયજનક તત્ત્વ છે એ ખરું પરંતુ પ્રદૂષણને નામે, વિકાસશીલ દેશોની વિકાસયાત્રા અટકી જાય એવું તો ન જ થવું જોઈએ. આનો અર્થ એ થયો કે પ્રદૂષણને નામે, વિકાસશીલ દેશોની વિકાસલક્ષી પ્રવૃત્તિ અટકાવી દેવાની ચાલ વિકસિત દેશો ચાલે પણ ખરા એવો અર્ધવિકસિત દેશોને ભય છે અને તેથી તેઓની પ્રદૂષણ અંગેની દૃષ્ટિ એટલા પ્રમાણમાં મર્યાદિત બનેલી છે. આમ પ્રદૂષણના નિવારણ જેવી કેવળ વૈજ્ઞાનિક વિચારણામાં રાજકારણ ઘૂસી ગયું છે અને મારે મતે તો વિચારણા એટલા પ્રમાણમાં દૂષિત બની છે. રાજકારણી પુરુષોને બદલે વિજ્ઞાનનિષ્ણાતો, અર્થનિષ્ણાતો, આયોજનનિષ્ણાતો વગેરેનાં મંતવ્યો લઈને તથા એ મંતવ્યો વચ્ચે સમન્વય સાધીને વિકસિત તથા અર્ધવિકસિત દેશો માટેની જુદી જુદી આયોજના કરવામાં આવે તો પ્રદૂષણના નિવારણની દિશામાં સારી જેવી પ્રગતિ થઈ શકે એમ મારું માનવું છે.

આપણને મુંબઈમાં, વડોદરા પાસે, અમદાવાદ પાસે, પૂના પાસે એમ ઠેકાણે ઠેકાણે પ્રદૂષણની પ્રક્રિયાનો પરચો મળવા માંડ્યો છે. વડોદરા પાસે ફર્ટિલાઈઝરના કારખાનાનું મેલું પાણી જે તળાવમાં છોડવામાં આવતું હતું તે તળાવનું પાણી પીને સરકસના બે હાથીઓ મરી ગયા હતા એવા જે સમાચાર બેએક વર્ષ પર પ્રસિદ્ધ થયા હતા તે પ્રદૂષણનો પહેલો પ્રખર ચમકારો હતો.

એ પછી તો મુંબઈમાં ચેંબુર-સાયન વિસ્તારમાં, હવાનું પ્રદૂષણ એટલું બધું થયેલું જણાયું છે કે ત્યાં કેટલીક વાર શ્વાસ લેવો પણ મુશ્કેલ પડે છે. મૂળા અને મૂઠામાં વહેવરાવવામાં આવતાં કારખાનાંઓનાં ગંદાં પાણીએ કેવી કારમી પરિસ્થિતિની ભૂમિકા રચી છે તે તો કોઈ જાણતું જ નથી, કારણ કે એ ભૂમિકાની પિછાણ મેળવવાની તકલીફ કોઈએ લીધી નથી. વિકાસ આપણને જરૂર ખપે છે, પરંતુ એ વિકાસને કારણે આપણને જેમાં જીવવાનું છે તે પરિસર જ જો દૂષિત થતો હશે તો પછી એ વિકાસનો શો અર્થ છે? કેટલાક વિજ્ઞાનીઓ તો પ્રદૂષણ અટકે નહિ તો માનવજાતિનો વિનાશ નજીક આવશે-ઘણો નજીક આવશે એવી આગાહી કરી રહ્યા છે. આ આગાહી કેવળ કલ્પનાવિહાર નથી એની પ્રતીતિ, હવે વધુ ને વધુ પ્રમાણમાં આપણને થઈ રહી છે.

દુનિયાને આ રીતે ચેતવનારાઓમાં "2200 environmental s ientist "નું સ્થાન મુખ્ય છે. જુદાં જુદાં ૨૩ રાષ્ટ્રોમાંથી આવેલા આ વિજ્ઞાનીઓએ, પોતાના સાડા ત્રણ અબજ માનવબંધુઓ જોગ એક નિવેદન બહાર પાડ્યું અને ૧૯૭૧ના મેની આગિયારમીએ એ નિવેદનની એક નકલ તેમણે એ વખતના સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના મહામંત્રી ઉ થાનને પણ રુબરુ કરી હતી. આ નિવેદન ફ્રાંસમાં આવેલાં મેન્ટન નામના ગામમા ઘડાયું હતું એટલે એને "મેન્ટન મેસેજ" – મેન્ટનનો સંદેશો એવું નામ આપવામાં આવ્યું છે.

આ નિવેદન ઘડનારાઓમાં ચાર તો નોબેલ ઈનામ મેળવનારા વિજ્ઞાનીઓ છે. (એમનાં નામ છે સાલ્વાડોર લ્યુરિયા, જેકી મોનો, આલબર્ટ ઝેન્ટ-ગ્યોર્ગી અને જેર્જ વોલ્ડ) આ ઉપરાંત એના પર સહી કરનારાઓમાં નીચેના વિશ્વવિખ્યાત વિજ્ઞાનીઓનો પણ સમાવેશ થાય છે: જ્યાં રોસ્તાં, સર જુલિયન હક્સલે, થોર હાયરડાલ, પોલ ઈહરલીશ, માર્ગરિટ મીડ, રેની ડ્યુમેં, લૉર્ડ રિચી કાલ્ડર, શુતારો યામા મોટો, ગેરાર્ડો બુરોવ્સ્કી, એનરીક બેલત્રાન અને મહમ્મદ ઝાકી બરાકત. ભારતમાંથી એના પર સહી કરનાર વિજ્ઞાની છે ડૉ. પુરુષોત્તમ દેવરસ.

માનવજાતની એ કરુણતા છે કે વિજ્ઞાન કદાચ માનવજાતના ઉત્કર્ષ માટે જેટલા પ્રમાણમાં વપરાય છે તેના કરતાં માનવીના વિધ્વંસ માટે વધારે વપરાય છે. વિશ્વના ૨૨૦૦ જેટલા અગ્રણી વિજ્ઞાનીઓએ ઘડેલા મેન્ટન સંદેશમાં વિજ્ઞાનની વિનાશક પ્રવૃત્તિ પ્રત્યે લક્ષ દોરવાની સાથોસાથ વિજ્ઞાન કેવું ઉપકારક બની શકે એમ છે એનાં સૂચનો પણ કર્યાં છે. એ દૃષ્ટિએ એ સંદેશ વિજ્ઞાનનો એક અગત્યનો ઐતિહાસિક દસ્તાવેજ છે.

જેનો ઉપર ઉલ્લેખ છે તે ડૉ. દેવરસ સાથે મારે એક દિવસ બેએક કલાક સુધી ચર્ચા થઈ હતી. એ ચર્ચા દરમિયાન તેમણે જણાવ્યું હતું કે મુંબઈમાં પાંચેક વરસમાં તો એવા વિસ્તારો સરજાશે કે જ્યાં રહેવું પણ મુશ્કેલ થઈ પડશે. તેમણે ચેંબુરને આવો એક વિસ્તાર ગણાવ્યો હતો. મુંબઈની કેટલીક ખાડીઓમાં રાત્રે સુધરાઈની ગાડીઓ મળમૂત્ર ઠાલવી જાય છે એની પણ તેમણે ટીકા કરી હતી. હકીકતમાં તો આવા મળમૂત્રનું શુદ્ધિકરણ કર્યા પછી જ એને ખાડીમાં વામવાં જોઈએ. પણ ઘણીવાર એવું થતું નથી અને પરિણામે પ્રદૂષણમાં વૃદ્ધિ થાય છે.

પ્રદૂષણનો પ્રાદુર્ભાવ આપણે જે પ્રકૃતિનું ચક્ર છે તેમાં ભંગાણ પાડવાની પ્રવૃત્તિ કર્યાથી થયો છે. દા. ત. સાપ લ્યો. સાપ એ ઊંદરોનો-ખેતરાઉ ઊંદરોનો-ખાસ દુશ્મન. ૭૦ ટકા જેટલા સાપો તો ઝેરી પણ નથી હોતા, છતાં ઊંદરોના તો તેઓ શોખીન હોય છે જ. આજે ઊંદરોની વસતિ વધી રહી છે અને કેટલાક ઠેકાણે તો માનવીને એ નિઃસહાય સ્થિતિમાં પણ મૂકી રહી છે, કારણ કે ઊંદરોના કુદરતી દુશ્મન જેવા સાપને આપણે નિર્મૂળ કરી રહ્યા છીએ. સાપ અને ઊંદર એ પ્રકૃતિના ચક્રની બે કડીઓ છે. એમાંની એક કડી તમે તોડો તો એટલા પ્રમાણમાં એ ચક્રમાં ભંગાણ પડે અને તમારે સહન કરવું પડે.

ડૉ. દેવરસ સાથેની વાતચીતમાં તેમના બે વિદ્યાર્થીઓએ દેડકા પર કરેલા સંશોધનની પણ વાત રસપ્રદ હતી. આજકાલ આપણા દેશમાંથી દેડકાંની મોટા પ્રમાણમાં નિકાસ થાય છે કારણ કે દેડકાંના પગ (frogs' legs) એ ફ્રાંસની અપ્રતિમ વાનગી ગણાય છે અને ફ્રાંસની રસોઈને પસંદ કરનારાઓ એ હોંશેહોંશે ખાય છે. એક અંદાજ તો એવો છે કે લગભગ બે ક્રોડ રૂપિયાના દેડકાં દર વરસે વિદેશ જાય છે. પરંતુ આ દેડકાંનું નિકંદન આપણે માટે કેવી આફત સરજશે તેની કોઈને ખબર છે ખરી? આ અંગે સંશોધન કરવા ડૉ. દેવરસે પીએચ. ડી. માટે અભ્યાસ કરતા પોતાના બે વિદ્યાર્થીઓને આખું વર્ષ રોક્યા હતા અને એ વિદ્યાર્થીઓએ શોધી કાઢ્યું હતું કે દેડકાંના ખોરાકમાં માનવી માટે હાનિકારક એવાં જીવડાંઓ ૪૦ ટકા જેટલાં હોય છે અને બાકીના સાઠ ટકામાંથી મોટો ભાગ, ડાંગરના કુમળા છોડોને કાતરી નાખતા કરચલાઓનો હોય છે! પ્રકૃતિના ચક્રમાં કરચલાઓના કાયમી દુશ્મન તરીકે ગોઠવાયેલા દેડકાંનું તમે નિકંદન કાઢો છો અને પછી ડાંગરના પાકને, કરચલા દ્વારા થતા નુકસાનમાંથી બચાવવા તમે ઝેરી દ્રવ્યોનો ઉપયોગ કરો છો અને એ રીતે પરિસરને દૂષિત કરો છો એ કેવું ગેરઉપયોગપણ છે એવું પણ ડૉ. દેવરસે પૂછ્યું હતું. સાચી વાત. પરંતુ આવા ગેરઉપયોગપણ વિશે વિચાર કરવાની ફુરસદ છે કોને?

ગીતામાં एवं प्रवर्तितं चक्रं વાળા ત્રીજા અધ્યાયના શ્લોકમાં પ્રકૃતિના આ ચક્રની ગોઠવણ, એની રીતે પ્રતિષ્ઠા કરવામાં આવી છે. આપણે આપણી રીતે એનો અર્થ કરી શકીએ. પ્રકૃતિના ચક્રને આપણે ecology-પ્રકૃતિમાં રહેલી સમતોલતા કહી શકીએ. એ સમતોલતામાં વિક્ષેપ ઊભો કરવો કેટલો હાનિકારક છે તે, દુનિયાના ૨૨૦૦ અગ્રણી વિજ્ઞાનીઓએ બતાવી આપ્યું છે. એમનો સંદેશ દુનિયા કાને ધરશે ખરી?

(ક્રમશઃ)

મનુભાઈ મહેતા

લગ્નબહારના જાતીય સુખ વિશે શ્રી ઈશ્વર પેટલીકરનું મંતવ્ય

નવજીવન પ્રકાશન મંદિર તરફથી "કામવિજય" પુસ્તક હમણાં પ્રકટ થયું છે, જે, અમેરિકન લેખક સી. જે. વાનલીટના "કોન્કવેસ્ટ ઑફ ધ સર્પન્ટ" પુસ્તકનો અનુવાદ છે. આ લેખકનું આ જ વિષય ઉપર બીજું મોટું અંગ્રેજી પુસ્તક છે "કોઈલ્ડ સર્પન્ટ". આ બન્ને અંગ્રેજી પુસ્તકો પણ નવજીવન તરફથી પ્રકટ થયાં છે. આ પુસ્તકોમાં સંયમપાલન અથવા બ્રહ્મચર્યના મૂલ્યનો ઊંડો અભ્યાસ છે તથા પ્રજનનશક્તિનો સંચય કરવાની ફિલસૂફીનું, પ્રમાણભૂત લખાણોમાંથી સેંકડો અવતરણો ટાંકીને, સમર્થન કરવામાં આવ્યું છે. આ બન્ને ગ્રન્થોમાં, માત્ર આધ્યાત્મિક કે નૈતિક ઉપરાંત, બીજાં અનેક દૃષ્ટિબિન્દુઓથી ગાંધીજીના વિચારોનું સમર્થન મળે છે, ખાસ કરીને ઉત્ક્રાંતિની દૃષ્ટિએ માનવે વિકાસ સાધવો હશે તો સંયમનો–બ્રહ્મચર્યનો માર્ગ અપનાવવો પડશે તે મુદ્દાનું, શારીરિક-Biological–દૃષ્ટિએ વિસ્તૃત વિવરણ કર્યું છે.

"કામવિજય" પુસ્તકની સમાલોચના શ્રી ઈશ્વર પેટલીકરે "નિરીક્ષક"ના તા. ૨૧-૫-'૭૨ના અંકમાં કરી છે, જે આ અંકમાં આ સાથે પ્રકટ કરવામાં આવે છે. એકંદરે શ્રી પેટલીકર, શ્રી વાનલીટના વિચારોનો વિરોધ કરે છે. વાનલીટ શરીરવિજ્ઞાનની દૃષ્ટિએ પ્રજનન-શક્તિના સંચય અને સંયમ પર ભાર મૂકે છે. વાનલીટ કહે છે: પરિણીત અવસ્થામાં પણ આ સંયમ જરૂરનો છે ત્યારે લગ્નબહારના અનિયંત્રિત અને સ્વચ્છંદી સંબંધો સર્વથા હાનિકારક થાય તે દેખીતું છે.

લગ્નબહાર જાતીય સંબંધ એટલે પરિણીત ન હોય એવા સ્ત્રી-પુરુષનો સંબંધ. આ અનેક રીતે હોય. બન્ને અપરિણીત–કુંવારા, વિધવા કે વિધુર હોય અથવા બેમાંથી એક પરિણીત હોય અને બીજા અપરિણીત હોય અથવા બન્ને પરિણીત હોય છતાં, અન્ય સ્ત્રી-પુરુષ સાથે સંબંધ રાખે. શ્રી પેટલીકર પરિણીત જીવનમાં સંયમની જરૂર સ્વીકારતા નથી એટલું જ નહિ પણ લગ્નબહાર જાતીય સંબંધ હોય તેને આવકારે છે એમ તો ન કહું પણ અનિચ્છનીય તો નથી જ ગણતા. મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિમાં વંશવૃદ્ધિના મર્યાદિત હેતુથી જાતીય સંબંધ થાય છે અને તે રીતે કામવૃત્તિ ઉપર ખૂબ સંયમ છે પણ શ્રી પેટલીકરના મતે મનુષ્યે બુદ્ધિકૌશલ્ય વાપરી તેમાં પરિવર્તન આણેલું છે. શ્રી પેટલીકર કહે છે કે ગાયભેંસમાં દૂધની ઉત્પત્તિ તેનાં બચ્ચાંઓની જરૂરિયાત પૂરતી મર્યાદિત ન રાખતાં, મનુષ્યે દૂધ ઉત્પાદન પોતાના ઉપભોગ માટે વધાર્યું છે તેવી જ રીતે માનવીશરીરમાં પ્રજનનની જે ગ્રંથિઓ બહિઃસ્રાવી રસ ઉત્પન્ન કરે છે તે કામસુખ માટે પેદા કરવાની સિદ્ધિ હાંસલ નથી તેમ માનવાને શું કારણ છે? આવી દલીલ અને ઉપમા સાક્ષર જ આપી શકે. વળી, શ્રી પેટલીકરના મતે, માનવી પશુકોટિએ રહ્યો નથી ત્યારે કામવાસનાની બાબતમાં તે કોટિએ રહે તેમાં એનો વિકાસ છે તેમ શા માટે? અમર્યાદ સ્વચ્છંદ વર્તનમાં, શ્રી પેટલીકરના મતે, કદાચ માનવીનો વિકાસ હશે!

સદ્‌ભાગ્યે શ્રી પેટલીકર એમ માનતા જણાય છે કે જાતીય સુખનો આનંદ માણવો હશે તો સંયમ દ્વારા પ્રાપ્ત થઈ શકશે. "એ સંયમનો મધ્યમ માર્ગ લગ્નસંસ્થા દ્વારા શોધાયેલો છે. હવે એ મધ્યમ માર્ગ વટાવી જઈને તે સુખ ભોગવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે ત્યારે કોઈ નવો મધ્યમ માર્ગ શોધાશે." એટલે કે લગ્નસંસ્થાનો મધ્યમ માર્ગ છોડીને, લગ્નબહાર જાતીય સુખ ભોગવવું છે ત્યારે કોઈ બીજો મધ્યમ માર્ગ શોધવો પડશે. કદાચ શ્રી પેટલીકર, આ મધ્યમ માર્ગ બતાવશે.

શ્રી પેટલીકર સુપ્રસિદ્ધ સાક્ષર છે. તેમનું આ લખાણ કંઈક ઉતાવળિયું લાગે છે. કામવાસનાની પ્રબળતા અને તેમાં સતત જાગૃતિ અને સંયમ વિષે આ દેશમાં યાદ દેવડાવવાની જરૂર નથી. વાનલીટે પોતાનાં પુસ્તકોનાં નામ The Coiled Serpent અને Conquest of the Serpent રાખ્યા છે. કામવાસનાને સર્પ સાથે સરખાવી છે. તેના જેવી ઝેરી, મોહક અને અતિ ચંચળ. પણ ગૂંચળું વળીને મનમાં ઊંડે પડી હોય ત્યાં સુધી ઠીક છે પણ સર્પ પેઠે ફૂંફાડો કરી જાગ્રત થાય ત્યારે ઋષિમુનિઓ પણ તેના આક્રમણ સામે પરાભૂત થયા છે. તેને ઉત્તેજનાની જરૂર નથી. સતત સંયમની જ જરૂર છે. ફ્રૉઇડે જ્યારથી કામવાસનાના બહારના દમનને કારણે થતાં વિપરીત પરિણામો તરફ ધ્યાન ખેંચ્યું ત્યારથી કામવાસનાને જાણે કોઈ સંયમની જરૂર નથી એવું માનવામાં આવ્યું છે અને તેથી સ્વચ્છંદને ઉત્તેજન મળ્યું છે. વર્તમાનમાં આ સ્વચ્છંદમાં બધી મર્યાદાનો લોપ થતો જાય છે.

લગ્નજીવનમાં સુખનો પાયો પરસ્પરની વફાદારી છે. ભાગ્યે જ કોઈ વ્યક્તિ એવી હશે કે જ્યાં પતિ અથવા પત્ની બેવફા હોય તો દુ:ખ અને ક્લેશ ન થાય, સિવાય કે બન્ને સાવ નફ્ફટ થઈ ગયાં હોય.

બર્ટ્રાન્ડ રસેલે તેમના પુસ્તક "મૅરેજ ઍન્ડ મોરલ્સ"માં લગ્ન-બહારના જાતીય સુખની હિમાયત કરી હતી. તેમણે પોતે લગ્નબહાર જાતીય સુખ કેટલું ભોગવ્યું તે જાણવામાં નથી. પણ ચાર વખત લગ્ન કર્યાં-છેલ્લું ૮૦ વર્ષની ઉંમરે-છતાં પ્રેમની ઝંખના સંતોષાઈ નહિ એવું આત્મકથામાં લખ્યું છે. મનને સદા ભટકતા રહેવા દેવું અને જાતીય સુખ માટે નવી શોધનાં સતત વલખાં મારવાં તેમાં અશાન્તિ સિવાય કાંઈ પરિણામ હોય જ નહિ.

ચીમનલાલ ચકુભાઈ શાહ

લગ્નબહારનું જાતીય સુખ

દરેક ધર્મે અને સમાજે એક યા બીજા સ્વરૂપે લગ્નસંસ્થાનો સ્વીકાર કરેલો છે. જાતીય સુખ લગ્ન દ્વારા ભોગવવાની નીતિ સ્વીકારા-યેલી છે. લગ્નબહારના જાતીય સંબંધને નિંદ્ય અને અપ્રતિષ્ઠિત ગણાવ્યો છે. પરંતુ ઔદ્યોગિક યુગના શહેરીકરણ પછી અને વંશ-પરંપરાના સ્થાયી વસવાટની બદલાયેલી સ્થિતિને કારણે સામાજિક પ્રતિષ્ઠાનો ભય વ્યક્તિને પૂર્વવત્ વેઠવાની સ્થિતિ રહી નથી. વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને જાતીય સંબંધ અંગે ધર્મનાં પાપ-શિક્ષાની માન્યતા ઉપરની ઊઠી ગયેલી શ્રદ્ધાને લીધે લગ્નબહારના જાતીય સંબંધમાં વધારો થઈ રહ્યો છે. સ્ત્રીપુરુષના બહારના ક્ષેત્રના સહજીવને તેને પોષણ આપ્યું છે.

અમેરિકામાં વસતિવધારો અને તેની ભવિષ્યમાં દેશ ઉપર થનારી અસર તપાસવા માટે જોન્સ હોપકિન્સ સ્કૂલ ઑફ પબ્લિક હેલ્થ તરફથી એક મોજણી હાથ ધરવામાં આવી હતી. તેમાં ૧૫થી ૧૯ વર્ષ સુધીની ૪૬૧૧ અપરિણીત છોકરીઓની મુલાકાત લેવામાં આવી હતી. તેમાંની ૪૬ ટકા છોકરીઓએ જાતીય સુખ ભોગવવાનું શરૂ કર્યું હતું. તેની ૨/૩ સંખ્યા એક જ સાથી સાથે એ સુખ ભોગવતી હતી તો બાકીની ૧/૩ એકથી વધુ સાથી સાથે સુખ ભોગવી ચૂકી હતી.

આ સરવે ૧૯ વર્ષની ઉંમર સુધીનો છે. પરંતુ લગ્નજીવનની ઉંમર સામાન્ય રીતે એથી વધુ મોટી હોય છે. આથી ૫૪ ટકા એ ઉંમર સુધી જે છોકરીઓએ શરીરસુખ ભોગવ્યું નથી તે અપરિણીત ઉંમર વધુ લંબાય તો પણ એ સુખથી વંચિત રહે તેવી ટકાવારી પ્રમાણમાં ઓછી રહેવાનો સંભવ છે. એક પ્રોફેસરનું આ અગાઉ 'રીડર ડાયજેસ્ટ'માં વિધાન વાંચ્યાનું યાદ છે. એમણે જણાવ્યું હતું

કે અમેરિકામાં ભાગ્યે કોઈ છોકરી એવી હશે કે જેણે લગ્ન પહેલાં જાતીય સુખ ન ભોગવ્યું હોય, જેમાં મારી દીકરીનો પણ સમાવેશ થઈ જાય છે. એમણે છોકરાઓનો ઉલ્લેખ નહોતો કર્યો. પરંતુ છોકરીઓના ઉલ્લેખમાં તે આપોઆપ આવી જાય છે. છોકરીઓની આ સ્થિતિ હોય તો છોકરાઓ એનાથી વધુ મુકત સંબંધ બાંધ્યા વિના ન જ રહે. આ સંબંધ લગ્નની અંદર ચુસ્ત રહેવો જોઈએ તેવી સ્થિતિ હતી ત્યારે પણ પુરુષો વધુ છૂટ ભોગવતા હતા, પછી એ બાકાત શી રીતે હોય?

આ મોજણી છાપાંમાં વાંચવા મળી તેની જોગાનુજોગ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ તરફથી પ્રસિદ્ધ થયેલ 'કામવિજય' પુસ્તક સમાલોચનાર્થે પ્રાપ્ત થયું. અમેરિકાના વિચારક અને લેખક શ્રી સી. જે. વાનલીટના 'કોન્ક્વેસ્ટ ઑફ ધ સર્પન્ટ' પુસ્તકનું શ્રી રઘુનાથજી નાયક અને શ્રી અશ્વિનભાઈ પટેલે કરેલું ભાષાન્તર છે.

જે અમેરિકામાં લગ્ન વિના જાતીય સુખ ભોગવવાની મનોવૃત્તિ વધી રહી છે તેના જ એક લેખકે ધર્મની પાપપુણ્યની ભાવનાને વશ થઈને નહિ પણ ઉત્ક્રાંતિની દૃષ્ટિએ માનવે વિકાસ સાધવો હશે તો સંયમનો–બ્રહ્મચર્યનો માર્ગ અપનાવવો પડશે તેવી રજૂઆત આ પુસ્તકમાં કરી છે–

"પુરુષ અને સ્ત્રીના શરીરમાં રહેલી જાતીય ગ્રંથિઓ પ્રજનન–શકિત પૂરી પાડનારા મધ્યવર્તી પાવર સ્ટેશન ગણાવી શકાય. આ સ્ટેશનની ઉત્પાદનશકિત અમર્યાદ નથી. એક માર્ગે આ શકિતનો જથ્થો વપરાઈ જાય તો અન્ય હેતુઓ માટે ઓછો–કદાચ અતિશય અલ્પ જથ્થો જ બાકી રહે. પ્રજનન ગ્રંથિઓ વડે બે પ્રતિસ્પર્ધી હેતુઓ સિદ્ધ થાય છે: (૧) પોતાની જાતિની ઉત્પત્તિ માટે બહિ:સ્રાવી અને બીજી પોતાના પોષણ, વિકાસ અને સંવર્ધન માટે અંત:સ્રાવી રસ પેદા કરે છે. માનવજાતે પોતાની આપખુદીથી એક ત્રીજો હેતુ ઉમેર્યો છે. પોતાની અનિયંત્રિત વાસનાઓને સંતોષવા માટે મોટા જથ્થામાં બહિ:સ્રાવી રસો, જે ખરેખર બિન–ઉત્પાદક અને દરેક રીતે ક્ષીણતા લાવનારા છે"

"આ બહિ:સ્રાવનું અમર્યાદ ઉત્પાદન અંત:સ્રાવી રસોના ભોગે જ થઈ શકે, જે અંત:સ્રાવી કાર્યો પર નુકસાન કરનારાં પરિણામો જ લાવે. પોતાનાં દ્રવ્યોના ઉત્પાદન માટે આ ગ્રંથિઓ લોહીના પ્રવાહમાંથી કેટલાંક અતિકીમતી તત્ત્વો ખેંચી લે છે. આથી બીજાં અંગો માટે આવશ્યક હોય તેવાં તત્ત્વો પૂરતા પ્રમાણમાં બચતાં નથી. અંતે આખા શરીરતંત્રને શોષવું પડે છે. પ્રજનનની ગ્રંથિઓને માનવીની ભોગેચ્છાની તૃપ્તિને નિમિત્તે વિકારવશ થવા દેવામાં ન આવે તો તે કેવળ માબાપ બનવાના નૈસર્ગિક હેતુ–પ્રસંગોએ જ બહિ:સ્રાવ રસ તૈયાર કરશે. તેથી આ ગ્રંથિઓના અંત:સ્રાવી રસોનું શરીર, મન, ચારિત્ર અને આત્મતત્ત્વના સંપૂર્ણ લાભ માટે ઉત્પાદન થશે."

"લગ્નસંસ્થા માનવજાતની સૌથી જૂની સંસ્થાઓમાંની એક છે. તેમાં ક્રાંતિકારી ફેરફાર કરવાની જરૂર છે. એને કામવાસનારૂપી ઝેરી સાપે કોરી ખાધેલી હોવાથી તે અંદરખાનેથી જીર્ણ થઈ ગયેલી છે. મૂળભૂત રીતે જોઈએ તો લગ્નસંસ્થા એક ઉત્તમ સંસ્થા છે. માત્ર નવી પેઢી ઉછેરવાના સાધન તરીકે જ નહિ, પરંતુ જવાબદારી, સહકાર, સ્નેહ, નિ:સ્વાર્થવૃત્તિ અને આત્માની ઉન્નતિ કરનારા ગુણોના વિકાસની એ ઉત્તમ સંસ્થા છે."

"પરંતુ રુક્ષ જડવાદ અને કામુકતાના જમાનામાં પરિણીત અવસ્થા, ખાસ કરીને, વિષયસેવનની અનુકૂળતા માટે પસંદ કરવામાં આવે છે. એમાં વધારેમાં વધારે ઉત્તેજના અને સંભોગ માણવાની તક મળે છે. લગ્નસંસ્થા કાયદેસર ભોગો ભોગવવાનો જાણે મુકત પરવાનો બની ગઈ છે. શરીરનું આકર્ષણ અને જાતીય અનુકૂળતા મદભરી રીતે શોધવામાં આવે છે, જેને લગ્નથી સધાતી સફળ મૈત્રી માટેની પાયાની જરૂરિયાત માનવામાં આવે છે. એમાં કાયમી સુખ સમાયેલ હોત તો એનાં અનર્થ પરિણામો આવ્યાં ન હોત–શારીરિક અને માનસિક થાક, લગ્નજીવનનો શોક, સંતાપ, ઝઘડા, અંટસ અને ઘૃણા, છૂટાછેડા લેવા માટે દોડાદોડ, જ્ઞાનતંતુઓના રોગો તેમ જ જાતીય દર્દોની સારવાર માટે ડૉકટરોને ત્યાં આંટાફેરા અને ગર્ભાશયમાં અશકત બની ગયેલાં રોગગ્રસ્ત બાળકોનું જગતમાં આગમન."

"આ બધી આપત્તિઓને લગ્નજીવનના વધારે પવિત્ર ખ્યાલો દ્વારા જાતીય આવેગો ઉપર નિયંત્રણ દ્વારા અટકાવી શકાય. પરિણીત જીવનમાં વારંવાર શરીર–સમાગમ સ્વાભાવિક છે એમ આરોગ્યપ્રદ છે એવી આધાર વિનાની માન્યતા માનવ–મન ઉપર જડાઈ ગયેલી છે. એ સ્વાભાવિક પણ નથી તેમ આરોગ્યપ્રદ પણ નથી એ વાત બહુ થોડા લોકો જાણવા માગતા હોય છે."

"લગ્નનો પરવાનો કાંઈ અચળ અને આફર એવી શારીરશાસ્ત્રની નક્કર હકીકતોને ફેરવી નાખતો નથી. પ્રજનન હેતુ–વિના સંભોગ લગ્નવિધિ પહેલાં જેટલો બાંધાભર્યો છે તેટલો જ લગ્નવિધિ થયા પછી પણ બાંધાભર્યો છે. જેની પાછળ ગર્ભાધાનનો હેતુ હોય તેવા સંભોગને જ માન્યતા આપી શકાય. માનવબાળકની પુખ્ત ઉંમરે પહોંચવાની ક્રિયા ધીમી ગતિએ ચાલે છે તેથી મા–બાપની દેખભાળ લાંબા સમય માટે આવશ્યક રહે છે. આમ હોવાથી માનવજાત લગ્ન-બંધનની મર્યાદા માગે છે. એટલે લગ્નબહારની જાતીય વૃત્તિને માન્ય ગણવાનો પ્રશ્ન રહેતો નથી."

એક બાજુ સુખ ભોગવવાની વધી રહેલી લાલસાને લીધે લગ્નબહાર એ સુખ ભોગવવાનું વલણ વધતું જાય છે, ત્યારે લેખક શરીરવિજ્ઞાનનો હવાલો આપીને એ સુખ લગ્નની અંદર પણ ગર્ભા-ધાન પૂરતું જ ભોગવવું તેવો સામા છેડાનો હવાલો આપે છે. પ્રાણીઓ વંશવૃદ્ધિના મર્યાદિત હેતુ પૂરતાં જાતીય વૃત્તિથી પ્રેરાય છે, તેમનો દાખલો લેખક આપે છે. પરંતુ કુદરતે જે યોજના કરી છે તેમાં માનવીએ બુદ્ધિકૌશલ્ય વાપરીને તેમાં પરિવર્તન આણેલું છે, તે એમની ધ્યાનબહાર જાય છે. પ્રાણીમાં કુદરતે દૂધ તેનાં બચ્ચાંના ખોરાક તરીકે પેદા કરેલું છે. પરંતુ મનુષ્યે ગાય અને ભેંસને પાળીને એની પાસેથી બચ્ચાંને જરૂર હોય તે કરતાં વધુ અને લાંબા સમય સુધી દૂધ પ્રાપ્ત કરવાનો વિકાસ સાધેલો છે. આમ કુદરતી હેતુ કરતાં ઘણું બધું દૂધ પ્રાણી પાસેથી માનવીએ મેળવવાની સિદ્ધિ મેળવેલી છે. એ જ રીતે માનવશરીરમાં પ્રજનનની જે ગ્રંથિઓ બહિ:સ્રાવી રસ ઉત્પન્ન કરે છે તે કામસુખ માટે વધુ પેદા કરવાની સિદ્ધિ હાંસલ નથી કરી તેમ માનવાને શું કારણ છે? માનવીએ ત્રીજો હેતુ એનો શોધી કાઢયો છે તેમ એ રસ વધુ પેદા કરવાની સિદ્ધિ ન મેળવી હોત તો ક્ષીણ થઈ ગયો હોત. માનવી પશુકોટિએ રહ્યો નથી ત્યારે કામવાસનાની બાબતમાં તે કોટિએ રહે તેમાં એનો વિકાસ છે તેમ શા માટે?

માણસે જાતીય સુખનો વધુ આનંદ માણવો હશે તો પણ સંયમ દ્વારા જ તે પ્રાપ્ત થઈ શકશે. એ સંયમનો મધ્યમ માર્ગ લગ્નસંસ્થા દ્વારા શોધાયેલો છે. હવે એ મધ્યમ માર્ગ વટાવી જઈને તે સુખ ભોગવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે ત્યારે કોઈ નવો મધ્યમ માર્ગ શોધાશે.

ઈશ્વર પેટલીકર

દયાપ્રેરિત હત્યા

[આ વિષય ઉપર 'પ્રબુદ્ધ જીવન'માં આવેલ લખાણ સંબંધે બે ચર્ચાપત્રો મળ્યાં છે જે નીચે આપ્યાં છે. વિષય એવો છે જેમાં બન્ને પક્ષે કાંઈ કહેવાનું છે. એવા કિસ્સાઓ ટાંકી શકાય કે જેમાં મૃત્યુ દરદી અને તેના સંબંધીઓ માટે છુટકારો લેખાય અને જીવન ત્રાસ લાગે. આવી સ્થિતિ હોય ત્યાં નિર્ણય કેવી રીતે કરવો? એક વ્યવહારુ અને સામાજિક દૃષ્ટિએ યોગ્ય ધોરણ એ છે કે જે વસ્તુનો સદુપયોગ કરતાં દુરુપયોગ વધારે સંભવિત છે તેને ત્યાજ્ય ગણવી. દાખલા તરીકે ગર્ભપાત અને લગ્નવિચ્છેદ. એવા કિસ્સાઓ ઘણા મળે કે જ્યાં ગર્ભપાતની છૂટ આપવી અયોગ્ય ન ગણાય. તેવું જ પરિણીત જીવનના કેટલાય પ્રસંગો એવા દેખાય કે જ્યાં છૂટા કરવા સુખનો માર્ગ લેખાય. છતાં અનુભવ કહે છે કે આ બન્નેમાં સદુપયોગ કરતાં દુરુપયોગ વધારે થાય છે અને વધતો જાય છે. Hard cases make bad law. પણ લપસણી ભૂમિકાનો સહેલો માર્ગ માણસ સરળતાથી લે છે. પરિણામે વધારે દુઃખી થાય છે અને વધારે ઊંડા પાણીમાં ઊતરે છે. પણ પોતાની જાતને છેતરવાની કળા માણસ જેટલી કોઈને આવડતી નથી. સહન કરવું સહેલું નથી. તેમાંથી છૂટવાનો માર્ગ દેખાતો હોય તો માણસ તે તરફ દોડે છે.

દયાપ્રેરિત હત્યાનું પણ કાંઈક આવું જ છે. મને લાગે છે, તેમાં સદુપયોગ કરતાં દુરુપયોગનો સંભવ વધારે છે. આ રસ્તો વધારે જોખમી છે કારણ કે માણસનો જીવ લેવાની વાત છે. ખૂન અને દયાપ્રેરિત હત્યા વચ્ચેની રેખા પાતળી છે.

અત્યારે હું ધાર્મિક અથવા નૈતિક દૃષ્ટિએ વિચાર નથી કરતો. પણ આ દૃષ્ટિ વિશેષ અગત્યની છે. કર્યાં કર્મ સમતાપૂર્વક વેદવા અને આર્તધ્યાન અથવા રૌદ્રધ્યાન છોડી શુભ ભાવનામાં વિચરવું એ કર્મક્ષય અને નિર્જરાનો માર્ગ છે. જીવવાની ઈચ્છા ન કરવી તેમ મરવાની ઈચ્છા પણ ન કરવી અને ઉદયકર્મને આધીન પ્રવાહપતિત જીવન વ્યતીત કરવું તે ધાર્મિક દૃષ્ટિ છે. નૈતિક દૃષ્ટિએ પણ કોઈનો જીવ લેવાનો અધિકાર અથવા જવાબદારી કોઈ વ્યક્તિ લઈ શકે નહિ. સ્વયંસમાધિ અથવા અનશનવ્રતથી સંલેખનાપૂર્વક દેહ છોડવો એ ઉચ્ચતમ માર્ગ છે. વિરલ વ્યક્તિ કરી શકે.

દયાપ્રેરિત હત્યા (Mercy Killing) નાં કારણો ધાર્મિક અથવા નૈતિક નથી.

બીજાનું દુઃખ જોવાનું નથી અથવા તેની સારવાર થઈ શકે તેમ નથી અથવા તે પોતે અને તેનાં સગાંસંબંધીઓ કંટાળી ગયા છે અને દુઃખમુક્તિ માગે છે અથવા રોગ અસાધ્ય છે માટે મૃત્યુ સમીપ લાવવું—આવાં કાંઈક કારણો હોય છે. આ બધામાં મોટે ભાગે સામાજિક અથવા વ્યક્તિગત નિર્બળતા છે. —તંત્રી]

[૧]

શ્રી ગોપાળદાસ મોદીએ "દયાપ્રેરિત હત્યા"ની જોગવાઈ કરતા કાયદા માટેની હિમાયત કરતાં કરતાં સમાજનાં દંભ અને નકારાત્મક દૃષ્ટિબિંદુ ઉપર હથમચાવી મૂકે તેવાં વિધાનો કર્યાં છે. આના અનુસંધાનમાં અન્ય વાચકોના વિચારો પણ પ્રગટ થયા છે. સમાજને અંચઈ આપે અને વિચાર કરતું કરી મૂકે તેવું મનોમંથનીય વિધાન પ્રગટ થતું રહે અને એ દ્વારા સમાજની વિચારશીલ વ્યક્તિઓના આઘાત-પ્રત્યાઘાત પ્રગટ થાય એ આવશ્યક છે. આવી તદ્દન કડવી ગોળી કે સુદર્શનની ફાકી સમાજની વિચાર-વિનિમય તંદુરસ્તી માટે જરૂરી તો ખરી જ. ભલે શ્રી મોદી ગમે તેવી માન્યતા રાખતા હોય, ગંભીરપણે એમની આ જ માન્યતા હોય તો યે સમાજના વિચારશીલ વર્ગને એમણે ઠીક ઠીક હલબલાવ્યો તો છે જ.

આ વિષયના અનુસંધાનમાં મને પૂ. ગાંધીજીએ કહેલી શ્રી પરચૂરે શાસ્ત્રીજીની સારવારનો કિસ્સો ખૂબ ખૂબ સાંભર્યા કર્યો છે. શ્રી પરચૂરે પોતે તો મૃત્યુ વહોરવા જ જઈ રહ્યા હતા પરન્તુ 'બાપુ'એ અત્યંત પ્રેમથી એમની પોતે જાતે જ સેવાશુશ્રૂષા કરી સાજા કર્યા, જીવન બક્ષ્યું, તંદુરસ્તી આપી આયુષ્ય બચાવ્યું એ બીના સુપ્રસિદ્ધ છે એટલે એ વિશે વિવેચન-વિવરણ જરૂરી નથી. પરન્તુ અત્રે મારે એ મુદ્દો ચર્ચવો છે કે આ એ જ બાપુ હતા જેમણે સાબરમતી આશ્રમમાં વાછરડીનો દયાપ્રેરિત (?) અંત આણેલો.

એ સમયે આ હત્યાની બીના અત્યંત ચર્ચાસ્પદ બનેલી. સમાજના મોટા ભાગના વર્ગને ઘૃણાસ્પદ લાગેલી અને બાપુની અહિંસામાં ખામી છે એવું કહેનારા પણ ઓછા નહોતા. એ અંગેની અને એને અનુલક્ષી થયેલી ગાંધીવિચારધારા વિવાદસ્પદ જ રહેલી.

એકને મરવાની ઈચ્છા જ હતી છતાં મરવા ન દીધા અને જીવન બક્ષ્યું. બીજાની પીડા પોતાથી ન જોવાઈ એટલે પીડામુકત કર્યું—એમાં વ્યક્તિનો આશય અને યોગ્યતા વિચારવાં જોઈએ. પ્રત્યેક કાર્યની પાછળ, પરિણામ પાછળ અને કારણ પાછળ તેના હેતુનું મંડાણ અને મંડાણ રોપનાર વ્યક્તિની પાત્રતા જોવાં રહ્યાં.

શ્રી મોદીએ પોતાની સમસ્યામાં પોતે જ અમુક શરતો આવશ્યક લેખવી જોઈએ એની સ્પષ્ટતા તો કરી જ છે, છતાં જીવનની કઠોર વાસ્તવિકતા કે જડ લાગણીવેડા છોડવાની એમની વાત બહુ પ્રોત્સાહિત તો અલબત્ત નથી જ. એમણે ત્રણેક શરતોની રજૂઆત કરી એ વિચારણીય હોય તોયે અનુમોદનીય નથી લાગતી.

મને બરાબર યાદ છે કે શ્રી મહેન્દ્ર મેઘાણીએ "મિલાપ"નું પ્રકાશન શરૂ કર્યું તે અરસામાં શરૂઆતના જ અંકો પૈકી એક અંકમાં અમેરિકામાં રંગતપીતિયા અને મરવા વાંકે જીવતા દર્દીઓની સેવા અર્થે એક મોટી વસાહતમાં સેવા કરનારા પ્રભુના પ્યારા પયગંબર જેવા એક ખ્રિસ્તી ફાધરની હકીકત પ્રગટ થયેલી, જેના અનુસંધાનમાં વાચકોના વિચાર વિભાગમાં મારો પત્ર પ્રગટ થયેલો અને આપણો સાધુ સમાજ કે સેવા સંસ્થાઓ આનો દાખલો લે તો ઉત્કૃષ્ટ સેવા થાય એનો અનુરોધ કરેલો. એ આખોયે પરિચય અને કિસ્સો હૃદયંગમ હતો. અરે! હમણાંની જ હકીકત આ વખતના "જનકલ્યાણ" માસિકના માર્ચ-એપ્રિલ અંક બીજામાં ડૉ. થેડ્રસ માસ્લીનની પ્રગટ થયેલી છે તે પરત્વે હું વાચકગણનું અને શ્રી મોદીનું ધ્યાન ખેંચું છું.

દયાપ્રેરિત હત્યા સૈદ્ધાન્તિક રીતે આવકાર્ય નથી જ પણ જૈન-મત અને વેદાંત અનુસાર પૂર્વોપાર્જિત ઉપાર્જન અનુસાર વ્યકિત પોતાનાં સુખદુઃખનો કર્તા ભોકતા બને છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ લક્ષમાં રાખી તે અંગે જનમત લઈ પછી જ આવો કાયદો અમલમાં મૂકવો હિતાવહ ગણાય.

શ્રી મુનશીએ "ભગવાન પરશુરામ" નામની પોતાની પુરાણ ઈતિહાસકથામાં આવા રંગતપીતિયાની સેવામાં રોકાયેલી પોતાની માતા રેણુકાને પિતાની આજ્ઞા અનુસાર પાછી લઈ જવા અત્યંત મનોમંથન બાદ રાતોરાત અસાધ્ય રોગપીડિતોનો સંહાર કરી નાખ્યાની વિગતો આલેખી છે એ ખરેખર વાસ્તવિક સત્ય બીના હશે કે શ્રી મુનશીજીની માત્ર કલ્પના—કથાનાયકનાં ચરિત્ર-નિરૂપણમાં સહાયક થવા અર્થે કરેલી માત્ર કલ્પના—તેનો કશો આધાર મારી પાસે નથી, પણ આવા પ્રસંગે પણ ઉપર કહ્યું તેમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું અનુસંધાન તો રહે જ છે.

એટલે જીવતર અને મૃત્યુની પ્રક્રિયાનો ભાર સર્જનહાર માથે રહેવા દઈએ. એવા "કર્માધીન" પ્રાણીને જીવન આપી શકતા નથી તો મૃત્યુદંડ આપવાનો અધિકાર પ્રાપ્ત કરી લેવાની હીન ભાવના કરીએ તેના કરતાં સામ્યભાવવૃત્તિ રાખી, કરુણાભરી અનુકંપાવાળી દયાદૃષ્ટિથી થાય તેટલું તેવા પીડિતો માટે કરી છૂટીએ તો આપણે મોત નીપજવવાના "પાપ"માંથી અવશ્ય બચીએ, અને એ જ શ્રેયસ્કર છે, એ જ કરવા જેવું છે– પછી ભલે કદાચ આભ તૂટી પડતું હોય તો યે ભલે તૂટે–જે અલંકૃત ભાષાવ્યવહાર પ્રયોગ જ છે, વાસ્તવિક રીતે એવું કદાપિ બન્યું નથી, બનવાનું પણ નથી; અને સંસારચક્રની ગતિ અવિરતપણે ચાલ્યા જ કરે છે, ચાલ્યા જ કરશે.

જયન્તીલાલ સુ. તુરખિયા

[૨]

તા૦ ૧૬-૫-'૭૨ ના અંકમાં આપે ઉતારેલા શ્રી ગોપાળદાસ મોદીના લેખ અંગે થોડુંક લખવા પ્રેરાયો છું. તે નીચે મુજબ છે:

(૧) આ પ્રશ્ન- એટલે 'સુખમૃત્યુ'નો પ્રશ્ન આજથી ત્રણેક વર્ષ પર પ્ર. જી. માં જ ચર્ચાઈ ગયો છે. ઘણું કરીને શ્રી રમણલાલ એન્જિનિયરે આ ચર્ચા શરૂ કરી હતી.

(૨) આપે ઉતારેલું લખાણ શબ્દેશબ્દ શ્રી ગોપાળદાસનું જ હોય તો મારે કહેવું જોઈએ કે એમના લખાણમાં વિચારનો ભારે ગોટાળો છે. પહેલા પેરામાં એમણે "પીડારહિત હત્યા" એવા શબ્દો વાપર્યા છે. બીજા પેરામાં લખ્યું છે, "માનવીને મરવા ન દેવો એ એક ક્રૂરતા છે." થોડીક લીટીઓ બાદ લખ્યું છે, "તેથી જ્યારે તે પોતાની જિંદગીનો અંત આણવાનું નક્કી કરે ત્યારે તેને તેમ કરવા દેવો જોઈએ. **સ્વેચ્છા મૃત્યુ** એ માનવીનો મૂળભૂત અધિકાર મનાવો જોઈએ." આમ સ્વેચ્છા મૃત્યુની વાત કરી તરત કહે છે, "દયાપ્રેરિત હત્યા નૈતિક દૃષ્ટિએ પણ યોગ્ય છે." વળી આગળ લખે છે, "જેને જિંદગીનો એક એક દિવસ એક એક વરસ જેવો લાગતો હોય તેને **સ્વેચ્છાએ મરવા** શું કામ ન દેવો?" પાછું ત્રીજા પેરામાં આવે છે, "...અને લાગણીવેડા છોડી કરુણાપ્રેરિત **હત્યાને** આવકારીએ." આમ, સ્વેચ્છા મૃત્યુ અને કરુણાપ્રેરિત હત્યાનો ગોટાળો થયો છે.

(૩) શ્રી ગોપાળદાસ આપણને લાગણીવેડા છોડવાની અને જીવનની કઠોર વાસ્તવિકતા સ્વીકારવાની ભલામણ કરે છે. આનો આધાર લઈ હું પૂછું છું કે આપઘાત કરવાનો આપણો મૂળભૂત અધિકાર કોણે લઈ લીધો છે? પ્રસ્તુત ચર્ચામાં તો અસહ્ય દર્દથી પીડાતા માનવીની વાત છે.પરંતુ આપણા સોરઠી સંતો તો જીવતાં સમાધિ લેતા. મને એમ લાગે કે મારા જીવનનું કાર્ય પૂરું થયું છે તો સંતોષપૂર્વક મરણને ભેટતાં મને કોણ રોકી શકે? અસંખ્ય સ્ત્રીઓ જીવનથી કંટાળી અથવા જીવનની વ્યર્થતા અનુભવી અગ્નિસ્નાન કરે છે એમને કોણ રોકે છે? તેવી જ રીતે કોઈ કેન્સરનો દર્દી જીવનથી કંટાળે તો પાંચમે માળથી ભૂસકો મારતાં કે ટ્રેઈન નીચે પડતું મૂકતાં અથવા દરિયામાં દોટ મૂકતાં તેને કોણ રોકે છે?

(૪) પણ પ્રશ્ન એ છે કે સમાજ એમાં અનુમોદન આપી શકે? આપવું જોઈએ? ડૉ. વિનોદ શાહનો જ દાખલો લઈએ. એમની દૃષ્ટિએ એમનું પગલું બરોબર હતું. પરંતુ આપણે એમને એવી સલાહ આપી શકીએ? સમાજ પોતાની જવાબદારી બરોબર ઉઠાવતો નથી. (ડૉ. વિનોદ શાહ અને અનેક ગુજરાતણો તરફની) તેથી જ આવા કિસ્સાઓ બને છે. શ્રી ગોપાળદાસે પહેલા પેરામાં આપેલો દાખલો જ લઈએ. રસ્તા પર કે ફૂટપાથ પર પડેલા માનવદેહના પોટલાની વાત એમણે કરી છે. સમાજ પોતાની છાતી પર હાથ મૂકીને કહી શકશે કે એ પોટલાની આવી સ્થિતિ માટે પોતાની કશી જવાબદારી નથી? ખરી વાત એમ છે કે સમાજને પોતાનું અંતઃકરણ ડંખે છે; એ ડંખને ભૂલી જવાય તેટલા માટે જ એને "દયાપ્રેરિત હત્યા"ના તુક્કા આવે છે. કેન્સરના દર્દીની વાત લઈએ તો પણ એ જ કબૂલાત કરવી પડે છે કે કેન્સરના રોગની રામબાણ દવા સમાજને જડી નથી એટલે સમાજ પોતાની લાચારી ઢાંકવા દર્દીની દયાથી પ્રેરાવાનો દંભ કરી એના "સુખ-મૃત્યુ"ની હિમાયત કરે છે અને તે માટે કાયદો કરવાની તત્પરતા દાખવે છે!

(૫) પણ શ્રી ગોપાળભાઈને પક્ષે એમ દલીલ કરી શકાય કે "ભાઈ, તમે ખોટી જીભાજોડી છોડી વ્યવહારુ વાત કરો. એક ડોસો દસ વરસથી લકવાથી પીડાય છે. ઝાડો–પેશાબ પથારીમાં થઈ જાય છે. કોઈ ખવડાવે તો ખાઈ શકે છે; પીવડાવે તો પી શકે છે. એની વફાદાર પત્ની ચાકરી કરતાં કરતાં ઘરડી થઈ ગઈ છે. હવે, (અ) આ ડોસો પોતે પોતાની મેળે મરવા ઈચ્છે છે પણ મરી શકતો નથી. તો એ શું કરે? (બ) એની પત્નીએ એને મરવામાં મદદ કરવી જોઈએ કે નહિ? (ક) રાજ્ય કે સમાજ આવા કેસમાં કેમ મદદ ન કરે? (ડ) પેલી સ્ત્રી જ બિચારી કંટાળી હોય અને આમાંથી છૂટવા માગતી હોય તો કેવી રીતે છૂટે? એને છૂટવા માટે સમાજે કંઈ રસ્તો બતાવવો જોઈએ કે નહિ?

(૬) આનો જવાબ આમ હોઈ શકે: (અ) ડોસાને પોતાને મરવું હોય તો શ્રી ગોપાળભાઈ જેને મરજિયાત હત્યા કહે છે તે વર્ગમાં આ દાખલો આવે. એની પત્નીએ, એનાં નિકટનાં સગાંઓએ એમાં મૂગી સંમતિ આપવી જોઈએ. (બ) રાજ્ય આંખમિચામણાં કરી શકે અથવા એ કેસનો વ્યક્તિગત વિચાર કરી શકે; કાયદાથી મદદ ન કરી શકે. રાજ્યની ફરજ તો એટલીજ હોઈ શકે કે એ દરદીનો જીવનબોજ (સંસ્થા મારફત, આર્થિક મદદ દ્વારા કે ઘેરબેઠાં રાહત પહોંચાડી) ઓછો કરવો. (ક) એની કંટાળેલી પત્નીને પણ સમાજ- સમાજસુધારક કે પ્ર. જી. જેવું ઉદારમતવાદી પત્ર એક જ સલાહ આપી શકે કે "બહેન, તા૦ ૧-૯-૧૯૭૦ના પ્ર. જી.માં આવેલો "વિરલ વાત્સલ્ય"નો કિસ્સો વાંચી જા." માનો કે આ શ્રી દયાથી પ્રેરાઈ પોતાના પતિની હત્યા કરી બેસે તો રાજ્ય કદાચ એને હળવી સજા કરે અગર છોડી દે, પરંતુ કેસ તો ચલાવે જ. ઘણું કરીને પ્ર. જી. માં આવો (સહેજ જુદો) એક કિસ્સો આવ્યો હતો, જેમાં મરણાસન્ન પિતા પોતાના અપંગ સંતાનને મારી નાખે છે.

કાન્તિલાલ શાહ

ડૉ. શાહનું 'આત્મબલિદાન'

[જસ્ટિસ નરેન્દ્ર નથવાણીના 'ડૉ. વિનોદભાઈ શાહના આત્મબલિદાન' વિશેના લેખ સંબંધમાં દેસાઈ વાલજી ગોવિંદજીનું મંતવ્ય અહીં આપવામાં આવ્યું છે.]

પ્ર. જી. ના પહેલી જૂનના અંકમાં ડૉ. શાહના 'આત્મબલિદાન' ને નામે લેખ છે તેથી આ પત્ર લખવાનું પ્રાપ્ત થયું છે.

આપઘાત અઘટિત કામ છે, સત્કર્મ નથી પણ દુષ્કર્મ છે, અપરાધ છે. આપઘાત કરનારને એના અપરાધની ક્ષમા અપવાદરૂપ સંજોગોમાં જ મળી શકે છે. એના ઉદાહરણરૂપ તે બેત્રણ પારસી બહેનો છે જેણે પોતાનો દેહ ભ્રષ્ટ થાય એવી શંકાને કારણે રાજાબાઈ ટાવર ઉપરથી પડતું મૂક્યું હતું.

આપઘાતનો બચાવ કરવામાં સંયમ તથા વિવેક આવશ્યક છે, એવો બચાવ હાલતાંચાલતાં થાય તો તેનાથી કરીને એ કુપ્રવૃત્તિને ઉત્તેજન મળે છે.

ડૉ. શાહની આપણને દયા આવે, એને વિશે આક્ષેપરૂપ કાંઈ લખતાં આપણને સ્વાભાવિક સંકોચ થાય. પણ ભવિષ્યમાં એના જેવું કામ કોઈ કરી ન બેસે એટલા માટે એના કૃત્યની ચર્ચા કર્યા વિના છૂટકો નથી.

સરકારી નોકરીમાં અમુક જગ્યા ઉપર માણસનો હક્ક હોય છતાં તે તેને નહિ પણ બીજા કોકને મળી જાય એવું વારંવાર બનતું હોય છે. એવું બને તો વિચારવાન પુરુષ વૃદ્ધ માતાપિતા, જુવાન પત્ની તથા ગભરુ બાળકોનું હિત ધ્યાનમાં લઈને કાં તો સમસમીને બેઠો રહે ને કાં નોકરીનું રાજીનામું આપે.

ડૉ. શાહને તો નોકરી વિના ચાલે એમ હતું. મોટી નોકરી ન મળી એટલે લાંઘણ કરવી, કુટુંબીજનોએ ખાવાનો આગ્રહ કર્યા છતાં ત્રણ ત્રણ દિવસ લાંઘણ ચાલુ રાખવી આ તે કાંઈ રીત છે?

પરદુઃખભંજન કરવું હતું તો તે જીવતાં જીવતાં કરવાના હજાર રસ્તા હતા. તીરથ કરવા ઘર બાળવાનું લવલેશ પ્રયોજન નહોતું.

૮-૬-'૭૨ **દેસાઈ વાલજી ગોવિંદજી**

વિધાયક, સર્જનશીલ અસંતોષ

માણસના જીવનમાં અસંતોષ હોય એમાં મૂળભૂત રીતે કશું ખોટું નથી પણ એનો આ અસંતોષ શા માટે છે? જીવનમાં એ શું પ્રાપ્ત કરવા માગે છે? અને જીવનને એ કઈ દિશામાં લઈ જવા માગે છે? એ પ્રશ્નોના ઉત્તર પર એનો અસંતોષ યોગ્ય છે કે નહિ એ વિશે નિર્ણય થઈ શકે છે.

જીવનમાં જે પ્રગતિ સાધવા માગે છે, વિકાસ કરવા માગે છે એનામાં અસંતોષ હોય એ સ્વાભાવિક છે. આવા અસંતોષમાંથી જ માનવજાતની પ્રગતિ થઈ છે. માનવજાતે સિદ્ધિનાં નવાં નવાં શિખરો સર કર્યાં છે. માણસનો અસંતોષ પોતાની પ્રગતિ માટે હોવો જોઈએ. પોતાના જીવનને પોતાની રીતે આગળ લઈ જવા માટે હોવો જોઈએ, પોતાના વ્યક્તિત્વનો સમગ્ર રીતે વિકાસ સાધવા માટે હોવો જોઈએ. આવો અસંતોષ સારો છે. હકીકતમાં, માણસના જીવનમાં પોતાના વિશે આવો અસંતોષ હોવો જ જોઈએ.

પણ બીજા એવા લોકો પણ હોય છે કે જેમનો અસંતોષ એમને અને બીજાને માટે હાનિકારક હોય છે. અસંતોષ નકારાત્મક હોય છે, એમાં વિધાયક કે સર્જનશીલ એવું કશું હોતું નથી. આવા માણસોને એમ થાય છે કે પોતાના પડોશીને, અને પોતાની નિકટના માણસોને જોઈએ તે મળે છે, પોતાને કંઈ મળતું નથી. આ જાતની બીજા સાથેની સરખામણીને લીધે જે ઈર્ષા અને દ્વેષ જાગે છે અને પછી આ ઈર્ષામાંથી જે અસંતોષ પ્રગટે છે એ અસંતોષ માણસને પ્રગતિ તરફ લઈ જતો નથી, એથી એનામાં કશા સારાનો, સુંદરનો ઉદ્‌ભવ થતો નથી. આવો અસંતોષ તો માણસના અંતરને કેરી ખાય છે. એ પછી બીજાને અને પોતાના સંજોગોને દોષ દેવા લાગે છે અને નિષ્ક્રિય બની જાય છે. ઈર્ષા અને દ્વેષજન્ય અસંતોષ એની કાર્યશક્તિને હણી નાખે છે. આથી એ પોતે તો અસ્વસ્થ રહે જ છે પણ બીજા એની નજીકના માણસોને પણ એ હેરાન-પરેશાન કરી મૂકે છે, કેમ કે આવા માણસો બીજાની સારી સ્થિતિને જોઈને કોચવાયા કરે છે અને એમનો આ કચવાટ એમની આસપાસના વાતાવરણને પણ દૂષિત કરી મૂકે છે.

આ રીતે જેને હાનિકારક કહી શકાય એવા અસંતોષનો ભોગ બનનારાઓ જીવનમાં કોઈ પ્રગતિ સાધી શકતા નથી કે જીવનમાં કંઈ પ્રાપ્ત કરી શકતા નથી. ઊલટાનું પોતાને નહિ મળ્યું હોય તે બીજાને મળેલું જોઈને ખૂબ જ અસંતુષ્ટ થઈ જાય છે. એમનાથી એ જોઈ શકાતું નથી એટલે બીજાઓ સાથેના એમના સંબંધોને પણ કેટલીક વાર આંચ આવે છે. છેવટે પોતાના સ્વભાવને કારણે તેઓ એકલા પડી જાય છે, બીજાઓથી વિખૂટા પડી જાય છે. આવે વખતે તેઓ તો પોતાના સ્વભાવની ખામીને જોવાને બદલે બીજાને જ દોષ દેવા લાગે છે. આવા માણસો પછી પોતાના જીવનના આનંદને ગુમાવી બેસે છે, એમને ફરિયાદો કરવા સિવાય બીજું કશું રહેતું નથી. એમને કયાંય અને કશામાં સારું દેખાતું નથી, કશામાં એમને રસ પડતો નથી. આસ્તે આસ્તે એમની દૃષ્ટિ જ વિકૃત બની જાય છે.

આવા પોતાને અને બીજાને હાનિકારક એવા અસંતોષમાંથી માણસે પ્રયત્નપૂર્વક મુક્ત થવું જોઈએ. આમાંથી મુક્ત થવા માટે એણે ઈર્ષા તેમ જ દ્વેષમાંથી પણ મુક્તિ મેળવવી જોઈએ. એટલે આપણો અસંતોષ કેવા પ્રકારનો છે એ માણસે સમજી લેવું જોઈએ.

જો તમારો અસંતોષ સાચી દિશાનો હશે, જીવનમાં વિકાસ અને પ્રગતિ સાધવા માટેનો હશે, તમે જીવનમાં જ્યાં ઊભા છો ત્યાંથી આગળ વધવાની તાલાવેલીમાંથી તમારો અસંતોષ સર્જાયો હશે, તમારો અસંતોષ નકારાત્મક નહિ, પણ વિધાયક હશે, કશુંક સુંદર, કશુંક સારું, ઉન્નતકારી પ્રાપ્ત કરવા માટેનો હશે તો તમારામાં એ માટે પુરુષાર્થ કરવાની, ધાર્યા નિશાને પહોંચવા માટે કામ કરવાની શક્તિ આવશે.

આ પ્રકારનો સાત્ત્વિક, સર્જનશીલ અસંતોષ તમારા જીવનને ગતિ આપશે, તમે જીવનમાં નક્કી કરેલા ધ્યેયને પ્રાપ્ત કરવાના "તમારા સંકલ્પને પુષ્ટિ આપશે. કાકાસાહેબ કાલેલકરે પણ કહ્યું છે: "સંતોષ અને અસંતોષ બંનેને જીવનમાં સ્થાન હોવું જોઈએ. પ્રગતિ કરનાર માણસ ચાલુ સ્થિતિ વિશે અસંતુષ્ટ રહેવાનો જ. એની સાથે જ પ્રગતિ થઈ રહી છે. પ્રગતિને અવકાશ ઘણો છે. પોતે આળસુ રહ્યા નથી. સમાજ પણ પોતાની જડતા છોડી રહ્યો છે એવો અનુભવ થયો એટલે આત્મવિશ્વાસ વધે એના સંતોષથી તેઓ પુરુષાર્થ વધારે છે. કેટલાક લોકોનો અસંતોષ એમને ક્રિયાશૂન્ય બનાવે છે. પછી એવા લોકો સમાજની કેવળ ટીકા જ કરે છે અને પોતે અકર્મણ્ય બને છે."

એટલે અસંતોષ હોય તો ખરાબ નથી પણ અસંતોષનો પ્રકાર કેવો છે એના પર એ હાનિકારક છે કે નહિ એનો આધાર છે. જીવનમાં જે લોકો કશુંક મહાન કામ કરવા માગે છે કે કરી રહ્યા છે અને જીવનમાં ખૂબ ઊંચે સુધી જવા માગે છે એ બધા લોકોમાં પોતાની આસપાસની પરિસ્થિતિ વિશે અસંતોષ હોય છે, કશુંક નવું કરવાની, નવું શોધવાની ઈચ્છા, જીવનનો કલ્યાણકારી, ઉન્નતિકર માર્ગ લેવાની તાલાવેલી અને એ માટે પુરુષાર્થ કરવાની તત્પરતા તેમ જ સંકલ્પશક્તિ હોય છે. આવા લોકોનો અસંતોષ વિધાયક હોય છે, સર્જનશીલ હોય છે અને એથી વ્યક્તિ તેમ જ સમાજની પ્રગતિ થાય છે.

—પિનાકીન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા જૂન માસની તા. ૨૪ શનિવાર સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મળશે, જે વખતે નીચે મુજબનું કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબોને મંજુરી આપવી.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.

(૪) શ્રી. મ. મો. શાહ સા. વા. પુ. માટે પાંચ ટ્રસ્ટીઓની નિમણુંક કરવી.

(૫) બંધારણમાં આજીવન સભાસદ માટે અને બંધારણમાં ફેરફાર કરવા અંગે બંધારણમાં સુધારા અંગે વિચારણા અને નિર્ણય.

(૬) સંઘના તથા વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટરોની નિમણુંક કરવી.

ઉપર જણાવેલ વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં સવિશેષ સૂચના કરવામાં આવે છે કે ઉપર જણાવેલો સંઘનો વૃત્તાંત, સંઘના તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો તેમ જ ચોપડાઓ સંઘના કાર્યાલયમાં ખુલ્લાં રાખવામાં આવ્યા છે. સોમવારથી શનિવાર સુધીના દિવસોમાં બપોરના ૨ થી ૫ વાગ્યા સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ છે.

સભાસ્થળ: સંઘનું કાર્યાલય,
૩૮૫, સરદાર વી. પી. રોડ, ચીમનલાલ જે. શાહ,
વનિતા વિશ્રામ સામે, સુબોધભાઈ એમ. શાહ,
મુંબઈ - ૪. મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

ગરીબોનો આનંદ – લગ્નનો લહાવો

[શ્રી અરવિંદ મફતલાલને ત્યાં લગ્ન સમારંભ સાદાઈથી ઊજવાયો તેની એક નોંધ (મારી લખેલી નહિ) 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકટ થઈ હતી. તેના અનુસંધાનમાં શ્રી મનુભાઈ ખંડેરિયા તરફથી આવેલ એક ચર્ચાપત્ર નીચે પ્રકટ કરવામાં આવે છે. શ્રી મનુભાઈએ દાન અને સેવામાં રહેલ દંભનો ઉલ્લેખ કર્યો છે તેમાં સત્યનો અંશ છે. પણ તેમનાં કેટલાંક વિધાનો આંશિક હોઈ એકતરફી છે. સત્તા અથવા ધનના ભૂખ્યા માનવી કરતાં, કીર્તિની ઝંખના સેવતો માનવી કાંઈક સારો છે. તે નિમિત્તે પણ સમાજનું કાંઈક ભલું કરશે તો જ કીર્તિ મળશે. ગમે તેવી સામાજિક ક્રાન્તિ થાય તો પણ દાન અને સેવાની જરૂર સમાજને રહેવાની જ. રાજ્ય બધું કરી દેશે અને બધું કરી શકશે તે ભ્રમ છે. સામ્યવાદી દેશોમાં ચોવું બન્યું નથી અને કલ્યાણ રાજ્ય કહેવાય છે–જ્યાં Social Benefits મોટા પ્રમાણમાં અપાય છે ત્યાં પણ એવું નથી થયું. રાજ્યકક્ષાએ દાન અને સેવા જડ –Mechanical થાય છે, અપ્રામાણિકતા અને ભ્રષ્ટાચાર–Corruption ઘર કરી જાય છે. દાન અને સેવામાં વ્યક્તિની અંતરકરુણા વધારે મહત્ત્વનું તત્ત્વ છે.

સાધારણ માણસોને લગ્નપ્રસંગે જમણવાર, સત્કાર સમારંભ કે શણગારના લહાવા લેવા દેવા તેવી ભલામણ અત્યારના સંજોગોમાં અવ્યવહારુ છે. દેખાદેખીથી આ મોંઘવારીમાં સાધારણ માણસ આવા ખરચા કરે તો દુઃખી થાય. નિરસ જીવનમાં રસ લાવવાના ઘણા માર્ગો છે. તંત્રી]

તા. ૧-૪-'૭૨ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં તમે શ્રી અરવિંદભાઈ ન. મફતલાલને ત્યાં લગ્નપ્રસંગ ઊજવાયો તેની નોંધ લીધી છે તે ઉચિત છે. બીજા કરોડપતિઓ પણ તેમનું અનુકરણ કરે તે ઈચ્છવા યોગ્ય છે. પણ સાધારણ લોકો(Common man)ને ત્યાં લગ્નપ્રસંગ કંકોતરી, જમણવાર, સત્કાર સમારંભ કે શણગાર વિનાનો ઊજવવો તેવી ભલામણ અનુચિત છે. આ લોકોના જીવન ઘણુંખરું નિરસ હોય છે. લગ્નપ્રસંગે જે ઉલ્લાસ અનુભવાય છે તેનું ભાથું ઘણો વખત ચાલે છે. તે પ્રસંગે નજીકના બધાનો ઉમંગ ખૂબ હોય છે. ખૂબ પૈસાદારની માફક તેઓ પૈસાનું અસભ્ય પ્રદર્શન (Vulgar display of wealth) કરી શકતા નથી. જેને ત્યાં જમી આવ્યા હોય તેને જમાડે છે. સમૂહ ભોજનનો પણ એક અનેરો આનંદ છે. સોએક રસોડાં તે દિવસે બંધ રહે છે અને એક જ રસોડું ચાલે છે. મંડપનો કે એવો બીજો કલાત્મક શણગાર નયનરમ્ય લાગે છે.

ભૂખ, તરસ, કામેચ્છા અને આનંદ-પ્રમોદની વૃત્તિ વગેરે સાહજિક છે. તેને વધારે દબાવવાથી વિકૃત સ્વરૂપે તે દેખા દેશે. સાધારણ લોકોના થોડા પૈસાથી ગરીબી હટવાની નથી. જે પ્રથાએ ગરીબી જન્માવી છે અને ટકાવી છે તેને જ નાબૂદ કરવા સમાજસુધારકો કેમ બહુ ઉત્સાહી નથી હોતા? શું સેવા અને દાન પાછળ કીર્તિ અને ભયની (આ ભવ અને આવતે ભવ સલામતી મળે તે) ભાવના કામ નથી કરતી? નિઃસ્વાર્થ સેવા (Selfless service) એ એક અંચળો પણ હોઈ શકે. કરુણા (Compassion) તો કરોડે એકાદમાં જોવા મળે છે.

આપણા દેશમાં દંભની માત્રા વધારે છે. આપણે વધારે ધાર્મિક કે આધ્યાત્મિક છીએ તેમ માનવું તે આત્મવંચના છે. જેને જંગલી કહેવામાં આવે છે તેવા આદિવાસીઓ અને જેને ભૌતિકવાદીઓ કહીએ છીએ તે ગોરાઓના જાતઅનુભવ ઉપરથી હું કહી શકું છું કે નિરામિષાહારી એવા આપણે એકંદરે કઠોર છીએ. મૂંગાં પ્રાણીઓ તરફનું આપણું વર્તન, હરિજનો તરફની હજી પણ આપણી વલણ, અને દીકરીઓને તદ્દન દીકરા જેમ ગણવામાં થતો ખંચકાટ વગેરે કઠોરતાની નિશાનીઓ છે.

નિખાલસતાથી આપણે આત્મખોજ કરીએ તો કદાચ માલૂમ પડશે કે ઘણીવાર સેવા અને દાન સૂક્ષ્મ રીતે અહંને પોષતાં હોવાથી આપણને રસ આવે છે; જો એમ ન હોય તો આપણાથી ઊતરતાને તેનું સ્વમાન સાચવીને આપણા જેવા (Comrades) બનાવવામાં તેટલો રસ કેમ નથી આવતો? ગાંધીજીના જીવનમાં પગલે પગલે તેમનો વાત્સલ્યભાવ બધા તરફ છલકાતો. આજના નેતાગણમાં ક્યાંય આ ભાવ જોવા મળે છે? 'પરદુઃખે ઉપકાર કરે તો પણ ઉર અભિમાન ન આણે રે' તેવા કેટલા?

હવે નીચલા થરનો મનુષ્ય જાગ્યો છે. સંજોગવશાત સેવા કે દાન સ્વીકારે પણ તે સમજે છે કે સામાજિક ક્રાંતિ જ તેનું દળદર ફિટાડશે. તેથી તે પહેલાંના જમાનામાં જે અહોભાવ બતાવતો તે તે નહિ બતાવે; ઊલટાનું જો તેને ધમંડ (Su ercilious attitude) નો અનુભવ થશે તો તો તે વિરોધી થવાનો. તેને હવે ખબર છે કે બિનસામ્યવાદી દુનિયામાં પણ એવા થોડા સમાજો છે કે જ્યાં વિજ્ઞાનને પ્રતાપે ગરીબી નાબૂદ થઈ રહી છે. ત્યાં દાન અને સેવાનો મહિમા બહુ ન હોય કારણ કે દયાજનક સ્થિતિ નથી. સામ્યવાદી સમાજમાં તો અશક્ત, અપંગ, અંધ વગેરેને સરકાર સાચવી લ્યે છે અને બાકીનાને કામ આપે છે. **મનુભાઈ ખંડેરિયા**

સ્વ. પરમાનંદભાઈની પત્રપ્રસાદી

પત્રકારનો ધર્મ

શ્રી ... અંગે મારો ખુલાસો તમને પૂરો સંતોષકારક ન લાગે એનું એક કારણ એ છે કે તમે આ બાબત વ્યક્તિગત રીતે વિચારો છો, જ્યારે હું તેનો એક પત્રકારની દૃષ્ટિએ વિચાર કરું છું. હું સમજું છું કે પત્રકારનો ધર્મ જેમ સાચી બાબતનું સમર્થન કરવાનો છે તેમ ખોટી અથવા તો અનિષ્ટ લાગતી બાબતનો વિરોધ કરવાનો રહે જ છે. સત્યનું સમર્થન અને અસત્યનું ખંડન એ બન્ને સહચારી ધર્મ પત્રકારને સ્વાભાવિક રૂપે પ્રાપ્ત થાય છે. ગાંધીજીએ આ બન્ને ધર્મોનું સતત પાલન કર્યું હતું.

બીજી બાબત એ વિચારવાની છે કે કોઈ જાહેર વ્યક્તિના જાહેર એવા અઘટિત વર્તન અંગે સમાજનું ધ્યાન ખેંચવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે તંત્રીએ અવશ્ય એ વિચારવાનું રહે જ છે કે આ લખવા પાછળ અંગત રાગદ્વેષની વૃત્તિ તો કામ કરતી નથી ને? અથવા તો પ્રસ્તુત વ્યક્તિને સમાજની નજરમાં ઉતારી પાડવાની વૃત્તિ તો કામ કરી રહી નથી ને? આ બાબતમાં લેખકનું ચિત્ત જો નિર્મળ હોય તો પછી એવા લખાણને નિંદાત્મક કહી ન શકાય. કોઈ જાહેર વ્યક્તિના વર્તનની નીડર આલોચના અને તેની નિંદા વચ્ચે રહેલો આ ફરક લેખકે જરૂર ધ્યાનમાં રાખવો ઘટે છે.

(તા. ૧૪-૭-'૬૨ના એક મિત્ર પર લખેલા પત્રમાંથી) **તમારો પરમાનંદ**

* * *

એક સ્નેહીની ટીકાનો ઉત્તર

તમારા મનમાં મારા વિશે ગમે તે છાપ હોય, આજ સુધીના મારા લાંબા જીવન ઉપર આજે હું નજર નાખું છું તો જૈન સમાજના સંદર્ભમાં મેં જે કાંઈ કર્યું છે અને અવારનવાર મેં જે વિચારો દર્શાવ્યા છે તે અંગે જરા પણ પશ્ચાત્તાપ કરવા જેવું મને કશું દેખાતું નથી. અમુક રીતે કહું તો મારા જીવનમાં માનસિક ક્ષેત્રે સતત વિકાસ થતો રહ્યો છે; મારાં વલણોમાં તથા રસના વિષયોમાં તેમ જ ક્ષેત્રોમાં પરિવર્તન થતું રહ્યું છે; મારા વિચારની દુનિયા પલટાતી રહે છે અને તે તે ફેરફારોને વફાદાર રહીને હું વર્ત્યો છું. આ સમગ્ર વર્તનમાં કોઈને કાંઈ ભૂલભર્યું લાગે, કોઈને કાંઈક વાંધા પડતું લાગે, કોઈને નબળાઈ જેવું લાગે અને કોઈને કાંઈક ભારે દોષભર્યું લાગે એ હું સમજી શકું છું અને એમ છતાં એ અંગે મારું દિલ સાફ છે; મારા અતિ મર્યાદિત સંયોગોમાં અને અત્યન્ત પરિમિત કાર્યક્ષમતાના સંદર્ભમાં મારાથી થઈ શકે તે કર્યું છે એમ મારું અન્તઃકરણ સાક્ષી પૂરે છે; જે મને સત્ય દેખાયું તેને પ્રતિકૂળ એવું, મારા જાહેર જીવનમાં, મેં કશું કર્યું નથી. આટલા સંતોષપૂર્વક નજીક આવી રહેલા જીવનના અન્ત તરફ હું ગતિ કરી રહ્યો છું. એથી વિશેષ મારે કશું કહેવાનું નથી.

સ્નેહાંકિત, પરમાનંદના પ્રણામ

(તા. ૧૩-૬-'૬૭ ના એક મિત્ર પર લખેલા પત્રમાંથી)

તેલસમ્રાટોનાં સામ્રાજ્યો

ઈરાકે પશ્ચિમી માલિકીની ઈરાકી પેટ્રોલિયમ કંપનીનું રાષ્ટ્રીયકરણ કર્યું છે. જ્યારે કોઈ દેશ પશ્ચિમી કૉર્પોરેશનનું રાષ્ટ્રીયકરણ કરે છે ત્યારે આપણે ખુશ થઈએ છીએ, કારણ કે આપણા દેશમાં પણ ત્રણ પશ્ચિમી તેલ કૉર્પોરેશનો આપણ શોષણ કરી રહ્યાં છે, વારંવાર આપણું નાક પણ દબાવે છે. તેમ છતાં આપણે તેમનું રાષ્ટ્રીયકરણ નથી કરી શકતા. સ્વતંત્રતા મેળવ્યા પછી આપણે આપણી ધરતીમાંથી તેલ શોધીને પગભર થવા માગતા હતા, પરંતુ પશ્ચિમી તેલ કંપનીઓએ કહી દીધું કે ભારતની ધરતીમાં તેલ નથી! તેમ છતાં રશિયાના અને આપણા નિષ્ણાતોએ તેલના અમાપ ભંડાર શોધી આપ્યા.

તેલસમ્રાટોની એ શોષણનીતિ છે કે તેમના જગતવ્યાપી સામ્રાજ્યમાં તેલના ભાવ ઘટી ન જાય તે માટે તેઓ તેલના ઉત્પાદનમાં છત થવા નથી દેતા. આથી ઉત્તર ઈરાકમાં વિશાળ તેલક્ષેત્રોનો પટો ધરાવતી હોવા છતાં ઈરાકી પેટ્રોલિયમ કંપની ત્યાં તેલનું ઉત્પાદન નહોતી કરતી. ભારતમાં આસામમાં અલ્પ પ્રમાણમાં તેલનું ઉત્પાદન મર્યાદિત રાખીને વિદેશી તેલ કંપનીઓ બીજાં તેલક્ષેત્રો વિકસાવવા નહોતી માગતી.

મોટાં તેલ કૉર્પોરેશનો ડઝન જેટલાં છે. અને મુખ્યત્વે તે અમેરિકન, બ્રિટિશ, ડચ અને ફ્રેન્ચ છે. પરંતુ આ બધાં કૉર્પોરેશનો પેટા-કંપનીઓ દ્વારા એકબીજાં સાથે સંકળાયેલાં છે. દા. ત. આસામ ઑઈલ કંપનીનાં મૂળ બર્મા શેલમાં નીકળે અને બર્મા શેલનાં મૂળ ઘણાં અમેરિકન, બ્રિટિશ અને ડચ કૉર્પોરેશનો સાથે સંકળાયેલાં છે. એમની અસ્કયામતો અને આવકો એટલી બધી છે કે આંકડામાં ગણવી મુશ્કેલ લાગે. દા. ત. દુનિયાની સૌથી મોટી તેલ કંપની અમેરિકાની સ્ટાન્ડર્ડ ઑઈલ કંપની છે જેમાં ૧,૪૫,૦૦૦ થી વધુ માણસો કામ કરે છે અને ૧૭ અબજ ૫૪ કરોડ ડૉલર કરતાં વધુ કિંમતની અસ્કયામતો ધરાવે છે. રૉયલ ડચ શેલ ગ્રુપની પરનિસ રિફાઈનરી નેધરલૅન્ડમાં વર્ષે અઢી કરોડ ટન તેલ શુદ્ધ કરવાની શક્તિ ધરાવે છે. આપણા આખા દેશમાં બધી રિફાઈનરીઓ એટલું તેલ શુદ્ધ કરવાની શક્તિ હજી ૧૯૭૩માં મેળવશે એવી આશા છે.

આપણા ઈન્ડિયન ઑઈલ કૉર્પોરેશનમાં મૂડીરોકાણ માત્ર ૭૧ કરોડ ૧૦ લાખ રૂપિયા છે. ઑઈલ ઍન્ડ નેચરલ ગેસ કમિશનમાં ૧૨૩ કરોડ ૩૦ લાખ રૂપિયા. ઉદ્યોગોની જીવશક્તિ તેલ છે અને તે હજી મહદ્ અંશે વિદેશી કંપનીઓના હાથમાં છે, કારણ કે તેઓ ત્રણ રિફાઈનરી ધરાવે છે. મુંબઈમાં ઈસો અને બર્મા શેલ, વિશાખાપટ્ટનમમાં કાલટેક્સ. આ ત્રણે રિફાઈનરીઓ પોતાને જોઈતું કાચું તેલ પોતે પોતાના ભાવે આયાત કરે છે અને તે માટે આપણે તેમને હૂંડિયામણ ચૂકવવું પડે છે. આ કંપનીઓ આયાતભાવમાં વધારો કર્યા કરે છે અને આપણું નાક દબાવીને તે વધારો મંજૂર કરાવે છે. ઉપરાંત જાહેર ક્ષેત્રની કેટલીક રિફાઈનરીઓમાં પણ વિદેશી મૂળિયાં છે. ભારત - પાકિસ્તાન વચ્ચેના વિગ્રહ દરમિયાન આ વિદેશી કંપનીઓએ આપણું ગળું દબાવવાના પ્રયાસ કર્યા હતા, પરંતુ આપણે તેલનો પૂરતો ભરવઠો ભરી રાખ્યો હતો.

વિદેશી તેલસમ્રાટો પહેલી નજરે ન દેખાય એવાં સામ્રાજ્યો ધરાવે છે એટલું જ નહિ પણ એ સામ્રાજ્યો વડે વિદેશો પર પોતાનો પ્રભાવ પણ પાડે છે. તેઓ સરકારોને સ્થાપી અને ઉથાપી શકે છે. દા. ત. ઈરાનના વડા પ્રધાન ડૉ. મુસાદિકે ૧૯૫૧માં મજલિસ (સંસદ) માં કાયદો પસાર કરીને ઍંગ્લો - ઈરાનિયન ઑઈલ કંપનીનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યારે અમેરિકાના સર્વશક્તિમાન જાસૂસી ખાતાએ ડૉ. મુસાદિક સામે લશ્કરી બળવો કરાવીને તેમને પદભ્રષ્ટ કર્યા. ઈરાનના શાહે તેમને જેલની સજા કરી, અને રાષ્ટ્રીયકરણ રદ કર્યું.

આમ વિદેશી તેલસમ્રાટોને વિદેશોમાં કાંધિયાઓ પણ મળી રહે છે. કુવૈત, સાઉદી અરબસ્તાન અને કેટલાક શેખો એવા બીજા કાંધિયા છે, જેમની મારફત અમેરિકા અને બ્રિટન પશ્ચિમ એશિયામાં રાજદ્વારી સત્તા પણ ભોગવે છે.

રશિયાએ એવા સૂત્રને ઉત્તેજન આપ્યું છે કે આરબ તેલ આરબ પ્રજા માટે છે. ઈરાકી પેટ્રોલિયમ કંપનીનું રાષ્ટ્રીયકરણ રશિયાના પ્રોત્સાહનથી થયું છે એ સૂચક છે. એક બાજુ મૉસ્કોમાં નિક્સન અને રશિયન નેતાઓએ સંખ્યાબંધ કરારો પર સહીઓ કરીને બંને પક્ષો વચ્ચે તંગદિલી ઓછી કરવાના તથા સહકાર અને સહઅસ્તિત્વના કરાર કર્યા છે અને બીજી બાજુ આરબ તેલનું આરબીકરણ કરવા રશિયા આરબોને પ્રોત્સાહન આપે છે, જેથી પશ્ચિમી લાગવગને ફટકો પડે.

ઈરાન, સાઉદી અરબસ્તાન અને કુવૈત પાકિસ્તાનના સક્રિય ટેકેદારો છે. તેઓ પશ્ચિમ એશિયામાં બ્રિટન અને અમેરિકાનાં હિતોનું રક્ષણ કરવા માગે છે, ત્યારે રશિયાને એ સામ્રાજ્યવાદી હિતો ઉખેડી નાખવામાં રસ છે. આથી ગયા એપ્રિલમાં કોસિગિને બગદાદની મુલાકાત લીધી હતી, ઈરાકની સરકાર સાથે મૈત્રીકરાર કર્યા હતા અને એક ભાષણમાં કહ્યું હતું કે પશ્ચિમ એશિયાના દેશો પોતાની સ્વતંત્રતાનું સંગઠન કરી શકે અને પ્રજાને સામાજિક ન્યાય આપી શકે તે માટે તેમણે પોતાના તેલ પર પોતાનું સ્વામીત્વ મેળવવું જોઈએ; સામ્રાજ્યવાદી દેશો એવો પ્રચાર કરે છે કે આરબ પ્રજા તેલનો વહીવટ કરવા શક્તિશાળી નથી, પરંતુ સમાજવાદી દેશોના સહકારથી આરબ પ્રજા બધા પ્રશ્નો હલ કરી શકશે.

આ પ્રોત્સાહન મળ્યા પછી ઈરાકની સરકાર ઈરાકી પેટ્રોલિયમ કંપની સાથે વાદ-વિવાદમાં ઊતરી હતી, પણ કંપનીના તેલસમ્રાટોએ ઈરાકી સરકારની હિમતની ઓછી કિંમત આંકવાની ભૂલ કરી. ઈરાક જ્યારે રાજાશાહી શાસન નીચે હતું ત્યારે તે અમેરિકાની લશ્કરી છાવણીમાં હતું, પરંતુ ૧૯૫૮ના જુલાઈમાં લશ્કરનાં ઉદ્દામ તત્ત્વોએ બળવો કરીને રાજા, રાજકુટુમ્બ અને રાજશાહીનો નાશ કર્યો અને અમેરિકાની સેન્ટો છાવણીનો ત્યાગ કર્યો. તેમ છતાં ઈરાકની ઉદ્દામવાદી સરકારો પણ ઍંગ્લો - અમેરિકન તેલસમ્રાટોની પકડમાંથી મુકત થઈ શકતી ન હતી. હવે જનરલ અહમદ હસન અલ - બકરની સરકારે આ સાહસ કર્યું છે, જે બે દાયકા પહેલાં ડૉ. મુસાદિકે ઈરાનમાં કર્યું હતું અને તેની સજા ભોગવી હતી.

પરંતુ ઈરાક ઈરાન નથી, અને આ જમાનો મુસાદિકનો નથી. અમેરિકાનું જાસૂસી ખાતું તેલસમ્રાટોની મદદે આવશે અને ઈરાકી સરકારને ઊથલાવી નાખવા, અને તેમ ન બને તો ગૂંગળાવી નાખવા પ્રયાસ કરશે. પરંતુ ઈરાકને રશિયાનું પીઠબળ છે. તેલસમ્રાટોએ બધાને ચેતવણી આપી છે કે આમારાં ઈરાકી તેલક્ષેત્રોનું તેલ અમારું છે, તે કોઈ ખરીદશો નહિ. પરંતુ આ ચેતવણીની બહુ અસર થાય એવી વકી નથી. આપણે વિદેશી તેલસમ્રાટોની પકડમાંથી છૂટવા માગીએ છીએ. આપણું નાક કોઈ દબાવી ન શકે એવી રીતે આપણે આપણા માટે તેલ ખરીદવા માગીએ છીએ, અને ઈરાક આપણને કિફાયત ભાવે અનુકૂળ શરતે તેલ આપશે એવી વકી છે.

પરંતુ તેલસમ્રાટો સહેલાઈથી પીછેહઠ કરશે નહિ. તેઓ ઈરાક ઉપરાત ઈરાકી તેલ ખરીદનારાઓનું પણ નાક દબાવવાના પ્રયાસ કરશે.

રાજકીય સ્વતંત્રતા મેળવવી એ એક વાત છે, આર્થિક સ્વતંત્રતા મેળવવી એ જુદી વાત છે; અને આર્થિક સ્વતંત્રતા વિના રાજકીય સ્વતંત્રતાનું બહુ મહત્ત્વ નથી. લેટિન અમેરિકાના બધા દેશો સ્વતંત્ર છે. પણ માત્ર બે - ત્રણ અપવાદોને બાદ કરતાં અમેરિકાના તેલસમ્રાટો અને બીજાં કૉર્પોરેશનો એ દેશોમાં સરકારો સ્થાપી અને ઉથાપી શકે છે.

ત્રણ વિદેશી તેલ કંપનીઓ સાથે આપણે ત્રણ રિફાઈનરીઓ વિશે કરેલ કરાર કેટલીક રીતે આપણા હિતની વિરુદ્ધ હોવા છતાં આપણે તેમનું રાષ્ટ્રીયકરણ કરી શકતા નથી, કારણ કે તેમના પટાની મુદત હજી થોડી બાકી હોવાથી આપણને એ નૈતિક બંધન નડે છે; અને તેમને દુશ્મન બનાવવાથી તેઓ આપણી તેલની આયાતમાં વિક્ષેપ પાડે એવો ડર છે.

બ્રિટન, ફ્રાન્સ અને નેધરલૅન્ડનાં રાજકીય સામ્રાજ્યો કરતાં એ દેશોનું અને ખાસ કરીને અમેરિકાનું અદશ્ય આર્થિક સામ્રાજ્ય વધુ વ્યાપક અને બળવાન છે. પરંતુ રશિયાની મદદથી હવે તેમાં ભંગાણ પડવા લાગ્યું છે. અલ્જીરિયા અને લીબિયા પછી હવે ઈરાકે તેને મોટો ફટકો માર્યો છે. પરંતુ કાનખજૂરાના બે - ચાર પગ તૂટી જાય તેથી તે પંગુ બની જતો નથી. આપણે તેલના ક્ષેત્રે સ્વાશ્રયી ન થઈએ ત્યાં સુધી આપણી સ્વતંત્રતા પાંગળી છે.

વિજયગુપ્ત મૌર્ય

સદીઓથી ચાલતો વેપારી ને શાસક વર્ગ વચ્ચેનો ગજગ્રાહ !

મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહનો જંગ પૂરો કરીને માતૃભૂમિમાં મુક્તિસંગ્રામનું તોરણ બાંધ્યું ત્યારે દેશના વેપારી વર્ગે તેઓને અને રાષ્ટ્રીય કૉંગ્રેસને પૂરેપૂરો સાથ આપ્યો તથા પરિણામોની પરવા કર્યા વગર પરદેશી શાસકો સામેની અઢી દાયકાની લડતમાં તેમને સાથ આપ્યો. એટલે જ્યારે દેશ સ્વતંત્ર બન્યો ત્યારે એવી અપેક્ષા રખાયેલી કે હવે વેપારી વર્ગ તથા શાસક વર્ગ એક બનીને કામ કરશે તથા બંનેના સહકારથી પરદેશી તંત્રની બસો અઢીસો વર્ષની શોષણનીતિથી રૂંધાયેલા દેશના આર્થિક વિકાસનાં દ્વાર ખુલ્લાં થશે. પણ આ ધારણા ખોટી પડી. શાસક કૉંગ્રેસ પક્ષની રશિયાના સામ્યવાદને રંગે રંગાયેલી અર્થનીતિમાં વેપારી વર્ગ માટે સ્થાન નથી અને સ્વાતંત્ર્યના અઢી દાયકાના સમયમાં પણ વેપારી વર્ગને તો આ નીતિના સપાટામાંથી પોતાના અસ્તિત્વને કેમ ટકાવી રાખવું તેની મથામણ કરવાની વેળા આવી છે.

હકીકત એવી છે કે આપણા દેશનો ઇતિહાસ લખાવો શરૂ થયો ત્યારથી આજ અઢી હજાર વર્ષથી આપણા દેશના વેપારી વર્ગ તથા શાસક રાજ્યકર્તા વર્ગ વચ્ચે મહદંશે ગજગ્રાહ ચાલતો જ આવ્યો છે અને એવો ગજગ્રાહ ચાલુ રહેવા છતાં વેપારી વર્ગ આજદિન સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યો છે.

ચંદ્રગુપ્ત મૌર્યના મહાઅમાત્ય કૌટિલ્યે લખેલા "અર્થશાસ્ત્ર"ના વિખ્યાત ગ્રંથમાં એક પ્રકરણ છે, જેનું મથાળું છે, "વેપારીઓ સામે રક્ષણ." તેના ચોથા સર્ગનું આ બીજું પ્રકરણ છે અને એ આખાય પ્રકરણમાં આજના જમાનાનેય આંટી દે તેવી વેપારી વર્ગ પરત્વેની અશ્રદ્ધા તરી આવે છે.

એમાં વેપારી માલ ઓછો આપે, તોલમાપનાં વજન હોવાં જોઈએ તેથી હલકાં રાખે, વેચાણ માટે પૂરો જોખ ન આપે તેવાં ત્રાજવાં રાખે અને માલખરીદી માટે વધુ જોખ આપે તેવાં ત્રાજવાં રાખે, એ બધાંને માટે તેઓને દંડની સજાનો પ્રબંધ રાખવામાં આવ્યો છે.

માલની ખરીદી યા વેચાણની જ ગેરરીતિઓ નહિ, માલ ગીરવી રખાય અને તેના પૈસા પાછા ન મળતાં વેપારી તેવા માલનું વેચાણ કરવા જાય ત્યારે તે પરનો પોતાનો અધિકાર પુરવાર કર્યા વગર તેનું વેચાણ થઈ શકતું નહિ. ગીરવી રાખેલો માલ હોય તે કરતાં વધુ ગુણવત્તાનો છે એમ કહીને તેના વધુ દામ મેળવવાની તજવીજ પણ દંડપાત્ર બનતી. ગુણવત્તા જ નહિ પણ એક વિસ્તારમાં બનેલા કે નીપજેલા માલને વધુ કિંમત ઉપજાવવા બીજા વિસ્તારની નીપજ તરીકે ઓળખાવે તો તે પણ ગુનો ગણાતો. આવા ગુનાઓમાં વેપારીએ ઓછાવત્તા ભાવ આપીને જેટલી કિંમત ઓછી ચૂકવી હોય કે વધુ મેળવી હોય તે કિંમત મજરે આપવી પડતી અને ઉપરાંત તેનાથી બમણો દંડ ભરવો પડતો.

કોઈ કારીગરે તૈયાર કરેલ માલનું વેપારીઓ સાથે મળીને ઓછું મૂલ્ય નક્કી કરે તે કાવતરાનો ગુનો ગણાતો અને માલ હોવા છતાં વેચે નહિ તે માટે આકરા દંડના સજાપાત્ર બનવું પડતું.

અઢી હજાર વર્ષ પહેલાંના એ જમાનામાં પણ ભેળસેળ હતી. અર્થશાસ્ત્રમાં અનાજ, તેલ, ક્ષાર, મીઠું, સુગંધી દ્રવ્યો અને ઔષધની વસ્તુઓમાં ભેળસેળ કરવાના કાર્યને ગુનારૂપ તથા દંડપાત્ર ગણવામાં આવ્યું છે.

માલ પર વેપારીઓએ કેટલો નફો ચડાવવો તેનું પ્રમાણ નક્કી હતું. અર્થશાસ્ત્રમાં જણાવ્યું છે કે વેપાર નિયામક સ્થાનિક પેદાશ પર વેપારીનો પાંચ ટકા નફો ચડાવી તથા વિદેશથી આવેલા આયાતી માલ પર દસ ટકા નફો ચડાવી તેની કિંમત નક્કી કરશે. આનાથી અધિ (એ સમયનો સિક્કો) પણ વધુ ભાવ લેનાર વેપારીઓ દંડપાત્ર બનતા.

અને રાષ્ટ્રીયકરણ! અન્ન નિગમ! માર્કેટિંગ કૉર્પોરેશન! આ આજની કલ્પના છે? તો વાંચો. અર્થશાસ્ત્રના આ જ પ્રકરણના અંતમા લખ્યું છે કે "જ્યારે જ્યારે કોઈ વસ્તુનો પુરવઠો વધી જાય ત્યારે ત્યારે વેપાર નિયામક તેના વેચાણનું કેન્દ્રીયકરણ કરશે અને આમ કેન્દ્રીયકરણ કરાયેલો માલ વેચાઈ જાય નહિ ત્યાં સુધી અન્યત્ર તેના વેચાણ પર પ્રતિબંધ મૂકશે.

"પ્રજા પરત્વે જેઓ સાનુકૂળ વલણ ધરાવતા હોય તેવા વેપારીઓ પછી આવા પુરવઠામાંથી રોજની કમાણીવાળા માણસોને માલ પૂરો પાડશે.

"આવા માલ પર થયેલા મૂડીરોકાણ, ઉત્પાદિત માલનું પ્રમાણ, તેના પર ભરવામાં આવેલા લાગા, રોકાણ પર ચડેલું વ્યાજ, ભાડું તથા તેના પર થયેલું અન્ય ખર્ચ, એ બધાની ગણતરી કરીને વેપાર નિયામક આવા માલની કિંમત નક્કી કરશે."

અઢી હજાર વર્ષ પહેલાના આ પ્રબંધો અને વેપારીઓ સામેના ઈરુ ખ્રિસ્તની વીસમી સદીના વર્તમાન ભારતના પ્રબંધોમાં જે કાંઈ ફરક હોય તો તે મૂળભૂત સિદ્ધાંતોનો નથી, માત્ર તે સમયના અને આજના વેપારની પરિસ્થિતિમાં થયેલા પરિવર્તન પૂરતો છે.

ચંદ્રગુપ્ત મૌર્યનું સામ્રાજ્ય તેના પૌત્ર અશોકના મૃત્યુ બાદ નબળું પડ્યું. એ પછી આપણા દેશ પર પરદેશી દળોના એક પછી એક આક્રમણો થતાં આવ્યાં તથા અંધારયુગ આવ્યો જે ચોથી પાંચમી સદીના ગુપ્ત વંશના થોડા અજવાળા સિવાય લગભગ એક હજાર વર્ષ ચાલુ જ રહ્યો અને ત્યાં તો આપણા દેશ પર મુસલમાનનાં ધાડાં ચડી આવ્યાં અને તેઓએ પોતાનો પગદંડો જમાવ્યો. મુસલમાન સલ્તનતના રાજવંશો એક પછી એક પલટાયા કર્યા પણ તેનો અમલ તો સમય વહેતો ગયો તેમ તેમ દેશમાં વિસ્તરતો ગયો તથા તેમના અમલના વિસ્તરણ સાથે તેમના શાહસોદાગરોનું વર્ચસ પણ વધતું જ ચાલ્યું. અંગ્રેજોના જમાનામાં જેમ નફાકારક વ્યાપારી પ્રવૃત્તિની તથા આયાતનિકાસના વિદેશવેપારમાં યુરોપી વેપારીઓની બોલબાલા હતી તેમ ઈસ્લામી સલ્તનતોના જમાનામાં પણ દેશના વિદેશવેપારમાં પરદેશના મુસલમાન વેપારીઓની જ બોલબાલા હતી. અને તે પછી ફિરંગીઓ આવ્યા, વલંદા આવ્યા, અંગ્રેજો આવ્યા. તેઓની વેપારી નીતિ તો આપણા દેશના આધુનિક ઈતિહાસની સર્વેને સુવિદિત વાત છે. આવા સદીઓના પ્રતિકૂળ સંજોગોમાં પણ આપણા દેશનો વેપારી વર્ગ કેમ ટકી રહ્યો, પોતાનું અસ્તિત્વ કેમ ટકાવી શક્યો અને નષ્ટ–નાબૂદ બની કેમ ન રહ્યો એ જ અચંબો પમાડે તેવું છે.

મોહનલાલ પી. ગાંધી

શૂન્યતા

ન ભક્તિ, ન શક્તિ, ન યુક્તિ, ન મુક્તિ,
સ્મૃતિમાત્ર બાકી, બન્યો હું સંસારી;
પરિતાપ સંતાપ નિશ્ચિત વાતનિપાત જ્યાં–
દુઃખ પ્રપાતનો હું સદા અધિકારી.

મહાઘોર ભીષણ ચંડ દુઃખ તાંડવ કરે
અનન્ત અંત નીરખી રહ્યાં શું વિચારી?
મહન્ત ભવન્ત આપ અન્તરે કરો નિવાસ
પ્રકાશ જ્યોત જગવી અખંડ એકધારી

નથી આશ અભિલાષ પ્રયાસ જીવનતણાં;
મૃત્યુ, અમૃતપદ સર્વ વિસારી -
રહ્યો કોઈ સંકલ્પ ના, કલ્પ ના, વિકલ્પ વા
સ્વલ્પશૂન્યતા છે મેં સ્વીકારી

રમેશ લાલન

* પુરુષ-નિરપેક્ષ સ્ત્રીજીવન *

[પુરુષ-નિરપેક્ષ સ્ત્રી-જીવન વિશેની ચર્ચા દરમિયાન અત્યાર સુધીમાં જુદા જુદા લેખકોએ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યાં છે. અહીં એક વધુ મંતવ્ય રજૂ કરાયું છે : તંત્રી]

પૂ. દાદાસાહેબનો ઉપરોકત વિષય અંગેનો લેખ જ્યારે તંત્રીની નોંધ સાથે વાંચ્યો ત્યારે જ એ વિશે કંઈક લખવાનું મન થયેલું.

મારી સમજ પ્રમાણે બંને મંતવ્યોમાં કોઈ પાયાનો ફરક નથી; માત્ર દરેકનો જોવાનો દષ્ટિકોણ જુદો છે અને જુદી જુદી બાબતો પર ઓછોવત્તો ભાર મુકાયો છે. પરિણામે વિરોધનો આભાસ ઊભો થયો છે. વસ્તુત: એવું છે નહીં.

મુદ્દાની વાત બે છે : (૧) સ્ત્રીને સ્વાયત્ત જીવન જીવવાની તક હોવી જોઈએ અને પુરુષની જેમ જ સમાજે સ્ત્રીની સ્વાયત્તતાનો સ્વીકાર કરવો જોઈએ. (૨) તેમ છતાં પણ સ્ત્રી અને પુરુષ બંને એકબીજા વિના અપૂર્ણ છે, એકબીજાનાં પૂરક છે.

પહેલી વાતનો અર્થ એ નથી કે સ્ત્રી પુરુષથી તદ્દન અલિપ્ત જ રહે. કોઈ પણ કારણસર સ્ત્રી જો પુરુષ-નિરપેક્ષ જીવન જીવવા માગે, પરણ્યા વિના જ કોઈ પુરુષની મિત્ર તરીકે જીવવા ઈચ્છે તો તે એમ કરી શકશે અને સમાજ એની કોઈ ટીકા નહીં કરે, કોઈ રીતનું નીચું સ્થાન એવી સ્ત્રીને નહીં આપે. જે રીતે પુરુષ ગમે તેવો વ્યસની હોય કે દુરાચારી હોય તો પણ સમાજમાં ઊંચે મસ્તકે ફરી શકે છે, તે પ્રમાણે સ્ત્રી પણ આજીવન કુંવારી રહે, વિધવા બને અથવા બીજી કોઈ રીતે પુરુષથી એનું જીવન અવલંબિત ન રહે તો પણ સમાજમાં એવી સ્ત્રીનું સ્થાન પ્રતિષ્ઠાવંત રહેવું ઘટે.

બીજી વાતનો અર્થ એ છે કે સ્ત્રી અને પુરુષ બંને એકબીજાને અનુરૂપ થઈને પ્રેમ અને સહકારપૂર્વક જીવન જીવે, એકબીજાનાં પૂરક બનીને જીવે તો સંસારની ગાડી સરસ ચાલે. આ વાત પરથી એમ સમજવાનું નથી કે સ્ત્રી પુરુષ વિના જીવી જ ન શકે.

આ બંને મંતવ્યોને આત્યંતિક માની લેવામાં વિરોધનો આભાસ જણાય છે. પુરુષ-નિરપેક્ષ જીવનની સ્ત્રી માટે હિમાયત કરતાં દાદા ભાગ્યે જ એમ ઈચ્છતા હશે કે સ્ત્રી પરણે જ નહીં કે મા પણ બને નહીં. માતૃત્વને તેમણે આનુષંગિક કહ્યું છે. તેમનું લખાણ (મૂળ પ્રવચન) થોડું કડક, થોડું વ્યંગાત્મક અને થોડું ઉપાલંભમાં હતું એટલે પ્રથમ નજરે વાંચકને એમ લાગે. તે જ પ્રમાણે શ્રી ચીમનભાઈ પણ ભાગ્યે જ એમ વિચારતા હશે કે સ્ત્રીનું પુરુષથી સ્વતંત્ર એવું જીવન કોઈ પણ સંજોગોમાં હોઈ જ ન શકે.

આ વિચારોની સાથે બીજી પણ એક-બે બાબતો વિચારવી જોઈએ એમ મને લાગે છે. એક તો, સ્ત્રીસ્વભાવથી જ નરમ, કમજોર અને ગ્રાહક–Receptive–છે, જ્યારે પુરુષ તાકાતવાન અને આક્રમક–aggressive–છે. ઉપરાંત સ્ત્રીની શરીરરચના પણ એવી છે કે માતૃત્વ એને જ આવવાનું છે. એટલે પુરુષની સરખામણીમાં જીવનનો કેટલોક સમય ને શકિત એને બાળકના ઉછેર પાછળ ખરચવી પડે છે. આ ઉપરાંત સ્ત્રીની આર્થિક પરતંત્રતા સ્ત્રીની સામાજિક નિર્બળતાનું એક કારણ છે. એટલે ભારતીય સમાજમાં કુટુંબજીવનનો જે ઢાંચો છે તે બદલાય નહીં ત્યાં સુધી સ્ત્રી સંપૂર્ણપણે સ્વાયત્ત બની શકશે નહીં. જો કે એ દિશામાં સમાજનાં વલણો રોજેરોજ બદલાઈ તો રહ્યાં જ છે પણ સવાલ એ છે કે પશ્ચિમી સમાજોમાં જે હદે સ્ત્રી સ્વાયત્ત બની છે એટલે સુધી આપણે ત્યાં સ્ત્રીને સ્વાયત્ત અને પુરુષ-નિરપેક્ષ બનવું છે? તો આપણી લગ્નની પ્રથા, કુટુંબજીવન બધું જ બદલવું પડે. આપણી એવી તૈયારી છે ખરી?

સુબોધભાઈ એમ. શાહ

પ્રથમ પ્રવેશ

"તું હવે ઉંમરલાયક થઈ ગયો, બેટા! હવે બહાદુર થવાનું હો!" પિતાએ કહ્યું અને ટ્રેનની બારીમાંથી તેમણે દીકરાના બન્ને હાથ પકડીને સ્નેહથી દાબ્યા અને પછી કંઈક આશીર્વાદ આપ્યા. માએ બે હાથે છોકરાનું માથું નમાવીને કપાળ ચૂમ્યું, અને ગાડી ઊપડી.

એક વિશાળ એકલતા તેની ચારે તરફ વીંટળાઈ વળી. આજ સુધી કદી ટ્રેનમાં બેઠો નહોતો. આ પહેલી સફર હતી, અને લાંબી હતી. લાહોરથી છેક મુંબઈ સુધીની. ઘરનું કોઈ સાથે નહોતું, માત્ર પિતાના મિત્ર હતા. પળે પળે ટ્રેન તેને કુટુંબથી દૂર...દૂર લઈ જતી હતી. પાંચ વર્ષના બાળકની આંખમાંથી આંસુ રેલાવા માંડયાં ને તે તેણે કોઈ જુએ નહિ તેમ ઝટપટ લૂછી નાખ્યાં. અજાણ ભીતિની લાગણી તેને ભીંસવા લાગી. નવા પ્રદેશો જોવાના આનંદનું આશ્વાસન પણ તે લઈ શકે તેમ નહોતો. તેની બન્ને આંખો તો દોઢ વર્ષ પહેલાં જ ગઈ હતી.

દોઢ દિવસની સફરને અંતે તે મુંબઈ પહોંચ્યો ત્યારે તે સાવ થાકી ગયો હતો. આજ સુધી નહેરનાં વહેતાં પાણીનો ઝાંઝરિયો અવાજ સંભળાતો, મોટા બંગલામાં સુખી ને હેતાળ માબાપની છાયા હેઠળ રહ્યો હતો. પણ ત્યાં અંધ બાળકો માટે કોઈ શાળા નહોતી; ને તેના પિતા ઈચ્છતા હતા કે આંખના અભાવે દીકરો અશિક્ષિત ન રહે.

ધુમાડો, ગિરદી, જાતજાતના અવાજ, ટ્રામબસના ધોંધાટ અને ચિત્રવિચિત્ર ગંધવાળા આ પ્રદેશમાં પગ મૂકતાં વેદનું મન એક નિરાધાર એકલતાથી ભરાઈ ગયું. પણ હવે પાછા કેમ જવાય? કોણ લઈ જાય?

પિતરાઈ ભાઈ સાથે તે દાદરની અંધશાળામાં પ્રવેશ્યો ત્યારે નમતી બપોરના સાડા ચાર વાગ્યા હતા. વિદ્યાર્થીઓએ હજુ હમણાં જ નાસ્તો પતાવ્યો હતો. નવો છોકરો દાખલ થવાની વાત સાંભળી તે બધા ઉત્તેજિત થઈ ગયા હતા. વેદના પ્રવેશતાં જ બધા ઊભા થઈ ગયા ને મરાઠીમાં તેને આવકાર આપ્યો. વેદે પહેલી વાર મરાઠી ભાષા સાંભળી. તેને કાંઈ જ સમજાયું નહિ. ભાઈની પાછળ પાછળ ચાલતો તે ગિરદીવાળા ભોજનખંડમાંથી પ્રિન્સિપલની ઑફિસમાં પ્રવેશી ગયો. પ્રવેશ કરતાં જ પ્રિન્સિપાલ ડૉ. હોલ્ડરે ઊંચા અવાજે અંગ્રેજીમાં કાંઈક કહ્યું. પણ વેદનું મન એટલું બધું ક્ષુબ્ધ હતું કે એ પણ તે સમજ્યો નહિ. થોડી જ વારમાં એક છોકરો આવ્યો ને તેને લઈ ગયો.

બીજા માળે છોકરાઓનો સૂવાનો ખંડ હતો. ત્યાં ઘણા બધા ખાટલા પડયા હતા. પેલા છોકરાએ વેદને એક ખાટલા પર બેસાડયો ને ભાંગીતૂટી હિન્દીમાં કહ્યું : "ગભરાઈશ નહિ હો, હું અહીં આવ્યો ત્યારે હું યે તારા જેવડો, પાંચ વરસનો જ હતો. આજકાલ કરતાં એ વાતને હવે આઠ વરસ થઈ ગયાં. મારું નામ દેવજી છે. તું સરખી રીતે ગોઠવાઈ ન જા, ત્યાં સુધી મારે તારું ધ્યાન રાખવાનું છે અને જો, તારો ખાટલો હજી આવ્યો નથી. રાત સુધીમાં આવી જશે, ત્યાં સુધી આ મારો ખાટલો વાપરવો હોય તો વાપરજે".

દેવજીના શબ્દોએ વેદના સૂના થઈ ગયેલા હૃદયમાં આધારનો એક ભાવ જગાડયો. અચાનક ઓરડામાં ખિખિયાટા સંભળાયા. એ હાસ્યમાં જરાયે હેત-માયા નહોતાં, એ વેદને તરત જ સમજાઈ ગયું. એકસામટા ઘણા છોકરાઓ ઓરડામાં આવી ગયા હતા ને મરાઠીમાં કંઈક બોલતા હતા. તેમને ઉત્તર આપતો હોય તેમ, દેવજીએ નાનકડા વેદને ઊંચકીને ઊંચો ધર્યો ને પછી ભોંય પર પાછો મૂકી દીધો.

વેદ દિગ્મૂઢ જેવો ઊભો રહ્યો, ત્યાં એક પછી એક છોકરાઓએ આગળ આવી તેના હાથ સાથે હાથ મિલાવવા માંડયા. દરેક છોકરો વેદના હાથને હાથમાં લઈ કઠોર રીતે દબાવતો, અને દરેક વખતે વેદ ભયથી પાછળ હટી જતો. તેની આ ભીરુતા પર છોકરાઓ ખડખડ હસવા લાગ્યા. ભાસ્કર નામનો એક નવેક વરસનો

છોકરો મશ્કરી કરતો બોલ્યો: "એય, તારી માએ તને હસતાં નથી શીખવ્યું કે શું?" અને વળી થોડા છોકરાઓ દબાવેલું હાસ્ય હસ્યા.

અબ્દુલ નામના બીજા એક છોકરાએ વેદના બન્ને હાથ હાથમાં લઈને તપાસ્યા ને કહ્યું: "આ તો સાવ સુંવાળા હાથ છે. અલ્યા, તેં કોઈ દિવસ કોઈ કામ જ નહિ કર્યું હોય, ખરું ને?"

વેદે ઝડપથી અબ્દુલના ખરબચડા હાથમાંથી પોતાના હાથ ખેંચી લીધા ને મૂઢની જેમ ઊભો રહ્યો. છોકરાઓ તેનું ટીખળ ઉડાવવા લાગ્યા.

હા—શ! બરોબર તે વખતે જ પ્રિન્સિપલ ડૉ. હાલ્ડર આવી ચડ્યા. બધા છોકરાઓ એકદમ ચૂપ થઈ ગયા. પ્રિન્સિપલે આવીને વેદનો હાથ પકડ્યો અને તેને ત્રીજા માળ પર પોતાનું ઘર હતું ત્યાં લઈ ગયા. તેમની પત્નીએ વેદને ખોળામાં લીધો ને તેનું માથું ચૂમી તેને વહાલ કર્યું. "ગભરાઈશ નહિ હો છોકરા, તને કાંઈ જોઈતું હોય તો કહેજે?" તેણે મમતાથી કહ્યું. સાંજે વેદ તેમની સાથે જ જમ્યો, ને એમના સ્નેહમાં ઘડીભર તે માને, પિતાને, દૂર છૂટી ગયેલા ઘરને ભૂલી ગયો.

પણ છેવટ વખત થયો—સૂવાના ખંડમાં જવાનો. તે અનિચ્છાએ ત્યાં ગયો, ને તેનું હૃદય ફફડવા લાગ્યું. હમણાં ભોજનખંડમાંથી બધા છોકરાઓ આવશે અને ભીતિથી તેનું હૃદય કંપી રહ્યું.

થોડી વારે ગાદલા ને મચ્છરદાનીવાળો ખાટલો કોઈએ લાવીને દેવજીના ખાટલાની બાજુમાં ગોઠવ્યો. ત્યારથી વેદનું નામ 'સારો ખાટલો ને સુંવાળા હાથવાળો છોકરો' પડી ગયું.

છોકરાઓ આવ્યા. પ્રિન્સિપલ કેવી રીતે પોતાની સાથે આ નવા છોકરાને લઈ ગયા તેની તેઓ જોરશોરથી વાતો કરવા લાગ્યા. વેદને થોડું સમજાયું, થોડું ન સમજાયું. દેવજીએ તેની પથારી પાથરી અને મચ્છરદાની ભરાવી આપી. વેદ ખાટલામાં ગોટો થઈને પડ્યો.

એકાએક અબ્દુલ બોલ્યો: "અરે, એના હાથ તો સાવ છોકરી જેવા જ છે. હું શરત મારું, એણે કોઈ દિવસ કંઈ કામ નહિ કર્યું હોય."

બધા છોકરા વેદ પર હસવા લાગ્યા. વેદ અપમાન ને શરમથી સાવ સંકોચાઈ ગયો. એટલામાં દૂરથી ડૉ. હાલ્ડરનો ખોંખારવાનો અવાજ આવ્યો ને છોકરાઓમાં ચુપકીદી ફેલાઈ ગઈ. લાંબા ડગલાં ભરતાં, ડૉ. હાલ્ડર રૂમમાં આવ્યા ને બત્તી ઓલવી નાખી. "છોકરાઓ", તેમણે કડકાઈથી કહ્યું: "સૂવાનો વખત થઈ ગયો. ચાલો, બધા ચુપચાપ ઊંઘી જાવ. હવે કોઈ બોલ્યું છે તો એને શિક્ષા થશે."

ત્યાં...પોતાના ઘરમાં...કેવી સરસ પોતાની પથારી હતી! બહેનો પડખે બેસીને વહાલ કરતી. મા વાર્તાઓ કહેતી. અને અહીં આ મોટો ભયભરેલો રૂમ, મિત્રભાવ વગરના છોકરાઓ... વેદનું હૃદય બેસી જવા લાગ્યું. પણ તે થાકેલો હતો. જરાક વારમાં તેને ઊંઘ આવી ગઈ.

અધરાતે અચાનક તે જાગી ગયો. પોતાનું ઘર, ટ્રેનની લાંબી લાંબી મુસાફરી, અને અહીં આવ્યા પછી જે કાંઈ બન્યું હતું તે બધું નજર સામે તરવા લાગ્યું. પાંચ વરસનો એ નાનકડો બાળ ડુસકાં ભરી ભરીને રડવા લાગ્યો. ત્યાં યાદ આવ્યું કે છોકરાઓ જાગી જશે તો 'છોકરી જેવો' કહીને મશ્કરી કરશે. તેણે ઓશીકા સાથે મોં દબાવી ડુસકાંનો અવાજ અટકાવ્યો.

અચાનક કોઈ મચ્છરદાની ઊંચકતું હોય તેમ લાગ્યું. તે ધ્રૂજી ગયો. ઓશીકાને તે વધારે જોરથી વળગ્યો. પેલાએ ઓની પીઠને હળવેથી સ્પર્શ કર્યો ને પછી ઓશીકા સમેત એને આખો ઊંચકયો. વેદનો શ્વાસ અદ્ધર થઈ ગયો.

એ દેવજી હતો. વેદને ઊંચકીને તે બહાર લાવ્યો ને જેમતેમ કરીને દાદરાનાં પગથિયાં પર બેસાડ્યો. ધીમે રહીને પૂછ્યું: "વેદ, તું કેમ રડે છે? તને શું જોઈએ છે?" અને વેદના જવાબની રાહ જોયા વિના તેર વરસના એ છોકરાએ સ્નેહથી કહેવા માંડ્યું: "તને ખબર છે વેદ, હું અહીં આવ્યો ત્યારે પહેલા દિવસે મનેય બહુ બીક લાગેલી. પણ ધીમે ધીમે એ તો સરખું થઈ જાય. જોજે થોડા દિવસમાં અહીં તને મઝા પડવા માંડશે. અમે અહીં ઘણી રમતો ય રમીએ છીએ. થોડા દિવસમાં તને પણ રમતાં આવડી જશે. પણ તું રડીશ નહિ. હું તારી સાથે છું ને!"

તેનો ધીમો માયાળુ અવાજ એ ભયપૂર્ણ અંધારા વાતાવરણમાં જાણે દીવો બનીને પ્રગટ્યો. વેદને સારું લાગ્યું. દેવજીના ભાંગ્યા-તૂટ્યા હિન્દી પર તેને હસવું યે આવ્યું અને દેવજીએ તેને થોડાક હિન્દી શબ્દો પૂછ્યા ત્યારે તો એનું બાળહૃદય એકદમ ખીલી ગયું.

થોડી વાર પછી દેવજીએ જરા હસીને કહ્યું: "આપણે નિયમનો ભંગ કર્યો છે. રાતે ઊઠીને બહાર આમ આવાય નહિ. હવે તું બરોબર છે ને! ચાલ, તો અંદર જઈએ, નહિ તો કોઈ જાગી જશે તો આપણા વિશે ફરિયાદ કરશે."

વેદે દેવજીનો હાથ પકડીને કહ્યું: "ચાલ, જઈએ." વિશ્વાસથી તેની સાથેસાથે અંધારામાં ચાલ્યો. હવે બધો ભય ઓગળી ગયો હતો. તેને મિત્ર મળ્યો હતો.

[સત્યઘટના પરથી] — કુન્દનિકા કાપડિયા

શકયતા

એક નાનકડી ખીલી વાગી છે.
ડૉક્ટરો કહે છે: "વાંધો તો નથી, પણ.....
ધનુરની શકયતા નકારી શકાય નહીં, માટે—"
માત્ર શકયતા!
આમ તો
મૃત્યુના વિચારને વલોવવાનું પસંદ કરતો નથી હું.
જાણું છું મનોમન
આજે નહીં તો કાલે એ મળશે સામે ને કહેશે: 'ચાલ!,'
'આ દેહ નશ્વર છે ને કયારેક તો પુરાણા વસ્ત્રની જેમ જરી જશે'
એ શ્લોક પણ ગોખતો આવ્યો છું.
ફૂલોની પાંદડીએ પાંદડીએ બેસું છું
હળવે હળવે
ઝાકળનું રૂપ લઈ,
પણ
ધરતીની માયા જકડી રાખે એટલાં ઊંડાં
જવા નથી દીધાં મૂળને.
છતાં
એક નાનકડી ખીલીનો
આ આઘાત? — વિપિન પરીખ

*એક ઉચ્ચ સરકારી અધિકારીના પુત્ર વેદ મહેતા (જન્મ ૧૯૩૪) એ ત્રણ વર્ષની ઉંમરે આંખો ગુમાવી હતી. મુશ્કેલીઓ સામે ઝઝવાની અખૂટ શકિત ને અદમ્ય ખંત વડે તેમણે અમેરિકામાં આર્કાન્સાસની અંધશાળામાં પ્રવેશ મેળવ્યો અને કૉલેજમાં સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને ઈતિહાસનું શિક્ષણ, દેખતા માણસની સમાન કક્ષાએ રહીને મેળવ્યું. અત્યારે તેઓ અમેરિકામાં સ્થિર થયા છે ને લેખનનો વ્યવસાય કરે છે ને 'ફેસ ટુ ફેસ' તથા 'પોર્ટ્રેટ ઓફ ઈન્ડિયા' તેમનાં બહુ જાણીતાં પુસ્તકો છે. તેજસ્વિતા, સંવેદનશીલતા, નમ્રતા અને વિનોદવૃત્તિથી યુકત તેમનું વ્યકિતત્વ તેમનાં પુસ્તકોમાં સળંગપણે પ્રગટ થતું રહે છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ જુલાઇ ૧, ૧૯૭૨ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

ભારત-પાકિસ્તાન મંત્રણા

ભારત અને પાકિસ્તાનની પ્રજા તથા દુનિયા, જેની આતુરતા-પૂર્વક રાહ જોઈ રહી હતી તે શિખર પરિષદ પાંચ દિવસની લંબાણ અને ચિન્તાભરી મંત્રણાઓ પછી ગઈ કાલે મધરાતે પૂરી થઈ. છેલ્લી ઘડી સુધી એમ લાગતું હતું કે મંત્રણાઓ તુટી પડશે. છેવટ સમજૂતી થઈ તેનો યશ ઈન્દિરા ગાંધી અને ભૂતો બન્નેને જાય છે. અધિકારી કક્ષાઓ દરેક વખતે મડાગાંઠ ઊભી થતી અને દરેક વખત બન્ને નેતાઓ તેનો તોડ કાઢતા. છેલ્લી મડાગાંઠ અંત ઘડી સુધી રહી અને ફરીથી બન્ને આગેવાનો જેના હાથમાં ભારત, પાકિસ્તાન અને બંગલા દેશની ૭૦ કરોડ પ્રજાનું ભાવિ લટકતું હતું, તેઓએ પોતાની મોટી જવાબદારી સમજી બાંધછોડ કરી માર્ગ કાઢયો.

આ મંત્રણાઓ પાછળ ૨૫ વર્ષનો ખાસ કરી છેલ્લા યુદ્ધનો ગાઢ, ઘેરો અને અતિ દુ:ખદ ભૂતકાળ પડયો હતો. ભૂતો માટે પરિસ્થિતિ વધારે વિકટ હતી. ભારત પ્રત્યે ભૂતોને સદ્‌ભાવ હતો નહિ. હજાર વર્ષ યુદ્ધ કરવાનું જાહેર કર્યું હતું. તાશ્કંદ કરારનો વિરોધ કર્યો હતો. બંગલા દેશના યુદ્ધ માટે તેની જવાબદારી ઓછી ન હતી. સિક્યુરીટી કાઉન્સિલમાં અને અન્ય રીતે તેના પ્રવચનોમાં વેરઝેર ભર્યા હતા. પાકિસ્તાનમાં તેની સ્થિતિ બહુ સારી નથી. ત્યાંની પ્રજાને જે મોટો આઘાત થયો છે તેમાંથી વાસ્તવિકતા પ્રત્યે લઈ જવી મુશ્કેલ કામ હતું. મંત્રણાઓ શરૂ થઈ તે પૂર્વે વિદેશી સત્તાઓ પોતાની ચાલબાજી અજમાવી રહી હતી. ઈન્દિરા ગાંધીએ તેમની છેલ્લી વિદેશયાત્રા દરમિયાન ચેતવણીના સૂર કાઢયા હતા. શિખર પરિષદમાંથી બહુ આશા ન રાખવા બન્ને દેશના વર્તમાનપત્રો પ્રજાને તૈયાર કરી રહ્યા હતા. ભૂતોની રમત સમજાતી ન હતી. મે માસમાં મંત્રણા થવાની હતી તેને વિલંબમાં નાંખી આરબ દેશોની મુસાફરીએ ગયા. પોતાના ખાસ પ્રતિનિધિને સલાહ માટે ચીન મોકલ્યા. લશ્કર અને લશ્કરી ખર્ચ વધારી રહ્યા હતા અને તે ઓછું નહિ જ થાય તેમ પોકારતા. વિદેશોમાંથી લશ્કરી સરંજામનો પ્રવાહ ચાલુ જ હતો. આ બધા સંજોગો શુભચિહ્નો ન હતા.

ભૂતો, એક હારેલ પ્રજા, જેણે અરધાથી વધારે દેશ ગુમાવ્યો હતો તેના પ્રતિનિધિ તરીકે આવ્યા. માનસિક અંતર ઊંડુ હતું. ભૂતો અને તેના મોટા કાફલાને કાંઈ અપમાનજનક ન લાગે અને સ્વસ્થતા અનુભવે તેવી સારી પેઠે તૈયારી અને તકેદારી રાખવામાં આવી હતી એમ જણાય છે. ભૂતોના નિવાસસ્થાનની વ્યવસ્થાની દેખરેખ ઈન્દિરા ગાંધીએ પોતે કરી હતી. યુદ્ધના અંતે, હારેલ દેશના પ્રતિનિધિઓની, વિજેતાઓ જે વલે કરે છે અને ગર્વભર્યું વર્તન કરે છે તેવું કાંઈ સીમલામાં બન્યું નથી એટલું જ નહિ પણ માન-પૂર્વક સરભરા થઈ. બન્ને વિશ્વયુદ્ધને અંતે સાથી રાજ્યોએ જર્મની અને જાપાન પ્રત્યે જે વલણ દાખવ્યું તેના કરતાં આપણાં વલણમાં માણસાઈ હતી તેની નોંધ લેવી જોઈએ. આ હકીકત પ્રમાણમાં ગૌણ લાગે પણ તેની ભારે કિંમત છે. ભૂતો સપ્તરંગી વ્યકિત છે. મગજ ગુમાવી બેસે તો સમતુલા આવતા વાર લાગે. એમ લાગે છે કે આ પાંચ દિવસ દરમિયાન તેને ભૂતકાળ ભૂલાવવા સફળ પ્રયત્ન થયો.

છેવટ સુધી બન્ને પક્ષ પોતાના સિદ્ધાંતોમાં મક્કમ રહ્યા. કોઈ નમતું મૂકતું ન હતું. પાકિસ્તાનનું બધું લક્ષ યુદ્ધમાંથી ઉત્પન્ન થયેલ તાત્કાલિક પરિસ્થિતિ સુલટાવવા પ્રત્યે હતું. લશ્કરો પાછા ખેંચી લેવા, પરસ્પરનો વિસ્તાર કબજે કર્યો છે તે મુક્ત કરવો, યુદ્ધ કેદીઓને સ્વદેશ મોકલવા, આ ત્રણ મુદ્દા ઉપર પાકિસ્તાનનું જોર હતું. આપણા પક્ષે કાયમી શાન્તિ ઉપર ભાર હતો. તેથી કાશ્મીરનું છેવટનું સમાધાન થાય, અને પશ્ચિમ સરહદે છેવટની સીમાઓ નક્કી થાય. ભવિષ્યમાં તકરારી મુદ્દાઓના નિકાલ માટે બળનો ઉપયોગ ન કરવો પણ વાટાઘાટથી જ નિવેડો લાવવો, કોઈ ત્રીજા પક્ષની દર-મિયાનગીરી હોવી ન જોઈએ. બંગલા દેશને માન્યતા આપવી, બંગલા દેશની સંમત્તિ વિના યુદ્ધકેદીઓ ની મુકિત ન થઈ શકે અને જેણે અત્યાચારો કર્યા છે તેની અદાલતી તપાસ કરવાની બંગલા દેશને સ્વતંત્રતા રહે, એ મુદ્દાઓ હતા. તેથી બે વચ્ચે અંતર ઘણું હતું. પરિણામે મંત્રણાઓ લંબાણી તેમાં નવાઈ નથી. પણ ભૂતો બે દિવસ વધારે રહ્યા તે હકીકત સમાધાન માટે તેની ઈંતેજારી બતાવે છે.

કાશ્મીરનું છેવટનું સમાધાન આ જ તકે થાય તેવી અપેક્ષા ન હતી. છતાં સંજોગો પલટાયા હતા. શેખ અબદુલ્લાનું વલણ બદલાયું તે નોંધપાત્ર હકીકત હતી. શેખે જાહેર કર્યું કે ભારત સાથેનું કાશ્મીરનું જોડાણ કાયમનું અને અંતિમ છે. શેખની માગણી કાશ્મીરને વધારે સ્વાયત્તતા મળે તેટલી જ રહી છે. ભૂતોએ જાહેર કર્યું હતું કે કાશ્મીરની પ્રજા માટે પોતાના ભાવિના સ્વનિર્ણયનો (Self Determination) અધિકાર કાયમ રહેવો જોઈએ. પણ સાથે ઉમેર્યું હતું કે, કાશ્મીરની પ્રજાએ જ તે નક્કી કરવાનું છે. તેમાં પાકિસ્તાનને દખલગીરી કરવાની ઈચ્છા નથી. કાશ્મીર મુસ્લિમ દેશ હોઈ પાકિસ્તાનમાં જ જોડાવું જોઈએ તે વલણ અને આ વલણમાં જમીન-આસમાનનું અંતર છે. બંગલા દેશને માન્યતા આપવી જ પડશે તે ભૂતો અને પાકિસ્તાનની પ્રજા દીવા જેવું સમજે છે. ભૂતોએ જાહેર કર્યું છે કે સપ્ટેમ્બરમાં માન્યતા આપવામાં આવશે. બધા. કડવા ઘૂંટડા એક સાથે ગળે ઊતરતા નથી. યુદ્ધકેદીઓ સત્વર પાછા ફરે અને કોઈની અદાલતી તપાસ ન થાય તે વિષે ભૂતોનો ખૂબ આગ્રહ રહ્યો છે. આ વસ્તુ સ્વભાવિક છે. ૯૩,૦૦૦ યુદ્ધકેદીઓ એટલે ૯૩,૦૦૦ કુટુંબોની ચિન્તા. આપણા પક્ષે એમ કહે-વાયું કે યુદ્ધકેદીઓની શરણાગતિ ભારત અને બંગલા દેશને સંયુ-કતપણે થઈ છે તેથી બંગલા દેશની સંમતિ વિના યુદ્ધકેદીઓ પાછા ન સોંપાય.

યુદ્ધમાં અમાનુષી અત્યાચારો કર્યા હોય તેવાની તપાસ કરવાની અને સજા કરવાની પરંપરા પાશ્ચાત્ય પ્રજાએ પણ સ્વીકારી છે. ભૂતોએ એમ કહ્યું કે પાકિસ્તાન પોતે આવી તપાસ કરશે. બંગલા દેશને આથી સંતોષ ન થાય તે દેખીતું છે. વિશેષમાં આપણે કહેવું હતું કે પાકિસ્તાન હજી લશ્કર અને લશ્કરી ખર્ચ વધારી રહ્યું છે ત્યારે આટલી મોટી રાંધ્યાના રોનિકો, કાયમી શાન્તિની આપણને ખાત્રી ન થાય ત્યાં સુધી પાછા સોંપવાનું ભારત માટે શક્ય નથી. આપણું વલણ એ રહ્યું કે કાયમી શાન્તિની ખાત્રી થાય તો બીજા પ્રશ્નો સરળતાથી ઊકલી જાય. આ બધા પ્રશ્નો ઘણા જટિલ અને ગંભીર છે. તેના ઊકેલનો પાયો પરસ્પરનો વિશ્વાસ અને શાન્તિ માટેની સાચી ઝંખના ઉપર અવલંબે છે. ૨૫ વર્ષનો ભૂતકાળ એક સાથે ભૂંસી નાખવો શક્ય ન હતું.

આ બધા વિકટ સંજોગોમાં છેવટ જે કરાર થયા છે તે આવકારદાયક છે આને શુભ શરૂઆત લેખવી જોઈએ. બન્ને પક્ષે વાસ્તવિકતાનું પૂરું ભાન રહ્યું છે એમ લાગે છે. ભૂતો માટે પણ ખાલી હાથે પાછા જવું બહુ ભારે થઈ પડત. પાકિસ્તાનની પ્રજા પણ શાન્તિ ચાહે છે. લશ્કરી અમલથી ત્રાસી ગઈ છે. ઈન્દિરા ગાંધીની સ્થિતિ સબળ હતી. તેમણે ઉદારતા દાખવી છે અને શરણાગતિ માગી નથી.

ભારત–પાકિસ્તાન કરાર અંગેની જે જાહેરાત થઈ છે તે ઉપરથી સ્પષ્ટ લાગે છે કે એકંદરે ભારતનો હાથ ઊંચો રહ્યો છે અને છતાં ભૂતો અપમાનજનક સ્થિતિમાં મૂકાયા નથી જેથી બીજા પ્રશ્નોના ઉકેલ માટે વાતાવરણ સ્વચ્છ રહે છે.

બે મુખ્ય મુદ્દા જેના ઉપર આપણો ખૂબ ભાર હતો તેનો સ્વીકાર થયો છે. ભવિષ્યમાં તકરારી મુદ્દાઓનું નિરાકરણ વાટાઘાટથી જ થશે. અને બળનો ઉપયોગ નહિ થાય એ અતિ મહત્ત્વની હકીકત છે. નેહરુના સમયથી યુદ્ધબંધી No War Pact ની આપણે માગણી કરી રહ્યા છીએ. પાકિસ્તાને ૨૫ વર્ષમાં ત્રણ વખત આક્રમણ કર્યું. આવા આક્રમણનો અંત આવવો જ જોઈએ. પાકિસ્તાને આ આક્રમણો પોતાના બળ ઉપર નહિ પણ વિદેશી સત્તાઓની ઉશ્કેરણી અને સહાય ઉપર કર્યા. તેથી જ ત્રણે વખત હાર્યું, કોઈ પ્રજા પારકાના જોર ઉપર વિજય મેળવી ન શકે. તેથી આપણો આગ્રહ હતો કે ભવિષ્યમાં વાટાઘાટો પરસ્પર (Bilatateral) હોવી જોઈએ.

અને કોઈ ત્રીજા પક્ષની દરમ્યાનગીરી રહેવી ન જોઈએ. આ સિદ્ધાંતનો સ્વીકાર થયો છે. આ બે મુદ્દાઓનો સ્વીકાર થતાં સારી ભૂમિકાની રચના થઈ છે એમ કહેવાય. તે સાથે આપણે સ્વીકાર્યું છે કે કાશ્મીર સિવાયના બીજા વિસ્તારો - રાજસ્થાન, ગુજરાત અને પંજાબમાંથી લશ્કરો પાછા ખેંચી લેવાશે અને એક બીજાનો કબ્જે કરાયેલ વિસ્તાર પાછો સોંપાશે. આમાં કાશ્મીરનો સમાવેશ નથી થતો તે સૂચક છે. કાશ્મીરની સરહદ છેવટે નક્કી કરવાની છે અને છેલ્લા યુદ્ધ પહેલાંની સરહદમાં થોડા ફેરફારની જરૂર છે તે કરવાનો અવકાશ રહે છે.

વર્તમાન સંજોગોમાં આથી વધારે સારી સમજુતીની આશા રાખી ન શકાય. હવે ધીમે ધીમે બીજા પગલાં લેવાશે. રાજદ્વારી સંબંધો (Diplomatic Relation) ટુંક સમયમાં જ શરૂ થશે. સંભવ છે કે બીજી શિખરપરિષદ થાય તે પહેલા પાકિસ્તાન બંગલા દેશને સ્વીકૃતિ આપશે. પરિણામે વાતાવરણ સારી પેઠે સુધરશે અને બીજી મંત્રણામાં કદાચ શેખ મુજીબુર રહેમાન ભાગ લેશે.

આ ઐતિહાસિક કરારથી દેશમાં સંતોષની લાગણી અનુભવાશે. ભારત અને પાકિસ્તાન લશ્કરી ખર્ચ પદવાડે, પોતાના ગજા ઉપરાંત કરોડો રૂપિયાનું ખર્ચ કરે છે. શાન્તિ અને વિશ્વાસનું વાતાવરણ સર્જાય તો કરોડો રૂપિયા બચાવી, બન્ને દેશની ગરીબ પ્રજાના કલ્યાણ માટે વપરાય. એશિયાના ત્રણ મોટા દેશો વચ્ચે શાન્તિ સ્થપાય તો એશિયાની અને દુનિયાની રાજકીય પરિસ્થિતિ પલટાઈ જાય, વિદેશી સત્તાઓ, ખાસ કરી અમેરિકા અને ચીનને ઈશ્વર સદ્‌બુદ્ધિ આપે અને એશિયાના ઉપખંડની પ્રજાઓને પોતાના માર્ગે સર્વદેશીય પ્રગતિ કરવાની તક મળે એ ઈતિહાસનો મહાન બનાવ છે. યુદ્ધના અંત પછી આટલા ટૂંકા સમયમાં લડતી પ્રજાઓ શાન્તિના માર્ગે પ્રયાણ કરે એ આવકારપાત્ર હકીકત છે. આપણે આશા રાખીયે કે ભારત, પાકિસ્તાન અને બંગલાદેશના ઈતિહાસમાં એક નવું પ્રકરણ ઉઘડે અને જુના વેરઝેર નીચોવાઈ મિત્રતા અને સહકારની ભાવના જાગે અને દૃઢ થાય. **ચીમનલાલ ચકુભાઈ**

પ્રકીર્ણ નોંધ

મૃતાત્મા સાથે સંબંધ

વિનોબાજી સાથે વાર્તાલાપ ભૂમિપુત્રમાં પ્રકટ થાય છે તેમાંનો નીચે જણાવેલ પ્રશ્નોત્તર કુતૂહલ અને જિજ્ઞાસા પ્રેરે તેવો છે. આ પ્રશ્નોત્તર બજાજ પરિવાર સાથેનો જણાવેલ છે. શ્રી કમલ નયન બજાજના તાજેતરમાં થયેલ અવસાનને અનુલક્ષી આ વાર્તાલાપ હશે એમ લાગે છે.

પ્રશ્ન : પ્રાણ અને આત્મામાં શું અંતર છે?

વિનોબા : વેપારી અને એના મુનીમમાં જે અંતર છે તે પ્રાણ અને આત્મામાં છે. પ્રાણના આધારે આત્મા નિશ્ચિત રહે છે.

પ્રશ્ન : મૃત વ્યક્તિની યાદથી દુ:ખ કેમ થાય છે? મૃતાત્માની શાંતિ સારું શું કરવું?

વિનોબા : મૃત્યુ પામેલો મનુષ્ય મુકતાત્મા હશે તો તમારા સુખ દુ:ખની કશી અસર તેના પર નહીં થાય. પરંતુ મુકતાત્મા ન હોય, કેવળ પ્રેમનો, મૈત્રીનો સંબંધ હોય અને તેના ગયા પછી તમે રોતા રહો તો રોને તકલીફ થશે. એની પ્રગતિ આડે અડચણ આવશે. તેને પાછળ ખેંચવા જેવું થશે. આપણે રોઈએ છીએ તે આપણા સ્વાર્થ ખાતર. અત્યારલગી તેનો પ્રેમ મળતો હતો તે હવે નહીં મળે એ સ્વાર્થ માટે આપણે રડીએ છીએ. વાસ્તવમાં પ્રાણને આરામની જરૂર હોય છે, એ માટે મૃત્યુ છે. માટે શોક ન કરવો.

પ્રશ્ન : મૃતાત્માને બોલાવી શકીએ ખરા?

વિનોબા : બોલાવી શકીએ છીએ, તે આવી પણ શકે છે. પણ બોલાવવો શા માટે? એની ઉન્નતિ માટે કે આપણા આનંદ માટે? બોલાવવાથી એને તો કશો લાભ નથી. એનાં દર્શનની ઈચ્છા આપણને હોય છે. માટે બોલાવવાને બદલે સ્મૃતિ રાખવી, ગુણોની સ્મૃતિ.

પવનાર–બજાજ પરિવાર સાથે.

વિનોબાજી માને છે કે મૃતાત્મા પૂર્ણ મુકિત પામેલ ન હોય અને તેના સંબંધીઓ તેની પાછળ રોતા રહે તો તેને તકલીફ થાય અને તેની પ્રગતિ આડે અડચણ આવે. તેને પાછા ખેંચવા જેવું થાય. વળી મૃતાત્માને બોલાવી શકાય અને તે આવી પણ શકે છે.

આ વિધાનો કોઈ અનુભવને આધારે છે કે અનુમાન અને માન્યતા ઉપરથી કરેલ છે તે ખબર નથી. વિનોબાજી વિશેષ સ્પષ્ટીકરણ કરે તો આવકારદાયક થશે. સામાન્ય માન્યતા એવી છે કે આત્મા એક દેહ છોડી જાય પછી મુહૂર્ત માત્રમાં બીજો દેહ ધારણ કરે છે. વિનોબાજીના કહેવા પ્રમાણે આત્મા અશરીરી અવસ્થામાં લાંબો વખત રહેતો હશે અને એક અથવા બીજે પ્રકારે જૂના સંબંધીઓ સાથે તેનો સંબંધ ચાલુ રહે છે અથવા રાખી શકાય છે. આ બાબતમાં ખૂબ સંશોધન અને પ્રયોગો થઈ રહ્યા છે અને ઘણું

સાહિત્ય બહાર પડયું છે. પારા સાયકોલોજી વિજ્ઞાનનો વિષય છે. આ બધી માન્યતાઓનો પાયો એ છે કે આત્મા અમર છે અને મુક્તિ ન મળે ત્યાં સુધી પુનર્જન્મ છે. જે ધર્મોમાં આવી માન્યતા નથી તેને માટે આવા કોઈ પ્રશ્નો નથી.

મારો નાનો એવો અનુભવ કહું – હું બે વર્ષનો હતો ત્યારે મારી માતા ગુજરી ગઈ. એમ કહેવાય છે કે મારામાં જીવ રહી ગયો છે તેથી મારી બીજી માતાના શરીરમાં તે આવે છે. મારી બીજી માતા તે સમયે ધ્રૂજે છે અને મારી માતા તેની મારફત બોલે છે. આ વાત હું માનતો નથી તેનું દુ:ખ ઘણી વખત તે મારી બીજી માતા મારફત વ્યકત કરે છે. તેની સદ્‌ગતિ માટે મારામાં જીવન રાખવા હું તેને કહું છું પણ તેથી તેને વિશેષ દુ:ખ થાય છે. મારી બીજી માતા ખૂબ ધાર્મિક છે અને આવા પ્રેતાત્માઓમાં માનતી નથી–છતાં તેના શરીરમાં મારી માતા આવે ત્યારે તે નિરૂપાય થાય છે. હવે તો તે લગભગ બંધ થયું છે પણ શરૂઆતનાં વર્ષોમાં સારા પ્રમાણમાં હતું.

વિનોબાજીના પ્રશ્નોત્તરનો મેં અહીં એટલા માટે ઉલ્લેખ કર્યો છે કે વિનોબાજી સંત અને જ્ઞાની પુરુષ છે. તેથી તેમના વચનો અથવા માન્યતાઓનો આધાર જાણવાની જિજ્ઞાસા છે.

જાપાનના વડા પ્રધાનની નીવૃત્તિ

જાપાનના વડા પ્રધાન શ્રી સાટોએ જાહેર કર્યું છે કે પક્ષ બીજા નેતાની ચૂંટણી કરે – જે ૫ મી જુલાઈએ થવાની છે– પછી તેઓ નિવૃત્ત થશે. બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનમાં શ્રી. સાટો સૌથી લાંબો સમય–૭ વર્ષ–વડાપ્રધાન રહ્યા છે. આ સમય દરમિયાન જાપાને આર્થિક ક્ષેત્રે અદ્‌ભૂત પ્રગતિ કરી છે. વળી, શ્રી સાટોના પ્રયત્નોથી જાપાને ખોકીનાવા ટાપુ અમેરિકા પાસેથી પાછો મેળવ્યો છે જે જાપાન માટે ગૌરવની વાત છે. થોડા વખત પહેલાં જ તેમનાં પક્ષે – લીબરલ ડેમોક્રેટીક પક્ષ – ચૂંટણીમાં બહુમતિ મેળવી છે. તો પછી શ્રી સાટો નિવૃત્ત શા માટે થાય છે? રાજકીય પુરુષો સ્વેચ્છાએ સત્તા છોડે તેવું ભાગ્યે જ બને છે. પક્ષમાં અને દેશમાં સાટોની નીતિની સારા પ્રમાણમાં ટીકા થાય છે. પણ એવું તો કયા આગેવાન વિષે નથી બનતું? સાટોની ઉમ્મર- ૭૧ વર્ષ- રાજકીય પુરુષો સત્તાને વળગી રહે છે તે પ્રમાણમાં મોટી ન કહેવાય. સત્તા ફરજિયાત છોડવી પડે તે કરતાં સ્વેચ્છાએ નિવૃત્ત થવું તેમાં સાટોએ ડહાપણ વાપર્યું છે અને એક અનુકરણીય દ્રષ્ટાંત પૂરું પાડયું છે. તેમનો પક્ષ જ બહુમતિમાં હોઈ સત્તા ઉપર રહેવાનો છે અને તે જ પક્ષે બીજા નેતાની ચૂંટણી કરવાની છે. જાપાનમાં સામાન્યપણે નિવૃત્ત થતા વડા પ્રધાન પોતાના અનુગામી નિયુકત કરે છે. આ વખતે તીવ્ર હરીફાઈ છે અને સાટો પોતાના અનુગામી નિયુકત કરી શકે તેમ નથી. પક્ષમાં ખાસ કરી વિદેશ નીતિ અંગે ઊંડો મતભેદ છે. ૧૯૬૯ માં આપણા કૉંગ્રેસ પક્ષમાં જે બન્યું એવી કાંઈક પરિસ્થિતિ જાપાનમાં છે. બીજા વિશ્વયુદ્ધ પછી જાપાને અમેરિકા સાથે ખૂબ ગાઢ સંબંધો રાખ્યા છે. અમેરિકાનું ખંડિયું રાજ્ય હોય એવી રીતે જાપાન આટલાં વર્ષ રહ્યું છે. પરિણામે, જાપાનના હિતમાં જરૂર હોવા છતાં, ચીન સાથેના સંબંધો સુધારવા કોઈ પ્રયત્ન થયો નહિ. આ નીતિને નીક્સને મોટો આંચકો આપ્યો. જાપાનને જાણ પણ કર્યા વિના ચીન સાથે મૈત્રી કરવાના નિક્સને પ્રયત્નો આદર્યા. જાપાનની પ્રજાને આથી આઘાત થયો. છે. સાટો નીક્સને મળવા અમેરિકા આવ્યા. કાંઈ વળ્યું નહિ. તેથી જાપાનમાં એક વર્ગ એમ માને છે કે સાટોની નીતિ નિષ્ફળ ગઈ છે અને આગેવાનમાં અને નીતિમાં પાયાનો ફેરફાર થવો જોઈએ. સાટોના અનુગામી તરીકે બે મુખ્ય હરીફો છે. વિદેશમંત્રી ફુકુડા અને વિદેશ વ્યાપાર મંત્રી ટનાકા - સાટો ફુકુડા નેજ ટેકો આપે છે. ફુકુડા સાટોની નીતિ મોટે ભાગે ચાલુ રાખવાના હીમાયતી છે. ટનાકા વિરોધીજૂથના આગેવાન છે. જાપાનમાં હવે ચીન સાથે સંબંધો સુધારવાની તીવ્ર લાગણી છે–વ્યાપારની દ્રષ્ટિએ પણ આ જરૂરી માનવામાં આવે છે. ટનાકા આગેવાન ચૂંટાય તો જાપાનની વિદેશ નીતિમાં પાયાના ફેરફાર થશે.

મહારાષ્ટ્રમાં દારૂબંધી

મહારાષ્ટ્રના વિધાન સભા પક્ષે મોટી બહુમતિથી (માત્ર છ વિરુદ્ધ મતે) દારૂબંધી રદ કરવાનો ઠરાવ કર્યો છે. આથી આશ્ચર્ય થાય તેમ નથી પણ ઊંડો ખેદ થાય. છેલ્લા ત્રણ વર્ષથી દારૂબંધીની નીતિ મહારાષ્ટ્ર સરકાર હળવી કરી રહી છે. દારૂબંધી રદ કરવાના કારણો એ આપવામાં આવે છે કે તેને કારણે જે અનિષ્ટો ઉત્પન્ન થયા છે તે દૂર કરવાનો આ એક જ માર્ગ છે. આ અનિષ્ટો માટે કોણ જવાબદાર છે? ગેરકાયદે દારૂ મોટા પાયા ઉપર ગળાય, ભ્રષ્ટાચાર, લાંચરુશ્વતખોરી, આ બધું છે. તેનું મુખ્ય કારણ એ છે કે સરકાર, પોલીસ, ન્યાયતંત્ર, કોઈને દારૂબંધીમાં શ્રદ્ધા નથી. તેના અસરકારક અમલ માટે જે પગલાં લેવા જોઈએ તે લીધા નથી અને રોગને દૂર કરવા દરદીને ખતમ કરવા જેવી નીતિ હવે અખત્યાર કરે છે. પ્રજાનો દોષ ઓછો નથી. માણસ સમજણપૂર્વક વ્યસન છોડતો નથી. શિક્ષિત હોય તો દલીલ કરશે કે કાયદાથી આમને નૈતિક બનાવી નહિ શકો. દારૂના વ્યસનથી થતો વિનાશ આંખે જોવા છતાં, માણસ તેને વળગી રહે છે. સરકાર ભલે દારૂબંધી રદ કરે. પ્રજાની ફરજ તેથી ઓછી થતી નથી પણ વધે છે. કાયદાથી જ દારૂબંધી સફળ થાય નહિ. દારૂબંધીમાં જેને નિષ્ઠા છે તેવા સામાજિક કાર્યકરોએ વિશેષ પ્રયત્નો – ખાસ કરી ગરીબવર્ગમાં કરવા પડશે. સરકારને દોષ દઈ છૂટી જવાશે નહિ.

અમેરિકાના પ્રેસિડન્ટની ચૂંટણી :

અમેરિકામાં પ્રેસિડન્ટની ચૂંટણી એક અજબ વસ્તુ છે. કરોડો ડૉલરનું ખર્ચ થાય. ઉમેદવારો તરફથી જે રીતરસમો અજમાવવામાં આવે છે તેમાં પ્રજાને મૂર્ખ બનાવવાની તરકીબો દેખાય. નીક્સનની છેલ્લી ચૂંટણી સંબંધે એક પુસ્તક બહાર પડયું છે. To Sell the President–એક ટેલિવિઝન ઈન્ટરવ્યૂ કે પ્રેસ કૉન્ફરન્સ ગોઠવવામાં કેટલું ખર્ચ કેટલું નાટકી તત્ત્વ! ગેરરીતિઓનો ય કોઈ પાર નહિ. હમણાં જ બહાર આવ્યું છે કે ડેમોક્રેટીક પક્ષની ઓફિસમાં જાસૂસી કરી તેને માટે કૉર્ટમાં દાવો થયો છે. આ ચૂંટણીમાં નિક્સનના ચૂંટણી મેનેજર જૉહન મીચેલ છે, જે અમેરિકાના એટર્ની જનરલ હતા અને નિક્સનની ચૂંટણીનું સંચાલન કરવા તે પદનું રાજીનામું આપ્યું. મીચેલના પત્ની માર્થા મીચેલે હમણાં જાહેર કર્યું, I am not going to stand for all those dirty things that are going on. અને ત્રાસી જઈ પતિનો ત્યાગ કર્યો. જે પ્રકારનું જીવન જીવવું પડે છે તે વિશે તેણે કહ્યું It is horrible to me, I have been through so much. I don't like it. Martha is not going to stand for it. માર્થા મીચેલ પોતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતી વ્યકિત છે.

આ લખ્યા પછી સમાચાર આવ્યા કે જોહન મીચેલે નીક્સનના ચુંટણી મેનેજર તરીકે રાજીનામું આપ્યું છે અને નીક્સને તે સ્વીકાર્યું છે.

અમેરિકા અને વિયેટનામ

વિયેટનામના યુદ્ધનો અંત લાવવા ચાર વર્ષથી પેરિસમાં મંત્રણાઓ ચાલે છે, તૂટી જાય છે, ફરી શરૂ થાય છે. અમેરિકાની પ્રજા

આ યુદ્ધથી ત્રાસી ગઈ છે. અમેરિકાનું અર્થતંત્ર આ યુદ્ધને કારણે આંચકા અનુભવે છે. નિક્સને ચૂંટણી વખતે વચન આપ્યું હતું કે અમેરિકા બધું લશ્કર વિયેટનામમાંથી પાછું ખેંચી લેશે.

લશ્કરની સંખ્યા મોટા પ્રમાણમાં ઓછી કરી છે. પણ ભયંકર બોમ્બવર્ષા ચાર માસથી ચાલુ છે. પોતાના લશ્કરની સંખ્યા ઘટાડી અમેરિકન સૈન્યની ખુવારી ઓછી કરી પણ અમાનુષી બોમ્બમારાથી વિયેટનામની પ્રજાનું સત્યાનાશ વધારી દીધું. આ વિનાશ માત્ર ઉત્તર વિયેટનામનો નથી. દક્ષિણ વિયેટનામ જેના રક્ષણ માટે અમેરિકા આ યુદ્ધ લડવાનો દાવો કરે છે તેનો વિનાશ અમેરિકન બોમ્બમારાથી એટલો જ થાય છે. દક્ષિણ વિયેટનામનું એન લોક શહેર, જે સાયગોનથી ૬૦ માઈલ ઉપર છે, તેના ૩૦ હજાર શહેરીઓમાં અત્યારે ભાગ્યે જ એક હજાર રહ્યા છે, એક મકાન ઉભું નથી, એક વાહન નથી. ૧૫ લાખ નિર્વાસિતો ઘરબાર છોડી બેહાલ દશામાં સાયગોન આસપાસ પડયા છે. ઉત્તર વિયેટનામમાં માત્ર લશ્કરી સ્થાનો ઉપર બોમ્બ પડે છે તેમ નથી – તેની ફેક્ટરીઓ, સ્ટીલ પ્લાન્ટ, જળાશયો, બંધો. નહેરો બધાનો નાશ કરી રહેલ છે. અમેરિકાના અત્યાચારોએ માઝા મૂકી છે. ચૂંટણી પહેલાં યુદ્ધનો અંત આવે તો નિક્સન ફરી પ્રમુખ ચૂંટાય એમ મનાય છે. તેથી ઉત્તર વિયેટનામને નમાવવા જબરજસ્ત આક્રમણ, હવાઈ અને નૌકાદળનું, કર્યું છે. નિક્સનની મુત્સદ્દીગીરી એટલે દરજ્જે સફળ થઈ છે કે ચીન અને રશિયા સાથે રાંબંધો સુધારી, ઉત્તર વિયેટનામને તેમના તરફથી મળતી મદદનું પ્રમાણ ઓછું કર્યું છે અને આ બન્ને દેશો પોતાના સ્વાર્થ માટે ઉત્તર વિયેટનામ ઉપર સમાધાન કરવા દબાણ લાવી રહ્યા છે. ઉત્તર વિયેટનામ મૂંઝવણભરી પરિસ્થિતિમાં મૂકાયું છે. અત્યારે સમાધાન કરે તો કદાચ નિક્સન ઠીક પ્રમાણમાં નમતું મૂકે પણ બન્ને વિયેટનામ એક કરવાની ઉમેદ હાલ તુરત તો નિષ્ફળ જાય. એમ મનાય છે કે નિક્સન હારે અને ડેમોક્રેટિક પક્ષનો ઉમેદવાર મેક ગોવર્ન ચૂંટાય તો અમેરિકા બિનશરતે લશ્કર પાછું ખેંચી લે. નવેમ્બર સુધી ખેંચવું ઉત્તર વિયેટનામ માટે મુશ્કેલ છે અને તેમાંય નિક્સન ફરી ચૂંટાય તો વેર વાળે.

અમેરિકાને વિયેટનામની પ્રજાનું આવું સત્યાનાશ વાળવાનો શું અધિકાર છે? વિયેટનામની પ્રજાએ અમેરિકાનું શું નુકસાન કર્યું છે? ચીનનું વર્ચસ્વ વધતું અટકાવવા અથવા સામ્યવાદ રોકવાનું બહાનું પણ હવે રહ્યું નથી. મહાસત્તાઓના પાપ અમાપ છે. તેમની સમૃદ્ધિ તેમને તો શાપરૂપ છે પણ દુનિયાને પણ શાપરૂપ છે. સત્તા અને સમૃદ્ધિના મદમાં અમેરિકા આજે આ નહિ જુએ પણ આ પાપની શિક્ષા ભોગવ્યે જ છૂટકો છે.

–ચીમનલાલ ચકુભાઈ શાહ

'પ્રબુદ્ધ જીવન' વિષે–

['પ્રબુદ્ધ જીવન' માં રસ લેતા એક શુભેચ્છકનો પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો છે.]

મુરબ્બી શ્રી ચીમનલાલભાઈ,

'પ્રબુદ્ધ - જીવન' જ્યારે 'પ્રબુદ્ધ - જૈન' ના શિર્ષકથી બહાર પડતું હતું ત્યારથી - લગભગ શરૂઆતથી - તેનો હું ગુણાનુરાગી વાચક છું. સદ્‌ગત પરમાનંદભાઈ સાથે અવેરાતના ધંધાના એક જ ક્ષેત્રના તે વેળાના વ્યવસાયને લીધે ૧૯૨૯ થી - એટલે આજથી લગભગ ૪૨ વર્ષથી-તેઓશ્રીના ઠીક ઠીક નિકટના પરિચયમાં હતો. 'પ્રબુદ્ધ જૈન' માંથી 'પ્રબુદ્ધ - જીવન' ઉપસાવીને આ પ્રતિષ્ઠિત પાક્ષિકની તેઓએ એક નિષ્ઠાથી જે સેવા કરી છે અને કોઈની પણ શેહ રાખ્યા વિના મોકળા મને નિર્ભીક વિચારો જાહેરમાં મૂકતા રહેલા, અને એ રીતે ફેલાવામાં ભલે નાના - વર્તુલમાં જ તે ફરતું હોય, છતાં જે સધનપણે લેખો તેમાં આપતા તેથી, વિચારવંત વાચકવર્ગમાં આ પાક્ષિકે ઘણી ઉમદા અને ઉત્કૃષ્ટ છાપ ઉપસાવી છે.

મુ. પરમાનંદભાઈના દેહાવસાન વેળા આ પાક્ષિકને નહિ પૂરાય તેવી ખોટ સાલશે - કઠશે તેમ - લાગેલું. તે વેળા પણ આપના રાજ્યદ્વારી ઘટના અંગેના લેખો ઘણી વાર યા કેટલીક વાર તેમાં પ્રસિદ્ધ થતા રહેતા હતા જ. એટલે આપના નામથી તે અક્ષરદેહથી તો આપના પરિચયમાં અમો છીએ જ. પૂજ્યશ્રી મોટા પણ આપના તેવા કેટલાક લેખો વાંચતા હતા. મુ. શ્રી. પરમાનંદભાઈ અમોને કદીક કદીક મળવા પણ આવતા અને એમના દેહના પડવાથી આ પ્રતિષ્ઠિત પાક્ષિકને મોટો ધક્કો પહોંચશે તેવી લાગણી હતી. પરંતુ સદ્‌ભાગ્યે આપે એનું સંચાલન - તંત્રીપણું સ્વીકાર્યું ને ઉત્તરોત્તર 'પ્રબુદ્ધ જીવન માં જે લેખોની હારમાળા છપાઈ રહી છે - જુદા જુદા વિદ્વાન વિચારવંત લેખકોનો પણ સાથ મેળવીને 'પ્રબુદ્ધ જીવન' જે પ્રગતિ સદાય ઉત્તરોત્તર કરતું આવ્યું છે ને કરી રહ્યું છે તે જોઈ ઘણો હર્ષ થાય છે. આવા Views Papers આપણી ભાષામાં - નિષ્પક્ષપણે સમાજનું ઘડતર કરી રહ્યાં હોય તેવાં નહિ જેવાં છે. પ્ર. જીવન કદાચ સુખદ અપવાદ ગણાય. ગ્રાહકોની વિપુલ સંખ્યા - એ તો ઉલ્ટુ કદાચ તેની ઉત્તમતાની સામી દિશામાં પણ જાય. તે ન્યાયે પ્ર. જીવન ઉત્કૃષ્ટ પાક્ષિક ગણાય.

દા. ત. જૂન ૧ લી. (૧૯૭૨) નો અંક (૩૪/૩) **આખેયે અંક કેટલો બધો વિચારપ્રેરક ને મૌલિક વિચારોથી સભર છે?**

સદ્‌ગત વિનોદભાઈ શાહ ઉપરનો જસ્ટિસ નથવાણીનો લેખ કેટલો બધો ઉમદા છે?

આપ આવી જૈફ ઉમ્મરે પણ આવો ભારે બોજ પાક્ષિકના સંપાદનનો અને તંત્રીપણાનો ઉપાડો છો - અને તે પણ બીજી આવશ્યક પ્રવૃત્તિઓની સાથે સાથે - તે જોઈ આપને અમારું શિર વંદન કરે છે.

પૂજ્ય શ્રી મોટાએ આપને સપ્રેમ ભાવપૂર્વકના પ્રણામ પાઠવ્યા છે.

લિ. **નંદુભાઈ શાહના જયજીનેન્દ્ર**

શ્રી સુવાભાઇ જૈનધર્મ પ્રચારક પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગ્લોર

જૈનધર્મ પ્રચારક પ્રશિક્ષણ કેન્દ્ર (જૈન ટ્રેનિંગ કૉલેજ) માં પ્રવેશ ચાલુ છે. માત્ર દસ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને જ લેવાના છે. આથી સર્વે જૈનાચાર્યો, અખિલ ભારતીય જૈન કોન્ફરન્સના અધિકારીઓ, મહાવીર નિર્વાણ શતાબ્દી મહોત્સવના સંયોજકો, ધાર્મિક શિક્ષણ શિબિરના સંચાલકો, જૈન શિક્ષણ સંસ્થાઓ–ધાર્મિક અધ્યયન કેન્દ્રોના કાર્યકર્તાઓ અને વિદ્વાનો, કૉલેજો-યુનિવર્સિટીઓના પદાધિકારીઓ અને પત્ર-પત્રિકાઓના સંપાદકોને વિનંતિ છે કે તેઓ સંસ્કારાર્થી, વિદ્યાપિપાસુ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનાં પ્રાર્થનાપત્રો પોતાની ભલામણો સાથે મોકલવા અનુગ્રહ કરે.

પ્રસ્તુત કેન્દ્રના ઉચ્ચ સ્તરના તાત્ત્વિક અને ભાષાકીય અભ્યાસક્રમમાં હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, પ્રાકૃત બધી ભાષાઓનું ગંભીર અધ્યયન સમાવિષ્ટ હોવાને કારણે પ્રવેશેચ્છુક છાત્રોને ઓછામાં ઓછો P.U.C. સુધીનો અભ્યાસ હોવો જરૂરી છે. વિદ્વાન પ્રચારકો, કાર્યકર્તાઓ અને ગૃહપતિઓના નિર્માણ પ્રશિક્ષણ અર્થે તેમજ સાધુ-સાધ્વીઓ-સાધકોના અધ્યાપનના ઉદ્દેશ્યથી આયોજિત ચાર વર્ષના આ અભ્યાસક્રમના શિક્ષણ કાળમાં અધ્યયન, અધ્યાપન ભોજન, નિવાસ, ગ્રંથાલય વગેરેનો પ્રબંધ નિઃશુલ્ક વિનામૂલ્યે છે. અભ્યાસક્રમ પૂરો થયા પછી પ્રચાર-પ્રસાર કોઈને માટે રૂ. ૨૫૦/- પ્રતિ મસના વેતનથી નિયુક્ત કરવાની વ્યવસ્થા પણ છે. પ્રાર્થનાપત્ર અને વિશેષ માહિતી નીચેના સરનામેથી મળી શકશે. પ્રવેશેચ્છુક છાત્રો પોતાના પ્રાર્થનાપત્ર આવશ્યક ભલામણ સાથે, પ્રધાનાચાર્ય **શ્રી સુ. જૈન પ્ર. પ્ર. કેન્દ્ર ૧૬, પ્રિમરોઝ રોડ, બેંગલોર-૨૮** ને મોકલી આપે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત – ૧૯૭૧

આનંદ થાય છે કે ગત વર્ષ દરમિયાન સંઘની બધી જ પ્રવૃત્તિઓ–પર્યુષણ વ્યાખ્યાનમાળા, પ્રબુદ્ધ જીવન, વસંત વ્યાખ્યાનમાળા, વાચનાલય–પુસ્તકાલય તેમ જ વૈદ્યકીય રાહતની પ્રવૃત્તિ સમકક્ષ રીતે ચાલી રહી છે. આ વર્ષની બન્ને વ્યાખ્યાનમાળાઓના પર્યુષણ વ્યાખ્યાનમાળા અને વસન્ત વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ ઉચ્ચ કોટીના હતા, એ કારણે શ્રોતાઓને પૂરો સંતોષ થયો હતો. બન્ને વ્યાખ્યાનમાળાઓના શ્રોતાઓનો એક વિશિષ્ટ વર્ગ નિર્માણ થયો છે અને એ રીતે આપણી બન્ને વ્યાખ્યાનમાળાઓનું જનતા માટે અનેરું આકર્ષણ રહ્યું છે. આપણી વસંત વ્યાખ્યાનમાળાનું આ ચોથું વર્ષ હોવા છતાં, આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળા જેટલું જ તેણે આકર્ષણ ઊભું કર્યું છે, અને જે રીતે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રોતાઓનો ધસારો રહે છે એવો જ ધસારો આ વખતે વસંત વ્યાખ્યાનમાળામાં પણ રહ્યો. એ કારણે આવતે વર્ષે આપણે આનાથી જગ્યામાં મોટી તેનું આયોજન કરવું પડશે. આના માટે આપણે ગૌરવ લઈ શકીએ તેમ છીએ.

સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન,' સ્વ. પરમાનંદભાઈની ગેરહાજરી છતાં તેનું ધોરણ જાળવી રાખી શક્યું છે અને વાચકો માટે તે સંતોષપ્રદ રહ્યું છે એનો યશ તેના હાલના વિદ્વાન તંત્રી અને આપણા સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહના ફાળે જાય છે. એટલે પ્રબુદ્ધ જીવનનું શું? એવો પ્રશ્ન હવે ઉદ્‌ભવતો નથી. તે ઉત્તરોત્તર પ્રગતિના પંથે વળશે એવી શ્રદ્ધા પ્રગટે છે.

ગઈ સત્તરમી એપ્રિલના રોજ, આ બધી જ પ્રવૃત્તિઓના પ્રાણ સમા શ્રી. પરમાનંદભાઈએ એકાએક આપણી વચ્ચેથી વિદાય લીધી–જે આપણી કલ્પનામાં પણ નહોતું. આથી પ્રથમ તો મોટા પ્રશ્નાર્થે સૌને ચિન્તિત કર્યા કે હવે સંઘની પ્રવૃત્તિઓને એ જ ધોરણે કેવી રીતે ચાલુ રાખી શકાશે? પરંતુ સાથીઓએ સાથે મળી ચર્ચાવિચારણા કરી અને બધાનો એકમત થયો કે જે રીતે પ્રવૃત્તિઓ ચાલે છે એ જ રીતે તેને ચાલુ રાખવી–સૌનો તેમાં સહકાર સાંપડયો અને શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહનું માર્ગદર્શન મળ્યું. પ્રબુદ્ધ જીવનનું તંત્રીપદ તેમણે સંભાળ્યું. વ્યાખ્યાનમાળાના આયોજનનો ભાર પણ તેમણે ઉપાડયો. આ રીતે દરેકના ઉત્સાહમાં વધારો થયો અને પ્રવૃત્તિને વેગ મળ્યો. તા. ૧૬-૫-૭૧ના રોજ, સ્વ. પરમાનંદભાઈની સ્મૃતિમાં ૬૪ પાનાનો પરમાનંદ કાપડિયા સ્મૃતિ અંક પ્રગટ કર્યો. તેમને પ્રિય એવી પ્રવૃત્તિઓ પર્યુષણ વ્યાખ્યાનમાળા અને 'પ્રબુદ્ધ જીવન' લાંબા ગાળા સુધી ચાલુ રહે એવા આશયથી, તેને આર્થિક કારણે સહન કરવું ન પડે એવી કલ્પનાથી, પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ નામનું ફંડ શરૂ કર્યું અને તેમાં રૂા. ૧,૪૪,૨૨૫ મેળવ્યા અને તેનું ટ્રસ્ટ રજીસ્ટર કરાવ્યું. પરમાનંદભાઈના અવસાન બાદ પ્રથમ પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન પણ સફળ રીતે પાર પડયું. ત્યાર બાદ, વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન છેલ્લા દશેક વર્ષથી સંભાળી રહ્યા હતા તે પ્રો. ઝાલાસાહેબનું ઓગસ્ટની ૨૬મી તારીખે સન્માન કર્યું. પરંતુ ચારેક મહિનાના ગાળામાં જ તા. ૧૧-૧-૭૨ના રોજ પ્રો. ઝાલાસાહેબનું પણ અવસાન થયું. જાણે પરમાનંદભાઈને આંબી જવાનો તેમનો પ્રયત્ન ન હોય! એમની મૈત્રીની ગાંઠ પણ એવી જ હતી. આટલી પૂર્વભૂમિકા પછી વાર્ષિક વૃત્તાંતની વિગતો ઉપર આવીએ.

આ અહેવાલ વહીવટની દૃષ્ટિએ તા. ૧-૧-૭૧ થી ૩૧-૧૨-૭૧ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૧૭-૭-૭૧ના રોજ મળી હતી ત્યારથી આજ સુધીનો એટલે તા. ૨૪-૬-૭૨ સુધીનો છે.

ગત વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવનને રૂા. ૧૧૩૨૨-૫૦ની આવક થઈ છે, જ્યારે રૂા. ૧૭૪૧૩-૭૦નો ખર્ચ થયો છે; પરિણામે રૂા. ૬૦૯૧-૧૪ની ખોટ આવી છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી આપણા આ પ્રકાશનને દર વર્ષે રૂા. ૨૫૦૦ ભેટ મળે છે તે માટે આપણે તેમના આભારી છીએ. નવા વર્ષમાં પ્રબુદ્ધ જીવનની ખોટમાં મોટો વધારો થશે. કારણ કે પ્રબુદ્ધ જીવનના સંપાદન કાર્યમાં મદદરૂપ બને એ માટે એક મદદનીશ રાખવામાં આવ્યા છે અને તેમને ઓનેરેરિયમ તરીકે માસિક રૂપિયા ૧૫૦ આપવાનું આપણે નક્કી કર્યું છે. એટલે તેના રૂા. ૧૮૦૦ થાય. પ્રબુદ્ધ જીવનમાં જે લેખો પ્રગટ થાય છે તેના લેખકોને રૂા. ૧૫ લેખ દીઠ પુરસ્કાર આપવાનું નક્કી કર્યું હોઈને તેના અંદાજ રૂા. ૧૦૦૦ થાય. તે ઉપરાંત તા. ૧-૧-૭૨થી પ્રબુદ્ધ જીવનની છપાઈમાં ૨૫ ટકાનો વધારો થયો છે એટલે લગભગ રૂા. ૧૮૦૦ થયા. એમ રૂપિયા ૪૬૦૦નો ખર્ચ વધવાનો સંભવ છે. તો પ્રબુદ્ધ જીવન પગભર બને અથવા તો તેની ખોટ ઓછી આવે તે માટે શું કરવું એ આપણા સૌને માટે ચિન્તાનો વિષય બને છે. ફક્ત સાત રૂપિયાના વાર્ષિક લવાજમમાં લગભગ ૨૪×૧૨=૨૮૮ પાનાનું ચિન્તનસભર વાંચન પીરસતું આપણું આ પાક્ષિક તો જ પગભર બને જો મિત્રો એના માટે કૌટુંબિક–સામાજિક પ્રસંગો પર કંઈક રકમો ભેટ તરીકે નોંધાવે અને તેના ચાહક એવા દરેક ગ્રાહક અને સભ્ય જો વર્ષમાં બે બે નવા ગ્રાહકો લાવી આપે અને મેનેજિંગ કમિટિના સભ્યો વર્ષમાં વીશ વીશ ગ્રાહકો લાવી આપે. પ્રબુદ્ધ જીવનની ખોટને ઓછી કરવા માટેના ઉપરના અમારા વિકલ્પો પ્રત્યે કાળજીભર્યું ધ્યાન આપી અમને એ રીતે સહકાર આપવા આમારી સૌને હાર્દિક વિનંતિ છે.

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

ગત વર્ષ દરમિયાન રૂા. ૧૧૪૩-૦૦નાં નવાં પુસ્તકો ઉમેરવામાં આવ્યા છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૧૩,૧૫૪-૦૬નો ખર્ચ થયો છે, જ્યારે આવક રૂા. ૧૮૭૬-૦૮ની થઈ. (જેમાં મ્યુનિસિપાલિટીની રૂા. ૨૫૦૦ની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.) એટલે રૂા. ૭૨૭૭-૯૮ની ખોટ આવી છે. આગલા વર્ષોની ખોટ રૂા. ૧૬૦૪૩-૪૦ ઉભી છે તેમાં તે રકમ ઉમેરતાં વર્ષની આખરે રૂા. ૨૩૩૨૧–૩૮ની ખોટ ઉભી રહે છે.

વાચનાલયનો હવે વધારે ઉપયોગ થઈ રહ્યો છે. હવે નવા અંગ્રેજી મેગેઝિનો પણ મંગાવવા શરૂ કર્યાં છે. પુસ્તકાલય પણ સારી રીતે ચાલી રહ્યું છે. નવા નવા સભ્યો નોંધાય છે અને નવાં પુસ્તકો પણ વસાવવામાં આવ્યાં છે, તેમ જ સમયે સમયે તેમાં ઉમેરો કરવામાં આવી રહ્યો છે. શ્રીમતી વર્ષાબેન કાપડિયાની સહાયથી અમે લાયબ્રેરીની સમગ્રતયા પુનર્રચના કરી શક્યા છીએ. તેમના પણ અમે આભારી છીએ. અને લાયબ્રેરી સમિતિના મંત્રી શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ આ અંગે ખૂબ રસ અને ઉત્સાહપૂર્વક પોતાની સેવા આપી રહ્યા છે. લાયબ્રેરી વ્યવસ્થિત બનાવવામાં એમનો પણ મોટો ફાળો છે.

અત્યારે પુસ્તકાલયના ૨૨૭ ચાલુ સભ્યો છે. પુસ્તકાલય પાસે કુલ અંદાજ ૬૭૦૭ પુસ્તકો છે. વાર્ષિક લવાજમ રૂા. ૫) છે, પુસ્તક ડીપોઝીટ રૂપિયા ૧૦) રાખવામાં આવેલ છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૧૮ ઓગસ્ટથી તા. ૨૫ સુધી–એમ આઠ દિવસની પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ

ઝાલાના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. આ વખતના આઠેય વ્યાખ્યાનો ભારતીય વિદ્યાભવનમાં યોજવામાં આવ્યા હતા. જેમાં નીચે મુજબના વક્તાઓને આમંત્રવામાં આવ્યા હતા.

ડૉ. નથમલજી ટાટીયા	પ્રિન્સિપાલ રામજીશી
શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ	શ્રી વિજયસિંહ નહાર
શ્રી મૃણાલિની દેસાઈ	ડૉ. કલ્યાણમલજી લોઢા
પ્રા. નલિન ભટ્ટ	પ્રા. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
શ્રી સનત મહેતા	શ્રી ગુલાબદાસ બ્રોકર
શ્રી ભોગીલાલ ગાંધી	ડૉ. ઉષાબહેન મહેતા
મુનિશ્રી રૂપચંદજી	ફાધર વાલેસ
શ્રી. પુરુષોત્તમ ગણેશ માવળંકર	શ્રી. એમ. હિદાયતુલ્લા

આ વખતે બહારગામથી નવ વ્યાખ્યાતાઓને બોલાવવામાં આવ્યા હતા. આઠે દિવસ શ્રોતાઓની સારી હાજરી રહી હતી અને ધાર્યા પ્રમાણે કાર્યક્રમ સાંગોપાંગ પાર પડયો હતો.

વસન્ત વ્યાખ્યાનમાળા

છેલ્લા ત્રણ વર્ષથી સંઘ તરફથી શરૂ કરવામાં આવેલ વસંત વ્યાખ્યાનમાળા આ વર્ષે પણ ફલોરા ફાઉન્ટન ઉપર આવેલા તાતા ઓડિટોરિયમમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકભાઈ શાહના પ્રમુખપણા નીચે એપ્રિલ માસની તા. ૩-૪-૫-૬ના રોજ એમ સળંગ ચાર દિવસ માટે યોજવામાં આવી હતી. વ્યાખ્યાતાઓ તરીકે અનુક્રમે, માન્યવર શ્રી મોરારજી દેસાઈ, શ્રી ખુશવંતસિંહ–ઈલેસ્ટ્રેટેડ વિકલી ઓફ ઈન્ડિયાના તંત્રી, શ્રી અટલબિહારી વાજપાઈ તેમજ શ્રી ફ્રેન્ક મોરાઈસને બોલાવવામાં આવ્યા હતા. શ્રી ખુશવંતસિંહ સિવાયના ત્રણે વ્યાખ્યાતાઓ ખાસ દિલ્હીથી વ્યાખ્યાન આપવા માટે આવ્યા હતા. ચારે વ્યાખ્યાનો ખૂબ જ રસપ્રદ રહ્યાં હતાં. શ્રોતાઓની ચિક્કાર હાજરી જોતાં એમ ચોક્કસ કહી શકાય કે આપણી આ વસન્ત વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર મોટા પ્રમાણમાં લોકપ્રિય બની રહી છે.

આપણું ગૌરવ

આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની ગુજરાત સરકારે, ગુજરાત ઔદ્યોગિક રોકાણ કોર્પોરેશનના અધ્યક્ષસ્થાને નિમણૂંક કરી છે તે માટે આપણે ગૌરવ તેમ જ અંતરનો આનંદ અનુભવીએ છીએ અને માર્ચ માસની ૧૧મી તારીખે તેમણે ૭૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે તે માટે અંતરની શુભેચ્છા વ્યકત કરીએ છીએ. તેમને તંદુરસ્ત તેમ જ દીર્ઘાયુ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરીએ છીએ અને આ ઉમ્મરે પણ વિવિધ કાર્યક્ષેત્રે જવાબદારીભરી કામગીરી બજાવીને સમાજ તેમજ રાષ્ટ્રની તેઓ જે સેવા કરી રહ્યા છે તે માટે ખરેખર તેઓ આપણા સૌના અંતરના અભિનંદનના અધિકારી બને છે.

વૈદ્યકીય રાહત

કાર્યાલય તરફથી જરૂરિયાતવાળા ભાઈ બહેનોને નાતજાતનો કશો પણ ભેદભાવ રાખ્યા સિવાય વૈદ્યકીય રાહત માટે ઈંજેક્શનો તથા પેટંટ દવાઓ આપવામાં આવે છે. જૈન ક્લિનિકના ડૉ. સાંધાણી ખૂબ જ જરૂરિયાતવાળા દર્દીઓની ચકાસણી કરીને ચિઠ્ઠી આપે તેમને મફત દવા મળે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ગોઠવણના પરિણામે આ પ્રવૃત્તિ સંતોષકારક રીતે ચાલી રહી છે. વૈદ્યકીય રાહતનાં સાધનો પણ જરૂરિયાતવાળા ભાઈબહેનોને મફત આપવામાં આવે છે. આ ખાતામાં આગલા વર્ષની રૂા. ૮૨૬-૧૫ની પુરાંત હતી અને રૂા. ૧૬૦૩-૦૦ ભેટના આવ્યા, આમ એકંદર રૂપિયા ૨૪૨૯-૧૫ થયા, તેમાંથી ચાલુ વર્ષમાં રૂા. ૧૧૫૯-૨૫ ચુકવાયા છે તે બાદ કરતાં આ ખાતામાં રૂા. ૧૨૬૯-૯૦ની પુરાંત રહે છે. (આગલા વર્ષે સંઘમાંથી આ ખાતામાં રૂા. ૩૦૦૦ ભેટના લીધેલા–પુરાંત રહેવાનું આ કારણ છે.)

વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો

૧૯૭૧

જુલાઈ ૧૩ : સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી. અમરજરીવાળા તથા શ્રી. દામિનિબહેન જરીવાલા યુરોપના પ્રવાસે ગયેલા તેમના પ્રવાસ–અનુભવો સાંભળવા માટેની એક સભા યોજવામાં આવી હતી.

ઓગસ્ટ ૨૦ શ્રી ભોગીલાલ ગાંધીનો વાર્તાલાપ

„ ૨૬ શ્રી ગો. ચુ. ઝાલાનું સન્માન–વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિ નિમિત્તે સ્નેહસંમેલન

ઓક્ટોબર ૨૩ શ્રી વી. કે. નરસિંહન–"ઈન્ડિયન એક્સપ્રેસ"ના તંત્રીનો 'સંયુકત રાષ્ટ્ર સંસ્થાદિન' અંગે વાર્તાલાપ

„ ૩૦ શ્રી દુર્લભજી ખેતાણીનો તેમના 'વિશ્વ પ્રવાસનાં સંસ્મરણો' અંગે વાર્તાલાપ

નવેમ્બર ૬ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ "ગુજરાત ઔદ્યોગિક નાણાં મંડળ"ના અધ્યક્ષપદે નીમાયાં તેના અનુસંધાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સહિત મુંબઈની ૧૨ સંસ્થાઓ તરફથી તેમનું બહુમાન

ડિસેમ્બર ૫ આફ્રિકાનિવાસી શ્રી મેઘજીભાઈ શેાજપાળ સાથે વાર્તાલાપ

„ ૧૦ "માનવ અધિકાર દિન" નિમિત્તે જાહેર સભા–'ઋતંભરા–શકિતદળ'નાં સંયુકત ઉપક્રમે. પ્રમુખ: શાહજાદી મરિયમબાઈ

„ ૧૯ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું "વર્તમાન યુદ્ધકાલિન પરિસ્થિતિ" પર પ્રવચન

૧૯૭૨

જાનેવારી ૨૫ પ્રજાસત્તાક દિન નિમિત્તે સભ્યોનું સ્નેહમિલન

એપ્રિલ ૧૭: સ્વ. પરમાનંદભાઈની પ્રથમ પુણ્યતિથિ અંગે પ્રાર્થના સભા.

„ ૨૬: "ઠાકુઓની શરણાગતિ" એ વિષે શ્રી. જયપ્રકાશ નારાયણનો વાતલાપ.

ઉપરના બધાં જ સમારંભો સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યાં હતાં.

શ્રી. પરમાનંદ કાપડિયા સભાગૃહ

ગયા વર્ષમાં આપણે સભાગૃહ ૨૮ વખત ભાડે આપ્યો હતો. તેની કુલ આવક રૂા. ૯૫૮ થઈ હતી. લગ્ન કે સગપણ સિવાયનો બીજા સમારંભો કે મિટીંગો માટે આપણે ૩ કલાકના રૂા. ૪૩ લઈને (માઈક સાથે) ભાડે આપીએ છીએ. અને સંઘના સભ્યોને પોતાના મિત્રો પૈકી કોઈને જરૂર હોય તો કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે. આપણા હોલની કેપેસીટી ૧૦૦/૧૨૦ માણસોની છે. સંઘને માટે આવકનું આ પણ એક સાધન બની શકે છે તે લક્ષ્યમાં રાખવા અનુરોધ કરીએ છીએ.

સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૭ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘને ગત વર્ષમાં રૂા. ૨૧૯૪૦-૫૨ની આવક થઈ હતી અને ખર્ચ રૂા. ૧૮૩૦૭-૦૩નો થયો હતો. સરવાળે રૂપિયા ૩૬૩૩-૪૯નો વધારો રહ્યો હતો. અહિં એ નોંધ લેવી યોગ્ય ગણાશે કે આ વર્ષે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ માટેનું ફંડ વ્યાખ્યાનમાળા દરમિયાન પણ ચાલુ હોવાના કારણે સંઘને ભેટની રકમો ઓછી મળી હતી અને એ પણ નોંધવું જરૂરી ગણાય કે પર્યુષણ વ્યાખ્યાન-

માળા અને પ્રબુદ્ધ જીવનના ખર્ચને ખ્યાલમાં રાખીને શ્રી. પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના ટ્રસ્ટીઓએ ૧૯૭૧ના વર્ષ માટે એ નિધિમાંથી રૂપિયા ચાર હજાર સંઘને ભેટ આપ્યા છે.

આપણું જનરલ ફંડ રૂા. ૨૪૧૭૧-૧૮નું ગયા વર્ષે હતું. તેમાં સંઘની આવકજાવકના વધારાની રકમ રૂા. ૩૬૩૩-૪૯ ઉમેરાતાં તે રૂા. ૨૭૮૦૪-૬૭નું થયું. અને તેમાંથી પ્રબુદ્ધ જીવનની ખોટ રૂા. ૬૦૯૧-૨૦ બાદ જતાં વર્ષની આખરે આપણું જનરલ ફંડ રૂા. ૨૧૭૧૩-૪૭નું રહે છે.

આપણું રીઝર્વ ફંડ રૂા. ૨૬૭૦૪-૮૯નું છે.

આપણું મકાન ફંડ આગલા વર્ષે રૂા. ૨૫૪૬૭-૫૭નું હતું. તેનાંથી આ વર્ષના રિનોવેશન ખર્ચના રૂા. ૧૪૪૮-૩૮ બાદ કરતાં આપણા મકાન ફંડમાં રૂા. ૨૪,૦૧૯-૧૯ જમા રહે છે.

આપણું પુસ્તક પ્રકાશન ફંડ ગયા વર્ષે રૂા. ૨૧૮૩-૦૦નું હતું. તેમાં પુસ્તકોનાં વેચાણના રૂા. ૧૪-૫૦ આ વર્ષે આવ્યા તે ઉમેરતાં વર્ષની આખરે પુસ્તક પ્રકાશન ફંડ રૂા. ૨૧૯૭-૫૦નું રહે છે.

જવાન ફંડ

તાજેતરની પાકિસ્તાન સાથેની લડાઈમાં ઘાયલ થયેલા જવાનોની વિધવાઓને અને બાળકોને મદદરૂપ બનવાના આશયથી આપણા સંઘ તરફથી ૧૯–૧૨–૭૧ના રોજ એક જવાન ફંડ શરૂ કરવામાં આવેલ. તેમાં રૂા. ૧૫૦૦૦ એકઠા થયેલ તે ગુજરાતના ગવર્નરને મોકલી આપવામાં આવેલ છે.

દુઃખદ અવસાનો

(૧) સંઘના વર્ષોજૂના સભ્ય તેમજ સામાજિક કાર્યકર એવા શ્રી લીલાવતીબહેન ચુનિલાલ કામદારનું સોમવાર તા. ૨૧-૬-૭૧ ના રોજ લાંબી માંદગી ભોગવ્યા બાદ અવસાન થયું.

(૨) સંઘના વર્ષોજૂના સભ્ય, સામાજિક કાર્યકર અને હિંદી તેમજ અંગ્રેજી લેખોનાં 'પ્રબુદ્ધ જીવન' માટે સુંદર અનુવાદો કરી આપનાર મેનાબેન નરોત્તમદાસ જેમણે પ્રબુદ્ધ જીવનમાં તા. ૨૧-૬-૭૧ ના રોજ થયેલા, તેમના સહકાર્યકર લીલાવતીબહેન કામદારની અવસાન નોંધ લખી હતી તેમનું ત્યાર પછી એક માસ બાદ તે જ તારીખે ૨૧-૭-૭૧ બુધવારના રોજ દુઃખદ અવસાન થયું.

(૩) સંઘ સંચાલિત પર્યુષણ વ્યાખ્યાનમાળાનું છેલ્લા દસેક વર્ષથી અધ્યક્ષપદ શોભાવનાર પ્રો. ગૌરીપ્રસાદ ચુનિલાલ ઝાલા-ઝાલાસાહેબનું, –હૃદય રોગનાં હુમલાના કારણે તા. ૧૧મી જાન્યુઆરી ૧૯૭૨ના રોજ અવસાન થયું. (જેનો ઉલ્લેખ ઉપર શરૂમાં કરવામાં આવ્યો છે.)

આ ત્રણે અવસાનોની નોંધ લેતાં આપણું દિલ આઘાત અનુભવે છે–સદ્‌ગતોના આત્માને પરમાત્મા શાન્તિ અર્પે એવી આપણી અંતરની પ્રાર્થના છે.

શ્રી. પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ

આગળ જેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે સ્વ. પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ શરૂ કરવામાં આવેલ તેમાં આજ સુધીમાં ૧,૪૪,૨૨૫-૦૦ મેળવી શકાયા છે. આ ટ્રસ્ટના ઉદ્દેશો, પરમાનંદભાઈને પ્રિય એવી પ્રવૃત્તિઓ જેવી કે પર્યુષણ વ્યાખ્યાનમાળા' તેમ જ 'પ્રબુદ્ધ જીવન'ની પ્રવૃત્તિઓ ટકાવી રાખવી તેનો વિકાસ કરવો અને આવા પ્રકારની નવી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાને લગતા રહેશે એમ ઠરાવવામાં આવ્યું છે.

આ ટ્રસ્ટના એકંદરે સાત ટ્રસ્ટીઓ રહેશે એમ નક્કી કરવામાં આવ્યું છે. હાલ નુરત નીચેના ગ્રહસ્થોને ટ્રસ્ટીઓ તરીકે નીમવામાં આવ્યા છે.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
(૩) શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
(૪) શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
(૫) શ્રી પૂનમચંદભાઈ કમાણી

બીજા ટ્રસ્ટીઓ હવે પછી જરૂર પડશે તો નીમવામાં આવશે. આ ટ્રસ્ટના પ્રમુખ તરીકે શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહને નિયુક્ત કરવામાં આવ્યા છે.

વર્ષ દરમિયાન, કાર્યવાહક સમિતિના સભ્યો તેમ જ અન્ય સંસ્થાઓએ અને મિત્રોએ જે સહકાર આપ્યો છે એ માટે અમે સૌના ઋણી છીએ. જન્મભૂમિ, મુંબઈ સમાચાર અને જનશક્તિ-એ ત્રણ ગુજરાતી દૈનિક પત્રોનો પણ અમો ખાસ આભાર માનીએ છીએ. અમારી સભાઓ તેમજ સમારંભોની જાહેરાત વિનામૂલ્યે નગરનોંધમાં સમયસર પ્રગટ કરવા માટે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૪-૬-'૭૨ શનિવારના રોજ સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલય – શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી.

તેમાં ગત વાર્ષિક સભાનો તા. ૧૭-૭-'૭૧ નો વૃત્તાંત વાંચવામાં આવ્યો હતો અને તે સર્વાનુમતે મંજૂર રહ્યા બાદ નીચે પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શરૂઆતમાં સંઘનો વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમ જ શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ૧૯૭૧ ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ વાર્ષિક વૃત્તાંત તથા હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં અને ૧૯૭૨ ના વર્ષનાં અંદાજપત્રો પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં.

ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી નીચે પ્રમાણેનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

"૮ (ક) 'કાર્યવાહક સમિતિની મંજૂરીથી કોઈપણ વ્યકિત સંઘના આજીવન સભાસદ થઈ શકશે.

"આજીવન સભાસદનું લવાજમ રૂા. ૨૫૧/- બસો એકાવન રહેશે.

"આજીવન સભાસદનું લવાજમ રીઝર્વ ફંડમાં જમા કરવામાં આવશે."

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ટ્રસ્ટીઓની મુદત ૧૯૭૧ની આખરે પૂરી થતી હોવાથી સને ૧૯૭૨-૭૩-૭૪-૭૫-૭૬-એમ પાંચ વર્ષની મુદત માટે નીચેના પાંચ ટ્રસ્ટીઓને ટ્રસ્ટીઓ તરીકે ચાલુ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૧) **શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ**
(૨) **,, રતિલાલ ચીમનલાલ કોઠારી**
(૩) **,, રમણિકલાલ મણિલાલ શાહ**
(૪) **,, ચીમનલાલ જેઠાલાલ શાહ**
(૫) **,, સુબોધભાઈ એમ. શાહ**

ત્યાર બાદ સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટરો તરીકે મે. શાહ મહેતા એન્ડ કું. ને ચાલુ મહેનતાણાથી ૧૯૭૨ ના વર્ષ માટે ચાલુ રાખવા એમ ઠરાવવામાં આવ્યું અને ગત વર્ષ

૧૯૭૧ના ચોપડાઓ ઓડિટ કરી આપવા માટે તેમનો આભાર માનવામાં આવ્યો.

ત્યાર બાદ ચાલુ વર્ષ માટે સંઘની કાર્યવાહક સમિતિના પાંચ અધિકારીઓ અને બંદર સભ્યોની ચૂંટણીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. શરૂઆતમાં પાંચ અધિકારીઓ સર્વાનુમતે ચૂંટાયા બાદ ઉપસ્થિત સભ્યોને મતપત્રકો વહેંચવામાં આવ્યાં હતાં અને કારોબારીના બંદર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી.

ચૂંટણીની વ્યવસ્થા તથા મતગણતરીનું કામ સંઘના ઓડિટર શ્રી. મહેતા તથા કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી બાબુભાઈ જી. શાહને સોંપવામાં આવ્યું હતું.

ઉપસ્થિત સભ્યોને બોલવા કે સૂચનો કરવા પ્રમુખશ્રીએ ત્યાર બાદ વિનંતિ કરી હતી અને પ્રબુદ્ધ જીવન વિષે પણ સૂચનો કરવા જણાવ્યું હતું.

'પ્રબુદ્ધ જીવન' જે રીતે પ્રગટ થઈ રહ્યું છે તે વિશે સૌ સભ્યોએ સંતોષ વ્યકત કર્યો હતો.

શ્રી બસંતલાલ નરસિંહપુરાએ વસન્ત વ્યાખ્યાનમાળા ચાર ને બદલે છ દિવસની રાખવી એમ સૂચવ્યું હતું.

શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહને સૌરાષ્ટ્ર મેઈલમાં જવાનું હોવાથી તેઓ ૫-૪૫ વાગ્યે ગયા હતા અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીના પ્રમુખસ્થાને નીચે પ્રમાણેનું કામ આગળ ચાલ્યું હતું.

પ્રા. રમણલાલ શાહે એવી સૂચના કરી હતી કે જે વ્યકિત સતત ૨૫ વર્ષ સુધી સંઘના સભ્ય તરીકે ચાલુ રહે તે આજીવન સભ્ય ગણાય એવી જોગવાઈ કરવી જોઈએ.

આના અનુસંધાનમાં શ્રી ખીમજીભાઈ ભુજપુરીઆએ એવી સૂચના કરી હતી કે પ્રા. રમણભાઈનું જે સૂચન છે એના અનુસંધાનમાં મારૂં એવું સૂચન છે કે જે વ્યકિત સંઘની કાર્યવાહક સમિતિ પર સતત ૧૫ વર્ષ સુધી ચાલુ રહી હોય તે આપોઆપ આજીવન સભ્ય ગણાય એવી જોગવાઈ કરવી જોઈએ.

આ સૂચનો પર હવે પછીની કાર્યવાહક સમિતિ વિચારણા કરશે એમ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું.

સંઘના સભ્યો અને પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો વધારવા માટે દરેક સભ્યો જહેમત ઉઠાવે એવી મંત્રીઓ તરફથી વિનંતિ કરવામાં આવી હતી અને વર્ષ દરમિયાન સભ્યોએ સંઘના કામમાં જે સહકાર આપ્યો છે તે માટે સૌનો હાર્દિક આભાર માનવામાં આવ્યો હતો.

ત્યાર બાદ સંઘના એક સભ્ય શ્રી ચંપકભાઈએ ગણિતના પ્રયોગો કરી બતાવ્યા હતાં. અને પ્રમુખશ્રીના આભારદર્શન પછી સભા બરખાસ્ત થઈ હતી.

ચૂંટણીનું પરિણામ

૧૯૭૨ ના વર્ષ માટે સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણીનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

૧.	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	પ્રમુખ
૨.	,, રતિલાલ ચીમનલાલ કોઠારી	ઉપ-પ્રમુખ
૩.	,, દામજીભાઈ વેલજી શાહ	કોષાધ્યક્ષ
૪.	,, ચીમનલાલ જેઠાલાલ શાહ	મંત્રી
૫.	,, સુબોધભાઈ એમ. શાહ	,,
૬.	,, પ્રવીણભાઈ મંગળદાસ શાહ	સભ્ય
૭.	,, ટોકરશી કે. શાહ	,,
૮.	,, જયંતિલાલ ફત્તેહચંદ શાહ	,,
૯.	,, નિરૂબહેન એસ. શાહ	,,
૧૦.	,, કે. પી. શાહ	,,
૧૧.	,, દામિનીબહેન જરીવાળા	,,
૧૨.	પ્રા. રમણલાલ સી. શાહ	,,
૧૩.	શ્રી બાબુભાઈ જી. શાહ	,,
૧૪.	,, અમર જરીવાળા	,,
૧૫.	,, ધીરજલાલ ફૂલચંદ શાહ	,,
૧૬	,, મફતલાલ ભીખાચંદ શાહ	,,
૧૭.	,, ભગવાનદાસ પોપટલાલ શાહ	,,
૧૮.	,, હરિલાલ ગુલાબચંદ શાહ	,,
૧૯.	,, એ. જે. શાહ	,,
૨૦.	,, રમણિકલાલ મણિલાલ શાહ	,,

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

આશાનો ટમટમતો દિવડો

સમાજના નિર્મળ પ્રવાહમાં કચરો વધવા માંડે છે ત્યારે કેટલોક કચરો પાકીને તળિયે બેસી જાય છે. અમુક હલકો કચરો સપાટી ઉપર દષ્ટિગોચર થાય તે રીતે તર્યા કરે છે. પરંતુ નષ્ટ થયેલા તળિયાના કીચડ અને તરી રહેલા હલકા કચરાની વચ્ચે એક શુદ્ધ પ્રવાહ સતત વહેતો હોય છે. પ્રદર્શનકારી ખર્ચને વરેલો સમાજનો એક દંભી વર્ગ એ ઉપલી સપાટીનો કચરો છે. તે કચરો વધી જાય છે ત્યારે નીચે મજબૂત રીતે વહેતો મધ્યમવર્ગનો પ્રમાણિક જળનો પ્રવાહ દેખાતો નથી. પણ તે સતત વહેતો હોય છે અને તે જ સમગ્ર સમાજને જીવતો રાખે છે.

આજકાલ વર્તમાનપત્રોમાં, સરકારી તંત્રમાં લાંચરૂશ્વત, ભ્રષ્ટાચાર, અપ્રમાણિકતા, ચોરી, સિનેમામાં અર્ધનગ્ન દશ્યો અને કાળાબજાર વગેરેના અહેવાલો આપણે વાંચીએ છીએ. કેટલાક વર્તમાનપત્રો વાચકોના મનોરંજન માટે સનસનાટીભર્યા સમાચાર પીરસે છે. સ્ત્રી-પુરુષના આડા સંબંધો, છૂટાછેડાના જૂજ બનાવોના સમાચારો, બળાત્કારના અહેવાલો અને બીજી કાળવાણીઓ છાપીને આ વર્તમાનપત્રો વાચકના મનને ભ્રષ્ટ કરે છે એટલું જ નહિ નિરાશાવાદી લોકોના મનમાં સમાજની તંદુરસ્તી અંગે હતાશા ફેલાવે છે.

બ્રિટનની એક યુનિવર્સિટીના સમાજશાસ્ત્રીએ ભવિષ્ય ભાખ્યું હતું કે આવતા ૧૦ વર્ષમાં ૨૫ ટકા જેટલા લગ્નો છૂટાછેડામાં પરીણમશે. સ્વિડન જઈ આવનારા લોકો ત્યાં ફેલાયેલા પેશાબને લગતા રોગોના આંકડા વર્તમાનપત્રોમાં વાંચીને પછી તેના મિત્રોને એ વાતો વધારીને કહેશે. રશિયામાં જઈને ત્યાંનું કંઈક નઠારું જોવાનું ઘણાંને મન થશે. રશિયામાં ગુનાખોરી બહુ ઓછી છે એટલે ત્યાંની જેલો લગભગ ખાલી હોય છે તે વાત આપણે ગળે જલદી નહિ ઊતરે. પરંતુ રશિયામાં હવે સંયુકત કુટુંબમાં રહેતા સભ્યો અંદરો અંદર ઝઘડીને કાં તો આત્મઘાત કરે છે અગર તો પોતાના જ સગાવહાલાને ઝેર દઈને મારી નાંખે છે તેવા કેટલાક દાખલા આપણને કોઈ આપશે તો તેમાં રસ પડશે. જાપાનની ઔદ્યોગિક પ્રગતિ સામે ત્યાંના પ્રદુષીત વાતાવરણની વાત આપણી સામે ઘેરી દેખાય છે. અમેરિકાની સમૃદ્ધિ સામે ત્યાંના યુવાનોમાં ચરસ-ગાંજાની લતનાં અઢળક દાખલા અપાય છે. યુરોપની "પરમિસીવ સોસાયટી"ના 'સરદાર' સમાચાર આપવાની જહેમત લઈને ત્યાંની સાંસ્કૃતિક પ્રવૃત્તિના સમાચાર વાંચવાની કે છાપવાની કોઈ તસ્દી લેતું નથી.

ભારતમાં સામાજિક ભ્રષ્ટાચાર છે તો દુનિયાના બધા દેશોમાં આપણા કરતાં અનેકગણો ભ્રષ્ટાચાર છે તેમ માનીને આપણે સમાધાન લઈએ છીએ. દિલ્હીની કોલેજ કે સ્કુલના હજારો વિદ્યાર્થીઓમાંથી બે-ચાર છોકરા છોકરી ગાંજો પીએ એટલે તુરત જ તે સમાચારને મોટા મથાળા હેઠળ ચમકાવવામાં આવે છે. "જન્મભૂમિ" દૈનિકમાં આ લેખકે શ્રી મોહનલાલ પી. ગાંધીના સહયોગ સાથે સરકારી તંત્રમાં ચાલતા ભ્રષ્ટાચાર અંગે લેખમાળા લખી હતી ત્યારે તેનાથી સરકારની આંખ ખુલવાને બદલે અને લાંચ આપનાર કે લેનારને માટે આત્મપરિક્ષણનો વિષય બનવાને બદલે તે લેખમાળા માત્ર સૌનું મનોરંજન બનવા પામી હતી. લોકોએ એમ માની જ લીધું છે કે "બધે જ ભ્રષ્ટાચાર છે, કોઈ પ્રમાણિક નથી." સરકારી તંત્રમાં લાંચીયા અમલદારોની વચ્ચે રાંધ્યાબંધ પ્રમાણિક અમલદારો લાલચ સામે ઝઝુમતા હોય છે તેવી વાતનો ઉલ્લેખ કરીએ તો તેના પ્રત્યે કોઈ લક્ષ્ય આપશે નહિ. "વ્યાપાર" નામના અર્ધસાપ્તાહિકે એક વખત વ્યાપારી ક્ષેત્રે જે કોઈ પ્રમાણિક વેપારી હોય તેના જીવનચરિત્ર પ્રગટ કરવાનું સાહસ કરેલું. માત્ર બે જ લેખ પ્રગટ થયા ત્યાં તંત્રી ઉપર પત્રો આવવા માંડયા કે "જે કહેવાતી પ્રમાણિક વ્યકિત વિષે તમે લખો છો તેણે તમને પૈસા ખવરાવ્યા લાગે છે...વગેરે."

લોકોને પ્રામાણિકતાના અને સજ્જનતાના સમાચાર વાંચવામાં નહિ પણ દુરાચાર અને દુર્જનતાના અહેવાલોમાં વધુ રસ પડે છે.

એ યાત-નિકાસ નિયામકની કચેરીમાં તો તમામ કર્મચારી લાંચિયા જ હોય તેવી એક માન્યતા ઘર કરી ગઈ છે. મુંબઈની જ એક કચેરીમાં આ માન્યતાને તોડનારા અમલદાર અને કારકુનો છે. એક અમલદાર તો પૈસાના અભાવે તેની પત્નીની પૂરતી દવા પણ લઈ શક્યા નહોતા. અંધેરીમાં (મુંબઈ) રહેતા એક પ્રામાણિક આબકારી જકાતના ઈન્સ્પેક્ટર ગુજરી ગયા ત્યારે તેની મરણોત્તર ક્રિયા માટે પૂરતા પૈસા મળ્યા નહોતા. ભ્રષ્ટાચાર માટે પકડાયેલા મુંબઈના પોલિસ ખાતામાં એક પ્રામાણિક વ્યક્તિનું નામ આપવાની લાલચ રોકી શકાતી નથી. એન્ટી કરપ્શન બ્યુરોના પોલિસ અધિકારી શ્રી. મહાજન સાહેબ હજારો રૂપિયાની લાલચ વચ્ચે અડીખમ જીવી રહ્યા છે. મહાલક્ષ્મી રેસની મોસમમાં તેને રૂા. એક લાખની લાંચ માટે પણ ઓફર થાય છે. આવી લાંચ તેમણે ઘણી વખત ઠુકરાવી છે તેમ ગેરકાયદેસર રેસનું બેટિંગ લેતા બુકીઓ કહે છે.

આ જૂજ જાણીતા દાખલાઓ ઉપરાંત ઘણા અજાણ્યા પ્રામાણિક માણસો હશે અને શાંતિથી પોતાની ફરજ બજાવતા હશે. સમાજના દરેક સ્તરમાં પ્રામાણિક માણસો હજી જીવન સાથે સંઘર્ષ કરીને જીવી રહ્યા છે. ટૂંકી આવકમાં અનેક લાલચોને ઠુકરાવતા આ મધ્યમવર્ગનો સંઘર્ષ, વર્તમાનપત્રો માટે કદી પણ સમાચારનો વિષય બની શકતો નથી. એ વર્ગને એવી ખેવના ય નથી કે તેની પ્રામાણિકતાને કોઈ બિરદાવે. ટૂંકા પગાર, કપરા સંયોગો અને સાંકડા ઘરમાં રહીને તે મોટું મન રાખી શકતો હોય છે. ભ્રષ્ટ થવાની લાલચો સામે ઝઝુમવાના પૂરા બળ સાથે એ મધ્યમ વર્ગ જીવી રહ્યો છે. ભારતની નૈતિકતાની કરોડરજ્જુ જેવો આ વર્ગ લઘુમતિમાં નથી. સદ્‌ભાગ્યે એ હજી બહુમતિમાં છે. વર્તમાનપત્રોમાં ભ્રષ્ટાચાર અને લૂંટફાટ કરતા મુઠ્ઠીભર લોકોના વર્ગ કરતાં પ્રામાણિકતા આચરતો મધ્યમવર્ગ ઘણો મોટો છે. આ વર્ગ સંઘર્ષ સામે ઝઝુમવાનું બળ ધરાવે છે ત્યાં સુધી આપણા દેશનું રાજકીય, આર્થિક કે સામાજિક માળખું તૂટવાનું નથી. પણ એ મધ્યમવર્ગ જબરા ઝંઝાવાતો સામે ઝઝુમે છે ત્યારે તેને મજબૂત બનાવવાને બદલે સરકાર અને આસપાસનો ભ્રષ્ટ સમાજ તેને નબળો પાડવા અહર્નિશ કોશિષ કરતો હોય છે.

કોઈ વિદેશી પત્રકાર હોય કે આપણા દેશનો લેખક હોય તે ઉપલી સપાટીનો કચરો જોઈને જ સમાજના સમગ્ર સ્તર વિશે અનુમાન બાંધીને તે સમાજની અનૈતિકતા અને દંભ ઉપર પ્રહારો કરે છે. કેન્દ્ર સરકારના ભૂતપૂર્વ પ્રધાન શ્રી. દિનેશસિંઘે એક સાપ્તાહિક શરૂ કર્યું છે. તેમાં "ડિપોક્રસી ઈન ઈન્ડીયા" એ વિષય ઉપર ત્રણ ભારતીય લેખકોના મંતવ્યો છાપ્યાં છે. ડૉ. કૈલાસ વાજપેયી, શ્રીમતી નયનતારા સહગલ અને શ્રીમતી સરોજીની અબ્રાહમ–એ ત્રણેય લેખકોને ભારતીય જનજીવનમાં જ્યાં ત્યાં દંભ જ દૃષ્ટિગોચર થાય છે. આ લેખકોના મોભા પ્રમાણે તેઓ દિલ્હીના ઉચ્ચ સ્તરમાં વધુ ઘુમતા હોય તે બનવાજોગ છે. દિલ્હીની પંદર લાખની વસતિમાંથી પંદરસો જેટલા દંભી રાજપુરુષો કે અમલદારોને આ ત્રણ લેખકોએ જોઈ નાંખ્યા હોય તો પણ દેશમાં વ્યાપક દંભ પ્રસરી ગયો છે તેમ લખવા માટે તેમના મગજને ખોરાક મળી જ રહે, પરંતુ દિલ્હીના બાકીના ૧૩૯૮૫૦૦ માણસો નિર્દંભી છે અને સીધું સાદું જીવન જીવી રહ્યા છે તે વાત આ લેખકો સ્વીકારી લે તો કદાચ તેમનો લેખ બહુ રોચક પણ ન બને.

તાજેતરમાં મુંબઈમાં કાંદિવલી ખાતે એક સાહિત્ય સમારોહ યોજાયો હતો. તેમાં એક વક્તાએ ફરીયાદ કરી હતી કે આજનો લેખક પોતાની આઈડેન્ટીટી (સ્વત્વ–ઓળખ) ગુમાવી બેઠો છે. આ વિધાન સામે શ્રી દર્શક (શ્રી મનુભાઈ પંચોળી)એ જબરો વિરોધ ઊઠાવ્યો હતો. શ્રી દર્શકે કહ્યું "ભાઈ, તમે મુંબઈમાં બે ચાર માણસને આઈડેન્ટીટી ગુમાવી બેઠેલા જુઓ અને પછી જથ્થાબંધ રીતે તારણ કાઢી નાંખો તે બરાબર નથી. અમારે ગામડે આવો ત્યાં પૂરેપૂરું સ્વત્વ ધરાવનારી ધીંગી અને તંદુરસ્ત પ્રજા તમને જોવા મળશે."

દંભી લોકો હશે અને આઈડેન્ટીટી ગુમાવી બેઠેલી વ્યક્તિઓ હશે. પણ તે આંગળીને વેઢે ગણાય તેટલી જ હશે. એક બે નજરે ચઢી જાય અને તેમનો દંભ કે તેમની સત્વહીનતા તમારા મગજ ઉપર બહુ ચોટ કરી જાય એટલે તેની હાજરી વિશે તમે બહુ ગાજવા માંડો અને તમારા હાથ જો વર્તમાનપત્રના તંત્રી સુધી પહોંચતા હોય તો તે દંભ વિશે લેખ લખો તે છપાય પણ ખરો અને એ એકપક્ષી મત સમાજનું ખોટું ચિત્ર ઉભું કરે છે.

વર્તમાનપત્રમાં છપાતા અહેવાલો જેટલો સમાજનો સ્તર નીચે ગયો નથી. બહુ ઝડપથી જેને પૈસા મળી ગયા છે અને પછી તેમણે પ્રદર્શનકારી ખર્ચ કર્યા છે તે વર્ગ થોડાક કચરા જેવો છે. તે પ્રદર્શનથી ભરમાયેલો બીજો ઉચ્ચ-મધ્યમવર્ગ છે જે અવારનવાર આ કચરામાં ઉમેરો કરતો હોય છે. પણ તે ભારતની છપ્પન કરોડની વસતિમાં અતિ ક્ષુલ્લક સંખ્યા ધરાવે છે. રૂા. ૩૦૦થી રૂા. ૫૦૦ના પગાર વડે જ મહિનો પૂરો કરીને મહિને રૂા. ૧૦ થી રૂા. ૨૦ બચાવતો એક મોટો વર્ગ હજી જીવે છે. એ વર્ગ મફત છાપું વાંચતો નથી. સારું છાપું વેચાતું લે છે. તેના પુત્ર માટે નોકરી જોઈતી હોય તો સીધે રસ્તે અરજી કરાવે છે પણ લાગવગની કોશિષ કરી શકતો નથી. નાટક કે સિનેમા માટે તે મફત પાસ મેળવવાની ઝંઝટમાં પડતો નથી. પોતાના પૈસાથી મહિને એકાદ સિનેમા જોશે અગર બિલકુલ નહિ જુએ. તેને લગ્નની કંકોતરી મળે છે ત્યારે તે ગુંજાય છે પણ રૂા ૩ ને રૂા ૫ નો ચાંદલો આપીને તે સંતોષ અનુભવે છે. રૂા. ૫ની ભેટવાળું પાર્સલ રૂા. ૫૦નું દેખાય તેવો દંભ તે કરતો નથી. આ વર્ગવાળાનો પુત્ર પરીક્ષામાં બેઠા પછી તે પરીક્ષક પાસે માર્ક મૂકાવા જતો નથી. પરીક્ષાનું પરિણામ આવે તેને આગલે દિવસે વર્તમાનપત્રોમાં લાગવગ લગાવીને અગાઉથી નંબર જાણવાની પણ આતુરતા રાખતો નથી.

તે આચાર્ય રજનીશ કે કૃષ્ણમૂર્તિની સભાઓમાં જતો નથી. હા, તે શંકરને મંદિરે કે ઉપાશ્રયમાં જાય છે ખરો. બહુ ભીડ પડે ત્યારે તે ઈષ્ટ દેવતાની માનતા કરી લેતો હોય છે. ગરમીની મોસમમાં તે હિલસ્ટેશન જતો નથી પણ તેના વતનને ગામડે જાય છે ત્યારે ગામડાના દૂર દૂરના સગા માટે રૂપિયા દોઢ–રૂપિયાની મિઠાઈનું પડીકું જરૂર લઈ જાય છે. કેરીની મોસમમાં તે રોજ કેરી ખાતો નથી પણ અઠવાડિયે બે ત્રણ વખત કેરી ખાય ત્યારે છોતરાં અને ગોટલાં વ્યવસ્થિત રીતે કચરાપેટીમાં નાંખે છે. સમૃદ્ધવર્ગની માફક તે ત્રીજે માળથી ગોટલાને રોજ અવ્યવસ્થિત રીતે ફગાવતો નથી. લાગવગ લગાવીને રેલવેની ટિકિટનું બુકીંગ તે કરાવી શકતો નથી. એક નાનકડો લઘુમતિનો વર્ગ આ બધી તીકડમબાજી કરતો હોય છે. અને તેથી જ તીકડમબાજી કરતો વર્ગ આગળ રહે છે અને સૌની નજરે ચઢતો હોય છે. પ્રામાણિક વર્ગ પાછળ પડી જાય છે એટલે તે ક્યાંય દેખાતો નથી. તેને આગળ આવવાનાં બહુ રસ નથી. તેના સંઘર્ષમાં તે મગ્ન હોય છે. પરંતુ તીકડમબાજી કરતો વર્ગ કપડામાં, રહેવામાં, ખાવામાં, પીવામાં અને જીવનની દરેક પ્રવૃત્તિમાં તેની સમૃદ્ધિનું પ્રદર્શન કરે છે ત્યારે તે આ પ્રામાણિક પુરુષની વિડંબના કરતો હોય છે. કારણ કે તેની પત્ની અને તેનો જુવાન પુત્ર આ પ્રદર્શનથી અંજાઈ જઈને તેને તિકડમબાજી કરવા પ્રેરશે એવો તેનો ભય હોય છે. પ્રભુકૃપાથી મોટે ભાગે આ મધ્યમવર્ગ પ્રદર્શનથી અંજાતો નથી. એના પ્રામાણિક રાહથી તે ચળતો નથી. આ દૃષ્ટિએ આપણામાંના જે અઢળક ધન ખર્ચી શકે છે તેમની ફરજ છે કે આ પ્રામાણિક વર્ગ તેના રાહથી ન ચળે તેવું વર્તન રાખવું જોઈએ. તેમ નહિ થાય તો કચરાની ઉપલી સપાટી વધતી જશે અને નિર્મળ પ્રવાહ વધુને વધુ દૂષિત થતો જશે.

–ક્રાન્તિ ભટ્ટ

☆ શ્રી વિમલાબેન ઠકારની યુરોપની યાત્રામાંથી ☆

(પ્રબુદ્ધ જીવનના વાંચકો જેમનાથી સુપરિચિત છે તેવા શ્રી. વિમલાબેન ઠકાર ૨૦મી મેના રોજ યુરોપના પ્રવાસે ઊપડી ગયા છે. શ્રી. પ્રભાબેન મરચંટ, કે જેઓ તેમની સાથે ગયાં છે, તેમણે હોલેન્ડથી તેમના પ્રવાસનું વર્ણન તથા The 'Challange of Education' એ વિષય પરના વિમલાબેનના પ્રવચનનો મહત્વનો ભાગ લખી મોકલાવ્યો છે. શ્રી વિમલાબેનને મિત્રો 'દિદિ'ના હુલામણા નામથી સંબોધે છે. આ લેખમાં પ્રભાબેને પણ એ જ નામનો ઉપયોગ કર્યો છે. તંત્રી)

શ્રી વિમલાબેન સાથે હિન્દુસ્તાનમાં ફરવાના તો ઘણા અવસર સાંપડયા છે પરંતુ પરદેશ જવાનો તો આ પ્રથમ અવસર છે. જ્યારે જ્યારે એમની સાથે ફરવાનું બન્યું છે ત્યારે ત્યારે સ્થળની વિવિધતા વચ્ચે રહેતા તેમની અનેકવિધતાના દર્શન થયા છે. નાનું બાળક–એકમુખી જેની દૃષ્ટિ છે–સર્વતોમુખી વિવિધતા જોઈને આશ્ચર્યમુગ્ધ બની જાય એવી સ્થિતિ મારી થઈ રહી છે. મને થાય છે કે મનુષ્યમાં આ તે સમષ્ટિનું કેવું પરમ ઐશ્વર્ય વિલસી રહ્યું છે. કેવા તો અદ્‌ભુત કલા–કસબના તાણાવાણા જીવનમાં વણાયા છે કે જેનું દર્શન જ આનંદવિભોર કરી મૂકે છે. સાથે સાથે જીવનની ઉદાત્તતા સામે આંખ મંડાતી નથી. આંખ સહજ જ મીંચાઈ જાય છે. સાગરની ગહન ગંભીરતા અને પર્વતોના શિખરોની પરમ ઉત્તુંગતાનો સમન્વિત સૂર દિદિના જીવન દ્વારા કેવું તો સુમધુર સંગીત રેલાવી રહ્યો છે. એમનો પ્રેમ ગહન-ગંભીર છે. અને સત્યના શિખર જેવો અડીખમ છે. જીવનમાં અજબ સુમેળ છે. અદ્‌ભુત છે જીવન.

જ્યાં અમારું ઠરી ઠામ હતું તે જગપ્રસિદ્ધ એરપોર્ટ આમસ્ટર્ડામ આવ્યા. દિદિએ કહ્યું કે જગતમાં આ મોટામાં મોટું એરપોર્ટ છે. ૬૦૦૦૦ માણસો અહીં કામ કરે છે. વિસ્તાર ૧૬૦૦ એકરનો છે. ભૂલભૂલામણી જેવું છે. ક્યાં પેસો ક્યાં નીકળો ખબર ના પડે. ગજબનું મોટું છે. દિદિ સાથે એટલે હૈયામાં હામ અને ધરપત એટલા હતા કે જાણે કે હિન્દુસ્તાન સાથે આવ્યું છે.

જ્યાં સામાન આવવાનો હતો ત્યાં આવી પહોંચ્યાં. કાચના મોટા બારણામાંથી દિદિને સત્કારવા આવેલ ફ્રેંન્કેના દંપતી, યાપભાઈ તથા એમની મિત્ર મીકા તથા જ્યોર્જીયાના હસતા મોં તથા હાથ દેખાતા હતા. સામાન લઈને બહાર તો નીકળ્યા. હિન્દુસ્તાનમાં લોકો દિદિને સત્કારે છે ત્યારે તે ભાવથી અભિભૂત તો થઈ છું જ પરંતુ પરદેશમાં ફ્રેન્કેના દંપતીનો પ્રેમ અને ભાવ જોતાં સ્તબ્ધ બની ગઈ. નર્યો વાત્સલ્યભાવ નીતરી રહ્યો હતો. એમના હૃદયમાં આનંદ સમાતો નહોતો. વિમલા આવી છે. એના માટે શું કરું અને શું ના કરું? યુરોપમાં આદરસત્કાર ને તે પણ આ પ્રકારનો; મારે માટે અત્યંત આનંદદાયક હતું. ફૂલના બે મોટા ગુચ્છ આપીને ફ્રેન્કેના દંપતી તથા યાપભાઈએ અમારું સ્વાગત કર્યું. હવા એકદમ ખુશનુમા હતી. આમસ્ટર્ડામથી બ્લેરીકમ જ્યાં ફ્રેંન્કેના દંપતી રહે છે, ૪૫ મિનિટનો રસ્તો છે. અદ્યતન સગવડોથી ભરપુર નાના કોટેજો, બંને બાજુ વૃક્ષોની હાર, જ્યાં જ્યાં નજર નાખો ત્યાં પ્રકૃતિએ સર્જેલા લીલા રંગના વાધા નયનરમ્ય દૃશ્ય ખડું કરતા હતા. મકાનની બાંધણી ઉપરના છાપરા, છાપરા ઉપર છાયેલા છાજ ઘરને ઠંડીમાં ગરમ અને ગરમીમાં ઠંડા રાખે છે. કાચના મોટા બારી બારણાં, ફૂલોની સજાવટ, સુંદર મઝાના બગીચા–બગીચાની માવજત–રજાના દિવસોમાં બગીચામાં કામ કરવાનો આનંદ માણતા લોકોને જોઈને હું ખુશ ખુશ થઈ ગઈ. અમે જ્યાં રહીએ છીએ તે ઘર તથા ઘરની સજાવટ ખૂબ સુંદર છે. બેઠકરૂમ તથા જમવાનો રૂમ જોડાયેલા છે. કાચની મોટી બારીઓમાં ફૂલના કૂંડાઓની હારને કારણે નિસર્ગની સાથે એકપણું સધાય એવું સુંદર ઘર છે. શાંત, ઠંડી એકાંત જગ્યા છે સવારના ચાર વાગ્યાથી પક્ષીઓનો મધુર કલરવ પુરા દિવસ સુધી સંભળાયા જ કરે છે. મારે તો પ્રભાતિયું પક્ષીનો મધુર સ્વર જ છે. દિદિ ફ્રેન્કેના દંપતીને લાગોલીઝના હુલામણા નામથી સંબોધે છે. ભલું, પ્રેમાળ અને આનંદી યુગલ જોઈને હૃદય ભરાઈ આવ્યું. દિદિના ઐશ્વર્યની કોઈ સીમા નથી. એમની પ્રતિષ્ઠા લોકોએ હૃદયમાં કરીને પોતાનું ઐશ્વર્ય પણ વધાર્યું છે. દંપતિનો દિદિ પરનો અસીમ પ્રેમ જોઈને કૃતકૃત્ય થઈ જવાયું. પ્રેમની અભિવ્યક્તિ નાના મોટા કર્મમાં જોવા માટે મળે પણ ખૂબી તો એ કે ક્યાંય અધિકાર જમાવવાનો મોહ નહીં, આકાંક્ષા નહીં. અમે આવ્યા ત્યારે એમના નાસ્તાનો સમય હતો, જ્યારે આપણો જમવાનો સમય હતો. મારી ઘડિયાળ ૧૨ વગાડતી હતી જ્યારે અહીં ૭-૩૦ થયા હતા. ચા પીધી, માટીની કીટલી નીચે મીણબત્તીનું સ્ટેન્ડ જોઈ કરીને ચા ગરમ રહે. લ્હેરથી ચા પીધી. આ બધા વખતમાં દિવસ-રાતનું સંમક્રિણ એવું થાલ્યું કે શરીરને થોડી બેચેની લાગે. બરાબર બાર કલાકની મુસાફરી થઈ પરંતુ રાત્રીની રાત્રી જ રહી. આમસ્ટર્ડામ પહોંચ્યા ત્યારે પ્રભાત થયું. દિદિ જ્યારે હોલેન્ડ આવે ત્યારે એમના વપરાશમાં આવતી વસ્તુઓ એમની બીજી અનેક વસ્તુઓને પ્રાણુપણે જાળવી રાખીને રૂમમાં સજાવી હતી. અગરબત્તી પણ જલાવી રાખી હતી. દિદિની સાથે જ મને પણ એક રૂમ આખો છે. સ્વાગતના કાર્ડ "Full sunshine in your heart, welcome in our home." હજુ પણ આંખને ઉઘીને બાઝે છે. આ ભલા દંપતીના સ્વાગત માટે શબ્દો પુરા નહીં પડે. અમદાવાદથી આમસ્ટર્ડામની દિદિ સાથેની મારી યાત્રા એક અભૂતપૂર્વ ઘટના બનીને મારા જીવનમાં રસાઈ રહેશે, ચિરંજીવ રહેશે.

આજે ૨૪મી થઈ. હોલેન્ડમાં આજે ચોથો દિવસ છે. હવામાં સારી એવી ઠંડક છે. હમણાં જ કૃષ્ણમૂર્તિનું પ્રવચન સાંભળીને ઉપર ચઢી છું. મનુષ્યનો એકમેક સાથેનો સબંધ કોઈપણ ગમા–અણગમા, આગ્રહ પૂર્વગ્રહ, પોતે પોતાના વિશે બનાવેલી પોતાની મૂર્તિ, અને બીજા માટે બનાવેલી ધારણા એમાંથી મુકત થાય તો સાચો સબંધ, સાચું મિલન સ્થાપિત થાય. મનુષ્ય ક્યારે મિલનમાં પ્રવેશ કરે એ સુંદર રીતે સમજાવતાં કહ્યું કે જ્યારે મનુષ્ય પૂરેપૂરો અવધાનમાં હોય, પોતાના ગમા અણગમા અને મૂર્તિને બરાબર સજાગ થઈને જોઈ લીધા હોય, નાણી લીધા હોય ત્યારે એકનું બીજા સાથે મિલન શકય બને છે. અને એ જ સંબંધ છે. એકલતા ક્યારે જીવનમાં આવે છે, એ એકલતા ભરવા માટે મનુષ્ય કેટલા પ્રકારે કેટલી જગ્યાએ વલખાં મારે છે, તે સુંદર રીતે સમજાવીને કહ્યું કે એમાંથી પ્રગટે છે એ જ વસ્તુ, કે જે મનુષ્ય માટે આસકિત બને છે. અને આસકિતમાંથી પ્રગટ થતો આધાર અને આધાર ખસતા ઉભું થતું દુઃખ અને એથી વિભાજીત થતી શકિતથી જીવન વેર વિખેર બને છે. મનુષ્ય ગૂંચવણમાં–ઘર્ષણમાં હોય તો બીજા સાથે સીધો સંબંધ કેવી રીતે સ્થાપીત કરી શકે. ગૂંચવણ સંબંધ વચ્ચે એક પરદો લઈને આવવાની.

તા. ૨૩મીએ એટલે કે કાલે જ ટેબલ પર જમવા બેઠા હતા. ત્યારે દિદિએ કહ્યું : શીખવાની ધગશ મનુષ્યને પૂરેપૂરો અવધાનવાળો બનાવે છે. ત્યારે મનુષ્યનું સમગ્ર અસ્તિત્વ શીખવા માટે તલપાપડ હોય છે. શીખવા માટે મનુષ્યે સતત સજાગ રહેવું જોઈએ. ઝીણામાં ઝીણી વાતની દિદિ જે દરકાર લે છે તે અદ્‌ભુત છે. સમગ્રતામાં જીવનારને ક્યાંય કશું ઝીણું નથી, નાનું નથી, મોટું નથી. દિદિની જીવનધારા અનેકની જીવનધારા સાથે એક થઈને શુદ્ધિકરણની પ્રક્રિયા ચલાવે છે. વિસ્ફોટક શક્તિ માટે શું કહેવું!

* * *

આજે ૨૭મી તારીખ છે. આકાશ વાદળાથી સારી પેઠે ઘેરાયેલું છે. વરસાદની શરૂઆત થઈ ગઈ છે. સારું એવું ઝાપટું પડી ગયું. વળી પાછો સૂર્ય નીકળ્યો છે. તાજા સ્નાનમાંથી પરવારેલા

વૃક્ષોનાં પાંદડાં પર જે જળબિંદુ રહ્યાં છે, તેને સૂર્ય રશ્મિ આવીને ચમકાવે છે.

પવન જોરથી વાય છે. કાલે જ જંગલમાં ફરવા ગયા હતા. ઘરથી જંગલ દૂર નથી. ધરતી પર તોતિંગ વૃક્ષોની હારની હાર લાગી હતી. અને અમે બધા વૃક્ષોની તોતિંગતા આગળ ખૂબ નાના લાગતા હતા. અરે, વનની શોભાનું શું વર્ણન કરવું. બધું જ લીલું-ઝાડ, પાન, થડ નીચે જ્યાં જ્યાં નજર નાખો ત્યાં ત્યાં ધરતીનો લીલો શણગાર દેખાઈ આવતો હતો. આજે દિદિ ૨-૩૦ વાગે 'શિક્ષણનું આહ્વાન' The challenge of Education ઉપર બોલવાના છે.

અમે દિદિ જ્યાં બોલવાના હતા તે સભાગૃહ પાસે આવી પહોંચ્યા. સભાગૃહમાં યે જેને શિક્ષણમાં રસ હોય તેવા એકસો દસ મનુષ્યો હતા. દિદિ માટે મોટા ટેબલ પર બેઠક બનાવી હતી. શાંતિ અને શિસ્ત માટે તો પશ્ચિમ પ્રખ્યાત છે જ. શાંતિ ઘણી હતી. સભાગૃહને છેડે ટેબલ પર પુસ્તકો વેચવા માટે મૂકયા હતા.

જેણે સંચાલન કર્યું તેણે સ્વાગત કર્યું અને દિદિએ બોલવાની શરૂઆત કરતાં કહ્યું :

હોલેન્ડની ભૂમિ પર આવવાનો મને આનંદ થાય છે. મારી ઘણી ઓળખાણો અને મિત્રો આ ભૂમિ પર છે.

'શિક્ષણનું આહ્વાન' સમસ્ત માનવ જાતનો પ્રાણપ્રશ્ન છે. શિક્ષણ શબ્દ સમજવા પહેલા Training, Culture અને Education સમજવા જરૂરી છે. કારણ કે ત્રણે શબ્દ આપણે સાથે સાંકળ્યા છે. આજ્ઞાથી-હુકમથી જે કાંઈ વિકાસ થાય છે તે કેવળ આંશિક યાંત્રિક હોય છે. તેમાં મનનો પણ વિકાસ નથી. તેમાં પુનરાવર્તન તો છે જ. પરંતુ સ્થૂળ હિંસા સમાયેલી છે. જેવી રીતે પશુઓને કેળવવામાં આવે છે. Training શારીરિક સ્તર પર છે, તદ્દન પ્રાથમિક છે. પછી આવે છે. Culture સુસંસ્કૃત કરવું, શણગારવું, ઓપ આપવો. શરીરને, મનને નક્કી કરેલા આદર્શ મુજબ નક્કી કરેલી પદ્ધતિ મુજબ ઓપ આપવો, એમાં પણ સભ્ય રીતે વિચાર પદ્ધતિ લાદવાનું તો આવે જ છે. Training કરતાં આમાં હિંસાનું સ્વરૂપ પાતળું છે. પરંતુ હિંસા તો છે જ. આ પણ આંશિક છે. જ્યારે શિક્ષણ તો જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન આણે છે. એને લાવવું પડતું નથી. શિક્ષણ સમૂળી સમગ્રતામાં ક્રાંતિ છે. શિક્ષણમાં ક્રાંતિ આણવી એ મનુષ્યજીવનનો પ્રાણપ્રશ્ન છે. એને માટે મનુષ્યમાં હોવી જોઈએ શીખવાની લગન, શીખવાની ધગશ. મનુષ્ય એકદમ સાવધ હોવો જોઈએ. ગ્રહણ શકિત અને સંવેદનશીલતા હોવા અત્યંત જરૂરી છે. શિક્ષણ છે સમગ્રતાનો સર્વાંગી વિકાસ. શિક્ષણ એકાંગી નથી. માબાપ શિક્ષણ માટે ગમે તેટલા આતુર હોય પરંતુ બાળકમાં-વિદ્યાર્થીમાં જો જીવતી ધગશ ના હોય, ગ્રહણ-શકિત ના હોય, સંવેદનશીલતા ના હોય, તો મનુષ્ય શીખી શકતો નથી. શકિત કુંઠિત બની જાય છે. કશાના માલિક થવું, કશા ઉપર વિજય મેળવવો જો એ જીવનની રીત માબાપે નક્કી કરી હોય તો પોતાના જ આગ્રહનો બોજ, બાળક પર લદાવાનો અને એમાંથી પ્રગટ થવાના સ્પર્ધા-હરીફાઈ-ઈર્ષ્યા-જલન. શિક્ષણ એ આજનો જીવનમરણનો પ્રશ્ન છે અને મને લાગે છે કે જીવન જીવવાની રીતમાં સમૂળી ક્રાંતિ તે છે શિક્ષણ.

અને એ પ્રકારનું શિક્ષણ વિધાયક છે, સર્જનાત્મક છે.

એ જ દિવસે શિક્ષણ ઉપર પ્રશ્નો પૂછાયા. પ્રશ્નનો જવાબ આપતાં દિદિએ કહ્યું કે, શિક્ષણ જીવનથી અલગ નથી. મનુષ્યે જીવનને અનેક ખંડોમાં વિભાજીત કર્યું છે. ઘરમાં રહેતા મનુષ્યનાં જીવનનું મૂલ્યાંકન સત્ય, પ્રેમ, સહકાર પર આધારિત હોય છે. પરંતુ ઘરની બહાર નીકળતા એ જ મનુષ્યનું ધંધામાં મૂલ્યાંકન સ્પર્ધા-પર આધારિત મહત્વકાંક્ષા મેળવવાની ઈચ્છા હોય છે. એને કારણે અસત્ય-ઈર્ષ્યાનો જન્મ થાય છે. વળી રાજકારણમાં મૂલ્યાંકન તદ્દન જુદું હોય છે. દૈનિક જીવનમાં આવા વિરોધાભાસ વચ્ચે મનુષ્ય જીવતો હોય છે. આવો ખંડિત માનવ-વિભાજીત માનવ કોઈ પણ સંબંધમાં પછી તે પત્ની હોય બાળક હોય કે પિતા હોય, શું આપી શકે? વળી મનુષ્યનો આગ્રહ પણ એવો રહેવાનો કે બાળક પણ વિવિધ મૂલ્યાંકનોમાં જીવતું થાય. આમાંથી મુકત થવાનો કોઈ ઉપાય છે ખરો કે? જો જીવનમાં શિક્ષણની ધગશ જાગી હોય, અત્યારની કટોકટીભરી પરિસ્થિતિ નિવારવાની અજબ તડપન દિલમાં જાગી હોય, એને માટે જીવન હોડમાં મુકવાની તૈયારી હોય, તો કશુંક પરિણામ આવવાનો સંભવ છે. ત્યારે માનવ પોતે, પોતાની જાતને મનુષ્ય સાથેના સંબંધમાં, સમાજ સાથેના સંબંધમાં, સમષ્ટિ સાથેના સંબંધમાં જોતો થઈ જશે. અને એ જ દૃષ્ટિ તે છે શિક્ષણ. પ્રથમ પોતાથી જ શરૂઆત કરવાની છે. જીવનમાં અગ્રતા શિક્ષણની માગને અપાય તો સંભવ છે ખરો. આવા મનુષ્યો પોતાનામાં શિક્ષણની આપૂર્ણ ક્રાંતિ સર્જીને, જીવંત આણુઓ બનીને અનેકના જીવનમાં વિધાયક ક્રાંતિ લાવી શકે.

કોઈકે પૂછ્યું કે નાના બાળકને ફરજિયાત કામ કરાવવું પડે. ફરજ ના પાડીએ તો બાળક કેવી રીતે ઉછેરાય. એને તો કાંઈ ખબર જ હોતી નથી. નાના બાળકને શિક્ષણ કેવી રીતે આપવું?

દિદિએ જવાબ આપતાં કહ્યું કે, સ્ત્રી-પુરૂષના સંભોગ વખતથી જ શિક્ષણ શરૂ થાય છે. સ્ત્રી-પુરૂષની ત્યારની માનસિક પરિસ્થિતિ ઉશ્કેરાટ ક્રોધ-ઈર્ષ્યા મહત્વકાંક્ષાથી ભરપૂર હોય તો બાળકનો માનસિક ઢાંચો તો ત્યાં જ બંધાવાનો. જ્યારે તમે બાળકમાં આગ્રહ, ક્રોધ જુઓ ત્યારે પોતે પોતાની જાતને અને એ વખતની પરિ-સ્થિતિને યાદ કરવી જરૂરી છે. પ્રથમ દૃષ્ટિ દોષિત તો પોતે જ છે. એટલે માતાપિતા બનવું એ જીવનની અત્યંત પવિત્ર ઘટના છે. માબાપ બનવા પહેલા મનુષ્યે પોતાની જાતને શિક્ષિત કરવી જરૂરી છે. આ મુદ્દો દિદિએ એમના પહેલા પ્રવચન વખતે મૂકેલો.

બીજે દિવસે બોલતા દિદિએ કહ્યું કે, મનુષ્ય નિર્મિત સીમાડા-ઢાંચા તૂટી રહ્યા છે. આજની પેઢીની સમક્ષ એક આહ્વાન ખડું થયું છે. પ્રથમ તો મનુષ્ય નિર્મીત ઢાંચાનો અસ્વીકાર છે. જે ગતિથી વિજ્ઞાન અને ટેકનોલોજી આગળ વધી રહ્યા છે. અને મનુષ્ય મનની ભૂમિકા પર ત્યાંનો ત્યાં જ છે. બાહ્ય-આંતરિક સંઘર્ષ ચાલુ છે. એનો સમન્વય સાધી શકાય તે શકય છે. જો મનુષ્ય આંતરિક ગતિને પોતાના વિવિધ મૂલ્યાંકનોથી વિચારોના વિરોધાભાસથી કુંઠિત ના કરે તો નવા મનુષ્યનું નિર્માણ થવાનો સંભવ છે. જે સમગ્રતામાં સાહજિક રીતે જ જીવતો હોય તે સહજતા સમગ્રતામાં જીવનારની સૌરભ બની રહેશે.

શરીરની જરૂરિયાત મૂળભૂત માગ અને મન વચ્ચે સંઘર્ષ ચાલે છે. એનું ખેંચાણ દબાવ મન ઉપર રહ્યા કરે છે. જો આપણે બરાબર જાણતા હોઈએ અને માનતા હોઈએ કે મન શું છે એ કેવી રીતે કામ કરે છે, એનું કશું જ જ્ઞાન આપણને મળ્યું નથી અને એ વિદ્યાર્થીને બાળકને મળવું જરૂરી છે. આપણે જાણતા ના હોવા છતાં જાણવાનો દંભ તૂટશે તો ત્યાંથી પણ શિક્ષણની શરૂઆત છે. તો વિદ્યાર્થીને મન શું છે તે કેવી રીતે કામ કરે છે, એ આજના નૂતન આહ્વાનો શિક્ષણમાં દાખલ કરી શકાય.

જીવન અજ્ઞાત છે. અને આહ્વાનો જીવનમાં આવવાના. એ આહ્વાનો સમજ્યા તો ત્યારે બને છે કે જીવનમાં સામે જે આવ્યું છે તેને જોવું નથી, જાણવું નથી, સ્વીકારવું નથી. એની સામેથી મોં ફેરવી લેવું છે. દૂર ભાગવું છે. ત્યારે તે સમજ્યા બની જાય છે. આહ્વાહન અવસર ત્યારે બને છે કે જ્યારે મનુષ્ય તેમાંથી શીખે છે. પોતાની જાતને શિક્ષિત કરે છે.

મૌનને પણ શિક્ષણમાં આવરી લેવું જરૂરી છે. અનેક ખેંચ દબાવ સંઘર્ષથી માનવ ઘેરાયો છે. ક્રોધ લોભ, મોહ-મમતામાં આંત-રિક શકિત ખર્ચાય છે જ. મૌન એક એવો આયામ છે કે જે શકિત અનેક દિશાઓમાં વેરવિખેર થઈ છે તેને તેના મૂળમાં લઈ જાય છે. મનુષ્ય સંપૂર્ણ રીતે નિરાંત અનુભવે છે. ખેંચ નથી. દબાવ

નથી, લોભ નથી. સઘળુ જ્યારે શાંત બને છે. મૌનની ગતિ પરમ વિધાયક છે. ત્યાં કશું જ ખંડનાત્મક નથી, સર્જનાત્મક છે.

રેસિડેન્સયલ સ્કૂલ ખોલવી યોગ્ય છે. જ્યાં માબાપ શિક્ષક અને છોકરાં સાથે એકત્ર મળી શકશે. ખુલ્લે દિલે જ્યાં તકલીફ હોય તેની ચર્ચા કરી શકે.

મનુષ્યનું સામાન્ય જીવન સુસંવાદી જીવન બની શકે–જો મનુષ્ય બાહ્ય–ભીતર સંપૂર્ણ રીતે નિરાંતમાં હોય અને સુસંવાદી જીવનમાંથી જે જે પ્રતિઘોષ ઉઠવાના તે પ્રેમ અને સહયોગના ઉઠવાના.

શરીર અને મનની પેલી બાજુ પણ ચેતનાનો આયામ છે કે જ્યાંથી મનુષ્ય મન અને શરીરને કરુણ તરીકે વાપરે. પરંતુ કયારે ય કરુણના ફૂલ ગુલાબના ના બને. ચેતનાના એ આયામથી મનુષ્ય સર્વ સંબંધોમાં વ્યવહાર કરી શકે તે સંભવ છે.

જો માણસ એકાંતમાં જાય તો સમષ્ટી સાથેના સઘળા સંબંધને તોડવાનો અને શુષ્કતાને વરવાનો. શિક્ષણ તો એ છે કે શારીરિક જરૂરિયાત જે મૂળભૂત છે–ઊભી કરેલી માગ નહીં–તેના માટે જરૂરી કામ કરે. સાથે પોતાને જાણે–જુએ અને પશુ–પક્ષી અને વનસ્પતી સાથેના પોતાના જીવનને જોડે, તોડે નહીં; એક એવો સુસંવાદી સૂર આંતરિક બાહ્યજીવનના સંબંધમાં સધાય અને જીવનને સુસંવાદી બનાવે, સુસ્વર બનાવે.

મનુષ્ય પ્રતીકોમાં જીવ્યો છે. સમય પણ પ્રતીક છે. શબ્દ પણ પ્રતીક છે. પ્રતીક આપણે આપણી અનુકૂળતા ખાતર રચ્યા છે. એમાં સપડાવું જોઈએ નહીં.

છેલ્લે બોલતાં કહ્યું કે, કેળવવાનો - સુસંસ્કૃત કરવાનો યુગ હવે સમાપ્ત થયો છે. શિક્ષણનો યુગ શરૂ થયો છે. વિશ્વ અતિ કટોકટીની ઘડીઓમાંથી પસાર થઈ રહ્યું છે. મનુષ્યનિર્મિત સીમાડાઓ તૂટી રહ્યા છે. આજની પેઢી તૂટેલા સીમાડાને જોઈ રહી છે. નવનિર્માણની સૂઝ નથી એટલે શું કરવું એની મુંઝવણમાં છે. એક જબરજસ્ત આહ્વાન મનુષ્ય જાતિ સમક્ષ છે. આજનો વિભાજીત મનુષ્ય પૂર્ણતાને ઝંખે છે. મનુષ્યને પૂર્ણતામાં વિકસવામાં મદદ કરવી અને પૂર્ણતાની સાથે તેને સુગ્રથિત કરવું તે શિક્ષણ.

શિક્ષણના ઘણા પાસા છે. એક તો જીવન જીવવા માટે કમાવું. તેના માટે પણ શિક્ષણ જરૂરી છે. દૈનિક જીવનમાં પોતાની સાથેના સઘળા સંબંધોમાં કઈ રીતે વર્તી રહ્યા છીએ. તેની આ જગતમાં સભાનતા રહેવી, રાખવી તે પણ શિક્ષણ છે. સંબંધો તો અરીસા છે. જેમાં મનુષ્ય પોતે પોતાની જાતને જોઈ શકે છે. ત્રીજું બહારના જગત પશુ–પક્ષી અને પ્રકૃતિ સાથેનું સંવાદીપણું સધાવું એટલે એકમેકને સાંકળીને સમગ્રતામાં જીવવું તે છે.

પ્રજ્ઞા અને બુદ્ધિનો ભેદ સમજાવતા દિદિએ કહ્યું કે વ્યક્તિ-વ્યક્તિમાં તીવ્ર બુદ્ધિ, મંદ બુદ્ધિ, વ્યક્તિગત સંભવી શકે છે. પરંતુ પ્રજ્ઞામાં તો દરેક મનુષ્યનું સત્વ છે. એ કોઈનામાં વધારે ઓછી હોવી સંભવ નથી - દરેકમાં છે. ઉદ્‌ઘાટન થયું નથી એટલું જ છે. શીખવવું એક ધંધો છે. કમાવા માટે કરેલું કૃત્ય છે. એની પાછળ કમાવાનો હેતુ છે. એટલે તે આંશિક છે. જ્યારે શિક્ષણ સમગ્રતાનો સમગ્રત્વ સાથેનું સંકલન સાધવાનો નિર્હેતુક પ્રયાસ છે તેથી જ મારે માટે શિક્ષક એ પવિત્ર વ્યક્તિ છે. જે નાના કુમળા બાળકોની જીવન કળીને વિકસાવવા માટે અને તેમાં રહેલી સુરભિત પુષ્પ બનવાની સંભાવનાને છતી કરવા માટે અભૂતપૂર્વ પ્રયાસ આદરે છે.

મૌન માટે પ્રશ્ન પૂછતાં કહ્યું કે, મારી અનુભૂતિ છે તેમાં જીવું છું તેથી હું કહું છું અહીં જ્યારે બોલી રહું છું ત્યારે એની પાછળ મારો કોઈ હેતુ નથી. એ અહેતુક છે. તમે મને ફરીથી બોલાવો એટલે તમને સારું લાગે તેવું બોલું એવો કોઈ હેતુ નથી. કેવળ અહેતુક હોવાને કારણે શ્રોતા–વક્તા વચ્ચે સહસંવાદીપણું શબ્દના સેતુથી રચાય છે.

આભાર માનીને સહુ વિખરાયા. **પ્રભા મરચંટ**

પ્રદુષણ ઉદ્યોગીકરણનો અભિશાપ

(ગતાંકથી ચાલુ)

દુનિયાના ૨૨૦૦ જેટલા અગ્રણી વિજ્ઞાનીઓએ પ્રકૃતિના ચક્રને તોડવાથી થતી હાનિ અંગે ચેતવણી આપતો જે સંદેશો સમસ્ત દુનિયાની પ્રજાને આપ્યો છે તેની વાત આપણે ગયા લેખમાં જોઈ ગયા. હવે આ લેખમાં હાનિ કેવા પ્રકારની હોય છે તેનાં કેટલાંક શાબ્દિક ઉદાહરણો જોઈશું. પ્રત્યક્ષ ઉદાહરણો–તસવીરો–માટેનો અવકાશ નથી.

આ લખાય છે ત્યારે તા. ૨૨મી જૂને જ સમાચાર પ્રસિદ્ધ થયા છે કે, ટોકિયોના નગરપતિએ હવેથી બસમાં પ્રવાસ કરવાનું શરૂ કર્યું છે કારણકે મોટર ગાડીઓના ધૂમાડાને કારણે હવામાં જે પ્રદુષણ થાય છે અને કાર્બન મોનોક્સાઈડ નામના ઝેરી ગેસનું જે પ્રસારણ થાય છે (આ ગેસ સૂક્ષ્મ પ્રમાણમાં મોટરના એક્ઝોસ્ટ-માંથી નીકળે છે.) તેને ઓછું કરવા માટે લોકો વધારે ને વધારે ઓછી ગાડીઓ વાપરે એવો દાખલો તેમને બેસાડવો છે. એક રીતે જોઈએ તો અત્યારે છે તેવી મોટર ગાડીઓ અથવા તો કોઈ પણ ઈન્ટરનલ કમ્બશ્થન એંજિન (સિલિન્ડરની અંદર બળતણ બાળતું એંજિન) લાંબે ગાળે માનવ સમાજ માટે શાપરૂપ થઈ પડે એમ છે. એટલે તો અમેરિકાના લોસ એંજલ્સ જેવાં મહાનગરમાં કાયદો કરવામાં આવ્યો છે કે ૧૯૭૦ની સાલ પછી અત્યારે છે તેવી મોટર ગાડીઓ શહેરમાં અને આજુબાજુના વિસ્તારમાં ફરવા દેવામાં નહિ આવે. જે ગાડીઓમાં, પાછળથી નીકળતા એક્ઝોસ્ટના ઝેરી વાયુઓને હાનિરહિત બનાવવાની વધારાની યંત્રસામગ્રી ગોઠવવામાં આવી હશે તેવી જ ગાડીઓને ફરવા દેવામાં આવશે. કોઈને કદાચ આ ગભરાટીયું પગલું લાગશે પરંતુ એમાં સાચી દુરંદેશી રહેલી છે.

અને આ દુરંદેશી બીજા દેશોના અનુભવમાંથી જન્મેલી છે. લડાઈ પછીનાં ઉદ્યોગીકરણને કારણે જાપાન આજે એટલું સમૃદ્ધ થઈ ગયું છે કે ત્યાં મોટરગાડીઓનો પાર રહ્યો નથી. આ મોટર ગાડીઓમાંથી નીકળતા ધૂમાડાને કારણે તથા, અન્ય કારખાનામાંથી બહાર ફેંકાતા કાર્બન ડાયોક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ, એમોનિયા વગેરે જેવા હાનિકારક વાયુઓને કારણે ટોકિયોનું વાતાવરણ એટલું દુષિત થઈ ગયું છે કે માનવીને જોઈએ એટલો પ્રાણવાયુ પણ ઘણી વાર હવામાંથી મળતો નથી અને માનવી ગૂંગળામણ અનુભવે છે. આવી ગૂંગળામણ અનુભવતો માનવી જોઈતો પ્રાણવાયુ મેળવી શકે એ માટે શેરીઓને નાકે, પ્રાણવાયુ પુરાં પાડતાં યંત્રો રાખવામાં આવ્યાં છે. આ યંત્રમાં એક સિક્કો નાંખો અને યંત્ર સાથે જોડેલો બુરખો નાક પર લગાવી દો એટલે એ યંત્રમાંથી પ્રાણવાયુ નીકળીને તમારા શ્વાસની સાથે અંદર જાય. આપણા બીમાર માનવીઓને હોસ્પિટલોમાં ઓક્સિજન આપવામાં આવે છે એ તો આપણે બધા જાણીએ છીએ પરંતુ સાજા માનવીઓને રસ્તે ચાલતાં આ પ્રમાણે ઓક્સિજન લેવો પડે એ તો આજનાં ઔદ્યોગિકરણની જ બલિહારી છે–કહો કે અભિશાપ છે.

પૃથ્વીનાં ઘણાં તત્ત્વોની સાથે સૂક્ષ્મ પ્રમાણમાં પારો ભળેલો છે. આ તત્ત્વોનો જ્યારે ઉદ્યોગોમાં ઉપયોગ થાય છે ત્યારે, એમાંનો પારો, નકામાં તત્ત્વ તરીકે બહાર ફેંકાઈ જાય છે (એને ભેગો કરીને એનો અન્યથા ઉપયોગ કરવાનું વેપારી દૃષ્ટિએ પરવડતું નથી) આ પારો સૂક્ષ્મ સ્વરૂપે પણ નદીમાં જો વહેવરાવવામાં આવે તો એ, એ નદી-માંની માછલીઓના શરીરમાં પ્રવેશે છે અને પછી એ માછલી ખાના-રને એવો રોગ થાય છે કે જેને કારણે એ આખી જિંદગી પીડાય છે. એનાં અંગો બધાં વાંકાં થઈ જાય છે, મોં વાંકું થઈ જાય છે, હાડકાં વળી જાય છે અને એ કાંઈ કામનો રહેતો નથી. જાપાનના મિયામાટા નગરમાં સૌથી પહેલાં આ વાત નજરે પડી હતી એટલે આ રોગને મિયામાટા ડીસીઝ એવું નામ આપવામાં આવ્યું છે.

આ જ પ્રમાણે કેડમિયમ ધાતુનું ચોક્કસ પ્રમાણ જો શરીરમાં જાય તો હાથનાં આંગળાં બધાં વાંકાં ચૂંકા થઈ જાય એવો રોગ થાય છે.

આ રોગ પણ જાપાનમાં જ પહેલો જણાયો હતો. જસતને રીફાઈન કરવા માટેનાં એક કારખાનામાં કેડમિયમ ધાતુ એક સાધન તરીકે વપરાતી હતી. આ કારખાનાનું પાણી પાસેની નદીમાં તથા ડાંગરના ખેતરોમાં વહેવરાવવામાં આવતું હતું. એ ડાંગર ખાનારા અને પાણી પીનારા કેટલાએ માણસોને જ્યારે હાથ–પગનાં આંગળાં વાંકા થઈ જવાનો રોગ થયેલો જણાયો ત્યારે એનું સંશોધન થયું અને માલૂમ પડ્યું કે એ રોગ કેડમિયમના સૂક્ષ્મ અંશોને કારણે થયો છે. આ પણ ઉદ્યોગિકરણનો એક નવો અભિશાપ છે.

પ્રદૂષણ કેવળ ઉદ્યોગોના ક્ષેત્રેજ પ્રસરેલું છે એવું નથી. ખેતીવાડીના ક્ષેત્રે પણ એ પ્રસરેલું છે. હકીકતમાં તો પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિ એકબીજા ઉપર આધાર રાખીને જ જીવવા માટે એટલાં બધાં ટેવાયેલાં છે કે એ આધારની એકાદ કડી પણ જો તોડવામાં આવે તો પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિ બન્નેને હાનિ થયા વિના નહિ રહે.

વૃક્ષો–ખાસ કરીને વિશાળ વૃક્ષો હવામાંનો કાર્બન ડાયોક્સાઈડ પોતાના ઉપયોગમાં લે છે અને માનવીના ઉપયોગમાં આવે એવો પ્રાણવાયુ બહાર છોડે છે. માનવીના ઉચ્છ્વાસમાંથી જે કાર્બન ડાયોક્સાઈડ બહાર નીકળે તે વનસ્પતિ પોતાના શ્વાસમાં લે છે અને વનસ્પતિના ઉચ્છ્વાસમાંથી જે પ્રાણવાયુ બહાર નીકળે છે તે પ્રાણીઓ પોતાના શ્વાસમાં લે છે! કેવું ચક્ર પ્રકૃતિએ ગોઠવ્યું છે! હવે જો ઝાડોનું આપણે નિકંદન જ કાઢયા કરીશું તો પછી પ્રાણવાયુ પુરનારું આપણે માટે રહેશે કોણ? એટલા માટે તો આપણા પ્રાચીનોએ ઝાડોની, પૂજા કરવા સુધીની પ્રતિષ્ઠા કરી હતી અને मधुवाता ऋतायते તથા मधुपान्नो वनस्पति જેવી પ્રાર્થના આપણા ઋષિઓ ઠેઠ વેદકાળથી કરતા આવ્યા હતા. જાપાનમાં આજે મોટાં લેધૂર ઝાડોને કોઈ કાપતું નથી અને રસ્તા વગેરે માટે જગ્યા જોઈતી હોય તો અપાર જહેમત ઉઠાવીને પણ એ આખાંને આખાં ઝાડોને બીજે ઠેકાણે લઈ જવામાં આવે છે. ઝાડોની પ્રતિષ્ઠા એ લોકો કપરા અનુભવ પછી કરવા મંડયા છે.

અત્રે મોરોક્કોના એક જૂના રાજાની વાત યાદ આવે છે. મોરોક્કોમાં એમ પણ ઝાડો ઝાઝાં નથી કારણકે સહરાના રણના ઉત્તર છેડાથી થોડે દૂર જ આવેલો એ પ્રદેશ છે. ઉકત રાજાનો મહેલ એક વખત બંધાતો હતો અને એક મોટું ઝાડ એ બાંધકામની આડે આવતું હતું એટલે ઈજનેરોને એ કાપી નાખવાનો હુકમ આપ્યો. રાજાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એણે મના કરી અને ઈજનેરોને આજ્ઞા કરી કે મહેલનો નકશો બદલો પણ આ ઝાડ કાપવાનું નથી. આવો વૃક્ષપ્રેમ માનવજાત કેળવશે તો જ એનો ઉદ્ધાર છે. આપણે ત્યાં કોયલી રિફાઈનરી જ્યારે બંધાઈ ત્યારે રિફાઈનરીની જગ્યામાં સુંદર આંબાવાડિયાં હતાં. રિફાઈનરીના કાબેલ ઈજનેરોએ આ આંબાના ઝાડો ન કાપ્યાં અને રિફાઈનરીનું આયોજન એ રીતે કર્યું કે જેથી આજે, રિફાઈનરી વૃક્ષરાજીમાં છૂપાયેલાં રમકડાં જેવી લાગે છે. આ ઈજનેરોને આપણે અભિનંદન આપવાં જ જોઈએ.

ખેતીવાડીમાં આજકાલ હરિયાળી ક્રાંતિને નામે, રસાયણિક ખાતરનો જબરો ઉપયોગ થઈ રહ્યો છે. સાથોસાથ જંતુઘ્ન દવાઓનો પણ જંગી ઉપયોગ થઈ રહ્યો છે. આ બધાનો ઉપયોગ ન થવો જોઈએ એવું મારું કહેવું નથી પરંતુ એનો ઉપયોગ વિવેકપુરસ્સર થવો જોઈએ. આજે જ સમાચાર આવ્યા છે કે ત્રિપુરાના જંગલના પ્રાણીઓમાંથી ઘણા જંતુઘ્ન દવાઓની બેરહમાપણભર્યા ઉપયોગથી માર્યા ગયા છે અને જે ત્રિપુરામાં ૧૦ વર્ષ પહેલાં ૨૦૦ જેટલા રોયલ બેંગાલ ટાઈગર–શાહીવાઘ–હતા ત્યાં આજે માત્ર ચાર જ છે! એ જ પ્રમાણે બીજાં પ્રાણીઓ પણ નાશ પામ્યાં છે. અમેરિકામાં ડી. ડી. ટી. ઉપર છદ્દતર પ્રતિબંધ મૂકવાની વિચારણા ગંભીર રીતે ચાલી રહી છે એ વાત આ સંદર્ભમાં જણાવવા જેવી છે.

સૂક્ષ્મ જીવાણુઓ પણ આ પ્રદૂષણનો ભોગ બનતાં અટકયાં નથી. કલકત્તા યુનિવર્સિટીના માટી જીવાણુશાસ્ત્ર (સોઈલ માઈક્રો બાયોલોજી)ના એક સંશોધકે રીઝોબિયમ નામના જીવાણુઓ પર કરેલા પ્રયોગોની વાત જાણવા જેવી છે. આ જીવાણુઓ જમીનમાંનો નાઈટ્રોજનનો જથ્થો વધારી આપે છે એટલે જમીન માટે એ ઘણા ઉપકારક છે અને એની વંશવૃદ્ધિ જેમ વધારે થાય તેમ વધારે ફાયદો મળે છે. હવે એમોનિયમ સલ્ફેટ જેવાં તીવ્ર રાસાયણિક ખાતરો જ્યારે જમીનમાં વપરાય છે ત્યારે એ ખાતરની અસરને કારણે રીઝોબિયમની વંશવૃદ્ધિ થતી નથી. એથી ઊલટું રિઝોબિયમને ખાઈ જાય એવાં બીજાં હાનિકારક જીવાણુઓની વૃદ્ધિ થાય છે. એટલે, જમીનમાં રાસાયણિક ખાતર વાપરવાનો નિર્ણય કરતી વખતે, જમીનની જે જીવાણુલક્ષી સમતોલતા છે–બાયોલોજીકલ ઈક્વીલીબ્રિયમ છે તે લક્ષમાં રાખવું અત્યંત જરૂરી છે. રાસાયણિક ખાતરો કે જંતુઘ્ન દવાઓની કિમ્મત કરતાં પણ જમીનની જીવાણુલક્ષી સમતોલતા નજર સમક્ષ રાખવા જેવી છે.

આમ આપણે જોયું કે નિસર્ગે પ્રવર્તાવેલાં ચક્રમાંથી કોઈ બાકી રહ્યું નથી. જીવાણુથી માંડીને વનસ્પતિસૃષ્ટિ, પ્રાણિસૃષ્ટિ, હવા, માટી વગેરે બધાં જ એક બીજાને સહારે સહઅસ્તિત્વ માણે છે. જીવો जीवस्य जीवनम्–જીવ એજ જીવનું જીવન છે એવી સંસ્કૃત ઉકિતમાં પણ આ સહારાની ભાવના જ ડોકાય છે ને! વિજ્ઞાનની પ્રગતિ અને ઉદ્યોગિકરણ આ સહારાના મૂળમાં સુરંગ ન ચાંપે એ જોવાની સમસ્ત માનવજાતની ફરજ છે. (સમાપ્ત) –મનુભાઈ મહેતા

લોકશાહીનું ત્રીજું જૂથ

પ્રિય મનુભાઈ : તા. ૧૦-૬-૭૨

તમે આ વખતે મુંબઈ આવ્યા ત્યારે તમે મને લોકશાહીની રક્ષા માટે એક "ત્રીજું જૂથ" કરવા વિશે વાત કરી તેમાં મને રસ પડયો. વિશેષ આનંદ એ થયો કે આ જૂનની ૧૪મી તારીખે થોડા મિત્રો અમદાવાદમાં આ વિશે ચર્ચા કરવા મળવાના છે. અનુકૂળ હોત તો હું પણ આ સભામાં હાજર રહેત. હાજર રહી શકતો નથી એટલે આ પત્ર લખું છું.

હું એમ સમજું છું કે રાજ્યકર્તા પક્ષ એ એક જૂથ છે અને એક દિવસ સત્તા ઉપર આવવાની આશા સામે કામ કરતા વિરોધ પક્ષો બીજું જૂથ છે. આ બે જૂથોથી પર એક એવું ત્રીજું જૂથ હોઈ શકે જે લોકશાહી રાજકારણથી અલિપ્ત ન રહે પણ તે દ્વારા કોઈ સત્તા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન ન કરે. કાયદાના રાજ્યમાં જે સ્થાન ન્યાયાધીશનું છે તેવું સ્થાન લોકશાહી રાજકારણમાં આ ત્રીજા જૂથનું હોઈ શકે.

આમે ય તે આપણા લોહીમાં મુરબ્બીશાહી એટલી બધી ભળી ગઈ છે કે લોકશાહીનાં મૂલ્યો માત્ર સપાટી પર જોવા મળે છે. લોકશાહીનાં મૂલ્યો આ છે: કાયદાનું રાજ્ય, વાણીસ્વાતંત્ર્ય, વિચાર સ્વાતંત્ર્ય, મંડળી અને સભાસ્વાતંત્ર્ય, અને નિયત સમયે મુકત મતદાન દ્વારા સરકાર બદલવાની સગવડ. લોકશાહીમાં બધું જ બદલાયા કરે, માત્ર અચલાયતન છે વિરોધ વ્યકત કરવાની આસરકારક સગવડ. મારી દૃષ્ટિએ લોકશાહીનો વૈભવ એ છે કે તેમાં સત્તાધીશ મત સામે વિરોધ વ્યકત કરવાની છૂટ છે એટલું જ નહિ પણ એ વિરોધ વ્યકત કરવાની નાની મોટી અનેક નહેરો છે. આપણા દેશમાં સ્વાતંત્ર્ય મતની આવી નહેરો ત્યારે જ બંધાશે કે જ્યારે સહજ રીતે લોકશાહી વિરોધ વ્યકત કરવા માટે અનેક સંસ્થાઓ ઊભી થશે.

આવી નહેરો એ લોકો જ બાંધી શકે જેમને રાજ્યસત્તા પાસેથી કશું જ જોઈતું ન હોય. રોનાલ્ડ રિસ્ટની જેમ ત્રીજું જૂથ રાજ્યસત્તાનો વિરોધ ન કરે પણ જેમ તપસ્વી સંસારથી અલિપ્ત રહેવાનો પ્રયત્ન કરે તેમ આવા લોકો રાજ્યસત્તાથી અલિપ્ત રહે. અનાસકિતથી પ્રજાકલ્યાણનાં કામ આવા કાર્યકરો ઉપાડે અને લોકોનું બળ હોય તેટલું જ કામ કરે તો રાજ્યસત્તાને સંસ્કારી બનાવવાના માર્ગ પર થોડાં પગલાં ભરી શકાય.

રોજિંદા જીવનની દૃષ્ટિએ આ વિચારોનો અર્થ એ છે કે લોકશાહીના આવા રક્ષકોએ ચૂંટણીમાં ભાગ લઈ ધારાસભ્ય કે લોકસભામાં જવું ન જોઈએ. આવા સેવકોને મન ચૂંટણી એ અનિષ્ટ નથી. તેમને મન તો ચૂંટણી એ પવિત્ર સંસ્થા છે. એના રક્ષણ માટે તેઓ એટલા બધા સક્રિય અને સજાગ રહે કે જરૂર પડયે તેના રક્ષણ માટે પ્રાણ પણ આપી દે. હું માનું છું કે રાષ્ટ્રધ્વજ વગેરે પ્રતીકોનું સન્માન થાય તે યોગ્ય છે. પણ તે કરતાંય વધારે પાયાની પ્રવૃત્તિ ચૂંટણી છે. ચૂંટણી જ્યાં અશકય હોય તેવા દેશના રાષ્ટ્રધ્વજને કોણ નમન કરે? ચૂંટણી વિશે આપણા કેટલાક સર્વોદય આગેવાનોએ જે અરાજકતાવાદી અભિપ્રાયો વ્યકત કર્યા છે તેથી લોકશાહી અને સર્વોદય સમાજના સ્વપ્નને વિના કારણ હાનિ પહોંચી છે.

એટલે ચૂંટણી તો આપણા માટે ઘીનો દીવો છે. આ ચૂંટણીની પદ્ધતિ સત્તા, ધન અને બીજી–બળજબરીથી વધુને વધુ મુકત થતી જાય તે માટે આ "ત્રીજા જૂથે" પ્રયત્નો કરવા જોઈએ. એ રીતે ત્રીજું જૂથ લોકશાહીના શિક્ષકનું કામ કરે પણ પરિસ્થિતિ એટલી

વધુસરી હોય કે શિક્ષણ કરતાં વધુ ઝડપી અને જલદ ઉપાયની જરૂર ઊભી થાય ત્યારે ત્રીજા જૂથે અમુક ચોક્કસ અન્યાય સામે, બધા બંધારણીય દરવાજા ખખડાવ્યા પછી, સત્યાગ્રહ માટે પણ તૈયાર રહેવું જોઈએ. આમાં બે મુદ્દા ખાસ લક્ષમાં લેવા જેવા છે. એક તો એ કે કોઈક સામાન્ય (જનરલ) મુદ્દા પર સત્યાગ્રહનો આશરો ન લેવો જોઈએ. દેશમાં લાંચરુશ્વત વધી ગયાં છે એ જાણતા હોઈએ તો પણ મુંબઈ કે અમદાવાદમાં તેની સામે સત્યાગ્રહ થાય તો પવનચક્કી સામે માથું પછાડવા જેવો પ્રયોગ થાય. પણ એમ માલૂમ પડે કે કોઈ પ્રધાનનો કે તેના સગાનો નવા બંધાયેલા સિનેમા-ઘરમાં ભાગ છે તો બધા બંધારણીય પગલાં લીધા પછી અને કંટાળો આવે તેટલી સરકારને આજીજીઓ કર્યા પછી આ સિનેમાઘરનું લાઈસન્સ રદ કરાવવા સત્યાગ્રહ થઈ શકે.

મારી એવી માન્યતા છે કે આ ત્રીજા જૂથનું મુખ્ય કામ તો ગરીબી અને બેકારી થોડી હળવી થાય એ માટેની પ્રવૃત્તિ અને લોકશિક્ષણનું રહેશે. આઝાદી પછી આપણા લોકસેવકોએ દરિદ્ર-નારાયણ સચિવાલયોને સોંપી દીધા છે. દરિદ્રનારાયણને ફરીવાર આપણા મનના અને ઘરના આંગણામાં પ્રવેશ મળે તે માટે આ ત્રીજા જૂથે પોતાનું બધું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આમ થાય તો જ તે જૂથની લોકશાહીના રક્ષક તરીકેની પ્રતિષ્ઠા બંધાય.

આટલું જ મહત્ત્વનું કામ વહીવટીતંત્રને લોકશાહીના રંગે રંગવાનું છે. આધુનિક સમાજમાં જ્યાં જાગતી લોકશાહી હોય તેવા દેશમાં પણ વહીવટી તંત્રની ઓટલી બધી પકડ જીવન પર જોવા મળે છે કે લોકો તેને અમલદારોની સરમુખત્યારશાહી કહે છે. જ્યારે આપણે રાજ્યને અનેક પ્રકારની જવાબદારી ઉપાડવાનું કહીએ ત્યારે વહીવટી તંત્ર મોટું અને બળવાન બને એથી નવાઈ લાગવી ન જોઈએ. વહીવટી તંત્ર કોઈ પણ કલ્યાણ રાજ્યમાં કોઈ પ્રચંડ વૃક્ષની જેમ પથરાયેલું રહેવાનું છે. હવાને દૂષિત કરવાની મોટર-કારની જેમ આ એક અનિવાર્ય દૂષણ છે. આપણે વહીવટીતંત્રમાં એક પ્રકારની બીક પેસાડવાની છે. સામાન્ય માણસને મન લોક-શાહી એટલે દૂધનું કાર્ડ, પોલીસ, સરકારી કચેરીનો કારકુન, કોર્ટનો, ન્યાયાધીશ, સરકારી શાળા કૉલેજોના આચાર્યો, રેલવેનો બુકિંગ ક્લાર્ક અને પોસ્ટ ઑફિસનો મનીઑર્ડર લેનારો કારકુન, સરકારી કર્મચારીઓમાં લોકોને ઓછી કનડગત કરવાની અને કયારેક મદદરૂપ થવાની ટેવ ત્યારે જ પડે જ્યારે લોકોએ ચૂંટેલા પ્રધાનોની કાર્ય-પદ્ધતિ એવી હોય કે જેથી તેમના કારણે અમલદારોને અન્યાય ન કરવો પડે. પ્રધાને જ્યારથી અમલદારો પાસે ખોટું કરાવવા માંડે તે દિવસથી વહીવટીતંત્ર વાણોતર મટીને શેઠ થઈ જાય. આથી વહીવટી તંત્રની શિથિલતા, લાંચિયાવૃત્તિ કે કનડગત માટે તે તંત્રના ચૂંટાયેલા પ્રધાનને સૌથી પહેલાં જવાબદાર ગણવા જોઈએ. લોક-શાહીમાં વહીવટી તંત્રનો યશ અને અપયશ ચૂંટાયેલા પ્રધાનોને જ મળવો જોઈએ. ત્રીજા જૂથે વહીવટી તંત્રની ક્ષતિ માટે પ્રધા-નોની જવાબદારી વિશે લોકમત કેળવવો જોઈએ.

ત્રીજા જૂથને આપણે લોકશાહીના અને દરિદ્રનારાયણના રક્ષકની જવાબદારી સોંપીએ ત્યારે પ્રશ્ન થાય કે આવા જૂથના છૂટા છૂટા કાર્યકરો જ હોય કે તેમની એક સંસ્થા હોય. આમ તો ત્રીજા જૂથનું કાર્યક્ષેત્ર એવું છે કે સંસ્થાની ઝંઝટમાં પડવાનું આવા લોકોને ન ગમે. પણ કોઈ કરવા જેવું કામ સંસ્થાના સામૂહિક બળ સિવાય થઈ શકે નહિ એવું મારું મંતવ્ય છે. એ રીતે ત્રીજા જૂથની સંસ્થામાં સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાયટી, ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિ અને સ્વ. ડૉ. રામમનોહર લોહિયાની અન્યાય સામે શીંગડાં ભરાવવાની તાલાવેલીનું મિલન થવું જોઈએ. આવી સંસ્થાનું અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં એક વિચારપત્ર પણ હોવું જોઈએ. આમ થાય તો જ પ્રજાને અને રાજકારણના બે જૂથોને ખાતરી થાય કે ત્રીજું જૂથ એ કોઈ કોફીહાઉસનું ગામગપ્પામંડળ કે કરોડરજ્જુ વિનાના ભલામાણસોનું ટોળું નથી, પણ આધુનિક રાજ્ય રાંસ્થાને વધુ માનવીય અને લોકાભિમુખ કરવાનું ઓસરકારક "ત્રીજું બળ" છે.

સ્નેહાધિન
વાડીલાલ ડગલી
ના પ્રણામ

શ્રી મનુભાઈ પંચોળી
લોકભારતી, સણોસરા

* સંઘ સમાચાર *

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા સપ્ટેમ્બર માસની ૫મી તારીખથી ૧૨મી તારીખ સુધી-એમ આઠ દિવસની ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. વ્યાખ્યાતાઓ નક્કી કરવા માટેનો પત્ર-વ્યવહાર ચાલી રહ્યો છે.

સ્થળ: ભારતીય વિદ્યાભવન. સમય : સવારના ૮-૩૦

આઠે દિવસની સભાનું પ્રમુખસ્થાન પ્રા. રમણલાલ ચી. શાહ સંભાળશે.

સંઘના આજીવન સભાસદ વિષે-

તા. ૨૪-૬-'૭૨ના રોજ મળેલી સંઘની વાર્ષિક સભાએ ઠરાવ્યું છે કે કાર્યવાહક સમિતિની મંજૂરીથી રૂ. ૨૫૧ ભરીને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્ય બની શકાશે.

ઘણા સભ્યોની વિનંતીને માન આપીને આ જોગવાઈ કર-વામાં આવી છે, માટે આ વિષે રસ ધરાવતી વ્યકિતઓને આજીવન સભ્ય થવા માટે વિનંતિ કરવામાં આવે છે.

ચાર પદયાત્રી બહેનોનું સન્માન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને મુંબઈ સર્વોદય મંડળના સંયકત ઉપક્રમે ૧૨ વર્ષ માટે ઘરબાર છોડી નીકળેલી લોકહિતનું ચિન્તન કરતી, લોકયાત્રાએ ચાર પદયાત્રી બહેનોનું સન્માન સંઘના કાર્યા-લયમાં ગુરુવાર તા. ૬-૭-૧૯૭૨ સાંજના ૬-૩૦ વાગે કરવામાં આવશે.

શ્રી પરમાનંદભાઈ કાપડિયા સભાગૃહ

ઉપરોકત હૉલ મિટીંગો તેમ જ સ્નેહસંમેલનો માટે ભાડે આપવામાં આવે છે. સવાસો ખુરસીઓ તેમજ નીચે પાથરવાની જાજમ તેમ જ માઈકની પણ વ્યવસ્થા છે. સંપર્ક સાધો : ટે. નં. ૩૫૦૨૯૬.

પ્રાધ્યાપક પદ્મનાભ જૈનનો વાર્તાલાપ

અમેરિકાની મિશીગન યુનિવર્સિટીમાં કેટલાય વર્ષોથી જૈન ધર્મનો અભ્યાસ કરાવતા પ્રાધ્યાપક શ્રી પદ્મનાભ જૈન સાથે એક રસપ્રદ વાર્તાલાપ સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, મંગળવાર તા. ૪-૭-૭૨ના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે રાખવામાં આવ્યો છે.

સંઘના સભ્યોને વિજ્ઞપ્તી

૧૯૭૨ના ચાલુ વર્ષના મોટા ભાગના સભ્યોના લવાજમો હજુ બાકી છે. તો જેમના લવાજમો બાકી છે તેમને લવાજમના રૂપિયા દસ કાર્યાલય પર મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ઋતંભરા-શકિતદલના અભ્યાસક્રમ વર્ગો

ટૂંક સમયમાં જ નીચેના સ્થળે શરૂ થનાર છે. આ વર્ગમાં આધ્યાત્મિક જ્ઞાન તેમજ ધ્યાન વિષેની તાલિમ આપવામાં આવશે. જે બહેનોને આ વર્ગનો લાભ લેવા ઈચ્છા હોય તેમને ૨૯, ડુંગ-રશી રોડ, મલબાર હિલ, મુંબઈ-૬ (ટે. ૩૫૦૧૭૬) એ સરનામે બપોરે ૨ થી ૬ વાગ્યા દરમિયાન ખબર આપવા વિનંતી છે.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ જુલાઇ ૧૬, ૧૯૭૨ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

* દેશનું ગૌરવ *

પ્રેસિડન્ટ નિક્સનના ખાસ પ્રતિનિધિ મિ. કોનાલી બે દિવસ માટે ભારતની મુલાકાતે આવી ગયા. ભારત અને અમેરિકા વચ્ચે બગડેલા સંબંધો સુધારવાનો પ્રયત્ન કરવા આ મુલાકાત હતી એમ કહેવાય છે. શ્રીમતી ઈન્દિરા ગાંધી સિમલા હતાં. દિલ્હી આવવાનાં હતાં, પણ મુલતવી રાખ્યું અને શ્રીમતી ગાંધીને મળવા મિ. કોનાલીને સિમલા જવું પડયું. ઈન્દિરા ગાંધી મિ. કોનાલીને મળવા બહુ ઈંતેજાર હોય તેમ ન જણાયું.

ભારત–પાકિસ્તાન સંબંધો બગડવાનાં મુખ્ય કારણોમાં અમેરિકાએ વર્ષોથી ભારતના વિરોધ છતાં પાકિસ્તાનને આપેલ મોટા પ્રમાણમાં લશ્કરી સહાય, સામાન્ય રીતે અને ખાસ કરી ભારત–પાકિસ્તાન યુદ્ધ દરમિયાન નિક્સનનું ભારતવિરોધી વલણ, એને પરિણામે ભારતને આપાતી બંધ કરેલ આર્થિક સહાય, વિયેટનામ યુદ્ધમાં અમેરિકાની નીતિનો ભારત તરફથી થતો સખત વિરોધ અને રશિયા સાથે નિકટના થતા ભારતના સંબંધો છે.

શ્રીમતી ઈન્દિરા ગાંધી અને મિ. કોનાલી એક કલાક સુધી એકલાં મળ્યાં. આ મુલાકાતની કોઈ યાદી બહાર પડી નથી પણ મિ. કોનાલીની પ્રેસ કોન્ફરન્સ અને ગઈ કાલે શ્રીમતી ગાંધીની પ્રેસ કોન્ફરન્સમાં થયેલ પ્રશ્નોત્તર ઉપરથી તેમની વાતચીતની કાંઈક માહિતી મળે છે. ભારતવિરોધી નિક્સનની નીતિ વિશે શ્રીમતી ગાંધીએ મિ. કોનાલીને સ્પષ્ટ સંભળાવી દીધું હોય એમ જણાય છે. વિયેટનામ યુદ્ધ વિશેની ભારતની નીતિનું સમર્થન કર્યું. પણ આશ્ચર્યજનક હકીકત એ છે કે અમેરિકાની આર્થિક સહાય ચાલુ કરવા બેમાંથી કોઈએ વાત ઉચ્ચારી નહિ. મિ. કોનાલીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે શ્રીમતી ગાંધીએ આર્થિક સહાય વિશે કાંઈ કહ્યું નહિ. શ્રીમતી ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે આર્થિક સહાય આપવી હોય તો અમેરિકાએ કહેવું રહ્યું. મિ. કોનાલી એમ માનતા હશે કે ભારત આર્થિક સહાય ચાલુ કરવા વિનતિ કરશે. ઈન્દિરા ગાંધી એવી વિનતિ કરવા આતુર ન હતાં. આ હકીકત ખૂબ નોંધપાત્ર છે.

સ્વમાન અને અભિમાન એક જ સિક્કાની બે બાજુ જેવાં લાગે, પણ બન્નેમાં મહત્ત્વનો ફેર છે. સ્વમાનમાં લાચારી નથી પણ ગૌરવ સાથે નમ્રતા અને પોતાની મર્યાદાનું ભાન હોય છે. અભિમાનમાં ખોટી મહત્ત્વાકાંક્ષા અને પોતાની શક્તિનું વધારેપડતું માપ આંકી સામાને ઉતારી પાડવાની વૃત્તિ હોય છે.

ભારતને આર્થિક સહાયની ઘણી જરૂર છે. તે બિનશરતી, દેશના હિતમાં જ મળતી હોય તો તે આવકારપાત્ર છે. પણ આર્થિક સહાયને કારણે કોઈના તાબેદાર થવું પડે અથવા પોતાના સિદ્ધાંતોનો ભોગ આપવો પડે તો એવી સહાય જતી કરવી પડે.

બીજા વિશ્વયુદ્ધ પછી એશિયામાંથી બ્રિટન, ફ્રાંસ અને ડચનાં સામ્રાજ્યો સંકેલાયાં અને એશિયાના દેશો સ્વતંત્ર થયા ત્યારે બીજી વિદેશી સત્તાઓ, ખાસ કરી અમેરિકા અને રશિયા, એશિયામાં પોતાનું વર્ચસ જમાવવા બહાર પડયા. એશિયાના ત્રણ મોટા દેશો, જાપાન, ચીન અને ભારત, પોતપોતાની સ્થિતિને કારણે તુરતમાં આગેવાની લઈ શકે એવું ન હતું. જાપાન સંપૂર્ણપણે અમેરિકાના તાબામાં હતું. ચીન ખૂબ નબળું અને આંતરવિગ્રહમાં ડૂબેલું હતું. ભારત સમક્ષ અતિ વિકટ પ્રશ્નો પડયા હતા. છતાં નેહરુએ દીર્ઘદષ્ટિથી કોઈ સત્તાજૂથ સાથે ન જોડાવું એવી બિનજોડાણની વિદેશનીતિ અપનાવી.

૧૯૧૭માં રશિયામાં ક્રાન્તિ થઈ ત્યારે યુરોપના બધા દેશો અને અમેરિકાએ રશિયાનો બહિષ્કાર કર્યો, તેને ચારે તરફથી ઘેરી લઈ (Blockade) ગૂંગળાવવાના પ્રયત્નો કર્યા. રશિયામાં ભયંકર આંતરવિગ્રહ હતો. લેનિન અને સ્ટેલિનનાં દઢ નિશ્ચયમાં બળ અને ગમે તેવી યાતનાઓ સહન કરવાની તૈયારી ન હોત તો રશિયા ટકી શકત નહિ. એ પોતાની જ શક્તિથી છેવટે તે અમેરિકાની બરોબરી કરે એવી મહાસત્તા થયું.

૧૯૪૯માં ચીન સામ્યવાદી થયું. ભારત કરતાં પણ વધારે વિકટ પ્રશ્નો ચીન સમક્ષ પડયા હતા. શરૂઆતમાં રશિયાની સારી મદદ રહી. પણ રશિયાએ વર્ચસ જમાવવા પ્રયત્ન કર્યો તે માઓને અસ્વીકાર્ય હતો અને છેવટ રશિયાની સહાય બંધ થઈ. અમેરિકાનો ઉગ્ર વિરોધ તો હતો જ. પણ ચીને પોતાના પગ ઉપર ઊભા રહેવાનો જ નિર્ણય કર્યો. ખૂબ હાડમારી અને સંકટ વેઠયાં. છેવટ અમેરિકાએ તેની મૈત્રી શોધતા જવું પડયું. હવે જાપાન પણ તે માર્ગે છે. ચીન પોતાના ભૂતકાળમાં ખૂબ ગૌરવ લે છે. પોતે મહાસત્તા છે અને કોઈ પણ મહાસત્તાની બરોબરી કરી શકે એટલી શક્તિ છે એવી શ્રદ્ધા છે. ચાઉ એન–લાઈએ એક વિદેશી પત્રકારને થોડા વખત પહેલાં કહ્યું :

Our Socialist Country will not be controlled by anyone. Those days are gone. The East wind prevails over the West wind. China has stood-up. She will not be controlled by others.

પત્રકાર કહે છે : Chou summed up what is evident up and down China; deep sensitivity about China's dignity as an independent power.

ભારતને માટે પણ આ જ હકીકત છે. ગમે તેવી હાડમારી વેઠવી પડે તો પણ દેશનાં ગૌરવ અને સ્વતંત્રતાને આંચ આવે એવી કોઈ લાચાર સ્થિતિમાં મુકાવું નહિ. પશ્ચિમની સત્તાઓ અથવા રશિયા અને ચીન અને જાપાને પણ સમજી લેવું જોઈએ કે ભારત ગરીબ હોવા છતાં એક મહાન દેશ છે, તેને ભવ્ય ભૂતકાળ છે, ઉજ્જવળ ભાવિ છે. ચિન્તા કરાવે એવાં ઘણાં પરિબળો હોવા છતાં, નિરાશાને કોઈ સ્થાન નથી. દેશને આવી શ્રદ્ધા આપવા ઇન્દિરા ગાંધીનો પ્રયત્ન છે. પ્રજાની, પૂરો સહકાર અને ભોગ આપવો પડે તે માટે તૈયારી હોવી જોઇએ.

૧૩-૭-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

પ્રકીર્ણ નોંધ

મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન

શ્રી પી. સી. શેઠી યુવાન છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીની મહેરબાનીથી મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન થયા છે. તાજેતરમાં ચંબલ અને બુંદેલખંડના ડાકુઓની શરણાગતિ થઈ તેમાં તેમણે ઠીક સહાય કરી. શ્રી જયપ્રકાશ નારાયણે તેમની જાહેરમાં અને મિત્રો સમક્ષ પ્રશંસા કરી છે. પણ થોડા દિવસ પહેલાં શ્રી શેઠીએ સર્વોદય કાર્યકર્તાઓ અને ખાસ કરી શ્રી જયપ્રકાશ નારાયણ વિશે જે કહ્યું તેથી દુઃખ અને આશ્ચર્ય થાય. સત્તાનો ધમંડ કોઈને છોડતો નથી એમ લાગે છે. આ કેટલું વિકટ અને મહાન કાર્ય હતું એ હકીકત શ્રી શેઠીની જાણબહાર તો ન જ હોય. આવું હૃદયપરિવર્તન દુનિયાના ઈતિહાસમાં અજોડ છે. શ્રી જયપ્રકાશ નારાયણે ફરીફરી કહ્યું છે કે આવા ભગીરથ કાર્ય માટે પોતાની લાયકાત ન હતી. તેઓ નિમિત્તમાત્ર હતા. પોતે યશ લેવાનો કોઈ પ્રયત્ન કર્યો નથી. છતાં શ્રી શેઠીએ શા માટે શ્રી જયપ્રકાશ નારાયણ અને સર્વોદય કાર્યકર્તાઓને ઉતારી પાડવાનો પ્રયત્ન કર્યો તે સમજાતું નથી. કાયદો અને વ્યવસ્થાને નામે જડ તંત્રમાંથી માણસાઈ લાવવાનો પ્રયત્ન આવકારપાત્ર હોવો જોઈએ.

શ્રી જયપ્રકાશ નારાયણે શ્રી શેઠી સાથે થયેલ સમજૂતીનો ભંગ કર્યો છે એવો આક્ષેપ શ્રી શેઠીએ કર્યો છે. તેમણે આકરો શબ્દપ્રયોગ કર્યો છે - Breach of Trust. શ્રી જયપ્રકાશ નારાયણ વિશે આ ગંભીર આરોપ છે. ચંબલમાં શરણાગતિ થઈ તેને દેશમાં મોટો આવકાર મળ્યો છે. બુંદેલખંડમાં ખટપટ થઈ. શ્રી જયપ્રકાશ નારાયણ પણ બુંદેલખંડમાં જે બન્યું તેથી દુઃખી હતા અને પોતે નિવૃત્ત થશે એવું જાહેર કરવું પડ્યું. શ્રી શેઠીનો અને શ્રી કે. સી. પંતનો આક્ષેપ છે કે ડાકુઓને સર્વોદય કાર્યકર્તાઓએ વીર - Heroes - બનાવ્યા છે. અલબત્ત, તેમને દુશ્મન નથી માનતા અને ભાઈ માને છે, ગાંધીપરિવારમાં તેમને દાખલ કર્યા છે. તુલસી રામાયણ અને ગીતાની તેમને ભેટ આપી છે, તેમને સમાજમાં ફરી સ્થાન અપાવવા તેમનો પ્રયત્ન છે. હૃદયપરિવર્તનની પ્રક્રિયાનું મહત્ત્વ ન સમજનાર માટે આવું માનવતાભર્યું વર્તન આશ્ચર્યજનક લાગે. મુંબઈ જૈન યુવક સંઘમાં જયપ્રકાશ નારાયણે આ બાબત પ્રવચન કર્યું ત્યારે તેમણે ભય વ્યક્ત કર્યો હતો કે ડાકુઓ સાથે સદ્‌ભાવભર્યું વર્તન નહિ રહે તો કર્યુંકારવ્યું ધૂળ મળશે. એવું જ કાંઈક થઈ રહ્યું હોય તેમ લાગે છે. શ્રી શેઠી એમની જવાબદારી સમજશે એવી આશા રાખવી વધારે પડતી નહિ થાય એમ આપણે ઈચ્છીએ.

સિંધમાં ભાષાનાં તોફાનો

સિંધની ધારાસભાએ હમણાં કાયદો કર્યો કે સિંધમાં સિંધી પ્રાંતીય ભાષા રહેશે. ઉર્દૂ રાષ્ટ્રભાષા રહે જ છે. છતાં સિંધીને પ્રાંતીય ભાષા બનાવવા સામે ઉર્દૂ ભાષાભાષી સિંધીઓએ ભારે તોફાનો કર્યાં. ૫૦ જણાં મરણ પામ્યા, સેંકડો ઘાયલ થયા, મિલકતને મોટું નુકસાન થયું. ભાષાનાં આવાં તોફાનોનો આપણને પણ સારો અનુભવ છે. સિંધમાં કાંઈક વિચિત્ર પરિસ્થિતિ છે. સિંધી ભાષા સેંકડો વર્ષથી સિંધની ભાષા રહી છે. આ ભાષામાં સારા પ્રમાણમાં સાહિત્ય છે. દેશના ભાગલા પછી સિંધમાંથી લગભગ બધા હિન્દુઓ ભારતમાં આવ્યા અને ભારતમાંથી, ખાસ કરી, સૌરાષ્ટ્ર, બિહાર અને ઉત્તર પ્રદેશના મુસલમાનો મોટી સંખ્યામાં સિંધ ગયા. એક રીતે જોઈએ તો ઉર્દૂ ભાષા પાકિસ્તાનના કોઈ વિભાગ - પૂર્વ કે પશ્ચિમની ભાષા ન હતી. છતાં ઉર્દૂને રાષ્ટ્રભાષા તરીકે ઠોકી બેસાડી. પશ્ચિમ પંજાબમાં પણ ઉર્દૂ પ્રાંતીય ભાષા ન હતી. હિન્દી અથવા પંજાબી હતી. બલૂચિસ્તાન કે ફ્રન્ટિયરની ભાષા પણ ઉર્દૂ નથી. બંગાળમાં ઉર્દૂ ભાષાને રાષ્ટ્રભાષા બનાવવા સામે પહેલો બળવો થયો અને બંગાળીની અવગણના થઈ; જેને પરિણામે છેવટ પૂર્વ બંગાળ સ્વતંત્ર થયું. સિંધમાં હવે જૂના સિંધી અને નવા સિંધી એવા બે વર્ગો છે. વિરોધ નવા સિંધીઓ - જે મુસલમાનો ભારતમાંથી સિંધ ગયા - તેમનો છે. એવો ભય છે કે સિંધમાં પ્રાંતીય ભાષા સ્વીકારવામાં આવે તો પાકિસ્તાનના બીજા વિભાગો, પશ્ચિમ પંજાબ, ફ્રન્ટિયર, બલૂચિસ્તાન, દરેકમાં પ્રાંતીય ભાષાઓ જોર કરશે. આપણે ત્યાં પણ એમ જ થયું છે. આ અનિવાર્ય છે. શ્રી ભૂતો આ હકીકતથી પૂરા વાકેફ છે. છેવટ નોકરીધંધા ઉપર વાત આવી ઊભી રહે છે. પ્રાંતીય ભાષા સિંધી થાય તો સરકારી નોકરો અને સિંધમાં રહેતા બીજા વર્ગોએ સિંધી ભાષા શીખવી પડે. ઘણા દેશોમાં આ સ્થિતિ છે. છેવટ પ્રાંતીય ભાષાઓ અને રાષ્ટ્રભાષા બન્નેને યોગ્ય સ્થાન આપવું પડે છે.

અમેરિકન પ્રમુખની ચૂંટણી

દર ચાર વર્ષે થતી આ ચૂંટણી સારી દુનિયાનું ધ્યાન ખેંચે છે. અમેરિકન પ્રમુખને ઘણી વિશાળ અને સ્વતંત્ર સત્તાઓ છે. અમેરિકા અને કેટલેક દરજ્જે દુનિયાનું ભાવિ એક વ્યક્તિના હાથમાં સોંપાય છે. આ ચૂંટણી સમસ્ત પ્રજાના સીધા મતદાનથી થતી હોઈ, ખૂબ રસાકસીભરી અને ભારે ખર્ચાળ છે. બે રાજકીય પક્ષો, રિપબ્લિકન અને ડેમોક્રેટિક, પોતાના ઉમેદવારની પસંદગી કરે છે અને આ બે ઉમેદવારો વચ્ચે જ છેવટની હરીફાઈ રહે છે. ઉમેદવારની પસંદગી પણ રોટલી રસાકસીભરી અને ખર્ચાળ થાય છે. મહિનાઓ સુધી પ્રચાર અને ઝુંબેશ ચાલે છે. અંતે દરેક પક્ષના પ્રતિનિધિઓના સંમેલન (Convention)માં ઉમેદવારની પસંદગી થાય છે.

આ વર્ષે રિપબ્લિકન પક્ષ તરફથી નિક્સન ઉમેદવાર નક્કી છે જ્યારે ડેમોક્રેટિક પક્ષમાં ઊંડી ફાટફૂટ છે. મુખ્ય ચાર ઉમેદવારો છે, હમ્ફ્રી, મસ્કી, વૉલેસ અને મેકગવર્ન. પક્ષના સંમેલનના પ્રતિનિધિઓની ચૂંટણીમાં અને તેમના મતાધિકાર વિશે તીવ્ર મતભેદ થતાં, મામલો સુપ્રીમ કોર્ટ સુધી ગયો. આ મહિનાની ૧૦મી તારીખથી મિયામીમાં ઉમેદવારની પસંદગી કરવા ડેમોક્રેટિક પક્ષનું સંમેલન મળી ગયું. આ સંમેલન એક મોટા સરકસ કે મેળા જેવું બની જાય છે. લગભગ ૫૦૦૦ પ્રતિનિધિઓ અને ૮૦૦૦ પત્રકારો, સેનેટરો, ઉમેદવારોના ટેકેદારો ટોળે મળે છે. ૧૩૦૦ ઓરડાની મોટી હોટેલમાં આ સંમેલન ભરાય છે. છેલ્લી ઘડીએ હમ્ફ્રી અને મસ્કીએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી. વૉલેસ ઉપર ગોળીબાર થયો હતો અને તેનું કાંઈ જોર નથી. મેકગવર્નની પસંદગી થઈ છે. પણ આ પસંદગી થયા પછી, ડેમોક્રેટિક પક્ષ નિક્સનનો સબળ સામનો કરી શકશે કે નહિ તે વિશે ભારે શંકા છે. મહિનાઓ સુધી એક જ પક્ષના ઉમેદવારો મોટી પ્રચાર-ઝુંબેશમાં પરસ્પરને ઉતારી પાડવાનો અને તોડવાનો પ્રયત્ન કરે. એ પક્ષ, પછી સંયુક્ત રીતે વિરોધીનો સામનો સફળતાપૂર્વક કરી શકે? એમ કહેવાય છે કે છેવટની પસંદગી થયા પછી મતભેદો ભૂલી જઈ, પક્ષના હિતમાં બધા કામ કરશે. 'માન્ચેસ્ટર ગાર્ડિયન'નો મિયામીનો રિપોર્ટર એડમ રાફેલ લખે છે :

"After two years of political infighting and long months of primary elections, the only question that remained today was whether the Democratic Party would or would not proceed to destroy itself."

છતાં એમ કહેવું જોઈએ કે મેકગવર્ન ખૂબ શક્તિશાળી વ્યક્તિ છે. તેણે ઉમેદવારી જાહેર કરી ત્યારે હાંસી થતી. ભારે પ્રતિકૂળ સંજોગો અને વિરોધી વાતાવરણમાં તેણે સફળતા મેળવી છે. મેકગવર્ન Radical છે. પ્રમુખ તરીકે ચૂંટાઈ આવે તો અમેરિકાની આંતરિક પરિસ્થિતિ અને વિદેશનીતિમાં ઘણા મોટા ફેરફાર થાય. યુવાન પેઢી અને કચડાયેલ વર્ગો, ખાસ કરી હબસીઓનો તેને સબળ ટેકો છે. અમેરિકન પ્રજાનું સદ્‌ભાગ્ય હોય તો નિક્સનને હટાવી, મેકગવર્નને પ્રમુખ બનાવે.

ઉત્તર આયર્લેન્ડ–અલ્સ્ટર

ઉત્તર આયર્લેન્ડમાં હિંસક તોફાનોએ માઝા મૂકી છે. લગભગ ૧૫ લાખની વસતિના આ નાના દેશના દુર્ભાગ્યની સીમા નથી. આયર્લેન્ડનો જ એક ભાગ બ્રિટને જુદો પાડી, ઈંગ્લાંડમાં ભેળવ્યો. એક જ કારણ કે આયર્લેન્ડ કેથોલિક છે અને ઉત્તર આયર્લેન્ડમાં પ્રોટેસ્ટન્ટની બહુમતી છે. અલ્સ્ટરને જુદો પાડવા માટે પણ ભારે તોફાનો થયેલાં. પણ આપણા દેશના ભાગલા કરવાથી જેમ હિન્દુ-મુસલમાનનો પ્રશ્ન પત્યો નહિ તેવું જ આયર્લેન્ડનું થયું. અલ્સ્ટરમાં લગભગ ૩૫ ટકા કેથોલિક છે. બિનકેથોલિક છે તેમાં પણ પ્રેસ્બિટેરિયન, મેથોડિસ્ટ, ચર્ચ ઑફ ઈંગ્લાંડ, ચર્ચ ઑફ સ્કોટલાન્ડ વગેરે ઘણા પંથો છે. અલ્સ્ટરને જુદી ધારાસભા છે અને અલ્સ્ટરના ૧૨ સભ્યો બ્રિટિશ પાર્લામેન્ટમાં ચૂંટાય છે. કેથોલિક લઘુમતીને બિનકેથોલિક બહુમતીએ ખૂબ અન્યાય કર્યો છે, રાજકીય અને આર્થિક રીતે; પશ્ચિમ પાકિસ્તાન અને બંગલા દેશનું બન્યું તેમ જ. કેથોલિકની ધીરજ ખૂટી. ત્રણ વર્ષથી આયરિશ રિપબ્લિકન સૈન્ય IRA ત્રાસવાદી માર્ગે છે - ખૂન, બૉમ્બ અને તોફાનો. સામે બિનકેથોલિકના પ્રતિઆક્રમણો. બ્રિટને લશ્કર મોકલ્યું. કાંઈ ન વળ્યું. છેવટ અલ્સ્ટરની ધારાસભાનું વિસર્જન કરી, બ્રિટને વહીવટ હાથ ધર્યો. ખૂબ સમજાવટને અંતે આયરિશ રિપબ્લિકન સૈન્યે યુદ્ધવિરામ સ્વીકાર્યો અને વાટાઘાટ માટે તૈયારી બતાવી. પણ બિનકેથોલિક બહુમતીએ યુદ્ધવિરામનો સ્વીકાર ન કર્યો અને અલ્સ્ટર ડિફેન્સ સૈન્ય– UDA - તરફથી હિંસક તોફાનો ચાલુ રાખ્યાં. કેટલાક વિભાગોનો કબજો કર્યો અને No-go Area જાહેર કરી, કોઈને ત્યાં દાખલ થવા ન દેવા. છેવટ આયરિશ રિપબ્લિકન સૈન્યે યુદ્ધવિરામનો અંત જાહેર કર્યો અને હવે આંતરવિગ્રહ– Civil war- જેવી પરિસ્થિતિ છે. કેટલાય નિર્દોષનાં ખૂન થયાં છે. બૉમ્બથી મિલકતનું પારાવાર નુકસાન થયું છે.

એક જ ધર્મના અનુયાયીઓ પણ રાજકીય, આર્થિક હિત હોય ત્યાં ધર્મને નામે જ એક થતા નથી એ જેમ પાકિસ્તાનમાં અનુભવ્યું તેમ અલ્સ્ટરમાં. દુનિયામાં ચારે તરફ, વિયેટનામ, આરબ-ઈઝરાયલ, અલ્સ્ટર, રહોડેશિયા, દક્ષિણ આફ્રિકા, અમેરિકા, બ્રિટન, હિંસાનું વાતાવરણ વધતું જાય છે. લોકોમાં ધીરજ કે સહિષ્ણુતા રહ્યાં જ નથી એમ લાગે.

૧૩-૭-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

સર્જનાત્મક પ્રજ્ઞાનું વિજ્ઞાન

[શ્રી હરીન્દ્ર દવે કવિ, લેખક અને જિજ્ઞાસુ છે. શ્રી મહેશ યોગીના ભાવાતીત ધ્યાનથી તેઓ આકર્ષાયા છે તેથી તેમનો આ લેખ પ્રકટ કરવામાં આવે છે. શ્રી મહેશ યોગીને એક વખત મુંબઈ જૈન યુવક સંઘમાં આમંત્રણ આપ્યું હતું અને ભાવાતીત યોગ ઉપર તેમણે પ્રવચન કર્યું હતું. બીજાની મને ખબર નથી પણ હું અથવા સ્વ. પરમાનંદભાઈ કોઈ પ્રભાવિત થયા ન હતા. વિદેશમાં શ્રી મહેશ યોગીની પ્રવૃત્તિનો સારો પ્રચાર થયો જણાય છે. કેટલો ટકે છે તે જોવાનું રહે છે. વર્તમાન અસંતોષ આવા ધ્યાન, યોગ, Mysticism વગેરે પ્રત્યે આકર્ષણ પેદા કરે છે. મને તેમાં કોઈક Irrational તત્ત્વ લાગ્યા કરે છે. –તંત્રી]

મહર્ષિ મહેશ યોગી તથા તેમની ભાવાતીત ધ્યાન–ટ્રાન્સેન્ડેન્ટલ મેડિટેશન-ની પ્રક્રિયા વિશે ઠીક ઠીક ચકચાર જાગતી રહી છે. તેઓ દેશ કરતાં વધુ પરદેશમાં રહે છે. એમના વિશેની જાણકારી પણ અહીં કરતાં પરદેશમાં વધારે પ્રવર્તે છે. અંગ્રેજી બોલતા સાધુઓના પ્રભાવ અને પ્રમાણ વિશે થોડું કુતૂહલ અને થોડી દ્વિધા સતત રહ્યા કરે છે, અને મહેશ યોગી એમની સાથે સંકળાયેલા પરદેશી શિષ્યોનાં નામો, એમના વિશે પ્રવર્તતી ગેરસમજૂતીઓ વગેરેને કારણે સત્યની નજીક જવાનું મન ઘણી વાર થતું હતું.

હમણાં જ એક એવી તક મળી. હૃષીકેશમાં થોડો સમય ગાળવાનું મન થયું અને કવિમિત્ર જવાહર બક્ષીએ સૂચવ્યું કે તમે મહર્ષિજીની ધ્યાન વિદ્યાપીઠમાં ઊતરશો તો ભાવાતીત ધ્યાન વિશે થોડું જાણી પણ શકાશે, અને કદાચ તમને ત્યાં રહેવું ગમશે.

હૃષીકેશ સત્તર વરસે ફરી જોયું ત્યારે ત્યાં વસતિ વધી ગયેલી લાગી; માણસો અને મંદિરો બંનેની. પણ ગંગાના પ્રવાહને જોતાં મન પ્રફુલ્લિતતા અનુભવી રહ્યું. મુનિકી રેતી પરથી નાવમાં ગંગા પાર કરી ગીતાભવનથી જમણા હાથે ચાલવા લાગ્યો. બસ-સ્ટોપથી મુનિકી રેતી સુધી જે ઘોડાગાડીમાં આવ્યો તેમાં ત્રણ બીજી સવારીઓ પણ હતી. એમાં બે જુવાન વેપારીઓ મહર્ષિ મહેશ યોગીના આશ્રમ વિશે ચર્ચા કરતા કહી રહ્યા હતા : 'સાંભળ્યું છે કે ત્યાં લિપ્પીઓનો અખાડો છે, દમ મારો દમની દુનિયા છે.' એ લોકો પણ અજાણ્યા હતા, પણ આ સ્થળ વિશેની આ છાપ ઘણાના-કેટલાક સ્થાનિક લોકોના દિલમાં પણ જોઈ હતી. ગંગાની રેતી પર સુંવાળા, ચમકતા પથ્થરોને જોતાં જોતાં અને સાંજના સૂર્યમાં ગંગાના પ્રવાહના બદલાતા રંગો નીરખતાં નીરખતાં વસતિ પૂરી થઈ અને નિર્જનતા શરૂ થઈ ત્યાં સુધી પહોંચ્યો. ત્યાં એક સાઈનબોર્ડ નજરે ચડ્યું : 'ધ્યાન વિદ્યાપીઠ, શંકરાચાર્યનગર.' અને એ દિશામાં વળ્યો. થોડું ચડાણ છે. પથ્થરોનાં પગથિયાં દ્વારા એ ચડાણને સરળ બનાવવામાં આવ્યું છે.

ધ્યાન વિદ્યાપીઠમાં જવાનું હતું અને ત્યાં મહર્ષિજી નથી એ જાણતો હતો, છતાં સ્વામી સત્યાનંદજી અને વિદ્યાપીઠના વ્યવસ્થા-અધિકારી શ્રી કે. બી. સાયગલ મળશે એનો ખ્યાલ હતો.

વિદ્યાપીઠમાં પ્રવેશતાં જ ગુલાબનાં પુષ્પોની લાલ, ગુલાબી અને પીળા રંગની કતારોએ પ્રફુલ્લ સ્મિત સાથે સ્વાગત કર્યું, અને એવું જ તાઝગીભર્યું આતિથ્ય શ્રી સાયગલની આંખોમાં ચમકતું જોયું.

સાદા છતાં સગવડભર્યા આવાસો સાથેની આ વિદ્યાપીઠમાં અત્યારે બહુ જ થોડા માણસો હતા; ધ્યાનના વર્ગો ચાલી રહ્યા હતા અને તેમાં ભાગ લેવા થોડાક માણસો ભારતના જુદા જુદા ખૂણેથી આવ્યા હતા. ગુજરાતના બે યુવાનો પણ તેમાં હતા.

અહીં ગંગા નદીના કિનારા પર આવેલા એક આવાસમાં પાંચેક દિવસ રહ્યો, એ દરમ્યાન સ્વામી સત્યાનંદ પાસેથી મહર્ષિજીના ધ્યાનયોગ વિશે ઘણું જાણ્યું; શ્રી સાયગલ સાથે એ વિશે ચર્ચાઓ કરી અને ભાવાતીત ધ્યાનની પ્રક્રિયાને સમજવા અને શક્ય એટલી આચારમાં મૂકવા પ્રયત્ન કર્યો.

મહર્ષિ મહેશ યોગીની ભાવાતીત ધ્યાનની પ્રક્રિયા ધ્યાન વિશેની આપણી પારંપરિક વિભાવનાથી કોઈ પણ રીતે જુદી પડતી ન લાગી. ધ્યાન ગુરુ વિના ન થઈ શકે એ આપણી પરંપરાની વિભાવના છે. શ્રી કૃષ્ણપ્રેમે 'ભગવદ્‌ગીતાનો યોગ'માં લખ્યું છે : "દરેક શિષ્ય માટે એનો (ધ્યાનનો) પ્રકાર જુદો છે, અને એ ગુરુ પાસેથી જાણવો જોઈએ.... ધ્યાન વિશે ગ્રંથો વાંચીને યોગી થવું એના કરતાં કલાસિદ્ધાંતના ગ્રંથ વાંચીને કલાકાર થવું સહેલું છે." ધ્યાનના પ્રાથમિક તબક્કાઓમાં ગુરુનું માર્ગદર્શન શ્રી મહેશ યોગી પ્રત્યેક તબક્કે સ્વીકારે છે.

ધ્યાન માટે મંત્ર આપવામાં આવે છે. સ્થાન અને આસન વિશેની સૂચનાઓ પણ સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ કે શ્રી કૃષ્ણપ્રેમ કરતાં જુદી પડતી નથી. પણ ધ્યાનની પ્રક્રિયામાં કોઈક એવી વિશેષતા છે, જે ધ્યાનની મુશ્કેલ સાધનાને સહજ અને સરળ બનાવે છે.

આંખો મીંચી તમે જે કંઈ વિચારો મનમાં આવે તે આવવા દો. પછી એકાદ મિનિટે તમને આપાયેલા મંત્રનું રટણ ચાલુ કરો. મંત્રનું

રટણ ચાલુ હોય ત્યારે પણ બીજા કોઈ પણ વિચારોને રોકવા કે રૂંધવામાં મહર્ષિ માનતા નથી. ક્યારેક વિચારોના પ્રવાહમાં મંત્રનું રટણ વિસરાઈ જાય તો પણ ચિન્તા નહીં એમ તેઓ માને છે. મંત્ર વિચારોના ધસારાને કારણે બદલાઈ જાય તો પણ ચિન્તા નહીં. ધ્યાન કરતાં કરતાં તમને નિદ્રા આવે તો સૂઈ જવાની પણ છૂટ. પણ જે ક્ષણે જાગો તે ક્ષણે તમે ધીમે ધીમે, કોમળતાથી મંત્રને ફરી યાદ કરો. મંત્રનું રટણ હોઠના ફફડાટ વિના મનમાં જ થવું જોઈએ. અને મંત્રનું રટણ સભાનતાથી નહીં, પણ સહજતાથી, અને મંત્રને અત્યંત કોમળ બનાવતાં બનાવતાં થવું જોઈએ. અને ક્યારેક એવી સ્થિતિ આવે જ્યારે મંત્ર પણ ન હોય, વિચાર પણ ન હોય! એ સ્થિતિ સમાધિની નજીક છે.

પણ આ પ્રક્રિયા માર્ગદર્શન વિના કરવામાં રહેલા જોખમ સામે ચેતવણી આપવામાં આવી છે. સમાધિ કે નિદ્રા વચ્ચે અથવા મંત્ર કે વિચારના પ્રવાહ વચ્ચે ભેદ કે વિવેક કેમ કરવો, ક્યાં કરવો એ માત્ર માર્ગદર્શક જ કરી શકે. જે લોકો અહીં ધ્યાન વિદ્યાપીઠમાં ધ્યાન-આસન-પ્રાણાયમનો સંપૂર્ણ અભ્યાસક્રમ પૂરો કરે, તેઓને ધ્યાનદીક્ષા આપવાનો અધિકાર મળતો હોય છે.

ભાવાતીત ધ્યાનની આ વાતમાં ઘણા લોકોને રસ પડયો છે અને એમાં કેટલાક તો ઉત્તમ સ્થપતિઓ, કળાકારો, વૈજ્ઞાનિકો, મનોવિજ્ઞાનીઓ વગેરે હોય છે. સ્થાપત્યના ક્ષેત્રમાં આજે જેમનું નામ જગવિખ્યાત છે એવા બકમિનિસ્ટર ફુલરનો મહર્ષિ મહેશ યોગી સાથેનો એક સંવાદ મેં વાંચ્યો હતો. ડૉ. ફુલરે 'મહાન આકૃતિ વિધાન સાથેના સંપર્ક'ની વાત કરતાં કહ્યું કે આ સૌથી વધુ રહસ્યમય અનુભવ છે. એમણે કહ્યું: 'વિજ્ઞાનનો પ્રારંભ જ નિર્વાજ રહસ્યભૂમિમાં થાય છે'

મહર્ષિ મહેશ યોગીએ આ સાથે સંમત થતાં કહ્યું: 'સર્જનાત્મક પ્રજ્ઞાના વિજ્ઞાનના શિક્ષણનો આરંભ સાર્વત્રિક ચેતના સાથેના સીધા સંપર્કથી શરૂ થવો જોઈએ... સર્જનાત્મક પ્રજ્ઞાના અનુભવથી આરંભ કરો અને આ અનુભવ તમારા જીવનના પ્રત્યેક તબક્કાને જીવંત કરે એવું કરો—જીવનને પૂર્ણ બનાવો.'

એક બીજા સ્વીડિશ સ્થપતિ નેસ ઓલિવગ્રેને એક મઝાની વાત કહી: 'ઘણાં ઘરો કે ઉપવનો એકસરખાં હોય તો યે કંટાળો આવે. માણસને મીઠાશમાં પણ તારવણી કરતાં આવડવી જોઈએ. વૈવિધ્ય જ સર્જનના પાયામાં છે.' મહર્ષિએ આ વૈવિધ્યની વિભાવના જોડે સંમત થતાં કહ્યું કે સ્થપતિએ આ કૃતિવિધાનને સ્થળ અને વાતાવરણના સંદર્ભમાં તો જોવું જ જોઈએ, પણ એમાં રહેતા માણસોના સંદર્ભમાં પણ એનો વિચાર કરવો જોઈએ.'

અમેરિકાના અગ્રણી લશ્કરી અફસર જનરલ ફ્રાંકલિન એમ. ડેવિસે તો ભાવાતીત ધ્યાનની પ્રક્રિયા વિશે એવું કહ્યું છે કે 'આથી મને ખૂબ જ ફાયદો થયો છે. મારા મિત્રો, મારા સાથીઓ અને મારી પત્ની કહે છે કે એથી મારી પ્રકૃતિમાં સુધારો થયો છે અને મારો ડૉક્ટર કહે છે કે મારું બ્લડપ્રેશર દસ પૉઈંટ જેટલું ઘટી ગયું છે. લશ્કરી શિક્ષણમાં સર્જનાત્મક પ્રજ્ઞાનું મહત્ત્વનું સ્થાન છે...' અને મહર્ષિએ જનરલ ડેવિસના આ વિધાન વિશે વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું કે 'જ્યારે લશ્કર સર્જનાત્મક પ્રજ્ઞાની ભૂમિકા પર ઉત્થાન સાધશે ત્યારે વિશ્વશાંતિ વાસ્તવિકતા બની જશે.'

ભાવાતીત ધ્યાન વિશે આપણે સંમત થઈએ કે ન થઈએ, કેટલીક વસ્તુઓ આ ધ્યાન વિદ્યાપીઠમાં નોંધપાત્ર લાગી. ત્યાં મહર્ષિની પૂજા નથી થતી. મહર્ષિના ગુરુ અને જ્યોતિર્મઠના શંકરાચાર્ય શ્રી બ્રહ્માનંદ સરસ્વતીની પૂજા થાય છે. ત્યાં મહર્ષિની છબીઓ સ્થળે સ્થળે દેખાતી નથી.

સ્વામી સત્યાનંદ સાથે ધ્યાન વિશે જ કેટલીક વાતો કરી ત્યારે તેમણે કહ્યું: 'આમારે ત્યાં અહીં કોઈને તેમના ધર્મ, જાતિ કે સામાજિક દરજ્જા વિશે પ્રશ્નો પૂછવામાં આવતા નથી. ધ્યાન એ કોઈ સંપ્રદાય કે ધર્મ સાથે સંકળાયેલી વસ્તુ નથી.'

છતાં કેટલાક પ્રશ્નો આપણા મનમાં ઊઠતા જ રહે છે: ભાવાતીત ધ્યાનમાં ધ્યાન લગાવવું પડતું નથી, આપોઆપ ધ્યાન લાગી જાય છે એવો ધ્યાન વિદ્યાપીઠનો દાવો આરણી પરંપરા સાથે સુસંગત છે, પણ તેઓ બતાવે છે એટલો સરળ અને સહજ છે ખરો?

ધ્યાન સર્વ કોઈને સુગમ બને એ પરિસ્થિતિ આદર્શ તરીકે ગમે છે, પણ એને સર્જનાત્મક પ્રજ્ઞાના વિજ્ઞાન તરીકે જ જોતા મહર્ષિ તો એને વાસ્તવિકતા તરીકે ચકાસવાના પ્રયત્નો કરે છે; એ ડૉક્ટરો કે વૈજ્ઞાનિકોને ધ્યાનની સ્થિતિ વિશે પ્રયોગો કરવા દે છે, અને ડૉક્ટરો અને વૈજ્ઞાનિકોની આ અંગેની નોંધો રસપ્રદ પણ હોય છે.

સર્જનાત્મક પ્રજ્ઞાને આપણે સહજસ્ફુરણા તરીકે લેખતા આવ્યા છીએ. અહીં એને પહેલી જ વાર વિજ્ઞાન તરીકે જોવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. આધ્યાત્મિકતા હવે ધીરે ધીરે વૈજ્ઞાનિકોની પ્રયોગભૂમિમાં પ્રવેશ કરવા લાગી છે. તેઓ ક્યારેક એમાંથી નવાં સમીકરણો, તારણો કે નિરીક્ષણો શોધી કાઢે તો કદાચ નવાઈ નહીં લાગે!

હરીન્દ્ર દવે

શ્રી પદ્મનાભ જૈનીનો વાર્તાલાપ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે મંગળવાર તા. ૪-૭-'૭૨ના સાંજના ૬-૧૫ કલાકે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મિશિગન યુનિવર્સિટીમાં ભારતના ધર્મોનો અભ્યાસ કરાવતા પ્રાધ્યાપક શ્રી પદ્મનાભ જૈનીનો એક રસપ્રદ વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. શ્રી ચીમનલાલ ચકુભાઈએ શ્રી પદ્મનાભનું સુખડના હારથી સ્વાગત કર્યું હતું. જ્યારે સંઘના મંત્રી શ્રી સુબોધભાઈએ આભારદર્શન કર્યું હતું.

શ્રી પદ્મનાભભાઈએ એમના પ્રવચનની શરૂઆતમાં સ્વ. પરમાનંદભાઈને શ્રદ્ધાંજલિ આપી હતી. પછી, અમેરિકામાં ભારતીય દર્શન વિશે અમેરિકન લોકોને કેવી રીતે જિજ્ઞાસા શરૂ થઈ એનો એમણે ટૂંક ઈતિહાસ કહ્યો. આજે ત્યાં વિદ્યાર્થીઓ બુદ્ધ ધર્મ વિશે અને હિંદુ ધર્મ વિશે ખૂબ જાણવા આતુર છે. બુદ્ધ ધર્મનું આકર્ષણ સવિશેષ છે, કારણ આ ધર્મ અંગે હજારો પુસ્તકો અનેક ભાષામાં લભ્ય છે જ્યારે જૈન ધર્મ માટે બહુ જ મર્યાદિત સંખ્યામાં પુસ્તકો છે. જૈન ધર્મના ઉચ્ચ અભ્યાસ માટે તો હજુય થોડાં પુસ્તકો મળે પરંતુ પ્રાથમિક શિક્ષણ માટે બિલકુલ પુસ્તકો છે નહિ. ત્યાં વિદ્યાર્થીઓ ચાર કલાક કૉલેજોમાં ભણે છે અને સોળ કલાક ઘરે વાંચે છે અને જૈન ધર્મ ઉપર પેપરો તૈયાર કરે છે. આપણે ત્યાં જૈન સ્કૉલરોની ખૂબ અછત છે. આથી જૈન ધર્મનો જેવો જોઈએ તેવો પ્રચાર થતો નથી. ભગવાન મહાવીરની ૨૫૦૦ વર્ષની નિર્વાણ જયંતી આવે છે ત્યારે આપણે કેન્દ્ર સરકારના સહકાર વડે પરદેશનાં આપણાં બધાં ઓલયી ખાતાં દ્વારા સભાઓ અને મિલનોનું આયોજન કરવું જોઈએ. આ નિર્વાણ જયંતી માટે અહીં જે કોઈ વર્ગ વિરોધ કરતો હોય તો એની અવગણના કરી આ કામ ઘણા મોટા પાયા ઉપર થવું જોઈએ. જૈન ધર્મે શ્રીમદ્ રાજચંદ્ર જેવા બીજા અનેક જન્માવા પડશે અને તો જ જૈન ધર્મનો પ્રભાવ પડશે. બાકી જૈન ધર્મના જે સંપ્રદાયો છે એને ભૂલી જઈ સૌએ માત્ર સાચા જૈન થવાનું છે; અને આ જો નહિ થાય તો આવતી પેઢીને જૈન ધર્મ માટે આદર નહિ રહે.

શ્રી પદ્મનાભ જૈનીની અમેરિકામાં એટલી બધી લોકપ્રિયતા છે કે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાએ એમને નિમંત્રણ આપ્યું છે અને તેઓ સપ્ટેમ્બર ૧૯૭૨થી ત્યાં જોડાવાના છે. યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયાનું એમનું ઠેકાણું છે:

Prof. P. S. JAINI
Dept. of South and Southeast Asia,
University of California,
BERKELY
CAL. 94720

(સંકલન: ચીમનલાલ જે. શાહ)

☆ લગ્ન બહારનું જાતીય સુખ ☆

[આ વિષયે શ્રી ઈશ્વર પેટલીકરના વિચારો અને તે સંબંધે મારું મંતવ્ય 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૬-'૭૨ના અંકમાં પ્રકટ થયા છે. તેનો જવાબ શ્રી પેટલીકરે 'નિરીક્ષક'ના તા. ૨-૭-'૭૨ના અંકમાં આપ્યો છે, જે અહીં પ્રકટ કરવામાં આવે છે.

ઉત્ક્રાંતિની દૃષ્ટિએ બ્રહ્મચર્યનો વિચાર કરવા જતાં શ્રી પેટલીકરની દૃષ્ટિ શારીરિક રહી છે. તેથી તેઓ કહે છે કે ગાયના દૂધનું ઉત્પાદન વધારી તેનો વધારે ઉપયોગ કરીએ છીએ તેવી રીતે બહિઃસ્રાવ વધારી તેનો વ્યય વધારે થાય તેથી હાનિ નથી. આ બે વસ્તુ વચ્ચે કોઈ સરખામણી નથી અને ઉપમા ભ્રામક છે. મનુષ્ય, ઈતર પ્રાણી કરતાં જાતીય સુખમાં અનેકગણી શક્તિ ખરચે છે છતાં બુદ્ધિમાં, પરાક્રમમાં કે અગોચર દુનિયાને ઢૂંઢવામાં ઊણો ઊતરતો નથી તે હકીકતની દૃષ્ટિએ પણ સાચું નથી. મનુષ્ય અને મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિની બુદ્ધિ-શક્તિની સરખામણી થઈ શકતી નથી. જેઓ જાતીય સુખમાં અનેકગણી શક્તિ ખરચે છે તેઓ બુદ્ધિમાં કે પરાક્રમમાં ઊણા ઊતરતા નથી તે સત્યથી વેગળું છે. બર્ટ્રાન્ડ રસેલનો તેમણે દાખલો આપ્યો છે. રસેલ બ્રહ્મચર્યનો મહિમા સમજ્યા હોત તો તેમના કેટલાક વિચારોમાં વિકૃતિ છે તે ન હોત અને ૮૦ વર્ષની ઉમ્મરે ચોથી વખત લગ્ન કરી જાતીય સુખ મેળવવાનાં વલખાં ન મારત. કેટલીક અસંયમી વ્યક્તિઓમાં ઠીક પ્રમાણમાં બુદ્ધિમત્તા જોવા મળે છે તેથી અસંયમ સદ્‌ગુણ અથવા અનુકરણીય બનતો નથી. બુદ્ધિ સાથે સંયમ હોત તો તેમની શક્તિનું સ્વરૂપ જુદું હોત અને અનેકગણી વધારે હોત.

શ્રી પેટલીકર અમર્યાદ સ્વચ્છંદતાનો બચાવ કરતા નથી અને લગ્નજીવનમાં અથવા લગ્ન બહાર પણ જાતીય સુખ મેળવવામાં કાંઈક સંયમની જરૂર રહેશે એમ માને છે, પણ એકાંગી બ્રહ્મચર્યનું મહત્ત્વ તેમને માન્ય નથી અને સંયમના ખ્યાલ અંગે તેમનો મતભેદ છે. બ્રહ્મચર્યના પાલનમાં એકાંગીપણું છે જ નહિ. તેનું પાલન થાય તેટલું ઓછું છે. અસંયમના માર્ગોની હિમાયત કરવી અથવા તેનો બચાવ કરવો અને પછી તેમાંથી કોઈ નવા પ્રકારના સંયમનો જન્મ થશે એવી આશા રાખવી વ્યર્થ છે. વિજ્ઞાનયુગમાં પાપપુણ્યના ખ્યાલોની શ્રદ્ધા યથાવત્ ન રહી હોય તો પણ આધ્યાત્મિક અનુભૂતિ અને તેની સાધના હજારો વર્ષ પૂર્વે ઋષિ-મુનિઓએ કહી છે તે યથાવત્ જ છે, તે સનાતન છે.

શ્રી પેટલીકર કહે છે કે લગ્નનો પાયો વફાદારી હોવા છતાં કેવળ વફાદારીથી સુખ પ્રાપ્ત થાય છે તેવું નથી અને ભવિષ્યમાં વફાદારીના પાયાને બદલવાનો ફેરફાર ન થાય તેમ માનવાને શું કારણ છે ? નવીનતાની પાછળ દોડવા જતાં પાયાનાં મૂલ્યો ગુમાવી બેસવામાં માનવનું કલ્યાણ નથી. સંયમની દિશામાં લગ્ન મોટામાં મોટું પગલું છે. લગ્ન કરવાથી જાતીય સુખ મેળવવાના બીજા માર્ગોનો સ્વેચ્છાએ ત્યાગ છે. લગ્નજીવનમાં પણ ઉત્તરોત્તર સંયમની વૃદ્ધિ થાય અને અંતે બ્રહ્મચર્યવ્રત અંગીકાર થાય તેમાં માનવીનો વિકાસ છે. લગ્ન માત્ર સામાજિક સંસ્થા નથી. તેનું સ્વરૂપ પલટાતું રહ્યું છે પણ તેનો આદર્શ - સાચા સુખનો માર્ગ—એક જ છે, જે હજારો વર્ષ પહેલાં વાલ્મીકિએ રજૂ કર્યો છે. વર્તમાનમાં, વેગપૂર્વક વધતી જતી સ્વચ્છંદતાને ઉત્ક્રાન્તિવાદ કે વિજ્ઞાનના વાઘા પહેરાવી, બહેકાવવાથી માણસનું દુઃખ વધવાનું છે. —તંત્રી]

'કામવિજય' પુસ્તકમાં લેખકે ઉત્ક્રાન્તિની દૃષ્ટિએ વિકાસ માટે બ્રહ્મચર્ય કોટિના સંયમનું પ્રતિપાદન કરેલું છે. તેમણે એ માટે પુરુષ અને સ્ત્રીના શરીરમાં રહેલી જાતીય ગ્રંથિઓની પ્રજનન ઉત્પાદનશક્તિ અમર્યાદ નથી તેમ દલીલ કરી છે. આની સામે મારી દલીલ છે કે એ ગ્રંથિઓની શક્તિનો પણ વિકાસ થઈ શકે છે અને થયેલો છે. પ્રાણીમાં બચ્ચાંના પોષણ માટે પ્રજનન ગ્રંથિઓ દૂધ ઉત્પન્ન કરે છે. પરંતુ માનવીએ દૂધનો ખોરાક તરીકે લાભ લેવા ગાય, ભેંસ, બકરી વગેરે પશુઓને પાળીને એનાં બચ્ચાંને જરૂરી કરતાં ઘણું બધું વધારે દૂધ ઉત્પન્ન કરવાની સિદ્ધિ હાંસલ કરી છે. જો પ્રજનન ગ્રંથિઓની દૂધ ઉત્પન્ન કરવાની મર્યાદિત શક્તિ—એનાં બચ્ચાં પૂરતી હોત તો આ વિકાસ થઈ શકયો ન હોત. એ બતાવી આપે છે કે જાતીય ગ્રંથિઓની શક્તિનો પણ વિકાસ થઈ શકે છે.

પશુઓ પ્રજનન પૂરતી જાતીય શક્તિ વાપરે છે તેની સરખામણીમાં મનુષ્ય લગ્નદ્વારા જાતીય સુખ ભોગવે છે તેમાં અનેકગણી શક્તિ ખરચાય છે. પ્રાણીઓ કરતાં માનવીમાં એ ગ્રંથિઓ વધુ બહિઃસ્રાવ ઉત્પન્ન કરે છે. જો એવું ન હોત તો માનવીની શક્તિ ક્ષીણ થઈ હોત અને તે નિર્માલ્ય બનેલો જોવા મળત. જ્યારે આજનો માનવી બુદ્ધિમાં, પરાક્રમમાં કે અગોચર દુનિયાને ઢૂંઢવામાં ઊણો ઊતરતો જોવા મળતો નથી. બર્ટ્રાન્ડ રસેલનો જ દાખલો લઈએ તો એમણે એક સદીની સાવ નજીક જેટલું દીર્ઘાયુષ્ય ભોગવ્યું હતું. વળી એમનું જીવન ઠેઠ સુધી સક્રિય રહ્યું હતું. માનવજાતિના વિનાશને રોકવા આણુશસ્ત્રો પર પ્રતિબંધ મુકાવવો જોઈએ તે લડત છેલ્લી ઘડી સુધી તેમણે ચલાવી હતી. એમની બુદ્ધિપ્રતિભાએ પણ એવાં જ ઊંચા શિખર સર કર્યાં હતાં. એમણે બ્રહ્મચર્ય પાળ્યું ન હોવા છતાં અને કામસુખને જીવનમાં મહત્ત્વ આપ્યા છતાં ઉત્ક્રાંતિની દૃષ્ટિએ તેમના વિકાસમાં બાધા આવી હતી તેમ જોવા મળતું નથી.

જ્યારે કોઈ રજૂઆત ઉત્ક્રાન્તિને ધોરણે થતી હોય ત્યારે એને સુસંગત ગાય- ભેંસની દૂધ આપવાની વધેલી શક્તિની મારી દલીલ સાચી ન હોય તો સામી રજૂઆત કરી તેનું ખંડન કરવું જોઈએ. તેને બદલે શ્રી ચીમનભાઈ એમ કહે કે આવી દલીલ અને ઉપમા સાક્ષર જ આપી શકે, એનો શો અર્થ ? આ દલીલ બુદ્ધિગ્રાહ્ય નથી ? આ ઉપમામાં અસંગત શું છે ? પ્રાણીમાં દૂધ આપવાની શક્તિ પ્રજનન ગ્રંથિઓ સાથે જોડાયેલી છે. એ જ રીતે બહિઃસ્રાવને ઉત્પન્ન કરતી ગ્રંથિઓ પણ પ્રજનન સાથે જોડાયેલી છે. આ દલીલ અને ઉપમા અમર્યાદ સ્વચ્છંદતાનો બચાવ કરવા માટે નથી. એકાંગી બ્રહ્મચર્યનું મહત્ત્વ માન્ય રાખવા માટે કરેલી છે. વળી લગ્નમાં સંયમની જરૂર નથી તે પણ મારા કથનનો હેતુ નથી. જાતીય ગ્રંથિઓ બહિઃસ્રાવ પશુઓ કરતાં વધુ ઉત્પાદન કરવાની શક્તિ ધરાવે છે, છતાં તે અમર્યાદ નથી. આથી લગ્નમાં પણ એ શક્તિની મર્યાદામાં રહીને સુખ ભોગવવાનો સંયમ અનિવાર્ય છે. લગ્નના મધ્યમ માર્ગમાં સંયમનો મધ્યમ માર્ગ પણ અભિપ્રેત છે. નવો મધ્યમ માર્ગ શોધાશે એમ હું કહું છું ત્યારે આજૂ લગ્નજીવનમાંથી છૂટાછેડાનો માર્ગ જેમ શોધાયો તેમ આજની લગ્નસંસ્થા પર્યાપ્ત નહિ રહે તો બીજા પ્રકારની કોઈ પદ્ધતિ શોધાશે. આ એક સામાજિક નીતિ છે એટલે સમાજ એના પોતાના હિતમાં બદલાયેલા સંદર્ભમાં નવી નીતિ શોધ્યા વિના નહિ રહે.

શ્રી ચીમનભાઈને મારું લખાણ કંઈક ઉતાવળિયું લાગ્યું છે. કામવાસનાની પ્રબળતાને જોતાં એમાં સતત જાગૃતિ અને સંયમનું મહત્ત્વ આ દેશે માન્યું છે, તેને અવગણવું ન જોઈએ તેમ એ માને છે. એમના એ વિચાર સાથે મારો વિરોધ નથી. સંયમના ખ્યાલ

અંગે મતભેદ છે. 'કામવિજય'ના લેખકે પ્રજનન પૂરતા જાતીય સુખનો સ્વીકાર કરી બ્રહ્મચર્ય કક્ષાનો સંયમ ચીંધ્યો છે. કામવાસનાની પ્રબળતા સાથે એ શી રીતે સંગત છે ? લગ્નસંસ્થાનું ચાલુ માળખું નહિ હોય તો સંયમનું મહત્ત્વ નહિ રહે તેમ માનીને ચાલવું ન જોઈએ. વળી, ફ્રોઈડની કામમીમાંસાને લીધે જ સ્વછંદતા વધી છે તેવું નથી. કામવાસનાની પ્રબળતાને લીધે ઓછાવત્તા પ્રમાણમાં સ્વચ્છંદતા સમાજમાં ચાલતી આવી છે. એની સાથે પાપપુણ્યના જે ખ્યાલો ધર્મે જોડ્યા હતા તે શ્રદ્ધા વિજ્ઞાનયુગને લીધે યથાવત્ રહી નથી. ઔદ્યોગિક યુગ અને સ્ત્રીપુરુષની સમાનતાના ખ્યાલે બંનેનાં ભિન્ન ક્ષેત્રોની દીવાલ દૂર કરીને સહક્ષેત્રો સર્જ્યાં છે. જો કામવાસનાની પ્રબળતાને અને બદલાયેલી સામાજિક સ્થિતિ સ્વીકારીએ તો આજના લગ્નના મધ્યમ માર્ગને સ્થાને બીજું કોઈ સ્વરૂપ શોધાઈને રહેશે તેમ હું માનું છું.

લગ્નનો પાયો આજે વફાદારી ઉપર રચાયેલો છે એટલે તે ઠોલી જતાં સુખ ચાલ્યું જાય છે તેની ના નહિ, પરંતુ કેવળ વફાદારીથી સુખ પ્રાપ્ત થાય છે તેવુંય નથી. અમુક વખતે તો બિનવફાદારીના દુઃખ કરતાંય બીજું દુઃખ ચડી જાય છે. લગ્ન બહારના સંબંધમાં જાતીય સુખ ભોગવાનું હોવા છતાં દરેક વખતે એની પ્રબળતાને કારણે એ સંબંધ બંધાયો છે તેમ માની લેવામાં ભૂલ થતી હોય છે. અગાઉ લગ્નસંસ્થામાં ફેરફાર થતા રહ્યા છે તેમ ભવિષ્યમાં વફાદારીના પાયાને બદલવાનો ફેરફાર ન થાય તેમ માનવાને શું કારણ છે? આજે પરંપરિત નીતિને લીધે એમાં નફ્ફટાઈ લાગે છે, પણ આવતી કાલે બદલાયેલી સામાજિક નીતિને કારણે સ્વાભાવિક લાગે ! અનેક પત્નીઓ અને અનેક પતિઓની સમાજ-નીતિ એ કાળને સહજ લાગતી હતી. નિયોગ પણ સમાજનીતિને સ્વીકાર્ય હતો. આમ થશે તેવું આ કથન દ્વારા અભિપ્રેત નથી. પરંતુ આજનું લગ્નસંસ્થાનું સ્વરૂપ પલટાયા વિના માર્ગ નીકળવાનું શક્ય લાગતું નથી. જે નવું સ્વરૂપ આવે એમાં એક યા બીજા રૂપે સંયમને એ કારણે સ્થાન રહેવાનું છે કે એ વિના જાતીય સુખ શક્ય નથી.

ઈશ્વર પેટલીકર

સંઘ સમાચાર

કાર્યવાહક સમિતિમાં સભ્યોની પુરવણી

તા. ૬-૭-'૭૨ના રોજ સંઘની નવી કાર્યવાહક સમિતિની પ્રથમ સભા મળી હતી ત્યારે તેણે નીચે મુજબના પાંચ સભ્યોની કાર્યવાહક સમિતિમાં પૂરવણી કરી હતી :

(૧) શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
(૨) ,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
(૩) ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
(૪) ,, બાબુભાઈ એમ. ગાંધી
(૫) ,, જયન્તીલાલ સુખલાલ તુરખિયા

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ

આ સમિતિના પાંચ ટ્રસ્ટીઓનાં નામો ગતાંકમાં પ્રગટ કર્યાં છે. એ ઉપરાંત સંઘની કાર્યવાહક સમિતિમાંથી નીચેના ચાર સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી :

(૧) શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ-મંત્રી
(૨) ,, દામિનીબહેન જરીવાળા
(૩) ,, ટોકરસી કે. શાહ.
(૪) ,, હરિલાલ ગુલાબચંદ શાહ

આ રીતે વાચનાલય અને પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે અને શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહની આ સમિતિના મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી હતી.

સંઘના લાઈફ-મેમ્બરો

હવે રૂ. ૨૫૧/- ભરીને સંઘના લાઈફ-મેમ્બર થઈ શકાય છે. આ યોજનાના જવાબરૂપે નીચેના સભ્યોએ સંઘના લાઈફ-મેમ્બરો તરીકે નામો નોંધાવ્યાં છે. આમાં રસ ધરાવનાર સૌ પોતાનાં નામો મોકલીને એને લગતું પ્રવેશપત્ર મગાવી લે એવી અમારી નમ્ર વિનંતિ છે.

(૧) ,, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) ,, પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
(૩) ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
(૪) ,, દામજીભાઈ વેલજી શાહ
(૫) ,, ચીમનલાલ જે. શાહ
(૬) ,, સુબોધભાઈ એમ. શાહ
(૭) ,, ખીમજી માડણ ભૂજપુરિયા
(૮) ,, ટોકરસી કે. શાહ
(૯) ,, નીરુબહેન એસ. શાહ
(૧૦) ,, એ. જે. શાહ
(૧૧) ,, કે. પી. શાહ
(૧૨) ,, બી. જી. શાહ
(૧૩) પ્રો. રમણલાલ ચી. શાહ
(૧૪) શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
(૧૫) શ્રી રસિકલાલ એમ. ઝવેરી
(૧૬) ,, ધીરજલાલ ફૂલચંદ શાહ
(૧૭) ,, ગણપતલાલ મગનલાલ ઝવેરી
(૧૮) ,, દેવેન્દ્રકુમાર નાનજી શાહ

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ.

શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકરનું પ્રવચન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે સંઘના કાર્યાલય-શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૨૪-૭-'૭૨ સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકરનું "બે પેઢી વચ્ચેનું અંતર" એ વિષય ઉપર એક જાહેર પ્રવચન રાખવામાં આવેલ છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

સાભાર સ્વીકાર

કાકાજી, બાપૂ, વિનોબા, (હિન્દી): લેખક: કમલનયન બજાજ, સસ્તા સાહિત્ય મંડળ, નઇ દિલ્હી, કિંમત: સાદું કવર રૂપિયા ૧૦, કપડાનું કવર: રૂપિયા ૧૫.

મુદ્રા : લેખક: બકુલ રાવળ, પ્રકાશક : અશોક પ્રકાશન, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨, કિંમત: રૂા. ૩-૫૦ પૈ.

સાંસ્કૃતિક કાંતિ : લેખક: ડાહ્યાભાઇ નાગરિક: પ્રકાશક : - ડાહ્યાભાઈ નાગરિક, 'આરામ', હોળી ચકલા, આણંદ, પ્રાપ્તિસ્થાન : આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, કિંમત : સાત સાત રૂપિયા.

વારસાવિજ્ઞાન : લેખક: કાંતિલાલ એ. શાહ, પ્રકાશક: ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯, કિંમત: રૂા. ૧-૪૦ પૈ.

મહારાજની વાતો : લેખક: રવિશંકર મહારાજ, પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા-૧,કિંમત: દોઢ રૂપિયો

☆ સમાજસુધારણાની પ્રવૃત્તિ ☆

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૭-૧૯૭૨ના અંકની તંત્રીનોંધમાં 'મહારાષ્ટ્રની દારૂબંધી' અંગે જે લખાયું છે તેમાં સૌથી છેલ્લે એમ કહેવામાં આવ્યું છે કે 'દારૂબંધીમાં જેને નિષ્ઠા છે તેવા સામાજિક કાર્યકરોએ વિશેષ પ્રયત્નો—ખાસ કરીને ગરીબ વર્ગમાં કરવા પડશે. સરકારને દોષ દઈ છૂટી જવાશે નહિ.' આ કથન સાચું છે, પરંતુ આ સંબંધમાં વધુ સ્પષ્ટતાથી અને વિસ્તારથી વિચાર કરી લેવાની જરૂર છે. નશાબંધીના કાર્યને અત્યંત અગત્યની એક સમાજસુધારણારૂપે સમજવું જોઈએ. ખરેખર તો સ્વાતંત્ર્ય પહેલાં સમાજસેવકો તરફથી એવી ભાવના સાથે જ આ અને આવાં બીજાં કાર્યો થતાં હતાં. આપણે સ્વીકારવું જોઈશે કે સ્વરાજ મળ્યા પછી સમાજસુધારણાનું પ્રજાકીય ધોરણ પરનું કામ લગભગ બંધ અથવા તો અતિ મંદ પડી ગયું છે અને આપણી રાજ્યરચના લોકશાહી પ્રકારની હોવા છતાં 'લોકો' પોતાનાં આવાં કર્તવ્યોથી વિમુખ બની જઈ સામાજિક બાબતોમાં પણ સરકાર પર આધાર રાખવા લાગ્યા છે. આનાં બૂરાં પરિણામો અત્યારે આપણે ભોગવીએ છીએ. તત્કાળ ધ્યાનમાં આવે એવાં બે બૂરાં પરિણામો તો દરરોજ અનુભવાય છે. એક પરિણામ છે દરેક બાબતમાં રાજકારણના પ્રવેશનું અને બીજું બૂરું પરિણામ છે લોકશક્તિ અને લોકજાગૃતિના હ્રાસનું. આ બંને પરિણામો વ્યક્તિ તેમ જ સમાજ માટે હાનિકારક છે.

અવારનવાર હરિજનો પરના અત્યાચારોના જે બનાવો બને છે અને લૉટરી, મટકા, ઘોડદોડ, કલબોમાં જુગાર વગેરે જે પ્રવૃત્તિ ચાલે છે ને વધી રહી છે તે સંબંધમાં પણ એમ લાગે છે કે પ્રજાકીય ધોરણે સામાજિક પ્રવૃત્તિ થતી નથી તેથી સર્વ પ્રકારનાં સામાજિક અનિષ્ટો અંગે શરમ—સંકોચ તૂટી ગયાં છે, એટલુંજ નહિ, પરંતુ તે પ્રકારની પ્રવૃત્તિઓ પ્રતિષ્ઠા પામવા લાગી છે! નવી પેઢીના શિક્ષિતો અને પશ્ચિમી અસર નીચે આવેલાઓ નશામાં અને જુગારમાં ગર્વ લે છે! તેને આકર્ષક ફેશનનું ગૌરવ પ્રાપ્ત થયું છે! બીજી બાજુ જુનવાણી સમાજ હરિજનો પરના અત્યાચારો અને એવી અનેક બાબતોમાં જૂની રીતે વર્તવા લાગી ગયો છે.

નશાબંધીનો કાયદો હોવો જોઈએ અને હરિજનો પ્રત્યે કોઈ પણ પ્રકારનો ભેદ નહિ રાખવાના તથા તેને સામાજિક કક્ષાએ સમાનતા આપવાના કાયદાઓનો પૂરી કડકાઈથી અમલ થવો જોઈએ એમ હું માનું છું. પરંતુ સ્વરાજ મળ્યા પછી આપણે કાયદા સુધી પહોંચીને અટકી ગયા તેથી તેના અમલમાં શિથિલતા આવી ગઈ અને કાયદાની પાછળ લોકમતનું જે પીઠબળ હોવું જોઈએ તે તૂટી ગયું. આનું પરિણામ એવાં અનિષ્ટોના ફૂલવા—ફાલવામાં આવ્યું છે. હમણાં હમણાં લગ્ન—વેવિશાળમાં થતાં ધનનાં કદરૂપાં છતાં આંજી નાખતાં પ્રદર્શનો સામે જે પોકાર ઊઠયો છે તે આ દૃષ્ટિએ આવકાર્ય સમજવો જોઈએ. પરંતુ અત્યારની અગત્યની અને ખરેખરી જરૂર તો સામાજિક કાર્યોને જીવતાં, જાગતાં અને પરિણામકારક બનાવવાની છે. જ્ઞાતિ અને સંપ્રદાયની સંકુચિતતા સામે મારો વિરોધ છે, છતાં સમાજસુધારણાનું કામ એટલું અગત્યનું અને મહત્ત્વનું છે કે તે એ ધોરણ પર થાય તોયે તેને ટેકો આપવો જોઈએ. ઉત્તમ માર્ગ તો એ છે કે સાર્વજનિક ધોરણે સામાજિક સંસ્થાઓ રચાય, અન્ય ક્ષેત્રે રચનાત્મક પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ સાથે તેનો સંબંધ બંધાય. સર્વોદય પ્રવૃત્તિમાં સમાજસુધારણાનું કામ તો થાય જ છે, પરંતુ તેમાં વિશેષ જોર અપાય એ બધું બહુ જરૂરી છે. આટલું થતાં સરકારી ધોરણે કાયદાઓ થશે, હશે તે સુધરશે, સામાજિક અનિષ્ટોને બળ આપતી છૂટછાટો પર અંકુશ આવશે અને એવી હવા ફેલાશે કે સામાજિક અનિષ્ટોની નાબૂદીનું કાર્ય સામાજિક તેમ જ સરકારી એમ બંને ધોરણે વ્યાપક રીતે થવું જોઈએ અને તે સતત ચાલુ પણ રહેવું જ જોઈએ. જૂની પેઢીની જડતા અને નવી પેઢીની નિરંકુશતા દૂર કરવાનો આ જ રાજમાર્ગ છે.

નશાબંધીના કાયદા સંબંધમાં તો શું કહેવું? હવે એકમાત્ર ગુજરાત રાજ્ય જ તેને વળગી રહ્યું છે. લૉટરીની આવકની લાલચથી પણ તે દૂર રહ્યું છે. આમ છતાં ત્યાં પણ આ બંને બાબતો વિશે ગણગણાટ શરૂ થયો છે. એમાં અમુક પ્રધાનોનો હિસ્સો પણ વરતાય છે. મહારાષ્ટ્ર તો ધીમે ધીમે છેલ્લે પાટલે બેસવા તૈયાર થઈ ગયું છે. મને યાદ છે કે જ્યારે શ્રી ચવ્હાણ મુખ્ય પ્રધાન હતા ત્યારે સરકારનિયુક્ત 'પ્રોહિબિશન બોર્ડ'ની સભામાં એમણે કહેલું કે "નશાબંધી નિષ્ફળ ગયાનો જે પ્રચાર થાય છે અને તેનાથી બીજાં અનિષ્ટો સરજાય છે એમ જે કહેવાય છે તે સાચું હોય તો પણ સરકાર નશાબંધી જાળવવા જ ચાહે છે, કારણ કે પ્રજાને પાયમાલ કરતી બદીમાંથી સરકાર આર્થિક લાભ મેળવવા ઈચ્છતી નથી. વધુ કંઈ ન થઈ શકે તોયે સરકારે આટલું તો આશ્વાસન લેવું જોઈએ." શ્રી ચવ્હાણે આવા વિચારો વ્યક્ત કર્યા ત્યારે એ સભામાં બોર્ડના એક સભ્ય અને બોર્ડ તરફથી પ્રગટ થતા તેના એક માસિકનો હું તંત્રી હતો.

નશાબંધીના કાયદાની વિરુદ્ધમાં જે કંઈ કહેવાય છે તેમાં તથ્ય જરૂર છે, પરંતુ સરકારનો અને પ્રજાનો પુરુષાર્થ તો એવાં અનિષ્ટો દૂર કરવાનો જ હોવો જોઈએ. મહારાષ્ટ્ર સરકારે પહેલીવાર નશાબંધી હળવી કરી ત્યારે એમ કહેવામાં આવ્યું હતું કે તે દારૂ વગેરે અનિષ્ટો સામેના પ્રચારકાર્યમાં ઘણી મોટી રકમ ખરચશે. આવી દલીલ બીજાં રાજ્યોમાં પણ થયેલી છે ને થાય છે, પરંતુ અનુભવે એમ દેખાયું છે કે આ બધી છેતરામણ છે, પ્રજાને ભ્રમમાં રાખવાનો પ્રચાર છે. નશાબંધીની વિરુદ્ધમાં જે દલીલો થાય છે તેમાં તો બીજું જોવા કે વિચારવામાં આવતું જ નથી. હવે તો એ જગજાહેર થઈ ગયું છે કે ગેરકાયદે દારૂ ગાળવાની પ્રવૃત્તિ, જ્યાં મુદ્દલ નશાબંધી નથી તેવાં રાજ્યો અને પ્રદેશોમાં પણ થાય છે ને ત્યાં પણ એવો દારૂ પીને અનેક માણસો મરે છે. બંગાળ અને પંજાબમાં કદી અંશતઃ પણ દારૂબંધી થઈ નથી, ત્યાં ગેરકાયદે દારૂ ગાળવાનું દસગણું વધુ ચાલે છે. નશાબંધી રદ કરવાથી સરકારને જકાતનો આર્થિક લાભ થાય છે તે ખરું, પરંતુ પ્રજાને તેથી પાંચગણું નુકસાન થાય છે. પ્રજા દારૂમાં પાંચ રૂપિયાનું પાણી કરે ત્યારે સરકારને એક રૂપિયો મળે. આ રૂપિયો લોકકલ્યાણના કામમાં જાય છે એમ કહી શકાય ખરું?

સામાજિક અનિષ્ટો દ્વારા પ્રજાની બરબાદી કરનારું નવું જે પૂર આવ્યું છે તે જાગૃત નાગરિકોએ અને સમાજસેવકોએ અટકાવવું જ જોઈએ. સ્વરાજપ્રાપ્તિ પહેલાં વિવિધ ક્ષેત્રે સમાજસેવાની જે પ્રવૃત્તિઓ ચાલતી હતી તે ચાલુ કરવા અને તેમાં જોશ પૂરવા નવાં સંગઠનો અને નવી સંસ્થાઓ જરૂરી છે. આવાં સંગઠનો દ્વારા સંશોધન અને પ્રચારથી માંડીને સૌમ્ય સત્યાગ્રહરૂપ પિકેટિંગ સુધીની પ્રવૃત્તિ થવી જોઈએ. મને લાગે છે કે જાહેર જીવનના કહેવાતા ઉપરના સ્તરે અને થોડાક સાધનસંપન્ન લોકોમાં ગમે તે પરિવર્તન આવ્યું હોય, પરંતુ સામાન્ય જનસમાજનું હૈયું હજી સાબૂત છે. આ જનસમાજ હજુયે ગાંધીયુગનાં મૂલ્યોમાં શ્રદ્ધા ધરાવે છે. આ કક્ષાએ સમાજસુધારણાની પ્રવૃત્તિ જો નિષ્ઠાપૂર્વક શરૂ કરવામાં આવશે તો આબુધારી ઝડપથી તે વિસ્તાર પામશે, બળવાન બનશે અને તેની અસર સર્વ ક્ષેત્રોમાં પ્રસરી જશે.

તા. ૯-૭-'૭૨ મોહનલાલ મહેતા—ચોપાન

પદયાત્રી બહેનોનો વિશ્વબંધુત્વનો સંદેશ

આચાર્ય વિનોબા ભાવેની પ્રેરણા અને આશીર્વાદ મેળવીને ચાર બહેનોની એક ટુકડી બાર વરસની પદયાત્રાએ નીકળી છે. ૧૯૬૭ના ઑક્ટોબરની ૨૫મી તારીખે ઈન્દોર પાસેના કસ્તુરબા-ગ્રામથી આ બહેનોએ પોતાની પદયાત્રાનો પ્રારંભ કર્યો હતો.

આ ચાર બહેનોમાં આસામનાં હેમ ભરાલી ટુકડીનાં નેતા છે. કસ્તુરબા ટ્રસ્ટ હેઠળ વરસોથી એમણે આસામમાં રચનાત્મક કામો કર્યા છે. બીજાં બહેન લક્ષ્મી કૂકન પણ આસામનાં છે. તેઓ પણ સોળ વર્ષની વયથી સામાજિક કાર્યોમાં રસ લઈ રહ્યાં છે. પંજાબનાં નિર્મળ-બહેન વેદ એમ. એ. સુધી ભણેલાં છે અને કસ્તુરબાગ્રામમાં સામાજિક શિક્ષણ સંગઠન કેન્દ્રનાં સંચાલિકા હતાં. સિંધનાં દેવી રિઝવાનીએ પણ કસ્તુરબાગ્રામમાં નિર્મળબહેન સાથે કામ કરેલું છે.

આ ચારે બહેનો ગુજરાત સહિત દેશનાં કેટલાંક રાજ્યોની પદયાત્રા કરીને અને લોકોમાં સર્વોદયના સિદ્ધાંતોનો પ્રચાર કરતાં હાલમાં મહારાષ્ટ્ર અને મુંબઈની પદયાત્રા કરી રહ્યાં છે. મુંબઈની પદયાત્રા દરમિયાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા મુંબઈ સર્વોદય મંડળના આશ્રયે શ્રી. પરમાનંદ કાપડિયા સભાગૃહમાં પદયાત્રી બહે-નોની જાહેર સભા તા. ૬-૭-'૭૨ના રોજ યોજવામાં આવી હતી.

સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તેમનું સ્વાગત કર્યું હતું અને સર્વોદય કાર્યકર શ્રી કાન્તાબહેને તેમનો તેમ જ તેમના કાર્યનો વિસ્તારથી પરિચય આપ્યો હતો.

ચારમાંથી એક બહેન અન્ય રોકાણને કારણે હાજર રહી શકયાં નહોતાં. પરંતુ ચોથા બહેન તરીકે વિનોબાજીના આશ્રમનાં અંતેવાસી બહેન શ્રી મહાદેવી તાઈ તેમની સાથે આવ્યાં હતાં.

વ્યાખ્યાનની શરૂઆત આસામી બહેન લક્ષ્મી કૂકને કરી હતી તેઓ ફક્ત છ જ ચોપડી ભણેલાં છે. પરંતુ છ ભાષાઓ પર તેઓ કાબૂ ધરાવે છે અને તેઓ વકતવ્યનિપુણ છે. તેમનું વકતવ્ય સાંભળવું એ એક લહાવો છે એવી છાપ મન પર પડી.

તેમણે કહ્યું કે અમો ફક્ત ચાર બહેનો કોઈ પુરુષના સહારા વિના પગે ચાલીને પદયાત્રા કરીએ છીએ એથી લોકો આશ્ચર્ય અનુભવતા હોય છે. આમ તો જૈન સાધુ-સાધ્વીઓ પણ પેદલ ચાલે છે, પરંતુ અમે તો દીક્ષા લીધી નથી છતાં આ વિજ્ઞાનના ઝડપી જમાનામાં પેદલ કેમ ચાલીએ છીએ એવો લોકોના મનમાં પ્રશ્ન થાય છે. પરંતુ જેમ જેમ વિજ્ઞાનનો વિકાસ થશે તેમ તેમ વ્યકિતઓ નજીક આવે એવા ઉપાયો શોધવા પડશે. આમ તો અમો રેડિયો સ્ટેશન પરથી બોલીએ તો પણ ઘણા લોકોને અમારા વિચારો સંભળાવી શકીએ. પરંતુ પ્રત્યક્ષ પરિચયના કારણે અંગત સંબંધ જેવી લાગણી જન્મે છે અને એવા શુદ્ધ સંબંધ પછી આપેલી સમજણ માણસ તરત જ ગ્રહણ કરે છે.

પણ આજના જગતમાં, ખાસ કરીને ભારતમાં, આજે કયાંય શુદ્ધ મનુષ્યનાં દર્શન નથી થતાં, અને આજે કોઈ શિખ તરીકે, કોઈ હિંદુ તરીકે, કોઈ જૈન તરીકે, કોઈ પારસી તરીકે પોતાની ઓળ-ખાણ આપતા હોય છે, પરંતુ પ્રથમ પોતે મનુષ્ય છે તે સૌ આજે ભૂલી ગયા છે. કુટુંબ, સ્કૂલ, પ્રાંત, પંથ, સંપ્રદાય, જાતિ, એવાં એવાં સાઈનબૉર્ડો વડે આજનો માનવી ઢંકાઈ ગયો છે. આપણી મૂળ સંસ્કૃતિની ભાવના "વસુધૈવ કુટુમ્બકમ્" ને ફરીથી જીવનમાં લાવવાની જરૂર છે; અને એમ કરવા માટે ધર્મની, પંથોની, પક્ષોની, ભાષાની, પ્રાંતોની દીવાલો તોડીને મુકત બનવાની જરૂર છે. તો જ 'વિશ્વમાનવ' બનવા જેટલી વ્યાપક ભાવના ઊભી થઈ શકે.

આ બધું કેમ થાય? લોકો માને છે કે સમજાવવાથી તો કોઈ સમજતું નથી હોતું. પરંતુ ત્યાં જ આપણે ભૂલ કરીએ છીએ, કારણકે આપણો વિશ્વાસ ઊગી ગયેલો છે. જો હૃદયનો વિશ્વાસ હશે તો સમજાવટથી માણસ અવશ્ય સમજશે. કેમકે માણસમાં હર પળે પરિવર્તન થતું હોય છે.

સ્વાતંત્ર્ય પહેલા આપણામાં આશા હતી. હવે આપણે પરાશામાં —પારકાની આશા પર—જીવી રહ્યા છીએ. એટલે આપણો અને દેશનો વિકાસ અટકી ગયો છે. કેમકે પરાશામાં હમેશાં નિરાશા સમાયેલી હોય છે.

નીચેની ત્રણ કૃત્રિઓમાંથી આપણે સંસ્કૃતિને અપનાવવાની છે.

(૧) પ્રકૃતિ: એટલે સ્વભાવથી ઉપર ઊઠવું.

(૨) વિકૃતિ: એટલે સ્વભાવથી નીચે જવું (આવી વિકૃતિ મનુષ્યમાં આવે છે, પશુમાં વિકૃતિ આવતી નથી. હજારો વર્ષથી ગાય ઘાસ ખાય છે તેમાં ફરક પડતો નથી. મનુષ્યમાં કેટલું બધું પરિવર્તન આવેલ છે!).

(૩) સંસ્કૃતિ: એટલે સ્વભાવ પર વિજય મેળવવો. સુબુદ્ધિ અને કુબુદ્ધિ દરેકના હૃદયમાં હોય છે. જ્યાં સુમતિ-સન્મતિ હોય ત્યાં સંપત્તિ આવે અને કુમતિ હોય ત્યાં વિકૃતિ આવે.

આપણા દેશનો પ્રશ્ન હલ કરવા માટે કેવો રસ્તો લેવો તેનો નિર્ણય કરવો તે આજે આપણા હાથની વાત છે, કેમકે આજે આપણે ગુલામ નથી, સ્વતંત્ર છીએ.

આપણો દેશ કેટલો મોટો છે? આપણા એક દરભંગા જિલ્લાની વસતિ ૪૮ લાખની છે. જ્યારે આખા ડેન્માર્ક દેશની વસતિ ૪૮ લાખની છે. આપણો દેશ વિવિધ મનુષ્યોનું અને વિવિધ સમસ્યાઓનું સંગ્રહાલય છે એમ પણ કહી શકાય. આપણે ત્યાં ખાનપાન, ભાષા, રહેણીકરણી, રીતરિવાજોની કેટલી વધી વિવિધતાઓ છે!

પણ જો સમસ્યાઓ ન હોય તો જીવનમાં રસ પણ શું રહે? પરંતુ તેને હલ કરવા માટે સાંસ્કૃતિક તરીકો આપનાવવો જોઈએ.

આપણા દેશની કેટલી પ્રતિષ્ઠા છે! ચીનવાળા કહે છે કે ખૂબ પૂણ્ય કર્યા હોય તેને બુદ્ધના દેશ ભારતમાં જન્મ મળે!

સમાજમાં ત્રણ શકિતઓ દ્વારા કામ લેવાનું હોય છે: (૧) શસ્ત્ર (૨) કાનૂન (૩) કરુણા. પરશુરામે પૃથ્વી નક્ષત્રિ કરવા માટે કેટલા પ્રયત્નો કર્યા? પણ તે હિંસાનો માર્ગ સફળ ન થયો. આજે પણ જગતમાં યુદ્ધોદ્વારા કેટલી હિંસા ચાલી રહી છે? પરંતુ સર્વત્ર નિષ્ફળતા જ માલૂમ પડે છે. તાજો દાખલો બંગલા દેશનો તપાસીએ. ત્યાં પિશાચી હિંસા થઈ, પરંતુ સફળતા ન મળી. માટે ત્રીજી શકિતથી સમશ્યાને હલ કરવાનો આજે પ્રયત્ન ચાલી રહ્યો છે, જે અત્યંત આવકારદાયક અને આવશ્યક છે. આ વિચારની અને પ્રેમની શકિત છે. એક-બે-ત્રણ વાર ભલે નિષ્ફળતા મળે, પરંતુ અનેકવાર રામજાવવાથી મનુષ્ય અવશ્ય સમજી જાય છે. શંકરાચાર્યે જ એક પ્રશ્નના ઉત્તરમાં કહેલું કે મારી પાસે તો એક જ શસ્ત્ર છે— 'સમજાવટ;' બીજાં શસ્ત્રો હૃદયપરિવર્તન નહિ કરાવી શકે.

આપણે વિચારવાનું એ છે કે સમતા, બંધુત્વ, સમાનતા અને સ્વતંત્રતા કેવી રીતે લાવી શકાય? આજે આપણે શ્રમની કિમત ઘટાડી છે અને બુદ્ધિ અને પૂંજીની કિમત વધારી છે, પણ આપણે વિચાર નથી કરતા કે ગમે તેટલી બુદ્ધિ અને પુંજી હોય પણ જો શ્રમિક ન હોય તો મકાન ન બની શકે, અનાજ ન પાકી શકે. માટે શ્રમની પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી શાંતિ નથી સ્થપાવાની. આવો અસમાન સમાજ કેમ અને કયાં સુધી ચાલે?

આપણે ત્યાંની આજની પરિસ્થિતિ માણસને વિકળ બનાવે તેવી છે. એક માણસ સાવ ભૂખ્યો રહે છે. સૂકો રોટલો પણ તેને પૂરો મળતો નથી અને બીજા બત્રીસ જાતનાં ભોજન જમે છે અને તેને પચાવવા માટે ટીકડી ખાવી પડે છે.

એક બહેનને શરીરની આબરૂ ઢાંકવા માટે અર્ધ-વસ્ત્ર પણ નથી મળતું ત્યારે બીજી બહેનો વસ્ત્રના કબાટો ભરતી હોય છે. એક માણસને તૂટીફૂટી ઝૂંપડી પણ આશ્રય માટે નથી મળતી ત્યારે બીજા માણસ વિશાળ મહેલાતો વાપરે છે. એટલે આજની રાજયનીતિ છે તે ટુકડા કરવા માટેની રાજયનીતિ છે. જોડવા માટેની નહિ.

આ બધો વિચાર સૂક્ષ્મ રીતે કરવો જોઈએ, અને આવી આસમાનતાના કારણે જે અરાજકતા પ્રવર્તી રહી છે, તેના ધસમસતાં પૂર આવી રહ્યાં છે, તેનાં દર્શન જ્યારે ક્ષિતિજની પેલી પાર થઈ રહ્યાં છે ત્યારે તેના ઉકેલ માટે ગંભીરતાથી વિચાર કરવો જ જોઈએ, અને તેમ કરવા માટે અમારી આ ત્રીજી શક્તિ દ્વારા કામ કરવાના આંદોલનમાં સહભાગી થવું તે ઉત્તમ રસ્તો છે. માટે મારી આપ સૌને વિનંતિ છે કે અમારા કામમાં ઉપરની સહાનુભૂતિ નહિ, પરંતુ; હૃદયથી ટેકો આપો—આમ કરવું તે સૌના લાભની વાત છે.

ત્યાર બાદ નિર્મળાબહેન વેદે બોલતાં જણાવ્યું કે વિનોબા ક્રાંતદ્રષ્ટા છે. તેમણે આપણને વિચાર આપ્યો, તેનો અમલ આપણે કરવાનો છે. ક્રાંતિનો વિચાર સર્વત્ર પહોંચાડવાનો છે. ગામડાના માણસો વિચારને તરત જ સમજે છે, પરંતુ બુદ્ધિમાનોને સમજાવતા બહુ વાર લાગે છે. એનું કારણ એ છે કે તેઓ ગામડાઓના સંપર્કમાં નથી, પ્રેક્ટિકલ જીવનથી અજાણ છે.

ભૂદાનનું કામ મોટું છે; તેના માટે ખૂબ શક્તિ અને સહુના સાથની જરૂર છે. જેમ આપણે ઘરના પરિવારને અને સરકારને ચલાવવા માટે સહયોગ આપીએ છીએ એ રીતે આ કામને સૌનો સહયોગ મળવો જોઈએ. આવી ગંભીર સમસ્યા હલ કરવી હોય તો સમય પણ કાઢવો જોઈએ. આપણે સમાજનું માળખું એ રીતે બદલવાનું છે કે ઉપરના, એટલે કે દિલ્હીના ઑર્ડરથી નહિ પરંતુ નીચેથી, એટલે કે ગ્રામપંચાયતોના નિર્ણયો પ્રમાણે આખા દેશનું કામ ચાલવું જોઈએ. અને બહુમતીથી જ નહિ પરંતુ સૌની સંમતિથી કામ થવું જોઈએ. મેજોરેટી હમેશાં દરેક ક્ષેત્રે માઈનોરિટીને દબાવતી હોય છે. દરેક વ્યકિતને ભગવાને પુષ્કળ શક્તિ આપી છે. એક વિરોધી વ્યકિત પણ સંગઠનમાં આગ લગાવી શકે છે. આપણે પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ ન કરવું જોઈએ. તેની સારી વાતો ભલે સ્વીકારીએ. આજે આપણે સૌ પોતાના સંરક્ષણ પૂરતો જ વિચાર કરતા થયા છીએ. લાંબી ગુલામીને કારણે આત્મશક્તિની પિછાણ આપણે ખોઈ બેઠા છીએ. અમારું કામ ફકત ભારતદેશ પૂરતું મર્યાદિત નથી, આખી દુનિયાને આ કામથી દોરવણી મળે અને આખી દુનિયા એક કુટુંબ બને એવી અમારા કામ પાછળની વિશાળ ભાવના છે. અમે જનતા પર વિશ્વાસ રાખીને ચાર વર્ષથી ફરીએ છીએ. માનવ સર્વત્ર એક સમાન છે એવો અમારો દઢ વિશ્વાસ છે એટલે ગમે તેવા ભય સામે પણ અમને અંશમાત્ર ડર લાગતો નથી. આપણે ઘણાં ઘણાં ભાષણો સાંભળીએ છીએ. પરંતુ સૂક્ષ્મ અંશમાં પણ તેનો અમલ કરતાં નથી એટલે પ્રગતિ થતી નથી. આજની સભાનું ગ્રુપ જોઈને હું ખૂબ પ્રસન્નતા અનુભવું છું. મને ખૂબ જ ખુશી અને આનંદ ઊપજ્યાં છે. આવાં ગ્રુપો આ વાત મન પર લે તો ઘણું કામ થઈ શકે.

ત્યાર બાદ હેમબહેન ભરાલી, જે આ ટુકડીના નેતા છે તેમણે બોલતાં જણાવ્યું કે:

આપણે એટલા બધા ધાર્મિક વૃત્તિના છીએ કે ઉપવાસ કરીએ છીએ, શાસ્ત્રો સાંભળીએ છીએ, દેવમંદિરે જઈએ છીએ, દયાની લાગણી ધરાવવાનો દાવો કરીએ છીએ—આમ છતાં અન્યાયોની પરંપરા વધતી જ ચાલી છે. દુ:ખ સાથે કહેવું પડે છે કે આજનો નવયુવાન કાર્બનપેપર બની ગયો છે. બધાને આસાનીથી જ કામ કરવું છે. પેટનું પાણી ન હલે અને ક્રાંતિ સર્જાય એમ સૌ ઈચ્છે છે.

આજનો યુગ કાનૂનયુગ છે. કાનૂનો અમુક હદ સુધી જ સારા છે. બાકી જ્યાં કાનૂન છે ત્યાં તેનાં રસ્તા પણ છે. માટે માત્ર કાનૂન દ્વારા કામ નહિ ચાલે; કેમકે આજે આખી દુનિયામાં અવિશ્વાસે સામ્રાજ્ય જમાવ્યું છે. એટલે અરસપરસના પ્રેમ દ્વારા સમાજ બનાવવો તે જરૂરી છે—તે ઈન્ડિયન કલ્ચર છે.

આજે સામાજિક ક્ષેત્રે બિલકુલ કામ નહિ કરનારા એવા ભાઈઓ પૂછે છે કે ૨૧ વર્ષની પદયાત્રા દ્વારા વિનોબાજીએ શું કામ કર્યું? શું પ્રગતિ સાધી? આવી વૃત્તિ આપણા સમાજને કેટલું બધું નુકસાન પહોંચાડે છે! માટે અમારા કામનો સંદર્ભ અને મૂલ્ય સમજવા સૌ પ્રયત્ન કરે એવી મારી વિનંતિ છે, આપણે એક કાનથી સાંભળીને બીજા કાને કાઢી નાંખવાની વૃત્તિ પણ હવે છોડવી જોઈએ. દરેક માણસ સક્રિય બનશે તો જ કંઈક પરિણામ સાંપડશે. નવા ઢંગથી નવી રચના કરીને અમારે દુનિયાને દંગ કરવી છે! ગાંધીજીને આજે આપણે ફોટોફ્રેમમાં પૂરી દીધા છે. નશાબંધીના અને હરિજન-ઉદ્ધારના નારામાં જકડી દીધા છે, સફેદ ટોપી અને ખાદીમાં વણી લીધા છે. કોઈના હૃદયમાં કે સમાજનાં વાણી—વર્તનમાં તેમનું દર્શન થતું નથી.

આપણે સ્વરાજ્ય નથી મેળવ્યું પરંતુ સ્વદેશી રાજ્ય મેળવ્યું છે. સ્વરાજ્યની મંઝિલ હજુ ઘણી દૂર દેખાય છે. જો એ રસ્તે પ્રવાસ કરીશું તો જ ત્યાં પહોંચીશું.

ગાંધીજીએ અંગ્રેજીને હઠાવવાની વાત કરેલી, જ્યારે આજે આપણા સામાન્ય ઘરમાં પણ પપ્પા—મમ્મીના શબ્દપ્રયોગોએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આજે શહેરો ગામડાંઓનું શોષણ કરી રહ્યાં છે. દૂધનું ઉત્પાદન તો ગામડાંઓ કરે છે, આમ છતાં ત્યાંના છોકરાઓને કે બીમારને પણ દૂધનું ટીપું નથી મળતું. તે ડેરીઓ દ્વારા શહેરમાં આવે છે. ગામડાની બહેનોને પહેરવાં પૂરાં વસ્ત્રો નથી મળતાં.આ રીતે અમીરી અને ગરીબીની ખાઈ વધતી જ ચાલી છે. આજે હથિયારોની નહિ પરંતુ વિચારોની લડાઈ ચાલી રહી છે. માટે હૃદયપરિવર્તનનું કામ ભારતદ્વારા જ દુનિયામાં થશે તે આપણે બતાવી આપવાનું છે. એ માટે આપણે જનમતને જાગ્રત કરવો જોઈએ. સમસ્યાઓને તેના શુદ્ધ સ્વરૂપમાં સમજીને સમજાવવી જોઈએ અને આને માટે દરેકે વધારે સમય આપવો જોઈએ. આપણું સૂત્ર હોવું જોઈએ; "ઉત્તમ લેના, ઉત્તમ દેના."

મુંબઈ મહાનગરી આ દેશનો દરવાજો છે. આપણે હેલ્ધી ડેમોક્રસી માટે હેલ્ધી માનસ કેળવવું જોઈએ.

શ્રોતાઓએ આટલી તલ્લિનતાથી અને શાંતિથી અમને સાંભળ્યાં અને અમારા કાર્યમાં આટલો રસ દાખવ્યો તેથી અમને ખરેખર ખુશી ઊપજે છે.

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે આભારવિધિ કરતાં જણાવ્યું કે આજની આ સભાનાં પદયાત્રીબહેનોનાં વકતવ્યોથી હું એટલો બધો પ્રભાવિત થયો છું કે મારી લાગણીને વ્યકત કરવાના મને શબ્દો મળતા નથી. આપણને આપેલા ચોક્કસ માર્ગદર્શન માટે આપણે આ પદયાત્રી બહેનોના ખરેખર ઋણી છીએ. બાદ સભા વિસર્જન થઈ હતી.

સંકલન: શાન્તિલાલ ટી. શેઠ



ડાબી બાજુથી પહેલા ત્રણ પદયાત્રી બહેનો (૧) લક્ષ્મીકુકન, (૨) નિર્મળ વેદ, (૩) હેમ ભરાલી—નેતા (૪) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, (૫) શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, (૬) સર્વોદયવાળા શ્રી કાન્તાબહેન (૭) શ્રી ચીમનલાલ જે. શાહ.

(18)

☆ એક ઉત્તમ શિખામણ ☆

જગતના મહાન પુરુષોમાં જેની ગણના થાય છે એવા મહાત્મા ગાંધી પાસેથી લગભગ દસ વર્ષ પહેલાં એક સુંદર સાંજે મને ઉત્તમ બોધપાઠ મળ્યો.

માનવતા વિશેની આપણી માન્યતામાં જ્યારે ઓટ આવે છે ત્યારે ઊંડા ખેદની લાગણી આપણને ઘેરી વળતી હોય એવો અનુભવ ઘણા લોકોને થયો હશે. આવી અવસ્થામાંથી મારે પણ પસાર થવું પડેલું. મારા પતિનું તાજેતરમાં જ અવસાન થયેલું. આ દુઃખ સાથે બીજી આઘાતજનક વાત મને એ લાગી કે પતિનું મૃત્યુ થતાં હિન્દુ કાયદાની દૃષ્ટિએ મારું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ હતું નહિ. આઝાદીની લડતમાં અન્ય સ્ત્રીઓ સાથે મેં પણ પુરુષો સાથે વર્ષો સુધી કામ કર્યું હતું અને દેશને મુક્તિ મળી ત્યાં સુધી અનેક યાતનાઓ સહન કરી હતી, પરંતુ કાયદાની દુનિયામાં પુરુષ સાથેના સંબંધના ધોરણે જ સ્ત્રીના હક્ક-અધિકારને માન્ય ગણવામાં આવે છે. મારે સંતાનમાં પુત્ર ન હોવાથી કુટુંબની માલ-મિલકતમાં કશો જ હિસ્સો નહોતો. મારી ત્રણ પુત્રીઓને પણ કોઈ અધિકાર નહોતો. આ પરિસ્થિતિ મને દુઃખ પહોંચાડે તેવી વસમી હતી. આવા જુનવાણી કાયદાને ટેકો આપનાર કુટુંબીજનો પ્રત્યે મારા દિલમાં ભારે રોષ જાગ્યો હતો.

આ દિવસોમાં પેસિફિક રિલેશન્સ કોન્ફરન્સમાં ભાગ લેવા અમેરિકા જતાં પહેલાં હું ગાંધીજીને મળવા ગઈ. વાતચીત પત્યા પછી ગાંધીજીએ મને પૂછ્યું: "સગાંસંબંધીઓ સાથે તેં સમાધાન કરી લીધું છે ને?"

તેઓ કંઈક મારી વિરુદ્ધમાં પક્ષ લઈ રહ્યા છે એવું લાગતાં હું થોડી ચોંકી અને બોલી, "મારે કોઈની સાથે કશું થયું નથી, પરંતુ આવા અર્થ વગરના કાયદાનો લાભ લઈ જે લોકો મારી સ્થિતિને વધુ કપરી બનાવી મૂકે છે તેમની સાથે મારે કંઈ જ લેવાદેવા નથી."

ગાંધીજી થોડીવાર બારીબહાર જોઈ રહ્યા પછી મારી તરફ હસી બોલ્યા: "જા! બધાની વિદાય લઈ આવ! સભ્યતા અને સૌજન્ય આપણે વીસરી જઈ શકતા નથી. આપણે ભારત-વાસીઓ તો આ ગુણોનું ખૂબ મહત્ત્વ આંકીએ છીએ."

"ના, આપને રાજી રાખવા ખાતર જે લોકો મને નુકસાન પહોંચાડી રહ્યા છે તેમને મળવા હું નહીં જ જાઉં." મેં મક્કમ-તાથી ઉત્તર વાળ્યો.

"તારી જાત સિવાય બીજું કોઈ તને નુકસાન કરી શકે તેમ નથી." ગાંધીજીએ હજી પણ પોતાનો આગ્રહ ચાલુ રાખી હસતાં હસતાં મને સમજાવવાનું ચાલુ રાખ્યું.

"તારા દિલમાં જે કડવાશ ભરી છે તેને દૂર નહીં કરે તો એ તને નુકસાન કરશે."

હું ચુપચાપ સાંભળી રહી. ગાંધીજી આગળ બોલ્યા: "તું એક નવા દેશમાં જાય છે, કારણ કે અંતરથી તું દુઃખી છે અને આ સ્થિતિમાંથી છૂટવા ઇચ્છે છે. પરંતુ હું તને એક વાત પૂછું? અહીંથી તું છૂટી શકશે, પરંતુ તારી જાતમાંથી છૂટી શકશે ખરી? અંતરમાં જ્યાં સુધી અશાંતિ ભરી છે ત્યાં સુધી બહારથી તને શાન્તિ પ્રાપ્ત થશે ખરી? થોડી સૌમ્યતા કેળવી આ વાતનો વિચાર કર! તેં આપ્તજનને ગુમાવ્યા છે એ દુઃખ પર્યાપ્ત છે. એમાં તારે વધારો કરવો છે? અંદરના ડંખને દૂર કરી દિલને સરળ બનાવવાની નૈતિક હિંમત તારામાં નથી માટે જ ને?"

ગાંધીજીના શબ્દો મને અસર કરી ગયા. દિવસો સુધી મેં મથામણ અને બેચેની અનુભવી. છેવટે એક દિવસ મારા સાસરિ-યામાં ફોન કરી, પરદેશ જતાં પહેલાં સૌને મળવાની ઇચ્છા વ્યક્ત કરી.

એ લોકો સાથેની મુલાકાત દરમિયાન પાંચ-છ મિનિટમાં જ હું જોઈ શકી કે મારા આવવાથી સૌએ ખુશી અનુભવી હતી અને રાહતનું વાતાવરણ સર્જાયું હતું. મારી યોજના મેં સૌને સમજાવી અને એક નવા કાર્યના આરંભ માટે હું પરદેશ જઈ રહી હતી એ માટે સૌની શુભેચ્છા ચાહી. મારામાં ગજબનું પરિવર્તન થયું હતું. માથા પરથી જાણે મોટો બોજો ખસી ગયો હતો અને હળવી ફૂલ બની ગઈ હતી.

આ નાનકડી ઘટનાથી મારા જીવનપરિવર્તનનો પ્રારંભ થયો. દોઢ વર્ષ પછી સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં ભારતીય પ્રતિનિધિમંડળના નેતા તરીકે હું ન્યૂયૉર્કમાં હતી. દક્ષિણ આફ્રિકામાં વસતી ભારતીય પ્રજા તરફ જે ખરાબ વર્તન દાખવવામાં આવતું હતું એ અંગેની ભારતની ફરિયાદ એ મહત્ત્વનો સવાલ હતો. બંને પક્ષ વચ્ચે ગરમ ચર્ચા થઈ. વિરોધ પક્ષે ભારતની પ્રતિષ્ઠાને તેમ જ મને અપમાન-જનક લાગે એ રીતે જે સંભળાવ્યું તેથી મને ઘણું ખરાબ લાગ્યું. જેવા સાથે તેવાની નીતિ અપનાવી મેં પણ વળતા જવાબો આપ્યા.

વસમા શબ્દોની આ વાગ્ધારા ચાલી રહી હતી ત્યાં એકાએક મને ગાંધીજીનું સ્મરણ થયું. બાપુ આવી રીત પસંદ કરે ખરા? એમની દૃષ્ટિએ તો કોઈ પણ વાતનો ઉકેલ જેટલો મહત્ત્વનો હતો એટલો જ, બલ્કે એથી પણ વિશેષ, એ ઉકેલ લાવવા જે માર્ગ અખત્યાર કરવામાં આવતો હતો, એ હતો. માનભંગ થઈએ એ રીતે વાણીનું જોર વાપરી કોઈ ખરડો પસાર કરાવી શકયા તો એનું મૂલ્ય પણ શું?

રાતના સૂતી વખતે મેં નક્કી કર્યું કે ગમે તે પરિણામ આવે પરંતુ યુ. એન.માં ગમે તેવી વાણી ઉચ્ચારીશ નહિ. પરસ્પર દોષા-રોપણ અને ગમેતેમ બોલીને વિજય મેળવવાનું વલણ છોડી દઈ આખી ચર્ચાનો મેં નવેસરથી આરંભ કર્યો અને વિરોધ પક્ષને એક નવી ભૂમિકા પર લઈ આવી. પછી તો બધી ચર્ચા મુદ્દાસર ચાલી.

છેલ્લે દિવસે કમિટી હૉલ છોડતાં પહેલાં હું વિરોધ પક્ષના પ્રતિનિધિમંડળના નેતા પાસે ગઈ અને બોલી: "આ ચર્ચા-સભામાં મારા કોઈ કાર્યથી કે શબ્દોથી આપને દુઃખ લાગ્યું હોય તો ક્ષમા માગવા આપની પાસે આવી છું."

ઉષ્માપૂર્વક મારી સાથે હાથ મિલાવી તેમણે કહ્યું: "મારે કંઈ જ ફરિયાદ નથી."

એમની સાથેના સારા સંબંધનો મને સંતોષ હતો એ કરતાં મારી જાતને હું સંભાળી શકી હતી એનો અપૂર્વ આનંદ હતો. ગાંધીજીની શિખામણે આમ મને મારી જાતમાંથી ઉગારી લીધી હતી.

નાની નાની ઘટનાઓમાં પણ ખામોશી જાળવી રાખવા બાપુના શબ્દોએ મને ખૂબ પ્રેરણા આપી છે. મારા અનુભવની એક વાત કહું છું. તેમાં કદાચ અનેક બહેનો પોતાનો સૂર પુરાવશે. રાતના મારો કે સ્વપ્ન આવ્યું કે કોઈ અગત્યના મહેમાનોને ઘેર જમવા બોલાવ્યા છે. મહેમાનો આવી ગયા છે ને જમવાનો સમય થઈ ગયો છે, પરંતુ રસોઈનું કંઈ જ ઠેકાણું નથી. તમે હાંફળાં-ફાંફળાં થઈ દોડાદોડી કરો છો એટલામાં આંખ ખૂલી જાય છે ને એ તો કેવળ સ્વપ્ન હતું એમ જાણી રાહતનો ભાવ અનુભવો છો.

પરંતુ મારે તો ખરેખર આવી ઘટના બની હતી. ઈંગ્લેંડ ખાતે ભારતના હાઈ કમિશનરની મારી ફરજ દરમ્યાન ત્યાંના વડા પ્રધાન અને લેડી એડન મારે ત્યાં જમવા આવે એ નાની વાત ન ગણાય. ભોજનની યાદીથી માંડી મીણબત્તી અને ફૂલોની સજાવટ, રંગ વગેરે બાબતોની મેં ચોકસાઈપૂર્વક યોજના કરી હતી. મહેમાનો આવી ગયા અને બે વાર પીણું આપ્યા પછી મેં ભોજનની તૈયારી કરવા બટલરને ઈશારો કર્યો. ઘણી રાહ જોયા પછી ત્રીજી વાર પણ જ્યારે પીણું આવ્યું ત્યારે મહેમાનોની માફી માગી હું રસોડા ભણી દોડી.

ત્યાંનું દૃશ્ય જોઈ હું આભી જ બની ગઈ. એક ખૂણામાં કામવાળી બાઈ ધ્રૂજતી ઊભી હતી, તો બીજી બાજુ એક નોકર ગભરાટમાં ઊભો રહી ગયો હતો. જમવાના ટેબલ પાસે રસોઈયો જમીન ઉપર પગથી તાલ દઈ કંઈક ગણગણી રહ્યો હતો. તેની આંખો લાલઘૂમ હતી અને કોઈ અનોખી સૃષ્ટિમાં વિહરતો હોય એવા એના રંગઢંગ હતા. પકાવ્યા વગરનું ચિકન ટેબલ પર જેમ તેમ પડ્યું હતું.

મારા ગુસ્સાનો પાર ન રહ્યો છતાં સ્વસ્થતા જાળવી પૂછ્યું: "હજી સુધી જમવાનું કેમ તૈયાર નથી?"

"તૈયાર જ છે ને ... મેમસા'બ ... બધુંય તૈયાર છે... બેસી જા... વ..... સૌ..... બેસી..... જા વ ....." રસોઈયાએ લલકારીને કહ્યું.

મારા રોષની સીમા ન રહી. જીભ પર શબ્દો આવી ગયા. : "ચાલ્યો જા! તને રજા આપવામાં આવે છે!" પરંતુ બાપુના જે શબ્દોએ મને અનેક વેળા સાંત્વન આપ્યું હતું ને અનિષ્ટમાંથી ઉગારી લીધી હતી તે નજર સામે તરી રહ્યા. ગુસ્સો કરવાથી મને પોતાને જ મોટું નુકસાન પહોંચશે એ ખ્યાલથી સભાન બની બોલી: "જે તૈયાર હોય તે ટેબલ પર મૂકો." સૌ જમવા બેઠાં. યાદી પ્રમાણે વાનગીઓ હતી નહિ, પરંતુ મહેમાનોને ખરી વસ્તુસ્થિતિ સમજાવી ત્યારે તેઓ આશ્ચર્યથી બોલી ઊઠ્યાં: "પીધેલી હાલતમાં આપનો રસોઈયો આટલું સરસ ભોજન બનાવી શકે છે તો અમસ્તો કેવું મજાનું બનાવતો હશે!"

રાહતની લાગણી અનુભવતી હું હસી પડી. એ હાસ્યમાં કદાચ કોઈને થોડી વિચિત્રતા પણ લાગી હશે. મારી જાતને હું સંભાળી શકી અને એક વાત એ પણ સમજાઈ કે ડિનર–પાર્ટી વગેરે ગમે તેટલાં આગત્યનાં હોય તો પણ એ આપણા જીવનમાં મુખ્ય વસ્તુ નથી.

દરેક પ્રસંગમાં ખામોશ રહેવું જેટલું જરૂરી છે તેટલું જ આપણા અંતરને ધિક્કારની લાગણીથી મુક્ત રાખવું પણ જરૂરી છે. આપણે ગમે ત્યાં હોઈએ અને ગમે તે ક્ષેત્રમાં કામ કરતા હોઈએ પણ મહાત્મા ગાંધીની આ શિખામણ સૌ કોઈએ ધ્યાનમાં લેવા જેવી અમૂલ્ય છે: "તમારી જાત સિવાય અન્ય કોઈ જ તમને નુકસાન કરી શકે તેમ નથી."

મૂળ અંગ્રેજી : **શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત**
અનુવાદક : **શારદાબેન બાબુભાઈ શાહ**

બા દ લ વા

મોહે બરસો રે બાદલવા !
મોહે જુગ- પિયાસા મનવા.....
મોરે અન્તર જલજો જલવા.....
મોહે બરસો રે બાદલવા !

જોરથી વરસો શોરથી વરસો,
વરસો મૂળશધાર,
જડતાનાં ઘન ઘોર મિટવવા,
વીજ જલો આકાશ–મોહે૦ ૧

ગનમંડલ પે મેઘ છવાયે,
જિગર મેં અન્ધકાર ;
બીજલીનૃત્યે મોહિની રૂપે,
બરસાવો અમીધાર, મોહે૦–૨

મેઘમંડલ મેં પડઘમ બાજે,
ક્રાન્તિ–રવ કૈં થાય;
વજ્રકડાકે હૈયે પ્રગટો,
કા'ન-ગોપી થૈકાર, મોહે૦– ૩

મોર હી બોલે, પપિહા હી બોલે,
જીવન મેં શૂન્યકાર;
કોકિલના કૂંજનથી પ્રગટો,
સર્જનનો કિલકાર. મોહે૦– ૪

આવો મોહન ! આવો રાધા !
ભગ્ન–સ્વપ્ન–મન્દિર;
ધરતીને ઉજિયારી કરવા,
ઊમટો સ્નેહ–સરિત.
પ્રગટો જીવન–ગીત. મોહે૦– ૫

મા. હરીશ વ્યાસ

સભર એકાંત

આપણે ઘોંઘાટમાં રહેવા ટેવાઈ ગયા છીએ. એટલે ઘોંઘાટ ન હોય ત્યારે પણ આપણે ઘોંઘાટનો ભાવ અનુભવતા હોઈએ છીએ. આપણું મન ઘોંઘાટથી એટલું બધું ટેવાઈ ગયું હોય છે કે ખરેખર શાંતિ હોય તો પણ શાંતિ લાગતી નથી. ઘોંઘાટની આદત આપણા ઉપર સવાર થઈ જાય છે.

ક્યાંક સાંભળેલું દૃષ્ટાંત યાદ આવે છે. આરબ દેશમાં ચારેક આરબો અગિયાર ઊંટો સાથે રણના લાંબા પ્રવાસે નીકળેલા. રણના પ્રવાસમાં સવારી માટે ઊંટ જેવું ઉપકારક બીજું કોઈ પ્રાણી નથી. ઉનાળાના ધગધગતા રણમાં ચાર આરબો દિવસભર પ્રવાસ કરે અને સાંજ પડે ત્યારે અગિયારેય ઊંટને ગળે દોરડા બાંધી તેને ખીલા વડે રણની જમીનમાં જડી દે, જેથી રાત્રે તે નાસી ન છૂટે. ઘણા દિવસ પછી, પ્રવાસ દરમ્યાન એક દોરડું અને ખીલો ક્યાંક સરી પડ્યાં. સાંજ પડી ત્યારે ખબર પડી કે દસ ઊંટને દોરડાથી બાંધી ખીલે જડી શકાશે, પણ અગિયારમા ઊંટને બાંધવા માટે દોરડું કે ખીલો રસ્તામાં ક્યાંક પડી ગયાં છે. ચારેય આરબ મુશ્કેલીમાં મુકાઈ ગયા. શું કરવું તેની પણ સૂઝ પડે નહીં. અગિયારમા ઊંટને છૂટું રાખે તો એ રાત્રે ક્યાંક છટકી જાય. એટલે થાક્યા-પાક્યા હોવા છતાં કોઈકે ઉજાગરો કરવો રહ્યો, કાં ઊંટને બાંધવા માટે કંઈક રસ્તો કરવો રહ્યો. તેમણે જ્યાં મુકામ કર્યો હતો તેથી થોડે દૂર એક ઝૂંપડી જેવું દેખાયું. એક વડીલ આરબને થયું કે લાવ, ઝૂંપડીએ તપાસ તો કરવા દે. કદાચ ત્યાંથી દોરડું અને ખીલો મળી જાય. આરબ ઝૂંપડીએ પહોંચ્યો ત્યારે ખબર પડી કે ત્યાં એક ફકીર રહે છે. આરબે પોતાની મુશ્કેલી તેની આગળ રજૂ કરી. ફકીરે કહ્યું કે ભાઈ, મારી પાસે દોરડું, ખીલો કે બીજું કોઈ સાધન નથી, જેથી તમે ઊંટને કબજે રાખી શકો. પણ તમને ભરોસો પડતો હોય તો એક ઉપાય બતાવું. આરબને તો ઊંટ રાત્રે ક્યાંય છટકી ન જાય તેમાં રસ હતો. એટલે તેણે ફકીરને ઉપાય બતાવવા વિનતિ કરી. ફકીરે કહ્યું કે દસેય ઊંટને દોરડા બાંધ્યા પછી અને દોરડાને ખીલા સાથે બાંધી ભોંયે જડ્યા પછી અગિયારમા ઊંટ પાસે જવું અને તેને પણ ગળે દોરડું બાંધતા હો તેમ હાથ ફેરવવો અમે તે દોરડાને ખીલા સાથે બાંધી જમીનમાં જડી દેતા હો તેવી ઉપલક ક્રિયા કરવી. પછી જોજો, સવારે શું થાય છે. આરબના મનમાં ઉપાય બરાબર બેઠો નહીં, પણ બીજો કોઈ રસ્તો નહોતો એટલે આ ઉપાય અજમાવ્યા વિના છૂટકો નહોતો. તેણે પાછા જઈ અન્ય આરબોને ફકીરે બતાવેલો ઉપાય કહ્યો, અને ફકીરના કહેવા મુજબ દસ ઊંટને બરાબર બાંધી અગિયારમા ઊંટને પણ દોરડે બાંધી દોરડાને ખીલા સાથે જમીનમાં જડતા હોય તેવો આબેહૂબ દેખાવ કર્યો. પછી ભોજન ઈત્યાદિમાંથી પરવારી થાક્યાપાક્યા સૂઈ ગયા. સવારે ઊઠે તો અગિયારેય ઊંટ સલામત. દસ ઊંટ જે રીતે ડોક રાખીને બેઠા હતા, બરાબર તે જ રીતે અગિયારમું ઊંટ પણ બેઠું હતું. ફકીરનો ઉપાય કામિયાબ નીવડ્યો તેથી આરબો ખુશ થયા, અને ખરેખર દોરડું બાંધ્યું નહોતું છતાં ઊંટ રાત્રે કેમ ભાગી ન છૂટ્યું તે અંગે ફકીરને પૂછવા માટે સવારમાં બે આરબો ગયા. ફકીરે જવાબમાં કહ્યું કે ઘણા દિવસથી એ ઊંટ દોરડાથી અને દોરડાને ખીલા સાથે બાંધી જમીનમાં જડી દેવામાં આવે છે તે ક્રિયાથી ટેવાઈ ગયું હતું. એ ટેવ એટલી ઘાટી થઈ ગઈ હતી કે તમે દોરડું બાંધતા હો તેમ એને ગળે હાથ ફેરવો અને જમીનમાં ખીલો જડતા હો એવી ક્રિયા કરો એટલે એ ખરેખર ઓમ જ માનીને ચાલે કે એને ગળે દોરડું છે અને તે ખીલા સાથે બાંધવામાં આવેલું છે.

આદતનું જોર કેટલું જબરું હોય છે તેનો વિચાર કરતાં શ્રેણિક રાજા વિશે ક્યાંક વાંચેલું યાદ આવે છે. પોતાના રાજ્યમાં કોઈ પણ

હિંસા ન કરે એવું રાજા ઇચ્છતા હતા. એમનો પ્રધાન ઘણો બુદ્ધિશાળી અને માનવસ્વભાવનો પારખુ હતો. તેણે રાજાને કહ્યું કે રાજ્યમાં અહિંસા વ્યાપક બને તે પ્રમાણે પ્રયાસ કરવા જ જોઈએ. પણ માણસના મનને તદ્દન અહિંસક બનાવી દેવું મુશ્કેલ અને કંઈક અંશે અશક્ય છે. જેને મારવાની જ આદત પડી ગઈ છે તેને તમે સ્થૂળ રીતે હિંસા કરતા કદાચ અટકાવી શકશો, કારણ કે તમે રણીધણી છો, પણ સૂક્ષ્મ હિંસા કરતાં તમે નહીં અટકાવી શકો. રાજાના મનમાં પ્રધાનની વાત બરાબર બેઠી નહીં. પોતાની વાતનું સમર્થન કરવા પ્રધાને નગરના ખાટકીને તત્કાળ અહિંસક બનાવવો મુશ્કેલ છે એવી રાજા પાસે રજૂઆત કરી. રાજાને ખાટકીને અહિંસક બનાવવાની મુશ્કેલી ન લાગી. તેણે પસાયતાઓને હુકમ કર્યો કે ખાટકીને પગે દોરડા બાંધીને કૂવામાં ઊંધો લટકાવવો, અને હાથથી પાણી પી શકે એટલો એને પાણીથી ઊંચે રાખવો, એવો હુકમ કર્યો. પસાયતાઓએ તો રાજાની આજ્ઞા મુજબ તેને કૂવામાં અદ્ધર લટકાવ્યો. ચોવીસ કલાક થયા એટલે તેને પોતાની પાસે પાછો લાવવાનો રાજાએ હુકમ કર્યો. પ્રધાનને પણ પોતાની પાસે હાજર રાખ્યા. ખાટકી હાજર થયો એટલે રાજાએ પ્રધાનને કહ્યું કે આ માણસે ચોવીસ કલાકમાં બિલકુલ હિંસા કરી નથી. માણસને એના વાતાવરણમાંથી બહાર રાખવામાં આવે તો એ એના દોષમાંથી મુક્ત થઈ જાય છે.

પ્રધાને રાજાની વાત ધ્યાનપૂર્વક સાંભળી લીધી. પછી પોતે ખાટકી સાથે થોડી વાતચીત કરી શકે તે માટે રાજાની અનુમતિ માગી. રાજાની સંમતિ મળતાં તેણે ખાટકીને પ્રશ્ન પૂછ્યો કે એને કૂવામાં ઊંધો લટકાવ્યો તે દરમિયાન એ શું કરતો હતો. ખાટકીએ હાથ જોડી જવાબ આપ્યો: 'માવતર, કૂવામાં અદ્ધર લટકતાં લટકતાં તો શું કામ થઈ શકે? એટલે હું તો ખૂબ અકળાતો હતો અને કયારે મને કૂવામાંથી બહાર કાઢે તેની રાહ જોતો હતો.' પ્રધાને એને ફરીથી પ્રશ્ન પૂછ્યો: 'તારી વાત સાચી છે. માણસ કૂવામાં અદ્ધર લટકતો હોય અને પાસે કંઈ સાધન-હથિયાર ન હોય એટલે કામ કરવું તો મુશ્કેલ. છતાં તું ચોવીસેય કલાક કાંઈ જ નહોતો કરતો, માત્ર લટકી જ રહ્યો હતો?' પ્રધાને બીજી વાર એનો એ પ્રશ્ન પૂછ્યો એટલે ખાટકી વિચારમાં પડી ગયો. તે વિચારવા લાગ્યો. વિચાર કરતાં એને યાદ આવ્યું કે પોતે તદ્દન લટકી તો નહોતો રહ્યો. તે અવારનવાર પાણીમાં ઘેટાં, બકરાં વગેરેની આકૃતિઓ દોરતો હતો અને જાણે છરાથી એમનાં ગળાં કાપતો હોય તેમ એ પાણીમાં જોરથી હથેળીની કાતર મારતો હતો. જાણે પોતે ઘેટાં કે બકરાંને વધેરી નાખ્યાં છે અને પાણીની છોળોને બદલે લોહીની છોળો ઊડે છે એમ માની રાજી રાજી થઈ જતો. ખાટકીએ પ્રધાનને ઉપર મુજબની પરિસ્થિતિ જણાવી અને કહ્યું: 'માબાપ, આવું ન કરું તો મારો દા'ડો શી રીતે જાય.' રાજા ચતુર હતો. ગમે તેટલાં નિયમનો મૂકવાથી આદતનું જોર તત્કાળ જતું નથી એ તેને સમજાઈ ગયું.

દોરડાની અને ખીલાની હાજરી ન હોવા છતાં આદતના જોરે ઊંટ એ બંનેની હાજરી અનુભવતું હતું; ઘેટાં-બકરાંની હાજરી ન હોવા છતાં ખાટકી તેમની હાજરી છે એમ માનીને તેમને કાપતો હતો. તેમ ઘોંઘાટથી ટેવાઈ ગયેલું મન તેનો અભાવ છતાં તેની સતત હાજરી છે એમ માનીને અકળાય છે. એટલે મનને એકાન્ત પ્રાપ્ત થયું હોય તો પણ તે જલદી ઘોંઘાટમાંથી બહાર નીકળી શકતું નથી. ઘોંઘાટના અભાવનો તેને ખ્યાલ આવે છે ત્યારે પણ તે એકાન્ત અનુભવવાને બદલે એકલતા અનુભવવા માંડે છે. એકાન્તમાં એકલતાને ઓગાળી નાખવાની મોટામાં મોટી તક મળે છે તે પણ એ ભૂલી જાય છે.

વ્યવહારની અને અન્ય ધમાલોથી કંટાળી કેટલીક વ્યક્તિઓ એકાન્તની શોધમાં હરદ્વાર, હૃષીકેશ, દેવપ્રયાગ, રુદ્રપ્રયાગ, નંદપ્રયાગ ઈત્યાદિ સ્થળોએ જાય છે. ધીમે ધીમે ત્યાં પણ એને માણસોની અવરજવર એટલી બધી લાગે છે કે જોશીમઠ કે બદરીની આગળ કોઈ એકાન્ત સ્થાન શોધવા તે ઝંખે છે.

એકાન્ત એ બાહ્ય પરિસ્થિતિનો જેટલો વિષય નથી તેટલો મનનો વિષય છે. તે તેના ખ્યાલ બહાર રહી જાય છે. જીવનની સાધનાની શરૂઆતમાં સ્વામી રામતીર્થ અંગે આ વાતને સમર્થન આપતો પ્રસંગ સાંભળ્યાનું યાદ આવે છે. રામતીર્થ શરૂશરૂમાં તપશ્ચર્યા કરવા જંગલમાં ગયા ત્યારે એવા ખ્યાલથી ગયેલા કે ત્યાં સંપૂર્ણ શાંતિ મળશે અને ઈશ્વરમાં ધ્યાન એકાગ્ર કરી શકાશે. તેઓ નદીકાંઠે એક વિશાળ વૃક્ષ નીચે ઈશ્વર-સ્મરણ કરવા બેઠા. સંધ્યાનો સમય થવા આવ્યો ત્યાં તો પંખીઓના કલરવથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઊઠ્યું. એ જ પરિસ્થિતિ પ્રાતઃકાળે. દિવસ દરમિયાન પણ પશુ-પંખીઓની અવરજવર અને અવાજ ચાલુ રહ્યાં. એમને થયું અહીં પણ જોઈએ તેવી શાંતિ નથી. જ્યાં નીરવ શાંતિ હોય એવા સ્થળે જઉં તો ધ્યાનમાં ખલેલ ન પડે. એવો વિચાર આવતાં તેઓ હિમાલય તરફ ચાલવા માંડ્યા. રસ્તામાં અનેક સ્થળે શાંતિની તલાશમાં રોકાયા. પણ નીરવ શાંતિ ન મળી. છેવટે હિમાલયમાં પહોંચ્યા ત્યારે તેમને થયું કે શાંતિનું નિવાસસ્થાન હવે મળી ગયું. હાશ કરીને એક વૃક્ષ નીચે તેઓ બેઠા. થોડી વારમાં તો વાદળો ઊમટ્યાં. ગડગડાટ શરૂ થયો; વીજળીના કડાકા-ભડાકાથી આખું વાતાવરણ ભરાઈ ગયું. ટપોટપ મોટા કરા પડવા માંડ્યા. પણ પરમાત્માને પામવાની એમની ઝંખના એટલી પ્રબળ હતી કે સંકલ્પબળે તેઓ બાહ્ય અશાંતિમાંથી આખરે એકાન્તમાં ચાલ્યા ગયા.

બાહ્ય દુનિયામાંથી પોતાની વૃત્તિઓ સંકેલાઈ જાય અને તે પરમાત્મામાં પૂરેપૂરી એકાગ્ર થઈ જાય તેની એક શિષ્યને ભારે લગની હતી. એને એકાન્તનો મહિમા સમજવો હતો. એને કંઈ સૂઝ પડતી નહોતી. એ મૂંઝાતો હતો. એણે ગુરુની સલાહ લેવાનો વિચાર કર્યો.

તેણે એક દિવસ ગુરુને પૂછ્યું: 'ગુરુદેવ, તમે મને એકાંતનો મહિમા સમજાવશો? હું ઘણી વાર એકાન્તમાં બેસી ધ્યાન-સાધના કરું છું, પણ મારું મન લાગતું નથી.'

ગુરુએ કશો ઉત્તર ન આપ્યો.

શિષ્યે બીજી વાર એ જ પ્રશ્ન પૂછ્યો. ગુરુએ તેને સામા પ્રશ્નો પૂછ્યા:

'તું આ સામે વહે છે એ નદી જુએ છે?'

'હા', શિષ્યે કહ્યું.

'તેં પેલા પર્વતની પાર રહેલા રણને જોયું છે?'

'હા, ગુરુદેવ.'

પછી ગુરુ ચૂપ થઈ ગયા. ગુરુએ શા માટે સામા પ્રશ્નો કર્યા તેની શિષ્યને સમજ પડી નહીં. એટલે તેણે પોતાના એક અનુભવી અને અભ્યાસી ગુરુભાઈ પાસે જઈ ફરિયાદ કરી: 'ગુરુએ મને મારા પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે સામા સવાલો પૂછ્યા'. શિષ્યે ગુરુભાઈને પોતાના પ્રશ્નો અને ગુરુએ પ્રત્યુત્તરમાં પૂછેલા પ્રશ્નો કહી સંભળાવ્યા.

ગુરુભાઈએ કહ્યું: 'અરે સખા, ગુરુના પ્રશ્નમાં જ ઉત્તરનો સમાવેશ થઈ જાય છે. તને એ ન સમજાયું?'

'શું?' શિષ્યે વિસ્મયથી પૂછ્યું.

'ગુરુએ નદીનું એકાન્ત અને રણનું એકાન્ત એમ બંને તને દેખાડ્યાં. નદીના એકાન્તમાં જળની સભરતા છે. રણના એકાંતમાં જીવનના જળનો અભાવ હોવાને કારણે શૂન્યતા છે. તમે સાધના માટે એકાન્ત પસંદ કરો ત્યારે નદી જેવું સભર હોવું જોઈએ, રણ જેવું ખાલી નહીં.'

કાંતિલાલ કાલાણી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ ઑગસ્ટ ૧, ૧૯૭૨ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

કારુણ્ય – આસકિત છોડવા વિશે વિનોબાજીનું મંતવ્ય

આ શીર્ષકથી 'ભૂમિપુત્ર'ના તા. ૬-૭-'૭૨ના અંકમાં વિનોબાજીનો સહરસાના સાથીઓ સાથેનો વાર્તાલાપ પ્રકટ થયો છે, જે અહીં આપવામાં આવે છે. વિનોબાજીએ જે કહ્યું છે તે મનનીય છે, ખાસ કરી ગાંધીજી વિષે તેમણે જે કહ્યું છે તેના સંદર્ભમાં, ગાંધીજી અને વિનોબાજીની જીવનદૃષ્ટિમાં શું અંતર છે તે સમજવા માટે.

વિનોબાજીએ કહ્યું છે કે મોટા લોકો માટે કારુણ્ય–આસકિત છોડવાનું મુશ્કેલ છે. સમાજસેવાનું કામ કરતા લોકો કલ્યાણનું ઢીંકણાનું શું થશે, તે વિચારતા રહે છે. આ છે કારુણ્ય–આસકિત, જે મોટામોટાઓને પણ ઘેરતી રહી છે, જેમાં ગાંધીજી પણ અપવાદ ના રહ્યા. છેલ્લાં ૪-૫ વર્ષમાં ગાંધીજીએ કારુણ્ય–આસકિત છોડી હોત, તો તેમના અવસાન પછી તેમના એક નંબરના શિષ્યો પણ પરસ્પર વિરોધી થઈ ગયા તે ન થાત, કારણ કે દરેક બાપુને પૂછી કામ કરતા હતા અને એકમતે કામ કરવાની ટેવ પડી ન હતી. કારુણ્ય–આસકિત છોડીને ગાંધીજીએ કહ્યું હોત કે તમે બધા એકમત થઈ કામ કરો. તો શું થાત? ગાંધીજીની આટલી ટીકા કર્યા પછી વાળી લે છે કે ગાંધીજી અવતારી પુરુષ હતા. વિનોબાજી કહે છે કારુણ્ય–આસકિત છોડવાનું બહુ કઠણ છે; હું જરા કઠોર થઈ ગયો છું. કારુણ્ય–આસકિત કાપી રહ્યો છું. કેવી રીતે પોતે કરી રહ્યા છે તે સામ્યસૂત્રવૃત્તિનો ઉલ્લેખ કરી સમજાવે છે.

એમ લાગે છે કે 'ભૂમિપુત્ર'માં વાર્તાલાપનો સાર આપવામાં આવ્યો છે. જેણે તે તૈયાર કર્યો હોય તેણે વિનોબાજીનું કથન પૂરું ઝીલ્યું છે કે નહિ તે કહેવું મુશ્કેલ છે. પણ તેનો મુખ્ય ધ્વનિ સ્પષ્ટ છે.

વિનોબાજીએ કારુણ્ય શબ્દ શા અર્થમાં વાપર્યો છે તે કહેવું થોડું અઘરું છે. પણ તેમનું કથન ગીતાના શ્લોકની યાદ આપે છે: यः सर्वत्रानभिस्नेहस्त तत् तत् प्राप्य शुभाशुभम् । અનભિસ્નેહ: સ્નેહરહિત થવું. સ્નેહ શબ્દનો સામાન્ય અર્થ અહીં અભિપ્રેત નથી. પણ આસકિત અથવા રાગના અર્થમાં સ્નેહ શબ્દ વપરાયો છે. શુભ, અશુભ જે કાંઈ પ્રાપ્ત થાય તેમાં આસકિત અથવા રાગરહિત થવું. પણ વિનોબાજી આથી પણ કાંઈક વિશેષ કહેવા માગતા હોય તેમ લાગે છે. એમણે કહ્યું છે, હું જરા કઠોર થઈ ગયો છું, કારુણ્ય–આસકિત કાપી રહ્યો છું. કારુણ્ય–આસકિત કાપવા જતાં કઠોર શા માટે થવું પડે? વિશેષમાં તેમણે કહ્યું છે ૭૦ થી મોટા હોય તે આશીર્વાદ આપે, પૂછવા આવે ત્યારે માર્ગદર્શન આપે, બાકી બધું કામ જુવાનોને સોંપી દે. આ કહેવામાં સાંસારિક પ્રવૃત્તિઓથી નિવૃત્ત થવાનો ભાવ છે. ગીતામાં અનાસકિત છે પણ કર્મયોગ છે, નિવૃત્તિ નથી. કારુણ્ય કાપવામાં કઠોરતા છે. કારણ કે સંસારનું શું થાય છે તેનો વિચાર પણ છોડી દે છે. કર્મયોગમાં આસકિત અથવા રાગ છૂટે, છોડવાં રહ્યાં પણ કરુણા ન છૂટે, છોડાય નહિ.

વિનોબાજી જ્ઞાની અને સંતપુરુષ છે, નૈષ્ઠિક બ્રહ્મચારી છે. ઉપનિષદો, ગીતા, મહારાષ્ટ્રીય સંતસાહિત્ય વગેરેના ઊંડા અભ્યાસી છે. પણ મારા મનથી એ છાપ છે કે તેમની વૃત્તિ કર્મયોગી કરતાં સંન્યાસીની વધારે છે. ગાંધીજીનો યોગ થયો ન હોત તો સંન્યાસી થયા હોત. ગાંધીજીના અવસાન પછી ભૂદાનપ્રવૃત્તિ શરૂ કરી પણ તેમાં ઊણપ રહી તેનું કારણ વ્યવસ્થાશકિતનો અભાવ. વિનોબાજીએ કહ્યું છે કે પોતે તો વિચાર આપે છે, તેનો અમલ કરવો બીજાનું કામ છે. આ એક બચાવ છે. ગાંધીજી આવું ન કહેત. પોતાને જે વિચાર આવ્યો હોય તેનો પહેલાં અમલ કરે, તેની વ્યવસ્થા કરે, વ્યવહારુ છે તેની ખાતરી કરે અને પછી બીજાને જોડે. વિનોબાજી કહે છે તેઓ હવે સૂક્ષ્મ અને સૂક્ષ્મતરમાં પ્રવેશ કરી રહ્યા છે. આ નિવૃત્તિની ભાષા છે. વિનોબાજી જ્ઞાની છે, દ્રષ્ટા છે, ભાષામાં પ્રસાદ છે, મૌલિકતા છે. તેમની પાસેથી જેટલું મેળવાય તેટલું મેળવવું. પણ તેમની અત્યારની અવસ્થા અને માનસિક વલણ ધ્યાનમાં રાખવાં જોઈએ. આપણે કેટલીક વખત મહાપુરુષોને અન્યાય કરતા હોઈએ છીએ. કુતૂહલથી અથવા પોતે સાચા જિજ્ઞાસુ છે એવો દેખાવ કરવા ભાતભાતના સવાલ પૂછીએ છીએ. વિનોબાજીની ચેમ્બર પ્રેકિટસ બનાવી દીધી છે. તેમના જવાબો કેટલીક વખત અધૂરા હોય છે, મિતભાષી હોય છે, કોઈ વખત વિનોદ હોય છે, તે બધાને બાબાવાકય બનાવી ભુલામણમાં પડીએ છીએ. ગાંધીજી વિષે વિનોબાજીએ જે કહ્યું કે બધું ગાંધીજીને પૂછીને થતું તેવું જ કાંઈક વિનોબાજી વિષે થઈ રહ્યું છે. સ્વતંત્ર વિચારની જરૂર છે.

ગાંધીજી ક્રાન્તિકારી પુરુષ હતા, તેમને સમાજનું પામામાંથી પરિવર્તન કરવું હતું, કર્મયોગી હતા. આવા પુરુષમાં આગ્રહ હોય તે સ્વાભાવિક છે. ગાંધીજીએ તેને સત્યાગ્રહ કહ્યો. ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે કહ્યું છે કે ગાંધીજીમાં ઊંડો આગ્રહ (Vehemence) હતો, જે કેટલીક વખત સામાને પૂરો ન્યાય કરવાની તેમની ઈચ્છા હોવા છતાં, બળજબરીનું રૂપ લેતો. તેમના ઉપવાસથી હમેશ હૃદયપરિવર્તન થતું તેમ નથી.

બ્રિટિશ સરકારે કેટલીક વખત ઉપવાસમાં નમતું મૂકયું કારણ કે ગાંધીજીના મૃત્યુનાં ગંભીર પરિણામોથી તેને બચવું હતું. બીજાઓએ નમતું મૂકયું, હિન્દુ કે મુસ્લિમ, મિલમાલેક કે વીરાવાળાઓ, કારણ કે ગાંધીજીનું મૃત્યુ તેમને માટે અકલ્પ્ય આઘાત હતો. કર્મયોગી સંપૂર્ણપણે અનાસકત કે વીતરાગી થઈ શકે કે નહિ તે જ્ઞાની પુરુષો જાણે. તેથી આસકિત કે રાગદ્વેષના પ્રસંગો ન આવે તે માટે કદાચ સંન્યાસની કલ્પના છે. સંન્યાસી કેટલેક દરજજે કઠોર થાય છે, કારણ કે તેમાં સંસારી જીવોના દુ:ખ પ્રત્યે ઉપેક્ષા છે. કાંઈક આધ્યાત્મિક સ્વાર્થ લાગે. ગાંધીજી માટે સાંસારિક પ્રવૃત્તિઓથી નિવૃત્ત થવાની કલ્પના અશકય હતી.

કોઈ વ્યકિત કયો માર્ગ સ્વીકારશે તે તેની પ્રકૃતિ અને સંજોગો ઉપર આધાર રાખે છે. શ્રીમદ્ રાજચંદ્રને કોઈએ પૂછેલું કે તેઓ સમાજસેવા અથવા સામાજિક સુધારણાનાં કામો કેમ હાથ ધરતા નથી? તેમણે લાક્ષણિક જવાબ આપ્યો હતો કે મારું હાડ ગરીબ છે.

કાંઈક આસકિત કે રાગ વિના સાંસારિક પ્રવૃત્તિ શકય છે? તેને વેગ આપી શકાય? આ આસકિત અથવા રાગ સાત્ત્વિક અને નિ:સ્વાર્થ હોય. છતાં તેમાં પોતાના ધારવા પ્રમાણે ન થાય તો ક્રોધ કે ઉત્તેજનાને અવકાશ રહે છે. એમ કહેવાય કે દેહ છે ત્યાં સુધી આવી સ્થિતિ થોડે અંશે તો રહેવાની જ. એને જેટલી ઓછી કરી શકાય તેટલી કરવી.

૨૩-૭-'૭૨ –ચીમનલાલ ચકુભાઈ

કારુણ્ય આસકિત પણ છોડીએ

શાસ્ત્રમાં સાત લોકની વાત આવે છે. ભૂર્ ભુવ: સ્વ: મહ: જન: તપ: સત્યમ્ — આ સાત લોક છે તે ચિંતનના સ્તર છે. ભૂલોકમાં ચિંતન થશે. પછી પ્રાણાયામ આદિ થશે તો ભુવ: લોકમાં ચિંતન થશે. પછી સ્વર્ગલોકમાં ચિંતન થશે . પછી ચિંતનશકિતથી મનની ઉપર જવું છે યાને મહ: લોકમાં જવું છે. છેવટે સત્યલોકમાં જવું છે. નીચેની ભૂમિકા છોડ્યા વગર ઉપરનું દર્શન નથી થતું.

તેથી એક ઉંમર પછી ઉપરના દર્શન માટે નીચેનો સ્તર છોડવો જોઈએ. અત્યાર લગી જે સ્તર પર રહ્યા, એ જ સ્તર પર ચિંતન કરવાની આદત પડી ગઈ, એ જ સ્તર પર રહેશો તો બુદ્ધિ-વિકાસ નહીં થાય. ઉપરના સ્તર પર ચડવાથી બુદ્ધિવિકાસ થાય છે.

જુવાનોને લાગે છે કે આ ડોસા અડંગો લગાવીને બેઠા છે ! માટે છોડવું જ ઠીક છે. જુવાનો આગળ આવશે. માટે ૭૦ થી મોટા હોય તે આશીર્વાદ આપે, પૂછવા આવે ત્યારે માર્ગદર્શન આપે, બાકી કામ બધું જુવાનોને સોંપી દે. જુવાનો સર્વસંમતિથી કામ કરશે.

આપણા મોટા લોકો માટે કારુણ્યાસકિત છોડવાનું મુશ્કેલ છે. તરુણોની તારુણ્યાસકિત હોય છે ને ઘરડાઓની કારુણ્યાસકિત. કુટુંબ-વાળાઓની કરુણા, મારા દીકરાનું, મારા દીકરાના દીકરાનું, મારા ભાણાનું શું થશે ? કુટુંબકબીલામાં ફસાયેલાઓને આની ચિંતા હોય છે. સમાજસેવાનું કામ કરતા લોકોને અનેક લોકો સાથે સંબંધ હોય છે, તો કલ્યાણનું શું થશે, ઢીંકણાનું શું થશે, એમ વિચારતા રહે છે. આ છે કારુણ્ય- આસકિત. જે મોટામોટાઓને પણ ઘેરતી રહી છે, જેમાં ગાંધીજી પણ અપવાદ ના રહ્યા. જો આખરનાં ૪-૫ વરસમાં તેમણે કારુણ્ય- આસકિત છોડીને પોતાના સાથીઓને કહ્યું હોત કે તમે બધા એકમતે કાર્યક્રમ ઘડો તો એકમત કેળવવાની લોકોને આદત પડત. ને ગાંધીજીની હયાતીમાં કંઈ થાત. પણ તેમ ન થયું. દરેક બાપુને પૂછીને કામ કરતા રહેતા. પરિણામે બાપુના ગયા કેડે એમના એક નંબરના શિષ્યો પણ પરસ્પર વિરોધી થઈ ગયા. થોડોઘણો મતભેદ હોય તે સમજી શકાય, પણ એમનાં જે ૫-૬ મુખ્ય શિષ્યો હતા તે એવા તો પરસ્પર વિરોધી થઈ ગયા કે નેહરુનો અભિપ્રાય એવો કે રાજાજી પાછળ જશો તો દેશ બરબાદ થશે અને રાજાજીનો મત એવો કે નેહરુ પાછળ જવાથી દેશ બરબાદ થશે. કારુણ્ય—આસકિત છોડીને ગાંધી-જીએ કહ્યું હોત કે તમે બધા એકમત થઈને કામ કરો. તો શું થાત? પૂંણ ગાંધીજી અવતારી પુરુષ હતા. એમની વાત કોણ જાણી શકે ? 'હે રામ' એ એક જ ચીજથી તેમણે બધું સાધી લીધું. ત્યારે તેમની કારુણ્ય - આસકિત હોત અને ' હે ભારત દેશ ' કહેત તો શું થાત ? તુલસીદાસ કહે છે— જનમ જનમ મુનિ જતન કરાહી, અંત રામ કહુ આવત નાહીં. અંત સમયે તેમણે 'રામ' કહ્યું માટે બધું સાધ્યું.

કારુણ્યાસકિત છોડવાનું બહુ કઠણ છે. હું જરા કઠોર થઈ ગયો છું. કારુણ્ય-આસકિત કાપી રહ્યો છું. 'સામ્યસૂત્ર-વૃત્તિમાં એ વિશે એક સૂત્ર છે—" सत्त्वं जयेत् सावधानः' સત્ત્વગુણને જીતવાનો, એનાથી પર થવાનો મામલો કઠણ છે. માટે 'સાવધાન'. શી રીતે એને જીતશો ? નંબર એક, 'सातत्येन'. સતત સત્ત્વગુણ રહેવો જોઈએ. રજોગુણ કે તમોગુણને અવકાશ નહીં મળવો જોઈએ. સાતત્યથી સત્ત્વગુણ સંભવે છે અને 'निरहंकारेण' —અહંકાર છોડવો જોઈએ. હું સત્ત્વગુણી છું, હું અક્કલવાળો છું એવો ભેદ આવી શકે છે. માટે નિરહંકાર થવું આવશ્યક છે. પછી 'कारुण्यासकित वर्जनेन.' કારુણ્યાસકિત છોડવી છે. પછી 'कीर्ति - परिहारेण.' કીર્તિ હશે તેય છોડવી જોઈશે. કીર્તિ કેમ છોડવી એ કઠણ સવાલ છે. એનો પરિહાર થવો જોઈએ. છેવટે લખ્યું 'अंतिम फलत्यागेन.' અંતિમ ફળ યાને મુકિત, એનોય ત્યાગ. આટલું કરવાથી સત્ત્વ પર વિજય હાંસલ થાય છે.

મુખ્ય વાત, હું કહેવા ચાહતો હતો તે 'કારુણ્યાસકિત વર્જનેન'. ભગવાન કૃષ્ણે અંત સમયે તે કરી બતાવ્યું. શેકસપિયરે લખ્યું છે કે 'આજે જે મિત્ર પર હું ગુસ્સે થયો, તે સાંજે મરવાનો હતો, એવી મને ખાતરી હોત તો હું તેના પર ગુસ્સે થાત? આપણે સમજવું જોઈએ કે આજે આપણા સાથીઓ છે, આપણે પણ છીએ, પણ કાલે હોઈશું કે નહીં તેની ખબર નથી. મરણનું સતત સ્મરણ રાખીને જીવવાથી કદી કલેશ નહીં થાય. આ દિવસ આપણો કે તેમનો પણ આખરી દિવસ હોઈ શકે છે, માટે સ્નેહ રાખીને જીવવું જોઈએ.

વિનોબા

પવનાર : તા. ૩૦-૪-'૭૨

સહરસાના સાથીઓ સાથે

પ્રકીર્ણ નોંધ

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક વિષે ઘણું લખાયું છે. મને અંગત પરિચય ન હતો. તેમની આત્મકથાના પાંચ ભાગ જોઈ ગયો છું. મારા મન ઉપર જે છાપ છે તે સંક્ષેપમાં જણાવું છું. શ્રી ઈન્દુલાલનું એક પ્રધાન લક્ષણ ગરીબો પ્રત્યેની ઊંડી હમદર્દી અને સમાજસેવાની તીવ્ર ભાવના. બીજું લક્ષણ, ફકીરી અથવા લાપરવાહી. સાચા અર્થમાં Vagabond. જે મળ્યું તેથી ચલાવી લેવું, ખૂબ હાડમારીઓ વેઠવાની તૈયારી. ત્રીજું લક્ષણ, અસ્થિરતા. ક્યાંય ઠરીને ઠામ થઈ ન શકે. આ કારણે તેમનું જીવન વેરવિખેર રહ્યું. ઘણી દિશામાં પ્રવૃત્તિઓ કરી પણ તેમની શકિતનો જેટલો ઉપયોગ થવો જોઈએ અને લાભ મળવો જોઈએ તે ન મળ્યો. સાહિત્ય કે પત્રકારત્વમાં જ રહ્યા હોત તો કેટલો મોટો ફાળો આપ્યો હોત. ગાંધીજી પ્રત્યે ખૂબ આકર્ષણ છતાં ગાંધીભકત કે ગાંધીજીના અનુયાયી થઈ ન શકયા. તેથી જ સરદાર અને ઈન્દુલાલ વચ્ચે સંઘર્ષ થયો ત્યારે, જાહેર જીવનમાં ઈન્દુલાલનું તે સમયે નિશ્ચિત સ્થાન હોવા છતાં, માણસના ઊંડા પારખુ ગાંધીજીએ સરદારની પસંદગી કરી. દેશપ્રેમને લીધે ઈન્દુલાલે આઝાદીની લડતમાં ઝંપલાવ્યું પણ પોતાની ચોક્કસ દિશા નક્કી કરી ન શકયા. છેવટ મહાગુજરાતની લડતથી છેલ્લાં પંદર વર્ષ તેમને ગુજરાતમાં હોવું જોઈતું હતું તેવું માનભર્યું સ્થાન મળ્યું. પરિણામે લોકસભાની ચૂંટણીમાં શ્રી ઇંદુભાઈ દેસાઈ અને શ્રી વસાવડા જેવા પીઢ મજૂર-નેતાઓને હરાવી સતત ૧૫ વર્ષ લોકસભાના સભ્ય રહ્યા અને ઈન્દુચાચા અમદાવાદ અને ગુજરાતમાં લોકપ્રિય થયા. પોતાની જે કાંઈ મિલકત છે, પુસ્તકોની રૉયલ્ટી, લગભગ રૂા. ૧૭૦૦૦ની રોકડ રકમ અને પરચૂરણ ચીજવસ્તુ એ બધી, શ્રી યાજ્ઞિકે વીલથી ગરીબોની સેવા માટે તેમણે રચેલ મહાગુજરાત સેવા ટ્રસ્ટને અર્પણ કરી છે તે તેમના સમગ્ર જીવનને અનુરૂપ છે.

પ્રજાના પ્રતિનિધિઓ

પાર્લામેન્ટ કે ધારાસભામાં પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટાય તેવી વ્યકિતઓનું વર્તન પ્રમાણિક અને શંકાથી પર રહેવું જોઈએ એ ઘણી વખત કહેવાયું છે અને સ્વીકારવામાં આવ્યું છે. પણ એથી વિપરીત અનુભવો આપણને થતા રહ્યા છે. આ સંબંધમાં થોડા દિવસ પહેલાં ઈંગ્લાંડમાં એક બનાવ બન્યો તે નોંધ-પાત્ર છે. રેજિનાલ્ડ મોડલિંગ કન્ઝર્વેટિવ પક્ષના આગેવાન સભ્ય છે અને કોઈક વખત વડા પ્રધાન થાય એવી શકયતા માનવામાં આવતી. વર્તમાનમાં બ્રિટિશ પ્રધાનમંડળમાં ગૃહમંત્રીના સ્થાને હતા. તે પહેલાં નાણામંત્રી હતા. તેમને હમણાં રાજીનામું આપવું પડ્યું. તેમનો પક્ષ સત્તા પર ન હતો ત્યારે પૉલસન નામના એક આર્કિટેક્ટની કેટલીક કંપનીઓમાં તેઓ પ્રમુખ હતા. પૉલસનનો વ્યવસાય ખૂબ વ્યાપક અને આખા યુરોપમાં ફેલાયેલો હતો. કંપ-નીના ચેરમેન તરીકે મોડલિંગ કાંઈ વેતન લેતા ન હતા. પણ તેમના કહેવાથી, આવી એક કંપનીમાંથી ૨૨,૦૦૦ પાઉન્ડ એક થિયેટર ટ્રસ્ટ, જેમાં મોડલિંગનાં પત્નીને રસ હતો તેને આપવામાં આવ્યા

હતા. પોલસન નાદાર થયો અને તેની નાદારીની તપાસમાં આ હકીકત બહાર આવી. મોડલિંગ ઉપરાંત બીજા કેટલાક આગેવાન સરકારી અધિકારીઓ તેમ જ પાર્લામેન્ટના બીજા સભ્યોને પોલસનની કંપની તરફથી આવી રીતે મોટી રકમો આપાયાની વાત પણ બહાર આવી. તેનો ઘણો ઊહાપોહ થયો. છેવટ સરકારે તેની તપાસ કરવા પોલીસને સુપરત કર્યું. મોડલિંગ ગૃહમંત્રી હોવાથી પોલીસ ખાતું તેમના હાથ નીચે હતું તેથી આવી તપાસ નિષ્પક્ષ થાય તે માટે તેમણે ગૃહમંત્રી તરીકે રાજીનામું આપ્યું. બ્રિટિશ વડા પ્રધાને તેમને બીજું ખાતું સોંપવાની દરખાસ્ત કરી તે મોડલિંગે ન સ્વીકારી. એમ કહેવાય છે કે મોડલિંગે ૨૨,૦૦૦ પાઉન્ડની રકમ થિયેટર ટ્રસ્ટને આપાવી તેમાં કાંઈ અયોગ્ય કર્યું નથી. તેમણે રાજીનામું આપવું પડ્યું તે માટે પાર્લામેન્ટના સભ્યો અને વડા પ્રધાન શ્રી હીથ તથા વર્તમાનપત્રોમાં તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવામાં આવી. છતાં રાજીનામું અનિવાર્ય છે અને તે જ યોગ્ય લાગે છે તેમ સ્વીકારવામાં આવ્યું.

પાર્લામેન્ટ કે ધારાસભાનો સભ્ય થાય તે વ્યકિત અમુક સ્થાન પ્રાપ્ત કરે છે અને લાગવગ ધરાવે છે. તેનો કોઈ દુરુપયોગ ન થાય તે ખૂબ જરૂરનું છે. આવા પ્રતિનિધિએ પાર્લામેન્ટ કે ધારાસભા સિવાય બીજાં આવકનાં સાધનો રાખવાં કે નહિ અને તે કેવા પ્રકારનાં હોય તેમ જ સામાન્ય સભ્ય ઉપરાંત જે વ્યકિત પ્રધાનમંડળમાં હોય તેણે કોઈ વ્યાપારી સંબંધ રાખવા કે નહિ તે વિષે ખૂબ વિચારણા થઈ છે. આવા દરેક સભ્યે પોતાના બીજા હિતસંબંધો હોય તે સભ્ય થતાં જાહેર કરવા જોઈએ. (Declaration of interest) એવી એક સૂચના થઈ છે. બીજી સૂચના એવી થઈ છે કે આવા દરેક સભ્યે પોતાના આવકવેરા અને મિલકતવેરાના રિટર્નની એક નકલ પાર્લામેન્ટ કે ધારાસભાને સુપરત કરવી જોઈએ. આપણે ત્યાં કૉંગ્રેસ પક્ષે એક નિયમ કર્યો છે કે કોઈ સભ્ય પ્રધાન થાય ત્યારે તેણે પોતાની મિલકતની યાદી વડા પ્રધાન કે મુખ્ય મંત્રીને સુપરત કરવી. બીજો એક કાયદો પણ આપણે ત્યાં છે કે કોઈ સરકારી અધિકારી કે તેના કુટુંબી પાસે તેની આવકના પ્રમાણમાં વધારે મિલકત માલમ પડે તો તેણે તેનો સંતોષકારક ખુલાસો આપવો જોઈએ. આ છતાં ખૂબ પ્રમાણમાં ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. હાઈ કોર્ટ કે સુપ્રીમ કોર્ટના જજોના તપાસ પંચમાં પ્રધાન કે મુખ્ય મંત્રી હોય એવી કેટલીક વ્યકિતઓ સામે ભ્રષ્ટાચારના આરોપો પુરવાર થયા છે છતાં આવી વ્યકિતઓ સત્તાસ્થાને અથવા જાહેર જીવનમાં લાગવગભર્યું સ્થાન ભોગવે છે. આપણે ત્યાં જ આવું છે તેમ નથી. બ્રિટનમાં અને અન્ય દેશોમાં અને અમેરિકામાં પણ સત્તા અથવા લાગવગનો દુરુપયોગ મોટા પ્રમાણમાં થાય છે. તેથી જ પ્રજાને આવા પ્રતિનિધિઓમાંથી વિશ્વાસ ઊઠી ગયો છે અને We have become cynical. આવું જ હોય એમ આપણે માની લીધું છે અને નિભાવી લઈએ છીએ. હમણાં જ ડેમોક્રેટિક પક્ષના ઉમેદવાર મેકગવર્ન કહ્યું છે :

The American people have become astonishingly cynical about their elected leadership. Most people simply assume that a politician is a crook and a scoundrel. They don't rise up and vote the rascals out because they assume that it would mean voting a new set of rascals in. And one crooked rascal is, after all, no better than another."

આપણે ત્યાં પણ કાંઈક આવી જ સ્થિતિ થતી જાય છે.

કુશળતાની ક્રૂરતા

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની મગજની નસ તૂટી ગઈ (સેરેબ્રલ હેમરેજ) ત્યાર પછી ૮૨ દિવસ બેભાન અવસ્થામાં રહ્યા. તે દરમ્યાન ડૉક્ટરોએ તેમને જિવાડવા અનેક પ્રયોગો, ઑપરેશન વગેરે કર્યાં. ડૉક્ટરોની કુશળતાથી તેમની જીવાદોરી લંબાણી તેમ કહેવું કદાચ યથાર્થ ન ગણાય. એ તો તૂટવી હોય ત્યારે જ તૂટે અને પીડા ભોગવવી લખી હોય તેટલી ભોગવવી પડે. છતાં એમ રહે છે કે જ્યારે એમ ખાતરીપૂર્વક લાગે કે દરદી કોઈ સંજોગોમાં બચે તેમ નથી અથવા તેને બચાવવો તે રિબાવવા બરાબર છે ત્યારે ડૉક્ટરોએ પોતાની હોશિયારીના પ્રયોગો જતા કરી દરદીને નિરાંતે આયુષ્ય પૂરું કરવા દેવું તે કદાચ દયાનો માર્ગ છે. દયાપ્રેરિત હત્યા ન કરીએ પણ કુશળતાપ્રેરિત ક્રૂરતા પણ ન કરીએ. દરદીને શારીરિક પીડાની માત્રા કાંઈક ઓછી થાય તેટલા પૂરતી સારવાર કરી તેને ઘોદાવવો મૂકી દઈએ. બે કિસ્સા હું એવા જાણું છું કે જેમાં દરદીને ત્રાસ આપવામાં બાકી ન મૂકી. બન્નેને સેરેબ્રલ હેમરેજ થયેલા અને બેભાન. એક ૧૯૩૨ની વાત છે. દરદીને નસમાંથી પાણી કાઢવા કરોડરજ્જુમાં મોટો સોયો ભોંકયો- Lumber Puncture. આપણાથી જોયું ન જાય અને દરદી બેભાન હતો તો પણ આખું શરીર વલોવાય. કાંઈ ન વળ્યું અને બે દિવસ પછી મૃત્યુ થયું. બીજા કિસ્સામાં દરદી જીવતો રહ્યો અને ત્યાર પછી સાત વરસ પક્ષઘાતથી પીડાતો રિબાયો અને છેવટ મૃત્યુ થયું. સુખી હતા એટલે મોટા ડૉક્ટરો ભેગા કર્યા અને પછીનાં સાત વર્ષ જીવતા મડદા પેઠે જીવન વિતાવ્યું. આવા દરદીને ત્રાસ આપ્યા વિના મરવા દીધો હોત તો કદાચ તેઓ ઉપકાર માનત. ડૉક્ટરો છેલ્લી ઘડી સુધી ભાતભાતના પ્રયોગો દરદી ઉપર કરી તેને ત્રાસ વરતાવે છે તે કેટલે દરજ્જે જરૂરનું છે તે વિચારવા જેવું છે. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકને ૮૨ દિવસની બેભાન અવસ્થામાં કેટલું ભોગવવું પડ્યું હશે તે તેમનો આત્મા જાણે. દરદીનાં સગાંઓએ આવા ત્રાસમાંથી દરદીને બચાવવા જોઈએ.

ઈજિપ્ત અને રશિયા

ઈજિપ્તના પ્રમુખ સાદતે આશ્ચર્યજનક પગલું ભર્યું છે. કેટલાંક વર્ષો સુધી રશિયા પાસેથી મોટા પ્રમાણમાં લશ્કરી સહાય મેળવી તેમ જ લગભગ ૨૦,૦૦૦ રશિયનો મારફત લશ્કરી તાલીમ લીધા પછી, રશિયાએ પૂરતા પ્રમાણમાં સહાય નથી કરી એવો આક્ષેપ કરી, બધા રશિયનોને ઈજિપ્ત છોડી જવાનો હુકમ કર્યો છે અને રશિયાનો બધો લશ્કરી સરંજામ કબજે કર્યો છે. મધ્યપૂર્વમાં રશિયાની પ્રતિષ્ઠાને આથી મોટો ફટકો લાગ્યો છે એમ કહેવાય. સાદતના આ પગલાનું પરિણામ શું? રશિયાએ આ સામે બહુ ઊહાપોહ કર્યો નથી. અમેરિકાએ આ પગલું આવકારવું જોઈએ. પણ ચૂંટણી નજીક હોવાથી, યહૂદીઓ નારાજ ન થાય અને અમેરિકાના યહૂદીઓની સારી વસતિ અને લાગવગ છે તેથી ચૂંટણીમાં હાનિ ન પહોંચે તેથી નિક્સન સાવચેતીથી કામ લેશે. અહીં વાત એ છે કે રશિયા તરફથી ઈજિપ્તને સ્પષ્ટ કહેવામાં આવ્યું હતું કે યુદ્ધ કરીને ઈઝરાયલને ઈજિપ્ત કે આરબો કોઈ દિવસ હરાવી નહિ શકે અને ઈઝરાયલ સાથે સમાધાન કરવું જોઈએ એવી સલાહ ઈજિપ્તના અભિમાનને આઘાતજનક લાગી તેથી સાદતે આવું ઉતાવળિયું પણ જોખમી પગલું ભર્યું છે. અમેરિકા વર્ષોથી ઈઝરાયલને મદદ કરે છે એટલે ઈઝરાયલ સામે અમેરિકા તરફથી ઈજિપ્ત કોઈ સહાયની આશા રાખી ન શકે. બે પરિણામ આવે કાં તો ઈજિપ્ત પૂર્વે કર્યું હતું તેમ આંધળી રીતે ફરી આક્રમણ શરૂ કરે અથવા અમેરિકા ઈઝરાયલ ઉપર દબાણ લાવી. ઈજિપ્તની આબરૂ રહે એવું કોઈક સમાધાન કરાવી આપે. પ્રમુખની ચૂંટણી સુધી આ કાંઈ શકય નથી. સાદત પોતાનું સ્થાન ટકાવી રાખવા ઈજિપ્તમાંથી રશિયાતરફી તત્ત્વોને દૂર કરી રહેલ છે. રાજકીય પુરુષો પોતાની સત્તા જાળવી રાખવા દેશનું હિત હોમતા ખચકાતા નથી. જો કે પોતે જે કરે છે તે દેશના હિત માટે જ છે એવો દાવો કરે છે. પાકની સહાય ઉપર જે પ્રજા મદાર બાંધે છે તે હમેશાં પાછી પડે છે. પાકિસ્તાનનું તેમ થયું. ઈજિપ્તનું તેમ જ છે. ઈઝરાયલ સાથે માનભર્યું સમાધાન કરવા સિવાય ઈજિપ્તને છૂટકો નથી.

તા. ૨૩-૭-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

☆ અમૃત-ક્ષિતિજની ઝાંખી કરાવવાનું શિક્ષણનું ધ્યેય ☆

દુનિયાભરમાં વિશ્વવિદ્યાલયોમાં અત્યારે એક પ્રકારની વિક્ષુબ્ધતા જોવા મળે છે. સ્થાપિત મૂલ્યો વિવાદાસ્પદ બન્યાં છે. જીવનમૂલ્યો અને એનો અમલ કરવાનાં સાધનો પરત્વે પુનર્વિચાર કરવાનું આવશ્યક બન્યું છે. સમાજમાં એક ક્રાંતિ થઈ રહી હોય એમ લાગે છે, જેને 'એક શ્રેષ્ઠ ઔદ્યોગિક સમાજના આવિર્ભાવ'રૂપે ઓળખી શકાય છે. આ ક્રાંતિની સૌથી વધુ ધ્યાન ખેંચે એવી ઘટના માનવીએ ચંદ્ર પર પહોંચવાનું સાહસ કર્યું એ છે. જીવવિજ્ઞાનમાં જે શોધ થઈ છે અને પ્રગતિ સધાઈ છે એણે ભૌતિક વિજ્ઞાનને પણ પાછળ રાખી દીધું છે. પરન્તુ આજે આપણાં વિશ્વવિદ્યાલયો પણ વિજ્ઞાનના ક્ષેત્રમાં થઈ રહેલાં આ વ્યાપક પરિવર્તનનો વિચાર કરી શકતાં નથી. આ સ્થિતિમાં વૈશ્વિક દૃષ્ટિકોણ પર આપણી નજર રહી શકતી નથી.

અત્યારે તો વિશેષજ્ઞતા (સ્પેશ્યલાઈઝેશન) પર ખાસ ભાર મૂકવામાં આવે છે. વિશેષજ્ઞતા માણસના વૈશ્વિક દૃષ્ટિકોણને ખતમ કરી નાખે છે અને વિજ્ઞાની તેમ જ વૈજ્ઞાનિક અધ્યયન બંનેને પ્રભાવહીન બનાવી દે છે. મૂળભૂત રીતે તો વૈશ્વિક દૃષ્ટિકોણ-વિશ્વદૃષ્ટિ - જ વિજ્ઞાનનું સારતત્ત્વ છે. જ્યારે ઉચ્ચ શિક્ષણ માણસની વ્યાપક સંકલ્પનાથી વિમુખ થઈ જાય છે ત્યારે માનવ – યોગ્યતાનું અવમૂલ્યન થવા લાગે છે. ત્યારે ઈજનેર એક મોટો પગાર મેળવતો મિસ્ત્રી જ બની જાય છે—એક ઉત્કૃષ્ટ મિસ્ત્રી ! વૈશ્વિક સંદર્ભમાં એની કામગીરી- ભૂમિકાનું એને ભાન કરાવવાનું વિશ્વવિદ્યાલયના શિક્ષણનું મુખ્ય કામ છે. વિશેષજ્ઞોએ પોતાની નિપુણતાનું સામાજિક મહત્ત્વ તથા આર્થિક પછાતપણાને લીધે એના વિનિયોગમાં આવનારી મર્યાદાઓ વગેરે સઘળી બાબતોનો પણ ખ્યાલ રાખવાનું અત્યંત જરૂરનું છે. વિશેષજ્ઞતાને આજીવિકાનું સાધનમાત્ર માનવું એ મનુષ્ય અને સમાજ બંનેને માટે હાનિકારક છે.

ઉચ્ચ શિક્ષણ પદ્ધતિમાં આ અયોગ્ય પ્રક્રિયા દેખાય છે એનું નિરસન વિવિધ વિષયોના (ઈન્ટર ડિસિપ્લિનરી સ્ટડીઝ) અધ્યયન દ્વારા થઈ શકે છે હું એમ પણ કહીશ કે વિશ્વવિદ્યાલયના શિક્ષણમાં વિજ્ઞાનની તેમ જ બીજી બધી શાખાઓમાં સાંસ્કૃતિક માનસશાસ્ત્ર (કલ્ચરલ એન્થ્રોપોલોજી)ને અભ્યાસક્રમના એક આવશ્યક અંગ તરીકે રાખવું જોઈએ. પૃથ્વી પરની આ લાંબી યાત્રામાં માનવી ક્યાં સુધી પહોંચ્યો છે? એનું ધ્યેય શું છે? એનું ભાવિ કેવું છે? વિશ્વવિદ્યાલયના શિક્ષણનું એક મહત્ત્વનું કાર્ય માણસને એની આ અનેકલક્ષી યાત્રાની ઝાંખી કરાવવાનું છે.

આની સાથે સંબંધ ધરાવતો એક બીજો પ્રશ્ન સામાજિક તથા રાજકીય ક્ષેત્રમાં કોઈપણ સમસ્યાનું પૃથક્કરણ કરીને સમજદારીપૂર્વક એનો જવાબ આપવાના સામર્થ્યને ગુણ માનવો કે કમજોરી એ છે. બધા જ રાજકીય પક્ષોના નેતાઓના મનમાં આ વિશે દ્વંદ્વ છે. આજના વિદ્યાર્થી આંદોલનોનું જે સ્તર છે, એનું જે સ્વરૂપ છે. એ પણ આ દ્વંદ્વને તીવ્ર રીતે પ્રતિબિંબિત કરે છે. વિશ્વવિદ્યાલયના જીવનમાં—અને વ્યાપક રીતે તો સાર્વજનિક જીવનમાં—યોગ્ય દૃષ્ટિકોણ અને સાચાં મૂલ્યોના અભાવને લીધે આજની નવી પેઢીની ગતિશીલ કર્તૃત્વશક્તિનો વ્યર્થ આંદોલનોમાં દુરુપયોગ થઈ રહ્યો છે.

ભારતમાં એક નવી સમાજરચનાનાં દર્શન થઈ રહ્યાં છે, નવાં સામાજિક મૂલ્યોની સ્થાપના થઈ રહી છે. માણસની સામાજિક પ્રતિષ્ઠાને બદલે માનવીની પવિત્રતાનો આદર એ આ સમાજરચનાનું સામાજિક મૂલ્ય છે. રાષ્ટ્રીય સંપત્તિનું સામાજિક સ્વામિત્વ, એટલો જ સમાજવાદનો સિદ્ધાંત નથી. સમાજવાદ તો સામાજિકતાનું નવું સ્તર પ્રસ્થાપિત કરવા માગે છે, પરસ્પરાવલંબનને માન્યતા આપવા માગે છે, સમાજને એ હકીકતનું ભાન કરાવવા માગે છે કે સમાજમાં જે વિવિધતા છે એને લીધે જે વિવિધ પ્રકારનું સામર્થ્ય અને કલા ઉપલબ્ધ થાય છે એ પણ સમાજની સંપત્તિ છે. હું નમ્રતાપૂર્વક એ કહેવા માગું છું કે આ કામ સૌ પ્રથમ ભારતનાં ૯૨ વિશ્વવિદ્યાલયોએ ઉપાડી લેવું જોઈએ અને પોતાના આચાર્યો તથા વિદ્યાર્થીઓમાં નવાં નીતિ-મૂલ્યોની સ્થાપના કરવી જોઈએ. નવાં સામાજિક મૂલ્યો પ્રત્યે આદરભાવ નિર્માણ કરવો એ સમાજ-વાદી રચનાની દિશામાં લેવામાં આવેલું મહત્ત્વનું પગલું બનશે. સમાજવાદ સામાજિક દૃષ્ટિકોણ, સામાજિક વૃત્તિ ,સામાજિક રિવાજ, એ બધામાં આમૂલ પરિવર્તનની અપેક્ષા રાખે છે.

વિશ્વવિદ્યાલયના શિક્ષણનું એક મહત્ત્વપૂર્ણ પાસું સમાજ પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના પોષવાનું છે. મહાત્મા ગાંધી વિદ્યાર્થીઓને વખતોવખત કહ્યા કરતા હતા કે "લાંબી રજાઓમાં શહેરથી દૂર, પાકી સડકોથી દૂર આવેલી ઝૂંપડીઓની વચ્ચે, ગામડામાં જઈને રહો, રજાઓ ગામડાઓમાં પસાર કરવાનો પ્રયત્ન કરો. ત્યાં તમને નિસ્તેજ ચહેરાવાળા ભયભીત ગ્રામજનો, જીર્ણશીર્ણ કાચી ઝૂંપડીઓ, સ્વચ્છતા અને આરોગ્યનો સર્વત્ર અભાવ, મડદાલ લોકો, ઉદ્વિગ્ન વાતાવરણ અને બધાની સાથે આકર્મણ્યતા અને નિરુત્સાહ નજરે પડશે." ભારતનાં ગામડાં જોઈને આપણા વિદેશી મિત્રોના તીવ્ર પ્રત્યાઘાત પડે છે. તેઓ એકદમ બોલી ઊઠે છે : "આ પ્રકારની ઉપેક્ષા થાય એ ગુનો છે. વિશ્વવિદ્યાલયોની કર્તૃત્વશક્તિ આ કામમાં શા માટે જોડવામાં આવતી નથી? રશિયાની ક્રાંતિમાં તો આ જ બાબત જોવા મળે છે. હજારો વિદ્યાર્થીઓ આવા કાર્યક્રમોમાં શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. ભારતના વિદ્યાર્થીઓ પણ આ કામ કરી શકે છે. યુવાનોની. ગતિશીલતા ગ્રામપરિવર્તનના કાર્યક્રમની ઝડપ વધારી શકે છે."

મારો પોતાનો એક અનુભવ હું તમારી સમક્ષ રજૂ કરું. વિશ્વવિદ્યાલયનું શિક્ષણ પૂરું કરીને પ્રથમવાર મેં સત્યાગ્રહ આંદોલનમાં ભાગ લીધો ત્યારે ભારતનાં ગામડાંની પરિસ્થિતિની મને જાતમાહિતી મળી અને આ જ્ઞાને મારાં શિક્ષણને નવજીવન આપ્યું. પ્રખ્યાત સ્વીડિશ અર્થશાસ્ત્રી ગુનાર મિર્ડલે કહ્યું છે કે અર્થશાસ્ત્રની પ્રગતિ પણ પરંપરાગત સામાજિક સંસ્થાઓ પ્રત્યેની શ્રદ્ધા અને વૃત્તિઓમાં આમૂલ પરિવર્તન થાય તો જ થઈ શકે છે. અર્થશાસ્ત્રની પ્રગતિનું એ મહત્ત્વનું અંગ છે. એટલે કે અર્થશાસ્ત્રના સિદ્ધાંતની વિચારણામાં પણ સામાજિક પ્રવૃત્તિઓ, રિવાજો અને સમાજસંસ્થાઓની ઉપેક્ષા કરી શકાતી નથી....

વિશ્વવિદ્યાલયના શિક્ષણનું સ્તર કેવું છે એની કસોટી કેવી રીતે થઈ શકે? વિશ્વવિદ્યાલયના જીવનની પડોશી ગામો પર કેવી અસર છે એના પરથી આ કસોટી થઈ શકે. અત્યારે વિદ્યાર્થીઓનાં સઘળાં આંદોલનો સ્વ-કેન્દ્રિત છે, પોતાની નાની નાની માગણીઓ પૂરી કરાવી લેવા પૂરતા મર્યાદિત છે. આ સંકુચિત દૃષ્ટિથી મુક્ત થઈને આમૂલ સામાજિક પરિવર્તનનો વ્યાપક દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ.

સમાજમાં નિરોગી માનસ વિકસે એ માટે સામાજિક સંપર્કનાં બધાં સ્તરોમાં નવાં નીતિમૂલ્યોની સ્થાપના કરવાનું ખૂબ જ આવશ્યક છે. દુવૃત્તિઓ, દુરાચરણને અટકાવવા માટે કડક અનુશાસન અને સ્ત્રીઓ માટે સંપૂર્ણ સુરક્ષિતતાની ભાવનાનું નિર્માણ કરવું એ પણ સમાજવાદનું એક પાસું છે.

ભૌતિક લક્ષ્યની પ્રાપ્તિ ઉચ્ચ સામાજિક મૂલ્યો માટે આવશ્યક

છે એમાં શંકા નથી પણ એ સાથે એટલા માત્રથી માનવજીવન સંપન્ન નથી બનતું. માણસ ભલે ચંદ્રને આંબી જાય પણ હજુયે જંગલયુગનો માનવી જેટલો ભયગ્રસ્ત હતો એટલો જ આજે પણ છે. જંગલયુગનો માનવી કુદરતી આપત્તિઓને કારણે ભયગ્રસ્ત રહેતો. આજનો માનવી પણ એટલો જ અરક્ષિત છે. માણસના મનમાં ભય ઊંડાં મૂળ નાખીને રહેલો છે. પરંતુ આ ભય શાને લીધે છે? આજનો માનવી ભયગ્રસ્ત એટલા માટે છે કે એને પોતાના સર્પ-સ્વભાવનું ભાન છે, જે દૂધને ઝેર બનાવી દે છે. આ યુગાંતરનું–જેણે નવી પેઢી માટે મહાન કાર્ય નક્કી કરી રાખ્યું છે–આહ્વાન છે. મનુષ્યની બુદ્ધિની પરાકાષ્ઠા ભૌતિક સ્થિતિ પર વિજય પામવામાં નથી પણ પોતાની મર્યાદાને સ્વીકારવામાં રહેલી છે. માણસે પોતાની તાર્કિક બુદ્ધિનું વિશ્લેષણ કર્યું ત્યારે એના ધ્યાનમાં આવ્યું કે ઊંડાણની પણ એક સીમા છે અને એથી માનસિક પડકારોને સ્વીકારવા માટે એની મન-બુદ્ધિ પર્યાપ્ત નથી. જે બુદ્ધિએ આ સત્યનું દર્શન કર્યું, એ બૌદ્ધિક સમર્થતાના શિખરે પહોંચી ગઈ ગણાય.

રાજનૈતિક સત્તા જ્યારે આયુધશો પર આધાર રાખે છે અને કોઈ નૈતિક કસોટીને સ્વીકારવા તૈયાર નથી હોતી ત્યારે એ સમાજના આમૂલ પરિવર્તન માટેનું સાધન બની શકતી નથી. એટલા માટે આ યુગમાં નવી સમાજવ્યવસ્થાનું નિર્માણ કરવાનું કામ રાજનૈતિક સત્તા કરી શકતી નથી. એના દરબારમાં સમાજ અને સંગઠન, પદ્ધતિ અને આદર્શવાદ વગેરેને પાછળની પંક્તિમાં સ્થાન મળે છે. આજે આવી સ્થિતિમાં માણસે ફરી એકવાર નવો અભિગમ લેવાનો રહે છે. આમ છતાંયે એ કેવળ વ્યક્તિગત મુક્તિ કે રાજનૈતિક સત્તાની પાછળ પડી શકે નહિ. માણસને પોતાના અસ્તિત્વ માટે પોતાના જ માનસને લીધે જે ભય ઉત્પન્ન થયેલો છે એમાંથી એ કઈ રીતે મુક્ત થઈ શકે તેમ છે એની એણે ખોજ કરવાની છે. આધુનિક વિજ્ઞાનની આ જ સંકટાવસ્થા છે. એટલા માટે આધુનિક ટેકનોલોજીના વિકાસમાં પડેલો દેશ કે સમાજ આ પડકારનો સામનો કરનારાને માર્ગદર્શન આપવા માટે સમર્થ નથી.

જેઓ ભૌતિક જગતનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું જ પોતાનું અંતિમ લક્ષ્ય છે એમ માને છે તેઓ અંધકારના સામ્રાજ્યમાં ફસાઈ જાય છે ... ભૌતિક પ્રગતિ માણસને એની માનસિક સંકટાવસ્થામાંથી, જેનું નિર્માણ એણે જ કર્યું હોય છે, બચાવી શકતી નથી. આ હકીકત જે સમજી શકે છે અને આ દુનિયાના સંઘર્ષોમાંથી સરળ છુટકારો મેળવવા કે એનાથી ભાગી છૂટવાની વૃત્તિ જેણે છોડી દીધી છે એ માણસ જ જાગૃતિનો શ્રેષ્ઠતર આવિષ્કાર પામી શકે છે. આવી વિદ્યા દ્વારા મનુષ્ય અમૃત-ક્ષિતિજની ઝાંખી કરી શકે છે. વિદ્યયા અમૃતમશ્નતે. આવો મનુષ્ય પોતાના મન-મગજને એના પોતાના સ્વરૂપમાં, એની વિશેષતામાં, એની પોતાની મર્યાદાઓના ગુલામના સ્વરૂપમાં પણ જોઈ શકે છે. મનની આ પ્રક્રિયાના સર્વાંગી દર્શનમાં મન-મગજ શાન્ત થાય છે, એ મૌનની સ્થિતિમાં આવી જાય છે. પરન્તુ આ શું 'નકાર'નું જ દર્શન છે? આ વિચાર તો પુરાણા મનનું સંતાન છે, આ જાણીને મનુષ્યની આવી શંકા પણ શમી જાય છે. આ શાંતિ, આ મૌન નિર્માણનું ક્ષેત્ર છે, જેમાં ભૂતકાળના બોજાથી મુક્ત થયા પછીની જાગૃતિ પૂર્ણત: પરિષ્કૃત બને છે. આ પછી મન અંતર્દર્શનના નવા આવિષ્કાર માટે, નવા પ્રકાશ માટે તૈયાર થાય છે. વિદ્વાનો તેમ જ પ્રામાણિક વિદ્યાર્થીઓ આધુનિક માનવીની આ અવસ્થા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ઉત્સાહથી આગળ આવશે અને આવા પ્રયત્નની, માનવીના અસ્તિત્વને પરમાનંદની સ્થિતિ પ્રાપ્ત કરાવી શકે છે, આવશ્યકતા અને ઔચિત્ય પ્રતિ સજાગ થશે એવી હું આશા રાખું છું.

[કાશી હિંદુ વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં **અચ્યુત પટવર્ધન** આપેલા પ્રવચનનો સાર].

શિસ્તના બે પ્રકાર

'શિક્ષણના આદર્શમાં અને એની પદ્ધતિમાં ક્રાંતિ કરવાનું આવશ્યક છે. શિક્ષણની કલ્પના જ બદલવી જોઈએ. આ નવા શિક્ષણના વિકાસ અને પ્રચારમાં સ્ત્રીજાતિએ નેતૃત્વ લેવું જોઈએ કેમ કે સ્ત્રી–માનસ જ નવા શિક્ષણમાં અધિક ઉપયોગી થશે. સ્પર્ધા અને સંઘર્ષની જગ્યાએ માનવતાને સમન્વયની વિશેષ જરૂર છે.'

ઉપરના વિવિધ વિચારો અધ્યાપકો સમક્ષ રજૂ કર્યા બાદ સારી એવી પ્રશ્નોત્તરી થઈ. સભા પૂરી થયા બાદ એક પ્રૌઢ અધ્યાપકે મારી પાસે આવીને પ્રશ્ન પૂછ્યો :

'તમે રેવોલ્યુશન-ક્રાંતિને વધારે મહત્ત્વ આપો છો કે ડિસિપ્લિન-શિસ્તને? ક્રાંતિમાં અરાજકતા, અવ્યવસ્થા આવશે તો શિસ્તનું શું થશે?'

પ્રશ્ન સાંભળીને હું ચકિત થયો. હું સમજી ગયો કે આ પુરાણી ઢબના અધ્યાપક છે. મારી પાસે સમય નહોતો. બધા જવાની તૈયારીમાં હતા. જવાબમાં મેં કહ્યું : 'ક્રાંતિથી તમે ડરો નહિ. આજકાલના શિક્ષણકારો મોટે ભાગે ગતાનુગતિક છે. પશ્ચિમમાં જે વાતો સિદ્ધ થઈ છે એનું જ રટણ કરવાવાળા છે.

હું એટલું જ કહીશ કે પ્રત્યેક સાચો રેવોલ્યુશનરી પોતાની નવી ડિસિપ્લિન–શિસ્ત લાવે છે. એના બળ પર જ એ જૂની શિસ્તને તોડે છે.

શિસ્ત બે પ્રકારની હોય છે: એક હોય છે ઉપરથી લાદેલી, જેમાં આજ્ઞાંકિત ગુલામો તૈયાર થાય છે.

બીજી શિસ્ત સાચો કેળવણીકાર પોતાના વિદ્યાર્થીઓમાં કલ્ટિવેટ કરે છે–વિકસાવે છે. ક્રાંતિકારીને જૂના જીવનના બધા દોષ બતાવવા પડે છે અને આને લીધે સમાજમાં જે ટેવો ઘર કરી ગઈ હોય છે એને તોડવી પડે છે. ક્રાંતિકારી કેળવણીકાર નવા જીવનનું સ્વરૂપ સમજાવે છે. નવા આદર્શ અને એનાથી જે પરિણામ મળવાની આપેક્ષા હોય છે એનું સ્વરૂપ પણ સમજાવે છે. એ પછી નવી શિસ્તનો શા માટે અને કેવી રીતે વિકાસ કરવો જોઈએ એ પણ સમજાવે છે.

જેની પાસે શિસ્ત નથી એ કેળવણીકાર પણ નથી અને નવનિર્માણની શકિત પણ એનામાં નથી હોતી.

કોઈએ આપેલી શિસ્ત - ડિસિપ્લિનનો અમલ કરવો એ મુકાદમનું કામ છે. શિક્ષણ વિભાગમાં આવા મુકાદમોની જ ભરતી થઈ રહી છે. **–કાકા કાલેલકર**

–['મંગળ પ્રભાત'માંથી સાભાર]

પ્રભુમાં મન લગાડ

વૃદ્ધાવસ્થાને લીધે તારું શરીર, લોહી તથા માંસ ઘટવાથી, ગળીને હાડપિંજર જેવું થઈ ગયું છે, માથા ઉપર ધોળા વાળ આવી ગયા છે, તારા મુખમાંથી દાંત વગેરે પડી જવાથી તારી કાયા કદરૂપી દેખાય છે, લાકડીના ટેકે ટેકે તું ચાલે છે અને દેહમાં શકિત રહી નથી, છતાં પણ તું હજી તારા મનમાંથી આશાના લાડુને છોડતો નથી. હે બ્રાહ્મણ! હવે આ બધી જીવનતૃષ્ણા તથા વિષયતૃષ્ણાને બાળી નાખવામાં જ તારું કલ્યાણ છે.

આગળ સાંભળ, બાળપણમાં મન નાના પ્રકારની રમતગમતમાં પ્રીતિવાળું હોવાથી, સમય પસાર થઈ જાય છે. પરમાત્માનું ધ્યાન એ વખતે કોઈને સૂઝતું નથી. પછી આવે છે જુવાની; અને આ દશામાં માણસનું મન સ્ત્રીમાં પરોવાય છે, એની સાથે પ્રેમ કરે છે, એને લાડ લડાવે છે અને એનું ભરણપોષણ કરવામાં સમય પસાર કરે છે, પરમાત્માનું સ્મરણ કરવામાં એનું મન લાગતું નથી. આવી રીતે જુવાની ચાલી જાય છે અને વૃદ્ધાવસ્થા આવીને ઊભી રહે છે. આ સ્થિતિમાં શરીર તાકાત વિનાનું થયું હોય છે, નાનામોટા રોગ એમાં પ્રવેશેલા હોય છે, કોઈને આજીવિકાની ચિંતા તો કોઈ પોતાનાં છોકરાં-છોકરીઓને કેમ વરાવવા અથવા તો ઠેકાણે પાડવા એની ચિંતામાં પડેલું હોય છે. આવી સ્થિતિમાં પ્રભુનું સ્મરણ કરવામાં મન ચોંટતું નથી.

દિવસ પછી રાત આવે છે અને સંધ્યા પછી ઉષા આવે છે. કાળની આ રમત ચાલુ છે અને આવરદા ટૂંકી થતી જ જાય છે. પણ તું આશારૂપ વાયુને છોડતો નથી! હે બાળકબુદ્ધિવાળા વૃદ્ધ બ્રાહ્મણ, હવે તો તું પ્રભુમાં મન લગાડ! કાળની રમતમાં ક્યાં સુધી રમ્યા કરીશ?

–ભગવાન શંકરાચાર્ય

☆ મનડાને ઝાઝું ન વતાવીએ મનવા ☆

અનોખા દેખાવાનો અભરખો ઘણાને હોય છે. આ દુનિયાનાં તત્ત્વોથી પોતાનાં તત્ત્વો કંઈક અલગ પડે છે એમ કહેવું આપણને ગમે છે. અસ્તિત્વવાદીઓએ આવી વ્યક્તિઓ માટે આકર્ષક નામ શોધી કાઢ્યું છે. સાર્ત્ર અને કામુ આવા લોકને "આઉટસાઈડર" કહે છે. ઘરેડવાળી દુનિયાને, આ અછૂતો રહી ગયેલો આદમી સ્વીકારતો નથી. રોજના બીબાઢાળ જીવનથી તે કંટાળે છે. સંમોહિત થયેલો માણસ ધૂળ ફાકતો હોય છતાં તેને લાપસી આરોગવાનો ભ્રમ થાય છે તેવો ભ્રમ રાખનારી આ દુનિયાના માનવો તેને ગમતા નથી.

મોટા ભાગના કવિઓ અને તત્ત્વજ્ઞાનીઓ પણ કંઈક અનોખા અને અછૂતા હોય છે કે તેવો દેખાવ કરે છે. તેવા અનોખાની જમાતમાં ખપવાનું આપણને ગમે છે. એકસલ નામનો તત્ત્વજ્ઞાની કહે છે: "જીવન એક ક્ષુલ્લક વસ્તુ છે. એકનું એક જીવન રોજ જીવવું પડે છે, એ એક મોટો ત્રાસ છે!"

કંટાળાનું પુનરાવર્તન કવિઓને ગમતું નથી. સત્યનારાયણની કથામાં વિષ્ણુસહસ્ર નામ બોલતી વખતે પૂજારી નામ બોલે છે અને પૂજા કરનારને યંત્રવત્ ફૂલ અને તુલસીપત્ર ભગવાન ઉપર ફેંકવાનાં રહે છે. જીવનમાં પણ કોઈક જાણે હુકમ છોડતું હોય અને આપણે માત્ર ફૂલો ફેંકવાનાં રહે છે. કવિઓ કે લેખકો કે ફિલસૂફોને આવી ગુલામી ગમતી નથી. "માત્ર નોકર જ આવું કંટાળાભરેલું કામ કરી શકે" એમ કહેનારો કવિ વાસ્તવિક જગતને વખોડતો હોય છે. પ્લેટો પણ કહેતો કે આ નઠારા જગત ઉપરાંત બીજું પણ જગત હોવું જોઈએ. કદાચ તે વિચારોની સૃષ્ટિ કે આધ્યાત્મિક જગતની વાત કરતો હશે. આ કાલ્પનિક સૃષ્ટિ એ જ કવિઓ અને અદ્ભૂતા રહેનારાઓનું ઘર બની જાય છે. કવિ કીટ્સે "ઑડ ટૂ ધી નાઈટિંગેલ"માં આવી સૃષ્ટિ ખડી કરી છે.

ઓગણીસમી સદીમાં લગભગ ઘણાખરા કવિઓ વાસ્તવિક જગતની આભડછેટથી આઘા રહેતા હતા અને પોતાને "રોમાન્ટિક્સ" કહેતા હતા. આમાંના ઘણાખરા માનતા હતા કે કવિ-જીવ આ શુષ્ક અને બેકદર દુનિયા માટે કદી જ પેદા થયો નથી. આ રોમાન્ટિક જીવને ઘણી વખત એવો પણ ભાસ થતો કે તે મૃત્યુથી પર છે, તેનામાં દૈવી તત્ત્વ છે, તે અનોખો છે અને જગતની શુષ્ક વાતો સાથે તેને લેવાદેવા નથી. પરંતુ પોતાને રોમાન્ટિક્સ તરીકે ઓળખાવતા આ કવિઓને અંતે પ્રતીતિ થઈ હોવી જોઈએ કે અફીણની ગોળી લીધા પછી ચડેલા ઘેનમાં જીવનારાને જે સુખ જણાય છે તેવા સ્વર્ગીય સુખના ભ્રમમાં તે જીવતા હતા, કારણ કે એ ભ્રમ ભાંગી ગયો ત્યારે મોટા ભાગના રોમાન્ટિક કવિઓએ કાં તો આત્મહત્યા કરેલી અને કાં તો ક્ષયરોગથી પીડાઈને મરી ગયેલા.

વીસમી સદીમાં આ રોમાન્ટિકવાદ બીજા વાઘા પહેરીને અવતર્યો છે. આપણે તેને Existentialism – અસ્તિત્વવાદને નામે ઓળખીએ છીએ. આ વાદે વાઘા ભલે બદલ્યા હોય પણ તેનાં મૂળભૂત લક્ષણો લગભગ સરખાં છે. આ લોકો સામે પણ બે પ્રકારનાં જગત ખડાં થયાં છે. એમાંથી કયું જગત સાચું? વિચારોમાં રમણ કરવા મળે અને જેમાં પોતે જ સર્વોપરી અને ઈશ્વરના અવતાર જેવા લાગે છે તે જગત સાચું કે બીજું વાસ્તવિક જગત સાચું? બીજા વાસ્તવિક જગતમાં તો તે લાચાર બની રહે છે, સંયોગોનો શિકાર બની જાય છે અને ક્રૂર માણસો વડે દંડાયા કરે છે. એક જગતમાં તે મુક્તિનો આસ્વાદ માણતો હોય છે અને બીજામાં આ નશ્વર શરીરનો અને નઠારા જગતનો ગુલામ બનીને રહેતો હોય છે.

જો કે અસ્તિત્વવાદીની દુનિયા રોમાન્ટિક્સની જેવી નિરાશાથી ભરેલી નથી. અસ્તિત્વવાદી વધુ હઠીલો છે અને તેથી પછડાટો ખાતો હોય છે. અર્નેસ્ટ હેમિંગ્વેએ તેની નવલકથા "ધી ઓલ્ડ મૅન ઍન્ડ ધી સી"માં લખ્યું છે કે "માણસનો વિનાશ કરી શકાય પણ તેને પરાજિત કરી શકાતો નથી." અસ્તિત્વવાદમાં આવા આશાવાદને સ્થાન નથી, છતાં તે મનના બળને સ્વીકારે છે. પછાડવામાં આવેલો માણસ ભલે હારને સ્વીકારે નહિ પણ તે હારના ગુણગાન ગાતો થઈ જાય છે. અસ્તિત્વવાદીની આ ટેવ છે. તેમની નવલકથાઓ કે વાર્તાઓ વાંચશો તો જણાશે કે તેમાં નિરાશ અને નાસીપાસ થયેલાં પાત્રો શિખરે ચડ્યાં હોય છે. જો કે તે રોમાન્ટિક યુગના લેખકોના નાયકની માફક મોતની વાતો કરતો નથી પણ દુનિયાને ભાંડતો જરૂર હોય છે. તેને જીવન અર્થહીન અને વ્યર્થ લાગે છે. સંયોગોએ અને સમાજે મૂકેલી મર્યાદાઓથી મૂંઝવણ અનુભવતો અસ્તિત્વવાદીનો નાયક આખરે તો સંયોગોની મર્યાદાઓને સ્વીકારતો થઈ જાય છે.

પરાણે મર્યાદા સ્વીકારવાથી મનમાં ધૂંધવાટ પેદા થાય છે અને તેને કારણે અશિસ્તમાં સરકી જવાય છે. પછી અશિસ્ત એ જ જીવનનો ક્રમ બની જાય છે. સમાજે આપણી પદ્ધતિ ન સ્વીકારી એટલે આપણે પણ સમાજની પદ્ધતિનો અસ્વીકાર કરવો તેવી મનોવૃત્તિ રહે છે. મન બળવો કરે છે પણ આવી પડેલી સ્થિતિને સુધારવા માટે તે કંઈ કરી શકતો નથી. એટલે હારેલો–થાકેલો માણસ પડયો રહે છે. પોતાની આલગ દુનિયા રચીને તેમાં મસ્ત રહેવા ફાંફાં મારે છે. સંઘર્ષ સામે ટકવાની આ નબળાઈને આત્યારની નવલકથામાં આસનારૂઢ કરવામાં આવે છે. અસ્તિત્વવાદીઓ તો નાસીપાસ થયેલા અને હારેલા માણસને મહાન બનાવી દીધો છે.

પરંતુ હારને સ્વીકારનારો લેખક કે લેખકનો નાયક અનુકરણને પાત્ર બને છે ખરો? કોઈ પ્રશ્ન ઉકેલી ન શકાય અને એ પ્રશ્ન આપણને હારેલા પુરવાર કરે તો તેનો અર્થ એમ થાય કે વિશ્વની સમસ્યાને ઉકેલવા આપણે બનતી તમામ શકિત ખર્ચી નથી. સમસ્યાને ઉકેલવા તેના ઉપર સમગ્ર તાકાત વડે આક્રમણ થવું જરૂરી છે, નહિતર જીવનમાં બધા માટે હારવું એ જ મહામંત્ર બની જાય.

ગુલામી સામે હારી જવાની જરૂર નથી. તાકાતનું એક પણ ટીપું બાકી ન રહ્યું હોય તેવું બનતું નથી. બાકી રહેલી તાકાત ન વાપરી હોય તેવું ખૂબ બને છે. માણસને જ્યારે મુકિત લાધવાની હોય છે કે સંઘર્ષના અંતે કંઈક સિદ્ધિ મળવાની તક આવી પહોંચતી હોય છે તે ક્ષણે જ ઘણી વખત હારેલો માણસ તેના પુરુષાર્થની પકડ ઢીલી કરી દેતો હોય છે, નિસાસો નાખીને ભાંગી પડતો હોય છે.

માણસે એ ભૂલવું ન જોઈએ કે વિપત્તિ અને વેદનાની પરાકાષ્ઠા આવે તે સમયે જ મનના એકાદ ખૂણામાંથી તે વેદનાને વિચ્છિન્ન કરવાનું બળ પેદા થાય છે. આ બળને સુખ કે દુઃખ સાથે લેવાદેવા હોતી નથી પણ એ પરાકાષ્ઠા વખતે જ આપણે પલાંઠી વાળીને બેસી જઈએ છીએ, શિથિલ થઈ જઈએ છીએ અને અશિસ્ત આચરવા માંડીએ છીએ. એમ મુકિત ન મળે. એકાએક કાવ્યની ઉત્તમ પંકિત સ્ફુરે તેમ જ મુકિતનું પ્રાગટ્ય થાય છે અને એ પ્રાગટ્ય અશિસ્તમાંથી નહિ પણ માનવીના મનોબળની સુખ્ત–શિસ્ત દ્વારા જ થાય છે.

રામકૃષ્ણ પરમહંસ જ્યારે એક તલવારના ઘાથી આત્મહત્યા કરવા તૈયાર થયા ત્યારે જ તેમને સત્યનું અગર કહો કે ઈશ્વરનું દર્શન થયું હતું. ગ્રેહામ ગ્રીન નામના વિખ્યાત સાહિત્યકારે પોતે જ એકરાર કર્યો છે કે ચીલાઢાળ જીવનથી કંટાળીને તેમના ભાઈની રિવોલ્વરથી જીવનનો અંત આણવા તેમણે કોશિશ કરી હતી. પણ રિવોલ્વરની ચાંપ દબાવી ત્યારે ગોળી ન છૂટી તે વખતે ગ્રેહામ ગ્રીનને પ્રકાશ લાધ્યો હતો. તેણે કહેલું કે "જીવનમાં અનંત શકયતાઓ

સંતાયેલી છે. તેને ઢૂંઢવા માટે પુરુષાર્થ કરવો જોઈએ અને તે માટે જીવવું જોઈએ." ફ્રાન્સ ઉપર નાઝીઓએ કબજો કરેલો તે સમયનો સાર્ત્રનો અનુભવ કહે છે કે "સતત મૃત્યુના ભય વચ્ચે તેમણે જે મુક્તિ અનુભવી છે તે ક્યારેય અનુભવી નથી."

હારણ થઈ જવાનું એક કારણ એ પણ છે કે અસ્તિત્વવાદી અગર તો જે પોતાને ઈન્ટેલેક્ચુઅલ્સ કહેવરાવે છે તેવા લોકો વિચારોની દુનિયામાં વધુ રહે છે. મનને વધુ પડતા વતાવ્યા કરે છે. એચ. જી. વેલ્સની આત્મકથામાં તેમણે એક રસપ્રદ ફકરો લખ્યો છે : "આજનો માનવી મનની દુનિયામાં વધુ રહે છે. જેમ માછલી એ દરિયાનું અને પક્ષી એ હવાનું પ્રાણી છે તેમ માનવી પણ મનના મલકનું પ્રાણી બની જાય છે."

કલ્પનાની સૃષ્ટિમાં વસતો માનવી કાયમ તેની સ્વપ્નભૂમિમાં રહી શકતો નથી. તેને શાકભાજી લેવા જવું પડે છે. કવિ હોય કે લેખક પણ તેણે નોકરી કરવી પડે છે કે પ્રગટ થાય તેવાં કાવ્યો કે વાર્તાઓ લખવી પડે છે . જે વાસ્તવિક જગતને તે ધિક્કારતો હોય છે અને જેને તે મૂર્ખાઓનો સમાજ કહેતો હોય છે તે સમાજ ભણી મુખ વાળવું પડે છે. મનના મલકમાં એકધારો રહીને તે ગળે આવી જાય છે. સ્વપ્નભૂમિ થોડો વખત અબખે પડી જાય છે.

સર્જકની એક વાત વખાણવા જેવી ખરી. બળવાન રાજકીય પુરુષ કે બળવાન યોદ્ધા કે સારા વકતાને પોતાનો અધિકાર જમાવવા અથવા છાપ પાડવા માટે આજ્ઞાંકિત વ્યકિતની કે શ્રોતાની જરૂર પડે છે. પણ સર્જક અગર તો બુદ્ધિપ્રધાન વ્યકિત જે કંઈ શબ્દોનું સર્જન કરે છે તેને બીજા લોકોની જરૂર પડતી નથી. પણ આ વાત માત્ર ગણ્યાગાંઠ્યા સર્જકોને લાગુ પડી શકે. બાકીના તો સમાજની દરકાર માટે ફાંફાં મારતા હોય છે. માત્ર પોતાના મનના મલકમાં મસ્ત રહેવાનો ડોળ કરનારા હોય છે તે પણ પોતાની મસ્તીભરી દુનિયામાં ઝાઝો સમય ટકી શકતા નથી. ભાગીને વાસ્તવિક જગત સામે આવવું પડે છે. કારણ કે જે સમાજથી "બોર" થતો હોય તે પોતાનાથી પણ "બોર" થતો હોય છે. આપણામાંના ઘણાએ મનના મલકમાં સતત નહિ રહી શકવાની આ નબળાઈ પારખી લીધી હશે. એક દૃષ્ટાંત લઈએ. કોઈ અતિ રસપ્રદ નવલકથા એક જ બેઠકે વાંચવાનો સંકલ્પ કરીને આપણે તે પૂરી કરીએ છીએ ત્યારે શી દશા થાય છે ? આંખો થાકીને ગાભા બની જાય છે. આપણે શિથિલ થઈ ગયા હોઈએ છીએ. કેટલીક વખત ત્યારે નિર્ણયશકિત ગુમાવી બેસીએ છીએ. આમ એટલા માટે થાય છે કે મનના મલકમાં આપણે બહુ ટકી શકતા નથી.

કાન્તિ ભટ્ટ

બ્રહ્મવિહાર

"ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્." જો આપણે સૌ ઈશમાં જ નિવાસ કરતા હોઈએ, બ્રહ્મમાં જ વસતા હોઈએ તો આપણી આગળપાછળ ઉપરનીચે અને સ્વયં આપણાં અંગેઅંગમાં કેવળ બ્રહ્મ જ ભરેલું છે. એટલે આપણી શારીરિક ગતિવિધિઓ અને માનસિક ગતિવિધિઓ એ બધું બ્રહ્મમાં જ થઈ રહ્યું છે. આ સત્યને આપણે બુદ્ધિપૂર્વક માનીએ પણ છીએ. છતાં એ આપણી સ્વયંચેતના નથી બની શકી, એ આપણી અનુભૂતિ નથી, એ પણ હકીકત છે.

આ સત્ય જો આપણી સ્વયંચેતના બની જાય તો આપણે જે કંઈ કરીએ છીએ એ બધું બ્રહ્મમાં વિહાર કરવા જેવું જ લાગે છે અને તે જ એકમાત્ર સત્ય છે.

આ ભાવના દૃઢ કરવા માટે વિચારીશું કે આપણે એક બગીચામાં ફરી રહ્યા હોઈએ, ત્યાં સુંદર ઝાડપાન, ફળફૂલો, સુવાસ આદિ હોય, અને સૂકા બદસૂરત ડાળાં–ડાખળાં, કોહેલાં પાન આદિ પણ હોય છતાં આપણું ધ્યાન તો પેલી સુંદરતા ઉપર જ વધારે જશે, અને આપણે તેને જ મનભરીને જોયા કરીશું, અનુભવીશું, અને તેની જ સૌરભને માણીશું.

તે જ પ્રમાણે બ્રહ્મવિહારમાં પણ છે. સર્વત્ર બ્રહ્મ જ વિદ્યમાન હોવા છતાં તેમાં થોડો ભાગ જડ ચેતના – માયાનો પણ છે જ. આપણે જડ બુદ્ધિથી માત્ર શરીરચેતના–જડ ચેતના ઉપર જ વળગી રહીએ છીએ, તેને જ જોઈએ અને અનુભવીએ છીએ અને પરિણામે સુખદુ:ખની ઘટમાળમાં વિવશ બનીને ફર્યા કરીએ છીએ.

તેને બદલે જે કંઈ કરીએ ત્યાં માત્ર બ્રહ્મ જ છે, તે સિવાયનું જે કંઈ છે તેની ઉપેક્ષા કરીને માત્ર બ્રહ્મમાં જ સ્થિતિ કરીએ, તેને જ જોઈએ, અનુભવીએ, સાંભળીએ અને માણીએ તો કેવું સરસ ? આ આપણો સ્વયંસિદ્ધ અધિકાર છે, તેને ધ્યાન દ્વારા સિદ્ધ કરીએ.

પૂર્ણિમા પકવાસા

નવી બંગ કવિતાના પ્રણેતા

બંગાળના પ્રતિભાવંત કવિ શ્રી વિષ્ણુ ડેને ૧૯૭૧ નું ભારતીય જ્ઞાનપીઠનું પારિતોષિક એનાયત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. એમના 'સ્મૃતિ સતા ભવિષ્યત' નામના કાવ્યસંગ્રહ માટે એમને આ પારિતોષિક આપવામાં આવ્યું છે. આ કાવ્યસંગ્રહ ૧૯૬૩માં પ્રગટ થયો હતો અને એમાં કવિનાં ૯૦ જેટલાં કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમના આ કાવ્યસંગ્રહને ૧૯૬૬માં સાહિત્ય એકેડેમીનો પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો.

શ્રી વિષ્ણુ ડે બંગાળી ભાષાના એક એવા કવિ છે કે જેમનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ થતાં જ પીઢ સાહિત્યકારો અને બીજાઓને એવી પ્રતીતિ થઈ હતી કે બંગાળમાં એક નવી કવિ પ્રતિભાનો ઉદ્‌ભવ થયો છે.

અત્યારે તો બંગાળી કવિઓમાં એમનું વિશિષ્ટ સ્થાન છે. 'સ્મૃતિ સતા ભવિષ્યત' કવિનો દસમો કાવ્યસંગ્રહ છે. કાવ્યો ઉપરાંત સાહિત્યના બીજા પ્રકારો પણ એમણે સફળતાથી ખેડ્યા છે.

વિષ્ણુ ડેનો જન્મ ૧૯૦૯ માં કલકત્તામાં એક પ્રતિષ્ઠિત કુટુંબમાં થયો હતો. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ એમણે પશ્ચિમ બંગાળની સરકારમાં નોકરી સ્વીકારી હતી. કિશોરાવસ્થાથી જ એમને કાવ્યો લખવાનો શોખ હતો. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ ૧૯૩૩ માં 'ઉર્વશી ઓ આર્તમસ' પ્રગટ થયો.

આ કાવ્યસંગ્રહ પ્રગટ થતાં જ એ અંગે ઠીક ઠીક ચર્ચા જાગી હતી. કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું પણ એમનાં કાવ્યો પ્રતિ ધ્યાન ખેંચાયું હતું.

શ્રી ડે જીવનની વાસ્તવિકતાના કવિ છે, જીવનની ખોજમાં એમને રસ છે, જીવાતા જીવનમાં દેખાતા વિરોધાભાસોનું એમણે એમનાં કાવ્યોમાં, એમની પોતાની વિશિષ્ટ ઢબની શૈલીમાં નિરૂપણ કર્યું છે. શ્રી ડે પરંપરાભંજક છે, એમણે પરંપરાને એક બાજુ રાખીને બંગાળી કવિતાને નવી દિશા આપી છે. એટલા માટે જ તેઓ નવી બંગાળી કવિતાના પ્રણેતા બન્યા છે.

શ્રી વિષ્ણુ ડેને ભારતીય જ્ઞાનપીઠનું જે પારિતોષિક આપવામાં આવ્યું છે એ સાતમું પારિતોષિક છે. ભારતની પંદર ભાષાઓમાંની કોઈ પણ ભાષાના સર્જકની શ્રેષ્ઠ કૃતિને આ પારિતોષિક અપાય છે. આ પારિતોષિકમાં રૂા. એક લાખની રકમ, વાગ્દેવીની કાંસાની પ્રતિમા તથા એક પ્લેટનો સમાવેશ થાય છે. ર્ય.

આનંદભર્યું ગાંભીર્ય

આ સંસારને 'ભગવાનની લીલા' તરીકે પણ ઓળખવામાં આવે છે. જીવમાત્ર 'ભગવાનનો અંશ' છે એવું પણ આપણે સાંભળીએ છીએ. ભગવાન આપણાથી જુદો હોય કે ન હોય અને આપણે બધાં એનાં રમકડાં હોઈએ કે અંશ હોઈએ, પરંતુ એટલી વાત તો નક્કી છે કે આ સંસારની સર્વ પ્રવૃત્તિ આસક્તિરહિત થઈ એક લીલાની પેઠે કરી શકીએ તો મન પરનો બોજો ઓછો થઈ જાય. ભગવાનના જો આપણે અંશ હોઈએ તો તો આ 'લીલા'નો બહુ સારી રીતે મેળ બેસી જાય છે, ભગવાન અને લીલા તે પછી એકબીજાથી જુદાં રહેતાં નથી; અને જો રહેતાં હોય તો 'ભગવાનની લીલા' ના સૂત્ર દ્વારા આપણને એવું સૂચન મળે છે કે આપણી પણ નાનીસરખી જે સૃષ્ટિ છે તેની સાથેના સર્વ વ્યવહારો આપણે લીલાની પેઠે કરવા જોઈએ. લીલાનો એક અર્થ નાટક જેવો, એટલે કે ખોટા દેખાવ જેવો પણ થાય છે, પરંતુ અહીં તો એનો અર્થ કોઈ અદ્‌ભુત ખેલ દ્વારા – ક્રીડા દ્વારા આનંદ પ્રાપ્ત કરવાનો જ થઈ શકે.

સામાન્ય માનવી પોતાના ધંધા- રોજગારમાં અને સાંસારિક વ્યવહારોમાં ગંભીરતાથી ને વિચારપૂર્વક વર્તે છે, પરંતુ તે પરથી એમ માનવાનું નથી કે રમતમાં - લીલામાં વિચારગાંભીર્ય વિના ચાલી શકે. કોઈ પણ ખેલમાં હારજીતને અંતે સ્થૂળ એવું કશું પ્રાપ્ત થવાનું ન હોય તો પણ સારો ખેલાડી તો ગંભીરતાથી ને કાળજીપૂર્વક જ રમે. પોતાની બેદરકારી અથવા તો અણઆવડતને કારણે હારી ન જવાય તેની એ સંભાળ રાખે. સાથેસાથે એ સમજે પણ ખરો કે દરેક રમતમાં એક પક્ષની હાર અને બીજા પક્ષની જીત અનિવાર્ય છે. બંને પક્ષ જીતે એવી રમત હજી શોધાઈ નથી. જે રમતમાં પહેલેથી જીતની ખાતરી હોય તે રમતમાં ઘણો ઓછો રસ આવે એ સ્વાભાવિક છે. લગભગ સમાન શક્તિ ધરાવનારાઓ વચ્ચેની જ રમત જામે. આવી રમતમાં પુરુષાર્થને પ્રાધાન્ય મળે અને પરિણામ આવે ત્યારે પ્રારબ્ધના આધારે આશ્વાસન લેવાય. સાચા ખેલાડીને મન પૂરા પ્રયાસ પછીની હારજીત હર્ષશોકની લાગણી પેદા કરે નહિ. એની હાર એ સામા પક્ષની જીત છે એમ સમજી તે એને અંતરનાં અભિનંદન પણ આપે.

આનો અર્થ એ થયો કે જીવનના સર્વ વ્યવહારોને આપણે લીલા સમજીએ તો આનંદસ્વરૂપ ભગવાનના સાચા અંશ આપણે બની શકીએ. આ લીલામાં આનંદભર્યું ગાંભીર્ય હોય, એમાં હર્ષ-શોકનાં ભરતી-ઓટનો અભાવ હોય. આનંદમાં દિલ નાચી ઊઠે ને શોકમાં એ તૂટી જાય એવી સ્થિતિ તો સંતાપ વધારનારી જ ગણાય. આનંદની ઊર્મિ બહેકે નહિ ને શોકની લાગણીથી જીવનરસ સુકાય નહિ એ જ સારી સ્થિતિ કહેવાય. આવી સ્થિતિ જીવન અને જગતને ખેલ માનીએ તો જ શક્ય છે. આ ખેલમાં આનંદભરી ગંભીરતા એટલે કે ન હર્ષ, ન શોક, પણ પ્રસન્નતા હોવાં જરૂરી છે. જીવમાત્ર આનંદ માટે જ મથે છે ને ? જે કંઈ પ્રાપ્ત કરવાની મનમાં ઈચ્છા છે, આકાંક્ષા છે, વાસના છે, ઝંખના છે તે બધાંની પાછળ આનંદ મેળવવા સિવાય બીજી કઈ વૃત્તિ હોય છે ? ધન, સત્તા, વૈભવ વગેરે દ્વારા આપણે ભોગવિલાસ મેળવવા ઈચ્છતા હોઈએ તો તે આનંદ માટે જ. હા, આનંદના પ્રકાર છે ખરા, એનું પણ આયખું હોય છે, સ્વરૂપ હોય છે ને પરિણામ પણ હોય છે. કોઈ આનંદ ક્ષણિક હોય, કોઈ ચિરકાળ ટકે, કોઈ આનંદથી આંતરબાહ્ય શક્તિઓ વિકાસ સાધે ને કોઈ આનંદથી તેનો હ્રાસ પણ થાય. માનવી પોતાની પ્રવૃત્તિ દ્વારા ગમે તેવો આનંદ મેળવતો હોય, પરંતુ તેને જો પસંદગીની સગવડ આપવામાં આવે તો તે શાશ્વત અને શક્તિદાતા આનંદની જ માગણી કરે એમાં સંશય નથી. આમ છતાં એટલું ખરું કે એવા આનંદ માટે પોતાની મનોવૃત્તિમાં ફેરફાર કરવાની, એટલે કે એવા આનંદની યોગ્યતા પ્રાપ્ત કરવાની એની તૈયારી ન હોય તો એ મળી ન શકે; એની ઝંખના જે સ્વભાવથી જ ક્ષણિક અને નિર્બળ હોય છતાં તે આનંદને શાશ્વત અને સબળરૂપે જોવાની હોય, પરંતુ કુદરતના કાનૂનને વશ થયા વિના ચાલે નહિ.

આસક્તિરહિત થઈ સર્વ ક્રિયા કરવાથી જીવનના સર્વ વ્યવહારો ક્રિયારૂપ બની જાય એમાં સંદેહ નથી, પરંતુ આસક્તિ છોડવામાં જેટલી જરૂર હૃદયબળની છે તેટલી જ જ્ઞાનની છે. બહુ ઊંડાણથી જોવા જઈએ તો જ્ઞાન વિના હૃદયબળ પ્રગટે નહિ તે પણ સમજી શકાય એમ છે. આ જ્ઞાન એટલે કુદરતના નિયમોનું જ્ઞાન. સર્વ જીવો આનંદ માટે મથે છે, પરંતુ માત્ર મથવાથી આનંદ મળતો નથી. કયો આનંદ ક્ષણિક અને કયો શાશ્વત તે પણ જાણવું જોઈએ. ક્ષણિક આનંદમાંયે અનેક પ્રકારો છે. દિવસ અને રાત્રિના મિલનની પળો જોવામાં જે આનંદ આવે છે તે કંઈ શાશ્વત નથી. આકાશના તારાઓનું નિરીક્ષણ કરીએ, સુંદર ને સુવાસિત ફૂલોના સંપર્કમાં આવીએ, નિર્મળ ને નિર્દોષ બાળકો જોઈએ—આ બધું આનંદદાયક લાગે છે ને તે થોડા સમય માટેનું પણ હોય છે. આને પરિણામે બીજી એક કસોટી આપોઆપ પેદા થઈ જાય છે. એ કસોટી છે આનંદના પરિણામની. જે ક્ષણિક આનંદને અંતે શોકનો અનુભવ થાય તે આનંદ વર્જ્ય ગણવો જોઈએ અને જેની સુવાસ સ્મૃતિમાં સંધરાઈ રહે તેનું શાશ્વત આનંદની પેઠે સ્વાગત કરવું જોઈએ. આ અવલોકનમાં સહેજ આગળ વધતાં એમ સમજાશે કે ઈંદ્રિયોના સ્થૂળ સુખનો અથવા તો આહારવિહારનો આનંદ બહુધા શોકનું પરિણામ લાવનારો હોય છે અને ઈંદ્રિયાતીત અથવા કુદરત સાથેના સંપર્કનો આનંદ ક્ષણિક હોય તો યે મીઠી સુવાસ મૂકી જાય છે.

આનંદની પરીક્ષામાં આગળ વધતાં એમ પણ લાગે છે કે આપણો આનંદ અન્ય વ્યકિત કે જીવ માટે પણ આનંદની વૃદ્ધિરૂપ બને તો તેમાં ભરતી આવે છે અને એ દ્વારા બીજાનો આનંદ ઓછો થતો હોય તો વહેલેમોડે એ ઓટનું કારણ બની જાય છે. ફરીને આપણે જો યાદ કરીએ કે જીવમાત્ર આનંદ માટે મથે છે તો એટલું સમજાય કે બીજાનો આનંદ ઓછો કરવાની આપણી પ્રવૃત્તિ સંઘર્ષ પેદા કર્યા વિના રહે નહિ. આ સંઘર્ષમાં આપણી હાર થાય તો તો આનંદ જેવું રહે જ નહિ, પણ જીત થાય તો યે આપણે ચિત્તશાંતિ પ્રાપ્ત કરી શકીએ નહિ. ચિત્તશાંતિ વિના કોઈ આનંદ ટકી શકે નહિ એ માણી પણ શકાય નહિ. આ ઉપરથી એમ ફલિત થાય છે કે જીવનવ્યવહારનો બોજ ઓછો કરવા માટે આસક્તિરહિત થઈ આનંદભર્યા ગાંભીર્ય સાથે આપણી સર્વ પ્રવૃત્તિ ક્રીડારૂપ - રમતરૂપ બની જવી જોઈએ. આ માટે કુદરતના કાનૂનનું જ્ઞાન આવશ્યક છે. આ જ્ઞાન શાશ્વત અને સર્વવ્યાપી આનંદની શોધમાં પરિણમવું જોઈએ. ક્ષણિક આનંદ ઈન્દ્રિયસુખથી પર રહીને મેળવાય તો તે શોકનું કારણ બને નહિ, પરંતુ સર્વ સ્થિતિમાં કુદરતનું સૌંદર્ય માણવાની શક્તિ ને વૃત્તિ કેળવાય તો આજે જે ક્ષણિક છે તે શાશ્વત બની જાય. આ શાશ્વત આનંદ સર્વવ્યાપી હોવો જરૂરી છે, નહિ તો એ શાશ્વત હોય નહિ, રહી શકે નહિ. 'ભગવાનની લીલા' એ જેમ આપણી લીલા છે તેમ સ્થૂળ દૃષ્ટિએ આપણાથી જુદા ગણાતા જીવની પણ 'લીલા' જ છે. વસ્તુતઃ સર્વ જીવોનો સરવાળો તે ભગવાન છે અને એની લીલા સર્વવ્યાપી ને શાશ્વત હોય છે. આપણે એમાં એકરૂપ થઈ જવાનો આનંદમય પુરુષાર્થ કરવો ઘટે છે.

શ્રી

નેત્રહીન બહેનોનો જીવનવિકાસ

[નીચે જેમનો લેખ પ્રગટ કર્યા છે તે કુ. જ્યોતિબહેને એમ. એ. સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ નેત્રહીનોની વચ્ચે કામ કરે છે અને એમનામાંનાં એક છે એટલે નેત્રહીનોની સમસ્યાઓને વધુ સારી રીતે સમજે છે–તંત્રી]

ઈંગ્લૅન્ડના પ્રસિદ્ધ વૈજ્ઞાની શ્રી ડાર્વિને માનવજાતિની ઉત્ક્રાંતિ સમજાવતા કેટલાક વૈજ્ઞાનિક નિયમો રજૂ કર્યા છે. એમાંનો મુખ્ય તથા મહત્ત્વનો એક નિયમ છે - કુદરતની પસંદગીનો. આ નિયમ અનુસાર આ જગતનાં અસંખ્ય પ્રાણીઓમાંથી યોગ્ય અને શક્તિશાળી પ્રાણીઓની પસંદગી કરી કુદરત તેઓને જિવાડે છે તથા નબળાં અને અયોગ્ય પ્રાણીઓનો નાશ કરે છે.

કેટલાક આધુનિક સમાજશાસ્ત્રીઓએ આની સામે 'સામાજિક પસંદગી'નો નિયમ રજૂ કર્યો, જેની રૂએ સમાજના અશક્ત અને અપંગ લોકસમૂહને જીવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. કુદરતની ખફાનો ભોગ બનનાર શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓની પસંદગી કરી, તેઓનું જીવન સભર બને એવાં પગલાં સમાજે લેવાં, એમ આ નિયમ પરથી સમજાય છે. આમ આ કલ્યાણની ભાવનાનો નિર્દેશ કરી જાય છે.

સદ્‌ભાગ્યે વર્તમાન સમયમાં આ ભાવનાનો ઠીક ઠીક વિકાસ અને પ્રચાર થયેલો જોવા મળે છે. જો આવી ભાવના ન વિકસે તો અંધ, બહેરા, મૂગા, લંગડા, અસાધ્ય રોગોથી પીડાતા રોગીઓ વગેરે લોકોનું જીવન કેવું મુશ્કેલ; અસહ્ય તથા હતાશાજનક બની જાય એની સહેજે કલ્પના થઈ શકે છે.

શિક્ષણના વ્યાપક પ્રચારને કારણે આજે નેત્રહીન તથા અન્ય અપંગ વ્યક્તિઓ માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સગવડો સુલભ બની છે. પુરુષ - સ્ત્રીની સમાનતાના આજના યુગમાં ભાઈઓની જેમ નેત્રહીન બહેનો પણ શિક્ષણકાર્યમાં રસ લઈ રહી છે.

નેત્રહીનો કેવી રીતે શિક્ષણ મેળવે છે, તેમની જરૂરિયાતો શી શી છે અને સમાજ તેઓને કઈ રીતે મદદ કરી શકે એ દર્શાવવાનો પ્રસ્તુત લેખમાં પ્રયાસ કર્યો છે.

લખવું અને વાંચવું એ કોઈ પણ જાતના શિક્ષણની પાયાની જરૂરિયાત છે. બ્રેઈલ લિપિ વડે નેત્રહીનોના શિક્ષણની આ મુશ્કેલી દૂર થઈ છે. આ બ્રેઈલ લિપિ શું છે? કાગળ પર ઉપસાવેલ કુલ છ ટપકાંવાળી આ લિપિ તેના ફ્રેંચ નેત્રહીન શોધક લૂઈ બ્રેઈલના નામે જાણીતી છે. આ લિપિમાં " : " આમ ટપકાં ઉપસાવેલાં હોય છે. આ છ ટપકાઓનું જુદી જુદી રીતે સંયોજન કરી બારાખડીના બધા અક્ષરો તેમ જ વિરામચિહ્નો તૈયાર કરવામાં આવ્યાં છે. ખાસ જાતના બ્રેઈલ ટાઈપરાઈટરો અને બ્રેઈલ પ્રેસની મદદથી પાઠ્યપુસ્તકો તથા ઈતર વાચનનાં પુસ્તકો આંગળીના સ્પર્શ વડે સહેલાઈથી વાંચી શકાય છે. આ જ રીતે નેત્રહીનો આ લિપિમાં લખી પણ શકે છે. મુંબઈ, અમદાવાદ, પોરબંદર, દહેરાદૂન, વગેરે સ્થળોએ ચાલતાં બ્રેઈલ પુસ્તકાલયોમાંથી નેત્રહીન સભ્યોને વાંચવા માટે નિઃશુલ્ક ભાવે પુસ્તકો મળે છે. સામાન્ય છાપનાં (નેત્રવાનો માટેનાં) પુસ્તકો દષ્ટિવાનો પાસે વંચાવી નેત્રહીનો બ્રેઈલ લિપિમાં પોતાને જરૂરી પુસ્તકો લખી શકે છે. જગતની બધી જ ભાષાઓમાં આ રીતે પુસ્તકો તૈયાર થઈ શકે છે.

નવરાશના સમયનો સદુપયોગ કરવા ઈચ્છતી દષ્ટિવાન બહેનો નેત્રહીનો પાસે પુસ્તકો વાંચી બ્રેઈલ લિપિમાં પુસ્તકો તૈયાર કરવાના કામમાં મદદ કરી શકે.

પુસ્તકો ઉપરાંત અન્ય રીતે પણ બ્રેઈલ લિપિ અંધજનોને મદદરૂપ બની છે. સ્પર્શ વડે જોઈ શકાય એવી ખાસ બનાવટની ઘડિયાળ વડે અંધજનો મિનિટે મિનિટનો સમય જાણી શકે છે. બ્રેઈલ લિપિમાં તૈયાર કરેલાં પાનાંની રમતો તેઓ સરળતાથી રમી શકે છે.

આમ નેત્રહીનોનાં સમસ્ત જીવનકાર્યોમાં બ્રેઈલ લિપિએ અગત્યનું સ્થાન મેળવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ લિપિએ અંધજનોને સ્પર્શરૂપી દષ્ટિ - આંખ આપી છે.

મુંબઈ, અમદાવાદ, રાજકોટ, દિલ્હી, દહેરાદૂન વગેરે શહેરોમાં ચાલતી અંધ કન્યાઓ માટેની શાળાઓમાં S. S. C. સુધીનો અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. કેટલીક નેત્રહીન બહેનો કૉલેજશિક્ષણ પણ લે છે. શાળાઓમાં સંગીત ઉપરાંત નેતરકામ, હાથવણાટ, સીવણકામ, ગૂંથણકામ વગેરે હસ્તઉદ્યોગો પણ શીખવવામાં આવે છે.

આ રીતે તાલીમ લીધેલી અને શિક્ષિત અંધકન્યાઓને આર્થિક રીતે પગભર બનાવવા તેઓ માટે રોજગારની તકો સુલભ બનાવવી એ પણ એટલું જ જરૂરનું છે. નેત્રહીન બહેનો અંધજનો માટેની શાળાઓમાં શિક્ષિકા તરીકે કામ કરી શકે. જાગ્રત માબાપ પોતાનાં બાળકોને સંગીતશિક્ષણ આપવા સંગીતકળામાં કુશળ એવી નેત્રહીન શાળામાં મોકલી શકે. સંગીતશિક્ષક તરીકે અંધજનો સફળતાથી કામ કરી શકે છે. આ ઉપરાંત બાસ્કેટ, ટેબલ - લૅમ્પ, પર્સ વગેરે નેતરની ચીજોના વેચાણથી પણ ચક્ષુહીન બહેનોને ઠીક ઠીક રોજગારી મળી રહે. નેત્રવાનો માટેનાં પુસ્તકો બ્રેઈલ લિપિમાં લખવાના કામનું મહેનતાણું તેમને મળે છે. આ ઉપરાંત દવાની ફેકટરીમાં અને કાપડની મિલોમાં પૅકિંગ વિભાગમાં બહેનો સરળતાથી કામ કરી શકે છે. વળી તેઓ ટેલિફોન ઓપરેટર તરીકે પણ સરળતાથી કામ કરી શકે છે. આ રીતે આર્થિક રીતે પગભર બનેલી બહેનોમાંથી કેટલીક બહેનો લગ્નગ્રંથિથી પણ જોડાય છે. રસોઈકામ, બાળઉછેર વગેરે જેવી ગૃહસંસારની જવાબદારીઓ તેઓ આનંદથી ઉઠાવી શકે છે. પરવશતા જેવી મુસીબતોનો સામનો કરી એક સફળ ગૃહિણી બનવાનો પ્રયત્ન કરે છે.

ટૂંકમાં, આજના સમાજવાદના યુગમાં શારીરિક ખોડખાંપણ ધરાવતા વર્ગની ઉપેક્ષા ન થાય; અને આ વર્ગને સમાજનું એક ઉપયોગી અંગ બનાવવાની જવાબદારી સમાજના સબળ વર્ગની છે. અપંગ તરફ માત્ર ઉદાસીનતા, દયા કે સહાનુભૂતિ જ નહિ, પરંતુ તેઓ પ્રત્યે બૌદ્ધિક વલણ અપનાવી તેઓને શિક્ષિત તેમ જ આર્થિક રીતે સ્વતંત્ર બનાવવાની જરૂર છે. સહાનુભૂતિના કે કુતૂહલતાના બે શબ્દો ઉચ્ચારીને અગર નાણાંનું દાન કરીને જ સમાજે સંતોષ માનવાનો નથી, પરંતુ પોતાના કુંરસદના સમયનું તથા જ્ઞાન શક્તિનું ઉદાર હાથે દાન કરવાનું છે. આ દિશામાં સામાજિક સેવાભાવી સંસ્થાઓ પોતાના કાર્યક્ષેત્રમાં અપંગો માટેની ખાસ નક્કર યોજનાઓ દાખલ કરી ઘણું ઘણું કરી શકે તેમ છે.

કુ. જ્યોતિ મોહનલાલ પારેખ

પૃથ્વીનું ભાવિ

પૃથ્વીનું ભાવિ ચેતનાના પરિવર્તન ઉપર આધાર રાખે છે. આ ભાવિની એકમાત્ર આશા તે માનવીની ચેતનાનું પરિવર્તન થાય એમાં રહેલી છે અને એ પરિવર્તન અવશ્ય થવાનું જ છે. પરંતુ માણસો પોતે આ પરિવર્તન માટે સહકાર આપશે કે નહિ અથવા તો એ પરિવર્તન કચ્ચરઘાણ કરી મૂકતા સંયોગોની શક્તિ દ્વારા માણસો ઉપર બળજબરીથી લાદવું પડશે તેનો નિર્ણય માણસો ઉપર છોડવામાં આવે છે. જે રૂપાંતર ઠેઠ મૂળ સુધીનું અને સ્થાયી રૂપનું હોય છે તે અંદરમાંથી બહારની દિશામાં આવતું હોય છે. બાહ્ય રૂપાંતર તે આંતરિક રૂપાંતરનું એક સ્વાભાવિક અને કહો કે અનિવાર્ય પરિણામ હોય છે.

–શ્રી માતાજી

☆ લા. દ. વિદ્યામંદિરમાં ચિત્રપ્રદર્શન ☆

પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજીની પ્રથમ સંવત્સરી નિમિત્તે લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં તા. ૩-૭-'૭૨ના રોજ ચિત્રકલા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ડૉ. ઉમાકાંત પી. શાહના હાથે થયું. આ પ્રદર્શનમાં પ્રદર્શિત સામગ્રીમાં પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી તરફથી ભેટમાં મળેલ સામગ્રીનો મુખ્યત્વે સમાવેશ કરવામાં આવ્યો છે. અઢાર મોટા કબાટો અને ૧૦ મંજૂષામાં આ સામગ્રી પ્રદર્શિત થઈ છે અને એમ કહી શકાય કે કલાના રસિકો માટે આ પ્રદર્શન મહત્ત્વની સામગ્રી પૂરી પાડે છે. ભારતીય ચિત્રકલા, ખાસ કરી પશ્ચિમ ભારતની ચિત્રકલા સમજવામાં, તેના વિકાસનો કાલબદ્ધ ઇતિહાસ સમજવામાં આ સામગ્રી એકમાત્ર સાધન છે એમ કહું તો અતિશયોક્તિ નથી. ચિત્રસામગ્રી ઉપરાંત પુરાણી લેખનસામગ્રી, જૂની મૂર્તિઓ જેવી બીજી અનેક આકર્ષક સામગ્રીનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન શનિવાર સિવાય દરરોજ બારથી ચાર પ્રેક્ષકો માટે ખુલ્લું રહેવાનું છે. આ પ્રદર્શનનું સૂચિપત્ર કુમાર કાર્યાલયે છાપી આપ્યું છે અને તેની ગોઠવણીમાં શ્રી રવિશંકર રાવળ તથા શ્રી. બચુભાઈ રાવતનો સહકાર પણ મળ્યો છે એટલે કલારસિકો માટે આ પ્રદર્શન યાત્રાધામ બની રહેશે.

ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી ઉમાકાંત શાહે ભારતીય ચિત્રકલા વિષે સામાન્ય નિર્દેશ કરીને પશ્ચિમ ભારતની આગવી શૈલીનો સ્વીકાર હવે કલાવિવેચકો કરતા થયા છે તે બાબત ઉપર ભાર મૂક્યો હતો અને પૂ. મુનિરાજશ્રીનાં અધૂરાં કાર્યો પૂરાં કરવાની પ્રેરણા આપી હતી. મહાસતી પૂ. મૃગાવતીજીએ તથા પૂ. પં. બેચરદાસજી દોશીએ પૂ. મહારાજશ્રીને અંજલિ અર્પિત કરી હતી અને છેવટે મેં ઉપસંહારમાં પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીના સાધુજીવન વિષે પ્રકાશ પાડ્યો હતો. પૂ. મુનિરાજશ્રીએ પોતાની હયાતીમાં જ પોતાનો બહુમૂલ્ય હસ્તપ્રતસંગ્રહ અને મુદ્રિત પુસ્તકોનો સંગ્રહ લા. દ. વિદ્યામંદિરને આપી દીધો હતો એટલું જ નહિ પણ તેના ઉપરથી પોતાનું મમત્વ એટલી હદ સુધી છોડી દીધું હતું કે. તેઓ તેમાંનું કોઈ પણ મુદ્રિત પુસ્તક પોતાના વપરાશ માટે પણ મગાવતા નહિ, તે એમ સમજીને કે વિદ્યામંદિરના કાર્યકર્તાઓને અને બીજાઓને એમ કરવાથી સંશોધનમાં ખલેલ પડશે. આવી ઉદારતા અને નિર્મમભાવ અન્યત્ર દુર્લભ છે. પૂ. મહારાજશ્રીએ અનેક દુર્લભ બહુમૂલ્ય પુસ્તકોનું સંશોધન કરી રાખ્યું હતું, નકલો કરી રાખી હતી; અને તેમાંથી કોઈ પણ પુસ્તક કોઈ માગે તે તેઓ નિઃસંકોચભાવે આપી દેતા હતા. વિદ્વાનોમાં આવી ઉદારતા દુર્લભ છે. જે હસ્તપ્રતો વિષે એમ કહેવાતું હતું કે જૈન ભંડારમાંથી તે મેળવવી અસંભવ છે, પૂજ્ય મુનિરાજશ્રીએ એ બાબતમાં સૌ વિદ્વાનોને પોતાની એ માન્યતામાં પરિવર્તન કરવું પડે તેટલી હદ સુધી વિદ્વાનોને તેઓ હસ્તપ્રતની પ્રાપ્તિમાં સહાયક થતા અને એમ કરી જૈન સમાજનું એ કલંક દૂર કર્યું હતું. તેમના જવાથી હવે આપણી ફરજ છે કે દૂર થયેલું એ કલંક પુનઃ સમાજને ન લાગે અને વિદ્વાનોને જૈન ભંડારની હસ્તપ્રતો મળતી રહે તેવો પ્રબંધ કરવો જરૂરી છે. પૂજ્ય મુનિરાજશ્રીએ છેલ્લાં ૪૦ વર્ષથી આગમ સંશોધનનું કાર્ય ઉપાડ્યું હતું અને તે માટે જેની પણ સહાયની જરૂર પડે તો તેમને તે લેતાં જરાય સંકોચ હતો નહિ. આજે હવે એ કામ કેવી રીતે પૂરું થશે એની જ મુખ્ય ચિંતા છે. વિદ્વાનને શોભે એવી ઉદાર અને મુક્ત દૃષ્ટિ ન હોય તો આવાં મહાન કાર્યો કરવાની જવાબદારી જે જૈન સમાજ ઉપર આવી પડી છે તે કેવી રીતે પૂર્ણ થશે એ એક મોટી ચિંતાનો વિષય છે. જે રીતે કામ ચાલી રહ્યું છે તે પ્રમાણે જ અને તે જ દૃષ્ટિએ જો કામ ચાલશે તો યોગ્ય રૂપમાં તે થશે નહિ એ કહ્યા વિના રહેવાતું નથી અને આપણે સમજી લેવું જોઈએ કે આગમ જેવા કામમાં રસ ધરાવતા આ પેઢીમાં જ ગણ્યાગાંઠ્યા વિદ્વાનો છે તો આગામી પેઢી તે કાર્ય હાથમાં લે તેવો સંભવ બહુ જ ઓછો છે. તે પરિસ્થિતિમાં પૂ. મહારાજશ્રીનું અધૂરું કાર્ય કોણ પૂરું કરશે? મને તો લાગે છે કે કામ અધૂરું જ રહેશે.

લા. દ. વિદ્યામંદિર જેવી સંસ્થા અમદાવાદ જેવા વ્યાપારપ્રધાન ક્ષેત્રમાં સ્થપાઈ છે. જેટલી અને જેવી સામગ્રી અહીં પડી છે તેનો ઉપયોગ સ્થાનિક અભ્યાસીઓ યોગ્ય પ્રમાણમાં કરતા નથી. અમદાવાદમાં વિદ્યા નહિ પણ વ્યાપારનું પ્રાધાન્ય છે, એથી આ પ્રકારના સાંસ્કૃતિક સંશોધનમાં આ શહેરને રસ ન હોય તે સ્વાભાવિક છે. આ જ વિદ્યામંદિર જો બનારસ જેવા વિદ્યાક્ષેત્રમાં હોત તો આનો ઉપયોગ વિદ્વાનો વિશેષરૂપે કરી શકત. પ્રજામાં કાંઈક રસ જાગે અને આ તરફ પણ ધ્યાન દેતી થાય એવો પણ ઉદ્દેશ આ પ્રદર્શનનો છે. તો આ ઉદ્‌ઘાટન પ્રસંગે પધારેલ સૌ સજ્જનોને મારી વિનંતિ છે કે તેઓ પોતાના સંબંધીઓને આ પ્રદર્શનની મુલાકાત આપે અને તેનું દર્શન કરવા પ્રેરણા આપે.

પૂ. મહારાજશ્રીમાં તો એવી તાકાત હતી કે નાસ્તિક પણ જો એકવાર એમના દર્શન કરે તો તે તેમનો ભક્ત બની જતો એટલું જ નહિ પણ ધાર્મિક લાગણીવાળો પણ બની જતો. એવા અનેક દાખલા હું જાણું છું. પૂ. મહારાજશ્રી તો હવે આપણી સમક્ષ નથી પણ તેમણે આપેલ આ સામગ્રી તો છે જ. તે પ્રેરણારૂપ બની રહે એ જ શુભેચ્છા છે.

પૂ. મહારાજશ્રીના કાળધર્મ પછી તેમના સુશિષ્ય પૂ. પંન્યાસ દર્શનવિજયજીએ પ્રાચીન હસ્તપ્રતો અને અનેક મુદ્રિત પુસ્તકો પૂ. પુણ્યવિજયજીએ એકત્ર કર્યાં હતાં તે ઉદાર ભાવે વિદ્યામંદિરને આપી દીધા છે તે બદલ સંસ્થા વતી તેમનો આ પ્રસંગે આભાર માનું છું.

—દલસુખ માલવણિયા

સંઘ સમાચાર

સંઘના લાઈફ-મેમ્બરો

લાઈફ-મેમ્બરોના આઠ નામો આગલા અંકમાં પ્રગટ થઈ ચૂક્યા છે. નવાં નામો નીચે પ્રમાણે છે :

(૧૯) શ્રી જયન્તીલાલ ફત્તેહચંદ શાહ
(૨૦) ,, પાનાચંદ ડુંગરસી તુરખીઆ
(૨૧) ,, બાબુભાઈ એમ. ગાંધી
(૨૨) ,, લખમસી નેણસી છેડા
(૨૩) ,, ટોકરસી વેરસી શાહ

પર્યુષણ સુધીમાં અને પર્યુષણ દરમિયાન સારી એવી સંખ્યામાં લાઈફ-મેમ્બરો મળે એવી અમારી અપેક્ષા છે. તો સભ્યો આનો યોગ્ય જવાબ આપી અમને સહકાર આપે એવી વિનંતિ છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા સપ્ટેમ્બર માસની ૧૫મી તારીખથી ૧૨મી તારીખ સુધી એમ આઠ દિવસની ગોઠવવામાં આવી છે. તે માટેના વ્યાખ્યાતાઓ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યા છે.

(૧) શ્રી શ્રીમન્ન નારાયણ (૨) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ (૩) શ્રી ચન્દ્રવદન મહેતા, (૪) શ્રી ભોગીલાલ સાંડેસરા (૫) શ્રી યશવંત શુકલ, (૬) શ્રી યશોધર મહેતા (૭) શ્રી ઈશ્વર પેટલીકર, (૮) પ્રા. અમૃતલાલ યાજ્ઞિક, (૯) પ્રો. તારાબહેન શાહ, (૧૦) ડૉ. કલ્યાણમલજી લોઢા, (૧૧) શ્રી ગોએન્કા. જાણીતા સંગીતકાર શ્રી પુરુષોત્તમ ઝાલોટાનું સંગીત પણ રાખવામાં આવેલ છે.

બાકીના વ્યાખ્યાતાઓના નામો નક્કી થયે હવે પછી જાહેર કરવામાં આવશે, તેમ જ આખો કાર્યક્રમ હવે પછીના એટલે ૧૬મી ઑગસ્ટના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

☆ ઉર્દૂ ભાષા કોની છે ? ☆

સિંધમાં સિંધી ભાષા નહિ, ઉર્દૂ ભાષા સર્વોપરી હોવી જોઈએ એવો દુરાગ્રહ કરીને સિંધને રકતસ્નાન અને અગ્નિસ્નાન કરાવનારા બધા ઉર્દૂપ્રેમીઓની માતૃભાષા ઉર્દૂ નથી! પાકિસ્તાને ઉર્દૂને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારી છે, પણ પાકિસ્તાનીઓ માટે ખરેખર તો ઉર્દૂ પરદેશી ભાષા છે, 'દુશ્મન દેશ' ભારતની ભાષા છે. પાકિસ્તાનમાં સરહદ પ્રાંતની ભાષા પુશ્તુ છે, બલૂચિસ્તાનની બલોચ છે, પંજાબની પંજાબી છે, અને સિંધની માતૃભાષા સિંધી છે. ઉર્દૂ કોની માતૃભાષા છે ? ઉત્તર ભારતમાંથી ગયેલા થોડા લાખ મુસ્લિમો સિવાય તે કોઈની માતૃભાષા નથી. ૧૯૬૧ની વસતિગણતરી પ્રમાણે તે સમયના સંયુકત પાકિસ્તાનમાં ૧૧ કરોડ ૪૨ લાખની વસતિમાંથી માત્ર ૩૦ લાખ માણસોએ પોતાની માતૃભાષા ઉર્દૂ હોવાનું જણાવ્યું હતું, ત્યારે ભારતમાં ૨ કરોડ ૩૩ લાખથી વધુ માણસોએ પોતાને ઉર્દૂભાષી જાહેર કર્યા હતા, જેમાં મુસ્લિમ કરતાં હિંદુ વધારે હતા!

તેમ છતાં ઉર્દૂ માટે પાકિસ્તાનનો કૃત્રિમ પ્રેમ ઊભરાઈ જાય છે તેનું કારણ એ છે કે આ ભાષા મોગલોએ હિંદી ભાષામાં ફારસી શબ્દો ઠાંસીને અને તેને ફારસી લિપિ આપીને સરકારી ભાષા તરીકે ચલણમાં મૂકી હતી. પરંતુ એક સમૃદ્ધ અને મીઠી સાહિત્યિક ભાષા તરીકે તેને વિકસાવવામાં હિંદુઓનો ફાળો મુસ્લિમો કરતાં કંઈ ઓછો નથી. આજે પણ ઉર્દૂના શ્રેષ્ઠ સાહિત્યરત્નો હિંદુ છે. ખરેખર તો ઉર્દૂ એક સંકર ભાષા છે.

જ્યારે પાકિસ્તાનની રચના થઈ ત્યારે, ભારતને હિંદી ભાષા છે એવી કોઈ માન્ય ભાષા પાકિસ્તાનને ન હોવાથી ઈસ્લામના નામે ઉર્દૂ ભાષાને રાષ્ટ્રભાષા તરીકે અપનાવી લીધી, કારણ કે કોઈ પણ પ્રાંતીય ભાષા બીજા પ્રાંતો સ્વીકારે નહિ. ભારતમાં વધુમાં વધુ હિંદી ભાષા પ્રચલિત છે, તેથી તેને રાષ્ટ્રભાષા તરીકે અપનાવવામાં આવી. પરંતુ પાકિસ્તાનમાં તે સમયે વધુમાં વધુ બંગાળી પ્રચલિત હતી, અને બંગાળી તો "હિંદુ" ભાષા છે, જે પશ્ચિમ પાકિસ્તાન અપનાવે નહિ. વળી પશ્ચિમ પાકિસ્તાનમાં સિંધી, બલોચ, પુશ્તુ કે પંજાબીને રાષ્ટ્રભાષા તરીકે બધા સ્વીકારે નહિ. આથી ઉર્દૂનું ભાગ્ય ઊઘડી ગયું. પાકિસ્તાની નેતાઓ ઈસ્લામ માટે જે ઉમળકો ધરાવતા હતા તે જોતાં તો તેમણે અરબી ભાષાને રાષ્ટ્રભાષા બનાવવી જોઈએ, કારણ કે તે પયગમ્બરની ભાષા છે. પરંતુ જ. ઝીણા કે લિયાકતઅલી પોતે અરબી ભાષા જાણતા ન હતા અને માત્ર અંગ્રેજીમાં જ વાત કરતા. જ. ઝીણા અરબી જેવી અવૈજ્ઞાનિક લિપિ અને ભાષા ભણવા બેસે નહિ ! પાકિસ્તાનની પ્રજાને તેઓ "ઊઠાં" ભણાવી શકે પણ અરબી ભાષા ન ભણાવી શકે.

નવા દેશે રાષ્ટ્રભાષા કઈ અપનાવવી એ પ્રશ્ન ઈઝરાઈલ સમક્ષ ૧૯૪૮માં ઉપસ્થિત થયો હતો. યહૂદીઓ તો બે હજાર વર્ષ પહેલાં પેલેસ્ટાઈન ગુમાવીને દુનિયાના બધા ખંડોમાં અને ઘણા દેશોમાં વેરવિખેર થઈ ગયા હતા. તેઓ જ્યાં વસ્યા તે દેશની ભાષા તેમણે અપનાવી લીધી હતી; જો કે યહૂદી ધર્મ છોડ્યો ન હતો.

(ગુજરાતી યહૂદીઓ હજુ ગુજરાતી બોલે છે.) આપણી પ્રાચીન ભાષા સંસ્કૃત છે તેમ તેમની હિબ્રુ હતી. પેલેસ્ટાઈન બ્રિટિશ શાસન નીચે હતું ત્યારે અંગ્રેજોના પ્રોત્સાહનથી મુખ્યત્વે યુરોપમાંથી યહૂદીઓ પેલેસ્ટાઈનમાં આવી રહ્યા હતા, પરંતુ તેઓ બધા હિબ્રુ જાણતા ન હતા. તુર્કી શાસનમાં પેલેસ્ટાઈનમાં એક લાખ યહૂદી પણ ન હતા. આમ હિબ્રુ ભાષા જાણનારા યહૂદી થોડા હતા. તેમ છતાં જ્યારે પેલેસ્ટાઈનમાંથી ઈઝરાઈલનું સર્જન થયું ત્યારે વડા પ્રધાન બેન ગુરીઅને હિબ્રુને રાષ્ટ્રભાષા તરીકે અપનાવવાની હિમાયત કરી, જેથી વિવિધભાષી અને વિવિધ દેશોમાંથી આવનારા યહૂદીઓ હિબ્રુના સૂત્ર વડે રાષ્ટ્રની માળામાં ગૂંથાઈ શકે. આ અખતરો સફળ થયો છે અને ભુલાઈ ગયેલી પ્રાચીન હિબ્રુ ભાષા અને લિપિને નવજીવન મળ્યું છે.

ભારતને સ્વતંત્રતા મળી ત્યારે સંસ્કૃતને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવા ગ્રેટલાકે હિમાયત કરી હતી, પરંતુ નેહરુ સ્વપ્નદ્રષ્ટા હોવા છતાં તેમના પગ ધરતી પર રહેતા હતા. સંસ્કૃત પોતાની માતૃભાષા હોવાનો દાવો કરનારાની સંખ્યા હજારમાં જ ગણાતી હતી. સંસ્કૃતમાં ઉત્તમ સાહિત્ય છે, દક્ષિણની દ્રાવિડની ભાષાઓને બાદ કરતાં બંધારણમાન્ય ભાષાઓ સંસ્કૃતની પુત્રીઓ છે, દક્ષિણની ભાષાઓ પણ સંસ્કૃત શબ્દોથી સમૃદ્ધ છે, તેમ છતાં સંસ્કૃત લોકભોગ્ય નથી.

હિંદી જેમની માતૃભાષા નથી તેમાંથી પણ મોટા ભાગના લોકો તે ભાંગીતૂટી બોલી અને સમજી શકે છે. આથી હિંદી રાષ્ટ્રભાષા બની. પંડિત નેહરુની એ માતૃભાષા હોવા છતાં તેમણે કહ્યું હતું કે હિંદી શ્રેષ્ઠ છે એવા દાવા પર નહિ પણ વધુમાં વધુ લોકોની તે માતૃભાષા છે અથવા તેઓ તે સમજે છે, તેથી ઐતિહાસિક કારણોસર (અને ભૌગોલિક કારણો પણ ખરાં) તેનો રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર કરવામાં આવે છે.

પાકિસ્તાને ઉર્દૂને રાષ્ટ્રભાષા તરીકે અપનાવી તેથી ભારતના ઘણા મુસ્લિમો પણ ઉર્દૂને ઈસ્લામથી અવિભાજ્ય ગણવા લાગ્યા છે.

અંગ્રેજોએ બ્રિટિશ હિંદના સૈન્ય માટે રોમન ઉર્દૂ ભાષા પ્રચલિત કરી હતી અને તેનું સાહિત્ય પણ લશ્કર માટે છપાતું હતું તે મેં વાંચ્યું હતું. રોમન ઉર્દૂ એટલે લિપિ રોમન અને ભાષા ઉર્દૂ ! અલબત્ત, ફારસી, અરબી, ઉર્દૂ અને તુર્કી લિપિ (જે બધી અરબી લિપિના પ્રકાર છે) કરતાં રોમન લિપિ વધુ વૈજ્ઞાનિક છે. રશિયામાં મુસ્લિમ પ્રજાસત્તાક રાજ્યોએ પોતાની ભાષા રાખી છે, પણ તુર્કી અને ફારસી લિપિને અવૈજ્ઞાનિક ગણી રશિયન લિપિ અપનાવી લીધી છે.

ઉર્દૂને ઓછી ફારસી બનાવીને તથા નાગરી લિપિમાં લખીને ઉર્દૂ તથા હિંદી વચ્ચે સમન્વય સાધવાના પ્રયાસ પણ થયા હતા અને તેને હિંદુસ્તાની ભાષા તરીકે ઓળખાવવામાં આવતી હતી. [illegible]ના ભાગલાના પ્રત્યાઘાત તરીકે આજની આપણી રાષ્ટ્રભાષાને સંસ્કૃતમય બનાવી દેવામાં આવી છે.

પાકિસ્તાનના રાજકર્તાઓએ પૂર્વ બંગાળ પર ઉર્દૂ ભાષા લાદવાના અને બંગાળીને ઉતારી પાડવાના પ્રયાસ કર્યા હતા. તેમણે પૂર્વ બંગાળ ગુમાવવું પડ્યું તેનું એક કારણ આ પણ છે. પરંતુ તેઓ જૂની બૂરી આદત ભૂલતા નથી, નવી સારી ટેવ શીખતા નથી. આથી તેમણે સિંધી ભાષાને ઉતારી પાડીને સિંધ પર ઉર્દૂ ભાષા લાદવાના પ્રયાસ કર્યા. તેમણે સિંધમાં સિંધીઓને લઘુમતીમાં મૂકી તેને પોતાની બહુમતી કરી દેવાના પણ પ્રયાસ કર્યા છે અને કરે છે, અને કરાચી વિસ્તારમાં હવે બહુમતી ધરાવતા "નવા સિંધીઓ" તેને સિંધથી અલગ કરવા માગે છે.

સિંધી ભાષા પણ સંસ્કૃત પર આધારિત આર્યભાષા છે. કચ્છી ભાષા સિંધીનો એક પ્રકાર છે, ગુજરાતીનો નહિ. આરબોએ સાતમા

સૈકામાં સિંધ જીતી લીધા પછી, ખાસ કરીને છેલ્લાં એક હજાર વર્ષમાં સિંધી ભાષા પર મુસ્લિમ પ્રભાવ પડ્યો છે. તેને નાગરી લિપિને ઠેકાણે ફારસી લિપિ આપવામાં આવી છે અને ઘણા અરબી અને ફારસી શબ્દો પણ અપનાવી લેવામાં આવ્યા છે.

સિંધ પાકિસ્તાનમાં ગયા પછી ભારતમાં આવેલા સિંધીઓમાં વિવાદ ચાલે છે કે હવે ફારસી લિપિ તજીને પાછી દેવનાગરી લિપિ શા માટે ન અપનાવવી? ભારત સરકારે સિંધી ભાષાને માન્ય રાખી છે, પણ તેના માટે હજી કોઈ લિપિ નક્કી નથી કરી. દરમ્યાન સિંધીઓમાં ફારસી લિપિ અને નાગરી લિપિના હિમાયતીઓ વચ્ચે જોરશોરથી યુદ્ધ ખેલાઈ રહ્યું છે!

એક રમૂજની વાત એ છે કે સિંધમાં ઉર્દૂ માટે લડી રહેલા લોકોમાં પંજાબી, બલોચી, પઠાણ, ગુજરાતી વગેરે બહુમતીમાં છે, જેમની માતૃભાષા ઉર્દૂ નથી. ભારતમાં મુસ્લિમ લીગે કોમવાદ પ્રેર્યો અને છેવટે ભાગલા પડાવ્યા તે પછી બિનઉર્દૂભાષી મુસ્લિમોમાં અચાનક ઉર્દૂ માટે પ્રીત પ્રગટી! તેઓ ઘરમાં પણ ભાંગીતૂટી ઉર્દૂ બોલવા લાગ્યા. બંગલા દેશમાં આપણા ગુજરાતી ઈસ્માઈલી ભાઈઓ સાથે મેં જ્યારે કચ્છીમાં વાતો કરી ત્યારે તેઓ ખુશ થયા, પણ મેં જોયું કે પાકિસ્તાનના શાસન દરમ્યાન તેઓ પણ ઉર્દૂના હિમાયતી થઈ ગયા હતા! ત્યારે ઉર્દૂ ભાષા બોલવી એ સભ્યતાનું ચિહ્ન ગણાતું હતું. હવે ત્યાં ઉર્દૂ બોલવામાં જોખમ છે! અમને બંગાળી ભાષા આવડતી ન હોવાથી જ્યારે અમે હિંદીમાં વાત કરતા હતા ત્યારે અશિક્ષિત માણસોનાં ભવાં શંકાથી ઊંચે ચડી જતાં હતાં. રખે અમે "બિહારી" મુસલમાન તરીકે કૂટાઈ જઈએ એ બીકે અમારે ખુલાસો કરવો પડતો હતો કે તમારી ભાષામાં કહીએ તો અમે બમ્બૈયા (મુંબઈના) છીએ, હિંદુ છીએ એટલું જ નહિ પણ તમારી મુક્તિસેનાના મહેમાન છીએ!

ઉર્દૂ ભાષાએ બંગલા દેશમાં રાજ કરવાનું દુ:સાહસ કર્યું તો બધું ખોઈ બેઠી. હવે પાકિસ્તાનમાં આપણે તેનાં દુ:સાહસ જોઈ રહ્યા છીએ અને હજી જોઈશું.

—વિજયગુપ્ત મૌર્ય

ભવસાગર તરવાનાં તુંબડાં

ઘણી યે વાર તો એમ જ લાગે છે કે સૌથી ઓછામાં ઓછું જો આપણે કોઈને ઓળખતા હોઈએ, તો તે આપણી જાતને જ! આપણી પોતાની સાથે આપણે વરસોનાં વરસો, દાયકાઓના દાયકાઓ રહીએ છીએ, અતૂટ, એકધારા, તે છતાં! આમાં પણ અત્યંત વિચિત્ર લાગે એવી એક વિશેષતા એ છે કે જેમ જેમ આપણી ઉંમર વધતી જાય છે, તેમ તેમ આપણા વિષેનું આપણું જ્ઞાન નહિ, પણ અ-જ્ઞાન વધતું જાય છે. એવું યે બને કે બાર વરસનો કિશોર બાવન વર્ષના પ્રૌઢ કરતાં પોતાને વધુ ઓળખતો હોય, અને બોંતેર કે બ્યાસી વરસનો વૃદ્ધ બાવન વર્ષના પ્રૌઢ કરતાં પોતા વિષે ઘણું જ ઓછું જાણતો હોય!

આના માટે જવાબદાર આપણી જીવન વિષેની કલ્પના તથા જીવવાની પ્રક્રિયા છે. સમયના વહન સાથે જીવન વધુ ને વધુ જટિલ અને સમયલક્ષી બનતું જાય છે! એમાં એક વખત એવો પણ આવી જાય, જ્યારે જીવતા રહેવાનાં ઝાવાં જીવનારની સકલ ચેતનાનું એકમાત્ર લક્ષ્ય બની રહે. આમાં પોતા પ્રત્યે નિરાંતે જોવાની, વિવેકપૂર્વક પોતાનું પૃથક્કરણ કરવાની, સ્વસ્થતાપૂર્વક પોતાને સમજવાની ફુરસદ જ ક્યાંથી મળે! કલાકના પિસ્તાળીશ—પચાસ માઈલની ઝડપે જતો મોટર- ડ્રાઈવર—અને તે પણ કોઈ રાક્ષસી શહેરના ગીચ ટ્રાફિકવાળા રસ્તા પર!—પોતાના આત્મામાં ડૂબકી મારીમારીને પણ આંતે કેટલી ઊંડી મારી શકે; અને કેટલો વખત તે અન્તરના ઊંડા જળમાં રહી પણ શકે? એના અસ્તિત્વનો એકમાત્ર આધાર, એની સમગ્ર ચેતના, સ્ટીઅરિંગ વ્હીલ, સામેનો રસ્તો અને આસપાસની ભીંસ પર જ કેન્દ્રિત રહે એના પર છે. આત્માભિમુખ બનવું પડે તે પરવડે જ નહિ; સિવાય કે દેહવિમુખ બનવાનો એણે સંકલ્પ કરી નાખ્યો હોય!

હવે પોતે પોતા વિષે કશું જ જાણતો નથી એવી સ્થિતિ ભાગ્યે જ કોઈ બરદાસ્ત કરી શકે! એટલે પોતા વિષે કશું જ ન જાણવા છતાં બધું જ જાણે છે—અથવા જાણવાનો પ્રામાણિક પ્રયત્ન કરી રહ્યો છે એવો આભાસ માણસ ઊભો કરે છે, અને તે માટે અસંખ્ય તરકીબો તેણે સર્જી છે! ધર્મ સાહિત્ય કલા વિજ્ઞાન આદિ એ તરકીબોનાં જ જુદાં જુદાં નામો છે. આમાંથી કોઈની સાથે પોતાને જીવન્ત સંબંધ ભાગ્યે જ હોય છે; ભાગ્યે જ એમાંથી કોઈના પ્રાદુર્ભાવ કે વિકાસમાં પોતે કોઈ મૌલિક ફાળો આપેલો હોય છે, છતાં એમાંથી એકાદને એ ભવસાગરમાં તરવા માટેના પોતાના તુંબડા તરીકે પસંદ કરી લે છે, અને આત્મવંચના અર્થે પોતે પસંદ કરેલ એ તુંબડા સાથે સંકળાયેલી પરંપરાગત શબ્દાવલીનું સંરક્ષણ-કવચ તે પહેરી લે છે. પોતે વિચારક છે, પોતે પોતાની જાતને અને જગતને બરાબર ઓળખે છે એવો આભાસ, આને પરિણામે, એના પોતાનામાં તેમ જ આસપાસનામાં ઊભો થાય છે, જે આભાસ તેના અહંનું સંતર્પણ કરે છે; અને પછી તો દિનપ્રતિદિન શબ્દોની ભીંસ તેની છાતી પર વધતી જાય છે અને સાથેસાથે પોતા વિષેના પોતાના જ્ઞાનથી તે દૂર દૂર જતો જાય છે. પરિણામે મૃત્યુવેળાએ પોતાથી એ એટલો જ પરિચિત હોય છે, જેટલો એ જન્મવેળાએ હતો! ફરક માત્ર એટલો જ કે જન્મવેળાએ એને માટે આશા હતી, જ્યારે મૃત્યુવેળાએ તેની છાતી પર તેના અસલ અંધકાર ઉપરાંત મૃત શબ્દાવલીઓનો ભાર હોય છે!

આ દુ:સ્થિતિમાંથી છૂટવા માટે આપણે સૌથી પહેલાં તો આપણા અસ્તિત્વના વહનની ગતિને ઓછી કરવી પડશે. Dynamic-ગતિશીલ એ વિશેષણ જે જમાનામાં માનવીનું સૌથી વધુ કીમતી આભૂષણ ગણાય છે, એ જમાનામાં ગતિ ઓછી કરવાની વાત બેહૂદી લાગવાનો સંભવ પૂરેપૂરો છે; પણ જમાનાને બેહૂદાં લાગે એવાં તો અનેક સૂચનો આપણે ધ્યાનમાં લેવાં પડશે.

તો પહેલાં તો ગતિ ઓછી કરો. આખરે જવું છે ક્યાં અને જ્યાં જવું છે તે સ્થળ જવા જેવું છે કે કેમ, તે નક્કી કરો.

ગતિને જ પ્રગતિ માની બેઠા છો, તે અધ્યાસને ઓળગો કરો.

અને વળી આ પ્રગતિ શબ્દ પણ ક્યાં કંઈ ઓછો વંચક છે?

કરસનદાસ માણેક

સાદ

(મરાઠી કવિતા.)

દૂરથી ક્યાંકથી પણ સાદ આવે છે
(મારામાંથી જ આવે છે તે)
કહે છે કે ઉપર આવ
ઉપર આવ તું તારામાંથી,
પોતાના ચીખલમાંથી તું ઉપર આવ.
દેનંદિન જીવનનું ગતિચક્ર
આકાર દે છે મને. દે છે રૂપ—
—મારી ઈચ્છા વિરુદ્ધ મને.
પણ
મને નથી જોઈતો આ આકાર
અને આ ચાંદીનું રૂપ—
મને જોઈએ છે આષાઢના ખેતરોની
બીજનો છોડ કરનારી શક્તિ પાછી મને
જે પાકના સોનેરી કણસલામાં
ઐશ્વર્ય માને.

મ. મ. દેશપાંડે: અનુ. સુરેશ દલાલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ—૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેન્ડર્ડ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ—૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ ઑગસ્ટ ૧૬, ૧૯૭૨ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

સ્વાધીનતાનાં પચીસ વર્ષ

આ વર્ષે આપણે સ્વાધીનતાની રજત જયંતી ઊજવી રહ્યા છીએ. સ્વતંત્રતાનાં આ પચીસ વર્ષ પર, ચિન્તાથી નિર્ભેળ નહિ એવા ગૌરવ સાથે આપણે દૃષ્ટિપાત કરી શકીએ તેમ છીએ. ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે આપણા દેશના જ નહિ, જગતના ઈતિહાસમાં પણ એક ઉજ્જ્વળ પ્રકરણનો આરંભ થયો. આમ છતાં આઝાદીના ઉમંગ - ઉત્સાહની સાથોસાથ દેશના ભાગલાનો વિષાદ પણ ભળ્યો હતો. બન્ને બાજુએ લાખો લોકોએ સ્થળાંતર કર્યું. કેટલાક લાખ લોકોએ તેમના જાનમાલ સઘળું ગુમાવ્યું. ભાગલાનો ઘા હજુય વહેતો રહ્યો છે. દેશ સામે કાયદો અને વ્યવસ્થાના અને લાખો-કરોડો લોકોના પુનર્વસવાટના ભગીરથ પ્રશ્નો જાગ્યા હતા. સદ્‌ભાગ્યે ત્યારે આપણી પાસે એવી નેતાગીરી હતી જે જબરદસ્ત સમસ્યાઓનો ધૈર્ય અને નિરધારપૂર્વક સામનો કરી શકે તેમ હતી.

ભારતની સ્વાધીનતાએ એશિયા અને આફ્રિકાના બીજા દેશો માટે પણ આઝાદીની ઉષા પ્રગટાવી અને બન્ને ખંડોમાં પશ્ચિમી સત્તાઓના સાંસ્થાનિક શાસનનો અંત આણ્યો. આમ છતાં, આપણે અતિશયોક્તિ વિના એમ કહી શકીએ કે એશિયા અને આફ્રિકાનાં નવાં આઝાદ રાષ્ટ્રો પૈકી એકમાત્ર ભારતે જ જીવનના લોકશાહી માર્ગનું જતન ને સંવર્ધન કર્યું છે અને મુશ્કેલીઓ વચ્ચેય શાસનની સ્થિરતા ટકાવી રાખી છે. બીજા વિશ્વયુદ્ધ પછી સ્વતંત્રતા મેળવનાર મોટા ભાગના દેશો લશ્કરી સરમુખત્યારશાહીના અને અસ્થિર રાજકીય પરિસ્થિતિના ભોગ બન્યા છે. નહેરુએ આપણા દેશને લોકશાહી, આયોજિત અર્થતંત્ર અને ધર્મનિરપેક્ષતા આપ્યાં, જે આપણા રાજકીય આર્થિક અને સામાજિક જીવનના પાયા છે.

સરદાર પટેલે એક લોખંડી પુરુષની અદાથી મધ્યયુગી દેશી રિસાયતોને ઝડપભેર નાબૂદ કરી. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતના સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાકની આપણે ઘોષણા કરી ત્યારે, ભાગલા થયા હોવા છતાં, પાંચ હજાર વર્ષના તેના ઈતિહાસમાં પહેલી જ વાર, એક જ બંધારણ હેઠળ કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કલકત્તા સુધીના એક અને અખંડિત એવા એક મહાન રાષ્ટ્રનું આપણે સર્જન કર્યું. સાચી રાષ્ટ્રીય એકાત્મતા સિદ્ધ કરવાની દિશામાં જો કે હજુ આપણે લાંબો પંથ કાપવાનો છે.

આપણી સમક્ષ ઘણા ગંભીર અને સંકુલ પ્રશ્નો પડેલા છે, છતાં છેલ્લાં પચીસ વર્ષ દરમિયાનની મહાન સિદ્ધિઓની આપણે ઉપેક્ષા કરવી ન જોઈએ તેમ તેનું ઓછું મૂલ્યાંકન કરવું ન જોઈએ.

સ્વાધીનતાનો પહેલો દાયકો આપણા રાષ્ટ્રના ઈતિહાસનું એક યશોજ્જ્વલ પ્રકરણ હતું. રાષ્ટ્રીય કક્ષાએ તેમ આંતરરાષ્ટ્રીય કક્ષાએ નહેરુએ એક એવી નેતાગીરી પૂરી પાડી, જે માટે કોઈ પણ દેશ મગરૂર બની શકે. કોઈ પણ સત્તાજૂથ સાથે નહિ સંકળાવાની અલિપ્તતાની વિદેશનીતિ તેમણે ઉપજાવી અને એ રીતે જગતને તેમણે યુદ્ધ અટકાવી શકે અને શાંતિ જાળવી શકે તેવું એક ત્રીજું અને સમતુલાનું બળ પૂરું પાડ્યું. આ દાયકા દરમિયાન ભારતે એશિયા અને આફ્રિકાના દેશોનું નેતૃત્વ ધારણ કર્યું.

૧૯૬૨ના ચીની આક્રમણે રાષ્ટ્રને અને અંગત રીતે નહેરુને સખત આંચકો આપ્યો. દેશે એ આઘાતને જીરવી લીધો.

મે, ૧૯૬૪માં નહેરુના અવસાન સાથે એક યુગ અસ્ત પામ્યો. નહેરુ પછી કોણ? એ મહાપ્રશ્નનો પ્રજાએ શાંતિપૂર્વક ઉકેલ આણ્યો. શાસ્ત્રીના અવસાને ફરી પાછી ચિન્તા પેદા કરી અને અંધાધૂંધી તથા લોકશાહીના અંતની આગાહી કરી રહેલા ટીકાકારો ઓછા ન હતા.

શ્રીમતી ઈન્દિરા ગાંધીને રાષ્ટ્રના જીવનમાં પોતાનું યોગ્ય સ્થાન સ્થાપિત કરવામાં ત્રણ વર્ષ લાગ્યાં. એમાંથી કૉંગ્રેસનું મહાન ભંગાણ સર્જાયું, જેણે રાષ્ટ્રના ઈતિહાસના પ્રવાહને નવો વળાંક આપ્યો.

લોકસભાની ૧૯૭૧ની મધ્ય-સત્ર ચૂંટણીઓએ દેશના ઈતિહાસમાં એક નવું પ્રકરણ ખોલ્યું છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીની નેતાગીરી અને તેમની નીતિઓને રાષ્ટ્રે જબરદસ્ત બહુમતીથી બહાલી આપી.

પાકિસ્તાની આક્રમણ, પૂર્વ સરહદે નેવું લાખ નિર્વાસિતોનો ધસારો અને જેના પરિણામે સ્વતંત્ર બંગલા દેશનો જન્મ થયો તે ૧૪ દિવસના યુદ્ધે ઈતિહાસના પ્રવાહને પલટી નાખ્યો છે. આપણા દેશ માટે જ નહિ, એશિયા અને જગતને માટે પણ.

પાકિસ્તાનનો જે સિદ્ધાંતના આધારે જન્મ થયો હતો તે બે રાષ્ટ્રનો વિઘાતક સિદ્ધાંત બંગલા દેશના જન્મ સાથે છેવટે દફનાવાઈ ગયો. હિન્દુ–મુસ્લિમ એ બે રાષ્ટ્રો છે એવી ભ્રામક માન્યતાનો ભારતીય નેતાઓએ કયારેય સ્વીકાર કર્યો ન હતો. તેઓ ધર્મ નિરપેક્ષતા (બિનમઝહબવાદ) અને સર્વ ધર્મો પ્રત્યે આદરની માન્યતાને દૃઢપણે વળગી રહ્યા હતા. દેશમાં કોમી બળો હજુ રહેલાં છે, જે પોતાનું વિરૂપ માથું ઊંચકયા કરે છે અને ભાવિમાં રહેલા ભયોની આપણને યાદ આપે છે. પણ ધર્મનિરપેક્ષતાની નીતિ પચીસ વર્ષની કસોટીઓ અને યાતનાઓ પછી આજે યથાર્થ પુરવાર થઈ છે.

આમ છતાં, આપણી સમક્ષ મહાન સમસ્યાઓ ઊભી છે. આપણા વધી રહેલા બળનો દ્વેષ કરતી અને આપણા તેજોવધમાં રાચતી તથા પોતાના અંકુશ હેઠળ આપણને રાખવા માગતી વિદેશી સત્તાઓ રાજકારણની તેમની મેલી રમત રમી રહી છે. ભારતનો જો કે એક મહાન રાષ્ટ્ર તરીકે પ્રાદુર્ભાવ થયો છે–એક એવું મહાન રાષ્ટ્ર કે જેના પ્રભાવનો એશિયા અને જગતે સ્વીકાર કરવો પડે.

જગતના સૌથી વિશાળ લોકશાહી રાષ્ટ્રમાં પાંચ સામાન્ય ચૂંટણીઓ યોજાઈ ગઈ છે, જે બતાવે છે કે દેશના પ્રજાકીય જીવનમાં લોકશાહી જીવનરીતિનાં મૂળ ઊંડાં ગયાં છે. જનતામાં પ્રગટેલી સભાનતા ભાવિ માટે મહાન આશા જગાડે છે.

ગરીબી સામે આપણે યુદ્ધ જાહેર કર્યું છે પણ એ હજી એક માત્ર સૂત્રની સપાટીએ છે. સંપત્તિ તથા આવકની અસમાનતાઓ નોંધપાત્ર રીતે ઘટાડી શકીએ અને દરેક સ્ત્રી અને પુરુષને વિકાસ અને સુખ માટેની સમાન તક પૂરી પાડી શકીએ તે પહેલાં આપણે અતિ કઠિન સમસ્યાઓનો સામનો કરવો પડશે.

જેમાં, આપણા બંધારણની ઘોષણા મુજબ આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાય સાંપડે તેવા એક સમત્વમૂલક સમાજની આપણે જો રચના કરવી હોય તો પ્રજાના સર્વ વર્ગોએ સારા એવા પ્રમાણમાં ત્યાગ અને પરિશ્રમ કરવો પડશે. આજે લાંચરુશવત અને સ્વાર્થવૃત્તિ ખૂબ જ જોવા મળે છે. ફરજો પર નહિ પણ અધિકારો પર ઘણો બધો ભાર મૂકવામાં આવે છે. લોકોમાં આત્મશ્રદ્ધા પ્રેરવા નેતાગીરીએ નિઃસ્વાર્થ સેવા અને પ્રામાણિકતાનો અનુકરણીય દાખલો બેસાડવો પડશે. લોકોએ પણ જીવનનાં સર્વ ક્ષેત્રોમાં સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીઓ સમજવી જોઈશે.

એક ક્રાન્તિકારી સમયમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ. જગતમાં વધતી જતી હિંસાની વચ્ચે આપણે શાંતિમય માર્ગે એક નૂતન સમાજનું નિર્માણ કરી શકીશું તો ભારત પોતાના સાંસ્કૃતિક વારસાને દીપાવશે, એટલું જ નહિ, સાચા લોકશાહી સમાજવાદથી જગતને તે મૂડીવાદ અને સામ્યવાદનો એક વિકલ્પ પૂરો પાડશે.

નિરાશાવાદીઓ ઓછા નથી, જેને કાંઈ ઉજ્વલ દેખાતું નથી પણ અનાવશ્યક નિરાશાવાદનું કોઈ કારણ નથી. માનવી વધુ સારા જગત માટેની આશા અને શ્રદ્ધાને બળે જ જીવે છે.

ચીમનલાલ ચકુભાઈ

આમ જીવન લંબાવવું કોના હિતમાં છે?

અસાધ્ય રોગથી પીડાતી અને યાતનામાં ડૂબેલી વ્યક્તિને દુઃખમાંથી મુક્ત કરવા તેના જીવનનો અંત લાવવો જોઈએ કે નહિ? આવી ચર્ચા ચાલી રહી છે. કાંઈક આવા જ પ્રકારનો બીજો પ્રશ્ન છે જેની "પ્રબુદ્ધ જીવન" ના ગયા અંકમાં તંત્રીની નોંધમાં ચર્ચા કરવામાં આવી છે.

અમેરિકાના "ટાઈમ" સાપ્તાહિકનો ૧૩મી માર્ચનો અંક મારા હાથમાં આવતાં, આ સંદર્ભમાં "એ કવેશ્ચન ઓફ એથિકસ" (આચારસંહિતાનો એક મુદ્દો)ની કટારમાં "મેડિકલ રિસ્ટ્રેઈન્ટ" (તબીબી સંયમ) એ લખાણે મારું ધ્યાન ખેંચ્યું.

"ટાઈમ"ના લખાણનો નિષ્કર્ષ એ છે કે લેખક તરુણ હતા ત્યારે ગામડામાં પોતાના પાદરી પિતા સાથે વૃદ્ધો અને દર્દીઓની મુલાકાતે જતા હતા. આ અનુભવોના આધારે લેખક કહે છે કે કોઈક વખત ભવિષ્યમાં મને છેલ્લી માંદગી આવે ત્યારે મારી સારવાર શી રીતે થાય તો સારું તે હું ત્રેપન વર્ષની ઉંમરે વિચારી શકું છું, તે દૃષ્ટિએ મને લાગે છે કે ઈચ્છિતાલે., તબીબો, નિષ્ણાતો વચ્ચે આમથી તેમ મારું શરીર ફંગોળાય એવું હું ઈચ્છતો નથી. જેમનું ભાવિ કે આયુષ્ય લવલેશ ઉજ્જવળ ન હોય તેવી મોટી ઉંમરની વ્યક્તિઓને આમથી તેમ ફંગોળવાનો હું વિરોધી છું. લેખક લખે છે કે હું જિંદગી ટૂંકી કરવાનો કોઈ હિમાયતી નથી પણ જિંદગી પરાણે લંબાવવાની ય એક હદ હોય છે. Marantologists (જીવનના અંત વિષેના અભ્યાસી)એ આ હદ કેટલી છે તે સમજવું જોઈએ અને લોકોને તેઓએ એ વિશે યોગ્ય સલાહ પણ આપવી જોઈએ. એના પરિણામે આખરી માંદગીમાં શાંતિ, મુક્તિ અને સ્વસ્થતા મળશે. તબીબી દૃષ્ટિએ જેમનો કેસ સાવ નિરાશાજનક હોય એવી વ્યક્તિને તથા તબીબને આથી સરવાળે લાભ જ થશે. આવો મત ધરાવતા વિજ્ઞાનીઓ મૃત્યુને હમેશાં શત્રુ નથી ગણતા. ઘણીવાર, ચોક્કસ સંજોગોમાં આ મૃત્યુ મિત્ર બની રહે છે. મૃત્યુની પેલે પાર રહેલા શાશ્વત જીવનને આવા વિજ્ઞાનીઓ સતત નજર સમક્ષ રાખે છે.

આ લખાણ વાંચીને દાકતરી સારવાર, દવાઓ વિગેરે વડે જીવન થોડા દિવસ કે થોડા કલાકો લંબાવવાની યોગ્યતા કે અયોગ્યતાની રેખા નક્કી કરવા મન વિચારે ચડ્યું. આ એક મુશ્કેલ પ્રશ્ન છે. એની સાથે ધર્મ, માનવતા, સામાજિક પ્રતિષ્ઠા વગેરે પ્રશ્નો સંકળાયેલા છે. પરિણામે આ વિશે ચોક્કસ કે અસંદિગ્ધ મંતવ્ય રજૂ કરવાનું કઠિન છે.

પરંતુ સામાન્ય રીતે એમ કહી શકાય કે જે વ્યક્તિ ૭૦ વર્ષની વય વટાવી ગઈ હોય, જેની શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હોય, જેનાં ગાત્રો શિથિલ થઈ ગયાં હોય, જેને ઉગારવાના ઈલાજો નિષ્ફળ નીવડવા જેવું લાગે અથવા જે અસાધ્ય રોગના ભોગ બની રિબાય છે અને લાંબા સમયથી બેશુદ્ધ છે તેવી વ્યક્તિને કૃત્રિમ ઉપચાર દ્વારા જીવિત રાખવામાં કાંઈ સાર નથી. જૈન ધર્મમાં સંથારાને ધાર્મિક કારણે પણ સ્થાન છે. માંદગીની અમુક કક્ષાએ મોટી વયના દર્દીને દવાથી મુક્ત રાખી તેને શાંતિથી કાળધર્મ પામવા દે છે. અમુક ધર્મમાં સમાધિસ્થ થયા તેમ કહેવાય છે. આ સિદ્ધાંતનું તત્ત્વ વ્યવહારમાં આ રીતે સ્વીકારાયેલું જણાય છે.

બીજી બાજુ, જેની સામાન્ય તંદુરસ્તી સારી હોય, જેનામાં દર્દ સામે ઝઝૂમવાની તાકાત હોય તેવી વ્યકિત માટે જીવનદોરી લંબાવવાનો દરેક પ્રયત્ન વાજબી ગણાય. આંધ્ર પ્રદેશના એક પ્રધાન મોટર અકસ્માત નડ્યા પછી લગભગ પાંચ મહિના બેશુદ્ધ રહ્યા બાદ પ્રતિકારશક્તિને જોરે માંદગીમાંથી સાજા થયા હતા. આ માંદગીમાંથી ઊઠ્યાને આશરે પાંચ વર્ષ થયાં છે અને તેઓ રાબેતા મુજબનું કાર્ય કરી રહ્યા છે.

આમ વૃદ્ધ, બેશુદ્ધ, કોઈ ઉપચાર કારગત ન નીવડવાને પરિણામે રિબાતી અને નિઃસહાય વ્યકિતના જીવનને વધુ લંબાવવાનો પ્રયત્ન ન કરતાં તેને મૃત્યુને યથાસમયે ભેટવા દેવું કે બીજા અર્થમાં તેમને કુદરત ઉપર છોડી દેવા એ જ યોગ્ય છે. એ નિઃસહાય વ્યકિત પોતાનું દુઃખદર્દ જણાવી શકતી નથી. તેની જિજીવિષા વિશે આપણે કાંઈ જાણી શકતા નથી. એવા પ્રસંગોમાં દાકતરી ઉપાયોના પ્રયોગો માટે અથવા દાકતરોની કુશળતાના અખતરા કે તેમની દવાઓના પ્રદર્શન તરીકે આવું કરવું એ ક્રૂરતા—હિંસા જ છે.

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકના જીવનને લંબાવવા દાકતરોએ કરેલા પ્રયત્નો વાંચતાં આ વિચારો આવેલા પણ તે વખતે આ પ્રશ્નની ચર્ચા ઉપાડવાનું ઠીક ન લાગ્યું. આજે એ પ્રશ્ન પૂછું છું કે આવી રીતે જીવન લંબાવવું એ કોના હિતમાં છે?

૮-૮-'૭૨ **શાંતિલાલ [illegible]. શાહ**

કામ એટલે?

કામ એટલે તૃષ્ણા, એષણા, મહત્ત્વાકાંક્ષા. તૃષ્ણા અનેક પ્રકારની હોય છે. કોઈને ધનની તૃષ્ણા હોય છે, કોઈને કીર્તિની તૃષ્ણા હોય છે, કોઈને સત્તાની તૃષ્ણા હોય છે, વગેરે. આ તૃષ્ણા જ સર્વ દુઃખોનું મૂળ છે. આ કામ જ કલેશોનું ઉદ્‌ભવસ્થાન છે, યોનિ છે. એટલે ગીતાના ગાનાર ભગવાન કૃષ્ણ મહાશન, મહાપાપ્મ, મહાશત્રુ અને નિત્યવૈરી તરીકે તેને ઓળખાવે છે. રામાયણ અને મહાભારત બંનેય આદિથી અંત સુધી કામમાંથી ઉદ્‌ભવતા ખરાબ પરિણામોને વિશદ રીતે વર્ણવે છે. ભગવાન મહાવીર, કામને શલ્ય સાથે, ઝેર સાથે અને વિષધર સાથે સરખાવે છે. सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा. धम्मपद માંય કામની—તૃષ્ણાની- ભયંકરતા નિરૂપી છે. કામનું અનુસરણ આપણે માર્ગે ચઢાવી કલ્પનાતીત દુઃખો અને યાતનાઓમાં ફસાવે છે. એટલે

કામ જ સંસાર છે, કામ જ બંધન છે. કામબન્ધનમેવેદં નાન્યદસ્તીહ બન્ધનમ્. સત્‌ને અસત્‌ સાથે, આત્માને અનાત્મ સાથે, પુરુષને પ્રકૃતિ સાથે બાંધનારો કામ છે. કામમાંથી ક્રોધ જન્મે છે, ક્રોધમાંથી મોહ ઉદ્‌ભવે છે, મોહને કારણે સ્મૃતિનો નાશ થાય છે, સ્મૃતિનો નાશ થતાં બુદ્ધિ નાશ પામે છે અને બુદ્ધિનો નાશ થતાં મનુષ્ય મનુષ્ય મટી જાય છે. કામાત્‌ ક્રોધોઽભિજાયતે ।। ક્રોધાદભવતિ સંમોહ : સંમોહાત્‌ સ્મૃતિવિભ્રમ: । સ્મૃતિભ્રંશાદ્‌ બુદ્ધિનાશો, બુદ્ધિનાશાત્‌ પ્રણશ્યતિ ।। ગીતાનાં આ વચનો સદૈવ ધ્યેય છે.

મોક્ષ પામવો હોય, દુ:ખમુક્ત થવું હોય તો કામનું બંધન તોડવું જોઈએ. કામનું દહન, દમન કે શમન કરવું જોઈએ. શિવના કામદહન, કૃષ્ણના કાલીયદમન અને બુદ્ધના મારવિજયનું આ જ રહસ્ય છે. કામને નિર્મૂળ કર્યા વિના શિવ, કર્મયોગી કે બુદ્ધ ન બની શકાય. જેની કામનાઓ પોતાની અંદર શમી જાય છે તે જ શાન્તિ પામે છે, પરંતુ જે કામને વશ થાય છે તે કદીય શાન્તિ પામતો નથી. જે બધી કામનાઓને ત્યજી દઇ નિ:સ્પૃહ, નિરહંકાર અને નિર્મમ બની વિચરે છે, તે જ શાન્તિ પામે છે. વિહાય કામાન્‌ ય: સર્વાન્‌ પુમાંશ્ચરતિ નિસ્પૃહ: । નિર્મમો નિરહંકાર:સ શાન્તિમધિગચ્છતિ ।। આ ગીતાનાં અમોઘ વચનો છે. કામને વશ થનાર સત્યને પામી શકતો નથી. તેના આગળ તો સત્ય હિરણ્મય પાત્રથી ઢંકાયેલું જ રહે છે. એટલે જ કઠોપનિષદનું અમર પાત્ર નચિકેતા યમદર્શિત કામમાર્ગનાં આકર્ષણોથી ચલિત થયા વિનાં સત્યમાર્ગમાં જ સ્થિર રહે છે. તે યમને કહે છે: હે યમ ! એ બધા ય વિષયો તો આવતી કાલ સુધી ટકનાર છે. વળી, વિષયો ઇન્દ્રિયોનાં તેજ હરી લે છે. ઉપરાંત, જીવન ટૂંકું છે. માટે એ નાચ-ગાન અને ઘોડાઓ આપની પાસેજ રાખો, મારે ધન પણ જોઈતું નથી. મનુષ્યને ગમે તેટલું ધન આપો પણ તેને તેનાથી સંતોષ થશે જ નહિ.

કામ અનંત છે. તે સમુદ્ર જેવો છે. સમુદ્ર અનંત છે. સમુદ્ર ઇવ હિ કામ: ન હિ કામસ્યાન્તોઽસ્તિ । કામ અગ્નિ જેવો છે. અગ્નિમાં ગમે એટલું ઈંધણ નાખો પણ તે સંતોષાતો જ નથી. કામ સદૈવ યુવાન છે. તે કદીય સ્વયં વૃદ્ધ થઈ, જર્જરિત થઈ મરતો નથી. તેને તો જીવતો જ મારવો પડે છે કામ વિષયો ભોગથી કદીય શમે નહિ. વિષયોપભોગથી તો તે વધે જ, અગ્નિમાં ઘી હોમવાથી અગ્નિ શમતો નથી પણ વધે જ છે. ન જાતુ કામ: કામાનામુપભોગેન શામ્યતિ । હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે । ભારતના ધર્મ-દર્શન- સાહિત્યમાં આ વિચાર પ્રબળ રહ્યો છે.

કામમાંથી મુકત થવા શું કરવું જોઈએ એ ભારતીય ધર્મો અને દર્શનોની સમાન સમસ્યા છે. કામને નિર્મૂળ કરવા માટે સૌ સૌ પ્રથમ તો તેના સ્વરૂપનું અને તેમાંથી નીપજતાં દુષ્પરિણામોનું ચિંતન કરવું જોઈએ. કામને જીતવા માટે તેની શકિતનો ખ્યાલ, તેની કુટિલતાનો પરિચય ચિંતન દ્વારા કરી લેવો જોઈએ. આ ઉપરાંત કામમુકત થવા વિવિધ ચિંતનમાર્ગો પણ ભારતીય ચિન્તકોએ ચીંધ્યા છે. હવે તેમનો વિચાર કરીએ.

કેટલાક ચિન્તકોને લાગ્યું કે જો મનુષ્ય બધે એકતા જોતો થાય તો તે કામમાંથી મુકત થઈ શકે. તેમણે કહ્યું: આત્મા જ એક અને અદ્વિતીય છે. આમ હોઈ, નથી તો એવું કંઈ જ, જે કામનો વિષય બની શકે કે નથી તો એવું કંઈ, જેનાથી ભય પામવાનો રહે. જે સર્વ જીવોમાં એકતા દેખે તે કામમાંથી જ નહિ બલ્કે ભય, ચિન્તા વગેરેથી પણ મુકત થઈ જાય. એ એક સીધીસાદી વાત છે કે જો દ્વૈત છે તો ભયની શકયતા છે. બૃહદારણ્યક ઉપનિષદમાં (૧, ૪, ૧ ,૨) એક રસપ્રદ વાત છે: શરૂઆતમાં એકલો આત્મા જ હતો. તેણે આજુબાજુ જોયું તો ત્યાં પોતાના સિવાય બીજું કશું જ ન હતું. તેને બીક લાગી. તેથી આજે પણ માણસ એકલો હોય છે ત્યારે ભય પામે છે. પછી આત્માએ વિચાર કર્યો; 'અહીં મારા સિવાય બીજું કોઈ છે તો નહિ તો પછી હું કોનાથી ભય પામું છું ?' આવો વિચાર આવતાં એની બીક જતી રહી, કારણ કે બીક તો પોતાના સિવાય બીજું કોઈ હોય તો તેમાંથી ઉદ્‌ભવે. દ્વિતીયાદ્‌ વૈ ભયં ભવતિ. વળી, જો આત્મા એક છે એવું સમજીએ તો શોક અને મોહ આપણને સ્પર્શે નહિ. તત્ર કો મોહ: ક: શોક એકત્વમનુપશ્યત:. એકતાદર્શન યા અભેદદર્શન એ વિદ્યા છે. એથી ઊલટું નાનાત્વદર્શન યા ભેદદર્શન એ અવિદ્યા છે.

ભગવાન બુદ્ધે પોતાની જાતમાં જ શોધ ચલાવી કે કામનું મૂળ શું છે ? એ તો આપણા રોજિંદા અનુભવની વાત છે કે જેના પ્રત્યે આપણને રાગ હોય છે તેની આપણને ઇચ્છા-કામના થાય છે. અને તેના પ્રત્યે જેટલો રાગ વધારે તેટલી તેની કામના વધારે. હવે જગતમાં સૌથી વધારે કઈ ચીજ પ્રત્યે આપણને રાગ છે ? આત્મા પ્રત્યે-પોતાના પ્રત્યે. તેથી જ બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે: "આત્મા દીકરા કરતાં વહાલો છે, ધન કરતાં વહાલો છે, બીજી બધી વસ્તુઓ કરતાં વહાલો છે ...આપણે પતિની કામના કરીએ છીએ પરંતુ તે કામના આપણે ખરેખર પતિને ખાતર નહિ પણ આત્માને ખાતર કરીએ છીએ, આપણે પત્નીની કામના કરીએ છીએ પરંતુ તે કામના આપણે ખરેખર પત્નીને ખાતર નહિ પણ આત્માને ખાતર કરીએ છીએ, આપણે દીકરાની કામના કરીએ છીએ પરંતુ તે કામના ખરેખર દીકરાને ખાતર નહિ પણ આત્માને ખાતર કરીએ છીએ." ભગવાન બુદ્ધને આત્મદૃષ્ટિમાં જ કામનાં મૂળ જણાયાં. એટલે તેમણે નિત્ય આત્માનો જ નિષેધ કર્યો.

આત્મદૃષ્ટિમાંથી કામ કેવી રીતે જન્મે છે તેનું વિશદ વર્ણન બૌદ્ધ સાહિત્યમાં ડગલે ને પગલે જોવા મળે છે. આચાર્યપાદ નાગાર્જુન કહે છે : 'જો માણસ માને કે ખરેખર આત્મા છે, તો તેનો અહંકાર દૂર ન થાય અને પરિણામે તેનાં દુ:ખોનો ક્ષય ન થાય કારણકે કારણ હોતાં કાર્ય અવશ્ય થાય છે. જ્યારે માણસ આત્મા છે એવું માને છે ત્યારે તેને પોતાના પ્રત્યે શાશ્વત સ્નેહ જાગે છે. આ સ્નેહ સુખો માટેની તૃષ્ણાને – કામને જન્મ દે છે. આ તૃષ્ણા માણસને વિષયોના દોષોનું જ્ઞાન થવા દેતી નથી. પરિણામે માણસ તે વિષયોમાં ગુણો કલ્પે છે, 'તે મારા છે' એવું વિચારતાં તેને આનંદ થાય છે અને તેમને પ્રાપ્ત કરવાનાં સાધનો પ્રયોજે છે. વળી જ્યારે આત્મદૃષ્ટિ હોય છે ત્યારે આત્માથી અન્ય વસ્તુની દૃષ્ટિ (પરદૃષ્ટિ) પણ જાગે છે અને આ સ્વ-પરના વિભાગને કારણે રાગ અને દ્વેષની લાગણીઓ જન્મે છે.' ચંદ્રકીર્તિ પણ જણાવે છે કે: 'સઘળા કલેશો અને દોષો આત્મદૃષ્ટિમાંથી ઉદ્‌ભવે છે એ હકીકતનું દર્શન થતાં ને એ એ દૃષ્ટિનો વિષય ને આત્મા છે એવું જણાતાં યોગી આત્માનો નિષેધ કરે છે'. સત્કાયદૃષ્ટિપ્રભવાનશેષાન્‌ કલેશાંશ્ચ દોષાંશ્ચ ધિયા વિપશ્યન્‌ । આત્માનમસ્યા વિષયં ચ બુદ્ધ્વા યોગી કરોત્યાત્મનિષેધમેવ ।।

કપિલમુનિના અનુયાયીઓ પ્રકૃતિ- પુરુષનાં વિવેકજ્ઞાનને (ભેદજ્ઞાનને) તેમ જ જેનો જીવ અને અજીવના ભેદજ્ઞાનને કામદહનના ઉપાય તરીકે ગણાવે છે. વૈશેષિકો અનુસાર આત્મા સહિત બધા પદાર્થોનું યથાર્થ જ્ઞાન જ કામમુકિતનો ઉપાય છે. વૈશેષિક દર્શન પ્રધાનત: લોકસ્વરૂપચિંતનનું દર્શન છે.

દરેક વ્યકિતએ પોતાની પ્રકૃતિને અનુકૂળ ચિંતનમાર્ગ ગ્રહણ કરવો. પરંતુ એકલો ચિંતનમાર્ગ પાંગળો છે. તે એકલો કામને દમવા, નિર્મૂળ કરવા સમર્થ નથી. તે સાધનામાર્ગની અપેક્ષા રાખે છે. બંનેય માર્ગનું સમબલ અનુસરણ જ કામબંધન તોડવા સમર્થ બને છે. સાધના માર્ગમાંય યમ-નિયમપાલન અને ધ્યાનાભ્યાસ બંનેય અત્યંત જરૂરી છે. યમપાલન વિનાનો ધ્યાનાભ્યાસ કલ્યાણકર તો નથી જ, ઊલટો હાનિકર છે. એટલે જ પાતંજલ યોગદર્શનમાં યમોને સાર્વભૌમ ગણ્યા છે, અર્થાત્‌ અહિંસા વગેરેના પાલનને યોગની બધી જ ભૂમિકાઓ અત્યંત આવશ્યક ગણવામાં આવેલ છે. અહિંસાદય: સર્વથૈવ પરિપાલનીયા: સર્વભૂમિષુ (યોગભાષ્ય).

નગીન જી. શાહ.

☆ સિલોનના ગાંધી ☆

દક્ષિણ ભારતના છેડા પર રળિયામણો ટાપુ સિલોન ઝૂકેલા ફળ જેવો સુંદર દેખાય છે. કુદરતની ત્યાં મહેર છે અને એશિયામાં આ દેશનું જ્ઞાનચોરણ ઠીક કહી શકાય એવું છે. છતાંય ત્યાંની બાર લાખની વસતિના એંસી ટકા લોકો ગ્રામ-પ્રદેશમાં વસે છે અને સારી સંખ્યામાં લોકો વર્તમાન પ્રગતિથી અજાણ અને વેગળાં છે. અનેક લોકો હજી માટીના ઝૂંપડામાં રહે છે અને તેમની રોજની આવક (જ્યારે કામ મળે ત્યારે) કેવળ સાડા ચાર રૂપિયા છે. ઉપરાંત અપૂર્ણ પોષણ અને રોગથી ઘેરાયેલા છે.

૧૯૫૮ માં અહાનગેમેજ ટયુટર એરિયારત્ને નામના શિક્ષકે આ દિશામાં કંઈક સુધારો કરવાનો નિશ્ચય કર્યો. એ વખતે સિલોનના પાટનગર કોલંબોની સેકન્ડરી સ્કૂલમાં તેઓ નોકરી કરતા હોઈ ફુરસદના સમયમાં અત્યંત પછાત ગામડાઓની દયાજનક હાલતમાં સુધારો કરવા સેવાકાર્યનો તેમણે આરંભ કર્યો. આ પ્રયોગમાં હજારો લોકોનો તેમને સહકાર મળ્યો અને આ પ્રવૃત્તિ સામૂહિક સ્વરૂપમાં ફેરવાઈ ગઈ. સુંદર પ્રજાકીય સેવા બદલ ૧૯૬૯માં તેમને એશિયામાં મહત્ત્વનો ગણાતો Roman Magsaysay Award પ્રાપ્ત થયો. ત્યાર પછી તેમને કેનેડા, બેલ્જિયમ અને ફિલિપાઈન્સ જેવા દૂરના દેશોમાં પ્રવચન માટે આમંત્રણ મળ્યું. હવે તેઓ 'સિલોનના ગાંધી' નામે ઓળખાવા લાગ્યા.

આવા આંતરરાષ્ટ્રીય માન માટે પહેલી નજરે તો એરી સામાન્ય માણસ જ લાગે. સાધારણ ઉંચાઈ ધરાવતા એરી સ્પષ્ટ અને ઊંચે અવાજે બોલે છે તથા મુક્ત રીતે હસે છે. તેમની મોટી કાળી આંખોમાં સચ્ચાઈ તરવરે છે. લોકો એમની વાણી ધ્યાનપૂર્વક સાંભળે છે.

એમના સેવાકાર્યની શરૂઆત આ રીતે થયેલી. એકવાર તેઓ કલાસમાં શીખવતા હતા ત્યારે વાતવાતમાં વિદ્યાર્થીઓ સમક્ષ બોલ્યા: મારે તમને એક ગામડાની વાત કહેવી છે. જેમાં ૩૭ કુટુંબો બેહાલ દશામાં જીવે છે અને એનું મુખ્ય કારણ વધુ સંતાનો છે. સામાજિક રીતે અત્યંત કંગાળ હાલત ભોગવતી કોમમાં આ લોકોનો સમાવેશ થાય છે. આસપાસના ગામડાઓ તેમના પ્રત્યે બેદરકાર છે. જાહેર સ્થળો તથા કામરોજી આપનારા લોકોનાં બારણાં પણ તેમને માટે બંધ છે. ઘણાને તો ભીખનો આશરો લેવો પડે છે. મને લાગે છે કે એ લોકોને આપણે મદદરૂપ થવું જોઈએ. બોલો! આવતી રજાઓમાં તમારામાંથી કોણ આ માટે તૈયાર થશે?" થોડા સંકોચ બાદ ૩૦ વિદ્યાર્થીઓએ પોતાના હાથ ઊંચા કર્યા.

રજાઓ શરૂ થઈ કે આ સેવકો બસમાં ગોઠવાઈ ૧૦૮ કિમી દૂર આવેલા કેનેડોલાવા ગામે જવા રવાના થયા. ત્યાં પહોંચ્યા પછી શંકાશીલ ગ્રામજનો પાસે એરીએ સ્પષ્ટતા કરી: "અમે તમારી સેવા કરવા માટે નહિ પરંતુ તમારી સાથે રહી કામ કરવા આવ્યા છીએ."

શહેરમાં ઊછરેલા આ લોકોને પાવડો કોદાળી ઉઠાવી કામ કરતાં જોઈ લોકોના આશ્ચર્યની સીમા ન રહી અને બીજે દિવસે તો કામ કરી શકે તેવા સૌ આ શ્રમયજ્ઞમાં જોડાયા. 'ઝાઝા હાથ રળિયામણા.' થોડા દિવસોમાં તો આશ્ચર્યજનક પરિણામ જોવા મળ્યું. અનેક લોકોના સહકાર વડે ૧૯ વાંસની ઝૂંપડીઓ દુરસ્ત કરવામાં આવી. એક કૂવો ખોદવામાં આવ્યો તથા ત્રણ જાજરૂ બાંધવામાં આવ્યાં. ઈંટોની સુઘડ ભિત હાર વચ્ચે નાળિયેરીના વૃક્ષો રોપવામાં આવ્યા; શાકભાજી ઉગાડવામાં આવ્યાં તથા નાના પાયા પર નેતરકામ શરૂ કરવામાં આવ્યું. સાંજના સમયે શિક્ષણના વર્ગો લેવાતા તથા યુવાનોને રમતગમત અને સ્ત્રીઓને રોપલીઓ ગૂંથવાનું તથા પુરુષોને ખેતીવાડીનું જ્ઞાન આપવામાં આવતું. આરોગ્ય, સ્વચ્છતા અને પોષણનું મહત્ત્વ દર્શાવતા પ્રયોગો પણ બતાવવામાં આવતા.

અગિયાર દિવસની રજાઓમાં પવનવેગે કામ કરીને આ સ્વયંસેવકો પાછા ફર્યા ત્યારે એ ગામમાં માનવતા મહેકી ઊઠી હતી. એરીએ પોતાના સાથીદારોને કહ્યું: "આપણે જાતે આ બધું કરવા તૈયાર ન થયા હોત તો એ લોકોમાં આત્મવિશ્વાસ ન જાગત."

આ કામના ફળરૂપે એરીને તાત્કાલિક તો પોતાની નોકરી ગુમાવવી પડી. કેટલાક વિદ્યાર્થીઓનાં વાલીઓએ પોતાના સંતાનોને આ સેવામાં જોડાવાની રાજીખુશીથી રજા આપી જ્યારે કેટલાંક માબાપોએ પોતાનાં બાળકો અસ્પૃશ્ય જાતિ વચ્ચે રહી કામ કરે એ સામે જબરો વાંધો ઉઠાવ્યો. પરિણામે એરીને નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

પોતાના જીવનનિર્વાહ પર પડેલા આ મારને એરીએ સ્વસ્થતાથી સહી લીધો. તેઓ બરાબર સમજતા હતા કે ક્રાન્તિની દિશામાં વિરોધનો વંટોળ જાગે એ સ્વાભાવિક છે.

શિક્ષણ ઉપરાંત ક્રામ વડે ગામડાઓના ઉદ્ધારનું કાર્ય મહત્ત્વનું જણાતાં હવે એરીએ લોકોને પોતાની વાત સમજાવવી શરૂ કરી. તેઓ કહેતા: "જાળવી રાખવા જેવાં જૂનાં મૂલ્યોનો હું વિરોધ નથી કરતો, પરંતુ એ સાથે જે કંઈ નવું અપનાવવા જેવું છે તેનો પણ સ્વીકાર થવો ઘટે."

છાપાંના તંત્રીઓ, શિક્ષણક્ષેત્રે કાર્ય કરતી વ્યક્તિઓ, કે પછી ધારાસભ્યો, જે કોઈ સાંભળે તેને એરી પોતાના સિદ્ધાંતો સમજાવતા. છેવટે એમની વાત એ વખતનાં વડાં પ્રધાન શ્રીમતી ભંડારનાયક પાસે પહોંચી. એરીને અન્યાય થયો હોવાનું લાગતાં તેમને પાછા નોકરી પર લેવાનો તેમણે આદેશ આપ્યો.

એરીને માટે તો કુદરત નેપથ્યમાં રહી જાણે કૃપા વરસાવી રહી હતી. એમની વાત જાહેર ચર્ચાનો વિષય બનતા કૉલેજનો સંખ્યાબંધ વિદ્યાર્થીઓ, ઉત્સાહી ધંધાદારી લોકો, બેકાર યુવાનો વગેરે અનેક લોકોએ તેમને પત્રો લખી મદદ કરવાની તત્પરતા બતાવી. તો બીજી બાજુ પછાત ગામડાંઓએ પણ પોતાના ઉદ્ધાર માટે ઉત્સાહ બતાવ્યો. પોતાના સ્વપ્નને આમ સાકાર થતું જોઈ એરી ખૂબ રાજી થયા. "મને ઊંડે ઊંડે એમ હતું જ કે આ કામનું ઘણું સુંદર પરિણામ આવશે. ગરીબ જનતા મદદ માટે આપણને બોલાવે છે અને લોકો એ માટે તૈયાર છે. હવે આ બંને જૂથને એકત્રિત કરવાનું કામ જ માત્ર બાકી રહે છે."

નોકરીના ફાજલ સમયમાં મોડી રાત સુધી કામ કરી એરીએ એક યોજના ઘડી જે રાજકારણથી વેગળી અને અંતે લાભથી અલિપ્ત હતી. એને "સર્વોદય શ્રમદાન" નામ આપવામાં આવ્યું. 'શ્રમની વહેંચણી' અને 'સર્વનું કલ્યાણ' એ એનો ઉદ્દેશ હતો. આ કામને વેગ તથા મહત્ત્વ આપવા એરીએ સિલોનની અગ્રગણ્ય ૧૫ વ્યક્તિઓની યાદી તૈયાર કરી, જેમાં સેનેટના પ્રમુખનો પણ સમાવેશ થતો હતો. વિનાવેતને કાર્યવાહક સમિતિમાં રહી સેવા આપવાની સૌને અપીલ કરવામાં આવી હતી.

ધીમે ધીમે હજારો સેવાભાવી અને શક્તિશાળી લોકોનો સહકાર સાંપડતાં એરીની યોજના એક લોકપ્રિય પ્રવૃત્તિ બની ગઈ. કુશળ આયોજન માટે સર્વોદય-પ્રવૃત્તિ એક ઉત્તમ નમૂનો પુરવાર થઈ. સ્વયંસેવકોએ વાહનખર્ચનો ભાર જાતે ભોગવી લીધો અને ગ્રામવાસીઓએ તેમને ખોરાક અને રહેઠાણની સગવડ આપી. લોકોએ પોતાની શક્તિ મુજબ આપેલા ફંડમાંથી જરૂરી સાધનસામગ્રીનો ખર્ચ નીકળી જતો. એક ગામડિયણ બાઈએ પોતાના અર્ધા

દિવસની રોજી ૨.૨૫ પૈસા આપ્યા, તો બંદર પર કામ કરનાર એક માણસે ફંડ ઉઘરાવી ૧૯ રૂપિયાની મદદ કરી. પણ ગુદ્દાની વાત તો હવે આવે છે. સામાન્ય ઓજારોના આધારે સામૂહિક માનવબળે જે કામ બીજાઓ નહોતા કરી શકયા તે કરી બતાવ્યું.

વાત આમ હતી: છ હજાર માણસોની વસતિવાળા એક ગામને સારા રસ્તાની અત્યંત આવશ્યકતા હતી. ગામ ઊંચાણ પર હતું અને ચઢાણ સાંકડું હોવાથી સરકારી એન્જિનિયરોને ત્યાં રસ્તો બનાવવાનું મુશ્કેલ અને ખર્ચાળ લાગ્યું. ગામલોકોએ અંતે સર્વોદય મંડળને આ કામ માટે વિનંતી કરી. વસ્તુસ્થિતીનો અભ્યાસ કરી બીજા દિવસથી આ કામ શરૂ કરવાનું એરીએ તેમને વચન આપ્યું એક સરકારી મુલાકાતીએ એરીને ચેતવ્યા : "આ કામ તદ્દન અશકય છે, લોકોને તમે ખોટી આશા આપો છો." એરીએ શરત લગાવી : "એક મહિનામાં તમે વાહન હંકારી શકો એવો રસ્તો જો તૈયાર થાય તો એ રસ્તાની સપાટી સરસ કરી આપવાનું કામ તમારે કરવાનું."

ચાર અઠવાડિયાં સુધી સર્વોદય-કાર્યકરો તથા ગામના લોકોએ સાથે મળી આ સાંકડી અને અટપટા ચઢાણવાળી કેડી પર અવિરત શ્રમ કર્યો. મોડે સુધી બત્તીઓ બળતી અને પ્રવૃત્તિનો ધમધમાટ સંભળાતો. શરતને પહોંચીવળવા માનવસમૂહ ઊલટભેર કામે લાગ્યો હતો.

ચાર અઠવાડિયાં પછી વાહન ચાલી શકે તેવો રસ્તો તૈયાર થતાં શરત મંજૂર રાખનાર ઑફિસરે હસીને જાહેર કર્યું : "તમે સૌએ આટલી બધી મહેનત ઉઠાવી તો મારે પણ મારું વચન પાળવું જોઈએ." આજે એ ગામને સુંદર સપાટીવાળા રસ્તાની સગવડ મળી ગઈ છે. લોકોએ એને નામ આપ્યું છે, 'એરીઝ' હાઈ વે ટુ ધ સ્કાય." એરીને તેઓ 'નાના ગાંધી' કહે છે.

ગાંધીજીથી પ્રભાવિત થયેલા એરીએ પોતાની ચળવળ અહિંસા, શ્રમ વગેરે ગાંધીજીના સિદ્ધાંતો પર શરૂ કરી હતી. તેઓ દૃઢ રીતે માને છે: "હિંસા આપણા ઉદ્દેશને વેરવિખેર કરી મૂકે છે, જ્યારે સાચી રીતે આચરવામાં આવેલી અહિંસા જબરું પરિવર્તન આણે છે."

૧૯૬૭ સુધીમાં સર્વોદય પ્રવૃત્તિ સિલોનમાં એક જબરી સંસ્થા બની ગઈ. એક લાખ ઉપરાંત કાર્યકરો કોઈ પણ ઘડીએ કામ આપી શકે તેટલું એનું સંગઠનબળ હતું. એરીએ હવે સો ગામડાંના વિકાસની યોજના હાથ ધરી. આર્થિક અને સામાજિક સડા સામે ઝુંબેશ ચલાવી. સૌથી વધુ ભાર તેમણે શિક્ષણ પર મૂક્યો. એરીની બીજી યોજનાઓ માફક આ પ્રવૃત્તિએ પણ લોકજીવનમાં જાગૃતિ આણી.

એકવાર એરી અને તેમના સાથીદારો ઉરવાલા નામના ગામમાં ગયા. આ ગામમાં નહોતી નિશાળ કે નહોતું રસ્તાનું ઠેકાણું. ગરીબ અને અભણ લોકો ગમે તે રીતે જીવતા અને અવારનવાર ઝઘડતા. પરંતુ આજે ત્યાં જુદું જ ચિત્ર જોવા મળે છે. ગામલોકોને વિશ્વાસમાં લઈ સર્વોદય મંડળીએ રસ્તાનું બાંધકામ કરતાં લોકો હવે કાથી, ચોખા વગેરે ઉત્પાદનની વસ્તુઓ બજારમાં મોકલે છે અને કામધંધો કરી કમાય છે. માસિક આવક ૧૧૦થી વધીને ૨૨૦ સુધી પહોંચી છે. નવી નિશાળ તથા સર્વોદય સેવકોની મદદથી અભણ પ્રજાની ટકાવારી ઘટી છે. એક વૃદ્ધ ગ્રામવાસી કહે છે : "સર્વોદય મંડળીએ અમારી સાચી શકિતનું ભાન કરાવી અમને નવી જ રીતે જીવતાં શીખવ્યું છે."

વિવિધ પ્રવૃત્તિઓના વિકાસને લીધે સર્વોદયનો વાર્ષિક ખર્ચ લગભગ ત્રણ લાખ જેટલો છે અને તેમાં વધારો થતો જ જાય છે. નસીબજોગે પોતાના સેવાકાર્યને લીધે એરીને અનેક સારા મિત્રો મળી ગયા છે. ચાર વર્ષ પહેલાં World Assembly 'of youth' એ સો ગામડાંની વિકાસ યોજનાને એશિયામાં મહત્ત્વનું સ્થાન આપી તેને ટેકો આપવાનો નિર્ણય લીધો અને યુનેસ્કોને એ માટે મદદ કરવા અપીલ કરી. પરિણામે સામાજિક કેળવણી તથા બાળશિક્ષણ માટે લગભગ પાંચ કરોડ એક લાખ રૂપિયા દુનિયાભરમાંથી એકઠા થયા.

સો ગામડાંની વિકાસયોજનાનું કાર્ય ઘણું સુંદર અને ઝડપી હોવા છતાં એરીને મન તો હજુ નાની શરૂઆત જ છે. એમનું સ્વપ્ન તો ૧૯૭૨ની આંખર સુધીમાં ૧૦૦ ગામડાઓને તથા ૧૯૭૫ સુધીમાં લગભગ હજાર ગામડાઓને સ્વાશ્રયી બનાવવાનું છે. શાળાઓ તથા સમાજકેન્દ્રો સંયુકત રીતે ચાલે એ રીતે સો જેટલાં કેન્દ્રો તથા એટલીજ સંખ્યામાં બાળ-પુસ્તકાલયો ખોલવામાં આવ્યાં છે. આઠસો કિલોમીટર લાંબા રસ્તાનું બાંધકામ કરવામાં આવ્યું છે. ટૂંકમાં બે લાખ પચાસ હજાર સર્વોદય-સેવકોએ અત્યાર સુધીમાં સિલોનના લગભગ ચાળીસ હજાર કુટુંબો, એટલે કે ત્રણ લાખ પચાસ હજારથી વધુ માણસોની જિંદગી સુધારી છે.

શરૂઆતથી જ એરીએ ફુરસદની દરેક પળ તથા પોતાની અલ્પ આવકમાંથી ઘણું સર્વોદયપ્રવૃત્તિને આપ્યું છે. આ મહાન પ્રવૃત્તિનું સંચાલન તેઓ કોલંબોની ભરચક બજારની સામાન્ય ઑફિસમાંથી કરી રહ્યા છે. એમનું રહેઠાણ પણ ઓ જ છે.

તેમની પત્ની નીથા અને ત્રણ બાળકો નાના એવા રૂમમાં રહે છે તથા તેમનું રસોડું પણ સામાન્ય છે. છતાં આ અગવડ સામે કુટુંબે કદી નારાજી બતાવી નથી. એરીના કામમાં રસ લઈ સૌ તેમને મદદરૂપ બને છે. કાર્યકરો માટે નીથા રસોઈ બનાવે છે તથા બાળકો ગામડાંનાં છોકરાંઓને ગીતો તથા રમત-ગમત શીખવે છે.

નીથા કહે છે : "સાધુની સમતા તથા માનવપ્રેમ કેળવી સુંદર સમાજરચના કરવાની એરીની અભિલાષા છે. તેઓ માને છે કે માણસને યોગ્ય રીતે દોરવામાં આવે તો તેનામાં રહેલાં સારાં તત્ત્વો વિકાસ પામે છે."

મૂળ અંગ્રેજી : **એમિલી અને ઑલા ડીઑલિરે**
અનુવાદક : **શારદાબહેન બાબુભાઈ શાહ**

માનવજીવનની સાર્થકતા શેમાં ?

આજના જગતમાં માનવી માટે અપરંપાર સુવિધાઓ-દ્રુતવડતાઓ, અલૌકિક પ્રકારના મોજશોખને લગતાં સાધનો - આવું બધું હોવા છતાં, રોટલો રળીને એક ટંક ભોજન કરનાર માણસ તેમ જ સમૃદ્ધિની છોળમાં આળોટતો શ્રીમંત, ભગવાં ધારણ કરનાર સાધુ કે રાજકીય ક્ષેત્રે ઝળહળતી ફત્તેહ મેળવીને સત્તાનાં સૂત્રો હસ્તગત કરનાર પ્રધાન, કે ભીખ માગીને પોતાના પેટનો ખાડો પૂરનાર અકિંચન—આ કોઈને માનસિક શાન્તિ મળતી નથી. દેશી અને પરદેશી બધા જ માનવીઓ શાન્તિની શોધમાં સતત રહેતા હોય છે. આમ છતાં શાન્તિ કયાંય દૃષ્ટિગોચર નથી થતી એટલે શાન્તિની શોધમાં નીકળનારા આવા લોકો મંડળોમાં જાય છે, સંમેલનોનું આયોજન કરે છે, નાના પ્રકારની અનેક જાતની સેવાની સંસ્થાઓમાં રસ લઈને પોતાથી બનતો ફાળો તેમાં આપે છે, દેશ-પરદેશમાંથી મંગાવીને અવનવાં સામયિકો વાંચે છે, સારી સારી ફિલ્મો જુએ છે અને મનને બહેલાવવા છેલ્લી કક્ષાની ફિલ્મો પણ જોઈ નાંખે છે. હરે રામ હરે કૃષ્ણની ધૂનો જાહેરમાં મચાવે છે, શાસ્ત્રો વાંચે છે, અને સાંભળે છે. એટલાથી પણ નહિ સંતોષાતા ચિન્મયાનંદ, જે. કૃષ્ણમૂર્તિ અને રજનીશજીની પણ પ્રવચનપ્રસાદીનું આચમન કરે છે. આ બધું કર્યા છતાં પણ તે સાવ કાળમીંઢ પથ્થર જેવો કોરો ને કોરો જ રહે છે. આમ કેમ બનતું હશે? આનો ઊંડાણથી વિચાર કરતાં એમ સમજાય છે કે આજના જગતના માનવીએ ધર્મનો અને ધાર્મિકતાનો ત્યાગ કર્યો છે એના કારણે તેનાં દિલ અને દિમાગમાંથી શ્રદ્ધા સરી પડી છે. તે ભયંકર રીતે અશ્રદ્ધાળુ બની ગયો છે. તે સત્યને વીસરી ગયો છે. તેણે સંયમનો ત્યાગ કર્યો છે. તેણે સાત્ત્વિક વૃત્તિને દેશવટો આપ્યો છે અને તામસી વૃત્તિને સ્વીકારી

છે. આ કારણે અધ્યાત્મવાદ તરફ તેનું લક્ષ્ય જતું નથી. તે શાન્તિ શોધવા માટે જગતના એક છેડાથી બીજા છેડા સુધી દોડાદોડ કરે છે. તે હવે તો ચન્દ્ર સુધી પણ પદારોહણ કરી આવ્યો છે, પરંતુ તેને શાન્તિ મળતી નથી. કારણ કે તે ખોટે રસ્તે દોડી રહ્યો છે. શાન્તિનો સ્રોત તો તેની પોતાની અંદર, તેના હૃદયકમળમાં સતત વહ્યા કરે છે. પરંતુ તેની આંખે પડળ બંધાઈ ગયા છે એટલે ત્યાં તે તપાસ કરી શકતો નથી. માટે જો માનવીને માનસિક શાન્તિ જોઈતી હોય તો તેણે સાચે માર્ગે ચાલીને, થોડા શ્રદ્ધાળુ બનીને, સાત્ત્વિક બનીને, પ્રાર્થનામાં શ્રદ્ધા કેળવીને, જીવનનું લક્ષ્યસ્થાન નક્કી કરીને ધીરે ધીરે એ તરફ વળવું જોઈએ. અંતરના ઊંડાણમાં ઊતરીને ધ્યાનસ્થ દશા કેળવીને, બહારના જગતથી એ રીતે સાવ અલિપ્ત બનીને થોડી પળો આવી રીતના ચિન્તનમાં વિતાવવાનો મહાવરો કેળવવો જોઈએ અને એ રીતે ધીરે ધીરે આગળ વધતાં સમજાશે કે શાન્તિનો સાગર જ્યાં વહી રહ્યો છે તેને ઉવેખીને આટલો સમય વ્યર્થ ગુમાવ્યો. એટલે જ્યારે મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે ત્યારે તેને ફક્ત ખાવા – પીવામાં અને આનંદ – પ્રમોદમાં અને મોજમજામાં વેડફી નાખવો એને તો મૂર્ખાઈની પરાકાષ્ઠા જ ગણવી જોઈએ. જો માણસ પોતાના માનસને આધ્યાત્મિકતા તરફ વાળે અને તેમાં શ્રદ્ધાપૂર્વક ધીરે ધીરે ડગ માંડતો આગળ ચાલે તો સમાયાન્તરે તે કેવાં કેવાં સિદ્ધિનાં શિખરો સર કરી શકે છે તેને લગતા દાખલાઓ વાંચીએ છીએ ત્યારે ચાલુ જીવન જીવતા માનવીઓની ખરેખર દયા આવે છે.

આજના મોટા ભાગના માનવીનું જીવન કેવું એકાંગી બની રહ્યું છે. જન્મ્યા બાદ બાળપણ અભ્યાસમાં જાય. બીજો કાળ વેપારમાં કે નોકરીમાં જાય. ત્યાર પછીનો કાળ પણ ધન મેળવવાના વલખામાં અને વ્યાવહારિક કામોમાં જાય. મોટી ઉંમરે માંદગી આવે અને તે આ સંસારમાંથી વિદાય લે. અને તેનું જીવન ઈતિથી તે અંત સુધી સંસારમાં જ સમાપ્ત થયા; નહિ ઈશ્વર પ્રાર્થના, નહિ અધ્યાત્મ તરફ દૃષ્ટિ, નહિ સાધના તરફ લક્ષ્ય અને એ કારણે નહિ જીવનમાં શાન્તિ, નહિ પ્રકાશ, નહિ આનંદ. એટલે માણસે એકાંગિતા છોડીને જીવનને સર્વાંગી બનાવવું જોઈએ. પશુઓ અને માણસમાં કેટલો મોટો તફાવત છે! ઈશ્વરે માણસને બુદ્ધિપ્રદાન કરીને તેના પર મહાન ઉપકાર કર્યો છે અને આમ છતાં એ અણમોલ રત્ન જેવી બુદ્ધિનો માણસ બાહ્ય આડંબરોમાં ઉપયોગ કરીને ઓવું જીવન જીવે છે કે પશુથી એક પણ ડગલું આગળ નથી ભરી શકતો.

એટલે માણસના વર્ષો જેમ વધે, એટલે કે જેમ જેમ તેની ઉંમર કપાતી જાય, તેમ તેમ તેણે બાહ્ય આવરણોમાંથી લક્ષ્ય ઓછું કરતા જવું જોઈએ. અને અંદરના પ્રકાશને શોધવો જોઈએ - જે માણસ જીવનનો ક્રમ આ રીતે ગોઠવશે તેનું જીવન વધારે ને વધારે સમૃદ્ધ બનતું જશે, વૃદ્ધાવસ્થા તેને અકળાવશે નહિ, છેલ્લી જિંદગી તેને અસહ્ય લાગશે નહિ, પરંતુ નિજાનંદમાં તે મસ્ત રહેશે અને ઈશ્વરના આમંત્રણને સ્વીકારવા ગમે તે પળે તે હસતા મુખે તૈયાર રહેશે. તેને મૃત્યુનો ડર નહિ લાગે. છેલ્લી ઘડીઓમાં તે વિહ્વળ નહિ બને પરંતુ પરમ શાન્તિથી સાવ સ્વાભાવિક રીતે તે તેના છેલ્લા શ્વાસનો ત્યાગ કરીને બ્રહ્મમાં લીન થઈ જશે. એટલે માનવીએ આવું લક્ષ્ય રાખીને જીવનઘડતર કરવું જોઈએ, જેનાથી તેનો માનવજન્મ સાર્થક બને.

–શાન્તિલાલ ટી. શેઠ

વિચારને પ્રેમ, અને આકૃતિની ઘૃણા!

કહેવાય છે કે શ્રી સેમ્યુઅલ બેકેટ નામના અંગ્રેજ લેખક જીવનની ઘૃણા કરે છે પણ ભાષાને પ્રેમ કરે છે. આવી રીતે ઘણા લોકો માનવને નફરતથી જુએ છે,પરંતુ વિચારને પ્રેમ કરે છે. આચાર્ય રજનીશનું કે કૃષ્ણમૂર્તિનું પ્રવચન પ્રેમથી સાંભળશે પણ એ પ્રવચન સાંભળનારી તે ની બેઠક કોઈ પચાવી પાડશે તો તે વ્યક્તિ પ્રત્યે ઘૃણાથી જોશે. આકૃતિ કરતાં વિચારનું સૌન્દર્ય આવા લોકોને વધુ સ્પર્શતું હોય છે! આમ કેમ બનતું હશે? આપણને જરૂર પ્રશ્ન થાય કે જીવનથી ધબકતા મનુષ્યને ધિક્કારવો અને જેને કોઈ આકાર નથી એવી મનની સર્જનાકૃતિને પ્રેમ કરવો એ વળી કયાંનો ન્યાય?

આ વાતને આપણે ઊંડાણથી વિચારીએ.

એક કલાકૃતિ છે. સાપનું સુંદર ચિત્ર છે. આપણે તેને દીવાલ ઉપર લટકાવીએ છીએ. એ ચિત્ર આપણને ખૂબ જ વહાલું લાગે છે. પણ એ જ કૃતિનો સાપ જીવતો થાય તો? એવી જ રીતે કલ્પનાના કોઈ પાત્રને આપણે અતિશય પ્રેમ કરીએ છીએ પણ આપણી સાથે રોજ-બરોજના સંપર્કમાં આવતી વ્યક્તિને આપણે એટલી ઉત્કટતાથી ચાહતા નથી. કદાચ નિકટની વ્યક્તિને ધિક્કારીએ નહિ તો પણ તેની સાથેના સંબંધમાં ઉષ્મા ઓછી હશે અને કોરાપણું વધુ હશે.

આપણાથી દૂર વસતી વ્યક્તિ કે કલ્પનામાં રહેતી વ્યક્તિ આપણા વર્તનની પ્રતિક્રિયા કરતી નથી, પરંતુ નિકટની અને જીવંત વસ્તુ આપણા વર્તનની પ્રતિક્રિયા કરે છે. આમાં મનુષ્ય – પાત્રની પ્રતિક્રિયા સૌથી વધુ વેગીલી અને સચોટ હોય છે. અતિ ભાવનાશાળી અને સંવેદનશીલ વ્યક્તિ કલ્પનાનાં પાત્રોને ખૂબ ચાહતી હોય છે. કારણ કે તેની દરેક ક્રિયા સામી વ્યક્તિ પાસેથી અનુકૂળ પડઘો જ ઈચ્છતી હોય છે. કલ્પનાનું પાત્ર નિકટમાં ન હોઈને તેના સારા કે વિચિત્ર વર્તનની પ્રતિક્રિયા કલ્પનાનું પાત્ર તેની કલ્પના મુજબ જ કરતું હોય છે.

સંવેદનશીલ વ્યક્તિ અને ખાસ કરીને કલાકારો, લેખકો, કવિઓ ફિલોસોફરોની અપેક્ષાઓ, ધારણાઓ અને આકાંક્ષાઓ એટલી બધી તીવ્ર હોય છે કે, સંબંધમાં આવનારી વ્યક્તિને તેની સાથે બહુ સાવધ રહીને વર્તન કરવું પડે છે. સહેજ ધક્કો લાગતાં આવી વ્યક્તિ ખળભળી ઊઠે છે. હૈયું એટલું કોમળ હોય છે કે એને નરમાશથી દબાવો તો પણ નંદવાઈ જાય છે.

પરંતુ આધુનિક ઝડપી જીવનમાં દરેક વ્યક્તિ આપણને અનુકૂળ પડે તેવું આચરણ કરી શકતી નથી. પછી આપણને ઓછું ન આવે તેવું ન બોલે તેવી અપેક્ષા તો ક્યાંથી રાખી શકીએ? આપણે કોમળ વ્યક્તિ હોઈએ અને આપણને જે અપેક્ષાઓ હોય તેવી બીજાઓને પણ અપેક્ષા તો હોય જ છે. તદ્દન પોતાના લોહીની સગાઈવાળી વ્યક્તિ હોય તો પણ હંમેશાં પોતાને અનુકૂળ વર્તન જ તે પ્રિય વ્યક્તિ કરશે તેવી આશા રાખવી વધુપડતી છે. આપણે તે પ્રિય વ્યક્તિ ઉપર ગમે તેટલો પ્રેમ અને એ પ્રેમને બહાને માલિકીભાવ રાખતા હોઈએ છતાં તે પ્રિય વ્યક્તિને પણ પોતાનું આગવું વ્યક્તિત્વ હોય છે. એના વ્યક્તિત્વનો લોપ આપણે ઈચ્છીએ ખરા? આપણે માલિકીભાવ રાખીને તેના પ્રેમના કૂવાને ખોદ્યા જ કરીએ તો કોઈક દિવસ તો એ કૂવો ખાલી ખખડે. અને એમ થતાં આપણે અકળાઈ ઊઠીશું.

માતા અને પિતાને દેવતુલ્ય માનવાનું કહેવામાં આવ્યું છે. પણ આપણે દેવને જેટલા દેવતુલ્ય માનીએ છીએ તેટલા માતાપિતાને માની શકતા નથી. કારણ કે દેવ તો છબીમાં કે શિલ્પમાં બેસીને તમારી ભૂલોને તત્કાળ સુધારતા નથી. માતા - પિતા પ્રેમ રાખે છે. છતાંય ભૂલ કરીએ ત્યારે પ્રત્યક્ષ હોઈને કોઈ વખત ટોકે પણ છે. કલ્પનાનું કોઈ પાત્ર આપણને ટોકતું નથી. પ્રત્યક્ષ પાત્ર પ્રતિક્રિયા કરીને અનુકૂળ કે પ્રતિકૂળ પડઘો પાડે છે. એટલે જે દૂર કે વિચારોમાં વસતું હોય તે આપણને વહાલું લાગે છે. સુંદર ચિત્ર દોરાયું હોય છતાં તેને નજરથી સહેજ દૂર રાખીને જોવામાં વધુ મઝા આવે છે. વિચાર હંમેશા દૂર હોય છે એટલે તે વહાલો લાગે છે. જીવંત વસ્તુ નિકટ હોય છે એટલે તે વિચાર જેટલી વહાલી લાગતી નથી. શ્રી સેમ્યુઅલ બેકેટ ભાષાને પ્રેમ કરે છે. ભાષા વિચારને વ્યક્ત કરે છે અને વિચાર દૂર હોઈ આપત્તિ ઊભી કરતો નથી. જીવનને તેઓ ઘૃણા કરે છે. કારણ કે જીવન હંમેશાં નિકટ વસતું હોય છે અને તેની વાસ્તવિકતાની પ્રસાદી ચખાડતું હોય છે. સોક્રેટીસે પણ એટલે જ કહ્યું હશે કે, "વિચારનું સૌન્દર્ય આકૃતિના સૌન્દર્ય કરતાં વધારે જાદુઈ અસર ઉપજાવે છે.

–કાંતિ ભટ્ટ

શ્રી વિમલાબહેન ઠકારની યુરોપની યાત્રામાંથી

બ્લેરિકમથી (હોલેન્ડથી) ઓસ્લો (નોર્વે) જવા નીકળ્યા. અરપોર્ટ પર અમને લેવા માટે સી. બ્રોટીન કન્યુટભાઈ તથા એમનાં પત્ની બન્ને આવ્યાં હતાં. શ્રી કન્યુટભાઈની ઉંમર છે ૮૩ વર્ષની તથા એમનાં પત્ની છે ૭૮ વર્ષનાં. અમારી બંને બેગો કન્યુટભાઈએ ઉઠાવી લીધી અને ત્રીજી નાનકડી બેગ જે મારા હાથમાં હતી તે એમનાં પત્નીએ ઉઠાવી લીધી. આ ઉંમરે આટલું વજન ઊંચકવાની તાકાત તથા ચપળતા જોઈને હું તો દંગ થઈ ગઈ. અહીંના વૃદ્ધો તો આપણા યુવાનોને પડકારે તેવા છે. ઉંમર કળાતી જ નથી. કન્યુટભાઈ જ મોટર ચલાવતા હતા. અમને અમારા રહેઠાણે એ જ મૂકી ગયા. જેના મકાનમાં અમે ઊતર્યા છીએ તે ભાઈ પણ ૮૭ વર્ષના છે. નામ છે આયનાર બેર. વિવેકાનંદના શિષ્ય આનંદાચાર્યજી જેમણે વિવેકાનંદના કહેવાથી જીવનનાં મુખ્ય વર્ષો નોર્વેમાં વિતાવ્યાં. ત્યાં જ ધૂણી ધખાવી. નોર્વેજિયન ભાષામાં અનેક પુસ્તકો લખ્યાં. આનંદાચાર્યજીનાં શિષ્ય તે આયનાર બેર. ગુરુની સેવામાં સારુંયે જીવન સમર્પિત કરી દીધું છે. ગુરુએ તો શરીર છોડી દીધું, પરંતુ હજુ પણ આયનાર બેર અડીખમ યોદ્ધાની માફક ગુરુનું સ્થાન તથા કામ બરાબર સાચવે છે. મને થયું કે હિન્દુસ્તાનમાંથી આવીને નોર્વેમાં વસવું, અહીંનાં રીતરિવાજ, રહેણીકરણી, હવામાન અને મનુષ્ય સાથે હળીભળી જવું એ કંઈ નાની-સૂની વાત નથી. મહાન સાહસ છે. આનંદાચાર્યજીએ લગભગ ૨૦૦૦ મનુષ્યોને સંસ્કૃત શીખવ્યું. એક દીવાદાંડી બનીને રહ્યા અને અહીં જ પ્રાણવિસર્જન કર્યા. મસ્તક ઝૂકે છે આવા એકાકી વીરના દર્શને. આ ઉંમરે ખાસ દિદિ સાથે રહેવા માટે પ્રવાસ ખેડીને તેઓ ઓસ્લો મંગળવારે આવ્યા.

આઈરીન જેને નોર્વેમાં દિદિનો કાર્યક્રમ ગોઠવ્યો છે તે અમને સત્કારવા દરવાજા પર હાજર હતી.

(નોર્વેની) ઓસ્લોની હવા ઠંડી અને સૂકી છે. આબુની યાદ આવે છે. મારો નોર્વેમાં પ્રથમ દિવસ, દિદિ તો નોર્વેમાં પાંચમી વાર આવ્યાં. પ્રથમ દિવસે રાતના ૯-૩૦ થયા હતા. અજવાળું એટલું બધું હતું કે ૯-૩૦ થયા છે એમ લાગે જ નહિ.

દિદિ પર તો અહીંના લોકોનો પ્રેમ જોઈને હું તો સ્તબ્ધ બની ગઈ.

૨૬-૬-'૭૨: આજે સાંજે સાત વાગે સભા છે. બરાબર ૬-૩૦. કન્યુટભાઈ વયોવૃદ્ધ પણ કર્મે યુવાન અમને લેવા આવ્યા. સભા એક મોટા ખંડમાં હતી. લગભગ એકસો દસ મનુષ્યો સભામાં હતા. "મેડિટેશન ઈન ડેઈલી લાઈફ" ઉપર દિદિ બોલ્યાં. મનુષ્યે જીવનનું વિભાજન કેવી રીતે કર્યું છે. સંપૂર્ણ સમગ્ર જીવનને કેવું અપૂર્ણ અને આંશિક બનાવી દીધું છે. શરૂઆત એનાથી કરી. આદર્શ રીતે નક્કી કરેલી રીતથી જીવવામાં જીવનની ગતિ ટૂંપાય છે તે વિસ્તૃત રીતે સમજાવ્યું. મનુષ્યના શરીર સાથેના, મન સાથેના બધા જ સંબંધોને વિસ્તૃત રીતે સમજાવ્યા. પછી કહ્યું, ધ્યાન એક અવસ્થા છે. અત્યાર સુધી મનુષ્ય ક્રિયા અને અક્રિયાની અવસ્થાને જ જાણતો હતો. ક્રિયા અને અક્રિયાથી ઉપર ઊઠીને એક એવી ક્રિયાતીત અવસ્થા છે જ્યાં બધું સહેજે ઘટે છે તેવી અવસ્થા છે ધ્યાન. પ્રથમ પ્રવચનમાં શરીર, મન સઘળાંની મર્યાદાઓ સમજાવી, મર્યાદાઓનું ભાન કરાવ્યું. મનુષ્યનિર્મિત સમય અને અવકાશનાં પ્રતીક તો સાયન્સ અને ટેક્નોલોજી જે ગતિથી આગળ વધી રહ્યાં છે તેને કારણે તૂટવા લાગ્યાં છે. મનુષ્ય ધ્યાનાવસ્થામાં પ્રવેશ કરીને વ્યવહાર કરી શકે છે તેની સંભાવના એનામાં પડેલી છે. તેની બુલંદ ઘોષણા દિદિએ સભામાં કરી. લોકો જે રીતે દિદિને સાંભળે છે તે જોવાનો પણ એક લહાવો છે.

તા. ૨૬મીએ તો દિદિને મળવા આવનારાની ભીડ હતી. સવારના ૯-૩૦ વાગે એક નોર્વેજિયન બહેન મળવા આવ્યાં હતાં. જીવનપ્રસંગોથી ખૂબ મૂંઝાયેલાં હતાં. પ્રવચન સાંભળતાં અપૂર્વ શાંતિ અનુભવી એટલે માર્ગદર્શન માટે પૂછવા આવ્યાં હતાં. મનુષ્યમાં જિજ્ઞાસાનાં બીજ વવાતાં જોઈને હું પુલકિત બની ઊઠી.

પછી આવ્યા યુરવબહેન. ૧૯૭૧માં જુલાઈમાં હિંદુસ્તાન આવ્યાં હતાં. અગિયાર મહિના હિંદમાં વિતાવ્યા હતાં. સ્વીડનમાં મન નથી લાગતું. હિંદુસ્તાનનું અજબ ઘેલું લાગ્યું છે. હિંદુસ્તાન આવવા માગે છે. માઉન્ટ આબુ પણ આવ્યાં હતાં.

પછી આવ્યા કારીનબહેન. એ પણ અગિયાર મહિના હિંદુસ્તાનમાં રહી ગયેલાં છે. ગ્રેજ્યુએટ છે. સ્વીડનમાં યુથ હોમ ખોલવા માગે છે. જ્યાં યુવક-યુવતીઓ આવીને હિંદુસ્તાન, જાપાન, બર્માની જીવનસંસ્કૃતિ, આધ્યાત્મિક તથા ધ્યાનમાર્ગની વિચારસરણીનો અભ્યાસ કરી શકે. વિપસ્ય-ધ્યાનપદ્ધતિનો બહેને અભ્યાસ કર્યો છે. પ્રચંડ સાહસ છે. ખાસ કરીને દિદિ સાથે યુથ-હોમની ગોઠવણ કેવી રીતે કરવી તેના માર્ગદર્શન માટે આવ્યાં હતાં.

બીજાં પણ ધ્યાનમાર્ગી બહેન આવ્યાં હતાં. એમણે પણ એમના જીવનમાં માઈક્રોબાયોટિક ખોરાક એક વર્ષ ખાધા પછી બાળક જન્મે તો બાળક પર એની અસર કેવી થાય છે તે માટે અભિનવ પ્રયોગ કર્યો અને એમણે કહ્યું કે એમના પ્રથમ બાળક અને બીજા બાળકની તંદુરસ્તી તથા બુદ્ધિમાં ઘણો મોટો ફેર છે.

દિદિ પાસે ભિન્ન ભિન્ન પ્રકારની સમસ્યા લઈને લોકો આવે છે અને એક પ્રકારની તૃપ્તિની, સંતોષની ઝલક મુખ પર ફરકાવીને જાય છે.

દિદિની ખૂબી એ છે કે જ્યાંથી મનુષ્ય અટક્યો છે ત્યાંથી જ તેને પકડે છે અને અટકાવના કારણનું દર્શન કરાવે છે. એટલે મનુષ્ય નિરાશ ન થતાં નવી દૃષ્ટિ, નવી શક્તિ લઈને જીવનપંથે પળે છે.

૨૭-૬-'૭૨: કન્યુટભાઈ પણ મને તો નવલકથાના એક પાત્ર જેવા લાગે છે. એ અમને એમને ત્યાં ચા પાવા લઈ ગયા. ત્યાં સમાજશાસ્ત્રના અને માનસશાસ્ત્રનાં પ્રખર અભ્યાસી લિલિયનબેન બેઠાં હતાં. દિદિને ખાસ મળવા માગતાં હતાં. સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્ર પર પ્રવચનો આપવા એમને અનેક વિદ્યાલયો આમંત્રે છે. એટલે વિશ્વમાં સારું એવું ઘૂમ્યા છે. દિદિનાં પ્રવચન સાંભળવા માટે ખાસ ટોન્ડેમથી ઓસ્લો આવ્યા છે. એમની સાથે દિદિની આલંકમલકની વાતો થઈ. બહેને કહ્યું કે સારીયે માનવજાત પર પુરુષત્વની છાયા છે, પછી તે સ્ત્રી હોય કે પુરુષ હોય. સ્ત્રીત્વની ઋજુતા-કોમળતા, મધુરતા, મૃદુતા ક્યાંયે જણાતાં નથી. પ્રખર પુરુષત્વ સદાયે છવાઈ ગયું છે. સ્ત્રીમાં અને પુરુષમાં સ્ત્રીત્વ અને પુરુષત્વ સમાયાં છે, પરંતુ અત્યારે પુરુષ, માનવજાત એક શૂન્યતા પર આવીને ઊભી છે ત્યારે એક નવીન સત્યનો પ્રાદુર્ભાવ થયો હોય તેમ તમે એક સ્ત્રીત્વનાં સઘળાં તથ્યો સાથે સત્યનો જે મધુર સંદેશ લઈને આવ્યાં છો તેથી અમારું અંતર હાલી ઊઠે છે. થાય છે કે કટોકટીભરી પરિસ્થિતિમાં પ્રેમના અહાલેકની જરૂર હતી. ત્યાં તમે આવીને ખડા થઈ ગયાં છો. અત્યાર સુધી શ્રોતા-વક્તા વચ્ચેના સંબંધમાં જે અંતર હતું, તેને તમે આમારામાંના જ એક થઈને મિટાવી દીધું છે. અસામાન્યતાને ક્યાંય કળાવા દીધી નથી. સાથે-સાથે એ પણ કહ્યું કે અત્યાર સુધી જેની પાસેથી સાંભળ્યું છે ત્યારે લાગ્યું છે કે આપણાથી આ થઈ શકે નહિ. જ્યારે તમે સઘળામાં એ સંભાવના પડેલી છે તેનો અહાલેક જગાવ્યો છે. બેથી ત્રણ કલાક વાતો ચાલી. રાત્રે દસ વાગ્યે ઘેર આવ્યાં.

૨૮-૬-'૭૨: આજે દિદિનું પ્રવચન હતું. લગભગ ૧૩૦ જેટલા શ્રોતાઓ હતા. ચેતન, અચેતન અને અવચેતન વિશે બોલતાં

કહ્યું, કે ચેતન એક અખંડ અને અભિવાજ્ય છે. મનુષ્ય અચેતન તથા અવચેતન પ્રત્યે સભાન નહીં હોવાથી તે વિભાજિત થયેલ છે. જ્યારે તે સઘળા સ્તર પર સભાન હોય છે ત્યારે કેવળ ચેતન જ વિરાજતું હોય છે. પછી જીવનના દરેક ક્ષેત્રમાં વિધવિધ મૂલ્યાંકનોને કારણે મનુષ્ય ખંડિત છે. વિધવિધ મૂલ્યાંકનોની ખેંચ મન પર રહે છે. ખેંચમાં મનુષ્ય જીવે છે. દબાવ–ખેંચ–તનાવ રહિતની અવસ્થા છે મૌન. જ્યાં સંપૂર્ણ વિશ્રામ છે. તેને દિદિએ ચેતનાનો ચોથો આયામ કહ્યો. જ્યાં શરીર અને મન પોતાની હિલચાલ વગર શાંત પડયાં છે. જ્યાં પ્રજ્ઞા જ ગતિ કરે છે.

પછી જાગૃત સ્વપ્ન સુષુપ્તિની અવસ્થા સમજાવતાં કહ્યું કે એ જોવાની કલા સધાય તો જાગૃતિમાં ગાઢ સુષુપ્તિની અવસ્થા જીવી શકાય છે. જાગૃતિ અને સુષુપ્તિ બહાર જવું અને અંદર આવવું એમ થાય છે. અત્યંત સહજ હોય છે.

જોવાની કલા માટે બે રીત બતાવી. શ્વાસોચ્છ્વાસ પર નજર રાખવી અને બીજું મનમાં ચાલી રહેલા વિચારોને જોવા. જોવાની કલા સધાયા પછી, અનુભવ લેનાર રહેતો નથી, જોનાર રહે છે. જ્યારે મૌનના આયામમાં પ્રવેશ કર્યા પછી દ્રષ્ટા પણ ગર્તામાં ધકેલાય છે. મૌનના એ આયામમાંથી મનુષ્ય મનુષ્ય સંબંધોમાં જુએ છે. આ કોઈ થિયરી નથી–જોયેલી, જાણેલી અને જીવેલી વાત છે.

તા. ૨૯મીએ એક યુવાન મળવા આવ્યો. કહેવા લાગ્યો કે તમે પ્રેમ અને કરુણાના અવતાર છો. તમે ક્રાઈસ્ટને ચર્ચમાંથી તથા ક્રિશ્ચિયાનિટીમાંથી મુકત કરવા આવ્યાં છો. તમારો સખ્યનો નવો આયામ અમને જચી ગયો છે. હિંદુસ્તાન આવીને રહેવાની ઈચ્છા દર્શાવી. એ દિવસે દિદિના પાંચ મુલાકાતીઓ હતા. બીજું આવ્યું તે કહેવા લાગ્યું કે બીજા પાસે (આધ્યાત્મિક મનુષ્ય) જતાં ડર લાગે તેવો તમારા પાસે આવતાં ડર નથી લાગતો, કેવળ પ્રેમ ઊપજે છે, દિદિની બીજા સાથે તુલના કરીને કહ્યું. દિદિએ કહ્યું, કે દરેક વ્યકિતના ઘડતરનો શિક્ષણઉછેર પર આધાર હોય છે, તે છતાં તેમના મનનું સમાધાન ના થયું. કહ્યું, કે લોકોની થિયરીની વાત હોય છે અને અમે તમારા વ્યવહારમાં પ્રત્યક્ષ જોઈએ છીએ. મુકતાત્માના વ્યવહારમાં કાંઈ ભિન્નતા ના હોય. એમનું કહેવાનું તાત્પર્ય હતું કે લોકો થિયરીમાં રહે છે તેવું નથી, તમે પ્રત્યક્ષ જુઓ છો.

તા. ૩૦મીએ બરાબર ચાર વાગે, એક ભાઈ દિદિને લેવા આવ્યા. તે દિદિની ફિલ્મ તથા વાર્તાલાપ લેવા માગતા હતા. પછી તે ટેલિવિઝન પર દેખાડવા માગતા હતા. દિદિને લઈને પર્વત ઉપર ગયા. ત્યાં ફિલ્મ લીધી. આ ફિલ્મ નોર્વે, બેલ્જિયમ, સ્વિત્ઝરલેન્ડ અને હોલેન્ડમાં ટેલિવિઝન પર દેખાડાશે. ખાસ કરીને યુવકોની શિબિરમાં પણ દેખાડવામાં આવશે.

આજના પ્રવચનમાં મૌનના આયામમાં પ્રવેશ કરીને મનુષ્ય વ્યકિત વસ્તુ સાથેના સંબંધમાં કેવી રીતે જીવી શકે તે બતાવ્યું. તે અવસ્થામાં પ્રવેશ અને તેમાં સ્થિત થઈને થતો વ્યવહાર, ધ્યાન અને ધ્યાનનું અવતરણ – ધ્યાનસ્થ જીવન કહ્યું. રોજના જીવનમાં ધ્યાનસ્થ જીવન ધરી શકે છે તે સ્પષ્ટ બતાવ્યું. પ્રશ્ન પુછાયા. ખાસ કરીને ક્રાઈસ્ટના એક વાકયનો ઉલ્લેખ કરીને કહ્યું. દિદિએ જવાબ આપ્યો કે મહાન મનુષ્યોનાં જીવન જુઓ. તેના શબ્દોને તોલવા જશો તો વચન જે પૂર્ણમાંથી સર્યું છે તે દૃષ્ટિ દૂષિત હોવાને કારણે સ્પષ્ટ નહિ થાય. તમારા જીવન સાથે એના જીવનને મૂલવો.

આઠ દિવસમાં ત્રણ પ્રવચનો થયાં, બે ચર્ચાસભા થઈ તથા પંદર મુલાકાતીઓને દિદિ મળ્યાં. તા. ૧ લી–૨ જીએ ચર્ચાસભા રાખી હતી. કોમ્યુનિકેશન ઉપર દિદિ સુંદર બોલ્યાં. કહ્યું કે પુસ્તકોમાંથી ઉઠાવીને પ્રશ્ન પૂછશો તો જાણકારીના ભંડારમાં જવાબ ઠલવાશે. તમારા જીવનમાં મુશ્કેલી, મૂંઝવણ હોય અને ત્યાંથી ઊઠતો પ્રશ્ન તમને સમજ આપશે. જીવનસૂઝ એમાંથી સાંપડશે અને સમજ તમારા સઘળા અસ્તિત્વ સાથે ભળી જશે. અને તે બનશે જીવન. જાણકારી ભંડારમાંથી ઘડેલું આદર્શ જીવન કેવળ ઉપરથી મારેલા થીગડા સમાન છે. કયારે જબરજસ્તીથી મારેલાં થીગડાં ફાટીને વિકૃતિને બહાર નીકળવાનો પૂરેપૂરો સંભવ છે. મનુષ્ય જે છે તે જીવી શકતો નથી. બીજું પોતાના પર લાદવાનો પ્રયત્ન કરે છે. તેને કારણે માનસિક ખેંચમાં જીવન જીવે છે. ગુરુ–શિષ્ય વ્યકિત-ભેદ નથી, પરંતુ અવસ્થાભેદ છે તે પણ કહ્યું. નોર્વેમાં આ વખતની જે સભાઓ થઈ તેમાં યુવક–યુવતીઓની સંખ્યા જ વધારે હતી.

તા. ૨ જીએ પોલેન્ડના એક ભાઈ મળવા આવ્યા. નોર્વેમાં પચ્ચીસ વર્ષથી રહે છે. નોર્વે ની ગવર્નમેન્ટે એમને ભારે પગારે મહાન વિજ્ઞાનીઓ અને તેમનાં સંશોધનોનાં જીવન અને અભ્યાસ માટે રોકયા છે. ભાઈ વિજ્ઞાનના ઊંડા અભ્યાસી છે. ભાઈની એવી માન્યતા છે કે વિજ્ઞાન અને અધ્યાત્મ એકમેક સાથે સંકળાયેલાં છે. જો વિજ્ઞાનની ચરમસીમા પર મનુષ્ય ખડો થાય તો ત્યાં અધ્યાત્મ રહેલું જ છે. સાથે કહ્યું કે તમારાં પ્રવચનોમાં વિજ્ઞાન અને અધ્યાત્મની સુંદર ગૂંથણી જોઈ. બધાં જ પ્રવચનો અને ચર્ચાસભામાં હાજર રહ્યો છું. એમણે કહ્યું કે અધ્યાત્મ અને વિજ્ઞાન તમારા જીવનમાં સાથે વિહરી રહ્યાં છે. અધ્યાત્મ સાથે વિજ્ઞાનને સાંકળીને તમને બોલતાં જોઈને મને ઊંડો આનંદ થયો છે અને મનુષ્યજીવનમાં એક નવા પર્વનું ઉદ્‌ઘાટન જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે થયું છે. અત્યાર સુધીનો મારો વિજ્ઞાનીઓનાં જીવન તથા એમનાં સંશોધન પર જે અભ્યાસ ચાલી રહ્યો હતો તે હવે સમજાય છે કે એ સર્વ સૂક્ષ્મ બુદ્ધિના સ્તર પર જ ચાલી રહ્યો હતો. બુદ્ધિની સીમા ભેદીને પ્રજ્ઞામાં પ્રતિષ્ઠિત થવા માટે તેણે દિદિ પાસે આશીર્વાદ માગ્યા. વિજ્ઞાન, અધ્યાત્મ અને પ્રેમનો સુંદર સુમેળ હું તમારામાં જોઈ રહ્યો છું. એ માતૃશકિત તમારામાં છે. માતૃશકિત તમે જ છો. મને આશીર્વાદ આપો. સાથેસાથે એણે એ પણ કહ્યું કે મૌનના આયામમાં પ્રવેશ કરવાની સંભાવના દરેકમાં પડેલી છે, પરંતુ દરેકમાં પડેલી સંભાવના પ્રગટ થતી નથી, કારણકે ચેતના ઉપરના આવરણને અનાવૃત્ત કરવાની સઘળાની ઝંખનાનું પ્રમાણ સરખું નથી. જેટલી ઝંખના પ્રબળ એટલો આવરણને અનાવૃત્ત કરવાનો પુરુષાર્થ પ્રચંડ રહેવાનો. તમે કહો છો સારીયે માનવજાત એમાં પ્રવેશ કરી શકે તે મને દુષ્કર લાગે છે. ભાઈનો અભ્યાસ ગહન ગંભીર હતો. દિદિને મળ્યાનો સંતોષ મોં પર ચમકતો હતો. જ્યાં જ્યાં વ્યકિતમાંથી જિજ્ઞાસાનો પ્રચંડ અગ્નિ ધખધખે છે ત્યાં ત્યાં આત્માનુભવીને દોડીને જવું પડે છે. આ પણ જિજ્ઞાસા અને અનુભવીના ગુણધર્મ છે. દિદિને પરદેશમાં વસતા જિજ્ઞાસુને કારણે જ સઘળાં કષ્ટ વેઠીને દોડવું પડે છે. જો કે એમને તો કોઈ પરદેશ છે જ નહિ, સઘળા સ્વદેશ છે. પરંતુ શરીરને જાતજાતનાં હવાપાણી, આહારવિહાર વચ્ચેથી પસાર થવું પડે છે.

તા. ૨ જીએ જ્યારે ચર્ચાસભા પૂરી થઈ, લોકો બહાર દિદિને મળવા એકઠા થયા હતા, હસ્તધૂનન કરીને પોતાનો આનંદ વ્યકત કરતા હતા. કોઈ શબ્દોમાં પોતાની જાતને ગોઠવીને કહેતા હતા. હું મૂક સાક્ષી તરીકે ત્યાં ઊભી રહી ગઈ હતી. જેટલા બહાર નીકળતા હતા એટલા મારી સાથે પણ હસ્તધૂન અથવા તો નમસ્કાર કરીને "મારવેલસ વન્ડરફુલ" શબ્દો ઉચ્ચારતા હતા. દશ્ય જોઈને મારું હૃદય ભરાઈ આવ્યું. મને સાથે સાથે એ પણ કહ્યું કે હિંદુસ્તાન જાવ તો ત્યાંના લોકોનો અમારા વતી આભાર માનજો કે આવું માનવપુષ્પ ધરી દીધું છે. અમારો હિંદુસ્તાનના લોકોને અત્યંત પ્રેમ. અમારા યજમાન તો અત્યારથી જ ઢીલા પડી ગયા હતા. કહેતા હતા કે હું રોઈશ નહિ, મારું હૃદય તો રડે જ છે. દિદિનો ૧૯૭૪ નો કાર્યક્રમ તો અત્યારથી ઘડાઈ ગયો છે. ૧૯૭૪ માં નોર્વેમાં યુથકેમ્પ થશે. અત્યારથી બધાએ નામ નોંધાવવા શરૂ કર્યાં છે.

તા. ૩જીએ ઓસ્લોથી હોલેન્ડ આવવા નીકળ્યાં. કન્યુટભાઈ તથા એમનાં પત્ની અમને મૂકવા આવ્યાં હતાં. સંયોજિકા આયરીનબહેન પણ સવારથી આવી ગયાં હતાં. અમારા યજમાનને આજે જરાયે ગોઠતું નહોતું. વિદાય આપતી વખતે આંખમાં આંસુની ચમક હતી. બધાંનાં મન ભારે હતાં અને એવા ભારે હૃદય વચ્ચે અમે વિદાય લીધી.

પ્રભા મરચંટ

❋ આત્મનિષ્ઠ સ્ત્રી-જીવન ❋

જે સંબંધ વાસ્તવમાં સંવાદ માટે નિર્માયો છે તે સ્ત્રી-પુરુષ સંબંધ આજે વિવાદનો વિષય થઈ ચૂક્યો છે. હકીકતમાં તો સૃષ્ટિમાં જાગતો પ્રત્યેક સૂર, સૃષ્ટિમાં ઊઠતું પ્રત્યેક સંવેદન, સર્જનું પ્રત્યેક સર્જન, પ્રત્યેક આવિર્ભાવ સર્જિતોના પરસ્પર સંવાદ માટે જ છે. પરંતુ સહજીવનની કળા નહીં સધાવાને કારણે સૃષ્ટિનો સર્વોત્કૃષ્ટ સંબંધ પણ વિવાદનો વિષય થઈ શકે છે. સ્ત્રી-પુરુષ સંબંધમાં પણ આવું જ કંઈ બન્યું છે.

કહેવાયું છે કે સત્યનિર્ણય માટે ત્રણ માપદંડ હોઈ શકે: શ્રુતિ, યુક્તિ, અનુભૂતિ. માત્ર શ્રુતિથી અંધશ્રદ્ધા અને એકાંગિતા; માત્ર તર્કથી સંશયવાદ, અનિર્ણાયક અવસ્થા; માત્ર અનુભવથી આત્મવંચના કે ભ્રમણા પેદા થઈ શકે. અનુભૂતિના માર્ગે ચાલતાં ચાલતાં અહં અને ભ્રમણાના કાંકરા-કાંટાથી બચવા માટે શ્રુતિ અને યુક્તિ મદદરૂપ થઈ શકે. બાકી અનુભૂતિના મંદિરમાં પ્રવેશ કરતી વખતે તો બધાં પગરખાં બહાર જ રાખવાં જોઈએ.

સ્ત્રી અંગે મૂળભૂત રીતે કંઈ વિચારવું હોય તો આ અભિગમ રાખીને વિચારાય તો જ યથાર્થ દર્શન થઈ શકે. કેવળ ગ્રંથમુક્ત નહીં, ગ્રંથિમુક્ત થઈને જ સત્ય પામી શકાય. અનુભૂતિને ભલે શ્રુતિ અને યુક્તિની ઓરણે ચઢાવો પણ હોવી જોઈએ તે નિતાંત અનુભૂતિ.

સ્ત્રી પોતે શું અનુભવે છે? સ્મૃતિ-યુક્તિ અને સ્વાનુભૂતિથી તારતમ્ય કાઢી શકે તેવી કોઈ સાબૂત સ્ત્રીને પૂછો કે શું તારી કોઈ સ્વતંત્ર હસ્તી નું અનુભવે છે? શું ખરેખર માતૃત્વ એ તારા જીવનનું ચરમ સૌભાગ્ય, ગૌરીશિખર છે?

સૃષ્ટિ તરફ જોવાની બે દૃષ્ટિ હોય છે. અમારો નાનકડો અનિકેત અવારનવાર પૂછપા કરે છે કે મમ્મી, ભગવાને આ મંકોડો શું કામ બનાવ્યો? આ સાપનો શું ઉપયોગ? અમે એને સામો પ્રશ્ન પૂછીએ છીએ કે બેટા, ભગવાને અનિકેત શું કરવા બનાવ્યો? તો પ્રશ્ન સાંભળીને જ એ છંછેડાઈ જાય છે. કોણ જાણે એનામાં આ વૃત્તિ જોરદાર દેખાય છે કે સૃષ્ટિ આખી મારા માટે જ હોવી જોઈએ. હકીકતમાં તો સૃષ્ટિ પર ધબકતો પ્રત્યેક શ્વાસ પોતે પોતામાં એક સ્વતંત્ર હસ્તી છે. એ નિર્માઈ છે પોતાના જીવનને પૂર્ણતાથી મઢી દેવા. જે પરિપૂર્ણમાંથી અંશ થઈને એ વિખૂટી પડી છે તે પરિપૂર્ણમાં ભળી જવાની ક્ષમતા પ્રાપ્ત કરવા. એ અગર છે તો આ જ માટે કે બિન્દુ સિંધુમાં ભળે.

આ દૃષ્ટિએ 'સ્ત્રી' તરફ જોવાનો સમય પાકી ગયો છે. માત્ર પુરુષે જ નહીં, સ્ત્રીએ પણ પોતાને આ દૃષ્ટિએ જ જોવી-સમજવી પડશે. વ્યક્તિમાત્રે પોતાને આ દૃષ્ટિએ જોવી પડશે અને પ્રત્યેકે ઈશ્વર સાથે પોતાનો આગવો સંબંધ સ્થાપિત કરવો પડશે.

સ્ત્રી નથી પુત્ર માટે, નથી પતિ માટે, નથી ભાઈ માટે અને છતાંય સ્ત્રી સૌ કોઈને માટે છે. કારણ કે સર્વને આત્મસાત્ કર્યા વગર સ્ત્રી-શું કોઈનેય સાર્થકતા જડવાની નથી. બે-પાંચ-સાત સંતાનપ્રાપ્તિ થઈ અને જીવન ધન્ય ધન્ય થઈ ગયું, એવું કંઈ સ્ત્રી પાસેથી સાંભળ્યું? ધન્યતા, કૃતાર્થતા સ્વયં પ્રકાશિત છે. માતૃત્વ પ્રાપ્ત કરવાથી જો જીવન ધન્ય થતું હોય તો ઘરઘરમાં મા બેઠી છે. પૃથ્વી પરની અડધી વસતિ ધન્ય ધન્ય જોય તો એ પૃથ્વી આવી સ્મશાનવત્ હોય કે કિલ્લોલતું નંદનવન હોય?

તો માતૃત્વ એ સ્ત્રીજીવનનું કાશી-પ્રયાગ જરૂર છે, પણ ગૌરીશિખર તો હરગિજ નથી. એક વ્યક્તિની ચેતનાનો વિસ્તાર એકમાંથી બે-ચાર સુધી વિસ્તર્યો તો તેટલેટલી વિસ્તૃતિ તીર્થધામ જ છે, ચેતનાનો વિસ્તાર એ તો પ્રત્યેક પ્રાણીની ઝંખના છે અને જ્યાં સુધી એ 'સર્વ' સુધી નથી વિસ્તરતો ત્યાં સુધી એ જીવનનું ગૌરીશંકર દુર્લંઘ્ય રહેશે.

વાસ્તવમાં માતૃત્વ એ તો વૃત્તિ છે. વૃત્તિ કોઈ જાતિ પૂરતી મર્યાદિત ન હોઈ શકે. અનેક સંત સ્ત્રી-પુરુષો મા-બાપ બન્યા વગર પોતપોતાની ચેતનાનો વિસ્તાર કરી ધન્ય બન્યાં છે. પોતાના જીવનમાં એમણે માતૃત્વ સિદ્ધ કર્યું છે. જ્યારે બીજી બાજુ એવાં કરોડો મા-બાપ હશે, જેઓ જીવનના પ્રત્યેક શ્વાસને કોસતાં-કોસતાં આયખું પૂરું કરી રહ્યાં છે.

તો માતૃત્વની આ ધન્યતા, માતૃત્વમાં છુપાયેલી વરદાનની આ ગરિમા પિતૃત્વે પણ પ્રાપ્ત કરવાની છે. કારણ કે માતૃત્વની સાથે જ પિતૃત્વ અભિન્ન બનીને જોડાયેલું છે.

ઈશ્વર તરફથી મળેલા આ એક સુંદર વરદાનને દાદા જેવા ચિંતક, કરુણામયને 'અભિશાપ' કહેવો પડે છે, તો તેમાં કેટલું તથ્ય છે તે પણ સમજી લેવું જોઈએ. ઈશ્વરાર્પિત, પ્રકૃતિદત્ત કોઈ પણ વસ્તુ અભિશાપરૂપ હોઈ શકે નહીં પણ વિકૃતિને કારણે વરદાન પણ અભિશાપ થઈ શકે છે. આજે સ્ત્રીઓ માટે માતૃત્વ અભિશાપરૂપ થઈ રહ્યું છે. એ અભિશાપને વરદાનમાં પલટાવવાની કળા એ માત્ર સ્ત્રીઓના સ્વિયાર્થનો વિષય ન હોઈ શકે, કારણકે માતૃત્વ સાથે પિતૃત્વ પણ અભિન્ન રૂપે જોડાયેલું છે.

આજે 'માતૃત્વ' બે રીતે અભિશાપ થવા બેઠું છે. એક તો સ્ત્રીની સ્વતંત્ર હસ્તી પર આક્રમણ. અનિચ્છા હોવા છતાં બાહ્ય પરિબળ દ્વારા લદાયેલું માતૃત્વ ઈશ્વરી પ્રસાદ કેવી રીતે બની શકે? રોમેરોમમાંથી ઊઠતો વિદ્રોહ સ્વીકૃતિની છાપ કેવી રીતે મારી શકે? દમન સહી લેવું એ જો ગુનો હોય તો દમનનો સામનો કરતાં કરતાં મરણાધીન થવું એ જ રસ્તો દમનકારી માટે કદી ન કદી આંખો ઉઘાડવા માટે સહાયક થઈ શકે અથવા તો જુલમગારને પશુ સમજી, પરિવર્તનની શક્યતા પર ચોકડી મારી પાશવિક આક્રમણ સામે બચાવના વૈજ્ઞાનિક ઉપાયો શોધવા અને તેમ છતાં ય સાપ ડંખી જાય તો દંશનું ઝેર પચાવી લેવાની મનોવૃત્તિ કેળવવી. આ સિવાય બીજો રસ્તો સૂઝતો નથી. જ્યાં સુધી સમસ્ત સમાજની consciousness–વિવેકબુદ્ધિ જાગૃત નથી થતી ત્યાં સુધી માત્ર આક્રમ્ય આ પ્રશ્નનો તલસ્પર્શી નિવેડો લાવી ન શકે.

હા, જે બીજી રીતે માતૃત્વ અભિશાપ સાબિત થઈ રહ્યું છે તેને જરૂર અટકાવી શકાય. માતૃત્વને જે સ્ત્રીઓ પોતાના જીવનનું ગૌરીશંકર સમજી બેસે છે, તેને માટે એ જરૂર અભિશાપ રૂપ છે. માતૃત્વ એ જીવનનું પૂર્ણવિરામ નથી, અર્ધવિરામ છે. વિરાટને પોતામાં સમાવવા માટે જે કેળવણી જોઈએ તે કેળવણી મેળવવા માટેનો Laboratory પ્રયોગ છે, સંભાવના પ્રગટે અને સાબિત કરવા માટેનો test-tube પ્રયોગ છે. પ્રયોગ, પ્રયોગશાળા પૂરતો જ મર્યાદિત રહે તો તે નિષ્ફળ પ્રયોગ જ કહેવાય ને? બીજા શબ્દોમાં અભિશાપરૂપ જ બની જાય ને, કારણ કે જીવનની વિકાસયાત્રા માટે અવરોધક વસ્તુ વરદાન કેવી રીતે બની શકે?

સ્ત્રી જ્યારે પોતાની સ્વતંત્ર હસ્તી ધરાવતી, જીવતી-જાગતી ધબકતી ચેતના છે, ચેતન તત્ત્વ છે ત્યારે જો તે સ્વાયત્ત, આત્મનિષ્ઠ ન બનતાં પરનિષ્ઠ, પુરુષનિર્ભર બની રહે તો એનું વ્યક્તિત્વ સોળે કળાએ ખીલી જ કેમ શકે? આ આત્મનિષ્ઠા એટલે સ્નેહ, સમર્પણ અને સૌહાર્દનો અભાવ હરગિજ નહીં, બલ્કે આત્મનિષ્ઠાની વેદી પર જ સ્નેહ-સમર્પણનો યજ્ઞ પ્રજ્વલી શકે. આત્મનિષ્ઠા વગરનું સમર્પણ દીનતા, લાચારીની ધાતુ પર ચઢાવેલું નકલી સોનું છે. આત્મગૌરવપૂર્વકનું સમર્પણ એક વસ્તુ છે અને લાચારીની દાસ્યતા એ બીજી વસ્તુ છે.

જીવન સ્વાયત્ત હોય એટલે શું? પોતાના ભરોસે જીવન જીવવું. જીવનનો જે આનંદ છે, તેની ગંગોત્રી બહાર શોધવા ન જવું. આનંદ અને સમાધાન અંતરમાં જ પડ્યાં છે, એના રસે રસાઈ સ્વયં આનંદમૂર્તિ બની જવું. ફૂલ પોતે જો એમ કહે કે મારે તો મારી સુવાસ ચોમેર ફેલાવવી છે, મારે ખિલખિલ હસવું છે, પણ એ માટેની ધરતી મારી ક્યારીની નહીં, પણ કોઈ બીજી ક્યારીની હોય તો જ હું ખીલી શકું...તો તેવી બીજી માટીને ભરોસે ફૂલ ખીલી શકે ખરું? તો આ સ્વાયત્તતા એટલે આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા. આર્થિક પારતંત્ર્ય, સામાજિક સમાનતાનો સ્વીકાર કરાવવો, એ બધા કોઠા તો મને ખૂબ પ્રાથમિક કોઠા લાગે છે. સ્ત્રી માટે સૌથી દુર્લંધ્ય, દુસ્તર કોઠો - અભિમન્યુના સાતમા કોઠા જેવો જે કોઠો છે તે આ સ્વાયત્તતાનો છે, આત્મનિષ્ઠાનો છે, આત્મનિર્ભરતાનો છે. સ્ત્રીએ પોતે પોતામાં પૂર્ણ એવું સ્વયંપરિતુષ્ટ, સ્વયંસંપૂર્ણ વ્યક્તિત્વ નિર્માણ કરવાનું છે.

આવી સ્વાયત્ત, આત્મનિષ્ઠ સ્ત્રીઓની સંખ્યા સમાજમાં ઉત્તરોત્તર વધતી જશે તો પુરુષપ્રધાન સમાજરચનામાં રચાયેલા પુરુષનિર્મિત શાસ્ત્રો પણ બદલાશે. પછી સ્ત્રી માટે 'भोज्येषु माता, कार्येषु मंत्री, शयनेषु रंभा, ... જેવા વિવિધલક્ષી ઉપયોગીતાવાદના શ્લોકો રચવાની હિમત નહીં થાય. સમાજ ન સ્ત્રીપ્રધાન શોભે, ન પુરુષપ્રધાન: માનવપ્રધાન સમાજરચનામાં સ્ત્રી-પુરુષ પરસ્પરને ઉપયોગીતાવાદના ચોરણે નહીં આંકે, પરસ્પર વિકાસના ધોરણે સમાજમાં અપેક્ષાઓ ઊભી થશે. બન્ને સ્વયંસ્થિત, સ્વાયત્ત, એકમો પરસ્પર સહયોગે એક નવી જ સંભાવના નિર્માણ કરશે. બન્ને અપૂર્ણ મળી પૂર્ણ નહીં પણ બન્ને પૂર્ણ મળી પરિપૂર્ણતા તરફ જશે.

સ્ત્રી જો પોતાની જાતને સ્વાયત્ત, સ્વતંત્ર entity સિદ્ધ કરી શકશે તો આજે સમાજમાં જે અન્યાયો તે સહન કરી રહી છે તે આપોઆપ ખરી જશે. નામ આગળ કુમારી કે શ્રીમતી લખવું જ પડે, ચાંદલો-બંગડી કરવાં જ પડે, વિધવાએ શૃંગાર છોડવા જ પડે, બિહારની સ્ત્રીઓએ પડદામાં પુરાઈ જ રહેવું પડે, પૈઠણમાં મુરતિયાને રૂપિયાથી નવાજવો જ પડે—આ બધી શૃંખલાઓ સાપની કાંચળીની જેમ સરી પડશે. એને માટે જુદાં આંદોલનો ચલાવવાની જરૂર નહીં પડે.

તાજેતરમાં જ એક સવાલના જવાબમાં વિનોબાએ કહેલું કે "મૂળભૂત રીતે, Fundamentally જુદો એવો કોઈ ભેદ હું સ્ત્રી-પુરુષ વચ્ચે જોતો નથી. એવું મનાય છે ખરું કે પ્રેમ, કરુણા, વાત્સલ્ય, સહનશીલતા, સમર્પણ વિગેરે ગુણો સ્ત્રીના અને પુરુષાર્થ, ધૈર્ય, સાહસ, શૌર્ય, નિર્ભયતા વગેરે ગુણો પુરુષના. પણ એવો કોઈ નિયમ નથી. મેં તો ક્યારેક ઊલટું પણ જોયું છે. વાસ્તવમાં દરેક વ્યક્તિએ ગુણપૂર્ણતા સાધવાની છે. પોતાનામાં જે ગુણનો અભાવ હોય તેનો વિકાસ કરવાનો છે."

પહેલાં તો આ જવાબ સાંભળીને હું થોડી હચમચી ગઈ, જવાબ સહજસ્વીકાર્ય ન બન્યો. કારણ કે સ્ત્રી જો સમાજમાં પોતાનું સ્ત્રીત્વ કાયમ રાખીને આગળ આવે તો પૃથ્વી પરથી યુદ્ધ નાબૂદ થાય અને આહિંસક સમાજરચનાનો પાયો નંખાય. સ્ત્રી એટલે સહજ કરુણાની મૂર્તિમંત કવિતા...આવું બધું મનમાં અંકાઈ ગયેલું, પણ જરા ખંખોળી લીધું તો સમજાયું કે કોઈ પણ ગુણ કોઈની ય આગવી સંપત્તિ નથી, ઈજારો નથી. ક્યારેક ઈશુમાં કરુણા સોળે કળાએ ખીલી ઊઠી શકે છે તો ક્યારેક લક્ષ્મીબાઈમાં શૌર્ય પણ પ્રખરપણે ઝળહળી શકે છે. બાકી સર્વસામાન્યત: તો આજુબાજુનું વાતાવરણ, સંસ્કાર, પૂર્વજન્મોનાં કર્મો વગેરેને કારણે જે ગુણોનું ખેડાણ થાય છે તે ગુણો ફૂલેફાલે છે - પાંગરે છે. દરેક વ્યક્તિમાં બીજરૂપે દરેક ગુણ પડેલા છે. એટલે આત્મગત રીતે સ્ત્રી-પુરુષ જેટલાં અભિન્ન છે, તેટલાં જ ચિત્ત, મન, બુદ્ધિ, આદિ અંતર્ગત દેહના સ્તરે બન્ને અભિન્ન છે. જે કંઈ ભિન્નતા જોવા મળે છે તે વ્યક્તિએ વ્યક્તિએ જોવા મળતી ભિન્નતા છે, સ્ત્રી-પુરુષની મૂળભૂત ભિન્નતા નથી.

એટલે સ્વાયત્તતા, સમાનતા અને બંધુતાના આધારસ્થંભ પર જો સ્ત્રી-પુરુષનું સહજીવન નિર્માણ થશે તો સૃષ્ટિદેવતાનું એક અનોખું સંગીત નિર્માણ થશે. સ્ત્રી-પુરુષની જુગલબંધી સૂરોનો એવો વિસ્તાર કરશે જે અસીમના છેડાઓને પણ લાંઘી જશે, ગહનતાને આ કાંઠે પેલે પાર વસતી ગગનતાનો સ્પર્શ કરાવી શકશે.

—મીરા

આરોહણ અને અવતરણનો યોગ

"માણસ પ્રભુને પ્રેમ કરી શકે છતાં માનવજાતને પ્રેમ કરવામાં નિષ્ફળ જાય એ વિસ્મય પમાડે છે. જો આમ જ હોય તો તેઓ કોના પ્રેમમાં છે?" શ્રી અરવિંદે એકવાર આ પ્રશ્ન પૂછયો હતો.

શ્રી અરવિંદના યોગમાં આ જ વાતનો વધારે મહિમા છે: મોટા ભાગની યોગસાધના વ્યક્તિગત સાક્ષાત્કાર કે મોક્ષ પાસે અટકી જાય છે. શ્રી અરવિંદ ત્યાંથી તેમની સાધનાનો આરંભ કરે છે; માણસ પ્રભુને ચાહે અને માનવજાતને ન ચાહી શકે એ વિસંગતિને તેઓ દૂર કરવા ઈચ્છે છે, અને એટલે જ તેમના યોગમાં દિવ્ય પ્રતિના આરોહણનો જેટલો મહિમા છે, એટલો જ દિવ્યના આ જગતમાંના અવતરણનો પણ છે.

જગતના ઉત્ક્રાંતિના ક્રમમાં માનવી એ છેલ્લી ભૂમિકા નથી. આ ચિન્તન નિત્શેથી માંડી ઘણા ચિંતકોએ કર્યું છે. પણ શ્રી અરવિંદ પોતાની જાતને ફિલસૂફ નથી ગણાવતા. એ કવિ અને મિસ્ટિક છે પણ સાથેસાથે સાધક છે. એટલે માનવ-ભૂમિકા પર દિવ્ય અતિમનસ ચેતનાનું અવતરણ એ કેવળ કલ્પનાવિહાર નથી, એ સાધનાની એક ભૂમિકા છે. ઉત્ક્રાંતિના ક્રમમાં જે પ્રક્રિયા સહજ રીતે થાય છે તે ધીમી હોય છે, પણ માનવી પોતાની યોગશક્તિ વડે આ પ્રક્રિયાને ઝડપી બનાવી શકે છે.

માત્ર ભૌતિક સ્તર પર જ જોઈએ તો માણસે બે હજાર વરસમાં જેટલી પ્રગતિ નહોતી કરી એટલી છેલ્લા બે-ચાર દાયકામાં થઈ છે. અવિરત સાધના અને ખોજદ્વારા આપણે ભૌતિક સ્તરે થતી પ્રગતિને ઝડપી બનાવી શકીએ તો આધ્યાત્મિક ભૂમિકા પર પણ આપણે એટલી ગતિ કરી શકીએ એ અશક્ય નથી લાગતું.

એટલે જ શ્રી અરવિંદ સાધનાના માર્ગ પર આવનારાઓને અપૂર્ણતાઓથી ડરી જવાની ના પાડે છે. અપૂર્ણતાઓથી ડરી 'આમાં આપણું ગજું **નહીં**' એવો નકારાત્મક વિચાર કરનારાઓ યોગમાર્ગના પ્રવાસી થઈ શકતા નથી. આ અપૂર્ણતાઓમાંથી જ પૂર્ણ તરફની એક ગતિ આવતી હોય છે. જે ભાવો આપણને અંતરાય રચે એવા લાગતા હોય એ સૌને 'ઈશ્વરાભિમુખ' કરવા અને 'તે શુદ્ધ બને એવી અભીપ્સા' સેવવા શ્રી અરવિંદ કહે છે. જો માણસ આ કરી શકે, તો આ ભાવો સાધનાના માર્ગ પર વિટંબણા ઊભી નહીં કરે, પણ સહાયતા કરશે.

તપ, પ્રજ્ઞા અને પ્રેમ આ ત્રણ માર્ગોથી પ્રભુને પ્રાપ્ત કરી શકાય છે. પણ શ્રી અરવિંદ તેમના પૂર્ણયોગમાં આ ત્રણેનો પણ યોગ ઈચ્છે છે. આ ત્રણે શક્તિઓનો સંગમ રચાય ત્યારે જ પ્રભુ સાથેનો યોગ સાચો બને છે.

એટલે જ શ્રી અરવિંદ સમાધિની સ્થિતિમાં થતી અનુભૂતિઓની સાર્થકતા સ્વીકારે છે છતાં સાક્ષાત્કાર સમાધિમાં નહીં પણ જાગૃત દશામાં થવો જોઈએ અને અખંડ રહેવો જોઈએ એવો આગ્રહ રાખે છે. કોઈ સંતનો હાથ મસ્તક પર આવે અને સમાધિમાં માનવી થોડીક ક્ષણો બ્રહ્મસુખ અનુભવે અને ફરી પાછો પૃથ્વીના અવચેતનમાં સરી જાય તો અહીં સાક્ષાત્કારથી પ્રાપ્ત થતો આનંદ ખંડિત થાય છે. એનો પ્રભાવ પણ એટલો ઓછો રહે છે.

જ્ઞાનયોગ, તપયોગ અને પ્રેમયોગ એ ત્રણે વચ્ચે શ્રી અરવિંદ કોઈ ભેદ જોતા નથી. જ્ઞાન વિના ભગવાનમાં જીવન ગાળીએ ત્યારે 'જીવનના વાસ્તવિક અને સંપૂર્ણ આનંદથી આપણે વંચિત રહીએ છીએ.' અને શ્રી અરવિંદ પ્રેમને 'જ્ઞાનનો શિરતાજ' કહે છે. 'સંપૂર્ણ જ્ઞાન આપણને સંપૂર્ણ પ્રેમ પ્રત્યે લઈ જાય છે.' એ વાત આપણને ગીતાના શ્રીકૃષ્ણની વાણીની યાદ આપે છે.

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां समेयुक्तमो यो मतः ।।

યોગીઓમાં પણ જેની મારામાં ગતિ છે એવો પોતાનો આંતરમનથી શ્રદ્ધાવાન રહી મને ભજે છે એ મારા મતે યુક્તતમ સર્વોચ્ચ યોગી છે.

આંતરમન, શ્રદ્ધા અને પ્રભુમાંની ગતિ - આ ત્રણે જ્ઞાન, તપ અને પ્રેમનાં જ રૂપો છે અને આ ત્રણેનો યોગ જ્યારે થાય ત્યારે જ પૂર્ણયોગી સર્જાય છે.

આ સૌથી વિકટ વસ્તુ છે. આવેશ અને અસ્થાયી ઉન્મતતા સૌ કોઈમાં આવે છે, પણ એનું ઝાઝું મહત્ત્વ નથી. રાધાની-કૃષ્ણ માટેની ભક્તિને પ્રેમલક્ષણા કહેવાય છે, પણ આ પ્રેમમાં શ્રીકૃષ્ણના સ્વરૂપ અંગેનું જ્ઞાન અને શ્રીકૃષ્ણ માટેનું તપ સમાયું છે એ વાત આપણે કેમ ભૂલીએ?

શ્રી અરવિંદ રાધાના યોગ માટે સરસ સમજણ આપે છે. એ કહે છે:

"રાધા તો ભગવાન માટેના નિરપેક્ષ પ્રેમનું મૂર્ત રૂપ છે. રાધાનો પ્રેમ એટલે ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાથી તે છેક નીચેમાં નીચેની સ્થૂલ ભૂમિકા સુધી પ્રકૃતિમાં સઘળે વ્યાપી ગયેલો એવો સમગ્ર પ્રેમભાવ. એ ભાવને પરિણામે નિરપેક્ષ આત્મોત્સર્ગ - સંપૂર્ણ આત્મસમર્પણ પ્રકૃતિના એકેએક ભાગમાં સ્થાપન થાય છે અને શરીરના રોમેરોમમાં તે દિવ્ય આનંદનું અવતરણ કરવાની અભીપ્સા કરે છે તથા અત્યંત જડ પદાર્થ તત્ત્વમાં તેને લઈ આવે છે."

રાધા - ગોપીઓનો પ્રેમ એ માત્ર દિવ્ય તરફનું આરોહણ ન હતું, પણ દિવ્યનું વ્રજની ભૂમિમાં અવતરણ પણ હતું. આ રીતે જોઈએ તો પ્રેમ, તપ અને જ્ઞાન એ એકમેકનાં વિરોધી નહીં પણ પૂરક છે.

ભગવાનનો જાગૃત અવસ્થામાં સાક્ષાત્કાર કરવો અને આ સાક્ષાત્કારને અખંડ ટકાવી રાખવો એનું જ મહત્ત્વ છે અને એ કામ એટલું સહેલું નથી. વાતાવરણની, સત્સંગની કે સમાધિની સ્થિતિની કોઈક અનુભૂતિને પ્રતાપે થોડો સમય તમે સાક્ષાત્કારની સ્થિતિમાં રહી શકો, પણ એની અખંડ રટણા અંતરમાં હોવી એ મુશ્કેલ છે.

અને શ્રી અરવિંદને આટલાથી જ સંતોષ નથી. દિવ્ય અનુભૂતિની આ આરોહણનું અવતરણ આ પાર્થિવ સૃષ્ટિમાં થાય અને એથી આ સૃષ્ટિનું રૂપાંતર થાય એમ તેઓ ઈચ્છે છે. ઉત્ક્રાંતિના ક્રમમાં જે કામ થતાં સદીઓ લાગે એ કામ શ્રી અરવિંદ યોગદ્વારા ત્વરાથી કરવા ઈચ્છે છે.

એટલે જ તેઓ કહે છે તેમ તેમને જ્યાં રસ્તો જ પાડવામાં નથી આવ્યો એવા વગડામાં કેડી કંડારવી પડી છે.

શ્રી અરવિંદની પોતાની યોગસાધનાની ગતિનો સ્થૂલ નકશો આપણને એમના આદર્શનો થોડોક ખ્યાલ આપી શકશે.

શ્રી અરવિંદ કવિ, રાજદ્વારી નેતા અને લેખક તરીકે પ્રતિષ્ઠિત હતા, પણ યોગની દિશામાં તેમની સૌપ્રથમ સજાગ ગતિ ૧૯૦૪માં તેઓ ચાંગોદના બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય દેવધર પાસેથી પ્રાણાયામ શીખે છે ત્યારે થાય છે. આ પ્રાણાયામથી તેમને થયેલા ફાયદાઓમાં તેમના કાવ્યસર્જનમાં આવેલા વેગ અને તેમની સતેજ થયેલી યાદદાસ્ત મુખ્ય છે.

પછી શ્રી લેલે જોડે ૧૯૦૭ના ડિસેમ્બરના અંત ભાગમાં વડોદરામાં થયેલી મુલાકાત એક મહત્ત્વનો તબક્કો છે. શ્રી અરવિંદને યોગમાર્ગમાં સૌપ્રથમ દીક્ષિત કરનાર શ્રી લેલે હતા. તેમની સાથે તેઓ ત્રણ દિવસ એકાંતવાસમાં રહ્યા અને આ ગાળામાં નિઃસ્પંદ – વિચારશૂન્ય સ્થિતિનો અનુભવ તેમણે કર્યો હતો. આ સ્થિતિમાં તેમને નિર્વાણના ભાવનો અનુભવ થયો હતો.

આ પછી ૧૯૦૮માં શ્રી અરવિંદને અલીપુર બૉમ્બ કેસના અનુસંધાનમાં પકડવામાં આવ્યા ત્યારે જેલની એકાંત કોટડી તેમની સાધનાભૂમિ બની રહી. અહીં તેમને સાક્ષાત્કાર થયો એટલું જ નહીં, પછીથી એ સાક્ષાત્કાર અખંડભાવે વસી રહ્યો. જેલની દીવાલોમાં, મૅજિસ્ટ્રેટમાં, જેલરમાં 'સૌ કોઈમાં - તેમને વાસુદેવ દેખાતા હતા.

આ સાક્ષાત્કાર પછીથી એને અખંડ રાખવાનું અને દિવ્ય અતિમનસ ચેતનાનું પૃથ્વી પર અવતરણ કરવાનું કાર્ય શ્રી અરવિંદ સમક્ષ આવી પડ્યું. એમને આદેશ મળ્યો કે રાજકીય કાર્યને આગળ વધારનારા માણસો આવી મળશે અને એટલે જ તેઓ પોંડિચેરીમાંના 'ધાર્મિક એકાંતવાસ'માં ચાલ્યા ગયા.

જે અતિમનસ ચેતનાને પૃથ્વી પર અવતારવા શ્રી અરવિંદ ઈચ્છતા હતા, એને તેઓ ઋતચેતના તરીકે ઓળખાવે છે. એ કહે છે: 'અતિમાનસ ચેતનામાં એક એવી શક્તિ છે કે જે પોતાના સત્ય અને જ્યોતિની સૃષ્ટિને સીધેસીધી પ્રકટ કરી શકે છે. એ સૃષ્ટિમાં સર્વ વસ્તુઓ પરમાત્માની એકતા અને સંવાદિતાના પાયા ઉપર પૂર્ણ પ્રકાશમાં આવી રહેલી હોય છે. ત્યાં અવિદ્યાનું કે અન્ય કોઈ પ્રકારનું આવરણ નથી હોતું.!

શ્રી અરવિંદના અતિમાનસને અવતારવાના યોગની પ્રથમ સિદ્ધિ ૨૪મી નવેમ્બર ૧૯૨૬ના રોજ સાંજે પોંડિચેરીમાં થયેલા ધ્યાન દરમ્યાન થઈ હતી અને એ વેળા અધિમનસ (જેને શ્રી અરવિંદ અતિમનસનું પ્રતિનિધિ કહે છે)નું અવતરણ આ સૃષ્ટિમાં થયું હતું.

શ્રી અરવિંદના યોગને સમજવા માટે કદાચ પ્રજ્ઞાના વધુ મોટા વ્યાપની જરૂર પડે છે. પણ એ તપ, જ્ઞાન અને પ્રેમ એ ત્રણના યોગમાંથી જે મહાયોગ નીપજાવે છે એ માત્ર આકર્ષક જ નહીં, કયારેક સિદ્ધ કરવાનું મન થાય એવો આદર્શ છે.

–હરીન્દ્ર દવે

ભારતદર્શન

હે ભારત! તેં નૃપતિને મુકટ, દંડ, સિંહાસન અને ભૂમિનો ત્યાગ કરીને દરિદ્રવેશ ધારણ કરવાનું શીખવ્યું છે, વીરને તેં ધર્મયુદ્ધમાં ડગલે ને પગલે દુશ્મનને ક્ષમા કરવાનું શીખવ્યું છે, કર્મશીલને તેં યોગયુકત ચિત્તે બધાં ફળોની ઈચ્છાને બ્રહ્મને ભેટ ધરી દેવાનું શીખવ્યું છે, ગૃહસ્થને તેં પડોશીઓ, સગાંઓ, મિત્રો, અતિથિઓ અને અનાથોમાં ઘરનો વિસ્તાર કરવાનું શીખવ્યું છે.

તેં ભોગને સંયમની સાથે બાંધ્યો છે. નિર્મળ વૈરાગ્યથી તેં દૈન્યને ઉજ્જવલ બનાવ્યું છે, સંપત્તિને તેં પુણ્યકર્મ દ્વારા મંગલ બનાવી છે અને સ્વાર્થનો ત્યાગ કરીને સઘળાં સુખોમાં અને દુઃખોમાં સંસારને સદા બ્રહ્મની સંમુખ રાખવાનું શીખવ્યું છે.

રવીન્દ્રનાથ ટાગોર

સુગમ સંગીત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘનાં કાર્યાલયમાં સુરતના રેડિયો કલાકાર શ્રી મહેન્દ્રકુમાર ચાવડા, શુક્રવાર તા. ૨૫-૮-૭૨ સાંજના ૬-૦૦ વાગે સુગમ સંગીતનો કાર્યક્રમ રજૂ કરશે. સંઘના સભ્યોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત થવા હાર્દિક નિમંત્રણ છે.

ટોપીવાલા મેન્શન, મંત્રીઓ,
૩૮૫, સરદાર વી પી રોડ, **શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.**
મુંબઈ ૪ ફોન: ૩૫૦૨૯૬

વર્ષા વ્યાખ્યાનમાળા

ઘાટકોપર વ્યાખ્યાનમાળા સમિતિનાં ઉપક્રમે, ઘાટકોપર હિંદુ-સભાનાં હોલમાં રવિવાર તા. ૨૭-૮-૭૨ થી રવિવાર તા. ૩-૯-૭૨ સુધી દરરોજ રાતનાં ૯-૦ કલાકે વર્ષા વ્યાખ્યાનમાળામાં નીચે મુજબ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે.

તા. ૨૭	શ્રી પ્રવીણભાઈ વાઘાણી..	વિદ્યાર્થી અને કેળવણી
તા. ૨૮	" રામકૃપા સત્સંગ મંડળ..	સ્વ. મેઘાણીનાં લોકગીતો
તા. ૨૯	" પુંજાભાઈ કવિ...	આખ્યાન
તા. ૩૦	પ્રા. વિષ્ણુકુમાર વ્યાસ..	જીવનનાટક
તા. ૩૧	ડૉ. એસ. એમ. મર્ચન્ટ...	નાનાં બાળકો
તા. ૧	શ્રી વી. ડી. ઠક્કર...	બેંક અને સામાન્ય માનવી
તા. ૨	'પૂનમ' શાયરી મહેફીલ...	મુશાયરો
તા. ૩	ડૉ. ઉષાબેન મહેતા...	મહાયોગી શ્રી અરવિંદ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ૧૯૭૨ના સપ્ટેમ્બરની ૫ મી તારીખ, મંગળવારથી સપ્ટેમ્બરની ૧૨ તારીખ મંગળવાર સુધી–એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન **પ્રો. રમણલાલ ચી. શાહ** શોભાવશે. આ વ્યાખ્યાનસભાઓ 'ભારતીય વિદ્યાભવન'માં ભરવામાં આવશે અને દરેક સભા સવારના ૮–૩૦ વાગ્યે શરૂ થશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:—

તારીખ		વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
મંગળવાર	૫–૯–૭૨	પ્રો. તારાબહેન શાહ	હરિભદ્રસૂરિકૃત "સમરાઈચ્ચકહા"
,,	,,	શ્રી શ્રીમન્નારાયણજી	યુવાનોનો અજંપો અને તેનાં કારણો
બુધવાર	૬–૯–૭૨	પં. દલસુખભાઈ માલવણિયા	ભગવાન મહાવીરનો જીવનસંદેશ
,,	,,	શ્રી ચંદ્રવદન ચી. મહેતા	"હરે રામ! હરે કૃષ્ણ!"
ગુરુવાર	૭–૯–૭૨	શ્રી ઈશ્વર પેટલીકર	મહાભારતનું અર્થદર્શન
,,	,,	સાધ્વી શ્રી પ્રિયદર્શનાશ્રીજી	અહિંસા, સંયમ અને તપ
શુક્રવાર	૮–૯–૭૨	આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિક	વિવેકાનંદની ધર્મદૃષ્ટિ
,,	,,	શ્રી યશોધર મહેતા	ઉપનિષદ્નો મહામાનવ
શનિવાર	૯–૯–૭૨	પં. ઇન્દ્રચન્દ્ર શાસ્ત્રી	અનેકાંતવાદ
,,	,,	શ્રી જી. રામચંદ્રન્	ગાંધીજીની ઈશ્વર વિષે માન્યતા
રવિવાર	૧૦–૯–૭૨	પ્રો. ઉષાબહેન મહેતા	શ્રી અરવિંદની જીવનસાધના
,,	,,	શ્રી પુરુષોત્તમદાસ જલોટાજી	ભક્તિસંગીતનો કાર્યક્રમ
સોમવાર	૧૧–૯–૭૨	આચાર્યશ્રી યશવંત શુક્લ	યુવક માનસ
,,	,,	ડૉ. ભોગીલાલ સાંડેસરા	આગમવાચના
મંગળવાર	૧૨–૯–૭૨	પ્રો. કલ્યાણમલજી લોઢા	જૈનદર્શન,–તેની મહત્તા અને ઉપયોગીતા
,,	,,	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી

સમય : દરરોજ સવારના ૮–૩૦ **સ્થળ :** ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ–૭.

ઉપરના દરેક વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને અમારું પ્રેમભર્યું આમંત્રણ છે.

આપણી વાત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા છેલ્લા ૪૩ વર્ષથી એકધારી ચાલી રહી છે. આ વ્યાખ્યાનમાળા એકધારી અને અખંડિત ચાલે છે કારણ કે એની પાછળ સૌનો હાર્દિક સહકાર છે–સૌની શુભેચ્છા છે–સૌના આશીર્વાદ છે.

સમયની રફતાર ઝડપથી ચાલે છે. સ્વપ્ને પણ કલ્પી ન શકીએ એવા આપણાં બે પથદર્શકો – બે પ્રેરણામૂર્તિઓ શ્રી પરમાનંદભાઈ અને પ્રા. શ્રી ગૌરીપ્રસાદ ઝાલા–આજે આપણી વચ્ચે નથી. એટલે, પર્યુષણ વ્યાખ્યાનમાળામાં થોડા અંધકારની અનુભૂતિ આપણને થાય એ સ્વાભાવિક છે–પણ એ અંધકાર વચ્ચે ય આશાનું એક ટમટમીયું કહે છે "નિરાશ થયા વિના કર્તવ્ય કરો."

તો, આપણે કર્તવ્યશીલ રહીએ, અને કર્તવ્ય કરતાં કરતાં આપણે અનુભવો મેળવીએ અને આ અનુભવોમાંથી આપણને અનંત શક્તિ અને ચેતના મળશે એવી આપણે શ્રદ્ધા રાખીએ.

સંઘ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ (૧) પર્યુષણ વ્યાખ્યાનમાળા, (૨) વસંત વ્યાખ્યાનમાળા (૩) શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, (૪) વૈદ્યકિય સહાય કેન્દ્ર, (૫) પાક્ષિકસામયિક 'પ્રબુદ્ધ જીવન', (૬) વિશિષ્ટ વ્યકિતઓનાં વાર્તાલાપો – સ્નેહમિલનો – અને સેમીનારો– યથાવત ચાલે છે. સંઘનું સ્વતંત્ર વિશાળ કાર્યાલય સ્વ. પરમાનંદભાઈની જીવંત સ્મૃતિ જેવું છે. પરમાનંદભાઈ સંસ્થાના આત્મા હતા. આજે હવે આપણે સૌએ સાથે મળીને સંસ્થાના આત્મા બનવાનું છે. આપણે સંસ્થા પ્રત્યેની ફરજો પૂરેપૂરી અદા કરીએ અને આ માટે આ વર્ષે આપણે સંઘ માટે ઓછામાં ઓછા રૂપિયા વીસ હજાર ભેગા કરવાના છે. તો, આપણે સૌ, આપ અને અમે, ઉદાર રકમ સંઘને આપી સંઘને પ્રાણવાન બનાવીએ.

આને લગતી શરૂઆત સંઘની કારોબારીએ એમનાથી શરૂ કરી દીધી છે આ ફંડની હવે, આપ સૌ સુજ્ઞ શ્રોતાઓ સમક્ષ અમે નતમસ્તકે ઝોળી લઈને ઊભા છીએ. અમારી વાત આપના દિલ સુધી પહોંચે અને અમારી ઝોળી ભરાઈ જાય એવી પ્રભુપ્રાર્થના. હવે રૂપિયા ૨૫૧ આપીને સંઘના લાઈફ મેમ્બર પણ થઈ શકાય છે. તો આપ લાઈફ મેમ્બર બનીને પણ સહકાર આપી શકો છો.

ફંડને લગતો ચેક મોકલો તો Bombay Jain yuvak sangh એ નામનો મોકલશો.

ટોપીવાલા મેનશન,
કાર્યાલય : ૩૮૫, સરદાર વી. પી. રોડ,
મુંબઈ-૪. ફોન, ૩૫૦૨૯૬.

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ સપ્ટેમ્બર ૧, ૧૯૭૨ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ ચિંતાજનક પ્રવાહો ☆

૧૯૬૨માં ચીની આક્રમણ થયું તેનો પ્રજાને અને નહેરુને મોટો આઘાત લાગ્યો એ તે જીરવ્યો. ત્યારબાદ નહેરુની તબિયત લથડી અને ૨૭ મે, ૧૯૬૪ના દિને તેમનું અવસાન થયું ત્યારે ચિન્તા થઈ. લાલબહાદુર શાસ્ત્રીના ૧૮ માસના શાસન દરમ્યાન પાકિસ્તાની આક્રમણ થયું અને શાસ્ત્રીજી સુવાસ મૂકી ગયા પણ કોઈ નક્કર કાર્ય કરી શકે તે પહેલાં તેમનું અચાનક અવસાન થયું. ઈન્દિરા ગાંધીની વડા પ્રધાન તરીકે નિયુક્તિ કરવામાં શ્રી મોરારજી દેસાઈને તે સ્થાને આવતા અટકાવવા અને ઈન્દિરા ગાંધી મારફત પોતાની સત્તા કાયમ રહે એવી ગણતરી આગેવાનોની હશે એમ લાગે છે. ઈન્દિરા તે સમયે નહેરુની પુત્રી તરીકે પ્રજાને સ્વીકાર્ય હોય એ રીતે આગળ કર્યાં. તેમની શક્તિનો પરિચય ન હતો, કલ્પના પણ ન હતી. ત્રણ વર્ષ સુધી, તીવ્ર આંતરિક મતભેદો છતાં, ઈન્દિરા ગાંધીએ રાહ જોઈ, છેવટ ખુલ્લો બળવો કર્યો. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જૂના આગેવાનોને સખત હાર મળી અને ઈન્દિરા ગાંધીનું વર્ચસ દેખાયું. ત્યાર પછી પોતાની સત્તા સ્થાપવા તેમણે ઝડપભેર પગલાં લીધાં અને છેવટે હિમત કરી, લોકસભાની મધ્યસત્ર ચૂંટણી ૧૯૭૧માં કરી, જેમાં જંગી બહુમતી મેળવી; પાકિસ્તાની આક્રમણ, ૧૪ દિવસનું યુદ્ધ, બંગલા દેશની મુકિત, આ બધા બનાવોએ ઈન્દિરા ગાંધીને અપ્રતિમ પ્રતિભા આપી. રાજ્યોની ધારાસભાઓની ચૂંટણીમાં બધે અણધારી મોટી બહુમતીઓ પ્રાપ્ત કરી.

આનું એક શુભ પરિણામ એ આવ્યું કે કેન્દ્રમાં અને રાજ્યોમાં સ્થિર રાજતંત્ર સ્થપાયું. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણી સમયે, કૉંગ્રેસની મોહિની પ્રજાને ઊતરી ગઈ હતી અને ઘણાં રાજ્યોમાં કૉંગ્રેસ હારી અને કેન્દ્રમાં પાતળી બહુમતી મળી. ૧૯૬૨ થી ૧૯૭૧ સુધીનાં નવ વર્ષ રાજકીય અસ્થિરતાનાં ગયાં, જેમાં પ્રજાને ઘણું સહન કરવું પડ્યું અને દેશની એકતા ટકશે કે નહિ તેની ચિન્તા રહી. ૧૯૭૧માં કેન્દ્ર મજબૂત હતું તે કારણે પાકિસ્તાની આક્રમણનો સફળતાપૂર્વક સામનો કરી શક્યા.

અત્યારે ઈન્દિરા ગાંધી જે વિશાળ અને વ્યાપક સત્તા ભોગવે છે તેવી આપણા દેશમાં કોઈ એક વ્યકિતએ ભોગવી નથી. તેમાં લાભ કરતાં હાનિ બન્ને છે. આ પરિસ્થિતિમાં રહેલ ભયસ્થાનો પ્રત્યે દુર્લક્ષ થવું ન જોઈએ. શ્રી જયપ્રકાશ નારાયણે આ ભયસ્થાનો પ્રત્યે પ્રજાનું ધ્યાન ખેંચ્યું ત્યારે મધ્ય પ્રદેશના મુખ્ય મંત્રી શ્રી પી. સી. શેઠીએ કહ્યું કે ઈન્દિરા ગાંધીની કોઈ ટીકા કરશે તે તેઓ સાંખી લેશે નહિ. તેમની વફાદારી માટે કદાચ તેમને ધન્યવાદ આપીએ, પણ બુદ્ધિમત્તા માટે તો નહિ. વર્તમાનમાં એ સ્થિતિ છે અને તે વધતી જાય છે કે ઈન્દિરા ગાંધીની આજ્ઞા વિના અગત્યનો કોઈ નિર્ણય ન લઈ શકાય. કોઈ વ્યકિત ગમે તેટલી શકિતશાળી હોય તો પણ આવડા મોટા દેશનું રાજતંત્ર ચલાવવું એક વ્યકિત ઉપર નિર્ભર ન જ રહી શકે. તેથી જ આપણે સમવાયતંત્ર સ્વીકાર્યું છે. અત્યારે રાજ્યોના મુખ્ય પ્રધાનોની નિયુકતિ પણ ઈન્દિરા ગાંધી જ કરે છે. આવી ઉપરથી નિમાયેલ વ્યકિતઓ, અપવાદ બાદ કરતાં, સૂબા તરીકે કામ કરી શકે, રાજ્યના મુખ્ય મંત્રી તરીકે નહિ. પરિણામ હવે દેખાવું શરૂ થયું છે. મહિસુર, ઉત્તર પ્રદેશ, બિહાર, હરિયાણા, બંગાળ, મધ્યપ્રદેશ, વગેરે રાજ્યોમાં નિમાયેલ મુખ્ય મંત્રીઓ સામે વિરોધ જાગ્યો છે. કારણ કે આ મુખ્ય મંત્રીઓ ત્યાંની ધારાસભાના સભ્યોની બહુમતીથી પસંદ કરાયેલ નથી, અને એવા સભ્યોનાં તેમની પ્રત્યે આદર કે વફાદારી નથી. અલબત્ત, આ રાજ્યોમાં તે સમયે જે પરિસ્થિતિ હતી તે જોતાં કદાચ આવું કરવું અનિવાર્ય હશે. પણ આવી પરિસ્થિતિ બને તેટલી જલદી સુધારી લેવાની જરૂર હતી. તેને બદલે પરિસ્થિતિ વણસતી રહી છે. હકીકતમાં સંસ્થા કૉંગ્રેસ તૂટી ગઈ પણ શાસક કૉંગ્રેસનું તંત્ર કયાંય જામ્યું નથી. એ જ વિખવાદ, ઈર્ષા, સત્તાલાલસા બધે ચાલુ છે. ઈન્દિરા ગાંધીના નામનો જાદુ ઉપરની સ્થિરતા બતાવે બતાવે છે. આવું કયાં સુધી નભે? સંસ્થા કૉંગ્રેસ તૂટી, કારણ કે તેના વૃદ્ધ આગેવાનોનો પ્રજાસંપર્ક રહ્યો ન હતો. ઈન્દિરા ગાંધી સીધાં પ્રજા પાસે પહોંચ્યાં. પણ બીજાઓનું શું? હવે એ સ્થિતિ ઉત્પન્ન થઈ છે કે ઈન્દિરા ગાંધીને પૂછ્યા વિના રાજ્યોમાં પણ કોઈ નિર્ણય લઈ ન શકાય. થોડા દિવસ પહેલાં 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં લક્ષ્મણે સરસ કટાક્ષચિત્ર આપ્યું હતું. એક રાજ્યના મુખ્ય મંત્રીએ પોતાની ઑફિસ દિલ્હીમાં જ કરી. બધું ઈન્દિરા ગાંધીને પૂછીને જ કરવું હોય તો ઑફિસ ત્યાં જ રાખવામાં શું ખોટું છે? આમાં ઈન્દિરા ગાંધીનો દોષ છે તેમ પણ કહેવું ન જોઈએ. દોષ આપણો છે. બધા સત્તાલોલુપ થઈ પોતાનું સ્થાન નક્કી કરવામાં જ પડી જાય તો આ જ પરિણામ આવે. શાસક કૉંગ્રેસમાં ઘણા જૂના કૉંગ્રેસી આગેવાનો અને કાર્યકર્તાઓ છે. બધા મૂંગા કેમ થઈ ગયા છે? સૌ ઈન્દિરા ગાંધી પાસે જ દોડે તો તેમનો શો દોષ? કેટલાય જૂના કૉંગ્રેસી કાર્યકર્તાઓને આ પરિસ્થિતિથી ભારે અસંતોષ છે, પણ સૌ મૌન છે. ગાંધીજી સાથે તેમના આગેવાન સાથીઓ—નહેરુ સરદાર, રાજાજી વગેરે—ને તીવ્ર મતભેદો હતા. ગાંધીજી મુકત વિચારણા થવા દેતા. નહેરુ પણ લોકશાહી નિર્બળ ન થાય તેની કાળજી રાખતા. સબળ અને સ્થિર રાજતંત્ર મેળવતાં લોકશાહી ન જોખમાય તેની સતત સાવચેતી રાખવી પડે. સમતુલા જાળવવાની રહે છે. બન્ને પક્ષે, આગેવાન અને તેના સાથીઓ, સ્વતંત્રપણે અને જવાબદારીપૂર્વક, સાથે પરસ્પર મુકત વિચારણાથી નિર્ણય કરે અને પ્રજા સાથેનો સંપર્ક ગાઢ બની રહે તો લોશાહીનું જતન કરી શકીએ. વર્તમાન પ્રવાહ ચિન્તાજનક છે. તે ભયજનક

સપાટીએ પહોંચે તે પહેલાં ચેતવું જોઈએ.

આર્થિક ક્ષેત્રે આથી પણ વિષમ પરિસ્થિતિ છે. 'ગરીબી હટાવો' સૂત્રનો નાદ શરૂ થયો ત્યારથી પ્રજાની આકાંક્ષાઓ ખૂબ વધી ગઈ છે. થોડા સમય પહેલાં, 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ના તંત્રી શ્રી ખુશવંતસિંગે ઈન્દિરા ગાંધીની મુલાકાત લીધી. તેમાં ગરીબી હટાવવા જે પગલાં લેવાયાં છે તે સંબંધે થયેલ પ્રશ્નોત્તરનો સાર જાણવા જેવો છે. ખુશવંતસિંગે શંકા બતાવી કે બૅંકોનું રાષ્ટ્રીયકરણ, રાજાઓનાં સાલિયાણાં અને વિશિષ્ટ અધિકારોની નાબૂદી, ખેત-જમીન અને શહેરી મિલકતની ટોચમર્યાદા, આ બધાં પગલાંઓથી ખરેખર ગરીબોને લાભ થયો છે અથવા થશે ? શ્રીમતી ગાંધીએ કહ્યું કે સામાન્ય જનને એમ લાગવું જોઈએ કે સરકાર ગરીબ અને તવંગર વચ્ચેનું અંતર ઓછું કરી રહી છે. If we do not go ahead with them, the poor will rise in revolt. We have no option. Either we do these things peacefully ourselves or we will be overtaken by violent revolution.

આર્થિક અસમાનતા ઓછી કરવી અને ગરીબી હટાવવી કેટલેક દરજ્જે બે ભિન્ન વસ્તુ છે. બન્ને જરૂરનાં છે. પણ પહેલું થવાથી બીજું થશે જ એમ નથી. મોંઘવારી, ફુગાવો, કે બેકારી લેશ પણ ઓછાં થયાં નથી. અત્યારે જે સરકારી પગલાં લેવાય છે તે બધામાં એક જ મુખ્ય નીતિ જણાય છે. બધું સરકાર હસ્તક કરવું, અથવા સરકારી નિયંત્રણો અને કાબૂ વધારવાં. કોનો વેપાર, અનાજનો વેપાર, નિકાસ, બધું સરકાર હસ્તક થશે. રાષ્ટ્રીયકરણ કરવું અથવા કંપનીઓનો બીજી રીતે વહીવટ કબજે લેવો. સરકાર પાસે પ્રામાણિક, કાર્યક્ષમ તંત્ર હોત તો કદાચ આથી નુકસાન ન થાય. વર્તમાન સંજોગોમાં આવા પ્રકારનું આર્થિક કેન્દ્રીકરણ લાભદાયક થાય તેમ લાગતું નથી. કંપની ધારામાં મોટા ફેરફારો થઈ રહ્યા છે. તે મુજબ કોઈ પણ કંપનીનો વહીવટ સરકાર પોતાના હસ્તક કરી શકશે. નવા ફેરફાર મુજબ કોઈપણ કંપનીમાં સરકાર ઈચ્છે તેટલા ડાયરેકટરો નીમી શકશે. અત્યારના કાયદા મુજબ બેથી વધારે નીમી ન શકે. હવે જવાબદારી વિના સત્તા હસ્તક કરવા જેવું છે. કેટલીક કંપનીઓમાં સરકાર તરફથી ડાયરેકટરો નિમાયા છે. તેમની લાયકાત કરતાં કેટલીક વ્યક્તિઓને ઊંચું સ્થાન આપવું અને વફાદારોની સંખ્યા વધારવી એ જ ધોરણ દેખાય છે. આને પરિણામે વ્યાપારઉદ્યોગમાં અસ્થિરતા જ વધશે. ખાનગી વ્યાપારઉદ્યોગના ક્ષેત્રે અપ્રામાણિકતા અને ભ્રષ્ટાચાર વ્યાપક છે તે હકીકતનો અસ્વીકાર નહિ થાય. પણ તેનો સાચો ઉપાય બધું સરકાર હસ્તક કરવાથી થશે ? Ultra-radicalism સામે ઈન્દિરા ગાંધીએ ચેતવણી ઉચ્ચારી હતી. પણ જે વ્યક્તિઓના હાથમાં કેન્દ્ર સરકારની આર્થિક નીતિનો અત્યારે દોર છે તે વ્યક્તિઓ લોકશાહીમાં અથવા સાચા સમાજવાદમાં માનતી હોય તેમ જણાતું નથી. રાજકીય પકડ ઈન્દિરા ગાંધીની મજબૂત છે પણ આર્થિક ક્ષેત્રે સ્પષ્ટ નીતિ નથી અને કાંઈક કરવું જોઈએ, નહિ તો પ્રજામાં ઈમેજ ટકશે નહિ એવા ભયે તેઓ ધસડાતાં હોય તેમ દેખાય છે.

રાજકીય અને આર્થિક ક્ષેત્રે વિશાળ પાયા ઉપર સત્તાનું કેન્દ્રીકરણ થઈ રહ્યું છે તે ચિન્તાજનક છે. ઈજારાશાહી અથવા આર્થિક સાધનોનું કેન્દ્રીકરણ–Concentration of economic power & material resources of the nation–અટકાવવું એવું બંધારણનું ધ્યેય છે. સરકાર હસ્તક બધી સત્તા આવે તો કદાચ આ ધ્યેય સિદ્ધ થાય એવી માન્યતા જણાય છે!

૨૪-૮-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

મેકગવર્ન પ્રમુખ થાય તો–

રિપબ્લિકન પક્ષે ફરીથી નિક્સનની પ્રમુખપદના ઉમેદવાર તરીકે નિયુક્તિ કરી છે. અત્યારના સંજોગો જોતાં નિક્સન ચૂંટાઈ આવશે એમ જણાય છે. મેકગવર્ન પ્રમુખ થાય તો તેની નીતિ શું છે ? મેકગવર્ન Redical ગણાય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બન્ને ક્ષેત્રે મેકગવર્ન મોટા ફેરફારો કરે એમ તેણે જાહેર કર્યું છે. 'ટાઈમ' મેગેઝીન જણાવે છે:

"Each American should pay his fair share and each American should receive his fair share", says Mac Govern. To him that means great family fortunes would be broken up; the wealthy and many middle-income earners would pay higher taxes; incomes would be leveled. Corporate taxes would rise sharply. The Government would take over more of the planning of investment. The American economy would come to resemble western Europe's with high social spending, low defence spending and more central direction.

મિલકત અને આવકની અસમાનતા ઓછી કરવી, મોટી આવક અને કંપનીઓ ઉપરના કરવેરા વધારવા, ઉદ્યોગો ઉપર યોજનાઓથી સરકારી નિયંત્રણ કરવું, લશ્કરી ખર્ચ ઘટાડવો, સામાજિક સહાય ને સેવાનું ક્ષેત્ર વિસ્તારવું.

મેકગવર્ન એક સૂત્ર આપ્યું છે: America, come home. આ સૂત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બન્ને નીતિનો સમાવેશ થાય છે.

બીજા વિશ્વયુદ્ધ પછી, અમેરિકા એક જ સમૃદ્ધ અને શક્તિશાળી દેશ રહ્યો. પશ્ચિમ યુરોપના દેશો, રશિયા, ચીન, જાપાન ભાંગીને ભૂકો થઈ ગયા હતા. વિશ્વની આગેવાની અમેરિકાને શિરે આવી પડી. અદ્‌ભુત વૈજ્ઞાનિક પ્રગતિથી અઢળક ઉત્પાદન અને સમૃદ્ધિ મેળવી. દુનિયાના ઘણા દેશોને વિશાળ આર્થિક અને લશ્કરી સહાય કરી. સાથે પોતાની રાજકીય સત્તા અને લાગવગ વધાર્યાં. બીજા વિશ્વયુદ્ધ પછી તુરત જ પશ્ચિમના દેશો અને રશિયા વચ્ચે ઠંડું યુદ્ધ શરૂ થયું. અમેરિકન લશ્કર મોટા પ્રમાણમાં પશ્ચિમ યુરોપમાં આવ્યું. જાપાનનો પૂરો કબજો કર્યો. ૧૯૪૯માં ચીન સામ્યવાદી થયું. દુનિયામાંથી સામ્યવાદને હટાવવો અથવા વિસ્તરતો અટકાવવો એ અમેરિકાનું મિશન થઈ પડ્યું. મોટા નક્ષા કરવા, ધન અને સંપત્તિ વધારવી, લશ્કરી સામર્થ્ય વધારવું, દુનિયાની ચોકી કરવાની જવાબદારી ઉપાડવી, સામ્યવાદથી બધા દેશોનું રક્ષણ કરવું, લશ્કરી બળથી પોતાની વિદેશનીતિનું સમર્થન કરે એવી રાજસત્તાઓને કોઈ પણ ભોગે ટકાવવી–આ બધાં તત્ત્વો અમેરિકન જીવનમાં વણાઈ ગયાં.

અમેરિકાની સ્થાપના અને બે સદીનો તેનો ઈતિહાસ કેટલાંક પાયાનાં મૂલ્યો ઉપર આધારિત હતાં.

જ્યૉર્જ વૉશિંગ્ટન, જેફરસન, લિન્કન અને બીજા ઘણા આદર્શવાદી હતા, ચોક્કસ ભાવનાઓને વરેલા હતા. છેલ્લાં પચીસ વર્ષનો અમેરિકાનો ઈતિહાસ ભૌતિકવાદનો છે. Ugly American દુનિયામાં ઠેરઠેર દેખાય છે, તેની અસર જણાય છે.

મેકગવર્ન, America, come home કહે છે ત્યારે અમેરિકન પ્રજાને તેના મૂળ આદર્શ અને ભાવના તરફ લઈ જવા ઈચ્છે છે. જીવનનાં નૈતિક મૂલ્યોની અવગણનાના વિપરીત પરિણામોથી બચાવવા ઈચ્છે છે. Come home એટલે Be thyself, know thyself. જાતને વીસરી ગયો છે, ફરી હતો તે થા. America, come homeનો બીજો મુદ્દો એ છે કે અમેરિકન લશ્કર દુનિયાના જુદા જુદા ભાગોમાં પથરાયું છે તે પણ પાછું આવે. દુનિયાની આગેવાની અને ચોકી કરવાની જવાબદારી પોતાના શિરે ન ઓઢે. સત્તાના મદમાં અને લશ્કરી જોરથી અમેરિકાએ ઘણા દેશોને અનહદ નુકસાન કર્યું છે. વિયેટનામનું જ સત્યાનાશ વાળ્યું છે તેમ નથી, કેટલાય લશ્કરી સરમુખત્યારોને ટકાવ્યા છે. ગ્રીસમાં, પાકિસ્તાનમાં, લેટિન અમેરિકામાં, આફ્રિકામાં પ્રત્યાઘાતી અને સરમુખત્યારી બળોને પોષ્યાં છે.

આ બધાં કારણે, ભૌતિક સમૃદ્ધિ છતાં, અથવા તેને લીધે જ અમેરિકન પ્રજાનું જીવન છિન્નભિન્ન થયું છે. મેકગવર્ને જાહેર

કર્યું છે કે તે પ્રમુખ થાય તો ૯૦ દિવસમાં વિયેટનામમાંથી બિનશરતે બધું લશ્કર પાછું ખેંચી લેશે. તે જ રીતે પશ્ચિમ યુરોપમાં પણ લશ્કર ઓછું કરશે. કેટલાકે આ નીતિની Isolationism– અલગતાવાદ કહી ટીકા કરી છે.

મેકગવર્ન અમેરિકન પ્રજાની આવી ઉદારમતવાદી ભાવનાશીલ બાજુ રજૂ કરે છે તો નિક્સન બીજી બાજુ રજૂ કરે છે. સમૃદ્ધિ અને સત્તાને કારણે ગર્વ આવે તે સ્વાભાવિક છે. ઈતિહાસની દૃષ્ટિએ અમેરિકન પ્રજા નવી છે. કાંઈક બાલિશતા છે. પોતાની ભૂલ થઈ છે એમ માની હાર સ્વીકારવા તૈયાર ન થાય. વિયેટનામમાં ભયંકર, અમાનુષી અત્યાચારો અને બૉમ્બવર્ષા કરી રહેલ છે.

નિક્સન છેલ્લા એક વર્ષમાં તેની મુત્સુદ્દીગીરીમાં સફળ થયેલ છે. ભૂતકાળ ભૂલી જઈ ચીન સાથે સંબંધ સુધારવાના તેના પ્રયત્નને અમેરિકન પ્રજાએ આવકાર્યો છે. તેમ કરતાં, જાપાન અને ભારત સાથે સંબંધો બગાડ્યા, તાઈવાનને છેહ દીધો. જાપાનને હવે ચીન સાથે મૈત્રી કરવાના પ્રયત્ન કરવા પડે છે. કદાચ અમેરિકાને કારણે અથવા રશિયાને કારણે, ચીન હજુ આપણી નજીક આવવા તૈયાર નથી. ચીન અને રશિયા વચ્ચેના સંઘર્ષનો લાભ લઈ, રશિયાને નમતું મૂકવાની નિક્સને ફરજ પાડી છે. વિયેટનામમાં વિનાશ કરી રહેલ છે છતાં ચીન અને રશિયાને મૌન બનાવ્યાં છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ મોટો પલટો લઈ રહી છે. બ્રિટન યુરોપિયન કોમન માર્કેટમાં દાખલ થતાં, અમેરિકા સાથેના તેના વિશિષ્ટ સંબંધો રહેશે નહિ. પશ્ચિમ યુરોપ માત્ર આર્થિક રીતે એક થાય છે એટલું જ નથી, તેના રાજકીય પરિણામો પણ દૂરગામી છે. પશ્ચિમ યુરોપને હજી રશિયાનો ભય છે અને અમેરિકન લશ્કર પશ્ચિમ યુરોપમાં રહે તેવી ઈચ્છા હોવા છતાં, અમેરિકાનું વર્ચસ પશ્ચિમ યુરોપમાં ઘણું ઘટી જશે. પશ્ચિમ જર્મનીમાં, વિલ્લી બ્રાન્ટે નવી નીતિ Ostopolitic સ્વીકારી, પૂર્વ યુરોપના દેશો અને રશિયા સાથેનો સંઘર્ષ ઓછો કર્યો છે. રશિયાની આંતરિક સ્થિતિ આપણને દેખાય છે તેટલી મજબૂત નથી. તેથી જ ઈજિપ્તમાંથી હઠવું પડ્યું તો પણ મૂંગે મોઢે સ્વીકારી લીધું.

મેકગવર્નને યુવાન પેઢી અને દબાયેલ વર્ગોનો સાથ છે, પણ ડેમોક્રેટિક પક્ષમાં એકતા નથી. પ્રમુખપદની ચૂંટણી અનહદ ખરચાળ છે. કરોડો ડૉલરનો ખર્ચ છે. નિક્સનને ઉદ્યોગપતિ અને મૂડીવાદીઓનો સાથ છે. અમેરિકાનું સદ્‌ભાગ્ય હોય તો મેકગવર્ન પ્રમુખ થાય. અસંભવિત નથી.

૨૪-૮-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

પ્રકીર્ણ નોંધ

ગોલકનાથ કેસ

આ બહુ ગવાયેલ કેસમાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે મૂળભૂત અધિકારો ઓછા કરવાની કે લઈ લેવાની પાર્લમેન્ટને સત્તા નથી. પાર્લમેન્ટે બંધારણમાં ૨૪મો સુધારો કરી પોતાની આ સત્તા કાયમ કરી છે. ત્યાર બાદ ૨૫મો સુધારો કર્યો, જે ઘણો વ્યાપક છે, ખાસ કરી મિલ્કતના હકો ઉપર મોટો કાપ મૂકે છે અને પાર્લમેન્ટને વિશાળ સત્તાઓ આપે છે. પછી ૨૯મો સુધારો કર્યો, જેમાં રાજાઓના સાલિયાણાં કોઈ પણ વળતર વિના રદ કર્યાં. આ બધા સુધારાને પડકારવામાં આવશે એમ જાણમાં હતું. હવે તે પડકાર થયો છે. કેરળના એક જમીન સુધારણાના ધારાને ગેરબંધારણીય ઠરાવવા અરજી થઈ છે. તેમાં ૨૪ અને ૨૫મા સુધારાને પડકારવામાં આવ્યા છે. હવે બે રાજ્યોએ સુપ્રીમ કોર્ટમાં કેસ કરી ૨૪, ૨૫ અને ૨૯ ત્રણે સુધારાને પડકાર્યા છે. ગોલકનાથનો કેસ ૧૧ જજોની બેન્ચે સાંભળ્યો હતો. તેની પુનર્વિચારણા કરવી હોય તો ૧૧ અને તેથી વધારે જજોની બેન્ચ કરી શકે. સુપ્રીમ કોર્ટે એવી મોટી બેન્ચ રચવાનો અને ગોલકનાથના કેસની પુનર્વિચારણા કરવાનો નિર્ણય કર્યો છે. ઑકટોબર માસમાં આ કેસોની સુનાવણી થશે. ગોલકનાથના કેસમાં જે છ જજોએ બહુમતી ચુકાદો આપ્યો તેમાંના ચાર નિવૃત્ત થયા છે. બે હજી જજ છે તેમાં વર્તમાન ચીફ જસ્ટિસ સિકરી અને જસ્ટિસ શેલત. જે પાંચ જજોએ લઘુમતી ચુકાદો આપ્યો હતો તે બધા નિવૃત્ત થયા છે. હવે બાકીના બધા નવા નિયુક્ત થયેલ છે. આ કેસ દેશના બંધારણના ઈતિહાસમાં અતિ મહત્ત્વનો હશે. બધાં રાજ્યોના એડવોકેટ જનરલ પણ હાજર રહેશે કારણ કે બંધારણીય સુધારામાં બધાં રાજ્યોનું હિત છે. અત્યારના રાજકારણમાં બધા રાજ્યો આ સુધારાઓને ટેકો આપશે એમ જણાય છે. સુપ્રીમ કોર્ટ શું કરે છે તે જોવાનું રહેશે. જો ગોલકનાથના બહુમતી ચુકાદાનું ફરી સમર્થન કરે અને ૨૪મો સુધારો રદ કરે, જેને કારણે ૨૫ અને ૨૯મા સુધારા આપોઆપ રદ થાય, તો પાર્લમેંટ અને સુપ્રીમ કોર્ટ વચ્ચે મોટી કટોકટી સર્જાય. સુપ્રીમ કોર્ટે પોતાના પૂર્વના ચુકાદાઓ બદલ્યા હોય અથવા તેનું અર્થઘટન બીજું કર્યું હોય તેવા ઘણા દાખલા છે.

ભૂતોની કાંઈ રમત છે?

સિમલા કરારથી આશા જન્મી હતી કે બે દેશ વચ્ચે કાયમી શાન્તિ થશે. આ ધ્યેયથી ઈન્દિરા ગાંધીએ કાંઈક ઉદારતાથી કામ લીધું હતું, જેથી ભૂતોનો માર્ગ સરળ થાય. લગભગ ૫૦૦૦ માઈલનો વિસ્તાર પાકિસ્તાનને પાછો સોંપવાનું સ્વીકાર્યું, એમ માનીને કે તેથી ભૂતો બાકી રહેલાં આધૂરાં કામો પતાવી શકે. તેમાં તાત્કાલિક બંગલા દેશની સ્વીકૃતિનો પ્રશ્ન હતો. ભૂતોનાં ઉચ્ચારણો ઉપરથી એમ લાગતું હતું કે આ વાસ્તવિકતા તેણે સ્વીકારી છે અને થોડા સમયમાં જ બંગલા દેશને સ્વીકૃતિ આપશે. પણ આ પરિસ્થિતિમાં પલટો આવ્યો દેખાય છે. બંગલા દેશને સ્વીકૃતિ તો નથી આપી પણ રાષ્ટ્રસંઘના સભ્ય થવા બંગલા દેશે માગણી કરી છે તેનો પણ પાકિસ્તાન વિરોધ કરે છે અને તેમાં ચીનનો ટેકો મળેલ છે. બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને બીજા સંખ્યાબંધ દેશો બંગલા દેશની આ માગણીને ટેકો આપે છે. સિકયુરિટી કાઉન્સિલમાં મોટી બહુમતીથી આ માગણી મંજૂર થઈ તે ઉપર ચીને, રાષ્ટ્રસંઘના સભ્ય થયા પછી પહેલી વખત વિટોનો ઉપયોગ કર્યો. વિચિત્રતા છે કે ૨૦ વર્ષ ચીન સભ્ય ન થઈ શકયું ત્યારે અમેરિકાના વિરોધ છતાં, બીજા દેશોએ ચીનની માગણીને ટેકો આપ્યો અને હવે એ જ ચીન, એક સ્વતંત્ર દેશને રાષ્ટ્રસંઘના સભ્ય થતું અટકાવે છે.

સિમલા કરારનો બીજો પાયાનો મુદ્દો એ હતો ભારત અને પાકિસ્તાને બધા પ્રશ્નો પરસ્પર મળી પતાવવા અને કોઈ ત્રીજા પક્ષની દરમિયાનગીરી રાખવી નહિ. આ મુદ્દો પાકિસ્તાને સ્વીકાર્યો છે. પણ હવે કાશ્મીરમાં રાષ્ટ્રસંઘના નિરીક્ષકો રહેવા જોઈએ એવો આગ્રહ રાખે છે.

ભૂતોના આ વલણ પાછળ શું રમત છે, તે સમજાતું નથી. તેની આંતરિક પરિસ્થિતિને કારણે આવો પલટો લેવો પડ્યો કે ચીન અથવા અમેરિકાના દબાણથી આવું બન્યું તે કહેવું મુશ્કેલ છે. પરિણામે સિમલા કરારનો અમલ કરવાનું કાર્ય થંભી ગયું છે. ઈન્દિરા ગાંધીએ આ વિશે ભૂતો પાસે ખુલાસો માગ્યો, જેથી પાકિસ્તાનના પ્રતિનિધિઓ મંત્રણા માટે ભારત આવ્યા છે અને આ લખાય છે ત્યારે મંત્રણા ચાલુ છે. 'ગાર્ડિયને' બરાબર કહ્યું છે કે Bhutto must return to the spirit and letter of Simla 'ગાર્ડિયને' ચેતવણી ઉચ્ચારી દે કે there is an end to patience ધીરજની પણ હદ હોય છે.

આપણે આશા રાખીએ કે ભૂતો ફરી તેના અસલ સ્વરૂપ ઉપર ન જતાં પાકિસ્તાની પ્રજાનું હિત લક્ષમાં રાખી, બે દેશ વચ્ચે કાયમી શાન્તિ થાય તેવાં જ પગલાં સત્વર ભરશે. નહિ તો, પરિણામ સારું નહિ આવે.

પૂરક નોંધ:

આ નોંધ લખ્યા પછી બન્ને દેશના પ્રતિનિધિ મંડળો મળ્યા છે અને સંતોષકારક સમજણ થઈ છે તેથી દેશમાં રાહત અનુભવાશે.

૨૪–૮–૭૨ ચીમનલાલ ચકુભાઈ

☆ કૈવલ્યજ્ઞાન વિશેની જૈન ભાવના: એક મૂંઝવણ ☆

અનાદિથી કર્મથી વીંટળાયેલો આત્મા કેવી રીતે સમ્યગ્ દૃષ્ટિ કેળવે, અને એ દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી સમ્યગ્ જ્ઞાન અને ચારિત્ર્યના બળે કેવી રીતે અંતે મુક્તિની દશા પ્રાપ્ત કરે એ વસ્તુ જૈનદર્શનમાં જેટલી બારીકાઈથી તેટલી જ સચોટતાથી સમજાવવામાં આવી છે. જો એકવાર એ દર્શનનું એ ગૃહીત સ્વીકારી લીધું કે જગતમાં પ્રવર્તમાન બે તત્ત્વો, ચૈતન્ય અને જડ, એ બન્ને, અનાદિ છે, અને એ બન્ને એકબીજાથી સંપૃક્ત લાગવા છતાં બન્ને એકબીજાથી તદ્દન સ્વતંત્ર અને ભિન્ન ભિન્ન છે, અને એમની એ ભિન્નતાની સાચી પ્રતીતિ થાય તે પછી એ બન્ને વચ્ચેનું ભેદજ્ઞાન પૂરેપૂરું પ્રાપ્ત થાય છે, અને એ થયા પછી જ પરમ આનંદની અવસ્થાનો—આત્માની જે સ્વાભાવિક સ્થિતિ છે તેનો—આંશિક પણ અનુભવ શક્ય બને છે, તો પછી એનું બીજું ગૃહીત પણ,—કે સહુથી પ્રથમ તો, એ ભેદજ્ઞાન પ્રાપ્ત કરવા સિવાયનો બીજો કોઈ પણ પુરુષાર્થ કરવો કામનો નથી—સ્વીકારી લેવામાં કોઈ પણ સદ્બુદ્ધિવાળી વ્યક્તિને ઝાઝો વાંધો આવે તેવું લાગતું નથી. કેમકે એ દર્શન કહે છે તેમ, સાચો અને એકમાત્ર પુરુષાર્થ એ ભેદજ્ઞાન પ્રાપ્ત કરવાનો અને એ પછી આત્માની સર્વાંગ મુક્તિ પ્રાપ્ત કરવાની દિશામાં પ્રગતિ કરવા માટે મથામણ કરવા નિરંતર ઉદ્યુક્ત રહેવાનો જ છે. એ સિવાય બીજું કંઈ પણ કરવું કોઈને માટે પણ શક્ય નથી, કેમકે બીજું જે કંઈ પણ છે તે તો પોતાના કોઈક અટલ નિયમને વશ રહીને જ વર્તે છે, અને તેમાં કોઈની કોઈ પણ પ્રકારની સત્તા ચાલતી નથી. ચૈતન્ય તત્ત્વ પોતાના ક્ષેત્રમાં જેટલું બળવાન છે, એટલું જ બળવાન જડ તત્ત્વ પોતાના ક્ષેત્રમાં છે. એટલે તો એને 'જડેશ્વર' પણ કહી શકાય, કેમકે તે પોતાના નિયમને જ આધીન રહીને સ્વતંત્ર ગતિથી સંક્રમણ કરે છે, અને કોઈની પણ રોકટોક કે અવરોધને ગણકારતું નથી, કે કોઈ જાતનો કોઈનો પણ પુરુષાર્થ તેની ગતિની આડે આવતો નથી.

આ બધું બરોબર સમજાય તેવું છે. જડ તત્ત્વ એ ચૈતન્ય તત્ત્વ, આત્મતત્ત્વથી તદ્દન ભિન્ન અને સ્વતંત્ર છે, અને આત્મતત્ત્વ જે કંઈ પુરુષાર્થ કરે એ, એ ભિન્નતાને જાણી, પોતા વિશેની પૂરેપૂરી સમજણ મેળવી પોતાને પ્રાપ્ત કરવાનો, અને એ રીતે પોતાની મુક્તિ સાધવાનો જ હોઈ શકે, એ વાત સમજવામાં મુશ્કેલી પડતી નથી. જૈનદર્શનમાં તો વારંવાર ભાર મૂકીને કહેવામાં આવ્યું છે કે દરેક આત્મા માત્ર એક જ પુરુષાર્થ કરી શકે છે અને તે પોતાની મુક્તિ માટેનો.

એ વાત સમજાય તો છે, પણ તેનો સ્વીકાર કરવામાં જૈનદર્શનની પોતાની જ એક માન્યતા મોટો અવરોધ ઊભો કરતી લાગે છે. એ માન્યતાનો સ્વીકાર કરતાં, પેલા પુરુષાર્થની પોતાની સ્ફુરણા દ્વારા પોતાનું મનવાંછિત ફળ પ્રાપ્ત કરવાની શક્તિ વિશે શંકા ઊભી થાય છે.

તે માન્યતા એટલે કૈવલ્યજ્ઞાનના સ્વરૂપ વિશેની જૈનદર્શનની માન્યતા. એ દર્શન પ્રમાણે એ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તે જ વ્યક્તિ જન્મ-જરા-મરણના ચક્રમાંથી હમેશ માટે મુક્ત થાય, અને તેનો શુદ્ધ-બુદ્ધ-ચૈતન્યઘન આત્મા પરમ દશા પ્રાપ્ત કરે. તેને પછી કર્મનાં કશાં બંધન ન હોય અને એટલે તેને પુનર્જન્મ હોય નહિ. એ જ્ઞાન પ્રાપ્ત થયા પછી તેને રાગ કે દ્વેષનું કશું વળગણ રહે નહિ, અને એટલે આત્માના મૂળ ગુણરૂપી આનંદ સિવાય બીજી કોઈ દશા, અનંત કાળ સુધી, તેને માટે સંભવે નહિ. અનંત કાળ સુધી, કેમકે આત્મતત્ત્વ અનાદિ અને અનંત છે. અને તેણે સંપૂર્ણ, કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેથી તે ત્રણે કાળ અને ત્રણે લોકનો જ્ઞાતા દ્રષ્ટા રહે છે. કર્તા તો તે કશાયનો છે જ નહિ, એટલે એ પ્રશ્ન રહેતો નથી.

આવા મુક્તાત્માઓ, કૈવલ્યજ્ઞાનીઓ, અનંત છે. એ બધા જ, મારા, તમારા, સર્વે ના આત્માઓની ત્રણે કાળની—ભૂત, વર્તમાન અને ભાવિની—ગતિવિધિ નિરંતર જાણી દેખી રહ્યા છે.

આ ત્રણે કાળની, સમયે સમયની ગતિવિધિ જાણી શકનાર કોઈક છે તે માન્યતાની સાથે પેલા પુરુષાર્થ અને એના સમુચિત સ્ફુરણ દ્વારા મળનારી મુક્તિની માન્યતા શી રીતે જોડી શકાય? કેમકે કૈવલ્યજ્ઞાનની આ જાતની શક્તિનો સ્વીકાર કરીએ તેની સાથેસાથે જ એ વાતનો સ્વીકાર થઈ જાય છે કે મારા, તમારા, સર્વે ના આત્માઓની ભૂત, વર્તમાન અને ભાવિ એમ ત્રણે કાળની ગતિવિધિ પહેલેથી નિશ્ચિત થઈ ચૂકેલી હોવી જોઈએ. જો એ રીતે એ નિશ્ચિત થઈ ચૂકેલી ન હોય તો પેલા મુક્તાત્માઓ, જે કૈવલ્યજ્ઞાનીઓ છે અને એને અંગે જે ત્રણે કાળ અને ત્રણે લોકમાં જે કંઈ બન્યું છે, બને છે અને બનવાનું છે તેના જ્ઞાતા અને દ્રષ્ટા રહેવાની શક્તિ ધરાવે છે તે, મારા, તમારા અને સર્વે ના આત્માઓની ત્રણે કાળની ગતિવિધિ શી રીતે જાણી દેખી શકે?

એ કૈવલ્યજ્ઞાનીઓ એ બધું જાણી દેખી શકે છે તે વિશે શંકાને કશું પણ કારણ નથી. કેમકે કોઈકને પણ જો પ્રશ્ન થાય કે આ અમુક આત્મા—કહો કે શ્રેણિક મહારાજાનો આત્મા—ક્યાં ગતિ કરશે અને ક્યારે મુક્ત થશે, તો કૈવલ્યજ્ઞાનયુક્ત તેમના ગુરુ પાસે—આ કિસ્સામાં તીર્થંકરદેવ શ્રી મહાવીર સ્વામી પાસે—તેનો જવાબ તૈયાર જ હોય છે. એ જવાબ પ્રમાણે જેણે સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત કરેલી છે, છતાં જે અમુક પ્રકારનાં અમુક કર્મોથી લિપ્ત છે એવો એ શ્રેણિક મહારાજાનો આત્મા અમુક અત્યંત લાંબી સમયમર્યાદા પછી જ—જે આજની આપણી ગણતરીના માપનાં સાધનો પ્રમાણે કરોડો વર્ષોની પણ હોય—મુક્તિ પ્રાપ્ત કરી શકે તેમ છે. ત્યાં સુધી એ આત્માએ નર્ક અને સંસારમાં આથડવાનું છે.

જો આમ જ હોય, જો સર્વે આત્માઓની બંધન અને મુક્તિની સ્થિતિ બીજું કોઈક—કૈવલ્યજ્ઞાની જ, આલબત્ત,—કાયમને માટે જાણતું જ હોય, તો પછી એ આત્માઓ ગમે તેટલું ઝૂઝે, મથે, તપશ્ચર્યા કે ચાહે તે કરે, તો પણ એ પૂર્વનિશ્ચિત પળથી એક પણ પળ પહેલાં તેમની મુક્તિ શી રીતે સંભવે? એ જ પ્રમાણે, સામી બાજુની દૃષ્ટિઓથી જોઈએ તો, એ જ આત્માઓ ગમે તેટલી પુણ્ય કે ધર્મ વિરુદ્ધની લાગતી પ્રવૃત્તિ કરે, કે પાપાચાર કે મિથ્યાચાર કરે, કે સદ્ગુરુ, દેવ કે શાસ્ત્રને ન માને કે તેમની આજ્ઞા પ્રમાણે ન વર્તે, કે તદ્દન નિષ્ક્રિય કે ઉદાસીન બની બેસી રહે તો યે, તેમની મુક્તિની પળ આવી પહોંચે ત્યારે એક પળ માટે પણ તેમને આ સ્થિતિ પ્રાપ્ત કરવામાં વિલંબ થવાનો નથી. આલબત્ત, એટલું જરૂર સ્વીકારી શકાય કે તેમનો એ મુક્તિનો કાળ જેમ જેમ નજદીક આવતો જાય, તેમ તેમ, તેમનામાં આપોઆપ એ મુક્તિ મેળવવા માટે જે શાસ્ત્રોક્ત કથનો છે એ પ્રમાણેનો આચાર થતો આવે, અને શાસ્ત્રના કથન પ્રમાણે અને શાસ્ત્રે બાંધેલી વ્યાખ્યા પ્રમાણે જ તેઓ મુક્તિ પામે. અથવા તો, સામે પક્ષે, જ્યાં સુધી તે આત્માઓનો મુક્તિનો કાળ નજીક ન આવે ત્યાં સુધી તેમની એ મુક્તિ માટેની ગમે તેટલી ઈચ્છા કે ઝંખના હોય તે છતાં પણ તેમના આચરણમાં જ કોઈક એવી જાતનો પ્રમાદ, કે વિઘ્ન, કે મિથ્યા તરફની દૃષ્ટિ કે એવું કંઈક આવી જાય કે જેથી તેમને આ સંસારના ચક્રમાં પરિભ્રમણ કર્યા જ કરવું પડે—જ્યાં સુધી પેલી પુનિત ઘડી ન આવી પહોંચે, ત્યાં સુધી.

પરમ અને સત્ પુરુષાર્થ દ્વારા કોઈ પણ આત્મા પોતાની મુક્તિ ગમે ત્યારે પણ પ્રાપ્ત કરી શકે છે તેવી સામાન્ય માન્યતા સાથે આ

સ્થિતિ સુસંગત નથી. કેમકે, જો એ પ્રમાણે થઈ શકતું હોય, તો પણ, ક્યારે મુક્ત થશે તેની અગાઉથી કોઈને પણ જાણ ન હોય. કોઈકને પણ–ભલેને કેવલજ્ઞાનીને–એની જાણ છે એ બતાવે છે કે હરએક આત્માનું ભાવિ પૂર્વનિર્ણીત છે. જો એમ હોય તો એ આત્માનો સઘળો પુરુષાર્થ માત્ર તાંત્રિક (technical) અર્થમાં તેનો મોક્ષ ભલે પાસે લાવતો હોય, પણ વ્યાવહારિક અને પારમાર્થિક અર્થમાં તો એ કાર્યકારી નીવડતો નથી. એનો અર્થ તો એટલો જ થયો કે જેમ જડ તત્ત્વ પોતાના અટલ નિયમોને આધીન રહીને પોતાની આંધળી ગતિએ વહન કર્યા કરે છે, તેમ આત્મતત્ત્વ પણ તેના પૂર્વનિર્ણીત ભાવિને વશ વર્તીને જ પોતાની ગતિ કરે છે, અને તેની મુક્તિ જ્યારે નિર્માયેલી હોય ત્યારે જ થાય છે–ન એક પળ પહેલાં, ન એક પળ પછી.

કોઈ એમ કહે પણ, કે ભલે તેમ હોય, કોઈ પણ આત્માની આખરી ગતિ વિશે ભલે તીર્થંકરો કે કેવલજ્ઞાનીઓ જાણતા હોય, પણ એ પોતે તો એ જાણતો નથી ને? એટલે એણે તો પુરુષાર્થ કરવો જ જોઈએ ને?

તેનો જવાબ એ હોઈ શકે કે ભલે ને એ એનું મન પડે તેટલો પુરુષાર્થ કરે. તેને કોણ ના પાડે છે કે પાડી પણ શકે? પણ છતાંયે જો સ્થિતિ આ પ્રમાણેની જ હોય તો તેનો એ પુરુષાર્થ, જ્યાં સુધી તેની મુક્તિનો સમય પાક્યો ન હોય ત્યાં સુધી સાચો પુરુષાર્થ બનતો નથી, અને એથી તેની મુક્તિનું કારણ બનતો નથી. જ્યારે પોલો સમય પાકી જાય છે ત્યારે જ તેને, જેને શાસ્ત્રો સાચો કહે તેવો પુરુષાર્થ આચરવો સૂઝે છે, અને તે જ તેની મુક્તિનું કારણ બને છે. ત્યાં સુધી તો, તે જેને પુરુષાર્થ માને છે તે જ્યાં મિથ્યાચાર ન હોય, ત્યાંયે માત્ર ફાંફાં જ હોય છે.

જૈનદર્શન, જે જો કંઈ પણ હોય તો અત્યંત ન્યાયશુદ્ધ છે, br..tally logical છે, તેમાં આ જાતનો પરસ્પર વિરોધી લાગે તેવો વિસંવાદ શી રીતે દેખાઈ રહ્યો હશે? કે એ વિશેની મારી આખી સમજણમાં જ કંઈ દોષ હશે?

એ બાબતમાં કોઈક શાસ્ત્રજ્ઞ કે તત્ત્વજ્ઞ જહેમત લઈને પ્રકાશ પાથરશે તો મને ખરેખર ખૂબ જ આનંદ થશે. પરંતુ ત્રણે કાળ અને ત્રણે લોકનું પળેપળનું પૂર્ણ જ્ઞાન ધરાવતા અસ્તિત્વની કલ્પના સાથે, આ સ્વ-પુરુષાર્થ દ્વારા જ મુક્તિની પ્રાપ્તિનો આદર્શ શી રીતે મેળ ખાઈ શકે? કેમકે આમાં તો મનુષ્ય પોતાની freewill દ્વારા પોતાની ઈચ્છાશક્તિના સ્ફુરણ અને તે પ્રમાણેના પોતાના આચરણ દ્વારા એ મુક્તિની સ્થિતિ પ્રાપ્ત કરી શકે તે વાતનો સ્વીકાર રહેલો છે અને પેલામાં તો એ મનુષ્ય કશુંયે ઈચ્છે કે કરે એની પહેલાંથી–કરોડો કે અબજો વર્ષો પહેલાંથી–એ શું કરશે, શું નહિ, એ જાણનારાં તત્ત્વોના અસ્તિત્વનો સ્વીકાર છે. એ બન્ને વચ્ચેથી સુસંગત રીતે માર્ગ કોઈ પણ શી રીતે કાઢી શકે એ મારે મન મોટો કોયડો છે. અને એટલે તો મારી આ મૂંઝવણ હું વિદ્વજ્જનો પાસે વિનમ્રભાવે રજૂ કરું છું. –ચુલાબદાસ બ્રોકર

શ્રી જૈન યુવક મંડળ, વિલેપારલેયોજિત
વ્યાખ્યાનમાળા

	વ્યાખ્યાતા	વિષય
૫-૯-૭૨	શ્રીમતી જયવંતીબહેન મહેતા	આપણી સામાજિક પરિસ્થિતિ
૬-૯-૭૨	શ્રી કરસનદાસ માણેક	'પ્રેમ', કવિ કાલિદાસની દૃષ્ટિએ
૭-૯-૭૨	શ્રી જયોતીન્દ્ર દવે	'સાહિત્ય અને ધર્મ'
૮-૯-૭૨	શ્રી ઈશ્વર પેટલીકર	સુખનો પારસમણિ 'પ્રેમ'
૯-૯-૭૨	આચાર્ય અમૃતલાલ યાજ્ઞિક	'વિવેકાનંદની ધર્મદૃષ્ટિ'
૧૦-૯-૭૨	શ્રી હરિભાઈ કોઠારી	'વર્તમાન જીવનમાં ધર્મનું સ્થાન'
૧૧-૯-૭૨	ડૉ. કલ્યાણમલજી લોઢા	'જૈનદર્શન અને તેની મહત્તા'

સ્થળ: સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, વિલેપારલે, **સમય**: રાત્રે ૯ (નવ) વાગે.

વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શ્રી કરસનદાસ માણેક સંભાળશે.

ટોળાંવૃત્તિ અને વિવેકબુદ્ધિ

ટોળાંવૃત્તિ (મૉબ–મેન્ટાલિટી) એટલે શું, તેનાં લક્ષણ ને સ્વરૂપ કેવાં હોય છે તેની સૈદ્ધાંતિક ચર્ચા-વિચારણા કરવાને બદલે તે વૃત્તિનું જેમાં સ્પષ્ટ અને સુરેખ દર્શન થાય તેવો કોઈ જોયેલો–અનુભવેલો પ્રસંગ વર્ણવ્યો હોય તો તે વધુ સારી રીતે સમજાય એવો મારો અભિપ્રાય છે. એટલે તાજેતરમાં બનેલા એવા એક અર્થસૂચક પ્રસંગનું ચિત્ર હું મારી રીતે અહીં આલેખું છું. ટોળાંવૃત્તિ અને વિવેકબુદ્ધિ વચ્ચેનો ભેદ પણ એ પ્રસંગચિત્રમાંથી અનાયાસે તરી આવે છે તે તેનો આનુષંગિક લાભ છે.

અમારી કૉલેજના નજીકના વિસ્તારમાં આવેલી એક કૉલેજના વિદ્યાર્થીઓએ પોતાની ફરિયાદો દૂર કરવા માટે હડતાળ પાડી. સામાન્ય રીતે બને છે તેમ તેમાંથી મારામારી ને ભાંગફોડ જન્મ્યાં તથા બહારનાં અનિષ્ટ તત્ત્વો પણ તેમાં ભળ્યાં. સમજૂતીને બદલે ભાંગફોડની ધમકીથી ડરીને કૉલેજે નમતું જોખ્યું અને આંદોલનને સફળતા મળી. ભાંગફોડમાં રચનારાઓને આંદોલનની સફળતાનો સ્વાદ દાઢે વળગ્યા વિના કેમ રહે? થોડા સમયમાં જ બીજું આંદોલન કરવાનું નિમિત્ત શોધી કાઢ્યું. લોકસભાની વચગાળાની ચૂંટણીને નિમિત્ત બનાવી યુનિવર્સિટીની પરીક્ષાઓ મોડી લેવાય, કૉલેજોમાં પૂર્વ–પરીક્ષાઓ (અં. પ્રિલિમિનરી પરીક્ષાઓ)નાં પરિણામોને અવગણી બધાને યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા દેવા જોઈએ તે માટે ચળવળ ઉપાડી. આ માગણીઓ માટે દિવસ નક્કી કર્યો. તે દિવસે વિદ્યાર્થીઓએ કૉલેજમાં હડતાળ પાડવી અને સામુદાયિક રીતે ઉપકુલપતિ પાસે જઈ આ માગણીઓ રજૂ કરવી તેમ ઠરાવ્યું. બાજુની કૉલેજોના વિદ્યાર્થીઓને તેમાં સામેલ કરવાનો નિર્ણય કર્યો. સામાન્યતઃ મારી કૉલેજના વિદ્યાર્થીઓ આવા આંદોલનમાં નથી જોડાતા તેથી વિદ્યાર્થીઓનું ત્યાં સરઘસ લઈ જઈ તેમની 'બીક' દૂર કરવી અને તેમને તેમાં ખાસ સામેલ કરવાનું વિચારાયું હતું.

મને આ વિશે માહિતી મળી. માગણીદિન નક્કી કર્યો તે પરિપત્ર મને મળ્યો. મેં પ્રથમ મારી કૉલેજની વિદ્યાર્થીસભાના પ્રતિનિધિઓને બોલાવ્યા. તેમની જોડે વિગતથી વાતચીત થઈ. પરિણામે એવા આંદોલનમાં કોઈ નહિ જ જોડાય તેમ તેમણે દૃઢતાપૂર્વક કહ્યું. અધ્યાપક ગણને મેં આંદોલનની માહિતી આપી અને કદાચ આંદોલન ઉગ્ર બને તો તે માટે સાવધ રહેવાની સૂચના કરી. મારી કૉલેજમાં આંદોલનકારો સરઘસ લાવશે અને થોડું તોફાન પણ થાય એમ મને લાગ્યું. મને મારા વિદ્યાર્થીઓ વિશે વિશ્વાસ હતો, પણ બહારનાં તત્ત્વો ભાંગફોડ કે તોફાન કરે તેવી બીક હતી. સાવચેતીનાં પગલાં તરીકે મેં પોલીસને આ હકીકત જણાવી તથા કૉલેજની બહાર રસ્તા ઉપર મારામારી થાય તો તે અંગે ઘટતું કરવાની વિનંતી કરી.

માગણીદિનને દિવસે સાડાદસની આસપાસ વિદ્યાર્થીઓનું ટોળું આવશે એમ ધાર્યું હતું. હું નવ વાગે જ હાજર થઈ ગયો. પોલીસે વ્યવસ્થા કરી હતી અને કૉલેજથી સહેજ દૂર બહારના રસ્તા ઉપર તોફાન ન થાય તે માટે બંદોબસ્ત કર્યો હતો. દસ વાગ્યે બૂમાબૂમ કરતું વિદ્યાર્થીઓનું ટોળું આવી પહોંચ્યું. પોલીસે કૉલેજથી સો એક વાર દૂર ઓ ટોળાને રોક્યું અને જેમને કૉલેજમાં ભણવા જવું હોય તેવા મારા વિદ્યાર્થીઓને જવા દેવામાં આવશે તેમ જણાવ્યું. આંદોલન કરનાર વિદ્યાર્થીઓએ અમારા વિદ્યાર્થીઓને રોકવા પ્રયત્ન કર્યો, પણ અમારાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ તેમનું કશું ન સાંભળતાં કૉલેજમાં આવ્યાં. કૉલેજમાં પૂરેપૂરી કહી શકાય તેટલી હાજરી હતી. બહારથી અમારી કૉલેજના નામની બૂમો અને 'શરમ, શરમ' કે 'હાય! હાય!' ના પોકારો જોરથી થવા લાગ્યા. વાતાવરણ ગરમ બન્યું, પણ પોલીસે પોતાનું કામ શાન્તિ-સમજાવટથી કર્યું એટલે પરિસ્થિતિ કાબૂમાં

રહી. એક બાજુ નિયમિત રીતે કૉલેજમાં કામ ચાલતું હતું અને બીજી બાજુ આંદોલનકારોની પ્રચંડ બૂમાબૂમો ચાલતી હતી. જાણે બન્નેએ શાંતિમય સહ-અસ્તિત્વ (પીસફૂલ કો-એક્ઝિસ્ટન્સ)ના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો હોય તેમ લાગતું હતું. વાતાવરણ ગમે ત્યારે ઉશ્કેરાટ અને તોફાનભર્યું બને તેની મને ભીતિ લાગતી હતી.

એવામાં મારી કૉલેજના મુખ્ય દ્વાર પાસે મારી જ કૉલેજના એક સહેજ મોટી વયના વિદ્યાર્થીને મેં માથે રૂમાલ બાંધતો જોયો અને પછી નીચે વળીને પથ્થર લેતો હોય તેવો મને ભાસ થયો. મેં એને બોલાવ્યો ને પૂછ્યું:

"નીચે વળીને પથ્થર લેતા હતા? કોઈક તોફાન કરવાની ઈચ્છા છે?"

"ના, સાહેબ, હું તો શાન્તિથી ઊભો છું."

"માથે રૂમાલ કેમ બાંધ્યો છે? નીચે વળતાં મેં તમને જોયા એટલે પથ્થર લેવો હશે એમ મને લાગ્યું હતું. પણ તમારું કહ્યું માનું છું કે તમે શાન્તિથી ઊભા હતા."

"તડકો લાગતો હતો એટલે માથે રૂમાલ બાંધ્યો."

"તમે આજે આટલી બધી આંદોલન કરનારની બૂમો સંભળાઈ રહી છે તે વખતે આમ બહાર ઊભા રહ્યા છો તેથી મને નવાઈ લાગે છે. તમે વર્ગમાં કેમ નથી ગયા?"

"હું પ્રથમ વર્ષ વિનયનમાં છું. મારો વર્ગ સાડા બારે શરૂ થાય છે."

"તો પછી અત્યારે સવા અગિયારે કૉલેજમાં શા માટે આવ્યા છો?"

કશો જવાબ ન મળ્યો. મેં સ્મિત કરતાં પૂછ્યું, "તમે આ આંદોલનમાં ભાગ લેવા ઈચ્છો છો?"

એણે ધીમેથી કહ્યું, "હા, સાહેબ."

"શા માટે? તમારું દૃષ્ટિબિન્દુ તો સમજાવો," મેં પૂછ્યું.

"ચૂંટણીના કારણે પરીક્ષાઓ થોડા દિવસ મોડી શરૂ કરવી જોઈએ એમ માનું છું. ચૂંટણી વખતે વિદ્યાર્થીઓ કેમ વાંચી શકે?"

"એકવીસ વર્ષની ઉંમરે મતાધિકાર મળે છે; મોટા ભાગના વિદ્યાર્થીઓ મતાધિકારની ઉંમરના જ હોતા નથી; પછી ચૂંટણીમાં એમને શું કરવાનું હોય? એમનું મુખ્ય કર્તવ્ય અભ્યાસ કરવાનું છે. તમારી ઉંમર કેટલી?"

"મને તેવીસ વર્ષ થયાં. હું મતદાર છું."

"પણ તમારી ઉંમરના કે તમારાથી વધુ ઉંમરના વિદ્યાર્થીઓની સંખ્યા ભાગ્યે જ પાંચસાત ટકા હશે. મોટા ભાગના વિદ્યાર્થીઓનું હિત જોવું એ તમારી ફરજ ખરી ને? આ પ્રશ્નનો વિચાર બીજી રીતે પણ કરવો ઘટે છે. ઈન્ટર સાયન્સના વિદ્યાર્થીઓમાંથી મેડિકલ કે ઈજનેરી કૉલેજમાં દાખલ થવા ઈચ્છતા વિદ્યાર્થીઓની તકલીફનો વિચાર કર્યો છે? તમે જાણો છો કે મેડિકલ, ઈજનેરી કે ટેક્નિકલ કૉલેજોમાં પ્રવેશ મેળવવાની તારીખ નક્કી થઈ ગઈ હોય છે. આ રાજ્યમાં જેમને પ્રવેશ ન મળે તેમને બીજાં રાજ્યોમાં મેળવવો હોય તો તે તારીખો કોણ ફેરવશે? પરિણામે, તમારા જ વિદ્યાર્થીમિત્રોનું અહિત થશે તેનો વિચાર કર્યો છે?"

"એનો ખ્યાલ મને નહોતો," એમ તેણે જવાબ આપ્યો અને તે સહેજ વિચારમાં પડયો હોય તેમ મને લાગ્યું.

"એક બીજી રીતે પણ વિચાર કરવો જોઈએ. ધારો કે પરીક્ષા થોડી મોડી લેવાનું નક્કી કર્યું. તમે જાણો છો ને કે માર્ચના ત્રીજા અઠવાડિયાથી મેની આખર સુધી પરીક્ષાઓ ચાલે છે? ગયે વર્ષે કૉલેજ ઊઘડી ત્યારે દ્વિતીય વર્ષ વિનયનનું પરિણામ બહાર પડયું હતું. હવે પરીક્ષા મોડી થાય તેથી પરિણામ મોડું બહાર પડે એટલે કૉલેજે મોડી ઉઘાડવી જોઈએ એમ પણ એમાંથી ફલિત થાય છે ને? તો આ બધું વિદ્યાર્થીઓના હિતમાં છે?–તે પણ જ્યારે દસ્તા મોટો ભાગ મત આપવાને લાયક ગણાય તેવી ઉંમરે ન પહોંચ્યો હોય ત્યારે!"

"આ વસ્તુઓનો મને ખ્યાલ જ નહોતો," નિખાલસતાથી તેણે કહ્યું.

"હવે તો ખ્યાલ આવ્યો ને?" મેં પૂછ્યું.

"હા, જી. પણ બધા વિદ્યાર્થીઓને ફૉર્મ આપવાં જોઈએ અને યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસવા દેવા જોઈએ એમ હું માનું છું."

"શા માટે?"

"સાહેબ, અમે એસ. એસ. સી. પાસ થયા છીએ એટલે અમારી સામાન્ય બૌદ્ધિક કક્ષા ઠીક છે એમ પુરવાર થયું ગણાય. કદાચ બહુ ન વાંચ્યું હોય અથવા વંચાયું હોય અને પૂર્વપરીક્ષામાં પરિણામ સારું ન હોય તો પણ છેલ્લા બે મહિનામાં મહેનત કરીને પાસ થઈ જવાય. તો અમારું ફૉર્મ રોકવું અને પરીક્ષામાં બેસવા ન દેવા એ કઈ રીતે ન્યાયી ગણાય?"

"તમારી વાતનો જરા બરાબર વિચાર કરો. ઈતિહાસ–ભૂગોળ જેવા વાંચવાના વિષયો હોય તે વાંચીને કદાચ કોઈક જરૂર તૈયાર થઈ શકે, પરંતુ ગણિતશાસ્ત્ર કે પદાર્થવિજ્ઞાન જેવા વિષયોમાં કાંઈ જ અભ્યાસ થયો ન હોય તો છેલ્લા બે મહિનામાં ચોવીસે કલાક મહેનત કરે તો પણ પાસ થઈ ન શકે. એ વિષયોના અભ્યાસક્રમનાં અંગો પરસ્પરની સાથે જોડાયેલાં છે; એક અંગ ન સમજાય તો ત્યાર પછીનું પગથિયું ન ચડી શકાય. આવા વિષયોમાં આગાઉની બધી પરીક્ષાઓમાં ખરાબ પરિણામ હોય તો તેને ફૉર્મ શા માટે આપવું? પાસ થવાની શક્યતા જરાય ન હોય ત્યારે પણ એને યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા દેવાથી શો ફાયદો? બીજી વાત. તમે વિદ્યાર્થી છો અને હું પણ હતો. આપણી વાંચવાની ગતિ પરીક્ષા નજીક આવે છે ત્યારે વધે છે એ હકીકત તો સ્વીકારશો ને? જો બધાને જ પરીક્ષામાં બેસવાની છૂટ અપાય તો પૂર્વ-પરીક્ષા માટે સૌ ગંભીરપણે તૈયારી ન કરે તે દેખીતું છે. તો પછી યુનિવર્સિટીની પરીક્ષા વખતે પણ તમારી દલીલ આગળ વધારીએ તો વધુ વિદ્યાર્થીઓને પાસ કરવા માટે આંદોલન કરવું જોઈએ એમ પણ તેમાંથી ફલિત થાય ને?"

"હું વિનયનમાં છું એટલે ગણિતશાસ્ત્ર વગેરે વિષયોનો ખ્યાલ મને નહોતો આવ્યો. તમારું દૃષ્ટિબિન્દુ હું સમજી શકું છું."

"મને તમારી નિખાલસતા જોઈ આનંદ થાય છે. વિદ્યાર્થીઓ વધુ જવાબદારી સમજે વાંચે, મહેનત કરે, તો પરીક્ષાનું પરિણામ સારું આવે. તેથી શિક્ષણની ગુણવત્તાનું સ્તર વધે. અન્ય દેશોના વિદ્યાર્થીઓની સરખામણીમાં આપણા વિદ્યાર્થીઓ સારું ધોરણ જાળવી શકે. તેમાં વિદ્યાર્થીઓનું તેમ જ રાષ્ટ્રનું હિત સમાયેલું છે એ સ્પષ્ટ વાત છે; તેથી બધાને જ પરીક્ષામાં બેસવા દેવાની માગણી કરવી એ કઈ દૃષ્ટિએ ન્યાયી ગણાય?"

મારા કહેવાની એ વિદ્યાર્થી ઉપર ઠીક અસર થઈ એ હું જોઈ શક્યો. મેં એને કહ્યું, "મેં મારો દૃષ્ટિકોણ સમજાવ્યો. હવે તમે જઈ શકો છો અને આંદોલનમાં ભાગ લેવાનું વાજબી લાગે તો તેમ કરવા તમે સ્વતંત્ર છો." એ વિદ્યાર્થી ગયો. એની સાથેના ત્રણચાર મિત્રો પણ તેની સાથે ગયા. પછી આંદોલનકારોના ટોળામાં ન જતાં તેઓ ઘેર ગયા અને તોફાન કરનારાઓના ટોળામાં તેઓ ન ભળ્યા. સમજાવટથી થયેલી શુભ અસર જોઈને મારું શિક્ષક-અંત:કરણ સંતોષ પામ્યું.

(ક્રમશ:)

અમૃતલાલ યાજ્ઞિક

મરણ પૂર્વે

[દરદીની અંતિમ અવસ્થા હોય અને જીવવાની કોઈ આશા ન હોય ત્યારે શાન્તિથી દરદીને તેની જીવાદોરી પૂરી કરવા દેવી અને તેની જીવાદોરી લંબાશે એવી આશાએ તેને ત્રાસ કે રિબામણી થાય તેવા ઉપાયો લેવા ન જોઈએ તે વિશે મારી એક ટૂંકી નોંધ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકટ થઈ છે. તે સંબંધે, શ્રી કિશોરલાલભાઈના "મરણવિધિ" નામના લેખમાંથી આ વિષયને લગતો ભાગ શ્રી હરિપ્રસાદ વ્યાસે મોકલાવ્યો છે તે વિચારણીય હોઈ અહીં પ્રકટ કરવામાં આવે છે.

શ્રી કિશોરલાલભાઈ મારા કરતાં કાંઈ આગળ જાય છે. અસહ્ય વેદનાઓ થતી [હોય તેમાં દરદીનું શીઘ્ર મરણ થાય તેવા ઉપચારો કરવા અને હિંમત હોય તો વિષમ અવસ્થામાં વિષ આપવું પણ અયોગ્ય નથી તેમ કહ્યું છે. મને આ બરાબર લાગતું નથી. દરદીનું શાન્તિથી મૃત્યુ થાય, કુદરતના ક્રમમાં, તે એક વાત છે અને મૃત્યુ શીઘ્ર બનાવવું તે સાવ જુદી વાત છે. દયાપ્રેરિત ખૂન જેવી આ વાત છે, જે મને યોગ્ય લાગતી નથી. આ વિષે મેં પહેલાં લખ્યું છે.

મારી નોંધમાં મેં શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકનો દાખલો આપ્યો છે. તે બાબતમાં શ્રી નરેન્દ્ર લાલભાઈ શેઠ મને જણાવે છે કે ઈન્દુલાલના કેસમાં બિલકુલ રિબામણી ન હતી, બલ્કે ડૉ. દામાણી અને ડૉ. મિસ સોદામિની પંડ્યા જેઓ તેમની સારવાર કરતાં હતાં તેમને અભિનંદન આપવા જેવું છે. જે ડૉકટરોએ સેવા કરી તેમની કાંઈ ટીકા કરવાનો મારો ઈરાદો ન હતો. શ્રી ઈન્દુલાલનું મેં ઉદાહરણ આપ્યું હતું. છતાં શ્રીમતી લીલાવતી મુનશી જેઓ પૂર્વે શ્રી ઈન્દુલાલના નિકટના પરિચયમાં હતાં, તેમણે, શ્રી મુનશીને ઉદ્દેશી તેઓ પત્રો લખે છે તેમાં, શ્રી ઈન્દુલાલની માંદગી વિશે તેમને શું લાગ્યું છે તે, જાણવા જેવું છે, જે અહીં નોંધું છું. —તંત્રી]

જ્યારે મારી આજુબાજુના લોકોને એમ લાગે કે હવે હું થોડા દિવસનો કે કલાકનો જ મહેમાન છું તે વખતે, જો મને ભાન હોય અને હું મારી ઘડી નજીક આવેલી છે એમ ન જાણતો હોઉં તો, મને સાવધ કરી દેવો જોઈએ. પોતે અંદર અંદર ચેતી જવું અને મને અંધારામાં રાખવો એ બરાબર નથી. હું તો જ્ઞાની અને સમજુ છું, મને શું કહેવાનું હોય એવી કલ્પના પણ ન કરી લેવી. કારણ કે જિજીવિષા આત્મજ્ઞાનીને યે મોહમાં નાખી દે છે. હું જીવવા માટે તલપાપડ થતો હોઉં તો મિત્રોએ મારાં ફાંફાંની વ્યર્થતા બતાવી મને મરણનો ભય છોડવા સમજાવવો જોઈએ.

દાકતરો અને સગાંઓનો એક સ્વભાવ પડેલો હોય છે કે છેલ્લા શ્વાસ સુધી જિવાડવા માટે કાંઈ ને કાંઈ દોડધામ કર્યા જ કરે છે. છેલ્લી ક્ષણે પણ હેમગર્ભ આપવા, ઈન્જેકશનો ભોંકવા, "શકિત સાચવવા માટે" ખોરાક આપ્યા કરવા અને કોઈક નવા દાકતર, વૈદ્ય, હકીમ ઈ. ની કોઈ ભલામણ કરે તો તેને બોલાવવા દોડે છે. આને પરિણામે કોઈ વિરલ જ જીવી જાય છે, મોટે ભાગે માણસો વધારે રિબાઈને મરે છે. આમાં મને ડહાપણ લાગતું નથી.

દવાઓ બે પ્રકારની હોય છે: એક હૃદયને થોડા કલાક વધારે ચાલતું રાખવાના ઉદ્દેશવાળી અને બીજી મરનારની વેદનાઓને ઓછી કરી તેને થોડી રાહત આપવાવાળી. જીવવાની આશા બિલકુલ ન લાગતી હોય છતાં જે બે કલાક મરણ ઠેલાય તેટલું ઠીક એ વિચારથી થતા ઉપચારો મને ખોટા લાગે છે.

મને અસહ્ય વેદનાઓ થતી હોય તેમાં મને કોઈક રાહત મળે, અને મારું મરણ શાંતિભર્યું અને શીઘ્ર થઈ જાય તેવા ઉપચારો કરવાને હરકત ન હોય. દા. ત. ગળું સુકાતું હોય તો તેમાં પાણી રેડવું, શ્વાસ લેવાતો ન હોય તો ઑકિસજનની મદદ આપવી વગેરે. આમ કરવામાં કદીક કુદરતને યે પોતાનું કામ કરવાની તક મળી શકે. પણ દવાઓ તો સામાન્ય રીતે કુદરતવિરોધી જ હોય છે. હિંમત હોય તો વિષમ અવસ્થામાં વિષ આપવું પણ અયોગ્ય નથી.

દાકતરો સમજાવે છે કે છેલ્લી ક્ષણ સુધી પ્રયત્ન ન છોડવો એ એમનો ધર્મ છે. ડાહ્યાઓ તેમને ટેકો આપે છે કે આશા અમર છે, કદી નિરાશ થઈને પ્રયત્ન છોડાય નહિ. આ બન્ને કથનો અધૂરા છે. જે પ્રયત્નની અસર વિશે આપણી ખાતરી હોય તેને છોડવો નહિ એ તો બરાબર છે, પણ જ્યાં મનુષ્યનું જ્ઞાન ખૂટ્યું, ત્યાં કેવળ ડૂબતો માણસ તણખલું ઝાલે તેમ ફાંફાં મારવાં અને તેને પ્રયત્ન કહેવો એ બરાબર નથી. અને "આશા અમર છે" તેથી આશાળતા હમેશાં ડહાપણનું જ લક્ષણ છે એમ ન કહેવાય. દરેક આશાને અમર રાખવી એ વિવેક નથી, વિવેકભરી આશાને ન છોડવી એ બરાબર ગણાય. વળી, આશા અને ઈચ્છા એ બે જુદી બાબતો છે. મારા સ્નેહીઓ ઈચ્છે કે હું સદા જીવતો રહું..અને તેથી તેઓ આશા રાખે કે કદાચ હું જીવી જઈશ, તો તે આશા નહિ પણ ઈચ્છા જ છે. સર્વ સંજોગો તપાસતાં શું બનવાનો સંભવ છે, તેનો અંદાજ તે આશા અથવા નિરાશા છે. તે જોતાં જો એવો અંદાજ થાય કે હું જીવી શકું એમ નથી, તો ત્યાં "આશા અમર છે" એ ન્યાય લાગુ પડતો નથી. ત્યાં મને મરણ માટે તૈયાર કરવો અને બીજાઓએ પણ તૈયાર રહેવું એમાં વિવેક છે.

મને ભાન હોય તો મારું મરણ નજીકમાં છે એમ મને સાવધ કર્યા પછી જો હું તે સમાચારથી ગભરાઈ જાઉં કે નાહિંમત થઈ જાઉં તો સમજ મિત્રોએ મને બુદ્ધ-ચરિત્રમાં નકુલ માતાના કિસ્સામાં છે તેમ સદુપદેશ આપી હિંમત આપવી જોઈએ, પોતે યે રડારોળ ન કરવી જોઈએ અને મને ય જાણે મારા પર કોઈ મહાન આપત્તિ આવી પડેલી હોય તેમ બેબાકળો ન થવા દેવો જોઈએ. મારે કાંઈ કહેવા-કરવાનું હોય, સૂચનાઓ આપવાની હોય તો તે હિંમતપૂર્વક પૂછી જોઈએ અને નોંધી લેવી જોઈએ. આ કામ જેમ બને તેમ ઝપાટાબંધ પતાવી દેવું જોઈએ. —કિશોરલાલ મશરૂવાળા

"મન જીતે જગ જીતે"

ગુરુ નાનક એક દિવસ એક ગામમાં રોકાયા હતા. રોજની ટેવ પ્રમાણે મોડી રાત સુધી એ ધ્યાનમગ્ન અવસ્થામાં બેઠા હતા. એ સમયે ૧૬-૧૭ વર્ષની એક બાળા એમની પાસે આવી. ગુરુજીએ આંખ ઉઘાડી જોયું ને પ્રેમથી પૂછ્યું: "કેમ બેટી, શું છે?" બાળાએ તરત જ પોતાની રામકહાની શરૂ કરી:

"મહાત્માજી! હું આ ગામની એક ગરીબ છોકરી છું. મારા બાપુજી દબાણને કારણે આ જ ગામના એક ૭૦ વર્ષના પૈસાદાર વૃદ્ધ સાથે મારાં લગ્ન કરવાનાં છે. આ વૃદ્ધ અત્યાર સુધી ત્રણ વાર તો લગ્ન કરી ચૂક્યો છે. હું એની ચોથી પત્ની બનીશ. હું ઉંમરલાયક થઈશ કે તરત જ મારો પતિ મૃત્યુ પામશે. મારે ત્યાં નથી પરણવું. હું કોને કહું? મારું દુ:ખ કોણ સાંભળે? હું ખૂબ નિરાશ થઈને આપની પાસે આવી છું. આપ મને બચાવો."

ગુરુ નાનકે એના માથા પર હાથ મૂકી કહ્યું: "જા તું ઘરે જા, બધું બરાબર થશે." બાળા શાંતિથી ઘરે ગઈ. મનમાં શ્રદ્ધા રાખીને કે એનું કામ થશે જ.

બીજે દિવસે સવારે નાનક ગામ છોડીને બીજે ગામ જવા નીકળ્યા. આખું ગામ નાનકના દર્શન માટે આવ્યું. એમાં પેલો વૃદ્ધ પણ હતો. વૃદ્ધને જોઈને ગુરુ નાનકે એને પાસે બોલાવીને પૂછ્યું: "ભાઈ, તમે ધનવાન દેખાઓ છો છતાં મોઢા પરથી દુ:ખી કેમ જણાઓ છો? તમને શાંતિ નથી મળતી, ખરું?" વૃદ્ધે કહ્યું "હા, ગુરુજી, મારું ચિત્ત શાંત નથી. મારી આશાઓ ફળતી નથી. મને એવો ઉપાય બતાવો કે જીવનમાં શાંતિ મળે?"

ગુરુ નાનકે એને એક મંત્ર આપ્યો: "મન જીતે જગ જીતે." આ સાંભળતાં જ વૃદ્ધે સંયમવ્રત લઈ પેલી બાળા સાથે પરણવાનો વિચાર માંડી વાળ્યો. સંક: ફ્રિરોઝ ગાંધી

* આનંદનિકેતન આશ્રમ *

[લગભગ ૨૨ વર્ષથી શ્રી હરિવલ્લભ પરીખ, છોટાઉદેપુરના આદિવાસી વિસ્તારમાં, લોકસેવાનું સુંદર કાર્ય કરી રહેલ છે. તેમનો રંગપુર આશ્રમ સેવાની અનેકવિધ પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. શિક્ષણ, ઔદ્યોગિક વ્યવસાયશાળા, શિબિરો, સહકારી પ્રવૃત્તિઓ, આરોગ્ય, પિયાત યોજનાઓ, ગ્રામદાન, વગેરે યોજનાઓ મારફત આ અતિ પછાત અને ગરીબ વિસ્તારમાં ઘણી જાગૃતિ લાવ્યા છે. આદિવાસીઓને વ્યસનોથી છોડાવવા, ખાસ કરી દારૂ અને લોકશક્તિ કેળવવી તે ધ્યેય રહ્યું છે. આ કાર્યમાં તેમને સારી સફળતા મળી છે. અનેક વિદેશી સેવા સંસ્થાઓના કાર્યકરોએ તેમના આશ્રમની મુલાકાત લીધી છે અને પ્રભાવિત થયા છે. પરિણામે, વિદેશથી પણ ઠીક પ્રમાણમાં સહાય મળે છે. બે વર્ષ પહેલાં શ્રી હરિવલ્લભભાઈ વિદેશનો પ્રવાસ કરી આવ્યા અને ખૂબ સંપર્ક સાધ્યો. તેમના વિદેશપ્રવાસના અનુભવની પુસ્તિકા, 'In Search of world family' તેમણે પ્રકટ કરી છે. સર્વ સેવા સંઘ તરફથી 'ગુજરાત કે ગ્રામદાન' પુસ્તિકા તથા અંગ્રેજીમાં 'A Dream takes Shape' પ્રકટ થયાં છે તેમાં આનંદનિકેતન આશ્રમની પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ આપ્યો છે.

વિદેશપ્રવાસથી પાછા આવ્યા પછીના દોઢ વર્ષની આશ્રમની પ્રવૃત્તિઓનો ટૂંકો અહેવાલ તેમણે જૈન યુવક સંઘને મોકલાવ્યો છે. તેમાં ખાસ ધ્યાન ખેંચે તેવી બે પ્રવૃત્તિઓ—લોકઅદાલત તથા રાષ્ટ્રીયકૃત બૅંક સાથે સંબંધને લગતો ભાગ અહીં આપવામાં આવે છે. શ્રી હરિવલ્લભભાઈ જૈન યુવક સંઘ સાથે સારો પરિચય રાખે છે. કેટલાક સમય પછી તેઓ મુંબઈ આવવાના છે ત્યારે તેમની પાસેથી આ પ્રવૃત્તિઓ સંબંધે વિશેષ જાણકારી પ્રાપ્ત થશે. —તંત્રી]

લોકઅદાલત મારફત છેલ્લા વર્ષમાં ૧૦૦૦ કરતાં વધારે કેસોના ચુકાદાઓ લાવી શકાયા છે. લોકઅદાલતમાં ખાસ કરીને પતિ-પત્નીના ઝઘડા, જમીન અંગેના ઝઘડા, ભાઈ—ભાઈના ઝઘડા, ચોરી અને મારામારીના ઝઘડા તેમ જ સરકારી કર્મચારીઓ મારફતે લેવાતી લાંચ અંગેના પ્રશ્નો મુખ્યત્વે હોય છે. બન્ને પક્ષોને સંતોષ થાય તે રીતે સમાધાન કરાવવા પ્રયત્ન કરીએ છીએ. લોકોમાં આથી વેરનો વિસ્તાર થતો અટકે છે અને પરસ્પર પ્રેમ, સમજૂતી અને સંપનો વિસ્તાર વધે છે. લોકઅદાલતને અમે લોકશિક્ષણનું માધ્યમ માન્યું છે. તેથી તેના દ્વારા દેશ અને દુનિયાના પ્રવાહોથી તેમને પરિચિત રાખતો રહું છું. પોતાના સ્થાનિક પ્રશ્નોનો વિચાર દેશ અને દુનિયાના સંદર્ભમાં રહીને તેઓ કરતાં શીખે, એવો અમારો પ્રયત્ન રહે છે. આપણી લોકઅદાલત આખા દેશ માટે અને વિદેશના અનેક યાત્રીઓ માટે એક આકર્ષક વિષય બની રહી છે. તેથી જ અંગ્રેજી ન્યુઝપેપર 'ટાઈમ્સ ઑફ ઈંડિયા', હિંદીના 'ધર્મયુગ' અને સાપ્તાહિક 'સેવાગ્રામ'માં લોકઅદાલત અંગે લેખો લખાયા છે. આપને જાણીને આનંદ થશે કે આવતા મહિને ભારત સરકારના ફિલ્મ ડિવિઝન તરફથી આપણી લોકઅદાલતની ફિલ્મ ઉતારવા માટેની તેઓએ માગણી કરી છે.

રાષ્ટ્રીયકૃત બૅંક સાથે સંપર્ક

છેલ્લાં બે - ત્રણ વર્ષ દરમિયાન બૅંકોના રાષ્ટ્રીયકરણના કારણે સેન્ટ્રલ બૅંક ઓફ ઈંડિયા સાથે આપણો સંબંધ થયો. સને ૧૯૭૦-૭૧માં બૅંકે બળદ ખરીદવા માટે ત્રણ વરસના હપ્તાવાળી રૂા. ૧,૪૦,૦૦૦ની લોન આપી, જે ૨૬ ગામના ૧૧૧ ખેડૂતોને વહેંચવામાં આવી. આ વિસ્તારમાં બળદ એ મોટા ખર્ચવાળી જરૂરિયાત છે, જેના કારણે ખેડૂતોને દેવામાં પડવું પડે છે અને ૧૦૦ %થી માંડીને 300 % સુધીનું વ્યાજ ભોગવવું પડે છે. આ લોન મળતાં ખેડતોને ખૂબ ફાયદો થયો. પ્રથમ હપ્તાની ૧૦૦ એ ૧૦૦ % વસૂલાત બૅંકના કોઈ પ્રયત્ન વગર ખેડૂતોએ કરી આપી. આથી પ્રોત્સાહિત થઈને સને ૧૯૭૧-૭૨ માં રૂપિયા ૫,૫૧,૧૨૫ની લોન ૯૬ ગામના ૫૬૨ ખેડૂતોને વહેંચી. આથી ખેડૂતોને ઘણો લાભ થયો. સમયસર આ મદદ મળતાં ઉત્પાદનમાં વધારો થયો ને તેથી જ આ પછાત ગણાતા આદિવાસીઓએ બૅંકને ૧૦૦ એ ૧૦૦% વસૂલાત આપીને પોતાની પ્રામાણિકતા સાબિત કરી. વ્યાજ ખાતા વેપારીઓ ઉપર આની બહુ મોટી અસર પડી. બૅંકને આથી પ્રોત્સાહન મળ્યું જેના કારણે સને ૧૯૭૨-૭૩ માટે આમારી સાથે મળીને બૅંકે ૧૯૬ ગામના ૨,૨૦૦ ખેડૂતોને ૨૫ લાખ રૂપિયા વહેંચવાની જાહેરાત કરી. તા. ૨૯-૫-'૭૨ ના રોજ ગુજરાત રાજ્યના ગ્રામમંત્રી શ્રી, સનતકુમાર મહેતા અને પંચાયતમંત્રી શ્રી. રતુભાઈ અદાણીના શુભ હસ્તે આ યોજનાનો શુભારંભ થયો, જેનું દસ્તાવેજી ચિત્ર (ડોકયુમેન્ટરી ફિલ્મ) પણ ભારત સરકારે ઉતારી, જે આજે અનેક સિનેમાગૃહોમાં બતાવવામાં આવે છે. આ વખતે ધિરાણનું કામ શરૂ થયા પછી ચારેક દિવસમાં બૅંકે એ કામ બંધ કર્યું. કોઈ ખાસ વિશેષ કારણ ઉપસ્થિત થયું ન હતું. અમને લાગે છે કે જેમનાં સ્થાપિત હિતો ઘવાતાં હતાં તેવા શાહુકારો, બૅંક દલાલો તેમ જ કમિશન મેળવતા બૅંક કર્મચારીઓએ ભેગા મળીને આ યોજના નિષ્ફળ થાય એવો પ્રયત્ન કર્યો હશે. મારે આ યોજનાને શરૂ કરવા ખૂબ પ્રયત્ન કરવા પડયા. બૅંકના ડિસ્ટ્રીક્ટ મેનેજરને પણ મળવું પડયું. આ બધા પ્રયત્નો નિષ્ફળ જતાં ૨,૨૦૦ ખેડૂત કુટુંબોની ખેતી અને જિંદગી જોખમમાં મુકાતાં છેલ્લા ઉપાય તરીકે મારે ૧૯મી જૂનથી ૨૭મી જૂન સુધી આઠ દિવસ સુધી ઉપવાસ કરવા પડયા. ૨૯મી જૂને બૅંકે પોતાની ભૂલ ફરી સુધારી અને કામ શરૂ કર્યું. અત્યાર સુધીમાં રૂા. ૩,૬૨,૧૮૫નું ધિરાણ કર્યું. ઉપવાસના કારણે ૧૪ રતલ વજન ગુમાવ્યું છે. શરીરમાં સારી એવી નબળાઇ વર્તાઈ રહી છે. ઠીક થઈ જશે.

—હરિવલ્લભ પરીખ

★ ભક્તજીવનની ખુમારી ★

જેમ યોગ્ય અને શ્રેષ્ઠ ઉપયોગથી રોગ મટે તેવી જ રીતે જીવદશા ટાળવાનું ઉત્તમમાં ઉત્તમ અને જીવતું સાધન 'ભાવ' છે, 'ભાવ'ની નિરંતરતા અને ગાઢતા થતાં મનાદિકરણોનું સહજમેળે રૂપાંતર થાય છે અને જે કાંઈ સાધનનો અભ્યાસ કરીએ તેમાં પણ પણ જો 'દિલ' ન હોય તો 'ભાવ' તો જાગે જ કયાંથી?

'હરિ, હરિ, બૂમ છો પાડે; ન દિલ તે બૂમ પાછળ છે,' એમ મેં 'જીવનરસાયણ'માં ગાયું છે. 'દિલ' ની વાત સહુથી મોટી છે. 'દિલ' વિનાનું બધું જ શુષ્ક.

ખરેખરી ગરજ, સ્વાર્થ, જ્વાલામુખીની પેઠે ધગધગતી તમન્ના, તેના ઉત્કટ પ્રમાણમાં પ્રગટયા વિના તેમાં 'દિલ' કદી પણ હોઈ શકતું નથી અને 'દિલ' હોય તો જ 'ભાવ' હોઈ શકે.'

જીવનવિકાસલક્ષી શ્રેયાર્થીના જીવનમાં તેથી 'ભાવ' મહત્ત્વનો છે અને વિકાસ થવામાં 'ભાવ' જ મુખ્યત્વે ભાગ ભજવે છે. 'ભાવ'ના પણ જુદા જુદા પ્રકાર છે, જુદી જુદી કક્ષાઓ છે અને તેવું જ તેના વ્યકત થવાપણામાં પણ. પ્રત્યેક ભૂમિકાનો 'ભાવ' પણ જુદો જુદો.

'ભાવ'ની નિરંતરતા હોવા છતાં તે દેખા દેતો નથી, પરંતુ ભાવનાં જ્યારે પૂર ઊછળે છે ત્યારે તેમાં મસ્તી ચડે છે અને એ 'ભાવ'માં મસ્તી પ્રગટે છે, ત્યારે તે 'ભાવ'નું વ્યકત લક્ષણ તો ખુમારી છે. એવા ભક્તજીવનની ખુમારીને સંસારી લોક યોગ્ય રીતે નહિ સમજી શકે એવું મને લાગે છે. કેટલાક લોકોને મેં 'આ તો ભારે અભિમાની છે,' એમ કહેતાં જાતોજાત સાંભળેલા છે. જ્યાં ઊછળતા 'ભાવ'નો ઘેઘ છે ત્યાં 'ખુમારી' છે જ. જ્યાં સૂર્ય ઊગે છે ત્યાં પ્રકાશ છે જ. તેવું 'ભાવ'નું ને 'ખુમારી'નું લક્ષણ છે.

—શ્રી મોટા

☆ આટલું થઈ શકે? કરવું જોઈએ? ☆

[ડૉ. કાન્તિલાલ શાહનાં કેટલાંક સૂચનો વિચારણાર્થે અહીં પ્રકટ કર્યાં છે. ડૉ. કાન્તિલાલ પોતે કહે છે તેમ આ સૂચનો પ્રથમ દૃષ્ટિએ અવ્યવહારુ લાગે તો પણ ફેંકી ન દેતાં શાન્તિથી વિચારવાં. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીને અનુકૂળ હોય તો તેની ચર્ચા કરવા કહ્યું છે તેમાં કોઈ પ્રતિકૂળતા નથી. આ બધાં સૂચનોમાં એક ભાવ છે, ગરીબ-તવંગર વચ્ચેના ભેદ ભૂંસી નાખી, સમાનતા લાવવાનો. પહેલાં ત્રણ સૂચનો, રેલવે, હૉસ્પિટલો અને સિનેમા વિષે મારો મત એવો છે કે આ બધી બાબતમાં બે વર્ગ રાખવા વધારે આવકારદાયક અને અનુકૂળ થશે. ઘણાં કારણે બધાને એક જ ધોરણે મૂકી નહિ શકાય. વિશેષ ચર્ચામાં અત્યારે નથી ઊતરતો.

ચોથા સૂચન બાબત મારો મત એવો છે કે આવકની મોટી અસમાનતા ઓછી કરવી જોઈએ. મોટા કરવેરાની મારફત ઓછી થાય છે છતાં હજી અંતર ઘણું મોટું છે. તેનું પ્રમાણ શું હોવું જોઈએ તે વિચારણા કરવા જેવું છે. શરૂઆતમાં ડૉ. કાન્તિલાલે સૂચવ્યું છે તે કરતાં વધારે કાંઈક પ્રમાણ રાખવામાં હરકત નથી. રશિયા જેવા દેશમાં પણ આ અંતર સારા પ્રમાણમાં છે. ન્યૂનતમ આવક નક્કી કરવાનું વધારે જરૂરનું છે. living wage આપણું ધ્યેય છે પણ બધા માટે Minimum wage તો નક્કી થવા જોઈએ. બેકારીનું પ્રમાણ એટલું વ્યાપક છે કે ન્યૂનતમ વેતન અત્યારે નીચું હોય તો પણ કામ આપી શકીએ તે જરૂરનું છે. આવકની ટોચમર્યાદા નક્કી કરવાનું સરકાર વિચારે છે. અત્યારના સંજોગોમાં આવું કાંઈક કરવું જ પડશે. વર્તમાન પરિસ્થિતિ અસહ્ય છે —તંત્રી]

ઈન્દિરાબહેન સત્તા પર આવ્યાં ત્યારથી એમણે પ્રજાને એક સૂત્ર આપ્યું – ગરીબી હટાઓ ! આથી સામાન્ય પ્રજાના મનમાં આકાંક્ષા પેદા થઈ કે હવે દેશનો ગરીબ માણસ સુખી થશે. પણ પ્રજાને જુદો જ અનુભવ થાય છે. ગરીબી હઠતી નથી ને મોંઘવારી વધતી જ જાય છે, અર્થાત્ ગરીબી ઊલટી વધે છે. વિરોધ પક્ષો આક્ષેપ કરે છે, તટસ્થ લોકો કટાક્ષ કરે છે, સામાન્ય પ્રજાજન નિરાશ થાય છે. પરંતુ એક્લાં ઈન્દિરાબહેન – કે પછી ગમે તે હોય – શું કરી શકે? એમના સાથીઓ, અને ખાસ કરીને આખું વહીવટી તંત્ર પ્રામાણિકપણે અને સાચા હૃદયથી એમને મદદ ન કરે ત્યાં સુધી ગરીબાઈ કેવી રીતે હઠી શકે?

તથાપિ સમાજમાંથી વિષમતા પણ દૂર થઈ શકે અને સામાન્ય પ્રજાજનને એવી પ્રતીતિ થાય તો પણ એને સાચી લોકશાહીનો અનુભવ થાય. હું માનું છું કે સરકાર જો નીચે ગણાવેલાં પગલાં ભરે તો કશા પણ વધારાના ખર્ચ વિના દેશના ગરીબ પ્રજાજનને એ સમાનતાનો અનુભવ કરાવી શકે. માત્ર પૈસાને જ જોરે જે વિશેષ સુખ–સગવડ ધનિક લોકો ભોગવે છે તેના પર કાપ પડે, અને ધનિક લોકોને પણ સામાન્ય પ્રજાજનને જેવી અને જેટલી સુવિધા મળે છે તેવી અને તેટલી જ મળી શકે, તો ગરીબ વર્ગને જરૂર લાગવા માંડે કે પોતે એક સાચી લોકશાહીમાં જીવે છે. હું જે પગલાં સૂચવવા માગું છું તે નીચે પ્રમાણે છે :

(૧) ભારતની બધી રેલવેમાંથી ઉપલા વર્ગ–પ્રથમ, એરકન્ડિશન્ડ, વગેરે વગેરે–કાઢી નાખી એક જ વર્ગ રાખવો –ત્રીજો અથવા સામાન્ય કે જનતા. એને જ પહેલો કહેવો હોય કે સ્પેશિયલ કહેવો હોય – જે નામ આપવું હોય તે આપવાની છૂટ.

[નોંધ: પૈસાદાર વર્ગ, નેતાઓ, પ્રધાનો, બધાને ઊડીને જવું હોય તો જઈ શકે. સમયનો સવાલ જેને હોય તે પણ જઈ શકે. હું જાણું છું કે સરકારી અધિકારીઓ જ આ સૂચન હસી કાઢશે કે એનો વિરોધ કરશે; પણ સરકારે થોડી હિંમત બતાવવી પડશે. રેલવેને ખરી આવક ત્રીજા વર્ગની જ થાય છે, એટલે આવક ઘટવાનો સવાલ નથી. કદાચ વધારે ઉતારુઓનો સમાસ થઈ શકે ને આવક પણ વધે. સરકાર ઈચ્છે તો પોતાના અધિકારીઓને રાજી રાખવા એમનાં ભાડાં-ભથ્થાં વધારી આપે, પણ મુસાફરી તો આ સામાન્ય વર્ગમાં જ કરવી પડે. આવું પગલું ભરવાથી બીજો ફાયદો એ થશે કે હાલ ત્રીજા વર્ગના ઉતારુઓને જે હાલાકી ભોગવવી પડે છે તે ઘણી ઓછી થશે ને ઘણા ઓછા સમયમાં પરિસ્થિતિ સુધરશે, કારણ જોડો ક્યાં ડંખે છે તેની બોલકા અને સત્તા પર બેઠેલા લોકોને સમજ પડશે.]

(૨) સરકારી, અર્ધસરકારી, સરકારની મદદ લેતી કે મ્યુનિસિપલ – કોઈ પણ સાર્વજનિક ઈસ્પિતાલમાં સ્પેશ્યલ રૂમ કે વૉર્ડની રજા ન આપવી. એક જ વૉર્ડ - જનરલ વૉર્ડ–હોય અને બધાને સરખી જ સારવાર તથા સગવડ મળે.

[નોંધ: જેની આવક વધારે હોય તેની પાસેથી ફી લેવી હોય તો આવક પ્રમાણે લઈ શકાય; પણ સગવડનાં પ્રકાર અને પ્રમાણ સરખાં જ રહે. ધનિકો, અમલદારો, નેતાઓ, પ્રધાનો વગેરે ખાનગી દાક્તરની અને/અથવા ખાનગી ઈસ્પિતાલ કે નર્સિંગ હોમમાં સારવાર લઈ શકે. સરકારને અધિકારીઓનું અહં પોષવું હોય તો આવી ખાનગી સારવારની રજા આપે અને તેનું ખર્ચ –આખું કે અંશત: – પોતે મંજૂર કરે – જો કે એ ઈષ્ટ નથી. તથાપિ સાર્વજનિક ઈસ્પિતાલમાં તો એમને કશા વિશેષ અધિકાર ન જ મળે. આવું કરવાથી ઈસ્પિતાલોના કર્મચારીઓની વર્તણૂક સુધરશે, ગરીબોને સારી દવાઓ મળશે તથા એમના તરફ વધારે ધ્યાન અપાશે. કોઈ રોગ – દા. ત. ક્ષય કે દાઝેલાં માટે – જુદા વૉર્ડ રાખવા હોય તો રાખી શકાય, પરંતુ એ હોય તો જનરલ વૉર્ડ જ.]

(૩) સિનેમા જેવાં જાહેર મનોરંજનનાં સ્થળોમાં અને કાર્યક્રમોમાં એક જ વર્ગ હોય. બધાને બેસવા માટે એક જ પ્રકારની સગવડ અને એક જ દર. ટિકિટનો દર કેટલો રાખવો તે સિનેમા-માલિક નક્કી કરે. સરકાર ઈચ્છે તો એની ટોચમર્યાદા બાંધે.

[નોંધ: મનુષ્યસ્વભાવ એવો છે કે કોઈ પણ નવું સૂચન આવે તેનો એ પ્રથમ તો વિરોધ જ કરે છે. આ સૂચન માટે પણ એવું થવા સંભવ છે. "ટિકિટોનાં કાળાં બજાર થશે, સ્ત્રીઓને ગમે ત્યાં બેસવું પડશે" વગેરે વગેરે. કાળાં બજાર તો હાલ પણ થાય છે. સ્ત્રીઓ માટે ટિકિટનો દર વધાર્યા વિના અલગ સગવડ કરી શકાય.]

(૪) આ સૂચન જરા જુદા પ્રકારનું છે. એનાથી જે સમાનતા થશે તે વર્ગ વર્ગ વચ્ચે નહિ પણ રાજ્ય રાજ્ય વચ્ચે થશે. આમ છતાં, આ વાત કરવા જેવી છે ને મને ઈષ્ટ લાગે છે તેથી અહીં રજૂ કરી છે- તે એ કે સરકારમાં અને સરકારનો જેના પર કાબૂ હોય એવી બધી સંસ્થાઓમાં (હું તો એમ કહું કે બધા ઉદ્યોગોમાં તથા બધી પેઢીઓમાં પણ– પછી ભલે તે ખાનગી હોય) નીચામાં નીચા વર્ગના કર્મચારીના પગાર અને ઊંચામાં ઊંચા કર્મચારીના પગાર વચ્ચે નિશ્ચિત પ્રમાણ હોય. દાખલા તરીકે ૧ અને ૧૦નું કે ૧ અને ૨૦નું. કેટલું પ્રમાણ હોવું જોઈએ તે કેન્દ્ર સરકાર નક્કી કરે – પણ પ્રમાણ આથવા ગુણોત્તર (=રેશિયો) બધાં રાજ્યોમાં સરખો જ હોય. દાખલા તરીકે લઘુતમ પગાર એક સો હોય તો ગુરુતમ પગાર એક હજાર જ હોઈ શકે (જો રેશિયો ૧:૧૦ નો મંજૂર થાય તો), એથી વધારે નહિ.

[નોંધ: રાજ્યે રાજ્યે પરિસ્થિતિ જુદી હોય, જીવનધોરણ જુદું હોય, એ સમજી શકાય છે. તેથી લઘુતમ વેતન કે ગુરુતમ વેતન નહિ સૂચવતાં – ગુણોત્તર આથવા રેશિયોની જ હું હિમાયત કરું છું. આ પ્રમાણ ૧ અને ૧૦ ને બદલે ૧ અને ૨૦નું રાખવું હોય તો પણ રાખી શકાય – પણ કેન્દ્ર જ તે નક્કી કરે. લઘુતમ વેતન પ્રત્યેક રાજ્ય પોતાના સંજોગો મુજબ નક્કી કરે; ગુજરાતમાં ૧૦૦ હોય અને મહારાષ્ટ્રમાં ૧૫૦ પણ હોઈ શકે; તે જ મુજબ ગુરુતમ વેતનની રકમ જુદી જુદી હોઈ શકે. પણ બેની વચ્ચેનું પ્રમાણ તો બધે સરખું જ હોવું જોઈએ. આ પ્રમાણ આથવા રેશિયો નક્કી કરતી વેળા આપણા દેશની માથાદીઠ વાર્ષિક આવક નજર આગળ રાખવી.]

મારાં આ સૂચનો વાચનારને ગમશે કે નહિ તે ખબર નથી. એટલી જ વિનંતી છે કે પ્રથમ દૃષ્ટિએ અવ્યવહારુ લાગે તો પણ ફેંકી ન દેતાં શાંતિથી વિચારે. જેને વ્યવહારુ લાગે તે પ્રત્યેક (તંત્રી, લેખક, પત્રકાર, વાચક) ને વિનંતી કે બને તેટલો તેનો પ્રચાર કરે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીને અનુકૂળ હોય તો 'પ્રબુદ્ધ જીવન'માં તેની ચર્ચા પણ કરે.

કાન્તિલાલ શાહ

રમત, રાજકારણ અને સમાજ

બાળક નાનું હોય છે ત્યારે તેની માતા શેરીના અમુક છોકરા સાથે નહિ રમવાનું કહે છે. અમારી બા મોચી અને વાળંદના છોકરા સાથે હુતૂતૂ રમવાની ના પાડતી. ઘણાને અનુભવ હશે કે પાડોશમાં ઝઘડો થયો હોય ત્યારે "ગોદાવરીબેન" કે "જમનાબેન"ના દીકરા કે દીકરી સાથે રમવાની મનાઈ ફરમાવવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ રમતગમતો યોજાય ત્યારે આ મનાઈનું સ્વરૂપ મોટું બનીને દેખા દે છે. ૨૭૪૮ વર્ષ પહેલાં ઑલિમ્પિક રમતો શરૂ થઈ ત્યારે તેનો હેતુ આંતરરાષ્ટ્રીય શાંતિ અને ભ્રાતૃભાવ વધારવાનો હતો. ખેલાડીઓ ખેલદિલીથી રમે અને એ ખેલદિલીને કારણે પરસ્પર દેશો વચ્ચે સહકાર અને મૈત્રીનું વાતાવરણ જમાવવાની નેમ રહેતી હતી. પરંતુ રમતગમતને રાજકારણ સ્પર્ધા વગર રહેતું નથી.

૧૮૯૬ની ઑલિમ્પિક રમતો ગ્રીસના એથેન્સ ખાતે યોજાઈ ત્યારે શરૂની સ્પર્ધાઓમાં ગ્રીસનો એક પણ નાગરિક સુવર્ણચંદ્રક જીતી ન શક્યો ત્યારે ગ્રીસના રાજવી અને કુમારો પણ આકળા થઈ ગયા. છેલ્લે મેરેથોન દોડમાં (લગભગ ૨૬ માઈલ લાંબી) ગ્રીક નાગરિક જીતે તે માટે આવનવાં પ્રલોભનો મુકાયાં. એક ધનાઢ્ય રમતરસિયાએ મેરેથોન દોડ જીતનારને પોતાની પુત્રી પરણાવવાની પણ ઑફર કરી. અંતે જ્યારે ગ્રીક નાગરિક આ દોડમાં પ્રથમ આવ્યો ત્યારે ગ્રીસના બને રાજકુમારોએ પોતાના મોભાને કોરાણે મૂકીને દોડમાં પ્રથમ આવનારને પોતાના ખભા ઉપર તેડી લીધો હતો.

૧૯૩૬માં બર્લિન ખાતે યોજાયેલી ઑલિમ્પિક સ્પર્ધામાં હિટલરને નાઝીઓના બળનું પ્રદર્શન કરવાનો બહુ નાદ હતો. ઘણા ભપકા અને ઊંચા ખર્ચ સાથે હિટલરે ઑલિમ્પિકનો મેળાવડો યોજ્યો હતો. એ રમતો જોવા હિટલર, ગોરિંગ અને ગોબેલ્સ હાજર રહ્યા હતા. ૧૮૦ મીટર અને ૨૦૮ મીટરની દોડ અને લાંબા કૂદકાની સ્પર્ધામાં જર્મન ખેલાડીને મહાત કરીને મિ. જેસી ઓવન્સ નામનો એક અમેરિકન હબસી પ્રથમ આવ્યો ત્યારે હિટલરનો પિત્તો ગયો. હિટલરે અમેરિકનોને ચીઢમાં કહ્યું, "આવા કાળા અને દુર્જન માણસો સાથે તમારા સજ્જન ખેલાડીઓને શું કામ રમવા દો છો?" ઑલિમ્પિક રમતોમાં જીતનારને ચંદ્રકો વહેંચવાની ઘડી આવી ત્યારે ચંદ્રક એનાયત કરીને હાથ મિલાવવાના હોય છે. પણ હિટલરે જર્મન ખેલાડીને હરાવીને ચાર-ચાર સ્પર્ધામાં પ્રથમ આવનાર જેસી ઓવન્સ સાથે હસ્તધૂનન કરવાની ચોખ્ખી ના પાડી દીધી. "આવા અનાર્ય સાથે હું હાથ નહીં મિલાવું"!

રમતની કુશળતામાં ભગવાન ગોરી કે કાળી ચામડીમાં ભેદ રાખતો નથી. કુદરતની કરામત પણ જોવા જેવી છે. ૧૯૬૬ની સાલમાં કેટલીક આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ યોજાઈ તેમાં કેલિફોર્નિયાનો ટોમી સ્મિથ નામનો કાળી ચામડીવાળો અમેરિકન ટૂંકી દોડમાં પ્રથમ આવ્યો હતો. કેનિયાનો કિપચોજ કૈનો નામનો ખેલાડી ૧૫૦૦ મીટરની દોડમાં પ્રથમ આવ્યો હતો.

શ્રેષ્ઠ ક્રિકેટના ખેલાડી તરીકે નામના મેળવનાર ગેરી સોબર્સ કાળી ચામડીનો હતો અને તેને પરણનાર પણ ગોરી મહિલા છે. બ્રાઝિલનો હબસી મિ. પીલ ફૂટબૉલનો શ્રેષ્ઠ ખેલાડી પુરવાર થયો છે. બાસ્કેટબૉલના શ્રેષ્ઠ ખેલાડી તરીકે ફિલાડેલ્ફિયા અને બોસ્ટનના બે હબસીઓ હતા અને બેઝબૉલની રમતમાં સાનફ્રાન્સિસ્કોનો વિલી મેયઝ નામનો હબસી સૌથી વધુ ઉત્તેજક ખેલાડી પુરવાર થયો હતો. ક્રેસિયસ ક્લેનું નામ બોક્સિંગના રસિયાઓ સારી રીતે જાણે છે અને ક્લેએ બોક્સિંગની ચેમ્પિયનશિપ ઘણી વખત મેળવી હતી.

કુશાગ્ર બુદ્ધિ કે બાહુબળ આપવામાં કુદરત ભેદ રાખતી નથી તે આપણે ઉપર જોયું કે દક્ષિણ આફ્રિકા કે બીજા ઘણા દેશો આ વાસ્તવિકતા સ્વીકારતા નથી. ૧૯૬૦માં દક્ષિણ આફ્રિકાની લોકપ્રિય રમત ગોલ્ફમાં કાળા-ગોરાનો પ્રશ્ન આવી પડ્યો. સિવસંકર સિવગોલમ નામનો એક કાળો ખેલાડી ગોલ્ફમાં ખ્યાતનામ થઈ ગયો હતો. પણ ડર્બનમાં રમાનારી "ઓપન ચેમ્પિયનશિપ"માં તેને સ્થાન મળતું નહોતું. કેટલાક ગોરા લોકોને પણ સિવગોલમની કુશળતાને કારણે પેટમાં તેલ રેડાતું હતું અને એ કાળા માનવીનું પાણી ઉતારવા ઘડીભર તો કાળા-ગોરા માટેની અલગ અલગ રમતોના નિયમને નેવે મૂકીને તેને ગોલ્ફની સ્પર્ધામાં આમંત્રણ આપવાનું મન થયું.

દક્ષિણ આફ્રિકાના ગોલ્ફ યુનિયન નામના મંડળે છેવટે સિવગોલમને ચેમ્પિયનશિપ માટે ભાગ લેવા નોતરું આપવું પડ્યું, પણ તે પહેલાં તેણે સરકારની પરવાનગી લેવી પડી. કાળા લોકો માટેના ખાસ મેદાનમાં જ રમવાની તેને રજા મળી. આ બધાં અપમાનો ગળી જઈને પણ સિવગોલમે ગોલ્ફની રમતમાં ગોરાઓને હરાવવાના મનમાં ને મનમાં કસમ ખાધા હતા. આખું ડર્બન અગર કહો કે પૂરું દક્ષિણ આફ્રિકા રેડિયો અને ટેલિવિઝન ઉપર સિવગોલમ અને ગોરા હરીફો વચ્ચેની રમત નિહાળવા તૈયાર થઈ ગયા. ગોરા લોકોને ડર લાગ્યો કે સિવગોલમ જીતી જશે. એટલે ગોલ્ફના ચેમ્પિયનને જે ઈનામ અપાય છે તે ગોરાઓના ક્લબના મકાનમાં નહીં પણ મેદાનમાં આપાશે તેવી અગાઉથી જાહેરાત કરી દીધી. ગોલ્ફની રમત શરૂ થઈ અને રેડિયોની કોમેન્ટ્રી પણ ગોરા કોમેન્ટેટરે જોરશોરથી શરૂ કરી. બે ગોરા ખેલાડીને સિવગોલમે હરાવ્યા એટલે દક્ષિણ આફ્રિકાના એક પ્રધાનનો સંદેશો આવ્યો. રેડિયો ઉપરથી કોમેન્ટ્રી બંધ થઈ ગઈ. ટેલિવિઝનના કેમેરાની ચાંપ શાંત થઈ ગઈ. રમતને અંતે સિવગોલમે ૧૧૩ ગોરાઓને હરાવ્યા હતા પણ તે લોકોએ કેવી સજ્જડ હાર ખાધી તેના ખબર લોકોને રેડિયો કે વર્તમાનપત્ર દ્વારા મળ્યા જ નહિ!

આ તો માત્ર ગોરા-કાળાના ભેદની વાત થઈ. ઘણી વખત રાજકીય માન્યતાઓના ઓળા પણ ખેલાડીઓ ઉપર ઊતરતા હોય છે. ૧૯૬૪માં રશિયાના ટેનિસના ખેલાડી શ્રી એલેકસ મેત્રેવેલીએ દક્ષિણ આફ્રિકાના ટેનિસના ખેલાડી સામે રમવાની ના પાડી દીધી. પરંતુ દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિના વિરોધમાં નહિ પણ દ. આફ્રિકાનો એ ખેલાડી યહૂદી હતો એટલે જ મેત્રેવેલીએ રમવાની ના પાડી હતી.

પૂર્વ જર્મનીના ખેલાડીઓ જ્યારે પણ પશ્ચિમ જર્મનીના ખેલાડીને હરાવે છે ત્યારે તેમને પૂર્વ જર્મનીની સરકાર તરફથી વધારાનું રોકડ બોનસ મળે છે. કારણ કે 'મૂડીવાદી' માનસ ધરાવતા પશ્ચિમ જર્મનીને સમાજવાદી વિચારવાળું પૂર્વ જર્મની રમતમાં હરાવે તો જાણે તેની વિચારશ્રેણીનો વિજય થયો છે તેમ પૂર્વ જર્મનીના લોકો માને છે! હંગેરીના લોકોએ રશિયાના શાસન સામે બળવો કર્યો તે પછી ૧૯૫૬માં ઑસ્ટ્રેલિયામાં મેલબોર્ન ખાતે ઑલિમ્પિક રમતો યોજાઈ હતી. તે સ્પર્ધાઓમાં વૉટર-પોલો નામની રમતમાં હંગેરી અને રશિયાના ખેલાડીઓ વચ્ચે જ્યારે સ્પર્ધા જામી ત્યારે રશિયન ખેલાડીઓના કાન ફૂંકવામાં આવ્યા હતા કે "હંગેરીને વૉટર-પોલોમાં હરાવીને જ જંપજો." સામેથી હંગેરીના ખેલાડી પણ ગાંજ્યા જાય તેવા નહોતા. વૉટર-પોલોની એ રમતમાં શુદ્ધ રોમાંચને બદલે આ રમતમાં રાજકારણના વિવાદનો રોમાંચ અને ઉત્તેજના વધી ગયાં. પરિણામ એ આવ્યું કે રમતનું મેદાન એ લડાઈનું મેદાન બની ગયું. મોટા ભાગના ખેલાડીઓ લોહીલુહાણ થઈ ગયા હતા. હારની આણી ઉપર આવેલા રશિયન ખેલાડીએ એક હંગેરિયન ખેલાડીનું આખું મોં ચીરી નાખ્યું. એક ખેલાડીને સ્ટ્રેચરમાં લઈ જવો પડ્યો

હતો. આ રમતમાં અતે રશિયા હારી ગયું હતું. એવી જ રીતે યુગોસ્લાવિયા અને હંગેરીની ફૂટબૉલની મેચમાં રાજકારણ ઘૂસી ગયું એટલે એ ફૂટબૉલના મેદાનમાં ખેલાડીઓ ફૂટબૉલ નહિ પણ કુસ્તીની રમત રમતા હોય તેવો દેખાવ થઈ ગયો હતો!

રમતગમતમાં પોતાની ટીમ હારે ત્યારે તેને ઘણા દેશો રાષ્ટ્રની નાલેશી ગણે છે. ૧૯૬૮માં મેક્સિકો ખાતે આપણી હૉકી ટીમ હારીને આવી હતી ત્યારે ભારત સરકારના સંરક્ષણસચિવના અધ્યક્ષપણા હેઠળ આપણા ધબડકાની તપાસ કરવા એક સમિતિ નિમાઈ હતી. વડા પ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીએ પણ હૉકી ટીમની હાર બદલ રોષ વ્યક્ત કર્યો હતો. હંગેરીમાં આ રોષ માત્ર શાબ્દિક રહેતો નથી. ૧૯૫૪ની સાલમાં હંગેરીની ફૂટબૉલ ટીમ પશ્ચિમ જર્મનીની ટીમ સામે હારી ગઈ તે સમાચાર બુડાપેસ્ટમાં (હંગેરીનું શહેર) આવ્યા ત્યારે સેંકડો હંગેરિયનોની આંખમાં આંસુ આવી ગયાં હતાં. હંગેરીમાં રમતગમતનું એક અલગ મંત્રાલય હોય છે. તે મંત્રાલયના નાયબ પ્રધાનના ઘરની બારીઓ તોડી નાખવામાં આવી. હંગેરીના ફૂટબૉલ એસોસિયેશનના મકાનને આગ ચાંપવાના પ્રયાસો થયા હતા.

રશિયામાં લગભગ તે જ સાલમાં "શરીરસૌષ્ઠવ દિવસ" ઊજવાતો હતો અને રશિયન ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં જીત્યા હોવાના સમાચાર આવતા હતા ત્યારે લગભગ ૯૦,૦૦૦ પ્રેક્ષકોની સભામાં શ્રી કુશ્ચેવ અને શ્રી માલેન્કોવ પણ હાજર હતા. રશિયાની સેન્ટ્રલ સોવિયેત સ્પોર્ટ કમિટીના અધ્યક્ષ શ્રી રોમાનોવે ત્યારે કહ્યું હતું કે "આપણા ખેલાડીઓની રમતમાં થતી જીત એ આપણા સામ્યવાદી પક્ષના સિદ્ધાંતોના અમલને આભારી છે"(!)

લેખની શરૂઆતમાં જોયું કે નીચલા સ્તરનાં બાળકો સાથે સભ્ય સમાજનાં ઘણાં માબાપો પોતાનાં બાળકોને રમવાની ના પાડે છે. ૧૫૪૦ની સાલમાં ફ્રાન્સના ઉમરાવ લોકો સમાજના નીચલા સ્તરના લોકો સાથે રમવાની ના પાડી દેતા. ઈંગ્લાંડમાં ખાટકીઓ, પાઉરોટી બનાવનારા અને મોચીઓ સાથે બ્રિટનના ઉમરાવ લોકો ક્રિકેટ ખેલતા તે જોઈને ફ્રાંસના લોકોને નવાઈ લાગતી. જો કે બ્રિટનમાં પણ અમુક રમતો રમવાની કામદારોને ના પાડવામાં આવતી હતી. માત્ર નાતાલના બાર દિવસોમાં જ કામદારો તેમના માલિકના કમ્પાઉન્ડમાં રમી શકતા. તે પછીના સમયમાં રમત રમનારો કામદાર પકડાય તો તેનો ૨૦ શિલિંગ દંડ થતો. સૌરાષ્ટ્રમાં ઘણા સમય સુધી હરિજનો ગરાસદારોની નજર સામે ઘોડેસવારી કરી શકતા નહિ. ૧૬૮૨ની સાલમાં ઈંગ્લાંડના એક ઉમરાવ જેમ્સ બીજાએ એક મોચી સાથે ગોલ્ફની રમત ખેલી હતી ત્યારે એ રમતમાં હજારો શિલિંગનો જુગાર રમાયો હતો. રાજા હારી ગયો હતો. આ મોચીને મળેલા ઈનામની રકમમાંથી જે ઘર બંધાવ્યું તેને જોઈને હજી પણ સ્કૉટલૅન્ડમાં ઘણા લોકો એ પ્રસંગને યાદ કરે છે.

મહિલાઓને નીચી ગણીને શરૂઆતમાં તેમને ઑલિમ્પિક રમતોમાં સ્થાન મળ્યું નહોતું. એટલી હદે મહિલાઓને બાકાત રખાઈ હતી કે ઑલિમ્પિક રમતો જોવાની પણ તેમને છૂટ નહોતી! ૧૮૯૬ની ઑલિમ્પિક રમતોમાં મહિલાઓ પ્રેક્ષક તરીકે આવી શકી હતી. પેરિસમાં ૧૯૦૦ની સાલમાં ઑલિમ્પિક યોજાઈ તેમાં માત્ર છ મહિલાઓ હતી. હેલસિન્કી (ફિનલૅન્ડ) ખાતે ૧૯૫૨માં યોજાયેલ ઑલિમ્પિકમાં આ સંખ્યા વધીને ૪૬૮ની થઈ હતી. અત્યારે મ્યુનિકમાં ૧૨૬ દેશોના ૧૨૦૦૦ ખેલાડી ભાગ લઈ રહ્યા છે તેમાં દસ ટકા મહિલા હરીફો છે.

ડૉ. કોનરાડ લૉરેન્જ નામના જર્મન ડૉક્ટર કહે છે કે આધુનિક યુગના માનવીને તેન આક્રમક સ્વભાવની ગરમી બહાર કાઢવાનો પૂરો મોકો મળતો નથી. હાલની રમતગમત દ્વારા આ આક્રમણનો મોકો મળી રહે છે. પેરુ, આર્જેન્ટિના અને ઉરુગ્વેના દેશોમાં ફૂટબૉલની મેચ રમાતી હોય ત્યારે હુલ્લડની પોલીસ મેદાન પાસે જ ખાડા ગાળીને ટીયર-ગેસના ટોટા લઈને તૈયાર ઊભી હોય છે. કોઈ એક ટીમ હારી જાય ત્યારે હારી જનાર ટીમનો ટેકેદાર પ્રેક્ષક ઘરે જઈને તેની પત્નીને મારતો હોવાના કિસ્સા પણ બને છે. આક્રમક સ્વભાવની અજમાયશ ફૂટબૉલનો ખેલાડી મેદાન ઉપર કરે છે અને તેમાં રસ લેનારો જ્યારે પોતાની ટીમ હારી જાય ત્યારે તે આ મણની ગરમી પત્નીને માર મારીને ઉતારે છે! હંગેરીમાં તો શનિવારની રાત્રિએ ઘણી સ્ત્રીઓ પ્રાર્થના કરતી હોય છે કે તેના પતિની ટીમ જીતી જાય! જો પતિ સારો મિજાજ લઈને ઘરે આવે તો સમજવું કે તેની ટીમ જીતી છે.

માત્ર પત્નીઓ જ નહિ, બ્રિટનમાં તો ફૂટબૉલની મેચમાં હાર થાય ત્યારે ઘરે પાછા ફરતા પ્રેક્ષકો ટ્રેનના ડબ્બાની ગાદીઓ ચીરી નાખે છે અને કાચની બારીઓ તોડી પાડે છે. બ્રિટનને આ પ્રકારે દર વર્ષે રૂા. ૧૧ લાખનું નુકસાન થાય છે.

ઘણી વખત લઘુતાગ્રંથિથી પીડાતા દેશને રમતમાં મળતા વર્ચસને કારણે ગૌરવ પ્રાપ્ત થાય છે. ઉરુગ્વે માટે કહેવાય છે કે એ નાનકડા દેશનો કોઈ ઈતિહાસ નથી, પણ તેની પાસે વિશ્વમાં શ્રેષ્ઠ એવી ફૂટબૉલની ટીમ છે. મ્યુનિક ખાતે જો પાકિસ્તાનની હૉકી ટીમ ભારત સામે જીતી જશે તો તેને જરૂર બંગલા દેશમાં ખાધેલી હારની ફઝ વળી જશે!

ક્રાન્તિ ભટ્ટ

સંઘ–સમાચાર

લાઈફ–મેમ્બરો

સંઘના લાઈફ-મેમ્બરોનાં ૨૩ નામો અગાઉ પ્રગટ થઈ ચૂક્યાં છે. ત્યારબાદ નવા બે મેમ્બરો થયા છે તે બે નામો આ પ્રમાણે છે:

(૧) શ્રી દેવચંદ રવજી ગાલા
(૨) શ્રી મોહનલાલ કેશવલાલ શાહ, મુલુંડવાળા.

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન મોટી સંખ્યામાં સંઘને લાઈફ-મેમ્બરો મળે એવી અમારી અપેક્ષા અને વિનતિ છે.

સભ્યોનું લવાજમ

જે જે સભ્યોનું ચાલુ વર્ષ ૧૯૭૨ના વર્ષનું લવાજમ બાકી છે તેમને વ્યાખ્યાનમાળા દરમિયાન પોતાના લવાજમના રૂપિયા ૧૦ ભરી દેવા વિનતિ કરવામાં આવે છે.

જે સભ્યોને અંક મોડો મળતો હોય તેમને પોતાના રેપરો કાર્યાલય પર મોકલવા વિનંતી છે, જેથી પોસ્ટમાં ફરિયાદ નોંધાવી શકાય.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

આપણો સાહિત્યવારસો

આપણા સાહિત્યવારસાના અંશરૂપ પાંચ પુસ્તકોનો પહેલો સેટ ૧૯૭૩ના પ્રજાસત્તાક દિને ૨૬મી જન્યુઆરીએ પ્રગટ થશે. કુલ ૭૫૦ પાનાંનાં પાંચ પુસ્તકોની કિંમત આજના બજારભાવે રૂા. ૨૦ જેટલી થાય, પરંતુ ઓછામાં ઓછી દસ સેટની આગોતરી વરધી નોંધાવનારને તે રૂા. ૨૦ને બદલે રૂા. ૬ની નજીવી કિંમતે મળી શકશે એવી લોકમિલાપ ટ્રસ્ટની યોજના છે. તો આપણે ત્યાં સંઘના કાર્યાલયમાં અગાઉથી રૂા. ૬ ભરનારને એવો એક સેટ પણ એ જ કિંમતમાં મળી શકશે. તો ૧૦મી સપ્ટેમ્બર પહેલાં આના માટે નાણાં ભરી નામો નોંધાવવા વિનતિ છે

પન્નાલાલ પટેલ ષષ્ટિપૂર્તિ સાહિત્ય યોજના

આ યોજના હેઠળ ૧૯૭૩ના પ્રારંભમાં પન્નાલાલનાં ચાર પુસ્તકોનો એક સેટ પ્રસિદ્ધ થશે. બજારભાવે રૂા. ૨૮થી ૩૦ની કિંમત ધરાવતો આ સેટ અગાઉથી ૧૫ સપ્ટેમ્બર, ૧૯૭૨ પહેલાં પૈસા ભરી ગ્રાહક થનાર વાચકોને માત્ર રૂા. ૧૦ની કિંમતે આપવામાં આવશે, એમ એ સમિતિના મંત્રી જણાવે છે. તેમનું સરનામું છે: શ્રી દેવેન મલકાણ, ૧૧-૧૭૬, આઝાદનગર, જયપ્રકાશ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૫૮

☆ સૂર્ય વંદના ☆

कल्याणानां त्वमसि महसां भाजनं विश्वमूर्ते ।
धुर्यां लक्ष्मीमिह मयि भृशं धेहि देव प्रसीद ।
यद्यत् पापं प्रतिजडि जगन्नाथ नम्रस्य तन्मे
भद्रं भद्रं वितर भगवन् भूयसे मङ्गलाय ।।

માલતીમાધવ–પ્રથમાંક-શ્લોક ૫.

અર્થ: હે વિશ્વમૂર્તિ! તમે કલ્યાણમય તેજના ભાજન એટલે કે પાત્ર છો. મને પ્રસન્ન થઈને, ધુરીણ એટલે કે ઉત્તમ લક્ષ્મી સારી પેઠે આપો. નમ્ર એવા મારું જે જે પાપ હોય તેનો નાશ કરો. હે ભગવાન! અત્યંત મંગલને અર્થે તમે જે જે ભદ્ર અને ભદ્ર જ હોય, તે મને આપો.

કવિ ભવભૂતિના સંસ્કૃત નાટકનો આ શ્લોક, એ ઉદય પામતા સૂર્યનું નાનું શું સ્તોત્ર–સ્તવન છે. સૂર્ય ભગવાનની અહીં 'વિશ્વમૂર્તિ'-રૂપે ઉપાસના છે. સૂર્યને એ સંબોધન શા માટે? કારણ તે વિશ્વ-વ્યાપી છે–વિશ્વરૂપ છે. સૂર્યનાં અહીં બીજાં બે નામ યાદ કરવા જેવાં છે: જે પરોક્ષ રીતે, આ સર્વવ્યાપકતાને કહે છે. એક નામ છે સવિતા અથવા કહો કે પ્રસવિતા: બીજું, પૂષન્. સૂર્ય જીવમાત્રના પ્રસવના કર્તા એટલે કે જન્મદાતા હોઈ તે સવિતા છે. તો જીવમાત્રનો નિર્વાહ–પાલનપોષણ કરનાર હોઈ તે પૂષન્ છે. આમ સૂર્યનારાયણ જગતના જનક હોઈ સર્વાત્મક છે. જેનું આવું અને આટલું પ્રભુત્વ હોય તે 'વિશ્વમૂર્તિ' એવા પ્રભુનું જ સ્વરૂપ લેખી શકાય ને? ગીતામાં પ્રભુને વિશ્વમૂર્તિ કહ્યા છે.

કવિ એવા સૂર્યદેવને કલ્યાણમય તેજના ભંડાર, પાત્ર કહે છે. કલ્પી જુઓ! લાગટ હેલીના દિવસોમાં સૂર્ય વિનાની, ભેજભરી આ પૃથ્વી! આપણે સૂર્યનારાયણનું દર્શન કેટલું ઝંખીએ છીએ! આ વિરાટ બ્રહ્માંડમાં આવેલું જગત! અગાધ અને અફાટ છતાં, તેના એક ટીપકલ્પ સમું છે. ઘન અંધકારના ફેંડણહાર સૂર્ય વિના, તેના શા હાલ? ઝળહળતા સુવર્ણસમો સૂર્ય, એ ટીપનો દીપ છે. તેજનો ભંડાર હોઈ તે દીપ્તમૂર્તિ છે.

અને તેથી જ કવિને મન, આ સમગ્ર જગતને અજવાળનાર સૂર્યનું તેજ કલ્યાણમય છે. કારણ પ્રાણીમાત્રને તે પ્રાણદાયી–સંજીવનદાયી છે. દાહક–વિનાશક નથી.

આવા તેજોરાશિ સમક્ષ કવિ બીજી પંક્તિમાં યાચના કરે છે! હે દેવ! પ્રસન્ન થાઓ. શું કામ? વરદાન આપો. શેનું? બહુબહુ પ્રકારની એવી ઉત્તમ લક્ષ્મીની કૃપાનું. જે લક્ષ્મી ચંચલ છે, તે નહિ. પણ કોઈક એવી લક્ષ્મી કે જે અવિચલ હોઈ, આત્માની રિદ્ધિરૂપ બને. વળી હોય ધુરીણ એટલે કે શ્રેષ્ઠસમર્થ. કવિને તેવી લક્ષ્મીની ભાવના છે.

પણ તેવી શ્રેષ્ઠસમર્થ લક્ષ્મીની પ્રાપ્તિ કોને થાય? સુપાત્રને જ. તેથી કવિ કંઈક વિશેષ માગે છે. એ પાત્રતા એટલે કે યોગ્યતા, કોઈ ભૌતિક પ્રકારની–ઐહિક જગતની નહિ; તે છે આત્મિક શક્તિ. જે સંભવે, પાપની મલિનતા દૂર થતાં. કવિ તેને મિટાવવા સૂર્યને વિનતિ કરે છે; હે દેવ! મારાં જે જે પાપ હોય તેનો નાશ કરો. એ પાપ દૂર કેમ થાય? મનુષ્યમાં નમ્રતા આવે, અહંકાર ટળે ત્યારે. કારણ, 'પાપ મૂલ અભિમાન.' બધાં પાપો પાછળ જીવની અહંવૃત્તિ પડેલી છે. કવિ પહેલાં નમ્રતા ધરીને, પછી પાપ નિવારવા યાચના કરે છે. આ નમ્રતા નિર્મળતા પ્રેરે; તેમાંથી કલ્યાણબુદ્ધિ જન્મે. જે શુભ હોય, મંગલ હોય.

કવિ ચોથી પંક્તિમાં એ કલ્યાણનો મહિમા કરવા બે વાર 'ભદ્રં ભદ્રં' ચૂકે છે. કવિનો હેતુ આ કલ્યાણનું સ્વરૂપ કથવાનો છે. જેમાંથી કેટકેટલાં મંગલો સ્ફુરે, તેવું તેનું રૂપ છે. કવિ આર્જવથી–સરલ ભાવે તેવા મંગલ કલ્યાણની કામના કરે છે. તે અર્થે, સૂર્યને નમસ્કાર, સ્તવન, યાચના છે.

આપણે પુરાણકાળથી તેજ શબ્દને કેટકેટલી ભાવનાના પ્રતીક-રૂપે પિછાનીએ છીએ! તેજ એટલે બુદ્ધિ, શક્તિ, જ્ઞાન, જીવન, સમગ્ર ઈષ્ટ અને સર્વોપરી તો ચેતનાનું તે પ્રતીક છે. એવાં અજરાં તેજોના રાશિ ભગવાન સૂર્યને અહીં વંદના કરેલી છે.

આ શ્લોકનું પઠન ચિત્તને પ્રભાવિત કરે તેવું છે. તેનો ગંભીર અને ગૌરવભર્યો શબ્દઘોષ, તેવા ભાવને જગાડનારો છે. 'જે જે પાપ' ને 'ભદ્રં ભદ્રં' ને બેવડાવીને કવિએ ભાવને ઉત્કટ કર્યો છે; તો વળી, ઉત્તમ, સારી પેઠે, ખૂબ વ. જેવા શ્રેષ્ઠતાવાચક અને બહુલતાવાચક શબ્દો પણ. કવિના ભાવનો ઉદ્રેક એટલે કે અતિશયતાને સાધે છે. જાણે કવિના ઉપાસનાઆતુર હૃદય ઉપર, આ તેજોરાશિ મહાન સત્ત્વનો પ્રભાવ પડ્યો ન હોય!

કવિએ મંદાક્રાન્તા જેવા ભાવભાર્યા છંદમાં, આ બધું સિદ્ધ કર્યું છે. પંક્તિને આરંભે હળુહળુ અને પછી ભાવઊર્મિમટતી ગતિવડે, ઉપાસનાની ગંભીરતા અને સ્તવનની ભાવોદ્રેકતાને ઘૂંટી છે. એમ કરીને ભવ્યતાની એક પ્રભાવક ચમક અર્પી છે.

પ્રભાતકાળે સૂર્યોદયને શુભ પહોરે, આ શ્લોકનું રટણ ચિત્તમાં ઉદાત્તપણાનું બળ ભરે, તેવું તેમાં કવિત્વનું ઉમદા ઐશ્વર્ય છે.

હીરાબહેન ર. પાઠક

ઘાટકોપર સ્થાનકવાસી જૈન સંઘ : પર્યુષણ વ્યાખ્યાનમાળા

ઘાટકોપર પર્યુષણ વ્યાખ્યાનમાળા સમિતિના મંત્રીઓ જણાવે છે કે ઘાટકોપર સ્થાનકવાસી જૈન સંઘના આશ્રયે, ઉપાશ્રયના કમ્પાઉન્ડમાં, ઉપાશ્રય લેન, ઘાટકોપર, તા. ૫–૯–'૭૨ થી ૧૧–૯–'૭૨ એમ સાત દિવસ માટે વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે છે :

વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય	પ્રમુખ
તા. ૫–૯–'૭૨ પં. દલસુખભાઈ માલવણિયા	ધર્મની ઉદાસીનતા શાને?	ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી
તા. ૬–૯–'૭૨ ડૉ. પ્રાણજીવન મહેતા	ધર્મમાં આરોગ્યનું સ્થાન	શ્રી ન્યાલચંદ મૂળચંદ શેઠ
તા. ૭–૯–'૭૨ શ્રી ઈશ્વર પેટલીકર	ધર્મ અને સામાજિક જીવન	ડૉ. રમેશ જાની
તા. ૮–૯–'૭૨ ડૉ. ધૈર્યબાળા વોરા	આજની શિક્ષણપ્રથા	શ્રીમતી યશોદાબહેન પટેલ
તા. ૯–૯–'૭૨ પ્રો. તારાબહેન શાહ	હરિભદ્રસૂરિ કૃત "સમરાઈચ્ચકહા"	પ્રો. ઉષાબહેન મહેતા
તા. ૧૦–૯–'૭૨ ડૉ. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી	સમતા	પ્રિ. જે. વી. શાહ
તા. ૧૧–૯–'૭૨ શ્રી વાડીલાલ ડગલી	સ્વતંત્રતાનું સરવૈયું	શ્રી મોહનલાલ મહેતા (સોપાન)

વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન શ્રી ગિજુભાઈ ઉમિયાશંકર મહેતા કરશે અને સ્વાગતપ્રમુખ શ્રી દુર્લભજીભાઈ કેશવજી ખેતાણી છે.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ સપ્ટેમ્બર ૧૬, ૧૯૭૨ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

બુદ્ધિનો વ્યભિચાર

મહારાષ્ટ્ર સરકારે દારૂબંધી રદ કરી (તેમના કહેવા પ્રમાણે હળવી કરી) તે સંબંધે 'ઇલસ્ટ્રેટેડ વીકલી'ના તા. ૨૭-૮-૭૨નો અંકમાં તેના તંત્રી શ્રી ખુશવંતસિંગે જે લખ્યું છે તે અહીં અનુવાદમાં આપું છું:

"મને ઘણી વખત વિચાર આવ્યો છે કે દારૂ પીવાના મારા હક્કની સ્વતંત્રતા માટે મારે વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવો. એક હાથમાં બાટલી અને બીજા હાથમાં દારૂબંધીવિરોધી ધ્વજ ફરકાવતો, શહેરના મુખ્ય માર્ગ ઉપર હું લટાર મારતો લલકારું,

સોડા, બરફ, વ્હીસ્કી દો,
નહિ તો ગાંધી છોડ દો.

પછી પધરામણ લગાવી, રસ્તાનો ચોકમાં બેસી, વાહન-વ્યવહાર અટકાવી દઉં અને પોલીસ મને હાથકડી કરી, જેલ લઈ ન જાય ત્યાં સુધી દારૂની પ્યાલીઓ ગટગટાવવાની વિધિ ચાલુ રાખું.

મહારાષ્ટ્ર સરકારે દારૂબંધી રદ કરી, પ્રથમ બોટલવાલા શહીદ થવાની મારી મહેચ્છાનો ચૂરા કર્યા છે.....

છતાં એક સિદ્ધાંતનો વિજય થયો છે. કોઈ વ્યક્તિએ શું ખાવું - પીવું કે શું ન ખાવું - પીવું તે વિશે કાંઈ કહેવાનો બીજી વ્યક્તિને અધિકાર નથી. દારૂબંધીવાળા પારકી પંચાત કરનારા વાતડાહ્યા, બીજાને હેરાન કરવાવાળા અને આનંદના દુશ્મન છે. એ એવા માણસો છે કે તેઓ પીતા હોય તોય તેમની સાથે પીવું ન ગમે. એવાનો હવે નાલક વિચાર કરવો નહિ પડે તેથી મને આનંદ થાય છે. દારૂના વ્યસનને કાબૂમાં લાવવા દારૂબંધી રદ કરી છે એવી વાતમાં કાંઈ વજૂદ નથી. નબળા મનના માણસો માટે કરેલ દારૂ-બંધીના કાયદાથી પ્રજામાં ત્રણ વર્ગો પડી જાય છે, ભીના, સુક્કા અને દંભી.

શાસક કૉંગ્રેસવાળા જે હજ ઓમ કહે છે કે તેમણે દારૂ-બંધીની નીતિ તજી નથી, તે લોકોને દંભ કરતાં પણ આવડતું નથી.

દારૂ હવે છૂટથી મળશે તે સાથે તે સસ્તો મળે તેમ કરવું જોઈએ. દારૂ બહુ મોંઘો રહેશે તો દારૂબંધીના અનિષ્ટો – ગેરકાયદે દારૂ ગાળવો, ચોરીથી વેચવો અને હલકો દારૂ પીવો – ચાલુ રહેશે.....

આપણામાંના ઘણાને, દારૂ મોંઘો હોવાથી, રાજદૂતો અને પોતાનાં કાળા નાણાંથી વિદેશી વ્હીસ્કી પ્રાપ્ત કરતા માલેતુજા-રોનો આશરો લેવો પડતો. હવે પારકાને પૈસે દારૂ પીવાનો આનંદ માણવાની જરૂર નહિ રહે, આપણા ખરચે આનંદ કરશું.

દારૂના ધંધાનું ભાવિ ઉજ્જવળ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આપણા ખેડૂતો દ્રાક્ષનું વાવેતર કરે છે. આમાંની ઘણી સડી જાય છે. હવે આપણા ખેડૂતોને દારૂ બનાવતાં શીખવશું. તે ઘણું સહેલું છે. તેમાં કાંઈ બહુ આવડતની જરૂર નથી અને આપણે ત્યાં સૂર્ય-પ્રકાશ એટલો સારો છે કે દર વર્ષે મોટા પ્રમાણમાં દ્રાક્ષ પેદા કરશું."

'ઇલસ્ટ્રેટેડ વીકલી'માં આ છપાયું છે તે મેં જાતે વાંચ્યું ન હોત તો કોઈ બુદ્ધિશાળી આવું લખી શકે તે હું માનત નહિ. ભગવાને માણસને બુદ્ધિ આપી છે, તે બેધારી તલવાર છે. પોતાના દુર્ગુણો અને વ્યસનોનો બચાવ કરે એટલું જ નહિ પણ તે જાણે સદ્ ગુણ હોય તેમ પોતાની જાતને મનાવે અને છાપાના તંત્રી હોય તો છાપે. બુદ્ધિનો આવો વ્યભિચાર ભયંકર છે. માણસમાં નિર્બળતા હોય તેનો ખેદ હોય. તેને દૂર કરવાનો પ્રયત્ન કરે. પણ તેમાં બહાદુરી માનવી અને દારૂ પીવાના હક્કની સ્વતંત્રતા –Freedom of right to drink liquor–એવો દાવો કરવો તે માન-સિક વિકૃતિની પરાકાષ્ઠા છે. દારૂ પીવો એ જાણે કોઈ મૂળભૂત હક્ક હોય અને તેમાં વિક્ષેપ નાખવાનો કોઈને અધિકાર નથી એવું કહેનારને માનસિક રોગનો દરદી છે એટલું જ કહેવું પડે. એમને જેટલો દારૂ પીવો હોય તેટલો પીએ અને ભરબજારે નાચવું હોય તો નાચે તેવી સ્થિતિ તેમને મુબારક હો. પણ એક બહુ બહોળો ફેલાવો પામેલ વર્તમાનપત્રમાં તેની હિમાયત કરવાનો તેમને કોઈ અધિ-કાર નથી અને જે સ્થાન પોતે ભોગવે છે તેનો ભારે દુરુપયોગ છે, અત્યાચાર છે. શ્રી ખુશવંતસિંગ મોટા પૈસાદાર છે, કરોડ-પતિ છે, સારા લેખક છે, વ્યક્તિ તરીકે ઘણા મિલનસાર અને સાદા છે. બુદ્ધિશાળી કે શિક્ષિત લોકોને ભ્રમ હોય છે કે તેમને કાંઈ સલાહ આપવામાં આવે તો તેમની સ્વતંત્રતા ઉપર જાણે તરાપ પડતી હોય એક બહુ મોટા વકીલ, જેઓ દારૂ પીએ છે તે મને ઘણી વખત કહે કે અમને સુધારવાવાળા બીજા વળી કોણ? દારૂબંધીને નિષ્ફળ બનાવવામાં આવા શિક્ષિતો અને પત્રકારોનો મોટો ફાળો છે. તેમણે દેશને અને ખાસ કરીને ગરીબોને જે મોટી હાનિ કરી છે તેનો તેમને પણ ખ્યાલ નહિ હોય. આવા ખોટા પ્રચારથી જે ભ્રમજાળ એમણે પેદા કરી છે તેમાંથી સામાન્ય માણસ છૂટી શકતો નથી.

આ વિષયે ગાંધીજીએ જે કહ્યું છે તે ફરી યાદ કરવા જેવું છે. શ્રીમદ્ રાજચંદ્રની એક જયન્તી પ્રસંગે શ્રીમદે જે દયાધર્મ શીખવ્યો છે તેનું વિવેચન કરતાં, પોતાનો દીકરો દારૂ પીતો હોય તો તેમનો દયાધર્મ તેમની પાસે શું કરાવે તે તેમણે જણાવ્યું છે:

"આપણે માની લઈએ કે મારો દીકરો દારૂ પીએ છે, બીડી પીએ છે, વ્યભિચારી છે, તે મારી પાસે પૈસા માગે છે. આજ સુધી તો તેણે માગ્યા તેમ મેં આપ્યા, કારણ હું આંધળો બાપ હતો. હું રાયચંદભાઈના પ્રસંગથી શીખ્યો કે પોતે તો દારૂ-બીડી ન જ પીવાં જોઈએ, વ્યભિચાર ન જ કરવો જોઈએ પણ બીજાનેય તેમાંથી ઉગારી લેવા જોઈએ. એટલે મારો ધર્મ છે કે હું મારા દીકરાને પૈસા ન આપું, તેના હાથમાં દારૂની પ્યાલી જોઉં તો મારે તે ઝૂંટવી લેવી જોઈએ. મને ખબર પડે કે અમુક પેટીમાં

તે દારૂ રાખે છે તો મારે તે પેટી બાળી નાખવી જોઈએ. એમ કરવાથી છોકરાને તો જરૂર આઘાત પહોંચશે. મને એ ક્રૂર બાપ માનશે. દયાધર્મ સમજનાર બાપ પુત્રને આઘાત પહોંચે તેથી ડરતો નથી, પુત્રના શાપથી ગભરાતો નથી. દયાધર્મ – પરોપકાર-ધર્મ – તો એવા પ્રસંગમાં સૂચવે છે કે તેના હાથમાંથી દારૂની બાટલી છીનવી લેવી. બળાત્કાર કરીને તેના હાથમાંથી હું તે પડાવી ન લઉં, પણ મને ખબર પડે કે અમુક ઠેકાણે તે દારૂ રાખે છે તો ત્યાંથી લઈને હું તેને જરૂર ફોડી નાખું.''

એક આત્માર્થીનો સૂક્ષ્મ દયાધર્મ અને દારૂ પીવાના પોતાના માની લીધેલા હક્કનું સમર્થન કરતા એક શિક્ષિતની બુદ્ધિની ચાલાકીમાં કેટલું અંતર હોય છે અને કેવાં પરિણામ આવે છે તે આ બે અવતરણોથી જોવા મળે છે. વર્તમાનમાં સ્વતંત્રતાને નામે (એ સ્વચ્છંદ છે) દુર્વ્યસનોનો બચાવ વ્યાપક થઈ પડ્યો છે; કોઈ કોઈને કહી શકે એવી સ્થિતિ રહી નથી. 'बुद्धिनाशात् प्रणश्यति'- વિનાશ છે.

૮-૯-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

પ્રકીર્ણ નોંધ

હિંસાની વ્યાપકતા

સંવત્સરીના પવિત્ર દિવસે, ક્ષમાપનાનો મહામંત્ર ઉચ્ચાર્યો:

સર્વ જીવોને હું ખમાવું છું; સર્વ જીવો મને ક્ષમા કરે;

સર્વ પ્રાણી પ્રત્યે મારી મૈત્રી હો; કોઈ પ્રત્યે મને વૈરભાવ ન હો

ત્યારે, અંતરમાંથી અવાજ ઊઠ્યો કે ક્યાં આ ભવ્ય આદર્શ અને ક્યાં વર્તમાન વાસ્તવિકતા. મનમાં સવાલ ઊઠ્યો, આમ કેમ છે? ચારે તરફ હિંસા વધની જય છે, દુનિયામાં અને આપણા દેશમાં. જીવનના બધા વ્યવહારમાં, માનસિક, વાચિક અને કાયિક હિંસા સભર ભરી છે. જરા પણ નિમિત્ત મળતાં ભભૂકી ઊઠે છે. આપણે પણ એમ માનતા થયા છીએ કે આમ જ હોય, આમ જ રહેવાનું. કોઈ ઉપાય સૂઝતો નથી.

વિયેટનામમાં ઘોર અત્યાચારો અને વિનાશ સર્જાઈ રહ્યો છે. અમેરિકન સરકાર - નિકસન અને તેના સાથીઓના પાપની સીમા નથી. ખુદ અમેરિકન નિરીક્ષકોએ જે અહેવાલો આપ્યા છે તેથી દિલ કંપી ઊઠે છે. ઉત્તર વિયેટનામમાં તો ભયંકર તારાજી સર્જી છે પરંતુ દક્ષિણ વિયેટનામ, જેના રક્ષણ માટે આ બધું થઈ રહ્યું છે તેનો પણ એવો જ વિનાશ થઈ રહ્યો છે. આ બધું શા માટે? માત્ર અમેરિકાની પ્રતિષ્ઠા માટે. તેના ગર્વની સીમા નથી. પ્રેસિડન્ટની ચૂંટણી આવે છે. નિકસન ચૂંટાઈ આવશે. અમેરિકન પ્રજાનો મિજાજ શું છે? 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'નો ખબરપત્રી કામટ લખે છે:

America's mood is dark and ugly and the voice of the liberal is all but drowned. The country is not ready to face facts. My country, right or wrong. The saddest part of the story is that even the press is getting scared of challenging the establishment.

અમેરિકન પ્રજાને પોતાને આથી મોટી હાનિ થઈ રહી છે. તેના જીવનમાં હિંસા એટલી વ્યાપી રહી છે કે ન્યુ યૉર્ક અથવા વૉશિંગ્ટન જેવા શહેરમાં સાંજના સાત વાગ્યા પછી કોઈ સ્ત્રી એકલી બહાર નીકળી ન શકે.

મ્યુનિકમાં પૅલેસ્ટાઈનના આરબ ગેરીલાઓએ ઈઝરાયલના ખેલાડીઓના જાન લીધા. કેટલું પૂર્વયોજિત? આ ગેરીલાઓમાં કોઈ એન્જિનિયર થઈને આવ્યો, કોઈ માળી થઈને. જર્મન પોલીસે પણ કેવો માર્ગ લીધો? ઈઝરાયલના ખેલાડીઓને બચાવવા છટકું કર્યું તો તુરત જ ભોગ લેવાયો. હવે ઈઝરાયલ ચેર વાળી રહ્યું છે. ગેરીલાઓનાં મથકો ઉપર બૉમ્બમારો થઈ રહ્યો છે. આરબ રાજ્યો – એક જૉર્ડન સિવાય – મૌન છે.

આપણા દેશમાં જોઈએ તો તાજેતરમાં પટના યુનિવર્સિટીમાં એક નાના બનાવમાંથી તોફાનો ફાટી નીકળ્યાં. વિદ્યાર્થીઓ ભાન ભૂલ્યા, પોલીસ પણ ભાન ભૂલી, બેફામ ગોળી ચલાવી.

ગુજરાતમાં ખાંડની વહેંચણી આસમાન છે માટે વસોમાં દરબાર ગોપાળદાસના પુત્રે 'સત્યાગ્રહ' શરૂ કર્યો. તોફાનો, ગોળીબાર, લૂંટફાટની પરંપરા ચાલી. રાજકીય પક્ષો આવી પરિસ્થિતિનો લાભ લેવા નીકળ્યા.

સમાજનો કોઇ વર્ગ આ રોગમાંથી મુકત નથી. મજૂરો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, રાજકીય આગેવાનો, બધા ય મગજની સમતુલા ગુમાવી બેઠા હોય એવું લાગે. શોષિત વર્ગના આ હાલ છે તો શોષક વર્ગની છૂપી હિંસા જુદા પ્રકારની છે. પરિગ્રહ અને ધનસંચયની તેની લાલસા અને તેને કારણે વ્યાપક ભ્રષ્ટાચાર ઈર્ષાનો દાવાનળ સળગાવે છે.

પોલીસ, લશ્કર કે કાયદાના જોરે આ હિંસા અટકાવી શકીશું નહિ. તેથી વધશે જ. સરકાર પાસે બીજો કોઇ માર્ગ નથી. દંડ-શકિત એ જ એનું હથિયાર છે.

આનો ઉપાય પ્રજાના જ હાથમાં છે. શાન્તિની, મૈત્રીની વાતો કરવાથી આ વ્યાધિનું નિરાકરણ થાય તેમ નથી. સુખી વર્ગ, સમજુ વર્ગ સ્વેચ્છાએ પોતાનો જીવનવ્યવહાર બદલાવી દાખલો બેસાડે તો જ અસર થાય. આજે તો શિક્ષિત ક્લેવાય એવો વર્ગ પણ પોતાના સ્વાર્થ અને ધનપ્રાપ્તિમાં જ પડ્યો છે. પ્રત્યેક માણસની કસોટી છે, દરેક ધર્મની કસોટી છે. હિંસા અને અસત્યમાંથી પરિણમતાં દુ:ખ અને પાપમાંથી છુટકારાનો માર્ગ સાચી ધર્મ-ભાવના જાગ્રત થાય એ જ છે. વિજ્ઞાને હિંસાનું ક્ષેત્ર ખૂબ વધારી દીધું છે. ટોયનબીએ કહ્યું છે:

All the living religions are going to be put to a searching practical test. "By their fruits ye shall know". The practical test of a religion always and everywhere, is the success or failure in helping human souls to respond to the challenges of suffering and sin. In the chapter of the World's History on which we are now entering, it looks as if, the continuing process of Technology were going to make our sufferings more acute than ever before, and our sins more devastating in their practical consequences."

[સઘળા જીવંત ધર્મોને વેધક વ્યવહારુ કસોટીએ ચડાવવામાં આવશે. 'ફળ પરથી જ વૃક્ષને જાણી શકાય છે.' યાતના અને અનાચારના પડકારો સામે પ્રતિભાવ દાખવવામાં માનવઆત્માને સહાયક બનવામાં એની સફળતા કે નિષ્ફળતા એ જ ધર્મ માટે સદા અને સર્વત્ર વ્યવહારુ કસોટી લેખાય છે. દુનિયાના ઈતિહાસના જે પ્રકરણમાં આપણે હવે પ્રવેશી રહ્યા છીએ એમાં તો ટેકનોલૉજીના સતત વિકાસની પ્રક્રિયા આપણી યાતનાને આગાઉ કરતાં વધારે ઘેરી અને આપણા પાપાચારને એનાં વ્યવહારુ પરિણામોમાં વધારે વિધ્વંસક બનાવશે એમ લાગે છે.]

જગતની સંસ્કૃતિઓના ઉત્થાન અને પતનના ઈતિહાસના અભ્યાસના પરિણામે ટોયનબીને જે સત્ય લાધ્યું તે જ મહાપુરુષોએ સદીઓથી કહ્યું છે. માણસના અંતરમાં રહેલ સદ્‌ભાવનાઓ જાગ્રત ન થાય ત્યાં સુધી બાહ્ય સાધનોથી કે દબાવથી હિંસાને રોકી શકીશું નહિ. Violence is becoming a way of life.

સંવત્સરીના પવિત્ર દિવસે યાદ કરીએ કે ભગવાન મહાવીરનો જીવનસંદેશ, ૨૫૦૦ વર્ષ પૂર્વે જેટલો ઉપયુક્ત હતો તેટલો જ અને તેથી વિશેષ વર્તમાનમાં છે. If Jainism is a living religion, Jains must respond to the challenge of time. આ સાચું પ્રતિક્રમણ છે.

સાધુ-સાધ્વીઓની સેવાશુશ્રૂષા

આપણાં સાધુ-સાધ્વીઓના માંદગીને પ્રસંગે યોગ્ય સારવાર થાય તેવી વ્યવસ્થા ઘણી જરૂરી છે. સાધુની આચારમર્યાદા લક્ષમાં રાખી આવી વ્યવસ્થા થવી જોઈએ. સામાન્ય બીમારી હોય ત્યારે કેટલાક સંઘો અથવા શ્રાવકો ધ્યાન રાખે છે. વિદ્વાન અથવા જાણીતા સાધુ-સાધ્વી હોય તેમને બહુ મુશ્કેલી નથી પડતી, પણ સામાન્ય સાધુ-સાધ્વીને કેટલીક વખત મુશ્કેલી પડે છે. તેમાં ખાસ કરીને શહેરો કરતાં ગામડાઓમાં વિચરતા હોય ત્યારે વધારે મુશ્કેલી પડે છે. સામાન્ય માંદગી કરતાં, વિશેષ બીમારી હોય, જેમાં ઑપરેશનની જરૂર હોય અથવા હૉસ્પિટલમાં કેટલોક સમય રહેવાની જરૂર હોય ત્યારે યોગ્ય વ્યવસ્થાના અભાવે સાધુ-સાધ્વીઓને બહુ સહન કરવું પડે છે. જાહેર હૉસ્પિટલોમાં આવી વ્યવસ્થા સરળતાથી થઈ શકતી નથી.

હું અનુભવથી લખું છું. મુંબઈ જૈન ક્લિનિકમાં આવો ઠીકઠીક અનુભવ થયો છે. સાધુ-સાધ્વીઓમાં માંદગીનું પ્રમાણ ઓછું નથી. વળી થોડુંઘણું હોય ત્યાં સુધી સહી લે છે, કહેતાં પણ નથી હોતાં.

જાહેર હૉસ્પિટલોમાં આવી બધી વ્યવસ્થા ખર્ચની જોગવાઈ વિના કરવી અઘરી થઈ પડે છે. મુંબઈમાં કેટલીક વખત સંઘો અથવા શ્રાવકો આનું ખર્ચ ઉપાડી લે છે. પણ કાંઈક કાયમી વ્યવસ્થા હોય એ વિશેષ જરૂરી છે. એક વૉર્ડ અથવા રૂમ તેને માટે અલગ રાખવામાં આવે અને તેનું ખર્ચ કોઈ સંઘ કે શ્રાવક ઉપાડી લે. જૈન ક્લિનિકમાં બધા ફિરકાનાં સાધુ-સાધ્વીઓ માટે સમાન ભાવે સેવા થાય છે.

આ લખવાનું પ્રાપ્ત થયું છે એક કિસ્સા ઉપરથી. જોધપુરીમાં ટી. બી. હૉસ્પિટલ છે. ભાઈ જયન્તીલાલ માવજી શાહ થોડા વખત પહેલાં તેની મુલાકાતે ગયા હતા. ત્યાં આ વાતની ચર્ચા થઈ ત્યારે તેમણે જાણ્યું કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી કાંઈક રકમ આપી એક બ્લૉક બંધાવેલ છે પણ તેના ચાલુ ખર્ચની કાયમી વ્યવસ્થા નથી. ત્યાં એક ફ્રી પથારી માટે રૂા. ૨૦,૦૦૦ લેવામાં આવે છે. શ્રી જયન્તીભાઈએ એવી એક ફ્રી પથારી માટે પોતાના ટ્રસ્ટ તરફથી રૂા. ૨૦,૦૦૦ આપ્યા અને આટલી વ્યવસ્થા થઈ છે.

સુરેન્દ્રનગરમાં ટી. બી. હૉસ્પિટલ થાય છે ત્યાં પણ બે-ત્રણ પથારીનો આવો એક બ્લૉક અથવા કૉટેજ જુદું બાંધી તેમાં સાધુ-સાધ્વીના આચારને અનુકૂળ એવી વ્યવસ્થા થઈ શકે.

આવી વ્યવસ્થાની અનુકૂળતા વધારે એવી હૉસ્પિટલોમાં થાય કે જ્યાં જૈન સાધુ-સાધ્વીના આચારની કોઈક સમજણ હોય અને આવી અનુકૂળતા કરી આપવાની વ્યવસ્થાપકોની ભાવના હોય.

સ્થળે સ્થળે આવી વ્યવસ્થા કરવાની જરૂર છે. જૈન ક્લિનિકના મારા અનુભવે હું જાણું છું કે મુંબઈમાં જૈન ક્લિનિકથી સાધુ-સાધ્વીઓને કેટલી અનુકૂળતા આપી શકાય છીએ. આવી સારવાર માટે સાધુ-સાધ્વીઓ મુંબઈ આવે છે અને આનુરોધ કરે છે.

૧૨-૯-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

પર્યુષણ : નવાં જીવનમૂલ્યોના સંદર્ભમાં

નવાં જીવનમૂલ્યોના સંદર્ભમાં પર્યુષણની ઉપયોગિતા ઓછી નથી થતી, પણ વધે જ છે. એ ઠીક છે કે આપણી રાજ્યવ્યવસ્થા ધર્મનિરપેક્ષ છે અને આ ધર્મનિરપેક્ષતાએ સાચે જ આપણને ધર્મમાત્રથી નિરપેક્ષ કરી દીધા છે, એટલે સુધી કે માનવ માનવ-ધર્મથી પણ નિરપેક્ષ થતો જાય છે. આવી પરિસ્થિતિમાં તો માનવ-ધર્મનો પ્રચાર સૌથી વિશેષ આવશ્યક છે.

ઉદાહરણ તરીકે ભારત અને પાકિસ્તાનના પારસ્પરિક સંબંધોને જ લો. એક બાજુ ક્રોધ, અહંકાર, ઘૃણા અને જૂઠાણાનું નગ્ન તાંડવ અને બીજી બાજુ ક્ષમા, અવૈર, સૌહાર્દ અને સત્યનું આલિંગન. પ્રથમનું પરિણામ આવ્યું પાકિસ્તાનનું વિભાજન અને બીજાનું પરિણામ પાકિસ્તાન તરફથી પોતાની ભૂલ કબૂલ કરવામાં આવ્યું. જો પાકિસ્તાનનાં ઘૃણા, વૈર અને દંભની સામે ભારતે પણ એવી જ વલણ અપનાવી હોત તો બંનેનો વિનાશ નિશ્ચિત જ હતો. પાકિસ્તાને પોતાના જ અંગભૂત સ્વધર્મી બંગબંધુઓની સાથે જે દુર્વ્યવહાર કર્યો એથી બંને વચ્ચે એક એવી ખાઈ રચાઈ જેને પૂરવાનું દુષ્કર બની ગયું. ભારતે બંગાળી નિરાશ્રિતોને આશ્રય આપીને તથા બંગલા દેશના નાગરિકોને પાકિસ્તાનના પંજામાંથી છોડાવીને જે સૌહાર્દ દાખવ્યું એથી બંગલા દેશનો ભારત સાથેનો સંબંધ બંધાયો.

બે વિરોધી દેશોનું આ જીવન અને સંયોજન નવાં જીવન-મૂલ્યોના સંદર્ભમાં પર્યુષણ પર્વની મહત્તાને જ સ્થાપિત કરે છે.

આજનો માનવ સ્વાર્થપરાયણતાનો શિકાર બન્યો છે. પોતાનો સ્વાર્થ સાધવા માટે એ શું નથી કરતો? આજે કોઈનો જાન લેવો એ સાવ સામાન્ય વાત જ બની ગઈ છે. ઘરમાંથી બહાર નીકળીને પછી સુરક્ષિત રીતે ઘરે પાછા ફરીએ એને પણ ઈશ્વરની કૃપા માનવામાં આવે છે. ચોરી અને વ્યભિચાર હવે પાપ નથી. લોભને લીધે માણસ અંધ બની ગયો છે. પરલોક, ધર્મ અને ઈશ્વરને નવી પેઢી કેવળ ખાલી વાતો માને છે. ધર્મના અધિષ્ઠાતા, વ્યાખ્યાતા અને પ્રચારક પણ કહે છે કંઈ અને કરે છે એનાથી સાવ જુદું જ. આજે ધર્મના પક્ષે જેટલો વિવાદ, કંકાસ, અહંકાર અને જૂઠ છવાયેલાં છે એટલાં સામાન્ય માણસમાં નથી હોતાં. શું પર્યુષણમાં પણ મંદિરો સુધી આ તકલીફો પહોંચી નથી? પણ આ કારણે જ પર્યુષણને વ્યર્થ માનવામાં આવે કે પર્યુષણ પાળવાનું જ બંધ કરવામાં આવે એ ઉચિત છે?

જ્યારે દુનિયામાં બૂરાઈનો ફેલાવો થાય છે ત્યારે ભલાઈનું મૂલ્ય ઓછું નથી થતું, ઊલટાનું વધે છે અને જેઓ પગથી માથા સુધી બૂરાઈમાં ફસાયેલા હોય છે એમની દૃષ્ટિમાં જ એનું મૂલ્ય વધુ હોય છે. ભલો - સારો માણસ ખરાબ માણસના જેટલું ભલાઈનું મૂલ્યાંકન કરી શકતો નથી. અંજન ચોરને જિનદત્ત શેઠનાં વચનોમાં જેટલી આસ્થા હતી એટલી આસ્થા જિનદત્ત શેઠના શિષ્યોને નહોતી.

જ્યારે રોગ વધી જાય છે ત્યારે દવાનું મૂલ્ય ઘટતું નથી, વધે છે. નવાં જીવનમૂલ્યોએ ધર્મનું મૂલ્ય ઘટાડ્યું નથી, વધાર્યું છે. જ્યારે અસંયમ, ભોગવિલાસનો અતિરેક થાય છે ત્યારે માણસ સંયમની શોધમાં, જેવી રીતે અમેરિકન હિપ્પીઓ અમેરિકાના સુખવિલાસને છોડીને ભારતમાં આવી ઘૂમી રહ્યા છે, એવી રીતે ભટક્યા કરે છે. મોટા મોટા ધનપતિઓ પણ નાગા સાધુઓનાં ચરણોમાં પડે છે અને એમના આશીર્વાદ મેળવવાની ઈચ્છા રાખે છે.

માણસ ભોગવિલાસથી છેવટે થાકી જાય છે, પણ ત્યાગથી એ કદી થાકતો નથી. દિવસ - રાત બકરીની માફક મોં ચલાવ્યા કરતો માણસ ભોજનનો એવો આનંદ નથી પામી શકતો જેવો મિતાહારી પામી શકે છે. જીવનનાં મૂલ્યો પરિસ્થિતિ પ્રમાણે બદલાયા કરે છે. પણ માનવજીવનમાં સમાયેલા સત્ય - ગુણોનું મૂલ્ય શાશ્વત છે. એની તરફ દૃષ્ટિ પડતાં જ માનવમનનું આંતર્દ્વંદ્વ વિલીન થાય છે અને શાંતિની સુખદ ધારા વહેવા લાગે છે. પર્યુષણ આપણને આની તરફ જ અભિમુખ કરે છે અને માર્ગ ભૂલીને જ્યાંત્યાં

ભટકનારાઓને માર્ગદર્શન આપીને એમનામાં સુષુપ્ત રહેલા સદ્‌ગુણોને જાગૃત કરે છે. પર્યુષણના હાર્દને સમજવા અને સમજાવવાની મૂળ તો ખાસ જરૂર છે. પણ સમજાવવાવાળો જ જો આ હાર્દને ન સમજ્યો હોય તો એમાં પર્યુષણનો શું દોષ? ધર્મ ધર્મ ઘરે હોય છે, વેપાર માટે નહિ. વેપારમાં ધર્મ આચરી શકાય છે, ધર્મમાં વેપાર આચરી શકાય નહિ.

આજે 'ગરીબી હટાવો'નું સૂત્ર પોકારીને સમાજવાદ લાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે, એમાં પર્યુષણ પર્વ કેટલે અંશે યોગદાન કરી શકે તેમ છે એ પણ વિચારવું રહે છે. જૈન ધર્મને પૂંજીપતિઓનો ધર્મ કહેવામાં આવે છે, કેમ કે એમાં માનવામાંના પૂંજીપતિ હોય છે એમ મનાય છે. પણ વાસ્તવમાં જૈન ધર્મ મૂડીવાદીઓનો નથી, એ તો સર્વસ્વનો ત્યાગ કરનાર મહાત્માઓનો ધર્મ છે. જે ધર્મનો આરાધ્ય સર્વસ્વત્યાગી મહાત્મા હોય એને મૂડીવાદી કઈ રીતે કહી શકાય?

જૈન ધર્મમાં બાહ્ય સંપત્તિને પરિગ્રહ કહેવામાં નથી આવતી પણ એના પ્રતિ માણસનો જે મમત્વભાવ હોય છે એને પરિગ્રહ કહેવામાં આવે છે. જો કોઈની પાસે બાહ્ય રીતે એક લંગોટી પણ ન હોય પણ એને એ મેળવવાની તીવ્ર લાલસા હોય તો એને અપરિગ્રહી નહિ, પરિગ્રહી જ કહેવાય. પણ જેનામાં આવો મમત્વભાવ નથી હોતો એની પાસે સંપત્તિ હોય તો પણ એ પોતાને એનો સ્વામી માનતો નથી અને એના પ્રત્યે ઉદાસીન રહે છે તેમ જ એક દિવસ એ બધું છોડીને ચાલી નીકળે છે. આ અનાસક્તિ ભાવ જ અકિંચનનું જીવન છે, અને એ સાચો સમાજવાદ છે કે જેમાં માનવીની પાસે જે કંઈ છે એને એ પોતાનું માનતો નથી. આ ભાવ મનમાં જાગે નહિ ત્યાં સુધી સાચો સમાજવાદ આવી શકશે નહિ. કાનૂની સમાજવાદ અને ધર્મમૂલક સમાજવાદમાં આ જ ફરક છે. કાનૂની સમાજવાદ ઉપરથી લાદવામાં આવે છે ત્યારે ધર્મમૂલક સમાજવાદ અંતઃપ્રેરિત હોય છે. ઉપરથી જે કંઈ લાદવામાં આવે એમાં માણસ છેતરપિંડી કરી શકે છે, પણ જે કંઈ અંતઃપ્રેરિત હોય એમાં આ માટે અવકાશ નથી હોતો. પરન્તુ માણસમાં લોભમૂલક સંસ્કાર એટલા પ્રબળ હોય છે કે એ કશું છોડવા માટે અસમર્થ જ રહે છે. આવા માણસોને સર્વસ્વનો ત્યાગ કરનાર સાચા સાધુઓ પોતાના જીવન દ્વારા ત્યાગની ઉદાત્ત ભાવના દર્શાવીને સાચું જ્ઞાન આપી શકે છે અને ત્યારે સંપત્તિના થોડા અંશનો લોકહિત માટે ત્યાગ કરીને, ધીરેધીરે ત્યાગના પાઠ ભણીને એ આનંદિત થાય છે. આ જૂના જમાનાની પદ્ધતિ આજ પણ માણસના મનને ઉન્નત બનાવવામાં સહાયભૂત થઈ શકે છે. પણ આજનો સમાજવાદી માનવી પુરાતન યુગના મૂડીવાદી માનવીના કરતાં વધારે આનુદાર અને સ્વાર્થી છે.

પુરાતન યુગનો માનવી મૂડીપતિ હોવા છતાંયે મૂડીવાદી નહોતો. પણ આજના યુગનો સમાજવાદી માનવી મૂડીપતિ ન હોય તો પણ અંતઃકરણથી મૂડીવાદી છે, કેમકે કાનૂન મૂડીપતિત્વને મિટાવીને પણ મૂડીવાદી મનોવૃત્તિને મિટાવી શકતો નથી. આ કામ તો પર્યુષણના દસ ધર્મ જ કરી શકે છે. એનો એવો પ્રભાવ હતો કે બધા જ તીર્થંકરોએ રાજકુટુંબમાં જન્મ લીધો હતો છતાંયે અંતમાં સર્વસ્વનો ત્યાગ કરીને પરિગ્રહી માનવ સામે ત્યાગનો ઉચ્ચ આદર્શ રજૂ કર્યો.

એ જ રીતે આજે વસ્તિવધારાને રોકવા માટે સંભોગ પર નિયંત્રણ મૂકવાને બદલે એવી પ્રક્રિયા અપનાવવામાં આવે છે, જે સંભોગને કેવળ પુષ્ટિ જ નથી આપતી પણ એના દુરુપયોગને પ્રોત્સાહન આપે છે. આથી અનૈતિક વ્યભિચારને પ્રોત્સાહન મળે છે એટલું જ નહિ પણ સ્ત્રી અને પુરુષ બંનેના સ્વાસ્થ્યને નષ્ટ કરે છે. શું મર્યાદિત બ્રહ્મચર્ય આનો ઈલાજ નથી? એક ગાંધીજી હતા જેઓ બ્રહ્મચર્યનું રટણ કરતા હતા. આજે તો કોઈના મોંમાંથી બ્રહ્મચર્ય શબ્દ સાંભળવા મળતો નથી. જે ભૂમિએ આખંડ બ્રહ્મચારીઓને જન્મ આપ્યો અને જેનાં શાસ્ત્રો બ્રહ્મચર્યના મહિમાથી ભરેલાં છે એ ભૂમિનાં નવાં સંતાનો મર્યાદિત બ્રહ્મચર્યના નામમાત્રથી ડરે એ આશ્ચર્યની વાત નથી? બ્રહ્મચર્યપાલન મુશ્કેલ હોઈ શકે છે પણ એ હાનિકર્તા નથી. અમર્યાદિત સંભોગ અવશ્ય હાનિકારક છે. પણ આ ક્ષેત્રે પશ્ચિમમાં આજે એટલી બધી પ્રગતિ થઈ રહી છે કે એ વિશે વાંચીને પણ રોમાંચ ખડા થઈ જાય એવું છે. સિનેમાઓમાં સંભોગનાં નગ્ન દશ્યો બતાવવામાં આવે છે અને એ જોવા માટે લોકોનો ભારે ધસારો થાય છે એવી વાતો પણ સાંભળવા મળે છે. આ વિશે એમ કહેવામાં આવે છે કે લોકો જે જોવા માગે છે એના પર પ્રતિબંધ શા માટે મૂકવો જોઈએ. છાપાની બાળકો જ્યારે બૂરાઈઓમાં ફસાવા લાગે છે ત્યારે એમના સમજદાર પાલકો એમને રોકતા નથી? બૂરાઈનું પણ સામાજીકરણ કરવામાં આવે એ પણ કોઈ સમાજવાદી દૃષ્ટિકોણ હોઈ શકે ખરો?

આ બધું કહેવાનો સારાંશ એ છે કે નવાં જીવનમૂલ્યોના સંદર્ભમાં પર્યુષણ પર્વની ઉપાદેયતા વધી ગઈ છે. આજનો યુવાન પુરાણાં પર્વો પ્રત્યે આસ્થાહીન બન્યો છે અને પશ્ચિમની ભોગપ્રધાન સંસ્કૃતિઓ એને ત્યાગપ્રધાન સંસ્કૃતિથી વિમુખ બનાવ્યો છે એમ છતાંયે પુરાતન સંસ્કૃતિના ચાહકો ઉદારતા અને સમજદારીથી કામ લે તો બગડેલી વાતને ફરી સુધારી શકાય તેમ છે.

પર્યુષણ પર્વ ખાસ ધાર્મિક પર્વ છે. પર્વના દિવસોમાં પૂજા, વ્રત, ઉપવાસ, શાસ્ત્રશ્રવણની પ્રવૃત્તિ રહે છે. આ પ્રવૃત્તિને નવાં જીવનમૂલ્યોના સંદર્ભમાં હાસ્યાસ્પદ પણ માનવામાં આવે છે. આનાં અનેક કારણો છે. આમાં દોષ માત્ર નવી પેઢીનો નથી, જૂની પેઢીનો પણ છે. જૂની પેઢી નવી પેઢીને પોતાના જેટલી જ રૂઢિચુસ્ત જોવા માગે છે પણ એ માટે કંઈ પ્રયત્ન કરતી નથી. જો એ બચપણથી નવી પેઢીની સાર-સંભાળ લે, એની ઉપેક્ષા કરવાને બદલે એના પ્રત્યે પોતાના વેપારમાં એ જેટલું ધ્યાન આપે છે એટલું ધ્યાન આપે તો આવી સ્થિતિ થવાનો સંભવ નથી. આ સાથે યુવાન પેઢીની જિજ્ઞાસાઓને સયુક્તિક ઢંગથી શાંત કરવાની પણ જરૂર છે. 'જીવનનો દૃષ્ટિકોણ કેવો હોવો જોઈએ?'—એમાં એક રીતે ધર્મની જ વ્યાખ્યા રહેલી છે. આજે તો ધર્મનું નામ ન હોય પણ ધર્મની વાતો હોય એની આવશ્યકતા છે. ધર્મના નામમાત્રથી આજની પેઢી ચોંકી ઊઠે છે. એટલે જૂની પેઢીના લોકો પર્યુષણ પર્વને ભલે જૂની શૈલીથી પાળે પણ એમાં નવી પેઢીને પણ આકર્ષણ થાય એવું કંઈક રાખે. ધાર્મિક સાંગીતગોષ્ઠિઓ, ધાર્મિક ચર્ચાસભાઓ, નવયુવકોપયોગી સમસ્યાપ્રધાન ચર્ચાઓ, ભોગ અને ત્યાગની વાતો, વગેરે એવા કેટલાક વિષયો છે જેની અસર પડી શકે છે.

આ પર્વની સૌથી મોટી ઉપયોગિતા એ છે કે માર્ગભૂલેલાઓ પણ આ દિવસોમાં કંઈક તો વિચારતા – કરતા હોય છે અને એનો જ ઉપયોગ કરી લેવાનું આપણું કામ છે. તમારા આ કામમાં જેટલી ઉદારતા, વાત્સલ્ય અને માર્ગપ્રભાવનાની ભાવના હશે એટલી તમને એમાં સફળતા મળશે. 'પર્યુષણ પર્વ' એ નામ જ સફળતાનું ઉદ્‌બોધક છે. એનો આપણે પૂરેપૂરો લાભ લેવો જોઈએ.

જરૂર કરતાં વધારે કટ્ટરતા રાખવામાં આવે એ પણ નુકસાનકારક છે. બુઝર્ગોએ નવયુવકો સાથે વ્યવહાર કરતી વખતે એ નહિ ભૂલવું જોઈએ કે તેઓ પણ એકવાર યુવાન હતા અને આજના યુવાનોથી કોઈ વાતમાં ઊતરતા નહોતા. જ્યારે તેઓ બુઝર્ગો બનશે ત્યારે તેઓ તમારી માફક જ વર્તશે. ધર્મ સહૃદયતાની વસ્તુ છે, જડતાની નથી. જે વ્યક્તિના હૃદયમાં માર્ગભ્રષ્ટો પ્રત્યે, આવારાઓ પ્રત્યે, ઉચ્છૃંખલ પ્રકૃતિના માણસો પ્રત્યે, પાપીઓ પ્રત્યે કરુણાનો ભાવ નથી જાગતો તે ધર્મને પાત્ર નથી. જે ક્રોધને પાત્ર છે, એના પર ક્રોધ ન કરીએ એ જ ક્ષમા છે. અવિનયી માણસોના અવિનયની સામે વિનયી રહીએ એમાં જ મૃદુતા છે. છલપ્રપંચમાં ફસાયેલા પ્રત્યે નિરછલ વ્યવહાર કરીએ એમાં જ આર્જવ

છે. ક્રોધ, માન, માયા અને લોભમાં સંસાર ફસાયેલો છે એને જો આ ચક્રમાંથી બહાર કાઢવો હોય તો ક્રોધાદિનો પરિત્યાગ કર્યા વિના એ કઈ રીતે સંભવિત બનશે?

ધર્મ વિતંડાવાદની વસ્તુ નથી અને એ લાંબી લાંબી ચર્ચાઓની વસ્તુ પણ નથી, એ તો આત્મનિરીક્ષાની વસ્તુ છે. જ્યારે આત્મામાં ધર્મનો ઉદય થાય છે ત્યારે એની બાહ્ય દૃષ્ટિ અવરુદ્ધ થઈને અન્તર્મુખી બને છે અને એ પોકારી ઊઠે છે, 'મારા જેટલું કોઈ જ ખરાબ નથી.' જેઓ દુનિયાની ધાંધલધમાલમાં અટવાઈને પોતાને ભૂલી ગયા છે એમની આંખો ખોલવા માટે, એમને માટે પર્યુષણ પર્વ આવે છે. આજનાં જીવનમૂલ્યોએ જીવનનું ગમે તે મૂલ્ય આંકયું હોય, જીવનું મૂલ્ય તો ઘટાડી નાખ્યું જ છે અને જીવ વિના જીવનનું મૂલ્ય જ શું હોય? આ જ પર્યુષણ કહે છે. સાંભળવાવાળા એ સાંભળે છે, આજે નથી સાંભળતા તેઓ પણ એક દિવસ જરૂર સાંભળશે, કેમકે જીવનનું વાસ્તવિક સત્ય એમાં જ સમાયેલું છે. —પં. કૈલાસચંદ્ર શાસ્ત્રી

[વીર - નિર્વાણ વિચાર - સેવા, ઈન્દોરના સૌજન્યથી]

આચાર્ય તુલસીની 'અગ્નિપરીક્ષા'

આચાર્યશ્રી તુલસીએ 'અગ્નિપરીક્ષા' નામે પુસ્તક ઘણાં વર્ષો પહેલાં લખેલું પરંતુ ગયા ચાતુર્માસ વેળા રાયપુરમાં તેના વિરુદ્ધ સનાતનીઓએ મોટું તૂત ઊભું કર્યું હતું અને પુસ્તકના વેચાણ ઉપર પ્રતિબંધ તે સરકાર પાસે મુકાવ્યો હતો એટલું જ નહિ પણ તેરાપંથી સંઘ વિરુદ્ધ તોફાનો પણ કર્યા હતાં. છેવટે મધ્ય પ્રદેશની હાઈકોર્ટે તે પુસ્તક ઉપરથી પ્રતિબંધ ઉઠાવી લીધો હતો અને પુસ્તકમાં કાંઈ વાંધાભર્યું નથી એમ જાહેર કર્યું હતું અને એ રીતે એ પ્રકરણ પૂરું થયું હતું. પરંતુ જેને કોઈ ને કોઈ બહાને પોતાનું અસ્તિત્વ જાહેર કરવું છે એવા સનાતની નેતાઓએ ફરીવાર આ વર્ષે પણ એ જ પુસ્તક વિરુદ્ધ ધાંધલ શરૂ કર્યું હતું અને આચાર્યશ્રી તુલસી અને તેરાપંથના અનુયાયીને રાજસ્થાનના ચૂરૂ આદિ અનેક સ્થાનોમાં દંગાફિસાદ કરી હેરાન કરી મૂકયા અને આમાં બળતામાં ઘી હોમવાનું કામ; જેતે આવા કાર્યો સિવાય જાણે કે બીજું કશું જ કરવાનું ન હોય તેમ, પુરીના શંકરાચાર્યે કર્યું. છેવટે સમાધાન શ્રી શ્રી જયપ્રકાશ નારાયણે કરાવી આપ્યું, અને આ પ્રકરણનો અત્યારે તો અંત આવી ગયો. સમાધાન, એ પુસ્તકનું પ્રકાશન-વેચાણ વગેરે કશું જ નહીં કરવામાં આવે એવી ખાતરી આપીને કરવામાં આવ્યું છે. પરંતુ આથી કાંઈ તેરાપંથી કે જૈનસમાજ ઉપર આ પ્રકારની આફત ફરી નહિ જ આવે તેવી અપેક્ષા બહુમતી ધરાવતી સનાતનધર્મી કોમ પાસેથી રાખી શકાય તેમ જણાતું નથી.

'અગ્નિપરીક્ષા.' આચાર્યશ્રી તુલસીએ જૈન રામાયણને આધારે લખ્યું હતું અને તેમાં સીતા વિષે જે કાંઈ ઉલ્લેખ હતો તે સંદર્ભ વિના લોકો સમક્ષ મૂકવામાં આવ્યો હતો અને તે વિષે આપત્તિ ઊભી કરવામાં આવી હતી. આ ઘટના રાયપુરમાં બની. તેની બીજી આવૃત્તિમાં તે બીનાને આચાર્ય તુલસીએ સુધારી અને નવી આવૃત્તિ હમણાં પ્રકટ કરી. આથી હવે ચૂરૂમાં એવી આપત્તિ ઊભી કરવામાં આવી કે રામને અનેક પત્ની હોવાનું આ પુસ્તકમાં કહેવામાં આવ્યું છે તે સનાતનધર્મના ભગવાન રામને હલકા પાડવા માટે છે. હુલ્લડો મચ્યાં, લૂંટ મચી અને આચાર્ય તુલસી અને તેમના અનુયાયીઓ માટે સનાતનીઓએ કેદખાનું રચી આપ્યું. પોલીસે કરફ્યુ મૂકયો. અને અંતે સમાધાન થયું કે હવે પુસ્તકનું પ્રકાશન કે વિતરણ બંધ થશે. આચાર્ય તુલસીજીએ વિવશ થઈ અને શાંતિ અર્થે, કાજ્યાનું મોં કાળું એ ન્યાયે, આ સમાધાન સ્વીકારી લીધું. આમ ન બન્યું હોત તો ટંટાફિસાદ કેટલા લાંબા કાળ સુધી ચાલત અને જૈનસમાજ આ અપમાન કેટલા સમય સુધી ગળી લેત તે કહેવાય નહિ. પણ જાણે કે આ માત્ર તેરાપંથીને જ લગતી બાબત હોય તેમ પૂરા જૈનસમાજે આ બાબતમાં ઉપેક્ષા જ લગભગ સેવી એમ કહી શકાય.

આપણે આચાર્ય તુલસી અને તેમના અનુયાયીને કરી જ મદદ કરી નહિ એટલે તેમણે કરેલા સમાધાન વિરુદ્ધ કશું જ કહેવાને આપણે હકદાર રહેતા નથી. પરંતુ આ તો ચોરે ઘર ભાળ્યા જેવું થયું છે. સનાતન ધર્મની વિરુદ્ધ તમે કશું કહો કે કરો તો તમારા ઉપર આવી આફત આવી પડવાની, કારણ આપણે અલ્પમતીમાં છીએ - આ એક તથ્ય આપણી ઉપેક્ષામાંથી ફલિત થાય છે તે તરફ સમાજે પૂરી રીતે ધ્યાન આપવાની જરૂર છે.

વળી સરકાર જે પોતાને સેક્યુલર કહેવડાવે છે તેનો અર્થ એ તો નથી જ કે બહુમતીના ધર્મને આ પ્રકારનો પ્રશ્રય મળે અને તેના વિરુદ્ધ કોઈ કાંઈ કશું જ કહી ન શકે. આમાં ખરી ગુનેગાર તો સરકાર છે. તેણે આવા દંગાને શા માટે દાબી દેવા પૂરતાં પગલાં ન લીધાં? અને એવી પરિસ્થિતિ ઊભી થવા દીધી કે જેને સરકારે જ મંજૂર રાખ્યું છે તે પુસ્તકનું પ્રકાશન બંધ કરવું પડે? આમાં તો સરકારની જ નામોશી ગણાવી જોઈએ. આને લઘુમતી ધરાવતા ધર્મોએ આ બાબતમાં અવાજ ઉઠાવવો જોઈએ. માત્ર બહુમતીના બળે લઘુમતી કોમની માન્યતા વિષે આ પ્રકારનું દબાણ લાવી બળજબરીથી કાંઈ સમાધાન કરાવી લેવું તે ન્યાય નથી અને ખરી રીતે તો જૈન કોમનું અપમાન છે. આચાર્ય તુલસી તેમની 'અગ્નિપરીક્ષા' પ્રકાશિત નહિ કરે પરંતુ અનેક રૂપમાં જૈન રામાયણો સમાજમાં પ્રચલિત છે; બૌદ્ધ જાતકમાં જે રામકથા આવે છે તેનું શું? શું માત્ર એક 'અગ્નિપરીક્ષા' લુપ્ત થવાથી સમગ્ર જૈન પરંપરા કે બૌદ્ધ પરંપરામાં જે રામકથા છે અને જેનું સંસ્કરણ હિન્દુ રામાયણથી જુદું પડે છે તે સમાપ્ત થશે? કાલે તે વિરુદ્ધ પણ તવાઈ નહિ આવે તેની શી ખાતરી? માટે આ બાબતને મૂળમાંથી જ ડામવી જરૂરી છે. અન્યથા સનાતનીના શંકરાચાર્ય જેવા નેતાની તૂતી વાગશે અને ધાર્મિક સ્વાતંત્ર્યને નામે લઘુમતી કોમને ભાગે ચૂપ રહેવાનું જ આવશે. આથી આવી નાની ઘટનાથી પણ જેઓ વિચારસ્વાતંત્ર્યમાં માને છે અને ધર્મસ્વાતંત્ર્યમાં માને છે તેમણે સમયસર ચેતવાની જરૂર છે. અને 'અગ્નિપરીક્ષા' ફરી પ્રકાશિત થઈ શકે તેવો પ્રયત્ન કરવાની જરૂર છે. આમ નહિ બને તો આ દેશમાં ધર્માંધતાનો તોટો નથી અને બહુમતીમાં એની કમી નથી એટલે જૈન, બૌદ્ધ, ખ્રિસ્તીઓએ તો ધર્મને નામે ગુલામી જ સ્વીકારવાની રહેશે. ઘટના નાની છે પણ તેનાં દુષ્પરિણામો દૂરગામી થવાનાં, એમાં સંદેહ નથી.

સનાતન ધર્મનો વિરોધ ખાતર વિરોધ કરવો એ દૃષ્ટિથી કશું ન લખાય પરંતુ પોતાના ધર્મની પ્રાચીન માન્યતા પણ પ્રકટ ન કરી શકાય એ સ્થિતિ તો રહેવી ન જોઈએ. અનેક માન્યતાઓ એવી હોય છે જેને ધર્મ સાથે ખરી રીતે કશું જ લેવાદેવાનું હોતું નથી. રામને અનેક રાણીઓનો વિરોધ કરનાર સનાતનીઓ કૃષ્ણને અનેક રાણીનો સ્વીકાર કેમ કરે છે? - સાર એ છે કે એક - કે અનેક રાણી હોવા ન હોવાનો સનાતન ધર્મ સાથે સંબંધ નથી અને છતાં એ પ્રશ્નને લઈને 'અગ્નિપરીક્ષા'નું પ્રકાશન - વિતરણ બંધ કરાવ્યું તે સર્વથા અનુચિત જ છે. આ વસ્તુ સરકાર અને સનાતની બન્નેએ સમજી લેવી જોઈએ અને ધર્મને નામે ક્લેશ નહિ પણ ભાઈચારાનો વધારો કરવો જોઈએ.

—દલસુખ માલવણિયા

ભૂલસુધાર

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૯-૭૨ ના અંકમાં 'મરણપૂર્વે' લેખની નંત્રીનોંધમાં શ્રીમતી લીલાવતી મુનશીનું શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની માંદગી વિશેનું કથન સરતચૂકથી રહી ગયું હતું એ નીચે પ્રમાણે છે:

"Shri Indulal Yagnik after being in coma for 82 days was ultimately allowed to die. Was his agony prolonged because his body was subjected to expérimentul parposes by doctors?"

—તંત્રી

યુવાનોનો અજંપો અને એનાં કારણો

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પર્યુષણ પર્વ દરમિયાન યોજેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ગુજરાતના રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણે 'યુવાનોનો અજંપો અને એનાં કારણો' એ વિશે આપેલા વ્યાખ્યાનનો મહત્ત્વનો સારભાગ અહીં આપવામાં આવ્યો છે.– તંત્રી]

પાછલાં ૨૫ વર્ષ દરમિયાન આપણે શિક્ષણને રાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બનાવ્યો નથી. ગરીબી, બેરોજગારી, ઉદ્યોગીકરણ, કૃષિક્રાંતિ, પડોશી દેશ સાથેના સંબંધો સુધારવાના પ્રશ્નો વિશે ચર્ચા થતી રહી છે. પણ શિક્ષણનો ઢાંચો નહીં બદલાય ત્યાં સુધી અન્ય વિષયો ચર્ચા માટેના જ વિષયો બની રહેશે.

આજે ચોમેર નવયુવાનોમાં અસંતોષ દેખાય છે. આનું સૌથી મોટું કારણ આજની શિક્ષણપદ્ધતિ છે. આજનાં અખબારોમાં પડ્યાપાંના વિદ્યાર્થી-ચોવીસ સંઘર્ષના સમાચાર ચમકયા છે. થોડા વખત પહેલાં આવું કંઈક વડોદરા, સુરતમાં પણ થયું હતું. આ બધાંની પાછળ એક કારણ છે. આજે વિદ્યાર્થીઓને દિશાસૂચન મળતું નથી.

આજે તો માંડ બે કલાક ભણ્યા-ભણાવ્યા બાદ વિદ્યાર્થીઓ–પ્રિ.કોની છુટ્ટી થઈ જાય છે. કેટલીય કૉલેજોમાં સરસ મજાનાં પુસ્તકાલયો હોય છે, પણ પુસ્તકો પર ધૂળ જામી ગઈ હોય છે. એનો કોણ ઉપયોગ કરે? કોઈને ભણવું ગમતું નથી, આજે તો પાઠય પુસ્તક પણ કોઈ વાંચતું નથી. ગાઈડબુક્સ વાંચવાથી પાસ થઈ જવાય છે!

આ બધું ગંભીર છે. તે માટે માત્ર વિદ્યાર્થીઓને જવાબદાર ગણીને જ બેસી રહ્યે કશું વળવાનું નથી.

ટેક્નિકલ શિક્ષણક્ષેત્રે પણ આવી જ સ્થિતિ છે. આચાર્ય કાકાસાહેબ કાલેલકરે કહેલો એક બનાવ ટાંકું છું. થોડાક સમય પહેલાં જાપાનના આમંત્રણથી ભારત સરકારે કસોટી કરીને કૃષિ-ઉદ્યોગ ક્ષેત્રના ચુનંદા વીસેક વિદ્યાર્થીઓના એક જૂથને જાપાનની કૃષિપદ્ધતિનો અભ્યાસ કરવા જાપાન મોકલ્યું હતું. ત્યાં તો સૈદ્ધાંતિક જ્ઞાન ઉપરાંત વ્યવહારુ કાર્ય ઉપર પણ જોર દેવાતું હોય છે. આપણા વિદ્યાર્થીઓને ખેતરમાં કામ કરવા પણ લઈ જવામાં આવ્યા. એમને નવાઈ તો લાગી, પણ પાંચેક દિવસ તો એમણે ખેતરોમાં પ્રત્યક્ષ કામ કર્યું અને પછી એ થાકી ગયા. સંચાલકોને આ વિદ્યાર્થીઓએ કહ્યું કે અમે અહીં કામ કરવા આવ્યા નથી. અમને કહો કે કયા પુસ્તકો વાંચવાં જરૂરી છે. અભ્યાસક્રમ સમજાવી દો તથા નોટ્સ આપી દો, બાકીનું અમે રાંભાળી લઈશું. છેવટે જાપાને ભારતને ન છૂટકે આ વિદ્યાર્થીઓને પાછાં બોલાવી લેવા વિનતિ કરી.

થોડા સમય પહેલાં સુરતમાં પદવીદાન સમારંભ હતો. કુલપતિને નાતે મારે જવાનું થયું હતું. આ વખતે પદવીદાન સમારોહના સ્થળ પાસે મેં 'પ્લેકાર્ડ' લઈને ઊભેલા વિદ્યાર્થીઓને જોયા. We want employment, no degree" જેવાં સૂત્રો 'પ્લેકાર્ડ' પર લખેલાં જોયાં. મેં વિદ્યાર્થીઓને મળવા બોલાવ્યા. પાંચેક વિદ્યાર્થીઓ મને મળવા આવ્યા. મેં એમને ગુજરાતની વિવિધ યોજનાઓ સમજાવી. એમને સહાય (લોન) કેવી રીતે મળી શકે એ સમજાવ્યું. છેવટે જ્યાં જ્યાં એક વિદ્યાર્થી સાચું બોલ્યા વગર રહી ન શક્યો. એ કહે: અમને લોન જોઈતી નથી. ઉદ્યોગ વગેરેની અમને કોઈ જરૂરિયાત નથી. તમે અમને નોકરી અપાવો! આ કયાં શક્ય હતું? બધાને નોકરી જોઈએ છે, બધાને ખુરશીનું–ઓછી મહેનતનું કામ જોઈએ છે.

આ બંને ઘટનાઓ ગંભીરપણે વિચારવા જેવી છે.

આપણા દેશમાં ચારિત્ર્યની કટોકટી પ્રવર્તે છે, એ પણ યુવકોના અસંતોષનું એક કારણ છે. આચાર અને વિચાર વચ્ચે મોટી ખાઈ સર્જાઈ છે. આપણે ઉચ્ચ આદર્શ, સત્ય અને ભાવાત્મક એકતાની વાતો કરવામાં પાછી પાની કરતા નથી, પરંતુ હકીકતમાં સાંપ્રત પરિસ્થિતિ વખોડવાલાયક બની છે. પરિણામે યુવાનોમાંના આ આરોષ અને હતાશાને નાબૂદ કરવામાં આપણે ખરેખરા કૃતનિશ્ચયી હોઈએ તો એમની સામે આપણે સારાં દૃષ્ટાંતો રજૂ કરવાં પડશે. આવાં દૃષ્ટાંતો રાષ્ટ્રીય સાંસ્કૃતિક વારસા અને સર્વભાષી અને સર્વધર્મના આદર્શ પર રચાયેલી સમાજરચના પર આધાર રાખતાં હોવાં જરૂરી છે.

દેશના શિક્ષિત યુવાનોમાં પ્રવર્તતી હતાશાનું એક બીજું કારણ એમની સામે બેકારીનો જે હાઉ સતત ઊભો હોય છે એ પણ છે. આમાં પણ મુખ્ય દોષ તો આપણી શિક્ષણપદ્ધતિનો જ છે. વિકાસ અને સામાજિક ન્યાયની આવશ્યકતાઓને અનુરૂપ શિક્ષણપદ્ધતિ આપણે વિકસાવી શકયા નથી. દેશના સામાજિક અને આર્થિક ધ્યેયને નજર સમક્ષ રાખીને વ્યવસાયલક્ષી શિક્ષણ વિદ્યાર્થીઓને મળતું થાય એ માટે પ્રાથમિક સ્તરથી યુનિવર્સિટીની કક્ષા સુધી આજના શિક્ષણનું માળખું ક્રાંતિકારી રીતે ફેરવવું જ પડશે.

આજપર્યંત ભારત સરકારે શિક્ષણપદ્ધતિમાં ફેરફાર સૂચવવા ત્રણ શિક્ષણ પંચ નિયુક્ત કર્યાં હતાં. રાધાકૃષ્ણન્ પંચ, મુદાલિયર પંચ અને છેવટે કોઠારી પંચ નિમાયું હતું. કોઠારી પંચનો અહેવાલ સુપરત થયો એને ય આજે આઠ વર્ષ થઈ ગયાં છે, પણ એનું શું થયું કોણ જાણે! કોઈને જ પડી નથી. એ અભરાઈએ મૂકી દેવાયો લાગે છે.

યુવાન પેઢી માટેનો પૂર્વગ્રહ ફેરવવાની જરૂર છે. વિશ્વના નવયુવકોથી એ લોકો કમ નથી. એમને માર્ગદર્શન મળે, તાલીમ મળે તો એ લોકો ઘણું કરી શકે એમ છે.

વિદ્યાર્થીઓના અસંતોષ માટેનું એક કારણ વાલીઓ, માબાપો, પોતાનાં પુત્ર-પુત્રીઓ પ્રત્યે ધ્યાન આપતાં નથી અને એમના પ્રત્યે ઉદાસીનતા સેવવામાં આવે છે એ પણ છે. યુવાનોના મનમાં જે કડવાશ અને અજંપો જોવા મળે છે એ માટે આ તત્ત્વ પણ ઘણે અંશે જવાબદાર છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓ પ્રત્યેની પોતાની જવાબદારી અવશ્ય અદા કરવી જોઈએ, પણ મા-બાપ પણ બોળકો પ્રત્યેની જવાબદારીમાંથી છટકી શકે નહિ. વહેલેમોડે દરેક ઘર બુનિયાદી તાલીમનાં કેન્દ્રો બની રહેવાં જોઈશે કે જ્યાં બાળકો, તરુણો, યુવાનો રાષ્ટ્રના ઉપયોગી અને દેશભક્ત નાગરિકો બની શકે.

એ સાથે શાળા-કૉલેજોમાં વાલીઓ અને શિક્ષકોની સંયુક્ત સમિતિઓ બનવી જોઈએ. વર્ષે દહાડે બે-પાંચ વાર આવી સમિતિઓ મળતી રહેવી જોઈએ. આ રીતે શિક્ષકો અને વાલીઓ વચ્ચે આરસપરસનો સંપર્ક વધવો જોઈએ.

આપણને થાય છે કે બાળક પ્રાથમિક શાળામાં જતો થશે ત્યારે સંસ્કાર મળી રહેશે, અત્યારે કયાં માથાકૂટ! અરે, ભાઈ! ત્યાં સુધીમાં તો એનાં સંસ્કાર બંધાઈ જાય છે, એનું શું? આ સમજવું જોઈએ. મોટા માણસોને ત્યાં, ધંધાપાત્રોને ત્યાં બાળકો માટે શિક્ષક રખાય છે. માબાપ સંસ્કાર માટે સમય કાઢતાં જ નથી! એમને, કહે છે કે સમય નથી! આ ખોટું છે.

ત્રીજી વાત એ છે કે શિક્ષણક્ષેત્રે આજે બેજવાબદારી જેવી

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ગુજરાતના રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણ 'યુવાનોના અજંપો' વિશેનું વ્યાખ્યાન આપી રહ્યા છે. મંચ પર સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ, વ્યાખ્યાનમાળાના અધ્યક્ષ પ્રા. ડૉ. રમણલાલ ચી. શાહ, ઉપપ્રમુખ શ્રી રતિલાલ સી. કોઠારી તેમજ શ્રી મદાલસાબહેન બેઠેલા દેખાય છે.

ગઈ છે. આજે શિક્ષકો માંડ થોડાક કલાક ભણાવતા હોય છે. આજે આઠ તાસ હોય છે, પણ એય શિક્ષકોને વધુ લાગે છે. અભ્યાસક્રમ પણ કેટલો જરીપુરાણો જોવા મળે છે. શિક્ષકોની જૂની નોંધને આધારે બનેલાં પુસ્તકો અને અભ્યાસક્રમમાં ફેરફાર કરાતો જ નથી. શિક્ષકોને વધુ મહેનત લઈને તૈયારી કરવામાં રસ જ નથી.

એમને પગાર તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ગ્રેડ પ્રમાણે જોઈએ છે, પણ કામ એ પ્રમાણે કરવું નથી! એમની દલીલ એવી છે કે કામના સમયમાં વધારો કરવાથી કાર્યક્ષમતા ઘટી જશે, ધોરણ ઊતરી જશે.

છેવટે તો, ભારત અને દુનિયાના બીજા દેશોમાં ધિક્કાર, હિંસા અને વર્ગસંઘર્ષનું જે સામાન્ય વાતાવરણ છે એથી અનિવાર્ય રીતે દેશના યુવાનોમાં પણ આવું જ હવામાન સર્જાય છે અને એમને બેફામ તેમ જ બિન-જવાબદાર બનાવે છે. મહાત્મા ગાંધીએ વખતોવખત આપણને એક જ શીખ આપી હતી કે શુદ્ધ અને ઉમદા સાધનોનો ઉપયોગ કરવામાં ન આવે તો એનું શુદ્ધ પરિણામ કદી જ નહિ આવે. આ રીતે એમણે સાધનશુદ્ધિનો આગ્રહ રાખ્યો હતો. આપણે આ શાશ્વત સત્યની ઉપેક્ષા કરીને આપણા રાષ્ટ્રીય ઐક્ય સામે ગંભીર ભય ઊભો કરી રહ્યા છીએ.

વિખ્યાત ઇતિહાસવિદ્ ડૉ. આર્નોલ્ડ ટોયનબીએ એમના છેલ્લા ગ્રંથ 'સર્વાઈવિંગ ધ ફ્યુચર' માં યુવાન પેઢીને નીચેના શબ્દોમાં મહત્ત્વની શીખ આપી છે. એમણે કહ્યું છે: "તમારી સમક્ષ એક મહાન તક આવી છે. તમે તમારા સમગ્ર જીવન દરમિયાન યુવાનીની ભાવનાને એટલે કે ઉદારતાની ભાવના, પરિવર્તન સાધવાની તૈયારી, આદર્શવાદ અને નિસ્પૃહતાની ભાવનાને જાળવી રાખવામાં સફળ નહિ થાઓ તો આ તકનો ઉપયોગ કરી શકશો નહિ... તમે તમારી જાતને બીજાના સ્થાને મૂકવાનો પ્રયાસ કરો અને તેઓ અમુક અભિપ્રાયો શા માટે ધરાવે છે અથવા તો તમે જેનો સખત વિરોધ કરો છો એવી વસ્તુઓ શા માટે કરે છે એ સમજવાનો પણ પ્રયાસ કરો. તમારાં મા-બાપની પેઢીના રૂઢિયુગ્રસ્ત માનસવાળા સભ્યોનો વિરોધ કરવાનું ચાલુ રાખો. એમનો પ્રતિકાર કરો અને એમના વિચારો તેમ જ આદર્શો તમને ભૂલભરેલા લાગે તો એને પરાસ્ત કરવાનો પ્રયાસ કરો, પણ ગાંધીજીની ભાવનાથી ધિક્કાર વગર એ કરો."

શ્રીમન્નારાયણ

પ્રસન્નતાપ્રેરક પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન મંગળવાર તા. ૫-૯-૭૨ થી તા. ૧૨-૯-૭૨ સુધી ભારતીય વિદ્યાભવન ખાતે થયું હતું. પ્રત્યેક દિવસે બબ્બે વ્યાખ્યાનો રાખવામાં આવ્યા હતાં. માત્ર રવિવારે એક વ્યાખ્યાન હતું. આ વ્યાખ્યાનને અંતે શ્રી પુરુષોત્તમદાસ જલોટાજીનો ભક્તિ-સંગીતનો કાર્યક્રમ હતો.

વ્યાખ્યાનમાળાનો સળંગ કાર્યક્રમ જાહેરાત મુજબ સચવાયો હતો. એક નજીવો ફેરફાર એ થયો હતો કે પહેલે દિવસે શરૂઆતમાં શ્રી અમૃતલાલ યાજ્ઞિકનું પ્રવચન રહ્યું હતું, જ્યારે શુક્રવારે શરૂઆતમાં શ્રી યશોધર મહેતાનું અને ત્યારબાદ ગુજરાતનાં રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણનું પ્રવચન રહ્યું હતું. શનિવારનાં પહેલા વક્તા શ્રી. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી કોઈ અનિવાર્ય કારણોસર ઉપસ્થિત થઈ શક્યા ન હતા, એટલે 'અનેકાંતવાદ' ઉપર પ્રા. ડૉ. શ્રી. રમણલાલ ચી. શાહે આ પ્રવચન આપ્યું હતું. આ વર્ષે વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન ડૉ. પ્રા. શ્રી રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું અને સભાનું સંચાલન સંઘ માટે ગૌરવ લેવા જેવું રહ્યું હતું.

આ વખતની વ્યાખ્યાનમાળામાં બહારગામથી આવનારા વક્તાઓમાં શ્રી શ્રીમન્નારાયણ, શ્રી યશવંત શુક્લ, શ્રી ઈશ્વર પેટલીકર, શ્રી દલસુખ માલવણિયા, અને શ્રી યશોધર મહેતા અમદાવાદથી, શ્રી ભોગીલાલ સાંડેસરા તથા શ્રી ચંદ્રવદન મહેતા વડોદરાથી અને શ્રી કલ્યાણમલજી લોઢા કલકત્તાથી આવ્યા હતા. બાકીના વક્તાઓ સ્થાનિક હતા.

દરેક વક્તાઓએ મનનીય પ્રવચનો કર્યા હતા અને શ્રોતાગણ આ પ્રવચનોથી ખૂબ પ્રભાવિત થયો હતો. શિષ્ટ અને સંસ્કારી શ્રોતાઓના સહયોગની પણ જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે. દરેક દિવસે શરૂઆતમાં ભજનનું સુંદર આયોજન હતું. આ માટે શ્રીમતી રમાબેન ઝવેરી, શ્રીમતી કલાબહેન શાહ, શ્રીમતી કમલિનીબહેન, શ્રીમતી શારદાબહેન શાહ, શ્રીમતી પદ્માબહેન શાહ, શ્રી ઉપેન્દ્ર શાહ, સર્વોદયવાળા શ્રી ચુબ્બારાવ અને શ્રી. જયન્તીલાલ તુરખિયાના અમે આભારી છીએ.

આઠેય દિવસ વ્યવસ્થા સાચવવામાં શ્રી દામજીભાઈ, શ્રી. પ્રવીણભાઈ, શ્રી રમણીકભાઈ, શ્રી જયંતિભાઈ અને શ્રી શાંતિલાલ શાહનો સુંદર સહકાર રહ્યો હતો. ભંડોળ ભેગું કરવામાં શ્રીમતી નીરુબહેન શાહ તથા શ્રી બાબુભાઈ જી. શાહ આઠેય દિવસ બબ્બે બાકી કલાક થેલી લઈને ઊભા રહ્યા હતા, અને એમણે જે સુંદર સેવા આપી એ માટે અમે એમનાં ઋણી છીએ. સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ આઠેય દિવસ ઉપસ્થિત રહ્યા હતા અને એમના માર્ગદર્શને વ્યાખ્યાનમાળાની સફળતામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

આ વ્યાખ્યાનમાળાની સવિસ્તૃત સમાલોચના પ્રા. ડૉ. શ્રી. રમણલાલ શાહ લખશે જે હવે પછી પ્રગટ કરીશું.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ } મંત્રીઓ.

☆ ટોળાવૃત્તિ અને વિવેકબુદ્ધિ ☆

[ગતાંકથી ચાલુ]

જ્યારે હું કૉલેજમાં આ વિદ્યાર્થી સાથે વાતચીત કરી રહ્યો હતો ત્યારે પણ કૉલેજની બહાર આંદોલનકારો બૂમરાણ મચાવી ધાંધલ કરી રહ્યા હતા. એટલામાં બહારથી કોઈએ એક નાનો પથ્થર ફેંકયો તે કાચની બારી તોડી વર્ગમાં પડયો. વિદ્યાર્થીઓ ક્ષુબ્ધ બન્યા અને વર્ગમાંથી બહાર નીકળવા લાગ્યા. હું તરત જ ત્યાં ગયો અને ગભરાયા વિના કામ ચાલુ રાખવાનું વિદ્યાર્થીઓને તથા શિક્ષકને કહ્યું. ચાકીદારને બોલાવીને પથ્થર અંદર પડે છે તે બહાર પોલીસ અમલદારને જણાવવા કહ્યું. પછી ઘડિયાળ તરફ મારી નજર ગઈ ને થોડી વારમાં વિરામ શરૂ થશે તે મારા ધ્યાનમાં આવ્યું. વિરામ વખતે વિદ્યાર્થીઓ કૉલેજની બહાર જાય તો તોફાન થવાનો સંભવ છે એમ મેં વિચાર્યું, કારણ કે મારી કૉલેજમાં આઠી હજાર જેટલા વિદ્યાર્થીઓ હતા અને બહાર ધાંધલ કરતું ત્રણસોએક વિદ્યાર્થીઓનું ટોળું હતું. મેં વર્ગમાં નોટિસ મોકલીને બહારના નંગ વાતાવરણને લીધે વિદ્યાર્થીઓ વિરામસમયમાં કૉલેજના મકાનમાં જ રહે તેવી સૂચના કરી. વિરામસમયે મારી સૂચના પ્રમાણે વિદ્યાર્થીઓ બહાર ન ગયા. હું કૉલેજના મુખ્ય દ્વાર પાસે ઊભો હતો અને ટોળા વિદ્યાર્થીઓ જોડે વાતચીત કરતો હતો. વિશ્રાન્તિ પૂરી થઈ, વિદ્યાર્થીઓ પોતપોતાના વર્ગમાં ગયા, શિક્ષણકાર્ય શરૂ થયું એટલે હું સહેજ નિશ્ચિંત બન્યો. પણ આ નિશ્ચિંતતા થોડી ક્ષણોની જ હશે એ મેં ક્યાંથી કલ્પ્યું હોય?

કૉલેજમાં પાછું સ્વસ્થતાપૂર્વક કામ શરૂ થયું એ બહારથી આંદોલનકારોએ જોયું અને એમની ધીરજ ખૂટી. આંદોલનનાં છ મુખ્યોએને મેં કૉલેજમાં પ્રવેશતા જોયા. હું મુખ્ય દ્વાર વચ્ચે ઊભો રહ્યો. 'સાહેબ, તમારી ઑફિસમાં અંદર જઈએ, આપને થોડી વાત કરવી છે,' એમ એક જણે કહ્યું અને બાજુની મારી ઑફિસરૂમ તરફ ચાલવા લાગ્યો. હું ઑફિસમાં જાઉં ને કોઈક તેનાં બારણાં બંધ કરી દે અને પછી વિદ્યાર્થીઓને પોતે ધારે તેમ દોરે એવી મને શંકા આવી અને બીક લાગી એટલે મેં હસીને તેને કહ્યું: "અંદર જવાની જરૂર નથી. આપણે ક્યાં ગુપ્ત વાતો કરવી છે? તમારે જે કહેવું હોય તે અહીં જ મને કહી શકો છો." બહારથી અંદર શું થઈ રહ્યું છે તે પોલીસ અમલદાર નિહાળતો હતો. આવેલા 'નેતા'ઓમાંથી એક જણે ઉદ્ધતાઈભર્યા અવાજે આંખો કાઢી મને કહ્યું: "તમે કાલે તમારા વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓને બોલાવી ધમકીઓ આપી છે એટલે બધા વિદ્યાર્થીઓ અમારા આંદોલનમાં ભળતા બીએ છે. અમે તેઓને તમારી ધમકીઓને વશ થવા નહિ દઈએ...."

મેં સ્વસ્થતાપૂર્વક સ્મિત કરી જવાબ આપ્યો, "પણ અત્યારે તો તમે ધમકી આપતા હો તેમ બોલો છો."

"કાલે તમે વિદ્યાર્થી સભાના સભ્યોની મીટિંગ નહોતી બોલાવી? શિક્ષકોની મીટિંગ ભરી હતી," કોઈક ગુપ્ત વસ્તુ પ્રગટ કરતો હોય તેવી છટાથી બીજો એક જણ મોટે અવાજે બોલ્યો.

"મારા વિદ્યાર્થીઓ કે શિક્ષકોને બોલાવવા ને વાત કરવી એ તો મારો હક્ક છે. ધમકીની ભાષા શિક્ષકોને શોભે નહિ, અમારી તો સમજાવટની ભાષા હોય. પણ તમે જે રીતે વાત કરો છો તે તમને શોભે છે? હશે! જવા દો એ વાત. તમારે શું કહેવું છે તે વાત હવે કરો," મેં કહ્યું.

"અમારે અમારી માગણીઓ માટે યુનિવર્સિટીમાં સામુદાયિક રીતે જઈને ઉપકુલપતિને મળવું છે. તમારા વિદ્યાર્થીઓને અમારી સાથે લેવા છે."

"વિદ્યાર્થીઓએ શું કરવું તે માટે તેઓ સ્વતંત્ર છે."

"અમને દરેક વર્ગમાં જવા દો, અમારે તેમને સંબોધવા છે."

"વર્ગમાં જવાની છૂટ હું આપી શકું નહિ. ગમે તે કોઈની ઈચ્છા ભાષણ કરવાની થાય તેમને વર્ગમાં કેમ જવા દેવાય? વિદ્યાર્થીઓ વર્ગમાંથી છૂટે અને બહાર નીકળે ત્યારે ખુશીથી તમારે જે કહેવું હોય તે કહી શકો છો. અમારા વિદ્યાર્થીઓને વર્તનનું સ્વાતંત્ર્ય હોય જ છે."

"અમને વર્ગમાં જવાની તમે ના પાડો છો?"

"હા. મેં તમને એ વિશે કહ્યું ને!"

"અમે વિદ્યાર્થીઓને સંબોધીશું જ," એક આંદોલનકારે જુસ્સાભર્યા અવાજે મક્કમતાથી કહ્યું.

ઘોંઘાટભરી વાતચીત થતી સાંભળીને તથા જોઈને કેટલાંક વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ લાયબ્રેરી તેમ જ કૉમન રૂમમાંથી નીકળી અમારી પાસે આવ્યાં. સાઠ - સિત્તેરનું ટોળું આ રીતે ત્યાં ભેગું થયું. નજીકનો દોઢેરા પેરના એક પગથિયા ઉપર ઊભા રહી એક નેતાએ ભાષણ કરવું શરૂ કર્યું. હું સ્વસ્થતાપૂર્વક ત્યાં જ ઊભો રહ્યો. તે બોલવા લાગ્યો:

"મિત્રો, તમે કોઈની ધમકીથી ડરશો નહિ; અમે તમારી સાથે જ છીએ. આપણી માગણીઓ ન્યાયી છે, આપણે બધાં એકઠાં થઈને યુનિવર્સિટીમાં જઈશું તો ઉપ-કુલપતિએ એ સ્વીકાર્યે જ છૂટકો છે. સંગઠનથી જ સફળતા મળે છે. માટે તમે જરા પણ ડર્યા વિના અમારી સાથે ચાલો અને બહાર ઊભેલા આપણા મિત્રોની સાથે જોડાઈ જાઓ. આપણો વિજય નિશ્ચિત છે..." બોલનારના સાથીઓએ 'વિદ્યાર્થી માગણી ઝિન્દાબાદ'નાં સૂત્રો પોકારવાં માંડયાં. આમારા વિદ્યાર્થીઓનું ટોળું આ સૂત્રોના અવાજથી થોડું મોટું બન્યું. શું થશે તેની ચિન્તા મારા મનમાં થવા લાગી. હું સ્થિરતાથી ગંભીર મુદ્રા ધારણ કરી ઊભો હતો. પછી તે બધા આંદોલન - નેતાઓએ ચીસો પાડતા પાડતા અને બહાર બોલાવવાનો અભિનય કરતા કરતા અમારા વિદ્યાર્થીઓને કહ્યું: "ચાલો, અમારી સાથે આવો. આવો, જરા પણ ડરો નહિ. જલદી ચાલો" એમ પોકારતા અને બહાર નીકળવાની દિશા ને ગતિ દાખવતા તથા અમારા વિદ્યાર્થીઓને તેમની સાથે ભળવાની અપીલ કરતા ચાલવા લાગ્યા. અમારાં વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ માત્ર તેમને સાંભળી રહ્યાં અને કોઈએ પણ એકેય કદમ તેમની તરફ ઉઠાવ્યું નહિ. વળી, ફરી વધારે જોરથી અવાજો કાઢીને તેમની સાથે જોડાવાનો અભિનય વારંવાર કરવા લાગ્યા. છતાં અમારા વિદ્યાર્થીઓ ઉપર તેની કશી અસર થઈ નહિ. હું તો તટસ્થ નિરીક્ષકની માફક જોતો જ રહ્યો: એક બાજુથી આંદોલનકારોની જોરદાર અપીલ અને બીજી બાજુ શાન્તિથી ઊભેલાં અમારાં વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓનો આણગમો અને ગૌરવપ્રદ અસહકાર. મારું હૃદય મારા વિદ્યાર્થીઓનું ગૌરવ અને સ્વમાનભર્યું વર્તન જોઈ સાત્ત્વિક આનંદ અનુભવી રહ્યું. તેમને હું મૌનથી અને નયનની પ્રસન્નતાથી હાર્દિક અભિનંદન આપી રહ્યો હતો. આંદોલનકારોએ આવી નિષ્ફળતાની અપેક્ષા જ નહિ રાખી હોય. તેઓ નિરાશ થયા, ખિજાયા. પછી તિરસ્કારભર્યા અવાજે બોલી ઊઠયા: "યુ કાવર્ડ્ઝ! શેમલેસ કીચર્સ!" (છટ્ કાયરો! નિર્લજ્જ પશુઓ!) પછી કોઈની સામે જોયા વગર કૉલેજની બહાર ચાલ્યા ગયા. બહારનું ટોળું પણ નિરાશ થઈને તેમની સાથે આગળ ચાલતું થયું. થોડી વારમાં ધાંધલભર્યું વાતાવરણ અદશ્ય થયું. શાન્તિ સ્થપાઈ. મારો ભાર હળવો થયો. પોલીસ પણ ચાલ્યા ગયા. દુ:સ્વપ્નની જેમ બધું દૂર થયું હોય તેમ રોજિંદી સ્વસ્થતા પાછી સ્થપાઈ ગઈ.

આ બનાવથી મારું ચિત્ત વિચારે ચડી ગયું. એક બાજુ,

આમારો એક વિદ્યાર્થી આંદોલનમાં ભાગ લેવા ઈચ્છતો હતો, કારણ કે તેને બધી માગણીઓ યોગ્ય લાગી હતી. મારી સાથેની ચર્ચા પછી તેને ખરી વસ્તુ સમજાણી એટલે 'હવે આંદોલનમાં ભળવું હોય તો તમે સ્વતંત્ર છો' એમ કહ્યા છતાં એ એના મિત્રો સાથે આંદોલનમાંથી મુક્ત થઈ ઘેર ચાલ્યો ગયો. બીજી બાજુ બૂમબરાડા પાડનારાઓને કશો જ વિચાર કરવો નહોતો; બૂમબરાડા, મારામારી અને ભાંગફોડ કરવામાં જ પોતાની બહાદુરી ને સફળતા રહ્યાં છે એમ તેઓ માનતા હતા. ટોળાવૃત્તિની આ લાક્ષણિકતા છે. સારાસારના વિચારો કરવા એ ટોળાવૃત્તિને સૂઝે જ નહિ. ખરું કહીએ તો, ટોળાવૃત્તિ એ ઉશ્કેરાયેલાં પશુઓની હિલચાલ, ભાગંભાગ, દોડંદોડીને મળતી આવે છે. જ્યારે વિચાર કરવાની શક્તિનાં બારણાં બંધ થાય, ત્યારે જ ટોળાવૃત્તિનું ખરું દર્શન વ્યક્ત થાય છે. જ્યારે વિચારશક્તિ નિષ્ક્રિય થાય, ત્યાર પછી અમાનુષી કૃત્યો કરતાં ટોળાવૃત્તિને શરમ થતી નથી એટલું જ નહિ પણ એમાં જ તેને બહાદુરી દેખાય છે. કોમી હુલ્લડો, વેરભર્યાં ઝનૂની યુદ્ધો, ભયંકર લૂંટફાટો આદિના પ્રસંગોમાં ટોળાવૃત્તિનું રાક્ષસી રૂપ જોવા મળે છે. એનાં સૂક્ષ્મ બીજો અને અંકુરો સામાન્ય મારામારી અને ભાંગફોડ કરતાં આંદોલનોમાં દેખા દે છે.

'માનવી એ વિવેકબુદ્ધિશીલ પ્રાણી છે' (અં. 'મૅન ઈઝ એ રેશનલ ઍનિમલ') – મનુષ્યની આ વ્યાખ્યા કેટલી સાચી છે! સારાનરસાનો વિચાર કરવાની શક્તિ કુદરતે માનવીને આપી છે અને એમાં જ માનવીની અન્ય પ્રાણીઓથી જુદી એવી વિશિષ્ટતા રહી છે. અંધ વૃત્તિજન્ય બૂમાબૂમ, મારામારી, ભાંગફોડ વગેરે માનવીનો વિકાસ થયો તે પહેલાંની પશુદશાનો મળેલો કે રહેલો વારસો છે એમ ન કહી શકાય?

મારી કૉલેજના આંદોલનમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીનું પ્રસંગચિત્રણ દર્શાવે છે કે જ્યારે વ્યક્તિ એકલી અને સમધારણ સ્થિતિમાં હોય ત્યારે પ્રેમભરી સમજાવટથી તેની વિવેકબુદ્ધિને જાગૃત કરી શકાય છે. વિવેકબુદ્ધિ જાગૃત થાય ત્યારે શું કરવું યોગ્ય છે કે અયોગ્ય છે તે સમજવું અઘરું નથી. પણ ટોળામાં વિવેકબુદ્ધિને જાગૃત કરવાનો અવકાશ નથી, ટોળાવૃત્તિ ચિત્તની અંધસ્થિતિને જ પસંદ કરે છે અથવા તો સ્વીકારે છે. જો વ્યક્તિ વ્યક્તિગત રીતે વાત કરીએ તો વિવેકપૂર્ણ વિચાર કરવા માનસિક તૈયારી દાખવે છે, તે જ વ્યક્તિ ટોળામાં હોય ત્યારે તેની ચિત્તવૃત્તિ જુદા પ્રકારની હોય છે અને વિવેકબુદ્ધિનાં દ્વાર ખુલ્લાં થાય તે તેને સ્વીકાર્ય નથી. તેથી જ જે વ્યક્તિ, વ્યક્તિ તરીકે સમધારણ હોય તે જ વ્યક્તિ ટોળામાં વિકૃત વર્તન કરે છે! એક જ વ્યક્તિમાં ટોળાવૃત્તિ અને વિવેકશીલતા હોઈ શકે છે તે કેવી નવાઈની વાત છે! ટોળાવૃત્તિથી પ્રેરાતું વ્યક્તિ કે વ્યક્તિઓનું વર્તન માણસાઈના ગુણોથી વિરકત હોય છે એટલું જ નહિ, પશુથીયે અત્યંત બદતર હોય છે તેનાં અનેક ઉદાહરણો ઈતિહાસમાં મળી આવે છે. આપેલા આ પ્રસંગચિત્રમાં વિવેકબુદ્ધિ અને ટોળાવૃત્તિ એ બન્નેની લાક્ષણિકતાઓ એકસાથે સ્પષ્ટ રીતે જોવા મળે છે અને બન્નેનો ભેદ સુરેખ દેખાઈ આવે છે.

અહીં કરેલી વિચારણાના સંદર્ભમાં કહી શકાય કે ધર્મનું કાર્ય માનવીગુણોને પ્રેરવાનું, પ્રગટાવવાનું, પોષવાનું અને વિકસાવવાનું રહ્યું છે. કલા પણ માનવીની આદિમ વૃત્તિમાં રહેલી વિરૂપતાનું તેમ જ એ વૃત્તિઓમાંથી સંસ્કારાઈને વ્યક્ત થતા સૌંદર્યનું દર્શન કરાવે છે. પશુમાંથી ઉત્ક્રાન્તિ પામતો પામતો માનવી-વિકાસ થયો છે એ મહાવૈજ્ઞાનિક ચાર્લ્સ ડાર્વિનનું મંતવ્ય પણ આ વિચારણાનું સમર્થન કરે છે. કેળવણીનું કાર્ય માનવીની ઉત્ક્રાન્તિને અનુરૂપ માનવીગુણો ખીલવવાનું છે. માનવીગુણોમાં બુદ્ધિશક્તિ અને સંસ્કારશીલતા બન્નેનો સમાવેશ થાય છે.

[આ લેખમાં આપેલા પ્રસંગો ૧૯૭૨ની સામાન્ય ચૂંટણીના છે.]

(સંપૂર્ણ) **અમૃતલાલ યાજ્ઞિક**

* એને મૃદુતાથી શીખવજે *

[પુત્રને શાળાએ જવાના પ્રસંગે અબ્રાહમ લિંકને અનુભવેલી લાગણીમાં દરેક માતાપિતાના હૃદયનો પડઘો સંભળાય છે.]

હે જગત! મારા પુત્રને આંગળી ઝાલીને દોરજે, આજે એણે શાળાએ જવાનો આરંભ કર્યો છે.

શરૂશરૂમાં થોડો સમય એને બધું અજાણ્યું અને નવુંનવું લાગશે, ત્યારે એની સાથે થોડી રહેમથી વર્તજે, એવી મારી વિનતિ છે. તું જાણે છે કે અત્યાર સુધી એ કૂકડાઓનો રાજા હતો, આજુબાજુના કમ્પાઉન્ડનો સરદાર હતો. વળી એની ઈચ્છાઓને સંતોષવા હું હાથવગો હતો.

પણ ..... હવે બધું બદલાઈ જશે. આજે જ્યારે એ ઘરનાં આંગણાં પગથિયાં ઊતરશે, હાથ હલાવશે અને એક મહાન સાહસનો પ્રારંભ કરશે. એમાં કદાચ યુદ્ધો, કરુણ ઘટનાઓ અને વેદનાઓનો સમાવેશ પણ થાય.

આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એથી હે દુનિયા, તું એની કુમળી આંગળી ઝાલી દોરજે અને એને જાણવાયોગ્ય સૌ વાનાં શીખવજે.

જો બની શકે તો મૃદુતાથી એને આ બધાનો પાઠ ભણાવજે.

એને શીખવું તો પડશે જ. હું જાણું છું કે બધા માણસો ન્યાયપૂર્વક વર્તતા નથી, બધા જ માણસો સાચા નથી. પણ એને શીખવજે કે દરેક કુટિલ માણસે એક વીર પુરુષ પણ હયાતી ધરાવે છે, દરેક પ્રપંચી રાજપુરુષની સામે એવો સમર્પણની ભાવનાવાળો રાજપુરુષ છે, જે જગતની સમતુલા જાળવી રાખે છે. એને શીખવજે કે દરેક દુશ્મને એક મિત્ર પણ હોય છે.

ક્રૂર અને ઘાતકી માણસો ઘણી સરળતાથી નમી પડે છે અને તમારા પગ ચાટવા માંડે છે એ વાત પણ શીખે તો સારું.

એને પુસ્તકોની અદ્‌ભુત દુનિયાનાં દર્શન કરાવજે. આકાશમાં ઊંચે ઊંડતાં પંખીઓ, સૂર્યના પ્રકાશમાં ગીતો ગાતી મધમાખીઓ, અને લીલા ડુંગરાઓ પર ઝૂલતાં પુષ્પોનું શાશ્વત રહસ્ય શોધવા એને થોડોક નિરાંતનો સમય આપજે.

એને શીખવજે કે છેતરપિંડી કરવા કરતાં નિષ્ફળ થવું એ અનેક રીતે બહેતર છે. ભલે બીજા બધા એને ખોટો કહે તો પણ એને પોતાના જ વિચારોમાં શ્રદ્ધા રાખવાનું શીખવજે.

જ્યારે સૌ વાયરા પ્રમાણે પીઠ બદલે ત્યારે ટોળાને અનુસરવાને બદલે એ એકલો પોતાના માર્ગે જઈ શકે એ માટે એને બળ આપજે. બધાની જ વાત એ સાંભળે, પણ સત્યની ચાળણીમાંથી ચાળીને જે સારું હોય એ જ ગ્રહણ કરે એમ એને શીખવજે.

એનાં મનહૃદયને એ સર્વોચ્ચ સાહસ માટે સમર્પી દે પણ આત્મા અને હૃદયનાં દ્વાર એ બધ ન કરે એ જોજે. ટોળાની બૂમોથી એ નમે નહીં અને જો પોતાની વાત સાચી લાગે તો એને માટે જીવસટોસટ લડાઈ આપતાં અચકાય નહીં એમ એને શીખવજે.

હે જગત, મૃદુતાથી આ બધું એને શીખવજે. પણ એને લાડ લડાવીશ નહીં કારણ કે અગ્નિમાં તપીને જ સુવર્ણ શુદ્ધ બને છે.

મારી માગણી કદાચ તને વધુ પડતી લાગે, પણ હે જગત, બની શકે એટલું તું કરી છૂટજે, કારણ કે એ મારો નાનકડો મહાનો પુત્ર છે!

('સમર્પણ'માંથી સાભાર) **અબ્રાહમ લિંકન**

☆ જિદ્દોની પરાક્રમગાથા ☆

૧૭મી જૂન ૧૯૭૨ના રોજ ૭૦ વરસ અને નવ મહિનાની વયે ડૉક્ટરોની સલાહની સામે થઈ સર ફ્રાંસિસ ચિચેસ્ટરે એકલે હાથે આટલાંટિક પાર કરવા માટેની નૌકાસ્પર્ધામાં ભાગ લઈ પ્લીમથના બંદરેથી પ્રયાણ કર્યું ત્યારે એમાં કોઈ વૃદ્ધની જિદ્દ હતી કે વીરનું પરાક્રમ?

આ પ્રશ્ન પૂછી એક પત્રકારે તેનો ઉત્તર આપ્યો છે: 'એ જે હોય તે, પણ આ ઘટનામાં વીરતા અને જિદ્દ બંનેનાં લક્ષણો છે અને એમની વીરતા લોકોને સદાય યાદ રહેશે.'

સર ફ્રાંસિસ ચિચેસ્ટરના જીવનમાં જિદ્દના રસ્તે જ વીરતા પ્રાપ્ત થતી રહી છે. સાહસવીરનો આત્મા તેમનામાં પહેલેથી જ ધબકતો હતો.

બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે એ ઈંગ્લેંડના હવાઈ દળમાં જોડાવા માટે ગયા હતા; તેમને કહેવામાં આવ્યું :'તમારી વય ઘણી મોટી છે, તમને પ્રવેશ નહીં મળે!'

'માણસ ક્યારેય કોઈ સાહસ માટે વધુ પડતો મોટો ગણાય ખરો?'

...અને ૭૦ વરસની ઉંમરે એકલે હાથે દરિયો ખેડવા જવાના નિર્ણયમાં જો કોઈ વૃદ્ધની જિદ્દ જ કામ કર્યું હોય, તો એમ કહી શકાય કે વૃદ્ધની આ જિદ્દ જ તેને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એ જે કંઈ છે તે બનાવ્યો છે.

૧૯૫૯માં એ બીમાર પડયા : તેમને ફેફસાનું કેન્સર છે એવું નિદાન એકથી વધુ ડૉક્ટરોએ કર્યું. શસ્ત્રક્રિયા વિના એ બચી નહીં જ શકે એમ ડૉક્ટરો માનતા હતા. પણ ફ્રાંસિસ અને એમની પત્નીએ શસ્ત્રક્રિયા કરાવવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો અને કુદરતી ઉપચારો પર જ આધાર રાખ્યો.

કેન્સરનું નિદાન થયા પછી બંદરમા મહિને ફ્રાંસિસ રૉયલ એશિયા રેસિંગ કલબના નોટિસ બોર્ડ પરની એક સ્પર્ધાની જાહેરાત વાંચી મનમાં કોઈક યોજના નક્કી કરી રહ્યો હતો: આ હતી એકલા જ આટલાંટિક પાર કરવાની સ્પર્ધા. એણે એમાં ભાગ લીધો. પ્લીમથથી ન્યુયોર્ક સુધીના ત્રણ હજાર માઈલના તોફાની સમુદ્રને મછવામાં એકલા પાર કરવાના તેના નિર્ણયમાં ઘણાને જિદ્દ લાગી હતી. પણ ફ્રાંસિસ તેના નિર્ણયમાં અટલ હતો. કેટલાકે તેની પત્નીને કહ્યું : 'આ બીમાર માણસને સ્પર્ધામાં ન ઊતરવા દેવો જોઈએ.' તેના બીજા વારના પત્ની શૈલાએ કહ્યું : 'આ સ્પર્ધા તો એની સારવારનો એક ભાગ છે.' અને પોતાની નવી હોડી જિપ્સી મોથ-ત્રણમાં બેસી તેણે પ્રયાણ કર્યું. તેના હરીફો તરીકે હેસલર, લોવેલ્સ જેવા કસાયેલા નાવિકો હતા.

પ્લીમથથી ન્યુયોર્ક જવાનું; મછવામાં અને તે પણ એકલા જ. એકલા માણસ માટે આવા દરિયામાં સાચા માર્ગ પર સતત રહેવાનું મુશ્કેલ બની જાય. રસ્તામાં એક તોફાન પણ નડયું. પણ એ પાર કરી ચાલીસ દિવસ, બાર કલાક અને ત્રીસ મિનિટ પછી ચિચેસ્ટર ન્યુયોર્કના બારામાં પ્રવેશ્યો. તેની પત્ની અને મિત્રોએ તેનો સત્કાર કર્યો. તેણે અધ્ધર શ્વાસે પ્રથમ સવાલ પૂછ્યો : 'મારા બીજા હરીફો કયાં?"

'તમે જ પહેલા છો,' તેને ઉત્તર મળ્યો.

એ પછી બે વરસે, એની વય ૬૦ની હતી ત્યારે એણે ફરી એકવાર પ્લીમથથી ન્યુયોર્ક સુધી એકલા જ મછવામાં પ્રવાસ કરી આ અંતર ૩૩ દિવસ અને પંદર કલાકમાં કાપવાનો નવો વિક્રમ સ્થાપ્યો. ૧૯૬૨ની ૪થી જુલાઈએ જ્યારે એણે ન્યુયોર્કના બારામાં પગ મૂકયો ત્યારે તેના હાથમાં તાર મૂકવામાં આવ્યો. તારની નીચે અમેરિકાના પ્રમુખ જૉન એફ. કેનેડીની સહી હતી :

"તમારા આ નવા વિશ્વવિક્રમ સ્થાપતા પ્રવાસ માટે હૃદયપૂર્વકનાં અભિનંદન. નાવિક તરીકેની તમારી કુશળતા અને બહાદુરી તો જગજાહેર છે, પણ તમારી આ નવી સિદ્ધિ તમારી કારકિર્દીનું સર્વોચ્ચ શિખર છે ..."

પણ સર્વોચ્ચ શિખર તો આવવાનું બાકી હતું. ૧૯૬૪માં યોજાયેલી બીજી ટ્રાન્સ-આટલાંટિક રેસમાં એ જોડાયો. આ વખતે વિજેતા ફ્રાંસનો એરિક ટેબર્લી હતો. ટેબર્લી પાસે ફ્રાંસિસ કરતાં વધુ મોટી અને વધુ ઝડપી નૌકા હતી. પણ ફ્રાંસિસનું સ્થાન બીજું હતું.

ફ્રાંસિસ ચિચેસ્ટરના જીવનમાં સાહસનું સ્પંદન એટલી હદે વણાયું હતું કે એ એકલો બેસી શકે એમ ન હતો. ૧૯૬૬માં એણે મછવામાં એકલા બેસી પૃથ્વીની પરક્રમા કરવાનો નિર્ણય કર્યો. સાગરવાટે દુનિયાની પરક્રમા કરવાનો પ્રથમ પ્રયત્ન મેગલિને કર્યો હતો, પણ એ પાછો ફર્યો નહીં. ૧૫૭૭ના ડિસેમ્બરમાં પાંચ વહાણ અને ૧૬૬ માણસો સાથે પ્લીમથના બારામાંથી ફ્રાંસિસ ડ્રેક પૃથ્વીની પરક્રમા માટે નીકળ્યો, અને એ ૧૫૮૦ના સપ્ટેમ્બરની પાંચમી તારીખે પાછો ફર્યો, ત્યારે તેનું એક જ વહાણ બચ્યું હતું અને ૧૦૬ સાથીદારો માર્ગમાં જ મૃત્યુ પામ્યા હતા.

એ પછી લગભગ ચારસો વરસે એના જ નામેરી ફ્રાંસિસ ચિચેસ્ટરે આવી જ પ્રદક્ષિણા કરવાનો નિર્ણય કર્યો. પણ આની વિશેષતા એ હતી કે આ પ્રવાસ એકલા હાથે કરવાનો હતો. આ માટે એણે નવો મછવો બાંધ્યો. એને નામ આપ્યું જિપ્સી મોથ-૪. ૧૯૬૬ના ઑગસ્ટની ૨૭મી તારીખે એણે પ્રસ્થાન કર્યું. ૨૮૫૦૦ માઈલના આ પ્રવાસમાં એ માત્ર માર્ગમાં સિડનીમાં ૪૮ દિવસ રોકાયો, જે ગાળામાં રાણી એલિઝાબેથે તેને નાઈટહૂડથી નવાજ્યો. (તેની પહેલાં સાગરવાટે પૃથ્વી પરક્રમ્મા કરનાર ફ્રાંસિસ ડ્રેકને પણ એ વેળાની રાણી એલિઝાબેથે નાઈટહૂડ આપ્યું હતું!) ૨૭૪ દિવસમાં પૃથ્વી પરક્રમ્મા કરવાનો આ વિક્રમ લાંબા સમય સુધી તૂટી શકશે નહીં.

આ પછી ગયા વરસે, એટલે કે ૧૯૭૧ના જાન્યુઆરીમાં ૭૦ વરસની વયે તેણે એક નવું સાહસ આરંભ્યું. રોજના બસો માઈલના હિસાબે ૨૮ દિવસમાં ૪૦૦૦ માઈલનું અંતર એકલા કાપવાનું બીડું તેણે ઝડપ્યું, પણ એને ચાર હજાર માઈલ કાપતાં ૨૨.૩ દિવસ લાગ્યા. પણ એમાંના પ્રથમ બે હજાર માઈલ કાપતાં એને દસથી પણ ઓછા દિવસો લાગ્યા હતા.

આ બંનું જ કેન્સરના દર્દનું નિદાન થયા પછી અને આયુષ્યનાં ૫૮ વરસ વીત્યાં પછી ફ્રાંસિસ ચિચેસ્ટરે સિદ્ધ કર્યું. એટલે જ એણે ૭૧મા વરસે જે સાહસ કર્યું એમાં કોઈને જિદ્દ દેખાય કે કોઈને સાહસ, તો પણ છેવટે ગૌરવ સાહસનું જ થવાનું છે, એ વાત ભુલાવી ન જોઈએ.

ફ્રાંસિસ ચિચેસ્ટરનું પૂર્વજીવન પણ આટલું જ સાહસથી ભરપૂર હતું. ૧૭ વરસની વયે ખીસામાં દસ પાઉન્ડની રકમ સાથે એ ન્યુઝીલેંડ ગયો અને પોતાની વહાણની ટિકિટનાં નાણાં ફાયરમેન તરીકેનું કામ કરીને કાઢી લીધાં.

૧૯૨૯માં જ્યારે હજી વિમાનયુગની શરૂઆત હતી ત્યારે એણે ઉડ્ડયનના પાઠ મેળવ્યા એટલું જ નહીં પણ ૧૯૩૧માં ઑસ્ટ્રેલિયાથી ન્યુઝીલેન્ડ વચ્ચે સૌ પ્રથમ એકાકી ઉડ્ડયન કરવાનું બહુમાન મેળવ્યું. 'જિપ્સી મોથ' નામના તેમના વિમાનને તેમણે 'સી પ્લેન'માં ફેરવ્યું હતું, જેથી વચ્ચે બળતણ લેવા માટે એ દરિયા પરના કોઈ ટાપુ પર ઊતરી શકે.

એ જ વરસમાં ચિચેસ્ટરે આખી દુનિયાના વિમાનપ્રવાસની

યોજના કરી : ન્યુઝીલેંડથી એ જાપાન સુધી પહોંચ્યો. પણ જાપાનમાં તેનું વિમાન ટેલિફોનના દોરડા સાથે અટવાઈને તૂટી પડ્યું.

પણ પછીથી વિમાનો ચલાવવા એમાં સાહસ જેવું ન રહ્યું એટલે ચિચેસ્ટરે પોતાનું ધ્યાન દરિયા પર કેન્દ્રિત કર્યું.

ચિચેસ્ટરનો આત્મા સાહસિકનો હતો. આ યુગમાં જ્યારે માત્ર યંત્રની ચાંપ દબાવીને જ કોઈક કામ થતું હોય છે, ત્યારે એને ખરેખર જેમાં માનવીની સાહસવૃત્તિને પડકારે તેવી સિદ્ધિઓમાં રસ હતો. એ જન્મ્યો ત્યારે સાહસિકો કરવા જેવાં બધાં સાહસો કરી ચૂક્યા હતા, એટલે એણે પોતે જ નવાં સાહસોની શોધ કરી, અને એ સાહસો પરિપૂર્ણ કરી નવા વિક્રમો રચ્યા.

એને એકાંત કદાચ બહુ ગમતું હશે. એણે પોતાની વિક્રમ રચનારી યાત્રા દરમ્યાન નોંધ્યું હતું : 'તમે એકલા હો ત્યારે કુદરત સૂક્ષ્મદર્શક યંત્રથી જોવાતી હોય એવું લાગે.' આમ છતાં એને આ એકાંતનો થાક પણ કયારેક લાગતો હશે.

એણે એક પ્રવાસ દરમિયાન ત્રણ મહિના પછી પહેલી વાર કોઈ જહાજ પર માણસોને જોયા ત્યારે પોતાની નોંધપોથીમાં લખ્યું: 'મારું ત્રણ મહિનાનું એકાંત મને આકરી દવા જેવું લાગે છે!'

હમણાં જૂનની ૧૭મી તારીખે એ ટ્રાન્સ આટલાંટિક નૌકા-સ્પર્ધામાં ભાગ લેવા રવાના થયા ત્યારે તબિયત ખરાબ થઈ જતાં એમને પાછા ફરવું પડ્યું અને ૨૬મી ઑગસ્ટે એમનું અવસાન થયું.

આજના યુગમાં જ્યારે વિમાનમાં કે આધુનિક સગવડોથી સજ્જ સ્ટીમરમાં દુનિયાની પ્રદક્ષિણા કરી શકાતી હોય ત્યારે ચિચેસ્ટર જેવા સાહસવીરો શા માટે આ રીતે મછવામાં જનના જોખમે નીકળી પડતા હશે ? ચિચેસ્ટરે પોતે પણ આ પ્રશ્નનો ઉત્તર આપવા પ્રયત્ન કર્યો છે :

'જીવનને પૂર્ણ રીતે જીવવાનો એકમાત્ર માર્ગ એ છે કે શારીરિક સ્ફૂર્તિ અને ઈન્દ્રિયોની ચપળતાને ધાર આપે એવું કંઈક કરવું. આજના યુગમાં યુદ્ધ સિવાય ભાગ્યે જ આ માટેની કોઈ તક મળે છે. મને હતું કે હું એકલા દેહથી કે એકલા મનથી નહીં જીવી શકું. એટલે જ મેં ઉડ્ડયનને પસંદ કર્યું. પરંતુ ઉડ્ડયન પછીથી સહેલું અને પુસ્તકિયા જ્ઞાન જેવું થઈ ગયું. એ ક્ષણે એકાકી સાગરસફરો મારી મદદે આવી.'

હરીન્દ્ર દવે

. . . હું નમ્ર મનુષ્ય માત્ર છું...

એકવાર એક પત્રકાર બાપુજીને મળવા આવ્યા. તેમણે ગાંધીજીને પૂછ્યું, "શું આપ ખરેખર મહાત્મા છો?" ગાંધીજી બોલ્યા "હું તો એમ નથી માનતો. હું તો મારી જાતને ઈશ્વરે પેદા કરેલા મનુષ્યોમાં એક નમ્ર મનુષ્ય જ માનું છું." પત્રકારે પૂછ્યું, "મહાત્માની પરિભાષા શું છે?" ગાંધીજીએ કહ્યું, "હું મહાત્મા હોઉં તો મહાત્માની પરિભાષા બતાવું ને?"

પત્રકારે કહ્યું, "જો આપ મહાત્મા નથી તો એવું તમારા અનુયાયીઓને કહેતા કેમ નથી?" ગાંધીજી બોલ્યા, "હું જેમ જેમ તેમને મનાઈ કરું છું તેમ તેમ તેઓ મહાત્મા શબ્દનો વધારે ઉપયોગ કરે છે." પત્રકારે વાત બદલી, "પહેલા આપ ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા હતા, હવે આપ સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરી કરો છો, એમ કેમ?"

ગાંધીજી બોલ્યા, "તેનો મને અફસોસ છે. હું શું કરું ? એ માટે પણ મારું મહાત્માપદ જ જવાબદાર છે." પત્રકારે છેલ્લે પૂછ્યું, "સ્વરાજ્ય આવ્યા બાદ આપનું સ્થાન કયાં હશે?"

ગાંધીજી બોલ્યા, "આટલાં વર્ષોમાં મેં કદી પણ કંઈ રજા લીધી નથી, એટલે મારી લાંબી રજા જમા થઈ ગઈ છે. ત્યારે હું આ રજાનો આનંદ લેવાનું પસંદ કરીશ. કદાચ તમે પણ મારા આ રજા લેવાના અધિકારનો ઈનકાર નહિ કરો!"

સંક : ભ. જા. વોરા

જીવનમાં ઉત્સાહ

આપણે કેટલીક વાર જોઈએ છીએ કે ૬૦-૭૦ વર્ષની વયના માણસમાં ગજબનો ઉત્સાહ અને ધગશ હોય છે ત્યારે ઘણા યુવાન માણસોમાં આપણને એક પ્રકારની નિષ્ક્રિયતાની, નિરુત્સાહની લાગણી જોવા મળે છે. આનું કારણ શું હશે? આ કારણ જો શોધી શકાય તો આપણે જીવનમાં ઉત્સાહ અને રસ જાળવી રાખી શકીએ એવું બનવાનો પૂરો સંભવ છે.

આપણે આપણા પર દૃષ્ટિ નાખીશું, આપણા જીવનનું નિરીક્ષણ કરીશું તો આપણે જોઈ શકીશું કે આપણને જીવનમાં ઘણીવાર કંટાળો આવે છે, નીરસતા અને એક પ્રકારની ઉદાસી છવાઈ ગયેલી લાગે છે. આપણને લાગે છે કે આપણામાં ઉત્સાહ નથી રહ્યો. ધગશ અને લગન આપણામાંથી ઓસરી રહ્યાં છે. આપણે આનાં કારણો બાહ્ય પરિસ્થિતિમાં શોધીએ છીએ. પરન્તુ ઘણીવાર એવું બનતું હોય છે કે આ કારણો આપણી અંદર જ પડ્યાં હોય છે. આપણામાં પડેલાં આ કારણો જો આપણે શોધીને દૂર કરી શકીએ તો આપણને કંટાળો કે નીરસતા આવે નહિ.

આપણે સામાન્ય રીતે એક ને એક કામ કરવાનાં આવતાં હોય છે અને હમેશના આ એકધારા કામને લીધે નીરસતા આવે છે, કંટાળો આવે છે. પણ જો આપણને આપણે લીધેલા કામમાં રસ હોય તો એકધારા કામને પણ જુદી જુદી રીતે કરવાના માર્ગો આપણે શોધી કાઢીએ છીએ. ઉત્સાહ અને ધગશ જળવાઈ રહે એવું કરી શકીએ છીએ. પછી નીરસ કામ પણ રસવાળું બની જાય છે અને એ એકધારું કંટાળાજનક નથી લાગતું.

અમુક કામ આપણે ઉત્સાહથી શરૂ કરીએ પણ પછી કેટલીક વાર આપણો એ ઉત્સાહ ટકી રહેતો નથી. આપણે ઉપાડેલા કામમાં અવરોધો આવે છે, આપણે ધારી હોય એથી વધુ મુશ્કેલીઓ ઊભી થાય છે અને આપણને નિષ્ફળતા સામે દેખાય છે એટલે આપણો ઉત્સાહ ઓસરી જાય છે અને આપણે અટકીને ઊભા રહી જઈએ છીએ. એટલે આપણને પછી એમાં કંટાળો આવે છે અને આપણે ઉદાસ થઈ જઈએ છીએ.

આપણે જીવનમાં જે કંઈ કરવા માગતા હોઈએ એમાં મુશ્કેલીઓ ઊભી નહિ થાય એવો ખ્યાલ રાખીએ તો એ ખોટું છે. મુશ્કેલીઓ તો આવવાની જ છે. આ મુશ્કેલીઓથી થાકી-કંટાળી જવાને બદલે, ઉપાડેલી પ્રવૃત્તિમાં રસ ગુમાવવાને બદલે વધારે ધગશથી અને આત્મવિશ્વાસથી અવરોધોને દૂર કરીને આગળ જવાનો પ્રયાસ કરવો જોઈએ. અવરોધો અને મુશ્કેલીઓ આપણા ઉત્સાહને વધારે એવી રીતે આપણે આપણી જાતને કેળવવી જોઈએ.

જીવનમાં ઉત્સાહ ટકાવી રાખવા માટે, આપણું જીવન આનંદમય બને એ માટે કોઈ જાદુઈ 'ફોર્મ્યુલા' હોઈ શકે નહિ. આપણે આપણો માર્ગ કરી લેવા જેટલી શકિત અને ઉત્સાહ ધરાવતા હોઈએ તો આપણું જીવન કદી નીરસ નહિ બને. આમ કરતાં કેટલીક વાર આપણે પરિસ્થિતિનો સ્વીકાર કરી લેવો પડશે, તો કેટલીક વાર પરિસ્થિતિને પલટાવવા જેટલી હિંમત આપણે દાખવવી પડશે. એટલું આપણે કરી શકીએ તો આપણા જીવનનો રસ જળવાઈ રહેશે અને જીવન જીવવા જેવું લાગશે.

આપણે એમ માની લઈએ છીએ કે જીવનમાં આપણને માત્ર સુખ મળે, આનંદ મળે, આપણું જીવન સફળતાથી ભરપૂર રહે અને એ રીતે આપણા જીવનનો ઉત્સાહ કદી ઓસરે નહિ. પણ જીવનમાં ઉત્સાહ અને જીવનનો રસ ટકાવવો હશે તો આપણે સુખ જેટલું દુઃખ, આનંદના જેટલો વિષાદ અને સરળતાની સાથે મુશ્કેલીઓને આવકારવા તૈયાર રહેવું પડશે. જીવન પ્રત્યે જો આપણે આ પ્રકારનો અભિગમ કેળવશું તો આપણે જીવનની સમગ્ર પ્રક્રિયામાં ઉત્સાહથી, રસથી અને કંટાળ્યા વિના કે ઉદાસ બન્યા વિના ભાગ લઈ શકીશું. જીવનમાં આપણને શાંતિ અને સ્વસ્થતાની સાથે-સાથ ભરપૂર આનંદ મળી રહેશે.

—પિનાકીન

સંઘના લાઈફ્-મેમ્બરો

સંઘના સભ્યો, ગ્રાહકો અને પ્રશંસકો સંઘના લાઈફ્-મેમ્બર બને અને કુટુંબના સભ્યોમાંથી તેમ જ મિત્રવર્તુળમાંથી લાઈફ્-મેમ્બરો મેળવી આપે એવી અમારી સૌને આગ્રહભરી વિનંતિ છે. શરૂઆત સારી થઈ છે. અમે લાઈફ્-મેમ્બરો બનાવવાનો ઠરાવ કર્યો અને ટૂંક સમયમાં જ ૧૧૧ લાઈફ્-મેમ્બરોનાં પ્રવેશપત્રો અમને મળ્યાં છે. આથી મોટી સંખ્યામાં સંઘને લાઈફ્-મેમ્બરો મળી રહેશે એવી આશા બંધાય છે. એ આશાને ફળીભૂત કરવી તે આપ સૌનું કામ છે. ત્રેવીસ નામો અગાઉ જાહેર થઈ ગયાં છે અને નવાં નામો નીચે પ્રમાણે છે. બાકી રહેતાં નામો આવતે અંકે પ્રગટ કરીશું. સંઘને મળેલી ભેટની રકમોની યાદી પણ નીચે પ્રગટ કરવામાં આવી છે.—મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

૨૪. શ્રી રતિલાલ નરસીદાસ મહેતા
૨૫ „ શાન્તાલક્ષ્મી જીવણલાલ લાખાણી
૨૬ „ માણેકલાલ શાંતિલાલ શાહ
૨૭ „ સુનિતાબહેન શેઠ
૨૮ „ ગાંગજી વેલજી શાહ
૨૯ „ ચુનીલાલ મેઘજી શાહ
૩૦ „ કાનજી કોરસી શાહ
૩૧ „ બિપિનચંદ્ર કાનજી જૈન
૩૨ „ દેવચંદ ઘેલાભાઈ શાહ
૩૩ „ બાબુલાલ હીરાચંદ શેઠ
૩૪ „ રતિલાલ ઓધવજી ઝાટકિયા
૩૫ „ હિમાંશુ ચન્દ્રકાન્ત મહેતા
૩૬ „ એચ. ટી. મહેતા
૩૭ „ વસનજી વેલજી
૩૮ „ રસિકલાલ લહેરચંદ શાહ
૩૯ શ્રી કાંતિલાલ વોરા
૪૦ „ વસનજી નાનજી
૪૧ „ જયંતીલાલ દેવસીભાઈ જૈન
૪૨ „ ડુંગરસી રામજી ગાલા
૪૩ „ દેવચંદ રવજી ગાલા
૪૪ „ ભૂપેન્દ્ર ડી. ઝવેરી
૪૫ „ મોહનલાલ કેશવલાલ શાહ
૪૬ „ રસીલાબહેન મહેન્દ્રભાઈ ઝવેરી
૪૭ „ જી. એચ. વિસરીઆ-એડવોકેટ
૪૮ „ મહાસુખલાલ ભાઈચંદ શાહ
૪૯ „ રમેશ ચીનુભાઈ શેઠ
૫૦ „ એમ. પી. મોદી
૫૧ „ ધનસુખલાલ મણિલાલ શાહ
૫૨ „ કાંતિલાલ ચંદુલાલ મોદી
૫૩ „ ગુણવંતીબહેન ચીનુભાઈ ચોકસી
૫૪ શ્રી સુધાબહેન એ. ઝવેરી
૫૫ „ શશિકાન્ત ચીમનલાલ શેઠ
૫૬ „ હસમુખલાલ હરખચંદ દોઢીવાળા
૫૭ „ છગનલાલ લધાભાઈ શાહ
૫૮ „ કાંતિલાલ એન. શાહ
૫૯ „ દલપતલાલ કેશવલાલ પરીખ
૬૦ „ પૂર્ણિમાબહેન પકવાસા
૬૧ શ્રી મહેન્દ્ર જે. શાહ
૬૨ „ અમૃતલાલ દેસાઈ
૬૩ „ રસિક જે. શાહ
૬૪ „ લાભુભાઈ મહેતા
૬૫ „ કાંતિલાલ છોટાલાલ
૬૬ „ પ્રબોધ કે. શાહ
૬૭ „ બિપિનચંદ્ર રમણલાલ ઝવેરી
૬૮ „ શારદાબહેન બાબુભાઈ શાહ

સંઘને મળેલી ભેટની રકમોની યાદી

૧૦૦ શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૩૦૧ „ ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૫૧ „ વીશા પ્રિન્ટરી
૨૫૧ „ ચીમનલાલ જે. શાહ
૨૫૧ „ ટોકરસી કે. શાહ
૨૫૧ „ કે. પી. શાહ
૨૫૧ „ બી. જી. શાહ
૨૫૧ „ એ. જે. શાહ
૨૫૧ „ રસિકલાલ એમ. ઝવેરી
૨૫૧ „ દેવરામ આખાઈ એન્ડ કું.
૨૫૧ „ રમેશ શેઠ
૨૫૧ „ કાંતિલાલ કેશવલાલ શેઠ
૨૦૧ „ ફતેહચંદ લલ્લુભાઈ શાહ
૨૦૧ „ ધીરજલાલ ફૂલચંદ શાહ
૨૦૧ „ ખીમજી માડણ ભુજપુરિયા
૨૦૧ „ મધુસૂદન ટ્રસ્ટ
૨૦૦ „ ધીરજલાલ મોરારજી અજમેરા
૧૫૨ „ મોહનલાલ નગીનદાસ જરીવાળા
૧૦૧) સંઘ, ૫૧) વા. પુ.
૧૫૧ „ સુબોધભાઈ એમ. શાહ (વા. પુ.)
૧૫૧ „ મફતલાલ ભીખાચંદ શાહ
૧૫૧ „ બાબુભાઈ જયંતીલાલ શાહ
૧૦૧ „ રતિલાલ ચીમનલાલ કોઠારી (વા. પુ.)
૧૦૧ „ ભગવાનદાસ પોપટલાલ
૧૦૧ „ મહાસુખભાઈ ભાઈચંદ
૧૦૧ „ લીલાધર પી. શાહ
૧૦૧ „ મહાલક્ષ્મીબહેન મણિલાલ ઝવેરી
૧૦૧ „ એક સદ્‌ગૃહસ્થ
૧૦૧ „ લલિતાબેન શાહ
૧૦૧ „ ચંદ્રકાંત તારાચંદ દોશી
૧૦૧ „ મોહનલાલ કેશવલાલ શાહ
૧૦૧ „ ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ ઝવેરી (વા પુ.)
૧૦૧ „ હીરાલાલભાઈ ઝવેરી
૧૦૧ ડૉ. પ્રવીણભાઈ વકીલ
૧૦૧ શ્રી પ્રબોધ કે. શાહ
૧૦૧ શ્રી લખમસી નેણસી
૧૦૧ „ જયંતીલાલ અંબાલાલ શાહ
૧૦૧ „ ઉર્મિલાબહેન જયંતીલાલ
૧૦૧ „ અંબાલાલ ચતુરભાઈના સ્મરણાર્થે
૧૦૧ સ્વ. પાર્વતીબાઈ અંબાલાલ ચતુરભાઈ
૧૦૧ શ્રી વિનોદચંદ્ર નાથાલાલ દોશી
૧૦૧ „ દેવચંદ કું.
૧૦૧ „ બિહારીલાલ બી. મહેતા
૧૦૧ „ હસમુખલાલ હરખચંદ દોઢીવાળા
૧૦૧ „ હંસરાજભાઈ દામજી
૧૦૧ „ લલિતાબહેન નૌતમલાલ શાહ
૧૦૦ „ નીરુબહેન એસ. શાહ (વા. પુ.)
૧૦૦ „ દલપતલાલ કેશવલાલ ઝવેરી
૬૨ „ ડાહ્યાભાઈ ભોળાભાઈ ઝવેરી
૫૧ „ પ્રવીણભાઈ મંગળદાસ
૫૧ પ્રો. રમણલાલ ચી. શાહ
૫૧ શ્રી દેવચંદ ઘેલાભાઈ
૫૧ „ મૂળચંદ નાનાલાલ
૫૧ „ આણંદજી ગોવિંદજી
૫૧ „ વિષ્ણુપ્રસાદ દેસાઈ
૫૧ ડૉ. મનુભાઈ જમનાદાસ શાહ (પ્ર. જીવન)
૫૧ શ્રી નેમચંદ નાથાલાલ
૫૧ „ રમણીકલાલ દલીચંદ શાહ
૫૧ „ પ્રવીણચંદ્ર હેમચંદ કાપડિયા
૫૧ „ ચંદ્રકાંત એમ. શાહ
૫૧ „ રમણલાલ લાલભાઈ લાકડાવાળા
૫૧ „ હીરાલાલ હ. ગાંધી
૫૧ „ અહના
૫૧ „ રાજેન્દ્ર અમૃતલાલ
૫૧ „ રમેશભાઈ ચીનુભાઈ શેઠ
૫૧ „ લલિતચંદ્ર એલ. ધ્રુવ
૫૧ શ્રી જયંતીલાલ પી. શાહ
૫૧ „ સૂરજબહેન મનસુખલાલ કોઠારી
૫૧ „ હીરાલાલ ત્રંબકલાલ ડગલી
૫૧ „ એચ. દીપચંદ એન્ડ કું.
૫૧ „ રમણીકલાલ ગોસળિયા
૫૧ „ મહેન્દ્ર શાંતિલાલ શાહ
૪૦ „ કસ્તુરીબહેન મેશેરી
૩૧ „ રામજી બ્રધર્સ
૩૧ „ અરવિંદ દલાલ
૩૦ „ રમણીકલાલ પ્રભુદાસ શાહ
૨૫ „ હરિલાલ ગુલાબચંદ શાહ
૨૫ „ જગજીવનદાસ પોપટલાલ શાહ
૨૫ „ લવણપ્રસાદ ફૂલચંદ શાહ
૨૫ „ કાંતિલાલ મોદી (વે. રાહત)
૨૫ „ કાંતિલાલ મોદી (પ્ર. જીવન)
૨૫ „ જ્યોતિબહેન મોહનલાલ પારેખ
૨૫ „ મગનલાલ રવજી શાહ
૨૫ „ કાંતિલાલ નથુભાઈ પારેખ
૨૫ „ ઝવેરબહેન નથુભાઈ પારેખ
૨૫ „ જમનાદાસ જે. શાહ
૨૫ „ ચત્રભુજ નાગરદાસ ડગલી
૨૫ „ સુશીલાબહેન કોઠારી
૨૫ „ હસમુખલાલ મહાસુખલાલ
૨૫ „ હીરજી ખીમજી ગાલા
૨૫ એક સદ્‌ગૃહસ્થ
૨૫ „ સુશીલાબહેન કાપડિયા
૨૫ „ જે. કે. શાહ
૨૫ „ ઈન્દુમતિબહેન કે. મુનસીફ્
૩૭૪૬–૮૬ ઝોળીમાં આવ્યા
૨૩૯ પચીસ રૂપિયાથી નીચેની રકમો

૧૩,૩૪૬-૮૬

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ ઑક્ટોબર ૧, ૧૯૭૨, રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ ગાંધીજી ☆

ગાંધીજીના જન્મદિને એમને આપણાં કોટિ કોટિ વંદન હો! આઈન્સ્ટાઈને ગાંધીજીના અવસાન પછી કહ્યું હતું કે "આવી વ્યક્તિ આ ધરતી ઉપર સદેહે વિચરતી હતી એવું હવે પછીની પેઢી ભાગ્યે જ માની શકશે."

ગાંધીજી સાચા ધાર્મિક પુરુષ હતા. તેમણે કહ્યું છે: "મારે જે કરવું છે તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું ચલનવલન બધું એ જ દૃષ્ટિએ થાય છે. મારું રાજપ્રકરણી ક્ષેત્રની અંદર ઝંપલાવવું પણ એ જ વસ્તુને આધીન છે."

જીવનનું કોઈ ક્ષેત્ર કે વ્યવહાર એવો નથી જેમાં ગાંધીજીએ પોતાની મૌલિક રીતે પ્રવૃત્તિ કરી ન હોય. પણ એ બધી પ્રવૃત્તિને એકસૂત્રે ગૂંથવાવાળી વસ્તુ એમની ધર્મભાવના છે. આ ધર્મભાવના નહિ સમજીએ ત્યાં સુધી ગાંધીજીને સમજી નહિ શકીએ.

ધાર્મિક પુરુષો અનેક પ્રકારના હોય છે. એક એવા હોય છે કે જે પોતાના આત્મકલ્યાણમાં જ નિમગ્ન હોય. સંસારની પ્રવૃત્તિઓ સાથે તેમને કાંઈ સંબંધ હોતો નથી, ઈચ્છતા પણ નથી. બીજા એવા હોય છે જે આત્મકલ્યાણમાં નિમગ્ન હોવા છતાં, જનતાને ઉપદેશ આપે, માર્ગદર્શન આપે, પોતાના જ્ઞાનનો લાભ આપે. આવા પુરુષો સક્રિય સાંસારિક પ્રવૃત્તિઓથી અલિપ્ત રહે છે, છતાં જનકલ્યાણ અર્થે સાચો માર્ગ બતાવે છે. પહેલા વર્ગના, કોઈને પોતાના તરફથી દુઃખ થાય એવું વર્તન કરતા નથી, પણ બીજાનું દુઃખ ઓછું કરવામાં સક્રિય કાર્ય કરતા નથી. બીજો વર્ગ પણ આ કોટિમાં છે છતાં પોતાના અનુભવ અને જ્ઞાનનો લાભ ઉપદેશથી લોકોને આપે છે. સંતપુરુષોના જીવન અને ઉપદેશની અસર જનતા ઉપર થાય જ છે અને તેટલે દરજ્જે જનકલ્યાણ થાય છે. ત્રીજો વર્ગ એવો છે જે સંસારથી વિરકત હોવા છતાં, જનસેવાના કાર્યમાં સક્રિય પ્રવૃત્ત રહે છે. આ પરમ્પરા સ્વામી વિવેકાનંદની છે, મુખ્યત્વે તેમને આભારી છે.

પહેલો અને બીજો વર્ગ કદાચ એમ માને છે કે આ સંસાર અનાદિ, અનંત છે. આમ જ ચાલ્યા કરવાનો. કેટલાકના મતે તે કાજળની કોટડી છે, તેમાં રહેવાથી ડાઘ જ પડવાનો. કરુણા, મૈત્રી, પ્રેમનો સંદેશ આપે ત્યારે પણ કાંઇક દૂર રહીને. તેમાં પ્રવૃત્ત થવાથી રાગદ્વેષથી મુકત થવું શક્ય નથી. એમ માનવાવાળા કે વ્યક્તિના જીવન માટે સત્ય, અહિંસા આચરણીય છે, સામાજિક વ્યવહારમાં તેની શક્યતા ઓછી છે. અસત્ય, હિંસાની માત્રાની મર્યાદા બાંધી આપે. પણ સત્ય અને અહિંસાના પાયા ઉપર સમાજરચના થઈ શકે તે માન્યતા નહિ. લોકમાન્ય ટિળક કહેતા કે સંસાર સાધુઓ માટે નથી, ત્યાં તો "યો યથા મામ્ પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્. રાજકીય ક્ષેત્રે આને Responsive co-operation એવું નામ તેમણે આપ્યું હતું.

ત્રીજો વર્ગ જે જનસેવા કરે છે તે પણ સામાજિક અને આર્થિક વિષમતાના મૂળમાં નથી જતો. દાકતરની પેઠે દવા કરે છે. દુઃખ કાંઇક ઓછું કરી સંતોષ માને છે.

અહીં હું ધર્મગુરુઓ (Priests) ની વાત નથી કરતો. તેમાંના કોઈ સાચા ધાર્મિક પુરુષ હોય તો પણ તેમનું મુખ્ય લક્ષ્ય સ્થાપિત ધર્મસંપ્રદાયોનું સ્થાન જાળવવાનું અને તેના ક્રિયાકાંડો અને વિધિનિષેધોનો અમલ કરવાનું હોય છે. તેમાંના લગભગ બધા સ્થિતિ. ચુસ્ત, જડ ક્રિયાવાદી હોય છે.

હું સાચા ધાર્મિક પુરુષો વિષે અહીં વિચારું છું. મનુષ્યના દુઃખનું મૂળ અવિદ્યા, તૃષ્ણા, કષાયો, ભોગવિલાસ, વગેરે માણસની વૃત્તિઓ છે. તેને નિર્મૂળ કરવી સાચા સુખનો માર્ગ છે.

પણ માણસના દુઃખનું બીજું કારણ સામાજિક અને આર્થિક રચના, તેમાંથી ઉત્પન્ન થતી વિષમતાઓ અને અન્યાય પણ છે. પોતાના સ્વાર્થ માટે માણસ બીજાને દુઃખ આપે, કોઈ નાના પ્રમાણમાં, તો હિટલર જેવા મોટા પ્રમાણમાં.

આ વિષમતાઓ દૂર કરવી અને અન્યાયનો પ્રતિકાર કરવો એ પણ જનકલ્યાણ માટે જરૂરી છે. સમાજનું પાયામાંથી પરિવર્તન કરવું, સત્ય, અહિંસા અને પ્રેમના પાયા ઉપર તેની રચના કરવી, આવી ક્રાન્તિ કોઈ ધર્મપુરુષે વિચારી હોય એવું ઈતિહાસમાં જણાતું નથી. મનુષ્ય વિષમતાઓ અને અન્યાયનો પ્રતિકાર કરતો જ રહ્યો છે પણ તે જ શસ્ત્રોથી - જેવાની સાથે તેવા થઈને. સત્ય, અહિંસા અને પ્રેમના પાયા ઉપર, સાચી ધર્મભાવનાના આધારે સમગ્ર સમાજની રચના થઈ શકે છે તેવું માનવામાં જ આવ્યું નથી

ગાંધીજી એવા ધર્મપુરુષ હતા કે જે વ્યક્તિગત આચરણમાં સત્ય, અહિંસા, પ્રેમની ધર્મભાવના મૂર્તિમંત કરે એટલું જ નહિ પણ સમગ્ર સમાજની નવરચના આ પાયા ઉપર કરે. ગાંધીજી મહાન ક્રાન્તિકારી હતા. મૂળથી જ ગાંધીજીનો અભિપ્રાય હતો કે જે એકને સારુ શક્ય છે તે બધા સારુ શક્ય છે. વ્યક્તિગત જીવનનું એક ધોરણ અને સામાજિક અથવા સામૂહિક જીવનનું બીજું ધોરણ ગાંધીજીને માન્ય ન હતું એટલું જ નહિ પણ આવા વલણને ગાંધીજી ઘાતક ગણતા.

ગાંધીજી માનતા કે અન્યાયનો પ્રતિકાર કરવો વ્યક્તિનો ધર્મ છે. અલબત્ત, આમાં ઘણા વિવેકની જરૂર છે. મનની ઉદારતા જોઈએ. ઘણું સહી લેવું પણ પડે. છતાં આ ઉદારતા અને સહનશીલતાની મર્યાદા છે.

મોટા ભાગના ધર્મપુરુષો અન્યાયનો વિરોધ કરે પણ અંતે તેનાથી દૂર રહે. ભૂંડાથી ભૂત ભાગે. સૌ પોતાના પાપે મરશે, સૌને પોતાનાં કર્યાં ભોગવવાનાં છે એવું કાંઇક વલણ. ક્રાઇસ્ટે કહ્યું, Resist not evil. પછી તેનો અર્થ કરવામાં આવ્યો, Resist not evil by evil. પણ ક્રાઇસ્ટનું આવું મંતવ્ય હતું એમ નિશ્ચિત

ન કહેવાય. પણ Resist evil and that also by good એવું તો ગાંધીજીએ જ કહ્યું. ગાંધીજીની પ્રકૃતિમાં આધ્યાત્મિક આક્રમકતા હતી. સત્યાગ્રહ અને અસહકાર તેનાં પ્રતીક હતાં. વિનોબાજી હવે સત્યાગ્રહનો અર્થ સત્યાગ્રહી થવું એમ કહે છે. મારા નમ્ર મતે ગાંધીજીનો આ અર્થ નથી. ગાંધીજી સત્યાગ્રહી પણ હતા. બીજાના અભિપ્રાયને સમજવા પૂરો પ્રયત્ન કરતા પણ છેવટ પોતાના અભિપ્રાયમાં નિશ્ચલ રહેતા એટલું જ નહિ પણ ગમે તે ભોગે તેનો અમલ કરતા. સત્યાગ્રહી કેટલીક વખતે નિષ્ક્રિય બને છે. બધામાં તેને સત્યનો અંશ લાગે છે, પરિણામે નિશ્ચયબળ ઢીલું રહે છે, સહદેવના અતિજ્ઞાન જેવું. ગાંધીજી કર્મવીર હતા. અંતઃસ્ફુરણાથી પહેલા કર્તવ્ય નક્કી કરતા. પછી તેનાં કારણો શોધતા.

અન્યાયના પ્રતિકાર સાથે બીજો મોટો સિદ્ધાંત સાધનશુદ્ધિનો. આ જગતને ગાંધીજીનું આ મહાન યોગદાન છે. કડવાં બીજ વાવી મીઠાં ફળ મળે જ નહિ. માત્ર આત્મકલ્યાણ માટે સત્ય, અહિંસા આવશ્યક છે એટલું જ નહિ પણ સામાજિક, રાજકીય, આર્થિક, જીવનના કોઈ પણ વ્યવહારમાં તેટલાં જ કામયાબ અને જરૂરી છે. ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે કહ્યું છે કે Gandhi unites the non-worldly and the worldly – ગાંધી આધ્યાત્મિક અને ભૌતિકને જોડે છે. ગાંધીજીને મન આવા ભેદ નથી. ધર્મ અને જીવનવ્યવહારને જુદા પાડવા એ પાયાની ભૂલ છે. જીવનના પ્રત્યેક વ્યવહારમાં ધર્મ ઓતપ્રોત હોવો જોઈએ–તો જ તે સાચો ધર્મ છે. ડૉ. સ્વાઈત્ઝરે સાચું કહ્યું છે કે For Gandhi, it is an established principle that material problems can only be solved by the Spirit.

ગાંધીજી હૃદયપરિવર્તનમાં દૃઢપણે માનતા. માણસની સદ્‌વૃત્તિઓમાં તેમને વિશ્વાસ હતો. સત્ય, અહિંસા, પ્રેમ, દયા, કરુણા વગેરે સદ્‌ભાવનાઓ દરેક મનુષ્યના અંતરમાં વધતાઓછા પ્રમાણમાં પડી છે તેને બહાર લાવવી, ઉત્તેજવી કાયમી પરિણામદાયી છે. પણ દબાણની પણ જરૂર છે. તે દબાણ સત્યાગ્રહ અને અસહકારનું. એક વિશેષ હકીકત લક્ષમાં લેવાની છે. માણસ ઘણી વખત સંજોગો અને બાહ્ય પરિસ્થિતિનો ભોગ બને છે, નિરૂપાય થાય છે, તેમાં ઘસડાય છે. સમાજની રચના જ એવી હોય કે મનુષ્યની દુર્વૃત્તિઓને પોષણ મળે અથવા શોષણ - સ્થૂળ અને સૂક્ષ્મ - તેનું અંગ બને. આવી બાહ્ય પરિસ્થિતિ પાયામાંથી બદલાવવી જોઈએ. માર્ક્સનું બધું લક્ષ આવી બાહ્ય ક્રાન્તિ ઉપર હતું. ઉત્પાદનનાં સાધનોની ખાનગી માલિકીને માર્ક્સ બધી સામાજિક વિષમતાનું મૂળ માનતા. માર્ક્સનું લક્ષ્ય આ ભૌતિક પરિવર્તન ઉપર હતું. એવું પરિવર્તન બળજબરી અને હિંસાથી, વર્ગવિગ્રહથી થશે એમ માર્ક્સે માન્યું. માર્ક્સ અને ગાંધી, બન્ને મહાન ક્રાંતિકારી. બન્નેના માર્ગ જુદા. ગાંધીજી સમાજનું કલેવર બદલાવી નાખવા ઇચ્છતા - ધર્મભાવના ઉપર અને તેને દૃઢ કરવા. માર્ક્સનું લક્ષ સંપત્તિની સમાન વહેંચણી હતું.

સમાજના પુનર્નિર્માણના ગાંધીજીના મૂળ સિદ્ધાંતો સંક્ષેપમાં કહેવા હોય તો આ પ્રમાણે છે:

(૧) જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી રાખવી અને જીવનને સંયમી બનાવવું.

(૨) દરેક વ્યક્તિને ઓછામાં ઓછી જીવનની જરૂરિયાતો મળવી જ જોઈએ.

(૩) અસત્ય અને હિંસા ઓછામાં ઓછાં હોય અથવા સત્ય અને અહિંસાનું વધુમાં વધુ પાલન થાય એવો શુદ્ધ વ્યવહાર હોવો જોઈએ.

(૪) વિકેન્દ્રિત આર્થિક અને રાજકીય રચના હોય ત્યાં ઉપરના સિદ્ધાંતોનો અમલ વધારે અસરકારક રીતે થઈ શકે. તેથી ખાદી, ગ્રામોદ્યોગ, બને તેટલા સ્વાવલંબી ગ્રામઘટકો વગેરે વિકેન્દ્રિત અર્થરચનામાં અઢળક ઉત્પાદનને (Mass Production) અવકાશ નથી. તેથી સંપત્તિ અને આવકની અસહ્ય અસમાનતા જન્મતી નથી અથવા ટકતી નથી.

(૫) માણસ–માણસ વચ્ચે ઉચ્ચ–નીચના ભેદને કોઈ સ્થાન ન હોય.

(૬) સર્વધર્મ પ્રત્યે સમભાવ હોય.

આવું અને બીજું ઘણું તેમાં સમાવિષ્ટ થાય છે. આ બધી બાબતોમાં ગાંધીજીએ પ્રયોગો કર્યા. માર્ગ બતાવ્યો. જેનો અમલ ન થઈ શકે એવી કોઈ હવાઈ વાત ગાંધીજીએ કહી નથી. પોતે ન કરે એવું બીજાને કોઈને કરવાનું કહ્યું નથી.

ગાંધીજીએ કોઈ નવું તત્ત્વજ્ઞાન કે જીવનદર્શન પ્રરૂપ્યું નથી. ઈશાવાસ્ય ઉપનિષદના પહેલા શ્લોકમાં આપેલ જીવનદર્શન અને આચારધર્મ ગાંધીજીએ સ્વીકાર્યાં હતાં.

સચરાચરમાં જે કાંઈ સઘળું, પ્રભુથી વાસ્યું પિછાણો;
ત્યાગ થકી ભોગવતા શીખો, ગીધનજર પરધન પે છોડો.

હિન્દુ ધર્મમાં ઉચ્ચ તત્ત્વજ્ઞાન છે. હિન્દુ સમાજમાં અનેક ઘોર અનિષ્ટો ભર્યા છે. આવું જીવનદર્શન જેની પાસે છે એવા સમાજનું આવું પતન કેમ થયું તે ઇતિહાસનો કોયડો છે. આવાં બધાં અનિષ્ટો હિન્દુ ધર્મનું અંગ નથી પણ તેનું કલંક છે એમ ગાંધીજી માનતા. સ્મૃતિઓ અને ધર્મશાસ્ત્રોમાં લખેલું ઘણું તેમણે ફગાવી દીધું. He was the greatest revolutionary, not merely reformer, Hinduism has produced.

તેમનામાં અપ્રતિમ સંકલ્પબળ અને નિશ્ચયબળ હતાં. તેનો આધાર ઈશ્વર અને સત્ય ઉપરની અવિચળ શ્રદ્ધા. આખી દુનિયા વિરુદ્ધ હોય તો પણ પોતાને સત્ય લાગે તેને પ્રાણના ભોગે પણ વળગી રહેવાની શક્તિ હતી.

ડૉ. સ્વાઈત્ઝરે કહ્યું છે:

Gandhi continued what the Buddha began. In the Buddha, the spirit of love set itself the task of creating different **spiritual** conditions in the world; in Gandhi, it undertakes to transform **all worldly** conditions.

ભગવાન બુદ્ધે કરુણાના ઉપદેશથી માણસનું હૃદયપરિવર્તન કરવા પ્રયત્ન કર્યો. ગાંધીએ પ્રેમથી - હૃદયપરિવર્તન ઉપરાંત-સામાજિક ક્રાન્તિ કરવા પ્રયત્ન કર્યો.

ગાંધીજીએ આત્મકથાની પ્રસ્તાવનામાં કહ્યું છે:

"જો મારે કેવળ સિદ્ધાંતોનું એટલે તત્ત્વોનું વર્ણન કરવાનું હોય તો આત્મકથા હું ન જ લખું. પણ મારે તો તેના ઉપર રચાયેલાં કાર્યોનો ઇતિહાસ આપવાનો છે અને તેથી જ મેં આ પ્રયત્નને 'સત્યના પ્રયોગો' એવું પહેલું નામ આપેલું છે."

ગાંધીજીએ આ પ્રયોગો વિજ્ઞાનશાસ્ત્રી જેમ નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કર્યા. મનનાં દ્વાર સદા ખુલ્લાં હતાં. જરૂર લાગે તેવા ફેરફાર કરવા સદા તત્પર હતા. મૂળભૂત સિદ્ધાંતો અવિચળ હતા.

દુનિયાના ઇતિહાસમાં આ સર્વથા નવો માર્ગ છે. ગાંધીમાર્ગને અનુસરવાનો દાવો કરતી વ્યક્તિમાં હાડોહાડ ગાંધીની ધર્મભાવના નહિ હોય તો એ માર્ગનું અનુસરણ કરી શકશે નહિ. માનવજાતે આ માર્ગ સ્વીકાર્યો નથી. આ માર્ગ એ જ સુખનો સાચો માર્ગ છે એવી શ્રદ્ધા નથી. તેથી જ આઈન્સ્ટાઈને સાચું કહ્યું છે કે આ ધરતી ઉપર આવી વ્યક્તિ સદેહે વિચરતી હતી તે ભાવિ પેઢી કદાચ માની નહિ શકે.

૨૪-૯-'૭૨ **ચીમનલાલ ચકુભાઈ**

☆ કૈવલ્ય જ્ઞાન વિશેની જૈન ભાવના—એક મૂંઝવણ ☆

આ વિષયે શ્રી ગુલાબદાસ બ્રોકરનો એક લેખ 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૯-'૭૨ના અંકમાં પ્રકટ થયો છે. ભાઈ ગુલાબદાસે આ વિષય ઉપર લખ્યું તે મને ગમ્યું છે. ભાઈ ગુલાબદાસ જાણીતા સાક્ષર છે. મારી એવી છાપ હતી કે જન્મથી જૈન હોવા છતાં ભાઈ ગુલાબદાસને જૈન ધર્મમાં ખાસ રસ નથી. મારી આ માન્યતા ખોટી ઠરી છે. તેમનો આ લેખ બતાવે છે કે જૈન ધર્મ વિશે તેમણે ઠીક વિચાર્યું છે, એટલી હદે કે મૂંઝવણ અનુભવે છે. આ મૂંઝવણ તેમને જૈન ધર્મનો વિશેષ અભ્યાસ કરવા પ્રેરે તો સાર્થક થશે. તેમ કરશે તો મૂંઝવણનો ઉકેલ તેમને પોતાને સૂઝશે. બીજા ઉકેલ બતાવશે તેથી મનનું સમાધાન થશે નહિ. એમણે પોતાની મૂંઝવણ વિદ્વજ્જનો પાસે વિનમ્ર ભાવે રજૂ કરી છે તે તેમની જિજ્ઞાસા બતાવે છે. પણ જે કોયડો તેમને મૂંઝવે છે તેમાં, મારા નમ્ર મત મુજબ, વિદ્વાનો બહુ સહાયભૂત થાય તેમ હું માનતો નથી. સાચા સદ્‌ગુરુ - આત્મજ્ઞાની - નો સમાગમ થાય તો માર્ગદર્શન મળે. તેના અભાવે સત્શાસ્ત્રનું વાચન અને મનન કદાચ ઉપયોગી થાય.

તેમનો લેખ બે પ્રશ્નો રજૂ કરે છે. એક, કૈવલ્ય જ્ઞાનના સ્વરૂપ વિશેની જૈનદર્શનની માન્યતા અને બીજું, દરેક આત્માનું ભાવિ પૂર્વનિર્ણીત હોવાથી મોક્ષ માટેનો આત્માનો સઘળો પુરુષાર્થ નિરર્થક છે; તેની મુક્તિ જ્યારે નિર્માયેલી હોય ત્યારે જ થાય છે, એક પળ વહેલીમોડી નહિ.

ભાઈ ગુલાબદાસ માને છે—અથવા સાંભળ્યું છે-કે કૈવલ્યજ્ઞાની સર્વ આત્માઓની ત્રણે કાળની ગતિવિધિ નિરંતર જાણી દેખી રહ્યા છે. જો આમ જ હોય તો આત્મા ગમે તેટલું ઝૂઝે તો પણ પૂર્વનિશ્ચિત પળથી એક પણ પળ પહેલાં તેની મુક્તિ શી રીતે સંભવે?

કેવળજ્ઞાનના સાચા સ્વરૂપની વાત એક બાજુ રાખીએ અને ભાઈ ગુલાબદાસ કહે છે તેવું કેવળજ્ઞાનનું સ્વરૂપ છે તેમ માની લઈએ તો પણ, તેમાંથી જે અનુમાન તેઓ તારવે છે તે સયુક્તિક નથી. કેવળજ્ઞાની જાણતા હોય તો પણ હું પોતે નથી જાણતો ત્યાં સુધી મારો પુરુષાર્થ નિરર્થક નથી એટલું જ નહિ પણ મારે માટે તો તે જ સાર્થક છે.

ખરો પ્રશ્ન, કેવળજ્ઞાનીના જ્ઞાનનો નથી પણ દરેક આત્માનું ભાવિ પૂર્વનિર્ણીત છે કે નહિ અને હોય તો કયા અર્થમાં અને તેમાં પુરુષાર્થને કેટલો અવકાશ છે, તે છે. આત્માનું ભાવિ પૂર્વનિર્ણીત છે કે નહિ—જેમાં એક પળનો પણ ફેરફાર થઈ ન શકે—તેનો આધાર કેવળજ્ઞાનીના જ્ઞાન ઉપર નથી પણ કર્મના સિદ્ધાન્તનું સાચું સ્વરૂપ શું છે તેના ઉપર છે. પૂર્વ નિર્ણીતનો અર્થ એવો હોય કે નિયત સમયે મોક્ષ મળવાનો જ છે તો સદાચાર અને દુરાચાર, પુણ્ય અને પાપનો કાંઈ અર્થ રહેતો નથી. સાદી સમજણથી પણ સમજાય એવું છે કે આવું હોય નહિ. નિયતિવાદ અને પુરુષાર્થનો ઝઘડો મહાવીર અને ગોશાલક જેટલો જૂનો છે. કર્મનો સિદ્ધાંત સાચા પુરુષાર્થનો પ્રેરક છે, નિષ્ક્રિયતાનો નહિ. આત્મા પોતે જ પોતાનો મિત્ર અને શત્રુ છે, પોતે જ કર્મનો કર્તા છે અને ભોક્તા છે, પોતાના પુરુષાર્થથી જ પોતાની મુક્તિ પ્રાપ્ત કરવાની છે, બીજો કોઈ સહાય કરી શકે તેમ નથી. કર્મનો સિદ્ધાંત અતિ ગહન છે. તેના વિવાદમાં ઊતરી, કોયડા ઊભા કરવાની જરૂર નથી. પૂર્ણજ્ઞાન ન થાય ત્યાં સુધી તેના રહસ્યનો તાગ પામી ન શકીએ. જ્ઞાની પુરુષોએ જે અનુભવ્યું છે તેમના વચન ઉપર શ્રદ્ધા રાખી પુરુષાર્થ કરવો જીવને કલ્યાણકારી છે. એવા એક જ્ઞાની પુરુષ શ્રીમદ્ રાજચંદ્રે આ વિષયે ઘણું કહ્યું છે તેમાંથી થોડો ભાગ અહીં આપું છું. જિજ્ઞાસુએ વિશેષ વાચન કરવું યોગ્ય છે:

"પ્રારબ્ધ અને પુરુષાર્થ એ શબ્દ સમજવા જેવા છે. પુરુષાર્થ કર્યા વિના પ્રારબ્ધની ખબર ન પડી શકે. પ્રારબ્ધમાં હશે તે થશે એમ કહી બેસી રહ્યે કામ ન આવે. નિષ્કામ પુરુષાર્થ કરવો. પ્રારબ્ધને સમ પરિણામે વેઠવું - ભોગવી લેવું - એ મોટો પુરુષાર્થ છે."...

"પૂર્વકર્મ નથી, એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યે જવો. તેમ છતાં પૂર્વકર્મ નડે તો શોક કરવો નહિ. પુરુષાર્થનો જય ન થયો, એવી નિરાશા સ્મરીશ નહિ. બીજાને દોષે તને બંધન છે, એ સંતની પહેલી શિક્ષા છે."

"કોઈ હીન પુરુષાર્થની વાતો કરે કે ઉપાદાનકારણનું શું કામ છે? પૂર્વે અશોચ્યા કેવલી (વિચાર-સમજણથી પુરુષાર્થ કર્યા વિના અકસ્માત જેમને જ્ઞાન થયું હોય તેવા) થયા છે, તો તેવી વાતોમાં પુરુષાર્થહીન ન થવું. સત્સંગ ને સત્ય સાધન વિના કોઈ કાળે પણ કલ્યાણ થાય નહિ. જો પોતાની મેળે કલ્યાણ થતું હોય તો માટીમાંથી ઘડો થવો સંભવે. લાખ વર્ષ થાય તો પણ ઘડો થાય નહિ. તેમ ઉપાદાનકારણ વિના કલ્યાણ થાય નહિ. તીર્થંકરનો યોગ થયો હશે, એમ શાસ્ત્રવચન છે; છતાં કલ્યાણ થયું નથી તેનું કારણ પુરુષાર્થ વિના તે યોગ નિષ્ફળ ગયા; માટે પુરુષાર્થ કરવો અને તો જ કલ્યાણ થશે. ઉપાદાનકારણ શ્રેષ્ઠ છે."

"પુરુષાર્થ કરે તો કર્મથી મુકત થાય. અનંત કાળનાં કર્મો હોય, અને જો યથાર્થ પુરુષાર્થ કરે, તો કર્મ એમ ન કહે કે હું નહિ જાઉં. બે ઘડીમાં અનંતાં કર્મો નાશ પામે છે."

"અનાદિ કાળના અજ્ઞાનને લીધે જેટલો કાળ ગયો, તેટલો કાળ મોક્ષ થવા માટે જોઈએ નહિ. કારણ કે પુરુષાર્થનું બળ કર્મો કરતાં વધુ છે. કેટલાક જીવો બે ઘડીમાં કલ્યાણ કરી ગયા છે."

હવે કેવળજ્ઞાનના સ્વરૂપ વિશે થોડું કહું. પ્રથમ તો એમ કહેવું જોઈએ—કેવળજ્ઞાનનું સાચું અને પૂર્ણ સ્વરૂપ કેવળી ભગવાન જ જાણે. શાસ્ત્રોમાં તેનાં વર્ણનો છે. સર્વજ્ઞતાના અર્થ વિશે ઘણો વિવાદ છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે:

> જે સ્વરૂપ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
> કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
> તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
> અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
>
> કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
> કહીએ કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.

કેવળજ્ઞાન એટલે આત્મજ્ઞાન. તેનો અર્થ સર્વ જીવો વિશેનું ત્રૈકાલિક જ્ઞાન એમ નથી. પંડિત સુખલાલજીએ આ પ્રશ્નની છણાવટ કરી કહ્યું છે: "તેથી મારા મત મુજબ જૈન પરમ્પરામાં સર્વજ્ઞત્વનો અસલી અર્થ આધ્યાત્મિક સાધનાનાં ઉપયોગી સર્વ તત્ત્વોનું જ્ઞાન એમ હોવું જોઈએ; નહિ કે ત્રૈકાલિક સમગ્ર ભાવોનો સાક્ષાત્કાર." એ ખરું છે કે જૈન પરમ્પરામાં ત્રૈકાલિક જ્ઞાન એવો પણ એક અર્થ કરવામાં આવે છે અને આવી માન્યતા પ્રવર્તે છે.

હું નમ્રપણે સૂચવું છું કે આત્માર્થી જને બુદ્ધિની આવી કસરતમાં ઊતરી કોયડા ઊભા કરી મૂંઝવણ અનુભવવાને બદલે, આત્માર્થના માર્ગે પગલાં માંડવાં અને તેમાં એક ડગલું બસ થાય એટલું સ્વીકારી, પુરુષાર્થ કરશે તો અંતરમાં કોઈક પ્રકાશ પડશે અને વધતો જશે. કેવળજ્ઞાનનું સ્વરૂપ, સર્વજ્ઞતાનો સાચો અર્થ, નિયતિવાદ અને પુરુષાર્થનો સંબંધ, આ બધા જટિલ અને ગહન પ્રશ્નોના વિવાદમાં અલ્પજ્ઞો પડે તો સાચા માર્ગથી આડે રસ્તે ચડી જવાય. યમનિયમનું પહેલું પગથિયું પણ જેણે માંડ્યું નથી તેણે ઉત્તંગ શિખરો માટે કલ્પનાના ઘોડા દોડાવવાની જરૂર નથી.

ભાઈ ગુલાબદાસના લેખના જવાબ બે ભાઈઓએ મને લખી મોકલ્યા છે. પરમ્પરાગત જૈન પરિભાષામાં લખાયેલ જવાબો છે. આવા વિવાદથી હું કાંઈ લાભ જોતો નથી. કોઈ સાચા આત્મજ્ઞાની સંતપુરુષ અનુભવથી કાંઈ માર્ગદર્શન આપે તો ઉપકારક થશે. આ માત્ર પંડિતાઈનો વિષય નથી.

૨૩-૯-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

પ્રકીર્ણ નોંધ

ધર્માન્તર

ગુજરાત સરકારે જૂન ૧૯૭૨ માં એક વિધેયકથી બળના ઉપયોગ, અથવા પ્રલોભન અથવા કપટયુક્ત સાધનોથી ધર્માન્તર કરાવવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે. તેના ઉદ્દેશમાં જણાવ્યું છે કે ગુજરાત રાજ્યની કુલ વસતિના આશરે એક પંચમાંશ ભાગની વસતિ આદિવાસીઓ અને હરિજનોની છે. આદિવાસીઓ અને હરિજનોની અને રાજ્યના અન્ય પછાત વર્ગોની ગરીબાઈ અને નિરક્ષરતાનો ગેરલાભ લેવાઈ રહ્યો છે અને પ્રલોભન, કપટ અથવા બળજબરીથી ધર્મનો ત્યાગ કરાવી બીજા ધર્મનો અંગીકાર કરવાની તેમને ફરજ પાડવામાં આવે છે. રાજ્યમાં આવી અનિષ્ટ પ્રવૃત્તિઓ અટકાવવાનું જરૂરી જણાવાથી આ વિધેયકથી આ ઉદ્દેશ સિદ્ધ કરવા ધાર્યું છે.

પ્રલોભનની વ્યાખ્યામાં રોકડ કે વસ્તુમાં કોઈ બક્ષિસ અથવા તાપ્તરૂપે લાભ આપવાનો અને કોઈ નાણાકીય અથવા બિન-નાણાકીય લાભ આપવાનો સમાવેશ થાય છે.

બળની વ્યાખ્યામાં બળના દેખાવનો અથવા દૈવી કોપ કે સામાજિક બહિષ્કારની ધમકી સહિત કોઈ પણ પ્રકારનું નુકસાન પહોંચાડવાની ધમકીનો સમાવેશ થાય છે.

કપટયુક્ત સાધનની વ્યાખ્યામાં ગેરરજૂઆત અથવા બીજી કોઈ કપટયુક્ત યુક્તિનો સમાવેશ થાય છે.

કોઈ વ્યકિત બળ વાપરીને અથવા પ્રલોભન આપીને અથવા કોઈ કપટયુક્ત સાધનોથી કોઈ વ્યકિતનું સીધી કે અન્ય રીતે ધર્માન્તર કરાવી શકશે નહિ તેમ કરવાની કોશિષ કરી શકશે નહિ તેમ જ ધર્માન્તર કરાવવામાં મદદ કરી શકશે નહિ. તેમ કરે તો, એક વર્ષની કેદ અથવા પાંચ હજાર રૂપિયા સુધી દંડ અથવા બન્ને સજાને પાત્ર થશે.

વિધેયકનો ઉદ્દેશ સારો છે. મુખ્યત્વે ખ્રિસ્તી મિશનરીઓ વાંધો લે. મુશ્કેલી તેના અમલમાં છે. ધર્માન્તર પ્રલોભન, કપટ-યુકિત અથવા બળજબરીથી કરાવ્યું છે તે પુરવાર કરવું સહેલું નથી. વિધેયકનો અમલ કરવાની જરૂર ન પડે એવું થવું જોઈએ.

* * *

રચનાત્મક કાર્યકરો અને રાજકારણ

રચનાત્મક કાર્યકરોએ રાજકારણમાં ભાગ લેવો કે નહિ તે વિશે સર્વોદય આગેવાનોમાં વિવાદ ચાલે છે. સર્વોદય સંમેલનોમાં આ બાબતની ચર્ચા થાય છે ત્યારે સર્વોદયના વિદ્વાનો ભિન્નભિન્ન વિચારો દર્શાવે છે. પરિણામે સામાન્ય કાર્યકર્તા મૂંઝાય છે. વિનોબાજી અને બીજાઓના મતે વર્તમાન રાજકારણ પક્ષીય અને સત્તાનું રાજકારણ છે. પક્ષીય સંસદીય લોકશાહી નિર્મળ અનિષ્ટ છે અને નિતાન્ત ત્યાજ્ય છે. રાજ્યની દંડશકિતને બદલે લોકશકિત કેળવવી અને પક્ષાહીન, સર્વાનુમતે કામ થાય તેવી ગ્રામસભાઓ રચવી. ગાંધીજીનો અભિપ્રાય ટાંકવામાં આવે છે કે તે સરકાર સારામાં સારી જે ઓછામાં ઓછું રાજ્ય કરે. આવા વલણને પરિણામે સર્વોદય કાર્યકર્તાઓ અને રાજકીય કાર્યકર્તાઓ વચ્ચે કાંઈક અંતર પડ્યું છે. સર્વોદય કાર્યકર્તાઓ કાંઈક ઊંચી ભૂમિકાથી વાત કરતા હોય તેવું વાતાવરણ રહે છે. સર્વોદય કાર્યકર્તા પોતે ચૂંટણીઓમાં કેવું વલણ લેવું તે વિશે પણ મતભેદ રહે છે.

એમ લાગે છે કે આ બાબતમાં આદર્શ અને વાસ્તવિકતા વચ્ચેનો ભેદ ભુલાઈ જવાય છે. વર્તમાન રાજકારણ પક્ષીય અને સત્તાનું છે અને તેમાં ઘણાં અનિષ્ટો છે તેનો ઈનકાર થાય તેમ નથી. પણ સર્વથા પક્ષાહીન અને સર્વાનુમતે કામ કરતી ગ્રામસભાઓ તેનું સ્થાન લે તે પણ સંભવિત નથી લાગતું. ઓછામાં ઓછું રાજ્ય કરે તે સારું પણ વર્તમાનમાં રાજસત્તા ખૂબ વધતી જાય છે. રાજસત્તાથી જીવનનું કોઈ ક્ષેત્ર બાકી નથી. લોકશાહી કહેવાય એવાં રાજ્યોમાં પણ આ સ્થિતિ છે. પક્ષીય સંસદીય લોકશાહીને સ્થાને વધારે શુદ્ધ લોકશાહી હજી શોધાઈ નથી. વર્તમાન રાજસત્તાનાં અનિષ્ટો દૂર કરવાં હશે તો તેનાથી સર્વથા દૂર રહીને નહિ થાય. સર્વથા વિકેન્દ્રિત અર્થતંત્ર અને રાજતંત્ર આવકારદાયક છે તો પણ દેશવ્યાપી આયોજન અને નિયંત્રણ અત્યારે અનિવાર્ય જણાય છે.

રચનાત્મક કાર્યકર્તાઓ, રાજ્ય કરે છે તેનાથી સર્વથા વિરોધી વલણ લઈને અસરકારક પરિણામ નીપજાવી નહિ શકે, પણ ગૂંચવાડો ઊભો થશે. રાજસત્તાની ભૂલ હોય—અને ઘણી છે—તેને અટકાવવી અને સુધારવી અને રાજસત્તા નથી કરી શકતી તે રચનાત્મક કાર્યકર્તાઓ કરે તો લાભદાયી થશે. પરસ્પરના વિરોધી નહિ પણ બને ત્યાં સુધી પૂરક રહે તે જરૂરનું છે.

રાજકારણની વાત કરીએ ત્યારે બે અર્થમાં થાય છે. રાજકારણમાં ભાગ લેવો એટલે ધારાસભામાં જવું, મંત્રી થવું, કોઈ સ્થાન ઉપર આવવું, જિલ્લા કે તાલુકા પંચાયતના સભ્ય કે પ્રમુખ થવું, રાજ્યની કોઈ સંસ્થા, બોર્ડ કે કંપની કે સહકારી મંડળીમાં અધિકારપદે આવવું વગેરે. બીજું, જાગ્રત નાગરિક તરીકે, રાજકારણનાં અનિષ્ટો દૂર કરવાં, લોકશકિત કેળવવી, લોકોને સાચું માર્ગદર્શન આપવું, ખરેખર રચનાત્મક કાર્ય કરવું વગેરે. બીજા અર્થમાં રાજકારણથી કોઈ દૂર રહી ન શકે. જયપ્રકાશ નારાયણ કે વિનોબાજી પણ આ રીતે રાજકારણથી દૂર નથી. હું સમજું છું ત્યાં સુધી વિનોબાજી રાજકારણનો વિરોધ કરે છે તે પહેલા અર્થમાં. તેમાં સત્તાનો મોહ છે અને રાજસત્તા મારફત જ બધું થઈ શકે એવી ખોટી માન્યતા છે. બીજા અર્થમાં સાચી સેવા છે.

એ ખરું છે કે રાજકારણમાં સત્તાસ્થાને સારા માણસો હશે તો કાંઈક પ્રામાણિકતા સચવાશે. પણ ધારાસભામાં જવું કે મંત્રીપદે આવવું એ જુદી કોટિનું કામ છે. બધા રચનાત્મક કાર્યકરો તેને માટે યોગ્ય વ્યકિત નથી હોતા. બન્ને કામ જુદા પ્રકારનાં છે અને જુદા પ્રકારની વ્યકિતની પસંદગી માગે છે. કાંઈક સેવા કરી છે તેના બદલા તરીકે ધારાસભામાં જવું કે બીજું કોઈ સ્થાન મેળવવું તે યોગ્ય નથી. ગાંધીજી રાજકારણમાં ગળાબૂડ હતા. પણ વડા પ્રધાન તરીકે તો જવાહરલાલનો વિચાર થાય. જયપ્રકાશ નારાયણ કે ઢેબરભાઈ જેવા બન્ને ક્ષેત્રમાં ઉપયોગી થાય. અકબરભાઈ ચાવડાને લોકસભામાં મૂક્યા ત્યારે જોયું કે તેમનું કામ ચૂક્યા અને લોકસભાનાં પાંચ વર્ષમાં એક શબ્દ પણ બોલ્યા હોય એવું મને યાદ નથી. કેટલાય રચનાત્મક કાર્યકર્તાઓનું એવું થયું છે. નાનાભાઈ ભટ્ટ મને કહેતા કે સૌરાષ્ટ્રમાં શિક્ષામંત્રી થયા કે રાજ્યસભાના સભ્ય થયા તેના કરતાં દક્ષિણામૂર્તિ કે લોકભારતીનું કામ જ તેમનું સાચું ક્ષેત્ર હતું. મનુભાઈ પંચોળી વિશે પણ કદાચ તેમ જ કહેવાય. મારી જાણમાં છે એવાં નામોનો ઉલ્લેખ કરું છું માત્ર ઉદાહરણ તરીકે. મારી પોતાની વાત કરું તો હું ધારાસભામાં અથવા એવા બીજા ક્ષેત્રે જે કામ કરી શકું તે રચનાત્મક કાર્યના ક્ષેત્રે ન કરી શકું. આ હકીકત લક્ષમાં લઈ વ્યકિતની યોગ્યતા પ્રમાણે તેના કાર્યક્ષેત્રમાં પોતે રહે તો વધારે લાભદાયક થાય.

આલબત્ત, રાજસત્તા અને અર્થરચના વિશે ગાંધીજીની અને હવે વિનોબાજી, જયપ્રકાશ નારાયણ વગેરેની જે દૃષ્ટિ છે અને વર્તમાન રાજસત્તા અને અર્થકારણ જે દિશામાં જઈ રહ્યાં છે તેની વચ્ચે મોટું અંતર છે. મને લાગે છે આ અંતર રહેવાનું. તેને વધારે મોટું સ્વરૂપ આપી ઉગ્ર બનાવવામાં લાભ નથી. કેન્દ્રિત અને વિકેન્દ્રિત રાજસત્તા અને અર્થકારણના પ્રશ્નો બધા દેશોમાં ધ્યાન ખેંચે છે. કેટલાક દેશોએ તેમાં સુમેળ સાધવા પ્રયત્ન કર્યો છે.

આ ચર્ચા મારા આ લખાણનો વિષય નથી.

આ લખાણ રચનાત્મક કાર્યકરોમાં જે વિવાદ થઈ રહ્યો છે તેને અનુલક્ષીને જ છે.

૨૬-૯-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

ગુજરાત સરકારને ધન્યવાદ

ગુજરાત સરકારે ધર્મના નામે પશુ કે પક્ષીઓનું બલિદાન આપવાનો, હિંસા કે વધ કરવાનો પ્રતિબંધ કરતો કાયદો પસાર કર્યો તે બદલ ધન્યવાદ ઘટે છે. ગુજરાત સરકારનું આ પગલું પ્રશંસનીય અને આવકારપાત્ર છે. વહેમ અને અંધશ્રદ્ધાથી પોષાતા કેટલાક કુરિવાજોને કાયદાથી બંધ કરવા જ જોઈએ. હજુ કેટલાક આદિવાસી તેમ જ પછાત કોમના લોકો અજ્ઞાનવશ દેવ-દેવીઓને બકરાં, ઘેટાં, પાડા અને પશુપક્ષીઓનો ભોગ ધરે છે. ભોગ ધરાવીને તેઓ દેવ-દેવીઓની પ્રસન્નતા ઈચ્છે છે. પોતે દેવ અથવા દેવીને રીઝવ્યાનો સંતોષ અનુભવે છે. પરાપૂર્વથી ચાલતી આવતી ભોગ આપવાની પ્રથા ઘણી ઓછી થઇ ગઈ છે, છતાં પણ હજુ તેના અવશેષો જોવા મળે છે. ભોગ ધરાવનારી પ્રજા કે વર્ગ તે પરંપરાને છોડી શકતા નથી, કારણ કે તેમના મનમાં એક કાલ્પનિક ભય ખડો થાય છે. ભોગ નહિ આપવાથી રખેને દેવ-દેવી કોપાયમાન થાય તેવા ભયથી તેઓ ભોગ ધરાવવાનું, પશુ-પક્ષીઓની હિંસા કરવાનું ચાલુ રાખે છે. જો જાહેરમાં ભોગ આપવાનું અશક્ય બને તો ચોરીછુપીથી ખાનગીમાં ભોગ ધરે છે. એક વખત આવો ભય નીકળી જાય પછી તેવી હિંસા કરતા અટકી જાય છે.

પશુ-પક્ષીના બલિદાનનો પ્રતિબંધ કરતું વિધેયક પસાર થયું એટલે બલિદાન સદંતર અટકવાનાં નહિ. દરેક કાયદાનું ઉલ્લંઘન કરનારા હોય છે. દારૂબંધીનો કાયદો છે, છતાં ખાનગી રીતે દારૂ પીવાય છે. બાળલગ્નનો પ્રતિબંધ છે, છતાં પણ બાળલગ્નો થાય છે. પ્રેતભોજનનો પ્રતિબંધ હોય તો પણ લોકો પ્રેતભોજન કર્યા વિના રહેતા નથી. મતલબ, કાયદાનો અમલ થાય તે માટે સમાજે જાગ્રત રહેવું જોઈએ. પશુ-પક્ષીના બલિદાનના સમાચાર જાણવામાં આવે તો તેની ખબર પોલીસને, સત્તાવાળાઓને આપવી જોઈએ, અથવા તેમની મદદ લઈ અટકાવવા બનતું કરવું જોઈએ. 'આપણે શું?' એ વૃત્તિ ટાળવી જોઈએ.

બંગાળમાં અને કલકત્તા શહેરમાં કાલિમાતાને જે બલિદાનો આપવામાં આવે છે તે અટકાવી શકાયાં નથી તે આપણી નબળાઈ ગણાય. અલબત્ત, પરાપૂર્વથી ચાલી આવતી આ હિંસા અટકાવવી તે કઠિન કાર્ય છે, પણ અશક્ય તો નથી જ. આમાં ઘણાં સ્થાપિત હિતો હોય છે તેમનો સામનો કરવો પડે, તેમ જ જનતાના મનમાં જે ઠસી ગયેલી માન્યતા હોય તે ઉખેડી નાખવી, નિર્મૂળ કરવી તે સહેલું નથી. આ દિશામાં પ્રયત્નો કરવામાં આવે તો જરૂર અસર થાય. આ માટે ઝુંબેશ ચલાવવામાં આવે તો શરૂઆતમાં વિરોધ થાય, પરંતુ જનતા વિચાર કરતી થઈ જાય કે પરંપરાથી જે ભોગો ધરાવતા આવ્યા છીએ તે બરાબર છે? સ્થાપિત હિતો માટે બીજી કોઈ વ્યવસ્થા કરી શકાય, જેમ ખટિકોને માટે કરવામાં આવી હતી તેમ, તો તેમની પ્રવૃત્તિ મંદ પડે. જો બહારવટિયા અને લૂંટારાઓ સમજાવટથી શરણાગતિ સ્વીકારી લે તો ભોગ ધરનારા લોકો ન સમજે? જરૂર સમજે, જો પ્રયત્ન કરવામાં આવે તો. એક પ્રદેશની અસર બીજા પ્રદેશ ઉપર પડે છે. એક જગ્યાએ હડતાળ પડે છે તેની અસર બીજી જગાએ પડે છે, તેમ ગુજરાત સરકારે પ્રાણીઓનાં બલિદાનો ઉપર પ્રતિબંધ કર્યો તેની અસર બીજા પ્રદેશો ઉપર પડે એવી આશા છે. બીજા પ્રદેશોનાં રાજ્યોના જૈનો અને જીવદયાપ્રેમીઓ જાગ્રત થઈ આવો પ્રતિબંધ કરાવવા જહેમત ઉઠાવે તે જરૂરી છે.

ચીમનલાલ મણિલાલ શાહ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આ વર્ષે તા. ૫મી સપ્ટેમ્બરથી તા. ૧૨મી સપ્ટેમ્બર સુધી એમ આઠ દિવસ માટે ભારતીય વિદ્યા ભવનમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. રોજ સવારે બે વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં તથા રવિવાર તા. ૧૦મી સપ્ટેમ્બરે એક વ્યાખ્યાન અને ત્યાર પછી શ્રી પુરુષોત્તમદાસ લોટાજીનો ભક્તિસંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. યુવક સંઘ તરફથી આ વખતની વ્યાખ્યાનમાળામાં પ્રતિવર્ષની જેમ, વિશિષ્ટ કોટિના સ્થાનિક તેમ જ બહારગામના વ્યાખ્યાતાઓ વ્યાખ્યાન આપવા માટે પધાર્યા હતા. ગુજરાતના રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણ, શ્રી ચંદ્રવદન મહેતા, ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. કલ્યાણમલજી લોઢા, આચાર્યશ્રી યશવંત શુકલ, પંડિત દલસુખભાઈ માલવણિયા, શ્રી યશોધર મહેતા, શ્રી ઈશ્વર પેટલીકર ઇત્યાદિ વ્યાખ્યાતાઓ બહારગામથી પધાર્યા હતા. આગમવાચના, મહાભારત, ઉપનિષદ, હરિભદ્રસૂરિ કૃત સમરાઇચ્ચકહા ઇત્યાદિ આપણા પ્રાચીન ગૌરવ ગ્રંથો, આધુનિક સમયના વિવેકાનંદ, રાજચંદ્ર, ગાંધીજી, ઇત્યાદિ ચિંતકો તથા અનેકાંતવાદ, અહિંસા, સંયમ અને તપ, જૈનદર્શનની મહત્તા અને ઉપયોગિતા ઇત્યાદિ તાત્ત્વિક વિચારણા અને વર્તમાન સમયમાં સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે ભારત અને ભારતબહાર યુરોપ, અમેરિકામાં ચાલતાં યુવક આંદોલનો અને તેની પાછળ રહેલાં પ્રેરક બળો ઇત્યાદિ વિષયો આ વ્યાખ્યાનમાળા માટે પસંદ કરાયા હતા, જે એની વ્યાપકતા, ગહનતા અને વૈવિધ્યને દર્શાવે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા એ પર્યુષણાનું પર્વ છે. અને યુવક સંઘની વ્યાખ્યાનમાળાની એવી તો પ્રતિષ્ઠા બંધાયેલી છે કે પૂરી સજ્જતા વિના સામાન્ય રીતે વ્યાખ્યાતાઓ આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવાનું સાહસ ન કરે.

પહેલે દિવસે, વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં મુ. શ્રી ચીમનલાલ ચકુભાઈએ પૂ. ઝાલાસાહેબના ઉત્તરાધિકારી તરીકે માંગે પરિચય કરાવ્યો હતો. જવાબમાં પ્રાસ્તાવિક રૂપે મેં જણાવ્યું હતું કે "લગભગ ચાર દાયકાથી ચાલતી વ્યાખ્યાનમાળાની આ પ્રવૃત્તિમાં પ્રથમ પૂ. પંડિત સુખલાલજી તથા પૂ. ઝાલાસાહેબ જેવી વ્યક્તિઓ પ્રમુખસ્થાને હતી. એ વિદ્વાન મહાનુભાવોની સરખામણીમાં હું તો એક તદ્દન સાધારણ માણસ છું. कव सूर्यप्रभवो वंश, कव चाल्प विषयामति। હું તો પૂ. ઝાલાસાહેબની પાદુકા સંભાળવાનું કાર્ય કરવા આવ્યો છું."

પહેલે દિવસે પ્રથમ વ્યાખ્યાન **આચાર્યશ્રી અમૃતલાલ થાણકિનું** હતું. એમનો વિષય હતો, 'વિવેકાનંદની ધર્મદૃષ્ટિ'. એમણે વિવેકાનંદના જીવનની ટૂંકી રૂપરેખા આપવા સાથે શ્રી રામકૃષ્ણ પરમહંસના સંપર્કમાં વિવેકાનંદ કેવી રીતે આવે છે, એમનું વિવેકાનંદ નામ કેવી રીતે પડે છે, શિકાગોની ધર્મ પરિષદમાં વિવેકાનંદ જાય છે ત્યાં તેમને કેવા કેવા અનુભવો થાય છે અને ત્યાં તેઓ કેવો આગન્યનો ભાગ ભજવે છે ઇત્યાદિ રસિક ઘટનાઓ વર્ણવીને વિવેકાનંદની ધર્મદૃષ્ટિમાં માનવપ્રેમ અને માનવસેવાની ભાવના કેટલી પ્રબળ રહેલી છે તે સચોટ રીતે દર્શાવ્યું હતું અને રામકૃષ્ણ મિશનની સ્થાપના પાછળ રહેલી આધ્યાત્મિક સાધના ઉપરાંત સામાજિક કલ્યાણના ધ્યેયની છણાવટ કરીને માનવસેવા અને આધ્યાત્મિક સાધના અને સેવા પરસ્પર કેવાં સંલગ્ન છે તે સરસ રીતે બતાવ્યું હતું.

બીજું વ્યાખ્યાન **પ્રો. તારાબહેન શાહનું** હતું. એમનો વિષય હતો 'હરિભદ્રસૂરિ કૃત સમરાઇચ્ચકહા'. તેમણે હરિભદ્રસૂરિના જીવન

અને કવનનો પરિચય કરાવતાં બ્રાહ્મણ કુળમાં જન્મેલા ષડ્દર્શનના પ્રખર અભ્યાસી અને સાધ્વી યાકિનીના સંપર્કમાં આવતાં અને એમની વિદ્વત્તાથી પ્રભાવિત થતાં પોતાને યાકિનીના પુત્ર તરીકે ઓળખાવતા હરિભદ્રસૂરિ કેવા મહાન જૈનાચાર્ય હતા તે બતાવીને હરિભદ્રસૂરિએ પ્રાકૃતમાં લખેલી સમરાદિત્યની મહાકથા વિશે કહ્યું હતું. એક વખત રોપાયેલું વેરનું બીજ બે વ્યકિતઓના જીવનમાં નવ ભવ સુધી કેવી રીતે કાર્ય કરે છે અને તે બંનેનો ક્રમિક આત્મિક વિકાસ કેવી રીતે થાય છે તે તેમાં રહેલા કર્મના સિદ્ધાન્તને અને ગુણસ્થાનકની પરિભાષાને સમજાવીને સદૃષ્ટાન્ત દર્શાવ્યું હતું. સમરાદિત્યની આટપટી કથાને સંક્ષેપમાં સરળતાથી સમજાવીને એમણે તેના રહસ્યબોધનો ખ્યાલ કરાવ્યો હતો.

બીજે દિવસે **પંડિત દલસુખભાઈ માલવણિયાએ** 'ભગવાન મહાવીરનો જીવનસંદેશ' એ વિષય ઉપર વ્યાખ્યાન આપતાં ભગવાન મહાવીર વિશે 'આચારાંગ'માં આવતી જીવનરેખાથી તે વર્તમાન સમય સુધીમાં વખતોવખત લખાયેલાં જીવનચરિત્રોમાં કેટલો વિસ્તાર થયો અને કેટલા નવા પ્રસંગો ઉમેરાયા તેનો ખ્યાલ આપવા સાથે ભગવાન મહાવીરની અહિંસા અને સત્યની ખોજ અને વર્તમાન જીવનમાં સાધુઓ અને ગૃહસ્થોની અહિંસા અને સત્યની ઉપાસના વચ્ચે કેટલું અંતર પડ્યું છે તથા તેવી જ રીતે મહાવ્રતોના પાલનમાં પણ કેટલું અંતર પડ્યું છે તે બતાવ્યું હતું.

તે દિવસે બીજું વ્યાખ્યાન **શ્રી ચંદ્રવદન મહેતાનું** હતું અને એમનો વિષય હતો, 'હરે રામ, હરે કૃષ્ણ'. એમણે પોતાની લાક્ષણિક, રસિક, વેધક, કટાક્ષયુકત અને આત્મલક્ષી શૈલીમાં વ્યાખ્યાનના વિષયને સમજવા - વિચારવાનો પ્રયત્ન પોતે કેવી રીતે કર્યો તે જણાવી છતાં ગંભીર રીતે કહીને યુરોપ તથા અમેરિકામાં 'હરે રામ, હરે કૃષ્ણ'ની પ્રવૃત્તિ પાછળ ચરસ-ગાંજાની પ્રવૃત્તિ પણ કેટલી રહેલી છે તે પોતે યુરોપ-અમેરિકામાં જોયેલા-અનુભવેલા પ્રસંગો ટાંકીને બતાવ્યું હતું.

ત્રીજે દિવસે પહેલું વ્યાખ્યાન **શ્રી ઈશ્વર પેટલીકરનું** હતું અને એમનો વિષય હતો, 'મહાભારતનું જીવનદર્શન'. એમણે મહાભારત ગ્રંથનું ગૌરવ સમજાવીને ખાસ એ વાત પર ભાર મૂક્યો કે એકંદરે માણસો આવા ગ્રંથોની અદ્‌ભુત રસવાળી કથા વાંચી જાય છે, પરંતુ તેના રહસ્ય તરફ બહુ લક્ષ આપતા નથી. આવા મહાન ગ્રંથોનો વિગતે સ્વાધ્યાય કરવો જોઈએ અને આપણે પોતે પ્રશ્નો ઊભા કરીને તેમાંથી તેનો ઉત્તર મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમ કરવાથી એક જ પ્રસંગનાં ઘણાં જુદાં જુદાં પાસાઓનું દર્શન થાય છે અને ગ્રંથને between the lines વાંચવાથી નવું રહસ્યદર્શન થાય છે. એમણે ભીષ્મપિતામહનો પ્રસંગ તથા કૃષ્ણ, અર્જુન અને કર્ણના પ્રસંગો ટાંકીને એ પ્રસંગોને અર્વાચીન સંદર્ભમાં પણ કેવી રીતે મૂકીને એનું પૃથક્કરણ કરી શકાય તે સમજાવ્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન **પૂ. સાધ્વીશ્રી પ્રિયદર્શનાશ્રીજીનું** હતું. એમનો વિષય હતો, 'અહિંસા, સંયમ અને તપ'. પૂ. સાધ્વીજી મહારાજ પર્યુષણના દિવસોમાં વ્યાખ્યાન આપવા માટે પધારે એ આપણે માટે આનંદ અને ગૌરવનો વિષય હતો. પૂ. સાધ્વીજી મહારાજે વ્યાખ્યાન આપવા માટે ભારતીય વિદ્યા ભવન પહોંચવા તે દિવસે વરલીથી સવારે છ વાગે વિહાર શરૂ કર્યો હતો. અહિંસા, સંયમ અને તપ વિશેનું એમનું વ્યાખ્યાન ખરેખર મનનીય બન્યું હતું. એમણે કોઈ પણ પ્રકારની સાંપ્રદાયિક સંકુચિતતા વિના ગીતા, બાઈબલ, કુરાન, વગેરે દુનિયાના મહાન ધર્મગ્રંથોમાંથી પણ અવતરણો ટાંકીને પોતાના વિષયની સરસ છણાવટ કરી હતી. તેમનું વકતવ્ય સ્પષ્ટ, એકધારું અને છટાવાળું બન્યું હતું. જૈન સાધ્વીજીઓ પણ કેવા વિદૂષી હોય છે તેની પ્રતીતિ શ્રોતાજનોને થઈ હતી.

ચોથે દિવસે પહેલું વ્યાખ્યાન **શ્રી યશોધર મહેતાનું** હતું. એમનો વિષય હતો, 'ઉપનિષદોનો મહામાનવ'. અર્થશાસ્ત્ર, કાયદો, જ્યોતિષ, સાહિત્ય ઈત્યાદિ ક્ષેત્રોમાં મહત્ત્વનું કાર્ય કરનાર શ્રી યશોધર મહેતાને એમના પિતાશ્રી નર્મદાશંકર મહેતા તરફથી તત્ત્વજ્ઞાનનો પણ વારસો મળ્યો છે. શ્રી યશોધર મહેતાએ પોતાના સ્વાભાવિક વાર્તાલાપની શૈલીમાં ઉપનિષદોના દાર્શનિક વિચારોની છણાવટ કરી, સાત્ત્વિક, રાજસી અને તામસી અહંકારનું રૂપકો દ્વારા સ્વરૂપ સમજાવીને, યોગની મહત્તા ઉપર ભાર મૂક્યો હતો. એમણે યોગ્ય જ કહ્યું હતું કે ઉપનિષદનો વિષય શ્રોતાઓના નાના વર્તુળમાં યોગ્ય વાતાવરણમાં વધુ ખીલી શકે અને એ વિષય જેટલો વિચારણાનો છે તેથી વધુ અનુભૂતિનો છે.

(ક્રમશ:)

ડૉ. રમણલાલ શાહ

* સંઘના લાઈફ-મેમ્બરો *

સંઘના લાઈફ મેમ્બરોની સંખ્યા આજ સુધીમાં ૧૨૩ સુધી પહોંચી છે. ૬૮ નામો અગાઉ જાહેર થઈ ચૂક્યાં છે. બાકીનાં નામો નીચે પ્રમાણે છે. સંસ્થાના દરેક સભ્યને વિનંતિ છે કે પોતે લાઈફ-મેમ્બર બને અને પોતાના મિત્રવર્તુળમાંથી એકાદ-બે લાઈફ મેમ્બરો બનાવી આપે. કોઈ સભ્ય કદાચ સંજોગોવશાત પોતે લાઈફ મેમ્બર ન બની શકે તો પણ પોતાના વર્તુળમાંથી પોતાની શકિત પ્રમાણે લાઈફ-મેમ્બરો મેળવી આપે એવી અમારી વિનતિ છે. બહારગામથી પણ હવે નામો આવવા શરૂ થયાં છે તે માટે અમો તેમનો આભાર માનીએ છીએ.

ચીમનલાલ જે. શાહ, સુબોધભાઈ એમ. શાહ,
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

૬૯ શ્રી વિનોદ મણિલાલ મહેતા
૭૦ ,, વેકુંઠરાય છાપિયા
૭૧ ,, ચીમનલાલ પી. શાહ
૭૨ ,, કિશોર માવજી શાહ
૭૩ ,, લલિતાબહેન લાલભાઈ શાહ
૭૪ ,, ઈન્દુમતિબહેન કે. મુનસીફ
૭૫ ડૉ. મુકુન્દ કે. પરીખ
૭૬ શ્રી શાંતિલાલ ગોકુળદાસ ઝરીવાળા
૭૭ ,, રજનીકાંત મણિલાલ પરીખ
૭૮ ,, વીણાબહેન કે. શાહ
૭૯ ,, સુરેશ પન્નાલાલ સોનાવાલા
૮૦ ,, અરવિંદભાઈ સી. મહેતા
૮૧ ,, મંજુલાબહેન ચીમનલાલ શાહ
૮૨ ,, ઝવેરીબહેન ટી. શાહ
૮૩ ,, વિસનજી નરસીદાસ વોરા
૮૪ ,, જેઠાલાલ વેરસી માલદે
૮૫ ,, બિહારીભાઈ બી. મહેતા
૮૬ ,, રસિકલાલ સ્વરૂપચંદ શાહ
૮૭ ,, કમળાબહેન સી. શાહ
૮૮ ,, ઈન્દુબહેન બાબુભાઈ
૮૯ ,, અશોક ધીરજલાલ દોશી
૯૦ ,, રમાબહેન જયંતીલાલ શાહ
૯૧ ,, ભૂપેન્દ્ર ચંપકલાલ શાહ
૯૨ ,, મુકતાબહેન લાલુભાઈ સંઘવી
૯૩ ,, હરકિશન ઉદાણી
૯૪ ડૉ. મિસ રેણુકા એ. મહેતા
૯૫ શ્રી નિરંજન ચીમનલાલ | શાહ
૯૬ ડૉ. જયંતીલાલ એમ. પટણી
૯૭ શ્રી પ્રવીણ આર. શાહ
૯૮ ,, વિનોદ હીરાલાલ ઝવેરી
૯૯ ,, ગંભીરલાલ ચુનીલાલ ડગલી
૧૦૦ ,, દામિનીબહેન ઝરીવાળા
૧૦૧ ,, પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૧૦૨ ,, જયંતીલાલ જગાભાઈ શાહ
૧૦૩ ,, જેરમલ મંગળજી મહેતા
૧૦૪ ,, પ્રદીપ જે. મહેતા
૧૦૫ ,, રમણીકલાલ પ્રભુદાસ શાહ
૧૦૬ ,, જશવંતલાલ ચુનીલાલ વોરા
૧૦૭ ,, લીનાબહેન જિતેન્દ્ર શેઠ
૧૦૮ ,, કાન્તિલાલ કેશવલાલ શેઠ
૧૦૯ ,, બાબુભાઈ જયંતીલાલ શાહ
૧૧૦ ,, સદ્‌ગુણાબહેન ઈન્દુકુમાર ઝવેરી
૧૧૧ ,, જેઠાભાઈ વી. માલદે
૧૧૨ ,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
૧૧૩ ,, ભગવાનદાસ સી. શાહ
૧૧૪ ,, સેવંતીલાલ ખેમચંદ શાહ
૧૧૫ ,, અરવિંદભાઈ મોહનલાલ ચોકસી
૧૧૬ ,, પ્રેમજી કુંવરજી નન્દુ
૧૧૭ ,, કાન્તિલાલ ચુનીલાલ ભંડારી
૧૧૮ ,, શિવજીભાઈ નથુ છેડા
૧૧૯ ,, તારાબહેન ન્યાલચંદ મહેતા
૧૨૦ ,, પુરુષોત્તમ ગણેશ માવળંકર-
અમદાવાદ
૧૨૧ ,, પ્રવીણચન્દ્ર હેમચંદ કાપડિયા
૧૨૨ ,, મનુભાઈ રાયચંદ સંઘવી
૧૨૩ ,, જયન્તીલાલ ખીમજી

☆ ઈશ્વર વિશે ગાંધીજીની માન્યતા ☆

[આ વિષયે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી જી. રામચન્દ્રને આપેલ વ્યાખ્યાનનો સાર અહીં આપવામાં આવે છે. શ્રી રામચન્દ્રન હાલ ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના ચેરમેન છે. ૧૯૨૧માં, ૧૭ વર્ષની વયે, અસહકારમાં કૉલેજ છોડી, શાન્તિનિકેતન ગયા. ચાર વર્ષ ગુરુદેવ ટાગોરના સાન્નિધ્યમાં રહ્યા. ત્યાંથી ૧૯૨૬માં સીધા સાબરમતી આશ્રમ ગયા. ત્યારથી આજ સુધી, રચનાત્મક કાર્ય ખાદી, ગ્રામોદ્યોગ, હરિજનસેવા, બુનિયાદી તાલીમ વગેરેમાં ઓતપ્રોત રહ્યા છે. ગાંધીજીના અવસાન પછી ગાંધી સ્મારક નિધિ અને ગાંધી શાન્તિ સંસ્થાનના મંત્રી રહ્યા છે. સાહિત્ય અને તત્ત્વજ્ઞાન તથા ગાંધીજીના વિચારોના ઊંડા અભ્યાસી છે. "ગાંધીમાર્ગ" માસિકના ૧૨ વર્ષથી તંત્રી છે. પ્રભાવશાળી વકતા છે. –તંત્રી]

વિશ્વમાં ઈશ્વર વિવાદાસ્પદ પ્રશ્ન રહ્યો છે અને ગાંધીજી પણ ઈતિહાસમાં વિવાદાસ્પદ રહેવાના.

વિજ્ઞાનને લીધે ભૌગોલિક દષ્ટિએ જગત સાંકડું થયું છે પણ માનસિક રીતે માનવી પરસ્પરથી વધુ દૂર થતો ગયો છે.

આજના વિષય પર ઘણું લખાયું છે અને હજુ લખાતું રહેશે. ગાંધીજી વિશે એમણે પોતે અને બીજાઓએ જેટલું લખ્યું છે એટલું બીજા કોઇ વિશે અત્યાર સુધી લખાયું હોય તો એની મને ખબર નથી.

પરંતુ આજે હું જે કંઇ કહેવાનો છું એ બધું મારા વ્યકિતગત સંબંધ અને માહિતીથી કહેવાનો છું. વર્ધામાં અને અન્યત્ર ગાંધીજી સાથે સંપર્કમાં આવવાનું થયું હતું એ અનુભવ–ભાથામાંથી જ કહેવાનું રાખીશ.

ગાંધીજીએ કેટલીય વાર કહ્યું હતું કે "મને ભારતમાં અનેક ધાર્મિક માણસોને મળવાનું થયું છે; પરંતુ તેઓ મોટે ભાગે રાજકારણીઓના સ્વાંગમાં જોવા મળ્યા છે. પરંતુ હું એવો રાજકારણી છું કે જેના દિલમાં ભારોભાર ધર્મ વ્યાપ્ત છે."

આ હકીકતમાં સત્ય છે. એમને ધર્મમાં અપાર શ્રદ્ધા હતી. એમને ઈશ્વરમાં ખૂબ જ શ્રદ્ધા હતી. એમણે કયાંક લખ્યું છે:"ભગવાનની ઈચ્છા વગર એક સૂકું પાંદડું પણ પવનથી એક સ્થાનથી ઊંચકાઈને અન્યત્ર પડી શકતું નથી."

આ આપણને અક્કલગરની વાત લાગવાની. આપણને થવાનું કે આવી ક્રિયામાં વળી ભગવાન વચ્ચે કયાં આવ્યો? પરંતુ ગાંધીજીને ઈશ્વરમાં અમાપ શ્રદ્ધા હતી એનું આ દ્યોતક છે. ગાંધીનો ઈશ્વર બ્રહ્માંડમાં અણુએ અણુમાં વ્યાપેલ છે. To Gandhi, God is immanent in the Universe.

૧૯૩૪માં બિહારમાં ભારે મોટો ભૂકંપ થયો. એ પ્રસંગે ગાંધીએ કહેલું કે "અસ્પૃશ્યતાના પાપ"નું આ પરિણામ છે. આવું સાંભળી, વાંચી ગુરુદેવ ટાગોર અને જવાહરલાલ નેહરુ ખૂબ જ ગુસ્સે થઈ ગયા હતા. ટાગોર અને ગાંધી વચ્ચે અને ગાંધી અને નેહરુ વચ્ચે અનેક મતભેદો થયા. પરંતુ આ ઐતિહાસિક ઘટના અંગેના બાપુના ઉદ્‌ગારો સમજવા કોશિષ કરવી જોઈએ. આ ઉદ્‌ગારો અંગે ગુરુદેવ ટાગોરે તો મને ત્યાં સુધી કહ્યું હતું કે આ તો બેઅક્કલની વાત છે.

પરંતુ આ સમયમાં ગાંધીજી હરિજન આંદોલનમાં ભારોભાર ખૂંપી ગયા હતા. આખો દિવસ એ પ્રવૃત્તિમાં જ જીવતા હતા. એમને થતું હતું કે અસ્પૃશ્યતાના ડાઘ લૂછીને હરિજનોદ્ધારની પ્રવૃત્તિ નહીં કરીએ તો આપણું સ્વરાજ્યનું આંદોલન પાંગળું બની જવાનું અને એથી જ સવર્ણોના પાપ સારુ ભગવાનની આ શિક્ષા હોવાનું એમણે કહ્યું હોવું જોઈએ. ટાગોરે ગાંધીજીને એમના એ ઉદ્‌ગાર માટે જે લખેલું એના જવાબમાં પણ ગાંધીજીએ આ મતલબનું લખ્યું હતું.

આપણે ઈશ્વરથી છટકી જઈ શકતા જ નથી. આપણે કંઈ પણ કાર્ય કરીએ તો ત્યાં ઈશ્વર હાજર જ છે. આપણે ઈશ્વરથી બચવા એક સ્થાનથી અન્યત્ર દોટ મૂકીએ તો પણ ઈશ્વર આપણી પાછળ દોડે છે. અર્થાત્ ઈશ્વર સર્વત્ર છે એમ ગાંધીજી માત્ર માનતા હતા એટલું જ નહિ પણ પોતે સ્વીકારીને આચરતા હતા.

ગાંધીજી આ વિચારધારામાં આત્મસાત્ હતા. આધુનિક વિશ્વે ગાંધીજી પાસેથી આ સંદેશો લેવાનો છે.

ભારતીય તત્ત્વજ્ઞાનમાં કહેવાયું છે કે આ બ્રહ્માંડ ઈશ્વરનું નિવાસસ્થાન છે. ઈસાઈ ધર્મમાં કહેવાયું છે કે દરેક સમયે ઈશ્વરની હાજરી રહે છે. માણસ એકલો હોય તો એના સાથમાં ઈશ્વર છે જ. બે હોય તો ઈશ્વર ત્રીજો સાથે હોવાનો. આમ એ આપણી સાથે હોય જ છે.

પણ ઈશ્વરની વ્યાખ્યા કેવી રીતે થઈ શકે?

ભૌતિક વિજ્ઞાનની જ વાત લઈએ. આજે ચન્દ્ર પર માનવી જઈ પહોંચ્યો છે. એણે યંત્રની મદદથી આ કાર્ય કર્યું છે. પરંતુ આ બ્રહ્માંડમાં આપણી પૃથ્વીથી અનેક મોટા પ્રમાણમાં બીજા ગ્રહો છે. આપણું આ બ્રહ્માંડ અસીમ છે. આપણે આ સમજવું જોઈએ, સ્વીકારવું જોઈએ.

આજે ઈશ્વરને સમજતા હોવાનો દાવો કરતા આપણને ઘણા લોકો જોવા મળશે. પરંતુ આવા લોકો ભયજનક છે. હું આવા ઘણાને મળું છું. એ બધા ઈશ્વર વિશે બધું જાણતા હોવાનો દાવો કરે છે, ઈશ્વર પાસે આપણને લઈ જવાનો પણ તેઓ દાવો કરતા હોય છે. આ બધું ત્રાસજનક છે.

રામકૃષ્ણ પરમહંસ, શ્રી અરવિંદ, રમણ મહર્ષિ, મહાત્મા ગાંધી જેવા લોકોને કાંઈક વિશ્વદર્શન થયું હતું. એમને આ દર્શનમાંથી પ્રકાશ લાધ્યો હતો.

ગાંધીજીએ કહ્યું છે કે આપણે ઈશ્વરનું માપ કાઢી નથી શકતા. આપણે સંપૂર્ણને પામી નથી શકતા. એમણે કહ્યું છે કે "અશકયને આંબવાનો પ્રયાસ ન કરો."

આ વિશ્વમાં ધર્મની સરખામણીએ એવી બીજી કોઈ વસ્તુ નથી કે જેને ખૂબ જ વેઠવું પડયું હોય, ગુમાવવું પડયું હોય. આપણા આ સમાજમાં જૈન છે, ખ્રિસ્તી છે, બૌદ્ધ છે. પરંતુ મોટા ભાગના આ લોકોનો ધર્મ ચામડીથી નીચે ઊતર્યો જ નથી. લોકો પૈસા બનાવે છે ધર્મને ભોગે. ઈશ્વરને કોરાણે મૂકીને માણસ પોતાના કામધંધા કરે છે. રાજકારણ ગંદી નીક સુધી પહોંચી જાય એ સમજી શકાય, પરંતુ ધર્મને આવી ગંદી નીક સુધી પહોંચાડાય એ કેમ ચલાવી લેવાય? આ કેમ સહન કરી લેવાય?

ગાંધી શાંતિ સંસ્થાનની એક બેઠકમાં ધર્મ-અધ્યાત્મની ચર્ચા દરમિયાન નેહરુ ઊકળી ગયા હતા. સભાસદો ધર્મની વાતો કરતા હતા. નેહરુ કહે, આ દેશમાં ધર્મ કયાં છે? લોકો ધર્મ, અધ્યાત્મ અને ઈશ્વરને કોરાણે મૂકીને શું નથી આચરતા? એ સભામાં બેઠેલા ડૉ. રાધાકૃષ્ણને નેહરુને વાર્યા અને કહ્યું કે ધર્મ તો શિખરે છે.

પરંતુ આ વસ્તુ ઠીક નથી. ધર્મ ગંદી નીકમાં નથી, એ શિખરે પણ નથી. ધર્મ તો સ્ત્રી-પુરુષના, માનવીના જીવનમાં વહેતો હોવો જોઈએ. ધર્મ હિમાલયના શિખરોમાં હોય એ ન ચાલે. સમાજમાં લાખો,કરોડો લોકો છે એની વચ્ચે ઈશ્વરનો વાસ છે.

દાયકાઓ પહેલાં ગાંધીજી એક વખત મંદિરમાં હરિજનપ્રવેશના પ્રશ્ન અંગે કેરળ ગયા હતા. મંદિરમાં જ ઈશ્વર હોય એમ ગાંધીજી સ્વીકારતા નહિ. પરંતુ હરિજનપ્રવેશના કારણે જ એમણે મંદિર-પ્રવેશ કર્યો હતો.

બાપુ છેલ્લે મદ્રાસ ગયા હતા ત્યારનો એક ભવ્ય પ્રસંગ છે. બાપુની પ્રાર્થનાસભામાં પાંચેક લાખની માનવમેદની જમા થઈ હતી. બાપુ ઊભા થઈ ગયા અને ચૈતન્યની પેઠે ઊભા થઈને નાચતા

નાચતા રામધૂન ગવડાવી. લોકો પણ ઊભા થઈને નાચવા માંડ્યા અને એમણે પણ એકરૂપ થઈને ધૂન ઝીલી લીધી હતી. બાપુને મન ઈશ્વર લોકો વચ્ચે જ હતો.

ગીતા ઉપર અનેક લોકોએ ભાષ્યો લખ્યાં છે. અનેક લોકોએ પોતાનાં સ્પંદનો, પોતાના અનુભવો, પોતાનું જ્ઞાન દર્શાવ્યાં છે. ગાંધીજીને મન ગીતા એટલે માત્ર પુસ્તક નહીં. ગાંધીજીને મન ગીતા નિષ્કામ કર્મ, અહીંનું અત્યારનું કર્મ, આવતી કાલ માટેનું કર્મ નહીં.

ગાંધીજીને સત્ય પણ આવા કર્મ સાથે જ ખપતું હતું. એમને ઉપરઉપરનું સત્ય સ્વીકાર્ય ન હતું.

જીવનની અંદર જ ઈશ્વર તાદાત્મ્ય પામવા જોઈએ. એ ઈશ્વર પ્રેમ અને સત્ય સાથે એકભૂત થવા જોઈએ. આજે જે રીતે પ્રમાદ (inaction) ચાલે છે એ ચાલે નહીં. ગાંધીને પ્રમાદીપણું સ્વીકાર્ય ન હતું.

ગાંધીજીને માટે ઈશ્વર જીવંત છે. ગાંધીજીને મન ઈશ્વર નિશ્ચેષ્ટ હોય જ નહિ. ઈતિહાસ પ્રત્યે દૃષ્ટિ કરીશું તો પણ આવો ચેતનવંતો, જીવંત ઈશ્વર આપણને દેખાશે. એક લાંબી યાત્રામાં માનવી અને ઈશ્વર એકબીજાના સાથીદાર રહ્યા છે. આ કોઈ સ્વપ્નું કે કલ્પના નથી, હકીકત છે.

ગાંધીના જીવનમાં નિષ્કામ કર્મના રૂપમાં ઈશ્વરનું મહત્ત્વ રહ્યું હતું. પ્રેમ અને સત્ય પણ કર્મ (action)ના રૂપમાં જ ખપતાં હતાં. આ સંદેશ આજના વિશ્વ માટે ખૂબ જ જરૂરી છે. આજે આપણા જગતમાં જે કોઈ ખામી દેખાય છે એ આપણા પ્રમાદને આભારી છે.

ગાંધીએ એક વખત કહેલું કે ઈશ્વરને ઈશ્વર તરીકે આવવું હોય તો એણે મારા દેશજનો સમક્ષ અન્ન, કપડાં અને રહેઠાણના રૂપમાં આવવું જોઈશે. અહીં દરિદ્રનારાયણની કલ્પના છે. માણસને એની મૂળભૂત જરૂરિયાતો ન મળી શકે તો એ ધર્મ અને ઈશ્વરને કેવી રીતે માનવાનો? આપણે ભૂખ્યા લોઈએ છીએ તો આપણી હાલત બગડી જાય છે. આપણી હાલત ભૂખ્યા ડાંસ વરુ જેવી થઈ જાય છે. એ હાલતમાં ધર્મ કે ઈશ્વર યાદ જ ન આવે.

આપણા મુંબઈમાં અનેક લોકો આજે ભૂખ્યા છે. અહીં ભૂખ્યા લોકો એઠું અન્ન ફંફોળે છે. મંદિરોમાં જઈએ છીએ. ત્યાંની હાલત કેવી છે? ત્યાંય ભિખારીઓની જમાત ખડી જ છે. ભક્તજનો પૈસા ફેંકે છે અને તેને લેવા માટે પડાપડી થાય છે. આ ઈશ્વર છે? આ ધર્મ છે? આ જોઈને ત્રાસ છૂટે છે. એથી આ ધર્મ નથી, પણ ગુનો છે. એનાથી પુણ્ય નથી મળતું.

ઈશ્વરને મેળવવો હોય, ધર્મ આચરવો હોય તો ગરીબોની, લોકોની સેવા કરવી જોઈએ. પ્રશ્નના મૂળમાં જઈને એ નિર્મૂળ કરવાના પ્રયાસો થવા જોઈએ.

ગાંધીજીના ઈશ્વર માટે સત્ય અને પ્રેમ સાથે અહિંસાનું અપાર મહત્ત્વ છે. સત્ય અને પ્રેમમાં હિંસા હોય જ નહિ. જે કંઈ કાર્ય થાય એ બધું અહિંસક રીતે થવું જરૂરી છે. હિંસાનો આશરો લેવાનો નહીં જ જોઈએ. અહીં બાહ્ય હિંસા જ માત્ર નથી આવતી, આંતર-હિંસાને પણ રોકવાની વાત છે.

આપણે પોતે પોતાના માટે અહિંસા ઈચ્છીએ છીએ? પોતાના કામ માટે હિંસક બની શકતા નથી. પોતાના માટે પ્રેમ રાખીએ છીએ. તો એને વ્યાપ્ત બનાવી બીજા લોકો સુધી લઈ જવો જોઈએ. ગાંધીજીની આ ધર્મભાવના છે. આમ એક ચક્ર ચાલે છે. આવી ધર્મભાવના, ઈશ્વરભાવના માનવીના જીવનમાં પરિવ્યાપ્ત થઈ રહેવી જોઈએ અને તેના કેન્દ્રમાં સત્ય, પ્રેમ અને અહિંસા રહેવાં જોઈએ.

ગાંધીજીનો ઈશ્વર આણુએ આણુમાં વ્યાપ્ત છે, ગાંધીજીનો ઈશ્વર એટલે નિષ્કામ કર્મ, ગાંધીજીનો ઈશ્વર એટલે સત્ય, અહિંસા અને પ્રેમ.

જી. રામચંદ્રન

☆ બે પાવક પ્રસંગો ☆

[૧]

પ્રેરણાદાયક જીવન-પરિવર્તન

મુંબઈ જન યુવક સંઘના કાર્યાલયમાં ફોન આવ્યો, "ચીમનલાલ જે. શાહને કહેજો કે મારા ઘેર આવીને એક હજાર રૂપિયા લઈ જાય. આમ તો હું જ કાર્યાલયમાં આવીને આપી જાત, પરંતુ એક વખત રસ્તામાં મને એક સાઈકલસવારે ઈજા કરી ત્યારથી આનિવાર્ય હોય તો જ બહાર નીકળવું એમ મેં નક્કી કર્યું છે, માટે જ તમો મારે ઘેર ચીમનભાઈને આજે ને આજે જ મોકલશો."

મેં ચીમનભાઈને સમાચાર આપવા માટે ફોન કર્યો, તો તેમના ઉપર પણ ફોન આવી ગયેલો. ચીમનભાઈ ત્રણ વાગ્યે કાર્યાલયમાં આવ્યા અને મને કહ્યું કે 'ચાલો આપણે હજાર રૂપિયા લઈ આવીએ' ત્યાં સંઘના ટ્રેઝરર શ્રી દામજીભાઈ હિસાબ તપાસવા માટે આવ્યા. તેમને પણ સાથે લીધા અને અમે ત્રણે શ્રી મંગળજી-કાકાને ત્યાં ગયા.

તેમણે અમને આવકાર્યા, ખૂબ ખુશ થયા. તેમના ફ્લૅટમાં છેવાડેની રૂમમાં એક ખૂણામાં તેઓ રેંટિયો કાંતતા હતા. તેમની ઉમ્મર આજે સત્યાસી વર્ષની છે. તેઓ દરરોજ લગભગ આઠ-નવ કલાક કાંતે છે, અને એ પણ યજ્ઞની રીતે. તેઓ જેટલું કાંતે તે બધાની ખાદી બનાવરાવીને કોઈ સાધુચરિત જેવી વ્યક્તિને ભેટ ધરી દે અથવા તો તેને વેચીને તેની જે કિંમત ઊપજે તે કોઈ ખાસ જરૂરિયાતવાળી સંસ્થાને ભેટ આપી દે. આ રીતે વર્ષોથી તેમનો કાંતણયજ્ઞ ચાલ્યા કરે છે.

કેટલાંયે વર્ષો પહેલાં પોતે કાંતીને વણાવેલી ખાદી ગાંધીજીને ભેટ આપેલી, ત્યારે ગાંધીજીએ તેમને કહેલ કે કાંતવાનું જીવનપર્યંત ચાલુ રાખજો, પણ તે ગોકળગાયની ગતિથી નહિ. અને તેમણે ગાંધીજીને વચન આપ્યું, અને તે વચન આજે સત્યાસી વર્ષની ઉમ્મરે પણ તેઓ પાળી રહ્યા છે એટલું જ નહિ પરંતુ કાંતવું-સતત કાંતવું-તેને, તેમણે પોતાનો જીવનમંત્ર બનાવ્યો છે. અને કાંતતા કાંતતા દરેક તારની સાથે તેઓ ॐનો જાપ કરે છે. જીવદયાના કામમાં પણ પોતાથી શક્ય તેટલું પ્રદાન કરે છે. પોતે રકમો આપે અને સંબંધીઓમાંથી લાવી આપે, આ રીતે આજ સુધીમાં જીવદયા મંડળીને તેમના દ્વારા માતબર કહી શકાય એટલી રકમની તેમણે સહાય કરી છે એમ તેમણે કહ્યું. અને આ વાત કરવામાં પોતાનો અહં અંશમાત્ર કામ કરતો નથી એવું સ્પષ્ટીકરણ કરતાં તેમણે જણાવ્યું કે મારા અંતરની કરુણા કયાં વહી રહી છે એટલું બતાવવા માટે જ મેં આ વાત કરી છે.

બેઠી દડીનો બાંધો, કાછડી ટાઈપનું ધોતિયું, માથે ગૂંડો, આંખે ચશ્મા, પાતળું શરીર અને તેમની વાતો કરવાની રીત જોઈને અમારા મંત્રીશ્રી ચીમનભાઈએ કહ્યું કે "શાંતિભાઈ, આવી વાતોને તો ટેઈપમાં ઉતારી લેવી જોઈએ. મને તો અત્યારે એવો આભાસ થાય કે ગાંધીજીની એક વામન પ્રતિકૃતિના જાણે આપણે દર્શન કરી રહ્યા છીએ અને તેની વાણી સાંભળી રહ્યા છીએ."

તેમણે સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાને યાદ કર્યા અને કહ્યું કે "આવું માનવરત્ન મેં મારી જિંદગીમાં જોયું નથી." તેઓ એક વખત સાવ અપરિચિત એવા પરમાનંદભાઈના નિવાસસ્થાને ગયા, બેલ મારી, બારણું ઊઘડ્યું, આવકાર મળ્યો. તેમણે પરમાનંદભાઈને પોતાની કાંતવાને લગતી વાત કરી અને કાંતેલું સૂતર વેચેલું તેના તેત્રીસ રૂપિયા ઊપજ્યા હતા તે તેમણે તેમને આપ્યા અને

જરૂરિયાતવાળી યોગ્ય વ્યક્તિને તે રકમ આપવા કહ્યું. તેમનાથી પરમાનંદભાઈ ખૂબ જ પ્રભાવિત થયા અને 'પ્રબુદ્ધ જીવન' માં તેમના વિષે નોંધ લખી. તેમાં તેમને તેમણે "માનવરત્ન અને સેવક" કહેલા. આની અસર તેમના પર ઘેરી પડી અને સેવાનો સ્રોત વધારે જોરથી વહેવરાવવાની તેમને પ્રેરણા મળી, એમ તેમણે કહ્યું.

હમણાં પર્યુષણમાં સંવત્સરીના દિવસે વ્યાખ્યાનમાળામાં તેઓ આવેલા અને એક હજાર રૂપિયા લાવી આપીશ એવું ચીમનભાઈને તેમણે કહેલ. ચીમનભાઈએ આ વાતની જાહેરાત કરી, એટલે હવે તો એ રકમ લાવી આપવી એ તેમની ફરજ બની ગઈ એમ તેમને લાગ્યું, અને એક સદ્‌ગૃહસ્થને ત્યાં તેઓ ગયા. માગણી કરી, પાંચસોની તૈયારી જોઈ, પરંતુ તેમણે હજાર કરાવ્યા. તે લઈને આવ્યા અને અમને ફોન કર્યો.

સત્યાસી વર્ષની ઉમ્મરે પણ હજુ તેઓ આઠ-નવ કલાક સતત કાંતી શકે છે, ત્રણ દાદરા ચડી શકે છે, લાકડી વગર હરીફરી શકે છે, વણથંભ્યા લાંબા સમય સુધી વાતો કરી શકે છે—આવી તેમની શકિત અને સ્ફૂર્તિ જોઈને તેમના પ્રત્યે આદર પેદા થાય છે અને સતત સેવાપરાયણની તેમની ભાવનાનાં દર્શન થતાં તો આપણો તેમના પ્રત્યેનો આદર પૂજ્યભાવમાં પરિવર્તિત થાય છે.

તેમને જેઓ ઘણા લાંબા સમયથી જાણતા હશે એવા ગૃહસ્થોને આ લખાણ વાંચ્યા પછી કદાચ એમ પણ લાગવા સંભવ છે કે આ લખનાર ભાઈ તેમના પ્રભાવમાં આવી ગયા લાગે છે અને પ્રશંસાનો ઢગલો કરી નાખ્યો છે. પરંતુ એ તો એમણે પોતે જ કબૂલ કર્યું કે મારી પ્રકૃતિ ભયંકર કહી શકાય એટલી હદ સુધીની નામરજી હતી. હું સરકારી વહીવટદાર હતો ત્યારે મેં નીચેના માણસો પાસેથી એવી રીતે કામ લીધું છે કે એને જુલ્મ કહી શકાય. પરંતુ હવે મને લાગે છે કે આમ કરવાનો મને કોઈ અધિકાર નહોતો અને મને એમ પણ લાગે છે કે એ પાપનું આજે હું પ્રાયશ્ચિત્ત જ કરી રહ્યો છું.

જીવનસંધ્યાકાળે આવી તેમની કબૂલાત અને જાગૃતિ માટે પણ તેમના પ્રત્યે માનની લાગણી ઉત્પન્ન થાય છે અને જૈફ ઉમ્મર ધરાવતા સદ્‌ગૃહસ્થોએ એમનું અનુકરણ કરવું જોઈએ એવા ભલામણ કરવાની લાલચને પણ રોકી શકાતી નથી. તેમનું આખું નામ છે શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા. તેમના આવા જીવન-પરિવર્તન માટે તેઓ ખરેખર આપણા અંતરનાં અભિનન્દનના અધિકારી બને છે.

[૨]

માનવતાનો પમરાટ

નારી મંત્રીજી શ્રી માંદગીના કારણે ઑગસ્ટના પ્રથમ અઠવાડિયામાં ત્રારે ગુરેન્દ્રનગર જવાનું બન્યું. ત્યાં તેમને છોટાલાલ જમનાદાસ હૉસ્પિટલમાં દાખલ કરેલા. તે સાર્વજનિક હૉસ્પિટલ છે. સાર્વજનિક હૉસ્પિટલમાં કેવી સારવાર મળતી હોય છે, ત્યાંના ડૉક્ટરોનું દર્દીઓ તરફનું કેવું વલણ અને વર્તન હોય છે, એના વિશે દરેકનો અનુભવ લગભગ સરખો જ હોય છે. પરંતુ અહીં મને જે અનુભવ થયો તે સામાન્ય અનુભવથી કંઈક વિશેષ અનુભવ હતો.

ત્યાંના ફિઝિશિયન શ્રી ત્રિવેદીસાહેબ છે અને મુખ્ય ડૉક્ટર શ્રી નવનીતભાઈ શાહ છે. તેઓ એફ. આર. સી. એસ. છે અને ઈંગ્લેન્ડમાં લગભગ ૧૪ વર્ષ પ્રેકિટસ કરેલી છે એમ જાણવા મળ્યું. તે મનુભાઈ શાહના ભાઈ થાય. તેમની દર્દી સાથે વાતચીત કરવાની રીત, તેમનું દર્દીઓ સાથેનું વલણ અને વર્તન ખૂબ ખૂબ સહાનુભૂતિભર્યું જોયું. દર્દી સાથેનું તેમનું વર્તન ખૂબ જ કુમાશભર્યું તો ખરું જ, પરંતુ દર્દીને એમ લાગે કે આ કોઈ મોટો ડૉક્ટર નથી પરંતુ મારો કોઈ અંગત તેમ જ અંતરની લાગણીવાળો સ્વજન છે; અને દર્દીના વાલીઓ સાથેની વાતચીતમાં પણ તેમનું ઉદારતાસભર વિનયભર્યું વર્તન જોવા મળ્યું. તેમને ગમે તેટલા કંટાળાભરેલા પ્રશ્નો પૂછો પરંતુ તેના જવાબો ખૂબ જ સહાનુભૂતિભર્યા અને સરળતાયુકત હોય. તેમનો પહેરવેશ પણ એટલો જ સાદો. આવા સાત્ત્વિક પ્રકૃતિવાળા ડૉક્ટરો ભાગ્યે જ જોવા મળતા હોય છે. હું ત્યાં આઠ દિવસ રહ્યો અને દર્દીઓ સાથેનો તેમનો વર્તાવ જોઈ અંતરે ખૂબ શાતા તેમ જ પ્રફુલ્લિતતા અનુભવી અને તેમના પ્રત્યે અંતરમાં ઊંડાણભરી લાગણી પ્રગટી અને અંતર તેમની પ્રશંસા પોકારતું જ રહ્યું.

આ ઉપરાન્ત તેમની નીચેના એમ. બી. બી. એસ. ડૉક્ટરો, નર્સો અને સ્ટાફ વિષે પણ સારી છાપ મનમાં અંકિત થઈ અને ટ્રસ્ટીઓની જાગૃતિનાં પણ ત્યાં દર્શન થયાં. એક ટ્રસ્ટી શ્રી રાયચંદ પ્રેમચંદ દરરોજ દરેક દર્દીના બિછાને આંટો મારે અને દરેકને પૂછે, "કાંઈ તકલીફ નથી પડતી ને?" હું ત્યાં હતો એ દરમિયાન ગામડામાંથી ઊંચા ઝાડ પરથી પડી ગયેલ સામાન્ય સ્થિતિનો દર્દી આવ્યો. તેને માથા પર, મોંમાં અને અનેક જગ્યાએ ગંભીર ઈજાઓ થયેલી. તેને સારી સારવાર તો આપી, પરંતુ સ્પેશ્યલ રૂમમાં રાખ્યો, કેમકે જનરલમાં તેને ઘોંઘાટ નડે; અને ડૉક્ટરે ટ્રસ્ટીઓ પર ભલામણ મોકલી કે આ દર્દીને ફ્રી-માફી મળવી આવશ્યક છે. ટ્રસ્ટીઓએ ફ્રી-માફી મંજૂર કરી. સવારે બીજા ટ્રસ્ટી શ્રી ચંદુલાલ સુખ્લાલ આવ્યા. તેમણે મોટા ડૉક્ટરને પૂછ્યું, "પેલા છોકરાને કેમ છે?" આવા સામાન્ય વર્ગના છોકરાની પણ આ રીતે ટ્રસ્ટી કાળજી રાખે અને તેના માટે ખાસ પૂછપરછ કરે. આ પ્રશ્નોત્તરીને લગતો વાર્તાલાપ સાંભળીને આવા ટ્રસ્ટીઓ વિષે મન પ્રભાવિત થયું અને મૌનભાવે ત્યાં જ મેં તેમને અંતરનાં અભિનન્દન આપ્યાં. તેમના વિષે મારા મનમાં ભકિતભર્યો આદરભાવ પ્રગટ થયો. મનમાં વિચાર આવ્યો કે શું આ ટ્રસ્ટીઓએ આ દવાખાનાને પોતાનું મંદિર બનાવ્યું છે અને દર્દીઓને દેવ?

માણસો લાખો રૂપિયાનાં દાનો કરે, મોટી મહેલાત જેવી હૉસ્પિટલો બંધાય, મોટા માણસોના હાથે તેનાં ઉદ્‌ઘાટનો થાય, વર્તમાનપત્રોમાં તેની મોટી મોટી જાહેરાતો આવે; અને તે શરૂ થયા બાદ દર્દીઓએ તેના ભભકાને અનુલક્ષીને તેને યોગ્ય અને ઉચ્ચ કક્ષાની સારવારની અપેક્ષા રાખી હોય તેમાં તેને નિરાશા સાંપડે - મોટે ભાગે આવા અનુભવો આપણને થતા હોય છે અથવા સાંભળવા મળતા હોય છે. પરંતુ ઉપરનો ગુરેન્દ્રનગર હૉસ્પિટલનો અનુભવ મારા માટે નવતર અનુભવ હતો અને તેના સ્થાપકોને, સંચાલકોને, કાર્યવાહકોને, ડૉક્ટરોને અને સ્ટાફને જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં પડે. વધારે દર્દીઓની સેવા કરવા માટે અથવા વધારે સાધનો વસાવવા માટે આ હૉસ્પિટલને દ્રવ્યાકીય જરૂરિયાત હોય તો શ્રીમાનોએ તેઓ માગે તે પહેલાં સારી રકમો તેમને આપવી જોઈએ. મોટી દાનપ્રાપ્તિથી એ લોકોનો ઉત્સાહ અનેકગણો વધશે અને દાન આપનારને તો તેની પાઈએ પાઈ સારી રીતે અને યોગ્ય રીતે ખર્ચાશે તેનો પૂરો સંતોષ મળશે, અને મોટા દાનોના કારણે આ હૉસ્પિટલને અદ્યતન બનાવી શકાશે. આ રીતે આ હૉસ્પિટલનો ખૂબ વિકાસ થાય એવી મારી અંતરની પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

—શાંતિલાલ ટી. શેઠ

વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિ અંગેનું સ્નેહસંમેલન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત ચાલુ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિનો આનંદ વ્યક્ત કરવા તેમ જ વ્યાખ્યાનમાળાના પ્રમુખ પ્રા. રમણલાલ ચી. શાહનું સન્માન કરવા સંઘના ઉપક્રમે મિત્રો તેમ જ શુભેચ્છકોનું સીમિત આકારનું એક સ્નેહસંમેલન તા. ૨૭-૯-'૩૨ના રોજ સાંજના સમયે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યું હતું.

પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે સૌનું સ્વાગત કરતાં જણાવ્યું કે, આપણી વ્યાખ્યાનમાળા ખૂબ જ સફળ થઈ છે અને આપણે પ્રા. રમણભાઈની રાહબરી માટે તેમના ખૂબ ઋણી છીએ. શ્રોતાઓનો પણ સહકાર બહુ સારો રહ્યો હતો અને શ્રીયુત ચીમનભાઈનું માર્ગદર્શન ઘણું જ ઉપયોગી નીવડ્યું હતું.

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ જણાવ્યું કે પ્રાધ્યાપક રમણભાઈ આપણને વ્યાખ્યાનમાળા માટે યોગ્ય પ્રમુખ મળ્યા છે. તેઓએ આ વર્ષે સફળતાભર્યું સંચાલન કર્યું. આ રીતે તેઓ વધારે રસ લેતા થાય અને આપણી કયાંક ભૂલો થતી હોય તો બતાવે અને આપણને જાગ્રત રાખે. આ વ્યાખ્યાનમાળા હજુ વધારે લોકોનું આકર્ષણ બને એવું વધારે સુંદર આયોજન ઉત્તરોત્તર તેઓ કરતા રહે. આવાં સેવાકાર્યો કરવા માટે તેઓ તંદુરસ્તીભર્યું લાંબું આયુષ્ય ભોગવે એવી મારી પ્રાર્થના છે.

ત્યાર બાદ શ્રી મોહનલાલ મહેતા-સોપાને બોલતાં જણાવ્યું કે પ્રાધ્યાપક રમણભાઈને હું ઘણાં વર્ષોથી ઓળખું છું. તેઓ એટલા બધા લાગણીસભર છે કે આપણને સહેજે તેમની સાથે પરિચય વધારવાનું મન થાય. ઝાલાસાહેબ પછી કોણ ? એવો ઝાલાસાહેબને પ્રશ્ન પૂછવામાં આવતો હતો ત્યારે તેઓ શ્રી રમણભાઈ તરફ આંગળી ચીંધતા હતા. તેમની આ શ્રદ્ધાને શ્રી રમણભાઈએ સાચી પાડી છે. ઘણા લાંબા કાળથી હું રમણભાઈનો વિકાસ જોઈ રહ્યો છું. આ વ્યાખ્યાનમાળા પોતે જ એક સંસ્થા બની ગઈ છે. સંઘનું અને 'પ્રબુદ્ધ જીવન'નું શ્રી ચીમનલાલ ચકુભાઈએ સુકાન સંભાળ્યું એથી જાણે પરમાનંદભાઈ જીવંત હોય એમ જ લાગે છે. સ્વ. પરમાનંદભાઈની ખોટ ન સાલે એવી સરસ રીતે વ્યાખ્યાનમાળાનું આયોજન ચાલી રહ્યું છે. સંઘના અને વ્યાખ્યાનમાળાના પ્રમુખો શ્રી ચીમનભાઈ તેમ જ શ્રી રમણભાઈને મારાં અંતઃકરણપૂર્વકના અભિનંદન આપું છું.

ત્યાર બાદ શ્રી અમરભાઈ જશવાળાએ બોલતાં જણાવ્યું કે, મુરબ્બી ચીમનભાઈની રાહબરી નીચે આજે આ સંસ્થાનું સંચાલન ચાલી રહ્યું છે તે આપણા માટે એક આનંદનો વિષય બને છે. દરેક સંસ્થામાં બીજી હરોળ તૈયાર થવી જોઈએ તેમ હું દૃઢપણે માનું છું અને શ્રી રમણભાઈને વ્યાખ્યાનમાળાનું આયોજન અને પ્રમુખસ્થાન સોંપીને તેમ કરવાની શ્રી ચીમનભાઈએ શરૂઆત કરી છે અને રમણભાઈ પણ તેમાં સફળ થયા છે તે આપણા સૌ માટે આનંદની અને ગૌરવની વાત બની રહે છે.

રમણભાઈ કહે છે કે આ સ્થાન માટે હું લાયક ગણાઉં કે નહિ એવો મને પ્રશ્ન રહ્યા કરે છે. પરંતુ તેઓ ખૂબ જ નમ્ર વ્યક્તિ છે. અને તેમનું સૌજન્ય જ તેમને આમ બોલાવે છે. બાકી બોમ્બે યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના રીડર થવું તે નાનીસૂની બાબત નથી. તે જ તેમની યોગ્યતા પુરવાર કરે છે.

શ્રી કે. પી. શાહે કહ્યું કે આ વખતની વ્યાખ્યાનમાળાના સંકલનમાં શ્રી રમણભાઈએ દૃષ્ટિ વાપરીને કામ કર્યું છે. તેઓ સ્પષ્ટ વકતવ્ય ધરાવે છે એ કારણે આપણે તેમનામાં તેજસ્વિતાના દર્શન કરી શકીએ છીએ. તેમની વાતમાં જે તત્ત્વજ્ઞતા ભરેલી છે અને તેમનામાં જે નીડરપણું છે તે માટે હું તેમને અભિનંદન આપું છું. રમણભાઈના સંચાલને વ્યાખ્યાનમાળાને નવી તાજગી આપી છે. તેમની દોરવણીથી આનો ઉત્તરોત્તર વિકાસ થતો રહેશે એ બાબતમાં હવે શંકાને સ્થાન નથી.

સંઘના બીજા મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે જણાવ્યું કે, પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળતા માટે મારા મનમાં જે આનંદનો ઉદધિ વહી રહ્યો છે તે વ્યક્ત કરવા માટે મારે શબ્દો મારી પાસે રહ્યા નથી.

શ્રીયુત ચીમનભાઈની રાહબરીથી અને શ્રી રમણભાઈના આવા સફળતાપૂર્વકના સંચાલનથી અમને અતિ ઘણું પ્રોત્સાહન મળ્યું છે અમારો ઉત્સાહ વધ્યો છે. આ રીતે અમારું પણ ઘડતર થઈ રહ્યું છે. યુવક સંઘ આમારો પ્રાણ છે. અને હવે બીજી હરોળના કાર્યકરો તૈયાર થાય તેની ખાસ જરૂર છે. સૌ મિત્રોના સહકારથી આજે આપણી પ્રવૃત્તિઓ સુંદર વિકાસ સાધી રહી છે. શ્રીયુત રમણભાઈએ વ્યાખ્યાનમાળાના આયોજનનું જે કામ ઉઠાવ્યું અને તેનું પ્રમુખસ્થાન શોભાવીને એને સફળ બનાવી છે એ કારણે તેઓ આપણા સૌના અંતરના અભિનંદનના અધિકારી બને છે.

ત્યાર બાદ પ્રો. તારાબહેન શાહે કહ્યું કે, આ સંઘના આજના મુખ્ય સંચાલક શ્રી ચીમનલાલ ચકુભાઈ હજુ વર્ષો સુધી સંસ્થાને માર્ગદર્શન આપ્યા કરે તે માટે ઈશ્વર તેમને તંદુરસ્તીભર્યું લાંબું આયુષ્ય બક્ષે એવી મારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના છે. વ્યાખ્યાનમાળાના આ વખતના પ્રમુખ સિવાયના ભૂતપૂર્વ પ્રમુખોએ મને હંમેશા દીકરીથી ઓછી ગણી નથી. આ સ્થળે સંકોચ સાથે પણ મારે કહેવું જોઈએ કે મારા માતાપિતાએ મને જે સંસ્કારવારસો આપ્યો છે અને એ કારણે આવા સકૂલ સાથેનો મારો સહવાસ થયો છે એને હું ખરો કરિયાવર ગણું છું. સંઘ એ મારું બીજું પિયર છે એમ હું સમજું છું. સમાજજીવનથી અનેક તેજસ્વી બહેનોને પણ આવાં વ્યાખ્યાનોનો લાભ મળતો રહે એવી ભાવના ભાવું છું.

પ્રો. ઉષાબહેન મહેતાએ કહ્યું કે સર્વપ્રથમ દીક્ષા મને સ્વ. પરમાનંદભાઈએ આપી. તેઓ ગયા પછી સંઘ સાથેનો સંબંધ ચાલુ રહેશે કે કેમ તેમ થતું હતું, પરંતુ મુરબ્બી શ્રી ચીમનભાઈએ પણ મને એ જ રીતે આવકારી છે અને મને પણ તેમના પરિવાર જેવી ગણી છે તેથી હું ગૌરવ અનુભવું છું.

આ વખતની વ્યાખ્યાનમાળામાં એક વ્યાખ્યાતા ન આવી શકયા અને એ જ વિષય ઉપર એ જ સમયે પ્રો. રમણભાઈએ વ્યાખ્યાન આપ્યું અને પોતાની વિદ્વત્તા સિદ્ધ કરી આપી. સોળ વ્યાખ્યાનોના પ્રમુખપદે રહેવું તે ઘણું કઠિન કામ છે. આ પ્રસંગે મારે પ્રો. તારાબહેનને પણ અભિનંદન આપવાં હોને હું મારી ફરજ ગણું છું, કેમકે ગુજરાતમાં આવા વિદ્વોપાસક મુરબ્બી બહુ થોડા છે. આને માટે આપણે તેમનું ગુજરાત પણ ગૌરવ લઈ શકે.

ત્યાર બાદ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું કે, શ્રી ઝાલાસાહેબના અવસાન પછી જે ચિંતાનો વિષય બન્યો હતો કે એમને સ્થાને કોણ આવે. બે-ત્રણ નામોમાંથી પ્રો. રમણભાઈનું નામ નક્કી કરવામાં આવ્યું. તેમની શક્તિનો તેમણે બધાને પરિચય કરાવ્યો. આ વ્યાખ્યાનમાળાની સફળતાનો યશ શ્રી રમણભાઈને ફાળે જાય છે.

બીજું, હું જેટલી સંસ્થાનું સંચાલન કરું છું તેને માટે મેં એવું આયોજન વિચાર્યું હોય છે કે મારી ગેરહાજરીમાં પણ એ, એ જ રીતે ચાલુ રહે. તે આર્થિક રીતે પણ સદ્ધર બને એવી મારી વૃત્તિ રહી છે. આ સંઘ માટે પણ મારી એ જ દૃષ્ટિ છે. રમણભાઈએ મારી સાથે જે સહકારથી કામ કર્યું છે તે અને તેમનામાં રહેલો નમ્રતાનો ગુણ ખરે ખર પ્રશંસનીય છે. ઘણા માણસો સ્વમાનના

નામે મોટો અહં પોષના હોય છે અને પોતાના વિકાસને એ રીતે રૂંધતા હોય છે. આવા લોકોએ રમણભાઈનો દાખલો લેવો જોઈએ.

આપણી વ્યાખ્યાનમાળામાં આવતો વર્ગ ઘણો સંસ્કારી વર્ગ છે. તેને વારે ને વારે નવું જાણવા મળે એવી આપણી દૃષ્ટિ હોવી જોઈએ. ઘણી વખત આપણે ભૂતકાળનો વિચાર કરીને કોઈની કમ્પેરીઝન કરતા હોઈએ છીએ. આ એપ્રોચ તદ્દન ખોટો છે. આપણે ભવિષ્ય માટે વિચારતા થવું જોઈએ. જેમકે ઝાલાસાહેબ ખૂબ જ વિદ્વાન હતા. પરંતુ તેઓ વેદાંતના અભ્યાસી હતા—જૈન ધર્મના નહિ. જ્યારે રમણભાઈ જૈન ધર્મને લગતા વિષયોની સમાલોચના અધિકારપૂર્વક કરી શકે.

આપણી વ્યાખ્યાનમાળાની પ્રતિષ્ઠા ખૂબ જ ઊંચી છે. ગમે તેવો મોટો વ્યાખ્યાતા પણ આપણે ત્યાં પૂરી તૈયારી કરીને જ આવતો હોય છે. કારણ કે એવો આપણો શ્રોતાવર્ગ છે. આવી વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન સાચવવું, જે ઘણું કઠિન કાર્ય છે, આમ છતાં રમણભાઈએ તેને પાર પાડ્યું છે. આમ બનવાનું કારણ તેમની વિદ્વત્તા છે. હું તો એમ સમજું છું કે 'પ્રબુદ્ધ જીવન' ના સંચાલનનો બોજો ઉપાડવાની પણ શક્તિ તેમનામાં છે—કદાચ એવો દિવસ આવે પણ ખરો! આમ કહીને પ્રમુખશ્રીએ પ્રો. રમણલાલ શાહને સુખડનો હાર પહેરાવીને તેમનું બહુમાન કર્યું હતું.

ત્યાર બાદ પ્રો. રમણલાલ શાહે કહ્યું કે હું મારા આ સન્માનનો સ્વીકાર કરવામાં આનંદ કરતાં ક્ષોભ વધારે અનુભવું છું. મને પ્રશ્ન થાય છે કે હું આના માટે કઈ રીતે યોગ્ય છું? જો દીકરો પરીક્ષામાં પાસ થઈને આવે તો મા-બાપ તેને અભિનંદન આપે કે તેનું સન્માન કરે? પંડિતજી અને ઝાલાસાહેબની વાત જુદી હતી. હું તો તમારામાંનો જ એક છું. એટલે મારું સન્માન તો કુટુંબના સભ્યનું સન્માન ગણાય. અને સંઘે મને પ્રમુખસ્થાન સોંપ્યું તેમાં પણ હું એમ સમજું છું કે મારી યોગ્યતા કરતાં મારા તરફના સદ્‌ભાવે એમાં કામ કર્યું છે.

ત્રણેક વર્ષ પહેલાં હું વ્યાખ્યાન સાંભળવા આવ્યો હતો અને મને સ્વ. પરમાનંદભાઈએ કહ્યું, "આજે ઝાલાસાહેબ આવવાના નથી અને પ્રમુખસ્થાને તમારે બેસવાનું છે" આને મેં વડીલનો વિનોદ લેખ્યો હતો. પરંતુ સમય થઈ જતાં તેઓ મારી પાસે ફરીથી આવ્યા અને મને પ્રમુખસ્થાને બેસાડ્યો. તે દિવસે મને ખૂબ જ ક્ષોભ થયો હતો.

બીજા વર્ષે પણ ઝાલાસાહેબને થોડા દિવસો માટે બહારગામ જવાનું બન્યું અને મને પ્રમુખ થવાનું કહેવામાં આવ્યું. આ બધા પછી પ્રામાણિકપણે અંતરનિરીક્ષણ કરતાં મને એમ લાગ્યું કે પંડિતજી અને ઝાલાસાહેબની સામે હું તો અલ્પ માનવી છું.

આ વખતની વ્યાખ્યાનમાળા પૂરી થઈને તરત જ મારે વડોદરા-અમદાવાદ જવાનું બન્યું. અહીં વ્યાખ્યાન આપી ગયેલા વ્યાખ્યાતાઓને ત્યાં મળવાનું બન્યું. તેઓએ મને કહ્યું કે મુંબઈમાં જે જે વ્યાખ્યાનમાળાઓ ચાલે છે તેમાં તમારું ઓડિયન્સ જેટલું શિસ્તબદ્ધ અને ઉત્સુક છે તેટલું ક્યાંય જોવા નથી મળ્યું. શિસ્ત પણ એટલી બધી કે, કોઈ પ્રસંગ હસવાનો આવે તો પણ શ્રોતાઓ વિચારીને હસે!

મને પ્રમુખસ્થાને આપીને સંઘે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે, કેમકે આ રીતે સોળે વ્યાખ્યાનો શબ્દશઃ સાંભળવાનો લાભ મને પહેલી જ વખત જ મળ્યો છે.

આ વખતે શ્રીયુત ચીમનભાઈ આઠેય દિવસ આવ્યા તે પણ મોટો લાભ થયો ગણાય.

હું તો એક નિમિત્ત બન્યો છું. મેં તો ઝાલાસાહેબની પાદુકા સંભાળવાનું જ કામ કર્યું છે એમ હું સમજું છું.

ત્યારબાદ શ્રીમતી કમલિનીબહેન શેટીએ શાસ્ત્રીય સંગીતના સૂરો રેલાવીને વાતાવરણને મધુર બનાવ્યું હતું. એ સંગીતનો આસ્વાદ માણ્યા બાદ અલ્પાહારનો સ્વાદ ચાખીને પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન કરવામાં આવી હતી.

સંકલન: **શાન્તિલાલ ટી. શેઠ**

સાભાર સ્વીકાર

શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ: લેખિકા: ડૉ. સરયુબહેન આર. મહેતા, પ્રકાશક: શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ, નવા વિકાસગૃહ, ઓપેરા સોસાયટી પાસે, આનંદ નગર, અમદાવાદ-૭ કિંમત: સાત રૂપિયા.

* * *

(૧) મેઘાણીનાં કાવ્યો, (૨) મેઘાણીની નવલિકાઓ, (૩) મેઘાણીની લોકકથાઓ: લેખક: ઝવેરચંદ મેઘાણી, સંપાદકો: મનુભાઈ પંચોળી, મૂળશંકર મો. ભટ્ટ, મહેન્દ્ર મેઘાણી; પ્રકાશક: લોકમિલાપ ટ્રસ્ટ, ૧૫૬૫, સરદારનગર, ભાવનગર; કિંમત: ત્રણ પુસ્તકોના સેટના: દસ રૂપિયા.

* * *

આશાની કાંતિ: લેખક: એરિક ફ્રોમ, પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા-૧. કિંમત: બે રૂપિયા.

* * *

વીણેલાં ફૂલ: ભાગ: ૨:૪૦ ટૂંકી વાર્તાઓ: વિવિધ લેખકો: પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા—૧, કિંમત: બે રૂપિયા

* * *

તરુણોને: લેખક: દાદા ધર્માધિકારી, પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા—૧, કિંમત: એક રૂપિયો.

* * *

શિક્ષણમાં ક્રાંતિ: વિવિધ લેખકો: પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા—૧, કિંમત: પચાસ પૈસા.

સંત મિટકરનું જીવનચરિત્ર

અતીન્દ્રિય યોગી: શ્રી બાપુસાહેબ મિટકર, તેમનું જીવનચરિત્ર અને આધ્યાત્મિક માર્ગદર્શન: લેખક: શ્રી પોપટલાલ લક્ષ્મીરામ રાવળ, પ્રકાશક: શ્રી મોતીચંદ શામજી મેપાણી, શ્રી કૉર્પોરેશન, પ્રેમ ભવન, ૨૩૪, ૨૩૬, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ—૯, કિંમત રૂા. દશ.

શ્રી બાપુસાહેબ મિટકરનું આ જીવનચરિત્ર શ્રી પોપટલાલ રાવળે શ્રદ્ધાપૂર્વક અને ભક્તિભાવપૂર્વક લખ્યું છે. પુસ્તકની પ્રસ્તાવનામાં જ એમણે લખ્યું છે કે 'મારા જીવનમાં મને કેટલાય સંતો, મહાત્માઓ અને યોગીઓના દર્શનનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે, પરંતુ પૂ. શ્રી બાપુસાહેબના દર્શને મારા જીવનમાં અલૌકિક પ્રેરણા અને પ્રકાશ પાથર્યા છે.'

શ્રી બાપુસાહેબ મિટકર પૂનાનિવાસી સંતપુરુષ છે. તેમનામાં દિવ્ય-અલૌકિક શક્તિ છે અને આ શક્તિ દ્વારા તેઓએ ઘણા ચમત્કારો કરી બતાવ્યા છે. આ ગ્રંથમાં એમના ચમત્કારોનાં વર્ણનો આવે છે.

શ્રી બાપુસાહેબ સંસારી છે, એમણે નોકરી પણ કરી છે, જો કે હાલ તેઓ નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. આમ છતાં યે તેઓ ધાર્મિક, આધ્યાત્મિક અને એક ભક્ત તેમ જ તપસ્વીનું જીવન જ જીવ્યા છે. લેખકે આ સંતપુરુષમાં રહેલી દિવ્યશક્તિનો જે પરિચય કરાવ્યો છે એ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે તેઓ એમની શક્તિ વડે સેંકડો માઈલ દૂર સુધી જોવાની અને દૂર રાવણની શક્તિ ધરાવે છે, સામા માણસના હૃદયમાં ભક્તિભાવ જાગૃત કરી, એનાં વ્યસનો છોડાવી એને ઈશ્વર ભણી વાળી શકે છે.

શ્રી રાવળે આ પુસ્તક સ્વાનુભવના આધારે તેમ જ શ્રી બાપુસાહેબના જીવન અને એમની સાધના વિશેની નાની-મોટી વિગતો મેળવીને સાદી-સરળ ભાષામાં લખ્યું છે.

ઈશ્વર

[ગાંધીજી ગોળમેજી પરિષદમાં લંડન ગયા ત્યારે, કોલમ્બિયા બ્રોડકાસ્ટિંગ કૉરપોરેશનની વિનતિથી ઈશ્વર વિશે તેમના વિચારોની રેકર્ડ કરી હતી. આ પ્રખ્યાત પ્રવચનનો ગુજરાતી અનુવાદ અહીં આપવામાં આવે છે. આ વિષયે શ્રી જી. રામચન્દ્રનનું વ્યાખ્યાન આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ થાય છે તેના અનુસંધાનમાં આ પ્રેરક પ્રવચન મનન કરવા યોગ્ય છે. તંત્રી]

એક એવી અવર્ણનીય રહસ્યમય શકિત છે જે સર્વવ્યાપી છે. હું તેને જોતો નથી, છતાં અનુભવું છું. આ અદશ્ય શકિત એવી છે, જે પોતાની પ્રતીતિ કરાવે છે અને છતાં બધી સાબિતીઓથી પર રહે છે, કારણ જે બધું ઈન્દ્રિયગોચર છે તેનાથી તે જુદી જ છે. તે ઈન્દ્રિયાતીત છે. પણ ઈશ્વરના અસ્તિત્વને મર્યાદિત પ્રમાણમાં તર્કથી બતાવવાનું શકય છે. આપણે જાણીએ છીએ કે સામાન્ય બાબતોમાં પણ લોકોને એ ખબર નથી હોતી કે કોણ રાજ કરે છે યા શા માટે અને કેવી રીતે તે રાજ કરે છે અને છતાં તેઓ જાણે છે કે એવી એક સત્તા છે જે ચોક્કસપણે શાસન કરે છે. મહીસૂરમાં ગયા વર્ષના મારા પ્રવાસમાં હું ઘણા ગરીબ ગ્રામજનોને મળ્યો હતો અને તેમને પૂછતાં મને જણાઈ આવ્યું કે મહીસૂર પર કોણ રાજ કરે છે તે તેઓ જાણતા ન હતા. તેમણે એટલું જ કહ્યું કે કોઈક ઈશ્વર રાજ કરે છે. પોતાના રાજવી વિશે આ ગરીબ લોકોનું જ્ઞાન આટલું મર્યાદિત હતું, તો રાજાની બાબતમાં તેઓની સરખામણીએ ઈશ્વરની બાબતમાં અનંતગણો નાનો એવો હું રાજરાજેશ્વર ઈશ્વરના અસ્તિત્વને જાણી શકું નહિ તો તેનું મને આશ્ચર્ય હોવું જોઈએ નહિ. આમ છતાં, એ ગરીબ ગ્રામજનો મહીસૂર વિશે અનુભવતા હતા તેમ હું પણ જરૂર અનુભવું છું કે વિશ્વમાં વ્યવસ્થા છે અને હસ્તી ધરાવતી બધી ચીજો યા જીવિત એવાં બધાં પ્રાણીનો નિયામક એવો એક અફર કાનૂન પ્રવર્તે છે. એ અંધ કાનૂન નથી, કારણ કોઈ અંધ કાનૂન જીવંત માનવીઓના વર્તન પર શાસન કરી શકે નહિ અને સર જગદીશચન્દ્ર બોઝનાં અદ્‌ભુત સંશોધનોને પરિણામે હવે એમ સાબિત કરી શકાય છે કે પદાર્થમાત્રમાં જીવન છે. ત્યારે સર્વ જીવનનો નિયામક એવો એ કાનૂન એ જ ઈશ્વર છે. હું કાયદાનો કે કાયદો ઘડનારનો ઈનકાર ન કરું, કારણ હું કાયદા વિશે કે તેના ઘડનાર વિશે અલ્પ જ્ઞાન ધરાવું છું. એક દુન્યવી સત્તાની હસ્તી વિશેના મારા ઈનકાર યા અજ્ઞાનથી મને કશો ફાયદો નથી તે જ રીતે ઈશ્વર અને તેના કાનૂનનો હું ઈનકાર કરું તો તેથી તેના અમલમાંથી મને મુકિત મળવાની નથી, જ્યારે દિવ્ય સત્તાનો વિનમ્ર અને મૂક સ્વીકાર જીવનયાત્રાને વધુ સહેલી બનાવે છે– દુન્યવી શાસનનો સ્વીકાર તે શાસન હેઠળના જીવનને વધુ સરળ બનાવે છે તેમ જ હું એવી ઝાંખી કરી રહ્યો છું કે મારી આસપાસનું બધું જ સદા પરિવર્તનશીલ, સદા મરણાધીન રહ્યું છે ત્યારે એ બધા પરિવર્તનની પાછળ એક એવી ચેતનશકિત રહેલી છે જે અપરિવર્તનશીલ છે, જે સર્વને એકસૂત્રે સાંકળી રહી છે, જે સર્જન, વિસર્જન નેં નવસર્જન કરી રહી છે.

આત્માની એ સર્વવ્યાપી શકિત તે ઈશ્વર છે અને કેવળ ઈન્દ્રિયગમ્ય એવું બીજું કશું જ ટકી શકતું ન હોઈને તે ટકશે નહિ, તેથી ઈશ્વર એકલો જ અસ્તિત્વ ધરાવે છે. અને આ શકિત ભદ્ર છે કે અભદ્ર? હું તેને કેવળ કલ્યાણકારી જોઉં છું, કારણ હું જોઈ શકું છું કે મૃત્યુની વચ્ચે જીવન ધબકતું રહે છે, અસત્યની વચ્ચે સત્ય ટકી રહે છે અને અંધકારની વચ્ચે પ્રકાશ પ્રવર્તી રહે છે. એથી હું સમજયો છું કે ઈશ્વર એ જીવન છે, સત્ય છે ને પ્રકાશ છે. તે પ્રેમ છે. તે પરમ બ્રહ્મ છે. પણ માત્ર બુદ્ધિને સંતોષતો હોય તો તે ઈશ્વર નથી. ઈશ્વરે ઈશ્વર બનવા માટે હૃદયને જીતવું જોઈએ અને તેને બદલવું જોઈએ. ભકિતની નાનામાં નાની ક્રિયામાં તેણે પોતાને વ્યકત કરવો જોઈએ. પંચેન્દ્રિય કયારેય અનુભવી શકે તે કરતાં વધુ સાચા, એક નિશ્ચિત સાક્ષાત્કાર દ્વારા જ આ થઈ શકે. ઈન્દ્રિયાવબોધ ખોટા ને છેતરામણા હોઈ શકે છે અને ઘણીવાર તેવા હોય છે, ભલે તે આપણને ગમે તેટલા સાચા લાગતા હોય. ઈન્દ્રિયાતીત સાક્ષાત્કાર નિર્ભેળ હોય છે. એ બાહ્ય પુરાવા દ્વારા નહિ પણ જેમણે અંતરમાં ઈશ્વરનો સાચો વાસ અનુભવ્યો છે તેમના બદલાયેલા વર્તન અને ચારિત્ર્ય દ્વારા તે પુરવાર થાય છે. સર્વ દેશોમાં અને બધી આબોહવામાં પયગમ્બરો અને સંતોની જોતા મળતી અસ્ખલિત પરંપરાના અનુભવોમાં આ પ્રત્યક્ષ થયું છે. તેના પુરાવાને ધુત્કારવો એ આ સાક્ષાત્કાર એક રાચળ શ્રદ્ધામાંથી પ્રગટયો છે તેમ સ્વીકારવાના ઈનકાર બરાબર છે. ઈશ્વરના અસ્તિત્વની હકીકતને પોતાની જાત પર જે કસોટીએ ચડાવવા ઈચ્છનાર એક જીવંત શ્રદ્ધા વડે જ તેમ કરી શકે, અને શ્રદ્ધા જાતે બાહ્ય પુરાવાથી પુરવાર કરી શકાય તેમ ન હોઈને જગતની નૈતિક સરકારમાં માનવું એટલે કે નૈતિક કાનૂન, સત્ય અને પ્રેમના કાયદાની સર્વોપરિતામાં માનવું એ સૌથી સલામત માર્ગ છે. સત્ય અને પ્રેમથી વિરુદ્ધ જે કંઈ છે તે સર્વનો સરિયામ ઈનકાર કરવાનો જ્યાં સ્પષ્ટ નિરધાર હોય ત્યાં આ શ્રદ્ધા શ્રેષ્ઠ રીતે પ્રગટ થઈ શકશે. હું કબૂલ કરું છું કે બુદ્ધિ વડે ખાતરી કરાવવાની મારી પાસે કોઈ દલીલ નથી. શ્રદ્ધા તર્કને અતિક્રમી જાય છે. અશકય માટે પ્રયાગ ન કરવો એટલી જ સલાહ હું આપી શકું.

(મૂળ અંગ્રેજી પરથી)

એક પ્રેરણાત્મક પત્ર

સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ ઉપર આવેલો પત્ર નીચે પ્રગટ કરવામાં આવ્યો છે.

ગુરુવાર, તા. ૧૪ સપ્ટે. ૧૯૭૨

સ્નેહીશ્રી,

'પ્રબુદ્ધ જીવન' હું નિયમિત અને રસપૂર્વક વાંચતો હોઉં છું. આપે સંઘના આજીવન સભ્ય નોંધવાનું શરૂ કર્યું એ સમાચાર જોયા ત્યારથી જ મનમાં નક્કી કરી રાખેલું કે બનતી વહેલી તકે મારે આજીવન સભ્ય તરીકે નામ નોંધાવવું.

હમણાં પર્યુષણનું પુણ્યપર્વ ચાલે છે ત્યારે આપને આ પત્ર લખી આજીવન સભ્યપદનો રૂા. ૨૫૧/– નો ચેક આ સાથે મોકલતાં મનમાં કરેલ નિર્ણયના અમલનો કંઈક આનંદ અનુભવું છું.

આપનો સંઘ મને આજીવન સભ્ય તરીકે નોંધશે એવી આશા રાખું છું. સંઘની ઉત્તરોત્તર પ્રગતિ ઈચ્છું છું.

સદ્‌ગત મુરબ્બી પરમાનંદભાઈનું પુણ્યસ્મરણ પણ સ્વાભાવિક જ આ પ્રસંગે થાય છે.

કુશળ હશો.

લિ.

પુરુષોત્તમ ગણેશ માવળંકરનાં વંદન.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ ઑક્ટોબર ૧૬, ૧૯૭૨, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ આર્થિક સમસ્યાઓ ☆

શાસક કોંગ્રેસની મહાસમિતિની બેઠક ગાંધીનગર ખાતે તારીખ ૯-૧૦ ઓકટોબરે મળી ગઈ. બેઠકમાં બે પ્રસ્તાવો થયા. બન્ને આર્થિક બાબતો વિષે છે. કોઈ રાજકીય પ્રશ્ન–રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય - સંબંધે વિચારણા થઈ નથી. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ સંબંધે વિદેશમંત્રી સરદાર સ્વર્ણસિંઘે નિવેદન કર્યું. આ બેઠકથી જણાય છે કે દેશ સમક્ષ મહત્ત્વના પ્રશ્નો આર્થિક છે. આ વર્ષે દેશના ઘણા ભાગમાં ચોમાસું નિષ્ફળ જતાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે. સતત વધતો જતો ફુગાવો, મોંઘવારી અને દુષ્કાળને કારણે અતિ વિષમ સમસ્યાઓ પેદા થઈ છે. તે સાથે રિઝર્વ બેંક અને બીજી સરકારી સંસ્થાઓના અહેવાલો બતાવે છે કે ઔદ્યોગિક ઉત્પાદન ઘટતું રહ્યું છે અને ઔદ્યોગિક ક્ષેત્રે ગંભીર કટોકટી સર્જાઈ રહી છે.

જે બે પ્રસ્તાવો થયા તે લાંબા નિબંધો જેવા છે. દરેક પ્રસ્તાવ બે ભાગમાં વહેંચી શકાય. પહેલો ભાગ, જે વિશેષ લાંબો છે, તેમાં પરિસ્થિતિનું વિશ્લેષણ છે. તેમાં નવું કાંઈ નથી. બીજા ભાગમાં નિર્ણય છે.

મોંઘવારીને પહોંચી વળવા અને ભાવવધારો અટકાવવા ઘઉં અને ચોખાનો જથ્થાબંધ વેપાર સરકાર હસ્તક કરવો અને બીજી જરૂરિયાતવાળી વસ્તુઓ - ખાંડ, ઘાસલેટ, જાડું, કાપડ, તેલ વગેરે-ઉપર સરકારી અંકુશો વધારવા રાજ્ય સરકારોને આદેશ અપાયો છે. ઘઉં - ચોખાનું વિતરણ સસ્તા અનાજની દુકાનો મારફતે થશે. ચોખવટ કરવામાં આવી છે કે આ પ્રસ્તાવથી ઘઉં - ચોખાની બધી ખરીદીનો ઈજારો (monopoly procurement) સરકારનો થતો નથી. ઘઉં - ચોખાનું દેશભરમાં રેશનિંગ કરવું એમ પણ અર્થ નથી. સસ્તા અનાજની દુકાનો મારફત સામાન્ય સ્થિતિના અને ગરીબ વર્ગને વાજબી ભાવે ઘઉં - ચોખા મળે તેવી વ્યવસ્થા કરવી. ઘઉં - ચોખાની ખરીદી કોઈ વેપારી જથ્થાબંધ બીજાને વેચાણ કરવા કરી નહિ શકે. વચલો માણસ (middle man) કાઢી નાખવો. વાપરનારને વેચવા માટે પરચૂરણ વેપારી સરકાર પાસેથી ઘઉં-ચોખા મેળવશે. ખેડૂત પોતે વાપરનારને સીધો વેચી શકે. આવી વિતરણ વ્યવસ્થાનો અમલ કયારે કરવો તે રાજ્યો ઉપર છોડવામાં આવ્યું છે. મોડામાં મોડું ફેબ્રુઆરી - માર્ચમાં આ વ્યવસ્થા અમલી થવી જોઈએ.

ચર્ચા દરમિયાન ઘઉં - ચોખા ઉપરાંત બીજી જરૂરી ચીજોનો વેપાર પણ સરકાર હસ્તક લેવા આગ્રહ થયો હતો. શ્રી જગજીવનરામ, જેમણે પ્રસ્તાવ રજૂ કર્યો હતો તેમણે કહ્યું કે અત્યારે આટલું બસ છે. રાજ્યોને યોગ્ય લાગે તો બીજી ચીજોનો વેપાર પણ હસ્તગત કરે.

અનાજના વેપાર વિષે આયોજનમંત્રી શ્રી ડી. પી. ધરે કહ્યું તે તેમના જ શબ્દોમાં આપું છું. આ લેખમાં અંગ્રેજી અવતરણો હું ઠીક પ્રમાણમાં મૂકવાનો છું, ખાસ કરી, શ્રી ધરના પ્રવચનના, જેથી આ નવા આગંતુકની વિચારસરણીનો ઠીક ખ્યાલ આવે.

He(Dhar) could not think of any country in the world, particularly among developed countries, where the extraordinary class of food grain dealers existed. There was no need to shed unnecessary tears for the fate of food grain dealers, because if their activities were eliminated, they would have lot of money for investment in productive channels.

વિશેષમાં તેમણે કહ્યું કે ખાસ કરીને અનાજના વેપારમાં કાળા બજારનું નાણું ખૂબ રોકાય છે તે પણ બંધ થશે અને ઉદ્યોગોમાં રોકાશે.

ઘઉં - ચોખાની દેશવ્યાપી ખરીદી, સંગ્રહ અને વિતરણ કરવાનું કાર્યક્રમ અને પ્રામાણિક વ્યવસ્થાતંત્ર સરકાર પાસે છે કે નહિ તે વિશે શંકા કરનારને ભારપૂર્વક દૂર હટાવેલવામાં આવ્યા. બલ્કે વિશેષ ચીજોનો વેપાર સરકાર હસ્તક કરવાની જોરદાર હિમાયત થઈ.

ઘઉં - ચોખાનો જથ્થાબંધ વેપાર સરકાર હસ્તક કરી, ભાવવધારો અને મોંઘવારી કેટલી અટકાવી શકશે તે તો હવે અનુભવે ખબર પડશે. પ્રજાની હાડમારી ન વધે તો સારું.

ઔદ્યોગિક ક્ષેત્રની આર્થિક નીતિનો બીજો પ્રસ્તાવ શ્રી ધરે રજૂ કર્યો તે વધારે મહત્ત્વનો છે. સરકાર કઈ દિશામાં જવા ઈચ્છે છે તેનું ચિત્ર આ ઠરાવમાંથી મળે છે. ૧૯૫૬માં નેહરુના સમયમાં ઔદ્યોગિક નીતિ સરકારે ઘડી એક નિવેદન બહાર પાડયું છે. શ્રી ધરે તેનું ભારપૂર્વક સમર્થન કર્યું. ૧૬ વર્ષ પછી ફરી આ નીતિને જ સરકાર વળગી રહે છે તેવું જાહેર કરવાની શ્રી ધરને જરૂર લાગી તેનાં બે કારણો તેમણે આપ્યાં છે. શ્રી ધરને લાગે છે કે નેહરુના અવસાન પછી, ૧૯૬૪થી, ઈન્દિરા ગાંધીના હાથમાં સત્તા આવી, એટલે કે ૧૯૬૯ સુધી, સરકારે ભૂલો કરી, મોટા ઉદ્યોગો-Core Industries - લોખંડ, સિમેન્ટ, વીજળી, ભારે મશીનરી, ખાતર - ની અવગણના કરી તેને પરિણામે વર્તમાન પરિસ્થિતિ સર્જાઈ છે. બીજું, શ્રી ધરને લાગે છે કે ખાનગી ક્ષેત્ર (Private Sector) પ્રત્યેની સરકારની નીતિ કાંઈક મોળી પડી છે, Soft થઈ છે. તેમના પુરોગામી શ્રી સુબ્રહ્મણ્યમ જાહેર અને ખાનગી ક્ષેત્રની સહિયારી નીતિ (Joint Sector) ને ટેકો આપતા હતા - મહાસમિતિની આ બેઠકમાં પણ આપ્યો - તે નીતિ ભૂલભરેલી છે. જાહેર ક્ષેત્ર ખૂબ વિસ્તારવું જોઈએ અને ખાનગી ક્ષેત્ર ઉપરના અંકુશ વધવા જોઈએ – હજી તેને સાવ નાબૂદ કરવાની વાત શ્રી ધર નથી કરતા–પણ નીચેના શબ્દોમાં ખાનગી ક્ષેત્રને શ્રી ધરે ચેતવણી આપી છે:

Mr. Dhar emphasised that the private sector would have to invest its surpluses & its expertise in a patriotic way for the national aims Otherwise, he was afraid, the private sector would pass into history in a manner which he would not like to mention at the moment.

આ બાબતમાં યંગ ટર્ક શ્રી કૃષ્ણકાન્તે સૂચવેલ એક સુધારો શ્રી ધરે સ્વીકાર્યો તે સૂચક છે. તે આ પ્રમાણે છે:

The Government shall exercise appropriate control over the private sector so that not only

priorities in production are adhered to but the system of distribution is regulated as not to lead to profiteering or hoarding to the detriment of society at large.

બધા શબ્દો સારા છે, "Patriotic way for the national aims"; " not to lead to profiteering or hoarding to the detriment of society. તેનો અર્થ અને અમલ કેવો થશે?

શ્રી કૃષ્ણકાન્તનો એક બીજો સુધારો શ્રી ધરે સ્વીકાર્યો તે તેથી પણ વધારે સૂચક છે. તે આ પ્રમાણે છે:

In the distribution of essential commodities through fair price shops, the congress should act as a catalyst by the formation of committees to insure that dangers of black market are eliminated and that commodities reach the weaker and deserving sections of society.

કોઈ રાજકીય પક્ષો વહીવટી તંત્રમાં દખલગીરી ન કરવી તે ધ્યાનો સિદ્ધાંત છે. આ પ્રસ્તાવથી કોંગ્રેસ કમિટીઓ સરકારી તંત્રની ચોકીદાર બનશે, Red guards કે cosmosols ની પેઠે? કે માત્ર મદદરૂપ થશે?

શ્રી ધર લાંબો સમય રશિયામાં રહ્યા છે. તેમના અનુભવનો લાભ આ દેશને મળશે એમ લાગે છે.

શ્રીમતી ઈન્દિરા ગાંધીએ બન્ને અર્થમાં લેવાય તેવાં પ્રવચનો કર્યાં. કોઈ dogmas થી પોતે બંધાયેલ નથી. જરૂર પડશે તો ઔદ્યોગિક નીતિમાં ગમે તેવો ફેરફાર કરવા પોતે તૈયાર છે. દેશમાં હવે એક નવો યુગ (New Era) શરૂ થાય છે. આર્થિક મુસીબતો ટૂંક સમયમાં દૂર થશે. પોતે આપેલ બધાં વચનો પાળ્યાં છે. ડાબેરી, જમણેરી બધા ટીકાકારોને પડકારીને કહ્યું કે પોતાને પ્રજાનો પૂરતો સાથ-સહકાર અને પીઠબળ છે. અમીરી હઠાવ સૂત્રથી ગરીબી હઠવાની નથી. ઉત્પાદન વધારવા મજૂરોને અપીલ કરી. સરકારી તંત્ર પૂરું કાર્યક્ષમ છે તેની ખાતરી આપી. કોઈ પણ રાજકીય નેતા માટે આવો આત્મવિશ્વાસ અનિવાર્ય છે.

શબ્દોની ઈન્દ્રજાળને છોડી વાસ્તવિકતા જોઈએ તો દેશ સમક્ષ ગંભીર આર્થિક સમસ્યાઓ અને કટોકટી છે. આ બધી પરિસ્થિતિ માટે વર્તમાન સરકાર જ જવાબદાર છે તેમ પણ નથી. કેટલાક બાહ્ય સંજોગો, પાકિસ્તાન સાથેનું યુદ્ધ, ચોમાસાની નિષ્ફળતા, કેટલીક વિદેશી સત્તાઓનું વિરોધી વલણ, – પ્રતિકૂળ રહ્યાં છે. કોઈ ચમત્કારિક ઉપાયો નથી કે ટૂંક સમયમાં આ મુસીબતો દૂર થાય. ફુગાવો કે મોંઘવારી આપણા દેશમાં જ છે તેમ નથી. બ્રિટન અને બીજા દેશો આથી પણ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. સવાલ એ છે કે આપણે સાચી દિશામાં છીએ કે નહિ? કોઈ વિદેશી સત્તાનું ગુપ્તચર ખાતું કે વિરોધી રાજકીય પક્ષો આવી પરિસ્થિતિનો લાભ લેવા કરે તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. પણ તેવાં કારણો આપી, પરિસ્થિતિની ગંભીરતા ઢાંકી શકીએ તેમ નથી. આ પ્રસ્તાવોથી એમ જ લાગે કે સરકારી અંકુશો વધારવા, વેપાર-ઉદ્યોગ બને તેટલા સરકાર હસ્તક કરવા, આ સિવાય બીજા ઉપાયો સૂઝતા નથી. અર્થકારણનો હું અભ્યાસી નથી. પણ શ્રી ધરની ભાષા અને વલણ જોતાં આપણે સાચી દિશામાં જઈ રહ્યા છીએ તે વિશે શંકા થાય તો તે પ્રામાણિક શંકા છે એટલું કહેવું પડશે. બાકી તો, કોંગ્રેસમાં આવા ઘણા ઠરાવો થયા છે અને મોટે ભાગે કાગળ ઉપર રહ્યા છે. કેટલો અમલ થાય છે અને શું પરિણામ આવે છે તે જોવાનું રહે છે.

હકીકતમાં આર્થિક બળો ઘણા ભાગે અંકુશ બહાર છે. એટલા જટિલ અને વ્યાપક છે કે તેને કાબૂમાં લેવાનો પ્રયત્ન કરનારા પોતે પણ તે સમજે છે કે કેમ તે વિશે શંકા છે. જાણીતા લેખક પાર્કિન્સને તેના છેલ્લા પુસ્તકમાં કહ્યું છે:

Mere size and complexity of the institutions overshadow our modern world: political and industrial bureaucracies are all seemingly beyond our power to influence or even penetrate. Some conclude from this that riot is the only remedy. If this conclusion is wrong, it is for our Rulers to prove it by forming new organisations on a more human scale.

૧૨-૧૦-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

શ્રી જયપ્રકાશ નારાયણ

તારીખ ૧૧ ઓક્ટોબરે શ્રી જયપ્રકાશ નારાયણ ૭૦ વર્ષ પૂરાં કરી ૭૧મા વર્ષમાં પ્રવેશ કરે છે તે મંગળ પ્રસંગે આપણા સૌની તેમને શુભ કામના છે અને ઈશ્વર તેમને તન્દુરસ્તી અને દીર્ઘાયુ આપે એવી પ્રાર્થના છે.

શ્રી જયપ્રકાશજી આપણા દેશની એક વિરલ વિભૂતિ છે. એમની બહુવિધ પ્રતિભાનો આપણા દેશને અને દુનિયાને લાભ મળ્યો છે. તેમની નિઃસ્વાર્થ સેવા અનુપમ છે. સત્તાનો સ્પર્શ તેમને કોઈ દિવસ થયો નથી. તેમનું જીવન રોમાંચક અને સાહસભરપૂર રહ્યું છે. બુદ્ધિ અને હૃદયનો સુભગ સંગમ એમનામાં છે. સશસ્ત્ર ક્રાન્તિમાર્ગથી માંડી સર્વોદય સુધીની તેમણે યાત્રા કરી છે. સામ્યવાદ, સમાજવાદ, ગાંધીવાદ અને સર્વોદય, બધાનો અનુભવ કર્યા પછી, વિનોબાજીને ચરણે જીવનદાન કર્યું. આ બધા પાછળ, તેમની માનવતા અને કરુણાસભર હૃદય પ્રેરકબળ રહ્યાં છે. મહત્ત્વાકાંક્ષાએ તેમને કોઈ દિવસ ઘેર્યા નથી. તે આપવામાં જ સમજ્યા છે. લેવા કે પામવાની વૃત્તિ થઈ જ નથી. તેમને વિશે એમ કહેવાય છે કે તેમણે ઘણી તકો ગુમાવી. પણ જેને કાંઈ મેળવવું જ નથી તેને ગુમાવવાનું શું હોય? તેમણે ધાર્યું હોત તો ઊંચામાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શકત, પણ તેમનું ધ્યેય લોકસેવા જ રહ્યું છે. સત્તાના રાજકારણથી સદા દૂર રહ્યા છે. તેમની ટીકા થાય છે કે કોઈ જવાબદારી સ્વીકારતા નથી છતાં પ્રચ્છન્ન રીતે રાજકારણમાં હસ્તક્ષેપ કરે છે. આવો આરોપ ગાંધીજી કે વિનોબાજી વિશે પણ મૂકી શકાય. રાજકારણ આજે જીવનવ્યાપી બન્યું છે ત્યારે તેનાથી મુકત કોણ રહી શકે? દેશના અને દુનિયાના બનાવોથી શ્રી જયપ્રકાશજી પૂરા પરિચિત રહે છે. તેનું સંવેદન અનુભવે છે અને પોતાના વિચારો નિર્ભીકતાથી જાહેર કરે છે. શ્રી જયપ્રકાશજીનું પ્રધાન લક્ષણ કોઈ હોય તો નિર્ભયતા છે. બીજા શું કહેશે કે પોતાના વિશે શું ધારશે તેની લેશમાત્ર પરવા કર્યા વિના, પોતાનાં મંતવ્યો, વિનાસંકોચ રજૂ કરે છે. ખરી રીતે, પ્રજાના આત્માના જાગ્રત ચોકીદાર છે. કાશ્મીર, નાગાલેન્ડ, તિબેટ, બંગલા દેશ, ભારત-પાકિસ્તાન સંબંધો દરેક વિષયે તેમનું મૌલિક ચિન્તન રહ્યું છે. પરિસ્થિતિ પલટાય ત્યારે પોતાના વિચારોમાં તેમણે પરિવર્તન પણ કર્યું છે.

પ્રજાજીવનનું નૈતિક સ્તર જાળવી રાખવા તેમનો સતત પ્રયત્ન રહ્યો છે. આ નૈતિક સ્તર ઘણું નીચું ઊતરી ગયું છે તે વાતનો તેમને ઊંડો ખેદ છે. પારદર્શક પ્રામાણિકતાથી તેમનું જીવન ભર્યું છે. વર્તમાન રાજકારણના ગંદવાડથી તેઓ અતિ વ્યગ્ર છે.

તેમની સાથે મારો નિકટનો પરિચય બિહારના દુષ્કાળ સમયે થયો. ત્યારે ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર વતી બિહારમાં રાહતકાર્ય કર્યું તેથી તેમને ઘણો સંતોષ થયો હતો. ત્યારથી સતત સંપર્ક રહ્યો છે. જ્યારે મુંબઈ આવે ત્યારે ખૂબ નિખાલસતાથી દેશના વિવિધ પ્રશ્નોની વિચારણા તેમની સાથે કરી છે. મુંબઈ જૈન યુવક સંઘ વતી જ્યારે નિમંત્રણ આપું ત્યારે તેઓ સહર્ષ આવ્યા છે. છેલ્લે ચંબલઘાટીના બાગીઓએ તેમને ચરણે શરણાગતિ કરી તેનો હૃદયસ્પર્શી અનુભવ, તેમની તબિયત સારી ન હતી છતાં, લગભગ એક કલાક સુધી જૈન યુવક સંઘના કાર્યાલયમાં આવીને સંભળાવ્યો ત્યારે ખૂબ આનંદ થયો. પાકિસ્તાને બંગલા દેશ ઉપર આક્રમણ કરી અત્યાચારો કર્યા ત્યારે સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપવા ઘણા દેશોનો તેમણે પ્રવાસ કર્યો અને પાછા ફર્યા પછી પાટકર હોલમાં તેમણે જે પ્રવચન કર્યું તે એટલું બધું હૃદયસ્પર્શી હતું કે એવાં પ્રવચન મેં બહુ થોડાં સાંભળ્યાં છે.

તેમનાં જીવનસાથી પ્રભાવતીબહેનનો બધી રીતે તેમને સહકાર અને પ્રેરણા છે. બન્ને એકમેકને ચડી જાય તેવાં છે તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

શ્રી જયપ્રકાશજીના વિચારોનું દોહન કરતું પુસ્તક, "મારી વિચારયાત્રા" હમણાં જ યજ્ઞ પ્રકાશન તરફથી પ્રકટ થયું છે તે દરેકે વાંચી જવા યોગ્ય છે. તેમાં શ્રી જયપ્રકાશજીએ પોતાના વિશે જે કહ્યું છે તેમાંથી બહુ થોડો ભાગ અહીં (પા. ૧૩૭) આપવામાં આવે છે જે તેમના વ્યક્તિત્વને સમજવામાં ઉપયોગી થશે.

૧૧-૧૦-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

* લોકનીતિના વિશાળ સાગરમાં *

ઘણા એમ માને છે કે મારું જીવન એ ગુમાવેલા અવસરોની કહાની છે. મારા કેટલાક મિત્રો ઘણી વાર કહેતા હોય છે કે 'જયપ્રકાશ તો જ્યારે - ત્યારે બસ ચૂકી જ જાય છે.' એક વાર એક મિત્રે કહેલું કે 'ઊંચામાં ઊંચી ગાદીના ઉમેદવાર તરીકે જયપ્રકાશ કાયમ ખોટા ઘોડા પર શરત બકતો આવ્યો છે.' રાજકારણ છોડીને હું સર્વોદયના કામમાં શું કરવા પડયો, એ પ્રશ્ન પણ હજુ આજ સુધી મને પુછાયા કરે છે. કોઈ પૂછે છે કે તમે મધ્ય પ્રવાહમાંથી ભાગી શું કામ ગયા ?

હવે, આ બધાને કેમ સમજાવું કે પહેલી વાત તો એ કે હું કદીએ ઘોડદોડમાં પડયો જ નથી. કોઈ પણ હોદ્દો, પછી તે ગમે તેટલો ઊંચો હોય, તો પણ મને તેનું જરાયે આકર્ષણ નથી. અને આમ તો છેક ૧૯૩૦થી હું રાજકારણમાં પડેલો છું, છતાં મને કદીય ચૂંટણી લડવાનો વિચાર સુદ્ધાં નથી આવ્યો. પ્રજા સમાજવાદી પક્ષમાં હતો, ત્યારે તો ટિકિટ વહેંચવાનું કામ પણ મારા જ હાથમાં હતું. પરંતુ હું પોતે ચૂંટણીમાં ઊભો રહું એ તરફ મારું ધ્યાન જ ક્યારેય ગયું નથી. મારા સ્વભાવમાં જ એ નથી.

એક ક્રાંતિકારી તરીકે મારું દિલ માર્ક્સવાદીઓ જેને "માસ-વર્ક" –જનતાની વચ્ચે કરવાનું કાર્ય કહે છે, તેમાં જ ચોંટેલું રહ્યું છે આજે એક સર્વોદય કાર્યકર તરીકે હજુ પણ મારું દિલ એમાં જ ખૂંપેલું છે. વસ્તુતઃ એક સાચા ક્રાંતિધર્મ લેખે સર્વોદયમાં જનતાની વચ્ચોવચ કરવાના કાર્ય સિવાય બીજી કોઈ પણ જાતના કાર્યની કલ્પના મને આવતી જ નથી.

વળી, મેં કોઈ પણ પ્રકારની હતાશાના માર્યા રાજકારણ છોડયું નથી. મેં રાજકારણનું તેમ જ આખી દુનિયાની ક્રાંતિઓનું પૂરતું અધ્યયન કર્યા પછી તથા રાજકીય પક્ષ વગેરેમાં રહીને જે અનુભવો આવ્યા, તે બધું જ ધ્યાનમાં લઈને ખૂબ વિચારપૂર્વક આ માર્ગ અપનાવ્યો છે. હું એમ માનું છું કે આજે દુનિયાભરમાં જેટલાં મોટાં મોટાં કામ, પ્રવૃત્તિઓ વગેરે ચાલે છે, તે બધાંમાં એક સૌથી મહત્ત્વપૂર્ણ કામ આપણા દેશમાં વિનોબાજીના નેતૃત્વ હેઠળ ચાલી રહ્યું છે.

દુનિયાનો નકશો પલટવામાં સત્તા (પાવર) અસમર્થ (પાવરલેસ) પુરવાર થઈ છે. એટલે હવે લોકસભામાં નહીં, લોકોમાં જવાનું છે. લોકોની વચ્ચે જઈને એમને સમજાવવાના છે, એમની શકિત નિર્માણ કરવાની છે. આ જ તો મુખ્ય ધારા છે. મુખ્ય ધારા લોકસભામાં નથી, જનતાની વચ્ચે છે. આ સર્વોદયનું આંદોલન, જે જનતાની વચ્ચે રહીને ચાલી રહ્યું છે તે જ પાયાનું આંદોલન છે, અને તે જ દેશની મુખ્ય ધારા છે.

ઘણાને હજુ આજની પ્રચલિત પક્ષીય અને સત્તાની રાજનીતિ પર બહુ ભરોસો છે. આ જોઈને મને તો દયા આવે છે ! કારણ કે મને એવી પ્રતીતિ થઈ છે કે જે જગ્યાએ આપણે જવું છે, માનવ-કલ્યાણનું જે ધ્યેય આપણે સિદ્ધ કરવું છે, જેવો માનવીય સમાજ આપણે બનાવવો છે, તે આજની આ પક્ષીય તેમ જ સત્તાની સંકીર્ણ રાજનીતિ મારફત થઈ શકે તેમ જ નથી. મારી તો સમજમાં જ નથી આવતું કે કેવળ સત્તામાં ચાલ્યા જવા માત્રથી દેશની સેવા કઈ રીતે થઈ જવાની છે ! શું પાર્લમેન્ટમાં ચાલ્યા જવું અને પ્રધાન બની જવું એટલો જ માત્ર રાજકારણનો અર્થ છે ? હકીકતમાં જનતાનું વિશાળ રાજકારણ તો તેની બહાર પડયું છે. હું અદબની સાથે કહેવા માગું છું કે બીજાઓ પક્ષની અને સત્તાની રાજનીતિના કૂવામાં ડૂબકાં મારી રહ્યા છે, ત્યારે હું જનતાની રાજનીતિના – લોકનીતિના વિશાળ સાગરમાં તરી રહ્યો છું.

જયપ્રકાશ નારાયણ

[યજ્ઞ પ્રકાશન "મારી વિચારયાત્રા"માંથી]

પ્રકીર્ણ નોંધ

ચીન અને જાપાન

લગભગ એક સદીના વૈમનસ્ય પછી, ચીન અને જાપાને મૈત્રીભર્યા સંબંધો સ્થાપવાનો નિર્ણય કર્યો અને રાજદૂતોની નિમણૂક કરી, એ બનાવ ઐતિહાસિક અને એશિયા અને દુનિયા માટે અતિ મહત્ત્વનો છે. તનાકા જાપાનના વડા પ્રધાન બન્યા પછી, ઝડપભેર આ પગલું લીધું અને પેકિંગની પાંચ દિવસની મુલાકાતના ફલસ્વરૂપ એશિયાના બે મોટા દેશો વચ્ચે સહકારની ભાવના જાગી તેથી મહાસત્તાઓ ખૂબ વિચારમાં પડી ગઈ છે. બીજા વિશ્વયુદ્ધ પછી જાપાન સદંતર અમેરિકાના વર્ચસ નીચે રહ્યું છે અને જાપાનની વિદેશનીતિ અમેરિકાને આધીન રહી છે. નિક્સને ચીન સાથેનું વલણ બદલાવ્યું તેથી જાપાન માટે પુનર્વિચારણા અનિવાર્ય થઈ પડી. આશ્ચર્યજનક ઘટના એ છે કે જાપાન અને ચીન વચ્ચે ઊંડા વેરઝેર હતાં, જાપાને ચીનના લાખો માણસોનો સંહાર કર્યો હતો, એ બધું જાણે બન્યું જ ન હોય એવી સરળતાથી બન્ને દેશોએ નવો વ્યવહાર શરૂ કર્યો. પૌર્વાત્ય સભ્યતાની કાંઈક ઝાંખી થાય એવી રીતે વાટાઘાટો થઈ. આ સાથે આપેલ ચિત્ર એશિયાના દેશોના વડા વચ્ચે જ સંભવે. તેથી વિશેષ, તનાકાએ ભૂતકાળમાં જે બન્યું તેને માટે દિલગીરી જાહેર કરી, લગભગ ક્ષમા માગી. સંયુકત નિવેદનમાં લખ્યું છે:

Japanese side is keenly aware of Japan's responsibility for causing enormous damages in the past to the Chinese people through war and deeply reproaches itself.

સામે પક્ષે, પક્ષે ચીને આ બધા નુકસાનનો બદલો (war reperations) લેવાનો અથવા માગવાનો પોતાનો હક છોડી દીધો. જાપાને તાઈવાન ઉપરનું ચીનનું સાર્વભૌમત્વ અને તાઈવાન ચીનનું અવિભાજ્ય અંગ છે તે સ્વીકાર્યું. ચીન માટે આ મોટો વિજય છે. લાંબા કાળનાં વેરઝેર પછી પણ વાસ્તવિક પરિસ્થિતિનો સ્વીકાર કરવો તેમાં ડહાપણ છે તે બન્ને દેશોએ બતાવ્યું.

જાપાનની વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક પ્રગતિ અને ચીનની જનશકિત અને ખનિજસમૃદ્ધિ સાથે મળે તેમાં બન્ને દેશોની આર્થિક આબાદી રહી છે. છતાં બન્ને વચ્ચે હરીફાઈ પણ રહેશે. એશિયામાં બેમાંથી કોઈ એકની સત્તા વધે તે બીજાને પોસાય તેમ નથી. જાપાનની લશ્કરી સત્તા વધે તે ચીનને ભયરૂપ થાય. જ્યારે અત્યારે ચીન પાસે આણુબોમ્બ છે અને જાપાન પાસે નથી. બન્ને દેશો અમેરિકા અથવા રશિયાની સત્તા એશિયામાં ઓછામાં ઓછી રહે તે જોવા ઈચ્છે. છતાં, બન્ને કેટલેક દરજ્જે અમેરિકા અને રશિયા ઉપર આધાર રાખે છે અને બેમાંથી કોઈ સાથે સંબંધો બગાડવા ન ઈચ્છે. ચીન – રશિયા વચ્ચે સંઘર્ષ છે

સમયના પલટાતા રંગ :
ચાઉ અને તનાકા એકબીજાને અભિવાદન કરી રહ્યા છે.

તેને પરિણામે જાપાન સાથે સારા સંબંધો રાખવા રશિયા વધારે પ્રયત્ન કરશે. આ સંઘર્ષનો નિક્સને લાભ લીધો તેમ જાપાન પણ લાભ લેવા ઈચ્છા રાખે તે સ્વાભાવિક છે. નેહરુનું સ્વપ્ન હતું કે એશિયાના બે મહાન દેશો નજીક આવે તો પશ્ચિમી સત્તાનો એશિયામાંથી અંત આવે એટલું જ નહિ પણ એશિયાના દેશોને દુનિયામાં યોગ્ય સ્થાન અને આદર મળે. તેથી જ ચીન સાથે મૈત્રીભર્યા સંબંધો કેળવવા નેહરુએ એટલા પ્રયત્નો કર્યા. દુર્ભાગ્યે, કોઈ અકળ કારણે ચીને આપણા દેશ સાથે દુશ્મનાવટ કરી અને હજી ચાલુ છે. ચીન સાથેના સંબંધો સુધારવા આપણે ઈ તેજાર છીએ, પણ હજી સુધી તેમાં કાંઈ સફળતા મળી નથી અને ચીન તરફથી કોઈ સહાનુભૂતિભર્યું વલણ દેખાતું નથી. ચીનનું અભિમાન એક કારણ છે. એશિયામાં ચીન સિવાય બીજો કોઈ દેશ મોટો થાય તે ચીન સાંખતું નથી. ૨૦–૨૨ વર્ષ દુનિયાના દેશોથી એકલતા અનુભવી, ખૂબ સહન કર્યું અને પોતાની શક્તિ કેળવી, જેને પરિણામે અમેરિકા અને જાપાને ચીનની મૈત્રી શોધતાં જવું પડ્યું. આપણે પણ એવી શક્તિ કેળવીશું ત્યારે માત્ર ચીને જ નહિ પણ બીજા દેશોએ પણ આપણી ગણના કરવી પડશે. ચીન ખૂબ વાસ્તવવાદી **(Pragmatic)** છે. અમેરિકા અને જાપાન સાથે, ભૂતકાળ ભૂલી જઈ, સંબંધો સુધાર્યા તેમ અને કદાચ તેવી જ અચાનક રીતે આપણી સાથેના સંબંધો સુધરશે. સંભવ છે, જાપાન તેમાં મદદરૂપ થાય. બંગલા દેશમાં થયેલ આપણા વિજયથી, આપણામાં કાંઈક મોટપ આવી ગઈ છે. મહાસત્તાઓને, ખાસ કરીને અમેરિકાને પડકારવાની કોઈ તક જતી કરતા નથી. અલબત્ત, નિક્સનનું વલણ અત્યંત ખોટું અને વેરભર્યું છે, પણ રોષે ભરાઈ તેને વધારે બગાડવું એ રાજનીતિ નથી. ચીન– જાપાનની પલટાયેલી પરિસ્થિતિનો આપણે લાભ લઈ શકીએ તો અત્યારે માત્ર રશિયા ઉપર જ આધાર રાખવો પડે છે તેમાંથી બચી જઈએ.

બચી ગયા

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકના અવસાનથી અમદાવાદની લોકસભાની બેઠક ખાલી પડી તે માટે શાસક કોંગ્રેસ તરફથી ભાઈ ઉમાશંકર જોષીની પસંદગી થશે એવી જોરદાર વાત ચાલતી હતી. લગભગ નિશ્ચિત છે અને જાહેરાત થવી જ બાકી છે એમ કહેવાતું. તેને બદલે શ્રી મનુભાઈ પાલખીવાળાની પસંદગી થઈ. ભાઈ ઉમાશંકર બચી ગયા એમ મને લાગે છે. તેમને માટે હું આ ઈષ્ટાપત્તિ માનું છું. તેમણે સંમતિ આપી હતી કે નહિ તે મને ખબર નથી. મારો દૃઢ મત છે કે લોકસભાના ૫૨૫ માંથી એક સભ્ય થઈ તેઓ કોઈ જ ઉપયોગી કાર્ય કરી શકત નહિ અને તેમનો સમય વ્યર્થ જાત. ભાઈ ઉમાશંકર માટે આ કહું છું ત્યારે તેમના પ્રત્યેનો મારો આદર તેનું કારણ છે. તેમની પ્રતિભા અને સર્જકશક્તિનો રાજકારણના કાદવમાં દુર્વ્યય થાય તે યોગ્ય નથી. જે અમર વારસો ભાઈ ઉમાશંકર આપી શકે તેમ છે તેમને લોકસભાના સભ્ય બનાવી તેમના સાચા કાર્યમાંથી તેમને ખેંચી લેવા અથવા તેમાં ઊણપ લાવવી તે યોગ્ય નથી. તેઓ અત્યારે રાજ્યસભાના રાષ્ટ્રપતિનિયુક્ત સભ્ય છે. તે એક ગૌરવ અર્પવા થયેલ નિમણૂક છે. રાજ્યસભામાં હાજરી આપવી એટલું જરૂરી નથી. લોકસભાના સભ્યે કામમાં પૂરતો સમય આપવો જોઈએ અને પોતાના મતદાર વિભાગ સાથે ગાઢ સંપર્ક રાખવો જોઈએ. આવું કામ જેને કરવું હોય તે કરે, જો કે વર્તમાન રાજકારણમાં આવા કામની ઉપયોગિતા પણ ઘણી ઓછી થઈ છે. રચનાત્મક કાર્યકરો અને રાજકારણ વિશે ગયા અંકમાં મેં કહ્યું છે તે ઘણા અંશે સાહિત્યકારો અને કલાકારોને પણ લાગુ પડે છે.

શ્રી પૂનમચંદભાઈ કમાણી

શ્રી પૂનમચંદભાઈ કમાણીના અચાનક અવસાનથી તેમના વિશાળ મિત્ર-સમુદાયને ઊંડો આઘાત થયો. તેમની ઉમ્મર (૫૫) પ્રમાણમાં નાની કહેવાય. પૂનમચંદભાઈના પરિચયમાં આવનાર દરેક વ્યકિત તેમના વિરલ વ્યકિતત્વથી પ્રભાવિત થતી. તેમનું મુકત હાસ્ય, સહૃદયતા, વિવેક અને નમ્રતા દરેકને તેમના પ્રત્યે આદર અને સદ્‌ભાવ પ્રેરતા.

નાની વયે તેમના પિતાશ્રી રામજીભાઈ સાથે ધંધામાં જોડાયા. ટૂંક સમયમાં પોતાની કુનેહ અને મિલનસાર સ્વભાવથી ધંધામાં સફળ થતા ગયા. રામજીભાઈનો દેશપ્રેમ પૂનમચંદભાઈમાં પણ હતો અને ઉદ્યોગો મારફત દેશની તેમણે ઘણી સેવા કરી. ૧૯૫૭ પછી તેમના ઉદ્યોગોનો બહોળો વિકાસ થયો અને નિકાસ વ્યાપાર, ખાસ કરી ઈલેકિટ્રક ટાવર્સનો, દુનિયાભરમાં વધાર્યો. કમાણી હાઉસનો વડા તરીકે મોટા ઉદ્યોગ સંકુલના (Industrial Complex) સંચાલનમાં વ્યાવહારિક અને કુશાગ્ર બુદ્ધિથી સતત વિકાસ થતો રહ્યો. બધા સાથે સારા સંબંધો રાખવા એ તેમના સ્વભાવમાં હતું.

રામજીભાઈએ ગરીબાઈ અનુભવેલી. રામજીભાઈ અને તેમનાં પત્ની જડાવબેન, બન્નેમાં ધાર્મિક વૃત્તિ અને માનવતા સભર હતી. પૂનમચંદભાઈને આ વારસો મળ્યો હતો. લાખો રૂપિયાનાં દાન તેમણે કર્યાં છે. કોઈ સારા કામમાં ના નહિ. તણાઈને પણ બને તેટલું કરી છૂટે. કમાણી કુટુમ્બ સાથે મારો લાંબો પરિચય રહ્યો છે તેને મારું હું સદ્‌ભાગ્ય લેખું છું. રામજીભાઈના બીજા બે ભાઈઓ શ્રી નરભેરામભાઈ અને શ્રી ગિરધરભાઈ પણ એવા જ ધાર્મિક વૃત્તિના અને ઉદાર. સમાજસેવા કમાણી કુટુમ્બના લોહીમાં છે. ગાંધીજી સાથેના ગાઢ પરિચયે રામજીભાઈ, ગાંધીજીના રચનાત્મક કાર્યોમાં ખૂબ ઓતપ્રોત થયેલા. ખાદી, ગ્રામોદ્યોગ, ખેતીવાડી, હરિજનસેવા બધાં કાર્યોમાં સૌરાષ્ટ્રમાં રામજીભાઈ અગ્રરથાને હતા.

છેલ્લાં ત્રણચાર વર્ષથી સાંઈબાબાના પરિચયે પૂનમચંદભાઈનો જીવનપ્રવાહ બદલાયો હતો. આધ્યાત્મ તરફ વૃત્તિઓ વળી હતી. ધંધામાંથી નિવૃત્તિ લેવાની ઈચ્છા રાખતા હતા. હૃદય રોગને કારણે તબિયત પણ અસ્વસ્થ હતી. છેલ્લાં પાંચ આઠવાડિયાંથી ઓફિસે આવતા ન હતા. છેવટ પોતે જ નિર્ણય કર્યો કે હવે સર્વથા નિવૃત્તિ લેવી અને તેમના નાના ભાઈ રસિકભાઈને ઉત્તરાધિકારી તરીકે નિયુકત કરવા. કેટલાક દિવસ પહેલાં અંગત સંબંધીઓને કહ્યું હતું કે ૧૨મી ઓકટોબરે પોતે નિવૃત્ત થઈ બેંગલોર જવા ઈચ્છે છે. તે મુજબ ૧૨મી ઓકટોબરે ઓફિસે આવ્યા. મુખ્ય અધિકારીઓ, તેમના બધા ભાઈઓ, તેમના પુત્રો બધાને ભેગા કર્યા. તેમનાં પત્ની સુમિત્રાબહેન પણ સાથે હતા. પોતે જાહેર કર્યું કે ધંધામાંથી તેઓ નિવૃત્ત થાય છે અને રસિકભાઈને સહકાર આપવા બધાને ભલામણ કરી. ૧૦-૧૨ મિનિટ બોલ્યા હશે ત્યાં અચાનક હૃદયરોગનો હુમલો થયો. બેસી ગયા અને ઢળી પડ્યા. પ્રાણપંખેરુ ઊડી ગયું. જાણે બધાંની વિદાય લેવા આવ્યા હોય. સાંસારિક બોજો ઉતારી નાખ્યો અને જાણે આ સંસારમાં રહેવાનું વિશેષ પ્રયોજન ન હોય તેમ ચિરવિદાય લીધી. ખરી રીતે આ ધન્ય મૃત્યુ છે.

પૂનમચંદભાઈ સાથેના ૧૫ વર્ષના મારા ગાઢ પરિચયે હું એમ કહું કે તેમના જેવી સૌજન્યમૂર્તિ બહુ ઓછી વ્યકિતઓ મેં જોઈ છે. તેઓ અજાતશત્રુ હતા. તેમનું નિખાલસ અંતર તેમના સદા ઝરતા હાસ્યમાં પ્રતિબિમ્બ પાડતું. ઘણો બોજો માથે હતો છતાં ચિન્તાથી ઘેરાયેલા મેં તેમને કોઈ દિવસ જોયા નથી. સુમિત્રાબહેનનો તેમને ખૂબ સાથ અને સહકાર હતો. સુખી યુગલ હતું.

મુંબઈ જૈન યુવક સંઘ સાથે પૂનમચંદભાઈનો સંબંધ લાંબા સમયનો અને સારો હતો. વ્યાખ્યાનમાળામાં પતિપત્ની બન્ને હાજરી આપતાં. આર્થિક સહાયમાં કોઈ દિવસ સંકોચ ન રાખતા. છેવટ થોડા સમય પહેલાં પરમાનંદભાઈ સ્મારક નિધિના ટ્રસ્ટી થવા મેં તેમને વિનંતિ કરી. કોઈ નવી જવાબદારી સ્વીકારતા ન હતા, છતાં મારી આ વિનતિ સ્વીકારી. તેમના અવસાનથી આપણે સૌ દરિદ્ર થયા છીએ. તેમને, હું માનું છું, તેમણે ઈચ્છયું હશે તેવું મૃત્યુ મળ્યું- સમાધિમરણ હતું. આવા આત્માને ચિરશાંતિ જ હોય. આપણને સૌને, કમાણી કુટુમ્બને, સમાજને, દેશને ખોટ પડી તેનો શોક જરૂર છે, પણ પૂનમચંદભાઈએ તો પોતાનું જીવન બધી રીતે કૃતાર્થ અને ધન્ય કર્યું.

૧૪-૧૦-૭૨ **ચીમનલાલ ચકુભાઈ**

પર્યુષણ વ્યાખ્યાનમાળા

(ગતાંકથી ચાલુ)

શુક્રવાર તા. ૮મી સપ્ટેમ્બરે બીજું વ્યાખ્યાન હતું ગુજરાતના રાજ્યપાલ **શ્રી શ્રીમન્નારાયણનું.** એમનો વિષય હતો, "યુવાનોનો અજંપો અને તેનાં કારણો." હિંદી ભાષામાં એમણે આપેલા વ્યાખ્યાનમાં યુવાનોના અજંપાના વિષયમાં મુખ્યત્વે શિક્ષણક્ષેત્રમાં જે મહત્ત્વના ફેરફારો કરવાની જરૂર છે તેના ઉપર સવિશેષ ભાર મુકાયો હતો. એમણે શિક્ષણની પદ્ધતિ હવે જૂની થઈ છે અને તેને નવા સંદર્ભમાં નવું સ્વરૂપ આપવાની જરૂર છે, એ યોગ્ય રીતે ભારપૂર્વક સમજાવ્યું હતું. તદુપરાંત શિક્ષકોની જવાબદારી અને માબાપોની જવાબદારી વિશે એમણે ચર્ચા કરી હતી. કેળવણીની સંસ્થાઓમાં એનાં વહીવટીતંત્રો – Managements – પણ ઘણીવાર આડે આવતાં હોય છે અથવા ગેરરીતિઓ અપનાવતાં

હોય છે. એવાં તંત્રોમાં, જેમની પાસે કેળવણીની સાચી દૃષ્ટિ ન હોય એવા કાર્યકર્તાઓ કે ગામના આગેવાનો પણ પોતાનું ધાર્યું કરાવવા માટે પ્રયત્નો કરતા હોય છે. એ વહીવટી તંત્રોએ પણ જવાબદારી-પૂર્વક પોતાનું કાર્ય કરવાની જરૂર છે એ એમણે સમજાવ્યું હતું. એમણે શિક્ષણના ક્ષેત્રમાં, કોલેજ - યુનિવર્સિટીની કક્ષાએ શિક્ષકોની જવાબદારી વિશે બોલતાં, ગુજરાત રાજ્યે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની પગારની ભલામણો સ્વીકારી હતી તેની વાત કરતાં જણાવ્યું હતું કે શિક્ષકોએ પણ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણ અનસાર વધુ કલાક કામ કરવું જોઈએ. (તે દિવસે સમય ન રહ્યો હોવાથી, બીજે દિવસે રાજ્યપાલશ્રીના વ્યાખ્યાન વિશે નિર્દેશ કરતાં મેં જણાવ્યું હતું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની બીજી પણ ઘણી ભલામણો છે, જેનો યુનિવર્સિટીઓએ અમલ કર્યો નથી અને એની ઊંચા પગારની ભલામણનો લાભ માત્ર ૨૫ ટકા જેટલા અધ્યાપકોને આટલાં વર્ષે થયો છે, જે વર્તમાન જીવનધોરણના પ્રમાણમાં ન થયા જેવો જ બન્યો છે; અને બાકીના ૭૫ ટકા અધ્યાપકો તો ત્યાંના ત્યાં જ છે અને તેથી સારા માણસો કેળવણીના ક્ષેત્રમાંથી ખસતા જાય છે અને અયોગ્ય માણસો આ ક્ષેત્રમાં વધતા જાય છે.) આમ શ્રી શ્રીમન્નારાયણે યુવાનોના અજંપાનું સરસ પૃથક્કરણ કરી બતાવ્યું હતું. એમના વ્યાખ્યાન પછી સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈની વિનતિથી શ્રીમતી મદાલસાબહેને ગુજરાતીમાં બોલતાં અંતઃકરણની નિર્મળતા વિશે ગાંધીજીએ એમને લખેલા એક પત્રનો ઉલ્લેખ કરી તે પ્રસંગ વર્ણવ્યો હતો અને ગાંધીજીના પત્રનું હાર્દ સમજાવ્યું હતું.

શનિવાર તા. ૯મી સપ્ટેમ્બરે **પંડિત ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રીનું** "અનેકાંત-વાદ" ઉપર પ્રથમ વ્યાખ્યાન હતું, પરંતુ એક યા અન્ય કારણસર પંડિત ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી પધાર્યા ન હતા. એટલે પંદર મિનિટ તેમની રાહ જોયા પછી સંઘના મંત્રીની સૂચનાથી "અનેકાંતવાદ" ઉપર મારે વ્યાખ્યાન આપવાનું થયું હતું. અનેકાંતવાદ એ જૈન ધર્મનું તત્ત્વ-જ્ઞાનના ક્ષેત્રમાં કેવું મહત્ત્વનું અર્પણ છે તે બતાવી કેટલાંક ઉદા-હરણો સાથે અનેકાંતવાદનું સ્વરૂપ સમજાવ્યું હતું. અનેકાંતવાદ માટે ભગવાન મહાવીરે જે કેટલીક શરતો મૂકી છે (જેમ કે સત્યની પ્રતિષ્ઠા, વૈર કે દ્વેષનો અભાવ, તાટસ્થ્ય, તથા બીજાના મનને ન્યાય આપવાની ઉદારતા ઈત્યાદિ) તેનો ખ્યાલ આપ્યો હતો અને અનેકાંતવાદ એ જીવનમાં ખરેખર ઉતારવાનો સિદ્ધાંત છે, જેથી ઐહિક દૃષ્ટિએ પણ જીવનમાંથી સંઘર્ષ અને વિષમતા દૂર થાય અને પારલૌકિક દૃષ્ટિએ આત્માનું હિત સધાય.

એ દિવસે બીજું વ્યાખ્યાન ખાદી કમિશનના પ્રમુખ **શ્રી જી. રામચંદ્રન્**નું હતું. તેમનો વિષય હતો, "ગાંધીજીની ઈશ્વર વિશે માન્યતા." અંગ્રેજીમાં વ્યાખ્યાન આપતાં એમણે ગાંધીજીના જીવનમાંથી જુદા જુદા પ્રસંગો ટાંકીને ગાંધીજીની ઈશ્વર વિશેની માન્યતા સ્પષ્ટ કરી બતાવી હતી. એમણે સચોટતાથી બતાવ્યું હતું કે અસ્પૃશ્યતાનો પ્રશ્ન ગાંધીજીને મન કેટલો મહત્ત્વનો પ્રશ્ન હતો. તેમણે એ પણ બતાવ્યું હતું કે સાચો ધર્મ આપણા લોકોના જીવનમાં કેટલો ઓછો ઊતર્યો છે, જ્યારે ગાંધીજીએ પોતાના જીવનમાં ધર્મને ઉતારવા કેટલો મોટો પુરુષાર્થ કર્યો હતો.

રવિવાર તા. ૧૦મી સપ્ટેમ્બરે **પ્રો. ઉષાબહેન મહેતાનું** વ્યાખ્યાન હતું. તેમનો વિષય હતો, "શ્રી અરવિંદની જીવનસાધના". એમણે શ્રી અરવિંદના જીવનની રૂપરેખા આપી હતી અને શ્રી અરવિંદના જીવનમાં કયા પ્રસંગોએ ક્રાંતિકારી ફેરફારો કર્યા હતા તેનો ખ્યાલ આપ્યો હતો. એમણે શ્રી અરવિંદના દાર્શનિક વિચારની વિગતે છણાવટ કરી હતી. સાત્ત્વિક, રાજસી અને તામસી અહંકારનું સ્વરૂપ રૂપક દ્વારા એમણે સમજાવ્યું હતું અને શ્રી અરવિંદની જ્ઞાન, પ્રેમ અને ભક્તિ સહિતની યોગની સાધનાનું મહત્ત્વ દર્શાવ્યું હતું.

એ દિવસે ત્યાર પછી **શ્રી પુરુષોત્તમ જલોટાજી**નો ભક્તિ-સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શ્રી જલોટાજીએ એક કલાકથી વધુ સમય સુધી પોતાના કંઠમાધુર્ય અને ભક્તિના ઉલ્લાસથી શ્રોતાઓને સંગીતમાં તરબોળ કરી દીધા હતા. સંગીતનો પ્રભાવ લોકમાનસ પર કેટલો મોટો પડી શકે છે તેની પ્રતીતિ શ્રી જલોટાજીએ પોતાના ભક્તિસંગીતના આ કાર્યક્રમથી કરાવી હતી.

સોમવાર તા. ૧૧મી સપ્ટેમ્બરે પહેલું વ્યાખ્યાન આચાર્ય **શ્રી યશવંત શુક્લનું** "યુવકમાનસ" એ વિષય પર હતું. એમણે યુવકમાનસનું પૃથક્કરણ વિશદતાથી અને સચોટતાથી કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સમાજમાં યુવાનો અને પ્રૌઢો વચ્ચે એક પ્રકારનો ગેરસમજનો વ્યવહાર હમેશાં ચાલ્યા કરતો હોય છે અને એમાં યુવાનો હમેશાં ગેરસમજનો વધુ ભોગ બને છે એટલા માટે યુવાનોને હમેશાં સમજવાની જરૂર છે. યુવાનોની ટીકા કરવા કરતાં તેમનામાં વધુ રસ લેવાની જરૂર છે. યુવાનો હમેશાં ભાવનાશીલ અને તમન્નાવાળા હોય છે તથા શક્તિના તરવરાટવાળા હોય છે. એથી કેટલીક વાર તેઓને જે સારું કાર્ય કરવા ન મળે તો ખોટું કાર્ય કર્યા વગર તેઓ ન રહે. વર્તમાન સમયમાં યુવાનો પાસે યોગ્ય નેતાગીરીનો અભાવ છે. વિચાર પ્રમાણે આચરણ ન કરનાર પ્રૌઢોની નેતાગીરીમાં તેમને વિશ્વાસ નથી. પરિ-ણામે એક પ્રકારની શૂન્યતા વરતાય છે. પરિવર્તનની ઝંખનાવાળા યુવાનોને સમજવા માટે યુવકમાનસને સમજવાની જરૂર છે અને સમાજ અને કુટુંબમાં શ્રદ્ધા અને વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવાની ખાસ જરૂર છે.

એ જ દિવસે બીજું વ્યાખ્યાન **ડૉ. ભોગીલાલ સાંડેસરા**નું હતું. તેમનો વિષય હતો, "આગમવાચના" તેમણે આપણા આગમ સાહિત્યનો - તેના પેટા પ્રકાર સહિત - પરિચય કરાવ્યો હતો અને દેવર્દ્ધિગણિના સમયમાં વલ્લભીપુરમાં આગમની વાચના તૈયાર થઈ તે તથા ત્યાર પછીના સમયમાં હરિભદ્રસૂરિ, શીલાચાર્ય, અભિયદેવ-સૂરિ, શાંતિસૂરિ, મલધારી હેમચંદ્ર ઈત્યાદિ મહાન આચાર્યોએ વૃત્તિ, ટીકા વગેરે પ્રકાર દ્વારા આગમ સાહિત્ય કેવું સમૃદ્ધ કર્યું છે તેની ઐતિહાસિક રૂપરેખા આપી હતી. વર્તમાન સમયમાં સાગરાનંદજી મહારાજ તથા પુણ્યવિજયજી મહારાજે એ ક્ષેત્રમાં જે મૂલ્યવાન કાર્ય કર્યું છે તેનો પણ તેમણે ખ્યાલ આપ્યો હતો. એમણે પોતાના વક્તવ્યમાં જ્ઞાનની આરાધના ઉપર ભાર મૂક્યો હતો અને નિરંતર અને અખંડ જ્ઞાનોપાસના વિના કોઈ પણ સમાજ પ્રગતિ કરી શકે નહિ કે સારી રીતે જીવી શકે નહિ એ સરસ રીતે સમજાવ્યું હતું.

મંગળવાર તા. ૧૨મી સપ્ટેમ્બરે સંવત્સરીના દિવસે પહેલું વ્યાખ્યાન **પ્રો. કલ્યાણમલજી લોઢાનું** હતું. તેમનો વિષય હતો, "જૈન દર્શન–તેની મહત્તા અને ઉપયોગિતા." હિંદી ભાષામાં એમણે આપેલું વ્યાખ્યાન વિદ્વત્તાભર્યું પરંતુ સાધારણ માણસોને પણ રસ પડે એવું પ્રેરક હતું. તેમનું વ્યક્તવ્ય પણ સ્પષ્ટ અને અસ્ખલિત પ્રવાહબદ્ધ હતું. એમણે સંસ્કૃતિના સ્વરૂપની મીમાંસા કરી, લોકોપયોગી ધર્મની છણાવટ કરી હતી અને જણાવ્યું હતું કે જૈન ધર્મમાં લોકોપયોગી ધર્મ બનવાની યોગ્યતા રહેલી છે. કારણ કે તે વ્યક્તિ, શાસ્ત્ર, ચમત્કાર કે કાળ પર અવલંબિત નથી. જૈન ધર્મમાં સનાતન ધર્મની શક્યતા રહેલી છે કારણ કે તે લોકવ્યવહારથી પરિપૂર્ણ છે. તેમણે creative responsibility, creative involvement, અને creative sacrifice નો ખ્યાલ આપી જૈન ધર્મમાં એ કેવી રીતે રહેલાં છે તે બતાવી જૈનદર્શનની મહત્તા અને ઉપયોગિતા સમજાવી હતી.

એ દિવસે બીજું વ્યાખ્યાન આપણા સંઘના પ્રમુખ **શ્રી ચીમનલાલ ચકુભાઈનું** "શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી" એ વિષય પર હતું. ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકામાં હતા અને ખ્રિસ્તી મિશનરીઓના સંપર્કમાં આવી ખ્રિસ્તી થવાના વિચાર પર આવ્યા હતા એ સમયે પત્રવ્યવહાર દ્વારા તેમની શંકાનું સમાધાન કરી શ્રીમદ્ રાજચંદ્રે ગાંધીજીને હિંદુ ધર્મમાં કેવી રીતે સ્થિર કર્યા હતા તે એમણે સમજાવ્યું હતું અને ગાંધીજીએ પૂછેલા કેટલાક પ્રશ્નો અને શ્રીમદ્ રાજચંદ્રે તેના આપેલા સંક્ષિપ્ત, સચોટ, માર્મિક અને તત્ત્વજ્ઞાનથી યુક્ત જવાબ વાંચી સંભળાવ્યા હતા. એમણે શ્રીમદ્ રાજચંદ્રની આધ્યાત્મિક પ્રતિભાનો સરસ પરિચય કરાવ્યો હતો અને આ કાળમાં એમના જેવા આધ્યાત્મિક પુરુષ અને સાચા મુમુક્ષુ કોઈ જોવા મળતા નથી તેમ કહીને શ્રીમદ્ રાજચંદ્રને સરસ અંજલિ આપી હતી.

આમ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત આ વ્યાખ્યાનમાળા પર્યુષણ પર્વના દિવસોમાં શ્રોતાઓ માટે જ્ઞાનની પરબ સમાન બની હતી. બધા જ વક્તાઓએ પોતાના વિષયની પૂરી સજ્જતા સાથે રજૂઆત કરી હતી અને તે દરેકના વક્તવ્યમાં વિચારોની મૌલિકતા, ઊંડાણ અને ચિંતનશીલતા રહેલાં હતાં. શ્રોતાઓએ પણ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી, એકસરખી શાંતિ અને શિસ્તબદ્ધતાથી વક્તાઓને સાંભળ્યા હતા, જેથી કેટલાક વક્તાઓ પણ શ્રોતાઓથી પ્રભાવિત થયા હતા. આટલા મોટા પાયા ઉપર આવી સરસ વ્યાખ્યાન-માળા યોજવા બદલ જૈન યુવક સંઘની પણ પ્રતિષ્ઠા વધી હતી.

સમાપ્ત ડૉ. રમણલાલ ચી. શાહ

☆ ભગવાન મહાવીરનો જીવનસંદેશ ☆

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી દલસુખ માલવણિયાએ "ભગવાન મહાવીરનો જીવનસંદેશ" એ વિષય ઉપર આપેલું વ્યાખ્યાન અહીં પ્રગટ કરવામાં આવ્યું છે.– તંત્રી]

ઈ. ૧૯૭૪ માં ભગવાન મહાવીરના નિર્વાણને ૨૫૦૦ વર્ષ પૂરાં થતાં હોઈ વિશ્વવ્યાપી નિર્વાણોત્સવ ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. એટલે ભગવાન મહાવીરનો સંદેશ શો હતો એ વિચારવું પ્રાપ્ત છે. જેમ મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે મારું જીવન એ જ મારો સંદેશ છે તેમ ભગવાન મહાવીરનું જીવન જ તેમનો સાચો સંદેશ છે. આમ કહેવું એટલા માટે પ્રાપ્ત છે કે તેમના નામે જે આગમો ચડેલા છે તેમાંનું બધું જ તેમણે કહ્યું હોય તેમ પ્રમાણિત થતું નથી. એટલે એમના જીવનને જ સંદેશ માની ચાલવું વધારે સંગત છે. પણ ત્યાં પણ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે તેમનું કયું જીવન તેમનો સંદેશ આપે છે? ભગવાન મહાવીર પછીના કાળે ભગવાન મહાવીરના જીવન વિષે જે કાંઈ લખાયું છે તે કાળક્રમે લખાયું છે અને તેથી જ તેમાં જૂના-નવાનો વિવેક કરવો જરૂરી છે.

સામાન્ય રીતે જે અનેક ચરિત્રો લખાયાં છે તેનો વિચાર કરીએ તો તેમાં ત્રણ સોપાનો સ્પષ્ટ જણાઈ આવે છે. સૌથી પ્રાચીન તેમનું જે જીવનચરિત્ર મળે છે તેમાં તો માત્ર આંખ્યેદેખ્યો અહેવાલ હોય તેવું તેમની સાધનાનું જ ચિત્ર આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. તેમના નિકટના સાથીએ નહિ પણ જેમણે ભગવાનની જીવનચર્યા સાક્ષાત્ જોઈ હોય તેમના પાસેથી સાંભળીને કોઈ શ્રોતાએ એ જીવનચર્યા વર્ણવી છે. આમાં તો માત્ર નાયપુત્ત, શ્રમણ ભગવાન, કે મહાવીર એવાં નામો સિવાય તેમના વ્યક્તિગત સંબંધોની કોઈ માહિતી મળતી નથી. પણ તેમને વારંવાર માહણ–બ્રાહ્મણ કહેવામાં આવ્યા છે, તે અવશ્ય સૂચક છે. પ્રથમ કહ્યા પ્રમાણે આમાં તો ગૃહત્યાગ કર્યા પછીનું તેમની સાધનાનું ચિત્ર છે. ગૃહસ્થકાળ કે પછીના ઉપદેશકપણા વિષે કશી માહિતી મળતી નથી. આ આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં છે.

બીજું જે ચરિત્ર મળે છે તે અન્ય તીર્થંકરો સાથેના સંબંધ વિનાનું માત્ર તેમનું એકલાનું જ. તેમાં તેમની ગૃહસ્થ, સાધક અને તીર્થંકર એ ત્રણે બાબતોનો સમાવેશ છે પણ તેમાં પણ જે હકીકતો આપવામાં આવી છે તેથી જીવનનું એક ખોખું મળી રહે છે, પણ જીવનની અનેક ઘટનાઓ વિષે કશી જ માહિતી મળતી નથી. તેઓ દેવલોકમાંથી આવ્યા, જન્મ્યા, પરણ્યા, દીક્ષા લીધી, સાધનામાં કષ્ટો ઉઠાવ્યાં અને કેવળી બની તીર્થંકર બન્યા – આવી સામાન્ય હકીકતો રંગ પૂર્યા વિનાની મળી આવે છે. આ આચારાંગના બીજા શ્રુતસ્કંધમાં મળે છે.

ત્રીજું જે ચરિત્ર મળે છે તેમાં ચોવીસ તીર્થંકરમાંના તેઓ એક છે અને છેલ્લા છે એ૫ તીર્થંકરોની હારમાળાના એક મણિરૂપે તેમનું ચરિત્ર આપવામાં આવ્યું છે. આમાં પણ જીવન વિષે બીજું કાંઈ વધારે આપવામાં આવ્યું નથી, માત્ર સંદર્ભ બદલાયો છે. આ કલ્પસૂત્રમાં છે.

આ ત્રણે સોપાનો શ્વેતામ્બરસંમત આગમોમાં ભગવાન મહાવીરના ચરિત્ર વિષે સધાયાં છે. તેમાં અંતિમ બેમાં ભગવાન મહાવીરની લૌકિકતાને ખંડિત કરી અલૌકિકતા તરફ પ્રયાણ સ્પષ્ટ છે, એટલે કે જ્ઞાનમાં દેવોની ઉપસ્થિતિ અનેક વાર વર્ણવવામાં આવી છે અને જન્મથી જ અવધિજ્ઞાન હોવાનું જણાવાયું છે, અને એવી બીજી અનેક બાબતો છે કે જે તેમના જીવનને અલૌકિકતા તરફ ધસડી જાય છે.

આગમિક આ ત્રણ સોપાનો સર થયા પછી ટીકાકારોએ તે જીવનમાં રંગ પૂર્યો છે અને તે પૂરવામાં વિવેકનો સદંતર ત્યાગ કર્યો છે તેમ કહ્યા વિના ચાલતું નથી. આ કડવી ટીકા નિર્મૂલ નથી. ભગવાનની સાધનાનું જે ચિત્ર આચારાંગગત પ્રથમ ભૂમિકામાં સ્પષ્ટ થાય છે તેથી ઊલટું જ ચિત્ર ટીકાથી ઊપસી આવે છે. ભગવાને જે કાંઈ સહ્યું તે પોતાની પ્રતિજ્ઞાને કારણે સહ્યું અને આત્મબળથી સહ્યું તેમાં અન્યની સહાય કદી વાંછી નહિ, એવું ચિત્ર પ્રથમ સોપાનમાં છે. જ્યારે ટીકામાં તેમની સાધનાના કાળમાં જ્યાં પગ કાંઈ કષ્ટ આવે ત્યાં તેથી તેમને ઉગારવાનો પ્રયત્ન દેવો અને અન્ય દ્વારા થયેલ છે તેમ વર્ણવવામાં આવ્યું છે.–આ તદ્દન અજુગતું છે અને તેથી કાંઈ ભગવાનના કષ્ટસહનની વિશેષતા પ્રગટ થતી નથી અને તેથી જ ટીકાકારોનું સાધનાકાળનું વર્ણન વિવેકહીન ઠરે છે.

દિગંબર સંપ્રદાયમાં ભ. મહાવીરચરિત બહુ મોડું લખાયું છે અને લખાયા પછી તેમાં એકરૂપતા રહી છે, એટલે એ વિષે કાંઈ જુદી ટીકા કરવી અહીં પ્રસ્તુત નથી; તે એટલા માટે કે તે ચરિત્ર ઉક્ત ત્રણે ભૂમિકાઓમાંથી ત્રીજી ભૂમિકાની નજીક બેસે છે અને તેમાં વિકાસ સૂચવે છે.

આટલું જાણ્યા પછી ભ. મહાવીરના સંદેશ અને તે પણ તેમનું જીવન જ જો સંદેશ હોય તો આપણી પાસે એકમાત્ર પ્રામાણિક સાધન આચારાંગનો પ્રથમ શ્રુતસ્કંધ રહે છે. આ ઉપરાંત તેમના ઉપદેશનો સંગ્રહ જે આગમોમાં સંગ્રહીત થયેલ છે તેમાંથી સૂત્રકૃતાંગ જેવા પ્રાચીન આગમો જ આપણો આધાર બની શકે તેમ છે. જો આપણે નિર્ભેળ સત્ય જાણવું હોય તો આ સિવાય બીજો માર્ગ આપણી પાસે નથી. તેથી અહીં મુખ્યત્વે એને આધારે જ ભ. મહાવીરના સંદેશની વાત કરવી છે.

એક વાકયમાં કહેવું હોય તો ભગવાન મહાવીરનો સંદેશ, ત્યાગ અને દીર્ઘ તપસ્યાનો છે. તેના મૂળમાં સર્વ જીવો પ્રત્યે સમભાવ છે અને સમભાવમાંથી જ અહિંસા અને અનેકાંતનો જન્મ થાય છે.

રાજપુત્ર હોવા છતાં ભરયુવાનીમાં કુટુંબનો ત્યાગ કરીને ત્યાગી થયા અને તપસ્યાનો માર્ગ સ્વીકાર્યો. એક જ વસ્ત્ર ખભે રાખ્યું હતું અને તે પણ શરીર ઢાંકવા માટે નહિ પણ પરંપરાના પાલન અર્થે, તેથી વસ્તુતઃ તેઓ નગ્ન જ હતા અને વસ્ત્ર પણ તેર માસ પછી છોડી અચેલક - નિર્વસ્ત્ર બની ગયા. આ એક વસ્ત્રની વાત પણ કદાચ શ્વેતાંબરોએ વસ્ત્રપરંપરાના સમર્થનમાં ઉપજાવી કાઢી હોય, છતાં પણ ભ. મહાવીર દીક્ષા લઈ નગ્ન થઈ ગયા હતા એ હકીકતનું સમર્થન તો તેમાં છે જ - એટલી પ્રામાણિકતા શાસ્ત્રકાર સાચવી શકયા છે તે તરફ આપણું ધ્યાન જવું જોઈએ.

આ સામાન્ય વસ્ત્ર કાળક્રમે દેવદૂષ્ય નામ પામ્યું અને તે પણ તેમને ઇન્દ્રે આપ્યું હતું. આવી કલ્પનાના ઘોડા દોડાવવામાં આવ્યા છે છતાં પણ તેમાં પણ એક હકીકત તો સ્પષ્ટ થાય જ છે કે લાખ સોનૈયા જેટલી કિંમતનું એ વસ્ત્ર પણ ભગવાનના મનને બાંધી શકયું નથી, તેમાં આસકત કરી શકયું નથી. આ કાંઈ સામાન્ય ત્યાગનો નમૂનો નથી પણ અદ્‌ભુત ત્યાગ તેમાંથી દેખાઈ આવે છે.

ભગવાનનો ત્યાગ સામાન્ય ન હતો અને તેથી જ તેમને અનેક કષ્ટો સહન કરવાં પડયાં છે અને તે જ તેમની તપસ્યાની પારાશીશી છે. ભગવાનની તપસ્યાને નામ આપવામાં આવ્યું છે ઉપધાન અને ભગવાનને દીર્ઘતપસ્વી. આજે આપણા સમાજમાં ઉપધાનને નામે જે લખલૂટ ખર્ચ થઈ રહ્યો છે તે જોઈએ તો અને તેને અંતે ઉપધાનમાં સામેલ થનારના મનના પરિવર્તનનો વિચાર કરીએ તો જણાશે કે ભગવાનના ઉપધાનની આ કેવળ હાંસી જ છે. આપણે ભગવાન મહાવીરના ઉપધાનને સાચી રીતે સમજ્યા જ નથી, માત્ર આપણા પૈસાનું પ્રદર્શન કરીએ છીએ અને બહુજન સમાજમાં એવી છાપ ઊભી કરીએ છીએ કે જૈનો પાસે સમૃદ્ધિનો ભંડાર ભર્યો છે અને તેથી તેમની ઈર્ષ્યાના પાત્ર પણ બનીએ છીએ.

ભગવાને રહેવાનું સ્થાન, પહેરવાનાં કપડાં અને ખાવાનું ભોજન–એ બધી બાબતમાં નિરપેક્ષતા સ્વીકારી હતી. એટલે જ તેઓ અપ્રતિબદ્ધ વિહારી બની શકયા હતા અને કયાંય બંધાયા ન હતા.

ભગવાને ઉદ્દિષ્ટ આહારનો ત્યાગ કર્યો હતો અને ભિક્ષાના સમયે પણ અનેક પ્રકારના અભિગ્રહો મનમાં ધારતા હતા - પરિણામે તેમને અનેક દિવસ સુધી આહાર મળતો જ નહિ અને ઉપવાસ કરવા પડતા. આ તેમની સ્વયં સ્વીકારેલી તપસ્યા હતી અને તેમાં જ પોતાની પરીક્ષા તેઓ માનતા. તપસ્યામાં આહાર ન મળ્યો એટલે એ બાહ્ય તપસ્યા તો થઈ પણ એથી તેમની તપસ્યા પૂરી થતી નહિ પણ એ તો વાસ્તવિક આંતરિક તપસ્યાની માત્ર

પૂર્વભૂમિકા હતી. તેઓ નિરાહાર થઈ ધ્યાનમગ્ન થતા - આ તેમની આંતરિક અને વાસ્તવિક તપસ્યા હતી. ન મળ્યાનો અસંતોષ નહિ પણ આનંદ તેઓ માણી શકતા અને આત્મ-નિરીક્ષણમાં મગ્ન થઈ જતા.

આધુનિક યુગમાં સત્યાગ્રહી નેતા ગાંધીજીએ કહ્યું છે કે સત્ય એ જ ઈશ્વર છે અને એ સત્યની સાધનામાં જ તેમણે પોતાનું જીવન ખપાવી દીધું એ આપણે પ્રત્યક્ષ જોયું છે. એ જ રીતે આત્યારે રશિયામાં, જ્યાં વ્યક્તિસ્વાતંત્ર્યને સ્થાન નથી ત્યાં પણ, સત્યના મરજીવાનો તોટો નથી. નોબેલ પારિતોષિકવિજેતા એક નિશાળના શિક્ષકે જેલની અનેક યાતનાઓ વેઠી છે અને 'એક દિવસ' એ નામે તેમણે જેલજીવન વિશે હૂબહૂ ચિતાર આપ્યો છે. તે પુસ્તકે તેમને નોબેલ પ્રાઈઝ અપાવ્યું. પણ રશિયાએ તેને સ્વીકારવા તેમને જવા દીધા નહિ–એ શ્રી સોલ્ઝેનિત્સીન (solzenitsyn)-ના નોબેલ પ્રાઈઝ સ્વીકૃતિ-ભાષણમાં તેમણે જે વાત કહી છે તે સુવર્ણાક્ષરે નોંધી રાખવા જેવી છે. તેમણે કહ્યું છે: 'કોઈ પણ પ્રકારની લગામ વિના હિંસાની પ્રવૃત્તિ આખી દુનિયામાં વધી રહી છે અને તે માટે પશ્ચિમના દેશો અને રશિયા સરખી રીતે જ જવાબદાર છે, અને તેથી તો માનવસંસ્કૃતિનો નાશ જ સર્જવાનો છે. પશ્ચિમના દેશો સંપત્તિના નશામાં ચકચૂર છે અને ગરીબી તેમને સ્પર્શે નહિ તેની ફિકરમાં છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ, એ તો નીતિહીન દુનિયામાં અનૈતિક સંઘ છે, જેને માત્ર અમુક જ રાષ્ટ્રોની રક્ષામાં રસ છે. પશ્ચિમી દુનિયાની સંસ્કૃતિ કાયરોની છે, જે તેમના પડોશી રાષ્ટ્રો પર થતા અત્યાચારોનો વિરોધ કરવાની પણ તાકાત ગુમાવી બેઠી છે અને બળવાનને માત્ર વધુ સગવડો આપીને અને હસીને બધું સહન કરી રહી છે. આ બધામાંથી ઊગરવાનો રસ્તો સત્યનિષ્ઠ સાહિત્યમાં રહેલો છે. હિંસા એકલી ટકી શકતી નથી, તેને અસત્યનું આવરણ આવશ્યક છે. હિંસાને આશ્રયસ્થાન કોઈ હોય તો તે અસત્ય છે. જે કોઈ પણ હિંસાનો આશ્રય લે છે તેણે પોતાના બચાવ અર્થે અસત્યનો આશ્રય લીધા વિના છૂટકો નથી. પરંતુ લેખકો અને સાહિત્યસર્જકો એવા છે, જે ધારે તો અસત્યનો પરાજય કરવાની તાકાત ધરાવે છે. અસત્ય સાથેની લડાઈમાં કળાનો સદૈવ વિજય થયેલો છે અને થતો રહેવાનો છે. સત્યનો માત્ર એક કણ પણ સમગ્ર વિશ્વની તોલે અદકો ઠરે તેમ છે.'*

આજથી અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન મહાવીરે પણ આવો જ સંદેશ પરિગ્રહી અને તેથી હિંસક બની ગયેલ અને અસત્યનો આશ્રય લેનાર સમાજને આપ્યો હતો.

ભગવાન મહાવીરે આચારાંગમાં સ્પષ્ટ કહ્યું છે કે 'નો लोगस्से सवं चरे' (૪-૧૨૭) અને પોતાના સમગ્ર જીવનમાં તેમણે લોકોનું અનુસરણ નથી કર્યું. પણ પ્રતિસ્રોતગામી સામા પૂરે ચાલનારા રહ્યા છે. માનવમાં જે સૌથી મોટી કમજોરી છે તે લોકેષણાની, તેનું બધું જ કર્તવ્ય લોક શું ધારશે તે વિચારીને થાય છે. પરંતુ લોકની પરવા કર્યા વિના માત્ર સત્યનો જ માર્ગ અનુસરનારા વીરલા જ હોય છે.

ભગવાને વારંવાર કહ્યું છે કે હે પુરુષ, સત્યમાં સ્થિર થા, આ માર્ગ છે પાપથી વિરત થવાનો. અને સત્યના આચરણમાં લોકનું અનુસરણ કરવા જતાં બાધા ઉપસ્થિત થાય છે. માટે જેણે મહાવીર બનવું હોય તે લોકને નહિ પણ સત્યને અનુસરે એ જ ઉચિત છે. અને તે જ પ્રકારે વીર વર્ધમાન મહાવીરપદને પામ્યા.

પરિષહ સહવા એ તેમના સાધક જીવનનું અંગ હતું. આવી પડે તને સહવા, સમભાવે સહન કરવા એ એક વાત છે પરંતુ સામે ચાલીને પરિષહો ઊભા કરવા તે સાવ જુદી વાત છે. ભગવાનના જીવનમાં આ પરાક્રમ આપણે જોઈએ છીએ. પોતાના આંતરની પરીક્ષા - પોતાની સહનશીલતાની પરીક્ષા - સમભાવની પરીક્ષા કરવા તેઓએ સામે ચાલીને પરિષહો સહ્યા છે. પોતાના પરિચિત પ્રદેશમાં તો સગવડો મળી જ રહે, વળી રાજકુમાર હોઈ લોકો તેમનો આદર કરી તેમની સગવડતા સાચવે જ–આવી પૂરી સંભાવના હતી છતાં પણ આ સગવડનો ત્યાગ કરી સાવ અનાર્ય પ્રદેશમાં નાના પ્રકારનાં કષ્ટો આવી પડવાનાં છે એમ સમજીને જ તેઓએ અનાર્ય પ્રદેશમાં વિહાર કરી સાધના કરી છે. અને જ્યારે તે અનાર્ય પ્રદેશનાં કષ્ટોનું વર્ણન વાંચીએ છીએ ત્યારે આજે પણ રૂંવાડાં ખડાં થઈ જાય તેવા તે કષ્ટો હતાં એમ લાગે છે. લાકડીથી માર્યા એ તો ઠીક પણ કૂતરાં પણ તેમના ઉપર છોડવામાં આવ્યાં હતાં. છતાં પણ જાણે કાંઈ જ બન્યું નથી એવું મન બનાવી તેમણે આ સહન કર્યું. જ્યાં માર મારવાની કે કૂતરાં છોડવાની વાત હોય ત્યાં પછી તેમને રહેવાનાસ્થાનની કે સમુચિત આહારની સગવડ તો ક્યાંથી મળે? છતાં પણ આત્માના કષાયો દૂર કરવાની આ ઉત્તમ તક સાંપડી છે એમ સમજી તેઓએ તે સમભાવે સહન કર્યું અને વિશુદ્ધ સુવર્ણ જેવો આત્મા બનાવીને પુનઃ આર્યદેશમાં આવ્યા.

ભ. બુદ્ધે આવી કઠોર યાતનાના માર્ગની નિન્દા કરી છે. પણ જ્યારે શ્રમણ સંપ્રદાયનો ઊગમ કઈ પરિસ્થિતિમાં થયો તેનો વિચાર કરીએ છીએ ત્યારે શ્રમણ સંપ્રદાયની આ પ્રાથમિક ભૂમિકા આપણને સમજાય છે અને કાળક્રમે તેમાં જે વિવિધ ભૂમિકાઓ ઊભી થઈ છે - જે પ્રકારનાં સમાધાન થયાં છે તે જોતાં ભ. બુદ્ધનો મધ્યમ માર્ગ એ તત્કાળે એક સમાધાનનો માર્ગ હતો એમ સમજાય છે.

શ્રમણમાર્ગનો ઊગમ પરિગ્રહવૃત્તિના સમાજગત દૂષણમાંથી થયો હતો. એટલે તેના વિરોધમાં સમાજથી પોતાને સાવ અળગા, સમાજની દયા ઉપર નહીં નભનારા, પણ સમાજને એ શ્રમણ-માર્ગની આવશ્યકતા સમજાય તો આદરપૂર્વક આપે તો જ સેવા સ્વીકારનારા શ્રમણો સમાજનો સર્વથા ત્યાગ કરીને ઊભા થયા હતા. તેમની ખુમારી અજબ હતી અને એ ખુમારીને કારણે જ આપણે જોઈએ છીએ કે શ્રમણોમાં પ્રાચીનતમ એવા જૈનોમાં ઉદ્દિષ્ટ (શ્રમણ માટે બનેલ) ભોજનનો, નિવાસનો અને એવી કોઈ પણ વસ્ત્રાદિ વસ્તુનો ઐકાન્તિક ત્યાગ હતો અને આ જ ત્યાગ ભ. મહાવીરના સાધક જીવનમાં તેના ઉત્કટ સ્વરૂપમાં જોઈએ છીએ. શ્રમણોના આવા ઉત્કટ માર્ગના દીર્ઘકાલીન અનુભવે એ સ્પષ્ટ થયું હતું કે ઉદ્દિષ્ટનો ત્યાગ એ આત્યંતિક વૈરાગ્યવાળી વ્યક્તિને માટે જ સંભવ હતો. પણ જ્યાં શ્રમણોના સંઘો થાય ત્યાં બધા જ શ્રમણો કાંઈ સરખી કોટીના હોતા નથી એટલે વ્યવહારમાં વંચના કરવી પડે છે. આ પરિસ્થિતિનો સામનો ભ. બુદ્ધે કર્યો અને એ ઉત્કટ નિયમને હળવો કરવાનું ઉચિત માન્યું. ભ. બુદ્ધની વ્યાવહારિકતા પ્રસિદ્ધ છે. અને જૈન સંઘને પણ કાળક્રમે બુદ્ધની વ્યાવહારિકતાને માર્ગે આવવું પડ્યું છે તે હકીકત છે. જે નિયમો હતા તેના અનેક અપવાદો કરવા પડ્યા અને અંતે એ અપવાદો જ નિયમ બની ગયા. આમાં બુદ્ધની વ્યાવહારિકતાનો જ વિજય છે અથવા તો કહો કે સામાજિક પરિસ્થિતિના પ્રાબલ્યનો જ વિજય છે. જિનકલ્પ માન્યા છતાં આ કાળે સ્થવિરકલ્પ જ ચાલી શકે તે દીર્ઘકાળે જૈન સંઘને સમજાયું અને જિનકલ્પ એ માત્ર પોથીની વસ્તુ બની ગયો. એટલે ભગવાન મહાવીરની જે કઠોર ચર્યા હતી તે તેમના પૂરતી હતી અને પછી પણ થોડો કાળ મરજીવાઓએ તે સ્વીકારી પણ સંઘમાં તે કાળક્રમે લુપ્ત થઈ. દિગંબર સંપ્રદાયમાં પણ ભટ્ટારક સંપ્રદાયનો ઉદય આ અનુમાનને પુષ્ટ કરે જ છે.

મારવિજય માત્ર પ્રતિકૂળ કષ્ટો સહન કરવામાં જ છે એમ માની લેવું તે ભૂલભરેલું છે. પ્રતિકૂળમાં તો માણસ પરાક્રમ બતાવવાની ભાવનાથી ઊંચો ઊઠી શકે છે, પણ જ્યાં અનુકૂળ પરિસ્થિતિ હોય-અનુકૂળ સામગ્રી હોય-ત્યાં તે સહેજે લપટાઈ જવાનો પૂરો સંભવ છે. એટલે અનુકૂળ પરિસ્થિતિ ઉપર વિજય મેળવવો તે સહેલું નથી. કારણ ત્યાં પૂરી સમજને કામમાં લાવવી પડે છે અને પછી આંતરિક પરાક્રમ દેખાડવું પડે છે. ત્યાં શારીરિક પરાક્રમને અવકાશ પણ નથી. આથી માત્ર આર્યપ્રદેશમાંથી દૂર જઈ, જુદી જ પરિસ્થિતિમાં કષ્ટો સહન કરી આત્માને તપાવવો એ એક વાત છે, પણ અનુકૂળ પરિસ્થિતિની વચ્ચે રહી આત્માને તપાવવાનું કામ ઘણું અઘરું છે અને તેમાં પણ ભગવાને પોતાનું વીર્ય-પરાક્રમ પૂરતા પ્રમાણમાં દેખાડ્યું જ છે. ધ્યાનમાં ઊભા હોય અને અનેક પ્રકારનાં આકર્ષણો ઊભાં કરવામાં આવ્યા છતાં તેઓ ચલિત થયા નથી અને એમ અનુકૂળ પરિસ્થિતિ ઉપર પણ વિજયી નીવડ્યા છે, અને એ રીતે મારવિજય પૂરી રીતે કર્યો છે.

આના પરિણામે તેઓ વીતરાગ બન્યા, આત્મજ્ઞાની બન્યા, સર્વજ્ઞ બન્યા અને છેવટે તીર્થંકર પદ પામ્યા. અને લોકોના ઉદ્ધાર માટે, લોકોના કલ્યાણ માટે ઉપદેશ આપ્યો. તેનો સંગ્રહ જૈન આગમોમાં મળી આવે છે. તેમાંથી હવે થોડો નમૂનો લઈએ.

ભગવાન મહાવીરે પાંચ મહાવ્રતની પ્રરૂપણા કરી એ સર્વ વિદિત છે, અને પાંચે મહાવ્રતોમાં અહિંસાવ્રત જ પ્રધાન છે તે

---

* 'ટાઈમ'ના ૪-૯-'૭૨ ના અંકમાં તે ભાષણનો જે સાર આવેલો છે તેનો સાર આપવા મેં અહીં પ્રયત્ન કર્યો છે તેની સાભાર નોંધ લઉં છું.

પણ સર્વસંમત છે. પરંતુ એક બાબત ઉપર ભાર નથી આપવામાં આવતો તે એ છે કે સર્વ પાપોનું મૂળ ભગવાને શામાં માન્યું? હિંસામાં કે પરિગ્રહમાં? સૂત્રકૃતાંગમાંથી આવો જવાબ મળી રહે છે અને આચારાંગમાંથી પણ એ જ વાત મળી રહે છે કે સર્વ પાપોનું મૂળ પરિગ્રહવૃત્તિ છે. માણસમાં તૃષ્ણા છે, લોભ છે, અને તે કારણે પરિગ્રહવૃત્તિનો જન્મ થાય છે અને પરિગ્રહ માટે જ હિંસાનો આશ્રય લેવો પડે છે. એટલે પરિગ્રહ જો ત્યાગવામાં આવે તો હિંસાના કારણો આપોઆપ ટળી જાય છે અને આત્મા અહિંસક બની જાય છે. આ પરમ સત્ય ભગવાનને સમજાયું હતું એટલે જ સર્વસ્વનો ત્યાગ કરી શ્રમણમાર્ગના પથિક થયા હતા અને બીજાને પણ એ જ માર્ગે ચડાવવા તેમનો પ્રયત્ન હતો.

ભ. મહાવીરનો ઉપદેશ ક્રિયામાર્ગનો છે, અક્રિયામાર્ગનો નહિ. ક્રિયામાર્ગ એ છે; જેમાં આત્મા અને પરલોકની માન્યતા હોય અને સારાંમાઠાં કર્મ અને તેનું ફળ મળે છે તેનો સ્વીકાર હોય. પરંતુ આ ક્રિયામાર્ગમાં પણ ભ. મહાવીર પુરુષાર્થવાદી હતા, એટલે કે આત્મા સ્વયં કર્મ કરે અને તેનું ફળ ભોગવે એટલું જ નહિ, તેમાં તેનો પુરુષાર્થ કારગર છે, કર્મ કરવામાં અને તેનું ફળ ભોગવવામાં પણ. તેના પુરુષાર્થ આડે ઈશ્વર કે એવું કોઈ આવતું નથી. આથી સંસાર એ નિયતિચક્રને આધીન છે તેમાં જીવના પુરુષાર્થને કાંઈ સ્થાન નથી એવી આજીવક સંપ્રદાયની માન્યતાનો વિરોધ જિનેશ્વર ભ. મહાવીરે કર્યો છે. એટલું જ નહિ પણ તેમણે સ્પષ્ટ કર્યું છે કે આ જગત અનાદિ છે તેથી તેની સૃષ્ટિ કોઈ ઈશ્વરે કરી નથી પણ જીવોના કર્મને કારણે અનાદિ કાળથી આ સંસારચક્ર ચાલ્યા કરે છે. આમ જીવને પોતાના કર્મનું આધીન કરીને ખરી રીતે સ્વાધીનતા જ અર્પિત કરી છે અને નિયતિ દેવો કે ઈશ્વરના પાશમાંથી તેને મુકત કરવાનું શ્રેય લીધું છે.

સ્નાનથી મુકિત માનનારાનો વિરોધ એમ કહી કર્યો છે કે જો સ્નાનથી જ મુકિત મળતી હોય તો પછી જલચરોની તો તત્કાળ મુકિત થવી જોઈએ. આમ બાહ્યાચારનું નહીં પણ આંતરિક આત્મશુદ્ધિનું મહત્ત્વ સ્થાપવામાં પણ ભગવાન મહાવીર અગ્રેસર રહ્યા છે.

સાંસારિક લોકોની વર્ગભાવના કે આ ઊંચ અને આ નીચ-એવી માન્યતા જન્મને કારણે હતી અને બ્રાહ્મણધર્મે તેને પુષ્ટિ આપી હતી. ભ. મહાવીરે કહ્યું છે કે આ આત્મા અનેક વાર નીચ-યોનિમાં અવતર્યો છે અને અનેક વાર ઉચ્ચ મનાતા કુળોમાં પણ જન્મ્યો છે, તો તેને ઊંચ એ કારણે માની અભિમાન કરવાની જરૂર નથી કે પોતાને નીચ માની હીનભાવ ધારણ કરવાની જરૂર નથી. આથી જ તેમણે ત્યાગી સંસ્થામાં જાતિગત ઊંચ-નીચ ભાવને કશું જ મહત્ત્વ આપ્યું નથી. એક તરફ આપણે ભગવાનની આ ભાવનાના ગુણગાન કરીએ છીએ અને બીજી તરફ જાતિગત ભેદભાવને ભૂલી શકતા નથી એ આશ્ચર્યજનક છે. આત્મામાં સામ્યભાવ આવે, મૈત્રી, કરુણા અને મુદિતા જાગૃત થાય તે પછી સંસારમાં જે આપણે મિત્ર-શત્રુની કલ્પના કરીને સ્નેહની વર્ષા કે દ્વેષનું વલણ અપનાવીએ છીએ તેમાંનું કશું જ રહે નહિ. શત્રુ અને મિત્રની શોધ આપણા અંતરમાં જ કરતા થઈએ - આવો ઉપદેશ ભગવાને આપ્યો છે અને કહ્યું છે કે, બાહ્ય શત્રુની શોધ શા કામની? તેને માર્યા પછી પણ બીજા અનેક શત્રુ ઊભા થવાના. પણ શત્રુની શોધ અંતરમાં કરવી અને લડાઈ પણ એ અંતરના શત્રુથી જ કરવી તેમાં જ સ્વપર હિત છે.

સામાન્ય અનુભવ એવો છે કે આત્માને પોતાના જે પૂર્વગ્રહો હોય છે તે છોડવા ગમતા નથી. એ પૂર્વગ્રહોથી વિગ્રહો ઊભા થાય છે અને મારું તે સાચું એમ માની આત્મા અભિમાનમાં રાચે છે. પરંતુ ભગવાન મહાવીરનું મન્તવ્ય હતું, આગ્રહ રાખવો જ હોય તો વિભજ્યવાદનો - વિવેક કરી બોલવાનો રાખવો, તોળીને બોલવું, તોળીને માનવું, એટલે કે 'મારું એ સત્ય' નહિ પણ 'સત્ય એ મારું, આવી ભાવના કેળવવી જોઈએ. સંપૂર્ણ સત્ય જાણ્યા પછી પણ એને વાણીમાં મૂકવું અત્યન્ત કઠણ કામ છે, તે અશકય છે. તેથી જ બ્રહ્મ વિષેનો અનિર્વચનીયવાદ ઊભો થયો છે અને ભગવાન મહાવીરે પણ કહ્યું છે કે ત્યાં વાણી કે તર્કની ગતિ નથી. અને બુદ્ધે એવા ઘણા પ્રશ્નો વિષે મૌન સેવ્યું છે. આથી આપણી સમક્ષ જે કાંઈ મન્તવ્ય કે વચન ઉપસ્થિત થાય તેમાંથી સત્યનો અંશ શોધવા પ્રયત્ન કરવો જોઈએ અને વાણીમાં વિવેક કરી તેને મૂકવું જોઈએ. આ જ અનેકાંતવાદ કે વિભજ્યવાદ છે. આનંદઘનજીએ આ જ વસ્તુને 'ષડ્દર્શન જિન અંગ ભણીજે' એમ કહી બહુ સુંદર રીતે વ્યકત કરી છે અને તે જ ભગવાનના સમગ્ર ઉપદેશના સારરૂપે તેમનું દાર્શનિક મંતવ્ય છે. આમ જીવનવ્યવહારમાં પરિગ્રહને કારણે થતાં હિંસા અને અસત્યને નહિ પણ ક્રિયામાં અહિંસા અને વાણી-વિચારમાં વિભજ્યવાદ એ ભગવાનના ઉપદેશનો સાર છે.

—દલસુખ માલવણિયા

મૂક વિદ્યોપાસકનું સન્માન

શ્રી જૈન કેળવણી મંડળ-મુંબઈના વરિષ્ઠ વ્યવસ્થાપક તેમ જ બોટાદ પ્રજામંડળ અને રાણપુર પ્રજા મંડળના મંત્રી શ્રી બચુભાઈ પી. દોશીનું સન્માન કરવાને લગતો એક સમારંભ તા. ૮-૧૦-'૭૨ રવિવારના રોજ રામવાડી, માટુંગામાં સવારના ભાગમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. તેઓ જૈન કેળવણી મંડળની ૨૪ વર્ષથી એકનિષ્ઠાથી સેવા કરતા આવ્યા છે, તેના અનુસંધાનમાં તેમને રૂ. ૬૧૧૧૧ ની થેલી અર્પણ કરવામાં આવી હતી. આ સમારંભમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ ઉપરાંત મુંબઈના મેયર શ્રીયુત રવજીભાઈ ગણાત્રા, શ્રી સી. યુ. શાહ, જાણીતા રેડિયોલોજિસ્ટ ડૉ. કાન્તિલાલ કામદાર, શ્રી ગિજુભાઈ મહેતા, શ્રી રમણીકલાલ કોઠારી, શ્રી રતિલાલ શેઠ તેમજ શ્રી ચીમનલાલ જે. શાહ જેવી આગેવાન વ્યકિતઓ ઉપરાન્ત સમાજના અગ્રગણ્ય શાહસોદાગરો, બેરિસ્ટરો, વકીલો, ડૉકટરો-આવા ઊંચા વર્ગની હાજરી ધ્યાન ખેંચતી હતી અને શ્રી બચુભાઈના ચાહકો તેમ જ પ્રશંસકોથી હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. આવી વિશિષ્ટ વ્યકિતઓની મોટી હાજરી જ આ સન્માનની યોગ્યતા પુરવાર કરતી હતી.

શ્રી બચુભાઈની સેવાને આગેવાનોએ પણ અંતઃકરણપૂર્વક બિરદાવી હતી અને આવી સેવાભાવી સામાન્ય વ્યકિતનું સન્માન કરવાને લગતું આયોજન ઊભું કરનાર આયોજકોને પણ વકતાઓએ ધન્યવાદ આપ્યા હતા, અને આજના વિષમ વાતાવરણમાં વિદ્યાર્થીઓનો આવો પ્રેમ સંપાદન કરવા માટે શ્રી બચુભાઈ દોશીને અંતરના ઊંડાણપૂર્વકના ધન્યવાદ આપ્યા હતા. સેવા કરનાર ધનપતિઓનું અને આગેવાન વ્યકિતઓનું સન્માન તો સમાજ કરતો જ આવ્યો છે, પરંતુ આવા પાયાના પથ્થર જેવા સંસ્થાના વરિષ્ઠ વ્યવસ્થાપકનું સન્માન કરવામાં આવે છે એ જોતાં આ સન્માન એક વિશિષ્ટ સન્માન ગણાય. મોટા ભાગના વકતાઓનો પણ એ જ સૂર હતો કે આવા સન્માનોની મહત્તા ઘણી છે.

આ સમારંભના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું કે 'આજથી ૨૪ વર્ષ પહેલાં સુપરિન્ટેન્ડન્ટ તરીકે શ્રી બચુભાઈ દોશીની જે વિશ્વાસપૂર્વક મેં નિમણૂક કરી હતી એ વિશ્વાસને તેમણે ખરા અર્થમાં સાચો પાડયો છે, એમ આજે મારે પ્રામાણિકપણે કહેવું પડે છે. આના માટે હું ખરેખર ધન્યતા અનુભવું છું અને તેમને મારા અંતઃકરણપૂર્વકનાં અભિનંદન આપું છું અને સમાજની વધારે સેવા કરવા માટે તેઓ તંદુરસ્તીભર્યું દીર્ઘજીવન જીવે એવી મારી અંતરની લાગણી વ્યકત કરું છું.'

સંકલન: **શાંતિલાલ ટી. શેઠ**

સ્વતંત્રતા નહિ, નિયંત્રણ

આ સ્વતંત્રતાનો, મુક્તિનો જમાનો છે. માણસ આજે કોઈ પણ જાતનાં નિયંત્રણો સ્વીકારવા તૈયાર નથી અને વધુ ને વધુ મુક્તિની ઝંખના એ કરી રહ્યો છે. પરન્તુ સ્વતંત્રતાના આ જમાનામાં પણ એક એવા મનોવૈજ્ઞાનિક છે જે એમ માને છે કે હવે માણસને સ્વતંત્રતાની નહિ, નિયંત્રણની – શિસ્તની આવશ્યકતા છે. 'નિયંત્રણ લાગુ કરો'નું સૂત્ર આપનાર આ મનોવૈજ્ઞાનિકનું નામ છે: ડૉ. બી. એફ. સ્કિનર.

ફ્રેડરિક સ્કિનર અમેરિકન મનોવૈજ્ઞાનિકોમાં એક સૌથી વધુ પ્રભાવશાળી અને સાથેસાથે વિવાદાસ્પદ વિચારક રહ્યા છે. હવે તેઓ એવા તારતમ્ય પર આવ્યા છે કે સમાજે માણસ પર નિયંત્રણો લાવવાં જોઈએ. માણસ પોતાના આચાર–વ્યવહારમાં શિસ્ત-સંયમને સ્વીકારશે તો પછી એ યુદ્ધ, હિંસા અને બેફામ વસતિ-વધારાથી મુક્ત એવા જગતની રચના કરી શકશે.

સ્કિનરના મતે અત્યારે દુનિયામાં જેટલી ગડબડ દેખાય છે એનું કારણ સ્વતંત્રતાનું વધુ પડતું મૂલ્ય કરવામાં આવે છે અને એના પ્રતિ અંધભક્તિ રાખવામાં આવે છે. એ છે. એમના છેલ્લે પ્રગટ થયેલા 'બિયૉન્ડ ફ્રીડમ ઍન્ડ ડિગ્નિટી' નામના પુસ્તકમાં એમણે પોતાના જીવનભરના ચિન્તનનો નિચોડ આપ્યો છે.

સ્કિનરનો એવો મત છે કે આદર્શ સમાજ એવો હશે જેમાં સારી નિયતવાળા લોકોને કામ કરવાનો, સ્નેહ – સહકાર કરવાનો તેમ જ સુરક્ષા અને સામંજસ્યપૂર્વક રહેવાની તક અને સગવડ મળી રહેશે. આમ તો દરેક નેતા, ચિન્તક અને વૈજ્ઞાનિક આ જ ઈચ્છે દે; તો પછી સ્કિનરની આદર્શ સમાજની કલ્પનાની વિશેષતા શું છે? આમાં તફાવત કલ્પનાનો નથી પણ આ આદર્શ સમાજને ચરિતાર્થ કરવાની પદ્ધતિ–રીતમાં છે. સ્કિનરનું કહેવું છે કે લોકો જે રીતે આદર્શ સમાજની રચના કરવાનું વિચારે છે, એ રીત-પદ્ધતિ વ્યાવહારિક કે અનુકૂળ નથી. સ્વતંત્રતા હવે માનવસમાજને વધુ સારી સ્થિતિ તરફ લઈ જઈ શકે તેમ નથી. સ્વતંત્રતાનો જમાનો હવે પૂરો થયો છે. હવે તો માણસને 'મુક્તિ'માંથી મુક્તિ મેળવવાની રહે છે. સ્કિનરના મતે માણસ જેને આઝાદી માને છે એ એક પ્રકારની ગુલામી જ છે. બિચારો માણસ પોતાના માથા પર અનેક મુસીબતોની ગાંસડી લઈને ફરે છે અને મનમાં એવો વિચાર કરીને ખુશ રહે છે કે આ ગાંસડી તો મેં શોખ માટે ઉપાડી છે. આવી સંસ્કૃતિ–સભ્યતાનો અવશ્ય નાશ થવાનો છે.

સ્કિનરના વિચાર મુજબ માણસમાં આઝાદીનું ગુમાન એવા એક વહેણમાંથી ઉદ્‌ભવ્યું છે કે માણસ અન્તઃપ્રેરણાથી આચરણ કરે છે. એ પોતાના આત્માના અવાજ પ્રમાણે વર્તે છે. અમુક માણસ અમુક રીતે કેમ વર્તે છે એ આપણે સમજી શકતા નથી એટલે આપણે એમ માનીએ છીએ કે એ પોતાની અંતઃસ્ફુરણા પ્રમાણે કામ કરે છે. આપણે એક એવા ખોટા ખ્યાલમાં રાચીએ છીએ કે માણસ પ્રારંભ કરે છે, નવી વસ્તુઓનું સર્જન કરે છે તથા એને આકાર આપે છે; એ સાથે એનામાં દિવ્યશક્તિ છે એમ પણ માનવામાં આવે છે.

આપણે એમ માની લઈએ છીએ કે માણસ પોતાની સ્વેચ્છાએ કામ કરે છે, પણ હકીકત એ છે કે માણસનો વ્યવહાર એ કેવા વાતાવરણમાં રહે છે એના પર આધાર રાખે છે. માણસના વ્યવહાર અને એમાંથી આકાર લેતાં પરિણામોનું પણ મહત્ત્વ છે અને એટલે પરિણામો પ્રત્યે પણ દુર્લક્ષ થઈ શકે તેમ નથી.

મનુષ્યને એનાં બધાં કામોનાં પરિણામ બે રીતે પ્રાપ્ત થાય છે. કોઈક વાર આ પરિણામ એને તિરસ્કારના રૂપમાં મળે છે તો કેટલીક વાર પુરસ્કારના રૂપમાં મળે છે. અત્યારની સંસ્કૃતિની મૂળભૂત તકલીફ એ છે કે એમાં તિરસ્કાર પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. બગડેલા લોકોને સજા કરીને સુધારવાનો પ્રયત્ન થાય છે. આનું પરિણામ એ આવે છે કે લોકો સુધરવાને બદલે સજામાંથી બચવાના માર્ગો શોધે છે. આથી એની હોંશિયારી-ચાલાકીને ઉત્તેજન મળે છે, એની સરળતાને નહિ. એટલા માટે એક એવી દુનિયાની આવશ્યકતા દે જેમાં લોકો સ્વભાવથી જ સારા હોય. આમ નહિ થાય તો માનવસંસ્કૃતિનો ધીરેધીરે ધ્વંસ થશે અને એને બચાવી શકાશે નહિ.

આજની દુનિયા સમક્ષ ત્રણ વિકટ સમસ્યાઓ કે સંકટ છે. પહેલું સંકટ છે નિર્મર્યાદ રીતે થતા વસતિ - વધારાનું. બીજી સમસ્યા પાણી અને હવાના બગાડની દે; અને ત્રીજી સમસ્યા દે, આણ્વિસ્ફોટની. જ્યાં સુધી આની વિરુદ્ધમાં લોકોનું માનસ નહિ ઘડાય ત્યાં સુધી આ સમસ્યાઓનો કાયમી ઉકેલ આવી શકશે નહિ. લોકોના સંસ્કાર અને એની મનોવૃત્તિઓને બદલ્યા વિના કોઈ સંકટને સ્થાયી રૂપમાં દૂર કરી શકાશે નહિ. માણસમાં એવા સંસ્કાર પડવા જોઈએ કે જેથી યોગ્ય માર્ગે ચાલવાની એને ટેવ જ પડી જાય.

હવે સવાલ એ છે કે લોકોનો સ્વભાવ અને એના સંસ્કારમાં પરિવર્તન કઈ રીતે લાવી શકાય? સ્કિનરનો જવાબ છે કે પુરસ્કાર દ્વારા આ કામ થઈ શકે તેમ છે. તિરસ્કારમાં સંસ્કાર બદલવાની શક્તિ નથી, પુરસ્કારમાં છે. પુરસ્કાર દ્વારા સંસ્કાર બદલવાના અનેક પ્રયોગો સ્કિનરે કર્યા છે. એમણે પોતાના પ્રયોગોનો પ્રારંભ પશુ-પક્ષીઓથી કર્યો છે. સ્કિનરના કહેવા પ્રમાણે આ પ્રયોગોમાં એમને અમુક અંશે સફળતા મળી છે. આ પ્રયોગોમાં એમણે એમની પુરસ્કાર પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

સ્કિનર માને છે કે માણસના વંશગત ગુણોમાં ધીરેધીરે રૂપાન્તર થાય છે પણ માણસના વ્યક્તિગત વાતાવરણમાં ઝડપી અને નાટ્યાત્મક પરિવર્તન લાવી શકાય છે અને એનાં એવાં જ ત્વરિત પરિણામો પણ આવે છે.

એટલે વર્તણૂકનું ચોક્કસ શાસ્ત્ર–ટૅક્નોલૉજી ઑફ બિહેવિયર વિકસાવીને જે પ્રકારના આચાર - વ્યવહાર વિરોધ પેદા કરે એવા હોય એનો અથવા તો જે સજાપાત્ર – દંડપાત્ર ઠરે તેમ હોય એવા આચાર - વ્યવહારમાંથી માણસને મુક્ત કરી શકાશે. આ પછી માણસના આચાર - વ્યવહારનું એવી રીતે નિયમન થઈ શકે જેમાં એ ઈચ્છનીય ગણાય એવાં જ કામો અને પ્રવૃત્તિ કરશે. આમ સારી રીતે વર્તવા માટે એને પ્રેરી શકાશે. હકીકતમાં તો આવી રીતે વર્તવાની એને ટેવ જ પડી જશે. આ માટે સ્કિનર પાસે કોઈ તૈયાર યોજના નથી પણ એ દિશામાં એમણે પ્રારંભનું સૂચન કર્યું છે.

તેઓ માને છે કે માણસનો, એની જરૂરિયાતોનો અને એના સમાજનો તલસ્પર્શી અભ્યાસ થવો જોઈએ કે જેથી કરીને એનાં કયાં કામોનો પુરસ્કાર કરવાનો અને એનાં કેવાં કામો કે પ્રવૃત્તિઓનું એની વર્તણૂકમાં નિરસન કરવું એ જાણી શકાય.

એમના મતે અત્યારે યુવાનોમાં જે આક્રમકતા અને વિરોધ જોવા મળે છે એ મહદ્ અંશે ખામીભર્યા સામાજિક વાતાવરણને લીધે છે. આ પરિસ્થિતિનું નિયંત્રણ કરવાનો ઈનકાર કરવો એટલે નિયંત્રણનું કામ વ્યક્તિના પોતાના પર છોડી દેવું એવું નથી થતું, પણ આખીયે બાબત વાતાવરણ પર છોડી દેવી એવો એનો અર્થ થાય છે. એટલે માણસને સર્વ નિયમનોમાંથી મુક્ત કરવાની સમસ્યા નથી પણ અમુક ચોક્કસ નિયમનોમાંથી મુક્ત કરવાની સમસ્યા છે. આમ કરવાનો હેતુ સામાજિક વાતાવરણને પ્રતિકૂળ ઉત્તેજનાઓથી મુક્ત કરવાનો દે.

સ્કિનરના ચિંતનના ટીકાકારો પણ છે. બ્રિટનના સી. એસ. લૂઈસના મતે સ્કિનર પોતાના મનોવિજ્ઞાન દ્વારા માનવીનો જ નાશ કરી રહ્યા દે. સ્કિનર આનો એવો જવાબ આપે છે કે લૂઈસનો આમ કહેવાનો અર્થ આજના વધુ પડતા સ્વાયત્ત માનવીની વાત કરવાનો હોય તો એનો નાશ આ પૂર્વે ક્યારનો થઈ જવો જોઈતો હતો.

સ્કિનર એવી દુનિયાની કલ્પના કરે છે, જેમાં લોકો એકબીજા સાથે હળીમળીને રહેતા હશે. આવા જગતમાં યુદ્ધ નહિ હોય કે તકરારો માટે પણ કોઈ અવકાશ નહિ હોય. ર્ડા. મ.

પ્રાચીન ભારતમાં મદ્યનિષેધ

ઘણા લોકોની એવી માન્યતા છે કે પ્રાચીન ભારતમાં મદ્યપાન પર કોઈ પ્રતિબંધ નહોતો! સર્વપ્રથમ બ્રિટિશ શાસનકાળ દરમિયાન મદ્યનિષેધના કડક નિયમો ઘડાયા, ત્યારે ઘણાઓએ એ કાળના શાસકોને ધન્યવાદથી નવરાવી દીધા હતા; પરંતુ એમનું એ કાર્ય અભૂતપૂર્વ હતું એમ માનીને એમને ધન્યવાદ ન આપી શકાય. કારણ કે મદ્યનિષેધનું અસ્તિત્વ તો ઈતિહાસના પ્રારંભથી જ છે! પરંપરા અને ધર્મશાસ્ત્રનો વિચાર કરીએ છીએ ત્યારે મદ્યનિષેધ વેદ જેટલો પ્રાચીન લાગે છે!

પ્રાચીન ભારતમાં મદ્યપાનનું આજ જેટલું મહત્ત્વ નહોતું એમ તો ન જ કહી શકાય, પણ પ્રાચીન ભારતમાં મદ્યપાનની મર્યાદાઓ હતી, અંકુશ હતો એવું આજના યુગમાં તો નથી જ! જો એવું હોત તો, આજના શાસનાધિકારીઓને એની સામે હાર પામીને, મદ્યનિષેધ કાયદાઓને ઉઠાવી ન લેવા પડ્યા હોત.

ભારતના પ્રાચીન ગ્રન્થ 'ઋગ્વેદ'માં સુરાપાનની સખત શબ્દોમાં નિંદા કરવામાં આવી છે. હા, વૈદિક સૂક્તો દ્વારા આદેશિત નિષેધક નિયમોનો એટલો વ્યાપક પ્રભાવ નહોતો, છતાં પણ પરંપરા અને ચિરકાલીન પ્રતિષ્ઠાને કારણે એનું મહત્ત્વ ઓછું તો ન જ આંકી શકાય. તે સમયની પદ્ધતિ એવી હતી કે સામાજિક નિયંત્રણ કોઈ કાનૂન દ્વારા નહોતું પણ શાસ્ત્રીય નિયમો અને ઋષિ-મુનિઓના આદેશો દ્વારા થતું હતું. એટલે એ કહેવું સદંતર વ્યર્થ છે કે પ્રાચીન ભારતમાં કોઈ પણ પ્રકારની રોકટોક વગર મદ્યપાન કરી શકાતું!

સોમ અને સુરા - પ્રાચીન ભારતમાં આ બે મદ્ય પીણાં હતાં. કેટલાકોનો એવો ખ્યાલ છે કે આ બંને પીણાં એક છે. આ બંને પીણાંને સમગુણ માનવાં એ મોટો ભ્રમ છે.

સોમ અને સુરા આર્યોનાં ભિન્ન ભિન્ન પીણાં હતાં. સુરા તો મદ્ય હતું અને એને બનાવવાનો જે વિધિ વેદોમાં છે તે આધુનિક સ્પિરિટ બનાવવાના વિધિથી ભિન્ન નથી. સુરા આમેય ફળ અને અન્નનું મદ્ય હતું, પરંતુ સોમ તો માત્ર રસ હતો. સોમને પથ્થર સાથે ઘસીને એનો રસ કાઢવામાં આવતો. રસ કાઢ્યા પછી જે ક્રિયા બતાવવામાં આવી છે, એમાં એને આગમાં ઉકાળવામાં નહોતો આવતો પણ કોઈ વાસણમાં રાખી, દૂધ અને મિષ્ટ પદાર્થ મેળવવામાં આવતો હતો. (ઋગ્વેદ ૧૦, ૬૭, ૧૧૨)

વેદકાળમાં સોમનો પ્રચાર જોવા મળે છે. વૈદિક સૂક્તોમાં પણ સોમરસની પ્રશંસા કરવામાં આવી છે! એનો ઉપયોગ બ્રાહ્મણ પણ કરતા હતા! પરંતુ સુરાની સદૈવ નિંદા જ કરવામાં આવી છે એનું કારણ એ પણ છે કે સુરાને દ્યૂત અને માંસની શ્રેણીમાં રાખવામાં આવેલ છે અને વર્જિત માનવામાં આવેલ છે!

આમ છતાંયે વેદકાળમાં સુરાપાન થતું હતું એમાં કોઈ સંદેહ નથી. પરંતુ વેદે ઘણી જગ્યાએ સુરાપાન કરવાનો પ્રતિબંધ પણ મૂક્યો છે અને જ્યાં સુરાપાનનો આદેશ છે, ત્યાં એવી અવરોધક ક્રિયા પૂર્વરૂપમાં બતાવવામાં આવી છે કે બહુ ઓછા લોકો સુરાપાન કરવાની હિમ્મત કરતા હતા. સુરાપાનનો આદેશ સૌત્રામણિ અને વાજપેય યજ્ઞો સુધી સીમિત હતો અને એ યજ્ઞો શ્રમસાધ્ય હતા અને વારંવાર થઈ શકતા નહોતા.

વેદકાળ પછી મદ્યપાનના પ્રચારમાં વૃદ્ધિ આવવા પામી હતી; અને એ સમય પછી, માત્ર બ્રાહ્મણો જ મદ્યનિષેધના વેદાદેશને માનતા હતા. આ સિવાય અન્ય જાતિઓમાં સુરાનો પ્રભાવ ખૂબ વધ્યો. જે લોકો નહોતા પીતા એમના પર પણ એ પ્રભાવ પડ્યો– ત્યાં સુધી કે બ્રાહ્મણોમાં પણ સુરાપાન થવા માંડ્યું. આ વાત બૌદ્ધકાળ પૂર્વેની છે.

ધીરેધીરે સોમ જેવું અમાદક પીણું સાવ લોપ પામ્યું. પરંતુ એ કાળ દરમિયાન સુરાપાન અને અન્ય પ્રકારનાં મદ્યપાન પણ થવા માંડ્યાં. પુલસ્ત્યે ૧૨ પ્રકારનાં મદ્ય બતાવ્યાં છે; જેમાં ખજૂર, નાળિયેર વગેરેમાંથી મદ્ય બનાવવામાં આવતો એવો પુલસ્ત્ય–સ્મૃતિમાં નિર્દેશ છે. એ કાળના રાજા-મહારાજાઓ અને બીજા લોકો મદ્યમાં પ્રચુર રહેતા.

મદ્યપાનથી પ્રાચીન ભારતીઓમાં શારીરિક અને માનસિક શિથિલતા આવી ગઈ અને એનું પરિણામ એ આવ્યું કે યદુવંશનો નાશ થયો. એટલા માટે જ સ્મૃતિકારો અને પુરાણકારોએ મદ્યપાનની અતિશય નિંદા કરી છે.

મદ્યનિષેધને સિદ્ધાંતમાં, ઉપદેશમાં ગમે તેટલો પ્રશંસાપાત્ર ગણવામાં આવતો હોય, છતાં એ કાળમાં વ્યાવહારિક મુશ્કેલીઓને કારણે મદ્યનિષેધાત્મક નિયમની અંતર્ગત સર્વ જાતિઓનું સંકલન અનાવશ્યક માનવામાં આવ્યું છે. એટલે તો શૂદ્ર અને દ્વિજેતર જાતિઓને આ નિયમોથી અલગ રાખવામાં આવી છે. શાસ્ત્રોએ જ્યારે દ્વિજોને મદ્ય પીવાનો નિષેધ કર્યો અને દ્વિજ શબ્દ પર વધુ ભાર દીધો ત્યારે એનો અર્થ એ જ થાય છે કે મદ્યનિષેધ હોવા છતાં એનો પ્રભાવ ખૂબ જ વધારે હતો. ભલે શૂદ્ર તથા અનાર્ય જાતિઓ મદ્યનિષેધના પ્રતિબંધથી મુક્ત હોય, કિંતુ શાસ્ત્રોના દ્વિજ શબ્દપ્રયોગને કારણે આપણને મદ્યનિષેધનો પ્રભાવ પૂરેપૂરો નહોતો એમ માનવાને કારણ મળે છે.

ભગવાન મનુએ કહ્યું છે કે "ભૂલથી પણ જો દ્વિજ સુરાપાન કરી લે તો એણે પ્રાયશ્ચિત્ત માટે સુતપ્ત સુરા પીવી પડે. આ પ્રાયશ્ચિત્ત કરીને જ એ પાપવિમુક્ત થઈ શકે છે."

ભગવાન મનુએ પ્રાયશ્ચિત્તરૂપે સુતપ્ત સુરાનો ઉલ્લેખ કર્યો છે, તે શું એ હવે જાણીએ: આ સુતપ્ત સુરા વિષે એક ઋષિએ કહ્યું છે:

"ઘી, ગોમૂત્ર, દૂધ અને પાણી મેળવેલી સુરાને અગ્નિમાં ગરમ કરીને, મદ્યપાન કરનાર પાપીને પીવડાવવી જોઈએ – સુરાપાનનું આ જ એક પ્રાયશ્ચિત્ત છે".

આ પ્રાયશ્ચિત્ત ઉપરાંત મૃત્યુતુલ્ય દંડના ડરથી દ્વિજોમાં મદ્યપાનનો પ્રભાવ ઓછો થયો. પરંતુ શૂદ્ર જાતિ માટે એ કાળમાં મદ્યનિષેધ અનિવાર્ય નહોતો.

કોઈ પણ દ્વિજ મદ્યપાન કરે તો એના પ્રાયશ્ચિત્ત માટે સુતપ્ત મદ્ય જ એક નિવારણ હતું. અને સુતપ્ત મદ્યનું પરિણામ મૃત્યુ સિવાય બીજું શું હોઈ શકે? પરંતુ શાસ્ત્ર આટલેથી જ ચૂપ નથી– સુતપ્ત મદ્ય પીવા છતાં, જો કોઈ બચી જાય તો, એને માટે એક બીજું કઠોર પ્રાયશ્ચિત્ત તો છે જ! સમાજમાં એને હલકો પાડવા માટે, શાસ્ત્રે સુરાધ્વજનો ઉલ્લેખ કર્યો છે! સુતપ્ત મદ્ય પીધા પછી, બચી જનારના કપાળમાં સુરાધ્વજ અંકિત કરવામાં આવતો હતો. આ આખરી પ્રાયશ્ચિત્ત જ હતું! આનાથી સમાજમાં તે હમેશને માટે નિંદાપાત્ર ગણાતો.

મનુ ભગવાન સિવાય અન્ય આચાર્યોએ પણ દ્વિજ-જાતિ માટે મદ્યનિષેધ સંબંધમાં કડક પ્રતિબંધ મૂક્યા હતા.

બૌદ્ધકાળમાંથી આપણને મદ્યનિષેધ માટે ઐતિહાસિક કારણો અને પ્રમાણ મળી આવે છે. કારણ કે બૌદ્ધકાળ દરમિયાન આપણને કૌટિલ્યનું અર્થશાસ્ત્ર મળે છે. મૌર્ય - શાસનકાળ દરમિયાનની ઐતિહાસિક ઘટનાની જાણકારી માટે આ અર્થશાસ્ત્ર સિવાય અન્ય કોઈ ગ્રંથ સુલભ નથી. જો કે અર્થશાસ્ત્રનું નિર્માણ સૂત્રોના રૂપમાં છે;

પરંતુ આ સૂત્રોમાં સમાવાયેલા આદેશોમાં એ કાળ દરમિયાન શાસનનાં વિવિધ રૂપો જોવા મળે છે. એટલે જ કૌટિલ્યશાસ્ત્રને મૌર્ય-કાળનો સાચો ઈતિહાસ માનવામાં આવે છે.

કૌટિલ્યે મદ્યનિષેધ વિશે પૂરો એક અધ્યાય લખ્યો છે, એટલે એનાથી ફલિત થાય છે કે મદ્ય - સંબંધી નિયમો ઉપેક્ષાભાવથી નહોતા જોવામાં આવતા. મૌર્યકાલીન વ્યવસ્થામાં મદ્ય ઉપર વ્યક્તિ-ગત પ્રભાવ ઓછો દેખાય છે અને એવું અનુમાન થઈ શકે છે કે સંભવતઃ કોઈ વ્યકિત, મદ્યનો સ્વેચ્છાપૂર્વક છૂટથી ઉપયોગ નહોતી કરી શકતી, કારણ કે એના ઉપર સખત પ્રતિબંધો હતા.

અર્થશાસ્ત્રથી એ પણ જ્ઞાત થાય છે કે કોઈ પણ વ્યકિત મદ્યનો વેપાર કરી શકતી નહીં અને એનો અધિકાર મેળવવા માટે એ કાળના શાસનાધિકારીને સારી એવી રકમ આપવી પડતી હતી! ગૃહ કામ-કાજ માટે, ઉત્સવ યા અન્ય ખાસ પ્રસંગો માટે, કોઈક જ વ્યકિતને સુરા બનાવવાનો અધિકાર મળતો.

અર્થશાસ્ત્રાનુસાર સુરા - વ્યાપાર ખાસ કરીને મૌર્ય - સરકારનો એક વિભાગ હતો; જે સુરાધ્યક્ષને આધીન હતો.

એ કાળમાં પણ મદ્યના રૂપ, ગુણ અને પરિમાણ ઉપર પણ ખાસ લક્ષ આપવામાં આવતું. મદ્યની દુકાનો પણ સરકારી નિયંત્રણ હેઠળ રાખવામાં આવતી હતી.

મૌર્યકાલીન મદ્ય-સંબંધી નિષેધાત્મક કાર્યપદ્ધતિ ઉચ્ચ કક્ષાની હતી. બે હજાર વર્ષ પૂર્વે ભારતમાં આદર્શ શાસનપ્રણાલી વિદ્યમાન હતી.

આમ પ્રાચીન કાળમાં, આપણા દેશમાં, મદ્યપાન અને મદ્યપાન-નિષેધ વિશે શાસ્ત્રો, ઋગ્વેદ, વેદ અને કૌટિલ્યનું અર્થશાસ્ત્ર સારો પ્રકાશ પાડે છે.

આ બધાં પ્રમાણો જોતાં, પ્રાચીન કાળ અને વિદ્યમાન કાળ દરમિયાનનાં નીતિનિયમો વચ્ચે ઘણો ફરક છે! પરંતુ પ્રાચીન કાળથી આજપર્યંત માત્ર મૌર્ય-કાળ દરમિયાન જ મદ્યપાનનિષેધનાં નીતિ નિયમોનો બરાબર અમલ થયો હતો. આમ છતાં યે મદ્યપાન વિશે નિયંત્રણો તો હતાં જ એ દેખાઈ આવે છે.

ગુણવંત ભટ્ટ

* * *

'પ્રબુદ્ધ જીવન'નીપત્રચર્યા:

—નિમંત્રણ—

આજે સમાજમાં ચારેકોર અનેક પ્રકારની સમસ્યાઓ પડેલી છે. લોકોના મનમાં જાતજાતની મૂંઝવણો, જાતજાતના પ્રશ્નો સળ-વળતા હોય છે. આના અનુસંધાનમાં એમ વિચારવામાં આવ્યું છે કે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો પોતાના મનમાં ઊભા થતા કૌટુંબિક, સામા-જિક, ધાર્મિક, આર્થિક તેમ જ રાજકારણીય મુદ્દાઓને લગતા મહ-ત્વના પ્રશ્નો ટૂંકમાં લખી મોકલાવે તો તે પ્રશ્નોના જવાબો તે તે વિષયને લગતી તજજ્ઞ વ્યકિતઓ આપશે.

પ્રશ્નો મુદ્દાસરના અને વ્યકિતગત નહિ પરંતુ સમાજના વિશાળ વર્ગને સ્પર્શતા હોવા જોઈએ. પ્રશ્નોના જવાબો સમયની અનુકૂળતા પ્રમાણે અપાશે. તદ્દન બિનઉપયોગી પ્રશ્નોના જવાબો આપવામાં આવશે નહિ.

રસ ધરાવતા મિત્રોને આ વિષયમાં પત્રવ્યવહાર કરવા વિનંતિ છે.

—તંત્રી : 'પ્રબુદ્ધ જીવન'

શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢાનો વાર્તાલાપ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સર્વ સેવા સંઘના પ્રમુખ શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢાનો એક વાર્તાલાપ બુધવાર તા. ૧૮-૧૦-'૭૨ના રોજ સાંજના ૬॥ વાગ્યે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભા-ગૃહમાં રાખવામાં આવ્યો છે. તો આ વાર્તાલાપમાં સમયસર ઉપસ્થિત થવા સૌ સભ્યોને હાર્દિક નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

હિપા—વૃત્તિ: એનો લોપ કેમ થયો?

સૌરાષ્ટ્રના મારા વતનના ગામમાં હિપો કરીને એક યુવાન કોળી હતો. ચોરા ઉપર સૂઈ રહે. કોઈને ત્યાં ગોવાળ મોડો આવે તો ગાય કે ભેંશ દોહી આપે. ગરીબ માણસને ત્યાં મરણ થયું હોય અને મડદાને બાળવાનું સરપણ (લાકડાં) ન મળે તો હિપો ગોતી આપે. લગ્નસરા હોય તો અવાવરુ મેડીઓને હિપો સાફ કરી આપે. બદલામાં તેને જમવાનું મળી જાય, ઊતરેલાં કપડાં મળી જાય. કોઈ મોચીનું કામ કરી આપે તો જૂના જોડા મળી જાય તો ઠીક છે નહિતર ખુલ્લા પગે હિપો ફર્યા કરે. હજામની પણ તેને ગરજ નહિ. હજામને ગરજ પડે ત્યારે કામ કરાવીને દાઢી મૂંડી આપે. કન્યાને વિકટ રસ્તે વળાવવા સુધીનું જોખમકારક કામ પણ હિપો કરે. પૈસાને તે અડકે નહિ. ગાંજો પીવાનું મન થાય તો ગામને પાદર કોઈ બાવો આવી ચઢયો હોય તો તેની ચાકરી કરે અને એક-બે ભજન સંભળાવીને ગાંજાનો ટેસ કરી લે. વિનોબા ભાવેએ પવનારના આશ્રમમાં પૈસા વગરનું અર્થતંત્ર રચવા ધારીને "કાંચન-મુકિત" નો પ્રયોગ કર્યો તે સફળ થયો કે નહિ તે ખબર નથી, પણ હિપો મરી ગયો ત્યાં સુધી કાંચનમુકિતનું આચરણ કરી શકયો હતો.

હજુ ૨૫ વર્ષ પહેલાં જ આવા હિપાઓ આપણને ગામેગામ નજરે ચઢતા. બિચારા નવરા ગણાય પણ કામઢા માણસ કરતાં અનેક-ગણું કામ કરીને પારકા રોટલા અને પારકા આશરા ઉપર જ નભે. તેમને પૈસાનો કે માન—મરતબાનો કોઈ મોહ મળે નહિ. પ્રશંસા કે બદલાની કોઈ આશા નહિ. વખાણ સાંભળવા જેટલી ફુરસદ તેને હોય નહિ. આપણે જેને "સેવા" કહીએ છીએ તેનાથી અદકેરી સેવાચાકરી "હિપાઓ" કરતા હોય પણ "સેવા" જેવા સુંવાળા શબ્દનું તેમને કંઈ ભાન હોય નહિ.

તમે નજર કરશો તો કદાચ તમારી આસપાસ હજુ આવી હિપા-વૃત્તિવાળા, નિર્લેપ અને નિસ્પૃહ માણસોને જોશો. ડગલે ને પગલે પૈસા વડે જ કામ કરનારા આ સમાજમાં હિપા-વૃત્તિવાળા લોકો બિચારા મૂરખમાં ખપતા હોય છે. એક ભાઈએ મને એક નાનકડી પુસ્તિકા લખી આપવાનું કહ્યું! અને તરત પૂછ્યું, "શું પૈસા લેશો?" મને જરા આંચકો લાગ્યો. આંચકો લાગવો તે સ્વાભાવિક ગણાતું નથી. કોઈ તમારી પાસે કામ કરાવે અને તમે કંઈક Consideration વગર કામ કરતા હો તો તમારી કંઈક લાંબી વ્યૂહરચના છે અને લાંબે ગાળે તમે કંઈક વધુ પડાવવા ધારો છો તેવી શંકા જાય છે. મફતમાં કોઈ કાંઈ કરે જ નહિ. બદલાની આશા વગર કોઈ કાંઈ કરે જ નહિ તેવી માન્યતા અત્યારે દૃઢ થઈ ગઈ છે.

હું કૉલેજમાં હતો ત્યારે હૉસ્ટેલના રસોડાની વ્યવસ્થા મને સોંપાઈ. મહિનાને અંતે મેં સરેરાશ કરતાં ઓછા ખર્ચવાળાં બિલો મારા સહવિદ્યાર્થીઓને મોકલ્યાં હતાં. મને થોડીક શાબાશીની અપેક્ષા હતી, તે બાજુએ રહી. એક વિદ્યાર્થીએ આવીને પૂછ્યું, "કેટલા મારી ખાધા? એક વૂલન સૂટ થઈ જશે, ખરું ને?" હૉસ્ટેલની મૅસના સેક્રેટરીઓ મફતમાં વૂલન સૂટ ન બનાવી લે તો તે મૂરખમાં ખપે છે. વિદ્યાર્થીઓનાં યુનિયનોની ચૂંટણીઓ થાય છે તેમાં સ્પોર્ટ્સ સેક્રેટરી થવા માટે પડાપડી થાય છે. રમતગમતનાં સાધનોની ખરીદી રમતગમતનો સેક્રેટરી કરતો હોય ત્યાં તેણે અમુક પૈસા મારી ખાવાના હોય છે.

શાળા અને કૉલેજમાંથી જ આ સંસ્કાર લઈને આવેલો આપણો યુવાન, વ્યવસાય, ધંધો, નોકરી કે રાજકારણમાં પડે ત્યાં પણ આ મારી ખાવાની તાલીમ તેને કામ લાગે છે. કોઈ પણ Conside-ration વગર કંઈ જ ન કરવું તેવા સંસ્કાર બચપણમાંથી જ સિંચાય છે. નાનાં બાળકો તેમના મિત્રો કે પાડોશીઓનું કામ લોંશે-

હોંશે કરી આપે છે. આવું કામ કરવામાં તેમને અનેરો આનંદ આવે છે. કોઈ પાડોશીનું કામ કરી આવીને બાળક ઘરે આવે ત્યારે તેની મા ધમકાવીને પૂછે છે: "ક્યાં ગુડાયો હતો?"

"નર્મદાબહેન માટે કોથમીર લેવા."

"એમ કોઈનાં કામ માટે હડિયાપાટી ન કઢાય. તને શું બંધાવી દે છે?"

આવા સંવાદો કદાચ તમને એક યા બીજા સ્વરૂપે ઘરેઘરે સંભળાતા હશે.

નવરાત્રિનો ઉત્સવ હોય, હોળી હોય, કે શેરીનો કોઈ સામાજિક ઉત્સવ હોય ત્યારે નાનાં બાળકો અને નિર્દોષ યુવાનોને સહકારી ભાવનાથી કામ કરવાનો ખૂબ ઉમંગ હોય છે. પરંતુ માતા-પિતા આવી હોંશ ઉપર ઠંડું પાણી રેડતાં હોય છે. "શું કામ પટલાઈ કરવા જાઓ છો?" ડાહી પત્ની તેના "મૂરખ" પતિને આવી શિખામણ આપતી હોય છે. મફત કામ કરીને અનુભવાતું આત્મસંતોષનું સુખ જ જાણે આપણી પાસેથી છિનવાઈ ગયું છે. પ્રતિક્રિયારૂપે જેટલું મફત મળે અને કામ કર્યા વગર મળે તે જ આપણને સુખ આપનું હોય છે.

કંઈ પણ બદલા વગર કે Consideration વગર કામ કરવાની વૃત્તિ આપણામાં જન્મજાત હોય છે, પણ બચપણથી તેનો ઉચ્છેદ કરવામાં આવતો હોય છે. પણ તે વૃત્તિને મોકો મળતાં જ આપણે હિપ્પા - વૃત્તિમાં આવી જઈને મફત કામ કરી આપવામાં આનંદ અનુભવીએ છીએ. ૧૯૬૦ના દાયકામાં અમેરિકામાં જે હિપ્પી પ્રવૃત્તિ શરૂ થઈ તે હિપ્પી અને મારા ગામના સેવક હિપાના નામની સામ્યતા તો એક અકસ્માત જ હશે. પણ જે સાચુકલા હિપ્પી છે તેમનામાં બદલાની ભાવના વગર કામ કરવાની વૃત્તિ પોષવામાં આવતી હતી. વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ એક વખત કહેલું કે તમામ હિપ્પી ખરાબ નથી, અમુક સારા પણ છે. સાચુકલા હિપ્પીઓ પૈસાને ખરેખર હાથનો મેલ ગણતા હતા. તે લોકોએ કાંચનમુક્તિનો પ્રયોગ મોટે ઉપાડે આદર્યો હતો. એ લોકોની ભાષામાં કહીએ તો ફ્રી પ્લેનેટ, ફ્રી લૅન્ડ, ફ્રી ફૂડ, ફ્રી શેલ્ટર, ફ્રી ક્લોથિંગ, ફ્રી મીડિયા, ફ્રી ટેક્નોલોજી, ફ્રી હેલ્થ કેર ... અને બીજું ઘણું ઘણું મુકત રીતે ભોગવવાનો અને ભોગવવા દેવાનો તેમનો જીવનમંત્ર હતો.

સામાજિક રિવાજો, દંભ અને જરૂર કરતાં અનેકગણી સંપત્તિથી અબખે આવી ગયેલા અમેરિકન જુવાનિયાઓ હિપ્પી બનવા લાગ્યા હતા. પણ કેટલાકે માત્ર ઉપરછલ્લી મુકિતનો તત્ક્ષણ આનંદ લેવા પૂરતી જ આ હિપ્પી-વૃત્તિ અપનાવી હતી. કોઈ મહાન વ્યકિત ત્યાગનો ઉપદેશ આપે તેને ઉત્કટતાથી સાંભળીને પછી તુરત જ પોતાનાં તમામ કપડાં ફગાવી દેનારી વ્યકિત જો પૂરી સમજ વગર નગ્ન બને તો એ નગ્નતાથી થાકે ત્યારે નગ્નતાને ઢાંકવા પહેલાં કરતાં બમણાં કપડાં પહેરતી થઈ જશે. હિપ્પીઓનું પણ એવું જ બન્યું. લાંબા વાળ, ઢંગાં કપડાં, ગાંજો, અફીણ અને મુકત વિહારથી ગળે આવેલા હિપ્પીઓએ નવું વાતાવરણ અને નવા સાથીઓ શોધવા પૂર્વ તરફ હંકાર્યું અને તે તમામ જગ્યાએ ફરી વળ્યા. પછી તેમની નવીનતા માટેની અને પરિવર્તન માટેની ભૂખ ભાંગી ગઈ. પાછા તે પૈસા માગતા થઈ ગયા. ગાંજો સંઘરતા થઈ ગયા. લાંબા વાળ રાખવા છતાં પોતાના એ અનોખા દેખાવને સંજોરવાની ચીવટ રાખવા લાગ્યા. કાંચનમુકિત ચાલી ગઈ.

ભારતમાં ઘણા લોકો શહેરી જીવનથી થાકે કે સામાજિક બંધનોથી ગળે આવી જાય ત્યારે તેમાંના માત્ર ભાગેડુવૃત્તિવાળા કોઈ ને કોઈ આશ્રમનો આશરો લે છે. શહેરી જીવનની ઝડપથી કંટાળેલો માણસ આશ્રમના શાંત ગતિથી ચાલતા જીવનમાં પરોવાય છે ત્યારે ઘડીભર ચિત્તની પ્રસન્નતા અનુભવે છે. થોડી વાર તે મુકિત અનુભવે છે, પણ પાછો એ આશ્રમની શાંતિથી પણ ટેવાઈ જઈને નવું પરિવર્તન ઈચ્છે છે. અને કંઈ નવું પરિવર્તન લાવવાની ખેવના ધરાવતો હોતો નથી એટલે આવીને પાછો શહેરમાં સમાઈ જાય છે.

શહેરમાં જ રહીને તે શાંતિ અનુભવી શકે છે તે વાતનું તેને ભાન નથી. આશ્રમમાં સવારે ઊઠીને કોઈ પણ Consideration વગર કે કોઈ બદલાની આશા રાખ્યા વગર તે હાથમાં સાવરણો પકડીને આશ્રમનું કમ્પાઉન્ડ સાફ કરવામાં આનંદ અનુભવશે. આશ્રમમાં સાવરણો પકડનાર આ માનવી તેના શહેરમાં આવેલા બિલ્ડિંગનું કમ્પાઉન્ડ કે દાદરો સાફ કરવા કદી જ જાતે જશે નહિ. આશ્રમના રસોડામાં શાકભાજી સમારવા જશે, પણ ઘરે પોતાની પત્નીને શાક સમારવામાં તો શું પણ શાકભાજી વેચાતાં લઈ આપીને પણ મદદ કરવા તૈયાર નહિ થાય. કંઈ પણ નીપજ વગરનું કામ કરવાનું આજના શહેરીને ફાવતું નથી. નિપજાઉ કામ હોય તો તે રાતનો ઉજાગરો કરશે, પણ સાવ ફોગટમાં કામ કરવા તે તૈયાર નહિ થાય, એટલું જ નહિ પણ ફોગટમાં કામ કરનારો કશીક ઉચાપત કરી જશે તેવો દઢ પૂર્વગ્રહ તે રાખતો હોય છે. આજના આવા બીમાર માનસનો ઈલાજ એ જ છે કે દરેક માણસ તેનામાં રહેલી "હિપા - વૃત્તિ"ને કયારેક ને કયારેક સજીવન કરે અને સાવ મફતમાં કામ કરવાની વાતને લાંછન સમજવાને બદલે તેને જીવનને નવપલ્લવિત કરવાનું ઓસડ સમજે તો હિપ્પી થવાની જરૂર નહિ પડે કે આશ્રમમાં જવાની જરૂર નહિ પડે. —કાન્તિ ભટ્ટ

ક્રોધનું વિસર્જન

ક્રોધ અગ્નિની જ્વાળા જેવો છે. જેમ અગ્નિની જ્વાળા વચ્ચે જે કોઈ વસ્તુ આવે તે ભસ્મ થઈ જાય તેમ, ક્રોધાવેશમાં આવેલા માણસના સપાટામાં જે કોઈ વ્યકિત આવે તેની માનહાનિ થઈ જાય. ક્રોધાવેશમાં આવેલો માણસ કેવું પગલું ભરી બેસે તેનો કોઈ અંદાજ આંકી શકાય નહિ. તે કેવું પગલું ભરી બેસે તેનો આધાર તેના ક્રોધની માત્રા ઉપર રહેલો હોય છે. ઘણી વખત આપણને રોવા કિસ્સાઓ વાંચવા - સાંભળવા મળે છે કે સાવ ક્ષુલ્લક બાબત માટે ક્રોધાવેશમાં આવી ગયેલો માનવી તેની પત્નીની હત્યા કરી નાખતો હોય છે. તેના કુટુંબના સભ્યો સાથે પણ મારામારી કરી બેસે છે. સામૂહિક હત્યાઓ પણ કરી બેસે છે. એટલે ક્રોધ આવી ભયંકર વસ્તુ છે એમ આપણે સારી રીતે જાણીએ છીએ એમ છતાં પણ ક્રોધના સપાટામાં આપણે પણ અવારનવાર સપડાતા હોઈએ છીએ. આમ થવું તે દરેક મનુષ્ય માટે સ્વાભાવિક બીના ગણાય. પરંતુ ડાહ્યા માણસની એ ફરજ બની રહે છે કે, જ્યારે પોતે ક્રોધના વમળમાં સપડાય ત્યારે એટલી જાગૃતિ રાખવી જોઈએ કે આવા પ્રસંગે ક્રોધાન્વિત થવાનું ગમે તે કારણ હોય, સામી વ્યકિતનું પણ ગમે તેટલું વિચિત્ર વર્તન હોય પરંતુ પોતે મક્કમ બનીને મૌન સેવી લેવું જોઈએ. એ સમયે તમારું મૌન તમને ઘણું જ અકળાવનારું લાગશે, ઓલું મૌન સેવવામાં તમને તમારું અહમ્ ઘવાતું હોય એવું પણ લાગશે. પરંતુ તમારા મૌનને લીધે જે પરિણામ આવશે તેના લીધે તમે અવશ્ય સંતોષ - શાંતિ અનુભવશો અને એક મોટા ઝંઝાવાતમાંથી બચી ગયાની લાગણી અનુભવશો. માટે જીવનમાં દરેક ક્ષેત્રે જ્યાં જ્યાં આવા પ્રસંગો ઊભા થાય ત્યાં ત્યાં સમજપૂર્વક શાંતિ અને મૌન સેવશો તો તમારા માટે તો તે લાભપ્રદ થશે પરંતુ સામી વ્યકિત ઉપર પણ તેની અવશ્ય સારી અસર પડશે. આવો પ્રયોગ સતત ચાલુ રાખીને જીવનમાં ક્રોધનું અવમૂલ્યન કરતા રહીએ. —શાંતિલાલ ટી. શેઠ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧.

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ નવેમ્બર ૧, ૧૯૭૨, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

❋ દુષ્કાળ ❋

દેશના ઘણા ભાગોમાં દુષ્કાળ અથવા અછતની પરિસ્થિતિ છે. મોંઘવારી ડૂકે ને ભૂસકે વધી રહી છે. જીવનની જરૂરિયાતની વસ્તુઓ પગ કરી અદશ્ય થતી જાય છે. મોંઘવારીભથ્થું, પગાર-વધારો, બોનસ વિગેરે માગણીઓ વધતી રહી છે. સરકાર અને બીજાઓ આવી માગણીઓને કેટલેક દરજ્જે સ્વીકારે છે, પણ જે કાંઈ વધારે મળે છે તે મોંઘવારી ભરખી જાય છે. ફૂ ગાવો વધે તેમ મોંઘવારી વધે છે. આ વિષચક્રમાંથી છૂટવાના કોઈ અસરકારક પગલાં હજુ સુધી લેવાયા નથી. ઘઉં–ચોખાનો જથ્થાબંધ વેપાર સરકાર હસ્તક કરવાનો નિર્ણય લેવાયો – ટૂંક સમયમાં જ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીએ જાહેર કર્યું કે ગુજરાત સરકાર આ વર્ષે આ નિર્ણયનો અમલ કરી શકે તેમ નથી. શ્રી ઘનશ્યામભાઈએ વાસ્તવિકતા તરત અનુભવી – સરકાર પાસે આ માટે તંત્ર નથી, બીજા પણ કારણો છે. બીજા સભ્યો પણ વત્તેઓછે અંશે આમ જ કરશે. સસ્તા અનાજની દુકાનો અને જીવનની બીજી જરૂરિયાતો સસ્તે કે વ્યાજબી ભાવે પ્રજાના મધ્યમ અને ગરીબ વર્ગને મળી રહે તે માટે સરકાર કેટલા અસરકારક પગલા લે છે તે જોવાનું રહે છે. વેપારી સ્વાર્થી પ્રાણી છે–નફાખોરી, સંગ્રહ વિગેરે વધવાનું. સરકારે આ માટે પણ પગલાં લેવા પડશે. આ તકે સરકારને દોષ દઈ અથવા તેના ઉપર આધાર રાખી બેસી રહેવાથી આ સંકટનો સામનો કરી શકીશું નહિ. સમસ્ત પ્રજાએ અને દરેક વર્ગે પુરુષાર્થ કરવો પડશે અને કટિબદ્ધ થવું પડશે. દરેક વર્ગ – વેપારી, અમલદાર, વકીલ, ડાકતર, મજૂર, માલેક—બધાએ સામાન્ય પ્રમાણિકતા, સામાજિક જવાબદારી અને ત્યાગની ભાવના કેળવવા પડશે. પ્રજા-કીય ધોરણે અને વ્યવસ્થિત રીતે મોટા પાયા ઉપર તૈયારી કરવી પડશે. વ્યાપારી સંસ્થાઓ અત્યારથી જાગે અને સ્વેચ્છાએ કાંઈક નીતિ નિયમ સ્વીકારે. અમલદારો લાંચ–રુશ્વતની લાલચને રોકે અને પ્રજા પ્રત્યેની પોતાની ફરજ સમજે. જાગ્રત પ્રજામત એવું વાતા-વરણ ઉત્પન્ન કરે. સામાજિક સંસ્થાઓ અને કાર્યકરો સંગઠિત થાય અને પ્રજાને સહાયરૂપ બને, તત્કાળ આટલું તો ઓછામાં ઓછું કરીએ :

૧. બધા ખોટા ખરચા બંધ થાય, લગ્ન અને બીજા પ્રસંગોએ જમણવારો, રીસેપ્શનોના ઠઠારા, બધું બંધ થાય. આવી રીતે બચેલ રકમ દુષ્કાળ રાહતના કામ માટે વપરાય – ખોટા આડંબરના પ્રસંગોમાં ભાગ ન લેવો. નજીકના સગા કે મિત્ર હોય તો પણ કઠણ થઈને દૂર રહેવું, બને તો અટકાવવું.

૨. પ્રધાનો અને અમલદારોએ ખરેખર સાદાઈ અને કરકસરનું દષ્ટાંત પૂરું પાડવું.

૩. સરકાર તરફથી કરોડો રૂપિયા રાહતમાં વપરાશે એમ જાહેર થયું છે. આમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને દુરુપયોગ થાય છે તે આપણો અનુભવ છે. સજ્જન અને પ્રમાણિક માણસોની સમિતિઓ રચી, સરકારી કામો ઉપર દેખરેખ રહે અને જે પૈસો ખરચાય તેનો પ્રજાને પૂરો લાભ મળે તેવી વ્યવસ્થા કરવી. સરકારી કામમાં દખલગીરી ન કરવી તેમ દેખરેખને નામે દાદાગીરી ન કરવી અથવા તેનો કોઈ લાભ ઉઠાવવા પ્રયત્ન ન કરવો. ખરેખર જ સરકારને મદદરૂપ થવાની ભાવનાથી આ કામ કરવું. મને ખાતરી છે કે સરકારી અમલદારો પણ આવી સહાય આવકારશે. અમલ-દારોમાં પણ સારા પ્રમાણમાં પ્રમાણિક અને સેવાભાવી માણસો છે.

૪. દુષ્કાળના રાહતકાર્યમાં રાજકારણને કયાંઈ વચ્ચે આવ-વા ન દેવું. માત્ર સેવાભાવે, બધા વર્ગો, બધી કોમો, બધા પક્ષોનો સાથ–સહકાર લેવો. કોઈ રાજકીય પક્ષને અથવા વ્યકિતને આ પરિ-સ્થિતિનો લાભ લેવા ન દેવો.

૫. સરકાર કરોડો રૂપિયા ખર્ચવાની છે માટે આપણા લાખોથી શું થવાનું, એવો ભાવ કાઢી નાખી બધાએ વધુમાં વધુ ફાળો આપી પ્રજાકીય ધોરણે કરોડો રૂપિયા ખર્ચવા જોઈએ. સમાજમાં અમુક વર્ગ ખૂબ સુખી છે, મોટી કમાણીવાળો છે. એસોસિયેશનો, ટ્રસ્ટો, કંપનીઓ, અને દરેક વ્યકિત ધારે તો કરોડો રૂપિયા જરૂર ભેગા કરી શકે. અરવિંદભાઈ મફતલાલ એકલા લાખો રૂપિયા ખરચે છે. આવા ફંડો જાણીતી સંસ્થાઓ અને પ્રમાણિક વ્યકિતઓની મારફત જ થાય અને પાઈએપાઈનો હિસાબ રહે. બિહારના દુષ્કા-ળના વખતે શ્રી જયપ્રકાશ નારાયણે એકલાએ લાખો રૂપિયા એકઠા કર્યા હતા.

૬. સેવાભાવી કાર્યકર્તાઓએ પોતાનો સમય આપી આ કામમાં લાગી જવું – અહંતા કે મહત્ત્વાકાંક્ષાથી દૂર રહી, નમ્રભાવે સેવાના કામમાં લાગી જવું.

૭. જિલ્લા અને તાલુકાપંચાયતો, સહકારી મંડળીઓ, બેન્કો અને ખાસ કરી સહકારી બેન્કો, સારા પ્રમાણમાં સહાયભૂત થઈ શકે

૮. વિભાગીય વ્યવસ્થા જરૂરની છે. સ્થાનિક કાર્યકર્તાઓનો બને તેટલો સાથ લેવો. મારો અનુભવ છે કે ગામડાઓમાં પણ સારા કાર્યકર્તાઓ મળી રહે છે.

આ બધું હું લખું છું ત્યારે પરિસ્થિતિની ગંભીરતા મારી સમક્ષ છે. આસો મહિનામાં પણ મુસીબતો શરૂ થઈ છે – પીવાનું પાણી કે ઘાસચારો નથી, તો હજુ ૮–૧૦ મહિના કાઢવાના છે. પાણી, ઘાસચારો, અનાજ અને બીજી જરૂરિયાતો – આ બધાની વ્યવસ્થા કરવાની રહે છે. માણસ અને પશુધન બન્નેની ભારે ચિન્તા છે. પરિસ્થિતિ અત્યંત વિકટ અને આપણી પૂરી કસોટી કરે એવી છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતના કેટલાક ભાગો અને મહા-રાષ્ટ્રના કેટલાક ભાગોમાં મોટા પાયા ઉપર અને ૮–૧૦ મહિના સુધી રાહતકાર્યોનું આયોજન કરવું પડશે.

ભગવાન મહાવીર કલ્યાણકેન્દ્ર અને સેન્ટ્રલ રીલીફ ફંડ– આ બન્ને સંસ્થાઓએ કેટલાય વર્ષોથી દેશમાં જ્યાં જ્યાં આવું સંકટ આવે ત્યાં રાહતનું કામ કર્યું છે. આ વખતે આ બન્ને સંસ્થા-ઓએ સાથે મળી કામ કરવાનો નિર્ણય કર્યો છે. અને વિભાગીય વ્યવસ્થા ગોઠવવાનું શરૂ કર્યું છે. મુંબઈ કરોડો રૂપિયાનો દાનનો પ્રવાહ વહેવડાવે એવી મારી પ્રાર્થના છે.

૨૫–૧૦–'૭૨ ચીમનલાલ ચકુભાઈ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો અને
'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો, વાચકો અને
લેખક–મિત્રોને....
નૂતન વર્ષની મંગલ કામનાઓ
પાઠવીએ છીએ.
ચીમનલાલ ચકુભાઈ શાહ...પ્રમુખ
ચીમનલાલ જે. શાહ
સુબોધલાઈ એમ. શાહ } મંત્રીઓ
તા. ૧–૧૧–૭૨

પ્રકીર્ણ નોંધ

અંબર ચરખો

ગાંધીજીએ ખાદી અપનાવવા દેશને આગ્રહ કર્યો તેમાં માત્ર આર્થિક દૃષ્ટિ જ ન હતી. ખાદી એક વિશિષ્ટ જીવનદૃષ્ટિનું પ્રતીક હતી. સાદાઈ, પ્રમાણિકતા, અહિંસા વિગેરે અનેક ગુણોના વિકાસ માટેનું સાધન હતી, તેથી ગાંધીજીએ ચરખાને મધ્યબિન્દુમાં મૂક્યો. પણ ખાદીનું આર્થિક પાસું પણ ઓછું અગત્યનું નથી. જ્યાં રોજગારીનું કોઈ સાધન નથી તેવા ગામડાઓમાં અને ખાસ કરીને સ્ત્રીઓ માટે, ઘરબેઠાં થોડી આવક થાય એ નાનીસૂની વાત નથી. આમાં અંબર ચરખાથી એક ક્રાન્તિ આવી છે. હમણાં ૧૧મી ઓકટોબરે રાજકોટમાં શ્રીમતિ ઈન્દિરા ગાંધીએ અંબર ચરખાનું પ્રદર્શન જોયું અને ૨૫૦૦ બહેનોને અંબર ચરખા ઉપર કામ કરતી નિહાળી ત્યારે ગરીબી ઓછી કરવામાં અંબર ચરખો કેટલો મોટો ફાળો આપી શકે છે તેની ખાત્રી થઈ. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, જેના શ્રી ઢેબરભાઈ પ્રમુખ છે, તે વર્ષોથી સૌરાષ્ટ્રમાં ખાદી ઉત્પાદનનું મોટા પાયા ઉપર કામ કરે છે. અંબર ચરખાએ આ કામને ખૂબ વેગ આપ્યો છે અને ગામડાઓમાં રોજગારીનું પ્રમાણ વધાર્યું છે. દિવસના ૮ કલાક કામ કરે તો ઓછામાં ઓછા બે રૂપિયા મજૂરી મળે. એક કટુંબ દિવસના ૫–૬ રૂપિયા કમાઈ શકે. અંબર ચરખાની કીંમત અંદાજ ૪૫૦ રૂપિયા છે. હપ્તાથી ખરીદવાની સગવડતા આપી છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના આ કામમાં લગભગ ૨૫,૦૦૦ માણસો કામે લાગ્યા છે, જેમાં ૨૨,૦૦૦ કાંતનારી બહેનો છે. માલનું ઉત્પાદન લગભગ ૬ કરોડનું છે અને લગભગ એક કરોડ રૂપિયા કાંતનારાને રોજગારી મળે છે. હવે ૬ ત્રાકનો ઈલેકિટ્રકથી ચાલે એવા ચરખા માટે પ્રયોગ થઈ રહ્યો છે અત્યારે પણ અંબર ચરખા ઉપર ઘણું બારીક સુતર તૈયાર થાય છે. ખાદી પ્રત્યે અશ્રદ્ધા થતી જાય છે ત્યારે આ હકીકતો એક નવી દિશા ખોલે છે. શહેરમાં વસતા આપણે ઓછામાં ઓછું એટલું કરીએ કે ખાદીની વપરાશ વધે તો એ પવિત્ર કાર્યમાં મદદ થાય. ખાસ કરી આ વર્ષે દુષ્કાળ છે ત્યારે અંબર ચરખો ઘેર ઘેર ફરતો થાય તો કાંઈક રાહત થશે.

અમેરિકા કયા માર્ગે ?

ઈન્ડિયન એકસપ્રેસના વિદ્વાન તંત્રી ફ્રૅન્ક મોરાઈઝ ૨૨-૧૦-૭૨ ના એક લેખમાં જણાવે છે :

In America, politics is normally equated with corruption and the spectacle of an honest politician in the Capitol would be almost as breath-taking as the spectacle of Christ walking the earth again. શ્રી મોરાઈઝ અમેરિકાના વિરોધી નથી. છતાં તેમને આવું લખવું પડ્યું તેમાં જરા પણ અતિશયોકિત નથી. અમેરિકન પ્રમુખની ચૂંટણી ૭ મી નવેમ્બરે થશે. છેલ્લા છ મહિનામાં અમેરિકામાં બનેલ બનાવો, શ્રી મોરાઈઝે લખ્યું તેનું પૂરું સમર્થન કરે છે. નિકસનનું તંત્ર, ઈન્ડિયન એકસપ્રેસના અમેરિકાના અનુભવી ખબરપત્રી પરસરામના કહેવા પ્રમાણે, one of the most corrupt and unscrupulous in 'American History પુરવાર થયું છે. છતાં નિકસન મોટી બહુમતિથી ચૂંટાઈ આવશે એમ લાગે છે. પ્રશ્ન થાય છે કે આવું કેમ ? શું અમેરિકન પ્રજા પોતાનો આત્મા ગુમાવી બેઠી છે ? બધા નૈતિક મૂલ્યો નેવે મૂકયા છે ? અમેરિકન પ્રજા નિકસનના ભ્રષ્ટાચાર અને અમાનુષી અત્યાચારોથી અજાણ છે ? ના. It is certainly for want of public exposure. આ બધા દુષ્કૃત્યો આગેવાન વર્તમાનપત્રો અને વ્યકિતઓએ પોકાર કરીને ઉઘાડા પાડયા છે ન્યુયોર્ક ટાઈમ્સ, વૉશિંગ્ટન પોસ્ટ, ટાઈમ મેગેઝીન જેવા પ્રતિષ્ઠિત અને બહોળો ફેલાવો ધરાવતા પત્રોએ સતત ચેતવણી આપી છે. વિયેટનામના અત્યાચારો અમેરિકન પ્રજાના મોટા ભાગને સ્પર્શ્યા ન હોય તેમ લાગે છે. છૂટોછવાયો વિરોધ થયો છે, પણ પ્રતિષ્ઠાનું ભૂત વધારે બળવાન રહ્યું છે. અમેરિકન પ્રજા ભયભીત છે. ચીન અને રશિયા સાથે સંબંધો સુધર્યા તે નિકસનનું જમાપાસું છે. અમેરિકન પ્રજા સલામતી ઝંખે છે. નિકસનમાં કોઈ આદર્શ કે ભાવનાનો અંશ નથી. મેકગવર્ન કાંઈક આદર્શની વાતો કરી. ગરીબ અને હબસીઓ તથા કેટલેક અંશે વિદ્યાર્થીઓનો તેને સાથ મળ્યો. પણ મેકગવર્ન, હવે લાગે છે, શકિતશાળી વ્યકિત નથી. ચૂંટણીપ્રચારમાં લાંચરુશ્વત, ભય, લાલચ, ધમકી, બધા હથિયારો અજમાવાયા છે. નિકસનના માણસો ખોટી સહીથી છાપામાં પત્રો લખે, ડેમોક્રેટીક પક્ષની મિટિંગો તોડે, જાસૂસી કરે, ધાકધમકી આપે. આ અતિ ખર્ચાળ ચૂંટણીમાં પૈસા મેળવવાની રીતરસમોના અહેવાલો ટાઈમ મેગેઝીનમાં વાંચી ભારે આશ્ચર્ય થાય. નિકસનને સાડા ચાર કરોડ ડૉલરનું ખર્ચ થશે. Big corporations નો તેને ટેકો છે. ખાણાં અપાય તેમાં એક ભાણાંના ૧,૦૦૦ ડૉલર. નિકસનને મદદ કરે તેવા વેપારી, ઉદ્યોગપતિ અને વ્યકિતઓને તેનો બદલો મળે. પ્રમુખની વિશાળ સત્તાનો તેમને લાભ મળે. આ ષડયંત્ર એટલું વ્યાપક અને ભયાનક છે કે સામાન્ય માણસ પોતાની જાતને નિ:સહાય માને છે અને હતાશ થઈ નિષ્ક્રિય બને છે. પ્રજાનો મોટો ભાગ આવો હોય છે. પણ સત્તા અને સંપત્તિ જેના હાથમાં છે તે થોડા સમય માટે પોતાનું ધાર્યું કરી જાય છે. પણ અંતે અધ:પતન અને વિનાશ છે.

અવળા ઉપાય :

દિલ્હીમાં થોડા દિવસ પહેલાં Abolitionist Conference મળી હતી તેમાં વેશ્યાવૃત્તિ અને વેશ્યાવાડાઓ (Brothels) વિષે વિચારણા થઈ. આ પુરાણો પ્રશ્ન છે. બધા દેશોમાં છે. દરેક માણસ પોતાના અનુભવ અને પ્રકૃતિ મુજબ આ વિષયે અભિપ્રાય ધરાવે છે. બુદ્ધિપૂર્વકના સ્વચ્છ અને નિષ્પક્ષ વિચારણા માટે બહુ અવકાશ નથી. This is a most irrational field of man's life. દરેક દેશમાં તેને માટે કાંઈ ને કાંઈ કાયદાઓ હોય છે. દારૂબંધી પેઠે આવા કાયદાનો અમલ પણ મોટે ભાગે નિષ્ફળ જાય છે.

ઈલ્સ્ટ્રેટેડ વીકલીના વિદ્વાન તંત્રી શ્રી ખુશવંતસિંહનો અભિપ્રાય આ બાબતમાં જાણવા જેવો છે. તેઓ જણાવે છે "આ વિષયે જે કહેવામાં આવે છે તેમાં–દંભ (Sanctimonious tone) હોય છે. આ વિષયમાં બોલવાવાળાને અનુભવ હોતો નથી. (ન્યાયાધિશને ગુન્હાના અનુભવની જરૂર હોય છે ?) તેઓ કહે છે, આ બાબતમાં ઘણી અતિશયોકિત થાય છે. આ પ્રશ્નને બહુ મહત્ત્વ આપવાની જરૂર નથી. અન્ન, રહેઠાણ, શિક્ષણ, રોજગારી જેવા મહત્ત્વના પ્રશ્નો આપણી સમક્ષ પડયા છે ત્યારે આ પ્રશ્ન પાછળ આપણી શકિતનો વ્યય કરવાની જરૂર નથી. પોલીસ ખૂન, લૂંટ, કાળાબજાર વગેરે ગુનાઓ અટકાવી શકતી નથી ત્યારે વેશ્યાવાડાઓ ઉપર ધાડ પાડવી કે બજારુ સ્ત્રીઓને પકડવા પોલીસને ઉત્તેજન આપવાની જરૂર નથી."

પછી આ prostitution ના પ્રશ્નનો કેમ ઉકેલ કરવો તેનો ઉપાય સૂચવે છે.

"The only way to abolish prostitution is for the amateur to drive out the professional.

"Permissive sex does not breed prostitution; it reduces its incidence.

બધા દારૂ પીતા થાય તો કોઈને દારૂડિયો કહેવાય નહિ. સંયમહીન (Permissive) સ્ત્રી-પુરુષવ્યવહાર હોય તો prostitution રહે નહિ. સમાજનો મોટો વર્ગ સંયમી હોય તો બીજાને વ્યભિચારી કે અસંયમી કહેવાય. પણ permissive society માં કોઈ પ્રત્યે આંગળી ચીંધવાપણું રહે નહિ.

અવળી મતિ હોય ત્યાં અવળા ઉપાય જ સૂઝે. સંયમની વાત ન ગમતી હોય તે બીજો વિચાર કેમ કરી શકે?

૨૬–૧૦–૭૨ ચીમનલાલ ચકુભાઈ

આજ આજ ભાઈ અત્યારે

એકવાર નવા વર્ષે મેં એક સંકલ્પ કર્યો હતો. આ સંકલ્પનું હું પાલન કરી શક્યો છું અને એ સૌથી વધુ ફલદાયક નીવડ્યો છે. વર્ષો પૂર્વે મેં કરેલો એ સંકલ્પ હતો: મારામાં જે લાસરિયાપણું હતું. કામને ટાળવાની, મુલતવી રાખવાની મારામાં જે વૃત્તિ હતી એનો મારે અંત આણવો જોઈએ. એ દિવસોમાં કોઈ પણ કામને ટાળવાની વૃત્તિએ મારામાં ઊંડાં મૂળ ઘાલ્યાં હતાં. નિર્ણયો લેવાનો મને સખત અણગમો હતો, મુશ્કેલ કે અણગમતા કામો હું ટાળ્યા કરતો. કોઈપણ જવાબદારીનું દબાણ વધવા લાગે એમ હું એને હાથ ધરવાનું વધારેને વધારે ટાળ્યા કરતો હતો. આમાં હું પૂરેપૂરો ફસાઈ જાઉં એવો ખરેખરો ભય મારી સામે ઊભો થયો હતો.

સમતોલ મગજવાળા મારા એક મિત્રે મને આ વિશે થોડા શબ્દો કહ્યા અને હું મારી સમસ્યાને સ્પષ્ટપણે જોઈ શક્યો. મારા મિત્રે મને કહ્યું: 'તું એમ માનતો લાગે છે કે તારું આ લાસરિયાપણું તારા વ્યકિતત્વમાં જડાઈ ગયેલું છે અથવા તો એ એક અસાધ્ય રોગ છે. તારું આ લાસરિયાપણું બેમાંથી એકે નથી. એ એક ખરાબ ટેવ છે અને બીજી બધી ટેવોની માફક આ ટેવને પણ તોડી શકાય છે. તું પણ તારી આ ટેવને, એ તને ભાંગી પાડે એ પહેલાં છોડી દઈ શકે છે.'

આ ચેતવણી મારા હૃદયસોંસરવી ઊતરી ગઈ. મારી આ સમસ્યાનું નિરાકરણ થાય ત્યાં સુધી એની પાછળ મંડ્યા રહેવાનો મેં નિશ્ચય કર્યો. આ દરમિયાન આ વિશે મેં કેટલાક માર્ગદર્શક સિદ્ધાન્તો તારવ્યા, જે પોતાનાં કામને મુલવતી રાખવાની મનોવૃત્તિ ધરાવતા બીજાઓને પણ ઉપયોગી થાય તેમ છે. આ રહ્યા એ સિદ્ધાન્તો.

લાસરિયાપણું એ નિર્દોષ–હાનિકારક નહિ એવી નાની ટેવ માત્ર છે એ માનવાનું છોડી દેજો. ઘણા ધંધાદારીઓ એટલા માટે નિષ્ફળ જતા હોય છે કે તેઓ મહત્ત્વના નિર્ણયો લેવાનું ટાળ્યા કરે છે. કેટલીકવાર લોકો મૃત્યુ પામે છે, કેમકે એમણે દાકતર પાસે જવાનું ટાળ્યા કર્યું હોય છે. લાસરિયાપણું એ બિન–મહત્ત્વની ખરાબ ટેવ માત્ર નથી, એ તો એક એવો સૈતાન છે જે તમારી મહત્ત્વાકાંક્ષાને કુંઠિત કરે છે, તમારા સુખનો નાશ કરે છે અને કેટલીકવાર તમારા મૃત્યુનું કારણ પણ બને છે.

લાસરિયાપણું પરેશાન કરતું હોય એવું એક ક્ષેત્ર પસંદ કરો અને ત્યાં એના પર વિજય મેળવો. વ્યાખ્યાન આપવા જવા માટે પહેલાં મને જ્યારે વિનંતિઓ કરવામાં આવતી ત્યારે હું એ વિનંતિનો સ્વીકાર કરી શકું તેમ નથી એ જાણવા છતાંયે મને લોકોને ના પાડવાનું ગમતું નહિ અને એટલે એ વિશે નિર્ણય લેવાનું હું ઢીલમાં નાખ્યા કરતો હતો. પણ પછી જ્યારથી મેં મારી જાતને ઝડપથી નિર્ણય લેવાની ફરજ પાડવા માંડી ત્યારથી હું વધારે આનંદમાં રહું છું અને જેમને મારી સાથે કામ પાડવાનું આવ્યું છે એમને પણ એથી આનંદ થયો છે. આ રીતે તમારા જીવનના એક ક્ષેત્રમાં પણ લાસરિયાપણાની-કામને ઢીલમાં નાખવાની-વૃત્તિની પક્કડને તોડી પાડશો તો તમે રાહત અનુભવશો અને તમને વિજય મેળવ્યાની જે લાગણી થશે એથી બીજા ક્ષેત્રોમાં પણ એ મનોવૃત્તિ છોડવામાં તમને મદદ થશે.

જે કામ પ્રથમ કરવાનાં હોય એ નક્કી કરો અને પછી એક વખતે એક જ સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરો: અધૂરાં કામોનો ઢગલો અને લાસરિયાપણું એ બંને લગભગ સાથે જ જોવા મળે છે. જે માણસના મેજ પર દસ અધૂરાં કામ પડ્યાં હોય એનો મોટા ભાગની નિર્ણયશકિતનો વ્યય તો એમાંથી પ્રથમ કયું કામ હાથ ધરવું એ નક્કી કરવામાં જ થઈ જાય છે. કોઈપણ બે કામ કે જવાબદારીઓનું મહત્ત્વ એકસરખું હોતું નથી. મારામાં જ્યારે લાસરિયાપણું હતું ત્યારે ઘણીવાર હું મહત્વવિનાના સામાન્ય કામોમાં રોકાયેલો રહેતો અને મહત્ત્વનાં કામો પ્રત્યે ધ્યાન આપતો નહિ. પણ હવે એવું થતું નથી, કેમકે પ્રથમ કરવાનાં કામો વિશે નિર્ણય લેતાં હું શીખ્યો છું. બીજા દિવસે કરવાના કામોની નોંધ આજે દિવસ દરમિયાન હું કરતો જાઉં છું અને રાત્રે એનાં મહત્ત્વ અનુસાર ક્રમવાર એની યાદી કરી લઉં છું. બીજા દિવસે ક્રમવાર એ કામ હું હાથ ધરું છું. એક કામ પૂરું કરીને એનાં પર ચોકડી મારતાં મને આનંદ થાય છે.

આ સાવ પ્રાથમિક વાત છે, પણ બીજું કામ હાથ ધરતાં પહેલાં એક કામને પૂરું કરવાથી સમય અને શકિતનો ઘણો બચાવ થાય છે. આમાં ચલિત ન થવાય એ માટે મનમાં બરાબર નિશ્ચય કરી લેવો જોઈએ. કોઈક વાર મારે મારી જાતને કઠોર રીતે કહેવું પડે છે: 'તારી સામે જે કામ પડ્યું છે એ પૂરું થાય ત્યાં સુધી તારે આ ખુરશીમાં જ જડાઈ રહેવાનું છે'. એકવાર મન આ શિસ્તનો સ્વીકાર કરે પછી આવશ્યક શકિત પણ વહેવા લાગે છે.

સમયમર્યાદા પણ રાખવી જોઈએ: કોઈપણ કામ કરવા માટેની સમયમર્યાદા ખાનગી રીતે, પોતાના મનમાં નહિ પણ બીજા લોકો પણ જેના વિશે જાણતા હોય અને તમે એનું પાલન કરશો એવી અપેક્ષા રાખતા હોય એ રીતે સમયમર્યાદા બાંધવી જોઈએ. ખાનગીમાં, પોતાના મનમાં બાંધેલી સમયમર્યાદા પ્રત્યે દુર્લક્ષ થઈ શકે છે.

સૌથી વધુ મુશ્કેલ સમસ્યાને ટાળશો નહિ: સૌથી વધુ મુશ્કેલ સમસ્યાને ટાળવાનો પ્રયત્ન કરીએ એ કદાચ માનવસહજ વૃત્તિ હશે, પણ છેવટે એમાંથી વધુ મોટી મુશ્કેલી ઊભી થવાનો સંભવ રહે છે. વર્ષો પહેલાં હું કાગળ-પત્રોનો ઢગલો લઈને બેસતો. પહેલા કાગળમાં કોઈ મુશ્કેલ સમસ્યાની વાત હોય તો હું એને એકબાજુ મૂકીને જેનો સહેલાઈથી જવાબ વાળી શકાય તેમ હોય એવો કાગળ શોધી કાઢતો. આનું પરિણામ એ આવતું કે થોડા વખતમાં જવાબ આપ્યા વિનાના પત્રોના બે-ત્રણ થેલાઓ ભરાઈ જતા અને પછી મારે એનો નિકાલ કરવા માટે દોડધામ કરવી પડતી અને મોડી રાત સુધી કામ કરવું પડતું હતું.

એક દિવસ મારા એક માનસશાસ્ત્રી મિત્રે મને કહ્યું: 'તું ભૂલ કરી રહ્યો છે. મુશ્કેલ પત્રોના જવાબ આપવાનું ઢીલમાં નાખવાનું તું છોડી દે. એનો જ સૌપ્રથમ નિકાસ કરી નાખ. આને લીધે તને જે પ્રોત્સાહન મળશે એ તારા બાકીના કામને પૂરું કરવા માટે તને પ્રેરશે.' મેં આ રીત અજમાવી. એની વાત સાવ સાચી હતી.

સંપૂર્ણતાની વૃત્તિ નિષ્ક્રિય ન બનાવી દે એની કાળજી રાખવી જોઈએ. કેટલાક લોકો અમુક કામ એટલા માટે હાથમાં લેતા નથી કે એમને એવો ડર હોય છે કે કદાચ તેઓ એને સંપૂર્ણ રીતે કરી શકશે નહિ. એક દિવસ એક મહિલાએ મને કહ્યું: મારા એક મિત્રના પતિનું અવસાન થયું છે, એને હું કાગળ લખવા માગું છું, પણ આશ્વાસનનો પત્ર લખતાં મને આવડતું નથી. હું જે અનુભવું છું એને કઈ રીતે વ્યકત કરવું એ હું જાણતી નથી.'

મેં પૂછ્યું: 'તમને કેવી લાગણી થાય છે?'

એણે કહ્યું: 'મને ખૂબ જ દુ:ખ-અફસોસ થાય છે, મને એ સ્ત્રીનો જ વિચાર આવ્યા કરે છે. મને એના પ્રત્યે સ્નેહ છે અને હું એને માટે પ્રાર્થના કરું છું.'

મેં એના આ શબ્દો એક કાગળ પર ઉતારી લીધા. એને એ કાગળ આપતાં મેં કહ્યું: 'તમે આટલું લખો એ પર્યાપ્ત છે. તમારા મિત્રને આ વખતે કોઈ સાહિત્યિક રચનાની નહિ પણ અંતરમાંથી આવેલા આવા થોડાક શબ્દોની જ જરૂર છે.

મારામાં જે લાસરિયાપણું હતું. કામને ટાળવાની વૃત્તિ હતી એમાંથી છૂટવા માટે મેં આ બધી રીતો અજમાવી હતી. આને લીધે છેવટે મારાં વલણમાં મૂળભૂત પરિવર્તન થયું. તમારી આસપાસ નજર કરશો તો તમે પણ સ્વીકારશો કે જેમણે લાસરિયાપણાની શૃંખલાને તોડી છે, જેમને એમના હાથ પરનું કામ કરવામાં સંતોષ મળ્યો છે, તેઓ ખરેખર સુખી માણસો છે.

તેઓ આતુરતા, ઉત્સાહ અને સર્જકતાથી છલોછલ ભરેલા હોય છે. તમે પણ આવા થઈ શકો છો.

[ડૉ. નોર્મન વિન્સેન્ટ પીલના લેખ પરથી : ટૂંકાવીને]

સામૂહિક ચેતના

આપણું આ દુર્દૈવ છે કે ભારતમાં જબરો મોટો સમૂહ છે, પણ સામુહિકતા નથી. સમાજ છે, પણ સામાજિકતા નથી. વ્યકિતગત વિકાસના ક્ષેત્રે અહીં વ્યકિતત્વ માનવતાનો મેરુદંડ બની શકે તેટલી ઉંચાઈએ ચઢી જાય છે, પણ જનસાધારણ મેદાનસ્તરે પણ નથી રહેતું, અટવાઈ જાય છે ઊંડી ખીણોમાં. માનવકુળના મુકુટમણિ સમા રામ, કૃષ્ણ, બુદ્ધ-મહાવીર, પરમહંસ, વિવેકાનંદ, ગાંધી-વિનોબા જેવા અનેક મહામાનવો અહીં જ પેદા થયા છે અને છતાંય સમગ્ર સમાજ આજે કયાં ઊભો છે? દૂધની મલાઈ ઉત્તમોત્તમ પણ દૂધની સરેરાશ ગુણવત્તા નિમ્ન સ્તરની. આવું શા માટે? એ વિષય આત્મગ્લાનિનો નહીં પણ આત્મસંશોધનનો અવશ્ય છે.

કદાચ એને માટે થોડેઘણે અંશે જવાબદાર છે આપણું તત્ત્વ-જ્ઞાન. ભાઈ-ભાંડું, મા-બાપ, સુત-દારા અને આખી દુનિયાદારી—આ બધું નકામું છે, એમાંનું કશું સાથે આવવાનું નથી. બધાંની લપ છોડ અને પ્રભુને તું ભજી લે. વ્યકિતગત વિકાસ, વ્યકિતગત સાધના, વ્યકિતગત મોક્ષ...એ જ સાધનાપથ રહ્યો. પરિણામે સામુહિક ચેતના, સામુહિક પુરુષાર્થ અને સામુહિક વિકાસ આપણે ખીલવી શકયા નહીં.

હકીકતમાં વ્યકિત જેટલી ઠોસ વસ્તુ છે, નક્કર હકીકત છે, તેટલો જ સમાજ પણ એક નક્કર વાસ્તવિકતા છે. વ્યકિત અને સમાજ એ બંને એટલી પરસ્પર સંકળાયેલી વસ્તુ છે કે એકને છાંડી બીજાનો વિચાર કરવા જતાં એકાંગીતા અચૂક આવે. એ બંને પરસ્પર પૂરક છે. વ્યકિતનું ઉત્થાન સમાજને પરિપુષ્ટ કરે છે. પરિપુષ્ટ સમાજ વ્યકિત-ગત જીવનમાં પરંતુષ્ટિનો અનુભવ કરાવી શકે છે. સ્વરૂપે અરૂપ હોવા છતાં સમાજની હસ્તિ ઈન્કારી ન શકાય તેટલી નક્કર છે. વ્યકિત અને સમાજ મળીને એક પરિપૂર્ણ ચિત્ર ખડું થાય છે. જેમ દાડમના ફળમાં દાણા, એમ સમાજમાં વ્યકિત. દાડમનો દાણેદાણો એ પણ નક્કર સત્ય અને દાડમનું આખું ફળ એ પણ નક્કર સત્ય. દાડમના આણુએઆણુમાંથી રસ સીંચાયો છે ત્યારે પેલો દાણેદાણો રસાળ બન્યો છે અને એ દાણેદાણો છે ત્યારે તો દાડમ છે. આમ બંને એકબીજા માટે ધારણારૂપ છે. વ્યકિતગત વિકાસ વગર સમાજ સમૃદ્ધ બની શકે નહીં અને સમાજને બાજુ પર મૂકી મેળવેલી વ્યકિતગત સિદ્ધિ માનવજીવનના સાર્થકયની ચરમસીમાએ પહોંચાડી શકે નહીં. આરંભ વ્યકિતથી કરી સમષ્ટિને માધ્યમ બનાવી પ્રભુતાને શોધવા જઈશું તો કદાચ એ સ્વયં આપણું ઘર પૂછતી આવશે.

આમ જોવા જઈએ તો સામૂહિક મોક્ષની વાત આપણા દેશ માટે નવી નથી. બાળભકત પ્રહલાદે જ ગાયું છે કે આ બધા લોકોને છોડીને મને જો મોક્ષ મળવાનો હોય તો મને એ મોક્ષ ન ખપે. યુધિષ્ઠિરે પણ ગાયું કે :

न त्वहं कामये राज्यम् न स्वर्गं न पुनर्भवम् :
कामये दुःखतप्तानाम् प्राणिनामार्तिनाशनम् ।

બીજું કશું ન જોઈએ, સિવાય પ્રાણીમાત્રનું દુ:ખ ગટે. બુદ્ધ-ગાંધીએ પણ એ જ વાત કરી અને આજે વિનોબા પણ ઠોકી ઠોકીને એક જ વાત કહી રહ્યા છે કે સામૂહિક સમાધિ એ વિજ્ઞાનયુગની અપરિહાર્ય માંગ છે. બંગાળમાં રામકૃષ્ણ પરમહંસના સમાધિસ્થાને એમને 'સામુહિક સમાધિ' શબ્દ સૂઝ્યો હતો અને ત્યારબાદ એ શબ્દ ઉપર ભાષ્ય, વિશ્લેષણ અને વિવિધ પ્રયોગોના અનેક સંપુટ ચઢતા રહ્યા છે.

શું છે આ સામૂહિક સાધના અને સામુહિક સમાધિ? વ્યકિતનું બલિદાન માગી, વ્યકિતત્વને હણી એનું ખાતર બનાવી કોઈ વિશાળ વટવૃક્ષ ઊભું કરી લેવાની દાનત એમાં છૂપાયેલી છે? આમાં વ્યકિતને ઉવેખીને કંઈક સામુદાયિક મળતર ઘરભેગું કરી લેવાની હિમાયત છે? વ્યકિતના જીવનબાગને ઉજાળી સમાજમાં વસંત ખીલવવાનો આમાં પ્રયાસ છે?

વ્યકિત એ આખરે શું છે? એ કોઈ અદ્ધર જન્મતી, અદ્ધર લટકતી અને અદ્ધરતામાં જ શૂન્યાવકાશમાં વિસર્જિત થઈ જતી હસ્તિ છે? આંગણામાં ગુલાબ ખીલ્યું છે, તો તેની આજુબાજુ કાંટા, શાખા, પાંદડાં, મૂળિયાં, ખાતર, ધરતી, હવા, પાણી, પ્રકાશ-એમ અનેક સંદર્ભોથી એ વીંટળાયેલું છે. આ સંદર્ભોને ટાળીને ગુલાબ આમ ખીલુંખીલું હસી શકયું હોત? માનવ એ સંતાન છે, સંતતિ છે, એમાં આગળ-પાછળ કંઈક તંતુ સંધાયો છે. એ કાચા સૂતરના તાંતણે બંધાઈને પ્રાણ પ્રગટ થાય છે એટલે જ માનવજીવનમાં પ્રેમ એ સર્વોપરિ વસ્તુ સાબિત થઈ છે. માનવી જ્યારથી ચાહવા માંડે છે, એ ક્ષણથી જ એનું સમાજના ક્ષેત્રમાં પદાર્પણ થઈ જાય છે. પોતાના નાનકડા ઘરમાંથી બહાર પગ મૂકતા વેંત સમાજનું ક્ષેત્ર આરંભાઈ જાય છે અને કયો માણસ આખી જિંદગી પોતાના ઘરમાં પુરાઈ રહી શકયો છે? માનવને ગમે તેટલો હીણો ચીતરો, આદિમાનવ સુધી પહોંચી જાઓ તો પણ 'ઘરે બાહિરે' વૃત્તિ એ માનવની સ્વાભાવિક, જન્મજાત વૃત્તિ છે. માણસની કમબખ્તી એ છે કે દુ:ખની જેમ સુખ પણ એ એકલો ભોગવી શકતો નથી. સુખ દુ:ખમાં એ ભાગીદારી ઈચ્છે છે. જ્યાં ભાગીદારીનું તત્ત્વ આવે છે ત્યાં વ્યકિત વિસ્તરે છે અને વિસ્તારને આપણે કઈ ક્ષિતિ-જોથી બાંધી શકવાના છીએ? જ્યાંસુધી શાશ્વતીની ચરમ સીમાઓ પહોંચતી હશે ત્યાં સુધી વ્યાપ્તિની ક્ષિતિજો વિસ્તરતી જશે. પોતાના ટચૂકડા દેહ પર્યંત મર્યાદિત પ્રેમ બ્રહ્માંડવ્યાપી સમષ્ટિ સુધી વિસ્તરતો નહીં રહે, ત્યાં સુધી માનવને આત્મસમાધાન જડવાનું નથી. એટલે સામુહિક સાધના પણ કોઈ પરોપકાર, સેવા કે સમર્પણ માટે નહીં, પણ જીવનની પરમપ્રાપ્તવ્ય અનુભૂતિને આત્મસાત્ કરવા માટે.

સામાજિક સંદર્ભના અનુસંધામાં પણ વ્યકિત શ્વાસોચ્છવાસ તો એનાં પોતાનાં બે ફેફસાંથી જ લેશે, જોશે તો એની બે આંખો એ જ, તેમ છતાં ય આખો સંદર્ભ બદલાઈ જશે. ત્યાર પછી ભલે એ નાનકડા દેહમાં વસતો હશે છતાં ય તે બ્રહ્મસ્થિત હશે. સવાલ દૃષ્ટિ બદલવાનો છે. સામાજિક દૃષ્ટિ જો જીવનમાં ખૂલી જાય તો માણસનું ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, બધાં પર કંઈક જુદો રંગ ચઢી જાય છે.

માનવજાતિના વિકાસનું આજનું આ ક્રમિક પગલું છે. આજના ઘણાખરા પ્રશ્નો ઉકેલાઈ જશે, જો સમાજ એ માનવકુળનું એકમ બનશે તો. ખાસ કરીને ભારત માટે આ વૃત્તિને ખીલવવી એ અનિવાર્ય છે. સામાજિક ગુણવિકાસ, સામાજિક ચારિત્ર્યઘડતર એ આ દેશની પ્રાણરક્ષા માટેનું અમૃતદાયી ઔષધ નીવડી શકે. પરસ્પર જવાબદારી એ આજના રોગનું સુપથ્ય હશે. અંતિમ મનુષ્યની કદી ય ન ભૂલાતી યાદ એ આ રોગની પરહેજી નીવડશે. ઔચિત્ય-ભંગની મર્યાદા વટાવાય, સુરુચિહાનિ થાય એટલી હદે વૈશિષ્ટય ભોગવતા સંકોચ ઊભો થશે તો એક સ્વસ્થ સમાજની દિશામાં આપણે આગળ વધી શકીશું. સ્વૈચ્છિક ગરીબી, પરસ્પર જવાબદારી, સાર્વત્રિક સ્વચ્છતા વિગેરે ગુણો ખીલશે તો નાગરિકતાની દિશામાં ઘણાં નવાં દ્વારો ખૂલશે.

અને ત્યારે ભકિત અને અધ્યાત્મનું એક નવું સંક્રાંત સ્વરૂપ પ્રગટ થશે. કદાચ ત્યારે હિમાલયની ઉત્તુંગતાને આંબતા ગાંધી પેદા નહીં થાય પણ એ ગગનચુંબી પર્વતરાજની માટી જમીન પર પથરાઈ જઈને આખી તળેટીને ઉર્ધ્વમુખી તો જરૂર બનાવી શકશે. સામાન્ય માનવીનું વિભૂતિમત્વ જ્યારે પ્રગટ થશે ત્યારે ગૌરીશિખ-રોમાં જ નહીં, પણ જમીનના કણેકણમાં ઐશ્વર્ય પથરાશે. એકે-એક માનવીની એ બ્રહ્મચર્યામાંથી જીવનનું અનોખું સૌન્દર્ય જન્મશે અને ધરતીમૈયાની સુની ગોદ ભરાઈ જશે. — મીરા ભટ્ટ

❋ ગાંધીજીનું 'રામનામ' ❋

મહાત્મા ગાંધીજીએ પ્રબોધેલા 'રામનામ'ની વાત કોણ નથી જાણતું ? એ બાબતથી અજાણ હોય એવો કેળવાયેલો ભારતીય જન ભાગ્યે જ મળે. વળી એ મહાપુરુષના સ્વર્ગારોહણ પછી નવજીવન પ્રકાશન મંદિરે એ 'રામનામ' શીર્ષકથી એક પુસ્તિકા તૈયાર કરાવરાવીને ગુજરાતીમાં તેમ જ અંગ્રેજીમાં પ્રગટ પણ કરાવી છે. પરન્તુ એમાં સંગ્રહાયેલાં સઘળાં લખાણો વાંચી જવા પછી ગાંધીજીએ કયા 'રામ'ને માટેનું, રામનામ લેવાનું પ્રબોધ્યું હતું તેનો સ્પષ્ટ ખ્યાલ ભાગ્યે જ આવે છે. વાચકોનો મોટો ભાગ તો એવું માની રહેતો દેખાય છે કે સીતાપતિ રામચંદ્ર અગર તો કૌશલ્યાનંદન રામ સિવાય બીજા કયા રામની વાત ગાંધીજી કરે ! પરન્તુ તેને લગતી સાચી વાત જાણવા જેવી છે એટલે તેની ચોખવટ ખુદ ગાંધીજીએ એક રામનવમીના ઉત્સવ પ્રસંગે આપેલા ભાષણમાં કરી હતી અને તે ભાષણને 'નવજીવન'ના તા. ૧- ૪- ૧૯૨૮ના અંકમાં 'તારનારો રામ' એ શીર્ષકથી પ્રગટાવવામાં પણ આવ્યું હતું. પરન્તુ એવા ઉપયોગી ભાષણને સૌ કોઈના દુર્ભાગ્યે 'રામનામ' નામના પુસ્તકમાં સંગ્રહવાનું રહી જવા પામ્યું છે. એટલે ગાંધીજીએ પ્રરૂપેલી સાચી વાતનો પ્રચાર જોઈએ તેટલો થવા પામ્યો નથી. આ રહ્યું તેમાંનું એક નાનુંસરખું અવતરણ, જે દ્વારા ગાંધીજી શું કહી ગયા છે તે સમજી શકાશે :

"આપણે જે રામના ગુણ ગાવા છે તે રામ વાલ્મિકિના રામ નહિ, તુલસી રામાયણના રામ નહિ,—જો કે તુલસી રામાયણ મને અત્યંત પ્રિય છે અને એને હું અદ્વિતીય ગ્રંથ માનું છું; એ વાંચવા માંડું ત્યારે વાંચતાં ધરાતો નથી; તો પણ આપણે આજે તુલસીદાસના રામનું સ્મરણ નથી કરવાનું કે નથી ગિરધરકૃત રામાયણના રામનું. તો પછી કાલિદાસના કે ભવભૂતિના રામનું તો શાને જ? ભવભૂતિના ઉત્તરરામચરિતમાં બહુ સૌંદર્ય છે, પણ એમાં એ રામ નથી કે જેનું નામ લઈને આપણે તરી શકીએ, અથવા જેનું નામ દુ:ખને વખતે લીધા કરીએ. અસહ્ય વેદનાથી પીડાતાને હું કહું છું કે 'લો રામનામ'; ઊંઘ ન આવતી હોય તો પણ કહું કે 'લો રામનામ'. એ રામ તે કોઈ દશરથના કુંવર કે સીતાના પતિ રામ નહિ. એ દેહધારી રામ જ નહિ. જે આપણા હૃદયમાં વસે છે તે દેહધારી રામ હોય જ નહિ. અંગૂઠા જેવડી વસ્તુ હૃદય અને તેના પણ કોઈ ઊંડાણમાં જે રામ સમાયો છે તે રામ દેહધારી હોય એમ બને નહિ. અથવા તો તે કોઈ વર્ષના ચૈત્ર માસની નવમીએ જન્મ્યા એમ ન જ કહેવાય. એ તો અજન્મ છે. એ તો પૃથ્વીને પેદા કરનાર છે, સંસારનો સ્વામી છે. એટલે, જે રામનું આપણે સ્મરણ કરવા ઈચ્છીએ છીએ અને જેનું સ્મરણ કરવું જોઈએ, એ રામ આપણી કલ્પનાના રામ, બીજાની કલ્પનાના રામ નહિ ..... આપણે પૂજા કરીએ અંતર્યામીની. એ અંતર્યામી જે સૌના અંતરમાં છે, છતાં સૌથી જુદા છે અને સૌના સ્વામી છે. એને જ વિશે આજે આપણે ગાયું કે 'નિર્બલ કે બલ રામ' .....એમાં તો એ રામ જે બધાને સામાન્ય છે, છતાં જેને કોઈ ઓળખી નથી શકતા તે રામનું આપણે સ્મરણ કરીએ છીએ. આ અંતર્યામી રામ અને કૃષ્ણમાં ભેદ નથી."

આથી વિશેષ જાણવાની લગનીવાળાએ એ અસલ લખાણ જ મનનપૂર્વક અભ્યાસવું ઘટે. 'રામનામ' નામના પુસ્તકમાં સંગ્રહાયેલાં ૪૨ લખાણો સમૂહગત રીતે જે સમજાવી રહ્યાં છે તે કરતાં અનેક ગણી ઉચ્ચ કોટિની સમજણ સને ૧૯૨૮માં અપાયેલું ગાંધીજીનું એ ભાષણ આપી રહે છે અને ગાંધીજીનાં મનન-ચિન્તનમાં રહેલી અલૌકિક વ્યાપકતાનાં દર્શન કરાવે છે. મહાપુરુષો કેટલાક શબ્દો તેના લૌકિક અર્થમાં નહિ, પણ પોતીકા ખાસ અર્થમાં વાપરે છે એ જગજાહેર છે.[૧]

—ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

[૧] ધ્યાનમાં રહે કે સદરહુ ભાષણ 'તારનારો રામ' એ શીર્ષકથી ગાંધીજીનાં ધર્મવિષયક લખાણોના સંગ્રહરૂપ 'વ્યાપક ધર્મભાવના'માં પણ પૃષ્ઠ ૨૫૨ થી ૨૫૫ ઉપર સંગ્રહાયેલું છે.

અમેરિકાનું જીવન

[શ્રી વિમળાબહેન ઠકાર હાલ અમેરિકાનો પ્રવાસ કરી રહ્યાં છે. શ્રી પ્રભાબહેન મરચંટ આ પ્રવાસના પરિપત્રો મોકલાવે છે. તેમના તા. ૩૧-૭-'૭૨ના પરિપત્રમાંથી તારવીને નીચેનો ભાગ અહીં પ્રકટ કરીએ છીએ. —તંત્રી]

અમેરિકા તો મહાસમૃદ્ધિશાળી દેશ છે, પરંતુ ખૂન, ચોરી તથા લૂંટફાટના બનાવો તો રોજ બનતા રહે છે. અહીં મનુષ્યને મારવામાં તો જરા પણ અરેકારો નથી. અહીંના કિસ્સા સાંભળીને તો આપણે હેબતાઈ જઈએ. ગરીબીમાંથી આખું ગુનાહિત માનસ ઉદ્‌ભવે તે સમજી શકાય તેમ છે, પરંતુ આવા ઐશ્વર્યશાળી પ્રદેશમાં આવા ગુનાઓ બને તે પણ કેવું આશ્ચર્ય પમાડે છે ! માનવ મારવા તે તો રમત છે. માનવની કોઈ કિંમત નથી ... કામ (સેક્સ) અને કેફી પીણાં તો જીવનનું મુખ્ય કેન્દ્ર છે. અમે જ્યાં રહીએ છીએ તે લત્તો ઘણો સારો ગણાય છે. તેમ છતાં પણ અમને સૂચના છે કે રાત્રે એકલાં ફરવા નીકળવાનું નહિ. આ બધું લખતાં એક કિસ્સો લખવાની ઈચ્છા થઈ જાય છે. એકવાર સાનફ્રાન્સિસ્કોથી અમે બર્કલી આવ્યા. ચાવી લગાડીને દરવાજો ખોલ્યો. મારાથી ચાવી દરવાજામાં જ રહી ગઈ. અમે તો સુવા ચાલી ગયાં. દરવાજો અંદરથી બંધ કર્યો. બહાર દરવાજામાં ચાવી લટકે. બીજે દિવસે સવારે કરવીન દિદિની ટપાલ આપવા આવ્યા. મેં દરવાજો ખોલ્યો. પ્રથમ તો મને કહેવા લાગ્યા કે મારે તને લઢવું છે. મેં આંખો ફાડીને લઢવાનું કારણ પૂછ્યું. એણે મને ચાવી બતાવી. મને તો એટલી શરમ આવી, મારા વિસ્મરણ માટે, મારા મનથી હું લજાઈ મરી. સાથે સાથે એણે મને કહ્યું, પ્રભુનાં બાળકો આરામથી પોઢી ગયાં હતાં અને પ્રભુ એમની પહેરેદારી કરતો જાગતો દ્વાર પર ઊભો હતો. સાચે જ એ દિવસે પ્રભુએ જ પહેરેગીરનું કામ બજાવ્યું. અહીં એક બારીબારણું પણ ખુલ્લું રાખી શકાય નહિ. દરવાજામાં સાંકળ હોય છે તેટલો જ દરવાજો ખોલીને જોવાનું હોય છે. પછી જ દાખલ કરવા દેવાની વાત હોય છે. અહીં જરા પણ ગાફેલ રહ્યા કે ગયા. અહીંનું જીવન અત્યંત સાવધાની માગી લે છે. મને તો હું અહીં આવી છું ત્યારથી જ વાતાવરણ ભારે જડ લાગે છે. આ મશીનના પ્રદેશમાં માનવી પણ યંત્ર જેવો જ થયો છે. ગળા સુધી જડતાએ પ્રવેશ કર્યો છે. લાગણીભાવને સંચાર કરવાની જગા બચી નથી એટલી જડતા અહીંનાં યંત્રોએ મનુષ્યને અર્પી છે, અને મનુષ્યે તે તે સહર્ષ સ્વીકારી છે. કોઈને કોઈની પડી નથી. કોઈ માર ખાતો હોય, કોઈ મરતો હોય તો લોકો લહેરથી જએ છે, બચાવવા દોડતા નથી. મરવાનો અને સંડોવાવાનો ડર છે. એટલે નજર સમક્ષ મનુષ્યને મરવા દે છે. આવી છે અહિં માનવની કિંમત. યંત્રોએ સંવેદનશીલતાનું ગળું ઘોંટી દીધું છે—આ છે અમેરિકાની એક બાજુ. બીજી બાજુ લોકો નવું ને નવું શોધવાનું સાહસ પણ ધરાવે છે. કામ કરવામાં ઝડપી છે. અહીં કામચોરી કરતા નથી. તે છતાં મને તો રાવણની લંકા જેવું લાગે છે. ભલે ને તે સોનાની હોય, પણ અસુરની તે અસુરની. એમાંથી સુરોની સંવાદિતા કયાંથી પ્રગટે ? આવા પ્રચંડ ઐશ્વર્યમાં પણ મનુષ્ય આંતરિક રીતે ભયંકર કંગાલિયત વેઠી રહ્યો છે. બહારની સ્થૂલ અમીરી અને અંદરની ગરીબી—કયાંય જીવનનો મેળ જમતો નથી. અમેરિકા પાછળ ગાંડા બનનાર લોકોને જોઈ મને આશ્ચર્ય થાય છે. હા, સાયન્સ અને ટેકનોલોજીની દૃષ્ટિથી અહીંનો માનવ ઘણો ઘણો આગળ છે. ઘણો વિકાસ સાધ્યો છે. પરંતુ યંત્રો સાથે જીવતા માનવીય સંબંધો તૂટતા જાય છે. જે માનવીય સંબંધોથી મનુષ્યનો આંતરિક વિકાસ થાય, ઐશ્વર્ય વધે તે સંબંધો નહિવત્ છે. માનવ આ રીતે બધાથી તૂટ્યો છે, એકલોઅટૂલો બન્યો છે. માનવની આ યાત્રા કયાં જઈને અટકશે. ઈશ્વર જાણે !

—પ્રભા મરચંટ

વિવેકાનંદની ધર્મદૃષ્ટિ

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રો. અમૃતલાલ યાજ્ઞિકે 'વિવેકાનંદની ધર્મદૃષ્ટિ' એ વિષય ઉપર આપેલું વ્યાખ્યાન અહીં પ્રગટ કરવામાં આવે છે. –તંત્રી]

આ પર્યુષણ વ્યાખ્યાનમાળાનું ધ્યેય ઘણું ઉદાત્ત રહ્યું છે. માનવીગુણોનો ઉત્કર્ષ થાય એવાં સંસ્કારપ્રેરક અને બૌદ્ધિક પ્રવચનો યોજવાં એ તેનું એક મહત્ત્વનું અંગ છે. સ્વામી વિવેકાનંદની સાધના અને સિદ્ધિમાં પણ માનવીગુણોનો ઉત્કર્ષ થાય તેવી દૃષ્ટિ કેન્દ્રમાં રહી હોવાથી મેં આ વિષય પસંદ કર્યો છે. વિવેકાનંદની સાધના અને સિદ્ધિમાં સર્વધર્મની ભાવના પણ પરિવ્યાપ્ત થઈ છે. સર્વધર્મનું તત્ત્વ સમજવાનો પ્રયાસ આ વ્યાખ્યાનમાળા દરમિયાન થતો હોય છે તેથી આ વિષય તેને અનુરૂપ છે એમ હું માનું છું.

આ સંદર્ભમાં સ્વામી વિવેકાનંદનો ધર્મવિચાર સમજવા જેવો છે. એમના વિચારોમાં તમામ સાધુપુરુષોના વિચારોની સંવાદિતા છતી થાય છે

એમણે ધર્મસાધના કરી છે તે તેમની આધ્યાત્મિક સાધનાને અનુરૂપ રહીને કરી છે. પરંતુ આ બધાંમાં એમણે માનવધર્મને કેન્દ્રસ્થાને રાખ્યો છે. જગતમાં બધે જ આધ્યાત્મિક ધર્મ સાથે માનવધર્મ સંલગ્ન થયેલો હમેશાં જોવામાં આવતો નથી; પરંતુ તેનો વિચ્છેદ જોવા મળશે નહીં.

રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદને સમાધિની દીક્ષા આપી હતી. વિવેકાનંદે સમાધિનો પ્રથમ આસ્વાદ લીધો, ત્યારે તેનાથી તેમને અનન્ય આનંદની અનુભૂતિ થઈ હતી. પછી રામકૃષ્ણ પરમહંસે તે સમાધિના અનુભવ વિશે વિવેકાનંદને પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું:

"આ અનુભવની ધન્યતાનો આનંદ અવર્ણનીય છે. સંસારમાંથી મુકત બની જે આનંદસમાધિ મેં અનુભવી તેમાં જ હું મગ્ન રહેવા માગું છું. મને હવે જગતની જંજાળમાં પાછો ધકેલશો નહીં એવી આપને પ્રાર્થના કરું છું."

રામકૃષ્ણ પરમહંસે હસીને કહ્યું:

"તું માત્ર આનંદમગ્ન રહે અને તે જગતને ભૂલી જાય એ કેમ યોગ્ય કહેવાય? તું આવો સ્વાર્થી કેમ બની શકે છે? તું માનવસેવા કરવા નિર્માયો છે. બધાથી અળગા થઈને આનંદ મણાય? માટે સમાધિનો આનંદ તારે એકલાએ જ શા માટે લેવો જોઈએ? તારા આવા આનંદથી કે ધર્મના પ્રચારથી ભૂખ્યાજનો ઉપર કઈ રીતે અસર થવાની છે?" રામકૃષ્ણ પરમહંસનાં આ વચનોની અસર વિવેકાનંદ પર ખૂબ ઊંડી થઈ. પરમહંસનાં આ વચનો તેમના હૃદયને બરાબર સ્પર્શી ગયાં.

પછી સંન્યાસ ધારણ કરી ભારતની યાત્રા કરવા નીકળી પડયા. આ વખતે એમણે કોઈ નામ જ ધારણ કરેલું નહીં; કારણ કે તેમની આધ્યાત્મિક વિચારણા પ્રમાણે તેમને મન નામરૂપનું મહત્ત્વ જ હતું નહીં. તેઓ માત્ર સંન્યાસી તરીકે જ ઓળખાય એવું એ ઈચ્છતા હતા. એ અજ્ઞાત સંન્યાસી તરીકે રહે અને ફરે એવી એમની ઈચ્છા હતી. એમને મન નામરૂપ નિરર્થક હતાં. નરેન્દ્ર દત્ત એમનું મૂળ નામ. એ નામે જ તેઓ રામકૃષ્ણ પરમહંસ પાસે આવ્યા હતા. સંન્યાસ લીધા બાદ એ નામ છોડયું.

આપણે તો એમ જ માનીએ છીએ કે સંન્યાસ ગ્રહણ કર્યા બાદ તેઓ સ્વામી વિવેકાનંદ બન્યા, પરંતુ હકીકત કંઈક જુદી જ છે. જ્યાં જાય ત્યાં નામને આનંદ પ્રત્યય લગાડી સન્યાસીને નામે ઓળખાતા.

સંન્યસ્ત ગ્રહણ કર્યા પછી તેઓ ભારતદર્શન માટે નીકળ્યા. ખૂબ ફર્યા. સંન્યાસી તરીકે ફરતા હતા ત્યારે બાવાસાધુને સહન કરવાં પડે છે તેવાં અપમાનો અને યાતનાઓ ખૂબ સહ્યાં હતાં.

દેશની ગરીબાઈથી તેમનું હૃદય દ્રવી ઊઠ્યું. એકવાર જ્યારે તેઓ જૂનાગઢ - પોરબંદર વચ્ચેના કોઈક સ્થળે હતા, ત્યારે ગરીબી દૂર કરવા માટે સમૃદ્ધ પશ્ચિમી દેશોમાં જવાનો વિચાર આવ્યો હતો. એ સમયમાં એકાદ ગરીબાઈને કારણે થયેલા કોઈકના મરણના છાપામાં સમાચાર હતા. આ ઘટનાથી એમનું દિલ દ્રવી ઊઠ્યું. એ રડી પડયા. પોરબંદર ગયા ત્યાં એમને એક પંડિતની સાથે પરિચય થયો. બંનેએ વેદાંતચર્ચા કરી. પંડિતને વિવેકાનંદની અગાધ જ્ઞાનશકિતની જાણ થતાં એમને પશ્ચિમના દેશોમાં જઈને આપણા દેશના ધર્મનું રહસ્ય સમજાવવા વિનંતી કરી. "આપણા દેશનું અને સંસ્કૃતિનું સત્ત્વ તમે ખૂબ સરસ સમજાવી શકશો" એમ પંડિતે વિવેકાનંદને કહ્યું.

વિવેકાનંદને વિચાર તો થયો, પરંતુ એમને દેશની ગરીબાઈ યાદ હતી જ. પશ્ચિમના દેશો સમૃદ્ધ હતા. તેનાથી માનવસેવાનું કામ થતું હોય તો વિદેશ જવું એવો વિચાર થયો.

સંન્યાસયાત્રામાં ફરતાં ફરતાં ત્યારના રાજસ્થાનના ખેતડી રાજ્યમાં આવ્યા. એ નાનું એવું દેશી રાજ્ય હતું. એના રાજાએ સૌ પહેલાં તો વિવેકાનંદની મશ્કરી કરી હતી, પરંતુ વિવેકાનંદે એમના પ્રશ્નોના જે જવાબો આપ્યા એનાથી એ રાજા અત્યંત પ્રભાવિત થયા. પા–અર્ધા કલાકની ચર્ચામાં જ રાજાને વિવેકાનંદનું હીર સમજાઈ ગયું. રાજાએ શિષ્યભાવે એમને મહેલમાં પધારવા આમંત્રણ આપ્યું અને એ ગયા.

અહીં એક અર્થસૂચક ઘટના બની. રાજાએ એક સમારંભ યોજ્યો હતો. ત્યાં એક નૃત્યાંગનાનો જલસો ગોઠવાયો હતો. આવા અધમ ચારિત્ર્યવાળી બાઈ હોય ત્યાં કેમ બેસાય? સમારંભમાં એ વારાંગનાને જોઈને તિરસ્કારથી વિવેકાનંદ ઊઠીને જવા લાગ્યા. રાજાએ આજીજી કરીને એક ગીત સાંભળવા પ્રાર્થના કરી. તેઓ બેઠા. વારાંગનાએ ગીત શરૂ કર્યું:

"પ્રભુ મોરે અવગુણ ચિત્ત ન ધરો,
સમ-દરશી હૈ નામ તિહારો, ચાહે તો પાર કરો.
એક નદિયા એક નાર કહાવત મૈલો હિ નીર ભરો,
જબ મિલ કરકે એક બરન ભયે સુરસરિ નામ પર્યો.
ઈક લોહા પૂજામેં રાખત, ઈક ઘર બધિક પર્યો,
પારસ ગુણ અવગુણ નહિં ચિતવત્, કંચન કરત ખરો.
યહ માયા ભ્રમ–જાલ કહાવત સૂરદાસ સગરો,
અબકી બેર મોહિ પાર ઉતારો, નહિ, પ્રાન જાત હરો."

વિવેકાનંદ જેમ જેમ આ ગીત - ભજનનું એક એક પદ સાંભળતા ગયા એમ એમ એ અંદર ને અંદર ઊતરતા ગયા. રોમાંરોમાંએ આ પ્રસંગ ખૂબ સુંદર રીતે ટાંકયો છે. એમણે ય આ પંકિતઓ ટાંકી છે. માનવજીવનમાં પતિત હોય તો તેમાં ય શુભ તત્ત્વ હોઈ શકે છે એવી ભાવના એમનામાં જાગૃત થઈ. ધર્મનું રહસ્ય વિશિષ્ટ રૂપે પ્રકટ થયું. ભગવાન પતિતોનો પણ ઉદ્ધાર કરે જ. પોતાનામાં જે અહંભાવ હતો તે ચાલી ગયો. નમ્રતા આવી. વિવેકાનંદને થયું કે હું ભૂલ કરી બેસત. આવી રીતે નૃત્યાંગનાના ભજને નમ્રતાનો બોધપાઠ શીખવ્યો.

ખેતડીના રાજાએ કેટલાક દિવસ બાદ એમને અમેરિકામાં ભરાવાની હતી તે સર્વધર્મ પરિષદની વાત કરી. ત્યાં જઈ આપણા ધર્મનું તત્ત્વ પશ્ચિમના દેશોમાં સમજાવવાની વિનંતી કરી.

રાજાએ જ ટિકિટ લઈ આપી. પણ ટિકિટ રિઝર્વ કરાવતી વખતે નામ શું રાખવું એ પ્રશ્ન થયો. હજુ સુધી નામરૂપથી તે મુકત જ રહ્યા હતા. અન્તે, ટિકિટમાં શું નામ લખાવવું એ પ્રશ્નનો ઉકેલ રાજાએ જ શોધ્યો. એમના વ્યકિતત્વમાં વિવેકબુદ્ધિ કેન્દ્ર-

સ્થાને હોવાથી એમણે 'વિવેકાનંદ' નામ લખાવ્યું. બસ, ત્યારથી એ વિવેકાનંદ બન્યા. રાજાએ સંન્યાસીનાં કપડાંને બદલે પશ્ચિમના ઠંડા દેશોમાં યોગ્ય હોય તેવાં પહેરવા માટે લાંબો ડગલો અને પીળી પાઘડી કરાવ્યાં. આ જ વેશભૂષામાં આપણે સ્વામી વિવેકાનંદને ફોટાઓમાં કે પ્રતિમાઓમાં જોઈએ છીએ. આ રીતે નામ અને વેશભૂષા સાથે ખેતડીના મહારાજાનું નામ સંકળાયું છે તે ઐતિહાસિક હકીકત છે.

સ્વામી વિવેકાનંદ મુંબઈથી સ્ટીમરવાટે અમેરિકા જવા રવાના થયા. અમેરિકા પહોંચ્યા. કેનેડા થઈને શિકાગો જવા ટ્રેનમાં બેઠા. ત્યાં તેમને કોણ ઓળખે? બધા ઉતારુઓ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. વિવેકાનંદ એકલાં રહી ગયા. કયાં જાય? રાતનો વખત હતો. ઠંડી પણ પુષ્કળ હતી. છેવટે પ્લેટફોર્મ પર એક પેટીમાં સૂઈ જઈને રાત વિતાવી. બીજે દિવસે સવારે ઘેરઘેર સંન્યાસીની માફક ભિક્ષા માગવા જવા લાગ્યા. પરંતુ કોઈ એમને ઓળખતું નહોતું. ગાંડો ગણી કેટલાક લોકો તેમની ઠઠ્ઠામશ્કરી કરવા લાગ્યાં. કેટલાકે તેમને જોઈને બારણાં બંધ કર્યાં. યાતનાનો પાર નહોતો.

પરંતુ એમણે પ્રસન્નતા છોડી નહીં. અંતે એક શ્રીમંત બાઈએ તેમને જોયા અને પોતાને ઘેર માનપૂર્વક બોલાવ્યા, કારણ ધર્મપરિષદ માટે આવેલો કોઈક યાત્રી છે એમ લાગ્યું.

તમે સર્વધર્મ પરિષદ માટે આવ્યા છો ને? એમ પૂછી તેમણે પ્રેમથી સ્વામી વિવેકાનંદને આવકાર્યા. પરિષદમાં પહોંચાડવાની વ્યવસ્થા કરી આપવાનું સ્વીકાર્યું. સ્વામી વિવેકાનંદ એમને ત્યાં રહ્યા.

એ બાઈએ હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રાધ્યાપક રાઈટ સાથે ઓળખાણ કરાવી. સર્વધર્મ પરિષદમાં હિન્દુ ધર્મ વિશે વિવેકાનંદને ભાગ લેવો છે એમ પણ તેમને જણાવ્યું. પણ કોઈ સંસ્થાએ એમને પ્રતિનિધિ તરીકે મોકલ્યા ન હતા. હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે એ પરિષદમાં વીરચંદ ગાંધી તથા અન્ય જનો આવ્યા હતા.

હવે શું થાય? પ્રો. રાઈટની સૂચના અનુસાર એમણે મદ્રાસના મિત્રને તાર કરીને હકીકત જણાવી અને પ્રતિનિધિ તરીકેનું પદ આપવા જણાવ્યું. પરંતુ એ મિત્રે સામો તાર કરીને વિવેકાનંદને ધુત્કારી કાઢયા. એમની મજાક ઉડાવી. આ તાર પણ રોમાંરોલાંએ વિવેકાનંદના જીવનચરિત્રમાં ટાંકયો છે.

આવું થયું છતાં સ્વામી વિવેકાનંદ નિરાશ ન થયા. પેલાં બાઈની સાથે સ્વામીજી પ્રા. રાઈટ પાસે ગયા. પરિસ્થિતિ સમજાવી. પ્રા. રાઈટ તેમને પરિષદના પ્રમુખ પાસે લઈ ગયા. લાંબી દલીલબાજી બાદ તેમને હિંદુ ધર્મ તરફથી પ્રતિનિધિ તરીકે હાજરી આપવાની છૂટ અપાઈ. સ્વામી વિવેકાનંદ પરિષદમાં ગયા. ભારતમાં એમણે ઘણા લોકો સાથે વાતચીત અને ચર્ચા કરી હતી, પરંતુ કયારેય સાર્વજનિક વ્યાખ્યાન આપ્યું ન હતું. અહીં તો દેશ-વિદેશની દસેક હજારની મેદની સમક્ષ વ્યાખ્યાન આપવાનું હતું. વિવેકાનંદને ક્ષોભ થતો હતો. બોલી નહિ શકે તેવી બીક પણ લાગતી હતી. 'પછી બોલીશ, પછી બોલીશ' કહીને તેઓ પ્રવચન કરવાનું ટાળતા જતા હતા. સમારંભને અન્તે પ્રમુખે કહ્યું કે હવે નહિ બોલો તો તમે બોલવાની તક ગુમાવશો. છેવટે બધી હિમત ભેગી કરીને પ્રવચન કરવા ઊભા થયા. તેમણે ઊભા થઈને અમેરિકાનાં બહેનો તથા ભાઈઓ સંબોધન કર્યું કે તરત શ્રોતા ઉપર જાદૂઈ અસર થઈ. પછી તેમણે હિન્દુસ્તાનની ધાર્મિક સિદ્ધિની વિષદ છણાવટ કરી. બસ, આ પ્રવચનથી વિવેકાનંદ જગપ્રસિદ્ધ વ્યકિત બની ગયા!

શિકાગોમાં એક શ્રીમંત બાઈને ત્યાં રહેવાનું થયું. એના સમૃદ્ધિભર્યા શયનગૃહયુકત મકાનમાં તેમની ઊંઘ ઊડી ગઈ. ભારતની ગરીબી યાદ આવી અને પોતે તેના પ્રતિનિધિ તરીકે આવ્યા છે ને શ્રીમંતાઈમાં કેમ રહી શકાય? રડી પડયા અનો પોતાના ગરીબ દેશજનો માટેની સેવાવૃત્તિ ઉત્કટ બની.

પશ્ચિમની ભૌતિક સમૃદ્ધિ અને પૂર્વની આધ્યાત્મિક સમૃદ્ધિનો કયાંક કોઈક પ્રકારે પરસ્પર મેળ બેસાડવાનું એ વિચારવા લાગ્યા. બંને વચ્ચે કોઈક પ્રકારની વ્યવસ્થા એવી થવી જોઈએ કે જેથી પોતાનો દેશ આ ભૌતિક સમૃદ્ધિનો થોડો લાભ મેળવીને ગરીબાઈ દૂર કરી શકે અને પશ્ચિમના દેશોની આધ્યાત્મિક દરિદ્રતાને ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધિનો લાભ મળે.

એમણે ત્યાં ચોમેર ઈસાઈઓમાં દંભ દીઠો. ઈસુની વાણી એમને યાદ આવી ગઈ.

ઈસુના ધર્મમાં અપરિગ્રહની ભાવના મુખ્ય હતી. ગરીબો માટેનો પ્રેમ એ તો ખ્રિસ્તી ધર્મનો મુખ્ય ઉપદેશ હતો. એ યાદ આવતાં ઈસાઈઓની સભાઓમાં એમણે જણાવ્યું હતું: "તમે લોકો ધન જ એકઠું કરી રહ્યા છો. તમે દરિદ્રનારાયણની સેવા ભૂલી ગયા છો. ફરીથી ઈસુ ખ્રિસ્તીના માર્ગે વળો."

માનવસેવા એ ધર્મનો પાયો છે એ વિચારકાદ્ધા પહેલેથી જ હતી તેથી ભારતમાં આવીને સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની રચના કરી. એ સમયગાળામાં નાગપુર પાસેના ભૂમિવિસ્તારમાં દુષ્કાળની કારમી પરિસ્થિતિ ઊભી થઈ હતી. વિવેકાનંદ પાસે સેવાકાર્ય માટે સારું ભંડોળ છે એ જાણીને નાગપુરના ગોરક્ષક સંઘના કેટલાક સભ્યો સ્વામીજી પાસે ગયા. કહે: "અમે ગૌ-સેવાનું કાર્ય કરીએ છીએ. દુષ્કાળની હાલતમાં એમને બચાવવી છે. ગૌ-સેવા કરવી એને અમે સાચો ધર્મ માનીએ છીએ. તે માટે ભંડોળ કરીએ છીએ અને આપ મદદ કરો તેવું પ્રાર્થીએ છીએ." આ સાંભળી વિવેકાનંદે કહ્યું: "દુકાળમાં લોકો પણ ભૂખે મરે છે તે માટે શું વ્યવસ્થા કરી છે?" તેમણે જવાબ આપ્યો, "અમે માત્ર ગૌમાતાની સેવા જ કરીએ છીએ. અમારું ધ્યેય ગૌ-સેવાનું હોવાથી બીજામાં પડતા નથી." સ્વામી વિવેકાનંદે હસીને કહ્યું: "તમે ગૌમાતાના ખરા પુત્ર છો." માનવસેવાનો ધર્મ જે ન સમજે એને બીજું શું કહે?

માનવસેવાનું કાર્ય વ્યવસ્થિતપણે થવું જોઈએ. એવી વ્યવસ્થા સંસ્થાસ્થાપનદ્વારા થઈ શકે એમ સમજીને તેમણે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી છે. મિશન માનવસેવાનું કેવું સારું કાર્ય કરી રહ્યું છે તે આજે પણ આપણે સહુ જાણીએ છીએ. માનવસેવાનું કાર્ય સુવ્યવસ્થિત બધે જ કરી શકાય તેવા હેતુથી સ્થાપેલી રામકૃષ્ણ મિશનની શાખાઓ આજે પણ દેશમાં અનેક ઠેકાણે સેવાકાર્ય કરી રહી છે. સ્ત્રીઓને પણ લાભ મળે તેથી પોતાની શિષ્યા ભગિની નિવેદિતાને સ્વામી વિવેકાનંદે એ જ કાર્ય સોંપ્યું હતું. માનવધર્મ અને અધ્યાત્મ ઉપાસના બન્ને વિવેકાનંદ કરતા હતા, કેમકે બંને અંતર્ગત સંવાદ છે. એકને અવગણવાથી સાચી ધર્મસેવા શકય જ નથી એમ વિવેકાનંદ રામકૃષ્ણ પરમહંસ પાસેથી શીખ્યા હતા.

રામકૃષ્ણ મિશનની સ્થાપનાના ઉદ્દેશોમાં એક ઉદ્દેશ એ હતો કે એ સંસ્થાએ રાજકારણથી દૂર રહેવું જોઈએ. સ્વામી વિવેકાનંદને સ્વાનુભવથી જણાયું કે રાજકારણ મૂળે જ પ્રપંચી છે, તેથી એમણે કયાંય રાજકારણને સહારો આપ્યો નથી કે રાજકારણનો સહારો દીધો-લીધો નથી.

ગૌતમ બુદ્ધ 'બુદ્ધ' બન્યા પછી તેમ જ મહાવીરને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું ત્યાર બાદ તેમણે પણ એ જ્ઞાનનો ઉપયોગ માનવધર્મ પ્રસરાવવામાં કર્યો. તેઓ અધ્યાત્મજ્ઞાન મેળવી લોકોથી દૂર ન રહ્યા, લોકોની સેવા કરવા નીકળી પડયા હતા તે સુવિદિત છે. એમાં માનવધર્મ જ પ્રગટ થાય છે ને? ઈશાવાસ્ય ઉપનિષદમાં પણ તેન ત્યક્તેન મુંજીથા: મા ગૃધ: કસ્યસ્વિદ્ ધનમ કહ્યું છે તેમાં પણ એ જ ધર્મ રહ્યો છે. ટૂંકામાં, અપરિગ્રહ એ માનવસેવાનું અનિવાર્ય અંગ છે અને બધા ધર્મોએ પોતપોતાની રીતે એ તત્ત્વનો ઉપદેશ કર્યો છે એમ હું સમજું છું. તેથી રાજકારણમાં પણ ધર્મને સ્થાન આપનાર ગાંધીજીએ પ્રાર્થનામાં કહ્યું છે કે: (ન ત્વઇં કામયે રાજ્યમ્, ન સ્વર્ગં, ના પુનર્ભવમ્। કામયે દુ:ખ તપ્તાનામ્ પ્રાણિતામ્ આર્તિનાશનમ્ (મને રાજ્યની ઈચ્છા નથી, સ્વર્ગની ઈચ્છા નથી, મોક્ષ પણ જોઈતો નથી. મારે તો દુ:ખથી તપતાં પ્રાણીઓની પીડા દૂર થાય એ જ જોઈએ છે.) આક્રામની પ્રાર્થનામાં આ શ્લોક હમેશાં બોલાતો તે સૂચક છે.

ટૂંકામાં ગમે તેટલું જ્ઞાન મળે પણ એનો લાભ અન્ય જનોને ન મળે તો આત્માને સંતોષ થતો નથી એ દરેક ધર્મષ્ટાઓના જીવનમાં અને ઉપદેશમાં જોવામાં આવે છે. વિવેકાનંદે એ વસ્તુને વધુ વ્યવસ્થિત રીતે કરી અને કહી છે

—અમૃતલાલ યાજ્ઞિક

❋ આપઘાત ❋

મુંબઈની નટરાજ હૉટલમાં પતિ-પત્ની અને તેના ચાર બાળકોએ ભેગા મળીને માંકડ મારવાની દવા પીને આપઘાત કર્યાના સમાચાર હજુ તાજા હતા ત્યાં જ મદ્રાસના એક સોનીની પત્નીએ કુટુંબકલેશથી કંટાળીને ત્રણ પુત્રો સાથે નદીમાં ઝંપલાવીને આત્મહત્યા કર્યાના અહેવાલો પ્રગટ થયા હતા. લગભગ તે સમયે બેંગલોરથી એવા અહેવાલ આવ્યા કે ૪૩ વર્ષના એક આદમીએ ત્રણ પુત્રો સાથે બળીમરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

સંયુકત રાષ્ટ્રસંઘની આરોગ્યસંસ્થાએ કરેલા એક સર્વેક્ષણ મુજબ વિશ્વમાં રોજ એક હજાર માણસો આત્મહત્યા કરીને મરે છે. વિચિત્ર વાત એ છે કે ગરીબ દેશોમાં ગરીબાઈથી કંટાળીને મરનારી વ્યકિતઓ કરતાં સમૃદ્ધ દેશોમાં સમૃદ્ધિથી ગળે આવી ગયેલા અને માનસિક તંગ અવસ્થાથી પીડાતા લોકો આત્મહત્યા કરવામાં વધુ આગળ છે. એ દૃષ્ટિએ ભારતમાં આપણને આત્મહત્યાના અહેવાલો વાંચવા મળે છે તે હંગેરી, બ્રિટન, અને અમેરિકામાં થતી આત્મહત્યાની સરખામણીએ કંઈ જ વિસાતમાં નથી. આત્મહત્યામાં હંગેરીનો ક્રમ પહેલો છે અને ઈજિપ્તનો છેલ્લો. એ અલ્વારેઝ નામના એક અંગ્રેજ લેખક કહે છે કે સમાજ જેમ સોફીસ્ટિકેટેડ (ચોખલિયો) બનતો જાય છે અને વહેમોમાંથી મુકત થતો જાય તેમ આત્મહત્યાને પાપ માનતો બંધ થાય છે અને જીવન દુ:ખમય લાગે ત્યારે જીવનનો સહેલાઈથી અંત આણે છે.

આપઘાત કરવો તેને ભારત સહીતના મોટા ભાગના દેશોમાં ગુનો ગણવામાં આવે છે યુરોપમાં છઠ્ઠી સદી સુધી આપઘાત કરનારને શિક્ષા થતી નહિ, પણ પછી આત્મહત્યા કરનારને પાદરીઓ અત્યંત પાપી વ્યકિત તરીકે ગણાતા હતા. એ જમાનામાં એક માણસે ગળામાં છરી ભોંકીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો પણ નિષ્ફળ ગયો. આપઘાત કરતાં પકડાઈ ગયો અને તે ગુના માટે તેને ફાંસીની સજા ફરમાવાઈ ! ૧૮૬૦ની સાલનો આ કિસ્સો છે. લંડનના એક ડૉકટરે જેલના અધિકારીઓને જણાવ્યું કે આ માણસના ગળામાં છરીથી કાણું પડયું છે એટલે તેને ફાંસીનો ગાળીઓ ભરાવીને મારવાની કોશિષ કરશો તો પણ મરશે નહિ, કારણકે તે ગળામાંથી શ્વાસ લઈ શકશે. છતાં જેલવાળાએ તો ગળામાં દોરડાનો ગાળિયો નાંખીને આત્મહત્યાની કોશિષ કરનારને ગુંગળાવીને મારવાનો અખતરો કર્યો. પણ થોડીવાર પછી માલૂમ પડયું કે ફાંસીના દોરડાથી એ માણસ મર્યો નથી. છેવટે એક ડૉકટરને બોલાવીને તે માણસના ગળાનું કાણું પુરવામાં આવ્યું અને પછી સફળતાપૂર્વક તેના આત્મહત્યાના ગુના માટે ફાંસીની સજા અપાઈ !

આત્મહત્યાને પાપ માનવાને કારણે સમાજ કેટલી જંગલી રીતે આપઘાતની કોશિષ કરનારને રીબાવતો તેના બીજા દાખલા પણ જાણવા જેવા છે. ઈંગ્લાંડની રાણી એલિઝાબેથ–૧લીના જમાનામાં આત્મહત્યા કરવાનો પ્રયાસ કરનારને ઘોડાને પૂંછડે બાંધીને ઘસડવામાં આવતો અને પછી ચાર રસ્તા મળે ત્યાં તેને ફાંસીએ લટકાવવામાં આવતો હતો. તેના મડદાને એમને એમ સડી જવા દેવામાં આવતું. ડાકણ કે પિશાચ તરીકે જાહેર કરાયેલી વ્યકિતને જેમ ચાર રસ્તા વચ્ચે દાટીને તેના ચહેરા ઉપર મોટો પત્થર મૂકવામાં અવતો તે રીતે જ આત્મહત્યા કરવામાં નિષ્ફળ જનારને દાટીને તેના મસ્તક ઉપર મોટો પત્થર મૂકવામાં આવતો. જેથીકરીને તે ભૂત બનીને લોકોને હેરાન કરી ન શકે ! ફ્રાંસમાં આવા ગુનેગારનો પગ એક લાકડા સાથે બાંધીને ઘસડવામાં આવતો અને પછી એક મોટા ઉકરડા ઉપર બેસાડીને તેને બાળી મૂકવામાં આવતો હતો.

પ્લેટો જેવો ફિલોસોફર જે દેશમાં પેદા થયેલો તે એથેન્સમાં આત્મહત્યાનો પ્રયાસ કરનારને સદ્‌ગૃહસ્થોના કબ્રસ્તાનથી દૂર દાટવામાં આવતો. તેણે જે હાથે આત્મહત્યા કરવાની કોશિષ કરી હોય તે હાથ કાપી નાંખવામાં આવતો અને એ હાથને જુદા દાટવામાં આવતા. સાયપ્રસ અને થીબ્ઝ એ દેશોમાં આત્મહત્યા પ્રત્યે એટલો બધો રોષ હતો કે એરિસ્ટોડેમેસ નામના એક યોદ્ધાએ એક યુદ્ધમાં હાથે કરીને જાન ગુમાવ્યો અને તેના મડદાનો પત્તો ન લાગ્યો ત્યારે તેની છબીને શિક્ષા કરવામાં આવી હતી ! ઈંગ્લાંડમાં આત્મહત્યા કરનારની મિલકત રાજા જપ્ત કરી લેતો. યુરોપમાં જ્યારે આત્મહત્યા પ્રત્યે આટલો રોષ દર્શાવાતો ત્યારે એશિયા અને આફ્રિકામાં સુધરેલો વર્ગ આત્મહત્યાને પાપ માનવા છતાં અમુક સંયોગોમાં આત્મહત્યાને પવિત્ર ફરજ માનતો હતો. દા. ત. પતિ પાછળ બળીમરનાર સ્ત્રીને ભારતમાં સતિ થવાનું માન મળતું. આફ્રિકાની જંગલી પ્રજા તેમનો રાજા મરી જાય ત્યારે તેની પાછળ બળીમરવામાં મોટું પૂણ્ય સમજતી હતી.

મારકવીસાસ ટાપુની જંગલી જાતિ એમ માનતી કે હિંસક રીતે પોતાનું મોત નોતરવામાં આવે તો સ્વર્ગ મળે છે ! રોમનોને હાથે મરવા કરતા આત્મ–સમર્પણ વધુ ગૌરવવાળું છે તેમ માનીને ઘણા યહૂદીઓ આત્મહત્યા કરતા હતા. સ્પેનીશ ઈતિહાસકાર બેન્ઝોનીએ એક નોંધમાં લખ્યું છે કે વેસ્ટઈન્ડીઝના હજારો સ્ત્રી-પુરુષો અને બાળકોએ એક પર્વત ઉપરથી કુદકો મારીને સ્વર્ગમાં જવાનો સીધો રસ્તો લીધો હતો. જે લોકો કદી ન શકયા તેઓએ એકબીજાના મસ્તક કુહાડીથી ઉડાવી દઈને સ્વર્ગનો રાહ પકડયો હતો ! હેઈટીમાં આત્મહત્યાનો જુવાળ એટલો પ્રસર્યો હતો કે ૨૦ લાખ રહેવાસીઓમાંથી આત્મસમર્પણ કરતાં કરતાં માંડ ૧૫૦ માણસો જીવતા રહ્યા હતા ! આત્મઘાતનો આ રોગ બંધ કરવા માટે જંગલી લોકોને ગળે એવું જ્ઞાન ઉતારવું પડયું કે હવે જો તમે મરશો તો સ્વર્ગમાં પણ તમને વધુ ક્રૂરતાથી મારી નાંખવામાં આવશે.

જંગલી લોકોનો આત્મહત્યાનો રોગ જાણે ફરીથી સુધરેલા સમાજને લાગવા માંડયો હોય તેમ સાહિત્યકારો, કવિઓ અને ફિલોસોફરો, રોમાન્ટીક યુગમાં (૧૯મી સદીના પ્રારંભમાં) આત્મહત્યાના રવાડે ચઢયા હતા એથેન્સ અને ગ્રીસના મારસેલ્સ અને સિઓઝ નામના સંસ્થાનોમાં જે વ્યકિતને જીવવાની ઈચ્છા ન હોય તેમણે સરકાર સમક્ષ પોતાનો 'કેસ' રજૂ કરવાની અને પછી આત્મહત્યા કરવાની છૂટ આપવામાં આવી હતી. જ્યારે સોક્રેટીસ, સેનેકા, પોલીના, ગ્રીક ફિલોસોફર ડેમોસ્થિનીસ, આઈસોક્રેટસ, રોમન–કવિ લુક્રેટીયસ, ક્લીઓપેટ્રા, બ્રુટસ એન્થોની, રોમનો પાદશાહ નિરો અને સાયપ્રસ તેમ જ પર્શીયાના રાજાએ પણ આત્મહત્યાનો માર્ગ સ્વીકાર્યો ત્યારે જનતાના સામાન્ય વર્ગે આ મહાન લોકોનું અનુકરણ કરવામાં મહાનતા માની હતી !

૧૭૩૫ની સાલમાં જ સ્વીડીશ ફિલોસોફર જોન રોબેંકે આત્મહત્યાનો ભારે બચાવ કર્યો હતો. આત્મહત્યા કરવાનો દરેક વ્યકિતને હક હોવો જોઈએ, આત્મહત્યા એ વાજબી પગલું છે અને તેમાં કશું જ પાપ નથી એમ પ્રતિપાદિત કરવા માટે ફિલોસોફરે પોતે જ નદીમાં કૂદીને આપઘાત કર્યો હતો ! આપઘાત કરવાની પણ નીતનવી રીતો અજમાવવામાં આવે છે. ભારતમાં જેમ મોટે ભાગે શહેરોમાં માંકડ મારવાની દવા પીને અને ગામડામાં કૂવા કે તળાવમાં પડીને આત્મહત્યા કરાય છે તેમ યુરોપ – અમેરિકામાં ઊંઘવાની ગોળીઓના વધુ પડતા ડોઝ લઈને ચીરનિદ્રા લેવાના પ્રયાસ થાય છે. ૧૯મી સદીમાં વિયેનાના એક ૭૦ વર્ષના બુઢ્ઢા આદમીએ સાવ નવો જ નુસખો અજમાવ્યો. તેણે ત્રણ ઈંચ

લાંબી સાત ખીલીઓ લીધી. એક મોટી હથોડી લઈને આ ખીલીઓ તેણે માથામાં ખોડી ખોડીને ખોપરીને વીંધીને મરવાનો પ્રયાસ કર્યો. નવાઈની વાત એવી બની કે આમ કરવા છતાં બુઢ્ઢો મર્યો નહિ અને આત્મહત્યા કરવાનો તેનો સંકલ્પ ઢીલો પડતાં તે લોહી-નિંગળતા મસ્તકને લઈને હૉસ્પિટલમાં પહોંચ્યો હતો. આ બુઢ્ઢા માણસનો કિસ્સો બેલફાસ્ટના એક વેપારીને યાદ રહી ગયો હશે એટલે તેણે હજુ ૧૯૭૧ માં પોતાના મસ્તકમાં એક ઈલેકટ્રિક શારડીથી સાતને બદલે નવ કાંણા પાડીને સફળતાપૂર્વક આત્મ-હત્યા કરી હતી! પોલાન્ડની એક છોકરી જે પ્રેમમાં નિષ્ફળ ગઈ તેણે તો આત્મહત્યા કરવાની નવાઈભરેલી પદ્ધતિનો વિક્રમ નોંધાવ્યો હતો. એના પ્રેમીએ દગો દીધો એટલે મરવા માટે તે પાંચ મહિનામાં ચાર ચમચીઓ આખી ને આખી ગળી ગઈ. તેનાથી મૃત્યુ ન થયું એટલે તે ત્રણ છરી ગળી ગઈ. છરી પેટમાં જઈને મૃત્યુ નોતરી ન શકી ત્યારે તેણે ૧૯ જેટલા સિક્કા ગળ્યા, ૨૦ ખીલા ગળ્યા, સાત જેટલા બારીના બોલ્ટને પેટમાં પધરાવ્યા, પિત્તળનો બનાવેલો ઈસુખ્રિસ્તનો ક્રૉસ ગળ્યો અને છેલ્લે તેના ગળાના હારના બે મોતી ગળી ગઈ. પણ તે મરવા ન પામી!

ઈરાનમાં આત્મહત્યાના કિસ્સા પુરુષોમાં વધુ બને છે અને વિશ્વમાં વધુમાં વધુ આત્મહત્યાના કિસ્સા અફીણ ખાઈને બનતા હોય તો તે ઈરાનમાં છે. ગળેફાંસો ખાવો, નદીમાં કૂદી પડવું, પિસ્તોલની ગોળી છોડવી, પોતાને હાથે તલવારનો ઘા કરવો, ઊંચા મકાન ઉપરથી કુદી પડવું એ બધી જાતજાતની આત્મહત્યાની પદ્ધતિઓ છે. રોમન લોકો બે જણા પાસે તલવાર પકડાવીને તેના ઉપર ઊંચેથી કૂદી પડતા હતા, જાપાનીઓ પણ તલવારથી મોત નોતરવામાં હજુ પણ પાવરધા છે. ક્લીઓપેટ્રાએ ઝેરી સાપના ડંખથી મોતને નોતર્યું હતું.

રશિયન કવિ સરજી યેસેનીનની આત્મહત્યામાં પણ જાણે કાતિલ પ્રકારનું કાવ્યતત્ત્વ હતું. સરજી યેસેનીને પ્રથમ પોતાના કાંડા કાપી નાખ્યા. પણ એમ કરતાં પહેલાં તેણે એક સુંદર કાવ્યની પંક્તિ લખી હતી :–

ઈન ધીસ લાઈફ ઈટ ઈઝ નોટ ડિફીકલ્ટ ટુ ડાઈ
ઈટ ઈઝ મોર ડિફિકલ્ટ ટુ લીવ.

આનો અર્થ એમ થાય છે કે 'માનવીના જીવનમાં મરવું મુશ્કેલ નથી, પણ જીવવું અતિ કપરું છે.'

—કાંતિ ભટ્ટ

* સરકારીકરણ *

શું સમાજવાદનો અર્થ એવો થાય કે લોકોનાં બધાં જ કામો સરકારે જ કરવાં જોઈએ? સરકારનું વલણ જોતાં કદાચ એવો જ કંઈક જવાબ મળશે કે 'જી હા, સૌથી વધુ સંખ્યામાં લોકોને મત આપવાનો અધિકાર મળ્યો છે અને સરકાર લોકોની બધા જ પ્રકારની સેવા કરવા માટે તૈયાર છે એટલે સરકાર પાસેથી વધુમાં વધુ કામ લેવું જોઈએ.'

સમાજસત્તાવાદના નામે સરકારે વીમાનું કામકાજ પોતાને હસ્તક લઈ લીધું છે. અનાજ, દૂધ વગેરે ચીજોનું ઉત્પાદન અને વેચાણ સરકારના હાથમાં સોંપવાની વાતો થઈ રહી છે. ત્યારે સરકાર કયા કયા કામો પોતાને હસ્તક નહિ લે એ કોઈ બતાવશે? કઈ કઈ બાબતોમાં આપણે પુરુષાર્થ કરવો પડશે, એ કોઈ કહેશે?

હું જોઉં છું કે ચૂંટણીના દિવસોમાં આપણું કામ તો દરેક પક્ષનું જાહેરનામું વાંચીને કોઈ એક કે વધુ ઉમેદવારને આપણો મત આપ-વાનું છે. સરકાર માગે એટલો કર આપવાનું અને સરકારના હુકમોનું પ્રસન્નતાથી કે નાખુશીથી પાલન કરવાનું આપણું કર્તવ્ય છે. આ સિવાય બીજું બધું કામ કરવા માટે સરકાર બંધાયેલી છે.

* * *

પણ, સરકાર પાસેથી કઈ સેવા લેવી અને સરકાર પાસે કયું કામ કરાવવું નહિ એની કંઈક મર્યાદા હોવી જોઈએ અને લોકોના જીવનમાં ડખલગીરી કરવાનો અધિકાર સરકારને કેટલે અંશે આપવો એની પણ મર્યાદા બાંધવી જોઈએ. અલબત્ત, સમાજમાં કંઈને કંઈ વ્યવસ્થા હોવી જોઈએ પણ આ અંગે વિવેક રાખવો જોઈએ.

માનવતાના પ્રેમને કારણે માણસને સમાજસુધારાની જે બાબતો ધ્યાનમાં આવે એનો પ્રચાર એના દ્વારા જ થાય તો એમાં ઉત્કટતા હોય છે, પ્રચારમાં પવિત્રતા રહે છે અને લોકો પર એની નૈતિક અસર થાય છે. જ્યારે એ જ કામ ઉત્સાહહીન તટસ્થ સંસ્થાદ્વારા યાંત્રિક ઢબે અને આજીવિકા મેળવવાના લોભથી થાય છે ત્યારે એની ઓછી અસર પડે છે અને કોઈક વાર તો ઊલટી અસર થાય છે. સામાજિક સદ્‌ગુણ-દુર્ગુણનો હીસાબ માંડવામાં આવે તો સરકારદ્વારા કરવામાં આવેલા કામોમાં જાતજાતના દોષ આવે છે, સત્યનો હ્રાસ થાય છે, ધૂસણખોરી વધે છે અને ગરીબો પર, ભોળા લોકો પર તેમ જ અનાથ–અસહાય લોકો પર જબરદસ્તી પણ થાય છે.

સરકાર લોકનિયુક્ત છે. જનતાના અભિપ્રાયની અસર એના પર થઈ શકે છે, એ વાત પર વધારેપડતો ભાર મૂકવામાં આવે છે. પ્રત્યક્ષ અનુભવ તો એમ બતાવે છે કે સરકાર નામની સંસ્થા એવી બજારુ છે કે જેના દ્વારા થયેલાં ઘણાં કામોનાં પરિણામો અલાંચ્છનિય અને હીન પુરવાર થયાં છે.

વ્યક્તિગત પ્રચારની કસોટી તરત જ થઈ જાય છે. એનાં દોષોનો ઈલાજ પણ આસાનીથી થાય છે. પણ વ્યક્તિગત પ્રચાર પૂરી માત્રામાં વ્યાપક બની શકતો નથી. બીજી બાજુથી, સરકારરૂપી સંસ્થા બજારુ હોવાથી એના ઘણા મર્યાદિત લાભ મળે છે, અપરંપાર દોષ જોવા મળે છે.

એટલા માટે કોઈક મધ્યમ માર્ગ–વચ્ચેનો માર્ગ શોધવો જોઈએ. રાષ્ટ્રસેવા, સમાજસેવા અને લોકશિક્ષણનું કામ ધનલોભી, સ્વાર્થ-સાધુ, સંકુચિત મનના લોકોના હાથમાં સોંપવું જોઈએ નહિ. એ જ રીતે, યાંત્રિક રીતે કામ કરતી અને સત્તા તેમ જ ધનના જોર પર ચાલતી સરકારદ્વારા પણ આ કામ નહિ થવું જોઈએ. આ બંને અંતિમોને છોડીને સમાજહિતની સેવા કરવા માટે પ્રેરાયેલા હોય એવા સજ્જનોનું સંગઠન કરીને એમના દ્વારા ચલાવાતી સાર્વજનિક સંસ્થાઓ મારફત બધા કામ થાય, જેમાં કાનૂની સત્તાનો ઉપયોગ ઓછામાં ઓછો હોય. અને લોકાદરનો પ્રભાવ સૌથી અધિક રહે એવું થવું જોઈએ.

એટલા માટે અમે તો કયારના કહી રહ્યા છીએ કે સર્વોદય જો આપણું અંતિમ લક્ષ્ય હોય તો 'પ્રાયવેટ સેકટર'નું પ્રમાણ ઓછું કરવામાં આવે, 'ગવર્નમેન્ટ સેકટર'ને શકય હોય ત્યાં સુધી ટાળવામાં આવે અને બંનેથી ભિન્ન એવા 'પબ્લિક સેકટર' (સાર્વજનિક વિભાગ) ની સેવા વધારવી જોઈએ. આજકાલ તો આપણે કાયદા બનાવીને સરકારનું ક્ષેત્ર વધારીએ છીએ. સરકારો તો વધુમાં વધુ ધન અને સત્તા પોતાના હાથમાં લઈને કર્મચારીઓની અમુક અંશે યાંત્રિક જડતા દ્વારા જ ચાલતી હોય છે. ધૂસણખોરીને લીધે એમાં વિકૃતિ પણ આવે છે. આ બધું જોઈને લોકો સરકારની નિંદા કરે છે અને સાથે સાથે સરકાર પાસે વધુમાં વધુ અપેક્ષા પણ રાખે છે.

આને પરિણામે લોકો નિષ્ક્રિય અને વાચાળ બને છે. સરકાર રાષ્ટ્ર કરતાં પણ મોટી બની જાય છે. આવી સરકાર લાંબો સમય ટકી શકતી નથી. એની એકતા અને શકિત બંને ક્ષીણ થાય છે અને અંતે કાં તો અરાજકતા સર્જાય છે અથવા તો ગુંડારાજ સર્વ અધિકાર પોતાના હાથમાં લઈ લે છે.

રાષ્ટ્રના મનીષિઓ - અગ્રણીઓએ આ પરિસ્થિતિ પર ઊંડું ચિંતન કરવું જોઈએ અને કોઈક ઉપાય શોધીને એનો અમલ કરવો જોઈએ.

[હિન્દી 'ભૂદાન યજ્ઞ'માંથી ટૂંકાવીને] કાકાસાહેબ કાલેલકર

☆ શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢા સંઘના કાર્યાલયમાં ☆

તા. ૧૮-૧૦-૭૨ના રોજ સાંજના સમયે સર્વ સેવા સંઘના અધ્યક્ષ શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢાનો એક વાર્તાલાપ સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં રાખવામાં આવ્યો હતો.

વાર્તાલાપ શરૂ થાય તે પહેલાં સંઘના ઉપપ્રમુખ શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારીએ તેમનો પરિચય આપતા જણાવ્યું હતું કે "વર્ષો પહેલા જ્યારે યુવક સંઘની અલગ અલગ શહેરમાં શાખાઓ હતી ત્યારે કલકત્તાની સંઘઆયોજિત વ્યાખ્યાનમાળામાં શ્રી ઢઢ્ઢાજી અમારા એક સાથીદાર હતા. તેઓ ખૂબ જ સેવાભાવી વ્યકિત છે અને સર્વોદયના અગ્રગણ્ય કાર્યકર્તાઓમાંના એક છે. પીડિત જનતાની સેવા કરવા તેઓ નંદુરસ્તીભર્યું દીર્ઘાયુ ભોગવે એવી પ્રાર્થના સાથે સંઘવતી તેમને સુખડનો હાર પહેરાવીને તેમનું અભિવાદન કર્યું હતું.

ત્યાર બાદ વાર્તાલાપ શરૂ કરતાં શ્રી. સિદ્ધરાજજીએ જણાવ્યું કે આમ તો હું તમાશામાંનો જ એક છું. સ્વ. પરમાનંદભાઈ મારા પરમ મિત્ર હતા અને તેમના નામ સાથે જોડાયેલા આ સભાગૃહમાં હું પ્રથમ વખત જ આવ્યો છું, એ રીતે તેમને અંજલિ આપવાની મને તક મળી છે તેને હું મારું સૌભાગ્ય સમજું છું. તેઓને હું મારા મોટાભાઈ તેમ જ મુરબ્બી ગણતો હતો. પરમાનંદભાઈને જ્ઞાનની આરાધના કરવાનું વ્યસન હતું એમ કહી શકાય. આવી આરાધના ઓછી વ્યકિતઓ કરે છે. તેઓ દરેક પ્રશ્નને તટસ્થભાવે અને નિષ્પક્ષ રીતે જોતાં અને વિચારતાં, અને ત્યાર બાદ તેમને એમાં શંકા આવે તો વિનોબાજી અથવા ગાંધીજીને પણ એ વિશે તેઓ કહેતા અને તેનો ખુલાસો માગતા. એ જ રીતે કોઈ પણ સત્તાધારી વિશે પણ તેઓ નિર્ભિકપણે લખતા હતા. તેમની જ્ઞાનનિષ્ઠા અદ્‌ભૂત હતી. મારો અને પરમાનંદભાઈનો સંબંધ પેઢી-દર-પેઢીનો રહ્યો છે, કેમકે મારા પિતાશ્રી અને તેમના પિતાશ્રી વચ્ચે પણ ગાઢ મિત્રાચારી હતી. તેમને હું અહિંથી મારી અંજલિ આપતા હર્ષ અનુભવું છું.

ત્યાર બાદ તેમણે જણાવ્યું કે "આપણા દેશની અસંખ્ય સમસ્યાઓ હલ કરવા માટે ભૂમિદાન સિવાય બીજો કોઈ પણ માર્ગ દેખાતો નથી."

તેઓ રાજસ્થાનના પ્રધાનમંડળમાં ઉદ્યોગમંત્રી હતા ત્યારનો એક પ્રસંગ ટાંકતા તેમણે જણાવ્યું. "વાંસવાડા નામનું ગામ રેલવેથી ૬૦ માઈલ દૂર આવેલું છે. તેની બંદરેક હજારની વસતિ છે. ત્યાં ૧૧૫ ઘાંચીકુટુંબો ઘાણીનો ધંધો કરે છે. એક દિવસે બહારનો એક ઉદ્યોગપતિ આ ગામમાં તેલનો યાંત્રિક ઘાણો નાખવાની દરખાસ્ત લઈને મારી પાસે આવ્યો. મેં તેમ કરવાની તેને સંમતિ ન આપી, કેમકે ઘાણામાં દસ-બાર કુટુંબ જ નભે અને ઘાણીમાં ૧૧૫ કુટુંબો નભતા હતા. તે નારાજ થયો અને કહ્યું કે આવા તે ઉદ્યોગમંત્રીઓ હોતા હશે? જો ઊંડાણથી વિચારીએ તો સમજાશે કે ૨૫ વર્ષથી આપણે વહીવટ કરીએ છીએ, તેની અનઆવડતના ફળો આપણે આજે ભોગવી રહ્યા છીએ. કેમકે જ્યારે આપણે ત્યાં જંગલો અને ઝાડી વિસ્તારવાની જરૂર છે ત્યારે જંગલો આપણે કાપી રહ્યા છીએ અને એના પરિણામે અનાવૃષ્ટિ વહોરવી પડે છે. બીજું, નાના શહેરમાં મોટા ઉદ્યોગો નાખવાથી ત્યાંની સ્થાનિક પ્રજાને ઘણું સહન કરવું પડે છે. મોટા ઉદ્યોગો મોટા શહેરોમાં જ નાંખવા જોઈએ. જનતાને માંડ માંડ પીવાનું પાણી મળતું હોય તે મોટા ઉદ્યોગો ખેંચી જાય અને સમસ્યા ઘેરી બને છે.

સર્વોદય કાર્યકર્તાઓ રાજકારણથી અલગ એ માટે રહે છે કે તેમને લોકોની શકિતમાં રસ છે. આજનું રાજકારણ તો એવું ગંદુ થઈ ગયું છે કે રાજકારણી માણસ મોટે ભાગે જનતાનો દ્રોહ જ કરતો હોય છે. તે ગમે તેવો મોટો માણસ હોય છતાં બહાર કાંઈક બોલે છે અને ખાનગીમાં કાંઈક બોલે છે. તે રાજય–આકિત થઈ જાય છે. એટલે પ્રજાનું હિત કરવા માટે તે અશકત બની જાય છે. રાજનીતિજ્ઞની વાત ક્યાં કરવી, લગભગ દરેકે આજે રાજયનો આકાય સ્વીકારી લીધો છે.

લોકોને જાગૃત કરવા, ઉપર લાવવા એ કામ આજે મહત્ત્વનું છે. જગતમાં લોકશાહી દેશો ઘણા છે એમ કહેવાય છે, પરંતુ ત્યાં બધે જ સત્તા થોડી વ્યકિતઓના હાથમાં જ રહી છે. આને લોકશાહી કેમ કહેવી?

મારી જાણકારીની વાત છે. રાજસ્થાનમાં એક શાળા ખૂબ જ સારી રીતે ચાલતી હતી. કોઈને તેનો કબજો લેવાનું સૂઝ્યું. પાંચસો માણસના ટોળાએ તેનો કબજો લીધો. પોલીસ આવી. સંચાલકોએ તેમને ફરિયાદ કરી, તો પોલીસે કહ્યું તમારા હાથ-પગ ભાંગ્યા હોય કે માથા ફૂટ્યા હોય તો જ અમે વચ્ચે પડી શકીએ, બાકી અમે દરમિયાનગીરી ન કરી શકીએ અને લોકોએ શાળાનો કબજો લઈ લીધો. આવી રીતે આપણું રાજય આજે ચાલી રહ્યું છે.

આજે દરેક પ્રાંતોમાં કોઈનો ટેકો લઈને, કોઈના આકિત બનીને રાજય ચલાવાય છે. આને સ્વરાજય કેમ કહેવું? દેશની નબળામાં નબળી વ્યકિત અન્યાયનો પ્રતિકાર કરી શકે તેને જ સ્વરાજય કહેવાય.

આજે આપણે બધા જ ઘેરી ચિન્તામાં છીએ, પરંતુ એથી યે વધારે જરૂર આજે ચિન્તન કરવાની છે. તો તેમ કરીને, આપ સૌ પોતપોતાને સ્થળે બેસીને પણ અમારી પ્રવૃત્તિને કોઈ પણ રીતે સહયોગ આપતા રહો એવી મારી પ્રાર્થના છે. અમે ત્રણ પગલાં વિચાર્યાં છે.

આપણાથી દુ:ખી હોય, ગરીબ હોય તેને સહાય કરવી, તે પહેલું પગલું.

ભૂદાન અને ગ્રામદાનદ્વારા ગ્રામસમાજને સંગઠિત બનાવવો, તે બીજું પગલું.

અને ઉપરની ભૂમિકા તૈયાર થયા બાદ સંયોજિત રીતે બધાએ સાથે હળીમળીને કાર્ય કરવું, તે ત્રીજું પગલું.

આવા સંયોજીકરણપૂર્વક આવડા મોટા દેશમાં કાર્ય કરવું તે ઘણી કઠણ વસ્તુ છે. તેને માટે જે સાધનો અને શકિત જોઈએ તેના માટે અમારા પ્રયત્નો સતત ચાલુ છે. શ્રી. અરવિંદભાઈએ આના અનુસંધાનમાં જ જબરજસ્ત આયોજન ઊભું કર્યું છે. બીજા ઉદ્યોગપતિઓ પણ ભવિષ્યમાં એવો વિચાર કરે, અને તેમાં જનતામાંથી નાના-મોટાં સૌનો સાથ મળે તો એ કામ આગળ વધશે.

ગાંધીજી કહેતા હતા કે આપણે કોઈની સંપત્તિ છીનવી લેવા નથી માગતા. આપણે તો એ સંપત્તિના માલિકોને તેના ટ્રસ્ટીઓ બનાવવા છે. જ્યારે આજે લોકશાહી અને સમાજવાદને નામે લૂંટનો ધંધો ચાલી રહ્યો છે. અંતમાં ફરીથી મારે કહેવું જોઈએ કે સ્વ. પરમાનંદભાઈના જીવનકાર્યને લગતી પ્રવૃત્તિઓ 'પ્રબુદ્ધ જીવન'– વાચનાલય અને પુસ્તકાલય તેમ જ "પર્યુષણ વ્યાખ્યાનમાળા" આપ જે જોશ અને જોમથી ચલાવી રહ્યા છો, તે જોઈને મારું ચિત્ત પ્રસન્નતા અનુભવે છે.

ત્યાર બાદ પ્રશ્નોત્તરી થઈ હતી, તેના યોગ્ય જવાબો આપવામાં આવ્યા હતા.

અંતમાં સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે શ્રી ઢઢ્ઢાજીનો આભાર માન્યો હતો.

સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

મુદ્રણ–શુદ્ધિ

તા. ૧૬-૯-૭૨ના પ્ર. જી. ના અંકમાં પાના ૧૨૨ ઉપર રૂ. ૧૦૧, ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ ઝવેરી છપાયું છે, તે નામ શ્રી ડાહ્યાભાઈ ભોળાભાઈ ઝવેરી, એમ વાંચવું.

ગતાંકમાં, તા. ૧-૧૦-'૭૨ના અંકમાં સંઘના લાઈફ મેમ્બરોની યાદી પ્રગટ કરી છે તેમાં ક્રમાંક ૮૪માં શ્રી જેઠાલાલ વેરસી માલ્દેનું નામ ભૂલથી છપાયું છે તેને બદલે શ્રી સુરેશ પન્નાલાલ સોનાવાલા એમ વાંચવું.

ક્રમાંક ૯૨માં મુકતાબહેન લાભુભાઈ સંઘવી એમ સુધારીને વાંચવું તથા ક્રમાંક ૧૧૦માં સદ્‌ગુણાબહેન ઈન્દ્રકુમાર ઝવેરી એમ સુધારીને વાંચવું. —મંત્રી

પ્રો. માવલંકરને અભિનંદન

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકના અવસાનથી ખાલી પડેલ અમદાવાદની લોકસભાની બેઠકની ચૂંટણીમાં શાસક કૉંગ્રેસના ઉમેદવાર શ્રી મનુભાઈ પાલખીવાળા સામે સ્વતંત્ર ઉમેદવાર શ્રી માવલંકરનો નિશ્ચયાત્મક અને જ્વલંત વિજય થયો તે માટે શ્રી માવલંકરને આપણા હાર્દિક અભિનંદન ઘટે છે. પેટા ચૂંટણી લડવી હંમેશ અઘરું છે. તેમાં પણ સ્વતંત્ર ઉમેદવાર માટે વિશેષ. એ ખરું છે કે શ્રી માવલંકરને વિરોધ પક્ષોનો ટેકો હતો. પણ તે નૈતિક ટેકો હતો. કોઈ પક્ષે સક્રિય કામ તેમને માટે ખાસ કર્યું નથી. શાસક કૉંગ્રેસ પાસે જે સાધનો અને તંત્ર હોય તે સ્વતંત્ર ઉમેદવાર માટે શક્ય નથી. તેથી આટલી મોટી બહુમતિથી મળેલ આ વિજય વધારે સૂચક બને છે. મતદાન, પેટા ચૂંટણીમાં બને છે તેમ, ઓછું હતું – માત્ર ૩૧ ટકા, તેમાં ૨૫,૦૦૦ થી વધારે મતે વિજય થયો તે સૂચવે છે, કે આ નિર્ણય મતદારનો, પ્રજાનો નિર્ણય છે. મતદારોએ બહાર પડી ઈરાદાપૂર્વક સ્વતંત્ર ઉમેદવારને મત આપ્યા છે. બીજા કોઈ વિરોધ પક્ષનો ઉમેદવાર સામે ઊભો હોત તો કદાચ આ પરિણામ ન આવત. બધા રાજકીય પક્ષોથી પ્રજા કંટાળી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. પ્રો. માવલંકર યોગ્ય ઉમેદવાર હતા તે હકીકતે તેમના વિજયમાં મોટો ફાળો આપ્યો છે. તે ખરેખર સ્વતંત્ર છે. કોઈ રાજકીય પક્ષને વરેલ નથી. રાજકારણના ઊંડા અભ્યાસી છે. સારા વકતા છે. દાદા સાહેબના પુત્ર છે તે જ માત્ર તેમની લાયકાત નથી. તે સૌથી ગૌણ હકીકત છે. શાસક કૉંગ્રેસ માટે આંખ ઉઘાડનાર આ બનાવ છે. ઉમેદવારની પસંદગીમાં ગડબડ થઈ અને ગુજરાતની શાસક કૉંગ્રેસના આંતરિક મતભેદો પણ કેટલેક દરજ્જે કારણભૂત ગણાવા જોઈએ. શાસક કૉંગ્રેસની લોકસભામાં જંગી બહુમતિ છે તેથી આ ચૂંટણીથી કાંઈ અસરકારક ફેર પડતો નથી. પણ પ્રો. માવલંકર જેવી એક વ્યકિત લોકસભામાં વિરોધ પક્ષે હશે તેની કીંમત છે, ખાસ કરી અત્યારના સંજોગોમાં. તેથી પણ વિશેષ, આ ચૂંટણી લોકમાનસનો પડઘો પાડે છે જેની નોંધ શાસક કૉંગ્રેસે લેવી જ પડશે. મને ખાતરી છે કે પ્રો. માવલંકર લોકસભાની કાર્યવાહીમાં નોંધપાત્ર ફાળો આપશે. ચીમનલાલ ચકુભાઈ

શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક-નિધિમાં મળેલી રકમો

૧,૪૪,૨૨૧.૦૦	અગાઉ સ્વીકારેલા
૨૧૧.૦૦	શ્રી ટ્રસ્ટીઝ, તારાબહેન માણેકલાલ પ્રેમચંદ ચેરાટીઝ ટ્રસ્ટ
૨૧૧.૦૦	મે. ગીરગામ કેમિસ્ટ
૧,૪૪,૭૨૩-૦૦	

સંઘના લાઇફ-મેમ્બરો

સંઘના લાઈફ-મેમ્બરોની સંખ્યા ૧૩૦ સુધી પહોંચી છે. નવા સભ્યો પોતાના નામો મોકલતા રહે, એવી અમારી નમ્ર વિનંતિ છે. નવા આવેલા નામો નીચે પ્રમાણે છે: મંત્રીઓ.

૧૨૪ શ્રી ધારસી દેવજી છેડા
૧૨૫ શ્રી તલકસી વસનજી ગોસર
૧૨૬ શ્રી પ્રદિપભાઈ અમૃતલાલ શાહ
૧૨૭ શ્રી મહેન્દ્ર ગફૂરચંદ મહેતા
૧૨૮ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
૧૨૯ શ્રી સૂરજબહેન મનસુખલાલ કોઠારી
૧૩૦ શ્રી કુસુમબહેન મોતીચંદ શાહ

શ્રી લીલાબહેન બેંકરની ચિરવિદાય

શ્રીમતી લીલાબહેન ધીરજલાલ બેંકરનું તા. ૨૩-૧૦-'૭૨ ના રોજ અવસાન થતાં ભારતના અખિલ મહિલા સમાજને ન પુરાય તેવી અસહ્ય ખોટ પડી છે.

૭૮ વરસની વયે ચિરવિદાય લેનાર શ્રીમતી લીલાબહેનનું સમગ્ર જીવન મહિલાઓની સેવાઓમાં સફળ રીતે વીત્યું હતું. તેમનો જન્મ અમદાવાદમાં થયો હતો.

જૈન સમાજના તેઓ પ્રથમ મહિલા સ્નાતક હતા. ૧૯૧૮ માં તેમણે ગાંધીજીના અનુયાયી શ્રી ધીરજલાલ બેંકર સાથે પ્રભુતામાં પગલા માંડયા દાંમ્પત્ય જીવન સાથે તેમણે જાહેર સામાજિક પ્રવૃત્તિઓમાં ધીમી પણ મક્કમ ગતિએ રસ લેવા માંડયો. સૌ પ્રથમ તેઓ શ્રી ભગિની સમાજમાં જોડાયા. કોષાધ્યક્ષની જવાબદારીથી શરૂઆત કરી, અને ઠેઠ પ્રમુખપદ સુધી પહોંચ્યા.

શ્રીમતી લીલાબહેન એક કાબેલ, દક્ષ અને વ્યવહારુ વહીવટકર્તા હતા. મિલનસાર સ્વભાવ અને માણસનું હીર પારખવાની પોતાની આગવી સૂઝથી તેમણે ભગિનીસમાજને આંતરરાષ્ટ્રીય તખ્તા પર મૂક્યો હતો. આ મહાન સંસ્થા ઉપરાંત તેમની સેવાઓનો લાભ અખિલ હિંદ મહિલા પરિષદ, નેશનલ કાઉન્સિલ ઓફ વિમેન ઈન ઈન્ડિયા જેવી અનેક સંસ્થાઓને પણ મળ્યો હતો.

ગુજરાતી સ્ત્રી સહકારી મંડળ લિ. ના તેઓ આદ્યસંસ્થાપક અને છેવટ સુધીના પ્રમુખ હતા. મહિલાઓ ઉપરાંત બાળકોના પ્રશ્નોના પણ તેઓ અભ્યાસી હતા. બોમ્બે ઓનનરરી પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ તરીકે તેઓશ્રીએ બાળકોની અદાલતમાં પણ પોતાની સેવાઓની સુવાસ પાથરી હતી.

૧૯૧૮ માં વિદાય થતા ગવર્નર લોર્ડ વિલિંગ્ડનને અપાનારા માપનત્રનો વિરોધ કરનારાઓમાં તેઓ મોખરે હતાં.

ત્યારબાદ વિદેશી કાપડના બહિષ્કારની ચળવળમાં ભાગ લઈને ગાંધીજીને કાપડની હોળી કરવા પોતાના સ્વહસ્તે પોતાનાં વસ્ત્રો તેમણે સોંપી દીધા હતાં. સ્વ. જમનાલાલ બજાજની સલાહથી તેમણે શુદ્ધ સ્વદેશીનો પ્રચાર શરૂ કર્યો હતો. સ્વતંત્રતા બાદ તેઓ મુંબઈ ધારાસભાનાં સભ્ય તરીકે પણ ચૂંટાયાં હતાં.

શ્રીમતી લીલાબહેનના સમગ્ર જીવનનું સિંહાવલોકન કરતાં જરૂર એમ કહી શકાય કે તેઓ પોતાનું જીવન સાર્થક કરી ગયાં છે તેમજ અનેકને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તેવી વિરાટ સેવાપ્રવૃત્તિઓ પોતાની સ્મૃતિ માટે મૂકી ગયાં છે.

–બચુબહેન લોટવાળા

"અત્યારની રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ"

એ વિષય ઉપર વ્યાખ્યાન, તેમ જ સંઘના સભ્યોનું મિલન.

શનિવાર તા. ૧૧-૧૧-૭૨ના રોજ સાંજના ૬ વાગ્યે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું "અત્યારની રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ" એ વિષય ઉપર સંઘના, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં એક જાહેર પ્રવચન રાખવામાં આવ્યું છે. અને પ્રવચન પુરું થયા બાદ નૂતન વર્ષને અનુલક્ષીને શુભેચ્છાઓ વ્યકત કરવા માટે સંઘના સભ્યોનું એક મિલન રાખવામાં આવેલ છે. તો સંઘના સભ્યોને ઉપસ્થિત થવા નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

❋ સંઘને મળેલી ભેટની રકમો ❋

ભેટની રકમોની યાદી ૧૬-૯-૭૨ના અંકમાં પ્રગટ કરી છે, ત્યાર બાદ મળેલી રકમોની વિગત નીચે પ્રમાણે છે.

૧૩,૩૪૬-૮૬	અગાઉ પ્રગટ કરેલ રકમો
૧,૦૦૦-૦૦	શ્રી ભાનુબહેન કેશવલાલ ભણસાલી.
૫૦૦-૦૦	શ્રી પૂર્ણિમાબહેન પ્રબોધભાઈ મહેતા. આ બંને રકમો લોભિયો-પથી રીઝર્વ ફંડ માટેની છે. હ: શ્રી. મંગળજી ઝવેરચંદ મહેતા)
૨૫૧-૦૦	મે. આરવીકો રબ્બર ઈન્ડસ્ટ્રીઝ.
૨૫૧-૦૦	રતિલાલ આણંદજી દોશી
૧૦૧-૦૦	શ્રી ધીરજલાલ અજમેરા
૧૦૧-૦૦	શ્રી ન્યાલચંદ જે. મહેતા
૧૦૧-૦૦	શ્રી અમર જરીવાલા
૧૦૧-૦૦	શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયા.
૧૦૧-૦૦	શ્રી બાબુભાઈ એમ. ગાંધી
૨૧-૦૦	શ્રી ચંચળબહેન ગિરધરલાલ દફતરી
૫૧-૦૦	શ્રી ગીરગામ કેમિસ્ટ
૨૫-૦૦	શ્રી ખેતસી માલસી સાવલા
૨૫-૦૦	શ્રી જયંતિલાલ સુખલાલ તુરખીયા.
૧૫૯૭-૮૬	

☆ ચલો કોઈ આતે મેં તો મેરે જાતે ☆

એક પછી એક અજાણ્યાં સ્ટેશનો પસાર થાય છે. ગઈ કાલની રાતથી પ્રવાસ શરૂ થયો છે. આજનો મારો આખો દિવસ અને આજની આખી રાત ટ્રેનની ગતિને આધીન છે. નજર પહોંચે ત્યાં સુધી વૃક્ષો પથરાયાં છે. વૃક્ષનો લીલો રંગ. એનું પાર વિનાનું વૈવિધ્ય. લીલો રંગ પોતે સાવ લીલોછમ, આછો લીલો, ઘેરો લીલો, નહીં આછો નહીં ઘેરો લીલો. અહીં તો લીલા રંગની લીલા છે. લીલો રંગ જ્યારે તડકો પહેરે છે ત્યારે કોનું સ્વરૂપ વધુ નિખરે છે? તડકાનું કે રંગનું?

ટ્રેન પસાર થાય છે. ગાય, ભેંસ અને બકરાનું ટોળું લીલાશ ચરતું દેખાય છે. ચિત્રકાર હોત તો આ બધા રંગોમાંથી એક આકૃતિ સર્જી હોત, પણ આજના ચિત્રકારો તો કહે છે કે કશું સઘન કે મૂર્ત રૂપે પ્રકટ ન થવું જોઈએ. ચિત્ર જુઓ ત્યારે ખબર પડે કે આ મકાન છે કે આ ઘોડો છે કે આ ગાય છે—તો પછી એનો શો અર્થ? અને ચિત્રનો તે કંઈ અર્થ હોતો હશે? એની તો કોઈ સમજૂતી હોય? (You have to just feel colours.)

હું રંગોને (feel) કરવાનો પ્રયત્ન કરું છું. કોઈક સ્ટેશન આવી રહ્યું છે. રસ્તામાં થોડીક સાઈકલો દેખાય છે. સ્ટેશન આવી પણ પહોંચ્યું. ચન્દ્રકાન્ત બક્ષી કહે છે એમ, બધા જ સ્ટેશનો સરખા લાગે છે. આપણે જ્યાં ઊતરવાનું છે એ સ્ટેશન જ જુદું લાગે છે. આપણને આપણું લાગે છે ટ્રેનની બારી પાસે બેસી રહેવામાં પણ નિરાંત નથી. થોડી થોડી વારે ભિખારીનો હાથ લંબાય છે. કશું આપવાનું મન થતું નથી અને 'માફ કરો' એવું કહેવાનો પણ કંટાળો આવે છે. કોલસા જેવા પોર્ટરોએ અંગારા જેવા લાલ રંગનું ખમીસ પહેર્યું છે. પોર્ટરો પણ બધે જ સરખા હોય એમ લાગે છે. સામાન ઊંચકે છે ત્યારે સરખા નથી લાગતા. પણ ઊંચકેલો સામાન મૂકે છે પછી પૈસા માટે રકઝક કરે છે ત્યારે જ સરખા લાગે છે.

હાશ... ટ્રેન ઊપડી. પ્લેટફોર્મના ઊંચા ઓટલાઓથી છૂટશું. ગુડ્સટ્રેનના ડબ્બાઓ જોઈ સુન્દરમ્‌ની ઉપમા યાદ આવે છે એમણે પડી રહેલા ગુડ્ઝ ટ્રેનના ડબ્બાઓને એદી ઢોર સાથે સરખાવ્યા છે.

ફરી પાછો લીલો રંગ રેલાઈ રહ્યો. હજુ થોડાંક મકાનો દેખાય છે ગંદા પાણીમાં નાગાં બાળકો છબછબિયાં કરી રહ્યા છે. થોડાક મોટા થાય એટલી જ વાર છે. સ્ટેશન પર આવીને ભીખ માગવાનું શરૂ કરી દેશે. તળાવ અને તળાવની પાસે દેરી દેખાય છે. આપણે પણ મંદિરમાં જઈને ભીખ જ માગીએ છીએને! બિપિન પરીખનું હાઈકુ યાદ આવે છે:

મંદિર બહાર
ભિક્ષુક; ભીતર હું
ફર્ક આટલો?

આકાશ જોવા જેવું ક્યારે નથી હોતું? એક પીંજારો બેઠો બેઠો સતત વાદળને પીંજ્યા કરતો હોય એવા ઘોળા વાદળાં દેખાય છે ઈશ્વરનો ઈન્ટરવ્યૂ લેવાનું મન થાય છે. આજે જો ઈશ્વર મળે તો માત્ર આટલું જ પૂછું. તમે વાદળાંને જોઈને સસલાં બનાવ્યાં કે સસલાંને જોઈને વાદળાં બનાવ્યા? પહેલાં ઈંડુ કે મરઘી?—એમ પહેલાં સસલાં કે વાદળાં જેવો જ આ કોયડો લાગે છે.

નાના સ્ટેશને મેઈલ ટ્રેઈન ઊભી પણ રહે ખરી? ગરીબ માણસો પાસે શ્રીમંતો ખાસ ઊભા રહેતાં નથી. પસાર થતી ટ્રેનને એક બાળક પોતાના ઝૂંપડાની બહાર ઊભો રહીને જોયા કરે છે. કોણ જાણે કેમ સત્યજીત રૉયની 'પથેર પાંચાલી'નો નાનકડો અપૂ યાદ આવી જાય છે. ઔચિત્યની નજર ગીધના ટોળાં પર પડે છે. મને તો એકલું ગીધ પણ ટોળાં જેવું લાગે છે. અને ટોળામાં ચરતી ગાયો હંમેશા એકલી લાગે છે.

ધુમાડો ઓકતું કાળું એંજિન, પસાર થતા સ્ટેશનોનાં પીળાં પાટિયાં, કોઈક ફેક્ટરીનાં ભૂખરાં શેડઝ, કયાંક કયાંક ડોકાઈ જતાં પાણીનાં ખાબોચિયાં, ચાલવાનું મન થાય એવી કયારેક દેખાતી કથ્થઈ રંગની કેડી, ડામરના રસ્તા પરથી પસાર થતી બદામી એમ્બેસેડોર, ભીના પથરા જેવી લાગતી, પાણીમાં પડેલી ભેંસો—પાંચ દસના જૂથમાં ઊડતા સફેદ કબૂતરો અને પાસે જઈને નામ પૂછવાનું મન થાય એવાં ફૂલો. પ્રદ્યુમ્ન તન્નાના ગીતની પંક્તિ 'અડકી ગઈ નેણ અચિંતી રંગની છાકમછોળ'નું દશ્ય હું નવે રૂપે માણી રહ્યો છું.

કેટલાંક માણસો લગ્ને લગ્ને કુંવારા જેવા હોય છે. સ્ટેશને સ્ટેશને ઊતરે છે, ચાહ કે કોફી પીએ છે, સિગાર ફૂંકે છે, પાન થૂંકે છે. ગંગાના એક બિંદુમાં જેમ આખી ગંગાનું સત્ત્વ રહ્યું છે તેમ આપણા સ્ટેશનોમાં સમગ્ર ભારતનું દર્શન થઈ શકે એમ છે.

આપણે પૂરેપૂરા પ્રકૃતિની ઓથે કયારે ય મુકાતા નથી. સ્ટેશને હોઈએ છીએ ત્યારે અને સ્ટેશન છોડીએ છીએ ત્યારે પણ રસ્તામાં આપણી સાથે કોઈ ને કોઈ રીતે શહેર ચાલ્યા કરે છે. રાતે જેમ આપણી સાથે ચંદ્ર ચાલે એમ ટેલિફોનના વાયર્સ ટ્રેનની સાથે સાથે ચાલ્યા કરે છે.

સત્યજીત રૉયના એક ચિત્ર 'અરણ્યેર દિનરાત્રિ'ની કથા યાદ આવે છે. માણસે પોતાને પામવો હોય તો આ કહેવાતી સંસ્કૃતિના વાઘા ઉતારવા પડશે. આ સંસ્કૃતિ તો માણસના ઉપવસ્ત્ર જેવી છે. પ્રકૃતિનો પરિચય પામવા જુવાન છોકરાંઓ શહેર છોડીને જંગલમાં જાય છે. ત્યાંથી સત્યજીતની કથા આરંભ પામે છે. આ જુવાનિયાંઓ પ્રગતિનાં એક પછી એક સાધનોનો ત્યાગ કરે છે. ટાયરના પગવાળી કારનો ત્યાગ કરે છે. ટ્રાન્ઝીસ્ટર રેડિયોને ફગાવી દે છે. છેલ્લે છેલ્લે સંસ્કૃતિના (Spoilt child) જેવું છાપું એમના હાથમાં રહે છે. તેને પણ ફાડી નાખે છે.

કયાંક નીકળી પડવાની આ તો મઝા છે. પ્રવાસમાં હોઈએ છીએ ત્યારે વાર, તારીખ, છાપું કશું યાદ નથી આવતું. પણ આવું કશું જરા પણ યાદ ન આવે એટલે દૂર આપણે નીકળીએ છીએ ખરા? આપણા બધા જ પ્રલોભનોને દૂર રાખી શકીએ ત્યારે જ કદાચ આપણે આપણી પાસે પહોંચી શકતા હોઈશું, પણ આપણે તો બધા કામની નકામી પ્રવૃત્તિઓમાં મચેલા છીએ. પૂલ ઉપરથી ટ્રેન પસાર થાય છે ત્યારે એના અવાજમાં સામા માણસનો અવાજ ડૂબી જાય છે. આપણને સ્પષ્ટ સંભળાતું નથી. માત્ર એના હોઠ ફફડે છે એનો ખ્યાલ આવે છે. આપણી મોટા ભાગની પ્રવૃત્તિઓ આવી હોઠના ફફડાટ જેવી—લવારા જેવી પ્રવૃત્તિઓ છે.

બપોરનો તડકો પોતાનો રુઆબ છાંટી રહ્યો છે. સામેનો મુસાફર હવા ફેંગાવેલા તકિયા ઉપર માથું નાખીને લાંબો થયો છે. વાતવાતમાં એણે કહી દીધું છે કે પોતે એન્જિનિયર છે. એન્જિનિયરની સાથે સાથે હમણાં હમણાં બેકારી શબ્દનું (association) થઈ ગયું છે. આપણો દેશ... કામ નથી મળતું, ભીખ નથી મળતી, માણસ નથી મળતાં... દેશ નથી મળતો...આપણા દેશમાં... કામધેનુઓને લીલાં મેદાનોનો નહીં પણ કતલખાનાંનો વારસો મળે છે. 'The Future of the Future'—છે કે નથી?

પ્રવાસમાં પુસ્તકો તો સાથે લીધાં છે, પણ વાંચવાનું મન નથી થતું. પસાર થતાં દશ્યો કે આસપાસનું વાતાવરણ—આના જેવી કોઈ ઊઘાડી કિતાબ નથી. વૃક્ષોને જોતાં મને કદી થાક લાગતો નથી. પ્રત્યેક વૃક્ષને પોતાની આગવી સૃષ્ટિ હોય છે. વિશિષ્ટ સૌન્દર્ય હોય છે પ્રત્યેક વ્યકિતની જેમ એની કોઈ લાક્ષણિકતા હોય છે. 'બુંદ બુંદની સુરત નિરાલી, કોઈ રોવે, કોઈ ગાય!' એમ પ્રત્યેક વૃક્ષનો પોતાનો એક સંસાર છે. આપણે વૃક્ષ પર કૂદતા હતા ત્યારે વાનર હતા. આપણે મકાનમાં સ્થિર થયા કારણે આપણે નર છીએ. આપણે વાનર-માંથી નર? આપણે હનુમાન નથી. આપણે તો માત્ર અનુમાન છીએ.

ટ્રેન ચાલ્યા કરે છે... વિચાર ચાલ્યા કરે છે... ટ્રેનને તો કયારેક પણ સ્ટેશન મળી જશે. એની ગતિનો કોઈક અંતિમ છેડો છે. આપણા વિચારોને કોઈક સ્ટેશન મળશે ખરું?

મળે તો પણ અમે ઊભા રહીએ એવા નથી. પસાર થવામાં જ અમને રસ છે. ગાંધી, બુદ્ધ, મહમ્મદ, કૃષ્ણ, ઈશુ, સોક્રેટીસ... અમે તો સ્ટેશને સ્ટેશને ઘોંઘાટ કરીએ છીએ. સંતોના હોઠ અમે સીવી દીધા છે. પ્રત્યેક સ્ટેશને અમને રસ છે. સોડા, લેમન, કોકો કોલા, સિગારેટ, પાન, ચાહ, કોફી... અમારું કોઈ સ્ટેશન નથી. પુલ ઉપરથી ટ્રેન ભલે પસાર થાય. અમને સેતુમાં રસ નથી. અમને રસ છે હોઠને ઉઘાડબંધ કરવામાં. શબ્દો...શબ્દો...શબ્દો... લીલાં મેદાનો નહીં માત્ર પથરા...પથરા... પથરા... આ બધા પથ્થરોને ભેદીને એક ઝરણ વહે છે. કહે છે, 'ચલો કોઈ આતે મેં તો મેરે જાતે!"

—સુરેશ દલાલ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ—૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ—૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ નવેમ્બર ૧૬, ૧૯૭૨, ગુરૂવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

વાણી અને અભિવ્યકિત સ્વાતંત્ર્ય

દેશના ચાર અગ્રગણ્ય અંગ્રેજી વર્તમાનપત્રો-ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, હિન્દુ, હિન્દુસ્તાન ટાઈમ્સ અને ઈન્ડિયન એકસપ્રેસ વતી સરકારની ન્યૂઝપ્રિન્ટ પોલિસીને પડકારતી અરજીઓ ઉપર સુપ્રિમ કોર્ટે તા. ૩૦-૧૦-'૭૨ ના રોજ આપેલ ચુકાદો, વાણી અને અભિવ્યકિત સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકાર વિષે સીમા-ચિહ્ન અથવા ઐતિહાસિક ચુકાદો લેખાય છે. પાંચ જજોમાં ચાર વિરુદ્ધ એક એવા બહુમતિ નિર્ણયથી, સરકારની ન્યૂઝપ્રિન્ટ નીતિના મહત્ત્વના અંગો, વાણીસ્વાતંત્ર્યના અધિકારને બાધકર્તા ગણી, ગેર-કાયદેસર ઠરાવ્યા છે. જસ્ટીસ મેથ્યુ, જેમણે ભિન્ન અભિપ્રાય આપ્યો છે અને સરકારની નીતિને કાયદેસર ગણી છે, તેમનું જજમેન્ટ પણ ખરેખર અભ્યાસ કરવા યોગ્ય છે. બહુમતિ અને લઘુમતિ ચુકાદાઓ વાણીસ્વાતંત્ર્ય અંગે કેટલાક પાયાના મુદ્દાઓ ઉપસ્થિત કરે છે. આ સમજવા માટે સંક્ષેપમાં કેટલીક હકીકતો જાણવી જરૂરની છે.

વર્તમાનપત્રો માટે ન્યૂઝપ્રિન્ટ મુખ્ય સાધન છે. ૧૯૫૭ સુધી વધું ન્યૂઝપ્રિન્ટ આયાત કરવો પડતો હતો. ત્યાર પછી સરકારે ન્યૂઝ પ્રિન્ટની એક મિલ કરી છે. પણ તેનું ઉત્પાદન બહુ જ થોડું છે અને તેના માલની જાત સારી નથી. ૧૯૬૧-૬૨ માં વિદેશી હુંડિયામણની સ્થિતિ નબળી પડતાં, આયાત મર્યાદિત કરવી પડી. આયાત બધી સરકાર મારફત શરૂ થઈ અને તેની વહેંચણીનું ધોરણ-ન્યૂઝ પ્રિન્ટ પોલિસી -દર વર્ષે સરકાર નક્કી કરે છે. ન્યૂઝ પ્રિન્ટના ખરીદ, વેચાણ અને વપરાશ ઉપર અંકુશો મૂકાયા. બધું સરકારની પરવાનગીથી થાય. ન્યૂઝ પ્રિન્ટ ઉપરાંત બીજા પ્રકારના કાગળ પણ છે જેમાંથી પુસ્તકો છપાય છે, નોટબુકો થાય છે, સ્ટેશનરી, સરકાર અને વ્યાપારી માટે વિગેરે. આ કાગળના ઉત્પાદન માટે દેશમાં કેટલીક મિલો છે અને તેનું ઉત્પાદન વધતું રહ્યું છે, કેટલીક નિકાસ પણ થાય છે પણ તેનો ઉપયોગ પણ વધતો રહ્યો છે. આ કાગળ ન્યૂઝ પ્રિન્ટના પ્રમાણમાં ઘણો મોંઘો છે તો પણ મોટા વર્તમાનપત્રો, જેને તે પોસાતું, તે તેનો ઉપયોગ કરતાં, તેથી તેની ખેંચ પડતાં, વર્તમાનપત્રોના આવા કાગળના ઉપયોગ ઉપર પણ અંકુશો મૂકાયા. વિશેષમાં ન્યૂઝ પ્રિન્ટને ખાસ જરૂરિયાતની વસ્તુ Essential Commodity ગણી છે. તેથી તેના ઉપયોગ તથા ખરીદ-વેચાણ અને વહેંચણી ઉપર નિયંત્રણ કરવાની સરકારને વિશેષ સત્તા છે.

૧૯૬૨-૬૩ માં આવા અંકુશો દાખલ કર્યા ત્યારે, વિદેશી અને સ્થાનિક ન્યૂઝ પ્રિન્ટની વહેંચણી કયા ધોરણે કરવી તે પ્રશ્ન ઊભો થયો. વર્તમાનપત્રની ન્યૂઝ પ્રિન્ટની જરૂરિયાત નક્કી કરવાના બે અંગો છે -વર્ષમાં સરેરાશ કેટલા પાના કાઢે છે અને સરેરાશ નકલો કેટલી વેચાય છે. સરકારે નક્કી કર્યું કે ૧૯૫૭માં દરેક વર્તમાનપત્રના સરેરાશ પાનાની સંખ્યા અને ૧૯૬૧-૬૨ની સરેરાશ વેચાણ સંખ્યા લઈને દરેક વર્તમાનપત્રનો ન્યૂઝ પ્રિન્ટ કવોટા નક્કી કરવો. ૧૯૬૨-'૬૩ થી ૧૯૭૦-'૭૧ સુધી મુખ્યત્વે આ ધોરણ ચાલુ રહ્યું. તેમાં વખતોવખત ઘણા ફેરફાર થતા રહ્યા, પણ માળખું આ રહ્યું. અંતર્ગત ફેરફારમાં બે મુખ્ય હતા-કવોટા નક્કી કરવા દર વર્ષે અમુક ટકા સરકયુલેશનવધારો ગણવામાં આવતો. ૨૫ થી માંડી ૨૦ ટકા સુધી, વર્તમાનપત્રોનું વેચાણ વધતું રહે તે માંગણી પુરી પાડવા.

બીજું ૧૯૫૭ માં જે વર્તમાનપત્રો હતા અથવા ત્યાર પછી નવા શરૂ થયા, જેનાં પાનાની સરેરાશ સંખ્યા ૧૨ થી ઓછી હતી, તેને આ સંખ્યા વધારવા માટે વધારે ન્યૂઝ પ્રિન્ટ આપવામાં આવતો. કેટલાક સમય પછી ન્યુઝ પ્રિન્ટ સિવાયનો કાગળ White Printing Paperના ઉપયોગની પણ છૂટ આપી, જેનો લાભ મોટા વર્તમાનપત્રો જ લઈ શકતા. દેશમાં લગભગ ૬૫૦ દૈનિક વર્ત-માનપત્રો છે. સામયિકો મોટી સંખ્યામાં છે. સામયિકો માટે પ્રશ્ન ન હતો, કારણ તેમને બીજો કાગળ વાપરવાની છૂટ છે. જે વર્તમાન-પત્રો, ખાસ કરી અઠવાડિક, પાક્ષિક વિગેરે, ન્યૂઝ પ્રિન્ટ વાપરતા નથી-જેમ કે, પ્રબુદ્ધ જીવન - તેને માટે પણ આ પ્રશ્ન નથી. આ પ્રશ્ન મુખ્યત્વે દૈનિક પત્રો માટે જ છે. દેશમાં ઘણી ભાષામાં વર્તમાનપત્રો છે, પણ તેના બે ભાગ પાડી શકાય-અંગ્રેજી અને દેશની બીજી ભાષાઓના language newspapers કેટલાક અંગ્રેજી પત્રો, ઐતિહાસિક કારણે, તેમની બહુ સંખ્યાં ન હોવા છતાં, અતિ મહત્ત્વનું અને વિશિષ્ટ સ્થાન ભોગવે છે.

સરકારે દૈનિક વર્તમાનપત્રોના ત્રણ વર્ગ કર્યા છે. નાના, જેનું સરકયુલેશન ૧૫,૦૦૦ થી ઓછું હોય, વચલા, જેનું સરકયુ-લેશન ૧૫ થી ૫૦ હજાર હોય, અને મોટા, જેનું સરકયુલેશન ૫૦ હજાર ઉપર હોય. આમાં અંગ્રેજી અને દેશી ભાષાઓનાં બધાં પત્રો આવી જાય. દેશી ભાષાઓના કેટલાક પત્રોનું સરકયુલેશન, મોટામાં મોટા અંગ્રેજી પત્ર કરતાં પણ વધારે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનું સરકયુલેશન લગભગ ૧,૭૦,૦૦૦ છે; આનંદબજાર પત્રિકા (બંગાળી) નું ૩ લાખ ઉપર છે. પણ અંગ્રેજી વર્તમાનપત્ર દેશના કોઈ પણ ભાગમાં જાય છે, ભાષાનું પત્ર પ્રાદેશિક છે. બન્નેના વાચક વર્ગ પણ કેટલેક દરજ્જે ભિન્ન છે. જાણીતા અંગ્રેજી બધા વર્તમાનપત્રો મોટા છે; ૫૦ હજારથી વધારે વેચાણ છે.

પાનાની સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો ૬૫ પત્રોમાંથી માત્ર ૪૫ પત્રો એવા છે જેની સરેરાશ પાનાની સંખ્યા ૧૦ ઉપર છે અને તેમાં ૨૨ અંગ્રેજી અને ૨૩ અન્ય ભાષાના. સરેરાશ પાનાની સંખ્યા ૧૨ થી વધારે હોય તેવા માત્ર ૭પત્રો છે, જેમાં ૬ અંગ્રેજી છે - ટાઈમ્સ, હિન્દુ, સ્ટેટ્સમેન, અમૃતબઝાર પત્રિકા, હિન્દુસ્તાન ટાઈમ્સ અને ઈન્ડિયનએકસપ્રેસ.

એકથી વિશેષ પત્રની માલિકી હોય, અથવા એક જ પત્રની એકથી વિશેષ સ્થળેથી આવૃત્તિ નીકળતી હોય, એક જ સ્થળેથી

એકથી વિશેષ પત્રો ચલાવાતા હોય, આવા બધા માલિકોને Common ownership Units કહે છે. બેનેટ કોલમેન કું. દાખલાતરીકે, પાંચ દૈનિકો ચલાવે છે અને સંખ્યાબંધ સામયિકો અને તેના બે દૈનિકો, ટાઈમ્સ અને નવભારત ટાઈમ્સ એકથી વિશેષ સ્થળેથી નીકળે છે.

માલિક એક હોય તો પણ, ન્યૂઝપ્રિન્ટ કવોટા દરેક પત્રનો અને દરેક પત્રની દરેક આવૃત્તિનો અલગ અલગ નક્કી થાય છે. દા. ત. ટાઈમ્સની મુંબઈ, દિલ્હી અને અમદાવાદ આવૃત્તિનો દરેકનો કવોટા જુદો નક્કી થાય. તેમ જ મુંબઈના પાંચે દૈનિકો– ટાઈમ્સ, ઈકોનોમિક ટાઈમ્સ, નવભારત ટાઈમ્સ, મહારાષ્ટ્ર ટાઈમ્સ, ઈવનિંગ ન્યૂઝ, દરેકનો કવોટા જુદો નક્કી થાય.

કોઈને નવું દૈનિક શરૂ કરવું હોય તો તેના કવોટા માટે સરકારને અરજી કરવી પડે.

૧૯૬૨–'૬૩ થી ૧૯૭૦–'૭૧ સુધી ન્યુઝપ્રિન્ટ પોલિસીમાં અંતર્ગત ઘણા ફેરફારો થતા રહ્યા. કેટલાક મનસ્વી કહેવાય, કેટલાક ઈરાદાપૂર્વક આમુક હેતુસર કરેલ હોય, પણ એકંદર વર્તમાનપત્રોએ, ફરીયાદો કરતા કરતા પણ, ચલાવી લીધું.

આ સમય દરમ્યાન ન્યૂઝપ્રિન્ટના ઉપયોગ સંબંધે સરકારે કેટલીક અનુકૂળતાઓ આપી હતી જેથી નભાવી શકાય. દા. ત. કવોટા નક્કી કર્યો હોય પચાસ હજારના સરકયુલેશન ઉપર અને ૮ પાનાની સંખ્યા ઉપર. તે પ્રમાણે, સમજોકે ૨,૦૦૦ ટન ન્યુઝપ્રિન્ટ મળ્યો. પછી દરેક પત્ર પોતાની મરજી પ્રમાણે તેનો ઉપયોગ કરી શકે, એટલે કે, તેને ફાવે તો પાનાની સંખ્યા વધારી, સકર્યુલેશન ઘટાડે, અથવા પાનાની સંખ્યા ઘટાડી, સકર્યુલેશન વધારે- તેની જરૂરિયાત મુજબ ૨,૦૦૦ ટનનો ઉપયોગ કરે. કેટલાકને વધારે પાના આપવા અનુકૂળ હોય - જો જાહેરખબર વધારે હોય તો. કેટલાકને જાહેરખબર પૂરતી ન હોય તો સકર્યુલેશન વધારવું લાભદાયક થાય. કેટલાક પુરા કવોટાનો ઉપયોગ પણ કરી ન શકે. મોટા ભાગના દેશી ભાષાના પત્રો પાના વધારવાને બદલે સકર્યુલેશન વધારતા. મોટા ભાગના અંગ્રેજી પત્રો સકર્યુલેશન મર્યાદિત રાખી, પાના વધરાતા. કારણ, તેમને જાહેરખબર વિપૂલ રહે છે. દા. ત. ટાઈમ્સનો કવોટા સરેરાશ ૧૩.૯ પાના અને લગભગ ૨ લાખ સકર્યુલેશનના ધોરણે નક્કી થયો. ટાઈમ્સની નકલો મેળવવાની માગણી પણ વધારે હોય. અને વધારે ન્યૂઝપ્રિન્ટ મળે તો સકર્યુલેશન વધારી શકાય એવી શકયતા હોય તો પણ, ટાઈમ્સ પાનાની સંખ્યા સરેરાશ ૧૬ થી ૧૮ રાખે છે અને સકર્યુલેશન ૧,૫૦,૦૦૦ થી ૧,૬૫,૦૦૦નું રાખે છે. બીજી તરફ આનંદબઝાર પત્રિકાને ૧૨ પાનાની છૂટ હોય અને સકર્યુલેશન બે લાખ ગણ્યું હોય તો પણ, ૧૦ પાના રાખી સકર્યુલેશન ૩ લાખ સુધી લઈ જાય. ખરી કમાણી જાહેરખબરમાં છે, સકર્યુલેશનમાં નહિ. પણ અમુક સકર્યુલેશન જાળવવું જ પડે, તો જ જાહેરખબર મળે. જાહેરખબર ઘટે તો કમાણી ઘટે, તો છાપાની કીંમત વધારવી પડે, તો સકર્યુલેશન ઘટે, તો જાહેર ખબર ઘટે. આ બધી અટપટી માયાજાળ છે. દરેક પત્ર પોતાની વખતોવખતની જરૂરિયાત મુજબ ન્યુઝપ્રિન્ટના ઉપયોગની રીત નક્કી કરે.

બીજી મોટી સગવડ એ હતી કે મજમુ માલિકીના પત્રો, એક પત્રનો કવોટા બીજા માટે વાપરી શકે અથવા એક આવૃત્તિનો કવોટા બીજી આવૃત્તિ માટે વાપરી શકે, અથવા પોતાના કુલ કવોટામાંથી નવું પત્ર અથવા ચાલુ પત્રની નવી આવૃત્તિ શરૂ કરી શકે. મજમુ માલિકીના પત્રોને આ મોટો લાભ હતો. એક જ પત્ર હોય તેણે પોતાના કવોટામાં જ નિભાવવું પડે.

આ બધા ફેરફાર સરકાર વખતોવખત મન ફાવે તેમ કરતી. કોઈ વખત સગવડ આપે, કોઈ વખત ખેંચી લે, કોઈ વખત ઓછી કરે, કોઈ વખત નાના અને વચલા વર્ગના પત્રોને મદદ કરવાનું કારણ આપી મોટા પત્રોની સગવડ ઓછી કરે. કોઈ વખત દેશી ભાષાના પત્રોને મદદ કરવાના નામે અંગ્રેજી પત્રોની સગવડ ઓછી કરે. દર વર્ષે આ ખટપટ ચાલ્યા જ કરે.

ઉપરના ધોરણમાં એક વસ્તુ નિશ્ચિત રહી હતી. ૧૯૬૧–૬૨ થી ૧૯૭૦–૭૧ સુધી, જે વર્તમાનપત્રોની પાનાની સંખ્યા ૧૯૫૭ માં સરેરાશ ૧૨ અથવા તેથી વધારે હતી, તેનો કવોટા નક્કી કરવામાં ૧૯૫૭ ની સંખ્યા જ કાયમ રહી. તેને પાનાનો વધારો આપવામાં આવ્યો નહિ. દા. ત. ટાઈમ્સની સરેરાશ પાનાની સંખ્યા ૧૯૫૭ માં ૧૩.૯ હતી. તે છેવટ સુધી તે જ ગણવામાં આવી. તેને સકર્યુલેશન–વધારો મળતો. પરિણામે, ટાઈમ્સ હંમેશા તેને સકર્યુલેશન વધારો મળતો તે કરતાં સરકયુલેશન ઓછું જ રાખતું અને પાનાની સંખ્યા વધારે રાખતું. છ મોટા અંગ્રેજી વર્તમાનપત્રો આ બધા માટે આ સ્થિતિ હતી. જે પત્રોની પાનાની સંખ્યા ૧૨ થી ઓછી હતી તેને પાનાનો તથા સકર્યુલેશનનો બન્ને પ્રકારનો વધારો મળતો રહેતો.

નવેમ્બર ૧૯૭૦ માં સરકારે આ નીતિમાં એક મોટો ફેરફાર કર્યો. બંગલા યુદ્ધને કારણે અમેરિકન મદદ બંધ થઈ. તેથી ૧૧,૦૦૦ ટન ન્યુઝપ્રિન્ટ અમેરિકાથી મળવાનો હતો તે બંધ થયો. તેથી ૧૯૭૦–૭૧ માં કુલ ૨,૨૫,૦૦૦ ટનની ફાળવણી થઈ હતી તેને બદલે ૨,૧૫,૦૦૦ ટન રહ્યો. લગભગ પાંચ ટકાનો તોટો રહ્યો. વર્તમાનપત્રોનું કહેવું એમ હતું કે આ ૧૦,૦૦૦ ટનનો તોટો ખરી રીતે તોટો ન હતો. આગલા વર્ષની બેલેન્સ હતી. સ્થાનિક મિલનું ઉત્પાદન વધ્યું હતું. કેટલાય વર્તમાનપત્રોએ ખોટા આંકડા આપી વધારે કવોટા લીધો હતો, અથવા મળેલ કવોટા પૂરો વાપરી શકયા ન હતા. આવું દર વરસે બનતું તેથી ઘણી રીતે આ તોટાને પહોંચીવળાય તેમ હતું, અથવા પાંચ ટકાના આ તોટાને પહોંચીવળવાનો સીધો માર્ગ એ હતો કે દરેક વર્તમાનપત્રના કવોટામાં પાંચ ટકા કાપ મૂકવો. પણ આમ ન કરતાં સરકારે હુકમ બહાર પાડયો કે ૧–૧–'૭૧ થી કોઈ વર્તમાનપત્રે ૧૦ થી વધારે પાના કાઢવા નહિ. માત્ર ૪૫ વર્તમાનપત્રોને આ લાગુ પડે. તેમાં પણ ખાસ કરી છ અંગ્રેજી વર્તમાનપત્રોને - જેની સરેરાશ પાનાની સંખ્યા ૧૩ થી વધારે હતી.

માર્ચ મહિનામાં ૧૯૭૧–૭૨ અને પછી ૧૯૭૨–૭૩ ની નવી ન્યુઝપ્રિન્ટ પોલિસી બહાર પાડી તેમાં સરકારે બીજા ફેરફારો કર્યા, જે મુખ્યત્વે છ અંગ્રેજી વર્તમાનપત્રોને જ ધક્કો પહોંચાડે તેવા હતા.

તેમાંના મુખ્ય ફેરફારો આ પ્રમાણે હતા.

૧. કવોટાની ગણતરી કરવા કોઈ વર્તમાનપત્રની પાનાની સંખ્યા ૧૦ થી વધારે ગણવામાં નહિ આવે. આથી ૧૯૫૭ થી જે પત્રોને ૧૦ થી વધારે પાનાના ધોરણે કવોટા મળતો તેને મોટો કાપ પડયો.

૨. કોઈ વર્તમાનપત્ર ૧૦ થી વધારે પાના છાપી ન શકે. ૧૦ પાનાની ગણતરીએ કવોટા આપે તો પણ, સકર્યુલેશન ઘટાડી, પાનાની સંખ્યા વધારી ન શકાય. એટલે ટાઈમ્સ, હિન્દુ વગેરે પત્રો જે ૧૬–૧૭ પાના કાઢતા તેને મોટો કાપ પડયો.

૩. મજમુ માલિકીના પત્રો ઉપર વિશેષ કાપ મુકાયા :

(અ) એક પત્રનો કવોટા બીજા પત્ર માટે વાપરી ન શકાય.

(બ) એક આવૃત્તિનો કવોટા બીજી આવૃત્તિ માટે વાપરી ન શકાય.

(ક) પોતાના નક્કી થયેલ કવોટામાંથી પણ કોઈ નવું પત્ર શરૂ કરી ન શકે. બેનેટ કોલમેનને કુલ ૨૦,૦૦૦ ટનનો કવોટા છે. બીજા પત્રોમાં થોડો કાપ મૂકી, નવું પત્ર શરૂ કરવા ઈચ્છે તો તે કરી ન શકે.

(ગ) પોતાના કવોટામાંથી પણ કોઈ પત્રની નવી આવૃત્તિ શરૂ કરી ન શકે. બેનેટ કોલમેન, મહારાષ્ટ્ર ટાઈમ્સ મુંબઈથી પ્રકટ કરે છે, તે નાગપુર અથવા કોલ્હાપુરથી પ્રકટ કરી ન શકે.

(ઘ) ૧૦ થી વિશેષ પાના હોય તેને ૧૦ જ પાનાની મર્યાદા મૂકી, જ્યારે ૧૦ થી ઓછા પાનાના વર્તમાનપત્રોને પાનાની સંખ્યા વધારવા ૨૦ ટકા વિશેષ કવોટા આપ્યો. પણ તે પાનાની સંખ્યા વધારવા જ વાપરી શકાય, સકર્યુલેશન વધારવા નહીં.

(ઙ) મોટા છાપાઓને - એક લાખથી વધારે સકયુલેશનવાળાને, પાંચ ટકા સકયુલેશનવધારો હતો તે ઘટાડી ૩ ટકા કર્યો.

આ નવી નીતિથી ખાસ કરી, છ અંગ્રેજી વર્તમાનપત્રો ઉપર, આર્થિક અને બીજી રીતે, ગંભીર પરિણામો આવ્યા અને તેમને માટે કટોકટી પેદા થઈ, તેથી આ નવી નીતિને પડકારવી પડી.

હકીકતો મેં વિસ્તારથી આપી છે કે જેથી જે મહત્ત્વના બંધારણીય મુદ્દાઓ ઉપસ્થિત થયા તે સમજી શકાય. તેમ જ બહુમતિ અને લઘુમતિ જજમેન્ટો ઉપર આ મુદ્દાઓની તુલનાત્મક વિચારણા થઈ શકે.

આ નવી નીતિથી બેનેટ કોલમેનને સૌથી વધારે ધક્કો પહોંચતો હતો. તેના સોલીસિટર તરીકે આ વિષયનો ઊંડો અભ્યાસ કરવાની મારે જરૂર પડી અને તક મળી.

કાયદાના મુદ્દાઓની છણાવટ આવતા અંકે કરીશ.

ક્રમશ : — ચીમનલાલ ચકુભાઈ

☆ પ્રકીર્ણ નોંધ ☆

શ્રી ગીરધરભાઈ દફ્તરી

શ્રી ગીરધરલાલ દામોદર દફ્તરીનું તા. ૧લી નવેમ્બર ૧૯૭૨ ને દિને અવસાન થયું. તેમની સાથે ૪૦ વર્ષથી મારો ગાઢ અને નિકટનો સંબંધ હતો. તેમના જેવી ધર્મપરાયણ અને સેવાભાવી વ્યકિત મેં બહુ થોડી જોઈ છે. તેઓ સાદાઈ અને નમ્રતાની મૂર્તિ હતા. મારા કરતાં દસ વર્ષે ઉમરમાં મોટા, પણ મારામાં ખૂબ વિશ્વાસ. કોઈ કામ મને પૂછયા વિના ન કરે. હું ના પાડું તો, તેમનો જુદો અભિપ્રાય હોય તો પણ, છોડી દે. હું બનતા સુધી તેમની ઈચ્છાને માન આપું. તેમના ઉચ્ચ ચારિત્રને કારણે સમાજનો તેમના ઉપર ભારે પ્રેમ અને વિશ્વાસ હતા. લાખો રૂપિયાના દાન તેમણે મેળવ્યા છે. સદા એકજ રટણ હતું, સેવાનું. જીવદયા હાડોહાડ હતી. ઘાટકોપર જીવદયા ખાતા માટે અથાગ પરિશ્રમ તેમણે લીધા. પશુઓ માટે ભેખ લીધા હતો. ગરીબાઈમાં ઉછરેલા. નાનપણથી ધંધે લાગ્યા, પણ પૈસાનો જરા પણ મોહ ન હતો. ૧૯૨૮ માં બાર વ્રત આદર્યા. અપરિગ્રહ વ્રતમાં પોતાના ધનની મર્યાદા રૂા. ૩૫,૦૦૦ ની બાંધી. રૂપિયાનું આટલું અવમૂલ્યન થયું પણ આ મર્યાદાને છેવટ સુધી ચુસ્તપણે વળગી રહ્યા. અતિ નિષ્ઠાપૂર્વક આ વ્રતનું પાલન કર્યું. જિંદગીભર એક ડબલ રૂમમાં રહ્યાં. પોતાની કમાણી પારકાની છે, સમાજની છે એમ માની, ખૂબ કરકસરથી રહેતા અને બને તેટલું વધારે બચાવી, રૂા. ૩૫,૦૦૦ થી જેટલો વધારો થાય તે, દર વર્ષે ૩૧ મી માર્ચે સેવાના કાર્યોમાં વાપરી નાખે. હજારો રૂપિયા તેમણે પોતે દાન કર્યું છે. માનવસેવામાં, તબીબી રાહત ઉપર તેમને મમતા હતી. વર્ષો પહેલા તેમનાં માતુશ્રીને નામે દાદરમાં એકસ-રે વિભાગ ખોલ્યો. પૂરી જાતદેખરેખ રાખે. એકસ-રેના માત્ર દસ રૂપિયા લે, તેમાંથી વધારો કરે. બીજા બે ત્રણ દવાખાનાઓ, ઘાટકોપર, ચેમ્બુર વિગેરે સ્થળોએ ખોલ્યા. દરરોજ દરેક દવાખાનાની મુલાકાત લઈ, વ્યવસ્થા જોવી, હિસાબ સંભાળવા ઘેરથી સવારે ૭ વાગે નીકળી જાય. નિયમિત અખંડપણે ચૌવિહાર કરે. ખાવાનો ડબો સાથે જ હોય. શરીરસ્વાસ્થ્ય બહુ સારું હતું. મને હંમેશ કહેતા કે પથારીમાં પડે, પાંચ મિનિટમાં ગાઢ નિદ્રા અને બરાબર સવારે પાંચ વાગે જાગી જાય. અરધા કલાકમાં નિત્યકર્મથી પરવારી સામયિકમાં બેસી જાય. સાધુ-સાધ્વી પ્રત્યે ખૂબ માન. દર્શનાર્થે દર વર્ષે કેટલેય સ્થળે જાય. પણ શિથિલાચાર જરા પણ સહન ન કરે. ખૂબ ઉગ્ર થઈને શિથિલાચારી સાધુ-સાધ્વીઓને ઝાટકી નાખે. મુહપત્તી ખેંચી લઈશ એમ સાફ કહી દે. કેટલાયના વેશ ઉતરાવી નાંખ્યા. સેવાનું કોઈ પણ કાર્ય હોય, હંમેશા તૈયાર. કોઈ દિવસ ધંધાની પરવા કરી નથી. દુષ્કાળ, રેલ, ધરતીકંપ, કોઈ પણ સંકટ હોય, દેશના કોઈ પણ ભાગમાં હોય, જાતે જવા તૈયાર અને લાંબો સમય રહે. બિહારમાં, ત્રણ મહિના રહ્યા હતા. ગમે તે કામ માટે લાખો રૂપિયા ભેગા કરવાની હામ, અને તેમને મળી રહે.

તેમના ૭૮ મા જન્મદિને સ્થાનકવાસી સમાજ તરફથી તેમનું સન્માન કરી, રૂા. ૧,૩૧,૧૩૧ ની થેલી અર્પણ કરી હતી. જેનો ઉપયોગ સ્વધર્મી સહાયક માટે થાય છે. તે સમયે મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પણ તેમનું સન્માન કર્યું હતું.

તેમના પત્ની સુરજબહેન એવા જ સરળસ્વભાવી, ધાર્મિક અને સેવાભાવી. ગીરધરભાઈનાં અપરિગ્રહ વ્રતમાં તેમનો પૂરો અને હાર્દિક સહકાર હતો.

થોડા મહિના પહેલાં, ઘરમાં પડી ગયા ત્યારે હથેળીમાં વાગ્યું. તે પીડા લાંબી ચાલી. અવસાન પહેલા થોડા દિવસે, તબિયત સારી ન હતી તોપણ, મહાસતી ઊજ્જવળકુમારીના દર્શને અહમદનગર ગયા. પછી ઈચ્છા થઈ કે પોતાના ગુરુ શ્રી સૌભાગ્યમલજી મહારાજના દર્શને ઈન્દોર જવું છે. સ્મૃતિ કાંઈક નબળી હતી. માનસિક સ્વસ્થતા ઘટી હતી. રાત્રે ઊઠી, ઈન્દોર જવાની તૈયારી કરવા માંડી તેમાં કયારે પડી ગયા તે ધ્યાન ન રહ્યું અને કેડમાં ફ્રેકચર થયું. સૂરજબહેન જાગ્યા ત્યારે જોયું તો નીચે પડેલા. ઉપર સુવાડયા પછી જૈન કિલનિકમાં લઈ આવ્યા. ડૉકટરોએ કહ્યું કે ઓપરેશન કર્યા વિના છુટકો નથી. કરીએ તો ય જોખમ હતું અને ન કરીયે તો પણ. છેવટ ઓપરેશન ન કર્યું, પણ ઉમરને કારણે સ્થિતિ બગડતી રહી. છેવટસુધી ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ માટે શું કરશો, જીવદયા ખાતાનું શું કરશો, એવું જ રટણ હતું.

શ્રી ગીરધરભાઈ ખરેખર ધાર્મિક પુરૂષ હતા. સાચા શ્રાવક હતા. મેં એક એવો સાથી ગુમાવ્યો છે કે જેની ખોટ કોઈ પૂરી પાડી શકે તેમ નથી. આવા પુણ્યાત્માનો મને આટલા વર્ષ સહયોગ રહ્યો તેને હું મારું પરમ સદ્‌ભાગ્ય માનું છું.

નિક્સનનો વિજય

પ્રેસિડન્ટ નિક્સનનો અભૂતપૂર્વ બહુમતિથી વિજય થયો. તેમનો વિજય નક્કી જ હતો પણ આટલી પ્રચંડ બહમતિની અપેક્ષા તેમણે પણ રાખી નહિ હોય. રુઝવેલ્ટ અથવા આઈઝનહોવર પેઠે નિક્સન લોકપ્રિય વ્યકિત નથી. તેનામાં રુઝવેલ્ટની પ્રતિભા નથી. આઈઝન હોવરનું સૌજન્ય નથી, કેનેડીની ભાવનાશીલતા નથી, તેમનું રાજકીય જીવન ઉજ્જવળ નથી. તો આ વિજયનો અર્થ શું? ઘણાં કારણો છે, પણ સ્પષ્ટ તરી આવે તેવા કારણો જ વિચારીએ. મેકગવર્ન અમેરિકન પ્રજા ઉપર પ્રભાવ પાડી ન શકયા. તેમણે શરૂઆતમાં જાહેર કરેલ નીતિથી અમેરિકન પ્રજાનો મોટો ભાગ ભડકી ગયો. તેણે જાહેર કર્યું કે લશ્કરી ખર્ચ મોટા પ્રમાણમાં ઓછું કરવું, યુરોપમાંથી સારા પ્રમાણમાં લશ્કર પાછું ખેંચી લેવું. પરિણામે લશ્કરી સરંજામ ઉપર આધાર રાખતા ઉદ્યોગોને ધક્કો પહોંચે. તેના ઉપર જેની આજીવિકાનો આધાર છે તે બેકાર થાય. દુનિયામાં અમેરિકાનું વર્ચસ્વ ઓછું થાય. અમેરિકન પ્રજાને આ માન્ય ન હતું. બીજું, મેકગવર્ને કહ્યું કે વિયેટનામમાંથી બિનશરતે પાછા નીકળી જવું. આ જ વ્યાજબી અને નૈતિક માર્ગ છે. પણ અમેરિકન પ્રજાને તે માન્ય નથી. વિયેટનામમાં આચરેલ અમાનુષી અત્યાચારો અમેરિકન પ્રજાના મોટા ભાગને સ્પર્શ્યા નથી. વિયેટનામના યુદ્ધથી થાકયા છે, કંટાળ્યા છે, ત્રાસ્યા છે, પણ પ્રતિષ્ઠા સદંતર ગુમાવવી નથી. નિક્સને કહ્યું તે માનભેર સમાધાન કરશે. અમેરિકન સૈન્યની ખુવારી તેણે અટકાવી અને ભયંકર બોમ્બમારાથી ઉત્તર વિયેટનામને વિમાસણમાં મૂકયું. ચીન અને રશિયાએ પોતાના સ્વાર્થે ઉત્તર વિયેટનામમાં નમતું મૂકયું. મેકગવર્ને વિશેષમાં કહ્યું કે પૈસાદાર ઉપર કરવેરા વધારવા અને કલ્યાણરાજ્યની દિશામાં જવું. અમેરિકાની પ્રજા આવા પ્રસ્થાન માટે તૈયાર નથી. શાળાઓમાં અને બસોમાં કાળાગોરાનો ભેદ ન રાખવો એમ મેકગવર્ને જાહેર કર્યું. અમેરિકન પ્રજા આને માટે તૈયાર નથી. મેકગવર્નની નીતિ સાચી અને ન્યાયી હોવા છતાં, શરૂઆતની આક્રમતાથી પ્રજા ભડકી ઉઠી ત્યારે તેણે મોળી પાડી, ઢીલી મૂકી, પરિણામે યુવાનવર્ગ તેને શરૂઆતમાં તેની આ ઉદારમતવાદીનીતિને કારણે ટેકો આપતો હતો તે પણ ઉદાસ થયો. મેકગવર્ન વિશ્વાસ પેદા કરી ન શકયો. તેને પોતાનાં પક્ષ-ડેમોક્રેટીક પાર્ટી - નો ટેકો ન હતો. મેકગવર્ન અજાણ્યો ઘોડો Dark Horse થઈ ગયો. ખૂબ ખંત અને હીંમતથી ચૂંટણી લડયો. પણ નિક્સન પાસે અખૂટ ભંડાર હતો અને ચાલુ સત્તાસ્થાનના લાભનો પૂરો ઉપયોગ

કર્યો. અમેરિકન પ્રજા ભયભીત છે. નિક્સને ચીન અને રશિયા સાથે સંબંધો સુધારી સલામતી આપી તેમ માન્યું. અમેરિકન પ્રજા પરિગ્રહી, મિલકત અને નફા માટે જીવનારી; તેણે નિક્સનમાં પોતાનો પ્રતિનિધિ જોયો. American people played for safety નિક્સનના ઘણાં અનીતિમય કૃત્યો ભૂલી જવા તૈયાર થઈ. Nixons represent to a large extent the present American attitudes to problems domestic and international.

ભારતે વાસ્તવિકતા લક્ષમાં લેવી પડશે. રશિયા અને ચીને વાસ્તવિકતા સ્વીકારી.

બિન–સાંપ્રદાયિકતાનું ધતીંગ

કેન્દ્રના સંદેશવ્યવહાર ખાતાના મંત્રી શ્રી બહુગુણા ટેલિકોમ્યુનિકેશન મકાનનું ખાતમુહૂર્ત કરવા આવ્યા ત્યારે તેમને તીલક કરવા અને કાંઈક પૂજાવિધિ કરવાની વ્યવસ્થા કરી હતી, તે તેમણે થવા ન દીધી. બિન–સાંપ્રદાયિક રાજ્યમાં આવી ધાર્મિક વિધિને અવકાશ નથી એમ કહ્યું. આવી જ રીતે બિન–સાંપ્રદાયિકતા આવતી હોય તો બહુ સસ્તી છે. કોઈ શુભકાર્યમાં ભગવાનનું નામ લઈ તેના પ્રતિક તરીકે કાંઈક વિધિ થાય તેમાં કોઈ ધર્માંધતા નથી. બિન–સાંપ્રદાયિકતાનો અર્થ ધર્મવિહીન થવું એમ નથી. તેનો અર્થ તો સર્વધર્મસમભાવ છે. બિનસાંપ્રદાયિક થવું એટલે હિન્દુએ હિન્દુ મટી જવું, મુસલમાને મુસલમાન મટી જવું એમ નથી. સાચા હિંદુ થવું અને સાચા મુસલમાન થવું એમ છે. શુભકાર્યના આરંભે પ્રાર્થના થાય અને કાંઈક ચિત્તશુદ્ધિ થાય તો નુકસાન નથી. તીલક કરવું અથવા કાંઈ પૂજાવિધિ કરવી એ હિન્દુધર્મના ચિહ્ન લેખાતા હશે તેથી વાંધો લીધો હશે? સાર્વજનિક સમુદાય હોય ત્યાં કેવી પ્રાર્થના કરવી તે માત્ર વિવેકનો પ્રશ્ન છે. ભારતીય વિદ્યાભવનનો કોઈ સમારંભ હોય તો વૈદિક મંત્રોચ્ચાર થાય તે જ યોગ્ય ગણાય. ત્યાં કોઈ એમ નહિ કહે કે કે કુરાનની પ્રાર્થના કરવી. આગાદમેદાનમાં રમઝાનઈદનું સંમેલન હોય અને મુસ્લીમ સિવાય બીજાઓ પણ હાજર હોય તો પણ વૈદિક મંત્રોચ્ચારનો આગ્રહ કોઈ નહિ રાખે. દરેક પ્રસંગે પ્રાર્થના કરવી હોય તો દરેક ધર્મની સાથે કરવી જોઈએ એવો આગ્રહ પણ અસ્થાને છે. જે પ્રસંગે જે યોગ્ય હોય તે કરવું. એવા પણ પ્રસંગ હોય જ્યાં બધા ધર્મોની પ્રાર્થના થાય. એક જ ધર્મની પ્રાર્થના થાય ત્યાં બીજાએ વાંધો લેવો, તેવું સંકુચિત માનસ તજવું જોઈએ. સોમનાથની પ્રતિષ્ઠા કરવી હતી ત્યારે રાજેન્દ્રબાબુને વિનંતિ કરી. તેમણે સ્વીકારી. નહેરુને ખબર પડી એટલે તેમણે વાંધો લીધો કે રાજ્યના વડા તરીકે હિન્દુધર્મના કોઈ મંદિરની પ્રતિષ્ઠા કરવા તેઓ જાય તે બરાબર નહિ. રાજેન્દ્રબાબુએ સાફ સંભળાવી દીધું કે તેઓ હિંદુ મટી નથી ગયા. બિન-સાંપ્રદાયિકતાને નામે આવા ધતીંગ ન કરીએ અને સાચી રીતે ધાર્મિક થઈ સર્વધર્મસમભાવ કેળવીએ.

–ચીમનલાલ ચકુભાઈ

☆ દુષ્કાળ રાહત ફંડ માટે અપીલ ☆

ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં તેમ જ મહારાષ્ટ્રમાં દુષ્કાળની પરિસ્થિતિ ભીષણ છે અને સમય જતાં તે વધુ કપરી બનશે. અત્યારથી જ સંખ્યાબંધ વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર તંગી છે. ઢોરો માટે ઘાસ દુર્લભ બન્યું છે. અનાજના તથા અન્ય આવશ્યક ચીજોના ભાવો ઊંચા ને ઊંચા જઈ રહ્યા છે અને તેથી સમાજમાં મોટા ભાગના લોકો ભારે હાડમારી અનુભવે છે. ગુજરાત અને મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં અને લગભગ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છમાં માનવો અને પશુઓ માટે રાહતકાર્યો સત્વર શરૂ કરવાની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ છે.

દુષ્કાળની પરિસ્થિતિનો મુકાબલો કરવામાં બન્ને રાજ્યોની સરકારો બનતા બધા પ્રયાસો કરી રહી છે. કેન્દ્ર સરકાર પણ ગણનાપાત્ર પ્રમાણમાં સહાય આપી રહી છે. આમ છતાં, સખાવતી સંસ્થાઓ અને ગૃહસ્થોએ સ્વૈચ્છિક પુરુષાર્થ કરવો જ પડશે. સરકારનાં રાહતકાર્યમાં પૂરક બની રહેવાની ખાસ આવશ્યકતા સરજાઈ છે.

'સેન્ટ્રલ રીલીફ ફંડ અને 'ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર'– દુષ્કાળ, પૂર, ભૂકંપ અને અન્ય આપત્તિઓ વખતે દેશભરમાં રાહતકાર્યો કરી રહ્યાં છે. આ બન્ને સેવા-સંસ્થાઓએ બિહાર, રાજસ્થાન, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં તેમજ ગુજરાતના સુરત, ભરૂચ, કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં ઉત્તમ સેવા બજાવી છે. જ્યારે જ્યારે રાહતના સંજોગો નિર્માણ થાય છે ત્યારે ત્યારે આ સંસ્થાઓએ માનવી અને પશુઓની યાતના કમ કરવા માટે સર્વાંગી પુરુષાર્થ આદર્યો છે. આ બન્ને સંસ્થાઓને કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા તેમ જ સમાજ દ્વારા સહકાર અને સહાય સાંપડયા છે. સેવાભાવી સામાજિક સંસ્થાઓનો પણ અમને સુંદર સાથ મળ્યો છે.

વર્તમાન કટોકટીની ગંભીરતાને લક્ષ્યમાં લઈને, બન્ને સંસ્થાઓએ મહારાષ્ટ્રમાં તેમ જ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં સંયુકત રીતે કામગીરી બજાવવાનો નિર્ણય કર્યો છે. આ તમામ વિસ્તારોમ રાહતકાર્યોને માર્ગદર્શન આપવા તથા નિરીક્ષણ કરવા માટે બન્ને સંસ્થાઓની એક સંયુકત સમિતિ સ્થાપવામાં આવી છે. આ સંયુકત સમિતિએ સૌરાષ્ટ્ર અને કચ્છ માટે પ્રાદેશિક સમિતિઓ સ્થાપી છે. ગુજરાત અને મહારાષ્ટ્રના અન્ય વિસ્તારો માટે પણ આવી પ્રાદેશિક સમિતિઓ સ્થાપવામાં આવશે. આ વિસ્તારોમાં તમામ રાહતકાર્યો બન્ને સંસ્થાઓ અને સંયુકત સમિતિને ઉપક્રમે ચાલશે. નાણાંભંડોળ બન્ને સંસ્થાઓની સંયુકત સમિતિ દ્વારા અને તેની વતી એકત્ર કરાશે. તમામ વિસ્તારોમાં રાહતકાર્યો સ્થાનિક કાર્યકરોના, સ્થાનિક સંસ્થાઓના અને સરકારી તંત્રોના સહકારથી થશે. આ બધાનો ઉદ્દેશ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ મહારાષ્ટ્રમાં સંયોજિત અને સુયોજિત રાહતકાર્યો પાર પાડવાનો છે. આ વિસ્તારોમાં કાર્ય કરતી અન્ય સંસ્થાઓનો સહકાર લેવા પાછળનો ઉદ્દેશ રાહતકાર્યો બેવડાય નહિ તે જોવાનો છે. આવા સંયોજનથી માનવશકિત તથા આવશ્યક સાધનસામગ્રીનો શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકશે.

આપણી સમક્ષનું કાર્ય ભગીરથ અને વિરાટ છે. વર્તમાન ગંભીર પરિસ્થિતિનો મુકાબલો કરવાને ગમે એટલા પ્રયાસો પણ ઊણા ઊતરશે. દસ મહિના સુધી આપણે ઝઝૂમવું પડશે.

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં તેમજ મહારાષ્ટ્રમાં જરૂરિયાતોને પહોંચીવળવા માટે કમમાં કમ ૫૦ લાખ રૂપિયા એકત્ર કરવા પડશે, એવો અંદાજ છે. આથી અમે તમામ સેવાભાવી, સખાવતી વ્યકિતઓ, ટ્રસ્ટો, કંપનીઓ તથા સંસ્થાઓને આ માનવતાના કાર્યમાં ઉદાર હાથે ફાળો આપવાની અપીલ કરીએ છીએ.

બન્ને સંસ્થાઓને મળનારાં દાનને આવકવેરામાંથી મુકિત મળશે. બેમાંથી કોઈ પણ સંસ્થાને નામે ચેક મોકલી શકાશે.

સેન્ટ્રલ રીલીફ ફંડ,
સિધિયા હાઉસ,
બેલાર્ડ એસ્ટેટ,
મુંબઈ–૧

લિ.

ધરમસી એમ. ખટાઉ (પ્રમુખ, સેન્ટ્રલ રીલીફ ફંડ)
ક્રોયાંસપ્રસાદ જૈન (પ્રમુખ, ભગવાન મહાવીર કલ્યાણકેન્દ્ર)
ચીમનલાલ ચકુભાઈ શાહ, **તુલસીદાસ એમ. વિશ્રામ** } માનદ્ મંત્રીઓ, સંયુકત સમિતિ

મફતિયું વાચન કે સહકાર ?

કેટલા બધા કવિઓ, લેખકો, વિવેચકો, સાહિત્યિક પત્રકારો, પ્રકાશકો અને પુસ્તકવિક્રેતાઓએ મફતિયા વાચકોને ગાળો દીધી છે! ગાડીમાં બાજુમાં બેઠેલા માણસ પાસેથી છાપું માગીને વાંચનારા, પાડોશીને ઘેરથી છાપું, સામયિક કે પુસ્તક વાંચવા લઈ જનારા—ટૂંકમાં પોતાને જે વાંચવું છે તે બધું પોતે જ નહિ ખરીદનારા લોકોની થાય તેટલી ટીકા કરવામાં આવી છે. માગીને વાંચવું એ જાણે કોઈ અસભ્ય વર્તન, કોઈ ગુનો હોય એવી કાગારોળ કેટલાક માણસોએ મચાવી છે.

આ જાતનો ઊહાપોહ કરનારા માણસો મુખ્યત્વે બે પ્રકારના છે. એક એવો વર્ગ છે જે શાંતિથી પોતાની વાચનસામગ્રીનો ઉપયોગ કરવા ઈચ્છે છે અને તેમાં કોઈ ખલેલ પડે તેમ ઈચ્છતો નથી. આવા લોકોની પાસેથી કોઈ છાપું, સામયિક કે પુસ્તક માગે તે તેમને પોતાના વાચનના સમયપત્રકમાં ખલેલ પડવા જેવું લાગે છે. પોતાને જ્યારે જે વાંચવાનું મન થાય તે વાંચવાની પોતાની સગવડ આથી તૂટે છે એમ એમને લાગે છે. છાપું વાંચતા હોય ત્યારે છાપામાંથી વચ્ચેનું પાનું કોઈ માગે તો એ એમને ઉપદ્રવ જેવું લાગે છે. આ જાતના માણસોને વાચનસામગ્રીની માગણી કરનાર માણસ અસભ્ય જણાય છે. આ માણસોની લાગણી હું સમજી શકું છું. પોતાને જે રીતે, જે સમયે વાચન કરવું છે તેમાં કશો વિક્ષેપ સહન ન થાય એ માનવસહજ મનોવૃત્તિ છે અને એ દરેક માનવીનો અધિકાર છે. એની ઉપર કાપ મૂકવાનો કોઈ પણ પ્રયત્ન એના વિરોધને પાત્ર બને એ સ્વાભાવિક છે. આવા માણસો પ્રત્યે મને સહાનુભૂતિ છે. અમુક અંશે હું પણ એમનામાંનો જ એક માણસ હઈશ.

આવા મનુષ્યની તરફેણમાં પેલા અસભ્ય માણસોની કેકડી કરનારા લેખો લખાય એ પણ મને ગમે. કેટલીક ટેવો એવી છે કે જેમાં તમે બીજી કોઈ રીતે સુધારો કરાવી ન શકો. કદાચ એમાં કોઈ પણ રીતે સુધારો કરાવી શકાતો નહિ હોય. માત્ર એની ટીકા કર્યાનો, એની મજાક કર્યાનો સંતોષ જ લઈ શકાતો હશે. પણ એવો સંતોષ લેનારાઓ પ્રત્યે પણ હું સહાનુભૂતિ દર્શાવી શકું છું.

વાચનસામગ્રી માગનારાને વગોવનારો બીજો વર્ગ પ્રકાશન વ્યવસાય સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા માણસોનો છે. આ લેખ પૂરતું પ્રકાશનવ્યવસાય શબ્દમાં છાપાં અને સામયિકોના પ્રકાશનનો વ્યવસાય પણ સમાવી લઉં છું. આમાં સંકળાયેલા માણસો એટલે કવિ અને લેખકથી માંડી પ્રકાશક સુધીના બધા. આ લોકોનો વિરોધ મને સ્વાભાવિક લાગે છે, પણ વાજબી નથી લાગતો. સ્વાભાવિક એટલા માટે લાગે છે કે કોઈ પણ માણસ પોતાના રોટલાનો પ્રશ્ન આવે ત્યારે જાગ્રત થઈ જાય, સચેત થઈ જાય અને કયારેક ઉગ્ર પણ થઈ જાય. વાચનસામગ્રી જેટલી માગીને વંચાય એટલી ઓછી વેચાય અને ઓછી વેચાય એની આર્થિક અસર કોઈક ને કોઈક રીતે આ માણસો પર પડે. આથી એ માણસો આવી પરિસ્થિતિનો વિરોધ કરે તે સમજી તો શકાય, પણ એ વિરોધ વાજબી છે કે કેમ તે વિવાદક્ષમ વાત ગણી શકાય.

આ માણસો પોતાના સ્વાર્થ ખાતર, પોતાના પેટ ખાતર જે વિરોધ કરે છે તે વિરોધને તેઓ સ્વરૂપ આપે છે સંસ્કૃતિરક્ષાના પ્રયાસનું, લોકોને સભ્યતા શીખવવાના પ્રયત્નનું. આમાં મને એક પ્રકારની અપ્રમાણિકતા જણાય છે. આ બાબતમાં મારા એક મરાઠીભાષી સાહિત્યિક મિત્ર સાથે ચર્ચા થઈ ત્યારે એમણે સ્પષ્ટ વાત કરી કે લોકો વાંચે કે ન વાંચે પણ પુસ્તકો કબાટમાં રાખવા પણ ખરીદે તો આપણો વ્યવસાય ચાલે એમની બીજી વાત પણ ખરી હતી કે વ્યવસાય ચાલુ રહેશે તો ઘણા ખરાબ પુસ્તકો લખનારા સાથે કોઈક કોઈક સારાં પુસ્તકોના લખનારા પણ નીકળશે અને એમ સાહિત્યને પણ ફાયદો થશે. એમની ત્રીજી વાત એ હતી કે જેમ રેફ્રિજરેટર કે રેડિયો રાખવામાં પ્રતિષ્ઠા ગણાય છે તેમ પુસ્તકો રાખવામાં પ્રતિષ્ઠા મનાય અને એની ફેશન પ્રચલિત થાય તો જ પુસ્તકો વધુ વેચાય—વંચાય કે નહિ તે તો કોણ જાણે.

અહીં મારે જે મુખ્ય વાત કહેવી છે તે તો એ કે માગીને વાંચનારાઓની પ્રકાશનવ્યવસાયવાળા જે ટીકા કરે છે તે વાજબી નથી, માત્ર સ્વાર્થપ્રેરિત છે.

સૌથી પહેલી વાત એ કરવી જોઈએ કે આ દેશમાં કરોડો માણસોને છાપાંચોપડીઓ જ નહિ પણ અનેક વસ્તુઓ માગીને વાપરવી પડે છે. જે વસ્તુઓને આપણે અર્થશાસ્ત્રની પરિભાષામાં ડ્યુરેબલ કન્ઝ્યુમર ગુડ્ઝ (લાંબો વખત ચાલે એવી વપરાશની ચીજો) કહી શકીએ એવી અનેક વસ્તુઓ ભારતમાં સદીઓથી આમ સહિયારે ધોરણે વપરાતી આવી છે. ઘંટી કે ઘંટૂલો આખી પોળમાં બે ચાર ઘરે જ હોય, સાંબેલું પણ કોઈકને ત્યાં જ હોય, મહેમાન આવે ત્યારે રસોઈ કરવા જેવાં મોટાં તપેલાં બધાંને ત્યાં ન હોય, લાકડીએ બાંધેલું ઝાડુ બેચાર પાડોશીઓમાં એક રાખતો હોય—આ બધું એક ઘરવાળા બીજા ઘરના પાસેથી માગી જાય એ વ્યવહાર આપણે ત્યાં અજાણ્યો નથી. અસંખ્ય વસ્તુઓ એવી છે જે બધાં કુટુંબોમાં રાખવાની ત્રેવડ હોતી નથી અને બધાંને એ રાખવાની જરૂર પણ હોતી નથી. આખરે તો અર્થશાસ્ત્રીઓની શુદ્ધ દૃષ્ટિ પણ મને એમાં જ જણાય છે કે એક વસ્તુનો વધુમાં વધુ ઉપયોગ થાય અને નિરર્થક પડી ન રહે. આ સિદ્ધાંતને આધારે હું તો તમામ શાળા-કૉલેજોનાં મકાનો, મંદિરો, ઉપાશ્રયો, તથા અન્ય જાહેર ઈમારતોનો વધુમાં વધુ સમય ઉપયોગ થાય તેની હિમાયત કરું છું. પણ એ આડવાત થઈ. મુદ્દો એ છે કે આ દેશનાં અસંખ્ય કુટુંબોને પોતાના ઉપયોગની બધી જ વસ્તુઓ પોતે જ ખરીદીને વસાવવાની જરૂર નથી લાગતી. આ રીતે એકબીજાની ચીજો વાપરવાની રીતને આ દેશમાં કદી અસભ્ય ગણવામાં નથી આવી. અને આર્થિક દૃષ્ટિએ તો આ સહકારી વપરાશની રીત કરકસરભરી છે જ.

જે કરકસરવાળી રીત બીજી બધી ચીજોમાં વાજબી ઠરે એ જ વાત પુસ્તકોની બાબતમાં કે છાપાં-સામયિકોની બાબતમાં કેમ ગેરવાજબી ગણાય. ?

મારે ત્યાં હું 'જનશક્તિ' મંગાવતો હોઉં અને બાજુવાળા 'મુંબઈ સમાચાર' મંગાવતા હોય તો બન્ને કુટુંબો બન્ને છાપાં શા માટે ન વાંચે ? બન્નેએ પોતપોતાનાં બબ્બે છાપાં મંગાવવાં એ મને નિરર્થક વ્યય લાગે છે. કેટલાંક સારાં અંગ્રેજી સામયિક વાંચવાનું મને મન થાય છે તેથી એક મિત્રની પાસે આવતાં એ સામયિકોના અંકો હું વાંચું છું. 'ન્યૂ સ્ટેટ્સમેન' કે 'લિસનર' મંગાવવાનું મારું ગજું નથી. એવી જ રીતે મારી પાસે આવતાં કેટલાંક સામયિકો બીજા મિત્રો વાંચે છે અને હું એ મિત્રો પાસેથી વળી બીજાં સામયિકો લઈને વાંચું છું. ધારો કે મારા પાડોશી છાપું મંગાવતા જ નથી ને રોજ રાતે મારું છાપું લઈ જઈ વાંચે છે ને બીજે દિવસે સવારે આપી જાય છે. સામે પક્ષે હું એમની મોટરમાં કયારેક કયારેક પરામાંથી મુંબઈ આવું છું. ટ્રેન અટકી હોય કે બસની હડતાળ હોય ત્યારે એમની મોટરની સગવડ મને તો સોનાની થઈ પડે છે. હવે એમણે દરરોજ છાપાંના પૈસા ખરચવા જ અને મારે કાં તો મોટર રાખવી અને કાં તો હડતાળના દિવસે ઓફિસે ન જ જવું એવી વ્યવસ્થા મને કંઈ જરૂરી લાગતી નથી. પુસ્તકો મારે ત્યાં ઘોડામાં પડયા જ રહેતાં હોય અને છતાં એ બીજાઓ ન વાંચે એ મને અર્થશાસ્ત્રવિરોધી વાત લાગે છે. સામયિકોની જેમ કેટલાં બધાં પુસ્તકો પણ મારે માગીને વાંચવા પડે છે. સરદાર પટે-

લના પત્રો વાંચવાની મારી ખૂબ ઈચ્છા હતી પણ અકેક ગ્રંથના પચીસ રૂપિયા ખર્ચવાની મારી ત્રેવડ નહોતી. એક મિત્ર પાસેથી એના બે ગ્રંથ માગીને વાંચવામાં મને જરાયે નાનમ લાગતી નથી, અસભ્યતા લાગતી નથી. મારે જે પુસ્તકો વાંચવાં હશે તે હું ખરીદીને જ વાંચીશ એવી પ્રતિજ્ઞા દુનિયાનો કોઈ પણ માણસ કરી શકે એમ હું માનતો નથી. કરી શકે તો એ જ માણસ કરી શકે જે કદી પુસ્તક વાંચવાનો જ ન હોય.

છેલ્લી વાત જાહેર મફત પુસ્તકાલયો અને ફીથી ચાલતાં અને વેપારી ધોરણે પુસ્તકો વાંચવા આપતી સર્કયુલેટિંગ લાઈબ્રેરીઓની છે. મફત પુસ્તકાલયોની વ્યવસ્થાને આપણે ગેરવાજબી ઠરાવી શકીશું ? તેમાં એક જ પુસ્તક સેંકડો વાચકો મફત જ વાંચવાના છે. એ બધાને મફતિયા વાચકો તરીકે વગોવીશું ? સર્કયુલેટિંગ લાઈબ્રેરીમાં પણ માણસો સાવ મફત નહિ તો યે થોડા પૈસા ખર્ચીને ઘણું વાંચવાનો લાભ લઈ શકે છે.

એક ફરિયાદ એવી છે કે માણસો પાસે પૈસા હોય છે તોયે પુસ્તકો ખરીદતા નથી. તેઓ સિનેમા અને નાટકો જુએ છે, રેડિયો અને રેફ્રિજરેટર રાખે છે પણ પુસ્તકો ખરીદતા નથી. આ વાત સાચી છે. પણ એમાં પ્રશ્ન પ્રાયોરિટીનો (ક્રમવાર મહત્ત્વ આપવાનો) છે. નાટક નહિ જુએ અને પુસ્તકો ખરીદશે તોયે લોકોને કલામાં રસ નથી એવી ફરિયાદ થશે. સિનેમા પણ કલા છે. એ પણ ફરિયાદ કરી શકશે. રેડિયો નહિ લે તોપણ અનેક કળાકારોને ફિરયાદનું કારણ મળવાનું. અને આખરે તો પુસ્તકો વાંચનારામાંથી પણ ઘણો મોટો – અસાધારણ મોટો –વર્ગ તો મનોરંજન માટે જ પુસ્તકો વાંચવાનો. હવે એ માણસ મનોરંજન માટે પુસ્તક વાંચે તે સારું કામ અને સિનેમા કે નાટક જુએ, રેડિયો સાંભળે, ટેલિવિઝન જુએ તે ખરાબ કામ એવો મત મને વાજબી નથી લાગતો.

પુસ્તકો, સામયિકો અને મર્યાદિત સમય પૂરતાં તો છાપાં પણ એવી ચીજ છે જે બધા જ માણસો એકજ સમયે ન વાપરે તો ચાલે. એના વપરાશના સમયના ભાગ પાડી શકાય છે. જેમાં એવું શક્ય હોય તે વસ્તુનો ઉપયોગ બીજા ઘણા લોકો કરવાના જ. જો ટ્રકટરના ઉપયોગમાં સહકારી પદ્ધતિ સારી ગણાય તો પુસ્તકોના ઉપયોગમાં કેમ નહિ ?

—યશવંત દોશી

શાસક ખિસ્સા ભરે તે દેશની શી વલે થાય ?

ફિલિપાઈન્સનું કરુણ ઉદાહરણ

એશિયામાં સૌથી વધુ ટેલિવિઝન સ્ટેશનો અને સ્થિર લોકશાહી ધરાવવાની બડાઈ મારતું ફિલિપાઈન્સ તેના વર્તમાનપત્રોને એશિયામાં સૌથી ઉત્તમ પ્રકારની સ્વતંત્રતા બક્ષે છે તેવો દાવો કરતું હતું. અત્યારે ફિલિપાઈન્સમાં ટેલિવિઝન કેન્દ્રોની સંખ્યા જો કે હજી પોણો ડઝન જેટલી છે અને જુગારખાના તેમ જ વિશ્રવમાં પંકાયેલી શ્રેષ્ઠ હાટેલો અને ફેશનેબલ દરજીઓ પડેલા છે પણ ત્યાં લોકશાહીને ગળે ટૂંપો દેવાઈ રહ્યો છે અને ગઈકાલ સુધી વર્તમાનપત્રોમાં તંત્રીલેખ લખી શકાતા નહોતા.

ભારત કરતાં ચૌદમા ભાગની એટલે કે ચાર કરોડની વસતિ ધરાવતા ફિલિપાઈન્સ દેશે ૩૦૦ વરસ સ્પેનની ગુલામી ભોગવી પછી અમેરિકાનું દાસત્વ સ્વીકાર્યું અને છેલ્લે ૧૯૪૬માં લગભગ ભારતની સાથોસાથ સ્વતંત્રતા હાંસલ કરી. અમેરિકાએ ફિલિપાઈન્સને સ્વાધીન બનાવ્યા પછી ત્યાં રૂા. ૭.૩ અબજનું મૂડીરોકાણ કર્યું છે અને ફિલિપાઈન્સમાં ઉત્તમ લોકશાહી છે તેવા ત્યાંના પ્રમુખ ફર્ડીનાન્ડ માર્કોસના ગુણગાનમાં પોતાનો સૂર પૂરાવ્યે રાખ્યો છે. આ લોકશાહીમાં ગાબડા પાડવામાં મુખ્ય ભાગ ત્યાંના શાસકોની વેપારી વૃત્તિ અને સરકારી નોકરોની લાંચરુશ્વતે ભજવ્યો છે.

સરકારી નોકરો અને પોલિસ નાની મોટી લાંચ તો લેતા જ હતા પણ ૧૯૬૯માં થયેલી ચૂંટણીઓમાં પ્રમુખ માર્કોસ અને તેના તે સમયના સાથીદાર અને ઉપપ્રમુખ ફર્નાંડો લોપેઝે લખલૂંટ પૈસા વેરીને મતની ખરીદી કરી હતી, તે પછી લાંચરુશ્વતનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે. પ્રમુખ માર્કોસે ફિલિપાઈન્સના ગરીબોની ગરીબી હટાવવા માટે ત્યારે રૂા. ૧૨૦ કરોડના પ્રોજેક્ટોની જાહેરાત કરી હતી. ગામડામાં રસ્તા, સ્કૂલો અને ગરીબોને રોકડ ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી, પણ જ્યારે ચૂંટણી પૂરી થઈ ત્યારે જ લગભગ વિદેશની લોનો ભરપાઈ કરવાનો સમય પાકી ગયો હતો. રૂા. ૧૬ અબજનું વિદેશી દેવું ભરપાઈ કરવાની ચિંતામાં પ્રમુખ માર્કોસે ગરીબી હટાવવાનો કાર્યક્રમ અભરાઈએ ચઢાવી દેવો પડ્યો. તેના સાથીદાર ઉપપ્રમુખ શ્રી લોપેઝ, જે પોતે કરોડાધિપતિ છે તેને ગરીબીના કાર્યક્રમમાં કોઈ રસ નહોતો તેણે પ્રમુખ માર્કોસને એવા "સ્ટંટ" માટે ના પાડી હતી.

ઉપપ્રમુખ લોપેઝ પોતે એક દૈનિક અખબાર "મનિલા ક્રોનિકલ"નાં માલિક છે. ઉપરાંત એક આલિશાન હૉટેલ, બે ટેલિવિઝન સ્ટેશનો, સંખ્યાબંધ ખાનગી રેડીઓ સ્ટેશનો, ખાંડના કારખાના અને તેને લગતી ખેતીવાડીના ફાર્મ, બેંકો અને બીજા ઘણા ઘણા ધંધાના માલિક છે. ફિલિપાઈન્સની ૪ કરોડની વસતિના ૧૦ ટકા લોકો દેશની ૮૦ ટકા સંપત્તિના માલિકો છે. અને તેમાં પણ ચારસો જેટલા કુટુંબો ફિલિપાઈન્સનો ૯૦ ટકા ઉદ્યોગ-ધંધો ચલાવે છે. આ કુટુંબો ચૂંટણીમાં નાણાં વેરીને ચૂંટાઈ આવે છે અને તેમને ગરીબોના ઉદ્ધારમાં કશો જ રસ નથી.

ખેતીવાડીમાં સુધારા અને ગરીબો માટેના કાર્યક્રમો અંગે પ્રમુખ માર્કોસના આગ્રહને કારણે ઉપપ્રમુખ શ્રી લોપેઝને માર્કોસ સાથે ઉગ્ર મતભેદો થયા. માર્કોસે વિદેશી દેવું ચૂકવવા માટે પેટ્રોલિયમની આયાત ઉપરનો વેરો ૫૦ ટકા વધાર્યો. વળી ફિલિપાઈન્સની અંદર પેટ્રોલિયમની પાંચ વિદેશી કંપનીઓને કુડતેલની પેદાશોના ભાવવધારવાની છૂટ આપી. આ સોદો એટલા માટે થયો કે વિદેશી કંપનીઓએ પ્રમુખ માર્કોસને વિદેશી ઋણ ભરપાઈ કરવા માટે વિદેશી લોનો ઊભી કરવામાં મદદ આપવાનું વચન આપ્યું હતું ! દેશનું અર્થતંત્ર બરાબર સંભાળી શકાતું નથી ત્યારે વિદેશીઓના ફંદામાં કેમ ફસાવું પડે છે તેનો આ જીવતોજાગતો દાખલો છે.

ઉપપ્રમુખ લોપેઝ સાથેના મતભેદના અગ્નિમાં એક નવું બળતણ એ ઉમેરાયું કે પ્રમુખ લોપેઝની માલિકીની એક ઈલેક્ટ્રિક કંપનીના વીજળીના દર વધારી આપવાની પ્રમુખ માર્કોસે ના પાડી. ઉપપ્રમુખ લોપેઝે તેના સાથી ઉપર વેર વાળવા માટે નિર્ણય કર્યો. લગભગ તે સમયે પેટ્રોલના ભાવવધારા સામે મનિલા શહેરમાં આંદોલન જાગ્યું. તે આંદોલન દાબી દેવા માટે પ્રમુખ માર્કોસે લશ્કરનો ઉપયોગ કર્યો.અને આ પગલાંને વાજબી ઠરાવવા ટેલિવિઝન કેન્દ્ર ઉપર જઈને જનતાને સમજાવવા કોશિષ કરી. મનિલા ઈલેક્ટ્રિક કંપની જે મનિલાને વિજળી પૂરી પાડે છે તેની માલિકી ઉપપ્રમુખ લોપેઝની હતી. ઉપપ્રમુખ લોપેઝે તે દિવસે વીજળીનો પૂરવઠો જ બંધ કરી દીધો અને તે દિવસે પ્રમુખ માર્કોસ ટેલિવિઝન ઉપર બોલી શક્યા નહિ !

આ પ્રકારે નાણાંને જોરે ઉપપ્રમુખ લોપેઝ મતભેદને ઉગ્ર બનાવી રહ્યા હતા એટલે સૌપ્રથમ પ્રમુખ માર્કોસે તેને રાજીનામું આપવાની ફરજ પાડી. "મનિલા ક્રોનીકલ" નામનું અખબાર જે એક સમયે પ્રમુખ માર્કોસના ભરપેટે વખાણ કરતું હતું તે હવે તેની ટીકા કરવા લાગ્યું. તેની ટીકાનો જવાબ વાળવા પ્રમુખ માર્કોસે પોતે જ એક વર્તમાનપત્ર શરૂ કર્યું છે. તેની પત્ની ઈમેલ્ડા માર્કોસે, આ વર્તમાનપત્રના માલિક છે. પ્રમુખ માર્કોસ પોતે જ કબૂલ કરે છે કે "ફિલિપાઈન્સના પત્રકારો પૈસાથી ખરીદી શકાય છે, પરંતુ કમનસીબી એ છે કે તે કાયમ માટે ખરીદી શકાતાં નથી." તાત્પર્ય એ કે કોઈ બીજો પક્ષ વધુ નાણાં આપે તો પત્રકાર ઓછા નાણાં આપનારના ગુણગાન ગાવાનું બંધ કરે છે.

ઉપપ્રમુખ લોપેઝ, જેમણે હવે સત્તાસ્થાન છોડી દીધું છે તેમણે માર્કોસ ઉપર પોતાના અખબારદ્વારા ભારે આક્રમણ આદર્યું છે. પ્રમુખ માર્કોસને એશિયાની સૌથી વધુ ધનાઢ્ય વ્યકિત તરીકે ચીતરવામાં આવે છે. પ્રમુખ માર્કોસની પત્ની પાસે લાખ્ખો રૂપિયાના

હિસ્સાઓ છે. ફિલિપાઈન્સની કંપનીઓમાં વધુમાં વધુ શેરો કોઈ ધરાવતું હોય તો તે પ્રમુખ માર્કોસ છે. ફિલિપાઈન્સમાં લગભગ ૭૦૦૦ જેટલા ટાપુ છે. એમાં મોટા ભાગના ટાપુમાં પ્રમુખ માર્કોસની માલિકીની જમીન છે અને સંખ્યાબંધ જગ્યાએ તેમના આલિશાન મહેલો છે. એક અંદાજ મુજબ પ્રમુખ માર્કોસના સ્વીટઝરલેન્ડની બેન્કના છૂપાખાતામાં રૂ. ૧૩૦ કરોડ જમા પડયા છે.

આમ બે પૈસાપાત્ર નેતાઓના મતભેદ વચ્ચે ફિલિપાઈન્સની ગરીબ જનતા પીસાય છે. એક અંદાજ મુજબ ફિલિપાઈન્સની સરકારમાં માત્ર ૨૫ લાખ કર્મચારીઓની જરૂર છે, તેને બદલે ૫ લાખ નોકરો કામ કરે છે. પોલિસ અને ન્યાયાધીશો વેચાતા મળે છે. ન્યાયતંત્ર એટલું સડેલું છે કે ૮૦,૦૦૦ કેસ નિકાલ વગર પડયા છે. ફિલિપાઈન્સની જેલમાં જવું તેને એક સામાજિક નાલેશી ગણવામાં આવે છે. પણ એ નાલેશી એટલા માટે કે: "અરે ભાઈ તું કેવો બેવકુફ! કોઈ સરકારી ન્યાયાધીશને રૂ. ૧૦૦ની લાંચ ન આપી શકયો?" એટલે જેલમાં જવું તે નાલેશી નથી પણ જેલ-ગમનને નિવારવાની અશકિતને નાલેશી ગણવામાં આવે છે.

ફિલિપાઈન્સમાં ભારત કરતાં માથાદીઠ આવક બમણી છે. આપણી વાર્ષિક રૂ. ૩૪૭ની માથાદીઠ આવકની સામે ત્યાંની માથાદીઠ આવક રૂ. ૭૦૦ છે. પણ ત્યાં મોંઘવારી ખૂબ છે. ફુગાવો જોર પકડતો જાય છે. ત્યાંના ચલણનું નામ "પેસો" છે. એક સમયે એક અમેરિકન ડોલર બરાબર બે પેસોનો હૂંડિયામણ દર હતો. અત્યારે કાળાબજારમાં એક ડોલર મેળવવા માટે સાત પેસો આપવા પડે છે. ફિલિપાઈન્સની સરકાર તેના પ્રચારપત્રોમાં સાક્ષારતાનું પ્રમાણ ૮૦ ટકા હોવાનું ગણાવે છે પણ હકીકતમાં માત્ર ૫૦ ટકા વસતિને ભણતર પહોંચ્યું છે. મુકત સાહસ અને સ્થિર સરકાર હોય તો ઘણી આર્થિક પ્રગતિ થાય છે તેમ આપણા દેશમાં ઘણા માને છે. ફિલિપાઈન્સમાં ૨૫ વર્ષ સુધી ધનાઢય શાસકોનું સાહસ અને પૈસાને જોરે ચૂંટાયેલી સ્થિર સરકાર હતી. છતાંય હજુ ત્યાં અસમાનતા ઘણી છે અને વિદેશી દેવું ચૂકવવા માટે દેશની ૩૦ ટકા નિકાસો ચવાઈ જાય છે

એક બાજુ ભવ્ય આંતરરાષ્ટ્રીય ધોરણની હોટેલો, ૪૦૦ કુટુંબોના શણગારેલા વિલાઓ, નાઈટકલબો, ગેરકાયદેસર જુગારખાના (કેસિનો) વેશ્યાગૃહો અને દારૂના બાર ઊભેલા છે. જાપાની ટેલિવિઝન સેટોની અને કોકાકોલાની જાહેરાત આપતી ઝળહળતી રોશનીઓ છે. જ્યારે બીજી બાજુ મનિલાના બંદર પાસે માછીમારો ખુલ્લા છાપરાવાળા ઘરમાં પડયા છે. રાત્રે વીજળી કયારે બંધ થઈ જાય તે કહેવાતું નથી. ઘણા લોકોને ભેજવાળી જમીનમાં જીવાતની સંગાથે સુવું પડે છે. આપણા ખેતીવાડી નિષ્ણાતો ફિલિપાઈન્સની ચોખાની ક્રાંતિકારી ખેતી જોવા માટે ફિલિપાઈન્સ જાય છે પણ ફિલિપાઈન્સનો ચોખા ઉગાડતો ખેડૂત ચોખા ખાઈ શકતો નથી. કારણકે તે મોંઘા છે. પૈસા બચાવવા અગર તો મહિનાનો ખર્ચ પૂરો કરવા માટે તે ચોખાને બદલે મકાઈ ખાય છે. યુનિવર્સિટીના ગ્રેજ્યુએટોમાંથી અડધા બેકાર છે. ભૂખ્યા અને બેકાર લોકો ખોરાક અને સગવડો મેળવવા લૂંટફાટનો આશરો લે છે. બંદુકની અણીએ અનાજ અને નાણા લૂંટાય છે. તેનો પ્રતિકાર કરવા પૈસાપાત્ર કુટુંબો પણ બંદુકો રાખે છે. અત્યારે ફિલીપાઈન્સના લશ્કર અને પોલિસ પાસે જેટલી બંદકો નથી તેટલી ત્યાંના નાગરીકો પાસે છે!

હિંસાના વાતાવરણની સામે લડવા, પ્રમુખ માર્કોસે દેશભરમાં માર્શલ-લો (લશ્કરી કાયદો) જાહેર કર્યો છે. પ્રમુખ માર્કોસ ત્યાંના રાજ્યબંધારણ મુજબ ૧૯૭૩માં ત્રીજીવાર પ્રમુખ તરીકે ચૂંટાઈ શકતા નથી. એટલા માટે રાજ્યબંધારણ બદલીને સંસદીય લોકશાહી લાવવાનો પ્રયાસ થાય છે. તેમ થાય તો પ્રમુખ માર્કોસ અમર્યાદિત સમય સુધી વડાપ્રધાન તરીકે રહી શકે. જો રાજ્યબંધારણ નહિ બદલાય તો પ્રમુખ માર્કોસ તેમની પત્ની ઈમેલ્ડાને પ્રમુખ બનાવશે તેવી લોકોની ધારણા છે.

શાસકો પોતે જ્યારે વેપાર અને ઉદ્યોગ ચલાવીને નાણાકીય સ્થિતિ સુધાર કરે છે અને પછી સત્તા જમાવવા માટે નાણાનો જ આશરો લે છે ત્યારે સરકારી નોકરો પણ તેમનું અનુકરણ કરીને દેશને કેવી રીતે ખાડે લઈ જાય છે તેનું જવલંત ઉદાહરણ આ રીતે ફિલિપાઈન્સ પૂરું પાડે છે.

—કાન્તિ ભટ્ટ

☆ મનની ઉઘાડી બારી ☆

એકવાર લંડનમાં એક અંગ્રેજ તંત્રી સાથે વાતે કરતો હતો ત્યારે તેમણે મને એકાએક પૂછયું: "તમારા મત પ્રમાણે અમે અંગ્રેજો ભારતમાં કયો વખાણવા જેવો વારસો મૂકી ગયા છીએ? મહેરબાની કરી રેલવે, તારટપાલ વગેરેની વાત ન કરશો. મારે તો તમારી ચેતનાની દુનિયામાં અમે શું અર્પણ કર્યું તે વિશે જાણવું છે." મેં થોડીવાર વિચાર કર્યો અને જવાબ આપ્યો: "પાર્લામેન્ટ, કાયદાનું રાજ, બસસ્ટૉપ પરની હાર, અંગ્રેજી કવિતા અને નિબંધ." પોતાના પૂર્વજોની સિદ્ધિ વિશેની આ યાદી સાંભળીને મારા અંગ્રેજ મિત્રના ચહેરા ઉપર અભિમાનનો આછો ઉજાસ ફરીવળ્યો.

મેં નિબંધનો ઉલ્લેખ કર્યો એટલે તેમને નવાઈ લાગી. પૂછયું: "તમે નિબંધને આટલું બધું મહત્ત્વ આપો છો? તમે સૂચવો છો તે મહત્ત્વ સ્વીકારીએ તો પણ અંગ્રેજોનું નિબંધની બાબતમાં આટલું મોટું અર્પણ છે?"

"એ ખરું કે નિબંધનો પિતા ફ્રાન્સનો મોન્તેઈન, પણ નિબંધ ખરેખરો વિકસ્યો ઈંગ્લેન્ડમાં. બેકનથી માંડી ઑરવેલ સુધીના તમારા નિબંધકારો અંગ્રેજી ભાષાનું નહિ પણ માનવ-સંસ્કૃતિનું આભૂષણ છે."

"નિબંધો અહીં ઈંગ્લેન્ડમાં કેમ વધારે વિકસ્યા?"

"સાચું કહું તો તમે જે વારસા વિશે પૂછતા હતા તેનો અને ઈંગ્લેન્ડમાં નિબંધ કેમ વિકસ્યા તે પ્રશ્નોનો એક જ ઉત્તર છે મેં તમને કાયદાનું રાજ વગેરેની યાદી આપી, તે કરતાં મેં તમને બે જ શબ્દો કહ્યા હોત તો મારો જવાબ કદાચ વધુ સ્પષ્ટ થાત. તમે ભારતમાં 'લિબરલ સ્પિરિટ' મૂકી ગયા. આ 'લિબરલ સ્પિરિટ' છે એટલે જ તમારે ત્યાં લોકશાહી છે, કાયદાનું રાજ છે, પાર્લામેન્ટ છે, બસસ્ટૉપ પર શિસ્તબદ્ધ કતાર છે, સારી કવિતા છે અને નિબંધો છે."

મારા અંગ્રેજ મિત્રને મેં 'લિબરલ સ્પિરિટ' વિશે વાત કરી તેથી આનંદ થયો તે મેં જોયું. પણ પછી હું વિચારમાં પડયો કે આ 'લિબરલ સ્પિરિટ' છે શું? સૌપ્રથમ તો મેં આ અંગ્રેજી શબ્દનો અનુવાદ કર્યો: મનની ઉઘાડી બારી. જ્યાં મનની બારી ખુલ્લી છે ત્યાં 'લિબરલ સ્પિરિટ' વસે છે. અંગ્રેજ પ્રજાની સંસ્કૃતિની કોઈ મોટામાં મોટી સિદ્ધિ હોય તો આ 'લિબરલ સ્પિરિટ' છે. પાર્લામેન્ટ, મુકત વર્તમાનપત્રો, મુકત ચર્ચા, સ્વતંત્ર અદાલતો, વગેરે આ 'લિબરલ સ્પિરિટ' ના બાહ્ય પ્રતીકો છે. આ 'લિબરલ સ્પિરિટ' શું છે એ સમજવા માટે મારી મથામણ હજુ યે ચાલુ છે. આ તો જીવવાનો વિષય છે, લખવાનો નહિ.

જેના મનની બારી ઉઘાડી છે તે વિચારોમાં મવાળ પણ નથી ને જહાલ પણ નથી. તે રૂઢિચુસ્ત પણ નથી ને પ્રગતિશીલ પણ નથી. આ માણસ તો બધા પ્રસંગોમાં અતિશયતાને એકકોર મૂકે છે. જે આણગમતો અભિપ્રાય સાંભળતાં લોહી ગરમ થઈ જાય તે અભિપ્રાય પણ બરાબર વ્યકત થાય તેની કાળજી રાખે તે માણસના મનની બારી ઉઘાડી. પોતાના અભિપ્રાયની વિરુદ્ધ જેટલા અભિપ્રાયો હોય તેમને મોકળો કંઠ મળે, તેની ચિન્તા સેવ્યા કરે તે માણસના મનની બારી ઉઘાડી. આમ ઉઘાડા મનવાળો માણસ સતત પોતાની વિરુદ્ધ કામ કરતો હોય છે. આવી વ્યકિતને અનુયાયીઓ ભાગ્યે જ મળે ઉઘાડા મનવાળો માણસ કંઠીની નહિ, પણ સત્યની શોધ કરે છે. ને એમાંય તે સત્યની ઝાંયને પકડવા એ મથામણ કરતો હોય છે. આવા માણસને કોઈ હાર નથી, કોઈ જીત નથી. એનો કોઈ મુકામ નથી. એના કપાળે તો સતત વિચારયાત્રા લખાયેલી હોય છે. જ્યાં સુધી ચેતના ધબકતી હોય ત્યાં સુધી એવા માણસની પોતાની જાતની સાથે અને દુનિયાની સાથે ચર્ચા ચાલ્યા કરે છે.

ઉઘાડા મનવાળા માણસનું ચાલક બળ લાગણી નથી પણ બુદ્ધિ છે. આનો અર્થ એ નથી કે એ માણસ સંબંધોની બાબતમાં ટાઢોબોળ હોય છે. પોતાના વિચારો કે અભિપ્રાયો લાગણીથી દોરવાઈને નહિ, પણ બુદ્ધિથી દોરવાઈને વ્યકત કરે તે માણસમાં મોટા ભાગે બીજા કરતાં ઉષ્મા કદાચ વધારે હોવાનો સંભવ છે. સંપત્તિ કરતાં પોતાના વિચારો પ્રત્યેની આસકિત વધારે ઉપદ્રવી છે. વિચારની આસકિતએ જેટલા લોહી વહાવ્યા છે તેનો જરા વિચાર કરીએ છીએ ત્યારે ઉઘાડા મનવાળો માણસ સંત જેવો લાગે છે. સાચું પૂછો તો મને ચુસ્ત ધાર્મિક માણસોની બીક લાગે છે. ધર્મને નામે જે વિનાશી ઝનૂન વારંવાર જોવા મળે છે તે ઉપરથી મેં એક તારણ કાઢયું છે કે ઉઘાડા મન જેવો કોઈ બીજો પાળવા જેવો ધર્મ નથી.

આપણા એક ધર્મપુરુષ પંડિત સુખલાલજીએ કહ્યું કે "ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ, તેમ જ એ બે તત્ત્વોની દોરવણી નીચે ઘડાતો જીવનવ્યવહાર'. પંડિત સુખલાલજીએ શાસ્ત્રો, પંડિતો, ગુરુઓ, તીર્થો, મંદિરો, ક્રિયાકાંડો, ઉપાસનાઓ વગેરેને ધર્મના બાહ્ય દેહ કહ્યાં છે. જ્યારે સત્ય, ભકિત, પ્રેમ, નિ:સ્વાર્થપણું, વિવેક, વિનય અને ઉદારતા વગેરે સદ્‌ગુણોને ધર્મના આત્મા કહ્યાં છે. આમાં જે ઉદારતાનું તત્ત્વ છે તે મારે મન ધર્મનું મુખ્ય તત્ત્વ છે. જ્યાં ઉદારતા ન હોય ત્યાં સત્યશોધન કે નિ:સ્વાર્થપણાનો અવકાશ જ કયાં છે? આથી હું એમ કહું કે ધર્મ એટલે ઉદારતા.

ઉદારતા સૌથી પહેલાં વિચારોની. વિચારોની ઉદારતા આવી એટલે સભ્યતા ભણી આપણે પહેલું પગલું માંડયું. પશુ જેવી સ્થિતિમાં રહેતા આદિ માનવ અને અત્યારની સંસ્કૃતિના માણસ વચ્ચે કોઈ ભેદરેખા હોય તો તે ઉદારતાની. જે માણસનું મન ઉદાર છે તે જ નિર્ભય છે. દુનિયાના બધા ધર્મોએ ભયના પાયા પર પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે. આદિ માનવ વાદળના ગડગડાટ, વીજળી કે પાણીના પૂરથી ગભરાતો હતો. ધર્મોએ એ વીજળી – વંટોળની જગ્યાએ પ્રભુને મૂકયા. ભયનાં પ્રતીકો બદલાયાં, પણ તે ભય તો એમનો એમ જ રહ્યો. ઉઘાડા મનવાળો માણસ આવા ભય સાથે તર્કની શકિતથી બાથ ભીડે છે. આવા મનની મોટામાં મોટી દેણગી એ છે કે તેના પ્રતાપે ભયના સામ્રાજ્યનો વિસ્તાર ઘટતો જાય છે.

આવા માણસની એ પણ એક પાયાની માન્યતા હોય છે કે બળથી બળનો નાશ નહિ કરી શકાય. આ અર્થમાં તે સત્યાગ્રહી છે. તે એમ માને છે કે જો માનવ-સંસ્કૃતિ ટકવાની હશે તો તે હ્રાસક બળથી નહિ પણ નિર્ભય ચર્ચાથી ટકશે. પણ આવા માણસની મુશ્કેલી એ છે કે તેની સાથે બહુ થોડા અનુયાયીઓ ટકે છે. હું આમ કહું છું તે પણ અતિશયોકિત છે. આવા માણસના હોઠ પર હમેશાં 'એકલો જાને રે ...' ગુંજવું જોઈએ. હિંસા ને ભયથી માનવ-સંસ્કૃતિ ટકી શકે જ નહિ એવી તેની માન્યતા સાથે એક બીજી પણ માન્યતા એના ચિત્તમાં સતત રહેતી હોય છે, તે છે: અસત્યથી પણ સંસ્કૃતિ ટકતી નથી. હવે મુશ્કેલી એ ઊભી થાય છે છે કે થોડુંઘણું જૂઠાણું કોઈ પણ ચળવળને નભાવવું પડે છે. ઉઘાડા મનવાળાને તો અસત્યનો પડછાયો પણ ન ખપે - ખાસ કરીને જાણ્યા પછી કે આ અસત્ય છે. આવા લોકોને દુનિયા ચોખલિયાં, પંતુજી, જિદ્દી અને મૂરખ કહે છે. પણ દુનિયાનું મોણ આવા ઉઘાડા મનવાળા માણસો જ છે. સિંહની જેમ, આવા માણસોનાં ટોળાં ન હોય.

આવા માણસો માટે કોઈ પણ અભિપ્રાય અચલાયતન નથી. જો કોઈ વધારે સારો પુરાવો મળે કે કોઈ વધારે સારી દલીલો એને ગળે ઊતરે તો એ માણસ પોતાનો અભિપ્રાય છોડી દે છે. અભિપ્રાયની બાબતમાં એક સંસ્કારી માણસનું વલણ કેવું હોવું જોઈએ તે વિશે મહાન ફ્રેન્ચ નિબંધકાર મોન્તેઈને છેક સોળમી સદીમાં આમ લખ્યું છે: " તે મોટો થાય ત્યારે તેનો અંતરાત્મા અને તેના સદ્‌ગુણો તેની વાણીમાં વ્યકત થવા જોઈએ. કેવળ તર્ક તેનો ભોમિયો બને તેવું શિક્ષણ આપજો. તેને એવું શિખવાડજો કે પોતાની દલીલમાં તેની કોઈ ભૂલ જણાય, અને એ ભૂલ બીજા કોઈએ પકડી ન હોય અને તેણે પોતે જ પકડી હોય તો પણ, તે ભૂલની કબૂલાત કરવી તે ડહાપણ અને નિખાલસતાનું કામ છે. આવું ડહાપણ અને નિખાલસતા પ્રાપ્ત કરવાં તે જિંદગીનું મુખ્ય ધ્યેય છે. જિદ્દ અને લીધેલી વાત નહિ છોડવાની વૃત્તિ બહુ હલકા આત્માવાળા લોકોમાં ઘણીવાર જોવા મળે છે. અતિ ઉગ્ર ચર્ચા દરમ્યાન પણ પોતાની અતાર્કિક દલીલ છોડી દેવી, પોતાની ભૂલ જાહેર રીતે સુધારવી ને પોતાનું મન બદલવું તે અનન્ય, વીર્યવાન તે તત્ત્વજ્ઞાનીને શોભે તેવા ગુણ છે"

જ્યારે વધારે સારી દલીલ મળે કે સારો પુરાવો મળે ત્યારે આપણો મત છોડી દેવો જોઈએ એમ કહેવું સહેલું છે પણ કરવું કઠણ છે. પણ આમ કરવાનો પ્રયત્ન પણ કરીએ તો મન બંધિયાર થતું નથી. આવા પ્રયત્નોનું શૌર્ય જેવુંતેવું નથી. સમરાંગણનું શૌર્ય તો ઘણા બતાવે પણ ચિત્તનું શૌર્ય તો જાગૃત આત્માઓ જ બતાવી શકે. આવા શૌર્યના પ્રતાપે જ કુતૂહલવૃતિ અને વિચારોની સાહસયાત્રા વહેતી રહેતી હોય છે. માનવસંસ્કૃતિ એટલે કુતૂહલવૃત્તિ અને સાહસિક વિચારયાત્રા. મનની બારી બંધ થાય ત્યારે આપણી સંસ્કાર - સફર થંભી જાય છે.

આમ તો ગાંધીજી એક ચળવળના પ્રણેતા હતા. આમ છતાં તે તેમનું મન હમેશાં ઉઘાડું રાખવા પ્રયત્ન કરતા. આપણી શિક્ષણ–પદ્ધતિમાં ક્રાંતિકારી ફેરફાર કરવા માટે તેમણે વર્ધા યોજના - નઈ તાલીમ - રજૂ કરી. આ યોજનાની ચર્ચા કરવા માટે શિક્ષણશાસ્ત્રીઓની તે જ્યારે સભા બોલાવતા ત્યારે આ યોજનાના ટીકાકાર અને જાણીતા અર્થશાસ્ત્રી કે. ટી. શાહને સૌથી પહેલાં બોલવાની વિનંતિ કરતા. ૧૯૪૨ માં 'ભારત છોડો' નું આંદોલન તેમણે શરૂ કર્યું તે સમયે તેમના એક પ્રિય સાથી રાજાજીને એમ લાગ્યું કે નાઝીઓ સામે લડતી અંગ્રેજ સરકાર સામે લડત લડવાનો આ સમય નથી. આથી રાજાજીએ 'હિન્દ છોડો' આંદોલનનો વિરોધ કર્યો. ગાંધીજીએ આ સમયે પણ અત્યંત આદરપૂર્વક રાજાજીના વિચારો ઉપર વિચાર કર્યો. ગાંધીજી આમ કરી શકયા તેનું કારણ એ હતું કે રાજકારણમાં તેઓ સત્યના શોધક તરીકે આવ્યા હતા. ગાંધીજીએ તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો' ની પ્રસ્તાવનામાં એ સ્પષ્ટ કર્યું છે કે: "મારા લેખોને કોઈ પ્રમાણભૂત ન ગણે એમ હું ઈચ્છું છું. તેમાં દર્શાવેલા પ્રયોગોને દષ્ટાંતરૂપે ગણીને સૌ પોતપોતાના પ્રયોગો યથાશકિત અને યથામતિ કરે એટલી જ મારી ઈચ્છા છે." ગાંધીજીનું મન આટલું ઉઘાડું હોવા છતાં તે પ્રચંડ સંકલ્પશકિતવાળું પણ હતું

હું આ વાત એટલા માટે કહું છું કે ઉઘાડું મન અને સંકલ્પશકિત એકી સાથે રહેવા જોઈએ. મન ઉઘાડું હોય એટલે આપણે વિરોધી વિચારો ઉમળકાપૂર્વક જાણીએ. તર્ક અને અંતરાત્મા કહે ત્યારે આપણા વિચારો પણ બદલાવીએ. પગલે પગલે ભલે આપણે ગ્રાહ્ય અને ત્યાજ્ય એવા ભેદ પાડીએ અને એ પ્રમાણે વર્તીએ. પણ આનો અર્થ એ નથી કે ઉઘાડું મન એટલે નિર્બળ મન અને નિર્બળ આચાર. ઉઘાડું મન મુકત છે એટલે એ પોલાદી મન છે. જેને વિચારોની પણ આસકિત નથી. તેને માટે કર્મ સહજ છે. આપણે મનને ઉઘાડું એટલા માટે રાખીએ છીએ કે ચિત્ત અનાસકત કર્મમાં સદા રમમાણ રહે. આમ જે કરી શકે છે તેના ખોળામાં બધા ધર્મો બેસી જાય છે.

('નવનીત'ના સૌજન્યથી) — **વાડીલાલ ડગલી**

☆ વર્તમાન આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય પરિસ્થિતિ ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે, સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૧૧-૧૧-'૭૨ નાં રોજ "વર્તમાન આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પરિસ્થિતિ" ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે શ્રોતાઓને આવકાર આપ્યો હતો.

પ્રથમ, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ વિશે બોલતા શ્રી ચીમનભાઈએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહાસત્તાઓ – અમેરિકા, ચીન, રશિયા અને જાપાન – વચ્ચેના સંબંધો નિકટના થતા ગયા છે અને ઠંડા યુદ્ધનું વાતાવરણ રહ્યું નથી, તેટલે દરજ્જે યુદ્ધનો ભય ઓછો થયો છે. મહાસત્તાઓએ રાજકીય મતભેદો દૂર રાખી, પોતાના આર્થિક હિતોને વધારે લક્ષમાં લઈ, વાસ્તવિકતા સ્વીકારી છે. વ્યાપાર–ઉદ્યોગના અને બીજા સંબંધોને વિસ્તારી, પરસ્પર સહકારના વર્તનનું ધોરણ અપનાવ્યું છે. આ પલ્ટો લાવવામાં પ્રેસિડન્ટ નિક્સને પહેલ કરી. પરિણામે વિશ્વના રાજકારણનો દોર અમેરિકાના હાથમાં રહ્યો છે. રશિયા, ચીન અને જાપાન, ત્રણે દેશોએ પોતાના હિતો માટે અમેરિકા તરફ દૃષ્ટિ રાખવી પડે એવી સ્થિતિ સર્જાઈ છે. એમ કહેવાય કે નિક્સને ત્રિકોણો રચ્યા છે. અમેરિકા, રશિયા અને ચીન–અમેરિકા, ચીન અને જાપાન–અમેરિકા, રશિયા અને જાપાન–આ બધા ત્રિકોણમાં અમેરિકા મધ્યબિન્દુમાં રહે છે. આ વ્યૂહરચનામાં કિસિન્જર મુખ્ય સલાહકાર છે. પરિણામે પ્રમુખપદની ચૂંટણીમાં નિક્સનનું સ્થાન સબળ થયું છે. તેના હરીફ મેકગવર્ને જાહેર કર્યું હતું કે યુરોપમાંથી અમેરિકન લશ્કર ઓછું કરવું. આ નીતિ યુરોપના દેશોને પસંદ ન હતી. તેથી, નિક્સનની ચૂંટણીમાં યુરોપના દેશો તેમ જ ચીન, રશિયા, જાપાન વિગેરેનો આડકતરી રીતે નિક્સનને ટેકો હતો અને તેઓ ચુંટાયા તે આ બધા દેશોએ આવકાર્યું છે. નિક્સનના વિજય વિશે આ અંકમાં જુદી નોંધ લખી છે.

આ નીતિથી વિયેટનામમાં પણ પોતાનું ધાર્યું કરવાની નિક્સનને તક મળી. ઉત્તર વિયેટનામને ચીન અને રશિયાનો ટેકો ઓછો થયો, ભયંકર બોમ્બમારા પ્રત્યે પણ દુર્લક્ષ કર્યું. અંતે ઉત્તર વિયેટનામે નમતું મૂકવું પડયું. આ પ્રજા ખૂબ બહાદુરીથી લડે છે પણ સહનશકિતની હદ હોય છે. બીજા ચાર વર્ષ નિક્સન સાથે કાઢવાના છે તે જાણી, સમાધાન સ્વીકાર્યું. અમેરિકાને વિયેટનામમાંથી છૂટવું જ હતું પણ દેખીતી રીતે માનભેર. ઉત્તર વિયેટનામ જાણે છે કે અંતે દક્ષિણ વિયેટનામમાં અમેરિકન લશ્કર હટી જતા, દક્ષિણ વિયેટનામની પ્રજા શાન્તિનો માર્ગ અપનાવશે. પ્રમુખ થીયુ જાય તો જ સમાધાન કરવું એવો આગ્રહ ઉત્તર વિયેટનામે જતો કર્યો છે. કારણકે તે જાણે છે કે હવે પછી દક્ષિણ વિયેટનામમાં ચૂંટણી થાય તેમાં થીયુ ટકવાના નથી, એટલે ૪-૬ મહિના નિભાવી લેવો. ઈતિહાસના સૌથી ઘાતકી, ક્રુર અને અન્યાયી આ યુદ્ધનો આ રીતે ૨૦ વર્ષે પણ અંત આવે તે જરૂરનું છે. અમેરિકાનું આ મોટામાં મોટું કલંક ધોવાશે નહિ. આ પાપનું પરિણામ અમેરિકન પ્રજાએ ભોગવવું જ પડશે – ભોગવી રહી છે. અમેરિકન જીવનની અનૈતિકતા, હિંસા, ભ્રષ્ટાચાર ઘણે દરજ્જે આ અન્યાયી યુદ્ધને આભારી છે.

દુનિયાનો બીજો સળગતો પ્રદેશ, મધ્યપૂર્વમાં - આરબ - ઈઝરાઈલ છે. ૨૫ વર્ષનો આ સંઘર્ષ, ત્રણ વર્ષથી ભારેલા અગ્નિ પેઠે પડયો છે. કરોડો આરબો વચ્ચે ૨૫-૩૦ લાખ યહૂદીઓ પોતાનું અસ્તિત્વ ટકાવવા મરણિયા થઈ લડે છે. આરબો છિન્નભિન્ન અને લશ્કરી રીતે નિર્બળ છે, આરબો વાસ્તવિકતા સ્વીકારવા હજુ તૈયાર નથી. ઈજિપ્ત, રશિયાની સહાય ઉપર જોર કરતું હતું. અચાનક રશિયા સાથેના સંબંધો તોડવા પ્રયત્ન કર્યો, કદાચ એવી આશાએ કે અમેરિકા સાથે સારા સંબંધ થાય તો અમેરિકા, ઈઝરાઈલ ઉપર દબાણ લાવી, માનભર્યું સમાધાન કરાવે. એવું કાંઈ બન્યું નથી. ફરીથી ઈજિપ્ત રશિયાની સહાય માટે પ્રયત્ન કરતું હોય તેમ લાગે છે. ચૂંટણી સુધી નિક્સન કોઈ સક્રિય પગલાં લે તેવો સંભવ ન હતો. હવે કદાચ તે દિશામાં પ્રયત્નો કરશે. આરબો હઠાગ્રહ છોડી ઈઝરાયલનું અસ્તિત્વ સ્વીકારે એ તેમનાં હીતમાં છે.

ઈંગ્લાંડે છેવટ યુરોપીયન મઝિયારી બજારમાં દાખલ થવાનો નિર્ણય કર્યો. તેથી યુરોપના પશ્ચિમી દેશોનું આર્થિક સંગઠન ઘણું મજબૂત થશે. પરિણામે રાજકીય સંગઠન પણ અનિવાર્ય બનશે. યુરોપિયન પાર્લામેન્ટથી મઝીઆરી બજારના બધા દેશોની રાજકીય સર્વોપરિતા કેટલેક અંશે ઓછી થશે. પશ્ચિમ યુરોપની રાજકીય તેમ જ આર્થિક એકસૂત્રતા એકંદરે દુનિયાની શાન્તિ માટે આવકારદાયક છે. પણ આ બધા વિકસીત દેશો પોતાનો જ સ્વાર્થ સાધવા લાગશે તો અણવિકસીત અને અર્ધવિકસીત દેશોને અન્યાય થશે. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ આ ચેતવણી ઉચ્ચારી છે.

ઈંગ્લાંડની આર્થિક સ્થિતિ વણસતી રહી છે. ફુગાવાએ માઝા મૂકી છે. તેને કાબૂમાં લેવા સ્વેચ્છાએ નિયંત્રણો સ્વીકારવા, મજૂરો અને ઉદ્યોગપતિઓ સાથે છ મહીના સુધી સરકારે વાટાઘાટો કરી તે નિષ્ફળ ગઈ છે. છેવટ આવા નિયંત્રણો માટે કાયદાઓ કરવા પડયા. પણ બધા કન્ટ્રોલનું બને છે તેમ તેનો અમલ ઘણો અધરો છે. ઉત્તર આયર્લેન્ડ - અલસ્ટરનો પ્રશ્ન પણ સળગતો રહ્યો છે. બન્ને પક્ષે વારાવાર હિંસક તોફાનોથી ખાનાખરાબી થતી રહી છે. એક જ ધર્મના બે સંપ્રદાયો વચ્ચે આવા ભયંકર વૈરઝેર અકલ્પ્ય લાગે છે. શાન્તિ માટે બ્રિટનના સઘળાં પ્રયત્નો અત્યાર સુધી નિષ્ફળ ગયા છે. યુગાન્ડામાંથી અમીને એશિયાવાસીઓને ભૂંડે-હાલે કાઢયાં તેમાં બ્રિટને પોતાની ફરજ બરાબર બજાવી છે તે માટે બ્રિટન ધન્યવાદને પાત્ર છે. પોવેલનો વિરોધ–વંટોળ છતાં ૧૮,૦૦૦ હિન્દીઓને, આવી આર્થિક વિષમતામાં પણ અપનાવ્યા છે તે માટે ભારત બ્રિટનનું ઋણી છે.

રાષ્ટ્રીય પરિસ્થિતિ વિશે બોલતાં, શ્રી ચીમનભાઈએ કહ્યું કે દુર્ભાગ્યે, પાકિસ્તાન સાથેના સંબંધો ધારવા પ્રમાણે સુધરતા નથી. સીમલા કરારનો અમલ ઢીલમાં પડયો છે. આમાં પાકિસ્તાનની શું રમત છે તે સમજાતું નથી. આપણે પણ સીમલા કરારનો અમલ બરાબર તેની શરતો મુજબ થાય તેનો આગ્રહ રાખ્યો છે. જમ્મુકાશ્મીર સરહદે ૧૭ મી ડિસેમ્બર ૧૯૭૧ ની રેખાંકન પૂરી ન થાય ત્યાં સુધી, લશ્કરો પાછા ખેંચી લેવા અથવા યુદ્ધકેદીઓ સોંપવાનું કામ બંધ રહ્યું છે. રેખાંકનનું કામ મોટે ભાગે પતી ગયું છે. લગભગ ૧૧૦ માઈલનો અમુક વિસ્તાર વિવાદમાં પડયો છે. તે હમણાં બાકી રાખી, બીજા વિસ્તારનુ રેખાંકન પૂરું કરવા જનરલ માણેકશાએ સૂચન કર્યું તે ટીકાખાને સ્વીકાર્યું નથી. વિદેશી સત્તાઓની કાંઈ ચઢાવણી છે કે પાકિસ્તાનના આંતરિક વિખવાદો કારણભૂત છે તે કહેવું મુશ્કેલ છે. ભૂતો અને પાકિસ્તાની લશ્કરના વડાઓ વચ્ચે મતભેદ હોવા સંભવ છે. ટીકાખાન સીમલા કરારથી રાજી ન હતા. શ્રીમતી ઈંન્દરા ગાંધીએ મુશ્કેલ દિવસોની ચેતવણી આપી છે. પણ એમ લાગે છે કે છેવટ પાકિસ્તાન સીમલા કરારનો અમલ કરશે અથવા તેણે કરવો પડશે.

આર્થિક ક્ષેત્રે ચિન્તાજનક સ્થિતિ વધતી જાય છે. ફુગાવો,

મોંઘવારી, દુષ્કાળ, ઘણાં કારણો છે. ગાંધીનગરમાં બે ઠરાવો થયા તેમાં એક – ઘઉં, ચોખાનો જથ્થાબંધ વેપાર સરકાર હસ્તક કરવાનો અમલ થયો?" નથી," થશે નહિ એમ લાગે છે. ગરીબી હટાવ અથવા આર્થિક અસમાનતા ઓછી કરવાના બીજા મોટા કાર્યક્રમો દૂર રહ્યાં, પણ ફુગાવો, મોંઘવારી કાબૂમાં લેવાના અસરકારક પગલાં પણ લેવાયા નથી શ્રીમતી ઈન્દિરા ગાંધી આર્થિકક્ષેત્રે નોંધપાત્ર પગલા લઈ શકયા નથી. ખરેખર ગરીબી હટાવવી હોય અથવા અસમાનતા ઓછી કરવી હોય તો સ્થાપિત હિતો ઉપર સીધા હુમલો, Frontal attack થવો જોઈએ. તેવો શાસક કૉંગ્રેસ કરી શકે તેમ જણાતું નથી. તેમાં જે શંભુમેળો ભેગો થયો છે તે બધાં, એ જ જૂનાં કાટલાં છે. ઈન્દિરા ગાંધી રાજકીય દાવ કૂનેહપૂર્વક રમી શકે છે. આર્થિક જટિલ પ્રશ્નોની કાં તો સૂઝ નથી, કાં તો તેનો વિચાર કરવા સમય નથી અને કાબેલ આર્થિક સલાહકારો નથી. આપેલાં મોટા વચનો અને ઊભી કરેલ આશાઓ લાંબો વખત અસંતુષ્ટ રહેશે તો પરિસ્થિતિ વધારે ખરાબ થશે. નાણાંમંત્રી તરીકે ચવ્હાણ નિષ્ફળ નીવડયા છે. ખેત, જમીન કે શહેરી મિલકતની ટોચ–મર્યાદાની વાતો જ થઈ છે. કાળું નાણું વધતું જાય છે. ઉત્પાદન ઘટતું જાય છે. અમુક નાના વર્ગને બેસુમાર કમાણી છે.

શાસકપક્ષના આંતરિક વિખવાદો વધતા જાય છે. તેની સંસ્થાકીય વ્યવસ્થા થઈ નથી. એક વ્યકિત ઉપર અવલંબે છે.

કાયદો અથવા વ્યવસ્થાની સ્થિતિ કથળતી રહી છે. વાતાવરણમાં હિંસા વધતી જાય છે. હિંસક તોફાનો વધતા રહ્યા છે. વિદ્યાર્થીઓ, મજૂરો, વિગેરે વર્ગોમાં વિદ્રોહી વાતાવરણ ફેલાતું રહ્યું છે. આસામના ભાષાના તોફાનો શરમજનક છે. પોલીસ પણ ઘણે ઠેકાણે ભાન ભૂલી માઝા મૂકે છે. પોલીસને સહન કરવું પડે છે પણ તેણે મર્યાદા ઓળંગાવી પોસાય નહિ.

વિરોધીપક્ષો કાંઈક હોશમાં આવ્યા છે પણ શેરબકોર સિવાય વિશેષ અસર કરી શકે એમ નથી. સંસ્થાકોંગ્રેસનું પૂનામાં અધિવેશન થયું. લાંબા ઠરાવો થયા. વૃદ્ધોનો મેળો હતો. હૈયાવરાળ કાઢી. મોરારજીભાઈએ ૧૮ મહિનાની મહેતલ આપી. તેઓ પોતે પણ જાણે કે છે કમમાં કમ ૧૯૭૬ સુધી – બીજી ચૂંટણી સુધી– ઈન્દિરા ગાંધીના નેતૃત્વને કોઈ આંચકો લાગે તેમ નથી. કોઈ વિકલ્પ પણ નથી. એ ખરું છે કે ઈન્દિરા ગાંધી માટે કસોટીના દિવસો આવે છે. તેઓ પોતે પણ જાણે છે અને તેની આગાહી કરી છે.

ખરી હકીકત પ્રજાના બધા વર્ગોનું નૈતિક સ્તર બહુ નીચું ઊતર્યું અને ઊતરતું જાય છે એ પાયાની વસ્તુ છે. બીજાના માથે દોષનો ટોપલો ઢોળવાથી બચાવ થતો નથી. ગમે તે ભોગે અને ગમે તે રીતે પૈસો મેળવવો, પોતાનો જ સ્વાર્થ જોવો, દેશ કે સામાનો વિચાર ન કરવો–બધા રોગની આ જડ છે. સરકારી તંત્રની શિથિલતા અને લાંચ,–રુશ્વતખોરીને દોષ દઈએ, પણ પ્રજાની જવાબદારી ઓછી નથી. પરસ્પરનો આદર, દરેક ક્ષેત્રમાં, સર્વથા ગુમાવી બેઠા છીએ. જીવનના બધા વ્યવહારમાં, પ્રેમ અને આદરને સ્થાન આપીએ અને પોતાની જવાબદારી સમજી તે અદા કરવાની વૃત્તિ થાય ત્યારે જ ઊંચા આવીએ.

વ્યાખ્યાન પછી કેટલાક પ્રશ્નોત્તર થયા હતા.

અંતમાં સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે શ્રી ચીમનભાઈનો અને શ્રોતાજનોનો આભાર માન્યો હતો.

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

બે પ્રેરક પ્રસંગો

[૧]

દેશબંધુ ચિત્તરંજનદાસ આપણા દેશના મોટા નેતા હતા. તેઓ મોટા દાનવીર હતા. છૂટે હાથે લોકોને તેમણે મદદ કરી છે. વિદ્યાર્થીઓ છાત્રવૃત્તિ માગે તો તેમને આપવામાં આવે. કોઈ ચોપડીઓ માટે પૈસા માગે તો અવશ્ય આપે. કોઈ નિશાળ બંધાવવા માટે પૈસા માગે તો તેને આપે જ. આમ વરસાદની જેમ તેમની દાનની ધારા વહેતી.

એક દિવસે એક સજ્જન દાસબાબુ પાસે આવી કહેવા લાગ્યા: "મને ૫૦ હજાર રૂપિયાની આજે ને આજે જરૂર છે. મારી ભીડમાં જો તમે સહાય નહિ કરો તો હું બરબાદ થઈ જઈશ."

દાસબાબુએ થોડો વિચાર કર્યો હતો. પછી તરતજ ચેકબુક મંગાવીને ધડદઈને રૂ. ૫૦ હજારનો ચેક લખી આપ્યો. પેલા ભાઈ તો ઘણા જ ખુશ થઈ વિદાય થયા.

આ જોઈ દાસબાબુના એક મિત્રે તેમને કહ્યું "આ તે શું ગાંડપણ! તમે આ માણસને ખાસ જાણતા પણ નથી અને એને એટલી મોટી રકમ આપી દીધી"!

દાસબાબુ બોલ્યા, "સારો માણસ તો છે જ એમાં કોઈ શંકા નથી, અને વળી ભીડમાં છે એ પણ ચોક્કસ છે. પાછા પૈસા નહીં આવે તો ગયા માનીશ. પૈસા પાછા આવશે એવું માનીને કદી કોઈને આપવા જ નહીં."

[૨]

એક દિવસ એક ભાઈ બાપુજી પાસે ગીતાનું રહસ્ય સમજવા આવ્યા. બાપુજીએ તેની વાત સાંભળીને કહ્યું: "વારુ; જો પેલી ઈંટો પડી છે; તે તારે દરરોજ ગણી નાંખવી."

થોડા જ વખતમાં પેલા ભાઈ એ કામથી કંટાળી ગયા અને પોતાના એક સાથીદારને કહેવા લાગ્યા: "આ તો મજૂરનું કામ છે; મારું નહિં. હું તો ગીતાજીનું રહસ્ય સમજવા આવ્યો છું, નહીં કે આમ ઈંટો ગણવા!"

આ વાતની બાપુજીને જાણ થઈ; એટલે પેલા ભાઈને બાપુજીએ કહ્યું: "ભલા ભાઈ, ગીતાનું રહસ્ય તમે ન સમજ્યા? નિ:સ્વાર્થભાવે કામ કર્યાકરવું એ જ છે ગીતાનું રહસ્ય."

કોઈ પણ કામ કરવાથી જો આપણો સ્વાર્થ સધાતો હોય તો જ આપણે તે કામમાં રસ લઈએ છીએ, પરંતુ આપણું કામ કોઈ બીજો કરી આપે તો આપણે એવી આશા રાખીએ છીએ કે સામાએ પોતાનો સ્વાર્થ ન જોવો જોઈએ! આ કેવી રીતે બને? તમારા અંતરને પૂછો, તમે અત્યારસુધી નિ:સ્વાર્થભાવે કેટલા કામ કર્યાં છે?

–ફિરોઝ ડી. ગાર્ડ.

શબ્દોને...

બોલાયલા શબ્દો ભલા!
બસ સાર્થ થઈ જાઓ તમે આચાર થૈ;
કે ગૌરવે બોલી શકો પાછા તમે
કે અમે
કયારેય ના જીવ્યા હતા લાચાર થૈ!

–સુરેશ દલાલ

....હા, આ અમેરિકા છે

અમેરિકા, કે જે દેશની જનસંખ્યા, દુનિયાની કુલ જનસંખ્યાના ૬ ટકા જેટલી છે, છતાં દુનિયાની કુલ વપરાશના ૪૦ ટકા જેટલું અહીં ખર્ચાય છે!

'મોટરકાર'ના દેશ તરીકે ઓળખાતા આ દેશમાં દર ચાર મોટરે એક મોટર અકસ્માતમાં સંડોવાય છે. ૧૯૦૦ થી અત્યાર સુધીમાં આવા અકસ્માતોના ભોગ થયેલા શહીદોની સંખ્યા ૨૦ લાખ જેટલી છે!

જ્યાં દર ૧૯ મિનિટે એક ભયંકર અકસ્માત અને દર આઠ સેકંડે એક સામાન્ય અકસ્માત થાય છે, જેમાંથી વર્ષે ૧૧૫૦૦૦ મરણ પામે છે અને ૪૦૦૦૦૦ ને કાયમી ખોડ રહી જાય છે.

જ્યાં ૧૯૬૯ માં ટ્રાફિક અકસ્માતથી ૫૬૦૦૦ માર્યા ગયા હતા, અને ૪૬૦૦૦૦૦ ને ઈજા થઈ હતી. જાનહાનિ સિવાય દાકતરી સારવાર, આવકનો અભાવ અને માલમિલકતના નુકસાનને પરિણામે આર્થિક રીતે ૧૬૫૦૦૦૦૦૦૦ ડોલરનું નુકસાન થયું!

દર વર્ષે ૧૧૦૦૦૦૦૦૦ જેટલાં ડ્રાઈવિંગ લાયસન્સ અપાય છે અને અમેરિકાના રસ્તા પર ફરતાં ૧૧૦ લાખ વાહનોને પરિણામે હવામાં દર વર્ષે ૩૫૦૦૦૦૦૦૦ ટન સીસું, ૧૨૦૦૦૦૦૦ ટન હાઈડ્રોકાર્બન અને ૬૬૦૦૦૦૦૦ ટન કાર્બન મોનોક્સાઈડ (ઝેરી વાયુ) ઉમેરાય છે!

જ્યાં દર અઠવાડિયે ૬૫૦૦૦૦ અમેરિકનોને ત્યાંની ૨૦ હજાર જેટલી ટ્રાફિક કોર્ટોમાં બેકાળજીપૂર્વક વાહન હાંકવાના ગુના હેઠળ બોલાવવામાં આવે છે. એકલા શિકાગોની ટ્રાફિક કોર્ટ દર વર્ષે ૧૬૦૦૦૦૦૦ ડોલર દંડરૂપે ભેગા કરે છે. લોકો આ દંડ પોતાના ટેલિફોનનું બિલ ભરતા હોય તેટલી સહજતાથી ભરે છે!

જ્યાં દર વર્ષે ૭૦ લાખ મોટરો અને ૧૦૦૦ લાખ ટાયરોનો નાશ કરવામાં આવે છે!

જ્યાં દર કલાકે ચોરીના ૪૦૦ જેટલા ગુના બને છે અને ૧૨૦૦૦ જેટલાં ખૂન દર વર્ષે થાય છે. રાજધાની વૉશીંગ્ટન ડી. સી. માં જ દર વર્ષે ૨૫૦ જેટલાં ખૂન થાય છે!

પ્રાણી પાળવાના શોખ પાછળ કેટલી ઘેલછા છે આ પ્રજાની! કેવળ કૂતરાના ખોરાક પાછળ દર વર્ષે ૩૦૦૦ લાખ ડોલર આ દેશવાસીઓ ખર્ચે છે!

જ્યાં રમતગમત, આનંદપ્રમોદ (Fun Market) નું વાર્ષિક બજાર ૧૫૦ કરોડ ડોલરનું છે! કેવળ સિનેમાની ટિકિટોનું વેચાણ જ ૧૦૦ લાખ ડોલર છે! વર્ષે ૨૩૦૦ લાખ ડોલરનાં રમકડાં વપરાય છે, એકલા નાતાલમાં જ ૧૫૦૦ લાખ ડોલરનાં રમકડાં ખરીદાય છે!

આ દેશમાં એક ગુનાહિત ટોળકી 'માફિયા' ની અસ્કયામતો ૩૦૦૦૦ લાખ ડોલર જેટલી છે, જેમાંથી ૭૦ થી ૧૦૦ લાખ ડોલરનો નફો કરે છે! નફાના ધોરણે સરખામણી કરીએ તો તેના કુલ નફો અમેરિકાની ખ્યાતનામ કંપનીઓ જેવી કે, યુ. એસ. સ્ટીલ, એ. ટી. એન્ડ ટી. (ટેલિફોન કંપની), જનરલ મોટર્સ, ફોર્ડ, ક્રાઈસલર, સ્ટાન્ડર્ડ ઓઈલ, જનરલ ઈલેકટ્રિક, આઈ. બી. એમ. અને આર. સી. એ. ના કુલ નફા જેટલો થાય!

જ્યાં દર વર્ષે લગભગ ૮ લાખ લોકો કેન્સરની સારવાર માટે હોસ્પિટલમાં જાય છે અને તેમની સારવાર માટે ૩૫૦ લાખ ડોલર ખર્ચાય છે. છતાં દરરોજ ૭૦૦ અમેરિકનો આ રોગથી મરણને શરણ થાય છે. આમાંથી વર્ષે ૬૦૦૦૦ ફેફસાનાં કેન્સરના હોય છે, જેનું કારણ ધૂમ્રપાન મનાય છે! (વર્ષે પ્રત્યેક અમેરિકન સરેરાશ ૫૦૦૦ સિગરેટ ફૂંકે છે. સ્ત્રીઓ પણ ખરી!) ધૂમ્રપાનશોખીનો ચેતે!

જ્યાં 'આર્થરાઈટીસ' - સાંધિવાના દર્દીઓની સંખ્યા ૧૭ લાખ છે, જેઓ ૪૦૦ લાખ ડોલરની દવા કરે છે!

જ્યાં હૉસ્પિટલમાં એક રૂમના એક દિવસનો ખર્ચ ૬૦ ડોલર છે. ૧૩૦૦ લાખ અમેરિકન ૮૩૧૦ લાખ વખત ડોકટરની મુલાકાત લે છે અને દવાઓ પાછળ દર વર્ષે ૩૫૦૦૦ કરોડ ડોલર ખર્ચે છે! ૨૩૦ લાખ અમેરિકનો સરેરાશ ૮.૨ દિવસ હોસ્પિટલમાં રહે છે. જેનો ખર્ચ પ્રત્યેકને ૫૦૦ ડોલર થાય છે. ઈન્જેકશનની સોય ફકત એક જ વખત વપરાયા બાદ ફેંકી દેવામાં આવતી હોવાથી દર વર્ષે ૧૨૦૦ લાખ જેટલી સોયો વપરાય છે!

જે દેશમાં દાકતરી તપાસ માટે દર વર્ષે ૫૩૦૦૦૦૦૦૦૦ ડોલર ખર્ચાય છે. જે તેની વાર્ષિક આવકના ૬.૫ ટકા થાય છે!

જ્યાં સ્ત્રીઓ પણ કેટલા મોટા પ્રમાણમાં નોકરીઓ કરે છે તેનો ખ્યાલ થોડી વિચિત્ર રીતે આપું. સ્ત્રીઓને દર મહિને આવતા ઋતુસ્રાવને પરિણામે ગેરહાજરી, દુઃખાવો, માનસિક તાણ, અને ઘટતી કાર્યક્ષમતાને કારણે ત્યાંના ઉદ્યોગોને વર્ષે ૫૦ કરોડ ડોલરની ખોટ ભોગવવી પડે છે!

જ્યાં 'ટાલિયા' લોકોનું પ્રમાણ વધારે હોઇ કે બનાવટી વાળનો શોખ હોઇ, ગમે તે કારણ હોય, બનાવટી વાળની વીગ પાછળ વર્ષે પાંચ કરોડ ડોલર ખર્ચાય છે!

જ્યાં ૭૦ વર્ષની સરેરાશ આયુમર્યાદામાં પ્રત્યેક અમેરિકન ૨૬૦૦૦૦૦ ગેલન પાણી, ૨૧૦૦૦ ગેલન ગેસોલીન (પેટ્રોલ) ૧૦૦૦૦ રતલ માંસ અને ૨૮૦૦૦ રતલ દૂધ વાપરે છે!

જ્યાં દર વર્ષે ૨૦૦૦ લાખ ટન કાગળો, ૩૨૦ કરોડ બોટલો અને ૪૮૦ કરોડ ટીન-કેન, કચરાપટ્ટી ભેગાં થાય છે. આ બધાંને કારણે જે કચરો ભેગો થાય તે ભેગો કરવા માટે દર વર્ષે ૨૮ કરોડ ડોલરનો ખર્ચ થાય છે.

જ્યાં વર્ષે ૧૦ લાખ અમેરિકનો (જેમાંના મોટા ભાગના મધ્યમ વયના, મધ્યમ કમાણીવાળા હોય છે) નોકરી અને કુટુંબનો બોજ હળવો કરવા અને નવા વાતાવરણની શોધમાં ઘરથી દૂર ભાગે છે!

જ્યાં આલ્કોહોલિક - મદ્યપાન માટે દર વર્ષે ૨૧૧૦૦૦ લાખ ડોલર ખર્ચાય છે. 'પીધેલા' ડ્રાઈવરો અને રાહદારીઓને પરિણામે દર વર્ષે ૨૫૦૦૦ નાં મરણ થાય છે. અને ૮૦૦૦૦૦ અકસ્માતો! તેવી જ રીતે L.S.D. જેવાં માદક પદાર્થોના સેવનથી એકલા ન્યુ યૉર્કમાં જ ૧૯૬૯માં ૨૨૪ પૌગણ્ડાવસ્થા (Teen Agers) નાં બાળકો મૃત્યુ પામ્યાં!

જ્યાં પ્રત્યેક અમેરિકન વર્ષે સરેરાશ ૭૦૦ ફોન - કૉલ કરે છે, કુલ ટેલિફોનની સંખ્યા ૧૦૯૦૦૦૦૦૦ જેટલી છે, જે દુનિયાના કુલ ટેલિફોનની સંખ્યાથી લગભગ અડધી થાય! દરરોજ ૫૦૦૦૦૦૦૦ જેટલા ફોન થાય છે!

જ્યાંની 'હીન્ઝ' કંપનીએ, સ્ટાનફ્રેબર્ગ જાહેરાત કંપનીદ્વારા ટેલિવિઝન પર જાહેરાત માટે ૧ મિનિટના ૧૫૦૦૦૦ ડોલર ખર્ચ્યા હતા!

ભૌતિક સગવડોના સ્વર્ગસમા આ દેશમાં નિદ્રાદેવીનું શરણું શોધવા વર્ષે ૮૦૦ લાખ ડોલરથી ઊંઘની ગોળીઓ વપરાય છે!

જ્યાં ૨૨ થી ૨૫ હજાર આપઘાતના બનાવો દર વર્ષે નોંધાય છે, એટલે કે દર ૨૬ મિનિટે એક! W.H.O. વિશ્વ આદ્યોગ્ય સંસ્થાના હેવાલ પ્રમાણે દર વર્ષે ૩૦ લાખ લોકો આપઘાત માટે કોશિશ કરે છે!

જ્યાં પૌગણ્ડાવસ્થામાં થતાં લગ્નોનાં ૫૪ટકા લગ્નો છૂટાછેડામાં પરિણમે છે! આ ઉંમરની કેલિફોર્નિયાની લગ્ન કરવા જતી દર બે છોકરીઓમાં એક છોકરી ગર્ભવતી હોય છે!

જ્યાં બિભત્સ સાહિત્ય (Pornography) ના ટપાલદ્વારા થતા વેચાણની કિંમત ૧૦૦૦ લાખ ડોલર છે.!

જ્યાં ૭૧૮૦ રેડિયો સ્ટેશન છે. અને ૯૧૪ ટેલિવીઝન સ્ટેશન છે. આ બધાં જ ખાનગી માલિકીનાં!!

(ઑકટોબર--૭૨ ના 'સમર્પણ'માંથી સાભાર ઉધ્ધૃત)

નવનીત સી. શાહ

ઉદયચંદ્ર

उदयगूढशशांकमरीचिभिस्,
तमसि दूरतरं प्रतिसारिते ।
अलकसंयमनादिव लोचने,
हरति मे हरिवाहनदिङ्मुखम् ॥ ६ ॥

કવિ કાલિદાસકૃત વિક્રમોર્વશીય–તૃતીય અંક-શ્લોક ૬.

અર્થ: ઉદય પામતાં છતાં (ઉદયાચળની પાછળ હોવાથી) અપ્રકટ, એવા ચંદ્રનાં કિરણોથી અંધકાર દૂર થતાં, પૂર્વ દિશા, જાણે મુખ પરથી કેશોનું આવરણ દૂર કરતી હોય, એ રીતે મારાં નેત્રોને હરી લે છે.

ઉદયચંદ્રના સૌન્દર્યપ્રભાવનું આ કૌતુકભાવે દર્શન છે. જે પ્રસન્નકર છે. દિવસની પ્રખરતા શમી ગઈ છે. તપ્તકાંચનવર્ણી-તપાવેલા સુવર્ણના વર્ણવાળી સરાગ સંધ્યાની રકિતમા યે આછરી ગઈ છે; અને અંધકારના ઓળા ઊતરેલા છે. એવો, વિલાતા પ્રકાશ પછીના ઊતરતા અંધકારનો એ સૂનો અકલ્પ્યસ્તબ્ધ સમય છે.

એ અંધકારને ઉજાળી દેતી કંઈક અનિર્વચનીય આભા આકાશના અમુક ભાગે ઉદ્‌ભવે છે. ધીમે ધીમે તે ગહન નીચાણમાંથી ઉપર ચડતી ને પ્રસરતી આવે છે. તે છે, ઉદયાચળ પર્વતની પેલી મેરથી–પૂંઠેથી ફૂટી રહેલી ચંદ્રની અમૃતમય આછી તેજટશરો.

કવિચક્ષુ એ દિશાએ મીટ માંડે છે. એ છે, પુરાણકલ્પન મુજબ ઉદયાચળ ગિરિનું આસન; અને એ જ છે, પરમ તેજોને પ્રગટાવનારી પ્રાચી એટલે કે પૂર્વની દિશા. કવિ તેને પૌરાણિક અર્થનો પાસ આપે છે. તે, હરિવાહનની એટલે કે ઈન્દ્રની દિશા છે. ઈન્દ્ર પૂર્વ દિશાનો અધિષ્ઠાતા દેવ છે. ઈન્દ્રના ઘોડાનું નામ હરી હોઈ, તેનાવડે પૂર્વ દિશાનો સંકેત થયો છે.

શ્લોકવર્ણન વાંચતાં આપણને ચંદ્રનું આરોહણ ચૂપકીદીપૂર્વકનું –હળુહળુ થતું લાગે છે. કારણ ઉદયાચળની ઓથે રહીને તેનું રૂપ રેલાય છે: એટલે, તેજ ખરું, દૃષ્ટિનો પદાર્થ-કહો કે તેજનું પાત્ર ખરું; અને છતાં તે પોતે પ્રત્યક્ષ નહિ! એવી ગૂઢતાની-ગહનતાની એ કૌતુકમય અનુભૂતિ છે. માટે જ કવિ ચંદ્રને 'ઉદયગૂઢ' કહે છે; ઉદિત છતાં અપ્રકટ–ગુપ્ત, એવું ચંદ્રનું રૂપવર્ણન અહીં છે; અને તેથી કવિ આ ચમત્કૃતિસુંદર સમાસથી તેને વધાવે છે.

આમ પૂર્વ દિશામાં અંધકારશૂન્યતા હતી ત્યાં ચંદ્રકિરણોથી કશોક સંચાર થયો; તે સાથે, કવિના હૃદયમાં શૂન્યતાની સ્તબ્ધતામાંથી કોઈ ભાવ સ્ફુર્યો. જે એક સુંદર કલ્પન વડે આકારિત થયો. અને તે આ શ્લોકની એક આકર્ષક ઉત્પ્રેક્ષા બનીને આવી. કવિ આ મુજબ ઉત્પ્રેક્ષા એટલે કે તુલનાની સંભાવના કરે છે:

ચન્દ્રતેજે અંધકાર દૂર થતાં, પૂર્વ દિશા જાણે અલક સંયમિત કર્યા હોય તેવી તેજે ભરીને ચેતોહર લાગે છે.

વિક્રમોર્વશી નાટકમાં રાજાથી વર્ણવાયેલા આ શ્લોકનો સંદર્ભ જાણવા જેવો છે; તેની વસ્તુઘટનાવડે ઊઠતો ગર્ભિતાર્થ આ શ્લોકને અધિક ભાવઘન કરે છે. અપ્સરા ઉર્વશી પ્રતિના રાજા પુરુરવાના પ્રેમની જાણથી, રાણી ઔશીનરી રોષિત છે: ને રાજાના પ્રેમનો અનાદર કરે છે. પણ પછી પશ્ચાત્તાપરૂપે રાજાને પ્રસન્ન કરવાનું 'પ્રિયાનુ પ્રસાદન' વ્રત આદરે છે: જેમાં રાજાની હાજરી અનિવાર્ય છે. રાણી, રાજાને પધારવા વિનંતિસંદેશ કહાવે છે. એ પ્રસંગે રાજા અને વિદૂષક મણિહર્મ્યપ્રાસાદની અગાશીએ આવેલા છે. પ્રસન્ન રાજા ચંદ્રોદયના એ નિતાન્તરમ્ય પ્રકૃતિ દૃશ્યમાં, પોતાના મનોભાવનું પ્રક્ષેપન કરે છે.

રાજાને ચંદ્રમાં ઔશનરીનું પ્રસન્ન વદન વરતાય છે. ચંદ્ર અંધકારને દૂર કરી ઉજ્જ્વલિત પૂર્વ દિશા વડે રાજાનું મન હરી લે છે; તે પ્રમાણે ઔશનરીના ચિત્તમાંથી ઈર્ષ્યાક્લેશનું કિલ્મિષતિમિર દૂર હઠે છે. વળી જેવી રીતે અંધકાર દૂર થતાં પૂર્વ દિશા અલક સંયમિત કરેલ કોઈક રમણીના રમણીય મુખ જેવી લાગે, તેમ ઔશીનરી કલેશ દૂર થતાં, પોતાના નિર્બન્ધ અને અસ્તવ્યસ્ત કેશને બાંધી સમારે છે, તેથી સુંદર લાગે છે. આમ પ્રસન્ના ઔશનરીનું માનસચિત્ર રાજાના ચિત્તમાં પ્રતિબિમ્બિત થાય છે; એનું પરિણામ રાજા પ્રકૃતિદૃશ્યમાં જોઈને અનુભવે છે. રમણીનો સઘન કેશરાશિ મુખ પર છવરાઈ જઈને તેની આભાને આવરી લે છે; તે એકત્રિત થઈ સંકેલાતા, રમણીવદનની આભા નીખરી આવે છે. કવિ અહીં રમણીસૌન્દર્ય ક્રિયાછટાની છબી વડે, ચન્દ્રસૌન્દર્યના અધિક્યને ચિત્તમાં છાપી દે છે. એવું છે કવિનું સૌન્દર્યનિરીક્ષણ, મનોહરી અને સંતર્પક.

આ ચન્દ્ર પૂર્ણિમાનો છે? ના. નાટકમાં વિદૂષક મુખે વિનોદ-વાણીમાં ચન્દ્રને ઉપમા આપી છે ખણ્ડમોદક ની–ભાંગેલા લાડુની. વળી 'પ્રિયાનુપ્રસાદન' વ્રતથી એ બિનાને સમર્થન સાંપડે છે. પ્રિયને રીઝવવાનું અને સંકટ દૂર કરવાનું એ વ્રત સંકષ્ટ ચતુર્થીનું છે. વળી મિષ્ટાન્નભોગી વિદૂષકબ્રાહ્મણને ચતુર્થીના લાડુભોજનની વાત સાંભરે તે શક્ય સહજ છે. જે વીગતો, ચતુર્થીના ચંદ્રની પતીજ પાડે છે. તેના આછા પ્રકાશને કારણે તે સહજપણે કૌતુકમય હોઈ શકે; જો કે, કહેવું જોઈએ કે કવિના વર્ણનઠાઠથી ચંદ્રનો દબદબો જાણે પૂર્ણિમાના તોલનો છે!

આ શ્લોકમાં દૂરતરં (વિશેષ દૂર) એવું પદ છે. તેનો એક બીજો પાઠ પણ છે, દૂરમિતઃ (અહીંથી દૂર) – બીજો પાઠ કાવ્યદૃષ્ટિએ વિશેષ યોગ્ય હોઈ શકે? છે તો તે ચોથનો ચન્દ્રમા: તિમિરને દૂરતર નહિ, પણ અહીંથી – આ દિશાએથી દૂર કરે, તે અર્થ સંગત લાગે છે.

કાવ્યનો છંદ? દ્રુતવિલંબિત. છંદોરચનાનું સ્વયં બંધારણ જ તેના પ્રત્યેક ગણઆરંભના બહુલ કે નિશ્ચિત લઘુ વર્ણ, તિમિર વિલોપનના–તેના અપસરણના ભાવના વાહક બને છે. પ્રત્યેક ગણા-રંભના લઘુ કે લઘુ વર્ણો અને અંતના નિશ્ચિત ગુરુથી નિષ્પન્ન તેનો લચકિલો લય, તિમિરમાંથી તેજના સંક્રમણનું સૂચન કરે છે.

આ શ્લોક, રસાભિલાષી રાજાની સૂક્ષ્મ કવિત્વરુચિનો બોધ કરાવે છે.

હીરા રા. પાઠક

* ચૈતન્ય પુરુષને જગાડીએ *

માણસનું મન જ અવિશ્વાસની કલ્પનાઓથી, ખોટા વિચારો અને અશ્રદ્ધાથી ભરેલું છે, અજ્ઞાન અને દુ:ખ પણ એમાં ભરેલાં છે. આ અજ્ઞાન જ એ અશ્રદ્ધાનું કારણ હોય છે, એ દુ:ખનું મૂળ હોય છે. મનુષ્યની બુદ્ધિ અજ્ઞાનનું હથિયાર છે. મોટે ભાગે તે ખોટા વિચારો અને ખોટી ધારણાઓથી ભરેલી હોય છે અને તે એમ જ માનતી હોય છે કે મારા વિચારો જ સાચા છે. પોતાના વિચારમાં ભૂલ છે કે નહિ અને ભૂલ કયાં છે તે જોઈને તેનો વિચાર કરવાની તેને ઈચ્છા જ થતી નથી. અને તે એટલે સુધી કે એની ભૂલ બતાવવામાં આવે છે ત્યારે એના અહંકારને આઘાત થાય છે, એ ક્રોધે ભરાય છે અથવા તો દુ:ખી થાય છે. એ આ વસ્તુનો સ્વીકાર કરવા માગતી નથી અને એને જ્યારથી બીજાની ભૂલ કે દોષ દેખાડવાની તક મળે છે ત્યારે તેને ખૂબ તૃપ્તિ થાય છે. પારકાની નિંદા સાંભળતાં એ વસ્તુનો તે એમને એમજ સ્વીકાર કરી લે છે, એ કેટલી સાચી છે તેનો તેને વિચાર સરખો પણ આવતો નથી. આવી રીતના મનની અંદર શ્રદ્ધા અને વિશ્વાસનો ઉદય સહેલાઈથી બનતો નથી, એટલે તમારે માણસની વાત સાંભળવી ન જોઈએ, તમારા ઉપર માણસનો પ્રભાવ પડવા ન દેવો જોઈએ. તમારે જો મૂળ વસ્તુ જાણવી હોય તો તે માટે પોતાની અંદર જઈ ચૈત્યપુરુષને જગાડવો જોઈએ; એમાં રહેવા લાગ્યા પછી ધીરે ધીરે સાચી બુદ્ધિ મનમાં વૃદ્ધિ પામવા લાગશે, હૃદયમાં સાચો ભાવ અને લાગણી જન્મશે, પ્રાણમાં સાચી પ્રેરણા જાગશે, ચૈત્ય-પુરુષના પ્રકાશમાં તમને માણસો, વસ્તુઓ, બનાવો તથા જગત્ વિશે એક નવી દૃષ્ટિ પ્રાપ્ત થશે. મનનું અજ્ઞાન, ખોટી દૃષ્ટિ, ખોટો વિચાર, અવિશ્વાસ, અશ્રદ્ધા પછી આવશે નહિ.

–શ્રી અરવિંદ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ ડિસેમ્બર ૧, ૧૯૭૨, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય–૨

(ગતાંકથી ચાલુ)

વર્તમાનપત્રો તરફથી એમ કહેવામાં આવ્યું હતું કે લોકશાહીમાં વાણીસ્વાતંત્ર્યનું મહત્ત્વ લક્ષમાં લઈ, સરકાર થોડો વધારે ન્યુઝપ્રિન્ટ આયાત કરે તો આ પ્રશ્ન હળવો થાય. લગભગ ૩૦૦૦ કરોડની આયાત થાય છે તેમાંથી ૫ કરોડનો વધારે ન્યુઝપ્રિન્ટ આયાત કરે – અત્યારે લગભગ ૨૫ કરોડનો થાય છે – તો આટલી ખેંચ ન રહે. રૂપિયાનું અવમૂલ્યન થયું તે કારણે રકમ વધી ગઈ છે. શિક્ષણ વધે, વાચનારની સંખ્યા વધે તેમ વર્તમાનપત્રોની સંખ્યા અને સર્કયુલેશન વધે. કોર્ટે કહ્યું કે શું વસ્તુ, કેટલી આયાત કરવી તે નક્કી કરવાનો અધિકાર સરકારનો છે. તેમાં કોર્ટ કાંઈ આદેશ આપી ન શકે. કોર્ટ એટલું જ કહી શકે કે જેટલો ન્યુઝપ્રિન્ટ પ્રાપ્ત હોય તેની વહેંચણી વાજબી અને ન્યાયી–નાના મોટા બધાનું હિત જોઈને થવી જોઈએ (Fair and Equitable) વ્યાજબી અને ન્યાયી વહેંચણી કોને ગણવી તે વિવાદનો પ્રશ્ન છે. તેને વિશે હવે પછી કહીશ.

સરકાર તરફથી એમ દલીલ થતી હતી કે ન્યુઝપ્રિન્ટ પોલિસીનો વિષય (Subject matter) ન્યુઝપ્રિન્ટ કન્ટ્રોલ છે. વાણી–સ્વાતંત્ર્ય તેનો વિષય નથી. આ કન્ટ્રોલ કરતા આડકતરી રીતે (Indirectly) વાણીસ્વાતંત્ર્ય ઉપર કાંઈ અસર થાય તેથી તેના મૂળભૂત અધિકારને બાધ આવતો નથી. કોર્ટે સ્વીકાર્યું છે કે વાણીસ્વાતંત્ર્ય ઉપર સીધી રીતે વિપરીત અસર કરે એવો કાયદો જ બાધક ગણાય. પણ તે કાયદાનો વિષય કોઈ પણ હોઈ શકે. વાણીસ્વાતંત્ર્યનો વિષય લઈને સીધી રીતે તેને ન્યૂન કરે એવો કાયદો તો કોઈ ન કરે.

No law or action would state in words that rights of freedom of speech and expression are abridged or taken away. The word "direct" would go to the quality and character of the effect and not to the subject matter.

દા. ત. વર્તમાનપત્રોના કર્મચારીઓના પગાર વધારવામાં આવે, જેને કારણે પત્રો ઉપર મોટો આર્થિક બોજો પડે તેથી વાણીસ્વાતંત્ર્યના હક્ક ઉપર સીધી અસર થઈ છે તેમ ન કહેવાય. તેવી જ રીતે જાહેરખબર ઉપર કરવેરા નાખવામાં આવે, અથવા કોઈ મશીનરી જોઈતી હોય તેનું લાઈસન્સ ન આપે તેથી વાણીસ્વાતંત્ર્યના હક્ક ઉપર સીધી અસર થાય છે તેમ ન કહેવાય. તો સીધી અસર કોને કહેવાય? જે કાયદાથી વર્તમાનપત્રનાં પાનાંની સંખ્યા અને સર્કયુલેશન ઘટે તેને સીધી અસર ગણાય. સરકારની વર્તમાન ન્યુઝ પ્રિન્ટ નીતિ આવી સીધી અસર કરે છે.

The machinery of Import Control cannot be utilised to curb or control circulation or growth or freedom of newspapers.

ન્યુઝપ્રિન્ટ કન્ટ્રોલના નામે ન્યુઝપેપર કન્ટ્રોલ ન થઈ શકે

A newspaper control policy is ultra–vires the Import Control Act, This Act may include control of import of newsprint but it does not allow control of newspapers.

આ ઉપરથી ત્રણ અગત્યના મુદ્દા ઉપસ્થિત થાય છે :

(૧) વાણીસ્વાતંત્ર્યના હક્કનો સાચો અર્થ (true content) શું ? તેની કોઈ મર્યાદા ખરી, હોય તો શું ?

(૨) વાજબી અને ન્યાયી વહેંચણીનું ધોરણ શું ?

(૩) અછતની વસ્તુ આયાત કરી વહેંચણી કરવામાં આવે, તે પછી તેના ઉપયોગ ઉપર સરકાર કાંઈ નિયંત્રણ મૂકી શકે?

મારા વિચારો વ્યક્ત કરવાનો મને વ્યક્તિગત અધિકાર છે. પણ એવો અધિકાર દરેક નાગરિકને છે. વળી આ અધિકાર મારા શોખ ખાતર નથી પણ સામાજિક હિત (Common good) માટે છે. આ અધિકારને સરકાર ન્યૂન ન કરે અથવા છીનવી ન લે (abridge or take away) એટલું જ બસ છે કે આ અધિકાર હું એવી રીતે ન ભોગવું કે બીજાનો અધિકાર ન્યૂન થાય અથવા શૂન્ય થાય? વળી, બંધારણમાં આ અધિકારનું રક્ષણ છે તે માત્ર સરકારી પગલાં સામે જ છે અથવા સરકારની કોઈ ફરજ છે કે આ અધિકારનો મારો ભોગવટો બીજાના અધિકારને બાધ ન આવે તેવી રીતનો હોવો જોઈએ અને તે માટે સક્રિય પગલાં સરકાર લે. વર્તમાન બંધારણીય વ્યવસ્થામાં આવાં સક્રિય પગલાં લેવા માટે સરકાર ને કોઈ અધિકાર છે?

મારા નમ્ર મત મુજબ બહુમતી જજમેન્ટ વાણીસ્વાતંત્ર્યના હક્કના વ્યક્તિગત સ્વરૂપને વધારે મહત્ત્વ આપે છે, લઘુમતી જજમેન્ટ તેના સામાજિક સ્વરૂપ ઉપર ભાર મૂકે છે. બહુમતી જજમેંટ સરકારની મર્યાદા ઉપર ભાર મૂકે છે. લઘુમતી જજમેંટ સરકારની સામાજિક હિત સાધવાની ફરજ ઉપર ભાર મૂકે છે. બહુમતી જજમેંટ મૂળભૂત અધિકારના Negative aspect ને મહત્ત્વ આપે છે, લઘુમતી જજમેંટ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના Positive aspect ઉપર ભાર મૂકે છે. વર્તમાન બંધારણીય જોગવાઈ જોતાં બહુમતી જજમેંટે કરેલ અર્થઘટન બરાબર લાગે છે. પણ બંધારણનું અર્થઘટન પલટાતી પરિસ્થિતિ લક્ષમાં રાખી વર્તમાન અને ભવિષ્યને આવરી લે તેવું Dynamic હોઈ શકે. માત્ર Status quo જાળવવા માટે જ ન હોય.

ન્યુઝપ્રિન્ટ કન્ટ્રોલના નામે સરકારે ન્યુઝપેપર કન્ટ્રોલ કરવા પ્રયત્ન કર્યો – કેટલાં પાનાં હોય, કેટલું સર્કયુલેશન હોય, કેટલી જાહેરખબર હોય – આ બધું કરવાનો અધિકાર, ઈમ્પોર્ટ કન્ટ્રોલ

એકટ કે એસેન્શિયલ કોમોડિટી એકટ, જેને આધારે આ કરવાનો દાવો કર્યો, તેમાં આવો અધિકાર નથી. આ બન્ને એકટ મુજબ કેટલો ન્યુઝપ્રિન્ટ આયાત કરવો અને તેની વાજબી અને ન્યાયી વહેંચણી કરવી એટલો જ અધિકાર સરકારને છે. વહેંચણી મુજબ કવોટા નક્કી કર્યા પછી, તેના ઉપયોગ ઉપર અંકુશો મૂકવાનો અધિકાર વર્તમાન કાયદાની જોગવાઈઓમાં નથી.

વહેંચણીનું વાજબી અને ન્યાયી ધોરણ નક્કી કરવું સહેલું નથી. સરકારે એક ધોરણ ૧૯૬૧-૬૨ માં નક્કી કર્યું – ૧૯૫૭ ના પાનાની સરેરાશ સંખ્યા અને ૧૯૬૧–'૬૨ નું સરેરાશ સર્કયુલેશન – તે એકંદરે વર્તમાનપત્રોને માન્ય રહ્યું હતું. ૧૯૭૧-'૭૨ માં આ ધોરણમાં ફેરફાર કર્યો અને કવોટા નક્કી કરવા તેમ જ પાના છાપવા ઉપર ૧૦ પાનાની મર્યાદા મૂકી તે વર્તમાન કાયદાની જોગવાઈ મુજબ નથી. આ મર્યાદાનો બચાવ થઈ શકે છે અને જસ્ટીસ મેથ્યુએ ઘણી સારી રીતે તેનો બચાવ કર્યો છે. પણ તેને માટે કાયદાનો આધાર છે તેમ ન કહેવાય. ૧૯૫૭ ના ધોરણે પાનાંની સંખ્યા નક્કી કરી તે આકસ્મિક હતું. તે સમયે સાત વર્તમાનપત્રો એવાં હતાં કે જેની પાનાંની સંખ્યા ૧૨ થી વધારે હતી. વળી કવોટા નક્કી કર્યા પછી, તેના ઉપયોગમાં, પાનાની સંખ્યા અને સર્કયુલેશનમાં વધઘટ કરવાની છૂટ આપી તે પણ અનિવાર્યપણે જરૂરનું ન હતું. જે ધોરણે કવોટા નક્કી કર્યો છે. – સર્કયુલેશન અને પાનાની સંખ્યા – તે ધોરણને જ વર્તમાનપત્રે વળગી રહેવું જોઈએ એમ નિયમ કરે તો તે ગેરવાજબી છે તેમ ન કહેવાય. વળી કવોટા દરેક પત્ર માટે અને દરેક આવૃત્તિ માટે અલગ આપવામાં આવે છે. તે પત્ર અને તે આવૃત્તિ માટે જ તેનો ઉપયોગ કરવો એવો નિયમ પણ ગેરવાજબી ન લેખાય. જસ્ટીસ મેથ્યુએ આ બધા મુદ્દાઓ ઉપર ભાર મૂકયો છે.

વહેંચણી કરવામાં ન્યાયી અને વાજબી વહેંચણીનું ધોરણ શું? મોટાને વધારે આપવું અને નાનાને ઓછું આપવું, દરેકની જરૂરિયાત પ્રમાણે કે દરેકને સમાન ધોરણે? Status quo જાળવી રાખવો કે નાના પત્રો મોટાની સાથે હરીફાઈ કરી શકે એવી તક ઊભી કરવી? મોટા સદા મોટા રહે અને વધતા જાય અને નાના સદા નાના રહે અને ઘટતા જાય? મોટાનું ઓછું કરી નાનાને આપવું કે મોટાને છે તે રહેવા દઈ, નાના માટે જોગવાઈ કરવી? મર્યાદિત સંખ્યાનો ન્યુઝ પ્રિન્ટ હોય તો વધારાની જોગવાઈ કયાંથી થાય? જેથી વિશેષ વર્તમાનપત્રો ચલાવતા હોય તેને વધારે પત્રો કે આવૃત્તિઓ કાઢવા દેવી કે તેના ઉપર મર્યાદા મૂકી, બીજાને તક આપવી? થોડાના હાથમાં વધારે વર્તમાનપત્રો જામવા દેવાં અને તેમનો પ્રભાવ વધવા દેવો કે આવી જમાવટ (monopoly or concentration) અટકાવવી? હરીફાઈમાં મોટા નાનાને ગળી જાય એવી પરિસ્થિતિથી વાણીસ્વાતંત્ર્યનો હક્ક વધારે સચવાય કે મોટાની સત્તા ઓછી કરી દરેક પ્રકારના વિચારોનો ફેલાવો થાય તેવી વ્યવસ્થા કરવી? મોટા પત્રોને વધારે પાનાં મળે એટલે વધારે જાહેર ખબર મળે અને મોટી કમાણી થાય. ટાઈમ્સ કે સ્ટેટ્સમેનમાં ૬૦–૬૫ ટકા જાહેર ખબર હોય છે. વર્તમાનપત્ર news અને views માટે છે કે જાહેર ખબર માટે? જાહેર ખબર ઓછી થાય તો વાણીસ્વાતંત્ર્યના હક્કને બાધ આવે છે કે માત્ર કમાણી ઓછી થાય છે?

જાહેર ખબર માત્ર કમાણીનું સાધન છે કે કાંઈ સમાજહિત સાધે છે? વ્યાપાર–ઉદ્યોગ વધારવાનું સાધન છે. નોકરી મેળવવાનું સાધન છે. ફિલ્મજગતને - જનતાને પહોંચવાનું સાધન છે. વિવાહ અને લગ્ન માટે ઉપયોગી છે. ટૂંકામાં જાહેરખબરની સમાચાર જેટલી જ ઉપયોગિતા છે એમ કહેવામાં આવે છે. It serves useful social purpose. પણ જાહેરખબર થોડા પત્રોમાં concentrate થવા દેવી કે બહોળા પત્રોને લાભ મળે એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવી?

મોટાં વર્તમાનપત્રો વધારે ખર્ચ કરી, કુશળ સ્ટાફ રોકી, દુનિયાભરના સમાચારો મેળવે છે અને લોકમત કેળવવામાં અગત્યનો ભાગ ભજવે છે પણ આવા વર્તમાનપત્રો થોડા ઉદ્યોગપતિઓના હાથમાં જ હોય ત્યારે તેમનું દૃષ્ટિબિંદુ અને તેમના હિત ઉપર વધારે ભાર આવે અને લોકમતને તે તરફ વાળે અને અન્ય પ્રકારના અભિપ્રાયને વ્યકત કરવાની તક ન મળે. જસ્ટીસ મેથ્યુએ કહ્યું, Newspaper has become cultural arm of Industry.

આયાતની વસ્તુ કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ ખરચી સરકાર આયાત કરે તો જાહેર હિતમાં તેનો ઉપયોગ થાય તેવી સૂચનાઓ આપવાનો તેને અધિકાર છે? સ્ટીલ આયાત થાય તો તેનો ઉપયોગ સરકાર નક્કી કરી શકે છે. કોર્ટે કહ્યું: Newsprint is not steel,. It spreads ideas.

સરકાર તરફથી કહેવામાં આવ્યું કે પાનાંની સંખ્યા ઓછી કરી તેથી શું છાપવું (Content) તેના ઉપર કોઈ મર્યાદા મૂકી નથી. There is no censorship. તેથી ન્યુઝપેપરના ધંધાને કદાચ ધક્કો પહોંચે, પણ વાણીસ્વાતંત્ર્યના હક્કને કાંઈ બાધ આવતો નથી. કોર્ટે કહ્યું: Freedom of speech combines both content and volume.પણ Volume થોડા પત્રોમાં એકત્રિત થવા દેવું કે તેનો બહોળો ફેલાવો થવા દેવો?

એ યાદ રાખવું ઘટે કે સરકારની નવી ન્યુઝપ્રિન્ટ નીતિ મોટા છ અંગ્રેજી વર્તમાનપત્રોને જ મુખ્યપણે બાધક હતી. દેશના બીજા ઘણા વર્તમાનપત્રોને લાભદાયક હતી અને ખાસ કરી દેશી ભાષાના વર્તમનાપત્રોના એસોસિયેશને આવકારી હતી.

પણ બહુમતી જજમેંટ વાણીસ્વાતંત્ર્યના વ્યકિતગત અધિકાર ઉપર વધારે ભાર મૂકતું હોવાથી, કોઈના હક્કને લાભ કરવા, બીજાનો હક્ક ન્યૂન થઈ શકે તે સિદ્ધાંત માન્ય રાખ્યો નથી. બીજાં વર્તમાનપત્રોને સહાય કરવી હોય તો સરકાર કરે પણ કોઈ વર્તમાનપત્રના ભોગે નહિ.

આવા ઘણા મુદ્દાની આ કેસમાં છણાવટ થઈ છે. A free press is basic to democracy. એટલે જાહેર હિતોને નામે પણ સરકારની દરમિયાનગીરી તેમાં ઓછી હોય તે આવકારદાયક છે. આપણા બંધારણમાં જાહેર હિતને નામે કોઈ નિયંત્રણ વાણીસ્વાતંત્ર્ય ઉપર મૂકવાની જોગવાઈ નથી. બીજા મૂળભૂત અધિકારોમાં આવી જોગવાઈ છે. વ્યાપાર કે મિલકતના હક્કો ઉપર Reasonable restriction in public interest સરકાર મૂકી શકે છે. વાણી સ્વાતંત્ર્યના હક્ક ઉપર નિયંત્રણ મૂકવાની સત્તા બહુ મર્યાદિત છે. દેશની સલામતી, વિદેશો સાથેના સંબંધો, કાયદો અને વ્યવસ્થા, એવા ચોક્કસ મુદ્દા ઉપર જ આ હક્ક ઉપર સરકાર નિયંત્રણ કરી શકે. એમ કહેવાય કે વાણીસ્વાતંત્ર્યનું મહત્ત્વ લક્ષમાં લઈ, આ હક્ક સરકારી દરમિયાનગીરીથી વધારે સુરક્ષિત રાખ્યો છે બહુમતી ચુકાદાએ આ હક્કનું સમર્થન અને રક્ષણ કર્યું છે અને તે દૃષ્ટિએ આ ચુકાદો ઐતિહાસિક લેખાય.

સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ સરકારી નીતિને અનુકૂળ ન હોય ત્યારે નવો કાયદો કરી અથવા બંધારણમાં ફેરફાર કરી, સરકાર પોતાની નીતિનું સમર્થન કરે છે. આ બાબતમાં સરકાર એવું નહિ કરે એમ હું માનું છું. લોકશાહી હોવાનો દાવો કરતી સરકાર વાણી–સ્વાતંત્ર્યના હક્ક ઉપર કાપ મૂકવાનો કોઈ પ્રયત્ન – અને એવો કાપ જાહેર હિતમાં છે એવું માનતી હોય તો પણ – કરે તો દેશ અને વિદેશમાં તેની પ્રતિષ્ઠાને મોટો ધક્કો પહોંચે. સરકાર બીજાં પગલાં ગમે તે લે પણ વાણીસ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર અત્યારે જે સ્વરૂપે છે તેમાં ફેરફાર નહિ કરે. પ્રેસની માલિકીમાં મહત્ત્વના ફેરફાર કરવાનું સરકાર વિચારી રહી છે. ઉદ્યોગપતિઓની પકડ ઓછી કરવાનો ઈરાદો છે. To divorce ownership of press from industry. હવે શું કરે છે તે જોવાનું રહ્યું. હું એમ માનું છું કે વર્તમાનપત્રની બાબતમાં સરકારની ઓછામાં ઓછી દખલગીરી હોય તે હિતાવહ છે. ખરેખર free press બનાવવા પ્રજા બધો પુરુષાર્થ કરે. તેમાં રાજકારણ કે રાજકીય પક્ષને અવકાશ ન આપવો.

સમાપ્ત **ચીમનલાલ ચકુભાઈ**

☆ પ્રકીર્ણ નોંધ ☆

શ્રી શ્યામપ્રસાદ વસાવડા

શ્રી વસાવડાના અવસાનથી દેશને અને ખાસ કરીને ગુજરાતને એક સન્નિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે. શ્રી વસાવડા સાથે ૨૫ વર્ષથી મારો પરિચય હતો. જ્યારે મળીએ ત્યારે હસતા. મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવામાં ધીરગંભીર, મૂંઝાય નહિ, નિરાશ થાય નહિ. તેમનામાં નાગરની સંસ્કારિતા અને કાર્યકુશળતા હતાં.

૧૯૨૪માં એમ. એ. થયા અને કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. પણ ગાંધીજીના રંગે રંગાયેલા એટલે છોડી દીધો. શ્રી ગુલઝારીલાલ નંદા અને શ્રી ખંડુભાઈ દેસાઈએ ૧૯૨૭માં તેમને મજૂર મહાજનમાં લીધા અને ત્યારથી મજૂરકલ્યાણના કાર્યમાં જીવન સમર્પણ કર્યું. મજૂર મહાજનના વિકાસમાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. દેશભરમાં, ગાંધીજીની વિચારસરણીથી મજૂર પ્રવૃત્તિનું આયોજન કરવા ઈન્ટુકની સ્થાપના કરી અને તેના આગેવાન કાર્યકર્તા રહ્યા. આંતરરાષ્ટ્રીય પરિષદોમાં, ધારાસભામાં કે પાર્લામેન્ટમાં, મજૂર સંગઠન માટે ગાંધીદૃષ્ટિના પુરસ્કર્તા હમેશાં રહ્યા.

તકવાદિતાના કટ્ટર વિરોધી, નિષ્ઠાવાન અને દૃઢ સંકલ્પવાળા. એટલે ઈન્ટુકે જ્યારે શાસક કૉંગ્રેસ સાથે રાજકીય હેતુથી જોડાવાનો નિર્ણય કર્યો ત્યારે ઈન્ટુક સાથેનો પોતાનો સંબંધ છોડી દીધો અને મજૂર મહાજનને ઈન્ટુકમાંથી ખેંચી લીધું. તેમને માટે આ નિર્ણય ઘણો દુઃખદ હતો અને કેટલાક મતે વ.ાબી ન હતો. પણ વસાવડા મક્કમ હતા. તેવી જ નિષ્ઠા સંસ્થા કૉંગ્રેસ પ્રત્યે મને કહેતા કે મોરારજીભાઈ પણ શાસક કૉંગ્રેસમાં જોડાય તો પણ પોતે કદી તેવો વિચાર નહિ કરે.

મારી એવી છાપ રહી છે કે બધી સંસ્થાઓમાં બને છે તેમ મજૂર મહાજનમાં પણ વડીલ આગેવાનો અને નવા કાર્યકર્તાઓ તેમ જ મજૂર વર્ગ સાથેનો સંબંધ જોઈએ તેવો ગાઢો ન રહ્યો અને તેથી અંતર પડે અને વડીલ આગેવાનો પ્રત્યે આદર કાંઈક ઓછો થાય. કુદરતનો આ ક્રમ છે. વડીલો આ સમયસર સમજી શકતા નથી તે કરુણતા છે. લોકસભાની ચૂંટણીમાં તેમના જ વિસ્તારમાં ભાઈ વસાવડાને હાર મળી હતી. પણ તેમની સેવાની ભાવનામાં જરા પણ ઊણપ આવી ન હતી. ગાંધીજીનું માર્ગદર્શન જેમણે સ્વીકાર્યું હતું તેવા કેટલાક સમાજસેવકોમાં જીવનનાં મૂલ્યોનો દૃઢ આદર રહ્યો, તેમાં ભાઈ વસાવડા અગ્રસ્થાને હતા.

વિલી બ્રાન્ટનો વિજય

પશ્ચિમ જર્મનીની ચૂંટણીમાં, ચાન્સેલર તરીકે વિલી બ્રાન્ટને જ્વલંત વિજય મળ્યો અને ધાર્યા કરતાં પણ વધારે બહુમતી મળી તે વિશ્વશાન્તિ માટે શુભ ચિહ્ન છે. બ્રાન્ટ ૧૯૬૯માં ચાન્સેલર થયા ત્યારથી તેમણે યુરોપની શાન્તિ માટે હિમતભરી નવી નીતિ અખત્યાર કરી છે અને તેનો અમલ કર્યો છે. પાર્લામેન્ટમાં તેમના પક્ષને સ્પષ્ટ બહુમતી ન હતી અને પોતાની નીતિના અમલમાં વિક્ષેપ પડતો તેથી બ્રાન્ટે વહેલી મધ્યસત્ર ચૂંટણી કરી અને જર્મન પ્રજાએ તેમને નિશ્ચિત બહુમતી આપી તેમની નીતિને સબળ ટેકો આપ્યો. બ્રાન્ટનો આ અંગત મહાન વિજય છે. બ્રાન્ટ સાચા સમાજવાદી, ઉદારમતવાદી અને માનવતાના પુરસ્કર્તા છે. તેમની શાન્તિની નીતિ માટે નોબેલ શાન્તિ પારિતોષિક તેમને મળ્યું તે તેમણે યથાર્થ કરી બતાવ્યું છે. બીજા વિશ્વયુદ્ધને પરિણામે જર્મનીના અને બર્લિનના ભાગલા પડ્યા. બર્લિન વર્ષો સુધી સળગતો પ્રશ્ન રહ્યો. રશિયા અને પૂર્વ યુરોપના દેશો સાથે પશ્ચિમ જર્મનીનો સંઘર્ષ અને ઉત્તેજના ચાલુ રહ્યાં. પશ્ચિમ અને પૂર્વ જર્મના એક કરવાનાં સ્વપ્નો પશ્ચિમ જર્મની સેવતું રહ્યું. ચાન્સેલર કોનરેડનો પ્રભાવ ઘણો હતો અને આ નીતિ તેમને આભારી હતી. વિલી બ્રાન્ટે વાસ્તવિકતા સ્વીકારી આ નીતિમાં પાયાનો પલટો આણ્યો. રશિયા સાથે સંબંધો સુધાર્યા, પોલાન્ડ સાથે કરાર કરી ઓડર-નીસી સરહદ સ્વીકારી, હવે પૂર્વ જર્મની સાથે સંધિ કરી, પૂર્વ જર્મનીનું અસ્તિત્વ સ્વીકાર્યું. આ સંધિ પશ્ચિમ જર્મન પાર્લામેન્ટે મંજૂર કરવાની છે. પ્રજાને આ સંધિ માન્ય છે તેની ખાતરી મેળવવા બ્રાન્ટે વહેલી ચૂંટણી કરી.

આવી રીતે, યુરોપમાં વાતાવરણ પલટાશે. જર્મની યુરોપીય રાજકારણમાં અગત્યનો ભાગ ભજવતું થશે. તેની આર્થિક આબાદી તેમાં તેને મહત્ત્વનું સ્થાન આપશે.

ચીનની શકિતનાં મૂળ

૧૯૪૯માં સામ્યવાદીઓ ચીનમાં સત્તા પર આવ્યા ત્યારે ચીન છિન્નભિન્ન હતું. આંતરવિગ્રહ, જાપાન સાથે યુદ્ધ, બીજું વિશ્વયુદ્ધ, વ્યાપક ભ્રષ્ટાચાર, ગરીબાઈ, આ બધાં કારણે ચીનની પરિસ્થિતિ અતિવિકટ હતી. આપણા કરતાં ઘણો મોટો દેશ અને વધારે વસતિ. વિશેષમાં દુનિયાનો વિરોધ, ખાસ કરી, રશિયા, અમેરિકા અને જાપાન. આવા ભાંગી પડેલ દેશને એટલો શકિતશાળી બનાવ્યો કે અમેરિકા, જાપાન અને દુનિયાના બીજા દેશોને ચીનની મુલાકાતે જવું પડે અને સારા સંબંધો બાંધવા વિનંતી કરવી પડે. આ કેમ બન્યું? ઘણાં કારણો છે. પણ અત્યારે હું લખું છું તે એક અમેરિકન પત્રકાર, જેમ્સ મિચનેર, જે નિકસન સાથે ચીન ગયેલ અને તેણે જે જોયું અને પોતાના એ દસ દિવસના અનુભવો લખ્યા છે તેમાંથી જે હકીકતો આ બાબત ખાસ ધ્યાન ખેંચે છે તેનો ઉલ્લેખ કરવા માગું છું.

(૧) માઓ-ત્સે-તુંગનું પ્રભાવશાળી વ્યકિતત્વ. જે કાંઈ સારું થાય છે તે બધું માઓને આભારી છે– નવો વિચાર હોય, નવું મશીન હોય, બધું માઓને લીધે. અનહદ વ્યકિતપૂજા.

(૨) કામની તીવ્ર ભાવના: કારખાનામાં, સ્કૂલમાં કે બીજે ગમે ત્યાં કામ કરતા હોય ત્યાં ખંતથી કામ કરવું.

(૩) માઓની આજ્ઞાનું કડક પાલન અને શિસ્ત. માઓએ હુકમ કાઢયો કે શહેરો સ્વચ્છ રહેવાં જોઈએ. મિચનેર લખે છે કે પેકિંગ, શાંઘાઈ કે હેંગચાઉ જેવાં મોટાં શહેરોની અદ્‌ભુત સ્વચ્છતા જોઈ આશ્ચર્ય થાય. મિચનેર પેકિંગમાં હતા ત્યારે એક રાત્રે ખૂબ બરફ પડ્યો. પરોઢિયે ચાર વાગ્યાથી હજારો માણસો કામે લાગી ગયા અને ૪–૫ કલાકમાં બધો બરફ દૂર કરી, રસ્તા સાફ કર્યા. મિચનેર લખે છે કે આ કામ માટે કોઈ પગાર અપાતો નથી. મિચનેરના ભોમિયાએ કહ્યું કે બરફ જામી જવા દઈએ તો બધો વ્યવહાર બંધ થઈ જાય. આવું બને ત્યારે દરેક માણસ પોતાની ફરજ સમજી કામે લાગી જાય.

(૪) ખૂબ સાદાઈ, બધાનાં કપડાં લગભગ એક જ પ્રકારનાં સાદાં. ગરીબ-તવંગરનો ભેદ ન દેખાય. રહેઠાણ તદ્‌ન સાદાં પણ સ્વચ્છ.

(૫) સંયમ. મિચનેર લખે છે કે ૮૦૦ યુવક અને યુવતીઓ દ્વારા કામ કરતી એક ફેકટરીની મિચનેર અને બીજા અમેરિકન પત્રકારોએ મુલાકાત લીધી. એક પત્રકારે પૂછ્યું કે કોઈ યુવક કોઈ યુવતીના પ્રેમમાં પડે અને પરસ્પર વ્યવહાર કરે તો શું થાય? તેના ભોમિયાને ભારે આશ્ચર્ય થયું અને કહ્યું કે એવું બને જ નહિ. પત્રકારે કહ્યું કે ધારો કે એવું બન્યું. એક ક્ષણ વિચારી ભોમિયાએ કહ્યું કે બન્નેને કમિટી પાસે રજૂ કરવામાં આવે અને તેમની ભૂલ સમજાવવામાં આવે. પત્રકારે ફરી પૂછ્યું કે ધારો કે ભૂલ ન સ્વીકારતાં, પ્રેમ ચાલુ રાખે ભોમિયાએ જવાબ આપ્યો:

Then the committee would have no alternative but to put them in Jail for disobeying the precepts of

Chairman Mao and wasting time that should be spent more constructively.

મિચનેર અંતે લખે છે:

China is a dreadfully dull place, cowed by dictatorship and obsessed by puritanism.

અલબત્ત, સરમુખત્યારશાહી સારી નથી. પણ કોઈ પ્રજા, શિસ્ત, સાદાઈ, મહેનત અને સંયમ વિના ઊંચી આવે નહિ. લોકશાહીને નામે સ્વચ્છંદ, કામચોરી, વિલાસિતા અને સ્વાર્થ નિભાવી લેવાય નહિ.

આન્ધ્ર – તેલંગણ – મુલકી નિયમો

આન્ધ્ર અને તેલંગણમાં ફરીથી મોટા પાયા ઉપર તોફાનો ફાટી નીકળ્યાં છે. ૧૫ માણસો મરી ગયા, સંખ્યાબંધ ઘાયલ થયા, જાહેર મિલકતની ભાંગફોડ લઈ, લશ્કર બોલાવવું પડ્યું. કયાં અટકશે?

ભાષકીય ધોરણે આન્ધ્રની રચના પહેલી થઈ. હૈદરાબાદ રાજ્યનું વિસર્જન થયું ત્યારે તેલંગણ આન્ધ્રમાં સમાવ્યું અને હૈદરાબાદ રાજધાની થયું. એક ભાષાભાષી લોકો પરસ્પર સંપ અને સહકારથી રહેશે એવી માન્યતા ઉપર રાજ્યોની પુનર્રચના થઈ. એવી જ માન્યતા એક ધર્મના લોકો વિશે હતી. બન્ને માન્યતા ખોટી પડી છે. આર્થિક હિત બધા કરતાં મોટું બળ છે. તેલંગણ અને આન્ધ્રની એકતા થઈ જ નથી. તેલંગણને જુદું પાડવા તોફાનો થયાં. બાંધછોડ કરી શમાવ્યાં. હવે નવું કારણ મળ્યું. ૫૦ વર્ષ પહેલાં નિઝામે ફરમાન કાઢ્યું હતું કે તેલંગણમાં ઓછામાં ઓછો ૧૫ વર્ષનો વસવાટ હોય તેવી વ્યકિતને જ રાજ્યમાં નોકરી મળે. આ ફરમાનને મુલકી નિયમો-Rules of Residence કહે છે. તેલંગણ આન્ધ્રમાં ભળ્યું ત્યારે એવી સમજણ કરી હતી કે નીચલા દરજ્જાની નોકરી માટે આ નિયમ સચવાશે સામાન્ય રીતે ગુણવત્તાને ધોરણે જ નિમણૂક થાય. પણ આપણે શિક્ષણ સંસ્થાઓમાં દાખલ થવા, સરકારી નોકરી માટે અને બીજા કેટલાય એવા પ્રસંગોમાં સ્થાનિક હકકોને મહત્ત્વ આપ્યું છે.

મુલકી નિયમોના અમલ માટે કોર્ટમાં અરજી થઈ. આન્ધ્ર હાઈકોર્ટે પલટાયેલ સંજોગોમાં તેને રદબાતલ ગણ્યા પણ સુપ્રીમ કોર્ટે તે હજુ બંધનકર્તા છે એમ ઠરાવ્યું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેના ચુકાદાને પરિણામે મુશ્કેલીઓ ઊભી થાય તે સાથે કોર્ટને સંબંધ નથી. પરિણામે મોટી કટોકટી ઊભી થઈ છે. મુલકી નિયમોની તરફેણમાં તેલંગણમાં અને તેની વિરુદ્ધ આન્ધ્રમાં ગંભીર તોફાનો જાગ્યાં છે.

રાજધાની હૈદરાબાદથી આન્ધ્ર લઈ જવાની વાત થાય છે. તેલંગણને અલગ કરવાની માગણી ફરી જોર પકડે છે. સમાધાન માટે કેન્દ્રના પ્રયત્નો ચાલુ છે. પણ સ્વાર્થ બૂરી ચીજ છે. ઘણાં વિઘાતક બળો આપણામાં પડ્યાં છે. તેમાં એક વિશેષ ઉમેરાયું. આસામમાં બંગાળીઓને હાંકી કાઢવા ભાષાનાં તોફાનો થતાં રાષ્ટ્રીય એકતા અને દેશપ્રેમ નહિ જ જાગે? રાજકીય વ્યકિતઓ અને પક્ષો આવી તકનો લાભ લે અને તેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓ કૂદી પડે તે મોટું દુર્ભાગ્ય છે. પંપાળીને કામ લેવાથી આ રોગનું નિવારણ થાય તેમ નથી. મક્કમ રીતે કામ લીધા વિના છૂટકો જ નથી. એક સ્થળે ઢીલું મૂકયું તો બધે સળગે.

હવે મુલકી નિયમો અંગેનો વડા પ્રધાનનો ચુકાદો જાહેર થયો છે આ ચુકાદો બન્નેને પૂરતો સંતોષ ન જ આપી શકે. છતાં આંધ્રના હિતમાં બંને પક્ષો સ્વીકારશે એવી આશા રાખીએ.

વિરોધ શા માટે?

ભગવાન મહાવીરનો ૨૫૦૦ વર્ષ નિર્વાણ મહોત્સવ રાષ્ટ્રીય સ્તરે, કેન્દ્ર સરકાર ઊજવે તે સામે શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના કેટલાક મુનિવરો અને શ્રાવક વર્ગનો વિરોધ છે. તેમના તરફથી પત્રિકાઓ અને નિવેદનો બહાર પડે છે તે કાળજીપૂર્વક વાંચી સમજવા મેં પ્રયત્ન કર્યો છે. કેટલાક મિત્રોએ સૂચવ્યું હતું કે આનો કાંઈક જવાબ આપવો. જે વસ્તુનો સમજણપૂર્વક વિચારવિનિમય થઈ શકે તેમાં ચર્ચાને અવકાશ રહે. આ વિરોધનાં કારણો, એવી ચર્ચાને અવકાશ રહેવા દેતાં નથી. તેથી આ કારણો શું છે તે સંક્ષેપમાં રજૂ કરી, તેની યોગ્યતાનો નિર્ણય સુજ્ઞ માણસની વિવેકબુદ્ધિ ઉપર છોડવો.

સર્વના શુભ માટેનું પત્ર, 'હિત - મિત - પથ્યં - સત્યમ્' ના તા. ૧૧-૧૧-'૭૨ના અંકમાં શ્રી ક્રોયસના એક લેખમાં બે મુદ્દાઓ રજૂ કર્યા છે તે તેમના જ શબ્દોમાં જોઈએ:

(૧) "કાં તો સરકારે પોતાની આગળ ઢંકાયેલો બિનસાંપ્રદાયિકતાનો પડદો ઉઠાવી લેવો જોઈએ ને પોતે સાંપ્રદાયિક છે એવી જાહેરાત કરી દેવી જોઈએ.

અને એ ન બને તો બિનસાંપ્રદાયિકતાને ટકાવી રાખવા ખાતર પણ વહેલામાં વહેલી તકે ભ. મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ જયંતી ઊજવવાનું બંધ રાખવું જોઈએ."

(૨) "સરકાર આવી ઉજવણીઓ કરવા તૈયાર થાય છે તેની પાછળ 'યુનો' સંસ્થાનું દબાણ જ કામ કરી રહ્યું હોય એમ સમજાય છે; અને 'યુનો' સંસ્થા પણ શા માટે દબાણ કરે છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે આ રીતે દરેકની જયંતી ઊજવી, છેલ્લે ઈશુ ખ્રિસ્તની જયંતી ઊજવવી અને બહુમાનના જોરે ખ્રિસ્તી ધર્મને વિશ્વધર્મ તરીકે જાહેર કરી દેવો."

વિરોધ કરતા મુનિઓમાં શ્રી ચન્દ્રશેખર વિજયજી મુખ્ય છે. તેમણે વિરોધના ૩૧ મુદ્દાઓ જાહેર કર્યા છે. તેમાંના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે:

* જે વસ્તુ રાષ્ટ્રીય બને તેને અમે પૂજ્ય ગણી શકીએ નહિ એવો અમારા ધર્મગ્રંથમાં પાઠ છે. વીરનિર્વાણ દિવસ જો રાષ્ટ્રીય બનશે તો અમારા માટે તે પૂજ્ય દિવસ નહિ રહેતાં અમારી ધાર્મિક લાગણી ખૂબ દુભાશે. આવી શાસ્ત્રીય બાબતોને નહિ સમજનારા લાખો લોકો ઉજવણીની તરફેણ કરે તો પણ સરકારશ્રીએ અમારા અભિપ્રાયને જ માન્યતા આપવી ઘટે, કેમકે કોઈના પણ ધર્મમાં હસ્તક્ષેપ નહિ કરવા તે બંધાયેલ છે.

* દિલ્હીના મ્યુઝિયમમાં જઈ પડેલી મહાવીરની પ્રતિમામાં પૂજ્યતા રહી શકતી નથી, એમ રાષ્ટ્રના હાથમાં જઈ પડેલા પર્વદિનમાંથી પણ પૂજ્યતા ખતમ થઈ જાય છે.

* મહાવીર દેવને વીતરાગ સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રિલોકગુરુ પરમાત્મા ન કહેવા એટલે એમનાં કપડા ઉતારી લેવાં. પછી તેમને 'મહામાનવ' કહેવા એનો અર્થ જ શો?

* મહાવીરનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય રાજકારણીઓ પોતાની રીતે કરવાના છે. એ લોકો એમને સ્ત્રીસ્વાતંત્ર્યના હિમાયતી, જ્ઞાતિ-જાતિના નાશક, દલિતો અને પછાતોના ઉદ્ધારક, યજ્ઞયાગની સામે બંડ પોકારનારા, સામ્યવાદના પિતા, સમાજવાદી સમાજરચનાના સ્થાપક તરીકે જાહેર કરવા માગે છે. આમ એમના નામે પોતાના સ્વાર્થી વિચારોનો પ્રચાર કરવાના છે માટે પણ અમારો સખત વિરોધ છે.

મહાવીર દેવ આજના કહેવાતા સ્ત્રીસ્વાતંત્ર્ય વગેરેના હિમાયતી ન હતા એ વાત શાસ્ત્રોથી પુરવાર થાય છે.

* એ સમયે જે ભાષણો થશે એમાં મહાવીરનાં શાસ્ત્રોનાં રહસ્યોને નહીં જાણનારા ઢગલાબંધ વકતાઓ ફાવે તેમ બોલશે. અમે એ વખતે કેટલાને રોકી શકીશું? પ્રો. રજનીશ, મહાવીર દેવના નામે સંસ્કૃતિઘાતક નગ્નતાનો પ્રચાર કરે છે! આવું બધું અમારી ધાર્મિક લાગણીને ખૂબ દૂભવે છે. માટે બહેતર છે કે ઉજવણી રાષ્ટ્રીય ધોરણે તો બંધ જ રહે. અમારી શાસ્ત્રની નીતિથી તો અમે વર્ષોવર્ષ ઉજવણી કરીએ જ છીએ એમાં આવી ચિન્તાને સ્થાન નથી.

* આ ઉજવણી મહાવીર દેવના શાસન વગેરેને નુકસાન કરવા સાથે સમસ્ત આર્ય સંસ્કૃતિને ભયંકર નુકસાન કરશે.

* દરેક સંસ્થાને પોતાનું આગવું બંધારણ હોય છે. જૈન શાસન નામની વિશ્વકલ્યાણકર સંસ્થાને પણ એનું પોતાનું સંયોગસંપૂર્ણ

બંધારણ છે જ. એ મુજબ જ દરેકે ચાલવું જોઈએ. નહિ તો જૈન સંઘ બહાર કરવા સુધીનાં ફરમાનો કરવામાં આવ્યાં છે. નિર્વાણ મહોત્સવની ઉજવણી કરવાની રીતો, વિધિઓ સ્પષ્ટ શબ્દોમાં પંચાશક નામના ગ્રંથમાં ફરમાવી છે. એની અવગણના કરી શકાય જ નહીં. અન્યથા એ વ્યકિતએ જૈન સંઘમાંથી જાતે જ નીકળી જવું જોઈએ. અમે અશિસ્તને બિલકુલ ચલાવી શકીએ નહિ. અન્યથા અમારી હસ્તી ખતમ થઈ જાય.

* જો રાષ્ટ્રીય સરકાર મહાવીર દેવને આ ઉજવણીથી કોઈ નુકસાન પહોંચાડવા માગતી ન હોય તો તેણે જાહેર કરવું જોઈએ કે અમે મહાવીર દેવને સ્વાતંત્ર્યના હિમાયતી, જ્ઞાતિ-જાતિના નાશક વગેરે કદાપિ નહીં કહીએ. એટલું જ નહીં પરંતુ તેમને વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી, યથાર્થવાદી, ત્રિલોકગુરુ પરમાત્મા જ કહીશું.

* અમને અમારી શાસ્ત્રીય નીતિ-માળા ગણવી, બે ઉપવાસ કરવા, ધર્મગુરુ પાસે વીર-ચરિત્ર સાંભળવું, રાત્રે નિર્વાણ મહોત્સવની વિશિષ્ટ ક્રિયા કરવી વગેરે મુજબ અમે અમારો નિર્વાણ-મહોત્સવ ઊજવીશું. બીજા લોકો આ બધી વિધિથી તદ્દન અજ્ઞાત છે. વિધિ વિના કોઈપણ ક્રિયા કરવાની અમારા શાસ્ત્રોમાં સ્પષ્ટ મનાઈ ફરમાવી છે માટે ભારત સરકારને અમારી વિનંતિ છે કે તે અમારી ધાર્મિક બાબતમાં જરા પણ ડખલ ન કરે.

* આ મહોત્સવ નિમિત્તે ફિલ્મો, કલા, કારીગરી, રેકોર્ડો, યુનિવર્સિટીની સ્થાપનાઓ, મેમોરિયલો, સ્કોલરોનું ઉત્પાદન, જૈન હોસ્પિટલો વગેરે જે કાંઈ કરવાનું છે તે બધુંય અમારા શાસ્ત્રથી વિરુદ્ધ છે, કેમકે જ્યાં મોક્ષનો અભિલાષ નથી ત્યાં વાસ્તવિક ધર્મ નથી, એવા ફરમાનને કારણે ઉપરોકત બધી બાબતો અધર્મસ્વરૂપ બને છે. અમે મહાવીરના નામે આવો અધર્મ જોઈ શકીએ નહિ. અમારી દયા પણ ભાવદયાપૂર્વકની હોય તો જ દયા કહેવાય છે.

* અમારાં શાસ્ત્રોની આજ્ઞા છે કે આગમોનું અધ્યયન માત્ર યોગ્ય જૈન સાધુ જ કરી શકે: તમે આગમોને વૉલ્યુમ્સ બનાવીને અયોગ્ય ગૃહસ્થોને સોંપવાનું કામ કરો છો, જે ધર્મમાં ઉઘાડો હસ્તક્ષેપ છે. ગમે તેને ગમે તે ચીજ કેમ અપાય? વાંદરાને એટમ બૉમ્બ અપાય ખરો?

* અમારા પૂજનીય આગમગ્રન્થોમાં મોક્ષમાં જવા માટેના રાજમાર્ગનું નિરૂપણ છે તેમ તેની સાથેસાથે અપવાદ માર્ગનું પણ નિરૂપણ છે. મોક્ષસાધના કરતાં મુશ્કેલી આવે તો અપવાદ તરીકે કેટલીક બાબતોની કામચલાઉ છૂટ આપવામાં આવી છે. આવા છૂટછાટના માર્ગો પૂરી પરિપકવતા વિનાના જૈન સાધુને પણ દેખાડવામાં આવતા નથી. તો ભારત સરકાર તે તમામ શાસ્ત્રોને વૉલ્યુમના સ્વરૂપમાં ફેરવી દઈને બધાય લોકોના હાથમાં શી રીતે મૂકી શકે? અપાત્રોના હાથમાં આ અપવાદ માર્ગ જાય તો તેઓ તેને જ પકડી લઈને અમારા રાજમાર્ગ સ્વરૂપધર્મનો સંપૂર્ણ નાશ કરે. આમ આગમગ્રંથોનું વૉલ્યુમોમાં રૂપાન્તર એ ધર્મનાશનું મહા-અકાર્ય બની રહે છે.

* ટૂંકમાં આ ઉજવણીમાં અમને ધર્મનો ધ્વંસ, ક્રિયામાર્ગનો લોપ, અમારા સિદ્ધાન્તોના સાચા અર્થોમાં ઉલ્કાપાત થતો દેખાય છે. માટે અમને સ્પષ્ટ રીતે શાસ્ત્રાજ્ઞા છે કે અમારે આ રીતે સખત વિરોધ કરવો જોઈએ. એ ખાતર બધા જ યત્નો કરી છૂટવા જોઈએ.

આ વિરોધનાં કારણોના મૂળમાં એવો ભય જણાય છે કે રાષ્ટ્રીય સ્તરે કેન્દ્ર સરકાર નિર્વાણ મહોત્સવની ઉજવણી કરે તો જૈન ધર્મને અને ભગવાન મહાવીરના ગૌરવને હાનિ પહોંચશે. આ ભય ગેરસમજણનું પરિણામ લાગે છે. હકીકતમાં જૈન ધર્મ અને ભગવાન મહાવીરનો સંદેશ દેશમાં અને દુનિયામાં પહોંચાડવાની આ અમૂલ્ય તક છે. જૈન ધર્મ કોઈ એક કોમ કે જ્ઞાતિનો નથી, એ વિશ્વધર્મ છે.

જેમના તરફથી આ વિરોધ થાય છે તે ઠીક પ્રચાર કરે છે. પણ એ લક્ષમાં રાખવું જોઈએ કે આ વિરોધ માત્ર શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના એક વર્ગનો છે. આ સમાજના ઘણા વિદ્વાન મુનિવરો અને મોટા ભાગના શ્રાવક સમુદાયનો આ મહોત્સવમાં સહકાર છે. તેમ જ સમસ્ત દિગમ્બર, સ્થાનકવાસી અને તેરાપંથી સમાજનો પૂર્ણ સહકાર છે.

આપણે આશા રાખીએ કે આવા મંગળ અને ભવ્ય પ્રસંગને જૈન સમાજ આવકારશે અને શાસનને દીપાવવાની આ તકને ધન્ય અવસર માનશે.

શ્રીમતી નન્દિની સત્પથી

ઓરિસામાં ફરીથી રાજકારણનો બધો ગંદવાડ ઠલવાયો. ઈન્દિરા ગાંધીનાં પ્રતિનિધિ, ઓરિસાનાં મુખ્ય મંત્રી નન્દિની સત્પથીની ચૂંટણી સમયે બિજુ પટનાયક ગુલાંટ મારી સામે પડયા. જે વ્યકિતઓ સામે અનેક ગંભીર આક્ષેપો છે અને જેમને જાહેર જીવનમાં કોઈ સ્થાન હોવું ન જોઈએ એવી વ્યકિતઓ યેન કેન પ્રકારેણ આગેવાની મેળવી લે છે. આવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવામાં શાસક કૉંગ્રેસ પણ જવાબદાર છે. ઓરિસામાં ગણતંત્ર સત્તાસ્થાને હતું. તેને તોડવા શાસક કૉંગ્રેસે બિજુ પટનાયકનો સાથ લીધો. પટનાયકની ઉત્કલ કૉંગ્રેસના ઘણા સભ્યોને શાસક કૉંગ્રેસમાં દાખલ કર્યા પણ શરમના માર્યા પટનાયકને ન લીધા. કારણ કે તેમની સામે ઘણા આક્ષેપો હતા. પોતાનો સ્વાર્થ સાધવા ચૂંટણીની આ તક પટનાયક કેમ જતી કરે? શાસક કૉંગ્રેસના મહામંત્રી ચંદ્રજિત યાદવ પટનાયકની ખુશામત કરવા ગયા. પણ પટનાયકને કિંમત ઓછી પડી હશે. ઉત્કલ કૉંગ્રેસનો નન્દિની સત્પથીને સાથ હતો તે ખેંચી લીધો. શાસક કૉંગ્રેસમાં પણ સત્પથી સામે વિરોધ જાગ્યો. વાતાવરણ તો એવું ઊભું થયું હતું કે સત્પથી ચૂંટણીમાં સફળ થાય તો ચમત્કાર જ લેખાય. પણ એ ચમત્કાર થયો અને બધા વિરોધ પક્ષોનો સંયુકત સામનો છતાં, સારી બહુમતીથી ચૂંટાયાં. સત્પથી પણ રાજકારણી ખેલ ખેલવામાં પટનાયકથી ઊતરે તેવાં નથી. શાસક કૉંગ્રેસ માટે આ ચૂંટણી અતિ મહત્ત્વની હતી. અમદાવાદ અને માયસોરની પેટા-ચૂંટણીઓમાં હાર ખાધા પછી, અહીં નિષ્ફળતા મળી હોત તો ઈન્દિરા ગાંધીની પ્રતિષ્ઠાને મોટો ધક્કો પહોંચત. નન્દિની સત્પથી ચૂંટાઈ આવ્યાં તે ઠીક થયું. ઓરિસાના રાજકારણમાં કાંઈક સ્થિરતા રહેશે. પણ જે બન્યું છે તેમાં કોઈ પક્ષ દોષમુકત નથી અને ગૌરવ લઈ શકે તેમ નથી. નૈતિકતાની વાત એક બાજુ રાખીએ પણ સભ્યતા (Decency) નું ધોરણ પણ નીચું ઊતરતું જાય છે.

ચીમનલાલ ચકુભાઈ

સંઘ સમાચાર

સંઘના લાઈફ-મેમ્બરો

સંઘના આજીવન સભ્યોની સંખ્યા ૧૩૩ સુધી પહોંચી છે. નવા સભ્યો થવાની ગતિ ખૂબ જ ધીમી પડી ગઈ છે. તો બાકી રહેતા સભ્યો, આજીવન સભ્યો માટે પોતાનાં તેમ જ મિત્રોનાં નામો મેળવીને તુરત મોકલી આપે એવી વિનંતિ છે.

૧૩૧ શ્રી હરકિશનદાસ પાનાચંદ શાહ
૧૩૨ „ હરિચંદ એલ. મહેતા, કોલ્હાપુર
૧૩૩ „ મફતલાલ ભીખાચંદ શાહ

સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

૧૯૭૨નું વર્ષ પૂરું થવાને હવે બહુ સમય બાકી નથી. ચાલુ વર્ષના ઘણા સભ્યોનાં લવાજમો હજુ બાકી છે. તો જે સભ્યોનાં લવાજમો બાકી હોય તેમને લવાજમના રૂપિયા ૧૦, કાર્યાલયમાં મોકલી આપવા વિનતિ કરવામાં આવે છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

☆ શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી ☆

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધી-એ વિષય ઉપર વ્યાખ્યાન આપેલ. તેને ટૂંકાવીને નીચે પ્રગટ કરવામાં આવેલ છે.]

શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી વિશે ઘણું કહેવાયું છે. મારે કાંઈ નવું કહેવાનું નથી પણ જેઓ નથી જાણતા તેમને વિશેષ જાણવાની જિજ્ઞાસા જાગે એટલો જ મારા વ્યાખ્યાનનો આશય છે.

શ્રીમદ્ રાજચંદ્રના જીવનકાળ દરમિયાન જૈન સમાજમાં એક વર્ગ એવો હતો કે જેનું વલણ વિરોધી હતું, ખાસ કરી સાધુવર્ગમાં. તે લોકો કહેતા કે શ્રીમદ્ પોતાને તીર્થંકર ગણાવે છે, નવો સંપ્રદાય સ્થાપવા માગે છે, ક્રિયાનો લોપ કરે છે, વગેરે. સ્થાનકવાસીનો વિરોધ હતો, કારણકે પાછળથી શ્રીમદ્ મૂર્તિપૂજાનું સમર્થન કરતાં. બીજો એક નાનો વર્ગ એવો હતો કે જે એમના પ્રત્યે ખૂબ શ્રદ્ધા-ભક્તિ વ્યક્ત કરતો, એમને સાક્ષાત ભગવાન માનતો. પંડિત સુખલાલજીની ઉમ્મર શ્રીમદ્ના અવસાન સમયે લગભગ ૨૦ વર્ષની હતી અને શ્રીમદ્ વખતોવખત વઢવાણ કેમ્પ (હાલ સુરેન્દ્રનગર) આવતા, તો પણ તેમને શ્રીમદ્નો પરિચય ન થયો એટલું જ નહિ પણ તેમણે કહ્યું છે કે જે સાધુઓના સમાગમમાં તેઓ આવતા તે સાધુઓ તુચ્છ શબ્દોમાં શ્રીમદ્નો ઉલ્લેખ કરતા અને શ્રીમદ્નાં લખાણો વાંચતા તેમને અટકાવતા.

૧૯૧૫માં ગાંધીજી હિન્દુસ્તાન આવ્યા અને શ્રીમદ્ જયન્તી દર વર્ષે ઊજવાતી ત્યારે તેઓ શ્રીમદ્ વિષે ખૂબ આદર અને ભક્તિથી બોલતા અને છેવટ ૧૯૨૬માં આત્મકથામાં શ્રીમદ્ સાથેના પોતાના ગાઢ પરિચય અને પ્રભાવનો ઉલ્લેખ કર્યો ત્યારે શ્રીમદ્ દેશમાં અને દુનિયામાં જાણીતા થયા.

શ્રીમદ્ રાજચંદ્રે લખવા ખાતર એક પણ શબ્દ લખ્યો નથી. અંતરસ્ફૂર્ણા થતી ત્યારે તેઓ પોતાની નોંધપોથીમાં ટપકાવી લેતા. સદ્ભાગ્યે એમણે લખેલા પત્રો મોટી સંખ્યામાં જળવાઈ રહ્યા છે. એમાં એમનું અંતર ઠલવાયું છે. એમની ભાષા અત્યંત મિતાક્ષરી અને જૈન પરિભાષાથી ભરપૂર હોઈ, કેટલીક વખત સમજવી મુશ્કેલ થઈ પડે છે.

શ્રીમદ્ રાજચંદ્રનું બાહ્ય જીવન બહુ હકીકતોથી ભરપૂર નથી. એમનું ખરું જીવન અંતરનું છે. એમના નિકટના પરિચયમાં આવનારાઓમાંથી કોઈએ ખાસ સંસ્મરણો લખ્યાં નથી. ગાંધીજીએ થોડુંક લખ્યું છે. શ્રીમદ્નું પોતાનું થોડુંક આત્મકથા જેવું લખાણ છે. એમના વિશે કેટલીક ચમત્કારિક વાતો છે, જેવી કે જ્યોતિષના જ્ઞાનની, જાતિસ્મરણીય જ્ઞાનની, વગેરે. એમનાં લખાણો વાંચ્યા પછી એમ નહિ કહેવાય કે આ વાતો પાયાવિનાની છે.

કાઠિયાવાડના વવાણિયા ગામે સંવત ૧૯૨૪માં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો હતો. સાત વર્ષની ઉમ્મરે શાળામાં શિક્ષણઅર્થે ગયા. તેમની સ્મરણશક્તિ અદ્ભુત હતી. ચાર વર્ષમાં ગુજરાતી શાળામાં અભ્યાસ પૂરો કર્યો. તેર વર્ષે પિતાની દુકાને બેસવાનું શરૂ કર્યું.

પિતા વૈષ્ણવ હતા, માતા સ્થાનકવાસી જૈન હતા. પરંતુ તેર વર્ષની વય સુધી શ્રીમદ્ને જૈન લોકો ભણી "જુગુપ્સા" હતી. કારણકે જૈનો ઈશ્વર જગતનો કર્તા છે તેમ માનતા નથી.

પરંતુ જૈનોનાં પ્રતિક્રમણસૂત્ર વગેરે પુસ્તકો તેમના જોવામાં આવ્યાં તેમાં જગતનાં સર્વ પ્રાણી પ્રત્યે સમભાવ અને મૈત્રીનું પ્રતિપાદન કર્યું છે તે તેમના પ્રેમાળ સ્વભાવને રુચી ગયું. નાનપણથી જ વૈરાગ્યપ્રધાન તેમનું ચિત્ત, ભોગપ્રધાન વૈષ્ણવ સંપ્રદાય કરતાં ત્યાગપ્રધાન જૈનધર્મ તરફ વધારે ને વધારે ખેંચાતું ગયું.

પછી માત્ર ત્રણ વર્ષમાં, સોળમે વર્ષે શ્રીમદે મોક્ષમાળા લખી. એમાં સંપૂર્ણપણે જૈનદર્શન જોવા મળે છે.

પ્રાકૃત ભાષાનો અને આગમો તથા ઈતર જૈન સાહિત્યનો ક્યારે અને કેવી રીતે અભ્યાસ કર્યો તેની કોઈ માહિતી નથી. પણ **મોક્ષમાળા** બતાવે છે કે જૈન દર્શનનું હાર્દ પૂર્ણપણે પામ્યા છે અને સ્વીકાર્યું છે. કથાઓ દ્વારા, સરળ ભાષામાં જૈન ધર્મના મૂળ સિદ્ધાંતો સામાન્ય માણસ સમજી શકે તેવી રીતે **મોક્ષમાળામાં** ગૂંથ્યા છે.

સાત વર્ષની નાની વયે બનેલા એક અગત્યના બનાવની નોંધ લેવા જેવી છે. તેમના કુટુંબના પરિચિત એક ગૃહસ્થનું સાપ કરડવાથી અકાળે અવસાન થયું. બંનેને પરસ્પર ભાવ હતો. તેમના ગુજરી જવાની વાત સાંભળી રાયચંદ દોડતા જઈ પોતાના દાદાને પૂછવા લાગ્યા કે ગુજરી જવું એટલે શું? તેમના દાદાને એમ કે આ બધી વાતો સાંભળી નાનો બાળક ગભરાશે. આથી વાત ભુલાવવા પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ રાયચંદ થોડીવારે તળાવ ઉપર દોડી ગયા. ત્યાં એક ઝાડ ઉપર ચડી દૂરથી જોવા લાગ્યા તો ચિતા સળગતી હતી. ચોપાસ પરિચિત લોકોને જોયા. તેમને વિચાર આવ્યો કે આ શું છે? તેમના ચિત્તમાં ભારે મૂંઝવણ ઊભી થઈ. તે વખતે જ અચાનક તેમના ચિત્ત ઉપરથી કાંઈક પડદો સરી ગયો અને પૂર્વજન્મનું કંઈક દર્શન થયું.

દરમિયાન, શ્રીમદ્ ઘણું ફર્યા. એમની યાદદાસ્ત એટલી જબરી હતી કે એમણે અવધાનના પ્રયોગો આદર્યા. ૧૯ વર્ષની વયે તેઓ મુંબઈ આવ્યા. અહીં એમણે સો અવધાનોના પ્રયોગો કર્યા. એમનામાં જ્યોતિષનું અદ્ભુત જ્ઞાન હતું, પરંતુ માત્ર ૨૦ વર્ષની વયે તેમણે આ બધી ઉપલબ્ધિઓ છોડી. જ્યોતિષ, સ્મરણશક્તિના પ્રયોગો, પૂર્વભવની વાત કહેવાનું વગેરે છોડ્યું. એમને થયું કે આ બધાં આત્મજ્ઞાન માટે સાચાં સાધનો નથી. એનાથી કીર્તિ જરૂર મળે છે. પણ આત્મજ્ઞાન ક્યાંથી મેળવવું? એમનું એક માત્ર લક્ષ્ય આત્મસાધના કરવાનું હતું. તો આવી બધી ઉપાધિઓમાં એ પડે તો આ લક્ષ્ય વીસરી જવાય એથી એ બધું છોડ્યું.

શ્રીમદ્ રાજચંદ્રે ૧૯ વર્ષની વયે સદ્ગત ઝવેરી રેવાશંકરભાઈ જગજીવનદાસ મહેતાના મોટાભાઈ પોપટલાલનાં પુત્રી ઝબકબાઈ સાથે લગ્ન કર્યું અને તેમની સાથે મુંબઈમાં ઝવેરાતના ધંધામાં જોડાયા. ૨૮ વર્ષ સુધીના એમના જીવનકાળને શ્રીમદે ઉપાધિકાળ કહ્યો છે. આ ગાળા દરમિયાન ગૃહસ્થાશ્રમ રહ્યો અને વ્યાપારમાં હતા. ઝવેરાતના વ્યાપારમાં અત્યંત કુશળ હતા. અને પ્રામાણિકતાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. પણ આ બધાંને સંસારની માયા અને પ્રપંચ માન્યો હતો અને પ્રારબ્ધકર્મ ભોગવ્યે છૂટકો એમ માની વધતી જતી ઉદાસીનતાથી સહન કર્યું હતું.

આ સમય દરમિયાન મુમુક્ષુઓ સાથે સારા પ્રમાણમાં પત્રવ્યવહાર અને સમાગમ ચાલુ હતા. એમને એકાંતમાં જવાની ખૂબ ઈચ્છા રહેતી. વખતોવખત તેઓ એકાંત મેળવવા ચરોતર, ઈડરના જંગલો અને પહાડો વગેરે સ્થળોએ ચાલી જતા.

શ્રીમદ્ રાજચંદ્રે કોઈ નવો ધર્મ સ્થાપ્યો નથી. એમના વિચારોમાં, ઉદ્ગારોમાં જૈનદર્શનનું જ પ્રતિબિંબ છે. એમના શબ્દેશબ્દમાં જૈનદર્શન છે. સાત વર્ષના ઉપાધિકાળને અંતે એમણે વ્યાપારમાંથી છૂટા થવાનું વિચાર્યું અને ચરોતરમાં હતા ત્યાંથી એમણે રેવાશંકરભાઈને કાગળ લખીને પોતાનો વિચાર અને નિર્ણય જણાવી દીધા.

એ પછી ૨૮થી ૩૩ સુધીનાં પાંચ વર્ષના ગાળામાં એમણે તપશ્ચર્યા કરી. લઘુરાજજી સ્વામી અને અન્ય સાધુઓ તથા મુમુક્ષુઓને માર્ગદર્શન કરતા રહ્યા. આ બધામાં સાયલાના સૌભાગ્યભાઈનું સ્થાન સૌથી મહત્ત્વનું રહ્યું હતું. શ્રીમદ્ને સૌભાગ્યભાઈ વિશે ખૂબ આદર હતો. સૌભાગ્યભાઈને શ્રીમદ્ પ્રત્યે અનહદ ભક્તિભાવ હતો. સૌભાગ્યભાઈની માગણીથી શ્રીમદે **આત્મસિદ્ધિ** ગ્રન્થ લખ્યો. તે સમયે નડિયાદ હતા. સાંજે ફરીને પાછા આવ્યા અને અંબાલાલભાઈ હાથમાં ફાનસ લઈ ઊભા રહ્યા અને બે કલાકમાં એકધારી રીતે **આત્મસિદ્ધિ** ગ્રન્થ લખી નાખ્યો. જૈનદર્શન સમજવા માટે આ

અદ્‌ભુત ગ્રંથ છે. શ્રીમદ્ કવિ હતા. દોહરામાં, સરળ ભાષામાં, ગહન તત્ત્વજ્ઞાન માત્ર ૧૪૨ શ્લોકમાં જૈનદર્શનનો સાર આપી દીધો.

શ્રીમદે પોતાના શરીર પાસેથી ખૂબ કામ લીધું હતું. આત્માના તેજને પ્રગટાવવા માટે એમણે દેહને કૃશ કરી નાખવાનું ઘણીવાર કહ્યું છે. આહાર, વિહાર વગેરેમાં ચિત્ત ન હોય, જંગલમાં ફરવા નીકળતા ત્યારે વેગપૂર્વક દોડતા, ગાથાઓ ગાતા, મસ્ત થઈ જતા.

શ્રીમદ્‌ને અપૂર્વ આત્મજ્ઞાન હોવા છતાં જાહેર ઉપદેશ ન આપવો એવો તેમણે નિર્ણય કર્યો હતો. ગૃહસ્થાશ્રમમાં હોય ત્યાં સુધી, પોતાનો બાહ્ય વ્યવહાર અને ભગવાન મહાવીરનો ત્યાગ અને સંસાર-નિવૃત્તિનો ઉપદેશ, સુસંગત ન લાગે. તેથી સર્વસંગપરિત્યાગ ન થાય ત્યાં સુધી જાહેર ઉપદેશ ન આપવો એમ નિર્ણય કર્યો. સંસાર સર્વથા ત્યાગ કરવાની તીવ્ર ઈચ્છા હતી પણ માતાની આજ્ઞા ન મળી અને દરમ્યાન શરીર લથડ્યું અને ૩૩ વર્ષની વયે, સંવત ૧૯૫૭ના ચૈત્ર વદી પાચમ ને મંગળવારે રાજકોટમાં દેહત્યાગ કરી ગયા.

અંતિમ સમયે લગભગ કેવળજ્ઞાનની ભૂમિકા જાગી હતી એમ શ્રીમદ્ કહ્યું છે. શ્રીમદ્‌ના પોતાના શબ્દોમાં તેમની અંતરદશાની કોઈક ઝાંખી થાય તે માટે તેમનાં લખાણોમાંથી કેટલાક ફકરા વાંચું છું:

"દુ:ખિયા મનુષ્યોનું પ્રદર્શન કરવામાં આવ્યું હોય તો ખચિત તેના શિરોભાગમાં હું આવી શકું...તમે મને સ્ત્રીના સંબંધી, લક્ષ્મીના સંબંધી, કીર્તિના સંબંધી, ભય સંબંધી કે કાયાના સંબંધી અથવા (એ) સર્વ સંબંધે કંઈ દુ:ખી લેખશો નહીં. મને દુ:ખ બીજી રીતિનું છે. દરદ વાતનું નથી, કફનું નથી, કે પિત્તનું નથી. તે શરીરનું નથી, વચનનું નથી કે મનનું નથી. ગણો તો બધાયનું છે અને ન ગણો તો એકકનું નથી. પરંતુ મારી વિજ્ઞાપના તે નહિ ગણવા માટે છે. કારણ એમાં કાંઈ ઓર મર્મ રહ્યો છે.'

"તમે જરૂર માનજો કે હું વિના દિવાનાપણે આ કલમ ચલાવું છું... આ દેહમાં મેં મુખ્યે બે ભવ કર્યા છે. અમુખ્યનો હિસાબ નથી. નાનપણથી નાની સમજણમાં કોણ જાણે કયાંથીયે મોટી કલ્પનાઓ આવતી. સુખની જિજ્ઞાસા પણ ઓછી નહોતી અને સુખમાં પણ મહાલય, બાગ બગીચા, લાડીવાડીનાં કાંઈક સુખ માન્યા હતાં. મોટી કલ્પના તે, 'આ બધું શું છે' તેની હતી. તે કલ્પનાનું એક વાર એવું રૂપ દીઠું કે, 'પુનર્જન્મે નથી, પાપે નથી, પુણ્યે નથી. સુખે રહેવું અને સંસાર ભોગવવો એ જ કૃતકૃત્યતા છે. એમાંથી, બીજી કોઈ પંચાતમાં નહીં પડતાં ધર્મની વાસનાઓ કાઢી નાખી, કોઈ ધર્મ માટે ન્યૂનાધિક કે શ્રદ્ધાભાવપણું રહ્યું નહીં.

"(પણ) થોડો વખત ગયા પછી એમાંથી ઓર જ થયું; જે થવાનું મેં કલ્પ્યું નહોતું તેમ તે માટે મારા ખ્યાલમાં હોય એવો કાંઈ મારો પ્રયત્ન પણ નહોતો. છતાં અચાનક ફેરફાર થયો. કોઈ ઓર અનુભવ થયો. અને તે અનુભવ કોઈ શાસ્ત્રમાં લેખિત ન હોય, જડ-વાદીઓની કલ્પનામાં પણ નથી, તેવો હતો. તે ક્રમે કરીને વધ્યો. વધીને અત્યારે એક 'તું હિ', 'તું હિ'નો જાપ કરે છે."

બીજા એક પત્રમાં પોતાને થયેલા એક અદ્‌ભુત અનુભવ બાબત તેઓ લખે છે:–

"એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી. અમને કોઈ પદાર્થમાં રુચિમાત્ર રહી નથી. કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા થતી નથી. વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી... અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ... પોતાની ઈચ્છાએ થોડી જ પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમ હરિએ ઈચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ. હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે... એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે... છતાં વેપાર કરીએ છીએ. લઈએ છીએ, દઈએ છીએ, લખીએ છીએ, હસીએ છીએ... જેનું ઠેકાણું નથી એવી અમારી દશા છે... અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, નામ હરિ છે, સર્વ હરિ છે."

બીજા એક કાગળમાં લખે છે: "રોમ રોમ ખુમારી ચઢશે, અમરવરમય જ આત્મદૃષ્ટિ થઈ જશે, એક 'તુંહિ તુંહિ' મનન કરવાનો પણ અવકાશ નહીં રહે, ત્યારે અમરવરના આનંદનો અનુ-ભવ થશે. અત્ર એ જ દશા છે. રામ હૃદયે વસ્યા છે, અનાદિનાં ખસ્યાં છે. સુરતી ઈત્યાદિક હસ્યાં છે. આ પણ એક વાક્યની વેઠ કરી છે."

શ્રીમદ્‌નાં અંતિમ વચનો છે:

"ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ પ્રાપ્ત થયું. માથે ઘણો બોજો રહ્યો હતો. તે આત્મવીર્યે કરી, જેમ અલ્પ કાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો"

શ્રીમદ્ એક વખત એમ માનતા કે જૈનદર્શન શ્રેષ્ઠ છે. પણ છેવટે એ કહેવા લાગ્યા હતા કે સર્વધર્મ સમભાવ રહેવો જોઈએ. આ અંગે એમણે લખ્યું છે તે જોઈએ:

"મોક્ષના માર્ગ બે નથી. શ્રી મહાવીર જે વાટેથી તર્યા તે વાટેથી શ્રીકૃષ્ણ તરશે; જે વાટેથી શ્રીકૃષ્ણ તરશે તે વાટેથી શ્રી મહાવીર તર્યા છે. એ વાટ ગમે ત્યાં બેઠા, ગમે તે કાળે, ગમે તે શ્રેણીમાં, ગમે તે યોગમાં જ્યારે પમાશે ત્યારે પવિત્ર, શાશ્વત સત્પદના અનંત અતીન્દ્રિય સુખનો અનુભવ થશે. તે વાટ સર્વ સ્થળે સંભવિત છે. કોઈપણ ધર્મ સંબંધી મતભેદ રાખવો છોડી દઈ એકાગ્રભાવથી સમ્યક યોગે એ જ માર્ગનું સંશોધન કરવાનું છે. તે માર્ગ આત્મામાં રહ્યો છે. આત્મત્વપ્રાપ્ત પુરુષ જ્યારે યોગ્યતા ગણી તે આત્મત્વ અર્પશે ત્યારે જ તેની વાટ મળશે. ત્યારે જ તે મતભેદાદિક જશે. મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી.

"જૈનના આગ્રહથી જ મોક્ષ છે એમ (આ) આત્મા ઘણા વખત થયાં માનવું ભૂલી ગયો છે. મુકત ભાવમાં મોક્ષ છે એમ ધારણા છે.

"વાડામાં કલ્યાણ નથી. અજ્ઞાનીના વાડા હોય. જેના રાગદ્વેષ અને અજ્ઞાન ગયાં તેનું કલ્યાણ, બાકી અજ્ઞાની કહે કે મારા ધર્મથી કલ્યાણ છે તો તે માનવું નહિ. એમ કલ્યાણ હોય નહિ. જે જ્ઞાની પુરુષના વચનથી આત્મા ઊંચો આવે તે સાચો માર્ગ. તે પોતાનો માર્ગ 'આપણો ધર્મ' એવી કલ્પના છે. આપણો ધર્મ શું? મહાસાગર કોઈનો નથી, તેમ ધર્મ કોઈના બાપનો નથી. જેમાં દયા, સત્ય આદિ હોય તે પાળો. તે કોઈના બાપનાં નથી. અનાદિકાળનાં છે. શાશ્વત છે. જીવે ગાંઠ પકડી છે કે 'આપણો ધર્મ' છે. પણ શાશ્વત માર્ગ શું? શાશ્વત માર્ગથી સૌ મોક્ષે ગયા છે. રજોહરણો, દોરો કે મૂપતી, કપડાં કોઈ આત્મા નથી. વહોરાના નાડાની માફક જીવ પક્ષનો આગ્રહ પકડી બેઠો છે, એવી જીવની મૂઢતા છે. 'આપણા જૈન ધર્મના શાસ્ત્રમાં બધું છે.' 'શાસ્ત્રો આપણી પાસે છે.' એવું મિથ્યાભિમાન જીવ કરી બેઠો છે. મતભેદને છેદે તે જ સાચા પુરુષ. વિચારવાનને માર્ગનો ભેદ નથી. માર્ગ વિચારવાનને પૂછવા.

"જ્યારે જૈનશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે જૈની કરવા જણાવતા નથી; વેદાંતશાસ્ત્ર વાંચવા જણાવીએ ત્યારે વેદાંતી કરવાને જણાવતા નથી... માત્ર જે જણાવીએ છીએ: જૈન અને વેદાંતી આદિનો ભેદત્યાગ કરો. આત્મા તેવો નથી."

હવે શ્રીમદ્ અને ગાંધીજીના સંબંધ વિષે સંક્ષેપમાં કહીશ. બન્નેનો સંબંધ બહુ ગાઢ હતો. ૧૮૯૧માં ગાંધીજી બેરિસ્ટર થઈને વિલાયતથી આવ્યા ત્યારે શ્રી રેવાશંકરભાઈના ભાઈ ડૉ. પ્રાણજીવન-દાસ સાથે હતા. ડોકટરે ગાંધીજીને શ્રીમદ્‌નો પરિચય કરાવ્યો, ત્યારે ગાંધીજીની ઉંમર લગભગ ૨૨ વર્ષની. શ્રીમદ્ બે વર્ષે મોટા હતા. ગાંધીજી લખે છે:

"આ વેળા જો કે મેં મારી દિશા જોઈ નહોતી,...છતાં રાયચંદ-ભાઈની ધર્મવાર્તામાં મને રસ આવતો... જે છાપ મારા ઉપર રાયચંદ-ભાઈએ પાડી તે બીજા કોઈ નથી પાડી શકયા... મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો.

"મારી ઉપર ત્રણ પુરુષોએ ઊંડી છાપ પાડી છે, ટોલ્સ્ટોય, રસ્કિન અને રાયચંદભાઈ. ટોલ્સ્ટોયની તેમના અમુક પુસ્તકદ્વારા અને તેમની સાથેના થોડા પત્રવ્યવહારથી, રસ્કિનની તેના એક જ પુસ્તક "અનટુ ધિસ લાસ્ટ" થી, જેનું ગુજરાતી નામ 'સર્વોદય' રાખ્યું છે; અને રાયચંદભાઈની તેમની સાથેના ગાઢ પરિચયથી.

ગાંધીજી બે વર્ષ મુંબઈમાં રહ્યા તે દરમિયાન તેમને શ્રીમદ્‌નો અતિ નિકટનો પરિચય રહ્યો. એ બાદ ગાંધીજી આફ્રિકા ગયા. ત્યાં ખ્રિસ્તી મિશનરીઓની સેવાથી ગાંધીજી પ્રભાવિત થયા. ખ્રિસ્તી થવા આગ્રહ થતો. પણ તે પહેલાં સદ્‌ભાગ્યે શ્રીમદ્‌નું માર્ગદર્શન મેળવવા નક્કી કર્યું. ગાંધીજીની ઉમ્મર એ વખતે ૨૪ વર્ષની અને શ્રીમદ્‌ની ૨૬ વર્ષની છતાં ગાંધીજીને શ્રીમદ્‌ના આત્મજ્ઞાનમાં એટલી શ્રદ્ધા હતી કે તેમની આધ્યા-ત્મિક ભીડમાં તેમની પાસેથી માર્ગદર્શન મળશે. એક લાંબો પત્ર લખી ૨૭ પ્રશ્નો પૂછયા, જેના અતિ સંક્ષેપમાં શ્રીમદે જવાબ આપ્યા. ગાંધીજી લખે છે: "તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિન્દુ ધર્મમાં મને જે જોઈએ છે તે મળે એમ છે એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિને સારુ રાયચંદભાઈ જવાબદાર થયા એટલે મારું

માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઈએ તેનો ખ્યાલ વાંચનારને કાંઈક આવશે."

આ સમયની ગાંધીજીની મનોદશા અને અંતરમંથન સમજવા આ પ્રશ્નો જોવા જેવા છે.

(૧) "હા, આત્મા શું છે? તે કંઈ કરે છે? અને તેને કર્મ નડે છે કે નહિ (૨) ઈશ્વર શું છે? તે જગત્કર્તા છે એ ખરું છે?" બાવીસમા પ્રશ્નમાં 'અનીતિમાંથી સુનીતિ થશે કે નહિ' તે પૂછયું છે. આ પ્રશ્ન બાઈબલનો પ્રભાવ બતાવે છે. આ બધા પ્રશ્નોના ઉત્તર શ્રીમદે માર્મિક રીતે આપ્યા છે. એ ઉત્તરો જિજ્ઞાસુએ મનન કરવા જેવા છે.

એમનો છેલ્લો પ્રશ્ન જુઓ: "મને સર્પ કરડવા આવે ત્યારે તેને મારે કરડવા દેવો કે મારી નાખવો? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શકિત ન હોય એમ ધારીએ છીએ." આ સમયે ગાંધીજીમાં અહિંસાની ભાવના ઊગતી હતી એ દેખાય છે. આ માટેનો શ્રીમદ્નો જવાબ પણ ઘણો માર્મિક છે:

"સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય તેવું છે. તથાપિ તમે જો 'દેહ અનિત્ય છે' એમ જાણ્યું હોય તો પછી અસારભૂત દેહના રક્ષણાર્થે જેને તેમાં પ્રીતિ રહી છે એવા સર્પને, તમારે મારવો કેમ યોગ્ય હોય? જેણે આત્મહિત ઈચ્છવું હોય તેણે તો ત્યાં પોતાનો દેહ જતો કરવો એ જ યોગ્ય છે. આત્મહિત ઈચ્છવું ન હોય તો તેણે તેમ કરવું? તો એનો ઉત્તર એ જ અપાય કે તેણે નરકાદિમાં પરિભ્રમણ કરવું; અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ કયાંથી કરી શકીયે? અનાર્યવૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય. તે તો અમને–તમને સ્વપ્ને પણ ન હો એ જ ઈચ્છવા–યોગ્ય છે."

ગાંધીજીએ ગાઢ પરિચયથી શ્રીમદ્ વિશે કહ્યું છે:

"તેઓ ઘણીવાર કહેતા કે ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તે સહી શકું પણ જગતમાં જે પાખંડ, અત્યાચાર ચાલી રહ્યા છે, ધર્મને નામે જે અધર્મ વર્તી રહ્યો છે, તેની બરછી સહન થઈ શકતી નથી. અત્યાચારોથી ઊકળી રહેલા તેમને ઊકળી જતાં મેં ઘણી વાર જોયા છે. તેમને આખું જગત પોતાના સગા જેવું હતું."

ગાંધીજી અને શ્રીમદ્ બન્ને આત્માર્થી પુરુષ હતા, મોક્ષમાર્ગના યાત્રી હતા. બન્ને ત્યાગ, વૈરાગ્ય અને કરુણાભરપૂર હતા. શ્રીમદ્ને નાની વયે આત્મજ્ઞાન થયું અને અલ્પ આયુ ભોગવી, વિદાય લીધી. ગાંધીજીની જીવનસાધના કઠિન અને દીર્ઘ રહી. બન્નેની પ્રકૃતિમાં ફેર હતો. શ્રીમદ્ એકાંતપ્રિય, નિવૃત્તિલક્ષી સાધનામાં મગ્ન અને સર્વ સંગ પરિત્યાગની ભાવનાવાળા–આમાં જૈન ધર્મની ઊંડી અસર. શ્રીમદ્નું લક્ષ, સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, સર્વ-ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમહેતુ હોય જો. ગાંધીજી કર્મયોગી સાંસારિક પ્રવૃત્તિઓમાં ગળાબૂડ રહી તેને શુદ્ધ કરવા અને ધર્મભાવનાથી ઓતપ્રોત કરવાના હામી. ગાંધીજી ઉપર જૈન ધર્મની અસર સારી પેઠે હતી. અહિંસા અને દયાધર્મ તેમના પણ પાયાના સિદ્ધાંત હતા. પણ પ્રકૃતિથી પ્રવૃત્તિ અને પુરુષાર્થ પ્રત્યે વલણ એટલે ગીતાના કર્મયોગને પોતાનું જીવનધ્યેય બનાવ્યું.

આત્માર્થી પુરુષ પોતાની જીવનસાધનામાં કયો માર્ગ અપનાવશે તે તેની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. જ્ઞાન, ભકિત, કર્મ, ધ્યાન, યોગ અનેક માર્ગો છે. મહાવીરે તપશ્ચર્યા અને નિવૃત્તિમાર્ગ સ્વીકાર્યો, બુદ્ધે કરુણા અને મધ્યમમાર્ગ, કૃષ્ણે નિષ્કામ કર્મયોગ, શંકરાચાર્યે જ્ઞાનયોગ અને સંન્યાસ, ચૈતન્ય અને તુલસીદાસે ભકિત, માર્ગ. શ્રીમદે બધી રીતે મહાવીરનો માર્ગ સ્વીકાર્યો. ગાંધીજીએ કર્મયોગ સાથે અહિંસાને જોડી. માત્ર આધ્યાત્મ અનુભૂતિમાં, કદાચ શ્રીમદ્ ગાંધીજી કરતાં આગળ હતા.

શ્રીમદે જ્ઞાનીપુરુષ વિશે કહ્યું છે તે તેમને માટે પણ સાચું છે:

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, વંદન હો અગણીત.

ચીમનલાલ ચકુભાઈ

રશિયામાં કવિ અને કવિતા

કાકા કાલેલકરે મુંબઈમાં 'મેઘાણી જયંતી' પ્રસંગે એક વખત કહેલું કે "લોકોનાં હૃદય ઉપર રાજ્ય કરનારા કવિઓ આપણા દેશમાં પાકવા જોઈએ; અને એવા કવિ પાકયા છે તે આનંદની વાત છે." આના સંદર્ભમાં રશિયાના પિટ્સબર્ગ અને મોસ્કોના કવિઓની હાલની જે સ્થિતિ છે તેને નિહાળવાનું રસપ્રદ થઈ પડશે. 'સેટરડે રિવ્યુ' નામના અમેરિકન મેગેઝિનમાં શ્રી સુશાન મેસી નામના લેખકે રશિયાના વિખ્યાત કવિ એલેકઝાન્ડર સોલ્શેનિત્સીનને ટાંકીને કહ્યું છે: "આત્માના પીડનમાંથી કવિતાનો જન્મ થાય છે." એ દૃષ્ટિએ તો આપણા દેશમાં કવિતાનો જન્મ થયા પછી જ બધી પીડા થાય છે. રશિયાનું પિટ્સબર્ગ નામનું શહેર જે લેનિનગ્રાડના નામથી ઓળખાય છે તે શહેરમાં લગભગ ૬૦૦૦ થી વધુ યુવાન કવિઓ છે તે જોતાં ત્યાં આત્માની પીડા વધુમાં વધુ હોવી જોઈએ. રશિયામાં કવિતાને એક રાષ્ટ્રીય શોખ તરીકે ઓળખવામાં આવે છે. કદાચ શતરંજ પછી કવિતાનો ક્રમ આવતો હશે.

રશિયામાં કલા અંગેની પ્રવૃત્તિઓ મુખ્યત્વે મોસ્કો અને લેનિનગ્રાડમાં જામી પડી છે. પણ લેનિનગ્રાડની કલાભિમુખતા અને મોસ્કોની કલાપ્રિયતામાં લાખ ગાડાંનો ફેર છે. એમ કહી શકાય કે મોસ્કોમાં સરકારી કવિઓ વસે છે અને લેનિનગ્રાડમાં કલાને ખાતર કલાને વરેલા કવિઓ અને કલાકારો છે. ક્રાંતિ પછી મોસ્કો વ્યાપાર અને રાજકારણનું ધામ બન્યું અને લેનિનગ્રાડ માત્ર કલાને પોષતું શહેર રહ્યું. મુંબઈ, અમદાવાદ અને નવી દિલ્હીમાં વસતા લેખકો અને કવિઓને વર્તમાનપત્રો, રેડિયો અને ટેલિવિઝન દ્વારા જે પ્રમાણમાં પ્રાગટય મળે છે તે પ્રકારે પાલનપુર, ભાવનગર, રાજકોટ કે બોટાદ જેવાં શહેરોમાં રહેતા લેખકો-કવિઓને મળતું નથી. પણ તેનો અર્થ એ નથી કે આ નાનાં શહેરોના કવિઓ કે લેખકોનું સર્જન ઊતરતું હશે. ઊલટાનું વધુ પડતો પ્રકાશિત થતો લેખક કે કવિ તેના અભિગમમાં થોડો Conformist–સમાધાનકારી વલણવાળો બની જાય તે બનવાજોગ છે. લેનિનગ્રાડના કવિઓમાં સમાધાનકારી વલણ જોવા નથી મળતું, પણ મોસ્કોના કવિમાં એ વલણ જોવા મળે છે. લેનિનગ્રાડનો કવિ તેના વિચારોમાં અને તેની અભિવ્યકિતમાં જેટલો મુકત દેખાય છે તેટલો મોસ્કોનો કવિ દેખાતો નથી. લેનિનગ્રાડના કવિની કવિતાઓમાં એક દસકા પહેલાં તો વિચારને પણ બહુ પ્રાધાન્ય અપાતું નહીં. એક રચના કરીને તેને ખુલ્લા મને ગાનાર કવિ ફેકટરીના મજૂરો કે કારકુનો માટે અતિ પ્રિય થઈ પડતો. પછી તો કવિને સાંભળવા માટે ઑફિસ અને ફેકટરીના રિસેસનો સમય નિયત જ થઈ ગયો છે. જે કવિ બહુ પ્રિય થઈ જાય તેની કૃતિઓ છપાય તો ઓછામાં ઓછી ૫૦,૦૦૦ નકલો તો છપાય જ. ૧૦,૦૦૦ નકલ માટે કવિતા–સંગ્રહનો ઑર્ડર પ્રેસવાળાને મળે તો તે કવિ કાંઈક નબળો હશે તેમ પ્રેસવાળાને લાગે. અમેરિકા, જ્યાં સાહિત્ય અને કલાને પૈસા પછીનું જ સ્થાન મળે છે ત્યાં કવિતાના પુસ્તક માટે ૨૦૦૦ ની સંખ્યાનો પ્રિન્ટ-ઑર્ડર મળે તો પણ 'ગંગ નાહ્યા' તેમ અમેરિકન મુદ્રક માને છે.

લેનિનગ્રાડમાં પોએટ્રી સર્કલો રચાયાં છે. તેમાં જોડાનારા કવિ અઠવાડિયે કે પખવાડિયે ભેગા મળીને એકબીજાની રચનાઓ સંભળાવે છે. આવાં સર્કલો અગર જૂથોમાંથી આત્યારે ૩૦૦૦ કવિઓ એવા નીકળ્યા છે કે જેમની કૃતિઓ છપાય પણ છે. પણ કૃતિ છપાવવા માટે કોઈ હુંસાતુંસી થતી નથી. એક જૂથમાં ૨૦ની સંખ્યાથી માંડીને ૧૦૦ કવિઓની સંખ્યાનાં જૂથ પણ હોય છે. જૂથના નેતાને રીતસરનો પગાર અપાય છે (માસિક રૂ. ૩૦૦). કવિતાની એક પંકિતનો પુરસ્કાર લગભગ રૂ. ૩૫૦ થી રૂ. ૪૫૦ હોય છે. પાંત્રીસ પાનાંનું ગદ્યવાળું પુસ્તક રૂ. ૨૫૦૦ જેટલો પુરસ્કાર મેળવી શકે છે. આની સામે આપણા કવિઓને મળતો પુરસ્કાર રોકાટ જેવો લાગે છે.

કવિને જ્યારે સરકારી માન્યતા મળે અને તે વધુ ને વધુ પ્રગટ થવા માંડે ત્યારે જ કકળાટ શરૂ થાય છે. લેનિનગ્રાડમાં "રાઈટર્સ યુનિયન" નો સભ્ય બનનાર કવિ ટોચે પહોંચ્યો ગણાય છે. આ બધું છતાંય સરકાર તરફથી તેને કોઈ પગાર મળતો નથી. તેણે તો પોતાની રચનાઓમાંથી જ ગુજરાન ચલાવવાનું હોય છે. એટલે સરકારી દરજ્જે ટોચે પહોંચ્યા છતાં તેણે લોકોનાં હૃદય ઉપર રાજ્ય કરવાનું હોય છે. લોકોનાં હૃદય ઉપર રાજ્ય કરવાનું છોડીને તે પોતાની સગવડતાઓમાં જ મશગૂલ રહે તો કવિ લોકોનાં મનમાંથી ભૂંસાઈ જાય છે.

કાંતિ ભટ્ટ

સ્વયંપ્રકાશિત સત્ય

યોગી કૃષ્ણપ્રેમે ગીતામાંના સત્ય વિશે એક સરસ નિરીક્ષણ કર્યું છે : એ કહે છે : 'અહીં તો સત્ય પોતાના જ પ્રકાશથી ઝળહળે છે; અને જે એનાં જળ પીએ છે તે પછી કદી તરસ્યો રહેતો નથી.'

ગીતામાંના સત્ય વિશે જે સાચું છે એ કોઈ પણ સત્ય વિશે સાચું છે : અને સત્ય જળ જેવું છે–એ હમેશાં વહેતું રહે છે; એટલે જ એક સ્થળે જે સત્ય હોય એ જ રૂપે એ બીજા સ્થળે ન પણ જોવા મળે, છતાં પ્રત્યેક સ્થળે સત્ય પોતાનો આગવો ઘાટ શોધી જ લે છે.

સત્યને જળ સાથે સરખાવવામાં આવે છે ત્યારે એક બીજી વાત યાદ આવે છે : જળના યૌવનની. આ જગતમાં બીજી બધી વસ્તુઓના વિવિધ તબક્કાઓ છે. વૃક્ષ પર પાન આવે છે; તે કૂણાં અને લીલાં હોય છે, પછી પકવ બને છે અને ખરી પડે છે. બધા જ પદાર્થોમાં આવું બને છે, પણ જે તત્ત્વો છે ત્યાં આવું બનતું નથી. એટલે તો એને તત્ત્વ એવું નામ આપાય છે.

આકાશ કદી વૃદ્ધ થતું નથી : અગ્નિ હોય છે, અથવા નથી હોતો. વાયુને જીર્ણ કે વૃદ્ધ કહેવાતો સાંભળ્યો નથી. અને જળ પણ સૈકાઓથી વહેવા છતાં નિત્ય-યુવા છે.

સત્ય પણ આવું જ એક તત્ત્વ છે. અને પ્રત્યેક પરિસ્થિતિમાંથી જે સત્ય શોધી કાઢે છે, તેના માટે પછી બીજી કોઈ ગતિ રહેતી નથી. સત્યની ગતિ એ પરમ ગતિ છે.

એક સાધુએ એક ગૃહસ્થને ત્યાં ચાતુર્માસ ગાળ્યો. આ દરમિયાન તેમણે જોયું કે આ ગૃહસ્થ વ્યવહાર, કુટુંબ, સ્વજનો-આ સૌ સાથેના સંબંધોમાં કોઈક અદ્‌ભુત સ્વસ્થતા અને ઉત્કટતાથી વર્તે છે, અને આમાં ક્યાંયે કલેશ દેખાતો નથી. સાધુએ ચાતુર્માસ પછી વિદાય લેતી વખતે એ ગૃહસ્થને પ્રણામ કર્યા. ગૃહસ્થ અચંબામાં પડી ગયો ત્યારે સાધુએ કહ્યું : 'તમને તમારા અને વ્યવહાર વચ્ચેનું, તમારી અને તમારી પત્ની વચ્ચેનું, તમારા અને તમારા મિત્રો વચ્ચેનું તથા તમારા અને તમારા સંજોગો વચ્ચેનું સત્ય મળી ગયું છે. જ્યારે મારે તો માત્ર એક જ સત્ય મેળવવું છે, મારા અને ભગવાન વચ્ચેનું. અને એ પણ મને નથી મળ્યું. એટલે સાક્ષાત્કારના રસ્તે તમે મારા કરતાં વધારે આગળ છો.'

અહીં કદાચ પેલા સાધુની નમ્રતા વધારે કામ કરતી હશે. પણ સત્યનો સાક્ષાત્કાર એ પ્રભુના સાક્ષાત્કારનો લગભગ પર્યાય છે, એમ કહી શકાય.

સત્ય આંશિક હોઈ શકે અને પ્રત્યેક સત્યને પોતાના સ્થાને સમજવાની જરૂર છે એ વાતને આપણે સમજી શકીએ તો સત્યના સમગ્ર દર્શનની નજીક પહોંચવાનું મુશ્કેલ ન રહે. સત્યનું સમગ્ર રૂપ પરમાત્માના સમગ્ર રૂપ જેવું છે અને જેમ પરમાત્માનું અખિલ રૂપ માત્ર પરમાત્મા જ જોઈ શકે એમ સત્યની અખિલાઈ માત્ર સત્ય વડે જ જોઈ શકાય.

તમે તમારા દેશને પ્રેમ કરો એ એક સત્ય છે – તમે તમારા મિત્રને પ્રેમ કરો એ બીજું સત્ય છે. અને આ બંને સત્ય વચ્ચે સંઘર્ષ થાય તો તમે શું કરો?

સહજ રીતે સૌ કોઈ એમ જવાબ આપવા પ્રેરાય કે દેશ માટેનો પ્રેમ એ ઘણી મોટી વાત છે. પણ કોઈકને આ સત્ય જુદી રીતે સમજાઈ શકે છે, અને મારા અત્યાર સુધીના વાચનમાં મને સૌથી વધુ હચમચાવી નાખનારું વિધાન આ ક્ષણે યાદ આવે છે.

ઈ. એમ. ફોર્સ્ટરે 'વોટ આય બિલિવ' નામનો એક લેખ લખ્યો છે. એમાં મહાન આદર્શોમાંની સમાજની શ્રદ્ધાને વ્યક્તિની આંતરપ્રતીતિ સાથે મૂકીને જે કહ્યું છે એ અહીં ટાંક્યા વિના રહી શકતો નથી :

"કોઈ આદર્શ માટે મરી ફીટવાના વિચારને હું ધિક્કારું છું અને જો મારે મારા દેશનો દ્રોહ કે મિત્રનો દ્રોહ વચ્ચે પસંદગી કરવાની આવે તો હું આશા રાખું કે મારામાં દેશનો દ્રોહ કરવાની હિંમત હોય. આવી પસંદગી આધુનિક વાચકને આંચકો આપે અને એનો દેશપ્રેમી હાથ ટેલિફોન તરફ વળે–પોલીસને ફોન કરી આ કહેવા માટે. પણ દાન્તેને આથી આઘાત ન લાગ્યો હોત. એ બ્રુટસ તથા કેસિયસને નીચામાં નીચા નર્કમાં મૂકે છે કારણ કે તેઓએ રોમ કરતાં પોતાના મિત્ર જુલિયસ સીઝરનો દ્રોહ કરવાનું પસંદ કર્યું હતું. સંભવતઃ કોઈને આવી વ્યથા જગાવે એવી પસંદગી કરવાનું ન જ કહેવાય...વ્યકિત માટેનાં પ્રેમ અને વફાદારી રાજ્યના દાવાઓની વિરુદ્ધમાં હોઈ શકે. જ્યારે આમ બને ત્યારે હું કહું કે રાજ્ય મુર્દાબાદ – અને એનો અર્થ એ કે રાજ્ય મને મુર્દાબાદ બનાવી શકે."

* * *

આ વિધાનનો અર્થ એ નથી કે ઈ. એમ. ફોર્સ્ટરનો દેશપ્રેમ ઓછો છે. પણ એ કદાચ સત્યના વધુ સાચા સ્વરૂપને પામવાનો પ્રયત્ન કરે છે. આ વિધાન સામે મોટો પડકાર ફેંકી શકાય એટલી તર્કની ભૂમિ રહી છે, છતાં એમાં કયાંક સત્ય રહ્યું છે જેનો ચહેરો આપણને એવો પડકાર ફેંકતા રોકે છે.

એ જ રીતે દેશ માટેનો પ્રેમ અને દુનિયા માટેનો પ્રેમ એ બે વચ્ચે પસંદગી કરવાની ક્ષણ પણ કયારેક આવે છે. નાઝી જર્મનીમાં દેશ અને માનવતા વચ્ચેથી જેમણે જેમણે માનવતાની પસંદગી કરી દેશ છોડી દીધો એ માણસોની યાદી બનાવવા જેવી છે. આ લોકો જો દેશ છોડી ન ગયા હોત તો નાઝી જર્મની દુર્જેય બની ગયું હોત!

પણ આ બહુ નાજુક સવાલ છે. અને આવા નાજુક સવાલ વિશે પસંદગી કરનારાઓને થોડા સમય માટે દ્રોહી જેવા શબ્દો સાંભળવા પડે છે, પણ આખરે તેઓનો સ્વીકાર થાય છે, શરત એટલી જ કે તેમના આ કહેવાતા દ્રોહ પાછળ સત્ય માટેની વફાદારી હોય!

કારણ – આપણે આગાઉ જોયું એમ સત્યની સ્વયંપ્રકાશિત સ્થિતિ છે. સત્ય પોતાના જ તેજથી ઝળહળે છે. સત્યની સાબિતી સત્ય પોતે જ છે : બધા જ ધર્મોના મિલનસ્થાનમાં તમે દેવોની વાત કરશો તો કદાચ સંપ્રદાય પ્રવેશશે, પણ જો સત્યની વાત કરશો તો સંપ્રદાય નહીં આવે!

હરીન્દ્ર દવે

સાભાર સ્વીકાર

મારી જીવનયાત્રા : લેખક : જયપ્રકાશ નારાયણ, પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, હુઝરાતપાગા, વડોદરા-૧, કિંમત : ત્રણ રૂપિયા.

ઉચ્ચ જીવન : લેખક ડૉ. હરિપ્રસાદ દેસાઈ, પ્રકાશક : વિઠ્ઠલદાસ પુરુષોત્તમદાસ પટેલ, 'જીવનદીપ', ગોપાળબાગ પાસે, રેસ કોર્સ સર્કલ, વડોદરા-૭, કિંમત : ૮૦ પૈસા.

ત્રિપુટી કાવ્યસંકલન : રચયિતા : જયમલભાઈ' યાદવ, બચુભાઈ કામ્બડ, જયદેવભાઈ દવે, પ્રકાશક : પ્રેમશંકર ન. ભટ્ટ, નિયામક : શિશુવિહાર શૈક્ષણિક વિભાગ, કૃષ્ણનગર, ભાવનગર-૧, કિંમત : બે રૂપિયા.

પંચાયતપોથી : લેખક : રિખવદાસ જે. શાહ, પ્રકાશક : સવિતા પ્રકાશનગૃહ, ૪, જવાહર સોસાયટી, મહેસાણા, કિંમત : સવા રૂપિયો.

ખાદીદર્શન : લેખક : વિનોબા : પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, હુઝરાતપાગા, વડોદરા-૧, કિંમત : દોઢ રૂપિયો.

અકિંચન કોઈ નથી

'હું અત્યંત ગરીબ દીન-હીન સ્થિતિમાં છું. મારી પાસે એક ફૂટી કોડી પણ નથી. મને કંઈક મદદ કરો.'

'ઠીક છે, યુવાન, તારી પાસે આ બે મજબૂત હાથ છે એ મને આપી દે તો હું તને એના દસ હજાર રૂપિયા આપીશ.'

'હાથ વિના તો હું સાવ નકામો થઈ જઈશ એટલે હાથ તો કેમ આપી શકાય?'

'તો પછી આ તારી બે સુંદર આંખો. એ શું તું આપી શકે છે? એના તને વીસ હજાર રૂપિયા આપીશ.'

'આંખો વિના તો હું આંધળો થઈ જઈશ. બિલકુલ કંઈ કામનો નહિ રહું.'

'અચ્છા, તો પછી જવા દો આંખોની વાત. તારા આ બે પગ આપી શકશે? એના પણ હું દસ-બાર હજાર રૂપિયા આપી શકું તેમ છું.'

'હું તો તમારી પાસે કંઈક મદદ મળશે એવી આશાએ આવ્યો હતો અને તમે તો મને અપંગ અને નકામો બનાવી દેવાની વાત કરો છો. મને તમારી વાત સમજાતી નથી.' યુવાનનું ધૈર્ય તૂટી રહ્યું હતું.

'આ જ તો વાત છે. તું દીન-હીન નથી, સશકત છે. તારી બધી જ ઈન્દ્રિયો તારી અણમોલ સંપત્તિ છે. કોઈ પણ સ્થિતિમાં તું એમાંથી એકેને છોડવા તૈયાર નહિ થાય. આ એક એવી સંપત્તિ છે કે જેની પાસે ૨૦-૨૫ હજાર રૂપિયા તો શું લાખ રૂપિયાની પણ કંઈ કિંમત નથી. આટલી અમૂલ સાધનસંપત્તિનો તું માલિક છે પછી તું તને દીન-હીન શા માટે ગણે છે?'

ટાલ્સ્ટોયની આવા આશયવાળી એક કથા એકવાર વાંચવામાં આવી હતી. દુનિયામાં કોઈ પણ માણસ 'હેવ-નોટ' (અકિંચન)ની સ્થિતિમાં નથી. બધા જ 'હેવ્સ'–કંઈક પોતાની પાસે હોય એવા જ છે. લોકો પૈસાને સંપત્તિ માને છે. પણ માણસની પાસે શરીર-ઈન્દ્રિયો-મન-બુદ્ધિ અને હૃદય છે. એનાથી વધારે મોટી બીજી કોઈ સંપત્તિ નથી. જો આટલું સમજી શકાય તો દુનિયામાં કોઈ અભાવગ્રસ્ત રહેશે નહિ. બધાની પાસે કંઈ ને કંઈ સંપત્તિ હોય જ છે. દરેકની પાસે પ્રકૃતિએ આપેલી કોઈક વિશેષ બક્ષિસ પણ હોય જ છે. પોતાની એ વિશેષતાને સમજીને એ દિશામાં આગળ વધવું એ માણસને માટે સાચો રસ્તો છે. પોતાના ભાગ્યને દોષ દેતાં માથે હાથ દઈને બેસી રહી નિરાશાને હમેશને માટે પોતાની સાથી બનાવવાનો કોઈ અર્થ નથી. પોતાનામાં વિશ્વાસ-આત્મવિશ્વાસ એ સાચી સંપત્તિ છે.

હમણાં જ એક વાત વાંચવામાં આવી. સત્તર વર્ષનો એક નિગ્રો છોકરો. ગોરા છોકરાઓ એને હમેશાં સતાવ્યા કરતા હતા. બાળપણમાં જ એણે પોતાનાં માતાપિતાને ગુમાવી દીધાં હતાં. એ આશ્રયહીન હતો. એને કોઈનો પ્યાર મળ્યો નહોતો. પોતાની આવી જિંદગીથી થાકીને એ આત્મહત્યા કરવા માટે નીકળે છે. પણ કોઈએ એને જેમતેમ સમજાવીને બચાવી લીધો. એની આ માનસિક વિફળતાની સ્થિતિમાં એને એક વૃદ્ધા મળી. એ વૃદ્ધાને પોતાને પણ જમાનાનો સારો એવો માર પડયો હતો. એનો ઘણો મોટો પરિવાર હતો. ઘણું મોટું ઘર અને અઢળક સંપત્તિ હતી. પણ યુદ્ધના વિનાશમાં એ બધું ભસ્મીભૂત થઈ ગયું હતું. એ એકલી જ આ વિનાશમાંથી ઊગરી હતી. પણ એનામાં અજબની શ્રદ્ધા હતી. એનું જીવન શોકમાં વીત્યું છે. આમ છતાં યે એ માને છે કે આ પૃથ્વી પર દરેક મનુષ્ય કોઈ એવું કામ કરવા માટે આવે છે, જે કામ કેવળ એ પોતે જ કરી શકે તેમ હોય છે. આ એની જીવતી-જાગતી શ્રદ્ધા છે અને એની આ શ્રદ્ધાને લીધે નિરાશા એની પાસે ફરકી શકતી નથી. આ શ્રદ્ધા સાથે જ એ ૧૭ વર્ષના નિગ્રો તરુણ પાસે આવે છે.

વૃદ્ધાની વાતો સાંભળીને પણ એ છોકરો, એના જેવો માતા-પિતાવિહોણો એક નિગ્રો છોકરો, દુનિયામાં કંઈ કરી શકે એવું માનવા તૈયાર નથી. પણ એ વૃદ્ધા કૃતનિશ્ચયી છે. એ આ છોકરાને પોતાની જે શ્રદ્ધા છે એનો સાક્ષાત્કાર કરાવવા માગે છે. આ છોકરા પાસે ત્યારે તો કોઈ માર્ગ નથી એટલે એ વૃદ્ધાની સાથે જાય છે.

વૃદ્ધા એને પોતાના નાનકડા બગીચામાં કામ આપે છે કે જેથી એ કુદરતની ઉદારતાનો સાક્ષાત્કાર કરી શકે, કુદરતની કરામતને પ્રત્યક્ષ પોતાની આંખોથી જોઈ શકે. વૃદ્ધા એ છોકરાની પાસે બીજારોપણ કરાવે છે, પાણી સીંચાવે છે, બીજ ફાટીને છોડ બહાર આવવા લાગે છે, પાણી મળવાથી આ છોડ પ્રફુલ્લિત થાય છે. આ દશ્ય જોઈને છોકરાનું હૃદય નાચી ઊઠે છે. પોતાના પરિશ્રમથી પાકેલાં શાકભાજી–ફળ એ ખાય છે. એનો આત્મવિશ્વાસ, આનંદ વધવા લાગે છે. બગીચાના એક ખૂણામાં વાંસનાં વૃક્ષ છે. એમાંથી એ વાંસ તોડીને લાવે છે અને એમાંથી વાંસળી બનાવે છે. વાંસળી પર એ નવા નવા રાગ છેડે છે. વૃદ્ધા સંગીતના સૂર સાંભળીને પ્રસન્ન થાય છે. બંનેના જીવનમાં ફૂલોની સુગંધ, સંગીતના સૂર સૌરભ લાવે છે, બંને એકબીજાના જીવનને સમૃદ્ધ કરે છે.

છોકરો ખેતરમાં કામ કરે છે અને સાથેસાથે અભ્યાસ પણ કરે છે. એની શાળાનો સમય પૂરો થતાં જ એ તરત જ અંધશાળામાં ભણાવવા માટે જાય છે. એને પોતાના દુર્ભાગ્યમાંથી ઘણું શીખવાનું મળ્યું છે એટલા માટે અંધોના દુર્ભાગ્યની એ કલ્પના કરી શકે છે. એમના માટે એને સહાનુભૂતિ છે. અને એ હૃદયપૂર્વક નેત્રહીનોની સેવા કરે છે. એને અંધ બાળકોનો પ્રેમ, આદર અને વિશ્વાસ મળ્યો છે. બાળકોને પણ એની પાસેથી ભરપૂર પ્રેમ મળે છે અને તેઓ પણ એને એ જ રીતે ભરપૂર પ્રેમ આપે છે. થોડાં વર્ષ પહેલાં નિરાશાની આંધીમાં આત્મહત્યા કરવા પ્રવૃત્ત થયેલો એ છોકરો હવે જીવનની સાર્થકતાને પામી શકયો છે. પેલી વૃદ્ધાની શ્રદ્ધાએ ચમત્કાર કરી બતાવ્યો છે અને એ જાદુ-ચમત્કાર હવે આટલેથી અટકે એમ થોડો છે? એના દ્વારા હવે એ પરંપરા આગળ વધવાની છે, કેમ કે એ છોકરાને પોતાને એ શ્રદ્ધાનો સાક્ષાત સ્પર્શ થઈ ચૂકયો છે.

* * *

શરીર, મન, બુદ્ધિ અને હૃદય – આ ચતુર્વિધ સાધનોથી સંપન્ન એવું માનવજીવન કદી જ વિફળ થઈ શકે નહિ. વિફળતા તો ત્યારે પ્રાપ્ત થવાનો સંભવ છે કે જ્યારે આ સાધનોની ઉપેક્ષા કરીને માણસ સત્તા અને સંપત્તિના મૂલ્યને પોતાના જીવનનો ધ્રુવતારક બનાવે છે. સત્તા-સંપત્તિ માણસને લલચાવે એવી ચીજો છે, પરન્તુ એ સાવ અસ્થિર વસ્તુ છે. એટલા માટે માણસને સ્થિરતા બક્ષી શકે એટલું સામર્થ્ય એમાં નથી.

સંપત્તિના આધારે બાહ્ય સાધનો ગમે તેટલા મોટા પ્રમાણમાં મળે તો પણ માણસને એના કેન્દ્રબિન્દુથી એ દૂર ધકેલી મૂકે છે. એના મોહમાં ફસાયા વિના જે પોતાની અસલી સંપત્તિને ઓળખે છે એ આસ્તિક, શ્રદ્ધાવાન છે.

અને આસ્તિકતાની આ પૂંજી પર જ દુનિયાની નૌકા ચાલે છે. એટલે આ નૌકામાં સત્તા-સંપત્તિનું પાણી જ્યાં જ્યાં ભરાય ત્યાંથી એને દૂર કરવાનું માણસનું કર્તવ્ય છે. કબીરદાસના શબ્દોમાં કહીએ તો –

પાની બાઢો નાવ મેં ઘર મેં બાઢો દામ
દોનો હાથ ઉલીચિયે યહી સયાનો કામ.

હિન્દી 'મૈત્રી' માંથી 'ઉષા'

તમારું ખરું કર્તવ્ય

લોકો અવારનવાર આમ કહે છે, "જિંદગીમાં કંઈક સારું કામ તો કરવું જોઈએ પરંતુ જુઓ ને! આ ઘરબાર અને વેપારધંધાની જવાબદારીમાં એવા તો ગૂંચવાયા છીએ કે કરવા ધારીએ તો પણ કંઈ થઈ શકતું નથી."

ઘર કરી બેઠેલી આ માન્યતા ઘણી ભૂલભરેલી છે એમ હું કહીશ. માણસ ધારે તો જ્યાં હોય ત્યાં રહીને પણ બીજાઓને કોઈ ને કોઈ રીતે ઉપયોગી થઈ શકે છે. નિઃસ્વાર્થ રીતે થતાં કામો જ આપણા જીવનને ઉન્નત બનાવી સાચું સુખ અને શાન્તિ આપે છે. અંતરની આ સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માણસે પોતાની ફરજ પ્રત્યે વફાદાર રહેવું જોઈએ તેમ જ કામની બાબતમાં અંગત પસંદગીનો આગ્રહ છોડવો જોઈએ

જીવનને ઉમદા બનાવનાર આવાં કાર્યો તમારી રોજિંદી પ્રવૃત્તિનો જ એક ભાગ છે એમ હું માનું છું. અહીં એક બાબત ખાસ ધ્યાનમાં લેવાની કે આના બદલામાં આપણને કોઈ પ્રકારના દુન્યવી લાભો નથી સાંપડતા પરંતુ આપણી આંતરિક શકિત એટલી સમૃદ્ધ થાય છે કે આપણે વધુ ને વધુ મહાન કાર્યો કરવાને શકિતમાન થઈએ છીએ. પોતાનાં અંગત હિતોને ભૂલી જઈ સમાજને સાચી રીતે ઉપયોગી નીવડે એવા માણસોની આજે જગતને ખૂબ ખૂબ જરૂર છે. આવી વ્યકિત પર જ કુદરતની મહેર વરસે છે તેમ જ તેના હાથે થતી પ્રવૃત્તિઓની વિશિષ્ટ ગણના થાય છે.

આજે આપણે સૌ અંધારામાં અટવાઈએ છીએ તેનું કારણ એક જ છે કે કોઈ પણ કામની પાછળ જે તાત્ત્વિક દૃષ્ટિ જોઈએ તેને આપણે તદ્ન વેગળી જ કરી મૂકી છે. આપણા માનસ પર નવા જમાનાની એટલી તો તીવ્ર અસર છે કે વ્યકિતવિકાસને જાણે કોઈ અવકાશ જ નથી રહ્યો. આધુનિક વિચારધારાએ આપણા ચારિત્ર્ય-વિકાસને રૂંધી નાખ્યો છે એટલે અંશે આજની સંસ્કૃતિ દોષિત છે.

આનો ઉપાય એક જ છે કે માણસ પોતાની બાબતોમાં ગમે તેટલો રોકાયેલો રહેતો હોય તો પણ બીજાના હિત માટે કંઈ પણ કરવા હમેશાં તત્પર રહે. પરમાર્થનાં કામોમાં કામ નાનું છે કે મોટું તે મહત્ત્વનું નથી. કામ પાછળની ઉચ્ચ ભાવનાનું જ ખરું મૂલ્ય છે. લાંબે દોડયા વગર જ્યાં હોઈએ ત્યાં જે તક મળે તેને ઝડપી લઈએ એટલું જ બસ છે.

આપણી એક નબળાઈ એ છે કે એક ચાલ્યા આવતા ચીલામાં જ આપણે જીવ્યે જઈએ છીએ. થોડા જાગૃત થઈએ તો આપણને જણાશે કે આપણી આજુબાજુના લોકોને આપણી સહાયની ઘણી ઘણી જરૂર છે. કેવળ મોટી બાબતો જ નહિ, સામાન્ય ગણાતી બાબતોમાં પણ આપણી શકિત અને આવડતનો લાભ બીજાને આપણે આપી શકીએ છીએ.

મેં અનુભવેલો એક પ્રસંગ કહું છું: જર્મનીમાં એક દિવસ હું ત્રીજા વર્ગમાં મુસાફરી કરી રહ્યો હતો. મારી સાથે એક યુવાન અને વૃદ્ધ પણ હતા. નજીકના મોટા શહેરમાં પહોંચતાં તો અંધારું થઈ જશે એમ વાતવાતમાં પેલા યુવાને કહ્યું. આ સાંભળી પેલો વૃદ્ધ આદમી ચિંતાતુર ચહેરે બોલ્યો, "અરેરે! હું શું કરીશ! મારો એકનો એક દીકરો દવાખાનામાં મરણપથારીએ છે. તાર આવ્યો એટલે દોડયો પણ ભેટો થશે કે કેમ તે પ્રભુ જાણે! અંધારું થઈ જશે ને શહેરથી સાવ અજાણ્યો છું. જે થાય તે ખરું!"

આ સાંભળી પેલો યુવાન બોલી ઊઠયો, "તમે જરા પણ ગભરાશો નહિ. હું એ શહેરથી પરિચિત છું. તમને દવાખાના સુધી પહોંચાડી બીજી ગાડી પકડી લઈશ. એમાં શું?"

સ્ટેશન આવતાં બંને સાથે ઊતરીને શહેર ભણી જઈ રહ્યા તે હું ગદ્‌ગદ્ ભાવે નિહાળી રહ્યો. ધરતીના એક ખૂણે થઈ રહેલી આ નાનકડી સેવાનું મૂલ્ય કોણ આંકી શકશે! બીજાની જરૂરિયાતને સમજી તમે પણ આ પ્રકારની સહાય બીજાને કરી શકો છો.

પહેલા વિશ્વવિગ્રહ દરમ્યાન એક ઈંડાં વેચવાવાળો વૃદ્ધાવસ્થાને કારણે સૈન્યમાં જોડાઈ શકે તેમ નહોતું. ફુરસદના સમયમાં કંઈક મદદરૂપ થવાની તેણે તૈયારી બતાવી પણ કોઈએ તેની વાતને લક્ષમાં લીધી નહિ. છેવટે તેણે પોતાની આવક ફાળામાં નોંધાવી. બહારગામના સૈનિકોને ફરજ પર જતાં પહેલાં શહેર જોવા જવાની તક આપવામાં આવી. આ પ્રસંગે ઈંડાં વેચનાર વૃદ્ધ આદમીએ સુંદર સેવા બજાવી. સૈનિકોને લંડન શહેર બતાવવા માટે ભોમિયા તરીકે તેણે રોજ રાતના નિયમિત સેવા આપી.

સંકોચની લાગણીને કારણે ઘણીવાર આપણે અજાણ્યા સાથે ભળી શકતા નથી. આપણી કયાંક અવગણના થશે એ ભીતિ મોટા ભાગના માણસોને નિષ્ક્રિય બનાવી દે છે. કોઈ પણ પ્રકારની ટીકાના ભયથી સમજુ અને સાહસિક માણસોએ મુકત થઈ જવું જોઈએ. એકલાઅટૂલા રહેવાની મનોવૃત્તિ એ એક પ્રકારની નબળાઈ છે. આપણે હાથ ધરેલી પ્રવૃત્તિ પાછળ ઊંડી સૂઝ, ડહાપણ અને વિવેકપૂર્ણ દૃષ્ટિ હશે તો આપણા અંતરનાં દ્વાર ઊઘડશે એટલું જ નહિ સામાના દિલનાં બંધ દ્વારો પણ ખુલ્લાં થશે.

મોટાં શહેરોમાં વસતી પ્રજાનાં દિલ મોકળાં બને એની ખાસ જરૂર છે. નાનાં શહેરો અને ગામડાંમાં લોકો સહકારની ભાવનાથી પરસ્પર સંકળાયેલા હોય છે જેનો શહેરમાં અભાવ નજરે પડે છે. પોતાનામાં જ રચ્યાપચ્યા રહેતાં શહેરીજનોના વિશાળ સમુદાયમાં પ્રેમ અને ઐકયની ભાવના જાણે બિચારી એકલીઅટૂલી પડી ગઈ છે! શહેરીજનો પોતાની આ ખામીની ખાસ નોંધ લે અને માણસાઈ બતાવવાના પ્રસંગો આવે તેને ચૂકી ન જાય.

ઑફિસમાં, કારખાનામાં, દુકાનમાં કે મુસાફરીની પળોમાં—તમે જ્યાં હો ત્યાં-બીજાને કંઈક સારું જરૂર આપી શકો છો. ટ્રામ કે બસમાં તમારા સહપ્રવાસી સામે એક અમીદૃષ્ટિ કરીને કે મીઠું મલકીને તેની અંગત મથામણો કે યાતનાઓને ભુલાવી દઈ શકો છો. અંધકારના આવરણને ભેદવા સૂર્યનું એક નાનકડું કિરણ બસ થઈ પડે છે! તમારો એકાદ સૌજન્યપૂર્ણ વ્યવહાર બીજાના જીવનમાં શું અસર કરી જાય છે તેનો તમને ખ્યાલ પણ નથી હોતો.

મારા ભૂતકાળને યાદ કરું છું તો અનેક લોકોએ મને પ્રેમ આપ્યો છે, સાચી સમજણ આપી છે. કોઈ ને કોઈ રીતે મારા જીવનઘડતરમાં ભાગ ભજવનાર એ સૌનો હું ઋણી છું. મારા દિલમાં તેમણે જે સ્થાન મેળવ્યું છે તેની તેઓને તો જાણ પણ નથી. હું પણ એ સૌની સાચી કિંમત અત્યારે જ વધુ સમજી શકું છું.

બીજાઓ માટે આપણે કોઈ ને કોઈ રીતનો ભોગ આપવાનો છે તો તેઓએ પણ આપણા માટે કંઈ કરવું જોઈએ કે નહિ એ સવાલ આપણને થાય એ તદ્ન સ્વાભાવિક છે. અહીં આપણે ખાસ સમજી લેવાનું છે કે આપણી બધી જ અપેક્ષાઓ આપણા ધારવા પ્રમાણે પૂર્ણ ન પણ થાય. પરંતુ જે કંઈ આપણા માટે થઈ રહ્યું હોય તેની નોંધ લઈ માનવતા પરનો વિશ્વાસ જાળવી રાખી આપણા કર્તવ્યમાં આપણે આગળ વધવાનું છે. તમે જે પ્રકારનું જીવન જીવો છો તેની આજુબાજુના લોકો પર ઘણી અસર થાય છે એ વાતનું સતત સ્મરણ રાખજો.

બીજાઓ કરતાં તમારું ગૃહજીવન વધુ સુખી હોય, તમારું આરોગ્યબળ વધુ હોય, બુદ્ધિબળ વધુ હોય કે જીવનના અન્ય લાભોને પામવા તમે વધુ ભાગ્યશાળી નીવડયા હો તો તેને તમારી આગવી

મૂડી માની તેની આસક્તિમાં બંધાઈ ન રહેશો. કુદરતની મહેરથી તમે જે પામી શકયા હો તેના બદલારૂપે તમારા જીવનનો થોડો ભોગ બીજાના કલ્યાણ માટે અવશ્ય આપજો.

જેને જીવનમાં વિશિષ્ટ રીતે સહન કરવાના પ્રસંગો આવ્યા છે તેને ભાગે કામ કરવાનું પણ વિશિષ્ટ રીતનું હોય છે. દા.ત. કોઈ શારીરિક યાતનાથી તમે અને તમારા સાથીદાર પીડાઈ રહ્યા છો. માનો કે તમને તેમાંથી મુકિત મળી. પરંતુ એથી કરીને તમારે નિરાંત અનુભવીને બેસી નથી જવાનું. તમે એક દુ:ખમાંથી મુકત થયા, ફરજમાંથી નહિ. જે રાહત તમને મળી તે રાહત તમારા પીડાગ્રસ્ત સાથી-દારને મળે એ માટે તમારે તેને મદદરૂપ થવાનું છે. કોઈ ઑપરેશનથી તમે મૃત્યુ યા વેદનામાંથી ઊગરી ગયા હો તો એવો લાભ જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતા અન્ય દુ:ખી માનવને પણ મળે એ માટે તમારાથી બનતું બધું જ કરજો. એ જ રીતે કોઈ માતાનું લાડકવાયું બાળક બચી ગયું હોય કે કોઈ બાળકોનો વત્સલ પિતા તબીબોની કુનેહથી મૃત્યુના મુખમાંથી પાછો આવ્યો હોય તો સૌ, કુદરતની એ કૃપાના અધિકારી બીજા રિબાતા લોકો પણ બને એ માટે તેમને શકય તેટલી સહાય પહોંચાડવાની તમારી ઉમદા ફરજ ચૂકી ન જશો.

આપણું પોતીકું માનીને જેનું આપણે જતન કરીએ છીએ તેનો ત્યાગ કરવો એ ઘણી મહાન વસ્તુ છે. આપણી આર્થિક સ્થિતિ સદ્ધર હોય ને કોઈને પાંચ-દસ રૂપિયા આપીએ તો એ કંઈ બહુ નથી. શ્રીમંતોના લાખોના દાન કરતાં પોતાની અલ્પ બચતમાંથી બીજાને કંઈક આપતી વિધવાની નાનકડી સખાવતનું અનેકગણું મૂલ્ય છે નાટક-સિનેમા, રમતગમત, ડિનર-ડાન્સ કે કલબ-પાર્ટીઓમાં મોજ માણવા ઘણી હોંશથી સાચવી રાખેલા તમારા સમયનો ભોગ બીજાના કામ માટે કદાચ આપવો પડે તો તમારી બધી મજા મરી ગઈ એ ભાનથી દુ:ખી ન થશો. બીજાનું ભલું કર્યાનો જે આનંદ છે તેની ગુણવત્તા દુન્યવી મોજમજામાંથી મળતા આનંદ કરતાં ઘણી વધુ છે એટલી સમજણ કેળવજો.

નસીબને દોષ દેતા લોકોને ઘણીવાર આમ બોલતા હું સાંભળું છું: "ભગવાને થોડો પૈસો આપ્યો હોત તો દાનધર્મનું કંઈક કામ કરત." શું પૈસાને જ આપણે સમૃદ્ધિ કહીશું? જેનું દિલ પ્રેમ, ઔદાર્ય, દયા અને કરુણાથી સભર છે તે કંઈ જેવોતેવો સમૃદ્ધ નથી. સ્થાયી મૂલ્ય તો અંતરની સમૃદ્ધિનું છે એ આપણે કેમ ભૂલી જઈએ? સામા માણસની જરૂરિયાતને બરાબર સમજી આપણે વિચારપૂર્વકનો સહકાર આપી શકીએ તો જે રીતે આપણે તેને મદદરૂપ થઈ શકીએ છીએ તેની કિંમત દુનિયાની કોઈ પણ સંપત્તિ કરતાં વિશેષ છે; અને કુદરતનો નિયમ છે કે જ્યારે આપણે સાચા દિલથી કંઈ કરીએ છીએ ત્યારે બદલામાં આપણને અનેકગણો પ્રેમ અને સુખ મળે છે. જે આપણને વધુ ને વધુ આગળ ધપવામાં સહાય કરે છે.

સામાજિક સંસ્થાઓનું આયોજન ચોક્કસ પ્રકારનું હોય એ જરૂરી છે પરંતુ એમાં રહી જતી ખામીઓને વહીવટકર્તાઓએ પૂરા દિલથી કામ કરી દૂર કરવી જોઈએ. સંસ્થાઓ ચલાવવી એ સરળ કામ નથી. જેમ એક મોટરગાડી રાહદારીઓની અવરજવરવાળી સાંકડી ગલીઓના ગૂંચવાડામાં સરળ રીતે વેગ પકડી શકતી નથી તેમ અનેક ગૂંચવાડાભર્યા હોય તે સંસ્થાઓ સફળ રીતે કાર્ય કરી શકતી નથી.

સરકાર કે કોઈ પણ સંસ્થા પ્રત્યેની આપણી જવાબદારીમાંથી આપણે છટકી જવું ન જોઈએ. "મારા કોઈ પણ કાર્ય સાથે મારા માનવબંધુઓનું હિત જોડાયેલું છે?" બેલાશક! છે જ. ખરી રીતે આ સવાલ જ ઊભો ન થવો જોઈએ. આ કામ તો રાજ્યનું છે, પેલું કામ તો સરકારનું છે એમ કહી આપણે આપણો લૂલો બચાવ ન કરવો જોઈએ. આજે લોકો આ રીતે માનીને ચાલે છે એ આપણી મોટી કમનસીબી છે.

કૌટુમ્બિક જીવનમાં પણ યુવાન પેઢીનું ઘરના વૃદ્ધજનો પ્રત્યેનું બેદરકારીભર્યું વલણ આપણે માટે શરમરૂપ લેખાવું જોઈએ. એમને કદાચ નિવૃત્તિવેતન મળતું હોય તો એથી કરીને આપણે તેમને માટે કંઈ કરવાનું રહેતું નથી એમ નથી, માનવતાની ઉપેક્ષા કરવી એ ઘણું ખોટું છે. કારણ કે જગતમાં પ્રેમનો જે સિદ્ધાંત છે તેના આધારે જીવ જીવ સાથે સંકળાયેલો છે. આપણા સંબંધોની સળંગસૂત્રતા જાળવી રાખનારી એ જ અદ્‌ભુત કડી છે અને એ જ આપણી સાચી સંસ્કૃતિ છે. કુદરતના આ કાયદાને આપણે બેવફા ન બનીએ.

આપણાથી જે નીચા છે, ઊતરતા છે તેના પ્રત્યે સદ્‌ભાવ રાખીને આપણે આપણી જીવનશકિતને વધુ સમૃદ્ધ કરી શકીએ છીએ. આજે આપણે એકબીજા પ્રત્યે નિષ્ઠુર રીતે વર્તીએ છીએ તેનું કારણ એક જ છે કે આપણા અંતરમાં દયા, પ્રેમ અને કરુણાની સરવાણી સુકાઈ ગઈ છે. બીજાને સાચી રીતે સમજી તેની ભૂલો તરફ ઉદાર વલણ રાખવાથી આપણી ચેતના નિર્મળ બને છે. "હા! પણ હું એને શા માટે માફી આપું?" આ હઠીલો સવાલ આવીને ઊભો જ રહેશે. આપણે એ સૌજન્ય દાખવતાં એટલો જરૂર વિચાર કરવાનો છે કે જે દોષો સામાએ કર્યા એ દોષોથી આપણે કંઈ મુકત નથી. આટલા વિચારશીલ જો આપણે ન બની શકીએ તો આપણી જાત પ્રત્યેની નિષ્ઠા એટલી ઓછી છે. દંભી, લુચ્ચા, નિષ્ઠુર, દુરાચારી પ્રત્યે મારે સમભાવ કેળવવાનો છે, કારણ કે હું પણ કયારેક દંભી બન્યો છું, મેં પણ લુચ્ચાઈ કરી છે, મારા વ્યવહારો પણ દોષિત રહ્યા છે. મારા જીવનપટને લાગેલા દોષોના આ બધા જ ડાઘાઓ તરફ જરા નજર કરી મારે સામાને ક્ષમા આપવાની છે, જરા પણ દેખાવ કર્યા વગર શાન્ત મૂક ભાવે.

દિલના આટલા ચોખ્ખા બનવું એ સહેલું તો નથી જ પરંતુ જે પ્રયત્નશીલ રહે છે તે એક દિવસ જરૂર આત્માના મહાવિજયનો આનંદ માણી શકે છે.

કોઈ માણસે ખોટું કર્યું તો તે આવીને આપણી પાસે ક્ષમા માગે તેની રાહ આપણે જોવાની? ના! એ આપણી પાસે આવે નહિ અને આપણે તેને જતો ન કરીએ એ ખોટું છે. એ કરતાં "કશું જ બન્યું નથી" એવું વલણ રાખીએ તો?

રેલવે સ્ટેશનમાં ઝાડુ લઈને સફાઈ કરતા માણસને હું જોઉં છું. પોતાના સફાઈકામમાં આગળ વધતો એ માણસ જરા પાછું વળીને જુએ તો તેણે ઘડી પહેલાં સાફ કરેલી જગ્યાને લોકોએ તરેહતરેહનો કચરો ફેંકી સાવ બગાડી મૂકી છે. છતાં તેણે ગુસ્સે થયા વગર પોતાનું કર્તવ્ય બજાવ્યે જવાનું છે. આપણું વલણ પણ આ જ રીતનું હોવું જોઈએ. અર્થહીન બાબતોને દૂર કરી સારાં તત્ત્વોને અપનાવવાં. હું તો મારા જીવનમાં સદા પુરુષાર્થ કરતો જ રહ્યો છું. પાનખરમાં નકામાં પાન ખરે જ નહિ તો વસંતમાં સુંદર રળિયામણાં પાનનું સ્થાન કઈ રીતે રહે?

ઉષ્ણ પ્રદેશના જંગલમાં મારી પત્ની સાથે ગાળેલું મારું જીવન કેવું અદ્‌ભુત હશે એમ તમને કદાચ થાય. મને પ્રાપ્ત થયેલા એ સંજોગો હતા. તમે પણ જ્યાં હો ત્યાં અનેક નાની-મોટી કસોટી દ્વારા તમારા જીવનનું અદ્‌ભુત ઘડતર કરી શકો છો. પ્રેમ અને સેવાનો આ માર્ગ દુર્ગમ છે અને એમાં માનવે ઘણી કપરી કસોટીમાંથી પસાર થવાનું છે, પરંતુ એમાંથી પ્રાપ્ત થતા આનંદ પાસે દુનિયાના બધા જ આનંદો તદ્દન ફિક્કા છે.

મૂળ અંગ્રેજી: **શ્રી આલ્બર્ટ સ્વાઈત્ઝર**

અનુવાદક: **સૌ. શારદાબહેન શાહ**

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : **૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬** મુદ્રણસ્થાન : **ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧**

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડિસેમ્બર ૧૬, ૧૯૭૨, શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ ભાવિનો પડકાર ☆

દરરોજ સવારે વર્તમાનપત્રો વાંચીએ ત્યારે આપણા દેશમાં અને દુનિયાના બીજા દેશોમાં મોટો ખળભળાટ અને અશાન્તિ પ્રવર્તે છે એમ જોઈએ છીએ. વ્યકિત તરીકે આપણે તેમાં ઘસડાઈએ છીએ અને નિરુપાય હોઈએ એવો અનુભવ થાય છે. જે પરિબળો આવી પરિસ્થિતિ સર્જે છે તે એટલાં વ્યાપક, જટિલ અને બળવાન છે કે આપણને એમ જ થાય કે તે આપણા કાબૂબહારનાં છે એટલું જ નહિ પણ આપણે સમજી પણ શકતા નથી. આવું માત્ર એક જ ક્ષેત્રમાં બને છે એમ નથી, જીવનના દરેક ક્ષેત્રમાં આવું બની રહ્યું છે-ધાર્મિક, રાજકીય, આર્થિક, સામાજિક, કૌટુંબિક, શૈક્ષણિક વગેરે. સામૂહિક જે બની રહ્યું છે તે વ્યકિતગત જીવનમાં અનુભવીએ છીએ અને ન ગમતું હોય તો પણ વ્યકિતગત જીવન આ સામૂહિક પ્રવાહને અનુરૂપ કરવું પડે છે, એમાં તણાવું પડે છે. ઉપલક દષ્ટિએ જોતાં, ઘણા બનાવો છૂટાછવાયા લાગે અને તેના પૂરતો કાંઈક ઉપાય માટે પ્રયત્ન કરવામાં આવે છે. એ પ્રયત્ન જોઈએ તેટલો સફળ થતો નથી, કારણકે આ અસંબંધિત દેખાતા બનાવોનું ઉદ્‌ગમસ્થાન એક છે અને તેનો ઉપાય પણ કદાચ એક છે– એ આપણે વિચાર્યું નથી. વળી એ પણ લક્ષમાં રાખવું જોઈએ કે કોઈ એક જ દેશ કે પ્રજા આ ઉત્પાતથી પીડાય છે એમ નથી, દુનિયા ખરેખર એક થતી જાય છે અને તેને કારણે એક દેશમાં બનતા બનાવો, વિચારો અને જીવનનાં વહેણોની અસર બીજા દેશો ઉપર થાય છે. પશ્ચિમનો પવન પૂર્વમાં વાય છે, પૂર્વનો પશ્ચિમમાં.

સૌથી પ્રથમ આપણું ધ્યાન ખેંચે એવી વસ્તુ એ છે કે જીવનમાં હિંસા – શારીરિક અને માનસિક -- ખૂબ વધતી જાય છે.

હિંસાનું મોટું કેન્દ્રસ્થાન રાજ્ય છે– લશ્કર અને પોલીસ. કાયદો અને વ્યવસ્થા જાળવવાના નામે અને દેશની સલામતીને નામે લશ્કર અને પોલીસનો ઈજારો રાજ્યનો છે. દરેક રાજ્ય લશ્કર અને પોલીસનું ખર્ચ વધારતું જાય છે. અમેરિકાના અબજો ડૉલરના બજેટમાં લગભગ ૫૦ ટકા "સંરક્ષણખર્ચ" છે. આ ખર્ચ સંરક્ષણ માટે છે કે આક્રમણ માટે તેના વિવાદમાં અત્યારે ન ઊતરીએ. અમેરિકા લગભગ ૮૩ અબજ ડૉલર- ૬૦૦ અબજ રૂપિયા- "સંરક્ષણ" માટે ખર્ચે છે. અમેરિકા ઉપર કોઈ આક્રમણ થયું હોય એવું હજુ સુધી બન્યું નથી. થોડા દિવસ પહેલાં જ યુરોપ અને અમેરિકાના લશ્કરી સંગઠન – નાટો–ની બેઠક મળી હતી. બધા દેશોએ પોતાનું લશ્કરી ખર્ચ વધારવાનો નિર્ણય કર્યો. અમેરિકાએ કહ્યું કે યુરોપના દેશો લશ્કરી ખર્ચ વધારવા તૈયાર ન હોય તો અમેરિકા યુરોપમાંથી પોતાનું લશ્કર કમી કરશે અથવા પાછું ખેંચી લેશે. વિયેટનામનું યુદ્ધ પૂરું થતાં અમેરિકા લશ્કરી ખર્ચ ઘટાડશે એમ માનવામાં આવતું. મેકગવર્ન એવી નીતિ જાહેર કરી હતી. નિક્સને એ ખર્ચ વધારવાનો નિર્ણય કર્યો છે. કયા દુશ્મનની સામે આ તૈયારી થાય છે? રશિયા અને પૂર્વ યુરોપના દેશો? ચીન અને રશિયા સાથે સંબંધો સુધર્યા છે તેમ કહેવાય છે – હકીકતમાં પણ કાંઈક તેમ છે. છતાં આવું વર્તન કેમ? અમેરિકન સંરક્ષણમંત્રીએ કહ્યું કે આપણે સબળ હોઈએ તો જ સામો પક્ષ નમનું મૂકે અથવા સમજૂતી ઉપર આવે. આ જૂનીપુરાણી દલીલ છે. બધા રાજદ્વારી પુરુષો આગળ કરતા આવ્યા છે. નિ:શસ્ત્રીકરણ પરિષદો ઘણી કરી – ૨૫ વર્ષથી ચાલે છે. રાષ્ટ્રસંઘ ઊભો કર્યો, માનવજાતને યુદ્ધના દૈન્યથી બચાવવા. આમાં દેશના સંરક્ષણ કરતાં વેપાર ઉદ્યોગનાં આર્થિક હિતો અને સ્વાર્થ કેટલાં સમાયાં છે તે જોવાનું રહે છે. અમેરિકા અને બીજા મોટા દેશો દુનિયાના ઘણા દેશોને લશ્કરી સરંજામ મોટા પ્રમાણમાં પૂરો પાડે છે અને યુદ્ધને ઉત્તેજે છે.

દુનિયાના ઘણા વિચારકો અને અર્થશાસ્ત્રીઓએ પોકારીને કહ્યું છે કે લશ્કર પાછળ થતા ગંજાવર ખર્ચનો અંશ પણ ઓછો કરવામાં આવે તો કેટલું સામાજિક કલ્યાણ થઈ શકે અને ગરીબી ઓછી થાય. પ્રશ્ન એ છે કે શું ખરેખર માનવી શાન્તિ ઈચ્છે છે? નિ:શસ્ત્રીકરણ કરવું હોય, તે દિશામાં નાનું એવું પણ પગલું ભરવું હોય તો, કોઈક દેશે હિંમતપૂર્વક પહેલ કરવી પડે. શરૂઆત કોણ કરે?

હિંસાનું બીજું મોટું ક્ષેત્ર યુદ્ધ. વિશ્વયુદ્ધની વાત એક બાજુ રાખીએ પણ છેલ્લાં ૨૫ વર્ષમાં જે મર્યાદિત યુદ્ધો થયાં છે તેમાં પણ અસીમ હિંસા જોવા મળે છે. કોરિયામાં, વિયેટનામમાં, ઈજિપ્ત – ઈઝરાયલમાં, બંગલા દેશમાં, નાઈજીરિયા – બાયફ્રામાં, કરોડો માનવીઓને અકલ્પ્ય યાતનાઓ ભોગવવી પડી. કોઈ મર્યાદા રહી નથી. હૃદય પથ્થર બની ગયું હોય તેમ આપણે સૌ મૂક સાક્ષી થઈ રહેવું પડે છે.

વર્તમાન વિષમ પરિસ્થિતિને કારણે, સમાજમાં કેટલાક વર્ગો એવા ઊભા થતા જાય છે કે જે હતાશામાંથી માત્ર હિંસામાં જ માનતા થયા છે. ઉત્તર આયર્લેન્ડમાં આઈરિશ રિપબ્લિકન આર્મી (આઈ. આર. એ.) અને તેની સામે અલ્સ્ટર ડિફેન્સ ફોર્સ, યુ. ડી. એફ. ભયંકર હિંસક કૃત્યો કરે છે. નાના દેશની પ્રજા પરેશાન છે. ખુદ આયર્લેન્ડ, આઈ. આર. એ.થી વિરુદ્ધ છે. પેલેસ્ટાઈનના ગેરીલા આંધળા હિંસક કૃત્યો કરે છે. અમેરિકામાં અને દક્ષિણ આફ્રિકામાં હબસીઓ રંગભેદથી ત્રાસી બ્લેક પાવરની હિંસા ઉપર ચડયા છે. ઈંગ્લાંડમાં એન્ગ્રીબ્રિગેડ, મિનિસ્ટરો, પોલીસ, બૅન્કો બધે અત્યાચારો કરે છે. હમણાં ૮ જણ ઉપર ૬ મહિના કેસ ચાલ્યો. આ બધાને કોઈ ને કોઈ ફરિયાદ હોય છે. પોતે લીધેલ માર્ગ ખોટો છે તે પણ જાણે છે. રોગિષ્ટ માનસ ગણીએ કે માનસિક વિકૃતિ કહીએ. પોતાને થયેલ કે માની લીધેલ અન્યાયનો કોઈ ઉપાય નથી માટે આવો માર્ગ લે છે એમ કહેવાય. હિંસાના નવા પ્રકારો નિર્દોષ માણસોને ભોગ બનાવે છે. જમીન ઉપર કે આકાશમાં વિમાનો આંતરી લેવા

આને ઉતારુઓના જાન જોખમમાં મૂકવા. ટપાલમાં બૉમ્બ મોકલવા અને ટપાલીઓનો ભોગ લેવો. આપણા દેશમાં પણ એવું વાતાવરણ થતું જાય છે કે તોફાન કર્યા વિના કોઈ સાંભળવાનું નથી.

વિદ્યાર્થીઓનાં તોફાનો વિશે ઘણું લખાયું છે. આપણે ત્યાં પણ વધતાં જાય છે. દિલ્હી યુનિવર્સિટી, બનારસ યુનિવર્સિટી, બિહાર અને ઉત્તર પ્રદેશની યુનિવર્સિટીઓ બંધ કરવી પડી, શિક્ષકોની સામૂહિક હડતાળોને કારણે શિક્ષણસંસ્થાઓ લાંબા સમય બંધ રહે છે. કેટલાક શિક્ષકો વિદ્યાર્થીઓનાં તોફાનોને ઉત્તેજન આપે છે. દિલ્હી યુનિવર્સિટીના વાઈસ - ચાન્સેલર ડૉ. સ્વરૂપ અધ્યાપક હતા ત્યારે લોકપ્રિય હતા. વાઈસ ચાન્સેલર થયા એટલે અપ્રિય થયા. પોલીસને બોલાવે તો પોલીસ અક્રમ્ય હદે ગેરવર્તન કરી ઉત્તેજના વધારે છે. પોલીસ ઉપર જાણે તંત્રનો કાબૂ જ ન હોય એમ લાગે. પોલીસના જુલમો અને અત્યાચારો, જેલમાં, લોકઅપમાં, પ્રજા સાથેના સંબંધમાં, કેટલીક વખત એટલા બધા વધારે હોય છે કે પોલીસ ગુના ઓછા કરે છે કે વધારે છે તે કહેવું મુશ્કેલ થઈ પડે.

સામાજિક જીવનમાં સ્વતંત્રતાને નામે અથવા જૂના જડ રીતરિવાજો અને બંધનોના પ્રતિકારરૂપે, અસંયમ અને સ્વચ્છંદ માઝા મૂકે છે. થોડા વખત પહેલાં, પૂના નજીક "સ્નેહયાત્રા"માં ૩ થી ૪ હજાર યુવક-યુવતીઓએ જે સ્વૈરવિહાર કર્યો તે માની ન શકાય તેવો છે. તેની આગેવાની એક ક્રૅન્ચ મિશનરીની છે. દારૂ, કેફી પીણાંઓ અને દવાઓ – હાશીસ, મેરી જુઆના, એલ. એસ. ડી. નો ઉપયોગ, ખાસ કરી યુવક વર્ગમાં વધતો જાય છે.

આ વ્યાપક અસંતોષ અને અશાંતિનું મૂળ આર્થિક વિષમતાઓ, મોંઘવારી, ગરીબાઈ, બેકારી, વગેરે વિષે લખવાની અહીં જરૂર નથી.

કેટલાક લોકો એમ માને છે કે લોકોમાં આધ્યાત્મિકતા પ્રત્યે રુચિ વધતી જાય છે. ડોંગરે મહારાજ કે પાંડુરંગ શાસ્ત્રીનાં પ્રવચનો સાંભળવા હજારોની સંખ્યામાં લોકો જાય છે. યોગ અને ધ્યાન પાછળ ઘણા દોડે છે. બાલ યોગેશ્વર, આનંદમાર્ગ, રજનીશજીનો નવો સંન્યાસ, હરે કૃષ્ણ હરે રામ, શું નથી ચાલતું? મન્દિરો નવાં બાંધવાં હોય, ધાર્મિક અનુષ્ઠાનો કરવાં હોય, લોકો લાખો રૂપિયા આપે છે, ખર્ચે છે. મારા નમ્ર મત મુજબ આ બધામાં સાચી ધાર્મિકવૃત્તિનો અંશ બહુ ઓછો છે. અજ્ઞાનથી, અંધશ્રદ્ધાથી, નિરાશામાંથી, કીર્તિ માટે અથવા ખોટા આત્મસંતોષ માટેના આ વ્યર્થ પ્રયત્નો છે–અંતરના પોલાણનો પડઘો છે.

એ પણ યાદ રાખવું ઘટે કે મોટા ભાગના લોકો ગરીબ અથવા સામાન્ય સ્થિતિના છે. તેઓ સાદું જીવન જીવે છે અથવા જીવવા ઈચ્છે છે. તેઓ નથી સારા, નથી ખરાબ. તેમને સાચા માર્ગદર્શનની જરૂર છે. તેના અભાવે અનુકરણ અથવા દેખાદેખીના ભોગ બને છે.

વર્તમાન કટોકટીનાં ઘણાં કારણો છે, પણ એક કારણ ખાસ નોંધવા જેવું છે. વૈજ્ઞાનિક શોધખોળ – ટેક્નોલોજી – ના પરિણામે અસીમ ઉત્પાદનશક્તિ થોડા માણસોના હાથમાં આવી પડી છે; તેને કારણે અઢળક સંપત્તિ બહુ થોડી વ્યક્તિઓના હાથમાં જમા થઈ શકે છે; ભયંકર વિનાશક શસ્ત્રો સર્જ્યાં છે; વાહન અને સંદેશાવ્યવહારનાં સાધનોથી કેન્દ્રીકરણ ભયજનક કક્ષાએ પહોંચ્યું છે; મોટાં શહેરો થતાં અનેક આનિષ્ટો જન્મ્યાં છે; થોડા દિવસ પહેલાં વાંચ્યું કે લંડનમાં મોટરની જમાવટ એટલી થઈ ગઈ કે પ્રાઈમ મિનિસ્ટર હીથની મોટર આમસભાથી ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ જઈ ન શકી અને ચાલતા જવું પડ્યું. દૂષિત હવાના ઝેરથી માણસોનું સ્વાસ્થ્ય ભયમાં મુકાતું જાય છે. કણ્વનો શિષ્ય શકુન્તલાને દુષ્યન્તને ત્યાં મૂકવા ગયો ત્યારે, આશ્રમમાં રહેલ આ ઋષિબાળે કહ્યું કે માણસોથી ઊભરાઈ જતું આ શહેર આગ લાગેલા ઘર જેવું લાગે છે. ટોકિયો, ન્યૂ યૉર્ક કે પેરિસ જોઈને તેને શું થાય? વિજ્ઞાને ભોગ - ઉપભોગનાં સાધનો અમર્યાદ વધારી દીધાં છે. આ બધાં અનિષ્ટોનો એક અસરકારક ઉપાય વિકેન્દ્રિત રાજકીય, આર્થિક અને સામાજિક રચના છે પણ વિજ્ઞાને આપેલ સગવડો અને સાધનો સ્વેચ્છાએ તજવા માણસ તૈયાર નહિ થાય ત્યાં સુધી, આ અનિષ્ટોમાંથી છૂટી શકવાના નથી.

વર્તમાન પરિસ્થિતિ માટે બીજું મુખ્ય કારણ છે માણસના માનસમાં આવેલ પલટો. મન અગાધ છે. સદ્-અસદ્ વૃત્તિઓનો પુંજ છે. આ દ્વંદ્વ સનાતન છે. બેમાંથી એકનો સર્વથા અભાવ હોય એવું કોઈ સમયે બનવાનું નથી. પણ સદ્ કરતાં અસદ્ વૃત્તિઓનું જોર વધે અને વધતું રહે એવો સમય આવે છે અને વર્તમાન તેવો સમય છે. ડૉ. સ્વાઈત્ઝરે કહ્યું હતું કે પોતે આધ્યાત્મિક અધઃપતનના સમયે જન્મ્યા છે. અત્યારે હોત તો તેમને શું થાત?

માણસનો પરિગ્રહમોહ, સ્વાર્થ, ભોગોપભોગની લાલસા, સત્તાની ભૂખ અનહદ વધ્યાં છે. વિજ્ઞાને આપેલ સાધનોએ તેમાં ઉમેરો કર્યો છે. પ્રેમ, કરુણા, મૈત્રી, પરસ્પરનો આદર, સંયમ, ખૂબ દબાઈ ગયાં છે. માણસ - માણસના વ્યવહારમાં કૌટુમ્બિક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, આર્થિક કે સામાજિક ક્ષેત્રે – સર્વત્ર માનવતાનો અભાવ છે. શરૂઆતમાં કહ્યું છે કે બધા બનાવોનું ઉદ્ગમસ્થાન અને ઉપાય એક છે, તે છે માણસનું મન. બાહ્ય પરિસ્થિતિ તેમાં નિમિત્ત કે કારણ બને છે. તે પણ પલટાવવી પડે. અતિ સમૃદ્ધિ કે પરિગ્રહ મોટા ભાગનાં અનિષ્ટોનું મૂળ છે. અમેરિકાની અને બીજા મોટા દેશોની ઉત્પાદનશક્તિ અને સમૃદ્ધિ તેમને માટે અને દુનિયા માટે શાપરૂપ બનતી જાય છે. માણસ સ્વેચ્છાએ નહિ કરે તો કુદરત તેનું કામ કરશે. એકાદ અણુયુદ્ધ કરી, અરધી દુનિયાનો નાશ કરશે અને વિજ્ઞાન પૂર્વની સ્થિતિમાં મૂકી દેશે. માત્ર ઉપદેશથી માનસપરિવર્તન થતું નથી. ભક્તિના નામે વેવલાપણાને કે આધ્યાત્મિકતાના નામે નિષ્ક્રિયતાને અવકાશ નથી. આ પરિવર્તન પરમ પુરુષાર્થ માગે છે, શહીદી માગે છે–સૉક્રેટિસ, ક્રાઈસ્ટ કે ગાંધીની શહીદીએ સત્ય, પ્રેમ અને અહિંસાનો સંદેશ જીવતો રાખ્યો છે. કોઈ નવો માર્ગ નથી. એ જ સનાતન માર્ગ, બુદ્ધ, મહાવીર, ક્રાઈસ્ટ અને ગાંધીએ બતાવ્યો તે છે.

વિજ્ઞાનને કારણે આ બધી વિશ્વ–સમસ્યાઓ બની છે. વિખ્યાત ઈતિહાસવિદ અને જગતની સંસ્કૃતિઓના ઉત્થાન અને પતનના અભ્યાસી ડૉ. આર્નોલ્ડ ટોયનબીએ આ બધી સમસ્યાઓ સંબંધે ૮ દિવસ સુધી જાપાનના એક પ્રોફેસર સાથે વિચારવિનિમય કર્યો. તે ચર્ચા હવે પુસ્તકરૂપે બહાર પડી છે Surviving the future. ટોયનબી આ જ નિર્ણય ઉપર આવે છે. માણસે ફરીથી એ જ સનાતન મૂલ્યોની પ્રતિષ્ઠા કરવી પડશે; જો ભાવિ વિનાશમાંથી બચવું હોય તો

૧૨-૧૨-'૭૨ ચીમનલાલ ચકુભાઈ

☆ પ્રકીર્ણ નોંધ ☆

એક પત્ર

* એક ભાઈ મને લખે છે:

"૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ સંબંધમાં તા. ૩૧–૧૦–'૭૨ના 'મુંબઈ સમાચાર'ના જય જિનેન્દ્રના કોલમમાં પં. શ્રી ભાનુવિજયજી ગણિનો લેખ વાંચ્યો હશે. ન વાંચ્યો હોય તો કૃપા કરીને વાંચી લેશોજી.

શ્રી ગણિજી લખે છે કે ભારત જૈન મહામંડળ ઉપરોક્ત પ્રસંગે પ્રચારમાં ભગવાન મહાવીરને સામાન્ય માનવી તરીકે રજૂ કરશે.

આ લેખ વાંચીને મને અને કેટલાયે ધર્મપ્રેમીભાઈઓને આશ્ચર્ય થયું છે. ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરને સામાન્ય માનવી કેમ કહેવાય! ભયંકર અપમાન થશે.

પ્રશ્ન ગંભીર છે. તમારો સાફ સાફ ખુલાસો તુરત કરશોજી."

આ ભાઈને મેં જવાબ લખ્યો છે, કારણ તેમની સાથે મારે સારો પરિચય છે. પણ આ પત્ર વાંચી મને આશ્ચર્ય અને દુ:ખ થયું. ત્યાર પછી મુનિશ્રીનો લેખ હું વાંચી ગયો. તેમણે લખ્યું છે કે "કહેવાતા પ્રગતિવાદીઓ ઉજવણી કરશે તો અનેક અનર્થો થવાનો સંભવ છે, જેવા કે ભગવાનને તેઓ લોકોત્તર પુરુષ તરીકે નહિ પણ સામાન્ય માનવી તરીકે રજૂ કરશે. જૈન સિદ્ધાંતોને વિકૃત સ્વરૂપે રજૂ કરશે, મહાવીરના જીવનને વિકૃત સ્વરૂપે રજૂ કરશે" વગેરે. બીજું ઘણું લખ્યું છે. પ્રગતિવાદીઓ શું કરશે તેની બધી કલ્પનાઓ કરી છે. મને આશ્ચર્ય એ થયું કે આવું કોઈ લખી શકે છે, અને તેને વાંચનાર માને છે. રાષ્ટ્રીય નિર્વાણ સમિતિમાં જૈનના બધા ફિરકાના આગેવાનો છે. તેમને ભગવાન પ્રત્યે કોઈ શ્રદ્ધા-ભક્તિ નથી, અને જાણે જૈન ધર્મના વિરોધીઓ હોય એવી માન્યતા ઉપર આ કલ્પના દોડે છે. ભગવાનને સામાન્ય માનવી માનતા હોય તેઓ તેમનો નિર્વાણ મહોત્સવ શા માટે ઊજવે? અનર્થો થવાનો સંભવ છે એમ માની લઈ આવા મહાન અવસરના વિરોધથી દુ:ખ થાય છે. જૈન સમાજનું જ કદાચ એ દુર્ભાગ્ય હશે કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભગવાન મહાવીર અને જૈન ધર્મનો સંદેશ પહોંચાડવાની તક મળે છે ત્યારે તેનો વિરોધ થાય.

એ હોઈ શકે કે આ ઉત્સવની ઉજવણીના પ્રકાર વિશે મતભેદ હોય. સૌ પોતાની રીતે ઊજવી શકે છે. પણ એક માન્યતા એવી જણાય છે કે પોતે જેને શાસ્ત્રસંમત માનતા હોય તે જ રીતે થઈ શકે, બીજી કોઈ રીતે નહિ. બીજી માન્યતા એ પણ લાગે છે કે શાસ્ત્રોની જાણકારી મુનિઓને જ હોય છે. વળી વિદ્વાન મુનિઓમાં પણ શાસ્ત્રસંમત શું ગણાય તે વિશે મતભેદ હોય તો પોતે જે શાસ્ત્રસંમત માને છે તે જ સાચું છે એવો આગ્રહ રાખે છે.

ડૉ. આદિનાથ ઉપાધ્યે કે ડૉ. નથમલ ટાંટિયા કે ડૉ. હીરાલાલ જૈન અને બીજા એવા વિદ્વાનો, શાસ્ત્રો નથી જાણતા અથવા નથી સમજતા એમ માને છે.

આવી જેની માન્યતાઓ હોય તેમની સાથે વિવાદમાં ઊતરવાને બદલે નમ્રતાપૂર્વક આપણી સૂઝબૂઝ મુજબ કામ કરવું એ જ માર્ગ રહે.

અંતમાં મુનિશ્રીએ આ મહાન પ્રસંગ કેવી રીતે ઊજવાય તે વિશે સૂચનો કર્યાં છે. તેમાંનાં કેટલાંક ખરેખર આવકારદાયક છે. હું આશા રાખું છું કે મુનિશ્રી અને તેમના મતના બીજા જે હોય તે તેમની રીતે પણ આ પ્રસંગ ઊજવશે.

થાકો-ચાક

થાકો-ચાકના ૧૧ માઈલના વિસ્તાર માટે જમ્મુ-કાશ્મીરનું રેખાંકનકાર્ય છ અઠવાડિયાં થંભી ગયું. પરિણામે પાકિસ્તાનના ૫૦૦૦ માઈલના વિસ્તારોમાં આપણું સૈન્ય રહ્યું અને તે વિસ્તારના ૧૦ લાખ શરણાર્થીઓ અનિશ્ચિત દશામાં રહ્યા અને ખેતી કરી ન શકયા. પ્રેસિડન્ટ ભૂતોના પરસ્પરવિરોધી નિવેદનોએ એવી સ્થિતિ ઊભી કરી કે સિમલાકરાર જોખમાયો. આપણા તરફથી આરોપ થતો કે વિદેશી સત્તાઓનો હાથ છે. થાકો-ચાક રાખવા આપણે દૃઢ હતા. છેવટે પાકિસ્તાને નમતું મૂકયું. આ માટે તેને કાંઈક બહાનું આપવા આપણે કાશ્મીર સરહદે થોડી છૂટછાટ મૂકી. અંતે પત્યું તે સારું થયું. આ બધી યાતનાઓ શા માટે? બંગલા દેશને સ્વીકૃતિ આપવી જ પડશે એમ પ્રેસિડન્ટ ભૂતો ભારપૂર્વક કહે છે છતાં ચીનના દબાણથી અથવા તો આંતરિક વિઘ્નોને કારણે સ્વીકૃતિ અપાતી નથી. તેથી ૯૦ હજાર યુદ્ધકેદીઓનો બોજો આપણે માથે રહ્યો છે અને તેઓ અને તેમનાં કુટુંબો સહન કરે છે. રાજદ્વારી ક્ષેત્રે પ્રતિષ્ઠાનું ભૂત અને તેને કારણે હઠાગ્રહથી પ્રજાની હાડમારીનો કોઈ વિચાર કરતું નથી. એમ લાગે છે કે ભૂતો ખરેખર બન્ને દેશો વચ્ચે શાન્તિ ઈચ્છે છે છતાં લશ્કરી જમાવટ વધારતા રહે છે. પણ એકંદરે હવે એવું જણાય છે કે સિમલાકરારનો અમલ થશે.

ગુજરાતમાં શાસક કૉંગ્રેસ

કૉંગ્રેસમાં આંતરિક મતભેદો ચરમકક્ષાએ પહોંચ્યા છે. પ્રદેશ કમિટીના પ્રમુખની ચૂંટણી માટે મડાગાંઠ પડી છે. ઈન્દિરા ગાંધી દબાણ કરી ઝીણાભાઈ દરજીની પસંદગી કરાવશે કે બન્ને પક્ષને લડી લેવા દેશે તે જોવાનું છે. ઝીણાભાઈને બહુમતીનો ટેકો છે એમ જણાય છે પણ પટેલ-ધીયા જૂથનો વિરોધ જોરદાર છે. આટલો ભીષણ દુષ્કાળ છે ત્યારે પણ કૉંગ્રેસના આગેવાનો સત્તાની સાઠમારીમાંથી છૂટતા નથી. ઝીણાભાઈ દરજીનાં નિવેદનોમાં વિવેક અને વ્યવહારબુદ્ધિનો અભાવ તરી આવે છે. આવે સમયે સરકારી કર્મચારીઓની હડતાળ આવી પડી છે. દુષ્કાળનો સામનો કરવા યુદ્ધને ધોરણે કામ કરવાની જરૂર છે ત્યાં તંત્રની શિથિલતા વધતી જાય છે. અંતે તો પ્રજાએ જ સહન કરવાનું રહે છે.

એપોલો-૧૭

ચન્દ્ર ઉપર પહોંચવાનો માનવીનો અત્યારે છેલ્લો પ્રયોગ થયો અને લગભગ ત્રણ દિવસ ચન્દ્ર ઉપર સંશોધન થશે. ખૂબ વૈજ્ઞાનિક સાધનો સાથે એપોલો-૧૭ ગયું છે. અવકાશયાત્રી ઉપરાંત આ વખતે એક ભૂસ્તરશાસ્ત્રી પણ જોડાયા છે. ૧૦ વર્ષના ગાળામાં આ યોજના ઉપર અમેરિકાએ ૨૫ અબજ ડૉલર -- ૨૦૦ અબજ રૂપિયાનું ખર્ચ કર્યું. વૈજ્ઞાનિક દૃષ્ટિએ મહાન સિદ્ધિ છે. વિશ્વના અવગાહનમાં માણસની બુદ્ધિશક્તિએ અદ્‌ભુત પ્રગતિ કરી કહેવાય. જ્ઞાનની જિજ્ઞાસા માનવસ્વભાવનું અંગ છે. વિરાટ બ્રહ્માંડની ઝાંખી કરવા તલસતો માનવી કાંઈક આગળ વધ્યો. ચન્દ્રથી દૂર પહોંચવાની શક્તિ કેળવી. ચન્દ્ર ઉપરથી જે પદાર્થો લાવ્યા છે તેથી વૈજ્ઞાનિકો અનુમાન કરે છે કે ચન્દ્રની રચના અથવા ઉત્પત્તિ ૪૫ અબજ વર્ષ પૂર્વે થઈ હશે. સૌથી મહત્ત્વની બીના તો એ છે કે આ પૃથ્વી સિવાય હજુ સુધી કયાંય ચેતનશક્તિ -- જીવ -- હોય એમ જણાયું નથી. આ પૃથ્વી આ રીતે અપૂર્વ છે. આવી અદ્‌ભુત ચેતનશક્તિનું જતન કરવા અને તેનું ગૌરવ સમજવા માણસે શું ન કરવું જોઈએ?

ચીમનલાલ ચકુભાઈ

સંઘ સમાચાર

સંઘના લાઈફ-મેમ્બરો

૧૩૪. શ્રી મોહનલાલ ગુલાબચંદ ઝવેરી-કલકત્તા
૧૩૫. „ રાયચંદ કોરસી શાહ

સાપુતારા પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે નાસિક નજીક પણ ગુજરાત રાજ્યમાં-દરિયાની સપાટીથી લગભગ ૩૫૦૦ ફીટની ઊંચાઈએ -- આવેલ સાપુતારા નામના હીલ સ્ટેશનનું જાન્યુઆરી તા. ૨૫ મી ને ગુરુવાર રાતથી શનિવાર, તા. ૨૭ મીની રાત સુધીનું પર્યટન ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટનમાં જોડાનાર ભાઈ-બહેનોને તા. ૨૫મી જાન્યુઆરી ગુરુવારે રાત્રિના ૧૦-૩૦ વાગ્યે વિકટોરિયા ટરમિનસથી ઊપડતી ભૂસાવળ પેસેન્જરમાં નાસિક લઈ જવામાં આવશે અને ત્યાંથી બસમાં સાપુતારા પહોંચાડવામાં આવશે. એ જ રીતે જાન્યુઆરી તા. ૨૭મી ને શનિવારે સાંજના ચાર વાગ્યે સાપુતારાથી નીકળીને નાસિક થઈને રવિવાર સવારના સાડા પાંચ વાગ્યે મુંબઈ પાછા ફરવાનું રહેશે.

આ પ્રવાસમાં જોડાનાર ભાઈ-બહેનોએ વ્યકિત દીઠ રૂા. ૯૦ અને બાર વર્ષથી નીચેનાં બાળકો માટે રૂા. ૭૦ ભરવાના રહેશે. આ પર્યટન, વહેલો તે પહેલો એ ધોરણે ૮૦ પ્રવાસીઓ પૂરતું જ વિચારવામાં આવ્યું છે. તેથી સંઘના જે સભ્યોને આ પર્યટનમાં જોડાવાની ઈચ્છા હોય તેમને સંઘના કાર્યાલયમાં જરૂરી રકમ સત્વર ભરી જવા વિનતિ છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

☆ ચહેરા અને મહોરાની વાત ☆

કેટલાંક વર્ષ પહેલાં સાહિત્યમાં કોયલ અને વસંતની, પ્રેમ અને રસની વાત એટલી બધી આવતી કે એક દિવસ એ વિષયો મજાકને પાત્ર બની ગયા. આજે સાહિત્યમાં ચહેરા અને મહોરાની વાતનો એટલો બધો અતિરેક થયો છે કે એ વિષય પણ થોડા વખતમાં મજાકનો વિષય બની જાય તો નવાઈ નહિ લાગે. ચહેરા અને મહોરાની વાત શરૂ થઈ ત્યારે તો એ એક સૂક્ષ્મ વિચાર છે એમ મનાતું હતું. પણ પછી તો એની એટલી બધી અતિશયતા થઈ કે સાધારણ રીતે રાધાકૃષ્ણનાં ગીતો લખનારા પણ વટલાયા અને ચહેરા અને મહોરાની મહેફિલમાં સામેલ થઈ ગયા.

આ લેખકોને એ કહેવાનું હોય છે કે આજનો મનુષ્ય સ્વાભાવિક જીવન જીવતો નથી, કૃત્રિમ જીવન જીવે છે; એ પોતાની સાચી લાગણી વ્યકત કરતો નથી, દંભ કરે છે; એ જેવો ખરેખર છે તેવો હોવાને બદલે કોઈકનું મહોરું પહેરીને બનાવટી સ્વરૂપ ધારણ કરે છે. આમ કહીને એ લેખકો જાણે કે મનુષ્યને કોઈ પણ પ્રકારના ભય વિના, દમન વિના, દંભ વિના પોતાના અસલ સ્વભાવ પ્રમાણે વર્તવાની, પોતે જેવા હોય તેવા જગત સમક્ષ રજૂ થવાની, પોતાને જે લાગે તે કહી દેવાની આડકતરી શિખામણ આપે છે.

સાહિત્યચિંતનના ઈતિહાસમાં વ્યકિતલક્ષિતા અને સમાજ-લક્ષિતા એ બંનેના યુગ આવ્યા કરે છે. ગાંધીવાદ અને માર્કસ-વાદના પ્રભાવનો યુગ સમાજલક્ષી હતો. 'વ્યકિત મટીને બનું વિશ્વમાનવી' એવી ઉમાશંકર જોશીની ઉકિત એ સમાજલક્ષી કવિની ઉકિત છે. આજનો યુગ ઘણે અંશે વ્યકિતલક્ષી યુગ છે. એમાં સમાજને દંભી ગણવામાં આવે છે. વ્યકિતની સ્વાભાવિકતાનું સમાજનો વ્યવહાર દમન કરે છે અને વ્યકિતને દંભરૂપી મહોરું પહેરવાની ફરજ પાડે છે એમ પણ કહેવામાં આવે છે. આજના સમાજે એવી પરિસ્થિતિ પેદા કરી છે કે વ્યકિતનું હાસ્ય કૃત્રિમ બન્યું છે, રુદન પરાણે આણેલું બન્યું છે, એનાં પ્રશસ્તિવચનો જૂઠાણાં છે, એનો સંસ્કારિતાનો દેખાવ કેવળ ડોળ છે: ટૂંકમાં આજનો સંસ્કારી ગણાતો મનુષ્ય દંભી છે.

મારે આ લેખમાં એટલું જ કહેવું છે કે મનુષ્યે સંસ્કૃતિના પ્રાંગણમાં પ્રવેશ કર્યો ત્યારથી જ એણે દંભનો સ્વીકાર કર્યો છે. બીજી રીતે કહું તો સંસ્કૃતિનો પાયો જ દંભ છે. બીજી વાત એ છે કે માણસ ગમે એટલું ઈચ્છે તોયે સંપૂર્ણ દંભમુકત થઈ શકે એમ નથી. અને ત્રીજી વાત એ કે સંપૂર્ણ દંભમુકત થવું એ આવશ્યક પણ નથી અને યોગ્ય પણ નથી. ખરી રીતે જગતનો કોઈ મનુષ્ય દંભમુકત નથી અને પશુ પણ દંભમુકત હશે કે કેમ તે વિશે મને શંકા છે.

ઈતિહાસ અને સમાજશાસ્ત્ર તો સંસ્કૃતિ કે સભ્યતાનો પ્રારંભ અમુક વ્યવસ્થિત સમાજરચના સાથે થયો એમ ગણતાં હશે પણ સાવ તાત્ત્વિક અર્થમાં તો સંસ્કૃતિનો પ્રારંભ બે માણસ વચ્ચેના વ્યવહાર સાથે જ શરૂ થઈ ગયો ગણાય. જંગલીમાં જંગલી માણસને પણ પોતાના વર્તનમાં કોઈક નહિ ને કોઈક નિયમન મૂકયા વિના નહિ ચાલતું હોય. ઈચ્છાએ કે અનિચ્છાએ એને વધારે જોરાવર માણસને નમતું આપવું પડતું હશે, ટોળીના સરદાર સાથે અમુક રીતે વર્તવું પડતું હશે, ટોળીએ ઊભી કરેલી રીતરસમો પાળવી પડતી હશે. ભય, પ્રેમ, શિસ્ત એવાં એવાં કારણોથી પોતાની ઈચ્છા, પોતાનો મત, સામા માણસ વિશેનો પોતાનો અભિપ્રાય દબાવવાં પડતાં હશે. જંગલી માણસની વાત તો બાજુએ રહી, જંગલી પશુ પણ હમેશાં પોતાની ઈચ્છા પ્રમાણે વર્તી શકતું નહિ હોય. એ પણ ભય અને પ્રેમને પરિણામે પોતાની ઈચ્છાઓને દાબતું હશે. કહેવાનું એ છે કે કેવળ સ્વેચ્છાએ, કેવળ પોતાના મનને જ અધીન રહીને વર્તવાનું કોઈને પણ માટે શકય નથી.

માણસ જ્યારે પોતાની ઈચ્છાને દબાવીને જુદી રીતે વર્તે ત્યારે જુદા જુદા સંજોગો પ્રમાણે એ વર્તનને સંયમ, દમન, દંભ એવાં જુદાં જુદાં નામ આપવામાં આવે છે. મારે ત્યાં આવેલા મહેમાનને ગાળ દેવાની પ્રબળ ઈચ્છાને હું રોકી રાખું એમાં સંયમ છે કે દમન? કે પછી દંભ છે? રસ્તે ચાલતાં ચાલતાં ચણા ખાતા જવાની ઈચ્છા છતાં એ સારું ન દેખાય એમ માની હું એ ઈચ્છા જતી કરું તો એ શું કહેવાય? સાદડીમાં ગયા ત્યારે મૃત વ્યકિત વિશે આપણો અત્યંત ખરાબ અભિપ્રાય હોવા છતાં એ અભિપ્રાય જાહેર ન કરીએ એમાં સભ્યતા છે કે દંભ છે? એથીય આગળ વધીને એ વ્યકિત વિશે બે સારા શબ્દો કહીએ, એનાં સંતાનોને એની ખોટ પડશે એમ કહીએ તો એમાં સંસ્કારિતા છે કે દંભ છે? જીવનમાં એવા અસંખ્ય પ્રસંગો બને છે જ્યારે સભ્યતા અને દંભ વચ્ચેની ભેદરેખા આંકવી ખરેખર મુશ્કેલ બની જાય.

બીજી વાત એ છે કે માણસ કદી પૂર્ણપણે દંભમુકત થઈ શકે એમ લાગતું નથી. વધુમાં વધુ આખાબોલો માણસ પણ પોતાની પ્રિયતમા સમક્ષ કયારેક દંભ કર્યા વિના નહિ રહ્યો હોય. એ ઈચ્છે તો પણ તેને ગાળ નહિ દઈ શકતો હોય. એ તમામ પાડોશીઓને એમને વિશેનો પોતાનો મત ચોખ્ખેચોખ્ખો નહિ કહી શકતો હોય. એ શેઠ હશે તો નોકરને અને નોકર હશે તો શેઠને પોતાના મનની વાત સંભળાવી દેતાં અચકાતો હશે. આપણે પતિ કે પત્ની, સંતાનો, કુટુંબીઓ, પાડોશીઓ, સગાંવહાલાં, ઉપરીઓ કે હાથ નીચેના માણસો, મિત્રો, ઓળખીતાઓ કે સાવ અજાણ્યાઓ સાથે પણ આપણી ઈચ્છા મુજબ વર્તી શકતા નથી કે આપણા મનમાં એમને વિશે આવેલો વિચાર એમના મોં ઉપર કહી શકતા નથી. ગાડીમાં આપણી બાજુમાં બેઠેલો માણસ ગમે તેવો બેડોળ હોય તોપણ એ વાત તેને કહેવાની ઈચ્છા આપણે દબાવવી જ પડે છે.

પણ મારો મુખ્ય મુદ્દો તો એ છે કે તદ્દન દંભમુકત વર્તન, આવરણયુકત જાતપ્રદર્શન જરૂરી પણ નથી અને યોગ્ય પણ નથી. હર્બર્ટ સ્પેન્સરે એક પુસ્તકના પ્રારંભમાં કહ્યું છે કે માણસ-જાતે કપડાં પહેરવાની શરૂઆત ટાઢતાપથી બચવા નહિ પણ સુંદરતા માટે કરી હતી. મને આ વાત માનવા જેવી લાગે છે. માણસને છેક પ્રારંભકાળથી કોઈક આવરણથી પોતાની જાત ઢાંકવાની, પોતે છે તે કરતાં સારા દેખાવાની ઈચ્છા હોય એમ દેખાય છે. એમાં હેતુ જીવનના આનંદમાં વૃદ્ધિ કરવાનો છે. જેમ પોતાના શરીર ઉપર તેમ પોતાની વાણી ઉપર, પોતાના વર્તન ઉપર, પોતાની ઈચ્છા ઉપર પણ આવરણ મૂકીને અંતે તો માણસ સામૂહિક જીવનનો આનંદ વધારવાનું જ કામ કરે છે. તમારે ત્યાં આવેલાં કોઈ બહેનના હાથમાં રમતા બાળકને તમે સુંદર કહ્યું અને એ બહેનનો આનંદ વધ્યો. પત્નીને સાઈકલ પર કે સ્કૂટર પર બેસાડી ફરવા નીકળેલા કોઈ સંબંધીને આપણે કહ્યું કે જીવનનો આનંદ તો ભાઈ તમે જ માણો છો અને એ ભાઈનું મુખ મલકી ગયું.

આ બધા વર્તન દરમિયાન આપણે કોઈક મહોરું પણ ચડાવ્યું હોય છે. દર વખત આપણે જે કહીએ એ માનતા નથી પણ હોતા. પણ મહોરું છે એટલા માટે જ આપણું વર્તન ખોટું છે એમ માનવાની મને જરૂર નથી લાગતી. જીવનની કલા શીખવનારાં જે ઢગલાબંધ પુસ્તકો જગતમાં પ્રગટ થયાં છે તે બધાં કોઈક પ્રકારનું મહોરું પહેરવાની જ વાત શીખવે છે. ડેઈલ કાર્નેગીનું 'હાઉ ટુ વિન ફ્રેન્ડ્ઝ એન્ડ ઈન્ફ્લ્યુએન્ઝ પીપલ' આપણા દેશમાં વધારે જાણીતું છે. એમાં પણ જે મુખ્ય સલાહ છે એનો અર્થ મહોરું પહેરવાનો જ છે. કોઈને આમાં સત્યનો સવાલ રહેલો દેખાશે. પણ મહોરાં વિનાનો ચહેરો જ સત્ય છે કે મહોરા સહિતનો ચહેરો તે જ માણસનો ખરો ચહેરો છે તે કોણ નક્કી કરી શકશે? વસ્ત્રવિહીન કાયા સત્ય છે કે વસ્ત્રથી આચ્છાદિત કાયા સત્ય છે એ કહેવાનું શકય છે ખરું? માણસનો માણસ તરીકે વિચાર કરીએ છીએ ત્યારે અનાચ્છાદિત માણસનો વિચાર કરીએ છીએ કે વસ્ત્રાચ્છાદિત માણસનો? એવી જ રીતે મનમાં આવ્યું તે અને મનમાં આવે તે રીતે બોલી નાખનારો જ સત્ય બોલે છે કે સભ્યતાનું મહોરું પહેરનારો પણ તાત્ત્વિક રીતે સત્ય બોલે છે એ વિચારવા જેવો પ્રશ્ન છે. મને તો મહોરા વિનાના માનવચહેરાની ખાસ કશી મહત્તા નથી લાગતી. મહોરું એની માનવતાનો જ અંશ છે.

યશવંત દોશી

સારસ્વત સુરેશ જોષી

સમય પસાર કરવા ખાતર જે માણસ સાહિત્યને ન વાંચતો હોય એ માણસ શ્રી સુરેશ જોષીને જાણતો જ હોય. રણજિતરામ સુવર્ણચંદ્રકને સુરેશ જોષી પાસે પહોંચતા પહેલાં વચ્ચે વચ્ચે ઠીક ઠીક સહન કરવું પડ્યું હતું. પણ આખરે ખુદ ચંદ્રકને હવે સંતોષ થશે કે હાશ, અંતે હું ફરી પાછો યોગ્ય અધિકારી વ્યકિત પાસે પહોંચ્યો.

સુરેશ જોષી આપણા લોકપ્રિય લેખક નથી એ આપણા સાહિત્યનું સદ્‌ભાગ્ય છે. કેટલાક લેખકો લોકોના નહીં પણ સાહિત્યકારોના લેખક હોય છે. લોકપ્રિય શરદબાબુએ એક વખત સામાન્ય જનતાને કહ્યું હતું કે હું તમારે માટે લખું છું, પણ ટાગોર મારે માટે લખે છે.

રાતોરાત કીર્તિ રળવાની અપેક્ષા રાખતા અને Publicityને Fame માની આત્મવંચનામાં રત રહેલા આપણા જુવાન લેખકોએ એટલું તો સમજવું જોઈએ કે સુરેશ જોષીની સાહિત્ય-સિદ્ધિની પાછળ પુસ્તકોના અને જીવનના અભ્યાસનું તપ વસ્યું છે.

સુરેશ જોષીના આંતરપુરુષમાં રવીન્દ્રનાથ જેવા કવિ પલાંઠી વાળીને બેઠા છે. પૂર્વ અને પશ્ચિમની ઉત્તમ કૃતિઓનું પરિશીલન એમના શરીરમાં લોહી થઈને વહે છે.

ગુજરાતી સાહિત્યમાં નવી ક્ષિતિજનો ઉઘાડ સુરેશ જોષીથી થયો એમ કહેવામાં અતિશયોકિત નથી. ગુજરાતી ટૂંકી વાર્તાની વાત એમના નામ વિના થઈ શકે એમ નથી. ગુજરાતી વાર્તાને એમણે માત્ર વળાંક આપ્યો છે એટલું જ નહીં પણ એમણે આપણને આ કલાસ્વરૂપ વિશે સતત જાગૃત રાખ્યા છે.

'એક ભૂલા પડેલા રોમાન્ટિક કવિનું દુ:સ્વપ્ન'—એ કૃતિ આપણા કાવ્યસાહિત્યની Major Poem છે. એમની અભિવ્યકિતની કલા માટે એમાંની થોડીક જ પંકિતઓ ઉતારું છું:

"બારાખડીના ખોડા વાંજણોની જેમ અથડાતા આ લોકો
સિગારેટના ઘોળા કાગળનાં પાંદડાંવાળું ઝાડ
એના પર ચાવી આપેલા એલાર્મ કલૉકનાં પંખી
એની છાયામાં બે ખોટા સિક્કા જેવા સરખા પ્રેમી
થિયેટરોની નિયોન લાઈટનો કામુક ઘોંઘાટ
ગંદી અફવાઓની જેમ પ્રસરતો પવન
વારાંગનાના મેલા દર્પણ જેવી નદી
જાહેરખબરના પોસ્ટર જેવું ચોંટાડેલું આકાશ
સાત લંગડા ઘોડાને શોધતો સૂરજ
ભૂવાની ડાકલીના ફિક્કા પડઘા જેવો ચન્દ્ર
મૃણાલ, મૃણાલ
આ બધામાં ક્યાં છે તું?
સાંભળે છે મારો અવાજ?"

સુરેશ જોષીએ માત્ર વાર્તા કે કવિતાને ક્ષેત્રે જ પ્રદાન નથી કર્યું. એમણે બધા જ ચાલુ ચીલાઓને અવગણીને 'છિન્નપત્ર' જેવી નવલકથા દ્વારા એક નવી કેડી પાડી છે.

પરંપરાના પ્રવાહને આગળ વધારવામાં સુરેશ જોષીને રસ છે ખરો, પણ એનું પુનરાવર્તન કરવાની એમને જરી સૂગ છે અને એટલે જ એમનામાં સાચા અર્થમાં સનાતન આધુનિકતાનો આવિષ્કાર થયો છે.

કોઈકે કહ્યું છે કે The writer is someone who has nothing to say. 'જનાન્તિકે' અને 'ઈદમ્ સર્વમ્'નું ગદ્ય વાંચીને પરિતૃપ્ત થઈ જઈએ એવું છે. Nothing to sayની લીલા આ સર્જકે એવી સરસ રીતે અજમાવી છે કે આપણે વાંચીને મનોમન એમ કહી ઊઠીએ "You Said it." શબ્દરમત જેવું ન લાગે તો એમ કહું કે હું એમનું Prose વાંચું છું ત્યારે પેલા Pનો તો લોપ જ થાય છે. માત્ર રહે છે—Rose.

વિવેચનને ક્ષેત્રે સુરેશ જોષીનું અર્પણ એટલું બધું વ્યાપક અને ઊંડું છે કે એની સમૃદ્ધિનો કયાસ બહુ ઓછાને આજે આવી શકે. સાહિત્યની સૃષ્ટિમાં સુરેશ જોષી માત્ર એક Influence નથી પણ Climate છે. એમનું પુસ્તક 'ગુજરાતી કવિતાનો આસ્વાદ' કૃતિનિષ્ઠ વિવેચનની દિશામાં એક અત્યંત મહત્ત્વનું અર્પણ છે. કવિતા વિશે રંગીન પરપોટા જેવાં વિધાનો ઉડાડવાનું ઉડાઉપણું આપણને ન પોસાય. અને માત્ર સામાન્ય વિધાનો કરીને આંખ વિનાના અવલોકનો લખીએ એના કરતાં એક જ કૃતિને ઝીણવટથી તપાસીએ એમાં કૃતિનું અને વિવેચનનું બહોળું ગૌરવ છે એ વાત પર સુરેશ જોષીએ રહીરહીને આપણું ધ્યાન દોર્યું છે અને ધંધાદારી વિવેચકોને ઢંઢોળ્યા છે. 'કિંચિત', 'કાવ્યચર્ચા' અને 'કથોપકથન' માત્ર વાંચી જવાના નહીં પણ વાગોળવા માટેના વિવેચનગ્રંથો છે.

સુરેશ જોષીને જ્યારે રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો એ વાત જાણી ત્યારે કોણ જાણે કેમ પણ બેએક વર્ષ પહેલાંનો એક પ્રસંગ યાદ આવી ગયો. તાજમહાલ હોટેલમાં હિંદી ભાષાના સુપ્રસિદ્ધ કવિ દિનકરનું સન્માન હતું. એમના સન્માનના જવાબમાં એમણે પ્રથમ વાત એ કહી: "કે આજે જ્યારે મને આવા સન્માનની ખાસ કોઈ જરૂર નથી ત્યારે તમે મારું બહુમાન કરો છો. હા, એક વખત એવો હતો કે જ્યારે મારું કોઈએ સન્માન કર્યું હોત તો કદાચ મને પ્રોત્સાહન મળ્યું હોત."

સુરેશ જોષીને આવા કોઈ પ્રોત્સાહનની જરૂર હતી કે નહીં એ તો ખબર નથી, પણ પોતે Organised applauseથી ચેતતા રહ્યા છે. એમણે જ કહ્યું છે: **"બાળપણમાં સીતાફળને પાકવા માટે કયાંક સંતાડતા તેમ નામને હવે પાકવા માટે કયાંક સંતાડી દેવાના દિવસો આવ્યા છે."**

સુરેશ જોષી પોતાના નામને હવે ગમે તેટલું સંતાડી રાખે તો પણ હવે ખુદ કીર્તિ એમની પાછળ પાછળ આવશે, કારણ કે એમણે કીર્તિની પાછળ આંધળી દોટ નથી મૂકી.

સુરેશ જોષીમાં વસેલા કલાકારને પ્રણામ કરું છું અને એમને હાર્દિક અભિનંદન આપું છું. **સુરેશ દલાલ**

ક્ષણ—ઝરુખે

ક્ષણ — ઝરુખે અનંત ઝૂકે,
ડોકાય આસીમ સીમે;
સાવ ઝીણા મારા કંઠમાંયે હરિ
રણકે ધીમે ધીમે!

કાયને માની સાવ નકામી
ચહું થવા જ્યાં દૂર,
ત્યાંય હરિના પદસંચારે
ધબકે નાનું ઉર!

વેરાન આવા જગમાં લાગે
જીવવું સાવ અસાર,
ત્યાંય આ સૂકાં ખેતમાં એ તો
વરસાવે જલધાર!

જગતમાંય ન' માય એવી છે
વિરાટ એની કાય,
તોયે હરિવર માહરો કયાંથી
કણકણેય લહાય?!

—ગીતા પરીખ

* મહાયોગી શ્રી અરવિંદ *

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રા. ઉષાબહેન મહેતાએ 'મહાયોગી શ્રી અરવિંદ' વિશે આપેલું વ્યાખ્યાન અહીં પ્રગટ કરવામાં આવ્યું છે.]

ભારતની પુણ્યભૂમિમાં સદીઓથી સંતોની પરંપરા ચાલી આવે છે. એ જ પ્રમાણે દેશના અનેક પનોતા પુત્રોએ માભોમની મુક્તિ કાજે આત્મબલિદાન આપી શૌર્ય અને દેશપ્રેમની અમર ગાથા સર્જી છે. પણ સાધારણ રીતે સંતો સ્વાતંત્ર્યવીરો નથી હોતા અને સ્વાતંત્ર્ય-વીરો સંતો નથી હોતા. મહર્ષિ અરવિંદમાં સમન્વય થયો હતો સંત અને સ્વાતંત્ર્યવીરનો, પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનાં શ્રેષ્ઠ તત્ત્વોનો, રાષ્ટ્રપ્રેમ અને વિશ્વપ્રેમનો.

રોમાં રોલાંના શબ્દોમાં ભારતીય વિચારકોના સમ્રાટસમા મહર્ષિ અરવિંદનો જન્મ ૧૫ ઓગસ્ટ, ૧૮૭૨ના શુભ દિને બંગાળના કોલનગરના એક સમૃદ્ધ પરિવારમાં થયો. પિતા કૃષ્ણધન પાશ્ચાત્ય સભ્યતાના પૂરા ભક્ત. એટલે ઓ, અરવિંદ સાત વર્ષના થયા ન થયા ત્યાં એમને ઈંગ્લેંડ લઈ ગયા અને ડ્રિવો નામના પાદરીને ત્યાં રાખ્યા. આ પરિવારમાં રહી અરવિંદે બાઈબલ સંબંધી સાહિત્યનું તેમ જ મહાન અંગ્રેજ કવિઓ અંગે ઊંડું અધ્યયન કર્યું. ૧૮૮૫માં એ લંડનની સન્તહાલ શાળામાં ગયા. અહીં થોડા જ સમયમાં એમણે ગ્રીક અને લેટિન ભાષાઓ ઉપર પ્રભુત્વ મેળવ્યું. પાછળથી કિંગ્સ કૉલેજમાં લેટિન ભાષામાં પદરચના કરવા માટેના લગભગ બધા પુરસ્કારો એમને મળ્યા. પિતાના આગ્રહને વશ થઈ ૧૮૯૦માં એ સરકારી નોકરી માટેની કપરી પરીક્ષા આઈ. સી. એસ.માં સારી રીતે પાસ થયા. પણ પરદેશી સરકારના નોકર બનવું એમને કેમ રુચે? પણ બધી લેખિત પરીક્ષામાં પાસ થયા પછી નોકરી લેવાનું ટાળવું શી રીતે? આ માટે શ્રી અરવિંદે એક સરસ તરકીબ શોધી કાઢી. એ માટેની ઘોડેસવારીની પરીક્ષામાં એ બેઠા જ નહિ અને પોતે જ પોતાની જાતને સરકારી નોકરી માટે અયોગ્ય ઠેરવી.

ઈંગ્લેંડમાં શ્રી અરવિંદ ઈંડિયા મજલિસના તેમ જ 'કમલ અને કટાર' નામક એક ગુપ્ત ક્રાંતિકારી દળના સભ્ય બન્યા.

૧૮૯૩માં હિંદ પાછા ફર્યા બાદ શ્રી અરવિંદે વડોદરા રાજ્યમાં નોકરી સ્વીકારી. થોડો સમય વડોદરાનરેશના મંત્રી તરીકે કામ કર્યું અને થોડો સમય વડોદરાની કૉલેજમાં અધ્યાપક તરીકે. આ સમય દરમ્યાન એમણે 'ઇંદુપ્રકાશ'માં 'જૂનાને બદલે નવા દીવા' નામની લેખમાળા લખી જેમાં દેશપ્રેમ, સ્વાવલંબન, ચારિત્ર્ય અને નિષ્ઠાનું મહત્ત્વ સમજાવ્યું અને મવાળોની આકરી ટીકા કરી. આ લેખમાળાએ ઘણી ચકચાર જગાવી. એમને એમની ટીકા સહેજ હળવી કરવાનું કહેવામાં આવ્યું ત્યારથી એમનો એ માટેનો ઉત્સાહ ઓસરી ગયો.

યોગ માટેની પશ્ચાદ્‌ભૂમિકા પણ એમના વડોદરાના નિવાસ દરમ્યાન તૈયાર થઈ. પ્રાણાયામનો પહેલો પાઠ એ નર્મદાતટ પર આવેલા ચાંદોદના ગંગાનાથ મઠમાં શીખ્યા. એ પછી યોગી વિષ્ણુ ભાસ્કર લેલે પાસે એમણે યોગાભ્યાસ શરૂ કર્યો.

૧૯૦૫માં બંગભંગનું આંદોલન શરૂ થતાં શ્રી અરવિંદના જીવને નવો વળાંક લીધો. ૩૦ ઑગસ્ટે પોતાનાં પત્ની મૃણાલિનીને એમણે લખ્યું, "મારામાં ત્રણ પ્રકારનું પાગલપણું છે... મારો દૃઢ વિશ્વાસ છે કે ભગવાને માણસને જે કાંઈ ગુણ, પ્રતિભા, ઉચ્ચ સંસ્કારો, વિદ્યા અને ધન આપ્યું છે તે બધું ભગવાનનું જ છે... હું જે બધું જ મારે માટે, મારા સુખ માટે, મારા ભોગવિલાસ માટે વાપરી નાખું તો હું ચોર બનું.

"બીજું પાગલપણું હમણાં જ વળગ્યું છે. એ છે કોઈ પણ રીતે ભગવાનનો સાક્ષાત્કાર કરવો... ત્રીજું પાગલપણું આ છે: સામાન્ય લોકો સ્વદેશને એક જડ પદાર્થ, અમુક મેદાનો, ખેતરો, વનો, પર્વતો અને નદીઓનો બનેલો એક સમૂહ સમજે છે. પણ હું સ્વદેશને માતારૂપે જોઉં છું, તેની ભક્તિ કરું છું, પૂજા કરું છું... હું જાણું છું કે આ પતિત દેશનો ઉદ્ધાર કરવાનું બળ મારામાં છે. શારીરિક બળ નહિ પણ જ્ઞાનનું બળ. ક્ષાત્રતેજ એ જ કંઈ એકમાત્ર તેજ નથી. બ્રહ્મતેજ પણ છે. એ તેજ જ્ઞાન ઉપર પ્રતિષ્ઠિત છે." આવી ઉત્કટ રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈ એમણે બંગભંગ આંદોલનમાં સક્રિય ભાગ લીધો અને આંદોલનનું સફળ માર્ગદર્શન કરી એઓ ઉગ્રવાદી દળના પ્રતિષ્ઠિત નેતા બન્યા.

એમના 'વંદેમાતરમ' પત્રથી દેશમાં—ખાસ કરીને બંગાળમાં નવચેતનનો સંચાર થયો. શ્રી અરવિંદ પોતાના ભાઈ બારીન્દ્ર, સ્વામી વિવેકાનંદના ભાઈ ભૂપેન્દ્ર અને બીજા ક્રાંતિકારીઓને સહાય કરતા. ૧૯૦૮ના એપ્રિલમાં કઠોર ન્યાયાધીશ કિંગ્સફર્ડ પર બૉંબ ફેંકાયો. ક્રોધાવેશમાં આવી સરકારે ક્રાંતિકારીઓ, લેખક, સંપાદક વગેરેની ધરપકડ કરી. શ્રી અરવિંદ પર પણ કેસ ચલાવવામાં આવ્યો. શ્રી અરવિંદે કહ્યું, "મેં મારા દેશબાંધવો આગળ સ્વાતંત્ર્યપ્રાપ્તિનું ધ્યેય રજૂ કર્યું એ કામ જો કાયદા વિરુદ્ધ હોય તો મારા ઉપર મૂકવામાં આવેલો આરોપ મને માન્ય છે." દેશબંધુ ચિત્તરંજન દાસે એમના બચાવમાં કહ્યું, "જે આરોપી તરીકે ઊભો છે એ ફક્ત આ ન્યાય-મંદિરમાં નહિ પણ જગતના ન્યાયમંદિરમાં ઊભો છે. એક સમય એવો આવશે કે જ્યારે સારુંયે વિશ્વ સ્વાતંત્ર્યના આ શાહીર સામે, રાષ્ટ્રધર્મના પ્રણેતા સામે, માનવજાતિના કલ્યાણકર્તા સામે નતમસ્તક બની એનાં પ્રશસ્તિગાન ગાશે, એનું પુણ્યસ્મરણ કરશે અને એની દિવ્ય-વાણી આ દેશમાં નહિ પણ સારાયે વિશ્વના આણુએ આણુમાં ગુંજી ઊઠશે."

અલીપુર કારાગૃહમાં શ્રી અરવિંદનો આધ્યાત્મિક દૃષ્ટિકોણ વધુ તીવ્ર બન્યો. એમણે જેલમાં ગીતાનું ગહન અધ્યયન કર્યું અને એમ-નામાં સાધના માટેનું સામર્થ્ય આવ્યું. એમને જેલની દીવાલોમાં અને કોટડીની આજુબાજુનાં વૃક્ષોમાં સર્વત્ર વાસુદેવનાં દર્શન થતાં. આમ એમને જેલની કાળી કોટડીમાં સાક્ષાત્કાર થયો અને એ અખંડ-ભાવે વસી રહ્યા.

જેલમાંથી છૂટ્યા પછી શ્રી અરવિંદે થોડો સમય ચંદ્રનગરમાં ગાળ્યો. ત્યાંથી 'કર્મયોગી' અને 'ધર્મ' સાપ્તાહિકો દ્વારા પોતાના વિચારોનો અને ધર્મનો—ભારતના ચિરંતન સંદેશનો પ્રચાર કરવા લાગ્યા. થોડો વખત ત્યાં રહી, એપ્રિલ, ૧૯૧૦માં એમણે પોંડિચેરી પ્રત્યે મહાપ્રયાણ કર્યું. શરૂઆતના છ મહિના એ શંકર ચેટ્ટીને ત્યાં રહ્યા. એ પછી આશ્રમમાં ગયા. ત્યાં આર્થિક તંગીને કારણે શરૂઆતના દિવસો ઘણા કઠણ ગયા. કોઈક કોઈક વખત તો એમની પાસે ચાર-આઠ આના પણ ન હોય. તેમાં વળી કેટલાક દેશદ્રોહીઓ એમને સરકારી અમલદારોને સોંપવાની પેરવીમાં રહેતા. કોઈકે એમને અલ્જી-રિયા જવાનું સૂચવ્યું પણ શ્રી અરવિંદ અચળ રહ્યા. પોંડિચેરીમાં સ્થિર થયા.

૧૯૧૪માં એક પૉલ યુગલ ફ્રાન્સથી શ્રી અરવિંદના દર્શને આવ્યું. શ્રીમતી પૉલ જેઓ નાનપણથી ચિંતન અને ધ્યાનમાં મગ્ન રહેતાં એમણે શ્રી અરવિંદને જોતાં સદ્‌ગુરુ મળ્યાનો સંતોષ અનુભવ્યો. એમણે શ્રી અરવિંદનાં ચરણોમાં સમર્પણ કર્યું અને ધીમે ધીમે એ મીરા પૉલ મટી અરવિંદ આશ્રમનાં અધિષ્ઠાત્રી, ભક્તોને મુક્તિ માર્ગે દોરતાં આશ્રમનાં 'માતાજી' બન્યાં. પોંડિચેરીમાં શ્રી અરવિંદે મહાન યોગસાધના અને સાહિત્યની ઉપાસનામાં જીવન વ્યતીત કર્યું. ૫ ડિસેંબર, ૧૯૫૦ના દિવસે, ૨૪ નવેંબર, ૧૯૨૬ એ થયેલું અતિ-મનસનું પૃથ્વી પરનું અવતરણ સ્થિર થાય એ માટે પોતાના દેહની આહુતિ આપી. મહાયોગી અરવિંદે મહાસમાધિ લીધી.

દર્શન

માનવનાં જ્ઞાન અને શક્તિનાં વિકાસની ત્રણ મહત્ત્વની અવસ્થાઓ એટલે (૧) શરીરપ્રધાન પ્રાણનિયંત્રિત સામાન્ય અવસ્થા, (૨) બુદ્ધિપ્રધાન ઉન્નતિપંથી મધ્યમ અવસ્થા અને (૩) આત્મપ્રધાન શ્રેષ્ઠ પરિણત અવસ્થા.

પ્રથમ અવસ્થામાં મનુષ્ય કામ અને અર્થનો દાસ હોય છે અને એ સામાન્ય ભાવ અને સહજ પ્રેરણાથી સંચાલિત થાય છે. બીજી એટલે બુદ્ધિપ્રધાન અવસ્થામાં મનુષ્ય કામ અને અર્થને બુદ્ધિ દ્વારા

નિયંત્રિત કરવાનો પ્રયત્ન કરે છે, સારાસારનો વિચાર કરવાને, સમાજ-ધર્મ સમજવાને ઉદ્યત બને છે. આત્મપ્રધાન વ્યકિત પોતાની સઘળી ગતિ અને પ્રવૃત્તિને ભગવાનને મેળવવા પાછળ, ઈશ્વરસાક્ષાત્કાર કરવા માટે વાપરે છે. ગીતામાં,

ઇંદ્રિયાણિ પરાણ્યાહુઃ ઇન્દ્રિયેભ્યઃ પરં મનઃ

મનસસ્તુ પરા બુદ્ધિર્યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ

આ શ્લોક દ્વારા ઇંદ્રિયો અને આત્મા વચ્ચેનો જે સંબંધ બતાવવામાં આવ્યો છે જેનો ભાવાર્થ છે કે ઇંદ્રિયો નિમ્ન સ્તરે છે. એમનાથી પર મન, મનથી પર બુદ્ધિ અને બુદ્ધિથી પર આત્મા એ શ્રી અરવિંદના દર્શનને અનુરૂપ છે.

સાધારણ રીતે એ પ્રશ્ન ઉદ્‌ભવે કે ક્ષુદ્ર માનવી પ્રભુનાં દર્શન કરી શકે ખરો? શ્રી અરવિંદે અનેક દલીલો દ્વારા એ સાબિત કર્યું છે કે પ્રભુનો આવિર્ભાવ માનવજીવન માટે આવશ્યક છે. અનિવાર્ય છે. હેગલ, સ્પેન્સર, નિત્શે જેવા અનેક પાશ્ચાત્ય વિચારકોની માફક શ્રી અરવિંદ ઉત્ક્રાન્તિ (Evolution) ના સિદ્ધાન્તમાં માને છે. પણ એઓ માનવીને ઉત્ક્રાન્તિનું છેલ્લું સોપાન નથી માનતા. એમને માટે દિવ્ય અથવા અતિમનસ ચૈતનાનું માનવભૂમિકા પર અવતરણ એ એક સિદ્ધ હકીકત છે. સાધનાની એક ભૂમિકા છે. માનવી પોતાની યોગશકિત વડે આ અવતરણમાં સહાયક બની શકે છે. જે રીતે આપણે ભૌતિક સ્તર પર વૈજ્ઞાનિક ક્ષેત્રે પ્રગતિ કરી છે એ જ રીતે આધ્યાત્મિક સ્તર પર પણ પ્રગતિ કરી શકીએ છીએ. આથી જ, શ્રી અરવિંદના દર્શનમાં મનુષ્યના દિવ્ય પ્રતિ આરોહણ અને દિવ્યનું આ જગતમાં અવતરણ બન્નેનો મહિમા ગાવામાં આવ્યો છે અને એથી જ એ સાધનાપથ પર પ્રયાણ કરનાર સર્વને આત્મવિશ્વાસથી આગળ વધી અપૂર્ણતાઓમાંથી પૂર્ણ તરફ પ્રગતિ કરવાની પ્રેરણા આપે છે.

પૂર્ણત્વને પામવા માટે, પ્રભુનું દર્શન કરવા માટે સર્વસામાન્ય એવો કોઈ જાદુઈ કીમિયો નથી, કારણ વૈજ્ઞાનિકો ભલે દૂરદૂરના સિતારાઓ દેખી શકાય એવું દૂરબીન બનાવવાને સમર્થ થયા હોય પણ હજુ કોઈ પણ વૈજ્ઞાનિક જે દેખાય છે એની પાર જે દેખનારો છે એને જોવા માટેનું દૂરબીન બનાવી શકયો નથી અને બનાવી શકશે પણ નહિ. બધાને જ કામ લાગે એવો કાચ કદીયે તૈયાર થઈ જ ન શકે. સૌ કોઈએ પોતે પોતાની જરૂર પ્રમાણે, પોતાની રુચિ પ્રમાણે દેખનારાને દેખવાનું દૂરબીન તૈયાર કરવાનું છે.

છતાંયે આ દૂરબીન મેળવવામાં સફળ થઈએ એટલા માટે ત્રણ સાધનો તપ, પ્રજ્ઞા અને પ્રેમનો—શ્રી અરવિંદ ઉલ્લેખ કરી એમનું સામંજસ્ય સાધવાનું સૂચવે છે. એમના મતે જ્ઞાન વિના આત્યંતિક અથવા સંપૂર્ણ પ્રેમ કે ભકિત શકય નથી. જ્ઞાન વિનાનો પ્રેમ અંધ-શ્રદ્ધામાં પરિણમે, જ્યારે પ્રેમ વિનાનું જ્ઞાન શુષ્ક બની જવાનો ભય રહે. જેમ જ્ઞાનમાં વૃદ્ધિ થાય તેમ પ્રેમમાં પણ વૃદ્ધિ થાય.

આવા પૂર્ણ અને નિરપેક્ષ પ્રેમમાંથી સમર્પણની ભાવના જાગે છે, સર્વ પ્રકારનો અહંકાર દૂર થાય છે. અહંકાર અને એના પ્રકાર વિશે સ્પષ્ટતા કરતાં શ્રી અરવિંદ કહે છે કે અહંકાર ત્રણ પ્રકારના હોય છે; સાત્ત્વિક, રાજસિક અને તામસિક. સાત્ત્વિક અહંકાર જ્ઞાન-પ્રધાન અને સુખપ્રધાન છે. મને જ્ઞાન થાય છે, મને આનંદ થાય છે વગેરે ભાવો સાત્ત્વિક અહંકારનાં દ્યોતક છે, રાજસિક અહંકાર કર્મપ્રધાન છે, જ્યારે તામસિક અહંકાર અજ્ઞાનપૂર્ણ અને અપ્રવૃત્તિ-જનક છે. આ ત્રણે પ્રકારના અહંકાર પર વિજય મેળવવા માટે મનુષ્યે ગુણાતીત, નમ્ર, સહિષ્ણુ અને ક્ષમાશીલ બનવું રહ્યું.

આમ શ્રી અરવિંદની સાધના અકર્મણ્ય બનવાનું અથવા સમાજની ઉપેક્ષા કરવાનું નહિ પણ માનવજાતને ચાહવાનું, એની સેવા કરવાનું શીખવે છે. પણ અહીં એ યાદ રાખવું ઘટે કે શ્રી અરવિંદ સમાજને સ્વીકારે છે, સમાજના દાસત્વને નહિ. એઓ માને છે કે સમાજ મનુષ્યને માટે રચાયો છે, મનુષ્ય સમાજ માટે નહિ. કારણ, મનુષ્ય સમાજનો નહિ, ભગવાનનો જ છે. આમ સમાજ એક સાધન કે નિમિત્તમાત્ર છે. સાધ્ય કે ઉદ્દેશ્ય નહિ.

પ્રાકૃત માનવસમાજના ત્રણ મુખ્ય પ્રકાર ગણાવતાં શ્રી અરવિંદ કહે છે કે પહેલા પ્રકારનો સમાજ કુશળ કારીગરોએ બનાવેલા એક રથ જેવો છે. જેનું અંગેઅંગ ઝગઝગી રહ્યું છે, એ જ્ઞાન-પૂર્વક આગળ ગતિ કરી રહ્યો છે. પરંતુ એ જે ઉચ્ચ સ્થાન પર ભગવાન બિરાજમાન છે ત્યાં જવાની શકિત ધરાવતો નથી. એ ઉચ્ચ પ્રદેશની તળેટીમાં જ અટકી જાય છે. આપણે જો ઉચ્ચ પ્રદેશમાં પહોંચી પરમ તત્ત્વની પ્રાપ્તિ કરવી હોય તો રથમાંથી ઉતરી પગપાળા જ જવું પડશે એટલે કે સાત્ત્વિક અહંકારને છોડી ઈશ્વરચરણે સર્વ સમર્પણ કરવું પડશે. આમ વિશ્વરૂપ પ્રભુની સેવાનું દૃષ્ટિબિંદુ અપનાવીને આપણે આગળ વધીશું તો વિરાટ જીવનના ઘણા મુશ્કેલ પ્રશ્નો પણ સરળ બનવાનો સંભવ છે.

માનવસમાજના બીજા પ્રકારને શ્રી અરવિંદ ધોરી રસ્તા પર ધૂળના ગોટેગોટા ઉડાડી પૂરવેગમાં દોડતી મોટરગાડીની ઉપમા આપી કહે છે કે, જેમ મોટરગાડી રૂઆબભેર ચાલે છે ખરી પણ એની સમક્ષ કોઈ સ્પષ્ટ લક્ષ્ય નથી હોતું તેમ આજના પશ્ચિમના સમાજ જેવા સમાજો સમક્ષ પણ કોઈ ધ્યેય ન હોવાથી એ દ્વારા પ્રભુપ્રાપ્તિ થતી નથી.

ત્રીજા પ્રકારના સમાજને એઓ, જેના ઘણાખરા ભાગો તૂટી ગયા છે અને જે સદીઓજૂની પરંપરામાં કોઈ પણ જાતનો ફેરફાર કરવાને તૈયાર નથી એવા દૂબળા બળદો દ્વારા ખેંચાતા જરીપુરાણા બળદગાડાની ઉપમા આપીને કહે છે કે તામસિક અહંકારથી પૂર્ણ એવા આ વાહનમાં બેસીને પણ વાસુદેવનાં દર્શન ન થઈ શકે.

આમ શ્રી અરવિંદની કલ્પનાનો આદર્શ સમાજ એટલે સમષ્ટિના અંતરાત્મા ભગવાનનું વાહન અથવા એકતા, સ્વાધીનતા, જ્ઞાન અને શકિત એ ચાર સમર્થ ચક્રો ઉપર ચાલતો જગન્નાથનો રથ.

રાજકીય ચિન્તન

આવા આદર્શ સમાજના નિર્માણ માટે સ્વતંત્રતા અતિ આવશ્યક છે. શ્રી અરવિંદના મતાનુસાર સ્વતંત્રતા વિના ઉન્નતિ અસંભવ છે. દાસત્વ મનુષ્યની શકિતઓને હરી લે છે એ વાત સમજાવતાં શ્રી અરવિંદ કહે છે: "જો દાસત્વ જ સ્વીકારવું હોય તો ભગવાનનું સ્વીકારો, કારણ એ દાસત્વમાં માધુર્ય છે, ઉન્નતિ છે અને એનું ચરમ પરિણામ છે પરમ આનંદ. બંધનમાં પણ મુકિત અને બાધાહીન સ્વાધીનતા."

શ્રી અરવિંદ ભારતની મહાનતા, ગુરુતા અને સામર્થ્યમાં ઊંડી શ્રદ્ધા ધરાવતા હતા. એટલે ભારતની પરાધીનતા એમને કાંટાની માફક સાલતી હતી. એમણે ભારતમાતાની મુકિત માટે રાષ્ટ્રવાદ પર ભાર મૂકયો. એમને મન રાષ્ટ્રભાવ દેશ પર પ્રતિષ્ઠિત હોય છે; અને દેશ અને માતા એ બન્નેમાં એમણે કોઈ ભેદ જોયો નહિ. ભારતમાતા એ જ એમની આરાધ્યદેવી અને વંદેમાતરમ્ એમનો મંત્ર હતો. આમ એમનો રાષ્ટ્રવાદ ધાર્મિક ભાવનાથી ઓતપ્રોત થયેલો હતો. રાષ્ટ્રવાદ વિશેના પોતાના મંતવ્યને સમજાવતાં એ કહે છે: "રાષ્ટ્રવાદ એ માત્ર રાજનૈતિક કાર્યક્રમ નથી. એ તો એક ધર્મ છે, જે ઈશ્વર પાસેથી આવ્યો છે. આપણે સૌ ઈશ્વરીય અંશનાં સાધન છીએ એટલે આપણે ધાર્મિક દૃષ્ટિથી જ રાષ્ટ્રવાદને મૂલવવો રહ્યો. રાષ્ટ્રીયતાને આપણે દબાવી ન શકીએ. એ તો ઈશ્વરી શકિતની સહાયતાથી વૃદ્ધિ પામે છે. રાષ્ટ્રીયતા અથવા રાષ્ટ્રવાદ અજર-અમર છે. એ કોઈ માનવીય વસ્તુ નહિ પણ પ્રત્યક્ષ ઈશ્વર જ છે. અને ઈશ્વરને નથી મારી શકાતો કે નથી જેલમાં પૂરી શકાતો" આમ શ્રી અરવિંદે જન-સાધારણને રાષ્ટ્રવાદનું આધ્યાત્મિક સ્વરૂપ સમજાવી એને એક ઉત્કૃષ્ટ ધરાતલ પર પ્રતિષ્ઠિત કર્યો.

રાષ્ટ્રવાદને ધાર્મિક સ્વરૂપ આપવા છતાં પણ શ્રી અરવિંદનો અંતિમ આદર્શ તો માનવએકતાનો જ હતો. એટલે કે એમનો રાષ્ટ્રવાદ સંકુચિત નહિ પણ વિસ્તૃત અને માનવતાવાદી હતો. આથી જ એઓ એક વિશ્વરાજ્ય અને દાસત્વની ભાવનાનો સદંતર અભાવ હોય એવા સ્વતંત્ર રાષ્ટ્રોના સંઘનાં સ્વપ્નો સેવતા હતા એટલું જ નહિ પણ એ સ્વપ્ન ભવિષ્યમાં જરૂર સાકાર થશે એવી અચળ શ્રદ્ધા ધરાવતા હતા. આવા આ વિશ્વસંઘમાં માનવપ્રાણી-ઓને પોતાનાં સ્થાન, જાતિ, સંસ્કૃતિ, આર્થિક સુવિધા આદિ અનુસાર અલગ જૂથો બનાવવાનો અધિકાર જરૂર હશે પરંતુ આવા સ્વતંત્ર સમૂહો પોતાના સ્વાર્થ ખાતર નહિ પણ સમગ્ર માનવજાતિના કલ્યાણ અર્થે જ કામ કરતા હશે.

આંતરરાષ્ટ્રીયતા અથવા માનવએકતાના આદર્શની સિદ્ધિ માટે દુનિયાનાં સર્વ રાષ્ટ્રો સ્વતંત્ર હોય એ જરૂરી છે. એટલે ભારતની

ગુલામીની જંજીરો તોડવા માટે શ્રી અરવિંદ કટિબદ્ધ બન્યા અને એ માટે એક ખાસ કાર્યક્રમની રૂપરેખા ઘડી.

એમણે અંગ્રેજી શાસનને સામ્રાજ્યવાદી, સ્વાર્થી અને શોષણવાદી લેખાવી એની ઉપર ઘણા ઉગ્ર પ્રહારો કર્યા. એ જ પ્રમાણે એમણે કૉંગ્રેસ સંસ્થાની મવાળોએ અપનાવેલી યાચનાપદ્ધતિની અને એની નેતાગીરીની પણ કટુ આલોચના કરી. પણ એમના પ્રહારો પ્રહાર કરવા ખાતર નહિ, દેશને પરવશતામાંથી બહાર કાઢી સ્વાધીન બનાવવા માટે જ હતા.

આ માટે એમણે કૉંગ્રેસને શ્રમજીવીઓનું મહત્ત્વ સ્વીકારી એમની જાગૃતિ માટે પ્રયાસ કરવાનું સૂચવ્યું, દેશના નવયુવકોને રાષ્ટ્રીય શિક્ષણ લઈ હિંદનું ગૌરવ વધારવાની શીખ આપી, દેશવાસીઓને સ્વદેશીવ્રત અપનાવી સ્વાવલંબી બની સ્વાભિમાનથી જીવવાનો સંદેશ આપ્યો, અને લોકોને બંધારણીય પદ્ધતિને બદલે નિષ્ક્રિય પ્રતિરોધ (Passive Resistance)ની પદ્ધતિ અપનાવવાની સલાહ આપી. આ પદ્ધતિમાં સ્વદેશીનો પ્રચાર, વિદેશી માલ તથા સરકારી ન્યાયાલયો અને શાળાનો બહિષ્કાર તથા સરકારને સહાય કરવાવાળા લોકોનો સામાજિક બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષાનો પ્રસાર વગેરે કાર્યક્રમોનો સમાવેશ થતો હતો.

શ્રી અરવિંદ ગાંધીજીની માફક પ્રતિકાર માટે અહિંસાનો આગ્રહ ન રાખતા. ગીતાના ઉપદેશને અનુસરી એમણે લખ્યું છે કે "ધર્મયુદ્ધમાં રાષ્ટ્રના શત્રુઓને મારવા એ પણ ધર્મનું એક અંગ છે." અંગ્રેજ સરકાર બહિષ્કાર આંદોલનને દાબવા માટે હિંસા, દમન અને ગુંડાગીરીનો ઉપયોગ કરતી એટલે શ્રી અરવિંદ કહેતા કે જ્યારે સરકારી દમન માઝા મૂકે ત્યારે સ્વાતંત્ર્યપ્રેમી સૈનિકો હિંસાનો જવાબ હિંસાથી આપે એ ઉચિત જ છે. પાછળથી તો એ હિંસા-અહિંસાથી પર જઈ આધ્યાત્મિક શક્તિમાં જ વધુ વિશ્વાસ ધરાવવા લાગ્યા.

ઓરોવિલ

શ્રી અરવિંદના અનેકવિધ આદર્શોને મૂર્તસ્વરૂપ આપતું અને વિશ્વૈક્યની ભાવનાને સાકાર કરતું મદ્રાસ પાસે આવેલું શાંતિધામ 'ઓરોવિલ' જગતના દેશો અને જાતિઓ માટે પાવન તીર્થરામું બની ગયું છે. અહીં માતાજીની શીળી છાયામાં અનેક ભારતીયો અને પરદેશીઓ ઈશ્વર સાક્ષાત્કાર માટે, આત્મોન્નતિ માટે અવિરત પ્રયત્નો કરી રહ્યા છે. આ નગરીનો મુખ્ય હેતુ નગર વસાવવાનો નહિ પણ જગતને આદર્શ નાગરિકો અર્પવાનો છે. નગર પૂર્ણ થતાં એમાં લગભગ દસ લાખ સાધકોને સાધનાર્થે સંચરવા માટે સર્વ પ્રકારની સગવડો આપવામાં આવશે. આ નગરીના નાગરિક બનવાવાળા સૌએ એવા શપથ લેવા પડશે કે એ દેશ, ધર્મ, જાતિ, વર્ણ વગેરેના વાડામાં માનતા નથી, વિશ્વ - નાગરિક બનીને રહેવા માગે છે.

ઓરોવિલ માત્ર કલ્પનામાં રાચતી હવાઈ નગરી નહિ પણ શિક્ષણ, કળા, બાગકામ, છાપકામ, હસ્તોદ્યોગ વગેરે પ્રવૃત્તિઓથી ધમધમતી અને સાધકના સમગ્ર જીવનને આવરી લેતી અલબેલી નગરી છે. એના બાગમાં પાંચસો જાતનાં ગુલાબો થાય છે, ફૂલના અર્કમાંથી વિવિધ પ્રકારનાં તેલ, શરબત, સેંટ, અત્તર વગેરે બનાવવામાં આવે છે. શાળા, કૉલેજ, પુસ્તકાલય જેવી સંસ્થાઓ અને પઠન, સાહિત્યસાધના, સંગીત, ભજન આદિ પ્રવૃત્તિઓ સાધકને જીવનથી ભાગવાની કે ડરવાની નહિ પણ એને વધુ સુંદર અને ઉન્નત બનાવવાની સતત પ્રેરણા આપે છે.

મહાયોગી અરવિંદના આદર્શોને અનુસરી અને ઓરોવિલની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા લઈ આપણે આપણી જાત માટે તેમ જ સારીયે માનવજાતિ માટે એક નવીન, મહાન અને તેજસ્વી જીવનનું સર્જન કરવા કટિબદ્ધ બનીએ, માનવવિકાસના નવપ્રસ્થાન પ્રત્યે આગેકદમ કરીએ!

ઉષા મહેતા

છૂટીછવાઈ વાતો

આરામની સમસ્યા

સામાન્ય રીતે એમ કહેવાય કે લોકો સતત કામ કરીને થાકી જાય એટલે એને ફરી તાજગી માટે આરામ અને અવકાશનો સમય મળવો જોઈએ.

પણ જાપાનમાં કંઈક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ છે. જાપાનમાં યુરોપ - અમેરિકાની સરખામણીમાં વધુ કામ કરવું પડે છે. આરામ - અવકાશનો સમય ઓછો હોય છે પણ હવે જાપાનની કૌટુંબિક આવકમાં વધારો થતાં આરામનો સમય વધ્યો છે. આ ઉપરાંત, ઉદ્યોગોમાં પણ કામના કલાકોની સંખ્યા ઘટી રહી છે. પણ આને લીધે જાપાનીઓને આ અવકાશના સમયે ચિન્તામાં નાખી દીધા છે - કેમ કે એમને તો આરામ કરતાં બસ કામ કર્યા કરવામાં જ રસ લાગે છે.

જાપાનની સરકારની આર્થિક આયોજન એજન્સી 'લોકોનું જીવન: જાપાન અને એનો સમાજ' એ નામનું શ્વેતપત્ર પ્રગટ કરે છે. આયો જાપાની સમાજના વિવિધ પ્રશ્નોની છણાવટ કરવામાં આવી હોય છે. ૧૯૭૨ ની સાલના શ્વેતપત્રમાં જણાવવામાં આવ્યું છે કે ઘણા જાપાની કામદારો એમને મળતી સવેતન રજાનો ઉપયોગ પણ કરતા નથી કેમ કે સતત લાંબા સમય સુધી કામ કરવાની એમને આદત પડી ગઈ છે.

શ્વેતપત્રમાં વિશેષમાં એવો નિર્દેશ કરવામાં આવ્યો છે કે ૧૯૭૧ માં કૌટુંબિક આવકમાં થતા વધારો ધીમો પડી ગયો હતો, ભાવો વધતા રહ્યા હતા અને લોકોને વાતાવરણની અશુદ્ધિ અને બીજા કારણસર સહન કરવું પડ્યું હતું. જાપાનીઓ આ સામે પોતાનાં આરોગ્યની રક્ષા કરવા માટે ઊંઘ અને ખોરાક પર વધુ ભાર મૂકતા હતા. બહુ ઓછા લોકો સમજી - વિચારીને વિધાયક પગલાં લઈને પોતાનાં આરોગ્યની રક્ષા કરવા પર ધ્યાન આપતા હતા. શ્વેતપત્રમાં એ હકીકત પર ભાર મૂકવામાં આવ્યો છે કે જાપાની લોકોની પોષણની સ્થિતિમાં સુધારો થયો છે પણ એમને પૂરતા આરામ અને મનોરંજનની ખાસ જરૂર છે.

સત્તાવન લાખ શિક્ષિતિ બેકારો

દેશમાં બેકારી—અર્ધ બેકારીની સ્થિતિ વધી રહી છે. શિક્ષિત બેકારોની સંખ્યાનો આંકડો પણ પ્રતિદિન વધી રહ્યો છે. યોજના અને વિકાસના કાર્યોની વાતો થાય છે પણ પ્રતિ વર્ષ શિક્ષણ પૂરું કરીને બહાર પડતા યુવાનોને આપણા ઉદ્યોગો અને જુદા જુદા વ્યવસાયોમાં સમાવી શકાતા નથી. આ એક ઘણી મોટી ચિન્તાનો વિષય છે

સરકારનાં રોજગારી કાર્યાલયોમાં જ નોંધાયેલા શિક્ષિત બેકારોની સંખ્યા ૫૬૯૫૩૬૦ ની હતી. આ સિવાય એવા ઘણા લોકો હશે જેમણે આ રોજગારી કાર્યાલયોમાં પોતાનાં નામો નોંધાવ્યા નહિ હોય. આ રોજગારી કાર્યાલયોમાં નોંધાયેલા શિક્ષિત બેકારોમાં ૬૩,૮૦૦ ઈજનેરો, ૧૪,૦૦૦ કૃષિ સ્નાતકો, ૧૦,૦૦૦ ડાકતરો વિદ્યાની વિવિધ ઉપાધિ ધરાવનારાઓનો સમાવેશ થાય છે. આ આંકડાઓની દૃષ્ટિએ વિશેષ વિચારતાં ૧૯૬૫ માં મેટ્રિક પાસ થયેલા બેકારો ૫૮૦૨૬૫ હતા તે વધીને ૧૯૬૯ માં ૯૦૮૬૮૫ થયા. ગ્રેજ્યુએટ ૮૬૦૫૮ બેકારો હતા તે વધીને ૨૧૫૨૩૮ થયા, અનુસ્નાતક બેકારો ૧૭૫ હતા જે વધીને ૧૯૬૯ માં ૪૦૧૩૨૬ થયા. આ ઉપરાંત, શહેરોમાં રોજગારી માગતા એક કરોડ જેટલા કામદારો હોવાનો અંદાજ છે. આ સાથે કૃષિક્ષેત્રની બેકારી, અર્ધ બેકારી કે ઋતુગત બેકારીને ધ્યાનમાં લેતાં ચોથી પંચવર્ષીય યોજનાને અંતે ૯ થી ૧૦ કરોડ જેટલા લોકો બેકારી કે અર્ધ બેકારીની સ્થિતિમાં હશે. (સંકલિત)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે
શ્રી પુરુષોત્તમ માવળંકરનો વાર્તાલાપ

જાણીતા વિચારક, વિદ્વાન લેખક અને તાજેતરમાં ચૂંટાયેલા લોકસભાના સભ્ય પ્રો. પુરુષોત્તમ ગણેશ માવળંકર સાથે, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે એક જાહેર વાર્તાલાપ તા. ૨૦-૧૨-'૭૨ના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવેલ છે. રસ ધરાવતાં ભાઈ - બહેનોને સમયસર ઉપસ્થિત થવા વિનંતી છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

આચારપથ-દર્શક આચાર્ય

મારા અભ્યારકાળ દરમિયાન મારા જીવનઘડતરમાં પ્રદાન કરનાર અધ્યાપકગણમાં વિશિષ્ટ ફાળો આપનાર શામળદાસ કૉલેજના આચાર્ય ટી. કે. શહાણીનું સ્થાન અનોખું રહ્યું છે. તેમની વિરલ પ્રતિભાએ મારા ઘડતર ઉપર ઊંડો પ્રભાવ પાડયો છે તેથી તેમનું પ્રેમાદરભર્યું સ્થાન મારા હૃદયમંદિરમાં આપોઆપ સચવાઈ રહ્યું છે. આજે હું તેમને યાદ કરી રહ્યો છું ત્યારે કેવી આશ્ચર્યજનક અનુભૂતિ થાય છે! લગભગ ચાળીસ વર્ષનો કાળપડદો અચાનક ઉંચકાય છે અને તેમના મૃત્યુનો અંચળો પણ કોણ જાણે કયાં અદશ્ય થઈ જાય છે? મધ્યમ કદનું શરીર અને મધ્યમ ઊંચાઈવાળા, ખાદીનું પાટલૂન અને ખાદીનો બંધ કોલરનો કોટ પહેરેલા શહાણીસાહેબને હું મારી સામે ઊભેલા જોઉં છું. તેમની વિશાળ આંખોમાં વિદ્યાર્થી-પ્રેમ તથા શિસ્તપ્રેમની દઢતા–બન્નેની એક બનેલી રેખા સ્પષ્ટ તરી આવે છે. અરે! મારી ઉંમરનાં પડ પણ એકાએક ઊખડી પડે છે અને હું પણ વીસેક વર્ષનો કૉલેજનો વિદ્યાર્થી બની જઉં છું! અનેક પ્રસંગ-દશ્યો મારા ચિત્તના ચિત્રપટ ઉપરથી પસાર થતાં જોઈ રહું છું, તેમાંથી એક દશ્ય ખસતું નથી, સ્થિર થઈને મારી સામે તાકી રહે છે.

હું સિનિયર બી. એ.માં અભ્યાસ કરતો હતો. યુનિવર્સિટીની પરીક્ષા નજીક આવી રહી હતી, ત્યારે મારા એક સ્નેહી મિત્રને ઓછી હાજરીના કારણે યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવાની રજા ન અપાઈ. હું હૉસ્ટેલમાં રહેતો હતો અને આ સ્નેહી મિત્ર પણ હૉસ્ટેલમાં રહેતો હતો. એકાએક આ મિત્રે પોતાને પરીક્ષા આપવાની રજા ન મળે ત્યાં સુધી ભૂખ-હડતાળ જાહેર કરી. લગભગ પોણા બસો વિદ્યાર્થીઓ હૉસ્ટેલમાં રહેતા હતા. ભૂખહડતાળની જાહેરાતથી વિદ્યાર્થીઓમાં સન્નાટો પ્રસરી ગયો. જે સ્નેહી મિત્રને પરીક્ષાની પરવાનગી અપાઈ નહોતી તે પહેલાં તો મારો નિકટનો મિત્ર હતો. પછી કૉલેજ-ચૂંટણીમાં જિમખાનાના સેક્રેટરી નિમાયા પછી પૈસાનો અધિકાર તેમના હાથમાં આવ્યો ત્યારથી તેમની રહેણીકરણી બદલાઈ ગઈ હતી. સિગરેટો પીવા માંડી, બીજાં મોજમઝા શરૂ થયાં અને કૉલેજમાં તેની હાજરી ઘણી ઓછી થવા લાગી હતી તે હું જોતો હતો. અમે એક જ વર્ગમાં હોવાથી તેની ગેરહાજરી સ્પષ્ટ તરી આવતી હતી. અમારો સંબંધ આ કારણે ઓછો થયો હતો. ગરીબ કુટુંબમાંથી તે ભણવા આવ્યો હતો તે હું સારી પેઠે જાણતો હતો. આ સમયગાળામાં હૉસ્ટેલ વિદ્યાર્થી સંઘનો હું મંત્રી હતો. થોડા હૉસ્ટેલના વિદ્યાર્થીઓ પેલા સ્નેહીમિત્ર તરફ સહાનુભૂતિ દાખવવા માટે આંદોલન શરૂ કરવાની દરખાસ્ત મારી પાસે લાવ્યા. વિદ્યાર્થીઓમાં એકતાની ભાવના હોવી જોઈએ અને આવી એકતા હશે તો વિદ્યાર્થી-મિત્રનું વર્ષ બચી જશે અને તેનાં ગરીબ માબાપને પણ રાહત મળશે એવી દલીલ કરવામાં આવી. થોડીક ગેરહાજરીને કારણે ભાગ્યે જ કોઈ વિદ્યાર્થીને પરીક્ષામાંથી બાકાત રાખવામાં આવતો, એટલે આ એક વિદ્યાર્થીને જ અટકાવવામાં આવે તે યોગ્ય નથી, એ વિદ્યાર્થીસમૂહનો, આ પ્રસંગ પરત્વે સૂર હતો. પેલા સ્નેહીમિત્રને બે ઉપવાસ થયા તેથી હૉસ્ટેલમાં વિદ્યાર્થીઓની લાગણી તીવ્ર બનતી જતી હતી. હું પણ એવી જ લાગણી અનાભવતો હતો. વિદ્યાર્થીઓનો હું મુખી હતો એટલે આંદોલનનું નેતૃત્વ પણ મારે જ લેવું જોઈએ ને? હવે વધારે ઉપવાસ કરે તો તેને પકડીને હૉસ્ટેલમાંથી દૂર કરવાનું આચાર્ય શહાણીએ નક્કી કર્યું છે, એવી વાત મારે કાને આવી. પછી હું શાન્ત કઈ રીતે રહી શકું? વિદ્યાર્થીઓના સ્વમાનનો પણ પ્રશ્ન એમાં રહ્યો છે એમ તે વખતે મને લાગતું.

આંદોલનની હવા ફેલાતી હતી. આચાર્ય શહાણી પણ મૂંઝાતા હતા તેમ જાણવા મળ્યું હતું. આ પ્રશ્નના ઉકેલ માટે આચાર્યશ્રી શહાણીને મળવું અને છતાં આચાર્ય હઠાગ્રહ કરે તો વિદ્યાર્થીઓએ આંદોલન કરવું એવું અમે નક્કી કર્યું. હૉસ્ટેલમાંથી અમે ત્રણ વિદ્યાર્થીઓ શહાણીસાહેબને આ પ્રશ્ન અંગે મળવા ગયા. શહાણીસાહેબે અમને વિનયભર્યો આવકાર આપ્યો. મેં વાત શરૂ કરતાં લગભગ આવું કહ્યું, "સાહેબ, વિદ્યાર્થીને તમે થોડી ગેરહાજરીને કારણે પરીક્ષામાં બેસવાની છૂટ નથી આપતા તેથી અમે દુ:ખ અનુભવીએ છીએ. અત્યાર સુધીમાં માત્ર થોડીક ગેરહાજરીને કારણે કોઈને અટકાવવાનો પ્રસંગ સાંભળ્યો નથી. અત્યારે તમે તેને રજા ન આપો તો તે શિક્ષા એનાં ગરીબ માબાપને પણ થશે. ફરીથી તેણે એક ટર્મ ભરવી પડે અને હૉસ્ટેલમાં રહેવું પડે તો તેને માટે તેને પૈસા કોણ આપે? મહેનત કરીને તે પાસ થઈ જશે અને પાસ નહિ થાય તો એકસ-સ્ટુડન્ટ તરીકે બેસી શકશે. પોતાના ઘરની સ્થિતિ વગેરેને લક્ષમાં રાખી તેણે ભૂખ-હડતાળ શરૂ કરી છે. આવી સ્થિતિમાં અમારે તેના પ્રત્યે સહાનુભૂતિ દાખવીને આંદોલનમાં ભાગ લેવો પડે તે દુ:ખજનક છે. તમે તેની થોડી ગેરહાજરી માફ કરીને પરીક્ષામાં બેસવાની રજા આપો તેવી અમે આપને અપીલ કરીએ છીએ..."

શહાણીસાહેબે અમને શાન્તિપૂર્વક સાંભળ્યા. પછી સમજાવટથી કહ્યું, "તમારી વિદ્યાર્થીઓની લાગણી હું સમજી શકું છું, પણ તમારે યુનિવર્સિટીના નિયમોનો પણ થોડો વિચાર કરવો ઘટે છે. એ વિદ્યાર્થીની ગેરહાજરી લગભગ બધા જાણે છે. ઑફિસમાં તેની નોંધ થયેલી છે. હું નૈતિક દષ્ટિને દૂર રાખીને પણ એને પરીક્ષામાં બેસવાની છૂટ આપું અને કોઈક યુનિવર્સિટીને લખે ને યુનિવર્સિટી તપાસ કરે તો શી સ્થિતિ થાય તેનો તો વિચાર કરો! એની જગજાહેર ગેરહાજરીની તપાસ થાય તો આપણી કૉલેજની શી પ્રતિષ્ઠા રહે? તમારો મિત્ર પ્રત્યેનો સમભાવ હું સમજું છું ને તેથી આનંદ પણ પામું છું, પરંતુ તેને પરીક્ષામાં બેસવાની રજા આપી શકાય નહિ. તેની પરિસ્થિતિનું મને પણ દુ:ખ છે, પણ શું થાય?"

આનો જવાબ અમારી પાસે નહોતો. છેવટે મેં બ્રહ્માસ્ત્ર અજમાવ્યું, "સાહેબ, એનું ભણતર અધૂરું રહેશે તો એની જિન્દગી નહિ બગડે? એના ગરીબ પિતા એને ફરીથી એક ટર્મ પૂરી કરવાના પૈસા આપી શકે તેમ નથી તે હું અંગત રીતે જાણું છું. આ કારણે આપ દયા કરીને કાંઈક ન કરી શકો?"

શહાણીસાહેબે ભાવાર્દ્ર બની કહ્યું, "તેની ગરીબાઈને કારણે તેને સહન કરવું ન પડે તે માટે હું કાંઈક કરવા તૈયાર છું. તેને નવી ટર્મની ફી નહિ આપવી પડે; તેની વ્યવસ્થા હું કરીશ. હૉસ્ટેલમાં રહી જમવા માટેના પૈસા તેને મળે તે માટે આવતી મેટ્રિકની પરીક્ષામાં તેને નિરીક્ષક તરીકે રાખીશ. આર્થિક સ્થિતિને કારણે તેને જરા પણ સહન કરવું નહિ પડે તેની હું બાંયધરી આપું છું."

અમે શું બોલીએ? તેમની લાગણીભરી સમજાવટથી અમને સંતોષ થયો. બધા વિદ્યાર્થી-મિત્રો સાથે આ સંબંધે વિગતે વાત થઈ. સહુને એ વાત ગળે ઊતરી. પેલા સ્નેહી મિત્રની ભૂખ-હડતાળ તોડાવવાનું બીડું મેં ઝડપ્યું. આર્થિક મુશ્કેલીનો પ્રશ્ન પતી જવાથી હું એ કામ હવે નિશ્ચિત મને કરી શકીશ એમ મેં કહ્યું. ત્યાં તો એક મિત્રે મને બાજુમાં લઈ જઈ હસતાં હસતાં કહ્યું, "અરે! ભાઈ, તમે નિશ્ચિત જ રહો! તમે રહ્યા નીતિઘેલા...તેથી અમે તમને અંધારામાં રાખ્યા છે. એ તો નિરાંતે રાતે જમી લે છે. માત્ર અમે નિકટના ત્રણ મિત્રો જ આ વાત જાણીએ છીએ. તમને ખબર પડે તો તમે આંદોલનમાં ભાગ ન લો અને અટકાવવાનું કહો તેની અમને બીક હતી."

હું સ્તબ્ધ બની ગયો. આવી છેતરપિંડી થઈ તેની તીવ્ર વેદનાનું શૂળ હૈયે ભોંકાયું. તેના ઉપવાસથી હું માનસિક દુ:ખ અનુભવતો

હતો અને તેથી જ તેના મોજશોખ ને ગેરહાજરી તરફ અણગમો હોવા છતાં તેનો પક્ષ લઈને હું આચાર્યશ્રી પાસે ગયો હતો તે સાલ્યું. શહાણીસાહેબની માનવતાભરી સમજાવટની મારા હૃદયમાં ઊંડી મુદ્રા અંકિત થઈ છે તેથી આજે પણ એ દશ્ય સાથે તદ્રુપ બની શકું છું.

આ પ્રસંગની આડકથા પણ મેં પાછળથી જાણી હતી. શહાણીસાહેબ પ્રત્યે અણગમો ધરાવતા એક જૂના અધ્યાપકે ઑફિસમાં જઈને એ ગેરહાજરીની ખાસ નોંધ કરાવી હતી. પછી વિદ્યાર્થીઓને આંદોલન જગાડવા પણ તેમણે જ પ્રેર્યા હતા. આંદોલનની બીકથી આચાર્યશ્રી નમી પડશે અને પેલા વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવાની છૂટ આપશે તો યુનિવર્સિટીમાં પત્ર લખીને કૉલેજની પોલ ઉઘાડી પાડીને શહાણીસાહેબને બદનામ કરી શકાશે એવી તેમની ગણતરી હતી. આ કાવતરાની વાત કેટલે અંશે સાચી હતી તે હું જાણી શકયો નથી. પણ આવા પ્રસંગે શહાણીસાહેબે દાખવેલા સંસ્કારી ગૌરવને કદી ભૂલી શકયો નથી, ભૂલી શકીશ પણ નહિ. વિદ્યાર્થીઓ પ્રત્યે હેતાળ રહીને કુનેહભરી સમજાવટથી શહાણીસાહેબે આચાર્યનું કાર્ય કર્યું હતું, તેની ચિરંજીવ છાપ મારા ચિત્તમાં સંઘરાઈ રહી છે. સાથેસાથે આંદોલનમાં સંકળાનારે પણ અત્યંત જાગરૂક રહેવાની જરૂર છે તેનો બોધપાઠ પણ તેની સાથે જ સંધરાયો છે.

શહાણીસાહેબ અત્યંત સાદા અને સરળ હતા છતાં તેમનામાં અનુપમ ગૌરવ હતું. એમના સાદા પહેરવેશમાં મેં કોઈ ફેરફાર જોયેલો યાદ નથી. સવારમાં નિયમિત રીતે ફરવા નીકળે ત્યારે સ્મિત કરીને અમારા જેવા ફરવા જનાર વિદ્યાર્થીનાં વંદન સ્વીકારે અને કોઈ વાર કાંઈક વાતચીત કરે એ દશ્ય સર્વસામાન્ય બની ગયું હતું. અંગ્રેજ સત્તા હતી તે કાળમાં ભાવનગર જેવા દેશી રાજ્યમાં તેઓ સાદાં ખાદીનાં કપડાં પહેરતા તે તેઓના સાચા સ્વદેશપ્રેમની નિશાની હતી. ઈ. સ. ૧૯૩૨માં મહાત્મા ગાંધી ભાવનગર આવ્યા ત્યારે ત્યાંની સામુદાયિક સભામાં શહાણીસાહેબ પણ નમ્રતાપૂર્વક બેઠા હતા તે પણ તેમના ખરા સ્વદેશપ્રેમનું સમર્થન કરે છે.

સર પ્રભાશંકર પટ્ટણીનો સ્વદેશપ્રેમ સુવિદિત હતો. લગભગ ભક્તિભર્યા ભાવે તેઓ પણ તે સભામાં હાજર રહ્યા હતા–દેશી રાજ્યના દીવાન હોવા છતાં! આ બધું જોઈને અમારી દેશપ્રેમની ભાવનાને ખૂબ ઉત્સાહભર્યું પોષણ મળતું તે હું કેમ ભૂલું?

એ સમયનો બીજો એક પ્રસંગ પણ મારે માટે અવિસ્મરણીય બની ગયો છે. શહાણીસાહેબનું સાર્વજનિક ભાષણ યોજાયું હતું, ત્યારે અનંતરાય પટ્ટણી પ્રમુખ હતા. શહાણીસાહેબે પોતાનું ભાષણ શરૂ કર્યાને ચારપાંચ મિનિટ થઈ હશે, તેવામાં પ્રમુખસ્થાનેથી અનંતરાય પટ્ટણીએ વચ્ચે વચ્ચે હાસ્યમિશ્રિત કાંઈક ટીકા કરવા માંડી. શહાણીસાહેબે પોતાનું ભાષણ થંભાવીને પ્રમુખશ્રી તરફ ફરીને કહ્યું, "મારું પ્રવચન પૂરું થાય ત્યાર પછી તમે મારા વકતવ્યના ચીરેચીરા ઉડાડી શકશો, પણ મહેરબાની કરીને વચ્ચે દખલગીરી કરશો નહિ." ("Kindly don't interfere now; you may tear me to pieces after I finish my lecture.")

અનંતરાય પટ્ટણીનો મિજાજ જાણીતો હતો. અમે વિદ્યાર્થીઓ સ્તબ્ધ બની આ દશ્ય જોઈ રહ્યા! અનંતરાય પટ્ટણી શાંત થઈ ગયા. દેશી રાજ્યમાં નોકરી કરનાર કૉલેજના આચાર્ય આમ સર પ્રભાશંકરના પ્રિય પુત્રને સહેજ અપમાનજનક લાગે તેમ સ્પષ્ટ કહી શકે તે અમારે માટે અકલ્પ્ય હતું. પણ શહાણીસાહેબનું આત્મગૌરવ અનોખું હતું.

મારા વિદ્યાર્થીજીવનમાં ખાડાટેકરા દર્શાવે તેવો એક અનન્ય પ્રસંગ શહાણીસાહેબની વિશિષ્ટ વ્યકિતત્વદર્શક પ્રતિભા સાથે એવો સંકળાયેલો છે કે તે હું લખ્યા વિના રહી શકતો નથી. ત્યારે અમારી આર્થિક હાલત કથળેલી હતી. મારા વિદ્યાગુરુને મારે માટે ખૂબ પ્રીતિ હતી. કૉલેજમાંથી છેલ્લી વિદાય લેતાં તેમને મળવા ગયો ત્યારે તેમણે મને પૂછયું, "બી. એ. થયા પછી શું કરવાના છો?"

"નોકરી"

"આગળ નથી ભણવું?"

"ના, હું ગરીબ સ્થિતિનો છું. હવે તો જે કારકુની કે એવી બીજી નોકરી મળે તે વહેલી તકે લેવી પડે તેમ છે. મારા પિતાશ્રી કયાં સુધી તકલીફ વેઠયા કરે? હવે મારે મારા કુટુંબને મદદરૂપ થવું અત્યંત જરૂરી છે."

"હું તો ઈચ્છું છું કે તમે એમ. એ. નો અભ્યાસ કરો. તમને અભ્યાસમાં રસ છે ને આગળ ભણશો તો તમારી કાંઈક આર્થિક પ્રગતિ પણ થશે."

"સાહેબ, એ ખરું પણ..."

"ખર્ચની ચિન્તા કરો છો ને? હું તમને ટ્યુશન અપાવીશ. તમે નોકરી ન લેશો. આમ તમારા પિતાને આર્થિક બોજો નહિ સહેવો પડે."

"ભલે." એથી વધુ હું કંઈ જ ન બોલી શકયો. મારા વિદ્યાગુરુનો આવો પ્રેમ સંપાદન કરવા બદલ મેં ઊંડી તૃપ્તિ અનુભવી.

હું મારા ગામ ધ્રાંગધ્રા ગયો. પિતાએ મારે માટે કારકુનની જગ્યા માટે કોઈક સંબંધીને કહ્યું હતું. એવી કોઈક નોકરી મળી પણ જાત. મેં મારા અધ્યાપક સાથે થયેલી વાત મારા પિતાજીને કરી. તેમણે પણ તેમનો આર્થિક બોજો નહિ વધે તેવી હૈયાધારણથી મને એમ. એ.નો અભ્યાસ કરવાની પરવાનગી આપી. મારું બી. એ.નું પરિણામ સારું આવ્યું. મારા વિષયમાં મારી કૉલેજમાં હું પ્રથમ સ્થાને હતો. મારા ઉલ્લાસ અને ઉમંગનો પાર નહોતો. આગળ ભણવાની મારી ઈચ્છાને બળ મળ્યું અને મારી આશાઓ કલ્પનાના માર્ગે દોડવા માંડી. અનુસ્નાતક વિદ્યાર્થીને સામાન્ય રીતે હૉસ્ટેલમાં પ્રવેશ ન અપાતો, પણ શહાણીસાહેબે મારા પ્રત્યેની શુભ લાગણીને લીધે મને પ્રવેશ આપવાની સંમતિ દર્શાવી હતી. હું તો આનંદભર્યા હૃદયે ભાવનગર પહોંચી ગયો. શહાણીસાહેબે મને હૉસ્ટેલની રૂમ આપી. પછી તરત જ મારા વિષયના પ્રાધ્યાપકને મળવા ગયો. મારી ભાવિ કારકિર્દીને તેઓ નાટયાત્મક વળાંક આપશે તે હું કયાંથી જાણું?

"સાહેબ, મને શહાણી સાહેબે હૉસ્ટેલમાં જગ્યા આપી છે અને હું એમ. એ. કરવા ધારું છું," મેં કહ્યું.

"તમે આવ્યા છો તે ખરું, પણ આ વર્ષે મેં એમ. એ.ના વર્ગો ન લેવાનું નક્કી કર્યું છે. એટલે તમે અહીં એમ. એ. નહિ કરી શકો!" પ્રાધ્યાપકસાહેબના એ ઉત્તરે મને મૂઢ બનાવી દીધો. મારી સ્તબ્ધતામાં સઘળું શૂન્ય બની ગયું.

"સાહેબ, મળતી નોકરીને મૂકીને હું તમારી પાસે દોડી આવ્યો છું, હવે આ વર્ષે હું શું કરીશ? મારા પિતાશ્રીને શો ઉત્તર આપીશ? હવે હું કયાં જાઉં?"

મારી આંખોમાં પાણી આવ્યાં. મારો માર્ગ અંધારિયો બની ગયો હતો.

"એ તો તમને ભગવાન કયાંક કામ આપી રહેશે. એમ. એ.ના વર્ગો ન લેવાનો મારો નિર્ણય પાકો છે. હું તમને આમાં કોઈ પ્રકારની મદદ કરી શકું તેમ નથી," તેમના અવાજમાં પથ્થરની દૃઢતા હતી.

હું મૂંઝાયો. મારા એક મિત્રને વાત કરી. તેઓ દુ:ખી થયા, પણ વિશેષ શું કરે? અંતે, મારા એક સ્વજન જેવા મિત્ર શ્રી જયંતીલાલ પરીખ (વકીલ)ને અમદાવાદ પત્ર લખ્યો. તેમણે તારથી જણાવ્યું, "અહીં આવો, સાથે રહેશું ને કાંઈક રસ્તો કાઢીશું."

અમદાવાદ જવાનું નક્કી કર્યું. અમદાવાદમાં કાંઈક કામ મળે તે માટે આચાર્યશ્રી પાસે પ્રમાણપત્ર લેવા ગયો. જઈને બધી વાત કરી વિદાય માગી.

શહાણીસાહેબે સમભાવપૂર્વક જવાબ આપ્યો, "તમારી કાંઈક ગેરસમજ થઈ લાગે છે. તમારા અધ્યાપક એમ. એ.ના વર્ગો લેવાના

જ છે. તમે બરાબર સમજ્યા નથી. તમે અહીં જ રહો અને અભ્યાસ કરો."

"સાહેબ, ગેરસમજ નથી, તેમણે ચોખ્ખી ના પાડી છે, હું તો તદ્દન ભાંગી પડયો છું," મેં સ્થિતિ સ્પષ્ટ કરતાં જણાવ્યું.

"મને લાગે છે કે તમારી સમજવામાં કાંઈક ભૂલ થઈ જણાય છે. તમારા અધ્યાપક એમ. એ.ના વર્ગો લેવાના નથી, એમ કદી કહે જ નહિ ને!..." એમના અવાજમાં દૃઢતા હતી.

હું મૂંઝાયો. શબ્દો ખોવાઈ ગયા. મારી મૂંઝવણ વધી. એ જોઈને તેમણે પ્રેમભર્યા અવાજે મને કહ્યું, "બેટા, એમ. એ.ના વર્ગો લેવાશે જ. તું ફરીથી અધ્યાપકને પૂછીને ખાતરી કરી લે..."

હું હૉસ્ટેલમાં પાછો ગયો. સાંજે પ્રાધ્યાપકને ઘેર જવાનું નક્કી કર્યું હતું. ત્યાં તો હૉસ્ટેલના ચોકીદારે મને સમાચાર આપ્યા કે એ અધ્યાપક આવ્યા હતા અને મને તેમને ઘેર મળવા જવાનું કહ્યું છે. હું તરત જ એમને ઘેર ગયો. હું તેમના ઘરનો દાદર ચડતો હતો ત્યારે ઉપરના પગથિયે મેં તેમને ચીડભરી મુખમુદ્રાથી ઊભેલા જોયા. એમની આંખોમાં પણ ક્રોધાગ્નિની રેખાઓ હતી. મેં તેમની સામે જોયું ને નમસ્કાર કર્યા કે તરત જ મોટા આણગમાભર્યા અવાજે બોલ્યા: "તમે કેવા હીન છો તે હું જાણું છું. તમે મને મુશ્કેલીમાં મૂકવા ઈચ્છો છો તે પણ હું જાણું છું. હવે મારે તમારી સાથે કાંઈ વધુ વાત કરવી નથી. માત્ર હું એટલું જ કહેવા માગું છું કે એમ. એ.નો વર્ગ હું લઈશ. હું તમને પ્રવેશ માટે વિધિસરની ના પાડતો નથી, પાડી શકતો નથી. પણ અહીં રહી તમે એમ.એ. કરશો તો તે મને બિલકુલ નહિ ગમે, છતાંય તમે રહેશો તો I will hate you."

હું કશું જ સમજી શકયો નહિ. મોટેથી રડી પડયો. મેં એટલું જ કહ્યું, "સાહેબ, તમારું કહેવું મને જરાય સમજાતું નથી. હું તમને મુશ્કેલીમાં મૂકું? તો તો ધિક્કાર છે મારા સંસ્કારને અને કેળવણીને! સાહેબ, જે શિક્ષક મને ધિક્કારે તેની પાસે હું કેમ ભણી શકું? હવે હું અહીં રહીશ નહિ અને હવે એમ. એ.ના વર્ગો તમે લેશો તો યે અહીં હું ભણીશ નહિ." પછી તેમને મારી દયા આવી. ઉપરના ઓરડામાં લઈ જઈ મને કહ્યું, "તમે...ના મિત્ર છો... એ devil છે. એની સંગતમાં રહી તમે devil બની જાઓ એમ હું માનું છું. આમ તમારું હિત લક્ષમાં રાખીને જ હું તમને અહીં રહી અભ્યાસ કરવા દેવાનું પસંદ કરતો નથી..."

હું શું બોલું? બીજે દિવસે શહાણીસાહેબને બધી વાત કરીને કહ્યું કે જે શિક્ષક મને ધિક્કારે તેની પાસે શિષ્યભાવે હું કેમ ભણી શકું? મેં એક મિત્રને ત્યાં અમદાવાદ જઈને રહેવાનું નક્કી કર્યું છે. મને પમાણપત્ર આપો, જેથી ટ્યુશન કે નોકરી મેળવવામાં કામ આવે."

શહાણીસાહેબ મૂંઝવણમાં પડયા હોય તેમ દેખાયું. સહેજ વિચાર કરીને છેવટે મને અમદાવાદ જવા માટે આશીર્વાદ આપ્યા અને સરસ પ્રમાણપત્ર લખી આપ્યું.

પછી વિચાર કરતાં કલ્પી શકયો કે મારી પાસેથી વસ્તુસ્થિતિ જાણીને શહાણીસાહેબે તેમને એમ. એ.ના વર્ગ બંધ કરવાની પરવાનગી નહિ આપી હોય; કદાચ અધિકારની રૂએ એમ. એ.ના વર્ગો ચાલુ રાખવાનો આગ્રહ કર્યો હશે. મેં શહાણીસાહેબ પાસે ફરિયાદ કરી હશે એવી કલ્પના અધ્યાપકસાહેબે કરી હશે. એટલે મારી ઉપરના તે અધ્યાપકના ગુસ્સાની ચાવી મને મળી ગઈ! શહાણીસાહેબે મારા અધ્યાપક વિશે એક પણ શબ્દ ન ઉચ્ચાર્યો, પણ મારી સમજવામાં ભૂલ થઈ છે એમ કહીને પ્રાપ્ત સ્થિતિને ગૌરવભેર સુધારી લેવાની કુનેહ દાખવી. આ હકીકત હું કદી જ ભૂલી શકયો નથી.

આચાર્ય એટલે 'કેળવણી અને આચાર બંને શીખવી શકે તેવા શિક્ષણસંસ્થાના મુખ્ય અધિકારી' એવો અર્થ જ્યારે મેં જાણ્યો ત્યારે મારી સામે પ્રથમ શહાણીસાહેબની મૂર્તિ ખડી થઈ હતી; અને ઉપર્યુક્ત પ્રસંગો સજીવ થયા. તેથી જ શહાણીસાહેબ એટલે આચારના પથદર્શક એવા મારા અભ્યાસકાળના શામળદાસ કૉલેજના આચાર્ય. તેમને હું અનેક વાર યાદ કરું છું અને મારા આચાર્યપદનું ગૌરવ જાળવી રાખવા તેમની પાસેથી પ્રેરણાબળ યથાશક્તિ મેળવવા પ્રયત્ન કરું છું.

અમૃતલાલ યાજ્ઞિક

એક પત્ર

મુંબઈ, તા. ૧૧-૧૨-૭૨

તંત્રીશ્રી, પ્રબુદ્ધ જીવન,

શ્વેતાંબર જૈન મૂર્તિપૂજક સંઘના આગેવાનો કોણ? દેશ અને કાળને ખ્યાલમાં રાખ્યા વગર સદીઓથી ચાલી આવતી રસમો મુજબ લાખો રૂપિયાના ખર્ચા અંધકાદ્ધાને નામે થતા હોય ત્યારે આ સંઘના આગેવાનો ચૂપ જ રહેશે? કે પછી તેઓને પણ સમાજમાં પોતાની કહેવાતી 'લોકપ્રિયતા'નો લોભ છે અને એટલે મૂંગા રહેવામાં ગૌરવ માને છે?

હમણાં હમણાં ઠેર ઠેર 'પ્રતિષ્ઠા મહોત્સવો' શરૂ થયા છે અને નવાં મંદિરોના બાંધકામ ચાલે છે. આચાર્યમહારાજો વચ્ચે ઉત્સવો ઊજવવાની સ્પર્ધા થઈ લાગે છે, હજારો માણસોને 'સ્વામીવાત્સલ્ય'ના નામે ભોજન કરાવાય છે. આજના જમાનામાં બેહૂદા લાગતા મોટા વરઘોડાઓ કાઢવામાં આવે છે. દૂર દૂરથી હાથીઓ બોલાવીને 'મહાન સિદ્ધિ' મેળવ્યાનો સંતોષ જાહેર કરવામાં આવે છે.

આપને આ બધું આજના યુગને સુસંગત લાગે છે? આપ આ બાબત 'મૌન' નહિ જ સેવો એવી આશાથી આ પત્ર લખું છું.

આપનો,

-અમર જરીવાળા

નોંધ: શ્રી અમરભાઈ જરીવાળાએ કહ્યું છે કે આ બાબત મારે મૌન સેવવું ન જોઈએ. તેમનું કહેવું યોગ્ય છે. મને એટલો જ સંકોચ હતો કે સ્થાનકવાસી હોઈ શ્વે. મૂર્તિ. સમાજ વિશે કાંઈક કહું તો કદાચ કાંઈ ગેરસમજણ થાય. કોઈની ધાર્મિક લાગણી દુભાવવાનો અથવા મુનિરાજો પ્રત્યે અવિવેકનો જરા પણ આશય નથી. મુંબઈ જૈન યુવક સંઘ, સમસ્ત જૈન સમાજની સંસ્થા છે અને તેના પ્રમુખ તરીકે તેમ જ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે મારી ફરજ છે કે જૈન સમાજમાં બનતા બનાવો અને પ્રવાહો વિશે નિર્ભીકતાથી અભિપ્રાય વ્યકત કરવો.

છેલ્લા ૧૨ દિવસથી મારા રહેઠાણ નજીક એક મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. મને કહેવામાં આવ્યું કે શ્રીપાલનગરમાં આરસનું મોટું મન્દિર બાંધ્યું છે, જેમાં લગભગ રૂપિયા ૨૨ લાખનો ખર્ચ કર્યો છે, શ્રીપાલ નગરથી ૫-૭ મિનિટના રસ્તે જ બાબુ પન્નાલાલજીનું જાણીતું આદિશ્વર ભગવાનનું મંદિર છે. તેથી સ્વાભાવિક પ્રશ્ન થાય કે આટલો મોટો ખર્ચ કરી આ જમાનામાં નવું મન્દિર બાંધવાની, જરૂર હતી? એક મન્દિરની જરૂર લાગે તો પણ નાનું સુન્દર બાંધી શકાત. તેનો પ્રતિષ્ઠામહોત્સવ થઈ રહ્યો છે તેમાં મને કહ્યું ૧૫ લાખ એકઠા થયા છે-કોઈએ કહ્યું ૨૫ લાખ થયા છે. હાથી, ઘોડા, રથ વગેરેથી વરઘોડો નીકળ્યો હતો. હાથી કે રથમાં બેસવા હજારો, લાખો રૂપિયા આપ્યા છે. ૫૦ - ૬૦ ઘોડાઓ ઉપર સાફા બાંધી, કદાચ ભાડેથી લાવેલ જરી આનનાં વસ્ત્રો પહેરી બાળકો અને યુવકો બિરાજતા હતા. કેટલાક બેન્ડો, ફિલ્મોનાં ગીતો ગાતા અને પાછળ પંચમહાવ્રતધારી મુનિરાજો પધારતા. મને કહ્યું કે રવિવારે લગભગ ૧૫,૦૦૦ કોઈએ કહ્યું ૨૫,૦૦૦ માણસોનું 'સ્વામીવાત્સલ્ય'નું જમણ થયું. શ્રીપાલ નગરમાં રહેતા એક જૈને તર ભાઈએ મને કહ્યું કે આઠ દિવસથી ઊંઘવા મળ્યું નથી.

શ્વે. મૂર્તિ. જૈન સમાજે ગંભીરપણે વિચારવું જોઈએ કે આ બધું યોગ્ય છે? આ સમાજમાં ઘણાં શિક્ષિત વિચારક ભાઈઓ અને બહેનો છે. જેની પાસે પૈસા થયા છે તેણે સમાજમાં સ્થાન કે કીર્તિ મેળવવા સમાજકલ્યાણના ઘણા માર્ગો છે. પોતે જ વિચારવું જોઈએ. મુંબઈમાં શ્વે. મૂર્તિ. સમાજમાં સંગઠન નથી. જેટલા દેરાસર એટલા સંઘ અને આચાર્યો કે આગેવાન મુનિવરો એટલા વાડા. આટલા મોટા સમૃદ્ધ અને શિક્ષિત સમાજે આવી શોચનીય સ્થિતિ નિભાવવી ન જોઈએ. લાખો રૂપિયા વપરાય છે. સમાજના ભાઈઓને સાચું માર્ગદર્શન મળે તે જેવાની સૌની ફરજ છે.

ચીમનલાલ ચકુભાઈ

ચિન્તા કર્યે ચાલશે ના....

અમારા એક મિત્ર છે. એમનો સ્વભાવ વાતવાતમાં ચિન્તા કરવાનો છે. આને લીધે ઑફિસમાં કે ઘરમાં જરા સરખી તકલીફ ઊભી થાય, કોઈ કુટુંબી માંદું-સાજું થઈ જાય, વ્યવસાયમાં ધાર્યા કરતાં કંઈક જુદું બને તો તરત 'હવે શું થશે?' એમ કહીને તેઓ ચિન્તા કરવા લાગે છે અને ગભરાટમાં દોડાદોડી કરી મૂકે છે. એમનો સ્વભાવ જ એવો છે કે નાની સરખી વાતને તેઓ મોટી કરીને જુએ છે અને એમાંથી કંઈક અનિષ્ટ જ થવાનું છે, કોઈ આફત આવી પડવાની છે, એમ જ તેઓ માનવા લાગે છે. એમના આવા ચિન્તાશીલ સ્વભાવની અસર એમના મન અને શરીર પર તો થાય જ છે, પણ એમને જેમના સંપર્કમાં આવવું પડે છે એમના પર પણ એમના આવા સ્વભાવની અસર થાય છે. એમના મિત્રો-સંબંધીઓ પણ આ પ્રકારે વધુપડતી અને મોટે ભાગે નિરર્થક ચિન્તા કરવાના સ્વભાવથી થાકી – કંટાળી જાય છે.

માણસ જો થોડોક પણ વિચારશીલ હોય તો એમ સમજે છે કે દરેક માણસની સામે ચિન્તા થાય એવી સમસ્યાઓ અને મુશ્કેલીઓ ઊભી થતી જ હોય છે. દરેક માણસ પોતાની શકિત અનુસાર આ સમસ્યાઓ અને મુશ્કેલીઓના નિવારણ માટે પ્રયાસ કરે છે. આ રીતે માણસ દરેક પ્રશ્નમાં માથે હાથ દઈને બેસતો નથી પણ અમારા મિત્રની જે ઉપર વાત કરી એના જેવા લોકો તો નાની નાની વાતોમાં ચિન્તા કર્યા કરે છે. આવા લોકોના સંબંધમાં એમ કહી શકાય કે એમને ચિન્તા કર્યા વિના ચાલતું નથી. ચિન્તાનો એમનો સ્વભાવ થઈ ગયો હોય છે, ચિન્તાની એમને ટેવ પડી હોય છે. આવા લોકો માટે ચિન્તાનો સ્વભાવ છોડવાનું કઠિન હોય છે. પણ ચિન્તા કરવાનો એમનો જે સ્વભાવ થઈ ગયો છે એમાંથી તેઓ છુટકારો મેળવે નહિ ત્યાં સુધી નથી એમને શાંતિ મળતી કે નથી એમની નિકટના લોકો સુખચેનથી રહી શકતા.

વાસ્તવમાં, દરેક નાની – મોટી વાતમાં ચિન્તા કરવાનો સ્વભાવ એ એક રોગ છે, જે માણસને કોરી ખાય છે. આવો સ્વભાવ માણસના વ્યકિતત્વને ખંડિત કરે છે. એ કોઈ પણ કામ શાંતિથી, સ્વસ્થતાથી અને નિશ્ચિત મને કરી શકતો નથી એટલે એ પોતાનું કામ બગાડે છે, એના કામમાં ક્ષતિઓ રહી જવા પામે છે; અને એને પરિણામે એને વધુ ચિન્તા, વિશેષ ગભરાટમાં રહેવું પડે છે. આ પ્રકારે સતત ચિન્તા કરનાર માણસમાં સ્વભાવની બીજી પ્રક્રિયાઓ પણ આસ્તે-આસ્તે જોવા મળે છે.

એટલે ચિન્તા કરવાની ટેવમાંથી તો માણસે સમજીને, વિચારીને અને પોતાના વિશે સતત જાગૃત રહીને, બની શકે એટલી ત્વરાએ મુકિત મેળવવી જોઈએ. આપણે જો આપણી સામે આવતા ચિન્તાના પ્રસંગો અને આપણને કોરી ખાતી ચિન્તાનો જરા વધુ તલસ્પર્શી અભ્યાસ અને પૃથક્કરણ કરીશું તો સામાન્ય રીતે આપણે એવા અંદાજ પર પહોંચીશું કે ચાલીસ ટકા જેટલી આપણી ચિન્તા ભૂતકાળમાં જે કંઈ બની ગયું હોય છે, એની હોય છે. પચાસ ટકા જેટલી ચિન્તા ભવિષ્યમાં 'શું થશે?' એને લગતી હોય છે; માત્ર દસ ટકા જેટલી ચિન્તાને જ વર્તમાન સાથે લાગનુંવળગતું હોય છે.

જેમનો સ્વભાવ જરાજરામાં ચિન્તા કરવાનો હોય એમણે ભૂતકાળમાં જે બની ગયું હોય એને લગતી ચિન્તા કે વર્તમાન અને ભવિષ્ય પર પણ જાણે એનો પડછાયો પડી રહ્યો છે એવી કેટલીકવારની ખોટી માન્યતાને લીધે રહેતા ઊંચા જીવમાંથી પ્રથમ તો મુકિત મેળવવા માટે મથવું જોઈએ. ભૂતકાળમાં જે બની ગયું છે એ માટે થઈને ચિન્તા કરવી અને આપણા મનને એમાં રોકી રાખીને વર્તમાનને પણ બગાડવો એ બરાબર નથી. માણસે ભૂતકાળને ભૂલી જવાનો પ્રયાસ કરવો જોઈએ. અલબત્ત, ભૂતકાળમાં જે કંઈ બન્યું હોય એમાંથી આપણે બોધપાઠ લઈએ, જે ખામી કે ઊણપને લીધે એ વખતે આપણે માટે ચિન્તાનો પ્રસંગ ઊભો થયો હોય એનું પુનરાવર્તન ન થાય એની કાળજી રાખીએ એ યોગ્ય ગણાય, પણ એનો વિચાર કરીને અત્યારની પ્રવૃત્તિને આપણે કુંઠિત કરીએ એમાં તો આપણી હારવાદી મનોદશાનાં જ દર્શન થાય છે. ભૂતકાળનું વિસ્મરણ કરવાની કળા આપણે કેળવવી જોઈએ. આ રીતે ભૂતકાળને ભૂલી જવાનું મુશ્કેલ છે, પણ જેને જીવનમાં આગળ વધવું છે, કંઈક કરી છૂટવું છે એને માટે આ કળા કેળવ્યા વિના છૂટકો નથી. જીવનના ઘડતરના એક ભાગરૂપ એને ગણીને માણસે આ પ્રકારના વિસ્મરણની પણ ટેવ પાડવી જોઈએ-કેમકે જો માણસ એમ કરી શકે નહિ તો બસ, એક પછી એક ચિન્તાના થર જામ્યા કરે છે અને માણસ એના દુશ્ચક્રમાં ફસાઈ જાય છે.

આપણે એવો દૃઢ સંકલ્પ કરવો જોઈએ કે ભૂતકાળમાં જે કંઈ બન્યું છે એ હું ભૂલી જઈશ, મારી સ્મૃતિમાંથી હું એને સાફ કરી નાખીશ અને મારી સમક્ષ જે વર્તમાન અને ભાવિ છે એનો વિચાર કરીને જ હું આગળ વધીશ. પ્રખ્યાત અમેરિકન ચિંતક વિલિયમ જેમ્સે એટલા માટે જ કહ્યું છે કે 'વિચારશીલ માણસો કઈ વસ્તુને પસાર થઈ જવા દેવી, કઈ વસ્તુને ભૂલી જવી એ બરાબર જાણતા હોય છે, એટલે જ તેઓ ચિન્તાથી – નકામી નિરર્થક ચિન્તાથી મુકત રહી શકતા હોય છે.' આનો અર્થ એવો થયો કે માણસ સામે મુશ્કેલીના, ચિન્તાના જે કેટલાક પ્રસંગો ઊભા થાય છે એ એવા અલ્પ સમયના હોય છે કે સામાન્ય ઉપાયોથી એનું નિવારણ થઈ શકે છે. એટલે એ તો તરત જ પસાર થઈ જનારા પ્રસંગો હોય છે, જેને વિશે વધુપડતી ચિન્તામાં આપણા મનને રોકી રાખવાનું આવશ્યક નથી. એ જ રીતે કેટલીક વસ્તુઓ ભૂલી જવા જેવી હોય છે, એને યાદ રાખવાથી કશો જ ફાયદો થતો નથી.

માણસને એના જીવનમાં મૂંઝવતા પ્રશ્નો ઊભા થતા હોય છે. એવો કોઈ માણસ નથી જેના જીવનમાં મુશ્કેલીઓ, અવરોધો આવતા ન હોય. માણસને જીવનમાં કદી જ ચિન્તા કરવી ન પડે એવું પણ બનતું નથી હોતું. પણ વિચારશીલ માણસ આવા પ્રસંગો પાસે નમી જઈને પોતાના જીવનને છિન્નભિન્ન થવા દેવાને બદલે એમાંથી કઈ રીતે બહાર નીકળવું એની યોજના વિચારે છે. માત્ર ચિન્તા કોઈ પ્રશ્નનો ઉકેલ લાવી શકે નહિ એ સમજાઈ જવું જોઈએ. ખૂબ જ ચિન્તા કરાવે એવા પ્રસંગોએ પણ આપણે આપણી આંતરિક સ્વસ્થતા અને શાંતિ નહિ ગુમાવવાં જોઈએ. અસ્વસ્થ કે અશાન્ત થઈ જવાને લીધે પ્રશ્નોના ઉકેલમાં અવરોધો આવે છે અને આપણે એ વિશે યોગ્ય નિર્ણય લઈ શકતા નથી.

એટલે આપણે આપણા મનને ચિન્તા, ભય, અસલામતી વગેરે લાગણીઓથી મુકત કરવું જોઈએ, 'ખાલી' કરવું જોઈએ અને એને સ્થાને આપણા મનને શાંતિ, ધીરજ અને હિંમતના વિચારોથી ભરી દેવું જોઈએ. આ રીતે, શાન્ત અને સ્વસ્થ રહેવાથી ગમે તેવી મુશ્કેલી સામે ટકી રહેવાની આપણને તાકાત આવશે.

અલબત્ત, કેટલાક તકલીફના પ્રસંગો એવા હોય છે, જેનો ઉકેલ શોધવાનું મુશ્કેલ હોય છે ત્યારે એવા સંજોગોમાં ચિન્તા તો થાય પણ એના બોજા નીચે દબાઈ જવાને લીધે એનો ઉકેલ મળશે નહિ. જે પરિસ્થિતિ હોય એનો સ્વીકાર કરીને એનો જે કંઈ તત્કાલીન ઉકેલ આવી શકે તેમ હોય તે કરવા પ્રયાસ કરવો જોઈએ. ચિન્તાના કોરીખાતા રોગમાંથી વહેલી તકે મુકત થઈએ તો જીવન શાંત અને સ્વસ્થ બનશે.

જે લોકો ગમે તેવા વિકટ સંજોગોમાં પણ હિંમત અને ખમીરથી એ સંજોગોનો સામનો કરવા કૃતનિશ્ચય હોય છે અને સતત ચિન્તામાં રહીને માનસિક તાણનો ભોગ બનવાને બદલે પુરુષાર્થ અને સંકલ્પથી સંજોગો પર વિજય મેળવવા તત્પર રહે છે તેઓ પોતાના જીવનને સ્વસ્થ બનાવી શકે છે, આંતરિક-મનની શાંતિ પ્રાપ્ત કરી શકે છે અને જીવનને આનંદમય બનાવી શકે છે.

'શિવમ્'

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ-૧